

સ્વ. ઓન. એલેક્ઝાન્ડર કીન્લોક ફાર્બસ

શ્રી ફાર્બસ ગુજરાતી સભા જેમનું સ્મારક છે.

આદિત્ય મુદ્રણાલય • અમદાવાદ

શ્રી ફાર્બસ ગુજરાતી સભા

ત્રૈમાસિક

વ્યવસ્થાપક સમિતિ

૧. રા. રા. દિ. બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી, એમ. એ.; એલએલ. બી.
૨. રા. રા. ન્યાયમૂર્તિ હરસિદ્ધભાઈ વજુભાઈ દીવેટીયા, એમ. એ.; એલએલ. બી.
૩. રા. રા. કનૈયાલાલ માણેકલાલ મુનશી, બી. એ.; એલએલ. બી.
૪. રા. રા. પોપટલાલ ગોવિંદલાલ શાહ, એમ. એ.; બી. એસસી.

સંપાદક:

અંબાલાલ બુલાખીરામ જાની, બી. એ.

Vol. 1

1936-37

સૂચના:—પરિવર્તન અર્થે માસિકો આદિના તેમ અભિપ્રાય અર્થે પુસ્તકો મોકલનાર વ્યવસ્થાપકોએ તથા પત્રવ્યવહાર કરનારે નીચેને શરનામે વ્યવહાર કરવો.

અંબાલાલ બુલાખીરામ જાની, બી. એ.
૩૬૫, શ્રી ફાર્બસ ગુજરાતી સભા મંદિર
વિઠ્ઠલભાઈરોડ, કોંગ્રેસ લેઇન મુંબઇ નં. ૪

અ નુ ક્ર મ ણિ કા

પુ. ૧ એપ્રિલ-જૂન : ૧૯૩૬ અંક ૧

ગ્રાહકનાં નામ નોંધાવવાનાં અને લવાજમ ભરવાનાં સ્થળઃ

૧. અંબાલાલ બુલાખીરામ જાની ૩૬૫, શ્રી ફાર્બસ ગુજરાતી સભામંદિર
વિઠ્ઠલભાઈ રોડ, કોંગ્રેસ લેઇન; મુંબઇ નં. ૪

૨. મેસર્સ એન. એમ. ત્રિપાઠીની કું. બુકસેલર્સ અને પબ્લીશર્સ
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ નં. ૪

૩. મેનેજર "આદિત્યમુદ્રણાલય" રાયખડઃ અમદાવાદ

મુદ્રક: મણિલાલ પુ. મિસ્ત્રી, બી. એ. : આદિત્ય મુદ્રણાલય : રાયખડ : અમદાવાદ

શ્રી ફાર્બસ ગુજરાતી સભા

ꖦ ત્રૈમાસિક ꖦ

પુસ્તક ૧ લું] ઈ. સ. ૧૯૩૬ એપ્રીલ-જુન સંવત ૧૯૯૨ [અંક ૧

આમુખ

શ્રી ફાર્બસ ગુજરાતી સભા સને ૧૮૬૫ માં સ્થપાઇ. સભાનો મુખ્ય હેતુ એ છે કે ગુજરાતને લગતાં કે ગુજરાતી ભાષામાં લખાયલાં સર્વ પ્રાચીન હસ્તલિખિત પુસ્તકોનો સંગ્રહ કરવો, તેમાંનાં જે પુસ્તકો મુદ્રિત સ્વરૂપમાં સંરક્ષણ કરવા યોગ્ય લાગે તેવાં હોય તે પુસ્તકોનાં ભાષાન્તરો કરાવવાં, અને પ્રસિદ્ધ કરવાં. આ ઉપરાંત બીજા ગૌણ હેતુઓ એ છે કે અનુકૂળતા આવે તેમ ઈંગ્રેજી અને બીજી ભાષાઓમાંનાં ઉપયોગી પુસ્તકોનાં ભાષાન્તર સંપાદન કરવાં, ગુજરાતી ભાષાનાં સ્વતંત્ર પુસ્તકોને ઉત્તેજન આપવું, અને વિજ્ઞાન-શાસ્ત્રાદિક ગ્રંથોને પણ ઉત્તેજન આપવું.

આ હેતુઓને અનુસરીને ખાસ કરીને છેલ્લાં વીશ વર્ષોમાં સભાએ કેટલું કામ કર્યું છે તે તેના દર વર્ષે પ્રકટ થતા વૃત્તાન્ત ઉપરથી જાણી શકાશે. આ ઉપરાંત છેલ્લાં બે વર્ષોથી મુંબઈમાં ઘણાં વર્ષો પહેલાં સ્થપાયેલી, પણ પાછળથી મન્દ પડેલી 'બુદ્ધિવર્ધક સભા'નું ફંડ પણ શ્રી ફાર્બસ ગુજરાતી સભાને સોંપવામાં આવ્યું છે અને તેને અંગે ઉપયોગી વિષયોનાં વ્યાખ્યાનો કરાવવા વિગેરેની પ્રવૃત્તિ પણ સભાની અન્ય પ્રવૃત્તિઓમાં ઉમેરાઈ છે.

ગુજરાતને લગતા, ખાસ કરીને પ્રાચીન તથા મધ્યકાલીન યુગના ઇતિહાસ તેમ જ સાહિત્યનાં ક્ષેત્રોમાં શોધખોળની પ્રવૃત્તિને ઉત્તેજન આપવું, એ આ સભાનું મુખ્ય ધ્યેય છે. આ વિષયમાં નિષ્ણાત વિદ્વાનો પાસે આવી પ્રવૃત્તિ પુસ્તકો દ્વારા સભા કરાવે છે. તે ઉપરાંત આ વિષયને લગતી ચર્ચા થાય કે જેથી સમાજમાં એને માટે રસ ઉત્પન્ન થાય, એ વસ્તુ ઇચ્છવા યોગ્ય છે. અને તેનું ઉત્તમ વાહન માસિક અથવા ત્રૈમાસિક બની શકે. થોડાં વર્ષો

પહેલાં ગુજરાત વિદ્યાપીઠ તરફથી 'પુરાતત્ત્વ' નામનું ત્રૈમાસિક આવા જ હેતુથી નીકળતું હતું અને જ્યાં સુધી તે ચાલ્યું ત્યાં સુધી તેણે ઘણું ઉપયોગી કાર્ય કર્યું. પરંતુ તે બંધ થયા પછી આપણા સાહિત્યજીવનમાં તેની ઉણપ જણાઈ છે. અને એવા પ્રકારનું ત્રૈમાસિક પ્રકટ થાય તો તેને ઐતિહાસિક તેમજ સાહિત્યિક વિષયોમાં રસ લેતા વિદ્વાનો તરફથી સારૂં ઉત્તેજન મળશે, એવી આશા સભાને લાગવાથી હાલ તુરતમાં આ ત્રૈમાસિક ગુજરાતી જનતા સમક્ષ મૂકવાનો નિર્ણય કર્યો છે. ભવિષ્યમાં તેને ઉત્તેજન મળશે, તો તેને માસિક બનાવવાની સભા આશા રાખે છે.

ઇતિહાસ તથા સાહિત્યની શોધખોળ માટે ગુજરાતમાં વિશાળ ક્ષેત્ર છે; ખાસ કરીને સૌરાષ્ટ્રના પ્રાચીન અવશેષો હજી પણ જોઈએ તેટલી પ્રસિદ્ધિ પામ્યા નથી. આમ ગુજરાતની સંસ્કૃતિનો ઇતિહાસ હજી પ્રકટ થવાનો બાકી છે. અને તે માટેનાં સાધનોનો સંગ્રહ કરવો, એની અત્યારે ખાસ જરૂર છે. આશા છે કે આ ત્રૈમાસિક તે જરૂર પૂરી પાડી ગુજરાતી સાહિત્યરસિકોને મદદરૂપ થઇ પડશે.

મુંબઈ
તા. ૧-૩-૩૬

હરસિદ્ધભાઈ વજુભાઈ દિવેટીયા

પ્રયોજન

ગુજરાતનો પ્રાચીન અને મધ્યકાલીન ઇતિહાસ તેમ જ પ્રાચીન અને મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય પણ તેનાં વિવિધ અંગોઉપાંગો સહિત પ્રામાણિક અને પ્રમાણિત સંશોધન, વિવેચન અને સટિપ્પન પ્રકાશનની જીવંત અપેક્ષા ગુર્જર વિદ્વાનો અને અભ્યાસીઓ કનેથી ઘણા લાંબા કાળથી રાખી રહેલ છે. જો કે સ્વ. પં. ભગવાનલાલ ઇંદ્રજી, સ્વ. રતિરામ દુર્ગારામ, સ્વ. વલ્લભજી હરિદત્ત આચાર્ય, વગેરેએ પુરાતત્ત્વસંશોધનની દિશામાં અને સ્વ. દલપતરામ ડાહ્યાભાઈ કવીશ્વર, રા. બ. હરગોવિંદદાસ કાંટાવાળા અને સ્વ. ઇચ્છારામ સૂર્યરામ દેશાઈ, એમણે પ્રાચીન સાહિત્યના પ્રકાશનની દિશામાં કરેલાં પ્રીતિકાર્યોથી કૈં કે પ્રગતિ થયેલી જણાય છે. "ગુજરાતી" આદિ પત્રોના દિવાળીના અંકોમાં, ગુજરાતી સાહિત્યપરિષદના નિબંધોમાં ઉપર્યુક્ત સંશોધનવિષયી વિષયો દેખા દે છે. તેમ કેટલાંક માસિકોમાં ક્વચિત્ ક્વચિત્ ઐતિહાસિક પ્રસંગો, સ્થળ, શિલાલેખો, સાહિત્ય ચર્ચાઓ ઇત્યાદિનાં વિવેચનો પણ પ્રકટ થતાં રહે છે. આ બાબત દિ. બ. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ, શ્રી નરસિંહરાવ દિવેટીયા, વગેરે પ્રૌઢ વિદ્વાનો પણ પોતાના વિદ્યાવ્યાસંગનો પરિચય સારી રીતે કરાવતા રહ્યા છે.

હમણાં હમણાંમાં શ્રીમંત સયાજીરાવ ગાયકવાડે પુરાતત્ત્વવિદો, સંશોધકો, અને વિદ્વાનોને ઉત્તેજન આપવા માંડયું છે. અમરેલી, દ્વારકાં આદિ સ્થળોએ ગાયકવાડી પુરાતત્ત્વ ખાતું કામે લાગેલું છે, અને તેને અંગે કૈંક કાર્ય યત્રતત્ર થયલું જોવા જાણવામાં આવ્યું છે. ઉપરાંત સાહિત્યના સંશોધન અને પ્રકાશન સંબંધમાં પણ ગાયકવાડ સરકાર તરફથી પ્રવૃત્તિઓ ઓરીએન્ટલ સીરીઝ, અને સયાજી જ્ઞાનપ્રકાશમાળા આદરી રહી છે. તેમ ગુજરાતી સાહિત્યપરિષદે લાઠી સંમેલનથી પુરાતત્ત્વસંશોધનની દિશામાં નજર દોડાવી, કેટલોક કાર્યક્રમ રેખાટયો પણ છે. જોકે તેની નિષ્પત્તિ હજી દર્શન દેતી થઈ નથી, પણ આરંભ થયો છે તો તે નિષ્પત્તિ સમય જતે સારા પ્રમાણમાં દાખવશે, એવી આશા અસ્થાને નહીં જ લેખાય. રાજા, મહારાજાઓ અને શ્રીમંતો ધારે તો આ દિશાઓમાં ઘણું ઘણું ઉપયોગી કાર્ય કરાવી શકે એમ છે. પ્રભુ એમને તે માટે સન્મતિ સવેળા સુઝાડો, એ અભ્યર્થના.

માસિક, ત્રૈમાસિકો ધારે તો આ કાર્ય વિશિષ્ટ અંગ તરીકે અપનાવી આદરી શકે છે, જો કે ગુજરાતનાં માસિકો ત્રૈમાસિકો પોતપોતાનાં કર્તવ્યો અને કાર્યો ઠીકઠીક પ્રમાણમાં બજાવી વિદ્યારસિક જનતાના વાચન—વિચારણપ્રેમને ઉત્તેજી રહ્યાં છે; પરંતુ ગુજરાત વિદ્યાપીઠના "પુરાતત્ત્વ"ની તો ખોટ અણુપૂરાયલી જ છે. એ ત્રૈમાસિક ઇન્ડીઅન એન્ટીકવરી, અને અન્ય અંગ્રેજી જર્નલોનું ભાન કરાવતું હતું, અને મુખ્યત્વે વિશિષ્ટ રીતિએ પણ સંશોધનાત્મક તેમ વિવેચનાત્મક સાહિત્ય પૂરૂં પાડતું પણ હતું.

આ અપેક્ષિત કાર્ય સુગમતાથી તેમ જ વિશિષ્ટતાથી એક માસિક દ્વારા ઉપાડવાને કેટલાક વિદ્વાનો અને અભ્યાસીઓ તરફથી શ્રી ફાર્બસ ગુજરાતી સભાના વ્યવસ્થાપકોને કેટલાક વખતથી માગણી થતી રહી છે. તેની ચાલુ ગ્રંથપ્રવૃત્તિ ઉપરાંત પ્રાસંગિક વિવેચનો, ઊહાપોહો અને ચર્ચાઓને અવકાશ આપનાર એક માસિક કાઢવાનું તેમને કહેવામાં આવતું હતું. એ માગણી વાજબી લાગતાં, વાચનરસિક જનતાનો ઐતિહાસિક તેમ સાહિત્યિક સંશોધનોના ઊહાપોહો પ્રત્યેનો રસ જાગતો જણાતાં તેમ જ વિશાળ પ્રમાણમાં સાહિત્યપ્રચાર કરવાનો સભાનો કાર્યપ્રદેશ લક્ષમાં લેતાં, તેમણે સભાની વિશિષ્ટ ઉદ્દેશવાળી ગ્રંથપ્રવૃત્તિની

સાથે સાથે હાલ તુરત તો ત્રૈમાસિકની યોજના કરી છે; અને તેના ફળરૂપે આ "શ્રી ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક" પ્રકટ થાય છે.

આ ત્રૈમાસિક દ્વારા કરવા ધારેલા કાર્યનો કંઈક સ્ફોટ "આમુખ"માં ન્યાયમૂર્તિ શ્રી હરસિદ્ધભાઈ વ. દિવેટીયાએ કર્યો છે. છતાં સ્પષ્ટ સ્ફોટ કરતાં જણાવવાનું કે આ ત્રૈમાસિક દ્વારા વિશદ ઊહાપોહો અને મંડનાત્મક ચર્ચાઓ, ગુજરાતના ઇતિહાસ અને ગુજરાતી સાહિત્યનાં સંશોધાયલાં તેમ સંશોધાતાં વિવિધ અંગ-ઉપાંગો સંબંધમાં થઇ શકે, તેનું નવનીત તારવી શકાય અને તે ઉપર આવશ્યક પ્રકાશ પડતાં વિશદ ઇતિહાસ અને સાહિત્યથી સુપરિચિત થવાનો અવકાશ વાચનરસિક જનતાને સુલભતાથી મળી શકે, તેવી યોજના ઉપાડાય તો તે ઉચિત લેખાશે, એમ સભાના વ્યવસ્થાપકોને લાગ્યું છે, એટલે તેમણે તદ્‌વિષયી યત્કિંચિત્ સેવા કરવા એક આરંભ તરીકે "ત્રૈમાસિક"ની પ્રવૃત્તિ આદરી છે.

શ્રી. ફા. ગુ. સભા નફા કે રળતરની આશા સિવાય પડતર કિંમતથી પણ ઓછા ભાવે પ્રકટ કરી, પોતાનાં પ્રકાશનોનો સુલભ પ્રચાર લગભગ એક વીશી જેટલા સમયથી કરતી રહી છે. તદુપરાંત સાર્વજનિક શિક્ષણ અને કેળવણીની સંસ્થાઓને, શાળાપાઠશાળાઓ, તેમ પુસ્તકાલયોને અડધી કિંમતે પોતાનાં પ્રકાશનો આપી, સાહિત્યપ્રસારનો પોતાનો ઉદ્દેશ પાર ઉતારે છે. એ જ ઉદ્દેશથી આ ત્રૈમાસિકનું વાર્ષિક લવાજમ પણ માત્ર રૂ. ૩ જ રાખેલું છે, અને સભાના સભ્યોને તે વિનામૂલ્યે આપવાનું છે; જોકે પ્રત્યેક અંકનું પંદર ફારમનું કદ હોઇને, તેમ બને તો તે સચિત્ર પ્રકટ કરવાનું હોઈ ને, વ્યાવહારિક દૃષ્ટિએ તે પાલવે તેમ નથી. છતાં એ શુભ આશય પાર ઉતારવા અમે આ દિશામાં ગુજરાતની કદરદાની અને ઉત્તેજનની આશાએ ઝોકાવ્યું છે. આશા છે કે વાચનરસિક ગુજરાતી જનતા અમારા આ પ્રયાસ અને અમારા આ ઉદ્દેશને, તેનો પૂરતો લાભ લઈ વધાવવા નહીં ચૂકે. તેમ ગુજરાતના પ્રતિષ્ઠિત વિદ્વાનો અને અભ્યાસીઓ અમારા આ જાહેર નિમંત્રણને માન આપીને પોતાના લેખો—નિબંધો—થી અમને સક્રિય સહાનુભૂતિ આપતા રહેશે, એવી પણ અમને સબળ આશા છે. એકલે હાથે આદરવાને આ પ્રવૃત્તિ સભાએ ઉપાડી નથી, પણ પ્રતિષ્ઠિત વિદ્વાનો અને અભ્યાસીઓનો ઊંડો સહૃદયી સહકાર મળવાની પાકી આશાથી જ તે ઉપાડી છે. અમો તેથી તેમને અહીં પોતાના વિદ્યાવ્યાસંગના નિષ્કર્ષરૂપ તદ્વિષયી લેખો પ્રસંગે પ્રસંગે મોકલાવતા રહેવા પુનઃ પુનઃ વિનવીએ છીએ.

આ ત્રૈમાસિક મુખ્યત્વે ઉપર જણાવ્યું તેમ, પ્રાચીન અને મધ્યકાલીન ગુજરાતના ઇતિહાસ અને ગુજરાતી સાહિત્યના સંશોધન, વિવેચન, વિશદીકરણ અને પ્રકાશનનું કાર્ય કરશે. પણ તેનો પ્રદેશ સામાન્યરીતે ધારવામાં આવે તેના કરતાં કંઈક વિશાળ રહેશે. ઇતિહાસ એટલે કેવળ રાજ્યવ્યવસ્થાનો જ, રાજવંશોનો જ ઇતિહાસ નહીં; સાહિત્ય એટલે કેવળ પ્રાચીન કાવ્ય, આખ્યાનાદિ નહીં; પણ ગુજરાતની તે કાળની સંસ્કૃતિને સ્પર્શતી, તે કાળની સંસ્કૃતિમાં અંશાશીભાવથી યોગ્ય ભાગ ભજવી રહેતી વિવિધ વિદ્યાઓ, શિલ્પ, સ્થાપત્ય, ચિત્રણ આદિ કલાઓ વગેરેની તવારીખ હકીગત પણ ખરી, તેમ એ સહુની મંડનાત્મક ચર્ચાઓએ ખરી—એ સહુને પણ આ ત્રૈમાસિકમાં યથાયોગ્ય સ્થાન છે. ગુજરાતનાં પ્રાચીન નામાંકિત નગરો, બંદરો, રાજ્યધાનીઓ આદિની તવારીખોને પણ પૂરતો અવકાશ મળવાનો. ઉપરાંત ગુજરાતમાં પ્રચલિત પુરાતન ધર્મો, મતો, સંપ્રદાયો આદિ ગુજરાતની તે કાળની સંસ્કૃતિના ઘડતરમાં ઉપયોગી થયલા વિષયોની વિશદ તવારીખોને તેમ તેના શુદ્ધ સાહિત્યને યથાયોગ્ય સ્થાન છે. પણ તે ઝગડા કે ઝેરીલી ટીકાઓ અને ઊહાપોહોથી પર અવશ્ય હોવાં જોઈએ. ટૂંકમાં ગીતાજી કહે છે તેમ

अनुद्वेगकरं वाक्यं सत्यं प्रियहितं च यत्।
स्वाध्यायाभ्यसनं चैव वाङ्मयं तप उच्यते ॥

કોઈને પણ મનદુઃખ—ઉદ્વેગ ન થાય તેવું, સત્ય તેમ જ પ્રિય અને હિતકર થાય એવું હોય તેવું વચન બોલવું અને સ્વાધ્યાયપૂર્વક નિરંતર અભ્યાસ કરવો, એવા વાઙ્મય તપના ફળરૂપ વાણીથી પોતાના અભ્યાસના મનન અને પરિશીલનનાં પરિણામ—નિષ્કર્ષરૂપ વિચારો દર્શાવનારા પ્રાચીન અને મધ્યકાલીન ગુજરાત અને ગુજરાતી સાહિત્ય સંબંધી ઐતિહાસિક અને સાહિત્યિક વિષયોના નિબંધો, ઊહાપોહો, ચર્ચાઓને આ ત્રૈમાસિકમાં સ્થાન છે.

ગુજરાતનો ઇતિહાસ, સંસ્કૃતિ, કલાઓ, વિદ્યાલયો, ધર્મો, જાતિઓ આદિનો વિશદ ઈતિહાસ ગુજરાતી જનતાને, અભ્યાસીઓ—વિદ્યાર્થીઓને પ્રાપ્ત નથી. એ કાળનાં ગુજરાતી સાહિત્યનાં વિવિધ અંગો–ઉપાંગોનું નિરૂપણ, યથાઘટિત મળતું નથી. તેનાં સાધનસામગ્રી હજી પૂરાં શોધાયાં નથી; જે અલ્પજલ્પ પ્રમાણમાં શોધાયાં અને પ્રાપ્ત કરાયાં છે તે શુદ્ધ શાસ્ત્રીય રીતે સંશોધાયાં—વિચારાયાં નથી. એ સામગ્રીઓ કયાં કયાં પડેલી છે તેની સ્પષ્ટ તપસીલ વિગતવાર યાદીઓ પૂરી થઈ નથી. જે કાંઈ સાહિત્ય પ્રાપ્ય છે એ પ્રાચીન ગુજરાતી સાહિત્ય સંબંધમાં હજી ઘણાક કૂટ પ્રશ્નો અને સમસ્યાઓ ઉકેલ માગી રહેલ છે; હજી ઘણાક ભ્રમો અને સંદેહોનાં આવરણોના પટભંગો થવાની અગત્ય છે. શ્રી. કનૈયાલાલ મા. મુનશીનો ગુજરાતી સાહિત્યસંશોધનના મુખ્ય પ્રશ્નોનો ટુંકો છતાં માર્મિક સૂચના કરતો—ત્રુટીઓને સ્પર્શતો લેખ માત્ર એનો યત્કિંચિત્ ખ્યાલ જ આપે છે. ટુંકમાં ગુજરાતના સાંસ્કૃતિક, સાહિત્યિક ધાર્મિક, સામાજિક, ભૌગોલિક, વિશદ ઇતિહાસ કેટકેટલાંયે ઊહાપોહો, અને સંશોધનો અને વિવેચનોની અપેક્ષા રાખે છે, એ નિર્વિવાદ છે.

સામાન્ય રીતે ઉપર જણાવ્યા તેવા વિષયો ઉપરાંત ગુજરાતના ઈતિહાસ અને સાહિત્ય ઉપર પ્રકાશ પાડનારાં રાસા, રાસડા, શલોકા, પવાડા લોકગીતો તેમજ પ્રતિષ્ઠિત પ્રાચીન લોકકથા આદિ લોકસાહિત્યને પણ આ ત્રૈમાસિકમાં યથાવકાશ પ્રકટ કરવાની ધારણા રખાયલી છે. ઉપયુક્ત ઐતિહાસિક ચારણી સાહિત્ય પણ સંશોધી સટિપ્પન તૈયાર કરી આપવામાં આવે તો તેને પણ સ્થાન મળશે; એ સાહિત્ય પણ ઉપયોગી છે.

આ ઉપરાંત સભાની કેટલીક સંશોધિત ગ્રંથો પ્રસિદ્ધ કરવાની પ્રવૃત્તિઓ પણ કટકે કટકે ત્રૈમાસિકમાં સ્થાન પામવાની છે. સભાની સંગ્રહમાં જે કાંઈક ઉપયોગી હસ્તલિખિત સાહિત્ય પડેલું છે અને હજી સંગ્રહાતું રહે છે, તે પણ સંશોધી યોગ્ય સ્વરૂપમાં પ્રકટ કરવાની ધારણા રખાયલી છે. તેમ સભાનાં પોતાનાં તેમજ બુદ્ધિવર્ધક સભાના અંગનાં વ્યાખ્યાનો—ભાષણો વિદ્વાનો અને સંશોધકો તૈયાર કરે છે અને જાહેર સભામાં આપે છે, તે પણ વખતોવખત પ્રકટ થતાં રહેવાનાં છે.

ત્રૈમાસિક દ્વારા આદરવાની પ્રવૃત્તિઓનો આ સ્ફોટ કેટલાકને આભને ઊંડલ ભરવાના પ્રયાસ સમાન લાગવા સંભવ છે. પણ શુભ આશા–અભિલાષા–ને કયાંયે મર્યાદા સાંભળી છે. છતાં અમે કહીશું કે અહીં એ સર્વનો નિર્દેશ માત્ર સૂચક છે અને તેમાંનું યથાશક્તિ થાય તેટલું તેટલું જ કરવાનો અમારો મર્યાદિત મનોરથ છે.

અંતમાં અમારા આ પ્રયાસને ગુજરાતના જે વિદ્વાનો અને અભ્યાસીઓએ પોતાના લેખોથી ઉત્તેજ્યો છે તે સહુનો હું સભા તરફથી અંતરથી આભાર માનું છું.

શુક્રવાર, ફાલ્ગુન દ્વાદશી, સં. ૧૯૯૨
મુંબઈ: તા. ૨૦–૩–૩૬

અંબાલાલ બુલાખીરામ જાની
સંપાદક: ફા. ગુ. સભા. ત્રૈમાસિક.

ગુજરાતી સાહિત્યસંશોધનના મુખ્ય પ્રશ્નો

લેખક: રા. રા. કનૈયાલાલ માણેકલાલ મુનશી, બી. એ.; એલએલ. બી.

ગુજરાતી સાહિત્યસંશોધનમાં હજી વૈજ્ઞાનિક દૃષ્ટિ નથી આવી. હકીકતો નિષ્પક્ષપાતથી ભેગી કરી, તેની તારવણી રજુ કરવાની કલા બાલ્યાવસ્થામાં છે. જૂના પૂર્વગ્રહો, ને પુરાવાના નિયમોની અવગણના ઘણી સામાન્ય છે. અર્વાચીન સંશોધનની રીતિએ નીચેના પ્રશ્નોનું વૈજ્ઞાનિક અન્વેષણ જરૂરનું છે.

૧ ગુજરાતી ભાષા ક્યારે શરુ થઇ? અને એનાં લક્ષણ ક્યાં? એમાં સાહિત્યનાં સ્વરૂપ ક્યાં અને ક્યાંથી આવ્યાં?

૨ અગીયારમાથી સોળમા શતકમાં જૈન શિવાયનું સાહિત્ય કયું ને કેટલું? અને તે અને જૈન સાહિત્ય વચ્ચે સંબંધ કયા પ્રકારનો? પરસ્પર અવલંબન કેટલું?

૩ આપણા જૂના સાહિત્યની હસ્તપ્રતો કેટલી છે અને ક્યાં? એની વર્ગીકૃત યાદીની આવશ્યકતા પણ થોડી નથી. ગુજરાત વર્નાક્યુલર સોસાયટી અને શ્રી ફાર્બસ ગુજરાતી સભા એ એના સહયોગથી આ થઈ શકે.

૪ નરસિંહ મહેતાની પહેલી પ્રતો કઈ? એના સમય પર તો અન્વેષણ શરૂ થયું છે. હારમાળા વિષે મેં કૈંક પ્રયત્ન કર્યો છે; ને હારમાળાની સંશોધિત પ્રત શ્રી ફાર્બસ ગુજરાતી સભા તૈયાર કરાવે છે. એવાં એનાં બીજાં કાવ્યો ખરાં કે? એના જીવનની કૈં સમકાલીન હકીકત પ્રાપ્ય ખરી કે?

૫ પ્રેમાનંદના જીવનની કૈં હકીકત મળી શકે ખરી? એનાં કાવ્યોમાં ઉતારા કેટલા ને અસલ કેટલું? એનાં ક્યાં કાવ્યો એનાં પોતાનાં?

૬ પ્રેમાનંદપુત્ર વલ્લભની કહેવાતી કૃતિઓ એની કે કોઈ બીજાની? વલ્લભે પ્રેમાનંદ વિષે લખ્યું એમાં સત્ય કેટલું?

આ પ્રશ્નોના નિરાકરણ વિષે અભ્યાસીઓનું ધ્યાન વહેલું ખેંચાય તેમ સારૂં.

સત્યભામાના અપહરણનૂં ચિત્ર

કૃષ્ણસૂનુ પ્રેમાનંદ ભટ ગ્રથિત

રોષદર્શિકાસત્યભામાખ્યાનનૂં એક દશ્ય

સંશોધક : દિ. બ. કેશવલાલ હ. ધ્રુવ

પુરોલેખ

આ પ્રસ્તાવ રોષદર્શિકાસત્યભામાખ્યાનના ત્રીજા અંકમાંથી લીધો છે. તે એનૂં છેલ્લૂં દશ્ય છે. ચિત્રરૂપે આલેખેલો પ્રસંગ નાટકકારે બીજા અંકના છેવટના દશ્યમાં રસની કલમથી ચિતર્યો છે. એના ત્રણ ખંડ પડે છે, દર્શન, મિલન અને અપહરણ. એ રસચિત્ર ચક્ષૂરાગ પ્રગટાવવાના આશયથી આલેખ્યૂં છે. સત્યભામાએ રંગની પીંછીથી દોરેલા ચિત્રનો ઉદ્દેશ એનાથી જુદો છે. કૃષ્ણદેવ આલેખિકાને પિયરના કારાગૃહમાંથી હાથ ઝાલી છોડવે, એવી અનુકંપા પ્રગટાવવાની ખાતર તે ચિતરાયૂં છે. એ આત્મલક્ષી ચિત્રમાં, બીજો અને ત્રીજો ખંડ, એ બે સમાયા છે. એમાંના ઉત્તર ખંડમાં અપહરણનૂં આલેખન છે તે વાસ્તવિક પદ્ધતિથી ચિતરવાની સાથે લાક્ષણિક પદ્ધતિનો પણ તેમાં ઉપયોગ કર્યો છે. નાયિકાના પડખે હરણીનૂં અને કાળી કામળ ઓઢી આવનારના પડખે વાઘનૂં ચિત્ર છે, તે સાંકેતિક છે. બીજા અંકના પૂર્વોક્ત દશ્યમાં રસની કલમથી નાયિકાનૂં વાડીની વેલરૂપે અને શ્રીદામાનૂં વાડીના પાણીતરારૂપે લાક્ષણિક પદ્ધતિથી નિરૂપણ છે. આ બેવડૂં ચિત્ર સાહિત્યમાં માન્ય છે અને પ્રસ્તુત પ્રસંગમાં આવશ્યક છે, તે સમજુતીમાં કરેલા વિવેચનથી સ્પષ્ટ થશે.

અનેક ખંડમાં વિભક્ત ચિત્ર આલેખવાની પ્રથા છે, તે જૂની છે કે નવી? તેમાં પરદેશની કંઇ છાયા ભળી છે, કે તે અમિશ્ર છે? સાહિત્યમાં પ્રસ્તુત અને અપ્રસ્તુત વચ્ચે ઉપમાનોપમેયભાવથી હરણી અને વાઘનો સત્યભામા અને સત્રાજિત સાથે સંબંધ જોડી દેવાય છે એવો કોઈ સંકેત ચિત્રકળાએ સ્વીકારેલો છે? એ કળામાં ઉપર દર્શાવેલો બેવડૂં ચિત્ર આલેખવાનો સંપ્રદાય હતો? આ વિષય ઉપર પ્રકાશ પાડવા ચિત્રકળાના જ્ઞાતા પુરુષોને પ્રાર્થના છે.

સત્યભામાના અપહરણનું ચિત્ર

મૂળ દશ્ય

શ્રીદામાની વાટ જોતા વિરહવ્યાકુળ કૃષ્ણદેવ પ્રવેશ કરે છે.

૧ કૃષ્ણદેવ—દાવાગ્નિથી વ્રજસમૂહને બળતો રાખનાર હું, મુચુકુંદના નેત્રાગ્નિથી કાલયવનનો દાહ કરાવી જેવો ને તેવો રહેનાર હું, જરાસંધે પ્રવર્ષણ પર્વતને પાવક લગાડયો તે જાજ્વલમાન જ્યોતીમાંથી કંઇ પણ કષ્ટ વિના [૧]નિકળનાર જે હું, તેને શું વિરહાગ્નિ દગ્ધ કરવા ધારે છે?[૨] [૨]આ હૃદય [૩]મહાસ્ત્ર સહન કરવાને તૈયાર છે. કિંતુ, હે મકરધ્વજ, તારાં કમળ જેવાં કોમળ શર મારાથી સહન થતાં નથી! (એમ કહી નિશ્વાસ નાંખે છે.) અરે, [૪]શ્રીદામો પણ અદ્યાપિ[૫] ન આવ્યો. [૬]એમ જ હોય;[૬] "પડચ, પડચ; તો કે સદાવડી!"

[૭]એવે શ્રીદામો પ્રતિમા સંતાડતો પ્રવેશ કરે છે.

૨ શ્રીદામો—વયસ્ય! તમારે કાજે અથડાઈ અથડાઈ મારો તો આટો નીકળી ગયો.

૩ કૃષ્ણદેવ—સખા! પણ કંઇ વળ્યું કે નહિ?

૪ શ્રીદામો—અમે જાણિયે જ છિયે કે અમને પડેલું કષ્ટ કોઇ પૂછનાર નથી, પણ કામ થયું કે નહિ, તે[૮] જ પૂછાશે![૮]

૫ કૃષ્ણદેવ—ગોપબંધુ! તારી પ્રકૃતિ તો સારી છે ને? [૯]વારૂં, પ્રિયા [૧૦]તને કહીં મળી કે?[૧૦] અને એની પ્રીતિ મારા પર છે એવું તને કંઇ વાતચીતમાં જણાયું કે?[૧૧]

૬ શ્રીદામો—મારી સાથે વાતચીત તો કરી. પણ, હું એવો રસજ્ઞ છું, કે તેની તમારા પર પ્રીતિ છે કે નહિ તે પૂરેપૂરૂં સમજી શકયો નહિ. (એમ કહી પ્રતિમા સંતાડતો જાય છે.)

૭ કૃષ્ણદેવ—વારૂ,[૧૨] જો તું પૂરેપૂરૂં સમજી શકયો નહિ, તો જેટલું સમજ્યો તેટલું કહે જોઇયે.

૮ શ્રીદામો—[૧૩]મહારાજ! હવે તો હું ઘેર જઉં છું; મને ભૂખ લાગી છે.

૯ કૃષ્ણદેવ—[૧૪]બેશ, બેશ.[૧૪] (તેનું લૂગડું ઝાલી આંચકો મારે છે; એટલે પ્રતિમા

---

૧ નીકળી નાસનાર, ૨ અરે આત્મભૂ! હું પણ શંકરનો પરમભક્ત છું હો! મને પીડા કરવામાં કાંદા કાઢવાના નથી. હા કુસુમેષુ! હવે તો અતિ થયું. આ. ૩ મહાસ્ત્ર કે સુરાસ્ત્ર ૪ શ્રીદામો ય. ૫ અદ્યાપિ સુધી ૬-૬ હોય એમ જ હોય. ૭ એવે જય જય મહારાજ કહી ૮-૮ તેની જ ખબર પૂછાશે. ૯ વારૂં, કહે જોઇએ. ૧૦-૧૦ તને કહીં મળી? ૧૧ કે નહિ? ૧૨ વયસ્ય! આ સમય હાસ્યનો નથી. વારૂં, ૧૩ મહારાજ! એમાં તે શું કહેવું છે? ૧૪-૧૪ બેશ, બેશ; તને મોકલવાનું પ્રયોજન શું તે પણ કંઇ સમજે છે કે નહિ?

પડી જતાં) અલ્યા! [૧૫]આ શું?[૧૫] પ્રતિમા! કોની છે એ? હાં હાં, [૧૬]મેં ઓળખી. પણ કહે, એ કોણે આલેખી?

૧૦ શ્રીદામો—મહારાજ! મેં જ તો. એવી તો હું ઘણી એ છબીઓ કાઢું છું.

૧૧ કૃષ્ણદેવ—શ્રીદામા! બોલ્ય, બોલ્ય. આ તું ક્યાંથી લાવ્યો અને કોણે [૧૭]આલેખી છે?

૧૨ શ્રીદામો—વયસ્ય! એ સુવર્ણસરોજિકાવાળીએ કાઢી છે અને આપનો ગોપ તેને ત્યાં જઈ [૧૮]લઈ આવ્યો છે. એની કથા જરા લાંબી છે. જો સાંભળવાનો અવકાશ [૧૯]હોય, તો કહું.

૧૩ કૃષ્ણદેવ પ્રતિમા ભણીથી શ્રીદામા ભણી જોઈ—ગોપબંધુ! હું આ પ્રતિમામાં આલેખેલા ભાવ જાણી રહ્યા પછી તારી વાતથી જાણીતો થઈશ, (એમ કહી પ્રતિમા ભણી નજર કરે છે.)

૧૪ શ્રીદામો—પણ મહારાજ! હું ભૂલી જઈશ ત્યારે?

૧૫ કૃષ્ણદેવ—તે તને ફરી સાંભરી આવે એવું હું કરીશ. પણ, સખા! જો તો ખરો. આપણે એને છળ કરી બોલાવી, તેથી એ કેવી ભ્રુકુટિ ચડાવી રહી છે?

માલિની

મદન કર મરોડી ખેંચતો શું કમાન!
અતિ અતિ [૨૦]વળી વાંકી ભ્રૂ. ન તે એ સમાન.[૨૦]
સ્મરધનુ નહિ એ તો. શો કરૂં હું વિચાર?
તિલક હરતણું એ. થાય શંકા અપાર.

વસંતતિલકા

[૨૧]તે છે ત્રિપુંડ્ર. વદવૂં નવ એ ય ફાવે.[૨૧]
[૨૨]એની [૨૨]વયસ્ય! ઉપમા મનમાં ન આવે.
જો હું શશી સમ વદું, તવ તે કલંકી,
કો ભ્રૂ સમાન નવ હું ગણું સિંહલંકી.

૧૬ શ્રીદામો—મહારાજ! [૨૩]જ્યારે એની ભ્રગુટી[૨૩] કોઈની ઉપમા અપાય નહિ એવી છે[૨૪] ત્યારે એ અપ્રગટી તો કેવી ય હશે![૨૪]

૧૭ કૃષ્ણદેવ—મકરંદના સ્વાદની મણિધરને શી પરખ! એ તો ભ્રમર જ [૨૫]માણી જાણે. પણ, સખા! એણે ચંદ્રક કર્યો છે તે તેં જોયો કે?

૧૫–૧૫ આ શું? ક્યાંથી લાવ્યો અને ૧૬ એ મેં ૧૭ આળખી ૧૮ ચોરને ઠગી મોર મારી લઈ ૧૯ રહ્યો હોય. ૨૦–૨૦ થઈ વાંકી, (–ચ! આ ભ્રૂ સમાન ૨૧–૨૧ ત્રિપુંડ્ર જે હરતણું વદતાં ન ફાવે, ૨૨–૨૨ રે રે વયસ્ય! ૨૩–૨૩ જો એની ભરગુટીને ૨૪–૨૪ તો પછે એની અપરગુટી કેવી હશે તે તો કેમ જ કહેવાય! ૨૫ ભોગવી

સ્રગ્ધરા

પૂર્ણિમાચંદ્ર જાણે વર વરતુલ શી ધાર બાંધી રહ્યો છે!
શોભા સારી શશીથી. કિરણ પસરિયાં. હારી એ તો ગયો છે.
[૨૬]વ્યોમે છે એક; ભોમે દ્વય વિધુ નિરખુ.[૨૬] અભ્ર આવે ન પાસે.
એ પૂરા ચંદ્ર માંહે મલિનપણું દીસે; સ્વચ્છ આ બે પ્રકાશે.

૧૮ **શ્રીદામો**—કહાનજી! હજુ તારા જોવાના રહ્યા. તે દેખાડશો કે?

૧૯ કૃષ્ણદેવ સસ્મિત—તારા જુએ એવો જ દેખાય છે! પણ તારા એ ય [૨૭]કુતૂહલનું મારી પ્રિયાના અલૌકિક લાવણ્ય વડે સહેજ સમાધાન થાય તેવું છે. જો,[૨૮] જો.[૨૮]

ગીતિ

વગરકલંકિત ઊગ્યાં એક નહિ પણ વિધુ ભલા બે આ;
તારા ઝાંખા થઈને અંગોઅંગે વસી રહ્યા છે[૨૯] આ.

૨૦ **શ્રીદામો**—દેવ! એ, જાણે દેવી થવાને એકપગે ન થઈ રહી હોય, એવી દેખાય છે.

૨૧ કૃષ્ણદેવ—વયસ્ય! એના અંગોઅંગની શોભા[૩૦] મનોજ મને વર્ણવવા નહિ દે.[૩૦] જો.[૩૧] જો.[૩૧]

તોટક

નયને [૩૨]નમતિ ગમતી [૩૩]જુવતી
[૩૪]લજવાઈ જતિ[૩૪] ગતિ [૩૫]કેવી થતી![૩૫]
[૩૬]કદને કરી એ વદને[૩૬] છુપવે
વદતી વનિતા [૩૭]નવ ઉચ્ચ[૩૭] રવે.

અપિચ

ગીતિ

સંકોચાયે કાયે કુમુદિની, [૩૮]તેના સમી[૩૮] ઘણી શોભે;
પ્રાતર દિનકર શોભે, જોઈ ક્ષોભે પ્રભા વડે, લોભે.

૨૨ **શ્રીદામો**—કહાનજી! "ભાભા ભારમાં તો વહુ લાજમાં," એમ તો કંઈ નહિ થતું હોય?

૨૩ કૃષ્ણદેવ—શ્રીદામા! તારે અને મારે સ્નેહ શી રીતે થયો હશે, એ સમજાતું નથી. જો, જો, પ્રિયતમાની સર્વાંગસુંદરતા શી શોભી રહી છે!

૨૬–૨૬ આકાશે એક વિધુ, દ્વય અહિં નિરખું, ૨૭ સંશયનું ૨૮ જો સાંભળ્ય ૨૯ જો ૩૦–૩૦ શોભા વર્ણવતાં સુધી મનોજ મને ઉભો રહેવા દે એમ લાગતું નથી. ૩૧–૩૧ નથી. તથાપિ એ આપણાથી લજ્જા પામે છે તે સમયે એનો દેખાવ કેવો થયો છે તે તું જો. ૩૨ નમતી ૩૩ ગવરી ૩૪–૩૪ લજવાતી જતિ ૩૫–૩૫ જો શી કરી? ૩૬–૩૬ મદને વદને કરી એ ૩૭–૩૭ અતિરો ન ૩૮–૩૮ પેઠે તદા

હરિગીત

જ્યોતિષ્મતી કહું ચંદ્રની, તો [૩૯]શવલતા વરવી[૩૯] લહું.
[૪૦]જ્યોત્સ્ના ભણું જો, તો[૪૦] શીતળતા [૪૧]દાહકર હઇયે વહું.[૪૧]
[૪૨]એકે ન એ, છે અધિક તેથી કામકારી કામિની.
સર્વાંગસુંદરતા સ્વીકારૂં, હૃદયમેઘની દામિની.

અપિચ

ગીતિ

ચપળા ચતુરા [૪૩]તરુણી તડિતા જેવી ગઈ. ન ફરી ભાળી.[૪૩]
[૪૪]કુચઅંકુશે ભેદ્યું આ કરિવરનું હૃદે અહા બાળી.

૨૪ **શ્રીદામા**—મહારાજ ! એ તો બધું ય ખરૂં. પણ [૪૫]પેલાં વાઘ અને બકરી, એ શા કાજે ચિતર્યાં હશે ? હું તો ધારૂં છું કે દેવને ચતુરાઈ જણાઈ આવે કે દેવીને વાઘબકરીનાં ચિત્રામણ પણ ચિતરતાં આવડે છે ખરાં તે કાજે[૪૬].

૨૫ કૃષ્ણદેવ એ બે ચિત્ર ભણી જોઈ—સખા ! મારી કને જે ચિત્ર છે અને તું જેને બકરી કહે છે, તે બકરી નથી પણ હરિણી છે. (વિચાર કરી) હા, હા, હું સમજ્યો ! અરે આ શું ! ([૪૭]નિશ્વાસ નાખે છે[૪૭]).

૨૬ **શ્રીદામા**—[૪૮]આ વળી[૪૮] લગનમાં વિઘન [૪૯]જેવું શું ?[૪૯]

૨૭ કૃષ્ણદેવ સખેદ—ગોપબંધુ ! એ ચિત્ર વડે પ્રિયાએ આવા ભાવનું સૂચન કર્યું છે, સાંભળ.

માલિની

"હરણ હરિણીકેરૂં, (અશ્રુ ચાલે), કરે છે;
મૃગઅરિ [૫૦]અહીં જાએ. શ્મશ્રુ શૂરા ધરે છે !
નથી ઘટિત થયું એ," એમ કાન્તા કહે છે,
"બળ [૫૧]કળ્યું છળ વા'લા !" [૫૨]અર્થ એ દે' દહે છે.

ભુજંગપ્રયાત

અરે ! [૫૩]આવું કો'એ કર્યું કૂડું[૫૩] આવી ?
ખરે, કીર્તિ મારી અતિશે લજાવી.
[૫૪]બલે હું હણું ચક્રથી શક્ર શો[૫૫] એ[૫૫]
ભલે જાય [૫૬]પાતાળમાં પેસી[૫૬] તોયે.

૩૯-૩૯ ધવલતા એમાં ૪૦-૪૦ જ્યોત્સના જો જડી લેઉ હૈડે (છે) ૪૧-૪૧ એવું કહું ૪૨ ના ના ન એ ૪૩-૪૩ કેવી તડિતા તરુણી ગઈ નહિ ભાળી ૪૪ કુચઅંકુશે ૪૫ પેલો ૪૬ ખરાં ! એટલા જ કાજે એ બે ચીતર્યાં હશે, બાકી બીજાું શું ? ૪૭-૪૭ (નિશ્વાસ નાંખી) પ્રિયાએ મને આવો જ જાણ્યો કે ? ૪૮-૪૮ વયસ્ય ! આ વળી ૪૯-૪૯ કેવું ? એમાંથી વળી કંઇ 'ઇદં તૃતીયં' નીપજે એવું છે કે શું ? ૫૦ જીતી ૫૧ કળ ૫૨ વ્યર્થ ૫૩-૫૩ એવું કોણે કર્યું આજ ૫૪ હવે ૫૫-૫૫ હોયે ૫૬-૫૬ નાશી ભૂપાતાળ

૨૮ શ્રીદામો નેપથ્ય ભણી જોતો ગભરાયલાની પેઠે—[૫૭]દેવ ! નાંગણ ![૫૭]

એવે એકદમ ઊતાવળે ચાલતી રુકિમણી પ્રવેશ કરે છે; [૫૮]તેને જોઈ કૃષ્ણદેવ ચિત્ર સંતાડે છે.[૫૮]

૨૯ રુકિમણી સકોપ—અલ્યા ગોપબંધુ ! એ શું બોલ્યો ? ફરી બોલ્ય, જોઇયે. તું લાડકો તારા દેવનો. જો [૫૯]બીજા પ્રત્યે આવું ચાવળું ચાવળું બોલીશ,[૫૯] તો જોવા જેવું થશે.

૩૦ શ્રીદામો નમન કરી—દેવિ ! મેં તો મારા વયસ્યને કહ્યું, કે તમને નંદજસોદાનો કે [૬૦]સુદામાનો ના ગણ[૬૦] કે પાડ. એમાં તે અમે શું જૂઠું કહ્યું ? [૬૧]અરે પ્રભુ ! ખરાબોલો[૬૧] માએ માર્યો ! વારૂં, દેવિ, અમે હવેથી એવું નહિં [૬૨]બોલિયે.

૩૧ રુકિમણી સકોપ—ગોપબંધુ ! હું તને સારી પેઠે ઓળખું છું અને જાણું છું કે મારા આવ્યાથી તને અંગોઅંગ કીડીઓ કરડયા જેવું [૬૩]થતું [૬૩]હશે. અહા ! વાક્ચાતુર્યમાં તો કંઇ મણા નથી ! છાણના દેવ અને કપાસિયાની [૬૪]આંખ્યો !

૩૨ શ્રીદામો—જો એમ જ છે, તો અમે અમારે આ ચાલ્યા. (એમ કહી જતો રહે છે.)

૩૩ રુકિમણી કૃષ્ણદેવ પાસે જઈ—કેમ, આર્યપુત્ર ! તમે કહેતા'તા ને, કે હું તો કશાયમાં નથી. ત્યારે ચક્ર કોના પર ચડાવવાનો વિચાર કરો છો ?

૩૪ કૃષ્ણદેવ—અહો દેવિ ! તમારૂં મન તો શંકાશીલ [૬૫]જ રહેવાનું.[૬૫] મને આજે જ્વર વ્યાધિ પીડે છે, તેનો નાશ કરવાને હું ચક્રનું સ્મરણ કરતો'તો. એટલામાં પણ તમને શંકા પડી, ત્યારે તો હવે પ્રારબ્ધ !

૩૫ રુકિમણી—દેવ ! દાવ તો ઠીક લડાવતાં આવડે છે. જેવા ચાકર, એવા ઠાકર. પણ પહેલાં પ્રેમની વાતો કરતા'તા, તે આવા કડકડતા વ્યાધિમાં શી રીતે થતી'તી ?

૩૬ કૃષ્ણદેવ—દેવિ ! શ્રીદામો રાધા આદિકની વાતો [૬૬]કહી અને તેનો ત્યાગ [૬૭]સંભારી મારી નિંદા કરવા લાગ્યો, ત્યારે મેં તેને બે પૂર્વની [૬૮]વાતોથી ટાઢો પાડયો. એમાં તે અમે શું કર્યું, કે તમે આટલાં બધાં તપી ગયાં છો ?

૩૭ રુકિમણી—અમારે તપવું ય છે કોના પર અને કહેવું ય છે કોને ? પણ, જ્યારે આંખ્યે જોએલી વાતને ખોટી પાડો છો, ત્યારે કહેવું પડે છે: મહારાજ ! કહો, જોઇયે, જ્યારે હું આવી ત્યારે તમે પણે શું સંતાડતા'તા ?

૫૭-૫૭ દેવ ! દેવ ! નાસો, નાસો ! નાગણ, નાગણ ! નાગણ આવી નાગણ ! ૫૮-૫૮ ૦ ૫૯-૫૯ બીજાને કંઇ અવળું કહીશ ૬૦-૬૦ સુદામા જેવા મિત્રનો ના ગણ, ના ગણ કે પાડ ! ૬૧-૬૧ અરે પ્રભુ ! ગરીબનો બેલી રામ જ છે. ખરાબોલો ૬૨ બોલિયે. અને જો તમને અમારા પગલાં ન ગમતાં હોય તો અમે અમારા વ્રજમાં જતા રહિયે. ૬૩-૬૩ થશે. ૬૪ આંખ્યો. ઠીક જ છે. ૬૫-૬૫ રહેવાનું તે રહેવાનું જ. ૬૬ સંભારી ૬૭ કહી ૬૮ વાતો ગણાવી

૩૮ કૃષ્ણદેવ—[૬૯]હાં [૬૯]હાં, એ તો મેં રાજકાજ સંબંધના પત્રો દબાવી મૂકયા છે. જાઓ, જોવા હોય તો જઈને કરારે [૭૦]જુઓ.

૩૯ રુકિમણી—દેવ! એવાં ખોતરણાં કાઢવાની અને કોઇનાં ઢાંકયાંઊઘાડાં જોવાની મારે કયા ડાબા હાથની બાધા છે, કે તે હું જોવા બેસું?

એવે ત્યાં ઊતાવળો દ્વારપાલક પ્રવેશ કરે છે.

૪૦ દ્વારપાલક—દેવશ્રી! આપના પિતાશ્રી આપને જોવા માટે આણી પા આવે છે.

૪૧ કૃષ્ણદેવ—અરે દ્વારપાલક! જા, તેમને અહીં લઈ આવ્ય.

૪૨ રુકિમણી—આર્યપુત્ર! આ કંઇ નરકાસુરને જીતવા જવા જેવું તો નથી?

૪૩ કૃષ્ણદેવ—પ્રિયા! જો એમ લાગતું હોય, તો તમે અહીં કરારે બેસી રહો; અથવા આ અંતઃપુરમાં જઈ ચિકિત્સા જુઓ.

૪૪ રુકિમણી—આર્યપુત્ર! મારે એટલું બધું કરવાની શી ગરજ છે? જેવું વાવશો, તેવું લણશો.

એવે ત્યાં દ્વારપાલક સાથે વસુદેવ પ્રવેશ કરે છે; અને રુકિમણી ચાલ્યાં જાય છે.

૪૫ વસુદેવ—અહો કુલદીપક! તારી પ્રકૃતિ કેવી છે? મને તો અધુના શ્રીદામાએ કહ્યું, કે કૃષ્ણદેવની પ્રકૃતિ જ્વર વડે અતિ પીડિત છે; અને આવતી કાલનો દ્વારિકાગમોત્સવ પણ એ જ કારણથી બંધ રહેવાનો છે. મેં એ વાત સાંભળી, કે હું તો તરત જ તારી કને આવ્યો. કુળદેવી સર્વ સારાં વાનાં [૭૧]કરો!

૪૬ કૃષ્ણદેવ—પિતાશ્રી! શ્રીદામાએ કહી, એવી મારી પ્રકૃતિ પૂર્વે થઈ ગઈ હતી; કિંતુ અધુના તો મને [૭૨]સારૂં છે. મને ઘરમાં ગમતું નથી. માટે હું પણ તમારી [૭૩]સાથે આવું છું.

પછે ઊઠી પ્રતિમાને ગુપ્ત સ્થળે સંતાડી દે છે; અને શ્રીદામાનાં મનથી વખાણ કરે છે.

૪૭ વસુદેવ—અહો કષ્ટમોચન! જો તને સદ્મમાં નથી સુહાતું, તો, ચાલ્ય, આપણે શનૈઃ શનૈઃ સભાસ્થાનમાં જઇયે.

૪૮ કૃષ્ણદેવ—હા, પિતાશ્રી! એમ જ [૭૪]કરિયે.

બંને જણા ધીમે ધીમે ચાલ્યા જાય છે.

૬૯-૬૯ હાં હાં, ખરી વાત. ૭૦ જુઓ, એટલે પછે આપોઆપ બોલતાં બંધ થઇ જશો. ૭૧ કરશે ૭૨ સારો આરામ ૭૩-૭૩ સાથે મહારાજને મળવા આવું છું ૭૪ કરીએ તો ઠીક.

સમજુતી

૧ પ્રવર્ષણ પર્વત—રૈવતાચળ, ગિરનાર. જાજ્વલમાન જ્યોતી—ભડભડ બળતો અગ્નિ. મકરધ્વજ—કામદેવ. સહાવડી—બધી, સામટી; વિશેષ્ય આપત્તિ અધ્યાહાર. લવાગ્નિપાન, કાળયવનદાહ અને પ્રવર્ષણદાહ માટે જુઓ અનુક્રમે ભાગવત, સ્કંધ ૧૦, અધ્યાય ૧૧, ૫૧ અને ૫૨.

૧–૨ નાટકકાર પ્રતિમા બોલ 'આબેહૂબ ચિત્ર'ના અર્થમાં વાપરે છે; જુઓ ઉક્તિ ૧૦માં પર્યાય રૂપે વાપરેલો છબી બોલ; અને સરખાવો સં. પ્રતિમ (=સરખું).

૧૨ સુવર્ણસરોજિકાવાળી—પોતે નાયિકાને ઓળખતો નથી એમ બતાવવા માગે છે; જુઓ આ અંકના બીજા દૃશ્યની ઉક્તિ ૧૫–૧૬

૧૫ ભ્રૂ—ભમર, ભ્રુકુટિ. ત્રિપુંડ્ર—ત્રણ વાંકી રેખાના ચિન્હનું બનેલ (તિલક). સિંહલંકા સિંહના જેવા કટિના લાંકવાળી સુંદરી(ની); એ બોલનો અન્વય 'ભ્ર' સાથે છે.

બીજા અંકના છેલ્લા દૃશ્યના દર્શન ખંડમાંના 'શ્રીદામા! જો, જો, બળદને હરણ ધાવે છે' એવા કૃષ્ણદેવના વાક્છળથી સત્યભામાને પ્રગટેલો અમર્ષ નામે સંચારી ભાવ, તેનું ભ્રૂભંગદ્વારા નિરૂપણ છે. ભમરના મરોડનો વ્યતિરેક કામદેવે ખેંચેલા ધનુષ સાથે, મહાદેવે તાણેલા ત્રિરેખ તિલક સાથે અને ચંદ્રની કળા સાથે તેને સરખાવી, વ્યક્ત કર્યો છે. એ અપૂર્વ મરોડ તરફ કૃષ્ણદેવની દૃષ્ટિ પ્રથમ ખેંચાય છે.

૧૬ અપ્રગટી—(૧) અપ્રત્યક્ષ; (૨) અજાણી. સરખાવો અંક ૬, દૃશ્ય ૨, ઉક્તિ ૧૦, 'એ તો મહા રીસનું જાળું છે.'

૧૭ કૃષ્ણદેવ શૃંગાર રસના અધિષ્ઠાતા દેવ છે. શૃંગારમાં વિપ્રલંભ શૃંગારની ખૂબી ઓર છે, અને તેમાં એ ખરી ખૂબી તો માનવિપ્રલંભની છે. અરસજ્ઞને એની પિછાન ક્યાંથી? એવો ઉક્તિના પૂર્વ ભાગનો ભાવ છે. ભમરના મરોડ ભણીથી ખસી સહેજે કૃષ્ણદેવની દૃષ્ટિ કપાળના રત્નજડિત ધારણ ચાંદલા (ચંદ્રક) તરફ વળે છે. એની શોભાનું વર્ણન પદ્યાત્મક ઉત્તર ભાગમાં છે.

વરતુલ શી—ગોળાકાર. વ્યોમે–આકાશમાં. ભોમે–પૃથ્વી ઉપર. દ્વય–બે. વિધુ–ચંદ્રમા. અભ્ર–વાદળું. મલિનપણું—કલંકના ભાગની ઝાંખાશ.

મજાની ગોળ કિનારીવાળા ચાંદલામાં પૂનમના પૂર્ણ ચંદ્રની પ્રથમ સંભાવના છે. પરંતુ તે ચાંદલામાંથી ચારે કોર જે કિરણ પરાવર્તન પામે છે, તેની અપૂર્વ શોભા આગળ આકાશનો ચંદ્રમા હારી જતો જણાય છે. વળી વ્યોમમાં એક જ ચંદ્ર છે; અને અહીં ભોમમાં તો, વદનચંદ્ર અને કપાળના ચાંદલા રૂપી ચંદ્ર, એમ બે ચંદ્ર છે; આકાશના ચંદ્રને વાદળાં ઘેરી લે છે; તે આ બે ચંદ્રની તો પાસે પણ આવતાં નથી (અર્થાત્ શોકના વાદળની છાયા આ બે ચંદ્રને સ્પર્શતી પણ નથી). વળી આકાશના ચંદ્રમાં કલંકના ભાગની ઝાંખાશ છે; જ્યારે આ બે ચંદ્ર તો સ્વચ્છ પ્રકાશે છે.

૧૯ તારા જુએ એવો—ચળેલ.

તારા ઝાંખા થઈને ૦—બળદને હરણ ધાવતું જોવા દોડીને આવવાના શ્રમથી શરીરે જે પરસેવાનાં ટીપાં બાઝેલાં ચિતર્યાં છે, તેમાં તારાનો આરોપ છે; રૂપકાતિશયોક્તિ અલંકાર છે.

૨૦ પ્રથમ દર્શને જ તારામૈત્રક બંધાઈ એ કૃષ્ણદેવની રાણી (દેવી) થવાને પગભર (અત્યંત આતુર) હોય, એ દેખાઈ આવે છે, આવી મતલબનું શ્રીદામાનું બોલવું છે.

૨૧ મનોજ—પ્રેમનો અધિષ્ઠાતા કામદેવ. નયને નમતિ ગમતી–નીચાં ઢાળેલાં નેત્ર મન હરતી. ગતિ થતી—દશા થાય છે. લજવાઈ જતિ—લજવાઈ જતે, લાજ પામતાં. કદને કરી—પીડાને લીધે; લજ્જા પીડતાં કરી. ઉચ્ચ રવે—મોટા સ્વરે, મોટેથી. પ્રાતર—પ્રાતઃકાળે, વ્હાણામાં. પ્રભા—સુશોભિતપણું; સુંદરતા. ક્ષોભે–વિહ્વલ બને છે, ક્ષોભ પામે છે. લોભે–લોલુપ થાય છે, લુબ્ધ બને છે. 'નમતિ અને 'જતિ' એ 'નમતે' અને 'જતે'નાં જૂનાં રૂપ છે; તે યમકની ખાતર વાપરેલાં છે. 'થતી' વર્તમાનકૃદંત છે, તે વર્તમાન નિશ્ચયાર્થ માટે યોજેલ છે; પદ્યાત્મક સાહિત્યમાં એ પ્રયોગ વિહિત તેમ જ રૂઢ છે. વર્ણવવા નહિ દે—મતલબ કે એવો વિહ્વળ બનાવશે કે હું પૂરી વર્ણવી શકીશ નહિ. એકએકની આંખ્યે આંખ્ય મળતાં નાયિકાના મનમાં વ્રીડા પ્રગટે છે; તેના ચિત્રગત નિદર્શનથી વક્તાનું ચિત્ત ક્ષુબ્ધ બને છે. નાયિકાની વ્રીડા (લજ્જા) પહેલા શ્લોકથી અને વક્તાની વિહ્વળતા બીજા શ્લોકથી વર્ણવી છે. નેત્ર નીચાં ઢાળવાં, મુખ છૂપાવવું, ધીમેથી વાત કરવી અને અંગ સંકોચાવું, એ વ્રીડાના અનુભાવ છે.

૨૨–૨૩ પ્રથમ મિલાપે મુગ્ધાની લજ્જાને શ્રીદામો મોટાના ગૌરવ જોગ લાજના ઘૂમટા તરીકે લેખે છેઃ એ અરસજ્ઞતા માટે કૃષ્ણદેવ તેને ઉપાલંભ આપે છે.

૨૩ ચંદ્રની જ્યોતિષ્મતી–શુક્લપક્ષની રાત્રિ. શવલતા—પ્રકાશ અને છાયાનું મિશ્રણ, તલકછાંયડો. જ્યોત્સ્ના—ચાંદની, કૌમુદી. દાહકર–દાહ ઉપજાવનાર. વહું–ધારણ કરું છું; અનુભવું છું. સર્વાંગસુંદરતા—સર્વે અંગ સુંદર હોવાં તે. દામિની (સં. સૌદામિની)—વીજળી. તડિતા (સં. તડિત્)-વીજળી. કચ (સં.)-કેશ; આંકડીવાળા કેશ. એકે ન એ, છે અધિક તેથી—અજવાળી રાત અને ચાંદની એ બેમાંથી એકેની સંભાવના એનામાં થઈ શકે એમ નથી; પ્રેમ પ્રગટાવી વિહ્વળ કરનારી એ સ્ત્રી તો એ બંનેથી પણ અધિક છે. સર્વાંગસુંદરતા સ્વીકારૂં–એ સર્વે અંગે સુંદર છે, એમ હૂં માનૂં છૂં અને કહું છૂં; જેમ મેઘમાં વીજળીના ચમકારા થાય તેમ મારા હૃદયમાં એના ચમકારા થાય છે.

૨૫ અરે આ શું?–આ બોલનો સંબંધ કૃષ્ણદેવની હવે પછીની ઉક્તિ સાથે છે. કાળી કામળવાળો પુરુષ નાયિકાનું હરણ કરી ગયો અને કૃષ્ણદેવે તેને છોડાવી નહિ તેથી નાયિકાના મનમાં પ્રગટેલો પોતાના વિષેનો ખોટો અભિપ્રાય ચિત્ર ઉપરથી કળી જઈ કૃષ્ણદેવ નિશ્વાસ મૂકે છે.

૨૬ ચિત્ર જોઈ ખુશ ખુશ થયેલા કૃષ્ણદેવે એકાએક નીસાસો મૂક્યો તેનું કારણ શ્રીદામો સમજતો નથી. ભારે અનિષ્ટની શંકાથી તે ગભરાઈ જાય છે. 'લગનમાં વિઘન' એ વચન અક્ષરશઃ લાગુ પડે એવો પ્રસંગ રુક્મિણીહરણમાં પ્રેમાનંદે ચિતરેલો છે. હરણ કર્યા પછી દ્વારિકામાં કૃષ્ણ રુક્મિણીનું પાણિગ્રહણ કરે છે. એ ટાણે કન્યાપક્ષનું કોઇ ત્યાં ન હોવાથી કન્યા પધરાવવાની મુશ્કેલી ઊભી થાય છે. ત્યારે સુભદ્રા રુક્મિણીને બીજો બાપ કરવાની બોલી મારે છે. તેથી રુક્મિણી રોષે ભરાઈ, 'બીજો બાપ કરશૂં ત્યારે મંડપમાં આવશૂં' એવું પણ લે છે. એ રીતે લગનમાં વિઘન પડે છે. એ વાત જાણી બ્રહ્મલોકથી બ્રહ્મા અને સાવિત્રી દ્વારિકા ધાઈ આવે છે; અને જગત્પિતામહ રુક્મિણીને મંડપમાં પધરાવી मया दत्ता નો સંકલ્પ મૂકે છે. ઉત્તરમાં કૃષ્ણ मया प्रतिगृहिता કહી કન્યાનો પ્રતિગ્રહ કરે છે; અને વિવાહ ચાલતો થાય છે. જુઓ રુક્મિણીહરણ, કડવાં ૧૯–૨૦.

૨૭ હરિણી—(૧) સત્યભામા; (૨) રાધા. મૃગઅરિ—(૧) સત્રાજિત; (૨) વિયોગ-વિપ્રલંભ રૂપી વાઘ. શ્મશ્રુ–મૂછ. શૂરા—કૃષ્ણ. કાંતા—(૧) સત્યભામા; (૨) રાધા. વ્હાલા—કૃષ્ણ. કો'એ-(૧) કોઇ અજ્ઞાત પુરુષે; (૨,૩) એ કોણ, એ કોણ થાય છે? ચક્રથી-(૧) સુદર્શનથી; (૨) કાળચક્રથી, કાળની ગતિથી, સમય આવ્યે. શક્ર શા-ઇંદ્રના જેવા મહા બળિયા. પાતાળ-સાતમું પાતાળ.

આલેખિકાએ ચિત્રદ્વારા આપેલો ઉપાલંભ કૃષ્ણદેવ શ્રીદામાને સમજાવે છે (શ્લોક-૧); અને હરી જનાર અજ્ઞાત પુરુષ હોવાથી પોતે પાછળથી આલેખિકા માટે કાંઇ કરી શક્યા નહિ તે બાબત ખેદ પ્રદર્શિત કરે છે (શ્લોક-૨). દરમિયાન રુક્મિણી પ્રવેશ કરે છે*. તેઓ પહેલા શ્લોકના 'કાંતા કહે છે' અને 'દે' દહે છે' એ બોલ માત્ર સાંભળે છે; અને બીજો શ્લોક આખો એ તેમને કાને પડે છે. શ્રવણગોચર થયેલું કથન જૂની શંકા તાજી કરે છે, જેથી તે પૂછે છે કે અહો દેવ! કોના ઉપર ચક્ર ચડાવો છો અને શી પ્રેમગોષ્ઠી ચાલે છે? કૃષ્ણદેવ પોતે જે બોલ્યા હતા તેનું રૂપ જ ચતુરાઈથી બદલી નાખે છે. એ રીતે પ્રસ્તુત શ્લોકના નીચે મુજબ વિવિધ અર્થ થાય છે.

શ્લોક ૧ અને ૨, નાયિકા (સત્યભામા) પરત્વે.

ચિત્રમાં પ્રિયાએ એવો અર્થ વ્યંગ રાખ્યો છે કે 'હરણી જેવી ગરીબડીનું વાઘ જેવા ભયંકર પુરુષે હરણ કર્યું. મારી આંખમાંથી ડળક ડળક આંસુ વહ્યાં. એ મને ઊપાડીને ચાલતો થયો. મરદ મૂછાળાએ મારા માટે કાંઇ એ ન કર્યું. એ બહુ અઘટિત થયું છે. વ્હાલા! તમારા બળની બડાશને હું વાકૂછળ જ માનું છું.' પ્રિયાએ આપેલા આ ઉપાલંભથી મારી જાતને સંતાપ થાય છે(૧). અફસોસ! આવું કૂડું કૃત્ય કરનાર કોઇ અજ્ઞાત પુરુષ છે. ખરેખર, એણે મારી કીર્તિને ઝાંખ લગાડી છે. હું મારા બળ વડે ઇંદ્રના જેવા મહા બળિયાને એ હણું, એ ભલેને પાતાળમાં પેસી જાય તોયે હણું. પણ શું કરું? એ કોણ છે તે હું જાણતો નથી(૨).

શ્લોક ૧ અને ૨, રાધિકા પરત્વે.

† સંદેશમાં પ્રિયા એવો અર્થ વ્યંગ રૂપે જણાવે છે કે 'હરણ જેવી આ ગરીબડીનું વિયોગ-વિપ્રલંભ રૂપી વાઘે હરણ કર્યું. મારી આંખમાંથી ડળક ડળક આંસુ વહ્યાં. એ વાઘે મને એના પંજામાં લીધી તે લીધી જ. મરદ મૂછાળાએ મારા માટે કાંઇ એ ન કર્યું. એ બહુ અઘટિત થયું છે.' રાધાએ આપેલા ઉપાલંભથી મારી જાતને સંતાપ થાય છે (૧). અરે!

---

* બીજા અંકને છેડે કૃષ્ણદેવની રોકી ન રોકાઈ તિરસ્કારપૂર્વક તેમનો હાથ તરછોડી રુક્મિણી રોષભેર ચાલી જાય છે, તેનો પાછળથી પસ્તાવો થતાં સમાધાનની ઈચ્છાથી તે કૃષ્ણદેવને મળવા આવી છે એમ જણાય છે.

† કૃષ્ણ અને રુક્મિણીનો વિવાહ મ્હાલવા શ્રીદામો પત્ની સહિત ગોકુળથી દ્વારિકા આવ્યો તે વખતે તેની સાથે આ સંદેશો રાધિકાએ કહાવ્યો હોય એમ જણાય છે. પ્રેમાનંદે એના રુક્મિણીહરણના કડવા ૨૩માં ગોકુળથી ચિંતા ઊપજાવનાર સમાચાર આવ્યાનો ઉલ્લેખ કર્યો છે. બીજી વારનો વશલા આહીર સાથેનો સંદેશો રોષદર્શિકા સત્યભામાખ્યાનના પાંચમા અંકમાં નાટકકારે નોંધ્યો છે. એ સંદેશાઓની ખેપ સાતમા અંકને છેડે ફળેલી નાટકકારે નારદના મુખે 'આ ગોપિકા' એ પ્રતીકના શ્લોકમાં યોગબળે આત્માના આવાહનદ્વારા વર્ણવી છે.

આવું કૂડું કૃત્ય કરનાર એ વાઘ કોણ થાય છે? ખરેખર, એણે મારી કીર્તિને ઝાંખ લગાડી છે. ભલેને એ સાતમા પાતાળ પર્યંત વેગળો જાય. ઇંદ્રના જેવા એ મહાબળિયાને હું કાળચક્રના ઝપાટાથી મારા બળ વડે હણવાનો છું(૨).

શ્લોક ૨, જ્વર પરત્વે.

અરે! એ જ્વરે દ્વારિકાગમોત્સવના પૂર્વના દિવસે આવી ઉત્સવ ભાગી પાડવાનું આવું કૂડું કામ કર્યું, તે કોણ થાય છે? ખરેખર એણે અપકીર્તિ વ્હોરાવી મારી કીર્તિને ઝાંખ લગાડી છે. એ ઇંદ્રના જેવા *મહાબળિયાને હું મારા બળથી સુદર્શન ચક્ર વડે હણવાનો; ભલેને એ પાતાળમાં પેસી જાય, તોયે હણવાનો.

ઉપરના વિવરણમાં આપેલાં રૂપાંતર રુક્મિણીની ઉક્તિ **૩૩** અને **૩૫**ના જવાબમાં કૃષ્ણદેવ પૂરેપૂરા ખુલાસાથી આપતા નથી; પણ જેમ બને તેમ ટૂંકામાં પતવી દે છે; શાથી જે વિસ્તારથી ખુલાસો કરવા જેટલો અવકાશ ન હતો. કૃષ્ણદેવ અંતરમાં જાણતા હતા, કે શ્રીદામો ગયો છે તે કંઇક ઘાટ રચી ચિત્રની ગુપ્તતા સાધ્યા વગર રહેશે નહિ.

૨૮ રુક્મિણી છેક પાસે આવે છે ત્યાંસુધી તેનો પગરવ સંભળાતો નથી. તે કારણથી ઔપચારિક નાગણ બોલની યોજના કરી છે. ચિત્ર રુક્મિણીથી છાનું રાખવાનું હોવાથી શ્રીદામાએ કૃષ્ણદેવને વેળાસર ભયના ઉદ્‌ગારથી ચેતવ્યા છે. શોક્યની ઇર્ષ્યામાં નાગણના વિષનો આરોપ છે.

૩૧ 'છાણના દેવ'નો આરોપ શ્રીદામામાં કર્યો છે; અને એણે યોજેલા વાક્ચાતુર્યને 'કપાશિયાની આંખ્યો' કહેલ છે.

૩૨ રુક્મિણીએ કરેલી અવહેલનાના મિષથી શ્રીદામો ત્યાંથી ચાલતો થાય છે; અને ચોરીના માલ સાથે ઝલાયલા ચોરની દશામાંથી કૃષ્ણદેવને મુક્ત કરવાનો ઘાટ ગોઠવે છે.

૩૫ પ્રેમની વાતો–ઉક્તિ **૨૭**મીના પહેલા શ્લોકના "કાંતા કહે છે" અને "દે' દહે છે" એ શબ્દો કાને પડેલા, તેનો સંબંધ સુવર્ણસરોજિકાના પ્રસંગ સાથે રુક્મિણી જોડી દે છે.

૩૯ ઢાંકયાંઊઘાડાં—ઢાંકીને મૂકેલો કાગળ, સંતાડેલું ચિત્ર. ડાબા હાથની બાધા—સાધારણ બાધાઆખડીથી કાર્ય સિદ્ધ ન થાય, ત્યારે આકરી બાધા રાખવામાં આવે છે. ડાબા હાથની બાધા એ આકરી બાધામાંની એક છે. એમાં ઊભે પગે બેસી ડાબા પગના ઘૂંટણના વળમાંથી ડાબો હાથ કાઢી એ હાથે કોળિયા ભરવા પડે છે.

૪૨ નરકાસુરને જીતવા જવા જેવું—બીજા અંકના ત્રીજા દશ્યમાં સુવર્ણસરોજિકા જતા કૃષ્ણદેવને રુક્મિણી વચમાંથી પોતાને મંદિર લેઈ જાય છે. તે વખતે 'સોળ સહસ્ર રાજ્યકન્યાની વ્હારે ભૌમાસુર ઉપર ચડાઇ લેઈ જવાની બાબતનો વિચાર કરવા ઉગ્રસેન મહારાજ તમને તેડે છે,' એવો ખોટો સંદેશો કંચુકી દ્વારા મોકલી શ્રીદામો કૃષ્ણદેવને અંતરામણમાંથી છોડવે છેઃ તેનો અહીં વ્યંગમાં નિર્દેશ છે.

૪૭ કષ્ટમોચન—કંસના કારાગૃહમાંથી મુક્ત કરનાર કૃષ્ણ. સદ્મ—ઘર.

---

* સરખાવો 'તાવ તો હાથીનાં એ હાડ ભાંગી નાંખે' એ લોકોક્તિ.

પાઠચર્ચા

૨ આ બડાઇ અને લાચારપણાની કથની વિષયાંતરરૂપ છે અને પૂર્વોત્તર ઉક્તિઓનો સંબંધ શિથિલ કરી નાંખે છે. ૭ આ અભિવંદનના બોલ શ્રીદામો અન્યત્ર વાપરતો જોવામાં આવતો નથી; જુઓ અંક ૪, દૃશ્ય ૨, ઉક્તિ ૨. માટે સંસ્કરણના 'જય જય મહારાજ કહી' બોલ સંશોધનમાં તજી દીધા છે. ૯ ફોસલાવવાની રીતના 'કહે જોઈએ' બોલ કોઇકે અઘટતા ઉમેર્યા છે. ૧૨ આ ખોટો ઉમેરો છે. એથી પૂર્વોત્તર ઉક્તિઓનો નિકટનો સબંધ શિથિલ થાય છે. ૧૪ સંસ્કરણના પાઠમાં પ્રયોજનનો ઇસારો જે કૃષ્ણદેવે કર્યો છે તે કોઇ પણ સ્થળે ઉક્ત નથી કે જેને લેઈને તેનું આમ મભમ સૂચન યોગ્ય ગણાય. ૧૫ છબી કોની છે તે જાણ્યા પહેલાં 'કયાંથી લાવ્યો' એ પ્રશ્ન અસ્થાને છે. એનું સ્થાન તો ઉક્તિ ૧૧માં છે. ૧૮ વાપરેલો રૂઢિપ્રયોગ (idiom) બંધ બેસતો નથી. ૨૦ રચના કિલષ્ટ અને દૂષિત છે; તે, પ્રક્રમ ધ્યાનમાં લેઈ, બદલી છે. ભ્રકુટી અનુપમ છે, એ વક્તવ્ય છે. ૨૧ સંસ્કરણનો પાઠ પુનરુક્તિગ્રસ્ત છે. વળી ઉપમાન તરિકે હરતિલકના પ્રત્યાખ્યાનનું કારણ અનુક્ત રહે છે. એ ખામીઓ ટાળવા પૂરતો ફેરફાર કર્યો છે. ૨૩–૨૪ 'ભરગુટી' અને 'અપરગુટી' જેવા અર્થ–રહિત ભ્રષ્ટ પાઠને લીધે ઉક્તિ છેક અસ્પષ્ટ બની છે, જેના ઉપર 'તે તો કેમ જ કહેવાય?' એ ઉમેરાથી કંઇ પણ પ્રકાશ પડતો નથી. ૨૬ વ્યોમ અને ભોમનો મુકાબલો સ્પષ્ટ કરવા પાઠ બદલ્યા છે. વિધુ શબ્દના બંને લઘુને ગુરુ ઉચ્ચારવા એ પણ ઉદ્વેગકર છે; માટે તેનું સ્થાન બદલ્યું છે. ૨૭ 'તારા જેવા' એ રૂઢિપ્રયોગ સાથે બંધ બેસતો બોલ કુતૂહલ છે, સંશય શબ્દ નથી બંધ બેસતો. ૨૮ પ્રસ્વેદનાં બિંદુ જોવાય, સંભળાય નહિ. ૩૦ 'વર્ણવતા સુધી......ઊભો રહેવા દે એમ લાગતું નથી' એ પીંજણ નિરર્થક છે. મુદ્દાસર 'વર્ણવવા નહિ દે' એટલૂંજ છે. ૩૧ આગામી 'નયને' પ્રતીકના શ્લોકમાં લજ્જાનું વર્ણન આપ્યૂં છે. તજી દીધેલૂં વાકય ખાલી તેની પુનરુક્તિ કરે છે. નેત્ર નીચાં ઢાળવાના અર્થમાં 'નયને નમતી' પ્રયોગ બાધિત છે. સત્યભામા નયને નમતી નથી, પણ એનાં નયન નીચાં નમે છે. 'નમતિ' વગેરે જૂનાં રૂપ ન સમજવાથી કોઇએ ગોટાળો કર્યો છે. ઉત્તરાર્ધમાં મદન-વિકારનું વર્ણન નથી, લજ્જાનૂં જ જારી છે. તે ધ્યાનમાં લેઈ લજ્જાની 'પીડા'ના વાચક તરીકે કદન બોલનો મેં પ્રયોગ કર્યો છે. અતિશે બદલ ઉચ્ચ સ્પષ્ટતાની ખાતર મૂકયો છે. ૩૮ 'તદા' બોલ નિરર્થક હોવાથી ફેરફાર કર્યો છે. ૩૯–૪૨ નાયિકાની કાંતિ શુકલપક્ષની રાત્રિથી અને ચંદ્રમાની ચાંદનીથી પણ અધિક કહી છે. એ વ્યતિરેક અસ્પષ્ટ છે તે સ્પષ્ટ થાય અને પ્રક્રમ પણ સચવાય, એવી રીતનો પાઠ મેં યોજ્યો છે. અજવાળી રાતની ખામી તલકછાંયડો છે. ધવળતા તો તેના પ્રકાશની ખાસિયત છે. આથી શવલતા પાઠ યોજ્યો છે. ચાંદની શીતળ છતાં વિરહીને બાળે છે, એ તેની ખામી છે. તે જણાવવા દાહકર વિશેષણ ઊમેર્યૂં છે. ૪૩ 'કેવી' ઉપરથી 'જેવી' શબ્દનો ઉદ્ધાર કરી પદો ફરી ગોઠવ્યાં છે. સાધર્મ્યવાચક શબ્દ વાકયમાં ન હતો; તેની ખોટ એથી પૂરાય છે. ૪૪ અંકુરનો આરોપ કચમાં વધારે ઉચિત છે. ૪૬ પાઠટિપ્પણીમાં નોંધેલા 'એટલા જ કાજે' વગેરે બોલ વધારે પડતા હોવાથી તજી દીધા છે. ૪૭ વાઘ હરણીનૂં હરણ કરે છે અને મરદ મૂછાળા જોઈ રહે છે, એવો ઉપાલંભનો ભાવ ચિત્રથી સૂચિત હોવાથી કૃષ્ણદેવ નિશ્વાસ મૂકે છે. એનૂં કારણ શ્રીદામાના કળ્યામાં નથી આવતૂં. તે કંઇ ભારે અનિષ્ટના ભણકારથી ગભરાય છે. તે ગભરાટ દૂર કરવા કૃષ્ણદેવ ચિત્રનો મર્મ તેને સમજાવે છે. પ્રસ્તાવનૂં આવૂં સ્વરૂપ ધ્યાનમાં લેઈ 'પ્રિયાએ મને એવો જ ગણ્યો કે?' એ ભાગ ક્ષેપક ગણી તજી દીધો છે. ૪૮–૪૯ ગભરાટની ઉક્તિ ટૂંકી હોય, એ સમજથી વધારે પડતા બોલ તજી દીધા છે. ૫૧ અહીં ઉપાલંભ માત્ર બળના સંબંધમાં જ છે; બળ અને કળ, એ બેના વિરો નથી. તેથી અનભિપ્રેત 'કળ' પાઠ તજી દેઇ 'કળ્યું' પાઠ કલ્પી વિધેયની ખોટ પૂરી છે.

પર. માલિની છંદનો છેલ્લો ખંડ સત્યભામાના તેમજ રાધાના મ્હોંના શબ્દના અવતરણરૂપ નથી. એ તો વક્તા કૃષ્ણદેવના પોતાના મ્હોના બોલ છે. નકલ કરનારે અવતરણ માની પાઠમાં મિથ્યા ધાલમેલ કરી જણાય છે. ૫૩ ઉપલા શ્લોકની પેઠે આ શ્લોક પણ શ્લિષ્ટ છે; અને પ્રસ્તુત વાક્ય પ્રશ્નાત્મક તેમ જ નિવેદનાત્મક લેવાનું છે. વળી અપહરણ અને જ્વર (અર્થાત્ વિરહજ્વર) પૂર્વ દિવસના બનાવ છે. જ્વર તો તે પછીના દિવસે પણ કંઇક રહ્યો છે; જે કારણથી જાહેર કરેલો દ્વારિકાગમોત્સવ બંધ રખાય છે. આથી નવા અનુકૂળ પાઠ કલ્પવા પડ્યા છે. ૫૪ ત્રીજા ચોથા ચરણનો યમક સાચવવા પાઠ બદલ્યો છે. ૫૫ 'ઇંદ્રને હણવા હું સમર્થ છું' એમ નહિ, પણ 'ઇંદ્રના જેવો મહાન હોય તેને પણ હણવા હું સમર્થ છું' એવા ભાવાર્થને અનુસરતો પાઠ કલ્પ્યો છે. ૫૭ ઉપલબ્ધ પાઠ તરીકે નોંધેલો ભાગ ખોટો ઉમેરો છે; જુઓ ઉક્તિ ૨૦, જેમાં એકલા 'નાગણ' શબ્દનો જ ખુલાસો છે. આ કારણથી એ ખોટો ઉમેરો મેં તજી દીધો છે. ૬૧ 'ગરીબનો બેલી રામ' એ કહેવત અહીં વધારાની પડતી છે. ૬૨ પાઠ ટિપ્પણીમાં નોંધેલો વધારાનો ભાગ ઉક્તિ ૩૨ થી ગતાર્થ છે. તે તજી દીધો છે. ૬૪ 'ઠીક જ છે' એ વાક્ય નિરર્થક ઉમેરારૂપ છે; માટે તજી દીધું છે. ૬૬-૬૭ નકલ કરનારે 'કહી'ને ઠેકાણે 'સાંભરી' અને 'સાંભરી'ને ઠેકાણે 'કહી' લખેલ હોય એમ જણાય છે. ૬૯ 'હાં, હાં' ઉદ્ગાર 'એ તો મેં'થી શરૂ થતા વાક્ય સાથે આત્યંતિક સંબંધ ધરાવે છે. તે 'ખરી વાત' બોલના ઉમેરાથી તૂટી જાય છે. ૭૦ પાઠટિપ્પણીમાં નોંધેલા વધારાના વાક્યથી ઉક્તિ ૨૮ મીઠાશભરી મટી કડવાશભરી થઈ જાય છે.

મોગલોના સમયમાં ગુજરાતની લશ્કરી વ્યવસ્થા

દિ. બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી, એમ. એ., એલએલ. બી.

સ્થાયી સૈન્ય

શ્રી ફાર્બસ ગુજરાતી સભાના તરફથી આ વરસના જાન્યુઆરી માસમાં સૈયદ અબુ ઝફર નદવી સાહેબે આપેલું વ્યાખ્યાન 'ગુજરાતની સાંસ્કૃતિક સ્થિતિ', ઇ. સ. ૧૪૦૦ થી ૧૬૦૦, તે વખતના ગુજરાતના બાદશાહોની ફોજી—લશ્કરી—વ્યવસ્થા કેવી હતી તેનો ખ્યાલ આપે છે. એ વ્યવસ્થાનો મુખ્ય અંશ એ હતો કે બાદશાહો પોતે સિપાઈઓને પગાર આપી, પોતાના જાયુક નોકર તરીકે રાખી, તેમને રોકડ દરમાયો આપતા. એ રોકડ દરમાયો પાછળથી અધવારી નાંખી, અડધી રકમ રોકડ અને બાકીની અડધી રકમ પેટે જમીન આપવામાં આવતી કે જે જમીનમાં ખેતી કરી, તેમાંથી મળતી ઉત્પન્ન વડે સિપાઈઓ પોતાના કુટુંબનું પોષણ કરે. કેટલાએક વરસના અનુભવ બાદ જમીન આપવાનો રિવાજ બંધ પાડી, માત્ર રોકડ પગાર આપી, સિપાઈઓ રાખવામાં આવતા; એટલે કે જે વખતે અકબરે ગુજરાત જિતી તેમાં પગપેસારો કર્યો અને ગુજરાતની બાદશાહીનો અંત આવી ગુજરાત મોગલ શહેનશાહતનો એક સૂબો થઈ ગયો તે વખતે સિપાઈઓને તો રોકડ પગારે જ રાખવામાં આવતા, અને બાદશાહી લશ્કર તે બાદશાહના પગારદાર સિપાઈઓનો સમૂહ હોઈ તેના જ Standing Army સ્થાયી સૈન્ય તરીકે તેના ખપમાં આવતું.

મોગલાઈ રીતિ અને વ્યવસ્થા

મોગલાઈ પાયતખ્તથી મોકલવામાં આવતા સૂબા અથવા હાકેમો મોગલાઈ રીતિની લશ્કરી વ્યવસ્થા મુજબ ચાલતા. એ વ્યવસ્થામાં મનસબદારો મુખ્ય ભાગ ભજવતા. મનસબદાર એટલે ઉચ્ચ અમલદાર; એ અમલદારમાંના કેટલાએક સૂબાદાર—સૂબાના હાકેમનો ઓદ્દો ભોગવતા અને બાકીનાઓ લશ્કરના ઉપરિ અમલદાર—Commander—ની ફરજ અદા કરતા. એ મનસબદારો દહબાશી—દસની ટૂકડીના અમલદારથી દહ હઝારી—દસ હજારની ટૂકડીના અમલદાર—સુધીના જોવામાં આવતા. એ અમલદારો એટલે મનસબદારોની ફરજ એ હતી કે પંચહજારી કે પંજસદી—પાંચ હજારની કે પાંચસોની જે ટૂકડીના અમલદારનો ઓદ્દો તેઓ ભોગવતા હોય તે ઓદ્દાને અંગે નક્કી થએલી સિપાઈઓની ટૂકડી તેમણે પોતાના તરફથી રાખી, જ્યારે જરૂર પડે ત્યારે હાજર કરવી. આ બદલ તેમને રોકડ પગાર બાંધી આપવામાં આવ્યો હતો, તેમ જ કેટલાએકને જાગીરો પણ આપવામાં આવતી હતી. મુખ્યત્વે આ લશ્કર ઘોડેસ્વારોનું બનેલું હતું, અને મનસબદારના હાથ નીચેના દરેક માણસને અમુક સંખ્યા ઘોડાની રાખવી પડતી. કેટલાએક જે નીમ અસ્પેહ કહેવાતા તે અડધો ઘોડો—બે સિપાઈ વચ્ચે એક ઘોડો રાખતા. કેટલાએક જે યક અસ્પેહ કહેવાતા તે એક ઘોડો રાખતા; જે દો અસ્પેહ કહેવાતા તે બે ઘોડા રાખતા, સે અસ્પેહ કહેવાતા તે ત્રણ ને કેટલાએક ચહાર અસ્પેહ કહેવાતા કે જેની સંખ્યા ઘણી જૂજ હતી. તે ચાર ઘોડા રાખતા. આ પ્રમાણે એક જ સિપાઈ પાસે એકથી વધારે ઘોડા રખાવવાનું કારણ

એ હતું કે જ્યારે એકાએક હુમલો કરવાનો પ્રસંગ આવે અને તે વખતે ઉતાવળી કૂચ (Forced march) કરવાની હોય ત્યારે ફાલતુ ઘોડા ખપમાં આવે. આ લશ્કરી ઘોડા ઓળખાઈ આવે તેને માટે ઘોડાઓને ડહામવા(Brand કરવા)માં આવતા હતા. એ ડહામવાનું અથવા ડાઘ મારવાનું એક ખાસ ખાતું ગુજરાતના સૂબામાં હતું.

ઘોડા ડહામવાનું ખાસ ખાતું રાખવાનું એક બીજું પણ કારણ હતું. જ્યારે જ્યારે લશ્કરની તપાસ થવાની હોય ત્યારે ત્યારે ઘણા અપ્રમાણિક સિપાઈઓ તેટલા કામ પૂરતા ભાડુતી ઘોડા લાવવાને લલચાતા. એ લાલચ તથા ડગળબાજી અટકાવવા રાજ તરફથી ઘોડા ડહામવા, એ વિધિ દુરસ્ત લાગવાથી પાટનગર તેમ જ સૂબાઓમાં દાગખાતાં ખોલવામાં આવેલાં. ગુજરાત સૂબામાં આવેલાં દાગખાતાંનું વર્ણન મિરાતે અહમદીમાં નીચે મુજબ આપવામાં આવ્યું છે:

દાગ અને તસહીહ ખાતું+

" આ ખાતાના અમીન, દારોગા ને શરાફ, મુખ્ય બખ્શીના ખાતાના અમલદારો ગણાઈ તેમની સૂબાઓમાં નીમણુક થતી. અમીનને જાતિ મનસબ સિવાય દસ સવાર રાખવા પડતા, (એટલે કે અમીન પોતે જાતે મનસબદારનો ઓહ્દો—દરજ્જો ભોગવે ને દસ સવાર રાખે). દારોગો પણ મનસબદાર કહેવાતો.

આગલા વખતમાં એવો ધારો હતો કે આ ખાતાના અમલદારો તથા નોકરો બજારમાં ચાર કમાનવાળી ઈમારત(ઓફીસ)માં બેસી, આ સૂબા ખાતે નીમાએલા મનસબદારોના ઘોડાઓની હાજરી લેતા, ઘોડાઓનો સરસામાન તપાસતા, તથા મનસબદારની નોકરી કરતા સિપાઈઓ(નોકરો)ની હાજરી નોંધતા અને પછી પ્રમાણપત્ર આપતા. જેમને પાનસદી (૫૦૦) મનસબદારનો જાતિ ઓહ્દો હતો તેમને પોતાના લશ્કરના ઘોડા પર નિશાન કરાવી લેવાની ફરજમાંથી મુક્ત રાખવામાં આવતા. આ મનસબદારોને રાખવા પડતા સિપાઈઓની સંખ્યામાં એક ભાગ મોગલ સિપાઈઓનો, એક ભાગ અફઘાન સિપાઈઓનો, એક ભાગ રાજપૂતોનો, બે ભાગ તિરંદાજોનો, અને એક ભાગ બંદૂક ફોડનારાઓનો રાખવો પડતો. ચારસદી (૪૦૦) મનસબદારનો જાતિ ઓહ્દો ભોગવનારને પાંચ ઘોડા ઈરાકી તોખમના, એક તુર્કી, અને એક મુજન્નસ* ઘોડો રાખવો પડતો. હથીઆરોમાં પાંચ નંગ બખ્તર તથા (લશ્કરી) ટોપ; ઘોડાના માથાના રક્ષણ માટે બખ્તર તથા પાખર, એટલે ઘોડાની પીઠના રક્ષણ માટે તેને ઓઢાડવાનું બખ્તર*. સાડી ત્રણસોના જાતિ મનસબદારને ચાર ઘોડા ને પાંચ નંગ બખ્તર, ત્રણસોના જાતિ મનસબદારને પણ ચાર ઘોડા ને પાંચ નંગ બખ્તર, દોઢસોના જાતિ મનસબદારને ત્રણ ઘોડા ને પાંચ નંગ બખ્તર, હઝારી મનસબવાળાને પ્યાદા તરીકે (પાયદળ) ત્રીસ ભીસ્તી, નાલબંદ, બેલદાર (ખોદકામ

+ તસહીહ=ખરૂં કરી લેવું: Muster.
દાગે તસહીહ: The office in which the horses entertained in service are marked.

× મુજન્નસ=મળતો આવતો, એટલે ઈરાકી ઘોડાને મળતો આવતો. ઈરાકી એટલે ઈરાનમાં ઉછરેલા ઘોડા અથવા તો દેખાવ, ચાલ વગેરેમાં તેવા ઘોડાને મળતા આવતા.

* આનાં ચિત્ર બ્લૉકમૅનની આઇને અકબરીમાંથી મળી આવે છે.

કરનાર મજૂર), બંદૂક ફોડનાર, તીર મારનાર રાખવા દેવામાં આવતા. હાજર કરેલા ઘોડાની સંખ્યા તથા ઘોડાઓનો સામાન તપાસ માટે હાજર રાખવા માટેનાં પ્રમાણપત્ર દારોગા, અમીન અને મુશરફની મ્હોર સાથે કરી આપવામાં આવતાં. હાલમાં એટલે હુઝરત ખુલ્દ મકાન(શહેનશાહ ઔરંગઝેબ)ના ગુજરી ગયા બાદ રાજ્યવ્યવસ્થામાં ખલેલ (ઉથલપાથલ) થઈ ગએલી હોવાથી અને મનસબદારોને જાગીર ન મળતી હોવાથી, ધીમે ધીમે દાગખાતાનું કામ બંધ પડતું ગયું, બલ્કે હાલના સમયમાં તો એ ખાતાનું લખાણ કરવાની વાકેફી ધરાવનાર પણ કોઈ જડતું નથી." (મિરાતે અહમદી ખાતમે, ફારસી આવૃત્તિ પા. ૧૭૭–૭૮)

જે ઘોડાને સરકાર તરફથી નોકરી લાયક ગણી સ્વીકારવામાં આવતો તેના જમણા ગાલ પર ડહામની નિશાની કરવામાં આવતી. જે ઘોડો પાછો આપવામાં આવતો તેના ડાબા ગાલ પર નિશાની થતી.

સૂબાઓનાં અંગત સૈન્યો—સિપાઈવર્ગ

દિલ્હીથી જે સૂબાઓ—હિંદુ કે મુસલમાન—નીમાઇને આવતા તેઓ પોતાની જોડે પોતાનું લશ્કર (ઘોડેસવાર તથા પાયદળ) લાવતા, તોપખાનું વગેરે પણ લાવતા; પરંતુ તેટલું લશ્કર તેમના કામને માટે પૂરતું થઇ પડતું નહીં, અને વિશેષ લશ્કરની હમ્મેશ જરૂર રહેતી. આ જરૂરીઆત પૂરી પાડવા માટે એક નવો વર્ગ જ હસ્તીમાં આવ્યો હતો. એ વર્ગ તે સિપાઇવર્ગ, એટલે જે માણસોએ સિપાઈગીરીને ધંધા તરીકે માન્ય કરેલો તે માણસનો વર્ગ. જ્યારે કોઈ સૂબાને અથવા તો બળવાખોર અમલદારને પોતાના તરફથી લડવાને માટે માણસોની જરૂર પડતી ત્યારે તેઓ આ સિપાઇવર્ગમાંથી માણસો મેળવતા. હવે સૈન્યની આવી પૂરવણીની હમ્મેશની માગણી (Demand) ઉભી થએલી હોવાથી તે માગણી પૂરી કરવા(Supply)નાં સાધનો પણ ઉભાં થયાં. હિન્દુસ્તાનના ઉત્તરના ભાગની લડાયક કોમોનાં માણસોએ આવી ગુજરાતમાં વાસો કર્યો, અને બકશારી, રોહિલા, અફઘાન, સિંધી, આરબ અને જૂજ સંખ્યામાં હબશી એ કોમનાં માણસો અમદાવાદ, ધોળકા, સુરત, ભરૂચ, વડોદરા, પાલણપુર એવાં એવાં મુખ્ય શહેરોમાં વસી ગયાં. એ દરેક કોમનાં માણસોનો એક ઉપરિ રહેતો, તેને જમાદાર કહેતા. એ જમાદારના હાથ તળે ૨૦૦–૩૦૦ માણસોનું ટોળું રહેતું અને જ્યારે સૂબાને કે કોઈ અમલદારને વધારે લશ્કર યા નવું લશ્કર રાખવાનો પ્રસંગ ઉભો થતો ત્યારે તેઓ આ જમાદારોને બોલાવી, તેમની જોડે બંદોબસ્ત કરતા. આ ઉપરાંત ગુજરાતી મુસલમાનો પણ એવી રીતે નોકરીમાં જોડાતા. હિન્દુઓની લડાયક કોમોમાંથી, જાટ, રાજપૂત, પૂરબીઆ, મારવાડીઓ મળી આવતા.

મોગલાઇ અમલના પાછલા સમયમાં ગુજરાતના કોળીઓ લૂંટફાટ માટે ઘણા જાણીતા થઈ પડયા હતા. એ કોળીઓ પણ કાંઇક વ્યવસ્થાને રસ્તે ચાલી, પોતાની ટૂકડીઓ બનાવી પોતાના સરદાર યા કોટવાળના હાથ નીચે રહી, એમાંથી એક વિરોધી પક્ષની નોકરીમાં જોડાતા.

કિરપારામ અને શંભુરામ જેવા ઉંચી નાગર કોમના હિન્દુઓ પણ લડાઈનો પેશો કરી જાણતા.

પૂરવણી સૈન્યની ઉભી થતી મુશ્કેલીઓ

આવા પૂરવણી સૈન્યને એકઠું કરતાં તો વાર લાગતી નહી, પરંતુ એ સૈન્ય સંબંધે મુશ્કેલી એ સૈન્ય પોતાનું કામ થોડું ઘણું કરે પછી ઉભી થતી; તેનું કારણ કે સિપાઈઓને નોકરીમાં રાખનાર તેમનો પગાર ચૂકવી શકતો નહીં. કેટલાક જમાદારો અથવા સૂબાએ

પોતાની સહાયમાં લશ્કર સાથે બોલાવેલા અમલદાર, દરરોજ પોતાનો ચઢેલો રોજ અને ભથ્થું મળે એવી શરતે આવતાં. શરૂઆતના થોડા દહાડા તો તેમને રાજી રાખવા ચઢેચઢયો પગાર રોકડ આપવામાં આવતો, પણ પછીથી પગાર ચઢી જતો, તે ચૂકવી આપવા માટે તેમને બોલાવનાર શખ્સ જાતજાતનાં સાધનોનો ઉપયોગ કરતો. બચાવરહિત ગામડાંઓ લૂંટી લઈ, લૂંટેલો માલ, હાંકી લાવેલાં ઢોરઢાંખર તેમને પગાર પેટે આપતો, યા તો લોકોના ઘરોમાંથી ધાતુનાં વાસણો મળી આવ્યાં હોય તો તે ગાળી તેના સિક્કા પાડી, સિપાઈઓને આપતો. આટલું છતાં પણ પૂરેપૂરો ચઢેલો પગાર તો આપી શકાતો જ નહીં, એટલે સિપાઈઓ પછી કાયદો હાથમાં લેતા અને અમલદારને બારણે સત્યાગ્રહ આદરતા, તેને તેના મકાનમાં કેદ રાખતા, પછી ચઢેલી રકમનો કડદો થતો અને કોઇ સદ્ધર માણસની બાંહેધરી લઇ પેલા શખ્સને જવા દેવામાં આવતો. આવા ઘણા દાખલાઓ તે વખતના ગુજરાતના ઈતિહાસમાંથી મળી આવે છે. એક વખત જૂનાગઢના આરબ સિપાઈઓએ ઉપરકોટ પર ચઢી જઈ, જૂનાગઢના તે વખતના હાકેમને તોબા પોકરાવી હતી. હાકેમે ઠગાઇ કરી તેમને ઉંધે રસ્તે દોરવી હાથતાળી આપી અને પછી પોતે જૂનાગઢના દરવાજા બંધ કરી બેઠો.

આવા ભાડુતી યા લશ્કરી ધંધો કરનાર સિપાઈઓની ટૂકડીમાંના માણસોનું ભથ્થું રોજનું નક્કી થતું. સવારને રોજના આઠ આના તથા પ્યાદાને રોજના બે આના. કોળીઓ પણ જો ઘોડા લઈ ને આવે તો આઠ આના ભથ્થું લેતા.

ચઢાઈ વેળાની તૈયારીઓ

જ્યારે સામાવાળા સાથે લડાઈ પર ચઢવાનું થતું ત્યારે લશ્કર ભેગું કરવાનું છે તેની જાહેરાત માટે પ્રાંતનો સૂબો મુખ્ય શહેર બહાર અને શહેરનો હાકેમ પોતાના શહેર બહાર નીકળી પડી, તંબુઓ નાંખી, છાવણીની શરૂઆત ત્યાં જ કરતા. પછી ટૂંક વખતમાં લશ્કર ભેગું થઇ જતાં આગળ કૂચ કરવા માંડતા. અમદાવાદના સૂબા કાં તો શાહીબાગમાં યા તો નદીકિનારે—રેતીમાં યા તો કાંકરીએ આવી છાવણી નાંખતા. ખંભાતના હાકેમ તે મુજબ શહેર બહારના સરોવરપાસે છાવણી નાંખતા.

રાજકારણી વ્યવસ્થા અંગે જે જગાએ મહેસૂલ વગેરે ઉઘરાવવાનાં થાણાં નાંખવામાં આવ્યાં હતાં તે થાણાંમાં રહેતા થાણદારો ને ફોજદારો પાસે જેવી જેને જરૂર તેવી સંખ્યામાં થોડાં લશ્કરી માણસો રહેતાં. તે માણસોની જરૂર પડે તેમને લડવા માટે ઉપયોગમાં લેવામાં આવતાં. દાખલા તરીકે અમદાવાદથી ત્રણ કોસ દૂર આવેલા કાળીની ગઢીવાળા થાણામાં દસ ઘોડેસવાર ને આઠ પ્યાદા રાખવાનો હુકમ હતો. કોઈ જગાએ માત્ર એકજ ઘોડેસવાર રહેતો. પરંતુ આ લશ્કરી માણસોની મુખ્ય ફરજ આસપાસના રહેવાસીઓ તથા મુસાફરોનો લૂંટારા, કોળીઓ, ધાડપાડુઓ વગેરે તેમને હેરાન કરે નહીં તેનો બંદોબસ્ત રાખવા તથા તેમનું રક્ષણ કરવાની હતી. જરૂર પડે અડધી સંખ્યાને લડવા મોકલવામાં આવતી. અડધી પોલીસનું કામ કરવા રહેતી.

દિલ્હીથી જે અમીર ઉમરાવ સૂબા નીમાઈ ને આવતા તેઓ નાઝિમ એટલે સેનાપતિની ફરજ પણ બજાવતા. આ સૂબેદારોને ઔરંગજેબના સમય પહેલાં પગાર પેટે બે લાખ ચાળીસ હજાર દામ (૪૦ દામ=એક રૂપીઓ) મળતા, પણ પાછળથી તે રકમ ઘટાડી એક લાખ પંચ્યાસી હજાર નવસો દામની કરી નાંખવામાં આવી, તેમાંથી લાખ ને ત્રેંસી હજાર રોકડા—બાકીની રકમ માટે જાગીર એમ આપવામાં આવતાં. આ અમલદારોને પંદરસો

સવારોની ટૂકડી તો ફરજીયાત રાખવી પડતી. અને તેમાંથી ત્રીજો ભાગ લડાઈમાં ઉતરવા તૈયાર રાખવો પડતો. વળી મનસબદારો, ફોજદારો, થાણદારોને પણ પોતાના નોકરમાંથી અડધાને તો નાઝિમ જો લડાઈમાં ઉતરે તો લડાઇ માટે મોકલવા પડતા. છોટાઉદેપૂર, ડુંગરપૂર, વાંસવાડા વગેરેના રાણા જમીનદારોને પણ નાઝિમની મદદમાં લશ્કર સાથે ઉભા રહેવું પડતું.

ભાડુતી લશ્કરના વધતા ત્રાસો

જેમ જેમ વખત જતો ગયો તેમ તેમ આ ભાડુતી લશ્કરના સરદારોનો ત્રાસ વધતો ગયો અને તે પ્રમાણમાં તેમની સત્તા પણ વધતી ગઈ. મહમદ શાહબાઝ રોહીલો, તો તે વખતના સૂબાને માથે એટલો ચઢી બેઠેલો કે અંતે તેનું ખૂન કરાવવું પડ્યું. આ રોહીલો મૂળમાં બે ત્રણ અફઘાન સવાર ને થોડા પ્યાદા લઇ ગુજરાતમ આવેલો અને પછી એ ... એ સાહસમાં આગળ વધતાં ત્રણસો માણસોની ટૂકડીનો જમાદાર બન્યો. મહમદ લાલ રોહીલો, ગંગા જાટ, અબદુલ્લા ઝુબેરી, હાજી બકર, કોળીઓનો સરદાર હુરી કોટવાળ, મારવાડીઓનો સરદાર રાયસિંહ એવા એવા ઘણા જમાદારોનાં નામ ગુજરાતના ઈતિહાસમાં મળી આવે છે, કે જે જમાદારો તેમને નોકરીમાં રાખનાર ઉપરિ અમલદારની નબળાઈનો લાભ પૂરેપૂરો લેવા ચૂકતા નહીં.

બંદૂક, તીર વગેરે હથીઆરો સિપાઇઓ લાવતા. દારૂગોળો તેમને નોકરીએ રાખનાર આપતા.

તોપખાનું

તોપખાનાનું ખાતું જૂદું જ હતું. એ તોપખાનાનો ઉપરિ દારોગો કહેવાતો, અને તેની નીમણૂક દિલ્હીથી ત્યાંના મીર સામાનને ખાતેથી થતી; મીર સામાન સૂબાના દીવાનની ભલામણ મુજબ નીમણૂંક કર . આ દારોગો શરતી મનસબદારનો હોદ્દો ભોગવતો નહીં. તોપખાનાને અંગે કેટલીએક સરકારી તોપો અને દારૂગોળો હમ્મેશા નાઝિમના ચાર્જમાં પડયાં રહેતાં. પરંતુ પાછળથી સૂબાની વ્યવસ્થા અસ્તવ્યસ્ત થઈ જતાં કેટલાએક નાઝિમો સરકારી તોપોનો કબજો લઇ બેઠા. કામ થઇ રહ્યા બાદ કેટલાએક સૂબાઓ પોતે લઈ લીધેલી તોપ પાછી આપતા અને કેટલાએક પોતાની જોડે સૂબેદારી છોડીને જતી વખત લઇ જતા. તોપો અમદાવાદમાં ગળાતી ખરી, પરંતુ ઘણું ખરૂં પરદેશથી આણવામાં આવતી. ફીરંગીઓના આવ્યા બાદ યૂરોપથી આવતી. એક વખત અમદાવાદના એક સૂબાએ (યૂરોપી) તુર્કસ્તાનથી કેટલીએક તોપો મંગાવેલી, પરંતુ તે તોપો તેને મળી જાય તે પહેલાં તો તેને અમદાવાદ છોડવું પડયું અને પછી આવ્યા મરાઠા, એમણે તે તોપો લઈ લીધી. તોપોને બળદનાં ગાડાં ખેંચતાં અથવા તો ઉંટ પર લાદવામાં આવતી. તોપ ફોડવા માટે માંચડા યા મોરચા બાંધવામાં આવતા. તોપો સંખ્યામાં કમી વપરાતી હતી, પરંતુ બંદૂકોનો ખપ ઘણો હોવાથી અમદાવાદમાં બંદૂક બનાવનારા ઘણા કારીગરો હતા. કેટલાએક અમીર ઊમરાવોને ઘેર ખાનગી કારીગરો બંદૂકો બનાવતા. બંદૂક બનાવનારા કારીગરો પર જે અંકુશ હતો તે મરાઠાઓએ દૂર કર્યો અને દરેક બંદૂક બનાવવા દીઠ બંદૂક બનાવનાર કારીગર પાસે એક નજીવી રકમ લેવાનો ઠરાવ કરવામાં આવ્યો; એટલે પછી તો કોળીનાળી ને બીજી વર્ણો—લડાયક સિપાઇવર્ગ વગરની પણ—બંદૂકો વાપરતી થઈ ગઈ. કારીગરોના લત્તાને સિલાફરોશ* (સલાપોશ) કહેતા.

મોગલાઇ સત્તાની પડતી આવતી ગઇ તેમ તેમ લશ્કરની વ્યવસ્થા પણ ઘણી ચુંથાઈ ગઈ, અને છેવટ શાહી લશ્કર જેવું કાંઈ રહ્યું જ નહીં.

---

* સિલહ એટલે હથીઆર : ફરશ એટલે વેચનાર.

श्री कृष्णः ।

અર્વાચીન ગૂજરાતીનો આરમ્ભકાળ

(લેખકઃ–રા. રા. કેશવરામ કા. શાસ્ત્રી)

જૂનાગઢના ગિરનાર–કાલિકાના શિખર ઊપર લખાયેલું સાં. ૧૪૫૯નું એક ખત બે વર્ષ ઊપર "ગૂજરાતી"માં પ્રસિદ્ધ કરવામાં આવેલું હતું. તે ખતમાં આપવામાં આવેલી ભાષા પ્રાચીન લેખન–શૈલીથી જરા સુધરેલી છે, એટલે કે તેમાં મધ્યકાલીન ગૂજરાતીની આદ્યભૂમિકામાં જુદા લખાતા अइ, अउ અને अउं, ને સ્થળે ए, ओ અને उं નાં સ્વરૂપ અને इकारને સ્થળે પ્રાયઃ લઘુપ્રયત્ન યકાર, આ ફેરફારવાળી લેખનશૈલીવાળી ભાષા આપણા સમક્ષ રજૂ થઈ છે. તેનો દેખાવ અર્વાચીન ભાષાની આદ્યભૂમિકા જેવો એટલે કે તલ ગૂજરાતમાં ૧૮મી સદીના આરમ્ભથી પ્રાપ્ત થતી લેખનશૈલીના જેવો હોવાથી કેટલાકો તરફથી તે ખતની સત્યતા તરફ શઙ્કાની નજરથી જોવામાં આવ્યું. તે જ સ્વરૂપના જેવું જ સ્વરૂપ ધરાવતું સાં. ૧૬૧૬માં લખાયેલું એક પાનું પણ તે પછી અન્ય એક લેખમાં મારા તરફથી આપવામાં આવેલું. આ આખો નિબન્ધ શ્રી ફૉર્બસ ગુજરાતી સભા તરફથી પ્રસિદ્ધ થયેલા **મહાભારત આરણ્યકપર્વની** પ્રસ્તાવનામાં આપવામાં આવેલ છે. તલ કાઠિયાવાડમાં લેખનમાં જ સાં. ૧૬૧૬ લગભગથી તો આ પ્રમાણે છે. અર્વાચીન સ્વરૂપનો આરમ્ભ થઈ ચૂકેલો. બેશક આ સાં. ૧૬૧૬ના લખાણમાં ल्लीइ એવું વપરાયેલું છે, તે એક, અને બીજું इकारવાળું સપ્તમ્યન્ત પદ છે જ. આ સિવાયનો अइ, अउ, अउंનો થઈ ચૂકેલા ए, ओ, ऊं તેમાં ઉપલબ્ધ છે જ.

આજે એક નવો પુરાવો જનતા સમક્ષ રજૂ કરું છું: સાં. ૧૬૧૦માં લખાયેલું તે સમયની સાર્વભૌમ સત્તાના પ્રતિનિધિના સહીસિક્કાવાળું એક ખત પ્રભાસપાટણના સુપ્રસિદ્ધ પુરાતત્ત્વવિદ્ શાસ્ત્રી **હરિશઙ્કર પ્રભાશઙ્કર** પાસેથી મળેલું છે. આ ખત સાં. ૧૬૧૦ના ચૈત્ર વદિ ૭ રવિવારને દિવસે લખાયેલું છે. આ સમયે એટલે ઇ. સ. ૧૫૫૪નાં અમદાવાદમાં પાદશાહ **મહમૂદ** અને દિલ્હીમાં **સલિમશૂર**નાં શાસન હતાં. આ ખતમાં એક જાણવા જેવી હકીકત પ્રાપ્ત થાય છેઃ તે એ છે કે—પાદશાહ તરીકે મૂળ નામ **મહમૂદ** લખાયેલું. પાછળથી **હમૂદ** આટલા શબ્દો ફાડી નાંખી म નો स બનાવી हमूदના ફાટેલા ખાંચા ઊપર **लमस** એવો ફેરફાર કરવામાં આવ્યો છે. પ્રભાસપાટણ ઊપર આ સમયે આમ બે શાસનો હતાં તેમ લાગે છે. અમદાવાદના શાહનું જોર કમી થતાં દિલ્હીના હાકેમોના પ્રતિનિધિયો ખતમ થી તેના નામને ફાડી પોતાના બાદશાહના નામને ઊમેરેઃ એ કાંઇ આશ્ચર્યજનક ન ગણી શકાય. અને તેવું આ પ્રસઙ્ગમાં બન્યું છે જ.

આ દેવપત્તન કિંવા પ્રભાસપાટણ દેલવાડા કસબાના તાબામાં તે સમયે હતું. દેલવાડામાં તે સમયે ફોજદાર તરીકે કોણ હતો તે તે જ વ્યક્તિના ખુદના હસ્તાક્ષરથી આપણા જાણવામાં આવે છે. પશ્ચિમ હિન્દના સુબા તરીકેનાં નામમાં આ ખતમાં છેકછાક નથી. તે વ્યક્તિ પ્રથમ અમદાવાદના પાદશાહના તાબામાં અને પાછળથી દિલ્હીના શાસનના તાબામાં થયો લાગે છે. આ ખત લખાયેલું ત્યારે તે જ **ખાન** મહમૂદ પાદશાહના નામ સાથે છે. **સલિમશૂર** નામ ઊમેરાતાં પણ તે તો કાયમ જ છે, એટલે તેણે પાછળથી દિલ્હીનું શાસન સ્વીકાર્યું હોય, તેવું આ ખતના સ્વરૂપ ઊપરથી સમઝી શકાય છે.

આ ખત થયા પછી તરતમાં જ એટલે ઇ. સ. ૧૫૫૪માં જ **સલિમશૂર** મરી ગયેલો. જ્યારે અમદાવાદમાં મહમૂદ હજી જીવતો હતો, બીજે જ વર્ષે એટલે ઇ. સ. ૧૫૫૫માં હુમાંયૂંયે છેલ્લા શૂર શાહ પાસેથી દિલ્હીનું તખ્ત કબજે કર્યું, એટલે ત્યારથી ફરી અમદાવાદના શાહ થોડા સમય માટે એટલે મહાન અકબરે તે રાજ્ય સદા માટે પોતાના અમલમાં પચાવી લીધું ત્યાં સુધી સૌરાષ્ટ્રના સ્વામી રહ્યા.

(ખતની નકલ)

(બ્લૉક આ સાથે અન્યત્ર છપાયેલો છે.)

*अल्लाहो अकबर

१[ગોળ મ્હોર છાપ]

*मक्तूब वली मोहमद इब्ने

काजी उसमान सालीन कसबाये


देलवाड़ा—ब–कलमे-खुद

(१) *संवत १६१० वर्षे चैत्र वद ७ रवौ आद्य श्री देवप [त्त]
(२) ने पतसाहा श्री ७ सलेमसा वीजयराज आम - - -
(३) यंन षत श्रीततारषान थाणे षान श्री मुक [र]
(४) दषान होंदे शिदी श्री अफराथकर टोरकजी
(५) पंचकुल प्रतिपत्तौ घर विक्रीताक्षराणी लीष्यं[ते]
(६) अथांजोग्य घर १ बाबत पठक कुका ब्रह्मदा[स]
(७) नु ठकर भावड कपोले षरीद कीधु ते घर ठक-
(८) र भावडनी मा बाइ हलाइये ब्रह्मपुरी करी-
(९) ने मं जेराम हुयाने संस्त भणावी आपु कु.
(१०) टब वीदमाने तेह घर मं जेरामे ग्रथ लयीने त्र-
(११) वाडी शामलीया गोटकाने वेचातु आकतु- - -
(१२) ल करी आपु घरनी हदमदुदनी वगत घर[मां]
(१३) षड २ ते मधे षंड १ नलीहेर षंड बीजु आगा- - -
(१४) सु इसे गज ३४ उपले गज १७ एहनु बार फली-
(१५) यानी मोहोलते छे उगमणे पासे भोइना घर
(१६) छे डुगरवे पासे ठाार जोवराजनी कोड छे प-
(१७) सम दसे सोरठियंनी कोड छे दक्षणने पासे रा-
(१८ जा रात काथेलानी वाडी छे एह घर षडी बधा-
(१९) नी कीमते फदीया १००० अंके सहस्र पुरा

---

*આ અક્ષરો ફારસીમિશ્ર અરબી લિપિમાં લખાયેલ છે. નીચેના ટૂકડાનો અર્થ:—" કસબા દેલવાડાના વતની કાજી ઉસ્માનના પુત્ર વલી મોહમદે લખ્યું; પોતાના જ હાથે સહી કરી." દેલવાડા કસબો કેટલો જૂનો છે. તે આથી સમજાશે.

* આની લિપિ નાગરી જ अ, श, क्ष, भ, ल, ण, આ વર્ણો જૈની સ્વરૂપના છે. એટલે કે अ પાંખડીવાળો, श મીંડાવાળો, क्ष મીંડાવિનાનો, भ–ल–ण અત્યારની ગૂજરાતી લિપિના જેવા.




સંવત ૧૬૧૦નો દેલવાડા(પ્રભાસ)ના દસ્તાવેજ

(૧)

જુઓ પા. ૨૮-૨૯

આદિત્ય મુદ્રણાલય • અમદાવાદ



वाडी सामलीया गोहकाने वे चालु आंक कु
अकरी आपु घरनी हद मकुद नी वगत घर
षंड २ ते मधे षंड १ नली घर षंड बीजु आगा
सुइ से गज ४ पले गज ७ एहनु बार फल
या नी मोहालते छे उगमणे पासे नोइ नो घर
छे डुगर वे पासे गा रजी वराज नी कोड छे प
मद से सो नी कोइ छे दक्षण ने पासे रा
जी रात कायसी नी वाडी छे एह घर षडी बधा
नी कीमत फदीया १००० अंके सहस्र पुरा
माटे वे चालु आपु नथ्या बे माण से वा
डी सामलीया ने पाड चढावी ने टंका १००
अंके सो पुरा लुगडा करीने जेराम ने आ
प्या वाए वे सरबाले फदीया आगीयार से ले
मजेराम ने पोता घर च वाडी सामलीया नो
तसलीम कीधु ए घर स मंधे कय बोले ते मं
जेराम बारे गरथ आपानी वासल सहारा
ज सीरतन सीने हाटे नगद पोता असावीधो
परीपालनाय
लषीतं पानवी सामो
राजा साष
अ.च साष

સંવત ૧૬૧૦નો દેલવાડા (પ્રભાસ)નો દસ્તાવેજ

(૨)

(२०) माटे वेचातु आपु तथा बे माणसें त्रवा-
(२१) डी सामलीयाने पांड चढावीने टंका १००
(२२) अंकें सो पुरा लुगडां करीने जेराम अ-
(२३) पावा एवं सरवाले फदीया अगीयारसेहे
(२४) मं जेरामने पोता घर त्रवांडी सामलीयानी
(२५) तसलीम कीधु ए घर समंधे कय बोले ते मं
(२६) जेराम वारे गरथ आपानी वासल सहा रा-
*(२७) जसी रतनसीनें हाटे नगद पोता अंस्यं वीधे
(२८) परीपालनाय लखीतं पा. वीसामा
(२९) अत्र मतु राजा साब
(३०) १ मह जेराम मतूं अत्र साब
१ मह नीलकंठ साक्ष

(પાછલી બાજૂયે)

१. पा। कांहू साक्ष

(મળી ૧૫ સાક્ષી છે.)

પ્રથમની પાંચ લીટીયો સંસ્કૃત ભાષામાં છે. લખાણની અશુદ્ધિયો આવાં ખતપત્રોમાં અતિ સ્વાભાવિક છે. અમુક જ પદ્ધતિયે એ લખાણો લખાય છે. દરેક વખતે લહિયો વિદ્વાન નથી હોતો. કેટલી વાર આગલા નમૂનાઓ જોઈને અને પછી તો યાદ કરીને લહિયો આવાં ખત લખે છે. આમ સંસ્કૃતથી અજ્ઞાન લોકો ભૂલ કરે, એ સ્વાભાવિક છે. છઠ્ઠી લીટીથી ગૂજરાતી ભાષાના લખાણનો આરમ્ભ છે. આવાં લખાણોમાં પ્રચલિત ભાષા—લોકભાષા સચવાઇ રહેલી હોય છે. લહિયો વિદ્વાન હોય તો જોડણી એકધારી કરે; અને વિદ્વાન ન હોય તો અત્યારે જેમ વ્યાપારીવર્ગ શુદ્ધિ સાચવવામાં બેદરકાર-અતિ બેદરકાર હોય છે, તેમ બેદરકારી રાખે છે. એટલે જોડણીમાં અવ્યવસ્થા પ્રાપ્ત થાય, તો સહન કરી લેવાની જ.

ભાષા શાસ્ત્રની દૃષ્ટિયે આમાં નીચેનાં રૂપો ઉપયોગી છે:—

૧. વર્તમાનકાળ-ત્રીજો પુરુષ, ત્રીજી વિભક્તિ અને સાતમી વિભક્તિના પ્રત્યય નો મૂળ इકાર પૂર્વસ્વર સાથે એકરૂપ થઇ एકારના સ્વરૂપમાં થઈ ચૂકયો છે: छे, **वारे**, **कपोलें**; **वीदमाने** पासे વગેરે; તે જ પ્રમાણે नइ કે नि ને બદલે नेः **हुयाने**, **लयीनें** વગેરે

૨. લઘુપ્રયત્ન यકાર પૂર્ણસ્વરૂપમાં સ્થાન પામી ચૂકયો છે. **हताईये**, **सामलीयाने**, फलीयांनी, फदीयां, सामलोया, अगीयार વગેરે

આમ છતાં ભૂતકૃદન્તમાં સર્વત્ર લઘુપ્રયત્ન यકારનો અભાવ. અત્યારે પણ ગ્રામીણો-ખાસ કરી સોરઠની ઘાંચી જેવી કોમો-यકાર સર્વથા નથી બોલતાં. શિષ્ટ ગાળામાં અહીં સર્વત્ર આ यકાર શ્રુતિગોચર હોય છે જ.

૩. અન્+उंમાંથી ઊતરી આવેલ દીર્ઘ ઊકાર ખતમાં જો કે નથી, તોપણ નીચે **मतूं**માં દેખાય છે. અહીં વપરાયેલાં તેવાં રૂપોમાં સમૂળગો અનુનાસિક પણ લખાયો નથી, તથાપિ જેમ શિષ્ટ લખાણમાં જે અનુનાસિક પણ હોય છે જ, તેમ તે ઊકાર પણ **मतु**માં છે, તેમ દીર્ઘ જ છે.

આમ અર્વાચીન ગૂજરાતીની આદ્યભૂમિકા સાં. ૧૫૧૦ આસપાસથી પૂર્ણ પ્રચારમાં આવી ગયેલી લાગે છે. આ ખતમાં બ્હોળા પ્રમાણમાં અરબી-ફારસી શબ્દો રૂઢ થઈ ગયેલા વપરાયેલા છે. મુસ્લિમ શાસનની ખતપત્રાદિકમાં આમ પૂરી અસર આમાં પ્રાપ્ત થાય છે. સાં. ૧૫૨૭થી જૂનાગઢમાં અમદાવાદના બાદશાહોનું રાજ્ય થઈ ચૂકેલું. ૮૦ વર્ષના ગાળામાં ઉપયોગી શબ્દો આટલા રૂઢ થાય, તે કાંઈ આશ્ચર્ય ઉપજાવે નહીં જ. આ પૂર્વે સાહિત્યની ભાષામાં પણ થોકબન્ધ તેવા આરબી ફારસ શબ્દો વપરાયેલા તે રણમલ્લ છન્દ અને કાહ્નડદે પ્રબંધથી આપણા જોવા જાણવામાં આવે છે જ.

આ ખતની હકીકતની ચોકસાઇ

ઘરનાં ખત કરવામાં થતા વિધિનો આમાં પૂરેપૂરો ઉલ્લેખ મળે છે. ઘરનાં મુખ્ય ભાગોની લમ્બાઇ, પ્હોળાઇ, ચતુર્દિશા વગેરે સ્પષ્ટ સ્વરૂપમાં સૂચવામાં આવી છે. મૂળ ઘર પાઠક કૂકા બ્રહ્મદાસન્ ભાવડ નામના કપોલ વાણિયાયે ખરીદ કરી વિપ્ર—તે વખતે મહં= महान् के महाराज—બ્રાહ્મણ માટે અનેકત્ર વપરાતો શબ્દ (જુવો નીચેની સાખોમાં પણ— महं दामोदर, महं अचळजी,—બેશક જેને બીજી કાંઈ ઓળખ ન હોય તેને માટે આ શબ્દ વપરાતો. જો હોય તો पाठक, त्रवाडी વગેરે શબ્દો આવતાજ; ત્યાં महं નહીં જ) જેરામને संस्त=स्वस्ति=સ્વતિપૂર્વક તે ઘર બ્રહ્મપુરી=બ્રાહ્મણોને જમવાનું સ્થાન કરી આપ્યૂં. આ મકાન જેરામે પાછળથી તે ઘર ત્રવાડી શામલિયાને વેચાતું આપ્યૂં. ૧૦૦૦ ફદિયાં ઘરની કીમત અને ૧૦૦ અત્યારે જેને **પાઘડી** કહેવામાં આવે છે, તે તે સમયે લૂગડા ના કરી= પ્હેરામણીના કરી, સરવાળે ૧૧૦૦ ફદિયાં પરબારાં શા. રતનશીની દુકાને જેરામના ખાતામાં જમે કરાવ્યાં. આ ફદિયાનું ચલણ તે વખતે ચાલતું દેખાય છે. એક ફદિયા બરોબર સમભવ છે કે એક કોરી=લગભગ ૩॥ આના થતા હશે. **ફદિયા** અને ટંકા* એક જ છે.

ચતુર્દિશાના સમ્બન્ધમાં આમાંથી એક વધૂ પ્રકાશ પડે છે. **ઉગમણે પાસે**=પૂર્વ દિશામાં ભોઈનાં ઘર છે; જ્યારે **ડુંગરવે પાસે**=કયી દિશા? પ્રભાસ પાટણથી ઉત્તર દિશામાં ગિરના ડુંગરાઓ અને દૂર ગિરનાર પર્વત આવેલો છે. આ દિશા ખાસ કરી આ શહેરના ચોક્કસ સ્થાન માટે ઉપયોગી છે. લોકોને સમઝવામાં સરલતા થાય, એ આનો ઉદ્દેશ છે. પશ્ચિમ અને દક્ષિણ દિશામાં સમુદ્ર રહેલો હોવાથી તે તે દિશાનાં નામ લખ્યાં છે. જો એમાંથી એક જ દિશામાં સમુદ્ર હોત તો જરૂર સમુદ્રને પાસે એ શબ્દો પરોજ્યા હોત. આખા ઘરનું ક્ષેત્રફળ **ઇસે**=લમ્બાઇમાં ગજ ૩૪×**ઊપલે**=પ્હોળાઇમાં ગજ ૧૭=ચોરસ ગજ ૫૭૮ છે. લમ્બાઇ માટે **ઇસ** અને પ્હોળાઈ માટે **ઊપલૂં** એ શબ્દો ખાટલાના સ્વરૂપના જેવૂં સ્વરૂપ બતાવવા માટે યોજ્યા છે, જે લોકોને સમઝવામાં સરલ થઈ પડે.

આમ આ ખત તે સમયની લૈખનશૈલી અને ભાષાના સ્વરૂપનો ખ્યાલ આપવા પર્યાપ્ત છે. આમાંની ભાષા ગૂજરાતી છે, એમાં કોઇથી ના પાડી શકાય તેમ નથી. આ રીતે અર્વાચીન ગૂજરાતીની આદ્યભૂમિકાનો આરમ્ભ સત્તરમા શતકના આરમ્ભમાં થઇ ચૂકેલો તેવૂં આ પ્રામાણિક ખત બતાવે છે. ત્યારે શઙ્કા થાય છે કે તલ ગૂજરાતમાં છેક સાં. ૧૭૫૦ સુધીની એવી પ્રતિયો અને ખતો મળે છે કે જેમાં ભાષા મધ્યકાલીન ગૂજરાતીની જુદી જુદી ભૂમિકાઓમાં જ પ્રાપ્ત થાય છે.

આનો ખુલાસો એજ રીતે થઇ શકે કે—તલ ગૂજરાતની સાહિત્યની ભાષા ઉપર

* ટંકો =૧ રૂપિયો અહીં સમ્ભવિત નથી. તેટલૂં મોઘૂં ઘર તે જમાનામાં હોઈ શકે નહીં.

કોઈ જબ્બર અસર ક્યાંયની રહેલી, જે ધીમે ધીમે ઘસાતી ગઈ. આમાં મુખ્ય હાથ લહિયાઓનો જ હોય તો તે કાંઇ નવાઈ ઉપજાવે તેવું નથી. તલપદા લહિયાઓ લોકભાષા સાચવી રાખતા, પરન્તુ બ્હારના લહિયાઓ અથવા જૈન લહિયાઓ પોતાનું વલણ બહુ જ ધીમે ધીમે ફેરવતા. સાં. ૧૬૧૬માં રચાયેલ સિંહાસનબત્રીસીની સાં. ૧૭૨૪માં કરાયેલી નકલ મારી પાસે છે, જેમાં ભાષા મધ્યકાલીન ગૂજરાતીની બીજી ભૂમિકાની છે, જ્યારે ૧૭૧૩માં નકલ કરાયેલ વિરાટપર્વ શ્રી ફૉર્બસ ગુજરાતી સભામાં છે, જેમાં સ્વરૂપ તદ્દન અર્વાચીન ગૂજરાતીની આદ્ય ભૂમિકાનું છે. આપણે ત્યાં રાજ્ય—અમલ દરમિયાન આવતા સૂબાઓ સાથે આવતા મુસદ્દીયો બધા જ કાંઇ ગૂજરાતી ન આવતા. ગ્વાલિયરના લહિયાઓ પણ આ દેશમાં અમલદારો સાથે આવતા. તેનો સારામાં સારો પુરાવો તે જ પ્રભાસપાટણમાંથી મળી આવેલા સાં. ૧૬૮૦ ખતથી આપણને મળે છે. આ ખતની ભાષા મધ્યકાલીન ગૂજરાતીની ચોથી ભૂમિકાને મળતી છે. પરન્તુ આમા છૈ એવું બે માત્રાવાળું સ્વરૂપ આપણું ધ્યાન તરત ખેંચે છે. આ ભૂમિકામાં તો છિ અને છે એક માત્રાવાળું રૂપ જ ગૂજરાતમાંની પ્રતિયોમાં હોવાં જોઇએ; છતાં આમાં બે માત્રાવાળું છૈ રૂપ કોની અસરથી? તે સ્વરૂપ લાવનાર વિદેશી લહિયો જ હોવો જોઇએ. આ સાચું જ હોય તો લેખનમાં તેમ જ સાહિત્યની ભાષામાં તેવી અસરો આરમ્ભમાં રહેલી તે ધીમે ધીમે વિક્રમના અઢારમા શતકના પૂર્વાર્ધના અન્ત સુધીમાં ઘસાઈ ચૂકી અને અને અર્વાચીન ગૂજરાતીની આદ્ય ભૂમિકાનું—લોકભાષામાં તો સદીયો થયાં સ્વીકારાઈ ચૂકેલું રૂપ સ્થાપિત થયું, તે કાં ઓછું સમ્ભવિત નથી.

આ બીજૂં ખત:—(આના અક્ષરો માથાબન્ધા ગૂજરાતી જ છે.)

(૧) સંવત ૧૬૮૦ વરખિ પોશ શુ ૧૩ વાર સોમે અદે......
(૨) ......નિ પાતસાહા શ્રી ૭ સલિમશાહા જાંગી......
(૩) ......શ્રી નિવાજસખાંન શંકદાર મીરજાં શ્રી મુ......
(૪) ......દીવાંની મેતા શંધજી પંચકૂલ પ્ર.
(૫) તીપતૌ યથાથત ઘર ૧ અવાશ ભણુશાલી
(૬) કાબાનું તેહનુ દીકરો ભણુશાલી લખમીદાસ
(૭) તેનુ દીકરો ભણુશાલી થડીઓ તેહની કલ-
(૮) [ત્ર બાઇ] મેલાઇ કપોલ ઠાર ફીકાની દીકરી
(૯) એ બાઇ એ ઘર વેચાં પાઠક ચત્રભજગોપાને વે-
(૧૦) ચાતાં આપાં એ ઘરની વગત ઓરડા ર
(૧૧) તથા પડસાલ ૧ તથા થાંભા શરી ૧ તથા રાં-
(૧૨) ધણીઉં ૧ ઘરમાં પેશતિ ડાબા હાથ ભરતે
(૧૩) રાંધણીયા મધિ ટાંકૂ ૧ છૈ, એ ઘરનુ વસ્તાર
(૧૪) ઈશિ ગજ ૨૧ તથા ઉપલિ ગજ ૧૨ા તથા કોડ ૧
(૧૫) ઈશે ગજ ૧૪ાા ઉપલિ ગજ ૧૧ાાા તથા છીતરી ઈ-
(૧૬) શે ગજ ૬ા ઉપલિ ગજ રા તથા ઓટલૂ ઇશ ગજ ૫
(૧૭) ઉપલિ ગજ ૧ તથા આંગણૂ અગાશુ છૈ એ ઘર-
(૧૮) ની પછીતિ હેકડાનાં ઘર છૈ પસ્ચમ દશિ
(૧૯) તથા ઉતરદશિ રાજમારગ છૈ તેમાં હાટ

(૨૦) ગંજ ૬॥ ઉપલુ પાઠક ચત્રભજનુ આવુ છે
(૨૧) કોડનિ પૂરવદશિ મેતા ધરણીધરનુ ઘર છે
(૨૨) તે ભીત પાઠકને અરધો અરધ છે તથ દક્ષ-
(૨૩) ણ દશે ભણુશાલી કાબાનુ ઘર બીથ છે તે ઘર
(૨૪) ની ભીત અરધોઅરધ છે એ ઘર બાઈ મે-
(૨૫) લાઇ એ એકમતી થઈ પાઠક ચત્રભજ ગો-
(૨૬) પાલને જાંમ સાહી કોરી ૨૧૫ અંકે બ-
(૨૭) શે પનર માટિ વેચાતાં આપાં હદ મદુદ
(૨૮) વાડા નીછારા શેત આકાશ પાતાલના
(૨૯) શમધ શેત આપાં શહી અસ્વવર્ધે પરી-
(૩૦) પાલનાય ઈ લખી પ્રમાણ શઈ
(૩૧) અત્ર મત્તૂ અત્ર શાખ
(૩૨) ૧ બાઇ મેલાઈ મતૂ ભ- ૧ લિં૦ અંદ્રજી ઓધવ
(૩૩) ણશાલી થઠીયાની ૧ ભ૦ ઢેપા કીકા શખ્ય
(૩૪) કલત્ર

સ્વરૂપ જોવાથી પ્રતીત થશે કે આ લખાણમાં કોઇ બ્હારના લહિયાનો હાથ છે. આ ખત મુગલ સમ્રાટ્ અકબરશાહના પુત્ર જહાંગીરના સમયનું છે. આ ખત પર સહી-સિક્કો નથી. અત્યારે જેમ પરસ્પર સાટાખત ખાનગીમાં પણ થાય છે, તેવી રીતે આ થયેલું લાગે છે. સાં. ૧૬૧૦ની અને આ સાં. ૧૬૮૦ની ભાષામાં તફાવત ૨૫૪ છે. સાં. ૧૬૮૦ વાળા આ પાછલા ખતમાં ભાષા જૂની, જ્યારે સાં. ૧૬૧૦ના પૂર્વના ખતમાં ભાષા નવી. આ જોતાં ઉપર જે જાતનો મત આપવામાં આવ્યો છે, તે સમ્ભવિત જરૂર જ લાગશે. આ રીતે જ્યારે નાકર પોતાનાં મહાભારતનાં પર્વો મધ્યકાલીન ગૂજરાતીની બીજી ભૂમિકામાં અર્પે છે, તે જ સમયે સૌરાષ્ટ્રના એક ભાગમાં ભાષા મધ્યકાલીન ગૂજરાતીની ચારે ભૂમિકાઓ વટાવી (મારે મતે તો પ્રથમની ભૂમિકામાંથી સીધી અવતરી) અર્વાચીન ગૂજરાતીની આદ્યભૂમિકામાં પરિણત થયેલી પ્રતીત થાય છે.

સાં. ૧૬૮૦ના દેવપત્તન=પ્રભાસપાટણમાં લખાયેલા આ ખતની ભાષા આવી છે, ત્યારે સા. ૧૬૭૨ અને ૧૬૯૮માં પાસેના જ માંગરોલમાં લખાયેલી બે ફારગતીઓ અર્વાચીન ગૂજરાતીનું જ સ્પષ્ટ ભાન કરાવે છે. આ બન્ને ફારગતીની નકલ નાકરના આરણ્યકપર્વની પ્રસ્તાવનામાં છપાયેલી છે, જે ઉપરથી ફરી ભાઈ સાંડેસરાએ **ગ્રન્થ અને ગ્રન્થકાર પુ. ૬** ના ૪૮મા પાના ઊપર છપાવેલ છે, તે તરફ તજ્જ્ઞોનું ધ્યાન ખેંચું છું.

લોકભાષામાં अइ=ए, अउ=ओ, अउं=क्रं આ મુખ્ય ફેરફાર બહુ જ જૂનો છે. બેશક તલ ગૂજરાતની ભ્રષ્ટ ભાષામાં શુદ્ધ જોડણીમાં તે મોડાં બહુ જ મોડાં છે, વિક્રમની સત્તરમી સદીની પ્હેલી પચીશીમાં શરૂ થઈ સદીના અન્તમાં સ્થિર થઇ ચૂકેલા.

સાં. ૧૫૦૭માંનો એક શિલાલેખ જૂનાગઢના ઊપરકોટમાંથી બ્હાઉદ્દીન કોલેજ—જૂનાગઢના સંસ્કૃતના પ્રોફેસર રા. નર્મદાશંકર બી. પુરોહિતને પ્રાપ્ત થયેલ છે. તેમાંનું લખાણ યદ્યપિ મધ્યકાલીન ગુજરાતી બીજી ભૂમિકામાં છે, તથાપિ તેમાં એક ઓકારાન્ત

શબ્દ પ્રાપ્ત થાય છે, તેમ જ સપ્તમીમાં एहे જેવામાં एકાર છે, તે ઉપર્યુક્ત વિદ્વાનને ટેકો આપે છે. તે શિલાલેખનો ગૂજરાતી વિભાગ આ છેઃ—

...संप्रति....राजाधिराज श्री मंडलिक प्रभुणा सर्व्वश्रेय:कल्याणकारिणी...सर्वजीव अमारी कार्य(माणा) चिरं विजयतां ।।

प्रथमं श्री–तुंगनि–जीवक–ण। सइ । बीजां लोकसमस्त जीव न विणास(ई) ।–कमार... चिडीमार सिंचानका–वि आहेडां न कर–। चोर न मारिवा । बाबर खांट तुरक एहे याहडे जीव कोइ न व्विणासइं । जि करसि तं...मीलाइ । कुंभका(र) पंच दिन नीमाड न (कर)इं । जि को (इ– –) इंने सनी आणभंगकारक ए(हणं राजा) श्रीमंडलिक नाथाण्या । आ घा रा व कणइ (पा)लिबा । तेहनइ गुणा . . . सिई । जिवो–लो मूकइ । ए दोष– – – – अमा (रि) प्रवत्तारणहार श्री मंडलीक प्रभुकइ आशी..:(अणी इछआ ॥

[આ લેખમાં ત્રણ અક્ષરો ખૂટે છે. તેમ જ ઘસાયેલા હોવાથી બીજા બીજા જેવા છે. યોગ્ય અક્ષરો કિયા કિયા પૂરવા તે યદ્યપિ મુશ્કેલીભર્યું હોવા છતાં આ પ્રયત્ન કરું છું:-

प्रथमं श्रीरा एहे दिनि जीव न विणासइ । बीजां लोक समस्त जीव न विणासई । लावकमार अनि चिडीमार सिंचानकापइं वि आहेडां न करइ मोर न मारिवा । बाबर खांट तुरक एहे याहडे जीव कोइ न विणासइ । जि करसि तं वधानि मिलाइ । कुंभकार पंच दिन नीमाड न करइ । जिकोई एहे दंने शनी आणभंगकारक एहणं राजा श्री मंडालिकनी आण्या । आ घा सवि कणइ पालिवी । तेहानइ गुण घणा होसिइ । जिको चीलो मकई ए दोषनि माटि अमारी प्रवत्तावणहार श्रीमंडलिक प्रभुकइ आशातणी ईछइ ॥]

ઉપરના લખાણમાં एहे याहडे એ બન્ને શબ્દોમાં સપ્તમીમાં ए કાર છે. અકારાન્ત અઙ્ગ હોય ને તેમાં एકાર હોય તો તો તે અપભ્રંશના વારાથી ચાલૂ છે, પરન્તુ અઙ્ગ અન્તે સ્વર ભારવાળું હોય તો આ एકાર એ अ+इ નો છેવટનો સિદ્ધ વિકાર છે; જે મધ્યકાલીન ગૂજરાતીની ચોથી ભૂમિકામાં આવી રૂહે છે. બીજો શબ્દ...लो मूकइ માં...लो છે. આમાંનો પૂર્વ વર્ણ નષ્ટ થયો છે. પ્રસઙ્ગ ઉપરથી ત્યાં ची હોવો જોઇએ: चीलो=માર્ગ આ સિવાય ત્યાં કોઈ બીજો શબ્દ યુક્ત થઈ શકતો નથી. આ સાચું જ હોય તો चीलो નો ओકાર પણ ઉપરના મારા વિધાનને ટેકો આપશે.

આ મણ્ડલિકના લેખનો મુસદ્દો કરવામાં प्रथमं तં તેમ જ ખૂટતા અક્ષરવાળું एहणं (एहणइ શા માટે ન હોય?) આમાં મુગ્ધાવબોધ ઔક્તિકના સમયની અસર છે, જ્યારે બાકીનામાંથી अईने સ્થળે ए થતાં તે અર્વાચીન ગૂજરાતીની નરસિંહકાલીન આદ્યભૂમિકા થઈ રહે છે. આ લેખમાં वधनि=વધને માટે માંનો नि તાદર્થ્યના અર્થમાં ખાસ ધ્યાન ખેંચે છે. प्रभुकइ શબ્દમાં છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય પણ જૂની અસરનો અવશેષ છે. चीलो માં ओકાર અને एहे याहडे માં एકાર કેવી રીતે આવી ગયો હશે? લહિયો જૂની ભાષાનો હિમાયતી તો અવશ્ય જ દેખાય છે; છતાં પ્રચલિત ઉચ્ચારણ જાણ્યે અજાણ્યે રહી જવા પામ્યું છે.

ઉપર આપેલ સાધનો આપણને પ્રચલિત મતમાં જરા ઢીલા પાડે છે. પરન્તુ તેથી ખાસ હાનિ નથી. સાચી પરિસ્થિતિ આમાંથી સમઝાશે; અને તેથી જ નરસિંહકાલીન ભાષાના સ્વરૂપની ઝાંખી થશે.

વિશ્વરશ્મિ

(લે. રા. રા. પોપટલાલ ગોવિન્દલાલ શાહ, એમ. એ.; બી. એસસી.)

અર્વાચીન ભૌતિક વિદ્યાના સંશોધનક્ષેત્રમાં વિશ્વરશ્મિની ઘટનાએ નવી જ ભાત પાડી છે. કિરણો ઘણી જાતનાં હોય છે. હિમરશ્મિ ચંદ્રિકાનાં કિરણોનું સ્થાન તો કવિતામાં જ છે. પરંતુ સૂર્યનાં કિરણોના ત્રણ પ્રકાર પ્રસિદ્ધ છે. લાલરંગ નીચેના (રક્તનિમ્ન) ઉષ્માનાં કિરણો, સાધારણ પ્રકાશ, અને (જાંબુલાતીત) જાંબુડી રંગની ઉપરનાં છબી પાડવામાં ઉપયોગી થતાં અદૃશ્ય કિરણો. તે ઉપરાંત ક્ષ–કિરણો, અ–કિરણો, બ–કિરણો અને ગ–કિરણો પણ પ્રસિદ્ધ છે. આ બધાની છેવટે વિશ્વરશ્મિ *આવે છે; કારણ કે તેનાં તરંગો ઘણા નાના હોય છે. રેડીઓ અથવા વાયરલેસમાં વપરાતા તરંગોની લંબાઇ ઘણી મોટી હોય છે. તેના કરતાં સૂર્યપ્રકાશના તરંગોની લંબાઈ ઓછી હોય છે, અને તેના કરતાં ક્ષ–કિરણોના તરંગોની લંબાઈ છેક જ ઓછી હોય છે.

વિશ્વરશ્મિનું નામ અજબ રીતે પડયું છે. આ કિરણોની શોધ લગભગ ૧૯૦૨માં શરૂ થઈ ત્યારે અંગ્રેજ સંશોધકોએ તેમને ઊંડી પ્રવેશક શક્તિવાળાં કિરણો penetrating rays એવું સાદું નામ આપ્યું. જર્મન સંશોધકો અંતિમ કિરણો ultrarays એ નામથી ઓળખવા લાગ્યા. પરંતુ અમેરીકન સંશોધકોએ વિશ્વરશ્મિ+Cosmic Rays નામ આપ્યું, અને તે અમેરિકન મોટરોની માફક સર્વત્ર પ્રચલિત થયું છે. આ નામ વાસ્તવિક રીતે યોગ્ય ન કહેવાય; કારણ કે આ રશ્મિઓ વિશ્વમાં સર્વત્ર છે, અથવા તો પૃથ્વીના બહારના વિશ્વમાં જ ઉત્પન્ન થાય છે, એ હજુ સુધી બરાબર સિદ્ધ થયું નથી. આના જેવું બીજું એક નામ અમેરિકન પદ્ધતિને લીધે પ્રસિદ્ધ થયું છે—તે **વીટામીન**. જ્યારે આ શબ્દ **પ્રથમ** યોજવામાં આવ્યો ત્યારે 'અમીન' સમૂહના રાસાયનિક પદાર્થો સાથે તેમનો સંબંધ હશે, એમ ધારવામાં આવતું હતું. આ ધારણા હવે ખોટી પડી છે, તે છતાં "**વીટામીન**" નામ ખોરાકના અમુક પદાર્થો માટે રૂઢ થઇ ગયું છે. વિશ્વરશ્મિ નામ જ્યારે યોજવામાં આવ્યું હતું ત્યારે એમ ધારવામાં આવતું હતું કે આ કિરણો અપાર્થિવ છે અને પૃથ્વીની બહારના વિશ્વમાંથી આવે છે. આ દૃષ્ટિએ વિશ્વરશ્મિ અને વીટામીન એ બંને નામમાં યથાર્થતા–સત્ય–કરતાં સુંદરતા વધારે છે.

વિશ્વરશ્મિની શોધ રેડીઅમ અને રેડીઅમ જેવી ક્રિયાશક્તિવાળા પદાર્થોના અન્વેષણ સાથે જોડાએલી છે. આવા પદાર્થોની નજીક હવા પણ વિજળીવાળી થાય છે અને આવી રીતે હવાને વિજળીવાળી બનાવવાની શક્તિ કેવળ આવા રેડીઓએકટીવ પદાર્થોમાં જ હોય છે, એમ ઘણો વખત ધારવામાં આવતું. બબ્બે ઇંચ જાડા સીસાના પતરાનાં વાસણોની અંદરની હવા ઉપર આવા પદાર્થોની અસર થાય છે, એ અનુભવ ઘણે ઠેકાણે થયો હતો: તેથી એમ પણ ધારવામાં આવતું કે સીસું અને પ્રયોગશાળામાં વપરાતી બીજી ધાતુઓમાં રહેલી અશુદ્ધતાને લીધે આ શક્તિ સર્વત્ર પ્રચલિત હશે. પરંતુ હવામાનશાસ્ત્રની દૃષ્ટિએ

---

* New Pathways in Science, Eddington 1935 p. 36

+ Progress Of Science, Crowther 1934 p p. 122—161.

અભ્યાસ કરનારા સંશોધકોએ હવામાં બલુનો ઉરાડીને બતાવી આપ્યું કે આ શક્તિ ઉંચે જવાથી ઘટતી નથી પણ વધે છે—૯ કીલોમીટર જેટલી ઉંચાઇએ આ કિરણોની તીવ્રતા પૃથ્વીની સપાટીના કરતાં સાતગણી વધારે હોય છે. છેલ્લા મહાયુદ્ધના વર્ષોમાં આ સંબંધી સંશોધન અટકયું હતું. પરંતુ સન ૧૯૨૧-૨૨ માં તેનો ખાસ પ્રબંધ કરવામાં આવ્યો હતો. યંત્રકારોની મદદથી ખાસ બારીક ઉપકરણો યોજવામાં આવ્યાં અને હલકા વજનનાં આ ઉપકરણો હવામાં જૂદી જૂદી ઉંચાઈ સૂધી મોકલવામાં આવ્યાં. ધીમે ધીમે આ સંશોધનમાં રસ જામતો ગયો તેમ આ કિરણોની શોધમાં પૃથ્વીના સઘળા ભાગમાં નિરીક્ષકો મોકલવામાં આવ્યા. શીરીનની શોધમાં ફરહાદે પૃથ્વીનો એક પણ ખૂણો બાકી નહોતો રાખ્યો એ વાત હાલમાં મનાય તેવી નથી, પણ વિશ્વરશ્મિના સંશોધનમાં પૃથ્વીનો એક પણ દેશ બાકી રહ્યો નથી. અમેરિકાના પ્રસિદ્ધ કાર્નેગી ઈન્સ્ટીટયુશનની મદદથી ચારે ખંડોમાં પર્વતો ઉપર અને સરોવરની ભીતરમાં, સમુદ્રની સપાટી ઉપર તેમજ સમુદ્રની નીચે, હિમાલયના શૃંગો ઉપર તેમ જ દક્ષિણ અમેરિકાના ગિરિશૃંગો ઉપર, સંશોધકોએ એકજ પ્રકારના ઉપકરણો લઈને નિરીક્ષણ કર્યું છે. આવા વ્યવસ્થિત સંશોધનને લઈને વિશ્વકિરણો સંબંધી ઘણું જ્ઞાન સંપાદન થયું છે; તે ઉપરથી એટલું સિદ્ધ થયું છે કે

૧. આ વિશ્વકિરણો ઘણુંખરૂં પૃથ્વી બહારના વાતાવરણમાંથી પૃથ્વી તરફ આવે છે.

૨. તેમની તીવ્રતા અને તીક્ષ્ણતા (intensity) દરેક દિશામાં, પૃથ્વીના દરેક ભાગમાં એકસરખી જ રહે છે. તેથી આ કિરણો સંધ્યાના (diffused) પ્રકાશના જેવા એક સરખા પ્રસરેલા હોવાથી તેમાંથી તેજ કે છાયા ઉત્પન્ન થતાં નથી.

૩. તેમની ઉંડાણમાં જવાની (penetrating) પ્રવેશક શક્તિ પ્રચંડ હોય છે. વિજળીના કણો-electron વિદ્યુદણુઓ—ધાતુઓના સાધારણ પતરામાંથી પસાર થઈ શકતા નથી, પરંતુ આ કિરણો પાણીના સાઠ ફૂટ સૂધીના અને સીસાના ૭ ફૂટ જેટલા થરોની નીચે જઈ શકે છે.

૪. તેમનામાં પ્રચંડ બળ રહેલું છે. તેનું માપ ૧,૦૦,૦૦,૦૦,૦૦૦ થી ૧૦,૦૦,૦૦,૦૦,૦૦૦ ઈલેકટ્રોન-વોલ્ટ જેટલું ગણાય છે.

૫. આ પ્રચંડ શક્તિને લીધે દ્રવ્યના પરમાણુઓનું વિભાજન થઈ શકે છે અને તેનાથી પરમાણુઓ અને દ્રવ્યના બંધારણ વિષે નવું જ્ઞાન પ્રાપ્ત થયું છે.

આ કિરણો વિદ્યુન્મય છે-વિજળીવાળાં પરમાણુઓથી ભરપૂર છે, એમ માનવાને સબળ કારણો છે. પૃથ્વીનું લોહાકર્ષણ (magnetism) આવા પરમાણુઓને પોતાની તરફ ખેંચે છે અને તેથી આ કિરણોની તીવ્રતા (intensity) ઉત્તર અને દક્ષિણ ધ્રુવના કરતાં વિષુવવૃત્ત પાસે પૃથ્વીના મધ્ય ભાગમાં ઓછી હોય છે. વળી આ કિરણો તરંગમય નથી અને કણમય છે, એમ રંગપટદર્શક યંત્રની મદદથી સિદ્ધ થયું છે. આ કણો બધા એક જ પ્રકારના નથી. કેટલાએક બહુ ઓછી પ્રવેશક શક્તિવાળા અને રેડીઅમમાંથી નીકળતા અ-કણો (આલ્ફા પારટીકલ) જેવા છે. બીજા મધ્યમ શક્તિવાળા વિદ્યુત્મય કણો ઈલેકટ્રોન છેઃ અને ત્રીજા અતિતીવ્ર પ્રવેશક શક્તિવાળાં પ્રોટોન છે. એટલે આ કિરણો ત્રણ જાતના સત્ત્વોની ત્રિપુટીનાં બનેલાં છે, એમ હાલમાં મનાય છે. ×


×A. H. Compton p. 696. Nature, 4 May 1935.

પૃથ્વીની લોહાકર્ષક શક્તિને લીધે આ કિરણોનો રસ્તો સ્હેજ બદલાય છે–વિપથગમન થાય છે, તેથી એમ પણ સિદ્ધ થાય છે કે આ કિરણો ઘણે લાંબેથી આવે છે. નહીં તો પૃથ્વી ઉપરજ ઉત્પન્ન થયેલાં કિરણો ઉપર લોહાકર્ષક શક્તિની આટલી બધી અસર પહોંચે નહીં. આ કિરણો પૃથ્વી ઉપર બધે એક જ સરખા પ્રમાણમાં પથરાયેલાં હોવાથી તેઓ ઘણે ઘણે દૂરથી આવતાં હોય એમ લાગે છે. આ અંતરનો ખ્યાલ આપણને સહેલાઈથી આવે નહીં. સર્વેથી નજીકના તારાનો પ્રકાશ આપણને પહોંચતાં બે ત્રણ વર્ષ લાગે છે. તેવાજ વર્ષોનો કાળ ગણીએ તો આ કિરણોને પૃથ્વી ઉપર આવતાં અબજો વર્ષ લાગે એટલું અંતર હોવું જોઈએ. લેમાઇત્રેના અભિપ્રાય પ્રમાણે વિશ્વના બંધારણની શરૂઆતમાં એટલે અનાદિ કાળમાં આ કિરણો ઉત્પન્ન થયાં હશે અને હજુ ધીમે ધીમે અવકાશમાં થઇને પૃથ્વી ઉપર આવતાં હશે ! એટલું તો ખરૂં કે ઉષ્ણ તારાઓ કે સૂર્યના ઉષ્ણ વાતાવરણમાંથી તો કિરણો ઉત્પન્ન નહીં થયાં હોય. રાત્રિના કરતાં દિવસે આ કિરણોની તીવ્રતા સ્હેજ વધારે હોય છે એ જોતાં સૂર્ય તરફથી પણ આ કિરણોનો અમુક ભાગ આવતો હશે. પરંતુ તેમનો મુખ્ય ભાગતો અવકાશના ઉંડાણમાં પ્રસરેલા ઠંડા દ્રવ્યમાંથી નિર્ઝરતી શક્તિનું પરિણામ હોય એમ લાગે છે. તેટલા અંશે આ વિશ્વકિરણો સૂર્યના તેજસ્વી કિરણો કરતાં ચંદ્રમાંથી અમી ઝરતાં કિરણો–"નિર્ઝરતી સુહાગન જ્યોત્સ્નિકા"– ને વધારે મળતાં આવે છે.

આ વિશ્વરશ્મિની પ્રચંડ શક્તિને લીધે તેના સંયોગમાં આવતા દ્રવ્યના પરમાણુઓનું વિભાજન થાય છે. વિભક્ત થયેલા પરમાણુઓમાં પોઝીટ્રોન નામના નવી જાતના પરમાણુઓની શોધ થઈ છે અને તેથી અણુની રચના દ્રવ્યના બંધારણ વિષે નવો પ્રકાશ પડ્યો છે. આ શોધ પહેલાં પરમાણુમાં બે જ વિભાગ છે એમ ધારવામાં આવતું. એક ઋણ વિજળીવાળા ગતિમાન પરમાણુઓને ઈલેકટ્રોન–વિદ્યુદણુના નામથી ઓળખાવામાં આવતાં: અને બીજા વધારે જડ અને ધન વિજળીવાળા વિભાગને પ્રોટોન નામ આપવામાં આવતું. આ ધન વિજળીવાળા પ્રોટોનમાંથી વિજળીને છૂટી પાડવાનું કામ અશકય ગણાતું. પરંતુ વિશ્વરશ્મિની પ્રચંડ શક્તિનો લાભ લઇને આ ધન વિજળીનો કણ છૂટો પડ્યો છે—તેને પોઝીટ્રોનનું નામ આપવામાં આવ્યું છે. પોઝીટ્રોન અને ઈલેકટ્રોન બંનેમાં વિદ્યુત્‌નો સરખો અંશ હોય છે તેથી તેનું વજન અને ગતિ વગેરે સરખાં હોય છે. ફક્ત વિદ્યુત્‌નો પ્રકાર એક બીજાથી ઉલટો હોય છે. પ્રોટોનમાંથી પોઝીટ્રોન છૂટું થયા પછી બાકી રહેલા દ્રવ્યને ન્યૂટ્રોન કહેવામાં આવે છે. ન્યૂટ્રોન અને પોઝીટ્રોનની કલ્પના અણુરચનાના અભ્યાસીઓ એ ઘણા વર્ષથી આગળ કરી હતી, પણ પોઝીટ્રોનની સ્વતંત્ર હયાતી વિષે નિઃશંક સાબિતી આપવાનું કામ વિશ્વરશ્મિને માટે બાકી હતું.

વિશ્વરશ્મિના અભ્યાસમાં અર્વાચીન વિજ્ઞાનની અનેક શાખાઓએ મદદ આપી છે. તેમાં યંત્રવિદ્યા, છબી પાડવાની વિદ્યા, અને તીવ્ર સંશોધક બુદ્ધિ ઉપરાંત સૂક્ષ્મ ગણિતશાસ્ત્રની જરૂર પડી છે. વિશ્વરશ્મિનું એક જ કિરણ ત્રાંબાના પતરા ઉપર પડવાથી કેટલા બધા નવા કિરણો ઉત્પન્ન થાય છે એ સામેના પૃષ્ઠ ઉપરના ચિત્ર નંબર ૩ અને ૪ ઉપરથી દેખાશે. ઈલેકટ્રોન અને પોઝીટ્રોન સાધારણ રીતે અદૃશ્ય હોય છે, પણ તેમની ગતિના પથ ઉપર પાણીના સૂક્ષ્મ બિંદુઓ બાઝી જાય એવી ગોઠવણ કરવાથી તેમની ગતિની છબી પાડી શકાય છે. વળી

૩ ૪



૫ ૬ ૭

આ ફોટોગ્રાફમાં વિશ્વરશ્મિની પ્રચંડ શક્તિની મદદથી છૂટાં પડેલાં ધન અને ઋણ વિજળીવાળાં એકેક પરમાણુની ગતિ કેવી રીતે થાય છે તે દેખાડવામાં આવ્યું છે.

[જુઓ પા. ૩૬મું.]

The Progress of Science
By J. G. Crowther P. 154

આદિત્ય મુદ્રણાલય • અમદાવાદ

તેની પાસે લોહાકર્ષક શક્તિની યોજના એવી રીતે કરવામાં આવી છે કે ઋણ વિજળીવાળા ઇલેકટ્રોન ડાબી બાજુ જાય અને ધન વિજળીવાળા પોઝીટ્રોન જમણી બાજુ જાય. ઘણુખરા પરમાણુઓની ગતિ એટલી બધી ત્વરિત હતી કે તેમના પથ ઉપર કાંઈ અસર થવા પામી નહોતી, પણ બંને બાજુ થોડાએક પરમાણુઓની ગતિ બદલાયેલી દેખાશે.

પાંચ નંબરના ચિત્રમાં એક ગતિમાન પરમાણુ સીસાના પતરાને અથડાવાથી તૂટી જાય છે. તેમાં ડાબા હાથ ઉપરનું પરમાણુ પોઝીટ્રોન છે.

૭ નંબરના ચિત્રમાં સીસાના પતરામાંથી બહાર નીકળતા પરમાણુનો પથ દેખાય છે: આ પરમાણુ ઋણ વિજળીવાળું ઈલેકટ્રોન છે.

સાત નંબરના ચિત્રમાં સીસાના પતરામાંથી પસાર થતા પોઝીટ્રોનનો પથ દેખાય છે. તેની ગતિ મંદ પડી છે અને તેનો પથ પણ વાંકો થયો છે.

વિજ્ઞાનની વિલક્ષણ વિભૂતિઓમાં વિશ્વરશ્મિની ઘટના ખરેખર વિરલ જ છે. તેનાથી અનંત અને અગાધ વિશ્વનું જ્ઞાન મેળવવાનું નવું સાધન પ્રાપ્ત થયું છે. વળી સૂક્ષ્મતમ અદૃશ્ય પરમાણુઓનું વિભાજન કરવાનું પ્રબળ શસ્ત્ર મળી આવ્યું છે. આ વિષે સંશોધન કરવાનું ઘણું બાકી છે. આ કાર્યમાં હિન્દના અને ગુજરાતના સંશોધકો સારી કીર્તિ સંપાદન કરે, એવું હું ઇચ્છું છું.

લક્ષ્મીનગર,
મુંબઈ. ૨૪-૧-૩૫ }

હિન્દના પ્રાચીન શિક્કા

(લે. રા. રા. ગિરજાશંકર વલ્લભજી આચાર્ય, પ્રિ. ઓ. વે. મ્યુઝિયમ, મુંબાઈ)

બીજા દેશની માફક હિન્દનો પ્રાચીન ઇતિહાસ શૃંખલાબદ્ધ લખવામાં આવેલ નથી. મુસલમાન સમયમાં તે સમયના ઇતિહાસ સંબંધી અમુક અમુક ગ્રંથો લખાયા છે ખરા, પણ તે પહેલાંના ઇતિહાસ માટે આપણી પાસે કાંઇ પણ લખાણો તેમ જ ગ્રંથો ઉપલબ્ધ નથી. ઉપરના કારણથી હિન્દમાં ઐતિહાસિક સાધનોનો સંગ્રહ તેમ જ સંશોધન કરવાની ઘણી જ જરૂરીયાત ઉભી થાય છે.

ઐતિહાસિક સાધનો

ઐતિહાસિક સાધનો એટલે કે ઇતિહાસ ઉપજાવવામાં ઉપયોગી થાય તેવાં સાધનો; એના ચાર મુખ્ય વિભાગ પાડી શકાય. પહેલા વિભાગમાં પ્રાચીન ગ્રંથો, શિલાલેખો તથા પ્રશસ્તિઓનો સમાવેશ થાય છે. પ્રાચીન સિક્કા તથા મુદ્રાઓ બીજા વિભાગમાં મૂકી શકાય. અને મૂર્તિ, બાંધકામ તથા સ્થાપત્યના નમુનાઓને ત્રીજા વિભાગમાં મૂકી શકાય. ઉપરાંત ચોથા વિભાગમાં દંતકથા, રાસા, દૂહા વિગેરેની નોંધ લેવી જોઇએ.

દરેક પ્રજાને પોતાના વિકાસક્રમમાં જૂદા જૂદા યુગમાંથી પસાર થવું પડે છે. વિકાસની ગતિના ફેરફારને લીધે યુગ વ્હેલોમોડો પ્રાપ્ત થાય, એ બનવાજોગ છે, પણ દરેક યુગમાંથી પસાર થવું જ પડે છે, એ નિર્વિવાદ. સહુથી પ્રથમના સ્વાધીન અગર સ્વાશ્રયી યુગમાં પ્રજા અને તેની વ્યક્તિઓ પોતપોતાને જરૂરીયાતની ચીજો પોતાની મેળે ઉપજાવી લેતી. જ્યાં સંતોષ એ સદ્ગુણ મનાતો હોય, જ્યાં ઓછી જરૂરીયાતોથી જીવન ગાળવામાં હીણપ મનાતી ન હોય, ત્યાં આ પહેલા યુગમાં પ્રજા લાંબા વખત સુધી પોતાનો નિર્વાહ કરી શકે છે. જરૂરીયાતો વધતી જાય તેમ તેમ બહારથી ચીજો લાવવાની સ્થિતિ ઉપસ્થિત થાય છે અને તેના બદલામાં પોતે બનાવેલી અગર ઉપજાવેલી ચીજો આવે છે;—અર્થાત્ આ વિનિમય-(Exchange)નો યુગ આવી લાગ્યો. આ યુગ લાંબો સમય ટકવા સંભવ નથી; કારણ ચીજોની આપલે કરવામાં એક બીજાનું પ્રમાણ બાંધવું મુશ્કેલ થતું જાય છે અને પરિણામે અનેક સર્વમાન્ય અને નિશ્ચિત પ્રમાણભૂત ચીજોનો આશરો લેવો પડે છે. પ્રથમ સ્હેલાઇથી પુષ્કળ પ્રમાણમાં મળી શકે તેવાં ફળ અગર કોડી જેવાં દરિયાઈ સાધનોમાં વિનિમય કરવાની ચીજોનું પ્રમાણ ચોક્કસ કરવામાં આવે છે અને આગળ જતાં લાંબો વખત ટકે અને એક જ વજન રાખી શકાય તેવા હેતુથી ધાતુનો ઉપયોગ શરૂ થાય છે. તેવી ધાતુઓમાંથી બનાવેલાં જે પ્રમાણો તેને સિક્કાનું નામ આપી શકાય.

સિક્કાની ઉત્પત્તિનો સામાન્ય પ્રકાર દર્શાવ્યા બાદ હવે હિન્દમાંના સિક્કાની ઉત્પત્તિનો વિષય શરૂ કરૂં છું. ઉપરનો વિકાસક્રમ ધ્યાનમાં લઇએ તો દરેક પ્રજા પોતાને જરૂરીયાત ઉભી થાય ત્યારે સ્હેલાઇથી મળી શકે તેવી ધાતુમાંથી સિક્કા સ્વતંત્ર રીતે બનાવી લે, એ અસંભવિત નથી. છતાં હાલના, પ્રાચીન સામગ્રીનું સંશોધન કરનારાઓનો એવો એક નિયમ થઇ ગયો છે કે ગમે તેટલી દૂરની બે પ્રજામાં કાંઇક સામ્ય જુએ કે તરત એવા અનુમાન

ઉપર આવે છે કે તે બે પ્રજામાંથી એકે બીજાનું અનુકરણ કરેલ છે. સિક્કાની બાબતમાં પણ હજુ હમણાં સુધી એમ મનાતું કે હિન્દીઓને સિક્કા બનાવતાં ગ્રીક લોકોએ તેઓ આવ્યા ત્યારબાદ શીખવ્યું. સર એલેકઝાન્ડર કનીંગહામ આ અનુમાન સ્વીકારતા નહીં, અને ડો. દેવદત્ત ભાણ્ડારકરે પોતાના પ્રાચીન સિક્કા ઉપરનાં ભાષણોમાં પૂરવાર કરેલ છે કે ગ્રીક લોકોના આગમન પહેલાં હિન્દીઓ સિક્કા બનાવવાનો હુન્નર જાણતા અને હિન્દીઓએ બનાવેલા સિક્કા હિન્દમાં પ્રચલિત હતા. ઉપરના સિદ્ધાન્તનાં પ્રમાણોનું તેમ જ હિન્દમાં સિક્કાની પ્રાચીનતા બાબતનું થોડું વિવેચન આંહી અસ્થાને નહીં ગણાય.

જેત નામના રાજાએ પોતાની જેતવન નામની વાડી અનાથ નામના વેપારીને વેચાતી આપી, ત્યારે એવી શરત હતી કે તે જેતવનની જમીન તે વખતના પ્રચલિત સિક્કાથી ઢાંકી દેવી. આ વેચાણનું દશ્ય બુદ્ધ ગયામાંના મહાબોધિ મંદિરના કઠોડાની તકતી ઉપર તેમ જ ભારહુતના મુખ્ય સ્તૂપના કઠોડા ઉપર આપણને મળે છે. તે બન્નેમાં અનાથ વેપારીનાં માણસો સિક્કાની ભરેલી પેટીઓ ખટારામાં લાવીને જમીન ઉપર પાથરતા દેખાય છે. જમીન ઉપર પાથરેલા સિક્કા જોવાથી તરત જ તે પંચમાર્કડ (અડીથી છાપેલા) સિક્કા છે, એમ ખાત્રીપૂર્વક કરી શકીએ છીએ. ભારહુતનો સમય ઇ. સ. પૂર્વે ૧૫૦ વર્ષનો અને મહાબોધિના મંદિરનો સમય ઇ. સ. પૂર્વે ૨૫૦ વર્ષનો મનાયો છે. તેથી તે સમયે આ પંચમાર્કડ સિક્કા પ્રચલિત હતા, એમ ખાત્રીથી કહી શકાય છે.

આર્કીઓલોજીકલ સર્વે ઑફ ઇંડિયા વો. ૧૪મા જણાવ્યા મુજબ પેન્ટેલીઓનના નવ અને એગેથોકલીસના પંદર સિક્કાની સાથે જ ઉપર વર્ણવેલા ત્રાંબાના મોરાસી સિક્કા મળી આવેલા છે. એ ઉપરથી સિદ્ધ થાય છે કે આ બન્ને જાતના સિક્કા સાથે સાથે પ્રચલિત હતા. વિશેષમાં આ ત્રાંબાના સિક્કાને પુરાણા નામે ઓળખાવવામાં આવતો. તેનો અર્થ પણ એમ જ હોય કે તે સિક્કા પુરાણા એટલે જૂના અને ઇન્ડોગ્રીક રાજાઓના સિક્કા નવા હતા.

પાણિનીએ પોતાની અષ્ઠાધ્યાયીમાં કાર્ષાપણ, નિષ્ક, શતમાન વિગેરે સાત જાતના સિક્કા ગણાવેલા છે. પાણિનીનો સમય ૫૫૦ ઇ. સ. પૂર્વે મનાતો; પણ કેટલાક તેને ઇ. સ. પૂર્વે ૩૫૦ લગભગ મૂકે છે. તેથી ઇ. સ. પૂર્વે ૩૫૦ લગભગ આ બધા સિક્કા પ્રચલિત હતા. એમ માની શકીએ.

જાતકકથાઓ બુદ્ધ પૂર્વે છઠ્ઠી કે સાતમી સદીમાં (ઇ. સ. પૂર્વે) લખાએલી છે, એમ સ્વીકારાયું છે. આ જાતકકથાઓમાંથી આપણને નીચેની માહિતી મળે છે. કુહક જાતકમાં તેમજ વેસ્સન્તર જાતકમાં સોનાના નિષ્કનું વર્ણન મળે છે. અમ્પેય્ય જાતકમાં એવી હકીકત છે કે મદારી સર્પના ખેલ કરી રોજના ૧૦૦૦ એક હજાર કર્ષાપણ કમાતો હતો. તેમ જ ભૂરિદત્ત જાતક, ઉદય જાતક અને શંખપાલ જાતકમાં હિરણ્ય સુવર્ણ અને સુવર્ણ માશક એનાં નામો મળે છે. આ ઉપરથી જાતકકથાના સમયમાં માશક, સુવર્ણ, નિષ્ક, કાર્ષાપણ ઇત્યાદિ નામના સિક્કા વપરાશમાં હતા, એ ખાત્રીપૂર્વક જાણી શકાય છે. તે જ જાતક કથામાંથી વિશેષ એમ પણ સમજાય છે કે કાર્ષાપણ સોનાના રૂપાના તેમ જ ત્રાંબાના બનાવવામાં આવતા.

આનાથી વધારે પ્રાચીન સમયમાં લખાએલું વૈદિક સાહિત્ય આપણને પ્રાપ્ત છે, તેમાં હવે આપણી શોધખોળ ચલાવીએ. કાત્યાયન શ્રૌતસૂત્રમાં તેમ જ છાંદોગ્ય ઉપનિષદ્‌માં શતમાન અને નિષ્ક નામના સિક્કાનાં નામથી આવે છે.

શતપથ બ્રાહ્મણમાં રાજસૂય યજ્ઞ દરમીયાન રથવિમોચન પ્રસંગે રથના પૈડાને બે ગોળ શતમાન બાંધવામાં આવ્યાનું લખેલ છે; જે શતમાન ત્યારબાદ બ્રાહ્મણને દાનમાં આપવામાં આવેલ છે. કદાચ એમ દલીલ કરવામાં આવે કે શતમાન એટલે સો માથાં પણ અર્થ નીકળી શકે, પણ તેને ગોળ વર્ણવેલ છે, તેથી એ સિક્કા જ હોવા જોઈએ.

તૈત્તિરીય બ્રાહ્મણમાં શતમાનનું નામ આવે છે, તેમ જ સંહિતામાં પણ આવે છે.

બ્રાહ્મણના સમયથી વધારે પ્રાચીન સમયના સાહિત્યનું સંશોધન ચાલુ રાખીએ તો વેદના કાળમાં પહોંચી જઈએ જ છીએ. ઋગ્વેદના પહેલા મંડળમાં તેમ જ અથર્વવેદમાં, સો નિષ્કનું દાન આપ્યાની હકીકત મળી આવે છે. વેદના કાળ માટે જૂદી જૂદી અવધિ કલ્પનામાં આવે છે. ઇ. સ. પૂર્વે ૧,૨૦૦, ૧,૫૦૦ અગર ૨,૦૦૦ વર્ષ સુધી તે કાળ કલ્પનામાં આવે છે. ડૉ. વિન્ટર નિટ્સે પોતાના સંશોધનને પરિણામે વેદોનો કાળ ઇ. સ. પૂર્વે ૮૦૦ થી ૨૫૦૦ સુધીનો પૂરવાર કરેલ છે, એટલે ઇ. સ. પૂર્વે ૨૫૦૦ થી હિન્દમાં પ્રાચીન સિક્કા જૂદા જૂદા રૂપમાં પ્રચલિત હોવાનું પુરવાર થાય છે.

ઉપરનાં પ્રમાણોથી હિન્દમાં સ્વતંત્ર પ્રાચીન સિક્કાનું અસ્તિત્વ પુરવાર સિદ્ધ થયા બાદ હવે પ્રાચીન સમયથી માંડીને ઉત્તરોત્તર સિક્કાઓનું રૂપાન્તર શી રીતે થતું આવ્યું તેનું અવલોકન શરૂ કરીશ.

આ રૂપાન્તરની ક્રિયામાં અનુભવસિદ્ધ કેટલાક સૂત્રાત્મક નિયમો મળી આવે છે. તે એકી સાથે શરૂવાતમાં સમજાવી દઈશ, જેથી ફરી ફરી તેની ચર્ચાની જરૂર રહે નહીં.

ઉત્તરોત્તર વારસામાં મળી આવે ત્યારે કે લડાઈમાં જિતીને સંપાદન કરેલા રાજ્યાસન ઉપર કોઈ પણ રાજા બીરાજે કે તરત પોતાના નામના સિક્કા પાડવાની અભિલાષા ઉત્પન્ન થાય છે. માત્ર ચાર છ મહીના રાજ્યાસન ઉપર રહેલા રાજાના પણ સિક્કા મળેલા છે તે ઉપરના નિયમને સમર્થન કરે છે.

ગમે તેવા સર્વશક્તિમાન રાજાને નવા મેળવેલા પ્રાન્તમાં પોતાની પહેલાં ચાલતા સિક્કાનું અનુકરણ થોડાક વધતા પ્રમાણમાં ચાલુ રાખવું પડે છે. ઈન્ડોગ્રીક રાજાઓ પેન્ટેલીઓન અને એગેથોકલીસના લંબચોરસ અને અખડલખડા સિક્કાઓમાં ટેકસીલામાં ચાલતા પ્રાચીન સિક્કાનું અનુકરણ છે. કુશાન રાજાઓના સોનાના સિક્કા રોમન સોનાના શિક્કા તેમજ ઈન્ડો સેસેનીઅન રાજાઓના સિક્કાની ઢબના બનાવેલા છે, ગુપ્તના સિક્કા કુશાન રાજાઓના સિક્કાને મળતા બનાવવામાં આવેલ છે. બ્રિટિશ સલ્તનતના 'ઈસ્ટ ઈંડિયા કુંપનીના સિક્કા પણ આબેહુબ મુગલ શહેનશાહના સિક્કા જેવા અને મુગલ શહેનશાહના નામ સહિત શરૂઆતમાં પાડવામાં આવે છે. આ દૃષ્ટાન્તોથી ઉપરનો નિયમ સદાકાળ પાળવામાં આવે છે, તે પૂરવાર થાય છે.

વિશેષમાં એક જ ચક્રવર્તિ રાજાને પ્રાન્તવાર જૂદી જૂદી ઢબના શિક્કા પાડવા પડતા હતા. આંધ્ર રાજાઓને સૌરાષ્ટ્ર માટે નહપાન અને ક્ષત્રપ રાજાઓની ઢબના સિક્કા પાડવા પડ્યા હતા અને કુમારગુપ્તને ગુજરાત કાઠિયાવાડ માટે ક્ષત્રપ રાજાઓની ઢબના અને કદના સિક્કા પાડવા પડ્યા હતા.

ચાલું સ્થિતિ બને તેટલો લાંબો વખત ટકાવી રાખવાની સ્વાભાવિક વૃત્તિને લીધે ખંડિયા રાજાઓ મૂળ સિક્કાઓનું અનુકરણ કરે જ જતા. કુશાન તેમજ ગુપ્ત રાજાઓના

સુંદર સિક્કાનાં કઢંગાં અને કેટલીક વખત અર્થ વગરનાં અનુકરણ લાંબા કાળ સુધી આજુ-બાજુના પ્રદેશમાં ચાલુ રહેલ, એ હકીકત તેવા સિક્કા પુષ્કળ જથ્થામાં મળી આવે છે, તેનાથી સિદ્ધ થાય છે. ઇન્ડો સેસેનીઅન સિક્કાની અધોગતિ તપાસીએ તો શરૂવાતના શુદ્ધ ઇન્ડો સેસેનીઅન રાજાની છબી અને યજ્ઞકુંડવાળા સિક્કા અને તેની પરમ અધોગતિ રૂપમાં મળતા ગધૈયા સિક્કા વચ્ચે કોઈ પણ સામ્ય જોવામાં આવતું નથી.

સિક્કાની પ્રાચીનતા તેમ જ બનાવટ સંબંધી આટલું પ્રસ્તાવિક લખી હવે જૂદા જૂદા યુગના સિક્કાઓનું વર્ણન શરૂ કરૂં છું.

પંચમાર્કડ અગર અડીથી છાપેલા સિક્કા—વૈદિક કાળથી પાણિની અને નાટકકથાઓના કાળમાં ચાલતા અનેક સિક્કાઓના તે તે સમયના સાહિત્યમાં ઉલ્લેખ મળે છે, છતાં તેમાંના કોઇ પણ જાતના સિક્કા અત્યારે ઉપલબ્ધ નથી. પરિણામે અત્યારે અસ્તિત્વમાં હોય એવા સહુથી પ્રાચીન સિક્કા તરીકે ઉપરના પંચમાર્કડ સિક્કાથી સંતોષ માનવો રહ્યો. આ સિક્કા અનિયમિત લંબચોરસ, લંબચોરસ, ચોરસ અને ગોળ એમ જૂદી જૂદી આકૃતિના હોય છે. આ જાતના રૂપાના તેમ જ ત્રાંબાના સિક્કા હજુ પણ જૂદે જૂદે ઠેકાણે ખોદકામમાંથી મળી આવે છે. આ સિક્કા ઇ. સ. પૂર્વે સાતમી કે આઠમી શતાબ્દીથી ઇ. સ. ૩૦૦ સુધી આખા હિન્દમાં પ્રચલિત હતા. જૂદા જૂદા સંગ્રહ તપાસીને વોલ્શ, થીઓબોલ્ડ, કનીંગહામ, સ્મીથ, વિગેરે વિદેશી વિદ્વાનોએ અમુક અમુક અટકળો રજુ કરેલ છે. હાલમાં બનારસના રા. દુર્ગા-પ્રસાદે તે વિષય ઉપર ઇનામી નિબંધ લખી, ન્યુમિસ્મેટિક સોસાઇટી સમક્ષ રજુ કરેલ અને તેને માટે સોનાનો ચાંદ તેને ૧૯૩૩માં આપવામાં આવેલ છે.* છતાં તેમાંથી કોઈ તેના ઉપરની આકૃતિઓ માટે ચોક્કસ રીતે કરી શકવાની સ્થિતિમાં નથી. આકૃતિઓની જૂદી જૂદી દૃષ્ટિએ વિભાગ પાડવામાં આવેલ છે, જેવી કે મનુષ્યની આકૃતિ, જનાવરની આકૃતિ, ચંદ્ર, સૂરજ વિગેરે ગ્રહોની આકૃતિ પણ તેનું રહસ્ય અગર તાત્પર્ય હજુ કલ્પી શકાયું નથી. નીચેની બાજુએ થોડી આકૃતિઓ હોય છે અને તે આકૃતિ ઉપરની બાજુએ હોવા ઉપરાંત વિશેષ આકૃતિઓ પણ હોય છે. તે આકૃતિઓના સમૂહને આધારે અમુક સિક્કા તક્ષશિલા-પ્રદેશમાં અમુક પાટલીપુત્ર એટલે પૂર્વ હિન્દમાં અને વિદિશા એટલે મધ્ય હિન્દમાં ચાલુ હતા, એમ પણ અટકળ કરવામાં આવેલ છે.

આ શુદ્ધ સ્વદેશી સિક્કાની સાથે સાથે પંજાબ અને સિંધુ નદીના પ્રદેશમાં ગ્રીક રાજાના સિક્કાની ઢબના તેમના સૂબાઓએ પડાવેલા ઇન્ડો ગ્રીક નામથી જાણીતા સિક્કા ઇ. સ. પૂર્વે ૩૦૦થી ઇ. સ.ના ૫૦મા વર્ષ સુધી ચાલુ હતા.

ઇન્ડોગ્રીક

આ સિક્કાઓ ગોળ, ચોરસ તેમ જ લંબચોરસ પાડવામાં આવેલ છે. રૂપાના તેમ જ ત્રાંબાના મોટા જથ્થામાં મળે છે, જ્યારે સોનાના બહુ જૂજ મળ્યા છેઃ કલકત્તાના ઇન્ડીયન મ્યુઝીયમ કેટલોગમાં એક પણ સોનાનો સિક્કો નથી. પણ પ્રીન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમમાં મિનેન્ડરનો એક સોનાનો સિક્કો છે. આ સિક્કામાં એક બાજુ રાજાનું ચિત્ર આખું અગર અરધું બેઠેલું કે ઉભેલું અને કેટલાંકમાં ઘોડા ઉપર બેઠેલું એવું જોવામાં આવે છે. બીજી બાજુ ગ્રીક દેવતાઓ જેવા કે હિરેકલીસ, એપોલો, ઝિઅસ, વગેરે હોય

*આ નિબંધ ન્યુમિસ્મેટીક સપલીમેન્ટ નં. ૪૫માં છપાયો છે. અને તેની નકલ પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમમાંથી મળી શકે છે.

છે; અગર કુકડો, નંદી અગર હાથીનાં ચિત્રો હોય છે. અપવાદ તરીકે કેટલાકમાં બન્ને બાજુ જનાવરોનાં (હાથી અને નંદી) ચિત્રો જ પણ મળી આવે છે. આ સિક્કાઓની અસર ઘણા લાંબા વખત સુધી પશ્ચિમ બાજુના ક્ષત્રપો, ગુપ્તો અને વલ્લભી રાજાઓના સિક્કા ઉપર ચાલુ રહી હતી. આ બધા સિક્કાઓમાં બન્ને બાજુ રાજાનાં નામ આપવામાં આવે છે. ઉપરની બાજુ ગ્રીક લિપિમાં ગ્રીક ઇલકાબ સાથે અને નીચેની બાજુએ ખરોષ્ટ્રી લિપિમાં હિન્દી ઇલકાબ સાથે તે નામો લખેલાં હોય છે. સ્થાનિક સમાજને ગ્રાહ્ય થાય તેવા હેતુથી બીજી બાજુ તે પ્રાંતમાં ચાલતી લિપિમાં નામ લખાએલાં હોવાં જોઇએ.

કુશાન રાજાઓના સિક્કા

ઇ. સ.ની પહેલી સદીની શરૂવાતમાં યુએચી સમૂહના કુશાન વિભાગના રાજા કેડફીસીસ પહેલાએ કાબુલના ગ્રીક સુબાને હરાવી તે પ્રાંતનો કબજો લીધો. તેની પછી કેડફીસીસ બીજાએ તે સદીની અધવચમાં હિન્દ ઉપર હુમલો કરી પંજાબ અને સિંધ પ્રદેશના ગ્રીક સૂબાને હરાવી તે પ્રદેશનો કબજો મેળવ્યો. તેણે રોમન સિક્કાની ઢબના સોનાના સિક્કા પાડયા હતા, તેમ જ ત્રાંબાના પણ પુષ્કળ જથ્થામાં પાડયા હતા. ત્યારબાદ કનિષ્ક અને હુવિષ્કે કુશાન રાજ્ય ઉત્તર હિન્દમાં આગળ ફેલાવ્યું અને દક્ષિણમાં નર્મદા નદી સુધી પોતાનો અમલ જમાવ્યો હતો. છેલ્લો રાજા વાસુદેવ ઇ. સ. ૧૮૦ લગભગમાં ગાદીએ આવ્યો અને સિક્કા ઉપરથી એમ અનુમાન બાંધી શકાય છે કે તેના વખતમાં કુશાન સામ્રાજ્ય તુટી પડયું. આ રાજાઓના સિક્કા બધા ગોળ હોય છે અને તેનું વજન ઉત્તરોત્તર લગભગ ૨૬૦, ૧૩૦, ૬૫ અને ૩૨ ગ્રેન હોય છે. તેમાં એક બાજુ રાજા ઉભેલો હોય છે અને તેની જમણી બાજુએ નાના યજ્ઞકુંડમાં આહુતિ આપતો હોય છે. કેટલાક ત્રાંબાના સિક્કામાં તે હાથી ઉપર પણ બેઠેલો માલુમ પડે છે. બીજી બાજુ હિન્દી દેવતાઓનાં ચિત્ર હોય છે. સૂર્ય, ચંદ્ર, વાયુ, અગ્નિ વિગેરે દેવો તેમ જ નંદીની આગળ ઉભેલા શિવ પણ જોવામાં આવે છે. છેલ્લા રાજા વાસુદેવના સિક્કાના અનુકરણમાં બીજી બાજુ લક્ષ્મીનું ચિત્ર હોય છે. ઉપરની બાજુએ રાજાઓનાં નામ અને બીજી બાજુ દેવતાઓનાં નામ ગ્રીક લિપિમાં લખેલાં હોય છે.

વૈદિક કાળના તેમ જ ત્યારપછીના સાહિત્યમાં સોનાના સિક્કા સંબંધી ઉપર ગણાવ્યા તેવા અનેક ઉલ્લેખો મળે છે, છતાં પંચમાર્કડના સમકાલીન અને ઇન્ડો ગ્રીકના સોનાના સિક્કા અત્યારે પ્રાપ્ત નથી, તેમ જ ખોદકામમાંથી પણ નિકળતા નથી, એ હકીકત ધ્યાનમાં લેતાં, તેમ જ ત્યારપછીના તરતના કાળમાં કુશાન રાજાઓના તથા ગુપ્ત રાજાઓના આટલા બધા સોનાના સિક્કા જાણવામાં આવેલા છે તથા અત્યારે પણ હજુ ખોદકામમાંથી મળે છે, તે ઉપરથી એમ અનુમાન કરી શકાય કે કુશાન રાજાઓએ તેમની પહેલાંના કાળના પ્રચલિત બધા સોનાના સિક્કા ગાળી નાંખી તેમાંથી જ પોતાના સિક્કા પાડયા હોય. જ્યારે તે કાળના પંચમાર્કડ તેમજ ઇન્ડો ગ્રીકના રૂપાના સિક્કા ચાલુ રહેવા દીધા હોય અને તેથી કદાચ પોતે રૂપાના સિક્કા પાડવાનું માંડી વાળ્યું હોય.

કુશાન પછીના સમયના એટલે ઇ. સ.ની ૩જી સદીના ઇતિહાસ તેમ જ સિક્કા માટે ઘણી જ અંધાધુંધી પ્રવર્તેલી છે. તે સમય દરમીઆન જૂદે જૂદે સ્થળે ત્યાંના પ્રાંતિક સેટ્રપો અગર સૂબાઓએ ઇન્ડોગ્રીક સિક્કાનાં અનુકરણ દાખલ કરેલાં જોવામાં આવે છે. મથુરાના હિન્દુ રાજાને હાંકી કાઢનાર સેટ્રપ રાજુનલે સ્ટ્રેટોબીનના સિક્કા જેવા જ અર્ધદ્રમી પાડેલા

હતા. પશ્ચિમ ઘાટમાં નહપાન નામના સેટ્રપે અને રાષ્ટને માળવામાં રાજ્ય સ્થાપ્યું. ત્યાં પણ ગ્રીક અર્ધદ્રમી જેવા જ સિક્કા પાડેલા હતા. આ બન્ને રાજાના સિક્કામાં એક બાજુ ગ્રીક લિપિમાં અને બીજી બાજુ ખરોષ્ટ્રી લિપિમાં રાજાનાં નામ લખેલાં છે. ચષ્ટન પછી તેના વંશજોના સિક્કામાંથી ખરોષ્ટ્રી લિપિ નીકળી ગઇ અને તેને બદલે બ્રાહ્મી લિપિમાં રાજાનું તેમ જ તેના પિતાનું નામ લખવામાં આવતું. તેઓએ અંધ્ર રાજાઓને હરાવીને પશ્ચિમ કિનારાનો કબજો મેળવ્યો હતો અને આખા પશ્ચિમ વિભાગમાં તેમના સિક્કા હજુ પણ અવારનવાર મળી આવે છે. કાઠિયાવાડમાં જૂનાગઢમાંથી હમણાં લગભગ (૫૦૦) પાંચસો પાંચસો સિક્કાના બે જથ્થાઓ મળી આવેલ છે.

ક્ષત્રપના સિક્કાઓ

આ સિક્કાઓ ૨૮ થી ૩૨ ગ્રેન સુધીના વજનના હોય છે. ઉપરની બાજુએ રાજાનું માથું અને માથાની ડાબી બાજુએ સાલ આપેલી હોય છે. નીચેની બાજુએ તે વખતની બ્રાહ્મી લિપિમાં રાજાનું તથા તેના પિતાનું નામ ફરતી કોર પાસે આપેલ હોય છે. વચમાં ચૈત્યનું ચિત્ર અને તેની બન્ને બાજુએ સૂર્ય, ચંદ્રનાં ચિહ્નો હોય છે. આ પ્રથમ ચૈત્ય મનાતું ચિહ્ન હવે ટેકરી તરીકે સ્વીકારાયું છે. આ વંશના ઉત્તરોત્તર રાજાઓનાં નામ તેમ જ અનુક્રમ તેઓના લેખોની સંખ્યા બહુ જ જૂજ હોવાને કારણે તેમના સિક્કામાંથી જ ઉપજાવવાં પડયાં છે. ગુપ્ત રાજાઓએ ગુજરાત અને માળવા ઇ. સ. ૩૯૫માં જિત્યાં ત્યાંસુધી આ રાજાઓના સિક્કા ચાલુ રહ્યા હતા. તે બધા ઘણાખરા રૂપાના જ હતા, જો કે થોડા નાના સીસાના ચૈત્ય, હાથી અને સાલવાળા પણ મળેલા છે.

બીજી અને ત્રીજી સદીમાં જેમ ગુજરાત, માળવામાં આ સિક્કાઓ ચાલુ હતા તેમ ઉત્તર હિન્દમાં પણ છૂટાંછવાયાં નાનાં નાનાં રાજ્યોમાં તેમ જ સ્વતંત્ર જાતિના સમૂહોમાં પોતપોતાના સિક્કાઓ ચાલુ હતા. મી. કનીંગહામે આવા બધા સિક્કાનો બહોળો અભ્યાસ કર્યો હતો અને તેને પરિણામે પોતાના ગ્રંથમાં તે બધાને લંબાણથી તેમ જ ખાત્રીપૂર્વક વર્ણવ્યા છે. તે સિક્કાઓ પંચમાર્કડ સિક્કાની માફક હિન્દી ઢબના હોવા ઉપરાંત તેમાં બ્રાહ્મી લિપિમાં રાજાઓનાં નામ પણ આપેલ છે. અયોધ્યામાં ઇ. સ. પૂર્વે ૨જી સદીથી ઇ. સ.ની બીજી સદી સુધી ચાલતા સિક્કામાં ધનદેવ, વિશાખદેવ વિગેરે રાજાઓનાં નામ છે. તેવી રીતે કોસામ્બીના સિક્કામાં બૃહસ્પતિમિત્ર, અશ્વમેધ, જેઠમિત્ર અને દેવમિત્રનાં નામ મળે છે. ટેકસીલાના સિક્કાઓ ઉપર બૌદ્ધ ધર્મની અસર વધુ જોવામાં આવે છે અને જાડા લંબચોરસ સિક્કાનું એગેથોકલીસ અને પેન્ટેલીઓન ગ્રીક સૂબાઓએ અનુકરણ કર્યું હોય એમ પણ અનુમાન થાય છે. તે જ કારણથી તે સિક્કાઓ ૩૫૦ ઇ. સ. પૂર્વે ચાલુ હતા, એમ અનુમાન થાય છે. તેવી જ રીતે આગ્રા અને મથુરા આસપાસ ભટકતી અર્જુનેય, કાંગ્રપ્રદેશમાં ભટકતી ઔદુમ્બર, અમ્બાલા પરગણામાં ભટકતી કનિન્દ અને પૂર્વ રજપૂતાનામાં વસતી માલવ જાતિના હજુ પણ પુષ્કળ પ્રમાણમાં મળી આવે છે. નરવરના નાગરાજાઓ તથા રાજન્ય અને યૌધેય રાજાઓના સિક્કા પણ આપણને મળેલા છે. આ સિવાય બીજા ઘણા ઢાળેલા સિક્કા ઉત્તરહિન્દમાંથી હજુ પણ મળી આવે છે; તેનો સમય અગર સ્થળ ચોકસ કરવા કાંઇ પણ સાધન નથી. તેવા સિક્કાઓ ઇ. સ.ની બીજી સદી સુધી ચાલુ હોવા જોઇએ એમ તેની ઉપરનાં ચિહ્નો ઉપરથી માત્ર અટકળ થઇ શકે છે. તેવા સિક્કાઓ ગોળ અને ચોરસ બન્ને જાતના

મળે છે અને કેટલાકમાં તો બબ્બે સિક્કા ભેગા ઢાળી કાપી નાંખવામાં આવતા હશે. તેથી એ સિક્કાને જોડતો ભાગ પણ હયાત મળી આવે છે. તેમાં ચૈત્ય અગર ટેકરી, હાથી, નંદી બોધીવૃક્ષ, ઉજ્જન ચિહ્ન, સ્વસ્તિક, સિંહ વગેરે એવાં જૂદાં જૂદાં ચિહ્નો હોય છે કે તે બધાં આપણને માર્ગદર્શક થવાને બદલે મુંઝવી મારે છે. આવા સિક્કા પુષ્કળ પ્રમાણમાં ભેગા કરી તેઓનું સ્થળ તેમ જ સમય નિર્ણીત કરવામાં આવે તો કદાચ પ્રયત્ન સફળ થાય. આ અનિશ્ચિત યુગ ગુપ્ત સામ્રાજ્યની શરૂવાતથી પૂરો થતો મનાય છે. પરંતુ ગુપ્ત વંશના શરૂવાતના રાજાઓના ત્રાંબાના સિક્કા બહુ જ જૂજ સંખ્યામાં મળી આવે છે, તે ઉપરથી એમ માની શકાય છે કે બહારના વ્યવહાર માટે ગુપ્તના સિક્કાનો ઉપયોગ થતો હોય છતાં ઉપર વર્ણવેલી સ્વતંત્ર જાતિમાં અંદર અંદરના ઉપયોગ માટે પોતપોતાના ત્રાંબાના સિક્કા ચાલુ રહેલા હોય.

ગુપ્તના સિક્કા

ઇ. સ. ની ત્રીજી સદીની અંતમાં મગધ અને આસપાસના પ્રદેશમાં ગુપ્ત નામનો રાજા રાજ્ય કરતો હતો અને તેની રાજધાનીનું શેહેર પાટલીપુત્ર (હાલનું પટણા) હતું. આ રાજાઓના સિક્કા મળેલા નથી, તેથી એમ અનુમાન થાય છે કે તેઓ કુશાન રાજાઓના સિક્કા વાપરતા હોવા જોઇએ. ઇ. સ. ૩૨૦માં ચન્દ્રગુપ્ત ગાદીએ આવ્યો. તેણે વૈસાલિના લિચ્છવી રાજાની પુત્રી કુમારદેવી સાથે લગ્ન કર્યા હતાં. તેને માટે તે ઘણો મગરૂર હતો અને તે બનાવના સંસ્મરણ માટે ખાસ સિક્કા પાડવામાં આવેલ છે, જેમાં તે પોતાની રાણી કુમારદેવીને વીંટી આપતો ચિતરવામાં આવેલ છે. તેણે પોતાનું રાજ્ય પ્રયાગ સુધી ફેલાવ્યું અને તેણે સોનાના સિક્કા પાડવા શરૂ કર્યા. ઇ. સ. ૩૨૦-૨૧થી તેણે ગુપ્ત સંવત ચાલુ કર્યો, જે બધા ગુપ્તલેખોમાં તથા ત્યારબાદ વલ્લભી વિગેરે રાજાઓના લેખમાં ચાલુ રહેલો છે. તેના પછીનો સમુદ્રગુપ્ત વધુ સાહસિક હતો અને ઉત્તર હિન્દ સર કરી, દક્ષિણ ઉપર પણ ચઢાઈ કરી હતી. તેણે પોતાનું ચક્રવર્તિપણું સિદ્ધ કરવા અશ્વમેધ યજ્ઞ કર્યો અને તે હકીકત દર્શાવતો સોનાનો અશ્વમેધના ઘોડાના ચિત્રવાળો સિક્કો પાડેલ છે. તેના જૂદી જૂદી જાતના સિક્કા તેની લડાયક વૃત્તિ તથા સંગીત વિગેરેનો શોખ પ્રદર્શિત કરે છે. ઈ. સ. ૩૮૦માં ચન્દ્રગુપ્ત બીજો ગાદીએ આવ્યો. તેણે સત્યસિંહના પુત્ર રૂદ્રસિંહને મારી ગુજરાત અને માળવા જિતી લીધાં અને તે પ્રદેશો માટે ક્ષત્રપ સિક્કાની ઢબના જ રૂપાના સિક્કા પાડ્યા હતા. ત્રાંબાના સિક્કા પણ તેણે તેવી જ ઢબના ઉપર ગરૂડનું ચિત્ર અને નીચે રાજાનું નામ બતાવવા પાડેલા હતા. ઇ. સ. ૪૧૪માં કુમારગુપ્ત ગાદીએ આવ્યો. તેણે સોનાના રૂપાના અને ત્રાંબાના એમ ત્રણે ધાતુના સિક્કા પાડેલા હતા. ત્યારબાદ ઇ. સ. ૪૫૫માં સ્કંદગુપ્ત ગાદીએ આવ્યો ત્યારેથી સિક્કાઓની ઉત્તરોત્તર અધોગતિ શરૂ થઇ.

હિન્દના જૂદા જૂદા યુગના સિક્કાનું એકી સાથે અવલોકન કરીએ તો આપણે કબુલ કરવું જોઇએ કે ગુપ્ત સમયમાં સિક્કા બનાવવાની કલા ઉત્તમતાના શિખર ઉપર પહોંચેલી હતી. હુન્નરકારીગિરીના નમુના તરીકે, તેના ઉપર લખેલા લેખોની લિપિ તથા કૃતિની દૃષ્ટિએ તેમજ તેના ઉપર ચિતરેલાં અનેક દૃશ્યોની સરખામણી કરીએ તો તેની ઉંચી કોટિ ભૂત અગર ભવિષ્યમાં પ્રાપ્ત થઈ નહોતી અને થશે નહીં, એમ નિઃસંદેહ કહી શકાય. સાધારણ રીતે બધા સિક્કામાં એક બાજુ રાજા અને બીજી બાજુ લક્ષ્મી ચિતરવામાં

આવેલ છે. ખાસ નવી ઢબના સિક્કા તપાસીએ તો સમુદ્રગુપ્તના, ચન્દ્રગુપ્ત અને કુમારદેવીના લગ્નસમયના દશ્યવાળા તેમજ અશ્વમેધ યજ્ઞના અશ્વવાળા માલુમ પડે છે. ચન્દ્રગુપ્ત બીજાના સિક્કામાં ઘોડેસ્વાર રાજા, તથા પાછળ ઉભેલો નોકર છત્ર ઓઢાડે છે તે ખાસ ચિત્તાકર્ષક છે. માળવા ગુજરાત માટે ક્ષત્રપના જેવા જ રૂપાના, રાજાનું માથું અને ગરૂડવાળા સિક્કા તેણે પાડેલા હતા. કુમારગુપ્તના સિક્કામાં સમુદ્રગુપ્તની માફક અશ્વમેધના સિક્કા તથા નીચેની બાજુએ મોર ઉપર બેઠેલા કાર્તિકેયના ચિત્રવાળા સિક્કા ઘણા સુંદર છે. તેના સિક્કાની બે નવી કૃતિઓ પ્રતાપના નામવાળી અને હાથી ઉપર બેઠેલા રાજાની છબીવાળી ઘણા જૂજ પ્રમાણમાં મળે છે. તેના રૂપાના સિક્કા પ્રથમના જેવા ગુજરાત કાઠિયાવાડ માટેના હોવા ઉપરાંત મધ્યપ્રાંત માટેના સિક્કામાં બીજી બાજુ મોરનું ચિત્ર છે. ત્યારપછીના સ્કંદગુપ્તના રૂપાના સિક્કામાં ગરૂડ, નંદી તથા યજ્ઞકુંડનાં પણ ચિત્ર મળી આવે છે.

આ ગુપ્ત સિક્કાનાં અનુકરણો માળવા, પૂર્વ બંગાળા વિગેરે પ્રદેશોમાં ત્યાર બાદ લાંબા વખત સુધી ચાલુ રહેલાં હતાં અને હજુ પણ ગુપ્તના સિક્કાની નકલ જેવા પણ ઉતરતી કારીગરીના ઘણા સિક્કા બંગાળામાં મળી આવે છે.

દક્ષિણ હિન્દ, પ્રાચીન સમયના હિન્દના દરવાજાથી દૂર પડી જવાથી જૂદે જૂદે સમયે હિન્દ ઉપર જે જે આક્રમણ થયાં તેની અસરથી તેમ જ પ્રાચીન સિક્કાના રૂપાન્તરની ક્રિયામાંથી બચી ગયેલ છે. પરિણામે ત્યાંના પ્રાચીન સિક્કા માટે બહુ વિવેચનની જરૂર રહેતી નથી. ઉત્તર હિન્દની માફક દક્ષિણમાં સહુથી પ્રાચીન સિક્કા અડીની છાપવાળા ચાલુ હતા. તેવા સિક્કા ઐતિહાસિક સમય પૂર્વેની કબરોમાંથી મળી આવેલા છે. કુદરતી ફળના જેવી દેખાવની સોનાની ગોળીઓ સહુથી પ્રાચીન માનવામાં આવે છે અને તે એક બાજુ તદન લીસી અને બીજી બાજુ બાજુ બહુ જ નાની અડોની છાપવાળી જૂજ પ્રમાણમાં મળી આવે છે. ત્યારબાદ હિન્દની માફક જૂદાં જૂદાં ચિહ્નો છાપેલા સિક્કા શરૂ થયા હોવા જોઇએ અને તેવાં ચિહ્નો આવા સિક્કાનાં અનુકરણરૂપ પદ્મટંક તેમ જ ચાલુક્ય અને કદમ્બ રાજાઓના છાપવાળા સિક્કા બનાવવામાં આવેલા છે. ચાલુક્યોના સિક્કામાં પ્રથમ વરાહનું ચિત્ર હતું પણ પાછળથી તેને બદલે પદ્મ દાખલ કરેલું જણાય છે. પલ્લવ રાજાઓના સિક્કામાં પણ સૂર્ય, ચક્ર, નંદી, કરચલો, માછલી, વહાણ વગેરેનાં ચિત્રો જોવામાં આવે છે અને કુરૂમ્બરના સિક્કામાં વિશેષમાં ઘોડો પણ જોવામાં આવે છે. કદમ્બના રાજાઓના સિક્કામાં એક અથવા વધુ સિંહો ચિતરવામાં આવેલ છે.

દક્ષિણ હિન્દમાં પ્રાચીન સિક્કાના વધુ ફેરફાર ન થવાનું બીજું કારણ એ હતું કે ઉત્તર અને દક્ષિણ હિન્દની વચમાં ઇ. સ. પૂર્વે આશરે ૨૮૦ વર્ષ પહેલાંથી આંધ્ર રાજાઓએ પોતાની સત્તા જમાવી દીધી હતી.

આંધ્ર રાજાઓના સિક્કા

આ રાજાઓના ઇતિહાસ માટે કાંઇ બીજાં સાધનોને અભાવે તેમના જ લેખો તેમ જ સિક્કાની મદદથી જે ત્રુટક હકીકત મળેલ છે તેથી સંતોષ માનવો પડે છે. ઇ. સ. પૂર્વે ૫૦૦ લગભગમાં રચાએલ ઐતરેય બ્રાહ્મણમાં દક્ષિણની પ્રાચીન જાતિઓમાં આંધ્ર જાતિનું નામ મળી આવે છે. અશોકના મૃત્યુ પછી આંધ્ર તેમ જ કલિંગના રાજાઓ જોરમાં આવ્યા. શાતકર્ણીની વહેલામાં વહેલી તારીખ ઇ. સ. પૂર્વે

૧૬૮ની મળે છે. તેઓ તેલુગુ પ્રદેશમાં એટલે કે કૃષ્ણા અને ગોદાવરી નદીની વચ્ચેના પ્રદેશમાં રાજ્ય કરતા હતા. નાના ઘાટના લેખમાં શાતકર્ણીને સિમુક શાતવાહનનો દીકરો લખ્યો છે. કાર્લી, નાસિક, નાનાઘાટ વિગેરેમાંના લેખોમાં જૂદા જૂદા આંધ્ર રાજાઓનાં નામ મળી આવે છે. ગૌતમીપુત્રે નહપાનને હરાવીને તેના સિક્કા ઉપર પોતાના સિક્કાની છાપ પાડવાની હકીકત ઉપરથી નહપાન અને ગૌતમીપુત્ર સમકાલીન હતા તે પુરવાર થાય છે. આંધ્રના સિક્કાના બે વિભાગ પાડી શકાય તેમ છે, પહેલા વિભાગમાં પ્રાચીન તત્ત્વો વિશેષ હોય છે. તેમાં ચૈત્ય, ઉજ્જનચિહ્ન બોધિવૃક્ષ વિગેરે ચિહ્નો જોવામાં આવે છે તે એકસરખી જાડાઇનાં અને નાના કદનાં હોય છે. તેની ઉપર બ્રાહ્મી લિપિમાં અક્ષરો સફાઈબંધ કોતરેલા હોય છે. બીજા વિભાગના સિક્કા વધારે અનિયમિત જાડાઇના કઢંગા અને ઘોડા તથા હાથીનાં ચિત્રોવાળા હોય છે. બન્ને વિભાગના રૂપાના તથા સીસાના સિક્કા પાડવામાં આવેલ છે. કેટલાક સિક્કામાં સિંહ તથા નંદીનાં ચિત્રો પણ આપવામાં આવેલ છે. ગૌતમીપુત્ર યજ્ઞશાતકર્ણીએ સૌરાષ્ટ (કાઠિયાવાડ) અને પશ્ચિમ કિનારાનો પ્રદેશ જિતી લીધો હતો એમ લેખમાંથી મળી આવે છે અને તેની બીજી સાબીતિ તેના સૌરાષ્ટ્રના સિક્કાની ઢબના સિક્કા ઉપરથી મળે છે. તે સિક્કો સોપારામાંથી પંડિત ભગવાનલાલ ઈન્દ્રજીને મળ્યો હતો. તેમાં ઉપરની બાજુએ ક્ષત્રપના સિક્કાની માફક રાજાનું માથું અને "રાજ્ઞો ગૌતમીપુત્રસ શ્રી યજ્ઞસાતકણિસ" એમ બ્રાહ્મી લિપિમાં લખેલ છે, જ્યારે નીચેની બાજુએ વચમાં ટેકરીનું ચિહ્ન સૂર્ય, ચંદ્ર અને નદી બતાવેલ છે અને ફરતું તેજ નામ, દક્ષિણમાં પ્રચલિત બ્રાહ્મી લિપિમાં લખેલ છે. આ જ ઢબનો વાસિઠિ પુત્રનો સિક્કો પ્રીન્સ ઓફ વેલ્સ મ્યુઝિયમ માટે હમણાં જ સંગ્રહીત કરેલ છે. આ સિક્કાઓની વધુ ઉપયોગિતા એ છે કે તેમાં આંધ્ર રાજાની મુખાકૃતિ આપેલી છે. જે બીજે કયાંયથી મળેલ નથી.

આ સારરૂપ પ્રાચીન સિક્કાઓના વર્ણનથી આપણા યુવકવર્ગમાં તે સિક્કાના અભ્યાસ માટે અભિરૂચિ ઉત્પન્ન થાય તો મારો આ પ્રયાસ સફળ થયો માનીશ.

બૌદ્ધ સાહિત્યમાં ગુજરાતનાં નગરો

(લેઃ રા. રા. ધનપ્રસાદ ચંદ્રાલાલ મુનશી)

શાક્ય મુનિ ગૌતમના જન્મ પૂર્વેનો સૈકો, એ ભારતવર્ષના ઈતિહાસનો અંધકાર-યુગ. ભગવાન બુદ્ધદેવનો જન્મયુગ, એ આપણું ઐતિહાસિક પ્રભાત. વિનયપિટક, દીઘનિકાય, અભિધર્મ્ય, વગેરે પ્રાચીન બૌદ્ધ સાહિત્યો એ વાતની સાક્ષી પૂરે છે. હિન્દનાં નગરો, પ્રદેશો, વનો અને ઉપવનો, નદી અને સરોવરો, ચૈત્યો અને વિહારો,–એનો ઈતિહાસ આ ગ્રંથોમાંથી, આ સાહિત્યોના ગર્ભમાંથી જડે છે. એમાં છે મહાત્મા બુદ્ધે ઉપદેશેલાં વચનો, ભિખ્ખુઓ અને સંઘને માટેના દૂરદર્શી ડહાપણભર્યા નિયમો, છતાં સપ્રમાણ ઐતિહાસિક અને ભૌગોલિક સંપત્તિના જૂનામાં જૂના થર. ઇસવી સન પૂર્વે ૫૬૪ બુદ્ધદેવનો જન્મકાળ મનાય છે.

શાક્ય મુનિના જન્મકાળ પૂર્વે જંબુદ્વીપમાં સોળ મહાજનપદ હતાં, એવો અંગુત્તર-નિકાય અને લલિતવિસ્તરમાં ઉલ્લેખ છે. અંગા,[1] મગધા, કાસી, કોસલ, વજ્જી, મલ્લા, ચેતી, વંશ, કુરૂ, પંચાલા, મચ્છા સૂરસેના, અસ્સકા, અવન્તી, ગંધાર અને કમ્બોજા[2] (षोडशजानपदेषु) જૈનોના ભગવતી સૂત્રમાં[3] અને મહાભારતના કર્ણ પર્વમાં[4] પણ જનપદના–જાતિયોના નિવાસ ઉપરથી અવતરણ પામેલાં નામો મળે છે. ઇન્દ્રિય જાતકમાં[5] કેટલાક જનપદનાં

---

૧ **અંગઃ**–રાજધાની ચંપામાં, ગગ્ગરા રાણીએ બાંધેલા તળાવને કાંઠે, અંગલોકનો દેશ, મગધની પૂર્વમાં હતો. **મગધ**–પાટનગર રાજગૃહ, બિહાર પ્રાંતમાં તિલચ્યા નામના સ્ટેશનથી સોળ માઈલ ઉપર છે. **કાશી**–રાજધાની વારાણસી, વર્તમાન બનારસ. **કોસલ**–રાજધાની શ્રાવસ્તી. શતપથ બ્રાહ્મણમાં ગંડક નદી કોસલ અને વિદેહને છૂટા પાડતી હતી; તેનું પાટનગર અયોધ્યા. **વજ્જી**–રાજધાની વૈશાલી. ગંડક નદીના પૂર્વકાંઠે; વર્તમાન બીસરા–બસરા, પટણાથી ઉત્તરે વીસ માઈલ. **મલ્લા**–આ રાજ્ય વજ્જીઓની પૂર્વે અને કોસલની પશ્ચિમે હતું. **ચેતી**–ચેદીદેશ સેન્ટ્રલપ્રોવીન્સીસમાં–મધ્યપ્રાંતમાં; આ રાષ્ટ્રના સ્થળ વિષે મતભેદ છે. **વંશ**–વત્સોની રાજધાની કોસમ્બી. વર્તમાન કોસમ અલ્હાબાદની ઉત્તર–પશ્ચિમે ૩૦ માઈલ દૂર. **કુરૂ-પાંચાલ-મચ્છા** પંચદેશા ગંગા નદીને બન્ને કાંઠે હતા.

૨ **સૂરસેના**–રાજધાની મધુરા–મથુરા, ભરતપુર, ક્ષીરગલી, ધોળપુર અને ગ્વાલિયર સ્ટેટનો ઉત્તર પ્રદેશ. **અસ્સક**–દક્ષિણમાં આન્ધ્રોનો પ્રદેશ. **અવન્તી**–રાજધાની ઉજ્જન. **ગંધાર**–રાજધાની તક્કશિલા-તક્ષશિલા. **કમ્બોજા**-કમ્બોજોનું રાજ્ય વાયવ્યકોણમાં હતું. તેની રાજધાની દ્વારકા હતી, એમ પ્રો. રાઈસ ડેવીડસનો મત છે. (Buddhist India p. 24) પણ મજ્ઝિમ નિકાયના અસ્સલાયનસુત્તમાં "यौनकम्बोजेसु" એ પ્રમાણે તે દેશોનો યવનોની સાથે ઉલ્લેખ કર્યો છે. આથી આ દેશ ગંધારનીયે પેલી બાજુએ હતો, એમ સિદ્ધ થાય છે. **પુરાતત્વ** પુ. ૨ પૃ. ૧–૯ The Hindu History by Mazumdar p 416.

૩ ભગવતીસૂત્રમાં અંગ, બંગ(બંગાળ), મગા(મગધ), મલય, માલવ, અછછ, વછછ, કોચ્છડ, પધ(પાંડયા), લાધા(રાધા ઉત્તર બંગાળ), બજ્જી (વજ્જી), મોલી (મલ્લા), કાસી, કોસલ, અવહ, સંભૂતર (P. H. A. I. Ray Chawdhari p 60)

૪ મહાભારતઃ કૌરવા, પાંચાલ, સાલવ, મત્સ્ય, નૈમિષા, ચંદી, સૂરસેના, મગધ, કોસલ, અંગ, ગંધાર, મદ્રાક.

૫ જાતકકથા પુસ્તક ૩ પૃ. ૪૬૩.

નામોની જોડે સુરટ્ઠા—સૌરાષ્ટ્ર-નો પણ ઉલ્લેખ છે. એ સમયે લાટ અથવા આનર્ત દેશનું નામ પ્રચલિત હતું કે કેમ, તે એ સાહિત્યમાંથી નથી જડતું.

બુદ્ધ ભગવાનના ધર્મોપદેશનું કેન્દ્ર મજ્જહીમ દેશ-મધ્ય ભારત હતું. તેઓ ભિખુઓના સંઘની જોડે મધ્યદેશનાં નગરો અને ગ્રામોમાં ઉપદેશ અર્થે વિહાર કરતા. એક વખતની વેદધર્મી પ્રજાએ એકતાનો મહામંત્ર સાધનાર મહાત્મા બુદ્ધના ઉપદેશે આમ સમાજમાં પરિવર્તન કર્યું. મહાવગ્ગમાં મધ્યદેશની સીમા(મજ્જહીમ દેશ) આ પ્રમાણે મળે છે. પૂર્વમાં કજંગલ નામનું નિગમ (કસ્બો), એની ઉપર મહાશલ (જંગલ), પૂર્વ દક્ષિણમાં સલલવતી નામની નદી (પ્રાચીન સરસ્વતી નદી-શીલ નદી), દક્ષિણમાં સેતકણ્ણિક નામનું નિગમ, પશ્ચિમ દિશામાં થૂણ નામનું બ્રાહ્મણોનું ગામ, ઉત્તરમાં ઉસીરધ્વજ નામનો પર્વત. આ મધ્ય દેશના સીમાડા સિવાય બુદ્ધ ભગવાને વિહાર કર્યો જણાતો નથી.[૬]

બ્રાહ્મણસાહિત્યમાં આર્ય સંસ્કૃતિ જનતાના ઇતિહાસનું કેન્દ્ર હતું પવિત્ર બ્રહ્માવર્ત[૭]—' સરસ્વતી અને દશદ્વતીનો મધ્ય પ્રદેશ. એ પછી આર્ય મહાજનોનો નિવાસ વધ્યો બ્રહ્મઋષિ દેશમાં. આ દેશની સીમામાં કુરૂક્ષેત્ર, મત્સ્ય, પાંચાલ અને સૂરસેન. ક્રમે ક્રમે આર્યોની પ્રાંતિક અસ્મિતા વધી અને તે ક્ષેત્ર, તે મધ્ય ભારત. એની સીમામાં ઉત્તરે હિમાલય, દક્ષિણમાં વિન્ધ્યા, પૂર્વમાં પ્રયાગ અને પશ્ચિમમાં વિતસ્વ—જ્યાં પવિત્ર સરસ્વતી અદશ્ય થઈ છે તે પ્રદેશ. એ પછી આર્યોનાં કદમ વધ્યાં અને તે દેશ તે આર્યાવર્ત. આર્યવર્તની સીમા પૂર્વમાં અદ્રસા, પશ્ચિમે કાલયવન[૮], જ્યાં કાળા મૃગો ચરતા હતા તે પવિત્ર આર્યોનો દેશ. દક્ષિણે હિમાલય અને ઉત્તરે પર્યાયત. મનુ મહારાજ પ્રમાણે એ દેશ છોડીને જે પ્રદેશ તે મલેચ્છોનો દેશ કહેવાતો.

બ્રાહ્મણ સાહિત્ય અને બૌદ્ધ સાહિત્યની ગૂંથણી કરતાં મધ્યભારતની સીમામાં બૌદ્ધ સાહિત્યમાં મગધ, બનારસ અને બૌદ્ધ ગયાનો સમાવેશ થતો હતો, એમ ખબર પડે છે. અવન્તી—ઉજ્જન—થી નાસિક સુધીનો પ્રદેશ એ કાલે દક્ષિણાપથ—દક્ષિણ દેશ કહેવાતો. ઉજ્જયિનીમાં બુદ્ધ ભગવાનનો સમકાલીન ચણ્ડ પ્રદ્યોત શાસન કરતો હતો. બુદ્ધદેવ પ્રદ્યોતના રાજ્યમાં કદિ પણ ગયા ન હતા. પરન્તુ તેમનો મુખ્યભિખુ મહાકાત્યાન તે રાજાના પુરોહિતનો પુત્ર હતો. એ ભિક્ષુગ સહચારથી બૌદ્ધ ધર્મનો પ્રચાર થયેલો. આ હકીકતથી ફલે છે કે ભગવાન બુદ્ધ દેવના જીવનકાળમાં વર્તમાન ગુજરાત કે સૌરાષ્ટ્રમાં બૌદ્ધ ધર્મનો

---

૬ વર્તમાન કંક જોલ જીલ્લા સંથાલ પરગણા બિહાર: **સલલવતી**-સરસ્વતી જીલ્લા હજારી બાગ અને વીરભૂમિ. **સેતકણ્ણિક**-હજારી બાગમાં કોઇ સ્થાન (વિનયપિટક હિંદી અનુવાદમાંથી.) **થૂણ-થાણેશ્વર.** ઉસીરગિરી પર્વત હરિદ્વાર સમીપ. (I. A 1905 p 179).

૭ ब्रह्मावर्तपरो देश ऋषिदेशस्त्वनतरः ।
मध्यदेशस्ततो न्यूनः आर्यावर्तस्ततः परः ॥ સુમન્તુ.

સંસ્કૃત સાહિત્યમાં આર્યાવર્ત અને આર્યસંસ્કૃતિ એક જ અર્થમાં વાપરવામાં આવે છે.

૮ कृष्णसारस्तु चरति मृगो यत्र स्वभावतः ।
स ज्ञेयो यज्ञियो देशः म्लेच्छदेशस्ततः परः ॥ મનુસ્મૃતિ.

આર્યાવર્તમાં કાળામૃગો ઉપરાંત કુશ ગ્રાસ જ્યાં ઉગતું તે, યજ્ઞિયદેશ, ધર્મદેશ અને ચાર આશ્રમના પોતપોતાના કર્મનિયમ પાળતા રહેતા એવું વર્ણન વિષ્ણુપુરાણ, આદિપુરાણ વગેરેમાં ઉલ્લેખ મળે છે.

પ્રચાર થયો ન હતો. મૌર્ય સમ્રાટ્ અશોકવર્ધનના રાજ્યકાળમાં(ઈ. સ. પૂર્વે ૨૬૬) ધર્મનું નવજીવન હિન્દના એક ખૂણેથી બીજે ખૂણે ફેલાયું.

નૈમિષારણ્યમાં ઋષિમુનિઓએ રચેલાં વેદશાસ્ત્રોની પુર્નઘટના થઇ, એમ ઇતિહાસ કહે છે. એવી જ રીતે બૌદ્ધધર્મનાં શાસ્ત્રોએ મૌર્ય સમ્રાટ્ અશોકના શાસનકાળમાં વ્યવસ્થિત ઓજસ્ જોયું. બુદ્ધ ભગવાનના નિર્વાણ પછી એમણે ઉપદેશેલો ધર્મોપદેશ નિયમિત સાચવવા અને ભિક્ષુઓના પ્રચાર અર્થે ૭ સંગતિ–સભાઓ મળ્યાની હકીકત મળે છે. પ્રથમ સંગતિ અજાતશત્રુના સમયમાં રાજગૃહમાં ભગવાનના નિર્વાણ પછી ટૂંક સમયે, બીજી સંગતિ શિશુનાગ વંશના કાલ અશોકના સમયમાં વૈશાલીમાં, (ઇ. સ. પૂર્વે ૩૮૨–૮૩), અને ત્રીજી અશોકવર્ધનના નેતૃત્વ તળે પાટલિપુત્રમાં મળી હતી (ઇ. સ. પૂર્વે ૨૪૭). આ સંગતિનો અધ્યક્ષ બૌદ્ધધર્મનો મહા વિદ્વાન અર્હત થેરા મોગ્ગલીભુત તીસા હતો. આ ત્રીજી સંગતિનો કાર્યક્રમ પૂર્ણ થયા પછી સમ્રાટ્ અશોકે પોતાના પુત્ર મહેન્દ્ર અને પુત્રી સંઘમીતાને લંકાદ્વીપમાં ધર્મપ્રચાર કરવા મોકલ્યાં હતાં. (ઇ. સ. પૂર્વે ૨૩૬). આ કાર્યનો પ્રેરણાત્મક હતો મોગ્ગલીપુત તીસા થેરા. એણે ભારતવર્ષમાં કાસ્મીર, ગંધાર, મહીશમંડળ(ઉજ્જન)-નું રાજનગર, વાનવંશી, મહારથ્થ (મહારાષ્ટ્ર) વિગેરે સ્થળે વિદ્વાન ભિખુઓને બૌદ્ધધર્મના પ્રચાર અર્થે મોકલ્યા હતા. **અપરાન્તમાં** (ભારતવર્ષનો પશ્ચિમ પ્રદેશ-જેમાં ગુજરાતનો સમાવેશ થતો) થેરા યોન ધમ્મર્ખીતાને ઉપદેશ કરવા મોકલ્યો હતો. ઇસુની પૂર્વેના પહેલા સૈકા સુધી આ ધર્મશાસ્ત્રો કંઠસ્થ રહ્યાં. સિંહલ દેશના વટગામનીના રાજ્યકાળસમયે બૌદ્ધ ધર્મના ગ્રંથો (પાલી ભાષામાં) લેખબદ્ધ થયા (ઇ. સ. પૂર્વે ૮૬–૭૬).

ત્રિપિટક

એ બૌદ્ધધર્મનો આદિ ગ્રંથ ત્રિપિટક (Three baskets) એ એક ગ્રંથનું નામ નથી, પણ સુત્ત પિટક, વિનય પિટક, અને અભિધમ્મ પિટક એવા ત્રણ મુખ્ય વિભાગ છે. પાછા એ ગ્રંથોના પણ વિભાગ છે. ગૌતમ બુદ્ધ ભિક્ષુઓને અને આમવર્ગને શુદ્ધ માગધી ભાષામાં ઉપદેશ આપતા. વર્તમાનમાં વિદ્વાનો એને પાલી ભાષા કહે છે. ખરી રીતે પાલી, એ ભાષા નથી. વિનય પિટકમાં[૯] મધ્યભારતની હકીકત છે. દીઘનિકાયના મહાગોવિન્દ સુતનતમાં હિન્દની પ્રાચીન ભૂગોળ અને ઇતિહાસનું દર્શન થાય છે. આ ત્રિપિટક ગ્રંથોના સહકારમાં ઐતિહાસિક દૃષ્ટિએ જાતક કથામાં પ્રાચીન દેશોની હકીકત મળે છે.

(૯) **મહાબોધ સભા**–સારનાથ (બનારસ) તરફ વિનય-પિટકનો હિંદી અનુવાદ બહાર પડયો છે. મૂળનો અનુવાદક રાહુલ સાંકૃત્યાયન છે. આ ગ્રંથની ભૂમિકામાંના 'પાઠ-પરિવર્તન'માં આ પ્રમાણે લખ્યું છે: "બુદ્ધનિર્વાણ(ઇ. સ. પૂર્વે ૪૮૩)થી સિંહલના વટ્ટગામની રાજાના (ઈ. સ. પૂર્વે ૮૮–૭૬: કેટલાક પ્રમાણે ઇ. સ. પૂર્વે ૨૧–૯) સમય સુધી સ્થવીવાદિયોએ ત્રિપિટક બરાબર કંઠસ્થ રાખ્યાં. વટ્ટગામનીના સમયમાં લંકામાં ત્રિપિટક લેખબદ્ધ થયાં. ચારસો વર્ષથી વધારે કંઠસ્થ રહેવાથી મૂળ ત્રિપિટકની મૂળ ભાષા માગધી હતી. તેનાં ઉચ્ચારણ વગળ–સગળ થવાથી મહારાષ્ટ્રી જેવાં થઈ ગયાં. વસ્તુતઃ એ સ્વાભાવિક રીતે બનવાજોગ છે. **ગુજરાત**(લાટ)ના પ્રવાસીઓ સિંહલ-માં જનારા પ્રથમ હતા. પુરાણી મહારાષ્ટ્રિય ભાષામાં 'શ' શબ્દનો બિલકુલ ઉપયોગ થતો ન હોતો. અને 'ર' ને 'લ'માં બદલી નાંખવાનો રિવાજ હતો. એની વિરૂદ્ધ 'સ'ની જગ્યાએ 'શ' તથા 'ર'ના સ્થાનપર 'લ' (જેમકે—રાજાના લાજા) માગધી ભાષામાં કહેવાનું વિશેષ લક્ષણ હતું. મૌર્ય મહેન્દ્રનું આગમન લંકામાં ઇ. સ. પૂર્વે ૨૪૭માં થયું. એ પછી સો દોઢસો વર્ષ સુધી ત્રિપિટક કંઠસ્થ રહ્યાં. સિંહલમાં એ પૂર્વે આગમન થયેલા ગુજરાતી પ્રવાસીઓના સંસર્ગે પૂર્વની ભાષામાં પલટો થયો. આ લોક ઉચ્ચારણો માગધી ભાષાથી બિલકુલ ઉલટાં હતાં. આ કારણને લઇને જે પાલીબોધ (પરિબોધ) આદિ

જાતક કથા

ગૌતમ બુદ્ધના પૂર્વ જન્માન્તરની કથાઓ આ જાતક કથા નામના ગ્રંથોમાં છે. આ લોકકથાઓ રસદાયક અને બોધદાયક હોવાથી બુદ્ધદેવે પ્રસંગોપાત્ત પોતાના શિષ્યસમૂહ આગળ કહેલી, એમ બૌદ્ધ ધર્મીઓનું માનવું છે. આમાંની કેટલીક કથાઓ અતિ પ્રાચીન છે. મીસીસ રાઇસ ડેવીડસ્, જણાવે છે કે:—"આ જાતક કથામાં જે મહાન વિભૂતિ આપણી સમક્ષ રજુ થાય છે એવી વિભૂતિ દુનિયાના કોઇ પણ સાહિત્યમાં મળવી દુર્લભ છે. આમાંની કેટલીક કથાઓ શાકય મુનિએ આ દુનિયામાં અવતાર લીધો તે પૂર્વેની છે. અલ્હાબાદની દક્ષિણે બહરૂત સ્તૂપમાં જાતક કથામાંનાં દશ્યો શિલ્પ કરેલાં મળ્યાં છે. એમાંનાં કેટલાંક દશ્યો ઇસવી સન પૂર્વેના ત્રીજા સૈકાનાં હોવાનું મનાય છે."[૧૦] આ હકીકતથી ખબર પડે છે કે જાતક કથાનું સ્થાન પણ પ્રાચીન છે.

મિલિન્દપનાહો

આ શાસ્ત્રીય ગ્રંથો અને જાતક કથાની હરોલમાં 'મિલિન્દ પનાહો'[૧૧] પાલી ભાષામાં લખાયેલા સિલોન દેશના રાજાઓના તવારીખ ગ્રંથો નામે દીપવંશ અને મહાવંશ[૧૨] આવે છે. ઇસુના પાંચમા સૈકામાં બુદ્ધઘોષે પ્રાચીન બૌદ્ધધર્મના[૧૩] ગ્રંથો ઉપર ટીકા લખી છે. એમાં પણ આપણા દેશની ભૌગોલિક અને ઐતિહાસિક તવારીખો ઉપર સુંદર પ્રકાશ પડે છે.

ઉપર જણાવેલા બૌદ્ધ સાહિત્યની રૂપરેખામાંથી ગુજરાતનાં નગરોની હકીકત આપવા

કેટલાક શબ્દોનો છોળ જેમાં માગધી વ્યાકરણાનુસાર 'ર'ના સ્થાન પર 'લ' શબ્દ કાયમ રહ્યો. એથી શુદ્ધ માગધી ભાષાની વિશેષતા લુપ્ત થઇ ગઇ. અને એ પ્રકારથી વર્તમાન પાલી ત્રિપિટક ન હોઈ ને પ્રાચીન ગુજરાતી ભાષાના ત્રિપિટક છે." [હિન્દી અનુવાદ પૃ. ૬–૭] આ પ્રશ્ન ભાષાવિશારદોનો છે. રાહુલ સાંસ્કૃત્યાયન લખે છે તેમ હોય તો ગુજરાતી ભાષા બોલતી પ્રજાનું ગૌરવ વિશેષ કહેવાય.

(૧૦) Stories of Buddha by Mrs. Rhys Dawied's Introduction. P. XVI–XVII.

૧૧ **મિલિન્દપનાહ**–એ ઉત્તરાપથ–ઉત્તર દેશના કોઇક નગરમાં સંસ્કૃત અથવા પ્રાકૃતમાં લખાયેલો ગ્રન્થ છે. આમાં મિલિન્દ અને ભિક્ષુ નાગસેન વચ્ચે થયેલો સંવાદ છે. લેખકનું નામ અને મૂળ પુસ્તક ઇતિહાસના અંધકારમાં છે. ડૉ. બીમલા ચરણ લૉ, રાઈસ ડેવીડસ, એ મૂળ ગ્રંથનો સમય ઇશુની પહેલી બીજી શતાબ્દી આંકે છે. લંકામાં મૂળ ગ્રંથમાંથી પાલીમાં લખાયાની ખબર પડે છે. Milinda Panha Vol 1 Introduction S. B. E.

૧૨ **દીપવંશ:** લંકા દેશના રાજાઓની તવારીખનો આદિગ્રંથ મનાય છે. લેખકનું નામ અંધકારમાં છે. બુદ્ધઘોષના સમયમાં સપ્રમાણ ગ્રંથ કહેવાતો. એણે એ ગ્રંથમાંથી ઘણા અવતરણ લીધાં છે. ડૉ. બી. ચ. લૉ. સિલોન દેશના ઈતિહાસનો રત્નગ્રંથ માને છે. History of Pali Literature p. 540 Vol II. **મહાવંશ:** ઈશુની છઠ્ઠી શતાબ્દીમાં મહાનામના ભિક્ષુએ આ ગ્રંથ લખ્યાનું મનાય છે. દીપવંશની પુનર્ઘટના આ ગ્રંથમાં છે. ઐતિહાસિક દષ્ટિએ દીપવંશ અને મહાવંશ અગત્યના ગ્રંથો કહેવાય છે.

(૧૩) **બુદ્ધઘોષ:** સિલોનના મહાવિહારના બુદ્ધદત્ત અને કાંચીપુરી(કાંજીવરામ)ના ધમ્મપાલ બુદ્ધ–ઘોષના સમકાલીન મહાપુરૂષો હતા. બુદ્ધઘોષ દક્ષિણ દેશનો નિવાસી હતો. વેદશાસ્ત્રોનું અધ્યયન કર્યા પછી એણે બૌદ્ધધર્મ સ્વીકારેલો. સિલોનના રાજા મહાનામના આમંત્રણે તેઓ ત્યાં ગયેલા. બૌદ્ધ ધર્મના મૂળ ધર્મગ્રંથો ઉપર એમણે ટીકા લખી પાલી સાહિત્યની ખરેખરી સેવા બજાવેલી છે. પાલી સાહિત્યમાં બુદ્ધઘોષ, બુદ્ધદત્ત અને ધમ્મપાલ, આ ત્રણે વ્યક્તિના ગ્રંથો વિશિષ્ટ પદવી પામ્યા છે. એમનો કાળ ઇ. સ. ૪૩૦ની આસપાસ મનાય છે. History of Buddhism in Cylon by Dr. W. A. De Silva p. 91–3 and Life of Buddhghosa by Dr. B. C. Law.

પ્રયાસ કર્યો છે. એની પૂર્તિમાં બ્રાહ્મણકાળના સંસ્કૃત સાહિત્ય, શિલાલેખો અને સ્થાપત્યો, ગ્રીક લેખકોની ભૂગોળ અને ચીની યાત્રાળુના પ્રવાસગ્રંથોનો પણ સહકાર મેળવ્યો છે.

એ કાલે વર્તમાન ગુજરાતનું નામ ઇતિહાસપટ ઉપર અલિપ્ત હતું. સિન્ધુ દેશથી થાણા સુધીનો પ્રદેશ અપરાન્ત કહેવાતો. બૌદ્ધ સાહિત્યમાં ઉજ્જનથી નાસિક સુધીના પ્રદેશને દક્ષિણાપથ—દક્ષિણ દેશ—કહ્યો છે. ઉજ્જનનું મુખ્ય નગર મહીષમંડળનું નામ એ સાહિત્યમાં મળે છે.[૧૪] અપરાન્ત પછી લાલરથ્થ (લાટ ?), સુરઠ(સૌરાષ્ટ્ર), ભરૂકચ્છ (ભરૂચ); સિન્ધુ પ્રદેશનાં પ્રાચીન નગરો સોવીર અને રોરૂક; એ પછી સૂપારક (વર્તમાન સોપારા), ચીટૂલા, મહારથ્થ (મહારાષ્ટ્ર) અને નાસિક-એ નામોની નામાવલિ મળે છે. એ સાહિત્યમાં નથી આનર્ત કે અનૂપ દેશનું નામ, કે નથી લાટ પ્રદેશનું નામ. ડૉ. બીમલાચરણ લૉ લાલરથ્થ તે લાટ દેશ હોવાનું માને છે, પણ એમાં કૈંક શંકાને સ્થાન રહે છે. ઇસવી સન પૂર્વેના ચોથા સૈકાથી ઇશુના બીજા ત્રીજા સૈકા સુધી બૌદ્ધ સાહિત્યમાં ગુજરાતનાં પ્રાચીન નગરોમાં અપરાન્ત, સૌરાષ્ટ્ર અને ભરૂચ સિવાય બીજાં નગરોનાં નામ મળતાં નથી.

પશ્ચિમ ભારતવર્ષના જનપદ નીગમપૂર અને ગ્રામ

અપરાન્ત

હિન્દના પશ્ચિમ સાગરકાંઠાનો પ્રદેશ. સર રામકૃષ્ણ ભાંડારકર ઉત્તર કોકણ એ અપરાન્ત દેશ અને તેનું પાટનગર સૂપારક—વર્તમાન સોપારા હોવાનું જણાવે છે. પંડિત ભગવાનલાલ ઇન્દ્રજી ભારતવર્ષનો પશ્ચિમ સમુદ્રકાંઠાનો પ્રદેશ અપરાન્ત અથવા અપરાન્તિકા કહે છે. બ્રાહ્મણ સાહિત્યમાંના કાવ્યમીમાંસામાં દેવસભાનો પશ્ચિમ વિભાગ—પશ્ચાત્ દેશ—પશ્ચિમ દેશ કહેવાતો એમ લખ્યું છે. देवसभायाः परतः पश्चाद्देशः । तत्र देवसम—सुराष्ट्र-दशेरक-त्रवण-भृगुकच्छ-कच्छीय-आनर्त-अर्बुद-ब्राह्मणवाह-यवन-प्रभृतयो-जनपदः ॥ (કાવ્યમીમાંસા પૃ ૯૩). ચીની યાત્રાળુ હ્યુન સંગ પોતાના પ્રવાસગ્રન્થમાં આ સ્થળ વિષે ચોક્કસ માહિતી આપે છે. એના વર્ણન પ્રમાણે પશ્ચિમ પ્રદેશમાં સિન્ધુ(સિન્ધ), પશ્ચિમ રજપૂતાના, કચ્છ, ગુજરાત અને નર્મદા નદીનો કેટલોક નીચાણનો પ્રદેશ: એટલે સિન્ધથી સોપારા સુધીનો પ્રદેશ અપરાન્ત કહેવાતો.[૧૫]

દીપવંશ (પૃ. ૫૪) અને મહાવંશ(પ્રકરણ ૧૨)માં અપરાન્ત દેશનું નામ મળે છે. મૌર્ય રાજા અશોકના રાજકાળમાં ત્રીજી સંગતિસભા મળ્યા પછી થેરા મોગ્ગલીપુત તીસ્સાએ હિંદુસ્તાનના જૂદા જૂદા વિભાગમાં વિદ્વાન્ બૌદ્ધ ભિક્ષુઓને બૌદ્ધ ધર્મના પ્રચાર અર્થે મોકલ્યા હતા. અપરાન્તમાં થેરા યાન ધમ્મખીતાને મોકલ્યો હતો.[૧૬]

મૌર્ય સમ્રાટ્ અશોકના કાલસી, ગિરનાર, ધૌલી, વિગેરે અનુશાસનમાંના લેખમાં બીજા

---

(૧૪) કેટલાક વિદ્વાનોએ મહીષમંડળને મૈસુર કહ્યું છે, એ વ્યાજબી નથી. મહીષમંડળ નર્મદા તીરે પ્રદેશ હતો. એનું પાટનગર માહિષ્મતી હતું. અર્જુન કાર્તવીર્યની માહિષ્મતીથી મહાભારત અને બૌદ્ધ સાહિત્યની માહિષ્મતી જૂદી હતી. Buddhism of Manimekhalai By Rao Bahadur Dr. S. Krishnaswami Ayengar p. 5 Buddhistic Studies.

(૧૫) વિશેષ માટે જુઓ લેખકનો લેખ ભૃગુકચ્છ=ભરૂચના ગુર્જર રાજાઓ, 'પ્રસ્થાન' માગશર ૧૯૯૨ પૃ. ૧૫૭-૫૮. "બુદ્ધિપ્રકાશ" ઓકટોબરથી ડીસેમ્બર ૧૯૩૩ અં. ૪ પૃ. ૩૧૯.

(૧૬) History of Buddhism in Ceylon p. 461 Buddhistic Studies. Saddhananda Edited by Nedimale: થૂપ વંશ J. R. As 1898. Vol II p. 562.

દેશોનાં નામની જોડે અપરાન્ત (પશ્ચિમ સીમાપ્રાંતપર રહેવાવાળા) દેશનું નામ મળે છે. (RE. V).

શાસન વંશમાં બરમા દેશ અને સંઘની હકીકત છે. એમાં 'અપરાન્તરથ્થ'નો ઉલ્લેખ છે. ઇરાવદીનો પશ્ચિમ પ્રદેશ સૂતપરાન્ત કહેવાતો, એમ ખબર પડે છે.[૧૭]

અપરાન્ત–પશ્ચિમ સાગરકાંઠાના પ્રદેશ–માં સુરઠ-(સૌરાષ્ટ્ર), લાલરથ્થ (લાટ) ભરૂકચ્છ (ભરૂચ) અને સૂપારક(સોપારા)નો સમાવેશ થતો હતો.

લાલરથ્થ

દીપવંશ (પૃ. ૫૪) અને મહાવંશ(પૃ. ૬૦)માં આ દેશનું નામ મળે છે. એનું પાટનગર સિંહપુર હતું, અને સિંહવાહ નામનો રાજા રાજ્ય કરતો હતો, એવો ઉલ્લેખ મળે છે.

ચેતી જાતકમાં એવી કથા મળે છે કે:—ચેતી રાજાને ઋષિએ શ્રાપ આપ્યો હતો. તેથી તે દોષિત થયો હતો. ચેતી રાજાને પાંચ રાજપુત્રો હતા. તેઓ વિદ્વાન બ્રાહ્મણ પાસે ગયા. બ્રાહ્મણોએ દોષિત નગર છોડી જવા જણાવ્યું. ત્રીજા પુત્રને કહ્યું કે પશ્ચિમ દિશા તરફ જઈ જ્યાં શરીરે ચટાપટાવાવો સિંહ મળે ત્યાં મુકામ કરી નગર સ્થાપજે. એ ઉપરથી સિંહપુર નામ પડયું, એમ આ કથામાં છે.[૧૮]

ડૉ. બીમલા ચરણ લૉ ગુજરાતનું જૂનું નામ લાટ—એ લાલરથ્થ હોવાનું જણાવે છે.[૧૯] સિંહપુરનો સ્થળનિર્દેશ કયાં તે તેઓએ જણાવ્યું નથી.

સમ્રાટ્ અશોકના ગિરનારના લેખમાં યોન, કમ્બોજ, ગન્ધાર, રિસ્ટિક (રાષ્ટ્રિક—રાષ્ટ્ર) પેતેણિ અને અપરાન્ત નામોનો ઉલ્લેખ છે. વિદ્વાનો રિસ્ટિક—તે રાષ્ટ્રિક—રાષ્ટ્રનો લાટ ઉચ્ચારણ થયાનું જણાવે છે.[૨૦] લાટ દેશની સીમા અનિશ્ચિત રહેલી છે. મહી નદી અને તાપી નદીનો મધ્ય પ્રદેશ લાટ કહેવાતો. કેટલાક તામ્રલેખોમાં (રાષ્ટ્રકૂટ રાજાઓના) ખંભાતથી દમણ સુધીના પ્રદેશને લાટ દેશ કહ્યો છે. ટોલેમીમાં લાટ દેશના નામસૂચક લાટીક શબ્દ મળે છે; ઈ. સ. ૧૫૦. જૈન સાહિત્યમાં લાટ નામ મળે છે.[૨૧]

સુરઠ્ઠ[૨૨]–સૌરાષ્ટ્ર – કાઠિયાવાડ

બૌદ્ધ સાહિત્યનાં તેમ જ બ્રાહ્મણસાહિત્યમાં સૌરાષ્ટ્ર દેશની હકીકત મળે છે. મહાભારત અને પુરાણમાં એ યાદવોનું નિવાસસ્થાન હોવાનો ઉલ્લેખ છે. ભારતવર્ષના પ્રાચીન નગરોની નામાવલીમાં સૌરાષ્ટ્ર દેશનું સ્થાન છે. સૌરાષ્ટ્ર દેશમાં જવાને પ્રાચીન કાળમાં જમીનમાર્ગે જવાનો વહેવાર ઓછો હતો. ગુપ્ત રાજા ચંદ્રગુપ્ત સૌરાષ્ટ્ર[૨૩] જિતવા ભરૂચ આવી જળમાર્ગે સૌરાષ્ટ્ર ગયેલો. મૌર્ય ચંદ્રગુપ્ત(અશોકનો પિતા)નું શાસન સૌરાષ્ટ્રમાં હતું. એના સમયમાં સુદર્શન તળાવ બંધાયાની હકીકત રૂદ્રદાનના

(૧૭) શાસન વંશ પૃ. ૧૧. History of Pali Literature p. 580--592.

(૧૮) ચેતીજાતક નં. ૪૨૨ પુ. ૩ પૃ. ૨૭૫. કોવેલનું પુસ્તક.

(૧૯) Geograpay of Early Buddhism Ch. II p. 56–59

(૨૦) ગુજરાતના ઐતિહાસિક લેખો, પુ. ૧, પૃ. ૫. શ્રી ફાર્બસ ગુજરાતી સભા ગ્રંથાવલિ નં. ૧૫

(૨૧) લાટદેશ વાસ્તે સવિસ્તર જુઓ 'પ્રસ્થાન' માગશર ૧૯૯૧ પૃ. ૧૫૯.

(૨૨) બૌદ્ધધર્મના વિદ્વાન પંડિતો રાઈસ ડેવીડસ, પ્રો. ઓલડનબર્ગ. ડૉ. બી. સી. લૉ. આ 'સુરઠ્ઠ' તે સુરત હોવાનું જણાવે છે. એ કાલે સુરત દેશનું નામનિશાન પણ નહોતું. એ સૌરાષ્ટ્રસૂચક છે.

(૨૩) ભારત કે પ્રાચીન રાજવંશ વિશ્વેશ્વર રેઉ કૃત. પુ. ૨. ગુપ્ત રાજા ચન્દ્રગુપ્તમાંથી.

ગિરનારના લેખથી ખબર પડે છે. એના પુત્ર અશોકદેવનાં ધર્મશાસનો ગિરનારના શ્રૃંગ ઉપર અત્યારે પણ બૌદ્ધ ધર્મની અખંડ તેજસ્વી ધાર્મિક ભાવનાઓ સૂચવતો પાષાણુ અસ્તિત્વ ધરાવે છે.

મિલિન્દ પનાહમાં સુરઠ્ઠો નિગમ (કસ્બો) સાગરકાંઠે હોવાનો ઉલ્લેખ છે.[૨૪]

ઇન્દ્રિય જાતકમાં [૨૫] આ પ્રમાણે કથા છેઃ બનારસમાં રાજા બ્રહ્મદત્ત શાસન કરતો હતો. તેના મુખ્ય પુરોહિતની બ્રાહ્મણપત્નીને પેટે બોધિસત્વે જન્મ લીધો હતો. પુત્રનું નામ જોતપાળ હતું. તક્ષશિલામાં બધા ધર્મોનો અભ્યાસ કરી, તેઓ પારંગત થયા. પિતાની જગ્યા પુત્રે સંભાળી લીધી. ત્યાગ આવવાથી તેઓ નગર છોડી, મહાવનમાં જઈ, તપસ્વી થઇ રહ્યા, અને કવિથ્થક આશ્રમનો આશરો લીધો. આ આશ્રમમાં સાત મુખ્ય ઋષિઓ હતા. કાળક્રમે તેઓ છૂટા થયા. તેમાંના સલીસ્સર ઋષિ સુરઠ્ઠ સત્તોદ્દિક નદીને તીરે આશ્રમ બાંધી રહ્યા.

રૂદ્રદાનના ગિરનારના લેખમાં [૨૬]ઉર્જયન્ત પર્વતનાં નીર સુવર્ણસિકતા અને પલાસીની માં આવતાં, એવો ઉલ્લેખ છે. ઉપરના ઇન્દ્રિય જાતકમાં સત્તોદ્દિક નદી જણાવી છે, તે સુવર્ણસિકતા હોવી જોઇએ. સુરઠ્ઠ—તે સારાષ્ટ્ર.

સારભંગ જાતકમાં(જા. પુ. ૫. પૃ. ૧૩૩,) સુરઠ્ઠ દેશનો ઉલ્લેખ છે. ચૂલવગ્ગના નિદ્દેશ ગ્રંથમાં [૨૭]કેટલાક ભૌગોલિક નામોની નામાવલી મળે છે, તેમાં સોપારા, ભરૂચ, અને સુરઠ્ઠનાં નામ પણ છે.

પેરીપ્લસ ટાલેમીમાં સીરાસ્ટ્રેન-સૌરાષ્ટ્ર દેશની હકીકત છે. પેરીપ્લસ ગ્રંથમાં આ સ્થળપ્રદેશના લોકો કાળા અને ભવ્ય કદાવર શરીરના હતા, એવો ઉલ્લેખ છે. પ્રસિદ્ધ બૌદ્ધ ચીની યાત્રાળુ હ્યુનસંગ સૂ-લ-ચા-સુરઠ અને યૂહ-સન-ટા ઉજ્જયન્ત-પર્વતનો ઉલ્લેખ એના સી-યૂ-કી નામના ગ્રંથમાં કરે છે. ; ઇ. સ. ૬૪૦.

ભરૂકચ્છ-ભરૂચ

ભારતવર્ષમાં કેટલાક પ્રાચીન નગરોની નામાવલિ મળે છે. તેમાં ભૃગુકચ્છ-બૌદ્ધ જૈન ભરૂકચ્છ-ભરૂયચ્છ વર્તમાન ભરૂચનું નામ મળે છે. ભરૂચની સ્થાપના ક્યારે થઈ. એ હકીકત દીવ્યાવાદનમાં આ પ્રમાણે મળે છેઃ

' સૌવીર(સિન્ધનો પ્રદેશ)દેશનું પાટનગર રોરૂક હતું. (રોરૂક વર્તમાન અલોર) એ પ્રદેશમાં રાજા રૂદ્રાયન સાશન કરતો હતો. મગધનો બિમ્બીસાર (ઇ. સ; પૂર્વે ૫૪૬થી ૪૯૬) અને રૂદ્રાયન સમકાલીન રાજા હતા. રાજગૃહ અને રોરૂક વચ્ચે વેપારી સંબંધ પણ હતો. રૂદ્રાયને બૌદ્ધ ધર્મની દીક્ષા લઈ પોતાનું રાજપાટ પોતાના બે ડાહ્યા મંત્રી અને પુત્ર શીખંડીને સોંપ્યું. શીખંડી દુષ્ટ મંત્રીઓની સંગતિમાં પડવાથી ડાહ્યા મંત્રીની અવગણના કરવા લાગ્યો અને અનીતિને માર્ગે ચઢયો. એક દિવસે તે શહેર બહાર સઘળા લવાજમાં સાથે ફરવા નીકળ્યો. એણે રસ્તા ઉપર મહા વિદ્વાન મહાકાત્યાન ભિક્ષુને જોયો. દુષ્ટ

---

(૨૪) Milinda Panaha Vol. II p. 269.

(૨૫) જાતક નં. ૪૨૩. પુ. નં. ૩ પૃ. ૨૭૬-૭૭.

(૨૬) ત્યારે ઉર્જયત્ પર્વના સુવર્ણસિકતા, પલાશિની અને બીજાં નાળાંઓના અતિ ચઢેલા પુરથીઃ ગુજરાતના ઐતિહાસિક લેખો. રૂદ્રદામનના લેખમાંથી. પુ. ૧.

(૨૭) નિદ્દેશ (ચૂલવગ્ગ) પુ. ૧ પૃ. ૧૫૪-૫૫.

મંત્રીઓની સલાહથી રાજાને આ પવિત્ર ભિક્ષુ વિષે અનેક તર્કવિતર્ક કરી બદનામ કર્યો. રાજાએ ક્રોધિત થઈને ગામલોક પાસે એના ઉપર મૂઠી મૂઠી ધૂળ નાંખવા હુકમ કર્યો. આથી તે ભિક્ષુ દટાઈ ગયો. પેલા જૂના મંત્રીઓએ ભિક્ષુને બહાર કહાડયો. મહાકાત્યાયને તેઓને નગર છોડી જવા વિનંતી કરી. કારણ કે નગર ઉપર આફત આવશે, એમ ભવિષ્ય વાણી કરી. બન્ને મંત્રીઓ અને ભિક્ષુ કાત્યાયન નગર છોડી ચાલી નીકળ્યા. આખું નગર એ પછી ધૂળના વાવંટોળે દટાઈ ગયું. તેઓ એ પછી કેટલાક સમયે સલામત જગ્યાએ આવી પહોચ્યા. જે પ્રદેશમાં તેઓ જઈ રહ્યા ત્યાં તેમના નામથી ક્રમથી હારૂક અને **ભિરૂકચ્છ** નામનાં નગરો વસ્યાં.[૨૮]

પરંતુ રેવાખંડમાં નર્મદાપુરાણ આમ વદે છે: " નંદન સંવત્સરમાં માઘ શુદ પાંચમને દિવસે ઉતરા ભાદ્રપદ નક્ષત્રનો ચંદ્ર અને કુંભરાશીનો સૂર્ય હતો. તે દિવસ નર્મદાના ઉત્તર કિનારા ઉપર કૂર્મની પીઠ ઉપર, વિશ્વકર્માનું સ્મરણ કરીને મોટા આનંદથી ભૃગુ ઋષિએ મોટું નગર વસાવ્યું. કૂર્મની પીઠ ઉપર આ નગરની સ્થાપના કીધી છે. માટે એ ભૃગુ કચ્છ એવે નામે ઓળખાવા લાગ્યું. "

દીપવંશ અને મહાવંશમાં સિલોનમાં મનુરાજ્યવંશ સ્થાપનાર વિજયની હકીકત છે. લાલ—રાધા(ઉત્તર બંગાળ) અથવા વંગદેશના શિહપુરમાં સિંહબાહુ રાજા રાજ કરતો હતો. એના પુત્રનું નામ વિજય હતું. પિતા પુત્રને બન્યું નહીં. પુત્ર વિજયને દેશવટો મળ્યો. એની જોડે એની પત્ની અને રાણીવાસ પણ નગર છોડી નીકળ્યાં. વંગ દેશ છોડી તેઓએ નાગદ્વીપમાં[૨૯] આવી મુકામ કર્યો. ત્યાંથી તેઓ ભરૂ કચ્છ આવ્યાં. ભરૂકચ્છ—ભરૂચથી તેઓ સૂપારક—સોપારે આવી નૌકામાં બેસી સિલોન આવ્યાં. રાજપુત્ર વિજયનો સમય ઇ. સ. પૂર્વે ૫૪૩નો વિદ્વાનો માને છે.[૩૦]

આ હકીકતથી ફળે છે કે ઈશુની પૂર્વના છઠ્ઠા સૈકામાં ભરૂચ બંદર પશ્ચિમ સમુદ્રના કાંઠાનું મુખ્ય નગર હતું.

સૂપારક જાતક [૩૧]માં એવી કથા છે કે પ્રાચીન કાળમાં ભરૂ રાષ્ટ્રની ભિરૂ નામક રાજધાની હતી. એવા સાગરકાંઠાને(નર્મદા નદીના કિનારાના પ્રદેશને) ભીરૂકચ્છ કહેતા. (ભીંનાશવાળી જગ્યાને ભીરૂ અથવા ભરૂ કહેતા.) બોધિસત્વે એક કુશળ નાવિકને ત્યાં સુપ્પારક નામે જન્મ લીધો હતો. સોળ વરસની ઉમરે સૂપ્પારક નૌકાશાસ્ત્રની બધી વિદ્યામાં પારંગત થયા. દરમિયાન સફર કરતાં અકસ્માત નડવાથી તેઓ અંધ થયા. ભૃગુકચ્છ બંદરેથી સાતસો વેપારીઓ વેપાર અર્થે પરદેશ જતા હતા. તેઓએ પોતાના

---

(૨૮) દીવ્યાવાદન પૃ. ૫૪૪, ૫૮૬. બૌદ્ધ સાહિત્યનો રૂદ્રાયન અને જૈન સાહિત્યનો ઉદાયન વિષે જુઓ **પુરાતત્વ** પુ. ૩ પૃ. ૨૬૩–૨૮૮.

(૨૯) અરબી સમુદ્રમાં એક ટાપુ હતો. Early Geography of Buddhism. વખતે પેરીમ ટાપુ હોય એમ માનવાને કારણ મળે છે.

(૩૦) વિજયનું પેઢી નામું આ પ્રમાણે મળે છે: વિજય–પાનુવાસુદેવ(ભાઈનો પુત્ર)–અભય–પાનુકભય (ઈ. સ. પૂર્વે ૪૩૭)–મુટશિવ–દેવના પિયતિસ્સા ઈ. સ. પૂર્વે ૩૦૭: Hindu History by Mazumdar 1000 B. C. to 600 A, D. p. 499.

(૩૧) જાતકકથા નં. ૪૬૩ પૃ. ૮૬: વિશેષ માટે જુઓ "ગુજરાત" જુલાઇ ૧૯૩૨ પૃ. ૪૨૫.

વહાણુના મુખ્ય નાવિક તરીકે સૂપ્પારકને સાથે લીધા. તેઓએ કુરૂમલ આજીમાલ, દધીમાલ નિલવન કુશમાલ, વલભમુખ વિગેરે સાથે દરિયાની સફર કરી, અનેક સંકટો ભોગવી ભરૂચ પાછા આવ્યા. (આ સાગરોનાં વર્તમાન નામ મળતાં નથી.)

શુશોન્ડી જાતકમાં[૩૨] બનારસના રાજાના સંગીતશાસ્ત્રી સગ્ગએ રાજાની રાણી શોધવા ભરૂકચ્છ બંદરે આવી, નાગદ્વીપના ગરૂડને ત્યાં ગયાનો ઉલ્લેખ છે.

મિલિન્દ પનાહ[૩૩]માં શિલ્પશાસ્ત્રની દૃષ્ટિએ નગરરચના અને જનતાના નિવાસ વિષે મિલિન્દ રાજા અને નાગસેન વચ્ચેના સંવાદમાં જે નગરોની ગણત્રી કરાવે છે તેમાં ભરૂચનું નામ છે. સામન્ત પસદીકામાં[૩૪] ભરૂચના કુરજાની અને આયાતનિકાશ થતા માલની હકીકત આપી છે. અભિધમ્મ પિટકની અથ્થસલી ટીકામાં(બુદ્ધઘોષરચિત) અને ધમ્મપાલકૃત થેરા ગાથામાં ભરૂચ દેશનો ઉલ્લેખ છે.

ઇ. સ. ૮૦માં મજીપ્તના શાહ સોદાગર(જેનું નામ અત્યારસુધી અંધકાર સેવે છે) ' પેરીપ્લસ ઓફ ધી યુરેથ્રીયન સી ' (રાતો, ઇરાનનો અખાત અને હિન્દી મહાસાગર એ યુરેથ્રીયન સમુદ્ર) નામના ગ્રંથમાં ભરૂચ અને સૌરાષ્ટ્રની સપ્રમાણ હકીકત મળે છે.

ઈશુની પૂર્વના પહેલા સૈકામાં પોરસ રાજાના એલચી તરીકે શ્રમણાચાર્ય-બૌદ્ધસાધુ-ભરૂચથી મહાન રોમન સમ્રાટ્ ઓગસ્ટસના દરબારમાં ગયો હતો. (ઈ. સ. પૂર્વે ૪૦). ભરૂચના નિવાસી લોકુન્ડીયા અસ્સયાના બે પુત્રોએ-બુદ્ધમિત્ર અને બુદ્ધરખિતાએ-અમરાવતીમાં દાન કર્યાનો ઉલ્લેખ મળે છે.[૩૫] ઇશુના સાતમા સૈકામાં બૌદ્ધ સાધુ હ્યુન સંગ ભરૂચ આવ્યો હતો. એ આવ્યો ત્યારે ભરૂકચ્છમાં બૌદ્ધવાદીઓના દશ વિહાર હતા. એથી ફલે છે કે બૌદ્ધધર્મનું કેન્દ્ર ભરૂચ હતું. પશ્ચિમ ભારતનો વ્યાપારનો સાગર દરવાજો ભરૂકચ્છ હતું. પ્રાચીન કાળમાં ભરૂકચ્છ-ભરૂચ-નું ગૌરવ વ્યાપારે હતું. ઉપરના ઉલ્લેખથી ભરૂચ નગર ક્યારે સ્થપાયું એનો કાળ નિર્ણય કરવો અશક્ય છે. સિલોનના રાજા વિજયના કાળમાં ભરૂકચ્છ નગર હતું, એમ ખબર પડે છે.

આ સાહિત્યના સહકારમાં ગુજરાતના વિભાગ સૂચવતા ચાર શિલાલેખો મળે છે. ઇ. સ. પૂર્વે ૨૭૦. અશોકવર્ધનનો ગિરનારનો લેખ-ઇસવીસન પૂર્વેની પહેલી શતાબ્દી; આન્ધ્રનરેશ પુલુમાવીની દાદી ગૌતમીપુત્ર બાલાશ્રી અને મહાક્ષત્રપ નહપાનના જમાઇ ઉસવદત્તના નાસિક પાન્ડુ ગુફાલેખ; અને ઇ. સ. ઇશુના બીજા સૈકામાંનો ઇ. સ. ૧૫૦ મહાક્ષત્રપ રૂદ્રદામનો ગિરનાર લેખ. આ શિલાલેખોમાં ભારતવર્ષના એ કાળના પ્રદેશોની નામાવલિ મળે છે. અશોક દેવના લખમાં રાષ્ટ્રિક અને અપરાન્ત દેશના નામનું દર્શન થાય છે.[૩૬] આન્ધનરેશ પુલુમાવીની દાદી ગૌતમીબાલા શ્રી(ઇ. સ. પૂર્વે ૪૦ ?)ના લેખમાં અસિક, શુસક. મુલુક, **સુરઠ**, કૂકૂરા, **અપસન્ત**, **અનૂપ**, વિર્દભ, અકરાવન્તીઃ અકુરા અને અવન્તી;[૩૭] મહાક્ષત્રપ નહપાનના જમાઇ ઉસવદત્તના લેખમાં બનાસ નદી, **પ્રભાસ**,

(૩૨) જાતકકથા પુ. ૩ નં. ૩૬૦ પૃ. ૧૨૩-૨૫.

(૩૩) મિલિન્દ પનહા પુ. ૨. પૃ. ૨૧૨. S. B, E. XXXV:

(૩૩-૩૪) History of Pali Literature Vol. II p. 353. 405-06.

(૩૫) Ludders's No. 1169.

(૩૬) ગુજરાતના ઐતિહાસિક લેખો પૃ. ૫.

(૩૭) એપીગ્રાફીયા ઇન્ડીકા પુ. ૮.

ભરૂકચ્છ, દશપુર, ગોવર્ધન, શૂર્પાગ્ગા (સોપારા), ઇબ્બના; પાદરા, દમણ, **તાપી**, **કરબેણા**, **દહેણુકા**, નદીઓ—અને **નારગોલ** નાં નામ મળે છે.[૩૯] રૂદ્રદામનના ગિરનારના લેખમાં પૂર્વ-પશ્ચિમ અકરાવન્તી, **અનૂપદેશ**, **આનર્ત**, **સુરાષ્ટ્ર** શ્વભ્ર, મરૂ, કચ્છ, સિન્ધુ, સૌવીર કૂકુરા, **અપરાન્ત**, નિષાદ.[૪૦]

શિલાલેખ અને બૌદ્ધ ધર્મના સાહિત્યનાં નગરોની સરખામણી કરતાં (કેટલાંક ગ્રંથો એ કાળના અને તે પૂર્વે અને પછીના છે) ગુજરાતનાં પ્રાચીન પ્રસિદ્ધ નામોનું દિગદર્શન થતું નથી. વસ્તુતઃ એ કાળે દક્ષિણમાં બ્રાહ્મણધર્મના પ્રણેતા આન્ધ્ર રાજવંશીઓનો દોર દક્ષિણથી ઉત્તર સુધી પ્રબળ હતો. સૌરાષ્ટ્ર અને ભરૂચ સાગરના દરવાજા હતા. દુનિયાનાં સોદાગરી વહાણો આ બંદરે લાંગરતાં; બૌદ્ધ ધર્મનો કીર્તિધ્વજ આ નગરોમાં ફરકતો હતો. અશોક અને કુશાન રાજા કનિષ્કના શાસનકાળમાં તેઓનું પ્રાબલ્ય અને ગૌરવ જ્વલંત હતું. એથી મુખ્ય નગરોનો સમાવેશ બૌદ્ધ ભિક્ષુઓએ પોતાના ગ્રંથમાં કર્યો જણાય છે. આ બૌદ્ધ સાહિત્ય આપણા ગુજરાતની ભૌગોલિક અને ઐતિહાસિક સંપત્તિમાં ઉમેરો કરે છે.

---

(૩૯) એજન.

(૪૦) એજન અને ગુજરાતના ઐતિહાસિક લેખો પુ. ૧.

ગુજરાતની સાંસ્કૃતિક સ્થિતિ

(ઇ. સ. ૧૪૦૦ થી ૧૬૦૦)

શ્રી ફાર્બસ ગુજરાતી સભા તરફથી તા. ૧૨-૧-૩૬ ને રવિવારે સાંજના ૫ વાગ્યે શ્રી ફાર્બસ ગુજરાતી સભામંદિરમાં સભાના પ્રમુખ દિ. બા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીના પ્રમુખપદે, ગુજરાત વિદ્યાપીઠવાળા, સુપ્રસિદ્ધ ઇતિહાસનવેશ **સૈયદ અબુ ઝફર નદવી સાહેબે** 'ગુજરાતની સાંસ્કૃતિક સ્થિતિ (ઇ. સ. ૧૪૦૦ થી ૧૬૦૦)' વિષે વ્યાખ્યાન આપ્યું હતું.

આ પ્રસંગે આખરે ૪૦ થી ૫૦ જેટલાં સન્નારીઓ અને સદ્‌ગૃહસ્થોએ હાજરી આપી હતી. હાજર રહેલાઓમાં મુખ્ય મુખ્ય નીચે પ્રમાણે હતાઃ રા. વિશ્વનાથ પ્રભુરામ વૈદ્ય, રા. રામનારાયણ પાઠક, રા. દુર્ગાશંકર શાસ્ત્રી, રા. મનુભાઈ ચંદ્રવિદ્યાનંદ પંડયા, શ્રી. કેશવરામ કાશીરામ શાસ્ત્રી, શ્રી. બાબુભાઇ ઇચ્છારામ દેશાઇ, શ્રી. અંબાલાલ બુલાખીરામ જાની, શ્રી. યજ્ઞેશ હ. શુક્લ, સૈયદ ઇબ્રાહીમ મોહીબ, જનાબ અહમદમીયાં અખતર, જનાબ અબદુલ રહેમાન સાહેબ, મહમદ ઉમ્મર (કોકિલ) વગેરે.

શરૂઆતમાં સહાયક મંત્રી રા. રા. અંબાલાલ બુ. જાનીએ સભાનિમંત્રણનું પ્રયોજન જણાવ્યું હતું.

વ્યાખ્યાતાએ પોતાનું વ્યાખ્યાન ઉર્દૂમાં તૈયાર કર્યું હતું; કારણ કે તેઓ ગુજરાતી લખી કે બોલી શકતા નથી. અને તે ઉપરથી હિંદીમાં વ્યાખ્યાન આપ્યું હતું. વ્યાખ્યાન એકંદર અઢી કલાક સુધી એકધારૂં ચાલ્યું હતું અને વિષયની વિસ્તૃતતાને લીધે પાછળનો કેટલોક ભાગ ટુંકાવી નાંખવો પડયો હતો, છતાં તે ઘણું જ રસિક અને આનંદ આપનારૂં થઈ પડયું હતું. વ્યાખ્યાનમાં એકત્ર કરેલી માહિતી ગુજરાતની ઐતિહાસિક સામગ્રીમાં સુંદર ઉમેરો કરે એવી હતી.

પ્રમુખ શ્રી દિ. બા. કૃષ્ણલાલ મો. ઝવેરીનું પ્રાસ્તાવિક પ્રવચન

શરૂઆતમાં પ્રમુખ દિ. બા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીએ જણાવ્યું કે શ્રી ફાર્બસ ગુજરાતી સભા તરફથી તેના મણિમહોત્સવપ્રસંગ પછીથી દર વરસે ઇતિહાસ અને સાહિત્યસંશોધન વિષે એક વ્યાખ્યાન અપાવવામાં આવે છે. વ્યાખ્યાનકાર ગમે તે કોમનો હોય, પણ વસ્તુ ગુજરાતને લગતી હોવી જોઇએ, એવો નિયમ છે. અત્યાર સુધીમાં હિંદુઓ તેમજ પારસીઓએ વ્યાખ્યાનો આપ્યાં છે. આ વરસે વ્યાખ્યાન આપવાનું કાર્ય એક મુસ્લીમ ભાઇએ સ્વીકાર્યું છે, તે આનંદની વાત છે.

આજના વ્યાખ્યાનકાર સૈયદ અબુ ઝફર નદવી સાહેબ જો કે ઉત્તર હિંદના છે, તોપણ ગુજરાતી થઈ ગયા છે. તેઓ મ. ગાંધીજીની ગુજરાત વિદ્યાપીઠનું એક સાહિત્યરત્ન હતા. 'પુરાતત્ત્વ'ના એક ઐતિહાસિક લેખક હતા. એઓ ઇતિહાસના અભ્યાસી છે અને એમણે ગુજરાતનો ઇતિહાસ ઉર્દૂમાં લખ્યો છે; તેની કાંઇક વાનગી આ ભાષણમાં છે. એ ભાષણ હું જોઇ ગયો છું; તે ઘણું રસિક, ઉમદા અને ઉપયોગી છે.

શ્રી ફાર્બસ ગુજરાતી સભા તરફથી આવી રીતે દર વરસે અપાતાં વ્યાખ્યાનો ગુજરાતી ભાષામાં અપાય છે; પરંતુ નદવી સાહેબ માટે સહેલી ઉર્દૂની છૂટ રાખી છે.

ત્યાર બાદ સૈયદ અબુ ઝફર નદવી સાહેબે પોતાનું વ્યાખ્યાન ઉર્દૂ ઉપરથી હિંદીમાં આપ્યું હતું. જેનો અક્ષરશઃ ગુજરાતી અનુવાદ આ સાથે અલગ છાપ્યો છે.

પ્રમુખ શ્રી દિ. બ. કૃષ્ણલાલ મો. ઝવેરીનો ઉપસંહાર

વ્યાખ્યાનને અંતે પ્રમુખશ્રીએ ઉપસંહાર કરતાં જણાવ્યું કે નદવી સાહેબનું વ્યાખ્યાન આપણે સહુએ અઢી કલાક સુધી સતત સાંભળ્યું છે. શ્રી ફાર્બસ ગુજરાતી સભાનાં વ્યાખ્યાનોમાં 'આ નવો બનાવ છે. આવું રસિક અને ઉપયોગી વ્યાખ્યાન આપવા બદલ અમારી સભા તેમજ તમારી તરફથી

હું નદવી સાહેબનો આભાર માનું છું. નદવી સાહેબે આ વ્યાખ્યાન કેટલાક ફારસી પ્રસિદ્ધ તેમજ અપ્રસિદ્ધ ઇતિહાસના ગ્રંથો પરથી તૈયાર કર્યું છે: જેવા કે મિરાતે સિકંદરી, મિરાતે અહમદી, ફિરસ્તાનો ઇતિહાસ, આઈને અકબરી, ઝફરૂલવાલા, જવાહીરનામાં, મુનાફ ઉસ્ સળીયાન વગેરે. અમદાવાદમાં કેટલીક ખાનગી લાયબ્રેરીઓ છે, તેમાં અપ્રકટ ફારસી ગ્રંથો છે. એવી એક લાયબ્રેરી પીર મુહમ્મદશાહની છે. અને છેલ્લા બે ગ્રંથો એ લાયબ્રેરીમાં છે. મિરાતે સિકંદરી પૂરી થાય છે, ત્યાંથી મિરાતે અહમદી શરૂ થાય છે. ઉપલા ગ્રંથો ઉપરથી મુસલમાન તવારીખનવેશો ફારસીમાં ઇતિહાસ કેવી રીતે લખતા તેનો ખ્યાલ આવે છે. જેઓ બારીક નજરથી જુએ છે તેમને તેમાંથી માત્ર ઐતિહાસિક બનાવોનું દિગ્દર્શન થાય છે, એમ નથી; પરંતુ તેમાંથી સામાજિક, લલિતકલાને લગતી અને સમાજની સંસ્કૃતિને અંગે નોંધેલી બીજી ઘણી માહિતી મળે છે. અને તેવી બારીક નજરથી આ પુસ્તકો વાંચીનેજ નદવી સાહેબે આ વ્યાખ્યાન તૈયાર કર્યું છે.

ફારસી તવારીખમાંથી લીધેલી બાબતો અક્ષરશ: ખરી છે. ચાંપાનેરની આસપાસ મીઠી દ્રાક્ષ થતી હતી એ વાત સત્ય છે, કારણ કે આપણા લોકગીતમાં પણ એ વસ્તુ જડાઇ ગઇ છે. જેમકે,

"પહેલો વધાવો મારે આવીઓ, મેં તો મોકલ્યો મારા દાદાને દરબાર,
વાડીના ભમરા! દરાખ મીઠી ચાંપાનેરની."

તે લોક અથવા લગ્નગીત ઉપરથી તો સ્વ. કાંટાવાળાએ ત્યાં દ્રાક્ષ ઉગાડવાનો પ્રયત્ન કરી જોએલો. પણ મહમ્મદ બેગડા જેવો પોષક તેમને મળેલો નહીં, એટલે એ પ્રયત્ન બર ન આવ્યો.

મુસલમાન સંસ્કૃતિનું મુખ્ય અંગ વિલાસ છે. એટલે આ જિંદગીમાં મળતી મોજ મેળવવા તેઓ સદા ઉત્સુક હોય છે. તેથી મુસલમાનોએ જ્યાં પાણી જોયું ત્યાં બાગ તૈયાર કર્યા અને તેમાં વિલાસનાં સાધનો ઉભાં કર્યાં. નદવી સાહેબે અમદાવાદના બાગો ગણાવ્યા છે, પણ અમદાવાદ સિવાય સુરત, ભરૂચમાં પણ એટલાજ બાગો હતા. સુરત ને ભરૂચની બેગમવાડી અને ભરૂચનો અમજદ બાગ જાણીતા છે. મુસલમાન બાદશાહોની જેમ બાગ બનાવવાનો શોખ તેમના અમીર ઉમરાવોમાં પણ પ્રસરેલો હતો અને તેથી પણ બાગની સંખ્યા ઘણી વધી ગઇ હતી. સુરતનું નામીચું ગોપી તળાવ એક હિંદુ અમીર મલેક ગોપીએ બંધાવ્યું હતું. અમદાવાદ તેનાં પરાંઓને લીધે ઢંકાઇ ગયું હતું, એ વાત યથાર્થ છે. સરખેજથી મહેમદાવાદ સુધી ૩૦ થી ૪૦ પરાંઓ હતાં અને આખો રસ્તો બજાર જેવો લાગતો હતો. એ પરાંઓ આડે અમદાવાદ પણ ભૂલી જવાય. મરાઠાઓના હુમલા સુધી એ પરાં હતાં. સુલતાનને અનુસરીને કેટલાંક પરાં તો અમીરોએ વસાવ્યાં હતાં.

અમદાવાદમાં અગાઉ મોટા પાયા ઉપર ચાલતો કાગળનો ઉદ્યોગ હવે લગભગ નાશ પામ્યો છે. મહાસભાના પ્રદર્શનમાં દૌલતાબાદથી કારીગરો લાવવા પડયા હતા. એક વખત દીવ બંદર અમદાવાદ કરતાં પણ વધુ અગત્ય ધરાવતું હતું. નદવી સાહેબે જણાવેલ મલેક અયાઝ દીવ બંદરનો હાકેમ હતો. દીવનો ઘેરો: એનું આબેહુબ વર્ણન પોર્ચ્યુગીઝ લેખકોએ આપેલું છે. ખા. બા. પ્રોફેસર કમીસરીએટનાં ઠક્કર વસનજી માધવજી લેકચરોમાં એ મુસલીમ તવારીખ લખનારાઓએ આપેલી હકીકત પોર્ચ્યુગીઝ લેખકોએ આપેલી હકીકતને દરેક રીતે મળતી આવે છે.

વ્યાખ્યાનનો ઝોક રાજકીય સત્તાની વૃદ્ધિનાં સાધન તરફ વિશેષ હોય, કારણ કે લશ્કર, તોપ, કિલ્લેબંદી વગેરે મુલક જીતવા તથા પોતાના બચાવ માટે જોઈએ. આ ઉપરાંત વિલાસ, વૈભવ વગેરેનું વર્ણન પણ મુસ્લીમો સંબંધેજ હોય, એ સ્વાભાવિક છે, કારણ કે વર્ણનકાર મુસ્લીમ છે.

તેમ છતાં હિંદુઓનું એકંદર સામાજિક અને કૌટુંબિક જીવન તો તેનું તે જ રહ્યું લાગે છે.

તે સમયના ગુજરાત માટે હિંદે મગરૂરી લેવા જેવી હતી. ગુજરાતીઓ તે સમયના સર્વશ્રેષ્ઠ હિંદવાસીઓ ગણાતા હતા; તે પ્રો. નદવી સાહેબે દાખલાદૃષ્ટાંત સહિત સાબિત કર્યું છે; એ જાણી આપણને સંતોષ થવો જોઇએ. છેવટે પ્રો. નદવી સાહેબે આ વ્યાખ્યાન આપવા બદલ શ્રી. ફાર્બસ ગુજરાતી સભા તરફથી હું એમનો આભાર માનું છું.

તે પછી રા. રામનારાયણ પાઠકે પ્રમુખનો આભાર માન્યા બાદ સભાનું કામકાજ પૂરૂં થયું હતું.

ગુજરાતની સાંસ્કૃતિક સ્થિતિ*

ઇ. સ. ૧૪૦૦થી ઇ. સ. ૧૬૦૦

વ્યાખ્યાતા : રા. રા. અબુ ઝફર નદવી સૈયદ

ભાષાન્તરકાર : રા. રા. ઈમામુદ્દીન એસ. દરગાહવાળા

માનવંતા ગૃહસ્થો !

હું આ વેળા જે વિષયપર બોલવાને હાજર થયો છું, તે વાસ્તવમાં જેટલો અગત્યનો છે તેટલો જ ગહન છે. તેથી જો મારી અલ્પ જ્ઞાન-શક્તિના કારણે તેના તળીયા સુધી પહોંચી ન શકું તો તમો મને ક્ષમાને પાત્ર સમજશો, એટલી મને ખાત્રી છે. કેમકે આ બસો વર્ષની અંદર ગુજરાતીઓએ જે પ્રગતિ કરી હતી, તે ઘણી તાજુબી પમાડનારી છે; એટલે આ અરબી-સમુદ્ર[1]ને જો હું તરી ન શકું તો તેમાં કાંઇ જ આશ્ચર્ય નથી.

ગુજરાત જ તમામ હિન્દુસ્તાનમાં, પંજાબ સિવાય, દરેક રીતે અગત્યવાળો પ્રાંત છે, એમ જો હું કહું તો ઘણે ભાગે અતિશયોક્તિ નહીં લેખાય. આ આશ્ચર્ય પમાડનારી વાત છે, કે ઐતિહાસિક યુગમાં ગુજરાતે હિન્દુસ્તાનની દરેક પ્રવૃત્તિમાં ભાગ લીધો છે. અને એટલે સુધી, કે મારા વિચાર અનુસાર મહાભારતનું યુદ્ધ પણ માત્ર ગુજરાતીઓના કારણે જ સફળ થયું હતું. જ્યાં સુધી તેમણે ગુજરાતને પોતાના ઝંડા તળે નહોતો આણ્યો ત્યાંસુધી મૌર્ય અને ગુપ્ત વંશના મહારાજાઓને પણ ચેન પડયું નહતું. ઈસ્લામી યુગમાં પણ મેહમૂદ ગઝનવીથી મુગલ બાદશાહો પર્યંતના સઘળા શાહો એની અગત્ય સમજતા હતા. ગુજરાત હિન્દુસ્તાનનો શણગાર છે, એવો અવરંગઝેબ(આલમગીર)નો ગુજરાત સંબંધી અભિપ્રાય હતો. દિલ્હીના એક બાદશાહે એક પ્રસંગે કહ્યું હતું, કે દિલ્હીની સલ્તનત જવ અને જુવારના કારણે છે, જ્યારે ગુજરાતની સોના અને જવાહીરના કારણે છે. આધુનિક યુગમાં પણ ગુજરાતે જે હિસ્સો આપ્યો છે તે કોઇથી અજાણ્યો નથી; અને પોતાના એક પુત્રે પોતાના અંગત ગુણોથી સમસ્ત હિંદમાં ખળભળાટ મચાવ્યો, એ માટે ગુજરાત બેશક ગર્વ લઈ શકે એમ છે.

દેશમાં જાગૃતિ, કોમી શરીરમાં આત્મા, અને રક્તમાં ઉષ્ણતા ઉત્પન્ન કરનાર ઇતિહાસ જ એક કલા છે. એથી ઐતિહાસિક બનાવોને વારંવાર અવલોકવા આપણી ફરજ છે. એ બનાવો આપણા પૂર્વજોદ્વારા આ દેશમાં પ્રસિદ્ધિમાં આવ્યા; તે પછી ભલેને એ પૂર્વજો આર્યન હોય કે હુણ હોય, યા સફેદ હોય કે કાળા હોય, મેર હોય કે ગુર્જર હોય, અરબ હોય કે પારસી હોય.

શ્રી. ફાર્બસ ગુજરાતી સભાએ પોતાને શિરે જુમ્મેદારી લઇને મને આ સેવા કરવાનો આજે આ પ્રસંગ આપ્યો છે, તે માટે તેનો હું આભારી છું. આજે હું ગુર્જર રાજાઓની હકીકત અને તેમના સમયના બનાવો તમારી સમક્ષ રજૂ કરૂં છું. તેનો કાલાવધિ ઇ. સ. ૧૪૦૦થી ઇ. સ. ૧૬૦૦નો એટલે માત્ર બસો વર્ષનો છે.

રાજકીય સ્થતિ

જો કે આ બે સદીની રાજકીય સ્થિતિનું બ્યાન કરવાની મને જરૂર નહોતી, કેમકે સ્કૂલો અને કોલેજોનો કોઇ વિદ્યાર્થી એવો નથી, કે જે આનાથી નાવાકેફ હોય, પરંતુ માત્ર સંબંધને માટે એનું સંક્ષિપ્ત વર્ણન આવશ્યક છે, બલ્કે એના માટે પણ જરૂરી છે, કે તમને અસલ વાતની જાણ થઇ જાય, કે ગુજરાતની ગૌરવવંતી સ્થાપિત શહેનશાહી કેવી રીતે અસ્તિત્વમાં આવી.

---

* આ વ્યાખ્યાન મૂળ રા. રા. અબુ ઝફર નદવી સાહેબે ઉર્દૂમાં લખેલું હોઇને તેનું ભાષાન્તર સભાએ રા. રા. ઈમામુદ્દીન એસ. દરગાહવાલા કને કરાવ્યું છે. ભાષાન્તરકારે ઉર્દૂ વ્યાખ્યાનનો પ્રાણ-જુસ્સો સાચવીને આ ભાષાન્તર કરેલું હોઇને વાકયરચના શૈલી તદનુસાર છે. સંપાદક અં. બુ. જાની.

[1] ગુજરાત અરબી સમુદ્રના કિનારા પર આવેલું છે.

બંગાળનો હાકેમ સુલતાન ફખ્રુદ્દીન જ્યારે માર્યો ગયો ત્યાર તેનો જમાઇ ઝફરખાં જે દામગાન-(ઇરાન)નો એક શરીફઝાદો હતો, તે ન્હાસીને ફીરોઝશાહ તગલકના દરબારમાં આવ્યો અને થોડા સમય પછી તેને ગુજરાતનો હાકેમ (સુબેદાર) બનાવી દેવામાં આવ્યો. તેણે ઇ. સ.૧૩૬૦થી [હિ. સ. ૭૬૨થી] ઇ. સ. ૧૩૭૧ [હિ. સ. ૭૭૩] સુધી એટલે બાર વર્ષ ગુજરાતમાં હુકુમત કરી. તેના પછી તેનો પુત્ર દરિયાખાં, જેનો ખિતાબ પણ ઝફરખાં હતો, તે આઠ વર્ષ ગુજરાત પર હાકેમ રહ્યો. પછી તેનોજ એક હમવતન શમ્શુદ્દીન દામગાંનીએ બાદશાહને ફરેબ આપીને પોતે હુકુમત હાંસિલ કરી લીધી. ઝફરખાનનું ખાનદાન દિલ્હીમાં મુહમ્મદ તગલક બીન ફિરોજશાહના સમય સુધી મોટા મોટા ઓદ્ધા પર સ્થાપિત રહ્યું. આ બંગાળી ખાનદાનનો એક મોટો હરિફ ગુજરાતી ખાનદાન હતો, જેનો મૂળભૂત પુરૂષ સહારન નામનો એક ગુર્જર હતો, જેઠાસરા (જીલ્લે ખેડા)નો રહેનારો અને પોતાના ગામનો પટેલ હતો. એક વેળા શિકારના પ્રસંગે, ફિરોજશાહ આ ગામ તરફ આવી ચઢયો અને રાતવાસા માટે તેના ઘરમાં મુકામ કર્યો. વાતચીત દરમિયાન તેને ફિરોજશાહની હકીકત માલમ પડી. ઘરવાળાઓનો અભિપ્રાય લઇને સહારને પોતાની બહેનનાં લગ્ન ફિરોજશાહ જોડે કરી દીધાં. સહારન પોતાના ભાઇ સાધુની જોડે દિલ્હી પહોંચી ગયો અને ત્યાંજ રહી પડયો. દિલ્હીમાં તેને એક અગત્યનો ઓદ્ધો આપવામાં આવ્યો, જે બાદશાહ માત્ર ભરોસાપાત્ર માણસોને સપુર્દ કરતો હતો. તે સાથે જ તેને વજીહુલમુલ્કનો અને બીજા ભાઇને શમ્શેરખાનનો ખિતાબ ઈનાયત કર્યો. ગુજરાતી બેગમ માટે એક મોટો આલીશાન મહેલ તૈયાર કરવામાં આવ્યો અને એ જ રાણીએ શાહજાદા ફત્તેહખાંને પાટવી કુંવર તરીકે જન્મ આપ્યો.

સમસ્ત ઇતિહાસકારો આ વાત પર એકમત છે, કે આ લગ્ન આપસની પૂરતી ખુશીથી થયાં હતાં. એમાં કોઇ પ્રકારની બળજબરાઇ અને ધમકીની દખલ ન હતી. પરંતુ તેનું અસલ કારણ ઘણા ઓછા લોકોને માલમ હશે.

વાત એ છે કે ફિરોઝશાહ તગલકની મા પંજાબના એક જાટની પુત્રી હતી. તે જીલ્લે દિપાલપુરની એક રિયાસતનો હાકેમ હતો અને વર્તમાનકાળમાં આ વાત સાબિતીની કક્ષાએ પહોંચી ગઇ છે કે જાટ રાજપુત અને ગુર્જર રાજપુત બન્ને એક નસલ-વંશના છે અને એક જ કોમના બે વિભાગો છે. એ કારણે સહારને પોતાની બ્હેનનાં લગ્ન પોતાની જ્ઞાતિના પુરૂષ જોડે કર્યાં. ધીમે ધીમે આ ખાનદાન પ્રગતિ કરતું ગયું. ફિરોજશાહના છેલ્લા સમય ચૌદમી સદીમાં બંગાળી અને ગુજરાતી બન્ને હરિફ સલ્તનતની લગામ પોતપોતાના કબજામાં રાખવાને માટે ઘણો યત્ન કરી રહ્યાં હતાં. મુહમ્મદશાહ બીન ફિરોજશાહ રાજ્યસત્તા પર આવ્યો ત્યારે તેના સહાયકોમાં અનેક શક્તિશાળી અમીરો હતા; તેમાં માલવા રાજ્યનો સ્થાપક દિલાવરખાં ગોરી અને સહારનનો પુત્ર મુઝફ્ફરખાં ગુજરાતી વધારે ઉચ્ચ કક્ષાના હતા. તે માત્ર આ વિચારથી કે આ મદદગારોને તેમની વફાદારીનો બદલો મળવો જોઇએ, પણ બલ્કે એ માટે પણ કે શક્તિશાળી અમીરના દૂર ચાલ્યા જવાથી દરબારમાંની હરિફાઇ ઓછી થઈ જશે, એ વિચારથી મુહમ્મદશાહે જુદા જુદા પ્રાંતો ખાતે કેટલાક શૂરવીર અમીરોને નિમ્યા. ગુજરાત માટે મુઝફ્ફરખાં બીન સહારન એ માટે પણ વધારે યોગ્ય હતો, કારણ તે ખાસ ગુજરાતનો હતો. તેની જ્ઞાતિ અને ખાનદાનના લોકો મોટી સંખ્યામાં મોજુદ હતા, જેઓ સમયપર કામ આવી શકતા હતા.

ઇ. સ. ૧૩૯૦[હિ. સ. ૭૯૨]માં મુઝફ્ફરખાં ગુજરાતનો સુબેદાર બની ગયો. તે વેળા જો કે આખું ગુજરાત તેના કબ્જામાં હતું, પરંતુ દેશી રાજ્યો સંખ્યાબંધ મોજુદ હોવાના કારણે મુઝફ્ફરખાં પ્રારંભમાં કોઈ સરસ વ્યવસ્થા કરી ન શકયો, પરંતુ શાન્તિ સ્થાપિત રાખવામાં અલબત્ત તે સફળ રહ્યો.

ઘણે ભાગે માલવા અને ગુજરાત એક અરસા સુધી દિલ્હીના તાબામાં રહ્યાં હોત, પરંતુ પાટનગર દિલ્હીમાં ગુજરાતીઓ અને બંગાળીઓ વચ્ચેની ચાલી રહેલી હરિફાઈએ રાજ્યને બેહદ શક્તિહીન કરી દીધું અને અંતે તાતારખાં બીન મુઝફ્ફરખાં ગુજરાતી પોતાના પ્રતિસ્પર્ધીથી હાર ખાઈને પાટણ પહોંચ્યો. એક બળવાન સૈન્ય લઈ દિલ્હી ફત્તેહ કરવાની ખ્વાહીશે મુઝફ્ફરખાં ગુજરાતીને એવી પ્રેરણા કરી કે જો

મધ્યસ્થ રાજ્યનો કબજો કરવામાં આવે અને દિવસ-રાત ઉત્તર તરફના હુમલાખોરોના લાગમાં તે રહે એમ થાય તો, ગુજરાતની હુકુમત આઝાદ થઈ જાય, એક કાયમી સલતનત બની જાય, અને તે વંશપરંપરા ચાલતી રહે. એ જ વિચારે તેને નિવૃત્ત થઈને પોતાના પુત્રને તખ્તનશીન કરવાની, અને એ રીતે બન્ને ખ્વાહીશ પૂરી કરવાની વૃત્તિ ઉગી.

અહમદશાહે પિતા અને પિતામહ બન્નેના મૃત્યુ પછી તખ્તને કબજે કર્યું ત્યારે તે બીલ્કુલ નવજવાન હતો. તે વેળા ગુજરાતમાં વાઘેરો (બાગરો) નું રાજ્ય હતું અને તેમની ઈડર, ચાંપાનેર, રાજપીપળામાં મોટી મોટી રિયાસતો હતી. એવી જ રીતે આસા ભીલ પણ કોઈથી ઓછો ન્હોતો. કાઠિયાવાડમાં સમુદ્રના કાંઠે, દેલવાડા અને સોમનાથ સુધી તેનો કબજો હતો. બાકી સમસ્ત કાઠિયાવાડ જૂનાગઢ અને બીજા રાજાઓના તાબામાં હતું.

રાજાઓના પાટનગર સિવાય અહમદશાહના કબજામાં સીધી રીતે મોટાં મોટાં વર્ણનને પાત્ર આ શહેરો હતાં નાગોર (મારવાડ), પાટણ (અણહીલવાડ), સિદ્ધપુર, ખંભાત, ભરૂચ, રાંદેર, થાણા, બકલાણા, (બાગલાણ), નઝરબાદ (નંદરબાર ?), દેલવાડા, સોમનાથ, ધોળકા, ધંધુકા.

અહમદશાહને ભરૂચનું હુલ્લડ શાન્ત કરતી વખતે એ વાતનો ખૂબ ખ્યાલ આવ્યો, કે પાટનગરનું દેશના એક કિનારા પર હોવું કોઇ રીતે યોગ્ય નથી. એના પૂર્વે રાજા કરણ સોલંકીએ પણ એ વાતને જાણી લઇને કરણાવતી વસાવ્યું હતું, પરંતુ તેને સમય મળ્યો નહીં કે તે પાટનગરની ફેરબદલી કરે. અહમદશાહે રાજા કરણની ઇચ્છા પૂરી કરી, અને અહમદાબાદ (અમદાવાદ) જેવા શાનદાર શહેરને આબાદ કરી, ગુજરાતનું પાટનગર બનાવ્યું.

પ્રાચીન કાળમાં ઘણેભાગે ગુજરાત, માલવાના તાબામાં રહ્યું. એ સબબથી ઈસ્લામી રાજકાળમાં પણ માલવાના સુલતાનોને ગુજરાત પર કબજો રાખવાની હંમેશાં ઈચ્છા રહી અને આ ખોટી કલ્પનાએ બન્ને દેશોને ઘણી વેળા સખત નુકશાન પહોંચાડયું.

અહમદશાહ, મુહમ્મદશાહ અને કુતુબુદ્દીનના રાજ્યનો મોટો ભાગ એ જ આંતર-ઝઘડામાં વીત્યો. સુલતાન અહમદશાહના રાજકાળમાં અસાવલ અને ઝાલાવાડનું રાજ્ય પાયતખ્ત પાટણની જોડે મેળવી દેવામાં આવ્યું. બાકીના દસ્તુર મુજબ બાજગુઝાર (ખંડીયા) રહ્યાં.

મેહમૂદ: પહેલા(બેગડા) ના પ્રારંભકાળ સુધી એમ જ ચાલ્યું, પરંતુ સિંધ સાથેના તેના સંબંધો ગાઢા થઈ ગયા, કારણકે તેનો માતામહ સિંધનો બાદશાહ હતો, એટલે રાજકીય દૃષ્ટિએ સોરઠ ઉપરનો તેનો કબજો ઘણો અગત્યનો દેખાવા લાગ્યો અને દખ્ખણની બહમની (બ્રાહ્મણી) સલ્તનત છિન્નભિન્ન થઈને પાંચ શક્તિશાળી રિયાસતોમાં વહેંચાઇ ગઇ ત્યારે મેહમૂદ જેવા રાજનિપુણ પુરૂષને ચાંપાનેરનો કબજો જરૂરી જણાયો. ઉપરાંત બીજી ય નાની નાની સલ્તનતો પણ આંતર-રાષ્ટ્રિય કારણે કબજે કરવામાં આવી. એ કારણે મેહમૂદ બેગડાના રાજકાળમાં તેના રાજ્યનું ક્ષેત્રફળ ઘણું મોટું થઇ ગયું. દ્વારકાથી લઇ મુંબઇ સુધીનો સાગર-કાંઠો, નાગોર અને ઝાલોરથી અરબી સમુદ્ર અને ફરી સિંધથી લઇને ખાનદેશ સુધીના પ્રદેશો, જેમાં બકલાણ(બાગલાણ)નો પ્રાન્ત દાખલ હતો, તેની સલ્તનતની સિમામાં સામિલ હતા.

મેહમૂદે પાંચ વર્ષ રાજ્ય કર્યું. આ લાંબી મુદતમાં તેણે ગુજરાતને સ્વર્ગ બનાવી દીધું. આખી આલમના બાદશાહ તેની જોડે મિત્રતાનો સંબંધ સ્થાપવા ઉત્સુક હતા. એથી મિસર, ઇરાન, સિરિયા, યમન, સિંધ, મુલતાન, કાશ્મીર, દિલ્હી વિગેરેના એલચીઓ તેના દરબારમાં હાજર થતા રહેતા હતા. મેહમૂદના પછી તેના પુત્ર મુઝફ્ફર હલીમને જામેલી સલ્તનત મળી. તેણે વિજયો મેળવવાને બદલે દેશના અંદરના ભાગોમાં દરેક વસ્તુને ઉન્નત કરવાની બેહદ કોશિશ કરી. તેની આખી વયમાં માલવાની ફત્તેહ એક યાદગાર બનાવ છે. એવો દાખલો દુનિયાના ઘણા ઇતિહાસોમાં બન્યો નથી. કોઇ પ્રકારનો ફાયદો મેળવ્યા વિના માત્ર પોતાના સહચરને ફાયદો ઉઠાવવાનો પ્રસંગ મળે એવું ઘણું ઓછું ઇતિહાસમાં બનેલું છે. માલવાના વિજય પછી સુલતાન મુઝફ્ફરે એમજ કર્યું, જેનાથી તેની શુદ્ધ નિષ્ઠાનો અડસટ્ટો લગાડી શકાય છે. ગુજરાતના સમસ્ત સુલતાનોમાં, સુલતાન મુઝફ્ફર જ એવો બાદશાહ છે, જેણે પવિત્ર

કુરઆન મોંઢે કર્યું હતું અને ફુરસદના સમયમાં પવિત્ર કુરઆનના બે સફાઓ પોતે પોતાના હાથે લખી લેતો હતો. તે ઉચ્ચ પ્રકારનો લહીયો પણ હતો. તેનાં લખેલાં પવિત્ર કુરઆનો દર વર્ષે મક્કા અને મદીના મોકલાતાં હતાં.

તેના મોટા પુત્ર **સિકંદરે** માત્ર ત્રણ માસ રાજ્ય ભોગવ્યું પરંતુ બીજા પુત્ર **બહાદુરશાહે** તો ગુજરાતની સલ્તનતને ઉચ્ચતાના શિખરે પહોંચાડી દીધી. તેણે સલ્તનતને એટલી વિકસાવી કે, ઐતિહાસિક યુગમાં ગુજરાતનો કોઈ હાકેમ એવું માન મેળવવા ભાગ્યશાળી થયો નથી. તેની વિશાળ રાજ્ય પર હુકુમત હતી.

તેના રાજ્યની ચતુર્દિશા આ હતીઃ ઉત્તર—પૂર્વમાં અજમેરથી લઇને દોલતાબાદ સુધી અને પૂર્વમાં મંડુ એટલે માલવાથી અરબી સમુદ્ર સુધી અને પશ્ચિમમાં સિંધથી જીયોલ એટલે મુંબઇ સુધી. તે વેળા ખરા અર્થમાં બહાદૂરશાહ શહેનશાહ હતો અને ગુજરાત શહેનશાહીનું કેન્દ્ર હતું. એમાં જરાય શકને સ્થાન નથી, કે જો તોપખાનાના ઉપરી રૂમીખાને દગાબાજી કરીને હુમાયુને સફળ બનાવ્યો નહોત તો એમાં કાંઈ અજબ થવા જેવું નહોતું, કે દિલ્હી અને આગ્રાનાં પાયતખ્ત બહાદુરશાહનાં કદમો નીચે હોત! તેમ તે વેળા દિલ્હી ગુજરાતનો એક પ્રાંત હોત અથવા (તેના) અનુરૂપ વિભાગ બન્યો હોત. પરંતુ બહાદૂરશાહને ગુજરાત પર અગાધ પ્રેમ હતો. તેનો અંદાજો તમે માત્ર આ પરથી કરી શકો છો, કે શાહઝાદગીના સમયમાં જોનપુરનું તખ્ત તેને પેશ કરવામાં આવ્યું ત્યારે, તેણે એ સ્વીકારી લીધું. અને ઔધથી લઇને બિહાર, બંગાળા બલ્કે આસામ સુધી તેના માટે મેદાન સાફ હતું. છતાં સિકંદર શહીદ થતાં ગુજરાતના રાજ–સંચાલકોએ તેને બોલાવ્યો ત્યારે તેણે કશી પણ આનાકાની કર્યા વિના જોનપુરના તખ્ત અને તાજને છેલ્લી સલામ કરી, અને તુરત જ ગુજરાત ચાલ્યો આવ્યો.

બહાદૂરશાહના પછી **મેહમૂદ** (ત્રીજો) ગાદીનશીન થયો અને એ જ ગુજરાતનો અંતિમ સ્વતંત્ર બાદશાહ હતો. એના રાજકાળમાં ગુજરાતની સલ્તનત ફરી સંકેલાઈને નાની થઈ ગઇ, કેમકે બહાદૂરશાહના મરતાં જ ગુજરાતની શહેનશાહી કટકેકટકા થઇ ગઇ. આ બાદશાહના રાજકાળમાં સાર્વજનિક કામો ઘણાં થયાં, જેના અવશેષ હજી સુધી ગુજરાતમાં મોજુદ છે. એના પછી અહમદશાહ અને મુઝફ્ફરશાહ બન્ને સેતરંજના શાહ હતા. અસલ શક્તિ તો રાજ્યના કારભારીઓના હાથમાં હતી; તેમાં ધંધુકાનો અબ્દૂલ કરીમ એ'તેમાદખાં સૌથી વધારે શક્તિશાળી હતો. અફસોસ છે, કે એ જ એ'તેમાદખાંના દેશદ્રોહીપણાએ ગુજરાતની સલ્તનતનો અંત આણી દીધો. એટલે રાજ્યના આ કારભારીઓ, જેમનું કાર્ય માત્ર આપસમાં લડવાનું રહી ગયું હતું, તેમને એ'તમાદખાં જિતી ન શકયો, એટલે તેણે અકબર બાદશાહને બોલાવીને ગુજરાત તેને સપુર્દ કરી દીધો અને દિલગીરીની વાત એ છે કે આ ગૌરવવંતી ગુજરાતી સલ્તનતનો કરૂણાજનક રીતે અંત આવી ગયો.

હિન્દૂસ્તાન એક વિશાળ ખંડ છે અને તેમાં જૂદી જૂદી આબોહવાવાળા સંખ્યાબંધ દેશો છે, જેને આજકાલ પ્રાન્તો કહેવામાં આવે છે અને એ પોતાની વિશાળતામાં એટલા મોટા મોટા છે, કે બીજા દેશોની એક એક સલ્તનતનો મુકાબલો કરી શકે. એમાંના દરેક પર સ્થાપિત સ્વતંત્ર બાદશાહોની હુકુમત રહી ચૂકી છે, પરંતુ મુગલ બાદશાહોના પૂર્વના અવશેષ-દખ્ખણ સિવાયના કોઇ—પ્રાન્તમાં આટલી મોટી સંખ્યામાં તમને મળી ન આવશે, કે જેટલા ગુજરાતમાં આ ગુજર સુલતાનોના રાજકાળના અવશેષો હાથ લાગશે.

ખેતીવાડી

એ જ ગુજર સુલતાનોના રાજ્યમાં ખેતીવાડીની ઘણી ઉન્નતિ થઇ. ઘણાં સ્થળોનાં જંગલો કાપીને ખેતીના કામમાં લેવાયાં અને દરેક પ્રકારની પેદાશને વધારવાના યત્નો થયાં.

સૌથી પહેલાં સુલતાન અહમદશાહે એક એવી યોજના તૈયાર કરી, કે જે ખેતીની ઉન્નતિના માટે ઘણી લાભકારક સાબીત થઇ. તેણે ખેતીને વધારવા અને સૈનિકોને દેવામાંથી બચાવવાની એક યુક્તિ

રચી. મલેક એટલે અમલદારોને તેણે પગાર અર્ધો રોકડો અને અર્ધાના બદલામાં જમીન આપી, જેથી એક બાજુએ તો સિપાઈ જ્યાં કંઇ રહો ત્યાં પોતાના નગદ પગારથી કામ ચલાવતો રહે, અને દેવું કરવાનો વખત ન આવે અને બીજી તરફ તેના કુટુંબીજનો ખેતી કરીને અનાજ, શાકભાજી, દૂધ, ઘી અને જંગલથી લાકડાં સંપાદન કરીને શાન્તિથી જીવન ગુજારે. આ રીતે ખેતીને લાયકની કોઇ જમીન પડતર ન રહી, કેમકે દરેક શખ્સના ખોરાકનો આધાર એ જ ખેતી પર નિર્ભર હતો અને એ કારણે ખેતી કરવાને દરેક માણસ બંધાયેલો હતો.

વળી દરેક માણસની જમીન એવી રીતે વ્હેંચાતી કે, જેથી બાપના પછી તેનો દિકરો વારસ થતો; પરંતુ જેને દિકરા ન હોય તેની જમીન સરકારી વાપસ થઇ જતી.* સુલતાન મેહમૂદ બેગડાના રાજ્યના પ્રારંભકાળ સુધી આમ જ ચાલ્યું. પરંતુ એક વેળા આ પ્રકારનો એક બનાવ તેની જાણમાં આવ્યો, એટલે તેણે આ કાયદામાં આવો ફેરફાર કર્યો, કે જેને છોકરો ન હોય તેની જમીન તેની છોકરીના છોકરાઓને મળે.

સુલતાન અહમદશાહ(પહેલા)ની આ યોજના એટલી બધી સફળ થઈ, કે મેહમૂદ બેગડાના રાજ્યના પ્રારંભકાળમાં બે ગણી અને પચાસ વર્ષ પછી દશ ગણી વધુ ઉત્પન્ન થઇ ગઇ અને દરેક રીતે લોકો ખુશખુશાલ દેખાવા લાગ્યા.

મેહમૂદના પછી તેનો દિકરો **મુઝફ્ફર હલીમ** તેનાથી પણ વધારે આ મામલામાં ખુશનસીબ સાબીત થયો. તે વેળા ખેતીની એ સ્થિતિ હતી કે સમસ્ત ગુજરાતમાં ખેતીને લાયકની એક વેંત જમીન પણ પડતર ન્હોતી. એટલે સુધી કે લોકોના ઢોરઢાંકરના માટે ઘાસચારાની પણ ઘણી તકલીફ પડવા લાગી. એ કારણે કાયદેસરનાં ફરમાનોદ્વારા સુલતાન મુઝફ્ફર હલીમને દરેક ગામમાં એક ગૌચરનું મેદાન બનાવવું પડયું, કે જેથી ગામનાં ઢોરોને ખોરાક મળી શકે. **મેહમૂદ(ત્રીજા)**ના જમાનામાં સમસ્ત ગુજરાતનો ૧/૪ હીસ્સો કોળી અને ગરાસીયા રજપૂતોના હાથમાં હતો અને બાકી જૂદી જૂદી કોમોના લોકોમાં વ્હેંચાયેલો હતો.

ખેતીને અંગે સરકારી મહેસુલનો એ ધારો હતો કે જો જમીન વર્ષાદના પાણીથી, વિના મહેનત અને જહેમતે તૃપ્ત થતી તો તેના ખેડૂત કનેથી માત્ર દશમો હિસ્સો લેવામાં આવતો, નહીંતર તેના કરતાં પણ ઓછો, જેથી તેની મહેનત અને પરિશ્રમનો બદલો તે મોટે ભાગે પોતેજ હાંસિલ કરી શકે.

પરન્તુ આ છૂટછાટ ઘણે ભાગે ફોજી સ્વયંસેવકો સુધી જ સંકુચિત હતી, કેમકે જે જમીન કોળી અને ગરાસીયા રજપૂતોના કબજામાં હતી, તેમાં ભાગ બટાઇનો રિવાજ પ્રચલિત હતો. ×

ગુજરાતમાં વધારે ભાગે બાજરી, મકાઇ, અડદ, મગ થતા હતા. સારી જાતના ચાવલ, (ચોખા-ડાંગર) મુદ્દલ થતા ન્હોતા. જૂદાં જૂદાં સ્થળોએથી બીજ મંગાવીને તેની ખેતીને તેણે વેગ આપ્યો. એવીજ રીતે શેરડીની ખેતીને ઉન્નત દશાએ પહોંચાડી.

બગીચાઓ

માનનીય ગૃહસ્થો ! આ બાદશાહોને જેવી રીતે ખેતીની ચિન્તા હતી, તેવી જ રીતે તેઓ બગીચાઓની તૈયારીમાં સમય વ્યતીત કરતા હતા. તેમણે એ તરફ એટલું બધું લક્ષ આપ્યું, કે જેથી આખુંય જગત સ્વર્ગમય બની ગયું.

સુલતાન અહમદશાહ પહેલાએ અમદાવાદનો પાયો નાંખ્યો, ત્યારે શાહી મહેલાતોની જોડે તેણે બાગો પણ તૈયાર કરાવ્યાં અને તેના પૂત્ર મુહમ્મદશાહ બીજાના રાજ્યમાં તેના એક અમીર મલેક શાઅબાને અમદાવાદની નજીક એક મોટો બગીચો તૈયાર કરાવ્યો, જેનું નામ "બાગે શાઅબાન"

* મિરાતે સિકંદરીઃ સુલતાન અહમદશાહ પહેલાના વખતના બનાવો.

× મિરાતે સિકંદરી : સુલતાન મેહમૂદ(ત્રીજા)ના સમયના બનાવો.

ઘણાં સમય સુધી રહ્યું અને તે સમયમાં આ ઘણો મશહુર બાગ હતો.* ફરી કુતુબુદ્દીને પોતાના સમયમાં ઘણા બગીચાઓ તૈયાર કરાવ્યા, તેમાં અમદાવાદનો વિખ્યાત બગીચો **"નગીનાવાડી"** પોતાની સુંદરતા અને નવીનતાના કારણે સૌથી વધારે મશહુર રહ્યો. એજ પ્રકારનો એક બગીચો અને મકાન કાશ્મીરના બાદશાહે પણ મશહુર સરોવર ડલમાં તૈયાર કરાવેલ હતો, જે સંભવિત છે, કે એની જ વિખ્યાતિના કારણે તેને છેક કાશ્મીરમાં પ્રેર્યો હોય, પરંતુ એ અસલ કલ્પના સિદ્ધરાજની કાયમ થયેલી છે. તેણે ધોળકામાં એક તળાવ તૈયાર કરાવીને હરવા-ફરવાના સ્થળનો પ્રારંભ કર્યો હતો.

મેહમૂદ બેગડાનો સમય, બગીચાઓને કારણે ગુજરાત માટે વસંત ઋતુનો સમય હતો. આ બાદશાહને બગીચાઓ અને વૃક્ષો પ્રત્યે પ્રેમ હતો. તેણે જાતજાતના બાગ તૈયાર કરાવ્યા; ક્યાંક ફક્ત મેવાઓનો તો ક્યાંક માત્ર પુષ્પોના અને ક્યાંક માત્ર ફળોના. તેણે પોતાના સમયમાં કેરી, અનાર, રાયણ, ગુલર, નાળિયેરી, બેલફળ, મહુવા(મહુડાં), જામ્બુનાં ઝાડો સંખ્યાબંધ લગાડયાં. એવી જ રીતે મુહમ્મદાબાદ (મહેમદાવાદ). ચાંપાનેરમાં જે સંખ્યાબંધ બાગ તૈયાર કરાવ્યા, તેમાં કેરીઓ ઘણીજ સરસ અને સુગંધયુક્ત થતી હતી. અનાર, અંજીર, દ્રાક્ષ, બદામ, સફરજન, કેળાં, અમૃતફળ, સિતાફળ, નારંગી, રાયણ, તાડ, તાડફળી, નારિયેલી, ફણસ, બદબલ, કમરખ, ફાલસાં પણ ઉચ્ચ પ્રકારનાં અને થોકબંધ થતાં હતાં. આમળાં અને હરડેનો ખાસ એક બગીચો મુગલોના સમય સુધી મોજુદ હતો.

મેહમૂદ બેગડાએ ફૂલોનો જે બગીચો કરાવ્યો હતો, તેમાં ગુલેલાલા, ગુલેસેવતી, ચંબેલી, ચંપો, બેલા, મોગરો, જાઈ, જુઈ, કરણ, કેવડો, કેતકીનાં ઝાડ ઘણાં હતાં. ખરબુઝા (સકર ટેટી) ની ખેતી તેણે ઘણી કાળજીપૂર્વક કરાવી હતી. તે સમય સુધી ગુજરાતમાં બગીચાઓ સાધારણ રીતે તૈયાર કરવામાં આવતા હતા, પરંતુ એ જ સમયમાં જ્યારે એક ખુરાસાનીએ ઈરાની પદ્ધતિએ બગીચો તૈયાર કરીને દેખાડી દીધો ત્યારે તો આ શોખ સામાન્ય થઇ પડયો અને અમીરો પણ ઉચ્ચ પ્રકારના બગીચા તૈયાર કરાવવા લાગ્યા. એજ ખુરાસાનીની ઢબે એક ગુજરાતીએ પણ બગીચો તૈયાર કર્યો, જેને સુલતાને ઘણો પસંદ કરીને મોટી રકમનું ઇનામ આપ્યું અને તેનું નામ **"બાગે ભાલોલ"** રાખ્યું,+ તેણે ખાસ અમદાવાદમાં જ પાંચ માઈલ લાંબો અને એક માઇલ પહોળો વિશાળ પાયા પર એક બગીચો તૈયાર કરાવ્યો હતો, જેનું નામ "બાગે ફિરદોસ" હતું. અમદાવાદમાં આજે આ બગીચાની જમીન તે છે જ્યાં મ્યુનિસિપાલિટી સમસ્ત અમદાવાદનો કચરો નંખાવે છે. કાળનું પરિવર્તન તો જુઓ! મેહમૂદને વૃક્ષો પ્રત્યે એટલો ઇશ્ક હતો, કે એક વાર ચાલતાં ચાલતાં એક ગરીબના મકાનપર ઝાડ જોઇને તે થોભી ગયો અને પાણીની અછત જાણીને કુવો ખોદાવવાનો હુકમ આપી ગયો.

ઘણા ઇતિહાસોમાં આ હકીકત નોંધાયલી છે, કે તેણે પાટણથી લઈને ઠેઠ વડોદરા સુધી કેટલાય લાખ આંબાઓ અને રાયણોનાં ઝાડો રોપાવ્યાં હતાં. વૃક્ષોની× સંખ્યાના કારણે અમદાવાદમાં ઠંડક ઉત્પન્ન થઇ ગઇ હતી, તે કારણે ગરમીની ઋતુ મેહમૂદ બેગડો અમદાવાદમાં જ ગાળતો હતો.

ઘણેભાગે ખુદાવંદખાન અલીમુદ્દીન પહેલો શખ્સ હતો કે જેણે અંજીર અને નેઝાનાં ઝાડ દખ્ખણથી મંગાવીને ગુજરાતમાં ચાલુ કર્યાં, તે પછી તે સામાન્ય થઇ પડયાં. અમદાવાદના એક મહોલ્લા ઈસનપુરમાં જે બગીચાઓ તૈયાર કરવામાં આવ્યા હતા, તેમાં આંબા, રાયણ, તાડ ઘણાં સારાં થતાં હતાં, પરંતુ આ બગીચામાં મોગરીનાં ફૂલ વિશેષ કરીને પ્રખ્યાત હતાં, જે ઘણાંજ ઉચ્ચ કોટિનાં થતાં હતાં. બાટવા(વટવા)થી ઇસનપુર અને ઇસનપુરથી રસૂલાબાદ સુધી સડક પર બન્ને બાજુએ આંબા અને રાયણનાં એટલાં બધાં ઘટાદાર વૃક્ષો હતાં, કે જેના છાંયડામાં મુસાફર પોતાની માતાના ખોળાના માફક આરામ કરતા હોય તેમ આરામ લેતા.

મેહમૂદ(ત્રીજા)ના સમયમાં મેહમૂદાબાદમાં જે શિકારખાનું તૈયાર થયું તેની જોડે એક બગીચો પણ હતો. ગુજરાતના સુલતાનોના આ શોખ અને વૃત્તિને જોઇને દોલતમંદોએ પણ સંખ્યાબંધ

* અફઝલવાલા લંડન ભાગ ૧લો

+ મિરાતે સિકંદરી: સુલતાન મેહમૂદ પહેલાના સમયના બનાવો. × ખુરશીદ જાહી: હયદરાબાદ.

બગીચા તૈયાર કરાવ્યા. દાખલા તરીકે હરિનો બાગ, રૂસ્તમ બાગ, ગુલાબ બાગ, તુત બાગ વિગેરે. સિવાય બીજા ઘણા બગીચાઓ ગુજરાતમાં તૈયાર કરાવવામાં આવ્યા* દીવમાં મલેક અયાઝે ઘણો ખુશનુમા બગીચો તૈયાર કર્યો. બલ્કે આ શોખ ગરીબોમાં પણ પ્રસર્યો હતો. દેશમાં વૃદ્ધ સ્ત્રીઓ સુદ્ધાં આમાં રસ લેતી હતી.÷ "કોકબે ફલક," જે ગુજરાતના છેલ્લા સુલતાન મુઝફ્ફરના સમયની કૃતિ છે, તેમાં છે, કે "કપડવંજમાં પાંચ લાખ આંબાઓનાં ઝાડ હતાં." એક પોર્ટુગીઝ મુસાફર લખે છે, કે "જ્યારે અમે ગુજરાત પહોંચીને અમદાવાદમાં દાખલ થયા ત્યારે એવું જણાતું હતું કે અમે બાગમાં ને બાગમાં ચાલ્યા જઈ રહ્યા છીએ."

ઉદ્યોગ

ખેતી પછી જે ચીજ દેશને સૌથી વધારે નફો પહોંચાડે છે, તે દેશના હુન્નર–ઉદ્યોગો છે. એમાં પણ ગુજરાતના સુલતાનોએ બેહદ કોશીશ કરી અને જૂદી જૂદી વસ્તુઓનાં હજારો કારખાનાં ઉઘડી ગયાં. સંગતરાશી ઝરદોઝી, કારચોબ, ચીનીકામ, સુખડ અને હાથીદાંતનું કામ વગેરે ઘણાં મોટા પાયાપર થતાં હતાં. કાપડમાં ઝરબફ્ત, કીનખાબ, મખમલ. સકરલાત, ઇલાયચો, ચીકન, ચીરાહ એવાં સરસ બનાવવામાં આવતાં હતાં, કે દેશાવરમાં મોંઘાં મૂલે વેચાતાં હતાં.

સુતર સિવાય રેશમ, ઉન અને ઝરીનું કામ ઘણું જ ઉમદા થતું હતું. ઝરીનાં કપડાંઓમાં એકનું નામ "ગુજરાતી" હતું. જેની દરેક થાન દીઠ કિંમત ચારસો પચાસ રૂપિયા હતી. એક બીજી જાતનું નામ "તાસ ગુજરાતી" હતું, જેની કિંમત ત્રણસો પંદર રૂપિયા હતી. "કોતાવાર ગુજરાતી"ની કિંમત એકસો એંશી રૂપિયા હતી.

"બહાદૂરશાહી" એક ખાસ પ્રકારનું રેશમનું કપડું હતું, જે ગજ દીઠ અઢાર રૂપિયાના ભાવે વેચાતું હતું. એક બીજા પ્રકારનું કાપડ "મેહમૂદી" તરીકે ઓળખાતું હતું, જેની માંગ હિન્દમાં વિશેષ પ્રમાણમાં થતી. એ સત્તાવીસ રૂપિયે ગજના ભાવે વેચાતું હતું. એના સિવાય રેશમના ઓછા ભાવનું કપડું પણ સામાન્ય રીતે તૈયાર થતું હતું, જેની કિંમત એક રૂપિયે ગજ અને બે રૂપિયે ગજ હતી.×

સુલતાન સિકંદરના સમયમાં એક નવી જાતનું કપડું "જામએ—સિકંદરી"ના નામે બનાવવામાં આવ્યું હતું. પરંતુ અફસોસ છે, કે તેની વિગત જાણી શકાઇ નથી. એ બાદશાહને નવી શોધનો ઘણો શોખ હતો. તે કારણે એક ખાસ પ્રકારની દાઢીનું નામ તેણે "રીશે સિકંદરી" રાખ્યું હતું. ગુજરાતના કસ્બા ધરનગાઉં અને દારંનદોલમાં મુઝફ્ફર(ઇ. સ. ૧૫૯૧)ના સમયમાં પારચાસરી બાફ્રવન અને કમરબંદ ઘણું સરસ તૈયાર થતું હતું.

આ ઉપરાંત બીજા જૂદા જૂદા પ્રકારના ઉદ્યોગો પણ ગુજરાતમાં હતા. ગુજરાતનું હથીયારો બનાવવાનું કારખાનું બેહદ મશહુર હતું, અને તેમાં બનેલી ચીજો દૂર દૂર જતી હતી. અરબ અને સિરિયામાં જે હિન્દી તલવારની ધાક બેસી ગઈ હતી, તે આ જ ગુજરાતની હતી. અહીંની કટાર ઉમદા થતી, તેનું અસલ કારણ એ છે, કે અહીંનું કુદરતી પાણી હથીયારો માટે ઘણું યોગ્ય હતું. સોરઠના મોજે ઉનામાં એક કૂવો હતો, જેના પાણીથી હથીયારો પર એટલું સરસ પાણી ચઢતું હતું, કે દૂર દૂર સુધી તેની નામના હતી. જમીયલશાહના દાતારના પહાડ (જૂનાગઢ) ઉપરથી સોનું નિકળતું હતું. કપડવંજમાં ચાંદી અને લોઢાની ખાણો હતી, જ્યાંથી લોખંડ કાઢવામાં આવતું હતું. એ જ કપડવંજમાં કાચની માટી પણ થતી હતી, જેનાથી લીલા રંગની ચૂડીઓ અને બીજી વસ્તુઓ પણ તૈયાર થતી હતી. ઈડરના પર્વતમાં એક ખાસ પ્રકારનો ચૂનો થતો હતો, જેને ગુજરાતના કારીગર એવી સરસ રીતે પકવીને રોશન કરી દેતા હતા, કે જેથી લોકો હેરત થઇ જતા. મોજે નરોડા(અમદાવાદ)માં લોખંડના કટકા થતા હતા, જેને તબીબો શુદ્ધ કરીને દવામાં વાપરતા હતા. વડનગરની જમીનમાંથી લાખો મણ ક્ષાર તૈયાર કરવામાં આવતો હતો, જે આતિશબાઝી ઉપરાંત ફોજી કામમાં પણ વપરાતો હતો. ખંભાતમાં અકીકની કારીગરી આજની માફક પહેલાં પણ હતી. બટન, ચંદ્ર, ક્રોસ, સેફ્ટી પીન, છરી, ચાકુ અને હથીયારની મુઠ, તાવીઝ, પેપર-કટર, ઘડીયાલની ચેન, અંગુઠીનાં નંગ, કાનનાં એરિંગ, ગળાના હાર વગેરે ઘણી સફાઈથી અત્યંત ખુબસુરત તૈયાર થતાં હતાં.

---

*મિરાતે એહમદી; વધારો: ÷યાદે ઐયામ ×આઇને અકબરી ભાગ ૧ લો.

ઇ. સ. ૧૫૭૦ ના મધ્યકાળમાં એના સિવાય બીજાં પણ જૂદા જૂદા પ્રકારનાં કારખાનાં હતાં. દાખલા તરીકે દક્ષિણ અમદાવાદમાં શાહ ભીકનના રોજાના નજીક એક પવનચક્કી હતી, જેનાથી આટો દળવાનું કામ લેવામાં આવતું હતું.

ગુજરાતના ઉદ્યોગમાં સર્વશ્રેષ્ઠ ઉદ્યોગ કાગળ બનાવવાનો હતો. એનાં હજારો કારખાનાં ગુજરાતમાં હતાં. ખાસ અમદાવાદ ઉપરાંત પાટણ અને ખંભાતમાં પણ એનાં મોટાં મોટાં કારખાનાં સ્થપાઈ ગયાં. પાટણના કાગળોનું નામ જ "પટ્ટણી" પડી ગયું હતું. જૂનાગઢની પબ્લીક લાયબ્રેરીમાં એક હસ્તલિખિત ગ્રંથ મોજુદ છે, જે આ જ "પટ્ટણી" કાગળ પર લખાયલો છે.

ખંભાતમાં પણ એનાં સંખ્યાબંધ કારખાનાં હતાં અને ત્યાં હજી સુધી તે મહોલ્લો મોજુદ છે, જ્યાં કાગળો બનતા અને વેચાતા હતા. અમદાવાદ, જે કાગળોનું ધામ હતું, ત્યાં એટલા જથ્થામાં માલ તૈયાર થતો. કે તે હિન્દુસ્તાન સિવાય પરદેશ ખાતે પણ દૂર દૂર સુધી જતો હતો. એ કાગળ સફેદી અને ચીકાશમાં અજોડ હોતાં હિન્દુસ્તાનનો કોઇ પ્રાન્ત આ બાબતમાં તેની સ્પર્ધા કરી શકતો ન્હોતો. જાડા, પાતળા, લાંબા, પહોળા જૂદા જૂદા પ્રકાર અને કદના કાગળ તૈયાર કરવામાં આવતા. જૂદી જૂદી જાતના રંગીન કાગળો પણ બનતા અને ચીકાશની વિશેષતા તેમાં પણ હતી. બદામી રંગના કાગળનો વપરાશ વધારે ભાગે વેપારી રોજમેળો અને આવક-ખર્ચના હિસાબના ચોપડાઓમાં કરવામાં આવતો. જો કે યુરોપના સસ્તા વેપારે આ ઉદ્યોગને નષ્ટ કરી દીધો છે, છતાં ગુજરાતી શાહુકારો અને વેપારીઓના કારણે બદામી કાગળનો ઉદ્યોગ અમદાવાદમાં આજે પણ સજીવન છે. આ કાગળ વેચનારા લોકોને કાગદી (કાગઝી) કહે છે. આ શબ્દે અંતમાં આટલી વિખ્યાતિ મેળવી લીધી, કે સંખ્યાબંધ ખાનદાનોની અટક જ કાગદી થઇ પડી અને હવે તેઓ એ જ કાગદી અટકથી ઓળખાય છે. એમનો એક ખાસ મહોલ્લો અમદાવાદમાં વસાયેલો હતો અને તે કાગદીવાડના નામે જ મશહુર હતો. ઝરઅફશાં કાગળ પણ અમદાવાદમાં બનાવવામાં આવતા. એના નમુના હમણાં પણ મળે છે. અમદાવાદની પીર મુહમ્મદશાહ લાયબ્રેરીમાં કેટલાક નમુના આજે પણ મોજુદ છે.

કાગળો સંબંધી ઇતિહાસોમાં લખેલું છે, કે "જો કે દોલતાબાદી અને કાશ્મીરી કાગળો ઘણા ઉમદા હોય છે, પરંતુ સફેદી અને ચમકમાં અમદાવાદી કાગળોનો મુકાબલો કરી શકતા નથી. પણ મોટો એબ આ કાગળમાં એ હોય છે કે તે તૈયાર થવા પછી નહીં જણાય એવાં છિદ્રો તેમાં હોય છે, અને તેનું કારણ અમદાવાદનું સ્થળ છે, જે રણ-પ્રદેશમાં વસાવવામાં આવ્યું છે." "મિરાતે એહમદી"-ના કર્તા અલીમુહમ્મદખાને એનં એ કારણ દેખાડયું છે, કે "કેમકે આ દેશ રણમાં વસાયેલો છે, એ માટે કાગળ બનાવતી વેળા રેતીની રજકણો-જે એના ખમીરમાં છે-ઘુસી જાય છે અને પછી ચીકણા કરવાના સમયે સુકાઇને બહાર નીકળી જાય છે અને નહીં જણાય એવાં છિદ્રો પડી જાય છે, જે એબપાત્ર છે."

આ એબ હોવા છતાં તેની સફેદી, સુંદરતા અને ચીકણાઇના કારણે તેની માંગ ઘણી વધારે હતી અને હિન્દ ઉપરાંત અરબસ્તાન, સિરિયા, અને રૌમ સુધી તે જતા હતા અને તેનાથી વેપારીઓ ઘણો નફો મેળવતા હતા. અને હજારો-લાખો રૂપિયા, કાગળની નોટોની જેમ વેપારીઓ મેળવતા હતા. ×

ખંભાતથી સફેદ મીઠું અને વિરમગામની પાસેથી કાળું મીઠું તૈયાર થયાં કરતું હતું. સાગના લાકડાથી......અને ખાસ કરીને વહાણો તૈયાર થતાં હતાં. શીશમના લાકડાથી શણગારની ચીજો ઉપરાંત ખાસ કરીને રથ તૈયાર કરવામાં આવતા હતા.

સારાંશ, ઉદ્યોગની દષ્ટિએ ગુજરાતનું પાયતખ્ત ઘણું ઉચ્ચ હતું, તેનો અંદાજો માત્ર એથી તમો કરી શકો છો, કે ખાસ અમદાવાદના ઉસમાનપુરામાં દશ હજાર મકાનો ફકત કારીગરોનાં હતાં.

મોજે ચાણસ્મા જીલ્લે પાટણમાં એસ્ટ્રોનોમી (જ્યોતિષ-વિદ્યાના) સિદ્ધાન્ત મુજબ એક ઈમારત તૈયાર કરવામાં આવી હતી, તેમાં બાર ગ્રહોની ગણત્રી મુજબ બાર બાકોરાં બનાવવામાં આવ્યાં,

× "મિરાતે એહમદી"નો ઉપોદ્ઘાત

તેનાથી ઓગણત્રીસ બીજ જોઇ શકાતી હતી. મુગલ યુગમાં આલમગીરના સમય સુધી આ ઇમારત કાયમ હતી.

સોળમી સદીના પ્રારંભમાં સંગીતનો રિવાજ વધી ગયો હતો. રૂબાબની ખાસ માંગ હતી. મેહમૂદ બેગડાના માટે તે વિશેષતાની તૈયાર કરાવવામાં આવ્યો હતો.

એવી જ રીતે તેના દિકરા મુઝફ્ફર હલીમ માટે મૂલ્યવાન સોના અને જવાહીરોનો એક હંસ છ મહીનાની મુદ્દતમાં તૈયાર કરવામાં આવ્યો હતો, જે કારીગરીનો શ્રેષ્ઠતર નમુનો હતો. આ હંસ સરસ્વતી સ્વાંગ માટે એક જશનના પ્રસંગે ઉપયોગમાં લેવામાં આવ્યો હતો અને સરસ્વતીનું પાત્ર એક નર્તિકાએ ઘણી ખુબીથી ભજવ્યું હતું.

રૂબાબ, ચતરી, ચતુરવાદ્ય, સરમંડલ વિગેરે સંગીત–વાદ્યો એ યુગમાં મોટા પ્રમાણમાં તૈયાર થતાં હતાં, કેમકે બાદશાહ પોતે આ કલાનો જાણકાર અને રસજ્ઞ હતો.

આ'ઝમખાનના મહેલની પાસે એક હોઝ હતો, જેમાં હંમેશા પાણી ભરાયેલું રહેતું અને કદિ બગડતું નહીં. કેમકે પાણીની આવકજાવકનો કોઇ છૂપો માર્ગ હતો. પણ એમાં કલા તો એ હતી કે આ હોઝ કદિ ખાલી થતો ન હતો, બલ્કે એક વેળા સિવાય આખા વર્ષ પર્યંત તેમાં એકસરખી રીતે પાણી રહેતું અને વધતું–ઘટતું ન હતું.

વેપાર

દુનિયાનો કોઈ દેશ વેપાર વગર, ખુશાલ થઈ શકતો નથી. ખાસ કરીને દેશના જે ઉદ્યોગો હોય તેની નિકાશ ઘણી જરૂરી છે. ગુજરાતમાં પણ દરેક પ્રકારનો વેપાર ઘણો આગળ વધેલો હતો. દેશમાં ઉત્પન્ન થતી વસ્તુઓ બહાર જતી હતી અને બહારની ચીજો દેશમાં આવતી હતી.

ગુજરાતમાં મોટે ભાગે વેપાર દરિયાઈ માર્ગે ખેડાતો હતો. યમન, સિરિયા, મિસર, ઈરાક અને એબીસીનીયા જોડેના વેપારી–સંબંધો ઘણા વિશાળ પાયાપર હતા. લોકોની પાસે જૂદા જૂદા કદનાં વહાણો મોજુદ હતાં. ખુશ્કીમાં માળવા અને દખ્ખણથી અને સિંધના માર્ગે ખુરાસાનનો માલ વધારે આવતો હતો. સોળમી સદીની આખરીમાં પાઘડીઓ (દસ્તાર) દખ્ખણથી આવતી હતી. ઘોડાઓ વિશેષ કરીને ખુરાસાનથી આવતા હતા. એ જ ઘોડાઓના કારણે મેહમૂદ બેગડાને એક વેળા આબુના રાજા સાથે લડાઈ કરવી પડી હતી, અને તેણે લડાઈ કરીને વેપારીઓ પાસેથી ઘોડા છીનવી લીધા હતા. ઈરાકી અને અરબ ઘોડાઓ બસરા અને કતીફથી આવતા હતા.

ગુજરાતનું સૌથી મોટું બંદર એ વેળા ખંભાત હતું. બીજો નંબર દીવ ટાપુનો હતો અને તે પછી ભરૂચ. નહીંતર એમ તો નાનાં–મોટાં બંદરોની એકંદર સંખ્યા ૮૪ હતી. પરંતુ તેમાં ઘણે ભાગે કાચાં બંદરો હતાં. સુલતાન મેહમૂદના જ સમયથી દીવનું બંદર ઘણું રોનકદાર હતું અને ત્યાં દરેક પ્રકારનો વેપારી માલ ઉતારવામાં આવતો હતો. બહાદુરશાહના સમયમાં એની રોનક ઓર વધી ગઇ. ઇ. સ. ૧૫૩૦(હિ. સ. ૯૩૭)માં દીવ બંદરે જે કંઇ વેપારી માલ આવતો હતો, તેમાંની દરેક શ્રેષ્ઠ વસ્તુને ખરીદવાનો તેણે હુકમ સાદર કર્યો; તેમાં ફક્ત ગુલાબનો અર્ક જ તેર હજાર મણ ખરીદવામાં આવ્યો.×

એ ઉપરથી તમો બીજી ચીજોનો અંદાજો કાઢી શકો.

કાપડમાં 'સરસર' એક જાતનું કપડું હતું, જે બહારથી આવતું હતું અને શાહી ઈનામી પોશાકોમાં છૂટથી વપરાતું હતું. એવી જ રીતે સિરિયન અતલસની ગુજરાતમાં ઘણી ખપત હતી. ગુજરાતીઓ તે સિરિયાથી અહિં લાવીને ઘણો નફો મેળવતા હતા. કેમકે બાદશાહ વઝીરો, અમીરો અને અમલદારો ઉપરાંત મોટે ભાગે પોતાના દરબારીઓને ઇનામી પોશાક આપવા માટે ખરીદ કરતો હતો. ગુજરાતના છેલ્લા બાદશાહ મુઝફ્ફરશાહના સમયમાં જ્યારે ઇમાદુલમુલ્કના પૂત્ર

×ઝફરૂલવાલા ભાગ ૧ લો બહાદૂરશાહના સમયના બનાવો.

ચંગીઝખાંએ ભરૂચપર પૂરેપૂરો કબજો કરી લીધો ત્યારપછી ભરૂચનું બંદર ઘણું અગત્યનું થઇ ગયું અને લાખોનો માલ આવવા લાગ્યો. આવકનું મોટું પ્રમાણ અને દોલતની વૃદ્ધિના કારણે ચંગીઝખાનની આંખમાં માલનું કશું મૂલ્ય ન્હોતું. આખરે ઇ. સ. ૧૫૬૫માં બે વહાણો જીદ્દાહ બંદરથી રવાના થઇને ભરૂચ આવ્યાં, જે માલથી ભરેલાં હતાં. તે જ સમયમાં માળવાનો ગવર્નર અબ્દુલ્લાહખાં ઉઝબેક ન્હાસીને ચંગીઝખાંની પાસે આવ્યો હતો. ચંગીઝખાંએ કશી પણ આનાકાની વિના બન્ને વહાણો અબ્દુલ્લાખાંને આપી દીધાં. આ વેપારમાં મોટો હિસ્સો વહોરાઓનો હતો. આ વહોરાઓ રાજા સિદ્ધરાજ જયસિંહના સમયથી ગુજરાતમાં વેપાર કરી રહ્યા હતા. એઓ રાજકારણથી એલાહેદા રહીને પોતાનું બધું લક્ષ વેપાર તરફ જ રાખતા હતા અને એ જ કારણે તેઓમાં દરેક શખ્સ ખુશાલ હતો. તેમનો વેપાર વધારે ભાગે અરબસ્તાન જોડે હતો.

મારા આ કથનથી આમ સમજવું ન જોઇએ, કે અહિંના હિન્દુઓ આ વ્યાપારધંધાથી વંચિત હતા; બલ્કે હિન્દુઓએ પણ વેપારમાં ખૂબ પ્રગતિ કરી હતી અને મોટા મોટા ધનવાન શેઠીયાઓ અહીં હતા. તેમના આડતિયા અરબસ્તાન, સિરિયા છજીસ સુધી કામ કરતા હતા, જેમાં ધર્મનો કોઇ સવાલ ન્હોતો. હિન્દુઓના આડતિયા મુસલમાનો હતા. અને મુસલમાનોના આડતિયા હિન્દુઓ હતા. સોળમી સદીના અંત ભાગમાં એક હિન્દુ શેઠનો આડતિયા એક વહોરો, જીદ્દાહ અને યમનમાં તેનું કામ કરતો હતો. બલ્કે એક વેળા તો આ વહોરા આડતિયા પોતાના શેઠની રજા વિના, પોતાના તે વેળાના દાઈની સલાહથી માલની ખરીદી કરીને અગણિત નફો મેળવ્યો, જેથી તેનો શેઠ ઘણો જ ખુશી થયો.+

આ વેપારીઓમાં ધર્મના ભેદભાવ વિના ઘણો સંપ હતો અને આવશ્યકતાની વેળા એક બીજાની સહાયતા પણ કરતા હતા. એક વેળા એક હિન્દુ શેઠ દ્વારકાની યાત્રાએ ગયો હતો અને સંજોગવશાત્ ત્યાં રૂપિયાની તેને ઘણી જરૂરત પડી તો જામનગરના એક વહોરાએ, જે પોતે પણ મોટો માલદાર હતો, તેણે તેને સમયપર મદદ કરી, અને પછી થોડા સમય પછી જ્યારે તે વેળાના દાઈ (વહોરા-ધર્મગુરૂ) ને નાણાંની આવશ્યકતા પડી ત્યારે એ જ હિન્દુ શાહુકારે રૂપિયા આપીને તેમની જરૂરતને પૂરી કરી.÷

સુલતાન મેહમૂદના જમાનામાં હથીયારો બહારથી પણ આવતાં હતાં. દાખલા તરીકે આહનકજેલ તીલંગાનાથી, તોપ-બંદૂક મિસર અને સ્પેનથી, તલવાર યમનથી, ખંજર જમૈયા આદિ ખુરાસાનથી; જેમાંથી કેટલાકની મુઠો સોનાની હોતી, જેનું વજન ચાર શેરથી છ શેર સુધી હોતું. એના પછી ગુજરાતે પોતે પ્રગતિ કરીને યુદ્ધસામગ્રી બનાવવી શરૂ કરી હતી. શિરોહીમાં ઘણી જ સરસ કટાર અને તલવાર બનવી શરૂ થઇ. તીરનો નેઝો એટલા ઉચ્ચ દરજ્જેનો તૈયાર થતો હતો કે અરબ અને સિરિયા ખાતે લોકો ભેટ-સોગાત તરીકે મોકલાવતા. કચ્છી ઘોડા અને ગુજરાતના બળદો કદાવર અને નાના બન્ને ઉચ્ચ કોટિના હોતા. શિકારી ચિત્તા, સોરઠનાં બાજ, રાજપીપળાના હાથી ઘણા મશહુર હતા.

સિક્કા

ઇસ્લામી યુગથી પૂર્વે ગુજરાતમાં જે સિક્કાનું ચલણ હતું, તેનું નામ ઇસ્લામી ઇતિહાસોમાં "તાતરીયા" લખેલું છે. એ ચાંદીનો સિક્કો હતો. નવમી સદી ઈસવીના મધ્યમાં સુલેમાન સોદાગર જ્યારે અહિં આવ્યો ત્યારે તે વેળાએ પણ એ જ સિક્કાનું અહિં ચલણ હતું. તેણે લખ્યું છે, કે એના પર સન (સંવત) રાજાઓના નામ પરથી હોય છે. તેના પર રાજાનું ચિત્ર પણ હોય છે. આ ૧$\frac{1}{2}$ અથવા ૧$\frac{3}{4}$ પોણા બે દિરહમના બરાબર હતો અને તેનું વજન એક મીશ્કાલ. દિરહમ ચાર આનાની બરાબર હોય છે, એ કારણે એક "તાતરીયા" હાલના છ આના યા સાત આનાની બરાબર થયો. અલાઉદ્દીન ખિલ્જી અને તગલકના સમયમાં તે જ સિક્કા ગુજરાતમાં ચાલતા હતા, જે દિલ્હીમાં હતા.

+"કોકબેફલક" મિયા સૈયદના યુસુફ. ÷"મોસમે બહાર" ભાગ ૩ જો.

જ્યારે ગુજરાતી બાદશાહોએ સ્વાધીનતા હાંસિલ કરી ત્યારે સિક્કા પણ અલાહેદા પાડવા લાગ્યા. પરંતુ તે દિલ્હીના સિક્કાઓની હુબહુ નકલ હતી. બાદશાહનો ખિતાબ, નામ, સને અને ટંકશાળનું સ્થળ સિક્કા પર હોતું હતું. સુલતાન મુઝફ્ફર, મુહમ્મદશાહ પહેલો, અમદાવાદનો સ્થાપક સુલતાન અહમદશાહ, મુહમ્મદશાહ ત્રીજા, એમના સમય સુધી આ સિક્કાઓનાં નામ પુસ્તકોમાં મળી શકે છેઃ— જીતલ, ટંકચા, ટંકા સફેદ, ટંકા તિલાઈ. પરંતુ અમે અનુમાનથી કહી શકીએ છીએ કે બીજા આ સિક્કા પણ ચલણમાં હતાઃ ફ્લુસ એટલે પાઈ, દુગાની, અધન્ના (આઠ આની), હશ્તગાની (બે આના).

જીતલને પૈસો, ટંકચાને અર્ધો ટંકો અને ટંકા સફેદને રૂપિયો અને ટંકા તિલાઇને અશરફી (ગીની) સમજવાં જોઇએ, કેમ કે નાના, મોટા, જાડા, પાતળા જૂદા જૂદા વજનના તાંબાના સિક્કાઓ નજરથી પસાર થયા છે, જે બધા જીતલ હોઈ શકતા નથી અને એ મુશ્કેલી એ કારણે આવી ઉભી થઇ છે કે ગુજરાતી સિક્કાઓ પર મૂલ્ય લખેલું માલમ પડતું નથી. જ્યારે હું ખંભાતમાં ઐતિહાસિક સંશોધનના માટે થોડા દિવસ રહ્યો હતો, ત્યારે સુલતાન મુઝફ્ફર હલીમ ઈ. સ. ૧૫૨૫[હિ. સ. ૯૩૨] ના પ્રથમ કાળનો એક સોનાનો સિક્કો દૃષ્ટિથી પસાર થયો, જે એક ઈનામને જમીન ખોદતાં મળી આવ્યો હતો. પરંતુ મને અફસોસ થાય છે, કે તેનું વજન કરવાનું હું વિસરી ગયો. પરંતુ તેનું રૂપ તદ્દન તેવું જ હતું, જેવું કે તાંબાના સિક્કાનું હોય છે. એ સિક્કો ગોળ હતો.

હમણાં સુધીમાં ટંકા સફેદ દૃષ્ટિ સમક્ષથી અલ્પ જ પસાર થયા છે, જે તદ્દન તાંબાના સિક્કાની માફકના છે. પરંતુ તાંબાના સિક્કાઓ અગણિત સંખ્યામાં નજર આગળથી પસાર થયા, તેમાંથી અહમદશાહ પહેલા, મેહમૂદશાહ પહેલા અને મુઝફ્ફર છેલ્લો, એમના સિક્કાઓ સંખ્યાબંધ મળે છે. મુઝફ્ફર પહેલાના સિક્કા ઘણા ઓછા મળે છે અને એ સિક્કાઓ પણ અપ્રાપ્ય છેઃ જેઓ થોડા જ દિવસો બાદશાહ રહ્યા, જેમ કે મુહમ્મદશાહ પહેલો, મેહમૂદ બીજો અથવા મુઝફ્ફર ત્રીજો વિગેરે. પરંતુ આ સિક્કાનાં નામોમાં પાછળથી ફેરફાર થઇ ગયો હતો. મેહમૂદ પહેલાના સમયમાં એક ચાંદીના ટંકાનું નામ મેહમૂદી રાખવામાં આવ્યું હતું. તેના પછી સુલતાન મુઝફ્ફર ત્રીજાના સમયમાં મુઝફ્ફરી બનાવવામાં આવી હતી. ચંગીઝખાંના સમયમાં (જે વાસ્તવમાં સુલતાન મુઝફ્ફર ત્રીજાનો સમય છે) ચંગીઝી બનાવવામાં આવી હતી. પછી સોળમી સદીની આખેરમાં જામનગરના રાજાએ મુઝફ્ફરી અને જામી પોતાના રાજ્યમાં ઢાળી; જૂનાગઢ અને પોરબંદરના રાજાએ પણ મુઝફ્ફરી ઢાળી.


ગુજરાતના સુલતાનોના સિક્કાઓ

(૧) મુઝફ્ફર પહેલો


ગુજરાતના સુલતાનોના સિક્કાઓ આજ પર્યંત જેટલા જાણી શકાયા છે, તેમાં સૌથી વધુ અપ્રાપ્ય મુઝફ્ફર પહેલાનો સિક્કો છે. કદાચ એનું એ કારણ હોય, કે તેની સલ્તનત ગવર્નરની હેસીયતે વધારે દિવસો સુધી અને ગુજરાતના સુલતાનની હેસીયતે ઘણી ઓછી રહી હતી. પછી પણ એક સિક્કો મી. હોડીવાળાને જૂનાગઢથી હિજરી સન ૮૧૩ નો મળ્યો છે. એવી જ રીતે બીજો સિક્કો નાનો મળ્યો છે, જેની એક બાજુએ મુઝફ્ફર શાહ અસ્સુલતાન હિજરી સન ૮૧૩ લખેલ છે અને બીજી તરફનું લખાણ વાંચી શકાતું નથી. તેનું રૂપ આવી રીતે છેઃ—

૧	૨
અસ્સુલતાન મુઝફ્ફરશાહ સન ૮૧૩	

એવીજ રીતે બીજો સિક્કો ઘણો નાનો છે:




મુઝફ્ફર પહેલાનો એક બીજો સીક્કો છે, જેની એક તરફ મુઝફ્ફરશાહ અસ્સુલતાન છે અને બીજી બાજુનું લખાણ ઉકેલી શકાતું નથી. એવું જણાય છે, કે શબ્દો ઘસાઇ ગયા છે. કદાચ શમ્શુદ્દુનિયા વદ્દીન હોય. તેમાં માત્ર સન ૮ વાંચી શકાય છે અને કેમકે આ સન ૮ માં બીજો કોઈ મુઝફ્ફર થયો નથી. એ કારણે માનવું પડે છે, કે એ મુઝફ્ફર પહેલો જ છે. સ્વરૂપ આ પ્રમાણે છે:—



ખબર નથી, કે પહેલી બાજુના વર્તુલમાં શું લખેલું હતું. મુઝફ્ફર ૮૧૦ હિજરીમાં તખ્ત નશીન થયો.

(૨) મુહમ્મદશાહ પહેલો

એનો સિક્કો પણ અપ્રાપ્ય છે, કેમકે એની સલ્તનત ઘણી ઓછી રહી છે. તે છતાં એક સિક્કો મળ્યો છે, જે હિજરી સન ૮૦૨ નો છે. મુહમ્મદશાહ અસ્સુલતાન અને નાસિરૂદ્દુનિયા વદ્દીન લખેલું છે:—



પરંતુ એની તખ્તનશીન સન ૮૦૬ માં થઇ હતી. એ હિસાબથી એ સિક્કો પહેલાનો થયો, એ કારણે અગર તો એ સિક્કો તેનો નથી અથવા સન વાંચવામાં ભૂલ થઈ છે.

(૩) સુલતાન એહમદશાહ પહેલો

એહમદશાહ પહેલાના સિક્કા સંખ્યાબંધ મળે છે અને દરેક પ્રકારના નાના મોટા હાથ લાગ્યા છે. તેમાંના કેટલાક સન વિનાના છે. તે પર સુલતાનુલ આ'ઝમ નાસિરૂદ્દુનિયા વદ્દીન એહમદશાહ અસ્સુલતાન હોય છે અને કિનાર પર શહરે હુમાયૂ અહમદનગર છે. પરંતુ તે છતાંય ચોથી બાજુએ શું છે તે જાણી શકાયું નથી. આ જાતના સિક્કા જૂદી જૂદી સનના છે. સન ૮૪૧, ૮૪૭, ૮૪૩, ૮૪૬, ૮૩૩, ૮૪૦, ૮૨૮, ૮૨૧, ૮૩૦, ૮૩૯, ૮૩૮, ૮૪૪, ૮૪૫ ના સિક્કા છે. ૮૩૧ નો એક સિક્કો છે, જેની ચોથી તરફ એહમદશાહ અસ્સુલતાનની બાજુએ "મુકર્રમ" માલમ પડે છે અને સંભવિત છે, કે "હઝરત" અથવા "ઝુરીબા" (એટલે ઢાળવામાં આવ્યા)ના શબ્દો હોય. સ્વરૂપ આ પ્રમાણે છે—

૧	૨
અસ્સુલતાનુલ આ'ઝમ નાસિરૂદ્દુનિયા વદ્દીન	શહરે મુઅઝ્ઝમ એહમદશાહ અસ્સુલતાન અહમદનગર

ઘણે ભાગે તેના સિક્કામાં શહરે મુઅઝ્ઝીન અહમદાબાદ હોય છે અને શહરે હૂમાયૂ અહમદનગર.

એક સિક્કો હિજરી સન ૮૪૩નો છે, તે નીચેના સ્વરૂપનો છેઃ—

૧	૨
સુલતાનુલ આ'ઝમ નાસિરૂદ્દુનિયાવદ્દીન ૮૪૩	શહર અસ્સુલતાન એહમદશાહ અહમદ

સુલતાનુલઆ'ઝમ નાસિરૂદ્દુનિયા વદ્દીન ૮૪૩, એહમદશાહ અસ્સુલતાન. તેની બીજી બાજુના હાંસીયાપર "શહર" શબ્દ વાંચી શકાય છે અને બીજા ખૂણા પર "અહમદ." ન જાણે કે અહમદાબાદ છે અથવા અહમદનગર. બાકી બે ખૂણા પર શું છે તે ઉકેલી શકાતું નથી. આ સિક્કો મારી પાસે મોજુદ છે.

(૪) મુહમ્મદશાહ સુલતાન બીજો

આ સિક્કો હિજરી સન ૮૫૧નો છે. પહેલી બાજુએ ગ્યાસુદ્દુનિયા વદ્દીન અને બીજી બાજુએ મુહમ્મદશાહ અસ્સુલતાન છે. સ્વરૂપ આ પ્રમાણે છેઃ—

૧	૨
ગ્યાસુદ્દુનિયા વદ્દીન	અસ્સુલતાન મુહમ્મદશાહ ૮૫૧

એવી જ જાતનો બીજો હિજરી સન ૮૫૦નો અને ત્રીજો ૮૬૧નો છે. એક સિક્કો એવો છે, જે પર એક તરફ [ગ્યાસુદ્દુનિયા વદ્દીન] અને બીજી તરફ [અસ્સુલતાન / મુહમ્મદશાહ] છે. આમાં "અસ્સુલતાન" શબ્દ નીચે છે. આ પ્રકારના સાત સિક્કા નાના, પાતળી જાતના છે. રૂપમાં કોઈ ફરક નથી. આમાં હું સન જાણી શક્યો નથી. એક સિક્કો એવી રીતનો મળ્યો છે, કે તેની એક બાજુએ એક ફારસી પંક્તિ છે. અને હિન્દમાં આ પહેલો શખ્સ છે, જેણે ફારસી પદ્યમાં સિક્કો ઢાળ્યો છેઃ—

સિક્કએ સુલતાં ગ્યાસુદ્દીં મુહમ્મદશાહ બાદ
તા બદા દારૂઝ્ઝર્બે ગર્દું કુર્સે મહેરો માહ બાદ

અર્થાત્—સુલતાન ગ્યાસુદ્દીન મુહમ્મદશાહનો સિક્કો (દુનિયામાં) રહે, જ્યાં સુધી કે આકાશની ટંકશાળમાં સૂર્ય અને ચંદ્રની વર્તુલાકારની ટીકડીઓ રહે.

(૫) કુતુબુદ્દીન એહમદશાહ


એના પણ જૂદા જૂદા સિક્કા છે. પહેલી બાજુએ કુતુબુદ્દુનિયા વદ્દીન અબૂલ મુઝફ્ફર છે અને બીજી તરફ એહમદશાહ અસ્સુલતાન છેઃ—

૧		૨
કુતુબુદ્દુનિયા વદ્દીન અબૂલ મુઝફ્ફર	—	અસ્સુલતાન એહમદશાહ

કેટલાક સિક્કા એવા છે, જેની સંખ્યા સાતની છે અને એ સન વગરના છે. એ પ્રકારનો એક સિક્કો ૮૯૦ નો છે. એક સિક્કો અસાધારણ છે. એક ૮૯૧ અને બીજો ૮૯૨નો છે. સનામાં આઠના અંક કપાઈ ગયો છે. એવી જ રીતે "ખુલ્દ" પણ કપાઇ ગયો છે. દેખાવ આ પ્રમાણે છે:—

૧		૨
ખલીફા અમીરૂલ મોમીનીન ખલ્લદ ખિલાફતહુ ૮૯૧	—	કુતુબુદ્દુનિયા વદ્દીન એહમદશાહ અસ્સુલતાન

કેટલાક સિકકા એવા છે, જેની બીજી બાજુની કિનાર કપાઈ ગઈ છે. તેનું સ્વરૂપ આવું છે·—



(૬) સુલતાન મેહમૂદ બેગડા

(૧) આ બાદશાહના સિકકા સંખ્યાબંધ મળે છે, જે પૈકીના કેટલાક પર સન મોજુદ છે અને અને કેટલાક પર નથી. એ સિકકામાંથી તેર એવા છે, જે ઉપર સ્પષ્ટ દેખાતું નથી. ૨૧ સિકકા મોટા જાડા, ૧૧ નાના–પાતળા એવા છે કે એક બાજુએ સુલતાનુલ આ'ઝમ નાસિરૂદ્દુનિયાવદ્દીન અબૂલ ફતહ અને બીજી તરફ મેહમૂદશાહ અસ્સુલતાન છે.

(૨) અને છ સિક્કા આ પ્રકારના છે, કે તેની એક બાજુએ એવું છે:—

૧		૨
અસ્સુલતાનુલ આ'ઝમ નાસિરૂદનિયા વદ્દીન અબૂલ ફતહ	—	(ઉપર) મુસ્તુફાઃ / (ડાબે) ઝરબ / મેહમૂદશાહ અસ્સુલતાન / (જમણે) ઝરબ / (નીચે) શહરે

આ સિક્કાથી જણાય છે, કે આ સિક્કો જૂનાગઢ ઉર્ફે મુસ્તુફાબાદનો છે.

(૩) એક સિક્કાનું સ્વરૂપ આવું છે:—

૧		૨
સુલ્તાનુલ આ'ઝમ નાસિરૂદ્દુનિયા વદ્દીન	—	અબૂલફતહ મેહમૂદશાહ અસ્સુલતાન

આ બધા સિક્કાઓ પર કોઇ સન નથી. આ પ્રકારના સિક્કા ૫૩ છે.

(૪) આ પાંચ સિક્કા છે. તેની એક બાજુએ નાસિરૂદ્દુનિયાવદ્દીન સન ૯૧૦ અને બીજી તરફ માત્ર મેહમૂદશાહ અસ્સુલતાન વાંચી શકાય છે બાકી બધા કપાઈ ગયા છે. પરંતુ નિશાનીઓ એવી છે, કે જેથી અનુમાન કરી શકાય છે, કે આ સિક્કો નંબર બેની માફકનો હશે. એના સિક્કાઓમાં જૂનાગઢ મુસ્તુફાબાદને માટે શહરેઆ'ઝમ લખેલું છે અને ચાંપાનેરને માટે શહરે મુકર્રમ અને અમદાવાદને માટે શહરે મુઅઝ્ઝમ અને અહમદનગરને માટે શહરે હુમાયૂં.

(૫) આ પ્રકારના સિક્કા માત્ર ચાર છે; જે નંબર ૪ની તરેહના છે. એના ઉપર હિજરી સન ૯૧૦ છે.

(૬) ૯૧૨ના ચાર સિક્કા છે. બે મોટા અને બે નાના નંબર ૫ ના જેવા છે.

(૭) નં. ૫ ના જેવા આ સિક્કા છે. એના ઉપર હિજરી સન ૯૧૯ છે. એમાં સાત મોટા–જાડા, એક નાનો-જાડો અને એક નાનો-પાતળો છે.

(૮) એ પણ નંબર ૫ ના જેવા છે તે ઉપર સન ૯૦૦ છે. એમાં સાત જાડા, એક પાતળો અને એક નાનો પાતળો છે.

(૯) આગલા ત્રણ સિક્કાના જેવો છે. સન ૯૦૭ એ ઉપર લખેલ છે. સન ૯૧૧ નો પણ એક એવી જ રીતનો સિક્કો છે.

(૧૦) ત્રણ સિક્કા મોટા અને એક નાનો છે. મુસ્તુફાબાદમાં ઢાળવામાં આવ્યો છે. સન ૮૮૧ નો છે, નંબર ૨ની માફક સાફ વાંચી શકાય છે. નંબર ૪ની માફક એક મોટો અને બે નાના સન ૯૦૨ના છે. બે સિક્કા મોટા–નાના સન ૮૮૭ના છે. એક બીજો સન ૮૯૧નો છે. બે નાના, બે મોટા સન ૯૦૬ના, આગલા સિક્કાઓની માફક છે. છ જાડા-મોટા અને બે નાના સન ૯૦૯ના છે. સન ૮૯૩નો એક બીજો સિક્કો છે. સન ૯૦૪નો આગલાની માફક મોટો–જાડો છે. આગલાની માફક સન ૮૭૬નો એક સિક્કો છે. એક નાનો સિક્કો સન ૮૮૬નો હોઈ શકે છે. એજ પ્રકારનો એક બીજો સિક્કો એ જ સનનો છે. એક નાનો સિક્કો ઘણે ભાગે સન ૮૮૪ નો છે; કેમકે ૪ તો સાફ છે અને ૮નો અનુમાન છે. પરંતુ નાનો–જાડો સન ૮૮૪નો એક સિક્કો છે તે સાફ છે. એક સન ૯૦૮નો છે. સન ૮૮૯ના બે સિક્કા મોટા અને જાડા છે. સન ૮૮૮ના ત્રણ સિક્કા મોટા છે. સન ૮૯૯નો માત્ર એક સિક્કો નાનો પાતળો છે.

(૧૧) આ સિક્કો બીજી જાતનો છે. એમાં મેહમૂદ પોતાના બાપનું નામ પણ લખે છે. એક બાજુએ અસ્સુલતાનુલ આ'ઝમ નાસિરૂદ્દુનિયા વદ્દીન અબૂલ ફત્હ અને બીજી તરફ મેહમૂદશાહ બીન મુહમ્મદશાહ અસ્સુલતાન છે. એના બે સિક્કા છે, જે પર સન ૮૯૭ લખેલું છે. તેનું સ્વરૂપ આ પ્રમાણે છે:—

૧	૨
અસ્સુલતાનુલ આ'ઝમ નાસિ રૂદ્દુનિયા વદ્દીન અબૂલ ફત્હ	મેહમૂદશાહ બીન મુહમ્મદ શાહ અસ્સુલતાન ૮૯૭

એવી જ રીતનો સન ૮૯૪નો, તેમાં એક લાઈન "બીન"ની છે, એટલે ત્રણના બદલે ચાર લાઈન છે. આ બધા જાડા અને કેટલાક (૬) પાતળા છે. એક તારીખ વગરનો છે. સન ૮૮૬નો એવી જ રીતનો નાનો સિક્કો છે. નાના–પાતળા સન વગરના પણ થોડા છે. સન ૯૧૭નો આગલા સિક્કાઓની માફકનો છે, પરંતુ ઘણે ભાગે શબ્દો કપાઈ ગયા છે. મેહમૂદશાહ અસ્સુલતાન એક તરફ છે. બીજી તરફ નાસિરૂદુનિયા વદ્દીન દેખાય છે. એજ પ્રકારનો મોટો સન ૯૦૨નો છે. બીજો નાનો–પાતળો સન ૯૩નો છે. સંભવિત છે, કે સન ૮૯૩નો હોય. તેજ સામાન્ય લખાણ છે. બાકી કપાઇ ગયો છે.

(૭) સુલતાન મુઝફ્ફર હલીમ બીન મેહમૂદ

આ સિક્કો જોકે સાફ છે, પરંતુ કેટલાક અક્ષરો કપાઈ ગયેલા છે. પહેલી બાજુએ શમ્સુદુનિયા વદ્દીન ૯૨૭ છે અને બીજા પર મુઝફ્ફર બીન મેહમૂદશાહ અસ્સુલતાન છે. પહેલી બાજુ પર દીનના નીચેનો હીસ્સો કપાઈ ગયો છે. ઘણે ભાગે તે કુન્નીયત (અટક) છે. તેનું સ્વરૂપ આ પ્રમાણે છે:—

૧		૨
શમ્શુદુનિયા વદ્દીન ૯૨૭	—	મુઝફ્ફરશાહ બીન મેહમૂદશાહ અસ્સુ-લતાન

આ પાતળો અને નાનો છે.

સન ૯૧૮નો મોટો–નાનો એવી રીતનો છે. આ મોટા અને નાનામાં "**અલ મોય્યીદ અબૂલ ફતહ અસ્સુલતાન મેહમૂદશાહ શાહ**" છે. જેનાથી એટલું માલમ પડે છે કે મુઝફ્ફર બીન મેહમૂદ કપાઇ ગયો છે, કેમકે બે વાર "**શાહ**"નો શબ્દ આ બાબતને ટેકવે છે. એક સન ૯૧૮નો છે, તે ઘણો નાનો અને પાતળો છે. એનો પહેલો ભાગ ઘસાઈ ગયો છે. વાંચી શકાતો નથી.

એક બીજો સિક્કો છે, જે શંકાશીલ છે, એટલે પહેલી બાજુપર જે વાંચી શકાય છે તે આ છે:—

૧		૨
મોઅતસીમ શમ્શુદુનિયા વદ્દીન	—	અસ્સુલતાન મુઝફ્ફર મેહમૂદ શાહ

એમાં સન ૯૧ છે. એ કારણે ધારણા છે, કે એના પછીનો કોઇ અંક કપાઇ ગયો છે; કેમકે આ એક જ સિક્કો છે, એ કારણે બાકીનું લખાણ વાંચી શકાતું નથી. એ જ પ્રકારનો નાનો પાતળો બીજો સિક્કો છે, જે પર સન ૯ ઉંચો છે. સન ૯૩૦નો મોટો પરંતુ પાતળો સિક્કો પણ છે. નાનો–જાડો સન ૯૩૦/ સન ૯૩૩નો છે. બાકીનું લખાણ આગલા સિક્કાઓના જેવું જ છે. એક સિક્કો એવો છે કે જેની એક તરફ "મુઝફ્ફરશાહ અસ્સુલતાન" અને બીજી તરફ "અલમુઅફ્ફક બીતાઇ દુર્રહમાન શમ્શુ-દુનિયા વદ્દીન" છે.

૧		૨
અલમુઅફ્ફક બીતાઈ દુર્રહમાન શમ્શુદુનિયા વદ્દીન	—	અસ્સુલતાન મુઝફ્ફરશાહ ૯૨૦

અગીયાર સિક્કા આ પ્રકારના મોટા અને જાડા છે અને બે વચલા દરજ્જાના અને સાત નાના, કુલ વીશ નંગ છે.

એક સિક્કો સોનાનો પણ છે, અને તે આ પ્રમાણે છે:—

૧	૨
અલમોય્યીદ બીતાઈ દુર્રહમાન શમ્શુદ્દુનિયા વદ્દીન અબુન્નસ્રા	અસ્સુલતાન ૯૭૯ મુઝફ્ફર બીન મેહમૂદશાહ

બીજો સિક્કો સોનાનો.

મેહમૂદશાહ બીન મુઝફ્ફરશાહ અખી બહાદુરશાહ (અથવા કદાચ કોઇ બીજાનો પુત્ર હોય) સિકંદર બીન મુઝફ્ફરના મરવા ઉપર ચાંપાનેરની પાસે ઘણે ભાગે ગોધરામાં તખ્તનશીન થયો. તેના બે સિક્કા નાના નાના મળ્યા છે. સિકકામાં ગોધરાનો "ગો" શબ્દ અને સન ૯૩૨નો "૨"નો અંક કપાઈ ગયા છે:—

૧	૨
સુલતાન મેહમૂદશાહ	દારૂલમુલ્ક ગોધરા ૯૩૨

તે વેળા સુધી શિલાલેખોની પણ એ હાલત હતી, કે ઘણે ભાગે બધા શિલાલેખો અરબી ભાષામાં ખોદાવીને ઈમારતોપર લગાડવામાં આવતા હતા, પરંતુ મુઝફ્ફરશાહ હલીમનો એક શિલાલેખ ખંભાતમાં દૃષ્ટિથી પસાર થયો, જે ફારસી ભાષામાં હતો અને મારા વિચારમાં આ પહેલો બાદશાહ છે, જેણે ફારસીમાં આ શિલાલેખ લખાવ્યો છે. આ શિલાલેખ વાસ્તવમાં અશોકના સ્તંભ મિસાલનો છે. એના પર મંડી(બન્દર)ના નિયમો લખેલા છે. અને એ કાનુનોની જાળવણી કરવા માટે લોકોનું લક્ષ દોરવામાં આવ્યું છે. આ શિલાલેખ આજે પણ ખંભાતની મંડી મહોલ્લાની એક નિશાળની ભીંતમાં મોજુદ છે.

(૮) સુલતાન બહાદૂરશાહ

બહાદૂરશાહના કુલ તેર સિક્કા છે. તેમાંથી સાત ઉપર એક જ પ્રકારનું લખાણ છે અને બીજાઓ પર બીજું છે. તેની એક બાજુએ કુતુબુદ્દુનિયાવદ્દીન છે અને બીજી બાજુ ઉપર બહાદૂર બીન મુઝફ્ફરશાહ અસ્સુલતાન છે.

૧	૨
કુતુબુદ્દુનિયા વદ્દીન ૯૩૮	બહાદૂર બીન મુઝફ્ફરશાહ અસ્સુલતાન

બીજા પ્રકારનો સન ૯૩૪ નો છે. તેનું રૂપ આ છે.—

૧	૨
અસ્સુલતાન બહાદૂરશાહ	. . . . સલ્તનતહુ ૯૩૪

આખેરી સિક્કો એના સિવાય સન ૯૩૩નો છે. પરંતુ હાલમાં તેની બીજી બાજુનું લખાણ વાંચી શકાતું નથી. નાના, મોટા, જાડા, પાતળા દરેક પ્રકારના છે. એક બીજો સિક્કો નજર આગળથી પસાર થયો છે, જે આ પ્રમાણે છેઃ—

૧	૨
અલમોઅતસીમ બીલ્લાહશમ્શુ દુનિયા વદ્દીન	અસ્સુલતાન બહાદૂરબીન મુઝફ્ફરશાહ

આનો એક સિક્કો આ માફક પણ છેઃ—

૧	૨
અબૂલફઝલ કુતુબુદુનિયા વદ્દીન	અસ્સુલતાન બહાદુરશાહ બીનમુઝફ્ફરશાહ

આ પ્રકારના નાના મોટા ૨૧ સિક્કા છે.

(૯) સુલતાન મેહમૂદ બીન લતીફશાહ

એના સિક્કાના એક પડખાપર "અલવાસિક બિલ્લાહીલ મન્નાન અબૂલ ફતહ નાસિરૂદુનિયાવદ્દીન" છે અને બીજાપર મેહમૂદશાહ બીન લતીફશાહ અસ્સુલતાન છે. સ્વરૂપ આ પ્રમાણે છે:—

૧	૨
અલવાસિક બિલ્લાહીલ મન્નાન અબૂલફતહ નાસિરૂદુનિયાવદ્દીન	મેહમૂદશાહ બીન લતીફશાહ અસ્સુલતાન

આ સિક્કો ચાંદીનો છે.

બીજો સિક્કો એવો છે જે ઉપર, ઉપરના લખાણ કરતાં થોડું ફરક છે. એમાં "નાસિરૂદુનિયાવદ્દીન અલમુઅફરીકબિઅન્નીલ્લાહ અબૂલફતહ" × મેહમૂદશાહ બીન લતીફશાહ અસ્સુલતાન છે:—

૧	૨
નાસિરૂદુનિયાવદ્દીન અલમુઅફરીકબિઅન્ની લ્લાહ અબૂલ ફતહ	મેહમૂદશાહ બીન લતીફશાહ અસ્સુલતાન

આ પ્રકારના સાત સિક્કા ચાંદીના છે.

એ જ પ્રકારનો એક બીજો સિક્કો પણ છે—

૧	૨
નાસિરૂદ્દુનિયા વદ્દીન અબૂલ ફત્તહ	મેહમૂદ બીન લતીફશાહ અસ્સુલતાન

તાંબાનો એક સિક્કો છે, જે નીચે પ્રમાણે છેઃ—

૧	૨
નાસિરૂદ્દુનિયા વદ્દુન	મેહમૂદશાહ અસ્સુલતાન ૯૪૪

એના હાંસીયા ઉપર શું લખાણ હતું, તે કપાઈ જવાના કારણે જાણી શકાયું નથી.

એક બીજો સિક્કો છે. "અલવાસિક બિલ્લાહીલ મન્નાન અબૂલ ફત્તહ નાસિરૂદ્દુનિયા વદ્દીન મેહમૂદશાહ બીન લતીફશાહ અસ્સુલતાન. આ તાંબાનો છે, જે ચાંદીના સિક્કાના જેવો છે.

એવા જ પ્રકારનો એક સિક્કો સન ૯૫૨ નો છે અને બીજો નાનો-પાતળો સન ૯૪૯ નો છે. સ્વરૂપ આમ છેઃ—

૧	૨
અલવાસિક બિલ્લાહીલ મન્નાન ૯૪૯ નાસિરૂદ્દુનિયા વદ્દીન અબૂલ ફત્તહ	હઝરત અલઝરબ મેહમૂદશાહ બીન લતીફશાહ અસ્સુલતાન

એનાથી માલમ પડે છે કે ઘણે ભાગે બીજા સિક્કાઓમાં પણ દારૂલઝરબ હશે, જે ઘણી વેળા કપાઇ જાય છે. કેટલાક સિક્કા આ પ્રકારના છેઃ—

૧	૨
અલમોઅફ્રીક બિલ્લાહીલ મન્નાન શમ્શુદ્દુનિયા વદ્દીન	મેહમૂદશાહ બીન લતીફશાહ અસ્સુલતાન

(૧૦) સુલતાન એહમદશાહ ત્રીજો

એહમદશાહ ત્રીજાના સિક્કા સંબંધી હમણાં સુધી કોઈ વિશ્વાસનીય વાત કહી શકાતી નથી. તે છતાં તેના સંબંધી એક દૃષ્ટિબિંદુ એ છે, કે ગુજરાતના સુલતાનોમાં એહમદશાહ ત્રણ થયા છે. પહેલો એહમદશાહ અમદાવાદનો સ્થાપક, અને બીજો તેનો જ પૌત્ર કુતુબુદ્દીન એહમદશાહ બીન મુહમ્મદ શાહ બીન એહમદશાહ અને ત્રીજો સુલતાન બાહાદૂરશાહના ભત્રીજા મેહમૂદશાહના પછી થયો. એહમદશાહ પહેલો પોતાના સિક્કામાં ઘણે ભાગે નાસિરૂદુનિયાવદ્દીન પોતાનો લકબ (ખિતાબ)

લખે છે અને બીજો એહમદ પોતાને કુતુબુદ્દીનિયાવદ્દીન લખે છે. એ કારણે એ માનવું પડશે. કે આ સિક્કો છેલ્લા એહમદશાહનો છે અને તેનો જ લકબ ગ્યાસુદ્દુનિયાવદ્દીન છે કેમકે એના સિવાય બીજા કોઇએ ગ્યાસુદ્દુનિયાવદ્દીન લખેલ નથી. આ પ્રકારના સિક્કા હમણાં સુધી છજ મળ્યા છે. તેમાં બે ઉપર ગ્યાસુદ્દુનિયાવદ્દીન × એહમદશાહ અસ્સુલતાન છેઃ—

૧	૨
ગ્યાસુદ્દુનિયા વદ્દીન	એહમદશાહ અસ્સુલતાન

આમાં લક્ષને પાત્ર આ વસ્તુ છે, કે "સુલતાન" શબ્દ હેઠળ છે, નહીં તો મોટે ભાગે એ શબ્દ ઉપરની બાજુએ હોય છે; જેમકે બીજો સિક્કો આ પ્રમાણે છેઃ—

૧	૨
ગ્યાસુદ્દુનિયા વદ્દીન	અસ્સુલતાન એહમદશાહ

આ નાના, પાતળા એક જ સાઇઝના છે.

હવે ત્રણ સિક્કા જૂદા જૂદા પ્રકારના છે. તેમાં એક મોટો–જાડો, બીજો તેનાથી કમ, ત્રીજો નાનો. એકમાં છે નાસિરૂદ્દુનિયા વદ્દીન× એહમદશાહ બીન મેહમૂદશાહ અસ્સુલતાન. સ્વરૂપ આ છેઃ—

(अ)

૧	૨
ઝરબ નાસિરૂદ્દુનિયા વદ્દીન	અસ્સુલતાન ૯૬૧ એહમદબીન મેહમૂદશાહ

(ब)

૧	૨
ઝરબ નાસિરૂદ્દુનિયા વદ્દીન	અસ્સુલતાન શાહ એહમદ બીન મેહમૂદશાહ

(क)

૧	૨
અલમુજાહીદ મુઇનુદ્દીનિયા વદ્દીન	અસ્સુલતાન શાહ ૯૬૨ એહમદ બીન મેહમૂદ શાહ

આ ત્રણે સિક્કા પર, વિચાર કરવાથી ખાત્રી થઈ જાય છે, કે આ એહમદશાહ ત્રીજાના જ છે, કેમકે બે સિક્કાઓમાં તો સન પણ સ્પષ્ટ વંચાય છે; એટલે સન ૯૬ તો સ્પષ્ટ છે. બાકી એક અથવા બેનો અંક જરાક સ્પષ્ટ નથી. તો પણ એહમદશાહના ઇતિહાસની સાથે (એ સિક્કાનો સંબંધ) પૂરેપૂરો સંકળાયેલો છે. અલબત્ત ઇતિહાસમાં કોઇ એવો એહમદ નથી, કે જેના બાપનું નામ મેહમૂદશાહ હોય. તો તેનો જવાબ એ છે, કે જેવી રીતે મેહમૂદ શાહ બીન લતીફ્શાહ છે, એવી જ રીતે એહમદશાહ બીન મેહમૂદશાહ હશે. એટલે, કે જેવી રીતે લતીફ્શાહ બાદશાહ ન હતો, બલ્કે શાહી ખાનદાનથી હતો, તેવી જ રીતે મેહમૂદશાહ હશે, પરંતુ "મિરાતે સિકંદરી" એ એનું નામ એહમદશાહ બીન લતીફ્ખાં નબીરએ લશ્કરખાન બીન સુલતાન એહમદખાન બાનીએ અહમદાબાદ લખ્યું છે. "ઝફરૂલવાલા"માં એહમદશાહ બીન લતીફ્ખાન બીન નિઝામખાન બીન લશ્કરખાન બીન સુલતાન એહમદ લખેલ છે અને ફરિશ્તા એહમદસાની એટલે કુતુબુદ્દીનના વંશથી દેખાડે છે.

ટૂંકમાં, આ સિક્કાઓને જોતાં મારો એ વિચાર બંધાય છે, કે ઇતિહાસોમાં એહમદશાહ અને લતીફ્ખાનના દરમિયાન મેહમૂદખાનનું નામ ભૂલથી રહી ગયું છે.

(૧૧) સુલતાન મુઝફ્ફર ત્રીજો ઉર્ફે નથ્થુ

(૧) મુઝફ્ફર ત્રીજાના સિક્કા બે-ત્રણ પ્રકારના છે. પહેલો તો ખાસ મુઝફ્ફરના સમયનો જે સન......થી સન ૯૮૦ સુધી છે; બીજો તેના પછીનો; ત્રીજો જામનો; ચોથો રાણાપુર બંદરનો; અને પાંચમો જુનાગઢનો.

હું પહેલાં મુઝફ્ફરના સમયના સિક્કાને રજૂ કરૂં છું. તેના પહેલા પડખા પર "અલ મોય્યીદ-બિતાઇદિર્રહમાન શમ્શુદ્દુનિયા વદ્દીન" અને બીજા પર મુઝફ્ફર શાહ અસ્સુલતાન છે. એ સિક્કો સન ૯૭૯ નો છે. તેનું સ્વરૂપ આ પ્રમાણે છે—

૧	૨
અલમોય્યીદ બિતાઇદિર્રહમાન શમ્શુદ્દુનિયા વદ્દીન	અસ્સુલતાન ૯૭૯ મુઝફ્ફરશાહ

આ જૂદા જૂદા પ્રકારના સિક્કા છે. કેટલાક મોટા-જાડા, કેટલાક નાના, કેટલાક પાતળા-ચપટા મોટા, કેટલાક નાના એમાં સન પણ જૂદા જૂદા છે.

સન ૯૭૯, સન ૯૬૯, સન ૯૭૮ના ઘણાં છે. સિક્કાની એકંદર સંખ્યા ૧૬ છે. સન ૯૬૯ના ૭, સન ૯૭૯નો એક, બાકી એવાં છે કે જેના અંકો વાંચી શકાતા નથી. તેના સન સ્પષ્ટ નથી, દાખલા તરીકે સન ૯૭, સન ૯૬ વિગેરે. એ બધાં તાંબાના છે અને ગોળ છે. લિપિ અરબી છે.

(૨) એક બીજા પ્રકારનો સિક્કો પણ એણે ઢાળ્યો છે. એમાં મોટા, પાતળા, નાના, જાડા બધી જાતના છે. એક પડખાપર "અલમોય્યીદ બિતાઇદિર્રહમાન અબૂલફત્હ નાસિરૂદ્દુનિયાવદ્દીન અને બીજી તરફ મુઝફ્ફરશાહ બીન મેહમૂદશાહ અસ્સુલતાન છે. એ એકંદર ૫૩ સિક્કા છે. તેમાંથી ૧૪ સિક્કા સન ૯૮૦ની પછીના છે એટલે કે સન ૯૮૧ છે અને એનાજ પછીના અક્ષરો કપાઇ ગયા છે અને એના ૧૪ સિક્કા એ પ્રકારના છે) જે એવી રીતે સન ૯૭૦ની પછીના છે. એક સિક્કો અલબત્ત એવો છે, કે જેના પર સ્પષ્ટ રીતે સન ૯૭૦ દેખાય છે. નીચે દર્શાવેલો એક બીજો સિક્કો ચાંદીનો મળેલો છે;

૧		૨
અલમોઅ્યીદ બિતાઇદીર્રહમાન શમ્શુદ્દુનિયા વદ્દીન	—	સુલતાન મુઝફ્ફર શાહ ખલ્લદલ્લાહ મલ્કહુ

બાકીના સિક્કાઓપર સન સ્પષ્ટ રીતે વાંચી શકાતો નથી. તેનું સ્વરૂપ આ છેઃ—

૧		૨
અલમોઅ્યીદ બિતાઇદીર્રહમાન નાસિરૂદ્દુનિયા વદ્દીન અબૂલફત્હ	—	અસ્સુલતાન શાહ મુઝફ્ફરબીન મોહમ્મદશાહ

આ ચાંદીના સિક્કાને મુઝફ્ફરી કહે છે. એ જ પ્રકારના જાડા તાંબાના સિક્કા છે, જેને ટંકા કહે છે.

(૧૨) મુઝફ્ફરશાહી જામના સિક્કા

હિજરી સન ૯૭૮ માં જામને મુઝફ્ફર ત્રીજાએ સિક્કા ઢાળવાની રજા આપી હતી, એ કારણે તેણે યાદગારી તરીકે દરેક સિક્કા પર તેણે તે જ સનને કાયમ રાખ્યા; પરંતુ લખાણમાં સન ૧૭૮ દેખાય છે અને કદિ માત્ર સન ૭૮. જામના સિક્કા ઘણે ભાગે જાડા અને વજનદાર મોટા ૬૭ છે. એક પડખા ઉપર શમ્શુદ્દુનિયા વદ્દીન અને બીજા પર મુઝફ્ફર શાહ અસ્સુલતાન છે, જેના હેઠળ શ્રીજામ અને ઉપર સન ૯૭૮ હોય છે. તેનું સ્વરૂપ આ છેઃ—

૧		૨
શમ્શુદ્દુનિયા વદ્દીન	—	અસ્સુલતાન ૯૭૮ મુઝફ્ફરશાહ શ્રી જામ


પાછળના સિક્કાઓમાં પહેલા પડખા પર શમ્શુદ્દુનિયા વદ્દીનનો શબ્દ નાબુદ થતો ગયો છે. હિન્દુ રાજ્ય હોવાના કારણે એનું લક્ષ રાખવામાં આવ્યું નથી અને તે નાબુદ થઇને માત્ર "શમ્શ" રહી ગયું. બાકીની જગ્યામાં લીંટીઓ ||||||| રહી ગઇ છે, જેનું સ્વરૂપ આ પ્રમાણે છેઃ—

|||||||||||||||| શમ્શ ||||||||||||||||

એજ જાતના ૬૫ સિક્કા બીજા છે, જે પોતાના આગળના સિક્કાના મુકાબલામાં જાડા અને દળમાં ઓછા છે. એક સિક્કો એનાથી પણ નાનો અને ઓછા દળનો છે, જે આગળના જેવો જ છે. એનાથી નાના ચાર છે અને તેનાથી પણ હલકા વજનના નાના ત્રણ છે અને ૩૨ સિક્કા આજકાલની પાઇઓ જેટલા નાના છે અને પાંચ એ જ પાઈની માફકના પરંતુ જરા જાડાઈમાં વધુ છે. એ જ પ્રકારના ૩-૪ સિક્કા બીજા છે.

(૧૩) મેહમૂદી જામ

આ અજબ વાત છે, કે સુલતાન મેહમૂદ બીન લતીફના નામથી પણ જામે સિક્કા ઢળાયા છે, જેનાથી ઉપર્યુક્ત દૃષ્ટિબિંદુ નાબુદ થઈ જાય છે. કદાચ પાછળથી ઢળાયા હોય. એક તરફ મેહમૂદશાહ લતીફશાહ અસ્સુલતાન છે, જેની નીચે "શ્રી જામ" ગુજરાતીમાં છે અને બીજા પર શમ્શુદ્દુનિયા વદ્દીન અને તેના હેઠળ કાતર જેવું ચિત્ર છે. કેટલાક તેને સરોતો (સુડી) કહે છે. આ સિક્કો મોટો અને વજનદાર છે. એમાં સન બિલ્કુલ નથી. એવા સિક્કા ૬૬ મળ્યા છે. તેનું સ્વરૂપ આ છે:—



આ પ્રકારના નાના સિક્કા ૨૬ છે.

(૧૪) પોરબંદરના રાણા

પોરબંદરના રાણાએ પણ મુઝફ્ફરી ચલાવી છે. તેને એક પડખે મુઝફ્ફરશાહ અસ્સુલતાન અને તેના હેઠળ રાણા હોય છે અને બીજી તરફ શમ્શુદ્દુનિયાવદ્દીન છે. એ નાના-મોટા દરેક પ્રકારના છે. એવું માલમ પડે છે, કે જામનું જોઇને રાણાએ પણ એ શરૂ કરી દીધા હોય. એમાં પણ સન નથી, પરંતુ જામની માફક એણે પણ બીજો પડખો બગાડી દીધો છે, જેના પર માત્ર "શમ્શ" વાંચી શકાય છે. બાકી લીટીઓ જ દૃષ્ટિએ પડે છે. એ સિક્કા મોટા અને પાતળા દરેક પ્રકારના હોઇ, ૧૯ મોટા અને ૧૫ નાના છે.

આ સિક્કાઓની કિંમત શી હતી, એ એક ગંભીર પ્રશ્ન છે. મને અફસોસ છે, કે હું ગુજરાતી નથી, જેના કારણે પ્રાકૃતિક રીતે હિસાબકિતાબની તરફ મારૂં અનુલક્ષ નથી. તે છતાં અર્થશાસ્ત્રીઓ માટે હું સામગ્રી રજૂ કરી દઉં, કે જેથી તેઓ આનું વાસ્તવિક મૂલ્ય આંકી શકે. પરંતુ આને માટે એ ભૂલવું ન જોઇએ, કે જૂદા જૂદા સમયમાં ટંકાઓનું વજન ઓછુંવત્તું થતું રહ્યું હતું. એ માટે તેની કિંમત પર તેની અસર પડવી જરૂરી છે. દાખલા તરીકે બહાદુરશાહ પોતાની ઉદારતા માટે પ્રખ્યાત છે. જ્યારે કદિ પણ તે ઈનામ આપતો હતો ત્યારે લાખથી કમ શબ્દ તે કદિ જીભે લાવતો ન્હોતો. એ કારણે વઝીરોએ મંત્રણા કરીને ઓછી કિંમતનો ટંકો તૈયાર કરાવ્યો.

સુલતાન મેહમૂદ બેગડાના સમયની મેહમૂદી (ચાંદીનો સિક્કો) અકબરી આઠ ટંકાના બરાબર હતી. તેનું વજન ૪$\frac{1}{2}$ માશા હતું. આલમગીરના સમયમાં તેનું મૂલ્ય ઘટી ગયું અને એક રૂપિયામાં બે અથવા ત્રણ મેહમૂદી મળતી હતી. મુઝફ્ફર હલીમના સમયનો એક ટંકો, આઠ મુરાદી ટંકાની બરાબર હતો. આ મુરાદી ટંકો (સિક્કો) કયા બાદશાહના સમયનો હતો, એ વાત ગુજરાતના કોઇ ઇતિહાસમાં મારી દૃષ્ટિથી પસાર થઇ નથી. સંભવિત છે, કે અકબરનો પુત્ર મુરાદ-જે થોડા દિવસો સુધી ગુજરાતનો સુબેદાર રહ્યો હતો-ની યાદગાર હોય.

ફિરિશ્તાએ એક સ્થળે લખ્યું છે, કે મુઝફ્ફર હલીમના સમયના વીસ લાખ ગુજરાતી ટંકા બે હજાર તુમાનની બરાબર છે.* તુમાન ઈરાનનો પ્રખ્યાત સિક્કો હતો. ફાર્સી શબ્દ-કોષમાં લખ્યું છે, કે એક તુમાન વીસ રૂપિયાનો હોય છે. બહાદુરશાહ ગુજરાતીના પ્રારંભકાળમાં એક ટંકો ૨૧ દોકડાનો હતો. પરંતુ જ્યારે તે બેહદ ઉદારતા બતાવવા લાગ્યો ત્યારે તેના પ્રધાનોએ તેનું વજન ઘટાડી

* તારિખે ફિરિશ્તા : ગુજરાતના સુલતાનોનું બ્યાન

દીધું. દોકડાનો રિવાજ ખાસ ગુજરાતમાં નથી. અલબત્ત જૂનાગઢમાં મારી નજરમાંથી પસાર થયો છે. આ તાંબાનો સિક્કો હોઈ, પાઈના બરાબર હતો.

ઝફરૂલવાલામાં લખ્યું છે, કે ઈ. સ. ૧૫૩૪ [હિ. સ. ૯૪૧]માં જ્યારે બહાદૂરશાહે ચિતોડ ફતેહ કર્યું હતું, તે વેળા એક કરોડ ગુજરાતી ટંકા, દિલ્હીના ચાળીસ કરોડ ટંકાના બરાબર હતા. જાણે એક ગુજરાતી ટંકાના તે સમયમાં ચાળીસ હિન્દુસ્તાની ટંકા મળતા હતા. સુલતાન અહમદશાહ(ત્રીજો) : મૃત્યુ : ઈ. સ. ૧૫૬૦ [હિ. સ. ૯૬૯]ના સમયમાં એ'તેમાદખાંના પ્રધાનપદામાં ૨૨ કરોડ ગુજરાતી ટંકા ૨૨ લાખ અકબરી ટંકાની બરાબર હતા. "મિરાતે સિકંદરી"ના આ કથન ઉપરથી હું અનુમાન કરૂં છું કે બહાદૂરશાહના છેવટના સમયમાં ટંકાનું વજન ઓછું થયું, એ કારણે એની કિંમત ઘટી ગઈ હોવી જોઇએ. ફરી સલ્તનતની કમઝોરી અને અકબર બાદશાહની ચડતીએ આના પર પૂરતી અસર કરી હશે. જેમકે આજે પણ આપણે એવું જોઇએ છીએ.

ખેતી, વેપાર, ઉદ્યોગ અને કલાના કારણે ગુજરાત ભાગ્યવંત બની ગયું હતું. બીજી સલ્તનતોને આના પર અદેખાઈ થતી હતી. દિલ્હીના બાદશાહે હસરતથી કહ્યું હતું, કે "અમારા રાજ્યનો આધાર જવ અને જવાર પર છે અને ગુજરાતની સલ્તનતનો આધાર જર અને જવાહીર પર છે." અને એમાં જરાય શકને સ્થાન નથી, કે ગુજરાતના ખઝાનામાં જવાહીરો એટલાં ઉચ્ચ કોટિનાં હતાં, કે તે સમયમાં કોઈ હિન્દી રાજ્ય એની સ્પર્ધા કરી શકતું ન્હોતું. "જવાહીરનામા"માં લખ્યું છે, કે ઝવેરીઓનો કોલ છે કે અલમાસ ૧૫ કેરેટથી વધારેના આ બાજુ જોવામાં આવતાં નથી, પરંતુ ગુજરાતના ખઝાનામાં ૩૦–૪૦ કેરેટનો અલમાસ મોજુદ છે. × અને એ જ કારણ છે, કે એ'તેમાદખાંને અકબર બાદશાહે પોતાના જવાહીરખાનાનો મંત્રી નિમ્યો હતો.

વજન

"મુનાફેઉસ્સીબયાન" નામક એક હસ્તલિખિત ગ્રંથમાં લખ્યું છે, કે માપ–તોલાના માટે જે વજન નિર્ણીત થયેલ છે તે નીચે મુજબ છે:— *

૬ ચાવાલ સાઠીની		એક રતિ (ખૂનચી)
૩ ખૂનચીનો		એક વાલ
૮ ખૂનચીનો		એક માશો
૬ માશા		એક ગદિયાણો
૨ ગદિયાણા		એક તોલો
૩ દિરહમ ૩ ટાંક	એક તોલો	[અને દિરમ અથવા દિરહમ ૩૨ ખૂનચીનો હોય છે. અને એક દિરહમનો એક ટાંક થાય છે.]
૨૪ તોલા		એક શેર
૪૦ શેર		એક મણ

આ હિસાબથી વર્તમાન અંગ્રેજી શેર જે એંસી તોલાનો હોય છે, તેના ગુજરાતી ત્રણ શેર આઠ તોલા થશે. ગુજરાતી સુલતાનોના દરેક સમયની આવક એલાહેદી દેખાડવી, એ તો ઘણા વિશાળ અને ઉંડા અધ્યયન પર નિર્ભર છે; પરંતુ બહાદૂરશાહ ગુજરાતીના સમયમાં લગભગ બાર કરોડ રૂપિઆની હતી.

લશ્કર

દુનિયાની કોઇ સલ્તનત, સૈન્યની પદ્ધતિસરની રચના કર્યા વિના સ્થાપિત થઈ શકતી નથી અને એજ સબબે દરેક રાજ્યે પોતાના લશ્કરને દરેક રીતે સુદૃઢ રાખ્યાં કરતા અને તેનો વિકાસ કરવાની બેહદ કોશિશ કરતા રહ્યા હતા.

× "જવાહીરનામા" (હસ્તલિખિત) પીરમુહમ્મદશાહનું પુસ્તકાલય અમદાવાદ

* "મુનાફેઉસ્સીબયાન." (હસ્તલિખિત) પીરમુહમ્મદશાહનું પુસ્તકાલય અમદાવાદ

લશ્કરી વ્યવસ્થાનું સ્થાપિતપણું સૈન્યની સંખ્યા, સૈન્યની વફાદારી અને ઉત્તમોત્તમ યુદ્ધસામગ્રી ઉપર નિર્ભર છે. પરંતુ સિપાઇ તે વેળા સુધી જ વફાદાર હોઈ શકે છે, જ્યારે તેને પોતાને અને તેના વંશવારસોને આરામ પહોંચવાની ખાત્રી હોય. એ જ કારણે દરેક સલ્તનત, જે જાગૃતભેજાંની હોય છે તે સિપાહોના પગારની ચિન્તા સૌથી પહેલાં કરે છે.

અલાઉદ્દીન ખિલ્જીના સમયમાં લશ્કરીઓને નગદ પગાર આપવાનો દસ્તુર હતો. પરંતુ તગલકે એના બદલે જાગીરની પ્રથા અખત્યાર કરી. સુલતાન મુઝફ્ફર પહેલો, સુલતાન મુહમ્મદ અને સુલતાન અહમદ પહેલાના પ્રારંભના રાજકાળમાં પણ એ જ રીવાજ ચાલુ રહ્યો.

ઈ. સ. ૧૪૩૦[હિ. સ. ૮૩૪]માં અહમદશાહે એક નવીન યોજના તૈયાર કરી. એની રૂએ અર્ધો પગાર રોકડો આપવામાં આવતો અને અર્ધાની જાગીર અપાતી; જેથી સિપાઇઓ મુસાફરીમાં ભીડમાં આવી પડીને કરજદાર થઇ ન જાય અને તેના કુટુંબીજનો પુરૂષના લડાઇપર ચાલ્યા જવાથી ભૂખે ન મરે. આ નવીન વ્યવસ્થાથી કેટલાય ફાયદા હાંસિલ થયા. પ્રથમ તો લશ્કરમાં વફાદારીની ભાવના પ્રસરી. બીજું રંગરૂટો મળવામાં પણ ઘણી સરળતા થઈ ગઈ. ત્રીજું ખાનદાની સિપાઇઓ હોવાના કારણે કુદરતી રીતે તેઓમાં બહાદુરી ઉત્તેજિત થઈ ગઇ. કુતુબુદ્દીનના સમયમાં આ પદ્ધતિને વધારે ઉન્નતિ મળી અને દેશનો એક ભાગ (૧/૪) માત્ર લશ્કરીઓના પગારમાં આપી દેવામાં આવ્યો. પરંતુ મેહમૂદ બેગડાએ એને વધારે વિકાસ આપ્યો અને આજ્ઞા આપી દીધી, કે સિપાઇઓનો પુત્ર વારસ ન હોય તો પુત્રીઓને આપી દો; અને તે પણ ન હોય તો સગાંસંબંધીઓને હવાલે કરો. આ પદ્ધતિની સૌથી વધારે સુંદર અસર રંગરૂટોની ભરતીપર ભરતી થઈ. કુતુબુદ્દીનના પ્રથમ સમયમાં જ્યારે માલવાના સુલતાન મેહમૂદ ખિલ્જીના સૈન્યની વિશાળ સંખ્યાથી આખું ગુજરાત ધ્રૂજી રહ્યું હતું અને તે ભરૂચ થઇને કપડવંજ પહોંચી ગયો ત્યારે કુતુબુદ્દીન જેને ગાદીએ બેઠા હમણાં થોડા જ દિવસો થયા હતા, તેણે ચાળીસ હજારનું સૈન્ય તૈયાર કરી લીધું અને સંખ્યામાં આ લશ્કર ઓછું હોવા છતાં તેણે મેહમૂદ ખિલ્જીની ફોજપર વિજય મેળવ્યો.

સુલતાન મેહમૂદ પહેલાને ફોજીવ્યવસ્થા દુરસ્ત કરવાનો ઘણો સરસ પ્રસંગ મળ્યો અને તેણે પોતે પણ આ પ્રસંગથી ખૂબ લાભ લીધો. તેના સમયમાં તેનું સૈન્ય એટલું સંપૂર્ણ હતું કે આસપાસની સલ્તનતોમાં એવું સૈન્ય કોઇની પાસે ન્હોતું. ઇ. સ. ૧૪૬૦[હિ. સ. ૮૬૫]થી ઇ. સ. ૧૪૯૩ [હિ. સ. ૮૯૮] એટલે ચાર સાલ સુધી સુલતાન મેહમૂદ પહેલાએ તમામ ગુજરાતની આમદાની માત્ર લશ્કર પરજ ખર્ચ કરી. ખુદ બાદશાહની જાગીરમાં એક ગામ પણ નહોતું. બધા શાહી ખર્ચા શાહીખજાના-ઓમાંથી થતા હતા, જે પહેલાના બાદશાહોના જમા કરેલા હતા. તે વેળા તેના સૈન્યમાં મોટા મોટા અમલદારોની સંખ્યા ૭૩ની હતી, જેટલી સંખ્યા તેના પૂર્વે કોઈ ગુજરાતી બાદશાહની પાસે ન્હોતી.

મુઝફ્ફ હલીમના સમયમાં કોઈ ખાસ પ્રગતિની ભાળ મળતી નથી. પરંતુ બહાદૂરશાહ ગુજરાતીએ પોતાના દેશનું વર્તુલ એટલું વિશાળ કરી દીધું કે મેહમૂદ પહેલાના સમયનું સૈન્ય તદ્દન અપૂરતું સાબિત થયું. એ કારણે સૈન્યની સંખ્યા ઘણી વિસ્તારી દેવામાં આવી, જેનો નતીજો એ થયો, કે ગુજરાતની મહેસુલપર સૈન્યની નિર્ભરતા રહી ન શકી, લાચારીએ બધાનો પગાર નગદ થઇ ગયો.

ઝફરૂલવાલામાં છે, કે "માત્ર તેના સ્વારોની સંખ્યા એક લાખ હતી. એને એક પોર્ટુગીઝ મુસાફર ફારયાસુઝાના પ્રવાસ-ગ્રંથ પરથી ટેકો મળે છે, જે સત્તરમી સદીમાં આવ્યો હતો, તે કહે છે કે બહાદૂર શાહની પાસે એક લાખ સ્વાર અને ચાર લાખ પંદર હજારનું પાયદળ સૈન્ય અને છસો લડાયક હાથી હતા." એના સિવાય એની પાસે સર્વશ્રેષ્ઠ તોપખાનું પણ હતું, જેના માટે દાવા સહિત કહી શકાય છે કે હિન્દુસ્તાન ભરમાં કોઈની પાસે એવું તોપખાનું ન્હોતું.

જાસુસી ખાતાની વ્યવસ્થા પણ ઘણી સુંદર હતી. રાણા કુંભાએ જ્યારે ચઢાઇનો ઇરાદો કર્યો ત્યારે તુરતજ એ વાતની ખબર ગુજરાતમાં પહોંચી ગઇ અને તે જ વેળા કુતુબુદ્દીને કુચનું નગારૂં બજાવી

દીધું, જેની ચઢાઇ કરનાર પર પૂરતા પ્રમાણમાં અસર પડી. જ્યારે સૈન્ય રવાના થતું ત્યારે કાયદો એ હતો, કે સૌથી પહેલાં બાદશાહનો તંબુ રવાના કરવામાં આવતો અને એ જ નિશાની બાદશાહની કૂચ કરવાની સમજવામાં આવતી.

લશ્કરી વ્યૂહરચના

લશ્કરની વ્યૂહરચના એવી રીતની હતી કે સૌથી આગળ પાયદળ લશ્કર રહેતું, પછી જમણી પાંખ, તેના પછી ડાબી પાંખ, મધ્યમાં કેન્દ્ર અને સૌથી પાછળ અનામત લશ્કર. બાદશાહ પોતે કેન્દ્રમાં રહેતો.×

ઘણી વાર બાદશાહ પોતે મેદાને-જંગમાં 'કમાન્ડીંગ' કરતો. રાત્રે રાત્રે યુદ્ધસમિતિ મળતી હતી અને તેના અભિપ્રાય મુજબ અમલ કરવામાં આવતો. બાદશાહની ગેરહાજરીમાં પાયતખ્ત ખાતે શાહઝાદો અથવા દિવાન નાયબ (રીજંટ) તરીકે રહેતો હતો, જેથી દેશની વ્યવસ્થા દસ્તુર મુજબ કાયમ રહેતી. ઓદ્ધાઓમાં સૌથી મોટો રૂત્બો ખાનનો હતોઃ જેમકે આસફખાં, ખુદાવંદખાં, ઈખ્તયારખાં, કયસરખાં. એના પછી મુલ્કનો દરજ્જો હતોઃ જેમકે ઇમાદુલમુલ્ક, અદદુલમુલ્ક, સરીફુલમુલ્ક. પછી દીનનો શબ્દ હતોઃ જેમકે બહાઉદ્દીન, મુઐયીદુદ્દીન. સૌથી નાનો દરજ્જો મલેકનો હતોઃ જેમકે મલેકકાલુ, મલેકશેર, મલેકદાદન, મલેકઅહમદ જીવનદાસ.

અહમદશાહ અને કુતુબુદ્દીનના સમયમાં ખાનજહાં પણ એક મોટો ખિતાબ હતો, જે છેવટમાં રદ થઈ ગયો. સરકારી એકાઉન્ટન્ટ જનરલને મુસતવફરીયુલમુલ્કનો ખિતાબ મળતો અને તોપખાનાના અમલદારને મીરઆતશ. વઝીરાત ઘણે ભાગે પહેલા બે વર્ગો પૈકી કોઇને અપાતી. નાયબ વઝીર અને ખઝાનચી કદિ હિન્દુ પણ હોતાં હતાં. સૈનિકોની ભરતીમાં કોઈ ભેદભાવ ન્હોતો. દરેક નસલ અને દરેક ધર્મના માણસને લશ્કરી કાયદા મુજબ સૈન્યમાં લઈ લેવામાં આવતો હતો અને મારો વિચાર છે, કે હિન્દુસ્તાનના મુસલમાન બાદશાહોમાં મેહમૂદ ગઝનવીના પછી અહમદશાહ ગુજરાતી પહેલો રાજકર્તા છે, જેણે ફોજમાં હિન્દુઓને પણ બરાબરનો હિસ્સો આપીને ભરતીમાં દાખલ કર્યા. માળવાના યુદ્ધમાં હિન્દુઓની ફોજ પણ તેની જોડે હતી. સૈન્યને પદ્ધતિસર તીરંદાઝી અને નેઝાબાઝી વિગેરેની તાલીમ અપાતી હતી. મુઝફ્ફરશાહ હલીમ તીરથી બંદૂકનું કામ લેતો હતો અને નેઝા વડે જમીન પરથી કડી ઉપાડી લેતો. સુલતાન બહાદૂરશાહના આખેરી સમય ઇ. સ. ૧૫૩૬[હિ. સ. ૯૪૩]માં જૂદા જૂદા પ્રકારના લોકો લશ્કરમાં જમા થઇ ગયા હતા, જે દરેક પોતાના સરદારના તાબામાં રહીને કામ કરતા. વિશેષ કરીને નીચલી કોમો ઘણે ભાગે દૃષ્ટિએ પડતી હતી,+ જે મુઝફ્ફર ત્રીજાના સમયમાં પણ મોજુદ હતી.

રૂમી (ટર્કી)	તેમનો	સરદાર	ઇમાદુલ મુલ્ક	હતો.
હબ્શી	,,	,,	ઝુઝારખાં	,,
દક્ષિણી	,,	,,	હસનખાં	,,
બલુચી	,,	,,	ફત્તેહખાં	,,
મુગલ	,,	,,	ઈખ્તયારૂલમુલ્ક	,,
અરબ	,,	,,	,, ,,	,,
હિન્દુ	,,	,,	રાજા સલહદી, રાજા નરસિંગદેવ	હતો.

દરિયાઇ કાફલો

ગુજરાતનો દેશ એક તરફથી સમુદ્રની જોડે સંકળાયેલો છે, એ કારણે ગુજરાતી બાદશાહને દેશના અને વેપારના રક્ષણ માટે દરિયાઇ કાફલો રાખવો જરૂરી થઈ પડયો. તે કારણે આપણે પ્રારંભથી જોઇએ છીએ, કે દરિયાઈ કાફલા પર ગુજરાતના સુલતાનો ખાસ લક્ષ આપતા દેખાય છે.

× મિરાતે સિકંદરી કુતુબુદ્દીન અને મેહમૂદ ખિલ્જીના યુદ્ધનું બયાન.
+ મિરાતે સિકંદરી પૃષ્ઠ ૨૦૭

સૌથી પહેલાં સુલતાન અહમદશાહે દરિયાઈ કાફલો તૈયાર કરાવ્યો અને માહીમના યુદ્ધમાં તેનો ઉપયોગ કર્યો. ખંભાતનું બંદર તેનું કેન્દ્ર હતું. મેહમૂદ પહેલો—જે પંદરમી સદીના મધ્યમાં તખ્તનશીન થયો—તેણે દરિયાઇ કાફલાને ઘણો મજબુત બનાવ્યો. મલબારના ચાંચીયાઓએ જ્યારે સમુદ્રમાં લુંટફાટ કરી ત્યારે તેણે ઘોઘા બંદરથી તેમને શિક્ષા કરવા માટે એક કાફલો રવાના કર્યો અને તે સફળ થઇને પાછો આવ્યો.

એ યુગમાં વહાણો ખંભાત બંદરમાં તૈયાર થતાં હતાં અને દરેક પ્રકારની યુદ્ધસામગ્રીથી સજ્જિત કરવામાં આવતાં. એનું જ પરિણામ હતું, કે ડાભોલ બંદર પર હુમલો કરવાને માટે દરિયાઈ કાફલો રવાના થયો ત્યારે તેમાં ત્રણ હજાર જંગી યુદ્ધનૌકાઓ મોજુદ હતી.

તેણે યુદ્ધનૌકાઓ પર તોપો ચઢાવી અને પોર્ટુગીઝોને સમુદ્રમાં સખત હાર આપી. તે વેળા સુલતાનના તરફથી મલેક અયાઝ સુલતાની એ કાફલાનો નૌકાધ્યક્ષ હતો. સુલતાન બહાદૂરે સોળમી સદીના મધ્યમાં આ કાફલાને ઘણી ઉન્નત દશામાં મૂકચો. તેણે મોટાં મોટાં વહાણો ટર્કી અને પોર્ટુગીઝી ઢબનાં ખંભાતમાં તૈયાર કરાવ્યાં અને દીવને એનું કેન્દ્ર બનાવ્યું અને એ જ જગ્યાએ તેનો નૌકાધ્યક્ષ મલેકતુગાન રહેતો હતો. સમુદ્રમાં તેનો એટલો બધો રોબદાબ હતો, કે જ્યાં સુધી તે આ ઓદ્ધા પર રહ્યો, ત્યાં સુધી પોર્ટુગીઝોની હિમ્મત નહોતી, કે ગુજરાતની તરફ આવે અને ખાત્રીથી માનજો કે જો પોર્ટુગીઝોએ તેની જોડે ફરેબ કર્યો ન્હોત તો તે ઘણી ત્વરાથી પોર્ટુગીઝોને હિન્દુસ્તાનના સમુદ્રમાંથી કાઢી મૂકચા હોત અને આજે હિન્દુસ્તાનને આ દિવસ જોવો નસીબ ન થયો હોત.

આ યુદ્ધ-નૌકાઓમાંથી કેટલાકનાં નામ "ખીરીશ્ત," કેટલાકનાં "ગુરાબ," કોઈનું "સરીરીયાહ" અને નાનાં વહાણોને "સમબુક" કહેતા હતા.*

યુદ્ધનાં હથીયારો

"ખુલાસતુત્તવારીખ"માં લખ્યું છે, કે અમદાવાદમાં હથીયારોનાં કારખાનાં હતાં.÷ અને તલવારો ઘણી સરસ બનતી હતી. તલવાર, તીર, નેઝા, ખંજર, જમૈયા જેવા સામાન્ય શસ્ત્રોના સિવાય ખાસ પ્રકારનાં યુદ્ધનાં શસ્ત્રોમાંથી એક મિનજનીક (ગોફણ) છે. સુલતાન મુઝફ્ફર પહેલાના સમયમાં (ઈ. સ. ૧૫૦૦) એનો વપરાશ ઘણો વધારે થયો. એને તે યુગની તોપ સમજવી જોઇએ, જે મોટે ભાગે કિલ્લા તોડી પાડવાના કામમાં આવતી હતી. પરંતુ આખરના સમયમાં બિલ્કુલ મુલ્તવી થઇ ગઇ. એના દ્વારા મોટા મોટા પત્થર ફેંકવામાં આવતા હતા, જેનાથી કિલ્લાની દિવાલો ટકરાઇને તૂટી જતી હતી. કદિ કદિ એના દ્વારા આગ પણ વરસાવવામાં આવતી અને નેફ્ત(Naphta)નું તેલ કિલ્લાની અંદર ફેંકીને આગ લગાડી દેતા હતા.

યુદ્ધશસ્ત્રોમાંથી બીજી ચીજો બંદૂક અને તોપ છે. હિન્દુસ્તાનમાં સૌથી પહેલાં એ અલાઉદ્દીન ખિલજીના સમયમાં આવી અને ધીમે ધીમે હિન્દુસ્તાનમાં પ્રસરી ગઈ.

ખાસ ગુજરાતમાં આ અહમદશાહ પહેલાના સમયમાં વાપરવામાં આવી. હિ. સ. ૮૨૫-[ઈ. સ. ૧૪૨૧]ના માલવાના યુદ્ધમાં એનો પ્રથમ વાર ઉપયોગ કરવામાં આવ્યો. ફરિશ્તા લખે છે કે ગુજરાતથી કિલ્લો જિતી લેવાના માટે સામગ્રીમાં દાખલા તરીકે મિનજનીક, ઈરાબા વિગેરે મંગાવવામાં આવ્યાં. એમ તો ઈરાબાનો અર્થ ગાડી થાય છે, પરંતુ પારિભાષામાં ખાસ તે ગાડીને કહે છે, જેના પર તોપ મૂકવામાં આવે છે. ઝફરૂલવાલામાં લખ્યું છે, કે "અને ઇરાબાથી મતલબ એવી ગાડીઓ છે, જેને બે બળદો ખેંચે છે અને હિન્દુસ્તાનમાં એના પર જ તોપ રાખે છે."

અને આનું સમર્થન ગુજરાતના એક હસ્તલિખિત ઇતિહાસથી થાય છે, જેમાં અહમદશાહના અફસરોની એક યાદી તેમના પગાર સહિતની આપેલી છે અને કેમકે આ તોપો મોટી થતી હતી, એ માટે તેને હાથી ખેંચતા હતા અને એ જ કારણે "તોપખાનએ ફીલ" તે ખાતાનું નામ રાખવામાં આવ્યું હતું. તેના વડા અમલદારનો પગાર બે હજાર ટંકા હતો.

---

* ઝફરૂલવાલા ભાગ ૧ લો બહાદૂરશાહનું વર્ણન. ÷ ખુલાસતુત્તવારીખ પ્રસ્તાવના

ઈ. સ. ૧૪૮૨[હિ. સ. ૮૮૭]માં મેહમૂદ પહેલાએ કિલ્લા તોડી પાડનાર અને મેદાનની તોપોના સિવાય ખાસ દરિયાઈ કાફલાના માટે પણ તોપો તૈયાર કરાવી અને મલબારની દરિયાઈ લડાઇમાં તેનો ઉપયોગ કરીને પ્રશંસનીય વિજય મેળવ્યો.

ગુજરાતનો ચાંપાનેરનો વિખ્યાત કિલ્લો ઇ. સ. ૧૪૮૪[હિ. સ. ૮૮૯]માં એ જ તોપદ્વારા ફત્તેહ થઈ. હિ. સ. ૯૧૩[ઇ. સ. ૧૫૦૭]માં સુલતાન મેહમૂદનો દરિયાઈ કાફલો ઘણો જબ્બર હતો. કાઠિયાવાડથી લઇને મલબારની સરહદ સુધી તેના દ્વારા રક્ષણ થતું હતું. જ્યારે પોર્ટુગીઝોએ દરિયા-કાંઠે એક કિલ્લો બનાવવાની ઇચ્છા કરી અને ઈસ્લામી દેશોનાં વહાણોનું આવવું-જવું પોર્ટુગીઝોની લુંટમારથી મોકુફ થયું હતું, ત્યારે સુલતાન મેહમૂદે મલેક અયાઝને હુકમ આપ્યો હતો, કે દીવ, દમણ અને થાણાથી દરિયાઈ કાફલો લઇને યુદ્ધ કરો. અંતે યુદ્ધ થયું. એ જંગમાં ગુજરાતી તોપખાનાએ પોતાની આતશબાઝીથી સંખ્યાબંધ વહાણો ડુબાવી દઇને સંપૂર્ણ ફત્તેહ મેળવી.

હિ. સ. ૯૨૪[ઇ. સ. ૧૫૧૮]માં સુલતાન મુઝફ્ફર હલીમે જ્યારે મન્ડુ (માળવા) ઉપર હુમલો કર્યો ત્યારે કિલ્લાના ઘેરામાં તોપો મોજુદ હતી. "મુઝફ્ફરશાહી"માં મુલ્લાં મલાલીએ એ વાત વિસ્તારપૂર્વક લખી છે. ÷

ગુજરાતના સુલતાનોમાં બહાદુરશાહને તોપો ઉપર પ્રેમ હતો. તેણે જાતજાતની તોપો જમા કરી અને એવી એવી તોપો બનાવરાવી કે હિન્દુસ્તાનમાં તે વેળા સુધી કોઈએ જોઇ ન્હોતી; કેમકે રૂમીખાં જેવો ટર્કીશ નિષ્ણાત બહાદુરશાહના તોપખાનાનો વડો અમલદાર હતો.

રૂમીખાં જ્યારે દીવબંદરે આવ્યો ત્યારે પોતાની સાથે એક જંગી તોપ લાવ્યો હતો, જેનું નામ પાછળથી સામાન્ય રીતે લોકોએ મીસરી તોપ રાખ્યું. એનું અસલ નામ "લયલા" હતું. સલમાન તુર્કમાને મીસરમાં ટર્કીના સુલતાન "સુલેમાને આ'ઝમ"ના નામથી એ તૈયાર કરાવી હતી. સુલેમાન પોતે શહીદ થઇ ગયો. એ માટે મુસ્તુફાખાં, જેને બહાદુરશાહે રૂમીખાંનો ખિતાબ આપ્યો હતો, તે આ તોપ લઇને દીવ આવ્યો અને સુલતાનને ભેટ ધરી.

સુલતાને આ તોપને, બીજી ૧૦૦ તોપો સહિત ચાંપાનેર મોકલી દીધી. બહાદુરશાહને આ તોપ એટલી બધી પસંદ આવી કે તેના હુકમથી એ જ પ્રકારની બીજી તોપ બહાદુરશાહના નામથી રૂમીખાંએ ઢાળી અને તેનું નામ "મજનૂ" રાખ્યું. પરંતુ સામાન્ય રીતે તેને બહાદુરશાહી કહેતા હતા.

અકબર બાદશાહના જમાનામાં આ મીસરી તોપ ચાંપાનેરમાં હતી, જ્યાંથી સુરત પહોંચી અને આજકાલ જૂનાગઢના કિલ્લામાં મૂકેલી છે. ગ્રંથોમાં જો કે એને સુલેમાની તોપ કહેવામાં આવે છે, પણ આજકાલ "કળાનાલ"ના નામથી તે જનતામાં મશહુર છે. આ તોપ તેર ફુટ સાત ન્હેંત લાંબી છે અને લગભગ બે ફુટ એનો ઘેરાવો છે. એનો ગોળો પત્થરનો હતો, જે કેટલાય મણ વજનનો થતો હતો. આને ઢાળનારનું નામ મુહમ્મદ બીન હમઝા હતું.

એ જ સમયની એનાથી નાની એક બીજી તોપ એ કિલ્લાની ફસીલ (દિવાલ) ઉપર તે જગ્યાએ મૂકેલી છે, જ્યાં વોટરવર્કસના હોઝો બનાવવામાં આવેલા છે. એનો બનાવનારો પણ મુહમ્મદ બીન હમઝાજ છે. એનો ગોળો એક મણનો હતો. હિ. સ. ૯૩૭[ઈ. સ. ૧૫૩૦]માં આ તોપ ઇજીપ્તમાં બનાવવામાં આવી હતી.

લયલાની હકીકત તો આપે સાંભળી લીધી. હવે 'મજનૂ'ની કથા સાંભળો. આ તોપ ચાંપાનેરમાં મૂકેલી હતી. જ્યારે બાદુરશાહ હુમાયૂંથી શિકસ્ત ખાઇને દીવ બંદરે જઈ સંતાયો અને હુમાયૂં ચાંપાનેર પહોંચ્યો ત્યારે કિલ્લાવાળાઓએ બધી તોપો તો અંદર લઇ લીધી અને આ તોપને પહાડના મધ્ય સુધી લઇને પહોંચ્યા કે હુમાયૂંએ કિલ્લાને ઘેરો નાંખી દીધો. ગુજરાતીઓએ ખીલા મારીને તેને બેકાર કરી લીધી. હુમાયૂં એને જોઇને હતાશ થઈ ગયો. પરંતુ જ્યારે રૂમીખાંએ જોઇ ત્યારે તેને કાપીકુપીને દુરસ્ત કરી દીધી. પરંતુ કદમાં તે નાની બની ગઇ, દારૂ પણ થોડો લેવા લાગી.

÷ મુઝફ્ફરશાહી : હસ્તલિખિત : ભોળાનાથ લાયબ્રેરી. અમદાવાદ

તે છતાં તેની હાલત એ હતી, કે પહેલા જ ગોળાથી કિલ્લાનો દરવાજો પડી ગયો અને બીજા ગોળાથી તેની પાસેનું એક જંગી વૃક્ષ જડમાંથી તુટી પડયુ* આ જોઇને કિલ્લાવાળા ગભરાઇ ગયા. પરંતુ ફીરંગીખાં જે રૂમીખાંનો હરિફ હતો, તેણે તાકીને એવો ગોળો માર્યો, કે "મજનૂ" છિન્નભિન્ન થઈ ગઈ.

આજ સુધી અપરાધીઓને તોપના ગોળાથી શિક્ષા આપવામાં આવી ન્હોતી. બહાદુરશાહ પહેલો ગુજરાતી રાજકર્તા છે, જેણે પોતાના ભાઈ સિકંદરના કાતિલને તોપના મોઢે મૂકીને ઉડાવી દીધો હતો. તોપે તેને રૂની માફક પીંજી નાંખ્યો.

મારા કથનથી તો સ્પષ્ટ થઇ ગયું કે, મુગલ સલ્તનતના સ્થાપક બાબર બાદશાહના હિન્દમાં આવવા અને પાણીપતના યુદ્ધથી પૂર્વે હિન્દુસ્તાનના કેટલાક પ્રાન્તોમાં ઉચ્ચ કક્ષાના તોપખાનાં મોજુદ હતાં અને આ ગર્વ ગુજરાતને પ્રાપ્ત થયેલો હતો. મુઝફ્ફર છેલ્લાના સમયમાં સૈન્યની કુલ સંખ્યા વીશ હજાર સ્વાર રહી ગઈ હતી.

પ્રાન્તિક વ્યવસ્થા

પ્રાન્તોની વહેંચણી, ગવર્નર, નાયબ ગવર્નર.

મુઝફ્ફર પહેલાનો સમય = ઝાલોર, નાગોર, નઝરબાદ, ધોળકા, ધંધૂકા, પાટણ, સોમનાથ, વડોદરા, ભરૂચ, માળવા (ઉજ્જન)

એહમદશાહ પહેલો = નાગોર, ઝાલોર, એહમદનગર, પાટણ, અમદાવાદ, ખંભાત, વડોદરા, ભરૂચ, માહીમ, ચિતોળ (બાલાશિનોર), ઝાલાવાડ, સોમનાથ, દોહદ (દાહોદ), નઝરબાદ, સુલતાનપુર.

મેહમૂદ પહેલો = ઝાલોર, નાગોર, સુલતાનપુર, નઝરબાદ, દાહોદ, ખાનદેશ, કપડવંજ, પાટણ, અમદાવાદ, ચાંપાનેર, ખંભાત, ભરૂચ, થાણા, વડોદરા, જુનાગઢ, સોમનાથ, ઝાલાવાડ, દ્વારકા, સિંધનો કચ્છનો પ્રદેશ, એહમદનગર.

બહાદુરશાહ = અજમેર, ચિતોડ, માલવા, ખાનદેશ, બિરાર, દોલતાબાદ, નાગોર, પાટણ, કપડવંજ, અમદાવાદ, વડોદરા, ભરૂચ, માહીમ, થાણા, ખંભાત, ઝાલાવાડ, જૂનાગઢ, સોમનાથ, દ્વારકા, સિંધનો ભાગ, સુલતાનપુર, નઝરબાદ, દાહોદ, ચાંપાનેર, એહમદનગર ગુજરાત, દિવ.

મુઝફ્ફર છેલ્લો = એના સમયમાં ગુજરાતનો અસલ પ્રદેશ જ રહી ગયો, જે નીચે દર્શાવ્યા પ્રમાણે અમીરોમાં વહેંચાયેલો હતો:—

સોરઠ, અમદાવાદ, પાટણ, વડોદરા, ભરૂચ, (ધોળકા, ધંધૂકા, કપડવંજ, મેહમૂદાબાદ.)

દરેક ગામમાં એક પટેલ હતો અને તેના ઉપર કિલ્લેદાર અને તેના ઉપર સુબેદાર, જે મુખ્ય પ્રધાનના તાબામાં રહેતો. સુબેદારની નિમણુંક બાદશાહ કરતો અને કિલ્લેદાર સુબેદારના હુકમથી નિમાતો અને પટેલની વરણી ગામવાળા કરતા.

પોલીસ

ગુજરાતના સુલતાનોના જમાનામાં પોલીસનો પણ બંદોબસ્ત હતો, જે દરેક સ્થળે અને જાહેર રસ્તા ઉપર શાન્તિ રાખવાના માટે મોજુદ રહેતા. આખા શહેરનો કોટવાલ રહેતો, જેના તાબામાં રહીને પોલીસ કામ કરતા, ચોરો તથા બદમાશોને નિગાહમાં રાખતા. આ કામ માટે ઘણે ભાગે તે લોકોને જ નિયુક્ત કરવામાં આવતા, જેઓ પોતાના કામમાં નિપુણ હતા. અમદાવાદનો કોટવાલ એક વેળા બજારમાં જઇ રહ્યો હતો, તેણે ભરબજારમાં એક શખ્સનો હાથ પકડી લીધો, જે જાહેરમાં તો ઘણો પ્રતિષ્ઠિત માણસ જણાતો હતો, પરંતુ પાછળથી માલમ પડયું, કે તે ફરાર થયેલો ગુનેહગાર હતો. એ ખાતાની સાથે જ એક બીજું ખાતું હતું, જેનું કર્તવ્ય ગેરકાયદેસર કામોને રોકવાનું હતું. તેના અમલદારને મોહતસિબ કહેતા હતા.

* મિરાત સિકંદરી હુમાયૂનું બયાન

અદાલત

ઈન્સાફ માટે અદાલતની વ્યવસ્થા પણ ઘણી સારી હતી. તે માટે દરેક શહેરમાં એક મુફતી (ફતવા આપનાર) અને કાઝી રહેતો હતો. કાઝીની અપીલ કાઝી ઉલ કુઝ્ઝાત (વડા કાઝી) પાસે જતી અને તેની અપીલ અકઝુલકુઝ્ઝાત (વડામાં વડા કાઝી) અને પ્રીવીકાઉન્સિલ અથવા ખુદ બાદશાહને થતી. બાદશાહ પોતે પણ ઈન્સાફનો ખ્યાલ રાખતા હતા અને જ્યાં સુધી સંભવિત હોઇ શકતું, ત્યાંસુધી ઈન્સાફ કરવામાં જરાય મણા રાખતા ન્હોતા. સુલતાન અહમદશાહ પહેલાએ પોતાના જમાઇને માણેકચોકમાં માત્ર એ જ કારણે ફાંસી આપી દીધી; કારણ તેણે કોઇને માત્ર જવાનીના ગર્વમાં મારી નાંખ્યો હતો.

સુલતાન મેહમૂદ પહેલાએ પોતાના બે શ્રેષ્ઠ અમીરોને એટલા માટે ફાંસી આપી દીધી, કે એ બન્નેએ બે બીન અપરાધી માણસોને બાદશાહ સમક્ષ ખરા ગુનેહગાર માણસોના બદલે રજૂ કરીને કતલ કરાવ્યા હતા.× બાદશાહ પોતે પોતાના હાથે લોકોની અરજી સ્વીકારતો હતો. પરંતુ મુઝફ્ફર હલીમના સમયમાં જ્યારે એકવેળા અરજી લેતી વખતે લોઢાની વીંટીથી તેની બાંય ફાટી ગઈ ત્યારે તે પછી એક લાકડીના માથાપર અરજી બાંધીને બાદશાહ સમક્ષ પેશ કરવાની પ્રથા ચાલુ થઇ * સુલતાન પોતે અદાલતનો મોભ્ભો જાળવતો અને તેના હુકમોનું પોતે પણ પાલન કરતો. મેહમૂદ પહેલાએ પોતાના માટે એક રૂબાબ તૈયાર કરાવ્યો હતો. છ મહીનાના અરસામાં તે તૈયાર થયો. રૂબાબ બનાવનાર તેને બાદશાહની સેવામાં લઇને જઇ રહ્યો હતો, ત્યારે કાઝી સાહેબથી ભેટો થયો. તેમણે તેને (રૂબાબને) ધર્મથી ખિલાફ સમજીને તોડી નાંખ્યો. બાદશાહે આ જાણીને કાઝી સાહેબને કાંઈ ન કહ્યું.

એક વેળા મુઝફ્ફર હલીમ પર એક ઘોડાના વેપારીએ દાવો માંડયો. કાઝીએ બાદશાહને સૂચનાપત્ર બજાવ્યું. કાઝીના હુકમ મુજબ તે તુરત જ અદાલતમાં હાજર થયો. કાઝીએ વાદીની બધીય દલીલો જોઈ-સાંભળીને બાદશાહ પર હુકમનામું કરી આપ્યું અને જ્યાં સુધી તમામ રૂપિયા તેના હવાલે કરી દેવામાં આવ્યા, ત્યાં સુધી બાદશાહ વાદી સહિત અદાલતમાં ઉભો રહ્યો. મુઝફ્ફર હલીમ રાત્રે છૂપા વેશમાં શહેરમાં ફરતો, કે જેથી પોતાની નજરે રૈયતની સ્થિતિ નિહાળી શકે. (એક સિપાઇને કતલ કરવાનો બનાવ આ વાતની સાક્ષીરૂપ છે અને જે 'મિરાતે સિકંદરી'માં લખેલ છે.+)

સજાઓ

ગુનાહની સજા ગુનાહના સ્વરૂપ મુજબ થતી. સામાન્ય રીતે ફટકા મારવા, હાથ કાપવા, કતલ કરવી, ફાંસી આપવી, કેદ કરવી, એવી એવી શિક્ષાઓ થતી હતી. તોપથી ઉડાવી દેવું અથવા ચામડી ખેંચાવી કાઢવી, એ કદાચિત બનતું. અલબત્ત, રાજકીય અપરાધીઓ ખાસ કરીને બળવાખોરોને સખત અને સમયની અનુકૂળતા જોઇને કષ્ટકર શિક્ષા થતી.

હિન્દુઓ જોડે વર્તન

હિન્દુઓ જોડે આ ગૂર્જર બાદશાહોનું સામાન્ય વર્તન ઘણું જ સરસ હતું. તેનું ખાસ કારણ એ છે, કે આ સુલતાનો ગુજરાતની આ જ પવિત્ર ભૂમિના રહેનારા હતા અને તેમનાં બધાં સગાંવ્હાલાંઓ અને કોમના લોકો દરેક જગ્યાએ નજરે આવતા હતા. એ કારણે ધર્માન્તર થવા છતાં વંશીય (નસ્લી) સંબંધો તો કાયમ હતાં.

સુલતાન અહમદશાહના પુત્ર મુહમ્મદશાહ બીજાનાં લગ્ન ઈડરના રાજાની પુત્રી જોડે થયાં હતાં.† સુલતાન કુતુબુદ્દીને પોતાનાં લગ્ન રાણી રૂપમંજરી સાથે કર્યાં હતાં. મેહમૂદ પહેલાની બેગમોમાં પણ હિન્દુ રાણી મોજુદ હતી. સુલતાન બહાદૂરે બકલાણા (બાગલાણ)ના રાજાની બ્હેન સાથે પોતાની અને તેની બીજી બ્હેનની આસીરના રાજા મુહમ્મદશાહ સાથે શાદી કરી દીધી. આ સંબંધોનાં કારણે સામાન્ય વર્તાવ ઘણો જ સરસ થઇ ગયો હતો.

× ઝફરૂલવાલા ભાગ ૧ લો મેહમૂદ પહેલાનું બયાન.

* મિરાતે સિકંદરી મુઝફ્ફર હલીમ.

\+ ,, ,, ,, ,,

† ઝફરૂલવાલા ભાગ ૧ લો.

આ સામાજિક સંબંધો ઉપરાંત રાજકાજમાં પણ હિન્દુઓને પૂરતો હિસ્સો મળતો હતો. ફોજી ભરતીમાં કોઈ પ્રકારની રૂકાવટ પેદા કરવામાં આવી ન હતી. અહમદશાહ પહેલાએ એની શરૂઆત કરી અને દરેક બાદશાહે એનું અનુકરણ કર્યું. ઓદ્ધાઓમાં પણ મોટા મોટા ઓદ્ધાઓ પણ એમને આપ્યા. સુલતાન મુઝફ્ફર પહેલાના સમયમાં મલેક જીવન ખત્રી અને મલેક **પીયાકદાસ (પ્રયાગદાસ)** એ બે જણ દરબારના મોટા અમીરોમાં શામીલ હતા.* અહમદશાહ પહેલાના સમયમાં નાયબ વડો પ્રધાન એક હિન્દુ હતો અને તેનો પગાર દશ હજાર ટંકા હતો.÷ મુહમ્મદશાહ બીજાના સમયમાં દરબારી ઉમરાવોમાં એક હિન્દુ પણ નજરે પડતો હતો, જેનાથી ઘણી વેળા બાદશાહ સલાહ-મશવેરો લેતો હતો. સુલતાન કુતુબુદ્દીનના દરબારીઓમાં રાય અમીનચંદ માણેક એક ઉચ્ચ દરજ્જાનો ભરોસાપાત્ર દરબારી હતો, જે સૈન્યમાં પણ ઓદ્ધો ધરાવતો હતો. સુલતાન મેહમૂદ પહેલાએ એક પ્રતિષ્ઠિત હિન્દુને રાય રાયાંનો ખિતાબ આપીને રાજ્યના સંચાલકોમાં શામીલ કર્યો. સુલતાન મુઝફ્ફર હલીમનો નાયબ દિવાન મલેક કોબી એક હિન્દુ હતો અને એટલા ઠાઠમાઠથી રહેતો હતો, કે ખુદ શાહઝાદાઓને તેવું નસીબ ન્હોતું. રાજા કુંપા કોપલને બહાદૂરશાહે રાણા રાવનો ખિતાબ આપ્યો. રાજા સલહદીનો પુત્ર તેની સલતનતના અમીરોમાં શામીલ હતો. રાજા નરસિંગદેવ, બહાદૂર-શાહના નજીક ઘણો વિશ્વાસને પાત્ર અમલદાર હતો. ×

ઈમાદુલમુલ્કના પુત્ર ચંગીઝખાંએ જ્યારે ભરૂચપર સ્વમુખત્યારપણે હુકુમત શરૂ કરી ત્યારે તેણે નાણાંખાતાનો પ્રધાન સુજહ નામક હિન્દુને બનાવ્યો. પાટણના હાકેમ શેરખાંનો નાણાંખાતાનો વઝીર ફીકા મોઅફ્ફીરૂલમુલ્ક નામનો હિન્દુ હતો.

આ માત્ર થોડાંક નામ છે, જે ઉપલક દૃષ્ટિએ પસાર થયાં છે, નહીંતર બારિક નજરે જો ઇતિહાસ-અભ્યાસ વિશાળ પાયાપર કરવામાં આવે તો હજારો નામ નિકળશે, જે તે વેળા અચ્છા અચ્છા ઓદ્ધા પર પહોંચી ગયા હતા.

ગુજરાતના સુલતાનો દેશ ફત્તેહ કરી લીધા પછી ત્યાંના સત્તાધીકારીઓ જોડે મોટી મહેરબાનીથી વર્તતા. જૂનાગઢ ફત્તેહ કર્યા પછી ત્યાંના રાજાને ખાનજહાંનો ખિતાબ આપીને જાગીર ઇનાયત કરી અને તેના છોકરાને પણ જાગીર આપી, જે અકબરના સમય સુધી તેના વારસોના કબજામાં રહી. + ચાંપાનેરના રાજાના પુત્રને નિઝામુલ-મુલ્કનો ખિતાબ આપીને રાજ્યના અમીરોમાં શામીલ કરી લીધો હતો.

આ ગૂજર બાદશાહોએ દુનિયાના શહેનશાહોની માફક ઘણી વાર તાજ-બખ્શી પણ કરી. સુલતાન મુઝફ્ફર પહેલાએ માળવાને ફત્તેહ કરી લઇને ફરી પાછો આપી દીધો હતો. સુલતાન અહમદે ઈડર ફત્તેહ કરીને ફરી પાછું સોંપી દીધું. કુતુબુદ્દીને ચઢાઇ કરનાર કનેથી આબુ છીનવી લઈ તેના અસલ વારસ આબુના રાજાને પાછું સોંપી દીધું હતું. સુલતાન મુઝફ્ફર હલીમે કેટલો મોટો ભોગ આપીને માળવા ફત્તેહ કર્યું, પરંતુ ઘણી પવિત્ર ભાવના અને નેક-નીતિથી અસલ વારસને સપૂર્દ કરીને પોતે અમદાવાદ પાછો આવી ગયો. સુલતાન બહાદૂરે પણ એહમદનગરના નિઝામશાહને તખ્ત-તાજ બખ્શ્યો હતો.

ગુજરાતના સુલતાનો જેવી રીતે યુદ્ધક્ષેત્રમાં વિકાળ-વ્યક્તિત્વ રાખતા, તેવી રીતે શાન્તિના સમયમાં ક્ષમા અને દયાના સ્વરૂપ હતા. ચાંપાનેરના રાજા, ઈડરના રાજા, પાલના રાજા, જૂનાગઢના રાજા, ઝાલાવારના રાજા, આબુના રાજા, મારવાડના રાણા,-એ બધા ગુજરાતના સુલતાનોના બાજગુઝાર (ખંડીયા) હતાં, પરંતુ જ્યારે પ્રસંગ મળતો ત્યાં એઓ ફરી જતા અને હુમલો કરનારા સાથે મળી જતા અને કેટલીક વેળા તો તેમના કારણે બીજા દેશના બાદશાહો સાથે ખૂનખાર યુદ્ધ કરવાં પડતાં, પરંતુ ફરી

* ફરિશ્તા. ÷ તારિખે ગુજરાત હસ્તલિખિત. × મિરાતે સિકંદરી, હુમાયૂંનું બયાન.
+ તારિખ મિરાતે મુસ્તુફાબાદ.

પણ આ લોકો જ્યારે જ્યારે માફીના યાચક થયા છે ત્યારે ત્યારે તુરત જ તેમને માફી આપી દેવામાં આવી છે, તે એટલે સુધી કે છેવટની ઘડી આવી ગઇ.

સુલતાનો અંગત મામલામાં પણ ઘણેભાગે દયા અને ઉદારવૃત્તિથી કામ લેતા. મુઝફ્ફર બીજાનો એજ કારણથી હલીમ લકબ પડી ગયો હતો, કે તે ઘણી વેળા અપરાધીઓને માફી આપી દેતો. એક વેળા તે કંઇ લખી રહ્યો હતો, ત્યારે 'મોરછલબરદાર'ના હાથમાંથી મોરછલ પડી ગઈ, જેનાથી પુસ્તક ખરાબ થઇ ગયું. છતાં મુઝફ્ફરે તેને કશી શિક્ષા ન કરી.

નાહવાના પાણીમાં એક વેળા ઉંદર પડયો અને છિન્ન ભિન્ન થઇ ગયો. નાહતી વેળા તેને ઘણી તકલીફ થઈ; તે છતાં માફ કરી દીધું: મેહમૂદ પહેલાના વિરુદ્ધ ખુદાવંદખાને કાવત્રું કર્યું, મેહમૂદે કોઇ સજા ન આપી, જો કે રાજકીય દૃષ્ટિએ તો તે ભયંકર શિક્ષાને પાત્ર હતો, પરંતુ કદાચ તેની પ્રૌઢ વયના કારણે દયા બતાવી હતી.

ઓહ્દેદારો અને તેમના પગારો

ગુજરાતના સુલતાનોના સમયમાં ઓહ્દેદારોના પગાર કેટલા હતા, તેનું સંપૂર્ણ વર્ણન તો જાણવું જરા વિકટ છે. પરંતુ ગુજરાતના એક હસ્તલિખિત ગ્રંથમાં અહમદશાહ પહેલાના સમયના પગારો લખેલા છે, તે માત્ર એટલા ખાતર લખું છું, કે જેથી એક પ્રકારનો અડસટ્ટો નીકળી શકશે:—

વડો પ્રધાન (મુસલમાન)	પંદર હજાર	ટંકા	
નાયબ દિવાન (,,)	બાર ,,	,,	
,, ,, (ગેર મુસલમાન)	દશ ,,	,,	
સૈન્યાધ્યક્ષ	બાર ,,	,,	
નાયબ સેનાપતિ	અગીયાર ,,	,,	
મીર બખ્શી	સોળ ,,	,,	*(?)
નાંણાંખાતાનો પ્રધાન	દશ ,,	,,	
હથીયારખાનાનો દારોગા	આઠ ,,	,,	
હાથીના તોપખાનાનો દારોગા	બે ,,	,,	
યુદ્ધ–સમિતિનો પ્રમુખ	બે હજાર બસો	ટંકા	
દારોગા ઉર્દૂ (Commisariat Dept.નો વડો)	એક હજાર બસો	ટંકા	
ફોત ખાતા (જકાત–ખાતાનો વડો)	છસોચાલીસ	,,	
મીર એલચી	એક હજાર પાનસો	,,	
પરદેશ–ખાતાનો એલચી (ઝરીન ખલ્અત સહિત)	એક હજાર આઠસો	,,	
મુનાદીદાર (Publicity Dept-નો વડો)	એક હજાર	,,	
મુમતાઝ અદાલત	એક હજાર	,,	(?)+
કોટવાલ મુખતાર (કમીશનર)	અગીયારસો	,,	
કોટવાલ (શહેરનો)	પાનસો	,,	
મીર મુન્શી (હેડ કલાર્ક)	,,	ટંકા	(?)×
મુન્શી	આઠસો	,,	(?)
હાથીખાનાનો દારોગા	એક હજાર	,,	
અરબી સ્વારોનો ,,	બ્યાસી	,,	
ઇરાકી અને ટર્કી સ્વારોનો દારોગા	ચાલીસ	,,	
મકરાણી અને ઈરાની સ્વારોનો દારોગા	પચાસ	,,	

* ઘણે ભાગે છ હજાર હશે, કેમકે પ્રધાન કરતાં વધારે પગાર હોવો અસંભવિત છે.
+ આ ઓદ્ધાની હકીકત જાણી શકાઈ નથી. × ઘણે ભાગે અનુરૂપ હશે.

પાયદળનો દારોગા (પરદેશી)	ચોંત્રીસ	ટકા
,, ,, (ગુજરાતી)	ત્રીસ	,,
અયાલદાર	એકત્રીસ	,,
દારોગા ચોબદાર	એકસો	,,
ચોબદાર દેહલીઝ (?) (દ્વારપાળ)	એંસી	,,
ચપરાસી મીર મુન્શી (?) (પરદેશી)	પચાસ	,, +
,, ,, ,, (દેશી)	ચાલીસ	,,
દફતરદાર	સો	,,
દફતરનો રક્ષક	બસો	,,

તબીબેશાહી હકીમ અન્વારુલ હક
નજુમી ફત્તેહમલ શુકલ
મીરમાહી શિકાર પીરબખ્સ
શહેર કાઝી મૌલ્વી ઇલ્મુદ્દીન
મુફતીએ શહેર મૌલ્વી યહ્યા

આમાંથી ફોજી ઇસમોને અર્ધા રોકડા અને અર્ધાની જાગીર મળતી. શાહઝાદાઓને જાગીરમાં ગામ આપવામાં આવતાં.

મોટા શાહજાદા અથવા પાટવી કુંવરને કોઈ પ્રાન્તની સૂબેદારી પર નિયુક્ત કરવામાં આવતો. બહાદુરશાહના રાજકાળના પ્રાથમિક સમય સુધી શાહઝાદાઓ રાજ્યકીય કામોમાં બરાબર હિસ્સો લેતા હતા. પરંતુ મુગલ અને ઇરાની બેગમોની માફક ગુજરાતી બેગમોએ રાજકારણમાં કદિ કોઇ ભાગ લીધો નથી.

સાર્વજનિક સુખસગવડો

જાહેર પ્રજાની સુખસગવડોના કામમાં પણ ગુજરાતના સુલતાનોએ કાંઈ ઓછો હિસ્સો નથી લીધો. તળાવો, પુલો, રસ્તાઓ ધર્મશાળાઓ, લંગરખાનાઓ (સદાવ્રતો), અનાથાલયો, દવાખાનાંઓ, વિગેરે એટલી મોટી સંખ્યામાં બનાવ્યાં છે, કે તેમની ગણત્રી કરવી મુશ્કેલ છે. એ કારણે ફક્ત વિખ્યાત બનાવોનાં વર્ણન કરીને જ સંતોષ માનીશ.

મેહમૂદ પહેલાના સમયમાં પાટણથી લઈને વડોદરા સુધી એક મોટી સડક તૈયાર કરવામાં આવી હતી, જેની બન્ને બાજુએ છાંયડા માટે ઝાડો રોપેલાં હતાં. એવી જ રીતે મેહમૂદ(ત્રીજા)ના સમયમાં અમદાવાદથી મ્હેમદાવાદ સુધી એક સડક તૈયાર કરવામાં આવી હતી, જેની બન્ને બાજુએ દુકાનો હતી. ખાસ અમદાવાદમાં જે સડકો તૈયાર કરવામાં આવી હતી, તે એટલે દરજ્જેની વિશાળ હતી, કે તે પરથી એકી વેળા સામટી આઠ ગાડીઓ પસાર થઈ શકતી હતી.*

પુલ

પુલ પણ સંખ્યાબંધ બનાવવામાં આવ્યા, જેમાં બે પુલ વધારે મશહુર છે. એક તો રાજનગર અમદાવાદમાં સાબરમતીપર બનાવવામાં આવ્યો હતો અને સુલતાન મેહમૂદ પહેલાના સમયમાં મલેક અયાઝે દીવ ખાતે એક બીજો પુલ તૈયાર કર્યો હતો અને કોન્સ્ટેન્ટીનોપલના ડાર્ડેનલ્સની માફક દીવના ટાપુ કને પણ તેણે સાંકળો દ્વારા વહાણોના આવવા-જવાના માર્ગને બંધ કરી દીધો હતો, જેથી કોઈ વહાણ રજા સિવાય આવી ન શકે.×

+ ઘણે ભાગે મુલ્કી દેશી શબ્દ હશે. નહીં કે મીર મુન્શી. * ફરિશ્તા અહમદશાહ પહેલાનું બ્યાન.
× ઝફરૂલવાલા ભાગ ૧ લો મુઝફ્ફર હલીમનું વર્ણન.

સદાવ્રતો

ગરીબો અને મુસાફરોનાં માટે સંખ્યાબંધ લંગરખાનાં (સદાવ્રતો) ઉઘાડાયાં હતાં, જેમાંથી એક સદાવ્રતગૃહ અમદાવાદમાં સુલતાન અહમદના મકબરા ખાતે અદ્યાપિ ચાલુ છે. સુલતાન બહાદૂરશાહના સમયમાં જ્યારે વર્ષાદ ન વરસ્યો અને દુકાળ પડયો ત્યારે તેણે ગરીબોનાં માટે મોટાં મોટાં લંગરખાનાંઓ ઉઘાડયાં હતાં. સરકારી લંગરખાનાં સિવાય અમીરો અને શાહુકારોનાં સ્થાપેલાં સંખ્યાબંધ સદાવ્રતો પણ મોજુદ હતાં.

અનાથાલયની કોઈ કાયમી ઇમારત તો આ સમયમાં નજરે આવતી નથી, પરંતુ જ્યા જ્યાં એવા નિવાસો હતાં, ત્યાં અનાથો અને અનાથો સિવાયના એકસરખી રીતે આરામ મેળવતા હતા.

એ સમયમાં હોસ્પીટાલો (દવાખાનાં) ઘણી હતી. સરકારી દવાખાનાઓ સિવાય વ્યક્તિગત રીતે હકીમો અને વૈદ્યોએ પણ પોતપોતાનાં દવાખાનાં જનતાના લાભાર્થે ઉઘાડાં મૂકયાં હતાં.

નિશાળો(મદ્રેસાઓ)ની જોડે જે નિવાસો કાયમ હતા, ત્યાંના વિદ્યાર્થીઓને માટે હકીમો અને વૈદ્યો મુકર્રર થતા. મુઝફ્ફર ત્રીજાના સમયમાં હઝરત શાહ વજીહુદ્દીનના મદ્રેસાને માટે એક હકીમ અને એક વૈદ્યની સરકારી રીતે કાયદેસરની નિમણુંક થઇ હતી.+

ધર્મશાળાઓનો રિવાજ તો મુઝફ્ફર પહેલાના સમયથી જ હતો. પરંતુ વધુ ભાગે એ કામ મસ્જિદો અને મંદિરોદ્વારા લેવામાં આવતું હતું, જ્યાં પ્રવાસીઓ માટે તે જ કંપાઉન્ડમાં થોડીક ઓરડીઓ તૈયાર થતી.

સુલતાન અહમદે જ્યારે અમદાવાદ વસાવ્યું ત્યારે ધર્મશાળા એલાહેદી તૈયાર કરાવી. હજી શિરાઝીએ પણ એનું વર્ણન કર્યું છે.

સુલતાન મેહમૂદ પહેલાના સમયમાં સરકારી રીતે પણ બે મોટાં આલીશાન મુસાફરખાનાં તૈયાર થયાં, જેમાં સામાન્યપણે લોકો થોભતા હતા. એ જ જમાનામાં આલમખાન ફારૂકીએ પણ એક મુસાફરખાનું બનાવ્યું હતું.

આ સરાઓ અથવા મુસાફરખાનાંઓ જૂદા જૂદા પ્રકારનાં હતાં. કેટલાકમાં મોટેભાગે વેપારીઓ રહેતા હતા જ્યારે કેટલાકમાં બીજા પ્રકારના પ્રવાસીઓ રહેતા હતા. પરંતુ આમાંના કેટલાક એટલા ઉચ્ચ પ્રકારના હતાં, કે પ્રતિષ્ઠિત જનો પણ તેમાં થોભતા. મુઝફ્ફર હલીમના સમયમાં ઈરાનનો એલચી એ જ પ્રકારના મુસાફરખાનામાં રહેતો હતો.[1]

એ મુસાફરખાનું એટલું વિશાળ હતું, કે ઈરાનના એલચીના સાથીદારો, જેઓની સંખ્યા લગભગ પાનસોની હતી, તેઓ પણ તેમાં જ રહેતા હતા. સાર્વજનિક ઉપયોગનાં કામોમાં એક તળાવ પણ શામીલ છે. તળાવો બંધાવવાનો રિવાજ ગુજરાતમાં પ્રાચીન કાળથી છે. તે કારણે પાટણ અને ધોળકા વિગેરે સ્થળોએ પહેલાના રાજાઓએ તૈયાર કરાવેલાં તળાવો હમણાં સુધી મોજુદ છે. મુસલમાનોમાં ખાનસરવર પહેલો શખ્સ છે, જેણે પાટણમાં એક મોટું સરોવર બનાવ્યું.[2] મુહમ્મદશાહ બીજાના જમાનામાં સંખ્યાબંધ તળાવો બનાવવામાં આવ્યાં હતાં. તેમાંથી એક ચાંપાનેરમાં હતું, જે મુહમ્મદશાહે પોતે બનાવ્યું હતું.[3] જો કે ચાંપાનેર તે વખત સુધી ફત્તેહ થયું ન્હોતું. એ જ સમયનું બીજું તળાવ સરખેજનું છે, જેને શયખ અહમદ ખટ્ટુએ પોતાના ખર્ચે તૈયાર કરાવ્યું હતું.[4] સુલતાન કુતુબુદ્દીને ખાસ અમદાવાદમાં મશહુર કાંકરીયું તળાવ બનરાવ્યું હતું, જે આજ પર્યંત મોજુદ છે. એ સમયમાં આ શોખ અમીરો સુધી પહોંચી ગયો હતો. સુલતાન કુતુબુદ્દીનના વઝીર મલેક શાબાને "બાગેશાબાન"માં એક તળાવ પણ બનાવ્યું હતું, જે અમદાવાદથી થોડે દૂર આવેલું છે. એ જ જમાનામાં નડીયાદની પાસે એક તળાવ

+ મિરાતે એહમદી શાહ વજીહુદ્દીનનું વર્ણન.

૧ મિરાતે સિકંદરી મુઝફ્ફરહલીમ. ૨ મિરાતે એહમદીનો અંતિમ ભાગ અમદાવાદનું વર્ણન. ૩ ઝફરૂલવાલા ભાગ ૧ લો. ૪ મલફુઝાત હઝરત શયખ ખટ્ટુ: હસ્તલિખિત:

બનાવવામાં આવ્યું હતું, જેનું નામ બરનામા (વરણામા) હતું. જ્યાં સામાન્ય હિન્દુ અને બ્રાહ્મણો સ્નાન કર્યા કરતા હતા.

મેહમૂદ પહેલાએ પણ એમાં પૂરતો ભાગ લીધો. તેણે મહેમદાવાદમાં એક મોટું તળાવ બનાવ્યું. અલપખાં ભુકાની, જે મેહમૂદ પહેલાના દરબારી અમીરોમાંથી હતો, તેણે એક તળાવ ધોળકામાં બનાવ્યું.

સારાંશ, આખાય ગુજરાત તેમ જ કાઠિયાવાડમાં આવી રીતનાં સંખ્યાબંધ તળાવો તૈયાર થયા હતાં, જેના અવશેષો હમણાં પણ નજરે આવે છે. મેહમૂદ ત્રીજો જાહેરપ્રજાની સુખસગવડ ખાતર શરદીની ઋતુમાં ગરીબોને ધાબળાઓ વ્હેંચ્યાં કરતો હતો. તેણે મુહતાજખાનું (Poor House) પણ સ્થાપ્યું હતું, જ્યાં ફકીરો અને નિરાધારો રહેતા. તેણે માત્ર એ જ હેતુએ નોકરો રાખેલા હતા, કે તેઓ ગરીબોની ખબર-અંતર રાખ્યાં કરે. તે શિયાળાની ઋતુમાં હજારો કામળા અને ગરમ કપડાં ગરીબ લોકોને આપ્યાં કરતો. તેણે હુકમ આપી રાખ્યો હતો, કે શરદ્ ઋતુમાં દરેક ચોકપર(ચાર રસ્તાઓ પર) લાકડાની મોટી મોટી ગાંઠો બાળવામાં આવે, કે જેથી ગરીબ અને નાદાર લોકો તેનાથી ઉષ્ણતા મેળવે.

દુકાળને અંગે વ્યવસ્થા

જ્યારે કોઇ દેશમાં દુકાળ પડે છે ત્યારે અમીરોથી લઇને ગરીબો સુધી સહુ વ્યાકુળ સ્થિતિમાં આવી જાય છે. એવે સમયે રાજ્યની ફરજ છે, કે તેણે રૈયતને દરેક પ્રકારે મદદ કરવી. ગુજરાતના સુલતાનો આવા પ્રસંગો પર ઘણી ઉદારતાથી કામ લેતા હતા અને દિલ ખોલીને રૈયતની ખબરગીરી કરતા હતા.

ગુજરાતના સુલતાનોના સમયમાં સૌથી પહેલો દુકાળ કુતુબુદ્દીનના જમાનામાં પડયો. તે વેળા ઈમાદુલ મુલ્ક મલેક શાઅ્બાન પ્રધાન હતો. તેણે માત્ર, કેટલાક સ્વમાનશીલ લોકો મુફતની મદદ લેવી પસંદ કરતા નથી, એ ખ્યાલથી દુકાળની અસર ઓછી કરવાને એક તળાવ બનાવવું શરૂ કરાવ્યું હતું કે જેમાં દરેક શખ્સને વગર ભેદભાવે કામ આપી દેવામાં આવતું. તેણે કડીયાઓ અને અમલદારોને એવો હુકમ આપી દીધો હતો, કે જે કોઇ માણસ આવે તેને કામે રાખી લેવો, અને જો તે અશક્ત પણ દેખાય અને કામ થોડુંક કરી શકે, અથવા જેટલું કામ કરે તેટલાથી સંતોષ માનવો અને ન તો વધારે કામ કરવાનો તેની પાસે આગ્રહ કરવો અને ન તો ઘણાં વ્હેલાં આવવાને તેને લાચાર કરવો, બલ્કે જે શખ્સ જે સમયે પણ આવી જાય, તેને મજુર સમજી લેવો. તેણે કામ થોડું કર્યું છે યા કાંઈ પણ કર્યું નથી તેનો વિચાર ન કરવો.

ઈમાદુલમુલ્કને ગરીબોનો ઘણો વિચાર હતો. તે જાણતો હતો, કે જ્યાં હજારો મજુરો કામ કરે છે, ત્યાં ઘણું સંભવિત છે, કે લોકો અવ્યવસ્થા કરી નાંખે અને ઘણાં ગરીબો મહેનતાણું મેળવ્યા વિના બાળબચ્ચાંઓ સહિત તે દિવસે ભૂખ્યા જાય. તે કારણે તે રોજ સાંજે પોતે જાતે જઇને પોતાના હસ્તથી તમામ મજુરોને મજુરી વ્હેંચતો હતો અને કોઈ શખ્સ બાકી રહી ન જાય, તેનો ખ્યાલ રાખતો હતો.

તે એક દિવસે નિત્ય મુજબ સાંજે નાણાં લઇને ઘોડાગાડીમાં આવી રહ્યો હતો અને તેની જોડે સંજોગવશાત્ ઘણાં થોડાં માણસો હતાં, એટલે કેટલાક લોકોએ તેને ઘેરી લીધો અને જબરદસ્તીએ તેની કનેથી નાણાં છીનવી લેવાનો ઇરાદો કર્યો. ઈમાદુલમુલ્કે કહ્યું કે જુઓ, આ નાણાં તે ગરીબ મજુરોને મજુરી બદલ આપવાનાં છે, જેમણે આખો દિવસ એ જ આશાએ કામ કર્યું છે. જો આ રૂપિયા તમને આપી દઉં તો તેમનાં બાળબચ્ચાં રાત્રિભર ભૂખ્યાં રહેશે. જો તમે આ વેળા મને જવા દેશો તો કાલે આટલા જ રૂપિયા તમને હું જરૂર આપીશ.

ચોરોએ કહ્યું કે ભલા, આજે તમને મૂકી દઇએ તો તમે ફરી કયારે હાથ આવનાર છો? તેણે સોગંદ ખાઇને કહ્યું, કે કાલે હું તમોને આટલા જ રૂપિયા તમો કહો ત્યાં પહોંચાડી દઇશ અને તમારી જોડે કોઈ પ્રકારની બદી નહીં કરૂં. ચોરોએ તે વેળા તેને જવા દીધો. બીજે દિવસે મલેક શાઅ્બાન મોટા ઠાઠથી નોકર-ચાકરોની સાથે તે સ્થળે પહોંચ્યો, જ્યાં ચોરોને મળવાનો વાયદો કર્યો હતો. ચોરો આ જોઇને આમતેમ ભાગી ગયા. પરંતુ ઇમાદુલમુલ્ક વાયદા મુજબ રૂપિયા લઈને આગળ વધ્યો; તેણે

તેમને બોલાવ્યા અને દરેક પ્રકારનું આશ્વાસન આપ્યું. તેઓ ધીમે ધીમે તેની પાસે આવ્યા. ઈમાદુલમુલ્કે તે બધા રૂપિયા તેમને આપી દીધા. પછી તેમને પૂછ્યું, કે તમે ધંધો શા માટે અખત્યાર કર્યો છે? તેમણે નિર્ધનતા અને દુકાળનો સબબ કહ્યો. ઇમાદુલમુલ્કે તેમને બીજે દિવસે દફતરખાનામાં બોલાવીને તેમના લાયકનું કામ આપી રોજગાર પર લગાડી દીધા.*

બીજો દુકાળ મુઝફ્ફર હલીમના સમય ઈ. સ. ૧૫૨૫[હિ. સ. ૯૩૨]માં પડયો. મુઝફ્ફર હલીમ ઘણોજ ધર્મિષ્ઠ માણસ હતો. તે તદબીરો અને દવાઓથી વધારે પ્રાર્થનાઓમા માનનારો હતો. તો પણ આ દુકાળને દૂર કરવાની તેણે જેટલી બની તેટલી દરેક શકય કોશિષો કરી, છતાં દુકાળ દૂર ન થયો ત્યારે લાચાર બની, ધાર્મિક રીતે એને દૂર કરવાનો તેણે પ્રયત્ન કર્યો.

તેણે ખુદાથી દુઆ માંગી કે ઓ ખુદા! જો આ દુકાળ મારી બુરાઈઓ અને ખરાબ કૃત્યોના કારણે હોય તો મારા જીવનનો અંત આણી દે. પરંતુ મારા કારણે ગરીબોને કષ્ટ ન આપ. ખુદાએ પણ પ્રાર્થના કબુલ કરી લીધી અને તે જ દિવસે મુશળધાર વર્ષાદ પડયો અને દુકાળ દૂર થઇ ગયો. +

સુલતાન બહાદુરશાહના સમયમાં પણ જ્યારે દુકાળ પડયો હતો ત્યારે તેને દૂર કરવાને માટે દરેક જગ્યાએ લંગરખાનાંઓ ઉઘાડી દીધાં હતાં, જેનાથી ગરીબોની મુશીબત કંઈક અંશે ઓછી થઈ ગઇ હતી.

ટપાલ

અફસોસ છે કે ગુજરાતના સુલતાનોના યુગમાં ટપાલ ખાતાને પ્રગતિ આપી શકાઇ નથી. જૂની સાંઢણી સ્વારોની પ્રથા હતી, તે જ આ સમયમાં પણ ચાલુ હતી. અહમદશાહ પહેલાને રાણાના બળવાની ખબર નાગોરથી સાંઢણીસ્વાર દ્વારા જ સુલતાનપુરમાં પહોંચી, જેણે આ માર્ગને માત્ર નવ દિવસમાં પસાર કર્યો હતો. એવી જ રીતે મુઝફ્ફર હલીમના સમયમાં પણ દોહદ(દાહોદ)થી અમદાવાદ સાંઢણીસ્વારો મારફત જ આ ખબર મળી હતી, કે મેહમૂદ ખિલ્જી(માળવાનો સુલતાન) પનાહ લેવાને માટે ગુજરાત આવ્યો છે.

જો કે ગુજરાતના સુલતાનોથી પૂર્વે મુહમ્મદ તગલકના સમયમાં જૂદાજૂદા પ્રકારે ટપાલની વ્યવસ્થા થઇ ચૂકી હતી. દાખલા તરીકે ઊંટો ઉપરાંત ઘોડાઓની ટપાલ, પ્યાદાઓની ટપાલ, કબુતરોની ટપાલ, નક્કારા(નગારાં)ની ટપાલ વગેરે. આ ગૂજર બાદશાહોએ જો આવી રીતે લક્ષ આપ્યું હોત તો ઘણે ભાગે આ પ્રકારનો રિવાજ ગુજરાતમાં કાયમ થઈ ગયો હોત.

હા, મુગલ યુગમાં આ પ્રકારની ટપાલવ્યવસ્થા મોજુદ હતી, પરંતુ એ સમય મારા વિષયથી બહાર છે, તે કારણે તે ઉપર કોઇ અભિપ્રાય વ્યક્ત કરી શકતો નથી.

આબાદી અને મકાનો

આબાદીનો ખ્યાલ આ ગૂજર બાદશાહોને હંમેશા રહેલો છે. કદિ તો કોઈએ વિજયની યાદગીરીમાં ગામ અથવા શહેર વસાવ્યાં; જેમકે મુઝફ્ફરશાહ પહેલાએ પોતાની ફતેહની યાદમાં પાટણની પાસે **જિતપુર** નામનું ગામ વસાવ્યું. કદિ કોઇના જન્મપ્રસંગે કોઇ શહેર વસાવ્યું; જેમકે સુલતાન **અહમદે** પોતાના પુત્ર મુહમ્મદશાહના જન્મપ્રસંગે—જેનો જન્મ નઝરબાદ[નંદરબાર?]ની નજીક થયો હતો—એક શહેર સુલતાનપુરના નામે આબાદ કર્યું: અને કદિ રાજકીય જરૂરતના કારણે કોઇ શહેરનો પાયો નાંખ્યો; જેમકે અહમદશાહ પહેલાએ અમદાવાદનો પાયો ઇ. સ. ૧૪૧૦[હિ. સ. ૮૧૩]માં નાંખ્યો અને ફરી ઈડરની પાસે ઇ. સ. ૧૪૨૬[હિ. સ. ૮૩૧]માં અહમદનગરનું શહેર અને કિલ્લો બનાવ્યાઃ જેને આજે **હિમ્મતનગર** અથવા **અમનગર** કહે છે. એ જ બાદશાહે બાલાશિનોર(ગુજરાત)ના પ્રદેશમાં એક કિલ્લો **"ચિતોર"** નામનો બનાવ્યો. એવી જ રીતે **"ધામોદર"** નામનો એક કસ્બો વસાવ્યો અને શહેરપનાહ (દુર્ગ) પણ ઈ. સ. ૧૪૨૦[હિ. સ. ૮૨૩]માં બનાવ્યો. કસ્બે દાહોદ (દોહદ) પણ એ જ બાદશાહે આબાદ કરેલો છે. ×

---

* ઝફરૂલવાલા પૃષ્ઠ ૧૬ ભાગ ૧ લો; લંડન : + મિરાતે સિકંદરી પૃષ્ઠ ૧૪૫ : મુંબઇ :
× મિરાતે સિકંદરી

સુલતાન મેહમૂદ પહેલાએ અમદાવાદથી બાર કોસ પર એક નવો કસ્બો પોતાના નામથી મેહમૂદાબાદ[મહેમદાવાદ]માં વસાવ્યો, જે આજસુધી મોજુદ છે. એ જ બાદશાહે જૂનાગઢ ફત્તેહ કર્યા પછી એક નવું શહેર કિલ્લાની હેઠળ મુસ્તુફાબાદના નામથી આબાદ કર્યું; જેને આજે જૂનાગઢ કહે છે. પછી જ્યારે ચાંપાનેર ફત્તેહ થયું ત્યારે ત્યાં પણ નવું શહેર મુહમ્મદાબાદ નામ રાખીને વસાવ્યું અને તેને પોતાનું પાયતખ્ત બનાવ્યું, જે સુલતાન બહાદૂરશાહ ગુજરાતીના સમય સુધી રહ્યું. આ બનાવ ઇ. સ. ૧૪૮૨[હિ. સ. ૮૮૭]નો છે.

મેહમૂદ(પહેલા)ના પૂર્વે દીવનો ટાપુ કોઈ વિશેષતા ધરાવતો ન્હોતો, પરંતુ એ સમયમાં પોર્ટુગીઝોની બદદાનતના કારણે આ ટાપુ તરફ ખાસ લક્ષ આપવાની જરૂરત જણાઈ. તે કારણે મલેક અયાઝ જે તે સમયનો નૌકાધ્યક્ષ હતો, તેને આ ટાપુ સપૂર્દ કરવામાં આવ્યો. તેણે એને દરિયાઈ મથક બનાવ્યું અને પછી એને આબાદ કરવાની કોશિષ કરી. મેહમૂદ, મુઝફ્ફર અને બહાદૂરશાહના સમયમાં દીવ એટલું સમૃદ્ધ થઈ ગયું હતું કે આના પહેલાં તો એની કલ્પના શાન અને ગુમાનમાં પણ ન્હોતી.

અમદાવાદની પાસે ઈમાદુલ મુલ્કે એક ગામ વસાવ્યું અને તેનું નામ ઇસનપુર રાખ્યું અને તેની ફરતે મઝબૂત દિવાલની ફસીલ તૈયાર કરાવી. જો કે આખરમાં અમદાવાદ એટલું વિશાળ થઇ ગયું કે ઇસનપુરની આ આબાદી અમદાવાદનો એક મહોલ્લો થઇ પડયો.

મુઝફ્ફર હલીમે વડોદરાની નજીક એક શહેર વસાવ્યું, જેનું નામ 'દોલતાબાદ' રાખ્યું. આ શહેર ધીમે ધીમે વડોદરામાં મળી ગયું. મુહમ્મદ ત્રીજાના સમયમાં સુરત શહેર આબાદ કરવામાં આવ્યું. એની પૂર્વે તે માછીઓનું એક ગામડું હતું[૧]. દરબારી અમીરોમાંથી સૈયદ મુબારકનું વ્યક્તિત્વ અહમદશાહ(ત્રીજા)ના સમયમાં ઘણું જાણીતું હતું. તેમણે પોતાને રહેવાને માટે એક આબાદીનો પાયો નાંખ્યો, જેનું નામ 'સૈયદપુર' રાખ્યું.

સુલતાન મેહમૂદ(પહેલા)ના સમયમાં ઉસમાન નામના એક બુઝુર્ગે અમદાવાદની નજીક નદીને પેલે પાર એક ગામ વસાવ્યું, જેનું નામ "ઉસમાનપુર" રાખ્યું. તે ધીમે ધીમે એટલું બધું આબાદ થઇ ગયું, કે મરાઠાઓની લુંટફાટથી પહેલાં તેમાં દસ હજાર ઘર તો ફક્ત કારીગરોનાં હતાં. અફસોસ છે, કે મરાઠાઓના સમયમાં એ વેરાન થઈ ગયું.[૨]

આ આબાદીઓની સંક્ષેપકથા છે, જે ફક્ત દાખલા રૂપે તમારી સમક્ષ રજુ કરી છે, નહીં તો લક્ષપૂર્વક ઇતિહાસ–અધ્યયન કરવામાં આવે તો એક મોટી યાદી તૈયાર કરી શકાય છે.

આ શહેરોની રોનકની એ સ્થિતિ છે, કે એમાંનાં કેટલાંક તો ગણત્રીના હીસાબે એટલું ઉચ્ચ સ્થાન ધરાવતાં હતાં કે આજે પણ તેનો મુકાબલો મુશ્કેલ છે. દાખલા તરીકે અમદાવાદ એટલું મોટું શહેર થઈ ગયું, કે તેનો પ્રારંભ સરખેજથી થતો અને મેહમદાવાદ જઈ તે પૂરો થતો; કેમકે મેહમૂદ-(ત્રીજા)ના સમયમાં મહેમદાવાદ અને અમદાવાદને, માર્ગની બન્ને તરફ દુકાનો અને મકાનો બનાવીને એક કરી દીધાં હતાં, અને જેમ આજે ભદ્ર અથવા ત્રણ દરવાજાથી કાલુપુર સડક પર પેદલ ચાલીને જઈએ છીએ, તેમ કાલુપુરથી મેહમૂદાબાદ (મહેમદાવાદ) માણસ ચાલ્યો જતો હતો અને એ જણાતું ન્હોતું, કે અમે શહેરથી બહાર ચાલ્યા ગયા છીએ. તે વેળા અમદાવાદની વસ્તી વીસ લાખની હતી,* જેટલી આજે પણ હિન્દના કોઈ શહેરની આબાદી નથી. ખંભાત, જે મોટું બંદર હતું, તેની વસ્તી તે વેળા આઠ–દશ લાખની હતી. એવી જ રીતે જૂનાગઢ અને ચાંપાનેરની વસ્તી તે વેળા લાખોની હતી. અહમદનગર પણ એક સમયમાં વસ્તીની દષ્ટિએ એક મોટું શહેર સમજવામાં આવતું હતું અને વિશેષ કરીને સરહદ પરનું સ્થળ હોવાના કારણે હંમેશા તેની આબાદી અને મજબૂતીનો ખ્યાલ રાખવામાં આવતો હતો.

---

૧ તારિખે સુરત હસ્તલિખિત શયખ એદ્રુસની લાયબ્રેરી. ૨ મિરાતે એહમદી [વધારો]

* તમદ્દુને અરબ.

ઈમારતો

ઈમારતોને જોતાં આ બાદશાહોમાં કદાચ જ કોઈ એવો હશે કે જેણે પોતાના પૂર્વગામીએ બનાવેલી ઈમારતોમાં વધારો કર્યો ન હોય. સુલતાન અહમદ પહેલાએ જ્યારે અમદાવાદ વસાવ્યું ત્યારે કિલ્લાના સિવાય સંખ્યાબંધ શાહી મહેલો તૈયાર કરાવ્યા. તેમાંથી એકનું નામ "ફરહબખ્શ મહલ" હતું. આ બધા શાહી મહેલોની પરંપરા ભદ્રથી લઈને સાબરમતી સુધી ચાલી ગઈ હતી. જે સ્થળે અમદાવાદમાં આજે પારસી કલબ છે અને તેની નજીક ભદ્ર સુધી જે મેદાન આવેલું છે, તે બધામાં શાહી મહેલો બાંધેલા હતા, જે કાળના પરિવર્તને આજે સપાટ મેદાન થઈ પડયાં છે. અહમદશાહ પહેલાએ પોતાના સમયમાં અમદાવાદ, અહમદનગર, બાલાસિનોર, સુલતાનપુર, દાહોદ મેનગઢ, માહીમ વિગેરે સ્થળે મહેલોના સિવાય સંખ્યાબંધ કિલ્લાઓ પણ બંધાવ્યા, જેમાંના કેટલાક આજે પણ અસ્તિત્વમાં છે.

સુલતાન મુહમ્મદશાહે પોતાના બાપ સુલતાન અહમદનો મકબરો, શયખ અહમદ ખટ્ટુનો મકબરો, મદ્રેસો વિગેરે બંધાવ્યા હતા, પણ તે પૂર્ણ થવા પામ્યા નહોતા ને તે વફાત પામી ગયા. ÷

સુલતાન કુતુબુદ્દીને પોતાના બાપ મુહમ્મદશાહની અધૂરી રહેલી ઈમારતોને પૂર્ણ કરી. તેના સિવાય કાંકરીયું તળાવ અને નગીનાવાડીની પાસે એક સુંદર જગ્યાએ મહેલ બનાવ્યો, તેનું નામ ખામંદરોલ રાખ્યું. એવી રીતે ખેડપુર[રસૂલાબાદની સામે]માં સંખ્યાબંધ મહેલો તૈયાર કરવામાં લાખો રૂપિયાનો ખર્ચ કર્યો.

સુલતાન મેહમૂદશાહ પહેલાના પચાસ વર્ષના અમલમાં ઇમારતખાતામાં એટલો બધો વધારો થઇ ગયો, કે તેની ગણત્રી પણ મુશ્કેલ છે. જ્યારે તેણે જૂનાગઢની આગળ મુસ્તુફાબાદ વસાવ્યું ત્યારે કિલ્લા અને તેની બહાર આલીશાન ઈમારતો તૈયાર કરાવી અને ફરી રાજ્યના અમીરોએ પણ સંખ્યાબંધ ઇમારતો બનાવી. "મિરાતે સિકંદરી" એ એ વાતને વિસ્તારથી લખી છે.

એવી જ રીતે જ્યારે ચાંપાનેરને પાટનગર બનાવવામાં આવ્યું ત્યારે શાહી મહેલોના સિવાય જૂદાં જૂદાં ખાતાંઓ માટે અગણિત મકાનો બનાવવામાં આવ્યાં. તેના સમયમાં અમીરોએ પણ તેનું અનુકરણ કર્યું અને દરેક સ્થળે સુંદર મકાનો અને બગીચાઓ તૈયાર કર્યા. અમદાવાદ, મહેમદાવાદ, ચાંપાનેર, મુસ્તુફાબાદ, મુઝફ્ફરાબાદ, કુતીયાણા, ખંભાત, ધોળકા, વગેરેમાં બેસુમાર ઈમારતો બનાવવામાં આવી. મુઝફ્ફર હલીમ ઘણા જ સારા સ્વભાવનો માણસ હતો. તેણે ગુજરાત ઉપરાંત મક્કામાં પણ એક મુસાફરખાનું, એક મદ્રેસો, એક બોર્ડિંગ અને જનતા માટે એક પરબ તૈયાર કરાવ્યાં હતાં. ×

બહાદૂરશાહે અમદાવાદમાં એક કોશક[મહેલ] તૈયાર કરાવ્યો, જેનું નામ 'ભદ્રબ' રાખ્યું. ચાંપાનેરમાં એક આલીશાન મહેલ બનાવવામાં આવ્યો હતો, તેનું નામ 'દિલકુશા' હતું. તે ઘણે ભાગે એ જ મહેલમાં મુકામ રાખતો હતો. તેની નજીક એક વિશાળ ભવન હતું, જેને 'દરબાર' કહેતા હતા. વધારે સંભવિત છે, કે એ જ સ્થળે બાદશાહ દરબાર ભરતો અને પરદેશના એલચીઓ જોડે મુલાકાત કરતો હતો.

સુલતાન બહાદૂરશાહે એક બીજું ભવન તૈયાર કરાવ્યું હતું, જેની સામાન્ય રીતે ઘણી મોટી પ્રખ્યાતિ હતી. તેનું નામ 'શણગારમંડપ' હતું. એની વિશેષતા એ હતી, કે એના તમામ દરવાજાઓ અને દિવાલો પર સોનાનું પાણી ઢોળવામાં આવ્યું હતું. એવી રીતે આખું મકાન સોનેરી દેખાતું હતું.

મેહમૂદ ત્રીજાએ મહેમદાવાદમાં જે આહુખાનું [શિકારખાનું] બે માઇલ લાંબું તૈયાર કરાવ્યું હતું. તેમાં સંખ્યાબંધ મહેલો અને જૂદા જૂદા પ્રકારની ઈમારતો બનાવવામાં આવી હતી. તે ઘણી વેળા તેમાં રહેતો હતો. એ જ સમયમાં અમદાવાદમાં દરિયાખાને એ આલીશાન ગુમ્બદ [Dome] તૈયાર કરાવ્યો, જે તે જમાનામાં અજોડ હતો. સમસ્ત ગુજરાત અને કાઠિયાવાડમાં તે એ પ્રકારની પહેલી ઈમારત હતી. તેની વિખ્યાતિનું એક ખાસ કારણ એ પણ હતું, કે તે વેળા સુધી જેટલીય ઈમારતો ગુજરાતમાં

÷ મિરાતે એહમદી [વધારો] શયખ અહમદ ખટ્ટુનું વર્ણન. × ઝફરૂલવાલા ભાગ ૧ લો.

તૈયાર થઇ, તે ઘણે ભાગે જૈન સ્થાપત્યની હતી, જે પત્થરના સ્તંભો પર કાયમ કરવામાં આવતી હતી. દરિયાખાને જે ગુમ્બદ તૈયાર કરાવ્યો તે વાસ્તવમાં અરબી અને ઇરાની સ્થાપત્યનો હતો અને એ પ્રકાર ગુજરાતના માટે બીલ્કુલ નવીન હતો.

કેટલાંક સ્થળોએ જે ઈમારતો તૈયાર કરવામાં આવી હતી, તે પોતાનાં સૌંદર્ય, આકર્ષકતા અને ભવ્યતાના કારણે અનુપમ હતી. પોતાની કલાત્મક ખુબસુરતી ઉપરાંત કેટલીક વેળા એવી પણ ઇમારતો તૈયાર થઈ હતી, જે જ્યોતિષ-વિદ્યા મુજબની હતી. પાટણના મોજે ચાણસ્મામાં એક એવી મસ્જિદ હતી, જ્યાં બાર ગ્રહો મુજબ બાર ખાનાં એવી રીતે તૈયાર કરવામાં આવ્યાં હતાં, કે મહીનાનો ચંદ્ર દરેક ગ્રહના ખાનામાંથી અવશ્ય દેખાતો હતો. છેવટમાં ઈમારતો સંબંધી ઇતિહાસનો એક બનાવ નકલ કરૂં છું, જે પરથી તમો ગુજરાતી બાદશાહોની ઈમારતો સંબંધી વાસ્તવિકપણે અભિપ્રાય કાયમ કરી શકો.

મુલતાનમાં જ્યારે સ્વમુખત્યાર હુકુમત સ્થપાઇ ત્યારે શાહ હુસેન લંગાહ[મૃત્યુ : હિ. સ. ૯૦૪] [ઇ. સ. ૧૪૯૮]ને ઈમારતોનો ઘણો શોખ થયો. ગુજરાતની ઇમારતોની ખૂબીઓ આખા હિન્દુસ્તાનમાં મશહુર હતી. એ કારણે શાહ હુસેન લંગાહે પોતાને ત્યાંના એક વિખ્યાત વિદ્વાન કાઝી મુહમ્મદને એલચીની જોડે ગુજરાત રવાના કર્યો, કે જેથી ત્યાંની શાહી ઈમારતો જોઈને આવે, કે મુલતાનમાં પણ એ જ પ્રકારની ઈમારતો તૈયાર કરવામાં આવે.

કાઝી સાહેબે સુલતાનની આજ્ઞાથી દરેક પ્રકારનાં મકાનો, શાહી મહેલો, બગીચાઓ વિગેરે જોયાં અને પાછા ફર્યા પછી જ્યારે શાહ હુસેને તેમનાથી ઈમારતોના સંબંધી અભિપ્રાય પૂછયો ત્યારે કહ્યું, કે ત્યાંની ઈમારતો એવી ઉચ્ચ કોટિની છે, કે તેવી ઇમારતોના માટે મુલતાનનો બધો ખઝાનો પણ પૂરતો થઈ ન પડશે. શાહ આ સાંભળીને ઘણો દિલગીર થયો. વઝીરે બાદશાહને આશ્વાસન આપતાં કહ્યું કે દુનિયાની તમામ ખુબીઓ ખુદાએ એક જ દેશને અર્પણ કરેલી નથી. ગુજરાત અને દખ્ખણની જમીન જો પૈસા અંગે ફળદ્રુપ છે, તો મુલતાનની ભૂમિ પણ રત્નોની ખાણ છે, કેમકે અહિં, મહાન ઔલિયાઓ, ઈલ્માઓ અને વિદ્વાનો પેદા થયા છે અને આજે પણ મોજુદ છે, જે બીજા દેશોને નસીબ થયેલા નથી અને એવી રીતે બાદશાહને વઝીરે સધ્યારો આપીને સંતોષિત કરી દીધો. *

ઘરોનો શણગાર

જ્યારે કોઈ દરબાર અથવા જશનનો પ્રસંગ આવતો ત્યારે મકાનોને ખૂબ આરાસ્તા કરવામાં આવતા. પ્રકાર પ્રકારના રંગીન ફર્શો બીછાવવામા આવતા. દિવાલો જૂદા જૂદા રંગોથી રંગવામાં આવતી. સોના-ચાંદીનાં પાણીથી ફૂલ-વેલ આદિનાં ચિત્રો દોરાતાં. પુષ્પો અને અત્તરની સુગંધથી આખું મકાન મહેંકતું. જ્યારે કોઈ શખ્સ અંદર જતો ત્યારે કદમ મૂકતાં જ તેનું દિમાગ પ્રફુલ્લિત થઈ જતું. રંગબેરંગના પર્દાઓથી વસંત ઋતુનું ગુમાન થતું. એ જ શોખ ત્યાંના અમીરો, દરબારીઓ અને રઈસો(Land Lords)માં પણ કેળવાઇ ગયો હતો. હિ. સ. ૯૫૦ [ઈ. સ. ૧૫૪૩] એટલે મેહમૂદ બીજાના સમયમાં તેનો મુખ્ય પ્રધાન દરિયાખાં હતો. તે જશનને માટે એવી મજલિસ કરતો, કે જોનારા જોઈને આશ્ચર્યમુગ્ધ રહી જતા. તેની થોડી થોડી હકીકતો ઇતિહાસોમાં આજે પણ મોજુદ છે. ×

સુલતાન મુઝફ્ફર હલીમના સમયમાં, 'સરસ્વતી' નામક જશન ઉજવાયો હતો. તે મકાનનો શણગાર એટલી ઉચ્ચ કોટિનો કરવામાં આવ્યો હતો, કે પુસ્તકોમાં આ વાતનો ઉલ્લેખ ખાસ કરવામાં આવ્યો છે. એ જ સમયમાં નાયબ વઝીર મલેક કોબીના જશનનો એ હાલ હતો, કે શાહઝાદા સુદ્ધાં તે જોવા ઇચ્છુક રહેતા અને તે દિવસે આખાય બજારમાં પુષ્પોની તાણ પડી જતી. મુઝફ્ફર છેલ્લાના સમયમાં ચંગીઝખાંનો દરબાર અને જશનનું મકાન પણ બેહદ શણગારેલું રહેતું હતું.

---

* તારિખે ફરિશ્તા મુલતાનની સલ્તનતનું વર્ણન ખાનદાન લંગાહ.

× મિરાતે સિકંદરી દરિયાખાંનું વર્ણન.

બહાદુરશાહી ગુજરાતીને જ્યારે હુમાયૂંએ શિકસ્ત આપી અને બહાદુરશાહ લશ્કરને મુકીને ચાલ્યો ગયો ત્યારે હુમાયૂં તેના તંબુમાં દાખલ થઇને આશ્ચર્યચકિત થઈ ગયો; કેમકે તંબુની દરેક વસ્તુ એટલી ઉચ્ચ કોટિની હતી, કે તે સમયમાં કોઇની પાસે કદાચ જ હશે. તંબુમાં દરેક ચીજ મખમલ, અતલસ અને સરસરની હતી. બીછાત સુદ્ધાં ઝરીન મખમલની હતી અને રેશમને સામાન પણ શ્રેષ્ઠ હતો. બધાંય વાસણો સોના-ચાંદીનાં હતાં. ÷

વસ્ત્રો

હિન્દુ કોમમાં એક મોટી વિશેષતા એ છે, કે તે ઘણી રૂઢિચુસ્ત છે. પોતાની રહેણી-કરણી, ટેવ, નીતિ કોઈ ચીજમાં ત્વરાથી પરિવર્તન કરવું પસંદ નથી કરતી. સેંકડો વર્ષોના સહવાસ પછી પણ માત્ર કોમનો એક ખાસ વર્ગ જ કોઈ પરિવર્તનને પસંદ કરે છે. પોશાક-વસ્ત્રો સંબંધી પણ એ જ સ્થિતિ છે. ઈ. સ. ૩૦૦ની સદીના અરબ મુસાફરોએ અહિંના રહેવાસીઓનો જે પોશાક લખ્યો છે, તે જ આજે પણ મોજુદ છે. ઈ. સ. ૧૪૦૦થી ઈ. સ. ૧૯૦૦ સુધી સામાન્ય હિન્દુ ગુજરાતીઓનો લેબાસ પણ લગભગ તે જ હતો, જે આજે છે. માત્ર થોડાક દરબારી લોકો અલબત્ત દરબારી પોશાકમાં નજરે આવે છે.

સામાન્ય મુસલમાનોને તે દિવસોમાં આ લેબાસ હતો, કે નીચે જરા લાંબું પહેરણ(કુરતો) પહેરતા. તેપર સદરો હોતો અને તે પર એક ઝબ્બો(અબા) પહેરતા. માથાપર પાઘડી(અમામો) બાંધતા. અચકન યા ચપકનની ભાળ મળતી નથી. ઘણે ભાગે એ ચીજ મુગલ સમયની છે.

શાહી લેબાસ પણ ઘણે ભાગે એ જ હતો. અલબત્ત, તેમની પાઘડીમાં એક કલગી હોતી અને કોઈ કિંમતી હીરો જરૂર જ રહેતો. બહાદુરશાહનું ચિત્ર જે મારી નજરમાંથી પસાર થયું છે, તેમાં પણ તે પાઘડી બાંધેલો દેખાયો હતો. તેનો બાપ મુઝફ્ફર હલીમ પણ પાઘડી જ બાંધતો હતો.

આ પાઘડી બે પ્રકારની હતી. એક તો એવી, કે જ્યારે ચાહે ત્યારે ખોલી દે અને ફરી બાંધી લીયે. આ સામાન્ય રીતે નિત્યના વપરાશની હતી અને તેમાં કોઇ ભારે કિંમતની ચીજો ન હતી. બીજી તે જે બાંધેલી રહેતી અને તેમાં સરળતા એ હતી, કે જ્યારે ચાહતા ત્યારે ખોલ્યા વગર ઉતારી દેતા અને જ્યારે ચાહતા ત્યારે પહેરી લેતા. એમાં જ કિંમતી હીરો રહેતો.

ઇતિહાસોમાં બન્નેનું વર્ણન મોજુદ છે. જેમકે મુઝફ્ફર હલીમના વઝુ કરતી વેળાનો બનાવ છે, કે મસહ(માથાને પાણીથી સ્પર્શ) કરતી વેળા પાઘડી ઉતારી લેવામાં આવતી હતી અને તે તેને બેચાર આંટા ખોલીને ફરી બાંધતો હતો.*

વહોરાઓની તે વેળા પણ ખાસ પાઘડી હતી, જે સામાન્ય રીતે લોકો જોઇને તેમને ઓળખી લેતા હતા અને તે એટલી બધી મશહુર હતી, કે બાળકો સુદ્ધાં તેને જાણતા હતા. એ કારણે જ્યારે કદિ કોઈ વહોરા સિવાયનો શખ્સ એ પ્રકારની પાઘડી બાંધતો ત્યારે લોકો કહેતા, કે તમે તો આજે વહોરાઓની પાઘડી બાંધી છે.

વહોરાની પાઘડી પણ એ સમયમાં લગભગ એ જ પ્રકારની હતી, જેવી આજે તેઓ બાંધે છે. પરંતુ તફાવત એ છે, કે હવે તેઓ બાંધેલી જ પાઘડીઓ દરેક વેળા વાપરે છે. તે વેળા તેઓ તે પ્રકારની પણ પાઘડી બાંધતા હતા, જેને ઉતાર્યા પછી ફરી બાંધવી પડતી હતી.

વહોરાઓની આ પ્રકારની પાઘડી ઘણે ભાગે અરબ વેપારીઓની નકલ છે, જે બગદાદ, મોસલ, બસરા, સીરાફના વેપારીઓ બાંધતા હતા; કેમકે બુઝુર્ગ બીન શહરયાર જે ત્રીજી સદી હિજરીનો મશહુર મુસાફર છે, તેણે પોતાના પુસ્તક "અજાયબુલ હિન્દ"માં વેપારીઓનાં જે ચિત્રો આપેલાં છે, તે લગભગ એજ પ્રકારની પાઘડીઓ બાંધેલાં છે. તે પરથી મેં અનુમાન કર્યું છે, કે વર્તમાન પાઘડીઓ મોટેભાગે તે જ સમયની નકલ છે.[1]

÷ ઝફરૂલવાલા ભાગ રજો. * મિરાતે સિકંદરી મુઝફ્ફર હલીમનું વર્ણન.

૧ અજાયબુલ હિન્દ.

એ સમયમાં મૌલ્વી અથવા મુલ્લાની પણ ખાસ પ્રકારની પાઘડી હતી; જેમકે તે બનાવથી જાહેર થાય છે, જે મુઝફ્ફર હલીમની જોડે એક છોકરાની ગુફ્તેગો થઈ હતી.[૨]

ખોરાક

સામાન્ય લોકોનો સાધારણ ખોરાક તે જ હોય છે, જે તે દેશનો મુખ્ય પાક હોય છે. એ કારણે સામાન્ય ખોરાકના સંબંધી બોલવું નિરર્થક છે. એવી જ રીતે જે બાદશાહ મખમલ અને ઝરબફ્તમાં વિંટળાયેલો રહેતો હોય અને સોના-ચાંદીનાં વાસણોમાં જમતો હોય, તેના ખાવાનું શું પૂછવું. વાસ્તવમાં આ શિર્ષકથી મારી મતલબ ખાસ વસ્તુઓ તરફ ઇસારો કરવાની છે.

આ દેશની સામાન્ય પ્રથામાં સૌથી વધારે વિખ્યાત ચીજ "ખીચડી" છે. બીજા દેશોમાં પણ એનો રિવાજ અવશ્ય છે પરંતુ કદિ કદિ સમસ્ત ભારતમાં માત્ર ગુજરાત જ તે દેશ છે, કે જ્યાં એક ટંક ખીચડી રોજ ખોરાક તરીકે રંધાય છે. મુસલમાનોમાં આ ખોરાક ક્યારથી શરૂ થયો, તેની કોઈ વાસ્તવિક ભાળ મળતી નથી. અલબત્ત, અમે એટલું બતાવી શકીએ છીએ, કે સુલતાન અહમદશાહ પહેલાનાના સમયમાં પણ ખીચડી ખાવામાં આવતી હતી.[૩] અમદાવાદ અને કાઠિયાવાડમાં રાતની વખતે ખીચડી ખાય છે અને સુરતમાં દિવસે રાત્રિની પ્રથા માલમ પડે છે, કે જે પ્રાચીન યુગથી ચાલી આવે છે; કેમકે અહમદશાહ પહેલો અને શયખ અહમદખટ્ટુ સંબંધીની હકીકતોમાં અમે જોઇએ છીએ, કે બન્ને જણ રાત્રે જ ખીચડી ખાવામાં મશગુલ છે.

એક બીજી ચીજ ખાસ આ દેશની (ગુજરાતની) છે તે "સમોસા" છે, તે જોકે બીજાં શહેરોમાં પણ ખવાય છે પરંતુ જે પ્રમાણમાં આ દેશમાં તેનો વપરાશ છે, કોઇ બીજું શહેર તેનો મુકાબલો કરી શકતું નથી. પ્રાચીન કાળની માફક હું જોઉં છું, કે ગુજરાત અને કાઠિયાવાડમાં આજે પણ એનો રિવાજ ઘણો જ વધારે છે. અને ખંભાતમાં હમણાં પણ શ્રેષ્ઠ સમોસા બને છે.

ત્રીજી ચીજ, જેનું નામ "શકરાના" છે, તેમાં ખાંડ, ચોખા અને ઘી હોય છે. મને ખબર નથી, કે આજકાલ પણ એનો રિવાજ ગુજરાતમાં છે યા નથી, પરંતુ સોળમી સદી ઇસવીમાં એનો રિવાજ ઘણોજ હતો. ચોખા રાંધીને તેમાં પહેલાં ખાંડ નાંખતાં, પછી ઘી મેળવીને પરોણાઓ અને વડિલોની સામે રજૂ કરતા.+

મીઠાઈ પણ આજની માફક પહેલાના જમાનામાં વધુ પ્રમાણમાં ખાતાં હતાં કેમકે સુલતાન મુઝફરના સમયમાં અમે એ જોઇએ છીએ, કે નાસ્તાની વેળા તેના વઝીરને મીઠાઈ પેશ કરવામાં આવે છે.

સુલતાન મેહમૂદ પહેલાના સમયમાં ઘણે ભાગે આ રિવાજ હતો, કે ખાધા પછી લોકો મોઢું સાફ કરવા માટે સૂકા ચાવલ ચવાડતા હતા. (ઘણેભાગે ચાવલનો રસ પીને કૂચો થૂંકી દેતા હશે.) સુલતાન મેહમૂદ પહેલાના સંબંધી "મિરાતે સિકંદરી"માં લખ્યું છે, કે તે એવી રીતે ખાધા પછી પાંચ શેર ગુજરાતી ચાવલ ચાવી જતો હતો.

લોકોમાં અફીણ ખાવાનો પણ રિવાજ હતો. મુઝફ્ફર હલીમના વખતમાં એને "કોળી" કહેતા હતા. મારો અંગત વિચાર છે, કે અફીણ ખાવાનો રિવાજ ગુજરાતમાં ઘણેભાગે મોહમૂદ પહેલાના સમયથી પડયો. કેમકે મેહમૂદ પહેલાની માતા મુગલી બીબીએ મેહમૂદને નાનપણથી ઝેર ખાવાની ટેવ પાડી હતી, કે જેથી તેનો ભાઇ કુતુબુદ્દીન છૂપી રીતે તેને જો ઝેર આપે તો ટેવ હોવાના કારણે અસર ન કરે. આ ટેવ ઘણે ભાગે છેવટ સુધી રહી અને એની અસર રૈયતપર થઈ. મેહમૂદ પહેલાનું સામાન્ય માણસ કરતાં વધુ ખોરાક ખાવાનું અસલ કારણ એ જ ઝેર છે, જે બધું હજમ કરી દેતો હતો.

ગુજરાતમાં પાન ખાવાની પ્રથા પણ હતી. એક પોર્ટુગીઝ પ્રવાસીએ લખ્યું છે, કે સુલતાન મેહમૂદ પહેલો પાન ખાઇને જેનાપર થૂંકી દીયે છે તે મરી જાય છે. મારા વિચાર મુજબ આ સંબંધી પ્રવાસી-મજકૂરની ગેરસમજ થયેલી લાગે છે. માણસ મરતો ન હશે, બલ્કે ઝેરની અસરથી કીડા, મકોડા મરી

૨ મિરાતે સિકંદરી મુઝફ્ફર હલીમનું વર્ણન ૩ મલફુઝાત શયખ અહમદખટ્ટુ + કાકબેફલક

જતા હશે અને એ વાતને જ લોકોએ પ્રવાસી-મજકૂરની સમક્ષ અતિશયોક્તિથી બ્યાન કરી હશે, જેની મતલબ પ્રવાસી એ સમજ્યો કે માણસ મરી જાય છે.

ગુજરાતીઓમાં સ્વમાનનું પ્રમાણ ઘણું હતું. તેઓ પોતાના બાળકોને પાન ખાવા ન દેતા અને ઘરથી બહાર પણ ઓછું નિકળવા દેતા અને અજાણ્યા લોકોની સામે (બાળકોને) લાવવાથી સંભાળતા. તેઓ બાળકોને પુખ્ત વયના થતાં સુધી સુરમો લગાડવાથી પણ પરહેજ કર્યા કરતા.

ગુજરાતીઓની વિશેષતા

હિ. સ. ૯૧૭(ઇ. સ. ૧૫૧૧)માં માળવાનો એક શાહજાદો અમદાવાદમાં આવ્યો હતો. તે નવયુવક અને ઘણો ખુબસુરત હતો. તેજ સમયમાં ઈરાનથી એલચી આવ્યો હતો. તેની જોડે ૫ નસો મુગલ પણ હતા. સંજોગવશાત્ શાહજાદો પોતાના કોઈ મળનારાને મળવાને તે સ્થળે આવ્યા, જ્યાં આ મુગલો ઉતર્યા હતા. તેને જોઈને મુગલો મોહિત થઇ ગયા. અને કંઈ છેડછાડ શરૂ કરી. તેને ઘણું લાગી આવ્યું અને તલવાર ખેંચી કાઢી. મુગલો પણ ઉતરી પડયા. ગુજરાતીઓએ મુગલો પર એટલા બધા પત્થરો વર્ષાવ્યા, કે અંતે કેટલાક લોકો મરી ગયા. પોલીસે આવીને એ બધાને અલગ કર્યા. શાહજાદાને એટલું બધું લાગી આવ્યું કે આખર તે ગુજરાતથી ચાલ્યો ગયો. ×

સભ્યતા

ગુજરાતીઓ પોતાની ઓલાદને સારી સભ્યતા શિખવાડતા. એમાં અમીર અને ગરીબનો કોઈ બાધ ન્હોતો. વિશેષ કરીને પોતપોતાના ધંધાની તાલિમ પર વધારે લક્ષ આપતા. ફોજી શખ્સો ફોજની અને વેપારીઓ વેપારની તાલિમ આપતા.

મુહમ્મદ બીન ઉમર પટ્ટણી બ્યાન કરે છે, કે હિ. સ. ૯૯૧માં શયખ મુહમ્મદ ચાકૂદએ મને કહ્યું કે ગુજરાતીઓની શ્રેષ્ઠતર ખસલતોમાંથી એક એ પણ છે, કે પોતાના સગાં-સંબધીઓ અને છોકરાઓ કનેથી સેવા લેતા હતા. એટલે સુધી કે તેઓ તેમાં નિપુણ થઇ જાય. હું એક છોકરાને રોજ કામ કરતો જોયાં કરતો હતો કદિ તે ઘોડાની માલીશ કરતો, કદિ તેના માટે ઘાસ લાવતો. કેટલીક વેળા ઘોડાને દોડાવતો. સારાંશ, જેવી રીતે બીજા નોકરો કરતા, તેવી રીતે તે પણ કરતો. અને હું એમ જ સમજતો રહ્યો, કે આ પણ નોકરોમાંનો છે. થોડા દિવસો પછી એક દિવસે જોઉં છું, કે તેજ છોકરો મૂલ્યવાન કપડાં પહેરીને ઉચ્ચ પ્રકારના ઘોડા પર સ્વાર થઇને નોકર સહિત ઠાઠમાઠથી જઇ રહ્યો છે અને તેની સાથે સંખ્યાબંધ સ્વારો આગળ આગળ છે. મને આ જોઈને ઘણું આશ્ચર્ય થયું. પહેલાં મને એ વિચાર આવ્યો, કે કદાચ હું ભૂલ કરી રહ્યો છું, પરંતુ લક્ષપૂર્વક જોયા પછી જરાય શંકા ન રહી. મેં એક શખ્સને પૂછયું, કે શું આ તેજ છોકરો નથી? તેણે ઉત્તર આપ્યો હા, તે ફલાણા રઇસનો પુત્ર છે; (જે ઘણે ભાગે ફોજી અમલદાર હશે.) તે તાલિમ મળે એ વિચારથી પોતાના પુત્રથી આ કામ લેતો રહ્યો છે. હવે જવાન થઈ ગયો છે. આજે તેનાં લગ્ન કાકાની છોકરી જોડે થનાર છે અને આ તેનો વરઘોડો છે.

વિદ્યા અને કલાની પ્રગતિ

કોઈ બાદશાહની સલ્તનત ત્યાં સુધી સંપૂર્ણ થઇ શકતી નથી, જ્યાં સુધી કે તેનો દરબાર કલા-નિપુણોથી ભરેલો ન હોય. દુનિયાના પ્રત્યેક કુશળ રાજવીના દરબારમાં તમો વિદ્વાનો અને કલા-નિપુણોને અવશ્ય જોશો. અને સાચું પૂછો તો એ જ લોકો છે, જે રાજ્યને અથવા બાદશાહને અમરત્વ દશાએ પહોંચાડે છે. જો નવરત્ન ન હોત તો વિક્રમાદિત્યને કોણ જાણત? એવી જ રીતે અબૂલ ફઝલ અને ફયઝીના કારણે અકબરને દુનિયા જાણે છે.

ગુજર બાદશાહોએ પણ ઈલ્મ-પરવરીમાં કોઇ કસર રાખી નથી. તેમણે પોતાના સમયમાં ઉલ્માઓ(વિદ્વાનો)ની ઘણી કદરદાની કરી અને એ જ કારણે અમે જોઇએ છીએ, કે તેમનો દરબાર

× ઝફરૂલવાલા પૃષ્ટ ૯૮ ભાગ ૧ લો.

દરેક વેળા વિદ્વાનોથી ભરેલો રહેતો અને જુદા જુદા પ્રકારના ગ્રંથો તેમના સમયમાં તૈયાર કરવામાં આવ્યા છે. જેમકે મુઝફ્ફરશાહી, અહમદશાહી, તારિખે મેહમૂદશાહી, તબ્કાતે બહાદૂરશાહી વિગેરે ઇતિહાસગ્રંથો લખાયા. કાઝી અયાઝનું પુસ્તક "શિફા"નું ભાષાન્તર એજ સમયમાં ઇબ્ને અફરશે ફાર્સીમાં કર્યું. તસવ્વુફ(બ્રહ્મજ્ઞાન)માં શરેહ લવાયહ અને શરેહ જામે-જહાંનુમા શાહ વજીહુદ્દીને અને ભાષાશાસ્ત્રમાં મશહુર પુસ્તક "કામુસ"ના ખુત્બા(પ્રસ્તાવના)ની શરેહ (ટીકા) કાઝી અલાઉદ્દીન ઈસા બીન અબ્દુર્રહીમે લખી. તફસીરે મહાયમી શયખ અલાઉદ્દીન અલી બીન અહમદે (જેમની વિખ્યાત દરગાહ માહીમમાં આવેલી છે.) એવી સરસ લખેલી છે, કે વિદ્વાનોનો એવો મત છે, કે હિન્દમાં કોઈ શખ્સ તેમનો મુકાબલો આ વિદ્યામાં કરી શકે એમ નથી. હદીસ(પયગમ્બર-વાણી)માં અલ્લામા તાહીર પટ્ટણીએ "મજમઉલ બિહાર" તે લાજવાબ કિતાબ લખી છે કે જે માટે આખું મુસ્લિમ-વિશ્વ તેમનું આજસુધી ઋણી છે.

ટુંકમાં કહું તો આ વિષય વિશાળતાની દૃષ્ટિએ એટલો બધો લાંબો છે કે એના પર એક એલાહેદું પુસ્તક લખી શકાય એમ છે, પરંતુ શ્રોતાજનોને આનાથી વધારે દિલચસ્પી ન હશે, એ કારણે માત્ર નમુના તરીકે થોડાક ગ્રંથોની નોંધ કરી. હવે કલાનિપુણોની એક ટૂંકી યાદી આપું છું, જે એ સમયમાં થયા છે.

સુલતાન અહમદશાહના સમયમાં મશહુર કવિ હલ્વી હતો, જેણે પદ્યમાં "તારિખે અહમદશાહી" લખી છે. ફત્તેહમલ શુકલ દરબારી-જ્યોતિષિ (નજુમી) હતો. મુહમ્મદશાહના જમાનામાં ખુદાવંદખાં ઇલ્મેજફરનો ઘણો જબ્બર જ્ઞાતા હતો. સુલતાન મેહમૂદ પહેલાના સમયમાં સૈયદ અલીફખાં અને મલેક અમીન ઉચ્ચ કોટિના કવિ હતા અને શયખ સિરાજુદ્દીન ગણિતશાસ્ત્રમાં પ્રવણ હતો. સુલતાન બહાદૂરના દરબારમાં ઈખત્યારખાં ઘણો મોટો આલિમ, શાયર અને નજુમી હતો. સુલતાન મુઝફ્ફર ત્રીજાના સમયમાં મૌલાના મુહમ્મદ તાહીર પટ્ટણી હદીસના જ્ઞાતા અને અલ્લામા શાહ વજીહુદ્દીન ગુજરાતી વિદ્યાજ્ઞાનના નિષ્ણાત હતા. એ ઉપરાંત શમ્સુદ્દીન સખાવી, મૌલાના નૂરૂદ્દીન અહમદ શિરાઝી, જમાલુદ્દીન મુહમ્મદ બીન ઉમર હદ્રમી, શહાબુદ્દીન અહમદ અબ્બાસી, સૈયદ શયખ એદ્રુસ, શયખ તૈયબ સિંધી, કાઝી ઈમાદ વિગેરે પોતપોતાના ફન(વિદ્યા)માં બાકમાલ લોકો હતો.

વઝીરોમાં ખુદાવંદખાં, ઈખત્યારખાં અફઝલખાં બનબાની, સદરખાં, અબ્દુલ હલીમ હમીદુલ મુલ્ક, ખુદાવંદખાં(બીજો) ૧ આસિફખાં, કયસરખાં વિગેરે એવા લોકો થયા છે, કે જેમનાં નામ આજ સુધી પ્રકાશિત છે અને યુગ તેમને કદિ વિસરી શકે એમ નથી. એ મોટા મુસદ્દી, રાજદ્વારી હતા, અને ઉલ્માઓમાં ઉચ્ચ દરજ્જો રાખતા હતા. બાદશાહોમાં સુલતાન મુઝફ્ફર હલીમ મોટો મુફસ્સિર (ભાષ્યકાર) હતો. પવિત્ર કુરઆનની તફસીર (ભાષ્ય) ઘણી સરસ કરતો. વળી કુરઆને પાકનો હાફિઝ÷ પણ હતો. એ જ સુલતાન ઉચ્ચ કોટિનો લહીયો હતો, નિત્ય પવિત્ર કુરઆનના બે રૂકુઅ (પેરેગ્રાફ) લખ્યાં કરતો અને સંપૂર્ણ થતાં એ કુરઆન મક્કા અથવા મદીના મોકલી દેતો, જેથી હરમમાં લોકો પઠન કરે. *

શાળાઓ

મુસલમાનોને પોતાના ઉદયકાળમાં કેળવણીનો એટલો બધો શોખ હતો, કે જેટલો આજકાલ તેમને કેળવણી પ્રત્યે તિરસ્કાર છે. શિક્ષણીય દૃષ્ટિએ તેમનો સમય એક પ્રકાશમાન યુગ હતો. પ્રારંભમાં ધાર્મિક શિક્ષણ પ્રત્યે વધુ આકર્ષિત રહ્યા, પરંતુ જેમ જેમ તેમના વિચારો વિકાસ પામતા ગયા, તેમ તેમ દુન્યવી કેળવણી અને ઉદ્યોગોના તરફ તેમનો શોખ વધતો ગયો, તે એટલે સુધી કે તેમણે એકે એક કલામાં નિપુણતા સંપાદિત કરી લીધી. મુસલમાનો જ્યાં ગયા ત્યાં વિદ્યા અને કલા સાથે લેતા

૧ ઝફરૂલવાલા ભાગ ૨ જો. ÷ જે શખ્સના મોઢે આખું કુરઆન હોય, તેને હાફિઝ કહેવામાં આવે છે. —અનુવાદક * મિરાતે સિકંદરી મુઝફ્ફર હલીમનું વર્ણન.

ગયા. ગુજરાતમાં મુસલમાનોનું આવવું-જવું હિજરી સન ૧૫(હઝરત ઉમરનો સમય)થી શરૂ થઇ ગયું હતું. * અને વ્યાપારી પ્રવૃતિના કારણે ગુજરાતના સાગરના કાંઠે કાંઠે તેમણે જૂદાં જૂદાં સ્થળોએ પોતાની વસાહતો સ્થાપી લીધી હતી. કેટલાંક સ્થળે તેઓ દશ દશ હજારની સંખ્યામાં આબાદ હતા. ÷ રાષ્ટ્રકુટ રાજાઓના સમયમાં મુસલમાનો વધારે આબાદ થયા. પછી સોલંકીઓએ તેમની જે કદરદાની કરી, તે કારણે તેમની હિમ્મત વધી ગઈ. એ જ સમયથી મુસલમાનોએ ગુજરાતમાં મદ્રેસાઓ (શાળાઓ) સ્થાપવી શરૂ કરી દીધી. પરંતુ આ મદ્રેસાઓ મુસલમાન બાળકો માટે જ મર્યાદિત હતી. ગુજરાતના વિજય પછી તગલકના સમય સુધી મુસલમાનોની એ જ સ્થિતિ રહી. ગુજરાતના સુલતાનોના સમયથી દરેક ખાતામાં સામાન્ય હિન્દુઓની ભરતી શરૂ થઈ તે પછી આ મદ્રેસાઓથી પણ તેમણે (હિન્દુઓએ) લાભ ઉપાડવો શરૂ કર્યો.

મુસલમાનોએ પોતાના સમયમાં જૂદા જૂદા પ્રકારની નિશાળો અને પાઠશાળાઓ કાયમ કરી અને દરેક ઉદ્યોગ તરફ લક્ષિત થયા. કેટલીક કોલેજો અને સ્કૂલોનું સંક્ષેપ વર્ણન નીચેની લીંટીઓમાં આપું છું:-

(૧) પાટલીની આલીશાન મસ્જિદનો મદ્રેસો

હિજરી સન ૬૫૫ માં નહરવાલા પાટણ ખાતે પત્થરની એક આલીશાન મસ્જિદ તૈયાર થઈ. તેની તારીખમાં જે અશઆર(પંક્તિઓ) કહેવામાં આવ્યા છે, તેની બે પંક્તિઓ આ પ્રમાણે છે:—

બ સન શશસદ વ પંજાહ વ પંજ બુદ
ઝ હિજરત સૈયદે સાલારે મહશર
રસા નદ દર મહે ઝીકદહ અત્તમામ
અલફખાં નામુર સુલતાન સનજર

આ તે સમય હતો, કે જ્યારે પાટણમાં મુસલમાનોની સલ્તનત ન હતી બલ્કે હિન્દુ રાજાઓનો સમય હતો. અહિં એક કોલેજ કાયમ કરવામાં આવી, જેમાં દરેક પ્રકારની ધાર્મિક કેળવણી આપવામાં આવતી હતી, પરંતુ તફસીર(કુરઆનેશરીફના ભાષ્ય)ના માટે આ કોલેજ મશહુર થઈ ગઇ હતી. અને એજ કારણે દૂર દૂરના વિદ્યાર્થીઓ ગુજરાતમાં એકત્ર થઇ ગયા હતા. તે વેળા તેના પ્રિન્સીપાલ મૌલાના અબૂ યુસુફ મુહમ્મદ યાકૂબ હતા. હિજરી સન ૭૯૫માં જ્યારે મુઝફ્ફર શાહ ગુજરાતી આ દેશપર હાકેમ થયો, ત્યારે તે વેળા તેમના પૌત્રના પુત્ર મૌલાના મખદૂમ આલમ પ્રિન્સીપાલ હતા.

(૨) સરખેજનો મદ્રેસો

હઝરત શયખ અહમદ ખટ્ટુ(મૃત્યુ : હિ. સ. ૮૪૯)એ સરખેજમાં ખાનકાહ, મસ્જિદ, તળાવ પોતાના સમક્ષ તૈયાર કરાવ્યાં, તેમની વફાત પછી મુહમ્મદ શાહે મકબરો અને મદ્રેસો વિગેરે બનરાવ્યાં. વિદ્યાર્થીઓના રહેવાના માટે એક બોર્ડિંગ પણ હતી, જે લાંબા સમય સુધી કાયમ રહી. આ લખનારે ઈ. સ. ૧૯૨૧માં એ સહુ જ્યારે જોયા હતાં, ત્યારે ઓરડાના કાંઈ કાંઇ અવશેષો નજરે પડતા હતા, પરંતુ હમણાં તેમાંનું કશું રહ્યું નથી.

(૩) ખાનસરવરનો મદ્રેસો

હિજરી સન ૮૫૫માં એક કોલેજ ધાર્મિક વિદ્યા-કલાઓના શિક્ષણ માટે ખાનસરવરના સરોવરની પાસે નહરવાલા પાટણમાં મોજુદ હતી, જ્યાંથી મોટા મોટા લોકો શિક્ષણ મેળવીને બહાર પડતા. સુલતાન કુતુબુદ્દીન ગુજરાતી જ્યારે મેહમૂદ ખિલજી (માલવાનો સુલતાન)ના મુકાબલા માટે નિકળ્યા, તો તેના વિજયના માટે આ મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓએ ઘણાં જ શુદ્ધભાવે દુઆ માંગી હતી.

(૪) મદ્રેસા શમ્સબુરહાની

શયખ મુહમ્મદ ઉસમાન (જેઓ શમ્સ બુરહાનીના લકબથી સુપ્રસિદ્ધ હતા) ખલીફા હઝરત કુતુબે આલમ (મૃત્યુ : હિજરી સન ૮૫૭) મોટા પાયાના બુઝુર્ગ હતા. અમદાવાદ હમણાં હમણાંમાં

* મસઉદી ભાગ ૧ લો મિસર, ÷ બિલાઝરી, સિન્ધ-વિજય, મિસર.

આબાદ થયું હતું. સાબરમતી નદીની પાસે તે પાર જ્યાં હમણાં ઉસમાનપુરા છે, તે વેળા ત્યાં કોઈ વસ્તી ન હતી, શયખ મજકુર સૌથી પહેલાં ત્યાં એક તંબુ ઉભો કરીને વસ્યા. પછી એક હિન્દુ વાણીયાને વસાવ્યો. ધીમે ધીમે વસ્તી વધતી ગઈ. એનું નામ પોતાના નામ પરથી ઉસમાનપુરા રાખ્યું. છેલ્લા સમયમાં એની વસ્તી એટલી બધી વધી ગઇ હતી કે દશ હજાર મકાનો તો ફક્ત કારીગર લોકોના હતા. * અહિં એક આલીશાન મસ્જિદ અને મદ્રેસો બનાવવામાં આવ્યો. મદ્રેસામાં ધાર્મિક શિક્ષણ અપાતું હતું. કુરાન, હદીસ, તફસીર, ફિકેહ, ઉસુલ વિગેરે ખાસ કરીને પઢાવવામાં આવતા હતા. મસ્જિદના સિવાય વિદ્યાર્થીઓના રહેવા માટે સંખ્યાબંધ ઓરડાઓ બનાવવામાં આવ્યા હતા. આ મદ્રેસો મુદ્દત સુધી કાયમ રહ્યો. મરાઠાઓની લુટફાટમાં જ્યારે ઉસમાનપુરા તબાહ થયું તો એની પણ ઇટથી ઈંટ મળી ગઇ. એક નાનકડું ગામ, મકબરા સહિત મસ્જિદ હમણાં સુધી યાદગાર તરીકે બાકી છે.

(૫) શાહઆલમનો મદ્રેસો

ગુજરાતના સુવિખ્યાત પવિત્ર સંત હઝરત શાહઆલમ રહે.(મૃત્યુ : હિ. સ. ૮૮૦)ના જાનશીને આ મદ્રેસો સ્થાપ્યો હતો. દરેક પ્રકારની વિદ્યા અને કલાનું શિક્ષણ અપાતું હતું. અહિંથી મોટા મોટા લોકો કેળવણી મેળવીને બહાર પડતા હતા. એની સાથે વસ્તીગ્રહ પણ હતું. એના વિદ્યાર્થીઓને શિષ્યવૃતિઓ પણ મળતી હતી અને તેના માટે ગામો વકફ હતાં. મરાઠા તોફાનમાં બધું બરબાદ થઇ ગયું. મૌલાના શયખ નૂરૂદ્દીન આજ મદ્રેસાના વિદ્યાર્થી હતા. એની જોડે એક પુસ્તકાલય પણ હતું, જેમાં મોટી મોટી અપ્રાપ્ય કિતાબો હતી. અફસોસ છે કે બીન જાણકારોએ એને ગુમાવી દીધી.

(૬) હદીસની કોલેજ

નહરવાલા પાટણમાં એક ધાર્મિક મહાવિદ્યાલય હતું, જેમાં દરેક પ્રકારની વિદ્યાઓ શિખવવામાં આવતી હતી. પરંતુ એ હદીસ (પયગમ્બર-વાણી)ના માટે ઘણું વિખ્યાત હતું. અલ્લામા મુહમ્મદ બીન તાહીર પટ્ટની (મૃત્યુ: હિ. સ. ૯૮૬) એના પ્રિન્સીપાલ હતા તે પછી મુદ્દત સુધી તેમના દિકરા અને પૌત્રોની દેખરેખ તળે આ કૉલેજ ચાલતી રહી. અવરંગઝયબ (આલમગીર)ના સમયમાં જ્યારે એક નૂતન મહાવિદ્યાલય સ્થાપવામાં આવ્યું ત્યારે આ કૉલેજ આહિસ્તા એજ નવીન મહાવિદ્યાલયમાં ભળી ગઈ.

(૭) વજીહુદ્દીન કોલેજ

અલ્લામા શાહ વજીહુદ્દીન રહે.(મૃત્યુ: હિ. સ. ૯૯૮)ના સમયમાં આ કોલેજ શાહી મહેલની બરોબર સામે (જ્યાં આજે પારસી કલબ મોજુદ છે) શાહ વજીહુદ્દીન રહે. ના હાલના રોજાની કને કાયમ કરવામાં આવી. સાચું પૂછો તો આ તે જમાનાની મુનિવર્સિટી હતી, જેની દેખરેખ તળે ગુજરાત, ખાનદેશ, કાઠિયાવાડ અને દક્ષિણમાં જૂદી જૂદી કૉલેજો કાયમ હતી. આ કૉલેજમાં તર્કશાસ્ત્ર, ફિલ્સૂફી અને બ્રહ્મજ્ઞાનના શિક્ષણ માટે ખાસ પ્રબંધ હતો. એની જોડે એક બોર્ડિંગ પણ હતી, જેના ભાંગ્યા-તુટયા ઓરડાઓ હમણાં સુધી મોજુદ છે. જહાંગીરના સમયમાં વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિઓ પણ નિયુક્ત થઈ હતી અને તેના માટે સંખ્યાબંધ ગામો વકફ કરવામાં આવ્યાં હતાં. હિ. સ. ૯૫૦થી હિ. સ. ૯૯૮ સુધી એના પ્રિન્સિપાલ અલ્લામા શાહ વજીહુદ્દીન રહે. પોતે રહ્યા પછી તેમના લાયક પુત્ર અને પૌત્રો થયા. જોકે બારમી સદીના છેવટ સુધી આ કૉલેજ કાયમ રહી, પરંતુ એનું વાસ્તવિક પતન મદ્રસએ હિદાયતબખ્શની સ્થાપનાથી શરૂ થઈ ગયું. કેમકે મૌલાના નૂરૂદ્દીનનું વ્યક્તિત્વ શિક્ષણીય-દૃષ્ટિએ ઘણું જ ઉચ્ચ કોટિનું હતું અને અમદાવાદમાં તેમનાથી વધીને કોઈ આલિમ તે વેળા મોજુદ ન હતો. વજીહુદ્દીન કૉલેજના માટે સરકાર તરફથી એક તબીબ પણ નિયૂક્ત થયો હતો, જે વસ્તીગ્રહના વિદ્યાર્થીઓને જોયા કરતો હતો અને માંદા વિદ્યાર્થીઓનો દિલસોઝી સહિત ઈલાજ કરતો હતો. એજ

* મિરાતે એહમદી : અંતિમ ભાગ : કલકત્તા.

મદ્રેસાની સાથે એક ઘણી મોટી લાયબ્રેરી હતી, જેમાં લગભગ દશ હજાર પુસ્તકો હતાં અને એમાંના ગ્રંથો ઘણે ભાગે લેખકોના સ્વહસ્તેજ લખાયેલા હતા.

(૮) ઈસ્હાક કોલેજ

મૌલાના ઇસ્હાક, અલ્લામા શાહ વજીહુદ્દીનના શાગીર્દ હતા. ભરૂચમાં જઇને તેમણે એક કોલેજ કાયમ કરી. ઘણે ભાગે ભરૂચમાં પ્રાચીન સમયથી પણ એક કોલેજ ચાલી આવતી હતી. મશહુર છે કે હિજરી સન ૪૩૦માં બની હતી. સંભવિત છે કે તે બંધ થઈ જવાના પશ્ચાત્ તેની જ તેજ ઇમારતમાં એ ચાલુ કરી હોય. એની જોડે બોર્ડિંગ પણ હતી. જહાંગીરના સમયમાં એના ખર્ચા માટે કેટલાંક ગામ પણ વકફ કરવામાં આવ્યા. મુદ્દત સુધી આ કોલેજ કાયમ રહી. અંતમાં એની સ્થિતિ દિનપ્રતિદિન ખરાબ થતી ગઇ. તે એટલે સુધી કે આજથી કેટલાક વર્ષો પૂર્વે એક પ્રાઈમરી સ્કૂલની હાલતમાં આવી ગઈ હતી. ઈ. સ. ૧૯૨૧માં જ્યારે હું ઐતિહાસિક સંશોધનના કાર્ય અંગે ભરૂચ ગયો હતો, ત્યારે એ મદ્રેસો(પ્રાયમરી સ્કૂલ) પણ બંધ થઈ ચૂકયો હતો અને મકાનો ખાલી પડયાં હતાં. મૌલાના ઇસ્હાકે કાયમ કરેલ કોલેજ હિજરી સન ૧૦૨૫ના અરસામાં હતી.

(૯) વ્હોરાઓનો મદ્રેસો

શિયા વ્હોરાઓની પ્રાઇમરી સ્કૂલો આજની માફક પહેલાં પણ પાટણ, સિદ્ધપુર, ખંભાત, ભરૂચ વિગેરે સ્થળે હતી, પરંતુ હાઈસ્કૂલ (મદ્રસએ આલીયા) હિજરી સન ૮૧૩થી પૂર્વે માત્ર નહરવાલા પાટણમાં જ હતી. તે પછી તે અમદાવાદ ફેરબદલ થઇ ગઇ. હિજરી સન ૮૩૦માં અમદાવાદ ખાતે જે હાઈસ્કૂલ હતી, તે ઘણી રોનકદાર હતી અને દૂરદૂરના ભાગોમાંથી શિક્ષણ સંપાદન કરવા માટે લોકો આવતા હતા.*

હિજરી સન ૯૭૫માં અમદાવાદ ખાતે વ્હોરાઓએ પોતાની કોમ માટે ખાસ એક કોલેજ સ્થાપી, જેમાં દરેક પ્રકારની વિદ્યા-કલાઓનું શિક્ષણ અપાતું હતું. તર્કશાસ્ત્ર, ફિલ્સૂફી, ગણિત, જ્યોતિષ, વૈદક, ડિબેટિંગ, ઈતિહાસનું શિક્ષણ ઘણી ઉચ્ચ કોટિનું અપાતું હતું. આ દુન્યવી કેળવણીના સિવાય ખાસ ધાર્મિક વિદ્યાઓની સંપૂર્ણ અને શ્રેષ્ટતર વ્યવસ્થા હતી. વિદ્યાર્થીઓના તમામ ખર્ચાઓનો બોજો કોલેજ ઉપાડતી હતી. દાંવત ફંડના સિવાય એ કોમના અમીરો પણ એની સહાયતા કરતા હતા, ગરીબોના સિવાય દોલતમંદ લોકો પણ પોતાના બાળકોને એમાં કેળવણી માટે દાખલ કરતા હતા, જેના કારણે ખાસ અને આમની દૃષ્ટિમાં આ કોલેજ માનને પાત્ર બની ગઈ હતી. હિજરી સન ૧૦૬૫માં આ કોલેજ જામનગર ખાતે લઇ જવામાં આવી હતી.

ઔદ્યોગિક શાળાઓ

ઔદ્યોગિક શાળાઓ પણ અમદાવાદમાં સંખ્યાબંધ હતી, પરંતુ તેની પદ્ધતિ આજકાલની શાળાઓથી તદ્દન ભિન્ન હતી. તેનો દસ્તુર એ હતો, કે એક કારખાનું ઉઘાડવામાં આવતું હતું. કારીગર તેમાં કામ કરતા હતા અને વિદ્યાર્થીઓને તેમાં વ્યવહારૂ તાલીમ અપાતી હતી. એમાં કેટલાક વિદ્યાર્થીઓ એવા પણ હતા, કે લખવા-વાંચવાથી તદ્દન નાવાકેફ હતા. પરંતુ વ્યવહારૂ શિક્ષણમાં તેમનો નંબર પ્રથમ રહેતો. આ શાળાઓમાં વિદ્યાર્થીઓ પોતે શોખથી દાખલ થતા. એમાં વેપારીઓ અને કારીગરોના બાળકો વધારે ભાગ લેતા. કારખાનાઓથી જે વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ હાંસિલ કરીને નિકળતા, તેઓ એજ કારખાનામાં કદિ કદિ નોકર તરીકે રહી જતા અને એટલું સરસ કામ કરતા કે તેમની બનાવેલી ચીજોને જોઈને પરદેશીઓ આશ્ચર્યચકિત થઈ જતા. તખ્તે તાઉસ (મયૂરાસન) ની તૈયારી પર જ્યારે હિજરી સન ૧૦૪૪માં શાહજહાને દરબાર કર્યો તો તેના માટે એક લાખ રૂપિયાનો ઝરબફતનો શામીયાનો એજ કારખાનાંઓમાં તૈયાર થયો હતો, જેના મખમલી સાયબાન અને સોના તથા ચાંદીના સ્તંભોના બેલબુટાઓ અમદાવાદના કારીગરોની હુન્નરમંદીને પ્રકટ કરતા હતા અને એજ કારખાનાંઓમાં મખમલી ઝરબફત કલાબતુની બારગાહ (સાર્વજનિક મંડપ) જેની લંબાઇ

---

* મોસમે બહાર ભાગ ૩ જો : મૌલાઇ હસનનું વર્ણન : [સફદરી મુંબઇ]

ચોઢાઈ ૪૩×૩૨ ગજની હતી, પચાસ હજારમાં તૈયાર થઇ હતી; જે હિજરી સન ૧૦૬૫ના શાહજહાનના જશનમાં ઉભી કરવામાં આવી. શાહજહાને પોતાની ગવર્નરીમાં એક જડાવનો તખ્ત દશ લાખનો અને તલવારનો પટો બે લાખનો જહાંગીરને ભેટ આપવાને માટે તૈયાર કરાવ્યો હતો.

એવી જ રીતે એન્જીનિયરીંગ સ્કૂલ અને મ્યુઝિક સ્કૂલ ઇસ્લામી સમયમાં સંખ્યાબંધ હતી, જેનું વર્ણન વિસ્તારપૂર્વક ફરી કોઈ વેળા કરવાની ધારણા છે. અહિં તેની તપસીલ રજૂ કરવાની ગુંજાશ નથી. આ સ્કૂલોમાં હિન્દુ, મુસલમાન સરખી રીતે શિક્ષણ મેળવતા હતા અને નિપુણ થઈને ગુજરાતના વ્યોમમાં સિતારા બનીને ચમકતા હતા. હિજરી સન ૮૯૦માં ગનેશીયા(ગણેશ)નામનો એક હિન્દુ એ સમયનો એક શ્રેષ્ઠ એન્જીનિયર હતો અને "ફુતુહાતે આલમગીરી"નો કર્તા ઇશરદાસ(ઈશ્વરદાસ) નાગર પટ્ટણી પોતાના સમયનો શ્રેષ્ઠ સાહિત્યકાર અને ઇતિહાસલેખક હતો.

લલિત કલા

લલિત કલામાં પત્થર પર થયેલા કોતરકામના નમુના એટલી મોટી સંખ્યામાં અસ્તિત્વમાં છે કે તેની ગણત્રી કરવી પણ અસંભવિત છે. આલીશાન મહેલાતો, અમીરો, વઝીરો, રાજ્ય-અધિકારીઓનાં મકાનો તો હવે રહ્યાં નથી. અલબત્ત, ધાર્મિક ચીજો કંઇક રહી ગઈ છે, જેમાંથી કેટલીક મસ્જિદો છે, કેટલાક મકબરા અને સંખ્યાબંધ મંદિરો. મસ્જિદોમાં અમદાવાદના કિલ્લાની મસ્જિદ, જામે-મસ્જિદ, શકરખાંની મસ્જિદ વિગેરે જોવા લાયક મસ્જિદો છે. આસ્તોડીયાની નાનીશી મસ્જિદ પોતાની ખુબસુરતીના કારણે મશહુર છે. લાલ દરવાઝાની બહાર ખજુરીયાની મસ્જિદ પોતાની કલા અને કારીગરીના કારણે જગપ્રસિદ્ધ છે. મીરઝાપુરની આલીશાન મસ્જિદ પણ ઇમારતકલાની દૃષ્ટિએ પરદેશી કલાનિપુણોના માટે હંમેશાં આકર્ષણનું કારણ રહી છે.

અમદાવાદથી બહાર મેહમૂદાબાદ, ધોળકા, અહમદનગર, ચાંપાનેર, જૂનાગઢ વિગેરેમાં જે ઇમારતો છે, તે બધી અનુપમ છે. આ થોડાંક નામ માત્ર દાખલા તરીકે રજૂ કર્યાં છે, નહીં તો "મિરાતે એહમદી"ના કર્તાના કથન મુજબ માત્ર અમદાવાદમાં પત્થરની મસ્જિદો સંખ્યામાં પાંચસો હતી.

મકબરાઓમાં શયખ અહમદ ખટ્ટુનો મકબરો આજસુધી કલાના જાણકારોની દૃષ્ટિમાં માનપાત્ર છે અને કલાના વિદ્યાર્થીઓ(મુમુક્ષુઓ) આજે પણ એનાથી પાઠ મેળવતાં ખંચાતા નથી અને મકબરાની અંદરની જાળીઓના નમુના લઈને અભ્યાસ કરે છે. શહેનશાહ જહાંગીરના અંદાઝા મુજબ આ મકબરાપર પાંચ લાખ રૂપિયા ખર્ચ થયો છે. *

હઝરત શાહઆલમના મકબરા ઉપરાંત દરિયાખાંનો ગુમ્બદ(Dome)—જે તેની કબર ઉપર છે—સમસ્ત ગુજરાતની ઈમારતોમાં સૌથી અનુપમ છે. સરખેજમાં મેહમૂદ પહેલાના મકબરાપર સંગેમરમરનું કામ તેની બારિકીના કારણે પ્રશંસનીય છે. એવી જ રીતે અમદાવાદની જામે' મસ્જિદના શાહનશીન (વ્યાસ-પીઠ) ઉપર જે સંગેમરમરનો મહેરાબ છે, તેનું કોતરકામ પણ બારિક છે. દરેક મસ્જિદમાં ઇમામના મુસલ્લાની પાસે સૂરજમુખીની તસ્વીર હોય છે, તે પરથી પણ આ કારીગરી પર વિશેષ પ્રકાશ પડે છે. ઘણે ભાગે ગુજરાતના સુલતાનોની કબરોપર પણ સૂરજમુખી અને મોટે ભાગે સંગેમરમરની કંદીલ(ચિરાગદાન)નું સ્વરૂપ બનાવેલું હોય છે. કારીગરીની દૃષ્ટિએ તે પણ કોઇ રીતે દૃષ્ટિવિહોણું કરવાને પાત્ર નથી. ગુજરાત અને કાઠિયાવાડમાં આ સમયનાં અસંખ્ય મંદિરો અસ્તિત્વમાં છે, જે જૈન(તર્ઝ) સ્થાપત્ય માટે પ્રખ્યાત છે. મુગલ સલ્તનતના પહેલાં, જેટલીય પત્થરની ઈમારતો ગુજરાતી બાદશાહોના સમયમાં બનેલ છે, તે પરથી સ્પષ્ટ દેખાય છે, કે મુસલમાનોએ પોતાની બધીય ઇમારતોમાં જૈન સ્થાપત્યનું અનુકરણ કરેલ છે. જો કે તેમની પાસે ઇરાની અને અરબી સ્થાપત્યના નમુના મોજુદ હતા અને અજમ (ઇરાન) અને અરબમાં આ કલાના મોટા મોટા

* તોઝકે જહાંગીરી જશન ૧૨ અમદાવાદનું વર્ણન.

જાણકારો મોજુદ હતા. ગુર્જર સુલતાનો જો ઇચ્છત તો તેમનાથી કામ લઈ શકયા હોત, જેમકે મેહમૂદ પહેલાએ બાગબાનીમાં ઈરાની કલાનિપુણોથી કામ લીધું, પરંતુ મારા વિચાર મુજબ કાંઈ તો સરળતા ખાતર અને કાંઇ તો ગુજરાતી હોવાના કારણે એ તરફ વધારે લક્ષિત ન થયાં, બલ્કે પોતાના વતનની પદ્ધતિને વધારે પસંદ કરી: જેમકે અહમદશાહે અમદાવાદનો ભદ્રનો કિલ્લો, પાટણની ઢબ પર બનરાવવાથી જ્ઞાત થાય છે.

સંગીત

લલિત કલામાં સંગીત તરફ દરેક ઈસમનું લક્ષ પહેલાં દોરાય છે અને એમાં શક નથી, કે કુદરતી રીતે આત્માનું ખેંચાણ તેની તરફ થાય છે, માણસ ઉપરાંત પશુઓ પણ એનાથી મુગ્ધ થઈ જાય છે. દુનિયાના લગભગ દરેક ધર્મે કોઈ ને કોઈ રૂપમાં સંગીતનો સત્કાર કરેલો છે. એ જ કારણ છે, કે હવે દરેક કોમમાં તેનો પ્રચાર થઇ ગયો છે અને દરેક પ્રાણવાન વસ્તુને તેનાથી મુગ્ધ થયેલી આપ જોશો.

સુલતાન મેહમૂદ પહેલાના સમયથી જ સંગીતવિદ્યા અમદાવાદમાં પ્રચલિત હતી અને જૂદા જૂદા પ્રકારના સંગીતનાં ઓજારો અહિં તૈયાર થતાં હતાં. મેહમૂદના માટે ખાસ, એક ઉસ્તાદે 'રૂબાબ' તૈયાર કર્યો હતો.

સુલતાન બહાદૂરશાહના સમયમાં સંગીતને ઘણી પ્રગતિ મળી. સુલતાન બહાદૂરને તેના તરફ ખાસ પ્રેમ હતો. તેના દરબારમાં જશનપ્રસંગે અને એકાંત મજલિસના મોકાપર ચૂંટી કાઢેલા ગવૈયા અને પરીસુરત નર્તિકાઓ હાજર રહેતી. તે સમયના શ્રેષ્ઠતર કલા-ઉસ્તાદ "મિંયા મનઝુ" હતા. તેના મુગ્ધ કરનારા સંગીતથી બહાદૂરશાહ એટલો મોહિત હતો, કે યુદ્ધના મેદાનમાં પણ તેનાથી એલાહેદગી પસંદ કરતો ન્હોતો. તે ભયપ્રદ યુદ્ધ જેમાં બહાદૂરશાહનો પાસો પલટાઈ ગયો અને હુમાયૂં બાદશાહ તોપખાનાના અમલદાર રૂમીખાંની દગાબાઝીના કારણે વિજયવંત થઈ ગયો, તે વખતે પણ મિંયા મનઝુ બહાદૂરશાહની સાથે હતા. યુદ્ધ પૂર્ણ થતાં એક મુગલે તેમને ગીરફતાર કર્યા અને તેમની જીંદગીનો અંત આવી જવાની અણિ પર હતો એટલામાં હુમાયૂંને ખબર મળી અને તેણે પોતાના મુસાહીબોમાં મિંયા મનઝુને કદરદાનીની રાહે શામિલ કરી લીધા.

તેમની જાદુઈ અસરની સાબેતી માત્ર એનાથી મળે છે, કે હુમાયૂં બાદશાહ ગુજરાતીઓના પરાજય પછી મુગલ રિવાજ મુજબ ખૂની લેબાસ પહેરી કત્લેઆમ ચલાવી રહ્યો હતો, એવામાં મિંયા મનઝુ જઇ પહોંચ્યા અને ફરમાશ પર એકતાન એવી ખેંચી કે હુમાયૂંનો આત્મા તેમના કદમો પર નિસાર થવા લાગ્યો. લાલવસ્ત્રો તુરત બદલી નાંખ્યાં. કત્લેઆમ બંધ થઇ ગઈ અને પછી હજારો ગુજરાતી દેશબંધુઓને મિંયા મનઝુએ પોતાના સગાંસંબંધીઓ દેખાડીને તેમના પ્રાણ બચાવ્યા. એમાં કાંઇ શક નથી, કે હુમાયૂંએ તેમની મોટી કદરદાની કરી, પરંતુ મિંયાં મનઝુનું ભલા તે ખૂની મુગલોમાં કયાં દિલ લાગે, તે કારણે પ્રસંગ જોઈને તેઓ ન્હાસી છૂટયા.

બહાદૂરશાહ પણ એમના બેહદ કદરદાન હતા અને તે તેમને બેહદ પ્યારા ગણતો હતો. તેની પ્રકૃતિની વલણ માત્ર એ પરથી જાણી શકો છો, કે જ્યારે મિંયા મનઝુ હુમાયૂંને ત્યાંથી ન્હાસીને બહાદૂરશાહની પાસે આવ્યા ત્યારે તેણે કહ્યું કે મિંયા મનઝુ મને મળી ગયા તો સમજી લ્યો કે ગુજરાતની સલ્તનત પાછી મળી ગઈ.

આ વાત ઘણી આશ્ચર્યકારક છે કે બહાદૂરશાહનો બાપ મુઝફ્ફર હલીમ એક મુલ્લાં-પ્રકૃતિનો માણસ હતો, પરંતુ સંગીત-વિદ્યાથી તેને એટલી દિલચસ્પી હતી, કે જોઇને લોકો હેરતમાં પડી જતા હતા. તે પોતે આ કલામાં ઘણો નિપુણ હતો. રૂબાબ, ચતરી, ચતુર-વાદ્ય, સરમંડલ ખૂબ વગાડતો હતો અને કલાજ્ઞાતાઓ તેની ઉસ્તાદીનો સ્વીકાર કરતા હતા. તેની પાસે બાઈ છા નામની

મશહુર નર્તિકા હતી અને સંગીતકલાથી ઘણી જ વાકેફ હતી. મુઝફ્ફર હલીમના હુકમથી સરસ્વતીનું પાત્ર તેણે જ ભજવ્યું હતું, જેને કલાજ્ઞાતાઓએ ઘણું પસંદ કર્યું હતું. +

મેહમૂદ(ત્રીજા)ના સમયમાં દરિયાખાં સ્વમુખત્યાર પ્રધાન હતો. તે જેટલો ઉદાર અને મુસદ્દી હતો, તેટલોજ અયશપરસ્ત પણ હતો. તે પોતાના સમયમાં (સોળમી સદીના મધ્યમાં) એ તરફ એટલો લક્ષિત રહ્યો, કે રાજ્યના તમામ કારોબારથી ગાફિલ થઈ ગયો. સંગીતવિદ્યાની તે સમયમાં એટલી ચર્ચા હતી કે ઘરઘરથી ગાવાનો અને વાજીંત્રનો અવાજ સંભળાતો હતો. તેના દરબારમાં ખુબસુરતીમાં અજોડ એવી નૃત્ય કરનારી નર્તિકાઓ જમા થઇ ગઇ હતી. જે વેળા ચાંપાનેરમાં તેને અંતિમ શિકસ્ત મળી છે તે વેળા માત્ર પાનસો ગાનારી રૂપવંતી ઓરતો પકડવામાં આવી છે. એ ઉપરથી તમો તેના સંગીતશોખનો અંદાઝો કાઢી શકો છો. તેના જશનનો દરબાર એટલો શાનદાર અને ઠાઠમાઠથી થતો કે ગુજરાતી બાદશાહોમાં પણ કોઇના ભાગ્યમાં ન્હોતો આવ્યો.

તેના સમયમાં કલાના મોટા મોટા હિન્દુ-મુસલમાન નિપુણો જમા થઈ ગયા હતા, તે પૈકીના કેટલાકોનાં નામ નીચે મુજબ છે:—

(૧) નાયક અભવ, (૨) નાયક ગોપાલ, (૩) નાયક હુસેની, (૪) નાયક બખ્શુ, (૫) રંગખાં, (૬) મસલહી, (૭) નાયક ચનીર, (૮) ખેમ હરમન, (૯) મોહનરાવ, (૧૦) રંગરાવ, (૧૧) દેશીરાવ, અને (૧૨) કહન મોર. તમે પોતે વિચાર કરી શકો છો કે જ્યાં પાનસો(સ્ત્રી) પાત્રો હોય ત્યાં ફરી ગવૈયાઓનો શો હિસાબ હશે? આ જેટલાં નામ મેં આ વેળા રજૂ કર્યાં છે તે વાસ્તવમાં ચૂંટી કાઢેલા કલાના ઉસ્તાદો હશે, જેમના કમાલની પ્રસિદ્ધિ એટલી હતી, કે તેમનાં નામો પુસ્તકોમાં આવી ગયાં; નહીંતર હજારો હશે, જે બિચારા ગુમનામ દુનિયાથી ચાલતા થયા.

માનનીય ગૃહસ્થો!

ગુજરાતી બાદશાહોનાં બસો વર્ષનો આ ઘણો જ સંક્ષેપમાં ઇતિહાસ છે, જે મેં તમો સમક્ષ રજૂ કર્યો છે. નહીં તો આ વિષયને અંગે આ વ્યાખ્યાન આથીયે વિશેષ વિસ્તૃત હોવું જોઇતું હતું; પણ સમયના અભાવના વિચારથી મેં આ વિષયને કલમ-મુક્ત કરી દીધો છે. ગુજરાતના ઇતિહાસના ક્રમાંકમાં—જે અત્યારે લખાઇ રહ્યો છે—આ વિષય પર મેં વિસ્તારપૂર્વક લખ્યું છે અને છપાય ત્યાં સુધી આપને વાટ જોવાની જહેમત આપું છું. અંતમાં તમારો આભાર માનું છું કે આપે મારૂં આ વ્યાખ્યાન શાન્તિપૂર્વક સાંભળ્યું.

+ મિરાતે સિકંદરી બહાદુરશાહ અને મુઝફ્ફર હલીમનું બયાન.

શ્રી ફાર્બસ ગુજરાતી સભાન્તર્ગત

બુદ્ધિવર્ધક પુસ્તકાલયને સહાયતા

ધીમંત, શ્રીમંત, ઉદાર હૃદયી સજ્જનોને વિનતિ

"બુદ્ધિવર્ધક સભા"ના મૂળ ઉદ્દેશોને અનુસરીને "બુદ્ધિવર્ધક પુસ્તકાલય"ની સ્થાપના શ્રી ફાર્બસ ગુજરાતી સભામંદિરમાં સભાના આશ્રયે રીતસર તા. ૨૯—૭—૩૪ને રોજ થઈ છે. "ગુજરાતી" પત્રના આદ્ય તંત્રી શ્રી. ઇચ્છારામ સૂર્યરામ દેશાઈના સ્મારક તરીકે તેમના ત્રણ પુત્રો રા. રા. નટવરલાલ, રા. રા. મદનલાલ, અને રા. રા. બાબુલાલ એમણે ગુજરાતી પ્રીન્ટીંગ પ્રેસનાં છપાયલાં રૂ. ૪૦૦-૦-૦ નાં પુસ્તકો, ભેટ આપી આ કાર્યનો આરંભ કરવાની સવળતા કરી હતી.

આ પુસ્તકાલયનો મુખ્ય હેતુ જેને 'રેફરન્સ' વા આકર—માહિતી વિષયી ગ્રંથો કહે છે તેનો સંગ્રહ કરવાનો છે; જેથી ગુજરાતી સાહિત્ય અને ગુજરાતના ઇતિહાસના જ્ઞાતાઓ અને સંશોધકોને પ્રામાણ્ય માહિતી સરળતાથી મળી શકે.

"બુદ્ધિવર્ધક પુસ્તકાલય"ની પ્રસ્તુત સ્થાપના પ્રસંગે તેમજ તે પછીથી કેટલાએક સદ્‌ગૃહસ્થો અને સંસ્થાઓ તરફથી પણ પુસ્તકોની ભેટ મળી છે.

શ્રીમંત ગુર્જરનરેશ ગાયકવાડ સર સયાજીરાવની સરકારના પ્રાચ્ય વિદ્યામંદિર તરફથી, શ્રી સયાજી જ્ઞાનમંજુષા અને વિજ્ઞાન, એ બે શ્રેણીઓમાં પ્રકટ થયેલાં પ્રાચ્ય પુસ્તકો આશરે ૩૦૦ની સંખ્યામાં ભેટ મળ્યાં છે. ઉપરાંત હવે પછીથી એ બે શ્રેણીઓમાં છપાનારા ગ્રંથો પણ બુદ્ધિવર્ધક પુસ્તકાલયને ભેટ આપવાનો હુકમ વડોદરા રાજ્યના શ્રી કર્મસચિવ સાહેબ તરફથી થયો છે.

અમદાવાદની ગુજરાત વર્નાક્યુલર સોસાયટીમાં "બુદ્ધિવર્ધક પુસ્તકાલય"ને રજીસ્ટર્ડ કરાવ્યું છે.

સભાના આ કાર્યને ઉત્તેજન આપવા મુંબઈ અને ગુજરાતના સાહિત્ય-રસિક શ્રીમંત, ધીમંત સદ્‌ગૃહસ્થોને વિનતિ કરવામાં આવે છે. આશા છે કે તેઓ 'રેફરન્સ' પુસ્તકોને અગર યોગ્ય રકમ મોકલીને ઘટતી સહાયતા સવેળા કરવા નહીં ચૂકે.

તા. ૩૦–૩–૩૬ સોમ
૩૬૫, શ્રી ફાર્બસ ગુજરાતી સભામંદિર
વિઠ્ઠલભાઈ રોડ, કોંગ્રેસ લેન, મુંબઈ નં. ૪.

અંબાલાલ બુ. જાની,
સહાયક મંત્રી, શ્રી ફા. ગુ. સભા.

ઉછેર, કળા કે શાસ્ત્ર ?

શ્રી ફાર્બસ ગુજરાતી સભાના આશ્રયે શ્રી બુદ્ધિવર્ધક વ્યાખ્યામાળાના અંગે એક જાહેર સભા તા. ૨૩–૨–૩૬ને રવિવારે શ્રી ફાર્બસ ગુજરાતી સભામંદિરમાં દિ. બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી, એમ. એ. એલએલ. બી., ના પ્રમુખપદે મળી હતી. આ પ્રસંગે આશરે ૨૫—૩૦ જેટલાં સ્ત્રીપુરૂષોએ હાજરી આપી હતી. રા. રા. ભીમભાઈ લાલભાઈ દેશાઈ એમ. એસસી. એમણે 'ઉછેર, કળા કે શાસ્ત્ર ?' એ વિષય ઉપર ચિત્રો સાથે વ્યાખ્યાન આપ્યું હતું.

પ્રયોજન

પ્રમુખ દિ. બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીએ શરૂઆતમાં કહ્યું, કે શ્રી ફાર્બસ ગુજરાતી સભાએ વિજ્ઞાનનાં સાહિત્યને ઉત્તેજન આપવાનો ઠરાવ કર્યો છે અને તે તદનુસાર વિજ્ઞાનના વિષયો ઉપર અગાઉ ભાષણો અપાયાં છે. આજના વ્યાખ્યાતા રા. રા. ભીમભાઈ લાલભાઈ, દેશાઈ, વિજ્ઞાનના નિષ્ણાત છે. તેમનો સભા પાસે આવવાનો આ પહેલો પ્રસંગ નથી. પ્રો. આર. એચ. દસ્તુરે આ સભાના આશ્રયે ડાર્વિનમત ઉપર વ્યાખ્યાન આપ્યું હતું, ત્યારે પણ તેમણે હાજરી આપી હતી અને તેમને સહાય કરી હતી. રા. ભીમભાઈ કેટલાક સમય સુધી અત્રેના રોયલ ઈન્સ્ટીટયુટ ઓફ સાયન્સમાં અધ્યાપક હતા. વિજ્ઞાન માટે એમને ઘણો રસ છે. સભા તરફથી 'જીવન અને ઉત્ક્રાન્તિ' નામનું પુસ્તક તેમણે લખ્યું છે, જે હમણાં જ પ્રકટ થયું છે. તેમણે "ચેતનસૃષ્ટિ" નામનું પુસ્તક તૈયાર કર્યું છે. વિશેષમાં તેમણે વિજ્ઞાનના વિષયો ઉપર આ સભા તરફથી બુદ્ધિવર્ધક વ્યાખ્યાનમાળાને અંગે અવરનવર ભાષણો આપવાની ખુશી બતાવી છે.

તે પછી રા. ભીમભાઈ દેશાઈએ વ્યાખ્યાન આપ્યું હતું. એ વ્યાખ્યાન અહીં સવિસ્તર પ્રકટ કર્યું છે.

ઉપસંહાર

દિ. બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીએ ઉપસંહારમાં કહ્યું કે રા. ભીમભાઈએ રસિક વ્યાખ્યાન આપ્યું છે અને નિર્મળ ગુજરાતીમાં તે આપવા બદલ હું તેમનો આભાર માનું છું. આજનો વિષય પ્રશ્નાત્મક છે. તેનો ચોખ્ખી રીતે જવાબ આપી શકાય તેમ નથી. તેમ શાસ્ત્ર તરીકે ઉછેરને છેવટનું સ્થાન મળ્યું નથી. હાલ તો તેનો કળા તરીકે ઉપયોગ થાય છે. બર્બેંક વનસ્પતિશાસ્ત્રનો જાદુગર હતો. તેણે બટાટા અને ટમાટાં બંનેના ગુણ એક જ ફળમાં લાવવાનો પ્રયાસ કરી, નવું ઝાડ પેદા કર્યું અને તેમાં બંનેના ગુણ આવ્યા. એ શોધ તે પછી તેણે એ કળા ઘણી આગળ વધારી છે. ઉછેરનો તો કળા તરીકે ઘણા જૂના સમયથી ઉપયોગ થાય છે. મેન્ડેલના પહેલાં પણ ઘોડી અને ગધેડાંના સંયોગથી ખચ્ચર પેદા કરવામાં આવતું હતું, તે તો જાણીતી વાત છે; એટલે એ કળા અહીં પણ જાણીતી હતી. એ કળાને શાસ્ત્રીય પદ્ધતિના રૂપમાં મૂકવાના પાશ્ચાત્ય વિદ્વાનોએ પ્રયાસ કર્યા છે. રા. ભીમભાઈએ આ વિષયનો ઊંડો અભ્યાસ કર્યો છે. એમના ઊંડા અભ્યાસની આપણે સૌ કદર કરી શકયા છીએ. આવો વિષય સ્પષ્ટ રીતે રજુ કરવા માટે હું ફરીથી અમારી સભા તરફથી રા. ભીમભાઈ આભાર માનું છું.

—o—

ઉછેર—કળા કે શાસ્ત્ર.

વ્યાખ્યાતા રા. રા. ભીમભાઈ લાલભાઈ દેશાઈ, એમ. એસસી.

માન્યવર પ્રમુખ મહાશય, સન્નારીઓ અને સદ્ગૃહસ્થો.

ઉછેરની કળા મનુષ્ય અને પ્રાણીઓના સંબંધ જેટલી જૂની છે. તરુનિવાસ છોડી, મનુષ્યે જમીન ઉપર વાસો કીધો અને લંગડાતો કે ઠેકડા મારતો નીએન્ડર્થલ મનુષ્ય જે યુગમાં વસતો હતો તે યુગમાં એણે પ્રાણીઓનો સહકાર મેળવ્યો હતો. પત્થરનાં હથીઆરો વાપરતો મનુષ્ય વધુ સમજવાળો બન્યો અને શીકારની શોધમાં ઘરથી દિવસો ને દિવસો સુધી બહાર ભટકતાં શીખ્યો. આ કાળમાં એણે શ્વાનની મૈત્રી અને પ્રેમ કેળવ્યાં. શ્વાનના પૂર્વજો વરૂ હતા. વરૂની અંદર વ્યક્તિત્વભાવના અને સમાજભાવના, એ બન્ને જૂદી જૂદી ઋતુમાં ખીલે છે. શીઆળામાં ટોળાંબંધ વરૂઓ શીકાર માટે નીકળે છે, ઉનાળામાં એ પોતાની માદા સાથે છૂટા રહે છે. આ વ્યક્તિત્વ અને સમાજભાવના ઉપરાંત હિમ્મત, નિમકહલાલી, મનુષ્યપ્રેમ અને તાબેદારી શ્વાનની અંદર મનુષ્યે નીપજાવી ત્યારથી મનુષ્ય અને શ્વાન બન્ને ઉમદા પ્રાણી બન્યાં છે. પશુઉછેરની આમ શરૂઆત થઈ. ત્યાર પછી મનુષ્યે અનેક જાતો કેળવી છે અને પશુઓ તેમ જ પક્ષીઓની અનેક નવી જાતો અને ઉપજાતો નીપજાવી છે. એક જંગલી કબુતરમાંથી ચાળીસ કરતાં વધુ જાતો હાલ અસ્તિત્વમાં છે. જંગલી માદાનાં બચ્ચાંમાંથી ખાસ લક્ષણ ધરાવતાં બચ્ચાંઓ છૂટાં પાડી, નવીન જાતો પેદા કરવામાં આવે છે. અને એવી રીતે પ્રાણીઓ અને વનસ્પતિની તરેહવાર ઉપજાતો વરણીની ક્રિયાથી લાંબા વખતથી પેદા કરવામાં આવે છે.

ટાઈટેનીક સાથે જળસમાધિ લેનાર લ્યુથર બુર્બેન્કે વનસ્પતિની અનેક વિસ્મયતાઓ પેદા કરી હતી. કાંટા વિનાનો થુવર એ બુર્બેંકની ઉપયોગી ભેટ છે. છેક ઓગણીસમી સદીના અંતસુધી ઉછેર એક દુર્લભ કળા મનાતી. ઇચ્છવાયોગ્ય લક્ષણવાળા છોડ કે પ્રાણીની વરણી કરી, ઉપયોગી તફાવતવાળી વિકૃતિ છૂટી પાડવામાં મોભાગ્ર બુદ્ધિ અને કુશળ દૃષ્ટિ અનિવાર્ય છે. અને તેથી નવીન જાતો પેદા કરનાર ચમત્કારી પુરુષ મનાતો. જીવવિજ્ઞાન હજુ બાલ્યાવસ્થામાં હતું. વનસ્પતિ અને પ્રાણીઓનાં શરીરમાં સંતાઈ રહેલી વિસ્મયકારક ઘટનાઓનો હજુ પરિચય થવાનો હતો. આવા સંજોગોમાં ઓગણીસમી સદીના બીજા અર્ધ સમયમાં એક ક્રાન્તિકારક મત પ્રકટ થયો. કુદરતમાં નવીન જાતો કેવી રીતે પેદા થાય છે, એ સમજાવતો ઉત્ક્રાન્તિ મત ચાર્લ્સ ડાર્વિને ઈ. સ. ૧૮૫૯ માં પ્રકટ કીધો અને સાથે સાથે એક મહાન વિચારવમળ પણ પેદા કીધો. ડાર્વિન મતે પેદા કીધેલાં તોફાની વાતાવરણમાં સજીવવિજ્ઞાનની એક મહાન શોધ અણદીઠી અને અણપરખી રહી.

ઓસ્ટ્રીઆના બ્રુન શહેરના મઠાધિપતિ આબે ગ્રેગટ મેન્ડેલે પોતાના વિહારના ઉદ્યાનમાં વટાણા ઉપર જાતજાતના ઉછેરના અખતરા કરી લક્ષણોના વંશાવતાર સંબંધી બે પ્રાથમિક નિયમો બહાર પાડયા. મેન્ડેલે પોતાનાં અન્વેષણોનો હેવાલ ઉપવનશાસ્ત્રના એક સુવિખ્યાત પત્રમાં લેખમાળા રૂપે પ્રસિદ્ધ કીધો. ઈ. સ. ૧૮૬૫માં મેન્ડેલની શોધ પ્રસિદ્ધ થઈ. પરંતુ તે વખતે તો નહીં, પણ પાંત્રીસ વર્ષ સુધી કોઈ પણ જીવવિજ્ઞાનને એની મહાનતા

ન દેખાઈ. ઇ. સ. ૧૯૦૦ માં આ લેખમાળા દૈવઘટનાયોગે ડીવ્રીઝ, કોરેન્સ અને શેર્માક નામના ત્રણ વિદ્વાનોના જોવામાં આવી. આ ત્રણે વિદ્વાનોએ એનું સ્વતંત્ર રીતે મનન કીધું, ત્યારે પુરાણાં પુસ્તકોનાં ઝુંડમાં પાંત્રીસ વર્ષ સુધી સંતાઈ રહેલો મેન્ડેલ ઘડી વારમાં જીવવિદ્યાનો ન્યુટન બન્યો.

છેલ્લાં પાંત્રીસ વર્ષમાં વિસ્મયકારક વૃદ્ધિ પામેલું ઉછેરનું શાસ્ત્ર એના બે સાદા નિયમોના પાયા ઉપર રચાયું છે. સંતતિશાસ્ત્ર ઉપરથી કળાનું આવરણ દૂર થયું અને એણે નિયમબદ્ધ શાસ્ત્ર તરીકે જન્મ લીધો. મહાન્ મેન્ડેલ, વિજ્ઞાન જગતનો અજ્ઞાત પ્રવાસી પોતાના સ્વર્ગવાસની પા સદી પછી મહાન બને છે, એ વિધિની એક કરૂણ વિચિત્રતા છે. પોતાની શોધનું મહત્વ મેન્ડેલની જાણમાં ન હોય, એ બનવાજોગ નથી, પરંતુ એની સાધુ-વૃત્તિને લીધે કદાચ એ પોતાની મહાનતાની ઘોષણા કરતાં અટકયો હશે.

બેઈટસન અને બીજા સંતતિશાસ્ત્રવિશારદોએ આજ સુધીમાં મેન્ડેલના નિયમોની ઝીણવટભરી અને અનેક પ્રાંતીય તપાસ કીધી છે અને તેને પરિણામે અનેક મહત્વની ઘટનાઓ જાણવામાં આવી છે. મેન્ડેલની શોધની મહત્તા માત્ર તેની શાસ્ત્રીય રસિકતા ઉપર જ રહેલી નથી. મેન્ડેલની શોધનો ટુંક સમયમાં થએલો વ્યવહારૂ ઉપયોગ બહોળો છે. તેનો એક દાખલો લઈએ.

પ્રખ્યાત ઉછેરશાસ્ત્રી સર રોલન્ડ બીફનને વિલાયતના આટો દળનાર મંડળ તરફથી ઘઉંની એક સરસ જાત પેદા કરવાનું કામ સોંપવામાં આવ્યું. તેને એવી જાત પેદા કરવાનું ફરમાવવામાં આવ્યું કે જેને રાતડો (રોગ) ન આવે, જેનો પાક ભરાવદાર દાણાવાળો નિવડે, જેનો દાણો સખત હોય, જેમાં મેંદાનું પ્રમાણ સારૂં હોય અને જે રોટી બનાવવામાં ઉત્તમ હોય. ઓલાદસંકરના અનેક સફળ અને નિષ્ફળ પ્રયોગો કરી, અનેક જાતો ફેંકી દઈ, અને થોડીક જાતો પસંદ કરી, તેણે ઈ. સ, ૧૯૧૨ માં 'લીટલ જોસ' અને ઈ. સ. ૧૯૧૭ માં 'યોમન' નામની ઘઉંની જાતો નિપજાવી આપી. દુંનીઆમાં ઘઉંના વાવેતરમાં એ જાતોનું વાવેતર આજે ત્રીજે ભાગે છે. કેનેડામાં પ્રસિદ્ધિ પામેલો 'મારકવીસ' ઘઉં, આપણો 'પુસા' ઘઉં, શેરડી, કપાસ, અને બીજાં ધાન્યોની અનેક ઉમદા જાતો, એ મેન્ડેલના શાન્ત શ્રમનું પરિણામ છે, એમ કહેવું, એ અતિશયોક્તિ નથી.

આગળ કહેલા મેન્ડેલના બે નિયમો દોરવામાં મદદગાર નિવડેલા પ્રયોગની રીત હવે તપાસીએ. પોતાના પ્રયોગનું વારંવાર સહેલાઈથી પુનરાવર્તન થઈ શકે અને ઉગાડવામાં મુશ્કેલી ન પડે તેવી વટાણાની બે શુદ્ધ ઉપજાતો તેણે પસંદ કીધી. જે ઉપજાતોમાં પેઢી ને પેઢી સુધી કોઈ એક લક્ષણ કાયમ રહે તેને તે લક્ષણપૂરતી શુદ્ધ ઉપજાત કહી શકાય. આવી ઉપજાતોના છોડ વારંવાર ઉગાડી તેની શુદ્ધતાની તેણે ખાત્રી કીધી. એણે પ્રયોગમાં લીધેલી વટાણાની બે ઉપજાતોમાં એકનો છોડ લાંબો થતો અને બીજાનો છોડ ટુંકો થતો. મેન્ડેલે આ બે જાતનો સંકર કીધો અને એ રીતે પેદા થએલા વટાણાના દાણા પાછા રોપ્યા. એમાંથી બધા લાંબા છોડ ઉગ્યા. આ પ્રજા તે પ્રથમ પુત્રીય પ્રજા—first filial generation. એનો પાછો તેણે આંતરસંકર કીધો અને એ રીતે થએલા બીમાંથી બીજી પુત્રીય પ્રજા ઉગાડી. આ પ્રજામાં ત્રણ જાતના છોડ નીકળ્યા: (૧) લાંબા, (૨) ટુંકા, અને (૩) મિશ્ર; અને તેનું પ્રમાણ ૧:૧:૨ નું હતું. આ છોડમાંથી લાંબા અને મિશ્ર છોડ દેખાવમાં

લાંબા હતા તેથી લાંબા અને ઠુંકા છોડનું પ્રમાણ ૩:૧ નું લાગતું. પરંતુ જ્યારે દ્વિતીય પુત્રીય પ્રજાના સ્વસંકરથી selfing પેદા થએલા દાણાને રોપ્યા ત્યારે શુદ્ધ અને મિશ્ર છોડ છૂટા પડી ગયા. આ પરિણામ નીચે મુજબ રજુ કરી શકાય:

લાંબા × ઠુંકા — પિતૃ

લાંબા — — — ૧ લી પુત્રીય પ્રજા

×

૨૫% લાંબા | ૫૦% મિશ્ર × | ૨૫% ઠુંકા — — — ૨ જી પુત્રીય પ્રજા

× | ૨૫ લાં. | ૫૦ મિ. | ૨૫ ઠું. | ×

લાંબા લાં. મિ. ઠું. ઠુંકા — — — ૩ જી પુત્રીય પ્રજા

× × × ×

લાં. ઠું.

લાંબા ઠુંકા — — — ૪ થી પુત્રીય પ્રજા

અનેક પેઢી સુધી ઉપર મુજબ સંકરોના પ્રયાગ ચાલુ રાખી, મેન્ડેલે બે મહત્વનાં અનુમાન દોર્યાં. એનું પહેલું અનુમાન એ કે લક્ષણો બે પ્રકારનાં હોય છે: પ્રધાન અને ગૌણ. મેન્ડેલના ઉપરના પ્રયોગમાં લંબાઈ એ પ્રધાન લક્ષણ છે અને ઠુંકાઈ એ ગૌણ લક્ષણ છે. દરેક શુદ્ધ ઉપજાતોમાં આવાં અનેક પ્રધાન અને ગૌણ લક્ષણો હોઈ શકે. મેન્ડેલના આ પ્રયોગમાં માત્ર લંબાઇ અને ઠુંકાઇ એ બે લક્ષણોને અનુલક્ષીને જ અનુમાન દોરાયું છે. પ્રથમ પુત્રીય પ્રજા મિશ્ર હોય છે. એટલે સંકર કરવાથી જે લક્ષણ મિશ્રણ પ્રજામાં બહાર પડે તે પ્રધાન, અને દબાએલું તે ગૌણ લક્ષણ કહેવાય. દ્વિતીય પુત્રીય પ્રજામાં આ લક્ષણો ઇલાહીદાં પડી જાય છે અને તેથી પ્રધાન, ગૌણ અને મિશ્ર લક્ષણવાળા છોડ જૂદા પડે છે. આ લક્ષણોને ઇલાહીદો વર્તાવ એ મેન્ડેલનું બીજું મહત્વનું અનુમાન. મેન્ડેલે એનું પ્રમાણ રજુ કરી જીવવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રની એકતા સાધી છે.

ઉપરનાં બે અનુમાનો દોરવામાં મેન્ડેલે સફળ કલ્પના કીધી કે લક્ષણકારણોનું વ્યક્તિત્વ અખંડ અને એનું વર્તન સ્વતંત્ર હોવું જોઇએ—આધુનિક અન્વેષણોએ મેન્ડેલની કલ્પના કેટલી સત્ય ઠેરવી છે, એ પાછળ કહેવાશે. તે પહેલાં આપણે પ્રધાન અને ગૌણ લક્ષણોની બેલડીની તપાસ લઈએ. પ્રધાન અને ગૌણ લક્ષણો વિરૂદ્ધ સ્વભાવનાં હોઈ તેની એક જોડી બને છે, અને એવી એક જોડીને વિપક્ષી લક્ષણોની જોડી—allelomrophus કહેવામાં આવે છે. વનસ્પતિ અને પ્રાણીઓની અનેક જાતોમાં વિપક્ષી લક્ષણોવાળી ઉપજાતો હોય છે. એક ઉપજાતમાં કેટલાંક લક્ષણો પ્રધાન હોય છે, તો બીજીમાં તેવાં ગૌણ લક્ષણો હોય છે. વિપક્ષી લક્ષણોની આવી કેટલીક જોડી નીચે આપવામાં આવે છે. મેન્ડેલે પણ પોતાના પ્રયોગોમાં એકી વખતે એક કરતાં વધુ વિપક્ષી લક્ષણોને અનુલક્ષીને સંકર કીધેલા અને તેનો બીજો નિયમ એના ઉપર જ દોરાયો છે, તે હવે પછી કહેવાશે.

વિપક્ષી લક્ષણો

વનસ્પતિ

જાત	પ્રધાન લક્ષણ	ગૌણ લક્ષણ
વટાણા	લાંબા છોડ	ટુંકા છોડ
,,	પીળા દાણા	લીલા દાણા
,,	ગોળ બી	કરચલીવાળાં બી
ઘઉં, જુવાર, ઈ.	રાતડો આવે	રાતડો ન આવે
જાસવંતી	લાલ ફુલ	ધોળાં ફુલ

પ્રાણીઓ

ઉંદર	ભૂખરો રંગ	સફેદ રંગ
ગોકળ ગાય	સાદી છીપ	ચટાપટાવાળી છીપ
મનુષ્ય	કાળી આંખ	માંજરી આંખ
સસલાં	ટુંકી રૂંવાટી	લાંબી રૂંવાટી

એક પ્રધાન અને એક ગૌણ લક્ષણનું વર્તન મેન્ડેલના પહેલા નિયમ મુજબ થાય છે. જ્યારે એક કરતાં વધુ વિપક્ષી લક્ષણોની જોડીને અનુલક્ષીને સંકર કરવામાં આવે ત્યારે લક્ષણોનો વર્તાવ તો સ્વતંત્ર જ હોય છે અને બીજી પુત્રીય પ્રજામાં તે દલાહીદાં પણ પડી જાય છે, પરંતુ પ્રમાણમાં ફેર પડે છે. મેન્ડેલનો બીજો નિયમ આ સમજાવે છે.

મેન્ડેલના બે નિયમો સમજવા માટે કોષની થોડીક પ્રાથમિક માહિતી જરૂરી છે. જેવી રીતે દ્રવ્યની સ્થિતિ અને તેનું વર્તન સમજાવવા માટે પરમાણુ, વિદ્યુતકણો, ઇત્યાદિનું જ્ઞાન અગત્યનું છે, તેવી જ રીતે વંશાવતાર અને લક્ષણોના ઉતારની મંત્રણા સમજવા કોષની અંદરની વિગતો અને રચના જાણવાં અગત્યનાં છે. કોષની અંદર લક્ષણકારણ faeter હોય છે, એવી કલ્પના મેન્ડેલે કીધેલી તે આજે જનિની શોધથી સાચી ઠરી છે. એ જનિ અથવા લક્ષણકારણ તે શું? પ્રાણી અને વનસ્પતિનું શરીર નાના કોથળી જેવા કોષનું બનેલું હોય છે. આ પ્રત્યેક કોષની સીમા ઘટ્ટ આવરણથી બંધાએલી હોય છે. કોષની અંદર પ્રાણરસ—protoplasm હોય છે. મુરબ્બા જેવા કોષરસની અંદર પ્રાણરસ કરતાં જરા વધુ ઘટ્ટ દ્રવ્યનું બનેલું કોષકેન્દ્ર હોય છે. ટીશીનો વૃદ્ધિ પામતો ભાગ કે જનનરજોમાંથી વૃદ્ધિ પામતો ગર્ભ તપાસીએ તો માલમ પડે છે કે જ્યારે એક કોષમાંથી બે કોષ પેદા થાય છે ત્યારે કોષકેન્દ્રનું દ્રવ્ય ઘટ્ટ થઇ તેના સળી જેવા લાંબા ટુંકા તાંતણાઓ બને છે. આ સળીને રાગસૂત્રના નામથી ઓળખવામાં આવે છે. રાગસૂત્રની લંબાઈ ઉપર નાનાં નાનાં બિન્દુઓ યોજનાબંધ ગોઠવાએલાં હોય છે. આ નાનકડાં બિન્દુઓ તે લક્ષણકારણ અથવા જનિ. જનિની લક્ષણ પેદા કરવાની શક્તિ, ચોક્કસ રાગસૂત્ર ઉપર ચોક્કસ ગુણ પેદા કરનાર જનિની યોજના અને અખંડતા વિષે મોર્ગને કિમ્મતી હકીકત મેળવી છે. કોષવિભાજન કે જનનરજની ઉત્પત્તિની ક્રિયામાં જે કોઈ એક વસ્તુ અખંડિત ચાલી જાય છે તે આ જનિ છે; બાકીનું દ્રવ્ય એક કોષમાંથી બે કોષ થતાં અર્ધું અર્ધું વહેંચાઈ જાય છે. જીવનના સૂક્ષ્મ એકમો જનિ પિતૃ અને પ્રજાને જોડતી સાંકળ છે.

પ્રત્યેક લક્ષણના ઉદ્ભવને માટે બે જનિ આવશ્યક છે; એમાનું એક માતા તરફથી

આવે છે અને બીજું પિતા તરફથી આવે છે. એટલે કોઈ એક લક્ષણ બે જનિની ભેગી અસરનું પરિણામ છે. મેન્ડેલના વટાણા ઉપરના પ્રયોગો આ દૃષ્ટિએ તપાસતાં એના બન્ને નિયમો સમજવા મુશ્કેલ ન પડે.

પહેલો નિયમ

(૧) વટાણાની બે શુદ્ધ ઉપજાતો લીધી, એક પીળા દાણાવાળી અને બીજી લીલા દાણાવાળી; સ્વસંસ્કર કરી, એની શુદ્ધતાની ખાત્રી કીધી.

(૨) આ બે ઉપજાતોનો સંકર કીધો.

(૩) પહેલી પ્રજાનો પાછો સંકર કીધો.

હવે જ્યારે એક જ વિપક્ષી લક્ષણની જોડીને અનુલક્ષીને ઓલાદસંકર કરીએ ત્યારે આપણે બે પ્રકારની પરાગરજ અને બીજાંડનો ઉપયોગ કરીએ છીએ.

પરાગરજ	બીજાંડ
(૧) પીળા દાણા પેદા કરનાર જનિવાળી	
(૨) લીલા દાણા પેદા કરનાર જનિવાળી	

આવી એક એક પરાગજથી બીજાંડને ફળદ્રુપ કરીએ તો નીચે મુજબ બને. અહીં પીળાશ પ્રધાન અને લીલાશ ગૌણ લક્ષણ છે.

પરાગરજ

બીજાંડ	પીળી	લીલી
પીળી	પીળી ૨ પીળા દાણા (શુદ્ધ છોડ)	પીળી+લીલી પીળા દાણા (મિશ્ર છોડ)
લીલી	પીળી+લીલી પીળા દાણા (મિશ્ર છોડ)	લીલી ૨ લીલા દાણા (શુદ્ધ છોડ)

ઉપરના કોઠા ઉપરથી સ્પષ્ટ થયું હશે કે જ્યારે મિશ્ર જાતના આંતરસંકરથી પેદા થયેલી પ્રજામાં પ્રધાન, મિશ્ર અને ગાણ લક્ષણવાળી પ્રજાનું પ્રમાણ અનુક્રમે ૧, ૨ અને ૧ હોય છે. મિશ્ર પ્રજામાં પ્રધાન લક્ષણ બહાર પડે છે અને ગૌણ લક્ષણ દબાએલું રહે છે. મેન્ડેલનો પ્રથમ નિયમ તે આ.

હવે બીજો નિયમ બે વિપક્ષી લક્ષણોને જોડીને અનુલક્ષીને કરવામાં આવેલા ઓલાદ-સંકર માટેનો છે. દરેક શુદ્ધ ઉપજાતમાં એક કરતાં વધુ પ્રધાન લક્ષણો કે એક કરતાં વધુ ગૌણ લક્ષણો હોય છે. આવી જાતોનો સંકર કરીએ તો પહેલા નિયમ મુજબ બીજી પુત્રીય પ્રજામાં શુદ્ધ લક્ષણો ઇલાહીદાં પડી જાય છે. પરંતુ એવું પ્રમાણ જૂદું હોય છે. એનો કોઠો કરીએ.

લક્ષણો

	પ્રધાન	ગૌણ
(૧)	પીળા દાણા (પી.)	લીલા દાણા (લી.)
(૨)	ગોળ દાણા (ગો.)	કરચલીવા દાણા (ક.)

મિશ્ર પ્રજાની જનનરજો થતાં જનિની રચના

	પરાગરજ	બીજાંડ
(૧)	પીળા ગોળ દાણા	(બે પ્રધાન)

(૨) પીળા કરચલીવાળા દાણા (પ્રધાન અને ગૌણ)
(૩) લીલા ગોળ દાણા (,, ,,)
(૪) લીલા કરચલીવાળા દાણા (બે ગૌણ)

આવાં ચાર જાતની પરાગરજ અને બીજાંડથી ચાર જાતની પ્રજા પેદા થાય. એ કેવી રીતે બને છે તે નીચેનો કોઠો જોવાથી સમજાશે.

એ લક્ષણોને અનુલક્ષી કરવામાં આવેલા સંકરથી પ્રજા દર્શાવનાર કોઠો.

પરાગરજ

બીજાંડ	પીળા, ગોળ.	પીળા, કરચલીવાળા	લીલા, ગોળ.	લીલા, કરચલીવાળા
પીળા ગોળ	પી. ગો. પી. ગો. પીળા, ગોળ.	પી. ક. પી. ગો. પીળા, ગોળ.	લી. ગો. પી. ગો. પીળા, ગોળ.	લી. ક. પી. ગો. પીળા, ગોળ.
પીળા, કરચલીવાળા,	પી. ગો. પી. ક. પીળા, ગોળ.	પી. ક. પી. ક. પીળા, કરચલીવાળા	લી. ગો. પી. ક. પીળા, ગોળ.	લી. ક. પી. ક. પીળા, કરચલીવાળા
લીલા, ગોળ.	પી. ગો. લી. ગો. પીળા, ગોળ.	પી. ક. લી. ગો. પીળા, ગોળ.	લી. ગો. લી. ગો. લીલા, ગોળ.	લી. ક. લી. ગો. લીલા, ગોળ.
લીલા, કરચલીવાળા.	પી. ગો. લી. ક. પીળા, ગોળ.	પી. ક. લી. ક. પીળા, કરચલીવાળા	લી. ગો. લી. ક. લીલા, ગોળ.	લી. ક. લી. ક. લીલા, કરચલીવાળા

		લક્ષણો
(૧) પીળા, ગોળ દાણા	— ૯ —	બન્ને પ્રધાન
(૨) પીળા, કરચલીવાળા દાણા	— ૩ —	એક પ્રધાન
(૩) લીલા, ગોળ દાણા	— ૩ —	અને બીજું ગૌણ
(૪) લીલા કરચલીવાળા દાણા	— ૧ —	બન્ને ગૌણ

પ્રથમ પુત્રીય પ્રજાના સ્વસંસ્કરથી થએલી સોળ દ્વિતીય પ્રજામાં લક્ષણાનુસાર પ્રજાપ્રમાણ ઉપર મુજબ હોય છે. એ પ્રમાણે બે, ત્રણ, ચાર કે એથીયે વધુ વિપક્ષી લક્ષણોની જોડીને અનુલક્ષીને સંકર કરી શકાય અને પ્રજાની જાત તથા તેની પ્રમાણ સંખ્યા ચોક્કસ વર્તી શકાય.

ઉપર જણાવેલા મેન્ડેલના બે નિયમોનાં રહસ્યનું પુનરાવર્તન કરીએ.

પહેલો નિયમ

(૧) શુદ્ધ લક્ષણો બે જાતનાં હોય છે, પ્રધાન અને ગૌણ પ્રધાન અને તેની વિરૂદ્ધનાં ગૌણ લક્ષણની જોડીને વિપક્ષી લક્ષણની જોડી કહેવામાં આવે છે.

(૨) દરેક લક્ષણ પેદા કરનાર એક લક્ષણકારણ કે જનિ જનનરજોમાં (બીજાં અને પરાગરજમાં) હોય છે; તેથી શરીરના કોષમાં લક્ષણ દીઠ બે જનિ હોય છે.

(૩) બે શુદ્ધ ઉપજાતના ઓલાદસંકરથી થએલી પ્રજા દેખાવે પ્રધાન લક્ષણવાળી હોય છે. જ્યારે બે પ્રધાન કે બે ગૌણ લક્ષણકારણો શરીરકોષમાં આવે ત્યારે પ્રજા અનુક્રમે શુદ્ધ પ્રધાન કે શુદ્ધ ગૌણ લક્ષણવાળી થાય છે; પરંતુ જ્યારે એક પ્રધાન અને બીજું ગૌણ લક્ષણકારણ હોય છે ત્યારે પ્રધાન લક્ષણ બહાર પડે છે અને ગૌણ લક્ષણ સુપ્ત recessive રહે છે.

(૪) પ્રથમ પુત્રીય પ્રજાના એક લક્ષણને અનુલક્ષીને સંકર કરવામાં આવે તો દ્વિતીય પુત્રીય પ્રજામાંથી ચોથાભાગની પ્રજા શુદ્ધ પ્રધાન લક્ષણવાળી, અર્ધાભાગની પ્રજા મિશ્ર લક્ષણવાળી દેખાવે પ્રધાન અને બાકીના ચોથા ભાગની પ્રજા ગૌણ લક્ષણવાળી થાય છે. આમ ત્રીજી પેઢીએ લક્ષણો ઈલાહીદાં પડી જાય છે.

બીજો નિયમ

(૧) સંકર કરેલી બે ઉપજાતોમાં વિપક્ષી લક્ષણોની એક કરતાં વધુ જોડી લેવામાં આવી હોય છે ત્યારે પણ રક્ષણકારણોનું (જનિનું) વર્તન એક બીજાથી સ્વતંત્ર રહે છે.

(૨) અહીં પણ ત્રીજી પેઢીએ લક્ષણો ઇલાહીદાં પડી જાય છે, પરંતુ પ્રજાપ્રમાણ જૂદું પડે છે

(૩) બે કરતાં વધુ વિપક્ષી લક્ષણોની જોડીને અનુલક્ષીને સંકર કરી, પ્રજાપ્રમાણ ચોક્કસ વર્તી શકાય.

સંતતિશાસ્ત્રના શાસ્ત્રીય અન્વેષણનાં છેલ્લાં પાંત્રીસ વર્ષ દરમ્યાન મેન્ડેલના ઉપરના બે નિયમોની ઝીણવટભરી તપાસ કરવામાં આવી છે અને કેટલીક વખત એ બે નિયમોની વિરૂદ્ધ જાય એવાં પ્રાયોગિક પ્રમાણો મળી આવ્યાં છે; પરંતુ આવા અપવાદોથી સંતતિશાસ્ત્ર આગળ વધ્યું છે અને એકે એક અપવાદ મેન્ડેલના બે નિયમો અનુસાર જ વર્તન કરે છે,

એ મોડુંવહેલું સાબીત કરી શકાયું છે. આ બે નિયમોને આધારભૂત માનવાથી પ્રજા-ઉછેરના અખતરાની રીત ચોક્કસ થઇ છે, એટલું જ નહીં, પરંતુ મર્યાદિત વરણી અને લાભકારક તફાવતો નજરમાં લેવાની શક્તિ જ્યાં ધારેલું પરિણામ ન લાવતી ત્યાં આજે એક સબળ સાધન પ્રાપ્ત થયું છે. ઓલાદ કેળવવાની રીત આજે કલ્પાનાનાં ઝરણાં પામતી કળા મટી, વિશ્વસનીય શાસ્ત્ર બન્યું છે. વંશાવતારની યંત્રણાના જ્ઞાનના અભાવે જ્યાં અંધકારમાં ફાંફાં મારવાં પડતાં, ત્યાં એક મહાન માર્ગદર્શક પ્રકાશ લાધ્યો છે.

જે અપવાદો વિષે ઉપર કહેવામાં આવ્યું છે તેને જન્મ આપનાર કારણો વિષે માહીતી બહાર પડી છે. જનિ, લક્ષણકણો કે લક્ષણકારણો જે વંશાવતારમાં અખંડ ચાલી જાય છે તેના ઘણા પ્રકારો હોય છે. પ્રાણી અને વનસ્પતિની ઉપર થએલા ઓલાદસંકર અને ઉછેરના ઝીણવટભર્યા પ્રયોગો દરમ્યાન સંહારક, નિષેધક, પરિપૂરક, નિર્બળકારક, ઇત્યાદિ પ્રકારનો જનિનું અસ્તિત્વ માલમ પડ્યું છે. આમાંથી એક દાખલો લઇએ. સંહારક જનિનું અસ્તિત્વ પીળા રંગના ઉંદરોની શુદ્ધ જાત પૂરૂં પાડે છે. પીળા રંગના ઉંદરો જીવી શકતા નથી, એ જાણીતી વાત છે. આવી શુદ્ધ પીળી જાતમાં પીળો રંગ પેદા કરનાર બે જનિ (એક તેની માતા તરફથી અને બીજું તેના પિતા તરફથી આવેલું) હોય છે. પરંતુ બીજી એક પીળા રંગવાળી મિશ્ર જાત થાય છે, અને તેમાં એક જનિ પીળો રંગ પેદા કરનાર (પ્રધાન) અને બીજું ભૂખરો રંગ પેદા કરનાર (ગૌણ) હોય છે. ત્રીજી પેઢીએ જ્યારે લક્ષણો ઇલાહીદાં પડે અને શુદ્ધ પીળી જાતમાં પીળા રંગનાં જનિની માત્રા બેવડાય છે ત્યારે ગર્ભ બંધાયા પછી તુરત જ તે નાશ પામે છે. આથી પીળો રંગ પેદા કરનાર જનિમાં સંહારક શક્તિ પણ છે, એમ કહી શકાય. બીજા એક અન્વેષકને જાસવંતીની બે ધોળી ઉપજાતોના સંકરના પ્રયોગમાંથી લાલ ફુલવાળી જાત મળી. આ બન્ને ધોળી ઉપજાતોનું દેખીતું વર્તન શુદ્ધ હતું, પરંતુ એક જાતમાં ધોળા રંગનું જનિ તે ઉપરાંત પરિપૂરક શકિત ધરાવતું હતું. તેથી તેણે લાલ રંગ પેદા કરવામાં મદદ કીધી.

મેન્ડેલના જમાનામાં સૂક્ષ્મદર્શક યંત્રની દૃષ્ટિ આજના જેટલી વિશાળ અને દૂર દૂર પહોંચી શકે તેવી ન હતી. સમય અને સાધનની મદદથી કોષનાં દ્રવ્ય અને તેની આંતર-રચના વિષે આજે જે અમૂલ્ય જ્ઞાનભંડાર આપણે મેળવ્યો છે તે મેન્ડેલને ઉપલબ્ધ ન હતો. એમ છતાં પણ તેણે વંશાવરતારની યંત્રણાનું જે ગણિતાત્મક ચિત્ર દોર્યું હતું તે આજે અક્ષરેઅક્ષર ખરૂં પડ્યું છે. મેન્ડેલે કીધેલી લક્ષકારણ કે જનિની કલ્પના આજે સાચી ઠરી છે અને જનિના અસ્તિત્વ અને વર્તન વિષે અનેક ઉપયોગી વિગતો મોર્ગનની પ્રયોગશાળામાંથી બહાર પડી છે. ડ્રોસોફાયલા નામની ફળ ઉપર ભમતી માખીની ઓલાદ સંકરના લાખો પ્રયોગો ઉપરથી તેનાં ચોક્કસ જનિ અમુક રાગસૂત્ર ઉપર અમુક સ્થળે હોય છે, એમ મોર્ગન અને તેના સહકાર્યકરોએ સાબીત કીધું છે. અને માખીનાં ચાર રાગસૂત્રો ઉપર રહેલા જનિના જ્ઞાનને લીધે મોર્ગન ધારેલાં લક્ષણો પેદા કરી શકે છે. વનસ્પતિ કે પ્રાણીની દરેક જાતનાં ધારેલાં લક્ષણો પેદા કરી શકાય એ તાર્કિક શકયતા છે, પરંતુ એ માટે મોર્ગનની કુનેહ, પત્થરની ધીરજ અને હિમાલયનું આયુષ્ય જરૂરી છે. મનુષ્ય એ ધીમે પ્રજાવૃદ્ધિ કરતી જાત છે અને તેથી માખીનો જેટલો અભ્યાસ મોર્ગને પચીસ વર્ષમાં કીધો તેટલો મનુષ્યનો અભ્યાસ પચ્ચીસ હજાર વર્ષે પણ પૂરો ન થાય.

આખું સર્જન ઉત્ક્રાન્ત થયું છે, એ સત્ય હવે સર્વમાન્ય થયું છે. નવી જાતોની ઉત્પત્તિ કુદરતમાં થયાં કરે છે, એ આપણે જોઈ શકતા નથી. કારણ કે નવી જાત પેદા થતાં ઘણો લાંબો સમય વહી જાય. ઉછેરેલું શાસ્ત્ર ખીલવી મનુષ્ય થોડા સમયમાં નવી જાતો પેદા કરતાં શીખ્યો છે. એનાં શાસ્ત્રીય અન્વેષણ દરમ્યાન એને લક્ષણકારણનું જ્ઞાન પ્રાપ્ત થયું અને તેથી જનિનાં મિશ્રણથી ધારેલી નવી જાતો પેદા કરવાનું શક્ય બન્યું. એથીયે આગળ વધી મુલરે 'ક્ષ' કિરણોથી મદદથી ખૂદ જનિની વિકૃતિ પેદા કરી છે અને જે જનિને આપણે આગળ અખંડ અને અવિભક્ત હોવા છતાં તેનાં દ્રવ્યમાં ભૌક્તિક શક્તિની મદદથી ફેરફાર કરી શકાય છે. જીવનની વિવિધતાના સર્જનમાં જનિની વિકૃતિએ કદાચ મોટો ફાળો આપ્યો હશે.

ઉછેરની કળાની અજમાયશ મનુષ્યે અનેક પ્રાણીઓ અને વનસ્પતિ ઉપર કરી છે, અને અનેક જાતોની ઓલાદ સુધારી છે, પરંતુ પોતાની લગ્નપ્રથાની એટલી વિશાળ કે ઝીણવટભરી તપાસ કરી નથી અને ઓલાદ સુધારવાની વાત તો બાજુએ રહી. વિજ્ઞાનનો ઉપયોગ ન કરવાના પરિણામે આપણી હોસ્પીટાલો ઉઘાડી રહ્યા છીએ, દીવાનશાળાની વસ્તી વિદ્યાર્થીગૃહ કરતાં ધાડી બની છે, અને તુરંગના યાત્રાળુઓનો સતત પ્રવાહ ચાલુ રાખી શક્યા છીએ. ઉછેરનું શાસ્ત્ર જેટલું પ્રાણીઓની કે વનસ્પતિની ઓલાદ સુધારે છે તેટલું જ આપણી અનેક નબળાઈઓ દૂર કરવા માર્ગ બતાવી શકે એમ છે.

મનુષ્યને સમજ પેદા થઈ તે કાળથી જ બાપદીકરી, માદીકરા અને ભાઈબહેનનાં લગ્નને ધિક્કારની નજરે જોવામાં આવ્યાં છે. એ કદાચ સાહસિક વૃત્તિનું પરિણામ હોય. દુનિયાની પ્રજામાં મોટે ભાગે પીતરાઇઓ લગ્ન કરી શકે છે. સપિંડોનાં લગ્ન કરવાં, એ લાભકારક છે કે હાનિકારક છે, એ પ્રશ્ન ઘણા લાંબા સમયથી ચર્ચાતો આવ્યો છે અને એનાં સમર્થન અને વિરોધમાં અનેક શાસ્ત્રીય અન્વેષણો અને પુસ્તિકાઓ બહાર પડયાં છે. પ્રાણીઓ અને વનસ્પતિ ઉપર પ્રયોગો કરી, તેનાં પરિણામો મનુષ્યનાં લગ્નને લાગુ પાડવાના પ્રયત્નો થઈ રહ્યા છે. ક્ષપુષ્પ વનસ્પતિમાં મોટે ભાગે એક ફૂલમાં પરાગરજ અને બીજાંડ પેદા થાય છે, પરંતુ એક ફૂલની પરાગરજ બીજાં ફૂલનાં બીજાંડને ફળદ્રુપ કરે, એ સામાન્ય નિયમ છે, અને એ હેતુ બર લાવવા કુદરતમાં અનેક કરામતો યોજવામાં આવી હોય છે. એક ફૂલની પરાગરજથી તે જ ફૂલમાં બીજાંડ ફળદ્રુપ થાય તો તેનો કસ ઉતરી જાય છે, એમ જણાય છે. પરંતુ કેટલાંક પાળેલાં પ્રાણીઓમાં ભાઇબહેન કે પીતરાઈઓનો સંયોગ લાંબા વખત સુધી અને તે જ વંશમાં ઘણી પેઢી સુધી ચાલી રહ્યા છતાં તેની જાત હલકી થઈ નથી. સેંટ બર્નાડ કૂતરો અને જર્સી ગાય એનાં જાણીતાં ઉદાહરણો છે. વનસ્પતિમાં કપાસ અને તંબાકુ એક જ ફૂલની પરાગરજ અને બીજાંડનાં મિશ્રણથી ફળ અને બી પેદા કરે છે. છતાં એ જાતોનો કસ ઉતરી જતો હોય, એવું જાણવામાં આવ્યું નથી. મીસ કીંગે ઉંદરની પચાસ પેઢી સુધી પીતરાઈઓનો સંયોગ ચાલુ રાખ્યા છતાં તેના વજનમાં, કદમાં કે ફળદ્રૂપતામાં જરા પણ ઉણપ નહોતી આવી, પરંતુ વૃદ્ધિ થઈ હતી. પીતરાઇઓનાં લગ્ન ઉપલક દૃષ્ટિએ હાનિકારક નથી, એમ માલમ પડે છે.

સંતતિશાસ્ત્રના આપણા હાલના જ્ઞાન ઉપરથી એક વ્યવહારૂ સાર દોરી શકાય. જો નહીં ઇચ્છવા યોગ્ય ગૌણ લક્ષણ ધરાવતાં કુટુંબોમાં પિતરાઈઓનાં લગ્ન કરવામાં આવે તો થોડી

પેઢીએ નહીં ઇચ્છવાયોગ્ય લક્ષણવાળી પ્રજાની સંખ્યામાં વૃદ્ધિ થાય અને તેથી એવાં લગ્ન હાનિકારક નિવડે. વળી ગૌણ લક્ષણો સુપ્ત રહેતાં હોવાથી એવાં લક્ષણોવાળી વ્યક્તિઓ સહેલાઈથી છૂટી પણ ન પાડી શકાય: ઇચ્છવાયોગ્ય ગૌણ લક્ષણો ધરાવનાર કુટુંબોમાં પીતરાઈ ઓનાં લગ્ન લાંબી મુદતે લાભકારક નિવડે. રૂઝવેલ્ટ, ડાર્વિન, વેજવુડ અને ગોલ્ટન કુટુંબોમાં પીતરાઈ ઓનાં લગ્ન પેઢીઓથી થયાં કરે છે અને પરિણામે એ કુટુંબોમાંથી અનેક નામાંકિત વ્યક્તિઓ પેદા થઈ છે. નહીં ઇચ્છવાયોગ્ય પ્રધાન લક્ષણવાળાં કુટુંબોમાં આંતરલગ્ન તો એથીયે હાનિકારક છે એ દેખીતું છે. પીતરાઈ ઓનાં લગ્નમાં તેનાં લક્ષણોનો વિચાર મેન્ડેલના નિયમની દૃષ્ટિએ કરવામાં આવે, તો ઘણી ઉપયોગી સલાહ મેળવી શકાય.

સંતતિશાસ્ત્રની રચના પછી અનેક જાતના વહેમો હજુ શ્વેત, શ્યામ, અને પીળી પ્રજામાં પ્રચલિત છે. ગાય, ઘેટાં, બકરાં, કૂતરાં, અને ઘોડાનો ઉછેરવાનો ધંધો કરનાર અનેક 'કળાકારો' (સંતતિશાસ્ત્રજ્ઞો નહીં) એમ માને છે કે ઓરમાન બાપનાં કોઈક લક્ષણો બીજા પિતાથી થએલી સંતતિમાં ઉતરે છે. લોર્ડ મોર્ટનની આરબ ઘોડીની વાત એનું સુંદર ઉદાહરણ પૂરૂં પાડે છે. આ ઘોડીને ઝીબ્રા નરથી બે વછેરા થયા. આ પછી તેનો એક કાળા આરબ ઘોડા સાથે સંયોગ થયો અને તેનાથી તેને બીજા બે વછેરા થયા. આરબથી થએલા આ બે વછેરાના પાછલા પગે ઝીબ્રા જેવા સ્પષ્ટ પટા હતા. આ જોઈ ડાર્વિન સુદ્ધાં એમ માનતો થયો કે ઓરમાન બાપનાં લક્ષણો પ્રજામાં ઉતરે છે ખરાં. પરંતુ આ અખતરો જ્યારે આગળ લંબાવવામાં આવ્યો ત્યારે ઝીબ્રાનો કોઈ પણ વખત સંયોગ ન હોય એવી ઘોડીને પટાવાળા વછેરા જન્મ્યા. વધુ ખોજને પરિણામે માલમ પડયું કે આ ઘટના પરિપૂરક જનિને આભારી છે.

આવો જ બીજો દાખલો એક યુરોપીઅન બાઈ નો છે. એણે પહેલી વખત એક સીદી સાથે લગ્ન કીધું. આ યુરોપીઅનથી થએલું બાળક કાળું હતું. આ દાખલામાં બે શકયતાઓ ધ્યાનમાં લઈ શકાય, તે એ કે કયાં તો એ બાળકનો ખરો પિતા સીદી હશે, અગર તો યુરોપીઅન નરનું લોહી શુદ્ધ હશે નહીં. ગર્ભ દરમ્યાન માતાને આવતા વિચારો સંતતિમાં ઉતરે છે, એ બીજો પ્રચલિત ખોટો વહેમ છે.

આ અને આવી માન્યતાઓ અશકય આશાને પોષણ આપે છે. લક્ષણાવતારની યંત્રણાનું જે જ્ઞાન હાલ પ્રાપ્ત થયું છે તે વિસ્મયકારક નવીનતાઓ પેદા કરવા સમર્થ ન હોય, પરંતુ આવા બીનપાયાદાર વહેમો દૂર કરવા પૂરતું તો છે જ.

કોષરચના શાસ્ત્ર—Cytology હજુ બાલ્યાવસ્થામાં છે. છેક ગઈ સદીના અંત સુધી એનો વિકાસ નહીં જેવો થયો હતો, પરંતુ આજે જે જ્ઞાન ઉપલબ્ધ છે તેથી સંતતિશાસ્ત્રની અનેક ગુંચો ઉકલી શકાય છે. ઉછેર આજ સુધી કળા મનાતી આજે એ માનવહિતનાં મહાન ફાળો આપનાર શાસ્ત્ર બન્યું છે. બ્રુનના નૈસર્ગિક ઇતિહાસમંડળના પ્રકાશનમાં પાંત્રીસ વર્ષ સુધી સમાધિ ભોગવનાર સાધુ મેન્ડેલ આજે સંતતિશાસ્ત્રનો જનેતા, પ્રણેતા માર્ગદર્શક બન્યો છે. અને એક વખત અવિખ્યાત ગણાએલી શોધ આજે બીજાં પાંત્રીસ વર્ષમાં જીવનવિદ્યાનું ગુપ્ત રહસ્ય ઉકલી માનવ ઉત્ક્રાન્તિમાં મહાન ફાળો આપી રહી છે. ઉત્કૃષ્ટ પ્રજાનાં ઘડતર પાંત્રીસ વર્ષ ઉપર આકસ્મિક ઘટના, કળા કે જાદુગરી ગણાતાં, તે

નિરાધાર સ્થિતિ આજે રહી નથી. મેન્ડેલે વિસ્તારેલી જ્ઞાનજ્યોતિથી આપણી પ્રજા આપણાં પ્રાણીઓ અને આપણું પશુધન સુધારવાને માર્ગે જતાં અનેક વિટંબણા થાય છે. એનો ઉપયોગ આપણે ન કરીએ તો તે આપણું આળસ છે, અજ્ઞાન નથી.

પોતાના વિહારના ઉપવનમાં ખંતથી વટાણાની ઓલાદ તપાસાયે મેન્ડેલ, માખીથી ભરેલા ઓરડામાં ગુંગળાવી નાંખે એવા વાતાવરણમાં સૂક્ષ્મદર્શકની દૃષ્ટિનીયે પેલી પાર જ્ઞાનદૃષ્ટિ લંબાવતો મોર્ગન કે પ્રાણીઓની વંશાવલી તપાસતો હેલ્ડેન સર્જનાત્મક વિજ્ઞાનના મહાન પ્રણેતા છે. વિજ્ઞાનવી સંહારક પ્રવૃત્તિ કરતાં સર્જનાત્મક પ્રવૃત્તિમાં અનેક નાના મોટા વિજ્ઞાનીઓ ધાર્મિક ઝનુને પોતાનો ફાળો આપ્યે જાય છે, તો સંહારનાં સાધનો પેદા કરવાં એ વિજ્ઞાનની મુખ્ય પ્રવૃત્તિ છે, એમ કહી એને નિંદી શકાય કે ?

શ્રી ફાર્બસ ગુજરાતી સભા

ત્રૈમાસિક

વ્યવસ્થાપક સમિતિ

સંપાદકઃ

અંબાલાલ બુલાખીરામ જાની, બી. એ.

સૂચનાઃ—પરિવર્તન અર્થે માસિકો આદિના તેમ અભિપ્રાય અને ભેટ અર્થે પુસ્તકો મોકલનાર વ્યવસ્થાપકોએ તથા પત્રવ્યવહાર કરનારે નીચેને શરનામે પત્રવ્યવહાર કરવો.

અંબાલાલ બુલાખીરામ જાની, બી. એ.

૩૬૫, શ્રી ફાર્બસ ગુજરાતી સભામંદિર,

વિઠ્ઠલભાઈરોડ, કોંગ્રેસ લેઇન, મુંબઇ નં. ૪

અનુક્રમણિકા

પુ. ૧ જુલાઈ–સપ્ટેમ્બર : ૧૯૩૬ અંક ૨

ગ્રાહકનાં નામ નોંધાવવાનાં અને લવાજમ ભરવાનાં સ્થળ:

૧. અંબાલાલ બુલાખીરામ જાની ૩૬૫, શ્રી ફાર્બસ ગુજરાતી સભામંદિર
વિઠ્ઠલભાઇ રોડ, કૉંગ્રેસ લેઇન; મુંબઇ નં. ૪

૨. મેસર્સ એન. એમ. ત્રિપાઠીની કું. બુકસેલર્સ અને પબ્લીશર્સ
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ નં. ૪

૩. મેનેજર "આદિત્યમુદ્રણાલય" રાયખડ: અમદાવાદ

મુદ્રક: મણિલાલ પુ. મિસ્ત્રી, બી. એ. : આદિત્ય મુદ્રણાલય : રાયખડ : અમદાવાદ

શ્રી ફાર્બસ ગુજરાતી સભા

卐 ત્રૈમાસિક 卐

પુસ્તક ૧ લું] ઈ. સ. ૧૯૩૬ : જુલાઈ-સપ્ટેમ્બર : સંવત ૧૯૯૨ [અંક ૨

હિન્દુસ્તાનમાં તોપ

(લેખક : મૌલવી અબૂઝફર નદવી સૈયદ)

(ભાષાન્તરકાર : રા. રા. ઇમામુદ્દીન એસ. દરગાહવાલા.)

મિનજનીક–ગોફણ

પ્રાચીન કાળથી એવાં યંત્રો હંમેશાં વપરાતાં રહ્યાં છે, કે જે કિલ્લાને તોડી પાડનારાં હોય. પ્રાચીન યુગમાં મોટી મોટી ગોફણોનો વપરાશ બાઈબલમાં મોજુદ છે.[1] યૂનાની (ગ્રીક) કાળમાં કિલ્લાને તોડવા માટે સૌથી વધારે કાર્યસાધક તે યંત્ર હતું, જેનું નામ "**મિનજનીક**"[2] (ગોફણ) છે. મિનજનીકને સૌથી પહેલાં સિરિયાની એક પ્રખ્યાત કોમ "ફીનકી"ના લોકોએ ઉપયોગમાં લીધી. અને તે પછી તેનો ઉપયોગ યહુદીઓ અને યૂનાનીઓએ કર્યો અને તેમના દ્વારા જ દુનિયાની અન્ય પ્રજાઓમાં આ યંત્ર વપરાશમાં આવ્યું.

પ્રારંભમાં એવી ગોફણોથી પત્થરા ફેંકીને કિલ્લા તોડવાનું કામ કરવામાં આવતું હતું. પરંતુ રોમનોના યુગમાં એનાથી બીજાં કાર્ય પણ કરવામાં આવ્યાં. મિનજનીક મોટી–નાની દરેક પ્રકારની બનતી હતી, કમાનો અને સ્પ્રિન્ગો દ્વારા ખેંચવામાં આવતી અને કાંઈક ગોફણની માફક ચક્કરની જેમ ચાલતી હતી. એની મારફતે તીર, પત્થર અથવા નેફ્ત-(Naphta)ના તેલની શીશીઓ ફેંકાતી, બલ્કે કદિ કદિ સર્પ, વિંછી અને બીજાં ઝેરી જાનવરો પણ દુશ્મનો ઉપર ફેંકાતાં, કિચડ અને દુર્ગંધવાળી વસ્તુઓ પણ એના દ્વારા શત્રુઓ પર નંખાતી.[3]

મિનજનીકનો વપરાશ ઈસ્લામમાં પહેલેથી જ થઈ ગયો હતો અને સૌથી પહેલી મિનજનીક, જે મુસલમાનોના હાથ આવી, તે ખયબર(એરેબીયા)ના યુદ્ધમાં આવી. "સિરતે હલબીયા"માં છે કે:—

"આ કિલ્લાથી લૂંટના માલમાં આ લોકોને યુદ્ધ–સામગ્રીમાં 'દબાબા' અને 'મિનજનીક' પણ હાથ આવ્યા."[4]

---

૧ હરિવંશ, આદિમાં ગોફણો વપરાતી હોવાનું જણાવાયલું છે. સં. ત્રૈ.

૨ જરજીઝયદાન કૃત "તમદ્દુને ઈસ્લામ" ઘેરાનાં યંત્રોનું બ્યાન. 'મિનજનીક'નું વર્ણન મેં માત્ર એટલા માટે કર્યું છે કે ઘણે ભાગે એના દ્વારાજ અરબોનું લક્ષ તોપની શોધ તરફ લક્ષિત થવા પામ્યું.

૩ "સિરતે હલબીયા" ભાગ ૩ પૃષ્ઠ ૪૭ મિસરના અઝહર પ્રેસમાં મુદ્રિત થયેલ.

૪ " " " " ૧૩૪

અને આ યંત્રનો વપરાશ મહાન પયગમ્બર સાહેબના સમયમાં જ શરૂ થઇ ચૂકયો હતો. જો કે સામાન્યપણે અરબો એનો ઉપયોગ કેમ કરવો, એ જાણતા ન હતા, પરંતુ હઝરત સલમાન ફાર્સી એનાથી સારી રીતે પરિચિત હતા. તાયફ(એરેબીયા)ના યુદ્ધમાં જ્યારે કિલ્લાને ઘેરો નાંખવામાં આવ્યો ત્યારે એ મિનજનીક પણ ગોઠવવામાં આવી અને તેનો ઉપયોગ આઝાદીપૂર્વક કરવામાં આવ્યો. "સિરતે હલબીયા"માં છે કેઃ—

"મિનજનીક ગોઠવવામાં આવી અને પત્થરા ફેંકવામાં આવ્યા. જેમકે સંખ્યાબંધ લોકોએ એનું સમર્થન કર્યું છે અને ઇસ્લામમાં એ પહેલી મિનજનીક છે, જે સલમાન ફાર્સીની સલાહથી વાપરવામાં આવી."[૧]

એના પછી તો મુસલમાનોમાં મિનજનીક અને દબાબાનો વપરાશ સામાન્ય થઇ પડયો અને જૂદાં જૂદાં યુદ્ધોમાં સારા પ્રમાણમાં એનો ઉપયોગ કરવામાં આવ્યો, બલ્કે એ જ યંત્રો કિલ્લા તોડવા માટે સૌથી મોટાં અને મુખ્ય આધાર સમાન હતાં.

"આગ"—સળગી ઉઠતો મશાલો.

લડાઈનાં હથિયારો પૈકી એક ચીજ બીજી પણ હતી, જેને યૂનાનીઓ "આગ" કહેતા હતા. કેંક વખતથી એશિયાવાળાઓ એક પ્રકારનો મશાલો વાપરતા હતા, જે લડાઇઓમાં શત્રુઓપર ફેંકાતા અને તે જલદીથી સળગી ઉઠવાનાં કારણે દુશ્મન ભયભીત થઈને નાસી જતા.

ઈસુની સાતમી સદીથી પૂર્વે યૂરોપના લોકો એનાથી જાણકાર ન હતા. સૌથી પહેલાં "કાલીનેફ" (અને કેટલાક લોકોએ એનું નામ "કાલીનકોસ" લખ્યું છે) નામના એક સિરિયન કડીયાએ એનાથી યૂરોપવાળાઓને જાણકાર કર્યા અને તેના ઉપયોગની રીત દેખાડી. રોમનો આ પ્રકારની વસ્તુઓના ઘણાં મોહતાજ હતા, કે જેથી કોન્સ્ટેન્ટીનોપલનું રક્ષણ થયું હતું અને અરબોની આગેકદમને એના દ્વારા અવરોધી શકાઈ હતી. કયસરને આ બાબામાં પૂરી સફળતા મળી અને કોન્સ્ટેન્ટીનોપલના ઘેરા વેળા એને (મશાલાને) એણે વારંવાર ઉપયોગમાં લીધો. આ લોકોએ આ યંત્રો બનાવવાની કલાને એક "મુલ્કી ભેદ"ની માફક ગુપ્ત રાખવાની અનહદ કોશિશ કરી, પરંતુ થોડા જ દિવસો પછી અરબોએ એના નુસ્ખા જાણી લીધા અને પોતે પણ એનો ઉપયોગ કરવા લાગી ગયા.[૨]

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબયરે(રદી) જ્યારે મક્કા ઉપર ઘેરો ઘલાવ્યો, ત્યારે શાહીઓએ મિનજનીકનો ઉપયોગ કરીને પૂરતો લાભ મેળવ્યો અને એ જ આગથી પવિત્ર કા'બા બળી જવા પામ્યો હતો.[૩]

આગનો યૂનાની નુસ્ખો ઘણો સાધારણ હતો. એ કારણે અરબોમાં તે ત્વરાથી પ્રચલિત થઇ ગયો. એમાં ગંધક, ગુંદર અને ચરબીનો અંશ વધારે પ્રમાણમાં રહેતો હતો. કેટલાક દિવસો પછી અરબોએ એને ઉન્નત કરવો શરૂ કર્યો. પછી ગંધકને બદલે ગંધકનું

૧ "મિનજનીક" અરબી શબ્દ છે. અસલ યૂનાની શબ્દ "મન જાનેકું" છે, જેનો અર્થ જાદુગર અથવા કરતબ થાય છે. માર્કોપોલોના પ્રવાસ-ગ્રંથમાં એનાં સંખ્યાબંધ ચિત્રો આપવામાં આવ્યાં છે. "ઇબ્નેબતુતા"નો હાંસીયો દિલ્હીમાં મુદ્રિત થયેલ.

૨ "તમદુને અરબ" પૃષ્ઠ ૪૩૯ પ્રકરણ ૩જું ફતુન વ ઇકતેશાખાત

૩ કામિલ ઈબ્ને અસીર ભાગ ૪ થો પૃષ્ઠ ૧૭૦ લીડનમાં મુદ્રિત થયેલ

તેલ, બીજા કેટલાક સળગી ઉઠે એવા પદાર્થો અને જૂદા જૂદા પ્રકારનાં તેલો મેળવીને તૈયાર કરવા લાગ્યા. પ્રવાહી રૂપે તૈયાર કરવાના કારણે તેને વાપરવામાં વધારે સરળતા થઈ ગઈ. તેને વાપરવાની રીત એવી હતી, કે ત્રાંબાના એક નળની મારફત—જેને વહાણ અથવા નૌકાના આગળના ભાગપર બાંધી મૂકતા હતા—આ પ્રવાહી પદાર્થ ગરમ કરીને શત્રુઓ પર નખાતો અથવા બળતાં બાણોના રૂપમાં પ્રતિસ્પર્ધીઓ પર ફેંકાતો. કદિ કનૂતાનનાં કપડાંઓ એનાથી ભીંજવાતાં અને તેને સળગાવીને વહાણો અને મકાનો ઉપર ફેંકી મરાતાં, જેનાથી તે બળીને ભસ્મ થઇ જતાં.

પેરીસના પૌરસ્ત્ય ખાતામાં એક હસ્તલિખિત મુસવદ્દો મૂકેલો છે, જેના પર **અરબો**નાં ચિત્રો દોરાયેલાં છે. એમાં કોઈ ઘોડાપર સવાર છે અને કોઈ ઉભો છે. એમના હાથોમાં યૂનાની આગથી ભભૂકતાં ચીથરાં મોજુદ છે, જેને તેઓ પોતાના દુશ્મનો ઉપર ફેંકી રહ્યા છે.[૧]

હિન્દુસ્તાનમાં સૌથી પ્રથમ જે શખ્સે મિનજનીક વાપરી તે **સિન્ધ**નો વિજેતા **મુહમ્મદ બીન કાસીમ** હતો. **દિબલ**(દેવલ જેને આજે ઠઠ્ઠા કહે છે)ના ઘેરાના સમયે જે મિનજનીકને સૌથી વધારે પ્રતિષ્ઠા હાંસિલ હતી, તેનું નામ "**અલઉરૂસ**" હતું, તેમાં ૫૦૦ માણસો કામ કરતા. "**બિલાઝરી**"માં છે કેઃ—

"અને મિનજનીક ગોઠવવામાં આવી, જેનું નામ "**અલઉરૂસ**" હતું. તેમાં ૫૦૦ માણસો કામ કરતા."[૨]

"આગ"ના ગોળાનો ઉપયોગ

હિન્દુસ્તાનમાં યૂનાની અગ્નિનો વપરાશ પણ સૌથી પહેલાં **અરબો**એ જ **સિન્ધ**માં કર્યો. ઇતિહાસોમાં લખ્યું છે, કે જ્યારે **અરબો** એને કિલ્લામાં ફેંકતા ત્યારે કેટલાક દગાખોર **અરબો** જે રાજા જોડે મળી ગયા હતા, તેઓ તેને ઓલવી દેતા હતા.

સુલતાન મેહમૂદ ગિઝનવીએ પણ હિ. સ. ૪૧૮(ઈ. સ. ૧૦૨૭)માં **જાટો** જોડેના યુદ્ધમાં એનો ઉપયોગ કર્યો. અને તેના દ્વારા **જાટો**ની નૌકાઓ બાળીને ભસ્મ કરી દીધી.[૩] **રાય પૃથ્વીરાય**ના મશહુર પ્રશંસક **ચંદ** કવિએ પોતાના પ્રશંસા-કાવ્ય (રાસા ?)ની ૧૫૦મી પંક્તિમાં લખ્યું છે, કે **શહાબુદ્દીન ગોરી**એ યુદ્ધમાં ગોળા વાપર્યા. પછી તે ૨૫૭મી પંક્તિમાં કહે છે, કે 'તેનો અવાજ દસ ગાઉ સુધી ગયો.' આ બનાવ હિ. સ. ૫૮૮(ઈ. સ. ૧૧૯૨)નો છે.[૪] જો આ વર્ણનને કવિની કલ્પના પણ સમજવામાં આવે તોય એનાથી ઓછામાં ઓછો બારૂદ(બંદૂકનો દારૂ)નો વપરાશ તો અવશ્ય સાબીત થાય છે. એવી જ રીતે **સાઅદ સલમાં લાહોરી આગ્રા**ના ઘેરાના સમયે અગ્નિ વરસાવવાનું વર્ણન કરે છે.[૫]

ફરિશ્તાએ **નાસિરૂદ્દીન મેહમૂદ**ના વર્ણનમાં લખ્યું છે, કે હુલાકુનો એલચી દિલ્હી

૧ "તારિખ તમદ્દને-ઇસ્લામ" ઘેરાના યંત્રોવાળું પ્રકરણ

૨ "ફુતુહલ બુલદાન બિલાઝરી" પૃષ્ઠ ૪૪૨ : મિસર :

૩ "ઝયનુલ અખ્બાર" પૃષ્ઠ ૮૮ : બર્લિન :

૪ ઈલીયટનો ઇતિહાસ ભાગ ૬ ઠો પૃષ્ઠ ૪૫૫ (સપ્લીમેન્ટ); પરંતુ તે વેળા આગ્રા શહેર વસ્યું ન હતું. કદાચ એ સ્થળે કોઇ બીજું શહેર હશે.

૫ ફરિશ્તા ભાગ ૧ લો પૃષ્ઠ ૮૩ નવલકિશોર પ્રેસમાં મુદ્રિત થયેલ.

આવ્યો ત્યારે બલ્બન જે તેના સ્વાગત માટે ગયો હતો, તેની જોડે ત્રણ હજાર× અગ્નિ વરસાવનારી ગાડીઓ હતી. પછી હિન્દુસ્તાનમાં એનો સામાન્ય રિવાજ થઇ ગયો અને કિલ્લા તોડવા માટે સંખ્યાબંધ મિનજનીક અને આગ વરસાવનારી ગાડીઓ ઉપયોગમાં લેવાઈ.

ઝિયા બરનીએ વિશેષતા સહિત અલાઉદ્દીન સંબંધમાં લખ્યું છે, કે જે વખતે જલાલુદ્દીન ખિલ્જીને કત્લ કરવામાં આવ્યો અને અલાઉદ્દીન દિલ્હી રવાના થયો ત્યારે તે મુસાફરીમાં દરેક મન્ઝિલ (પડાવ) ઉપર મિનજનીક દ્વારા નાણાં વરસાવતો છેક દિલ્હી પહોંચ્યો. ઝિયા બરની લખે છે:

"અને જ્યારે અલાઉદ્દીન દિલ્હી તરફ રવાના થયો ત્યારે હલકી–નાની મિનજનીક દરેક પડાવ વખતે પોતાના તંબુફરતી કપડાંની દિવાલ પાસે ગોઠવાવીને પ્રેક્ષકો પર સોનાના ટુકડા વરસાવતો હતો."

અલાઉદ્દીન ખિલ્જીએ એક બીજા પ્રસંગે પણ મિનજનીકનો ઉપયોગ કર્યો છે. હિન્દુ રાજાઓ પણ એનો ઉપયોગ કરતા હતા. હિ. સ. ૬૯૯ (ઇ. સ. ૧૨૯૯)માં રણથંભોરના કિલ્લાના ઘેરાની વેળા રાજાએ એનો પૂરતો ઉપયોગ કર્યો. ફરિશ્તામાં છે:

"એક દિવસ મલેક નસરત કિલ્લાની નજીક જઈને વ્યવસ્થા કરી રહ્યો હતો, તેવામાં અંદરથી મિનજનીક દ્વારા તેના પર પત્થર મારવામાં આવ્યો. પરંતુ તેને કશું નુકશાન ન થયું." [૧]

આ મિનજનીકથી ન માત્ર પત્થર ફેંકાતા હતા, બલ્કે સળગી ઉઠે એવા પદાર્થ પણ નંખાતા હતા, જેનાથી જ્ઞાત થાય છે કે અગ્નિ વરસાવવાનો રિવાજ હિન્દુસ્તાનમાં સામાન્ય થઇ પડયો હતો. એ જ યુદ્ધ સંબંધમાં ફરિશ્તા આગળ લખે છે કે:—

"સુલતાનના હુકમ મુજબ ઘેરાનું વર્તુલ વધારે સંકીર્ણ કરી દેવામાં આવ્યું અને રાજપૂતો કિલ્લાના ઉપરથી પત્થર અને અગ્નિ વરસાવીને ઘણાં લોકોને નષ્ટ કરતા."[૨]

એવીજ રીતે મુહમ્મદ તગલકે પણ નગરકોટ(કાંગરા)ના કિલ્લાના ઘેરામાં મિનજનીકનો ઉપયોગ કર્યો છે. બદ્ર ચાચ પોતાના પ્રશંસાકાવ્યમાં કહે છે:

"બુર્રૂ ઉ હમાહ, દિવાનમિનજનીકઅંદાઝ"[૩]

ટૂંકમાં, મિનજનીક અને અગ્નિ વરસાવવાનાં યંત્રોનો ઉપયોગ કરવામાં મુસલમાનો એટલે દરજ્જે ઉન્નતિ કરી ગયા હતા કે તેમની લડાયક સામગ્રીના એ મહાન અંશ બની ગયા હતા. ક્રુઝેડમાં મુસલમાનોએ એનો દરેક પ્રકારે ઉપયોગ કર્યો અને શત્રુઓના નજીક આ એક મોટું ભયપ્રદ યંત્ર સમજાવવા લાગ્યું. અરબ મુસલમાનોએ જ્યારે મિનજનીકની મારફતે ચૂનાની આગ વરસાવવો શરૂ કર્યો ત્યારે તે શત્રુ–દળ સુધી પહોંચતો ત્યારે આકાશમાંથી અગ્નિનો એક અજગર પડતો હોય એમ દૃષ્ટિગોચર થતું અને ભયથી લોકો ધ્રૂજી જતા.

× આ વાત યાદ રાખવા લાયક છે કે એના પૂર્વે તોપની શોધ થઈ ચૂકી હતી અને પાશ્ચાત્ય દેશોમાં વપરાશમાં હતી.

+ ઝિયા બરની કૃત "ફિરોઝશાહી" પૃષ્ઠ ૨૪૩ : કલકત્તા :

૧ ફરિશ્તા પૃષ્ઠ ૧૦૬

૨ ફરિશ્તા પૃષ્ઠ ૧૦૭ નવલકિશોર

૩ "કસાયદ બદ્ર ચાચ" પૃષ્ઠ ૨૮ નવલકિશોર

ઝૉનવેલ લખે છે, કે "એનાથી વધારે દહેશતની વસ્તુ તેણે ઉમરભરમાં જોઈ નથી." તે એને ઉડતા અજગરોની ઉપમા આપે છે અને ફરી લખે છે: "જ્યારે એ, બાદશાહ સેન્ટ લૂઇની નજીક પહોંચતા હતા ત્યારે તે જમીન પર ગબડી પડતો હતો અને આકાશની તરફ હાથ ઉપાડીને વિહ્વળતા અને કાકલુદી સહિત કહેતો હતો કે ઓ મારા ખુદાવંદ મસીહ! મને અને મારા સૈન્યને આ બલાથી બચાવ."

પરંતુ આ યૂનાની આગ જોવામાં જેટલી હયબતનાક હતી, એટલી એ પરિણામની દૃષ્ટિએ ભયજનક ન હતી.

એ સમુદ્રપર નૌકાઓને અને ખુશ્કીમાં મકાનો અને ગાડીઓને બાળીને ભસ્મ કરી દેતી હતી અને આ કામના માટે ખચિત તે ભયપ્રદ હતી. પરંતુ જંગના મેદાનમાં કાંઈ વધુ કાર્યસાધક સાબેત ન થઇ; કેમકે જે જે ઇતિહાસકારોએ એની ભયજનકતાનું વર્ણન કર્યું છે, તે પૈકી કોઈ એમ નથી લખતો કે એનાથી કોઈ માણસ પણ બળી મર્યો હોય. સેન્ટ લૂઈ અને તેના સંખ્યાબંધ સરદારો પર આ અગ્નિ પડયો, પરંતુ તેમને કાંઈ નુકશાન થવા ન પામ્યું.[1] વાત એ છે કે આ યૂનાની અગ્નિમાં બાળી નાંખવાની શક્તિ તો મોજુદ હતી, પરંતુ અસર કરનારી તાકાત ન હતી. એ કારણે કુદરતી રીતે અરબોનું લક્ષ એ તરફ ખેંચાયું કે કોઈ પ્રકારે એમાં અસર કરવાની શક્તિ પેદા કરવી જોઇએ, અને એ જ ખ્યાલ હતો, જેની દ્વારા બારૂદનું અસ્તિત્વ પ્રકાશમાં આવ્યું.

બારૂદ—દારૂગોળાનો શોધ અને ઉપયોગ

પ્રારંભમાં બારૂદને અંગે ઇતિહાસકારોમાં પરસ્પર મતભેદ હતો. કોઈ એની શોધ ચીનાઓને આભારી છે, એમ જણાવતો હતો અને કોઈ દાવો કરતો હતો કે 'રોજર બેકન' એનો શોધક હતો. કોઈએ "સૂરતશ"ને દેખાડયો. પરંતુ, અર્વાચીન યુગના સંશોધને આ બધી વાતોને સંપૂર્ણપણે રદ્દ કરી દીધી છે. કેમકે રોજર બેકન ઇસુની તેરમી સદીમાં થયો છે અને અરબોએ ઇસુની બારમી સદીના પ્રારંભકાળમાં જ એનો ઉપયોગ શરૂ કરી દીધો હતો. ઇસુની અગીયારમી સદીમાં ટયુનિસના બાદશાહે અશબીલીયા(સ્પેન)ના હાકેમની જોડે દરિયાઇ પ્રદર્શનનો કરાર કર્યો હતો. એ પ્રદર્શનમાં પણ બારૂદનો ઉપયોગ થયાનું સાબીત છે.[2]

ડૉ. લેબૉન એ સંબંધમાં લખે છે, કે "એક મુદ્દતથી બારૂદની શોધ રોજર બેકનની મનાય છે, પણ વાસ્તવમાં તેણે આલ્બર્ટ ધ ગ્રેટની માફક માત્ર તે જૂના નુસ્ખાની પુનરૂક્તિ કરી છે, ખાસ કરી તે નુસ્ખાઓ—જેને માર્કસ ગ્રેગસે પોતાના તે પુસ્તકમાં જે ઈ. સ. ૧૨૩૦(હિ. સ. ૬૨૮)માં લખવામાં આવ્યું અને જેનું નામ "કિતાબ અલ નીરા અલ મોહરકતા અલ અદા" હતું તેમાં—લખ્યા છે."

આમાંના ઘણા નુસ્ખાઓ બારૂદના નુસ્ખાને મળતા છે, પરંતુ તેનો ઉપયોગ જામગીરી તરીકે થતો હતો અને એ નુસ્ખાઓ બીજા એકંદર નુસ્ખાઓની માફક મધ્યકાલીન યુગના અરબોથી સંપાદિત છે. આ જ વિવાદમાં અમે દેખાડીશું કે અરબોએ બંદૂકનો ઉપયોગ ખ્રિસ્તીઓના કરતાં ઘણાં પૂર્વે કર્યો છે.

---

૧ "તમદ્દુને અરબ" મોસ્યો સ'દેવ પૃષ્ઠ ૪૩૯ લખનૌ

૨ "તારિખે અરબ" મોસ્યો સ'દેવ પૃષ્ઠ ૪૭૬ લખનૌ

"રેનુ" અને "ફાદા"નું સંશોધન અને તેના અગાઉ "કાસીરી," "આન્દ્રા" અને "દયારંદુ" વિગેરેના સંશોધને આ વાતને સાબીત કરી દીધી છે, કે ગોળાને બારૂદને-જેનાથી ગરજ એ હતી કે તેની દ્વારા યુદ્ધસામગ્રીને વેગપૂર્વક છેટે ફેંકવામાં આવે—અરબોએ જ શોધ્યો છે.

આ બન્ને પહેલા લેખકોએ પોતાની પ્રારંભિક રચનાઓમાં આ શોધને ચીનાઓની શોધ જણાવી છે, પરંતુ પોતાની બીજી રચનાઓમાં—જે ઇ. સ. ૧૮૫૦(હિ. સ. ૧૨૬૭)માં પ્રસિદ્ધ થઇ—તેમણે પોતાનો મત બદલી નાંખ્યો. કેટલાક નવાં ગ્રંથો મળી જવાથી તેમને એ વાતની સાબીતી મળી ગઇ, કે આ મહાન શોધ,-જેણે યુદ્ધકલાને તદ્દન પલટાવી નાંખી છે—અરબોએ જ કરી હતી. તેઓ લખે છે કે ચીનાઓએ ફકત ક્ષાર શોધ્યો અને તેને આતશબાઝીમાં વાપર્યો, પરંતુ બારૂદની છેટે ફેંકવાની શક્તિનો ઉપયોગ પ્રથમ અરબોએ જ કર્યો, એટલે તેમણે જ તોપ અને બંદૂક શોધી.[1] ઇબ્ને નદીમ—જે હિજરીની પાંચમી સદી(ઇસુની બારમી સદી)ના પ્રારંભમાં મૃત્યુ પામ્યો છે—પોતાના "અલફે હરિસ્ત" નામક પુસ્તકમાં લખે છે, કે "અબૂ અબ્દુલ્લાહ મુહમ્મદ બીન હુસન ઇબ્ને અબી હિશામે જૂદી જૂદી શોધખોળો સંબંધી પુસ્તકો લખ્યાં અને બંદૂક બનાવવાના હુન્નરની શોધ કરી." એથી જણાય છે કે મુસલમાનો હિજરીની ચોથી સદી(ઇસુની દસમી સદી)માં જ બંદૂકની શોધ કરી ચૂકયા હતા."[2] પણ તે બદલ માત્ર શરત એટલીજ છે કે બંદૂકનો અર્થ "ગુલા" (માટીનો રોડો) ન હોય.

મોસ્યો સ'દેવ લખે છે, કે "અને શું ચીનવાસીઓ (છેટે જનાર અસરકારક શક્તિવાળા) બારૂદનો ઉપયોગ પણ જાણતા હતા? તેમને ત્યાં તો એની કશી ભાળ મળતી નથી. અલબત્ત, અરબોના પ્રાચીન અવશેષોમાં ઠેરઠેર અને વારંવાર એના ઉપયોગની સાબેતીઓ મળે છે કે તેમણે એનાથી કામ લીધું અને પ્રકાર પ્રકારથી લીધું. તેઓ કેટલીય જાતનાં ફાટી ઉઠનાર પીપો ઘેરાના સમયે વાપરતા હતા. તેરમી સદીમાં ઇજીપ્ત ખાતે ક્ષારથી બનેલો બારૂદ મુસલમાનોએ જ વાપર્યો."[3]

સ્પેનના સુપ્રસિદ્ધ ઇતિહાસકાર "કાન્ડી"(મૃત્યુઃ ઈ. સ. ૧૦૨૦ હિ. સ. ૧૨૩૬)-એ લખ્યું છે, કે "મોરક્કોનિવાસીએ ઈ. સ. ૧૧૧૮ (હિ. સ. ૫૧૨)માં 'સરકોસા'ના લોકો જોડે લડાઈ કરતી વેળા અગ્નિ વરસાવનાર ઓજાર વાપર્યા હતાં."[4]

બંદૂક અને ગોળીઓનો ઉપયોગ

એ બારમી સદીની પૂર્ણાહુતિ સુધી મુસલમાનોએ બીજી વધુ પ્રગતિ કરી. તેઓ બારૂદની જોડે પત્થર અને ગોળીઓ મેળવીને વાપરવા લાગ્યા, જેણે હિજરીની છઠ્ઠી સદીની આખરીમાં બંદૂકનું રૂપ ધારણ કરી લીધું.

બંદૂકનો ઉપયોગ મુસલમાનોમાં દિનપ્રતિદિન વધતો ગયો અને સ્પેનથી લઇને આફ્રિકા ઈજીપ્ત સુધી એનો સામાન્ય રિવાજ થઈ ગયો અને દરેક મુસલમાન એમાં વધુ ને વધુ

---

૧ "તમદ્દુને અરબ" પૃષ્ઠ ૪૪૦

૨ ઇબ્ને નદીમકૃત "અલફેહરિસ્ત" પૃષ્ઠ ૩૯૧ મિસરે

૩ "તારિખે અરબ" પૃષ્ઠ ૪૭૬ લખનૌ

૪ "તારિખ તમદ્દુને ઇસ્લામ" ઘેરાનાં યંત્રોવાળું પ્રકરણ

શક્તિ એકત્રિત કરવાની કોશિશ કરતો રહ્યો અને જે માણસ એમાં પ્રવીણતા સંપાદન કરી લેતો હતો, તેના નામની જોડે "બંદૂકદાર"નો શબ્દ પણ માનાર્થે જોડી દેતા હતા. મુકરેઝીએ કેટલાક ઇસમોનાં નામની જોડે બંદૂકદાર શબ્દ વાપર્યો છે. તે એક સ્થળે લખે છેઃ—

"આ પૂલ મિસરના તમામ પૂલો કરતાં મોટો છે, જેને **સુલ્તાનુલમુલ્ક ઝાહિર** રૂકનુદ્દીન **બીબરસ બંદૂકદારી**એ હિ. સ. ૬૬૫(ઈ. સ. ૧૨૬૬)માં બનાવ્યો."[૧]

મિસરના અબ્બાસી ખલીફાઓમાં **અબૂર્રબી સુલયમાન** અલ મસ્તકફિબિલ્લાહ બિન **અલહાકિમ** બે અમ્રિલ્લાહ અન્ય ખલીફાઓની સ્પર્ધામાં વધારે અસરવાળો થયો છે. તે હિ. સ. ૬...(?)માં **ખિલાફતના** તખ્તપર બેઠો. **અલ્લામા** ઇબ્ને **હજર અસ્કલાની** તેના સંબંધમાં નીચે મુજબ લખે છેઃ—

"તે ઘણો વિદ્વાન, ઘણા જ સુંદર અક્ષર લખનાર, ઉદાર અને શૂરવીર હતો. તે બંદૂક ચલાવવાનું અને પોલો રમવાનું ખૂબ જાણતો હતો. તે ઉલમાઓ અને સાહિત્યકારોની મજલિસમાં બેસતો."[૨]

સરકારી કારખાનાંઓ સિવાય એનાં સામાન્યપણે પણ કારખાનાં સ્થપાઈ ગયાં હતાં અને સ્વતંત્રતાપૂર્વક ઉઘાડે છોગે એની ખરીદી-વેચાણ થતાં હતાં. માલમ પડે છે કે ઇજીપ્તમાં એનો રિવાજ ઘણો વધી ગયો હતો. રાજકીય દૃષ્ટિએ અને શાન્તિ સ્થાપિત રાખવાના ઉદ્દેશે **મલક અશરફ** બીન કલાદુને એની ખરીદી-વેચાણ પર પ્રતિબંધ મૂકવો પડયો. ઇતિહાસમાં છે કેઃ—

"હિ. સ. ૭૩૩(ઈ. સ. ૧૩૩૨)માં સુલતાને બંદૂક વાપરવાની અને તેની લાકડી વેચવાની મનાઈ કરી દીધી."[૩]

રશિયન પાયતખ્ત **સેન્ટ પિટ્સબર્ગ**(હાલમાં **પિટર્સગ્રાડ** અથવા **લેલિનગ્રાડ**)ના પુસ્તકાલયમાં એક પ્રાચીન અરબી મુસવદ્દો મોજુદ છે, જેમાં બે અરબોનાં ચિત્રો દોરેલાં છે, જે આતશી ઓજારો બનાવવામાં પરોવાયેલા દેખાય છે. એક શખ્સ જમણી બાજુ છે અને બંદૂકના જેવું ઓજાર લીધેલો હોય એવો દેખાય છે. એ ઓજારમાં જામગીરી લાગેલી છે અને બારૂદ ભરેલો છે. એ શખ્સે આ જામગીરીને તેની સામે પડેલા અગ્નિ સમીપ કરી દીધી છે, જેથી બારૂદ સળગી ઉઠીને ગોળાને દૂર ફેંકી દે.[૪]

"બંદક" અરબી શબ્દ છે. માટીનાં હોઇ તેને રોડાં કે ઢેફાં કહે છે, જે ગોફણમાં મૂકીને મારવામાં આવે છે. "બનાદિક" એનું બહુવચન છે.[૫] કેમકે બંદૂકમાં શીશાની ગોળીઓ વાપરવામાં આવતી હતી, જે માટીનાં ઢેફાં બરાબરની હતી, અને એ કારણે એ હથિયારનું નામ "બંદૂક" પડયું.

યૂરોપીયન ઇતિહાસકાર "ફરારાસ" બ્યાન કરે છે, કે ઈસુની ચૌદમી સદીમાં **સ્પેન** (ઉન્દુલુસ) અને **આફ્રિકાના** બધાય ઘેરાઓમાં બારૂદના દ્વારા શીશાની ગોળીઓ ફેંકવામાં આવી અને **સ્પેનના મસીહો**એ(?) તે વેળાથી એનો ઉપયોગ શરૂ કર્યો.[૬]

---

૧ મુકરેઝી ૩જો પૃષ્ઠ ૨૪૫ : મિસર :
૨ "દુર્રે અકામના" પૃષ્ઠ ૧૪૪ : હયદરાબાદ :
૩ "સલીઅલ ઐયામ પૃષ્ઠ ૯૪૦ : મિસર :
૪ "તમદ્દુને-ઈસ્લામ" પૃષ્ઠ ૨૦૦ : અમૃતસર :
૫ સરાહબાબકાન
૬ મોસ્યો સ'દેવ કૃત "તારિખે અરબ" પૃષ્ઠ ૪૭૬ : લખનૌ :

જામગીરીવાળી બંદૂકનો વપરાશ હિજરીની સાતમી સદીમાં ઘણો સામાન્ય થઈ પડ્યો હતો અને તેના પૂરતા વપરાશે જ મુસલમાનોનું તોપની તરફ ધ્યાન ખેંચ્યું, એટલે એ જ બંદૂકને જ્યારે ફોજી ઉદ્દેશના માટે અને ખાસ કરીને કિલ્લા તોડી પાડવાના માટે ઉપયોગમાં લેવાનો વિચાર કરવામાં આવ્યો ત્યારે મોટા જથ્થામાં એને ઢાળવામાં આવી.

તોપનો ઉપાયોગ

"તોપ" ટર્કીશ ભાષામાં "ફોજ"ના અર્થમાં વપરાય છે. કહે છે કે "તોપ તોપ આમદન્દ" એટલે "સૈન્ય સૈન્ય." મતલબ એ છે, કે આ શબ્દ ઘણા અને વધારે સંખ્યાને માટે (બહુવચનમાં) વાપરવામાં આવે છે.[૩] અરબીમાં એને મદફઅ કહે છે, પરંતુ પ્રાચીન ફારસી(ઝીન્દપાઝીન્દ)માં તોપા (અથવા તોપ) સફરજનને કહે છે.[૪] કેમકે શરૂઆતમાં તોપના ગોળાઓ એ જ સફરજનની બરાબરના હોતા હતા. એ માટે એનું નામ જ તોપ પડી ગયું. આલ્ફાન્સો(અગીયારમા)ના ઇતિહાસમાં લખ્યું છે કે:—

"શહેરના મુસલમાનો (ખ્રિસ્તી) સૈન્યપર ઘણી ગર્જના કરનારી ચીજો અને મોટા સફરજન બરાબરના લોખંડના ગોળા ફેંકતા હતા.[૫] એ ગોળા એટલે છેટે જતા હતા કે કેટલાક લશ્કરની પાર થઈને જતા હતા અને કેટલાક લશ્કરમાં પડતા હતા."

મારું એવું માનવું છે કે ટર્કોએ સલ્જુકીઓની ગોદમાં જતન મેળવ્યું, જેમની અદાલતી ભાષા ફારસી હતી. એ સબબથી ટર્કીશ ભાષાપર ફારસીની ઘણી અસર પડી અને બીજા શબ્દોની માફક એ શબ્દ "તોપ" પણ ફારસીમાંથી જ લેવામાં આવ્યો, જ્યાંથી મધ્ય એશિયા અને હિન્દુસ્તાનમાં પ્રચલિત થઈ ગયો.

તોપ સંબંધમાં એન્સાઇક્લોપીડીયામાં છે કે:—

"સંશોધકોએ તોપ સંબંધી ભાળ મેળવવાની અનહદ કોશિશ કરી છે, પરંતુ હજી સુધી સ્પષ્ટપણે એ જાણી શકાયું નથી, કે એની શોધ ક્યારે અને કયા દેશમાં થઈ? કેટલાક સંશોધનકારોનો વિચાર છે કે ગનપાઉડર આગળ ચાલીને તોપના રૂપમાં બદલાઈ ગયો. પરંતુ કેટલાક વિદ્વાનોનો એવો મત છે કે તોપ ચીનાઓ અથવા અરબોએ શોધી. ટૂંકમાં યૂરોપમાં શોધ થતાં જ તોપની ઉન્નતિ ઘણી ત્વરા સહિત થઈ. એટલે સુધી કે ઇસુની ચૌદમી સદીમાં તોપના દ્વારા ૨૦૦થી લઇને ૪૫૦ પાઉન્ડના ગોળા છોડી શકાતા હતા." *

એક બીજી જગ્યા એ છે, કે;—

"તોપના, કાયદા મુજબના વપરાશની તારીખ વિશ્વાસની સાથે નિર્ણીત કરી શકાતી નથી. જર્મનોએ ઈ. સ. ૧૩૩૧(હિ. સ. ૭૩૨)ના ઈટાલીના ઘેરામાં કાંઈક મોટી બંદૂકોનો ઉપયોગ કર્યો હતો. એવીજ રીતે બીજી લડાઈઓમાં પણ તે ઉપયોગમાં લેવાઈ, પરંતુ આ તમામ બંદૂકો કિલ્લાની દિવાલને બીસ્માર કરવાના કાર્યમાં લાવવામાં આવતી હતી. તોપ ઇસુની પંદરમી સદીમાં જંગના મેદાનમાં વાપરવામાં આવી."× એક સ્થળે છે.

---

૩ લુગાતે કિશોરી

૪ "બુરહાને કાતેઅ" ભાગ ૧ લો

૫ "તમદ્દુને અરબ" પૃષ્ઠ ૪૪૩

* એન્સાઇક્લોપીડીયા પૃષ્ઠ ૧૮૯ ભાગ ૨૦ મો આવૃતિ ૧૧ મી

× જોનડીનું હસ્ટાઈટ-યુદ્ધ ૧૪૧૯–૨૪ (ઈ. સ.)

ઇસુની ચૌદમી સદીમાં દરેક ઉંચા સ્થાન અથવા ગાડી પરથી જે આતશબારી કરવામાં આવે તેનું નામ "કેનન" હતું. સોળમી સદી અને સત્તરમી સદીમાં તોપ એક મોટા રૂપમાં હતી. ઇ. સ. ૧૬૪૯(હિ. સ. ૮૫૯)માં આયર્લેન્ડ ખાતે ક્રોમોઇલ આઠ ઈંચની તોપ લઇને ગયો હતો. તોપ જેને "ડબલ કેનન" કહેતા હતા, તેનું વજન આઠ હજાર પાઉન્ડ અને તેનો ગોળો બાસઠ પાઉન્ડ(રતલ)નો હતો.[૧]

એક બીજા સ્થળે છે કેઃ—"જર્મનીએ ઈ. સ. ૧૩૩૧(હિ. સ. ૭૩૨)ના ઈટાલીના યુદ્ધમાં તેનો ઉપયોગ કર્યો. ઇસુની પંદરમી સદીના પૂર્વે કિલ્લા તોડી પાડવાના કામની આ તોપો હતી. પછી એનો વપરાશ જંગના મેદાનમાં પણ થવા લાગ્યો. જોન ઝીસ્કાએ સૌથી પહેલાં ઈ. સ. ૧૪૨૪(હિ. સ. ૮૨૮)માં ઉપયોગ કર્યો. ઈ. સ. ૧૪૫૯(હિ. સ. ૮૫૩)માં એની જોડે ગાડીઓ પણ હતી."[૨]

ઉપર્યુક્ત કથનો પરથી સ્પષ્ટ થઇ ગયું, કે યૂરોપમાં તોપનો ઉપયોગ ઇસુની ચૌદમી સદીથી શરૂ થયો, જ્યારે અરબો એતા ઘણા સમય પૂર્વે એનો ઉપયોગ કરી ચૂક્યા હતા. ડૉ. લેબૉન લખે છેઃ—

"સામાન્યપણે ઇતિહાસકારો એમ લખે છે, કે તોપનો વપરાશ પહેલ વહેલો ઇ. સ. ૧૩૪૬(હિ. સ. ૭૪૭)માં ક્રેસીની લડાઈમાં થયો, પરંતુ અરબ લેખકોના કેટલાય ગ્રંથો પરથી જણાય છે, કે એનાથી ઘણાં પૂર્વે તોપ વપરાશમાં આવી ચૂકી હતી. એકંદરે તે સંચય—કે જેનો "કાન્ડી" એ જૂદી જૂદી હસ્તલિખિત કિતાબો પરથી તરજુમો કર્યો છે—માં એમ લખ્યું છે, કે કોઈ યાકૂબ નામના અમીરે પોતાના એક દગાખોર સરદારના 'મહીદાર' નામક શહેરનો—જે આફ્રિકામાં આવેલું છે—ઇ. સ. ૧૨૦૫(હિ. સ. ૫૮૦)માં ઘેરો નાંખ્યો હતો અને ભીંતો પર જૂદાં જૂદાં યંત્રો અને ગર્જનારી કળો દ્વારા—જેને આજ સુધી કોઈએ જોયાં ન્હોતાં—હુમલો કર્યો હતો અને એ કળોમાંથી (જ્વાળાની) સો સો ધારો નીકળતી હતી અને શહેરમાં મોટા મોટા પત્થર અને આગના ગોળા વરસી રહ્યા હતા."[૩]

ઇબ્ને ખલ્દુને પણ આફ્રિકાના "સજલમાસા"ના એ જ પ્રકારના એક બનાવનું વર્ણન કર્યું છે. તે લખે છે કેઃ—"મોરોક્કોના સુલતાન અબૂ યુસુફે હિ. સ. ૬૭૨(ઇ. સ. ૧૨૭૩)માં સજલમાસાને ઘેરો નાંખ્યો. તેણે ઘેરાનાં યંત્રોને શહેરની સામે ગોઠવી દીધાં. તેમાં મિનજનીક, અરાદા અને નેફ્ત(Naphta Oil)નાં વાસણો પણ હતાં; જેનાથી લોઢાના કટકા વરસાવવામાં આવતા હતા. આ કટકાઓ (નેફ્તની) બંદુકોમાં ભરવામાં આવતા હતા અને તેના પછી બારૂદ રહેતો, જેને અગ્નિ લગાડવામાં આવતો હતો. એની અસર ઘણી જ વિચિત્ર હતી. એનાં પરિણામોને પરવરદિગારની કુદરત કહેવી જોઈએ. એક દિવસે એક મોટા પત્થરના ધક્કાથી—જે મિનજનીક દ્વારા ફેંકવામાં આવ્યો હતો—થોડીક ભીંત તોડી પાડવામાં આવી અને તે માર્ગે શહેર પર હુમલો કરી દેવામાં આવ્યો."[૪]

---

૧ એનસાઈકલોપીડિયા પૃષ્ઠ ૧૮૮ ભાગ ૫મો આવૃત્તિ ૧૧મી

૨ ,, પૃષ્ઠ ૬૮૫ ભાગ ૨જો ,, ,,

૩ "તમદ્દુને અરબ" પૃષ્ઠ ૪૪૧

૪ ઈબ્નેખલ્દુન ભાગ ૭ મો, પૃષ્ઠ ૧૮૮ હિ. સ. ૧૨૮૫માં મુદ્રિત થયેલ

ઇબ્ને ખલ્દુનના આ કથનથી તે સમયમાં તોપ ભરવાની રીત કેવી હતી, એ પ્રકટ થઈ ગયું. જણાય છે, કે તે સમયમાં એ વસ્તુ સામાન્ય થઈ ગઈ હતી. આફ્રિકા અને સ્પેનમાં એનો વપરાશ ઘણો હતો, એ વાતનું સમર્થન અરબી ઇતિહાસો પરથી થાય છે. ઇબ્નુલ ખતીબે લખ્યું છે, કે અમીર ઇસ્માઇલિ બરફજે રજ્જબ હિ. સ. ૭૨૪ (ઇ. સ. ૧૩૨૩)માં શત્રુના દેશ ઉપર ચઢાઈ કરી અને "હસન અસ્કર શૂજાઅ" પર સૈન્યની જમાવટ કરી, જે "બસ્તા"ના નજીક છે. અમીરે તેને ઘેરો નાંખીને યુદ્ધ શરૂ કર્યું અને એક ઘણા મોટા યંત્રથી,–જે 'નેફ્ત'થી બનેલો હતો,–લોખંડના આતશી ગોળાઓ મજબૂત બુરજો ઉપર ફેંકયા. તેના તણખા ઉડીને ઘેરાઇ ગયેલાઓના વર્તુલમાં પહોંચતા. તે લોકોથી––જેમનો અવાજ આકાશની ગર્જનાના જેવો હતો––પ્રતિસ્પર્ધી શત્રુઓને ઘણું નુકશાન પહોંચ્યું અને પ્રભુએ તેમનાં દિલોમાં એવી ધાક બેસાડી દીધી કે તેઓ હાથ બાંધીને સીધા અમીરની પાસે ચાલ્યા આવ્યા અને મરજી-નામરજીએ તાબેદારી સ્વીકારી લીધી. આ બનાવ ૨૪મી રજ્જબનો છે. આ વિજય માટે કવિઓએ મુબારકી પેશ કરી અને કેટલાકોએ તે તોપનું પણ તેમાં વર્ણન કર્યું, જેની બે પંક્તિઓનો અર્થ આ છેઃ–

"લોકો એમ સમજી રહ્યા હતા કે વ્યોમ પર ચમકાર અને ગર્જના થાય છે. બસ, તેમને આકાશના નીચે જ ચમક અને ગર્જને ઘેરી લીધા. ચિત્ર વિચિત્ર રૂપો––જેનાથી શોરબકોર પ્રસરતો હતો––પહાડો પર ધુધવાટ કરતા આવતા અને ઉપર ચઢી જતા."[1]

એજ અમીર ઇસ્માઇલે એનાથી પૂર્વે ઇ. સ. ૧૩૦૮(હિ. સ. ૭૦૮)માં "જબલ અલ તારક"ના ઘેરા વખતે પણ આનો ઉપયોગ કરીને મોટો ફાયદો સંપાદન કર્યો હતો, અને ઈ. સ. ૧૩૧૫(હિ. સ. ૭૧૫)માં "તરીફા" ના સ્થળે ખ્રિસ્તીઓ જોડે જે યુદ્ધ થયું, તેમાં મેળવેલી સફળતાના મુખ્ય કારણ રૂપ પણ એ જ ગોળા હતા.

ઈ. સ. ૧૩૧૫(હિ. સ. ૭૧૫)માં અરબોએ "અલજ ઝીરાહ" શહેરને ઘેરો નાંખતી વેળા પણ એનો ઘણો છૂટથી ઉપયોગ કર્યો.[2] તે સમયમાં આ વસ્તુ અરબોમાં ઘણી પ્રચલિત થઇ ગઈ હતી અને દરેક જગ્યાએ તેના ઉપયોગનો રિવાજ થઈ ગયો હતો. ડૉ. લેબૉન લખે છેઃ––"તે સમયના હસ્તલિખિત ગ્રંથો પરથી માલમ પડે છે કે અરબોમાં તોપ વાપરવાનો રિવાજ ઘણા મોટા પ્રમાણમાં પ્રસરી ગયો હતો અને તેમણે એને ઘણે ભાગે ઈ. સ. ૧૩૪૨(હિ. સ. ૭૪૩)માં "અલજસર"ના રક્ષણમાં—જેના ઉપર આલ્ફાન્સો(અગીયારમા)એ હુમલો કર્યો હતો––વાપરી. અંગ્રેજ કાઉન્ટ ડર્બી અને સાલ્સબરી––જે ઘેરાના સમયે હાજર હતા––તેમણે બારૂદના આ નવા ઉપયોગને જોયો અને આ શોધને પોતાના દેશમાં લઈ ગયા અને તે જ કારણે ચાર વર્ષ પછીથી ઇ. સ. ૧૩૪૬ (હિ. સ. ૭૪૭)માં અંગ્રેજોએ ક્રીસીના યુદ્ધમાં તોપનો ઉપયોગ કર્યો."[3]

તોપો કેમ ભરાતી? તેમાં કઈ કઈ ચીજો હતી?

આ લખાણથી ન માત્ર એટલું જ્ઞાત થઈ ગયું કે યૂરોપ તોપ વાપરવાનું અરબો પાસેથી શીખ્યું, બલ્કે એ પણ સ્પષ્ટ થઈ ગયું, કે અરબોએ યૂરોપના વપરાશનાં વર્ષો પૂર્વે

૧ "અહાતા ફી અખ્બાર ગિરનાતા" પૃષ્ઠ ૨૬૯ : હયદરાબાદ :

૨ મોસ્યો સ'દેવ કૃત "તારિખે અરબ" પૃષ્ઠ ૪૭૬ : લખનૌ :

૩ "તમદ્દુને અરબ" પૃષ્ઠ ૪૪૨

એની શોધ કરી અને એટલા મોટા પ્રમાણમાં ઉપયોગમાં મૂકી કે યુદ્ધસામગ્રીમાં અન્ય ચીજોની માફક એ પણ એક સામાન્ય વસ્તુ થઇ ગઇ. ઇબ્ને ખુલ્દુનના કથનથી તોપ ભરવાની સંક્ષિપ્ત હકીકત બ્યાન થઇ ચૂકી, પરંતુ એનું વિગતવાર વૃતાન્ત અન્ય અરબી ગ્રંથોમાં છે, જેનું વર્ણન જે તે સ્થળે ઇતિહાસોમાં કરવામાં આવ્યું છે. ડૉ. લેબૉન લખે છેઃ—

"આ અરબી બારૂદનો નુસ્ખો અને ફેંકનાર કળોનું વર્ણન અમને અરબી ગ્રંથોથી માલમ થાય છે. નીચે અમે તે સંબંધી એક ઘણી રસપ્રદ ઇબારત ઉતારીએ છીએ, જે તેરમી સદીના અંતના એક હસ્તલિખિત પુસ્તકમાંથી લેવામાં આવી છે, અને તેનો તરજુમો "રેનુ"એ કર્યો છે:

> '"તે પાઉડર અને તેના પ્રમાણનું બ્યાન, જે મદફ્અ(તોપ)માં ભરવામાં આવે છેઃ ક્ષાર (શોરાહ) દસ દિરમ, કોલસા બે દિરમ અને ગંધક ૧½ દિરમ. એને બારિક વાટીને તોપમાં ⅓ સુધી ભરવો જોઈએ અને એનાથી વધારે નહીં, કેમકે તેથી ફાટી જવાનો ભય છે. ભરવા માટે તોપના મોંઢાની બરાબર લાકડીનો ગજ બનાવવો અને તેનાથી બારૂદને ઠાંસવો અને પછી ઉપરથી ગોળો અથવા લોખંડનો કટકો નાંખવો અને તે પછી તેની જામગીરીને સળગાવવી. તોપની લંબાઈ તેના સુરાખ (છિદ્ર) મુજબ હોવી જોઈએ. જો સુરાખના મુજબ લંબાઈ ન હોય તો તેમાં એબ હશે."[૧]

ટૂંકમાં, હિજરીની આઠમી સદી(ઇસુની ચૌદમી સદી)ની આખરી સુધી આ વસ્તુ યૂરોપ સિવાય તમામ એશિયામાં પ્રચલિત થઇ ગઈ અને શક્તિશાળી સલ્તનતોએ એનું એલાહેદુ ખાતું સ્થાપી દીધું અને પદ્ધતિસરની વ્યવસ્થા પણ સ્થાપિત કરી દીધી.

અરબો કનેથી યૂરોપે લીધેલું શિક્ષણ.

મુહમ્મદ ફરીદબેકે પોતાના ઇતિહાસમાં લખ્યું છે, કે ટર્કોમાંથી સુલતાન મુરાદ (બીજા) બીન સુલતાન મુહમ્મદ ચલ્પીએ ગ્રીસના યુદ્ધના મોકા પર ઇ. સ. ૧૪૪૫(હિ. સ. ૮૪૯)માં પહેલી વાર તોપ વાપરી. તેઓ લખે છે કેઃ—

"જ્યારે કુસ્તનતીનને જ્ઞાત થયું, કે સુલતાન તેના દેશને ફત્તેહ કરવા માટે મક્કમ છે, ત્યારે તેણે સંખ્યાબંધ કિલ્લા તૈયાર કર્યા, જેને ફત્તેહ કરવાનું કાર્ય સરળ ન હતું, પરંતુ આવા બુલંદ કિલ્લા પણ ઉસ્માની સૈન્યને માટે અવરોધક સાબીત ન થયા. સુલતાને તોપો દ્વારા ગાબડાં પાડી દીધાં અને "કુરન્થ"માં ઉસ્માની લશ્કર દાખલ થઇને સફળ થઇ ગયું. ઇતિહાસકારોએ લખ્યું છે, કે ઉસ્માનીઓએ પહેલવહેલી વેળા જ તોપ ઉપયોગમાં લીધી."[૨]

પરંતુ આ વાત કોઇ પણ રીતે સાચી નથી, કે ટુર્કો આઠમી સદીની આખરીમાં એનાથી સારી રીતે વાકેફ થઈ ચૂકયા હતા, અને વ્યવસ્થિત રીતે તેમનું તોપખાનું મોજુદ હતું અને જેના પર અમલદારો નિયુક્ત હતા. એન્સાઈક્લોપીડીયામાં છે કેઃ—

"'બર્ટરંડે' ઇ. સ. ૧૪૩૨(હિ. સ. ૮૩૬)માં બલ્કાનની સફર કરી. તેણે પોતાના પ્રવાસ–ગ્રંથમાં ટર્કોની લશ્કરી વ્યવસ્થા ઉપર ઘણા વિસ્તારપૂર્વક પ્રકાશ નાંખ્યો છે. ત્યાંના લશ્કર પર ટીકા કરતાં તે લખે છે, કે ઘણાં ખ્રિસ્તી સેપાહો ટર્કોના સૈન્યમાં તોપચીઓ

---

૧ "તમદ્દને અરબ"

૨ "તારિખે દવલતે ઉસ્માનીયા" પૃષ્ઠ ૫૭ મિસરમાં મુદ્રિત થયેલ

અને ઇજનેરના ઓહ્દાપર નિયુક્ત હતા. એ લોકો તે જમાનાની સૌથી મજબૂત તોપો કોન્સ્ટેન્ટીનોપલ(ની પાસે) જમા કરતા હતા."[1]

"ઇ. સ. ૧૪૫૩(હિ. સ. ૮૫૭)માં કોન્સ્ટેન્ટીનોપલના ઘેરાના સમયે આ તોપખાનાથી ઘણું કામ લીધું. એ ઘણી ભારી અને વજનદાર તોપો હતી અને ખાસ એ જ કાર્યના માટે ઢાળવામાં આવી હતી. આ કામમાં 'ઑાલ' નામક તોપચીને નિપુણતા વરી હતી અને એની જ દેખરેખમાં કામ અંજામે પહોંચતું હતું. એ બાર કનતાર વજનના પત્થરના ગોળા એક માઈલના છેટાથી ફેંકતો હતો."[2]

એન્સાઇકલોપીડીયામાં છે, કે "ઇસુની પંદરમી સદીમાં તોપોનું મોટું કારખાનું કોન્સ્ટેન્ટીનોપલના ઘેરા ઇ. સ. ૧૪૫૩(હિ. સ. ૮૫૭)માં જાહેર થવા પામ્યું, જેમાં ટર્કોએ તોપોનો ઉપયોગ બહોળા પ્રમાણમાં કર્યો. એ તોપોમાંની ઘણી તોપો ઘણી જ બ્હીઆમણી હતી. ટૂંકમાં પત્થરનો એક ગોળો જેનું વજન ૭૦૦ પાઉન્ડ હતું, 'સર્ટીડેક વર્થ'ના વહાણના સઢના લાકડા પર એવી રીતે આવીને લાગ્યો કે તે બે કટકા થઈ ગયું. બીજા ગોળાએ સાઠ માણસોને જખ્મી (કર્યા) અને મોતના ઘાટે ઉતાર્યા."[3]

ન માત્ર ટર્કો બલ્કે તાતારી પણ એનાથી જાણકાર હતા, અને ટર્કોથી પૂર્વે હિજરીની સાતમી સદીમાં ખ્વારઝમ(ખેવા)ના ઘેરાના સમયે એનો ઉપયોગ ચંગીઝખાં કરી ચૂકયો હતો. "તારિખે જવીની"માં છે કે:—

"યુદ્ધયંત્રો, લાકડી, મિનજનીક, સંગ[4](તોપ) વિગેરે મેળવવામાં મશગુલ થયો અને કેમકે ખ્વારઝમની આસપાસ સંગ(તોપ) ન હતા, એ કારણે તુતના વૃક્ષથી સંગ (તોપ) બનાવ્યા."

"ઇબ્ને અરબશાહે હિ. સ; ૮૦૪(ઈ. સ. ૧૪૦૧)ના 'કમાખ'ના ઘેરા સંબંધી "તારિખે તયમૂરી"માં લખ્યું છે કે:—

"જ્યારે કિલ્લાવાળાઓએ આ બધું જાણ્યું ત્યારે અગ્નિ અને બારૂદ(ને) લાકડાંપર વરસાવવા લાગ્યા, જેનાથી બળવા લાગે."[5]

મુલ્લાં શર્ફુદ્દીન યઝદીએ તયમૂરના 'સેવાસ' વિજય સંબંધી જે બ્યાન આપ્યું છે, તે એનાથી વધારે સ્પષ્ટ છે. આ યુદ્ધ સુલતાન બાયઝીદને હિ. સ.૮૦૪(ઈ. સ. ૧૪૦૧)માં તયમૂરની જોડે 'સેવાસ'ના સ્થળે થયું હતું:—

"અસંખ્ય સેપાહો કિલ્લાની ચારે તરફ મિનજનીક અને 'અરાદાહ' ફેંકવા લાગ્યા."[6]

ઇબ્ને અરબશાહ એક બીજા સ્થળે સિરિયાના યુદ્ધ સંબંધી લખે છે, જેમાં તયમૂરને પ્રશંસાજનક વિજય સાંપડયો હતો:—

"તેના સૈન્યે તરવારોની ચમક અને તોપોની ગર્જનાદ્વારા સફળતા મેળવી."[7]

---

૧ એન્સાઈક્લોપીડીયા પૃષ્ઠ ૬૨૩

૨ "તારિખે દવલેતે ઉસ્માનીયા" પૃષ્ઠ ૫૯ મિસરમાં મુદ્રિત થયેલ

૩ એન્સાઇકલોપીડીયા પૃષ્ઠ ૯૮૫ ભાગ ૨ જો આવૃત્તિ ૧૧ મી.

૪ "તારીખે જહાંકુશાએ જવીની" ભાગ ૧ લો પૃષ્ઠ ૯૯ : લીડન :

૫ "અજાયબુલ મકદૂર" પૃષ્ઠ ૨૫૮ લાહોર એડીશન ઈ. સ. ૧૮૯૮

૬ "ઝફરનામા" : હસ્તલિખિત : પૃષ્ઠ ૨૭૨ દારૂલમુસન્નેફીન (આ'ઝમગઢ)

૭ "અજાયબુલ મકદૂર" પૃષ્ઠ ૨૨૩

એનાથી જ્ઞાન થયું કે સુલતાન બાયઝીદ [મૃત્યુ હિ. સ. ૮૦૪ : ઈ. સ. ૧૪૦૧] અને તયમૂર બન્ને (ટર્કી અને તાતારી, તોપનો ખૂબ ઉપયોગ કરતા હતા.

હિન્દમાં તોપનો ઉપયોગ

હિન્દુસ્તાનમાં તોપ ક્યારથી ઉપયોગમાં લેવાઈ, તે સંબંધી કોઈ ચોક્કસ તારીખ (સન) બતાવી શકાતી નથી. અલબત્ત, ઝિયા બરનીએ હિ. સ. ૬૯૯ (ઈ. સ. ૧૨૯૯) ના રણથંભોરના ઘેરાના મોકા પર એક સ્થળે લખ્યું છે કેઃ–

"એક દિવસે નસરતખાં કિલ્લાની પાસે ગયો હતો, સરકોબ અને દમદમા બનાવવાની ચિંતામાં લીન હતો અને કિલ્લાથી મગરિબી પત્થરો બરાબર આવી રહ્યા હતા કે અચાનક એક પત્થર નસરતખાંપર પડયો; જેનાથી (તે) જખ્મી થઈ ગયો."[1]

આગળ વધીને એક બીજા સ્થળે એ જ બનાવને અંગે લખે છે કેઃ—

"જ્યારે ઘેરામાં વધારે દિવસો નીકળી ગયા, ત્યારે રેતી ભરીને ખાઇઓને પૂરવાનો યત્ન કરવામાં આવ્યો. એ સ્થિતિમાં અંદર કિલ્લામાંથી રાજપૂતો અગ્નિ અને પત્થર વરસાવતા હતા......આસપાસના દેશોમાંથી ગુણપાટો અને થેલાઓ મંગાવીને સૈન્યમાં વ્હેંચ્યા. તેમાં રેતી ભરીને ખાઇઓને પૂરવા લાગ્યા અને તે પર સરકોબ અને દમદમા તૈયાર કરવામાં આવ્યા (અને) 'સંગેમરિબી' ગોઠવવામાં આવ્યા, (કિલ્લાવાળાઓ) એનાથી દમદમાને ખરાબ કરતા હતા અને કિલ્લાના ઉપરથી આગ વરસાવતા હતા."[2]

એ તો ઉપર લખી ચૂકયા છીએ, કે મિનજનીકનો ઉપયોગ હિન્દુસ્તાનમાં પ્રચલિત થઈ ચૂકયો હતો. અલબત્ત, એક વાત અવશ્ય વિચારને પાત્ર છે કે આ 'સંગ' અથવા 'સંગેમગરિબી' શી ચીજ છે? ફરિશ્તાએ તો એને મિનજનીક જણાવેલ છે, પરંતુ જો વાસ્તવમાં એ મિનજનીક જ છે તો ઝિયા બરનીને આ નવીન શબ્દનો પ્રયોગ કરવાની શી જરૂર હતી? તે મિનજનીક શબ્દ જ વાપરત, જેમકે એનાથી પૂર્વે પણ તે કેટલીય વાર વાપરી ચૂકયો છે. મારો વિચાર છે એ કે વાસ્તવમાં એ તોપ હતી, જે હિજરીની છટ્ઠી સદીમાં શોધાઈ ચૂકી હતી અને સાતમી સદીના અંતમાં અને આઠમી સદી(ઈસુની ચૌદમી સદી)ના આરંભમાં સ્પેન, આફ્રિકા, ઈજીપ્ત અને અરબોમાં પૂરતા પ્રમાણમાં રૂઢ હતી. કેમકે આ નવીન યંત્ર સ્પેન અને આફ્રિકાથી બીજા દેશોમાં વપરાશમાં આવ્યું અને એ દેશોને અરબી ભાષામાં "મુમાલિકે મગરિબી" (પાશ્ચાત્ય દેશો) કહે છે. એ કારણે એનું નામ "સંગે-મગરિબી" રાખ્યું, જેને અરબીમાં મદફ્અ (તોપ) કહે છે.

મુહમ્મદ બીન ઉમર મક્કી જે લાંબા કાળ સુધી એરેબીયામાં રહી ચૂકયો છે, તે પોતાના ઇતિહાસમાં હિ. સ. ૬૯૯(ઇ. સ. ૧૨૯૯)ના "ઝાબન"ના ઘેરા સંબંધી લખે છેઃ–

"અને એક દિવસે નસરતખાંએ લશ્કરને વ્યવસ્થિત કર્યું અને લશ્કરગાહ (કેમ્પ) અથવા છાવણીના ફરતે ફરીને તે તોપની પાસે ઉભો રહ્યો, જે હુનબરદેવના બુરજની સામે હતી અને તે સમયે તેમાં મુહમ્મદશાહ મોજુદ હતો. તેણે જ્યારે નસરતખાંને ઓળખ્યો, ત્યારે હુનબરદેવને કહ્યું કે આ ફલાણો સ્વાર છે. જો હું તેને કત્લ કરી નાંખું તો શું ઈનામ આપશો? તેણે પોતાના હાથના ઈશારાથી કહ્યું કે આ માંદળીયું! (જે કિમતી

૧ "ફિરોઝશાહી" પૃષ્ઠ ૨૭૨ : કલકત્તા :

૨ "ફિરોઝશાહી" પૃષ્ઠ ૨૭૭ : કલકત્તા :

મોતીઓ અને જડાવ સોનાનું હતું.) તેણે તાકીને એક ગોળો માર્યો, જેનાથી તેનો અંત આવી ગયો. તે જ્યારે જીન પરથી પડીને જમીન પર આવ્યો ત્યારે તેના પડવાની ખુશાલીમાં બુરજવાળાઓ સિત્કારી ઉઠયા અને એક ધોંધાટ મચી ગયો."[૧]

એ જ ગ્રંથકાર એક બીજા સ્થળે લખે છે કે:—

"કિલ્લાને ફત્તેહ કરવા માટે તોપ અને દમદમાને ઉચ્ચ સ્થળે લઈ જવાની કોશિશ કરવા લાગ્યા. ટૂંકમાં બન્ને બાજુથી તોપો ચાલી રહી હતી અને નુકશાન પહોંચાડી રહી હતી અને કિલ્લાવાળા દમદમાને નષ્ટ કરવા, બાળી નાંખવા અને આગ વરસાવવામાં વધારે સફળ થઈ રહ્યા હતા."[૨]

આ વર્ણનથી એમ સમજવું ન જોઇએ કે ફરિસ્તાની માફક ગ્રંથકારે પણ ભૂલ કરી, એટલે "સંગે મગરિબી"નો તરજુમો મિનજનીકને બદલે "મદફઅ" (તોપ) કરી નાંખ્યો, બલ્કે ઇતિહાસકાર ઝિયા બરનીએ જ્યાં મિનજનીકનો પ્રયોગ કર્યો છે, ત્યાં આ ગ્રંથકારે પણ મિનજનીક જ લખ્યું છે. સુલતાન અલાઉદ્દીન ખિલ્જીના પ્રારંભિક–યુગના વર્ણનમાં લખે છે:—

"અલાઉદ્દીન કટરાથી ચાલીને દિલ્હીની સામે પડયો અને માલવાળાઓની સફો તેની આગળ આગળ રહેતી હતી. તેની સાથે મિનજનીક હતી. મલેકો અને ઉમરાવોમાંથી જે તેને મળવા આવતો, તો અશરફીઓની થેલીઓ મિનજનીક દ્વારા ફેંકવામાં આવતી."[૩]

ગ્રંથકાર જે અરસા સુધી અરબમાં રહી ચૂકયો હતો, "સંગેમગરિબી"થી વાકેફ હતો અને એ કારણે જ તેણે સત્ય તરજુમો મદફઅ(તોપ)ની જોડે કર્યો. તે લખે છે કે:—

"ઝિયા બરનીએ લખ્યું છે કે એક દિવસ સ્વાર થઈને કિલ્લાની પાસે ગયો અને તેના નજીક દમદમાને ઉચ્ચ સ્થળે લઈ જવાનો યત્ન કરી રહ્યો હતો કે તોપનો એક પત્થર લાગ્યો અને બે દિવસ પછી મરી ગયો."[૪]

આ લખાણથી આ વાત પ્રકટ થશે, કે ગ્રંથકારે ઝિયા બરનીના "સંગેમગરિબી"નો તરજુમો પોતાના સંશોધનના બારિક જ્ઞાનના આધારે "મદફઅ" (તોપ) કર્યો છે. ગ્રંથકારના બયાનને "તબકાતેબહાદૂરશાહી"થી પણ અનુમોદન મળે છે, જેનો કર્તા બાબર અને હુમાયૂંનો સમકાલીન છે. સુલયમાન અકતખાંએ જ્યારે સુલતાન અલાઉદ્દીનને જખ્મી કરીને તખ્તપર કબ્જો કરવા ઇચ્છા કરી, છતાં અલાઉદ્દીન બચીને જ્યારે પોતાના તંબુની પાસે આવ્યો અને સૈન્યના લોકોએ તેને જોઇને જે આનંદોત્સવ ઉજવ્યો તે સંબંધી વાતને સદર ગ્રંથકાર આમ વર્ણવે છે:—

"છાવણીમાં આનંદની એવી ધૂમ મચી હતી, કે જાણે કયામત બરપા હતી. કયાંક શરણાઈ અને નગારાંનો અવાજ, કયાંક ઇન્સાનો અને હાથીઓના સિત્કાર, કોઈ તરફ બંદૂકોના અવાજ અને કોઈ તરફ તોપોની ગર્જના હતી."[૫]

---

૧ "ઝફરૂલવાલા" પૃષ્ઠ ૮૦૦ (બીજી બાંધેલી પ્રત) લીડન
૨ એજન „ ૭૭૯ „ „ „ „
૩ એજન „ ૨૭૯ „ „ „ „
૪ એજન „ ૮૦૦ „ „ „ „
૫ "તબકાતે બહાદૂરશાહી" ઝફરૂલવાલાના આધારે બીજી બાંધેલી પ્રત પૃષ્ઠ ૮૦૩ લીડન

એ તોપ એટલી વજનદાર હતી, કે તેને એક સો બળદો ખેંચીને લઈ જતા હતા. જે વેળા તે ચાલતી હતી ત્યારે જાણે ભૂમિ ધ્રૂજી જતી હતી. એની સંખ્યા એકંદર ચાર હતી.[૧]

અલાઉદ્દીન ખિલ્જી(મૃત્યુઃ હિ. સ. ૭૧૬ : ઈ. સ. ૧૩૧૬)ના સમયમાં દક્ષિણ હિન્દ(દક્કન)ના છ રાજ્યો વિખ્યાત હતાં. તલંગાના, મહારાષ્ટ્ર, ચૌલા, પાંડય, ચીરાહ અને હોસીયાલા. પરંતુ થોડા જ સમય પછી પાંડય ખાનદાન મઅબર(મદ્રાસ)ના ચૌલ રાજ્યમાં સમાઈ ગયું અને મહારાષ્ટ્રને, જેનું પાટનગર દેવગીર(દવલતાબાદ) હતું, અલાઉદ્દીન ખિલ્જીએ પોતાના કબ્જે કરેલા પ્રદેશમાં સામીલ કરી લીધું. બાકીની રિયાસતો બાજગુઝાર (ખંડીયા) થઇ ગઈ.

કુતુબુદ્દીન ખિલ્જી(મૃત્યુઃ હિ. સ. ૭૨૦ : ઈ. સ. ૧૩૨૦)ના સમયમાં આ રાજ્યોએ બળવો કર્યો, જેને દબાવી દેવા માટે ખુસરખાં પહોંચ્યો. તેણે મઅબર(મદ્રાસ) ફત્તેહ કરી લીધું. બાકીની રિયાસતો દસ્તુર મુજબ બાજગુઝાર રહી.

સુલતાન મુહમ્મદ તગલક(મૃત્યુઃ હિ. સ. ૭૫૧ : ઈ. સ. ૧૩૫૦)ના જમાનામાં દવલતાબાદ (મહારાષ્ટ્ર) અને મઅબર(મદ્રાસ)ની બે ઈસ્લામી રિયાસતો પેદા થઈ, જેનાં પાટનગર ગુલબર્ગા અને મદુરા હતાં. બાકી ત્રણ રિયાસતો રહી ગઈ. તેમાં ચીરાહ રાજ્યના મહેસુલનો મોટો હિસ્સો મુસલમાન વેપારીઓના દ્વારા હાંસિલ થતો હતો. એ કારણે ત્યાંનો રાજા તેમની જોડે ઘણી સરસ રીતે વર્તતો હતો. એ રિયાસત નવાબ હયદરઅલી સુધી કાયમ રહી. બાકી બે રિયાસતો તલંગાના, જેનું પાયતખ્ત વરંગલ હતું અને હોસીયાલા, જેનું પાટનગર દહોર સમુદ્ર હતું, એ બન્ને પૂરતી શક્તિશાળી હતી.

મુસલમાનોના વારંવારના હુમલાથી દહોર બંદર પોતાની રોનક ખોઈ બેઠું હતું. એ કારણે અહિંનો રાજા "તનોર" ચાલ્યો ગયો.[૨] મુહમ્મદ તગલકના જમાનામાં ગરશાસ્પના બળવાના સમયે રાજા કંપલાની રિયાસત જે હોસીયાલા ખાનદાનના કબ્જામાં હતી તે ઇસ્લામીઓના કબ્જે કરેલા પ્રદેશમાં સમ્મિલિત થઈ ગઈ હતી.

ફરિશ્તા લખે છે, કે વરંગલની હુકુમત પણ બળવાના કારણે મુહમ્મદ તગલકે ફત્તેહ કરી લીધી અને તેનો રાજા કશના(કૃષ્ણ) બીન લડરદેવ નાસીને હોસીયાલા ખાનદાનના રાજા બિલાલદેવની પાસે 'તનોર' પહોંચ્યો અને મદદની યાચના કરી. બન્નેના સંમત અભિપ્રાયથી એવું નક્કી થયું, કે બિલાલદેવ તનોર મૂકીને ઈસ્લામી પ્રદેશની સરહદ પર પાયતખ્ત સ્થાપે અને કૃષ્ણાને સહાયતા આપીને વરગલપર કબજો કરાવી દે. ટૂંકમાં, પોતાના દિકરા બિજનના નામ પરથી "બીજનનગર" વસાવ્યું, જે છેવટે બીજાનગર થઈ ગયું.

સુલતાન મુહમ્મદ તગલક [હિ. સ. ૭૪૦; ઈ. સ. ૧૩૩૯]થી કદમે કદમેના બળવાઓના કારણે વ્યાકુળ હતો. આ ઝઘડા અને અશાન્તિથી સંપૂર્ણ લાભ ઉપાડીને બિલાલદેવે કૃષ્ણાનો વરંગલપર કબ્જો કરાવી દીધો.

દખ્ખણમાં બહમની(બ્રાહ્મણી) સલ્તનતનો આરંભ થઈ ચૂકયો હતો અને તેની સાથો સાથ બીજાનગરે જલ્દીજલ્દી ઉન્નતિ શરૂ કરી દીધી અને અંતે થોડાક જ દિવસો પછી

---

૧ ઇલીયટ ભાગ ૬ ઠ્ઠો (સપ્લીમેન્ટ) પૃષ્ઠ ૪૬૬
૨ "સફરનામાઇબ્ને બતુતા"નો હાંસીયો પૃષ્ઠ ૧૬૪ દિલ્હીમાં મુદ્રિત થયેલ.

દ્ઢહોર સમુદ્ર અને મઅબરની ઈસ્લામી રિયાસતોનો અંત આણી દીધો અને તેના આસ-પાસના સમસ્ત પ્રદેશ પર કબ્જો કરીને મોટો શક્તિશાળી રાજા બની ગયો.

'બુલે વિજયાનગર'માં છે, કે હિ. સ. ૭૨૩(ઈ. સ. ૧૩૨૩)માં વરંગલ ફત્તેહ થયું ત્યારે હરિહર અને બુક્કા નામક બે ભાઇઓ ત્યાંથી નાસી છૂટયા અને કંપલામાં આવીને નોકર રહ્યા અને કંપલાના વિજય પછી જ્યારે અહિંની હુકુમત મુસલમાનો સંભાળી ન શકયા, ત્યારે આ બન્ને ભાઇઓને આપી દીધી, જેઓ ધીમે ધીમે ઉન્નતિ કરતા છેક પ્રધાનપદ સુધી પહોંચી ચૂકયા હતા.

હરિહર જે રાજા થઈ ચૂકયો હતો, તેણે પોતાના ગુરૂ "વદૈયા રાનીયા"ના નામ પર એક શહેર વસાવ્યું, જેનું નામ 'વદૈયાજીયા" રાખ્યું, જે બીજાનગર થઈ ગયું.[1]

દખ્ખણમાં તોપનો ઉપયોગ

દખ્ખણ સંબંધી આટલી હકીકત જાણ્યા પછી હવે એ જાણવાનું છે કે અહિં તોપ કયારે વાપરવામાં આવી ? એમ તો દખ્ખણમાં પણ યુદ્ધનાં દરેક પ્રકારનાં હથિયારોનો વપરાશ થતો હતો. ટૂંકમાં, મુહમ્મદશાહ બહમનીએ તલંગાનાના યુદ્ધ(હિ. સ. ૭૬૩ : ઇ. સ. ૧૩૬૧)માં મિનજનીક વાપરી,[2] પરંતુ તોપના સંબંધી કોઈ ખરી તારીખ દેખાડી શકાતી નથી.

અલબત્ત, એ ખરૂં છે, કે દખ્ખણમાં કેટલાક વખતથી એ ચીજ ઉપભોગમાં હતી અને દખ્ખણના રાજાઓ એનાથી પૂરતા વાકિફ હતા. દખ્ખણી મુસલમાનોએ સૌથી પ્રથમ મુહમ્મદશાહ બહમનીના સમયમાં એનાથી કામ લીધું; કેમકે એ સમયમાં બંદૂકનો રિવાજ પણ પ્રચલિત થઈ ચૂકયો હતો. ટૂંકમાં, તલંગીઓએ પાછા ફરતી વેળા મુહમ્મદશાહ બહમનીના લશ્કરને એનાથી સખ્ત નુકશાન પહોંચાડયું, એટલે સુધી કે ખુદ મુહમ્મદશાહના દંડ પર પણ એનાથી ચોટ આવી.[3]

તોપનો પણ વપરાશ દખ્ખણમાં જારી હતો અને શક્તિશાળી રાજાઓ એને કામમાં લેતા હતા. હિ. સ. ૬૬૭(ઈ. સ. ૧૩૬૫)ના યુદ્ધમાં બીજાનગરનો રાજા ૧૦૦ તોપો લઇને આવ્યો હતો, જે તેની હાર થયા પછી મુહમ્મદશાહ બહમનીના હાથ આવી:—

" 'તોહફતુસ્સલાતીન'ની રિવાયત (કથન) મુજબ બે હજાર હાથી અને ત્રણસો ગાડી તોપ, સાતસો ઘોડા, એકસો જડાવ પાલખી શાહી મિલ્કતમાં દાખલ થઈ. બાકી પર ઉમરાવો કબ્જેદાર થયા."[4]

એના પછી ફેરિશ્તાં લખે છે, કે મુહમ્મદશાહ બહમનીએ એના તરફ વિશેષ લક્ષ આપ્યું અને એ માટે એક ખાસ ખાતાનો વધારો કર્યો અને ઉચ્ચ અમલદારની નિમણુંક અમલમાં કરી, જે અમલદાર "સેરતાન"નો રહેનાર હતો અને જેનું નામ મુકર્રબખાં હતું. તેના શબ્દો આ છે:—

"સુલતાન મુહમ્મદશાહ બહમની, ખાનમુહમ્મદની સલાહથી કિલ્લો ફત્તેહ કરવાની

૧ "તારિખે મઅબર" : અલીગઢ :
૨ ફરિશ્તા પૃષ્ઠ ૨૮૬ : લખનૌ :
૩ ફરિશ્તા પૃષ્ઠ ૨૮૬ : લખનૌ :
૪ ફરિશ્તા પૃષ્ઠ ૨૮૭ નવલકિશોર : લખનૌ ;

પાછળ ન પડયો, અને બધા દેશો અને કિલ્લાઓમાં ફરમાન મોકલીને તોપો માંગી અને આતશબાઝી(તોપસાઝી)નું કારખાનું (જે દખ્ખણના મુસલમાનોમાં તે સમય સુધી પ્રચલિત ન હતું.) સ્થાપીને તેનું એક અલાહેદું ખાતું બનાવ્યું અને મુકર્રબખાં વલદે સફદરખાં સેસ્તાનીને-જે ભરોંસાપાત્ર ઉમરાવોમાં હતો—એ ખાતાનો અમલદાર બનાવ્યો અને બધા રૂમી (ટર્કી) અને ફિરંગી (?)ને—જે તેના લશ્કરમાં નોકર હતા—તેના તાબામાં મૂકયા[1] અને એવી રીતે લોકોની મારફતે એક જબ્બર તોપખાનું તૈયાર કરી લીધું."

આ કથનથી એમ માલમ થાય છે, કે સમસ્ત દખ્ખણના પ્રાન્ત(દક્ષિણ હિન્દ)માં એનાથી પૂર્વે તોપનો રિવાજ ન હતો. ઘણે ભાગે એનાથી ફરિશ્તાનો ઉદ્દેશ બહમની સલ્તનત જોડે છે, જે માત્ર થોડીક સાલોથી સ્થાપાઈ હતી. નહીંતર એનાથી પહેલાં દક્ષિણ હિન્દમાં તોપ પ્રચલિત થઈ ચૂકી હતી. ફરિશ્તાએ પોતે લખ્યું છે, કે બીજાનગરના રાજાએ ત્રણસો તોપો જંગના મેદાનમાં છોડી દીધી, જે અમે ઉપર લખી ચૂકયા છીએ અને પ્રકટ છે કે હિન્દુ રિયાસત બીજાનગરમાં ત્રણસો તોપો કયાંથી આવી ? જ્યાંસુધી આનો સામાન્ય રિવાજ દક્ષિણ હિન્દમાં થયો ન હોય ?

એનો જવાબ એ છે, કે દક્ષિણ હિન્દુસ્તાનમાં મુસલમાનો મોટી સંખ્યામાં આબાદ હતા, જે વધારે ભાગે યમન, બસરા, ઇરાક, મિસર અને ઇરાનના રહેનારા હતા. એઓ વેપાર અને નોકરી બન્ને હેસિયતે રહેતા હતા. એ જ લોકો હતા, કે જેમણે મિસર અને ઇરાનથી તોપ લાવીને દક્ષિણ હિન્દુસ્તાનમાં પ્રચલિત કરી.

એ મુસલમાનો દક્ષિણ હિન્દુસ્તાનમાં દરેક સ્થળે પ્રસરેલા હતા અને દરેક રીતે હરેક ઓદ્ધા પર વિદ્યમાન હતા. જો કે ઘણે ભાગે આખા દક્ષિણ હિન્દુસ્તાનમાં હિન્દુ રાજાઓની એ હુકુમતો હતી. હુકુમતો લાંબા કાળ પર્યંત ઉત્તર હિન્દુસ્તાનના મુસલમાનોની સ્પર્ધામાં સ્થાપિત રહી, તેનું અસલ કારણ પણ એ જ મુસલમાનોનું અસ્તિત્વ છે, જેઓ નોકરની હેસિયતે રાજાઓને ત્યાં રહેતા હતા. ઇબ્ને બતુતા જે આઠમી સદીની મધ્યમાં દક્ષિણ હિન્દુસ્તાનની યાત્રા કરી ચૂકયો હતો તે લખે છેઃ—

"બે દિવસ પછી અમે 'ફાકનોર' પહોંચ્યા. (એને આજકાલ 'બરકોર' કહે છે. મદ્રાસની સીમામાં દાખલ છે, બીજાનગરના તાબામાં હતું.) આ શહેરમાં ઘણા મુસલમાનો છે. તેઓમાં સૌથી મોટા હુસયન સલાત છે......આ શહેરના રાજાનું નામ "બાસદેવ" છે. ત્રીસ જંગી વહાણો તેની પાસે છે; પરંતુ સૌનો અમલદાર લુલા (લુલુ) નામક મુસલમાન છે."[2]

એક જગ્યાએ લખે છેઃ "હનુર શહેરના (જે બીજાનગરના તાબામાં હતું અને જેને આજે હોનુર કહે છે, મુંબાઈ ઇલાકામાં દાખલ છે.) મુસલમાન રહેવાસીઓ શાફઈ મઝહબના છે. તેઓ ધર્મિષ્ઠ, સત્યપ્રિય અને દરિયાઈ તાકાતને માટે વિખ્યાત છે. શહેરમાં છોકરાઓ માટે ૨૩ મદ્રેસા(પ્રાથમિક શાળાઓ) અને છોકરીઓ માટે ૧૩ છે અને તેમાં ઘણાં

૧ એ સમયમાં હિન્દુસ્તાનમાં ફિરંગી આવ્યા ન હતા. ઘણે ભાગે લેખકથી અથવા (તેના) લહીયાથી અહિં કંઈક ભૂલ થયેલી લાગે છે.—અ. ઝફર નદવી

૨ "સફરનામા ઇબ્નેબતુતા" ભાગ ૨ જો પૃષ્ઠ ૧૩૯ ; મિસર :

કુરઆનના હાફિઝો બને છે. મલબારના લોકો સુલતાન જલાલુદ્દીનને કાંઈક ખંડણી પણ આપે છે, કેમકે તેમની પાસે દરિયાઈ શક્તિ ઘણી જબ્બર છે. તેઓ છ હજાર પાયદળ અને સ્વાર પણ રાખે છે. એ ઘણો સદાચારી છે અને એક હિન્દુ રાજાના તાબાનો છે, જેનું નામ "હુરીબ" છે."[1] (એનું ખરૂં નામ "હુરિહર" છે, જે બીજાનગરનો રાજા હતો.)

બતુતાએ મેંગલોર શહેરના વર્ણનમાં લખ્યું છેઃ-

"આ શહેરમાં ઘણે ભાગે ફારસ અને યમનના સોદાગરો આવે છે...આ શહેરનો રાજા મલબારમાં સૌથી મોટો રાજા છે. એનું નામ "રામદેવ" છે. આ શહેરમાં ચાર હજાર મુસલમાનો રહે છે. તેમની વસ્તી શહેરની બહાર છે. કદિ કદિ નગરજનો જોડે તેમની લડાઈ પણ થઈ જાય છે, તો રાજા તેઓ વચ્ચે સુલેહ કરાવી દે છે. શહેરનો કાઝી બદરૂદ્દીન મઅબરી શાફઇ છે. તેણે કહ્યું કે ફાકનોરમાં મુસલમાનોની આબાદી અલ્પ છે અને ત્યાં મુસલમાનોનું બળ કાંઈ પણ નથી, પરંતુ આ શહેરમાં રાજા પોતે અમારાથી બ્હીએ છે અને એ માટે જુમ્મેદારની આવશ્યકતા નથી."[2]

એક બીજા સ્થળે લખે છેઃ "કાલીકટ એક ઘણું જ મોટું બંદર છે. યમન, ને ફારસનાં બલ્કે આખી દુનિયાનાં વહાણો આવે છે. અહિંનો રાજા હિન્દુ છે, જેનું નામ "સામરી" છે. અહિંના પોર્ટકમીશ્નરનું નામ મલેકુત્તુજ્જાર ઈબ્રાહીમ છે. શહેરનો કાઝી ફખ્રુદ્દીન ઉસ્માન અને ખાનકાહનો વ્યવસ્થાપક શયખ શહાબુદ્દીન ગાવઝરૂની છે. નાખુદા ઈમિસકાલ તાજીરે આ'ઝમ એ જ શહેરમાં રહે છે; જેનાં વહાણો ચીન, હિન્દુસ્તાન, યમન, ફારસ આવે જાય છે."[3]

ફતહગવા(સનદાપુર)ના મોકાપર લખે છેઃ—

"સુલતાન જલાલુદ્દીન(હુનુરનો રાજા, બીજાનગરના તાબાનો)ની પાસે બાવન જંગી વહાણો હતાં...શનિવારને દિવસે અમે ચાલ્યા. મંગલવારને દિને અમે સનદાપુર પહોંચ્યા અને ખાડીમાં દાખલ થયા. જણાયું કે સનદાપુરના રહેવાસીઓ લડાઈ માટે તૈયાર છે અને મિનજનીક ઉભી કરીને બેઠા છે. રાત્રે અમે થોભેલા રહ્યા. સવારે જ યુદ્ધ શરૂ થઇ ગયું અને દુશ્મનોએ મિનજનીકથી પત્થર ફેંકવા શરૂ કરી દીધા. એક શખ્સ, જે બાદશાહની નજીક હતો, તેને (મિનજનીકનો) પત્થર વાગ્યો......અમે તલવાર પકડીને શહેરમાં દાખલ થયા. ઘણા હિન્દુઓ પોતાના રાજાના મહેલમાં જઈને છુપાઈ ગયા. અમે તેમના પર આગ વરસાવી તો તેઓ નીકળી આવ્યા. તે બધાને ગીરફતાર કરી લેવામાં આવ્યા, જે દસ હજાર લગભગ હતા."[4]

મઅબર(મદ્રાસ)ના વર્ણનમાં લખે છેઃ—"કે ત્યાંના રાજાનું નામ "સુંદર પાંડે" છે અને પ્રધાનનું નામ તકીયુદ્દીન અબ્દુર્રહમાન છે. ઈ. સ. ૧૨૯૩(હિ. સ. ૬૯૩)માં

૧ એજન પૃષ્ઠ ૧૩૨ „
૨ "સફરનામા ઇબ્નેબતુતા" ભાગ ૨ જો પૃષ્ઠ ૧૩૭ : મિસર :
૩ એજન પૃષ્ઠ ૧૪૦ „
૪ ઇબ્ને બતુતાનો ખુલાસો પૃષ્ઠ ૧૪૫
૫ ઇબ્ને બતુતા હાંસીયો પૃષ્ઠ ૩૬૨ : દિલ્હી :

આ રાજાનું અવસાન થયું. મદુરા તેનું પાટનગર હતું. ઈ. સ. ૧૩૧૧ (હિ. સ. ૭૧૧) માં જ્યારે કાફુરે મઅબર (મદ્રાસ)ને તાબેદાર બનાવ્યું ત્યારે અહિંના રાજાનું નામ "વિરા પાંડીયા" હતું."[૫]

"હિ. સ. ૭૧૬(ઈ. સ. ૧૩૧૬)માં એ રાજાએ માથું ઉંચકતા મલક ખુસરૂખાં ગુજરાતીએ સુલતાન કુતુબુદ્દીન ખિલ્જીના સમયમાં આ દેશને પોતાની સલ્તનતમાં દાખલ કરી લીધો. હિ. સ. ૭૩૫(ઇ. સ. ૧૩૩૪)માં સૈયદ હુસન કથીલીએ અહિં સ્વમુખત્યાર રાજ્ય સ્થાપ્યું, જેને બીજાનગરના રાજાએ ધીમે ધીમે દબાવવો શરૂ કર્યો. છેવટે હિ. સ. ૭૮૦(ઇ. સ. ૧૩૭૮)માં એનો સદંતર અંત આણી દીધો. બીજાનગરના રાજાનું નામ "હરિહર" (બીજો) હતું."[૧]

મઅબરના વર્ણનમાં ઇબ્ને બતુતા લખે છે કેઃ—

"આ બાદશાહ(મઅબરનો સુલતાન ગ્યાસુદ્દીન)ની આસપાસમાં એક બિલાલદેવ નામનો રાજા હતો. એ મહાન રાજા હતો. એનું સૈન્ય એક લાખ લગભગ હતું. તેમાં વીસ હજાર મુસલમાન હતા."[૨] આ બિલાલદેવ દહુર સમુદ્રનો રાજા હતો, એમ ઇતિહાસોમાં લખેલું છે.

ઉપર્યુક્ત કથનથી એ જ્ઞાત થઈ ગયું, કે દક્ષિણ હિન્દુસ્તાનની હિન્દુ રિયાસતોમાં મુસલમાનો મુલ્કી અને ફોજી ઉચ્ચ ઓહ્દાઓપર કબ્જેદાર હતા અને તેમના સંબંધો તે તમામ ઇસ્લામી દેશો જોડે સંકળાયેલા હતા, જ્યાં તોપોનો રિવાજ સામાન્યપણે પ્રચલિત થઈ ચૂકયો હતો.

આઠમી સદીની આખર અને હિજરીની નવમી સદીની શરૂઆતમાં તોપખાનું એટલું બધું ઉન્નતિ કરી ગયું, કે મુજાહીદશાહ (મૃત્યુઃ હિ. સ. ૭૭૯ઃ ઈ. સ. ૧૩૭૭) ફિરોઝશાહ બાહમની(મૃત્યુઃ હિ. સ. ૮૨૫ : ઇ. સ. ૧૪૨૧) અને હિન્દુસ્તાનના બીજા બાદશાહોના વિજયોનો આધાર માત્ર એના પર જ હતો અને હવે કિલ્લા તોડવા ઉપરાંત તોપખાનાનો ઉપયોગ જંગના મેદાનમાં જૂદા જૂદા પ્રકારથી થવા લાગ્યો હતો.

હિ. સ. ૮૨૫(ઇ. સ. ૧૪૨૧)ના બીજાનગરના યુદ્ધમાં એહમદશાહ બહમનીએ જ્યારે જોયું કે દુશ્મનોની સંખ્યા ઘણી વધારે છે અને રાત્રે લૂંટમારનું બજાર ગરમ થઈ જાય છે, ત્યારે તેણે તોપખાનાનો કિલ્લો તૈયાર કર્યો. એટલે સૈન્યના ચારેકોર એવી રીતે તોપો ગોઠવાવી કે જેથી શત્રુઓ સમીપ આવી ન શકે અને નજીક આવતાં આવતાં તો ફના થઇ જાય. આ પ્રકાર મોટે ભાગે ટર્કોની શોધ છે અને એ જ માટે આ યુદ્ધપ્રકારને "રૂમી તર્ઝ" કહે છે.

ફરિસ્તા[૩] લખે છે કેઃ—

"લગભગ દસ લાખ પાયદળ અને તોપચી અને કમાનદાર શત્રુના લશ્કરમાં મોજુદ હતા. ચોરોની માફક લશ્કરમાં ઘુસીને નુકશાન પહોંચાડતા, ઘોડાઓ અને માણસોને મારી

૧ "તારિખે મઅબર" પૃષ્ઠ ૧૯ : અલીગઢ :

૨ ઇબ્નેબતુતા પૃષ્ઠ ૧૭૪ : મિસર ;

૩ ફરિશ્તા પૃષ્ઠ ૩૨૦ નવલકિશોર

નાંખતા. સુલતાન એહમદશાહ, રૂમી રૂઢિએ તોપોને—જેની સંખ્યા લગભગ બે હજારની હતી—સૈન્યના આસપાસ ગોઠવીને ચાલીસ દિવસ સુધી બેઠો રહ્યો."

હિ. સ. ૮૨૬(ઇ. સ. ૧૪૨૨)માં કાશ્મીરના બાદશાહ ઝયનુલ આબેદીનની પાસે "જબ" (રજાજબ) નામક માણસ આ કલાનો મોટો જ્ઞાતા હતો. તેણે આ કલાને કાશ્મીરમાં ખૂબ જ ઉન્નત કરી. બારૂદ કેમ બનાવવો, તોપ–બંદૂકો કેમ ઢાળવી, એ તેણે કાશ્મીરીઓને શિખવ્યું. તેના આ ઉદારતાભર્યા શિક્ષણદાનથી કાશ્મીરમાં આ હુનરના મોટા મોટા જ્ઞાતા પેદા થઈ ગયા. ફરિશ્તા[1] લખે છેઃ—

"સુલતાન ઝયનુલ આબેદીનના જમાનામાં 'જબ' (રજાજબ) નામક એક એવો આતશબાઝ કાશ્મીરમાં આવ્યો કે તે સમયમાં તેનો જોડીદાર કોઇ ન હતો. તેણે એવી એવી શોધો કરી કે જેથી લોકો આશ્ચર્યચકિત થઈ ગયા. કાશ્મીરમાં બંદૂક તેણે જ બનાવી. બાદશાહની સમક્ષ બારૂદથી જૂદા જૂદા પ્રકારના હુન્નર દેખાડયા અને પછી લોકોને એનું શિક્ષણ આપ્યું."

આ બાદશાહના સમયમાં તોપખાનું એટલું બધું ઉન્નતિએ પહોંચી ગયું હતું, કે જેથી કાશ્મીર અને ટિબેટ જેવા પહાડી પ્રદેશનાં ઘણાં કિલ્લા આના દ્વારા વિજય કરી શકાયા. સુલતાનનો જ્યેષ્ઠ પુત્ર આદમખાં એની સહાયતા વડે જ પોતાની ફત્તેહનો ડંકો વગાડતો રહ્યો. ફરિશ્તા[2]માં છેઃ—

"સુલતાનનો મોટો પુત્ર આદમખાં પોતાના બાપના હુકમથી સ્વાર, પ્યાદા, તોપચી અને તીરંદાઝોનું લશ્કર લઈને કાશ્મીરથી નીકળ્યો અને ટિબેટને આસાની સહિત ફત્તેહ કરી લીધું અને બાપની પાસે અગણિત દોલત લાવ્યો."

ગુજરાતમાં તોપનો ઉપયોગ ક્યારથી ?

ગુજરાતમાં પણ તોપનો ઉપયોગ પ્રચલિત થઈ ગયો હતો અને સુલતાન એહમદશાહે (પહેલાએ) હિ. સ. ૮૨૫(ઈ. સ. ૧૪૨૧)ના માળવાના યુદ્ધમાં એનો ખૂબ ઉપયોગ કર્યો અને ઘણા ભાગે એના કારણે જ આખા ગુજરાતના રાજાઓ અને પાડોશની સલ્તનતો પર તેને સ્વામીત્વ હાંસિલ હતું.

ફરિશ્તા[3] લખે છેઃ—"અને ગુજરાતથી કિલ્લો ફત્તેહ કરવાની સામગ્રી દાખલા તરીકે મિનજનીક અને ઈરાબા વિગેરે મંગાવી."

એમ તો શબ્દકોષોમાં "ઈરાબા"નો અર્થ "ગાડી" છે,[4] પરંતુ પરિભાષામાં ખાસ તે ગાડીને કહે છે, જેના પર તોપ મૂકાતી હતી.

ઝફરૂલવાલામાં[5] છે કેઃ—

"અને ઈરાબાથી મતલબ એવી ગાડીઓ છે, જેને બે જાનવરો (બળદો) ખેંચે છે અને હિન્દુસ્તાનમાં એના પરજ "અમલ" (તોપ) રાખે છે."

---

૧ ફરિશ્તા પૃષ્ઠ ૩૪૪ નવલકિશોર

૨ એજન પૃષ્ઠ ૩૪૫ ,,

૩ એજન ભાગ ૨ જો પૃષ્ઠ ૧૮૬ નવલકિશોર

૪ "લુગાતે કિશોરી"

૫ "ઝફરૂલવાલા" પૃષ્ઠ ૨૬૩ દફતર ૧ લો ; લીડન ;

અને એવું સમર્થન ગુજરાતના એક હસ્તલિખિત ઇતિહાસથી પણ થાય છે, જેમાં અહમદશાહના અમલદારોની પગાર સહિતની એક યાદી આપેલી છે. પરંતુ એવું માલુમ પડે છે કે એ યુગમાં તોપો ઘણી વજનદાર હતી. અને એ જ કારણે તેને હાથી ખેંચતા હતા. ટૂંકમાં મજકૂર (હસ્તલિખિત) ગ્રંથમાં છે કે "હાથીના તોપખાનાના દારોગાનો પગાર બે હજાર ટંકા હતો."[૧]

માળવામાં પણ તોપનો ઉપયોગ પ્રચારમાં આવી ચૂકયો હતો અને કિલ્લા તોડવાના પ્રસંગે એનો ઉપયોગ થતો હતો. માળવાના બાદશાહ સુલતાન મેહમૂદ ખિલ્જીના વર્ણનમાં ફરિશ્તાએ લખ્યું છે કે મંડલગઢના ઘેરા વેળા તોપોના (મારાના) ક્ષોભના કારણે હોઝોનું પાણી સૂકાઈ ગયું. ટૂંકમાં ફરિશ્તા[૨] હિ. સ. ૮૬૨(ઈ. સ. ૧૪૫૭)ના યુદ્ધ સંબંધી લખે છે:--

"થોડી મુદ્દતમાં કિલ્લો ફત્તેહ કરી લેવામાં આવ્યો, પરંતુ ઘણાં માણસો કેદ અને કત્લ થયાં. રાજપૂતોના બીજા કિલ્લાઓમાં--જે પર્વત ઉપર હતાં--ચાલ્યા ગયા અને તેને રક્ષિત અને મજબૂત (અટલ) કરીને મગરૂર થઈ બેઠા; પણ જ્યારે તોપોના ધડાકાથી કિલ્લાના તળાવનું પાણી જમીનની અંદર ચાલ્યું ગયું અને પહેલા કિલ્લાનું પાણી મેહમૂદના કબ્જામાં આવી ગયું ત્યારે પાણી ન હોવાના સબબે લોકો તરસ્યા મરવા લાગ્યા અને સુલેહ કરવાને લાચાર બની ગયા."

ગુજરાતમાં સુલતાન મેહમૂદ બેગડાનો સમય દેશની વ્યવસ્થા અને પ્રગતિની દૃષ્ટિએ ઘણો અભિનંદનીય કહેવાય છે. તે જમાનામાં તેનું તોપખાનું એટલું બધું મજબૂત અને ઉચ્ચ દરજ્જાનું હતું કે પાડોશી રાજ્યોમાં કોઇનું પણ તેની બરોબરીનું ન હતું. તેની પાસે દરેક પ્રકારની તોપો મોજુદ હતી. ઘેરાની તોપ અને રણક્ષેત્રની તોપ સિવાય ખાસ દરિયાઈ કાફલાના માટે દરિયાઈ તોપો પણ તૈયાર કરવામાં આવી હતી. મલબારની દરિયાઇ લડાઈમાં એણે એનો ઉપયોગ કરીને પ્રશંસનીય ફત્તેહ સંપાદન કરી. ફરિશ્તા[૩]માં છે કે:-

"રજબ હિ. સ. ૮૮૭(ઈ. સ. ૧૪૮૨)માં વિચાર હતો, કે કાંઇક સૈન્ય આ સ્થળે મૂકીને ચાંપાનેરને ફત્તેહ કરે, કે તેને ખબર મળી કે મલબારી લોકો કેટલીક નૌકાઓ દ્વારા મુસાફરોને તકલીફ આપવા ચાહે છે. સુલતાને ઇરાદો બદલી નાંખ્યો અને વહાણપર સ્વાર થઇ ગયો અને કેટલાંક વહાણોને લડાયક માણસો, તોપ અને તીર-કમાન વિગેરેથી ભરીને તે લોકોને હાંકી કાઢવા માટે રવાના થઈ ગયો."

ગુજરાતનો સુવિખ્યાત ચાંપાનેરનો કિલ્લો જે તે સમયમાં કોઈથી ફત્તેહ થઈ શકયો ન હતો, તેને હિ. સ. ૮૮૯(ઈ. સ. ૧૪૮૪)માં મેહમૂદ બેગડાના તોપખાનાએ એવા પ્રકારે નુકશાન પહોંચાડયું, કે તે અંતે ફત્તેહ થઈ ગયો. ફરિશ્તા[૪] લખે છે:-

"સંજોગવશાત્ થોડાક દિવસો પહેલાં પશ્ચિમની તરફ એક મોટી તોપથી કિલ્લાની

૧ "તારિખે ગુજરાત" (હસ્તલિખિત) જે બીબી ફઝલુન્નીશા (ભરૂચ)ની માલિકીમાં છે.
૨ ફરિશ્તા ભાગ ૨ જો પૃષ્ઠ ૨૫૧ નવલકિશોર
૩ એજન પૃષ્ઠ ૨૦૨ ,,
૪ ફરિશ્તા ભાગ ૨ જો પૃષ્ઠ ૨૦૨

ભીંતને પાડી નાંખી હતી, જેનાથી બાકોરૂં થયું હતું. તે દિવસે મલેક અયાઝસુલતાની મોકો જોઇને કેટલાક સિપાઇઓ સહિત આ બાકોરામાંથી મોટા કિલ્લામાં પહોંચી ગયો.,'

હિ. સ. ૯૧૩(ઈ. સ. ૧૫૦૭)માં સુલતાનનો દરિયાઈ કાફલો ઘણો જબરદસ્ત થઈ ગયો હતો. કાઠિયાવાડથી લઇને મલબારની સરહદ પર્યંત એની મારફતે રક્ષણ થતું હતું. મલેક અયાઝ એ જમાનામાં અમીરૂલ બહર (નૌકાધ્યક્ષ) હતો. જ્યારે પોર્ટુગીઝોએ કિનારાના સ્થળપર એક કિલ્લો બનાવવા માંગ્યો અને ઈસ્લામી દેશોના વહાણોની આમદ-રફ્ત (આવણુ—જાવણુ) પોર્ટુગીઝોની લૂંટમારથી મોકુફ રહી હતી, ત્યારે એક તરફથી ટર્કીના સુલતાને પોતાનો દરિયાઈ કાફલો પોર્ટુગીઝોને શિકસ્ત આપવાના માટે રવાના કર્યો અને બીજી તરફથી સુલતાન મેહમૂદે મલેક અયાઝને આજ્ઞા આપી, કે દીવ, દમણ અને થાણા વિગેરેના કાફલા લઈ રૂમી(ટર્કી) જહાજોની સાથે મળીને યુદ્ધ કરે. ટૂંકમાં આ જંગમાં ટર્કીશ અને ગુજરાતી તોપખાનાએ પોતાની આતશફશાનીથી સંખ્યાબંધ વહાણો ડુબાડી દઇને સંપૂર્ણ વિજય મેળવ્યો. ફેરિસ્તા[1] લખે છે:—

"સુલતાને પોતાના ગુલામ અયાઝને–જે અમીરૂલ ઉંમરાવ અને સિપેહસાલાર પણ હતો–દીવ બંદરથી કેટલીક નૌકાઓ સાથે–જે લડાયક સેપાહો અને યુદ્ધસામગ્રીથી ભરેલી હતી–ફિરંગીઓને કાઢી મૂકવા માટે નિયુક્ત કર્યો અને દશ મોટાં વહાણો જે રૂમના સુલતાનની તરફથી જેહાદના માટે આવ્યા હતા, તેની સાથે રવાના કરી દીધાં અને અયાઝે જીયોલના બંદરે પહોંચીને પોર્ટુગીઝોથી મુકાબલો કર્યો અને ફિરંગીઓનું એક મોટું વહાણ –જેમાં એક કરોડનો માલ હતો અને તેનો અમલદાર પણ તેમાં જ હતો–મુસલમાનોના ગોળાથી તૂટીને સમુદ્રમાં ગર્ક થઈ ગયું."

હિ. સ. ૯૨૪(ઈ. સ. ૧૫૧૮)માં સુલતાન મુઝફ્ફર હલીમ બીન સુલતાન મેહમૂદ (પહેલા) એ જ્યારે મન્ડુ(માળવા) પર હુમલો કર્યો અને મેદનીરાયના ઝુલ્મ–સિતમ–થી મુસલમાનોને મુક્તિ અપાવવાની કોશિશ કરી ત્યારે કિલ્લાના ઘેરામાં તોપો મોજુદ હતી. તે વડે તે વેળા ખૂબ કામ લીધું અને સત્ય પૂછો તો મેહમૂદ બેગડાએ તૈયાર કરાવરાવેલું રચિત આ'લા દરજ્જાનું તોપખાનું જ હતું, જે વડે આ સુદૃઢ કિલ્લો ફત્તેહ થયો. નહીંતર આ પૂર્વે કોઈ ગુજરાતી બાદશાહનો કદમ ત્યાં પહોંચ્યો નથી. ઘેરા સંબંધી તે જ સમયના પુસ્તક "મુઝફ્ફરશાહી"માં મુલ્લા મલાલી[2] લખે છે:—

"અને નેફતઅંદાઝોએ સંગે મગરિબી(તોપો)થી પહાડને સિપાઇઓના માટે અંજન બનાવી દીધું અને તોપના ગોળાનો દબદબો પહાડના હૃદયમાં બેસાડયો. જ્યારે સંખ્યાબંધ વેળા આકાશે, ચંદ્રના ગોળાને પૂર્વના કારખાનાથી પશ્ચિમના મેદાનમાં મોકલ્યો ત્યારે પોષણ હૃદયનું પર્વત(સદમની) સો મણના ગોળાઓના ક્ષોભથી ધ્રૂજી ઉઠયું અને કિલ્લાની દિવાલે મુખ ઉઘાડીને પત્થરના ઝખ્મથી પોતાના તૂટવાનું રૂદન શરૂ કર્યું અને બુરજોઓના માથાં (મૂળાક્ષર) સીન ( )[3]ના દાંતીવાની માફક છીદ્રવાળા થઇ ગયાં."

---

૧ એજન પૃષ્ઠ ૨૦૪

૨ "મુઝફ્ફરશાહી" (હસ્તલિખિત) ભોળાનાથ લાયબ્રેરી અમદાવાદ

૩ અહીં મુળ ઉર્દુ હરફ લેખકે લખ્યો છે, પણ તેનું 'ટાઈપ' નહીં મળવાથી તે મૂકેલ નથી, સં. ત્રૈ.

ગુજરાતના સુલતાનોમાં બહાદૂરશાહ ગુજરાતીને–તે વિશાળ પ્રદેશ ઉપર સ્વામીત્વ ભોગવતો હોવાના કારણે–સર્વોપરિતા હાંસિલ છે. અરબી સમુદ્ર(કાઠિયાવાડ)થી લઇને અજમેર બ્યાના સુધી અને સિંધની સરહદથી દક્ષિણ(દખ્ખણ) સુધીના દેશો તેના કબ્જા તળે હતા. તેને તોપથી પ્રેમ હતો. તેણે પ્રકાર પ્રકારની તોપો એકત્ર કરી અને ખૂશ કિસ્મતીથી તેને ફિરંગીખાં અને રૂમીખાં જેવા અને બે કલાનિષ્ણાતો પણ મળી ગયા હતા. રૂમીખાંએ એવી એવી તોપો ઢાળી કે હિન્દુસ્તાનમાં આજસુધી કોઈએ જોઈ ન હતી. "મિરાતે સિકંદરી"માં છે, કે રૂમીખાંએ ચિત્તોડની ફત્તેહમાં એવા એવા કરતબ દેખાડયા કે લોકો દંગ રહી ગયા. ટૂંકમાં એક સ્થળે છે કેઃ—

"લોકો[1] કહે છે કે ચિત્તોડના કિલ્લાના ઘેરામાં રૂમીખાંએ એવાં એવાં કરતબ દેખાડયાં કે જે આજસુધી ન કોઇએ દેખ્યાં, ન સાંભળ્યા હોય. ટૂંકમાં તોપોને ઉંચા પહાડપર કિલ્લાની સમક્ષ લઇ જઇને ફાટ પાડીને દમદમાને એવી રીતે તૈયાર કરી દીધા કે જેથી થોડી જ મુદ્દતમાં કિલ્લામાંના લોકો કાયર–લાચાર થઈ ગયા."

રૂમીખાં ટુર્કમાન ખાનદાનનો હતો. તેનું મૂળ નામ મુસ્તુફાખાં છે. ચરકસી ગુલામોના તરફથી ઇજીપ્તમાં રહેતો હતો. ત્યાંથી યમન આવ્યો. પછી એડનમાં રહ્યો. કેટલાક દિવસો પછી હિ. સ. ૯૩૭(ઇ. સ. ૧૫૩૦)માં દીવ (કાઠિયાવાડ) બંદરે પહોંચ્યો. અહિં બહાદૂરશાહ ગુજરાતીએ તેની ઘણી કદરદાની કરી અને રૂમીખાંનો ખિતાબ[2] આપીને તોપખાતાનો અમલદાર બનાવ્યો. રૂમીખાં પોતાની સાથે એક ઘણી મોટી તોપ લાવ્યો હતો. લોકોએ પાછળથી તેનું નામ "મિસરી તોપ" રાખ્યું. તે સંબંધમાં "મિરાતે સિકંદરી"માં છે કેઃ—

"સુલતાન[3] દીવ પહોંચ્યો અને ચિત્તોડ ફત્તેહ કરવાના ઇરાદાથી તે મોટી મિસરી તોપ—જે રૂમીખાં લાવ્યો હતો—દીવથી મુહમ્મદાબાદ (ચાંપાનેર) બીજી સો તોપો સહિત મોકલાવી. કહે છે કે ઘણા બળદો ઉપરાંત—જે તેમાં જોતવામાં આવ્યા હતા—(બીજા) ત્રણસો માણસો તેને ખેંચતા હતા, જેથી પોતાની જગ્યા પરથી ખસે."

લયલા તોપની બનાવટ

આ તોપનું મૂળ નામ "લયલા" હતું. એને સુલયમાન ટુર્કમાને ટર્કીના સુલતાન સુલયમાનના નામથી મિસરમાં તૈયાર કરાવી. જ્યારે કામરાન નજીક સુલયમાન શહીદ થઈ ગયો ત્યારે અમીર મુસ્તુફા બધી તોપો અને વહાણો લઈને દીવ બંદરે ચાલ્યો આવ્યો અને બહાદૂરશાહના ઇશારાથી એક એના જ મુકાબલાની બીજી તોપ તૈયાર કરાવી, જેનું નામ "મજનૂં" રાખ્યું. "ઝફરૂલવાલા"[4]માં છે કેઃ—

"અને તેના તોહફામાંથી એક સુલતાનને માટે તોપ હતી, જેને સુલયમાને રૂમના સુલયમાનખાંના નામથી ઢાળીને તેનું નામ લયલા રાખ્યું હતું. તેણે એક બીજી તોપ

૧ "મિરાતે સિકંદરી" પૃષ્ઠ ૨૩૪ : મુંબઇ : બીજી આવૃત્તિ

૨ "ઝફરૂલવાલા" પૃષ્ઠ ૨૧૮ ભાગ ૧ લો ; લીડન :

૩ "મિરાતે સિકંદરી" પૃષ્ઠ ૨૩૨

૪ "ઝફરૂલવાલા" દફતર ૧ લો પૃષ્ઠ ૨૨૦

બહાદૂરશાહના નામથી તૈયાર કરી, જેનું નામ મજનૂં રાખ્યું અને બન્ને મજનૂં અને લયલાના મીસાલ જ હતી."

આ ઇજીપ્શીયન તોપ અકબરના સમયમાં ચાંપાનેરમાં હતી, જ્યાંથી તે સુરત બંદરે પહોંચી અને આજકાલ જુનાગઢના કિલ્લામાં મૂકાયલી હયાત છે. પુસ્તકોમાં તેને જોકે સુલયમાની તોપ કહે છે, પરંતુ તે "કળાનાલ"ના નામથી પ્રજામાં પ્રખ્યાત છે.

આ તોપ તેર ફીટ સાત વ્હેંત લાંબી છે અને લગભગ બે ફીટનો એનો ઘેરાવો છે. એનો ગોળો પત્થરનો હતો, જે કેટલાય મણ વજનનો હોતો હતો. જ્યારે હું પ્રથમ વાર ઈ. સ ૧૯૨૫ માં જુનાગઢ ગયો હતો, ત્યારે મ્યુઝિયમના દરવાજા પર એનો ગોળો નમુના તરીકેનો પડ્યો હતો. આજકાલ આ તોપ બેકાર કરી દેવામાં આવી છે. એના ઢાળનારનું નામ મુહમ્મદ બીન હુમઝા છે. નીચ જાતિના લોકો એની પૂજા કરતા હતા. ટૂંકમાં, જ્યારે મેં એને જોઈ હતી, ત્યારે એનાપર સિંદુર લાગેલું હતું. એના પર નીચલી ઇબારત(અરબીમાં) કોતરાયેલી છે:–

"આ તોપ ખુદાના માર્ગમાં (કામ કરવા માટે) અરબ અને અજમના બાદશાહ સુલતાન સુલયમાનખાં બીન સલીમખાંના હુકમથી (ખુદા તેની મદદને વિજયવંત કરે), ખુદા અને દીન(ધર્મ)ના શત્રુ હિન્દુસ્તાનમાં દાખલ થનારા મલઉન (ફીટકાર પામેલા) પોર્ટુગીઝોને પરાજિત કરવા માટે છજીમમાં ઢાળવામાં આવી. હિ. સ. ૯૩૭ બનાવનાર મુહમ્મદ બીન હુમઝા (ઈ. સ. ૧૫૩૦)"

એ જ સમયની એનાથી નાની એક બીજી તોપ કિલ્લાની ફસીલ (દિવાલ) પર તે સ્થળે મૂકેલી છે, જ્યાં વોટર વર્કસના હોઝો તૈયાર કરવામાં આવેલા છે. તેનો બનાવનાર પણ મુહમ્મદ હુમઝા છે. એના પર લખ્યા મુજબ એનો ગોળો એક મણનો હતો.

(અપૂર્ણ)

જિનપ્રભાચાર્યકૃત

ભવ્યચરિત

તેરમા શતકનું એક અપભ્રંશ રૂપક

(લેખકઃ—રા. રા. ભોગીલાલ જયચંદ સાંડેસરા)

પ્રસ્તાવના

વિક્રમના તેરમા શતકના અંત ભાગમાં અને ચૌદમા શતકના આરંભકાળમાં આગમગચ્છીય જિનપ્રભાચાર્યે નાનાં મોટાં સંખ્યાબંધ અપભ્રંશ કાવ્યો રચેલાં છે. મદનરેખાસંધિ (સં. ૧૨૯૭), જ્ઞાનપ્રકાશકુલક, ચતુર્વિધભાવનાકુલક, મલ્લિચરિત્ર, જીવાનુશાસ્તિસંધિ, નેમિનાથરાસ, યુગાદિજિનચરિતકુલક, ભવ્યચરિત, ભવ્યકુટુંબચરિત, સર્વચૈત્રપરિપાટી-સ્વાધ્યાય, સુભાષિતકુલક, શ્રાવકવિધિપ્રકરણ, ધર્માધર્મવિચારકુલક, વજ્રસ્વામીચરિત (સં. ૧૩૧૬), નેમિનાથજન્માભિષેક, મુનિસુવ્રતસ્વામીસ્તોત્ર, છપ્પનદિશાકુમારી જન્માભિષેક, જિનસ્તુતિ, ઇત્યાદિ તેમના નામવાળાં કાવ્યો મળી આવે છે.[1] ઉપરાંત કવિના નામ વગરનાં અન્ય કેટલાંક ટુંકાં અપભ્રંશ કાવ્યો, જે એક જ તાડપત્રની પ્રતિમાંથી મળી આવે છે તે, પણ જિનપ્રભનાં રચેલાં હોવાનું માનવામાં આવે છે. ઉપલી સર્વ રચનાઓ વાંચી જવાની તક, મને પાટણના સંઘવીના પાડાના ભંડારની તાડપત્રીય પ્રતો પરથી પ્રવર્તક શ્રી કાન્તિવિજયજી મહારાજે કરાવેલી પ્રતિકૃતિ દ્વારા, મળી હતી. કવિતા તરીકે એ કાવ્યો બહુ વખાણવા જેવાં નથી, તો પણ એમાંનું ભવ્યચરિત, ગૂજરાતી રૂપક કાવ્યોના અભ્યાસની દૃષ્ટિએ અત્યંત ઉપયોગી થાય એમ છે, એટલે તે સંશોધિત કરીને અત્રે પ્રકટ કરૂં છું.

પ્રાચીન ગૂજરાતી સાહિત્યમાં રૂપક

રૂપકપ્રધાન કાવ્યો, આખ્યાનો અથવા નાટકો લખવાની પ્રથા કેવળ હિન્દમાં કે પૂર્વના દેશોમાં જ હતી એમ નહીં, પરન્તુ યુરોપના મધ્યકાલીન ખ્રિસ્ત ભક્તોએ પણ તેવી રચનાઓ કરી છે. સંસ્કૃત સાહિત્યમાં કૃષ્ણમિશ્રનું પ્રબોધચન્દ્રોદય નાટક સૌથી વધુ પ્રસિદ્ધ છે. એ ઉપરાંત યશઃપાલકૃત મોહરાજરાજ્ય, વેંકટનાથકૃત સંકલ્પસૂર્યોદય, અનન્તનારાયણસૂરિકૃત માયાવિજય, વાદીચન્દ્રકૃત જ્ઞાનસૂર્યોદય, પદ્મસુન્દરકૃત જ્ઞાનચન્દ્રોદય, કવિકર્ણપૂરકૃત ચૈતન્યચન્દ્રોદય, આનંદરાય મખીકૃત વિદ્યાપરિણયન અને જીવાનન્દન, ગોકુલનાથ ઉપાધ્યાયકૃત અમૃતોદય, વગેરે નાટકો અને જયશેખરસૂરિકૃત પ્રબોધચિન્તામણિ વગેરે કાવ્યો પણ રચાયાં છે.

રૂપકની ઘટના સંસ્કૃતમાં મોટે ભાગે નાટક રૂપે જ થઈ છે. રૂપકનું ઔચિત્ય શ્રાવ્ય

---

૧. જૂઓ, પાંચમી સાહિત્યપરિષદમાં સ્વ. ચીમનલાલ દલાલનો નિબંધઃ 'પાટણના જૈનભંડારો તથા ખાસ કરીને તેમાં રહેલું અપભ્રંશ અને જૂની ગૂજરાતીનું સાહિત્ય.'

કથારૂપે વધારે હોવાથી રૂપકપ્રધાન નાટકો એકાદ બે અપવાદ સિવાય બહુ લોકપ્રિયતાને પામ્યાં નથી.

ગૂજરાતીમાં પણ રૂપકોની રચનાઓ ગૂજરાતી ભાષાના ઉદ્ગમકાળ જેટલી જૂની છે. જિનપ્રભાચાર્યના ભવ્યચરિતને જો પ્રાચીનતમ ગૂજરાતી ગણીએ તો ગૂજરાતી ભાષાનું એ સૌથી જૂનું રૂપક છે. કાવ્યદૃષ્ટિએ તે તદ્દન નિકૃષ્ટ નથી. કવિના નામોલ્લેખ વગરનું, પરન્તુ જિનપ્રભનું ગણવામાં આવતું, જિનપ્રભુમોહરાજવિજયોક્તિ—એ કાવ્ય પણ આ જ કક્ષામાં આવી શકે છે.[1] એ પછી સં. ૧૪૬૨ના અરસામાં રચાયેલું જૈનકવિ જયશેખરસૂરિકૃત ત્રિભુવનદીપકપ્રબન્ધ અથવા પ્રબોધચિન્તામણિ આવે છે. રૂપકઘટનાના કથાસ્વરૂપનું ઔચિત્ય સમજીને આ જયશેખરસૂરિએ પોતાનો સંસ્કૃત પ્રબોધચિન્તામણિ પણ કાવ્યરૂપે લખ્યો છે. આ પછી સં. ૧૫૪૬માં, હરિલીલાષોડશકલાના કર્તા વિષ્ણુદાસ ભીમનું, કૃષ્ણમિશ્રના પ્રબોધ-ચન્દ્રોદય નાટક પરથી લખાયેલું કાવ્ય પ્રબોધપ્રકાશ આવે છે.[2] ૧૫૮૨માં જૈનકવિ સહજસુન્દરે રૂપકાત્મક આત્મરાજરાસ રચ્યો છે.[3] અરાઢમા શતકની પહેલી પચીસીમાં પ્રેમાનંદકૃત વિવેકવણઝારો આવે છે. અનુક્રમે ૧૭૨૨ અને ૧૭૪૧માં જૈન કવિઓ સુમતિરંગ અને ધર્મમંદિરે લોકવિવેકનો રાસ અથવા પ્રબોધચિંતામણિ એ નામનાં કાવ્યો લખ્યાં છે.[4] અને તે સ્પષ્ટ રીતે જ જયશેખરસૂરિના સંસ્કૃત પ્રબોધચિંતામણિ પરથી લેવાયેલાં હોય એમ લાગે છે. ૧૭૯૧માં જિનદાસનો વ્યાપારી રાસ[5] અને ૧૮૦૦માં જીવરામભટ્ટકૃત જીવરાજ શેઠની મુસાફરી[6] એ બન્ને એક જ પ્રકારનાં વાણિજ્યમૂલક રૂપકો છે. આ કંઈક લાંબાં કાવ્યો ઉપરાંત, ઠેઠ પંદરમા—સોળમા શતકના જૈન—જૈનતર કવિઓથી માંડી ઓગણીસમા શતકના દયારામ સુધી જૂદા જૂદા પ્રકારનાં સંખ્યાબંધ નાનાંનાનાં રૂપકાત્મક કાવ્યો રચાયાં છે. અને તેમાંનાં કેટલાંક—જેવાં કે ઉદયરત્નકૃત જૈન વણઝારો, ભાલણકૃત રેંટીયો, શામળનાં કેટલાંક કાવ્યો, દયારામકૃત લોચનમનનો ઝઘડો વગેરે—અત્યંત પ્રસિદ્ધિ પામેલાં છે. અર્વાચીન ગૂજરાતમાં રૂપકકાવ્યો કોઈક વાર લખાય છે, પણ તે જૂદી રીતે—એ વિષે વધુ ચર્ચા અહીં કરવી પ્રસ્તુત નથી.

કથાવસ્તુ

ભવ્યચરિતના કથાનકનો સંક્ષેપ આ પ્રમાણે છેઃ—ભવપુર નામના નગરમાં અનાદિ-કાળથી મોહ નામે રાજા હતો. તેના, મિથ્યાદૃષ્ટિ નામે પુત્રીમાં આસક્ત થયેલા, લોકો ધર્માધર્મ, ભક્ષ્યાભક્ષ્ય, અને ગમ્યાગમ્યને જાણતા નહોતા તથા તેના વડે ભવમાં ભમાડાતા હતા. બીજી બાજુ, જિનરાજનો ઉદય થયો. તેમણે ધર્મધ્યાનપુરમાં સંયમ નામે રાજાને સ્થાપ્યો. તેને સર્વવિરતિ નામે પુત્રી હતી. ભવિક જીવને ભવિતવ્યતાને લીધે ભાન થયું અને તેણે સંયમ કને સર્વવિરતિની માગણી કરી. સંયમે તે આપી, અને ભવિક ધર્મધ્યાન કરતો

---

૧. પાંચમી ગુજરાતી સાહિત્ય પરિષદ્-રીપોર્ટ સ્વ. ચીમનલાલનો "પાટણના જૈન ભંડારો૦"—એ નિબંધ.

૨. જૂઓ, કવિ દલપતરામ હસ્તલિખિત પુસ્તકસંગ્રહની સૂચિ.

૩. જૈન ગૂર્જર કવિઓ, ભાગ ૨, પૃ. ૧૯૭

૪. એજન, પૃ. ૨૩૭

૫. એજન પૃ. ૧૮૭

૬. બૃહત્કાવ્યદોહન ભાગ ૧

શિવપુરના માર્ગે લાગ્યો. આથી મિથ્યાદૃષ્ટિને ક્રોધ થયો અને તે સર્વવિરતિ સાથે કલહ કરવા લાગી, અને ભવિકને પણ પોતાનો સ્નેહ નહીં તોડવા કહેવા લાગી. પરન્તુ પોતાનાં અનેક દુઃખોનું કારણ તે હોવાથી ભવિકે તેનો તિરસ્કાર કર્યો. એટલે તે રડતી રડતી પોતાના પિતા મોહરાજને ત્યાં ગઈ. મોહરાજાએ તેની જ્યેષ્ઠ ભગિની ભવિતવ્યતાને બોલાવી, અને આવું અનિષ્ટ સૂત્ર ગોઠવવા માટે ઠપકો આપ્યો. પોતાનું નાનું કુટુંબ જિનરાજને પહોંચી શકતું ન હોવાથી તે શોકાતુર થઈને બેઠો. તેની આ સ્થિતિ મિથ્યાત્વી મંત્રીએ જોઈ. તેણે કહ્યું: "પ્રભુ! શોક શા માટે કરો છો? દરેકની યોગ્યતા પ્રમાણે તેને આદેશ આપો." ક્રોધ કહેવા લાગ્યો: "પ્રભુ! આજ્ઞા આપો તો જિનના પરિવારને આ દેશ છોડાવી દઉં." માને કહ્યું: "માયા-કુમારીની સહાયથી હું સૌ કોઈને હરાવીશ." લોભે કહ્યું: "મારી સામે કોઈ યોદ્ધો આવી શકે એમ નથી." મદને કહ્યું: "મને રણનો પટો આપો તો ત્રણે ભુવનને વ્યાકુળ કરી નાંખું." પ્રમાદે કહ્યું: "કાં તો તમને ત્રણ ભુવનના રાજા બનાવું કે કાં તો સમરાંગણમાં હું મરી જઉં." આ સાંભળીને સંતોષ પામેલા મોહે પરમાનંદ નગરને ઘેરો ઘાલ્યો. પહેલાં જિનરાજ પાસે શરણે આવવાનાં કહેણ સાથે દૂત મોકલ્યો, પણ કંઈ વળ્યું નહીં. આગમનું ઢોલ વગડાવવામાં આવ્યું. તે સાંભળીને મોહના સઘળા સુભટો સંતાઈ ગયા. વિવેકની આગેવાની નીચે, અઢાર સહસ્ર શીલાંગરથથી યુક્ત સંયમનું સૈન્ય બહાર નીકળ્યું. સુભટ પ્રમાદ સામે આવ્યો, તેને વિવેકે સ્થાનભ્રષ્ટ કર્યો. ક્રોધકુમારને ઉપશમકુમારે માર્યો. માનને માર્દવે અનેક બાણો વડે વીંધી નાંખ્યો; માયાને આર્જવે મારી નાંખી; એ જોઈને મોહ રાજાનું દળ નાસવા માંડયું. લોભમલ્લને સંતોષે તેનાં પરિજન સાથે મારી નાંખ્યો. ભટ કંદર્પને શીલ સુભટે હણ્યો. મોહરાજ સામે આવ્યો તેના સંયમરાજે ધ્યાનખડગ વડે ટુકડા કરી નાંખ્યા. સંયમનૃપનો જયકાર થયો. પરમાનંદ નગરમાં ઉત્સાહ વ્યાપ્યો. મોહના જે કોઈ અનંત જીવ શરણ માગતા આવ્યા તેમનું રક્ષણ કરવામાં આવ્યું.

એકંદરે જોતાં ભવ્યચરિત એક સ્વતંત્ર કાવ્ય છે. પરન્તુ તેના ઉપર પ્રબોધચંદ્રોદય અને મોહરાજપરાજય, એ સંસ્કૃત નાટકોની અમુક અસર સ્પષ્ટ રીતે દેખાઈ આવે છે. ૪૫ કડીનું આ રૂપક કવિતાની દૃષ્ટિએ વખાણવા જેવું નથી. નાના સરખા કાવ્યમાં વિગતોનો સંભાર અતિશય વધી જતાં કાવ્યરસને હાનિ થઈ છે. વસ્તુગુંફનમાં પણ કેટલીક ખામીઓ રહી ગઈ છે: જેમકે, મિથ્યાદૃષ્ટિની મોટી બેન અને મોહરાજાની મોટી પુત્રી તરીકે ભવિતવ્યતાને વર્ણવવામાં આવી છે તે અસંગત છે. જિનપ્રભુ ધર્મધ્યાનપુરમાં સંયમ રાજાને સ્થાપે છે ત્યાર પછી આગળ કોઈ સ્થળે ધર્મધ્યાનપુરનો ઉલ્લેખ આવતો નથી, અને તેને બદલે પરમાનંદ નગરનું જ વર્ણન આવે છે. અગાઉ જગતનાં લોકોને દરેક રીતે હેરાન કરનાર મિથ્યાદૃષ્ટિ મોહ અને સંયમના યુદ્ધ વખતે ક્યાંય દેખાતી જ નથી, વગેરે. જો કે, જિનપ્રભાચાર્યની રચનપ્રતિભા તેમનાં બીજાં કેટલાંક લાંબાં કાવ્યોમાં સારી રીતે પ્રકાશે છે તે અહીં નોંધવું જોઈએ. એ પ્રતિભાનો ચમકારો આ ભવ્યચરિતમાં પણ, સૂક્ષ્મ રીતે વાંચનારને કોઈ કોઈ સ્થળે જણાશે.

કાવ્યની ભાષા

પ્રસ્તુત કાવ્યની ભાષા અપભ્રંશ કાલના અંતની અને જૂની ગૂજરાતીના આરંભ પહેલાંની એટલે કે Post-Apabhramsha છે. મહેન્દ્રસૂરિકૃત જંબૂસ્વામીચરિત્ર,

વિનયચન્દ્રકૃત નેમિનાથચતુષ્પદિકા, વિજયસેનસૂરિકૃત રેવંતગિરિરાસ ઇત્યાદિ* એ સમયનાં અન્ય કાવ્યોની ભાષામાં અને ભવ્યચરિતની ભાષામાં ઘણું સામ્ય છે. તરૂણપ્રભસૂરિકૃત મુગ્ધાવબોધઔક્તિકની ભાષા આના કરતાં વધારે વિકસિત—એટલે કે સ્પષ્ટપણે જૂની ગૂજરાતી છે. જો કે ભવ્યચરિતનું આ સંપાદન જે હસ્તલિખિત પ્રત પરથી કરવામાં આવ્યું છે તે ઘણી પ્રાચીન છે, તો પણ કાવ્યના રચનસમય જેટલી જૂની તે ન હોવાથી ભાષાને કોઈ કોઈ સ્થળે અર્વાચીનત્વનો પાસ બેઠેલો છે; એ પાસ કાઢી નાંખીને તે તે સ્થાનને પ્રાચીન સ્વરૂપ આપવાનો પ્રયાસ મેં કર્યો નથી. ભાષા સરલ છે અને સંસ્કૃત કાવ્યોની સ્પર્ધા કરનારી કેટલાક અપભ્રંશ કવિઓની રચનાથી એકદમ જૂદી પડી આવે છે.

કાવ્યનું સંશોધન

ભવ્યચરિત ગૂજરાતી ભાષાનું સૌથી જૂનું રૂપક છે, એ દૃષ્ટિએ તેનું ઘણું મહત્ત્વ છે. અહીં તે પ્રકટ કરવાનો મુખ્ય હેતુ એ જ છે. પ્ર. શ્રી. કાન્તિવિજયજી મહારાજ પાસેથી મળેલી ૭"×૨॥" માપનાં નાનાં પાનાં પર લખાયેલી એક પોથી ઉપરથી તેનું સંશોધન કરવામાં આવ્યું છે. પોથી સુંદર અક્ષરે કાગળ પર લખાયેલી છે. આખું યે લખાણ પડી માત્રામાં છે; તે ઉપરથી તથા અક્ષરોના મરોડ ઉપરથી પોથી પંદરમા શતકમાં લખાઈ હોવાનું અનુમાન થાય છે. મૂળ પોથી આખી નહીં, પરન્તુ તદ્દન તૂટક સ્થિતિમાં પ્રાપ્ત થયેલી છે. મૂળ પ્રત ગમે તેટલાં પાનાંની હોય, પણ માત્ર ૧–૭–૧૬–૧૭–૧૮–૧૯–૨૦–૬૭ એટલાં જ પાનાં મળેલાં છે. પાન ૧, ૭ અને ૬૭ પર કોઈ પ્રાકૃત કાવ્યો લખેલાં છે. પાન ૧૬ થી ૧૯ સુધીમાં ભવ્યચરિત પૂરૂં થાય છે અને પાન ૧૯ તથા ૨૦ માં જિનપ્રભાચાર્યના ભવ્યકુટુંબચરિત્રની ૨૭ કડીઓ લખાયેલી છે. આમ આ પોથીમાં માત્ર ભવ્યચરિત, અકસ્માત જ સંપૂર્ણ પ્રાપ્ત થયું છે. સંખ્યાબંધ સંક્ષિપ્ત પ્રાકૃત અપભ્રંશ કાવ્યોવાળી કોઈ તાડપત્રની પ્રાચીન પોથી પરથી આ પોથી ઊતારવામાં આવેલી હોય એમ સ્પષ્ટ જણાઈ આવે છે. ભાષાનું પ્રાચીન સ્વરૂપ ઘણે અંશે કાયમ રહેલું છે, એ પણ એ વાતનો પૂરાવો છે. પાટણના સંઘવીના પાડાના ભંડારની તાડપત્રની પોથી ઉપરથી થોડા સમય પર નકલ કરાવવામાં આવેલી સંખ્યાબંધ અપભ્રંશ કાવ્યોવાળી એક પ્રત વડોદરાના જૈન જ્ઞાનમંદિરમાં છે. એ પ્રતમાં ભવ્યચરિત પણ છે. એમાંના પાઠો કેટલેક સ્થળે પ્રસ્તુત કાગળની પોથી કરતાં પણ વધુ અશુદ્ધ અને અસ્પષ્ટ છે, એ બતાવી આપે છે કે કાગળની પોથીનો આદર્શ કોઈ અન્ય હોવો જોઈએ. જૈન જ્ઞાનમંદિરવાળી પોથી મને અગાઉ પૂ. મુનિશ્રી ચતુરવિજયજીએ મંગાવી આપી હતી, પરંતુ હાલ તે મારી પાસે નહીં હોવાથી કાગળની પોથી પરથી જ આ કાવ્યનું સંપાદન થયેલું છે.

મૂળ પ્રતનો પાઠ, જે સ્થળે સુધારવાની જરૂર પડી છે ત્યાં, મેં પાદનોંધમાં આપ્યો છે અને સુધારેલો પાઠ ઉપર આપ્યો છે. કાવ્યની સાથે આપેલી ગૂજરાતી છાયામાં બને તેટલે અંશે મૂળ શબ્દોને વળગી રહેવા પ્રયત્ન કર્યો છે અને તેથી અત્યારે નહીં વપરાતા એવા કેટલાક પ્રયોગો પણ તેમાં થયા છે. શબ્દોના અર્થ અને વ્યુત્પત્તિનો એ વડે વધારે સારી રીતે સ્ફોટ થશે એમ હું ધારૂં છું. છેડે આપેલું ટિપ્પણ માત્ર જરૂરી શબ્દો અને પ્રયોગો પૂરતું જ છે.

---

* પ્રાચીન ગૂર્જરકાવ્ય સંગ્રહ (ગા. ઓ. સી)

भविय सुणउ भवजीवह चरिउ, संखेविहिं मणु निच्चलु धरिउ ।
अत्थि अणाइय भवपुर नामु, मोहराउ तहिं वसइ पगामु ॥ १ ॥

मिच्छदिट्ठि तसु वल्लह धूय, सयल जीव सा पिययम हूय ।
तिणिहिं मोहिउ एउ जियलोउ, विनडिज्जंतु धरइ[1] पमोउ ॥ २ ॥

कहवि न जाणइ धम्माधम्मु, भक्खाभक्खु, न गम्मागम्मु ।
निच्चरुट्ठ सा पुण घरनारि, जीव भमाडइ विविह पयारि ॥ ३ ॥

जोणि लक्ख चुलसी संसारि, नरय तिरिय सुरमणुय पयारि ।
ताव न तसु रंडह परितोसु, जाव न जीवहं कयबहुसोसु ॥ ४ ॥

विविह विडंबण देयइ दुक्खु, नारीचरिउ जाणइ न मुरक्खु[2] ।
बहु विगोइउ फेडिउ ठाउ, जिम धूलहडी केरउ राउ ॥ ५ ॥

गव्विउ हिण्डइ तसु अणुरत्तउ, दिण्णु न दिक्खइ सिरि करवत्तु ।
गुण परिपेच्छइ तासु अहण्णु, जिम धत्तूरिउ सयलु सुवण्णु ॥ ६ ॥

मन्नइ देवु न सुगुरु सुधम्मु, एकु जि तसु परिकरइ कुकम्मु ।
जिम नच्चावइ नच्चइ तिम, मूढउ जीउ बहु भमडइ ईम ॥ ७ ॥

इत्थंतरि उदयउ जिणराउ, मोहरायमत्थइ देउ पाउ ।
जगबंधवु सामिउ उहण्णु, भविय जीव ऊघडिअउं पुण्णु ॥ ८ ॥

---

૧. ભવિક, સુણો ભવજીવનું ચરિત સંક્ષેપે, મન નિશ્ચલ ધરી.
છે અનાદિતઃ ભવપુર નામ (નગર) મોહરાજ તહિં વસે પ્રકામ.

૨. મિથ્યાદૃષ્ટિ તસ વાલ્હી દુહિતા; સકલ જીવ સા પ્રિયતમા હુવી.
તેણેં મોહ્યો આ જીવલોક નચાવાતો ધરે પ્રમોદઃ

૩. કથમપિ ન જાણે ધર્માધર્મ, ભક્ષ્યાભક્ષ્ય, ન ગમ્યાગમ્ય.
નિત્યરુષ્ટા સા પુનઃ ઘરનારી જીવ ભમાડે વિવિધ પ્રકારે

૪. યોનિ લક્ષ ચોરાશી સંસારે, નરક તિર્યંચ સુરમનુજ પ્રકારે.
તાવત્ ન તે રંડાનો પરિતોષ યાવત્ ન જીવનો કૃતબહુશોષ.

૫. વિવિધ વિડંબન દેઈ દુઃખ, નારીચરિત જાણે ન મૂરખ.
બહુ વગોયો, ફેડયો ઠાય, જેમ ધૂળેટી કેરો રાય.

૬. ગર્વિત હીંડે તસ અનુરક્ત, દીધો ન દેખે શિરે કરવત;
ગુણ પરિપ્રેક્ષે તાસ અધન્ય, જિમ ધત્તૂરિએ સઘળું સુવર્ણ.

૭. માને દેવ ન સુગુરુ સુધર્મ, એક જ તસ પરિકરે કુકર્મી.
જેમ નચ્ચાવે નાચે તેમ, મૂઢ જીવ બહુ ભમાડાય એમ.

૮. અત્રાન્તરે ઊગ્યા જિનરાજ, મોહરાજ માથે દીધ પાય.
જગબાન્ધવ સ્વામી ઉત્પન્ન, ભાવિક જીવનું ઊઘડયું પુણ્ય.

करुणायरु ठावइ जिणराउ, धम्मझाणपुरि संजमराउ ।
सव्वविरइ तसु धूअ पहाणा, वरलक्खण गुणवंती जाणा ॥ ९ ॥

सा पिययम जो जीउ करेइ, परम सुक्खि सो अप्पउं धरेइ ।
भवियव्वयवसि दिक्खइ भविउ, दुक्खतत्ति संजमु वीनविउ ॥ १० ॥

पहु जइ दुहियइं करुण करेइ, सव्वविरइ धूता मुझ देइ ।
करुणारसि भावीय सा दिन्न, जा कहमवि न लहइ निपुन्न ॥ ११ ॥

निच्चसुहिउ हूउ तसु संसग्गि, भवित्र विलग्गउ सिवपुरमग्गि ।
जीवदया वरु भासइ सच्चु, न हरइ परधणु सीलिहि जच्चु ॥ १२ ॥

मिच्छदिट्ठि तउ खारु धरेइ, सव्वविरइसिउं कलहु करेइ ।

एउ पिउ तइं वसिकिउ रंडि, मुझ पासह तउं हुइ प्रचंडि ॥ १३ ॥

तउ बोलाविउ सुणसु अणक्खि, हू तइं निग्घिण कीय विलक्खि ।
मुझ उपरि ए आणीय भज्ज, सहवासइ लज्जिउ न अणज्ज ॥ १४ ॥

इणि सहु बइयरु पुव्वविरुध्धु, दहइ सुतत्तं जइविहु दुध्धु ।
सहिय सपरियणि मरूं विट्ठि, हिव तुझ ईणिहिं होई तुट्ठि ॥ १५ ॥

तुज्झ अणाइय मइं सहवासो, कंत मकरि हिव नेहविणासो ।
भविउ भणइ तउ मिच्छदिट्ठि, मइं अयाणिहिं तुह किय किय विट्ठि ॥ १६ ॥

---

૯. કરૂણાકર સ્થાપે જિનરાજ ધર્મધ્યાનપુરે સંયમરાજ.
સર્વવિરતિ તસ દુહિતા પ્રધાના, વરલક્ષણ, ગુણવતી, જ્ઞાની.

૧૦. સા પ્રિયતમ જે જીવ કરે, પરમ સુખે સો આત્મ ધરે.
ભવિતવ્યતા વશે દેખે ભવિક, દુઃખપ્તે સંયમ વીનવ્યો.

૧૧. "પ્રભુ! યદિ દુઃખિતની કરુણા કરે, સર્મવિરતિ દુહિતા તો મુઝ દે."
કરુણારસે ભાવી આ દીધી જે કથમપિ ન લહે નિષ્પુણ્ય.

૧૨. નિત્યસુખી હૂઓ તસ સંસર્ગે ભવિક વળગ્યો શિવપુરમાર્ગે.
જીવદયા, વર ભાષે સાચુ, ન હરે પરધન, શીલે નિત્ય.

૧૩. મિથ્યાદૃષ્ટિ તો ખાર ધરે, સર્વવિરતિશું કલહ કરે.
"એ પિઉ તેં વશ કિયો રંડા! મુઝ પાસથી તું હવી પ્રચંડ."

૧૪. "તો બોલાવી સાંભળ મ્લેચ્છ, હૂં તેં નિર્ઘૃણ્ કરી વિલક્ષ
મુઝ ઉપર આણી ભાર્યા. સહવાસે લાજ્યો ન અનાર્ય.

૧૫. એ સહુ બઈયર પૂર્વ વિરુદ્ધ, દહે સુતત્ત્વ યદ્યપિ દુગ્ધ.
સહી સપરિજને મેં ભાવઠ. હવે તુઝ એણે થશે તુષ્ટિ.

૧૬. તુઝ અનાદિતઃ મુઝ સહવાસ, કંથ, મ કર હવે સ્નેહવિનાશ."
ભવિક ભણે, "તું મિથ્યાદષ્ટિ, મેં અજ્ઞાને તુઝ કરી વેઠ.

तुम्ह चरिउ परियाणिउं हेव, जउ पसाउ हूउ जिणवरदेव ।
हउं तइं भीख भमाडिउ रंडि, मज्झ रयण अवहरियां चंडि ॥ १७ ॥

हउं सहाविउ तुहं पुण धुत्ति, वीसासघायग तम्हहं जत्ति ।
हउं तइं ठोकिउ करिउ कुरूपु, जिम ठोकियइ दीआलीअ सूपु ॥ १८ ॥

तुम्ह गुणि धाइउ हूउ संतूठउ, खाधा मंडा माळव दीठउ ।
जिम सउ मुसिअउ तुम्हि अणज्जि, अम्हहं सरइं तम्हारइं रज्जि ॥ १९ ॥

जं मुझ तइं चालिउं सयाणि, तं लहु पडक तहारइ प्राणि ।
हउं तइं घातिउ नरयहं कंडि, फिटि परही जा नीलज रंडि ॥ २० ॥

रूठउ कांइ करइ मोहराउ, अम्ह सरणु भविभवि वीयराउ ।

मिच्छदिठि तउ पीयहरि जाइ, परियण सहु अविरइ पमाइ ॥ २१ ॥
रोयंती सा[3]दाखइ ताउं, हउं तसु मुणसह तणइ न जाउं ।
मोहु भणइ कांइ कीजइ पुत्ति[4] एउ सउ हूउं अनेरइ सूत्ति[5] ॥ २२ ॥
मुहरउ हूतउ एउ पमाय, तसु आलसि अम्ह फेडिय ठाय ।
एउ जु मेल्हइ आगेवाणु, जिणह उवरि कोइ संघइ बाणु ॥ २३ ॥
रूठइं पुण बोलाविय ताम, जिट्ठभयणि भवियव्वइ नाम ।
बाई तुहारा सव्वि अणत्थ, जं जिणरायह अप्पइ हत्थ ॥ २४ ॥

---

૧૭. તુમ્હ ચરિત પરિજાણ્યું હવે જવ પ્રસાદ હવો જિણવર દેવ.
હું તેં ભીખ ભમાડયો રંડા ! મઝ રત્ન અપહર્યાં ચંડિ !

૧૮. હું સ્વાભાવિક, તું પણ ધૂર્ત્તા; વિશ્વાસઘાતક તમ્હ સેવા.
હું તેં ઠોકયો કર્યો કુરૂપ, જિમ ઠોકાય સાંબેલે શૂક.

૧૯. તુમ્હ ગુણે ધાવિત હું સંતુષ્ટ, ખાધા મંડા માલવ દીઠો.
જેમ સૌ મુષિત તેં અનાર્યાં, અમ્હ સરે તમારે રાજ્યે.

૨૦. જે મુઝ તેં ચાલ્યો સજ્જની (?) તો લઘુ પડો તહારે પ્રાણે.
હું તેં ઘાત્યો નરકકુંડે; ફટ, પરી જા નિર્લજ રંડા !

૨૧. રૂઠયો કાંઈ કરે મોહરાજ ? અમ્હ શરણ ભવેભવ વીતરાગ.

મિથ્યાદષ્ટિ તો પીયર જાય. પરિજન સહુ અવિરતિ પ્રમાદ.

૨૨. રોતી સા દાખે તાં, " હું તસ મુણસહ તણે ન જાઉં."
મોહ ભણે છેઃ " કાંઈ કીજે પુત્રિ ! એ સૌ હૂઈ અનેરે સૂત્રે.

૨૩. મુખર હતો એ પ્રમાદ; તસ આલસે અમ્હ ફેડયો ઠાય.
એ જો મ્હેલ્યો આગેવાન, જિન ઉપર કોઇ સાંધે બાણ ? "

૨૪. રૂષ્ટે પુનઃ બોલાવી તામ જ્યેષ્ઠ ભગિની ભવિતવ્યા નામ,
" બાઇ ! તમ્હારાં સર્વે અનર્થ, જે જિનરાજહ આપે હાથ.

कम्मराय तइं कांइउ न होइ, उ नीजउं कुल जिणवरि जोइ ।
कवणह कहीयइ जिणवर कुड, लेयइ कुल भाजिउ अम्ह तुंड ॥ २५ ॥
जिणवर सरिसउं जूनउं वयरु, जिण [6]उव्वासिउ अम्हह नयरु ।
अप्प कुडुंब न पहुचणु जाइ, एकह छोहरि कांईउ न थाइ ॥ २६ ॥

मोहराय सोगेण बईठउ, तउ मिच्छत्तिहिं मंतिहिं दीठउ ।
काइं देव एउ कीजइ सोगु, तं तसु आइसि जं जसु जोगु ॥ २७ ॥
कोहु भणइ पहु दइ आएसु, जिणपरिवार छंडावउं देसु ।
माणु महाभडु फुडु[7] एउ भणइ, पहु मुझ घाइहिं जगुसिरु धुणइ ॥ २८ ॥
हूंफइ मायाकुमरि अणज्जि, जा बहुरुविणि धुत्ति निलज्जि ।
सीह जिम गुंजारइ लोहो, मझ रणि चल्लइ कोइ न जोहो ॥ २९ ॥
मयणु भणइ मुझ दइ रणवट्टो, तिहु भुवणह आणउं आवट्टो ।
अमिरिसि भरिअउ भणइ पमाउ, सामि मुज्झ ए कुणसु पसाउ ॥ ३० ॥
कइ तिहुयणि तइं सामिउ करउं, कइ जिणसमरंगणि मरउं ।
तउ संतुट्ठउ चल्लिउ मोहो, परमाणंद नयरि किउ रोहो ॥ ३१ ॥
तउ जिणरायह पेसिउ भट्टो, जिणवर आणि म वहु आवट्टो ।
मुझ कुल अप्पिउ छंडउ वयरो, नहीं तु तुहारउ भंजिसु नयरो ॥ ३२ ॥

---

२५. કર્મરાય તઈં કાંઈ ન હોય, ઓ નિજ કુલ જિનવરે જોય:
કવણુ કહીએ જિનવર કૂડ. લેઇ કુલ ભાન્યુ અમ્હ તુંડ.

२६. જિનવર સરસું જૂનું વેર, જિને ઉદ્વાસ્યું અમ્હ નગર.
આપ કુટુંબ ન પહોંચ્યું જાય; એક છોકરીએ કાંઈ ન થાય."

२७. મોહરાય શોકે બેઠો તો મિથ્યાત્વી મંત્રિએ દીઠો;
"કાંઈ દેવ એ કીજઈ શોક? તે તસ આદિશ જે જસ જોગ."

२८. ક્રોધ ભણે, "પ્રભુ! દે આદેશ, જિનપરિવાર છંડાવું દેશ.'
માન મહાભટ સ્ફૂટ એ ભણે, "પ્રભુ, મુઝ ઘાતે જગશિર ધૂણે.

२९. હૂંફે માયાકુમારી અનાર્ય, જે બહુરૂપિણી, ધૂર્ત્તા, નિર્લજ્જ
સિંહ જેમ ગુંજારે લોભ, "મુઝ રણે ચાલે કોઈ ન યોધ."

३०. મદન ભણે, "મુઝ દે રણપટો, ત્રણ ભુવને આણું આવર્ત."
અમર્ષે ભર્યો ભણે પ્રમાદ, "સ્વામી મુઝ એ કરશો પ્રસાદ.

३१. કે ત્રિભુવને તું સ્વામી કરૂં, કે જિનસમરાંગણે હું મરૂં."
તવ સંતુષ્ટ ચાલ્યો મોહ; પરમાનંદ નગરે કિયો રોધ.

३२. તો જિનરાજને પ્રેષ્યો ભટ્ટ, જિનવર આણુ, મવહો આવર્ત્ત.
મુઝ કુલ આપું (आत्मन्) છાંડો વેર, નહીં તો તુહારૂ ભાંજિસુ નગર."

[૮]संमंति बोलाविउ जु...,रे तुम्ह नायग खूटउं आज।
जं जिणरायह ढूकउ एहु, जमहरु लहसिइ नीसंदेहु ॥ ३३ ॥
मोह हु नाथु[९] 'आपणु मानु, जिणपासह मागइ कुलदाणु।
ति जगसरणु सिरि जिणवरनाह, तसु अपमाण न होइय बाह ॥ ३४ ॥
घाय चिराणा सवि वीसरिया, तउ तुम्हराणा गढ नीसरिया।
जिणि सिउं जीतउ कवणिहि आथि, मोहि मरेवउं जिणवरहाथि ॥ ३५ ॥

तउ देयावीय आगमढक्क, मोहसुहड तन्नाय निलुक्क।
बहुसंनाहिउ संजमसेन्नु, अढारसहससी लंगरथेन्नु ॥ ३६ ॥
लइउं विवेगिहि आगेवाणु, सुहलेसंतरि संधिउं बाणु।
तउ बोलाविउ मोंहनरिंदु, रे रे रूठउ तुम्ह जिणिंदु ॥ ३७ ॥
रे तुम्हि मिलिया सव्वे चोर, हेवह आविय तुम्ह गलि दोर।
जगु सहु मुसिअउं तुम्हि अणाह, हेव पहुत्तउ जिणवरनाह ॥ ३८ ॥
तावहं उठिउ सुहड पमाउ, तासु विवेगिहिं फेडिउ ठाउ।
कोहकुमरु इत्थंतरि ढुक्कउ, मारिउ उवसमकुमरि अचुक्कउ ॥ ३९ ॥
माण महाभड चालिउ वेगि, मद्दवि विद्धउ सरिहि अणेगि।
तावह झूझइ माया रंडि, कूडकवडवंचणसुपयंडि ॥ ४० ॥

---

૩૩. શર્મ મંત્રી, બોલાવ્યો જૂ..."રે તુમ્હ નાહક ખૂટયો આજ.
જો જિનરાજહ ઢૂકયો એહ જમગૃહ લહશે નિઃસંદેહ.

૩૪. મોહ જ નાથ આપણો માન, જિન પાસે માગે કુલદાન.
તે જગશરણ શ્રી જિનવરનાથ, તસુ અપ્રમાણી ન હોય બાંહ્ય

૩૫. ઘા ચિરંતન સર્વ વીસરિયા તો તુમ્હ રાણા ગઢ વીસરિયા.
જિત શું જિત્યા કોણે હાથે ? મોહ મરેવો જિનવર હાથે."

૩૬. તો દેયાવી આગમ ઢક્ક, મોહ સુભટ તે જાણી (तद्ज्ञात्वा) નિલીન (नि+ली)
બહુ સંનાહિત સંયમ સૈન્ય અઢારસહસ્રશી લાંગરથયુક્ત

૩૭. લીધું વિવેકે આગેવાનુ, સુખ લેશ્યાન્તરે સાંધ્યું બાણ.
તો બોલાવ્યો મોહ નરેન્દ્ર, "રે રે રૂઠયો તુમ્હ જિનેન્દ્ર,

૩૮. રે તુમ્હ મળિયા સર્વે ચોર, હવે આવી તુમ્હ ગળે દોર
જગ સહુ મૂષિત તમ્હેં અનાથ, હવે પહોંત્યા જિનવરનાથ."

૩૯. તાવત્ ઊઠયો સુભટ પ્રમાદ, તાસ વિવેકે ફેડયો ઠાય.
ક્રોધકુમાર અત્રાન્તરે ઢૂકયો, માર્યો ઉપશમકુમારે અચૂક.

૪૦. માન મહાભટ ચાલ્યો વેગે, માર્દવે વીંધ્યો શરે અનેકે.
તાવત્ ઝૂઝે માયા રંડા કૂડકપટ વંચનસુ પ્રચંડા.

अज्जवि निहणिय सा तहिं ठाउ, मोहरायदलु नाठउं जाइ ।
लोभमल्लु बहु रणभरि रहिउ, हउ संतोसिहिं परियणिसहिउ ॥ ४१ ॥

अमरसि मिडियउ भडकदप्पु, भंजिउ सीलि सुहडि तसु दप्पु ।
हक्किउ मोहराउ रणरंगि, ढूकउ संजमरायह अंगि ॥ ४२ ॥

संजमि तक्खणि हणिउ इदंडु, झाणखग्गि किउ खंडोखंडु ।
संजमनिव हूअ साहूक्कारो, जयउ जयउ सिरि[10] जिणपरिवारो ॥ ४३ ॥

परमाणंद नयरि उच्छाहो चिरु नंदउ जिणु तिगेयणनाहो
मोहह राखिउ जीव अणंतु, जे केइ आविउ सरणु भणंतु ।
जिणपहु मिल्हीक सरणु न कोइ, सुगुरु भणइ सयल वि जियलोइ ॥४४॥

सिरिजिणप्पहायरिय विरइउ भव्वचरिउ समत्तु ॥

---

४१. આર્જવે હણી સા તહીં ઠાય, મોહરાજદલ નાઠું જાય.
લોભમલ્લ બહુ રણભર રહ્યો, હત સન્તોષે પરિજનસહિત.

૪૨. અમર્ષે ભર્યો ભટ કન્દર્પ, ભાંજ્યો શીલ સુભટે દસ દર્પ.
હાંકયો મોહરાય રણરંગે, ઢૂકયો સંયમરાય અંગે.

૪૩. સંયમે તત્ક્ષણ હણ્યો ઉદ્દંડ, ધ્યાન ખડ્ગે કર્યો ખંડોખંડ
સંયમ નૃપ થયો સાહૂકાર, જયતુ જયતુ શ્રીજિનપરિવાર

૪૪. પરમાનંદ નગરે ઉત્સાહ, ચિરનંદો જિન ત્રિભુવનનાથ.
મોહના રાખ્યા જીવ અનંત, જે કેઇ આવ્યયા શરણ ભણત.
જિનપ્રભુ મેલ્હી શરણ ન કોઈ, સુગુરુ ભણે સકલ જીવલોકે

શ્રી જિનપ્રભાચાર્યવિરચિત ભવ્યચરિત સમાપ્ત.

હસ્તલિખિત પ્રતના પાઠ

૧. विघरइ. २. सुभक्खु. ३. सउ. ४. पुत्रि. ५. सूत्रि. ६. उवासिउ. ७. पुड्ड. ८. नाश्री. ९. आपण. १०. जयउ जयउ होउ.

ટિપ્પણ

[શબ્દની પહેલાં આપેલો આંકડો કડીનો અંક સૂચવે છે.]

૨. धूय (સં. दुहितृ, પ્રા. धूआ)-પુત્રી. धू, धीआ, धी ઇત્યાદિ પર્યાયો दुहितृ પરથી ઉતરી આવેલા છે.

૫. फेडिउ (પ્રા. फिडिअ)-ભ્રષ્ટ કરેલો. धूलहडी केरउ राउ—ધૂળેટીનો રાજા! જે સર્વનું અપમાન પામે છે. જુઓ. धूलिहडीरायत्तणसरिसा सव्वेसिं हसणिज्जा (कुलकसङ्ग्रह પૃ. ૫.) धूलिहडी—धूलहडी દેશ્ય શબ્દ છે.

૬. हिण्ड् (દે.)-ગૂ. હીંડવું. दिण्णु (સં. दत्तम्)-હિં. દિનો. करवत्तु (સં. करपत्र, પ્રા. करवत्त)-કરવત. अहणु (સં. अधन्य)-ગૂ. આહણ્યો. जिम धत्तूरिउ सयलु सुवण्णु—જેમ ધંતૂરો પીધેલા માણસને સર્વ સોનું (જણાય) તેમ. ધંતૂરો પીધેલો માણસ સોનું જ દેખે, એવી કલ્પના જૈન સાહિત્યમાં અન્યત્ર પણ પ્રચલિત છે. જેમકે, सवत्थ अत्थि धम्मो जा मुणियं जिण न सासणं तुम्ह। कणगाउराण कणगु व्व ससियपयमलम्भमाणाणं (प्रबन्धचिन्तामणि : ફા. ગૂ. સભાની આવૃત્તિ, પૃ. ૫૭)॥

૧૦. अप्पउं (સં. आत्मानम्)-ગૂ. આપ.

૧૨. जच्चुं (સં. जात्य)-ઉત્તમ.

૧૩. खारु-ગૂ. ખાર. मुज्झ पासइ (मम पार्श्वतः) એ પ્રયોગ નોંધવા જેવો છે.

૧૪. अणक्खि (દે.) મ્લેચ્છ. निग्घिण (સં. निर्घृण)-ગૂ. નગુણો. भज्ज (સં. भार्या)-પત્ની. 'નમણી, ખમણી બહુગુણી, બિહુ પખિ વંશિ વિશુદ્ધ, પુણ્ય પસાઈ પામીઈ કરિ ધણહી, ધરિ ભજ્જ'-સુભાષિત.

૧૫. बइयरु (દે.)-ગૂ. વૈરાં. भावट्ठि (સં. भावार्थ ઉપરથી ?)-ભીડ, દુઃખ. જૂઓ 'ધન નહીં જડે તો ગોમતી મજ્જન, દર્શન ફળ નહિ જાય **ભાવઠ** ભાગશે રે' (પ્રેમાનંદ કૃત સુદામાચરિત્ર ૩-૧).

૧૬. अयाण (સં. अज्ञान)-ગૂ. અજાણ. विट्टि (સં. विष्टि)-ગૂ. વેઠ.

૧૮. धुत्ति (धूर्ता)-ગૂ. ધુત્તી. जत्ति (દે.)—સેવાસુશ્રૂષા. ढोक्किउ (દે.)-ગૂ. ઢોક્યો. दिआलीं (દે.)-સાબેલું. सूपु (સં. सूप)-દાલ. સામાન્યતઃ સૂપ શબ્દ તૈયાર રસોઈના અર્થમાં વપરાય છે એટલે અહીં તેનો જે રીતે પ્રયોગ થયો છે તે બરાબર ગણાય નહીં.

૧૯. धाइउ (સં. धावित)-દોડેલો, ગૂ. ધાયો. खाधा मंडा मालव दीठउ એ કહેવતનો ઉપયોગ અત્રે સુશ્લિષ્ટ લાગે છે.

૨૦ फिटि-ગૂ. ફટ. परही (સં. परतः)-ગૂ. પરી.

૨૧. पियहर (સં. पितृगृह)-પિતાનું ઘર, ગૂ. પીયર. સરખાવો જમહર (સં. यमगृह) મહીયર (સં. मातृगृह) જિણહર (સં. जिनगृह) વગેરે.

૨૨. तणइं–ગૂ. તણે. अद्यतन, सनातन વગેરે અવ્યય પરથી બનેલાં વિશેષણોમાંના तन શબ્દની વ્યાપ્તિ વધતાં સ્વાર્થે क પ્રત્યત લાગતાં तनक થઇ તે ઉપરથી तणओ–तणउ–तणो એ પ્રમાણે અર્વાચીન ગૂજરાતીમાં ઉતરી આવેલ છે.

૨૩. मेल्ह (પ્રા. मिल्ल–मेल्ल) મૂકવું. ગૂ. મ્હેલવું. आगेवाणु (अग्रवर्त्म ઉપરથી ?)–ગૂ. આગેવાન.

૨૪. बाई (દે.)–બેન અથવા માતાના અર્થમાં વપરાતો શબ્દ.

૨૫. कुड (સં. कटु) ગૂ. કૂડું.

૨૬ पहुचणु (સં. प्र+भू ઉપરથી પ્રા. કૃ. पहुच्चमाण)–શક્તિમાન. ગૂ. પહોંચવાળું.

૨૭. छोकरी (દે.)–છોકરી.

૨૮. फुड (સં. स्पष्ट) સરખાવો ગૂ. તડ ને ફડ.

૨૯. हूंफ (સં. उष्मा)–હૂંફ.

૩૦ रणवट्टो (रणपट्टक) રણનો પટો. वट्टोનો અર્થ वर्त्मन्–વાટ એવો પણ લઇ શકાય. आवट्टो (સં. आवर्त्त)–વાવંટોળ. पसाउ (સં. प्रसाद)–ગૂ. પસાય. સરખાવો, લાખ પસાય.

૩૩. ढूकउ (સં.) ढौक्, પ્રા. ढुक्क ઉપરથી)–ગૂ. ઢૂકયો.

૩૪. અહીં बाइ શબ્દ ‘ સહાય ’ ના અર્થમાં વપરાયો છે.

૩૫. चिराणा (સં. चिरन्तन)–જૂના राणा (સં. राजन्)–ગૂ. રાણા. आथि ?

૩૬. निलुक्क (સં. निलीनाः)–સંતાઇ ગયેલા.

૩૮. दोर (દે.)–ગૂ. ધેરી. पहुत्तउ (સં. प्राप्त–पत्त–पहुत्त)–ગૂ. પહોંચ્યા. प्र+भू અને प्राप्त પરથી વ્યુત્પન્ન શબ્દોનો ભેદ નોંધવા જેવો છે.

૩૯. अचुक्कउ (દશ્ય ધાતુ चुक्क् ઉપરથી)–ગૂ. અચૂક.

૪૩. साहूकारो (સં. साधूकार)–જયજયકાર मोहह राखिउ जीव अणंतु जे केइ आविउ सरणु भणतुं એ ચરણ, બહુવચનને એકવચન તરીકે પ્રયોજવાની પ્રાચીનતાનું સૂચન કરે છે,

ગુજરાતી સાહિત્યસંશોધનના મુખ્ય પ્રશ્નોનું કેટલુંક સમાધાન.

(રા. રા. નટવરલાલ ઇચ્છારામ દેશાઈ, બી. એ.)

શ્રીફાર્બસ ગુજરાતી સભા તરફથી નવા પ્રકટ થયેલા **ત્રૈમાસિક**ના પહેલા જ અંકમાં રા. રા. કનૈયાલાલ માણેકલાલ મુનશીએ કેટલાક પ્રશ્નો ગુજરાતી વિદ્વાનોને પૂછી ખુલાસા માંગ્યા છે, તે પ્રખર વિદ્વાનો આપશે જ; પણ મને જે કેટલાક સૂઝ્યા છે તે નીચે લખી જણાવું છું.

પ્રશ્ન ૧ લાનો ખુલાસો.

ગુજરાતી ભાષા નરસિંહ મહેતાના સમયથી શરૂ થઈ એમ મનાય છે. (સં. ૧૪૫૦–૧૫૩૦) એટલે વિ. સં. ૧૪૫૦ ની આસપાસથી તેનું કલેવર પાકું બંધાતું–ઘડાતું આવ્યું છે અને તે હજી સુધી પણ કાંઈક ઘડતર દશામાં રહેલું છે અને દિવસાનુદિવસ સુંદર બનતું જાય છે, એવી મારી માન્યતા છે. હજી પણ ગુજરાતી ભાષા સંપૂર્ણ ઘડાઈ રહી નથી.

તેનું કોઈ પ્રાચીન વ્યાકરણ તેમ શબ્દસમૂહદર્શક કોશ સાંપડેલ નથી કે જે ઉપરથી ચોક્કસ લક્ષણો બાંધી શકાય. તે સર્વે ઇ. સ. ૧૮૨૪ પછી થવા માંડયું છે, અને હજી પણ તે કાર્ય ચાલુ છે. પ્રાચીન સિદ્ધ હૈમ વ્યાકરણમાં બતાવેલાં પ્રાકૃત ભાષાનાં સ્વરૂપોમાં જે પ્રાકૃત કે અપભ્રંશ ભાષાનું સ્વરૂપ બતાવાયું છે, તે તેનાં જૂનાં સ્વરૂપ અને લક્ષણો ગણી શકાય; પણ તે ઉપરથી પણ આજે નરસિંહ મહેતાના સમયની ભાષાનું સ્વરૂપ ઘડી કાઢવું મુશ્કેલ છે. પ્રાચીન આધાર તે સમયનો મળતો નથી.

તેની ઉત્પત્તિ સંસ્કૃત ભાષામાંથી થઇ છે, અને વ્યવહાર ચલાવવા તથા પ્રાકૃત લોકોમાં ધાર્મિક જ્ઞાન ફેલાવવાના હેતુથી લોકવાણીમાં પ્રયાસ થઇ ભાષા પ્રચારમાં આવી છે. ગુજરાતના વૈદિકોએ વેદ છોડી દઇ, મહાભારત, રામાયણ, ભાગવતાદિનો પ્રચાર કરવા માટે તેને (ગુજરાતી ભાષાને) ઘડી છે; અને જૈનોએ જૈન ધર્મનો પ્રચાર કરવાને ઘડી છે. તેમાં નરસિંહ મહેતાના સમય પહેલાંનું વૈદિક વર્ગનું સાહિત્ય આજે જોઇએ તેટલું મળતું નથી. જૈનોનું ઘણું મળે છે.

સોરઠી નાગર નરસિંહ મહેતા (સં. ૧૪૫૦ થી ૧૫૩૦ આશરે), ગુજરાતી પટણી મોઢ બ્રાહ્મણ ભાલણ (સં. ૧૫૦૦ પછી), સોમનાથી ભીમ (સં. ૧૫૪૦), પ્રભાસ પટણી કાયસ્થ કેશવ (સં. ૧૫૨૯),–એમનાં કાવ્યોમાં તેનું વૈદિક બ્રાહ્મણાદિને હાથે ઘડાયલું પ્રાકૃત સ્વરૂપ જણાય છે, જ્યારે જૈન કવિઓની કૃતિઓમાં જૈનોને હાથે ઘડાએલું તેનું પ્રાકૃત સ્વરૂપ પ્રાપ્ત થાય છે. બન્નેની લોકભાષા જૂદી હોવા સંભવ નથી. જૈન ગ્રન્થકારોની કૃતિઓમાં પ્રાકૃત, માગધી વગેરેની છાયા વધારે દેખાય છે, જ્યારે નરસિંહાદિમાં સંસ્કૃતની અસર વિશેષ છે, એટલો ભેદ ખાસ ધ્યાન ખેંચે છે. તે કાળનું સાહિત્ય તો બન્ને પ્રજાએ મોટે ભાગે ધાર્મિક રચ્યું છે. તેમાં પણ વૈદિકોએ વૈષ્ણવી ભક્તિના પ્રચાર માટે તેનો ઉપયોગ ઘણો કર્યો છે. વૈદિક વર્ગે સં. ૧૪૫૦ પહેલાં કેવું સાહિત્ય રચેલું તેનો હજી સુધી પત્તો લાગ્યો નથી. તેમજ ઉપલા ચારે કવિઓની હાથપ્રતો તેમના જ કાળની મળતી નથી; મળવી

મુશ્કેલ છે. (એક માત્ર ભીમ કવિની કૃતિઓની નજીકની સાલની પ્રતો મળે છે.) જૈનોએ પોતાનું જૂનું સાહિત્ય ઘણું સાચવ્યું છે. માટે હાલમાં તો તેમનું સાહિત્ય પ્રાચીનતા પૂરવાર કરવા માટે વધારે ઉપયોગી અને પ્રમાણભૂત છે, અને તેથી ઉપકારક છે. ઉપલા વૈદિક વર્ગના ચારે કવિઓએ ભાગવતી ભક્તિનો પ્રચાર કર્યો છે. તેમાં જૈન સાહિત્યગ્રન્થો–કાવ્યાદિ–માં વપરાયલા પ્રયોગો ઝાઝા જોવામાં આવતા નથી; એટલે માનવાને કારણ મળે છે કે વૈદિક વર્ગ અને જૈન વર્ગ પ્રચલિત પ્રાકૃત ભાષાને સ્વતંત્ર રીતે ખીલવતો હતો. નરસિંહ મહેતે પોતે વાપરેલી પ્રાકૃત ભાષાને **અપભ્રષ્ટગિરા** કહી છે. ભીમ, ભાલણ, કેશવાદિએ તેને **પ્રાકૃત** જ કહી છે. એટલે ઈ. સ. ૧૫ મા અને ૧૬ મા સૈકાની ભાષાને (બોલીને) ગુજરાતી કે ગૂર્જરી એવું સ્પષ્ટ નામ મળ્યું નહોતું.' (માત્ર એકાદ જૈન કવિએ ૧૬ મા શતકમાં પોતે વાપરેલી ભાષાને ગુજરાતી એવું નામ આપેલું એમ યાદ આવે છે, પણ તેનું નામ વિસ્મરણ થયું છે.) ગુજરાતી ભાષા–એવો સ્પષ્ટ શબ્દપ્રયોગ તો મહાકવિવર પ્રેમાનંદે દશમસ્કંધના નાગદમન–આખ્યાનમાં કરેલો પહેલ વહેલો મળી આવે છે. (સં. ૧૭૯૦ માં).

જેટલું પ્રાચીન સાહિત્ય પ્રાપ્ત થયું છે તેનું સ્વરૂપ મોટે ભાગે ધાર્મિક જ હતું અને પ્રાકૃત તથા સંસ્કૃત ભાષામાં તેનાં મૂળ છે. (આથી તેને કેટલાકો ભગતડું સાહિત્ય પણ કહે છે.)

ગુજરાતી ભાષાની ઉત્પત્તિના ઇતિહાસાદિ વિષે તો રા. નરસિંહરાવભાઈનો મત હાલમાં સ્વીકારવામાં હરકત નથી. (જૂઓ તેમનાં અંગ્રેજી ભાષણો) (જો કે તે પછી એ દિશામાં બીજી ઘણી શોધખોળો થઈ છે, છતાં તેમનું મંતવ્ય ખોટું ઠરાવવા જેવી સામગ્રી હાથ લાગી નથી.)

(પ્રાકૃત અને અપભ્રંશ–એ શબ્દો તેના શાસ્ત્રીય વ્યાખ્યાનુરૂપ સમજવા નહીં. પણ પ્રાકૃત એટલે તે તે કવિના સમયમાં બોલાતી ભાષા અને અપભ્રંશ એટલે સંસ્કૃત નહીં તે. પ્રાકૃત અને અપભ્રંશ એ શબ્દો સમાન અર્થમાં પર્યાય જેવા આ લેખમાં વાપર્યા છે. વરરુચિ કે પં. હેમચંદ્રાચાર્યે બાંધેલાં લક્ષણ પ્રમાણે નહીં)

પ્રશ્ન ૨ જાનો ખુલાસો

બીજા પ્રશ્નનો ઉત્તર આપવા જેટલી સાહિત્યસામગ્રી એકત્ર થઈ નથી. જે છે તે જૈન વર્ગનું સાહિત્ય આપણી આગળ મોજુદ છે. નરસિંહ મહેતાના સમય પહેલાનું વૈદિકવર્ગનું કોઇ સાહિત્ય હજી સુધી હાથ લાગ્યું નથી. તોપણ એટલું તો કહી શકાય કે જૈની સાહિત્યની કોઈ અસર વૈદિક વર્ગવાળાના સાહિત્ય ઉપર થઈ નથી.

પ્રાચીન જૈન સાહિત્ય માટે તો રા. રા. મોહનલાલ દલીચંદ દેશાઇનો પરિશ્રમ વિશેષ વખાણવા જેવો છે, અને જૈન સાહિત્ય ઉપરથી ઉપજતું ગુજરાતી ભાષા વિષેનું તેમનું મંતવ્ય વિચારવા જેવું છે.

પ્રશ્ન ૩ જાનો ખુલાસો

ત્રીજા પ્રશ્નનો ખુલાસો એ કે જૂના સાહિત્યની હાથપ્રતો ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી અને શ્રી ફાર્બસ ગુજરાતી સભા હસ્તક છે, તે ઉપરાંત એક મોટો સંગ્રહ વડોદરાની સેન્ટ્રલ લાયબ્રેરીમાં પણ છે, અને જૈનોના પાટણાદિ ભંડારોમાં પણ છે. (રા. મોહનલાલ દેશાઇએ કેટલાકની વિગતવાર હકીકત બહાર પાડી છે.) તેઓની પણ વર્ગીકૃત સારી યાદીઓ થવાની જરૂર છે. તે જો થઈ શકે, અને જેટલે અંશે થાય તેટલે અંશે ઉપલા બન્ને પ્રશ્નોનું નિરા-

કરણ વધારે સારી રીતે થઈ શકે, અને અત્યાર સુધી બાંધેલા મતો કદાચ ફેરવવા પડે, અથવા તો હાલના જે છે તે વધારે દૃઢિભૂત થાય. (સાંભળ્યા પ્રમાણે દખ્ખણ કૉલેજ લાયબ્રેરીમાં, ભંડારકર ઈન્સ્ટીટયુશનમાં પણ પ્રાચીન ગુજરાતી સાહિત્યનો કેટલોક સંગ્રહ છે)*

પ્રશ્ન ૪ થાનો ખુલાસો.

નરસિંહ મહેતાનાં પદો અને કાવ્યોની હાથ પ્રતો તો ઘણી મળે છે. પણ કમનસીબે તે કોઇ વર્ષનો ઉલ્લેખ આવતો નહીં હોવાથી અત્યંત પ્રાચીન કઈ, તે નક્કી કરી શકાયું નથી. જૂનામાં જૂની તેની હાથપ્રતો સં. ૧૬૭૫ અને ૧૬૫૬ની સાલની મારા જોવામાં આવી છે. પણ તે મારી પાસે હાલમાં નથી.

નરસિંહ મહેતાનો જુના લેખકોએ અને શોધકોએ માનેલો સમય સકારણ, સાધાર સંવત ૧૪૭૦ થી ૧૫૩૫ સુધીનો છે, જ્યારે રા. ક. મા. મુનશીએ આધાર વિનાનો સંવત ૧૫૫૦ થી ૧૬૨૦ સુધીનો માનેલો છે. આ બન્ને સમય મર્યાદાઓમાંથી એકકે સમયની નરસિંહના જીવન સંબંધી સમકાલીન હકીકત મળતી નથી; જે મળે છે તે તે પછીના સમયમાં લખાયલી મળે છે. મીરાબાઈ સંવત ૧૬૦૦ માં થઈ ગયાં છે, તેણીએ રચેલું "નરસિંજીકા માયરા" નામનું એક કાવ્ય છે. પણ તે સંપૂર્ણ શુદ્ધ પ્રાચીન મળતું નથી, એટલે હજી એ વિષયમાં વધુ શોધ થવાની જરૂર છે.

નરસિંહ મહેતાના જ સમયની જૂની હાથપ્રતો મેળવવા ઘણો પ્રયત્ન થયો છે, (નર્મદાશંકરથી માંડીને ઇચ્છારામ પર્યંત.) પણ તેમાં જોઇએ તેટલી સફળતા મળી નથી. નરસિંહ મહેતાનાં પદો અને કાવ્યોની હાથપ્રતો ગુજરાતની કોઇએક સંસ્થાએ સંગ્રહ કરવા જેવી છે. નરસૈંયાનાં કાવ્યો અને પદો લોકપ્રિય હોવાથી, અને એક વાર ઠાકોરજી આગળ ગવાતાં હોવાથી (વલ્લભ સંપ્રદાયના અષ્ટસખાઓનાં પદો ગવાવા લાગ્યાં તે પહેલાં) તેની ભાષા સૈકાવાર બદલાતી ગઇ છે, અને તેમાંલહિયાઓએ પોતાનું ડહાપણ વાપર્યું છે; નવી પ્રતો લખાતાં જૂની સાચવવાની કાળજી રખાઈ નથી, તેથી તેની ભાષામાં ફરક પડ્યો છે.

પ્રશ્ન ૫ માનો ખુલાસો.

પ્રેમાનંદ કવિના જીવન વિષે અત્યાર સુધીમાં છપાઈ ગયેલી હકીકત સિવાય બીજી વધારે હવે મળવા સંભવ નથી. રા. અંબાલાલ બુ. જાનીએ સુભદ્રાહરણના ઉપોદ્ઘાતમાં સવિસ્તર અને સળંગ પ્રેમાનંદની જીવનકલા તથા કાવ્યસંપત્તિ આંતર પ્રમાણ સાથે નિરૂપી છે તે હાલ હયાત છે. એના પુત્ર વલ્લભે પ્રેમાનંદચરિત્ર લખેલું છે, એમ કહેવાય છે. તે જો મળે તો વધારે પ્રકાશ પડે. મજકુર ચરિત્રમાંથી બે ચારેક ઉતારા સ્વ. હરગોવિંદદાસ કાંટાવાળાએ આપેલા છે, પણ તેમણે આખું ચરિત્ર છપાવ્યું નથી, એ શોકકારક બીના છે.

એના કાવ્યો અને આખ્યાનોમાં એની પૂર્વે થઇ ગયેલા કવિઓનાં કાવ્યાદિની ઘણી અસર થયેલી કેટલાકો જોય છે, પણ કોઇના આખા ઉતારા નથી. એવા જે ઉતારા અને ઉઘાડી અસર એનાં કાવ્યોની હાથપ્રતોમાં જણાય છે તે (મારી માન્યતા પ્રમાણે) નકલ ઉતારી લેનારા લહિયાઓની કૃપા અને ગાનારાઓનું દોઢડહાપણ છે. (કવિ નર્મદાશંકરના સમયમાં–ઇ. સ. ૧૮૬૫માં–એનાં આખ્યાનાદિ ગાનારાઓનો અને નકલ કરનારાઓનો મોટો

* શ્રી ફાર્બસ ગુજરાતી સભાએ સ્વ. મણિલાલ બકોરભાઈ વ્યાસને પુને પોતાને ખર્ચે મોકલી છ મહીના રાખી, એ સંગ્રહની યાદી ઉતરાવેલી છે, તે સભાના સંગ્રહમાં મોજુદ છે. સંપાદક અં. બુ. જાની.

વર્ગ સુરતમાં હતો, એમ સમજાય છે. જૂઓ સુરતની મુખતેસર હકીકતની ૧લી આવૃત્તિ) ઓખાહરણ તેનું ઉત્તમ દૃષ્ટાન્ત છે. (મૂળ તો ૨૯ કે ૩૬ કડવાંવાળું છે.) કવિએ એક વાર તેની પૂર્વેના કવિઓનાં (નાકર, વિષ્ણુદાસ વગેરે) કાવ્યો કદાચ વાંચેલાં હશે અને તેની કથા કરેલી, અને પછી સ્વતંત્ર કૃતિઓ રચવા માંડતાં તેમાં પૂર્વેના કવિઓની અસર થોડીક રહેલી હશે, પણ તેવું હજી સુધી કોઈ સિદ્ધ કરી શક્યું નથી, માત્ર શંકાઓ ઉભી કરાઈ છે. આટલા માત્રથી તે સ્વતંત્ર પ્રતિભાશાળી કવિ નહોતો, એમ કહેવું વાજબી નથી.

એના નામે છપાયલાં બધાં જ કાવ્યો, આખ્યાનો, નાટકો ઇત્યાદિ એના પોતાના રચેલા માનવામાં હરકત નથી; શિવાય કે એથી વિરૂદ્ધ પુરવાર થાય. (જુઓ. રા. અંબાલાલ બુ. જાનીએ સુભદ્રાહરણની સાથે આપેલું ચરિત્ર અને ગ્રંથયાદી).

પ્રશ્ન ૬ઠ્ઠાનો ખુલાસો

રા. મુનશીના છઠ્ઠા પ્રશ્નનો આજે કોઈ સંતોષકારક ઉત્તર આપી શકે તેમ નથી; આપી શકે એવા હતા તે મરી પરવાર્યા છે.

પ્રેમાનંદપુત્ર વલ્લભની કૃતિઓ એની જ છે એમ માનવામાં હરકત નથી; શિવાય કે તેની વિરૂદ્ધ કોઈ પૂરવાર કરી શકે તેવું હજી સુધી કોઈ કરી શક્યું નથી; માત્ર શંકાઓ બતાવાઈ છે, જેનું સમાધાન કોઈ કરી શકે તેમ નથી.

કવિ વલ્લભે પ્રેમાનંદચરિત્ર લખ્યું છે એમ કહેવાય છે. આજે કોઇ પાસે એની મૂળ પ્રત નથી. સ્વ. હરગોવિંદદાસ કાંટાવાળા પાસે તેની પ્રત હતી, અને તેમાંથી તેમણે ઉતારા આપ્યા છે. પ્રેમાનંદચરિત્ર સ્વ. કાંટાવાળાએ તે ઉપરથી પોતાની ભાષામાં લખી છપાવ્યું છે. તેના કરતાં તેમણે વલ્લભકૃત પ્રેમાનંદચરિત્ર જ ગાયકવાડની પ્રાચીન ગુજરાતી કાવ્યમાળામાં છપાવ્યું હતે તો તે વિશેષ ઉપકારક થતે. તે પછી પણ તેઓ જીવ્યા ત્યાં સુધીમાં પણ સ્વતંત્ર રીતે તે છપાવ્યું હતે તોપણ સાહિત્યરસિકોને લાભકારક થતે. આજે તેમના દેહવિલય સાથે તે પણ ગુમ થયું છે, એટલે બીજો કોઈ ઉપાય નથી.

સ્વ. કાંટાવાળાએ વલ્લભકૃત પ્રસ્તુત પ્રેમાનંદચરિત્રમાંથી પ્રેમાનંદે પોતાનું નામ આપ્યા વિના હારમાળા જૂનાં પદો એકઠાં કરી ૮૪ પદોમાં રચી છે, તેનો હવાલો આપેલો છે. તે વાત આજે ૮૪ પદોની એવી નામ વિનાની હારમાળાની હાથપ્રતો મળતાં સાચી ઠરે છે. એટલે વલ્લભરચિત પ્રેમાનંદચરિત્ર વિષે શંકા કાઢવા જેવું લાગતું નથી.

(આ મુદ્દો રા. મુનશીએ નરસિંહ મહેતાના ચરિત્રના પુસ્તકની પ્રસ્તાવનામાં હારમાળાની ચર્ચામાં સ્વીકાર્યો છે. મારી માન્યતા એવી છે કે ૮૪ પદની હારમાળા વિશ્વનાથ જાનીકૃત છે અથવા તેની સંગ્રહીત છે. અને તેના ઉપરથી સં. ૧૭૩૪માં પ્રેમાનંદે ૧૪૮ પદની હારમાળા વધારીને રચી છે, અને તે વાતને પણ ઉક્ત ઉતારાનો જ ટેકો છે. રા. હીરાલાલ ત્રિ. પારેખ પ્રસ્તુત ૮૪ પદની હારમાળાને કોઈ અજ્ઞાત કવિની રચેલી માને છે.)

આ પ્રમાણે રા. મુનશીએ પૂછેલા પ્રશ્નોનો મારી સમજ અને અભ્યાસ પ્રમાણે ટુંકમાં ખુલાસો છે.

મુંબઈ ગુજરાતી પ્રેસની ઑફિસ }
સં. ૧૯૯૨. ચૈત્ર, હનુમાન જયંતિ }

"જુગટે કોઈ રમશો નહીં રે."*

(સંપાદકઃ રા. રા. ચતુરભાઈ શંકરભાઈ પટેલ, બી. એ.)

દિલ્હી દેશથી પઠાણ આવ્યો,
હાર્યા–જિત્યાની બાજીઓ લાવ્યો;
સરકારી ચોરે ઢાળી, ઝવેરીલાલ! જુગટે કોઈ રમશો નહીં રે.
સૌ લોક સૌ લોક જોવાને ચાલ્યા,
જેસંગ જોવા ચાલ્યા — ઝવેરીલાલ! જુગટે૰
સૌ લોક જોઈ ઘેર પાછા રે આવ્યા,
જેસંગ રમવાને બેઠા — ઝવેરીલાલ! જુગટે૰
ત્રાંબાને પતરે લખ્યાં રે કર્યાં,
જેસંગ હારે તો બેની પરણાવે,
પઠાણ હારે તો રાજપાટ આપે,
એમ કરી રમવા બેઠા — ઝવેરીલાલ! જુગટે૰
પહેલી બાજીએ તો જેસંગ જિત્યા,
પઠાણ હારી બેઠા — ઝવેરીલાલ! જુગટે૰
ત્રીજી બાજીએ તો પઠાણ જિત્યા,
પઠાણ જિતી બેઠા — ઝવેરીલાલ! જુગટે૰
ચોથી બાજીએ તો પઠાણ જિત્યા,
જેસંગ બેની પરણાવો — ઝવેરીલાલ! જુગટે૰
ચલ ચલ કરતા સિપાઈ આવ્યા,
પઠાણે પાલખીઓ મોકલી — ઝવેરીલાલ! જુગટે૰
સાંગા માંચીયે બેઠાં ઓ રે માતાજી,
તરકનાં તેડાં કોને? — ઝવેરીલાલ! જુગટે૰
હું એ ના જાણું ઝવેરબા દીકરી!
જઈ તમારા દાદાને પૂછો — ઝવેરીલાલ! જુગટે૰

---

* આવું જ કાઠિયાવાડી ગીત, અગાઉ 'પ્રસ્થાન'ના દિવાળીના અંકમાં શ્રી. મોંઘીબહેને પ્રકટ કર્યું છે. સાથે સરખામણી કરતાં વાચકને સહજ સમજાશે કે આ ગુજરાતી ગીત વધારે ભાવવાહી, સુરેખ અને સંપૂર્ણ છે. આની સરસ વર્ણનશૈલી, લલિત શબ્દગુંથણી અને સંગીતની માધુરી અજબ આકર્ષક છે. 'તરકનાં તેડાં' પોતાને જ છે, એવું જ્યારે ઝવેરબા જાણે છે, ત્યારે એ પોતાની જાત ઉપર જે ફિટકાર વરસાવે છે, તે વાચકના હૃદયને કરુણરસમાં તરબોળ કરી દે છે. એ કરુણરસ આખરે ફોઇભત્રીજીના ગૌરવભર્યા બલિદાનમાં પરાકાષ્ઠાએ પહોંચે છે, અને ગીત પૂરૂં થાય છે! જેને પરિણામે સદાસર્વદા કરૂણ રુદન જ નિર્માયલું છે, એ નળ અને પાણ્ડવોનું પરિચિત જુગટું અહીં પણ હૃદયવેધક અન્ત લાવી, લોકગીતનાં લખનારાં પાસે આર્તનાદ પોકરાવે છે કે "જુગટે કોઈ રમશો નહીં રે." ફોઇબા ભત્રીજી એકલીને વિષ નહિ પાતાં પોતે પી એને પાય છે એ નિઃસ્વાર્થ સ્નેહમયતા આ ગુજરાતી ગીતની ખાસ વિશષ્ટિતા છે. ચ. શં. પટેલ.

ચોરે તે બેઠા દાદા હમારા,
તરકનાં તેડાં કોને ? — ઝવેરીલાલ ! જુગટે૦

હું એ ના જાણું ઝવેરબા દીકરી !
જઈ તમારા વીરાને પૂછો — ઝવેરીલાલ ! જુગટે૦

ઘોડીલા ખેલાવતા બંધવ હમારા,
તરકનાં તેડાં કોને ? — ઝવેરીલાલ ! જુગટે૦

હું એ ના જાણું બેની હમારાં,
જઈ તમારાં ભાભીને પૂછો — ઝવેરીલાલ ! જુગટે૦

બેટડા ધવરાવતાં ભાભી હમારાં,
તરકનાં તેડાં કોને ? — ઝવેરીલાલ ! જુગટે૦

સાચું બોલન્તાં જીભ કપાય છે,
જુઠું બોલ્યે કેમ ચાલે — ઝવેરીલાલ ! જુગટે૦

તમારા વીરા તો બેની જુગટે રમીઆ,
તરકનાં તેડાં તમને — ઝવેરીલાલ ! જુગટે૦

બળજો રે મારાં માતાની કૂખો,
કૂખે ઝવેરબા જનમ્યાં — ઝવેરીલાલ ! જુગટે૦

બળજો રે મારા દાદાના ખોળા,
ખોળે ઝવેરબા ખેલ્યાં — ઝવેરીલાલ ! જુગટે૦

કપાજો રે મારા કાકાની આંગળી,
આંગળીયે ઝવેરબા વળગ્યાં — ઝવેરીલાલ ! જુગટે૦

બળજો રે મારાં કાકીની કેડયો,
કેડચે ઝવેરબા બેઠાં — ઝવેરીલાલ ! જુગટે૦

વઢાજો રે મારાં ફોઇની જીભો,
નામ ઝવેરબા પાડ્યું — ઝવેરીલાલ ! જુગટે૦

સોને ભરેલી સોનારણ દેખાડી,
ન્હોય રે મોટાંનાં કુંવરી — ઝવેરીલાલ ! જુગટે૦

રૂપે ભરેલી વાણીઅણ દેખાડી,
ન્હોય રે મોટાંનાં કુંવરી — ઝવેરીલાલ ! જુગટે૦

કાળે ચૂડે કણબણ દેખાડી,
ન્હોય રે મોટાંનાં કુંવરી — ઝવેરીલાલ ! જુગટે૦

રાતે ચૂડે રજપૂતણ દેખાડી,
ન્હોય રે મોટાંનાં કુંવરી — ઝવેરીલાલ ! જુગટે૦

હાથે અંગુઠી ને દરજણ દેખાડી,
ન્હોય રે મોટાંનાં કુંવરી — ઝવેરીલાલ ! જુગટે૦

વાંકે અંબોડે વાળંદણ દેખાડી,
ન્હોયં રે મોટાંનાં કુંવરી — ઝવેરીલાલ! જુગટે૦
લોઢે ભરેલી લુહારણ દેખાડી,
ન્હોય રે મોટાંનાં કુંવરી—ઝવેરીલાલ! જુગટે૦
છાલી ને છોલી સુતારણ દેખાડી,
ન્હોય રે મોટાંનાં કુંવરી — ઝવેરીલાલ! જુગટે૦
મસોતુ ઓઢાડી ઝવેરબા દેખાડયાં,
હોય રે મોટાંનાં કુંવરી — ઝવેરીલાલ! જુગટે૦
ઉઠો ને બીબી બંગડી રે પહેરો,
મરી જાઉં પણ બંગડી ના પહેરૂં,
પહેરૂં અમ દેશી ચુડીલા — ઝવેરીલાલ! જુગટે૦
ઉઠો ને બીબી વાળીયો રે પહેરો,
મરી જાઉં પણ વાળીયો ના પહેરૂં,
પહેરૂં અમ દેશી કાંટા — ઝવેરીલાલ! જુગટે૦
ઉઠો ને બીબી ઓઢણું રે ઓઢો,
મરી જાઉં પણ ઓઢણું ના ઓઢું,
ઓઢું અમ દેશી સાડીઓ — ઝવેરીલાલ! જુગટે૦
ઉઠો ને બીબી પહેરણ પહેરો,
મરી જાઉં પણ પહેરણ ના પહેરૂં,
પહેરૂં અમ દેશી કાપડાં — ઝવેરીલાલ! જુગટે૦
ઉઠો ને બીબી સુંથણું રે પહેરો,
પહેરૂં અમ દેશી ચણીયા — ઝવેરીલાલ જુગટે૦
ઉઠો ને બીબી પલાવ જમીએ,
મરી જાઉં પણ પલાવ ના જમું,
જમું અમ દેશી દાળભાત — ઝવેરીલાલ! જુગટે૦
લ્યોને બીબી પાણીડાં પીવો,
આગળ આવે મારાં ફોઈનાં ગામો,
ત્યાં અમે પાણીડાં પીશું — ઝવેરીલાલ! જુગટે૦
ચોકમાં બેઠાં ફોઈ હમારાં,
વીખડાં ઘોળી ઘોળી પાવને — ઝવેરીલાલ! જુગટે૦
રૂપાને પ્યાલે વીખડાં રે ઘોળ્યાં,
સોનાને પ્યાલે પીધાં — ઝવેરીલાલ જુગટે૦
અડધાં તે વીખડાં ફોઈએ રે પીધાં,
અડધાં ભત્રીજીને પાયાં — ઝવેરીલાલ! જુગટે૦
જુગટે કોઈ રમશો નહીં રે.

અઢીસેં વર્ષ પરની પારસી કવિતા

(સંપાદક : રા. રા. જહાંગીર માણેકજી દેસાઈ, એમ. એ.)

નવસારીની સુપ્રસિદ્ધ મહેરજી રાણા લાઇબ્રેરીમાં એક પુરાણો હસ્તલેખ છે. એમાં તે વારના પારસીઓના બ્રાહ્મણ વર્ગ અને ઇતર વર્ગ (laity) વચ્ચે કૈંક ધાર્મિક ખટપટ ઉભી થઈ હતી, તેનું વર્ણન એ કાવ્યમાં આપ્યું છે. આ હસ્તલેખ એટલો જીર્ણ અને છિન્નભિન્ન સ્થિતિમાં છે કે પાનાં ફેરવતાં હાથમાં નીકળી આવે છે, અને અનેક શબ્દો જંતુઓથી ખવાઈ ગયા છે. એટલે કાવ્યને ઉકેલવામાં બહુ શ્રમ પડે છે. કાવ્યમાં લેખકનું નામ જણાતું નથી, છતાં પણ એટલું તો આપણે જોઈ શકીએ છીએ કે તેમાં ગુજરાતી ભાષા ઉપર સારો કાબૂ હશે, તેમ જ ગુજરાતી કાવ્યપદ્ધતિનો પણ કૈંક અભ્યાસ હશે જ. કવિ અનુપ્રાસમાં તો જવલ્લે ભૂલ કરતો લાગે છે, જો કે તાલ–માપનું બરાબર ભાન હોય એમ દિસતું નથી, પરંતુ તે સમયના સાહિત્ય પરત્વે જોઈએ તો આ ક્ષતિઓ સ્હેજે ક્ષન્તવ્ય ગણી શકાય. કાવ્યનું માપ આધુનિક પિંગળના "ચોપાઈ છંદ" જેવું લાગે છે.

પૂર્વોક્ત વિગ્રહ સંવત ૧૭૪૩માં થએલો ભાસે છે, યદ્યપિ લેખમાં છેલ્લો આંક ખવાઈ ગયો છે. આ કાવ્ય, જો તે જ સાલમાં નહીં તો, ત્યારપછીનાં જ થોડાંએક વર્ષોમાં લખાયલું ધારીએ, તો પણ એને સવાબસેં વર્ષ કરતાં તો જૂનું આપણને કહેવું જ પડે. પારસી ગુજરાતી તો કોરે રહી, પણ હિન્દુ ગુજરાતીયે છેલ્લા દસકાઓમાં વિવૃદ્ધિ અને વિકાસ પામી, અને બે ત્રણ સૈકાની વાત પર એ ભાષા અસ્તિત્વમાંય ન હતી, એવું મંતવ્ય કેટલાક આધુનિક સાક્ષરો ધરાવતા આવ્યા છે. આ કાવ્ય વાંચી તેઓની પ્રતીતિ થશે કે બસેં વર્ષ પરની પારસી ગુજરાતીમાં આટલો વિકાસ દૃગ્ગોચર થાય છે, તો હિન્દુ ગુજરાતી તો અતિ પ્રાચીન હોવી જોઈએ. આ કવિની ભાષા અને જોડણી પરથી એટલું તો સહજ અનુમાન કરી શકાય કે એના કાળ પછી શતક વીતવા છતાંય પારસી ગુજરાતીની જોડણીમાં નહીંવત્ ફેર પડ્યો હતો.

આટલા પ્રસ્તાવ પછી હું કાવ્યનો થોડોક ભાગ જેમ હસ્તલેખમાં છે તેમ નીચે ઉતારૂં છું:

અધારૂ[1] બેહેદીન[2]ને લરાઇ થાઇ સન ૧૭૪ (?)[3]ને શાલ તેની બીના લખી છે. પોથી એક હાત આવી તે પરથી ઉતારી સન ૧૮૯૩ના શાવણ સુદ ૧ રોજ ૭ માહા ૧૧ નકલ કરી લીધી છે.

હોરમજ દાદર[4] છે મોટો પાક ।
તારૂં નામ લીએ દીલ થાય શાફ ॥
શાચુ મન કરી લેએ જો હોરમજદનું નામ ।
માંગી મોરાદ પોંહોચારે થાંમ ॥
મન માંહાં લાવજો હેવો કે આશ[5] ।
હરરોજ કરજો આતશની નેઆશ[6] ॥

---

૧ અધ્યારૂ=અધ્વર્યુ. ૨. The laity. ૩. સાલ ૧૭૪૩ જેવી દિસે છે. ૪. અવ. "દાદાર અહુરમઝ્દ"=Lord of Life, Wisdom and Creation: સરખાવો સં. दातृ असुरमहषा।" ૫. વિચાર. ૬. અગ્નિસ્તોત્રો.

પટેટ[1] કરીને લાગજો પગે ।
તો અરદીબેશ અમશાશપંદ[2] થાએ રળી... * ॥
એ રૂડી મનશની[3]જ... * ધરો ।
હર વખતની નેઆએશ[4] કરો ॥
હોરમજદ તું છે મોટો જ ગેઆંન[5] ।
તે (? તું) ભાંજે આહેરમનનાં[6] કાંમ ॥
શાથ[×] રાખજો તમે શદરો ને કુસ્તી[7] ।
તેથી રેહશે દરેમેહેર[8] વશતી ॥
દરેઉંહેર તે છે વંદીદાદનો[9] થાગ (? થાર) ।
તેથી રૂવાંન[10] તે ઉતરશે પાર ॥
તાંહાં કરજો તમે હેરબુત ને નાવર[11] ।
તેથી ખુશી થાએ તે મેહેર દાવર[12] ॥
તાંહાં દીશે જાઈને ઈજશને[13] કરો ।
રાતે બેએસીને વનદીદાર પહડો ॥
વનદીદાર પહડીને ગેએર જાએ ।
તેથી ફરેશતા ગના ખુશી થાએ ॥
ખરી કરી તમે જાનજો જરથુશતની દીન[14] ।
બેશક કરી માનજો તમે શરવેં બેહેદીન ॥
એ દીનનો છે માજીજા[15] ગંહનો ।
હરગડી તમે જંદ અવસતા[16] ભનો ॥
એ હોરમઝદ તું છે મોટો દાતાર ।
તુ કડી (દી) કોઇને નઈ દીએ આજાર[17] ॥
તાહારા ગુનનો નઈ લાગે પાર ।
તું ઉપર મોતી તે જગ શેહેરદાર (?)* ॥
હરખે નામ લેવું તારૂં ધની (=ધણી) ।
દોવા[18] માંગુ તે જંદ અવસ્તા ભની ॥
તેં શરજી ભાંતભાંતની વાડી ।
શી શરીઅતે[19] કરૂં તારીફ તાહારી ॥

---

૧. પશ્ચાતાપનું ભણતર; સરખાવો સં. "पतित" ૨. અગ્નિ ઉપરનો અધિષ્ઠાતા ફિરસ્તો: સરખાવો સં. "ऋषि वसिष्ठ"=અવ. "અષવહિશ્ત.". * શબ્દ ઉકલતો નથી. ૩. વિચાર: સં, "मत्"=to think. ૪. આ મંત્રો દિવસના પાંચ વાર ભણવા જોઇએ. ૫. જ્ઞાની (Wisdom Incarnate). ૬. દુષ્ટ શક્તિ (The Evil Spirit of Zoroastrianism). × "શાબુત" વધારે અનુકૂલ લાગે છે. ૭. સદરો=સં. "वस्त्र", કસ્તી=જનોઈ. ૮. સૂર્યપૂજાનું મકાન=અગીઆરી-સં. "अग्निआगार" ૯. રાત્રે કરવામાં આવતી ધર્મક્રિયા: સં. वि+देव+घात (Laws against evil spirits). ૧૦. આત્મા. પિતૃ. ૧૧. ધર્મગુરુની પદવી આપવા માટે થતી ક્રિયાઓ, ૧૨. Mithra=मित्र=સત્ય અને ન્યાયનો અધિષ્ઠાતા. ૧૩. ઈજશને=યસ્ત=यज्ञ. ૧૪. ધર્મ. ૧૫. મોજેજા=ચમત્કાર. ૧૬. ઝંદ અવસ્તા=छंद उपस्था: ધર્મનાં ભણતરો. ૧૭. ઈજા. * ઉકલતું નથી: જગસરદાર ? ૧૮. શુભેચ્છાએ ૧૯. રીતે.

તેં એં શરજેઆં ભાંતભાંતના ગુલઝાર ।
મેવા શરજેઆ તેં તરેવાર ॥
એ પત (?) કહો તે માંનજો શાચ ।
હવે શાંભલજો લડાઇની વાત ॥

* * *

પહેલી લડાઈને। પાએઓ ધરે। ।
જામાંશજી અરશનાંમ (?) ખરૂં કરે। ॥
જામાંશજી તે વલશારમેં બાજ ધરે[1] ।
તાંહાં શેવાનું (?) તે હુલકું પડે ॥
(એક તરપર લોક ઉતરે તે નદીને પાર ।)*
એક આવે ને બીજો જાએ ।
નદીએ તો પાર નઇ થાએ ॥
નદીએ પાંની આવેઆં ગહનાં ।
લોક ઉતરે તે હોડી તનાં ॥
જાંમાંશજી તાંહાં હોડી પર ચડે ।
દશતાંન નારીનો[2] હાતજ ધરે ॥
તે નારીએ મનશે વમાંશી વાત ।
એને અંનજાંનમાં મારો ધરેઓ હાત ॥
(દીનનો છે બરશનુમ[3] ઉપર મદાર)*
તેને મનશે ફકર કીધી ખરી ।
કહીંઉ કે જાંમાંશજી તમે બરશનુમ લેજો ફરી ॥
જાંમાંશજી તમે શાંભલો માહારી વાત ।
મને થઈ છે શેતાનની ગાહાત[4] ॥
તમો મનશે કરો વિચાર ।
હું ઉં તમોને રૂ. આપું ચાર ॥
હવે તમે જાવો નોશારી ગામ ।
તાંહાં છે વરી[5] દહરેમેહેરનું થાંમ ॥
તાંહાં મોબેદ વનીદાદ પહડે ને બાજ ધરે ।
તેઓ તમોને ફરી બરશનુમ દઈ મરતબ કરે[6] ॥
હવે જાંમાંશજી આવેઆ નોશારી શેહેર ।
બરશનુમ લેવાની માંડી પેર[7] ॥
દશદશ રૂપીઆ તમે બેહુ જન લેઓ ।
મને હરૂશે[8] બરશનુમ દેઓ ॥

---

૧. બાજધરે=ક્રિયા કરે, સં. वचू=બોલવું. * વધારાની લીટી લાગે છે. ૨. દશતાન નારી=A woman is menses. ૩. ક્રિયાઓમાં વપરાતી એક વસ્તુ: બ. આપવું=પવિત્ર કરવું. ૪. હું અપવિત્ર થઇ છું. ૫. વડી. ૬. પવિત્ર કરે. ૭. યુક્તિ કીધી. ૮. કોઈ ન જુએ તેમ, કારણ કે કામ કાયદાથી ઉલટું હતું.

રૂપીઆ દશ દશ બેઉ જન લીએ ।
જાંમાંશને હરૂશે બરશનુમ દીએ ॥
વાગો લેઇ બરશીગે[૧] જાએ ।
આદર લાદી પુઠે શગ[૨] લેઈ જાએ ॥
બરશનુમ લેઈ ને આવેઆ ગેહેર ।
નવશો[૩] નહાવા . . . કરવી પેએર ॥
આદર તરાટી[૪] ઉતો[૫] શાથ ।
તેનાં પેટમેં નઈ રહી વાત ॥
તે શગલે[૬] વાત કરતો ફરે ।
તેથી અનજુમનને[૭] માલમ પરે ॥
શરવે અંજુમન મલી કીધો વીચાર ।
હવે આપરે જાઇએ તેમુલજીને બાર ॥
શરવ હમકાર[૮] બેથા તેમુલજી મેહેડી ।*
તાંહાં જાંમાંશને બોલાવેઓ તેડી ॥
તમો જાંમાંશજી બોલજો શાચ ।
તમારાં બરશનુમની શું છે વાત ॥
જાંમાંશજી તો ફરી એમજ કેહે ॥
મહને બરશનુમ વલશાડનું છે ॥
એતલી વાત તે થાઈ દેશાઈને ગેહેર ।
તેએ જાંને તે શગલી શેહેર ॥
નોશારીમેં એ તે વાત જ થાઓ ।
આદ મનોચેર તે શાથે જાએ ॥
શાથે ચાલેઆ તે કીઉંજ ગાંમ ।[૯]
આગળ ડાંડી તે તેનું નામ ॥
તાંહાં બેહેદીનનાં[૧૦]* છે તરણુ જ ગેહેર ।
તે જાએગા[૧૧] હેરબુદીની[૧૨] કીધી પેર ॥
પાંચ દારા ગેવરા[૧૩] જાએ ।
દશમે દાહારે નાદર થાએ[૧૪] ॥
હેરબુદ કરીને કહે છે એમ ।
હવે આપને હાંથી જાશું કેમ ॥

---

૧. ફા. "બરશનુમગાહ"=પવિત્ર કરવાનું સ્થળ. ૨. કૂતરો. ૩. સ્નાન. ૪. તળાટી. ૫. હતો. ૬. સઘળે. ૭. અવ. "હંજમન"=મહાજન. ૮. સં. सम्—कृ=coworkers. ૯. સરખાવો અંગ્રેજી પદ્ધતિઃ "Where should they go but to…?" આ લેખક ક્યાં અંગ્રેજી ભણવા ગયો હતો! ૧૦. બેહેદીન (Laymen). ૧૧. જગા. ૧૨. હેરબુદી=અવ. "અએથ્રપઇતિ"=ધર્મગુરુની પદવી અપાવતી ક્રિયા. ૧૩. Five days of abstinence. ૧૪. ધર્મગુરુપદની પહેલી કસોટી. * તેહેમૂલજી દેશાઈ, તે વારના નવસારીના વડા અકાબર હતા.

દીશે રહીને ચાલેંઆ રાત ।
વાટે આવીને ખાધી ભાત ॥
તાંહાંથી આવેઆ નોશારી શેહેર ।
સાથી ગીઆ અમશે[૧] ગેહેરે ગેહેર ॥
આદર ઉભો દહરેમેહેરમાં જાઈ ।
રૂસ્તમ શાપુરને ભાત ખાધાની દીધી ગોહોવાઈ[૨] ॥
તાંહાં માંવોમાંહાંમાં કરવા લાગા વાત ।
આદર ગીઓ તે જમાંશજીની શાથ ॥
દહરેમેહેરમે અનજુમન તોરે[૩] મલી ।
મનોચેરજી બોલાવેઆ તેરી ॥
હમકાર શરવ તે પુછે એમ ।
તાહરા છોકરા જેમ કરીએ કેમ ॥
જાંમાંશની સાથે એ...આવેઓ તાંહાં ॥

જાંમાંશ તો બરશનુમ વરે[૪] કહી ગીઓ છે નાંઆં ॥
તાંહાં મનોચેરજી તે એમ બોલેઆ વાત ।
એ કેમ નઈ બેશે હમકારની[૫] શાથ ॥
એમ બોલતાં બોલતાં થાઈ વહરવાર ।
હીધોરા[૬] ભાંજેઆ તે તરન ચેઆર ॥
મનોચેરના દીલમે વશે ઓ હેરેમન[૭] ।
હીધોરા ભાંજેઆ તે જરતોશનનાં પરભને દન[૮] ॥
એતલું કરીને ચાલેંઆ ગેહેર ।
લરાઈ લાગી તે શેહેરે શેહેર ॥
...ગરા હમકાર કરે વચાર ।
આપને ચાલો શોહોરાબ વોહોરાને બાર ॥
શોહોરાબજી તમો દાનવ[૯] છેઓ ।
હમારો ઈનશાફ તે રાશતી[૧૦] કે હો ॥
શોહોરાબ વોહોરો તે પુછે એમ ।
તમે એને લઈ નઈ બેશતા કેમ ॥
તાંહાં નશરવાન ફરેદુન તે બોલેઓ એમ !
હમો એને લેઈ.....કેમ ॥
એ જમાંશની શાથે બેશી આવેઓ તાં'હાં ।
જાંમાંશ તો બરશનુને વરે કહી ગીઓ નાંહાં ॥

૧. પોતાને. ૨. સાક્ષી, ૩. ટોળે. ૪. માટે. ધર્મગુરુવર્ગ. ૬. હિંડોળા; જે ઉપર બેસી ઇજશ્ને (યજ્ઞ) કરવામાં આવે તે આસન. ૭. હેરેમન=સેતાન. આખા વાકયનો અર્થ; એને કજીઓ કરવાનો દુષ્ટ વિચાર આવ્યો. ૮. પેગંબર જરતોશ્તનો મરણદિવસ (Anniversary) પરભ=સં. પર્વ. ૯ ડાહ્યા. ૧૦. સાચું.

શેહેરાબજી તમો કરો હમારો નેઆ[1] ।
ભાત ખાધાની રૂશતમ શાપુર દીએ છે ગોઆ[2] ॥
શાંભલો શેહેરાબજી વાતજ ધરંમ ।
એ વાતનો તમે નથી શમજતા મરંમ ॥
એ તરત વાતનું છે મોટું પુન ।
તમો શાંભલજો સુધે મન ॥
એક તો એને વંદીદાદ મરતબ કરે ।
બીજું તો એ જે નીરંગદીન[3] કરે ॥
તરીજું એ ને હેરબુદીનાં કાંમ ।
તાંહાં જોઇએ દહરેમેહેરનો થાંમ ॥
મનોચેરજીનો છોકરો તેઓએ ખતા થાઈ ।
હેરબુદ કીધો તે ભાગે ઝંડી જાઈ ॥
વોહોરા તમે હોશમાં કરો હમારી શાત ।
એ બારીક છે દીનની[4] વાત ॥
એ શાથે જેઓએ ખતા થાઈ ।
તે લઈ બેશનારનું બરશનુમ જાએ[5] ॥
એતલું કહીને હમકાર બેશીજ રેહે ।
તાંહાં શોહેરાબ વોહોરો તે આળ જ દેએ ॥

* * *

આ કાવ્ય અત્યંત લાંબું અને કંટાળાંજનક છે, એટલુંજ નહીં પણ શબ્દોનો ઉકેલ પણ અત્યંત દુર્ઘટ હોવાથી આટલું જ આપી સંતોષ પકડવો પડે છે. એ અત્રે આપવાનો ઉદ્દેશ એટલો જ કે ૨૫૦ વર્ષ પરની પારસી ગુજરાતી કાવ્યમય ભાષા કેવી હતી તે જાણી શકાય.

---

૧. ન્યાય. ૨. સાક્ષી. ૩. ગૌમૂત્ર સાથે થતી એક ધર્મક્રિયા. ૪. ધર્મની. ૫. તેનાથી ક્રિયાકાંડ થઇ શકે નહીં.

વલભીના રાજાઓ મેર હતા? ગુર્જર હતા? હૂણ હતા? કે નાગર?

(લે. રા. રા. દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી)

ઈ. સ. ૧૯૧૯માં તથા ૧૯૨૦ માં ગુજરાતના મહાન વનસ્પતિશાસ્ત્રી સ્વ. જયકૃષ્ણ ઇન્દ્રજી પાસે હું બરડાની વનસ્પતિ જોવા ગયો હતો, ત્યારે એ વિદ્વાને બરડાનાં **મેર** લોકો સાથે પરિચય કરાવ્યો અને એ પ્રસંગે તેઓએ જમાડેલા દૂધપાકને જેમ હું ભૂલ્યો નથી તેમ તેઓમાં હૂણ અને **મોરી** જેવી ઓડક હોવાનું જે જ્ઞાન તેઓને મોંદે જયકૃષ્ણભાઇએ અપાવ્યું તે પણ ભૂલ્યો નથી. વળી આ હૂણ ઓડક ધારણ કરનાર લાંબા પડછંદ **મેર**નો વાન કાળો હતો, અને **જયકૃષ્ણભાઈ** એ પણ કાળા હૂણ તરીકે એને ઓળખાવ્યો. **મોરી** એટલે **મૌર્ય**, આજથી ૨૩૦૦ વર્ષ પ્હેલાં ઇ. સ. પૂર્વે ચોથા શતકમાં હિન્દુકુશપારના **બેકટ્રીઆ**ના **ગ્રીક** રાજા **સેલ્યુકસ નીકેટર**ને હરાવનાર સમ્રાટ્ **ચન્દ્રગુપ્ત** મૌર્ય અને બૌદ્ધ-ધર્મનાં મહાપ્રચારક 'દેવાનાં પ્રિય' મહારાજા **અશોક**નો વંશજ આ પશુપાલ? તેમ જ ગુપ્ત-સામ્રાજ્યને છિન્નભિન્ન કરી નાંખનાર, **મધ્ય એશીઆ**માંથી દોઢ હજાર વર્ષ પ્હેલાં લાખોનાં ટોળાંમાં ઉતરી આવનાર હૂણો આવા હશે? વગેરે વિચારો સહજ રીતે મારા મનમાં ઉઠ્યા. **ભારત**માં ઉતરી આવેલા હૂણો તો ધોળા હતા;[1] પછી આ કાળો કેમ? શું કાળા હૂણોનું પણ કોઈ ટોળું આવ્યું હશે?

હજી સુધી આ પ્રશ્નનો ઉત્તર મને મળ્યો નથી. પણ આ **મેર** લોકો વિષે વધારે જાણવા **જયકૃષ્ણભાઇ**ના ગુરૂ પં. **ભગવાનલાલ** ઈન્દ્રજીનું **પ્રાચીન** ગુજરાતના ઇતિહાસ સંબંધી લખાણ **મુંબાઇ** ગેઝીટીઅરમાં વાંચ્યું. એટલે વળી **વલભી**ના રાજાઓ કોણ હતા? **મેર** હતા? એ પ્રશ્ન ઉઠયો. **વલભી** રાજાઓનાં લગભગ બધાં તામ્ર-પત્રોમાં **ॐ स्वस्ति वलभीतः** प्रसभप्रणतामित्राणां मैत्रकाणामतुलबलसपत्न(કે संपन्न)मण्डला-भोगसंसक्तसंप्रहारशतलब्धप्रतापः આ પ્રમાણે વાકય મળે છે. અને આનો **અર્થ** "પોતાના શત્રુઓને જેણે બળથી તાબે કર્યા હતા તે **મૈત્રકો**નાં અતુલબલસંપન્ન અને મોટાં સૈન્ય ઉપર સેંકડો પ્રહારો કરીને વિજય મેળવનાર"[2] એવો કરીને પં. **ભગવાનલાલ** ઈન્દ્રજીએ આ **વલભી**ના રાજવંશના મૂળ સ્થાપક **ભટ્ટાર્ક**ને જે શત્રુઓ સાથે યુદ્ધ કરવું પડયું હોવાનું ઉપલા વાકયમાં સૂચન છે તે શત્રુઓ **મૈત્રક** જાતિના હતા એવો અર્થ કર્યો છે.[3] અને **સૂર્ય**વાચક મિત્ર શબ્દમાંથી **મૈત્રક** શબ્દ નીકળ્યો છે અને હાલમાં **બરડા**(**કાઠીઆવાડ**)માં મળી આવતી **મેર** કોમનો મેર શબ્દ સંસ્કૃત મિહિર ઉપરથી મેહેર–મેહર–મેર એ રીતે નીકળ્યો છે. માટે **વલભી** લેખોના **મૈત્રકો** એ જ **મેર**, એ રીતે સમીકરણ સ્વીકારતાં ઇ. સ. ૫૦૦ ની આસપાસના કાઠીઆવાડ–ગુજરાતના ઇતિહાસનો નીચે પ્રમાણે ઉકેલ પં. **ભગવાન-લાલ**ને સૂઝયો હતો.

ઇ. સ. ૪૭૦ ની આસપાસમાં **ગુપ્ત** સત્તા કાઠીઆવાડ ગુજરાતમાંથી અસ્ત થયા

---

૧ જુઓ વીન્સેન્ટ સ્મીથની અર્લી હીસ્ટરી ઓફ ઈન્ડીઆ, આ. ૩ પૃ. ૩૧૫

૨ મુંબઇ ગેઝીટીઅર ગ્રં. ૧ ભા. ૧ પૃ. ૮૭

૩ એજ પૃ. ૮૬-૮૭ તથા પ્ર. ૧૨

પછી[૧] કાબુલ અને ગાંધારને રસ્તે ઉત્તરમાંથી તીડનાં ટોળાં પેઠે ઉતરી આવેલાં હૂણનાં ટોળાંઓએ ગુપ્તોની સ્કંદ ગુપ્તના મરણ સાથે નબળી પડેલી સત્તાને, ઉત્તર હિન્દમાં, જ્યારે પાછી હઠાવી ત્યારે એ ટોળાંઓએ કાઠીઆવાડ ગુજરાતમાં પણ પ્રવેશ કર્યો હશે.[૨] હૂણ રાજા તોરમાણના સિક્કાઓ સુરાષ્ટ્રના ક્ષત્રપ અને ગુપ્ત સિક્કાઓના અનુકરણરૂપ છે, એ હકીકત ઉપરના તર્કને સબળ ટેકો આપે છે.[૩] આ હૂણોને હરાવીને વલભીના ભટાર્કે કાઠીઆવાડમાં પોતાના વંશનું રાજ્ય સ્થાપ્યું. ગેઝીટીઅરના લેખકે એ વખતે મળેલાં જૂનામાં જૂનાં તામ્રપત્રના સમય ઉપરથી હૂણ સત્તા ચાળીસેક વર્ષ ટકી હોવાનો સંભવ માન્યો હતો.[૪] પણ પાછળથી ભટ્ટાર્ક (કે ભટાક્ક)ના બીજા પુત્ર દ્રોણસિંહનું વ. સં. ૧૮૩ (ઇ. સ. ૫૦૨)નું તામ્રપત્ર ભમોદરામાંથી મળ્યું છે.[૫] એ જોતાં વીન્સેન્ટ સ્મિથ ઇ. સ. પાંચમા શતકના અનીની નજીકમાં ભટ્ટાર્કે વલભીમાં રાજ્ય સ્થાપ્યું માને છે તે યથાર્થ લાગે છે. અને હૂણોની સત્તા કાઠીઆવાડમાં વીશેક વર્ષથી વધારે ટકી હોવાનો સંભવ નથી લાગતો.

હવે ગેઝીટીઅરના લેખકે વલભીના રાજાઓના શત્રુઓ તો જૂના હૂણ અને હાલના મેર અને વલભીના રાજાઓ પોતે ઘણુંકરી ગૂર્જર જાતિના, એવો મેળ કર્યો છે. પણ વીન્સેન્ટ સ્મિથ તો વલભીના પ્હેલા રાજાઓને હૂણના સામન્ત ગણે છે.[૭] અને વલભી તામ્રપત્રોના ઉપર ટાંકેલા વાક્યમાં જે મૈત્રક શબ્દ છે તે વલભી રાજાઓના શત્રુઓનો વાચક નથી, પણ વલભીના રાજાઓના કુળનો વાચક છે એવો અર્થ પુરાતત્ત્વવિદ હુલ્ઝે કર્યો છે, અને એ અર્થ એ વિદ્યાના બીજા વિદ્વાનોએ સાચો માન્યો છે. અને તામ્રપત્રોનાં ઉક્ત વાક્યની રચના વિચારતાં હવે એ જ અર્થ સ્વાભાવિક લાગે છે. પરિણામે મૈત્રકોને વલભી રાજાઓના શત્રુઓ માનીને પં. ભગવાનલાલ ઇન્દ્રજીએ જે ગોઠવણ કરી હતી તે બધી તૂટી ગઈ છે. કદાચ એ જ કારણથી વીન્સેન્ટ સ્મિથે વલભીના રાજાઓ હૂણ રાજાનાં સામન્ત હોવાનો નવો તર્ક ઉઠાવ્યો હશે.[૯] પણ એ તર્ક તો બીલકુલ ટકી શકે એવો નથી. કારણ કે હૂણ સત્તા ઈ. સ. ૫૨૮ ની આસપાસમાં નરસિંહ ગુપ્ત બાલાદિત્ય અને યશોધર્મને હાથે નાશ પામી છે,[૧૦] જ્યારે ઈ. સ. ૫૩૬-૩૭ (વલભી સં. ૨૧૭)માં પણ વલભીનો રાજા ધ્રુવસેન પોતાને મહાસામન્ત કહે છે.[૧૧] મતલબ કે વલભી વંશનો સ્થાપક ભટ્ટાર્ક તથા તેનો પુત્ર ધરસેન જેના સેનાપતિઓ હતા, ધરસેનથી ન્હાના દ્રોણસિંહને જે

---

૧ એજ પૃ. ૮૬

૨ એજ પૃ. ૮૬-૮૭

૩ વીન્સેન્ટ સ્મીથની અર્લી હીસ્ટરી ઓફ ઈન્ડીઆ આ. ૩ પૃ. ૩૧૬ ટિ. ૩

૪ મું. ગે. ગ્રં. ૧ ભા. ૧ પૃ. ૮૬

૫ જુઓ ગુજરાતના ઐતિહાસિક લેખો નં. ૧૬

૬ વીન્સેન્ટ સ્મિથ પૃ. ૩૧૪

૭ એજ

૮ એજ પૃ. ૩૧૪ ટિ. ૧ તથા એપીગ્રાફીઆ ઇન્ડીકા ગ્રં. ૩ . ૩૨૦

૯ વીન્સેન્ટ સ્મીથ આ. ૩ પૃ. ૩૧૪

૧૦ એ જ પૃ. ૩૧૮

૧૧ ગુજરાતના ઐતિહાસિક લેખો નં. ૨૮

પરમ સ્વામીએ જાતે રાજ્યાભિષેક કરીને મહારાજા બનાવ્યો હતો તથા ત્રીજો ધ્રુવસેન પણ જેનો સામન્ત હતો, એમ વલભી લેખોમાં કહ્યું છે,[૧] તે વલભી રાજવંશના પરમ-સ્વામીને હૂણ શિવાય અન્યત્ર શોધવો પડશે, એ સ્પષ્ટ છે.

વળી મૈત્રક વલભીના રાજવંશનું નામ ઠરવાથી બીજા એક નિર્ણયને પણ ધક્કો લાગ્યો છે. વલભીના રાજાઓ—જો કે ચોક્કસ પ્રમાણ નથી—તેઓના કોઈ તામ્રપત્રમાં વંશનું નામ નથી લખ્યું, પણ ઘણુંકરી ગૂર્જર હશે, એવી કલ્પના પં. ભગવાનલાલ ઇન્દ્રજીએ કરેલી[૨] અને શ્રી. દે. રા. ભાંડારકરે એક વખત લગભગ કબૂલ કરેલી.[૩] પણ ભરૂચના ગૂર્જરરાજાઓના આરંભનાં તામ્રપત્રોમાં જેમ ગૂર્જર રાજાઓને 'ગૂર્જર નરપતિવંશમાં જન્મેલા' કહ્યા છે[૪] તેમ વલભી રાજાઓને નથી કહ્યા અને મૈત્રક વંશના કહ્યા છે એ આપણે જોયું; એ ધ્યાનમાં રાખીને કદાચ વીન્સેન્ટ સ્મીથે 'ઘણું કરી પરદેશી મૂળના' એટલું મભમ કહ્યું હશે.[૫] મતલબ કે વલભીના રાજાઓ ગૂર્જર તો નહિ જ મનાય.

હવે મૈત્રકનું મૂળ શોધતાં પહેલાં આ મૈત્રકો હૂણના સામન્ત નહોતા તો કોના સામન્ત હોવા જોઈએ, એ પ્રશ્નની થોડી તપાસ કરી લઇએ. પં. ભગવાનલાલ ઇન્દ્રજીએ આ પ્રશ્નનો જવાબ નથી આપ્યો, પણ ગેઝીટીઅરની ટિપ્પણીમાં એ. એમ, ટી. જેકસને નીચે પ્રમાણે સવિસ્તર વિચાર કર્યો છે.[૬] એક કહે છે કે દ્રોણસિંહના અભિષેકનો સમય ઇ. સ. ૫૨૦ માની, એ વખતે ચક્રવર્તીનો ગર્વ લઈ શકે એવું કોણ હતું તે જોવાથી કાંઈક પત્તો લાગવાનો સંભવ છે. પાછળથી મળેલાં દ્રોણસિંહનાં તામ્રપત્રથી આ સમયની મર્યાદાને થોડી પાછળ હઠાવવી પડશે, એટલે મિહિરકુલને બદલે તોરમાસનું નામ મૂકવું પડશે. પણ હૂણ રાજાના સામન્ત હોવાનો સંભવ નથી, એ આપણે ઉપર જોયું છે. તોરમાણ અને મિહિરકુલે ચક્રવર્તીપદસૂચક પરમેશ્વર પદવી કદિ જ ધારણ કરી નથી. જો કે તોરમાણ પોતાને એરણના લેખમાં મહારાજાધિરાજ કહે છે અને સિક્કાઓમાં અવનીપતિ કહે છે. ગુપ્તોને પણ બાદ કરવા પડશે; કારણ કે તેઓની સત્તા આ વખતે નબળી પડી ગઈ હતી અને ખાસ કરીને પશ્ચિમમાં તો કશી જ સત્તા રહી નહોતી. વળી નરસિંહ ગુપ્ત બાલાદિત્ય ચક્રવર્તી તો નહોતો જ, પણ મિહિરકુલનો સામન્ત હશે એમ શ્રી. જેકસન ધારે છે. ટુંકામાં અર્થાપત્તિ પ્રમાણથી શ્રી યશોધર્મ વિષ્ણુવર્ધન જે એક લેખમાં પોતાને રાજાધ્યક્ષ અને પરમેશ્વર કહે છે, લૌહિત્ય(બ્રહ્મપુત્રા)થી પશ્ચિમ સમુદ્ર સુધી અને હિમાલયથી મહેન્દ્ર પર્વત સુધી વિજય મેળવ્યાનો તથા મિહિરકુલે પોતાની આજ્ઞા માથે ચઢાવ્યાનો ગર્વ લે છે તે યશોધર્મા વલભીના પ્હેલા રાજાઓનો સ્વામી હોવાનો સંભવ મી. જેક્સન માને છે. મને એની ઉપર કરેલી દલીલો વજનદાર લાગે છે.

---

૧ ગુજરાતના ઐતિહાસિક લેખો નં. ૨૦

૨ મું. ગે. ગ્રં. ૧ ભા. ૧ પૃ ૮૫

૩ જુઓ જર્નલ ઓફ ધી એશીઆટીક સોસાઇટી ઓફ બેંગાલ ન્યુ. સી. ગ્રં. ૫ નં. ૬ પ. ૧૮૫ તથા વસંત માસિક ૧૯૬૬ કાર્તિક.

૪ જુઓ ત્રૈ. સં. ૩૮૫ નું દદ્દ બીજાનું તામ્રપત્ર પ્રા. લે. મા. ભા. ૨ પૃ. ૪૪

૫ વીન્સેન્ટ સ્મીથની અર્લી હીસ્ટરી આ. ૩ પૃ. ૩૧૪

૬ જુઓ મું. ગે. ગ્રં. ૧ ભા. ૧ પૃ. ૮૮ ટિ. ૩

૭ चूडापुष्पोपहारैर्मिहिरकुलनृपेणार्चितं पादयुग्मम्

દશપુર(મન્દસોર)નો સ્તંભલેખ, ગુપ્ત ઇન્સ્ક્રી. લેખ નં. ૩૩ શ્લો. ૬

ઉપરની ઐતિહાસિક વિચારસરણીથી જોતાં એમ લાગે છે કે હૂણો સાથે લગભગ ઇ. સ. ૪૫૫થી શરૂ થયેલા વિગ્રહમાં ગુપ્તવંશના પુરગુપ્ત કે ભાનુગુપ્તના સેનાપતિ તરીકે પાંચમા સતકના અનીકમાં કોઈક જાતનો ભાગ લેનાર મૈત્રકવંશના ભટાક કે ભટ્ટાર્ક નામના વીરપુરૂષે સુરાષ્ટ્રમાંથી ઈ. સ. પાંચમા શતકની છેલ્લી વીશીમાં હૂણ લશ્કરી છાવણીને હરાવી, વલભી(હાલના વળા)માં પોતાની જાગીર સ્થાપી. અને પાછળથી એના પુત્રોએ યશોધર્માનું પ્રાબલ્ય જોઈને એનું પરમસ્વામીપણું સ્વીકાર્યું અને તેને જ હાથે અભિષેક કરાવી મહારાજ પદવી મેળવવામાં મોટપ માની.

આ રીતે મૈત્રક શબ્દ વલભી રાજાઓના વંશનો વાચક ઠરતાં અને મૈત્રકે પોતે હૂણો નહીં, પણ હૂણોના ગુપ્તો જેવા જ શત્રુઓ હતા, એવી ઐતિહાસિક સંકલના સિદ્ધ ઠરતાં વલભીના રાજવંશ સંબંધી જૂના ઘણા તર્કો તો ઉડી જાય છે. બીજી તરફથી મેવાડના રાણાઓનો મૂળ પુરૂષ વલભીના રાજવંશનો હતો એવી ભાટ બારોટની દંતકથાઓમાંથી ઉતરી આવેલી માન્યતા છેક ટૉડથી મુંબઈ ગેઝીટીઅર લખાયું[1] ત્યાં સુધી ચાલેલી હોવા છતાં શ્રી. ગૌરીશંકર હીરાચંદ ઓઝા, શ્રી દેવદત્ત રામકૃષ્ણ ભાંડારકર વગેરે પુરાતત્ત્વવિદોની નવી શોધખોળને પરિણામે ખોટી ઠરી છે. મેવાડના રાજાઓ વલભીના રાજવંશના નહીં, પણ વડનગરના નાગર બ્રાહ્મણના વંશના હોવાની માન્યતા ઇતિહાસવિદોમાં પ્રચલિત થઈ છે.[2] એટલે મેવાડના ગુહીલો કે તેમાંથી જ નીકળેલા કાઠીયાલાડના ગોહિલોને વલભીના રાજવંશ સાથે સંબંધ હોવાની કલ્પના તદન ઉડી ગઈ છે. હવે વલભીના મૈત્રકો કોણ કઈ જાતિના હતા અને ઇ. સ. ૭૬૬–૭૦માં તેના રાજ્યનો નાશ થયા પછી તેઓનું શું થયું? એ પ્રશ્નનો થોડો વિચાર કરવાનો રહે છે.

પ્હેલું તો ગુપ્તવંશ, મોખરીવંશ જેવું વલભી રાજાઓના વંશનું મૈત્રક નામ મળે છે, અને યુવાન ચુઆંગ વલભી રાજાને ક્ષત્રિય કહે છે.[3] પછી મૈત્રકના મૂળમાં વધારે ઉતરવાનું રહે છે જ ક્યાં? વળી ગૂર્જરને પરદેશી માનવાનાં જે કારણો છે તેવાં કોઈ કારણો મૈત્રકને પરદેશી માનવા માટે નથી. મૈત્રક એ જ મેર, એ સમીકરણની, કારણ તરીકેની શકિત પાછળથી ક્ષીણ થઇ ગયાનાં કારણો ઉપર દર્શાવ્યાં છે. અને જે મિત્ર ઉપરથી મૈત્રક શબ્દ નીકળ્યો છે તે મિત્ર નામના એક રાજવંશનું રાજ્ય ઇ. સ. બીજાથી ચોથા શતકમાં મથુરાની આસપાસના પ્રદેશમાં હોવાનું સિક્કાઓના પુરાવાઓથી જણાય છે.[4] વલભીના રાજાઓનું મૂળ આ મિત્ર વંશના રાજાઓ હોવાનો સંભવ દેખીતો છે. અને ઇ. ૧૯૦૯માં ગુહિલોત ઉપર લેખ લખીને જે શ્રી. દે. રા. ભાંડારકરે "ચિતોડના ગુહિલોતોએ વડનગરના નાગર બ્રાહ્મણો

---

૧ જુઓ ટૉડના એનલ્સ ઑફ રાજસ્થાન ગ્રં. ૧ પૃ. ૧૧૨ વેસ્ટર્ન ઇન્ડીઆ પૃ. ૧૪૮ (રાજસ્થાનનું ગુજરાતી ભાષાન્તર મારી પાસે અત્યારે નથી, એટલે અંગ્રેજી પુસ્તકનો ગેઝીટીઅરમાં નોંધાવેલો ઉલ્લેખ આપ્યો છે) તથા મું. ગે. ગ્ર ભા. ૧ પૃ. ૯૭ તથા તેની ટિ. ૩

૨ જુઓ જર્નલ ઑફ ધી એશીઆટીક સોસાઈટી ઑફ બેંગાલ ન્યુ સીરીઝ ગ્રં. ૫ પૃ. ૧૬૭ થી ૧૮૭ તથા મેવાડના ગુહિલો, શ્રી માનશંકર પી. મહેતાકૃત.

૩ મું. ગે. ગ્રં. ૧ ભા. ૧ પૃ. ૮૫

૪ જુઓ પ્રાચીન મુદ્રા, રાખાલદાસ બંદોપાધ્યાય કૃત પૃ. ૧૦૬–૮ (મેવાડના ગુહિલો પૃ. ૯૭ અને તેની ટિ. ૯)

અને વલભી રાજાઓ મૈત્રક હોવાથી તેની નીચે નિકટ સંબંધ[1]વાળા આ નાગરો પણ મૈત્રક અને મૈત્રકો ગુર્જરો સાથે નિકટ સંબંધવાળી ગુર્જરો જેવી પરદેશી મૂળની જાત છે" એવું વિધાન કર્યું હતું તે જ વિદ્વાને ઈ. સ. ૧૯૩૨માં 'નાગર બ્રાહ્મણો અને કાયસ્થ' એ મથાળાના લેખમાં નાગર નામની જ એક જાતિ (Race) માનસ સરોવર પાસેના હાટક પ્રદેશની મૂળવતની (એ જ કારણથી નાગરો હાટકેશ્વરપૂજક છે) તે ધીમે ધીમે પશ્ચિમમાં તથા દક્ષિણમાં ઉતરતી ગઈ. પશ્ચિમ તરફના તેના પ્રવાસની નિશાની કાશ્મીરનાં હુંઝ નગર અને કાબુલ નદી ઉપર નગર ગામનાં નામમાં મળે છે. પછી ત્યાંથી નીકળીને નાગર જાતિએ પહેલું થાણું નગરકોટમાં જમાવ્યું. ત્યાંની એની દત્ત અને મિત્ર શાખાઓએ ઇ. સ. પૂર્વે બીજાથી ઇ. સ. બીજા શતક સુધીમાં પાંચાલ, કોસલ અને મથુરામાં રાજ્યો સ્થાપ્યાં. આની પછવાડે વર્ધનો, પાલો, અને સેનો આવ્યા તે છેક બંગાળ સુધી પ્રસરી ગયા. વળી જૂની મિત્ર શાખાથી સંબદ્ધ મૈત્રકો(વલભીના)એ કાઠીઆવાડ અને ગુજરાત જિત્યું.'[2]

આ રીતે મધ્યકાળના અનેક રાજવંશોને એક ઝપાટે પરદેશી મૂળના મટાડી નાગર જાતિના બનાવી દેવાની શ્રી ભાંડારકરની કલ્પના છે રોચક, પણ ઇતિહાસવિદોમાં બહુ માન્ય થવી મુશ્કેલ છે. ખરી વાત તો એ છે કે આ અમુક લોક કે રાજવંશનું મૂળ પરદેશી કે દેશી? આર્ય? કે અનાર્ય? વગેરે મૂળ સંબંધી વાદાવાદી તદ્દન નિરર્થક છે–એને કદિ છેવટનો નિર્ણય શકય જ નથી. કારણ કે ભૂતકાળમાં પગલાં ભુંસી નાંખતામાં આવ્યાં છે. આ દેશના પ્રાચીન ઇતિહાસની બે હકીકતો એ વિષયમાં ઉંડા ઉતરવા માગનારે ખાસ ધ્યાનમાં રાખવાની જરુર છે.

(૧) પ્રાચીન કાળમાં બ્રાહ્મણાદિ વર્ણો પોતાથી ઉતરતા વર્ણની કન્યા પણ પરણી શકતા.[3] અને તેની જે પ્રજા થાય તેને તરતના જ ઉતરતા વર્ણની સ્ત્રીની પ્રજા હોય તો પિતાના વર્ણની ગણવી, એવો મત મનુએ દર્શાવ્યો છે.[4] પણ પાછળના સ્મૃતિકારોએ માતાના વર્ણની આવી પ્રજાને ગણવી એવું સ્પષ્ટ વિધાન કર્યું છે.[5] અને એ આચાર માન્ય થવાને પરિણામે બ્રાહ્મણ પિતા અને ક્ષત્રિય માતાથી ઉત્પન્ન થયેલા મૂળવાળા અનેક રાજવંશો આપણા ઇતિહાસની ભૂમિ ઉપર પ્રકટ થયા અને ક્ષત્રિયોમાં લગ્નસંબંધમાં સ્વવર્ણનો આગ્રહ પછી પણ શિથિલ જ હોવાને લીધે બધા સરખા જ ક્ષત્રિયો ગણાયા. ઉપરના જ કારણથી નીચલા–શૂદ્ર વર્ણની કન્યા પરણનાર ક્ષત્રિયો રાજ્યસત્તા જતાં શૂદ્ર અને અતિશૂદ્રમાં ભળી ગયા. ઢેઢમાં ચાવડા ઓડક હોવાનું પ્રસિદ્ધ છે.

---

૧ આ નિકટ સંબંધ એટલે વલભીના રાજાઓ દાન આપનાર અને વડનગરના કેટલાક બ્રાહ્મણો દાન લેનાર બસ.

૨ ઈન્ડીઅન એન્ટીકવેરી ૧૯૩૨ પૃ. ૪૧ થી ૫૫ તથા ૬૧ થી ૭૨ અને મેં ૧૯૩૪ ના મેના કૌમુદીના અંકમાં પ્રાચીન ગૂર્જર દેશ અને ગુર્જર જાતિ નામના લેખમાં કરેલો ઉતારો.

૩ મનુ અ. ૩ શ્લો. ૧૨

૪ એ જ અ. ૧૦ શ્લો. ૬

૫ જુઓ યાજ્ઞવલ્કય આચારાધ્યાય શ્લો. ૯૧ ની મિતાક્ષરી ટીકા

यत्तु ब्राह्मणेन क्षत्रियायामुत्पादितो क्षत्रिय एव भवति, वैश्यायामुत्पादितो वैश्य एव भवति शूद्रायामुत्पादितो शूद्र एव भवति इति शंखस्मरणम् વગેરે

મતલબ કે બ્રાહ્મણનો છોકરો ક્ષત્રિય થાય એ વાત મૂળ જાતિ પરદેશી હોય તો જ બને એવી જૂના પુરાતત્ત્વવિદોની કલ્પના સ્મૃતિઓનાં આવાં વચનોનો વિચાર કર્યા વગર ઉત્પન્ન થઈ હતી અને નિરાધાર છે.

(૨) બીજું ઇ. સ. પૂર્વે ચોથા શતકથી આરંભી ઇ. સ. પાંચમા શતક સુધીમાં યવન, શક, હૂણ વગેરે અનેક પરદેશી ટોળાંઓ આ દેશમાં આવ્યાં અને આ દેશની પ્રજામાં બૌદ્ધ, શૈવ, વૈષ્ણવ વગેરેમાંથી કોઈ પણ ધર્મ સ્વીકારી, આ દેશની પ્રજામાં ભળી ગયાં. અને સ્મૃતિકારોને આ પરદેશી ધસારાનું શું કરવું તે સ્પષ્ટ સૂઝ્યું તે પ્હેલાં તો પ્રજાની મિશ્ર સ્થિતિ જામી ગઈ. મનુએ પૌંડ્રક, ચોડ, દ્રાવિડ, કાંબોજ, યવન, શક, પારદ, પલ્હવ, ચીન, કિરાત, દરદ, ખશ, વગેરે ક્ષત્રિય જાતિઓ ક્રિયાલોપથી અને બ્રાહ્મણના અદર્શનથી શૂદ્રપણાને પામી છે, એમ એક જગ્યાએ કહ્યું છે.[૧] અન્યત્ર આભીર, વૈદેહક, ખસ, દ્રવિડ વગેરેને પ્રતિલોમ લગ્નથી ઉત્પન્ન સંકર જાતો કહી છે.[૨] અને મહાભારતમાં એક સ્થળે આન્ધ્ર, શક, પુલિન્દ, યવન, કામ્બોજ બાલ્હીક અને આભીરોને મ્લેચ્છ રાજા કહ્યા છે.[૩] આન્ધ્ર જેવા બ્રાહ્મણ રાજાને અહીં મ્લેચ્છ કહ્યા છે, તે તો તેઓ આર્યાવર્તની બ્હાર હોવાને લીધે હશે. મનુએ ચોડ દ્રવિડને યવન અને શક સાથે ગણેલ છે તે પણ કદાચ એ જ કારણથી. એ ગમે તેમ હો પણ ક્ષત્રિય રાજવંશોમાં પછી એ વંશ સ્મૃતિકારને મતે શૂદ્ર ગણાતો હોય કે ક્ષત્રિય વૈશ્ય ગણાતો હોય, પણ પરસ્પર લગ્નસંબંધ પ્રચલિત હતો; મતલબ કે રાજાઓ પોતે આ દેશના બીજા રાજાઓને ગમે તે મૂળના હોય પણ વ્યવહારમાં ક્ષત્રિય જ ગણતા.[૪] પરિણામે મૂળ ક્ષત્રિય માતપિતાથી ઉત્પન્ન ક્ષત્રિય રાજવંશો બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય-શૂદ્રનાં અનુલોમ-પ્રતિલોમ લગ્નથી ઉત્પન્ન થયેલા રાજવંશો[૫] અને શક-હૂણ વગેરે પરદેશીઓમાંથી નીકળેલા તથા પરદેશીઓ સાથેના લગ્નસંબંધથી[૬] ઉત્પન્ન થયેલા બધા રાજવંશો વ્યવહારમાં ક્ષત્રિય ગણવા લાગ્યા. અને અમુક વખત પછી બ્રાહ્મણો એ પણ રાજવંશના આ વ્યવહારને જાણે સમતિ આપી. મનુએ ક્રિયાલોપથી અને બ્રાહ્મણોના અદર્શનથી શક વગેરે ક્ષત્રિય જાતિઓ શૂદ્રત્વને પામી છે એમ કહ્યું છે, તો સ્મૃત્યુક્ત ક્રિયાના સ્વીકારથી અને બ્રાહ્મણને માન આપવાથી પાછી ક્ષત્રિયપણાને પામી શકે એવું કદાચ સમાધાન કરી-જો કે આવો સ્પષ્ટ ઉલ્લેખ મારા વાંચવામાં નથી આવ્યો-ગમે તેમ પણ બ્રાહ્મણોએ જ પાછળથી 'અનેક રાજવંશોને સૂર્યવંશને અને ચંદ્રવંશ સાથે જોડવાનો પ્રયાસ 'કર્યો છે.[૭] એ સોલંકી વગેરે રાજવંશોના લેખોથી

---

૧ મનુ અ. ૧૦ શ્લો. ૪૩-૪૪

૨ એજ શ્લો. ૭ થી ૨૪

૩ મહાભારત વનપર્વ અ. ૧૮૮

૪ આ કારણથી યુવાનચુઆંગ વલભીના રાજાઓને ક્ષત્રિય કહે છે, એ હકીકત ઉપર કશો આધાર ન રાખવાનું પુરાતત્ત્વવિદો કહે છે. જુઓ મું. ગે. ગ્રં. ૧ ભા. ૧ પૃ. ૮૫ અને ૪૬૭ થી અર્લી હીસ્ટરી ઑફ ઈન્ડીઆ આ. ૩ પૃ. ૩૨૨ અને જ-બો-બ્રે-રી-ઓ. સો ગ્ર. ૨૧ પૃ. ૪૨૩

૫ જુઓ મેવાડના ગુહિલો પૃ. ૭૩ થી ૯૩ અને ખાસ દાખલો પ્રતિહાર વંશનો. બ્રાહ્મણની ક્ષત્રિય પત્નીથી એ વંશનો મૂળ પુરૂષ ઉત્પન્ન થયો હોવાનું એ વંશના લેખોમાં કહ્યું છે. જુઓ મેવાડના ગુહિલો પૃ. ૯૧ માં આપેલા ઉલ્લેખો.)

૬ મેવાડના ગુહિલવંશી રાણા અલ્લટની રાણી હરિપદેવી હૂણપુત્રી હતી અને હૈહયવંશી રાજા કર્ણની એક રાણી પણ હૂણ કુમારી હતી. (જુઓ મારો લેખ પ્રાચીન ગૂર્જર દેશ અને ગૂર્જર જાતિ—કૌમુદી ૧૯૩૪ મે. પૃ. ૪૨૯)

૭ ભરૂચના ગૂર્જર રાજવંશના પહેલા લેખોમાં ગૂર્જર વંશજ કહ્યો છે ત્યારે પાછળથી તેઓએ પોતાને મહાભારતના કર્ણના વંશના કહેવરાવવા માંડ્યા હતા (જુઓ ઈ. એ. ગ્રં. પૃ. ૧૦૯ માં છપાયેલું દાનપાત્ર તથા મું. ગે. ગ્રં. ૧ ભા. ૧ પૃ. ૧૧૬)

દેખાય છે.[1] અને પાછળથી ભાટો અને બારોટોએ તો છેક રામ અને કૃષ્ણથી આજ સુધીનાં નામોવાળાં પેઢીનામાં કરી દીધાં છે.[2] મતલબ કે વંશો શુદ્ધ ન રહે એવી પરિસ્થિતિ ઘણો લાંબો કાળ ચાલી અને પાછળથી એ વસ્તુસ્થિતિ ઉપર પડદો નાંખવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. પછી વલભી કે બીજા કોઇ પણ વંશનું મૂળ શોધવાનો પ્રયત્ન જ વ્યર્થ છે, એમાંથી કાંઈ પત્તો લાગે એમ જ નથી. અને આ સ્થિતિને લીધે જ અસંભવિત દન્તકથાઓ ઉત્પન્ન થઇ છે. ટુંકામાં વલભીરાજવંશનું મૂળ શોધવું, એ પાણી વલોવા જેવું છે. તેઓ મૈત્રક વંશના ક્ષત્રિયો હતા એટલું બસ છે.

બીજો પ્રશ્ન—વલભીનો નાશ થયા પછી આ મૈત્રક ક્ષત્રિયોનું શું થયું? મુંબઈ ગેઝીટીઅરના લેખકે વાળા રજપૂતો તથા કાઠીઓને વલભી પ્રાકૃત વલાડીના અને મૂળ છેક બાલ્હીક—બાહીક ઠરાવવાનો પ્રયાસ કર્યો છે. પણ મને લાગે છે કે વલભીના નાશ પછી વલભીના રજપૂતો ગામના નામ ઉપરથી વાળા કહેવાયા અને તેઓ પોતાનું મૂળ મૈત્રક નામ ભૂલી ગયા. અલબત્ત વલભી મૂળ વસાવ્યું હોય બાલ્હીકોએ–એટલે સુરાષ્ટ્રના ક્ષત્રપ રાજવંશમાંથી કોઈએ તો એ સંભવિત છે. એ બાલ્હીક ક્ષત્રપ ક્ષત્રિયો ને મૈત્રક ક્ષત્રિયોનો સંકર તો થયો જ હશે.

છેવટ બરડાના મેર રહ્યા.[4] છેક આભીરથી આરંભી મૌર્ય, હૂણ વગેરે રાજ્ય ખોઈ બેઠેલી અનેક જાતોના લોકો હાલના મેરમાં હોવાના સંભવથી અલબત્ત ગેઝીટીઅરના લેખક ધારે છે તેમ હૂણનું પ્રમાણ જેઠવા અને મેરમાં વિશેષ હોય--જેઠવા નામ ચીનાઈ પેથા ઉપરથી નીકળ્યું હોય,[5] તો એ સંભવિત છે.

વલભીરાજ વંશની ઉત્પત્તિ વિષે બે દંતકથાઓ—

જૂદા જૂદા રાજવંશો સંબંધી દંતકથાઓ પ્રચલિત થઈ હોવાનું ઉપર કહ્યું છે તેમાં વલભી રાજવંશ વિષે બે દંતકથાઓ ટુંકામાં નોંધવા યોગ્ય છે. (૧) પ્રબંધચિંતામણિમાં છે કે જૂના કાળમાં ખેડ નામના ગામમાં દેવાદિત્ય નામના વિપ્રની રૂપાળી પણ બાળવિધવા દીકરીને સૂર્યથી એક પુત્ર થયો તેનું નામ શીલાદિત્ય એ વલભી વંશનો સ્થાપક [6] (જુઓ ભાષાન્તર પૃ. ૨૨૨–૨૨૩)

બીજી ગોહિલ દંતકથા જે ટૅાડના રાજસ્થાનમાં આપી છે તેમાં સૂર્યવંશી કનકસેને ધોળકામાં તથા ઢાંકમાં પ્હેલાં ઈ. સ. બીજા શતકમાં ગાદી સ્થાપી અને ત્યાંથી વલભીપુરમાં ગાદી સ્થાપી (ટૅાડ ઍનલ્સ ગ્ર. ૧ પૃ. ૮૩ અને ૨૧૫).

---

૧ જુઓ સોલંકીઓ કા પ્રાચીન ઇતિહાસ પૃ. ૩–૪ તથા પ્રાચીન ગૂર્જર દેશ અને ગૂર્જર જાતિ નામોનો મારો લેખ કૌમુદી મે ૧૯૩૪—પૃ. ૨૩૭

૨ કાઠીઆવાડ ગેઝીટીઅર ટૅાડનું રાજસ્થાન વગેરેમાં આવાં પેઢીનામાં આપ્યાં છે. જડવાની વંશાવળીનો વિચાર તો મું. ગે. પૃ. ૧૪૫ માં પણ થોડો કર્યો છે.

૩ જુઓ મું. ગે. ગ્ર. ૧ ભા. ૧ પૃ. ૧૦૦ થી ૧૯૯

૪ મેર વિષે જે સવિસ્તર વિચાર મું. ગે ગ્રં. ૧ ભા. ૧ ના પ્ર. ૧૨ મામાં કર્યો છે તે જોવા જેવો છે. મેર જાતિનો વિસ્તાર કેટલો મોટો છે તે ત્યાં દર્શાવ્યું છે.

૫ જુઓ મું. ગે. ગ્ર. ૧ ભા. ૧ પૃ. ૧૪૫

૬ અઢીસો વર્ષ જે રાજવંશ ચાલેલો છતાં એક શીલાદિત્ય સાથે જ ગાદી ઉપર બેઠાની તથા વલભીના નાશની વાત પ્ર. ચિં. ની દંતકથામાં જોડી છે, એ ઉપરથી એના વખત સાચા ઇતિહાસનું જ્ઞાન શૂન્ય હતું, એ સમજી શકાય છે.

વિઘનમાં લગન

કૃષ્ણસૂનુ પ્રેમાનંદ ભટ ગ્રથિત

રોષદર્શિકાસત્યભામાખ્યાનનું એક દશ્ય

સંશોધક દી. બ. કેશવલાલ હ. ધ્રુવ

પુરોલેખ

'વિઘનમાં લગન' એ રોષદર્શિકાસત્યભામાખ્યાનના ચોથા અંકનું છેલ્લું દશ્ય છે. કૃષ્ણદેવે શ્રીદામા સાથે દ્વારિકાગમોત્સવમાં ભાગ લેવા પધારે છે. તેમણે રુક્મિણીને વચન આપ્યૂં હતૂં કે "હૂ ઉત્સવનો દિવસ તમારી સાથે પદ્મપરાગોદ્યાનમાં કુસુમનિકરકુંજે ગાળીશ"; તે મુજબ તેઓ વાઘની માયા સંકેલી લેઈ સંકેતસ્થાને જવા નીકળ્યા છે. પણ તે પ્હેલાં શ્રીદામાએ કૃષ્ણદેવ અને સત્યભામાનો પંચશરવિહારપદ્મિનીએ મેળાપ કરાવવાનો બેત રાખ્યો હતો; એ ગોઠવણ પ્રમાણે કૃષ્ણદેવ ત્યાં સત્યભામાને આવેલી જોતા નથી. તેથી તેઓ ખેદ પામે છે. એટલામાં વાઘના છેક નજીકના ઘૂઘવાટથી પ્રવર્તેલા ગભરાટમાં ચાલી નીકળેલાં સત્યભામા અને તેની સખી નાગરિકા પંચશરવિહારપદ્મિનીએ આવી પ્હોચે છે. એ યોગમાં શ્રીદામો ઘર મંડાવનાર નારદ મુનિને સ્મરે છે. બ્રહ્મકુમારની સમક્ષ કૃષ્ણદેવ અને સત્યભામા વરમાળ ધારણ કરી, બટકબોલો શ્રીદામો કહે છે તેમ, વરવહુ બની જાય છે. એટલામાં કૃષ્ણદેવની સત્યભામાની અને શ્રીદામાની શોધમાં રુક્મિણી, બળરામ, સત્રાજિત્, ચારુમતિ, અક્રૂર, કૃતવર્મા, શતધન્વા વગેરે પદ્મિનીએ આવી ચડે છે. કૃષ્ણદેવ અને સત્યભામાના વિવાહથી કન્યાના પિતા અને ન-ઊઘલાયલા ઉમેદવાર સિવાય સર્વે આનંદમગ્ન થાય છે. ન્હાનેરાંને બેવડો આનંદોત્સવ મ્હાલવા મૂકી વડેરાં વળી જાય છે. તે અવસરે નારદનૂં વચન માથે ચડાવી રુક્મિણી નવા પરણેલા જોડાને વંદવા જાય છે, તેને રોકી કૃષ્ણદેવ પોતાના જમણે પડખે બેસાડે છે. ત્યાં તો મહારાજાધિરાજ ઉગ્રસેન તરફથી સજોડે દર્શન દેવાનિમિત્તનૂં તેડું આવે છે. નારદજી નરકાસુરવધનૂં બીજારોપણ કરી સ્વર્ગે સીધાવે છે; અને કૃષ્ણદેવ મહાદેવી અને લઘુદેવીની જોડે છત્રધારી માતામહના પ્રાસાદે પધારે છે.

આ દશ્યમાં નિરૂપિત કરેલો વિવાહનો વિધિ ધ્યાનમાં લેવા જોગ છે. એ સ્મૃતિકારે કહેલો ગાંધર્વ વિવાહ છે. તેની સાથે પ્રાચીન સ્વયંવરની છાયા ભળેલી છે; વરમાળ સ્વયંવરણની માળા છે. પરણનાર જોડાની એકતાના સંકેતની માળા પણ તે છે; એટલે કરીને વરકન્યા બંને એક જ માળા ધારણ કરે છે. ઉપરાંત એ વિવાહપ્રસંગનૂં લોકાચારે ઠરાવેલૂં ચિહ્ન પણ છે. પ્રચલિત વિવાહવિધિમાં વરણીના બ્રાહ્મણ હોય છે; તેનૂં સ્થાન નારદ મુનિ લે છે અને દક્ષિણાનો અધિકાર ધરાવે છે. ચિત્ર સંકીર્ણ છે.

વિઘ્નમાં લગન

મૂળ દશ્ય

સત્યભામાની વાટ જોતા કૃષ્ણદેવ શ્રીદામા સાથે પ્રવેશ કરે છે.

૧ કૃષ્ણદેવ સખેદ—વયસ્ય! દેવીને તો આજ અવશ્ય મળવું જોઇયે. તું મને ગુપ્ત માર્ગે પ્રિયા મેળવવાની આશા આપી અહીં લાવ્યો; અને અદ્યાપિ [૧]કોઇ પણ[૧] જોવામાં આવ્યું નહિ. [૨]આજકાલ દેવી તારા પર કોપદૃષ્ટિથી નિહાળે છે [૩]તે કારણથી[૩] તેમના વિરુદ્ધ કંઈ ઘાટ કર્યો હોય, તો તે મને જણાવજે. અહીં તો નથી મળતી પ્રિયા, કે દેવીનાં મર્મબાણ સહન કરી નથી જોવાતી પ્રિયાની પ્રતિમા. આ પંચશરવિહારપદ્મિનીના તટ પર વિરહાગ્નિથી[૪] હું દગ્ધ થવો જ બાકી છું. માટે જે હોય તે ખરેખરૂં કહી દે.

૨ શ્રીદામો—દેવશ્રીને આવી અવળી કલ્પના કરવાનું કંઈ કારણ હું જોતો નથી. મહારાજ! જરા શાંત થાવ. હમણાં હરિવદની આવી જાણો. [૫]વિશ્વાસમાં સર્વે સારાં વાનાં રહેલાં[૬] છે.

૩ કૃષ્ણદેવ—વયસ્ય! તારી વાતમાં મને પૂર્ણ વિશ્વાસ છે. કિંતુ[૭]

સ્રગ્ધરા

આ પુષ્પોની સુગંધી મધુર મધુર હા! આવતી અંગ ભેદે.
આ હંસો શબ્દ સાંધી, મદનશર સમા ઘાવથી છાતી છેદે.
આલાપે કોકિલા ને શુકસહવરતી સારિકા [૮]એ પ્રલાપે
આ આપે કષ્ટ કાયે[૮]; સદય નવ બને [૯]દુઃખ દેતાં અમાપે[૯].

૪ શ્રીદામો—તમારી પીડા એ ઊતાવળે ટાળી દેશે. આ આવી [૧૦]જુઓ.

૫ કૃષ્ણદેવ સઆશ્ચર્ય—આવી? પ્રિયા આવી?

પંચચામર

અયિ પ્રિયે! [૧૧]સમર્પિયે સુષીમ સુષ્ઠુ ગાત્ર. રે,
અનંગ અંગ અંગ [૧૨]પીડિ; અગ્નિ કોણમાત્ર રે?
દયા કરી [૧૩]કૃપાકટાક્ષકેરૂં અંબુ સીંચ રે.
કુચાગ્ર માર, [૧૪]મારમાર વારી, વક્ષ બીચ રે[૧૪].

૬ શ્રીદામો—વયસ્ય! હમણાં આવશે. [૧૫]ઊતાવળે આંબા શી રીતે પાકે?

તજી દીધેલા પાઠ

૧–૧ તેમાંનું કંઈ પણ ૨ અધુના ૩–૩ એમ સમજી ૪ હવે હું ૫ વિશ્વાસમાં જ ૬ સમાઈ રહેલાં ૭ અહીં સંસ્કરણમાં નીચલો ભાગ વધારે છેઃ—પશ્ય. આ સુખકર સાહિત્ય મને કેવું દુઃખકર થઈ પડ્યું છે? ૮–૮ દુઃખ દેતાં આ તાપે કે અલાપે ૯ પ્રાણપ્રિયા સહેતાં ૧૦ જાણો ૧૧ અયિ પ્રિયે ૧૨ પીડ ૧૩–૧૩ કૃપા કરી કટાક્ષ અંબુ ૧૪–૧૪ મારપીઠ ટાળી અક્ષિ મીંચ રે ૧૫ એમ ઉતાવળે"

૭ કૃષ્ણદેવ ઉન્મત્તની પેઠે—ત્યારે '[૧૬]આવી, જુઓ.[૧૬]' કેમ કહ્યું? શું, આવી [૧૭]તેવી તેં સંતાડી? અહો પ્રિયા! આ તારો પ્રિયતમ અહીં છે. આવ્ય, અહીં આવ્ય.

૮ શ્રીદામો—હવે તો બન્યા.

એવે પશ્ચિમ ભણીથી સત્યભામા અને નાગરિકા વેગભેર આવતાં દેખી કૃષ્ણદેવ અને શ્રીદામો સામા જાય છે.

૯ નાગરિકા—વયસ્યા! હવે શોચ કરીશ મા. [૧૮]પંચશરવિહારપદ્મિનીએ આવી પહોંચ્યાં છિયે. જો જો, પેલા તારા પ્રિયતમ તારી સામા આવે છે. જા જા, દૃઢ[૧૯] આલિંગન દે અને દુઃખ[૨૦] દૂર કરી લે.

૧૦ સત્યભામા સલજ્જ—સખી! એવું બોલીશ નહિ. [૨૧]હું તો[૨૧] એમને જોવા આવી છું, તે જોયાં જ કરીશ.

એવે કૃષ્ણદેવ અને શ્રીદામો કને આવી પહોંચે છે.

૧૧ કૃષ્ણદેવ સહર્ષ—અયિ પ્રિયે! આ પંચશરથી પીડાયલા પર કૃપાદૃષ્ટિ કરવા તેં અત્યંત શ્રમ વેઠ્યો છે. (એમ કહી સ્વેદબિંદુ લ્હોવા જાય છે.)

૧૨ સત્યભામા કંઇક પાછી ખસતી—હલા નાગરિકા! જો જો, આટલામાં [૨૩]દેવી તો છે નહિ?[૨૩] (એટલું બોલી શરમાઈ જઈ નીચું જુએ છે.)

૧૩ કૃષ્ણદેવ સત્યભામાનો કર સ્હાઈ—અહો પ્રિયતમા! મને જ પૂછ્ય[૨૪], કે હું એનો ઉત્તર આપું.

૧૪ સત્યભામા કૃષ્ણદેવે ઝાલેલો હાથ બીજે હાથે છોડાવતી સલજ્જ નીચું જોઈ—મારો કર છોડી દ્યો, તો હું તમને પૂછું [૨૫]કની! (એમ કહી પોતાનો હાથ ખેંચે છે.)

૧૫ કૃષ્ણદેવ—હસ્ત મુક્ત થાય તો જ અમને પૂછાય એમ કંઈ નથી. (એટલું કહી બીજે કરે સત્યભામાનું મુખ ઊંચું કરે છે.)

૧૬ સત્યભામા અતિ સલજ્જ—મને અડકશો મા. હું કુમારિકા[૨૬] છું. તમે ધર્મિષ્ઠ[૨૭] થઈ અધર્મ કરવા કેમ તત્પર થયા છો? (એમ કહી હાથ મચરડે છે.)

૧૭ શ્રીદામો—અહો, એમાં તે શી મોટી વાત છે? [૨૮]બોલાવિયે બેમણુ અને વરતાવિયે મંગળ. એ હાથ ઝાલ્યો છે તે છોડી દેવા નથી ઝાલ્યો. [૨૯]તમે કુંવારાં છો, તેમ અમારા દેવ પણ લગને લગને કુંવારા જ છે.

૧૮ સત્યભામા સસ્મિત—કુંવારા હોય, તો કોના ભયથી નિરપરાધીને મહાકષ્ટમાં નાખે?

૧૯ કૃષ્ણદેવ—અયિ પ્રિયે! નિરપરાધીને જે કષ્ટ દીધું, તેનું ફળ મને મળી ચૂકયું છે. (એમ કહી સત્યભામાને કને ખેંચે છે અને તે ખસતી નથી.)

૧૬-૧૬ આવી જાણે ૧૭ અને ૧૮ ૦ ૧૯ જઈ દૃઢ ૨૦ તારાં સર્વ દુખ ૨૧ હું તો મારે ૨૨ ૦ ૨૩ કંઈ દેવી છે કે? ૨૪ પૂછો ૨૫ ૦ ૨૬ કુંવારિકા ૨૭ આવા ધર્મિષ્ઠ ૨૮ લ્યોને બોલાવિયે ૨૯ જેમ તમે

૨૦ શ્રીદામો—અલી નાગરિકા! જોયું કે? ઘનવીજનું જોડું કેવું ગાજી રહ્યું છે! એ ખાલી ગર્જના ટળવાને તેજપુંજ[30] ભાસે, તો જ સુધાવૃષ્ટિ થાય.

૨૧ નાગરિકા—તે શી રીતે ભાસે?

૨૨ શ્રીદામો—નારદ એક વાર મારૂં મન થવાના છે. તે જો સત્યવાદી હોય, [31]તો—

એકાએક નારદ મુનિ પ્રવેશ કરે છે; તેમને સર્વે નમન કરે છે.

૨૩ નારદ—[32]શ્રીદામા! કયા[32] કાર્યાર્થે તેં મારૂં સ્મરણ કર્યું?

૨૪ શ્રીદામો આંગળી વડે બતાવી—ભગવંત! આ કુંવારી કન્યા અને આ કુંવારા કહાનજી, એમનાં કરાવો લગન અને અમને કરો જાનઇયાં[33].

૨૫ નારદ સહર્ષ—मद्रम् । मवतु ।[34] (પોતાની કનેથી વરમાળ કાઢી મંત્ર ભણતા ભણતા સત્યભામાને આપી હાથની ઇશારતથી) એ માળા તમે બંને પહેરો.

૨૬ શ્રીદામો સસ્મિત—લઘુદેવી! એમ સ્તબ્ધ કેમ થઈ ગયાં છો? પહેરાવી દ્યો વરમાળ અને થઈ જાવ વરવહુ. અલી નાગરિકા! કેમ કંઈ બોલતી નથી?

૨૭ નાગરિકા—વયસ્યા! વરમાળ વ્હેલી વ્હેલી પહેરાવી દે.

૨૮ શ્રીદામો—[35]ભગવંત! વરમાળ[35] પહેરાવતાં વાર[36] કેમ લાગતી હશે?

૨૯ નારદ—[37]વત્સ! વિતનુ[37] અને રસરાજ એને અર્પવા દેતા નથી. [38]શ્રવણ કર્યું[38].

માલિની

કુસુમશર સુરંગે એહ માળા રચી છે,
લલિત સુમન સંગે પંચરંગી પચી છે.
[39]મદન તદપિ ના દે અર્પો એ ચિત્ત બીધે[39].
[40]તન મન અતિ માદે; કિંતુ ના કાર્ય સીધે[40].

અપિચ

શાર્દૂલવિક્રીડિત

પાંચે રંગ અભંગ છે સુમનના માળા વિશે રાજતા;
[41]જાણી તે[41] રસરાજ આર્વો વસિયા આલંબને સાજતા.
[42]રત્યુદ્દીપન ઉત્કતાભિસ્રૃતિ ને સંયોગ[42], પાંચે મળી
[43]લજ્જાલીન કરંત પદ્મવદની[43]; ફૂલે ન ફૂલે કળી.

---

૩૦ તેજપુંજ તોયપ્રતિબિંબ ૩૧ તો તે રીતે ભાસે ૩૨ આ બે શબ્દ વચ્ચે સંસ્કરણમાં **वरं ब्रूहि। वरं ब्रूहि।** એટલા બોલ વધારે છે. ૩૩ ઉક્તિને છેડે સંસ્કરણમાં નીચલૂં વાક્ય વધારે છે:—એટલે અમને અમારૂં માગેલું વરદાન મળી ચૂક્યું. ૩૪ **मवतु मद्रम् ।** ૩૫ આ બે બોલ વચ્ચે સંસ્કરણમાં નીચલૂં વાક્ય વધારે છે.—તમે તો ત્રિકાળદર્શી છો કહો જોઈયે કે ૩૬ આટલી વાર ૩૭–૩૭ વત્સ! શ્રવણ કર્ય. પંચરંગી વરમાળ હોવાથી અતનુ ૩૮–૩૮ ० ૩૯–૩૯ અતનુ તનુ લજાયે અર્પવા દે ન બીધે ૪૦–૪૦ તન મન અતિ રૂચે ના જીતે લાજ લીધે ૪૧–૪૧ જાણે કે ૪૨–૪૨ ઉત્કંઠોદ્દીપનાભિસાર રતિ ને સંભોગ ૪૩–૪૩ લજ્જાળુ કરતા લલિતવદની

૩૦ શ્રીદામો—ભગવંત! તમે પણ બ્રહ્મચારી છતે ઠીક ભગવાનની ભક્તિ કરી અનુભવીઓની વાતોનું જ્ઞાન સંપાદન કર્યું છે! વારૂં, [૪૪]ભગવંત, હું એમ કહું છું કે[૪૪] અમારાં લઘુદેવી તમારી શરમથી સંકોચાયલાં, પણ મન મધ્યે [૪૫]ઉત્સાહવાળાં અને[૪૫] તમારા અમારા જાણવામાં ન આવે એવાં પ્રેમવાળાં [૪૬]છે.

૩૧ નાગરિકા સખીની દશા જોઈ—વયસ્યા! આ સ્થળ સ્વરૂપાસક્ત થવાનું નથી; સવેળે[૪૭] વરમાળ આરોપવાનું છે.

૩૨ સત્યભામા સખીના શબ્દથી શુદ્ધિમાં આવી—હલા નાગરિકા! આ[૪૮] હું વરમાળ પહેરાવું. (એટલું બોલી લંબાવેલા હાથે વળી પાછી ઊભી રહે છે.)

૩૩ શ્રીદામો—અલી નાગરિકા! જાણે નાળ સાથે બે કમળ ચંદ્રપ્રકાશથી અતિ સંકોચાયાં છતાં શશીને કંઇ અર્પે છે; પણ [૪૯]રસરાજરાજ અને પ્રેમ એ બે તેને [૫૦]થંભાવે છે[૫૦]: [૫૧]આવું કંઈ જોવામાં આવે છે[૫૧].

૩૪ સત્યભામા—જા, જા. આવડે એટલું શું બોલે છે? (એમ કહી કૃષ્ણદેવને વરમાળ પહેરાવે છે.)

૩૫ શ્રીદામો—ભગવંત, વેદમંત્ર બોલો. નીકર હું બોલી દેઉં છું. કા—

૩૬ નારદ તેને બોલતો અટકાવી—અરે ગોપ! અમારી દક્ષિણા તારે લેવી છે કે શું? (વીણા વગાડી વેદમંત્ર બોલી કરી સહર્ષ) અહાહા[૫૨],

માલિની

[૫૩]વીજ જલદનો જેવી, તેવી જોડી[૫૩] સુહાવે!
[૫૪]રતિ-સ્મર, શચી-શક્રે[૫૪] ઉપમાએ ન આવે.
[૫૫]સતી-હર ઉર[૫૫] એ'તાં ગૌર ગૌરીશ ભાળું.
[૫૬]અનુપ લગનલીલા [૫૭]આ પ્રભુની નિહાળું[૫૭].

એવે ત્યાં સત્રાજિત, ચારુમતિ, બળરામ, સાત્યકિ, અક્રૂર, કૃતવર્મા અને શતધન્વા સત્યભામાની શોધમાં નીકળેલાં પ્રવેશ કરે છે.

૩૭ સત્રાજિત વધૂવેશે સુતાને નિરખી નિશ્વાસ નાખી—સત્યભામા! તું અમને મૂકી એકલી અહીં આવતી રહી! અરે! નાગરિકા [૫૮]જોડે છે કે![૫૮] (એટલું બોલી શ્વાસોશ્વાસ લે છે.)

૩૮ ચારુમતિ ઊભરાઈ જતા હર્ષને દબાવી—પ્રાણનાથ! કણકમાં પાણી પડ્યું તે કંઇ મિથ્યા થવાનું છે? પ્રભુએ એનું બેલું એમની સાથે બાંધ્યું હશે![૫૯]

૪૪-૪૪ મહારાજ! કહો જોઈયે કે ૪૫-૪૫ ઉત્સાહવાળાં લજ્જિત અને ૪૬ છે કે નહિ? ૪૭ ઊતાવળે ૪૮ જો. ૪૯ રસરાજનો સંયોગ ૫૦ અટકાવે છે ૫૧-૫૧ આવું કંઈ તારા જોવામાં આવે છે કે? ૫૨ ૦ ૫૩-૫૩ તડિત જડિત મેઘે જોડી તેવી ૫૪-૫૪ શચીપતિ રતિ સ્વામિ ૫૫ ૫૫ સતી પતિ ગતિ ૫૬ સધન ૫૭-૫૭ લાલની જોઈ ટાળું ૫૮-૫૮ ૦ ૫૯ ઉક્તિને છેડે સંસ્કરણમાં નીચલૂં વાક્ય વધારે છેઃ—એમાં શું કરે નાગરિકા અને શું કરે સત્યભામા?

૩૯ સત્રાજિત બળાત્કારે હર્ષ દેખાડી—હા, [૬૦]પ્રિયા! આપણે[૬૦] સંબંધ તો સારો[૬૧] થયો.[૬૨]

૪૦ અક્રુર કંઇક ખેદ પામ્યા જેવે વેશે—શું આ પ્રકારે આવા પુરુષને ઘટિત ગણાય?

૪૧ શ્રીદામો—આય તેની વાય. [૬૩]ડોસા! બળિયાના બે ભાગ[૬૪].

૪૨ કૃતવર્મા સકોપ—અરે ગોપબંધુ! અવિચારીપણે બોલવું એ હાનિકર્તા છે. શું કોઇ બીજાં બળવાન પુરુષ પૃથ્વીમાં નથી?[૬૫]

૪૩ શતધન્વા તરવાર તાણી—અરે મૂઢ ગોવાળિયા! જો હવેથી કંઈ આવું બોલ્યો, તો તારો ઘાત જ કરવામાં આવશે.

૪૪ બલરામ શતધન્વાનો ખડ્ગવાળો હાથ ઝાલી ખેંચી—અરે શૈનેય! આ કોનો સૂનુ સંયમનીનો માર્ગસ્થ થવા આવ્યો છે?

૪૫ સાત્યકિ—અહો દેવાધિદેવ! એ પશુ અધુના [૬૬]બલિદાન થવા[૬૬] પૂજાયો નથી.

૪૬ અક્રૂર શતધન્વાને મહા યત્ને મુક્ત કરાવી—જા, ભાઇ, જા. (કાઢી મૂકે છે.)

એવે ત્યાં રુકિમણી, કનકમાલિકા અને પદ્મપ્રભા પ્રવેશ કરે છે.

૪૭ રુકિમણી—[૬૭]સખી કનકમાલિકા![૬૭] એ આઘે ટોળું વળી ઊભેલાં માણસોમાં જઈ જો. આર્યપુત્ર, ગોપબંધુ અને સત્રાજિત્સુતા, એ ત્રણમાંથી એકેનો પત્તો લાગતો નથી; [૬૮]તેથી મને વિવિધ કલ્પનાઓ થાય છે. ગોપબંધુ અવનિનું આકાશ અને આકાશની અવનિ કરી નાંખે એમાંનો છે.

૪૮ કનકમાલિકા લાંબી નજરે જોઈ—વયસ્યા! પણે ઉંચે, આર્યપુત્ર અને તેમની સાથે કોઈ સ્ત્રી બેઠેલ હોય, તેવું જણાય છે.

૪૯ પદ્મપ્રભા સઆશ્ચર્ય—સખી! બલરામ મહારાજ, શ્રીદામો, નાગરિકા, સત્રાજિત્, ચારુમતિ, હાર્દિકચ અને [૬૯]સાત્યકિ પણ તહીં જ દેખાય છે!

૫૦ રુકિમણી નિશ્વાસ નાંખી—હલા! જો, જો, નારદ પણ છે. મને લાગે છે કે આર્યપુત્રનાં લગ્ન કરાવવા જ એ આવ્યા હશે. ચાલો ત્યારે. જે થવાનું તે થઈ ચુકયું; હવે તમે કોઇએ ખોટું લાગે તેવું બોલશો મા.

૫૧ કનકમાલિકા નિશ્વાસ નાંખી—ત્યારે, સખી, આપણે તહીં ગયા વગર શું અણદોહ્યું રહ્યું છે? એમનું સુખ એ જ ભોગવે.

૫૨ રુકિમણી—એમ કરવું એ મને ઠીક લાગતું નથી. [૭૦]ત્યાં જવું તો ખરૂં. (એમ કહી ચાલવા માંડે છે.)

૬૦–૬૦ આ બે બોલ વચ્ચે સંસ્કરણમાં નીચલા બોલ વધારે છે:—જે થયું તે કંઇ ના થયું થવાનું છે? વારૂં. ૬૧ સારો જ ૬૨ ઉક્તિને છેડે સંસ્કરણમાં નીચે મુજબ ભાગ વધારે છે:—અરે નાગરિકા! પાળેલા નાગ આમ જ કરડે છે ૬૩ ૦ ૬૪ ઉક્તિને છેડે સંસ્કરણમાં નીચે મુજબ વધારો છે:—ડોસા! હવે તમારે કેટલા કાળ કાઢવા છે? ૬૫ નથી કે ૬૬ બલિદાન યોગ્ય ૬૭–૬૭ સખિ કનકમાલિકે ૬૮ માટે ૬૯ સચિવો ૭૦ માટે ત્યાં

૫૩ ચારુમતિ રુકિમણીને આવતાં જોઈ સત્યભામા કને જઈ બીજું કોઇ ન સાંભળે તેમ—બ્હેન ! જો પેલાં રુકિમણી દેવી આવે છે. તેમને તું [૭૧]સ્હામી જઈ[૭૧] પગે પડજે, હો.

૫૪ સત્યભામા રુકિમણી સ્હામું જોઈ મ્હો મરડી બીજું કોઈ ન સાંભળે તેમ—ઘણી એ આવશે. (ડઇચાં દેખાડી) હવે તો એ છે ને હું છું. થડ [૭૨]સબધું છે, તો ડાળાં-પાંખડાં ઝખ મારે છે. માડી, તું જો તો ખરી; [૭૩]એ જ મને પગે લાગશે.[૭૪]

૫૫ ચારુમતિ બીજું કોઇ ન સાંભળે તેમ—ના, બા, ના, એમ કરિયે નહિ. જૂના ઝાડનાં મૂળ ઊંડાં હોય.

એવે કૃષ્ણદેવની નજર આવતી રુકિમણી ભણી જાય છે.

૫૬ કૃષ્ણદેવ બીજું કોઇ ન સાંભળે તેમ ધીમેથી—અયિ પ્રિયે ! જો પેલાં મહાદેવી[૭૫]. એ અહીં આવે, એટલે તું જઈ તેમને પગે લાગજે[૭૬].

૫૭ સત્યભામા બીજું કોઇ ન સાંભળે તેમ, ભમર ચડાવી ઉછળતે શબ્દે—આર્યપુત્ર ! [૭૭]અંતરના ઉમળકા વગર મારાથી તો એમાંનું કશું એ નહિ કરાય[૭૮]. હજી એના વેરેલા કાંટા મારા હઇડામાં સાલ્યાં[૭૯] કરે છે. [૮૦]એ મહાદેવી છે, તો એને પગે [૮૧]લાગે મહાદેવ[૮૧].

૫૮ કૃષ્ણદેવ કોઇ ન દેખે તેમ હાથ દબાવી—પ્રિયે ![૮૨] જા, જા. હું કહું છું તેમ[૮૩] સત્વર કર્ય. [૮૪]એ કને આવી પહોંચ્યાં.

૫૯ સત્યભામા સકોપ—પણ મારાથી તે શી રીતે ત્યાં જવાય ? શું મારી[૮૫] વરમાળ એને કાજે [૮૬]કોટેથી કાઢી નાખું ? મહારાજ ! આશા તો સર્વેને સરખી હોય.

એવે રુકિમણી અને તેની સખીઓ ત્યાં આવી પહોંચે છે, અને સત્યભામા મ્હો મરડી આડું જુવે છે.

૬૦ નારદ રુકિમણીને જોઈ સસ્મિત—અહો, દેવી કે ? આવો અને દેવનાં દર્શન કરો. આહા, વાસુદેવ લલિત લલના સહ કેવા અનુપમ દેખાય છે !

દ્રુતવિલંબિત

સજળ આ [૮૭]શું ઘને[૮૭] તડિતા રહી ?
સ્થિર લહું[૮૮]. ઉપમા ન ઘટે સહી.
વીસ વસા ત્રિદશા ન બરાબરી.
નવલ દંપતીને નમ્ય, સુંદરી !

૬૧ રુકિમણી શ્વાસોચ્છ્વાસ લઈ—અહો દેવઋષે ! તમે તો [૮૯]આર્યપુત્રનું મન[૮૯] છો. તમને દૂભી હું કયાં રહું ? વળી મારા જેવીએ મુનિનું વચન ન માનવું એ પણ ઘટિત નથી[૯૦].

૭૧–૭૧ જઇ વહેલી વહેલી ૭૨ હળધું ૭૩ હવે એ ૭૪ લાગતી આવશે ૭૫ મહાદેવી આવે છે ૭૬ લાગજે હો ૭૭–૮૦ 'અંતરના' બોલથી શરૂ થતું વાક્ય (૭૭) અને 'એ મહાદેવી' બોલથી શરૂ થતું વાક્ય (૮૦), એ બે વાક્યો સંસ્કરણમાં અદલબદલ ગોઠવ્યાં છે ૭૮ થાય ૭૯ ભચોભચ વાગ્યાં ૮૧ કોઈ મહાદેવ જોઇયે ૮૨ અયિ પ્રિયે ૮૩ તેમ જઇ ૮૪ જો પેલાં ૮૫ મારી કોટની ૮૬ ૦ ૮૭–૮૭ સઘને ૮૮ લહી ૮૯–૮૯ આર્યપુત્રના મનરૂપ ૯૦ ઉક્તિના છેડે સંસ્કરણમાં નીચે મુજબ વધારે છે.—વારૂ મહારાજ ! કહો જોઈયે કે મારે શ્રીદામાને ય પગે લાગવું પડશે કે ?

અભિવંદન કરવા રુક્મિણીને કૃષ્ણદેવ પાસે જતાં સંકોચાતી જોઈ બલરામ, અક્રૂર, સત્રાજિત્ આદિ વયોવૃદ્ધ પુરુષો ઊઠી ચાલ્યા જાય છે.

૬૨ નારદ—ભીષ્મકનંદિની! અમે મર્મજ્ઞ[૯૧] નથી. સર્વેનું શુભ થાય એવું કહેવાનો અમારો ધર્મ છે.

અનુષ્ટુભ્

નથી વ્હાલું, અમારે કો, નથી વેરી ત્રિલોકમાં.
અખંડાનંદમાં, પ્રેમે, રાચ્યુંપાચ્યું અશોકમાં.

રુક્મિણી જુગલ સ્વરૂપને નમવા જાય છે, તેવે તેમનો હાથ સ્હાઈ કૃષ્ણદેવ પોતાને જમણે પડખે બેસાડે છે.

૬૩ નારદ—આહાહા! શ્યામસુંદરની આ સુંદરતા તો કોઇ અલૌકિક જ દર્શે છે!

ગીતિ

પાર્વતીપરિણયકાળે ગંગાસંગે ઈશાન અવધારો.
ન્યૂનપણું છે કિંચિત્. શીર્ષે ચડશે [૯૨]લહી સમય[૯૨] સારો.

૬૪ ચારુમતિ કંઇક સમજવા જેવે વેશે—ભગવંત! મારી સુતા એવી મોટી ઉપમાને યોગ્ય નથી. એ તો ન્હાનું બાળક છે. (સત્યભામાને હાથે ઝાલી) બ્હેન, મુનિ[૯૩] મહારાજને પગે લાગ્ય.

કૃષ્ણદેવ સત્યભામાને વરમાળ કાઢી આપે છે અને તે જઈ માના કહેવાથી મુનિને નમે છે.

૬૫ નારદ માથે હાથ મૂકી સસ્મિત—भद्रं भवतु[૯૪]। अनेकसपत्नीवती भव।

ગીતિ

પતિસુખ કાજે, શ્યામા, સ્વયનું અહિત [૯૫]તું કદાપિ [૯૫]ન વિચારે!
[૯૬]સુરનર સુખદા થાયે![૯૬] માનિની! માધવ મને ઘણું ધારે!

૬૬ સત્યભામા ભમર ચડાવી—જા, જા. જોગટા! તારા કહેવાથી—

કૃષ્ણદેવ તેને મુખે હાથ દે છે; અને ચારુમતિ સુતાનો અપરાધ ક્ષમા કરવા નારદને પગે લાગે છે. એવે ઉતાવળે કંચુકી પ્રવેશ કરે છે.

૬૭ કંચુકી નારદ મુનિને નમન કરી—દેવશ્રીનો જયજયકાર હો. મહારાજ! દેવશ્રીના પરિણયની કથા સાંભળી છત્રધારી [૯૭]મહારાજાધિરાજે મને આજ્ઞા કરી છે કે યાદવેંદુ પંચશરવિહારપદ્મિનીના તટ પર [૯૮]જેવે સ્વરૂપે[૯૮] વિરાજ્યા હોય, તેવે જ સ્વરૂપે તેમને જોવાની અમને આકાંક્ષા છે. (હાથ જોડી) તો, મહારાજ, પરિજનને શી આજ્ઞા છે?

૬૮ કૃષ્ણદેવ ઉભય પ્રિયા સહ ઊભા થઈ—કંચુકી! જા. હું આવું છું, એમ વિદિત કર્ય.

કંચુકી નમન કરી ઉતાવળે ચાલ્યો જાય છે.

૬૯ નારદ—અહો વાસુદેવ! भद्रं भवतु। અમે પણ સ્વર્ગ પ્રતિ સિધારીશું.

(એમ કહી સત્યભામાને જોતા જોતા નારદ ચાલ્યા જાય છે; અને સર્વ તેમને નમન કરે છે.)

૭૦ કૃષ્ણદેવ—અહો પ્રાણવલ્લભાઓ! હવે આપણે સત્વર જવું જોઇયે.

સર્વે જાય છે.

---

૯૧ કંઇ મર્મજ્ઞ ૯૨-૯૨ સમય લહી ૯૩ જા, મુનિ ૯૪ भवतु भामिनि। ૯૫-૯૫ ન કદા તું ૯૬-૯૬ સુરિ નર સુખી કરતા થા ૯૭ દેવાધિદેવે ૯૮-૯૮ જેવી સ્થિતિમાં

સમજુતી

૩ આલાપે કોકિલા ૦—આ કોકિલા એના ટૌકા(આલાપ)થી અને આ પોપટ તથા એની સહચરી મેના એમના કલબલાટ(પ્રલાપ)થી કાયાને કષ્ટ આપે છે. હૃદય નવ બને ૦—મને બેસુમાર(અમાપે) દુઃખ દેતાં તે કોકિલા, શુક અને સારિકાને અરે પણ આવતી નથી!

૪ આ આવી જુઓ—(૧) સત્યભામા આ ઘડી આવી અનુભવો; (૨) સત્યભામા આ આવી, જુઓ. શ્રીદામાના કથનમાં પ્હેલો એટલે શુભ આશંસાનો અર્થ રહેલો છે. કૃષ્ણદેવને બીજો અર્થ સમજાય છે; જુઓ ઉક્તિ ૬.

૯ સુષીમ સુષ્ઠુ—સારી રીતે, બહુજ(સુષ્ઠુ) શીતળ(સુષીમ). પીડિ-પીડે છે. કૃપાકટાક્ષ—કૃપાભરી દૃષ્ટિ, રહેમની નજર. અંબુ—પાણી. કુચાગ્ર માર—કઠણ સ્તનનાં અગ્ર ભોકી દે. મારમાર—કામદેવ(માર)ના બાણનો મારો. વક્ષ (સં. वक्षस्)—છાતી. બીચ (પ્રા. विच्चा)-મધ્યે. શ્રીદામાના 'આવી' બોલથી ભ્રમમાં પડી કૃષ્ણદેવ સત્યભામાને અહીં સંબોધે છે.

૧૦ નાટકકારે સત્યભામાને રૂપરસિક નાયિકા આલેખી છે. જુઓ ઉક્તિ ૨૫-૩૪, વરમાલ કૃષ્ણદેવને પ્હેરાવવાનો પ્રસંગ.

૧૧ કૃપાદૃષ્ટિ કરવા તેં – – – શ્રમ ઊઠાવ્યો—ઉક્તિ ૫ માં યોજેલા 'કૃપાકટાક્ષ' બોલનો આ 'કૃપાદૃષ્ટિ' બોલ પર્યાય છે.

૧૨ પાછી ખસી જવામાં સંચારી વ્રીડા કિંવા લજ્જાનું નિરૂપણ છે. એ લજ્જાના વ્યપદેશથી સત્યભામા 'આટલામાં દેવી તો છે નહિ' એમ નાગરિકા પ્રતિ કહે છે; તેની સાથે, સુવર્ણસરોજિકામાં પોતાનું હરણ થયું ત્યારે રુકિમણીની બ્હીકે કૃષ્ણદેવે તેનું રક્ષણ ન કર્યું, એ બાબત ટાણો પણ મારે છે.

૧૩ સત્યભામાના લજ્જાકૃત સંકોચને ભયનો અનુભાવ કલ્પી કૃષ્ણદેવ સામો ટાણો મારવા માગે છે કે તું રુકિમણીથી બ્હીતી હોઊં, તો અહીં આવી શી રીતે?

૧૪ ઉત્તર આપ્યા વગરે કૃષ્ણદેવના પ્રતિપ્રશ્નનો ભાવ સમજી જઈ સત્યભામા વધારે શરમાઈ હાથ છોડાવવા માગે છે. એનું નિમિત્ત ઉક્તિ ૧૬ માં આપેલું છે.

૧૭ ઉક્તિ ૧૬ માં સત્યભામાએ દર્શાવેલો વાંધો ટાળવા શ્રીદામો અહીં વિવાહસંસ્કારનું સૂચન કરે છે.

૧૮ મહાકષ્ટમાં નાખે—મને મહા ભયંકર કેદમાં પૂરાઈ રહેવા વારો આણે, મને છોડવે નહિ ને કારાગ્રહમાં દુઃખી થવા દે.

૧૯ ફળ—આ શબ્દના પ્રયોગથી અણમિલનની અસહ્ય વેદના અભિપ્રેત છે.

૨૦ ખાલી ગર્જના—પોતપોતાના તલસાટનૂં માર્મિક શબ્દોમાં ઉદ્ઘાટન. તેજપુંજ—(૧) વૃષ્ટિ થતા પહેલાં અંતરિક્ષ પાણીના ભાસથી ઝળાંઝળાં થઈ રહે છે તે તેજનો સમૂહ, ઝળઝળાટ; (૨) તેજની મૂર્તિરૂપ નારદ મુનિ, જુઓ शिशुपालवध । १ । ३ ।. ભાસે—(૧) પ્રકાશે; (૨) દર્શન દે.

૨૫ અહીં કૃષ્ણદેવ અને સત્યભામાનો વિવાહ જે નિરૂપિત છે, તે ગાંધર્વ વિવાહ છે. તેમાં વિવાહ કરાવનાર બ્રાહ્મણ અપેક્ષિત નથી. નાટકકારના સમય પહેલાંથી એ વિવાહની

પ્રથા બંધ પડી હતી. શ્રીદામો વરણીના બ્રાહ્મણના સ્વરૂપમાં નારદનું સ્મરણ કરે છે; ને વરમાળનું નિરૂપણ અહીં છે તે પણ પ્રાચીન નથી. ભાસના સમયની કૌતુકમાળાથી તે ભિન્ન છે.

૨૯ વિતનુ—કામદેવ. રસરાજ—શૃંગાર રસ. કુસુમશર—ફૂલ જેનાં બાણ છે તે કામદેવ. પંચરંગી—જુદા જુદા પાંચ રંગનાં કામદેવનાં બાણભૂત ફૂલોની ગૂંથણીની. પચી છે—પાકટ બની છે, સિદ્ધ થઈ છે, નીવડી છે. મદન—પ્રેમનો અધિષ્ઠાતા કામદેવ. ચિત્ત બીધે—મુગ્ધા નાયિકાની નૈસર્ગિક ભીરુતાને લીધે. માદે (સં. मद् ખુશ થવું)—રાજી રાજી થાય છે. કાર્ય—વરમાળનું આરોપણ. ના સીધે—સિદ્ધ થતું નથી. અભંગ—ફટકી જાય નહિ એવા, પાકા. આલંબન—રતિ સ્થાયી ભાવનું આલંબન જે નાયિકા તે, સત્યભામા. સાજતા—સજ્જ થતા, અવસર સર પ્રગટતા. રત્યુદ્દીપન—શૃંગારરસનો સ્થાયી ભાવ રતિ(પ્રેમ) અને ઉદ્દીપનભૂત ઉદ્યાન. ઉત્કતાભિસૃતિ—ઉત્કતા અને અભિસૃતિ. ઉત્કતા—ઔત્સુક્ય નામે સંચારી ભાવ. અભિસૃતિ—અભિસાર, પંચશરવિહારપદ્મિનીએ કૃષ્ણદેવને મળવાને આવવું તે. સંયોગ—નાયક નાયિકાના સમાગમનો શૃંગાર. લજ્જા—વ્રીડા નામે સંચારી ભાવ. લજ્જાલીન—વ્રીડા નામે સંચારી ભાવમાં બૂડી ગયેલી. કરંત—કરે છે, બનાવે છે. ફૂલે ન ફૂલે—પ્રફુલ્લિત થાય છે, આનંદ પામે છે; પણ સાથે સાથે લજ્જાકૃત સંકોચ ધરી રહે છે. કળી—સત્યભામામાં કમળકળીનો ઉપચાર છે.

વરમાળ આરોપતાં વિલંબ કેમ થાય છે, એવા શ્રીદામાના પ્રશ્નનો નારદ કામશાસ્ત્રની તેમ જ રસશાસ્ત્રની દૃષ્ટિએ ઉત્તર આપે છે. તે કહે છે:—આ માળા પ્રેમના અધિષ્ઠાતા કામદેવનાં પાંચે રંગનાં પુષ્પ રૂપી બાણની બનેલી છે. પરંતુ મુગ્ધામાં પ્રેમની વાસનાની સાથે ભીરુતા પણ રહેલ છે; તે રોકે છે. વળી રસરાજ જે શૃંગાર તેના પ્રભાવથી સ્થાયી ભાવ રતિ, ઉદ્દીપન ઉદ્યાન, સંચારી ભાવ ઔત્સુક્ય(ઉત્કતા), સંકેતસ્થાન પ્રતિ અભિસાર (અભિસૃતિ) અને નાયકનો સમાગમ (સંયોગ, સંભોગ શૃંગાર), એ પાંચેનો યોગ મળ્યો છે; પરંતુ સંચારી ભાવ વ્રીડા આ કાળે મુગ્ધાને ઘેરી લે છે. એ વ્રીડાને લીધે વરમાળ પ્હેરાવવામાં વાર લાગે છે.

૩૧ સ્વરૂપાસક્ત—કૃષ્ણદેવની લોકોત્તર કાંતિમાં આસક્ત.

૩૨ અહીં સત્યભામાના હાથમાં કમળનાળની, પોંચામાં પંચદળ કમળની અને કૃષ્ણદેવમાં ચંદ્રની સંભાવના છે. 'કંઇ અર્પતાં હોય' એ વાક્યથી આત્માર્પણ વ્યંગ્ય છે. એ વ્યંગ્ય સમજી જઈ ઉક્તિ **૩૪** માં સત્યભામાનો જરા ફડફડાટ છે. રસરાજરાજ—રસોના રાજા શૃંગારના અધિદેવ કૃષ્ણ; ભગવાન અર્થાત્ એમનું અલૌકિક સ્વરૂપ. પ્રેમ—સત્યભામાની રૂપાસક્તિ.

૩૫-૩૬ પાણિગ્રહણનું મુહૂર્ત બરાબર સાધવા પહેલાં ઘડી માંડનાર બ્રાહ્મણ અન્ય વરેલા બ્રાહ્મણ પ્રતિ સાવધાનીના શબ્દ ઉચ્ચારે છે. તેમાં હસ્તમેળાપનું ગીત ગાનારી મધુર કંઠવાળી (કલ્યકંઠી) સ્ત્રીઓ પ્રતિ પણ સાવધાનીનો બોધ સમાય છે. કલ્યકંઠી ઉપરથી સંસ્કરણનો કાળીકંઠી બોલ ઊતરી આવ્યો છે. શ્રીદામો ૩૯ 'કાળીકંઠી સાવધાન' કહેવા જાય છે. પણ પહેલો જ અક્ષર બોલતાં તેને નારદ મુનિ રોકે છે, એવી સમજથી કે શ્રીદામો कामोऽदात् આદિ મંત્ર ભણી એમની દક્ષિણા પડાવી લેવાનું કરે છે. નારદ મુનિની દક્ષિણા

તે નરકાસુરવધરૂપ સુરકાર્યની સિદ્ધિનાં પ્રસ્તુત વિવાહથી પગરણ મંડાવવાં. એ'તાં—ઉપમાન તરીકે સ્વીકારતાં. ગૌરીશ—મહાદેવ, શંકર.

૩૮–૪૪ (૩૮) કણક—લોટ, આટો. બેલું (સં. દ્વિ. બે)—જોડી, વરવહુનૂં જોડૂં. (૪૦) આ પ્રકાર—કોઇની કન્યા કોઇયે પડાવી લેવી તે. (૪૪) આય તેની વાય—જેનામાં બળ(આય) હોય તેની વિજયભેરી વાગે. (૪૪) શૈનેય—સાત્યકિ. સંયમની—યમપુરી. માર્ગસ્થ—વટેમારગુ, પ્રવાસી. સંયમનીનો માર્ગસ્થ થવા આવ્યો છે—જીવ ખોવા લાયક, વધપાત્ર બન્યો છે.

૪૫ અધુના—હજુ. પશુ—યજ્ઞમાં બલિ તરીકે હોમવા ઠરાવેલૂં પ્રાણી. બલિદાન થવા—બલિ તરીકે હોમાવા માટે. પૂજાયો નથી—પશુની પ્રથમ વિધિ સર પૂજા કરવામાં આવે છે, તે પછી જ તેનૂં બલિદાન અપાય છે. આવી સ્થિતિમાં હજુ એ નરપશુ છે નહિ. કહેવાની મતલબ એ છે કે ઉદ્ધત શતધન્વા યજ્ઞપશુના મોતે મરશે જ; પણ હવણાં ઉત્સવમાં મારવો ઘટતો નથી. સત્યભામા સાથે વિવાહ પછી લાક્ષાગૃહના દાહની વાત સાંભળી કૃષ્ણ ખબર કાઢવા હસ્તિનાપુર જાય છે, ત્યારે અક્રૂર અને કૃતવર્માની પ્રેરણાથી શતધન્વા ધોળે દહાડે સત્રાજિતનૂં ખૂન કરી સ્યમંતક મણિનૂં હરણ કરે છે. દ્વારિકા વળી આવી કૃષ્ણ શતધન્વાને મારી નાંખે છે. તે વાત વાચકની જાણ બહાર નહિ હોય.

૪૭ અવનિનૂં આકાશ અને આકાશની અવનિ—સરખાવો, रघुवंश । ४।२९। उत्तरार्ध।, भुवस्तलमिव व्योम कुर्वन् व्योमेव भूतलम् ॥

૫૪ ધણી એ આવશે—અર્થાત્ હૂં લેવા સ્હામી શૂં કામ જાઉં? હવે તો એ છે ને હૂં છું—આ વાક્યથી સ્પર્ધા આક્ષિપ્ત છે; જુઓ અંક ૬–૭, પારિજાત પુષ્પનો પ્રસંગ. થડ—કૃષ્ણદેવ. ડાળાંપાંખળાં—બીજી રાણીઓ, રુક્મિણી અને જાંબવતી. એ મને પગે લાગશે—એ પ્રસંગ તરત જ નારદ આણે છે; જુઓ ઉક્તિ ૬૦.

૬૦ ત્રિદશા—દેવદેવીઓ. ત્રિદશા ન બરાબરી—કામદેવ અને રતિ, ઇંદ્ર અને શચી, શંકર અને ગૌરી આદિ દેવદેવીઓનાં જોડાં આ દંપતીની બરાબરીનાં નથી; આમનાથી એ ઊતરે.

૬૧ તમે આર્યપુત્રનું મન છો—અર્થાત્ તમને દૂભવવાં તે આર્યપુત્રનૂં મન દૂભવવા બરાબર છે. નારદ મુનિના વિશેની આ માન્યતાના સંબંધમાં જુઓ પ્રેમાનંદકૃત ભાગવત, દશમ સ્કંધ, કડવૂં ૭, નારદ છે ઈશ્વરનૂં મન નિરમ્યૂં તેજ કરે ઋષિજન.

૬૨ અમે મર્મજ્ઞ નથી—'તમને દૂભી હું ક્યાં રહું?' એ તમારા વચનનો શો મર્મ છે તે કોણ જાણે; મારા સમજવામાં નથી. સર્વનું સુખ—અહીં 'સુખ' શબ્દે 'શોક્યો વચ્ચે અણબનાવ ન થવો તે, સારો બનાવ' એવા અર્થનો બોધ થાય છે. અખંડાનંદમાં પ્રેમે૦—હૂં તો કૃષ્ણદેવના અખંડ આનંદ સ્વરૂપમાં, સત્યભામાના અખંડ પ્રેમમાં અને આ તમારા અખંડ અશોકમાં રચ્યોપચ્યો છૂં. કૃષ્ણદેવના અક્રૂર, કૃતવર્મા અને શતધન્વા પ્રતિસ્પર્ધી હતા. સત્રાજિત્ વિરોધ રાખતો હતો. છતાં કોઇના પણ પ્રત્યે એ રુષ્ટ ન થતાં પ્રસન્ન રહ્યા. એ એમનૂં અખંડાનંદ સ્વરૂપ. સત્યભામાએ કેદનૂં દુઃખ ન ગણકાર્યૂં ને વાઘનો ભયે ન લેખવ્યો. એ એનો પ્રેમ. શોક્ય આવે ને ઘરમાં રાંધ્યાં ધાન રહે, તેને બદલે રુક્મિણી

શોકથી અલિપ્ત રહી. એ તેનો અશોક. પાર્વતીપરિણય કાળે૦—પાર્વતીના પાણિગ્રહણમાં માથે ગંગા ને બાજુમાં પાર્વતી સહિત શંકર ભગવાનની, કૃષ્ણદેવને રુકિમણી અને સત્યભામા સહિત જોઈને, આપણને સંભાવના થાય છે. સારો સમય મળતાં સત્યભામા ગંગાની પેઠે માથે પણ ચડી બેસશે; અને ઉક્ત સમયમાં, હાલ સ્હેજ ન્યૂનતા છે, તે જતી રહેશે. અહીં, સત્યભામા ઉત્તરકાળમાં આખૂં પારિજાતક વૃક્ષ આણી આપવા કૃષ્ણદેવ ઉપર દબાણ કરે છે, તેનૂં પૂર્વ કથન છે.

૬૦–૬૨ ભક્તિભાવથી ઊભરાતા નારદ રુકિમણીને વિવાહિત યુગલનાં દરસને આવેલ માની ભોળપણે દંપતીને વંદન કરવા પ્રબોધે છે. અહીં રુકિમણી ભારે મૂઝવણમાં પડી જાય છે. ‘આર્યપુત્રને વંદન કરવાનૂં તો ઠીક છે, પણ શૂં ન્હાની રાણીને મોટી રાણીએ પગે પડવૂં? અરે, પણ નારદજીને વ્હાલી સત્યભામાને હૂં પગે નહિ લાગૂં, તો મુનિ દૂભાશે તેનાં ફળ મહા કડવાં થશે. રહો, રહો, આર્યપુત્ર જ નારદના મુખે મને સદાચાર પાળવા પ્રેરતા હશે; એ તો એમનૂં મન છે. ત્યારે કૃષ્ણદેવ અને સત્યભામા બંનેને મારે પગે લાગવૂં. પરંતુ આ બધા વડીલો છે ને!’ વડીલવર્ગ રુકિમણીના મનનો સંકોચ કળી જઈ ચાલ્યા જાય છે. નારદ મુનિ પોતાના સંબંધમાં સત્યભામા વધારે વ્હાલી હોવાની શંકા વર્તી જઈ સર્વત્ર સમદષ્ટિના નિર્દેશથી તે દૂર કરે છે; અને વડીલો વદાય થતાં વાંત જ રુકિમણી દંપતીને વંદન કરવા જાય છે; પણ કૃષ્ણદેવ તેમને રોકે છે; અને હાથ સ્હાઈ તેમના અધિકાર અનુરૂપ પોતાના જમણે પડખે સ્થાન આપે છે, જેથી મહાદેવીએ લઘુદેવીને વંદન કરવાનો પ્રસંગ ટળી જાય છે.

૬૫ अनेकसपत्नीवती भव—તારાં પગલે કૃષ્ણદેવ અનેક સ્ત્રીઓ પરણી લાવજો અને તારે અનેક શોકયો (સપત્ની) હજો. આ દેખીતો શાપ સોળ સહસ્ર રાજકન્યાના છૂટકારાનૂં કારણ બને છે, તેથી અહીં એ આશીર્વાદરૂપ છે. પતિસુખ કાજે—ભોગી કૃષ્ણના સુખ સારૂં. ન વિચારે—ન વિચારજે, ઉવેખજે. સુરનર સુખ—નરકાસુરના ત્રાસનું શમન. થાયે—થાજે, નીવડજે. ધારે—ધારજે. વિચારે, થાયે, ધારે જૂનાં વિધ્યર્થનાં રૂપો છે. હાલ તે વપરાતાં નથી. મને ઘણું ધારે—કૃષ્ણદેવ તારા ઉપર બહુ પ્રેમ રાખજો.

૬૬ જા જા, જોગટા ૦—સત્યભામાના મુખના આ અપમાનના બોલ નારદ મનમાં સંઘરી રાખે છે; જુઓ ઉક્તિ ૬૧ ને વળગેલી નાટયસૂચિ. એનૂં કડવૂં ફળ અંક ૫ માં નારદ સત્યભામાને સ્હેજ ચખાડે છે.

૬૭ અહીં નાટકકારે કુશળતાથી રસાંતર ઉપાયનો પ્રયોગ કર્યો છે. તે સત્યભામાના પરુષ વચન ઉપર પડદો પાડે છે; અને સત્યભામા સાથે રુકિમણીને જોડે લેતા આવવામાં પરિણમતા મહારાજાધિરાજ ઉગ્રસેનના આદેશથી રુકિમણીને ગૌરવવતી કરે છે. એ રીતે અંકની યુક્તિસર સમાપ્તિ થાય છે.

પાઠચર્ચા

૭ ઉત્તર શ્લોકથી આ વાકય ગતાર્થ છે; તેથી મેં તે તજી દીધું છે. ૮–૯ પ્રાણપ્રિયાનો નિર્દેશ અહીં અસ્થાને છે. પંચશરવિહારપદ્મિનીની ઉદ્દીપનસામગ્રીનું જ વર્ણન વિવક્ષિત છે. ઉક્ત નિર્દેશ ઉક્તિ ૨ થી આડા દોરાઈ કોઇએ કર્યો લાગે છે. ૧૦ પ્રકરણ ધ્યાનમાં લેતાં અહીં દ્વિઅર્થી બોલની જરૂર છે. એટલે જાણો બદલે જુઓ પાઠ મેં યોજ્યો છે. ૧૨–૧૪ 'અયિ પ્રિયે'ની પુનરુક્તિ નિરર્થક છે. ક્રિયાપદ 'પીડિ' બદલ 'પીડ' નામનો પ્રયોગ ભ્રમમૂલક છે. 'દયા મયા'ની પુનરુક્તિનો ભાસ ટાળવા કૃપાકટાક્ષ પાઠ યોજ્યો છે. મીંચ ક્રિયા આત્મલક્ષી છે; એમાં પર પ્રતિ પ્રેરણાનો અર્થ નથી. 'અક્ષિ મીંચ' પ્રયોગથી 'તું આનંદથી તારી આંખ મીંચ, આનંદ અનુભવ' એવો બોધ જ થાય; 'આનંદનો અનુભવ કરાવી તું મારી આંખ મીંચવ' એવો ભાવ એમાંથી ખેંચવો શકય નથી. આ મુશ્કેલીમાં 'વક્ષ ભીચ' પાઠ મેં કલ્પ્યો છે. વળી અનવીકૃતત્વ દોષ ટાળવા મારપીડ બદલ મારમાર પાઠ યોજ્યો છે. ૧૮ સ્પષ્ટતા સારૂ સંકેતસ્થાનનું નામ મેં ઊમેર્યું છે. ૨૩ કહેવાનો મર્મ વિધિવાકય કરતાં નિષેધવાકયથી વધારે સારી રીતે પ્રદર્શિત થાય છે. ૨૫ 'હમણાં કોઇ આવશે, હમણાં કોઇ આવશે, એવા ભયથી મારો જીવ ફડફડે છે. તમે હાથ છોડો તો તે હેઠો બેસે; અને આપણે નિશંતે વાત કરિયે.' આવો ભાવ સત્યભામાની ઉક્તિમાં છે. તેના પોષક તરીકે 'કની' બોલ મેં ઊમેર્યો છે. ૩૦ 'તોયપ્રતિબિંબ' બોલ નારદ મુનિને લાગુ પડી શકતો નથી, તે કારણથી મેં તજી દીધો છે. ૩૨ શ્રીદામાએ સ્મરણ કર્યું અને કબૂલત પ્રમાણે નારદ આવ્યા તે ટાણે 'મને કેમ સંભાર્યો?' એવો પ્રશ્ન હોય; તે નારદની ઉક્તિમાં છે ને તે બરાબર છે. પરંતુ 'वरं ब्रूहि वरं ब्रूहि' ને સ્થાન નથી. ૩૩ ક્ષેપક ઠેરવેલા वरं ब्रूहि० સાથે આ વધારાને સંબંધ છે, તેથી એ પણ ક્ષેપક એટલે ત્યાજ્ય છે. ૩૫ મુગ્ધા વરમાળ પ્હેરાવતાં ભીરુ જણાય અને શરમાય; એ ભીરુતા અને વ્રીડા સમજવી તે કંઇ એવું ગહન વિધાન નથી કે ત્રિકાળદર્શિત્વ માગે. આ કારણથી પાઠટિપ્પણીમાં નોંધેલો વધારો મેં ત્યાજ્ય ગણ્યો છે. ૩૭ 'પંચરંગી વરમાળ હોવાથી' એ બોલ ઉત્તર શ્લોકથી ગતાર્થ છે, માટે મેં તે ટાળી નાંખ્યા છે. ૩૯–૪૦ લજ્જાકૃત રોકાણ ઉત્તર શ્લોકમાં નિરૂપિત છે; અહીં તો ભીરુતાનો જ પ્રસંગ છે. આ ધ્યાનમાં લેઈ નવા પાઠ યોજવા પડયા છે. ૪૧ કામદેવ સાથે રસરાજનો સહકાર આક્ષિપ્ત માની વિસંગત ઉત્પ્રેક્ષાવાચક 'જાણે કે' પાઠ બદલ સંગતિ સાધનાર 'જાણી તે' પાઠ મેં કલ્પ્યો છે. ૪૨–૪૨ ઇત્યાદિ પંચકનો ક્રમ સંસ્કરણમાંના પાઠમાં ચૂંથાઈ ગયો હતો, તે નવા પાઠથી વ્યવસ્થિત કર્યો છે. અયોગ વિપ્રલંભ સંયોગ થઈ સંભોગ શૃંગારમાં પરિણમે છે; તે સમજથી મેં સંયોગ પદ યોજ્યું છે. ૪૪–૪૬ સંસ્કરણમાં નારદને શ્રીદામાના પ્રશ્ન રૂપે રચના છે, પરંતુ નારદે ઉત્તર આપેલો કહીં જોવામાં આવતો નથી. તેથી પ્રશ્ન ન કરતાં શ્રીદામો સત્યભામાને પ્રોત્સાહન કરતો હોય એવી વાકયરચના મેં રાખી છે. 'શરમથી સંકોચાયલાં' કહ્યા પછી 'લજ્જિત'નો પ્રયોગ પુનરુક્તિગ્રસ્ત હોવાથી એ પદ તજી દીધું છે. ૪૯ સંસ્કરણનો પાઠ પુનરુક્તિનો ભાસ ઊપજાવે છે અને બરાબર બંધબેસતો જણાતો નથી, તેથી 'રસરાજનો સંયોગ' બદલ 'રસરાજરાજ' પાઠ મેં કલ્પ્યો છે: જુઓ

સમજુતી. ૫૩ વાકયરચના દૂષિત છે; તે સૂધારી લીધી છે. ૫૭ માતા દેવકીના મુખમાં કૃષ્ણદેવને માટે 'લાલ' બોલ શોભે; ભકત નારદના મુખમાં ન શોભે. તે કારણથી સ્હેજ પાઠ બદલ્યો છે. ૫૯ સત્યભામાનો અને નાગરિકાનો બચાવ કરવાનું સ્થળ નથી, સબબ એમાં 'શું કરે નાગરિકા૦' મેં ટાળી નાંખેલ છે. ૬૦ કણકમાં પાણી પડયાની પુનરુક્તિ જેવો પ્રસ્તુત વધારો છે. એટલે કરીને મેં તે તજી દીધો છે. ૬૨ નાગરિકાને શબ્દબાણ મારવાનું સ્થળ નથી. તે કારણથી વધારાનું વાકય મેં તજી દીધું છે. ૬૪ પૂર્વ વાકય સાથે સંગત નથી. તેથી આ વધારો મેં કબૂલ રાખ્યો નથી. ૭૪ 'પગે લાગતી આવશે' એમાં ઓશિયાળાપણું ધરાવવાનો, ગરજાળ બનવાનો ભાવ છે. 'પગે લાગશે' એમાં વંદનનો, નમસ્કારનો જ અર્થ રહ્યો છે. આ બીજો અર્થ અભિપ્રેત માની પાઠ ફેરવ્યો છે. ૮૭ ઉત્પ્રેક્ષાવાચકની જરૂર છે. માટે શું બોલ મેં ગોઠવ્યો છે. ૯૦ નારદે આપેલા ઉત્તરમાં કોઇ સ્થળે શ્રીદામાને પગે લાગવાનો ઈસારો સરખો છે નહિ; તેથી પાઠટિપ્પણીમાં નોંધેલું વાકય ક્ષેપક ગણી મેં તજી દીધું છે. ૯૬ વિચારે અને ધારે એ બે જૂનાં વિધ્યર્થ રૂપ વચ્ચે અર્વાચીન આજ્ઞાર્થ રૂપ 'થા' સંસ્કરણમાં છે. તે બરાબર ન હોવાથી મેં જૂનું વિધ્યર્થ રૂપ 'થાયે' તે બદલ યોજ્યું છે.

———o———

મોગલોના સમયમાં ગુજરાતની લશ્કરી વ્યવસ્થા સંબંધે એક નોંધ.

(લે. દિ. બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી)

શ્રી ફાર્બસ ગુજરાતી સભાના ત્રૈમાસિકના પહેલા અંકમાં મોગલોના સમયમાં લશ્કરની ભરતી કેવી રીતે કરવામાં આવતી તે સંબંધે મેં ઈશારો કર્યો છે કે કેટલીએક કોમોએ લડાઈને પોતાનો ધંધો જ બનાવેલો અને જે પક્ષ તેને નોકરીમાં રાખી લે તેની નોકરી કરી તેના શત્રુ જોડે લડે. વખત જતાં આવી રીતે લશ્કરની ભરતી કરવાનો વખત મરાઠાઓને પણ આવ્યો, કારણ તેમની પોતાની જાતિમાંથી લશ્કરી કામ માટે મળી આવતી સંખ્યા પૂરતી થઈ પડેલી નહીં; આમ હોવાથી તેમને પણ આરબ, હિન્દુસ્તાનીઓ(પુરબીઆ—ભૈયાઓ)નો સાથ શોધવો પડેલો. એ બાબતના આધારમાં એક દાખલો મને મળી આવ્યો છે. पेशवे दप्तरातून निवडलेले कागद Selections from the Peshwa Daftarના બારમા પુસ્તકમાં નંબર ૧૦૧નો કાગળ (ઈ.સ. ૧૭૩૮) પેશવાના એજંટ ગોવિંદ ગોપાળ નામના માણસે તે વખતની ગુજરાતની સ્થિતિ સંબંધે લખેલો; તેમાં લશ્કરની ભરતી માટે ગુજરાતમાંથી માણસ મેળવવા માટે તેને જે સૂચના આપવામાં આવેલી તે સંબંધમાં પેશવાને એ લખી જણાવે છે કેઃ

સોનગઢ જઈ માતુશ્રી ઉમાબાઈનો દામાજી ગાયકવાડ પરનો પત્ર તેમને પહોંચાડી સમાચાર કહ્યા. બાદ આરબોની તપાસ કરવા માટે રા. રેણુકો પંતને તથા ભરૂચ વડોદરે કાગળ મોકલ્યા, અને રૂ. ૨૬,૫૦૦ માંથી રૂા. ૧૦,૦૦૦ની હુંડી (લેવા) માટે સુરત આવ્યો. કોસંબે આવી ત્યાં મુકામ નાંખ્યો. ત્યાં રહી આરબ લોકો માટે ઘણી તપાસ કરી, પરંતુ માલમ પડ્યું કે અહીં ઘણા આરબો મોમિનખાન પાસે જતા રહ્યા છે. શહેરમાં થોડા ઘણા છે તેમને મોગલો બહાર નીકળવા દેતા નથી. છતાં તેમને પણ મેળવવા બંદોબસ્ત કર્યો છે. શહેરમાં મારે પેસવા માટેની પરવાનગી પાંચ છ દહાડા પર જ મળી. તે મળવાથી શહેરમાં ગયો. મોગલોના દીવાન લાલચંદની મુલાકાત લીધી. આપનો તેના પરનો પત્ર તેને આપ્યો; અને વર્ત્તમાન કહી સંભળાવ્યા. તેગ બેગખાનની* મુલાકાત થઈ નહીં. તે(કાગળ) પ્રમાણે કામકાજ કરવાનું દીવાન કબૂલ કરે છે. ગાયકવાડના પત્રથી આપણું કામ થાય નહીં, કારણ અંદરખાનેથી મોગલ(હાકેમ)ને અને ગાયકવાડને બનાવ નથી, અને તેથી કેટલીએક આપણી વાત દીવાનને એકાંતમાં કહી સંભળાવી. પછી તેને આપણા કામ સંબંધી પૂછ્યું; આરબો માટે તો તેણે કહ્યું કે મળી શકશે નહીં. છતાં તમને મળે તો નોકરીમાં લઈ લો. અત્યાર સુધી મને માત્ર ચાળીસ પચાસ માણસ (આરબ) મળ્યા છે, પરંતુ તેમની જોડે હું કરારથી બંધાયો નથી. ઘણા મળી રહેશે. પઠાણ અને ખાન એ કોમનાં ઘણાંએ માણસ મળે છે, પણ તે ચાર આઠ દિવસ રહી × × × કેટલાએક આરબ ને હિન્દુસ્તાનીઓ

* સુરતનો તે વખતનો હાકેમ (મુત્સદ્દી)

(પુરબીઆ) એવા × × × અમદાવાદ, વડોદરા, ભરૂચ, ખંભાત કાગળો મોકલી દીધા છે. રા. રેણુકા પંતનો પરનો (આપનો) પત્ર તથા મેં પણ એક પત્ર લખી, મોકલ્યા છે, તે તેને મળશે. પાંચ......મહીનાની ખર્ચી આગળથી (આંગપર) આપીને પણ મોકલવા એવું એવું ઘણું લખ્યું છે, એટલે ત્યાંથી થોડાં ઘણાં માણસ પણ આવશે ખરાં. હિન્દુસ્તાનીઓને રાખી લેવા હુકમ નથી. પરંતુ શાણા × × × × મળે તો તેમને નોકરીમાં રાખી લઈ મર્દ (બહાદૂર) માણસો મોકલીશ. આજ્ઞા થશે તો રાખીશ. મહીનાના રૂ. સાત આઠ માગે છે. ત્યાંના કોલ પ્રમાણે આરબોના પગારની રકમનું બની શકશે નહીં. કાંઈક વધારે આપવું પડશે. હાલ તો હા કહી તેમને રાખી લઈશ. ત્યાં આવ્યા બાદ જે કરવું હોય તે કરજો. × × × દશ હજાર રૂપીઆ આપ્યા છે તેમાંથી માણસોને નોકરીમાં રાખી લેતાં થોડો ખરચ થશે. × × × આરબો મોટી સંખ્યામાં મળશે એવો વિશ્વાસ પડતો નથી. આઠ દિવસમાં જેટલા મળી આવશે તેટલાને રવાને કરી, પછી સોનગઢ જઈશ."

મરાઠાઓને અન્ય કોમનાં માણસો મેળવતાં કેટલી મુસ્કેલી પડતી તેનો કાંઈક ખ્યાલ પણ આ પત્ર પરથી આવશે.

× × × ફાટી ગયું છે.

ગુજરાતના વૈજ્ઞાનિક સંશોધનના પ્રશ્નો

(લે. રા. રા. પોપટલાલ ગોવિંદલાલ શાહ, એમ. એ., બી. એસસી.)

પ્રજાઓની સંસ્કૃતિની તુલના માટે હાલના યુગમાં કેવળ સાહિત્ય, કવિતા, નવલકથા કે ભૂતકાળના ઇતિહાસથી સંતોષ માની શકાય તેમ નથી. ગુજરાત પ્રાચીન કાળથી જ હિન્દનો ફળદ્રુપ ભાગ ગણાય છેઃ તે ઉપરાંત એક તરફથી નદીઓ અને દરિયાની સમીપતાને લીધે, અને બીજી તરફથી પ્રજાનાં સાહસિકતા, ખંત, મહેનત કરવાની ટેવ, દીર્ઘદૃષ્ટિ વગેરે ગુણોને લીધે, ધનસંપાદન કરવાની શક્તિ સારા પ્રમાણમાં જોવામાં આવે છે. સંસ્કૃતિ અને સંસ્કારી જીવન આર્થિક સંપત્તિ શિવાય ઉત્પન્ન થતાં નથી અને જીરવી શકાતાં નથી. એ દૃષ્ટિએ ગુજરાતનું સંસ્કારી જીવન સંગીન પાયા ઉપર રચાયેલું છે, અને તે તેટલા પ્રમાણમાં ચિરસ્થાયી રહેવાનું. પરંતુ આ સંસ્કારી જીવનમાં કેવળ સ્વાર્થ, પ્રમાદ કે નકલ કરવાની ટેવથી આપણી પ્રગતિ અટકી ન જાય તે સંભાળવાની ખાસ જરૂર છે. હિન્દના બીજા પ્રાંતોના કરતાં આપણા પ્રાંતમાં વિજ્ઞાનનો અભ્યાસ ઓછા પ્રમાણમાં છે, અને તેથી વૈજ્ઞાનિક દૃષ્ટિ, વૈજ્ઞાનિક વૃત્તિ, અને વૈજ્ઞાનિક પદ્ધતિની ન્યૂનતા દેખાય તેમાં નવાઈ નથી.

ગુજરાતના વૈજ્ઞાનિક પ્રશ્નોના સંબંધમાં એક મ્હોટી મુશ્કેલી યાદ રાખવાની છે. ગુજરાત એક સંસ્કારી વ્યક્તિ છે એમ આપણે ભાર દઈને કહી શકીએ; નર્મદની સાથે ગુર્જર માતાની ગુણકીર્તનમાં સામેલ થઈએ, ભૌતિક સીમાઓની દૃષ્ટિએ અને, ભાષાની દૃષ્ટિએ ગુજરાતની એકતા વિષે જરાયે શંકા ન રાખીએ. પરંતુ રાજ્યતંત્રની વિવિધતાને લીધે આખો પ્રદેશ સળંગ અને એકરૂપ ન ગણી શકાય. સમાજશાસ્ત્ર કે માનવધર્મશાસ્ત્રની દૃષ્ટિએ ગુજરાતની વસતીનો અભ્યાસ કરવો હોય તો એકજ રીપોર્ટથી આપણું કામ સધાય નહીં. બ્રિટીશ જીલ્લાઓના વસતીપત્રકો ઉપરાંત વડોદરા, ભાવનગર જેવાં દેશી રાજ્યો અને એજન્સીના પ્રદેશોના જૂદા જૂદા રીપોર્ટોના અભ્યાસ કરવો પડે, તેથી આખા ગુજરાતને માટે સાર્વત્રિક નિયમો કે વ્યાપ્તિસમૂહો યોજવાનું કામ કઠિન છે; પરંતુ ગુજરાત, કાઠીઆવાડ અને કચ્છમાં ગુજરાતી ભાષા બોલતી પ્રજાની સાંસ્કારિક એકતા અને અસ્મિતા સાધવાને માટે આ કામ જેટલું મુશ્કેલ છે તેના કરતાં વધારે આવશ્યક છે. ગુજરાતી ભાષા બોલનારની સંખ્યા હિન્દમાં બીજી ભાષાઓના પ્રમાણમાં નાની છે. હિન્દી, બંગાલી, તેલુગુ, તામીલ, મરાઠી, પંજાબી, કાનડી, ઉરીઆ, એ બધી ભાષાઓ પછી જ ગુજરાતી બોલનારાની સંખ્યાનું સ્થાન આવે છે. પણ ગુજરાતી વ્યાપારીઓ ગુજરાતની સંસ્કૃતિ સમગ્ર હિન્દના દૂર દૂરના ખૂણાઓ સુધી પ્રસારે છે; વળી મુંબાઈ જેવા આંતરપ્રાંતીય અને આંતરરાષ્ટ્રીય શહેરની વસતીમાં અગ્રગણ્ય સ્થાન પ્રાપ્ત કરીને આવા સંસ્કારી અને વૈજ્ઞાનિક અન્વેષણને માટે યોગ્ય ક્ષેત્ર તૈયાર કરે છે. શિક્ષણશાસ્ત્ર કે આહારશાસ્ત્રની દૃષ્ટિએ, મનુષ્યમાપનવિદ્યા કે મનુષ્યસંસ્કારવિદ્યાની દૃષ્ટિએ સકળ ગુજરાતનું સંગ્રહસ્થાન મુંબાઈની પંચરંગી પ્રજામાં પથરાએલું છે; અને ગુજરાતના બધા જીલ્લા અને વિભાગોની વસતીનો એક જ સ્થળે અભ્યાસ કરવાને માટે મુંબાઈ જેવું બીજું વધારે યોગ્ય અને સુલભ સ્થાન ભાગ્યે જ મળશે.

વૈજ્ઞાનિક પ્રશ્નોના સંબંધમાં આપણે ભૂલી ન જવું જોઈએ કે વિજ્ઞાનનો પ્રદેશ વિશાળ છે અને તેનું ક્ષેત્ર અપરિમિત છે. વ્યવસ્થિત જ્ઞાન એટલે વિજ્ઞાન. પ્રત્યક્ષ નિરીક્ષણ, અંગત અન્વેષણ, એ વિજ્ઞાનની મુખ્ય વિશિષ્ટતા; ચોકસાઈથી, પ્રામાણિકતાથી, ખંતથી અને મહેનતથી સત્યના ઉપર નિઃસ્વાર્થ અને નિષ્પક્ષપાત દૃષ્ટિથી જોવાની ટેવ એ વૈજ્ઞાનિકોની વૃત્તિ અને પદ્ધતિનાં મુખ્ય લક્ષણ. આવી રીતે પ્રાપ્ત કરેલું જ્ઞાન તે વિજ્ઞાન. વિજ્ઞાન એટલે કેવળ ભૌતિકવિદ્યા અથવા રસાયનવિદ્યા, વનસ્પતિવિદ્યા, કે જીવવિદ્યા, એ સંકુચિત અર્થ ખોટો છે. મનુષ્ય જીવનની સઘળી પ્રવૃત્તિમાં, મનુષ્યના જ્ઞાનમાત્રમાં વિજ્ઞાનની દૃષ્ટિ અને વૃત્તિ ઉપયોગી છે, એટલું જ નહીં પણ આવશ્યક છે. સમાજશાસ્ત્ર કે અર્થશાસ્ત્ર, ભૂગોળ-વિદ્યા કે ભૂવિદ્યા, માનસશાસ્ત્ર કે શિક્ષણશાસ્ત્ર, ખેતીવાડી કે યંત્રવિદ્યા, પાકશાસ્ત્ર કે આહારશાસ્ત્ર, આરોગ્યવિદ્યા કે સુપ્રજનનવિદ્યા, હુન્નર, કલા, કે વ્યાપાર એ સર્વેમાં વિજ્ઞાનની જરૂર છે. આ સર્વે પ્રદેશોમાં જેટલા અંશે વિજ્ઞાનની સાથે આપણું પ્રજા જીવન અને દૈનિકપ્રવૃત્તિ ઓતપ્રોત થઈ શકે તેટલા અંશે આપણે ચાલુ જમાનામાં જગતની બીજી પ્રજાઓનો મુકાબલો કરવાને લાયક થઈ શકીએ. વિજ્ઞાનની સાર્વત્રિકતા અને ઉપયોગી-તાનો સ્વીકાર કરવાની સાથે પાશ્ચાત્ય વિજ્ઞાનની કેટલીએક સંહારમૂલક પ્રવૃત્તિ સાથે આપણે સહાનુભૂતિ રાખવાની નથી એ વિષય ઉપર ભાર દેવો જોઈએ.

ગુજરાત સાહસિકતા અને વ્યાપારી બુદ્ધિ માટે પ્રસિદ્ધ છે; મહેનત, ખંત અને સહન-શક્તિને માટે અસહકારના પ્રયોગથી પણ ખ્યાતિ મેળવી છે; **ગાંધીજી** અને **સ્વામી** દયાનંદ જેવા મહાપુરૂષોનાં દેશાભિમાન અને ધાર્મિકતા માટે મગરૂર છે; **ભગવાનલાલ ઇંદ્રજી** જેવા પ્રાચીનવિદ્યાના અન્વેષક અથવા **પ્રોફેસર ત્રિભુવનદાસ ગજ્જર** કે જયકૃષ્ણ **ઇંદ્રજી** જેવા પ્રતિભાશાળી અર્વાચીન વિજ્ઞાનના ઉપાસક ઉત્પન્ન કરી શકે છે. તે છતાં વિજ્ઞાનના ક્ષેત્રમાં **સર જગદીશ બોસ**, કે **સર સી. વી. રામન**, કે **મેઘનાદ સાહા** જેવા કીર્તિમાન નેતાની વાટ જુએ છે. આવા મહાપુરૂષના જન્મને માટે યોગ્ય વાતાવરણ ઉત્પન્ન કરવાની, અને તેમની યોગ્ય કદર થાય તેને માટે તૈયારી કરવાની ખાસ જરૂર છે. તે કાર્યને માટે ગુજરાતના વૈજ્ઞાનિક પ્રશ્નોનો અભ્યાસ કરવાની, ગુજરાતીઓની અન્વેષક શક્તિ, નવશોધનશક્તિ, અને કાર્યશક્તિને યોગ્ય સાધન અને ઉત્તેજન આપવાં જોઈએ.

ગુજરાતમાં હાલમાં સંશોધન એટલે અનુવાદ કે પુનર્શોધન એટલું મનાતું જણાય છે. પશ્ચિમના અનિવાર્ય સંસર્ગને લીધે તે તરફની પ્રજાઓના અનુભવ અને કૃતિઓનો લાભ લેતાં આપણે અનાયાસે શીખી ગયા છીએ. રેંટીઓ અને હાથની સાળો મૂકીને વિદેશનાં યોજાયેલા અને બનેલા યંત્રોનો લાભ લઈને મીલો અને કારખાના ચલાવીએ છીએ; ટેલીગ્રાફ, ટેલીફોન, રેલ્વે, મોટરો, વિજળીની બત્તીઓ, પંખાઓ, રેડીઓ વગેરે સાધનો વાપરવાના અને કેટલા-એક અંશે મરામત કરવાના કામમાં કુશળતા પ્રાપ્ત કરતાં થયા છીએ; આપણા ડાકટરો —અને થોડાએક વૈદ્યો પણ—વિલાયતની દવાના પ્રચારનું કાર્ય કરી રહ્યા છે; આપણા કાયદાશાસ્ત્રીઓ પશ્ચિમના કાયદાશાસ્ત્રનું સેવન અને અનુકરણ કરી રહ્યા છે: આપણા શાસ્ત્રીઓ અને ઇતિહાસવેત્તાઓ પશ્ચિમના પંડિતોએ શોધેલાં કે સંગ્રહેલાં કે પ્રસિદ્ધ કરેલાં પુસ્તકોમાંથી ભેગી કરેલી કે તારવી કાઢેલી માહિતીને સંશોધનનું નામ આપીને ખ્યાતિ પ્રાપ્ત કરે છે. આવા ઘણા ખરા કાર્યને અનુકરણ કે પુનઃશોધન કે પુન-

લેખન કરતાં વધારે ઉત્તમ સ્થાન કે માન આપી શકાય તેમ નથી. ખરૂં પ્રતિભાશાળી સંશોધન કે નવશોધન ભાગ્યે જ જોવામાં આવે છે.

ગુજરાત વિષે જે કાંઈ મૌલિક વૈજ્ઞાનિક શોધો થયેલી છે તે થોડાએક અપવાદો શિવાય અંગ્રેજ વિદ્વાનોને હાથે થયેલી કે પ્રસિદ્ધ કરેલી છે. ગુજરાતની ભૂમિરચના, ખેતીની જમીન, ખનિજ સંપત્તિ, વનસ્પતિ, વગેરે પ્રાથમિક માહિતી અંગ્રેજીમાં જ પ્રસિદ્ધ થયેલી છે. જીલ્લાવાર ગેઝેટીઅર લખાયા પછી નવી હકીકત ઘણી ઓછી સંપાદિત થયેલી છે. તે બધી માહિતી ઉપરથી આખા ગુજરાત માટે એક સળંગ અને સુવાચ્ય પુસ્તક હજુ લખાયું નથી. **શ્રી ફાર્બસ ગુજરાતી સભાએ** આ દિશામાં થોડુંએક કામ શરૂ કર્યું છે. "ગુજરાતની આબોહવા અને હવામાનશાસ્ત્ર" એ પુસ્તકમાં આખા પ્રાંતને માટે ઉપયોગી થઈ પડે તેવી આ વિષયની સઘળી માહિતી પ્રસિદ્ધ કરી છે. આ પ્રકારનાં બીજાં પુસ્તકો સભા તરફથી તૈયાર થાય છે. આ સભાનો મુખ્ય ઉદ્દેશ "ગુજરાતી ભાષા સુધારવા અને તે ભાષામાં સબળ શુભ સાહિત્ય ઉત્પન્ન કરવાનો છે." બીજા ઉદ્દેશોમાં "હસ્તલિખિત પુસ્તકોનો સંગ્રહ કરવા ઉપરાંત બીજી ભાષાના ગ્રંથોનાં ભાષાન્તર કરવાનું" અને "વિજ્ઞાનશાસ્ત્રાદિક ગ્રંથોને પણ ઉત્તેજન આપવાનું કાર્ય" છે. પરંતુ આર્થિક સંકોચને લીધે વિજ્ઞાનનાં પુસ્તકોનું કામ જોઈએ તેટલું આગળ વધી શક્યું નથી. બીજી બધી દિશામાં મદદની માગણીનું દબાણ હોવા છતાં વિજ્ઞાનવિષયક પુસ્તકોની જે કાંઈ ગોઠવણ થઈ શકી છે તેનું માન સભાના પ્રમુખ **દી. બા. કૃષ્ણલાલ મો. ઝવેરીને** ઘટે છે. પરંતુ વિજ્ઞાનવિષયક ગ્રન્થોને ઉત્તેજન આપવાના કાર્યના કરતાં વધારે અગત્યનાં કાર્ય બાકી છે; સ્વતંત્ર સંશોધન—નવશોધન—વિના ખરૂં વૈજ્ઞાનિક વાતાવરણ સાધી શકાય નહીં અને સર્જકશક્તિવાળું નવું સાહિત્ય પણ ઉત્પન્ન થઈ શકે નહીં.

કોઈ પણ પ્રજાને આ યુગમાં વિજ્ઞાન તરફ ઉદાસીન રહેવું પાલવે તેમ નથી; વળી વિજ્ઞાનની સેવા કર્યા વિના બીજી પ્રજાઓની પંક્તિમાં બેસવા કે ઉભા રહેવાનું પણ સ્થાન મળવાનું નથી. ગુજરાતમાં વિજ્ઞાનનું શિક્ષણ યોગ્ય પ્રમાણમાં કે યોગ્યપદ્ધતિસર નથી. તે ઉપરાંત ગુજરાતના વૈજ્ઞાનિક પ્રશ્નોના ઉકેલને માટે યોગ્ય વ્યવસ્થા કે નિયામક બળ નથી. આ પ્રશ્નોની વિવિધતાનો કાંઈક ખ્યાલ નીચે બતાવેલી યાદી ઉપરથી આવશે. આ યાદી એક જ હાથે બનાવેલી હોવાથી તેમાં અપૂર્ણતા નથી એવો જરાયે દાવો કરવામાં આવતો નથી, ઉલટું ભાર દઈને એટલું તો કહેવું જોઇએ કે સંઘબળથી એનાથી પણ વધારે અગત્યના પ્રશ્નો હાથમાં લેવાનું અને ઉકેલવાનું કામ સુગમ થઈ પડે.

૧ ગુજરાતની જૂદી જૂદી જાતની જમીન (soil)ની રસાયનવિદ્યા અને કૃષિવિદ્યાની દૃષ્ટિએ, પોષક તત્વો, ભેજ, ઉત્પાદક શક્તિ વગેરે તત્વોની તપાસ.

૨ ગુજરાતના જૂના પાકોની જાતિ, ગુણો, અને લક્ષણો સુધારવાના અને થોડા ખર્ચે વધારે ઉપજ મેળવવાને માટે પદ્ધતિસર પ્રયોગો.

૩. નવા પાકો અને ખેતીની નવી પદ્ધતિઓની તપાસ.

૪. ખેતીનાં સાધનો, હળ, ટ્રેક્ટર, કોશ, પાણી ખેંચવાનાં સાધનોની અપૂર્ણતા અથવા ઉપયોગિતા વિષે ચોક્કસાઇપૂર્વક તપાસ.

૫. અતિશય ભેજ, કે ખારાશ, ઉસ–વાળી જમીન સુધારવાને માટે પ્રયોગો.

૬. ખાતરનું રક્ષણ કરવાની જૂની પદ્ધતિમાં સુધારા, કમ્પોસ્ટ જેવી નવી પદ્ધતિઓની ઉપયોગિતા વિષે અન્વેષણ.

૭. ઢોરની જાતિમાં સુધારા કરવાના, તેમનો ખોરાક, તેમની સંતતિ અને તેમની ઉપયોગિતામાં સુધારા કરવાના પ્રયોગો.

૮. ગુજરાતની વનસ્પતિનું જીલ્લા અને જાતવાર વર્ગીકરણ, નિરૂપણ અને તેમની ઉપયોગિતાની તપાસ.

૯. પાણીની તંગીવાળા પ્રદેશોમાં નવાં નહેર, કૂવા, તળાવોની યોજના સંબંધી ખાત્રીપૂર્વક અન્વેષણ.

૧૦. ગુજરાતની નદીઓનાં વહેણ દરીઆમાં વહી જતાં અટકાવી બંધ, નહેરો, વગેરે યોજનાઓનીં તપાસણી અને તૈયારી.

૧૧. નદીઓનાં વહેણ ફેરવવાની (River training) અને પાણી વગર તૂટી જતાં શહેરો અને ગામડાંઓને બચાવવાની યોજનાઓ.

૧૨. ગુજરાતનાં જંગલોનાં વૃક્ષો, વનસ્પતિઓ. અને બીજી પેદાશની વૈજ્ઞાનિક તપાસ અને તેમની સુધારણાની યોજનાઓ.

૧૩. જીલ્લા, તાલુકા, અને ગામવાર આખા ગુજરાતની ભૂસ્તરસમીક્ષા(Geological Survey) બાકી છે તે શરૂ કરવી અથવા કરાવવી.

૧૪. ખાણો, શિલાઓ, ધાતુઓની શોધ; કાચ, ચીનાઈમાટી, વગેરે બનાવવાને માટે યોગ્ય ખનીજોની શોધ.

૧૫. શહેરો અને ગામડાઓના પાણીની રસાયનિક અને જંતુવિદ્યાની દૃષ્ટિએ તપાસ.

૧૬. પીવાના પાણીને શુદ્ધ કરવાનાં અને શુદ્ધ રાખવાનાં સાધનોની તપાસ.

૧૭. ગુજરાત, કાઠીઆવાડ, કચ્છ એ સમગ્ર પ્રદેશની જીલ્લાવાર, ધંધાવાર અને જ્ઞાતિવાર ખોરાકની સમીક્ષા, અને તેમાં કરવા જોઈતા સુધારાની તપાસ.

૧૮. ગુજરાતમાં વપરાતી ખોરાકની દરેક વસ્તુની રાસાયનિક તપાસ, અને, વૈદકશાસ્ત્ર, સામાજજીવન, અને આર્થિક દૃષ્ટિએ તેમાં સુધારા કરવાને માટે સંશોધન.

૧૯. રાંધણકળાની તપાસ: વીટામીન, એન્ઝાઇમ, વગેરે અત્યંત નાજુક અને ઉપયોગી પદાર્થોના સંરક્ષણને માટે રાંધણકળામાં કરવા જોઇતા સુધારાની તપાસ.

૨૦. ગુજરાતીઓના ધંધા રોજગાર અને આર્થિક સ્થિતિ ને અનુકુળ, અને યોગ્ય પૌષ્ટિક, તત્ત્વોવાળા ખોરાક નક્કી કરવાનું કામ.

૨૧. સ્વચ્છતા, અને આરોગ્ય પ્રાપ્તિ કરવાના બીજા માર્ગનું અન્વેષણ અને પ્રચાર.

૨૨. ગુજરાતીઓનાં શારીરિક બંધારણની-ઉંચાઇ, પહોળાઇ, વજન, શારીરિક બળ; સ્વાસ્થ્ય, લાંબું જીવન વગેરે દૃષ્ટિએ તપાસ, અને તેમાં દરેક પ્રકારની વૃદ્ધિ કરવાના પ્રયાસ.

૨૩. અર્થશાસ્ત્રની દૃષ્ટિએ ગુજરાતનાં શહેરો, જીલ્લાઓ, તાલુકા, અને ગામડાંઓની તપાસ.

૨૪. આંકડાશાસ્ત્રની દૃષ્ટિએ સમગ્ર ગુજરાતને લાગુ પડે તેવા આંકડા ભેગા કરવાની, તેમને વ્યવસ્થિત રીતે ગોઠવીને તેમાં દેશીરાજ્યો તેમજ બ્રીટીશ જીલ્લાઓના આંકડા સમાવીને, સકલ ગુજરાતને માટે આંકડાઓનું સાહિત્ય જમાવવાનં કાર્ય.

૨૫. નૃકુલવિદ્યા, મનુષ્યમાપનવિદ્યા અને મનુષ્યસંસ્કારવિદ્યાની દૃષ્ટિએ ગુજરાતની જૂદી જૂદી જાતોની તપાસ. ભીલ, કોળી, વાઘેરો વગેરે પ્રાચીન જાતિઓ ઉપરાંત પારસી, ખોજા, વોરા, મેમણ, રજપૂત, વગેરે જાતિઓના લક્ષણો, રીતભાતો, અને તેમની સમાજ ઉપરની અસરનું અન્વેષણ.

૨૬. શિક્ષણશાસ્ત્રની દૃષ્ટિએ આપણી શિક્ષણપદ્ધતિની તપાસઃ કીંડરગારટન, મોન્ટેસરી, ડાલ્ટન વગેરે પદ્ધતિઓનો તુલનાત્મક અને ગુજરાતના સંસ્કાર અને જરૂરીઆતોની દૃષ્ટિએ નિર્ણયાત્મક તપાસ.

૨૭. આંતરપ્રાંતિક પરીક્ષાઓની હરિફાઈમાં ગુજરાતીઓ પાછળ કેમ પડે છે તેનું વૈજ્ઞાનિક અન્વેષણ.

૨૮. પુરાતત્ત્વશોધનની દૃષ્ટિએ ગુજરાતની સમીક્ષા–શિલાલેખો, સિક્કાઓ, સ્તંભો, શિલ્પ, ચિત્રોની શોધ.

૨૯. શિક્ષણના દરેક વિભાગમાં વિજ્ઞાન, અને ધંધાને માટે ઉપયોગી વિષયોનું સ્થાન.

૩૦. માનસશાસ્ત્રની દૃષ્ટિએ અપૂર્ણ વિકાસવાળાં બાળકોનાં શિક્ષણની યોજનાઓ.

૩૧. બાળકોના માનસિક લક્ષણોનું માપન અને એની અપૂર્ણતા દૂર કરવાની યોજના.

૩૨. ગુજરાતી ભાષામાં લેખો, ભાષણો, માસિકો, પુસ્તકો દ્વારા વૈજ્ઞાનિક સાહિત્યની વૃદ્ધિ, પ્રસિદ્ધિ અને પ્રચારનું કાર્ય.

૩૩. ગુજરાતી વૈજ્ઞાનિક કોષની તૈયારી.

૩૪. ગુજરાતમાં હાલમાં ચાલતાં કારખાનાઓમાં વપરાતી ચીજોનું રસાયન અને તેમને દેશમાં જ બનાવવાની યોજના.

૩૫. ગૃહઉદ્યોગોને માટે અર્વાચીન પદ્ધતિના સાધનો અને સંશોધનશક્તિનો સમન્વય.

૩૬. રૂ, શણ, ઊન વગેરે ઉદ્યોગોમાં વપરાતી કાચી વસ્તુઓમાં સુધારા કરવાનું સંશોધન.

ઉપરની યાદી ઉપરથી ગુજરાતના વૈજ્ઞાનિક પ્રશ્નોની વિપુલતા વિવિધતા અને અગત્યનો કાંઇ ખ્યાલ આવશે. આ દરેક પ્રશ્નના ઉકેલને માટે સતત પ્રયાસ અને સાધનોની જરૂર છે. કાર્યનું ક્ષેત્ર એટલું વિશાળ અને કઠિન લાગે છે કે કેટલી વખતે નિરાશ થઇ જવાય તેવું છે. પરંતુ કાર્ય એટલું અગત્યનું છે કે તેને માટે જેટલા પ્રયત્નો થાય તેટલા ઓછા. સદ્ભાગ્યે ગુજરાતમાં આર્થિક બળની ન્યૂનતા તો નથી જ વળી. પાશ્ચાત્ય વૈજ્ઞાનિક કેળવણી પામેલા આચાર્યો અને વિજ્ઞાનના વિદ્યાર્થીઓની સંખ્યામાં સારી વૃદ્ધિ થતી જાય છે. કોલેજોમાં પ્રયોગશાળાઓની સંખ્યા પણ વધતી જાય છે. ઘણી પરીક્ષાઓમાં કેવળ ગોખણપટ્ટી કે જ્ઞાનપ્રદર્શનને બદલે સ્વતંત્ર પ્રયોગાત્મક સંશોધન–નવશોધન–વાળાં નિબંધોને ઉત્તેજન મળે છે. વિદ્યાર્થીઓ પણ જ્ઞાનપ્રાપ્તિમાં વધારે સમય ગાળવાને ઉત્સાહી બને છે–તત્પર થતા જાય છે. ધંધામાં જોડાવાની મૂશ્કેલી હોવાને લીધે ફક્ત થોડીએક આર્થિક મદદથી સારી નોકરી મળતાં સૂધી સંશોધનનું કાર્ય કરવાનો ઉત્સાહ ઘણા નવજુવાનોમાં દેખાય છે. તેવી જ રીતે નિવૃત્ત થયેલા આચાર્યો કે અમલદારોના અનુભવ અને સલાહ ઘણીરીતે ઉપયોગી થઈ પડે એમ છે. વળી અનેક સરકારી ખાતાઓમાં ગુજરાતના પ્રશ્નોના સંશોધન માટે દબાણ કરીને અથવા તો થોડીએક શિષ્યવૃત્તિ કે વેતન આપીને કામ કરનારાઓ મોકલી શકાય. ઇમ્પીરીઅલ કાઉન્સીલ ઓફ એગ્રીકલ્ચરલ રીસર્ચ, ઇંડીઅન મેડીકલ રીસર્ચ ફંડ, જીઓલોજીકલ સર્વે ઓફ ઇંડીઆ, બોટાનીકલ અને ઝૂઓલોજીકલ સર્વે, ઇમ્પીરીઅલ ફોરેસ્ટ ઇન્સ્ટીટ્યુટ, સેંટ્રલ કોટન કમિટીની પ્રયોગશાળા, ડીરેક્ટર જનરલ ઓફ આર્કીઓલોજી, ડીરેક્ટર જનરલ ઓફ સ્ટેટીસ્ટીકસ, સેન્સસ ખાતું, ઇંડીઅન હીસ્ટોરીકલ કમીશન, કુનુરનું ન્યુટ્રીશન ઇન્સ્ટીટ્યુટ વગેરે અનેક ખાતાઓની અને બીજી વૈજ્ઞાનિક સંસ્થાઓ સાથે સહયોગ કરીને ગુજરાતના પ્રશ્નોને યોગ્યસ્થાન અપાવીને ગુજરાતની પ્રાંતિક અસ્મિતા સાધવાનો માર્ગ ખુલ્લો મૂકી શકાય.

આ સ્થળે ગુજરાતના પ્રમાણમાં બીજા પ્રાંતોમાં વૈજ્ઞાનિક સંશોધનની પ્રવૃત્તિ કેવી અને કેટલી છે તે જણાવવું અગત્યનું છે. હિન્દમાં આ દિશામાં પ્રથમ સંગીન કામ બંગાળામાં થયું હતું. પણ એ કાર્યને ત્વરિત ગતિ આપનાર એક પ્રસિદ્ધ ગુજરાતી દાનવીર હતો એ વાતથી ઘણા લોક અજ્ઞાન છે. વિદેહી પ્રેમચંદ રાયચંદે આશરે ૧૮૬૪ના સટ્ટાની કમાણીમાંથી મુંબાઈ અને કલકત્તાની બંને યુનીવર્સીટીને લગભગ સરખી રકમ આશરે સાત લાખની અર્પણ કરી હતી. મુંબાઇમાં આ રકમનો ઉપયોગ તેમની માતુશ્રીની યાદગીરીમાં રાજાબાઈ ટાવરએ પ્રસિદ્ધ સુંદર શિલ્પકૃતિ બાંધવામાં થયો, પરંતુ કલકત્તાના વિદ્યાપ્રેમી વાતાવરણમાં આ રકમનો ઉપયોગ શિષ્યવૃત્તિઓ આપવામાં થયો. "પ્રેમચંદ રાયચંદ સ્કોલરશીપ" એ કલકત્તાની યુનીવર્સીટીની ઉંચામાં ઉંચી ઉપાધિ–બ્લુ રીબન–ગણાય છે. તેને માટે પ્રથમથી જ ઘણાએ યુવાન વિદ્યાર્થીઓ અનેક વિષયમાં સંશોધનને માટે પ્રવૃત્ત થયા: તેમાંથી વિજયી વિદ્યાર્થીઓ પોતાના જીવનમાં તેમ જ સમાજના અને દેશના જીવનમાં ઘણું ઉપયોગી કામ કરી શકયા, એટલું જ નહીં પરંતુ તેમના હાથે સંસ્કારી જીવન અને સંશોધનનું વાતાવરણ ઉત્પન્ન થયું અને સુદૃઢ રીતે પોષાયું. તે ઉપરાંત કલકત્તાના "ઇંડીઅન એસોશીએશન ફોર કલ્ટીવેશન ઓફ સાયન્સ" નામના પ્રસિદ્ધ મંડળે દેશબહાર અભ્યાસ કરવાને માટે થોડી રકમની પણ મોટી સંખ્યામાં શિષ્યવૃત્તિઓ આપીને પાશ્ચાત્ય વૈજ્ઞાનિક પદ્ધતિના અનેક પૂજકો ઉત્પન્ન કર્યા છે; તે સિવાય પોતાની સ્વતંત્ર પ્રયોગશાળામાં સર સી. વી. રામનજેવા પ્રતિભાશાળી વૈજ્ઞાનિકને નવશોધનનો માર્ગ ખુલ્લો કરી આપીને વિશ્વવિખ્યાત નોબલ પ્રાઈઝ પ્રાપ્ત કરાવી શકયું છે. સર રાશબિહારી ઘોષ અને તરકનાથ પલિત જેવા દાનવીરોએ પણ આ નવશોધનનાં બીજાં ક્ષેત્રો ખુલ્લાં થાય તેને માટે કલકત્તા યુનિવર્સીટીને ઉદાર આર્થિક મદદ કરી છે. સર જગદીશચંદ્ર બોઝની પ્રસિદ્ધ પ્રયોગશાળા બાંધવામાં બંગાળની સરકાર ઉપરાંત મુંબાઈના દાનવીરોએ લગભગ પાંચ લાખ રૂપીઆની મદદ કરી હતી.

બંગાળ પછી દક્ષિણ હિન્દમાં વૈજ્ઞાનિક સંશોધનનું કાર્ય સારૂં થાય છે; પરંતુ તેને ખરું ઉત્તેજન આપનાર બેંગલોરનાં પ્રસિદ્ધ "ઇંડીયન ઈસ્ટીટયુટ ઓફ સાયન્સ" સ્થાપનાર પણ જમશેદજી ટાટા એક ગુજરાતી પારસી હતા. ૩૦ લાખ રૂપીઆની ઉદાર સખાવતનું આ ખાતુ મુંબાઈથી આટલે દૂર સ્થળે હોવાને લીધે મુંબાઈ કે ગુજરાતની પ્રજા પૂરો લાભ લઈ શકી નથી. ઉત્તર હિન્દમાં બનારસ હિન્દુ યુનીવર્સીટીમાં અને ત્યાં પ્રસિદ્ધ ઇજનેરી કલા, ખાણકામ (માઈનીંગ), અને ધાતુશોધન(મેટલર્જી)ની પાઠશાળાઓ અને પ્રયોગશાળાઓ સારી ખ્યાતિ પામેલ છે. તેમની ઉત્પત્તિ અને બંધારણમાં પંડિત મદન મોહન માલવીયને વિદેહી સર સુન્દરલાલ, અને આચાર્ય આનંદશંકર ધ્રુવ એ ગુજરાતીઓએ સારી મદદ કરી છે. પંજાબમાં પણ સંશોધનકાર્ય સંગીન રીતે થાય છે અને ત્યાંના પ્રોફેસર શાન્તિ સ્વરૂપ ભટનાગરની મારફત થોડા જ વખત પહેલાં એક અંગ્રેજી કંપની તરફથી આશરે રૂપીઆ બે લાખની રકમ ફક્ત પેટ્રોલીઅમના પ્રશ્નોના સંશોધન માટે મળી છે. દીલ્હીમાં પણ લાલા શ્રીરામ તરફથી "ઇંડસ્ટ્રીઅલ રીસર્ચ ટ્રસ્ટ" સ્થાપવાની અને તે મારફત નવશોધનની યોજના કરવા માટે વિચાર ચાલે છે.

આ દિશામાં બીજા પ્રાંતોમાં કામ થતું હોય તો ગુજરાતે શું બેસી રહેવું ઘટે છે? કાર્યનું ક્ષેત્ર વિશાળ છે અને વિજ્ઞાન લઈને પાસ થયેલા ગ્રેડયુએટોની સંખ્યા વધતી જાય

છે તો તેને લાભ લઈને ગુજરાતના વૈજ્ઞાનિક પ્રશ્નોના ઉકેલના માટે એક સ્વતંત્ર વૈજ્ઞાનિક મંડળ કેમ ઉભું ન કરવું? લગભગ દરેક વિષયને માટે ગુજરાતી વિદ્વાનો મળી આવે તેમ છે, અને તે ઉપરાંત ગુજરાતી ભાષા ન જાણનારા વિદ્વાનો પણ દૂર નથી. આ કાર્યને માટે એક સ્વતંત્ર વૈજ્ઞાનિક મંડળની અને તેના સંઘટ્ટનને માટે આર્થિક બળના સતત અને સંગીન પ્રવાહની જરુર છે. સરસ્વતી અને લક્ષ્મીનો સહયોગ અસંભવિત છે એમ ભલે ને કવિઓ કવે પરંતુ જે ગુજરાતના ધનિકોએ આખા હિન્દમાં સરસ્વતીની ઉપાસના માટે અઢળક ધન ઢોળ્યું છે તેઓ આ કાર્યમાં મદદ ન આપે એમ બને જ કેમ? ખરો વાંક તો આપણો જ છે કે ગુજરાતના સકળ જીવનનો સર્વાંગે અને સર્વાંશે વિકાસ યોજવા તરફ અને ખાસ કરીને વિજ્ઞાન અને વૈજ્ઞાનિક સંશોધન તરફ ઉદાસીન રહ્યા છીએ. આ નવું મંડળ શરુઆતમાં જ બહુ ધનની અપેક્ષા ન રાખે અને ફક્ત યોગ્ય કામ કરાવવા પુરતી શિષ્યવૃત્તિ અને સ્કોલરશીપો જેટલા જ ખર્ચની માંગણી કરે તો તેનો હાથ પાછો ઠેલાશે નહીં. સંગીન કામ કરવા પુરતી વ્યવસ્થા અને નિયામક શક્તિ પ્રાપ્ત કર્યા પછી જ વધુ મદદની આશા રાખી શકાય. આ વિશાળ અને ઉપયોગી કાર્યમાં એક બાજુથી માર્ગદર્શક શક્તિવાળા વિદ્વાનો અને કાર્યકરો અને બીજી બાજુથી દીર્ઘદષ્ટિવાળા અને દેશની ઉન્નતિના ઇચ્છિનારા દાનશીલ ધનિકોના સહકારની જરુર છે. આ સહકાર મેળવવાનું કેન્દ્રસ્થાન શ્રી ફાર્બસ ગુજરાતી સભામંદિર બની શકે તેમ છે. જોઈએ છે નિઃસ્વાર્થી અને સેવાભાવી કામ કરનારાઓ.

લલિતકુંજ,
ખાર, મુંબાઈ. ૨૧
તા. ૧૨–૫–૩૬

શ્રી ફાર્બસ ગુજરાતી સભાન્તર્ગત

બુદ્ધિવર્ધક પુસ્તકાલયને સહાયતા

ધીમંત, શ્રીમંત, ઉદાર હૃદયી સજ્જનોને વિનતિ

"બુદ્ધિવર્ધક સભા"ના મૂળ ઉદ્દેશોને અનુસરીને "બુદ્ધિવર્ધક પુસ્તકાલય"ની સ્થાપના શ્રી ફાર્બસ ગુજરાતી સભામંદિરમાં સભાના આશ્રયે રીતસર તા. ૨૯—૭—૩૪ ને રોજ થઈ છે. "ગુજરાતી" પત્રના આદ્ય તંત્રી શ્રી. ઇચ્છારામ સૂર્યરામ દેશાઈના સ્મારક તરીકે તેમના ત્રણ પુત્રો રા. રા. નટવરલાલ, રા. રા. મદનલાલ, અને રા. રા. બાબુલાલ એમણે ગુજરાતી પ્રીન્ટીંગ પ્રેસમાં છપાયલાં રૂ. ૪૦૦-૦-૦નાં પુસ્તકો, ભેટ આપી આ કાર્યનો આરંભ કરવાની સફળતા કરી હતી.

આ પુસ્તકાલયનો મુખ્ય હેતુ જેને 'રેફરન્સ' વા આકાર—માહિતી વિષયી ગ્રંથો કહે છે તેનો સંગ્રહ કરવાનો છે; જેથી ગુજરાતી સાહિત્ય અને ગુજરાતના ઇતિહાસના જ્ઞાતાઓ અને સંશોધકોને પ્રાપ્તવ્ય માહિતી સરળતાથી મળી શકે.

સભા અલ્પ સમયમાં આવી "રેફરન્સ" લાઇબ્રેરી ગુજરાતી અભ્યાસીઓને માટે ખુલ્લી મુકવાનો ઇરાદો રાખે છે,

"બુદ્ધિવર્ધક પુસ્તકાલય"ની પ્રસ્તુતઃ સ્થાપના પ્રસંગે તેમજ તે પછીથી કેટલાએક સદ્‍ગ્રહસ્થો અને સંસ્થાઓ તરફથી પણ પુસ્તકોની ભેટ મળી છે.

સ્વ. કવિ નર્મદાશંકરના સ્મારકમાંથી તેના ટ્રસ્ટી સર પુરૂષોત્તમદાસ ઠાકોરદાસ તરફથી રૂા. ૧૦૦ મળતાં તેના રેફરન્સ પુસ્તકો લેવામાં આવેલાં છે.

રા. રા. ચાંદાભાઈ અ. મુછાળાએ પોતાની અંગત લાઇબ્રેરીમાંથી આશરે ૧૦૦૦ ગ્રંથો (નાનામોટા) આ પુસ્તકાલયને આપ્યા છે.

શ્રીમંત ગુર્જરનરેશ ગાયકવાડ સર સયાજીરાવની સરકારના પ્રાચ્ય વિદ્યામંદિર તરફથી, શ્રી સયાજી જ્ઞાનમંજુષા અને વિજ્ઞાન, એ બે શ્રેણીઓમાં પ્રકટ થયેલાં પ્રાપ્ય પુસ્તકો આશરે ૩૫૦ની સંખ્યામાં ભેટ મળ્યાં છે. ઉપરાંત હવે પછીથી એ બે શ્રેણીઓમાં છપાનારા ગ્રંથો પણ બુદ્ધિવર્ધક પુસ્તકાલયને ભેટ આપવાનો હુકમ વડોદરા રાજ્યના શ્રી કર્મસચિવ સાહેબ તરફથી થયો છે.

અમદાવાદની ગુજરાત વર્નાક્યુલર સોસાયટીમાં "બુદ્ધિવર્ધક પુસ્તકાલય" ને રજીસ્ટર્ડ કરાવ્યું છે.

સભાના આ કાર્યને ઉત્તેજન આપવા મુંબઈ અને ગુજરાતના સાહિત્યરસિક શ્રીમંત, ધીમંત, સદ્‍ગ્રહસ્થોને વિનતિ કરવામાં આવે છે. આશા છે કે તેઓ 'રેફરન્સ' પુસ્તકોને અગર યોગ્ય રકમ મોકલીને ઘટતી સહાયતા સવેળા કરવા નહીં ચૂકે.

તા. ૩૦-૬-૩૬ મંગળ
૩૬૫, શ્રી ફાર્બસ ગુજરાતી સભામંદિર
વિઠ્ઠલભાઈ રોડ, કોંગ્રેસ લેન, મુંબઇ નં. ૪

અંબાલાલ બુ. જાની,
સહાયક મંત્રી, શ્રી ફા. ગુ. સભા.

श्रीकृष्णः ।

હારમાલા

(લેખકઃ રા. રા. કેશવરામ કાશીરામ શાસ્ત્રી)

ઉપોદ્‌ઘાત

सरसां सुपदन्यासां गुणालङ्कारभूषिताम् ।
नारसिंहीं गिरं वन्दे गौर्जरीं दोषवर्जिताम् ॥

——o——

હારમાલા જેવા સુપ્રસિદ્ધ કાવ્યની ઓળખ આપવાની કાંઈ પણ આવશ્યકતા રહેતી નથી. મુદ્રણકાળમાંજ એ કાવ્ય આટલૂં સુપ્રસિદ્ધ છે, તેમ નથી. મુદ્રણકાળપૂર્વે સદીયો થયાં ગૂજરાત અને કાઠિયાવાડમાં હારમાલાની અને હારમાલાની વસ્તુની પ્રસિદ્ધિ હતી. વડોદરાના મહાકવિ પ્રેમાનન્દે નરસિંહના જીવન-વિષયનાં મામેરૂં-હૂંડી-હારમાલા વગેરે કાવ્યો રચ્યાં છે. તેની મનાતી હારમાલા ૮૪ પદની-સાં. ૧૭૩૪ની આસપાસ રચાયેલી પ્રાપ્ત થાય છે. રા. હીરાલાલ ત્રિ. પારેખે "નરસિંહ મહેતાનું આખ્યાન" એ નામના પુસ્તકમાં સાં. ૧૭૯૫ માં નકલ કરાયેલી પ્રતિ ઉપરથી ગૂજ. વર્ના. સો. ની આડીથી જે હારમાલાનો પ્રસઙ્ગ[1] પૃ. ૭૪-૧૧૪માં છાપ્યો છે, તે આ સુપ્રસિદ્ધ કવીશ્વર પ્રેમાનન્દની સઙ્કલના મને લાગે છે.[2] રા. કનૈયાલાલ મા. મુનશી જેવા સમર્થ વિદ્વાને તે વાતની શક્યતા સ્વીકારી છે. (જુવો— નરસૈયો-ભક્ત-હરિનો-ઉપોદ્‌ઘાત. પૃ. ૩૬. તેની હીવા પ્રતિ[3] તે આજ આખ્યાનની હાથપ્રતિ છે.) કવિ પ્રેમાનન્દના પુત્ર વલ્લભે પોતાના એક કાવ્ય "પ્રેમાનન્દ-ચરિત"માં પિતાયે હારના પ્રસઙ્ગને કાવ્યમાં ઊતાર્યાનો ઉલ્લેખ આપ્યો છે. (જુવો તેજ ઉપો. પૃ. ૧૯) સાથે એટલૂં પણ ઊમેર્યૂં છે કે "નામ વિણુ તેના ગ્રન્થો રે, ન ગુપ્ત રે' જ્યમ રેણુમાં રવિ," એમ પિતાયે તે કાવ્યમાં પોતાનૂં નામ આપ્યૂં નથી. સ્વ. હ. દ્વા. કાંટાવાળાયે પદ ૧૬૨ની હારમાલા પ્રેમાનન્દને નામે પ્રા કા. માળામાં છાપી તેમાં આ ૮૪ પદો આવી જાય છે. વચ્ચે અનેક ક્ષિપ્ત પદો આવતાં હોવા છતાં આ ૮૪ પદો અસ્તાં રહેતાં નથી. તેમણે ઉપયોગમાં લીધેલી આઠેક પ્રતોમાંથી ચારમાં ૮૪ પદોજ હતાં, તે વાત રા. મુનશીયે પોતાના ઉપરિનિર્દિષ્ટ ગ્રન્થના ઉપોદ્‌ઘાત (પૃ. ૧૫)માં સ્વીકારી છે. પ્રેમાનન્દે આ તેનૂં કહેવાતૂં કાવ્ય બનાવતાં પૂર્વે વસ્તુ કેવી રીતે પ્રાપ્ત કરેલી, તે વાત નીચે મુજબ પ્રાપ્ત થાય છેઃ-

"પૂર્વે જે જે કવિજન વૈષ્ણવે કહ્યાં ચરિત્ર ઉદારજી, ૧૫
તે સઘળાંનો જોડ કરીને બાંધ્યું શુભ આખ્યાનજી.
જે જે પરચા પ્રસિદ્ધ ભૂતલ માંહાં તે લખ્યું વ્યાખ્યાનજી." ૧૬
(પદ ૮૩ મૂં)

---

૧ ગૂજરાતી પ્રેસના બૃહત્કાવ્યદોહન ભાગ ૮ મામાં પણ એ પ્રકટ થયેલી છે.

૨ રા. હીરાલાલ પારેખ એને કોઈ અજ્ઞાત કવિની રચેલી માને છે.

૩ સૂચનાઃ રા. રા. કનૈયાલાલ મા. મુનશીયે, પોતાના "નરસૈયો-ભક્ત હરિનો" એ ગ્રન્થમાં હારમાલાની પ્રતિયોની જે જે સઞ્જ્ઞા આપી છે, તે તેજ સઞ્જ્ઞા આ લેખમાં કાયમ રાખેલી છે. જે નવી સઞ્જ્ઞાઓ આવે, તે તેમણે ન જોયેલી અને મેં જેનો ઉપયોગ કર્યો છે, તેવી अ ૧, क, ब, फ, ग, વગેરે પ્રતિયોની છે.

આ જોતાં પ્રેમાનન્દના સમયથીયે પૂર્વે નરસિંહ–ચરિત–વિષયક કાવ્યો અતિ પ્રસિદ્ધ હતાં. ખમ્ભાતના વિષ્ણુદાસે રચેલ મોસાળું અને હૂંડી, એ બે કાવ્યો સાં. ૧૭૫૦માં નકલ કરાયેલાં પ્રાપ્ત થાય છે; જે ઊપરથી રા ભાનુસુખરામ નિ. મ્હેતાયે સ્વતન્ત્ર રીતે વિષ્ણુદાસનાં સભાપર્વ અને નલાખ્યાન (આરણ્યકપર્વાન્તર્ગત) સાથે છપાવી પ્રસિદ્ધ કરેલ છે. વિષ્ણુદાસે તે બન્ને કાવ્યો ક્યારે રચ્યાં, તે તે તે કાવ્યોમાંથી પ્રાપ્ત થતું નથી. એટલું સમ્ભવિત છે કે તેણે મહાભારતનાં પર્વો રચ્યાં તે પૂર્વે આની રચના કરી હોય, તો સાં. ૧૬૫૦ પૂર્વે ગણી શકાય. મહાભારતનાં પર્વોનો આરમ્ભ તેણે સાં. ૧૬૫૦ પછી કર્યો છે. તેનૂં સભાપર્વ સાં. ૧૬૫૨માં રચાયેલૂં આ લેખકે છાપી પ્રસિદ્ધ કર્યૂં છે. તેણે સાં. ૧૬૮૪ સૂધીમાં મહાભારત–રામાયણ રચી કાઢેલાં, તે તે કાવ્યના અન્તભાગથી આપણા જાણવામાં આવે છે. પરચૂરણ વિષયનાં કાવ્યો પ્રાયઃ તેની પ્રાથમિક કૃતિયોજ ગણી શકાય, કારણ કે તેમ કરી તેણે લોકાદર મેળવવાની સ્વાભાવિક ઇચ્છા રાખી હોય. પ્રસિદ્ધિ મળ્યા બાદ સુપ્રસિદ્ધ મહાભારત–રામાયણનાં આખ્યાનો (જેના રચનમાં શાન્તિ અને સમય અનિવાર્યજ હોય, તે) રચ્યાં હોય, તે કાંઇ ઓછૂં સમ્ભવિત નથી. મોસાળૂં–હૂંડી પણ તેવાં સામાન્ય પ્રાથમિક કાવ્યો છે, એમ તેમાં સઙ્કુચિતપણે રહેલી શક્તિથી જણાય છે. આમ પ્રેમાનન્દે રચના કરી તે પૂર્વે એક સદી ઊપર વિષ્ણુદાસે નરસિંહનાં જીવન–વિષયનાં કાવ્યો રચી કાઢેલાં. તેણે કદાચ હારમાલાનો પ્રસઙ્ગ પણ કાવ્યમાં ઊતાર્યો હોય, પરન્તુ કમનસીબે તેની તેવી કોઇ પ્રતિ ઉપલબ્ધ નહીં હોવાથી તે વિષયમાં મૌનજ સેવવૂં પડે છે.

હીપા વગેરેનો પ્રવાહ

કવિ પ્રેમાનન્દે સઙ્કલિત કરેલી મનાતી હારમાલા–ગૂજરાતી પ્રિન્ટીંગ પ્રેસ તરફથી પ્રસિદ્ધ બૃહત્કાવ્યદોહન–ભાગ ૮ મામાં પાટણના વિશ્વનાથ જાનીને નામે અપૂર્ણ પ્રસિદ્ધ કરવામાં આવી છે. રા. હીરાલાલે એ સમગ્ર કાવ્યસમૂહ સ્વતન્ત્ર રીતે 'નરસિંહ મહેતાનું આખ્યાન' એ નામે પ્રસિદ્ધ કર્યો છે, તે પ્રતિ પણ સાં. ૧૭૯૫ જેટલી જૂની હોવાથી વિશ્વસ્ત છે. તેમાં માત્ર મોસાળૂં–ચરિત વિશ્વનાથે સાં. ૧૭૦૮ માં રચ્યૂં તેટલો ઉલ્લેખ છે, જ્યારે બાકીનામાં આદિચરિત–હૂંડી, એમાં કોઇના નામનો ઉલ્લેખ નથી. માત્ર વિવાહ-ચરિતમાં વલણોમાં આધારભટ્ટના નામનો ઉલ્લેખ છે. વિવાહચરિત મોટા પાઠભેદ સાથે આધારભટ્ટનેજ નામે બૃ. કા. દો. ૮ મા ભાગમાં પણ પ્રસિદ્ધ થયેલૂં છે. તે કાવ્ય મૂળ હરિદાસનૂંજ છે, જે તેણે સાં. ૧૭૨૫ માં રચેલૂં. (રા. પારેખે તે ગ્રન્થની પ્રસ્તાવનામાં આ વાત બતાવી છે.) તેની એક પ્રતિ સાં. ૧૭૪૪માં નકલ કરાયેલી ગૂ. વર્ના. સો. નાં. ૪૮૬ બની પ્રાપ્ત છેજ. આમાંની છેલ્લી હારમાલા પ્રથમનાં બે કાવ્યોની માફક કોઇ અજ્ઞાત કવિની હોય તો પણ તે વિશ્વનાથના સમયથી જૂની તો નથીજ. તે માળાના રચયિતાયે જૂની આખ્યાયિકા અને કેટલાંક એનાં એ પ્રાચીન પદોનો પોતાના કાવ્યમાં છૂટથી ઉપયોગ કર્યો છે. આ વાતનો કોઇથી વિરોધ ઊઠાવી શકાય તેમ નથી; કેમકે પ્રેમા-નન્દની યા વિશ્વનાથ જાનીની કે કોઇ અજ્ઞાત કવિની આ હારમાલા સિવાયની બીજાજ ક્રમવાળી પ્રાચીન હારમાલાની જૂનામાં જૂની પ્રતિયો પણ—તે માંહેનાં કેટલાંયે પદો એકના એક સ્વરૂપમાં અથવા સ્હેજસાજ પાઠભેદથી—પ્રાપ્ત થાય છે. સાં. ૧૬૭૫ ની એક પ્રતિ ગૂજ. વર્ના. સો. નાં. ૧૮૯ ની છે. તેમાં હારપ્રસઙ્ગનાં માત્ર પાંચ પદો અને કલશનાં બે પદો મળી સાત પદોજ લખેલાં મળે છે. તે પદો આ છેઃ—

૧. રાગ રામગ્રી—વિવચારશૂં શૂં પ્રીતડી, જે સ્રીરંગ રાતો.
૨. „ —હારનિ કાજિ શૂં હઠ કરે સામલા;
૩. „ —દેવા તૂં કિશ્યા ઠાકર;
૪. „ —દેવા અમચી વાર કાં બધિર હોઇલા;
૫. „ —હલ્યા હારનિ કાજિ કાં વિલમ્બ વામાં;
૬. „ —દામોદર દયાનિધિ; અને
૭. „ —દામોદરે કીધી દયા.

આમાંનાં પ્રથમ ૬ પ્રેમાનન્દ–સઙ્કુલિત મનાતી ૮૪ પદવાળી (હીપા) પ્રતિમાં છે, જે અનુક્રમે ૬૬–૬૨–૬૧–૪૨–૮૧ માં છે. ૭ મૂં પદ તેમાં નથી. સાં. ૧૬૭૫ વાળી આ પ્રતિમાંનૂં જે ૧ લૂં પદ પ્રેમાનન્દની પ્રતિમાં ૬૬ મૂં છે, તેનો પાઠભેદ જોતાં એવા અનુમાન ઊપર આવવૂં થાય છે કે—પ્રેમાનન્દે કે કોઇ અન્યે કાં તો તે પદમાં ફેરફાર કર્યો છે અથવા તેને જુદીજ જરા ડ્હોળાયેલા પાઠવાળી કોઇ અન્ય પ્રતિ મળી હોય.

૧. જૂની પ્રતિનો પાઠઃ—(અ ૧)

"વિવિચારાં શી પ્રીતડી; જે શ્રીરંગે રાતો.
મંડલિક હારર્નિ પરભવે, તૂં શ્રીમદિ માતો.
કામિ થયો રિ કેશવા પરબ્રહ્મજ પાપી.
લોભી લિખેમીનાથ તેં પૂતના સંતાપી.
માહારિ વાહરિ ચઢે હો વીઠલા નહીં તો દેહ જાશિ.
મંડલિક નારસૈયાનિ મારશે તે કિમ રહિવાશે."

૨. પ્રેમાનન્દે સ્વીકારેલો પાઠઃ—(હીપા)

"હાં રે વિચારાં શું પ્રીતડી, તું સ્રીરંગ રાતો.
મંડલિક મુઝર્નિ પરભવિ તું રમાં મદમાતો.
કામી થયો રે કેશવા મુને પરભવે પાપી.
લોભી થયો લક્ષ્મીવરા, તેણે ન શક્યો હાર આપી રે.
વાહારે ચઢજો વિઠલા, હવાં દેહ પડશિ.
નરસૈંયો કહિ નાથજી કુંવરબાઈ રવડશે."

૩. જ્યારે સ્વ. તનસુખરામભાઇવાળી (તત્રિ) સાં. ૧૭૩૩ ની આસપાસ નકલ કરાયેલી જુદીજ શાખાની હારમાલામાં આ પદ ૪૮ મૂં છે, જે નીચેના પાઠથી છેઃ—

"વીભચારાં શૂં પ્રીતડી, જો સ્રીરંગિ રાતો.
મંડલિક હારર્નિ પ્રભવિ તૂં રે મદમાતો.
કામિ થયો રે કેશવા, મુનિં પ્રભવિ પાપી.
લોભી થ્યો લક્ષ્મીવરા, પૂતના સંતાપી.
વાહારિં ચઢે રે વીઠલા, નહીં તો દેહ જાશિ.
નરસિંયાનિં મંડલિક મારશિ, તે તિં કયમ ષમાશિ."

સ્વરૂપ ઊપરથી આ ત્રણે પ્રવાહ નિરનિરાળા ઝરણોમાંથી જન્મ્યા દેખાય છે. અહીં

આપેલા આ ત્રણે ઊતારામાં ૧ લી કડીમાં ૧–૩ (સાં. ૧૬૭૫ વાળી પ્રતિ અને તત્રિ) "તૂં રે મદમાતો–શ્રીમદમાતો–" તે સિવાય સરખું છે. જ્યારે બીજી કડીમાં ૨–૩ (હીપા અને તત્રિ)–'તેણે ન શક્યો હાર આપી–પૂતના સંતાપી" એ સિવાય સરખાં છે. ૧–૩(સાં. ૧૬૭૫ અને તત્રિ)માં તે કડીમાં માત્ર બીજૂં ચરણ "પરબ્રહ્મ જ પાપી–મુનિ પ્રભવિં પાપી" એ જુદાં છે, બાકી સરખૂં. ૩ જી કડી ૧–૩ (સાં. ૧૬૭૫ અને તત્રિ)માં રિદ્ધિવાશિ-ષમાશિ"ના મુખ્ય ભેદથી એકજ છે, જ્યારે ૨ (હીપા માં) ૧લા સિવાયનાં ત્રણે ચરણ જુદી જાતનાં છે.

એમ પણ બનવા સમ્ભવ છે કે–સાં. ૧૬૭૫ વાળી પ્રતિ અને સાં. ૧૭૩૩(તત્રિ) વાળી પ્રતિનો પ્રવાહ એક ઝરણામાંથી વહ્યો છે; જ્યારે આ પ્રેમાનન્દે (હીપામાં) જુદાજ ઝરણામાંથી પ્રવાહ મેળવ્યો છે. એ(હીપા)નાં બીજાં પદોમાં સાં. ૧૭૩૩ (તત્રિ)થી બ્હોળા પ્રમાણમાં જુદા પાઠો છે. તે વિસ્તાર–ભયે અહીં નથી સૂચવતો; છપાયેલ પદો નીચેની પાદટીપો જોવાથી તેનો ખરો ખ્યાલ આવી જશેજ.

તત્રિનો પ્રવાહ

આમ આપણી સમક્ષ તદ્દન નિરનિરાળા બે પ્રવાહ ઉપસ્થિત થાય છેઃ ૧. પ્રેમાનન્દે મેળવેલો મનાતો (હીપા) અને ૨. સાં. ૧૭૩૩ વાળી પ્રતિનો (તત્રિ). આ પાછલી તત્રિ પ્રતિ ૬૬ પદે તૂટતી હોવા છતાં તેવીજ બીજી નકલો સાં. ૧૭૬૨ ની (હીપા૨) અને ગૂજરાતી પ્રેસની એક મારી પાસે છે (ફ), તે જોતાં તેમાં (એટલે તત્રિમાં) ૮૯ પદ હોવા સમ્ભવ છે; જેમાં ૭૯ મૂં પદ સાં. ૧૫૧૨ની છાપવાળૂં છે. ફ માં આ સાં. ની છાપવાળા પદમાં "પદ અઠોતેર નિર્મલ ગાઈ," તેવો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. સમ્ભવ છે કે સાં. ૧૭૩૩ વાળી (તત્રિ) પ્રતિમાં પણ તેવોજ ઉલ્લેખ હોય! પ્રતિ અધૂરી હોવાથી તેમાંથી કશૂં જડતૂં નથી. સાં. ૧૭૬૨ વાળી (હીપા૨) પ્રતિનો આધાર રાખી સાં. ૧૭૬૨ લગભગ સાં. ૧૫૧૨ની છાપવાળૂં ૭૯ મૂં પદ ઊમેરાયૂં હોય, તેવી રા. મુનશી માન્યતા ધરાવે છે. (તેમનો **નરસૈંયો**–ઉપોદ્ઘાત. પૃ. ૩૯.) સાં. ૧૭૩૩ અને સાં. ૧૭૬૨ ને ઝાઝો ફેર નથી, તે જોતાં સાં. ૧૭૩૩ વાળી (તત્રિ) પ્રતિમાં આ સાં. ૧૫૧૨ની છાપવાળૂં ૭૯ મૂં પદ હોય, તેવૂં માનવામાં મને તો કશૂં બાધક જણાતૂં નથી. આ રીતે તત્રિમાં ૭૯ પદ ચાલૂ અને વધારાનાં ૧૦ પદ કલશનાં ગણતાં તત્રિનો એક પ્રવાહ હીપાથી અલગ આપણી સમક્ષ રજૂ થાય છે.

હીપા૪ નો એક પ્રવાહ

જે પ્રતિયોમાં ૬૫ પદનો ઉલ્લેખ છે, તેવી સાં. ૧૭૮૦ (હીપા૪), સાં. ૧૭૯૧ (બ) અને એક લખ્યા સાલ વગરની (ક) એમ અનુક્રમે ગૂજ. વર્ના. સો. નાં. ૧૬૬, ૧૮૪, ૧૮૮ ની છે. આ પ્રતિયોમાં સાં. ૧૫૧૨ ની છાપવાળા પદની પ્હેલાં ૬૪ પદો થાય છે. આમ તત્રિ વાળા પ્રવાહ કરતાં આમાં ૧૪ પદો ઓછાં છે. ક પ્રતિમાં "સખી માહરી કેતીતી"–એ પદ પછી બે ક્ષિપ્ત ચાલૂ ક્રમે છે, એટલે તેમાં અહીં ૬૪ પદ થાય, તે ત્યાં ૬૬ થાય એટલોજ તફાવત.)

જે ચૌદ પદો આ છેલ્લા ક્રમમાં ઓછાં થાય છે, તે પદો તત્રિનાં ૩૧, ૩૯, ૪૮–૫૬, ૫૮–૬૦ છે. આમાં માત્ર ૪૮મૂં પદ એકજ જે સાં. ૧૬૭૫ વાળી (અ૧) પ્રતિમાં છે, તે **ચોપાઇ દાવટીમાં** છે, બાકીનાં ૧૩ પદો **ઝૂલણામાં** છે. આ પદો માત્ર હારવિષયક સ્તુતિનાં છે.

તત્રિના ક્રમે તેમજ આ હીપા ૪ ના ક્રમે ૧–૩૦ પદો બધીજ પ્રતિયોમાં એકજ ક્રમે છે. તેમજ સખીયોનાં પદથી એટલે તત્રિના ક્રમે ૬૨ થી ૮૧ અને હીપા૪ ના ક્રમે ૪૮ થી ૬૭ એ એનાં એજ છે. વચ્ચે તત્રિના ક્રમે ૩૧–૬૧ અને હીપા૪ ના ક્રમે ૩૧ થી ૪૭ (જેમાં તત્રિનાં ૧૪ પદો નથીજ તે) એ બન્નેમાં પદો ક્રમભેદે તેમજ કેટલાંએક ઊલટપાલટ પ્રાપ્ત થાય છે. આ વચ્ચેના ગાળકાને નજરમાં લેતાં આ પ્રવાહ તત્રિથી તેટલા પૂરતો જરા ભિન્ન દેખાય છે. આમ જોતાં હીપા, તત્રિ અને હીપા૪ નો આમ ત્રણ પ્રવાહ આંખ સામે રજૂ થાય છે. તેમાંનો હીપા(પ્રેમાનન્દ)નો પ્રવાહ નિરાળોજ છે. તત્રિ અને હીપા૪ માં પ્રથમનાં ૩૦ પદો અને છેલ્લાં ૨૦ પદો માત્ર સમાન ક્રમે; વચ્ચેનાં ૧૪ બાદ જતાં બાકીનાં ૧૭ પદો ભિન્ન ક્રમે જાળવતા બે પ્રવાહો આપણું ધ્યાન ખેંચે છે. રા. મુનશી આને નજીવો ફેરફાર માને છે. (જુવો ઉપો. પૃ. ૨૦), પરન્તુ મને આ નજીવો ફેરફાર નથી જણાતો; કેમકે જે ૧૪ પદો તત્રિમાં ઊમેરાયેલાં છે, તે દાખલ થયા બાદ પદોના ક્રમમાં ફેરફાર તેમજ પદો ઊલટપાલટ ગોઠવવામાં આવ્યાં છે, તે કાંઇ ઓછી મહત્ત્વની વાત નથી. હારમાલાનાં ખરાં તેમજ ઓછામાં ઓછાં પદો શોધવામાં આ વધૂ મદદગાર બને તેમ છે, તે વાત સાચો વિચારક કદી જતી કરે તેમ નથી.

આ બે પ્રવાહમાં એટલે કે તત્રિ અને હીપા૪ માં કિયો પ્રવાહ નવો, તે પ્રથમ નજરે પકડવૂં મુશ્કેલ છે, પરન્તુ તે દુઃશક્ય તો નથીજ.

૫૦ પદની હારમાલાની સમ્ભાવના

(૧) એક કાળે હારમાલા ૫૦ પદની હતી, તેવૂં ગૂજ. વર્ના. સો. નાં. ૧૬૫ નાં છૂટક પાનાં (હીપા ૧) જેમાં છૂટક ૧૧ પદોજ છે, તેમાં "પચાસ પદની માલા ગાઇ," તેવો ઉલ્લેખ મળે છે. આમાંનૂં છેલ્લા સાં. ૧૫૧૨ ની છાપવાળા પદની પ્હેલાનૂં "હલ્યા હારને કાજિ વિલંબ વામાં ઘણૂં" એ પદ ખાસ ધ્યાન ખેંચે તેવૂં છે. આ પ્રતિ (હીપા ૧)માં તેમજ સાં. ૧૬૭૫ વાળી(અ ૧)માં તે પદની છેલ્લી લીટી અનુક્રમે આ છેઃ—

[હીપા ૧]–" કેશવે કંઠથી હાર વડો કરી
પ્રેમે આરોપીઓ નરસૈ–ગ્રીવાયે."

[અ ૧:]—" કેશવિ કંઠિથી માલા વડી કરી
પ્રેમે આરોપી નારશૈંય–ગ્રીવાયે."

જ્યારે ૬૫ પદ (હીપા ૪) અને ૭૮ પદ (તત્રિ) ધરાવતી પ્રતિયોમાં તે લીટી આ પ્રમાણે છેઃ—

"કેશવા કંઠથી માલા વડી કરો,
પ્રેમિ આરોપુ નરસિંય ગ્રીવા."

[પદ નરસિંઓ તે પરમે ગાએ હીપા ૪]
[ત પ્રતિમાં આ પદજ નથી. તેને બદલે બીજૂ પદ છે, જે હારમાલામાં તે પદની નીચેની ફૂટનોટમાં આપવામાં આવ્યૂં છે.]

આ પદ હીપા ૧ના ક્રમે સાં. ૧૫૧૨ની છાપવાળા પદની પૂર્વે છે; જ્યારે આ હીપા૪—તત્રિના ક્રમે વચમાં–ક્યાંય વચમાં છે. તે પછી સઙ્ખ્યાબન્ધ પદો ઊમેરાઇ ગયાં છે,

તત્રિ (સાં. ૧૭૩૩)ના ક્રમમાં તે ૬૧મૂં છે; હીપા ૪ (સાં. ૧૭૮૦) ના ક્રમે તે ૪૧ મૂં છે.

આ ઊપરથી એટલું સમઝી શકાય તેમ છે કે–૫૦ પદવાળી હારમાલામાંથી ૬૫ પદ(હીપા ૪)ની અને ૭૮ પદ(તત્રિ)ની હારમાલા બની, ત્યારે તેમાં છેલ્લા પદની અન્તિમ કડીનો ભાવ આખો બદલાવી **આરોપીઓ** કે **આરોપીને** સ્થળે **આરોપુ=** આરોપો એમ **યાચના**ના સ્વરૂપમાં મૂકવો પડ્યો.

એક આશ્ચર્ય પ્રાપ્ત થાય છે કે–ગૂજરાતી પ્રેસમાં સાં. ૧૭૪૫માં લખાયેલી (ग) પ્રતિ છે, જેમાં બધાં મળી ૭૧ પદો છે. "ભાઇ મુને હરિ ગાવાની ટેવ પડી"–એ પદ બીજા ક્રમમાં ૧ લું છે, એટલે ત્યાંથીજ હારમાલા શરૂ થાય છે; આમ છતાં ग પ્રતિમાં તે ૭ મૂં છે. તે પછીનાં બરોબરજ ૮–૯ એ ક્રમે. આ પ્રમાણે આ ग પ્રતિમાં "ભાઇ મુને હરિ ગાવાની ટેવ પડી"–પ્હેલાં બીજાં ૬ પદો વધારાનાં છે. એ પાનાંઓ નષ્ટ થઈ ચૂકેલાં હોવાથી તે વધારાંનાં ૬ પદો કિયાં, તે જાણી શકાતું નથી. આ ઉપરાંત એક વિશિષ્ટતા આમાં છે: આ ग પ્રતિ–"નરસંઓ બોલ્યો જાણી, સુરસેના પ્રતિ વાણી"–એ તેના ૨૪ મે પદે તૂટક છે. ("ભાઇ મુને હરિ જોવાની ટેવ પડી"–ત્યાંથી એક ગણાતાં આ ૧૮ મૂં થાય, જે હીપા૪–તત્રિમાં પણ ૧૮ મૂંજ છે.)–ફરી તે ग પ્રતિ "ભક્ત્ય વાહાલી નાથ ભક્ત્ય વાહાલી"–એ તેના ૬૧ મા પદથી શરૂ થાય છે, જે હીપા૪ ના ક્રમમાં ૫૯ મૂં છે. તેનો ૭૧ નો ક્રમ એટલે હીપા૪ ના પ્રવાહને ક્રમે ૫૫ મૂં જોઇયે. આમ આ સાં. ૧૭૪૫ વાળી (ग) પ્રતિમાં વચ્ચે ચાર પદો ઊમેરાઇ ગયાં લાગે છે. તે કિયાં ? વચ્ચેથી પાનાં ફાટેલાં હોવાથી તે નથી જાણી શકાતૂં. આ ग પ્રતિ "હૂં માગૂં તે મૂનિ મયા કરો" એ તેના ૬૩ મા પછી "આલ્યનિ હાર વસુદેવસુતનંદન" અને "હારને કાજ્ય શૂં મુન્ય ગ્રહે માહવા"–એ બે પદ આપે છે; જે ૬૫ના ચાલૂ ક્રમવાળી(હીપા૪)માં નથી; જ્યારે ૭૮ વાળી (તત્રિ)ના ક્રમમાં ૫૮ મૂં–૫૫ મૂં છે. આ બે ઊમેરાય છે એટલે તે ग પ્રતિમાં ૭૧ થાય છે. આ ग પ્રતિ કલશનાં બે પદ "દામોદર દયાનિધિ" અને "દામોદરે કીધી દયા"–ને છેલ્લા સાં. ૧૫૧૨ ની છાપવાળા પદની પ્હેલાં મૂકે છે; છતાં તે સાં. ૧૫૧૨ ની છાપવાળા પદમાં ઉલ્લેખ તો ૬૫ પદનોજ કરે છે. ૬૫ વાળી (હીપા૪)ના ક્રમમાં આ બે કલશનાં પદો સાં. ૧૫૧૨ ની છાપવાળા પદ પછી છે; એટલે આમ ૬૫ વાળી-(હીપા૪)માં નથી તે બે ઝૂલણાનાં બાદ જતાં પણ ग પ્રતિમાં ચાર પદ ઘટે છે. સમ્ભવ છે કે–આ ચાર ઘટતાં પદ **સખીયોનાં પદ** હોય! આમ ग પ્રતિનો ક્રમ કાંઇક વિશિષ્ટ પ્રકારનો છે. તો આમ આપણી સમક્ષ જૂના એક પ્રવાહના ચાર ફાંટા દેખાય છે:—

૧. માત્ર ૫૦ પદવાળો;
૨. ૬૫ પદવાળો (ग નો), જેમાં **સખીયોનાં પદો** હોય કે ન હોય;
૩. ૬૫ પદવાળો (હીપા૪ નો), જેમાં **સખીયોનાં પદો** હોય, ને તેને બદલે ચાર પદ બીજા ફાંટાનાં ગૂલ;
૪. ૭૮ પદના ઉલ્લેખવાળો (તત્રિ નો), જેમાં વચ્ચે ત્રીજા ફાંટાથી ૧૪ પદો વધારે અને સાથે વચ્ચેનાં પદોમાં ક્રમભેદ.

૨–૩–૪ ફાંટાવાળૂં સ્વરૂપ આપણી સમક્ષ છે; ૧ લા ફાંટાનૂં સ્વરૂપ નથી. તે પ્રતિ (હીપા૧) માત્ર અગિયાર પદ આપે છે:—

૧. રેહે રે ભગવા કચ કચ કરતો;
૨. વૈરાગ પાખે;
૩. ચૌદશ જોઉં તારી વાટડી;
૪. મેતા ધરણીધરને ઘેર; [વચ્ચે પાનાં તૂટે છે.]
૫. માહારે તો તારા નામનો આશરો;
૬. દેવા તૂં કશા ઠાકોર;
૭. હારને કાજ કાં હઠ કરે;
૮. તૂં સદા દયાલ-દીન દામોદરા;
૯. દેવા બધિર રહે એલા આપણુ;
૧૦. હલ્યા હારને કાજિ વિલંબ— —અને
૧૧. સંવત ૧૫ બારોતરે.

આ અગિયાર પદોમાં છેલ્લાં ૬ નિશ્ચે ૫૦ પદોમાં છેલ્લાંજ છે; કેમકે ૧૦ મા પદમાં **"કેશવે કંઠથી હાર વડો કરી પ્રેમે આરોપીઓ નરસૈં-શ્રીવાયે,"** એવો ઉલ્લેખ છે. સાં. ૧૬૭૫ વાળી (અ૧) જૂનામાં જૂની પ્રતિનો તેને ટેકો છે. એટલે હવે તે પૂર્વેનાં ૪૪ પદો કે ૪૫ પદો કિયાં એજ શોધવું બાકી રહે.

આ હીપા૧ પ્રતિમાંનૂં "મહારે તો તારા નામનો આશરો"-આ પદ ૬૫ પદવાળી (હીપા૪)વાળા ત્રીજા પ્રવાહમાં નથીજ; ग વાળા બીજા પ્રવાહમાં છે કે નહીં, તે વચ્ચેનાં પાનાં ફાટેલાં હોવાથી જાણવામાં નથી. ચોથા (તત્રિ વાળા) ૭૮ પદવાળા પ્રવાહમાં તે છેજ અને તેના ક્રમે તે ૩૯ મૂં છે. ૫૦ પદવાળા (હીપા૧)-પાનામાં પ્રથમ આપેલાં ચાર પદોમાં પ્હેલૂં બધા ક્રમમાં ૧૫ મૂં, ૨ જૂં બધા ક્રમમાં ૩૦ મૂં; ત્રીજૂં બધા ક્રમે ૪૭ મૂં અને ૪ થૂં ત્રીજા (હીપા૪ના) ક્રમે ૫૮ મૂં અને ચોથા (તત્રિના) ક્રમે ૭૨ મૂં છે. આ બધાં પદો ૨ જા પ્રવાહ(ग)થી અસલ ક્રમમાંથી ભ્રષ્ટ થઈ નવા ક્રમમાં મૂકાયાં છે; તે અહીં કોઇ પણ રીતે ભૂલવાનૂં નથી. ત્યારે ૫૦ પદવાળીનો ક્રમ કિયો ?

૬૫ પદવાળા (હીપા૪ ના) ક્રમમાં ચોપાઇદાવટીનૂં એક અને ઝૂલણાનાં તેર પદો નથી; તે ૭૮ પદવાળા (તત્રિના) ક્રમમાં આવી ગયાં છે. આ પદોનૂં સ્વરૂપ જોતાં સમઝી શકાય તેવૂં છે કે-તે બધાંય જૂનાં પદો છે, અને તે છેલ્લો ક્રમ (તત્રિનો) ઘડનારાયે પોતાના ક્રમને અનુકૂળ થાય તે પ્રમાણે ઊમેર્યાં છે. એમાંનૂં "વિચ્યાર શૂં પ્રીતડી"-એ સાં. ૧૬૭૫ ની પ્રતિ (અ૧) જેટલૂં જૂનૂં છેજ; જ્યારે "માહારે તાહરા નામનો આશરો"-એ ૫૦ ના (હીપા૧ના) ક્રમમાં છેજ. માટે તે જૂનાં તો ખરાંજ; ભલે ૬૫ નો ક્રમ કરનારા (હીપા૪ પ્રતિવાળા)ને તે ન મલ્યાં હોય.

૬૫-૭૮ ના ક્રમમાં ૧૮ મેથી ૨૯ મા પદ સુધીનાં પૂર્વકથાનુસન્ધાનનાં પદો એ તદ્દન પાછળનો ઊમેરો છે. તે પદોમાં નીચેનાં કથાનક છેઃ—

પદ ૧૮ મૂં - સત્તર સન્ન્યાસી રાજા પાસે જાય છે;
,, ૧૯-૨૦ મૂં - એ જાણી નરસૈં પુત્રીને સાસરે ચાલી જવાનૂં કહે છે;
,, ૨૧ મૂં - મણ્ડલિક રાણીને વાત કરે છે;
,, ૨૨ મૂં - મણ્ડલિક પોતાની માતાને વાત કરે છે;

,, ૨૩ થી ૨૯ મું — રાજા શ્રીપાત નામના સન્યાસીને બોલાવે છે, જે નરસિંહને થયેલા પરચામાંના મામેરાનો ઉલ્લેખ કરી (વચ્ચે મામેરાનાં અસલ ઝૂલણાંના બે પદોને પણ દાખલ કરી) મામેરાની કથા કહે છે, અને રાજાને વારે છે.[1]

સ્વરૂપ જોતાં આ ચૌદે પદો કેવળ અનુસન્ધાનનો ખ્યાલ આપવા કોઇયે પાછળથી ઊમેર્યાં છે. (રા. મુનશીયે તે વાત ઉપોદ્ઘાત–પૃ. ૪૧ મે આપી છે.)

(૧) આ ૧૪ પદો બાદ જતાં ૬૫ પદવાળી (હીવા૪) પ્રતિ આપોઆપ ૫૧ પદવાળી બની જાય છે. બેશક તેમાં "સખીનાં ચાર પદ" વધે છે, જે ग ના ક્રમમાં યુક્ત થાય છે કે નથી થતાં; તો "દામોદરે કીધી દયા" અને "દામોદર દયાનિધિ" કલશનાં એ બે પદો ग માનાં છેલ્લા સાં. ૧૫૧૨ ની છાપવાળા પદની પ્હેલાં મૂકેલાં છે, તે અને "આપ્ય ને હાર સુત વસુદેવનંદના" તેમજ "હારને કાજ્ય શૂં મુન્ય ગ્રહે માહવા"–એ બે હીવા૪ માં નથી, તે મળી ચાર દાખલ થતાં ૫૧ નો ક્રમ પાછો ઊભો થઇ શકે છે. આમ સાં. ૧૫૧૨ ની છાપવાળા પદની પ્હેલાં ૫૦ પદો આવી રહે છે.

આ તો માત્ર એક સમ્ભાવના છે. તે માત્ર સમ્ભાવનાજ છે. બીજો ક્રમ કિયો હોવો જોઇયે, તે અત્રે બતાવૂં તે પૂર્વે એક ખુલાસો કરી લઊં છૂં—કોઇને શઙ્કા થાય કે ઊપર કાઢી નાખેલાં વધારાનાં ૧૪ પદો શા માટે ઊમેરા તરીકે માનવાં? તેનો જવાબ આ છેઃ–

૧. તે પદો બધાંજ નરસિંહની કૃતિ નથી. નરસિંહ પોતાને મોંઢે પોતાના કાવ્યમાં પોતાનાં વખાણ અન્યત્ર ક્યાંય કરતો નથી. (વચ્ચે આવતાં મામેરા–વિષયનાં ૨ પદો તેનાં છે, પણ તે હારના ક્રમમાં નથી.)

૨. ૧૭ મા પદમાં નરસિંહ "રે ભગવા મિં મૂકયો ન જાય," એમ કહી, "મલ્યો નરસિંઆચો સ્વામી," એમ કહે છે. તેનો ઉત્તર મળવોજ જોઇયે; તે અઢારમા પદમાં નથીજ; એટલૂંજ નહીં પણ ૨૯ મા પદ સૂધીમાં ક્વાંય નથી. તેનો જવાબ તો છેટ ૩૦ મા પદમાં છે. જવાબ આપતાં ભીમ કહે છે કે–"વૈરાગ્ય પાખિ નથી પામવો રે ભગતવછલ ભગવાન," અને નરસિંહને ભારપૂર્વક કહે છે કે–

"નથી ઢાલવુ હાર સ્વામી—ભીમ ભણિ–કૃપા કરો.
નાગર સઘલા એહવા મ્યલ્યા છે; તમે આંથા નવયુગમ ગણો."

આ બેજ કારણો તે ૧૪ પદો ઊમેરો હોવામાં નિયામક છે. બેશક તે માંહેલાં ઝૂલણાનાં બે પદ નરસિંહની કૃતિ હોવા સમ્ભવ છે, જે તેના મામેરામાંથી જરા શબ્દફેર સાથે અહીં ઉદ્ધૃત કરેલાં લાગે છે.

(૨) આમ ૧૭ પદ પ્હેલાં અને "વૈરાગ્ય પાખિ," એ ૩૦ મૂં પદ–એમ ૧૮ પદો હારપ્રસઙ્ગના પૂર્વરઙ્ગરૂપે સંવ્વાદમાં રજૂ થાય છે. ૩૦ મા પદમાંની ઊપર આપેલી છેલ્લી કડી ઊથલા–રૂપે છે; એટલે પૂર્વરઙ્ગનો આખો પ્રસઙ્ગ અહીં પૂર્ણ થાય છે, તે નિર્વિવાદ છે.

---

[1] 'શામલિઆ ! ગોપીઆં માંહિ ફરતો,' એ પદમાં નરસિંહને પજવવાની ક્રિયાથી રાજાને વારવાનૂં પણ્ડિતે કરેલૂં, તેનો ઉલ્લેખ આવે છે. આમ પાછળની કોઇ એક જણની સહકલના સારો ભાગ ભજવે છે.

ઊપરની સમ્ભાવનાનો એકદેશ તો આમ પ્રાપ્ત છેજ: હવે ૫૦ નો સરવાળો કરવા બાકીનાં ૩૨ પદ કિયાં ?

આ ક્રમમાં ૫૧મા પદ પ્હેલાં (એટલે સાં: ૧૫૧૨ની છાપવાળા પદની પ્હેલાં)– "હારને કાર્જિ કાં વિલમ વામાં ઘણૂં–" એક પદ આવવૂં જ જોઇયે; બલ્કે "માહારે તો તારા," "દેવા તૂં કસા ઠાકુર," "હારને કાજે કાં હઠ કરે," "તૂં સદા દયાલ–દીન દામોદરા," "દેવા બધિર રહે એલા," એ પાંચ પદો પણ તે પૂર્વે હોવાંજ જોઇયે. આ પાંચ બાદ જતાં વચ્ચેનાં ૨૭ પદ કિયાં, તે શોધી કાઢવૂં જોઇયે.

૫૦ના ક્રમમાં "ચોદશ જોઊં તારી વાટડી," અને "મેતા ધરણીધરને ઘેર," એ પદ તો છે અને તે બધાં પાંચ ઝૂલણાની પ્હેલાંજ. આ રીતે ક્રમ શોધવો જોઇયે.

પ્રથમનાં અઢાર પદો ઉપોદ્ઘાતરૂપે છે. તે રાજસભાનાં નથીજ. ૭૮ પદોના ક્રમવાળી (તત્રિ)માં "વૈરાગ પાખિ"–પછી નવો ક્રમ શરૂ થાય છે.

ત્યાં પ્રથમ પદ:–

"દુરિજનાં લોક કિહિ: નરસિંઓ લમ્પટી,
વાધતી વાત રાજાઇં જાણી.
દુષ્ટને વચન મણ્ડલિક વિહ્વલ થયુ, કિહિ:
લ્યાવો નરસિંહઆનિ આંહાં તાણી. ૧
શીઘ્ર સેવક નરસિંઆનિં લ્યાવિઓ,
કિહિ મહિપાલ: તૂંનિ દાસ કહીઈ. × ×"

—એ પદ ૩૧ મૂં છે. ("વૈરાગ પાખિ"–એ ૩૦મૂં પદ છે, તે ન ભૂલાવૂં જોઇયે.) તે પછી—

૨. ચોહોદિશિ જોઊં તારી વાટડી;
૩. વિવચારાં શૂં પ્રીતડી;
૪. કૂણ આગિલ્ય જઊં;
૫. દયા આણિ દામોદરા;
૬. પરણીનિં પારકિ હાથ્ય;
૭. શ્રવણ–શૂનો થયો;
૮. મોગરે શૂં મોહી રહ્યો;
૯. કેરિ કરુણા કૃપાનિધિ,
૧૦. સાર કરચ સાંમલા;
૧૧. વિશ્વવ્યાપક કરૂં;
૧૨. આપ્ય રે પુત્ર વસુદેવ;
૧૩. નન્દના નન્દ કાં વાર;
૧૪. પ્રથમ પ્રીત્ય માંડી હવિ;
૧૫. ભકત્યચા ઇશ તૂં વિષ્ણુ;
૧૬. શ્રીમદમાતો શ્રીધરા;
૧૭. તૂંને ભક્ત કિમ સાંભરે;

૧૮. કો કેહેશે મારાંડનો;
૧૯. સામલિઆ ગોપિયાં માંહે ફરતો;
૨૦. હૂં માગૂં તાં મુઝનિ મયા કરુ;
૨૧. સખી માહરી તૂં કિહિતી જે;
૨૨. મેતા ધરણીધરને ઘેર;
૨૩-૨૪-૨૫-૨૬-૨૭

૨૨મા પછીનાં પાંચ પદો કિયાં? ઘોર અન્ધકારમાં ગૂલ. ૫૦ પદની આ બીજી સમ્ભાવનામાં ૧૮+૨૭+૫+૧=૫૧ થાય છે. આ ક્રમ વધૂ સુસઙ્ગત છે.

(૩) એક ત્રીજી સમ્ભાવના તત્રિના ક્રમમાંથી ઉપલબ્ધ છે. તે એવી રીતે કે-તત્રિના ૭૮ના ક્રમમાંથી પ્રથમનાં ૩૦ (૧૮+ક્ષિપ્ત ૧૪) બાદ જતાં બાકી ૪૮ તેમાં "દામોદર દયાનિધિ" અને "દામોદરે દયા કીધી" એ પદ ઊમેરતાં ૫૦ થાય અને સંવત ૧૫૧૨ની છાપવાળૂં ૫૧ મૂં. પરન્તુ તેમાંનાં ઘણાં પદ જેવાં કે-"ભક્તિ વાહ્લી નાથ," "ભકત્ય નાપે નાથ"-એ વગેરે પદો ભગવાન પ્રકટ થયા પછીનાં એટલે કલશનાંજ છે. તે અન્દર દાખલ થઈ ગયાં છે. વળી સંવાદરૂપે જે પદો આ પાછલાં ૪૮ પદમાં આવે છે, તેમાંનાં કેટલાંક સઙ્ગત નથી. **નરસિંહ** સ્તુતિનૂં પદ બોલે અને કોઇ સન્ન્યાસી ઊઠીને એક પદ સમ્બન્ધ વિનાનૂં બોલી જાય. પ્રથમનાં ૧૮ પદ જેવાં સઙ્કુલિત છે, તેવાં આ પદો સઙ્કુલિત સુસઙ્ગત નથીજ; એટલે આ ત્રીજી સમ્ભાવના મને તો કેવળ અસમ્ભવિત જેવી લાગે છે; એટલે ઊપર જે બીજી સમ્ભાવના આપી છે, તેજ વધૂ યુક્ત થાય તેમ છે.

તે બીજી સમ્ભાવનામાં ૧૮+૨૨=૪૦ પછી ૫ પદનો ખાડો; પછી છેલ્લાં પાંચ પદ ઝૂલણાનાં હીપા૧ મુજબનાં અને છેવટ સાં. ૧૫૧૨ની છાપવાળૂં પદ. એમ ૫૦+૧=૫૧ થાય છે. આમાંનાં ખૂટતાં પદો કિયાં હોવાં જોઇયે? સાં. ૧૭૪૫ વાળી ग પ્રતિમાં ચાર પદો હીપા૪ના ક્રમ કરતાં વધારે છે, તે કિયાં તે જો કે વચ્ચેનાં પાનાં ફાટેલાં હોવાથી નથી કળી શકાતૂં, છતાં **સખીયોનાં પદો** તરીકે પ્રસિદ્ધ એવાં ચાર પદો હોઇ શકે. તેનૂં સ્થાન "સામલિઆ, ગોપિયાં માંહે ફરતો"-તે પદ પછી છે. આ ચાર ત્યાં બેસાડિયે તો હવે માત્ર ૧ પદ ખૂટે છે. ૫૧ બદલે ૫૦ ગણિયે તો મેળ બેસી જાય છે.

આ રીતે આપણી સમક્ષ હીપા૧ પ્રતિયે અન્તિમ પદમાં ૫૦ પદનો ઉલ્લેખ કર્યો છે, તે ૫૦ પદોનો મેળ મેળવી શકાય છે.

હારમાલાની આવૃત્તિયો

આ બધી વસ્તુને પ્રામાણિક દૃષ્ટિયે નિરખતાં ૧. ૫ં૦ પદનો ક્રમ, ૨. ૬૫ પદનો ग નો ક્રમ, ૩. ૬૫ પદનો હીપા૪નો ક્રમ અને ૪. ૭૮ પદનો તત્રિનો ક્રમ—આ ક્રમે હારમાલાની આવૃત્તિયો થતી આવી છે. ૨જો અને ૩જો ક્રમ થોડાજ ફેર સાથે એકજ જાતનો હોય એમ કલ્પના થાય. ग પ્રતિ સાં. ૧૭૪૫ જેટલી જૂની છે. તેમાં પાઠાન્તરો બહુજ વિચિત્ર જાતનાં છે. તે હીપા૪ની સાથે મુદ્દલે મેળ ખાતાં નથી; એટલે તેને એક સ્વતન્ત્ર ક્રમ તરીકે ગણવી ઉચિત ધારી છે. સાં. ૧૭૩૩ (તત્રિ) સાં. ૧૭૪૫ (ग) પ્રતિ કરતાં નકલ થયાને હિસાબે જૂની ગણાય. ક્રમસ્વરૂપ જોતાં નવી છે. એ જોતાં ग પ્રતિનો ક્રમ તત્રિ કરતાં જૂનો અને જુદો છે. હીપા ૪ પણ આ રીતે તત્રિ કરતાં પ્રાચીન છે. આ

જોતાં તત્રિનું સ્વરૂપ સાં. ૧૭૩૩ની આસપાસ કોઇયે બાંધ્યું તે પૂર્વે ઘણા દાયકા પૂર્વે ગ અને હીપા૪નાં સ્વરૂપો બન્ધાયાં હોવાં જોઇયે. હીપા ૧ની લખાવટ પ્રાચીન ન હોવા છતાં તે ૫૦ પદનો ઉલ્લેખ કરે છે; માટે તે કોઇ પુરાણા પ્રવાહને અર્પનારી છે, ભલે તે પાછલથી નકલ કરાયેલી હોય. આમ ૫૦નો ક્રમ સાં. ૧૭૩૩ ના (એટલે તત્રિના) ક્રમ કરતાં ઘણોજ પ્રાચીન હોવો જોઇયે, એમ માનવામાં કશો બાધ મને તો નથી લાગતો.

સાં. ૧૫૧૨ની છાપવાળું પદ સાં. ૧૭૬૨ વાળી હીપા ૨માં પ્હેલવ્હેલું મળે છે. તો સાં. ૧૭૩૩ (તત્રિ) વાળી પ્રતિમાં હોય તો, તેમાં કશૂયે આશ્ચર્ય નથી; કેમકે ૫૦ પદવાળો પ્રવાહ–જે જૂનો અતિ જૂનો છે, તેમાં અન્તિમ પદ તરીકે સાં. ૧૫૧૨ની છાપવાળાં આ પદની પ્રાપ્તિ છેજ.

કોઇને શઙ્કા થાય કે નવી જેવી લાગતી આ અધૂરી નકલમાં સંવતની છાપનું પદ મળે તેને પ્રાચીન કેમ ગણવું? ખુલાસો એ છે કે ભાણ્ડારકર રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ–પુના તરફથી મહાભારતની જે સાર્વદેશિક આવૃત્તિ તૈયાર થઈ પ્રસિદ્ધ થાય છે, તેમાં જે કાશ્મીરી પ્રતિયોનો ઉપયોગ લેવામાં આવ્યો છે, તે બહુ જૂની ન હોવા છતાં તેનાં સ્વરૂપાદિ ઉપરથી, તે પ્રાચીનમાં પ્રાચીન પાઠોને સાચવી રાખતી હોવાથી તેમજ પાછળથી થયેલા અનેકાનેક ઉમેરાઓનો મોટો ભાગ તેમાં ન હોવાથી તેને પ્રામાણિક ગણવામાં આવી છે. તેજ રીતે આ હીપા૧ ને પ્રામાણિક ગણવામાં હું બાધ જોતો નથી. તેની સાથે તેના સ્વરૂપને અર્વાચીન ગણવાને આપણી પાસે કોઇ કારણો મોજૂદ નથી; ઉલટૂં તેનો ક્રમ પ્રાચીનમાં પ્રાચીન છે, તેવૂં તેનૂં સ્વરૂપજ કૂહે છે.

આ રીતે આ ૫૦ નો ક્રમ તત્રિ કરતાં ઘણોજ જૂનો છે, એમ સ્પષ્ટતયા સમઝી શકાય તેવૂં છે. કેટલો જૂનો ?

કવિ વિષ્ણુદાસે હૂંડી–મોસાળૂં રચ્યાં છે. એ ઉપરથી એમ માનવા કારણ રૂહે છે કે મ્હેતાના જીવનના ચમત્કારિક પ્રસઙ્ગો લોકોમાં સારી રીતે જાણીતા હતા; સોરઠમાંથી ખમ્ભાત સુધી પ્હોંચી ગયેલા હતા. વિષ્ણુદાસનો સમય નક્કી છે. તેણે પોતાની કાવ્ય-પ્રવૃત્તિ સાં. ૧૬૩૪ લગભગ ચાલૂ કરી છે. ખુદ નરસિંહનાં હૂંડી–મામેરૂં તેના પ્રિય છન્દ ઝૂલણામાં રચાયેલાં તો છેજ. તે તેણે સાંભળ્યાં હોય, અથવા દન્તકથાથી વસ્તુપ્રાપ્તિ થઈ હોય, ગમે તે રીતે વિક્રમની સત્તરમી સદીની પ્હેલી પચીશી સુધીમાં નરસિંહ સારાયે ગૂજરાતમાં એક ઉત્તમ ભક્ત તરીકેની ખ્યાતિ મેળવવાને સમર્થ થયેલોજ અને તેમ હોય તોજ ખમ્ભાતના વિષ્ણુદાસ જેવાને તેવા ઉત્તમ ભક્તના ચમત્કારિક પ્રસઙ્ગોનો પરિચય આપવાનૂં દિલ થયું હોય. હૂંડી અને મામેરાની જેમ હારના પ્રસઙ્ગની કથા શા માટે જાણીતી ન હોઈ શકે?

એક વાત બતાવવી આવશ્યક જણાય છે: વિષ્ણુદાસે આપેલા હૂંડી અને મામેરાના પ્રસઙ્ગ કવિ પ્રેમાનન્દે કેટલેક ઠેકાણે તેનાંજ પદો–વાકયો–કડીયો ઉઠાવી અતિ વિસ્તૃત અને રસિક ભાષામાં આપ્યાં છે. કવિ પ્રેમાનન્દે તેજ રીતે સાં. ૧૭૩૪ માં હારનો પ્રસઙ્ગ પણ જૂની આખ્યાયિકાઓને આધારે આપ્યો મનાય છે. તેને કવિ વિષ્ણુદાસનો સ્વતન્ત્ર આધાર કેમ મળ્યો ન હોય? બેશક કવિ વિષ્ણુદાસનૂં તેવૂં કોઇ હાર–વિષયક કાવ્ય નથી મળતૂં, એટલે કવિ પ્રેમાનન્દને તેનો પણ આધાર છે કે નહીં તે નક્કી નથી થઈ શકતૂં; છતાં

એટલૂં તો ચોક્કસ કે તેને જૂનાં ઘણાં પદો મળેલાં, જે તેણે તેના કૂહેવાતા હારપ્રસઙ્ગમાં દાખલ કર્યાં છે.

જુદા જુદા પ્રવાહો ઊપર બતાવાઇ ગયા છે. **વિશ્વનાથ** જ્ઞાનીનો ગણો કે કવિ **પ્રેમાનન્દ**નો ગણો કે કોઇ અન્યનો ગણો, તે **દીપા** પ્રવાહ તદ્દન નિરાળો છેજ. બીજા ત્રણ પ્રવાહનૂં મૂળ ૫૦ પદવાળા પ્રવાહમાં છે. તે ૫૦ પદની ત્રણ સમ્ભાવના ઊપર આપવામાં આવી છે. પ્હેલાં સત્તર અને "વૈરાગ પાખિ" એ પદ **પૂર્વરઙ્ગ** તરીકે આ ૫૦ વાળા પ્રવાહમાં પણ છે. આમાંની ૧લી સમ્ભાવનામાં પૂર્વરઙ્ગના સંવ્વાદની જેમ "વૈરાગ પાખિ" પછીનાં પદોમાં પણ **સંવ્વાદ** આવે છે. સંવ્વાદ અસઙ્ગત લાગે છે; તેથી શઙ્કા ઉત્પન્ન થાય છે. તેને માટે બીજી સમ્ભાવના ઊપર આપવામાં આવી છે. તેમાં "વૈરાગ પાખિ" પછીનાં પદો સુસઙ્ગત છે. સભા બ્હારનાં પૂર્વરઙ્ગમાંનાં સંવ્વાદનાં પદો **નરસિંહ**ની પ્રૌઢિને હાનિ પ્હોંચાડનારાં છે. રા. મુનશી **નરસૈંયો–ભક્ત હરિનો**ના ઉપોદ્ઘાતના ૪૫–૪૬ પૃષ્ઠ ઊપર આ મતને અધીન થઈ **હાર**માલાને **નરસિંહ**ની કૃતિ તરીકે સ્વીકારવા ના પાડે છે. હૂં પણ તે વાતને ટેકો આપી માત્ર તેનાં પૂર્વરઙ્ગનાં સંવ્વાદનાં પદોને નરસિંહની કૃતિ તરીકે સ્વીકારવા તૈયાર નથી. ૧લી સમ્ભાવનાવાળા ૫૦ પદની **હાર**માળાનાં "વૈરાગ પાખિ" પછીનાં પદોમાં જે સંવ્વાદ છે તેમાં સામા પક્ષનો સન્ન્યાસી કે કોઇ જે પદ ગાય છે, તેનો **નરસિંહ** સીધો જવાબ દેતોજ નથી; પ્રભુની સ્તુતિરૂપે–આજીજીરૂપે–પ્રફુલ્લ ચિત્તથી પદો ગાય છે. આ જોતાં ત્યાંના સામા પક્ષનાં પદો ઊપરથી ઘૂસેલાં સ્પષ્ટ જણાય છે; તે બધાં સામા પક્ષનાં પદો જતાં કરવામાં હૂં કશી હાનિ નથી જોતો. એથીજ બીજી સમ્ભાવનામાં સ્વીકારેલાં પદોનૂં પ્રાતિષ્ઠ્ય તરી આવે છે. તે પદો **નરસિંહ**ની કૃતિ હોય, તેમાં બહુ ઓછો શક રૂહે છે.

નરસિંહે પોતાના જીવનના પ્રસઙ્ગ સ્વતન્ત્ર કાવ્યોના સ્વરૂપમાં આપ્યા છે, તે વાતમાં તો કોઇ વિમત જણાતૂં નથી. **શામળશાહનો વિવાહ** તેવૂં એક કાવ્ય છે. રા. મુનશી પણ (પૃ. ૪૬ ઊપર) **શામ**ળશાહના વિવાહમાં કવિનૂં સરલ–હૃદયીપણૂં સ્વીકારેજ છે. જે પદ્ધતિયે આ **વિવાહ**નૂં કાવ્ય રચાયેલૂં પ્રાપ્ત છેજ, તેજ પદ્ધતિયે હૂંડીનૂં કાવ્ય પ્રાપ્ત છે. રા. **હીરાલાલ** પારેખે પ્રથમવારજ તે તા. ૪–૧૧–૧૯૨૩ના **ગૂજરાતી–દીપોત્સવાઙ્ક**માં પ્રસિદ્ધ કરેલ છે. કવિયે **શામ**ળશાહ નામનો શેઠ (પરમાત્માનૂંજ નામ) ધારેલો, તેનો ઉલ્લેખ **શા૦**–વિવાહમાં પદ ૧૭મામાં આવે છેઃ—

"શેઠ મમ **શામ**લો સરવથી છે ભલો; રાખ વિશ્વાસ તે દેશિ આણીઃ
નરસિંહો નાગરો રઙ્ક છે બાપડો; કરશિ સમ્ભાલ પોતાનુ જાણી."

હૂંડીના ૩ જા પદમાં તેજ **શામ**ળ શેઠના નામનો ઉલ્લેખ છેઃ—

"સ્વસ્તિ શ્રીમત સુભગ [પુરી] દ્વારામતી, રાય રણછોડજી! કરૂં પ્રણામ.
સાગર બેટમાં ઠેઠ મધ્યે વસો, **શામ**લા શેઠ પરસિદ્ધ નામ."

શામળશાહના વિવાહના કાવ્યની જેમજ હૂંડીનૂં કાવ્ય પણ સાદૂં અને સુશ્લિષ્ટ ઝૂલણામાં છે, જે બન્નેના એકકર્તૃત્વને આપવા પર્યાપ્ત છે. **મામેરૂં** પણ **ગૂજરાતી** પ્રેસના સાં. ૧૯૮૬ ના કાર્તિકી પઞ્ચાઙ્ગમાં છપાયેલૂં છે. ત્યાં પ્રસિદ્ધ થયેલા **મામેરા**ને **નરસિંહ**નૂં કર્તૃત્વ ન હોય તેવૂં કાંઇ જણાતૂં નથી. યદ્યપિ તે પ્રતિ ખણ્ડિત છે, છતાં ત્યાંના ૨૩ મા પદે **મામેરા**નો પ્રસઙ્ગ પૂર્ણ થયેલો સૂચવાયોજ છે.

શામળ૦ ના વિ૦ માં પ્રભુ પધાર્યા તે ચમત્કારનો ઉલ્લેખ છે; તેજ જાતના ચમત્કારનો ઉલ્લેખ **હૂંડી** ને **મામેરા**માં છે. કાવ્ય મુખ્યત્વે ઝૂલણાઓમાંજ છે. આ કાવ્યોમાં અને બીજાં અનેક તેનાંજ કાવ્યમાં અન્તિમ કડીમાં તૃતીય પુરુષ તરીકે **નરસિંહ**નો ઉલ્લેખ ઘણી વાર આવે છે. તે પ્રયોગથી તે કોઇ અન્યનીજ કૃતિ છે, એમ માનવા કારણ નથી; કેમકે તે રીતે માનતાં આખું **ગીતગોવિન્દ** અન્યનીજ કૃતિ ઠરે. જયદેવે સર્વત્ર પોતાને માટે તૃતીય પુરુષનોજ પ્રયોગ કર્યો છે.

આ રીતે જેમાં [1]ચમત્કારનું વર્ણન છે, તેવાં ત્રણ કાવ્યો એકજ ધાટીનાં **નરસિંહે** રચ્યાં હોય, તેમ માનવામાં આપણે સહ્કોચ નજ કરવો જોઇયે.

વિવાહ, હૂંડી અને મામેરૂં એ ચમત્કારયુક્ત ત્રણ પ્રસઙ્ગ જેવો હારનો પ્રસઙ્ગ છે. **નરસિંહે વિવાહ**નો પ્રસઙ્ગ પણ્ડે લખ્યોજ છે; તે સહૂ કોઇ સ્વીકારે છે; તો પછી બીજા આ ત્રણ પ્રસઙ્ગ તેણે કાવ્યમાં શા માટે ઊતાર્યા ન હોય? **વિવાહ, હૂંડી અને મામેરૂં** (અપૂર્ણ) પ્રાપ્ત છેજ; તે તેનાંજ છે, તે તેની લાઘવયુક્ત પદ્ધતિથી જણાય છે. આ ત્રણે કાવ્યોમાં ઘાલમેલ થયેલી લાગતી નથી; જ્યારે આ ચોથા **હારના પ્રસઙ્ગ**માં તેની મોહકતાને અઙ્ગે કે ગમે તે અન્ય કારણે સાં. ૧૬૦૦ થીજ પુષ્કળ ઊમેરાઓ એક નહીં, બે નહીં પણ અનેક પ્રવાહોમાં થયા છે. **નરસિંહ**નાં સ્તુતિનાં વાકયોને સમગ્ર કથાનક (plot)ના રૂપમાં યોજવા સુધીના પણ સારા પ્રયત્નો થયા છે, જેમાંનો **વિશ્વનાથ** જાનીનો કહેવાતો કે કવિ **પ્રેમાનન્દ**ને નામે ચઢતો **હારપ્રસઙ્ગ** સારામાં સારો પ્રયત્ન છે.

બીજી સમ્ભાવનામાં બતાવેલા ક્રમનાં પૂર્વરઙ્ગનાં ૧૮ પદો બાદ કરતાં પછીનાં પદો **નરસિંહ**નાંજ હોવામાં હૂં કશો બાધ નથી જોતો. તેમાં **નરસિંહ**–કૃતિત્વ તરી આવે છે.

હારસમેનાં પદોની સ્થિતિ

આ ઊપરથી એક અનુમાન ઊપર આવી શકાય તેમ છે કે **નરસિંહે** વિવાહ, હૂંડી અને **મામેરા**નાં ચમત્કારયુકત કાવ્યોની જેમ જ હારસમેનાં પદો બનાવ્યાં હોય અને તે સ્વતન્ત્ર કાવ્યમાંના સૌન્દર્યને લીધે પ્રેમાનન્દાદિયે તેનાંજ સુપ્રસિદ્ધ પદોને જાળવી **નવે ક્રમે હારપ્રસઙ્ગ** દોર્યો હોય. એ રીત પ્રેમાનન્દાદિયે **મામેરા** વગેરેમાં સાંચવી છે. "ઊધડકી ઊઠિયો વેગિ વૈકુણ્ઠપતિ" એ સુપ્રસિદ્ધ પદ **મામેરામાં પ્રેમાનન્દે** લીધૂંજ છે.

સ્વ. **હરગોવિન્દદાસ કાંટાવાલાયે હારમાલા**ના સમ્પાદનમાં વાપરેલી **પ્રથમની** બે **પ્રતિયોમાં હારસમેનાં** પદોનો આરમ્ભ આપતૂં એક પદ છે, જે **નરસિંહ** મ્હેતા કૃત કાવ્યસઙ્ગ્રહ (ગૂ. પ્રિ. પ્રે.)માંની હારમાલામાં પણ (૩ જૂં) છે. આ પદ તેના સ્વરૂપ ઊપરથી જૂનૂં દેખાય છે. તે પદ **હારસમેનાં** પદોનો આરમ્ભ સ્પષ્ટપણે **સૂચવે છે.** તે પદ અહીં આખૂં ઊતારૂં છૂં:—

"પ્રણામ પરબ્રહ્મ પુરૂષોત્તમને,
દાસની વિનતિ હ્રદે ધરજો;
આજ સમો પ્રભુ (મારે) આવી અડિયો,
ચર્ણ–શર્ણ સંભાળ કરજો.

---

૧. **મામેરૂં** પૂર્યાનો ઉલ્લેખ **શામળદાસના વિવાહ**માં પદ ૭ મામાં ૩૮ **મી** કડીમાં છે—
"તેનૂં મામેરૂં પૂર્યૂં લક્ષ્મીનાથે."

મંગળ મુનિજન મન મોહિની,
મહિમા અપાર કો નવ જાણે;
રવિ શશિ ઇંદ્રને ઈશ અજ અનુસારે,
નિગમ નારદ શારદ વખાણે.
સંત સર્વસ ધન તું શામળા,
તારે સંત છે પ્રાણ તોલે;
જળચર જળ વિના કેમ કરે જીવન,
પરસ્પરે પ્રીત તો વેદ બોલે.
અંબરીષ ભકતની ભકિત જાણી (કરી),
રૂષિ પર ચક્ર પાઠવ્યું ક્રોધ આણી;
શાપ તે આપ લીધો શીર સંતને,
પ્રીતની રીત શ્રીમુખ વખાણી.
માટે મુને મન આનંદ અતિ (ઘણો) સાધન,
ચરણ પ્રતાપ પદ અભે પામ્યો;
સિંહને સંગ જાંબુક કેમ શોભવે,
નરસંઇયો ભવોભવ દુ:ખ વામ્યો.
હરિ! લોક કે'છે જે નરસંઇયો લંપટી,
વાધતી વાત રાજાએ જાણી;
સેવક તેડવા મોકલ્યા મંડળિકે,
રાખિયે બિરદ સારંગપાણી.
જ્યારે કપટ નથી રે કરૂણાનિધિ,
તો રાખજો લાજ સ્વામી મારી;
સુંદરી સહિત હું ગાન કરૂં સદા,
પૂર્ણ પતિજ પરબ્રહ્મ તારી,
સોરઠ સર્વ જોવા મળ્યું મુજને,
નગર લોક પાખંડ બોલે;
કીર્તન નવ ચૂકું રે કમળાપતિ,
મેરૂ સહિત મહિશેષ ડોલે.
વાજે વીણા રસ ઝુલરી ઝાલરી,
ઘુઘરી થાય ઝણકાર બોલે;
નરસંઇયાના સ્વામી નિર્ઘટ દાતા સદા,
શામલા સમોવડ નાવે તોલે !!

આ પદના "હરિ! લોક કે' છે જે નરસંઇયો લંપટી," ત્યાંથી ચાર કડીના ભાવનું પ્રાચીન પદ તત્રિ (સાં. ૧૭૩૩)માં પ્રાપ્ત થાય છે:—(જુવો મુદ્રિત પદ ૩૧મું:—)

"દુરિજનાં લોક કહિ, નરસિંઓ લમ્પટી,
વાધતી વાત રાજાઇ જાણી;
દુષ્ટને વચને મણ્ડલિક વિહ્વલ થયુ; કિહિ,

લ્યાવો નરસિંઆનિં આંહાં તાણી ૧
શીઘ્ર સેવક નરસિંઆનિ લ્યાવિઆ;
કિહિ મહિપાલ: તૂંનિં દાસ કહીઈ.
તાહરી પ્રીત્ય દામોદરશૂં બ્યહૂ;
માગી લિં હાર જ્યમ અહ્મ્યો લહીઈં. ૨
તે માટિ, ત્રિકમા ! હૂં વીનતી કરૂં;
પાલશો બરદ તો કાજ થાશિ.
ભણિ નરસિંયો, તૂં ભકતવચ્છલ સદા;
હઠ કરશો તો પ્રાણજ જાશિ. ૩"
(દીવામાં પણ પાઠભેદથી છે.)

આ પદ ૬૫ પદવાળા પ્રવાહમાં નથી, છતાં તે જૂનાં માંહેલૂં છેજ. તેવાંજ:—

૧. માહરી તાહરા નામનો આશરો;
૨. વિવચારાંશી પ્રીતડી.
૧. કુણ આગિલ્ય જઈ વીનવૂં, વીઠલા ?
૪. દયા આણિ, દામોદરા ! સીઘ્ર સેવક તણી,
૫. પરણીનિં પારકિ હાથ્ય શૂં ભાલવાં ?
૬. શ્રવણ-સૂનો થયો, સામલા શ્રીહરિ !
૭. મોગરે શૂં મોહી રહ્યો, મોહના !
૮. કરિ કરુણા, ક્રિપાનિધિ તૂં, કેશવા !
૯. સાર કરચ, સામલા ! મેહલ્ય મન આંબલા;
૧૦. વિશ્વવ્યાપક ! કરૂં, વીઠલા ! વીનતી;
૧૧. આપ્ય રે હાર સુત વસુદેવ-નન્દના;
૧૨. નન્દના નન્દ ! કાં વાર લાગિ ઘણી ?
૧૩. પ્રથમ પ્રીત્ય માંડી હવિં શૂં રહ્યા સાંભલી ?

આ ૧૪ પદો તત્રિ (સાં. ૧૭૩૩) જેટલાં જૂનાં છે. તે માંહેનૂં "વિવચારાં શી પ્રીતડી" જ્ઞ૧ (સાં. ૧૬૭૫) જેટલૂં જૂનૂં છે.

આ પદો ૬૫ પદના ક્રમમાં ન હોવા છતાં જૂનાં છે, અને તેથી જ તત્રિના ક્રમમાં સ્વીકૃત છે. "સારચ કર સામલા," અને "આપને હાર સુત"–એ ગ પ્રતિના ૬૫ પદવાળા ક્રમ છે જ.

આમ જૂનાં પદો કોઇ અને કોઇ રીતે પ્રાપ્ત થતાં ગયાં તેમ સચવાઇ રહ્યાં છે. આ ૧૪માંનાં "માહરી તાહરા," "કૂણ આગિલ્ય જઈ," "વિશ્વપાલક કરૂં," "નન્દના નન્દ," અને "પ્રથમ પ્રીત્ય માંડી" એ પાંચ પ્રેમાનન્દના કુહેવાતા ૮૪ પદવાળા દીવા પ્રવાહમાં નથી; બાકીનાં ૯ પદ છેજ.

"દુરિજનાં લોક કિહિ"–એ પદ ઊપર આપેલા "પ્રણામ પરિગ્રહ"–ના "હરિ ! લોક કહે છે" ત્યાંથી ચાર કડીયોના ભાવથી એકરૂપ છે. આ જોતાં તે પૂર્વેની પાંચ કડી પણ તેટલીજ જૂની હોવા સમ્ભવ છે, આમ સ્વીકારવામાં આવે, તો આ પદ **હારસમેનાં પદોના** ઉપક્રમનૂં પદ બને છે. આ રીતે આદિ પદ પ્રાપ્ત કરી શકાય છે.

૫૦ની સમ્ભાવનામાં આવતા પૂર્વરઙ્ગમાંનૂં "એક અવનીધરા! દેવ દામોદરા!" એ પદ **ભીમ**ના મોઢામાં મૂકાયેલૂં છે. આ પદ દીપામાં જરા પાઠભેદથી **નરસિંહ** બોલતો હોય તેવૂં છે. એ પદ સ્વરૂપ ઊપરથીજ દામોદરના પરમ ભક્ત **નરસિંહ**ની કૃતિ છે. આ રીતે જોતાં નીચે પ્રમાણે પદો ચૂંટી કાઢતાં પ્રચલિત **હારમાલા**ઓમાંથી કોઇ પણ સમયે અસ્તિત્વ ધરાવતાં **હારસમેનાં પદો** તરી આવે છે; જેમાંનૂં દરેકે દરેક પદ **નરસિંહ**ની સુપ્રસિદ્ધ કૃતિ થવાને નિર્વિવાદ રીતે લાયક છેઃ—

હારસમેનાં પદ

પદ	પ્રથમ ચરણ	રાગ		તાલ	
૧.	પરણ્યૂં પ્રેમિં પરબ્રહ્મ પુરુષોત્તમનિં,	રામગ્રી	...	જિત	...
૨.	હે હરિ! લોકકિહિ, 'નરસિંઓ લમ્પટી,'	,,	...	,,	...
૩.	કવણ ઠાકુરને વીનવૂં, વિટ્ઠલા!	,,	...	,,	...
૪.	એક અવનીધરા! દેવ દામોદરા!	,,	...	,,	...
૫.	તૂં દયાશીલ; હૂં દીન દામોદર!	,,	...	,,	...
૬.	ભકત્યચા ઈશ તૂં, વિષ્ણુ! કાહ્વાં સદા,	,,	...	,,	...
૭.	માહરે તાહરા નામનો આશરો.	,,	...	એકતાલી	...
૮.	તૂં કિશા ઠાકુરા? હૂં કશા સેવકા?	,,	...	ઝપટ	...
૯.	દેવા! હમચી વાર કાં બધિર હોઇલા?	,,	...	,,	...
૧૦.	દયા આણિ, દામોદરા! શીઘ્ર સેવક તણી,	,,	...	જિત	...
૧૧.	પરણીનિં પારકે હાથ્ય શૂં ભાલવાં?	,,	...	,,	...
૧૨.	શ્રવણ–સૂનો થયો, સામલા શ્રીહરિ!	,,	...	,,	...
૧૩.	મોગરે શૂં રિ મોહી રહ્યો, મોહના?	,,	...	,,	...
૧૪.	કેરિ કરુણા, ક્રિયાનિધિ! તૂં, કેશવા!	,,	...	,,	...
૧૫.	સાર કરચ, સામલા! મેહ્લ્ય મન–આંબલાં,	,,	...	,,	...
૧૬,	વિશ્વવ્યાપક! કરૂં, વીઠલા! વીનતી.	,,	...	,,	...
૧૭.	હારને કાર્જિ શૂં હઠ કરાં, સામલા?	,,	...	,,	...
૧૮.	આપ્ય રે હાર, સુત નન્દ–વસુદેવના!	,,	...	,,	...
૧૯.	નન્દના નન્દ! કાં વાર લાગે ઘણી?	,,	...	,,	...
૨૦.	પ્રથમ ઔત્ય માંડચ હવિ શૂં રહ્યો સાંભલી?	,,	...	,,	...
* ૨૧.	રોકચ રહી રાધિકા; રઙ્ગ જામ્યો ઘણો,	,,	...	,,	...
* ૨૨.	જાગ્યનાં, જાદવા! રાત્ય થોડી રહી,	,,	...	,,	...
૨૩.	હારને કાર્જિ શૂં વિલમ વામાં ઘણૂં?	,,	...	,,	...
* ૨૪.	'ધન્ય તૂં, ધન્ય તૂં,' એમ કિહિ શ્રીહરિ;	,,	...	,,	...
૨૫.	ભક્તિ વાહ્લી, નાથ! ભક્તિ વાહ્લી, દેવા!	કેદારો	...	,,	...
૨૬.	ભકત્ય નાપે નાથ, ભકત્ય નાપે, વલી,	,,	...	,,	...
* ૨૭.	હરખિ હરિ ઓચરે; નરસિંઓ ચિત્ત ધરે,	ષટ્પઞ્ચમ	...	,,	...
૨૮.	સંસારચા ભય નિકટ નાવે, [મુખે].	,,	...	,,	...
૨૯.	અવતારચરિત રખિ કવણને આપતો!	,,	...	,,	...

* આ ચાર પદો પૂર્ણ આ ગ્રન્થમાં નથી આપતો; આ આખો ક્રમ મારા તરફથી અન્યત્ર પ્રસિદ્ધ થશે.

આમાંનાં "રોકય રહી રાધિકા," "જાગ્યનાં જાદવા," અને "ધન્ય તું ધન્ય તું" એ ત્રણ માત્ર હીપામાં જ છે. "હરખિ હરિ મોચરે" એ પદ કાવ્યદોહનમાંથી લીધું છે. સ્વ. કાંટાવાળાયે પણ ત્યાંથીજ લઈ તેમની હારમાલામાં દાખલ કર્યું છે. આ પદ **હારસમેના પ્રસઙ્ગની** ઇતિશ્રી આપતૂં લાગે છે.

આ રીતે **હારસમેનાં પદો** એક કાવ્યના રૂપમાં ગોઠવી શકાય છે. આવૂંજ કોઇ કાવ્ય પ્રથમ **નરસિંહે** રચ્યૂં હોવૂં જોઇયે. તેનાં પદો લોકમાં સારી રીતે પ્રચલિત થઈ ગયાં હોવાં જોઇયે. કવિ **વિશ્વનાથ** જાની કે કવિ પ્રેમાનન્દે કે કોઇ અજ્ઞાત કવિએ તેજ અવશેષો સઙ્કલિત કરી **હારપ્રસઙ્ગ** બહલાવ્યો હોવો જોઇયે. આ હીપાના અન્તભાગમાં એક પદમાં વચ્ચે સંવત ૧૫૧૨ વાળી ૧ કડી પ્રાપ્ત થાય છે; એટલે સાં. ૧૭૩૪ આસપાસમાં આ કડી પ્રચલિત હતીજ. હીપા સિવાયના પ્રવાહોમાં ૫૦–૬૫ (ग)–૬૫ (હીપા૪–ब) વાળામાં છેજ. ૫૦ પદવાળા પ્રવાહમાં આ હોવાથી તે પદજ જૂનૂં હોવા સમ્ભવ છે. **નરસિંહે** ઊપર બતાવ્યાં તેટલાં કે તેથી વધૂ પદો પ્રથમ સભામાં ગાયાં હશે. તે ઊપરથી પછીથી કોઇયે ઊતારી લીધેલાં પદો ઊપરથી ૫૦ પદની સઙ્કલના કરી હોવી જોઇયે. આ નવા પ્રવાહોમાં **પૂર્વરઙ્ગ**નાં પદો ૧૮ (વૈરાગ્ય પાખિ સહિત) સામાન્યજ છે અને ૧૮ મા માં **ઊથલો** છે. આમ પૂર્વરઙ્ગ પૂર્ણ થાય છે. આ પૂર્વરઙ્ગની સઙ્કલના **નરસિંહ**ની ન હોય તે સમ્ભવિત છે. આ સમાધાન જો સ્વીકારવામાં આવે તો પૂર્વરઙ્ગનાં ઔદ્ધત્ય ભરેલાં પદોથી **હારપ્રસઙ્ગ** **નરસિંહે** કદાપિ ગાયો નથી, તેમ કૂહેવૂં પડે છે, તે કદાપિ નજ કૂહેવૂં પડે.

ઊપર માત્ર ૨૯ પદજ આપ્યાં છે. એ ઉપરાંત પણ તેનાં પદો હોવાં જોઇયે, પણ તે કિયાં અને ક્યાં, તે નક્કી કરવૂં અને શોધવૂં મુશ્કેલી ભરેલૂં છે.

નરસિંહનાં હોઇ શકે તેવાં બીજાં ૨૮ પદો ગૂજરાતી પ્રેસ તરફથી પ્રસિદ્ધ થયેલ "નરસિંહ મ્હેતાના કાવ્યસઙ્ગ્રહ"માંથી મેં ચૂંટેલાં છે. તે આ નીચે આપૂં છૂં:—

પદ	પ્રથમ ચરણ			રાગ	
૧.	ગોપાલજી! તુમચી ભક્તિ પાખે હુનેં,	...	...	સીંધૂડો	...
૨.	સાર કરચ, સાર કરચ, શામલા! માહરી	...	...	,,	...
૩.	આપ્યનાં હાર, વસુદેવ–સુત વિઠ્ઠલા!	...	...	,,	...
૪.	ઊઠયનાં, શામલા! મૂકય મન–આંબલાં,	...	...	,,	...
૫.	જેહ તુઝ ચરણ–શરણનિ અનુસરે, દેવા!	...	...	,,	...
૬.	કૃષ્ણ કિરપાલ કરુણાનિધિ કેશવા!	...	...	,,	...
૭.	કાજ પડ્યૂં, કેશવા! વલવલૂં, વિઠ્ઠલા!	...	...	,,	...
૮.	દીનબન્ધુ, તમ્યો, હરિ! દરિદ્રમોચના.	...	...	,,	...
૯.	સ્વાર્થભૂત ન તમ્યો હોવ, રે ભૂધરા!	...	...	,,	...
૧૦.	પુષ્પથી સાર અનેક છે, શામલા!	...	...	,,	...
૧૧.	ઘણૂંઇ વરાંસિઓ આજ હૂં, વિઠ્ઠલા!	...	...	,,	...
૧૨.	પ્રીત્યની રીત્ય ત્રૈલોકયમાં સાર છે	...	...	,,	...
૧૩.	પ્રીત્ય–ગોષ્ઠી કરી, તે શૂ ન સાંભરી?	...	...	,,	...
૧૪.	હાર હૈયે ધરચો; દાસ કાં વીસરચો?	...	...	,,	...

પદ	પ્રથમ ચરણ			રાગ	
૧૫.	નિરદે સદા હરિ તેં દયા નવ્ય ધરી	...	...	,,	...
૧૬.	ઊઠચ, રે અટપટા! બોલ્ય નઇ લટપટા!	...	...	,,	...
૧૭.	બોલ્યનાં, શામલા! આવડા આમલા?	...	...	,,	...
૧૮.	ડગમગે, કાહ્ન! તુઝ મન ચોદશ ભમે,	...	...	,,	...
૧૯.	ટેવ તુઝને સદા—'દીન પ્રતિ પાલવા.'	...	...	,,	...
૨૦.	ભાલ્ય તૂં, ભાલ્ય તૂં, સન્મુખે, શામલા!	...	...	,,	...
૨૧.	જગતપતિ જાદવા! જોઇ શૂં રે રહ્યો?	...	...	,,	...
૨૨.	આપ્યનાં હાર, કપટી! રિ તૂં, કાનુડા!	...	...	,,	...
૨૩.	માલ, મધસૂદના! આ જ વાહ્લી થઇ.	...	...	,,	...
૨૪.	હાર હૈયા વિચ્યેં શૂં રિ રાખી રહ્યો?	...	...	,,	...
૨૫.	સાર કરચ, સાર કરચ માહરી, શામલા!	...	...	,,	...
૨૬.	ગરીબનિવાજ તુંનિ કૂણ કિહિ, શામલા?	...	...	,,	...
૨૭.	હૂં રિ જાચક, તૂં 'દાતાર,' દામોદરા!	...	...	,,	...
૨૮.	વાત વિચારતાં પ્રાત થાએ રખ્યે!	...	...	કેદારો	...

આ પદોમાં બધાં જ **નરસિંહ**નાં છે કે નહીં, તે સ્વતન્ત્ર તપાસ માગી લિયે છે. તે અન્યત્ર થશે. અહીં તો **હારમાલા**ના આ પ્રસિદ્ધ થતા કાવ્યની વાત બતાવતાં પ્રસઙ્ગોપાત્ત આટલૂં સૂચવવૂં યોગ્ય ધાર્યૂં છે.

(અપૂર્ણ)

અપ્રસિદ્ધ લોકસાહિત્ય

(સંપાદક—રા. રા. કચરાલાલ શવજીભાઈ સોની)

ગૂજરાતી જનતાના મુખે ઘણુંયે લોકસાહિત્ય અપ્રસિદ્ધ છે. છપ્પા, રાસ, દોહરા, સમસ્યાઓ, ગીતો, કુંડળીઆ. શલોકા લોકો બોલે છે. તે બધામાંથી ઘણા હજુ અપ્રસિદ્ધ રહ્યા છે. અને તે બનાવનાર કવિઓ પણ અજ્ઞાત જ છે. અહીં રજૂ કરેલા કુંડળીઆ માવજી પુંજા નામના કોઈ જોષીએ બનાવ્યા છે. માવજી કવિ હતો, અને તેનો બાપ પુંજો પણ સારો કવિ હતો. પુંજાનું બનાવેલું "કાળચિંતામણિ" કાવ્ય હાથ લાગ્યું છે. તેને સંશોધન કરી હવે પછી રજૂ કરવાનો વિચાર છે. માવજી અને પુંજાના દોહરા, છપ્પા, સવૈઆ અને કુંડળીઆ ગ્રામ્ય જનતામાં સારી પ્રખ્યાતિ પામેલા છે. એને એકત્ર કરી પ્રસિદ્ધ કરવામાં આવે તો સાહિત્યમાં સારો વધારો થઈ શકે. માવજી કવિ વિક્રમ સંવત ૧૮૮૦ સુધી હયાત હતો. એ આધારે તેની કવિતાનો કાળ સંવત ૧૮૨૦ થી ૧૮૮૦ સુધીનો કહી શકાય, જ્યારે તેના બાપ પુંજાનો કાળ સંવત ૧૮૨૦ પહેલાંનો અવશ્ય હોવો જોઈએ.

કુંડળીઆ

નારી જગમાં મોહેની[1] કુણ[2] રાજા કુણ રંક,
ત્રણે લોકમાં તારૂણી સૌને લાગ્યો શંક.[3]
સૌને લાગ્યો શંક ભુલીઆ ઈંદરે[4] ભેરી,[5]
શિવ સમાન સમરથ તીનુંકો[6] લીના[7] ઘેરી.
કહે માવજી વિપ્ર ન લાગે કે'ને[8] ખારી.
કુણ રાજા કુણ રંક મોહેની જગમાં નારી. ૧

પરનારીની પ્રીતથી કુશલ ન પામે કોએ,[9]
સમજુ હો સંસારમાં દલ[10] વિચારી જોઓ.
દલ વિચારી જોઓ[11] કહું છું તેની સાખા,[12]
રાવણ કુંભકરણ કઈકિને કુટી નાખા.[13]
કહે માવજી વિપ્ર બુધી[14] તો ખોટી જેની,
કુશલ ન પામે કોઈ પ્રીતથી પરનારીની. ૨

પરનારીની પ્રીતથી નીશચે નરકે[15] જાએ,
વેદ પુરાણે વાત છે તે કેમ ખોટી થાએ.
તે કેમ ખોટી થાએ જનમીઆ[16] જગમાં જુઠા,
પરતરીઆમાં[17] ધાન[18] હરિ તો તેના રૂઠા.[19]

---

૧ મોહિની. ૨ કોણ. ૩ સંગ. ૪ ઇંદ્ર. ૫ જેવા. ૬ તેમને. ૭ લીધા. ૮ કોઈને. ૯ કોઈને. ૧૦ દિલ, મન. ૧૧ જુઓ. ૧૨ સાખ, સાક્ષી. ૧૩ નાંખ્યા. ૧૪ બુદ્ધિ. ૧૫ નિશ્ચે. ૧૬ જન્મ્યા. ૧૭ પરસ્ત્રી, પરત્રિયા. ૧૮ ધ્યાન. ૧૯ રૂઠયા.

કહે માવજી વિપ્ર ફરે ચોરાસી ફેરા.
નીશચે નરકે જાએ નેહી[૨૦] પરનારી કેરા. ૩

સાધુ સાધુ સૌ કહે ભેખ દેખી ભુલાએ,
કંઠી બાંધી કપટની શી રીતે ઓરખાએ.[૨૧]
શી રીતે ઓરખાએ તલક તો[૨૨] ઉભા તાણે,
કરે રસીઆના ભોગ હરિની વાત ન જાણે.
કહે માવજી વિપ્ર મન માઆથી[૨૩] બાંધું,[૨૪]
ભેખ દેખી ભુલાએ કહે સૌ સાધુ સાધુ. ૪

બેઠા સાધુ થઈ જમ[૨૫] બગ મછી[૨૬]કુ ધાએ,
કપટે ભોરે[૨૭] કામની ઘરઘર ગોથાં ખાએ.
ઘરઘર ગોથાં ખાએ શરમમાં[૨૮] કાંથી[૨૯] જાએ,
અંતર લાગી લાએ[૩૦] બારણે કુ બુઝાએ.[૩૧]
કહે માવજી વિપ્ર નરક[૩૨] જાવાના નેટા,[૩૩]
મગ મછીકુ ધાય થઈ કરી સાધુ બેઠા. ૫

કામની જાણે કુતરી જે કરે પીઓરો સંગ,[૩૪]
જોબન ખોટુ જાણજો જેવો રંગ પતંગ.
જેવો રંગ પતંગ પાંચ દીનાંકો[૩૫] ચટકો,
મુરખ[૩૬] નર ને નાર જગેજગ કાહેકુ ભટકો.
કહે માવજી વિપ્ર વિચાર તો મનમાં આણો,
કરે પીઆરો સંગ કામની કુતરી જાણો. ૬

પતિ પોતાનો છોડીને બીજે ભટકે નાર,
કુલ લજામની[૩૭] કામની ધીખ[૩૮] પડો અવતાર[૩૯]
ધીખ પડો અવતાર આબરૂ જાશે એની,
હીણુ[૪૦] થાશે હાલ વાત જૈ[૪૧] માને તેની,
કહે માવજી વિપ્ર× જગતમાં અપજશ જાનો.[૪૨]
બીજે ભટકે નાર છોડી પતી પોતાનો. ૭

તા. ૨૦–૫–૩૬ }
વેડા. તા. વિજાપુર. }

---

૨૦ સ્નેહી. ૨૧ ઓળખાય. ૨૨ તિલક. ૨૩ માયા. ૨૪ બાંધ્યું. ૨૫ જેમ. ૨૬ મચ્છી. ૨૭ ભોળવે. ૨૮ સ્વર્ગ. ૨૯ ક્યાંથી. ૩૦ લાય. ૩૧ ઓલવે. ૩૨ નર્ક ૩૩ નેટ (નક્કી). ૩૪ બીજાનો, પરપુરુષનો. ૩૫ દિવસનો. ૩૬ મૂર્ખ. ૩૭ લજામણી, લજાવનારી. ૩૮ ધીક્ક. ૩૯ પડયો. ૪૦ ખરાબ. ૪૧ નહિ. ૪૨ જાણો.

× બીજી કવિતામાં **માવજી** પોતાની અટક **જોષી** લખે છે, ત્યારે આ કવિતામાં તે વિપ્ર લખે છે. એટલે તે જાતે બ્રાહ્મણ હતો. તપાસ કરતાં જણાયું છે કે તે **આધોઈ** નામના ગામનો રહીશ હતો અને **જોષી**નો ધંધો કરતો હતો. **આધોઈ** ગામ **મારવાડ** અને ગૂજરાતની સરહદ પર હોય એમ જણાય છે, કેમકે તેની કવિતામાં મારવાડી ભાષાની ઝલક દેખાઈ આવે છે.

પાણી અને તેનાં સ્વરૂપો

શ્રી ફાર્બસ ગુજરાતી સભાને આશ્રયે શ્રી બુદ્ધિવર્ધક વ્યાખ્યાનમાળાના અંગનું જાહેર વ્યાખ્યાન ગઈ તા. ૨૯મી ને રવિવારે સાંજે ૬ વાગ્યે શ્રી ફાર્બસ ગુજરાતી સભામંદિરમાં રોયલ ઈન્સ્ટીટયુટ ઓફ સાયન્સના વ્યાખ્યાતા રા. યશવંત ગુલાબભાઈ નાયક એમ. એસ.સી. એ 'પાણી અને તેના પ્રકાર' (સ્વરૂપો) એ વિષય ઉપર દિ. બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી એમ. એ., એલએલ. બી. ના પ્રમુખપદે આપ્યું હતું.

આ પ્રસંગે વિદ્યાર્થીઓ, વિદ્યાર્થિનીઓ, સન્નારીઓ અને સજ્જનોની હાજરીથી સભા મંદિરનો હોલ ચીકાર ભરાયો હતો. વ્યાખ્યાન સાંભળવા દોઢસો માણસો હાજર હતાં; જેમાં ૩૦ જેટલી બહેનો પણ હતી. હાજર રહેલાઓમાં દિ. બ. કૃષ્ણલાલ મો. ઝવેરી, રા. રા. પોપટલાલ ગો. શાહ, શ્રી ધર્મસુખરામ ત. ત્રિપાઠી, શ્રી મનુભાઈ ચંદ્રવિદ્યાનંદ પંડયા, શ્રી દુર્ગાશંકર કે. શાસ્ત્રી, શ્રી ભીમભાઈ લાલભાઈ દેશાઈ, વગેરે હતા.

શરૂઆતમાં સભાના સહાયક મંત્રી શ્રી. અંબાલાલ બુલાખીરામ જાનીએ જાહેર સભા બોલાવવાનું પ્રયોજન વાંચી સંભળાવ્યું,

પ્રયોજન

પ્રમુખ દિ. બ. કૃષ્ણલાલ મો. ઝવેરીએ તે પછી વ્યાખ્યાનકારનો પરિચય આપતાં જણાવ્યું કે આજના વ્યાખ્યાનકાર કાંઈ આપણે માટે નવા નથી. અગાઉ તેમણે આ સ્થળે 'જ્વાળામુખી અને ધરતીકંપ' વિષે સુંદર વ્યાખ્યાન આપેલું છે. તેઓ વિજ્ઞાનમાં બહુ રસ લે છે. તેઓ એમ. એસસી. છે. અત્રેના રોયલ ઇન્સ્ટીટયુટ ઓફ સાયન્સમાં લેકચરર છે. એ કોલેજની પત્રિકાનું કાર્ય પણ તેઓજ કરે છે. તેમનું લખેલું 'પૃથ્વીનો ઇતિહાસ' એ નામનું પુસ્તક છપાય છે.

વ્યાખ્યાતા **રા. યશવંત ગુ. નાયકે** તે પછી પોતાનું વ્યાખ્યાન શરૂઆતમાં મોઢેથી પાણીના જૂદા જૂદા પ્રકારથી માંડીને અને એ પ્રકારો કેવી રીતે થાય છે, કેવા સંયોગોમાં થાય છે અને છેવટે તેનું સ્વરૂપ કેવું ઘડાય છે તે વિગતવાર અને સરળતાથી સહુ કોઈને સમજી શકાય એવી ભાષામાં સમજાવ્યું હતું. સાથેસાથ આ વિષયને લગતાં દૃશ્યો મેજીકલેન્ટર્નથી લગભગ ૫૦ તખ્તીઓ વડે બતાવ્યાં હતાં. ઉપરાંત પાણીનાં ધોધોનાં, બરફનાં, બરફના ડુંગરાનાં, વરાળનાં, પાણીનું શોષણ કરતાં મૂળીયાંનાં, વાદળનાં બંધારણનાં વગેરે વિવિધ મનોહર દૃશ્યોને લગતી એક સુંદર ફીલ્મ પણ બતાવી હતી. એક કલાક સુધી સતત વ્યાખ્યાન ચાલ્યું હતું, અને સહુએ એક રસથી ધ્યાનપૂર્વક સાંભળ્યું હતું.

વ્યાખ્યાન દરમ્યાન તેમણે કહ્યું કે અગાઉ જ્યારે વરસાદ ન પડતો ત્યારે ઠામ ઠામ હોમ હવન અને યજ્ઞો થતા. આથી હવાનું ઉષ્ણમાન વધતું અને તેથી વરાળ ઉંચે જતી અને પછી ત્યાંથી ઠંડી પડી વરસાદ રૂપે નીચે આવતી.

એ વ્યાખ્યાન આ સાથે સવિસ્તર પ્રકટ કર્યું છે.

પ્રમુખશ્રીનો ઉપસંહાર

પ્રમુખ દિ. બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીએ ઉપસંહારમાં જણાવ્યું કે વ્યાખ્યાતાએ પોતાનું વ્યાખ્યાન ઘણું જ સરસ અને રસિક બનાવ્યું છે; તે બદલ આપણે તેમના ઉપકારી છીએ. આ વ્યાખ્યાતાને રા. પોપટલાલ ભાઇએ શોધી આપ્યા છે. પાણીનાં જે દૃશ્યો આપણે જોયાં તે ઉપરથી સમજાય છે કે કુદરત પાણીની સાથે રમત રમી રહી છે. પાણીનાં દૃશ્યોની વાતો તો પુસ્તકમાં વાંચેલી, પરંતુ એ દૃશ્યો જોવાનું તો આજે જ પ્રાપ્ત થાય છે. રોજના ઉપયોગમાં આવતી બીજી ચીજો વિષે પણ જો વ્યાખ્યાતા આવું જ આકર્ષક વ્યાખ્યાન આપશે તો તે ઘણું જ રસિક અને ઉપયોગી થઈ પડશે.

વિજ્ઞાનવિષયી વ્યાખ્યાનપ્રવૃત્તિ

શ્રી. પોપટલાલ ગો. શાહે તે પછી વ્યાખ્યાતાનો આભાર માનતાં જણાવ્યું કે તેઓ સાદા અને સરળ છે અને ખરા દિલથી કાર્ય કરનારા છે; તે માટે તેમને ધન્યવાદ ઘટે છે. આ કામ તેમણે કશુંયે વેતન લીધા વગર કરી આપ્યું છે, એ વિશેષતા છે. વિજ્ઞાનના વિષયમાં સર્વ કોઈ વધારે રસ લે એ ઇચ્છવા યોગ્ય છે. કાંઈ નહીં તો આવાં વ્યાખ્યાનોથી નવું જ્ઞાન પ્રાપ્ત કરવાની ઉત્કંઠા તો થઈ જ હશે. એ ઉત્કંઠાને કાંઈક સંતોષવા આવતી તા૦ ૧૯ મીએ ભાવનગર રાજ્યના વિદ્યાધિકારી શ્રી. ગજાનન ઉ. ભટ્ટ, 'ગુજરાતનાં પંખીઓ' વિષે અને ઝેવીયર કોલેજના પ્રોફેસર કાલાપેસી 'ગુજરાતની ભૂસ્તરવિદ્યા' ઉપર ઓગસ્ટમાં અને પ્રો. કાન્તિલાલ છ. પંડયા 'ગુજરાતીઓના ખોરાક' વિષે વ્યાખ્યાનો આપવાના છે,

પ્રમુખનો આભાર માનતાં શ્રી. શાહે કહ્યું કે બુદ્ધિવર્ધક વ્યાખ્યાનમાળાની ફત્તેહ પ્રમુખ શ્રી. કૃષ્ણલાલ મો. ઝવેરીની વિદ્વત્તા, કાર્યદક્ષતા અને સહાનુભૂતિને આભારી છે. પૂર્વે શ્રી. ફા. ગુ. સભા હાથીની ગતિથી ચાલતી હતી તે તેમના અધ્યક્ષપદે જોમવતી બની છે.

શ્રી. ચંદ્રશંકર પંડયાએ વ્યાખ્યાતાના આભારની દરખાસ્તને તેમની માર્મિક છતાં રંજક શૈલીએ અનુમોદન આપ્યા બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

પાણી અને તેનાં સ્વરૂપો.

(વ્યાખ્યાતાઃ રા. રા. **યશવંત ગુ. નાયક**)

માન્યવર પ્રમુખ મહાશય, સન્નારીઓ અને સજ્જનો !

પૃથ્વીની સપાટી ઉપર હાલમાં અસ્તિત્વ ધરાવતી દરેક જીવંત સૃષ્ટિનો પાણી એક મુખ્ય આધાર છે. વિશ્વની રચનામાં ભાગ લેતાં પાંચ મહાભૂતોમાંનું પાણી એક ગણાય છે. પૃથ્વીનાં જમીન, હવા, અને પાણી ત્રણ મુખ્ય અંગો ગણાય છે. અને એમનાં વિરાટ સ્વરૂપો પ્રથમ આપણા લક્ષમાં આવે છે. આપણા શરીરમાં, આહારમાં, હવામાં, જમીન ઉપર, જમીનની અંદર, પહાડોનાં શિખરો ઉપર અને તળેટીની ખીણોમાં પાણી એક યા બીજા પ્રકારે વિસ્તરેલું છે. પૃથ્વીના ત્રણ અંગોમાં હવા અને પાણીના ફેરફારો દરરોજ નજરમાં આવી શકે છે. જમીનના ફેરફારો એટલા જ વિરાટ હોય છે, પરંતુ તે લાંબે કાળે કોઇક વાર જ લક્ષમાં આવે છે.

દ્રવ્યની ત્રણ મુખ્ય સ્થિતિઃ પાણીની પણ ત્રણ

દરેક દ્રવ્યની મુખ્ય ત્રણ સ્થિતિ ગણવામાં આવે છેઃ ઘન, પ્રવાહી અને વાયુ; અને પાણીનાં પણ એ ત્રણ મુખ્ય સ્વરૂપો છે. બધાં તત્ત્વોનાં એ ત્રણે સ્વરૂપો ભાગ્યે જ લક્ષમાં આવે છે, પરંતુ પાણીનાં ઘન, પ્રવાહી અને વાયુ સ્વરૂપ લગભગ દરેકના જોવામાં આવે છે. આથી આપણે પાણીને આપણી વિચારણામાં ત્રણ મુખ્ય સ્વરૂપમાં વ્હેંચી નાંખી શકીશું. ઘન સ્વરૂપમાં બરફ, પ્રવાહી સ્વરૂપમાં પાણી, અને વાયુસ્વરૂપમાં વરાળ.

ત્રણ સ્વરૂપોના મુખ્ય ગુણધર્મો

પાણીનાં આ ત્રણ સ્વરૂપના ફેરફાર સમજવા માટે પ્રથમ આપણે ઘન, પ્રવાહી અને વાયુ, એ ત્રણ સ્વરૂપના મુખ્ય ગુણધર્મની ચર્ચા કરીશું. એક બરફના ટુકડાને લાંબો વખત ગરમ કરશું તો એ પ્રથમ ઘનમાંથી પ્રવાહી સ્વરૂપમાં બદલાશે અને એથી વિશેષ ગરમી આપવાથી અંતે વાયુ સ્વરૂપ પામશે, એટલે કે બરફનું પહેલાં પાણી બનશે અને છેવટે વરાળ થઈ જશે. હવાના ઉષ્ણુમાનને લીધે ગરમ કર્યા વિના, પણ બરફના ટુકડાને એમ ને એમ હવામાં રાખીશું તો પણ એનું પ્રથમ પાણી બનશે અને એ પાણીને લાંબો વખત ખુલ્લી જગ્યામાં રહેવા દઈશું તો એ અદ્રશ્ય થઈ જશે અને વરાળરૂપે ઉડી જશે. ઘનમાંથી પ્રવાહીમાં આવવાના પ્રકારને દ્રવીભવન કહેવામાં આવે છે અને પ્રવાહીમાંથી વાયુમાં જવાના પ્રકારને બાષ્પીભવન કહેવામાં આવે છે. ઉષ્ણુતા આપવાથી થતા આ જાતના દ્રવીભવન અને બાષ્પીભવનના પ્રકારને ઉષ્ણુતા ઓછી કરવાથી ઉલટાવી શકાય છે. વરાળને ઠંડી પાડવાથી એનું પાણી કરી શકાય છે અને પાણીને ઠંડું પાડતાં પાછું એનો બરફ બનાવી શકાય છે. આમ સ્પષ્ટ દેખાય છે કે ઉષ્ણુતાના ફેરફારો જ પાણીના સ્વરૂપના ફેરફારના કારણભૂત છે. આ જ પ્રમાણે ઘણીખરી ધાતુઓ, તેલો, વાયુઓ વગેરેને એકમાંથી બીજા સ્વરૂપમાં લઈ જઈ શકાય છે. ત્યારે હવે ઉષ્ણુતા કઈ રીતે સ્વરૂપનો ફેરફાર કરે છે, એ પણ જાણવું જરૂરી છે.

એક ઘન વસ્તુનો ટુકડો લઇએ તો માલમ પડશે કે એના અણુઓ એક બીજા સાથે ઘણા બળથી વળગેલા છે. અને એ અણુઓને છૂટા પાડવા હોય તો બળ વાપરવાથી જ

છૂટા પાડી શકાશે. પ્રવાહીના અણુને બહુ જ સ્હેલાઇથી એકમેકથી છૂટા કરી શકાય છે, અને વાયુના અણુઓ તો હંમેશાં છૂટા જ હોય છે.

દ્રવ્યના દરેક સ્વરૂપમાં અને ખાસ કરીને ઘનસ્વરૂપમાં અણુઓ એક બીજા ઉપર સાનિધ્યને લીધે આકર્ષણ કરે છે. એ આકર્ષણ બળ, ગુરૂત્વાકર્ષણના બળ જેવું જ છે અને જેમ અણુ વધુ સંકોચાએલા હોય તેમ તેમની વચ્ચેનું આકર્ષણ બળ વધુ હોય છે. અને જેમ અણુઓ દૂર જાય છે તેમ તેઓ અરસપરસના આકર્ષણમાંથી મુક્ત થાય છે. ઉષ્ણતા આપવાથી દ્રવ્યના અણુ હંમેશાં કંપિત અવસ્થા પ્રાપ્ત કરે છે, તેમનાં કંપનો વધુ શક્તિવાળાં થાય છે અને તેમનાં કંપનની કક્ષા વધુ ને વધુ મોટી થતી જાય છે. આથી જેમ ઉષ્ણતા વધારીએ તેમ અણુઓ એકમેકથી દૂર જાય છે, અને તેથી એમની વચ્ચેનું આકર્ષણબળ પણ ઓછું થતું જાય છે. આ કારણથી ઘન દ્રવ્યના અણુ જે એકમેકને ઘણા બળથી પકડી રાખે છે તેનું આકર્ષણબળ ઓછું થાય છે અને અણુ વધુ સ્વતંત્ર થાય છે. વાયુ સ્વરૂપમાં અણુ આસપાસના અણુના આકર્ષણમાંથી બિલકુલ સ્વતંત્ર થઈ જાય છે અને અંતે એના કંપનોને અવરોધ કરનાર કોઇપણ અણુ ન હોવાથી સર્વત્ર વિચરતો થઇ જાય છે.

આવી રીતની ગતિને લીધે જે વાસણમાં વાયુને દાખલ કરવામાં આવે તેમાં તે સર્વત્ર પ્રસરી જાય છે. પ્રવાહીના અણુ એટલા સ્વતંત્ર નથી હોતા પરંતુ ઘનના અણુ કરતાં વધુ સ્વતંત્ર હોય છે એટલે જે વાસણમાં પ્રવાહી રેડીએ તેમાં પ્રસરી જાય છે.

પાણીનાં સ્વરૂપ

હવે આપણે પાણીનાં સ્વરૂપ જોઇશું.

અદ્રશ્ય રીતે પાણી લીલાં ઝાડપાનમાં, શરીરમાં અને અનેક ક્ષારોમાં રહેલું હોય છે. ફટકડીના એક કટકાને ગરમ કરીશું તો માલમ પડશે કે એમાંથી પાણીના બુદ્દબુદો નીકળે છે. ખાસ કરીને દરેક ક્ષારના સ્ફટિકમાં વધતાઓછા પ્રમાણમાં પાણી રહેલું હોય છે. આમ છતાં એ સર્વ પાણીના અણુ બે જાતનાં મૂળતત્ત્વોનાં બનેલાં હોય છેઃ ૧. હાઇડ્રોજન અને ૨. ઓક્સીજન. હાઇડ્રોજન વાયુ અને ઑક્સીજન વાયુને ૨ : ૧ ના પ્રમાણમાં ભેળીને સળગાવવામાં આવે તો તેમાંથી પાણીના અણુ ઉત્પન્ન થાય છે. આજસુધી એમ જ મનાતું હતું કે જગતમાં મળી આવતાં પાણીના અણુ એક જ પ્રકારના હોય છે, પરંતુ અત્યારે છેલ્લી શોધ પ્રમાણે એક નવી જાતના પાણીની શોધ કરવામાં આવી છે. એને Heavy water–ભારે પાણી–કહેવામાં આવે છે. એને ભારે કહેવાનું કારણ માત્ર એક જ છે, કે એ પાણીમાં સાદા હાઇડ્રોજનથી બમણો ભારે બીજા એક પ્રકારનો હાઇડ્રોજનનો અણુ ભાગ લે છે. એ હાઇડ્રોજનને Heavy Hydrogen અથવા ભારી હાઇડ્રોજન કહેવામાં આવે છે. ૪,૦૦૦ ભાગના સાદા પાણીમાં ૧ ભાગનું ભારે પાણી મળી આવે છે. એ પાણીના ગુણધર્મોનું પૃથક્કરણ થઇ રહ્યું છે. એવું મનાય છે કે આ પાણીના ગુણ એકંદરે ઝેરી હોય છે, પરંતુ ઘણા જ સૂક્ષ્મ પ્રમાણમાં પીવામાં આવતું હોવાથી એ નુકશાનકારક હોતું નથી.

પૃથ્વી ઉપર દ્રષ્ટિપાત કરતાં પાણીના જથ્થાનો, પાણીની પ્રચંડ શક્તિનો અને પાણીના ભવ્ય દ્રશ્યનો ખ્યાલ સમુદ્ર આપે છે. જેમણે સમુદ્ર જોયો ન હોય તેમને સમુદ્રનું દ્રશ્ય અદ્દભુત અને નવાઈ ઉપજાવે એવું લાગે છે. સમુદ્રનું પાણી જમીનનાં મીઠાં પાણીથી કંઈ વિશિષ્ટ પ્રકારનું નથી, પરંતુ જમીનની સપાટી પરથી ઘસડાઈ આવેલા અનેક કાળના

ક્ષારને લીધે એ પાણી ખારૂં હોય છે. જૂદા જૂદા સમુદ્રનાં પાણી ખારાશમાં અને રંગમાં કંઈક જૂદાં પડે છે. રાતો સમુદ્ર અને મૃત (Dead Seac) સમુદ્ર આનાં દ્રષ્ટાન્ત પૂરાં પાડે છે. વિશાળ મહાસાગરનાં પાણી ભૂરાં લાગે છે, પરંતુ રાતા સમુદ્રનાં પાણી રતાશ પડતાં લાગે છે. મૃત સમુદ્રના પાણી એટલાં ખારાં છે કે એની ઘનતા ઘણી જ વધી ગયેલી હોવાથી એમાં માણસ ડૂબી શકતો નથી. સરોવર, નદી, તળાવ, ખીણ, ઝરણાં, ફુવારા, કુવા વગેરેમાંથી મળતાં પાણીમાં દ્રાવણના ફેર સિવાય બીજો ખાસ ફેર નથી.

પાણીના ફેરફારો

હવે આપણે આપણી દ્રષ્ટિ પાણીના ફેરફાર તરફ દોડવશું. પૃથ્વીની સપાટીનો ઘણો મોટો ભાગ પાણીના પડથી ઘેરાએલો છે. એ પાણીની સપાટી ઉપર ખાસકરીને ઉષ્ણ-કટીબંધમાં સૂર્યના પ્રકાશના કિરણો અવ્યાહત ગરમી મોકલ્યાં કરે છે અને એ ગરમી સમુદ્રના પાણીનું ઘણા જ વિશાળ પાયા ઉપર બાષ્પીભવન કરે છે. સપાટી ઉપરનું પાણી આમ સતત બાષ્પીભવન થવાથી હવામાનનો ભેજ વધતો જાય છે. હવે વરાળ એ પણ પાણીનું વાયુસ્વરૂપ હોવાથી હવામાં ભળી જાય છે, પરંતુ હવાની અંદર અમુક ટેમ્પરેચરે-ઉષ્ણમાને ગમે એવો ભેજ રહી શકતો નથી, પરંતુ અમુક હદ સુધીમાં જ ભેજ રહી શકે છે. વધારાનો ભેજ ઝાકળ કે ધુમ્મસરૂપે ઠરી જાય છે. જો ટેમ્પરેચર ઓછું થાય તો હવામાં રહેતા સંયુક્ત (Saturated) ભેજનું પ્રમાણ પણ ઓછું થાય છે. એટલે જો હવામાં ભેજ સંયુક્ત થયા પછી પણ વધે અથવા હવાનું ઉષ્ણમાન એકાએક ઓછું થાય તો એ ભેજને હવા બહાર કાઢી નાંખવા પ્રયત્ન કરે છે.

ઝાકળ

ઝાકળ પાણીનું એક સ્વરૂપ છે. ખાસ કરીને શિયાળામાં દિનરાતના ટેમ્પરેચર(ઉષ્ણમાન)-ના ફેરફાર વધુ હોય છે ત્યારે રાત્રે ઝાકળ પડે છે, ઝાકળના બિન્દુ હવામાં રહેલા ભેજમાંથી બંધાય છે. દિવસનું ટેમ્પરેચર પ્રમાણમાં વધુ હોવાથી હવામાં રહેલો ભેજ એમ ને એમ રહે છે, પરંતુ જ્યારે રાત્રે હવાનું ટેમ્પરેચર ઘણું જ ઓછું થઈ જાય છે ત્યારે હવામાન સમ્પૃક્ત (saturated) થઈ જાય છે અને વધુ થઈ પડેલો ભેજ ઝાકળરૂપે બહાર પડે છે. ઝાકળનાં બિન્દુ બંધાવા માટે કોઈ પણ મોટાં કદનાં કેન્દ્ર(nucleus)ની જરૂર પડે છે. હવામાં જ એવાં મોટાં કદનાં કેન્દ્રો મળે તો ભેજ તેના ઉપર કરે છે, પરંતુ ગામડાંના વનસ્પતિ કે ઘાસથી આચ્છાદિત થએલા પ્રદેશમાં ધૂળ કે ધુમાડાનાં રજકણો હવામાં નહીં જેવાં જ હોવાથી વધુ થઈ પડેલો ભેજ વનસ્પતિનાં પાંદડાં વગેરેની સપાટી ઉપર ઠરવા લાગે છે અને તેથી જ ઝાકળનાં બિન્દુ વનસ્પતિ ઉપર ઠરેલાં માલમ પડે છે.

ધુમ્મર (mist) અને ધુમસ (fog)

ધુમ્મર અને ધુમસમાં ખાસ મહત્વનો ફેર નથી. ધુમ્મર ઘાડું થાય ત્યારે ધુમસ કહેવાય છે. ધુમ્મર કે ધુમસ બંધાવા માટે હવામાં મોટાં કદનાં કેન્દ્રોની જરૂરીઆત પડે છે. પાણીની વરાળનાં સૂક્ષ્મ કણો પાણીના બિન્દુરૂપે આપોઆપ ઠરી જતાં નથી, પરંતુ ધૂળ કે ધુમાડા જેવાં મોટાં કણોની સપાટી ઉપર ઠરી શકે છે. એ સિવાય હવામાં સમુદ્રની છોળોથી ઉડતાં ભેજગ્રાહી (hygroscopic) ક્ષારનાં સૂક્ષ્મ રજકણો અને હવામાની વિદ્યુતથી ઉત્પન્ન થતાં વિદ્યુત ભારવાહી (electrically charged) હવાના અણુ ઉપર

પણ ભેજ ઠરી શકે છે. આવા અણુ કે મોટા કણો જેના ઉપર ભેજ ઠરે છે તેને કેન્દ્ર (nucleus) કહેવામાં આવે છે. આવાં કેન્દ્રો જ્યારે હવામાં પૂરતા પ્રમાણમાં ન હોય અને જો હવાનું ટેમ્પરેચર ઓછું થવાથી હવામાન સમ્પૃક્ત થાય તો ધુમ્મર બંધાય છે. પર્વતનાં શિખરો ઉપર અને વિસ્તૃત ઘાસથી આચ્છાદિત પ્રદેશો ઉપર કેન્દ્રો પ્રમાણમાં ઓછાં હોય છે, એટલે હવાનું ટેમ્પરેચર થોડું ઓછું થાય તો ધુમ્મર બંધાવા લાગે છે.

એ ધુમ્મર ઘાટું થાય, એટલે કે પ્રમાણમાં વધુ કેન્દ્ર મળે અને ભેજનું પ્રમાણ પણ વધુ હોય તો ધુમસ બંધાય છે. શહેરોમાં અને વધુ ધૂળ ઉડતી હોય એવા પ્રદેશોમાં જ્યારે હવામાનનું ટેમ્પરેચર રાત્રે જમીનનું પડ ઠંડું થવાથી ઓછું થાય ત્યારે હવામાન સમ્પૃક્ત થાય છે અને વધુ પડેલો ભેજ ધૂળનાં કે ધુમાડાનાં કેન્દ્રો ઉપર ઠરીને ધુમસ બંધાય છે. શિયાળામાં રાતનું ટેમ્પરેચર ઘણું ઓછું થઈ જતું હોવાથી વધુ પ્રમાણમાં ધુમસ પડે છે. શહેરોમાં મીલ અને કારખાનામાં ધુમાડાનાં અસંખ્ય રજકણો હવામાનમાં ભેળાતાં હોવાથી ઘણું ઘાટું અને કાળું બાઝે છે અને લાંબા વખત સુધી ટકી રહે છે. માન્ચેસ્ટર, લંડન, મુંબઈ કે અમદાવાદ જેવાં મીલવાળાં શહેરોમાં ધુમાડાને લીધે કાળું અને ઘાટું ધુમસ ઉત્પન્ન થાય છે અને ઘણી વાર બિલકુલ અંધકાર છવાઈ રહે છે. ધુમસને જમીન ઉપરનું વાદળ કહી શકાય, પરંતુ ફેર માત્ર એટલો કે વાદળ ઉત્પન્ન થવાનો પ્રકાર ધુમસ ઉત્પન્ન થવાના પ્રકારથી જૂદો હોય છે. ધુમસ સ્થિર હવામાનમાં માત્ર સ્થાનિક ટેમ્પરેચરના ફેરફારથી જ ઉત્પન્ન થાય છે, જ્યારે વાદળ હવાના પ્રવાહો દ્વારા થતા ટેમ્પરેચરના ફેરફારથી ઉત્પન્ન થાય છે.

વાદળ

દિવસના જ્યારે તાપ પડતો હોય છે ત્યારે સમુદ્રની સપાટી ઉપરથી અને બીજા પાણીવાળા પટ ઉપરથી બાષ્પીભવન થયાં કરે છે અને હવામાં કાયમ ભેજ ભળ્યાં કરે છે. એ ભેજવાળી હવા ગરમ થવાથી હલકી બને છે અને ઉંચે ચઢે છે. આમ ઉંચે ચઢતો હવાનો પ્રવાહ ઉપલા ઠંડા હવામાનના પટમાં જવાથી અને હવાનું દબાણ ઓછું થવાથી એકાએક ઠંડો પડે છે. આથી ઉંચે ચઢેલો હવાનો પ્રવાહ સમ્પૃક્ત થાય છે અને વધુ પડેલો ભેજ હવામાં રહેલાં વિદ્યુત્‌ભારવાહી હવાના અણુ ઉપર કેન્દ્રિત થાય છે. વાદળ બંધાવાનો આ પ્રકાર છે. હવામાં વાદળ તરતાં રહે છે એનું મુખ્ય કારણ હવાના ઉંચે ચઢતા પ્રવાહો જ છે. જો હવાના પ્રવાહ બંધ પડે તો વાદળ ધીમે ધીમે નીચે ઉતરે છે અને એમ થતાં વાદળના બિન્દુનું ઉષ્ણુમાન વધતાં વાદળ અદ્રશ્ય થઇ જાય છે.

વાદળના પણ અનેક પ્રકાર હોય છે, જેમાં ત્રણ મુખ્ય હોય છે.

સીરસ (Cirrus) વાદળ સમુદ્રના તરંગ જેવું, અથવા રેષા રેષાવાળું દરેક દિશામાં વિસ્તૃત થતું અને સમાન્તર પટવાળું હોય છે. અનેક જાતના વાદળમાં આ વાદળ સૌથી વધુ આછું, વધુ ઉંચું અને વધુ વિવિધતાવાળું હોય છે. આ વાદળમાંથી વરસાદ પડવાનો ભય હોતો નથી.

કયુમ્યુલસ (Cumulns) વાદળ. આ વાદળ પ્રમાણમાં ઘણી ઓછી ઉંચાઈએ દેખાય છે અને દિવસના જ દેખા પડે છે. આનું કારણ એ હોય છે કે દિવસના તાપને લીધે હવાના પ્રવાહ વધુ ઝડપથી ઉંચે ચઢે ત્યારે આવી જાતનું વાદળ પેદા થાય છે. આવું વાદળ ઘણું ખરૂં ઉનાળામાં જ ઉત્પન્ન થાય છે. એમાંથી વરસાદ પડતો નથી, પરંતુ જ્યારે

એ વાદળ સાંજ સુધીમાં પણ અદ્રશ્ય ન થાય અને એ વાદળ જો નીચે આવે તો વરસાદ આવવાનો સંભવ ખરો.

સ્ટ્રેટસ (Sratus) વાદળ ઘણા વિસ્તૃત પટમાં એક ઉપર એક એવા સ્તરવાળું હોય છે. આ વાદળને રાતનું વાદળ કહેવામાં આવે છે, કારણ કે એ વાદળ ઘણુંખરૂં સાંજરે બંધાવા લાગે છે અને સવાર થતાં અદ્રશ્ય થઈ જાય છે. હવામાંથી દિવસના ઉંચે ચઢેલી વરાળ જ્યારે રાત્રે ઠંડી પડી નીચે ઉતરતા હવાના પ્રવાહ સાથે નીચે આવે છે, અને નીચેનું હવામાન પણ ઠંડું હોવાથી એ વરાળના ભેજમાંથી વાદળ બંધાય છે. સવારે તાપ પડી નીચેનું હવામાન ઉષ્ણ થાય છે ત્યારે ઉંચે ચઢતા હવાના પ્રવાહ સાથે એ વાદળ ઉંચે ચઢે છે અને અદ્રશ્ય થાય છે. આ વાદળ સૌથી નીચામાં નીચું વાદળ હોય છે.

નીમ્બસ (Nimbus) વાદળ એ જ ખરૂં વરસાદનું વાદળ છે. જ્યારે હવામાનનો મોટો સ્તર પુષ્કળ ભેજવાહક હોય છે ત્યારે હવાના ઉંચે ચઢતા પ્રવાહો દ્વારા આ વાદળ ઉત્પન્ન થાય છે. એ વાદળ ઘણું ઘટ્ટ અને કાળું હોય છે. જ્યારે ચોમાસાના હવાના ભેજ વાહક પ્રવાહો ઉષ્ણ પ્રદેશમાં આવે અને સ્થાનિક જમીનના ઉષ્ણ પ્રવાહોની સાથે જ્યારે ઉંચે ચઢે છે. ત્યારે એ હવાના પ્રવાહનું ટેમ્પરેચર વિસ્તાર પામવાથી અને ઉંચે જતાં મળતી ઠંડીથી ઓછું થાય છે અને એને પરિણામે હવા સમ્પૃક્ત થાય છે. આથી વાદળના સૂક્ષ્મ બિન્દુ ઉપર વધારાનો ભેજ જલદી ઠરવા લાગે છે અને ઝડપથી એ બિન્દુ મોટાં થઈ ઊંચે ચઢે છે. પરંતુ એ બિન્દુ જ્યારે ઘણાં મોટાં થાય છે ત્યારે એ ભારે હોવાથી વરસાદ રૂપે નીચે પડે છે. વરસાદ પડવાનું મુખ્ય કારણ આ જ હોય છે.

કરાં (Hails)

કરાં ઘણુંખરું ઉષ્ણ પ્રદેશમાં જ્યાં પ્રચંડ હવાના પ્રવાહ ઉષ્પન્ન થતાં હોય ત્યાં જ પડે છે. ઉષ્ણ પ્રદેશમાં કેટલીક વાર વરસાદના વાદળના પ્રવાહ એટલા ઝડપથી ઉંચે ચઢે છે કે હવામાનના ઉંચે ચઢતા પ્રવાહ એકાએક પુષ્કળ ઠંડા પડી જાય છે. આના ઉપર વધુ હિમ(snow) ઠરવાથી કરાં ગોટાં બને છે અને અંતે એટલાં મોટાં થાય છે કે એ ઉંચે ચઢતા પ્રવાહમાંથી નીચે પડવા લાગે છે નીચે આવતાં એ વળી પાછાં મોટાં થાય છે.

બરફ (Snow)

બરફ શીતકટિબંધવાળા પ્રદેશોમાં જ પડે છે. હવામાનનું ટેમ્પરેચર શૂન્ય ડીગ્રી સેન્ટીગ્રેડથી પણ ઓછું હોય છે ત્યારે જો હવાના ભેજવાળો પ્રવાહ સ્હેજ પણ ઉંચે ચઢે કે તરત ભેજનાં બિન્દુ ઠરી જાય છે અને બરફના સ્ફટિકો ઉત્પન્ન થાય છે. બરફના સૂક્ષ્મ સ્ફટિકો હવામાં નીચે પડતાં બીજા સ્ફટિકો સાથે સંયુક્ત થઈને રૂની નાની પુણીની પેઠે વરસે છે. બરફના સ્ફટિકો અનેક પ્રકારના હોય છે અને એમાંથી સુંદર અને મનોહર આકૃતિઓની રચના થાય છે. જે દેશમાં બરફ પડે છે એનો દેખાવ પણ બહુ જ આકર્ષક બને છે. ચારેપાસ ઘર, ઝાડપાન, જમીન વગેરે સર્વ સ્થળે જાણે સફેદ રૂ પાથર્યું હોય એવો દેખાવ આવે છે. પર્વતોનાં શિખરો પણ બહુ ઉંચાં હોય તો બરફથી ઢંકાએલાં રહે છે. હિમાલય કે આલ્પસ પર્વતોના હિમશૃંગો જગતમાં અનુપમ દ્રશ્યમાં ગણાય છે. એવા બરફથી ઢંકાએલા પર્વતશૃંગો ઉપર જ્યારે સૂર્યનાં કિરણો પડે છે ત્યારે એનો દેખાવ અનુપમ અને મનોવેધક બને છે. એ બરફ (snow) લાંબો કાળ જમા થઈ રહે છે ત્યારે ઉપરના દબાણથી નીચેના બરફનું આઈસ (ice) બની જાય છે.

પર્વતો ઉપર લાંબો વખત આઈસ(બરફ) જમા થવાથી કેટલીકવાર એ આઈસની ભેખડો પર્વતની કડણો ઉપરથી સરી પડે છે. સાધારણ તાપ પડવા લાગે ત્યારે પણ આઈસની ભેખડો છૂટી પડીને પર્વતની ખીણોમાં હિમપટ પ્રવાહ(glacier) રૂપી નદી વહેતી થાય છે. એ પ્રવાહમાં મોટી મોટી બરફની ભેખડો લાંબા માર્ગ સુધી ઘસડાતી જાય છે અને પર્વતની કડણોને ક્રમશઃ તોડી નાંખે છે. વળી પર્વત ઉપર આઈસની ભેખડો બંધાય ત્યારે તેમાં નાના મોટા પત્થરો પણ જકડાઈ જાય છે અને એ પત્થરો આઈસની ભેખડોની સાથે હિમપટ પ્રવાહમાં દૂર દૂર ઘસડાઈ જાય છે.

શીતકટિબંધમાં અને ધ્રુવ પ્રદેશમાં સદાને માટે જમીનની અને સમુદ્રની સપાટી બરફના વિસ્તૃત પટોથી ઢંકાએલી રહે છે. ધ્રુવ પ્રદેશમાં જઈને ચારે દિશામાં દૃષ્ટિપાત કરતાં ધવલ બરફના પટ સિવાય બીજુ દ્રષ્ટિમાં આવતું નથી બરફના પહાડો અને બરફની જમીન; જ્યાં જુઓ ત્યાં બરફ એવા પ્રદેશમાં એકાએક જનાર માણસને એક જાતની બરફના દૃશ્યની દૃષ્ટિમાંદગી આવે છે. એ પ્રદેશોમાં બરફના મોટા પહાડો, બરફના મોટા કુદરતી પૂલો, બરફની ગુફાઓ, બરફના સ્તંભો, બરફની શિલાઓ, મેજો વગેરે અનેક પ્રકારનાં આશ્ચર્ય અને આનંદ ઉપજાવે એવાં સ્વરૂપો જોવાનાં મળે છે. સમુદ્રપટની ઉપર બરફ બંધાઈ જાય છે અને જ્યાં સ્હેજ તાપ પડે છે એવા પ્રદેશોની સંધ્યામાં ઉનાળો આવતાં એ બરફની સપાટી તૂટવા લાગે છે અને અતૂટ સપાટીમાં મોટી ફાટો અને ગર્તાઓ પડે છે. વળી એ તૂટેલી ભેખડો અને બરફના મોટા પર્વતો(Iceburgs) સમુદ્રમાં ઉત્પન્ન થતા વિષુવવૃત્ત તરફના પ્રવાહની સાથે ઘસડાઇ જાય છે. એ બરફના પર્વતો એટલા મોટા હોય છે કે સાધારણ ગરમ પાણીમાં પીગળતા જવા છતાં હજારો માઇલ સુધી ઘસડાઈ જાય છે. મોટી સ્ટીમરોને પણ એવા આઈસબર્ગથી બહુ સાવચેત રહેવું પડે છે, કારણ કે એ પર્વતો સપાટી ઉપર જેટલો ઉંચો હોય તેનાથી લગભગ આઠગણો ભાગ સપાટી નીચે ડુબેલો હોય છે. એ પર્વતની સાથે અથડાતાં સ્ટીમરના પતરાં અચૂક તૂટી જાય છે.

આવી રીતે પાણી પૃથ્વીની સપાટી ઉપર અનેક સ્વરૂપે દૃશ્યમાન થાય છે. સૂર્યના તાપે સમુદ્રની સપાટી ઉપરથી બાષ્પિભવન થઇ પાણીની વરાળ હવાના પ્રવાહોની સાથે એક ખંડમાંથી બીજામાં મુસાફરી કરે છે અને અનેક પ્રકારનાં વાદળો, હિમ, કરાં, બરફ આઈસ, વરસાદ વગેરે સ્વરૂપે નજરે પડે છે. એ રીતે રૂપાન્તર થએલું પાણી પાછું પર્વતનાં શિખરો ઉપરથી, જમીનના પટ ઉપરથી નદી અને ખાડીઓ મારફતે પાછું સમુદ્રમાં ધસી જાય છે. કેટલુંક પાણી જમીનમાં પચી એક યા બીજે માર્ગે સમુદ્ર તરફ પ્રમાણ કરે છે, અને અંતે જે સ્થળેથી ઉત્પન્ન થએલું તેમાં મળી જાય છે. આવી રીતે ઉત્પન્ન થતી પાણીની ઘટમાળને લીધે જમીનમાં પડમાં અનેક જાતના ફેરફાર થાય છે. વરસાદ અને હવામાંના ભેજની વધઘટથી જ ખાસ કરીને ઋતુના ફેરફાર થાય છે. વનસ્પતિ અને અનાજની ઉત્પત્તિ માટે પાણીની આ ઘટમાળ આવશ્યક છે. ઉપર દર્શાવેલાં અનેક દ્રશ્ય સ્વરૂપ સિવાય અદૃશ્ય રૂપે પાણી શરીર, વનસ્પતિ, ક્ષારોમા સ્ફટિકો વગેરેમાં અનેક સ્વરૂપે રહેલું હોય છે. દરેક જીવન વસ્તુને પાણી હવા અને જીવ જેટલુંજ આવશ્યક છે. આથી જ પાણીને પંચમહાભૂતમાંનું એક ગણ્યું છે.

ગુજરાતનાં કેટલાંએક પક્ષીઓ

(વ્યાખ્યાતા : રા. ગજાનન ઉ. ભટ્ટ, બી. એ.)

શ્રી ફાર્બસ ગુજરાતી સભાએ આશ્રયે શ્રી બુદ્ધિવર્ધક વ્યાખ્યાનમાળાની જાહેરસભા તા. ૯-૪-૩૬ ને રવિવારે દિ. બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી, એમ. એ. એલએલ.બી., એમના પ્રમુખપદે શ્રી ફાર્બસ ગુજરાતી સભા મંદિરમાં મળી હતી. આ પ્રસંગે ભાવનગર રાજ્યના વિદ્યાધિકારી, રા. ગજાનન ઉ. ભટ્ટ, બી. એ., એમ. ઇ. ડી. (લંડન) એમણે 'ગુજરાતનાં કેટલાંએક પક્ષીઓ વિષે જાહેર વ્યાખ્યાન આપ્યું હતું. તેમણે કલાક સવા કલાક પર્યંત સર્વને રસ પડે તેમ પક્ષીજીવન વિષે આપણા માનવજીવનના મુકાબલા સાથે વિવિધ વિગતો કહી હતી. સભામાં સ્ત્રીઓ, પુરૂષો અને વિદ્યાર્થીઓની સારી સંખ્યા (૧૦૦ એકસો) હાજર હતી.

શરૂઆતમાં સભાના સહાયક મંત્રી રા. અંબાલાલ બુ. જાની, બી. એ. એ વ્યાખ્યાન માટેની આમંત્રણપત્રિકા વાંચી, સભા બોલાવવાનું પ્રયોજન દર્શાવ્યું.

પ્રમુખશ્રીના બે બોલ

પ્રમુખ દિ. બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીએ તે પછી વિદ્વાન વ્યાખ્યાતાનો પરિચય કરાવતાં જણાવ્યું કે-

ગુજરાતમાં પક્ષીઓ વિષે હજી સુધી પદ્ધતિસર અભ્યાસ થયો નથી. જૂનાં પુસ્તકોમાં પક્ષીઓની વાતો આવે છે. જૂના કવિઓની કવિતામાં પણ મોર, પોપટ, મેના વગેરેની યાદી જોવામાં આવે છે. પરન્તુ તેનો પદ્ધતિસર અભ્યાસ થયો નથી, કારણ કે આપણે ત્યાં તેવો શોખ નથી. આપણે ત્યાં વાઘરીઓ અગર તો જંગલવાસી જનો પક્ષીઓ વિષે જાણે છે, પણ તે તેનો શિકાર કરવાની કે પકડવાની દૃષ્ટિથી જ જ્ઞાન મેળવે છે. વિલાયતમાં આ વિષયનો પદ્ધતિસર અભ્યાસ કરવાનો શોખ છે. ગુજરાત વર્નાક્યુલર સોસાયટી તરફથી આ વિષયનું સચિત્ર પુસ્તક પ્રકટ થયું હતું. અહીંની નેચરલ હીસ્ટરી સોસાયટીએ ફ્લેમીંગો (બગલા જેવા પક્ષી)ની તપાસ કરવા કચ્છના રણમાં એક 'પાર્ટી' મોકલી હતી. આજના વ્યાખ્યાતાને પક્ષીઓનું જ્ઞાન મેળવવાનો શોખ અને ધગશ છે. અને તેથી તેમણે જે અનુભવજ્ઞાન પ્રાપ્ત કર્યું છે તેનો લાભ તેઓ આપણને આપવા પ્રેરાયા છે.

રા. રા. ગજાનન ઉ. ભટ્ટનું વ્યાખ્યાન[1]

બાદ વ્યાખ્યાતા રા. ગજાનન ઉ. ભટ્ટે શરૂઆતમાં પોતાને આવી એક જૂની અને પ્રતિષ્ઠિત સંસ્થાને આશ્રયે વ્યાખ્યાન આપવા બોલાવવા માટે આભાર માન્યા પછી કહ્યું કે:—

પક્ષીઓ સંબંધી મારૂં જ્ઞાન બહુ જ વિગતવાર, શાસ્ત્રીય અને બહોળું નથી. જે કાંઈ હું જાણું છું તે કુદરતમાં જીવતાં પક્ષીઓનો સીધો અભ્યાસ કરીને જાણું છું. તેમાંથી મેં થોડાંએક નિર્ણયો દોર્યા છે; તે પણ નિરીક્ષણનાં પરિણામો છે.

અભ્યાસની ત્રણ રીતિઓ

પક્ષીઓનો અભ્યાસ ત્રણ રીતે કરવામાં આવે છે: (૧) મરેલાં પક્ષીઓ ઉપરથી, જેને શાસ્ત્રીય અભ્યાસ કહે છે. (૨) પક્ષીને પાંજરામાં પૂરીને અને (૩) પક્ષીઓને દૂરથી

---

૧ રા. ગજાનન ભટ્ટે પોતાનું રસીલું વ્યાખ્યાન લખી મોકલવા વચન આપેલું છે. તેમનો એ લેખ આવતા અંકમાં પ્રકટ થશે. **સં. અં. બુ. જાની**

નિહાળીને. પહેલા બે પ્રકારના અભ્યાસોમાં અપૂર્ણતા રહી જાય છે; એટલે ત્રીજો પ્રકાર સારો છે અને તે આકર્ષક અને રસિક પણ છે. પરન્તુ તે માટે આપણામાં ખાસ દૃષ્ટિ હોવી જરૂરની છે. મારો અભ્યાસ ત્રીજા પ્રકારનો છે અને તેમાં કેટલીક વાર બીજા પ્રકારની મદદ લીધી છે. આ ત્રીજા પ્રકારનો અભ્યાસ એવો છે કે ઘણા લાંબા સમયના નિરીક્ષણ થોડીએક હકીકત મળે. મને યાદ છે તે પ્રમાણે ત્રણ વરસની મહેનત પછી મને લગભગ બે ડઝન પક્ષીઓનાં જીવનવહેવારની માહિતી મળી છે.

આનાં ઘણાં કારણો છે. પક્ષીઓ શરમાળ હોય છે. માણસોથી બીએ છે, તેમની પાસે જવાતું નથી, દૂરથી બરાબર દેખી શકાતાં નથી. માત્ર તેમની માળા બાંધવાની ઋતુમાં જ તેમનું નિરીક્ષણ બરાબર થઈ શકે છે. મારા મત પ્રમાણે આ જ નિરીક્ષણ બધી રીતે બરાબર છે. માણસનાં મડદાં ઉપરથી કે કેદીઓના જીવન ઉપરથી કોઈ મનુષ્યજાતિ અને તેમના વહેવારોનો ખરો ખ્યાલ બાંધી શકે નહીં. પક્ષીઓ સંબંધમાં પણ એમ જ સમજવું.

પક્ષીઓ સંબંધી આપણું જ્ઞાન હાલમાં ઘણું જ ઓછું છે. ગામડાંનાં માણસો પણ બહુ જ ઓછું જાણે છે. આપણા દેશમાં લગભગ ૧૫૦ જાતનાં પક્ષીઓ છે, પણ સામાન્ય માણસ અરધા ડઝનથી વધારે પક્ષીઓને પીછાનતો નથી.

જૂના કાળમાં વિશેષ જ્ઞાન

પરંતુ જૂના કાળમાં લોકો પક્ષી વિષે વધારે જાણતા હોય એમ જણાય છે, કારણ કે આપણે ત્યાં જૂની વાતોમાં પક્ષીઓના સ્વભાવનાં વર્ણનો આવે છે. આપણા પ્રાચીન સાહિત્યમાં પક્ષીઓનો ઉલ્લેખ ઘણી વાતોમાં થયેલો જોવામાં આવે છે અને તેમાં તે તે પક્ષીની ખાસીયતનું નિદર્શન કરાયેલું હોય છે. દા. ત. ટીટોડી અને સમુદ્ર વચ્ચેના યુદ્ધની કથા છે, જે ઉપરથી ટીટોડીના સ્વભાવની ખબર પડે છે.

પક્ષીઓનો પટેલ કાળોકોશી

કાળોકોશી નામનું પક્ષી પક્ષીઓનો પટેલ ગણાય છે. કારણ કે તે ચતુર હોવાથી પક્ષીઓ તેની સલાહ પ્રમાણે કેટલાંએક કાર્યો કરે છે. કાળોકોશી એટલો બધો હુશિયાર તેમ બળવાન પણ છે કે બીજાં પક્ષીઓ તેના માળાની પાસે જ પોતાના માળા બાંધે છે, એટલા માટે કે કાળાકોશીની હાજરીમાં તેઓને ભય રાખવાપણું રહેતું નથી.

કાળાકોશીની ચાલાકીને લગતી એવી કથા છે કે એક વાર એક રાજાની રાણીએ પક્ષીઓનાં પીંછાં મંગાવી તેનું પોતાને સૂવા માટે ગાદલું તૈયાર કરાવવાનું કહ્યું. આથી રાજાએ પક્ષીઓનો પટેલ ગણાતા કાળાકોશીને બોલાવ્યો અને તેને પક્ષીઓનાં પીંછાં તે માટે લાવવાનું કહ્યું. કાળોકોશી રાજા પાસેથી ગયો તે કેટલાય દિવસ થયા પણ પાછો દેખાયો નહીં. આથી રાજાએ તેને પાછો તેડાવ્યો અને આટલા દિવસ સુધી ન આવવાનું કારણ પૂછ્યું. ત્યારે કાળાકોશીએ કહ્યું કે અમારી નાત ભેગી થઈ હતી અને તેમાં સ્ત્રીઓ વધારે કે પુરુષો વધારે, એ વાતની ચર્ચા ચાલી હતી, અને તેનો નિર્ણય વહેલો ન થયો તેથી ઢીલ થઈ. રાજા કહેઃ એમાં શું વાંધા જેવું હતું ? શું પક્ષીઓમાં પુરુષો વધારે હોય ? અને સ્ત્રીઓ ઓછી હોય ? ત્યારે કાળાકોશીએ કહ્યું કે મહારાજ! અમારી નાતમાં એમ ઠર્યું કે જે પુરૂષો પોતાની સ્ત્રીનું કહ્યું કરતા હોય તેને પણ સ્ત્રીઓમાં ગણવા, એટલે છેવટે ગણત્રી કરતાં પુરુષોથી

સ્ત્રીઓની સંખ્યા વધી પડી. રાજા તેના કહેવાનો મર્મ સમજી ગયો અને રાણીના કહેવાથી પીંછાં મંગાવવાની વાત બંધ પાડી.

લેલાં માટે સાત બહેનોની કથા છે. મોરનાં આંસુ અને મોરનાં ઈંડાં ચીતરવાં ન પડે, એવી કહેવતો આપણા ગુજરાતી સાહિત્યમાં મોજુદ છે.

દીવાળીનો ઘોડો રંગે રૂપેરી હોય છે. અને કાળા પટાવાળો હોય છે, દીવાળીના ઘોડાના સંબંધમાં એમ કહેવાય છે કે હુતાશની આવતાં તેને નવું પીંછું ઉગે છે અને તેથી તે અદૃશ્ય થઈ જાય છે. ખરી વાત એ છે કે હુતાશની પછી એ પક્ષી દેખાતું નથી. અને તેનું કારણ એ છે કે આ દેશની ગરમી તે સહન ન કરી શકવાથી ગરમીની ઋતુ શરૂ થતાં ઠંડા પ્રદેશમાં ચાલ્યાં જાય છે અને પુનઃ ઠંડા પ્રદેશમાં અતિશય ઠંડી પડતાં દિવાળી ઉપર અહીં આવે છે.

કોયલ પોતાનાં ઈંડાં પોતે સેવતી નથી, એમ કહેવાય છે. આપણા ગુજરાતી કવિઓએ કોયલને નારી તરીકે સંબોધી તેની કવિતા ગાઈ છે, પરંતુ જે ગાય છે તે માદા નથી, પણ નર છે. માદા કોયલ ભૂરી છે અને પટ્ટાવાળી છે.

સુગરીનો માળો બહુ જ સુંદર હોય છે અને તેમાં માટી હોય છે. કહે છે કે એમાં તે દીવો કરે છે. પરંતુ, એ વાત બરાબર નથી. માળો ઉંધો ન વળી જાય એટલા માટે નીચે વજન રાખવા માટી રખાતી હશે. પક્ષીઓને લગતી બધી લોકમાન્યતા સાચી જ નથી; છતાં તે સંબંધી આપણને અગાઉ જ્ઞાન હતું એમ તો એ ઉપરથી જાણી શકાય છે.

અજબ પક્ષીલોક

કહે છે કે મહાત્માઓ ત્રણ જીવન સાથે જીવી શકે છેઃ સ્થૂળ શરીરે આ લોકમાં, નિદ્રાવસ્થામાં પિતૃલોકમાં અને ધ્યાનસમાધિમાં દેવલોકમાંઃ આ વાત ગમે તેમ હોય, પણ જો આપણને પક્ષીઓનો શોખ હોય તો આપણે મનુષ્યલોકમાં અને પક્ષીલોકમાં સાથે જીવી શકીએ. આ પક્ષીઓની દુનિયા ઘણી અજબ છે. મુંબઈમાં પણ ૧૫૦ જાતની પ્રજાઓ નહીં વસતી હોય, જ્યારે આપણી આજુબાજુ વર્ષ દરમ્યાન ૧૫૦ જાતનાં પક્ષીઓ આવજા કરે છે.

આ ૧૫૦ જાતનાં પક્ષીઓ સંબંધી આટલા ટુંક સમયમાં કાંઈ કહી શકાય નહીં. એક જ પક્ષી પસંદ કરી–તેના જીવનવહેવારનો ખ્યાલ આપવા માટે આટલો સમય પણ ઓછો થઈ પડે, તેથી આ સ્થળે પક્ષીઓ સંબંધી થોડીએક જાણવા જેવી હકીકતો રજુ કરી, એકાદ પક્ષીનો મારો સંપૂર્ણ અભ્યાસ આપની સમક્ષ મૂકવા ઈચ્છા રાખું છું.

માણસ કરતાં આગળ વધેલો જીવ

પક્ષીયોનિ પશુયોનિથી ઘણી જ ઉચ્ચ કક્ષા પર છે. કુદરત તેમને નવાં કપડાં આપે છે. વસંત ઋતુમાં તેઓનું સંગીત ખીલે છે, તેમનો ખોરાક સૂક્ષ્મ હોય છે, દૃષ્ટિ વિશાળ હોય છે અને તેમની ભાવના પણ સારી હોય છે. માણસ કરતાં પણ પક્ષી આગળ વધેલા જીવ છે. હવામાં ચાલવાની તેમનામાં ગતિ છે.

પક્ષીઓની ગતિ

કાગડા કલાકના ૨૫, કાબર ૩૦, ચકલી ૧૦૦ થી ૧૨૦, બાજબેરી ૨૦૦ માઈલ ઉડી શકે છે. કેટલાંક પક્ષીઓને પાંખો હલાવવી પડે છે, કેટલાંકને માત્ર પાંખના છેડા હલાવવા પડે છે. સમડીની પાંખો ઉડતી વખતે હાલતી જ નથી. કારણ તેને ઉંદરડા કે નાનાં જીવ પકડવાના હોય તે પાંખના ફડફડાટથી ભાગી જાય. સ્ટર્લીંગો–વઈઆ, ગુલાબી મેનાં, એક રાતમાં ભૂમધ્ય સમુદ્ર (૪૦૦ માઈલનું અંતર) ઓળંગી જાય છે; ઇટાલીમાંથી ઉડી આફ્રિકાને કિનારે પહોંચે છે. ગાંમડાંમાં વઈયાં દિવાળી પછી દેખાય છે. તેઓનાં હજારોનાં ટોળાં હોય છે. ફાગણ શુદિ પૂનેમ સુધીમાં તે ઉડી જાય છે.

પક્ષીઓમાં લગ્નભાવના

પક્ષીઓ પોતાના માળા જમીન ઉપર, દિવાલોમાં, ઝાડનાં થડમાં અને ઝાડમાં બાંધે છે. તેઓમાં કુટુંબભાવના હોય છે. પ્રેમલગ્ન, પતિપત્નીવ્રત વગેરે ગુણો જોવામાં આવે છે. કેટલાક સંસ્કારી પતિઓ બચ્ચાં ઉછેરવામાં પત્નીને મદદ કરે છે, ત્યારે કેટલાક પતિઓ રખડે છે અને અન્યત્ર પ્રેમ કરતા ફરે છે. પ્રેમ અને લગ્નમાં પક્ષીઓ પશુ કરતાં તો શ્રેષ્ઠ છે, પણ મનુષ્ય કરતાં પણ ચઢીયાતાં માલુમ પડે છે. કબુતરોમાં પતિપત્નીનો સ્નેહ ચિરસ્થાયી હોય છે. એક મરે બીજું તેની પાછળ ઝૂરી ઝૂરીને મરી જાય છે. બુલબુલ જેવું પક્ષી એક ઋતુમાં એક જ પતિ રાખે છે; કેટલાંક પક્ષીઓ તો જીંદગી સુધી એક જ પતિ રાખે છે.

પક્ષીઓ પોતપોતાની એક જ જાતિમાં પરણે છે. તેઓ આંતરદેશીય વા આંતરવર્ણીય લગ્ન કરતાં નથી. એક દેશનું પક્ષી–માદા પોતાની જાતિ પણ પરદેશના–નર પક્ષી સાથે સહવાસ કરતી નથી. સાથે રાખવામાં આવતાં કેટલીક વાર મારામારી અને પીંખાપીંખી કરે છે, તો કેટલી વાર ઝુરીઝુરીને મરે છે. એટલે કે જૂદા જૂદા દેશનાં પક્ષીઓ એક જ જાતનાં હોવા છતાં પરણતાં—સમાગમ સેવતાં નથી. દા. ત. જાવાની ચકલી આપણા દેશના ચકલા સાથે પરણતી નથી; પોતાના જ દેશના ચકલા સાથે પરણે છે. પતિ મરી ગયા બાદ કેટલાંક પક્ષીઓ વરસ બે વરસ સુધી બીજો પતિ કરતાં નથી; પણ વૈધવ્ય પાળે છે. નર પક્ષી કોઈ વાર માદાને મનાવવાનો પ્રયત્ન કરે તો તે સફળ થતો નથી, માદા તેનો વિરોધ કરે છે.

બુદ્ધિ અને પ્રેરણાશક્તિ

પક્ષીઓમાં બુદ્ધિ અને પ્રેરણા બંને હોય એમ જણાય છે. બુદ્ધિની નિશાનીઓ: (૧) સમયને અનુસારી પોતાની જાતને બંધબેસતી કરવાની શક્તિ. આ શક્તિ કાગડામાં છે, ચકલીમાં નથી. કાગડાના માળા સારા કરી સમડી તેમાં ઈંડાં મૂકે છે. (૨) સ્મરણશક્તિ: કબુતરો સંદેશા લઈ જાય છે. પરિભ્રમણ કરતાં પક્ષીઓ ચોક્કસ સ્થળે જાય છે, માદા નરને પીછાને છે; બિલાડીએ આગલા વરસે હેરાન કરવાથી બીજે વરસે સમડીએ પોતાનો માળો મારા બુચના ઝાડ ઉપર બાંધ્યો નહીં. (૩) ગણિતશક્તિ: કેટલાંક પક્ષીઓ બે આંક સુધી ગણી શકે છે. (૪) તર્કશક્તિ : કાગડામાં તર્કશક્તિ છે, કારણ કે તેણે માળો બાંધવા સાંઠીની જેમ લોઢાના સળીયાને પાણીમાં પલાળી જોયો હતો. દિવાળીનો ઘોડો આગલે વરસે જે ગામમાં આવ્યો હોય ત્યાં જ બીજે વરસે આવે છે. કાગડાઓ જૂના સમયમાં લાકડાં અને

વાળનો માળો બાંધતાં. છપ્પનીયા દુકાળમાં લોઢાના તારથી બંધાયેલી ઘાસની ભારીઓ આવતાં કાગડાઓએ લોઢાના તારનો ઉપયોગ કીધો.

પક્ષીઓ પ્રેરણાશક્તિથી માળા બાંધે છે, બચ્ચાં ઉછરે છે, પોતાના દુશ્મનને પીછાણે છે, બચ્ચાં મોટાં કરે છે, તેમને ખવરાવે પીવરાવે છે અને તેમનું રક્ષણ કરે છે. પક્ષીઓ પ્રેરણાશક્તિથી કામ કરે છે કે બુદ્ધિથી કામ કરે છે તે એક મહાન ફૂટ પ્રશ્ન છે અને હજુ વધારે સંશોધન માગે છે.

ટીટોડીનું જીવન

ત્યારબાદ વક્તાએ ટીટોડીનું ચિત્ર બતાવી, તેના જીવનવહેવારને લગતી પોતાના અનુભવની વિગતવાર હકીકત કહેતાં જણાવ્યું કેઃ—

ટીટોડી એ કાબર જેવું નાનું પક્ષી છે. તે જમીન ઉપર માળો બાંધે છે અને મે જુનમાં ઈંડાં મૂકે છે, જેથી તેમાંથી નીકળતાં બચ્ચાંને ચોમાસું બેસતાં થતી નાની નાની જીવાત ખવરાવી ઉછેરી શકાય. ટીટોડીના અવાજમાં ‘ વ્રત કરતી’તી વ્રત કરતી’તી’ એવા શબ્દો રહેલા છે એવી લોકવાયકા છે. ટીટોડીનાં બચ્ચાં સમુદ્ર લઈ ગયો અને ટીટોડીએ સમુદ્ર સામું યુદ્ધ કર્યું અને બચ્ચાં પાછાં મેળવ્યાં. એવી લોકકથા છે. એ કથાની પાછળ રહસ્ય એ રહેલું છે કે ટીટોડી પોતાનાં ઇંડાંનું રક્ષણ બહુજ સાવધાનીથી કરે છે અને ગમે તેવા ભયની સામે થતાં અચકાતી નથી. પોતાની જાતનાંને સામટાં બોલાવીને પણ પોતાનો બચાવ કરે છે.

ટીટોડી જમીનમાં ખાડો કરી તેમાં ઇંડાં મૂકે છે. આજુબાજુ પથરા મૂકે છે અને તેને સેવવા ઉપર પોતે બેસે છે. ટીટોડીનો રંગ માટી સાથે ભળી જતો હોવાથી ઈંડાં ક્યાં મૂક્યાં છે તેની કોઈને ખબર પડતી નથી. ટીટોડી ઝાડ ઉપર બેઠેલી જોઈ નથી. બેસે તો પ્રલય થાય એવી માન્યતા છે. એક સેવે અને બીજું ચોકી કરે એવી તે ઈંડાંની તકેદારી રાખે છે. ટીટોડી સામાન્ય રીતે નદીકિનારે માળા બાંધે છે. ટીટોડી બે સુધી ગણી શકે છે, ત્રણની તેને ખબર નથી, તેમ તે અંદર અંદર ઘણી વાતો કરી શકે છે. અને સામાન્ય ભય ઉભો થતાં ઘણાં ટીટોડાંઓ ભેગાં થઈ સમડી જેવા પક્ષીને પણ દૂર હાંકી કાઢે છે. ટીટોડીમાં યુદ્ધ કરવાની શક્તિ ઠીક પ્રમાણમાં છે. ટીટોને લગતી હકીકત વર્ણવનાં વ્યાખ્યાતાએ પોતે પોતાના બંગલામાં ટીટોડીનું રક્ષણ કર્યું હતું તેનો દાખલો આપ્યો હતો.

પ્રમુખનો ઉપસંહાર

દિ. બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીએ ઉપસંહાર કરતાં જણાવ્યુંઃ—

પક્ષીઓ વિષે અતિ રસિક વ્યાખ્યાન આપવા બદલ રા. ગજાનનભાઈનો હું આભાર માનું છું. પુસ્તકથી કે પાંજરાના પક્ષીનો અભ્યાસ કરવા કરતાં કુદરતી સ્થિતિમાં પક્ષીને નજરે જોઈ અભ્યાસ કરવામાં ઘણો ફેર છે. પક્ષીઓનો અભ્યાસ ફુરસદના સમયમાં આનંદ આપે છે. પક્ષીઓ સંબંધી બારીક અભ્યાસ ન થતો હોવાથી કેટલીક ભૂલો થાય છે. કોયલને લગતી ભૂલ એવા જ પ્રકારની છે. સ્ત્રીઓનો કંઠ મધુર હોવાથી તે કોયલ કંઠી કહેવાય છે, અને તેથી કોયલડી એટલે માદાજ ટહુકતી હશે એમ ધારવામાં આવેલું. પક્ષીઓના કિલકિલાટ

અને હવામાં ઉડ્ડયન ઉપરથી કવિઓને કવિતા લખવાની પ્રેરણા મળી હશે. દાખલા તરીકે અંગ્રેજ કવિ શેલીનું સ્કાયલાર્ક. કાગડો નાનાં બાળકના હાથમાંથી રોટલાનો ટુકડો ઝુંટવી જાય છે તે પ્રેરણાથી કે બુદ્ધિથી? આ કૂટ પ્રશ્નની માથાકૂટમાં હું પડતો નથી.

ટુંકમાં પક્ષીઓનો અભ્યાસ કરનાર માટે ક્ષેત્ર વિશાળ છે, પણ તે માટે વ્યાખ્યાતાએ કહ્યું તેમ શ્રમ અને ધીરજની જરૂર છે.

રા. પોપટલાલ ગોવિંદલાલ શાહે ત્યાર બાદ વ્યાખ્યાતાનો આભાર માન્યો હતો.

રા. રામનારાયણ પાઠકે તેને અનુમોદન આપતાં કહ્યું કે સંસ્કૃત કવિઓએ તો નર કોકિલ ગાય છે એમ વર્ણન કર્યું છે. કાલિદાસે કુમાર સંભવમાં 'પુંસ્કોકિલ' ગાતો હોવાનું કહેલું છે. તેમ બાણભટ્ટની કાદંબરીમાં પણ નરકોકિલ ગાતો હોવાનું જણાવાયલું છે.'

તે પછી સભાનું કામકાજ પૂરું થયું હતું.*

---

* નોંધ:—રામાયણના કર્તા કવિ વાલ્મીકિને 'वंदे वाल्मीकिकोकिलम्' એમ નરકોકિલની જ ઉપમા અપાઈ છે.

સં. ત્રૈ.

એક આશાદર્શન

(લે: રા. રા. જન્મશંકર મહાશંકર બુચ ઊર્ફે કવિ શ્રી લલિતજી)

" શ્રી ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક " પત્રના પ્રથમાંકને વસંતના પુષ્પ સમાન અમે વધાવીએ છીએ.

કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઈએ શ્રીયુત ફાર્બસ સાહેબને ગુજરાતી કવિતાસાહિત્યમાં અમર કર્યા છે, તેમ જ સ્વ. શ્રીયુત મનઃસુખરામ ત્રિપાઠીએ સંરક્ષિત શ્રી ફાર્બસ ગુજરાતી સભાએ તેમનું સ્મારક અમર અખંડ રાખ્યું છે. તે માટે એ 'ત્રૈમાસિક'ની લબ્ધપ્રતિષ્ઠ વ્યવસ્થાપક સમિતિને તથા તેના સંપાદક અને પ્રકાશક સાક્ષર શ્રીયુત અંબાલાલ બુલાખીરામ જાનીને અભિનન્દનો ધરીએ તેટલાં ઓછાં છે.

ગુજરાતનાં ઐતિહાસિક દર્શનો આલેખવા માટે અલબત્ત " ત્રૈમાસિક " વધારે અનુકૂળ પડે, છતાં ગુર્જર વિદ્વાનો પુરાતત્વરસિક કરતાં વધારે તો નિત્યનૂતન તત્વરસિક છે, અને એમ મહારાષ્ટ્રીયતામાં તથા ગુર્જરરાષ્ટ્રીયતામાં એ જ મૂળ તત્વભેદ છે.

" ગુર્જરરાષ્ટ્રની પ્રાણપુરાતન જન્મભૂમિમાં એક જ પ્રજા દીર્ઘકાળ ટકી નથી રહી, તેથી અનેક સંસ્કૃતિવાળી પ્રજાઓના જયોત્કર્ષની કે પરાજયની વિવિધ રસકથાઓમાં નવરસરંગીલી કલાઓના કલાપની ચિત્રલેખાઓ અંકિત થતી રહેશે. પરંતુ આપણા એ માતૃભૂમિભાવનું સનાતન તત્વ તેની પીઠિકા રૂપે તેમાં ન દર્શાવાય ત્યાં સુધી સંશોધન પરિપૂર્ણ કયાંથી લેખાય ! તેથી જ ગુજરાતની ઈતિહાસગાથાઓ ગજાવવા માટે ભૂમિસત્વને પ્રથમ સંશોધવું જોઇએ.

પૃથ્વીપટમાં હિંન્દના મધ્યપશ્ચિમ સાગરકંઠે આવેલા ગુર્જરસુરાષ્ટ્રનું અમર અખંડ ભૂમિસત્વ કયું ને કેવું છે?

તેનું પ્રત્યક્ષ દર્શન કરવાને માટે આપણા પ્રદેશમાં વસનાર પ્રાણીમાત્રના વિકાસનું ઐતિહાસિક દર્શન આલેખવું જોઈએ, ને તેમાંની હાલની ઐતિહાસિક ગુર્જરીનું સૂક્ષ્મ નિરીક્ષણ કરી લઈએ, તો એવા સત્યાન્વેષણમાંથી આપણા આત્મસત્વસ્થ પ્રજાજીવનનું નિત્ય નૂતનતત્વ મળી આવશે.

તે માટે H. G. Wells આજના માનવ જગતને દર્શાવે છે તેવું "Shape of things to come" ભાવિ આગમોનું સ્વરૂપ વાસ્તવિક જગતદર્શન ઉપરથી તારવી આલેખવું જોઈએ.

એવું રેખાલેખન તો આપણી જન્મભૂમિ પુત્રી ઉષાની ચિત્રલેખાએ કર્યું હતું. ત્યારે જ એમર્સન ફરિયાદ કરે છે કે: Our age is Retrospective: એટલે કે આપણો યુગ સિંહાવલોચક છેઃ એવા આક્ષેપમાંથી ઉગરીને આપણે prospective આશાદર્શી થઈ શકીશું. ને તે માટે એવા આશાદર્શોમાં વર્તમાન વાસ્તવિકતાને આધારે, ભૂમિસત્વની પીઠિકા

પર પડેલાં ભૂતકાલના પુરાતત્ત્વને પરીક્ષમાં જોઈએ. કેવળ ભૂતપૂજા માટે પાછળ જોયાં કરવાથી કદાચ ગ્રીવા મરડાઈ જવાનો ભય રહે છે. પૂર્વભ્રમો હજી જતા જ નથી તેનું એક કારણ તે ભૂતપૂજન રસિકતા પણ છે.

તેમ છતાં આજના ગુર્જરી જીવન તત્ત્વરસજ્ઞો, "શ્રી ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક" આમ પ્રસિદ્ધ કરે છે તેમાં તેમની ગુણજ્ઞ મહાનુભાવિતા પણ દેખાય છે. તે અંકના ઘણા ખરા લેખકો સિદ્ધહસ્ત સાક્ષરો તથા નવીન તત્ત્વજ્ઞો પણ છે. તેમાં પણ દ્વિ. બ. શ્રી. કૃષ્ણલાલભાઈ તો પુરાતત્ત્વના ઝવેરી છે. તેમની આવી તત્ત્વદષ્ટિથી ઐતિહાસિક રસિકતા કેળવાશે. ગુજરાતની "વ્યાપારી પ્રજા" સાહસિક તો મૂળથી જ છે. કેવળ વર્તમાન આર્થિકતામાં રચીપચી ન રહેતાં ભાવિ અને ભૂતકાળને પોતાનામાં પ્રત્યક્ષ કરતાં ને તે પ્રમાણે નવીન ગુર્જરી સંસ્કૃતિના વાસ્તવિક રૂપરંગ પ્રકટાવતાં શીખશે ને એમ જ આર્ય ભારતની નિત્યનૂતન સંસ્કૃતિમાં પોતાના જન્મસિદ્ધ રંગ પૂરશે. આવાં 'ત્રૈમાસિક' દ્વારા ત્રિકાલદષ્ટાઓનાં આ જીવન અભ્યાસકવૃન્દ વધે અને ગુર્જર સુરાષ્ટ્રની સર્વાર્થિકતાનાં સત્ફલ સર્વ ભોગવે એવી અમારી પ્રભુ પ્રાર્થના છે. તથાસ્તુ.

તા૦ ૧૩–૪–૩૬ વિરમગામ.

આપણો ખોરાક

(વ્યાખ્યાતા : ડૉ. કાન્તિલાલ છગનલાલ પંડયા, એમ. એ., પીએચ. ડી.)

રવિવાર તા૦ ૨૮-૬-૩૬ ને દિને સાંજે સાડાપાંચ વાગે, શ્રી ફાર્બસ ગુજરાત સભાના આશ્રયે શ્રી બુદ્ધિવર્ધક વ્યાખ્યાનમાળાનું જાહેર વ્યાખ્યાન દિ. બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી એમ. એ. એલએલ. બી., એમના પ્રમુખપદે આગ્રા કૉલેજના વિજ્ઞાન-રસાયણ શાસ્ત્રના પ્રોફેસર ડૉ. કાન્તિલાલ છગનલાલ પંડયા, એમ. એ., પીએચ. ડી., એમણે '**આપણો ખોરાક**' એ વિષય ઉપર 'એપીડાયોસ્કોપની' મદદથી થોડાં ચિત્રો અને લખાણોના દેખાવ સાથે આપ્યું હતું.

આ પ્રસંગે લગભગ ત્રીસથી ચાલીસ સન્નારીઓ અને સદ્‌ગૃહસ્થોએ હાજરી આપી હતી. હાજર રહેલાઓમાં મુખ્ય શ્રી ન્યાયમૂર્તિ હરસિદ્ધભાઈ વજુભાઇ દીવેટીયા, શ્રી. આનન્દશંકર બાપુભાઈ ધ્રુવ, શ્રી. રામનારાયણ વિશ્વનાથ પાઠક, રા. સા. મગનલાલ દલપતરામ ખખ્ખર, કવિ લલિતજી, શ્રી. હિંમતલાલ ગણેશજી અંજારીયા, શ્રી. પોપટલાલ ગોવિંદલાલ શાહ, શ્રી. ધર્મસુખરામ ત. ત્રિપાઠી. રા. સન્મુખલાલ ઝ. પંડયા, રા. કેશવજી દામજી શાહ, રા. ભાનુશંકર હરિશંકર યાજ્ઞિક, વગેરે મુખ્ય હતા.

શરુઆતમાં સભાના સહાયક મંત્રી શ્રી. અંબાલાલ બુલાખીરામ જાનીએ સભા બોલાવવાનું પ્રયોજન દર્શાવ્યું.

પ્રમુખનાં પ્રાસ્તાવિક વચન.

સભાના પ્રમુખ દિ. બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીએ તે પછી વ્યાખ્યાતાની ઓળખાણ આપતાં જણાવ્યું કેઃ-

આજના વ્યાખ્યાતા **ડૉ. કાન્તિલાલ પંડયાની** ઓળખાણ તમોને આપવી પડે તેમ નથી. તેઓ વિજ્ઞાનમાં ઘણો જ રસ લે છે. તેથી તેમણે કેટલાક સમય પહેલાં આ વ્યાખ્યાન આપવાનું કબુલ્યું હતું, પરંતુ કેટલાંક કારણોથી તે લંબાયું છે. માણસ જાતને માટે હવા જેટલી કીમતી છે તેટલો જ આ વિષય કીમતી છે. દરેક દેશ પોતાની પરિસ્થિતિને અનુકૂળ ખોરાક નક્કી કરી લે છે. આયર્લેન્ડમાં લોકો માત્ર માંસ ઉપર જ નિર્વાહ કરે છે. જ્યારે હિન્દુસ્તાનમાં અનાજનો ખોરાક મુખ્યત્વે છે. ખોરાકમાં પોષાક તત્ત્વોનું મિશ્રણ અને સમતુલા સચવાય, એ જોવાની જરૂર છે. આ બધું વિવેચન આજના વ્યાખ્યાનમાં થશે, એમ હું ધારું છું.

તે પછી ડૉ. કાન્તિલાલ પંડ્યાએ સરળ અને સુંદર વાણીમાં બેઠી વાગ્ધારાથી "આપણો ખોરાક" એ વિષે સવા કલાક સુધી વિશેષ માહિતી ભર્યું વ્યાખ્યાન આપ્યું હતું, જેણે શ્રોતાઓનું ધ્યાન સારુ આકર્ષ્યું હતું. એ વ્યાખ્યાન અહીં સારરૂપે તારવી આપેલું છે.

પ્રો. કાન્તિલાલ છગનલાલ પંડયાનું વ્યાખ્યાન[1]

મેં ત્રણ વરસ પહેલાં આ વિષયની પસંદગી કરી હતી. પરંતુ સભાએ તે વખતે એ

---

૧. ડૉ. કાન્તિલાલે આ વ્યાખ્યાન વિગતવાર લખી મોકલવા વચન આપેલું છે, જે ઑક્ટોબરના અંકમાં પ્રકટ થશે. **સં. અં. બુ. જાની.**

વિષયને પસંદ કર્યો નહોતો. ત્યાર પછી આ સમયમાં આ વિષયનું મહત્ત્વ ઘણું વધી ગયું છે. આ હાલનો વિષય નવી સ્થિતિએ પહોંચ્યો છે. ઈંડીયન સાયન્સ કોંગ્રેસ, બ્રિટીશ એસોશીએશન, લીગ ઓફ નેશન્સ, મેક્કેરિસન, મહાત્મા ગાંધી અને ના. વાઇસરોયે પણ આ પ્રશ્ન હાથ ધર્યો છે.

સમાજ અને રાષ્ટ્રને અગત્યનો પ્રશ્ન

પોષણનો વિષય માત્ર વ્યક્તિગત રુચિનો નથી, પણ સમાજ અને રાષ્ટ્ર તેમ જ આખા જગત માટે અગત્યનો છે. આહાર કેવળ વધતો ઓછો ભાર જ નહીં, 'પેટ પૂરવા જેટલો ગમે તે' એમ પણ નહીં; પરંતુ તેમાં વૈવિધ્ય સચવાવું જોઈએ. પોષાણની બાબતમાં હિન્દનું દારિદ્રય અને અજ્ઞાન આડે આવે છે. અજ્ઞાન કરતાં પણ દારિદ્રય વિશેષ છે. કરોડો માણસોને માત્ર એક ટંકનું જ ભોજન મળે છેઃ લાખોને તે પણ મળતું નથી.

રાષ્ટ્રનેતાઓએ ધ્યાન આપવાની જરૂર

આહારનો પ્રશ્ન રાષ્ટ્રિય પ્રશ્ન છે, છતાં તે આપણા રાષ્ટ્રનેતાના ધ્યાન બહાર રહી ગયો છે. ડાકટરો પણ આ બાબતમાં સાંકડાપણું બતાવે છે. ગાંધીજીના આ દિશાના યત્નો પણ સંકુચિત છે અને પરિણામ અજાણ્યા છે. તો પણ કેટલાક સમયથી હિન્દમાં ખોરાકોનું પૃથક્કરણ કરવાની શરૂઆત થઈ છે. વીટામીન સી માટે આપણા ડાકટરો નારંગી અને મોસંબીનો ઉપયોગ કરવાનું કહે છે, પણ સઘળાં માણસોને તે સુલભ ન હોય. વીટામીન સી કેરી અને જામફળમાં છે અને તેનો ઉપયોગ તે તે રૂતુમાં સામાન્ય માણસો કરી શકે.

પોષણથી રોગનિવારણ

પોષણની ખામીમાંથી જે રોગની ઉત્પત્તિ થાય છે, તે રોગ દવાથી મટતા નથી, પણ પોષણથી જ મટે છે. પોષણના અભાવથી રોગ ન જાય તો માણસો શક્તિહીન બને છે અને જીંદગીમાં આગળ વધી શકતા નથી. ખોરાકમાં વિવિધતા અને સમતોલપણાની જરૂર છે.

ઈંગ્લન્ડ જેવા દેશમાં પણ સર જોન કોરના કહેવા પ્રમાણે બે કરોડ માણસોને પોષણની ખામી છે (ગરીબાઈને લીધે). હાઉસીંગ સ્કીમ (મકાનોની યોજના) કરતાં પણ સારો ખોરાક પૂરો પાડવાની પહેલી જરૂર છે. તેથી જ ઇંગ્લન્ડ અને અમેરિકામાં બાળકોને દૂધ પૂરૂં પાડવાની ચળવળ ચાલી છે. બ્રિટીશ સરકારે તે પાછળ એક વરસમાં પાંચ લાખ પૌંડ ખરચ્યા છે, પરન્તુ વધારે રકમની માગણી થયાં કરે છે. પાર્લામેન્ટના સભ્યો બાળકોને મફત દૂધ આપવાની હિમાયત કરે છે.

માનવશરીર એક અટપટું યંત્ર

મનુષ્યનું શરીર અટપટું યંત્ર છે, અને તેથી સહુને સરખો નિયમ લાગુ પડતો નથી. શરીરમાં ખાંડનું પ્રમાણ અમુક જ હોવું જોઈએ. શરીરમાં ધાતુઓ અને પદાર્થોની સંખ્યા ઘણી છે. ૯૦ તત્ત્વો માનવામાં આવે છે, તેમાંથી ૬૦–૬૨ તો મળ્યાં છે. ખોરાકમાં આયોડીનના અભાવથી સ્વીટ્ઝર્લાંડ જેવા દેશમાં લોકોને એક જાતનો રોગ થયો હતો અને ઘણાં લોકો 'ઇડીયટ'–મૂર્ખાં જેવાં બની ગયાં હતાં. ખોરાક દ્વારા શરીરમાં ૪૦ રાસાયણિક પદાર્થ જવા જોઈએ. પરન્તુ આ શરીરયંત્ર સ્વાભાવિક એવી રીતે ચાલે છે કે તેમાં ખાસ ખામી આવતી નથી.

ખોરાક બાબત કેટલાક વા-'ફેડ'

પ્રાન્ત પ્રાન્તનો આહાર જૂદો હોય છે. ઉપરાંત ખોરાકની બાબતમાં એક જાતનો વા -fad વાય છે. 'ચા'નો એક વાર પવન હતો, હવે વીટામીનનો પવન છે. એટલે આપણા આહારની સમીક્ષા કરવાની જરૂર ઉભી થઈ છે. ઇંગ્લન્ડમાં જે તપાસ થઈ છે તે ત્યાંની ઠંડી હવાની નજરે ઠંડી હવાને કારણે ગરમી ઉત્પન્ન કરે, એ દૃષ્ટિએ ખોરાકની કિમ્મત ત્યાં અંકાઈ છે. અને તેથી જ ત્યાં માંસાહારની તરફેણ થઈ છે. અને પ્રોટીનવાળા ખોરાક ઉપર વિશેષ લક્ષ અપાયું છે. વનસ્પતિમાં પણ પ્રોટીન છે. ખોરાકના પૃથક્કરણ ને તપાસ ઉપરથી નક્કી થઈ શકયું છે કે અઠવાડિયાના હાલના કરતાં ઓછાં ખર્ચથી વધારે પોષણ મેળવી શકાય તેમ છે. પોષક તત્ત્વોમાં પ્રોટીન પછી fat ચરબી, carbohydrex (કાર્બોહાયડ્રેક્ષ) અને તે પછી ક્ષાર mineralsઉમેરાયાં.

વીટામીન-ગુજરાતે વિચારવા યોગ્ય

ગુજરાતે વીટામીનોને લગતી બાબત વિચારવા જેવી છે. ફળો અને વનસ્પતિમાં વીટામીન 'એ' છે; માટે તાજાં શાકભાજી અને ફળો લેવાં જોઇએ. દૂધને પ્રાણીજનિત પદાર્થ ગણવો જોઇએ. તેનામાં પ્રોટીન સારા પ્રમાણમાં છે. શકિત ઉપરાંત શરીરમાં થતા ઘસારાને પહોંચી વળવા માટે ખોરાકની અગત્ય છે. દિલગીરીની વાત છે કે ગુજરાતના ખોરાકમાંથી ઘી, દૂધ, છાશ વગેરે નીકળી ગયાં છે અને તેનું સ્થાન ચાએ લીધું છે. તળેલો ખોરાક પણ સ્વાદની ખાતર દાખલ થયો છે. એ પોષણશાસ્ત્રની દૃષ્ટિથી ઉલટું છે. વૈદક-શાસ્ત્રના અભ્યાસીઓ માટે કયો ખોરાક લેવો, જેથી શરીરને વધારે પોષણ મળે તેની તપાસ કરવા માટે આ વિષય સારું ક્ષેત્ર પૂરું પાડે છે.

ગુજરાત અને આહારશાસ્ત્ર

આહારની બાબતમાં આપણે તદ્દન અજ્ઞાન નથી, પણ આહારશાસ્ત્ર આપણે ત્યાં નથી. ગીતામાં ત્રણ પ્રકારના આહારનો ઉલ્લેખ છે. આહારની બાબતમાં આપણે નાતજાત, સ્થળ, સ્વભાવ, ધર્મ આદિના સંપ્રદાયો તથા પ્રણાલિકાથી દોરાયા છીએ; તેમ છતાં એ અવૈજ્ઞાનિક છે.

પ્રમુખ શ્રી કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીએ ઉપસંહાર કરતાં જણાવ્યું:

આપણો ખોરાક સમતોલપણું સાચવી શકે એવો છે. વળી પાશ્ચાત્ય ધોરણો પણ કાંઈ નિશ્ચિત નથી. આજનું ધોરણ કયારે બદલાશે તે કહી શકાય તેમ નથી. ખટાશ શરીરમાં ન જવાથી 'સ્કરવી,' ચામડીનો એક જાતનો રોગ થાય છે, એવી માન્યતા છે. ગ્રીનલેન્ડ અને એલાસ્કામાં માણસને ખાવાલાયક વનસ્પતિ જ થતી નથી, છતાં ત્યાંના લોકોને 'સ્કરવી'નો રોગ થયો નથી, એમ અમેરિકાનું 'હાર્પર્શ મેગેઝીન' જણાવે છે. તેનું કારણ environment -આસપાસના વાતાવરણ અને પરિસ્થિતિ છે. આપણા ખોરાકની વ્યવસ્થા પાછળ સેંકડો વરસોનો અનુભવ છે અને તેથી તે બધી રીતે સમતોલ બન્યો છે. પરદેશી ખોરાક લેવાથી આપણું વ્યક્તિત્વ જશે. બાકી ગુજરાતના ખોરાકનું સમતોલપણું બરાબર છે.

આચાર્ય શ્રી. આનંદશંકર બાપુભાઈ ધ્રુવ, એમણે તે પછી વ્યાખ્યાતાનો ઉપકાર માનતાં કહ્યું કે,

આપણે આવા સુંદર અને સરળ ભાષણ માટે વ્યાખ્યાતાનો આભાર માનવો જોઈએ. ત્રીસ વરસ ઉપર રા. અંબાલાલ સાકરલાલ દેશાઈએ મને પૂછ્યું હતું, "તમે રોટલી તોળીને કે ગણીને ખાઓ છો ?" મેં કહ્યું: ભૂખ ઉપર વિચાર કરીને કેટલું ખાવું તે પોતાના મનથીજ નક્કી કરવાનું હોય છે. પ્રો. ગજ્જર સાહેબના સહવાસથી કેવીરીતે ખાવું તેનો વિચાર કરવાનો પ્રસંગ આવ્યો. કઠોળના ફણગા ફૂટે તે પછી ખાવાથી વિશેષ લાભ થાય છે, એમ તેમણે કહેલું.

પંદર વરસ ઉપર વીટામીન શબ્દ પહેલી વાર સંભળાયો. આ સંબંધમાં કાશી હિન્દુ યુનિવર્સિટીના ડૉ. ધાર અને પંજાબના ડૉ. ભટનાગર ઘણું કામ કરે છે. ડૉ. ધારના કહેવા મુજબ શાકભાજી કાચાં ખવાય તો સારૂં. આ રીતે જોતાં અસલના ઋષિમુનિઓ કાચાં વનફળ ખાતા હતા તેથી આપણને અભિમાન થાય છે.

દૂધને સામાન્ય રીતે ચાળીશ ડીગ્રીથી વધુ ગરમ ન કરવું જોઈએ; નહીં તો તેના વીટામીનનો નાશ થાય છે. પરન્તુ દૂધમાં ક્ષયનાં જંતુઓ હોય છે અને ગરમ કરવાથી એ જંતુઓ નાશ પામે છે. આ બધી બાબતો પ્રયોગદશામાં છે, ધીમે ધીમે તેમાં સુધારો થતો જશે. મરચાંમાં ભલે સી વીટામીન હોય, પણ મને તો બિલકુલ માફક ન આવે. આ બધું abstract સિદ્ધાન્ત તરીકે ઠીક છે. concrete એટલે વ્યવહારમાં મૂકતાં ઘણું ધ્યાન આપવું પડે.

ઘણા દેશોમાં યુદ્ધના સમયમાં ખોરાકની મુશ્કેલી પડે તેમ છે. તેથી વીટામીન વગેરેથી એ બાબતનો ઉકેલ કરવામાં વૈજ્ઞાનિકોની મદદ લેવાય છે. તેઓ સત્યની ખાતર જ જ્ઞાનનો ઉપયોગ કરે છે, એવું કાંઈ નથી. આ બાબતમાં ગાંધીજીએ પણ ઉપયોગી અખતરાઓ આદર્યા છે, જેથી થોડું ખાઈને ઘણું કામ કેમ કરી શકાય.

ગાંધીજીએ સત્યના પ્રયોગો કર્યા તો પછી ખોરાકની કયાં વાત ? સનાતન સત્ય જેવું કાંઈ જ નથી, એવી પશ્ચિમની સમજણ છે. આપણો જે ખોરાક અત્યારે છે તે ઠીક છે. માંસાહાર પુષ્ટિકારક સિદ્ધ થાય તોપણ તે નીતિશાસ્ત્રની દૃષ્ટિએ ત્યજ્ય છે એમ મારૂં માનવું છે.

શ્રી. પોપટલાલ ગોવિંદલાલ શાહ, એમણે ઉપલી દરખાસ્તને અનુમોદન આપતાં જણાવ્યું:

આવી સરળ, સાદી અને શુદ્ધ ભાષામાં ગહન હકીકતો સમાવવાનું કામ બીજા ભાગ્યે જ કરી શકે. વ્યાખ્યાતા પાસે ત્રણ વરસની સામગ્રી છે. તેમને કહેવાનું ઘણું છે અને તેઓ બાકીનું કોઈ વાર આપણી આગળ પૂરૂં કરશે, એવી આશા આપણે તેમની કનેથી રાખીએ છીએ. ડૉ. જીવરાજ મહેતા અને ડૉ. તિલક ખોરાકનું અન્વેષણ કરવાની મહેનત કરી રહ્યા છે. મારા મત પ્રમાણે તો નિર્ણયાત્મક સ્થિતિ પર આવ્યા પછી ફાયદો થતો હોય તો જરૂર ખોરાકમાં ફેરફાર કરવો. નવો સારો માર્ગ મળતો હોય તો તે જરૂર ગ્રહણ કરવો.

બે મહીના પછી સેન્ટ ઝેવીયર કૉલેજના પ્રો. કાલાપેસી ગુજરાતની ભૂસ્તરવિદ્યા geology વિષે આ સભા તરફથી વ્યાખ્યાન આપનાર છે.

આ પ્રમાણે સભાનું કામકાજ પૂરૂં થતાં સભા વિસર્જન થઈ હતી.

પહોંચ—સાભાર સ્વીકાર

શ્રી ફાર્બસ ગુજરાતી સભાના "ત્રૈમાસિક"નું ગુણદર્શી અવલોકન કરનારાં દૈનિકો, સાપ્તાહિકો અને માસિકોનો અમે અહીં આભાર માનીએ છીએ. ઉપરાંત જે જે ગૃહસ્થો, અને સંસ્થાઓએ પોતાનાં પુસ્તકો ભેટ તેમજ અવલોકનઅર્થે મોકલ્યાં છે તેમનો પણ અમે આભાર માનીએ છીએ; અને અહીં તેની પહોંચ સ્વીકારીએ છીએ. સમયના અભાવે ઉચિત પુસ્તકોનું અવલોકન લેઈ શકાયું નથી, તેથી ક્ષમા યાચીએ છીએ. અમારા ત્રૈમાસિકના બદલામાં જે સાપ્તાહિક, પાક્ષિક, માસિક અને ત્રૈમાસિક-પત્રોના અંકો અમને મળ્યા છે, તેના સાભારસ્વીકારની પહોંચ અહીં લઈએ છીએ.

મુંબઈ, તા. ૯–૭–૩૫
૩૬૫, શ્રી ફાર્બસ ગુજરાતી સભામંદિર
વિઠ્ઠલભાઈ રોડ, મુંબઈ નં ૪

અંબાલાલ બુ. જાની,
સંપાદક ; ત્રૈમાસિક

પુસ્તકો

૧ **મેવાડપ્રતિષ્ઠા:** અથવા **મહારાણા રાજસિંહ** [નાટક] પ્રણેતા **રા. રા. મૂ. મા. યાજ્ઞિક,** બી. એ., નડીઆદ.

૨ **ઇંગ્લાંડ અને હિન્દુસ્તાનનો ઇતિહાસ** (મુંબઈ યુનિવર્સિટીના મેટ્રીકયુલેશનના નવા અભ્યાસક્રમ પ્રમાણે) : લે. **રા. રા. ભાનુશંકર માનશંકર મહેતા,** બી. એ., ભાવનગર

3 **The Letter Writer for Indian Students** by **B. K. Patel,** B. A. (Hons.) Bhavnagar.

૪ **અશોકના શિલાલેખો ઉપર દૃષ્ટિપાત: લે. શ્રી. વિજયેન્દ્રસુરિ** શ્રી. યશોવિજય ગ્રંથમાળા—ભાવનગર.

૫ **દેશદિવાન:** લે. રા. રા. ગુણવંત **આચાર્ય** : "પ્રજાબંધુ"ની ભેટ–અમદાવાદ.

૬ **દિવ્યવિભૂતિ વેદધ્વજ સ્વામી દયાનંદ સરસ્વતી:** લે. **રા. રા. નારાયણ વિસનજી ઠકકુર,** આર્યસમાજ, મુંબઈ.

૭ **પ્રજાબંધુ-શિક્ષણ તથા રાજકારણ વિશેષાંક "પ્રજાબંધુ"**–અમદાવાદ.

સાપ્તાહિક

૧ **કેસરી** (દર સપ્તાહે બે વાર) પુના–તા. ૧લી એપ્રીલથી સતત ચાલુ અંકો.

પાક્ષિક

૧ ગાંડીવ ગુજરાતની આશાઓનું પહેલું પખવાડિક : તા. ૧-૫-૩૬; ૧-૬-૩૬; ૧૬-૬-૩૬ અને ૧-૭-૩૬ : વર્ષ ૧૦. અં. ૧૯-૨૩)

માસિક

૧ નવચેતન	કલકત્તા	એપ્રીલ, મે, જુન અને જુલાઈ પુ. ૨૯, અં. ૧-૪
૨ કૌમુદી	વડોદરા	માર્ચ : ૧લું પુ. ૧૩, અં. ૩
૩ સમાજ	મુંબઈ	મે, જુન, જુલાઈ. પુ. ૧ : અં. ૧૦-૧૨.
૪ શારદા	વડોદરા	એપ્રિલ, મે, જુન પુ. ૨૫, અં. ૧-૩
૫ ગુજરાત	મુંબઈ	એપ્રિલ, મે, જુન, ૧લું પુ. ૨ અં. ૨-૪
૬ ઊર્મિ	કરાંચી	વૈશાખ (૧૯૨૨) વર્ષ ૫, અં. ૭
૭ ખડાયતામિત્ર	અમદાવાદ	જેઠ („) વર્ષ ૨૨. અં. ૮
૮ પ્રસ્થાન	અમદાવાદ	ચૈત્ર („) વર્ષ ૧૧, અં. ૬
૯ ગુણસુંદરી	મુંબઈ	એપ્રીલ, મે, પુ. ૨૬, અં. ૨.

ત્રૈમાસિક

૧ સાહિત્યકાર	વડોદરા	વસંત અંક : વર્ષ ૨, અં. ૬. માર્ચ
૨ આવતી કાલ (આશા અને ઉપાસનાનું ત્રૈ.)	કરાંચી	ચક્ર પહેલું; કિરણ રજું : જાન્યુ-માર્ચ
૩ બુદ્ધિપ્રકાશ	અમદાવાદ	વર્ષ ૮૩, એપ્રીલ-જુન, અં. ૨

શ્રી ફાર્બસ ગુજરાતી સભા

ત્રૈમાસિક

વ્યવસ્થાપક સમિતિ

૧. રા. રા. દિ. બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી, એમ. એ.; એલએલ. બી.
૨. રા. રા. ન્યાયમૂર્તિ હરસિદ્ધભાઈ વજુભાઈ દીવેટીયા, એમ. એ.; એલએલ. બી.
૩. રા. રા. કનૈયાલાલ માણેકલાલ મુનશી, બી. એ.; એલએલ. બી.
૪. રા. રા. પોપટલાલ ગોવિંદલાલ શાહ, એમ. એ.; બી. એસસી.

સંપાદકઃ

અંબાલાલ બુલાખીરામ જાની, બી. એ.

સૂચનાઃ—પરિવર્તન અર્થે માસિકો આદિના તેમ અભિપ્રાય અને ભેટ અર્થે પુસ્તકો મોકલનાર વ્યવસ્થાપકોએ તથા પત્રવ્યવહાર કરનારે નીચેને શરનામે પત્રવ્યવહાર કરવો.

અંબાલાલ બુલાખીરામ જાની, બી. એ.
૩૬૫, શ્રી ફાર્બસ ગુજરાતી સભામંદિર,
વિઠ્ઠલભાઈરોડ, કોંગ્રેસ લેઇન, મુંબઇ નં. ૪

અનુક્રમણિકા

પુ. ૧ ઑક્ટોબર–ડીસેમ્બર : ૧૯૩૬ અંક ૩

ગ્રાહકનાં નામ નોંધાવવાનાં અને લવાજમ ભરવાનાં સ્થળ:

૧. અંબાલાલ બુલાખીરામ જાની ૩૬૫, શ્રી ફાર્બસ ગુજરાતી સભામંદિર
વિઠ્ઠલભાઇ રોડ, કૉંગ્રેસ લેઇન; મુંબઇ નં. ૪

૨. મેસર્સ એન. એમ. ત્રિપાઠીની કું. બુકસેલર્સ અને પબ્લીશર્સ
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ નં. ૪

૩. મેનેજર "આદિત્યમુદ્રણાલય" રાયખડ: અમદાવાદ

મુદ્રક : મણિલાલ પુ. મિસ્ત્રી, બી. એ. : આદિત્ય મુદ્રણાલય : રાયખડ : અમદાવાદ

શ્રી ફાર્બસ ગુજરાતી સભા

✠ ત્રૈમાસિક ✠

પુસ્તક ૧ લું] ઈ. સ. ૧૯૩૬ : ઑક્ટોબર-ડીસેમ્બર : સંવત ૧૯૯૨ [અંક ૩

વીરસિંહકૃત

ઉષાહરણ

[સંપાદકઃ—રા. રા. ભોગીલાલ જયચંદ સાંડેસરા]

ઉપોદ્‌ઘાત

(૧)

કવિ વીરસિંહ અને તેનું કાવ્ય

ઉપક્રમ

વિક્રમ, માધવાનળ, નંદ, વિદ્યાવિલાસ જેવાં અર્ધ–ઐતિહાસિક કે કલ્પિત પાત્રોએ; સુદામા, નળ, ધ્રુવ, પ્રલ્હાદ, અભિમન્યુ, હરિશ્ચન્દ્ર, ઉષા–અનિરુદ્ધ કે કૃષ્ણ–ગોપિકા જેવાં પૌરાણિક પાત્રોએ સૈકેસૈકે–બલ્કે કેટલાક પ્રસંગોમાં તો દસકેદસકે પણ–આપણા લગભગ બધા જ પ્રાચીન કવિઓનું ધ્યાન ખેંચ્યું છે અને એ બધા જ વિષય પર એક કરતાં વધારે આખ્યાન, કાવ્ય કે વાર્તાઓ લખાયેલી મળી આવે છે. વાર્તાસાહિત્યને **શામળે** તેમ પુરાણકથાઓને આધારે લખાયેલાં કાવ્ય–આખ્યાનોને પ્રેમાનન્દે જે નવીન ઝોક આપ્યો તેની આગળ પ્રથમની અનેક રચનાઓ ઢંકાઈ ગઈ–ઝાંખી થઈ ગઈ, છતાં પણ એ જ શામળ કે પ્રેમાનંદ પોતાના પુરોગામીઓના કંઈ ઓછા ઋણી નથી એ તો અત્યાર અગાઉ અનેક વાર પૂરવાર થઈ ગયેલું છે. જેમ કોઈએ લખ્યું છે કે પાણિનિનું વ્યાકરણ તેના સર્વ પુરોગામી વૈયાકરણીઓની રચના કરતાં શ્રેષ્ઠ હોવા છતાં તેની રચના પણ તો જ સંભવી કે જો ખામીભરેલી પણ પૂર્વરચનાઓ હતી. એક સામાન્ય કથન તરીકે આ વસ્તુ પ્રાચીન ગૂજરાતી સાહિત્યને લાગુ પાડવામાં વાંધો નથી.[૧] વીરસિંહકૃત ઉષાહરણની પ્રસિદ્ધિ પાછળ પણ એવો જ ઉદ્દેશ રહેલો છે. મને લાગે છે કે ઉષા વિષેનું સૌથી પ્રથમ કાવ્ય ગૂજરાતી ભાષામાં આ જ છે—જે ઉષાએ પછીના સમયમાં દરેકેદરેક ગૂજરાતી કુટુમ્બમાં બહેનો અને માતાઓને આકર્ષ્યાં, જેની કથા માણભટ્ટોએ અને કથાકારોએ ચૈત્ર માસમાં

૧ જુઓ અગીયારમા સાહિત્યસંમેલનમાં મારો નિબંધ 'આપણું લોકવાર્તાવિષયક પ્રાચીન સાહિત્ય' તથા રા. મજમુદારસંપાદિત 'સુદામાચરિત્ર'.

ચકલેચકલે ગાઈ. અત્યાર સુધી પ્રાચીન સાહિત્યના અભ્યાસીઓથી છેક જ અજ્ઞાત રહેલા આ **વીર**સિંહકૃત ઉષાહરણ ઉપરાંત સં. ૧૫૪૮માં જનાર્દને[1] અને ત્યારપછી કાન્હ, **નાકર**, **વિષ્ણુદાસ**, **માધવદાસ**, **નરસિંહ**, **નવલ** અને **માનપુરી**એ તથા છેક છેલ્લાં અરાઢમી સદીમાં **પ્રેમાનંદે** એ વિષય પર પોતાની કલમ ચલાવી છે. લોકદૃષ્ટિએ તો તુરતને માટે **પ્રથમનાં** કાવ્યો ભૂલાઈ ગયાં, પણ અભ્યાસદૃષ્ટિએ તેમનું મૂલ્ય કંઈ ઘટ્યું નથી. અજાણતાં કે ઈરાદાપૂર્વક પણ, વાર્તાઓ કે આખ્યાનો લખીને યશભાગી થનાર **શામળ** કે **પ્રેમાનન્દ**, યશભાગી નહીં થનાર પોતાના પુરોગામીઓને પુષ્કળ અંશે આભારી છે. આ દૃષ્ટિએ **વીર**સિંહકૃત ઉષાહરણ અભ્યાસ માટે ઉત્તમોત્તમ સામગ્રી પૂરી પાડે છે એટલું જ નહીં પણ, હું અનુમાન કરૂં છું ત્યાં સુધી, એ કાવ્ય સોળમા શતકની પહેલી પચ્ચીસીનું હોવાને લીધે ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ પણ તેની ઉપયોગિતા જેવી તેવી નથી. અનુગામી કવિઓ 'ઉષા'ના વિષયપરત્વે પુરોગામીઓના કેટલા ઋણી છે, વસ્તુ અને કલ્પનાનાં વિવિધ અંગોની પરસ્પર કેવી રીતે આપ-લે થઈ છે તેની ચર્ચા હવે પછી કરવામાં આવશે.

હાથપ્રત અને તેનું સંશોધન : કાવ્યનો સમય

આશરે પાંચેક વર્ષ પહેલાં **પાટણ**માં પ્રવર્તક **શ્રી**મત્કાન્તિવિજયજી મહારાજ પાસેનાં હસ્તલિખિત પુસ્તકો જોતાં આ ઉષાહરણની હસ્તલિખિત પ્રત મારા જોવામાં આવી હતી. સોળ પાનાની પોથીમાં જૈન ઢબના સામાન્ય રીતે સુરેખ કહી શકાય એવા દેવનાગરી અક્ષરોમાં આખું કાવ્ય લખાયેલું છે. લખ્યા સંવત ૧૫૬૯ છે. પુષ્પિકા નીચે પ્રમાણે છે : **इति उषाहरण समाप्त ॥ श्री ॥ संवत १५६९ वर्षे भाद्रपदमासे कृष्णपक्षे बुधदिने श्रीपूर्णिमापक्षे पूज्य श्री श्री भुवनप्रभसूरिशिष्य वा० रत्नमेरलिखितं । शुभं भूयात् कल्याणमस्तु ॥ छ ॥ यादृशं पुस्तके दृष्टं तादृशं लिखित मया । यदि शुद्धमशुद्धां वा मम दोषो न दीयते ॥** કાવ્યમાં કોઈ સ્થળે રચનાસંવત આપેલો નથી. કવિનું નામ પણ કાવ્યને અંતે તથા વચમાં બીજા એકાદ સ્થળે કરવામાં આવેલા છેક સંક્ષિપ્ત ઉલ્લેખ ઉપરથી જ જાણવામાં આવે છે. પરન્તુ પ્રતિમાં અશુદ્ધિઓ પુષ્કળ છે એ જોતાં તેનો રચનાસંવત સહેજે લેખનસંવતથી આશરે ૨૫-૩૦ વર્ષ પહેલાં લઈ જઈ શકાય. **પદ્મનાભ**કૃત **કાન્હડદેપ્રબન્ધ**માંનું ઘોડાનું વર્ણન **વીર**સિંહના વર્ણન સાથે ઘણે અંશે મળતું આવે છે એમ મને લાગે છે; પણ **કાન્હડદેપ્રબન્ધ**નો રચનાકાળ સં. ૧૫૧૨નો છે અને **વીર**સિંહની અસર તેના ઉપર થયેલી કલ્પીએ તો ઉષાહરણની રચનાનો સમય પણ તે કરતાં સહેજે ૨૦-૨૫ વર્ષ પૂર્વે તો લઈ જવો ઘટે જ. **કાન્હડદેપ્રબન્ધ** પર **વીર**સિંહની અસર સ્થાપિત કરવા માટે એટલા દૂર જવું તે કરતાં **વીર**સિંહ **પદ્મનાભ**નો અનુગામી હોઈ **કાન્હડદેપ્રબન્ધ** જેવા ઉત્કૃષ્ટ કાવ્યની તેના ઉપર કંઈક અસર થઈ હશે એમ માનવું વધારે સયુક્તિક છે. વળી સં. ૧૫૪૮માં રચાયેલા **જનાર્દન**કૃત ઉષાહરણ ઉપર પણ **વીર**સિંહની કેટલીક સ્પષ્ટ અસરો માલુમ પડે છે તે જોતાં **વીર**સિંહના ઉષાહરણની રચનાનો સમય આશરે સં. ૧૫૨૦-૨૫ આસપાસ અનુમાન કરવો વાસ્તવિક લેખાશે.

આ કાવ્યનું સંશોધન માત્ર એક જ હસ્તલિખિત પ્રત ઉપરથી થયું છે. એની બીજી

---

૧. દિ. બા. ધ્રુવસંપાદિત 'પ્રાચીન ગૂર્જર કાવ્ય'

નકલ કોઈ સ્થળે હોય એમ મારા જાણવામાં નથી. પ્રવર્તક શ્રી કાન્તિવિજયજીના જ સંગ્રહમાં એક વાર તૂટક પાનાંઓમાં આ કાવ્યની બીજી કોઈ પ્રતનું એક માત્ર છેલ્લું હસ્તલિખિત પાનું મેં જોયું હતું, પણ હવે તો તે શોધી કાઢવું મુશ્કેલ છે. કાવ્યની ઉપયોગિતા અને પ્રાચીનતા જોતાં તેનું પ્રકાશન પ્રાચીન સાહિત્યના અભ્યાસીઓને ઇષ્ટ છે એમ લાગતાં એક જ પ્રત ઉપરથી બનતી મહેનતે મેં સંશોધન કર્યું છે.

ફુટનોટમાં આપેલો પાઠ એ મૂળ પ્રતનો પાઠ છે અને તેની જગાએ મેં કલ્પેલો પાઠ ઉપર મૂક્યો છે. પ્રત માત્ર એક જ અને તે પણ અશુદ્ધ મળી હોવાથી કર્ણકઠોર અને અપ્રિય લાગે એવા પાઠ પણ જો અર્થની દૃષ્ટિએ શુદ્ધ લાગતા હોય તો તે કંઈ પણ ફેરફાર કર્યા વગર કાયમ રાખ્યા છે. ભવિષ્યમાં જો આની વિશેષ પ્રતો મળી આવે તો જ અર્થ અને સુશ્લિષ્ટતા એ બન્ને ગુણોથી યુક્ત એવો પાઠ, કવિને અન્યાય કર્યા વગર, સંશોધિત કરીને આ વિષયના રસિકો સમક્ષ મૂકી શકાય. કેટલેક સ્થળે અર્થની અસ્પષ્ટતા રહેવા પામી છે તે આ મુશ્કેલીને લીધેજ.

પોથીના અંતે કાવ્યની કડીઓની સંખ્યા ૫૦૨ આપી છે, પણ ગણતરી કરતાં એ ઉલ્લેખ શુદ્ધ માલુમ પડતો નથી. અંતરંગમાં પણ અનેક કડીઓ તૂટક હોય એમ સંબંધ ઉપરથી માલુમ પડે છે. આથી તેમજ પુસ્તકને અંતે આપેલી શબ્દસૂચિની યોજનાની સગવડ ખાતર છાપેલી આવૃત્તિમાં કડીઓની સંખ્યા ન આપતાં પાનાં દીઠ લીટીઓની સંખ્યા જ આપી છે.

પ્રથમ તો કાવ્ય પર સંક્ષિપ્ત ટીકા લખવાનો વિચાર હતો, પણ છેક સંક્ષિપ્ત ટીકા કરતાં ઉપયોગી શબ્દોની વ્યુત્પત્તિ સાથેની સૂચિ રેફરન્સ માટે વધારે ઉપયોગી થશે એમ ધારીને ટીકા આપવાનો વિચાર જવા દીધો છે.

શ્રીમદ્ ભાગવત અને હરિવંશ પરથી રચાયેલાં પ્રાચીન ગૂજરાતી કાવ્યોની સૂચિ અભ્યાસીઓને ઉપયોગી થઈ પડશે એમ ધારીને ગ્રન્થની છેવટે આપી છે.

કાવ્યબંધ

હજારથી વધારે પંક્તિઓના આ કાવ્યનો પદબંધ દૂહા, ચોપાઈ, પદ્ધડિ, સારસી અને વસ્તુ એ માત્રામેળ છંદોથી તથા ક્વચિત્ દેશીઓથી બંધાયેલો છે. લયના, અક્ષરના, રૂપના તથા માત્રાના બંધનથી મુક્ત છતાં તેમાં લેવાતી સર્વ છૂટ ભોગવતું પ્રાસયુક્ત ગદ્ય–બોલી–પણ આમાં એકાદ સ્થળે વપરાયેલ છે.[1] અક્ષરમેળ છંદો પૈકી એક માત્ર ભુજંગપ્રયાતનો ઉપયોગ પણ ક્વચિત્ થયેલો છે.[1] આ બધા છંદો અને રચનાઓ પર કવિનો સુંદર કાબુ છે એમ કાવ્ય વાંચતાં જણાયા સિવાય રહેતું નથી. અપભ્રંશ અને પ્રાચીન ગૂજરાતી

૧. બોલી નામથી ઓળખાતી રચના એક સમયે ગૂજરાતી સાહિત્યમાં અત્યંત લોકપ્રિય હતી. સં. ૧૪૭૮માં રચાયેલ માણિક્યસુન્દરસૂરિકૃત પૃથ્વીચન્દ્રચરિત્ર(જુઓ ગા. ઓ. સી. પ્રાચીનગૂર્જરકાવ્યસંગ્રહ)નો ઘણોખરો ભાગ 'બોલી'મય છે. મધ્યકાલીન ગૂજરાતીમાં રચાયેલા સભાશૃંગાર નામથી ઓળખાતા ગ્રન્થોની પણ આખીયે રચના એવી છે અને તે ઉપરથી અનુમાન થાય છે તેમ ઝડઝમકયુક્ત કવિતાથી પણ કંઈક આગળને તબક્કે ગયેલી એ 'બોલી'નો ઉપયોગ સભારંજન માટે સારી પેઠે થતો હોવો જોઈએ ઠેઠ ઓગણીસમી સદીના અંત સુધી રા ગણપતરામ રાવાડી જેવા અર્વાચીન કહી શકાય એવા લેખકોએ તેનો ઉપયોગ કર્યો છે. સારા ભાગ્યે એ શૈલી અર્વાચીન સાહિત્યમાંથી નામશેષ બની છે.

સાહિત્ય કેટલાક એવા સુન્દર છંદો ધરાવે છે કે જે આપણા નવા કવિઓએ બેશક અપનાવવા જેવા છે. પદ્ધડી, સારસી (હરિગીત) અને વસ્તુ જેવા જોરદાર અને સુન્દર, અક્ષરમેળ છંદો પણ ઘણા ઓછા છે. પ્રાચીન ગૂજરાતી, રાજસ્થાની અને હિન્દીનો સુભાષિતછન્દ દૂહો તો હવે લગભગ અદૃશ્ય જ થઈ ગયો છે. શ્રેષ્ઠ માત્રામેળ છન્દો પ્રત્યે પણ વર્તમાન ગૂજરાતી કવિઓનો મોટો ભાગ ઉદાસીનતા કેમ સેવે છે તે સમજવું મુશ્કેલ છે.

કાવ્યનો કર્ત્તા

કાવ્યના કર્ત્તા વિષે કંઈજ હકીકત જાણવામાં આવી નથી. નામ ઉપરથી, તે ઘણે ભાગે ક્ષત્રિય હશે એવું અનુમાન થાય છે. ક્ષત્રિયોની વિવિધ કોમોનું અને લશ્કરમાંના ઘોડાઓનું તેણે જે વર્ણન કર્યું છે તે ઉપરથી રાજદરબાર સાથે તેનો સંપર્ક હોય એવું સ્પષ્ટ જણાઈ આવે છે. વિશેષ સાધનો સિવાય આથી વિશેષ અનુમાન કરવું જોખમભરેલું છે.

કાવ્યની ભાષા

કાવ્યની ભાષા, આગળ બતાવ્યું તેમ, વિક્રમના સોળમા શતકના આરંભની છે, એટલે મધ્યકાલીન ગૂજરાતીની દ્વિતીય ભૂમિકામાં આપણે તેને ગણાવી શકીએ.[૨] આ દ્વિતીય ભૂમિકાનો સમય પંદરમી સદીની છેલ્લી પચીસી અને સોળમી સદી લગભગ આખી ગણી શકાય. **ભીમ**નું સદયવત્સચરિત્ર, **વિષ્ણુ**દાસ **ભીમ**ની હરિલીલાષોડશકલા અને **પ્ર**બોધચન્દ્રોદય, **પદ્મ**નાભનો **કા**ન્હડદેપ્રબન્ધ, **માં**ડણની **પ્ર**બોધબત્રીસી અને રૂકમાંગદઆખ્યાન, **લિમ્બજી**નું **રામાયણ**, **શ્રી**ધરનો **રા**વણમંદોદરીસંવાદ, કર્મણનું **સી**તાહરણ, જનાર્દનનું ઉષાહરણ તથા અન્ય જૈન તેમ જૈનેતર અનેક કવિઓની રચનાઓ આ સમયમાં આવે. સંક્ષેપમાં એટલું કહેવું બસ થશે કે અપભ્રંશ અને પ્રાચીનતમ ગૂજરાતીની ભૂમિકામાંથી કંઈક અર્વાચીનત્વમાં અવતરતી ભાષાની લાક્ષણિકતાઓ–જેવી કે, **અ**+ઉને બદલે વિકલ્પે હ્રસ્વ ઉ અને **અ**+ઉંને બદલે વિકલ્પે દીર્ઘ ઊં; બહુવચનમાં **ઓ** પ્રત્યયનો ઉપયોગ; સાતમી વિભક્તિમાં **માં** પ્રત્યય; **નઈ, નઇં, નિ** તેમ **અનઇ, અનઇં, અનિ** એ સર્વેનો એક સાથે ઉપયોગ; ક્રિયાપદમાં અને અન્તે સ્વરભારવાળા શબ્દોમાં તૃતીયા અને સપ્તમીમાં **અ**+ઈ જૂદો તેમ જ **અ**નો લોપ થતાં ઈ એકલો પણ મળી આવે છે–ઉષાહરણમાં સર્વ સ્થળે નજર પડે તેમ છે. સં. ૧૫૬૯ જેટલી જૂની હાથપ્રતમાં પણ અર્વાચીનતાનો ભાસ કરાવે એવાં કેટલાંક રૂપ મળી આવે છે, એ ખાસ ધ્યાન ખેંચે છે. બદલાતાં ઉચ્ચારણો જ એ માટે કારણભૂત હોઈ શકે.

ઉષાહરણમાંથી મળતી પ્રકીર્ણ માહિતી

સામાન્યતઃ દરેક રચનામાં તેના કર્તાના સમયનું અને પરિસ્થિતિનું પ્રસંગાનુસાર આછું કે ઘેરૂં પ્રતિબિંબ પડયા સિવાય રહેતું નથી. એ મુજબ ઉષાહરણમાંથી તત્કાલીન સમયની કેટલીક પ્રકીર્ણ માહિતી મળે છે. જો કે એ માહિતી ઘણીજ આછી છે છતાં

---

૧. પ્રાચીન ગૂજરાતીમાં બહુ જૂના કાળથી અક્ષરમેળ છન્દો વપરાતા હતા એ તો હવે એક સ્થાપિત બીના છે (જુઓ **માધવદાસ**કૃત **રૂપસુન્દરકથા**); પણ અક્ષરમેળ છન્દોમાંયે **ભુજંગપ્રયાત**નો ઉપયોગ સૌથી જૂનો છે. જયશેખરસૂરિકૃત **ત્રિભુવનદીપકપ્રબન્ધ**માં અવહટ્ઠ ભાષામાં તે વપરાયો છે અને **ધનપાલ**કૃત **ભવિસયત્તકહા** તથા બીજાં કેટલાંક અપભ્રંશ કાવ્યોમાં પણ તેનો ઉપયોગ થયો છે. તપાસ કરતાં અપભ્રંશ સાહિત્યમાં તેનો વપરાશ આ કરતાં યે વધારે પ્રાચીન સમય સુધી લઈ જઈ શકાય તેમ છે.

૨. પ્રાચીન ગૂજરાતી પદબન્ધ **મહાભારત**, રા. કેશવરામ **શાસ્ત્રી**સંપાદિત, પુસ્તક ૨, ઉપોદ્ઘાત.

એવી હકીકત પણ કેટલીક વાર અભ્યાસીને પુષ્કળ ઉપયોગી થઈ પડે છે એમ ધારીને તેની થોડીક તારવણી અહીં આપી છે. કિલ્લા અને મહાલયને લગતાં સામાન્ય નામોમાં પ્રાકાર, પોલિ, ફારકા, ભોગલ, ખાઈ, કોઠા, કોસીસાં, ધવલહર, બાડ, માલીયાં, ગુખ, જાલીયાં, ત્રિકલસાં, ચિત્રસાલિ, તલહટી વગેરે જોવામાં આવે છે. પકવાનો અને ખાદ્ય પદાર્થોમાં ખીર, ખાજાં, ખાજલી, માડાં, માડી, મરકલી, સુહાલાં, સાંકરિ, સાંકલી, સીંગલહુરી, દહીથરાં, વેઢમી, વડાં, ઘારી, લામણુ, લાડુ, લાપસી, કરંબ, 'કાચી ફડસી માહિ કપૂર,' 'સાલિદાલિ.' સેવ, ધારી, સુખડી વગેરેનાં નામ આવે છે. વસ્ત્રાભૂષણોમાં કમખો, કાંચલી, ચોળી, ઊઢણું, રાખડી, સીન્દૂરરેખ, પીયલ, નગોદર, હાર, કંબલિ, ચૂડી, મેખલા, નેઉર, પટુલી, થાટ વગેરે નામ મળે છે. શસ્ત્રાસ્ત્રોમાં અશીમર, ખડ્ગ, તરૂઆરી, કટારાં વગેરે છે. વાજીંત્રોમાં ભુંગળ, કાહાલી અને ઢોલ એ નામ છે.

ઉપરાંત બીજી કેટલીક વધારે સામાન્ય ગણી શકાય એવી વિગતો આવે છે. નીતિ અને ધર્મશાસ્ત્રનું સોળમા સૈકાનું ધોરણ અત્યારથી ખાસ જૂદું નહોતું એટલે તેને લગતી બાબતો તો જવા જ દઈએ. સામાજિક બાબતોમાં પુનર્વિવાહ અનિષ્ટ મનાતો એમ 'બીજી બંધાઈ નહી કાણુક અનઇ કુઆરિ (પૃ.) એ પ્રકારની ઉક્તિ પરથી લાગે છે; 'આ માગઇ આફણી અ ભરથાર' (પૃ.) બતાવે છે કે પુત્રી પોતે પતિની પસંદગી કરે એ એક અધમતાનું લક્ષણ ગણાતું; 'રબારિઆનિ દિઇ બહુમાન, ઊંટિ ચડાવી આપઇ પાન' (પૃ) પરથી લાગે છે કે ખેપીયાનું કામ ઊંટવાળા રબારીઓ કરતા. કાવ્યને અંતે 'ઓલી'માં આપેલું દ્વારકામાં ઉત્સવનું વર્ણન પણ સૂચક છે. વધારે ઝીણી વિગતોમાં ઉતરતાં આથી પણ વધારે અનુમાનો કદાચ ખેંચી શકાય પરન્તુ કવિ પોતાના સમયની લોકવાર્તા નથી લખતો, તેની નજર સમક્ષ વધુ અંશે તો અનુમાનથી કલ્પેલો દ્વાપરયુગ છે; એટલે એવાં બધાંજ સૂક્ષ્મ અનુમાન કદાચ વાસ્તવિક ન પણ થઈ પડે.

ઉષાહરણ : એક કાવ્ય તરીકે

અપભ્રંશમાંથી પ્રાચીન ગૂજરાતીનું અવતરણ થયું ત્યારથી તે વિક્રમની ઓગણીસમી સદી સુધી તે ભાષામાં અનેક 'કવિઓ' લખી ગયા છે, પરન્તુ એવા સેંકડો 'કવિઓ'માંથી સાચા કવિ નામને લાયક ઘણા ઓછા છે. લગભગ છસો વર્ષ જેટલા લાંબા સમયમાં, **ભાલણ**, **નરસિંહ**, વિષ્ણુદાસ, **ભીમ**, **માંડણ**, **શ્રીધર** વ્યાસ, **વિષ્ણુદાસ**; **અખો**, **માધવ**, **પ્રેમાનંદ**, **વલ્લભ**, અને **દયારામ** તથા **લાવણ્યસમય** અને **સોમસુન્દરસૂરિ** જેવા જૈન કવિઓની કક્ષામાં બીજાં કેટલાં નામો આપણે ઉમેરી શકીએ છીએ ? પ્રાચીન ગૂજરાતી સાહિત્ય છેલ્લાં વીસેક વર્ષોમાં પુષ્કળ જડી આવ્યું છે, પરન્તુ કેવળ ભાષા અને એવાજ બીજા પ્રકારની અભ્યાસદૃષ્ટિ બાદ કરીને જોઈએ તો તેમાંનો મોટો ભાગ શુષ્ક લાગશે. પ્રાચીન ગૂજરાતી સાહિત્ય હજી થોકડાબંધ—બૃહત્કાવ્યદોહન જેવા સંખ્યાબંધ ગ્રન્થો જેટલું—અપ્રસિદ્ધ પડ્યું છે પણ સામાન્ય પ્રજાને તેમાંના મોટા ભાગનું વાચન ભાગ્યેજ ગમશે. **શામળભટ્ટની** પૂર્વે સેંકડો વાર્તાઓ લખાઈ છે પણ તે મોટે ભાગે શુષ્ક અને હકીકતોનું જ દર્શન કરાવનારી; **પ્રેમાનંદની** પૂર્વે પુષ્કળ આખ્યાનો લખાયાં છે, પણ તે મોટે ભાગે પુરાણકથાઓ પ્રત્યેના શ્રોતાઓના પૂજ્ય ભાવને પ્રતાપે તેમને આકર્ષી રાખનારાં. **વીરસિંહનું** ઉષાહરણ **પ્રેમાનંદની** કૃતિ કરતાંયે વધારે વિશિષ્ટતા ધરાવે છે એમ કહેવું એ તો ખરેખર ધૃષ્ટતા જ છે, પણ

એ સિવાય બીજા કવિઓની એજ વિષય પરની કૃતિઓમાં તે અગ્રસ્થાને છે. એમાં ભાવ-દર્શક આલેખનો નથી પણ રસભર કહી શકાય એવાં વર્ણનો અને સંવાદો તથા અભ્યાસી વાચકનો રસ છેવટ સુધી ટકાવી રાખે એવી પ્રવાહબદ્ધતા છે.

મધ્યકાલીન ગૂર્જર સાહિત્યની જે ઉપયોગિતા આજે રહી છે તે વાચનના રસની દૃષ્ટિ કરતાં અભ્યાસદૃષ્ટિએ છે, એટલે કવિનાં ગમે ત્યાંનાં વાકયો ટાંકી તેમાં કયે કયે સ્થળેથી કયો કયો રસ ટપકી રહ્યો છે એ વિષય પર લાંબું વિવેચન કરવાની જરૂર નથી. વીરસિંહના કવિત્વના તેજવાળા કેટલાંક ફકરાઓ યથાસ્થિત ટાંકીને જ હું સન્તોષ માનું છું.

ઉષાને ચિત્રમાં દ્વારકાનું દર્શન કરાવતાં ચિત્રલેખા કહે છે—

ભણઇ ચિત્રા ભણઇ ચિત્રા વયણ સુણિ હેવ,
યુગાન્તર જહે હસિ, તરણિતાપ સવે જંત મરસિ,
ઝડઝંઝાનિલ વાજસિ, શિખરશૃંગ ત્રૂટેવિ પડસિ,
મહિણ મર્યાદા લોપસિ, ધ્રૂમંડલિ જલ જાઇ,
તેણિ સમઇ એ પુરતણઉં મહિથલ નવિ ભેદાઇ.

ઉષાનું રૂપવર્ણન—

મૃગલોઅણી જોઅણી રૂપ ધત્તિ, આદિત્ય કર રુવ સૌમ્ય અત્તિ,
ભ્રૂવંક તિ પુષ્પ અંકુડિ અકાર, કૂરા વાલ કાલ અણીયાલ સાર,

× × ×

તિહાં તનવન્ન સોવન્ન સોલ, અંખિ અંજનિ, મુખિ તંબોલ,
સિરિ વેણી કટી લગી ઢલહલંતિ, ઝબકિ ફણીમણિ ઝલહલંતિ,
વિચિ સહિથિ ભરિય સિન્દૂરરેખ, વરતરણિ કિરણિ પ્રત્યક્ષ પેખ,
નલાટિ આડિ પીયલિ કિમચ્છ, તલિ મયંક ટીલી અ સરિચ્છ,
કન્નિ ઝાલિ ગલિ લગી વીજજ્યોતિ, કિ...વર હંસલી પ્રાશિ મોતિ,
નગોદર દોરા કંઠિ હાર, કંચલિય કમખિ કસણ બાર,
કરિ કંકણ, કંબલિ, કણયચૂડિ, અંગુલિ ખટ મુદ્રડીય રૂડી,
મણિમેખલી કટિયલિ લહલહંતિ, પાયે નેઉર રણઝણંતિ,
પંગણિ પટુલિ લિખિત રૂપ, માલતીમાલ ઉરિ, શીશ ખૂંપ,
મણિહાર મયકહ ગલિ રાજેહ, આભરણ તિ ઉપિ અંગિ એહ.

યાદવોનું સૈન્ય—

પય પાણી દ્રમકઇ, ધરણિ ધ્રૂજઇ, અંબુ અંબુધિ છલછલ્યાં,
સિરિ સેસ રહણ રાખી ન સકઇ, નાગ નવકુલ ટલટલ્યાં,
રજરેણિ રવિ સવિ કિરણ મંજિ, હીંકહીંકારવ ઘણું
શોણિતપુર ભણિ સેન ચાલું જગતિ રા' જાદવતણું.
ઘોડલે ઘૂઘર ઘાલિ, ગાજઇ વયણ હણહણહણ કરી,
પાઉત કરહાં કોડી રણકઇ, ગુરુગુરુડિહિં ગંગરિ,
સારસી મત્તા કરઇ મેગલ, ઘંટઘંટારવ ઘણું
શોણિતપુર ભણિ સેન ચાલું જગતિ રા' જાદવતણું.

કૃષ્ણે નીપજાવેલો કાલજ્વર—

કાલજ્વર કૃષ્ણ નીપાય, કાલા કાજલવન્ન
ઝલકઇ ઝાંટિ બાબરિ, કુંજરના બિ કન્ન.

આંખિ રાતિ, નાક ડેબરૂં, મહિમાહિ પંડૂર ડાઢ,
ગાલિ બિ ખાડા, કોટ ઊંટની, નેત્રની વચ્ચિ વલિ વાટ,
ભઈસુ વાહન કરઇ ભોપાલુ, બોલઇ ભખલી ભાખ,
પેટ કરંકિ જઈનિ લાગુ, ઘટિ નહિ પલ માસ,
મુહમાહિ પંડૂર ડાઢ ખડખડઇ, જીભ લબરકા વાહિ,
'ભૂખ્ય ભૂખ્ય' ઇણિ પરિ બોલઇ, તુ દેખી દલ ભાજઇ.

દ્વારકામાં આનન્દોત્સવઃ—

બુહારી અ છંડી અ વાટ, બાંધિઇ પરિયટ પાટ, મંડપિ ઉભી અ શિણગારિઇ હાટ, અબલાસિરિ ઊઢયા ઘાટ, હાથીદાંતના ત્રાટ, વિપ્ર વેદ ભણઇ, કલ્યાણ ઉચરઇ ભાટ; કાન્હજી બાણ મોડી, આવઇ અનિરુદ્ધ છોડી: આવઇ ઉચ્છાહિ ઘણઇં દ્વારિકાંપુરિ, એક આવાસ સોહિ, પંચાવાના નીર ડોહિ, ચિત્રામ લિખિઇ ત્રિભુવન મોહિ, દેવદીપક બોહિ, ધીઈસું ઉંબર ઢોહિ, તોરણ સહકારતણાં સોહિ; એક કરિ ભરી કુંભ, માહિ વાસિત અંભ, ભણી આભૂષણ દિઇ હરિ વાલિંભ, કેલિ આગલિ થંભ, આગલિ ઊભી અ રંભ, ઊછંગિ કરી એ લીધઉ આપણઉ ડંભ; આઠમિઇ અવતારિ, કંસ માલાખાડિ મારી, બલિતણ બાણ મનાવીય હારિ, યાદવ વંશ અવધારિ, સોલ સહસ્ર નારિ, વરશીંગ ભણઇ દ્વાપરયુગ મઝારિ.

સામાન્ય કથનો

સંવાદો કે પ્રસ્તુત કથાપ્રસંગને વેગ આપવા માટે કવિએ સ્થળે સ્થળે સ્વાનુભવ કે લોકાનુભવથી ઘડાયેલ સામાન્ય કથનો (generalizations) આપ્યાં છે. સામાન્ય કથનોની પ્રથા સંસ્કૃત સાહિત્યમાં પણ બહુ જૂની છે. પંચતન્ત્ર અને હિતોપદેશ જેવા સામાન્ય જ્ઞાન માટે યોજાયેલા ગ્રન્થોનો મોટો ભાગ આ પ્રકારનાં કથનો વડેજ રોકાયેલો જણાશે. કથાકાવ્યોમાં પણ એનો પુષ્કળ પ્રમાણમાં ઉપયોગ થયેલો છે. પ્રાકૃત, અપભ્રંશ અને પ્રાચીન ગૂજરાતી સાહિત્યમાં એનો સ્થળે સ્થળે ઉપયોગ છે. સંસ્કૃત–પ્રાકૃતમાં તો અર્વાચીન તેમજ પ્રાચીન વિદ્વાનોએ પણ સુન્દર સુભાષિતસંગ્રહો તૈયાર કરેલા છે. સુભાષિત કિંવા સામાન્ય કથન એ સભારંજની કવિતાનું ખાસ લક્ષણ છે–જે લક્ષણ શામળભટ્ટ અને દલપતરામની કવિતામાં પૂર્ણ અંશે પ્રકાશેલું મળી આવશે. વાચન–લેખનની બહુલતાના પ્રચારના આ જમાનામાં સુભાષિતો હવે નામશેષ થતાં જાય છે, મુખપાઠનો સૌને કંટાળો ઉપજે છે અને વાસ્તવિક રીતે જોતાં તેની બહુ ઉપયોગિતા પણ રહી નથી છતાં એ ભૂલવા જેવું નથી કે આપણા પ્રાચીન સાહિત્યમાં તેનું સ્થાન બહુ મહત્વનું લેખાતું અને સુભાષિતોનું–વખતસર યાદ કરીને બોલવાનું–જ્ઞાન એક પ્રકારની વિદગ્ધતામાં ખપતું.

પણ સામાન્ય કથનોના બે પ્રકાર છે. પહેલો પ્રકાર, લોકોક્તિઓનું અથવા પુરોગામી કવિઓનાં સુભાષિતોનું અવતરણ કરવાનો. જેમ કે તારામૈત્રકને લગતી વાત આવે તો

નમણ પદારથ, નયણ ધણ, નયણે નયણ મિલંત,
અણજાણ્યાસું પ્રીતડી પહિલું નયણ કરંત.

વિશ્વાસઘાતક મિત્રની વાત આવે તો

જિણ દિન વિત્ત આપણઈ, તિણ દિન મિત્ત ન કોય,
કમલહ રવિ પુણ મિત્ત હોઇ, જલ વિણ વેરી સોય.

અથવા કોઈ રૂપવંતી સ્ત્રીની વાત આવે તો

કદ તેં નાગ વીસાસિયા, નેણ દિયાં મૃગ ઝલ્લ,
ગોરી, સરવર કદ ગઇ હંસાં સીખણ હલ્લ?

આવુંજ કંઈક કથન મૂકવામાં આવશે. આમ શ્લોકો મૂકવાની પરંપરા સંસ્કૃત વાર્ત્તાસાહિત્યમાં વિશેષ પ્રચલિત હતી અને ખાસ કરીને જૈન સાધુઓએ રચેલા ગૂજરાતી સાહિત્યમાં પણ તે વિશેષ પ્રમાણમાં છે.[1] પુષ્કળ પ્રચલિત જોરદાર સુભાષિતોના ઉચ્ચારણથી કે વાચનથી સામાન્ય શ્રોતા કે વાચક એક વિશિષ્ટ પ્રકારનો રસ અનુભવે છે એ ધ્યાનમાં રાખીનેજ આ પરંપરા છેક ગઈ પેઢી સુધી ચાલેલી છે. અત્યારે ચારણ કવિઓ કેળવાએલ શ્રોતાઓને પણ એજ પ્રમાણે રોમાંચ અનુભવતા કરી મૂકે છે. સામાન્ય કથનનો બીજો પ્રકાર, પોતાની રચનામાં ચાલુ છંદમાં કે વાર્ત્તામાં કવિ પોતાનાં સ્વરચિત કથનો, કથનના પ્રવાહમાં તદ્દન સેળભેળ થઈ જાય એવી રીતે ગોઠવી દે, તે છે. પ્રેમાનન્દે આ પ્રકારનું જ સર્વાંશે અનુસરણ કર્યું છે. શામળની પદ્ધતિ આથી સહેજ જુદી છે. પોતાની વાર્ત્તાઓમાં તેણે સેંકડો સુભાષિતો ઉતાર્યાં છે પણ તે સર્વ તેનાં સ્વરચિત છે એમ માનવાને કારણ નથી. કેટલાંક તો બીજે સ્થળેથી એવાં ને એવાં ઉતારેલાં છે અને બીજા કેટલાંક અન્ય સ્થળેથી કલ્પના લઈને પોતાને ફાવતા છંદમાં પોતાની વિશિષ્ટ રીતે તૈયાર કરી લીધેલાં છે. સામાન્ય કથનો સંપૂર્ણ રીતે મૌલિક હોય એ જો કે સંભવિત નથી, પણ મુકાબલે પ્રેમાનંદની પદ્ધતિ વધારે મૌલિક છે. અખા અને તેના પુરોગામી તત્ત્વજ્ઞાની કવિ માંડણના ચાબખાઓનો પ્રકાર વળી આથી તદ્દન જુદા પ્રકારનો છે. એ ચાબખાઓની પોતાની જ ખાસ વિશિષ્ટતા છે અને સામાન્ય સુભાષિતો કરતાં તેમનું સ્થાન ઘણું ઉંચું છે.

વીરસિંહનાં સામાન્ય કથનો ઘણે અંશે પ્રેમાનંદની કક્ષામાં જ આવી શકે તેમ છે. એમાંનાં કેટલાં તેણે બીજે સ્થળેથી ઉતારેલાં છે તે તપાસવાનું કામ મુશ્કેલ છે, પણ કાવ્યના પ્રવાહ સાથેના તેમના સંગઠન પરથી તો તેમાંનાં ઘણાં મને મૌલિક લાગે છે.

વીરસિંહનાં સામાન્ય કથનો મુકાબલે સુન્દર છે તેમ સંખ્યામાં પણ પુષ્કળ છે, પરન્તુ વિસ્તારભયને લીધે અત્રે માત્ર થોડાક નમૂનાઓ જ ટાંકું છું.

હજાર હાથ પ્રાપ્ત કરી મત્ત બનેલા બાણાસુર વિષે કવિ કહે છે—

માતુ મહિષ ભોમિસું ભીડિ, માતુ સંઘજ પાધરિ પડિ,
માતુ અતિ ઉલાલી સુંડ માતુ ગઈમર પાડઇ વૃન્દ.

'માતેલો સાંઢ ને ચોમાસું મ્હાલ્યો, કરડકણા કુતરાને હડકવા હાલ્યો' એ અખાની પ્રસિદ્ધ ઉક્તિ આ સાથે સરખાવવા જેવી છે.

બાણાસુરને યુદ્ધ નહીં કરવાનું સમજાવવા માટે શંકર કહે છે—

કહૂ, નહીં કુસુમને દડે, કિમ કિજઇ યુદ્ધ લોહડે?
લાગઈ તિહાં લોહી નીસરઇ, પાચિ થાઉ પીંડિ પીડ કરિ.

પાર્વતી ઉષાને શાપ આપતાં કહે છે—

'વછિ જ તુહનઇ રડતી રાહાવિ, કરિ સાહીનઇ કડઇ ચડાવી
તેહના કરડવા હીંડઇ કાન', શિવા ભણઇ, 'એ તાહરી શાન.'

× × ×

પરહણું થઈ ઘરિ પઈશરઇ, હેરું કરી સર્વજ સંહરઇ
× × ભોજન કરઇ તિહાં ભાણું ભાજિ'

---

૧ જુઓ 'પ્રસ્થાન આશ્વિન ૧૯૮૯, માગશર ૧૯૯૦, અને ચૈત્ર ૧૯૯૦ માં 'પ્રાચીન ગૂજરાતી સુભાષિતો' એ શીર્ષક મારા લેખો.

ઉષા પોતાની માતાને કહે છે—

ફુલ ધંતૂરા ધરણિ ઢલઇ, કાં માહેસર મસ્તકિ ચડઇ,
કઇ સુહણિ વરસું સનેહ કઇ હૂતાશનિ હોમું દેહ.
પરણી તે કિમ પરણિઇ. જિનતા, બીજી વાર?
રાંધું રંધાઇ નહીં અંન તે અવરહ વાર.

બાણાસુર ઉષાના ગૃહના રક્ષકને કહે છે—

× × માહરૂં મન ન માનિ વાત.
માતુ મેગલ સૂંઢિ ધરિ, એકલ કોલ કાન કાપરિ (?)
સીહતણઇ સંચારઇ નાથ, મણિધરનઇ મહિ ધાલિ હાથ,
ચ્યારિ પદારથ જે નર કરઇ, મઝ મંદિરિપઇ સંચરઇ.

કૃષ્ણ શોણિતપુરના ગઢરોધ વખતે યાદવોને કહે છે—

× × × આપણિ કલહરેસિ આવયા,
ગઢ પાખલિ પડી સ્યું રહિયે, નિબલ કંથ નારીસું રહિયે.

આ ઉપરાંત ઉષા-ચિત્રલેખા, પાર્વતી-દીપક, કૃષ્ણ-રુકિમણી, ઉષા-પાર્વતી, ઉષા અને તેની માતા વચ્ચેના સંવાદોમાં સામાન્ય કથનોનો અને કહેવતોનો જે ખૂબીથી અને રસભર ઉપયોગ થયો છે તે કોઈ પણ સારા કવિને જેબ આપે તેવો છે. ચાલુ કાવ્યરચનામાં સ્વરચિત સુભાષિતો સાથે કહેવતોનો આટલા પ્રમાણમાં અને આટલી સુન્દર રીતે ઉપયોગ ગૂજરાતી કવિઓ પૈકી ઘણા ઓછાએ કર્યો છે. આ સર્વ સાથે સંવાદોમાં તર્ક અને કલ્પનાનો જે સરસ ઉપયોગ થયો છે તે સંક્ષિપ્ત અવતરણોથી પૂરેપૂરો સમજાય તેવો નથી. એ માટે મૂળ કાવ્ય જ સાંગોપાંગ વાંચવું જરૂરી છે. જેમ અખા અને માંડણના ચાબખાઓમાંથી તે વખતની કહેવતો અને લોકપ્રચલિત ઉક્તિઓ વિષે કંઈક જાણવાનું મળે છે તેમ વીરસિંહના સંવાદોમાંથી-જો કે તે કરતાં કંઇક ઓછે અંશે—પણ એ માટેના અભ્યાસની કંઇક સામગ્રી મળે છે.

રયણ બીજોરૂં ઘાલું રાઇ, વડી સાથ વેચાણું જાય;
પતિ ભેટિ થુ કુંઅરી કહિ: રંક હાથિરતન કિમ રહઇ?
મૃગ મારી કસ્તૂરી લિઇ, વ્યાધ થકી વણિક ધરિ ગઈ,
પતિ લિઉં પ્રાણિ કુંઅરી કહિ, રંક હાથિ રતન કિમ રહિ?

× × ×

સુહણિ વરસું સંગતિ મંડી, છોહરિ, તે પરતખિ કિમ છંડિ?

× × ×

માઈ, તું મ બોલિસિ પાપ, બીજા પુરુષ તે બંધવ-બાપ.

× × ×

માડી, ચીભડલા ચોરણહાર બાપડલા બૂસટધણી,
તુ યોગિની જોએ વિચાર, સૂલિ સો નવિ ઘાલિઇ.

(પૃ.)

વગેરેમાં કહેવતોનો ઉપયોગ કવિના લગભગ સમકાલીન **માંડણે** **પ્ર**બોધબત્રીસીમાં અને **શ્રીધરે** **રાવ**ણમંદોદરીસંવાદમાં વાપરેલી કહેવતો સાથે કેટલો મળતો આવે છે? પ્રાચીન ગૂજરાતી સાહિત્યમાં કહેવતોનો ઉપયોગ કેવા પ્રકારે થયો છે અને તે માટે જે તે કવિઓ પોતપોતાના પુરોગામીઓને કેટલે દરજ્જે આભારી છે એ વિષય એક જુદોજ વિસ્તૃત નિબંધ માગી લે તેવો છે, એટલે અહીં તેની આટલી ચર્ચા કરીને જ સન્તોષ માન્યો છે.

સમશ્યાઓ

ગૂજરાતીના પ્રાચીન વાર્તાસાહિત્યમાં સમશ્યાઓનું એક વિશિષ્ટ સ્થાન છે. સમસ્યા પૂછવી અને તેનો જવાબ આપવો એ ચતુરાઇનું લક્ષણ હતું. એ પ્રકારની પૃચ્છામાં અને તેના જવાબમાં અમુક અંશે પાદપૂર્તિની કલા પણ રહેલી છે. એક સ્થળે દૂહા વિષે કહ્યું છે કે–

દૂહો તિહાં કહીજઇ, જિહાં હોહિ લોય સુજાણ,
અધૂરે પૂરો કરે, પૂરે કરે વખાણ.

વીરસિંહે, ઉષા–**અ**નિરુદ્ધે પરસ્પરને પૂછેલી કેટલીક રસિક સમસ્યાઓ ગોઠવી છે. વિદગ્ધ પ્રેમીઓ એક–બીજાની પરીક્ષા માટે સમસ્યાપ્રેષણ કરતાં એમ પ્રાચીન સાહિત્યના ઉલ્લેખો પરથી જણાય છે. बिल्हणपंचाशिकाનો નાયક **બિલ્હણ** જ્યારે પોતાની શિષ્યા રાજકુમારીને કામશાસ્ત્ર શીખવતો હતો ત્યારે તેણે એક સમસ્યા લખીને પડદા પાછળ બેઠેલી રાજકુમારી સમક્ષ નાખી કે–

निरर्थकं जन्म गतं नलिन्या
यया न दृष्टं तुहिनांशुबिम्बम् ।

ત્યાંથી તુરતજ જવાબ મળ્યો કે–

उत्पत्तिरिन्दोरपि निष्फलैव
स्पृष्टा प्रबुद्धा नलिनी न येन ॥

આવી સમસ્યાઓની અસર પછીના સાહિત્ય પર પુષ્કળ થઇ છે. **શામ**ળભટ્ટકૃત **મ**દનમોહના કે જેના વસ્તુની કલ્પના પણ **શામ**ળે મુખ્યત્વે **બિલ્હણ** વિષેના કથાનક પરથી લીધી લાગે છે, તેમાં આ પ્રકારની સમસ્યાઓ છે. **હી**રાનંદસૂરિકૃત **વિ**દ્યાવિલાસ-પવાડામાં જ્યારે રાજકુમારી **સૌ**ભાગ્યમંજરી મૂર્ખ પ્રધાનપુત્ર **વિ**નયચટ્ટ સાથે નાસી જાય છે ત્યારે રસ્તામાં તેની ચતુરાઈની પરીક્ષા કરી જોવા માટે સમસ્યાઓ પૂછી જૂએ છે. **વીર**જીકૃત **બ**લિરાજાનું આખ્યાન તથા **કા**માવતીની વાર્તા, **કુ**શળલાભકૃત **મા**ધવાનલ, **શામ**લભટ્ટકૃત **પ**દ્માવતી અને **ભ**દ્રાભામિની એ સૌમાં આવી સમસ્યાઓ એક કે બીજે રૂપે દેખા દે છે. बिल्हणकाव्य ગૂજરાતમાં ખૂબજ પ્રસિદ્ધ હતું. बिल्हणपंचाशिका જેવીજ સ્વ-કલ્પિત **શ**શીકલાપંચાશિકા **જ્ઞા**ન નામે સોળમા શતકમાં થઈ ગયેલા એક કવિએ રચી છે. કેવળ વિનોદાર્થે લખાયેલી મળી આવતી તદ્દન સામાન્ય પ્રકારની સમસ્યાઓ બાદ કરીએ તો સળંગ કાવ્યોની અન્તર્ગત સમસ્યાઓ મોટે ભાગે પ્રેમવિષયક છે—અથવા પ્રેમી અને પ્રેયસીના સંવાદ રૂપે છે. આ અસર ગૂજરાતમાં અતિશય પ્રસિદ્ધિને

પામેલા બિલ્હણકાવ્યની જ છે એમ માનવામાં વાંધો નથી. ગૂઢાર્થ–વિષયક સંસ્કૃત કવિતાઓ અને સમસ્યાઓના સંગ્રહો બહાર પડેલા છે તેમ ગૂજરાતીમાં પણ જો થાય તો અભ્યાસની દૃષ્ટિએ તે સારી પેઠે ઉપયોગી થઈ પડે તેમ છે.

શૃંગારિક સ્વપ્નાંનું સાહિત્ય

ઉષાહરણની વસ્તુગુંથણી, ઉષાને શૃંગારિક સ્વપ્ન આવે છે તે પર મુખ્યત્વે થયેલી છે. પાર્વતીના શાપથી તે સ્વપ્નમાં અનિરુદ્ધને મળે છે અને પછી ચિત્રલેખાની સહાયથી તેને પરણે છે. ઉષાહરણની રચના ભાગવતાદિ પુરાણો ઉપરથી થયેલી છે અને મુકાબલે વધારે અર્વાચીન ગણી શકાય એવા જૂના સાહિત્ય પર તેની પુષ્કળ અસર પડી છે. ઉપલબ્ધ સાધનો ઉપરથી જણાય છે તેમ અતિ પ્રાચીન સાહિત્યમાં અને જીવનમાં શૃંગારિક સ્વપ્નો-ખાસ કરી સ્ત્રીઓને આવતાં સ્વપ્નો–નું એક ખાસ સ્થાન હતું. વૈદિક કાળમાં આ પ્રકારને તદ્દન સામાન્ય માનવામાં આવ્યો છે. કેટલીક જંગલી જાતિઓ આ પ્રકારને વળી વધારે પવિત્ર માને છે. પાપુઅન લોકો માને છે કે કોઈ પણ છોકરીને પ્રથમ રજોદર્શન, મનુષ્ય-રૂપમાં આવેલા ચન્દ્રદેવ સાથે તેના સ્વપ્નમાં થતા મિલનથી થાય છે.[૧] એરીસ્ટોટલ, ગેલન, ફેર્નીલીયસ ઇત્યાદિએ પણ આવુંજ કંઇક માનેલું છે.[૨] બાણકૃત કાદમ્બરીમાં, ગર્ભાધાનકાળે રાણીને ચન્દ્ર મુખમાં ઉતર્યો હોવાનું સ્વપ્નું આવ્યું હતું, તેવો ઉલ્લેખ છે. પુષ્ટિસંપ્રદાયમાં એકાદ સ્થળે આવા સ્વપ્નસંયોગની વાત આવે છે એ પ્રસિદ્ધ છે.

ઇષ્ટદેવો સાથે સ્વપ્નમાં વાતચીત થવાની, તેમની તરફથી કંઈક આજ્ઞા, સલાહ અથવા સૂચનાઓ મળવાની વાતો પૂર્વ અને પશ્ચિમના ધાર્મિક સાહિત્યમાં સર્વ સ્થળે છે. દેવને ઉત્કટ અને ઉદ્દામ પ્રેમપૂર્વક ભજવાની ભાવનાના એક માનસિક પરિણામરૂપે આવી સ્વપ્નસંયોગની વાતોએ, કોઈ પ્રજામાં સામાન્ય વહેમરૂપે તો કોઈ પ્રજામાં વધારે પવિત્ર એવી ધાર્મિક માન્યતારૂપે સ્થાન મેળવ્યું હોય તો એમાં કંઈ નવાઈભરેલું નથી. આવી માન્યતાનું મૂળ પ્રાચીન–અતિપ્રાચીન છે એમાં તો બીલકુલ શક નથી.

બૃહત્કથા–કથાસરિત્સાગર, એરેબીયન નાઇટ્સ અને વસુદેવહિંડિ જેવા દુનિયાના સૌથી પ્રાચીન વાર્ત્તાગ્રન્થોમાં આવી વાર્ત્તાઓ એક કે બીજા સ્વરૂપે મળે છે. લોકવાર્ત્તાઓની આયાતનિકાસ લોકમુખપરંપરા વડે દુનિયાના એક છેડાથી બીજા છેડા સુધી થઈ છે. સુહિણી–મેહારની વાર્ત્તા એક ગ્રીક મન્દિરના પૂજારી અને તેની પ્રેમિકાની વાર્ત્તા સાથે યથાસ્થિત મળતી આવે છે, સદેવંત–સાવળિંગાની વાર્ત્તામાંના ઘણા અંશો લયલા–મજનૂની કહાણી સાથે મળે છે, કાષ્ઠના ઉડતા ઘોડાની વાતો દરેક દેશના સાહિત્યમાં ઓછાવત્તા ભિન્ન સ્વરૂપે નજરે પડે છે, પરીકથાઓનાં કલ્પનાઉડ્ડયનો દુનિયાના ઘણા દેશોમાં એકસરખાં જોવામાં આવે છે અને રાજકુમારો અને રાજકુમારીઓનાં સ્વપ્નાંમાં લગ્ન થયાની, તેથી એક બીજા પ્રત્યે પ્રેમ ઉપજ્યાની અને તે પછી લગ્ન થવાની વાર્ત્તાઓ બધે સ્થળે લગભગ એકસરખી જ છે. માનવજીવનની અને માનવસ્વભાવની અગમ્ય એકતાનું દુનિયાના સર્વ ભાગોમાં એકસરખા ચાલતા આ વાર્ત્તાપ્રવાહોથી સૂચન થાય છે.

---

૧. Ellis: studies in the psychology of sex, Vol. 1. 199.

૨. એજન, પૃ. ૧૯૯.

આ પ્રવાહોની અસર આપણા દેશ ઉપર થયા વગર રહે જ કેમ? બૃહત્કથા જેવા અતિપ્રાચીન વાર્તાગ્રન્થો અસ્તિત્વમાં હતા તે ઉપરથી, બીજી કોઈ સમકાલીન ભાવના પરથી, માન્યતા પરથી કે ચાલી આવતી કથનપરંપરા પરથી તે તો કોણ જાણે; પણ ભાગવત અને હરિવંશ જેવાં માનનીય પુરાણોએ ઉષા–અનિરુદ્ધના સ્વપ્ન–સ્વયંવરની કથાને શ્રીકૃષ્ણનાં ચરિત્રો સાથે ભેળવી લીધી અને ધર્મપ્રેમી જનતાની જીહ્વા પર ઠેઠ અત્યાર સુધી અમર બનાવી મૂકી.

આ પરંપરાએ એક કે બીજે સ્વરૂપે જેમ સમસ્ત હિન્દના તેમ ગૂજરાતના પ્રાચીન સાહિત્ય પર વિશિષ્ટ અસર ઉપજાવી છે. વીરસિંહ, જનાર્દન, કાન્હ, વિષ્ણુદાસ, નાકર, નરસિંહ નવલ, માનપુરી, માધવદાસ ઈત્યાદિ પ્રસિદ્ધ–અપ્રસિદ્ધ કવિઓએ ઉષાહરણની કથાથી આકર્ષાઈને પોતપોતાની બાનીમાં તેને ઉતારી, એટલું તો નહીં જ પણ અન્ય સાહિત્ય પર પણ તેની પુષ્કળ અસર પડી.

તે દુઃખ જાણઇ દેવ જે સ્વપ્ને મિલિયાં સાજણાં,
હિવ આંખિ ન આવઇ નિંદ કિહાં મિલવું કિહાં દેખવું ?
સજ્જણ ઈક્ક વિદેસડઇ રાતિ સંતાપઇ આઇ,
જઇ સોવઉં તઇ આ પડઇ, જઇ જાગઉં તઇ જાઇ.

એવાં પ્રાચીન સુભાષિતો તથા હિન્દી દુહાઓ જેવા કે

देखौं जागत वैसिए सांकरि लगी कपाट ।
कित ह्वै आवत जात भजि को जानैं किहिं वाट ॥

અને સંસ્કૃત સુભાષિતો જેવાં કે

स्वप्ने दृष्टा किमपि पिशुनाशङ्कया नैव पृष्टा
स्पृष्टा नीवी न खलु भयतः किङ्किणीनिक्वणानाम् ।
आश्लेषाय स्पृहयति मयि द्राग्व्यरंसीदसीमा
निद्रामुद्रा शिवशिव दशोरिदशो दुर्विपाकः ॥

याः पश्यन्ति प्रियं स्वप्ने धन्यास्ता सखि योषितः ।
अस्माकं तु गते कान्ते गता निद्रापि वैरिणी ॥

मुग्धा स्वप्नसमागते प्रियतमे तत्पाणिसंस्पर्शनं
रोमाञ्चाञ्चितया शरीरलतया संभाव्य कोपात्किल ।
मा मा वल्लभ संस्पृशेति सहसा शून्यं वदन्ती मुहुः
सख्या नो हसिता सचिन्तमसकृत्संशोच्चिता प्रत्युत ॥

વગેરેમાં આવી અસર સ્પષ્ટ જોઈ શકાય તેમ છે.

સંસ્કૃત, પ્રાકૃત અને પ્રાચીન ગૂજરાતી સાહિત્યમાં અનેક વાર્તાઓ એવી છે કે જેના કથાવસ્તુની ગુંથણી શૃંગારિક સ્વપ્નને જ લગતા મુખ્ય પ્રસંગ પર થઈ હોય. કથાસરિત્સાગરમાં આવી અનેક લાંબી વાર્તાઓ મળી આવશે. જેસલમેરના ભંડારમાંની ભૂષણભટ્ટસૂનુકૃત પ્રાકૃત લીલાવતીકથાનું વસ્તુ પણ સ્વપ્ન પર જ રચાયેલું છે. ભાસકૃત સ્વપ્ન-

વાસવદત્તનું વસ્તુ સ્વપ્નના પ્રસંગ પરજ યોજાયું છે સંસ્કૃત કાવ્ય-નાટક સાહિત્યમાંથી આને લગતા નાનામોટા ઉલ્લેખો ઘણી મોટી સંખ્યામાં મળી આવે તેમ છે. એક રાજકુમાર અથવા રાજકુમારી પોતાની ભવિષ્યની પ્રેયસી અથવા પ્રેમીને સ્વપ્નમાં જુએ, જાગતાં વિયોગ અનુભવે અને પછી તેને મળવા પ્રયત્ન કરે; આ વસ્તુ લગભગ દરેક વાર્તામાં સંકળાયેલું જોવામાં આવશે. ગૃજરાતી સાહિત્યમાં, જૈનકવિ ઉદયભાણે સં. ૧૫૬૫માં લખેલો **વિક્રમ-રાસ** તથા જૈન કવિઓ **અભયસોમ** અને **પરમસાગરની** અનુક્રમે સં. ૧૭૨૪ અને ૧૭૨૯માં રચાયેલી **વિક્રમલીલાવતીરાસ** નામથી ઓળખાતી કૃતિઓમાં **માલવદેશપતિ ગર્દભસેનનો** પુત્ર **વિક્રમ, ચંપાનગરના** રાજા **ચંપકસેનની** પુત્રી **લીલાવતી** સાથે સ્વપ્નમાં પરણ્યો; પણ **લીલાવતી** પુરુષદ્વેષિણી હતી છતાં તેના મનનું સમાધાન કરી તેની સાથે કેવી રીતે લગ્ન કર્યું એ વાર્તા આવે છે. **શામળભટ્ટ** અને તેના પુરોગામી બીજા કવિઓએ રચેલી **સિંહાસનબત્રીસી** અને **વેતાલપચીસીમાં** આવી વાતો આવે છે. વધુ ઝીણવટથી તપાસ કરતાં અત્યારે પ્રસિદ્ધ અને અપ્રસિદ્ધ એવા ગૂજરાતી વાર્તાસાહિત્યમાંથી આવાં ઉદાહરણો મોટી સંખ્યામાં શોધી શકાય તેમ છે.

આ બધી અસર કેવળ ઉષાહરણની પુરાણકથાની હશે એમ માની શકાય તેવું નથી. શ્રીમદ્ **ભાગવતની** રચના પણ નહીં થઈ હોય એટલા જૂના સમયથી લોકકથાઓ, વહેમો અને ધાર્મિક માન્યતાઓરૂપે આ પ્રકારની વાર્તાઓ પ્રચલિત છે. ઉષાહરણની કથા ઉપર પણ એ સૌની અસર ઓછાવત્તા પ્રમાણમાં હોય તો કંઈ નવાઈ પામવા જેવું નથી. જો કે પછીના સમયમાં ઉષાહરણનું કથાનક પુષ્કળ લોકપ્રિય થયું. ગૂજરાતમાં તો તેનું માહાત્મ્ય અને પ્રચાર ઘણો જ વધ્યો. આવી સ્થિતિમાં ઉષાહરણની અસર વધારે અર્વાચીન રચનાઓ ઉપર થઈ હોય. બાકી સામાન્ય રીતે તો, શૃંગારિક સ્વપ્નાંઓની પરંપરા હજારો વર્ષો જેટલી પ્રાચીન છે અને એ પરંપરાની બે શાખાઓ-એક લોકવાર્તારૂપે અને બીજી ધાર્મિક માન્યતાઓ અને કથાનકોરૂપે-કાળે કરીને નીકળી તથા તે બન્નેનો સંપર્ક ઓછાવત્તા પ્રમાણમાં થતો રહ્યો એમ માનવું એ વધારે સયુક્તિક છે.

ઉષાહરણ કે અનિરુદ્ધહરણ ?

પ્રસ્તુત કાવ્યના વસ્તુ પર ઝીણવટથી વિચાર કરતાં એ પ્રશ્ન થાય છે કે વાસ્તવિક દૃષ્ટિએ યોગ્ય એવું નામ 'ઉષાહરણ' હોવું જોઈએ કે '**અનિરુદ્ધહરણ**?' ઉષાહરણ શબ્દ **ભાગવતમાં** મળતો નથી, માત્ર હરિવંશમાં મળે છે. શ્રી ફૉર્બસ ગૂજરાતી સભાના સંગ્રહમાં પ્રેમાનંદકૃત ઉષાહરણની સં. ૧૮૦૩માં લખાયેલી એક હસ્તલિખિત પ્રત છે. તેની પુષ્પિકામાં કાવ્યને '**અનિરુદ્ધહરણ**' નામ આપવામાં આવ્યું છે. **ભટ્ટારક જયસાગરે** સં. ૧૭૩૨માં **અનિરુદ્ધહરણ** રચ્યું છે. પ્રેમાનંદે પોતાના કાવ્યનું નામ 'ઉષાહરણ' રાખ્યું હોવા છતાં એ જ કાવ્યના ૨૭મા કડવામાં '**અનિરુદ્ધહરણ કથાય**' એમ કરીને તે '**અનિરુદ્ધહરણ**' નામનો ઉલ્લેખ કરે છે. વધારે પ્રચલિત નામ જો કે 'ઉષાહરણ' છે, છતાં કથાવસ્તુનું સુયોગ્ય પ્રતિબિંબ પાડે એવું નામ હોવું જોઇએ તે દૃષ્ટિએ '**અનિરુદ્ધહરણ**' એ નામ વધારે યોગ્ય છે, કારણકે હરણ તો **અનિરુદ્ધનું** થયું હતું, નહીં કે ઉષાનું.

(૨)

ભાગવત અને હરિવંશ અન્તર્ગત ઉષાહરણ

ઉષાહરણ નામે રચાયેલાં આખ્યાનો અને કાવ્યોનું ઉદ્‌ગમસ્થાન હરિવંશપુરાણ અને શ્રીમદ્ ભાગવત છે. હરિવંશપુરાણના વિષ્ણુપર્વના ૧૧૬મા અધ્યાયથી ૧૨૮મા અધ્યાય સુધી ઉષાહરણની કથા વિસ્તારપૂર્વક આપી છે અને 'ઉષાહરણ' નામ જે ભાગવતમાં નથી મળતું તે એમાંથી પ્રાપ્ત થાય છે. ભાગવતના દશમસ્કન્ધના ઉત્તરાર્ધમાં અધ્યાય ૬૨-૬૩માં સંક્ષેપમાં આ કથા આપેલી છે. વીરસિંહ અને બીજા કવિઓએ તેનું કેવા પ્રકારે રૂપાન્તર કરેલું છે તે જાણવા સારૂ એ બન્નેનો કથાસાર અહીં આપવો જરૂરી છે.

હરિવંશાન્તર્ગત ઉષાહરણનો કથાસાર

અધ્યાય ૧૧૬:—બલિરાજાના પુત્ર બાણાસુરે તપ કરીને મહાદેવને સન્તોષ્યા અને તેમના પુત્રત્વને પ્રાપ્ત કર્યું. શોણિતપુર નામે નગરમાં રહીને તે રાજ્ય કરવા લાગ્યો. સહસ્ર બાહુ હોવાથી અને શંકરની કૃપા હોવાથી દેવ, દાનવ અને પન્નગ તેની સામે યુદ્ધમાં ઉભા રહી શકતા નથી. આથી યુદ્ધકાંક્ષી એવા તેણે શંકર પાસે જઈને પોતાને સન્તોષકારક એક યુદ્ધ કયારે થશે એમ પૂછયું. શંકરે કહ્યું કે જ્યારે તારા ધ્વજનો ભંગ થશે ત્યારે તારી યુદ્ધકાંક્ષા પણ પૂરી થશે. આથી હર્ષ પામીને તે પોતાના નગરમાં પાછો આવ્યો, મન્ત્રી કુંભાંડે પૂછતાં તેણે પોતાને મળેલા વરની વાત કરી. કુંભાંડે તેને ખૂબ ઠપકો આપ્યો. એટલામાં તો વીજળી પડવાથી ધ્વજનો ભંગ થઈ ગયો. અશુભ ચિહ્નો જણાયાં અને શોણિતપુરમાં શોણિતનો વરસાદ વરસવા લાગ્યો. યુદ્ધકાંક્ષી બાણ આથી આનંદ પામી પાનક્રીડા કરવા લાગ્યો અને મંત્રી કુંભાંડ વિનાશકાળ આવ્યો જાણી ખેદ પામ્યો.

અધ્યાય ૧૧૭:—એક વાર દેવીની સાથે શ્રી શંકર નદીતીરે ક્રીડા કરતા હતા અને ચિત્રલેખા વગેરે અપ્સરાઓ તેમની સેવા કરતી હતી. એવામાં બાણાસુરની પુત્રી ઉષા ત્યાં આવી. પાર્વતીને જોઈને તેને પણ પતિ પામવાનો સંકલ્પ થયો. તેનો અભિપ્રાય જાણીને પાર્વતીએ તેને વરદાન આપ્યું કે વૈશાખ સુદી બારસની રાત્રીએ તને પતિનો સમાગમ થશે. યક્ષકન્યાઓ, અપ્સરાઓ અને કિન્નરીઓ ઉષાની સખી બની ગઈ. ઘેર આવતાં ઉષાને મન્મથાગ્નિ પેદા થયો. સખીઓ અને માતાએ તેને સમજાવી. વૈદ્યોએ નિષ્ફળ ઉપાયો કર્યા.

અધ્યાય ૧૧૮:—ત્યાર પછી વૈશાખ સુદ બારસની રાત્રીએ ઉષાને અનિરુદ્ધનો સમાગમ થયો. સવારમાં તેનો વિયોગ થતાં તે રૂદન કરતી ઉઠી. કુંભાંડની પુત્રી કે જે ચિત્રલેખા અપ્સરા જ હતી તેણે ઉષાને સાત દિવસમાં તેનો પતિ લાવી આપવાનું વચન દીધું. ત્રણે ભુવનનું આલેખન તેણે કરતાં ઉષાએ દ્વારકામાંથી અનિરુદ્ધને ઓળખી લીધો. તેને લાવવાને માટે ચિત્રલેખા આકાશમાર્ગે દ્વારકાંમાં પહોંચી ગઈ.

અધ્યાય ૧૧૯:—દ્વારકામાં પહોંચીને ચિત્રલેખા વિચાર કરતી ઉભી હતી તેવામાં નારદમુનિનો ભેટો થયો. તેમણે તામસી વિદ્યા ધારણ કરીને ચિત્રલેખાને પોતાનું કાર્ય કરવાનું કહ્યું. અંદર જતાં અનિરુદ્ધને નાટારંગની વચ્ચે પણ અસંતુષ્ટ અવસ્થામાં બેઠેલો ચિત્રલેખાએ જોયો. અનિરુદ્ધને પણ ઉષાનો સ્વપ્નસમાગમ થયો હતો. એટલે આ બધું

કાર્ય તેને ઇચ્છિત જાણી, તેને લઈને ચિત્રલેખા પાછી શોણિતપુર તરફ ઉડી. ઉષાની સાથે ગાન્ધર્વવિધિએ લગ્ન કરાવ્યું. ઉષાના મકાનના રક્ષકોને આ માલુમ પડતાં તેમણે અનિરુદ્ધને મારવાનો પ્રયત્ન કર્યો; પણ અનિરુદ્ધે તેમને પુષ્કળ માર મારીને હાંકી કાઢતાં બાણાસુર અને કુંભાંડ મોટું લશ્કર લઈને આવ્યા. રડતી ઉષાને આશ્વાસન આપીને અનિરુદ્ધ યુદ્ધ કરવા ગયો અને તેમાં બાણાસુરને પણ માર મારીને અર્ધમૂર્ચ્છિત બનાવી દીધો. કુંભાંડના કહેવાથી બાણાસુરે નાગપાશમન્ત્ર વડે અનિરુદ્ધને બાંધી લીધો અને તેને મારવાનો હુકમ કર્યો પણ ઉષાને તે ગાન્ધર્વવિવાહથી પરણ્યો હોઈ મારવાને યોગ્ય નથી એમ કુંભાંડે કહેતાં તેને જીવતો રાખી બંધનમાં નાખ્યો. આકાશમાં યુદ્ધ જોવા ઉભેલા નારદમુનિએ દ્વારકાં તરફ ગમન કર્યું. એટલે શોક કરતી ઉષાને અનિરુદ્ધે આશ્વાસન આપ્યું કે આપણા રક્ષણ માટે શ્રીકૃષ્ણ આવવાની હવે તૈયારી છે.

અધ્યાય ૧૨૦:—બંધનમાં રહેલા અનિરુદ્ધે ઉષાની સાથે કોટવતી દેવીની સ્તુતિ કરી.

અધ્યાય ૧૨૧:—દ્વારકાંમાંથી અનિરુદ્ધ અદૃશ્ય થતાં સર્વ યુવતીઓ શોક કરવા લાગી. કૃષ્ણે ભેરીનાદ કરીને સર્વ યાદવોને ભેગા કર્યા અને અનિરુદ્ધની શોધ કરવાની આજ્ઞા કરી. અનિરુદ્ધને કોણ હરી ગયું હશે એ યાદવો પરસ્પર વિચાર કરવા લાગ્યા. એટલામાં ત્યાં નારદમુનિ આવી પહોંચ્યા. તેમણે શોણિતપુરમાં અનિરુદ્ધ નાગપાશથી બંધાયાની વાત કરી. કૃષ્ણે ગરુડને બોલાવ્યો અને સર્વે યુદ્ધ માટે જવાને તૈયાર થયા.

અધ્યાય ૧૨૨:—શોણિતપુર પહોંચીને, રુદ્રના અનુચર જે અગ્નિઓ ચારે બાજુથી નગરની રક્ષા કરતા હતા તેમને ગરુડે પોતાની ચાંચમાં પાણી ભરીને બુઝાવી નાખ્યા. ત્યાર પછી યુદ્ધ શરૂ થતાં શ્રીકૃષ્ણ અને રુદ્રના જ્વર વચ્ચે દ્વંદ્વયુદ્ધ થયું.

અધ્યાય ૧૨૩:—જ્વરે પોતાનામાં પ્રવેશ કર્યો જાણીને શ્રીકૃષ્ણે પણ ભયંકર વૈષ્ણવ-જ્વરનું સર્જન કર્યું. તે રુદ્રના જ્વરને કૃષ્ણ સમક્ષ પકડી લાવ્યો. રુદ્રનો જ્વર ભય પામીને કૃષ્ણની સ્તુતિ કરવા લાગ્યો. કૃષ્ણે તેના પર કૃપા કરીને કહ્યું કે યુદ્ધ વખતે તારા અને મારા વચ્ચે થયેલા આ સંવાદનું જે સ્મરણ કરશે તેનો જ્વર નાશ પામશે. આમ વરદાન પામીને તે જ્વર રણક્ષેત્રથી દૂર થયો.

અધ્યાય ૧૨૪:—શંકર અને શ્રીકૃષ્ણ વચ્ચે તુમુલ યુદ્ધ થયું. મહાદેવે ત્ર્યંબક સર્જન કરતાં તો ત્રણે લોકમાં ઉલ્કાપાત મચી રહ્યો.

અધ્યાય ૧૨૫:—કૃષ્ણે જૃંભણાસ્ત્ર મૂકીને શિવને આળસમાં નાખ્યા. બગાસું ખાતા શંકરના મુખમાંથી નીકળેલી અગ્નિજ્વાળા દશે દિશાને પીડવા લાગી. ધરણીદેવીએ પોતાની પીડા ટાળવા માટે બ્રહ્મા પાસે જઇને સ્તુતિ કરી. યુદ્ધ કરતા હરિ–હરની વચ્ચે આવી બ્રહ્મા એ બે મહાદેવોને શાન્ત પાડવા સ્તુતિ કરવા લાગ્યા.

અધ્યાય ૧૨૬:—એક બાજુ યાદવો અને બીજી બાજુ શંકરના ગણો તથા બાણાસુરના અનુચરો વચ્ચે થયેલું તુમુલ યુદ્ધ. રુદ્રે બાણનું રક્ષણ કરવા માટે લંબાદેવીને કૃષ્ણ સમક્ષ નગ્નાવસ્થામાં મોકલી. સુદર્શન ચક્રે માત્ર બે હાથ સિવાય બાણના સર્વ હાથ છેદી નાખ્યા. બાણાસુરને મહાદેવે આપેલાં વરદાનો.

અધ્યાય ૧૨૭:—કુંભાડે કરેલી કૃષ્ણસ્તુતિ. ઉષા–અનિરુદ્ધનું લગ્ન. પરિવાર સહિત કૃષ્ણનું દ્વારકાં આવવું. દ્વારકાંમાં થઈ રહેલા આનન્દોત્સવનું વર્ણન.

અધ્યાય ૧૨૮:—કુંભાંડની કન્યા સાંબને પરણાવવામાં આવી. અપ્સરારૂપધારિણી ચિત્રલેખા પોતાની સખીઓની આજ્ઞા માગી સ્વર્ગમાં ગઈ. સર્વત્ર આનન્દ થઈ રહ્યો.

શ્રીમદ્ ભાગવતાન્તર્ગત ઉષાહરણનો કથાસાર

મહાન્ દાનવ બલિરાજાનો ઔરસપુત્ર બાણાસુર પરમ શિવભક્ત હતો. તાંડવમાં શિવને સન્તોષ આપીને તેણે એક હજાર બાહુ મેળવ્યા હતા. પરન્તુ તેની યુદ્ધની ઈચ્છા પૂરી થઇ નહીં એટલે શિવ પાસે જઈને પોતાના સમોવડિયા યોદ્ધાની માગણી કરી. શિવે ક્રુદ્ધ થઈ જવાબ આપ્યો કે તારો કેતુ જ્યારે ભગ્ન થાય ત્યારે જાણજે કે તારો સમોવડિયો પેદા થયો છે.

બીજી બાજુ, બાણાસુરની પુત્રી ઉષાને પ્રદ્યુમ્નના પુત્ર અનિરુદ્ધ સાથે સ્વપ્નમાં સંયોગ થયો; પરન્તુ ઉઠતાં તેને ન જોઈને

सा तत्र तमपश्यन्ती क्वासि कान्तेति वादिनी ।
सखीनां मध्य उत्तस्थौ विह्वला व्रीडिता सति ॥[1]

ત્યારે ઉષાની સખી ચિત્રલેખાએ કહ્યું,

व्यसनं तेऽपकर्षामि त्रिलोक्यां यदि भाव्यते ।
तमानेष्ये नरं यस्ते मनोहर्ता तमादिश ॥[2]

અને પછી ત્રણ લોકનું આલેખન કરી ઉષાનું બતાવ્યું. દ્વારકાં આલેખતાં

मनुजेषु च सा वृष्णीन् शूरमानकदुन्दुभिम् ।
व्यलिखद्रामकृष्णौ च प्रद्युम्नं वीक्ष्य लज्जिता ॥
अनिरुद्धं विलिखितं वीक्ष्योषावाङ्मुखी ह्रिया ।
सोऽसावसाविति प्राह स्मयमाना महीपते ॥[3]

---

૧. સરખાવો વીરસિંહની કડી—

સૂતી જવ જાગી શશીવયણી, દેવકુંઅર નવિ દીઠુ નયણિ.
'કિહાં ગયુ કંથ માહરૂ, મહિલિ ધાઈ પૂઠિ ધરઉ.'

૨. સરખાવો—

રાતિ જે તઈ દીઠઉ રાઉ, કુંઅરિ, તિ જોવા કરિસ ઉપાઉ;
રડતી રહિ, સમરિ સરિકેશ, સરજ્યુ હસિ તુ સોધી લેશિ.

૩. સરખાવો—

અસુર તણી કુંઅરી નીસરી તેણિવસરિ સા દીઠી પુરી,
ઉઠણૂં ઉઢયું આધું કરી, આગમિચિ લજ્જા અવતરી.

× × ×

જોઈ જાં એ જણીય જુગતિ ઠાકુર હરથાનકિ થૈ ચિત્તિ
સુહણામાહિ જે પરણ્યો પુરુષ ચિત્રસાલિ સા દીઠ સરિષ.

(પૃ.)

આ સાંભળીને, કૃષ્ણના એ પૌત્રને ઓળખી ચિત્રલેખા દ્વારકાં તરફ ઉડી અને પલંગ સાથે ઊંઘતા અનિરુદ્ધને લાવીને ઉષાના આવાસમાં મૂક્યો. ઉષા અને અનિરુદ્ધને પરસ્પર પ્રેમ બંધાયો. રક્ષકોની જાણમાં આ પ્રકાર આવતાં કન્યાનું આ દૂષણ તેમણે બાણાસુર સમક્ષ નિવેદન કર્યું. આથી બાણ પોતાના રક્ષકો સાથે ઉષાના આવાસમાં આવ્યો અને અનિરુદ્ધને ત્યાં જોઇને આશ્ચર્ય પામ્યો પણ ત્યાં તો

स तं प्रविष्टं वृतमाततायिभिर्भटैरनेकैरवलोक्य माधवः ।
उद्यम्य मौर्वं परिघं व्यवस्थितो यथान्तको दण्डधरो जिघांसया ॥
जिघृक्षया तान्परितः प्रसर्पतः शुनो यथा शूकरयूथपोऽहनत् ।
ते हन्यमाना भवनाद्विनिर्गता निर्भिन्नमूर्धोरुभुजाः प्रदुद्रुवुः ॥[૪]

પોતાના સૈન્યને આમ મારતા અનિરુદ્ધને બાણાસુરે તેને નાગપાશથી બાંધી લીધો અને તેને બંધાએલો જોઈને ઉષા શોકથી રૂદન કરવા લાગી.

બીજી બાજુ, અનિરુદ્ધને દ્વારકાંમાંથી ગુમ થયે ચાર માસ થયા હતા. નારદે આવીને શોણિતપુરમાં બનેલો પ્રકાર વર્ણવતાં સૌ યાદવો યુદ્ધ માટે તૈયાર થયા. બાણાસુરના નગરને તેમણે ઘેરો ઘાલ્યો, કૃષ્ણ–શંકરનું તુમુલ યુદ્ધ થયું. બાણાસુરની માતા કોટરા નગ્ન થઇ કેશ છૂટા મૂકી રણક્ષેત્રમાં કૃષ્ણની આગળ આવી, કૃષ્ણે લજ્જાથી નીચું જોયું અને બાણાસુરને નાસવાનો અવકાશ મળ્યો. ત્યાર પછી શિવના ત્રિશિરાજ્વર અને કૃષ્ણના વૈષ્ણવજ્વરનું યુદ્ધ થયું. વૈષ્ણવજ્વરથી હારી જઈને ત્રિશિરા કૃષ્ણની સ્તુતિ કરવા લાગ્યો. કૃષ્ણે તેને વરદાન આપ્યું કે આપણા આ સંવાદને જે સ્મરશે તેને જ્વરની પીડા થશે નહિ: શ્રીકૃષ્ણે વૃક્ષની શાખાઓ પ્રમાણે બાણાસુરના હાથ છેદી નાખ્યા. આ જોઈ રુદ્ર કૃષ્ણની સ્તુતિ કરવા લાગ્યા. કૃષ્ણે બાણાસુરને અભયદાન આપ્યું અને વહુની સાથે અનિરુદ્ધને લઈ દ્વારકાં આવ્યા.

(૩)

વીરસિંહકૃત ઉષાહરણનો કથાસાર

પ્રણમિસ સારદ વરદ વિસેસિ, વાણી વિમલ દિઉ મુઝ રેસિ,
નિઘટસ નવરસ કથા સમંધ પ્રાકૃતિઇ ચુપૈપિઅ બંધ
શામા શોણિતપુરી અ મઝારિ રા' બાણાસુર તણી અ કુમારી
ચિન્તિતિ વર વંછિત મનમાહિ રચિસ કવિત હું તીણઇ ઠાહિ.

આ પ્રમાણે ટૂંક મંગલાચરણ પછી કવિ કાવ્યની શરૂઆત કરે છે. શોણિતપુર નગરીનો સ્વર્ગ જેવો મહિમા હતો. ગામની આસપાસ કોટ અને ખાઈ હતી. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને નારૂકારૂથી ભરેલું નગર નરસમુદ્ર જેવું હતું. ઘેર ઘેર દ્રાક્ષના મંડપ અને કુવા હતા. સર્વલોક ચૂસ્ત શૈવધર્મી હતા. જ્યાં ત્યાં નમઃ શિવાય મન્ત્ર સંભળાતો. ત્યાં

૪. સરખાવો—

એક લેઈ વલગાડી કડિ, કંધિ માથઈ તે ફડફડઇ,
× × ×
ત્રીજુ હણ્યુ અવહથઇ ધાય, જીવ તેહનુ તતક્ષણિ જાઇ
રાઉત રૂઆછ્યુ અપાર, મરડી માર્યા તે તિણિ વાર;
બાહરિ રહ્યુ તિણિ કીધઉ નાસ, જૈ રા' આગલિ ખાધુ સાસ.

બાણાસુર એક છત્રે આણ વર્તાવતો. તે મહાબળવાન અને શિવભક્ત હતો. તે એક વાર ચારસો પરિજનો સાથે મહાદેવને ભુવને પૂજા કરવા બેઠો. મહાદેવને પકવાન અને નૈવેદ્ય ધરાવ્યા પછી 'છ વડ રાગ ભાષ છત્રીસ' મહેશ્વર આગળ ગાવા લાગ્યો. તે વખતે તેને મુંઝવણ થઇ કે 'કે મૂકું કે કરિ આવરૂં બિહુઆંહિ પૂજા કિમ કરૂં ?' શંકર પાસે તેણે હજાર હાથની માગણી કરી.

અહીં કથાનું બીજ રોપાયું. બાણાસુર મહાદેવની સ્તુતિ કરવા લાગ્યો. ભોળા મહાદેવ પ્રસન્ન થયા. અસુરના શરીરમાંથી નવસો અઠાણું હાથ નીકળ્યા, અને પગરૂપી વૃક્ષ પર ઘટા જેવા શોભવા લાગ્યા. બાણાસુરના હજાર હાથ સાંભળી કોઈ શત્રુ નાઠા કે કોઈ શરણે થયા. બાણાસુર સાથે બાથ ભીડે તેવો લોકમાં કોઈ રહ્યો નહીં; અને પછી 'માતુ મહિષ ભોમિસું ભીડિ, માતુ સીહજ પાધરિ પડિ' એ ન્યાયે બાણાસુર બળ જીરવી શકયો નહીં અને શંકર પાસે જઇ પોતાના સમોવડિયા યોદ્ધાની માગણી કરી.

શંકરે તેને યુદ્ધથી નિવૃત્ત થવા કહ્યું: 'કહું, નહીં કુસુમને દડે, યુદ્ધ કિમ કીજઇ લોહડે ?' છેવટે બાણે કહ્યું કે તમે મારી સાથે યુદ્ધ ન કરો તો તમારા સરખો કોઈ દેવ સરજો. ત્યારે શિવે ભવિષ્યવાણી ભાખી કે યુદ્ધ કરવાની તારી હામ પૂરી થશે. તારા રંગમંડપનો થંભ ભાંગી પડે ત્યારે જાણજે કે તારા દાંત પાડે તેવો પેદા થયો છે.

બીજી બાજુ, મહેશે આ બધું સૂત્ર રચ્યું અને બાણાસુરની રાણીને આધાન રહ્યું. પૂરા દશ માસે ઉષા પ્રકટી. જ્યારે ઉષા પાંચ વર્ષની થઈ ત્યારે ભવાનીનું વ્રત કર્યું અને ઉષા, ચિત્રલેખા, વિશાખા, શિખા, રેખા, પરિષા અને વિષા એ સાત સરખી સાહેલીઓ પાર્વતીની પૂજા કરવા કૈલાસમાં જવા તૈયાર થઈ. ત્યારે તેમાંની વિદ્યાભ્યાસંગી ચિત્રલેખા વિચારવા લાગી કે ભરથાર તો ભાવીમાં સરજ્યો હશે તેવો મળશે, પણ એક માત્ર વિદ્યા જ આ સંસારમાં દુર્લભ છે. એમ વિચારી તે સરસ્વતી પાસે ગઈ અને તેને ભક્તિ કરીને પ્રસન્ન કરી. બ્રહ્માની પુત્રીએ ચાર વેદ અને ચૌદ વિદ્યા તેને શીખવી. ત્યારે ચિત્રલેખા બોલી, "હે માતા, પિતામહ બ્રહ્મા કને માયાવી કાયા કરવાની વિદ્યા છે તે મને શીખવો"; અને શારદાના કહેવાથી પ્રજાપતિ પાસે તેનું અધ્યયન કર્યું. પછી તો જલચર થઇને જલરાશિમાં પેસવા લાગી, અંડજરૂપે આકાશમાં ભમવા લાગી, સિંહણરૂપે પર્વતમાં ફરતી અને સુર થઈને સ્વર્ગની ગતિ કરતી છેવટે 'ગુરુગમ્ય વિદ્યા સઘલી કરી સજનીસિઉં પહુતી શિવપુરી.'

હવે કૈલાસમાં શિવ એકલાજ હતા, કારણ ત્રિદશાવાસમાં રંભા રાસ કરતી હતી ત્યાં રુદ્રાણી ગઈ હતી. સર્વે સખીઓ શિવની પૂજા કરવા લાગી તે વખતે 'દેખી અનોપમ ઈશ્વરવેષ ઉષાનિ મનિ થયુ અભિલેષ.' ગંગા અને ગૌરી કરતાં અધિક બનવાની અને તેથી સર્વે સાહેલીઓમાં શોભા પામવાની તેને ઇચ્છા થઈ. ત્રિભુવનના હેતુરૂપ ત્રિપુરારિ તેનાથી આ વાત કેમ છાની રહે ? પ્રધાનપુત્રીએ ઉપાય બતાવ્યો : "આપણા ઉપર પાર્વતી પ્રસન્ન થાય ત્યારે ભણસિઃ 'વચ્છ, માગિ વરદાન,' આપણ વરસિ વર ઈશાન." તરતજ પાર્વતી આવી પહોંચ્યાં. તેમને આ સાંભળી ખૂબ ક્રોધ ચડ્યો અને ઉષાને શાપ આપ્યો કે, 'તઇં મનસા કીધી મઝ વરતણી, જા પરણિસિ નહીં પાપણી.'.

ઉષા તો આ ભયંકર શાપ સાંભળીને ગભરાઈ. જે વસ્તુ તે લેવા આવી હતી તેજ વસ્તુ તેને નહીં મળે એવી આગાહી પાર્વતીએ કરી. તે અનુગ્રહ માટે વિનંતિ કરવા લાગી.

વળી ચિત્રલેખા પણ પાર્વતીને પગે લાગી ત્યારે દેવીએ અનુગ્રહ કર્યો: 'કુંવરી! દુઃખ મા કર. તું સ્વપ્નમાં પરણીશ.' આ તો વળી એથીયે વધારે દુઃખ. ઉષા રડતાં રડતાં બોલી:

તન ખાવું, તન પહિરવું, તન નૃત્યક, તન નાદ,
પારવતી, પરણ્યા તણો રે સુહણઇ કિશઉ સવાદ?

ત્યારે પાર્વતીએ કહ્યું:

કાંઈ ખાવું, કાંઇ પહિરવું, કાંઇ ભંડરુઆં ભીડિ,
પરણ્યાનું ભૈરવી ભાણઇ, હોશઇ સુખ શરીરિ.

આ સાંભળી પ્રસન્ન થઈ ઉષાએ પાર્વતીની પૂજા કરી, પંચામૃત અને ગંગોદકથી સ્નાન કરાવ્યું, રાતીચોળ ચોળી પહેરાવી, વસ્ત્રો અગરના ધૂપથી સુગંધિત કર્યાં, કપાળમાં કસ્તુરીની ટીલી કરી તથા નૈવેદ્ય અને પાનસોપારી ધરાવી પગે લાગીને રજા માગી.

કેટલાક વખત પછી ઉમાને શાપે કરી ઉષાને સ્વપ્ન થયું. સાક્ષાત્ લક્ષ્મીના પુત્ર જેવા કોઈ રાજકુમારને તે પરણી. બન્નેનો પરિણીત પ્રમાણે આચાર થયો. ત્યાં તો સવાર પડવાથી કોઈ સહીયરે તેને જગાડી અને 'સૂતી જવિ જાગી શશીવયણી,' દેવકુંવર નવિ દેખુ નયણિ'. ઉષા શોકાતુર થઇ કલ્પાંત કરવા લાગી અને પોતાની જાતને અનેક દોષ દેવા લાગી. તેની માતાએ આવીને કહ્યું, 'પુત્રિ, શમણાં તો બધાં સંનેપાત સરખાં આળપંપાળ હોય. તું આવું આચરણ કરી બાપ અને બાન્ધવ બન્નેને લજ્જાવશ કરે છે. તને ગમે તેવો દાનવપુત્ર હું તને પાંચ દિવસમાં પરણાવું.' ઉષાએ જવાબ દીધો:

ફુલ ધત્તૂરા ધરણિ ઢલઇ, કાં માહેસર મસ્તકિ ચડઇ;
કઈ સુહણિ વરસું સનેહ, કઇ હુતાશનિ હોમું દેહ.

પ્રધાનપુત્રી ઉષાને કહેવા લાગી કે, 'તું શોક કરવો બંધ કર. તારો કંથ જો સરજ્યો હશે તો હું તને મેળવી આપીશ. માટે મને કહે, તું સ્વપ્નમાં જેને પરણી તે કયા વંશનો છે, કયાંનો છે, તેનું નામ શું છે?' ઉષા કહે: 'એનું નામઠામ કંઇ જાણુતી નથી, ફક્ત જોયે ઓળખું.'

મંત્રિસુતાએ સરસ્વતીનું સ્મરણ કરીને આલેખન શરૂ કર્યું. સપ્ત પાતાળ, મૃત્યુલોક અને ઉર્ધ્વલોક એમ ત્રણે ભુવન ભારતીના પ્રસાદે ચીતર્યાં. પાતાળમાં તો કયાંય કંથ દેખાયો નહીં. મૃત્યુલોકમાં અનેક નગર જોયાં પણ કયાંય તે નજરે પડયો નહીં. પશ્ચિમ દિશામાં તો ખારી-વેરાન જમીન એટલે ત્યાં આવા રંગીલા નર નજ હોય એમ ધારીને ત્યાં જોયું નહીં. પછી ગગનમંડલમાં ધ્રુવમંડલ, તારામંડલ, અમરાપુરી, બ્રહ્મનગર, કૈલાસ કે વૈકુંઠ કયાં યે વરને જોયો નહીં. નારી નિરાશ થઇ.

ચિત્રલેખાએ કહ્યું: 'પૃથ્વીમાંહે સમુદ્રના કાંઠે જ્યાં દેવો રહ્યા છે તે પવિત્રમાં નગરમાં આપણે જોઈએ.' જંબૂદ્વિપમાં પશ્ચિમ દિશાએ તે પુરી જોઇને જ ઉષાને અનાયાસે લજ્જા આવી અને ઓઢણું આઘું ઓઢયું. ચિત્રનું નિરીક્ષણ કરતાં સ્વપ્નમાં મળેલા પુરુષને ઉષાએ જોયો. ઉપર અનિરુદ્ધ નામ નોંધ્યું હતું. ઉષા ચમકી, એ જોઈ ચિત્રલેખા બોલી: 'કુંવરી, તારા કંથને મેં ઓળખ્યો. સવાર પડતાં તો તેને હું અહીં લઈ આવું છું.'

આમ કહી પક્ષીનું રૂપ લઇ બે મુહૂર્તમાં તો તે દ્વારકા પહોંચી. ત્યાં ચતુર્ભુજનું ચક્ર રાત-દિવસ ફરે છે. સાધુને ગામમાં પેસવા દે છે અને દુષ્ટનું માથું કાપી નાખે છે. ચિત્ર-

લેખાએ ચક્રને જોયું. તેણે નારદમુનિ સમર્યા, તે 'સહસ્રનામ' આપી ગયા. ચક્ર પ્રત્યક્ષ થયું. ચિત્રલેખાએ કહ્યું: હું કુડી મનસાથી ગામમાં જાઉં તો મારું માથું કાપજે. બાણાસુરની પુત્રીએ પરણવાની રઢ લીધી છે. સવાર સુધીમાં પતિ ન મળે તો પાવકપ્રવેશ કરીને પ્રાણ-ત્યાગ કરશે. ત્યારે ચક્રે કહ્યું કે તું કોઈને મધ્યસ્થ રાખ એટલે મને ઠપકો ન મળે. ચિત્રલેખા ચક્રને મહેશ્વર પાસે લઈ ગઈ અને કહ્યું કે, 'એને હું જીવ જેવો જાળવીશ, એનું બોલવું ખમીશ, એને જમાડીને જમીશ. શિવની સાનિધ્યમાં સોગન લઉં છું કે એ વર મરશે તો હું મરીશ.'

આ પ્રમાણે ચિત્રલેખા દ્વારકાંમાં પ્રવેશ કરી શકી મૂર્ચ્છામન્ત્રની ઉપાસનાથી સર્વને ઘેન ચડાવી દીધું. શ્રીદેવીના આવાસમાં હીંડોળાખાટ ઉપર પોઢેલા અનિરુદ્ધને ઉપાડીને એ મુહૂર્તમાં તો શોણિતપુર પહોંચી ગઇ.

શ્રીનો પુત્ર ચોરાયો તેથી બીજી સ્ત્રીઓ હર્ષ પામી. નારાયણ આશ્વાસન આપવા લાગ્યા: 'આપણી નગરીમાં કોઈ દુષ્ટ ન આવી શકે. અભ્યાગત કોઈ સંત પુત્રને લઇ ગયો હશે કે પરણવા ગયો હશે.'

હવે ચિત્રલેખા 'ચાલી ચક્રપુરી થકી, કિસી ગઈ કથાય ?' આવાસમાં પલંગ મૂકીને ઉષા અનિરુદ્ધના પગ આગળ બેઠી, ચિત્રા પાસે ઉભી રહી. નિશાના અંતે જ્યારે તેની મૂર્છાનો અંત આવ્યો ત્યારે વાજીંત્રનો અવાજ સાંભળ્યો. 'અરે ! શંખનાદ કેમ નહીં ?' કહી તે બેઠો થયો અને એકદમ તરવાર કાઢી. ચિત્રલેખાએ હાથ ઝાલ્યો: 'વાહ! વાહ! અબળા ઉપર હાથ ઉપાડવાની બહાદુરી તો સારી છે. શાન્ત થાઓ. તમારા પગ પખાળીને મારી આ સહીયર તમને આપીશ.' અનિરુદ્ધ બોલ્યો: 'ગુરુજન, મોસાળિયાં વગેરેની અનુજ્ઞા સિવાય હું કેમ પરણું ?' ત્યારે ચિત્રલેખાએ મ્હેણું માર્યું: 'તમારાં કયાં પૂર્વજ સાચાં પરણેતરનાં હતાં ? મહાસાગર મથીને લક્ષ્મી કાઢી તેને કોઈ દેવતાની અનુજ્ઞા સિવાય વિષ્ણુ પરણી ગયા, દશરથની રજા વગર સીતાને રામ પરણ્યા, રુકિમણીને પરણતાં કૃષ્ણે વસુદેવ-દેવકીની રજા માગી હતી ? તમારા પિતાએ રતિની સાથે પણ એવી જ રીતે લગ્ન કર્યું હતું.' આમ કહી તેણે પોતાની સખીનું અનુપમ રૂપ વર્ણવી બતાવ્યું. આ જ પ્રમાણે સ્વપ્નમાં જેને એક વાર મળી હતી તે વરને જોઈને વામા વિભ્રમી. શુભ લગ્ન જોઇને ચિત્રલેખાએ બન્નેનાં લગ્ન કરાવ્યાં અને પછી પોતે અળગી રહી.

આમ ઉષા—અનિરુદ્ધ વિલાસમાં કાળનિર્ગમન કરતાં હતાં તેવામાં મકાનના રખવાળે ઉષાને આવેશમાં આવેલી જોઇ. બાણાસુરે આ સાંભળી ચાર યોદ્ધાઓ અનિરુદ્ધને પકડવા માટે મોકલ્યા પણ તેમને અનિરુદ્ધે મારી નાખ્યા, એટલે મોટા સૈન્ય સાથે બાણાસુર આગળ થયો. ઉષા કટાર કાઢીને બાણાસુરની સામે ઉભી રહી કે જો તમે અનિરુદ્ધને મારશો તો હું પણ મરી જઇશ. આથી બાણાસુરે પોતાના એક જમાઇ નાગને બોલાવી અનિરુદ્ધને નાગપાશ વડે બાંધી દઇ લડતો બંધ કર્યો.

કેટલાક વખત પછી બાણાસુરની નગરીમાં નારદ મુનિ આવ્યા. અનિરુદ્ધને બાંધેલો જોઇ તુરત જ સમાચાર કહેવા માટે દ્વારકાં તરફ ગયા. અનિરુદ્ધના બંધનની વાત સાંભળી કૃષ્ણે ચક્રને બોલાવી ઠપકો આપ્યો. ત્યારે ચક્રે કહ્યું કે, 'રાજન્, મેં કંઇ પ્રમાદ કર્યો નથી. જ્યારે શિવે સાક્ષી આપી ત્યારે જ વર લેવા આવેલી સ્ત્રીને મેં પ્રવેશવા દીધી છે.' આ સાંભળી કૃષ્ણે મહેશ્વર તરફ દૂત મોકલ્યો, પણ તે તો રાત્રે તુંબડી લઇને નાસી ગયા હતા.

કૃષ્ણે મુહૂર્ત લઇને મહાન લશ્કર સજ્જ કર્યું. દસ દસ ગાઉની મજલ કરતાં કટક શોણિતપુર પહોંચ્યું. કૃષ્ણે ચાર જણને વિષ્ટિ માટે મોકલ્યા, પણ બાણાસુરે તેમનું અપમાન કર્યું. એટલે યાદવ લશ્કરે યુદ્ધ શરૂ કર્યું અને ગઢ તોડી નાખ્યો. કૃષ્ણે બાણાસુરના સર્વે હાથ કપાયેલા જોઇ શંકર પાસે જઇ સહાય માટે સ્તુતિ કરી. બાણાસુરના હાથ કપાયેલા જોઇ શંકરને ક્રોધ થયો અને તેમણે પોતાના જ્વરોને યાદવ લશ્કરમાં મૂકી દીધા. શ્રીકૃષ્ણે પણ શિવના જ્વરોની સામે પોતાનો કાલજ્વર પેદા કર્યો. તેણે શોણિતપુરમાં જઇ ત્રાસ વર્તાવ્યો. પાણીના પરપોટા ફૂટે તેમ માણસ મરવા લાગ્યાં. કુંભ મહેતો અને મહેશ્વર પણ કૃષ્ણને પગે લાગ્યા. કૃષ્ણે કાલજ્વરને બોલાવી, યમરાજના સ્થાનકમાં જઇને રહેવાની આજ્ઞા કરી. શિવે પોતાના સર્વ તાવ તેડાવીને કહ્યું : 'અઠ્ઠોત્તેરસો વ્યાધિના સ્થાનકે તમે જાઓ પણ આટલું કરજો.

હસી એક સીખામણ કરજ્યો . જિમ રહઇ માહરી મામ,
ઉષાહર્ણ કથા જિહાં ગાઇ તિહાં દેજ્યો ઉપશામ.'

બાણાસુર કૃષ્ણને પગે પડયો. હજારો હાથી–ઘોડા ભેટ આપ્યા; ઉષા અને અનિરુદ્ધને સાસરવાસા સાથે આપી હાથ જોડયા. ઉષાને તેનાં કુટુંબીઓ અને સખીઓ ભાવભરી વિદાય આપવા લાગ્યાં. યાદવદળે વિદાય લીધી. રોજ ચાર જોજન ચાલતાં પચાસમે દિવસે દ્વારકાં પહોંચ્યાં. કૃષ્ણે સર્વને યોગ્ય માન આપ્યાં: કોઈને કપડાં આપ્યાં, કોઈને ધન આપ્યું, કોઇને માન આપ્યાં, કોઇને પાન આપ્યાં, સર્વ કટક સ્વસ્થાને ગયું અને સમસ્ત દ્વારકાંમાં આનંદ–ઉત્સવ થઇ રહ્યો. (અપૂર્ણ)

અખાજીના દોહા[1]

(સોરઠા)

સાચૂં સરખૂં સાત લખે પુરાતન પુસ્તકે;
સાધી સમજે વાત ત્રિગુણી નિદ્રા મન વિષે. ૧

સોમણ બાળે કેશ, પણ રાખ ન નીપજે રતિભરી;
ઉરમાં અનંત ઉદેશ, મન તણા મિથ્યા અખા. ૨

મર્મ તણા બહુ મર્મ, જોગ જાગતપ દલ દયા;
ધુમ્ર તણો જ્યમ ધર્મ, વિલસી વણસે વ્યોમ મધ્ય. ૩

ક્ષરને ક્ષરની સાક્ષ, અક્ષરને અહીં શૂં અખા;
ભૂને ગજભ્રત ભાક્ષ, [2]દ્યૌને અહીં દાવો કર્યો. ૪

ચિતને ચાહા અનંત, ચિદ કહીએ ન ચવે અખા;
ઇચ્છા અપર જંત, ભ્રમણ કરે તે ભૂ વિષે. ૫

---

૧ અપ્રસિદ્ધ; જૂના ગૂટકામાંથી. ૨ દ્યૌને=દ્યો–આકાશ–ને

श्री दीपविजयजीनां बे काव्य

(સંપાદક અને ટીકાકાર શ્રી પંડિત બેચરદાસ જી. દોશી)

[१]

रुपिआनी शोभा

देस मुलकने रे परगणे हाकम हुकम करंत,
छडिदार चोबदार उभला चामर छत्र ढलंत।
रुपियानी सोभा रे सि कहुं ॥ १

हाथी घोडा रे आंगणे सोना रुपाना साज,
जडिया मोती रे हीरलें सहु ए मोटा भाइनी लाज।
रुपियानी सोभा रे सिं कहुं ॥ २

कसबी फुन्ता रे पालखी रथ धोरी घूघर माल,
सेवक दोडे रे मलपतो धनपाल गोडीनी चाल।
रुपियानी० ॥ ३

उंचां उंचां मंदिर मालीयां षा(छा) जलिआला छें गोष(ख),
गादी तकिया रे ढोलीया बेंठा माणें छें जोष।
रुपियानी० ॥ ४

ष(ख)रचें वावरे खांतस्युं अढलिक देता रे दान,
आवो पधारोजी सहु करें लाडकवायानां मान।
रुपियानी० ॥ ५

वीह्वा वाजन उजला संघपति नांम धराय,
संघ चलावे रे तीरथें ए सहु सेठजी पसाय।
रुपियानी० ॥ ६

गरथ विहुणो रे गांगलो गरथें गांगो रे सेठ,
गरथ विहुणा रे सेठिया दिठा करता रे वेठ।
रुपियानी० ॥ ७

संग्राम सोनी रे वावरे मोहोरो छत्रिस हजार,
वस्तपाल तेजपाल उजला सहु वें भाईना उपगार।
रुपियानी० ॥ ८

पांमी खरचें नही लोभीया संचें बोहोली रे आथ,
मम्मण सरखा रे प्राणीया जास्यें घसता रे हाथ।
रुपियानी० ॥ ९

जिनपती गणपति इम कहें जिवने छै दस प्रांण,
रुपीया सेठजीने जग कहे ए अगीआरमो प्रांण।
रुपियानी० ॥ १०

दीपविजय कविराजजी प्रभु दियें वरसी रे दांन,
जगमां कहेवायें रे उजला ए फुदडीआलानां मांन।
रुपियानी० ॥ ११

। इति श्री रुपिआनी सोभा। लखीकृत्यम्।

[२]

अथ भातपाणीनु परभातीयुः

[रोटीनी कविता]

सरव वात वातमे परतख्य देव रोटी,
तांन मांन सार्व वात एह विना खोटी।
सर्व देव देवमां ॥ १

जैनराज मुनीराज बडे ध्यान धारे,
घडी थाएं सोलमी नें गौचरी संभारे ॥ सर्व० ॥ २

चक्रवर्ति वासुदेव वे पून्यना छे बलीआ,
घडी थाए सोलमी नें अंग थाए गलीआ ॥ सर्व० ॥ ३

छत्रपती पातसाह चमर छत्र धारे,
घडी थाऐं सोलमी ने रोटला संभारे ॥ सर्व० ॥ ४

सेठ बडे साहुकार लखे लखावें हुंडी,
घडी थाइं सोलमी नें आंख जाएं ऊंडी ॥ सर्व० ॥ ५

नीसनेही नगनभाव अंग भस्म लावें,
घडी थाएं सोलमी अलेखनें संभारे ॥ सर्व० ॥ ६

संघ लेई संघवी प्रयांण पंथ चालें,
घडी थाएं सोलमी मुकांम पंथ झालें ॥ सर्व ॥ ७

ध्यांन धरे नासीकाने डबकमाल मोटी,
घडी थाए सोलमी ने याद करे रोटी ॥ सर्व० ॥ ८

पेट पडें रोटला नें सरव वात सुझें,
पेटपूर अनघास गाय भेस दुझें ॥ सर्व० ॥ ९

धन धन वीतराग रुषभदेव स्वामी,
एक वरस आहार त्याग वंदु सीर नांमी ॥ सर्व० ॥१०

वीर वीर महावीर जगत वीर वीर्पे,
षट मास आहार त्याग वंदु सीर नांमी ॥ सर्व० ॥११

दीप कवि तीर्थ संघ अढी धीप राजें,
छठ आठम पास मास घोर मुनीराजें ॥ सर्व० ॥१२

॥ सं० ॥

શબ્દોની વ્યુત્પત્તિ અને બીજી નોંધ

[૧]

उभला—'ऊर्ध्व' ના અર્થમાં 'उद्ध' અને 'उब्भ' બન્ને શબ્દો પ્રાકૃતમાં પ્રસિદ્ધ છે. ऊर्ध्व–उद्ध. ऊर्ध्व–उब्ब–उब्ब–उब्भ. 'व' અને 'ब' વા 'भ' સમાન સ્થાન અને સમાન આસ્ય-પ્રયત્નવાળા હોવાથી 'ध्व' ને સાથે 'ब्भ' आववो–बोलावो–સ્વાભાવિક છે. ભાષામાં જે 'ઊંધું' શબ્દ વપરાય છે તેનું મૂળ 'उद्ध' માં છે. અને જે 'ઊભું' શબ્દ વપરાય છે તેનું મૂળ 'उब्भ' માં છે. 'ઊભવું' ક્રિયાપદ પણ એમાંથી જ નીકળે છે. ઉબ્ભને સ્વાર્થિક 'લ' પ્રત્યય લગાડતાં 'ઉબ્ભલ' થાય અને તેમાંથી પ્રસ્તુત 'ઉભલા' એ બહુવચનાંત રૂપ નીપજે છે.

ढलंत—ચામર વીંજનારને 'ચામરધર' કહેવામાં આવે છે. એ જોતાં 'ઢલંત' એ ચાલુ ક્રિયા, 'ધર્' ધાતુમાંથી નીપજાવી શકાય. धर्–ढर्–ढल. 'પાણી ઢળવું', 'ખાટલો ઢાલવો' એમાંની 'ઢળવું' અને 'ઢાળવું' ક્રિયા પણ 'ધર્' માંથી નીકળી લાગે છે. 'ઢળવું,' નો પ્રાંતિક ઉચ્ચાર 'ઢોળવું' પણ પ્રસિદ્ધ છે. અથવા 'ષ્ઠલ સ્થાને' ધાતુ ઉપરથી ઢળવું, ઢાળવું વગેરે ક્રિયાપદો નીકળી શકે છે અને તેમ કરતાં જરાય મરડવું કે ખેંચવું પડતું નથી, ષ્ઠલ–ઠલ–ઢલ, હિન્દીનું 'ઢુલના' ક્રિયાપદ પણ એ જ રીતે નીપજાવી શકાય. હિન્દીમાં બીજું એક 'લુઢકના' ક્રિયાપદ પ્રસિદ્ધ છે. પરંતુ તેની ઉત્પત્તિ તો 'લુઠ' ધાતુને આભારી છે. લુઠ એટલે લોટી જવું–લોટી પડવું. લુઠ–લુઢ–લુઢકના.

फुंता—એ શબ્દ ફુમકું વા ફુમતું એ અર્થમાં આવેલો છે. એ શબ્દ દેશ્ય હોય યાને ફારસી ન હોય તો 'ફુંત' શબ્દમાં મુખ્ય ભાવ ફરકયાં કરવાનો છે. એ જોતાં એ શબ્દનો સંબંધ સ્પંદ–ફંદ ધાતુ (સ્પંદ–એટલે હલ્યાં કરવું) સાથે જોડી શકાય. સ્પંદિત–ફંદિત–ફુંદિત. શબ્દશાસ્ત્રિઓ આ માટે બીજી કોઈ વ્યુત્પત્તિ ન દર્શાવે ત્યાં સુધી જ આ કલ્પના કામ આવે એવી છે.

धोरी—धुरां वहति स धौरेयः અર્થાત્ ધુરા–ધોંસરુ, તેને જે વહે તે ધૌરેય–બળદ. પ્રસ્તુત ધોરી શબ્દનું મૂળ, ઉક્ત ધૌરેયમાં છે. ધૌરેયનું ધોરી થવાનું અસાધારણ કારણ અતિત્વરિત ઉચ્ચારણ છે. ભાષામાં વપરાતો 'ઢોર' શબ્દ પણ એ ધૌરેયમાંથી નીકળેલો જણાય છે. ઢોરનો વ્યુત્પત્ત્યર્થ તો ધુરાવાહક–બળદ છે, પણ પછીથી તે પશુમાત્ર અર્થમાં આવી ગયો છે અને મૂર્ખ–મૂઢ–અર્થમાં પણ સરખાવો—
"गौर्वाहिक:"

घूघर—ઘૂઘરા શબ્દ ભાષામાં પ્રસિદ્ધ છે. સરસ બળદની ડોકે ઘૂઘરમાળ બાંધવામાં આવે છે, એ પણ સુપ્રતીત છે. નાની નાની અને ઘમઘમ અવાજ કરનારી ટોકરીઓ સાથે બાંધેલી હોય તે ઘૂઘરમાળ કહેવાય. સંસ્કૃત ભાષામાં છઠ્ઠા ગણનો 'ઘુર' ધાતુ છે, તેનો અર્થ 'અવાજ' પણ થાય છે. "घुरत् भीमार्थ–शब्दयोः" ધાતુ પારાયણ પૃ૦ ૨૧૬ ધાતુ અંક–૮૦, આ ધાતુ ઉપરથી 'ઘુર્ઘુર' શબ્દ બને છે અને ઉપરથી ઉક્ત 'ઘૂઘર' શબ્દ નીપજે છે. ઘુર્ઘુર–ઘુગ્ઘુર–ઘૂઘર.

मालीयां—'महालय' શબ્દની સાથે 'માલીયાં' શબ્દનો સંબંધ સાંધી શકાય છે. મહાલય–મોટાં મોટાં મકાનો–ઊંચા ઊંચા માળાઓ. મહાલય–માલય–માલિય.

ગોષ—'ખ' અને 'ષ' લખવામાં સમાન હોવાથી હસ્તપ્રતો લખનારા લહિયા 'ખ' ને સ્થાને 'ષ' લખે છે અને આ જ કારણથી ઉચ્ચારણમાં પણ 'ષ' ને બદલે 'ખ' બોલાવા લાગ્યો છે. ષડ્દર્શન વા ખટદર્શન, ષટ્કર્મ વા ખટકરમ.

'ગવાક્ષ'ની વ્યુત્પત્તિ ગાયની આંખ; અને જેની રચના ગાયની આંખ જેવી હોય તે પણ ગવાક્ષ. આ વ્યુત્પત્તિ ઉપરથી એમ જણાય છે કે ગોખલાઓની પ્રાચીન રચના ગાયની આંખ જેવી થતી હોવી જોઈએ અને હમણાં જે એ રચનામાં ચોરસતા આવી છે તે સંભવ છે કે પાછળથી આવેલી હોય. પ્રસ્તુત ગોખ શબ્દનું મૂળ એ ગવાક્ષમાં જ છે. ગવાક્ષ–ગવકખ–ગઉકખ–ગોખ. 'વ' અને 'ઉ' બન્ને સમાન સ્થાની છે માટે 'વ' ને બદલે 'ઉ' નું ઉચ્ચારણ થયેલું છે. 'ગોખ' અર્થમાં ગોખલો શબ્દ પણ પ્રચલિત છે,

ઢાલીયા—'પતિ' અર્થમાં 'ઢોલા' શબ્દ સુપ્રતીત છે. એ ઢોલાનો મૂળ સંબંધ સંસ્કૃત 'ધવ' સાથે છે. 'ધવ' એટલે પતિ–ધણી. સરખાવો 'સધવા'; 'વિધવા'. 'ધવ' શબ્દને સ્વાર્થ સૂચક 'લ' પ્રત્યય લાગતાં તેનું 'ધવલ' અંગ બને છે અને એ 'ધવલ' ઉપરથી આ 'ઢોલા' શબ્દ નીપજ્યો છે. धवल–धउल–धोल–ઢોલ–ઢોલા. ધવની સૂવાની ખાટને ઢોલિયો કહેવામાં આવે છે. ધવનાં યશોગાન–વખાણ–ને ધોળ કહેવામાં આવે છે. જેને 'ધવ' વગાડે છે તે વાદ્ય 'ઢોલ' ના નામથી જાણીતું છે. આમ ઢોલીયો, ઢોલણી, ઢોલ, ધોળ, વગેરે શબ્દોનો સંબંધ ઉક્ત 'ધવ' સાથે યોજી શકાય છે. 'ધોળવું' ક્રિયાપદનો સંબંધ પણ કદાચ 'ધવ' સાથે હોઈ શકે. પછી તો 'ધવલ' શબ્દ બીજા બીજા અર્થમાં પણ આવી ગયો છે.

જોષ—સંસ્કૃતમાં એક 'જુષ્' ધાતુ પ્રીતિ અને સેવવાના અર્થમાં પ્રસિદ્ધ છે. એ ધાતુ છઠ્ઠા ગણનો છે. "જુષૈતિ પ્રીતિ–સેવનયોઃ"–ધાતુપારાયણ પૃ૦ ૨૨૫, ધાતુ અંક–૧૫૮. પ્રસ્તુતમાં 'જોષ' નો અર્થ 'પ્રીતિ' કરવો ઊચિત છે. 'બેઠા માણે છે જોષ', એટલે બેઠાબેઠા પ્રીતિ–આનંદ–માણે છે.

ખાંતસ્યું—કાન્તિસહિતમ્–કાંતિસહિઅં–ખાંતિસહિઅં–ખાંતિસહિઉં—ખાંતસ્યું. અહીં 'ખાંત' શબ્દનો ભાવ 'અભિલાષ' વા 'ઇચ્છા' છે. જે અર્થમાં 'કામ' શબ્દ પ્રસિદ્ધ છે, તે જ અર્થમાં આ 'ખાંત' શબ્દ છે. ઇચ્છાસૂચક 'કાન્તિ' શબ્દમાં એ 'ખાંત' શબ્દનું મૂળ છે. "કમૂङ् કાન્તૌ" "કાન્તિઃ અભિલાષઃ"–ધાતુપારાયણ પૃ૦ ૯૫ ધાતુ અંક–૭૮૯

અઢલિક—પ્રચલિત શબ્દ 'અઢળક' છે. 'अधिक' શબ્દમાં એ અઢળક વા અઢલિકનું મૂળ હોઈ શકે. 'અધિ' શબ્દને 'ક' લાગવાથી 'અધિક' શબ્દ બને છે. તેમ 'अधि' શબ્દથી સ્વાર્થિક 'લ' અને 'ક' એમ બન્ને લાગવાથી અઢલિક વા અઢળક બન્યું જણાય છે. अधि–अढि+ल+क–अढिलक–अढलिक–अढलक. 'अत्यधिक' ઉપરથી તો 'અઢળક' આવી શકે એમ નથી. આ સંબંધી બીજી કોઈ નવીન કલ્પના જાહેર થશે તો વિશેષ સ્પષ્ટ થશે.

પધારો—આ ક્રિયાપદની વ્યુત્પત્તિ જરા રમુજ પમાડે તેવી છે. તેમાં 'પ' અને 'ધારો' એમ બે શબ્દ છે. 'પ' એ 'प्र' ઉપસર્ગ નથી, પણ 'પદ' શબ્દનું ટુંકું રૂપ છે. પદ એટલે 'પગ,' 'પ–धारो' એટલે પગલાં કરો. 'પય धारउ' 'પ धारउ' 'પ–धारो'–પધારો.

વીહવા—'વિવાહ' શબ્દનું 'વીહવા' એ વ્યત્યયવાળું ઉચ્ચારણ છે. વ્યત્યય એટલે ઊલટુંસુલટું.

વાજન—વાદ્યાનિ, વજ્જાણિ-વાજન અર્થાત્ વાજાંઓ. એ રીતે ‘ વાજન ’ શબ્દનું મૂળ વાદ્ય-વજ્જ-માં જણાઈ આવે છે.

ગરથ—‘ગ્રંથ’ શબ્દ ‘ધન’ અર્થને પણ લક્ષણાથી સૂચવે છે. ગ્રંથ એટલે ગાંઠ વાળવી. ધન હમેશાં ગાંઠ વાળીને સાચવી શકાય છે. કપડાના છેડા વગેરેની ગાંઠ વાળીને ધનને ગુપ્ત રાખવાની પદ્ધતિ સર્વપ્રસિદ્ધ છે. તો એ ભાવને લક્ષ્યમાં લઈએ તો ‘ગરથ’ શબ્દ ‘ગ્રંથ’ ઉપરથી આવી શકે અને તેનો ‘ધન’ અર્થ પણ થઈ શકે. સરખાવો–અપરિગ્રહી અર્થમાં વપરાતો નિર્ગ્રંથ શબ્દ.

વેઠ—જૈન ધર્મના ઉત્તરાધ્યયન સૂત્રના અધ્યયનમાં ‘રાયવિટ્ઠિ’ શબ્દ વપરાયો છે. ત્યાં તેનો અર્થ ‘રાજાની વેઠ’ છે. ટીકાકાર આ શબ્દનો સંસ્કૃત પર્યાય આપતાં ‘રાજવિષ્ટિ’ શબ્દ લખે છે. એથી એમ કલ્પી શકાય છે કે ‘વેઠ’ શબ્દનું મૂળ વિષ્ટિ–વિટ્ઠિ–‘વેટ્ઠિ’માં રહેલું છે. ‘વિષ્ટિ’માં મૂળ ધાતુ તો શોધવો જ રહ્યો. એના અર્થને અનુરૂપ મૂળ ધાતુ નજરે ચઢતો નથી.

વાવરે—વ્યાપ્રિયતે–वावरइ–વાવરે એટલે ખરચે. વિ અને આ ઉપસર્ગ સાથેના ‘પૃ’ ધાતુ ઉપરથી ‘વાવરે’ ક્રિયાપદ નીકળે છે. ‘પૃ’ ધાતુનો મૂળ અર્થ વ્યાયામ છે, પણ વિ અને આ ઉપસર્ગ સાથે તેનો અર્થ વાવરવું થાય છે. ‘व्यापार’ શબ્દ પણ આ ‘પૃ’ ધાતુમાંથી જ વિ અને આ સાથે હોવાથી થાય છે. વિ+आ+पर्–व्यापर्–वावर्.

મોહોરો—જેના ઉપર મોહરૂં–કોઇના મુખની છાપ હોય તે, મોહરાના આકારવાળી હોવાને લીધે ‘મોહોર’ કહેવાઈ હોય. આ શબ્દ અન્ય સંસ્કૃતિનો લાગે છે.

છત્રીસ—ષટ્ત્રિંશત્–છત્રીસા ઉપરથી છત્રીશ.

પાંમી—પ્ર+આપ્–પ્રાપ–પાવ–પાંમ. એ રીતે પામવું વા પાંમવું ક્રિયાપદનો ઇતિહાસ પ્રાપ–પાવ–માં જડાઈ રહેલો છે. હિન્દીનું ‘પાના’ ક્રિયાપદ પણ ‘પ્રાપ’ સાથે જ સંબંધ રાખે છે.

સંચેં—‘सं’ ઉપસર્ગ સાથેના ‘चि’ ધાતુ ઉપરથી આ ક્રિયાપદની નિષ્પત્તિ છે. ‘સં+ચિ’ એટલે સંચય કરવો-એકઠું કરવું.

બોહોલી—‘બહુલ’ એટલે ઘણું. ‘બહુ’ શબ્દને સ્વાર્થિક ‘લ’ પ્રત્યય લાગવાથી ‘બહુલ’ થાય છે, અને એ ઉપરથી બહોળું, બોહોલી વગેરે શબ્દો નીકળેલા છે.

‘પહોળું’ શબ્દની વ્યુત્પત્તિ આથી જૂદી છે અને તે પૃથુલ-પિહુલ–પહોળું, એમ સમજવાની છે. એટલે ‘પહોળું’ અને ‘બહોળું’ ને એકમૂલક સમજવાની ચૂક ન થાય.

આથ—‘આથ’ શબ્દનું મૂળ લાગે છે તો અર્થ–અત્થમાં; પણ ‘અત્થ’ નું ‘આથ’ રૂપ અર્થની નિંદાસૂચક જણાય છે. સરખાવો ‘આથો કરશો’ પ્રયોગ. જેનો આથો નાંખવાનો હોય તે વસ્તુના મૂળ ઉપાદાનને બહુ વખત રાખી સડાવવું પડે છે. એટલે ‘આથ’ માં અધિક સમય સુધી રાખી મૂકવાનો તૃષ્ણામૂલક ભાવ સમાયેલો છે. અથવા ‘આથ’ ની બીજી પણ કોઈ સીધી વ્યુત્પત્તિ હોઈ શકે, જે તુરતમાં નજરે ચઢતી નથી. ‘આ’ ઉપસર્ગ સાથે ‘સ્થા’ ધાતુ દ્વારા ‘આથ’ જરૂર નીપજાવી શકાય, પણ તેની અર્થસંગતિ કેમ થાય? ‘આસ્થા’ શબ્દ પણ ચિરકાળ સંચયના ભાવને જણાવે છે, પણ વિશિષ્ટ સંવાદ વિના ‘આથ’-

ની નિશ્ચિત વ્યુત્પત્તિ વિશે સ્પષ્ટ કહી શકાતું નથી. અહીં તો માત્ર એક બે કલ્પનાઓ સૂચવી છે.

જાસ્યેં—'યાસ્યતિ'–'जासइ'–जास्यें એમ આ ક્રિયાપદની ઉત્પત્તિપરંપરા છે. આપણી ભાષામાં ગમન ક્રિયાના ભાવને વ્યક્ત કરનારા 'જવું' અને 'ગયો' એમ બે શબ્દો છે, જેમાંનું પહેલું તો ક્રિયાપદ છે અને બીજું ભૂતકૃદંત છે, 'જવું' ક્રિયાપદનું મૂળ 'या' ધાતુમાં છે, ત્યારે 'ગયો' નું મૂળ 'गतः'–'गओ'–'गयो' એ રીતે 'ગમ્' ધાતુથી નિષ્પન્ન થએલા 'ગત' એ ભૂતકૃદંતમાં છે. હિન્દીમાં પણ આપણી ભાષાની પેઠે 'जाना' ક્રિયાપદ છે, 'गया' ભૂતકૃદંત છે. અને મને યાદ છે તે પ્રમાણે મરાઠીમાં 'જવું' ક્રિયાપદને બદલે 'चालनें' ક્રિયાપદ છે અને 'ગયો' ને બદલે 'ગેલે' ભૂતકૃદંત છે. એ 'ગેલે' ની ઉત્પત્તિ 'ગતઃ' ઉપરથી જ થએલી છેઃ ગતઃ–ગયે–ગયેલ્લે–ગેલ્લે–ગેલેઃ 'ગત' શબ્દને સ્વાર્થિક 'इल्ल' પ્રત્યય લાગેલો છે. તે જ પ્રમાણે આપણી ગૂજરાતી ભાષામાં એવાં 'ઇલ્લ' પ્રત્યયવાળાં રૂપોનો પણ ઓછો વ્યવહાર નથી. જેમ કે કરેલું, બોલેલું, કહેલું, વગેરે. અહીં મૂળ મુદ્દો એ છે કે એક જ ક્રિયાને સૂચવવા ક્રિયાપદ તરીકે ગૂજરાતીમાં જવું (યા–ઉપરથી) અને 'ગયો' (ગમ્–ગત–ઉપરથી) એમ બે શબ્દોમાં જુદા જુદા ધાતુનો ઉપયોગ કેમ થયો હશે? ગુજરાતી ઉપરાંત હિન્દી અને મરાઠીમાં પણ એમ જ જણાય છે. બંગાળી પ્રયોગની સ્મૃતિ નથી થતી તેથી તે વિષે શું કહેવાય? 'ગયો' નું ઉચ્ચારણ 'જ્યો' જેવું પણ કેટલેક ઠેકાણે થાય છે. સરખાવો 'ચ્યાં જ્યો તો' પ્રયોગ. આ ઝાલાવાડી પ્રયોગમાં ક વર્ગ ને ચ વર્ગ બોલવાની પદ્ધતિ છે. ઘી ને બદલે ઝી અને ખીચડીને બદલે છીચડી. ઉક્ત 'જ્યો' પ્રયોગમાં પણ મૂળ ગમ્–ગત છે, નહિ કે યા–યાત–જાય. આ બાબતે કોઈ વ્યુત્પત્તિપ્રેમી વિશેષ સ્પષ્ટ કરશે તો જરૂર નવું જાણવાનું મળશે.

[૨]

પરતખ્ય—'પ્રત્યક્ષ'નું સીધું પણ વિકૃત ઉચ્ચારણ આ 'પરતખ્ય' છે.

ખોટી—મિથ્યાભાવને સૂચવતો સંસ્કૃત 'કૂટ' શબ્દ છે. ભાષાના 'ખોટું' નું મૂળ એ 'કૂટ' ને કલ્પી શકાય. દેશ્યપ્રાકૃતમાં તો 'ખોટા' અર્થમાં 'झुट्ट' શબ્દનો પ્રયોગ છેઃ "झुट्टं अलिए"–દેશીનામમાલા બીજો વર્ગ શ્લોક ૫૮. દેશી પ્રાકૃતમાં એક 'ખુટ્ટ' શબ્દનો પ્રયોગ તો મળે છે, પણ તે તો 'ખુટેલું–ખુટી ગયેલું' એવા અર્થ માટે છે. 'खुट्टं त्रुटितम्'–દેશીનામમાળા બીજો વર્ગ શ્લોક ૭૪.

ગોચરી—ચરવા માટે નીકળેલી ગાય જેમ એક જ સ્થળેથી સઘળો ચારો નથી ચરતી, પણ થોડું થોડું કરીને અનેક સ્થળેથી ચરે છે તેમ લોકસેવક સંત પુરુષો પોતાના દેહનિર્વાહ નિમિત્તે લેવામાં આવતા ચારાનો ભાર એક જ કોઈ સ્થળ વા વ્યક્તિ ઉપર ન નાખતાં થોડું થોડું માગી નિર્વાહ કરે છે. આ પદ્ધતિથી જે આહારપ્રાપ્તિ થાય છે તેનું નામ શ્રમણ અને બ્રાહ્મણપરંપરામાં ગોચરી વા ભ્રામરી કે મધુકરી વૃત્તિ છે. આજકાલ તો આ પદ્ધતિ વિશેષ વિકૃત થએલી છે, તેથી ભારત દેશને માટે જ સાધુઓ ભારરૂપ થયા છે.

સંભારેં—સંસ્મરતિ-સંમ્હરઇ-સંભરઈ એ પરંપરા, આ 'સંભારે' નું મૂળ ઉપાદાન છે. જેમ 'વીસરવું' નું મૂળ 'વિ+સ્મૃ' છે, તેમ 'સંભારવું' નું મૂળ 'સં+સ્મૃ' છે.

ગલીઆ—ભાષામાં 'ગળિયો' નો જે ભાવ છે તે ભાવ આ 'ગલીઆ' નો છે. "ગલિર્બલીવર્દઃ" માં જે આશય 'ગલિ' શબ્દનો છે તે જ આશય આ 'ગલીઆ' ધ્વનિનો છે. ખાધા વિના બધાં અંગો ગલિયા બળદ જેવાં આળસુ–અકર્મણ્ય–બની જાય છે. ગલિક –ગલિય–ગળિયો, એ એનો ઉત્પત્તિક્રમ છે.

ઉંડી—"उंडं गहिरे"–દેશીનામમાળા વર્ગ ૧ લો શ્લોક ૮૫. દેશ્ય પ્રાકૃતમાં ગંભીર અર્થમાં 'ઉંડ' શબ્દનો પ્રયોગ છે. ભાષામાં 'ઉંડ' એટલે ઊંડું. સંભવ છે કે આ શબ્દનો મૂળ સંબંધ ઊર્ધ્વ–ઉદ્ધ–ઊંડ એમ 'ઊર્ધ્વ' સાથે હોય ? અહીં તો 'ઊંડાણુ'ના સામ્યથી કવિદ્વારા 'આંખ ઊંડી' એવો પ્રયોગ થએલો છે.

અલેખ—અલક્ષ્ય–અલખ–અલેક્ખ–આલેક. જે કોઈથી નથી કળી શકાતું તેવું બ્રહ્મ વા જગતનો નિયમ વા ચૈતન્ય એવા અર્થમાં ભિન્ન ભિન્ન પરંપરામાં 'અલખ' શબ્દનો પ્રચાર છે. રોટી વિના મોટા મોટા જોગીઓ પણ રહી શકતા નથી અને તેમ થવાનું કારણ પણ આજ સુધી કોઈ કળી શક્યું નથી, માટે જ અહીં કવિએ પોતાની મર્માળી ભાષામાં 'રોટી'ને 'અલેખ' કહીને વર્ણવી છે.

સંઘવી—સંઘપતિ–સંઘવઈ–સંઘવી. સરખાવો–ભગિની–પતિ–બહિણીવઈ–બનેવી. દુર્ગપતિ દુગ્ગવઈ–ગઢવી. સિંઘી, સિંઘઈ વગેરે શબ્દોનું મૂળ પણ આ સંઘવી શબ્દ છે, એ ન ભૂલાય.

સુઝે—શુધ્યતિ–સુજ્ઝઇ–સુઝે, એ આ ક્રિયાપદનું ઉપાદાન છે, બીજી રીતે કહીએ તો મૂળ ક્રિયાપદનું ભિન્ન ઉચ્ચારણવાળું રૂપાંતર છે. સુઝે એટલે ખબર પડે–ભાન આવે.

અનઘાસ—અન્ન અને ઘાસ તે અન્નઘાસ.

દુઝે—'દુહ'–'દુજ્ઝ'–ઉપરથી દૂઝવું. 'દૂઝવું'નું મૂળ 'દુજ્ઝ'માં છે અને 'દોહવું'નું મૂળ 'દુહ'માં છે.

અઢી—અર્ધતૃતીય–અદ્ધતઇય–અદ્ધઅઇય–અડ્ઢઇય–અઢી. હિન્દી–અઢાઈ. જેમાં બે પૂરા છે અને ત્રીજું અડધું છે તે અર્ધતૃતીય.

ધીપ—દ્વીપ શબ્દનું વિકૃત ઉચ્ચારણ 'ધીપ' છે. જૈનપરંપરામાં અઢી દ્વીપ જેટલી વ્યવહારુ ભૂગોળની માન્યતા છે.

છઠ (ષષ્ઠ–છટ્ઠ)—એક સાથે છ ટંક ન ખાવાના વ્રતને છઠ કહેવામાં આવે છે–જૈનપરિભાષા.

અઠમ (અષ્ટમ–અટ્ઠમ)—એક સાથે આઠ ટંક ન ખાવાના વ્રતને અઠમ કહેવામાં આવે છે–જૈનપરિભાષા.

પાસ (પક્ષ–પચ્છ–પાછ–પાસ)—એક સાથે પખવાડિયા સુધી ન ખાવાનું વ્રત તે પાસ. સરખાવો પાસખમણ–પંદર દિવસના ઉપવાસ. માસ ખમણ મહિનાના ઉપવાસ–જૈનપરિભાષા.

સં૦ 'સંપૂર્ણ'નું સંક્ષિપ્ત રૂપ 'સં૦' છે. જેમ આજકાલ 'મહેરબાન'ને બદલે 'મે૦' અને 'સંવત્'ને બદલે 'સં' લખવાનો પ્રચાર છે, તેમ જૂના લોકો પણ મોટા શબ્દોને સંક્ષિપ્ત કરીને લખવાની ઉપયોગી ટેવવાળા હતા.

બન્ને કવિતામાં જે જાતની જોડણી હતી તે જ જાતની રાખી છે, તેમાં કશું ફેરવ્યું નથી, માત્ર 'ષ'નો 'ખ' સમજવા સૂચના કરેલી છે.

કવિ

બન્ને કવિતાના કર્તા કવિરાજ દીપવિજયજી છે. એ કવિ ૧૯મા સૈકામાં હયાત હતા. જૈનસમાજમાં એમની વિશેષ પ્રસિદ્ધિ છે. એમની કવિતા વિશેષવ્યાપકભાવમાં પણ મળી આવે છે. રુપીયાની શોભાસંબંધી કવિતાનો ભાવ વ્યાપક છે. આ કવિતામાં કવિરાજે જે જાતનું સામર્થ્ય રુપીયાનું પ્રવર્તે છે તે આબેહૂબ વર્ણવેલું છે.

રોટીના પ્રભાતિયામાં કવિએ રોટલાનું અજેય સામર્થ્ય ગાયું છે. કવિ કહે છે કે ધ્યાન ધરનારા મોટા મોટા જૈનમુનિઓ ભલે હોય, મોટા સમ્રાટો અને શૂરવીરો ભલે હોય, શરીરને કસનારા એટલે નાગા રહેનારા, શરીરે રાખ ચોળીને રહેનારા અને સંસારમાં સ્નેહ રાખ્યા વિના રહેવાનો ડોળ કરનારા એ બધા ગમે તેવા બળિયા વા તપસ્વી હોય છતાં તેઓ બધાય સોળમી ઘડી થતાં જ રોટીદેવને જપવા મંડી જાય છે. રોટીનું આ સામર્થ્ય કાંઈ જેવું તેવું નથી. માટે જ કવિ છેલ્લે ઉપસંહાર કરતાં કહે છે કે જેઓએ રોટીને પણ જિતવા પ્રયાસ કર્યો છે એવા ઋષભદેવ અને મહાવીરસ્વામી શતશતવાર વંદનીય છે. બીજી રોટીની કવિતામાં થોડું હાસ્ય પણ વ્યક્ત થાય છે.

પાલી (મારવાડ) શાન્તિ જૈન પાઠશાળા.

નોંધ : કવિરાજ દીપવિજયજીની 'વડોદરાની ગઝલ' સં. ૧૮૫૪માં રચાયલી શ્રી. ફા. ગુ. સભાના હ. લિ. પુસ્તક સંગ્રહમાં (અં. ૧૧૬) મોજુદ છે. તેમણે રાજા ગોવિંદરાવ ગાયકવાડના સમયના વડોદરા શહેરનું સુંદર વર્ણન ૬૨ કડીમાં (બે દોહરા અને ૬૦ ગઝલની તૂક) કર્યું છે; પણ તે ગુજરાતી ભાષામાં નથી રચાયલું. **અં બુ. જાની સં. ત્રૈમાસિક**

નરસિંહ યુગના કવિઓ

સંપાદકઃ—**શ્રી. કનૈયાલાલ માણેકલાલ મુનશી**

૧

સોમસુંદર સૂરિ

(સં. ૧૪૩૦ થી ૧૪૯૯)

[મધ્યકાલનો ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ લખવા માટે નોંધો તૈયાર કરવા સદ્‌ગત મણિલાલ બકોરભાઈ વ્યાસને ૧૯૨૨–૨૩માં રોકેલા હતા. તે પછી મેં પણ કેટલીક ઐતિહાસિક નોંધો તૈયાર કરેલી, પણ એ ઇતિહાસ ક્યારે લખી શકીશ તે નક્કી નથી. એટલે સદ્‌ગત વ્યાસની તથા મારી નોંધ ક્રમશઃ નીચે પ્રકટ કરૂં છું—**સંપાદક**]

કુંભા રાણાના વખતમાં બંધાએલા રાણકપુરના જગપ્રસિદ્ધ દેવાલયમાં પ્રતિષ્ઠા કરાવનાર ગુરુ સોમસુંદર સૂરિ તપગચ્છમાં પ્રભાવક આચાર્ય થયા. એમનો જન્મ સં. ૧૪૩૦માં થયો હતો. સં. ૧૪૩૭ માં એ દીક્ષા, સં. ૧૪૫૦માં વાચકપદ તથા સં. ૧૪૫૭ માં સૂરિપદ પામ્યા. એમનો સ્વર્ગવાસ સં. ૧૪૯૯માં થયો હતો.

એમનો પરિવાર ૧,૮૦૦ યતિઓનો હતો. ગુજરાતી ભાષાને અંગે એમણે જે મોટું ઉપકારક કામ કર્યું તે જૈન ધર્મના શાસ્ત્રીય અને સિદ્ધાન્તગ્રંથોનો ગુજરાતીમાં બાલાવબોધ રચ્યો તે છે. એમની પહેલાં ગુજરાતીમાં વ્યવહારોપયોગી ગ્રંથોના બાલાવબોધ રચાતા હતા, પણ મૂલ સિદ્ધાન્તગ્રંથોનું પદ્ધતિપૂર્વક ભાષાન્તર થતું નહોતું. એમના સમયથી એ પદ્ધતિ ચાલુ થઈ. સિદ્ધાન્તગ્રંથોનાં ભાષાન્તર કરવાની યોજનાના ઉત્પાદક કદાચ બીજા કોઈ હોય, પણ એ યોજના એમના સમયમાં અમલમાં મૂકાઇ, એ તો નિર્વિવાદ છે. એક મોટા અને પ્રતિષ્ઠિત ગચ્છના એ યુગપ્રધાન હતા. એટલે એમણે જો એ યોજનાને અશાસ્ત્રીય ઠરાવી હોત તો તે કદિ પણ અમલમાં આવી હોત નહીં. પણ એમણે પોતે જ એ યોજનાનો આરંભ કર્યો અને તરત જ બધા વિદ્વાન સાધુઓએ એમનું અનુકરણ કર્યું.

હેમચંદ્રાચાર્યના યોગશાસ્ત્રને એમણે એવી સાદી ને શુદ્ધ ગુજરાતીમાં ઉતાર્યું છે કે કોઈ પણ તેને વખાણ્યા વગરે રહે નહીં. દરેક જૂના ભંડારમાં આ બાલાવબોધની પ્રતિ હોય છે. પણ પુના ડેક્કન કોલેજનો સંગ્રહ, જે હમણાં 'ડૉ. ભાંડારકર ઇન્સ્ટીટયુટ' ને નામે ઓળખાય છે, તેમાં જે પ્રતિ છે તે વધારે જૂની અને વધારે આકર્ષક છે. બાલાવબોધનો નમુનો આ પ્રમાણે છેઃ—

"હિવડાં શ્રી મહાવીરનાં શાસન ભણી, શ્રી હેમાચાર્ય ગ્રંથનઈ ધુરિ શ્રી મહાવીર નઈ નમસ્કાર કહઈ—નમો કહીઇ—નમસ્કાર ॥ શ્રી મહાવીરપ્રતિ । કિસિઉ છઇ શ્રી મહાવીર? દુવરિ૦ અને ॥ કુઈ વારતાં । દોહિલા । જે રાગદ્વેષ, કામક્રોધાદિક વઈરી તેહનઉ વારસમૂહ નિવારઈ છઈ। ઊછેદઈ છઇ । વલી કિસઉ છઇ શ્રી મહાવીર?

× × ×

ઇમ ત્રિણિ નમસ્કાર કરિ, ગ્રંથકાર કરિ, શ્રી હેમાચાર્ય શ્રી કુરપલરાયની અભ્યર્થના લગઈ યોગશાસ્ત્રગ્રંથ આરભાઈ છઇ। યોગનઉં શાસ્ત્ર હું કરઉં છઉં। શ્રી હેમાચાર્ય કહઇ

છઈ–યોગનૂં શાસ્ત્ર હું કરઉં છઉં. શ્રી હેમાચાર્ય કહઈ છઈ–યોગનૂં સ્વરૂપ કિહાં થઉ ? શ્રુત ભણીઈ સિદ્ધાન્ત તેહરૂપિઉ અંભોધિ સમુદ્ર । તેહ મીંથિ કઉ કેતલુંએક જાણ્યું. અનઈ કેટલું એક આપણા સદ્દગુરુ તેહના સંપ્રદાય આમ્નાય થિકઉ જાણ્યું. ”

આ પ્રમાણે એમણે ‘ષડાવસ્યક’, ષષ્ટિશતક’, ‘નવતત્વ’, ‘ઉપદેશમાલા’ વગેરે ગ્રંથોના બાલાવબોધ રચ્યા છે. સંસ્કૃત નહીં ભણનાર યતિઓને આવા બાલાવબોધથી ધર્મ-તત્ત્વ જાણવાની તથા સમજવાની બહુ સારી અનુકૂળતા મળી.

આચાર્યની પદ્યરચનામાં ‘રંગસાગર નેમિફાગ’ નામનું ચાર ખંડનું એક સુંદર કાવ્ય છે. આ કાળે રચાએલા ગ્રંથો પ્રસિદ્ધિમાં આવેલા ન હોવાથી, પ્રસિદ્ધ થએલા ‘વસંત વિલાસ’ના વાચકોને એ ગ્રંથથી ઘણું આશ્ચર્ય થતું હતું; પરંતુ આ કાવ્ય તેમ જ આવાં બીજાં કાવ્યો જોવાથી જણાશે કે એ કાળના ગ્રંથકારોમાં આ પ્રકારની કાવ્યરચના ઘણી રૂઢ થઇ ગઇ હતી. અપભ્રંશ ભાષાનો કાળ તેમ જ પાટણનો રજપૂત રાજ્યકાલ એ કાવ્ય-કુસુમોને ખીલવનારી વસંત ઋતુ હતી. માળવામાં તો કાવ્ય ને ઔદાર્યની મૂર્તિરૂપ મહારાજા ભોજ વિરાજતો હતો. એના પૂર્વજો ને વંશજો બધાએ કાવ્યના પરમ અનુરાગી હતા, ગુજરાત અને માળવાની ભાષા એક ભાષા જેવી જ હતી; એથી કાવ્યનો પ્રદેશ વિસ્તૃત હતો; કાવ્યના રસાલંકારની પરીક્ષા રાજસભામાં થતી હતી; અને રાજસભામાં નામના એ કાવ્ય લઈ જનાર માટે તુષ્ટિદાન નિયત થઈ ગયું હતું. આથી એ કાળે કાવ્યસાહિત્ય પૂરેપૂરું ખીલ્યું હતું. જ્યારથી એ સ્થિતિ બદલાઈ, એટલે માળવા અને ગુજરાત મુસલમાનોના હાથમાં ગયાં ત્યારથી કાવ્યનો ફુલીફાલી રહેલો બાગ ધીમે ધીમે કરમાવા માંડયો. કવિઓને આશ્રય મળતો બંધ થઈ ગયો. પઠનપાઠનની પદ્ધતિ નહીં જેવી થઈ ગઇ. વિધવિધ જાતની ચિંતાઓ વડે સર્વે મુંઝાઈ ગયા. આ સ્થિતિને લીધે કાવ્યકલા અદષ્ટ થતી ચાલી. સોમસુંદરસૂરિના સમય સુધી કાવ્યમાં પાછલા કાળના કેટલાક ગુણો અવશિષ્ટ રહ્યા હતા. એ પણ થોડો સમય રહીને જતા રહ્યા. આ સમયનાં આવાં બીજાં કાવ્યો સાથે સં. ૧૬૦૦ ની આસપાસમાં રચાએલાં કાવ્યો સરખાવી જોવાથી આ ભેદ તરત સમજાઈ જશે. ‘રંગસાગર નેમિ ફાગ ’ની રચના જોઇએ.

રસિક

સમરવિ સારદ સકલ વિશારદ, સાર દયા પર દેવી રે;
ગાઈસુ નેમિ જિણિંદ નિરંજન, રંજન જગહ નમેવી રે. ૩

× × ×

આંદોલ

રતિપતિ નઉ અવતાર, અવિહડ ભડ ભંડાર;
પ્રતપઈ જિતરિપુંએ, સમુદ્રવિજય નૃપૂ એ. ૪
પટરાણી પુણિ તાસ, ગરૂઆ ગુણ આવાસ;
રૂપિં રતિ નવી એ, સોહાઈ સિવા દેવી એ. ૫

× × ×

ફાગ

ષડ રિતુ મંડિત ઉપવન, પવન હીંડોલિત ડાલ,
તરૂઅરિ પરિમલવાસિત, નાસિત રવિકરવાલ. ૯

× × ×

રસિક

અવસરિ અવતરિ રતિ મધુમાધવી, માધવી પરિમલ પૂરી રે;
કુસુમ આયુદ્ધ લેઈ વનસ્પતિ સવિ, રહી વિરહી ઉપરિ સૂરિ રે. ૨૧
મદન રણંગિણિ સારથિ પરિમલ, ભરિ મલયાનિલ વાઈ રે;
સુભટિ કિ મધુકર કરઈ કોલાહલ, કાહલ કોકિલ વાઈ રે. ૨૨

આંદોલ

કોઈલ વિખયણી, મદિરારૂણ નયણી, નારકિ મરહઠી એ, વનિવનિ બઈઠી એ;
પંથી પ્રાણ પતંગ, કાલઉં કાજલ ભૃંગ, ચંપક દીપકૂ એ, વનધર દીપકૂ એ. ૨૩

× × ×

ફાગ

વાડી ય સવિહુ કુસુમાયુધ આયુધ શાલ હવંતિ;
ભમર રહંઈ તિહાં પાહરી, માહરિ એ મન ભ્રંતિ ૨૫
સેવંત્રી ફૂલડઈ મહુઅર, મહુઅર રહ્યું જવ દીઠ;
મુગધ ભણઈ તવ રાહુઉ, અહુઉં ચંદ્રિ બઈઠ. ૨૬

× × ×

પૂરંઈ ષટપદ ઊલટ, કુલિ રહ્યાં વનખંડ;
ત્રિભુવનિ મદન મહીપતિ, દીપતિ અતિ પ્રચંડ. ૩૦

× × ×

રહિઉ તોરણ બારિ, સુણિય પસુય પોકારિ
પશુઅ મેલ્હાવિઆ એ, અભય વરતાવિઆ એ;
મયગલ વાંલી નેમિ, પહુતઉ નિજ ઘરિ ખેમિ.
રાજલિ હલવલી એ, તવ મહીયલિ ઢલિ એ. ૩૩

× × ×

વીજેણે કરઈ સખીજન વીજ નરા લજ્યંતિ;
ઊપરિ તાપ નિકંદન, ચંદન રસિ વિરસંતિ.
ચેતન પામિય રાજલિ; કાજલિ કુલુષિત દૃષ્ટિ;
વિલપતિ વિરહ દેખાડતી, પાડતી આંસુઅવૃષ્ટિ,
પીડઈ કાંઈ બાપીયડા, પ્રીયડા વિરહ વિષાદિ ?
પ્રાણ હરે તું મોરડા, મોરડા મધુર નિનાદિ. ૩૬

श्री नेमिर्जगदेकमंगलकरः कंदर्पदर्पापहो
भूयादुज्ज्वल सोमसुन्दरयशां श्रीसंघभद्रंकरः ॥

આ સિવાય 'કલ્યાણમંદિરસ્તવ' પણ એમનું જ રચેલું હોય, એમ તેની ભાષા વગેરે જોતાં લાગે છે. કલ્યાણમંદિરસ્તોત્રની ઉત્પત્તિ વિષે લખે છે કેઃ—

શ્રી કલ્યાણમંદિરસ્તવનઉ અર્થ કહીયઇ. તિહાં પ્રથમ કલ્યાણમંદિરસ્તોત્રની ઉત્પત્તિ કહીઈ. ઉજ્જેની નગરીઈ શ્રી વિક્રમાદિત્ય રાજા, તેહનઉ પુરોહિત અનસેન નામિઈ. તત્પુત્ર સિદ્ધસેન દિવાકર વાદીઈ. શ્રી વૃદ્ધવાદિ ગુરૂસિઉ વાદ કરિવા વૃ. ગુ. કન્હિ પુહુતઉ. વૃદ્ધવાદિ

ગુરુ નગર બાહિરિ મિલ્યા. ગોવાલીયા સમક્ષ વાદ કરિવા માંડિઉ. પહિલું સિદ્ધસેન સંસ્કૃત બોલ્યા. ગોવાલીયાં સાંભલી કહઇ: રે મૂર્ખ કાંઈ ઝગડઈ? એવઈ શ્રી વૃદ્ધવાદિ ગુરૂ પલવટિ વાધીનઈ નચેના મુખિ ઈમ ભણઈ.

"નાવિ મારીયઇ નવિ ચોરીયઈ, પરદારગમન નિવારીયઈ;
થોવાહવિં થોવં દાઈયિઇ, તઉ ડગડગુ સરગિઈ જાય[1]
કાલઉ કાંબલ અકરૂ નીચાટુ; છાસિ ભરિઉ ખોલડુ માટુ;
એ વડુ પડિઉ નીલિ ઝાડી, અવર ઉ સગ્ગહ સિંગુ નિલાડિ ?[2]
જેણિ કલતરૂ ચિંતીઉ, ગંઠિહિ બંધિઉ દમ્મુ,
નવિ ખમણઉ નવિ સેવડઉં, ગયું અકય છઉ જમ્મુ."[3]

"ઈમ સુણી ગોવાલાએ કહિઉ એ યતી ખરઉ પંડિત, આ બ્રાહ્મણ મૂર્ખ દીસઈ છઈ. ઈમ વલી રાજ્યસભાઇ વૃદ્ધવાદિસૂરિ જિતા. સિદ્ધસેન દિવાકર હાર્યા. સંયમ આદરિઉ. દ્વાદશાઙ્ગીના અર્થ વલ્યા, કુમુદચંદ્ર ઇ નામ દીધઉં. અનુક્રમિઇં સૂરિ એંદહઉં. સિદ્ધસેન દિવાકર નામઈં પ્રસિદ્ધ હુવા. એકદા પ્રસ્તાવિ ગુરૂ પ્રતિ ઈમ કહઈ પૂજ્યજી! આજ્ઞા હુઈ તઉ સૂત્ર સર્વ સંસ્કૃત કાવ્યબંધ કરૂં. વનઉ જરે ઈમ કહિઉ. ઇણ વચનઇ મોટઉં પ્રાયશ્ચિત લાગું. એવઈ ગુરૂને પગે લાગી સિદ્ધસેન દિવાકર પ્રાયશ્ચિત માગઈ; ગુરુ કહઈ બાર વરસ અવધૂત વેષઇ ભમિ. કોઈ મિથ્યાત્વી રાજા પ્રતિબોધિ. સિદ્ધસેન ગયું. તીર્થવાલી તઉ પ્રાયશ્ચિત છૂટઈ. તે વચન અંગીકારી બાર વરષ પૃથ્વીમાંહી અવધૂત વેષઈ ભમી ઉજેણી નગરીઈ મહાકાલનઈ પ્રાસાદિ.

"શિવલિંગ ઊપરિ પગ દેઈ સિદ્ધસેન સૂતા. ઘણે લોકે ઉવાલ્યા, પણિ ન ઉઠ્ઠઇ. ઇવહિ રાજા વિક્રમાદિત્ય આવ્યા. પ્રણિપત્ય કરી ઉવાલ્યા. રાજા કહઈ અહો સ્વામી એ દેવની અવજ્ઞા ન કીજઈ, એહની સ્તુતિ કરૂં: સિદ્ધસેન દિવાકર કહઈ, એ મારી સ્તુતિ સહી ન શકઈ. ઉહઇ રાજા કહઇ સ્તુતિ કરૂં. તિવારઈ સિદ્ધસેન દિવાકર નરેશ્વરનઉ આદેશ લહીનઇ સ્તુતિ કરઈ. પ્રથમ મહાવીરની બત્રીસી કીધી. પછઈ શ્રી કલ્યાણમંદિરસ્તોત્ર નીપજાવિઉં. તહનઉ અગગ(ગીઆ)મું કવિત્વ ભણતા શિવલિંગ સ્ફેટ હુઉ. શ્રી પાર્શ્વનાથની પ્રતિમા પ્રગટ હુઈ. તે દેખી વિક્રમાદિત્ય પૂછઇ. તમો કહું એ કસિઉ સ્વરૂપ ? વલતઉ ગુરુ કહઈ, એ શ્રી પાર્શ્વનાથનું બિંબ; પૂવ્વઈ અત્ર ભદ્રાનુઉ બેટઉ અવંતી સુકુમાલ શ્રી સુહસ્તિ સૂરિને વચન પ્રતિબોધ પામિઉ. જાતિસ્મરણિ પૂર્વ્વભવઈ નલણી ગુલ્માવમાનના સુખ સાંભર્યા. તિહાં જાવા ઉચ્છક થયુ. સ્ત્રીબત્રીસનાં સુખ મુકી ગુરુ સમીપે ચારિત્ર શૃગાલિનીકૃત ઉપસર્ગિઈ કાલકરી નલની ગુલ્મ વિમાનનઈ વિષઇ દેવતાની પદવી પામિઉ. પૂર્વિઇ એક સ્ત્રી સાધાનનું કીહતી, તેણીઈ પુત્ર પ્રસવિઉ. મહાકલ નામિઈ. તેણઈ બેટઇ પિતાની ચિતાનઇ સ્થાનકિ પ્રાસાદ કરાવિઉ. આ શ્રી પાર્શ્વનાથની પ્રતિમા થાપી. કાલિં મિથ્યાદષ્ટિએ લિંગ સ્થાપન

---

૧ મારીએ નહીં, ચોરીએ નહીં. પરસ્ત્રીગમન કરીએ નહીં, થોડામાંથી થોડું આપીએ, તો ડગલે ડગલે સ્વર્ગ પામીએ.

૨ કાળો અને ઘટ્ટ વણેલો કાંબળો, ઘરમાં છાસનું ભરેલું માટલું, લીલા વડના ઝાડ તળે વીસામો [એ જ સ્વર્ગ]. સ્વર્ગને કૈં શીંગડાં છે ?

૩ જેણે સ્ત્રીની જ ઇચ્છા કરી, પૈસો ગાંઠે બાંધ્યો અને જોગી જતીને આપ્યું નહીં, તેનો જન્મ એળે ગયો.

કીધી. હવડાં માહરી સ્તુતિઇં કરી શ્રી પાર્શ્વનાથ પ્રગટ હવા. હવઈ શ્રી વિક્રમાદિત્ય રાજા સાચઉ દેવ દેખી સમ્યકત્વ મૂલ દ્વાદશ વ્રત પડવવી. એ શ્રી. કલ્યાણમંદિરસ્તોત્રની ઉત્પત્તિ."

'ષડાવશ્યક બાલાવબોધ' નામનો ગ્રંથ પણ સોમસુંદરસૂરિએ રચ્યો છે. એમાં રચનારનું નામ આપ્યું નથી; પરંતુ સં. ૧૫૨૦ ના આસો સુદી ૮ ને ભોમવારે પં. હેમહંસગણિએ લખેલી એની પ્રતિ મળી છે, તેથી સંભવ છે કે સોમસુંદરસૂરીનો બાલાવબોધ તે આ જ હશે. એમાંનો એક નમુનો જોઈએ:—

"કુપ્ય કહતાં સોનઉં, રૂપઉં ટાલી સર્વ ધાતુ સર્વ ત્રાંબારાછ, તરુઉં, સીસઉં, ભાણા, વાટલાં, ખાટલા, પાટલા સર્વ ઘરવા ખરઉ, કુપ્ય કહયીયઈ, તેહનઉ પ્રમાણ અતિક્રમ કરઇં. કિમ ? કહીંઈ. દસ ભાણાનઉ નીમ હુઈ, અનઈ અધિક હુઇ સંપતી, તવારઇં તેહજિ ભાણાં ભીંજાવી જાડાં કરાવી સંખ્યા દસની પૂરવઈ તે કુપ્ય પ્રમાણતિક્રમ.

× × ×

"લોભિઈ કરી કઉણ પુરૂષ ન હણિઉ ? નારીઈ કહિનઉં હૃદય ભોલવ્યઉ નહી ? મૃત્યુંજંમિ કુણ ગ્રસિઉં નહીં ? વિષઇ કઉણ ગૃદ્ધ ન હુઉ ? અપિત સહુ કોઈ."

૨

કુલમંડનસૂરિ

(સં. ૧૪૫૦)

મંડનનો અર્થ માંડનાર પણ થાય છે અને શોભાવનાર પણ થાય છે. એ બેઉ અર્થ આપણને આહ્લાદક છે. કુલમંડનસૂરીનો પ્રયત્ન ગુજરાતી ભાષાકુલને માંડનાર પણ છે, અને તેને શોભાવનાર પણ છે. એમનો બનાવેલો 'મુગ્ધાવબોધ ઔક્તિક' ગુજરાતી ભાષાનો પ્રથમ પ્રમાણભૂત ગ્રંથ છે. ગુજરાતી ભાષાના વ્યાકરણનું સિદ્ધ સ્વરૂપ માંડનાર એ જ ગ્રંથ સૌથી પહેલો છે. એના પહેલાં હેમચંદ્રાચાર્યે ગુજરાતી ભાષાનું સવિસ્તર વ્યાકરણ રચ્યું હતું, અને સોમપ્રભાચાર્ય તિલક પંડિત, દામોદર પંડિત વગેરે વિદ્વાનોએ ઉક્તિઓના તેમ જ કારક વિચારના ગ્રંથો રચ્યા હતા. પણ એ બધા ગ્રંથો વર્તમાન ગુજરાતી વિષેના કહી શકાય નહીં.

ગુજરાતી ભાષા ક્યારથી શરૂ થઈ, એ પ્રશ્નનો જવાબ આ ગ્રંથ આપે છે. ક્રિયા, કાળ અને જાતિવિભક્તિના પ્રત્યયો એ જ ભાષાનું લક્ષણ. શબ્દોન મૂલાં તો બધી પ્રાન્તિક ભાષાઓમાં એકસરખાં જ હોય, પણ એના ઉપર ક્રિયાપદના, કાળના અને જાતિ વિભક્તિના પ્રત્યય દરેક પ્રાંતના જૂદા જૂદા હોય છે. જેમ '**अस्**' ધાતુ બધી પ્રાંતિક ભાષાઓમાં સરખો છે, પણ એનું ગુજરાતી ક્રિયાપદ 'છે,' હિન્દી 'હય,' મરાઠી 'આહે,' આમ પ્રાંતિક રૂપ જુદા જુદા થયાં. એનાં અવસ્થાન્તર જોઇએ તો સંસ્કૃતમાં '**अस्ति**,' પ્રાકૃતમાં '**अच्छइ**' '**अच्छइ–अच्छि**' * અને ગુજરાતીમાં 'છે' રૂપ થયાં. એ પ્રમાણે ભાષાનાં સ્વરૂપનિર્ણયનો આધાર પ્રત્યયો છે. જ્યારથી ભાષા ગુજરાતી પ્રત્યયો લેતી થઇ ત્યારથી ગુજરાતી ભાષા ચાલતી થઈ. કયા સમયથી ભાષા ગુજરાતી પ્રત્યયો લેતી થઈ તે 'મુગ્ધાવબોધ ઔક્તિક' ઉપરથી સ્પષ્ટ જણાઈ આવે છે, માટે એ ગુજરાતી ભાષાસાહિત્યનો આદિગ્રંથ છે.

---

* **दिअहा जन्ति झडप्पडहिं पडहिं मणोरह पच्छि**
जंअच्छइ तं माणिअइ होसइ करतु म अच्छि

વ્યાકરણસિદ્ધ ગુજરાતી રૂપો પ્રકટ કરનારો એ પહેલો જ ગ્રંથ છે, એથી ગુજરાતી ભાષાના ઇતિહાસમાં એનું મહત્વ ઘણું છે.

'ચંદ્ર ઉગે,' 'વીતરાગ વાંછિત દે' એ અત્યારનાં આપણાં વાક્ય. એ વાક્યોમાં ઉગવાની ક્રિયાનો કર્તા ચંદ્ર અને દેવાની ક્રિયા કરતા વીતરાગ એ બેઉ, સં. ૧૪૫૦ માં આ ગ્રંથ રચાયો ત્યાં સુધીમાં આવા ને આવા રૂપમાં વપરાતા દેખાય છે. સં. ૧૪૫૦ માં 'ચંદ્ર ઉગઇ', 'વીતરાગ વાંછિત દિઇ' એ રૂપ છે, એ કાળથી પચાસ પોણોસો વર્ષ આગળ જઈએ એટલે 'ચંદ્રુ,' 'વીતરાગુ' એવાં રૂપ વપરાતાં હતાં. એ કાળનું ભાષાસ્વરુપ જોવા માટે એ કાળે રચાયેલા ગ્રંથો જોવા જોઈએ.

આશરે સં. ૧૪૫૦ મ રચાએલા ગ્રંથ 'ષટકારક'ની લખાએલી બે જૂદી જૂદી પ્રતોના નમુના જોઇએ. એક પ્રતિ 'સંવત ૧૪૮૫ વર્ષે ફાલ્ગુન વદિ ૭ દિતિ આંચલી પક્ષે લિખિતં શ્રી જઈ કીર્તિસૂરિ'ની છે ને બીજી પ્રતિ સં. ૧૫૪૩માં બીજા કોઇએ લખી છે. એ લખાવટ વચ્ચે કેટલો ફેર છે તે જોઇએઃ—

સં. ૧૪૮૫

યથા ૭ કારક સાતમુ **સંબંધ**

જં કીજઇ તં **કર્મ**

જીણઈ કરી ક્રિયા કીજઈ તં કરણ

સંપ્રદાન જે હુતુ અપાય વિશ્લેષુ હુઈ

જે હુતુ આદાન

અપાદાનુ

જેહ રહિઇ જેહ કહિઇ

સં. ૧૫૪૩

યથા ૭ કારક, સાતમુ **સંબંધુ**

જં કીજઈ તં **કર્મુ**

જીણઈ કરઈ ક્રિયા કીજઈ તં **કરણુ**

સંપ્રદાનુ જેહુતુ અપાવિશ્લેષઈ

જેહુતુ આદાનુ

અપાદાન

જેહ રહી જેહ કહિ

એક પ્રતિમાં 'સંબંધ,' 'કર્મ' 'કરણ' એવાં રૂપો છે, બીજી પ્રતિમાં 'સંબંધુ', 'કર્મુ', 'કરણુ' એવાં રુપો દેખાય છે. આ ફેર શા કારણથી પડયો, એ વિચારવા જેવું છે. અપભ્રંશ ભાષાના કાળે 'ઉકારાન્તઃ કર્તૃ શબ્દઃ યથા દેવદત્તુ કરઇ' કર્તા, જે પહેલી વિભક્તિમાં મૂકાય છે તે વિભક્તિનો પ્રત્યય 'ઉ' હતો. તેથી કર્તા ઉકારાન્ત બોલાતો. જે કાળે ભાષા એ લક્ષણવાળી હતી તે કાળે, એટલે સં. ૧૪૦૦ની પહેલાં આ ગ્રંથ રચાયો હતો, તેથી તેમાં 'સંબંધુ', 'કર્મુ', 'કરણુ' વગેરે ઉકારાત નામ લખાયાં હતાં. સં. ૧૪૮૫ માં જયકીર્તિસૂરિએ એ ગ્રંથનો ઉતારો કર્યો ત્યારે ભાષાએ સ્વરૂપ બદલ્યું હતું. એ સમયે રચાએલાં બાલાવબોધ વગેરે જે કાવ્યો જોઇએ છીએ તેમાં અપભ્રંશના નિયમોને અનુસરતાં રૂપો દેખાતાં નથી, એથી

શીખવા ઇચ્છતા પોતાના શિષ્યોને ગુંચવણ ન થાય એટલા માટે જયકીર્તિસૂરિએ જૂનાં રૂપ બદલીને ચાલતા ધોરણે શબ્દો લખ્યા. બીજી પ્રતિ પહેલી પ્રતિ કરતાં ૫૮ વર્ષે મોડી લખાયલી હોવા છતાં તેમાં 'સંબંધુ', 'કર્મુ', 'કરણુ' વગેરે જૂનાં રૂપ જોવામાં આવે છે. તેનું કારણ એટલું જ છે કે એ પ્રતના ઉતારનારે જયકીર્તિસૂરિની પ્રતિ પરથી ઉતારો કર્યો નથી. તેમ જ એ લખનારે જયકીર્તિસૂરિની પેઠે પોતાની બુદ્ધિનો ઉપયોગ કરીને વખતને અનુસરતો ફેરફાર પણ કર્યો નથી; માત્ર જૂની પ્રતિમાં હતું તેવું ને તેવું ઉતારી લીધું છે. લખનાર વિદ્વાન નહીં હોય, એમ એણે જ્યાં 'જે હતુ' શબ્દ છે, ત્યાં અર્થહીન 'જેહતુ' શબ્દ વારવાર લખ્યો છે તે પરથી સમજાય છે. તેમજ 'અપાય વિશ્લેષુ' ને બદલે અર્થ વગરનો 'અપાવિશ્લેષઈ' લખ્યો છે. એમ બે ચાર લીટીમાં પણ બે ચાર ભૂલો કરી છે તે ઉપરથી લખનારનું જ્ઞાન જણાઇ આવે છે. એ પ્રતિમાં નાં રૂપ હતાં તેવાં ને તેવાં ઉતારાયાં છે, ને પહેલી પ્રતિમાં સમયને અનુસરતો સુધારો કરીને લખાયું છે.

'મુગ્ધાવબોધ ઔક્તિક' જોઇએ છીએ તો સમજાય છે કે એ કાળે અપભ્રંશ ભાષાનો પહેલી વિભક્તિનો પ્રત્યય 'ઉ' જતો રહ્યો છે. દાખલા તરીકઃ—

"જુ કરઈ, લિઈ, દઇ, પઢઇ, હુઇ, ઇત્યાદિ. બોલિવઇ ઉક્તિ માહિ, ક્રિયા કરિવઇ જુ મૂલિગઉ હુઇ સુ કર્તા. તિહા પ્રથમાં." *

"ચંદ્ર ઊગઇ, ઊગઇ ઇસી ક્રિયા. કુણુ ઊગઇ ? ચંદ્ર. જુ ઊગઇ સુ કર્તા. તિહાં પ્રથમાં."[1]

આમાં કર્તા ઉકારાન્ત રહ્યો નથી. આ ગ્રંથ રચાયો તે પહેલાંના ૫૦ વર્ષ ઉપરના ગ્રંથો જોઇએ તો તેમાં ઘણેખરે ઠેકાણે કર્તા ઉકારાન્ત હોય છે. પાટણ પડયું અને મુસલમાની અમલ ચાલતો થયો તે કાળથી ભાષાનું રૂપ વિશેષ પલટાવા માંડયું હતું. પોણોસો વર્ષમાં એ પલટો ઘણો થયો અને સં. ૧૫૦૦ માં આ ભેદ ઘણો સ્પષ્ટ સમજાય તેવો થયો. વધારે સ્પષ્ટતા માટે દાખલો લઇએઃ—

સં. ૧૩૩૦ ના આસો સુદી ૫ ને ગુરુવારે તાડપત્ર ઉપર લખેલા ગ્રંથમાં—

"પંચ પરમેષ્ટિ **નમસ્કારુ** જિનશાસનિ **સારુ** ચતુર્દશ પૂર્વ **સમુદ્ધારુ......સંભારુરી, અપહારુ. પહારુ, સંસારુ, સુતમ્હિ અનુસરહુ** જિણિ કારણિ ચતુર્દશ પૂર્વ ધર ચતુર્દશ **પૂર્વ સબંધિઊ ધ્યાનુ પરિત્યજિઊ** પંચ પરમેષ્ટિ **નમસ્કારુ સ્મરહુ** તઊ તુષ્ટિ વિશેષિ **સ્મરેવઉં.**"

એજ સમયના બીજા એક ગ્રંથમાં:—

"વિનયહીણુ, બહુમાનહીણુ, ઊપધાનહીણુ, સૂત્રુ, અર્થુ, બેઊ કુડા કહયા હુઈ.........પગુ લાગઊ થુહું લાગઊં......મચ્છરર જ્ઞાનદ્રવ્યુ........."

આ પ્રમાણે નામના બધા શબ્દો ઉકારાન્ત છે.

હવે આપણે સં. ૧૪૦૦ પછીના ગ્રંથો જોઇએ. સં. ૧૪૧૨માં રચાએલો ગૌતમરાસ પ્રસિદ્ધ છે. એમાં 'મણું', 'તણું', 'વયણું', 'એકંતુ', એવાં ઉકારાન્ત રૂપો પણ છે, અને 'ધણુવર,' 'ગુવ્વર,' 'નામ', 'સાત', 'હાથ,' 'નયણુ,' 'વયણુ,' એવાં ઉકાર વિનાનાં રૂપ પણ જોવામાં આવે છે. કદાચ ભાષાનો ક્રમ ન જાણનાર આને કર્તા અથવા લેખકનો પ્રમાદ

---

*જે કરે, લે, દે, પઢે, થાય વગેરે ક્રિયા કરવામાં જે મૂલરૂપ (આધારરૂપ) હોય તે કર્તા. ત્યાં પ્રથમા.

૧ ચંદ્ર ઉગે, ઉગે એ ક્રિયા. કોણુ ઉગે ? ચંદ્ર. જે ઉગે તે કર્તા, ત્યાં પ્રથમા (પહેલી વિભક્તિ).

માનશે. પરંતુ એ જ સમયે રચાએલા બીજા ગ્રંથો જોવાથી આપણી ખાત્રી થાય છે કે ભાષાનું રૂપ બદલાવા માંડયું હતું તેનું એ લક્ષણ છે. લોકોચ્ચારમાં અંત્ય ઉ જતો રહ્યો હતો, પણ પ્રાચીન ગ્રંથોના અભ્યાસી કવિઓને આ ફેરફાર 'અશુદ્ધિ' રૂપે દેખાતો હતો. તેઓ પ્રયત્ન કરીને પણ જૂનાં રૂપો લખતા અને ક્વચિત લોકભાષામાં અતિ સામાન્ય થઈ પડેલાં નવાં રૂપો અજાણ્યે પણ એમનાથી લખી દેવાતાં. આ ફેરફાર વધારે રુઢ થયો ત્યારે, સં. ૧૪૫૦ માં, ગ્રંથકર્તાએ માન્યું કે અંત્ય ઉકાર વગરના શબ્દો એ જ વર્તમાન સમયની ખરી ભાષા છે. આથી તેમણે ઉકારરહિત રૂપો સ્વીકાર્યાં.

'મુગ્ધાવબોધ ઔક્તિક' ગુજરાતી વ્યાકરણનો જ ગ્રંથ નથી. સાધારણ અભ્યાસીને ગુજરાતી ભાષા વડે સંસ્કૃત વ્યાકરણ સમજાવવાના ઉદ્દેશથી એ ગ્રંથ રચાએલો છે. એ ગ્રંથ મહત્વનો છે, એવું આપણે એટલા માટે માનીએ છીએ કે એમાં આપેલાં રૂપો વ્યાકરણના ચોકઠામાં બેસાડેલાં પ્રમાણભૂત રૂપો છે. આ ગ્રંથ માત્ર ગુજરાતી અને સંસ્કૃતને સાંધનાર જ નહીં, પણ ગુજરાતીને અને અપભ્રંશોને પણ સાંધનાર કડી જેવો છે.

સ્વ. કમળાશંકર ગુજરાતી ભાષાના 'બૃહદ્ વ્યાકરણ' માં લખે છે કે સંસ્કૃત પ્રથમાના એક વચનમાં સ્-વિસર્ગનો 'ઓ' થતો હતો, જેમ **रामो जयति।** "આ ઓકારાન્ત રૂપ ઘણું જોવામાં આવ્યાથી પ્રકૃતિમાં 'ઓ' પ્રત્યય દાખલ થયો." સ્વ. કમળાશંકર એમ સમજતા હોય એમ લાગે છે કે પ્રાકૃતનો પ્રથમા એકવચનનો ઓકાર, સંસ્કૃતનું ઓકારવાળું રૂપ જોઈને દેખાદેખીથી વગર વિચારે વ્યાકરણ કરનારાઓએ અથવા બીજા કોઈએ દાખલ કરી દીધો છે. પરંતુ એમનો આ મત ખરો નથી. ભાષાનું કોઈ પણ રૂપ કોઈએ ઈરાદાપૂર્વક ઘડયું હોતું નથી. તેમ જ ભાષા વ્યાકરણ ઉપરથી પણ બનતી નથી. ચાલતી ભાષાના નિયમો સંગ્રહીને જેમ સ્વ. કમળાશંકરે વ્યાકરણની રચના કીધી તે જ પ્રમાણે સંસ્કૃત કે પ્રાકૃત વ્યાકરણ પણ તે કાલે ચાલતી ભાષાના સંગ્રહ રૂપે રચાયાં છે. એટલે આ સિદ્ધ વસ્તુ છે કે વ્યાકરણ પરથી ભાષા રચાતી નથી; પરંતુ ભાષા ઉપરથી વ્યાકરણ રચાય છે. પ્રાકૃતમાં પ્રથમાનો પ્રત્યય 'ઓ' છે તે મૂલથી ચાલતા આવેલા ઉચ્ચારનું રૂપાન્તર માત્ર છે. વિસર્ગનો ઉચ્ચાર આપણે 'હ' જેવો કરીએ છીએ, પણ વેદકાળે એ ઉચ્ચાર 'ઉ' કારને મળતો થતો હોવો જોઈએ.* સંસ્કૃતમાં વિસર્ગનો 'ઉ' થવાનો નિયમ છે, તે અકારણ નથી. વિસર્ગનો ઉચ્ચાર જ એ પ્રકારનો થતો હતો, અને તેથી એવો નિયમ ઠરાવ્યો. એ ઉકાર પાછળથી ઓકારરૂપે પરિણામ પામીને પ્રાકૃતમાં દાખલ થયો. ઓકારનું જ લઘુ રૂપ 'ઉ' છે. પ્રાકૃત કાળના લોકોના ઉચ્ચારનું વલણ જ્યારે મંદ થયું, ઉચ્ચાર ટુંકાવાયો ત્યારે **देवः, शीखरः, चंद्रः** એ સંસ્કૃત રૂપોના પ્રાકૃતમાં 'દેવો,' 'શિહરો,' 'ચદો' એવાં રૂપાન્તર થયા; અને અપભ્રંશકાળે એ જ શબ્દો 'દેવુ,' 'શિહરૂ' અને 'ચંદુ' એ રૂપે બોલાવા લાગ્યા. આગળ ચાલતા ઉચ્ચાર વધારે ટુંકાવાયો ત્યારે 'ઉ' ઉડી ગયો ને બોડાંબોડાં 'દેવ' 'શિખર', 'ચંદ્ર' એ રૂપ થયાં. આમાં કોઈ પણ કાળે કોઈએ ઈરાદાપૂર્વક કૈં કર્યું નથી. લોકોની સંસ્કૃતિ અનુસાર તેમના ઉચ્ચાર પ્રમાણે રૂપો ભાષા-સાહિત્યમાં સંગ્રહાયાં.

---

* બંગાળી ઉચ્ચાર ધ્યાનમાં લેવાથી આ વાતની ખાતરી થશે. હજી પણ બંગાળીઓ અકારનો પહોળો ઉચ્ચાર કરે છે. 'અરવિંદ' ને બદલે 'ઓરોબિન્દો,' 'સયાજીરાવ' ને બદલે 'સોયાજીરાઓ', 'કાન્ત'-ને બદલે 'કાન્તો' વગેરે ઉચ્ચાર પ્રાચીન—પરંપરાનું રૂપાન્તર છે.

'જં કીજઈ તં કર્મ્મ, તિહાં દ્વિતીઆ.' સંસ્કૃતમાં આ નિયમ હતો. અપભ્રંશમાં પણ આ જ નિયમ હતો. 'જીવ ધર્મ્મિઈ **સંસાર** તરઈ। તરઈ ઇસી ક્રિયા. કઉણુ તરઈ? જીવા જુ તરઈ સુ કર્તા। તિહાં પ્રથમા કિસુ તરઈ?

સંસારૂ । જં તરઈ તં કર્મ્મ ! તિહાં દ્વિતીયા ! કિસઈ તરઇ ? ધર્મ્મિઈ। તિહાં કરણિ તૃતીયા.

સંસ્કૃતમાં કર્મને બીજી વિભક્તિ લાગે છે. **जीवः संसारं धर्मेण तरति।** એમાં સંસારને બીજી વિભકિતનો પ્રત્યય લાગ્યો છે. ગુજરાતીમાં 'જીવ ધર્મે સંસાર તરે' એમાં 'કર્મ-સંસાર' ને કોઈ પ્રત્યય લાગ્યો નથી, પણ અપભ્રંશ ભાષામાં એ પ્રત્યય લાગતો હતો. તંત્રી ગ્રંથકારે 'કિસુ તરઈ? સંસારૂ.' એમ સંસારને બીજી વિભકિતનો પ્રત્યય લગાડી બતાવ્યો છે. ચાલતાં કાળે એ પ્રત્યય લાગતો નથી, એ તો ઉપર લખેલા 'સંસાર તરઈ' ઉપરથી સ્પષ્ટ સમજાય છે. છતાં શીખનારને સમજાવવા માટે જૂનું રૂપ 'સંસારૂ' વાપરીને બીજી વિભક્તિનો પ્રત્યય લગાડી બતાવ્યો છે. આ પ્રમાણે ગુજરાતીમાં કર્મને બીજી વિભકિતનો પ્રત્યય લાગતો બંધ થયો તે પણ આ કાળથી જ.

બીજી વિભકિતનો પ્રત્યય 'ને' આપણે લગાડીએ છીએ તે પણ આ કાળથી ચાલુ થયો હતો.

'તેહનઈ યોગી તૃતિયા !' આમાં 'તેહનઈ' માં 'તે' 'ને' નુ પૂર્વરુપ 'નઈ' પ્રત્યય લાગ્યો છે. આ કાળે વ્યંજનની પાછળ આવેલો સ્વર આગલા વ્યંજન સાથે બહુધા જોડાઈ જતો ન હતો. 'કઊણુ તણઉ પડઈ?' એ વાક્યને આપણે હમણાં 'કોણ તણો પડે?' એમ બોલીએ છીએ. એ કાળે તેમ બોલાતું ન હતું; કારણ કે મૂલ સંસ્કૃતમાં એ સ્વરોને સ્થાને સ્વરસહિત વ્યંજનો હતા. સંસ્કૃત **पतति** પરથી 'પડઈ' થયું છે. 'પડઈ' માંની 'ઇ' મૂલના 'તિ' નું અપભ્રષ્ટ રૂપ છે. આથી શબ્દના ટુંકા ઉચ્ચાર રુપે વ્યંજન લોપાઈને માત્ર સ્વર જ બોલાતા હોવાથી, તે પોતાની આગળના સ્વર કે વ્યંજન સાથે જોડાતા ન હતા. જ્યારે ઉચ્ચારનાં વલણ એટલાં બધાં વિરૂપ થઈ ગયાં કે તેમાં મૂલ શબ્દના વ્યંજનનો ભાસ પણ ન રહ્યો, ત્યારે શબ્દો વધારે ટુંકા થયા અને 'કઉણુ' ને બદલે 'કુણ' બોલાવા માંડયું. ભાલણની ભાષામાં એવાં રૂપ ઘણાં જોવામાં આવે છે અને પાટણ તરફના ઉચ્ચાર હજી પણ એ પ્રકારના જોવામાં આવે છે.

આ પ્રમાણે 'મુગ્ધાવબોધ ઔકિતક' આપણી હાલની ભાષાનાં પ્રમાણભૂત રૂપ બતાવનારૂં પહેલું પુસ્તક છે.

અહીં એક ખુલાસો કરવો જરૂરનો છે. પરલોકવાસી ડો. ટેસીટોરી આ સમયની આપણી ભાષાને 'પશ્ચિમ રાજસ્થાની ભાષા' કહે છે, એ નામ બીલકુલ યોગ્ય નથી. 'જૂની ગુજરાતી' એ શબ્દ સાંભળતાની સાથે જ દરેક વિચારશીલ માણસને એટલો બોધ તો થશે જ કે ગુજરાત દેશની જૂની ભાષા તે 'ગુજરાતી.' આ યથાર્થ બોધ કરનારૂં' નામ ફેરવીને તદ્દન સંબંધ વગરનું કલ્પિત નામ આપવું, એ યોગ્ય નથી. 'પશ્ચિમ રાજસ્થાનની ભાષા' એ શબ્દો સાંભળીને 'ગુજરાતમાં પ્રાચીન કાળે બોલતી ભાષા' એવો અર્થબોધ કોઈને પણ થશે ખરો? જો ડો. ટેસીટોરીની કૃત્રિમ સંજ્ઞા જાણતો હોય તે સિવાય બીજો કોઈ એ શબ્દોમાંથી 'ગુજરાતની જૂની ભાષા એવો અર્થ કાઢી શકશે નહીં. ગુજરાતની ગણના કોઈ પણ કાળે રાજસ્થાનના વિભાગમાં થઈ નથી. ઉલટું રાજસ્થાન એક કાળે ગુજરાતીના પેટામાં સમાતું હતું. આથી જૂની ગુજરાતને રાજસ્થાની ભાષાને નામે ઓળખાવવી એ કેવળ અયુકત છે.

૩
જયશિખર સૂરી
(સં. ૧૪૬૨)

આ કવિ અંચળગચ્છના વિદ્વાન સાધુ હતા. અંચળગચ્છ જેને વિધિ પક્ષ કહે છે, એ ગચ્છના ઘણા સાધુઓએ પોતાની વિદ્વત્તાથી મધ્યકાલીન જૈન સાહિત્યને શોભાવ્યું છે. "પ્રબંધચિન્તામણિ", જેમાં ઘણા ઐતિહાસિક પ્રબંધો સંઘરાયા છે તે ગ્રંથના કર્તા પણ અંચળગચ્છના જ હતા. કવિ જયશેખર પણ સંસ્કૃત ગ્રંથકાર હતા. એમણે 'ઉપદેશચિન્તામણિ,' "પ્રબોધચિન્તામણિ," "ધમ્મિલચરિત મહાકાવ્ય," "જૈન કુમારસંભવ," 'આત્માવબોધ કુલક (પ્રાકૃત)," "ધર્મસર્વસ્વ" "છંદઃશેખર," "નવ તત્વ કુલક," "અજિતશાન્તિસ્તવ' વિગેરે સંસ્કૃતપ્રાકૃત ગ્રંથો રચ્યા છે. એમના ગુરુ મહેંદ્રપ્રભ સં. ૧૩૯૮માં પાટણમાં સૂરિપદ પામ્યા અને સં. ૧૪૪૪ માં ખંભાતમાં સ્વર્ગવાસ પામ્યા. એમના ત્રણ શિષ્ય મુનિશેખરસૂરિ, જયશેખરસૂરિ અને મેરુતુંગસૂરિ હતા. આમાં મેરુતુંગસૂરિ આચાર્યપદ પામ્યા. જયશેખરસૂરિ વચટ શિષ્ય હતા. એમના જન્મનો, દીક્ષાનો, સૂરિપદનો કે અવસાનનો કોઈ સંવત મળતો નથી. પણ એમના રચેલા ગ્રંથોમાં રચનાનો સંવત મળે છે. જયશેખરસૂરિ પોતે જેવા વિદ્વાન હતા તેવા તેમના શિષ્યો પણ હતા. એમના શિષ્યોએ પણ સંસ્કૃતગુજરાતી ઘણા ગ્રંથો રચ્યા છે.

જયશેખરસૂરિએ ગુજરાતીમાં "ત્રિભુવનદીપક પ્રબંધ"* ગ્રંથ રચ્યો છે. ગ્રંથનો વિષય આત્મ—પરમહંસ રાજા, તેની ચેતના અને માયા રાણી એ છે. પરમહંસ માયાને વશ થતાં તેનું ત્રિભુનાધિપપદ નષ્ટ થાય છે અને કાયાનગર વસાવી તેટલાનું જ રાજ્ય ભોગવી સંતોષ માને છે. મનને મંત્રીપદ આપે છે. તે માયા રાણી સાથે પ્રીતિ માંડે છે ને રાજાને બાજુ પર મૂકીને સર્વનો કર્તાહર્તા તે જ થઈ પડે છે. મનને પ્રવૃત્તિ અને નિવૃતિ બે સ્ત્રીઓ છે. પ્રવૃત્તિનો મોહ, અને નિવૃત્તિનો વિવેક પુત્ર છે. આ પછી આગળ નવનવા સંબંધીઓ અને નવનવા અધિકારીઓ કલ્પીને મનના પુત્ર મોહની સત્તા વર્ણવી છે. આગળ જતાં કથાપ્રસંગ જરા ક્લિષ્ટ થઈ જાય છે; પણ એમાં કવિના કવિત્વને દોષ દેવા જેવું નથી. કાવ્યનો નમુનો જોવાથી કવિનું કવિત્વ કેવું છે તે સમજાશેઃ—

પહિલઉં પરમેસરુ નમી, અવિકલ અવિચલ ચિત્તિ;
સમરિસુ સમરસિ ઝીલતી, હંસાસણિ સરસત્તિ. ૧
માનસસરિજાં નિર્મલઇ, કરઇ કતુહલ હંસ;
તાં સરસતિ રંગિ રમઇ, જોગી જાણઇ અંશ. ૨

× × ×

જે ઘટ સુદ્ધિ અજાણતા, કરઈં કથા કલ્લોલ,
પડતું ઘર તે પરહરી, ગિરિસિરિ મંડઈ ટોલ, ૫
નવમા રમ અમરિસ મ ધરી, આડિ આંણિ ઉ છેહિ;
ગુરૂયા તું ગુણિ અગ્ગલઉ, મુહવડિ મંડિઉ તેહી ૬
સેવિતા સવિરસ વિરસ, ઇક્કિકા, ઇકિક જોઈ,
નવમઉ જિમ જિમ સેવીઈ, તિમ તિમ મીઠઇ હોઈ. ૭

× × ×

* આ ગ્રંથ અભયચંદ ભગવાન ગાંધીએ ભાવનગરમાં પ્રસિદ્ધ કર્યો છે.

કાઠિ જલણુ જિમ ધરણિહિં ત્રેહુ, કુસુમિહિં પરિમલ ગોરસિ નેહ;
તિલિહિ તેલુ જિન તાદિક નીરિ, તિમિ તે નિવસઈ જગત્ર શરીરિ ૧૩

× × ×

જીણઇ નારી દોઇ પરિગ્રહી, દોઇં ભવ વણિઠાં તેહના સહી;
એક ઘરણિ તાં ઘરની મેઢિ, બીજી હુઇ તઉ વાંધી વેઢિ. ૧૮૩

બે સ્ત્રીઓને માટે કવિ શું કહે છેઃ—

ઘરની કલિ કુણ આગલિ કહઇ? ચોરમાઇ જિમ છાની રોઇ;
એ કંઇ સંધ્યાં ઉગિઉ સૂર, બીજી ભલિઉ ભૂર;
એકઇં બીજઈ શશિ ઉગિંઉ, બીજી બીજઈ ગિઉ તે ખયઉ. ૧૮૭

સર્વ સ્ત્રીઓ સરખી ન હોય તે વિષે લખે છેઃ–

સ્ત્રી સવિ સમીય લેખવે, એકિ અછઈ ગુણવંતિ;
ઇકિ અકુલીણી હિડુમઇ; જીહ ન દીજઈ પંતિ. ૧૯૦
એકઈ બોલિ બોલ સઉ, ચાલઇ સિઉં ભરતારિ?
તે આમરણીહ રાખસી, કઈ રાખસી ન નારિ. ૧૯૧
ધરિ તેડિં પ્રિય પાહુણઈં, કરઈ મુહ મિંસિવન્ત;
વંધલ જિમ તે પરિહરિ ધરણી સેવે રત્ન. ૧૯૨
કરંઈ જાઉ ને ચાલવી, માવીત્રહં નિયકંતુ;
તી ખઆરતિ નારિ ગણિ, તે નર બઇલ ભયંતુ. ૧૯૩
વડ લહડાં સંતાપવઇ. પ્રિયનઉ પામી માન;
રવિકર તાતી ધૂલિનઉ, તીહ દીજઈ ઉપમાન. ૧૯૪
નર નરસિઉં બહુ બુલણી, ધરિ ધરિ ગોઠિ ભમંતિ,
સહિયાં મિસિ બાહરિ વસઇ તે સુસીલ
કિમ હુંતિ? ૧૯૫

આ પ્રમાણે વિષય આધ્યાત્મિક હોવા છતાં વ્યાવહારિક ઉપદેશોથી ગ્રંથને બહુ રસભર્યો બનાવ્યો છે. ઠામ ઠામ ઉખાણાઓ ગોઠવવામાં પણ કવિએ બહુ બુદ્ધિબળ વાપર્યું છે. ગ્રંથને છેડે પરમહંસ એ જ સર્વસ્વ છે, એમ કહેતાં કવિ કહે છેઃ—

"મૂલ મંત્રમણિ એ માનિ માનિ, તપજપઉં ફલ એહનઇ ધ્યાનિ;
ઈણિ સવિ સંપદ આવઇ પૂરિ, ઇમ બોલઈ જયશેખરસૂરિ.

દુહા, ચોપાઇ, છપ્પા વગેરે વિવિધ છંદ અને વિવિધ રાગણીમાં ગ્રંથની રચના કરી છે

૪
વસ્તિગ
(સંવત ૧૪૬૨)

લોકોત્તર જૈન કવિઓમાં જે વસ્તાનું નામ ગણાય છે તે રત્નપ્રભસૂરિનો શિષ્ય હોય એમ લાગે છે. આ પછી વસ્તા નામના બીજા કવિ થયા છે, પણ એનું "ચિહુંગતિ ચઉપઇ" અથવા "ચિહુગતિવેલ" જોતાં લોકમાં પ્રસિદ્ધિ પામેલો વસ્તો તે આ જ વસ્તો હોવો જોઇએ, એમ લાગે છે. આ કવિનાં બીજાં કાવ્યો મળ્યાં નથી. 'ચિહુગતિ ચઉપઇ' સં. ૧૪૬૨ માં

રચાયું છે. એની ભાષા બીજા કવિઓની ભાષા કરતાં વધારે જૂની દેખાઇ આવે છે. લાવણ્યસમયના વિમલપ્રબંધમાં જે ભાષા છે તે કરતાં સો વર્ષ પહેલાંની આ ભાષા હોવાથી તેના ઉપર અપભ્રંશ ભાષાની છાયા જણાય છે. ૯૫ તૂકનું આ કાવ્ય છે. અનેક પ્રકારની યોનિમાં ભટકતા જીવને કેવાં કેવાં દુઃખ ભોગવવાં પડે છે તે આ કાવ્યમાં વર્ણવાયું છે. એ એ દુઃખમાંથી છૂટવાનો ઉપાય અરિહંત દેવ અને સાધુ ગુરુ એ છે. કાવ્યની શરુઆત આ પ્રમાણે થાય છે:–

શેત્રુજિ વંદી તીરથરાઉ.[૧] ગોયમ[૨] ગણહર[૩] કરઉ પસાઉ;[૪]
વાગવાણિ[૫] હું સમરઉ દેવી, ચિહુ ગતિ[૬] ગમણુ[૭] કરઉ સંખેવિ.[૮] ૧
ચિહુ ગતિ નઉ નહઈ કોઈ ગમ્મું,[૯] જિહ ચિતિ એકુ વસઈ જિણ ધંમુ;[૧૦]
ચિહુ ગતિ માહિ કાંઈ નંથી સારૂ,[૧૧] દીસઈ દુખ તણા ભંડાર. ૨
દઢુ સમિકતુ[૧૨] પાલઈ નરનારિ, વલી[૧૩] ન આવઈ ઇણિ સંસારિ;
જિણવર આણ હિયસું[૧૪] જડી, તીહ નર મુક્તિરમણિ[૧૫] ઢુંકડી. ૩
આદિ નહિ પણ એહ સંસાર; જીવહ આદિ ન લાભઈ પાર;
જિણ ધર્મની આદિ નવિ હોઈ, અનાદિ કાલુ ભણીયઈ સોઈ. ૪
સહજિ જીઉ[૧૬] નિરમલુ ઝલકંતુ[૧૭], આંઠ પહર છઈ ક્રમુ[૧૮] બાધંતુ;
અરહટ[૧૯] ઘટિકા જિમ ફૂઈ માલ,[૨૦] તિમ જીઉ ફિરઈ અનંતા કાલ. ૫

× × × ×

ઘરધંધા પડિઉ સહુ કોઈ, કુટુંબ મેલાવઉ ખાઈવા[૨૧] હોઈ;
ખત્ર અખત્ર[૨૨] કીધાં અવિચાર, કાકા! કુણું કરિસઈ સાર[૨૩]? ૫૫
જરા[૨૪] ભણઇ હિવમઈ તઉ સાતિ.[૨૫] પહિલા દાંત કરઇ જિમ પલાતિ;[૨૬]
ત્રિસણા[૨૭] માડી રહી તઈ હંસિ, ડોકરૂ માગઇ હિવ લાપસી[૨૮] ૫૬
ધવલઉ[૨૯] માથઉં દેહ જાજરી,[૩૦] વાકઉ[૩૧] વાંસઉ[૩૨] ઝુલઇ લાલરી[૩૩]
ઘરહુંતઉ[૩૪] તે કિહાં ન જાઈ, કુટુંબ સઘલા ઉવીઠઉ[૩૫] થાઈ. ૫૭
વાડિ કુબુધી પીડિઉ છઈ સોઈ, કાકાની સુધી[૩૬] ન કરઈ કોઇ;
આવઉ વહુડી ભણિ કરઉ માઈ, મુહ મુચંકોડી પાછી જાઈ.[૩૭] ૫૮
રીસાવિઉ મેલ્હઈ ઝાલ[૩૮], સિરૂ ધુણઈસાઈ મુખિ પડઇ લાલ

× × ×

રામાત[૩૯] નીછઇં મુહતિ ટેવ, ગુરૂયા[૪૦] સંઘહ કરઉં સેવ;
અજ્ઞાનપણાઇ આશાતન થાઇ, વસ્તિગુ લાગઈ સંઘહ પાઈ. ૯૫

(અપૂર્ણ)

---

૧ તીર્થરાજ–સર્વશ્રેષ્ઠ તીર્થ ૨ ગૌતમ ૩ ગણધર ૪ કૃપા ૫ સરસ્વતી ૬ ચાર પ્રકારની ગતિ ૭ ગમન જવું તે ૮ સંક્ષેપ– ટુંકામાં ૯ જાણપણું ૧૦ ધર્મ ૧૧ સાર ૧૨ સમ્યકૃત્વ ૧૩ ફરી ૧૪ હૈયામાં ૧૫ મુક્તિ રૂપી સુંદરી ૧૬ જીવ ૧૭ નિર્મળ ને ઝળકતો ૧૮ કર્મ ૧૯ કૂવા ઉપરનો રેંટ ૨૦ ઘટમાળ ઘડાઓની માળા ૨૧ ખાવા ૨૨ ભલાંભૂંડાં કર્મ ૨૩ કહો કાકા આખરે કોણ સહાય કરશે? ૨૪ ઘડપણ ૨૫ તારી સાથે ૨૬ પલાયન કરી ગયા—પડી ગયા ૨૭ તૃષ્ણા ૨૮ દાંત વગર ચવાય નહીં તેથી વગર ચાવે ઝટ ઉતારી દેવાય તેવું માગે ૨૯ ધોળું—પળીઆં આવવાથી ૩૦ જર્જરિત ૩૧ વાંકો ૩૨ વાંસો ૩૩ લાળ ચૂવે ૩૪ ઘરમાંથી ૩૫ અળખામણો ૩૬ સંભાળ ૩૭ વહુને માનભેર બોલાવે, પણ તે મોં મરડીને ચાલી જાય ૩૮ રીસથી—ગુસ્સાથી બળે ૩૯ રમત ૪૦ મોટા.

હિન્દુસ્તાનમાં તોપ

(લેખક : **મૌલવી અબૂઝફર નદવી સૈયદ**)
(ભાષાન્તરકાર : **રા. રા. ઈમામુદ્દીન એસ. દરગાહવાલા**)

[અનુસંધાન ગતાંક પૃષ્ઠ ૧૪૪ થી ચાલુ]

મજનૂંની તોપની બનાવટ

લયલાનું વર્ણન તો આપે જાણી લીધું. હવે **મજનૂં**ની કથા પણ સાંભળી લો. **મજનૂં**નું બીજું નામ "બહાદૂરશાહી તોપ" છે. આ તોપ **ચાંપાનેર**(ગુજરાત)માં મૂકેલી છે. જ્યારે **બહાદૂરશાહ** ગુજરાતી, **હુમાયૂં**થી શિકસ્ત ખાઈને **દીવ**ના ટાપુમાં જઈ ભરાયો અને **હુમાયૂં ચાંપાનેર** પહોંચ્યો, ત્યારે કિલ્લાવાળાઓએ બધી તોપો અંદર લઇ લીધી અને આ તોપને પહાડના મધ્ય સુધી લઈ ગયા. જેવો **હુમાયૂં**એ કિલ્લાને ઘેરો નાંખી દીધો કે તરત જ કિલ્લાવાળાઓએ તોપને ખીલા મારીને નિરૂપયોગી કરી દીધી. **હુમાયૂં** એવી સ્થિતિમાં એ તોપને જોઇને નિરાશ થઇ ગયો. પરંતુ જ્યારે **રૂમીખાં**એ એ જોયું (જે **બહાદૂરશાહ**થી દગો કરીને **હુમાયૂં**ને જઈ મળ્યો હતો) ત્યારે તેણે **હુમાયૂં**ને કહ્યું કે હું એનો ઈલાજ કરી દઉં છું. ટૂંકા સમયમાં તેણે એ તોપને કાપીકૂપીને દુરસ્ત બનાવી દીધી. પરંતુ તે અગાઉ કરતાં નાની થઈ ગઈ અને બારૂદ પણ ઓછું લેવા લાગી. તેમ છતાંય તેની શી હાલત હતી તે "મિરાતે સિકંદરી"ના નીચલા શબ્દોથી તમે જાણી શકો છોઃ—[1]

"પરંતુ જે કાંઈ પણ બાકી રહી ગઈ હતી, તે આફત અને આકાશી બલા (સમાન) હતી. કહે છે કે જ્યારે રૂમીખાંએ તેને છોડી કે તેણે પહેલા જ ગોળાથી આગળના દરવાજાને તોડી પાડયો અને બીજા ગોળાથી એક મહાન વૃક્ષ જે દરવાજાના નજીક હતું તે જડમૂળથી ઉખડી ગયું. આ જોઇને કિલ્લાવાળાઓ પર કંપ છવાઈ ગયો."

આ સ્થિતિ જોઇને વઝીર ઈખ્તિયારખાં ઘણો વ્યાકૂળ થયો, પરંતુ **રૂમીખાં**ના હરિફ ફિરંગીખાંએ કહ્યું કે વ્યાકૂળ થવાની કોઈ જરૂર નથી. હું આ તોપને હમણાં જ બેકાર કરી દઉં છું. ઇખત્યારખાંએ કહ્યું કે જો એવું કર્યું તો હું તમને નીહાલ કરી દઈશ. ટૂંકમાં ફિરંગીખાંએ તાકીને એનાપર એવો ગોળો માર્યો, જે ધારેલા નિશાને જઈ બેઠો અને **બહાદૂરશાહી** તોપ કટકેકટકા થઇ ગઇ. "**મિરાતે સિકંદરી**"માં છે કે:—

"[2]ઈખત્યારખાંએ (જવાબમાં) કહ્યું કે જો તમારાથી (એમ) થઈ શકે તો તમને નીહાલ કરી દઈશ. તેણે (ગોળાને) તાકીને તેના ઘેરાવા પર એવો માર્યો કે પહેલા જ ગોળાથી તે ટુકડેટુકડા થઈ ગઈ. કિલ્લાવાળાઓને એનાથી ઘણો આનંદ થયો. ઈખ્તિયારખાંએ તેને કાંઈક ઓછું આપ્યું, પરંતુ રાજા **નરસિંગ** દેવે તેને સાત મણ સોનું ઈનામ આપ્યું."

હિ. સ. ૯૪૦(ઈ. સ. ૧૫૩૩)માં **બહાદૂરશાહ**ને માલમ પડયું કે **પોર્ટુગીઝો દીવ**નો કબ્જો કરવા ઇચ્છે છે. તે વેળાએ **માળવા**માં હતો. તે ઉતાવળી કૂચ કરતો **દીવ** પહોંચ્યો.

---

૧ "મિરાતે સિકંદરી" પૃષ્ઠ ૨૫૨ : મુંબઇ :
૨ "મિરાતે સિકંદરી" પૃષ્ઠ ૨૫૧ : મુંબઈ :

પોર્ટુગીઝો તેનું આવવાનું સાંભળીને એવી બેભાન અવસ્થામાં નાઠા કે પોતાની સૌથી મોટી તોપ પણ મૂકતા ગયા. એ તોપ બહાદૂરશાહને હાથ લાગી, જેને તેણે ચાંપાનેર મોકલાવી દીધી. એ સંબંધી ફિરિશ્તાનું કથન છેઃ—

"જ્યારે[1] તે દીવ બંદરની નજીક પહોંચ્યો ત્યારે ફિરંગીઓ નાસી ગયા અને પોતાની એક મોટી તોપ(જેના મુકાબલામાં હિન્દુસ્તાનમાં કોઈ તોપ ન હતી) મૂકતા ગયા. બહાદૂરશાહે યેનકેન પ્રકારે તેને મુહમ્મદાબાદ ચાંપાનેર મોકલી દીધી."

સુલતાન બહાદૂરશાહ ગુજરાતીએ આ તોપનું નામ "તોપે ફિરંગ" રાખ્યું. આ કેટલે દરજ્જે વિચિત્ર વાત છે કે બહાદૂરશાહ ગુજરાતી જેની કને શ્રેષ્ઠથીય શ્રેષ્ઠ તોપખાનું હતું. પણ અંતે એને જ કારણે એનું પતન થયું. ચિતોડના વિજય પછી જ્યારે હુમાયૂંએ બહાદૂરશાહ પર હુમલો કર્યો ત્યારે તો રૂમીખાંની સલાહથી તોપોનો દુર્ગ બનાવીને બહાદૂરશાહ સમસ્ત લશ્કર સહિત મધ્યમાં ગઈ ગયો. હુમાયૂંની શી તાકાત હતી, કે જે તેના પર હુમલો કરે. પરંતુ હુમાયૂંએ એ યુક્તિ કરી કે તેને ઘેરો નાંખીને ખામોશ–શાન્ત બેઠો રહ્યો અને અનાજની આયાત–નિકાશ બંધ કરી દીધી, જેના કારણે સૈન્યમાં દુષ્કાળ પડી ગયો અને અંતે સુલતાન બહાદૂરશાહને ભાગી જવું પડયું. એ પરથી અંદાજો કરી શકાય છે કે તે વેળા સુલતાનની પાસે કેટલી મોટી સંખ્યામાં તોપો મોજુદ હતી.

તે સમય સુધી તોપથી કિલ્લા અને મેદાનોમાં કામ લેવામાં આવતું હતું, પરંતુ અપરાધીઓને શિક્ષા આપવા માટે એને કદિ વાપરવામાં આવી નહતી. પણ જ્યારે સુલતાન સિકંદર ગુજરાતીને કત્લ કરી નાંખવામાં આવ્યો, સુલતાન બહાદૂરશાહ ગાદીએ બેઠો અને ખૂનીઓને તેની સમક્ષ લાવવામાં આવ્યા ત્યારે તેણે ખૂની ઈમાદુલમુલ્ક ખુશકદમને તોપથી ઉડાવી દેવાનો હુકમ આપ્યો હતો. ગુજરાતમાં આ પહેલો બનાવ છે. "ઝફરૂલવાલા"માં છે કેઃ—

"આ [2]દરમિયાન ઈમાદુલમુલ્કને હાજર કરવામાં આવ્યો. આજ્ઞા થઈ કે તેને તોપના મુખપર મૂકીને ઉડાવી દો. જ્યારે તોપ છૂટી ત્યારે તે એવો તો થઈ ગયો કે જાણે પિંજારાએ રૂને પીંજી આપ્યું હોય તેવો ઢગલો જ."

આ કથનોથી આ વાત તો સ્પષ્ટપણે પ્રકાશિત થઈ ગઈ, કે મુગલ સલ્તનતનો પાયો નાંખનાર બાબર બાદશાહના હિન્દુસ્તાનમાં આવવા અને પાણીપતનું યુદ્ધ થવા પૂર્વે હિન્દુસ્તાનના જૂદા જૂદા સૂબાઓ(અર્થાત પ્રાન્તો)માં તોપનો રિવાજ પ્રચલિત થઈ ચૂકયો હતો. પણ એ વાત કોઈ રીતે ખરી નથી, કે હિન્દુસ્તાનમાં તોપને વાપરનાર પહેલો શખસ બાબર હતો.

બાબરની પાસે પાણીપતના મેદાનમાં તોપો અવશ્ય હતી, પરંતુ તે સાધારણ પ્રકારની હતી. તેનું તોપખાનું એવું ઉન્નત હતું, જેવાં ગુજરાત અને દખ્ખણનાં (તોપખાનાં ઉન્નત) હતાં.

ટૂંકમાં, બાબર હિ. સ. ૯૩૨(ઇ. સ. ૧૫૨૫)ની હકીકતમાં જૂદાં જૂદાં સ્થળોપર તોપનું વર્ણન કરે છે. હિન્દના હુમલાના સમયે જ્યારે તેણે લશ્કરની ગણત્રી કરી અને તેની ધારણા કરતાં સૈન્યની સંખ્યા ઓછી નિકળી ત્યારે સૈન્યને સલામત રાખવા માટે તેણે તે જ રૂમી પદ્ધતિ ધારણ કરી હતી. એક સ્થળે તે લખે છેઃ—

હું [3]મારા લશ્કરને જેટલું સમજતો હતો તેટલું ગણત્રીની વેળા યે તે ન નિકળ્યું. તેથી મેં

૧ ફરિશ્તા ભાગ ૨ જો પૃષ્ઠ ૨૨૨ નવલકિશોર.
૨ "ઝફરૂલવાલા" દફ્તર ૧ લો પૃષ્ઠ ૧૪૦ : લીડન :
૩ "તુઝકે બાબરી" : હિ. સ. ૯૩૨ ના બનાવો.

પડાવમાં ઢીલ કરી, જેથી જેટલા બની શકે તેટલા ઈરાબા તૈયાર કરી લેવાય. સાતસો ગાડીઓ તૈયાર થઈ. ઉસ્તાદ કુલીને હુકમ આપ્યો કે રૂમી પદ્ધતિથી ગાડીઓને સાંકળને બદલે રસ્સીથી બાંધી દે. દરેક જગ્યાએ બે ગાડીઓની વચ્ચે છ સાત જાળીનાં ખાનાં હોય, અને ગોળા ફેંકનારાઓ એ છકડાઓ અને ગાડીઓની આડમાં ઉભા રહીને ગોળા મારે."

પાણીપતની લડાઈમાં તોપનો ઉપયોગ જેવી રીતે કરવામાં આવ્યો તેથી આ વાત ચોખ્ખી થઈ ગઈ કે બાબર એક યુદ્ધનિષ્ણાત, અનુભવી અને કલાનિપુણ સેનાધિપતિ હતો. તેણે પોતાના સૈન્યથી પ્રતિસ્પર્ધીને મશગુલ રાખીને તોપ વડે દુશ્મનને તબાહ કરી દીધો. એનું બ્યાન બાબર પોતે આવી રીતે કરે છેઃ—

"[1]મુહમ્મદી, કોકલતાશ, બરલાસ અને યુનસને હુકમ આપ્યો કે મધ્ય કેન્દ્રથી વધીને લડાઈ શરૂ કરી દે. ઉસ્તાદ અલી કુલી (બંદૂકથી) પણ મધ્ય કેન્દ્રની આગળ આવીને ફેર કરવા લાગ્યો. મુસ્તુફા તોપથી ડાબી પાંખથી ખૂબ ગોળા મારવા લાગ્યો......ચારે તરફથી દુશ્મનને ઘેરી લીધો......તે બેશુમાર લશ્કર બીજા પ્રહરના અરસામાં ખાકમાં મળી ગયું."

તોપનાં કારખાનાં

બાબર હિ. સ. ૯૩૩ (ઇ. સ. ૧૨૨૬)ની હકીકતમાં તોપ ઢાળવાનું બ્યાન તપસીલવાર આવી રીતે લખે છેઃ—

"બ્યાનાનો કિલ્લો અને બીજા કિલ્લાઓ લેવાના વિચારથી, જે હજી સુધી ફત્તેહ થયા ન હતા, ઉસ્તાદ અલી કુલીને આજ્ઞા આપી કે એક મોટી તોપ ઢાળો. અલી કુલીએ ભઠ્ઠી વિગેરે તૈયાર કરીને મને ખબર આપી. ૨૫મી મુહર્રમને સોમવારને દિવસે તોપ ઢાળવાનો તમાશો જોવા ગયો. જ્યાં તોપ ઢાળવાનું યંત્ર હતું, ત્યાં આઠ ભઠ્ઠીઓ તૈયાર કરી હતી. દરેક ભઠ્ઠીની નીચેથી એક નળી યંત્ર સુધી બનાવી દીધી હતી. ભઠ્ઠીઓની નળીઓનું મોઢું ખુલતાં જ, નળીઓમાંથી મશાલો પાણીની માફક વહીને આવ્યો. પણ હજી યંત્ર પૂરું ભરાયું ન હતું. એટલામાં ભઠ્ઠીમાંઓમાંથી મશાલાનું આવવું બંધ થયું. કાં તો ભઠ્ઠીઓમાં ખામી રહી, કાં તો મશાલામાં! ટૂંકમાં ઉસ્તાદ કુલી ઘણો ખસીયાણો પડ્યો. તેનું દિલ ચાહતું હતું, કે જે ત્રાંબું યંત્રમાં ઓગળેલું છે તે તેમાં જઈ પડે. મેં તેના હૃદયને આશ્વાસન આપ્યું અને ખિલ્અત (પોશાક) આપીને તેની શરમીન્દગીને દૂર કરી. યંત્ર ખુશ્ક થયા અને માટી વિગેરે ખસેડયાં. પછી (તેણે) ખુશી ખુશી કહેવડાવી મોકલ્યું કે તોપના ગોળાનું ઘર ઘણું પૂરતું છે. તેને દુરસ્ત કરી લેવું સરળ છે. એને કાઢી લઈને કરવા માટે બીજાઓને હવાલે કર્યું અને પોતે બાકી બનાવવામાં મશગુલ થયો."[2]

એ જ તોપ સંબંધી આગળ જતાં તે લખે છેઃ—

"ઉસ્તાદ કુલીએ એ તોપ ઢાળીને તૈયાર કરી લીધી હતી, જેના ગોળાનું ઘર તો પ્રથમથી જ ઢળી ગયું હતું, અને પાછળથી તેની નાળી દુરસ્ત થઈ. શનિવારને દિવસે વીસમી તારીખે તેને છોડવાનો તમાશો જોવા ગયો. ત્રીજા પ્રહરે તેને છોડવામાં આવી. છસો કદમ સુધી તેનો ગોળો પહોંચ્યો. ઉસ્તાદને મેં ખંજર અને ખિલ્અત ઇનામમાં આપ્યાં."[3]

---

૧ "તુઝકે બાબરી" : હિ. સ. ૯૩૨ ના બનાવો.

૨ એજન : હિ. સ. ૯૩૩ ના બનાવો.

૩ એજન : રાણા સંગ જોડેના યુદ્ધનો આરંભ.

હિ. સ. ૯૩૪(ઇ. ૧૫૨૭)ની શરૂઆતના બનાવો નોંધતાં તે લખે છેઃ—

"રવિવારને દિવસે ઉસ્તાદ કુલીએ મોટી તોપ છોડી. જોકે ગોળો છેટે સુધી ગયો, પરંતુ તોપના કટકેકટકા થઈ ગયા. તેનો દરેક કટકો લોકોમાં આમતેમ જઈ ને પડયો. આઠ માણસો માર્યા ગયાં."

રાણા સંગ જોડેના યુદ્ધમાં અને ચંદેરીના ઘેરામાં પણ તોપ અને બંદૂકનો બાબરે ખૂબ ઉપયોગ કર્યો અને એ જ કારણે બાબર દરેક સ્થળે સફળ બન્યો. કનોજની પાસે ગંગા પાર ઉતરવાની વેળા બાબરે એક પુલ બનાવવાનો હુકમ આપ્યો, પણ એ કામમાં શત્રુ કનડતો હતો. છતાં ઉસ્તાદ કુલીએ આ સ્થળે તોપથી એવી રીતે બચાવ કર્યો, કે શત્રુ પાસે આવી ન શકયો અને પુલ તૈયાર થઈ ગયો. બાબર લખે છેઃ—

"મલેક કાસમ આ લડાઈમાં કામ આવ્યો. પુલ બંધાતાં સુધીના કાળમાં ઉસ્તાદ અલી કુલીએ ખૂબ ગોળાબારી કરી. પહેલે દિવસે આઠ ગોળા માર્યા, બીજે દિવસે અઢાર ગોળા વરસાવ્યા. તે ત્રણ ચાર દિવસ સુધી એવી જ રીતે ગોળા મારતો રહ્યો. આ ગોળા "ગાઝી" નામની તોપથી મરાતા હતા. એ જ તોપથી રાણા સંગની લડાઈમાં કામ લેવામાં આવ્યું હતું અને લડાઈમાં ફત્તેહ મળ્યા પછી એનું નામ "ગાઝી" રાખ્યું. (પહેલાં એનું "બાબરી" હતું) એક તોપ એનાથી મોટી હતી. એક જ વેળા સર થઈને તે ફાટી ગઈ. બંદૂકચીઓએ પણ ગોળીઓનો વરસાદ ખૂબ વરસાવ્યો."[1]

જણાય છે કે શત્રુની પાસે તોપો ન હતી; કેમકે પાણીપતના વિજય પછી હાથ લાગેલા માલની યાદીમાં બાબરે તોપો હાથ લાગ્યાનું ક્યાંય વર્ણન કર્યું નથી. ઉપરાંત કનોજની પાસે પુલ બાંધતી વેળા તોપનો જવાબ તોપથી આપવાના બદલે શત્રુ ગોળા અંદાઝીપર હસતો હતો, એવું બાબરે "તુઝક"માં લખ્યું છે. રાણા સંગની પાસે માળવાથી મેળવેલી તોપો અવશ્ય હશે, પરંતુ કાં તો તે કિલ્લા તોડી પાડનારી હશે અથવા તો સરસ ગોળા મારનાર તેની પાસે કોઈ ન હશે, જે બાબરના ગોળા અંદાઝનો મુકાબલો કરતે.

હિ. સ. ૯૩૫(ઇ. સ. ૧૫૨૮)ના બનાવોમાં એક સ્થળે લખે છેઃ—

"આ વાત નિર્ણીત થઈ કે ગંગા નદી અને સરૂર, એ બેની વચ્ચે કોઈ ઉંચા સ્થાને ઉસ્તાદ અલી કુલી રૂમી અને હિન્દુસ્તાની તોપો ખડી કરે. ઘણા બંદૂકચી તેની જોડે હોય. ત્યાંથી ગોળાઓ અને ગોળીઓનો વરસાદ વરસાવે, જ્યાં બન્ને નદીઓ મળે છે. એનાથી હેઠળ તરફ તે સ્થળના સામે જે સ્થળે બિહારની બાજુએ ગંગામાં ઘણી નૌકાઓ ઉભી હતી ત્યાં મુસ્તુફા પોતાના તોપખાનાને દુરસ્ત કરીને લડાઈમાં પરોવાય. તેની સાથે પણ ઘણાં બંદૂકચી હોય. મુહમ્મદ ઝમાન મિરઝા વિગેરે મુસ્તુફાની પાછળ કુમકપર રહે. ઉસ્તાદ કુલી અને મુસ્તુફાની તોપોના માટે મોરચા કાયમ કરવામાં આવે."[2]

પછી આ મત્રણા અનુસાર અમલ થઈ ગયો, અને બાબર ગંગાની પાર ઉતરીને તોપખાનાની નજીક આવ્યો. બાબર રૂમી તોપો સંબંધી લખે છેઃ—

"મેં જઈ ને ઉસ્તાદ અલી કુલીની ગોળાબારીનો તમાશો જોયો. આજે જ ઉસ્તાદ અલી કુલીએ રૂમી તોપોના ગોળાઓથી બે વહાણોને તોડીને ગર્ક કરી દીધાં. લડાઈના મેદાનમાં મોટી તોપ લઈ જવા અને જગ્યા દુરસ્ત કરવા માટે મુલ્લા ગુલામને નિયુક્ત કર્યો."

---

૧ "તુઝકે બાબરી" : હિ. સ. ૯૩૪ ના બનાવો પૂરબના બળવાખોરોની હકીકત.

૨ "તુઝકે બાબરી" : બંગાળીઓનો મુકાબલો.

એ સમજવું ન જોઈએ, કે **બાબર**ની પાસે તોપ હતી અને શત્રુ ખાલી હાથે હતો, બલ્કે **બંગાળીઓ** પણ દરેક પ્રકારે બારૂદનો ઉપયોગ કરી રહ્યા હતા. (બંગાળીઓ પોતાના) શત્રુઓ પર બરાબર આગ વરસાવી રહ્યા હતા, જેનાથી નુકશાન પણ પહોંચતું હતું. ટૂંકમાં, **બાબર** પોતાની "તુઝક"માં પોતે એનો ઈકરાર કરતાં લખે છે:—

"બીજા પ્રહરની નમાઝ વેળા ઉસ્તાદની પાસેથી માણુસ આવ્યો. તેણે કહ્યું કે ગોળો તૈયાર થઈ ગયો છે. શી આજ્ઞા છે ? મેં હુકમ આપ્યો કે તેને રહેવા દો અને મારા આવતાં સુધી બીજો તૈયાર રાખો. ત્રીજા પ્રહરને સમયે હું એક બંગાળી 'દોંગા'માં સવાર થઈને મોરચા પર પહોંચ્યો. ઉસ્તાદે એક વાર તો મોટો ગોળો માર્યો. પછી કેટલીય વાર રૂમી ગોળા માર્યા. બંગાળી આગ વરસાવવામાં વિખ્યાત હતા. આ વેળા મેં તેમને ખૂબ જોયા. તેઓ માત્ર એક સ્થળેથી આતશબાઝી કરતા નથી, બલ્કે જૂદાં જૂદાં સ્થળોથી કરે છે......અમે જોયું કે બંગાળીઓ નૌકાઓ જમા કરીને એક સંકીર્ણ સ્થળે યુદ્ધમસ્ત છે. અમારી પાછળની એક નૌકાના તળામાં ગોળો લાગ્યો. તેનું તળીયું તૂટી ગયું અને અમે આગળ જઈ ન શકયા."[૧]

અંતિમ સમયમાં **બાબર** બાદશાહે તોપનું નામ "ઝરબઝન" રાખ્યું હતું, પરંતુ આ શબ્દને લોકપ્રિયતા ન મળી.

શેરશાહનો સમય ઘણો જ ટૂંકો રહ્યો અને તે એ જ સબબથી આ ખાતામાં કોઈ ખાસ શોધ ન કરી શકયો. તેની પાસે જે તોપખાનું હતું, તેમાંની કેટલીક તોપો તો **બાબર**ની હતી અને કેટલીક તે ગુજરાતની તોપો હતી, જે હુમાયૂં ગુજરાત અને **માળવા**થી ઉપાડી લાવ્યો હતો.

"**સુલતે શેરશાહી**"ના લેખકે એક સ્થળે લખ્યું છે કે **રાયસેન**ના કિલ્લામાં એક હજાર તોપચી રહેતા હતા. એવી જ રીતે ઘણે ભાગે બીજા કિલ્લાઓમાં પણ હશે. પરંતુ એમાં કાંઈ શક નથી, કે **શેરશાહ**ને જો મૃત્યુએ સમય આપ્યો હોત તો તેણે બીજાં ખાતાંઓની માફક તોપખાનાને પણ ઘણી ઉન્નતિ આપી હોત. [૨]**શેરશાહ**ની પછી ફરી કોઈને આંતરિક ઝઘડાઓથી અવકાશ જ ન મળ્યો કે આ તરફ લક્ષ આપીને એમાં પ્રસંશનીય સફળતા મેળવી શકે.

દક્ષિણ હિન્દમાં તોપોનો ઉપયોગ

હિજરીની નવમી સદી(ઈસુની પંદરમી સદી)ની છેવટે **બહમની** સલ્તનતના જૂદા જૂદા જીલ્લાઓપર મોટા મોટા ઉમરાવો કબ્જેદાર થઈ ગયા. તેમાંથી ત્રણ સૌથી વધારે શક્તિશાળી હતા. યુસુફ **આદિલશાહ**, **નિઝામશાહ**, કુતુબશાહ અને તેમના પછી ચોથો નંબર **બરીદશાહ**નો હતો.

આદિલશાહીઓનું પાટનગર **બીજાપુર** હતું. બસ્સો વર્ષ [હિ. સ. ૮૯૬, ઈ. સ. ૧૪૯૦થી હિ. સ. ૧૦૯૭, ઇ. સ. ૧૬૮૫)] તેમનું રાજ્ય રહ્યું. તેમણે બીજાં ખાતાંઓની માફક ફોજી વ્યવસ્થા કરવામાં કદિ કોટાઈ કરી નથી. એનું મોટું કારણ એ છે કે તેમને એક તરફ તો **બીજાનગર**ની હિન્દુ રિસાયત જોડે યુદ્ધ કરવું પડતું હતું અને બીજી તરફ ઈસ્લામી રિયાસતો તેમને આરામ લેવા દેતી ન હતી. એના સિવાય ટુર્ક, **અરબ** અને ઈરાન જોડે તેમના સીધા સંબંધો છેવટ સુધી કાયમ રહ્યા. એ જ સબબ છે કે એમને ત્યાંનું તોપખાનું ઘણું સંપૂર્ણ હતું. તોપ બનાવવાનું એક કારખાનું પણ હતું, જેમાં તોપો ઢળતી

૧ એજન : હિ. સ. ૯૩૫ બંગાળીઓનો મુકાબલો

૨ "સુલતે શેરશાહી" બેંગલોરમાં મુદ્રિત થયેલી.

હતી. એવી જ રીતે નિઝામશાહની પાસે પણ તોપનું કારખાનું હતું, જેમાં એવી એવી તોપો બનાવવામાં આવી, કે જે આજસુધી યાદગાર છે અને એ જ[1] સ્થિતિ બરીદશાહની પણ હતી. હવે હું એ તોપોનું સંક્ષેપ વર્ણન લખું છું.

બહમની તોપ

ઉસાના કિલ્લા(નિઝામ રાજ્ય)ના ચાંદની બુરજ પર એક તોપ છે, જે દશ ફીટ લાંબી છે અને છ ઇંચના મોંઢાની છે અને એની જ જોડે બીજી ૬¾ ફીટ લાંબી અને નવ ઇંચના મોંઢાવાળી છે. એના પર અરબી ભાષામાં કંઈક ઈબારત કોતરેલી છે, જે અફસોસ છે કે વાંચી શકાતી નથી. એનાથી અનુમાન કરી શકાય છે કે આ તોપ ઘણે ભાગે બહમની યુગની છે; કેમકે તે સમયમાં સામાન્ય રીતે દરેક પ્રકારનાં લખાણો અરબીમાં થતાં હતાં.

ઉદેગીરના કિલ્લા(નિઝામ રાજ્ય)ના એક બુરજપર "શેરબચ્ચા" નામક એક તોપ છે, જેની લંબાઈ સાત ફીટ અને મોંઢાનો કિનારો નવ ઇંચનો છે. એના જ બીજા બુરજ પર એક ખુબસુરત પંચરસી તોપ ચઢાવી છે. તે અગીયાર ફીટ લાંબી અને નવ ઇંચના મોંઢાના કિનારના છે. એની વિશેષતા એ છે કે એનું રૂપ મગર જેવું છે.

બરીદશાહી તોપો

ફત્તેહ લશ્કર

બેદરના કિલ્લા(નિઝામ રાજ્ય)ના ફત્તેહ બુરજ ઉપર એક તોપ મૂકેલી છે, જેનું નામ "ફત્તેહ લશ્કર" છે. પંચરસી ધાતુની બનેલી છે. એની ધાતુને "બંગળી" કહે છે. એ તોપ (સ્હેજ) વાંકી છે. એની લંબાઈ ૧૧¾ ફીટ છે. કિનાર બે ફીટ ત્રણ ઇંચ છે, અને મુખ એક ફીટ બે ઇંચ છે. બિસ્મીલ્લાહના પછી તેના પર કોતરેલું છે કે આ તોપમાં એક મણ દશ શેર બારૂદ અને પ¾ મણનો ગોળો મૂકવામાં આવે છે અને જો કોઇ શખ્સ ચાહે તો દશ શેર બારૂદ વધુ ભરી શકે છે. પછી (પવિત્ર કુરઆનની) સુરેફત્હની પ્રારંભિક આયતો(શ્લોકો)ની પછી લખ્યું છે:—"વિજય મુખવાળી જેનું નામ 'ફત્હલશ્કર' છે, તે આ'લા હુઝરત આલીજાહ મિરઝાશાહ મેહમૂદ અલ મુખાતિલ હુમાયૂં એ અકરમ બરીદ-શાહ ખલ્દીલ્લાહ મુલ્કહુ વ સુલતાનહુના જમાનામાં (તૈયાર થઈ) તારીખ હિજરી ૯૮૮" પછી ફાર્સીની આ બે પંક્તિઓ છે: (ઇ. સ. ૧૫૮૦)

ફત્હ લશ્કર કેહ ઝસહમશ દિલે અઅદાએ હઝી
રાસ્ત ચુંબર્કે ફરોદ આમદાહ, બર રૂયે ઝમીં
તુંદ ચુંદર દહને અઝદર પે જંગ બુદ
અઝદહાએ કે સર ખસ્મ ફરો બુર્દ બકીં

છેવટમાં કુરઆને-શરીફના બધા શબ્દોના અંકો પછી "નાદેઅલી" પણ કોતરેલ છે.

મેહમૂદી તોપ

એ જ શહેરના તુંદલા બુરજપર 'મેહમૂદી તોપ' મૂકેલી છે, જે હિ. સ. ૯૦૫ (ઇ. સ. ૧૪૯૯)ની બનેલી છે. તેના પર ફાર્સી પંક્તિઓ કોતરેલી છે, જેનો અર્થ આ પ્રમાણે છે:—

---

૧ દખ્ખણની તોપોનો એહવાલ મેં "તારિખે મુમલુકતે બિજાપુર" (આગ્રામાં મુદ્રિત થયેલા) માંથી લીધો છે અને મેં પોતે નજરે જોયેલ હકીકત પણ લખી છે. — અ. ઝફર નદવી.

"ઘણા આનંદની વાત છે કે બુલંદ અવાજ(ની) મોટી જબરદસ્ત તોપ કે જે આકાશના કોઈ ખૂણામાંથી ચલાવવામાં આવે તો પહાડને જડમાંથી ઉખાડી દે.

"નવશેરવાંના જેવો ન્યાયી બાદશાહ કાસમ બરીદ જે હિન્દ અને સિન્ધ અને દખ્ખણના મુલ્કનો માલિક છે. મુહર્રમનો મહીનો હતો કે તોપ બનીને તૈયાર થઈ. બાદશાહે સર્ફશિકનના નામ પરથી એનું નામ મેહમૂદી રાખ્યું. અફઝલીએ જ્યારે એની તારીખ શોધી ત્યારે અદશ્ય ફરિશ્તાએ કહ્યું કે આ તોપ અજોડ થઈ અને એની પ્રસંશા દરેક કાળમાં થશે. (હિ. સ. ૯૦૫)"

હુફ્તગઝી

આ તોપનું નામ 'હુફ્તગઝી' છે. બેદરના કિલ્લાના એક બુરજ પર મૂકેલી છે. અલી બરીદશાહના સમય–હિ. સ. ૯૭૭-માં તૈયાર થઈ. એકત્રીસ ફીટ લાંબી અને ત્રેવીસ ફીટના વર્તુલવાળી છે એક પંચરસી લીલા રંગની છે અને એટલી ચકચકિત બની છે કે ઇનસાન પોતાનો ચહેરો જોઈ શકે છે. આ તોપ દવલતાબાદ અને બિજાપુરની તોપોની સ્પર્ધાની છે. એના પર ફારસીમાં નીચલી ઈબારત કોતરેલી છે:—

"ખુદાઈ કારખાનાની વિચિત્ર નિશાનીઓ પૈકીની એક આ શાહી તોપ છે, જે ખાસ હઝરત નવાબ હુમાયૂં અકરમઅલી બરીદશાહની શોધેલી છે. હિ. સ. ૯૭૭ (ઇ. સ. ૧૫૬૯) માં તૈયાર થઈ."

"ગોળો ૧૦½ મણ, બારૂદ ૨¼ મણ એનાથી વધારે કરવા ઇચ્છો તો ગજ વડે ઠાંસીને દશ શેર વધારે કરી દો."

નિઝામશાહી તોપો

ઉસાના કિલ્લા(નિઝામ રાજ્ય)માં અગિયાર તોપો હતી. તેમાંથી કેટલીકનાં નામ આ છે: કળક બિજલી, બહરી, બહત્તેરી, શેરદહાં, લમછળી, કાલાપહાળ, નિઝામશાહી વિગેરે. આમાંથી નિઝામશાહી તોપ આઠ ફીટ લાંબી અને કિનાર દશ ઇંચની છે. પત્થરના ગોળા ઉપરાંત એક લોઢાનો પોકળ ગોળો ખાસ એને જ માટે તૈયાર કરવામાં આવ્યો હતો. તેમાં એક છિદ્ર છે. યુદ્ધની વેળા એમાં નશ્તર, ચાકુ, કાતર, પૈસા વિગેરે ભરીને ફેરવતા હતા. એનું વજન પંચાવન શેરનું છે. તોપ પર આ ઈબારત કોતરેલી છે: "અબૂલ ગાઝી શાહે નિઝામ, અમલ મુહમ્મદ હસી...રૂમી"* એનાથી માલમ પડે છે કે મોટામોટા તોપસાઝો મોટે ભાગે રૂમી (અર્થાત ટર્કીશ) હતા. બીજાં લખાણોથી એ વાતનું સમર્થન થાય છે.

લુન્ડેકસ્સાબ

પુરીન્દાના કિલ્લા(દખ્ખણ)ના એક બુરજ પર જે તોપ ગોઠવવામાં આવેલી છે, તેને 'લુન્ડેકસ્સાબ' કહે છે. આ તોપ ઢાળેલી નથી. બલ્કે જૂદાંજૂદાં અંગોને જોડીને (ફીટ કરીને) બનાવવામાં આવી છે. એ અઢાર ફીટ બે ઈંચ લાંબી છે. તેના કાનની પાસેનો ચકરાવો સાત ફીટ બે ઇંચ અને મોંઢાનું વર્તુલ છ ફીટ અગિયાર ઇંચ છે.

રાયચુરના કિલ્લા(નિઝામ રાજ્ય) માં એક તોપ મૂકેલી છે, જેની પૂંછડી તૂટી ગઈ છે (અર્થાત્ પાછળનો ભાગ તૂટી ગયો છે.). તે વીસ ફીટ ચાર ઇંચ લાંબી છે. એની બનાવટ

* ઘણે ભાગે મુહમ્મદ બીન હસન રૂમી હશે.

એવી ઢબની છે, કે એને લોખંડની પટ્ટીઓ જમાવીને ઉપરથી લોખંડના બોલ ફીટ કરી દીધા છે. આ તોપને હેઠળ ખસેડવાની ફેરવવાની જે કળ લગાડેલી છે, જેને અંગ્રેજીમાં Turning કહે છે, તે લાંબો કાળ ગુજરી ગયો છતાં સલામત હાલતમાં છે, અને જે બાજુ ઇચ્છો તે બાજુએ આટલી ભારે તોપ સ્હેલાઈથી ફેરવી શકો છો.

રાયચુર જીલ્લાના પરા કંદુર કિલ્લામાં ઘણી તોપો હતી, જેને અંગ્રેજોએ નષ્ટ કરી દીધી. હમણાં માત્ર એક તોપ છે. જે નવ હાથ લાંબી છે અને તેના મુખનું વર્તુલ એક હાથનું છે. બુરજ પરથી કોઇએ બેસવી દીધી છે અને હવે ખાઈમાં પડેલી છે. એ ઘણી ભારી છે. એનું એની જગ્યાએથી ખસવું પણ અશક્ય છે.

કાલાપહાળ

દવલતાબાદના કિલ્લામાં બારેદરીના ઉપર જે દુર્ગ છે, ત્યાં એક ભારે તોપ મૂકેલી છે એનું નામ 'કાલાપહાળ' છે. આ તોપ બાર ફીટ ૮¾ ઇંચ લંબાઈની છે. કાનની પાસેનો ચકરાવો ચાર ફીટ દશ ઇંચ અને મુખનો ઘેરાવો ત્રણ ફીટ ૯¾ ઇંચ છે. જો કે આ તોપો પર કોઈ લેખ કોતરેલા નથી, પરંતુ તેની બનાવટ અને ઢબથી નિઝામશાહી તોપો હોય એવી ખાત્રી થાય છે.

મુલ્કમયદાં

બિજાપુર(દખ્ખણ)ના શિરાઝા બુરજ પર એક પ્રખ્યાત તોપ 'મુલ્કમયદાં' નામક આજે પણ મૂકેલી છે. 'લુન્ડેકસ્સાબ' નામક તોપની પછી એ સૌથી મોટી તોપ છે. આ તોપ બીજી મોટી તોપોની સ્પર્ધામાં બનાવટની દૃષ્ટિએ બિલ્કુલ નિરાળી છે. એક તોપ પંચરસથી ઢાળેલી છે. એની વિશિષ્ટતા એ છે કે લંબાઈમાં તો ઓછી છે, પરંતુ એનો ઝમ્મ ઘણો મોટો છે. એ જોવામાં નાની માલમ પડે છે, જેનાથી પ્રકટ છે કે એનું નિશાન દૂર જઈ શકતું નથી. એનું મુખ અજગરના માથા જેવું છે, જે જડબું પ્રસારીને બેઠેલ છે, જેના જબરદસ્ત દાંતો વચ્ચે નાના-નાના બે હાથી મોંઢાના જમણે-ડાબે પડખે બેઠેલા છે. એના પર ફાર્સીમાં નીચલી ઇબારત લખેલી છે:—

"અમલ મુહમ્મદ હુસન રૂમી, અબૂલ ગાઝી નિઝામશાહ, ખાદિમે એહલે બયતે રસૂલિલ્લાહ, અલ્લાહ વ માસવાહ ફીસન તીન જુલુસેવાલા મુતાબિક ૧૦૯૭ હિજરી (ઇસવી ૧૬૮૫).

શાહે આલમગીર ગાઝી ધર્મનો રક્ષક બાદશાહ, જેણે પોતાના અદલ અને ઇન્સાફથી બાદશાહોનો મુલ્ક સંપાદન કર્યો, તેણે બિજાપુર ફત્તેહ કર્યું અને એ ફત્તેહની તારીખ ઇકબાલેએ કહી કે "મુલ્કમયદાં" લઈ લીધું.

આ લખાણ તે વેળાનું છે, કે જ્યારે અવરંગઝયબ આલમગીર બાદશાહે બિજાપુર ફત્તેહ કર્યું, નહીં તો વાસ્તવમાં આ તોપ અહમદનગરમાં નિઝામશાહના જમાનામાં ઢાળવામાં આવી હતી અને જે જગ્યાએ તૈયાર કરવામાં આવી હતી, તે હજીય મોજુદ છે. અહમદનગરથી લાવીને પુરિન્દાના કિલ્લાપર ચઢાવવામાં આવી હતી, જે તે સમયે નિઝામશાહના કબ્જામાં હતું. ઈ. સ. ૧૬૩૨(હિ. સ. ૧૦૪૨)માં જ્યારે મુહમ્મદ આદિલશાહે એ કિલ્લાને ફત્તેહ કરી લીધો ત્યારે બાદશાહે એને બીજાપુર લઈ જવાનો હુકમ કર્યો, જે ત્યાંથી એકસો માઈલ

દૂર હતું. સારાંશ, આ ભારી અને વજનદાર તોપ આટલે છેટેથી બીજાપુર (દખ્ખણ) લાવવામાં આવી અને હિ. સ. ૧૦૪૨ (ઇ. સ. ૧૬૩૨)માં શિરાઝાબુરજ પર ચઢાવવામાં આવી.

એનું વજન ચારસો મણ છે. લંબાઈ ચૌદ ફીટ ચાર ઇંચ છે. મુખ બે ફીટ ચાર ઇંચ અને કાનની પાસેની કિનાર બે ફીટ બે ઇંચ છે. પોકળતામાં એટલી વિશાળ છે કે એમાં માણસ માત્ર પલાંઠી વાળીને બેસી શકે છે, એમ નથી, બલ્કે પાઘડી પણ બાંધી શકે છે. આ તોપ મુહમ્મદ બીન હસન રૂમીએ હિ. સ. ૯૫૬ (ઇ. સ. ૧૫૪૯)માં તૈયાર કરી.

મશીનગન

નાળી અને તોપના અંતિમ ભાગની મોજણી કરવાથી માલમ પડશે, કે મુખની પાસે ગોળા સિવાય હવાને માટે લગભગ એક ઇંચ જેટલી ગુંજાશ મૂકી દેવામાં આવી છે, કેમકે એ તોપ ગોળા મારવાના કામની ન હતી, બલ્કે એનાથી તે કામ લેવામાં આવતું હતું, જે આજકાલ મશીનગનથી લેવામાં આવે છે. એટલે જ્યારે શત્રુ નજીક આવી જતો અને થોડેક જ છેટે રહેતો ત્યારે તેમાં પૈસા નાંખીને—જે થેલીઓમાં બાંધેલા હોતાં—દુશ્મનપર છોડતા હતા, જેનાથી શત્રુનાં શરીર ચારણી જેવાં થઈ જતાં.

દક્ષિણની વિખ્યાત લડાઈ તાલીકોટા (હિ. સ. ૯૭૨ : ઇ. સ. ૧૫૬૪)માં જ્યારે બીજાનગરની ફોજે નિઝામશાહ પર સખ્ત હુમલો કર્યો ત્યારે એ જ મશીનગનથી કામ લેવામાં આવ્યું હતું, જેનું પરિણામ એ આવ્યું હતું કે થોડી વારમાં આ તોપખાના સામે પાંચહજાર સેપાહોની લાશો દષ્ટિએ પડવા લાગી. આ જોઇને પ્રતિસ્પર્ધીઓ પર એવી ધાક બેસી ગઈ કે સિપાઇઓ અવ્યવસ્થિત થઈને નાસી ગયા.

ઇરવીન સાહેબે પોતાના પુસ્તક "સૈન્ય-વ્યવસ્થા"માં લખ્યું છે કે "મુલ્કમયદાં"ના ગોળાનું વજન ૨,૬૪૬ પાઉન્ડ એટલે ત્રણ મણ ને ત્રેવીસ શેર હતું.[૧] એનાથી માલમ પડે છે કે આ તોપથી ગોળા ફેંકવાનું કામ પણ લેતા હતા અને એનું સમર્થન "ઇકબાલનામા"થી પણ થાય છે. ટૂંકમાં, એક સ્થળે લખ્યું છે:—

"એક દિવસે (અહમદનગરના) ઘેરાના સમયમાં મશહુર તોપ "મુલ્કમયદાં" શાહજાદાના લશ્કરની તરફ છોડવામાં આવી. એનો ગોળો દવલતખાનાની નજીક પહોંચ્યો, ત્યાંથી ચકરાવો લઈને કાઝી બાયઝીદના ઘરની પાસે—જે શાહઝાદા દાનીયાલના મુસાહીબોમાંથી હતો—પડયો. તેના પડતાંવેંત જ તેના ભયપ્રદ અવાજથી કાઝી સાહેબના ઘોડાની જીભ જડથી કપાઈ ગઈને બહાર આવી પડી. ગોળો પત્થરનો હતો. તેનું વજન દશ મણ અકબરી હતું, તેના ખુરાસાની એંસી મણ થતા હતા. તોપ એટલી બધી મોટી છે, કે એક માણસ સીધો તેની વચ્ચે બેસી શકે છે."[૨]

આ બ્યાનથી પ્રકટ થયું કે અકબર અને જહાંગીરના કાળમાં આ તોપ કામ કરતી રહી છે અને એ સમય સુધી નિઝામશાહી એનાપર કબ્જો ધરાવતા હતા. એના સિવાય એક સહચરની સાક્ષીથી ન માત્ર આ માલમ થયું કે એનાથી ગોળાઅંદાઝીનું કામ લેતા હતા, બલ્કે ઇરવીન સાહેબના કથનનું સમર્થન પણ થઈ ગયું, એટલે એ કે એનો ગોળો અકબરી દશ મણ વજનનો હતો.

---

૧ ઇરવીન સાહેબકૃત "સૈન્યવ્યવસ્થા" પૃષ્ઠ ૧૨૭ : લંડન :

૨ "ઇકબાલનામ એ જહાંગીરી" પૃષ્ઠ ૧૬૩ કલકત્તામાં મુદ્રિત થયેલી.

મારા વિચારમાં આ બન્ને વાતોની આલોચના એ પ્રકારે થઈ શકે છે કે તોપથી બન્ને કામ લેવામાં આવતાં હશે. દૂરના માર માટે તો ગોળો વાપરવામાં આવતો હશે, જેમકે 'ઈકબાલનામા'થી માલમ પડયું અને નજીકના માટે પૈસા નાંખીને દુશ્મનો પર ચલાવતા હશે, જેનાથી બદન ચારણી થઈ જતું હશે.

બીજી તોપોની માફક એ પણ ચબુતરાપર મૂકેલી છે. જે ગાડીપર આ તોપ ચઢાવવામાં આવતી હતી તેનો પત્તો નથી. સંભવિત છે કે તે સડીને નષ્ટ થઈ ગઈ હોય......તોપની પાછળ એક મજબૂત અર્ધવર્તુલાકારની ભીંત પણ બનેલી છે, જે તોપના ઘર્ષણને રોકે છે.

"મુલ્કમયદાં"ની જોડની બે તોપો બીજી પણ છે, જેમાંની એક બેદરના કિલ્લાના પૂર્વના બુરજપર અને બીજી દવલતાબાદના કિલ્લાના બાલાહિસાર બુરજપર મૂકેલી છે, પરંતુ એનાથી નાની છે.

આ વિચાર પણ કોઈ રીતે સત્ય નથી, કે એ નામની માત્ર એજ એક તોપ છે કેમકે પુરિન્દાના કિલ્લામાં પણ બે જોડકી તોપો છે, જેમાંથી એકનું નામ "મુલ્કમયદાં" છે અને બીજીનું નામ "અઝદહા પયકર" છે. એ નામની એક બીજી પણ તોપ છે, જેનું વર્ણન આગળ આવશે. એવી જ રીતે કાલાપહાળ, લુન્ડે કસ્સાબ વિગેરે નામની પણ સંખ્યાબંધ તોપો હતી.

બ્યાન કરવામાં આવે છે, કે તોપસાઝે (ઢાળનારે) જે યંત્ર તૈયાર કર્યું હતું, તેનાથી માત્ર બે જ તોપો ઢાળી શકાઈ, જેમાંથી એક એ જ "મુલ્કમયદાં બિજાપુરી" છે અને બીજી "કળકબિજલી" નામક હતી. તાલિકોટાના જંગમાં એ બન્ને કર્તવ્યમસ્ત રહી હતી. કમભાગ્યે પાછા ફરતી વેળા "કળકબિજલી" કૃષ્ણા નદિમાં ડૂબી ગઈ. એ તોપ પણ મુહમ્મદ બીન હુસન રૂમીએ હિ. સ. ૯૫૩(ઈ. સ.) ૧૫૪૬)માં તૈયાર કરી હતી.

"મુલ્કમયદાં" દરેક પ્રકારે સાબેત થઈ. જંગના મેદાનમાં વિજયવંત રહી, નદિમાં સમાધિ લેવામાંથી બચી અને અંતિમવેળા એક અંગ્રેજના મૂર્ખતાભર્યા હુકમથી પણ રક્ષિત રહી. ઈ. સ. ૧૮૫૪(હિ. સ. ૧૨૭૧)માં સતારાના કમીશ્નરે હુકમ આપ્યો હતો કે બધી પ્રાચીન અને નિરૂપયોગી વસ્તુઓ—જે બિજાપુરના કિલ્લામાં પડી રહેલ છે—ને લીલામ કરી દો. ટૂંકમાં, જૂદી જૂદી ચીજો અને બીજી તોપોની માફક આ તોપ પણ હરાજ કરી દેવામાં આવી, જેના માત્ર એકસો પચાસ રૂપિયા આવ્યા. લીલામ કરનાર તહેસીલદારની નજરમાં એની કિંમત ઘણી ઓછી માલમ પડી અને કદાચ કોઈ બુદ્ધિમાન માણસના સમજાવવાથી તેણે એવો રિપોર્ટ કર્યો, કે આનાથી વધારે કિંમત ઉપજતી નથી અને લોકો આ પ્રાચીન યાદગારને આવી રીતે નષ્ટ કરવી પસંદ કરતા નથી. ગનીમત છે, કે સાહેબ બહાદૂરે પોતાનો હુકમ પાછો લઈ લીધો. એના પછી ફરી એક વેળા આ તજવીજ કરવામાં આવી, કે આ તોપને કલકત્તાના મ્યુઝિયમમાં મૂકવામાં આવે, પરંતુ કેટલાંક કારણોસર આ તજવીજ પર અમલ થઈ ન શકયો અને એવી રીતે આ તોપને આત્મિક વિજય પણ હાંસિલ થયો. કહે છે કે આ તોપ ("મુલ્કમયદાં") લાલ રંગની હતી અને હિન્દુઓ એની પૂજા કરતા હતા.

આદિલશાહી તોપો

ચારગઝી

ગુલબર્ગા(નિઝામ રાજ્ય)ના કિલ્લામાં એક બુરજપર ત્રણ તોપો છે. એક તોપ ચાર ગજની છે અને ઘણે ભાગે આરંભમાં એ ઘણી મોટી તોપ સમજવામાં આવતી હતી. એનાપર "ચહારમની આદિલશાહી" કોતરેલું છે. એની મતલબ એ છે કે આ તોપમાં ચાર મણનો આદિલશાહી ગોળો મૂકવામાં આવતો હતો. બાકીની બે તોપો ૧૪–૧૪ ફીટ લાંબી અને ૧½ના કિનારની છે અને એ બધી તોપો આદિલશાહી સમયમાં બીજાપુરમાં તૈયાર કરવામાં આવી.

બારહગઝી

ગુલબર્ગાના નવરસ બુરજ પર એક તોપ મૂકેલી છે, જેને 'બારહગઝી' કહે છે. એની લંબાઈ અઢાર હાથ છે. એની પાસે જ લાલ પત્થર પર જે શિલાલેખ છે, તે પરથી જણાય છે કે ઈબ્રાહીમ આદિલશાહના સમયમાં મલેક સંદલે હિ. સ. ૧૦૩૪(ઈ. સ. ૧૬૨૪)માં તૈયાર કરાવી.

મદગલના કિલ્લામાં ઘણી તોપો હતી, જેમાંથી લગભગ બધી મોટી મોટી તોપો અંગ્રેજ ઉપાડી લઈ ગયા. (તેમાંની) હૈદરાબાદ દખ્ખણમાં હાલમાં પાંચ–સાત તોપો પડી છેઃ—

(૧)	૯ ફીટ	૯½ ઈંચ	લંબાઈ	—	૩ ફીટ	૫½	ઈંચનું	મુખ
(૨)	૩ ,,	૯ ,,	,,	—	૪ ,,	૭½	,,	,,
(૩)	૧૨ ,,	૯ ,,	,,	—	૫ ,,	૭½	,,	,,
(૪)	૧૨ ,,	૭ ,,	,,	—	૪ ,,	૧૦	,,	,,
(૫)	૮ ,,	...	,,	—	૩ ,,	...		,,
(૬)	૪ ,,	...	,,	—	૪ ,,	૭½	,,	,,
(૭)	૪ ,,	...	,,	—	...	...		,,

આમાંથી પહેલી ચાર તોપો જૂદા જૂદા ભાગોને જોડીને તૈયાર કરવામાં આવી છે. બાકીની ઢાળેલી છે. નલદુર્ગના કિલ્લા(નિઝામ રાજ્ય)ના એક બુરજપર બે તોપો ત્રાંબાની બનેલી છે અને તેનાએક નાના બુરંજપર એક કાળી ધાતુની તોપ છે. સંગ્રામ બુરજપર એક પંચરસી તોપ હાથીના સ્વરૂપની છે અને બીજી મગરના રૂપની છે. કિલ્લાના દરેક બુરજપર એકંદરે બાર મોટી–મોટી અને બત્રીસ નાની નાની તોપો છે, તેમાંથી વધારે ભાગે આદીલશાહી છે.

લમછળી

બીજાપુરના હૈદર બુરજપર બે તોપો મૂકેલી છે. એ બન્ને એટલી લાંબી હતી, કે જે બીજા સાધારણ બુરજોપર ગોઠવી શકાતી ન હતી. એ માટે ખાસ હૈદર બુરજ તૈયાર કરવામાં આવ્યો. આ બન્નેની લંબાઈ અને નાના મુખથી માલમ પડે છે કે એ લાંબા—છેટાના માર માટે તૈયાર થઈ હતી. અત્યારે પણ આ બન્નેના ધબકારાને રોકવાની દિવાલો અને ગાડીના ફેરવવા અને પલટાવવાની કળો મોજુદ છે. એમાંથી એક તોપ "લમછળી" નામથી જાણીતી છે. એ ત્રીસ ફીટ આઠ ઈંચ લાંબી છે, અને જેના મુખની કિનાર એક ફીટ છે.

આ તોપ લોખંડની કડીઓથી બનાવવામાં આવી છે, તેને ફરતે લોઢાની મોટી મોટી ચીપો આપીને જકડી દેવામાં આવી છે. ભઠ્ઠીમાં પટીઓને લાલ કરીને બેસાડી દેવામાં આવી છે. જ્યારે તે ઠંડી થઈ ગઈ ત્યારે તેમણે જકડી લીધી. તોપની લંબાઈમાં એવી રીતનાં પૂરાં દોઢસો વતુલો જમાવેલાં છે. આ તોપની મુઠપર મજબુતી માટે બેવડાં વર્તુલો ચઢાવવામાં આવ્યાં છે અને નાળીપર પણ કેટલાંક વધારેનાં વર્તુલો માત્ર ખુબસુરતી અને કાંગરા કાઢવા માટે લગાડેલાં છે.

દિલખંડલ

અલી મદદ બુરજપર આ તોપ મૂકેલી છે, એનું નામ "દિલખંડલ" છે. આ તોપ કોઈ બીજી જગ્યાએ મૂકેલી હતી. સિકંદર આદિલશાહના હુકમથી મલેક અંદલે જમાદિઉલ-આખિર હિ. સ. ૧૦૯૨(ઈ. સ. ૧૬૮૧)માં બીજાપુરમાં મોકલી, જે એક શિલાલેખથી જાહેર થાય છે, જે એની જ પાસે લગાડેલો છે.

દોઅઝદહ ઈમામ

આ તોપનું નામ 'દોઅઝદહ ઈમામ' (બાર ઈમામ) છે. એ પહેલાં બીજાપુરના મક્કી દરવાઝાપર હતી. હવે બીજાપુરના મ્યુઝિયમના મેદાનમાં મૂકેલી છે. આ તોપ ઘણી મોટી અને જોવાને પાત્ર છે, તેની પર પવિત્ર નામો ઉપરાંત બાર ઈમામોના નામ નાળીપર કોતરેલાં છે. આ તોપ ઇબ્રાહીમ આદિલશાહના સમય હિ. સ. ૯૮૫(ઈ. સ. ૧૫૭૭)ની છે અને ઘણેભાગે બીજાપુરમાંજ આદિલશાહના હુકમથી બનાવવામાં આવી છે, અને એ જ સબબથી એનાપર બાર ઈમામોનાં નામ લખેલાં છે.

લુન્ડેકસ્બાબ

આ નામની આ બીજી તોપ છે, જે બીજાપુરના નેઅમત બુરજપર છે. આ સૌથી મોટી તોપ છે. એનાબલામાં "મુલ્કમયદાં" બીજા નંબરની તોપ છે. આ તોપ એકવીસ ફીટ સાત ઈંચ લાંબી છે. એના મધ્યનો ચકરાવો ચાર ફીટ ચાર ઈંચ અને મુખનો ચકરાવો ચાર ફીટ પાંચ ઈંચ છે અને ખુદ મોંઢું એક ફીટ ૧½ ઈંચ છે. એનું વજન ૪૭ ટન (૧૨૬૯ મણ) છે. એની બનાવટ પણ તેવા જ પ્રકારની છે, જેવી 'લમછળી' તોપની છે. એ તોપની પાસે જ એક ઘણી જ મોટી બીજી અપૂર્ણ તોપનું હાડપિંજર પડેલું છે, જેનીપર તોપ બનતાં-બનતાં રહી ગઈ છે.

મુગલીયા તોપો

હું આગળ લખી ચૂકયો છું કે બાબર બાદશાહે તોપ બનાવવાનું એક કારખાનું મુસ્તુફાખાં રૂમીની દેખરેખ તળે સ્થાપ્યું હતું. આરંભમાં આ કારખાનાની બનેલી તોપો ઘણી વધારે કાર્યસાધક ન હતી. એ તોપ એવી હતી કે એનો ગોળો માત્ર બસો કદમ જતો હતો, પરંતુ અંતિમ દિવસોમાં એણે પૂરતી પ્રગતિ કરી લીધી હતી અને ગોળો ૧,૬૦૦ કદમ દૂર જવા લાગ્યો હતો. બાબરનું ભેજું એવાં કામો માટે ઘણું અનુકૂળ હતું. જો વધુ વખત જીવતો રહી શકયો હોત તો એમાં કાંઈ શંકા નથી, કે એનું તોપખાનું હિન્દુસ્તાનમાં અજોડ બન્યું હોત પરંતુ તેના મૃત્યુએ તેનો અંત આણી દીધો.

હુમાયૂંને પ્રથમ તો શાન્ત હૃદયે સલ્તનત કરવી ન પડી અને બીજું તેનું ભેજું પણ કાંઈક એવું ન હતું કે જેમાં સંશોધનની કાબેલિયત હોય. લોદી અને સૂરી અમીરો પર

તેણે જે વિજયો મેળવેલા છે તે કાંઈ અગત્ય દાખવતા નથી, કેમકે તેનો મુકાબલો જ્યારે વ્યવસ્થિત રાજ્યો જોડે થયો ત્યારે અફસોસ છે કે કોઈમાં તેને સફળતા ન મળી.

એનો પહેલો મુકાબલો **સુલતાન બહાદુરશાહ ગુજરાતી**થી થયો, જેણે તોપોનો દુર્ગ બનાવીને સૈન્યને રક્ષિત કરવા ઇચ્છયું હતું, પરંતુ હુમાયૂંની પાસે કોઈ એવું સારૂં તોપખાનું ન હતું, જે એ તોપખાનાનો મુકાબલો કરતે. જો **રૂમીખાં** (તોપ ખાતાના વડાએ)એ સુલતાન બહાદુરશાહની જોડે દગાબાઝી કરી નહોત તો કદાચ હુમાયૂંને દિલ્હી પાછા જવાનું નસીબ ન પણ સાંપડયું હોત! ટૂંકમાં, નિમકહરામ રૂમીખાંના ચાલ્યા જવા પછી સુલતાન બહાદુરે હુમાયૂંથી ગુજરાત પાછું લઇ લીધું.

બીજી લડાઈ **શેરશાહ**થી થઈ, જેમાં હુમાયૂંએ બહાદુરશાહનું તોપખાનું વાપર્યું, જે લૂંટના માલમાં તેણે હસ્તગત કર્યું હતું, પરંતુ કાંઈક પોતાની અનેક યુક્તિઓપ્રયુક્તિઓ અને કાંઈક ભાઈઓની દગાબાઝીથી અહિં પણ કિસ્મતે એને સફળ થવા ન દીધો.

કનૌજના યુદ્ધમાં હુમાયૂંએ જે તોપખાનું ઉપયોગમાં લીધું, તેમાં સાતસો તોપો હતી, તેમાંથી એકવીસ મોટી તોપો હતી, જેને સોળ સોળ બળદો ખેંચતા હતા. બાકીની નાની હતી, જેને આઠ--આઠ બળદો લઈ જતા હતા.[1]

અકબર બાદશાહ જેણે પોતાના પિતામહ **બાબર**ના ઉચ્ચ ગુણો અને બુલંદ હિમ્મતી જ્યાં વારસામાં મેળવી હતી, ત્યાં તેનું ભેજું પણ સંશોધન કરવામાં અજોડ હતું. એના સમયમાં તોપખાનાની ઘણી પ્રગતિ થઈ. એનાં કારખાનાંમાં જૂદા જૂદા પ્રકાર–ઢબની તોપો બનાવવામાં આવતી હતી. કેટલીક ભારે વજનદાર હોતી અને કેટલીક તેનાથી ઓછી, એટલે સુધી કે કેટલીક એવી તોપો બનાવવામાં આવી, જે એટલી બધી હલકી હતી કે માણસ તેને ઉપાડીને જ્યાં ચાહતો ત્યાં લઇ જતો. નીચલા પ્રકારની તોપો એ સમયમાં પ્રકટપણે દષ્ટિએ પડે છેઃ—

(૧) **બુરજી** તોપ, (૨) **ફીલકશ**, (૩) **ગાવકશ**, (૪) **શરદુમકશ**, (૫) **શુતંરનાલ**, (૬) **ગજનાલ**, (૭) **નરનાલ** વિગેરે.

બુરજી તોપ—આ ઘણી વજનદાર અને મોટા મારકાની તોપ હતી. એને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઇ જવાનું કામ જરા મુશ્કેલ હતું. એ કારણે ઘણે ભાગે કિલ્લાના બુરજો પર મૂકવામાં આવતી હતી અને પ્રતિસ્પર્ધીના ઘેરા અને હુમલાની વેળા ઘણી કાર્યસાધક સાબેત થતી હતી. એનો ગોળો પણ વધારે વજનદાર રહેતો હતો. **અકબર**ના સમયમાં આગ્રાના બુરજ પર એ જ પ્રકારની તોપ હતી, જેનું ચિત્ર "**આઈને અકબરી**"માં **અબૂલફઝલે** આપેલું છે.

ફીલકશ--એ ઘણા ભારે વજનની બનતી હતી. એને હાથી ખેંચતા હતા. એ કિલ્લા તોડનારી અને મેદાની બન્ને પ્રકારની હતી.

ગાવકશ--આ તોપો એવી હતી, જેને બળદો ખેંચતા. એમાં પણ વજનમાં કેટલીક ભારી અને કેટલીક હલકી હતી. **અબૂલ ફ્ઝલે** લખ્યું છે, કે કેટલીક એટલી બધી વજનદાર હતી, કે તેને હજાર બળદો મળીને લઈ જતા અને એનું સમર્થન કે કથનોથી થાય છે,

૧ ઇરવીન સાહેબકૃત "સૈન્યવ્યવસ્થા" લંડનમાં મુદ્રિત થયેલી.

જે મુસાફરોએ પોતાના પ્રવાસગ્રંથોમાં કર્યો છે. એનું વર્ણન નજીકમાં જ આવશે, પરંતુ એમાંની મોટે ભાગે એવી હતી કે એ ચાર જોડ બળદો સરળતાપૂર્વક જ્યાં ચાહે ત્યાં લઈ જતા.

મરદુમકશ—આ તોપ નાની અને હલકી હતી. એક માણસ આરામની સાથે માથા પર મૂકીને ઉઠાવીને લઈ જતો. એ તોપનું નામ "**તરનાલ**" હતું. વજન ઉંચકવામાં સરળતા થઈ પડે એ વિચારથી એવી તોપો સંખ્યાબંધ બનાવવામાં આવતી હતી અને સૈન્યમાં એનો વપરાશ ઘણો જ થઇ પડયો હતો. "તરનાલ" કેટલીક એવી પણ હતી, જેનું વજન કાંઇક વધારે પણ હોતું અને કેટલાય માણસો મળીને તે ઉઠાવતા હતા. બાદશાહની સ્વારીમાં ઘણે ભાગે એવી જ તોપો રહેતી હતી, જેને "**હાઝર તોપ**" કહેતા હતા.

અકબરી મશીનગન.

અહમદનગરના નિઝામશાહીઓએ કેટલીક એવા પ્રકારની તોપો બનાવી હતી કે જેમાં આવશ્યકતાને સમયે પૈસા ભરીને પ્રતિસ્પર્ધી પર ફેર કરતા તો તે બિલકુલ મશીનગનની માફક શત્રુઓનો નાશ કરી દેતી હતી. મશીનગનની એ પ્રથમ કલ્પના હતી. અકબરના સમયમાં એ કલ્પનાએ વ્યવહાર રૂપ ધારણ કરી લીધું અને ખરેખર એક પ્રકારની મશીનગન બનાવવામાં આવી. એટલે નાની, નાની સત્તર તોપો એકી સાથે એવી રીતે બનાવવામાં આવી, કે એક જ જામગીરીથી બધાનાં મોંઢાં ઉઘડી જતાં અને એકી વખતે સત્તર ફેર થતા. વળી હલકી પણ એટલી બધી હતી, કે એક હાથી એને સ્હેલાઈથી ખેંચી લઈ જતો* આ શોધ આજથી સાડા ત્રણસો વર્ષ પૂર્વેની છે, જ્યારે ઘણે ભાગે યૂરોપમાં એની કલ્પના પણ ઉદ્‌ભવી નહતી. કહેવામાં આવે છે કે એનો શોધક **હકીમ અબૂલફત્હ ગિલાનીની** છે.

રચનાની દૃષ્ટિએ પણ આ તોપો જૂદી જૂદી જાતિની હતીઃ—

(૧) આ તોપ વાંકી વળી શકે એવી હતી અને ગાડી વિના વાપરી શકાતી. એને ઉપાડીને કોઇ ઉંચા સ્થાનપર મૂકતા અથવા બે કડાંઓને ઉભાં કરીને તેના પર તોપ મૂકી રાખતા, પરંતુ એનો વપરાશ આહિસ્તા આહિસ્તા કમ થઈ ગયો.

(૨) આ તોપ ગાડી પર રહેતી અને એને ગાડીથી એલાહેદી કરી શકતા નહતા. ગાડી પર જ જ્યાં ચાહો ત્યાં લઇ જાવ. આ પ્રકારની તોપો ભારે વજનની હોતી અને મોટે ભાગે કિલ્લા તોડવાના કાર્યમાં એનો ઉપયોગ વધારે થતો હતો. એને હાથી અથવા બળદ લઇ જતા. જંગનાં મેદાનોમાં પણ એનો ઉપયોગ થતો અને ઘણી કાર્યસાધક સાબેત થતી હતી.

(૩) એ ઓછા વજનની હલકી તોપ પણ ગાડીપર રહેતી. એ કારણસર જ્યાં ચાહતા ત્યાં ગાડીથી અલગ કરીને પણ ઉપયોગ કરી લેતા અને જ્યારે જરૂરત પડતી ત્યારે ગાડીપર મૂકીને કામ ચલાવતા. ઉપલી બધી તોપો ઢાળેલી હતી.

(૪) કેટલાક પ્રકારની એવી તોપો પણ હતી, જેનાં અંગેઅંગ જૂદાં થઈ જતાં હતાં. આવશ્યકતાની વેળા ગાડીપર મૂકીને તેને જોડી દેવામાં આવતી હતી અને એવી રીતે ભારે વજનદાર તોપોને છૂટી કરીને જ્યાં ઇચ્છતા ત્યાં લઇ જતા અને (તેમ કરવામાં) કોઇ પ્રકારની વિટમ્બણા જણાતી નહતી. પહેલાં ઘણી વેળા એવું બનતું કે શિકસ્ત વેળા અથવા

* "**આઇનએઅકબરી**" ભાગ ૧ લે; પૃષ્ઠ ૮૨ નવલકિશોર.

સમયના અભાવના કારણે જ્યારે પ્રતિસ્પર્ધી માથાપર આવી ગયો હોય, યા વજનદાર તોપોને પોતાની સાથે લઇ જઇ શકતા નહતા, એવી હાલતમાં કાં તો તેને ખીલા મારીને બેકાર કરી દેતા અથવા પછી દુશ્મનોને અર્પણ થતી. આ તોપની શોધથી મોટો ફાયદો એ થયો કે આ પ્રકારની તોપો આવશ્યકતાની વેળાએ જ્યાં ચાહતા ત્યાં લઇ જતા અને શત્રુના હાથે જવાથી એ તોપો બચી જતી.

આ જોડદાર (Folding) તોપો જૂદા જૂદા કદની હતી. કેટલીકના નવ કે દશ કટકા થતા અને કેટલીકના એનાથી ઓછા ઓછામાં ઓછા ત્રણ કટકા થતા. એક આગળનો ભાગ, બીજો મધ્ય અને ત્રીજો છેવટનો. એને આંટા દ્વારા એક બીજાથી જોડી દેતા હતા. આ તોપોના ગોળા પણ જૂદા જૂદા વજનના રહેતા હતા. ૨૫-૩૦ શેરના ગોળાથી લઇને બાર મણ વજન સુધીના ગોળા ઉપયોગમાં લેવામાં આવતા હતા. આ ગોળા પત્થર અને લોખંડના હોતા.

તોપો બનાવવાના અકબરી કારખાનાના ઓહ્દેદારને "**મીર** આતિશ" (દારોગા તોપખાના) કહેતા હતા અને તેની ગણત્રી મનસબદારોમાં થતી અને અન્ય ઓહ્દેદારોની માફક તેમની પણ પૂરતી ઇઝ્ઝત કરવામાં આવતી. ખિલ્અત (પોશાક) અને જાગીરથી નવાજતા. સામાન્ય સેપાહોનો પગાર એ સમયમાં દસ રૂપિયા સુધી હતો.[1]

અકબરના પચાસ વર્ષના રાજકાળના કારણે દેશમાં સુલેહ અને શાન્તિનો યુગ હતો. દરેક તરફ ખુશહાલી અને આબાદી નજરે પડતી હતી. સલ્તનતના કોઇ ભાગમાં યુદ્ધ થતું નહતું. **જહાંગીર** જ્યારે ગાદીનશીન થયો ત્યારે તેને અયશ અને આરામના સિવાય બીજું કોઈ કામ નહતું. તેના સમયમાં લશ્કરી વ્યવસ્થા તે જ હતી, જે **અકબરની** સ્થાપિત કરેલી હતી અને મારા વિચાર પ્રમાણે તેની આખેરી ઉમ્મર સુધી એમાં કોઈ પ્રકારનો ફેરફાર ન થયો. પરંતુ તે સમયમાં તોપખાતું કેટલું વિશાળ થઈ ગયું હતું, તે માત્ર એનાથી માલમ થઈ શકે છે કે કેટલાક સાધારણ બળવાઓને દાબી દેવા માટે જે સૈન્ય જતું હતું, તેમાં તોપોની સંખ્યા તે સમયને જોતાં કેટલી મોટી હતી. "તુઝ્કે જહાંગીરી"માં બંગાળાના ઝમીનદાર ઉસ્માનના સંબંધી લખેલું છેઃ—

"આ ÷હાલતમાં મુઅઝ્ઝમખાંનો પુત્ર **અબ્દુસ્સલામ** શાહી નોકરોની એક ટુકડી લઇને, જેની સંખ્યા ત્રણસો સ્વાર અને ચારસો તોપચીની હોય, પહોંચે." (એટલે કે ગનય.)

એવી જ રીતે **કાંગરાના** કિલ્લાની ફત્તેહ માટે જ્યારે રાજા **વિક્રમાદિત્યને** મોકલવામાં આવેલા ત્યારે જ્યાં મોટા મોટા સરદાર તેમની જોડે થયા હતા. ત્યાં એક મોટું તોપખાનું પણ હતું. "ઇકબાલનામા"માં છેઃ—

"બસ્સો +સ્વાર બર્કઅંદાઝ (વિજળિક ગતિના) અને પાંચસો ટુકડી તોપચી પ્યાદા, તે લોકોના સિવાય જે પહેલાંના મુકરર થયા હતા, **કાંગરાના** કિલ્લાને ફત્તેહ કરવાના માટે નિયુક્ત થયા. ખિલ્અત અને તલવાર આપીને સન્માનવામાં આવ્યા."

શાહજહાં જ્યારે હિ. સ. ૧૧૩૭(ઈ. સ. ૧૭૨૪)માં ગાદીનશીન થયો ત્યારે મુગલ સલ્તનતની ઉષા હતી. એ સમયમાં કંદહારના યુદ્ધ અને દખ્ખણના હુમલાના સિવાય

* "**આઇનએઅકબરી**" ભાગ ૧ લો પૃષ્ટ ૮૩ નવલકિશોર : લખનૌ :

÷ "**તુઝ્કે જહાંગીરી**" પૃષ્ટ ૧૦૪, જશન સાતમો [અલીગઢ]

+ "**ઇકબાલનામએ જહાંગીરી**" પૃષ્ઠ ૧૧૭ : કલકત્તા :

નોંધવાને પાત્ર કોઈ યુદ્ધ નથી. કંદહારમાં જે તોપો ઉપયોગમાં લેવાઈ તે કાંઈ વધારે મોટી ન્હોતી. ટૂંકમાં અવરંગઝયબના પત્રોમાં, જે શાહજહાંના નામે છે, એનો વારંવાર ઉલ્લેખ આવે છે.[૧]

દારા શિકોહ જ્યારે કંદહાર જવા ઉપડયો ત્યારે તે ઘણે ભાગે ઘણી નાની હોવાના કારણે એ તોપો લાહોરમાં મૂકતો ગયો હતો. તેમાંથી એકનું નામ "ફત્હ મુબારક" અને બીજીનું નામ "કિશવર કુશા" હતું. દિલ્હીથી એ તોપો બીજી રવાના કરવામાં આવી, તેમાંથી એકનું નામ "મરીયમ" અને બીજીનું મામ "કિલ્આકુશા" હતું. એની લંબાઈ પચીસ ફીટ હતી. એમાં એંસી ટકા ત્રાંબું અને બાકી કલાઈ હતું.

જહાંકુશા

એક બીજી તોપ હતી, જેનું નામ "જહાંકુશા" હતું. એની લંબાઈ સત્તર ફીટ, ચકરાવો પંદર ફીટ અને મુખ એક ફીટથી વધારે હતું. એ ઢાકામાં ઢાળવામાં આવી હતી. એના ઉપર ૨જી જમાદિઉલ આખિર જુલુસ ૧૧ (એટલે ઇ. સ. ૧૬૩૭) કોતરેલ છે.

શાહજહાંની મશીનગનઃ

અકબરના સમયમાં જે મશીનગન તૈયાર થઈ હતી, તેમાં હવે ઘણી પ્રગતિ થઇ ગઈ હતી. ઈ. સ. ૧૭૯૦(હિ. સ. ૧૨૦૫)માં એક ફ્રેન્ચ, જે હિન્દુસ્તાનમાં આવ્યો હતો તેણે પોતાના એકપત્રમાં લખ્યું છે કે "અરગન" નામક એક એવી મશીનગન તૈયાર થઇ છે, કે જેમાં બંદૂકની છત્રીસ નાળીઓ એકી વેળા એક જ જામગીરીથી સર થાય છે."[૨]

આલમગીરની આખી જીંદગી લડાઈમાં જ પસાર થઈ છે, એ કારણે ફોજી આવશ્યક્તાની નજરે તેને જેટલી તોપખાનાની હાજત થઈ, તેટલી તેના અગાઉના બાદશાહોમાં અકબરની પછી કોઇને જરૂર ન થઇ હતી.

એ સમયમાં નજરે આવે છે કે તોપખાનાને સંપૂર્ણ કરવા અને ઉચ્ચ કક્ષાએ પહોંચાડવાના માટે એ કલાના બહારના (પરદેશી) જાણકારોની સેવા મેળવવામાં આવી હતી.

મેંઢા તોપ

આમાંથી એક મુહમ્મદ હુસયન અરબ હતો, જે આ'લા દરજ્જેની તોપો તૈયાર કરતો હતો. તેની બનાવેલી કેટલીક તોપો આજે પણ મોજુદ છે. દવલતાબાદમાં ચીની મહેલની પાસેના કિલ્લાના દરવાજાના નજીક એક બુરજપર આ તોપ મૂકેલી છે. એનું અસલ નામ "કિલ્આ શિકન" છે. પરંતુ આજકાલ એને "મેંઢાતોપ" કહે છે; કેમકે એનું માથું મેંઢાના જેવું બનેલું છે. એ તોપની સાંધી બાજુએ ગોળો લાગીને નિશાન પણ પડી ગયેલું છે. એની લંબાઈ અઢાર ફીટ ૨½ ઇંચ, કાનની પાસેનો ચકરાવો સાત ફીટ બે ઇંચ અને મુખનો ચકરાવો પૂરા પાંચ ફીટ છે, અને ખુદ મુખ એક ફીટ બે ઇંચ છે, જેનાથી અનુમાન કરી શકાય છે કે એનો ગોળો એક મણનો હશે. એના ઉપર નીચલી ઈબારત કોતરેલી છેઃ—

---

૧ પરન્તુ બર્નીયર લખે છે કે આ યુદ્ધમાં અવરંગઝયબે અંગ્રેજ, ફ્રેંચ, જર્મન અને પોર્ટુગીઝી બનાવટની તોપો વાપરી હતી, પણ એનું સમર્થન કોઇ અન્ય ઇતિહાસથી થતું નથી.

૨ ઇરવીન સાહેબકૃત "સૈન્યવ્યવસ્થા" પૃષ્ઠ ૧૩૮ : લંડન :

"(કુરઆને-શરીફની એક આયાત પછી) અબૂલ મુઝફ્ફર મુહીયુદ્દીન મુહમ્મદ અવરંગઝયબ બહાદૂર આલમગીર બાદશાહે ગાઝી, "તોપ કિલ્આ કિશન," અમલ (બનાવનાર) મુહમ્મદ હુસયન અરબ."

ગોલા અંદાઝોમાં હિન્દુસ્તાની અને અરબો ઉપરાંત ડચ પણ નોકર હતા. ટૂંકમાં, એક ડચ (હોલેન્ડ) એન્જીનિયર ૧૫-૧૬ વર્ષ સુધી અહિં નોકર રહ્યો, જેનો સંબંધ તોપખાના જોડે હતો. રાજા જયસિંગ જ્યારે શિવાજીથી જંગ કર્યા પછી પાછો ફર્યો ત્યારે તેની (જયસિંગની) સિફારશથી રજા મેળવીને ઈ. સ. ૧૬૬૭(હિ. સં. ૧૦૭૮)માં પોતાને દેશ (એ) પાછો ચાલ્યો ગયો. [૧]

ધુલદહાં

એ સમય સુધી કોઈ પુરાવો એવો ન મળતો હતો કે જેનાથી જાણી શકાય કે હિન્દુસ્તાનીઓએ પોતે પણ આ કલામાં કોઈ ખાસ હિસ્સો લીધો હતો. દવલતાબાદના એક બુરજપર એક તોપ લાકડાની ગાડીપર મૂકેલી છે, તેનું નામ "ધુલદહાં" છે. એ મશહુર "મુલ્ક મયદાં" નામક બિજાપુરી તોપના જેવી લગભગ છે. તેની લંબાઈ ઓગણીસ ફીટ દશ ઇંચ, કાનની પાસેનો ચકરાવો ૫૩/૪ ઈંચ, મુખની કિનાર ચાર ફીટ આઠ ઈંચ છે. એ એક "મંગલસિંહ" નામના હિન્દુની બનાવેલી છે. અનુમાન કરવામાં આવ્યું છે કે આ તોપનું વજન ૨૯૫ મણ છે. એના પર નીચલી ઈબારત કોતરેલી છેઃ—

"અમલ મંગલસિંગ વલ્દે રૂઘનાથ કિશનદાસ વલ્દે સંગજી, "તોપ ધુલદહાં" બાબત 'જોળાકળા', લંબાઈ સાત હાથ અઢાર અંગુશ્ત (ઈંચ) શ્રી વરગ."

આ લખાણ દખ્ખણી ભાષામાં છે. સંભવિત છે કે મરાઠી ભાષામાં હોય, કેમકે મરાઠી ભાષાની ઉષા આલમગીરના સમયથી શરૂ થઇ. એનાથી અનુમાન કરી શકાય છે કે આ તોપ એ જ સમયની છે અને ઘણું જ શક્ય છે કે નિઝામશાહના સમયની હોય. કેમકે નિઝામશાહીઓના યુગમાં ઘણાં મરાઠાઓ સલ્તનતમાં દાખલ થઈ ચૂકયા હતા. ટૂંકમાં મલેક અંબરે એમનાથી જ લશ્કરની એક ટુકડી તૈયાર કરી હતી. તેમને મોટા મોટા છાપા મારીને શત્રુને લૂંટી લેવાનું શિખવાયું હતું. આ રીત તેમને એટલી બધી પસંદ આવી કે જેને મરાઠાઓ પોતાના પતનના અંતિમ કાળ સુધી કામમાં લાવતા રહ્યા.

ગોલકંદાના ઘેરામાં બે તોપો "અઝદહા પયકર" અને "દુશ્મન કોબ" એવી મોટી હતી, કે તેના અવાજથી ભીંતો ધ્રૂજવા લાગતી હતી. અફસોસ છે કે પ્રસંગ મેળવીને શત્રુએ એને બેકાર કરી દીધી. એ સમયનો વિખ્યાત મુસાફર ડૉ. બર્નિયર લખે છે કે "આલમગીરના એક યુદ્ધમાં સિત્તેર મોટી મોટી તોપો હતી, તેમાંથી કેટલીકને એકવીસ જોડ બળદ ખેંચતા હતા અને રસ્તો ખરાબ હોય ત્યાં તે ખેંચવાને હાથીનો ઉપયોગ થતો હતો. ખાસ પ્રકારની પિત્તળની નાની-નાની ખુબસુરત તોપો ગાડીઓ પર મૂકીને બાદશાહની જોડે સ્વારીમાં રહેતી હતી. એને બે ઘોડા ખેંચતા હતા. આ તોપો વાસ્તવમાં "નરનાલ"ના પ્રકારની હતી. પરંતુ સાથે રહેવાના કારણે એનું નામ અંતમાં "હાઝરરિકાબ" પડી ગયું હતું." [૨]

હવાઈ તોપ

એ જમાનામાં એક બીજી રસપ્રદ તોપ શોધવામાં આવી હતી, તેનું નામ "હવાઇ તોપ"

---

૧ ટેવેનિયરનું સફરનામું : દવલતાબાદનું બ્યાન.

૨ બર્નિયરનું સફરનામું.

હતું. એને "દંડા"ના કિલ્લાની ફત્તેહના પ્રસંગે યાકૂમ શયદીએ શિવાજી જોડેના યુદ્ધમાં વાપરી હતી. એ તોપને ઝાડ ઉપર પણ લઈ જવામાં આવતી હતી અને ઝાડ ઉપરથી જ ફેર કરાતા હતા. ખાફીખાન લખે છે:-

"કે[1] હવાઈ તોપો મંગાવીને વૃક્ષો પર બાંધી અને રત્રિની વેળા 'દંડા'ની (દિશા) તરફ ફેર કર્યા." ફરી આગળ ચાલીને એક સ્થળે લખે છે કે "હવાઈ અને બીજા પ્રકારની તોપો જમા કરી."

તે વેળા સુધી ગોળા અને ગોળીઓ પૅત્થર અને લોખંડનાં વપરાતાં હતાં. પરંતુ આ સમયમાં શિશાનો ઉપયોગ પણ શરૂ થઈ ચૂક્યો હતો. ગુજરાતનો નાઝિમ (ગવર્નર) હાફિઝ મુહમ્મદ અમીનખાં(મૃત્યુ : હિ. સ. ૧૦૯૩ : ઇ. સ. ૧૬૮૨)ના માલ અને અસબાબની તપાસ લેવામાં આવી ત્યારે તેમાંથી એક મણ શીશું પણ નીકળ્યું હતું. "માસિરે આલમગીરી" માં છે કે:—

"ગુસરૂબેગ[2] ચીલા, હાફિઝ મુહમ્મદ અમીનખાં મર્હૂમનો માલ અને અસબાબ અમદાવાદથી લઇને હુઝૂરમાં હાજર થયો. સત્તર લાખ રૂપિયા, એક લાખ પચ્ચીસ હજાર અશરફી, ચારસો વીસ ઘોડા, એકસો સત્તર ઊંટ, એક મણ શીશું, ચાર મણ બારૂદ. ખાન મર્હૂમના ઘરનો આ માલ જહાંપનાહના નિરીક્ષણમાં ગુજારવામાં આવ્યો."

આલમગીરી યુગમાં તોપખાનાના સંખ્યાબંધ ઓહ્દેદાર હતા : (૧) દારોગા (અફસર) તોપખાના, (૨) મીરઆતિશ, (૩) ગોલાઅંદાઝ, (૪) એન્જીનિયર, અને (૫) સિપાઈ.

તોપખાનાનો દારોગા પહેલાં મોમિનખાં હતો; પછી હાજી મુકીમખાંને બનાવવામાં આવ્યા. મીર આતિશના ઓદ્ધાપર સફશિકનખાં, સલાબતખાં, સૈયદ, ઇઝ્ઝતખાં અને મુખલિસખાં વિગેરે નિયુક્ત થતા રહ્યા, જે ઉપર જણાવાયલું જ છે. આ અમલદાર પ્રતિષ્ઠા અને મનસબથી નવાજાયલા હતા. ટૂંકમાં, મુખલિસખાં એક હજારી અને ત્રણસો સ્વારના મનસબપર નિયુક્ત હતો.[3]

આલમગીરી યુગમાં સંખ્યાબંધ તોપો મોજુદ હતી, જેની ગણત્રી પણ અશક્ય છે. તેમાંથી ઘણે ભાગે તે હતી, જે હિન્દુસ્તાનમાં તૈયાર થઈ હતી. પરંતુ પરદેશની તોપો પણ જૂદા જૂદા તરીકાથી એકત્ર થઈ ગઈ હતી. તેમાંથી ૧,૦૨૬ પિત્તળની અને લોખંડની તે તોપો હતી, જે ચટગામના યુદ્ધમાં પોર્ટુગીઝો અને અરાકાનીઓ કનેથી વિજય પછી લૂંટના માલ તરીકે મેળવવામાં આવી હતી.[4]

બહાદૂરશાહના સમયમાં લાહોરથી બે તોપો મંગાવવામાં આવી હતી, જેને બસ્સો પચાસ બળદો અને ૭ હાથી ખેંચતા હતા અને ચાર માઈલની મુસાફરી દશ દિવસમાં થતી હતી.

મુલ્કમયદાં બિહારી.

આ નામની આ નસીબી (અર્થાત્ મળેલી) તોપ છે. એ જ કારણે એના નામની

---

૧ "મુન્તખ્બુલ લુબાબ" ભાગ ૨ જો પૃષ્ઠ ૨૨૬ : કલકત્તા :

૨ "માસિરે આલમગીરી" : જુલુસ ૨૬

૩ એજન : જુલુસ ૩૧

૪ એજન "આલમગીરનામા" પૃષ્ઠ (?)

જોડે ઓળખ માટે "બિહારી" શબ્દનો વધારો કરી દેવામાં આવ્યો છે. એનો ગોળો એક મણનો હતો અને એને એકસો પચાસ બળદો અને બે હાથી મળીને ખેંચતા હતા.

હિ. સ. ૧૧૨૪ માં જ્યારે ફર્રુખસયર (બાદશાહ) અકબરનગર(રાજમહેલ)થી અઝીમાબાદ પટણા આવ્યો ત્યારે તે વેળા આ તોપ નસીબી જમીનના કાદવમાં એવી રીતે ફસેલી હતી કે બળદો અને હાથીએ ઘણું ઘણું જોર કર્યું, છતાં પોતાની જગ્યાએથી તે ખસી ન હતી. ફર્રુખસયર જાતે તોપની નજીક આવ્યો અને તોપખાનાના ફિરંગી નોકરોની યુક્તિઓથી ખેંચી કઢાવવા મથન કર્યું, પરંતુ કોઈ રીતે સફળતા ન મળી. પછી મિરઝા અજમેરીએ આદાબ બજાવી લાવીને અરજ કરી કે જો આજ્ઞા હોય તો બંદો (સેવક) પણ એક વાર શકિત અજમાવે. ફર્રુખસયરે આજ્ઞા આપી દીધી. મિરઝા મજકૂરે ગાડીના ચાકોમાં હાથ નાંખીને છાતી સુધી આ તોપને ઉપાડી લીધી અને અરજ કરી કે જ્યાં ફરમાવો ત્યાં એને મૂકી દઉં. ફર્રુખસયરે ઉંચી જમીન તરફ સંકેત કર્યો. મિરઝાએ તેને નીચી જમીનમાંથી કાઢીને બતાવેલી જગ્યાએ મૂકી દીધી. આટલી બધી શક્તિ અજમાવવાથી પ્રકટ હતું કે મિરઝા મજકૂરની આંખોમાંથી રકત ટપકી પડયું. એ જોઈને ફર્રુખસયરે તેની અનહદ પ્રસંશા કરી અને જોનારાઓ તો પહેલાં દિગ્મુઢ બની ગયા, પછી કૃતજ્ઞતા અને આફ્રિનના અવાજ તેમણે એટલી પ્રચંડતાથી કર્યા કે આખું મેદાન ગુંજી ઉઠયું. તે જ વેળા તેને છ હજારીનો મનસબ અર્પવામાં આવ્યો અને "ઈફ્રાસ્યાબખાન"ના ખેતાબથી નવાજ્યો.[1] ઘણે ભાગે ફર્રુખસયર આ તોપને પોતાની સાથે દિલ્હી લઇ ગયો હશે, કે કેમકે બંગાળના ઇતિહાસમાં ફરી એનું વર્ણન કયાંય આવતું નથી.

દિલ્હીના મુહમ્મદશાહ બાદશાહે કરનાલના યુદ્ધમાં તે તોપો વાપરી, જેને પાંચથી દસ હાથી અથવા ૫૦૦ થી ૧૦૦૦ બળદો ખેંચતા હતા.[2] સારાંશ, મુગલ સલ્તનતના પતનપર દરેક પ્રકારની તોપોની શોધો થઈ ચૂકી હતી, જેમાં હલકી અને વજનદાર દરેક પ્રકારની મોજુદ હતી. કેટલીક તોપો હાથીપર લદાતી હતી અને તેની જોડે બે સિપાઇ રહેતા હતા. તેનું નામ "ગજનાલ" હતું. કેટલીક તોપો ઊંટપર લાદીને લઈ જતા અને તેનાથી દુશ્મનો પર ફેર કરતા. આ કારણે ઊંટોને ખાસ પ્રકારે વિદાય કરવામાં આવતાં. એવી તોપોને "શુતરનાલ"ના નામે ઓળખતા હતા. "હુથનાલ" ઘણે ભાગે તે તોપને કહેતા હતા, જેને માણસો હાથ પર ઉપાડી લેતા. કદાચ "નરનાલ"થી આ નાની હશે. એવી જ રીતે ઝંબુરક, શાહીં, ધમાક, રામજનક, દહકાલા, બદઅંલીયા, સંગરાદ, સરકોબ, ચાદર વિગેરે જૂદાજૂદા પ્રકાર અને નામોની તોપો અને આતશી હથીયારો મોજુદ હતાં. જેનું વર્ણન તે સમયના ઇતિહાસોમાં દરેક સ્થળે પુષ્કળ મળી આવે છે.

ઝમઝમા

પાણીપતના મેદાનમાં મરાઠાઓની પાસે તોપખાનાના વડા ઇબ્રાહીમખાંની દેખરેખમાં કિલ્લા તોડી પાડનારી તોપો ઉપરાંત બસ્સો મેદાની તોપો પણ હતી અને અહમદશાહ અબ્દાલી પાસે માત્ર ત્રીસ તોપો હતી. એ જ તોપોમાંથી એકનું નામ "ઝમઝમા" હતું. એ તોપ અહમદશાહ અબ્દાલીના હુકમથી તેના વઝી વલીખાંએ લાહોરના મશહુર

---

૧ "રયાઝુસ્સલાતીન" પૃષ્ઠ ૨૯૫ કલકત્તામાં મુદ્રિત થયેલી.

૨ ઇરવીન સાહેબકૃત "સૈન્યવ્યવસ્થા" : લંડન :

તોપ ઢાળનાર "શાહનઝીર" પાસે હિ. સ. ૧૧૫૫(ઈ. સ. ૧૭૪૨)માં તૈયાર કરાવી હતી. એના જોટાની એક બીજી તોપ પણ તૈયાર કરવામાં આવી હતી, જે પાણીપતના જંગ પછી કાબુલ લઈ જતાં ચીનાબ નદીમાં ડૂબી ગઈ. એ બન્ને તોપો પિત્તળ અને ત્રાંબાને મિશ્ર કરીને બનાવવામાં આવી હતી. એની લંબાઈ ચૌદ ફીટ ૪½ ઈંચ અને એનું મુખ ૯½ ઇંચ છે.

પાણીપતના વિજય પછી અબ્દાલી આ તોપને લાહોરના હાકિમ (ગવર્નર) ખ્વાજા ઉબયદની પાસે મૂકી ગયો, જેની કનેથી ઈ. સ. ૧૭૬૨(હિ. સ. ૧૧૭૬)માં હરિસિંગ ભંગી નામના એક શિખ સરદારે ખુંચવી લીધી. તે ઈ. સ. ૧૭૬૪ (હિ. સ. ૧૧૭૮) સુધી લાહોરના શાહી બુરજમાં પડી રહી. એ જ સાલમાં ગુજરસિંગે સરદાર ચરતસિંગ જે રાજા રણજિતસિંગનો પિતામહ હતો, તેને આપી દીધી. તે ગુજરાનવાલા લઈ આવ્યો. ચટા રાજપૂતનો સરદાર અહમદખાં ત્યાંથી એને અહમદનગર (પંજાબ) ઉપાડી લઈ ગયો. કેટલાક દિવસો પછી ગુજરસિંગે તેમની કનેથી તે લઈ લીધી. બે વર્ષ પછી ફરી ચરતસિંગને હાથ આવી ગઈ. ઈ. સ. ૧૭૭૨(હિ. સ. ૧૧૮૬)માં આ તોપ ફરી વાર અહમદખાંને હાથ લાગી, જેને તેણે રસૂલનગર પહોંચાડી દીધી ઈ. સ. ૧૭૭૩માં સરદાર ઝંડાસિંગ ભંગી તેમની કનેથી છીનવીને અમૃતસર લઈ ગયા. ઈ. સ. ૧૮૦૨(હિ. સ. ૧૨૧૭)માં અમૃતસર ફત્તેહ થતાં તે મહારાજા રણજિતસિંગના કબ્જામાં આવી. એનાથી મહારાજાએ ઘણું કામ લીધું. ડસ્કા, કસુર, સુજાનપુર, વઝીરાબાદ અને મુલતાનની લડાઈઓમાં એ ખૂબ વાપરવામાં આવી. ઈ. સ. ૧૮૧૮(હિ. સ. ૧૨૩૪)માં આ તોપને મુલતાનના ઘેરામાં ઘણું નુકશાન પહોંચ્યું. નિરૂપયોગી સમજાતાં તે લાહોરના દિલ્હી દરવાજાપર મુદ્દત સુધી પડી રહી. પછી ઈ. સ. ૧૮૭૦(હિ. સ. ૧૨૮૭)માં અંગ્રેજોએ યુનિવર્સિટી હોલ અને મ્યુઝિયમની વચ્ચે એક ચબુતરાપર ગોઠવી દીધી, જે અત્યાર સુધી ત્યાં મોજુદ છે.

એના મુખપર એક ફાર્સી પંક્તિ કોતરેલી છે, જેનો ભાવાર્થ આ છેઃ—

"કે વઝીર શાહ વલીખાંના સમયમાં કિલ્લા ફત્તેહ કરનારી "ઝમઝમા" નામક તોપ તૈયાર કરવામાં આવી. બનાવનાર શાહ નઝીર."

તોપની પીઠપર ફાર્સીમાં અગિયાર પંક્તિઓ કોતરેલી છે, જેની છેલ્લી પંક્તિમાંથી તારીખ (સન) પણ નિકળે છેઃ—

"આદિલ (અને) મુનસફ આ'ઝમજાહ અહમદશાહ બાદશાહના સમયમાં, આ અઝદહા પયકર કોહવિકાર તોપ, તેના વઝીર શાહ વલીખાંએ કેટલાય કારીગરોને એકત્ર કરીને આ તોપ "ઝમઝમા" નામની બાદશાહના ઈકબાલથી તૈયાર કરાવી. બુદ્ધિથી જ્યારે તેની તારીખ શોધવામાં આવી ત્યારે ઘણી દહેશતથી (ગભરાઈને) એવી રીતે જાહેર કર્યું કે જો તમે તમારા નગદ પ્રાણ એનાપર નિછાવર કરી દો તો તમોપર આ ભેદ પ્રકટ કરી દઉં. જ્યારે આ સ્વીકારી લીધું ત્યારે તેણે કહ્યું કે આ તોપ "પયકરે અઝદહાએ આતિશબાર" છે (ઈ. સ. ૧૭૪૨) હિ. સ. ૧૧૫૫. કેમકે, આ તોપ કેટલાક સમય સુધી શિખોના ભંગી સરદારની પાસે રહી, એ કારણે એનું બીજું નામ "ભંગીતોપ" પણ છે.[1]

---

૧ "અદબે લતીફ" માસિક લાહોર માર્ચ ૧૯૩૫ "તસર્રુફ વ ઈખ્તેસાર"

કોહશિકન

હિ. સ. ૧૧૮૨(ઈ. સ. ૧૭૬૮)માં મુલતાનના અમીર નવાબ મુહમ્મદ શુજાઅખાં બહાદૂરે "કોહ શિકન" નામક એક તોપ તૈયાર કરાવી હતી, તેના મુખપર એક પંક્તિ લખી છે, જેનો તરજુમો આ પ્રમાણે છેઃ—

"અજગરની માફક પ્રાણ અને દિલમાં હું ઘણાં પુરાતન દાગ (ધબ્બા) રાખું છું. ઓ શત્રુ! મારાથી બચ્ચો રહે, કે હું મુખમાં અગ્નિ રાખું છું."

અને પીઠપર ફાર્સીની બે પંક્તિઓમાં આ તોપની જૂદા જૂદા ગુણો સહિત પ્રસંશા કરીને પછી ફાર્સીમાં પદ્યમાં લખ્યું છેઃ—

"સરકાર[1] નવાબ મુહમ્મદ શુજાઅખાં બહાદૂર સફદર જંગ હિ. સ. ૧૧૮૨, એનું નામ "કોહશિકન" વજન એકસો દશ મણ, ગોળો મુખના બરાબર, બારૂદ ગોળા કરતાં અર્ધા વજનનું."

મુલતાનના વિજય પછી આ તોપ મહારાજા રણજિતસિંગને હાથ આવી, અને લાહોરની ફત્તેહ પછી ઈ. સ. ૧૮૪૮(હિ. સ. ૧૨૬૫)માં અંગ્રેજોએ એને કલકત્તા પહોંચાડી દીધી.

મુગલ સલ્તનતના પતનપર બે શક્તિશાળી સલ્તનતો પેદા થઈ. પંજાબમાં શિખોની અને દક્ષિણમાં મરાઠાઓની. શિખોએ પોતાના આરંભકાળમાં તોપોનો વધુ ઉપયોગ ન કર્યો. તેનું કારણ પણ પ્રકટ છે કે તેમનો સંપ્રદાય એક ધાર્મિક ચુસ્તતા રાખતું હતું, પરંતુ જ્યારે તેમનામાં યુદ્ધવૃત્તિ પેદા કરવામાં આવી ત્યારે એ તરફ પણ તેમની વલણ થઈ.

લાકડીની તોપ

ટૂંકમાં, ઇ. સ. ૧૭૧૦ (હિ. સ. ૧૧૨૨) અને ઇ. સ. ૧૭૧૫ (હિ. સ. ૧૧૨૭)નાં લોહગઢ અને ગુરૂદાસપુરનાં યુદ્ધોમાં જ્યારે શિખોને તોપો ન મળી ત્યારે તેમણે વિચિત્ર રીતે તોપ તૈયાર કરી. એટલે મોટાં મોટાં આમલીનાં વૃક્ષોને કાપીને તેનાં થડોમાં મોટાં છિદ્રો કરીને તે તોપની જગ્યાએ વાપર્યા.[2] જોકે આ રીત કાંઈ વધારે કાર્યસાધક ન થઈ, પરંતુ શત્રુને તોપની બ્હીક અપાવવા માટે પૂરતી હતી. શિખોની ઉન્નતિનો કાળ મહારાજા રણજીતસિંગનો સમય છે. આ યુગમાં તોપખાનાને ઉન્નત કરવાનો યત્ન કરવામાં આવ્યો. એના માટે લાહોરમાં સંખ્યાબંધ કારખાનાં કાયમ કરવામાં આવ્યાં. દેશી અને પરદેશી, મુસ્લિમ અને ગેરમુસ્લિમ, ટૂંકમાં દરેક પ્રકારના કલાનિષ્ણાતોની કદરદાની કરીને તેમનાથી ફાયદો મેળવવામાં આવ્યો.

લાહોરમાં સુબાસિંગની ફેક્ટરી એને માટે વધારે પ્રખ્યાત હતી. કેટલીક તોપોપર માત્ર "કારખાનેદાર સલ્તનત" કોતરેલું જણાય છે, જે પરથી એવું અનુમાન કરી શકાય છે કે કદાચ આ સરકારી કારખાનું (ગવર્નમેન્ટ ફેક્ટરી) હોય.

તોપ બનાવનારાઓમાં પણ શિખ અને મુસલમાન બન્ને દૃષ્ટિએ પડે છે. તેઓમાં સિદ્ધાસિંગ અને રાયસિંગના છોકરાઓ વધારે પ્રખ્યાત હતા. મુસલમાનોમાં મુહમ્મદ હુયાત, ફેઝલઅલી અને બાકીખાં વધારે નામચીન થયા. કારખાનાના વડા અમલદાર જવાહરમલ

૧ "તારિખે પંજાબ" પૃષ્ટ ૪૧.

૨ ઇરવીન સાહેબ કૃત "સૈન્ય-વ્યવસ્થા" : લંડન :

(હિન્દુ), સરદાર તેજસિંગ, લંગાસિંગ, મિંયા કાદરબખ્શ, ઈમામુદ્દીન બહાદૂર અને મોસ્યો શેવાલિયર સાહેબ જનરલ-કોર્ટ એક ફ્રેન્ચ હતા. જનરલ મજકૂરે તોપખાનાને યૂરોપીય પદ્ધતિપર કાર્યમસ્ત બનાવી દીધું- અને પોતાની ઉદારતાથી સંખ્યાબંધ ચેલાઓ પણ પેદા કરી દીધા.

આ તોપો ઉપર મહારાજાના નામ પછી તે અમલદારોનાં નામ પણ રહેતાં, જેમની વ્યવસ્થા તળે આ કારખાનાં હતાં. તોપ બનાવનારનું નામ અને તારીખ (સન) પણ હતી. પરંતુ સામાન્યપણે વિક્રમી સંવત્ વાપરતા હતા અને મુગલ સલ્તનતનું અનુકરણ કરી એનાપર કાવ્યપંક્તિઓ પણ કોતરાવતા. સામાન્ય રીતે ભાષા ફાર્સી વાપરવામાં આવી છે, પરંતુ આખેરમાં ઘણે ભાગે ગુરૂરમુખી વાપરવા લાગ્યા હતા. કોઈ પર માત્ર અંગ્રેજીમાં જ કેટલાક શબ્દો લખવામાં આવ્યા છે.

ઇ. સ. ૧૮૪૬ (હિ. સ. ૧૨૬૩)માં જ્યારે શિખોએ અંગ્રેજોથી હાર ખાધી ત્યારે બસ્સોવીસ ઢાળેલી તોપો અંગ્રેજોએ છીનવી લીધી અને છત્રીસ તોપો સુલેહ પછી લાહોરથી મેળવી. ટૂંકમાં, કુલ બસો છપ્પન તોપો માત્ર લાહોરથી સંપાદન કરી કલકત્તા બંદરથી—લાહોર ફત્તેહ કરવાના સ્મરણચિહ્ન તરીકે લંડન રવાના કરવામાં આવી.[1] આ તોપોમાંથી કેટલીકનું નીચલી લીટીઓમાં વર્ણન કરવામાં આવે છે:—

ફત્તેહજંગ

"અકાલ સહાય" પછી એના પર પાંચ પંક્તિઓ ફાર્સીમાં છે, જેનો ભાવાર્થ એ છે, કે "રણજિતસિંગ મોટો બાદશાહ છે, જેણે દેશો ફત્તેહ કર્યા અને ખડકસિંગ તેનો શાહજાદો છે, જેની માતા ઘણી બુદ્ધિમાન છે. ૧૮૮૪ વિક્રમીમાં આ તોપ "ફત્તેહજંગ" નામક તૈયાર થઈ. રાયસિંગ આ તોપનો જમાદાર છે. લાલા જયસિંગની સૂચનાથી ગુલામનબીએ એની તારીખ કહી. દસ્તખત ગરૂતા રઘબીર બ તારીખ પંજુમ (પાંચમી) માહ માઘ સમ્બત ૧૮૮૪ બિક્રમી." એના સિવાય કાંઈક ગુરમુખીમાં પણ છે.

ફત્હેનુસરત

"શ્રી અકાલ સહાય" એના પછી બે ફાર્સી પંક્તિ છે, જેનો ભાવાર્થ એ છે:—

"આ તોપ મિશ્ર બેલીરામની છે. ફરિશ્તાએ એનું નામ ફત્હેનુસરત રાખ્યું. જ્વાળામુખી અને વિદ્યુતની માફક એનો માર છે અને શત્રુઓની સ્હવાર, એના ધુમાડાથી સ્હાંજ નજરે આવે છે. ૧૮૯૪ વિક્રમી."

જંગેબિજલી

"અકાલ સહાયની કૃપાથી, બાદશાહ રણજિતસિંગ બહાદૂર બુલંદ ઈકબાલના હુકમથી, જંગે બિજલી નામક તોપ જવાહરમલની વ્યવસ્થા તળે પાટનગર લાહોરના સુબાસિંગના કારખાનામાં તૈયાર થઈ. સન ૧૮૯૮ વિક્રમી સરદાર ફત્તેહસિંગની દેખરેખ હેઠળ."

નરસિંહમુખી

"શ્રી. અકાલ પુરકાજીની કૃપાથી, રણજિતસિંગ બાદશાહ બહાદૂર બુલંદ ઈકબાલના હુકમથી નરસિંહમુખી નામની તોપ પાટનગર લાહોરના કારખાનામાં જવાહરમલની વ્યવસ્થા હેઠળ સિદ્ધાસિંગના પુત્રોએ ૧૮૯૪ વિક્રમીમાં તૈયાર કરી."

---

૧ "તારિખે પંજાબ" પૃષ્ટ ૩૯ લાહોર કર્તા મુન્શી અબ્દુલ કરીમ સાહેબ.

ફત્તેહબાન

એનાપર કાંઇક કોતરેલું છે, જે અરબી ભાષામાં છે, તેનો અનુવાદ આ પ્રમાણે છે:–

"શ્રી અકાલ પુરકાજીની કૃપાથી મહારાજા રણજિતસિંગ બહાદૂર દામ મુલ્કહુ વ સલ્તનતહુશ્રી મહારાજા સાહેબાધિરાજ. આ ફત્તેહબાન (વિજયબાણ) નામની તોપ, પવિત્ર હુકમ મુજબ સન ૧૮૯૪ વિક્રમીમાં અરસ્તુએ ફિતરત, ફલાતુને ફિતનત મોસ્યો શેવાલિયર જનરલ કોર્ટ સાહેબ બહાદૂરની વ્યવસ્થાથી તૈયાર થઈ."

શશબાન

"ફઝલ અકાલ, બાદશાહ રણજિતસિંગ બહાદૂર બુલંદ ઇકિબાલની આજ્ઞાથી તોપ શશબાન જવાહરમલની વ્યવસ્થાથી પાટનગર લાહોરના સુબાસિંગના કારખાનામાં સરદાર તેજસિંગની દેખરેખ તળે સન ૧૮૮૭ વિક્રમીમાં તૈયાર થઈ."

બામબાન

આ તોપપર તોપના નામ સિવાય બાકીની તમામ ઇબારત "શશબાન" ઉપર જેવી કોતરેલી છે તેવી જ છે.

નસરતબાન

એનું લખાણ પણ અરબીમાં છે, જેનો તરજુમો આ છે:—

"શ્રી અકાલ પુરકાજીની કૃપાએ, મહારાજા રણજિતસિંગ બહાદૂર દામ મુલ્કો હુ વ સલ્તનતહુ શ્રી મહારાજા સાહેબાધિરાજ, આ નસરતબાન નામક તોપ, પવિત્ર હુકમથી મુતાબિક સન ૧૮૮૭ વિક્રમીમાં અરસ્તુએ ફિતરત, ફલાતુનેફિતનત મોસ્યો શેવાલિયર જનરલ કોર્ટ સાહેબ બહાદૂરે તૈયાર કરાવી."

તોપફત્તેહજંગ

"હુઝૂર ફેયઝગંજૂરસિંગ સાહેબ સરતાજ ખાલસા બાદશાહ રણજિતસિંગ દામ ઇકિબાલહુના હુકમ મુજબ મિંયા કાદરબખ્શની વ્યવસ્થા તળે, લાહોરના મુબારક કિલ્લા(માં), દિવાન લાલા મોતીરામ અને રામદયાલે તૈયાર કરાવી, સન ૧૮૮૬ વિક્રમીમાં તૈયાર થઈ, તોપનું નામ ફત્તેહજંગ બનાવનાર મુહમ્મદ હયાત."

તોપ લયલી

"શ્રી. અકાલ પુરકાજીની કૃપાથી, મહારાજા રણજિતસિંગ બહાદૂર, દામમુલ્કહુ વ સલ્તનતહુ, શ્રી મહારાજાધિરાજ, સન ૧૮૯૭ વિક્રમી, આ તોપ જેનું નામ લયલાં (લયલી) છે, હુઝૂરે અનવરની આજ્ઞા મુજબ સન ૧૮૯૭માં અરસ્તુએ ફિતરત ફલાતુનેઝમાં મોસ્યો શેવાલિયર જનરલ કોર્ટ સાહેબ બહાદૂરની વ્યવસ્થા તળે, ફઝલેઅલી કમીદાં (તે) સાહેબ મજકૂરના ચેલાની સેવાની ખુબીઓથી તૈયાર થઈ."

તોપ મજનૂં

આ તોપનું લખાણ અને સન તોપ લયલીના મુજબ જ છે. માત્ર નામનો ફરક છે.

એક તોપ પર કોતરેલું છે: "...રૂપસિંગ અને અનુપસિંગ તૈયાર થઈ સન ૧૮૫૧" (ઘણે ભાગે વિક્રમી).

નસરતજંગ:

એના પર પહેલાં ત્રણ પંક્તિઓ લખેલી છે, જેની મતલબ એ છે, કે:—

"આ તોપ અજગરની માફક માત્ર મોંઢું ધરાવતી નથી, બલ્કે પોતાના મુખથી વિજળીના તણખા કાઢનારી છે. પોતાના એક અવાજથી શત્રુનું ભાગ્ય (નસીબ) પોતાના ધુમાડાની માફક કાળું કરી દીયે છે. કિલ્લા ફત્તેહ કરવાના કારણે એનું નામ **નસરતજંગ** રાખ્યું. (એના પછી લખ્યું છે) બાદશાહ **રણજિતસિંગ** બહાદૂરના સમયમાં તોપ સરદાર **જવાળાસિંગ ડેરાનીયા**...ની વ્યવસ્થા તળે સન ૧૮૮૭ વિક્રમી, બનાવનાર **રાયસિંગ** તોપસાઝ, વિક્રમી સને એકહજાર આઠસો સત્યાંશીમાં પુરી થઈ."

શિવમુખી

"શ્રી અકાલ પુરકાજીની કૃપાથી, **રણજિતસિંગ** બાદશાહ બહાદૂર બુલંદ ઈકબાલના હુકમથી, તોપ **શિવમુખી** પાયતખ્ત લાહોરના કારખાનામાં **જવાહરમલ**ની વ્યવસ્થાથી સન ૧૮૯૪ વિક્રમી, બનાવનાર **સિદ્ધાસિંગ**ના છોકરાઓ."

રામબાન

આના ઉપર નીચલી ઈબારત છેઃ—

"તોપ **રામબાન** બફઝલ શ્રી અકાલજી, બઅહદ બાદશાહે જમજાહ, જુધિષ્ઠરેઝમાં, કરનેદવરાં મહારાજાધિરાજ રણજિતસિંગ બહાદૂર ખલ્દીલ્લાહ મુલ્કહુ, મુકર્રબ બારગાહે સુલતાની, દરગાહખાસુલ ખાસ ખાકાની, સરદાર **ખુશહાલસિંગ** સને એકહજાર આઠસો પનચાનવે વિક્રમી, મુતાબિક હિજરી સન ૧૨૫૪, ઇ. સ. ૧૮૩૮ બઅહત્તામ **બાખીખાં** (બાકીખાં) તોપ બનાનેવાલેને તૈયાર કી."

સૂરજમુખી

એના પર ફાર્સીની બે પંક્તિઓ કોતરેલી છે, જેનો તરજુમો છેઃ—

"ગુરૂ **નાનક**ની કૃપા અને ગુરૂ **ગોવિંદસિંગ**ની મહેરબાનીથી અને શાહઝાદા **નવનીહાલસિંગ**ના હુકમથી નવી તોપ શાહપસંદ અને ફત્તેહ કરનારી તોપખાનાના જનરલ **તેજસિંગ**ની વ્યવસ્થાથી તૈયાર થઈ તોપ **સૂરજમુખી** બનેલી સન ૧૮૯૭. (ની)"

અદુકોબ

"ફઝલઅકાલ, ગુરૂ **નાનક**ની કૃપા અને **ગોવિંદસિંગ**ની મહેરબાની અને **રણજિતસિંગ** બહાદૂર બાદશાહના હુકમથી **અદુકોબ** તોપ જનરલ **તેજસિંગ**ની વ્યવસ્થાથી પાટનગર **લાહોર**ના **સુબાસિંગ**ના કારખાનામાં સન ૧૮૯૦ વિક્રમીમાં તૈયાર થઈ."

ઇંદ્રિબાન

આ પણ બે **ફાર્સી** પંક્તિઓનો તરજુમો છેઃ—

"શ્રી અકાલ પુરકાજીની કૃપાએ મહારાજા **રણજિતસિંગ** બહાદૂર દામમુલ્કહુવ સલ્તનતહુ શ્રી મહારાજાધિરાજ, આ તોપ **ઇંદ્રિબાન** (ઇંદ્રબાણ) નામની પવિત્ર **હુકમથી**, વિક્રમી સન ૧૮૯૪માં સાહેબે અરસ્તુ ફિતરત, ફલાતુને ફિતનત મોસ્યો શેવાલિયર જનરલ કોર્ટ સાહેબ બહાદૂરની વ્યવસ્થાથી તૈયાર થઈ."

તોપ અઝદહા

એના પર નીચલી ઈબારત લખેલી છેઃ—

"સન ૧૯૦૨ બિક્રમી ફતહ હઝરત મરતબત, સાખ્ત તોપ **અઝદહા**, મિસાલે બર્ક,

રઅદસાય, આઈનુલ મુલ્ક ઈમામુદ્દીન બહાદૂર ખિતાબી શાહાનાશાહી (શહેનશાહી) હિ. સ. ૧૨૬૧, ઈ. સ. ૧૮૪૫."

એક તોપ પર લખ્યું છે: "શ્રી રામજી સહાય, શ્રી રાજા સૂચિતસિંગ સન ૧૮૮૮ વિક્રમી" એના સિવાય કાંઈક ગુરૂમુખીમાં પણ છે.

તોપ શહબાન

"અકાલની કૃપા, બાદશાહ રણજિતસિંગ બહાદૂર બુલંદ ઈકિબાલના હુકમથી તોપ શહબાન જવાહરમલની વ્યવસ્થા તળે લાહોરના સુબાસિંગના કારખાનામાં તૈયાર થઈ."

જંગજિત

આરંભમાં કાંઈક ગુરૂમુખી ભાષામાં લખેલું છે તે પછી છે કે:—

"આ તોપનું નામ સરકારે આલી તરફથી જંગજિત છે. તારીખ ૧૮૭૪ વિક્રમી"

જ્વાલામુખી

"શ્રી અકાલ પુરકાજીની કૃપાથી, બાદશાહ રણજિતસિંગ બહાદૂર બુલંદ ઈકિબાલના હુકમથી તોપ જ્વાલામુખી પાટનગર-લાહોરના કારખાનામાં જવાહરમલની વ્યવસ્થા તળે સન ૧૮૯૪ વિક્રમીમાં સિદ્ધાસિંગના પુત્રોએ તૈયાર કરી."

ખાલસા પસંદ

ફક્ત નામ સિવાય બાકીનું બધું લખાણ "જ્વાલામુખી" માફક જ છે.

હનુમંતબાન

"અકાલની કૃપા, બાદશાહ રણજિતસિંગ બહાદૂર બુલંદ ઈકિબાલના હુકમથી તોપ હનુમંતબાન પાયતખ્ત લાહોરના સુબાસિંગના કારખાનામાં વિક્રમી સન ૧૮૮૬ માં તેજસિંગની દેખરેખ હેઠળ તૈયાર થઈ."

સુદર્શનબાન

"અકાલ પુરકાજીની કૃપાથી, બાદશાહ રણજિતસિંગ બહાદૂર ઉચ્ચ ભાગ્યશાળીના હુકમથી તોપ સુદર્શનબાન (સુદર્શનબાણ) પાટનગર લાહોરના કારખાનામાં જવાહરમલની વ્યવસ્થા તળે ૧૮૮૭ વિક્રમીમાં તેજસિંગની દેખરેખ હેઠળ સિદ્ધાસિંગના છોકરાઓએ તૈયાર કરી."

ભરતબાન

પંક્તિનો તરજુમો આ છે:—

"ગુરૂ નાનકની કૃપા અને ગોવિંદસિંગની મહેરબાની અને શાહ રણજિતસિંગ બહાદૂરના હુકમથી સરદાર તેજસિંગની દેખરેખ તળે ભરતબાન (ભરતબાણ) નામની તોપ દુશ્મનોને નીચું દેખાડનારી તૈયાર થઈ."

રામબાન

"શ્રી અકાલ પુરકાજીની કૃપાએ તોપ રામબાન બાદશાહ જમજાહ, જુધિષ્ઠરેઝમાં, કરને દવરાં મહારાજાધિરાજ રણજિતસિંગ બહાદૂરના જમાનામાં, બારગાહે સુલતાની મુસાહબ

દરગાહે ખાસુલખાસ ખાકાનીના હુકમ માફક સરદાર ખુશાલસિંગ સન ૧૮૯૫ વિક્રમી, મુતાબિક હિ. સ. ૧૨૫૪(ઇ. સ. ૧૮૩૮)માં બાકીખાં તોપ બનાવનારની વ્યવસ્થાથી તૈયાર થઈ. "[૧]

હિજરીની બારમી સદી(ઈસુની અઢારમી સદી)ના મધ્યમાં એક નૂતન શક્તિ હુયદરઅલી અને ટિપુ સુલતાનનાં હૃદયોમાં પ્રકાશી. તેમાં હુયદરઅલીને વિજયોમાંથી ઘણી ઓછી ફુરસદ મળી, પરંતુ તેના પુરોગામી અને લાયક પુત્ર ફત્તેહઅલી(ટિપુ સુલતાન)ને એ તરફ લક્ષ આપવાની પૂરતી મુદ્દત મળી. તેણે ફ્રેન્ચ ગોલાઅંદાઝ અને તોપખાનાના અમલદાર ખાસ નિયુક્ત કર્યા હતા. તેણે જૂદા જૂદા પ્રકારની તોપો બનાવરાવી, અને તે માટે એક ઊંચી કક્ષાનું કારખાનું સ્થાપ્યું હતું. તેની પાસે જૂદી જૂદી ઢબની ૯૨૯ તોપો મોજુદ હતી.[૨]

કહે છે કે વડોદરાના મહારાજાએ સોના–ચાંદીની એકેક તોપ બનાવરાવી હતી, જેને જોવા માટે દૂર દૂરથી લોકો આવતા હતા.

પુરવણી

વિલિયમ ફ્રેન્શ જે ઇ. સ. ૧૬૦૮ (હિ. સ. ૧૦૧૭)થી ઇ. સ. ૧૬૧૧ (હિ. સ. ૧૦૨૦) સુધી હિન્દુસ્તાનમાં રહ્યો છે, આગ્રાના સંબંધી લખે છેઃ—

"કે કિલ્લાના ચાર દરવાજા છે. ઉત્તરના દરવાજામાં દાખલ થતાંજ મોટી મોટી તોપો બુરજીઓ પર નજરે પડે છે. પશ્ચિમનો દરવાજો બજાર તરફ છે, તેના પર એક તોપ છે, જેનું મુખ ત્રણ ફીટનું છે."

ઈ. સ. ૧૬૧૬(હિ. સ. ૧૦૨૫)માં નિકોલ્સ વર્થીંગ્ટને પણ આગ્રાના કિલ્લાની તોપો જોઈને આશ્ચર્ય પ્રકટ કર્યું છે. એક તોપ સંબંધી તે લખે છેઃ—

"આટલી મોટી પિત્તળની તોપ મેં ઇંગ્લાંડમાં તો શું, યૂરોપના કોઈ દેશમાં જોઇ નથી."

બુરહાનપુરના નજીક આવેલા આસિરગઢના કિલ્લા સંબંધી તે લખે છેઃ—

"કે માજી બાદશાહ બહાદૂરશાહના કાળમાં અહિં દોઢ હજાર તોપો એટલી બધી ભારી હતી કે તેને કેટલાય હાથીઓ પણ મુશ્કેલીએ ખેંચી શકતા હતા."

એ ફારૂકી વંશનો અંતિમ બાદશાહ હતો, જેની કનેથી ઇ. સ. ૧૬૦૦(હિ. સ. ૧૦૦૯)માં અકબર બાદશાહે ખાનદેશ છીનવું લીધું.

મેજર સી. ડબલ્યુ. એચ. સ્લેમેને ઇ. સ. ૧૮૩૫(હિ. સ. ૧૨૫૧)માં મધ્ય હિન્દની મશહુર રિયાસત દાતિયાના અંગત નિરીક્ષણ વેળા લખ્યું છે કેઃ—

"કિલ્લામાં લાલ રંગેલી એક મોટી તોપ છે. એનાથી વધારે મુખવાળી તોપ મેં હજી સુધી જોઈ નથી."[૩]

સંપૂર્ણ

૧ "તારિખે પંજાબ" પૃષ્ટ ૪૫ (લાહોર) અફસોસ છે કે આ તોપો અંગે એ જાણી શકાયું નથી કે આ તોપો કેટલા કદની હતી, તેનું મુખ કેટલું હતું, કેટલો બારૂદ અને ગોળો કેટલા વજનનો હતો.

૨ "તારિખ ટિપુ સુલતાન" બેંગલોર

૩ "રિયાસતે દેહલી" ભાગ ૧૬ મો નં. ૧૮ મો.

श्रीकृष्णः ।

હારમાલા

(લેખકઃ રા. રા. કેશવરામ કાશીરામ શાસ્ત્રી)

[અનુસન્ધાન ગતાઙ્કે પૃષ્ઠ ૨૧૮ થી, ચાલૂ]

ઉપોદ્ઘાત

(૨)

ગ્રન્થસઞ્જ્ઞા

હારમાલાના આ કાવ્યની જે જે પ્રતિયો મળે છે, તેમાં કાવ્યનું નામ કવચિત મળે છે, કવચિત નથી મળતું; એ ઉપરથી આ કાવ્યનું મૂળ નામ શું હશે, એ જાણવામાં મોટી મુશ્કેલી ઊભી થાય છે. અતિ મહત્ત્વની **તત્રિ** પ્રતિ "॥ **हारमाला मिंता नरसिंनी** ॥" એ રીતે **હારમાલા** એવું નામ આપે છે. "પચાશ પદની માલા ગાઇ," "પાંસઠ પદની માલા ગાઇ," એ જુદી જુદી પ્રતિયોના પાઠોમાં પણ **માલા** શબ્દની અનન્યતા છે. એટલે જ્યારથી અમુક પદક્રમ નક્કી થયો, ત્યારથી તો અવશ્ય આ કાવ્યનું નામ **હારમાલા** જ પ્રચલિત થઈ ચૂકયૂં હોવું જોઇયે; પરન્તુ **હારસંવ્વાદનાં પદો, હારસમેનાં પદો,** એ બે નામ પણ કવચિત્ કવચિત્ પ્રાપ્ત થાય છે. આમાંનૂ પ્રથમ નામ તો **હારમાલા** નામની સાથેજ પ્રચારમાં આવ્યું હોવાની પૂરી સમ્ભાવના છે, કેમકે માલાનો પદક્રમ નક્કી કરવામાં આવ્યો, ત્યારથી જ સંવ્વાદની સમ્ભાવના ઊઠે છે. માલાનાં પદો સઙ્કુલિત થયા પૂર્વે મૂળ સ્તુતિનાંજ પદો પ્રચારમાં હતાં, એવી જે એક કલ્પના છે, તેનૂં નામ તો સમ્ભવ છે કે **હારસમેનાં પદો**જ હોય. **કૃષ્ણજન્મ-સમેનાં પદો** વ્યવહ્રત છે, એટલે કદાચ **નરસિંહ**-ના સમયમાં પ્રથમ એજ નામ વ્યવહારમાં આવ્યૂં હોય, તો તે કાંઇ ઓછૂં સમ્ભવિત નથી. આમ છતાં અહીં પ્રસિદ્ધ થતા આ કાવ્યનૂં નામ તો સં. ૧૭૩૩ જેટલૂં જૂનૂં હોવાથી તેજ સ્વીકારવામાં આવ્યૂં છે; કદાચ આ માલાનૂં નામ **હારપદમાલા** હોય, તે પણ સમ્ભવિત છે; અમુક પદની માલા ગાઇ, એવો જે સામાન્ય ઉલ્લેખ છે, તેથી આ અનુમાન ઊપર આવી શકાય છે.

કાવ્યનો સાર

અહીં હારમાલામાં **નરસિંહ**ને અન્ય સન્યાસીયો સાથે સંવ્વાદ થયો હોય, એવી રીતે પદોની રચના પ્રાપ્ત થાય છે. પ્રથમનાં સત્તર પદોમાં સંવ્વાદ દેખાય છે, પરન્તુ તે કિયે સ્થળે, એ વાત પદોમાંથી સ્પષ્ટ થતી નથી. ૩૨ મા પદથી સંવ્વાદાત્મક સ્વરૂપ છે, તે તો સ્પષ્ટ રીતે રા' **માણ્ડલિક**ના દરબારમાં દેખાય છેઃ તે પણ ૧૮ મેથી ૨૯ મા સૂધીનાં પદો વચ્ચે આવી કથાનો ઉપક્રમ કરી આપે છે, તેથી. એ પદો કદાચ વચ્ચે હોય, તોપણ ૩૧ મા પદમાં ઉપક્રમ સ્પષ્ટ છે. આ ૩૧ મા પદમાં પ્રસઙ્ગસૂચન પ્રાપ્ત થાય છે; તે એ રીતે કેઃ—

દુર્જન લોકો ભક્ત **નરસિંહ**ની જે નિન્દા કરતાં હતાં, તે કર્ણોપકર્ણ રાજાના

જાણવામાં આવી. દુષ્ટોયે રાજાના કાન અનેક રીતે ભમ્ભેર્યા. **નરસિંહ** ચમત્કારિક પુરુષ છે અને તેને કેટલાએક પરચા થયા છે, તેવી વાત શહેરમાં પ્રચલિત હતી. **નરસિંહનો** દ્વેષ કરનારાઓ આ બધી વાતોને જૂઠી માનવા-મનાવવાનો પ્રયત્ન કરતા હતા, બલ્કે જૂઠીજ માનતા હતા. ભગવદ્ભક્તો તરફ પ્રેમવાળાં સાત્વિક જનો **નરસિંહને** ચાહતાં હોય, તેને સન્માનતાં હોય, તે વાત દ્વેષીયોને આકરી થઈ પડી હોય, તે માટે પણ તેમણે **નરસિંહ** વિરુદ્ધ ફરિયાદ રાજદરબારમાં પ્હોંચાડી હોય, એ કાંઇ અશક્ય નથી લાગતું. રાજાયે **નરસિંહને** રાજદરબારમાં બોલાવ્યો અને વિવેકપુરઃસર તેને તેના પ્રભુ તરફથી પરચો બતાવવાનો હુકમ કર્યો. તેણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે-તને **દામોદર** સાથે બહુ પ્રેમ છે, માટે અમે જોઇયે અને ભગવાન **દામોદર** તને આ સભામાં હાર પ્હેરાવી જાય; આવાં દર્શન કરવાની અમારી ઇચ્છા છે. આ રીતે કથાનો ઉપક્રમ છે.

આ હકીકત પ્હેલાં ૧ થી ૧૭ પદોમાં મુખ્યત્વે **ભીમ** સન્યાસી અને નરસિંહ વચ્ચે સંવ્વાદ થયેલો દેખાય છે. સમ્ભવ છે કે આ સંવ્વાદ રાજાની કચેરીની બ્હારજ કોઇ દેવાલયમાં યા મઠમાં થયો હોય. **નરસિંહને** સતત પ્રભુસ્મરણ અને પ્રભુભજન કરવાની ટેવ છે; છબીલા ઉપર એને અપરિમેય પ્રીતિ છે; એનાં સર્વ કામ એ સાધે છે. **ભીમ નરસિંહની** આ જાતની વાત અને વર્તન તરફ શઙ્કાની નજરેથી જુવે છે. નરસિંહનું વર્તન તેને અયોગ્ય લાગે છે; તેનો તો એકજ સિદ્ધાન્ત છે કે જ્ઞાન અને વૈરાગ્યના પન્થથીજ માણસ સિદ્ધ થઈ શકે. ત્યાં હાજર રહેલા સન્યાસીયોમાં **ભીમ** વડો હોય તેવું દેખાય છે. **નરસિંહ** તો તેનો જવાબ ન આપતાં પ્રભુયે તેને જે જે મદદો કરી હતી, તે તે ભણી જાય છે. શ્રીગોપેશ્વર-જીની કૃપાથી રાસદર્શનની વાત જ્યારે **નરસિંહ** કરે છે, ત્યારે **ભીમ** તે **રાસ**વસ્તુ તરફ અણગમો બતાવતો નથી, પણ તે લીલાઓ તરફ આપણે ધ્યાન દેવાની જરૂર નથી, તે વાત મુખ્યત્વે સમઝાવી સન્ન્યાસધર્મ અઙ્ગીકાર કરવાનો ઉપદેશ કરે છે. **ભીમ** રામભક્ત છે, એટલે **રામ**નામનું સ્મરણ કરવાનું કહે છે. **નરસિંહ** તેના પ્રત્યુત્તરમાં **કૃષ્ણજી** તરફની અનન્યતા બતાવે છે. **નરસિંહ રામ** શબ્દ તરફ અણગમો બતાવે છે; કારણકે **રામચન્દ્રજી** મુક્તિદાતા છે. તેવી **મુક્તિ**ની ભકતને જરાયે જરૂર નથી; એને તો પ્રભુની નિત્યલીલાનાં દર્શન એજ ઇષ્ટ છે. **ભીમ** જવાબમાં માત્ર શ્રી**રામચન્દ્રજી**ની સ્તુતિ કરી જાય છે. **ભીમ** રામ-ભકત છે, તે તરફ **નરસિંહ** પોતાનો અણગમો ન બતાવતાં જેનું મન જેમાં લાગ્યું હોય તેને તે ભજે, એવો ખુલાસો કરે છે. **ભીમ** તેમ છતાં **રામ** અને **કૃષ્ણ**ની અનન્યતા માને જ છે, અને **દામોદર** પ્રભુની **રામ**થી અનન્યસ્વરૂપે સ્તુતિ બોલી જાય છે. તે જ રીતે **નરસિંહ** સ્ત્રીભાવે પ્રભુની સ્તુતિ બોલી જાય છે, ત્યારે **ભીમ** આગ્રહપૂર્વક રામનામ લેવાનું કહે છે, અને કૃષ્ણ સાથે અનન્યતા જુવે છે. કૃષ્ણનું ભજન મોક્ષપર્યવસાયી છે, એ તેનો સિદ્ધાન્ત છે. **નરસિંહનો** એવો સિદ્ધાન્ત છે કે પ્રભુને શરણે ગયેલા જીવોનો તે ગમે તેવો હોય તોય ઉદ્ધાર કરે છે; બસ અનન્ય ભાવે કૃષ્ણભજન થવું જોઇયે. **નરસિંહને** પોતાના હૃદયમાં પ્રભુ બિરાજે છે તેવી ખાતરી છે; **ભીમ**ને આ વાત ગળે ઊતરતી નથી. **નરસિંહ** જેવા સામાન્ય માનવી-જેણે કોઇ પણ જાતનાં વ્રત-તપ કર્યાં નથી તે-માં પ્રભુ વસતા હોય, તે તેને અસમ્ભવિત લાગે છે; એટલે **નરસિંહને** તેની ખોટી હઠ મૂકવાનો ઉપદેશ આપે છે. **નરસિંહ** પોતાનો સજ્જડ આગ્રહ બતાવે છે, અને શૃઙ્ગાર ગાવાની જ વાત પ્રસ્તુત

કરે છે. પ્રભુની લીલાઓનો આસ્વાદ સામાન્ય માનવી ન લઈ શકે, માત્ર જેના ઊપર પ્રભુની કૃપા હોય, તેવો ભક્ત જ લઈ શકે. **નરસિંહ** જ્યારે એમ કૃહે છે કે–હૂં એ રસને જાણૂં છૂં, ત્યારે **નરસિંહાશ્રમ** નામનો સન્યાસી પોતે કરેલાં અનેક વ્રત–તપ–તીર્થ–નો ઉલ્લેખ કરે છે અને તેમ છતાં મને પ્રભુ મળ્યા નથી, તો પછી આ ચાર સ્ત્રીયોને સાથે રાખી રખડનારા તને પ્રભુ દર્શન કયાંથી, તેવૂં કૃહે છે. **નરસિંહ** તો આગ્રહપૂર્વક તેને પણ છબીલાનૂં ભજન કરવાનૂં કૃહે છે, અને વધારામાં તુલસીની માળા ધરી વૈષ્ણવ થવાનો ઉપદેશ આપે છે. **મુકુન્દાશ્રમ** નામના સન્યાસીથી આ વાત ખમી જાતી નથી. તે તો વળી આગળ વધી એમ કૃહેવા જાય છે કે બ્રાહ્મણથી આ તિલક–માલાછાપાં ધારી શકાય જ નહીં કે સુન્દરશ્યામ પ્રભુનૂં ભજન થઇ શકેજ નહીં. જવાબમાં **નરસિંહ** સર્વ બ્રહ્મ–શિવાદિ દેવોના ઉપાસ્ય પ્રભુ **શ્રીરાધારમણ કૃષ્ણચન્દ્ર**ને હૂં કોઈ પણ રીતે મૂકી ન શકૂં, તેમ કૃહેતો પ્રભુની લીલાનો સાક્ષાત્કાર અનુભવે છે; અને આ રીતે પ્રાથમિક સંવ્વાદ પૂરો થાય છે.

એ બ્હારની સભામાં હાજર રૂહેલા સત્તર સન્યાસીયોયે **નરસિંહ**ને કોઇ પણ રીતે નમાવવાનો પ્રયત્ન કરવાનૂં નક્કી કર્યૂં : કચેરીમાં જઈ **નરસિંહ**ની વાતથી રાજાને વાકેફ કર્યો. રાજાયે માતાને પૂછવાનૂં નક્કી કર્યૂં: **નરસિંહે** પણ આ વાત સાંભળી. તેણે ચારે સ્ત્રીયોને બોલાવી, તેઓને સાસરે જવા કહ્યૂં. **સૂરસેના**યે પ્રભુ પર અનન્ય ભાવ રાખવાનૂં **નરસિંહ**ને સૂચવ્યૂં. **નરસિંહે** આગ્રહ મૂકયો અને પ્રભુભજનમાં મસ્ત થયો. રાજાયે **નરસિંહ**ના વિષયમાં રાણીની સલાહ લેવા ધારી. તેણે જઈ રાણીને કહ્યૂં: **નરસિંહ** નાગર આપણા શહેરમાં તેના મામાને ત્યાં રૂહે છે અને તેના ઢોંગ ધતૂરાથી મામાને લજવી રહ્યો છે; માટે કન્ત્રાયણનો હાર મગાવી રાખિયે અને તે દામોદર ભગવાન તેને પ્હેરાવે તો **નરસિંહ** સાચો. આવી જાતનો તાકડો હૂ રચવા માગૂં છૂં. રાણીયે સખ્ત વિરોધ લીધો અને સૂચવ્યૂં કે આ કામ કરવા જેવૂં નથી; ત્યારે રાજા માતા પાસે ગયો ને સન્યાસીયો મારી વાંસે લાગી **નરસિંહ**ની પરીક્ષા લેવડા-વવાને પ્રેરી રહ્યા છે, તેવૂં કહ્યૂં. માતાયે આ વાતનો સખ્ત વિરોધ લીધો અને **નરસિંહ** સારો છે, તેની ખાતરી કરવા **શ્રીપાત** નામના પોતાના પણ્ડિતને બોલાવી મગાવ્યો. **શ્રીપાતે** રાજાને ઠપકો આપી રોકવા પ્રયત્ન કર્યો અને **મામેરા**નો પ્રસઙ્ગ વિસ્તારથી વર્ણવી બતાવ્યો. રાજાનૂં દિલ પીગળ્યૂં: રાજાયે **નરસિંહ**ને બોલાવવા સેવક મોકલેલો, તેને પાછો બોલાવી લીધો.

આટલો ભાગ કથાનો મેળ મેળવવા ઊમેરાયેલો લાગે છે. સંવ્વાદ પૂર્ણ થાય છે, ત્યાં **નરસિંહ** પ્રભુ મળવાની વાત કરે છે, તેનો જવાબ વચ્ચેના આ પ્રસઙ્ગ પછી છેક **ભીમ** અહીં આપે છે. તે વૈરાગ્યનૂં સમર્થન કરે છે. અને એક આખો પ્રસઙ્ગ અહીં પૂર્ણ થાય છે. રાજસભામાં[1] **નરસિંહ**નૂં રાજાના નોકરના તેડવા જવાથી આવવાનૂં અને નવેસરથી

---

૧. આ ૭૮ પદવાળા ક્રમની પૂર્વનો જે ૬૫ પદવાળો ક્રમ છે, તેમાં રાજપ્રસઙ્ગના ઉલ્લેખવાળૂં આ પદ નથી; તેવાં બીજાં ૧૩ પદો પણ નથી. ૧૮ મેથી ૨૯ મા પદ સૂધીનાં પદો ઊપરથી માત્ર સમ્ભાવના કરી શકાય કે માત્ર આ પ્રસઙ્ગ–સંવ્વાદ રાજસભામાં થતો હોવો જોઇયે; પરન્તુ હવે પછીનાં 'મણ્ડલિક હારિનં પિરિપિરિ પરભવે,' એ ઊપરથી આ પ્રસઙ્ગ રાજસભામાં છે, તેવૂં માની શકાય.

સંવ્વાદ થવાનું ઊપરના પ્રસઙ્ગો પછી શરૂ થાય છે. રાજસભામાં આવ્યા પછી રાજા **નરસિંહ**ને પ્રભુ પાસેથી હાર માગી લેવાનું કૂહે છે.

નરસિંહ એક એક પદથી સ્તુતિ આરમ્ભે છે. વચ્ચે દરેક પદ પછી **ભીમ** તેની વાત છોડી દેવાનો ઉપદેશ આપ્યાં કરે છે. આ બન્નેનો સંવ્વાદ ચાલતો દેખાય છે, ત્યાં વચ્ચે **રામાનન્દ** કૂદી પડે છે અને ગળચી ઝાલી **નરસિંહ**ને બ્હાર કાઢી મૂકવાની દરખાસ્ત મૂકે છે. **નરસિંહ**ની તો ભજનધૂન ચાલૂજ છે. ત્યાં **ભીમ** સન્યાસીયોના શાપનો ઉલ્લેખ કરે છે. અહીં **નરસિંહ** **ભીમ**ને સીધો જવાબ દેતો લાગે છે અને કૂહે છે કે-મને શાપ લાગે તેમ નથી. અગાઉ અનેક ભક્તોને બીજાઓ તરફથી પજવણી થઇ, પણ તેઓને કશૂં થયું નથી. આમ આખી રાત્રિ પૂરી થવા આવે છે ત્યારે **મુકુન્દ** સરસ્વતી નામનો સન્યાસી પોતાનાં વ્રત-તપનો ઉલ્લેખ કરી **નરસિંહ**ને બાળી ભસ્મ કરી દેવાની ધમકી આપે છે. **નરસિંહ** સ્તુતિ ચાલૂ રાખે છે. ત્યાં **ભીમ** તેને હારના મિથ્યા પ્રયત્નને મૂકી દેવાની સલાહ આપી કાં તો વૈરાગ્ય પાળ, કે નાશી જા, તેવી સલાહ આપે છે. 'અઢી હજાર બ્રાહ્મણો અને એક હજાર સન્યાસીયો સભામાં હાજર છે, તે અમે બધા તને સમઝાવિયે છિયે પણ તૂં સમઝતો નથી.' બધાંનો વાર્યો વળતો નથી ત્યારે **નરસિંહ**ને કાપી નાખવાને માટે રાજા હાથમાં તલવાર લઈ ખડો થઈ જાય છે. **નરસિંહ** ધારાબદ્ધ અનેક વીનવણીનાં પદોથી પ્રભુની સ્તુતિ કરે છે. વચ્ચે **નરસિંહ**ની ચાર સખીયો પણ પ્રભુ-સ્તુતિ કરે છે. સ્ત્રીયોની સ્તુતિ પછી **રામાનન્દ** નામનો વૈષ્ણવ સન્યાસી તટસ્થ રીતે વૈષ્ણવોની નિન્દા ન કરવાનો પ્રસ્તાવ મૂકે છે. **નરસિંહ**ને તો ખાતરીજ છે કે પ્રભુ હાર આપશેજ, અને સ્તુતિ ચાલૂ રાખે છે. પ્રભુ સભામાં આવી પ્હોંચે છે, એ વાતની જાણ માત્ર **સૂરસેના**ને થાય છે. પ્રભુ ત્યાં **નરસિંહે** કેદારો ધરણીધરને ઘેર તળાજામાં ઘરેણે મૂકયા છે, તેવી યાદ આપે છે. પ્રભુ કેદારાથીજ માત્ર પ્રસન્ન થાય છે; તે વાતની જાણ કરે છે. **નરસિંહ** તો અનન્યતાથી સ્તુતિ ચાલૂ રાખે છે. ત્યાં પ્રભુજ નરસિંહનું રૂપ ધારણ કરી ધરણીધરને ત્યાંથી કેદારો છોડાવી લાવે છે. પ્રભુનાં દર્શન કરી **નરસિંહ** કેદારો ગાય છે અને કૃતાર્થતા અનુભવે છે. પ્રભુ દાતણ કરવાની વેળાયે **નરસિંહ**ના કણ્ઠમાં હાર આરોપે છે. સર્વે લોકો આશ્ચર્યમુગ્ધ થઇ જાય છે; રાજાનાં હાંજાં ગગડી જાય છે. આ પ્રસઙ્ગે **રામનન્દ** રાજાને મ્લેચ્છ થઇ જવાનો શાપ આપે છે; **સૂરસેના** તેમ કરતાં વારે છે. રાજા આવી **નરસિંહ**ને પગે પડે છે; **ભીમ** અને પ્રધાનની અવળી ચઢામણીથી કરેલી ભૂલનો પશ્ચાત્તાપ જાહેર કરે છે. **નરસિંહ** ખુલાસો કરે છે કે 'તારો દોષ નથી; તારી માતાનો દોષ છે; જા જઇ પૂછ.' રાજા માતા પાસે જઇ ખુલાસો પૂછે છે. માતા રાજાની ઉત્પત્તિ યવનની દૃષ્ટિથી થઈ હોવાનો એકરાર કરે છે. પ્રસઙ્ગ આમ પૂર્ણ થાય છે.

પ્રસઙ્ગનો વિસંવ્વાદ

આરમ્ભનાં પદો જે સંવ્વાદ આપે છે, તે ક્યાં થયો, તે તે પદો ઊપરથી કાંઇ નિશ્ચિત નથી થતૂં; અને આ સાં-૧૭૩૩ વાળી ત્રીજી વાચના સૂધી એજ દશામાં છે; પરન્તુ **પ્રેમાનન્દ**ના કે **વિશ્વનાથ** જાનીના કૂહેવાતા **હારપ્રસઙ્ગ**ની સઙ્કલના જ્યારે કરવામાં આવી ત્યારે એ વિસંવ્વાદને સુધારી લેવાનો યત્ન કરવામાં આવ્યો છે; અને તેથી પદક્રમ વગેરેમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે; નવાં પદોયે ઊમેરવામાં આવ્યાં છે.

ધાર્મિક વાદવિવાદો

ધર્મશાસ્ત્ર-વિષયક ચર્ચા કરાવવાનો શોખ રાજાઓને પ્રાચીન કાળથી હોવાનું ઇતિહાસ કહે છે. પણ્ડિતો રાજ્યાશ્રયથી નભતા હતા. બૌદ્ધો અને જૈનોને રાજ્યાશ્રય હતો, પછી વેદધર્મીયોને રાજ્યાશ્રય હતો; તે વાત પણ સુપ્રસિદ્ધ છે. માત્ર ધર્મવિષયક ચર્ચાઓ જ રાજાઓ સન્મુખ થતી, એટલું જ નહીં પણ સાહિત્યવિષયક ચર્ચાઓ પણ રાજાએ પોતા સમક્ષ કરાવી વિજેતાઓને મોટાં મોટાં પારિતોષિકો આપતા. **વિક્રમ, શિલાદિત્ય, હર્ષ, ભોજ** અને દક્ષિણના **વિજયનગરનો કૃષ્ણદેવ**, આના રાજ્યકાલના આવા પ્રસઙ્ગો સાધનો મારફત પ્રાપ્ત થાય છે. એટલે રા'**માણ્ડલિક**ના સમયમાં આવો કોઇ પ્રસઙ્ગ ઉપસ્થિત થયો હોય, તેમાં ખાસ કોઇ પ્રકારનું આશ્ચર્ય નહીં લાગે. સાં-૧૫૦૭ માં **માણ્ડલિક** અમારી-ઘોષણા પ્રવર્તાવે છે, તે વાત શિલાકૃષ્ટ છે. (એ શિલાલેખ અહીં **નરસિંહ**ની કાવ્યોની ભાષા વિશેની ચર્ચા કરતી વેળા ઉદ્ધૃત કરવામાં આવ્યો છેજ.) એટલે રાજાઓ ખાસ એકજ ધર્મમાં પક્ષપાત બતાવી રહેતા હોય, તેમ લાગતું નથી. તેની સભામાં જે સમર્થ પણ્ડિત હોય અને રાજા ઊપર સારી છાપ પાડી શક્યો હોય, તેના તરફ તે વિશ્વાસની દૃષ્ટિથી જુવે. એજ રીતે સન્યાસીયો જોરમાં આવતાં રાજા ઊપર અસર કરનારા નીવડ્યા હોય તો તે કાંઇ આશ્ચર્યોત્પાદક વાત નથીજ.

વાદનું મૂળ

નરસિંહ દામોદરનો ખરો ભક્ત અને ભજનમસ્ત હતો. તેના જીવનમાં કેટલાક ચમત્કારો થયાની વાત પણ લોકોની જાણમાં હતી. વળી તેની સાથે ભજન કરવામાં સ્ત્રીયો પણ ભાગ લેતી. આ વાત વિઘ્નસન્તોષીયોને કે **નરસિંહ**ના તેજનો દ્વેષ કરનારાઓને ન રુચી હોય તો તે સ્વાભાવિક છે, એટલે આવો ચર્ચાત્મક કોઇ પ્રસઙ્ગ બન્યો હોય, તેની ઓછી સમ્ભાવના નથી. **માણ્ડલિક**ની રાણી અને માતા તેમજ **શ્રી**પાત પણ્ડિત **નરસિંહ**નો પક્ષપાત કરતાં જણાય છે અને તેથી તેઓ વૈષ્ણવ ધર્મનાં હોય અથવા વૈષ્ણવો તરફ પ્રેમવાળાં હોય, તે સ્વાભાવિક છે. સભામાં **રામાનન્દ** સન્યાસીનો ઉલ્લેખ છે, તે વૈષ્ણવ જણાય છે, કેમકે વૈષ્ણવોની નિન્દાને તે ધિક્કારે છે. **ભીમ** પણ **રામ**નામનોજ પક્ષપાતી છે. આ સન્યાસીયો કિયા પ્રકારના છે, તે આથી સમઝવું જરા મુશ્કેલ છે. દશનામી ગોંસાઇ સન્યાસીયો નિરઞ્જન નિરાકાર સચ્ચિદાનન્દ સ્વરૂપના ઉપાસક હોય છે; જ્યારે અહીંના સન્યાસીયો ખાસ તેવા પ્રકારના દેખાતા નથી. **ભીમ** સરળ છે અને રામ-કૃષ્ણ-મહાદેવને અનન્યતાથી જોવાનું કહે છે. **હારમાલા** ઊપરથી સન્યાસીયોનું સ્વરૂપ આમ નક્કી કરી શકાતું નથી, અને આ ચર્ચા શૈવ-વૈષ્ણવ-દ્વેષમૂલક હોય તેવું પણ દેખાતું નથી, આ ઊપરથી ઉપસ્થિત થયેલી ચર્ચા માત્ર **નરસિંહ**ની પરીક્ષા પૂરતીજ હોય એમ માની શકાય.

રામાનન્દ

રામાનન્દનો આ ચર્ચામાં ઉલ્લેખ આવે છે; તેની છાપવાળાં બે પદ પ્રાપ્ત થાય છે. પ્રથમ પદમાં **નરસિંહ** જે ઉઘાડો શૃઙ્ગાર જાહેર સભામાં ગાય છે, તેનો વિરોધ તે ઊઠાવે છે. પણ તેમ છતાં એ **નરસિંહ**નો પક્ષ કરે છેઃ 'નરસિંહાનિ એક વાર વારોશિ', એવો એનો સઙ્કેત છે. બીજા પદમાં તો તે ચોકખું કહે છે કે 'વૈષ્ણવની નિન્દા કરવી દોષ છે'; અને હરિની પ્રીત્યનાં વખાણ કરે છે. પ્રસઙ્ગને અન્તે શાપ દેવાને **રામાનન્દ**જ તૈયાર થાય છે. આમ આ **રામાનન્દ** વૈષ્ણવોનો પક્ષપાતી છે. આ કોણ હશે? સુપ્રસિદ્ધ **રામાનન્દ**

વિક્રમની પન્દરમી સદીના પૂર્વાર્ધમાં મોજૂદ હતા. તેના અનુયાયીયો ગૂજરાતમાં પન્દરમી સદીમાં ફેલાઇ ગયા હતા. આ રામાનન્દ તે તેજ સુપ્રસિદ્ધ રામાનન્દના અનુયાયીયો માંહેનો હોવા સમ્ભવ છે. રામાનન્દના અનુયાયીયો રામાનન્દી કહેવાય છે. એજ નામ અત્યાર સુધી પ્રચલિત છે.

રા'માણ્ડલિકનું અબાધિત વૈષ્ણવત્વ

આ પરિસ્થિતિનો વિચાર કરતાં માણ્ડલિકના દરબારમાં શૈવ-વૈષ્ણવ દ્વેષની બહુજ ઓછી સમ્ભાવના છે, અને તેથી 'માણ્ડલિક ચુસ્ત વૈષ્ણવ હતો,' તે વાતને હાનિ પ્હોંચતી નથી. રા' મહિપાલ દામોદરરાયનો ભક્ત હતો, અને પોતાને ખર્ચે યાત્રાળુઓને દ્વારકાં અને સોમનાથ મોકલતો, તેથીજ માણ્ડલિક પણ દામોદરરાયનો ભક્ત હોય, તે વાત શક્ય છે. માત્ર દામોદરરાય ભક્તના કોડ પૂરા કરે છે, તેવી વાત નરસિંહના વિષયમાં જે પ્રસિદ્ધ હતી, તે નજરે જોવાનોજ તેને સન્ન્યાસીયોની ચઢામણીથી વિચાર થયો અને એણે નરસિંહની પરીક્ષા કરવાનો પ્રસઙ્ગ ગોઠવ્યો. સાં. ૧૫૧૨ પછી પણ લાંબા કાળ સુધી નરસિંહ જૂનાગઢમાં રહ્યો મનાય છે. જ્યારે મુસલમાનોના કબજામાં જૂનાગઢ ગયું, ત્યારેજ તેણે જૂનાગઢ છોડ્યું સમ્ભવિત છે; એટલે રાજાનું વૈષ્ણવત્વ અબાધિતજ રહે છે.

નરસિંહ-ચરિતની ખ્યાતિ

નરસિંહના જીવનના ચમત્કારિક પ્રસઙ્ગો મામેરૂં અને હુંડી વિષ્ણુદાસ અને કૃષ્ણદાસ (જે બન્ને વિક્રમની ૧૭મી સદીના કવિયો છે, તે)ના વખતમાં તો સુપ્રસિદ્ધ હતાંજ; કેમકે તે બન્ને જણાયે આ બે પ્રસઙ્ગ ઊપર સ્વતન્ત્ર કાવ્યો રચ્યાં છે. હારમાલાના પ્રસઙ્ગનાં ૭ પદો સાં. ૧૬૭૫ની પ્રતિ (अ ૧)માં પ્રાપ્ત થાય છે. આમ વિક્રમની ૧૭મી સદીના ઉત્તરાર્ધથી તો હારપ્રસઙ્ગ પણ મામેરા-હૂંડીની માફક ખ્યાત થયેલો પ્રાપ્ત થાય છે.

નરસિંહનો જીવન-સમય

નરસિંહનો જીવન-સમય ક્યારે, એ વિષયમાં ગૂજરાતી વિદ્વાનોયે અનેક પ્રકારની ચર્ચાઓ કરી એ વિષયને અતિ ગમ્ભીર બનાવી દીધો છે. બધાજ પક્ષો સ્પષ્ટ રીતે સ્વીકારે છે કે વિક્રમની ૧૭મી સદીના ઉત્તરાર્ધની તો પૂર્વેજ નરસિંહ થઈ ગયેલ છે. તેણે પોતાના જીવન દરમિયાન અનુભવેલા ઈશ્વરીય પરચાઓનાં કાવ્યો રચેલાં છે, તે વાત સર્વસામાન્ય રીતે સ્વીકૃત છે. શામળશાહના વિવાહ તરફ બધાજ માનની નજરથી જુવે છે. રા. મુનશી પણ તે કાવ્યને મ્હેતાનીજ કૃતિ માને છે. એ પરચાનૂં કાવ્ય તેનૂં હોય તો મામેરૂં, હૂંડી અને હાર પણ તેનાં કાવ્ય હોય તેમાં કાંઇપણ શઙ્કાસ્પદ ન હોવૂં જોઇયે. નરસિંહને ઝૂલણા અત્યન્ત પ્રિય છે. આ કાવ્યો પ્રાયઃ ઝૂલણામાંજ રચાયેલાં છે. આ વસ્તુને સ્વીકારવામાં આવે તો હારપ્રસઙ્ગે ગાયેલાં પદોમાંજ માણ્ડલિકના નામનો પુષ્કળ સ્થળે ઉલ્લેખ છેઃ સાં. ૧૬૭૫ વાળી (अ ૧) પ્રતિમાં પાંચ પદોમાં માણ્ડલિક તરફના પરિભવનની વાત છે. આ માણ્ડલિક સાં. ૧૪૮૭-૧૫૨૮ વાળો કે તે પછીનો કોઇ નાનો? આ પ્રશ્નનૂં નિરાકરણ કવિ વલ્લભદાસે સાં. ૧૭૮૨ પૂર્વે એક વિસ્તૃત ગરબામાં આપ્યૂં છે. તેણે આપેલી વંશાવલીને સ્વીકારવામાં આવે તો નરસિંહની જીવન-મર્યાદા વૃદ્ધમાન્ય સમયમાંજ આવી રહે. આ વખતે રા' માણ્ડલિક જૂનાગઢની ગાદી ઊપર હતોજ.

'માણ્ડલિક વિષ્ણુભક્ત હતો અને તેથી તેણે નરસિંહ જેવા પ્રભુભક્તને પજવ્યો હોય

તે શક્ય નથી;' આ બધું એક રાજાને માટે શઙ્કાસ્પદ છે. રાજાને કાન હોય છે, સાન નહીં; આ રીતે તેણે **નરસિંહને** પજવણી કરી હોય, તે કાંઇ અસમ્ભવિત નથી. વળી **નરસિંહનાં** પ્રતિષ્ઠિત કાવ્યોમાં **નામો**, **રામો** અને **કબીરનાં** નામો આવે છે: આ ત્રણે ભક્તો સાં. ૧૫૦૦ પૂર્વે થયેલા છે. [1]**નામદેવ** બે થયા છે: ૧. દરજી અને ૨. બ્રાહ્મણ. પ્હેલો નામદેવ (ઈ. સ. ૧૨...?-૧૩૫૦) પ્રાચીન છે, અને **જ્ઞાનદેવ** (ઈ. સ. ૧૨૭૧-૧૨૯૬) પછી ૫૪ વર્ષે ગુજરી ગયેલ છે. **રામાનન્દ** અને કબીર પણ ઈસ્વી ૧૪મા શતકમાં થયેલા છે. ખુદ રા. મુનશી પોતાના Gujarata & Its Literature એ ગ્રન્થના પૃ. ૧૧૬ મે લખે છે કે:—

"Ramananda's influence in Gujarat was widespread in the latter half of the fourteenth, and the fifteenth century."

' કબીર **રામાનન્દનો** શિષ્ય હતો. **રામાનન્દની** અસર ઈસ્વી ૧૪મા શતકના ઉત્તરાર્ધમાં એટલે વિક્રમની ૧૫મી સદીના પૂર્વાર્ધમાં થઈ. **નરસિંહનો** વૃદ્ધમાન્યકાળ વિક્રમની ૧૫મી સદીનો ઉત્તરાર્ધ અને ૧૬ મી સદીનો પૂર્વાર્ધ છે; એટલે તેનાં કાવ્યોમાં પરમ ભક્ત **નામદેવ**, **રામાનન્દ** અને કબીરનાં નામ આવે, તે સ્વાભાવિક છે. [2]એક પદમાં **મીરાનું** નામ આવે છે. **મીરાંનો** જન્મ ઇ. સ. ૧૫૩૦માં મનાય છે. જે પદમાં **મીરાનું** નામ છે, તે પદ તેનાં કહેવાતાં પ્રકીર્ણ પદો માંહેનું છે; એટલે તે વિશ્વસ્ત હોવા સમ્ભવ નથી. આટલા પદોમાંથી માત્ર એકજ પદમાં આ નામ આવતું હોવાથી તે પદ અથવા તો તે કડી પાછળથી ઊમેરાયેલી કેમ ન હોય? આ એકજ પદ ઊપર વજન આપવા કશું કારણ નથી.

'**નરસિંહનાં** આખ્યાન આરમ્ભની દશાનાં નથી, પણ પાછળની પરિપક્વ દશાનાં છે,' આમ સ્વીકારી રા. **મુનશી** **નરસિંહને** **ભાલણ** તથા **ભીમની** પછી મૂકે છે. તેનાં 'પદના ઢાળની છાયા સોળમી સદીના **ભીમ** અને **ભાલણના** ઢાળો કરતાં સત્તરમી સદીના ગોપાલદાસ (સં. ૧૬૨૬-૩૧)ના ઢાળને વધારે મળે છે.'[3]

આ જાતના મત ઊપર આવી જવામાં મને જરા સાહસ લાગે છે. **નરસિંહે** જે [4]ઢાળો સ્વીકાર્યા છે, તે પુરાણા-અતિ પુરાણા-છે જયદેવ સુધીના જૂના છે. તેનો ઝૂલણા

---

1. Vide : History of Indian Philosophy, Vol. 7; by Dr. S. K. Balvelkar & Prof. R. D. Ranade: pp. 185.

૨ નરસિંહ. કા. સં. પૃ. ૪૭૨ :

"મીરાંબાઈનાં વિખ અમૃત કીધાં, વિદુરની આરોગ્યા ભાજી રે;
સવરીનાં તમે બોરજ પ્રાશ્યાં, તેની પ્રીતે થયા રાજી રે."

મીરાં કુમ્ભારાણાની રાણી હોય તો? કુમ્ભ સાં. ૧૫૦૬માં મોજૂદ હતો. તે મીરાનાં વિષની ખ્યાતિ **નરસિંહે** સાંભળી અન્તકાળ નજીકમાં બનાવેલા પદમાં તે વાત દાખલ કરી હોય તો ઊપરની કડી પ્રક્ષિપ્ત માનવા કારણ નથી.

૩ નરસૈંયો-ભક્તહરિનો-ઉપોદ્ઘાત-પૃ. ૮૦

૪ **નરસિંહની ચાતુરીયોમાં** સ્વીકારવામાં આવેલા ઢાળો **કર્મણના સીતાહરણમાં** પાંચ **ધોળ** આપ્યાં છે, તેમાં આવે છે. ગૂજ. વર્ના, સો. ના **પ્રાચીન ગુર્જર કાવ્યના** પૃષ્ઠ ૪૫-૫૦ ઊપર આવતાં આ પાંચે **ધોળોમાં** આરમ્ભમાં એક કડી ઢાળની પૂર્વની આપે છે અને તેનું છેલ્લું ચરણ ઢાળની કડીમાં પુનરાવૃત્ત થતું લાગે છે. એ બન્ધ પૂરો થતાં **વલણ** કે **ઊથલો** જોઇયે, તે આ ધોળમાં નથી. ભાલણાદિકે **ઊથલાની** પદ્ધતિ સ્વીકારી છે.

જયદેવ સુધીનો જૂનો છે; (બેશક નરસિંહના ઝૂલણા કરતાં જયદેવના ઝૂલણામાં ત્રણ માત્રા ઓછી છે.) તેણે સ્વીકારેલ ચોપાઇદાવટી (સવૈયા અને હરિગીતની ચાલની), ખુદ્દ ચોપાઇ, દ્વિપદીયો એ છેક જયદેવ સુધીનાં જૂનાં છે. આ તરફ આપણા વિદ્વાનોનું ધ્યાન ખેંચાયું નથી લાગતું. ગોપાલદાસે વલ્લભાખ્યાનમાં એક આખ્યાન (કડવું) આખું ઝૂલણા (૩૭ માત્રાવાળા)માં આપ્યું છે. સાં. ૧૫૨૯માં રચાયેલા પ્રભાસપાટણના કેશવરામ હૃદયરામના **શ્રીકૃષ્ણક્રીડાકાવ્યમાં** એક [1]ઝૂલણા પ્રયોજાયેલો છે. (જુવો તેના તે કાવ્યના પૃ. ૩૧૦–૩૧૧ ઊપરનું **રાગધનાશ્રી**નું પદ) આ પૂર્વે મેરુનન્દને સાં. ૧૪૩૨માં ૩૭ માત્રાવાળા ૪૪ ઝૂલણામાં '**વીવાહલઉ**' રચ્યો છે. (જુવો: જૈન ગુર્જર કવિઓ, ભાગ ૧ લો. પૃ. ૧૮–૧૯.) આમ સાં. ૧૪૩૨ જેટલો તો તે જૂનો ખરોજ.

કર્મણનો સમય પદ્મનાભના જીવનકાળ દરમિયાન હોય તેવું દી. બ. કેશવલાલ ધ્રુવનું માનવું છે. (જુવો **પ્રા. ગૂ. કા. ની પ્રસ્તાવના** પૃ. ૧૭મે ૧૫મો પરિચ્છેદ) **કાન્હડદે પ્રબન્ધ** સાં. ૧૫૧૨માં રચાયેલો છે. તેનાજ સમયમાં કર્મણે ઉક્ત કાવ્યબન્ધ સ્વીકાર્યો હોય અને તે સમયમાં સામાન્ય દેશીનાં **ધોળો** એજ પદ્ધતિયે થતાં હોય તો નરસિંહે સ્વીકારેલી પદ્ધતિ તત્કાલીન ઠરે, જે એને ભાલણાદિની પછી થયેલો ન સિદ્ધ કરે.

જનાર્દનના ઉષાહરણમાં આવતાં ૩૨ કડવાંઓ **ઢાળ**ની પૂર્વ કડી તેમજ **ઊથલા** વિનાનાં છે અને સાદાં પદો હોય તેવો ખ્યાલ આપે છે. તે કાંઇક અંશે રેવન્તગિરિ રાસુની પદ્ધતિને મળે છે. બેશક આન્તર પ્રાસવાળી રચના જનાર્દનની વિશિષ્ટ પ્રકારની છે; આવીજ પદપદ્ધતિ નરસિંહનાં ઘણાં છૂટાં પદોમાં છે. નરસિંહના **ગોવિન્દગમન** સાથે સરખાવતાં ઉષાહરણનો પદબન્ધ નરસિંહના ગોવિન્દગમનના પદબન્ધ પછીનો લાગે છે. ચાલૂ ચોપાઇ દાવટીમાં નરસિંહ વૈવિધ્ય નથી સાધતો, જ્યારે જનાર્દન સારી રીતે સાધે છે. નરસિંહ પોતાનાં સળંગ કાવ્યો કે પદોમાં હરકોઇ પદ પૂરે થતાં પોતાની છાપ આપે છે, તેજ પદ્ધતિ જનાર્દને સ્વીકારી છે; પણ પદબન્ધ જનાર્દનનો આકર્ષક છે, તે તેનું નરસિંહ પછીનું અસ્તિત્વ ખાસ સૂચવતો લાગે છે. ઉષાહરણ સાં. ૧૫૪૮માં રચાયું છે; તો નરસિંહ તે પૂર્વનો ખરો કે?

૧. આ કાવ્યમાં કવિયે એક ઝૂલણાનું પદ લીધું છે, ને તે ખાસ 'ભક્તિ વાહલી, નાથ! ભક્તિ વાહલી' એનીજ પદ્ધતિનું છે. યદ્યપિ કવિ આખા કાવ્યમાં નરસિંહનું નામ નથી આપતો. તે કાળમાં નરસિંહ સિવાય કોઇયે ભાગ્યેજ પ્રયોજેલો ઝૂલણા તે ગમે તે કારણે પ્રયોજે છે; એ ખાસ સૂચક છે. કવિયોયે સમકાલીન કવિયોનું નામ આપવુંજ જોઇયે, તેવું કાંઇ ખરૂં? એક એવી દલીલ કરવામાં આવે છે કે–નરસિંહ જો વૃદ્ધમાન્ય કાળમાં થયો હોય, તો તેના જેવા સુપ્રસિદ્ધ ભક્તનો ઇશારો સમકાલીન **શ્રીધર** કેમ નથી આપતો? હૂં પૂછૂં છું કે શા માટે આપે? ભક્તિ વિષયક કાંઇ કથાનક એ આપતો હોય તો કદાચ આપે, પણ **ગૌરીચરિત્ર** અને **રાવણમન્દોદરી-સંવાદ** જેવાં પૌરાણિક કાવ્યોજ જેણે અર્પ્યાં છે, તેને એક ભક્તનો ઉલ્લેખ કરવાની શી પડી હોય? પ્રભાસપાટણના ભીમે બે કાવ્ય રચ્યાં છે. તેમાંનો **પ્રબોધપ્રકાશ** તો **પ્રબોધચન્દ્રોદય** નાટકનો સંક્ષિપ્ત અનુવાદ માત્ર છે; જ્યારે હરિલીલા ષોડશકલા બોપદેવની હરિલીલા વિવેકને આધારે ભાગવતનો સંક્ષિપ્ત સાર છે; તે બન્નેમાં કોઇ પ્રસઙ્ગજ એવો ઉપસ્થિત નથી થતો કે–તેમાં સમકાલીન ભક્તોનાં નામનો ઉલ્લેખ કરવો પડે. કાયસ્થ કેશવના કૃષ્ણક્રીડા કાવ્યને એક પક્ષ સાં. ૧૫૯૨માં ખેંચવા મથે છે, તેનાથી પણ કાંઇ નરસિંહના વૃદ્ધમાન્ય કાળને હાનિ પ્હોંચતી નથી. કવિયે ઝૂલણાનું એક પદ આપ્યું છે, તે નિર્વિવાદ છે, અને તે નરસિંહના ઝૂલણાનું અનુકરણ હોવા પૂરતો સમ્ભવ છે. તેના **શાર્દૂલવિક્રીડિત**ના **રાસપ્રસઙ્ગ**ના બન્ધથી ગભરાવાનું નથી; તે બન્ધ સાં. ૧૫૦૨ જેટલો જૂનો છે, તે તત્કાલીન અન્ય કાવ્યોના વૃત્તબન્ધ તપાસવાથી સમજાય તેવી વાત છે. આવા વિષયોમાં પૂર્વગ્રહોજ બાધક છે; નિષ્પક્ષપાત દૃષ્ટિથીજ અનાગ્રહી રહી આવા વિષયો ચર્ચાવા જોઇયે. (જૈ. ગુ. ક. ભાગ ૧–પૃ. ૪૪)

નરસિંહે જે **ચાતુરીયો** બનાવી છે, તેમાં જયદેવની કાવ્યસરણીની અસર છે. પ્રથમ એક કડી આપી તે કડીના ચોથા ચરણના શબ્દોથી તે પછીની કડીને આરમ્ભ કરવો, એ વસ્તુ જયદેવ જેટલી જૂની નથી; પરન્તુ **ભાલણાદિકે** કડવાને અન્તે જે **ઊથલો** કિંવા **વલણ** આપ્યાં છે, તે આ **ચાતુરીયો**માં કયાંય પણ નથી. **ચાતુરીયોમાં** જે **વલણ** છે, તે આ **ઊથલો** કિંવા **વલણ** નથી. [1]વસ્તુસ્થિતિયે **વલણ** એટલે ચાતુરીયોમાં "નવું નાનું કડવું" એટલું જ છે. આ વલણ કાઠિયાવાડી કવિયોના **પૂર્વછાયાનો** ભાસ આપતું લાગે છે; છતાં **પૂર્વછાયો** જેમ **દોહરા**માંજ હોય છે, તેવું આ નથી; કિન્તુ કડવાના આરમ્ભમાં આવતાં બે પદ કે ત્રણ પદ જેવું છે. આ પદ્ધતિનું અનુસરણ કોઇપણ કવિયે અદ્યાપિપર્યન્ત કર્યૂં જાણવામાં નથી. એથી **નરસિંહને** ખસેડીને કાંઇ વીસમી સદીમાં લાવી શકાય તેમ નથી.

તેના ઝૂલણાનું અનુકરણ તેજ પ્રમાણે ઘણાજ થોડા કવિયોયે કર્યૂં છે. **વલ્લભાખ્યાનમાં** ગોપાલદાસે કર્યા પછી તેના પછીના ખાસ કિયા કવિયે ઝૂલણામાં કાવ્યો વિસ્તાર્યાં છે? પૌરાણિક કવિયોનું ધ્યેય તો ભાલણાદિકેજ આરમ્ભેલાં અને **રેવન્ત રાસુ**[2] વગેરેમાં જણાતાં કડવાંની ધાટીનાં કાલક્રમે વધતેરી કડીવાળાં થતાં કડવાંઓ રચવામાં હતું, એટલે **નરસિંહની** કાવ્યગત ધાટીનું અનુસરણ પાછળથી બહુજ ઓછું થયૂં, એમ કહેવામાં હૂં લેશ પણ ખચ્ચાતો નથી.

જૂના ગૂજરાતી સાહિત્યમાં મુખ્ય ત્રણ કાવ્યપદ્ધતિ પ્રાપ્ત છેઃ—

૧. **ભાલણાદિકની** કડવા-પદ્ધતિ,

૨. **ભીમ** વગેરે કાઠિયાવાડના કવિયોની પૂર્વછાયાવાળી અભઙ્ગ કાવ્યપદ્ધતિ અને

૩. **નરસિંહની** નાનાં પદવાળી જુદીજ તરી રહેતી કાવ્યપદ્ધતિ.

આ ઉપરાંત અક્ષરમેળવૃત્તવાળી સરણી અલગજ છે. વળી ચન્દ્રાવળામાંજ કાવ્યોનાં કાવ્યો લખવાં એ સરણી અલગજ છે, જે પ્રાયઃ કાઠિયાવાડી કવિયોમાંજ દેખાય છે.

આ વસ્તુસ્થિતિને નિહાળતાં **નરસિંહની** કાવ્યપદ્ધતિ તેને વૃદ્ધમાન્યકાળથી ખસેડવા સમર્થ નહીં થઈ શકે.

નરસિંહનાં કાવ્યોમાં **વિઠ્ઠલ** શબ્દ પ્રભુનાજ પર્યાયરૂપે વપરાયો પ્રાપ્ત છે. રા. **નરસિંહરાવભાઇયે**[3] આ વિષયમાં ચર્ચા કરી છે. આ **વિઠ્ઠલ** શબ્દનો **નાકરે** સં. **૧૬૦૧માં** ઉપયોગ કર્યો છેઃ "વાહરઈ ચડજે, વીઠલા ! તૂં સમરથ રાઇ રણછોડ. ૯" "વાહરઈ માહરી ચડે, વીઠલા! દમઇ છઇ દુષ્ટ દેહ. ૧૩" (વિરાટપર્વ-કડવૂં ૧૦મૂં.) **ભીમે** પણ હરિ. ષો. કલામાં "ચતુર વચનિ વાણી **વિઠુલા** મન મોહંતી" (પૃ. ૧૫૫) એ પ્રમાણે છેક સાં ૧૫૪૧માં તે શબ્દ વાપર્યો છે.

---

૧. ન. કા. સં. માંની **ચાતુરી છત્રીશી** ચા૦ ૨-૩-૪-૫-૬, ૧૨-૧૩, ૧૫, ૧૮, ૨૩-૨૪, ૨૯, ૩૫, આ પદોમાં **વલણ** છે, તે પ્રાયઃ **ચોપાઇ**નાં બે ચરણમાં છે; બીજી ધાટી પણ છે. માત્ર ૧૬, ૨૭, ૩૦, ૩૫, આ પદમાં **વલણ** ઊથલા જેવૂં છે. ૧૬મા પદ સિવાય બીજાં ત્રણ પદોમાં **ઊથલો** તો ખ્યાલમાં આવે તેમ નથી; ૧૬મા પદમાં માત્ર સ્પષ્ટ **ઊથલો** છેઃ પરન્તુ પદ નાનૂં હોવાથી વિસ્તૃત કડવાનો ખ્યાલ નથી આવતો.

૨ **રેવન્તરાસુમાં ઢાળની ૧** લી કડી નથી.

૩. Vide: Thakkar V. M. Lectures-Guj. Lang. & Lit. pp. ૬૨-૬૭.

નરસિંહનાં કાવ્યોમાં ષષ્ઠીના **ચો** પ્રત્યયનો પ્રચાર મુખ્યત્વે તેની **છાપ**માં આવે છે. રા. **નરસિંહરાવે**[૧] તે અસલ મરાઠીની નથી, તેમ સાબિત કર્યું છે. ભાષાશાસ્ત્રની દૃષ્ટિયે તે ખરૂં જ છે. આમ છતાં **નરસિંહ** મરાઠી ભાષા તરફ પ્રેમવાળો દેખાય છે. **હારમાલા**માં એવું એક પદ છે, તેની પ્રથમ કડીમાં મરાઠી અસર સ્પષ્ટ છેઃ—

"દેવા! હમચી વાર કાં બધિર હોઇલા?
આપુલા ભક્ત કાં વીસરિ ગૈલા?
ધ્રુવ પ્રહ્‌લાદ અમ્બરીષ વિભીષણા,
નામિચેં હાથ તિં દૂધ પિયુલા.[૨]"

આ બધાનૂં કારણ મને તો **નરસિંહ**ના મહારાષ્ટ્રિય સન્તો તરફના પૂજ્યભાવ અને તેમના ભક્તિસાહિત્ય તરફના પ્રેમને આભારી હોય, તેમ લાગે છે.

વિટ્ઠલ શબ્દનો પ્રયોગ અને મરાઠી અસરવાળા શબ્દોના પ્રયોગો પણ તેને સં. ૧૫૪૧ પછી તો ખસવા દિયે તેમ નથી જ, કેમકે **ભીમે** સાં. ૧૫૪૧માં **હ. લી. ષો. કલા**માં તે શબ્દ પ્રયોજેલ છે.

ચાતુરી છત્રીશીમાં **પુષ્ટિમારગ** શબ્દ ચા. ૧૦મીમાં છે. આ જોતાં તેના ઊપર **શ્રી**વલ્લભાચાર્યજીના સિદ્ધાન્તની અસર હોવાની કોઇને શઙ્કા જાય. શ્રીવલ્લભાચાર્યજીયે **સૌરાષ્ટ્ર**ની પ્રથમ યાત્રા સાં. ૧૫૪૮થી પૂર્વે તો કરીજ નથી. વૃદ્ધમાન્ય કાળ પ્રમાણે તે વખતથી ૧૨ વર્ષ પૂર્વેજ **નરસિંહ**ની જીવનયાત્રા પૂર્ણ થઈ ગયેલી મનાય છે. વસ્તુસ્થિતિયે આ એક [૩]શબ્દ માટેજ **નરસિંહ**ને **શ્રી**વલ્લભાચાર્યજીના જીવનકાળ દરમિયાન ખેંચવામાં આવતો હોય તો તે નિરર્થક છે; કેમકે ચાતુરીમાં **પુષ્ટિમારગ**ને સ્થળે **પ્રેમમાર્ગી** એવું પાઠાન્તર પ્રાપ્ત થાય છે. આ સ્થળે પ્રસઙ્ગ જોતાં **પ્રેમમાર્ગી** પાઠની વધૂ શક્યતા છે. ત્યાં જે રસનો અનુભવ છે, તે નાયક-નાયિકાના પ્રેમમાર્ગનો છે, અને નહીં કે **પુષ્ટિમાર્ગ-કૃપામાર્ગ**નો. **ગીતગોવિન્દ**ના ૧૧મા અને ૧૨મા સર્ગમાં દૂતી **રાધિકા**ને સમઝાવી કૃષ્ણચન્દ્રજી પાસે લાવે છે, તે આખા પ્રસઙ્ગને ટૂંકમાં-અતિટૂંકમાં **નરસિંહ** અહીં પતાવે છે. દૂતીની સમઝાવટથી **રાધિકા** પ્રિયતમ પાસે આવે છે અને પ્રિયતમ તરફના સન્માનને સમ્પૂર્ણપણે મેળવવા સમર્થ થાય છે. ૧૨મો સર્ગજ આખો **सुप्रीतपीताम्बरः** વિશે છે. તે **प्रीत** શબ્દને ખ્યાલમાં રાખનારો **पुष्टि-पोषण-अनुग्रह**ને ક્યાં પકડ્વા જાય?

"પુષ્ટિમાર્ગ" શબ્દનો પ્રયોગ કરવાથી તેના જીવન—સમયની મર્યાદા નવમતવાદને અનુકૂળ થતી હોય, તો તેને **શ્રી**વલ્લભાચાર્યજીના પુત્ર **શ્રી**વિટ્ઠલનાથજીના સમયમાં ખેંચવો પડે. પણ **શ્રી**વિટ્ઠલનાથજીની અસર **નરસિંહ** ઊપર થઇ હોય, તેવું તેના એક પણ કાવ્યમાં દેખાતૂં નથી. **શ્રી**વિટ્ઠલનાથજીની દીનતા **નરસિંહ**માં દુર્લભ છે. **નરસિંહ** જો **શ્રી**વિટ્ઠલનાથજીના પુષ્ટિમાર્ગનો અનુયાયી થયો હોય તો દીનતાની અસર તેના ઊપર થવીજ જોઇયે.

---

૧ Vide : ibid pp. ૫૬-૬૧.

૨. હારમાળાનૂં પદ ૪૫મૂં જુવો. ન. કા. સં માં તો પૃ. ૫૬૨ ઊપર તે આખૂં પદ મરાઠીની અસરવાળૂં પ્રાપ્ત છે

૩ અને એક પ્રકીર્ણ પદમાંના 'વલ્લભ-વિઠ્ઠલ પ્રગટ થશે', એ વાક્યને આધારે નરસિંહને નવમતવાદીયોયે ઠરાવેલા સમયે ખેંચવો, તે નિરર્થક છે. આ પ્રમાણ સ્વીકારનાર **થશે** ના ભવિષ્યત્કાલીન પ્રયોગને માનવા તૈયાર છે? તૈયાર ન હોય તો એ આખા પદને તેઓ પ્રમાણ તરીકે માન્ય નજ કરી શકે.

આ જોતાં **શ્રી**વિઠ્ઠલનાથના સમયમાં તેની સ્થિતિ હોવા સમ્ભવ નથી. આ બધું નિહાળતાં વિક્રમની ૧૬મી સદીના ઉત્તરાર્ધમાં તો **નરસિંહ** આ લોકમાં હોવો સમ્ભાવ્ય નથી. પાઠાન્તરે ર્‌હેલા **પુષ્ટિમાર્ગ** એ એક શબ્દમાત્રથી **શ્રી**વલ્લભાચાર્યજી સાથે સમકાલીનતા માનવી, તે વધૂ પડતું છે; એ બતાવવામાં આવ્યુંજ છે, એટલે સાં. ૧૫૭૨માં જે સમ્ભાવના કરી છે, તે હાથતાળી દઈ છટકી જાય છે. હારનો પ્રસઙ્ગ નથીજ બન્યો, તેને વળી સાં. ૧૫૭૨ નેય વળગી ર્‌હેવાથી શો લાભ?

શામળદાસનો વિવાહ જૂનાગઢમાં હતા ત્યારે થયો; ને તે અસલ કાવ્યથીજ સ્પષ્ટ છે. જે શાન્તિનું તે કાવ્યમાં સૂચન છે, તે સાં. ૧૫૨૯ પછી અપ્રાપ્યકલ્પજ હતી; કેમકે તે પછી યવન સામ્રાજ્યની (મહમદ બેગડાની) અસરમાં જૂનાગઢ આવી ગયેલૂં.

નરસિંહની પાછલી જિન્દગી પણ તેથીજ કરી જૂનાગઢની બ્હાર ગળાયેલી વધૂ સમ્ભવિત છે. તેવૂં સ્થળ માત્ર જેઠવાઓની અસર નીચે ર્‌હેલૂં **માંગરોળ**જ સમ્ભવિત છે. અત્યારે **માંગરોળ**માં જે જૂનૂં સ્મશાન છે, તે **નરસિંહ** સ્મશાન અને ત્યાંની વાવ **નરસિંહ** વાવ ક્‌હેવાય છે. અત્યારે માત્ર રબારી લોકો ત્યાંના તે સ્મશાનનો ઉપયોગ કરે છે. સિદ્ધપુરમાં **હેમખાડ** જેમ પ્રસિદ્ધ છે, તેજ રીતે આ સ્મશાન સાથે **નરસિંહ**ના નામની શક્યતા છે. **નરસિંહ**ના સમયમાં **માંગરોળ**માં **શ્રી**રણછોડરાયજીનૂં દશાઙ્ગુલ સ્વરૂપ ત્યાંની **ગોમતીવાવ**માંથી પ્રકટ થયેલૂં હતૂં, જે અદ્યાપિપર્યન્ત અસલ સિંહાસન સાથેજ **માંગરોળ**માં છે. (કોઇ અનુયાયીયો એમ માને છે કે સિંહાસન ભલે **માંગરોળ**માં હોય, પણ સ્વરૂપ **જૂનાગઢ**માં બિરાજે છે. બન્ને સ્વરૂપમાં કિયૂં મૂળ, એ ચર્ચા અહીં નિરર્થક છે.) તે સ્વરૂપ અસલ જે ઘરમાં બિરાજતૂં તે ભાગ જૂનાકાળથી વૈષ્ણવફળિયા તરીકે પ્રસિદ્ધ હતો. **ગોમતીવાવ** પણ તેજ ફળિયાને ઉત્તર છેડે છે. અહીં **નરસિંહે** પોતાનો છેવટનો સમય ગાળ્યો હોય, તે સમ્ભાવ્ય છે. આ બધૂંય વિક્રમની ૧૬મી સદીના પૂર્વાર્ધમાં શક્ય છે.

અને **નરસિંહ**ના કાવ્યોની ભાષા?

નીચે સાં. ૧૫૦૬-૭ના બે શિલાલેખો અને એક પારસી પાનૂં આપૂં છૂંઃ—

૧. **"શ્રી ગણેશાય નમઃ ॥ ↑ સંવત ૧૫૦૬ વર્ષે અષાઢ સુદિ ૨ મહારાણા શ્રી કૂંભકર્ણ વિજય રાજ્યે શ્રી અર્બુદાચલે દેલવાડા ગ્રામે વિમલવસહી શ્રી આદિનાથ તેસલવસહી શ્રી નેમિનાથ તથા બીજે શ્રાવકે દેહરે દાહ મુંડિકિ વલાવી રખવાલી ગોડા પોઠયાઇં રાણિ શ્રીકુંભકર્ણિ મહં ડૂંગર ભોજા જોગ્યં મયા ઉધારા જિકો જયાત્રિ આવિ તિહિઇં સર્વ મુકાવું જયાત્રા સંબંધિ આચંદ્રાર્ક લગિ પલે......"**

(જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ પૃ. ૪૯૪)

યદ્યપિ આ મારવાડી ભાષામાં લખાયેલ છે, છતાં તેમાં **બીજે શ્રાવકે દેહરે** અને **પલે** રૂપોનૂં સ્વરૂપ ભાષાનૂં સ્વરૂપ આપવા પર્યાપ્ત છે. તૃતીયા–સપ્તમીનો તેમજ વર્ત. ત્રીજા પુરુષનો इ અન્તર્ગત આમાં પ્રાપ્ત છે, જે તત્કાલીન લખાણોમાં પ્રાયઃ अइने રૂપે હોય છે.

२. " ......संप्रति......राजाधिराजश्रीमंडलिकप्रभुणा सर्व्वश्रेयःकल्याणकारिणी......सर्वजीव-अमारी कार्य-(माणा) चिरं विजयतां ॥

प्रथमं श्री—तुंगनि—जीवक—णा सइ । बीजां लोकसमस्त जीव न विणास(इ) ।— —
कमार...चिडीमार सिंचानका — — वि आहेडां न कर — । चोर न मारिवा । बाबर

खांट तुरक **एहे याहडे** जीव कोइ न विणासइं। जि करसि तं......मीलाइ। कुंभका (र) पंच दिन नीमाड न (कर)इं। जि को (इ— —) इने सनी आणभंगकारक ए(हणं राजा) श्रीमंडलिक नाथाण्या। आ धा राव कणइ (पा)लिवा। तेह्नइ गुणा...सिइ। जि को—लो मूंकइ। ए दोष...अमा(रि) प्रवत्तारणहार श्रीमंडलीक प्रभुकइ आशी...(अ)णी इछआ॥"

[**નોંધ**:—આ લેખમાં અક્ષરો ખૂટે છે તેમજ ઘસાયેલા જુદા વઞ્ચાય છે. અર્થાનુસન્ધાનનો ખ્યાલ રાખતાં નીચે મુજબ પૂરણી શકય છે:–]

"प्रथमं श्री रा **एहे** दंनि जीव न विणासइ। बीजां लोक समस्त जीव न विणासइ। लावकमार अनि चिडीमार चिंचानका पइं वि आहेडां न करइ। मोर न मारिवा। बाबर खांट तुरक **एहे याहडे** जीव कोइ न विणासइ। जि करसि तं वंघनि मीलाइ। कुंभकार पंच दिन नीमाड न करइ। जि कोइ **एहे दंने** रानी आणभंगकारक एहणइ राजा श्रीमंडलिकनी आण्या। आ धा सवि कणइ पालिवी। तेह्नानइ गुणा होसिइ। जिको चीलो मूंकइ, ए दोषनि माटि अमारी प्रवत्तावणहार श्रीमडलिक प्रभु कइ आशातणी ईछइ॥"

(સાં. ૧૫૦૭ના માઘકૃષ્ણ ૫ ગુરુવારનો જૂનાગઢ ઊપરકોટમાંના સંસ્કૃત શિલાલેખનો નીચેનો ટૂકડો.)

આ જૂની ભાષામાં લખાયેલ છે; છતાં તેમાં **एहे याहडे** ખાસ ધ્યાન ખેંચે છે. નીચે સુધારી લખ્યો છે, તેમાં બે સ્થળે **ए**કારની સમ્ભાવના છે, જ્યારે એક સ્થળે **चीलो**માં **ओ**કાર સમ્ભાવ્ય છે. આ અઙ્કવાળાં પદો આટલાં વ્હેલાં ખાસ ધ્યાન ખેંચે છે.

૩. "मइ पूछइउं जत ईहं **स्त्रीताण** तनउ शरीरइं कइसउं पातक कीधउं जीणइ पाप करी आत्मा रहिं इसउ दौहिलउ निग्रहः कीजइ अछि।

......॥१॥ सुदर ते **भलो** यिहरहिं केतलाइं मनुष्यनु शुभ कल्याण वर्तइ।......"

(The Guj. Lang. & Lit. Vol. II. પૃ. ૫૮ મે સં. ૧૫૦૭માં નકલ કરાયેલ પારસી લખાણુની નકલ).

આમાં **स्त्रीताण**=સ્ત્રી તણે અને **भलो**, આમાં **ए**કાર અને **ओ**કાર ધ્યાન ખેંચે છે.

આમ ગમે તે રીતે **अइ, अउ, अउं**ને સ્થળે સાં. ૧૫૦૦ આસપાસ અનુક્રમે **ए, ओ** ને **ऊं**નો પ્રવેશ થઈ ગયેલો દેખાય છે.

દી. બ. ધ્રુવ મહોદયે **નરસિંહ**ના પદની ભાષાની સમ્ભાવના આપી છે. આ પદ "અલ્યા નામ પામ્યો, પણ રામને નવ લહ્યા" છે:—

"નામ પામી અલ્યા! રામ તિં નવિ લહ્યા;
વૈષ્ણવ પદ તણૂં બિરદ ઝાલિ.
પુત્ર વિણુ જિમ રચઇ, પારણૂં ઘર વિચઇં,
વર વિના જિમ વલી જાન માહાલિ! ૧
ઇમ જિ જાણઇ, હુઊં, હૂં હરિનુ જન થિયુ.
વિષ્ણુ ગાઈ ભયુ ભક્ત ભવ માંહાં;
કરણી તુ કાગની, હોડિ કરી હંસની,
હૂંશિ કાઢઇ હસી હંસ લવ માંહાં. ૨
પિંડ માંહાં પ્રભુ સહી પ્રગટ પેખઇ નહીં,

ફોક પરલોક માંહાં દૂર ભાલિ;
કોટિ બ્રહ્માંડનૂં ગણિતિ લેખૂં કરઇ,
દેહભાવઇ ઠરી માલ ઝાલિ. ૩
નિદાઘની વેદના વિશ્વની ટલઇ ના
અનિ વૃથા ગગન માંહાં મેઘ ગાજિ;
હરિનિ જાણ્યા વિના હરિ તણુઉ જન થયુ,
વાત પકવાન નવિ ભૂખ ભાજિ. ૪
જિ નિરાકાર મહિં એકરસ થઇ રમઇ,
હઇઇ વિજ્ઞાનની જ્યોત જાગિ,
દાસ નરસંઇ ભણઇ ચરણિ નમૂં તેહનઇ,
એહની સંસારની ભ્રાંતિ ભાગિ." ૫

ઊપરના શિલાલેખાદિને જોતાં સમ્ભાવ્ય ઉચ્ચારણાનુસાર મને તેનો પાઠ સહક્રાન્તિકાળમાં જેવો હોય તેવો નીચે મુજબ લાગે છે:—

"નામ પામી, અલ્યા! રામ તેં નવિ લહ્યા;
વૈષ્ણવી પદ તણૂં બિરદ ઝાલે.
પુત્ર વિણુ જિમ રચે પારણૂં ઘર વિચે,
વર વિના જિમ વલી જાન મ્હાલે. ૧
ઇમ જિ જાણે, હુઈ, હૂં હરિનુ જન થયો.
વિષ્ણુ ગાઈ ભયો ભકત ભવમાં;
કરણી તો કાગની, હોડિ કરિ હંસની
હૂંશિ કાઢે હરી હંસ લવમાં ૨
પિણ્ડમાં પ્રભુ સહી પ્રગટ પેખે નહીં.
ફોક પરલોકમાં દૂર ભાલે;
કોટિ બ્રહ્માણ્ડનૂં ગણિતિ લેખૂં કરે,
દેહભાવે ઠરી માલ ઝાલે. ૩
નિદાઘની વેદના વિશ્વની ટલઇ ના
અનિ વૃથા ગગનમાં મેઘ ગાજે.
હરિનિ જાણ્યા વિના હરિ તણો જન થયો,
વાત પકવાન નવિ ભૂખ ભાજે. ૪
જે નિરાકારમાં એકરસ થે રમે,
હૈઇ વિજ્ઞાનની જ્યોત જાગે,
દાસ નરસૈં ભણેઃ ચરણિ નમૂઁ તેહને;
એની સંસારની ભ્રાન્તિ ભાગે." ૫

કાવ્યબન્ધે શકય ઉચ્ચારણની દૃષ્ટિયે જેવાં સ્વરૂપ માગે છે, તેવાં આ પાછલા ઊતારામાં આપ્યાં છે. **ટલઇ**, **કરિ** એ રૂપ સાથોસાથ ઝાલે, કરે, રમે વગેરે રૂપો આવે છે. સાતમી-ત્રીજીનો **ઇકાર** અહીં ઝાળવૂં છૂં, છતાં તેમાં લઘુપ્રયત્ન **યકાર**ની શકયતા છે.

સાં. ૧૫૦૦ આસપાસ ભાષા કેવી હોવી જોઈયે, તેનો આનાથી ખ્યાલ આવશે. સાં. ૧૬૦૦ આસપાસ ભાષા કેવી હતી તે શ્રી "ફાર્બસ-ત્રૈમાસિક"ના પ્રથમ અઙ્કમાં સાં. ૧૬૧૦ના ખતનો બ્લોક છાપ્યો છે, તેનાથી જણાશે.

જેઓ નરસિંહને સાં. ૧૫૭૨ લગભગ ખસેડે છે, તેને તો નરસિંહના પદની ભાષા સાં. ૧૬૧૦ના ખત જેવીજ કબૂલ કરવી પડશે. આ રીતે તે સમયના નરસિંહની ભાષામાં અને અત્યારે છપાયેલી તેના પદોની ભાષામાં નજીવો તફાવત લાગશે. સાં. ૧૫૦૦ આસપાસનો સમય સ્વીકારતાં ઊપર બીજા ઊતારામાં આપેલી ભાષા જેવી ભાષા જોઇશે, અને તેજ સઙ્ક્રાન્તિકાળની ભાષા નરસિંહની છે, તે સ્પષ્ટ છે.

અહીં પ્રસિદ્ધ થતી હારમાલાની ભાષા મધ્ય-ગૂજરાતીની સઙ્કીર્ણ ચોથી ભૂમિકાની ભાષા તત્રિ (સાં. ૧૭૩૩) ની પ્રતિ મુજબ રાખી છે. ભાષા કેવી હોવી જોઇયે તેનો ખ્યાલ ઊપર આપ્યો છે. બન્નેમાંથી એકેય મતનો સ્વીકાર તેને સાં. ૧૬૦૦ પછી તો નહીંજ મૂકે. તેના જન્મને સાં. ૧૫૩૦ આસપાસ મૂકવામાં તો વાંધો નવમતવાદીયોનેય નથી. હવે પ્રશ્ન માત્ર ૬૦ વર્ષનો રહે છે. હૂં જીવનકાળ સાં. ૧૫૩૬ સૂધી માનૂં છૂં. ભાષા કાંઇ પણ બાધકત્વ ઉત્પન્ન કરવા શકિતમાન નથી લાગતી. શામળદાસનો વિવાહ શાન્તિકાળમાં જૂનાગઢમાં થયો, તે તે કાવ્ય નરસિંનૂંજ સ્વીકારાયૂં છે, એટલે નવમતવાદીયોથી પણ અવિરુદ્ધ છે. આ જોતાં વૃદ્ધમાન્ય કાળની સમ્ભાવના અયુકત નથી લાગતી.

આ રીતે ૬૦ વર્ષનો ગાળો ગાળી કાઢવામાં આવે તો કોઇ પણ જાતનાં કૃત્રિમ અનુમાનો બાંધ્યા સિવાય તેના વૃદ્ધમાન્ય સમયને હાનિ પ્હોંચતી નથી.

નરસિંહની ભકિતજવાળા કયાંથી ફૂટી? આ વિષયમાં ખૂબ ચર્ચા થઈ ચૂકી છે. એટલું કહેવૂં પર્યાપ્ત છે કે તેના ઊપર ચૈતન્યની અસર હોવા કારણ નથી. ભાગવતમાં ફાલેલી ભકિતજવાળાઓનોજ તેણે અનુરોધ કર્યો છે. તેનાં કાવ્યોમાં આવતાં રાધા-ચન્દ્રાવલી વગેરે નામો એ જૂના સાહિત્યોમાંથી તેણે લીધેલાં છે. પ્રભાસખણ્ડમાં છે; અને તે ખણ્ડ સોરઠમાં પૂર્ણ વ્યાપક હતો, તેમાં કોઇથી શઙ્કા ઊઠાવી શકાય તેમ નથી.

નરસિંહના જીવનમાં બનેલા ચમત્કારો

પોતાનાં કાવ્યમાં એવા અનેક પ્રસઙ્ગો તે આપે છે કે જ્યારે તેને પ્રભુનો પ્રત્યક્ષ પરચો મળ્યો હોય. આનૂં સમાધાન કેમ કરવૂં? તેણે આ બધૂં એક કલ્પનાપ્રબલ કવિની પ્રતિભાયે કર્યૂં કે પ્રગટ અનુભવ્યૂં? રાસલીલાનાં પ્રત્યક્ષ દર્શન; તેમાં તેની હાજરી; બીજા અનેક કૃષ્ણલીલાના પ્રસઙ્ગમાં સહગામિત્વ, એ વગેરે બહુજ મૂંઝવણ ઉત્પન્ન કરાવે છે.[૧] રા. નરસિંહરાવ ભાઇ **દિવ્યચક્ષુ=કવિહૃદય=કવિપ્રતિભા-પ્રાબલ્ય** તેનૂં સમાધાન ઇચ્છે છે. **ચાતુરીષોડશી**માં (પદ ૧૯ મૂં) "દિવ્યચક્ષુ આપ્યાં મુજને," એ નરસિંહનૂં વાકય તેમને મદદગાર બને છે.

રા. મુનશી[૨] એમ માનતા લાગે છે કે-કોઇ જટાધારી સાધુ સાથે ભોળો નરસિંહ દ્વારકાં જાય છે, અને ત્યાં અતિપ્રેમને લીધે બધૂં કૃષ્ણનાજ પરિકરરૂપ નિરખે છે. ભલા! એ ભોળપણથી આ જુવે છે કે કવિની પ્રતિભાથી કે સાચા બનાવો? એમ સમાધાન આપવામાં આવે કે દ્વારિકામાં કોઇ રાસધારીની મણ્ડલી તેણે પ્રથમ જોઇ લીધી અને ભોળો

---

૧. Vide: Thakkar V. M. Lectures (1930 A. D.) પૃ. ૭૧-૭૨.

૨. નરસૈયો—ભક્ત હરિનો. પૃ. ૧૪-૧૮.

નરસિંહ તેને સાચી માની કાવ્ય કરવા મણ્ડી પડ્યો. આવો ભોળો નરસિંહ હોય, તેવું તેના અગાધ પાણ્ડિત્યપૂર્ણ ભક્તિ-વેદાન્ત વિષયનાં તેમજ સાહિત્ય વિષયનાં કાવ્યોથી જણાતું નથી. એ સામાન્ય રાસલીલા રાસધારીઓ કરે છે, તેને સાચાંજ પાત્રો માની કાવ્યો લખવા બેસી ન જાય. (અને રાસધારીયો રાસલીલા કરે છે, તેનો આરંભ તો **શ્રી**વલ્લભાચાર્યના પૌત્ર **શ્રી**ગોકુલનાથજીના સમયથી પ્રચલિત થયો છે. **શ્રી**વિઠ્ઠલનાથજીના સમયમાં **શ્રી**નાથજીનો વૈભવ વધ્યો અને ગોકુલાદિકમાં પ્રભુનાં પૂર્વ ચરિતો પુરાણોમાં વર્ણવાયાં છે, તેનો વ્રજચોરાશી કોશની પરિક્રમા વખતે ભક્તોને પ્રભુમાં નિરુદ્ધ રાખવા તેવી યોજના શરૂ થઈ; તેજ રાસધારીયો પાછળથી પરિક્રમા સિવાયના સમયમાં દેશના અન્ય ભાગોમાં રામલીલાવાળાઓની માફક રાસલીલાઓ ભજવતા નીકળવા લાગ્યા. આની સમ્ભાવના વલ્લભી વૈષ્ણવો **શ્રી**વિઠ્ઠલનાથજીના સમયથી ગૂજરાત કાઠિયાવાડમાં વ્હોળા પ્રમાણમાં થયા, ત્યાર પછીની છે; તે ભૂલાવું નજ જોઇયે.

યૌગિક શક્તિયોને બળે આવી શકયતા સદ્દગત હરગોવિન્દદાસ કાંટાવાળા સ્વીકારે છે. આ ત્રણે પક્ષોમાં શું સાચું, એ નકકી કરવું હું તો મુશ્કેલી ભરેલુંજ માનું છું. ત્રણેય પક્ષોને સ્વીકારતાંયે **નરસિંહ**નું વ્યકિતત્વ શ્રેષ્ઠજ ઠરે છે. તેને અનેક પ્રસઙ્ગમાં પ્રભુયે હાજર થઈ મદદ કરી છે, તે તેનાંજ કાવ્યોમાં છે, તેનું સમાધાન કેમ કરવું ? આ વિષયજ આખો ભાવનાનો છે. તેનો નિર્ણય કેમ કરવો, તેજ મુશ્કેલ છે.

ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम् ॥

આ સિવાય અન્ય સમાધાન દુઃશકય છે.

ઉપસંહાર

યથાબુદ્ધિ પ્રચલિત માન્યતા ઊપર પ્રકાશ નાખવા પ્રયત્ન સેવ્યો છે. સાં. ૧૬૫૦ પૂર્વેની **નરસિંહ**નાં કાવ્યોની કોઇ પ્રતિ હાથ લાગતી ન હોવાથી તેના વિષયમાં સાચા સ્વરૂપે કહેવું મુશ્કેલી ભરેલૂં થઈ પડે છે. તેનો વૃદ્ધમાન્ય સમય સ્વીકારિયે કે નવીમાન્યતાનો સમય સ્વીકારિયે છતાં તેની પ્રતિભા તેને સ્વતન્ત્રજ ચીતરે છે; એ પરાવલમ્બી નથી ઠરતો. તેણે **ભાગવત-ગીત**ગોવિન્દ વગેરેનું અનેકત્ર અનુસરણ કર્યું છે, છતાં કાવ્યસંવિધાનમાં તે પરોપજીવી નથી રહ્યો.

વૃદ્ધમાન્ય કાળથી તે આદિકવિ-અર્વાચીન ગૂજરાતીનો આદિકવિ ઠરે તો તેમાં કાંઇજ આશ્ચર્ય નથી. તેણે સ્વીકારેલી ભાષાપદ્ધતિ જૈનેતર કવિયોમાં તો તેનુંજ આરમ્ભકત્વ અર્પે છે. **ભાલણાદિ** તેના પુરોગામી હોવાનો ઘણોજ ઓછો સમ્ભવ છે. ગૂજરાતી કવિયોમાં તો તેણે સ્વીકારેલી કાવ્યપદ્ધતિ અપૂર્વજ છે.

તેનાં ઘણાં કાવ્યો માંહેનૂં **હાર**માલા એ એક કાવ્ય, ભલે તે અત્રે સઙ્કીર્ણ સ્વરૂપમાં-બીજાં પાછળનાં ઊમેરાવાળીજ-પણ સાં. ૧૭૩૩ જેટલી જૂની પ્રતિથી અને તેમાંનાં ૭ સાત પદો તો સાં. ૧૬૭૫ જેટલી જૂની પ્રતિથી આપવા ભાગ્ય મળ્યૂં છે. **હાર**માલાના અસલ સ્વરૂપને શોધવા તેથીજ પ્રસઙ્ગ સાંપડ્યો છે અને તે પ્રસઙ્ગને આ ઉપોદ્ઘાતમાં વધાવી લઈ વિદ્વાનો સમક્ષ મૂકવા ભાગ્યશાળી થયો છૂં. સહૃદય વિદ્વાનો તેને નીરક્ષીરવિવેકે બરોબર તપાસે, એટલેજ મારા યત્નનૂં સાફલ્ય. **इति शम् ॥**

મીઠાખળી-અમદાવાદ }
તા : ૧૦ : ૪ : ૩૬ } **કેશવરામ કાશીરામ શાસ્ત્રી**

श्री

અણહિલવાડના પ્હેલાંના ગુજરાતના સોલંકી શાસકો*

મૂળ લેખક : રા. બ. ગૌરીશંકર હીરાચંદજી ઓઝા

અનુવાદક : રા. રા. રતિકાન્ત કલાધર ભટ્ટ.

ગુજરાતમાં સોલંકીઓનું સ્વતંત્ર અને પ્રતાપી રાજ્ય મૂળરાજે અણહિલવાડમાં સ્થાપિત કર્યું હતું; જો કે ત્હેના પ્હેલાં પણ ઉક્ત પ્રાન્તના લાટ આદિ પ્રદેશો ઉપર સોલંકીઓની ન્હાની ન્હાની શાખાઓનો અધિકાર હોવાનું જણાય છે. પ્રસ્તુત લેખમાં એ જ શાખાઓનું વૃત્તાન્ત લખીશું.

સોલંકી રાજા વિજયરાજનું એક દાનપત્ર[1] ખેડા જીલ્લામાંથી મળ્યું હતું. દાનપત્રના આશય અનુસાર—

"સોલંકી વંશી જયસિંહરાજના પુત્ર બુદ્ધવર્માનાં બિરૂદ "વલ્લભ" અને "રણવિક્રાન્ત"[2] છે. એના પુત્ર વિજયરાજે (એનું બીજું નામ વિજયવર્મરાજ પણ હતું) કલચુરી[3] સંવત્ ૩૯૪ (વિ. સં. ૭૦૦=ઇસ્વી-સન્ ૬૪૩) વૈશાખ સુદ ૧૫ને દિવસે જંબુસરના[4] બ્રાહ્મણોને કાશાકૂલ[5] વિષય(જીલ્લા)ના અન્તર્ગત સંધીયર[6] ગામના પૂર્વમાંનું પરિયર[7] ગામ આપ્યું, જ્યારે તેનું નિવાસસ્થાન વિજયપુરમાં[8] હતું."

એ રાજાઓનાં નામ તથા બિરૂદ જોતાં એઓ કદાચ બાદામીના સોલંકીઓમાંના હોવા જોઈએ; પરન્તુ ઉક્ત દાનપત્રમાંનો જયસિંહ બાદામીના કયા રાજા સાથે સંબન્ધ ધરાવતો હતો, એ સંબન્ધી સ્પષ્ટ ઉલ્લેખ ક્યાંયે ન હોવાને લીધે એને બાદામીના સોલંકી-વંશ-વૃક્ષમાં નિશ્ચયપૂર્વક સ્થાન મળી શકે નહીં. હા, આટલું થઇ શકે છે કે દક્ષિણમાં સોલંકીઓનું રાજ્ય સ્થાપન કરનાર એ ન હોઇ, કોઈ અન્ય જ વ્યક્તિ હોય. બાદામીના સોલંકીઓ પોતાના પુત્રાદિકોને સમયસમય પર જાગીર આદિ આપતા રહેવાનું સિદ્ધ થાય છે અને ઉપર્યુક્ત દાનપત્ર બાદામીના સુપ્રસિદ્ધ રાજા પુલકેશી દ્વિતીયના સમયનું છે; જેણે લાટાદિ દેશો ઉપર પોતાનો અધિકાર સ્થાપિત કર્યો હતો, અને જેની પૂર્વે મંગલીશે લાટ ઉપર આક્રમણ કરી,

---

* નાગરી પ્રચારિણી પત્રિકા ભાગ ૧ અંક ૨

૧ ઇંડિ૦ એંટિ૦ જીલ્દ ૭, પૃષ્ઠ ૨૪૮-૪૯.

૨ યુદ્ધમાં પરાક્રમ પ્રદર્શિત કરનાર.

૩ ગુજરાતના લાટ પ્રદેશ ઉપર પ્હેલાં કલચુરિઓ(હૈહયવંશીઓ)નું શાસન હોવાને લીધે ત્યાં કલચુરી સંવત્ પ્રચલિત હતો. એથી કરીને એમના પછીના શાસન કરનાર સોલંકી તથા ગુર્જરવંશી રાજાઓનાં કેટલાંક દાનપત્રોમાં પણ એ સંવત્ ઉલ્લેખાયેલો મળી આવે છે.

૪ ભરૂચ જીલ્લામાં.

૫ કદાચ એ તાપી નદીના ઉત્તર તટની પાસેનો પ્રદેશ હોય.

૬ સુરત જીલ્લાના ઓલપાડ તાલુકામાં, જે અત્યારે સંધીએરના નામથી ઓળખાય છે.

૭ સંધીએરથી થોડાક મૈલ પૂર્વમાં, જે અત્યારે પરિયા નામથી પ્રસિદ્ધ છે.

૮ એ નામનાં ગુજરાતમાં અનેક સ્થાનો છે. એટલે નિશ્ચયપૂર્વક એના સંબંધમાં કાંઈ પણ કહી શકાય નહીં.

કલચુરિઓની રાજ્યલક્ષ્મી ઝૂંટવી લીધી હતી. એથી કરીને સંભવિત છે કે મંગલીશ અથવા પુલકેશી દ્વિતીયે કલચુરી, નરેશો કનેથી લાટ દેશ ઝૂંટવી[1] લઇ, પોતાના કોઈ વંશધરને લાટ જાગીરમાં આપી દીધું હોય. વિજયરાજના પછી એ શાખાનો કાંઇયે ઉલ્લેખ જણાતો નથી.

જયસિંહરાજ
|
બુદ્ધવર્મા
|
વિજયરાજ (વિ. સં. ૭૦૦)

(૨)

બાદામીના સુપ્રસિદ્ધ સોલંકી રાજા પુલકેશી દ્વિતીયના ચતુર્થ પુત્ર જયસિંહ વર્મ્મનને (એ ધરાશ્રય[2] પણ કહેવાતો હતો) લાટ દેશ જાગીરમાં મળ્યો હતો.[3] એને ત્રણ પુત્રો શીલાદિત્ય, મંગળરાજ અને પુલીકેશી હતા. શીલાદિત્યે શ્ર્યાશ્રયનું[4] બિરૂદ ધારણ કર્યું હતું. એનાં બે દાનપત્રો મળ્યાં છે; જેમાંનું એક[5] કલીચુરી સંવત્ ૪૨૧ (વિ સં. ૭૨૭=ઇસ્વી–સન્ ૬૭૦) માઘ સુદ ૧૩ નું નવસારીમાંથી અને બીજું[6] કલચુરી–સંવત્ ૪૪૩ (વિ. સં. ૭૪૯=ઇસ્વી–સન ૬૯૨) શ્રાવણ સુદ ૧૫ નું કાર્મણેયની[7] પાસે કુસુમેશ્વરના સ્કંધાવાર-માંથી.[8] એ બે દાનપત્રોમાં એનો યુવરાજ તરીકે ઉલ્લેખ કરાયેલો છે. એથી તે સમય સુધી જયસિંહ વર્મ્મન્ વિદ્યમાન તો હોવો જોઇએ.

શીલાદિત્ય પોતાના પિતાની ઉપસ્થિતિમાં એ પ્રાન્તોનો શાસક પણ રહ્યો હતો. મંગળરાજના શાસનસમયનું એક દાનપત્ર[9] શકસંવત્ ૬૫૩(વિ. સં. ૭૮૮=ઇસ્વી–સન ૭૩૧)નું મળ્યું છે, જેમાં એનાં બિરૂદ "વિનયાદિત્ય", "યુદ્ધમલ્લ" અને "જયાશ્રય" લખાયેલાં છે. દાનપત્રમાં શીલાદિત્યનું નામ ન હોવાને લીધે, એ સંભવિત છે કે કદાચ તે યુવરાજ અવસ્થામાં જ મરણ પામ્યો હોય અને જયસિંહના પછી મંગળરાજ લાટ દેશનો ઉત્તરાધિકારી થયો હોય. મંગળરાજનો ઉત્તરાધિકારી એનો ન્હાનો ભાઇ પુલકેશી થયો હતો. એણે "અવનિજનાશ્રય"[10] બિરૂદ ધારણ કર્યું હતું. એના રાજત્વકાલનું એક તામ્રપત્ર[11] કલચુરી સંવત્ ૪૯૦(વિ. સં. ૭૯૦=ઇસ્વી–સન્ ૭૩૯)નું મળ્યું છે. એમાં લખાયેલું છે કે—

---

૧ જુઓ સોલંકીઓનો ઇતિહાસ પ્રથમ ભાગ પૃ૦ ૩૦–૩૧–૩૭–૩૮

૨ ધરાશ્રય=પૃથ્વીનો આશ્રય.

૩ જુઓ સોલંકીઓનો ઇતિહાસ પ્રથમ–ભાગ પૃષ્ઠ ૫૧.

૪ શ્ર્યાશ્રય=લક્ષ્મીનો આશ્રય.

૫ મુંબઇ એ૦ સો૦ જ૦ જીલ્દ ૧૬, પૃષ્ઠ ૨–૩.

૬ વિએના ઓરિએંટલ કોંગ્રેસનું કાર્યવિવરણ, આયર્ન સેક્શન: પૃષ્ઠ ૨૨૫–૨૬૦.

૭ કાર્મણેય=કામલેજ; સુરત જીલ્લામાં.

૮ સ્કંધાવાર=સૈન્યનું રહેઠાણ, કેંપ (Camp)

૯ ઇ૦ એં૦, જીલ્દ ૧૩ પૃષ્ઠ ૭૫.

૧૦ અવનિજનાશ્રય=પૃથ્વી પરની પ્રજાનો આશ્રય (આશ્રયસ્થાન)

૧૧ વિએના ઓરિએંટલ કોંગ્રેસનું કાર્યવિવરણ—આર્યન સેક્શન, પૃષ્ઠ ૨૩૦.

"તાજીકાએ[1] (અરબોએ) તલવારના આધારે સૈંધવ,[2] કચ્છેલ્લ,[3] સૌરાષ્ટ્ર,[4] ચાવોટક,[5] મૌર્ય,[6] ગુર્જર,[7] આદિ રાજ્યોને નષ્ટ કરી, દક્ષિણના સમસ્ત નરેન્દ્રમંડળને પોતાને આધીન કરી લેવાની ઇચ્છા સાથે દક્ષિણમાં પ્રવેશ કરતાં તેમનું પ્રથમ આક્રમણ નવસારિકા[8] પર થયું હતું. એમની સાથે ભયંકર સંગ્રામ કરતાં તાજીકો પર એણે વિજય મેળવ્યો હતો. એથી શૌર્યના પ્રસંશક અને અનુરાગી રાજા વલ્લભે[9] એને "દક્ષિણાપથસાધાર",[10] "ચલુક્કિકુલાલંકાર",[11] "પૃથ્વીવલ્લભ" અને "અવનિવર્ત્તક નિવર્ત્તયિતૃ"[12] આદિ ચાર બિરૂદ સન્માનાર્થે આપ્યાં હતાં."[13]

આરબોની ઉક્ત ચઢાઈ ખલીફા હેશામના સમયમાં સિંધના હાકેમ જુનૈદના સૈન્યે કરી હોવી જોઈએ; કારણ કે ખલીફા હેશામનો સમય હિજરી સન ૧૦૫ થી ૧૨૫ (વિ. સં. ૭૮૦ થી ૭૯૯=ઈસ્વી-સન ૭૨૪ થી ૭૪૩) પર્યન્ત હતો અને પુલકેશીને વિ. સં. ૭૮૮ અને ૭૯૬(ઈસ્વી-સન ૭૩૧ અને ૭૩૯)ની લગભગ મધ્યમાં રાજ્ય મળ્યું હતું. "ફુતૂહુલ્બુલ્દાન"[14] નામની એક અરબી તવારીખમાં લખાયેલું છે કે—

---

૧ એ શબ્દ અરબો માટે વપરાયેલો છે. ફલિત જ્યોતિષનું એક અંગ તાજીક વા તાજીક શાસ્ત્રના નામથી પ્રસિદ્ધ છે. એમા પણ તાજીક શબ્દ અરબોનો જ સૂચક છે; કારણ કે એ અંગ તેમના જ (અરબોના) જ્યોતિષશાસ્ત્રમાંથી લેવાયાનું મનાય છે.

૨ સૈંધવ = સિંધ.

૩ કચ્છેલ્લ = કચ્છ.

૪ સૌરાષ્ટ્ર = સોરઠ, દક્ષિણી કાઠિયાવાડ.

૫ ચાવોટક = ચાપોત્કટ, ચાવડા.

૬ મૌર્ય = મોરી. કદાચ એઓ રાજપૂતાનાના મોરી હોય. કોટાની પાસે કણસવાના શિવમંદિરમાં વિ૦ સં૦ ૭૯૫(ઇસ્વી-સન્ ૭૩૮)ના એક લેખમાં મૌર્યવંશી રાજા ધવલના નામનો ઉલ્લેખ છે. એથી ઉક્ત સંવત્ના પછી પણ રાજપૂતાનામાં મૌર્યોનો અધિકાર હોવાની સંભાવના છે.

૭ ગુર્જર=ગુજરાત (ભિન્નમાલનું રાજ્ય) ચીની યાત્રી હુએન્સાંગે ગુર્જર રાજની રાજધાની ભિન્નમાલ લખી છે, જે અત્યારે જોધપુર રાજ્યની અન્તર્ગત છે.

૮ નવસારિકા=નવસારી, ગુજરાતમાં.

૯ બાદામીનો સોલંકી રાજા વિજયાદિત્ય વા વિક્રમાદિત્ય દ્વિતીય.

૧૦ દક્ષિણાપથસાધાર=દક્ષિણનો સ્તંભ.

૧૧ ચલુક્કિકુલાલંકાર=સોલંકીવંશનું ભૂષણ.

૧૨ અવનિવર્ત્તક નિવર્ત્તયિતૃ=અજેય પર વિજય મેળવનાર.

૧૩ तरलतरतारतरवारिदारितोदितसैन्धवकच्छेल्लसौराष्ट्रचावोटकमौर्यगुर्जरादिराज्ये निःशेषदाक्षिणात्य पतिजिगीषया दक्षिणापथप्रवेश......प्रथममेव नवसारिकाविषयप्रसाधनायागते त्वरिततुरंगखरमुखर-खुरोत्खातधरणिधूलिधूसरितदिगन्तरे......................प्रहतपटुपटहरवप्रवृत्तकबंधबद्धरासमंडलीके समरशिरसि विजिते ताजिकानीके शौर्यानुरागिणा श्रीवल्लभनरेंद्रेण प्रसारीकृतापरनाम चतुष्टयस्तद्यथा दक्षिणापथसाधारचलुक्किकुलालंकारपृथ्वीवल्लभानिवर्त्तक निवर्त्तयित्रवनिजानाश्रयश्रीपुलकेश्रिराजस्सवनि-वात्मीयान्...(મુંબઈ ગેઝે૦ ૧-૧-૧૦૯).

૧૪ ફુતૂહુલ્ બુલ્દાન=અહમદ ઈબ્ન યાહિયાએ ખલીફા અલ્મુતવક્કિલના સમયમાં, ઇસ્વી સન ૮૫૦ ની આસપાસમાં, એ તવારીખ લખી હતી.

"જુનૈદે પોતાના સૈન્યને મરમાડ,[1] મંડલ,[2] દામલજ,[3] બરૂસ,[4] ઉજ્જૈન,[5] માલિબા,[6] બહરિમદ (?), અલબેલીમાન[7] અને જજી[8] આદિ પર આક્રમણ કરવા સારૂં મોકલ્યું હતું."[9]

પુલકેશીના અંતિમ સમયમાં અથવા દેહાન્ત થયા પછી, રાઠોડોએ લાટ દેશને સોલંકીઓની પાસેથી ઝુંટવી લીધો હતો. તત્પશ્ચાત્ એ શાખાની સમાધિ થઈ. એ રાજાઓની રાજધાની નવસારી હતું.

(૧) — જયસિંહ વર્મ્મા

- શીલાદિત્ય
- (૨) મંગળરાજ — વિ. સં. ૭૮૮
- (૩) પુલકેશી — વિ. સં. ૭૯૬

(૩)

જૂનાગઢ (કાઠિયાવાડ) રાજ્યના ઉના નામના એક ગામમાંથી સોલંકીઓનાં બે તામ્રપત્રો મળ્યાં છે. એ દાનપત્રોમાં સોરઠ પર રાજ્ય કરનાર સોલંકીઓની એક શાખાનો નિમ્ન લિખિત રૂપમાં વૃત્તાન્ત ઉલ્લિખિત કરાયેલો છે—

"સોલંકી વંશમાં કલ્લ અને મહલ્લ નામના બે સુપ્રસિદ્ધ રાજાઓ થયા, જેઓ પરસ્પરમાં ભાઇઓ હતા. એમનું સૌભાગ્ય રામલક્ષ્મણ જેવું હતું. કલ્લનો પુત્ર રાજેન્દ્ર[10] બુદ્ધિમાન અને પરાક્રમી હતો. રાજેન્દ્રના પુત્ર બાહુક ધવલે પોતાના બાહુબલથી ધર્મ નામક[11] રાજાને પરાજિત કર્યો હતો. રાજાધિરાજ અને પરમેશ્વર, એ પદધારી રાજાઓ ઉપર વિજય મેળવી, કર્ણાટકના સૈન્યને[12] રણક્ષેત્રમાંથી નસાડી મૂક્યું હતું. એનો પુત્ર અવનિવર્મ્મા હતો. અવનિવર્મ્માના પુત્ર બલવર્મ્માએ વિષઢ પર વિજય મેળવી જજ્જય આદિ રાજાઓને

૧ મરમાડ=મારવાડ.

૨ મંડલ=કાઠિઆવાડમાં (ઓખામંડળ)

૩ દામલજ=કદાચ કામરેજ હોય. (સુરત જીલ્લામાં)

૪ બરૂસ=ભરૂચ.

૫ ઉજ્જૈન=ઉજ્જૈન

૬ માલિબા=માલવા

૭ અલબેલમાન=ભિન્નમાલ.

૮ જજી=ગુર્જર દેશ.

૯ ઇલિયટ, હિસ્ટ્રી ઓફ ઇંડિઆ, જી૦ ૧ પૃ૦ ૪૪૧-૪૨

૧૦ એ નામની શુદ્ધતામાં થોડીક શંકા રહેલી છે. મૂળમાં તામ્રપત્ર બહુ જ અશુદ્ધ લખાયેલું છે.

૧૧ ધર્મ=એ કદાચ પાલ વંશનો ધર્મપાલ હોવો જોઇએ, જે કન્નૌજના પડિહારો સાથે યુદ્ધ કર્યાં કરતો હતો. એથી પરિહારોના સામંત બાહુક ધવલની સાથે એણે યુદ્ધ કર્યું હોવું સંભવે છે.

૧૨ કર્ણાટકનું સૈન્ય=દક્ષિણના રાઠોડોનું સૈન્ય. તે વખતે કર્ણાટક દેશ પર રાઠોડોનું રાજ્ય હતું, જેઓ કન્નૌજના પડિહારો સાથે પ્રાયઃ યુદ્ધઘોષણાઓ કર્યાં કરતા. સોલંકીઓ તે વખતે પડિહારોના સામંત હતા. એથી સોલંકીઓનું પડિહારોના પક્ષમાં રાઠોડોની વિરુદ્ધ લડતા રહેવાનું સંભવી શકે છે.

મારી, પૃથ્વી ઉપર હૂણ-વંશની સમાપ્તિ કરી હતી. એણે વલભી[1] સંવત્ ૫૭૪ (વિ. સં. ૯૫૦=ઇસ્વી-સન્ ૮૯૪) માઘ સુદ ૬ ને દિવસે પોતાના બાહુબલથી પ્રાપ્ત કરેલાં ૮૪ ગામવાળા નક્ષિસપુર[2] પ્રદેશમાંનું જયપુર ગામ તરૂણાદિત્ય નામના સૂર્યમંદિરને અર્પિત કર્યું હતું. એ કનૌજના પડિહાર રાજા ભોજદેવના[3] પુત્ર મહેન્દ્રાયુધ (મહેન્દ્રપાલ) દેવનો સામંત[4] અને સૌરાષ્ટ્ર દેશના હિસ્સાનો સ્વામી હતો. એના પુત્ર અવનિવર્મા[5] દ્વિતીય, જેનું બીજું નામ યોગ[6] હતું તેણે યક્ષદાસ આદિ રાજાઓના દેશો પર આક્રમણ કરી, રાજા ધરણીવરાહને[7] રણક્ષેત્રમાંથી નસાડી મૂકયો હતો. આ પણ કનૌજના રાજા મહેન્દ્રપાલનો સામંત હતો. એણે વિ. સં. ૯૫૬ (ઇસ્વી-સન્ ૯૦૦) માઘ સુદ ૬ ને દિવસે અંબુલક[8] ગામ ઉક્ત સૂર્યમંદિરને ભેટ આપ્યું હતું.

---

૧ કાઠિયાવાડમાં ગુહોનો અધિકાર નષ્ટ થયા પછી વલભી રાજ્યનો ઉદય થયો. તે સમયમાં પ્રચલિત ગુહ સંવત્ જ વલભી સંવત્‌ના નામથી પ્રસિદ્ધ થયો હતો. ઇસ્વી સનની આઠમી શતાબ્દીના ઉત્તરાર્દ્ધમાં મુસલમાનોએ વલભી રાજ્યનો વિનાશ કર્યો. વલભીના વિનાશ પછી પણ અલ્પ સમય પર્યન્ત વલભી સંવત્ પ્રચલિત રહ્યો હતો. એથી પાછલા તામ્રપત્રાદિમાં પણ કોઇક કોઇક સ્થાને તેનો ઉલ્લેખ કરાયેલો મળી આવે છે.

(વલભી સંવત્ માટે જુઓ "ભારતીય-પ્રાચીન-લિપિમાળા" દ્વિતીય-સંસ્કરણ પૃષ્ઠ ૧૭૫).

૨ નક્ષિસપુર=સોરઠ (દક્ષિણ કાઠિયાવાડમાં)

૩ ભોજદેવ મિહિર તરીકે પણ ઓળખાતો હતો. એ મહારાજા રામભદ્રનો પુત્ર, નાગભટનો પૌત્ર અને વત્સરાજનો પ્રપૌત્ર હતો.

૪ परमभट्टारकमहाराजाधिराजपरमेश्वर श्री भोजदेवपादानुध्यात परमभट्टारकमहाराजाधिराजपरमेश्वर श्री महेन्द्रायुधदेवपादप्रसादाक्षतसमधिगतपञ्चमहाशब्दमहा सामंत श्री चालुक्यान्वयप्रसूत श्रीमन्नवनिवर्मसुत श्री बलवर्मा...

(બલવર્માનું દાનપત્ર, એપિ૦ ઇં૦, જી૦ ૯, પૃ૦ ૧—૧૦).

૫ બિલ્હારીના શિલાલેખોમાં (જુઓ સોલંકીઓનો ઇતિહાસ પ્રથમ-ભાગ પૃષ્ઠ ૧૫-૧૬) કલચુરી-નરેશ યૂરવર્ષ (યુવરાજ દેવ)ની રાણી નોહલાને સોલંકી અવનિવર્માની પુત્રી બતાવાઇ છે; પરન્તુ આ અવનિવર્મા ઉક્ત અવનિવર્મા (દ્વિતીય)થી જૂદો જ હતો, કારણ કે ઉક્ત લેખમાં તેના પિતાનું નામ સધન્વ અને દાદાનું નામ સિંહવર્મા લખાયેલું છે.

૬ એનું પૂરૂં નામ યોગવર્મા હોવું જોઈએ.

૭ ધરણીવરાહ કાઠિયાવાડનો ચાપ (ચાપોત્કટ=ચાવડા) વંશી માંડલિક અને કનૌજના પ્રતિહાર રાજા મહિપાલદેવનો સામંત હતો. એના સમયનું એક દાનપત્ર હડ્ડાલા ગામ (કાઠિયાવાડ)માંથી મળ્યું છે, જે શક સંવત્ ૮૩૬ (વિ. સં. ૯૭૧=ઇસ્વી-સન્ ૯૧૪)નું છે. (ઇંડિયન એન્ટિકવેરી જીલ્દ ૧૨ પૃષ્ઠ ૧૯૦-૯૫ માં) ડોકટર બૂલરે એનો સમય શક સંવત્ ૮૩૯ (વિ. સં. ૯૭૪=ઇસ્વી-સન્ ૯૧૭-૧૮) માન્યો છે, અને મહિપાલદેવને કોઈ પણ પ્રકારના પ્રમાણ વિના ગિરનાર-જૂનાગઢના ચૂડાસમા વા આભીર રાણકોમાંનો માન્યો છે.

૮ અંબુલક=ઉક્ત જયપુર ગામની ઉત્તરમાં.

૦
- કલ્લ
  - રાજેન્દ્ર
    - બાહુક–ધવલ
      - અવનિવર્મા
        - બલવર્મા વિ. સં. ૯૫૦
          - અવનિવર્મા (દ્વિતીય) વિ. સં. ૯૫૬
- મલ્લ

અણહિલવાડમાં ચાવડાઓની પછી સોલંકીઓનું વિશાલ અને સ્વતંત્ર રાજ્ય સ્થાપિત કરનાર મૂળરાજના પૂર્વજોનો ઇતિહાસ મળતો નથી. મૂળરાજે વિ. સં. ૧૦૪૩ (ઇસ્વીસન ૯૮૭) માઘ વદ અમાવસ્યાના એક દાનપત્રમાં પોતાને મહારાજાધિરાજ શ્રીરાજનો પુત્ર લખેલ છે. પ્રબન્ધચિંતામણિ અને કુમારપાળપ્રબન્ધ આદિના કહેવા અનુસાર–" છત્રીસ લાખ ગામવાળા કાન્યકુબ્જ દેશના કલ્યાણકટક નગરના રાજા ભૂદેવ(ભૂયડદેવ)ના વંશજ મુંજાલદેવના ત્રણ પુત્ર—રાજ, બીજ અને દંડક સોમનાથની યાત્રાથી પાછા ફરતી વેળાએ ચાવડા વંશના અંતિમ રાજા ભૂયડદેવે (સામંતસિંહ) રાજની અશ્વવિદ્યા સંબન્ધી પ્રવીણતા જોઈ, ઉચ્ચકુલસંભૂત હોવાનું અનુમાન કરી, પોતાની બ્હેન લીલાદેવીનો વિવાહ રાજની સાથે કરી આપ્યો હતો. લીલાનું અકાળ મૃત્યું થવાને લીધે ઉદર ચીરી, શિશુની રક્ષા કરવામાં આવી હતી. શિશુનો જન્મ મૂળ નક્ષત્રમાં અને અપ્રાકૃત રીતિએ હોવાને લીધે શિશુનું નામ મૂળરાજ રાખવામાં આવ્યું. મૂળરાજ પોતાના મામાને મારી રાજ્યનો સ્વામી બન્યો હતો." કનૌજમાં સોલંકીઓનું રાજ્ય હોવાનું કાંઈયે પ્રમાણ મળતું નથી. દક્ષિણના કલ્યાણનગર પર બહુ વર્ષો પ્હેલાંથી જ સોલંકીઓનું રાજ્ય હતું, જેની શાખાઓનું રાજ્ય લાટ, સોરઠ આદિ પર રહ્યું હતું. આ સોલંકીઓ કનૌજના પડિહારોના સામંત હતા. એથી સંભવિત છે કે મૂળરાજનો પિતા રાજ (રાજિ) અને એના પૂર્વજ ભૂયડદેવ સોલંકીઓની એ જ સોરઠવાળી શાખાના વંશધર હોય; જેનું વર્ણન આગળ કરવામાં આવ્યું છે. એથી તે કાન્યકુબ્જ દેશના અન્તર્ગત હોવાનું તથા કોઈક સમયમાં કલ્યાણકટકના રાજવંશમાંથી ઉદ્‌ભૂત હોવાનું પણ સંભવે છે. ભૂદેવ અવનિવર્માનો પણ પર્યાય હોઈ શકે છે.

(૪)

કલ્યાણના સોલંકી રાજા તૈલપના વૃત્તાન્તમાં સોલંકી બારપ(બારપ્પ)નો પણ થોડોક વૃત્તાન્ત ઉપલબ્ધ[૧] થાય છે. એના વંશનો જે કંઈક થોડો ઇતિહાસ પ્રાપ્ત થાય છે, તે આ પ્રમાણે છે—

૧ જુઓ સોલંકીઓનો ઇતિહાસ પ્રથમ-ભાગ, પૃષ્ઠ ૧૦૫.

સોલંકી વંશમાં નિંબાર્કના[1] પુત્ર બારપે લાટ દેશ પ્રાપ્ત કર્યો હતો. પ્રબન્ધચિંતામણિના[2] કથન અનુસાર, સોલંકી રાજા મૂળરાજ પર સપાદલક્ષીય (સાંભરના ચૌહાનો) રાજા વિગ્રહરાજ દ્વિતીયે ચઢાઇ કરી, ત્યારે તે જ વખતે તૈલંગણ દેશના રાજા તૈલપના સેનાધિપતિ બારપે પણ મૂળરાજ પર ચઢાઇ કરી હતી. બારપ યુદ્ધમાં માર્યો ગયો અને તેના ૧૦,૦૦૦ અશ્વ[3] તથા ૧૮ હાથીઓ મૂળરાજને હસ્તગત થયા હતા.[4] દ્વયાશ્રય કાવ્યમાં લાટેશ્વર દ્વારપ (બારપ) મૂળરાજના પુત્ર ચામુંડરાજના હાથે માર્યા જવાનું લખાયેલું[5] છે. કીર્ત્તિકૌમુદીના[6] કથન અનુસાર, "મૂળરાજે લાટેશ્વરના સેનાપતિ બારપને મારી, તેના હાથી ઝૂંટવી લીધા હતા."[7] સોલંકી તૈલપે જ્યારે રાઠોડોને યુદ્ધમાં પરાજિત્ કરી તેમનું રાજ્ય પોતાને અધીન કરી લીધું ત્યારે તે વખતે તેમને—રાઠોડોને અધીન થયેલા લાટ દેશને પણ પોતાને તાબે કરી લીધો હતો, અને પાછળથી પોતાના સેનાપતિ બારપને લાટ દેશ પુરસ્કાર સ્વરૂપ આપી દીધો હોય, એ સંભવિત છે. એથી બારપને તૈલપનો સેનાપતિ વા લાટનો રાજા અથવા લાટના રાજાનો સેનાપતિ લખવામાં વિશેષ વિરોધ નથી; પરન્તુ સુકૃતસંકીર્ત્તનકાર[8] બારપના સંબન્ધમાં બીજું જ કાંઈ લખે છે—"મૂળરાજે કાન્યકુબ્જ(કન્નોજ)ના રાજાના સેનાપતિ બારપ પર વિજય મેળવી, તેના હાથી લઈ લીધા હતા."[9] એટલે અહિંયાં સંશય ઉત્પન્ન થાય છે કે બારપ તૈલપનો સેનાપતિ હતો, વા કન્નૌજના રાજાનો ?. મ્હારા ધારવા પ્રમાણે

---

૧ બારપના પૌત્ર કીર્ત્તિરાજના તામ્રપત્રમાં નિંબાર્કથી વંશાવલી અપાયેલી છે.

૨ પ્રબન્ધચિન્તામણિની સમાપ્તિ વિ૰ સં૰ ૧૩૬૧=ઇસ્વી સન ૧૩૦૫ ફાગણ સુદિ ૧૫ ને દિવસે થઈ હતી.

૩ આ સંખ્યા અતિશયોક્તિભરી હોવી જોઇએ.

૪ મુંબઇમાં પ્રકાશિત પ્રબન્ધચિન્તામણિ પૃષ્ઠ ૪૦-૪૩

૫ દ્વયાશ્રયકાવ્યમાં બારપ પર મૂળરાજની ચઢાઇનો વૃત્તાન્ત અત્યન્ત વિસ્તારપૂર્વક લેખાયેલો છે; (સર્ગ ૬ શ્લોક ૩૮ થી ૯૫ સુધી) પરન્તુ અધિકાંશમાં તે કવિકલ્પના માત્ર જ છે.

૬ ગુજરાતના સોલંકીઓના પુરોહિત સોમેશ્વરે વિ૰ સં૰ ૧૨૮૭=ઈસ્વી સન ૧૨૩૦ ની આસપાસ કીર્ત્તિકૌમુદીની રચના કરી હતી.

૭ लाटेश्वरस्य सेनान्यमसामान्यपराक्रमः । दुर्वारं बारपं हत्वा हस्तिकं यः समाग्रहीत ।
(कीर्त्तिकौमुदी, सर्ग २, श्लोक ३)

૮ અરિસિંહે ઇસ્વી-સન્ ૧૩૦૭(વિ૰ સં૰ ૧૨૪૩)ની થોડાક વર્ષો પૂર્વે સુકૃતસંકીર્ત્તનની રચના કરી હતી.

૯ विजित्य यः संयति कान्यकुब्जमहीभुजो बारसदंडनाथम् । जहार हस्तिप्रकरं कराग्रसूत्कारसंदीपितपौरुषाग्निम् ॥ (સુકૃતસંકીર્ત્તન, સર્ગ ૨ શ્લોક ૫).

બારપ તૈલપનો સેનાપતિ હોવો જોઈએ.[1] બારપના પુત્ર ગોગ્ગિરાજની પુત્રી નાયલદેવીનો વિવાહ દેવગિરિ(દૌલતાબાદ)ના યાદવ રાજા વેસુક(વેસુગી)ની સાથે થયો હતો.[2] વેસુક (વેસુગી)ના પુત્ર કીર્તિરાજના સમયનું એક દાનપત્ર[3] શક-સંવત્ ૯૪૦(વિ. સં. ૧૦૭૫ ઈસ્વી-સન્ ૧૦૧૮)નું મળ્યું છે. એના પુત્ર વત્સરાજ અને વત્સરાજના પુત્ર ત્રિલોચનપાલનું એક તામ્રપત્ર[4] શક-સંવત્ ૯૭૨ (વિ. સં. ૧૧૦૭=ઈસ્વી-સન્ ૧૦૫૧) પૈષ અમાંત કૃષ્ણા અમાવસ્યાનું છે. ત્રિલોચનપાલના પછી એ વંશનો કાંઈય વૃત્તાન્ત મળતો નથી. એઓ પણ બાદામીના સોલંકીઓના વંશજ હોવા જોઈએ.

નિંબાર્ક
|
બારપ
|
યોગ્ગિરાજ
|
કીર્તિરાજ (વિ. સં. ૧૦૭૫)
|
વત્સરાજ
|
ત્રિલોચનપાલ (વિ. સં. ૧૧૦૭)

---

૧ બારપને તૈલપનો સેનાપતિ માની લેવાનાં કારણોમાં પ્રથમ તો, બારપ નામ જ દક્ષિણનું છે. બીજું, તેને લાટ દેશનું રાજ્ય મળ્યું હતું, એવું તેના વંશજ ત્રિલોચનપાલના તામ્રપત્રમાં લખાયેલું છે

(बारप्पराज इति विश्रुतनामधेयो राजा बभूव भुवि नाशिवलोकशोकः ॥८॥ श्री लाटदेश-मधिगम्य कृतानि येन सत्यानि नीतिवचनानि मुदें जनानाम् ॥ इं. ऐं., जि. १२, पृ. २०१)

તૈલપે રાઠોડોનું રાજ્ય પોતાને અધીન કર્યું તે વખતે ઉક્ત રાજ્યનો ઉત્તરી વિભાગ (લાટ) પોતાનો સેનાપતિ જે સોલંકી હતો તેણે આપ્યો હોય, એ સંભવિત છે. કન્નૌજનો પડિહાર રાજા મહિપાલ, જે ભોજદેવ(મિહિર)નો પૌત્ર અને મહેંદ્રપાલનો પુત્ર હતો તેને દક્ષિણના રાઠોડ રાજા ઈન્દ્રરાજ તૃતીયે શક-સં૦ ૮૩૮(વિ૦ સં૦ ૯૭૩=ઈ૦ સ૦ ૯૧૬)ની આસપાસમાં યુદ્ધમાં પરાજિત કર્યો હતો. તે સમયથી જ કન્નૌજનું મહારાજ્ય બલહીન થવા લાગ્યું હતું. અને વિ૦ સં૦ ૧૦૧૭(ઇ૦ સ૦ ૯૬૦)માં સોલંકી મૂળરાજે અણહિલવાડમાં સોલંકીઓનું સ્વતંત્ર રાજ્ય સ્થાપિત કર્યું. આ સમયમાં જ અથવા એની થોડાંક વર્ષો પૂર્વે કન્નૌજના રાજાઓનો ગુજરાત આદિના પોતાના અધીનસ્થ રાજ્યોના દક્ષિણી વિભાગો પરથી પણ અધિકાર નષ્ટ થવા લાગ્યો હતો. એથી આ અવસ્થામાં બારપને તૈલપે લાટ દેશ આપી દીધો હોય, એ અધિક સંભવ છે. પરન્તુ જ્યાં સુધી નવીન શોધ અનુસાર મ્હારા પ્રસ્તુત અનુમાનને પુષ્ટિ ન મળે ત્યાં સુધી હુ એને સંશય રહિત માનતો નથી.

૨ દેવગિરિના યાદવ રાજા સેઉણચંદ્ર-દ્વિતીયના સમયના શક-સંવત્ ૯૯૧(વિ૦ સં૦ ૧૧૨૬ =ઈસ્વી-સન્ ૧૦૬૯)નાં એક તામ્રપત્રમાં એના પૂર્વજ બેસુકની રાણી નાયલદેવીને સોલંકી મંડલેશ્વર ગોગ્ગિની પુત્રી લખી છે. એ ગોગ્ગિ બારપનો પુત્ર ગોગ્ગિરાજ હોવો જોઇએ—

(चालुक्यान्वयमण्डलीकतिलकाच्छ्री गोगीराजाकरादुत्पन्ना दुहितान्वयाद् गुणवती धाम्ना कुलद्योतिता । श्रीरत्नवत्सवेधसा प्रकटितं सामन्तरत्नायसा श्री नायलदेविनाम सुभगा श्री पट्टराज्ञी सदा) (ઈ૦ એં૦, જી૦ ૧૨, પૃ૦ ૧૨૦)

૩ ડાકટર કીલહાર્નસંગ્રહીત ઈંસ્ક્રિપશંસ ઑફ નૉર્થન ઇંડિઆ, નં૦ ૩૫૪, પૃ૦ ૫૦

૪ ઈ૦ એં૦, જી૦ ૧૨, પૃ૦ ૨૦૧-૨૦૩.

ચર્ચાપત્રો

—o—

(૧)

આગે કદમ

આજે ગોકળગાયની ગતિએ પ્રગતિના પંથે પ્રયાણ કરવાના કેવળ મનોરથો[૧] સેવવાનો કંઇ અર્થ નથી. ખરી રીતે આ વીસમી સદીમાં વીજળીને વેગે કૂચ કરવાની આવશ્યકતા છે. વિજ્ઞાનની વિલક્ષણ વિભૂતિએ વિશ્વના એક છેડા અને બીજા છેડા વચ્ચેનું અંતર સદંતર કાપી નાંખ્યું છે, અને એનું પરિણામ એ આવ્યું છે કે એક નાનામાં નાનું ગામડું પણ દુનિયાના છેક છેલ્લા ખૂણામાં બનતા બનાવથી સર્વથા અલિપ્ત રહી શકતું નથી. આવી પરિસ્થિતિમાં જેને આગળ વધવું હોય તેણે દુનિયાની ચારે તરફની પ્રવૃત્તિઓ ઉપર પૂરતું ધ્યાન આપવું જ જોઇએ. તે જો પોતાના નાના સરખા વર્તુલમાં ભરાઇ રહેવા માગતો હોય તો તેને માટે આજે અહીં સ્થાન નથી. આ હકીકત ભારતવર્ષની, અનેકવિધ ક્ષેત્રો પરત્વેની પ્રવૃત્તિને લાગુ પડે છે અને એને અંગે શું કરાવું જોઇએ તે વિચારી શકાય તેમ છે, છતાં આ લઘુ લેખમાં **ગુજરાતને** ઉદ્દેશીને અને તે પણ એના સાહિત્યવિષયક કાર્યક્ષેત્રને અનુલક્ષીને વિચારવામાં આવે છે.

ગુજરાતી સાહિત્યને પલ્લવિત કરવા માટે શું શું કરવું બાકી છે, તેની નોંધ અવારનવાર લેવાતી આવી છે. એમાંની કેટલીક હું અત્રે રજુ કરવા લલચાઉં છું.

(૧) પ્રો. **નરસિંહરાવ ભોળાનાથ દીવેટિયાએ** ઈ. સ. ૧૯૩૦ માં "વસનજી માધવજી ઠક્કર વ્યાખ્યાનમાળા" તરફથી પ્રથમ વ્યાખ્યાન આપતી વેળા નીચે મુજબના ઉદ્‌ગારો કાઢયા હતા:—

"હવે આપણે ખામીઓ ગણાવીએ. તત્ત્વજ્ઞાન, ઇતિહાસ, સાયન્સ (ભૌતિક વિજ્ઞાન શાસ્ત્ર), અર્થશાસ્ત્ર, જીવનચરિત્ર, વીરચરિતકાવ્ય અને બીજી અનેક સાહિત્યની શાખા-જે પશ્ચિમની લક્ષણભૂત છે-એમાં આપણે હજી કાંઈ જ નથી કર્યું. આપણા પ્રાચીન સંસ્કૃત સાહિત્યમાં પણ વિષયની વિવિધતાવાળું, કલ્પનાની અપૂર્વતાવાળું અને સંગીન ગુણવાળું ઘણું છે. આ બે મહાન સાહિત્યો સાથે ઉભું રહી શકે એવું આપણું ગુજરાતી સાહિત્ય નથી; એમને પડખે વેંતીઆ માણસ જેવું દેખાય છે."[૧]

(૨) શ્રીયુત **કનૈયાલાલ માણેકલાલ મુનશીકૃત** "Gujarat and Its Literature"ના આમુખ(પૃ. ૬)માં મહાત્મા **ગાંધીએ** નિમ્નલિખિત વિચાર દર્શાવેલ છે:—

"The unquestionable poverty of Gujarati is a token of the poverty of the people."

---

૧ પ્રથમ વિચાર અને પછી આચાર, એ દૃષ્ટિએ વિચારનું મહત્ત્વ છે; પણ એ આચારનું ઉદ્‌ભવ ક્ષેત્ર છે, એ ભૂલાવું ન જોઇએ. જો વિચારમાંથી આચાર ન જન્મે તો એ વિચાર એક વિચાર જ રહી જાય. આ હકીકત ક્રિયાત્મક નહીં બનતા મનોરથોને પણ લાગૂ પડે છે.

જુઓ "ગ્રંથ અને ગ્રંથકાર" પુ. ૨, પૃ. ૧૬૬ તેમ જ પુ. ૬, પૃ. ૨૨-૨૩.

(૩) "શ્રી ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક"(પુ. ૧, અં. ૧, પૃ. ૭)માં એના સંપાદક અને પ્રકાશક શ્રીયુત **અંબાલાલ બુલાખીરામ જાની** કથે છે કે—

"ગુજરાતનો ઇતિહાસ, સંસ્કૃતિ, કલાઓ, વિદ્યાઓ, વિદ્યાલયો, ધર્મો, જાતિઓ–આદિનો વિશદ ઇતિહાસ ગુજરાતી જનતાને, અભ્યાસીઓ–વિદ્યાર્થીઓને પ્રાપ્ત નથી. એ કાળનાં ગુજરાતી સાહિત્યનાં વિવિધ અંગો–ઉપાંગોનું નિરૂપણ, યથાઘટિત મળતું નથી. તેનાં સાધનસામગ્રી હજી પૂરાં શોધાયાં નથી; જે અલ્પજલ્પ પ્રમાણમાં શોધાયાં અને પ્રાપ્ત કરાયાં છે તે શુદ્ધ શાસ્ત્રીય રીતે સંશોધાયાં–વિચારાયાં નથી. એ સામગ્રીઓ કયાં કયાં પડેલી છે તેની સ્પષ્ટ તપસીલ અને વિગતવાર યાદીઓ પૂરી થઈ નથી. જે કાંઈ સાહિત્ય પ્રાપ્ય છે એ પ્રાચીન ગુજરાતી સાહિત્ય સંબંધમાં હજી ઘણાક કૂટ પ્રશ્નો અને સમસ્યાઓ ઉકેલ માગી રહેલ છે; હજી ઘણાક ભ્રમો અને સંદેહોનાં આવરણોના પટભંગો થવાની અગત્ય છે."

આ ત્રણ નોંધ ઉપરથી હજી કેટલાંએ ક્ષેત્રો અણખેડયાં અને અર્ધખેડેલાં પડયાં છે તે સમજાશે. આના સ્પષ્ટીકરણ રૂપે હું એક નીચે મુજબની પ્રશ્નાવલી રજુ કરું છું:—

૧ આપણે ગુજરાતીઓ વેપારઉદ્યોગમાં કુશળ ગણાતા આવ્યા છીએ, છતાં એનાં સાધનોનાં વિકાસાદિનો સચોટ ખ્યાલ આપનાર, આપણી પાસે કોઈ પ્રામાણિક અને પ્રમાણ-બદ્ધ ગ્રંથ છે કે?

૨ નૌકાશાસ્ત્રને લગતો કયો ગ્રંથ આપણી પાસે છે?

૩ કોઇ ગુજરાતી જ જાણનાર મુદ્રાવિદ્યા(numismatics)નો વિશિષ્ટ અભ્યાસ કરવા માગતો હોય તો તે માટે આપણી પાસે શાં શાં સાધન છે?

૪ **ઇમર્સન, બેકન** વગેરે અંગ્રેજી લેખકોને હાથે લખાયેલી નિબંધમાળાઓ જેવી કઇ નિબંધમાળા આપણી પાસે છે?

૫ કહેવતોના તુલનાત્મક અભ્યાસ માટે શી અનુકૂળતા છે?

૬ ગુજરાતમાં વસતા વિવિધ ધર્મીઓના તહેવારોની ઐતિહાસિક આલોચના રજુ કરતું કયું પુસ્તક છે?

૭ વિવિધ વિષયોને લગતો પારિભાષિક શબ્દકોષ અને જ્ઞાનકોષ વિનાનો આપણો ગુજરાતી સાહિત્યખજાનો કેવો જણાય છે?

૮ જેને કવિવર ડૉ. **ટાગોર** વરાળનું રૂપક આપે છે, એવા વિદ્વદ્‌ભોગ્ય સાહિત્યમાં આપણું ગુજરાતી સાહિત્ય કેવું સ્થાન ભોગવે છે?

૯ એક રેંટ ખેંચનારો કોશીઓ સમજી શકે એવી સરલ અને સાદી ભાષામાં લખાયેલું લોકભોગ્ય સાહિત્ય આપણે કેટલું તૈયાર કર્યું છે?

૧૦ સમાજશાસ્ત્રના વિધવિધ વિષયોનો સર્વાંગીય પરિચય કરાવે એવો કયો ગ્રંથ આપણી ભાષામાં લખાયેલો છે?

૧૧ ઓગણીસમા સૈકાના પૂર્વાર્ધમાં રચાયેલ પ્રાથમિક વ્યાકરણ અને કોશના વિષયમાં આપણે કેટલી પ્રગતિ સાધી છે?[૧]

---

૧ "ગ્રંથ અને ગ્રંથકાર" પુ. ૬, પૃ. ૨૩ માં શ્રીયુત હીરાલાલ ત્રિભુવનદાસ પારેખ લખે છે કે "આપણે તે વિષયમાં જોઈએ તેવી પ્રગતિ કે સુધારો કર્યો નથી, એ શરમભર્યું છે."

૧૨ ભૂતકાલીન અને સાંપ્રતકાલીન ગુજરાતી સાહિત્યનું યથેષ્ટ અને યથાર્થ વિવેચન પૂરો પાડનારો કયો ગ્રંથ આપણી પાસે છે?

૧૩ બાલભોગ્ય અને શાળોપયોગી સાહિત્ય આપણી પાસે કેટલું છે?

આ પ્રશ્નાવલીનો ઊંડો આલોચ કરનાર, ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ બનાવવા માટે તડામાર તૈયારી થવી જોઈએ, એવું સ્વીકાર્યા વિના ન જ રહી શકે તેમ છે. પરંતુ તે સહુ કાંઇ એકલી વ્યક્તિ સાંગોપાંગ તૈયારી કરી શકે તેમ નથી. એને માટે સંગઠિત અને સુબદ્ધ પ્રયાસની જરૂર છે. આવા પ્રયાસ માટે હવે સમય ભરાઇ ચૂકયો છે. ઐતિહાસિક સાધનો દિન પર દિન ક્ષીણ થતાં જાય છે. એનો સંગ્રહ કરવામાં અને તેનું સમુચિત મૂલ્ય આંકવા માટે જે વિલંબ થાય છે તે માટે ભવિષ્યની પ્રજા આપણને જવાબદાર ગણી, આપણો દોષ કાઢશે, એ દેખીતી વાત છે. આથી જ મારું એ નમ્ર સૂચન છે કે આપણી ન્યૂનતાઓ પૂરવાના પ્રયત્નનાં પગરણ આજથી જ મંડાવાં જોઈએ, જેથી આપણી આગળ અંધકાર-ભરેલું જણાતું ભવિષ્ય ઉજળું બની જાય. આને માટે આપણે એક **પ્રાચ્યતત્ત્વપ્રકાશન-મંદિર** સ્થાપવું જોઇએ. એ મંદિર પાસે પુરાતત્ત્વનાં સંશોધનને માટે સહાયક થઈ પડે તેવું પુસ્તકાલય હોવું જોઈએ.

જૂદા જૂદા વિષયના નિષ્ણાતોને પારિતોષિક આપીને તેમની પાસે આપણી સાહિત્યની કંગાલિયતને દૂર કરનાર સામગ્રી તૈયાર કરાવવી જોઈએ, અને તે વિના વિલંબે પ્રસિદ્ધ થવી જોઈએ.

આપણી પ્રાચીન કૃતિઓનું વૈજ્ઞાનિક દૃષ્ટિએ સંશોધન થતાં તેનું યથાર્થ રૂપે જે પ્રકાશન કરી શકાય તે માટે આ મંદિરની માલિકીનું એક મુદ્રણાલય હોવું જોઇએ.

ઉપર્યુક્ત મંદિરનું કાર્ય પ્રગતિશીલ થતું રહે તે માટે એની શાખારૂપે, અને તેમ ન બને તો સ્વતંત્ર, અભ્યાસકોનાં મંડળો (study circles) ગામે ગામ ઊભાં કરવાં જોઇએ.

પ્રાચ્યતત્ત્વના સંશોધન માટે કોણ કેવું કામ કરી શકે, તેનો સ્ફોટ થવો ઘટે.

કઈ સામગ્રી ઐતિહાસિક આલોચના માટે કેવી રીતે ઉપયોગી થઈ પડે તેનો ખ્યાલ સામાન્ય જનતાને પણ આવી શકે તેવાં આંદોલનો થવાં ઘટે.

“ Research એટલે શું ” તે બરાબર અને સહેલાઇથી સમજાય તેવા પ્રબંધ થવા જોઇએ. આને અંગે નાની નાની પત્રિકાઓ પણ અવારનવાર પ્રસિદ્ધ થવી ઘટે.

ઉપર્યુક્ત મંદિર તરફથી પ્રાચ્યવિદ્યાના વ્યાસંગીઓની વિચારધારાને વ્યક્ત કરતું માસિક પ્રકટ થવું જોઈએ.

આ મંદિરમાં જે જે ગુજરાતીઓ જે જે જાતની પ્રવૃત્તિઓમાં સમુચિત ભાગ લઈ શકે તેમ હોય તે તે સહુને તેમ કરવા માટે પૂરતું સ્થાન અપાવું જોઇએ. ગુજરાત અને ગુજરાતી સાહિત્ય પ્રત્યે મમતા ધરાવનારા લક્ષાધિપતિઓ અને રાજામહારાજાઓ ઉપરાંત આમ વર્ગમાંથી પણ જેઓ પૈસા આપી આવા સર્વતોભદ્ર કાર્યને ઉત્તેજન આપી શકે તેમ હોય તેમણે પોતાનો ઉદાર હાથ લંબાવવો જોઇએ. સાથે સાથે **શ્રી ફાર્બસ ગુજરાતી સભા** અને **ધી ગુજરાત વર્નાક્યુલર સોસાયટી** જેવી આપણી અગ્રગણ્ય સંસ્થાઓના સંચાલક

મહાશયોએ પણ ગુજરાતી સાહિત્યની ઉણપોને પહોંચી વળનારા, અને આપણા સાહિત્યાદિનો અનેકવિધ ઉત્કર્ષ સાધવામાં સહાયભૂત થનારા, **પ્રાચ્યતત્ત્વ–પ્રકાશન મંદિરની** ઉદ્ઘાટન–ક્રિયાનો મંગળમય અવસર અવલોકવાનું સદ્ભાગ્ય આપણને સત્વર સાંપડે તેવી રીતે પોતાના બુદ્ધિબલસાધનાદિનો યથેષ્ટ ઉપયોગ કરવા વિશેષતઃ કટિબદ્ધ થવું ઘટે.

અંતમાં, જે વિચાર–ભૂમિકા ઉપર પ્રાયઃ આપણે ઊભા છીએ, ત્યાંથી ' આગેકદમ ' ભરવા માટે ગુજરાતી સંસ્કૃતિ અને સાહિત્ય તરફ મીઠી નજરે જોનાર સૌ કોઇને સાદર વિનવતો, અને **પ્રાચ્યતત્ત્વ પ્રકાશનમંદિરની** સ્થાપના માટેની હિલચાલને લગતો સૂર સંભળાતાં " આગેકદમ " તરીકે એ મંદિરની આંતરિક વ્યવસ્થા સંબંધમાં મને જે વિચારો સ્ફુરે છે તેને લિપિબદ્ધ કરવાની અભિલાષા ધરાવતો હું વિરમું છું.

ભગતવાડી ભૂલેશ્વર,
મુંબઈ
તા. ૨૧–૬–૩૬ } **હીરાલાલ રસિકદાસ કાપડિયા,** એમ. એ.

*

(૨)

૮૪ પદોવાળી હારમાળાનો કર્તા કોણ?

શ્રી ફાર્બસ ગુજરાતી સાહિત્યસભાના "ત્રૈમાસિક"ના આરંભથી ગુજરાતી સાહિત્યરસિક વિદ્વાનોએ હારમાળાની પદસંખ્યાની અને તેના કર્તાપણાની ચર્ચા ઉપાડી છે. તેમાં જે કેટલીક ગેરસમજુતી થયેલી મને લાગે છે, તે તરફ "ત્રૈમાસિક"ના સુજ્ઞ વાચકોનું ધ્યાન ખેંચૂં છું.

(૧)

હારમાળાની જૂદી જૂદી પદસંખ્યાવાળી ઘણી હાથપ્રતો મળે છે. તેમાંથી અત્યાર સુધીમાં તેનો કર્તા કોણ? પ્રેમાનંદ કે નરસિંહ? એ ચર્ચા ચાલતી. પણ પ્રેમાનંદના સમયની પૂર્વેની હાથપ્રતો મળી આવતાં તેનું કર્તૃત્વ પ્રેમાનંદ પાસેથી ખૂંચવી લેવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં તેનું કર્તાપણું નરસિંહ મહેતાને જ અર્પાતુ આવ્યું છે. મૂળ કોઇ એક નાની હારમાળા કે જેને " હાર સમયનાં પદો " એમ જણાવવામાં આવતું તે નરસિંહની કૃતિ અને વાદવિવાદના અને કથાનુસંધાન વગેરેનાં પદો તે અન્ય કોઇ સંકલના કરનારની કૃતિ છે, એમ મનાતું આવ્યું છે. આવી સંકલના કરી, નવાં પદો ઉમેરનાર કોઇએ પણ પોતાનું પ્રકટ નામ આપ્યું નથી, અને સર્વેએ પોતાની કૃતિ નરસિંહ મહેતા જેવા ભક્તરાજની વાણીમાં સમાવી દઈ, કૃતકૃત્યતા માની છે. આ કાંઈ જેવી તેવી ત્યાગવૃત્તિ નથી. આ વિષયમાં રા. કનૈયાલાલ મુનશીએ જ્યારથી રસ લેવા માંડ્યો છે ત્યારથી નવું, ચર્ચાનું પ્રકરણ ઉમેરાયું છે. તેમણે તો પોતાની કલ્પના સિદ્ધ કરવા માટે આખો હારાર્પણનો પ્રસંગ જ ઉરાડી દીધો છે, અથવા તો તેઓ ઉરાડી દેવા માગે છે; અને તેટલા માટે તો તેમણે નરસિંહની જીવનમર્યાદાનો કાળ પણ બદલ્યો છે.

નરસિંહ મહેતાનો જીવનકાળ નિશ્ચિત કરવા માટે ઘણા સંગીન પુરાવાઓ અપાયા છે. તેમાં ખાસ કરીને નરસિંહ મહેતાના કાકા પર્વતદાસ મહેતાના વંશજોએ જાળવી રાખેલું વંશવૃક્ષ; (૨) તેના એક વંશજ કવિ ત્રિકમદાસનું રચેલું પર્વતાખ્યાન; (૩) કવિ વલ્લભદાસનું

રચેલું નાગરોની ઉત્પત્તિ અને શામળશાહના વિવાહનું આખ્યાન; (૪) ભાવનગરની શામળદાસ કોલેજના એક પ્રો. એન્ટી સાહેબે કરેલી બીલખાના ચારણના ચોપડામાં નરસિંહ મહેતો સં. ૧૫૦૪માં જીવતો હતો તેની નોંધની શોધ; (૫) શાસ્ત્રી રેવાશંકર મેઘજીએ ઉનાના એક શિલાલેખમાં કુંવરબાઇના મામેરાનો પ્રસંગ બન્યાના વર્ષની (વિ. સં. ૧૫૦૩) જણાવેલી નોંધ; (આ લેખ વિષે બીજો કોઇ ગૃહસ્થ શોધ કરી જણાવશે તો ઉપકાર થશે.) (૬) અને હારાર્પણનૂં મળી આવતું સર્વ હાથપ્રતોનું એકમતી વર્ષ સં. ૧૫૧૨.

આ સર્વ ઉપરથી એટલું તો સુનિશ્ચિત થાય છે કે નરસિંહ મહેતો સં. ૧૫૦૦ની આસપાસ (વિક્રમના ૧૫મા સૈકાના ઉત્તરાર્ધમાં અને ૧૬મા સૈકાના પૂર્વાર્ધમાં) થઇ ગયો છે, એમાં જરાએ શક નથી. આ પુરાવાઓ ખોટા ઠરાવનારૂં એકે માન્ય પ્રમાણ સામાપક્ષવાળાઓ તરફથી પ્રકટ થયું નથી; જે કાંઈ તેઓ તરફથી લખાયું છે તે કેવળ ઉદ્ગગો–અનુમાનો ને વાગ્વિલાસ છે.

બીજું પણ એ નક્કી થાય છે કે નરસિંહ મહેતો પુષ્ટિમાર્ગના આચાર્ય શ્રીમદ્ વલ્લભાચાર્યથી, બંગાળી વૈષ્ણવ ધર્મના સ્થાપક શ્રીચૈતન્ય મહાપ્રભુથી, અને રાધાવલ્લભી સંપ્રદાય ચલાવનાર ગોસ્વામી શ્રી હિતહરિવંશજીથી પહેલાં થઇ ગયો છે. વલ્લભસંપ્રદાયવાળાઓ તો તેને વલ્લભાચાર્યનો પુરોગામી (બધૈયો) માને છે. શ્રીગોકુલનાથજી તથા શ્રીકલ્યાણરાયજીએ તેમ મનાવ્યું છે, અને કવિ દયારામે તો સ્પષ્ટ શબ્દોમાં તેવો ઉલ્લેખ પણ કર્યો છે.

હમણાં 'હાર સમય'નાં નરસિંહરચિત પદોની સંખ્યા કેટલી તેની શોધખોળ ચાલે છે; અને તે સંબંધમાં રા. કેશવરામ કા. શાસ્ત્રીએ આ "ત્રૈમાસિક"ના બીજા અંકમાં સારો ઊહાપોહ કર્યો છે. તેમણે કેટલાંક આંતર પ્રમાણોથી બતાવ્યું છે કે નરસિંહ મહેતાનો સમય સં. ૧૫૦૦ની આસપાસનો જ છે. આ હકિકત ત્રીજા અંકમાં પ્રસિદ્ધ થનાર છે.

(૨)

હવે ૮૪ પદવાળી હારમાળાનો રચનારો કોણ તે નક્કી કરવાનું છે. સ્વ. ઇચ્છારામે છપાવેલા નરસિંહ મહેતાકૃત કાવ્યસંગ્રહમાં છાપેલા નરસિંહ મહેતાના ચરિત્રના પાછલા ભાગમાં હારમાળાની ચર્ચામાં અને બૃ. કા. દોહનના ૮મા ભાગની પ્રસ્તાવનામાં મેં, પ્રસ્તુત ૮૪ પદોનું કર્તૃત્વ વિશ્વનાથ જાની(સં. ૧૭૦૮)નું માનેલું છે; અને એ જ ૮૪ પદો ઉપરથી સં. ૧૭૩૪ માં પ્રેમાનંદે બીજાં વધારે પદો એકઠાં કરી, તેમાં સુધારોવધારો અને વ્યવસ્થા કરી, ૧૪૮ પદની હારમાળા બનાવી છે, એમ પુરવાર કર્યું છે. આમ માનવા માટે અને પૂરવાર કરવા માટે મારી પાસે વિશ્વનાથ કવિની નરસિંહચરિત્રની હાથપ્રત હતી અને પ્રેમાનંદકૃત ૧૪૮ પદવાળી હારમાળાની કવિ નર્મદાશંકરે ઉતારેલી હાથપ્રત હતી. જેઓ ૮૪ પદવાળી હારમાળા કવિ પ્રેમાનંદની ઠરાવે છે, તેઓ પાસે કવિ પ્રેમાનંદના કહેવાતા અથવા કાલ્પનિક પુત્ર વલ્લભે રચેલા કહેવાતા શંકાસ્પદ "પ્રેમાનંદચરિત્ર"માંથી સ્વ. હરગોવિંદદાસ કાંટાવાળાએ આપેલા એક ઉતારા શિવાય કોઇપણ પુરાવો નથી. આજે તો નવીન મત પ્રમાણે કવિ પ્રેમાનંદને વલ્લભ નામનો કોઈ એક પુત્ર હતો, એમ જ કેટલાક માનતા નથી, અને કવિ વલ્લભને નામે જે આખ્યાનો ઇત્યાદિ છપાયાં છે તે સર્વ પણ, કવિ પ્રેમાનંદનાં રચેલાં કહેવાનાં નાટકોની માફક બનાવટી છે, એમ મનાય–મનાવાય છે. તેનું સર્વથી મોટું અને વાજબી કારણ તો એ છે કે પ્રેમાનંદનાં નાટકો અને વલ્લભનાં

આખ્યાનોની કોઈ પણ પ્રાચીન ખાત્રી લાયક હાથપ્રત કોઈ બતાવી શક્યું નથી, તેમ તેની અન્યત્ર બીજી પ્રત કોઈને પણ મળી નથી.

જોવાની ખુબી તો એ છે કે નરસિંહ મહેતાનો સમય પૂરવાર કરવા માટે ઉપર ગણાવેલા નિઃસંદિગ્ધ પુરાવાઓ મોજુદ છે, છતાં તે સર્વેય ગલત છે અને સ્વીકારવા જેવા નથી, એમ રા. મુનશી માને છે, છતાં તે જ રા. મુનશી તદ્દન ગલત, સાવ કપોલકલ્પિત વલ્લભ નામની એક વ્યક્તિના કરેલાના પ્રેમાનંદચરિત્રના એક ઉતારાને સાચો માની લઇને ૮૪ પદોવાળી હારમાળાનો કર્તા કવિ પ્રેમાનંદ જ છે એમ બેધડક ઠોકી બેસાડે છે.[1] આ વાત ઘણી આશ્ચર્યકારક લાગે છે. આ વલ્લભરચિત પ્રેમાનંદચરિત્રને આધારે સ્વ. હરગોવિંદદાસ કાંટાવાળાએ ઘણી વાતો જણાવી છે, તેમાંની ઘણી પાછળથી ખોટી જણાઈ છે. મારી તો માન્યતા એવી છે કે ૮૪ પદોવાળી હારમાળાનો સંકલનારો–રચનારો કાં તો કવિ વિશ્વનાથ જાની ગણાવો જોઈએ, અથવા તો રા. હીરાલાલ ત્રિ. પારેખ અનુમાન કરે છે તેમ ભલે કોઈ મહાન પરોપકારી અજ્ઞાત કવિ ગણાય, પણ પ્રેમાનંદ તો નહીં જ. કવિ પ્રેમાનંદે જે ૧૪૮ પદોની હારમાળા સંકળેલી કહેવાય છે, તેમાં તેણે નામ વિનાની ૮૪ પદોવાળી એક હારમાળા પોતે પૂર્વે રચી હતી, એવો જરાએ ઇસારો કર્યો નથી. સ્વ હરગોવિંદદાસ કાંટાવાળાએ છપાવેલી હારમાળાની પ્રતમાં ૮૪ પદોવાળી હારમાળાનાં પદો સમાયેલાં છે, અને ૧૪૮ પદોની હારમાળાનાં પદો પણ છે, તેમાં કેટલાંક પદોને છેડે કવિ પ્રેમાનંદનું નામ પણ આવે છે, અને બીજાં પણ કેટલાંક પદોનો ઉમેરો છે. આ છાપેલી પ્રતમાં પ્રેમાનંદના નામવાળાં જે પદો છે એ ૧૪૮ પદોવાળી હારમાળાનાં પદો સાથે મેં સરખાવી જોયાં છે, અને તેનું રચ્યા વર્ષ વિ. સં. ૧૭૩૪ પણ તેમાં આપેલું છે. રા. કાંટાવાળાએ એ ૧૪૮ પદોમાં બીજાં કેટલાંક પદો બીજી પ્રતોમાંથી લઇને ઉમેરી હારમાળા કવિ પ્રેમાનંદને નામે છપાવી છે. કવિ પ્રેમાનંદે પોતાના નામની મુદ્રા લખ્યા વગર નનામે ૮૪ પદની હારમાળા રચી હોય એ વાત શંકા પડતી છે. પ્રેમાનંદે કદિ કોઈ પણ કાવ્ય પોતાની છાપ કે ઓળખ નમ્રભાવે કાવ્યને અંતે આપ્યા વગર રચ્યું નથી. જો કે વલ્લભે તો એવાં ત્રણ કાવ્યો પ્રેમાનંદે નનામે રચ્યાની તોપ મારી છે, પણ તે કયાં કયાં કાવ્યો છે તે તેણે જણાવ્યું નથી; અને એ ગુપ્ત પ્રેમાનંદચરિત્ર વાંચનાર સ્વ. હ. દ્દા. કાંટાવાળાએ પણ તેમાંથી શોધી કાઢી, લોકોને એ જણાવ્યું નથી. એટલા માટે જ વલ્લભકૃત પ્રેમાનંદચરિત્રની સત્યતા વિષે અને તેને આધારે કહેવાયલી વાતો વિષે સબળ શંકા રહે છે.

ટુંકામાં, ૮૪ પદોવાળી હારમાળાના કર્તાપણા વિષે દાવો કરી શકે તો તે બે જણાજ કરી શકેઃ એક કવિ વિશ્વનાથ જાની, અને બીજો કોઇ અજ્ઞાત કવિ. તેમાં વિશ્વનાથ જાનીના નરસિંહચરિત્રની માત્ર એક જ હાથપ્રત અમને મળી છે, અને તે પણ અપૂર્ણ મળી છે. (તે મેળવી આપનાર રા. છગનલાલ વિદ્યારામ રાવળ વિદ્યમાન છે.) અને બીજી અજ્ઞાત કવિ અથવા સંગ્રહનારની આખી પ્રત રા. હીરાલાલ પારેખને મળી છે. બન્ને કાવ્યો છપાઈ ગયાં છે. એટલે બીજી હાથપ્રતો તેની મળે નહીં ત્યાંસુધી આ જ બે હાથપ્રતો ઉપરથી છેવટના નિર્ણય ઉપર આવવાનું કામ મુશ્કેલ બનેલું છે. છતાં રા. પારેખની સંપૂર્ણ પ્રતને જો વધારે વજન આપવામાં આવે તોયે પણ ૮૪ પદોવાળી હારમાળા પ્રેમાનંદની તો નથીજ ઠરતી.

---

૧ જૂઓ નરસૈંયો ભક્ત હરિનો–નું ઉપોદ્‌ઘાત પાનું ૧૯મું અને ૩૯મું.

વળી વિશ્વનાથ જાનીની પ્રતમાં અને અજ્ઞાત કવિની પ્રતમાં કેટલોક મહત્વનો પાઠ-ભેદ તથા ફેરફાર છે, એટલે ૮૪ પદની હારમાળાના કર્તૃત્વના સમર્પણનું કાર્ય મુશ્કેલ બનેલું છે.

૮૪ પદની હારમાળા તૈયાર થઈ તે પહેલાં ૭૮ પદની, ૭૧ પદની, ૬૬ કે ૬૪ પદની, અને ૫૦ પદની, એમ વિવિધ હારમાળાઓની પ્રતો વિદ્યમાન હતી, એમ મળી આવેલી હાથપ્રતોમાં આપેલાં વચનોથી ચોક્કસ થાય છે. આમ વસ્તુસ્થિતિ છે ત્યારે ૮૪ પદોવાળી હારમાળાની ગૂંથણી કરવામાં પ્રેમાનંદ કવિને પોતાનું નામ પ્રકટ રીતે આપવામાં શા માટે સંકોચ ધરવો પડે, એ રહસ્ય સમજાતું નથી. એટલા માટે વલ્લભનું કહેવાતું કથન આદરને પાત્ર મને લાગતું નથી. ૫૦ થી માંડીને ૨૧૮ અને તેથી પણ આગળ વધીને હારમાળાનાં પદોની સંખ્યા થઈ છે, અને તેમાં હારાર્પણનો વિષય ગવાયો છે. પણ ધ્યાન આપવા જેવી બાબત એ છે કે જેણે જેણે એ શુદ્ધિવૃદ્ધિ કરી છે, તેઓમાંથી કોઈએ પણ પોતાનું નામ સંગ્રહકાર, સંકલનાકાર, અથવા અમુક પદો પોતાનાં છે એવું કર્તા તરીકે જણાવ્યું નથી, તો ૮૪ પદોનો સંગ્રહ કરનાર પ્રેમાનંદ શા માટે પોતાનું નામ તેમાં જણાવે? તે છતાં પ્રેમાનંદે ૧૪૮ પદોની પોતાની સંકલના અને કૃતિમાં સ્પષ્ટ રીતે પોતાની ઓળખ કોઈ કોઈ પદોમાં અને અંતમાં આપી છે, એટલે વલ્લભનું કથન સાધાર લાગતું નથી. આ સર્વનો વિચાર કરી જોતાં રા. કનૈયાલાલ મુનશીએ ૮૪ પદની હારમાળાનું કર્તૃત્વપદ પ્રેમાનંદને આપ્યું છે, તે મોટી ભૂલ છે. જે રા. મુનશી નરસિંહ મહેતાના ચોક્કસ થયેલા સમય માટે અને અમુક કેટલાંક સ્વીકારાયલાં કાવ્યો માટે શંકાઓ કાઢી, તેને નરસિંહની કૃતિ ગણતા નથી, તેઓ જ કપોલકલ્પિત વલ્લભના કપોલકલ્પિત કથનને શા માટે સાચું માનવાને પ્રેરાયા હશે?

સારાંશ એ છે કે ૮૪ પદવાળી હારમાળાનો કર્તા પ્રેમાનંદ નથી. તેનો કર્તા કવિ વિશ્વનાથ જાનીને ગણવો કે કોઇ અજ્ઞાત કવિને ગણવો, તેનો નિર્ણય થવાની જરૂર છે. કર્તા, એટલે સ્વતંત્ર રીતે સાંભળેલી વાત ઉપરથી કાવ્ય રચી કાઢનાર નહીં, પણ નરસિંહ મહેતાનાં રચેલાં અને પરંપરાથી મુખેથી કે લખાણથી ઉતરી આવેલાં, ઝુલણા છંદ, કેદારો, રાગવાળાં પદો વગેરે સંગ્રહ કરી કથા ગુંથનાર—એ અર્થમાં સમજવું.

(૩)

રા. હીરાલાલ પારેખે છપાવેલા નરસૈયાના આખ્યાનની હાથપ્રતમાં લખાયલાં આખ્યાનો કોઇએ વિ. સં. ૧૭૯૫ સુધીમાં સંઘરેલાં છે, એ ચોક્કસ છે; કારણ કે એમાં મામેરૂં વિશ્વનાથ જાનીનું, શામળશાહનો વિવાહ આધાર ભટ્ટનો, અને હુંડી કૃષ્ણદાસની છે; ઉપરાંત તેમાં લખાયલાં બીજાં ચરિત્રો કોનાં છે તે નક્કી કરાયું નથી. મારી પાસે વિશ્વનાથ જાનીની જે હાથપ્રત છે તેને આધારે મેં એ સર્વ કૃતિઓ વિશ્વનાથ જાનીની માની છે. મારી પ્રતમાં આધાર ભટ્ટનું શામળશાહના વિવાહવાળું કાવ્ય નથી. તે આખ્યાન હરિદાસને નામે પ્રાચીન કાવ્યમાળામાં છપાયું છે. કદાચિત આ વિશ્વનાથ જાનીની કૃતિ પ્રેમાનંદ કવિનાં હાથમાં આવી હોય, અને તેણે તેના ઉપરથી ફરી નરસિંહ ચરિત્રનાં જૂદાં જૂદાં આખ્યાનો રચેલાં હોય, એમ કદાચ કહી શકાય ખરૂં. કદાચ આ ૮૪ પદોવાળા, વિશ્વનાથ જાનીના હારચરિત્ર ઉપરથી પ્રેમાનંદે ૧૪૮ પદોવાળી હારમાળા રચી હશે, એમ સમજાય છે.

નીચેના કોઠા ઉપરથી આ વાત સ્પષ્ટ થશે.

કાવ્યનું નામ	રચ્યા વર્ષ	કર્તા	રચ્યા વર્ષ	કર્તા
મોસાળું	વિ. સં. ૧૭૦૮	વિશ્વનાથ	વિ. સં. ૧૭૩૯	પ્રેમાનંદ
હુંડી	વિ. સં. ૧૭૦૮	વિશ્વનાથ	,, ૧૭૩૩	પ્રેમાનંદ
હુંડી	,, ૧૭૧૩	કૃષ્ણદાસ	×	×
વિવાહ	,, ૧૭૨૫	હરિદાસ	વિ. સં. ૧૭૪૦	પ્રેમાનંદ
વિવાહ	(?)	આધારભટ્ટ	?	×
હારચરિત્ર	વિ. સં. ૧૭૦૮ ?	વિશ્વનાથ	વિ. સં. ૧૭૩૪	પ્રેમાનંદ
હારચરિત્ર	વિ. સં. ૧૭૨૫ થી ૩૨ ?	નરસૈંદાસ	×	×
શ્રાદ્ધ	નથી	નથી	વિ. સં. ૧૭૩૭	પ્રેમાનંદ

વિશ્વનાથ જાનીએ નરસિંહચરિત્ર વિ. સ. ૧૭૦૮ અને તેની પછી એકાદ બે વર્ષમાં પૂરૂં કર્યું એમ હું માનું છું. વિશ્વનાથ જાનીકૃત નરસૈંયાનું ચરિત્ર સળંગ કડવાંબદ્ધ છે. અજ્ઞાત કવિનો સંઘરો ત્રુટક ત્રુટક પ્રબંધાત્મક અને કડવાત્મક પણ છે. ઉપર આપેલા કોઠા ઉપરથી સમજાશે કે પ્રેમાનંદે નરસિંહચરિત્રનાં જૂદાં જૂદાં આખ્યાનો વિ. સં. ૧૭૩૦ થી ૧૭૪૦ સુધીમાં રચ્યાં છે. તેની પૂર્વે જૂદા જૂદા કવિઓએ પણ તે જ વિષયોના જૂદાં જૂદાં આખ્યાનો રચ્યાં છે. માત્ર શ્રાદ્ધનું કાવ્ય પ્રેમાનંદ પૂર્વે કોઈ કવિએ રચેલું હજી મળ્યું નથી. નરસિંહ મહેતાનું, આખું સળંગ ચરિત્રકાવ્ય વિશ્વનાથે રચેલું, અને એનો ઉપયોગ કવિ પ્રેમાનંદે પોતાનાં કાવ્યોમાં થોડો વિસ્તારીને કર્યો હોય, એમ લાગે છે. તેમ વિશ્વનાથના કાવ્ય ઉપરથી કૃષ્ણદાસ, હરિદાસ, આધાર ભટ્ટ વગેરેએ જૂદાં જૂદાં કાવ્યો રચેલાં મને લાગે છે; કારણ કે એમાં ઘણા શબ્દપ્રયોગો અને કડીઓ વિશ્વનાથ જાનીનાં જ આવે છે. પ્રેમાનંદે આ બધાં જ કાવ્યો પોતે નવસરથી વિસ્તારી રચી કાઢયાં છે. આ ક્રમ મને વાજબી લાગે છે.

(૪)

છેવટે રા. હીરાલાલ પારેખ જે નરસિંહ મહેતાના ચરિત્રનું કર્તાપણું કોઈ અજ્ઞાત સંગ્રહકારને આપે છે. પણ તેના હારચરિત્રને અંતે જે નીચેની ફલશ્રુતિની અને કર્તાપણાની લીટીઓ છે તેનો શો અર્થ થાય છે, એમણે વિચાર્યું ?

"એ આખ્યાન જે ગાય સાંભળે, તે પામે ભક્તિયોગજી,
સંસારકલેશથી અળગો થાયે, ભક્તિમુક્તિ લહે ભોગજી. ૨૦
શ્રીકૃષ્ણજી તેહને કૃપા કરીને આપે નિજપદ વાસજી;
જ્યાંહાં સમીપ સંમુખ રહી, **ગુણ ગાય નરસૈંદાસજી**. ૨૧

આમાં 'ગુણ ગાય નરસૈંદાસજી' તે નરસૈંદાસ કોણ છે? **નરસિંહદાસ** નામનો કોઈ બીજો કવિ તો નથી ને?

ઉપરના કોઠા ઉપરથી જણાશે કે વિ. સં. ૧૭૨૫ પછી તે વિ. સ. ૧૭૩૨ સુધીમાં કોઈ નરસૈંદાસ નામની અજ્ઞાત વ્યક્તિએ આ સર્વ આખ્યાયિકાનો સંગ્રહ કર્યો હોય તો તે માનવા જેવું છે. અને એ સંગ્રહની સં. ૧૭૯૫માં લખાયલી બીજી પ્રત રા. હીરાલાલ પરિખને મળી, તે તેમણે છપાવી છે.

પરિશિષ્ટ

આ લેખ વાંચનારાઓને વિશેષ સમજ પડે તે માટે નીચેના બે ઉતારાઓ આપવાની અગત્ય છે.

અ. ૮૪ પદોવાળી હારમાળામાં નીચે પ્રમાણે ઉલ્લેખ છે:

"પૂર્વે જે જે કવિજન વૈષ્ણવે કહ્યાં ચરિત્ર ઉદાર જી
"તે સઘળાંનો જોડ કરીને બાંધ્યું શુભ આખ્યાન જી, ૧૬
"જે જે પરચા પ્રસિદ્ધ ભૂતળમાં તે લખ્યું વ્યાખ્યાન જી
"મહેતાનો યશ અતિ અગાધ છે, કહી ન શકે કવિ કોડ જી." ૧૭

આ ચાર લીટીઓ સ્વ. હ. દ્રા. કાંટાવાળાને મળેલી ૮૪ પદની હારમાળામાં હતી, જે ૧૬૨ પદવાળી છપાવેલી હારમાળાના પદ નંબર ૧૬૦ માં છે એ જ લીટીઓ રા. હીરાલાલ ત્રિ. પારેખે ગુ. વ. સો. તરફથી છપાવેલી પ્રતમાં પણ છે. પરંતુ તેને છેડે કોઈ નરસૈંદાસનું નામ છે. તે જ પ્રમાણે રા. કાંટાવાળાની પ્રતમાં પણ એ પદને છેડે નરસઈદાસ નામ છે, જે ખાસ નોંધવા યોગ્ય છે. મારી પાસેની વિશ્વનાથ જાનીની પ્રતનાં હારચરિત્રનાં છેલ્લાં પાનાં ફાટી ગયાં છે, પણ ૧૭થી ૩૬ સુધીનાં જે પદો બૃ. કા. દો. ના ૮મા ભાગમાં છાપ્યાં છે તે રા. પારેખની પ્રત સાથે પૂરેપૂરાં મળતાં આવે છે. એટલે જો તેની આખી પ્રત મળી આવી હોત તો તેમાંયે આ ચાર લીટીઓ જરૂર હોત, એમ મારૂં સમજવું છે.

આ. અને પ્રેમાનંદપુત્ર વલ્લભના રચેલા કહેવાતા પ્રેમાનંદચરિત્રમાં નીચે પ્રમાણે લેખ છે:

"આખ્યાયિકા અવનીમાં ઉતરી રે, તેનો સંગ્રહ કરિયો,

× × ×

હારમાળા તેનું નામ ધરિયૂં રે પણ નહીં માળા પૂરી,
ચોરાશી પદે ચોરાશી કોટી રે, જીવ ઉધારવા **માળા અધુરી**

× × ×

તેવાં પ્રાકૃતે ત્રણ આખ્યાન છે રે, ન ગુપ્ત રે' જ્યમ રેણુમાં રવિ,
તૃણમાં વહ્નિ રહે જો છાનો રે તો અન્ય નામે મહતનાં કામ,
રચનારે નામ ધર્યું નહીં તેમાં રે, તો કયમ હું ડાહ્યો થાઉં ?
પણ પરમાનંદવાણીમાં ઉપજે રે, તેથી પોતાને સમજાઉં."

("ગુજરાતી સન ૧૮૮૫ જુન. હ. દ્રા. કાંટાવાળા.)

× × ×

વલ્લભનું આ કથન સાચું હોય તો ૮૪ પદવાળી હારમાળા અધુરી ગણાવી જોઇએ. જ્યારે અજ્ઞાત કવિની અથવા નરસૈંદાસની ૮૪ પદવાળી હારમાળા તો સંપૂર્ણ છે. તો પછી આનો મેળ શી રીતે બેસે?

આ સર્વનો વિચાર વિદ્વાનોએ અવશ્યેં કરવો ઘટે છે.

મુંબઈ વિ. સં. ૧૯૯૨
નાગપંચમી

નટવરલાલ ઈચ્છારામ દેસાઈ (બી. એ.)

(૩)

સં. ૧૬૧૦ પ્રભાસનું ખત—એક ચર્ચા

નરસિંહ મહેતાના સમયની ગુજરાતી ભાષાનાં બે સ્વરૂપો હતાં–સંસ્કૃતા ગુર્જરી અને પ્રાકૃતા ગુર્જરી; અને પહેલા સ્વરૂપની ભાષામાં તે સમયથી આજ સુધીમાં કશો ફેરફાર થયો નથી, એમ શ્રી. જગજ્જીવનદાસ અધેકાએ મીઠાનાં કાવ્યોના આધારે જણાવ્યું હતું. એ કથન શ્રી. કેશવરામ કાશીરામ શાસ્ત્રીએ સ્વીકાર્યું હતું અને વિશેષમાં ઉમેર્યું હતું કે, તળ ગુજરાતની ગુજરાતી ભાષામાં ફેરફાર થયો છે, પરન્તુ કાઠીઆવાડની ગુજરાતી ભાષામાં ફેરફાર થયો નથી. પોતાના સિદ્ધાન્તના સમર્થનમાં પ્રમાણો ભેગાં કરીને તેમણે પ્રકટ પણ કરવા માંડયાં છે. પ્રથમ તેમણે નમૂચાણાના પાળીઆના લેખો પ્રકટ કર્યા, જેમાં પંદરમા શતકના સંવતોનો ઉલ્લેખ હોવા છતાં, તેમની ભાષા અર્વાચીન જેવી જણાય છે.[૧] આ લેખોની પ્રાચીનતા ભાષાશાસ્ત્રીઓમાં માન્ય થઈ નથી. આ લેખો પાંચસો વર્ષના જૂના ન હોઈ શકે, કારણ કે બધા પાળીઆના લેખો બનાવ બન્યો કે તુરત જ કોતરવામાં આવતા નથી, પરન્તુ ગામમાં ચાલી આવતી આખ્યાયિકાના આધારે ઘણા બહુ પાછળથી કોતરવામાં આવે છે. તેમ જ કાઠીઆવાડમાં એ પાળીઆના વિરુદ્ધના બીજા લેખો મળી આવ્યા છે. એટલે એ લેખોની કંઈ કિંમત રહી નથી. રા. ભોગીલાલ સાંડેસરાએ વઢવાણ અને અમરેલીના જે શિલાલેખો પ્રકટ કર્યા છે, તેમની ભાષા સ્પષ્ટ રીતે તે સમયનાં લખાએલાં ગુજરાતનાં હસ્તલિખિત પુસ્તકોના જેવી જ પ્રાચીન સ્વરૂપની છે.[૨] પરન્તુ સર્વથી વિશેષ અગત્યનો શિલાલેખ જૂનાગઢની કોલેજના પ્રોફેસર શ્રી. નર્મદાશંકર પુરોહિતને મળ્યો છે, તે નરસિંહ મહેતાના ગામનો જ અને તેના સમયનો જ (સં. ૧૫૦૭) છે.[૩] તેમાં અમારિ ઘોષણા સંબંધી રાજા મંડલિકનું શાસન કોતરેલું છે. એટલે તે તે સમયની પ્રચલિત ભાષામાં જ હોવો જોઈએ, એ બાબતમાં શંકાને સ્થાન હોઈ શકે નહીં. એમાંની ભાષા સોળમા શતકનાં પ્રાચીન ગુજરાતી કાવ્યોને સંપૂર્ણ રીતે મળતી છે. નરસિંહ મહેતાના સમયની કાઠીઆવાડની ભાષા કેવી હતી તેનો તે શંકાતીત નમૂનો રજૂ કરે છે. નરસિંહનાં પદોની સોળમા શતકની નકલ મળી આવે, તેના કરતાં પણ આ શિલાલેખનું પ્રામાણ્ય બળવત્તર ગણાય.

નરસિંહ મહેતાના સમયની કાઠીઆવાડની ભાષાનું આવું નિર્વિવાદ પ્રમાણ મળવા છતાં, રા. કેશવરામ શાસ્ત્રી પોતાનો અભિપ્રાય ફેરવતા નથી, પરન્તુ તેને માટે ખતપત્રોનો પુરાવો પણ ભેગો કર્યા જાય છે. પ્રથમ તેમણે સં. ૧૪૫૬ નું માંગરોળમાંથી મળેલું 'ખત' પ્રકટ કર્યું હતું. પરન્તુ તેમના પોતાના લખવાથી જણાય છે કે તદ્વિદો તરફથી તેની યથાર્થતા સ્વીકારવામાં આવી નથી. પ્રાચીન ગુજરાતીના સૂક્ષ્મ અભ્યાસી રા. મધુસૂદનલાલ મોદીએ વિસ્તારપૂર્વક ચર્ચા કરીને બતાવ્યું છે કે એ 'ખત'ની ભાષા તત્કાલીન હોઈ શકે નહીં.[૪] ખરી રીતે તો તે ખત પણ નથી, એમ હું ધારું છું. એ તો કંસારાની ન્યાતના પંચના ઠરાવો છે. આવા પંચના ઠરાવો એક વખત થયા પછી, તેમની નકલો સમયે સમયે પાછળથી થતી આવે છે. એટલે હાલમાં મળેલી નકલ મૂળ સમયની જ છે, એમ કહી

---

(૧) ફાર્બસસભા પ્રકાશિત પદ્ય મહાભારત વૉ. ૨, ઉપોદ્ઘાત, પૃ. ૧૪ (૨) બુદ્ધિપ્રકાશ, પુસ્તક ૮૨, અંક ૧ પૃ. ૯૮ (૩) ફૉ. સ. ત્રૈમાસિક, પુ. ૧, અં. ૧, પૃ. ૩૩ (૪) બુ. પ્ર. પુ. ૧, અં. ૮૧, પૃ. ૧

શકાય નહીં. હસ્તલિખિત ગ્રંથોની માફક આ ઠરાવોની વખતોવખત થએલી નકલોમાં ફેરફાર થયાં ગયા હોય તો ભાષા અર્વાચીન સ્વરૂપની બને, એ સ્પષ્ટ છે.

એ ખત વિદ્વન્માન્ય થયું નહીં, એટલે રા. શાસ્ત્રીએ હમણાં બીજું પ્રભાસમાંથી ખત ખોળી કાઢયું છે, અને શ્રી ફાર્બસ સભાના ત્રૈમાસિક, પુ. ૧, અં. ૧માં પ્રકટ કર્યું છે. એટલું સારૂં કર્યું છે કે તે ખતના કેટલાક ભાગનો ફોટોગ્રાફ પણ સાથે પ્રકટ કર્યો છે. પરન્તુ આ ખત તો પ્રથમના ખત કરતાંયે વિશેષ અવિશ્વસનીય છે, એમ તેનું સૂક્ષ્મ નિરીક્ષણ કરતાં જણાય છે. એનાં મુખ્ય કારણો નીચે પ્રમાણે છેઃ—

(૧) આ ખતના કાગળની જાત અને તેનું માપ (measurement) આપવામાં આવ્યાં નથી.

(૨) તેના અક્ષરોનો મરોડ પ્રાચીન ખતપત્રો લખનારનો નહીં, પણ હસ્તલિખિત ગ્રંથોની નકલ કરનાર લહીઆનો હોય એમ જણાય છે.

(૩) ખતની સાક્ષીઓનો ફોટોગ્રાફ કેમ આપવામાં આવ્યો નથી? સાક્ષીઓના અક્ષરો એક જ મરોડના છે કે જૂદા જૂદા તે જોવાની જરૂર છે.

(૪) લેખની નકલમાં જણાવેલી મહોરછાપ ફોટામાં કેમ જણાતી નથી?

(૫) ખતમાં થએલી છેકછાક અને ઉમેરા તેની વિશ્વસનીયતા સંબંધી મજબૂત શંકાને અવકાશ આપે છે. પહેલા પાનાની બીજી લીટીમાં 'પતસાહા' પછીનો સાતનો અંક, બીજા પાનાની ચોથી લીટીમાં ત્રણના અંક પછીનો ચારનો અંક, અને એકના અંક પછીનો સાતનો અંક, મૂળ લખાણ કરતાં જૂદી કલમે અને જૂદા મરોડથી લખાએલા છે. પહેલા પાનાની બીજી લીટીમાં પાદશાહનું મૂળ નામ ફાડી નાંખીને તેના ઉપર જૂદી કલમ અને જૂદા મરોડથી બીજું નામ લખવામાં આવ્યું છે. અને મૂળ નામનો પહેલો અક્ષર ફાડવો રહી ગએલો, તેના ઉપર બીજો અક્ષર ઘુંટીને લખવામાં આવ્યો છે. બીજું કાંઈ નહીં તો આ છેકછાક જ તેને ન્યાયની અદાલતમાં પૂરાવા તરીકે કોડીની કીંમતનો બનાવે.

(૬) લેખનો અગત્યનો ભાગ ઇતિહાસવિરૂદ્ધ છે. પાદશાહના નામની થએલી છેકછાક સંબંધી રા. શાસ્ત્રી લખે છે કે, "પાદશાહ તરીકે મૂળ નામ **महमूद** લખાએલું. (કારણ શું? બીજું નામ કેમ નહીં?) પાછળથી **हमूद** આટલા શબ્દો ફાડી નાંખી, **म** નો **स** બનાવી. **हमूद** ના ફાટેલા ખાંચા ઉપર **लमस्र** એવો ફેરફાર કરવામાં આવ્યો છે." આ પ્રમાણે આખું નામ **सलमस्र** થયું, તેને પોતે **सलीम शूर** વાંચે છે. **सलम** ને **सलीम** કદાચ માની લેઈએ, પરન્તુ **स्र** ને **शूर** શી રીતે માની લેવાય? વળી **ल** અક્ષર પણ સ્પષ્ટ નથી, તે **च** પણ વાંચી શકાય છે. આ છેકછાક થવાનું કારણ તેઓ આ પ્રમાણે કલ્પે છેઃ-

"પ્રભાસ પાટણ ઉપર તે સમયે આમ બે શાસનો હતાં એમ લાગે છે અમદાવાદના શાહનું જોર કમી થતાં, દિલ્હીના હાકેમના પ્રતિનિધિઓ ખતમાંથી તેના નામને ફાડી બાદશાહના નામને ઉમેરે, એ કાંઈ આશ્ચર્યજનક ન ગણી શકાય."

ઉપરના કથનમાંથી અનેક પ્રશ્નો ઉદ્ભવે છે. પ્રભાસમાં તે સમયે બે શાસનો હતાં, તેને માટે કંઈ આધાર છે ખરો? નવા રાજાનું શાસન થતાં જૂનાં ખતો લોકો પાસેથી મંગાવી, જૂના રાજાનું નામ ફાડી નાંખી, તેના ઉપર નવા રાજાનું નામ લખવામાં આવતું; તેને માટે તે કોઈ પ્રમાણ બતાવી શકશે ખરા? સલીમશાહ શૂર સં. ૧૬૧૦ માં એટલે ઈ. સ. ૧૫૫૪ માં દિલ્હીની ગાદી ઉપર હતો ખરો? આ બાદશાહનું ખરૂં નામ તો ઇસલામ

શાહ હતું. સલીમ શાહ તો હસ્તલિખિત ગ્રંથોની ભ્રષ્ટ વાચનાનું પરિણામ છે. તત્કાલીન ખતપત્રોમાં તો ખરૂં નામ હોય, યૂરોપીયન લેખકોએ વાંચેલું ભ્રષ્ટ નામ શી રીતે હોય ? આ બાદશાહના ખરા નામ અને સમય સંબંધી સુપ્રસિદ્ધ ઇતિહાસકાર મિ. વિન્સેન્ટ સ્મિથનો અભિપ્રાય વાંચો:—

"When Sher shah died, the choice of the nobles fell on his second son. Jalal shah, who ascended the throne under the style of Islam shah, often corruptly written and pronounced as Salim shah. His brief and disturbed reign ended iu 1553." (Oxfor History of India, p. 329).

ઉપરના ઉતારાથી જણાશે કે સલીમ શાહનું ખરૂં નામ ઈસ્લામ શાહ હતું અને તેના રાજ્યનો અંત ઈ. સ. ૧૫૫૩ માં આવ્યો હતો. તો ઈ. સ. ૧૫૫૪ ના ખતમાં તેનું નામ બાદશાહ તરીકે શી રીતે હોઈ શકે ? તેણે ગુજરાત ઉપર ચઢાઇ કરી તાબે કર્યું હતું, એમ પણ ઈતિહાસ કહેતો નથી. ગુજરાતની સલ્તનતનો અંત તો ત્યાર પછી અરાઢ વર્ષે અકબરના સમયમાં આવ્યો હતો. આ ઉપરથી સ્પષ્ટ સાબીત થાય છે કે ખત રચાયું તે સમયે સલીમશાહ ગાદી ઉપર નહોતો, તેમ જ ગુજરાત (અથવા કાઠીઆવાડ) દિલ્હીની હકુમત નીચે પણ આવ્યું નહોતું. આ ઇતિહાસવિરોધી હકીકત આ ખતની અપ્રમાણુતા સિદ્ધ કરે છે.

આ ખતમાં છેકછાક શી રીતે થઈ હશે તે સંબંધી મારૂં અનુમાન આ પ્રમાણે છે. આ ખત મૂળ સં. ૧૮૧૦ નું હશે એમ હું ધારૂં છું. બંને સંવતોમાં ચૈત્ર વદ ૭ ને દિવસે રવિવાર હોવાનું જ્યોતિષ ગણુત્રીથી જણાય છે. આ યોગ કોઈના જાણવામાં આવતાં આ ખતને બસો વર્ષ પાછળ લઈ જવાનો વિચાર થયો હશે. બાળબોધ આકડાને (૮) ને બેવડાવીને તેનો છગડો (૬) સહેજે કરી શકાય એમ છે. આ પ્રમાણે સંવતનો અંક ફેરવીને બાદશાહનું નામ પણ કાઢીને ફેરફાર કરવામાં આવ્યો જણાય છે. પરન્તુ ફેરફાર કરનારને ઇતિહાસનું પૂરૂં જ્ઞાન નહીં હોવાથી આ વાત પકડાઈ ગઈ છે. સં. ૧૮૧૦(ઈ. સ. ૧૭૫૪)માં મહમ્મદખાન ઉર્ફે શેરખાન બાબીએ જૂનાગઢનું સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું હતું.[1] ખતમાં લખેલું બાદશાહનું મૂળ નામ જો મહમૂદ હોય, તો તે આ મહમ્મદખાન હોવો જોઇએ.

જગતની બધી ભાષાઓ વિકારશીલ હોય, ગુજરાતી ભાષા પણ વિકારવશ હોય. નરસિંહ મહેતાના સમય પહેલાંની કાઠીઆવાડની ભાષામાં પર ફેરફાર થયો હોય (સરખાવો રાણકદેવીના પ્રાચીન દુહાઓ), છતાં પણ નરસિંહ મહેતાના સમય પછીની કાઠીઆવાડની ભાષા એ પ્રકૃતિ નિયમથી પર હોય, એવો અશાસ્ત્રીય સિદ્ધાન્ત રા. કેશવરામ શાસ્ત્રી જેવા પ્રાચીન ભાષાના અભ્યાસી ધરાવે, એ બહુ આશ્ચર્યજનક કહેવાય. હવે, જ્યારે, શ્રી. બધેકાનાં લોકગીતો બનાવટી સાબીત થયાં છે, અને નરસિંહ મહેતાના સમયની ભાષાના સ્વરૂપનો તલ જૂનાગઢનો જ શિલાલેખ મળી આવ્યો છે, ત્યારે રા. શાસ્ત્રી પોતાનો અશાસ્ત્રીય સિદ્ધાન્ત ત્યજી દેશે અને તેને માટે આવાં લૂલાં સાધનો ભેગાં કરવામાં પોતાની શક્તિનો ઉપયોગ નહીં કરે, એમ મારી તેમને વિજ્ઞપ્તિ છે.

પાટણ
તા. ૨૭–૭–૧૯૩૬

શમલાલ ચુનીલાલ મોદી.

(૧) મહાજનમંડળ પૃ. ૫૫

ગુજરાતના વૈજ્ઞાનિક સંશોધનના પ્રશ્નો

આ ત્રૈમાસિકના, જુલાઈ-સપ્ટેમ્બરના અંકમાં (પૃ. ૧૯૩-૧૯૯) ઉપરના વિષયના લેખમાં સૂચન કર્યા પ્રમાણે શ્રી ફાર્બસ ગુજરાતી સભાની સહાનુભૂતિથી "ગુજરાત સંશોધનમંડળ" મુંબઈમાં સ્થાપવાની યોજના કરવામાં આવે છે. માટે સંશોધનના પ્રશ્નો સંબંધી આર્થિક મદદ અથવા બીજી કોઈ જાતની સગવડ કરવાની ઇચ્છા રાખનારાઓને અને નીચેને સરનામે તે વિષે લખી જણાવવાની વિનંતી છે.

લલિતકુંજ,
મુંબાઈ-૨૧, ખાર.
૫-૯-૩૬

પોપટલાલ ગોવિંદલાલ શાહ

ગુજરાતનાં કેટલાંક પક્ષીઓ[1]

વ્યાખ્યાતા :—**રા. રા. ગજાનન ઉ. ભટ્ટ**, બી. એ., ડીપ. એડ. (લીડઝ),
એમ. એડ. (લીડઝ), એમ. આર. એસ. ટી.

સન્નારીઓ અને સદ્‌ગૃહસ્થો !

ગુજરાતની આટલી જૂની અને સુપ્રસિદ્ધ સંસ્થા તરફથી આમંત્રણ આપી આપે મને ઘણો મોટો કરી બતાવ્યો છે. વળી પક્ષીઓ બાબત હું જે કાંઈ જાણું છું તે આપ સર્વની આગળ રજુ કરવાની મને જે તક આપી છે, તેને માટે પણ હું આપનો ઉપકાર માનું છું. પક્ષી સંબંધી મારું જ્ઞાન બહુ જ વિગતવાર, શાસ્ત્રીય અને બહોળું નથી. જે કાંઈ હું જાણું છું તે પક્ષીઓનો સીધો અભ્યાસ કરી, તથા તેમના નિકટ ના પરિચયમાં આવીને જાણું છું. આ અભ્યાસ અને પરિચય પરથી જે થોડાએક નિર્ણયો મેં દોર્યા છે, તે પણ લાંબા નિરીક્ષણનાં જ પરિણામો છે. એટલે કદાચ વૈજ્ઞાનિકોએ વર્ષો સુધી પ્રયોગો કરી જે પરિણામો—આણ્યાં હોય તેની, સચોટતા, ઝીણવટ અને સૂક્ષ્મ ભેદો આપને મારા ભાષણમાં માલુમ નહીં પડે, પરંતુ કોઈ અજાણી દુનીયાની મુસાફરી કરી આવેલ મુસાફરની વાતમાં જે રસ પડે, તેવો રસ તો આપને અવશ્ય આજના પક્ષી-પ્રસંગોમાં પડશે.

અભ્યાસની ત્રણ રીતિઓ

પક્ષીઓના અભ્યાસ ત્રણ રીતે કરી શકાય છેઃ (૧) મરેલ પક્ષીઓ ઉપરથી—જેને શાસ્ત્રીય અભ્યાસ કહેવામાં આવે છે. (૨) પક્ષીઓને પાંજરાંમાં પૂરીને, અને (૩) પક્ષીઓને તેના દૂરથી નીરખીને, મારો અભ્યાસ મુખ્યત્વે આ ત્રીજા પ્રકારનો છે, જો કે તેમાં કેટલીક વાર બીજા પ્રકારની મદદ લેવી પડેલ છે. મારું એવું માનવું છે કે જેમ માણસના મડદાના નિરીક્ષણથી અથવા કેદખાનામાં વસતા કેદીઓના જીવનવ્યવસાયના અભ્યાસથી કોઈ માણસ મનુષ્યજાતિનો સાચો અભ્યાસ ન જ કરી શકે, તે જ પ્રમાણે મરેલ પક્ષીઓ ઉપરથી અથવા પાંજરાંમાં પૂરેલાં પક્ષીઓ ઊપરથી પક્ષીજીવનનો ખરો અભ્યાસ ન જ થઈ શકે. પક્ષીઓનો સાચો અભ્યાસ કરવો હોય તો પક્ષીઓને માળા બાંધતાં, બચ્ચાંનું પોષણ કરતાં, નૃત્ય કરતાં, કલરવ કરતાં, વૃક્ષ અથવા લતાકુંજમાં આનંદતાં નીહાળવાં જોઈએ. આ પ્રકારના નિરીક્ષણમાં બહુ જ શ્રમ પડે છે. અને થોડીએક હકીકતો હાથ કરતાં ઘણો જ સમય જાય છે. કારણ કે પક્ષીઓ ઉંચે ઝાડમાં આ બધી ક્રિયાઓ કરે છે; તેથી નરી આંખે તેમનું નિરીક્ષણ બરાબર થઈ શકતું નથી. વળી પક્ષીઓ બહુ જ શરમાળ અને બીકણ હોઈ આપણને પાસે પણ જવા દેતાં નથી, તેમ બહુ દૂરથી તેમનાં રંગ અને આકાર પણ સ્પષ્ટ દેખી શકાતાં નથી; અને માળા બાંધીને બચ્ચાં ઉછેરવાની ઋતુ સિવાય તેઓ એક જ જગાએ નિવાસ કરતાં નથી, આ સર્વ કારણોને લઈને એક પક્ષીના અભ્યાસ પાછળ મહિનાઓ ગાળવા પડે છે. મને યાદ છે તે પ્રમાણે ત્રણ વર્ષની સતત મહેનત પછી મને લગભગ દોઢ ડઝન પક્ષીઓના જીવનવહેવારની માહિતી મળી છે.

---

[1] તા. ૯-૪-૩૯ ને રવિએ શ્રી. ફાર્બસ ગુજરાતી સભા મંદિરમાં અપાયલું વ્યાખ્યાન સવિસ્તર અહીં આપેલું છે. **અં. બુ. જાની, સં. ત્રૈ.**

પક્ષીનિરીક્ષણની આ પદ્ધતિ એક "પ્રયોગ" તરીકે પણ યુવાનોએ હાથ ધરવા જેવી છે. આપણા દેશનાં પક્ષીઓનો અભ્યાસ કરતાં કરતાં તે આપણને કુદરતની વધારે નિકટ લઈ જાય છે; મનને શાન્તિ અને સ્વભાવમાં ધીરજના ગુણો આપે છે. પક્ષીઓ પાછળ રખડવાથી મનુષ્ય તંદુરસ્ત બને છે, અને શાન્તિથી મનન કરતાં શીખે છે. મને તો પક્ષી-નિરીક્ષણના કાર્યમાંથી અપૂર્વ આનંદ મળ્યો છે.

પક્ષી સંબંધી હાલમાં આપણું જ્ઞાન ઘણું જ ઓછું છે. ગામડાંનાં માણસો પણ બહુ જ ઓછાં પક્ષીઓને પીછાને છે, આપણે ત્યાં લગભગ ૧૫૦ જાતનાં પક્ષીઓ છે, જ્યારે સામાન્ય માણસ અડધા ડઝનથી વધારે પક્ષીઓને પીછાનતો નથી.

જૂના વખતમાં લોકોનું જ્ઞાન પક્ષી વિષે વધારે હોય તેમ જણાય છે. પક્ષીઓના સ્વભાવનો ખ્યાલ આપતી પુષ્કળ પક્ષીકથાઓ આપણે ત્યાં છે. પક્ષીઓની રહેણીકરણી સંબંધી અનેક કલ્પનાઓ કરી રાખેલી છે, અને આ સર્વની પાછળ આપણને જરૂર જણાશે કે તેઓએ પક્ષીઓનાં નિરીક્ષણ બરાબર કરેલ હોવાં જોઈએ, જો કે તેમના નિર્ણયો કેટલીક વાર અપૂર્ણ માલુમ પડે છે. આ વાત વધારે સ્પષ્ટ કરવા આપણે થોડાએક દાખલા લઈએ.

(૧) કાળો કોશી—તેને અંગ્રેજીમાં "king crow" કહેવામાં આવે છે. આ પક્ષી આપણે ત્યાં ઘણું સામાન્ય છે, અને રેલ્વેની મુસાફરી દરમ્યાન જો આપણે બારીમાંથી બહાર જોઈએ તો તે તારના થાંભલા પર અનેક ઠેકાણે બેઠેલ જરુર માલુમ પડશે+ આ પક્ષી ચાંચે મજબુત અને પાંખે ઝડપદાર છે. તેનાથી બધાં પક્ષીઓ ડરે છે. તે ઘણું ચાલાક પક્ષી છે. પક્ષીકથામાં તેને પક્ષીઓના પટેલ તરીકે આલેખવામાં આવે છે.

કથા એમ કહે છે કે—એક વખત એક રાણીએ હઠ લીધી કે મારે પક્ષીઓનાં પીંછાંની જ તળાઈમાં શયન કરવું છે. રાજાએ પક્ષીના પટેલ કાળા કોશીને બોલાવી, રાણીની ઇચ્છા જણાવી, તળાઈ માટે પીંછાં ભેગાં કરવા આજ્ઞા આપી. કાળા કોશીને મન એ એક મહાન આફત હતી. કેટલાંયે પક્ષીઓનો નાશ કરવામાં આવે ત્યારે તળાઈ ભરાય તેટલાં પીંછાં ભેગાં થઈ શકે. પરંતુ તે વખતે તો તેણે રાજાની આજ્ઞા માથે ચઢાવી રજા લીધી, અને થોડી મુદતમાં પીંછાં લાવી આપીશ તેમ વચન આપ્યું. પરંતુ એ મુદત તો ગઈ છતાં કાળા કોશી પાછો દેખાયો જ નહીં. રાણીજી અધીરાં થવા લાગ્યાં, અને રાજાએ કાળા કોશીને તેડી લાવવા માણસો મોકલ્યાં. 'હમણાં આવું છું,' એમ કાળા કોશીએ કહેવરાવ્યું, અને ઘણાં તેડાં ગયાં બાદ તે હાજર થયો. રાજાએ વિલંબનું કારણ પૂછ્યું. કાળા કોશી કહે-અમારી જ્ઞાતિ ભેગી થઈ હતી, અને તેમાં સ્ત્રીઓ વધારે કે પુરૂષો વધારે, એ વાતની ચર્ચા ચાલી હતી અને તેનો નિર્ણય વહેલો ન થયો તેથી વિલંબ થયો. રાજા કહે:—"તેમાં એવું તે શું વાંધા જેવું હતું?" શું પક્ષીઓમાં પુરૂષો વધારે હોય? અને સ્ત્રીઓ ઓછી હોય?" ત્યારે કાળા કોશીએ કહ્યું કે "મહારાજ? અમારી નાતમાં એમ ઠર્યું કે જે પુરૂષો પોતાની સ્ત્રીની બુદ્ધિ પ્રમાણે ચાલે તેને પણ સ્ત્રીઓમાં ગણવા અને છેવટે ગણત્રીમાં પુરૂષોથી સ્ત્રીઓની સંખ્યા વધી

+ આ પક્ષીની વિશેષ હકીકત માટે જુઓ: "સ્કાઉટીંગ અને બીજી વાતો" કુમાર કાર્યાલય—અમદાવાદ, કાળાકોશી ઉપરનું પ્રકરણ

પડી." રાજા તેના કહેવાનો મર્મ સમજી ગયો અને રાણીને માટેના પીંછાના ગાદલાની વાત બંધ પડી.

આ વાર્તાની અંદર કાળા કોશીના ખાસ ગુણો સ્પષ્ટપણે ચીતરવામાં આવ્યા છે.

(૨) **દિવાળી ઘોડો.** હવે એક બીજું પક્ષી દિવાળી ઘોડો લઈએ:—ચકલીથી સ્હેજ મોટું સફેદ અને કાળા પટ્ટાવાળું આ પક્ષી આપણા દેશનું નથી, પણ નવરાત્રિ ઉપર મધ્ય એશીઆમાંથી અહિં આવે છે, અને ઠંડા દેશનું પક્ષી હોઈ ગરમીની ઋતુ શરૂ થતાં અહિંથી ફાગણ શુદી પુનમ અથવા ચૈત્ર શુદી પુનમ ઉપર મોડામાં મોડું ચાલ્યું જાય છે. આવાં પક્ષીઓને દીવાળી ઘોડો કહેવામાં આવે છે. જો કે એ પક્ષીઓ હોય છે, તેવો ખ્યાલ જૂના વખતમાં માણસોને ન હતો, પણ તેમણે ચોક્કસ રીતે એટલું તો નિરીક્ષણ કરેલું કે દિવાળી ઘોડો ફાગણ શુદી પુનમ ઉપર અદશ્ય થઈ જાય છે, અને ફરી આસો શુદીમાં નવરાત્રિ ઉપર દેખાય છે. દિવાળી ઘોડા સંબંધી એક જૂની પ્રચલિત માન્યતા ઉપરથી આ વાત વધારે સ્પષ્ટ થશે. દિવાળી ઘોડાને હુતાશની આવતાં એક નવું પીંછું ઉગે છે, અને તેથી તે અદશ્ય થઈ જાય છે, અને નવરાત્રિમાં તે પીંછું ખરી પડે છે, તેથી તે દેખાવા માંડે છે. રાજા ભોજ નગરચર્યા જોવાને માટે જે અંધારપછેડો ઓઢતો તે આ પીંછાનો બનાવવામાં આવેલ હતો, એમ કહેવામાં આવે છે.

આ જ પ્રમાણે **લેલાં** માટે સાત બ્હેનોની કથા છે.

(૩) **સુગરી.** સુગરીના સુંદર માળાએ પણ તે લોકોનું ધ્યાન ખેંચ્યું હોય તેમ જણાય છે. કોઇએ સુગરીના માળામાં થોડીએક માટી ચોંટેલી જોઈ, એવી કલ્પના કરી છે કે સુગરી આગીઆ કીડાને પકડી માળામાં ભીંની માટીમાં ચોંટાડે છે. અને રાત્રે આગીઓ કીડો દીવા જેવો પ્રકાશ આપે છે*. આ કલ્પના સુંદર છે. પણ હકીકત યથાર્થ નથી. 'મોરનાં ઇંડાં ચીતરવાં ન પડે'—આ કહેવત પણ બરાબર નથી, કેમકે મોરનાં ઇંડાં તદ્દન સફેદ હોય છે.

(૪) **કોયલ.** વળી કોયલ પોતાનાં ઈંડાં સેવતી નથી, એ હકીકત તો ઘણા જૂના કાળથી લોકો જાણતા હોય તેમ સંસ્કૃત સાહિત્ય ઉપરથી દેખાઈ આવે છે. જે કોયલ સુંદર રીતે ટહુકે છે, તે માદા નથી પણ નર છે.× નર કોયલનો રંગ કાળો છે, જ્યારે માદા કોયલનો રંગ ભૂરો અને પટ્ટાવાળો છે, અને તે એક નાનો ટહુકો અથવા ચિત્કાર જ કરે છે.

---

* 'The Common Birds of Bombay'માં આ ચોંટાડેલી માટીની વાત લખેલ છે. મેં પોતે ઘણા સુગરીના માળા જોયા છે, પણ મને તેમાં હજુ સુધી આવી માટી માલુમ પડી નથી. આ વાત ખાસ ખાત્રી કરવા લાયક છે. ... ... (ગ. ઉ. ભટ્ટ).

× નર કોયલ ટહુકે છે અને માદા ટહુકતી નથી. ગુજરાતી કવિઓએ (ગુજરાતી કવિતા બાબત હું જેટલું જાણું છું તે પ્રમાણે) હંમેશાં કોયલને નારી તરીકે સંબોધી, તેની કવિતા ગાઇ છે, અને તેની જ ઉપમા આપી છે. દા. ત.

"... કોયલ બોલે અણછતી." (નળાખ્યાન)

"તું કોયલડી કાળી કાળી બહુ રૂપાળી." (નિ: ગૌ. વ્યાસ)

"પરભૃતિકા ગાન સ્વર્ગીય ગાય." (મ. ર. ભટ્ટ)

"કોયલ રાણી! તમે ટુહુ ટુહુ બોલો." (સ્ત્રીઓના ગરબા)

"આલાપે કોકિલા ને શુક સહ વરતી સારિકાએ પ્રલાપે." શ્રી. ફા. ગુ. સભા ત્રૈમાસિક પુ. ૨. અં. ૨ પાનું ૧૭૮

"નહીં સ્વાન એ તો ગાન પેલી ગાય કોયલ માધુરી"
મધ્યરાત્રીએ કોયલ—**શ્રી નરસિંહરાવ**

આ સર્વ હકીકત ઉપરથી એટલું ફલિત થાય છે કે જૂના વખતમાં માણસો પક્ષીઓનું નિરીક્ષણ કરતા, અને તેના ઉપરથી નિર્ણયો પણ દોરતા. તેમને ઘર બહારની સૃષ્ટિમાં રસ હતો. આજે આપણો રસ અને શોખ કુદરતમાંથી ઓછો થયો છે.

આપણું નિસર્ગનિરીક્ષણ શૂન્ય થયું છે. મોટર અને ઍરોપ્લેન, નાટક અને બોલતાં ચિત્રપટો ઉપર આપણને જેટલો શોખ છે, તેટલો શોખ આકાશદર્શન, પક્ષીનિરીક્ષણ, સમુદ્રતટો અને પર્વતોનાં પર્યટનમાં રહ્યો નથી. આપણા જુવાનોએ એટલું જરૂર યાદ રાખવું જોઈએ કે નિસર્ગનિરીક્ષણ બીન ખરચાળ અને અતિ રસપ્રદ છે.

પક્ષીલોક

કહે છે કે મહાત્માઓ ત્રણ જીવન એકી સાથે જીવી શકે છેઃ સ્થૂળ શરીરે આ લોકમાં, નિદ્રાવસ્થામાં પિતૃલોકમાં અને ધ્યાનસમાધિમાં દેવલોકમાં. આ વાત ગમે તેમ હોય, પણ જો આપણને પક્ષીઓનો શોખ હોય તો, આપણે મનુષ્યલોકમાં અને પક્ષીલોકમાં સાથે જીવી શકીએ છીએ. આ પક્ષીલોક ઘણો જ અજબ છે. તે આપણી આજુબાજુ આવેલ હોવા છતાં આપણને દેખાતો નથી. તેની અંદર લગભગ ૧૫૦ જાતનાં પક્ષીઓ વસે છે, જ્યારે મુંબઈમાં પણ ૧૫૦ જાતની પ્રજા નહીં વસતી હોય. આ ૧૫૦ જાતનાં પક્ષીઓ એક

"શું દેવી છે તું? વનદેવી કિંવા" — કોકિલા ને રસિકનાં કાવ્યો

"ડાળે ઝુલંત કોક કોકિલાને માળે"

ભોમીયા વિના—ગંગોત્રી

જ્યારે ગુજરાતી કવિઓએ આમ માદા કોયલને સુંદર સંગીતનો બધો યશ આપ્યો છે, ત્યારે સંસ્કૃત કવિઓએ વધારે બારીક નિરીક્ષણ કર્યું હોય તેમ જણાય છે, અને નર અને માદા બન્ને કોયલો ગાન કરે છે, તેમ વર્ણવ્યું છે. દા. ત.

"पुंस्कोकिलो यन्मधुरं चुकूज"

कुमारसंभव—श्लो. ३२, सर्ग ३

"मधुररवा परभृतिका

मालविकाग्निमित्र, श्लो. २, अंक ४

"कण्ठेषु स्खलितं गतेऽपि शिशिरे, पुंस्कोकिलानां रुतम्"

अभि-शाकुन्तल, श्लो. ४, अंक ५

"त्वां कामिनो मदनदूती मुदा हरन्ति"

(विक्रमोर्वशीयम्)

"एकस्त्वं गहनेऽस्मिन् कोकिल न कलं कदाचिदपि कुर्याः

(जगन्नाथ)

"रतिदूतीपदेषु कोकिलां मधुरालापनिसर्गपण्डिताम्

कु. सं. श्लो. १६ सर्ग ४

આ છ અવતરણમાં ત્રણ સ્થળે નર અને ત્રણ સ્થળે માદા કોયલ એમ ઉલ્લેખ કરેલ છે.§

---

§ આ સંસ્કૃત શ્લોકો શોધી આપવા માટે શા. કોલેજના પ્રો. જાનીનો હું ઋણી છું.

બીજાથી અનેક રીતે ભિન્ન છે. તેમની રહેણીકરણી, આહારવિહાર, એક બીજાથી તદ્દન જૂદાં છે. આ આખા પક્ષીલોક ઉપર આટલા ટુંક સમયમાં કાંઈ રહી શકાય નહીં, એક જ પક્ષી પસંદ કરી, તેના જીવનવિહારનો ખ્યાલ આપવા માટે આટલો સમય પણ પૂરો ન થાય. તેથી આજે હું પક્ષીઓ સંબંધી થોડીએક જાણવા જેવી હકીકતો રજુ કરી, એકાદ પક્ષીનો મારો સંપૂર્ણ અભ્યાસ આપની સમક્ષ મૂકવા ઇચ્છા રાખું છું.

પક્ષીયોનિ

પક્ષીયોની પશુયોનિથી ઘણી જ ઉચ્ચ કક્ષા પર છે, અને કેટલીક વાર એમ પણ માનવાને કારણ મળે છે કે મનુષ્યયોનિ કરતાં પણ ઉત્ક્રાન્તિક્રમમાં તે આગળ વધેલા જીવ છે. પશુઓની માફક પક્ષીઓ જડ અને સ્થૂળ નથી. તેમનો આહારવિહાર સૂક્ષ્મ છે. તેઓ સ્નાનાદિ ક્રિયા વડે સ્વચ્છ રહે છે. કુદરત તેમને પ્રતિવર્ષે નવો પોષાક આપે છે. વસંત ઋતુમાં અને પાંખરવાની ઋતુમાં તેમનું સંગીત ખીલી નીકળે છે; અને નૃત્ય અને શણગાર પ્રત્યેનો તેમનો શોખ દૃષ્ટિગોચર થાય છે. આકાશ તેમની દુનીઆ છે, અને વૃક્ષો તેમનાં ઘર છે. તેમની ઉડવાની શક્તિને લીધે તેઓ શુદ્ધ હવા શ્વાસોશ્વાસમાં લે છે, અને સુંદર લીલાં ખેતરો અને ટેકરીઓને નિહાળી અત્યંત આનંદ અનુભવે છે. સંવનનકાળે નર ગાયન, નૃત્ય, ઉડ્ડયન અને અનેકવિધ પ્રેમચેષ્ટાથી માદાને પ્રસન્ન કરે છે. કેટલાંક પક્ષીઓ આખા વર્ષ માટે એક પત્નીવ્રત પાળે છે, જ્યારે કેટલાંક પક્ષીઓ તો જીંદગીભર લગ્નગ્રંથીથી જોડાય છે. કેટલાક સંસ્કારી પતિઓ પત્નીને માળા બાંધવામાં, ખોરાક લાવી આપવામાં, ઇંડાં સેવવામાં અને બચ્ચાં ઉછેરવામાં પૂરેપૂરી મદદ કરે છે; દા. ત. કાગડા, ટીટોડી, બુલબુલ ઇત્યાદિ, જ્યારે મોર જેવા છેલબટાઉ પતિઓ અન્યત્ર પ્રેમ કરતા રખડે છે. અને પત્નીને બીલકુલ મદદ કરતા નથી.

પ્રેમ અને લગ્નમાં પક્ષીઓ પશુ કરતાં તો વિશેષ ચઢતાં છે. પણ મનુષ્ય કરતાં પણ ચઢીઆતાં માલુમ પડે છે. કબૂતરોમાં પતિપત્નીનો સ્નેહ ચિરસ્થાયી હોય છે, અને પતિ મરે ત્યારે પત્ની તેની પાછળ ઝુરે છે. અને બીજો પતિ કરતાં પહેલાં વર્ષો વીતી જાય છે. વળી પક્ષીઓ પોતપોતાની એક જ જાતિમાં પરણે છે. તેઓ આંતરવર્ણીય અથવા આંતર દેશીય લગ્ન કરતાં નથી. આપણી ચકલી જાવાના ચકલા સાથે જોડાતી નથી. ભલે તે બન્નેને એક જ પાંજરામાં પૂરી રાખો. કેટલીક વાર નર ભાન ભૂલી સહવાસ વધારવા જાય, પણ માદા તુરત મારામારી ઉપર આવી જાય છે. એક વખત આવાં બે સરખા કદનાં અને એક જાતનાં પણ જૂદા જૂદા દેશનાં પક્ષીઓને પાંજરામાં પૂરવામાં આવ્યાં હતાં. લાંબે વખતે નર મર્યાદા ચૂકી માદા તરફ સ્નેહ દર્શાવા લાગ્યો, અને જોરાવર હોઈ તેણે એક વખત બળાત્કાર કર્યો. પરિણામ એ આવ્યું કે માદાએ ત્રણ દિવસ સુધી ખાવુંપીવું છોડી દીધું અને મરી ગઈ.

કુટુંબભાવના—આ ઉપરાંત પક્ષીઓમાં કુટુંબભાવના પણ હોય છે. બચ્ચાંઓ સ્વાશ્રયી થાય, જાતે ઉડતાં અને ખાવાનું મેળવતાં ન શીખે ત્યાં સુધી પતિપત્ની દિવસ રાત તેમનું રક્ષણ કર છે, ભરણપોષણ કરે છે. અને ઉડતાં અને ખોરાક મેળવતાં પણ શીખવે છે.

પક્ષીઓને મનુષ્યની સાથે સરખાવતાં "The Common Birds of Bombay-માં લખેલ આ હકીકત અવશ્ય ધ્યાન ખેંચે એવી છે: "If there is any difference

between the sexes it is the male which is most beautifully or at least most brilliantly dressed, as is fit; for he is in the front ranks, fighting and making love, while her place is in the sweet backgrounds of life, and quietness and modesty adorn her nest. Why civilised man has proceeded upon exactly the opposite principle, is a question for philosophers. +

(જો બે જાતિઓમાં કોઈ ફેર હોય તો તે એ જ કે નર સૌથી વિશેષે સુંદર અગર કંઈ નહીં તો સૌથી વિશેષે તેજસ્વી પરિધાનવાળો હોય છે; અને તે યોગ્ય જ છે; કારણ કે તેને લડાઈની વેળા તેમ પ્રેમ કરવામાં પણ સૌથી મોખરે રહેવું પડે છે, જ્યારે માદાનું સ્થાન જીવનના મધુર આંતર ક્ષેત્રોમાં છે, અને યૌવન તેમ જ લજ્જા તેને સૌથી વિશેષે શોભાવે છે. ઘણો સુધરેલો માણસ આથી તદ્દન વિરૂદ્ધ નિયમે વર્તે છે, અને એ ફીલસુફોએ વિચારવા યોગ્ય સવાલ છે.

પક્ષીઓની ગતિ, અને ઉડવાની ગતિ

પક્ષીઓની ગતિ પણ ખાસ ધ્યાન ખેંચે તેવી છે. મેં પોતે ખાસ અખતરા કરી નક્કી કરેલ છે, કે–કાગડા અને કાબરો સાંજે માળા તરફ પાછાં ફરે છે, ત્યારે તેમની ગતિ લગભગ કલાકના ૨૫થી ૩૦ માઈલની હોય છે. વળી અબાબીલ નામની ચકલીઓ થાય છે, જેને ઇંગ્લીશમાં 'સ્વીફ્ટ' કહેવામાં આવે છે, તેની એક જાત કલાકના ૧૦૦ માઈલની ઝડપે ઉડે છે.* બાજ–ભેરીની ગતિ તો ૨૦૦ માઈલની ગણવામાં આવે છે. દેશાન્તર કરનાર પક્ષીઓ તો એક રાતમાં મોટા મોટા સમુદ્રો ઓળંગી જાય છે. સ્ટારલીંગ નામનાં પક્ષીઓ સખ્ત ઠંડીમાંથી બચવા યુરોપમાંથી આફ્રિકાના ઉત્તર કીનારા ઉપર ઉતરે છે, ત્યારે એક રાતમાં ભૂમધ્ય સમુદ્ર (૪૦૦ માઈલ અંતર) ઓળંગી જાય છે. વળી જૂદાં જૂદાં પક્ષીઓની ઉડવાની રીતમાં ફેર હોય છે. કેટલાંક પક્ષીઓ આખી પાંખો હલાવે છે, જ્યારે ઘુવડ માત્ર પાંખોના છેડા જ હલાવે છે. અને બીલકુલ અવાજ કર્યા વગર ઉડે છે, અને અંધારામાં ઉંદરને તે ચેતે તે પહેલાં પકડી લે છે. સમડી તો વગર પાંખ હલાવે ઉંચે ને ઉંચે ચઢે છે. પક્ષીઓનું નિરીક્ષણ કરવા ઇચ્છતા ભાઇઓએ તેટલા માટે પક્ષીઓની ગતિ અને ઉડવાની કળા અવશ્ય અભ્યાસ કરવા જેવી છે; અને તેમને સંશોધનને માટે તેમાં ઘણું વિશાળ ક્ષેત્ર છે.

પક્ષીઓના માળા

પક્ષીઓના માળા, તેની રચના અને ઇંડાં, આ બાબત એક સ્વતંત્ર લેખ માગી લે તેવી હોઈ હું આ સ્થળે તેનો ઉલ્લેખ કરવા માગતો નથી અને સ્હેજ અટપટી અને ભ્રમ ઉપજાવે તેવી બે એક બાબત ઉપર થોડુંએક કહેવા માગું છું.

બુદ્ધિ અને પ્રેરણાશક્તિ

માળા બાંધવા, ઇંડાં સેવવાં, બચ્ચાં ઉછેરવાં, પોતાનું અને બચ્ચાંનું સંરક્ષણ કરવું, લાંબી મુસાફરી કરવી, રહેઠાણનાં સ્થળો પીછાનવાં,–આ બધાં કામ પક્ષીઓ બુદ્ધિથી કરે છે કે પ્રેરણાશક્તિથી? આ પ્રશ્ન વિચારવા જેવો હોઈ હું તેની થોડીએક નોંધ અત્રે લઉં છું.

+ The Common Birds of Bombay by E. H. A. P. 7.

* "Some kind of swift can fly 50 Kos. in an hour." Birds of an Indian Village. By D. Dewar. p. 108.

બુદ્ધિની એક એવી વ્યાખ્યા છે કે "બુદ્ધિ એટલે સમય અને પરિસ્થતિને જલદી બંધબેસતાં થવાની શક્તિ." વળી બુદ્ધિના ટકા નક્કી કરવામાં બીજી કેટલીક એક શક્તિઓની પરીક્ષા કરવી પડે છે:—

દા. ત. સ્મરણશક્તિ, તર્કશક્તિ, ધ્યાન, સમજ, સાર કાઢવાની શક્તિ, ગણિત, ઇત્યાદિ.

પ્રેરણાશક્તિ

પ્રેરણાશક્તિ એ સર્વ પ્રકારની પ્રવૃત્તિનું મૂળ છે. સર્વ પ્રકારનાં પ્રાણીઓ અમુક સંયોગોમાં, અમુક રીતે જ વર્તે છે, પણ જો સંયોગો નવા ઉભા થાય અથવા બદલાય, તો તેમની ક્રિયામાં ફેર પડતો નથી. મનુષ્ય સિવાયનાં પ્રાણીમાત્ર પ્રેરણાશક્તિ દ્વારા જ મોટે ભાગે પોતાની પ્રવૃત્તિઓ કરે છે. તેમાં બુદ્ધિનો સંચાર ઘણો જ ઓછો હોય છે. એમ કહેવામાં આવે છે, જ્યારે મનુષ્યની પ્રવૃત્તિનો જન્મ પ્રેરણાઓમાંથી થાય છે, પણ તેમની ક્રિયાઓ ઉપર સ્વામીત્વ તો બુદ્ધિનું જ હોય છે, મનુષ્ય કોઈ કામ કરે અને તેમાં ફત્તેહ ન મળે તો સંયોગો વિચારી તેમાં ઘટતો ફેરફાર કરે છે, જ્યારે કેટલાંક પશુપક્ષીઓ તેમ કરી શકતાં નથી, તેઓ સંયોગો બદલાયા છતાં એક ને એક ક્રિયા અમુક રીતે જ કરે છે. ટુંકામાં તેઓ સર્વ કાર્ય પ્રેરણાઓને વશ થઈને જ કરે છે. આ હકીકત અવશ્ય વિચારવા જેવી છે.

ઘણાખરા પક્ષીવિશારદોનો એવો અભિપ્રાય છે કે પક્ષીઓ માળા બાંધવાનું, બચ્ચાં ઉછેરવાનું, દેશાન્તર કરવાનું, અને દુશ્મનને પીછાણવાનું કામ પ્રેરણાશક્તિ દ્વારા જ કરે છે. આપણે જો ચકલીને માળો બાંધતી જોઈએ, તો આ વાત બરાબર સમજાય છે. ચકલી ઘણી વાર એવી જગા પસંદ કરે છે, કે જે માળા માટે અનુકૂળ ન હોય. દા. ત. ઘડીઆળનું ગોળ માથું, ઉઘડતાં—વસાતાં બારીબારણાં; માળા માટે ઘાસ અને સળીઓ લાવીને ચકલી જેવી ગોઠવે તેવાં તે પડી જાય. આવું વારંવાર બને છતાં તે ત્યાં ને ત્યાં જ માળો બાંધવા પ્રયત્ન કર્યાં કરે છે. આનું નામ તે પ્રેરણાશક્તિ દ્વારા પ્રવૃત્તિ.

કેટલાંક પક્ષીઓ હજારો માઈલોની મુસાફરી પર્વતો અને સમુદ્ર ઓળંગીને કરે છે. દા. ત. દિવાળી ઘોડા, ગુલાબી મેના, સ્ટારલીંગ, ઇત્યાદિ, પ્રેરણાશક્તિ દ્વારા જ આ કાર્ય છે, તેમ માન્યા સિવાય છુટકો નથી. સુગરી ગુંથીને એવો સુંદર માળો બનાવે છે, કે જેવો માળો મનુષ્ય પણ અનેક પ્રયત્નો કર્યા પછી કદાચ ન બનાવી શકે. કાગડા ઇંડાં સેવે છે; પણ તેમાંથી ઈંડું ઉપાડી તેને બદલે ઈંડા જેવો દડો મૂકવામાં આવે તો તેને પણ સેવે છે. આ બધી ક્રિયાઓ બુદ્ધિજન્ય નથી, આ સર્વ પ્રવૃત્તિ પ્રેરણાજન્ય છે, એવો કેટલાકનો અભિપ્રાય થાય છે.

બારીક નિરીક્ષણ કરતાં એવું માલુમ પડે છે કે કેટલાંક પક્ષીઓ પ્રેરણા ઉપરાંત બુદ્ધિનો પણ મોટા પ્રમાણમાં ઉપયોગ કરે છે. કાગડા માળા બાંધે છે તેમાં માળાની જગાની અને માળો બાંધવાની વસ્તુની પસંદગી કરવામાં બુદ્ધિનો ઉપયોગ કરે છે. ઘણાં વર્ષો પૂર્વે કાગડા માળાને ડાળ સાથે ઘોડાના વાળ અને કાથાથી બાંધતા. છપ્પનના દુષ્કાળમાં લોઢાના વાળાથી બાંધેલ ખડની ગાંસડીઓ દેશમાં આવી. કાગડાઓએ માળાને મજબુત કરવા વાળાનો ઉપયોગ તે વર્ષથી શરૂ કર્યો. માણસોએ મકાન મજબુત કરવા લોઢાનાં ગર્ડરોનો ઉપયોગ કરવામાં જે બુદ્ધિ વાપરી તે જ બુદ્ધિ કાગડાએ પણ પોતાનું મકાન મજબુત કરવામાં વાપરી, એમ કહ્યા સિવાય ચાલી શકે તેમ નથી. "ઓતરાદી દિવાલો"માં કાગડાએ લોઢાના

સળીઆને માળામાં ઉપયોગમાં લઈ શકાશે કે નહીં, તે જાણવા જે જે પ્રયોગો કર્યા તેનું વર્ણન શ્રી. કાલેલકરે આપેલ છે, તે વાંચતાં જરૂર આપણે કબુલ કરવું જોઈએ કે કાગડાએ એક ખરેખરા વૈજ્ઞાનિકની બુદ્ધિ દર્શાવી છે. સમળીઓ પણ કાગડાના માળામાં ઘટતો ફેરફાર કરી, તેને પોતાને રહેવા લાયક બનાવે છે.

તેને વળી પક્ષીઓમાં ગણિતની પણ શક્તિ જોવામાં આવે છે. કેટલાંક પક્ષીઓ બે સુધી ગણી શકે છે. આ બાબત મેં એક પ્રયોગ કરેલો તેનું વર્ણન આગળ ઉપર આપવામાં આવશે.

સ્મરણશક્તિ

કેટલાંક પક્ષીઓમાં સ્મરણશક્તિ છે. દા. ત. સંદેશાવાહી કબુતરો, મૂળ જગા ઉપર પાછાં ફરે છે. પક્ષીઓ પોતાનાં બચ્ચાંને પીછાને છે. તેમ જ આડોશીપાડોશીને પણ ઓળખે છે. મારા મકાન પાસે આવેલ બુચના ઝાડમાં બગલાની બેત્રણ જાતો દરસાલ પુષ્કળ માળા બાંધતી હતી. એક સાલ બિલાડીએ આવી તેમનાં ઈંડાં અને બચ્ચાંનો નાશ કર્યો. બીજે વરસે બગલાંઓ આવ્યાં, બે દિવસ ઝાડ ઉપર બેઠાં અને પછી આગલા વરસની હોનારતનું સ્મરણ થયું હોય તેમ માળા નહીં બાંધતાં તે બધાં ત્યાંથી ઉડી ગયાં. એટલે સ્થળ જોતાં ગત વર્ષનાં સ્મરણો તાજાં થયાં હોય તેમ મારૂં માનવું થયું છે. કારણ કે તેમને ઉડી જવાને બીજું કાંઈ પણ કારણ બનવા પામ્યું ન હતું.

આ દૃષ્ટાન્તો ઉપરથી હું એમ સ્વીકારવા લલચાઉં છું કે પક્ષીઓની પ્રવૃત્તિઓ પ્રેરણા તથા બુદ્ધિજન્ય છે. કેટલાંક પક્ષીઓ બીજાં પક્ષીઓ કરતાં વધારે બુદ્ધિશાળી હોય છે. પ્રેરણા અને બુદ્ધિ એકબીજાનાં વિરોધી નથી, પણ એક બીજાનાં પૂરક છે. અને તેમના સમન્વયથી કાર્ય વધારે સતેજ થાય છે. પક્ષીઓની અનેકવિધ પ્રવૃત્તિઓમાં આ શક્તિઓનું ઓછા વધતા પ્રમાણમાં સંમિશ્રણ થએલ હોય છે.

હવે હું આપની સમક્ષ ટીટોડી સંબંધી કેટલી એક હકીકતો રજુ કરી આજનું વ્યાખ્યાન સમાપ્ત કરીશ.

(૫) **ટીટોડી**—આ તો બહુ જ જાણીતું પક્ષી છે. તેનો અવાજ એકવાર સાંભળો તો કદિ વિસરી ન શકાય તેવો છે. ગીચ વસ્તીનાં શહેરો સિવાય મે માસથી તે છેક સપ્ટેમ્બર સુધી દિવસરાત આ અવાજ બધે સંભળાયાં જ કરે છે. એના એ વિચક્ષણ અવાજ ઉપરથી અંગ્રેજીમાં તેને "ડીડ યૂ ડુ ઈટ? પિટી ટુ ડૂ ઈટ" (Did you do it ? Pity to do it)ના નામથી ઓળખવામાં આવે છે. આપણે ત્યાં તો તેના અવાજ ઉપરથી ઉપજેલી લોકકથા જાણીતી છે. તે બોલે છે ત્યારે "વ્રત કરતી'તી;" "વ્રત કરતી'તી" એ શબ્દોને મળતો અવાજ સંભળાય છે; તે પરથી વાર્તા એવી બનાવાઈ છે કે એક બાઈ ઉપવાસ કરી વ્રત કરતી હતી; ઘણા ઉપવાસ કરવાથી મરી ગઈ અને ટીટોડી જન્મી તેથી "વ્રત કરતી'તી," "વ્રત કરતી'તી" એમ એ બોલે છે. આમ આ પક્ષી આપણા લોકોમાં ખુબ જ જાણીતું છે. એ સિવાય તેને વિષે બીજી પણ અનેક માન્યતાઓ લોકોમાં પ્રચલિત છે, જેવી કે—

(૧) દરિયાકિનારે, તળાવને કાંઠે, કે નદીને તટે એમ કોઈ જળાશય આગળ જ આ પક્ષી ઈંડાં મૂકે છે, (૨) રાત્રે એ પગ અદ્ધર રાખી ચત્તું સુએ છે. (૩) તે ચાર ઈંડાં મૂકે છે. એ ચાર ઈંડાંના અણીવાળા ભાગ જો જમીન તરફ ભેગા હોય અને પહોળા ભાગ ઉપર હોય તો ચોમાસાના ચારે માસ સારો વરસાદ આવે; પણ એકાદ ઈંડું પડી ગયું હોય તો તે માસ વરસાદ વગરનો ખાલી જાય; (૪) જો ટીટોડી ઝાડ ઉપર રહે, તો જળપ્રલય થાય;

(૫) આ પક્ષી એક આંખે ઉંઘે છે ને એક આંખે ચોકી કરે છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે જૂના વખતમાં લોકોને ટીટોડી સંબંધી જ્ઞાન સારૂં હતું.

આ પક્ષી કદમાં કાબર જેવડું જ હોય છે, પણ તેના પગ લાંબા હોઈ પ્રથમ દૃષ્ટિએ આપણને તે મોટું લાગે છે. તેનું માથું કાળું હોય છે, અને પાંખોનો ભાગ ભૂખરોકાળો હોય છે, પેટનો ભાગ સફેદ છે. અને પગ રંગે પીળા, એની આંખ આગળથી એક સફેદ પટ્ટી શરૂ થઈને ઠેઠ પેટ સુધી જાય છે, પુંછડી ઉપર પણ એક ધોળો પટ્ટો હોય છે. જ્યારે તે ઉડે છે ત્યારે તેની પાંખોમાં આવેલા બે સફેદ પટ્ટા આ પુંછડીના સફેદ પટ્ટા સાથે જોડાઈ જઇને અંગ્રેજી W અક્ષરના જેવો સફેદ આકાર સાફ તરી આવે છે. એની ચાંચ લાલ હોય છે; અને કપાળમાં લાલ લટકતી ચામડી હોય છે,

ટીટોડી જમીનથી સહેજ ઉંચી જમીન પસંદ કરી, તેમાં પગવતી ખોતરી, શંકુ આકારનો એક ખાડો બનાવે છે; અને તેમાં નાના નાના કાંકરા ચાંચવતી ઉપાડી લાવી, બહુ જ સફાઈથી ગોઠવે છે. આ માળો આજુબાજુની જમીન વગેરેના દેખાવ સાથે એવો તો એકરંગ મળી જાય છે કે તમે એક વાર જોયો હોય છતાં બીજી વાર સહસા શોધી ન શકો; તમારા પગ પાસે માળો હોય પણ ન જડે. આ પક્ષીમાં કુદરતે કોઈ અદ્ભુત પ્રેરણાશક્તિ મૂકી છે. તેના રચેલા માળાનો, માળામાંના પત્થરનો અને તેમાં મૂકેલાં ચાર ઇંડાંનો રંગ એવો તો મેળ લે છે કે ટીટોડીનો માળો શોધવો બહુ જ મુશ્કેલ પડે છે. અને તેમાં ઇંડાં મૂકયા પછી તો આ પક્ષી એવું તો ચાલાક થાય છે કે તેના માળાનો પત્તો તમને લાગવા જ ન દે. તે જૂદીજૂદી દિશાએ ઉડીને જાય, બીજે બીજે સ્થળે જ ફર્યાં કરે. તમારા ઉપર ઘણે દૂર સુધી હુમલા કરે અને તેનો માળો કોઈ બીજે જ સ્થળે હશે, એમ તમને લાગે તેવો દેખાવ કરે.

ટીટોડીએ અમારા મકાનના કમ્પાઉન્ડમાં એક ઉનાળામાં ઇંડાં મૂકયાં હતાં, અને તેનું નિરીક્ષણ કરવાની અમને સુંદર તક પ્રાપ્ત થઈ હતી. રાતદિવસ ટીટોડી અને ટીટોડો ઇંડાંનું રક્ષણ કરે. કોઈ એક ખેતરમાં જાય ત્યાં તો ઉડીને શોરબકોર મચાવી મૂકે. કાગડા, સમળી કે કૂતરાં ઉપર તો જોસથી હુમલો લાવે અને તેમને નસાડે ત્યારે જ જંપે. ટીટોડી ઇંડાં ઉપર સેવવા બેસી જાય ત્યારે તેનું કાળું માથું અને ભૂખરી પાંખો આજુબાજુની જમીન સાથે એવી તો મળી જાય કે આપણને છેક પાસેથી પણ દેખાય નહીં. બને નરમાદા વારા ફરતી સેવે, અને વારા ફરતી ચોકી કરે. ચોકીદાર હંમેશાં ઉંચી જગ્યા ઉપર બેસે અને જેવું કોઈ ખેતરમાં દાખલ થાય કે 'ટક ટક, ટક ટક' કરી ઈંડાં સેવનારને ખબર આપી દે, જેથી તે પણ માળામાંથી ઉડી જાય; પણ તે એવી ઝડપ ને સફાઈથી કે આપણને ખબર પણ ન રહે કે તે કયાંથી ઉડયું. રાતમાં પણ ટીટોડીનો અવાજ તો સંભળાયાં જ કરે.

એક અજવાળી રાતે ખેતરના ખૂણા પાસે મોડી રાત સુધી બેસી મેં જોયું તો જણાયું કે બધાં જંપી ગયા પછી નરમાદા વારાફરતી પાસેના કૂવાની નીકમાંથી પાણી પી આવ્યાં, અને અરધો અરધો કલાક રખડી ખોરાક પણ ખાઈ આવ્યાં. તેઓને રાતમાં આરામ પણ વારાફરતી લેતાં મેં જોયાં. અને મારી ખાતરી થઈ કે તેઓ પગ ઉંચા રાખીને નહીં, પણ પગ વાળીને જ ઉંઘે છે. લશ્કરી પહેરાની માફક તે પહેરો બદલે છે. તેથી આપણે આલંકારિક ભાષામાં કહી શકીએ કે ટીટોડી એક આંખે નિદ્રા લે છે, અને બીજી આંખે ચોકી કરે છે. વળી મેં ઘણા ખેડુતોને પૂછયું છે. અને જાતે પણ ઘણાં ટીટોડાંનું નિરીક્ષણ પણ કર્યું છે, પરન્તુ કયાંય ટીટોડાંને ઝાડ ઉપર બેઠેલાં દીઠાં નથી. કદાચ તેના પગની રચના જ એવી હોય કે તે ડાળી પકડી ન શકે.

ટીટોડાંનું ગણિત—મારા એક સંબંધીને આ ઈંડાં સેવતી ટીટોડીનો ફોટો લેવાનો વિચાર થયો; માળાથી થોડે દૂર ખાટલા ગોઠવી તેના ઉપર કપડું નાંખી અમે ઓથાણુ બનાવ્યું અને એક બપોરે 'ફોકસ' ગોઠવી, ફોટો પાડવા બેઠા. પરંતુ ટીટોડાં એવાં તો ચેતી ગયાં કે દૂર ને દૂર ફરે, પણ માળા પાસે ન જ આવે. લગભગ એકાદ કલાક શાન્તિથી રાહ જોયા છતાં ટીટોડી ન આવી, એટલે અમે બીજા દિવસ ઉપર ફોટો લેવાનું મુલતવી રાખી ઉઠી ગયા.

બીજી સવારે મેં તથા મારા મિત્રે ફોટો પાડવાનું શરૂ કર્યું, માળા પાસે એક ખાટલો મૂકયો, અને તેની પાછળ બેઠક ગોઠવી, તેના ઉપર મારા મિત્રને બેસારી, ઉપર લુગડું ઢાંકી હું ચાલ્યો આવ્યો. પાએક કલાક આજુબાજુ ભમી ટીટોડી માળા પાસે આવી ન આવી ત્યાં તો ટીટોડો જે દિવાલ ઉપર બેઠો હતો તેણે ટકટક અવાજ કરી તેને કાંઈક કહ્યું; અને તે ચાલી ગઈ. ત્યાર પછી જૂદેજૂદે વખતે અમે ઘણા પ્રયાસ કર્યા, પણ ફોટો પાડી શકાયો જ નહીં. અમે બે જણ માળા પાસે જઈએ, હું મારા મિત્રને ત્યાં બેસારી, આજુ-બાજુ બધે ઓઢાડી પાછો ફરૂં, તે ટીટોડાં દૂર બેઠાં બેઠાં જુએ, અને સમજી જાય કે બે માણસ ગયા હતા તેમાંથી એક પાછો ફર્યો, એટલે એક સંતાએલ હોવો જોઈએ. એક દિવસ અમે બે ને બદલે ત્રણ જણ માળા પાસે ગયા, ફોટો લેવા માટે પેલા ભાઈ ત્યાં રોકાયા, અને અમે બે વાતો કરતા પાછા ફર્યા. ટીટોડીનું ગણિતનું જ્ઞાન ત્રણમાંથી બે જાય તો એક રહે તેટલું ન હોઈ, તેણે માન્યું કે બધા ચાલ્યા ગયા અને તુરત માળામાં આવીને બેઠી, અને અમે ફોટો લઈ શકયા. બેમાંથી એક જાય તો એક બાકી રહે છે, તેટલું ટીટોડી સમજી શકતી હોય તેમ આ ઉપરથી અનુમાન થાય છે. તે ત્રણ સુધીની ગણત્રી કરી શકતી નથી, બીજાં કેટલાંક પક્ષીઓ તો શૂન્ય અને એક તે બેનો જ તફાવત સમજે છે.

ટીટોડાંની ભાષા—કલાકો ને કલાક એકીસાથે માળા પાસે બેસી રહેવાથી મને એક બીજું ખાસ એ જણાયું કે, ટીટોડાં વાતચિત કરી શકે છે, અને નરમાદા એક બીજાને ઘણું ઘણું સમજાવી શકે છે. થોડાક દાખલા આપું. એક વખત હું સંતાયો ત્યારે મારો વાંસો દિવાલ ઉપર બેઠેલો ટીટોડો જોઈ શકતો હતો, જ્યારે જમીન ફરતી ટીટોડી તે જોઈ શકતી ન હતી. જેવી ટીટોડી માળા પાસે આવી કે તરત જ ટીટોડે કાંઈક ટુંકા અવાજમાં કહ્યું અને તે ઇંડા ઉપર બેસતી બેસતી ઉભી થઈ ચાલી ગઈ. થોડી વારે તે ફરી આવી ને ફરી ટીટોડે કાંઈક કહ્યું અને તે ચાલી ગઈ. પછી તો બંને વચ્ચે કાંઈક વધુ વાતચિત થઈ અને ટીટોડી માળા ઉપર ન આવતાં હું સંતાયો હતો તે બાજુ આવી અને મારો વાંસો દેખાતો હતો તે જોઈ ગઈ, અને પછી હું જ્યાં સુધી બેસી રહ્યો ત્યાં સુધી આવી જ નહીં.

એક દિવસ સમળી અને કાગડાએ ટીટોડીનાં ઇંડાં ઉપર બહુ જ ઝપટ કરી; ટીટોડો કયાંક ચારા માટે ગએલા, અને માળામાં ટીટોડી એકલી, એણે બહુ જ અવાજ કર્યો, પણ ટીટોડો આવ્યો નહીં પરંતું તેણે બધા સાથે યુદ્ધ કરી, ઇંડાં તો જાળવ્યાં. થોડી વારે ટીટોડો આવી પહોંચ્યો. પણ તે વખતે સમળી–કાગડા ઉડી ગયાં હતાં. પછી બંને જણ દિવાલ ઉપર બેઠાં અને ટીટોડીએ તેને એટલી તો લાંબી વાત કરી તે વાતમાં જાતજાતના અવાજ હતા—કે આપણને એમજ થાય કે સમળી–કાગડાના હુમલામાંથી પોતે ઇંડાં કેમ બચાવ્યાં તે વાત એ કહેતી હતી. વાત સાંભળી ટીટોડો ઉડયો ને બીજાં બે ટીટોડાંને લઈ આવ્યો, અને જબરૂં યુદ્ધ મચાવી, એ આખા મેદાનમાંથી તેમણે સમળી તથા કાગડાને હાંકી કાઢયાં.

સહશિક્ષણ[1]

લેખક: રા. રા. સુશીલ બ. મુનશી

[૧]

જગત સમક્ષ આજે અનેક જટિલ પ્રશ્નો અણઉકલ્યા પડયા છે. આમાંના ઘણા પ્રશ્નો વ્યાપક બનતા જાય છે. આવા પ્રશ્નો રાજકીય, સામાજિક કે શિક્ષણ પરત્વેના હોય છે. આધુનિક સંસ્કૃતિના મૂળમાં જ એવો સડો પેઠો છે, જે સંસ્કૃતિને વિનાશને માર્ગે લઈ જાય છે. સંસ્કૃતિ જ્યારે કોઈ અદીઠ ભાવિ તરફ ઘસડાતી હોય ત્યારે એ સંસ્કૃતિના મૂળમાં પેઠેલા સડાનું સૂક્ષ્માવલોકન કરી, સડાનાં કારણોની પરીક્ષા કરવી અનિવાર્ય થઇ પડે છે. આવા સડાનું નિરીક્ષણ કરી, તેમાં મૂળગત ફેરફાર કરવો, એ આજના સુધારકોની અને જ્યોતિર્ધરોની ફરજ છે. આવા સડાનું નિરીક્ષણ કરતાં પ્લેટો જેવા તત્વચિંતકે વર્ષો પૂર્વે ઉચ્ચાર્યું હતું કે જગત સમસ્તના પ્રશ્નોનો ઉકેલ શિક્ષણના પ્રશ્નમાં રહ્યો છે. પ્લેટો જેવા સમર્થ વિદ્વાનનું આ કથન વર્ષોના મનોમન્થનના પરિપાક રૂપ છે. આજના ચિન્તકો પણ આની સાથે સહમત થાય છે. શિક્ષણનો પ્રશ્ન આજે કોઈ એક રાષ્ટ્રનો નથી. એ પ્રશ્ન છે આજે જગત સમસ્તનો. પ્રાચીન કાળમાં મનુષ્યો પરરાષ્ટ્રના માનવીઓ સાથે સીધા સંપર્કમાં ભાગ્યે જ આવતા. તે સમયે મુસાફરી વિગેરેમાં પડતી મુશ્કેલીઓએ એમનો માર્ગ અવરોધ્યો હતો. એ સમયના લોકો 'કૂપમંડુક' જેવા હતા! અન્ય દેશોને બાજૂએ મૂકી, આપણા હિન્દનો જ દાખલો લઇએ.[1] "એ સમયે દેશમાં (કવિ નર્મદના સમયમાં) દીવાસળી નહોતી, એટલું જ નહીં, પણ દેશની દુર્દશા બતાવે એવી જ્ઞાનદીવાસળી પણ તે વખતે નહોતી." આજે એ સમય નથી. આજે અદ્ભુત પરિવર્તન થઈ રહ્યું છે. યંત્રવાદે જગતનાં રાષ્ટ્રોને એક બીજાની નિકટ લાવી મૂક્યાં છે. આપણે આપણા જીવનમાં જ રસ લઈએ છીએ, એ ઉપરાંત અન્યના જીવનમાં પણ રસ લેતા થયા છીએ. યંત્રવાદે સ્થળ અને કાળનાં અંતર ઓછાં કર્યાં છે. એક અંગ્રેજ લેખક કહે છે તેમ આપણા ખાદ્ય પદાર્થ તપાસીશું તો જૂદા જૂદા દેશમાંના બનેલા માલમ પડશે. આમ યંત્રયુગને લીધે આપણું જીવન વધુ વ્યાપક બનતું જાય છે. આજે કોઈ પણ રાષ્ટ્ર પોતાનો જ વિચાર ન કરી શકે. એને જગતનાં આંદોલનો અને પરિસ્થિતિનો સમગ્ર વિચાર કરવો આવશ્યક છે. હિન્દનો કોઈ પણ પ્રશ્ન લો, અને એ પ્રશ્ન અન્ય દેશના પ્રશ્ન સાથે સંકળાયલો જણાશે. કાતીલ બેકારીનો પ્રશ્ન પણ આજે એકલા હિન્દનો નથી. એ તો પ્રશ્ન છે સઘળાં મૂડીવાદી રાષ્ટ્રોનો. હિન્દમાં જ સ્વતંત્રતાને કાજે લડત ચાલી નથી રહી; માનવીઓનો મોટો સમૂહ આજે પરતંત્રતાની બેડીમાંથી, છૂટવા સર્વત્ર યત્ન કરી રહ્યો છે. આવાં અનેક ઉદાહરણોથી આપણને પ્રતીતિ થશે કે કોઈ રાષ્ટ્ર જગતનાં આંદોલનોની અવગણના કરી શકે એમ નથી. શિક્ષણના પ્રશ્ન પરત્વે પણ એવું જ. દેશકાળની મર્યાદાને ધ્યાનમાં રાખી, શિક્ષણના સિદ્ધાન્તો જોઈએ તો બહુ તફાવત નહીં લાગે.

પાશ્ચાત્ય દેશોએ શિક્ષણના ક્ષેત્રમાં અત્યંત પ્રગતિ કરી છે. પાશ્ચાત્ય પ્રજાએ એ ક્ષેત્રમાં અવનવા પ્રયોગો કર્યા છે. બાળકોને માંટે 'મોન્ટીસૂરી' અને માધ્યમિક

---

૧ સ્વ. કરસનદાસ મૂ. સ્મારક જાહેર સભામાં, ઇનામપાત્ર થયેલો આ નિબંધ વંચાયો હતો.

અં. બુ. જાની. સં. ત્રૈ.

૧ 'વીર નર્મદ' લેખક શ્રી વિશ્વનાથ ભટ્ટ પૃ, ૨

શાળાઓ માટે 'ડૅાલ્ટન' યોજના વધુ આદર પામી છે. નિરક્ષરતાના પ્રશ્નને રશિઆએ મોટે ભાગે ઉકેલ કરી નાંખ્યો છે. જર્મનીમાં[૧] "૧૯મી સદીમાં કન્યાકેળવણી ખૂબ અવ્યવસ્થિત હતી. રાજ્ય કે પ્રજા તરફથી એ વિષય તરફ બહુ ધ્યાન અપાતું નહીં. કોઈ એ કહ્યું છે તેમ ૧૮મી સદી સુધીમાં ફક્ત પુરુષોનો જ સમાજ હતો. ક્યાં સુધી કુમારિકાઓના ઉચ્ચ શિક્ષણ માટે કશી વ્યવસ્થા ન હતી. ૧૯૦૮માં રાજ્યસંસ્થાના ફરમાન અનુસાર પ્રશિયન વિદ્યાપીઠોનાં દ્વાર સ્ત્રીઓ માટે ખુલ્લાં (પુરુષોને ધોરણે જ) મૂકાયાં. આમાં સ્ત્રીઓને ફક્ત શ્રોતાજનો તરીકે જ આવવાનો હક્ક હતો.[૧]"

હિન્દમાં ૧૯૩૧માં શિક્ષણનું પ્રમાણ ૧૭ પુરુષો ને ૨ સ્ત્રીઓ જેટલું છે. આવાં વિધાનો પરથી એટલું તો ફલિત થાય છે કે અન્ય રાષ્ટ્રો સાથે શિક્ષણના ક્ષેત્રમાં હિન્દ હરિફાઈ કરી શકે એમ નથી. હિન્દમાં શિક્ષણનું પ્રમાણ જ એટલું અલ્પ છે કે સહશિક્ષણની તો વાત જ શી રીતે થાય ? સહશિક્ષણ હિન્દમાં લગભગ નહીં જેવું જ છે એટલે જ એ પ્રશ્નનું મહત્વ વધુ છે. આજના આમવર્ગના સંપર્કમાં આવ્યાં હશે એમને હિન્દમાં પ્રવર્તતી નિરક્ષરતાના આંકડાની ભાગ્યે જ જરૂર હશે ! દેશની પ્રગતિને અવરોધતો એ પ્રશ્ન તે કેળવણીનો. જે રાષ્ટ્રો કેળવણીના નવયુગમાં પગલાં માંડી રહ્યાં છે ત્યાં શિક્ષણનું વૃક્ષ ફૂલ્યુંફાલ્યું રહે છે. હિન્દમાં આજે જ્ઞાનરૂપ પ્રકાશ કરતાં અજ્ઞાનરૂપ અંધકાર વધારે વ્યાપક બન્યો છે. એ અંધકાર ભેદવા સરસ્વતી દેવીની આરાધના કરવી, એ પ્રત્યેક હિન્દીની ફરજ છે—ધર્મ છે. આપણા દેશની આંતરિક પરિસ્થિતિ જોતાં, દેશમાં પ્રચલિત વહેમ અને ઉદાસીનતા શિક્ષણક્ષેત્રમાં મુખ્ય વિઘ્નો છે. આજે દેશ ૧૫૦ વર્ષથી શૃંખલામાં જકડાઈ રહ્યો છે, એટલે અભણ લોકો શિક્ષણનું માપ આર્થિક દૃષ્ટિએ કાઢે છે. દ્રવ્યોપાર્જન શિક્ષણનું મધ્યબિંદુ લેખાય છે.

આપણા દેશમાં કયા ઉદ્દેશથી અંગ્રેજી કેળવણી દાખલ કરવામાં આવી હતી તે વિષે એક જવાબદાર વ્યક્તિ એના પિતા ઉપર લખે છે, "જે હિન્દુએ અંગ્રેજી કેળવણી લીધી હશે તે એના ધર્મને ચુસ્તપણે વળગી રહેશે નહીં... હું ચોક્કસ માનું છું કે અમારી રીત પ્રમાણે શિક્ષણ અપાશે તો ૩૦ વર્ષ પછી બંગાળના પ્રતિષ્ઠિત કુટુંબમાં એક પણ મૂર્તિપૂજક રહેશે નહીં.[૨]" જે ઉદ્દેશથી અહિં શિક્ષણ દાખલ થયું તે અને આધુનિક પરિસ્થિતિ જોતાં સહશિક્ષણનો પ્રશ્ન વધુ અભ્યાસ માગી લે છે.

સહશિક્ષણ કેટલે અંશે સ્વીકાર્ય છે અને કેટલે અંશે સફળ થાય તેનો નિર્ણય કરતાં પહેલાં શિક્ષણશાસ્ત્રીઓની શિક્ષણ વિષેની ભિન્નભિન્ન વ્યાખ્યાઓનો અભ્યાસ અને રાષ્ટ્રિય અને પરરાષ્ટ્રિય પરિસ્થિતિ અને સંજોગોનું સૂક્ષ્મ નિરીક્ષણ, એ સૌ આવશ્યક થઈ પડશે. કોઈ પણ પ્રશ્નના નિરાકરણ માટે અપક્ષપાત, મોકળું મન અને શાસ્ત્રીય અભ્યાસ અત્યંત્ય આવશ્યક છે. શિક્ષણ વિષે વ્યાખ્યાઓ આપતાં વિચારકો અમુક દૃષ્ટિબિંદુને ધ્યાનમાં રાખી, વ્યાખ્યાઓ આપે છે આને લીધે વ્યાખ્યાઓ આપણને ભિન્નભિન્ન લાગે છે.. કવિવર રવીન્દ્રનાથ ટાગોર જેવા પ્રખર વિદ્વાન એમના શાન્તિનિકેતન વિષે બોલતાં "શિક્ષણનું ધ્યેય આત્માની ઉન્નતિ અને આત્માની મુક્તિને કાજે હોવું જોઈએ"[૩] એમ કહે છે. યુરોપના પ્રખર વિચારક કવીલકુચ

---

૧ 'શ્રી દક્ષિણામૂર્તિ'માંના 'છેલ્લા યૂરોપીય મહાયુદ્ધ પછીની જર્મનીની શિક્ષણપ્રણાલિ'ના લેખમાંથી; લેખક: શ્રી. ગજાનન ભટ્ટ (M. Ed. 1e31)

૨ "Selections from Macaulay" By C. V. Downs and G. L, Dovis. Pg.19

૩ "Twentieth Century Addresses" Ed by Prof Dickinson & Prof Sharma Pg

"શિક્ષણ એટલે બહારથી લાદવાની કોઈ વસ્તુ નહીં પણ અભ્યાસીની આંતરિક શક્તિને પ્રકટ કરતી વસ્તુ"[1] એમ કહે છે. સ્વામી વિવેકાનંદ પણ શિક્ષણને માનવીમાં રહેલી ગુપ્ત શક્તિને મૂર્ત કરવાનું સાધન લેખતા. આપણા પ્રાચીન વિચારકો પણ શિક્ષણ એટલે सा विद्या या विमुक्तये એમ ગણતા. અન્ય અગ્રગણ્ય વિચારકો અને પ્રસિદ્ધ પુરુષોમાં ગણના થાય છે એવા મી. વાઈકાઉન્ટ હૉલ્ડેઈન,[2] "વિદ્યાપીઠને પ્રજાનો આત્મા કહે છે." અને આત્મોન્નતિ માટે શિક્ષણ આવશ્યક માને છે. આ પ્રમાણે ભિન્ન ભિન્ન મતો છતાં વ્યક્તિની ઉન્નતિ માટે અને રાષ્ટ્રની પ્રગતિ માટે શિક્ષણ એક અનિવાર્ય અંગ છે એમ સર્વ વિચારકો સ્વીકારે છે. શિક્ષણની જ્યાં જરૂરિઆત સ્વીકારાય છે ત્યાં શિક્ષણના ધ્યેયને પ્રાપ્ત કરવા સહશિક્ષણ પણ અનિવાર્ય છે, એમ આગળ જોઈશું.

* * *

[૨]

હિન્દની પ્રાચીન શિક્ષણપ્રથા જાતિભેદ ઉપર રચાઈ હતી, એટલે મનુષ્ય જે વર્ણમાં જન્મ્યો હોય તે વર્ણને યોગ્ય શિક્ષણ મળે. ઉચ્ચ વર્ણો દરેક જાતનું જ્ઞાન પ્રાપ્ત કરતા, પણ શૂદ્રોને એવો હક્ક ન હતો. વિદ્યાભ્યાસ અને બ્રહ્મચર્ય પરસ્પર સંકળાયલાં હતાં અને વિદ્યાર્થી જીવનમાં બ્રહ્મચર્ય આવશ્યક મનાતું. તે સમયની દેશની પરિસ્થિતિને અનુકૂળ હોવાથી આવી વ્યવસ્થા થઈ હતી, એમ માનવાને કારણો છે. દેશકાળની સ્થિતિમાં પરિવર્તન થાય તેમતેમ એ પ્રથામાં પણ પરિવર્તન થવું જોઈએ. આપણને ગાર્ગી અને મૈત્રેયી જેવી વિદ્વાન સ્ત્રીઓનાં દૃષ્ટાન્તો મળી આવે છે, પણ એમણે પુરૂષો સાથે શિક્ષણ–સહશિક્ષણ–લીધું હતું કે નહીં તેના પૂરાવા ખાસ મળી આવતા નથી. પ્રાચીન શિક્ષણપ્રણાલી ઉપર જાતિનેય એષણા(Sex instinct)ની માન્યતાની ઘણી ઊંડી અસર થએલી લાગે છે. સ્ત્રી અને પુરુષને અગ્નિ અને ઘીની સાથે સરખાવવામાં એ સમયના લોકોનું કયું દૃષ્ટિબિંદુ હતું તે મળી આવે છે. સ્ત્રી અને પુરૂષ ઉભયના વ્યવહારમાં પણ આ માન્યતા આડે આવી હતી, એમ માનવાને કારણો છે. અન્ન અને જળને માટે શોધમાં નીકળેલા આર્યોથી માંડીને ઘણા સમય પર્યંત સ્ત્રીઓ એક ભોગ્યની વસ્તુ લેખાતી. સ્ત્રીને પ્રજોત્પત્તિનું સાધન ગણવાથી સ્ત્રીની આર્થિક સ્વતંત્રતા છીનવી લઈ એમને ગુલામી દશામાં રાખવા 'પતિ એટલે પ્રભુ', 'પત્ની એટલે દાસી' વિગેરે સૂત્રો સરજાવ્યાં ! સંસ્કૃત શ્લોકમાં સ્ત્રીને માટે લખ્યું છે કે પિતાએ બાળપણમાં, પતિએ કૌમાર્યાવસ્થામાં અને ઘડપણમાં પુત્રોએ સ્ત્રીનું રક્ષણ કરવું. **न स्त्री स्वातंत्र्यम् अर्हति** વિગેરે સૂત્રો શોધવાં મુશ્કેલ નથી. બીજા એક શ્લોકમાં સ્ત્રીને–પુત્રીને [3]**सखा ह जाया कृपणं ह युहिता ज्योति हैं पुत्र : परमे व्योमन्** કહી છે. એ સમયે સમાજના રીતરિવાજો અને સંજોગો પ્રતિકૂળ હતાં. આંતરિક પરિસ્થિતિ બદલાતાં પ્રાચીન ભાવનામાં સ્ત્રી તરફ માનવૃત્તિ તત્ત્વ દાખલ થયું. સ્ત્રી એ ભોગ્યની વસ્તુ નથી, પણ એમને આશા અને ઉલ્લાસ હોય છે, એની પ્રતીતિ ધીરે ધીરે થતી ગઈ. પ્રાશ્ચાત્ય સંસ્કૃતિના પરિણામે આને પ્રબળ વેગ મળ્યો. સ્ત્રી પણ સમાજનું એક આવશ્યક અંગ છે. જે સમાજમાં સ્ત્રીઓને સમાન હક્ક નથી હોતા, જે સમાજમાં સ્ત્રીને સ્વતંત્રતા નથી હોતી તે સમાજનું ભાવિ

१ 'Art of Reading' By Quiller Couch. २ "Twentieth Centry Addresses

३ एतरेय ब्राह्मण ७–१३.

અનિશ્ચિત છે. સ્ત્રી અને પુરુષ ઉભય કુટુંબની, રાષ્ટ્રની અને અંતે સમસ્ત જગતની પ્રગતિ અને સંસ્કૃતિની ઉન્નતિ માટે આવશ્યક છે. સ્ત્રી વિના પ્રગતિ અશકય છે, અને એ પ્રગતિ શિક્ષણ વિના અશકય છે, આ મત ઘણા સ્વીકારે છે. પણ સ્ત્રી અને પુરુષ, યુવક અને યુવતી સાથે શિક્ષણ લે તો નૈતિક અધઃપતનનો પૂરેપૂરો અવકાશ છે, એમ ઘણા માને છે. સહશિક્ષણમાં સ્ત્રી અને પુરૂષ એક બીજાને મદદ કરી શકે છે, એક બીજાની ખોટ પૂરી પાડે છે અને એક બીજાને સારી રીતે સમજતાં થાય છે; આ દૃષ્ટિ ખીલવવાની અત્યંત જરૂર છે; કારણ કે યુવક, યુવતીના સહકાર વિના "કાર્ય કરી શકે, એવી માન્યતા સેવતો થાય તો તે સ્ત્રીપ્રગતિનો વિરોધી બને છે. સ્ત્રી પછાત પડી ગઇ, તેનું કારણ આર્થિક પરતંત્રતા અને શિક્ષણનો અભાવ છે. રાષ્ટ્રનું અને સમસ્ત જગતનું હિત જો માનવીને હૈયે હોય તો તે, સ્ત્રી પુરૂષનાં ક્ષેત્રોમાં કાર્ય કરી શકે તે માટે અને પુરુષો સાથે સેવાસંપર્કમાં આવે તે માટે યુવતીઓને 'પુત્રસમોવડી' બનાવવા સહશિક્ષણ આવશ્યક છે, એમ જરૂર સ્વીકારે. સ્ત્રીઓને જાહેર જીવનમાં ઝંપલાવવા પુરુષો જેટલી તક મળી હોય તો તે પુરૂષો સાથે હરિફાઈ તો કરી શકે, એમ ઘણા માને છે. રશિયામાં પણ સ્ત્રીની અવનતિનું તાદૃશ ચિત્ર ખડું કરે એવી કહેવત પ્રચલિત હતી કે "મરઘીને પાંખો હોય છે, છતાં પક્ષી નથી તેમ સ્ત્રીઓ મનુષ્ય નથી." આટલા પછાત દેશમાં ક્રાન્તિ થઇ, અને મુકિતના સંગ્રામમાં સ્ત્રીશકિતનો પરચો થયો. સને[૧] "૧૯૨૬ માં ૧૪૬ સ્ત્રી ન્યાયાધીશો હતી. ૨ સ્ત્રીઓ ગર્વનર બની છે, ૯ સ્ત્રીઓ વડીધારાસભા (congress) સુધી પહોંચી છે." લેનીને સ્ત્રીઓ માટે એક જગ્યાએ લખ્યું છે કે દરેક રસોઇયણે (સ્ત્રીએ) રાજ્ય કરતાં શીખવું જોઈએ. યુરોપના દેશોમાં સ્ત્રીઓ સફળતાથી રાજકારણમાં ભાગ લઈ કાર્ય કરે છે. એટલે સ્ત્રીને શિક્ષણ તો યોગ્ય મળવું જ જોઈએ. કેટલાક વિચારકો માને છે કે સ્ત્રીઓએ માત્ર ભરતગૂંથણ વગેરે લલિતકલાઓ અને ગૃહવિજ્ઞાન(domestic science)માં નિષ્ણાત થવું જોઈએ. પણ આ માન્યતાનાં મૂળ તપાસીશું તો સ્ત્રી અને પુરુષનાં કાર્યક્ષેત્રો જૂદાં છે એમ લોક માને છે, એમ પ્રતીતિ થશે. મુસોલિની કહે છેઃ "સ્ત્રીઓ પ્રજોત્પત્તિ માટે અને પુરૂપ યુદ્ધને માટે છે." એના જ પંથનો હિટલર પણ કહે છે કે સ્ત્રીનું બળ બાળકોની સંખ્યાથી અને પુરુષોનું બળ યુદ્ધભૂમિ પર માલમ પડે છે. આ બે પુરુષો પ્રાચીન હિન્દના મતને અનુસરતા લાગે છે. પ્રત્યેક સ્ત્રી અને પુરુષને ભિન્ન ભિન્ન બુદ્ધિ અને શકિત હોય છે, એટલે એમને એક જ પ્રકારનું શિક્ષણ આપી, બિંબાં જેવાં બનાવવાં અયોગ્ય છે, માટે સ્ત્રીઓને પુરુષો કરતાં જૂદું શિક્ષણ ન આપતાં જેમને જે પ્રકારની રૂચિ હોય તેમને તે જ પ્રમાણે શિક્ષણ અપાય એવી વ્યવસ્થા હોવી જોઈએ. કોઈ સ્ત્રીની ઇચ્છા પુરુષ સાથે રહી કાર્ય કરવાની હોય, રાજકીય, સામાજિક વિગેરે અન્ય ક્ષેત્રોમાં કાર્ય કરવાની ઇચ્છા હોય તો એવી સ્ત્રીઓને સહશિક્ષણ આપતી શાળા કે કોલેજમાં દાખલ કરવાનો પ્રબંધ હોવો જોઈએ. રાષ્ટ્રમાં જાગ્રતિ આવશે ત્યારે ત્યારે શાળા અને કૉલેજમાં સહશિક્ષણ અનિવાર્ય થઈ પડશે.

× × ×

[૩]

આપણા દુર્ભાગ્યે હિન્દમાં અને ખાસ કરીને પ્રાન્તવાર સહશિક્ષણને લગતા સત્તાવાર

૧ 'પલટાતું રશિઆ' અનુવાદક શ્રી. દિનકર મહેતા.

આંકડા ઉપલબ્ધ નથી. આ ક્ષેત્રમાં શાસ્ત્રીય તપાસ પણ જાહેર રીતે થઈ નથી અને કોઈ વાર તેના આંકડા મળે છે તે વિશ્વાસ મૂકવા લાયક હોતા નથી. સહશિક્ષણના વિરોધીઓ આ પ્રથાનાં દૂષણો તરીકે કેટલાંક દૃષ્ટાન્તો ટાંકે છે, પણ શાસ્ત્રીય સંશોધનના અભાવને લીધે એમાં વિશ્વાસ મૂકવો યોગ્ય નથી. આ કારણે યુરોપીય દેશોમાં જ્યાં સહશિક્ષણ પ્રચલિત હોય અને શાસ્ત્રીય સંશોધન પછી આંકડા બહાર પડેલા હોય તો તે આંકડાનો ઉપયોગ અનિવાર્ય છે. યુરોપનાં રાષ્ટ્રો શિક્ષણ પાછળ પુષ્કળ ખર્ચો કરે છે, તેના આંકડાઓ આપણા દેશના શિક્ષણ ખર્ચના આંકડાઓ સાથે સરખાવવાથી આપણી પરિસ્થિતિનો ખ્યાલ આવશે. [૧]

ઈ. ૧૯૨૫-૨૬

વિષય	લાખ	ટકા
હિન્દમાં	૧૦·૬૬	૭·૬
અમેરિકા	૨·૧૬૭	૧૯·૫

[૨]શિક્ષણના પ્રમાણના નીચે આપેલા, અને પરરાષ્ટ્રોના આંકડાઓ સરખાવવા સ્તુત્ય છે.

દેશનું નામ	પુરૂષ	સ્ત્રી
ઇંગ્લંડ	૯૩·૪	૯૧·૫
અમેરિકા	૯૫·૫	૯૩·૦
જાપાન	૯૮·૦	૯૬·૦
હિન્દ	૫·૨	૧·૫

[૩]હિન્દની જૂદી જૂદી જાતિવાર ભણેલાના દશહજાર લેખે આંકડા.

ધર્મ	સંખ્યા	પુરૂષ	ટકા	સ્ત્રી	ટકા	કુલ
હિન્દુ	૬,૮૫૬	૪૦૪	૧૧·૫૩	૪૬	૧·૩૮	૪૫૦
મુસલમાન	૨,૧૮૪	૯૨	૮·૧	૮	૦·૭૩	૧૦૦
બૌદ્ધ	૩૬૬	૮૪	૪૮·૪૪	૧૨	૬·૧૯	૯૬
અનામી	૩૦૯	૨	૧·૪	...	૦·૧૨	૨

ઉપરના આંકડાઓ જ આપણા દેશની દુર્દશા બતાવવા સાક્ષી રૂપ છે. એના પર વિવેચનની કાંઈ જરૂર નથી!

આપણા સદ્‌ભાગ્યે શિક્ષણના ક્ષેત્રમાં જૂદા જૂદા પ્રયોગો થઈ રહ્યા છે. 'મોન્ટેસરી' અને 'ડૉલ્ટન' યોજનામાં સહશિક્ષણને પૂરતું સ્થાન છે. સામાન્ય જનતા માધ્યમિક શાળાઓ અને કૉલેજોમાં સહશિક્ષણ સાથે અનીતિ હોય જ એવી ભૂલભરેલી માન્યતા સેવે છે. અને એવા 'પતન'નાં દષ્ટાન્તો આપી-એક કે બે-સહશિક્ષણની પ્રથાનો વિરોધ કરે છે. આ પ્રશ્નના ગુણદોષનું નિરીક્ષણ કરવા તેના મૂળમાં જવું જાઇએ. એ પ્રથા કયા પાયા ઉપર, કયા નિયમોના આધારે રચાઈ છે, એનો અભ્યાસ અત્યંતાવશ્યક છે. સહશિક્ષણનો પ્રશ્ન નીતિની ભાવના સાથે સંકળાયલો છે.

---

૧ કેળવણીનો ખર્ચ : "રાજ્ય આવકવેરો અને આપણી દરિદ્રતા" લેખક ડી. જે. કુમારપ્પા પૃ. ૧૯

૨ શિક્ષણનું પ્રમાણ : "તારા બાપનો દેશ" શ્રી. મધુકર.

૩ "રાજ્ય આવકવેરો અને આપણી દરિદ્રતા" લેખક શ્રી. જે. સી. કુમારપ્પા. પૃ. ૫૮-૫૯.

નીતિની ભાવના કાળક્રમે પરિવર્તન પામે છે, રૂઢિ અને રીતરિવાજ પણ બદલાય છે. કેટલાક અન્ય વિચારકો એમ પણ કહે છે કે[૧] "નીતિના સિદ્ધાન્તો દેશની ભૌતિક પરિસ્થિતિ (material condition) પ્રમાણે પરિવર્તન પામે છે." વિચારકો નીતિની વ્યાખ્યાઓ આપે છે, પણ તેમાં સામ્ય નથી હોતું. હૅવલૉક ઍલીસ નીતિની વ્યાખ્યા આપતાં કહે છે:[૨] "પ્લેટો અને સોક્રેટીસ વગેરેએ નીતિ વિષે ઘણું લખ્યું છે. તેમાં જનતાએ કેવું વર્તન રાખવું જોઇએ," એ બતાવી આદર્શ રજૂ કર્યો છે. આવી નીતિને માટે સ્વીડ્ઝવીક કહે છે,[૩] "એ નીતિ એ એક અભ્યાસનો વિષય બની જાય છે; કારણ કે જનતાએ 'શું કરવું, શું ન કરવું, એ આદર્શ નક્કી કરવો પડે છે, તેથી આ પ્રકારની નીતિ એ વિજ્ઞાનનો વિષય મટી જાય છે." તે આનું કારણ જણાવે છે, "કારણ કે વિજ્ઞાન તો શું છે, તે જ તપાસે છે; નીતિ કેવી હોવી જોઇએ તે કરતાં નીતિ શું છે એનું નિરીક્ષણ કરે છે." આ પ્રમાણે આદર્શનીતિ અને રુઢિનીતિ (tradition morality) એવા બે ભાગ પડે છે. અને વ્યવહારમાં આ બે વચ્ચે સમુદ્ર જેટલું અન્તર રહે છે! મનુષ્ય જ્યારે અન્ન અને જળને માટે વનમાં ભમતો હતો ત્યારે એને છોકરાં થતાં તેનું ભક્ષણ પણ કરતો! અન્ન અને રહેઠાણ મળ્યા પછી દુશ્મનોથી બચવા અને કાર્યની સુગમતા માટે એણે કુટુંબ, જ્ઞાતિ, વિગેરે સંસ્થાઓ ઊભી કરી. એ રચનાના વિકાસ માટે નીતિના સિદ્ધાન્તો પણ કાળક્રમે બદલતો ગયો. આજે જે બાધક ગણાય છે.—દાખલા તરીકે પશુ, પક્ષી મનુષ્યના આહાર—તે તે વખતે બાધક ન હતા.

આ જ પ્રમાણે જાતિનેય એષણાનું. (Sex instinct). સહશિક્ષણના વિરોધીઓ નહીં ઇચ્છવાયોગ્ય બનાવો નોંધે છે તેવા બનાવો આપણે જોઈએ.[૪] ફ્લિસ બ્લેકાર્ડ એમના લેખમાં એક આપે છે. એક છોકરી ચર્ચની નિશાળમાં ભણતી હતી. જ્યારે એ કૉલેજમાં ગઈ–સહશિક્ષણનો દાખલો આપતી કૉલેજમાં–ત્યારે એને જાતિનેય જ્ઞાન (sex knowledge) ન હતું. આને લીધે તે એક દિવસ કૉલેજનાં છોકરાછોકરીઓ સાથે ઉજાણી માટે બહાર ગઈ ત્યારે ત્યાં તેણે છોકરા-છોકરીઓને એક બીજા સાથે વધારે છૂટ લેતાં જોયાં. એને પણ એક વિદ્યાર્થીએ કંઈ નવીન અનુભવ કરાવ્યો. એને પરિણામે થોડા માસ પછી એને ગર્ભ રહ્યો. કૉલેજના અધિકારીઓની સમિતિ સમક્ષ એણે એકરાર કર્યો, ત્યારે જાતિનેય અજ્ઞાનનો લાભ લેવા માટે પેલા વિદ્યાર્થીને દોષિત ઠરાવ્યો. પૂ. ગાંધીજી પણ પહેલાં જાતિનેય દૂષણોમાં માનતા ન હતા, પણ એમણે હાલમાં મત બદલ્યો છે. આવાં ઘણાં દૃષ્ટાન્તો ટાંકી શકાય અને આ દૃષ્ટાન્તો આગળ કરી, રૂઢિચુસ્તો સહશિક્ષણને દોષ દેવા લલચાય છે. પણ આમાં સત્ય શું છે તેનો શોધ કરવા ઘણા ઓછા યત્ન કરે છે. જજ લીન્ડસી પણ આવા બનાવના આંકડાઓ આપે છે, તે નીચે મુજબ છે:

છોકરીઓની સંખ્યા	ટકા	ગર્ભ રહ્યો યા અટકાવ્યો	ટકા	ગર્ભ રહ્યો હતો	કુલ સંખ્ય
૪૯૫	૮૮.૮	૪૦૦	૫	૨૫	૪૯૫

નોંધ:—ઉપરના આંકડા ઉપરથી સમજાશે કે મધ્યમ વર્ગમાંથી બે વર્ષ દરમ્યાન ૪૯૫ છોકરીઓમાંથી, જે એક યા બીજી મુશ્કેલીમાં આવી છે, એમની હકીકત પ્રકટ થઈ છે;

૧ "Hundred Percent India" By C Shah.

૨-૩ "Sex in Relation to Society" By Hovellock Ellis Pg- 367.

૪ "Sex and Civilisation" Capler: "Sex in Adolescent Girl."

૫ „ „ "Wisdom For Parents" Pg. 191.

બીજી તો જાતિનેય દૂષણોની ભોગ થઈ હોય છે, અને તેઓના આંકડા મળતા નથી. માધ્યમિક શાળામાં છોકરીઓની સંખ્યાનું પ્રમાણ પુષ્કળ છે. સહશિક્ષણમાં આવાં દૂષણો કેમ પેસે છે તે શોધવા આપણને નૂતન માનસ શાસ્ત્રની મદદ લેવી પડશે. નૂતન માનસશાસ્ત્રીઓ જાતિનેય એષણાને સર્વ વાતોના મૂળ તરીકે લેખે છે. મનુષ્યની જ્ઞાત અને અજ્ઞાત ક્રિયા અથવા પ્રતિક્રિયાને સીધો કે આડકતરો સંબંધ મનુષ્યમાં રહેલી ગુપ્ત ગ્રંથીઓ સાથે છે. માનવ-જીવનમાં જાતિનેય એષણા મુખ્ય ભાગ ભજવે છે, એટલે તે તરફ દુર્લક્ષ્ય ન કરી શકાય. સહશિક્ષણમાં યુવક અને યુવતી સાથેસાથે શિક્ષણ લે છે ત્યારે બંનેનાં મન પર ઘણી ક્રિયા-પ્રતિક્રિયાઓ થાય છે, મનુષ્યનું સમગ્ર દૃષ્ટિબિન્દુ પરિવર્તન પામે છે. સહશિક્ષણમાં એક બીજા સાથે મળવાની છૂટને લીધે, સીધા સંપર્કમાં આવવાને લીધે, એક બીજાના મનમાં અનેક ગ્રંથીઓ પડી જાય છે, અને જો જાતિનેય એષણાનું સંસ્કરણ (sublimation) થતું નથી તો જીવન શાપરૂપ બને છે. આવાં યુવકયુવતીઓ જાણેઅજાણે તેઓની એષણાની તૃપ્તિ શોધે છે અને તે તૃપ્તિની શોધની વાતો જ્યારે સમાજમાં પ્રકટ થાય છે ત્યારે સમાજ તેનો બહિષ્કાર પૂકારે છે! આવા વિકૃત મનુષ્યનું માનસિક જીવન અકારૂં બને છે ને જ્ઞાનતંતુની નબળાઇને લીધે કોઈ વાર ગાંડો પણ થાય છે. આને લગતા આંકડાઓ પ્રજા પ્રમાણે[1] નીચે આપ્યા છે.

[1]પ્રજાનું નામ	સંખ્યા	વહેંચાયલાંના ટકા	દર ૧૦૦૦૦ની એજનતિની સંખ્યાએ ટકા
યુરોપીયઃ	૨૪૪,૯૬૮	૯૨.૧	૨૫૯.૮
હબસી	૨૦૦,૮૪	૭.૬	૧૯૨.૦
હિન્દી	૨૪૪	૦.૧	૧૦૫.૫
અન્ય પ્રજાઓ	૫૩૩	૦.૨	૨૯૫.૯
કુલ	૨૯૫,૮૨૬	૧૦૦.૦	૨૫૨.૮

ઉપરના ઘણા દાખલાનું મૂળ જાતિનેય અજ્ઞાનને લીધે વિકૃતિ છે એમ જણાયું છે. સહશિક્ષણમાં પણ એષણાને ન સ્હમજવાથી આવા દાખલાઓ બને છે. એટલે સહશિક્ષણના વિરોધીઓ નૈતિક દૃષ્ટિબિન્દુને વધુ મહત્વ આપી, આ પ્રથાને ઉતારી પાડે છે. પ્રો. એ. આર. વાડીઆ લખે છેઃ[2] "યુવાવસ્થા પ્રાપ્ત થતાં યુવતીઓની શરીરરચનામાં ફેરફાર પડે છે. અને તે પછી એ નવી પરિસ્થિતિને અનુકૂળ અભ્યાસ રચાવો જોઈએ. માત્ર સ્ત્રી જ માતા બની શકે છે.[3] (આટલું તો બધા સ્વીકારે છે પણ આગળ એ઼ઓ લખે છે) બાળકના જન્મ પહેલાં અને પછી માતા તરીકેની ફરજો એટલી કઠણ હોય છે કે તે માટે ખાસ અભ્યાસની જરૂર છે. આથી પુરુષની વિવિધ પ્રવૃત્તિમાં ભાગ લઈ શકે નહીં... સમાનતા એ માતૃત્વની ભાવનામાં અંતરાય રૂપ લાગે છે" આ ઉપર ટીકા કરતાં શ્રી. સરોજિની મહેતા લખે છેઃ "મનુષ્ય જાતિને ટકાવી રાખવા માટે લગ્ન આવશ્યક છે, એ સર્વ

૧ પ્રજાપ્રમાણે માનસિક રોગની સારવાર માટે હોસ્પિટાલમાં ૧૯૨૩ની સાલમાં આવેલા દરદીઓના આંકડા. 'Sex and Civilization' Capler : Sex and Insanity by J. Blake Eggen Pg. 543.

૨ 'સ્ત્રી સ્વાતંત્ર્યવાદ' પ્રો. એ. આર. વાડીઆઃ અનુવાદક. શ્રી. સરોજિની મ્હેતા.

૩ " " " "

સ્વીકારવા છતાં એક સત્ય તો કાયમ જ રહે છે કે જેમ પુરૂષને તેમ સ્ત્રીને લગ્ન એ સ્વેચ્છાનો વિષય છે." પ્રો. વાડીઆનાં મંતવ્યોને જ રશિયા પડકાર કરે છે! પ્રો. વાડીઆ કેળવણીને માટે લખે છે:[1] "આધુનિક કેળવણીનો માર્ગ સ્ત્રીઓનાં મૃતપ્રાય, અપંગ, નિર્જીવ શરીરોથી છવાયો છે. અભ્યાસથી સ્ત્રીઓનાં શરીર પર અસર થાય છે, અથવા તો પ્રસૂતિમાં વધારે કષ્ટ પડે છે. પણ શરીરની ક્ષીણતા કરતાં તો વધુ અગત્યની વાત તો સ્ત્રીત્વ તરફ વધતો જતો અભાવ છે......અમેરિકામાં કોલેજમાં ભણેલી સ્ત્રીઓમાંથી ૨/૩ પરણતી નથી અને કલબની જીંદગીમાં કૌટુંબિક સુખનો બદલો માણે છે."... પ્રો. વ્હેટહામ–'કુટુંબ અને રાષ્ટ્ર'ના પુસ્તકના ૧૪૩ પૃષ્ઠમાં લખે છે કે "ઑક્સફર્ડ અને કેમ્બ્રિજમાં સ્ત્રીઓની કૉલેજોમાં લગ્નપ્રમાણ ૨૨ ટકા છે" કવિશ્રી નાનાલાલ સહશિક્ષણ તરફ વિરોધી સૂર કાઢે છે, અને સહશિક્ષણની નિષ્ફળતાનાં કારણો જણાવતાં કહે છે:[2] "શાળાના અધિષ્ઠાતા પેખંદા ને સખ્ત શિસ્તબાજ હોય તો જ સહશિક્ષણ સફળ થાય છે." શિસ્ત તે પણ સખ્ત શિસ્તપાલન! આની સામે મોન્ટેસરી જેવાં નિષ્ણાતો જેહાદ પૂકારે છે. કાયદો ભાગ્યે જ મનુષ્યને સુધારી શકે છે. કદાચ કાયદાભંગને લીધે થતી સજામાંથી છૂટવાની વૃત્તિને લીધે મનુષ્ય ખરાબ કાર્ય કરતાં અચકાય છે, પણ જ્યારે મનુષ્યને લાગે છે કે કાયદો એને જાળમાં સપડાવી શકશે નહીં ત્યારે કુકાર્ય કરવા જરૂર લલચાય છે. આ સત્ય સ્હમજાવતાં મી. એ. એસ. નીલ લખે છે, [3]"શિક્ષા હમ્મેશાં તિરસ્કારમાંથી જન્મે છે......સોટી ખાધેલું બાળક માબાપ તરફ પ્રેમ બતાવે છે તે સાચો પ્રેમ હોતો જ નથી; એ તો તિરસ્કાર માટેનો વધારે પડતો બદલો માત્ર છે......આપણા ધર્મે અને નીતિએ શિક્ષાને આવકારલાયક બનાવી દીધી છે, કારણ કે તેમ કરવાથી અંતરાત્માને શાન્તિ વળે છે...શિક્ષા એ એક પ્રકારની માંદગી પેદા કરે છે. સોટી ખાધેલું બાળક કડક બાપ કે મા બને છે. આમ વર્તુલ અખંડ અને કાયમ રહે છે." જર્મનીની શિક્ષણપ્રણાલિ પર લખતાં લેખક લખે છે, "૬ થી ૧૦ વર્ષનાં બાળકોની નિશાળ છોકરાછોકરી સૌને માટે ફરજિઆત છે, પણ માધ્યમિક નિશાળોમાં એમ નથી. જર્મન શિક્ષણશાસ્ત્રીઓ સહશિક્ષણના પક્ષના નથી. એઓ માને છે કે ઉભય જાતિનાં માનસિક અને શારીરિક બંધારણોમાં મહત્વનો ફેરફાર છે, એટલે સહશિક્ષણનો પ્રશ્ન જ અસ્થાને છે. બંને જાતિના વિકાસ માનસશાસ્ત્ર અને શિક્ષણના સમાજશાસ્ત્ર પર રચાયેલા હોવાથી આ પ્રધાનમંડળ વિરોધ કરે છે. પ્રતિદિન વિકસતા કુમારોનો વિકાસક્રમ વિકસતી કુમારિકાના વિકાસક્રમ કરતાં તદ્દન જૂદો છે. આ જાતિય અને બૌદ્ધિક પકવતાના કાળે ફક્ત એક જ જાતના ભણતર અને સંપર્કમાં આવે એ બંનેને અનુપકારક છે...જ્યારે સામાજિક જીવનની સાવ જૂદી તલપ તેઓમાં જાગે છે ત્યારે એમાંથી એકે પક્ષને જોઈતી વસ્તુ મળતી નથી." લેખક આગળ લખે છે કે ત્યાંના કેટલાક શિક્ષણશાસ્ત્રીઓ અંગત રીતે સહશિક્ષણના વિરોધી નથી. કાર્લ માર્કસ સ્કુલ બર્લિનમાં સહશિક્ષણ આપે છે. આવી થોડી શાળાઓ છે અને એમની સફળતા સહશિક્ષણના વિરોધીઓને પ્રત્યક્ષ પ્રમાણરૂપ છે!

* * * *

૧ 'સ્ત્રીસ્વાતંત્ર્યવાદ' પ્રો. વાડીઆ.

૨. એમના એક ભાષણમાંથી.

૩ "The Problem Child' ના અનુવાદક હરભાઇ ત્રિવેદી '(મૂંઝવતું બાળક)'

[૪]

સહશિક્ષણના વિરોધીઓના મંતવ્યમાં શાસ્ત્રીય જ્ઞાનનો અભાવ મુખ્ય ભાગ ભજવે છે. પ્રચલિત મતાનુસાર યુવકયુવતી સીધા સંપર્કમાં આવે તો નૈતિક અધઃપતન અનિવાર્ય બને છે, એમ ઘણા સ્વીકારે છે. માનસશાસ્ત્રની દૃષ્ટિએ એ. એસ. નીલ કહે છે,[1] "નીતિનો ઉપદેશ જ બાળકોને—પુરુષોને—ખરાબ બનાવે છે......નીતિવાન અને શિસ્તપ્રિય લોકો પોતાની અપૂર્ણતાની ઝાંખી ભાગ્યે જ કરી શકે છે. આપણા નગ્ન આત્માનો સામનો કરવાની આપણામાં હિમ્મત નથી, તેથી જ આપણે નીતિના ઉપદેશકો બનીએ છીએ." માનસશાસ્ત્રમાં જેને અન્યારોપણ (Projection) કહે છે તેમ આપણે આપણી ત્રુટિઓનું બીજામાં આરોપણ કરીએ છીએ. "બાળકની સ્વાર્થ વૃત્તિને દાબીને માતા બાળકને વધારે સ્વાર્થી બનાવે છે, કારણ કે તેના અજ્ઞાત મનમાં અસંતોષ પામેલી ઇચ્છા રહી જાય છે, એટલે નીતિનું શિક્ષણ તેના ઉદ્દેશને નિષ્ફળ બનાવે છે. આ જ પ્રમાણે જાતિયતાના પ્રદેશમાં બનવાનું. બાળપણમાં મૂકેલા જાતિનેય નિષેધો (Sexual tabox) બાળકને જાતિયતામાં વધારે ઘસડી જાય છે—રસ લેતાં કરે છે." આમ સહશિક્ષણના વિરોધીઓ નીતિનું ધોરણ કઇ રીતે જાળવી શકાય તેનું જ્ઞાન ધરાવતા નથી. સહશિક્ષણને દોષ દેતા વિરોધીઓ નહીં ઇચ્છવા યોગ્ય બનાવોનું સંશોધન કરે તો અતૃપ્ત ઇચ્છા જ જવાબદાર જણાશે અથવા તો જાતિનેય શાસ્ત્રનું અજ્ઞાન જવાબદાર જણાશે.

બાળક સમજવા માંડે છે ત્યારથી તેની આસપાસનું સર્વ જાણવાની વૃત્તિ થાય છે. એ દરેક વાત વિષે પ્રશ્નો પૂછે છે. એ પ્રશ્નો જાતિનેય પણ હોય. દાખલા તરીકે નવું બાળક ક્યાંથી આવ્યું? કોણ લાવ્યું? એવા એવા પ્રશ્નો તેના મનમાં ઉદ્ભવે છે. આવા પ્રશ્નોના ઉત્તર માટે બાળક પરમ વિશ્વાસુ માતા પાસે જાય છે. માતા એ બાળકના જીવનમાં ઘણી મહત્વની છે. માતા આવા પ્રશ્નોથી મૂંઝાઇ વાતો ઉડાવે છે બાળકની શકાનું સમાધાન કરવાને બદલે પરીઓની વાતો કહે છે, અથવા દેવતા વગેરે દેખાડી તેને ચૂપ કરે છે. બાળક માતા પાસેથી નિરાશ થાય છે, પણ માતૃપ્રેમને લીધે કાંઈ બોલતું નથી. આમ બાળક જાતિયતા વિષે ભયંકર અજ્ઞાન સેવતો બને છે, એની અતૃપ્ત ઇચ્છાથી તે જાતિયતા કાંઇક ગૂઢ વસ્તુ છે, કંઇ પાપ છે એમ માનતો થાય છે. બાળક એના પ્રશ્નોનો ઉત્તર અન્ય મિત્રો પાસેથી મેળવે છે. માતા બાળક પ્રશ્નો ભૂલી ગયો હશે એમ માની આનંદ પામે છે. મિત્રો અશાસ્ત્રીય, અશ્લિલ જ્ઞાન આપે છે. આવા ઉત્તરો જિજ્ઞાસાવૃત્તિને વધુ સતેજ કરે છે, અને જાતિનેય દૂષણોમાં કેટલી વાર બાળકો ફસી પડે છે. આવાં દૂષણો જ્યારે માબાપ જૂએ છે ત્યારે શિક્ષા કરે છે. એટલે બાળક એ વસ્તુ જાહેરમાં ન કરતાં ખાનગીમાં કરે છે, પણ દૂષણોને ત્યાગી શકતો નથી. આગળ જતાં જ્યારે સહશિક્ષણ આપતી શાળામાં કે કૉલેજમાં તે દાખલ થાય છે ત્યારે તે નહીં ઇચ્છવા યોગ્ય કાર્યો કરે છે. આ રીતે આવા બનાવોનું કારણ જાતિનેય અજ્ઞાન, અને જાતિનેય વૃત્તિ–એષણા–ના સંસ્કરણનો અભાવ છે.

હેવલોક ઍલીસ જાતિયશાસ્ત્રના નિષ્ણાત છે. એ જાતિનેય દૂષણો દૂર કરવા કેટલાંક વ્યવહારૂ સૂચનો કરે છે, અને એ વિષે એમના પુસ્તકમાં લંબાણથી ચર્ચા કરે છે. સહશિક્ષણને સફળ બનાવવા એ સૂચનો અત્યંત અગત્યનાં છે. એમના[1] પુસ્તકમાં એ લખે છે કે

---

૧ 'Sex in Ralation to Society' By Havellock Ellis

બાળકનું ભવિષ્ય સુધારનાર કે બગાડનાર માતા છે. માતા જ બાળકની પ્રથમ અને સૌથી સારી શિક્ષિકા છે. બાળક કુતૂહલવૃત્તિથી જાતિનેય પ્રશ્નો પૂછે ત્યારે માતાએ સ્હેજ પણ શરમાયા વગર–સંકોચ વગર–બાળક સમજી શકે એવી સરળ ભાષામાં બાળકના પ્રશ્નોનો ઉત્તર આપવો જોઈએ. માતાએ બાળકને હાથ, પગ, મોં વગેરે જેટલાં જ સરળતાથી ગુહ્ય ઈન્દ્રિયોનાં નામો, **બાળક પૂછે ત્યારે જ,** કહેવાં જોઇએ. આવું જ્ઞાન આપવાની પહેલ બાળકના પૂછ્યા સિવાય કરવાની નથી. સહશિક્ષણનાં દૂષણો અટકાવવા બાળકો જ્યારે પુખ્ત વયનાં થાય ત્યારે શાસ્ત્રીય જાતિનેય જ્ઞાન આપવું જોઈએ. પ્રાથમિક ભૂમિકા તરીકે માતાએ આપેલું જ્ઞાન શાસ્ત્રીય જ્ઞાન મળે ત્યારે કુતૂહલતા ઉત્પન્ન કરતું નથી. આવા જ્ઞાનને લીધે, શાળા- અને કોલેજોમાં, યુવતી અને યુવક મિત્રને જાતિનેય પ્રશ્નો પૂછતી નથી, કારણ કે ઘણી વાર પુરૂષ મિત્ર યુવતીના અજ્ઞાનનો લાભ લેવા લલચાય છે. માતાપિતાનું કડક શિસ્તપાલન જે કાર્ય કરતું નથી તે કાર્ય માત્ર શાસ્ત્રીય જ્ઞાન કરી શકે છે, અને તેઓનું 'પતન' થતું અટકાવે છે. હૉલ્ટન તો આનાથી આગળ જતાં કહે છે કે જો બાળકો કલાકૃતિમાં આવતી નગ્નતા તરફ કુતૂહલવૃત્તિ નથી કેળવતાં અથવા તો પાપની વૃત્તિ નથી કેળવતાં તો પુખ્ત વયે નૈસર્ગિક નગ્નતા તરફ પૂજ્યવૃત્તિ રાખી શકે છે. બાળકોને પુખ્ત થતાં સુધી ક્રમશઃ જંતુશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર અને શરીરશાસ્ત્ર વિષે શાસ્ત્રીય જ્ઞાન આપવામાં આવે તો દૂષણોમાંથી મુક્ત રહે છે. સહશિક્ષણ પણ બાળપણથી જ હોવું જોઈએ. યુવક કે યુવતી બાળપણથી જ સાથે રહ્યાં હોય તો પછી મોટી ઉમરે સહશિક્ષણ આપતી શાળા કે કોલેજમાં દાખલ થાય તો એમને એકબીજાનું આકર્ષણ રહેતું નથી, અને જાતિનેય દૂષણોથી પર રહી શકે છે.

હિન્દમાં આજે ક્રાન્તિની બૂમો સંભળાય છે. રાષ્ટ્રનું પ્રત્યેક અંગ વિકસાવવું આજે અગત્યનું છે. રાષ્ટ્રોત્થાનમાં સ્ત્રી અને પુરુષ ઉભયને હાથમાં હાથ મિલાવી કાર્ય કરવું પડશે. ઉર્જ્વળ ભાવિને માટે ઉભયે એકબીજાના સ્વભાવનો અને અન્યોન્યને કેમ વધુ ઉપકારક થવાય એનો અભ્યાસ કરવો પડશે. સહશિક્ષણની જ પ્રથા આ બધાને માટે સંયોગો અનુકૂળ બનાવે છે. જે રાષ્ટ્રને જગતભરમાં સમાન હકક અને ગૌરવભર્યું સ્થાન પ્રાપ્ત કરવું હોય તે રાષ્ટ્ર સહશિક્ષણનું વિરોધી ન રહી શકે. સહશિક્ષણમાં ભલે સ્ત્રી–ઉપયોગી વિષયો જૂદા શીખવાય, પણ ઉભયને અલગ રાખવાથી ભૌતિક તેમ જ નૈતિક પતન અટકાવી શકાશે નહીં.

"સુવર્ણ યુગનાં સર્જન"ના ભવ્ય આદર્શોની સિદ્ધિ કાજે, સમાજને વધારે સુખી અને સમૃદ્ધ કરવા માટે, સહશિક્ષણ આવશ્યક છે–અનિવાર્ય છે. પુરુષ અને સ્ત્રી વચ્ચેના દૂષિત થએલા સંબંધનું સંસ્કરણ કરવાની ચાવી તે સહશિક્ષણ છે ! જગતના સમર્થ વિચારકોએ માર્ગદર્શન કર્યું છે (સહશિક્ષણનો સ્વીકાર કરી), ભવ્ય સંભાવનાઓથી ભરપૂર ભાવિની ચાવી આપણા હાથમાં મૂકવામાં આવી છે. એ પંથે પ્રયાણ કરવાનો, એ ચાવીનો બુદ્ધિપૂર્વક ઉપયોગ કરવાનો આપણો ધર્મ છે. એ ધર્મનું આપણને ભાન થશે ત્યારે સંસારમાં સાચે જ સ્વર્ગ ઉતરશે, ત્યારે સંસારની ફૂલવાડી વધારે ફોરમશે. મનુ ભગવાન ભાખે છે: **यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवता।** સ્ત્રીશકિતનાં પૂજન તેની સાચી પિછાન વગર શક્ય નથી અને સહશિક્ષણ દ્વારા જ આપણે સ્ત્રીશક્તિની–પ્રવૃતિની–વધારે સમીપ જઇ તેનાં વિરાટ સ્વરૂપનાં દર્શન કરી શકીશું.

સહશિક્ષણ[1]

લે. કુમારીબેન જયાકુમારી જયશંકર દેશાઈ

સૃષ્ટિની ઉત્પત્તિથી તે વર્તમાન સમય સુધીમાં જે જે વસ્તુઓ બનતી આવી છે અને બને છે તેની પાછળ અનેક કારણો છૂપાયેલાં હોય છે. દરેક વસ્તુની બે બાજુઓ હોય છે--કાળી અને ધોળી. મનુષ્યને બાજુ બરાબર પકડતાં આવડતી હોય, સૂક્ષ્મ અવલોકન શકિત હોય, તો તે હમ્મેશાં ઘઉંમાંના કાંકરાની માફક ખરાબ વસ્તુને દૂર કરીને સારી વસ્તુ જ ગ્રહણ કરે. પરંતુ તેમાંએ મનુષ્યની દ્રષ્ટિ અને માનસ વિકાસ પર બહુ આધાર રાખે છે. સદ્દગુણી માણસ હમ્મેશાં દરેક વસ્તુ સૂક્ષ્મ દ્રષ્ટિએ વિચારી અવલોકન કરી અને પછી જ તે વસ્તુને-વિચારને કે આદર્શ-અથવા તો ભાવનાને ગ્રહણ કરે; અને ગ્રહણ કરતાં પહેલાં તે વસ્તુનો સદ્દગુણ નિયત થઈ ગયો હોવો જોઈએ. ઘણી વાર મનુષ્યને પોતાને શોધક થવું પડે, અને તેમાં સફળતા મળે, એટલે તે એક વસ્તુનો સર્જક કહેવાય. કેટલાંક ધારાધોરણો રૂઢિબંધનો, મર્યાદાઓ-વિ. સમાજે સ્વાનુભવથી નક્કી કરેલાં હોય છે અને સમયના પ્રવાહે તે ધીરેધીરે વધારે મજબુત બને, જો તેમાં સૂક્ષ્મ કે સ્થૂળ ફાયદા હોય તો, નહીં તો કાળના પ્રવાહમાં ઘસડાઈ ક્ષણજીવી બની અદૃશ્ય થાય. જ્યારે એક સર્જક નવી વસ્તુ સમાજને આપે ત્યારે તો તે વ્યક્તિ પૂરતી જ હોય છે, અને માત્ર પ્રયાગ હોય છે. એવો મોટો પ્રયોગ હોય તો સહેજે તેને રૂઢ થતાં અથવા તો તેના ખરા સ્વરૂપમાં બહાર આવતાં વર્ષો લાગે. નાના પ્રયોગો તુરત જ પૂરા થાય. પછીથી પ્રયોગસિદ્ધ વસ્તુનો જેમ જેમ ઉપયોગ થવા લાગે તેમ તેમ તેમાંની ખરી અને ખોટી વસ્તુઓ સૂક્ષ્મ રીતે દૃષ્ટિગોચર થવા લાગે. પ્રયોગ વખતે ધીરજ શ્રદ્ધા-અને પૂરતી આશા ન હોય તો એ પ્રયોગ સિદ્ધ ન થાય. અને તેમાંથી સનાતન સત્ય શોધતાં તો વળી ઘણો સમય જાય. આ રીતે સહશિક્ષણ એ અત્યારે એક ચાલતો પ્રયોગ છે. એ પ્રયોગ સફળ થતાં ઘણો વખત જશે. હજી તો એ ઉગતી દશામાં છે તેમજ અધુરી દશામાં પણ છે. ઉષાકાળ વહી જતાં તે વસંત જેવી યુવાવસ્થામાં પ્રવેશે છે. યુવાવસ્થામાં અનેક ગાંડપણો થાય છે. એ વસ્તુના અનેક દુરુપયોગ થાય છે. પરંતુ પ્રાઢાવસ્થામાં ઉછળતાં નીર શાન્ત બને છે.

હવે આપણે આપણા મૂળ વિષય પર આવીએ. સહશિક્ષણમાં પણ બે મત છે. એક મતને વળગી રહેનારા તેનો વિરોધ કરે છે, અને સહશિક્ષણથી થતું નાનામાં નાનું નુકશાન સહન કરી શકતા નથી. તેથી સહશિક્ષણનો વિરોધ કરે છે; એટલું જ નહીં પણ તેની તરફેણમાં જે માણસો હોય છે એટલે કે સહશિક્ષણની તરફેણમાં જે મનુષ્યો હોય છે, તે માણસો સાથે પણ વ્યક્તિગત ઝઘડા કરી મોટીમોટી ધાંધલ ઊભી કરે છે. ખરી રીતે વસ્તુનું તટસ્થ રીતે અને સત્ય આંખે બારીકાઈથી સૂક્ષ્મ અવલોકન કરવું હોય તો વ્યક્તિને બાજુએ મૂકી વસ્તુનું જ અવલોકન કરવું જોઈએ, અને વ્યક્તિ શું કહે છે તેના કરતાં એ વસ્તુ શું છે, એ જો જોવામાં આવે તો આવી નજીવી બાબતોમાં વ્યક્તિગત ઘર્ષણો ઓછાં થાય.

ખાસ કરીને જૂના જમાનાના માણસો જેને આપણે Conservative કહીએ છીએ તેમને ગળે આ વાત ઉતરતી નથી. કારણ કે તેઓને પહેલાં તો શિક્ષણની જ કિંમત નથી, તેમ સાચું શિક્ષણ શું એ એ લોકો સમજતા નથી. Hand, Head and Heart, ત્રણે કેળવાવાં જોઈએ. મનુષ્યમાં રહેલી ગુપ્ત શક્તિઓનો વિકાસ-એટલે કે મનુષ્યના આત્માની

---

૧ સ્વ. કરશનદાસ સ્મારકને અંગે કોલેજ વિદ્યાર્થીનિઓના મંગાવાયલા નિબંધોમાંથી આ નિબંધના લેખિકા બેન પહેલે નંબરે આવ્યાં હતાં; અને તેમને ઇનામ મળ્યું હતું. **અ. બુ. જાની, સં. કૌ.**

કેળવણી તેનું નામ સાચું શિક્ષણ. અને તે હમ્મેશાં શિક્ષકોની વિવેકબુદ્ધિથી જ મળી શકે. વિદ્યાર્થીઓનું સાચુ ઘડતર શાળામાં જ થાય. તેના આખા માનસનો પાયો શાળામાં નંખાય. હવે એ પાયો નાંખવા માટે અનુભવી અને સાચા હૃદયના સરળ ઓજસ્વી તથા કાન્તિમાન શિક્ષકો જ જોઇએ, નહીં કે—જીવનના વેઠરૂપે વહતા, સવારે એકાદ બે ટયુશનો આપતા—ઘરમાં આખો દિવસ બેઠાં છોકરાંઓ પર ચીઢાતા—અને સ્કૂલમાં મોડા આવવું એ તો જેને સહજ થઇ ગયું હોય—અને મોડા આવીને પણ ખુરશી પર આબાદ રીતે ઝોલાં ખાતા—ઇન્સ્પેકટર જોવા આવશે માટે અમુક પાઠ તો છોકરાઓને મોઢે કરાવવા જ જોઈએ, નહીં તો શિક્ષકની પદવીથી પાણીચુ મળશે, અને પગાર જશે. એવા વિચારમાં વમળાતા. આ રીતે જીવન એ એક કલા છે. એ સુવાસિત પુષ્પને પૃથ્વીરૂપી છોડપર કેમ વિકસાવવું, એ પ્રયત્નને બદલે બહુ જ નાની ઉમ્મરમાં યંત્રવત્ ગુલામી કેળવણી લઈ અને શિક્ષકની કશી જ લાયકાત વગર ખુરશી દીપાવે એવો શિક્ષક ભાવિ જનતાનું સુકાન શું સાચે રસ્તે દોરવાનો હતો? આ રીતે છોકરાઓના આત્માનો પાયો રેતીના રણમાં તયાર થાય છે. બિચારા છોકરાઓ પછી કજીઆગરા, બીકણ તથા માયકાંગલા થાય તેમાં શી નવાઈ?

આપણું શિક્ષણ ફેરવવા માટે આપણે આખા સમાજને ફેરવવો પડે તેમ છે. શિક્ષકને તે પોતાની જવાબદારીઓ તે બરાબર બજાવી શકે એવા સંજોગોમાં સમાજે મૂકવો જોઈએ. આ રીતે શાળામાં સાત ચોપડી અથવા તો કોલેજમાં B. A.; M. A. થઈને તે પહેલો જ પોતાનો વિચાર કરે છે. મ્હારા આજસુધીના જીવનમાં માબાપે કેટલું સહન કર્યું, સંબંધીઓએ કેટલું સહન કર્યું, સમાજે કેટલું સહન કર્યું તે બધાનો વિચાર કરવાને બદલે તે પોતા પૂરતા જ વિચાર કરે છે. પોતાની અગાધ શક્તિઓને તદ્દન સંકુચિત્ત વાડામાં બાંધી રાખે છે. તેની પોતાની સૃષ્ટિમાં છોકરાઓ, પત્ની —અને સરવાળામાં મોટે અક્ષરે સ્વાર્થી 'હું' બસ એ સિવાય તે કશો વિચાર કરી શકતો નથી. આવી યંત્રવત ગુલામી કેળવણી મેળવી, આપણે આપણું સ્વત્વ ગુમાવ્યું છે, આપણી પ્રજા તદ્દન નિર્માલ્ય બની છે, આપણાં છોકરાંઓ કે જેને સમાજ સંકુચિત સ્વાર્થદષ્ટિએ અભ્યાસ કરાવે છે, કે જેથી તે સમાજમાં પોતે કમાઇ ચાર માણસોનું પૂરું કરી શકે. બસ. જીવનની લડાઈ ત્યાં જ પૂરી થાય છે.

છોકરાઓની આપણા સમાજમાં આવી સ્થિતિ છે; જ્યારે છોકરીઓ એ તો પાણા રૂપે જન્મે છે. એ પાણાને સમાજ પોતાનામાં સ્થાન આપે છે એ પણ એક ઉપકાર જ ને? આજથી લગભગ ૫૦ વર્ષ પૂર્વે છોકરીઓની હાલત હિંદુસમાજમાં ઘણી બૂરી હતી હવે તે ધીરેધીરે સુધરતી જાય છે, છતાંએ હજી મોટા પંડિતો પણ કેટલીક વખત માને છે કે છોકરીઓ તે છોકરીઓ. છોકરીઓ જન્મે ત્યારથી જ માનું મોંઢું વાંકું બને, સમાજની અંધતાને લીધે માતાપિતાની અજ્ઞાનતાને લીધે. નહિતર છોકરી એ તો ભવિષ્યની માતા છે. એને માટે તો વિશેષ કાળજી લેવી જોઇએ. એના સંસ્કાર, એની કેળવણી, અને એનું ઘડતર એ દરેક સંસ્કારી માતાનો એક ધર્મ મનાવો જોઇએ. નાનપણથી જ તે પારકે ઘેર જવાની છે, એટલે આપણે તેના ઉછેરની શી પીડા? અથડાતી કૂટાતી મરવા વાંકે જીવતી છોકરી જેમતેમ મોટી થાય—સમાજની કેવી સ્વાર્થાંધતા? કેવી અજ્ઞાનતા? બાર કે પંદર વર્ષે લગ્ન થાય—અને સાસરે જતાં ત્યાં પણ સુખ નહીં. સાસુનાં—ધણીનાં વગેરેનાં મેણાં. ત્યાં પણ પારકી તરીકે રોટલો ખાય—કામ કરે અને હડધૂત થાય. સાસરે જઇ પાંચ દશ વર્ષનું આયુષ્ય માંડ ભોગવે. એટલા વર્ષમાં ત્રણ ચાર છોકરાંઓની માતા થઈ ચૂકી હોય, અને છેવટે ઘસાઈ ઘસાઇ સમાજને પોતાનો ભોગ આપે. હવે તેનાં છોકરાંઓ કેવાં નીવડે? માતા તો ચાલી ગઈ હોય—જીવતી હોય તો પણ—તે માતા પાસેથી શું શીખવાનાં

હતાં ? કારણ, માતા પાસે હોય તો પુત્રપુત્રીઓ પાસે આવેને ? કૂવામાં હોય તો હવાડામાં આવેને ? આ રીતે આખા સમાજની અજ્ઞાનતાથી તેને ગૃહમાં તો કશા સંસ્કાર મળે નહીં. ઉલટી અનેક હાનિકારક કુટેવો પડે કે જે જીંદગીભર દમ્યાં કરે. ઘરમાં સંસ્કાર મળ્યા નથી ત્યારે શાળામાં સંસ્કાર તો મળવા તદ્દન અસંભવિત છે. છેવટે એનું જીવન પણ સમાજની નિર્દય વેદી પર હોમાતું આખરે મહાકષ્ટે પૂરૂં થાય.

પોતાની કહેવાતી અથવા તો માની લીધેલી સ્વાર્થાંધતાને લઇ ઉત્તરોત્તર આખા સમાજમાં— ત્યાગ, સેવા કે સત્ય કે સયમનું સ્થાન કયાં રહે ? અને તે વગર ત્યાગ વિના તો સમાજ સુખી કઇ રીતે હોઇ શકે ? આપણે કુદરતમાં જોઇશું તો આપણને ત્યાગ-સેવા-નિયમિતતા વગેરે જણાશે. જો આપણે એક ઝાડ લઇએ-ઝાડ કશા પણ વિરોધ વગર પાણીને પોતાનામાં સમાવી તેનો ઉપયોગ કરી શકે છે. વળી આપણે પણ વનસ્પતિ માત્રનો ફળફળાદિનો ઉપયોગ નિરંકુશપણે કરી શકીએ છીએ. ઝાડપાન દ્વારા ઇશ્વરે આપણને સંદેશ મોકલ્યો હશે કે આપણે બધા બીજાને માટે છીએ. આપણા પોતાને માટે જીવવું તે કુદરતમાં પાપ મનાયું છે. મનુષ્ય પણ બીજાને માટે જીવતાં કેમ ન શીખે ? મ્હારૂં કુટુંબ-એ તો ઠીક. મારી જ્ઞાતિ-એ પણ ઠીક. મ્હારૂં ગામ, મ્હારો દેશ, અને પછી તો દેશથી પણ આગળ જાય ત્યારે મનુષ્ય એ ચાર કોટિમાંના શ્રેષ્ઠ મનુષ્યત્વને પામે. દુનિયામાં ચાર જાતનાં મનુષ્યો હોય છે. ખનીજ-પ્રાણી-પશુ-સાચો મનુષ્ય-અને દૈવી મનુષ્ય કે જેને પોતાનું એવું તો કશું છે જ નહીં. જે વિશ્વબંધુત્વમાં માનતો હોય, જે આખી દુનિયા માટે જીવતો હોય, કાયરતા, નામર્દાઇ વગેરેની તો જેને પીછાણ પણ ન હોય-સત્ય, ત્યાગ, પ્રેમ, અહિંસા પર જેના જીવનનો પાયો હોય તેવો સાચો એક મનુષ્ય ધારે તો આખું બ્રહ્માંડ ધ્રૂજાવી શકે. દાખલો આપણી પાસે મોજુદ છે મુઠી હાડકાનો માળો, એવા મહાત્માજી પોતાના તપોબળે આખી સલ્તનતને ધ્રુજાવે છે આખી જનતાને જેણે જાગૃતાવસ્થામાં આણી છે એવા દૈવી મનુષ્યો સાચા સંસ્કારવાળી કેળવાયલી માતા જ ઉત્પન્ન કરી શકે. સ્વાર્થપટુ સમાજમાં એવી માતા અને એવા પુત્રો કયાંથી થાય ? ઝાડનાં મૂળીયાં કહે કે હું ઝાડને પાણી નહીં પૂરું પાડું-પાણી કયાંએ જવા જ નહીં દઉં, બધું હું જ ઝાલીને બેસી રહીશ, તો ઝાડ કયાંથી થાય ? એક ઈંટ કહે કે હું બીજી ઇંટનો ભાર નહીં વહું તો આખું મકાન કયાંથી ચણાય ? તેવી જ રીતે એક વ્યક્તિ કુટુંબનું, સમાજનું અને દેશનું હું ઋણ નહીં ફેડું, એમ કહે-કહે તો તો કાર્યનું દેવું ચઢતું જ જાય. છેવટે દેવાળું કાઢે અને અધઃપતનની ઉંડી ખાણમાં પોતે તો પડે જ પણ બીજાઓને પણ સાથે ઢસડે. કારણ કે સમાજ એ વ્યક્તિનો સમૂહ છે. વ્યકિત સમાજથી પર રહી જીવન ગુજારી શકે નહીં. દરેક વ્યક્તિ જો પોતાની ફરજ નિઃસ્વાર્થ સેવાવૃત્તિથી બજાવે તો આખા સમાજની અને એ દ્વારા દેશની સેવા થાય. આ રીતે છોકરાછોકરીઓને બન્નેને નિઃસ્વાર્થ વૃત્તિથી વ્યક્તિ તરીકે જો કેળવવામાં આવે તો સમાજ ઉંચે દરજ્જે પહોંચી શકે. અહિં આપણા સમાજમાં છોકરાઓને જ જ્યાં સંકુચિત સ્વાર્થવૃત્તિથી કેળવણી અપાતી હોય ત્યાં છોકરીઓની શી વાત કરવી ? આથી છોકરીઓની સંસ્થા પ્રમાણમાં ઘણી જ જુજ છે.

ભવિષ્યની માતા—કે જેને કેળવ્યા વગર તો સમાજ એક ડગલું પણ ભરી શકે નહીં. જો માતા કેળવાયેલી હશે તો તેના પુત્રો સંસ્કારી અને કેળવાયેલા થવાના જ-એટલે વાસ્તવિક રીતે જોતાં છોકરાઓ કરતાં છોકરીઓની કેળવણીની વિશેષ જરૂર છે. આપણા કેટલાક વિદ્વાનો કહે છે કે-જો કેળવણી માટે ત્હમારી પાસે પૂરતું ધન ન હોય તો વધારે પૈસો છોકરીઓની કેળવણી પાછળ ખર્ચો, કે જેથી કેળવણીની સાચી કિંમત થશે. સહશિક્ષણની પહેલી દેખાતી જરૂરિયાત તો એ જ છે કે અત્યારે સ્ત્રીઓ માટે નવી સંસ્થાઓ ઉત્પન્ન

કરવી. પણ તેમને માટે નવી સંસ્થાઓ ઉત્પન્ન કરવા જેટલું આપણી પાસે ધન નથી. એટલે જ્યાં છોકરાઓને કેળવણી અપાય છે તેમાં જ છોકરીઓનો સમાવેશ કરવો એ હિતાવહ છે, કારણ કે નવી સંસ્થાઓ ઊભી કરવા જેટલું ધન કે ત્યાગ આપણા સમાજ પાસે હાલ નથી.—તેથી છોકરાછોકરીઓએ ન છૂટકે પણ સાથે ભણવું જ જોઇએ.—અભ્યાસ એ બન્ને માટે એટલી જ આવશ્યક વસ્તુ છે.

બીજી વસ્તુ-છોકરા છોકરીઓ સાથે ભણતાં બન્ને માટે લગ્નનું એક વિશાળ ક્ષેત્ર તૈયાર થાય છે. જૂદી કેળવણી આપતાં માતાપિતાને છોકરા યા છોકરી માટે શોધવા જવું પડે. કશા પણ પરિચય વગર આત્માનો એકેય સંસ્કાર જોયા સિવાય બન્નેને માત્ર ઉપર દ્રષ્ટિએ લગ્ન કરવાં પડે, અને આખું જીવન સાથે કાઢતાં પછી જીંદગીમાં અનેક ઘર્ષણો આવે. બન્નેને સાથે માફક આવે નહીં, કારણ કે બન્નેના આદર્શ—ધ્યેય—અને ભાવનાઓ જૂદાં જૂદાં જ હોય. અને એ ઉપલક દ્રષ્ટિએ તો સમજી શકાય જ નહીં. પછી પાછળથી, 'ભાઇ તો ભૂગોળ ને ખગોળમાં રમે છે ને બાઈનું ચિત્ત તો ચુલામાં ભમે છે,' એવું થાય. બન્નેને ફાવે નહીં એટલે જીવનમાં મહત્ત્વ રહે નહીં, જીવન અકારૂં થાય. અને અનેક દુર્મતિઓ સુઝે. એ કરતાં બન્ને સાથે અભ્યાસ કરતાં હોય તેથી-બન્નેને એક બીજાની માનસિક બુદ્ધિની કક્ષાનું ભાન હોય, ધીરે ધીરે પરિચયમાં આવતાં એકબીજાના આત્માને ઓળખતા શીખે, દોષો તરફ સહાનુભૂતિ અથવા તો તે સુધારવા તરફ વૃત્તિ થાય. બન્ને , એકબીજાનું હિત સમજે અને ન્હાનામાં નાની કુટેવો ભણતાં ભણતાં—સહાધ્યાયીઓ તો સહેજે જાણી લે. એટલે આ રીતે લગ્ન કે જે હાલ જીવનનો મોટામાં મોટો—ગુંચવાડો-જીવનનો મોટામાં મોટો અને મુખ્ય પ્રશ્ન મનાય છે, તે આમ તદ્દન સહેલાઇથી ઉકેલાઈ જાય. એટલે સંસ્કારી આત્માઓએ એકબીજાની શોધ કરવામાં શક્તિ નહીં વાપરતાં એકબીજાને મદદરૂપ થવામાં પોતાની સારી શક્તિઓ ખર્ચે. વળી એક માણસ એકલા ભવિષ્યનાં સ્વપ્નાંઓ સેવે–તેના કરતાં બન્ને સાથે પોતાનાં ભવિષ્ય રચે, તેમાં ખોટું શું ? પોતાના ભવિષ્યનો પાયો કલ્પના કરતાં વાસ્તવિક્તાથી જ વધુ સુંદર રચી શકાય. એટલે આ બાબતમાં સહશિક્ષણ એ મોટામાં મોટો ફાયદો છે.

ત્રીજું લઇએ—આજસુધી છોકરીઓ રસોઈ, વાસણ, ગૃહવ્યવસ્થા વગેરેમાં રચીપચી રહી હોઇને તેનો માનસિક વિકાસ બહુ ઓછો થાય છે. તેની દૃષ્ટિ બસ ઘર જાળવી રાખવું, એ સિવાય ક્યાંયે પહોંચતી નથી. ઘર જાળવવું એ કંઇ ન્હાની વસ્તુ નથી, છતાં એ જ્યારે મોટી જવાબદારી દેશને જાળવવાનું કાર્ય આવે ત્યારે તે પોતાના માનસિક સંકુચિત વિકાસને લઈ ને પોતાનો ફાળો આપી શકતી નથી, તેમ જ આનંદથી બેફિકરાઇથી પોતાના પુત્રોને દેશની આઝાદી માટે મરવા જવા દેતી નથી. તેને તેના પુત્રો ખૂબ ધન કમાય, પોતે ગાડી મોટરમાં ફરે અને ઘરના માણસોનાં સુખસગવડ સચવાય એટલે બસ. પોતાનાં પાડોશીની કેવી સ્થિતિ છે, મ્હારા ઘરમાંથી ગંદવાડ કાઢી હું બીજાને નુકશાન તો નથી કરતીને ? આ અને આવી ઘણી બાબતોમાં તે અજ્ઞાન રહે છે. બહેનોની નિશાળમાં ભણાવનાર બહેનોની માનસિક સ્થિતિ અથવા તો ક્ષેત્ર સકુચિત હોય છે. કારણ કે સમાજે તેને એવા વાતાવરણમાં રાખેલી છે. બાળબચ્ચાં અને ધણીની સેવા એ સિવાય આદર્શ પત્ની ઉત્તમ સેવિકા—ભાવિક દેશસેવિકા આદર્શ મિત્ર અને કાર્યકુશળ વ્યવહારૂ ગૃહીણિ તે વિશાળ જ્ઞાન વગર બની શકતી નથી. જો પોતાનો પતિ મૃત્યુ પામ્યો હોય, છોકરાઓ ન હોય તો તેને જીવવું અકારૂં લાગે છે. એ લાગણી ઠીક છે. છતાં પતિ અને બાળકો ન હોવાથી દેશને મ્હારી જરૂરજ નથી એમ માની લેવું, એ કેટલું બેહુદું છે ? જો એની પાસે કાંઈ પણ આદર્શ હોય–ધ્યેય હોય તો તે ગૃહમાં જે સેવા કરતી હતી તેના કરતાં ચાર

ઘણી સેવા સમાજને આપી શકે, હોસ્પીટાલમાં માંદાની માવજત કરી શકે, બાલમંદિરમાં કામ કરી શકે, અશિક્ષિતો ને અભ્યાસ કરાવી શકે અથવા તો સાક્ષર-સાહિત્યની દુનિયામાં પોતાનો ફાળો આપી શકે. આ બધું તો પુરૂષોની સાથે જો સ્ત્રીની બુદ્ધિ કસાઈ હોય તો જ બની શકે.

તે સિવાય તો સ્ત્રી કન્યાશાળામાં તદ્દન સ્ત્રીસ્વાભાવિક વિષયો શીખવાય છે કે જે એક બાળા હસતાં રમતાં ખેલતાં આનંદથી કરી શકે. જ્યારે માનસિક દિશામાં પણ એ કૂચ કરતી હોય ત્યારે ગૃહીણીનું સહજ વાતાવરણ એને સંપૂર્ણ રીતે સહેલાઈથી માતા પાસેથી મળી રહે છે. પછી એને માટે શાળામાં વખત ગાળવાની જરાયે જરૂર નથી. જ્યારે આપણી કન્યાસંસ્થાઓમાં આવા વિષયો રાખી બહેનોનાં મન રોકી લેવાય છે, જેથી ભાત કેમ કરવા, દાળ કેમ કરવી, વગેરે શીખતાં એબીસિનિયાનું શું થયું અથવા તો મ્હારા દેશનું શું છે.—મ્હારી બહેનો કેમ જીવન ગુજારે છે, દુનિયા કેમ ચાલે છે, વગેરેનો વિચાર બહુ જ ઓછો કરે છે. તેથી આગળ જતાં એ સારી ગૃહીણી થાય, પતિવ્રતા સતી કહેવાય, છોકરીઓને અથાણાં પાપડ-મીઠાઈ વગેરે કરીને ખવડાવે. પરંતુ પોતાની બીજી મહાન શકિતઓ આવી નજીવી બાબતમાં ખર્ચી નાખે. ત્યારે સહશિક્ષણથી શું થશે ? બન્નેનાં માનસ એક જ દિશામાં વિહરશે. તેથી દેશને મહાન સેવિકાઓ-મહાન જગદંબાઓ-વિદુષીઓ પ્રાપ્ત થશે. બધી સ્ત્રીઓ તો કાંઈ એ કક્ષાએ અસાધારણ શકિત સિવાય પહોંચી શકવાની નથી. નહીં થઈ શકે તો પણ—જે થશે તેને સહાનુભૂતિ તો અવશ્ય બતાવશે. બાકીની સ્ત્રીઓ તો ઘર સાચવીને બેસવાની જ છે. એટલે આ રીતે સ્ત્રીઓના માનસ વિકાસમાં પણ જબ્બર ફેરફાર થશે. એટલે આ રીતે લાગણીની સાથે બુદ્ધિનો સમન્વય થતાં —દેશની દાઝની લાગણીથી સ્ત્રીઓનાં હૃદય રંગાશે. અને આઝાદી માટે પોતાનાં પુત્ર-પુત્રીઓનાં બલિદાન આપતાં અચકાશે નહીં. વળી આમ વિશાળ દુનિયામાં વિહરતાં જે રસોઈમાં જ જીવન વ્યતીત થાય છે ને નહીં થાય-અને અથાણાં પાપડ ઓછાં થતાં કુદરત તરફ જીવન વળશે, અને જીવનની અત્યંત આવશ્યક વસ્તુઓ તરફ જ ધ્યાન રહેશે. ખાવું એ જીવનની આવશ્યક વસ્તુ છે-છતાં જીભને ચટણી કરી પરાણે પેટમાં નાંખવું એ તો મૂર્ખાઈ જ છે. પછી ખાવા માટે જીવવા કરતાં જીવવા માટે ખાવું ઉપદેશ ઉપદેશ મટી વાસ્તવિક જીવનમાં સ્થાન લેશે. આ રીતે પણ સહશિક્ષણ ઘણું જ ઉપયોગી છે.

ચોથું સ્ત્રીઓ બહુ જ લાગણીપ્રધાન હોય છે. અને એ લાગણીને બુદ્ધિની દોરવણી ન હોય તો એ લાગણી અવળે રસ્તે લઈ જાય. તેની લાગણી કેન્દ્રિત થઈ બાળબચ્ચાં અને પતિમાં જ સમાઈ જાય. પછી તે બીજાનો વિચાર ન કરી શકે. લાગણીવશ થઈને તે બાળબચ્ચાં અને પતિ માટે બીજાનું બૂરૂં કરતાં અચકાય નહીં. એટલે જ કહેવાય છે કે જે માણસ સ્ત્રીઓનો રોષ વહોરે તે જબરૂં જોખમ ખેડે છે. સ્ત્રી રીઝે પણ ઝટ, અને રીસાય પણ ઝટ; અને તેનું કારણ લાગણી જ છે.—આવી ખોટી લાગણીને બુદ્ધિરૂપી સુકાન ન હોય તો અવશ્ય તેનું જીવન-એ-દુનિયામાંના અનેક ખડકો વટાવી અને સુખરૂપ પોતાની નૌકા પાર કરી શકે. એટલે લાગણી પ્રધાનતા ભોગવે તો બુદ્ધિને બિચારીને હંમેશાં શરમાવું પડે. સારાસારનો ખ્યાલ ઘણો ઓછો થઈ જાય. વિવેકબુદ્ધિ તીવ્ર જ રહે. પરિણામે એકલી લાગણીથી જીવનમાં લાંબા સમયે શુષ્કતા આવે. વિવિધતા વગરનું-કદાચ ધ્યેય વગરનું જીવન બની જાય. એકલી લાગણીથી જીવનમાં શિથિલતા આવે. મહાન આદર્શો, મહાન ભાવનાઓ અને મહાન કાર્યો બુદ્ધિ અને લાગણીના સહચાર કે સમન્વય વગર અશકય બને. લાગણી બુદ્ધિ કરતાં મનુષ્યને વધારે શુષુપ્ત રાખે; છતાંએ તે

જેમ કાર્યમાં તીવ્રતા-અથવા તો જેમ આપે તેમ કદિ કદિ નિષ્ક્રિયતા પણ આપે. લાગણી એ સ્વાભાવિક વસ્તુ છે. તેનો નાશ તો નહીં જ થવો જોઇએ તેમ જીવનમાં તેને જ પ્રાધાન્ય પણ નહીં અપાવું જોઈએ. લાગણી એ નૌકા છે, જ્યારે બુદ્ધિ તે હલેસાં છે. કેટલીક વખત તે હલેસાં થઈ શકે. પણ એ બુદ્ધિનો સાથ હોય તો જ. બુદ્ધિ એ હૃદયની કેળવણી છે અને શાળામાં જ મળવી જોઈએ.

સહશિક્ષણથી બુદ્ધિને કસોટીએ ચઢવું પડે. કસોટીએ ચઢે એટલે એનો વિકાસ અવશ્ય થાય. લાગણીને હલેસાં બનાવતાં મહાન જોખમ ખેડવું પડે છતાંયે લાગણી વગર બુદ્ધિ હારી જાય. એ પણ એટલી જ સાચી વાત છે. લાગણીની સાથે શ્રદ્ધાને સંબંધ છે. લાગણી અને શ્રદ્ધા બન્ને ભેળાં થાય એટલે કામ સફળ થાય જ. પરંતુ એ કાર્ય પોતે જો બુદ્ધિથી તપાસાયલું ન હોય તો-કાં તો તે સ્વર્ગમાં પહોંચાડે અને કાં તો નર્કમાં-કાં તો તારે કે ડૂબાડે. જીવનમાં લાગણી અને બુદ્ધિને ઘણી વાર લડાઈ થાય; તેમાં સાચો રસ્તો તો બુદ્ધિ જ બતાવે, લાગણીમાં કેટલીક વાર અજ્ઞાનતા અથવા તો આંધળાપણું આવી જાય છે. જ્યારે બુદ્ધિ હંમેશાં ચોક્કસ હોય છે, તેને લાગણી જેટલા ફટકા વાગવા સંભવ નથી. છતાંએ બુદ્ધિ સંપૂર્ણ સફળ તો ન જ બનાવી શકે. એટલે સ્ત્રીઓને જરા બુદ્ધિને કસવા સારૂ કેળવવાની વિશેષ જરૂર છે. કારણ કે તેને લાગણી સ્વાભાવિક કે બક્ષીસ તરીક મળેલી જ હોય છે. કેટલીક વખત પરિણામ તદ્દન ઉલટું જ આવે. બુદ્ધિ મેળવવા જતાં તે તેનો સ્વભાવજન્ય સદ્‌ગુણ લાગણી વીસરી જાય તો તો લાગણી અને બુદ્ધિ – વગરની હતી સ્વાર્થી બની, ચંડિકા થઈ, સંકુચિત સ્વાર્થ માટે જ ઘૂમે, અને ઘણાંનો ભોગ લે. લાગણી અને બુદ્ધિ બન્ને એકબીજાનાં સહાધ્યાયીઓ તેમ જ પૂરક છે. મનુષ્ય જીવનમાં બન્ને વસ્તુની એટલી જ જરૂરિયાત છે. એટલે સહશિક્ષણથી સ્ત્રીપુરૂષ બન્નેને ફાયદો થશે પુરૂષની ઘણીખરી જડતા સ્ત્રીસહચારથી ઓછી થાય અને સ્ત્રીની અતિ લાગણીવશતા કોમળતા પણ બુદ્ધિના સહચારથી ઓછી થાય. એટલે નૌકા સરસ રીતે ચાલે જ. સંસાર રૂપી સમુદ્રમાં જીવનનૌકા સફળતાથી ચલાવવા માટે લાગણી અને બુદ્ધિ જ સુકાન બન્ને સમતોલપણે રહે, તો નૌકા ચલાવવી મુશ્કેલ ન પડે, અને જીવનની આકરી લડાઈમાં નિરાશાને સ્થાન ન મળે.

વળી માનસ શાસ્ત્રની દ્રષ્ટિએ જાતિય આકર્ષણ ઓછું થાય. સહચાર સ્વાભાવિક થતાં સ્વભાવ સહજ કુતુહલ જ રહે, અને નિવાર્ય અને ખોટી વાસનાઓ અને કામ બળીને ભસ્મ થાય, અને ખોટો કલ્પનાતીત ભય બન્નેનો ઓછો થાય. કેટલીક વાર જીવનની લડાઈમાં લઢતા સૈનિકોને લગ્ન એ ભયરૂપ બને તેવો ધાક રહે છે. તેનું કારણ એ જ કે તેને પોતાની જવાબદારી લેતાં પહેલાં અનેક પ્રશ્નો ખડા થાય; કારણ કે તેને લગ્ન એ લગ્ન માટે કરવા છે, જ્યારે લગ્ન એ વ્યક્તિ માટે છે, વ્યક્તિ લગ્ન માટે નથી, આવું આવું આપણા જાણીતા વિદ્વાનો જેવા કે— કિશોરલાલ મશરૂવાલા, કાકાશ્રી. કાલેલકર, વગેરે લખે છે. વ્યક્તિની માનસિક શુદ્ધિ માટે પણ લગ્ન એ આવશ્યક વસ્તુ છે. જ્યારે "ગુજરાત" અને એવાં બીજાં માસિકો-અમેરિકામાં ચાલતો સહશિક્ષણનો પ્રયોગ—, અને તેનાં ખરાબ પરિણામો-પર લાંબું લાંબું વિવેચન કરે છે. અને પોકારી પોકારી કહે છે કે-સહશિક્ષણથી-નાનપણથી જ છોકરાછોકરીઓને જાતિય ભાન થાય છે અને તેઓ તેમની સ્વાભાવિક વૃત્તિઓને માન આપી, નાનપણથી ખરાબ કૃત્યો કરે છે. એ પણ એટલી જ સાચી વાત છે કે વસ્તુને સાચે રસ્તે સ્હમજીને ગ્રહણ ન કરે તો તે આડે રસ્તેથી વિકૃત થઈ આપણામાં પેસે. બહુ નાનપણમાં પણ છોકરાછોકરીઓને જાતિય ભાન થઈ બેસે અને તેઓને લગ્ન કરી મોઝમઝા

કર્યા સિવાય દુનિયામાં બીજાં અગત્યનાં ઘણાં કામો કરવાનાં હોય છે તે ભુલાઈ જાય, તો હાનિકારક પરિણામ આવે. વળી કેટલીક વાર કોઈ છોકરો અજ્ઞાત દશામાં જ કોઈ પણ નિર્દોષ છોકરી પર પોતાના ભાવિ સ્વપ્નાંઓ રચે, કેટલીક વાર તેમાં યોગ્યાયોગ્યનો ખ્યાલ બહુ ઓછો હોય છે. બન્નેનો સામસામો સ્નેહ હોય છતાંય તેમાં અજ્ઞાન બીન અનુભવી છોકરાછોકરીઓ મોહમાં જ રહે છે. કેટલીક વાર ભવિષ્યના અસંભવિત નિશ્ચયો સાચા માની, અયોગ્ય છૂટ લઈ નીતિને બાજુએ મૂકે છે. ચારિત્ર જેવી વસ્તુ–તેમના જીવનમાં ગૌણ બની જાય; અને એક ભૂલ અથવા તો માની લીધેલી ભૂલને માટે અનેક જુઠાણાં રચવાં પડે. માબાપ સંબંધીઓ વગેરેને ખોટે ખોટું સમજાવવું પડે, અને છેવટ સુધીની પોતાની અરસપરસની લાગણીઓ છૂપી રાખી અને કેટલીક વાર માબાપોએ અથવા તો સમાજે ઉભા કરેલાં સંજોગોને વશ થઇ અને જીવન ઝેર કરવું પડે. ઘણી વાર એ વસ્તુ તો બને છે કે છોકરાછોકરીઓ ઇચ્છતાં હોય, લાંબા સમયનો તેમનો એ રીતનો સહવાસ અને વર્તન હોય છતાંએ–છેલ્લી ઘડીએ વ્યવહારમાં અથવા તો વાસ્તવિક દશામાં તેઓને રીબાવું પડે; એવા તો અનેક દાખલાઓ બને છે. બહુ નાની વયમાં જ છોકરાછોકરીઓ જો એ દિશામાં વળી જાય તો ખરે જ પરિણામ ખરાબ આવે. કેટલાક વિદ્વાનો માને છે કે–છોકરા છોકરીઓને સાથે રાખવાથી જાતિય ભાન વહેલું થાય છે. પણ એ વસ્તુ સામે કેટલાક માનસશાસ્ત્રીઓ કહે છે કે એક વસ્તુ વારંવાર આપણા જોવામાં આવે, સહવાસમાં આવે તો સહેજે એ વસ્તુ તરફની કુતુહલવૃત્તિ ઓછી થઈ જાય. એટલે નાનપણથી જ કશા જ વિરોધ વગર છોકરાછોકરીઓને સાથે રાખ્યાં હોય તો તેમને એકબીજા માટે ભાઈબહેન જેવો જ નિર્દોષ સ્નેહ હોય. લગ્નની વયમાં આવ્યા પછી કદાચ એ વસ્તુ સંભવિત છે કે બન્ને લગ્ન કરવા પ્રેરાય, પણ તેમાંએ જો એકબીજાના આદર્શો–ભાવનાઓ વગેરેમાં વાંધો ન આવતો હોય તો એમાં કશું ખોટું છે જ નહીં. એટલે લગ્નનો પ્રશ્ન તો કોલેજમાં જ રહે છે. સ્કૂલોમાં તો બન્ને નિર્દોષ જ હોય છે.

બીજો એક મોટો અને અગત્યનો પ્રશ્ન એ છે કે–બન્નેને એક જ કેળવણી આપવી પડે–ત્યાં ઉપલક દ્રષ્ટિએ આપણને જણાય કે પુરુષોનો અભ્યાસક્રમ સ્ત્રીઓ માટે અયોગ્ય છે. પણ એ તો બન્નેને અનુકૂળ આવે તેવો અભ્યાસક્રમ યોજી અને સાથે ભણાવવાં જોઇએ. સંગીત ગૃહવિજ્ઞાનની સાથે ગણિત–સાયન્સ વગેરે બુદ્ધિને કસનારા વિષયોની પણ હાલ સ્ત્રીઓને ઘણી જરૂર છે.

કેટલીક વાર એવા પણ દાખલાઓ બન્યા છે કે તોફાનીમાં તોફાની છોકરો છોકરીની હાજરીમાં તદ્દન નરમ થઈ જશે. કેટલીક વાર બીક પણ લાગે છે કે છોકરીઓની શરમાળ વૃત્તિ જો છોકરાઓ ગ્રહણ કરી લેશે તો પરતંત્રતા–માતા–ની જંજીરો કોણ તોડશે? તેની સાહસિક વૃત્તિનો વિરોધ થાય તે તો ન જ સહન થાય પણ એમ તો બને જ નહીં. કારણ કે સાહસિક વૃત્તિ, એ એનો છોકરાઓનો સ્વાભાવસિદ્ધ સદ્ગુણ છે. એટલે એમ કોઈની સહેજ અસર તળે તદ્દન ઘસાઈ તો ન જ જાય.

આ બધું લખ્યા પછી પણ આપણે તો કહીશું કે એ એક પ્રયોગ છે અને એ પ્રયોગ જ્યાંસુધી આપણે નજરે ન નીહાળીએ અથવા તો અનુભવીએ નહીં ત્યાંસુધી એની બહુ ખાત્રી આપણને થાય નહિ. છતાંએ એક વસ્તુ આપણી પાસે આવે એટલે વિચાર્યા વગર રહેવાય નહીં.

એક મત એવો પણ છે કે હાઇસ્કૂલમાં છોકરા છોકરીઓને સાથે અભ્યાસ કરાવવો પછી સ્ત્રીઓને માતૃત્વ સંબંધી જુદી કેળવણી આપવી અને છેવટ પાછા કોલેજમાં બન્ને ભેગાં થાય.

સ્વ. કરસનદાસ મૂળજી સ્મારક જાહેર સભા

‘સહશિક્ષણ’ વિષે વંચાયેલો નિબંધ :: રૂ. ૫૦-૫૦નાં બે ઇનામોની વહેંચણી

શ્રી ફાર્બસ ગુજરાતી સભાના આશ્રયે સ્વ. કરશનદાસ મૂળજી સ્મારકની જાહેર સભા ગઈ તા. ૨૨મી ને બુધવારે સાંજે ૭ (સ્ટાં. ટા.) વાગે દિ. બા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીના પ્રમુખપદે શ્રી ફાર્બસ ગુજરાતી સભામંદિરમાં મળી હતી. આ પ્રસંગે આશરે ૨૦ બ્હેનો અને ૩૦ પુરુષો મળી લગભગ ૫૦ માણસોએ હાજરી આપી હતી.

સ્મારકનો અહેવાલ

રા. અંબાલાલ બુલાખીરામ જાની, સભાના સહાયક મંત્રીએ શરૂઆતમાં સભા બોલાવવાનું પ્રયોજન કહ્યા પછી જણાવ્યું કેઃ—

આજથી ત્રણ વર્ષ પહેલાં કરસનદાસની શતાબ્દી ઉજવવા એક કમિટિ નીમાઈ હતી. એ કમિટિએ શતાબ્દી ઉજવ્યા પછી બાકી વધેલી રકમમાંથી ચિરસ્થાયી ફંડ તરીકે રૂ. ૫,૦૦૦ સભાને સોંપ્યા હતા. રૂ. ૫,૦૦૦માંથી રૂ. ૫,૪૦૦ની ૩ા ટકાની લોન લેવાઈ છે. એટલે ગયે વરસે મૂળ રકમ કરતાં રૂ. ૮૫-૭-૦ વધારે ખર્ચ થયો છે. ઉપરાંત ગયા વરસમાં જાહેર સભા; વહીવટ વગેરેને અંગે રૂ. ૨૩-૬-૦ મળી કુલ રૂ. ૧૦૮-૧૩-૦ ખર્ચ થયો છે. વ્યાજના ચોખ્ખા રૂ. ૫૦-૫-૯ આવતાં એ ખાતે રૂ. ૫૮-૭-૩ સભાના લેણા નીકળે છે. તેમ છતાં સભાએ મૂળ યોજનાને તેના પૂર્ણ સ્વરૂપમાં અમલમાં મૂકી છે.

તેના વ્યાજમાંથી દર વરસે સમાજસુધારાના વિષય ઉપર વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ પાસે નિબંધો લખાવવા અને બન્નેમાંથી જે ઉત્તમ ઠરે તે દરેકને રૂ. ૫૦-૫૦નું એક. એવાં બે ઇનામો આપવાં અને એ બેમાંથી વધારે સારો એક નિબંધ સભામાં વાંચવો, એવી ગોઠવણ છે. ગયે વરસ તો આ સભાગૃહમાં સ્વ. કરસનદાસનું તૈલચિત્ર માત્ર ખુલ્લું મૂકવામાં આવ્યું હતું; પરંતુ આ વરસે મૂળ યોજના પૂરી અમલમાં મૂકી, ઈનામી નિબંધો મગાવ્યા છે. રા. સુશીલકુમાર બ. મુનશી જેઓ સુરતના છે તેમનો નિબંધ પ્રથમ નંબરે આવ્યો છે, તેથી એક ઈનામ તેમને મળ્યું છે અને એ નિબંધ આ સભામાં વંચાશે. માંદગીને લઈને તેઓ આવી શકયા નથી, તેથી પ્રમુખશ્રી એ નિબંધ વંચાવવાની વ્યવસ્થા કરશે. બ્હેનોમાંથી વીલેપારલેનાં બ્હેન જયાકુમારી જયશંકર દેસાઈનો નિબંધ પ્રથમ નંબરે આવવાથી બીજું રૂ. ૫૦નું ઈનામ તેમને મળ્યું છે. તેઓશ્રી અત્રે હાજર છે.

* પ્રમુખનું વકતવ્ય

પ્રમુખ દિ. બા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીએ શરૂઆત કરતાં જણાવ્યું કેઃ—

કરશનદાસ શતાબ્દીનો પ્રથમ વિચાર રા. પરભુદાસ મોદીને આવેલો. તેનું પ્રથમ કાર્ય કરશનદાસનાં કાર્યોની સ્મૃતિ તાજી કરવાનું, બીજું રા. મોતીવાલા પાસે કરશનદાસ વિષે નિબંધ લખાવવાનું, અને ત્રીજું તેમનું આવા પ્રકારનું સ્મારક રાખવાનું છે. સહશિક્ષણ એ સમાજ સુધારાની સીડીનું પગથિયું હોવાથી એ વિષયની નિબંધ માટે પસંદગી કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ તરફથી ૮ નિબંધો આવ્યા છે અને બ્હેનો તરફથી બે નિબંધો આવ્યા છે. બે સારા નિબંધોમાંથી રા. મુનશીનો નિબંધ વંચાવવાનું ઠર્યું છે. નિબંધો લગભગ બધા જ સારા હતા. બ્હેનોના નિબંધો પણ સારા વિચારવાળા હતા. બ્હેનોએ આ વખતે પ્રમાણમાં ઓછો ભાગ લીધો છે, પરંતુ આવતે વર્ષે તેઓ પણ પુરુષોના જેટલી જ સંખ્યામાં ભાગ લેશે એવી આશા છે.

સ્વ. કરશનદાસે ૩૮ વર્ષની નાની ઉમ્મરમાં આટલું બધું કાર્ય કરી નાખ્યું છે. તેમનો પરિશ્રમ, હિંમત અને બહાદુરી પ્રશંસનીય છે. રૂા. ૩૦ના પગારથી માસ્તરથી શરૂ કરી, તેઓ રૂા. ૫૦૦ના પગારના દિવાન બન્યા હતા. સ્વ. કરશનદાસની સુધારાની ચળવળમાં તે વખતના હિન્દુઓ મદદ આપતાં ડરતા હતા: પરંતુ પારસીઓ તેમની તરફ સમભાવ દર્શાવતા હતા અને મદદ કરતા હતા. નાણાંની મદદ પણ પારસીઓએ કરી હતી. કવિ નર્મદાશંકરને પણ પારસીઓએ મદદ કરી હતી. આજથી ૫૦ વર્ષ પહેલાં હિન્દુઓ તરફનો પારસીઓનો સમભાવ આજના કરતાં જૂદો હતો. સ્વ. કરશનદાસની ફત્તેહનું એ પણ એક કારણ હતું.

નિબંધવાંચન

બાદ પ્રમુખશ્રીની સૂચનાથી શ્રી. અંબાલાલ બુલાખીરામ જાનીએ રા. સુશીલ મુનશીનો 'સહશિક્ષણ' વિષેનો નિબંધ વાંચ્યો હતો. (એ તેમજ ઈનામપાત્ર બીજો એમ બે નિબંધો આ અંકમાં છપાયા છે.)

તે પછી પ્રમુખે બ્હેન જયાલક્ષ્મીને રૂ. ૫૦નો ચેક નિબંધલેખનના ઈનામ તરીક આપ્યો હતો અને રા. સુશીલકુમાર બ. મુનશીને હાજર ન હોવાથી ચેક મોકલવા જણાવ્યું હતું.

રા. પરભુદાસ મોદીનું વિવેચન

પછી પરભુદાસ લાધાભાઈ મોદીએ પ્રાસંગિક વિવેચન કરતાં કહ્યું:

સ્વ. કરશનદાસનું અંગ્રેજી જીવન તૈયાર થઈ ગયું છે, અને તેનો ગુજરાતી અનુવાદ કરાવવાની ગોઠવણ પણ થયેલી છે. તે છ માસમાં તૈયાર થઈ જશે. કરશનદાસ સંબંધી શતાબ્દી પ્રસંગે ઘણું કહેવાયું છે.

તેમણે સંસારસુધારાને પોતાનું જીવન સમર્પણ કર્યું હતું. તે સમયે સમાજસુધારાના બે પ્રશ્નો આગળ પડતા હતા. પરદેશગમન અને પુનર્લગ્ન. તેઓ જે બોલતા હતા તે જીવનમાં ઉતારતા પણ હતા. તેમના વિરોધીઓ પણ તેમના ચારિત્ર્ય વિષે કાંઈ બોલી શકતા નથી. તેમણે વિલાયતનો પ્રવાસ કરી, પરદેશગમનથી ભ્રષ્ટ થવાની માન્યતા કાઢી નાંખી હતી. કપોળ કોમે તેમને અને તેમના કુટુંબને નાત બહાર મૂકવાની સજા કરી હતી. તે વખતે બાળવિધવાના પુનર્લગ્નમાં પાપ મનાતું હતું; તો પણ તેમણે ધનકોર નામની બાળવિધવા સાથે માધવદાસનાં પુનર્લગ્ન કરાવી આપ્યાં અને જ્ઞાતિની ખફગી વહોરી લીધી. સ્વ. કરશનદાસે 'સત્યપ્રકાશ'માં સમાજસુધારાનાં અને પુનર્લગ્ન વિષે ઘણાં લખાણો કર્યાં હતાં. આજે ૫૦ વર્ષ પછી પરદેશગમન કરનારને તેમજ બાળવિધવાનાં પુનર્લગ્ન કરનારને કોઈ નાતબહાર મૂકતું નથી.

કરશનદાસે ત્રીજું કાર્ય ધર્મને નામે થતા અનાચારોનો સામનો કરવાનું કર્યું અને મંદિરોની પાશવલીલાના પોકળ ખુલ્લાં પડયાં. મહારાજ લાયબલ કેસ જોવાથી તે વાતનો યથાર્થ ખ્યાલ આવી શકશે. તેમણે પ્રજામત કેળવવા વ્યાખ્યાનો આપ્યાં, વર્તમાનપત્રો ચલાવ્યાં. ઉપરાંત તેમણે કન્યાકેળવણી માટે પ્રયાસ કર્યો, રાત્રિશાળાઓ ચલાવી; મોટી ઉમ્મરે પહોંચેલાને શિક્ષણ આપવા મફત શાળાઓ કાઢી: આ પ્રમાણે તેઓ એક ખરા National Hero રાષ્ટ્રવીર જેવા થઈ ગયા છે.

છેવટમાં શ્રી. પ્રભુદાસ મોદીએ સ્વ. કરશનદાસ શતાબ્દી સમિતિના મંત્રી તરીકે જાહેર કર્યું કે શ્રી ફાર્બસ સભાએ સ્વ. કરશનદાસ ફંડમાં જે રકમ રૂા. ૫૮-૭-૩ની લેણી બતાવી છે તે રકમ સભાને મજરે આપી દેવામાં આવશે.

પ્રમુખનો આભાર

શ્રી. ગોકુળભાઈ ભટ્ટે પ્રમુખનો આભાર માનવાની દરખાસ્ત રજુ કરી, અને રા. સા. મગનલાલ દલપતરામ ખખ્ખરે તેને અનુમોદન આપતાં સ્વ. કરશનદાસ અને તેમના પોતાના પરિચયનો ઉલ્લેખ કરી પોતાની પાસેનો લીંબડીના રાજા સાથેનો સ્વ. કરશનદાસનો ફોટો રા. પરભુદાસ મોદીને આપ્યો હતો.

કામકાજ પૂરૂં થતાં સભા વિસર્જન થઈ હતું.

ગૂજરાતની ભૂરચનાની ઉત્પત્તિ

ડૉ. અરદેસર સોરાબજી કાલાપેસી, બી. એ.; બી. એસસી. પીએચ. ડી.,
ભૂવિદ્યાના પ્રોફેસર, સેંટ ઝેવીઅર્સ કૉલેજ, મુંબઈ—નું વ્યાખ્યાન

શ્રી ફાર્બસ ગુજરાતી સભાના આશ્રયે શ્રી બુદ્ધિવર્ધક વ્યાખ્યાનમાળાના અંગની એક જાહેર સભા ગઈ તા. ૩૦ મી ને રવિવારે શ્રી ફાર્બસ ગુજરાતી સભા-મન્દિરમાં દિ. બા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીના પ્રમુખપદે મળી હતી. આ પ્રસંગે સેંટ ઝેવીયર કોલેજના ભૂવિદ્યાના પ્રોફેસર ડૉ. અરદેસર સો. કાલાપેસીએ 'ગૂજરાતની ભૂરચનાની ઉત્પત્તિ' એ વિષય ઉપર મેજીકલેન્ટર્નની મદદથી કેટલાંક ચિત્રો બતાવી, રસમય અને માહિતીભર્યું સુંદર વ્યાખ્યાન આપ્યું હતું. સભામાં આસરે ૫૦-૬૦ માણસોએ હાજરી આપી હતી તેમાં પ્રમુખ ઉપરાંત રા. નટવરલાલ ઇચ્છારામ દેશાઈ, રા. સા. દલપતરામ પ્રાણજીવન ખખ્ખર, રા. પોપટલાલ ગોવિંદલાલ શાહ, પ્રૌ. યશવંત ગુલાબભાઇ નાયક, શ્રી. ભીમભાઇ લાલભાઈ દેશાઈ, રા. રા. હીરાલાલ રસિકદાસ કાપડીયા, રા. અંબાલાલ બુલાખીરામ જાની, રા. ચન્દ્રવદન ચિ. મહેતા, રા, યજ્ઞેશ હ. શુકલ, રા. નર્મદાશંકર વ. દ્વિવેદી વગેરે મુખ્ય હતા.

પ્રમુખનો પ્રસ્તાવ.

શરૂઆતમાં સભાના સહાયક મંત્રી રા. અંબાલાલ બુલાખીરામ જાનીએ સભા બોલાવાનું પ્રયોજન વાંચ્યું હતું.

તે પછી **પ્રમુખ શ્રી. દિ. બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીએ** વ્યાખ્યાતાને વ્યાખ્યાન આપવાની વિનતિ કરતાં જણાવ્યું કે,

પ્રોફેસર કાલાપેસી આ વિષયના નિષ્ણાત છે. ગુજરાતમાં ભૂસ્તરવિદ્યા વિષે થોડી માહિતી છે, તેમ તેનાં પુસ્તકોનો પણ અભાવ છે. ગુજરાત વર્નાક્યુલર સોસાયટી તરફથી રા. ડાહ્યાભાઈ પીતાંબરદાસ દેરાસરીનું આ વિષયનું ભાષાન્તર પ્રસિદ્ધ થયું છે, તે સિવાય કોઈ ગુજરાતી પુસ્તક આપણી કને નથી. પૃથ્વીના ગર્ભમાં શું છે, તેની રચના કેવી છે, તે વિષે જો કોઈ રસિક અને સાદી ભાષામાં સમજાવે તો આપણને રસ પડે. ડૉ. કાલાપેસીએ આ વિષય ગુજરાતીમાં સમજાવવાનું માથે લઈ સભા ઉપર ઉપકાર કર્યો છે. હું આશા રાખું છું કે તેઓ ચિત્રો બતાવવા સાથે આ વિષયને રસિક બનાવી શકશે.

ડૉ. અરદેસર કાલાપેસીએ ત્યારબાદ પ્રથમ સૃષ્ટિની ઉત્પત્તિ કેવી રીતે થઇ ત્યાંથી માંડીને પૃથ્વીનાં અત્યાર સુધીમાં બદલાયેલાં રૂપો, તેમ જ હાલની પૃથ્વી, ઉપરાંત હિન્દુસ્તાન અને ગુજરાતની સાંપ્રત ભૂરચના સુધીની તમામ બાબતોનું સામાન્ય નિરીક્ષણ કર્યું હતું. વચમાં વચમાં મેજીક લેન્ટર્નની મદદથી ચિત્રો બતાવીને તેમણે પોતાના વિષયને બહુ સ્પષ્ટ અને વધુ રસિક બનાવ્યો હતો. આ વ્યાખ્યાન સવિસ્તર હવે પછીના અંકમાં પ્રકટ કરવાની ધારણા છે.

સૃષ્ટિની ઉત્પત્તિ

ડૉ. કાલાપેસીએ પ્રસ્તુત વિષયનું નિરૂપણ કરતાં કહ્યું હતું કે,

ખગોળવેત્તાઓની ધારણા પ્રમાણે પૃથ્વી પ્રથમ પાણીરૂપે હતી, તેમાંથી ઠંડી પડી સંકોચાઇ અને ધીમે ધીમે નક્કર-રૂપ લેતી ગઈ. સૃષ્ટિમાં પ્રથમ પાણી હતું. પછી પાણીમાં રહેનારાં એટલે સમુદ્રમાં રહેનારાં પ્રાણીઓ થયાં, પછી ખડકો થયા, પછી નાના જીવો, મોટાં પ્રાણીઓ અને પછી મનુષ્યની વસતી થઈ.

હિમાલય અને નદીઓ

શરૂઆતમાં ઉત્તરનો ખંડ અને નીચેનો પ્રદેશ જે ગોંડવાના લૅંડના નામથી ઓળખાતો હતો તે પ્રદેશો હતા. વચમાં ભૂમધ્ય સમુદ્ર હતો. હાલ જ્યાં હિમાલય પર્વત છે ત્યાં અગાઉ સમુદ્ર હતો; પરંતુ એ ભાગ દબાઇ દબાઈને ઉપસી આવી, પાછળથી પર્વત થયો છે. હિમાલય એકી સાથે એટલો બધો ઉંચો થયો નથી, પરંતુ ક્રમેક્રમે તેમ બન્યું છે. એ, ગંગા, જમના, સિંધુ વગેરે નદીઓ પર્વતથી કેટલી ઊંડી વહે છે તે ઉપરથી સમજી શકાય છે. બ્રહ્મપુત્રા પણ હિમાલયમાંથી જ નીકળે છે, છતાં તે પૂર્વ તરફ પર્વતને વીંટળાઈને ફરીફરીને હિન્દમાં આવે છે. નર્મદા અને તાપી તેમજ મહી વગેરે સિવાય દક્ષિણની બીજી નદીઓ પૂર્વ સમુદ્રને મળે છે, અને પશ્ચિમ ઘાટ તેમની પીઠ જેવો બની રહ્યો છે. નર્મદા નદીના મૂળ તથા જબલપુર આગળથી આરસપહાણો નીકળે છે તે જોતાં એ પર્વતો પ્રાચીન લાગે છે. હિમાલયના અસ્તિત્વની સાથે જ મનુષ્યોનું અસ્તિત્વ થયું છે.

કચ્છ–ગુજરાત

કચ્છનો પ્રદેશ ઘણોખરો પહાડો અને ટેકરાવાળો છે. કચ્છ અને કાઠિઆવાડને સ્થાને પ્રથમ તો સમુદ્ર હતો, પરંતુ ધીમેધીમે જમીન ઉંચી થતાં એ સમુદ્ર મટી પ્રદેશો બન્યા છે. કચ્છ આગળનો સમુદ્રકિનારો અત્યારે પણ આગળ ને આગળ જાય છે. સીંદરીનો કિલ્લો પ્રથમ ભૂમિ ઉપર હતો. પરન્તુ હાલ તે દરિયામાં ડૂબેલો જણાય છે. માંડવી બંદરનો ડક્કો આજે શહેરથી ત્રણ માઇલ જેટલો દૂર થઈ ગયો છે. અલ્લાહાબાદ આગળની જમીન હતી તે કરતાં ઉંચે આવી છે. કચ્છનું રણ પાછું ભરાવા લાગ્યું છે. એ રણમાં છ માસ પાણી રહે છે અને છ માસ રેતી રહે છે. લખપત ગામ આગળની જમીન નીચાણમાં ઉતરી પડી છે.

કાઠિયાવાડનો કિનારો પણ ઉંચકાતો જાય છે. પોરબંદર, ભાવનગર તરફનો દરિયા-કિનારો પૂરાતો જાય છે. મુંબઇનો ટાપુ પૂર્વ બાજુથી બેસી ગયો છે. સચીન આગળ અત્યારે દરિયામાં સૅંડસ્ટેન્ડ દેખાય છે; તે અગાઉ જમીન ઉપર હોવું જોઇએ. જુહુનો દરિયાકિનારો પણ જમીન તરફ આગળ વધતો જાય છે. સામાન્ય રીતે જમીન ઉપર વધારે આવતી જાય છે.

જો દુનીઆમાં પૃથ્વીનો ભાગ છસો ફીટ જેટલો નીચે ઉતરી જાય તો હિન્દુસ્તાન ઘણો ભાગ ગુમાવે અને આપણી સ્થિતિ દરિયામાં ગુમ થયા જેવી થાય.

આનો ચિતાર આપતો દેખાવ ડૉ. કાલાપેસીએ ચિત્રથી બતાવ્યો હતો. પણ તેમ, ક્યારે, કેટલે વર્ષે થાય તે એમણે કહ્યું ન હતું.

પ્રમુખનો ઉપસંહાર

ઉપસંહારમાં પ્રમુખશ્રીએ કહ્યું કે,

વ્યાખ્યાતાએ પોતાના વિષયનું સરળ અને સાદી ભાષામાં સુંદર પ્રતિપાદન કર્યું છે. તેઓ પારસી હોવા છતાં આવું સારૂં ગુજરાતી બોલી શક્યા તે બદલ તેમને ધન્યવાદ ઘટે

છે. આફ્રિકા અને હિન્દ અગાઉ એક જ ભૂમિ હતી એવી માન્યતા ચાલે છે. સિંહ ગીરમાં અને આફ્રિકામાં જ મળે છે. હાથી પણ હિન્દમાં અને આફ્રિકામાં જ મળે છે. હીરા દક્ષિણ આફ્રિકામાં મળે છે, તેમ પન્નામાંથી મળે છે. આવું સુંદર વ્યાખ્યાન આપવા બદલ ડૉ. કાલાપેસીનો હું સભા તરફથી ઉપકાર માનું છું.

આભારદર્શન

ડૉ. પોપટલાલ ગોવિંદલાલ શાહે વ્યાખ્યાતાનો વિશેષ આભાર માનતાં કહ્યું કે આજના ભાષણથી આ વિષયમાં વિશેષ જાણવાની આપણને ઉત્કંઠા થઇ છે. આજના વ્યાખ્યાનમાં સૃષ્ટિ અને હિન્દની વાતો કહેવા જતાં ગુજરાત સંબંધી કહેવાનું ઘણું ઘણું બાકી રહી ગયું છે. તે ઉપર ફરીથી ડૉ. કાલાપેસી વ્યાખ્યાન આપશે, એવી હું આશા રાખું છું. અગાઉ સરસ્વતી ખભાતના અખાતને મળતી હતી અને સિંધુનાં પાણી પણ ખંભાતના અખાતમાં પડતાં હતાં. ચાંપાનેર, આબુ, સહ્યાદ્રિ આદિ ડુંગરો વિષે નવું જાણવાનું મળે તો સારૂં.

તે પછી સભાનું કામકાજ પૂરૂં થતાં સભા વિસર્જન થઇ હતી.

‘ ભવ્યચરિત : તેરમા શતકનું એક અપભ્રંશ કાવ્ય: ’

શુદ્ધિપત્રક

ગતાંકમાં પૃ. ૧૪૫થી ૧૫૬ સુધી છપાયેલો ‘ જિનપ્રભાચાર્યકૃત ભવ્યચરિતઃ તેરમા શતકનું એક અપભ્રંશ કાવ્ય ’ એ લેખ નીચે પ્રમાણે સુધારીને વાંચવો—

પાન	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ	પાન	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૧૪૫	૨૦	મોહરાજરાજ્ય	મોહરાજપરાજય	,,	૩	नाथु[९]	नाथु[८]
,,	૨૧.	પદ્મસુન્રદકૃત	પદ્મસુન્દરકૃત	,,	,,	आपणु	आपणु[९]
૧૪૭	૨૩	મોહરાજરાજ્ય	મોહરાજપરાજય	,,	૮	अढारसहसस्री	अढारसहसस्री-
૧૪૯	૬	निच्चरुट्ठ	निच्चरुद्ध			लंगरथेन्नु	लंगरथेन्नु
,,	૧૬	उहण्णु	उड्डण्णु	,,	૧૫	सरिहि	सरिहिं
,,	૩૨	ભાવિક	ભવિક	,,	૨૦	અપ્રમાણી	અપ્રમાણ
૧૫૦	૧	धम्मज्ञाणपुरि	धम्मज्झाणपुरि	,,	૨૧	વીસરિયા	નીસરિયા
,,	૫	सव्वविरह	सव्वविरइ	,,	૨૨	જિત	જિન
,,	,,	धूता	धू ता	,,	૨૪	અઢારસહસ્રશી	અઢારસહસ્રશી-
,,	૭	भवित्र	भविउ			લાંગરથયુક્ત	લાંગરથયુક્ત
,,	૧૦	वसिकिउ	वसि किउ	,,	૩૨	વંચનસુ પ્રચંડા	વંચનસુપ્રચંડા
,,	૧૪	मरूं विट्ठि	मइं भावड्ढि	૧૫૪	૧	ढाउ	ठाइ
,,	૧૫	मकरि	म करि	,,	૩	भडकदप्पु	भडकंदप्पु
,,	૨૨	આ	સા	,,	૫	इदंडु	उदंडु
,,	૨૪	નિત્ય	ઉત્તમ	,,	૭	तिगेयणनाहों	तिहुयणनाहो
૧૫૧	૫	संतूढउ	संतूठउ	,,	૯	मिल्हीक	मिल्हिउ
,,	૭	पडक	पडइ	,,	૧૩	દસ	તસ
,,	૧૦	मिच्छदिठि	मिच्छदिट्ठि	,,	૧૮	આવ્યયા	આવ્યા
,,	૨૧	ગુણો	ગુણે	,,	,,	ભણત	ભણંત
,,	૨૭	મુણસહ	માણસ	૧૫૫	૧૦	દશ્ય	દેશ્ય
૧૫૨	૮	महात्रड्ड	महाभड्डु	૧૫૬	૨	પ્રત્સત	પ્રત્યય
,,	૧૨	अमिरिसि	अमरिसि	,,	૧૫	बाइ	बाहं
,,	૧૬	नही	नहि	,,	૧૬	आथि ?	—
,,	૨૬	મોધ	યોધ	,,	૧૮	ધેરી	દોરી
૧૫૩	૧	[८]संम्मंति	संम्मंति	,,	૨૨	भणतु	भणंतु

પહોંચ–સાભાર સ્વીકાર

શ્રી ફાર્બસ ગુજરાતી સભાના ત્રૈમાસિકના બદલામાં આવેલાં સાપ્તાહિકો, માસિકો, પાક્ષિક, ત્રૈમાસિકો અને મેગેઝીન–ના તંત્રીઓ અને પ્રકાશકોનો અમે અહીં આભાર માનીએ છીએ. તે સાથે જે જે ગૃહસ્થો અને સંસ્થાઓએ પોતાના ગ્રંથો અમને ભેટ મોકલ્યા છે તેમનો પણ અમે આ તકે અહીં આભાર માનીએ છીએ.

બે અમૂલ્ય ઐતિહાસિક ગ્રંથોની ભેટ

ઉપરાંત ભાવનગરના, સુપ્રસિદ્ધ પુરાતત્ત્વવિદ્, સંશોધક અને વિદ્વાન્ રા. રા. માનશંકર પીતાંબરદાસ મહેતાએ આ સભા પ્રત્યેની મમભાવથી, નીચે જણાવેલા પોતાના બે અમૂલ્ય ગ્રંથો અને એક નોંધપોથી અમારા હસ્તલિખિત પુસ્તકભંડારને વિદ્વાનોના ઉપયોગ અર્થે સમર્પેલ છે, તે માટે તેમનો અંતરથી અમે અમારી સભા તરફથી સવિશેષ આભાર માનીએ છીએ. આ પ્રસંગે ગુજરાતના અન્ય વિદ્વાનો અને શોધખોળરસિક, સમજુ સદ્‌ગૃહસ્થોને અમે રા. રા. માનશંકર પીતાંબરદાસ મહેતાનું સ્તુત્ય અનુસરણ કરવા અને અમારી સભાને પોતાના સંગ્રહથી અલંકૃત અને ઉપકૃત કરવા વિનવીએ છીએ.

૧ मंडलिक काव्य : સંસ્કૃત. સર્ગબદ્ધ કાવ્ય. રચનાર—જૂનાગઢના છેલ્લા હિન્દુ રાજા મંડલિકનો સમકાલીન કવિ ગંગાધર. દશ સર્ગમાં મૂળગ્રંથ પત્રસંખ્યા ૫૪, પૃ. સં. ૧૦૮, શ્લોક સંખ્યા ૬૨૪. ર. સં. ૧૫૦૨, શાકે ૧૩૬૭, ઈ. સ. ૧૪૪૫.

ગુજરાતી સાર : પત્રસંખ્યા ૨૪, પૃ. ૪૮.

રા. રા. માનશંકર પીતાંબરદાસ મહેતા આ સાથે પોતાના પત્રમાં જણાવે છે કે, આ ગ્રંથની એક પ્રતિ રાજકોટ વૉટસન મ્યુઝીઅમમાં છે. તે પરથી આ પ્રતિ ભાવનગરના પ્રાચીન શોધખોળરસિક સ્વ. વિજયશંકર ગવરીશંકર ઓઝાએ ઉતરાવેલી છે અને તેની જ નકલ રા. બ. ગવરીશંકર હીરાચંદ ઓઝા પાસે છે.

આ ગ્રન્થમાં રા. રા. માનશંકર મહેતાએ વાચન–વિચારણા ઉપરથી તારવેલાં ટિપ્પણો પણ અલગ સામેલ કરેલાં છે. મહેતા નરસિંહની પુત્રી કુંવરબાઈના મોંસાળા પહેલાં આ કાવ્ય રચાયું છે, એમ રા. માનશંકરભાઈ જણાવે છે.

૨ અજાઈબ–ઉલ–આફાક (જગદાશ્ચર્ય) રાજા છબીલારામ બહાદુર, રાજા ગિરધર બહાદુર અને રાજા ભવાની બહાદુર અને દિલ્હીના મોગલ શાહનશાહ ફરૂખશીયર, શાહ મહમ્મદશાહ અને તેમના અધિકારીઓ સાથે ચાલેલા પત્રવ્યવહારોનો સંગ્રહ.

ઈ. સ. ૧૭૧૯થી ૧૭૩૯ સુધી. પૃ. ૧ થી–૮૮. તે પૈકી પૃ. ૧ થી–૮૬ નોંધાયાં છે. પૃ. ૩૯ અને પૃ. ૪૧ બેવડાયાં છે.

લંડનના ઈંડિયા હાઉસની લાયબ્રેરીમાંના હસ્તલિખિત પુસ્તકસંગ્રહમાંથી આ અમૂલ્ય ફારસી ગ્રંથની ફોટો નકલ ભારે ખર્ચે ઉતરાવાઈ હતી. રા. રા. માનશંકર પીતાંબરદાસ મહેતાએ “ રાજા છબીલારામ બહાદુર ” એ ગ્રંથમાં તેનો યથાવકાશ ઉપયોગ કર્યો છે.

તેની નોંધપોથી છે: “ Chhabilaram, a Nagar Brahman of Gujarat.”

૩ નોંધપોથી : ઉપલા ફારસી ગ્રંથ ઉપરથી, ભાવનગરના કેળવણી ખાતાના માજી વડાધિકારી, વિદ્વાન, શ્રી. વિઠ્ઠલરામ મહીપતરામ મહેતા, એમ.એ.; એ તારવેલી નોંધોની ચોપડી.

પુસ્તકો

૮ **ગુજરાતી દીપક** : લે. રા.રા. નર્મદાશંકર વ. દ્વિવેદી: “ગુજરાતી” પત્રની ૧૯૩૬ની ભેટ મુંબઈ

૯ **શ્રી વીરવિહાર મીમાંસા** : લ. શ્રી વિજયેન્દ્રસૂરિજી જૈન ગ્રંથમાલા, ભાવનગર.

૧૦ **આભનાં અજવાળાં** : પ્રથમ ભાગ : મૂલ્ય ૦–૧૦–૦. પ્રકાશક, રા. લક્ષ્મણલાલ લા. મહેતા, શાન્તિભુવન મુલુન્દ, જી. આઇ. પી.

૧૧ કરક કાવ્ય : ભાગ ૧ લો : સંગ્રાહક–પ્રકાશક : રા. હરિલાલ હરદેવલાલ મુનશી, ડુમસ.

૧૨ સુભાષિત–પદ્ય–રત્નાકર : ભાગ ૧ તથા ૨. સંગ્રાહક અને અનુવાદક, મુનિરાજશ્રી વિશાલવિજયજી. દરેકનું મૂલ્ય રૂા. ૧–૪–૦. દરેકનાં પૃષ્ઠ ૩૭૫. શ્રી વિજયસૂરિ જૈન ગ્રંથમાલા, પુ. ૨૭ અને પુ. ૩૧. સુંદર અને સુઘડ છપાઈ. અવશ્ય સંગ્રહવા યોગ્ય. જૈનોએ જ નહીં, પણ જૈનેતરોએ પણ; આ ગ્રંથોમાં ઉપનિષદો, સ્મૃતિઓ, મહાભારત, રામાયણ આદિ ગ્રંથોમાંથી પણ સંગ્રહણીય શ્લોકો સંગ્રહાયા છે.

૧૩ સંસાર તથા આરોગ્ય : પ્રજાબંધુ વિશેષાંક : ૧૯૩૬નો ત્રીજો.

સાપ્તાહિક

૧ केसरी (દર સપ્તાહે બે વાર, મંગળ અને શુક્રવાર).

૨ "**ગુજરાતી**"–મુંબઈ. ૩ **બે ઘડી મોજ**–મુંબઈ. ૪ "**પ્રજાબંધુ**", તથા ૫ "**ગુજરાતી પંચ**"- અમદાવાદ

પાક્ષિક

૧ ગાંડીવ : ગુજરાતની આશાઓનું પહેલું પખવાડિક. સુરત

માસિક

૧ નવચેતન કલકત્તા : ઑગસ્ટ : સપ્ટેમ્બર, ૧૯૩૬.

૨ કૌમુદી વડોદરા : એપ્રીલ, મે—જુન, ૧૯૩૬.

૩ સમાજ મુંબઈ : ઑગસ્ટ, વર્ષ ૨ જું અંક ૧, સપ્ટેમ્બર અં. ૨.

૪ શારદા વડોદરા : જુલાઇ, ઓગસ્ટ, સપ્ટેમ્બર, વર્ષ ૧૩, પુ. ૨૫. અં. ૪, ૫, ૬.

૫ ગુજરાત મુંબઈ : જુલાઈ, ઑગસ્ટ, નવું પુસ્તક ૨. અં. ૫, ૬.

૬ પ્રસ્થાન અમદાવાદ : આષાઢ, શ્રાવણ, સં. ૧૯૯૨, વર્ષ ૧૧, અં. ૯–૧૦.

૭ ગુણસુંદરી મુંબઈ : ઑગસ્ટ, સપ્ટેમ્બર, પુ. ૨૩. અં. ૬, વર્ષ ૧૪, અં. ૧.

૮ પડકાર ડભોઈ : ભાદરવો સં. ૧૯૯૨, પુ. ૧, અં. ૩.

૯ દેશીરાજ્ય નડીઆદ: જૂન, પુ. ૯, અં. ૬.

૧૦ શ્રીજૈનસત્યપ્રકાશ અમદાવાદ : વર્ષ. ૧, અં. ૧, ૩, ૪, ૫, ૬, ૯, ૧૦, ૧૧, ૧૨. વર્ષ ૨, અં. ૧, ૨, (શ્રાવણ અને ભાદરવો).

ત્રૈમાસિક

૧ સાહિત્યકાર વડોદરા : ગ્રીષ્મઅંક, વર્ષ ૨, અં. ૪, જુન.

૨ માનસી ભાવનગર : પુસ્તક ૨, અં. ૨, સં. ૧૯૯૨.

૩ **The Royal Institute of Science**, Magazine, of Bombay. February 1936.

નોંધ : શ્રી ફા. ગુ. સભાએ આ ત્રણ મહીનામાં ખૂર્જા (સંયુક્ત પ્રાંતો)ના એક બ્રાહ્મણે કાશીથી મેળવેલાં પાંચ જૂનાં હસ્તલિખિત પુસ્તકો ખરીદ્યાં છે. તેમાં અખાસ્વામીનાં લગભગ સઘળા હિન્દી અને ગુજરાતી ગ્રંથો, તેમ જ સંખ્યાબંધ પદો છે. ઉપરાન્ત નરસિંહ મહેતાનાં રાગવાર ૨૦૦ થી વધુ પદો તેમજ દાદુની વાણી, ગુજરાતી કવિ પ્રાગદાસનાં ગુજરાતી તેમ હિંદી ગ્રંથો અને પદો છે. એમાં ડભોઈના કવિ રત્નેશ્વરનો એક વૃત્તબંધ ગ્રંથ પણ છે. એ સહુની તપસીલ સ્થળસંકોચથી આ અંકમાં આપી શકાઈ નથી. ઈશ્વરેચ્છા તો આગામી અંકમાં એ સહુ સવિસ્તર આપવામાં આવશે.

શ્રી ફાર્બસ ગુજરાતી સભા

ત્રૈમાસિક

વ્યવસ્થાપક સમિતિ

સંપાદક:

અંબાલાલ બુલાખીરામ જાની, બી. એ.

સૂચના:—પરિવર્તન અર્થે માસિકો આદિના તેમ અભિપ્રાય અને ભેટ અર્થે પુસ્તકો મોકલનાર વ્યવસ્થાપકોએ તથા પત્રવ્યવહાર કરનારાઓએ નીચેને શરનામે પત્રવ્યવહાર કરવો.

અંબાલાલ બુલાખીરામ જાની, બી. એ.

૩૬૫, શ્રી ફાર્બસ ગુજરાતી સભામંદિર

વિઠ્ઠલભાઇ રોડ, કોંગ્રેસ લેઇન, મુંબઈ નં. ૪

અનુક્રમણિકા

પુ૦ ૧ જાન્યુઆરી–માર્ચ : ૧૯૩૭ અંક ૪

ગ્રાહકનાં નામ નોંધાવવાનાં અને લવાજમ ભરવાનાં સ્થળ:

૧. અંબાલાલ બુલાખીરામ જાની ૩૬૫, શ્રી ફાર્બસ ગુજરાતી સભામંદિર
વિઠ્ઠલભાઈ રોડ, કોંગ્રેસ લેઈન, મુંબઈ નં. ૪.

૨. મેસર્સ એન. એમ. ત્રિપાઠીની કું. બુકસેલર્સ અને પબ્લીશર્સ
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ નં. ૪.

૩. મેનેજર "આદિત્યમુદ્રણાલય" રાયખડ : અમદાવાદ

વિષયાનુક્રમણિકા—સને ૧૯૩૬–૩૭

શ્રી ફાર્બસ ગુજરાતી સભા

ત્રૈમાસિક

પુસ્તક ૧ લું] ઈ. સ. ૧૯૩૭: જાન્યુઆરી–માર્ચ: સંવત ૧૯૯૩ [અંક ૪

ગુજરાત

અને

લિપિકદમ્બક, લેખનસાહિત્ય તથા અક્ષરશિક્ષણ

———o———

(લેખકઃ પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ. એ.)

લેખાંક ૧ [1]

[(૧) **પ્રસ્તાવ**—પ્રસ્તુત લેખમાળાના ઉદ્ભવનું સૂચન; (૨) **ગુજરાત વિષે ઊહાપોહ**—વર્તમાન ગુજરાતની સીમા, 'ગુજરાત' નામ પડવાનું કારણ, ગુજરાતી ભાષાની વ્યાખ્યા, 'ગુર્જર', 'ગૂર્જર' અને 'ગુજ્જર' શબ્દના પ્રયોગપૂર્વકનાં ઉદાહરણો, ગુર્જરત્રા, ગૂર્જરત્રા અને ગુજ્જરત્તા સંબંધી અવતરણો, 'ગુજરાત' શબ્દની ઉત્પત્તિ. 'ગુજરાત' વિષે વિદેશીઓએ કરેલો નિર્દેશ, 'અપરાન્ત'ને લગતા ઉલ્લેખો અને એની ભૌગોલિક સીમા, 'આનર્ત'ની ઉત્પત્તિ, 'લાટ' શબ્દનો ઉદ્ભવ, 'લાટ'ની સીમા વિષે વિવિધ નિર્દેશ, લાટ અને ગુર્જરની ભિન્નતા, 'લાટ' સંજ્ઞાનો અસ્તિત્વસમય, સૌરાષ્ટ્રનો સ્થૂલ પરિચય, ગુજરાતના ચાર વિભાગોમાં શ્વભ્રનો નિર્દેશ, પ્રાચીન ગુજરાતની હદ, આધુનિક ગુજરાતના પાંચ વિભાગો અને તેનું સ્પષ્ટીકરણ, ગુજરાતી ભાષાનું ક્ષેત્ર તેમ જ ગુજરાતનાં માનવકુળો અને તેમનો સત્તાસમય; (૩) **અનુલેખ**; તથા (૪) **ભૌગોલિક સૂચી**.]

પ્રસ્તાવ

કેટલાં યે વર્ષો ઉપરની વાત છે. એ વેળા અમુક શબ્દ કયો અંક સૂચવે છે તે મારે જાણવું હતું. એ સંબંધમાં એક બહુશ્રુત મહાશયને પૂછતાં તેમણે મને રાય બહાદુર પંડિત **ગૌરીશંકર હીરાચંદ ઓઝા**કૃત "The Paleography of India" (**ભારતીય પ્રાચીન લિપિમાલા** [2]) જોવાનું સૂચવ્યું. એ પ્રસંગે એ ગ્રંથ વાંચી જવાનો મને સુયોગ મળ્યો.

---

૧ આ વિષય એકંદર આઠેક લેખોમાં સંપૂર્ણ વિભક્ત કરી શકાશે એમ અત્યારે ભાસે છે, એટલે પહેલા હપતા રૂપે આ પહેલો લેખ અત્ર રજુ કરાયો છે.

૨ આ ગ્રંથ શ્રીયુત **ઓઝાએ** જાતે ઇ. સ. ૧૮૯૪ માં પ્રસિદ્ધ કર્યો હતો અને ત્યાર બાદ ઇ. સ. ૧૯૧૮ માં એની બીજી આવૃત્તિ પણ તેમણે પ્રસિદ્ધ કરી હતી.

એમાં અન્યાન્ય લિપિઓ વગેરેને લગતી અનેક હકીકતો સારી રીતે આલેખાયેલી જોઈ મને આનંદ થયો. આવો કોઈ ગ્રંથ ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ થયેલો છે કે નહિ, તેની મેં તપાસ કરી તો તેનો અભાવ જણાયો, અને એથી મને ખેદ થયો. આજે પણ લગભગ એવી જ પરિસ્થિતિ જણાય છે. જો તેમ જ હોય તો તે ખરેખર શોચનીય છે.

આવી અનિષ્ટ પરિસ્થિતિ ચાલુ રહેવાનું કારણ એવું સમજાય છે કે ઉપર્યુક્ત ગ્રંથ બહાર પડયા પછી એમાં ચર્ચાયેલા વિષયો પરત્વે જે કંઈ લેખ વગેરે પ્રસિદ્ધ થયેલ હોય તેને લક્ષ્યમાં રાખી, ગુજરાતી ભાષામાં એક સાંગોપાંગ ગ્રંથ રચવા માટે વિશિષ્ટ અભ્યાસ કરવો પડે તેમ છે, એટલું જ નહિ, પણ એને અંગેની વિવિધ સામગ્રીઓ એકત્રિત કરવામાં પુષ્કળ પરિશ્રમ કરવો પડે તેમ છે. એટલે આ માટે જે યથેષ્ટ સાનુકૂળતા જોઇએ તે ન મળે ત્યાં સુધી આવા ગ્રંથની ખોટ જણાયાં કરે, એ સ્વાભાવિક છે.

ગયે વર્ષે Bhandarkar Oriental Research Institute (**ભાંડારકર પ્રાચ્ય-વિદ્યાસંશોધનમંદિર**, પૂના) તરફથી, મેં તૈયાર કરેલ " Descriptive Catalogue of Jaina Manuscripts "(જૈન હસ્તલિખિત પ્રતિઓનું વર્ણનાત્મક સૂચીપત્ર[3])નો દ્વિતીય વિભાગ છપાતો હતો. એ વેળા જૈન લિપિ વિષે એક પરિશિષ્ટ તૈયાર કરવાનો પ્રસંગ પ્રાપ્ત થતાં મારું ધ્યાન Dr. Georg Bühler (ડૉ. **જ્યૉર્જ બીહ્‌લર**)મહાશયે રચેલ " Indian Paleography " તરફ ખેંચાયું અને આપણી ભાષામાં એવો ગ્રંથ નથી, એ વાત તાજી થઈ. આથી એ દિશામાં બનતો પ્રયાસ કરવા મેં સંકલ્પ કર્યો અને એને લગતી સામગ્રી એકત્રિત કરવા માંડી. તેમ થતાં એની વિપુલતાનો વિચાર કરતાં એના પ્રકાશન માટે યોગ્ય પ્રબંધ થવો મુશ્કેલ છે, એમ લાગવા માંડ્યું. એટલે એનો તોડ મેં એવો કાઢ્યો કે હાલ તુરત, સમસ્ત ભારતવર્ષને બદલે મુખ્યતયા કેવળ ગુજરાતને ઉદ્દેશીને ઉપર્યુક્ત ગ્રંથમાં સૂચવાયેલો વિષય રજુ કરી સંતોષ માનવો. આવું કાર્ય ઉપાડી લેવા માટે મેં **શ્રી ફાર્બસ ગુજરાતી સભાને** તા. ૧૬–૬–૩૬ને રોજ એક વિજ્ઞપ્તિપત્ર લખ્યો. એના ઉત્તરમાં એ સભા તરફથી એમ સૂચવાયું કે મારા પત્રમાં જણાવેલા નીચે મુજબના—

" (૧) ગુજરાતી અને બાળબોધ લિપિઓનો ઉદ્ભવ, (૨) એ લિપિઓનું આધુનિક સ્વરૂપ, (૩) એ લિપિઓની અન્ય લિપિઓ સાથે તુલના, (૪) બારાખડી અને કક્કાને લગતી ઐતિહાસિક આલોચના, (૫) ગુજરાતમાં કામમાં લેવાયેલી અને અત્યારે લેવાતી લેખનસામગ્રી, (૬) લેખનકળા, (૭) અંકસૂચક પદ્ધતિઓ અને (૮) સંક્ષિપ્તાક્ષરી, "

—આઠ વિષયોને લગતી લેખમાળા જો હું તૈયાર કરું તો **સભા** પોતાના **ત્રૈમાસિક**માં જરુરી બ્લૉક સહિત તે કટકે કટકે પ્રસિદ્ધ કરવા વિચાર કરશે."

ગ્રંથ રૂપે મારું લખાણ પ્રસિદ્ધ થાય એવી મારી ઇચ્છા હતી અને છે, પરંતુ તે ફલીભૂત થાય ત્યાં સુધી રાહ જોવા કરતાં આ સુંદર તકને વધાવી લેવી મને દુરસ્ત જણાતાં મેં આ

---

૩ " Descriptive Catalogue of the Government Collections of Manuscripts" ને વીસ પુસ્તકો(Volumes)માં પ્રસિદ્ધ કરવાની જે યોજના છે તે મુજબ આ સૂચીપત્ર ૧૭ મા, ૧૮ મા અને ૧૯ મા પુસ્તક રૂપે પ્રસિદ્ધ કરવાનું નક્કી થયું છે, અને અત્યાર સુધીમાં ૧૭ મા પુસ્તકના બે વિભાગો બહાર પડયા છે અને હાલમાં તૃતીય વિભાગ છપાય છે.

દિશામાં પ્રયાસ કર્યો છે. એનું જે પરિણામ આવ્યું છે તે હવે આ લેખમાળા દ્વારા પ્રકાશમાં મૂકાય છે, તો આ પ્રસંગે હું એટલું સૂચવવા ઇચ્છું છું કે આ મારા પ્રયાસમાં જે કંઇ કચ્ચાસ જણાય તે દૂર કરવા માટે માર્ગદર્શક સૂચનાઓ તજ્જ્ઞો તરફથી કરાશે તો હું તેની સાભાર નોંધ લઇશ.

ગુજરાત વિષે ઊહાપોહ

આ લેખના પ્રારંભમાં સૂચવાયેલા શીર્ષક ઉપરથી તેમ જ ઉપર્યુક્ત લખાણ ઉપરથી વિષય વ્યક્ત થાય છે ખરો, પરંતુ તેની મર્યાદા 'ગુજરાત'ના અર્થ ઉપર અવલંબિત છે, એટલે આ પ્રસ્તુત લેખમાં 'ગુજરાત'થી હું શેનો નિર્દેશ કરવા માગું છું તે મારે સ્પષ્ટ કરવું જોઈએ.

'ગુજરાત' એ કોઈ અનેકાર્થી[૪] શબ્દ નથી, તેમ છતાં એનો અર્થ સમયાનુસાર જુદો જુદો કરાતો આવ્યો છે અને આવે છે.

વર્તમાન ગુજરાત એટલે 'તળ ગુજરાત, કાઠિયાવાડ અને કચ્છ'. એની ઉત્તરે મારવાડ અને મેવાડ છે, દક્ષિણે દમણગંગા નદી અને થાણા જીલ્લો છે, પૂર્વે ખાનદેશ અને માળવા છે, અને પશ્ચિમે અરબી સમુદ્ર છે. આ પ્રમાણે વર્તમાન ગુજરાતની હદ આલેખાય છે.[૫]

પ્રાચીન સમયમાં આપણા દેશના વિભાગોનાં નામ રાજ્યકર્તા કે જનપદના નામ ઉપરથી પડયાં હોય એમ જણાય છે અને એ રીતે વિચારતાં 'ગુજરાત' એવું નામ 'ગુર્જર' કે 'ગૂર્જર' (પ્રા. ગુજ્જર) પ્રજાના નામ ઉપરથી પ્રચલિત બન્યું હોય એમ લાગે છે. રાવબહાદુર **કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદીએ** રચેલ "ગુજરાતી ભાષાનું મધ્ય વ્યાકરણ–" (પૃ. ૧)માં આ સંબંધમાં નીચે મુજબ ઉલ્લેખ છે:—

"**ગુજરાત અને ગુજરાતી ભાષા**—આપણા દેશનું જૂનું નામ લાટ દેશ હતું. ગુર્જરો પ્રથમ પંજાબ ને રજપૂતાનામાં વસેલા હતા, ત્યાંથી આપણા દેશમાં આવ્યા ત્યારથી પ્રજાના નામ પરથી દેશનું નામ ગુજરાત પડયું છે ને ત્યાંની ભાષા ગુજરાતી ભાષા કહેવાય છે."

ગુર્જરો એ ભારતવર્ષીય પ્રજા હતી કે બહારથી આવેલી પ્રજા હતી, અને જો એ બહારથી આવેલી પ્રજા હતી તો તે ભારતવર્ષમાં કયારે દાખલ થઈ, એ પ્રશ્નનો હજી છેવટનો નિર્ણય આવ્યો જણાતો નથી. તેમ છતાં ગુજરાતનો નામનિર્દેશ ગુર્જર, ગૂર્જર કે ગુજ્જર સાથે પૃથ્વીવાચક શબ્દ જોડીને તેમ જ ગુર્જરત્રા, ગૂર્જરત્રા અને ગુજ્જરત્તા તરીકે કયારથી કરાતો આવ્યો છે તેની નોંધ થઇ શકે તેમ છે, એટલે હવે એ દિશામાં પ્રયાણ કરાય છે.

---

૪ હમણાં કેટલોક વખત થયાં "**કુમાર**"માં અનેકાર્થી શબ્દની તેના વિવિધ અર્થો સહિત નોંધ લેવાય છે તે તરફ હું વાચકવર્ગનું સાદર ધ્યાન ખેંચું છું. સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં જેટલા અનેકાર્થી શબ્દો છે એટલા ગુજરાતીમાં છે કે નહિ તેની કોઇએ ગણના કરી હોય તો તે જાણ બહાર છે. જો ન કરાઇ હોય તો એ પ્રયાસ કરવા જેવો છે જેથી ગુજરાતી ભાષાની તદ્વિષયક સમૃદ્ધિનો ખ્યાલ આવી શકે.

૫ જુઓ શ્રીયુત **ધનપ્રસાદ ચંદાલાલ મુનશીનો** નિબંધ "વર્તમાન ગુજરાતે 'ગુજરાત' નામ કયારે ધારણ કર્યું?" (**અગિયારમું ગુજરાતી સાહિત્યપરિષદસંમેલન** પૃ. ૨૦૬).

બાણભટ્ટે ઇ. સ. ૬૩૫ના અરસામાં રચેલા **હર્ષચરિત**[૬] (ઉ. ૪; પૃ. ૧૨૦)માંની નીચે મુજબની પંક્તિમાં ' ગુર્જર ' શબ્દ નજરે પડે છે:—

" हूणहरिणकेसरी सिन्धुराजज्वरो गुर्जरप्रजागरो गान्धाराधिपगन्धद्विपकूटपाकलो लाटपाटवपाटच्चरो मालवलक्ष्मीलतापरशुः प्रतापशील इति प्रथितापरनामा **प्रभाकरवर्धनो**[७] नाम राजाधिराजः । "

રવિકીર્તિકૃત ઐહોલપ્રશસ્તિ(ઇ. સ. ૬૨૭)માં[૮], **જનાશ્રય પુલકેશી**ના **ચેદી** સંવત્ ૪૯૦(ઇ. સ. ૭૩૮–૯)ના દાનપત્રમાં[૯], રાષ્ટ્રકૂટ ત્રીજા **ગોવિન્દ**ના ઇ. સ. ૮૦૦ ના રાધનપુર લેખમાં[૧૦], **ધ્રુવ** અને ત્રીજા ઇન્દ્ર(રાઠોડ–રાષ્ટ્રકૂટ)ના ઇ. સ. ૮૨૭ અને ૯૦૦[૧૧] ના તામ્રપત્રમાં ' ગુર્જર ' દેશ વિષે ઉલ્લેખ છે.[૧૨]

---

૬ આ ગ્રંથને ઉદ્દેશીને શ્રીયુત **જિનવિજયે** " પ્રાચીન ગૂજરાતના સાંસ્કૃતિક ઇતિહાસની સાધન-સામગ્રી " (**ગૂજરાત સાહિત્યસભા**ના માનદ સભ્યોની ભાષણમાલાનું પહેલું ભાષણ તા. ૧૭ જુલાઈ ૧૯૩૩) શિરોલેખવાળા વ્યાખ્યાન(પૃ. ૧૦–૧૧)માં નીચે મુજબ ઉદ્ગારો કાઢયા છે:—

" સારાયે સંસ્કૃત સાહિત્યમાં એ જ પ્રથમ ગ્રંથ છે, જેમાં ઐતિહાસિક યુગના આર્યાવર્તના એક મહાન્ સમ્રાટ્નું, ઇતિહાસની દૃષ્ટિએ પ્રમાણભૂત કહી શકાય તેવું કેટલુંક ચરિતવર્ણન, વ્યવસ્થિતરૂપે કરવામાં આવ્યું છે; અને એ જ ગ્રંથમાં સૌથી પ્રથમ ' ગૂર્જર ' એ શબ્દનું આપણને એક વાર દર્શન થાય છે. એની પહેલાંના ભારતીય સાહિત્યમાં એ શબ્દ ક્યાં એ દૃષ્ટિગોચર થતો નથી. ગૂજરાતની સંસ્કૃતિના મહાવૃક્ષનો પ્રથમ અંકુર આપણને એમાં દેખાય છે. ચક્રવર્તી હર્ષથી એક બે સૈકાં પહેલાં જ ગૂર્જરો પંજાબમાંથી સિંધના રસ્તે થઈ અર્બુદાચળની પશ્ચિમે આવેલા મરુભૂમિના ભિલ્લમાળના પ્રદેશમાં આવ્યા અને ત્યાં તેમણે પોતાનાં સ્મરણીય થાણાં નાંખ્યાં. પુરાણકાળથી પ્રસિદ્ધ એ મરુ-ભૂમિ ગૂર્જરોના વસવાટને લીધે અને ગૂર્જરોથી રક્ષિત થવાના કારણે તે કાળથી ગૂર્જરભૂમિ યા ગૂર્જરત્રાના નામે ઓળખાવા લાગી. ભિલ્લમાળ, જે પૂર્વે એક જાતની ભિલ્લોની પલ્લી હતી એ ગૂર્જર રાજધાની બની, અને ત્યાંનો રાજા એ ગૂર્જરરાજ કહેવડાવા લાગ્યો. ગૂજરાતના વ્યક્તિત્વનું એ અસલ ગર્ભસ્થાન. ગૂજરાતની સંસ્કૃતિના જીવનનો એ ગર્ભકાળ. "

૭ **પ્રભાકરવર્ધન**ના રાજ્યકાળ(ઇ. સ. ૫૮૫)માં રજપૂતાનામાં ગુર્જર રાજ્ય હતું, એમ **હર્ષચરિત** ઉપરથી અનુમનાય છે. આ ગુર્જર રાજાનો સામંત–માંડલિક કે સગો ગુર્જર **દદ્દ** પ્રથમે લાટ દેશના ભૃગુકચ્છના નાગ રાજા **નિરહુલ્લક**(ભિલ્લપતિ)ને હરાવી પોતાની સત્તા ઇ. સ. ૫૮૦માં જમાવી. જુઓ સંખેડા દાનપત્ર તથા " Epigraphica Indica " Vol. II, p. 521.

ભરૂચનો **દદ્દ** ગુર્જર વંશનો હતો, એમ એ વંશના રાજાના ખેડા દાનપત્ર(**ચેદી** સં. ૩૮૦– ઇ. સ. ૬૨૯)થી જણાય છે. જુઓ " Indian Antiquary " Vol. XIII, pp. 81–88.

૮ જુઓ " Epigraphica Indica Vol. VI, p. 1 & ff.

૯ " तरलतरतारतरवारिदारितोदितसैन्धवकच्छेल्लसौराष्ट्रचावोटकमौर्यगुर्जरादिराज्ये. "

—જુઓ " The Bombay Gazetteer " Vol. I, p. 109 તથા " નાગરી પ્રચારિણી પત્રિકા " (ના. સં. ભા. ૨, પૃ. ૨૧૧).

૧૦ જુઓ " Epigraphica Indica " Vol. VI, p. 243.

૧૧ જુઓ " Journal of the Bombay Branch of the Royal Asiatic Society " Vol. XX, p. 131 અને " Indian Antiquary " Vol. XII, p. 181.

૧૨ જુઓ શ્રીયુત **ધનપ્રસાદ મુનશી**નો પૂર્વોક્ત લેખ (પૃ. ૨૧૨).

ગુર્જર પ્રતિહાર વંશના પ્રતાપી નરેશ **મહેન્દ્રપાલ**ના વિદ્યાગુરુ, વળી એ નરેશના પુત્ર **મહીપાલ**ની ઉજ્જવળ કારકીર્દી દરમ્યાન હાજર અને ઇ. સ. ૮૮૦–૯૨૦માં અસ્તિત્વ ધરાવનાર **રાજશેખરે** **કાવ્યમીમાંસા**[૧૩] રચી, ત્યાર બાદ **ભોજરાજે** રચેલ **સરસ્વતીકંઠાભરણ**માં[૧૪] 'ગુર્જર' શબ્દ નીચે મુજબની પંક્તિમાં દગ્ગોચર થાય છેઃ—

" अपभ्रंशेन तुष्यन्ति स्वेन नान्येन गुर्जराः "

રાઠોડ **ધવલ**ના વિ. સં. ૧૦૫૩(ઇ. સ. ૯૯૭)ના હસ્તિકુંડી લેખમાં[૧૫] 'ગુર્જ્જરેશ' શબ્દ વપરાયેલો છે. પ્રસ્તુત પંક્તિ નીચે પ્રમાણે છેઃ--

" [श्री]...माणे [प्र]णष्टे हरिण इव भिया गुर्ज्जरेशे विनष्टे "

કર્ણસુન્દરી નાટિકાના[૧૬] કર્તા કવિ **બિલ્હણે** વિ. સં. ૧૧૫૪માં રચેલા ૧૮ સર્ગવાળા મહાકાવ્ય નામે **વિક્રમાંકદેવચરિત**ના ૧૭મા સર્ગમાંના ૯૭મા પદ્યમાં 'ગુર્જર' વિષે નોંધ કરી છે. આ રહ્યું એ પદ્યઃ—

" कक्षाबन्धं विदधति न ये सर्वदैवाविशुद्धा-
स्तद् भाषन्ते किमपि भजते :यज्जुगुप्सास्पदत्वम् ।
तेषां मार्गे परिचयवशादर्जितं गुर्जराणां
यः सन्तापं शिथिलमकरोत् **सोमनाथं** विलोक्य ॥ ९७ ॥"

ધર્કટ વંશના કવિ **યશશ્ચન્દ્રે** વિ. સં. ૧૧૮૧માં રચેલા **મુદ્રિતકુમુદચન્દ્રપ્રકરણ**[૧૭] રૂપ નાટકના આઠમા પૃષ્ઠમાં " जर्जरीकृतगुर्ज्जरजनगर्जितकक्ष "માં 'ગુર્જ્જર' શબ્દ નજરે પડે છે.

સિદ્ધરાજ જયસિંહના સમયના અને દોહદમાંથી મળી આવેલા વિ. સં. ૧૧૯૬ (ઇ. સ. ૧૧૩૮–૩૯)ના શિલાલેખમાં 'ગુર્જરમંડલ'નો ઉલ્લેખ છે. આના સમર્થનાર્થે પ્રસ્તુત પંક્તિ અત્રે રજુ કરાય છેઃ—

" श्रीजयसिंहदेवोस्ति भूपो गुर्जरमंडले "[૧૮]

જયસિંહના પિતામહ પહેલા **ભીમદેવ**ના મંત્રી **વિમલશાહે** આબુ ઉપર બંધાવેલ **આદિનાથ**ના મંદિરની એક પ્રશસ્તિમાં **ભીમદેવ**નો 'ગુર્જરેશ્વર' તરીકે નિર્દેશ કર્યો છે.

વલભી સંવત્ ૮૫૦(વિ. સં. ૧૨૨૫)ની સોમનાથપ્રશસ્તિમાં **કુમારપાલ**ને ગુર્જરમંડલના સમ્રાટ્ તરીકે ઓળખાવેલ છે.[૧૯]

---

૧૩ આ પુસ્તક "ગાયકવાડ પૌર્વાત્ય ગ્રંથમાલા"માં ગ્રંથાંક ૧ તરીકે ઇ. સ. ૧૯૧૬માં અને બીજી વાર ઇ. સ. ૧૯૨૪ માં અને ત્રીજી વાર ઇ. સ. ૧૯૩૬માં પ્રસિદ્ધ થયેલ છે.

૧૪ જુઓ ડૉ. એસ્. કે. ડે.(S. K. De)કૃત "History of Sanskrit Poetics" Vol. I, pp. 144–148.

૧૫ જુઓ "Epigraphica Indica" Vol. X, p. 20.

૧૬ આ નિર્ણયસાગર મુદ્રણાલય તરફથી પ્રસિદ્ધ થયેલ છે.

૧૭ આ ભાવનગરની "શ્રીયશોવિજય જૈન ગ્રંથમાલા"માં આઠમા ગ્રંથાંક તરીકે **વીર સંવત્** ૨૪૩૨ (વિ. સં. ૧૯૬૨)માં પ્રસિદ્ધ થયેલ છે.

૧૮ જુઓ "Indian Antiquary" Vol. X, p. 159.

૧૯ જુઓ ભા. પ્રા. સં. ઇ. જુનાગઢના ભૂતનાથ મંદિરનો લેખ પૃ. ૧૮૬

શ્રી**મુનિરત્નસૂરિ**એ વિ. સં. ૧૨૨૫માં રચેલા **અમમચરિત્ર**માં[૨૦] 'ગુર્જર' શબ્દ અનેક વાર જોવાય છે. દાખલા તરીકે નિમ્નલિખિત પદ્યમાં:—

" गुरुर्गुर्जरराजस्य चातुर्विद्यैकसृष्टिकृत् ।
[२१]त्रिषष्टिनरसद्वृत्तकविर्वाचां न गोचरः ॥ "

વિ. સં. ૧૨૭૮થી ૧૨૮૭ના ગાળામાં પંડિત **અરિસિંહે** રચેલા **સુકૃતસંકીર્તન**ના[૨૨] દશમા સર્ગના નિમ્નલિખિત પદ્યમાં 'ગુર્જરધરા'નો નિર્દેશ છે:—

" श्रीसोमान्वयकुट्टिमोद्धृततुलापट्टः पतद्दुर्बलः
श्रेयोयष्टिरनिष्टविष्टपविपत्सन्दोहलोहार्गला ।
श्रीविश्रामतरुः पराक्रमकरिस्तम्भो रिपुक्षोणिभृद्-
दम्भोलिस्तव भाति गुर्जरधरोद्धारैकधुर्यो भुजः ॥ २५ ॥"

વિ. સં. ૧૨૮૮(૮૭)માં શ્રી**વિજયસેને** રચેલા **રેવંતગિરિરાસુ**[૨૩]ના પહેલા કડવાના નીચે મુજબના સાત પદ્યમાં 'ગુરજરધર' શબ્દ છે:—

" ગુરજરધરધુરિ ધવલકિ **વીરધવલદેવ**રાજિ ।
બિહુ બંધવિ અવયારિયઉ સૂમૂ દૂસમ માઝિ ॥ ૭ ॥ "

વિ. સં. ૧૨૮૮ની ગિરિનારપ્રશસ્તિમાં 'ગુર્જરમંડલ'નો ઉલ્લેખ છે.[૨૪]

ઉદયપુરના **રાવલ તેજસિંહ**ના પુત્ર **સમરસિંહ**ની વિ. સં. ૧૩૪૨(?)ની આબુ-પ્રશસ્તિમાં 'ગુર્જરમહી'(?) એવો ઉલ્લેખ છે.[૨૫]

શ્રીકક્કસૂરિએ વિ. સં. ૧૩૯૩માં જે **નાભિનન્દન જિનોદ્ધારપ્રબંધ** રચ્યો છે તેના બીજા પ્રસ્તાવમાં ગુજરાતનું વર્ણન છે. એની રૂપરેખા '**પ્રસ્થાન**'(પુ. ૧૧, અં. ૪, પૃ. ૨૭૭–૨૮૦)માં આલેખાયેલી છે. આ પ્રબંધના બીજા પ્રસ્તાવના ૪૦મા પદ્યમાં '**गौर्जराद् देशात्**' એવો પ્રયોગ છે.

વેંકટાધ્વરિન્કૃત **વિશ્વગુણદર્શ**(લગભગ ઇ. સ. ૧૬૪૦ની કૃતિ)માંની નીચે મુજબની પંક્તિમાં 'ગુર્જ્જરદેશ' વિષે ઉલ્લેખ છે:—

" स एव सर्वसम्पदामास्पादतया त्रिदशालस्यादेश इव गुर्ज्जरदेशश्चक्षुषोः सुखीकरोति "

ગુર્જરોના ઉચ્ચારો અશુદ્ધ છે એમ સૂચવતું નીચે મુજબનું પદ્ય 'ગુર્જર' શબ્દ પૂરો પાડે છે:—

---

૨૦ જુઓ "A Third Report of Operations in search of Sanskrit Manuscripts in the Bombay circle, April 1884—March 1886" (p. 95) by Professor Peter Peterson.

૨૧ આને '૬૩ શલાકા પુરુષ' તરીકે ઓળખાવાય છે.

૨૨ "શ્રી જૈન આત્માનંદ ગ્રંથરત્નમાલા"ના ૫૧મા રત્ન તરીકે આ પ્રસિદ્ધ થયેલ છે.

૨૩ આ અપભ્રંશ કૃતિ **પ્રાચીન ગુર્જર કાવ્યસંગ્રહ**માં છપાયેલ છે. જુઓ "ગાયકવાડ

૨૪ જુઓ **પ્રાચીન લેખમાલા** પૃ. ૧૮૫(?).

પાર્વાત્ય ગ્રંથમાલા" (ગ્રંથાંક ૧૩, પૃ. ૧–૭).

૨૫ જુઓ "Indian Antiquary" Vol. XVI, p. 350.

" तुलसी तलसी जातो मुकुन्दोऽपि मकन्दकः ।
गुर्जराणां मुखं भ्रष्टं शिवोऽपि शवतां गतः ॥"[२९]

છેક અર્વાચીન સમય પર્યંત 'ગુર્જર' શબ્દ વપરાયો છે. હું આ હકીકતના સમર્થનમાં શ્રીયુત **મલબારી**કૃત "ગુજરાતનું ભાવી ગૌરવ"ની નીચે મુજબની કડી રજુ કરું છું:—

"સો આપું લઈ એક, સહસ્ર આપું હું એકે
ગુર્જર દેશ ફરી જોઉં, દીપતો સત્ય વિવેકે."

કવિશ્રી **નાનાલાલ દલપતરામે** પણ 'ગુર્જર દેશ' એવો પ્રયોગ નીચેની કડીમાં કર્યો છે:—

"ધન્ય હો ધન્ય જ પુણ્ય પ્રદેશ
અમારો ગુણીયલ ગુર્જર દેશ."

આ પ્રમાણે જેમ 'ગુર્જર' શબ્દનો પ્રયોગ થયેલો છે, તેમ 'ગૂર્જર' શબ્દનો પ્રયોગ પણ અનેક સ્થળે થયેલો જોવાય છે. દાખલા તરીકે શ્રીપૂર્ણભદ્ર મુનિએ વિ. સં. ૧૨૮૫માં રચેલા **ધન્યશાલિભદ્રચરિત્ર**ની પ્રશસ્તિના નિમ્નલિખિત પદ્યમાં 'ગૂર્જરભૂમિ' એવો પ્રયોગ છે:

" श्रीमद्गूर्जरभूमिभूषणमणौ श्रीपत्तने पत्तने
श्रीमद् **दुर्लभराज**राजपुरतो यश्चैत्यवासिद्विपान्
निर्लोड्यागमहेतुयुक्तिनखरैर्वासं गृहस्थालये
साधूनां समतिष्ठपन्मुनिमृगाधीशोऽप्रधृष्यः परैः ॥"

ચાણક્યના અવતારસમા અને ગુજરાતના મહામંત્રી શ્રીવસ્તુપાલકૃત **નરનારાયણાનંદ** મહાકાવ્યના સોળમા સર્ગના ત્રીજા પદ્યમાં ગૂર્જર, પહેલા પદ્યમાં 'ગૂર્જરભૂ', પંદરમા પદ્યમાં 'ગૂર્જરધરા' અને પાંત્રીસમા પદ્યમાં 'ગૂર્જરાવનિ' નજરે પડે છે. આ પદ્યો નીચે મુજબ છે:—

" शोभाभिभूतपुरुहूतपुरं पुरन्ध्री-
लावण्यलोभितजगन्नगरं गरीयः ।
धाम श्रियोऽणहिलपाटकनाम काम-
लीलामयं जगति गूर्जरभूविभूषा ॥ १ ॥"

" प्राग्वाटगोत्रतिलकः किल कश्चिदत्र
श्री**चण्डपः** स्फुटमखण्डपदप्रतिष्ठः ।
विस्फूर्जितान्यधितगूर्जरराजराज्य-
राजीवजीवनरविः सचिवावतंसः ॥ ३ ॥"

" पुस्फूर्ज गूर्जरधराधव**सिद्धराज**-
राजत्सभाजनसभाजनभाजनस्य ।
दुर्मन्त्रिमन्त्रितदवानलविह्वलायां
श्रीखण्डमण्डननिभा भुवि यस्य कीर्तिः ॥ १५ ॥"

" भास्वत्प्रभावमधुराय निरन्तराय-
धर्मोत्सवव्यतिकराय निरन्तराय ।

२९ વિ. સં. ૧૮૮૨–૧૯૪૯માં થઈ ગયેલા શાસ્ત્રી **વ્રજલાલ કાલિદાસે** આ પદ્યમાં દર્શાવેલા ભાવની ખૂબ ઝાટકણી કાઢી છે. જુઓ પ્રો. **નરસિંહરાવ ભોળાનાથ દીવેટિયા**કૃત "Wilson Philological Lectures" ૩૫ "Gujarātī Language and Literature" Vol. I, p. 54.

• यो गूर्जरावनिशिरोमणिभीमभूप-
मन्त्रीन्द्रतापरवशत्वमपि प्रपेदे ॥ ३४ ॥ "

શ્રીબાલચંદ્રસૂરિએ લગભગ વિ. સં. ૧૩૦૦માં રચેલા **વસંતવિલાસ** મહાકાવ્યના પહેલા સર્ગના નીચે મુજબના પદ્યમાં 'ગૂર્જર' શબ્દ છે:—

" क्षरत्ययत्नैकविधेयमेका
वाणी रसं गूर्जरवाणिनीव ।
इहा महाराष्ट्रवधूरिवान्या
कठोरभावा हठसाध्यमेनम् ॥ ३३ ॥"

આ મહાકાવ્યના ત્રીજા સર્ગના ૮૨મા પદ્યમાં 'ગૂર્જરક્ષોણિ' શબ્દ છે. એ પદ્ય નીચે મુજબ છે:—

" अजनि कनकमुद्रा साक्षरश्रेणिसान्द्रे
करसरसिजयुग्मे मन्त्रियुग्मस्य तस्य ।
इदमुपचितशालं गूर्जरक्षोणिलक्ष्मी—
कुलगृहमिति नित्ये शासने पट्टिकेव ॥ ८२ ॥ "

સોમેશ્વરકૃત **ઉલ્લાઘરાઘવ**(સ. ૧, શ્લો. ૮)માં 'ગૂર્જર' શબ્દ ઉપલબ્ધ થાય છે. પ્રસ્તુત પદ્ય નીચે મુજબ છે:—

" यस्यास्ते मुखपङ्कजे सुखमृचां वेदः स्मृतीवेद य-
स्त्रेता सद्मनि यस्य यस्य रसना सूते च सूक्तामृतम् ।
राजानः श्रियमर्जयन्ति महतीं यत्पूजया गूर्जराः
कर्तुं तस्य गुणस्तुतिं जगति कः सोमेश्वरस्येश्वरः ॥ "

આબુ પરના લૂણગવસઈ (**નેમિનાથ**) ચૈત્યની **સોમેશ્વરે** રચેલી પ્રશસ્તિના નીચે મુજબના ૩૮મા પદ્યમાં 'ગૂર્જ્જર' શબ્દ ઉપલબ્ધ થાય છે:—

" सामंतसिंहसमितिक्षितिविक्षतोजः-
श्रीगूर्ज्जरक्षितिपरक्षणदक्षिणासिः ।
प्रह्लादनस्तदनुजो दनुजोत्तमारि-
चारित्रमत्र पुनरुज्ज्वलयांचकार ॥३८॥ "[२७]

શ્રી**જિનપ્રભ**સૂરિકૃત **કલ્પપ્રદીપ** કે જે **વિવિધતીર્થકલ્પ**[૨૮] તરીકે ઓળખાય છે તેના **અર્બુદકલ્પ**(પૃ. ૧૬)ના ૩૯મા પદ્યમાં ગૂર્જરેશ્વર, અને **વસ્તુપાલતેજઃપાલમન્ત્રિકલ્પ** (પૃ. ૭૯)ના પ્રારંભમાં 'ગૂર્જરધરિત્રી' શબ્દ દગ્ગોચર થાય છે.

વિ. સં. ૧૩૬૧માં શ્રીમેરુતુંગસૂરિએ રચેલા **પ્રબન્ધચિન્તામણિ**માં ગૂર્જર, ગૂર્જરદેશ, ગૂર્જરધરિત્રી અને ગૂર્જરમણ્ડલ શબ્દો અનુક્રમે નીચે મુજબનાં પૃષ્ઠોમાં[૨૯] ઉપલબ્ધ થાય છે:

૨૭ જુઓ "Epigraphica Indica" Vol. VIII, p. 211.

૨૮ જુઓ **સિંઘી જૈન ગ્રન્થમાળા** ગ્રન્થાંક ૧૦.

૨૯ અત્ર આપેલ અંકો શ્રી ફાર્બસ ગુજરાતી સભા ગ્રન્થાવલિ અંક ૧૪ પ્રમાણે સમજવાના છે.

૨૧, ૪૭; ૨૪, ૩૧; ૫૦, ૮૫, ૧૦૬[૩૦]; ૧૧૭, ૧૫૯; ૧૮[૩૧], ૧૧૯; અને ૯૯.

વિ. સં. ૧૪૦૫માં શ્રીરાજશેખરસૂરિએ રચેલ **પ્રબન્ધકોશ** કે જે **ચતુર્વિંશતિપ્રબન્ધ** તરીકે સુપ્રસિદ્ધ છે તેમાં ગૂર્જરદેશ, ગૂર્જરધરા, ગૂર્જરધરિત્રી, ગૂર્જરભૂ, અને ગૂર્જરમણ્ડલ એમ ગુજરાતને લગતાં નામો છે. આને લગતાં પૃષ્ઠો નીચે મુજબ છે:—

૧૬, ૫૫, ૮૯; ૧૩, ૧૫, ૭૭, ૧૧૯, ૧૮૬, ૨૦૨, ૨૦૬, ૨૧૦, ૨૧૨, ૨૧૬, ૨૨૬, ૨૩૫, ૨૪૦, ૨૪૯; ૨૦૫; ૨૨૯; અને ૪૩[૩૨].

"गूर्जरः सौराष्ट्रादि" એ અવતરણ શ્રીયુત **કનૈયાલાલ માણેકલાલ મુનશી**કૃત "Gujarāta and its Literature" (પૃ. ૩)માં નજરે પડે છે.

'દાક્ષિણ્યચિહ્ન' તરીકે સુપ્રસિદ્ધ શ્રીઉદ્દ્યોતનસૂરિએ પ્રાચીન ગુર્જર દેશની બીજી રાજધાની જાવાલિપુરમાં[૩૩] **શક** સંવત્ ૭૦૦(વિ. સં. ૮૩૫, ઇ. સ. ૭૭૯)ના અરસામાં[૩૪] રચેલી **કુવલયમાલાકહા**[૩૫](**કુવલયમાલાકથા**)માં 'ગુજ્જરદેસ'નો ઉલ્લેખ છે. આ રહ્યો એ ઉલ્લેખ:—

"तस्स य बहूया सीसा तव वीरियवयणलद्धिसंपण्णा ।
रम्मो गुज्जरदेसो जेहिं कओ देवहरएहिं ॥"[३६]

નીચે મુજબના પદ્યમાં 'ગુજ્જર' શબ્દનો ઉલ્લેખ છે:—

"घयलोणियपुट्ठंगे धम्मवरे संधिविग्गहे निउणे ।
नउरे भल्लउं भणिरे अह पेच्छइ गुज्जरे अवरे ॥"[३७]

આ ઉપરાંત નીચેની પંક્તિમાં પણ આ શબ્દ નજરે પડે છે:—

"राइए पच्छिमजामे केण वि गुज्जरपहिएण धवलदुव्वहयं गीयं ।"

શ્રી**વિજયસેન** મુનિવરે રચેલા **રેવંતગિરિરાસુ**ના બીજા કડવા(શ્લો. ૧)માં 'ગુજ્જરદેસ' એવો પ્રયોગ કર્યો છે. પ્રસ્તુત પંક્તિ નીચે મુજબ છે:—

"દુવિહિ ગુજ્જરદેસે રિઉરાયવિહંડણુ
કુમરપાલુ ભૂપાલુ જિણસાસણમંડણુ"

૩૦-૩૧ આ બંને પૃષ્ઠમાં 'ગૂર્જર'ને બદલે 'ગુર્જર' છે, પરંતુ ઉપર્યુક્ત આવૃત્તિ(પૃ. ૨૩)-માં એનો 'ગૂર્જર' તરીકે ઉલ્લેખ કરાયો છે, એટલે હું એનો અહીં એ પ્રમાણે નિર્દેશ કરું છું.

૩૨ આ પૃષ્ઠાંકો "શ્રી ફાર્બસ ગુજરાતી સભા ગ્રંથમાલા" ગ્રંથાંક ૧૨ પ્રમાણે છે.

૩૩ આધુનિક મારવાડનું 'ઝાલોર'.

૩૪ એ સમયે ભારત ભૂમિમાં 'ગુર્જર' શબ્દનો જયઘોષ કરાવનારો ગુર્જર પ્રતિહાર વંશનો સમ્રાટ્ **વત્સરાજ** ત્યાં રાજ્ય કરતો હતો. જુઓ શ્રીયુત **જિનવિજય**નું પૂર્વોક્ત વ્યાખ્યાન (પૃ. ૧૨).

૩૫ આ પ્રાકૃત જૈન કથાગ્રંથમાં ક્ષમાદિ સદ્ગુણોના રૂપક દ્વારા એના આચરણ–અનાચરણ–થી થતા લાભ–અલાભ–નું ચિત્ર આલેખાયેલું છે. એમાં ભારતની મુખ્ય મુખ્ય ભાષાઓ(ગુર્જરી સુદ્ધાં)નો સોદાહરણ નિર્દેશ છે. ગુર્જર લોકોની પ્રકૃતિ અને વેષભૂષા વિષે પણ ઉલ્લેખ છે.

૩૬ જુઓ **વસન્ત સ્મારક ગ્રંથ** (પૃ. ૨૬૮).

૩૭ આના પછીના પદ્યમાં શ્રીઉદ્દ્યોતનસૂરિએ લાડ (લાટ) દેશનો ઉલ્લેખ કરી, 'ગુજ્જર' અને 'લાડ'ને પૃથક્ ગણાવ્યા છે. પ્રસ્તુત પદ્ય નીચે મુજબ છે:—

"ण्हाओ लित्तविलित्ते कयसीमंते सोहियं गत्ते ।
अम्हं काउं तुम्हं भणिरे अह पेच्छइ लाडे ॥"

ગુજ્જર, ગુજ્જરદેસ, ગુજ્જરધરા અને ગુજ્જરધરિત્તીને લગતા ઉલ્લેખો **વિવિધ-તીર્થકલ્પ**માં નીચે મુજબનાં પૃષ્ઠમાં જોવાય છે:—

પૃ. ૨૯; ૫૧; ૯, ૧૦, ૨૯, ૩૦ અને ૫૫; તથા ૫૧.

'ગુજરાત' નામ જે ગુર્જરત્રા, ગૂર્જરત્રા કે ગુજ્જરત્તા ઉપરથી પડાયું એમ મનાય છે તેને લગતા ઉલ્લેખો હવે વિચારીશું.

'ગુર્જરત્રા' તેમજ 'ગુજ્જરત્રા' શબ્દ નિમ્નલિખિત સ્થળે મળી આવે છે:—

(૧) કાલંજર[૩૮]ના લગભગ આઠમી શતાબ્દીના ગણાતા શિલાલેખની નીચે લખેલી પંક્તિ:—

' गुर्जरत्राभूमौ डेण्डवानकविषयसम्ब(म्ब)द्धसिवाग्रामाग्रहारे "[३९]

श्रीमद्गुर्ज्जरत्रामण्डलान्तःपातिमंगलानकविनिर्गत– ॥ [४०]

(૨) **ગણહરસદ્ધસયગ**(**ગણધરસાર્ધશતક**)ની શ્રી**સુમતિ**ગણિએ વિ. સં. ૧૨૯૫માં રચેલી બૃહદ્વૃત્તિના ૧૧મા પત્રમાંની નિમ્નલિખિત પંક્તિ:—

एवं गुर्ज्जरत्रादेशे श्री**जिनेश्वर**सूरीणां प्रथमं चक्रे "

(૩) 'ગુર્જરત્રા' શબ્દ વિષે **વ્રજલાલ શાસ્ત્રી**કૃત "ગુજરાતી ભાષાનો ઇતિહાસ–" (પૃ. ૬૯)માં તેમ જ **દેવદત્ત રામકૃષ્ણ ભાંડારકર**ના લેખ "Gurjaras" (J. B. B. R. A. S. Vol. XXI, p. 415 ff.)માં.

'ગૂર્જરત્રા' સંબંધી ઉલ્લેખો—

(૧) 'ગૂર્જરત્રા' શબ્દ મહોદયના **ભોજદેવ**ની સંવત્ ૯૦૦વાળી દૌલતપુર પ્લેટમાં નજરે પડે છે.

(૨) વિ. સં. ૧૨૭૩(ઇ. સ. ૧૨૧૬)ની દેવપત્તન પ્રશસ્તિમાં 'गूर्जरात्राः' એવો ઉલ્લેખ છે.[૪૧]

'ગુજ્જરત્તા' વિષે નીચે મુજબના ગ્રંથાદિમાં ઉલ્લેખ જોવાય છે:—

(૧) વિ. સં. ૧૨૧૧માં સ્વર્ગે સંચરેલા શ્રી**જિનદત્ત**સૂરિકૃત ઉપર્યુક્ત **ગણહરસદ્ધસયગ**નું નિમ્નલિખિત ૬૮ મું પદ્ય:—

" परिहरियगुरुक्कमागयवरवत्ताए वि गुज्जरत्ताए ।

वसहिनिवासो जेहिं फुडीकओ गुज्जरत्ताए ॥ ६८ ॥ "

(૨) **વિવિધતીર્થકલ્પ**ગત 'સ્તમ્ભનકકલ્પશિલોઞ્છ'[૪૨]

---

૩૮ "વર્તમાન ગુજરાતે 'ગુજરાત' નામ ક્યારે ધારણ કર્યું" એ લેખ(પૃ. ૨૧૪)માં 'કલિંજર' છપાયેલું છે.

૩૯ જુઓ "Epigraphica Indica" Vol. V, p. 211.

૪૦ એજન પૃ. ૨૧૦. એમ જણાય છે કે આ ઉલ્લેખને આધારે આચાર્ય **આનંદશંકર બાપુભાઇ ધ્રુવે** નીચે મુજબનો નિર્દેશ કર્યો છે:—

"તેથી પછીના વિદ્વાનોએ ગુર્જરત્રા શબ્દ જે ડેંડવાણકના તથા મંગલાનકના લેખમાં મળે છે તે ઉપરથી વ્યુત્પત્તિશાસ્ત્રાનુસાર એ શબ્દ ઉપજાવ્યો છે."

૪૧ જુઓ "Epigraphica Indica" Vol. IV, p. 455, l. 13.

૪૨ જુઓ પૃ. ૧૦૪.

(૩) વિ. સં. ૯૧૮નો ગણાતો ઘટયાલ શિલાલેખ[૪૩]

(૪) રાણપુરના જૈન મંદિરમાંનો રાણા કુંભકર્ણના સમયનો (વિ. સં. ૧૪૯૬નો) શિલાલેખ[૪૪]

સંસ્કૃત [૪૫]ગુર્જરત્રા[૪૬] કે ગૂર્જરત્રા[૪૭] અને પ્રાકૃત ગુજ્જરત્તા[૪૮] ઉપરથી જે

૪૩ જુઓ ઓઝાકૃત "રાજપૂતાના કા પ્રાચીન ઇતિહાસ" (પ્રથમ ખંડ, પૃ. ૧૫૧)

૪૪ ,, **પ્રાચીન લેખમાલા** લેખાંક ૭૪, પૃ. ૨૯.

૪૫ 'ગુર્જરત્રા'ગત 'ત્રા' માટે જુઓ "Wilson Philological Lectures "૩૫ "Gujarāti Language and Literature" Vol. II, pp. 197-198.

૪૬ ગુર્જરો વડે રક્ષિત.

૪૭ "गूर्जरत्रा / गुर्जरत्रा } – गुज्जरत्ता —गुजरात" આ પ્રમાણે "Wilson Philological Lectures" ૩૫ "Gujarātī Language and Literature" (Vol. 1, p. 447)માં સૂચવાયું છે.

૪૮ "The Bombay Gazetteer"(Vol. I, p. 2)માં પ્રાકૃત ગુજ્જરરત્ત અને સંસ્કૃત ગુર્જરરાષ્ટ્ર ઉપરથી 'ગુજરાત' સૂચવાયું છે, પરંતુ તે સ્ખલના છે; અને એવી સ્ખલના સુરાષ્ટ્ર અને મહારાષ્ટ્ર ઉપરથી કરાયેલા અનુમાનને આભારી છે. ઉપર્યુક્ત **ગેઝેટીઅર**(પૃ. ૯૫)માં ગુર્જરરાષ્ટ્ર અને ગુર્જરરાત્ર ઉપરથી ગુજરાતની ઉત્પત્તિ સૂચવાઈ છે તે પણ લ છે. 'ગુર્જરરાષ્ટ્ર' ઉપરથી તો 'ગુર્જરરાઠ' બને. કદાચ આ ઉપરથી દક્ષિણીઓ ગુજરાતને 'ગુજરાથ' અને ગુજરાતીને 'ગુજરાથી' કહેતા હશે, કેમકે એમ કહેવામાં એ મહારાષ્ટ્રીઓને મરાઠા અને મરાઠી શબ્દ કામ લાગે તેમ છે.

આ પ્રમાણેનો ઊહાપોહ "Gujarātī Language and Literature" (Vol, I. p. 33) માં પ્રો. **દીવેટિયા**એ કરેલો છે અને એના સમર્થનમાં તેમણે ઉમેર્યું છે કે "ગાંડી ગુજરાત" ગત તેમજ વિ. સં. ૧૫૧૨માં **પદ્મનાભે** રચેલા **કાન્હડદે પ્રબંધ**ની નિમ્નલિખિત—

"પૂછઈ વાત પાતસાહ હસી
ગૂજરાતિ તે કહીઈ કિસી"
(ખંડ ૧, પદ્ય ૨૧)

—પંક્તિગત ગૂજરાતનો નારીજાતિમાં કરાયેલ ઉલ્લેખ આ હકીકતને સમર્થિત કરે છે.

નવમી ગુજરાતી સાહિત્યપરિષદ્(નડિયાદ)ના પ્રમુખપદેથી શ્રીયુત **આનંદશંકર ધ્રુવે** 'ગુર્જરરાષ્ટ્ર' ઉપરથી 'ગૂજરાત' બની શકે કે નહિ તે વિષે પૃ. ૩૦-૩૧માં નીચે મુજબ ઊહાપોહ કર્યો છે:—

"ગમે તેમ હોય પણ પૈતનિક શબ્દના પ્રતિષ્ઠાન શબ્દ સાથે સંબન્ધ સર્વમાન્ય રહ્યો, એટલે **અશોક**ના લેખના ઉદાહરણથી ગુર્જરરાષ્ટ્ર ઉપરથી 'ગૂજરાત' શબ્દ અવતારવાનો આપણો યત્ન સફળ થતો નથી—જોકે ઉપર કહ્યું તેમ શ્રી **દેવદત્ત ભાંડારકર** સિવાય સહુ વિદ્વાનોએ **અશોક**ના લેખમાંએ વ્યુત્પત્તિની મુશ્કેલી અવગણી છે. હજી 'રાષ્ટ્ર' ઉપરથી 'રાત' ઉપજાવવાનો એક મન્દ યત્ન સંભવે છે; અને તે એ કે—મૂર્ધન્ય ણનો દન્ત્ય ન થાય છે અને ષનો સ થાય છે, તેમ—અહીં મૂર્ધન્ય ટનો—દન્ત્ય ત કેમ ન થાય? વળી પ્રાકૃત સ્થળમાં ટ પણ મૂળ ત (राज् + त्र = राष्ट्र) જ હતો. એટલી મુશ્કેલી ઓછી છે. વળી **ભરતે** કહ્યું છે કે

'चर्मण्वतीनदीपारे ये चार्बुदसमाश्रिताः।
तकारबहुलां नित्यं तेषु भाषां प्रयोजयेत् ॥'

અર્થાત્ ચંબલ નદીની પારના અને આબુના વાસીઓ ત વધારે બોલે છે: એ વાક્ય પણ કાંઈ પ્રકૃત પ્રશ્ન ઉપર પ્રકાશ ન નાંખે? આ વિચારપરંપરાનું બીજ गुर्जरत्रा શબ્દની વિચિત્રતા અને દેશવાચક રાષ્ટ્ર શબ્દની સ્વાભાવિકતા એ છે; વ્યુત્પત્તિશાસ્ત્રની મુશ્કેલીનું વિસ્મરણ નથી. વળી એક બીજી સૂચના

ગુજરાત[૪૯] નામ પડ્યું છે, તે 'ગુજરાત'[૫૦] શબ્દ વિષે કયા કયા પ્રાચીન ઉલ્લેખ મળે છે[૫૧] તે હવે વિચારવામાં આવે છે.

અલબેરુનિ(ઇ. સ. ૯૭૦–૧૦૩૧)[૫૨]દ્વારા Guzrat[૫૩] શબ્દનો અને **માર્કોપોલો**[૫૩] (Marco Polo) કે જેનો સમય ઇ. સ. ૧૨૫૪–૧૩૨૪નો ગણાય છે તેમના દ્વારા Gujratનો નિર્દેશ કરાયો છે.

શ્રી**અમ્બદેવસૂરિ**એ વિ. સં. ૧૩૭૧માં રચેલ **સમરારાસુ**[૫૪]માંની નીચે મુજબની પંક્તિમાં 'ગુજરાત' શબ્દ નજરે પડે છે:—

"ઢિય એ સમરઊ એ સમરઊએ સમરુ આવીઉ ગુજરાત "[૫૫]

અનિર્ણીત સમયવાળા **વસ્તુપાલ તેજપાલ રાસ**ની નીચેની કડીમાં 'ગુજરાત' શબ્દ છે:—

વસ્તુપાલ તેજિગ તણઉ અમ્હે બોલિસ રાસો ।
ભરતષેત્ર ધુરિ ગુજરાત અનહિલપુર વાસો ।। "

કરવાની પણ સૂઝે છે: ગૂજરાત=ગુર્જરરાષ્ટ્ર હોય તો તે = ગુર્જરોનું રાષ્ટ્ર એમ જ શા માટે હોવું જોઈએ? ગુર્જર (ઉત્તર ગુજરાત) અને રાષ્ટ્ર જે લાટ (દક્ષિણ ગુજરાત) નામે પ્રસિદ્ધ છે તે મળીને થએલો દેશ અથવા ગુર્જરોનો લાટ, દક્ષિણ લાટથી ભિન્ન ઉત્તર લાટ, એમ અર્થ પણ ન હોઈ શકે?"

૪૯ કેટલાક 'ગુજરાત'ને બદલે 'ગૂજરાત' એવો પ્રયોગ કરે છે, પરંતુ **પ્રો. દિવેટિયા** એની વિરુદ્ધ મત ધરાવે છે. એના સમર્થનાર્થે હું "Wilson Philological Lectures" ૩૫ "Gujarātī Language and Literature "(Vol. II, p. 194)માંથી નીચે મુજબની પંક્તિ રજુ કરૂં છું:—

"(and the consequent lengthening of the अ in र to आ, the उ in the first syllable remaining unlengthened on acccount of the accented long vowel in रा)"

૫૦ 'ગુજરાત'માંના 'આત' વિષેના ઊહાપોહ માટે જુઓ ઉપર્યુક્ત "Gujarātī Language and Literature" Vol. II, pp. 199–200.

૫૧ "**વિક્રમની** નવમી શતાબ્દીના ઉત્તરાર્ધ કાળમાં અને દશમી શતાબ્દીની શરૂઆતમાં વર્તમાન ગુર્જર દેશના નામનું ઉત્થાન કામ થયું જણાય છે." આ પ્રમાણે "વર્તમાન ગુજરાતે 'ગુજરાત' નામ ક્યારે ધારણ કર્યું?" એ નામક લેખ(પૃ. ૨૧૯)માં ઉલ્લેખ છે.

૫૨ જુઓ "Wilson Philological Lectures" ૩૫ "Gujarātī Language and Literature" Vol. II, p. 22. ૧૯૩મા પૃષ્ઠમાં ૧૦૩૦નો ઉલ્લેખ છે. ૧૯૬મામાં પણ તેમ જ છે. ૧૯૩મા પૃષ્ઠમાં એવો ઉલ્લેખ કરાયો છે કે **અલબેરુનિ** જે 'ગુજરાત'નો ઉલ્લેખ કરે છે તેમાં આપણા ગુજરાતનો અંતર્ભાવ થતો નથી. એમાં રજપુતાનાના અમુક ભાગનો સમાવેશ થાય છે, કેમકે **અલબેરુનિ** ગુજરાતની રાજધાની તરીકે જયપુરની પાસે આવેલ બઝાન કે નારાયેનનો નિર્દેશ કરે છે.

૫૩ આ શબ્દ ફારસીમાં કેમ લખાય છે તે માટે જુઓ એજન પૃ. ૧૯૬.

અમદાવાદના કવિ **હુલ્વી શીરાઝી**એ નીચેની પંક્તિમાં 'ગુઝરાત' શબ્દનો પ્રયોગ કર્યો છે:—

" નિશા પૂરસ અસ હસદ જોરવદ
કે ગુઝરાત રસ્કે ખુરાસોં શવદ ।।૧૭।। "

— **પુરાતત્ત્વ** પુ. ૪, પૃ. ૨૬

૫૪ આનું બીજું નામ 'સંઘપતિ સમરસિંહ રાસ' છે. એ વિ. સં. ૧૩૭૦માં રચાયાનો ઉલ્લેખ જે શ્રીયુત **ધનપ્રસાદ મુનશી**એ કર્યો છે તે તેમજ પ્રો. **દીવેટિયા**એ કરેલ ૧૪૭૧નો ઉલ્લેખ વિચારણીય છે.

૫૫ જુઓ **પ્રાચીન ગુર્જર કાવ્યસંગ્રહ** (પૃ. ૩૭).

પરદેશીઓએ ગુજરાતનું પાડેલ નામઃ—

હુએન ત્સિ અંગ (Hiuen Tsiang) ગુર્જરને "Ku–che–lo" તરીકે નિર્દેશે છે.[૫૬]

ઇ. સ. ના દશમા સૈકા સુધી આરબો[૫૭] ગુર્જરોના રાજ્યને જુઝ્ર (Juzr) તરીકે ઓળખાવતા હતા.[૫૮]

અંગ્રેજ એલચી **સર થોમસ રો** (Sir Thomas Ro) ઇ. સ. ૧૬૧૮ના અમદાવાદથી લખેલ કાગળમાં "Guzaratta" લખે છે.[૫૯]

ઈ. સ. ૧૬૩૬ ના ડચ—વલંદા પત્રકમાં "Gusarat" એવો નિર્દેશ છે.[૬૦]

આ પ્રમાણે કયા અન્યાન્ય શબ્દો સાથે 'ગુજરાત' શબ્દ સંકલિત છે, ઇત્યાદિ દૃષ્ટિએ ગુજરાતનો નિર્દેશ થયો. પરંતુ ગુજરાત પરત્વે હજી કેટલીક બાબતો વિચારવી બાકી રહી જાય છે. તે બરાબર સમજાય તે માટે આનર્ત, લાટ અને સૌરાષ્ટ્ર કે જે અપરાન્ત[૬૧] દેશના મુખ્ય પ્રાન્તીય વિભાગ તરીકે ઓળખાવાય છે અને જેના સંબંધમાં હવે પછી પ્રસંગોપાત્ત ઉલ્લેખ કરવામાં આવનાર છે તે વિષે કેટલીક હકીકત અત્ર આપવી આવશ્યક સમજાય છે.

આનર્ત—

પ્રાચીન સમયમાં શાર્યત જાતની અર્થ જાતિએ ગુજરાતમાં વસી આને 'આનર્ત 'નામ આપ્યું, એવી **હરિવંશપુરાણ** અને **મત્સ્યપુરાણ**માં કથા છે. બીજી કથા **પ્રમાણે મનુ**

૫૬ જુઓ "Journal of the Royal Asiatic Society" (ઈ. સ. ૧૯૦૬, પૃ. ૪૫૮–૪૬૦).

૫૭ નવમી ગુજરાતી સાહિત્યપરિષદના ઇતિહાસ વિભાગના પ્રમુખ તરીકે શ્રીયુત **ઓઝાએ** આપેલા વ્યાખ્યાન(પૃ. ૧૨)માં 'આરબ' માટે તેમણે 'તાજિક' શબ્દ સૂચવ્યો છે. આ રહ્યો એ ઉલ્લેખ:—

"પુલકેશીના સમયમાં સિંધના આરબોએ (તાજિકોએ) કચ્છ અને સોરઠમાં થઈને નવસારી સુધીના પ્રદેશ પર લૂંટમાર કરી, પણ પુલકેશીએ તેમને હાંકી મૂકયા."

૫૮ જુઓ "Gujarāti Language and Literature" Vol. II, p. 193.

૫૯ જુઓ "ગુજરાતનું પાટનગર" પૃ. ૮૯–૯૦.

૬૦ જુઓ "Journal of Historical society" (Vol. V, Dutch record No. 1.)

૬૧ મહાક્ષત્રપ **રુદ્રદામને** ભારતવર્ષના જે વિવિધ દેશના રાજાઓને પરાજિત કર્યા હતા તેના નામોલ્લેખવાળા ગિરનારના લેખમાં 'અપરાન્ત' નામ ઉપલબ્ધ થાય છે. જુઓ "Epigraphica Indica" Vol. p. 54.

મૌર્ય સમ્રાટ્ **અશોક**ના અનુશાસનના લેખમાં 'અપરાંત' નામ આવે છે.

કવિ **કાલિદાસ**કૃત **રઘુવંશ**(સ. ૪, શ્લો. ૫૩)માં 'અપરાન્ત' વિષે ઉલ્લેખ છે. આ સંબંધમાં **સર રામકૃષ્ણ ગોપાલ ભાંડારકર** જણાવે છે કે સિન્ધુથી માંડીને પશ્ચિમ કિનારાનો 'અપરાન્ત' કહેવાતો.

"Coins of Ancient India" (પૃ. ૧૦૨–૧૦૩)માં **કનિંગહામ** (Cunningham) એવો ઉલ્લેખ કરે છે કે અપરાન્તિકા–અપરાન્તની હદમાં પશ્ચિમ સમુદ્રના કિનારાનો તમામ પ્રદેશ, સિન્ધુ, સૌવીર અને પંચનદ (પંજાબ) આવી જાય છે.

"Indian Antiquary" (Vol. XXII, p. 173) અને "Journal of the Royal Asiatic society" (A. D. 1910, p. 427)માં **ફ્લીટ** અપરાન્તના સીમાડાના પ્રદેશ તરીકે કોંકણ, ઉત્તર ગુજરાત, કાઠિયાવાડ, કચ્છ અને સિન્ધનો નિર્દેશ કરે છે.

"पश्चिमसमुद्रसमीपेऽपरान्तदेशः" એવો ઉલ્લેખ વાત્સાયનીય **કામસૂત્ર**ના ટીકાકારે કર્યો છે. જુઓ **કામસૂત્ર** (પૃ. ૧૨૬) તેમજ "Annals of the Bhandarkar Oriental Research Institute" (Vol. VIII, pt. 1.)

વૈવસ્વતના પુત્ર **શર્યાતિ** કે જેને હિન્દનો પશ્ચિમ–દક્ષિણ ભાગ મળ્યો હતો એના પુત્ર **આનર્તે** ' આનર્ત ' વસાવ્યું.[૬૨]

આચાર્ય **આનંદશંકર ધ્રુવ**નું કહેવું એ છે કે અનૃત ઉપરથી ' આનર્ત ' શબ્દ થયો છે, અને **ઋત** કહેતાં બ્રાહ્મણોનો યજ્ઞધર્મ તે ન પાળનારા દસ્યુઓ, અનાર્યો જ્યાં વસે છે તે આનર્ત.[૬૩]

ગિરનારના લેખમાં ' આનર્ત ' નામ મળે છે.

લાટ—

" લાટ એ રાષ્ટ્ર ઉપરથી થએલો શબ્દ છે, અને **ટૉલેમી, વાત્સ્યાયન** વગેરેને જાણીતો હોઈ, **અશોકના** લેખમાં લઠિક નામનો જે એક ' અપરાન્ત ' (સામ્રાજ્યમાં અપર નામ સામે અંતે કે પશ્ચિમ છેડે આવેલા પ્રદેશ દેશમાંનો એક) કહ્યો છે તે લાટ જ હોવાનો સંભવ છે. "

આ પ્રમાણે ' લાટ ' વિષે આચાર્ય **ધ્રુવે** ઉલ્લેખ કર્યો છે[૬૪] એવી નોંધ કરવા પૂર્વક શ્રીયુત **ધનપ્રસાદ મુનશી** નીચેની હકીકત જણાવે છે:—[૬૫]

" મહી નદીનો દક્ષિણ વિભાગ, વર્તમાન મધ્ય અને દક્ષિણ ગુજરાત, લાટ દેશ કહેવાતો. આ દેશનું નામ ક્યારે પ્રચારમાં આવ્યું એ વિશે ઇતિહાસકારોમાં મતભેદ છે. કેટલાક ઇતિહાસકારો લાટ દેશનું નામ આર્ય પ્રજાએ આપ્યું હોય એમ માનવા ના પાડે છે; પણ વિદેશી પ્રજાના સંબંધથી એ નામ પ્રચારમાં આવ્યું એમ તેઓનો મત છે. મૌર્ય સમ્રાટ્ **અશોક**ના લેખમાં ' લટિક '—રટ્ટીક (પ્રા.) શબ્દનો ઉલ્લેખ આવે છે......વિદેશી સોદાગર ' **પેરીપ્લસ** ' ના અને **ટોલેમી**ના ગ્રંથમાં લારીક (સં. રાષ્ટ્રિક–પ્રા. રટ્ટીક) નામનો ઉલ્લેખ મળે છે. **વાત્સ્યાયન**ના **કામસૂત્ર**માં (ઈશુની ત્રીજી શતાબ્દી,) આચારગણ (ઈશુની ચોથી શતાબ્દી ' રટ ') **વરાહમિહિર**, ગુપ્ત રાજા **કુમારગુપ્ત**ના મંદસોર શિલાલેખમાં (ઈ. સ. ૪૩૭–૩૮), **હર્ષચરિત્ર**માં, **રવિકીર્તિ**કૃત ઐહોલ પ્રશસ્તિમાં (ઈ. સ. ૬૨૭–૮) અને **અવની જનાશ્રય ચૌલુક્ય પુલકેશી** બીજાના તામ્રશાસનમાં (ઈ. સ. ૭૩૮–૩૯) લાટ દેશનું નામ મળે છે. **વિક્રમ**ની પહેલી શતાબ્દીથી પાંચમી શતાબ્દી સુધી એ દેશનું નામ શિષ્ટ જનોએ બરાબર સ્વીકાર્યું હોય એમ જણાતું નથી. ચીની યાત્રાળુ **હ્યુનસંગ** લાટનું નામ લો. લો. Lo. Lo. જણાવે છે. દક્ષિણપથના ચૌલુક્ય રાષ્ટ્રકૂટના રાજ્યકાળ સમયે એ દેશનું નામ રૂઢ થયેલું જણાય છે. રાષ્ટ્રકૂટ ત્રીજા **ગોવિન્દનો** ભાઈ ઇન્દ્ર લાટેશ્વર મંડળનો સત્તાધીશ હતો (ઇ. સ. ૮૧૨, **શક** ૭૩૪). રાષ્ટ્રકૂટ ચોથા **ગોવિન્દ**ના ખંભાત તામ્રપત્ર પ્રમાણે ખેટક મંડળ–ખેડા જીલ્લો લાટ દેશની સીમામાં હતો એમ ખબર પડે છે. ગ્વાલિયર લેખ પ્રમાણે આનંદપુર–વડનગર સુધી લાટ દેશનો સીમાડો ગણાતો. **શક્તિસંગમ તંત્રમાં** અવન્તી દેશની પશ્ચિમે લાટ દેશ આવેલો કહ્યો છે.......**અલબેરૂની** અણહિલવાડ પાટણની દક્ષિણે લાટ દેશ આવેલો છે એમ ઉલ્લેખ કરે છે.......ઠેઠ વાઘેલાના રાજ્યકાળ સુધી મહી અને તાપી નદીનો મધ્ય પ્રદેશ લાટ કહેવાતો હતો. "

---

૬૨ જુઓ **અગિયારમું ગુજરાતી સાહિત્યપરિષદસંમેલન** (પૃ. ૨૦૭–૨૦૮)

૬૩ જુઓ **બુદ્ધિપ્રકાશ** (જુલાઈ, ઇ. સ. ૧૯૨૪) અને **વસન્ત**(વિ. સં. ૧૯૮૦)ના અષાઢના અંકમાં છપાએલ " પૌરાણિક ઇતિહાસ " ઉપરનું વ્યાખ્યાન.

૬૪ જુઓ "નવમી ગૂજરાતી સાહિત્યપરિષદ્"ના પ્રમુખનું ભાષણ (પૃ. ૩૧).

૬૫ જુઓ " અગિયારમું ગુજરાતી સાહિત્યપરિષદસંમેલન " (પૃ. ૨૦૮–૨૦૯).

'લાટ' સંબંધી અન્ય ઉલ્લેખો—

(૧) **રાજશેખર**કૃત **કાવ્યમીમાંસા**(પૃ. ૫૧)માં 'લાટ' દેશના લોકોની ભાષા વિષે નીચે મુજબના પદ્યમાં ઉલ્લેખ છેઃ–

"गौडाद्याः संस्कृतस्थाः परिचितरुचयः प्राकृते लाटदेश्याः
सापभ्रंशप्रयोग्याः सकलमरुभुवष्टक्कमादानकाश्च ।
आवन्त्याः पारियात्राः सह दशपुरजैर्भूतभाषां भजन्ते
यो मध्ये मध्यदेशं निवसति स कविः सर्वभाषानिषण्णः ॥"

(૨) શ્રી**ચન્દન**સૂરિ અને શ્રી**વિજયસિંહ**સૂરિ એ બે જૈન શ્વેતાંબર વિદ્વાનો અને શ્રી**મહાકીર્તિ** અને શ્રીઇન્દ્રસૂરિ એ નામના બે દિગંબર વિદ્વાનો દ્વારા શોધાયેલ અને કાયસ્થ કવિ **સોડ્ઢલ**[૬૬] દ્વારા ઈ. સ. ૧૦૨૬થી ઈ. સ. ૧૦૫૦ના ગાળામાં રચાયેલ **ઉદયસુંદરી-કથા**[૬૭]માં પૃ. ૧૨મામાં લાટ દેશ તેમ જ પૃ. ૮૫મામાં ભૃગુકચ્છ અને પૃ. ૧૫૬માં શૂર્પારક[૬૮] ઇત્યાદિ સ્થળોનું વર્ણન છે.

(૩) **મુદ્રિતકુમુદચન્દ્રપ્રકરણ**માં प्रकृतिवाचाटलाटमुखचटितमौनकपाटમાં 'લાટ'નો નિર્દેશ છે. અત્ર લાટ અને ગુર્જરને પૃથક્ ગણેલ છે, એ વાત એની પછીની પંક્તિ ઉપરથી જાણી શકાય છે.

(૪) **વિવિધતીર્થકલ્પ**ગત 'અશ્વાવબોધકલ્પ'(પૃ. ૨૦)માં 'લાડ' અને 'કુડુંગેશ્વરનાભેય-દેવકલ્પ'(પૃ. ૮૮)માં 'લાટ'નો નિર્દેશ છે.

(૫) 'લાટ' વિષે એક ઉલ્લેખ **વસન્તવિલાસ**ના દશમા સર્ગના નીચે મુજબના પદ્યમાં છેઃ—

"लाटगौडमरुकच्छडाहलान्वितवङ्गविषयाः समन्ततः ।
तत्र सङ्घपतयः समाययुस्तोयधाविव समस्तसिन्धवः ॥ २५ ॥"

આ મહાકાવ્યના પાંચમા સર્ગના ૧૬મા[૬૯] પદ્યમાં પણ 'લાટ' દેશ અને 'ભૃગુકચ્છ' વિષે ઉલ્લેખ છે.

(૬) **પ્રબન્ધચિન્તામણિ**(પૃ. ૪૮)માં 'લાટ' શબ્દ છે.

(૭) **ચતુર્વિંશતિપ્રબન્ધ**(પૃ. ૨૬)માં 'લાટ' શબ્દ છે.

સૌરાષ્ટ્ર—

આર્યાવર્તના પ્રાચીન સમયના કેટલાક દેશનાં નામો ઉપલબ્ધ થાય છે તેમાંનું એક તે 'સૌરાષ્ટ્ર' યાને 'સુરાષ્ટ્ર' છે. **પાણિનિ**કૃત **અષ્ટાધ્યાયી**, એનું **પતંજલિ**કૃત **મહાભાષ્ય**, **બૌદ્ધાયનસ્મૃતિ**, વલભીના **મૈત્રક**નાં દાનપત્રો તેમ જ નાસિક અને જુનાગઢના

૬૬ એ વિદ્યાવિલાસી અને કવિઓના આશ્રયદાતા **વત્સરાજ**ની રાજસભાનો મુખ્ય વિદ્વાન્ હતો. કોંકણના રાજ્યકર્તા **ચ્છિત્તરાજ**, **નાગાર્જુન** અને **મુમ્મુણિરાજ** જે ત્રણ ભાઇઓ થતા હતા તેમણે પણ આ કવિને આશ્રય આપ્યો હતો.

૬૭ આ કથા "ગાયકવાડ પૌર્વાત્ય ગ્રંથમાળા"માં ૧૧મા ગ્રંથાંક તરીકે પ્રસિદ્ધ થયેલી છે.

૬૮ આને 'સોપારા' તરીકે ઓળખાવાય છે.

૬૯ આ પદ્ય નીચે મુજબ છેઃ—

"स्तम्भतीर्थनिधनेन धनाय शङ्ख इत्यभिधया समयेऽस्मिन् ।
लाटदेशनृपतिर्भृगुकच्छादुच्चचाल चलदश्वबलश्रीः ॥१६॥"

શિલાલેખોમાં આ દેશનો ઉલ્લેખ છે. પ્રભાસરૂપ પ્રાચીન બંદરવાળા સૈરાષ્ટ્રની હકીકત પરદેશી લેખકોનાં ગ્રંથોમાં મળે છે; જેવા કે **સ્ટ્રેબો** (ઇ. સ. પૂ. ૫૦-૨૦), **પ્લિની** (ઇ. સ. ૭૦), **પેરીપ્લસ** (ઈ. સ. ૮૦) અને **ટોલેમી**(ઇ. સ. ૧૫૦)ના ગ્રંથો.

સૈરાષ્ટ્રના લોકો સંસ્કૃત ભાષા જેવા જ સૌષ્ઠવથી અપભ્રંશ ભાષા બોલે છે, એમ **રાજશેખરે કાવ્યમીમાંસા**(પૃ. ૩૪)ના નિમ્નલિખિત પદ્યમાં ઉલ્લેખ્યું છે:—

"सुराष्ट्रत्रवणाद्या ये पठन्त्यर्पितसौष्ठवम् ।
अपभ्रंशावदंशानि ते संस्कृतवचांस्यपि ॥"

વિ. સં. ૧૨૮૫માં **પાર્શ્વનાથચરિત્રાદિ** વીસ પ્રબંધો રચનારા શ્રી**વિનયચંદ્ર**સૂરિએ જે **કવિશિક્ષા**[૭૦] રચી છે, તેમાં ૮૪ દેશોની માહિતી આપી છે. તેમાં સૈરાષ્ટ્ર, લાટ અને ગુર્જર એ ત્રણેનો ઉલ્લેખ છે. વિશેષમાં ત્યાં સૈરાષ્ટ્ર દેશ નવ હજાર ગામનો, લાટ એકવીસ હજાર ગામનો અને ગુર્જર સિત્તેર હજાર ગામનો દેશ હોવાનું સૂચવાયું છે.[૭૧]

વિવિધતીર્થકલ્પગત 'ઉજ્જયન્તસ્તવ'માં તેમ જ 'વસ્તુપાલતેજ:પાલમન્ત્રિકલ્પ'માં 'સુરાષ્ટ્ર' શબ્દ છે, જ્યારે 'ઉજ્જયન્તમહાતીર્થકલ્પ', 'રૈવતગિરિકલ્પ' અને 'અમ્બિકાદેવીકલ્પ'માં 'સુરટ્ઠા' શબ્દ છે.

ચતુર્વિંશતિપ્રબન્ધના પૃ. ૨૦૫ અને ૨૦૯માં 'સુરાષ્ટ્ર' અને પૃ. ૪૪, ૪૬, ૮૯, ૯૭ અને ૧૭૨માં 'સૈરાષ્ટ્ર' છે.

શ્રી**જિનમંડન** ઉપાધ્યાયે વિ. સં. ૧૪૯૨માં રચેલા **કુમારપાલપ્રબન્ધ**ના ૫૭મા પત્રમાં લાટ વિષે ઉલ્લેખ છે.[૭૨]

કાન્હડદેપ્રબન્ધ(૨-૬૩)ની નીચે મુજબની—

"લાડ દેશ નિ સિંધુ સવાલખ ગૂજર સોરઠ લીધ."

પંક્તિ ઉપરથી અનુમનાય છે કે લગભગ વિ. સં. ૧૫૧૫ સુધી દક્ષિણ ગુજરાતને 'લાડ' તરીકે પ્રસિદ્ધ હશે.[૭૩]

અસલના વખતમાં સૈરાષ્ટ્ર અને લાટ એ બે સમોવડીઆ ભાઈ જેવા હતા. લાટના પાટનગર ભરુચ(ભૃગુકચ્છ)ની રેવા નદીથી સમુદ્રમાર્ગે સૈરાષ્ટ્રનો વેપાર અને વહેવાર સંકલિત હતો.

---

૭૦ આની તાડપત્રીય પ્રતિ પાટણના ભંડારમાં છે.

૭૧ જુઓ સાક્ષર **ચિમનલાલ દલાલ**નો "પાટણના ભંડારો અને ખાસ કરીને તેમાં રહેલું અપભ્રંશ તથા પ્રાચીન ગૂજરાતી સાહિત્ય" લેખ (પાંચમી ગુજરાતી સાહિત્યપરિષદ્‌નો અહેવાલ).

૭૨ આ વાત નીચેના પદ્યમાંથી સ્પષ્ટ જોઈ શકાય છે:-

"कर्णाटे १ गूर्जरे २ लाटे ३ सौराष्ट्रे ४ कच्छ ५ सैन्धवे ६ ।
उच्चायां ७ चैव भम्भेर्यां ८ मारवे ९ मालवे १० तथा ॥"

આના પછીના પદ્યમાં આ ઉપરાંતના આઠ દેશોનો ઉલ્લેખ છે. એ નીચે મુજબ છે:-

"कौङ्कणे ११ च महाराष्ट्रे १२ कीरे १३ जालन्धरे १४ पुनः ।
सपादलक्षे १५ मेवाडे १६ दीपा १७ मीरा १८ ख्ययोरपि ॥"

૭૩ જુઓ પ્રો. **દીવેટિયા**કૃત "Gujarati Language and Literature" (Vol. II, p. 194).

આ પ્રમાણે એક અપેક્ષાએ ગુજરાતના આનર્ત, લાટ અને સૌરાષ્ટ્ર એવા ત્રણ વિભાગોનું સંક્ષિપ્ત વર્ણન અત્ર પૂરું કરાય છે. પરંતુ આ લેખ આગળ લંબાવાય તે પૂર્વે પ્રાચીન કાળમાં આ દેશના આનર્ત, સુરાષ્ટ્ર, લાટ અને શ્વભ્ર એવા ચાર વિભાગો પણ સૂચવાતા હતા એ વિષે નોંધ કરી લઇએ. નવમી ગુજરાતી સાહિત્યપરિષદ્ના ઈતિહાસવિભાગના પ્રમુખ તરીકે મહામહોપાધ્યાય રાયબહાદુર **ગૌરીશંકર હીરાશંકર ઓઝાએ** એ સંબંધમાં નીચે મુજબ ઊહાપોહ કર્યો છે:—

"વર્તમાન ઉત્તર કાઠિયાવાડનું નામ 'આનર્ત' હતું અને દક્ષિણ કાઠિયાવાડ 'સોરઠ' નામથી પ્રસિદ્ધ હતો. આનર્તની રાજધાનીનું નામ 'આનંદપુર (આનર્તપુર)' હતું. તાપી અને મહી નદીઓની વચ્ચેનો પ્રદેશ 'લાટ' નામથી પ્રસિદ્ધ હતો. વાગડ પ્રાન્ત (રજપૂતાનાનાં ડૂંગરપુર અને વાંસવાડા રાજ્યો), જે મહી નદીનાં બન્ને તટો પર વસેલો છે અને જ્યાંની ભાષા ગુજરાતી છે, લાટ દેશના અન્તર્ગત હતો. શ્વભ્રમતી (સાબરમતી) નદીની આસપાસનો પ્રદેશ અર્થાત્ અમદાવાદની ઉત્તર અને દક્ષિણનો કેટલોક ભાગ 'શ્વભ્ર' કહેવાતો હતો. કચ્છની ગણના પણ ગુજરાતમાં થતી હતી...પહેલાં ગુજરાતની સીમા ઉત્તરમાં દૂર સુધી પ્રસરેલી હતી અને તેમાં જોધપુર રાજ્યના ઉત્તરથી દક્ષિણ સુધીના બધાય પૂર્વ વિભાગનો સમાવેશ પણ થતો હતો. હવે તો પાલનપુર રાજ્યની ઉત્તર સીમાથી થાણા જીલ્લાની ઉત્તર સીમા સુધીનો પ્રદેશ અને કાઠિયાવાડ તથા કચ્છ ગુજરાતમાં ગણાય છે. સામાન્યરૂપે એમ પણ કહી શકાય કે જેટલા પ્રદેશમાં હમણાં ગુજરાતી ભાષા બોલાય (છે) તેનું જ નામ હવે ગુજરાત રહ્યું છે."—નવમી ગુજરાતી સાહિત્યપરિષદ્, પૃ. ૯.

શાસ્ત્રી **વ્રજલાલ કાલિદાસે** પ્રાચીન ગુજરાતની સીમા નીચે મુજબ નિર્દેશી છે:—

"ઉત્તરમાં અર્બુદાચળ, પશ્ચિમે કચ્છનું રણ, દક્ષિણે મહી નદી અને પૂર્વમાં ડૂંગરપુર વાંસવાડા."[૭૪]

ભૌગોલિક વિજ્ઞાનના અભ્યાસીને એ વાત તો સુવિદિત છે કે આ પરિવર્તનશીલ સંસારમાં સ્થળ અને જળના પ્રદેશની સીમા સર્વદા નિયત નથી. જ્યાં સ્થળ હોય ત્યાં જળ આવી વસે અને જ્યાં જળ હોય તે દૂર થઈ અન્યત્ર વસે. આવી હકીકત આજે ગુજરાતના નામથી ઓળખાતા વિભાગને પણ ઓછેવત્તે અંશે લાગૂ પડે છે. પરંતુ એ વાત જતી કરીએ તોપણ ભૌગોલિક દૃષ્ટિએ ગુજરાતથી કેટલો અને કયો વિભાગ સમજવો તેનો ઉત્તર જુદા જુદા સમયને લક્ષીને જુદો જુદો આપી શકાય તેમ છે તે આપણે જોઈ ગયા.

હવે આધુનિક ગુજરાતના (૧) ઉત્તર ગુજરાત, (૨) દક્ષિણ ગુજરાત, (૩) કાઠિયાવાડ, (૪) કચ્છ અને (૫) દમણગંગા નદીની દક્ષિણ સુધીનો તેમજ મુંબઈ અને સાલસેટ ટાપુ સહિતનો મુંબઈ પ્રદેશ એમ જે પાંચ વિભાગો[૭૫] શ્રીયુત **કનૈયાલાલ માણેકલાલ મુનશીએ** "Gujarat

---

૭૪ આ સંબંધમાં "વર્તમાન ગુજરાતે 'ગૂજરાત' નામ ક્યારે ધારણ કર્યું?" એ લેખ (પૃ. ૨૨૦)-માં નીચે મુજબ સ્પષ્ટીકરણ કરાયું છે:—

"આ સોલંકી વંશના પ્રસ્થાપક મૂળરાજ દેવના રાજ્ય વિસ્તારનો સીમાડો હોય એમ જણાય છે: ઈશુની તેરમી ચૌદમી સદીમાં કચ્છના રણથી તાપી નદી સુધીનો અથવા એ ઉપરનો કેટલોક પ્રદેશ 'ગુજરાત' દેશ નામે ઓળખાવા લાગ્યો હતો."

૭૫ એલ્ ડડ્લી સ્ટૅમ્પ L. Dudley Stamp કૃત "The world" નામક ભૂગોળ(પૃ. ૨૮૧)માં મુંબઈ ઈલાકાના (અ) સિંધ, (આ) ગુજરાત (કાઠિયાવાડ અને વડોદરા સંસ્થાન સહિત), (ઇ) પશ્ચિમ

and its Literature[૭૧]" પૃ. ૨માં સૂચવ્યા છે તે, તેમ જ એના પછીના પૃષ્ઠમાં નિર્દેશેલ હકીકત વિચારી લઇએ.

ઉત્તર ગુજરાતને પ્રાચીન સમયમાં 'આનર્ત' કહેવામાં આવતો હતો. ઇ. સ. ૭૦૦ની આસપાસમાં એનો ગુર્જરત્રાના રાજ્ય કે જેની રાજધાની ભિન્નમાલ કે શ્રીમાલ હતી તેમાં અંતર્ભાવ કરાયો. પછીનાં સૈકાંઓમાં ગુર્જરત્રાની સીમા દક્ષિણ બાજુ લંબાતી ગઈ, અને તે પણ એટલે સુધી કે ઈ. સ. ૧૧૪૧માં દોહદનો અને ઈ. સ. ૧૧૯૧માં ગોધરાનો એમાં સમાવેશ કરાયો. વખત જતાં પ્રાચીન આનર્ત 'ગુજરાત'ના નામથી ઓળખાતો થયો અને આજે પણ ઉત્તર ગુજરાતના લોકો પોતાના જ પ્રદેશને 'સાચું ગુજરાત' ગણે છે.

દક્ષિણ ગુજરાત એક વેળા 'નાગભૂમિ' તરીકે ઓળખાતું. ત્યાર પછી એનું નામ 'અનૂપ દેશ' પડયું અને ત્યાર બાદ 'સૂર્પારક' એ નામ પ્રસિદ્ધિમાં આવ્યું. એ પછીના સમયમાં છેક આશરે ઈ. સ. ૯૦૦ સુધી મુંબઇના ટાપુ સહિતનો નર્મદા નદીની દક્ષિણનો પ્રદેશ 'અપરાન્ત' તરીકે ઓળખાવાયો અને એનો દક્ષિણાપથમાં સમાવેશ કરાયો. ઈ. સ. ૧૫૦ની લગભગના સમયથી ખંભાત અને નર્મદાની વચ્ચેના પ્રદેશનું 'લાટ' નામ પડયું. આગળ જતાં દમણગંગા સુધીની નર્મદાની દક્ષિણના પ્રદેશનો એમાં અંતર્ભાવ કરાયો. અણહિલવાડ પાટણના ચૌલુક્ય રાજાઓના સમયમાં 'લાટ' નામ ભૂલાતું ગયું અને એને બદલે 'ગુર્જર ભૂમિ' એવું નામ પ્રસિદ્ધિમાં આવ્યું. ઇ. સ. ૧૨૨૨માં ગુર્જર દેશનો વિસ્તાર નર્મદાના ઉત્તર કાંઠે આવેલા ડભોઇ સુધી લંબાયો. ઇ. સ. ૧૩૮૪માં રચાયેલ **કર્મવિપાક-સંગ્રહ**ના કર્તાએ ગુજરાતમાં નાંદોદ નદીના દક્ષિણ કાંઠાપર આવેલા નાંદોદનો ગુજરાતમાં સમાવેશ કર્યો. ઇ. સ. ૧૪૦૦ની આસપાસમાં દમણગંગા સુધીનો તમામ લાટ પ્રદેશ ગુજરાતનો વિભાગ ગણાવા લાગ્યો. અમદાવાદના સુલતાનો જેટલા ભાગ ઉપર વિજય મેળવી શકયા એ બધા ભાગને તેઓ 'ગુજરાત' તરીકે ઓળખાવા લાગ્યા.

કાઠિયાવાડ તે પૌરાણિક સમયનો 'કુશાવ્રત' કે જે પાછળથી 'સુરાષ્ટ્ર' કે 'સૌરાષ્ટ્ર' એ નામથી ઓળખાવાયો. કેટલાંક પુરાણોમાં કાઠિયાવાડને 'આનર્ત'નો એક ભાગ ગણાવાયો

કાંઠાનો પ્રદેશ અને (ઈ) દક્ષિણ લવ (Deccan Lavas or Black cotton soil region) એમ ચાર કુદરતી વિભાગના ઉલ્લેખપૂર્વક સૂચવી ગુજરાતના (અ) દક્ષિણ ગુજરાત, (આ) મધ્ય ગુજરાત, (ઇ) ઉત્તર ગુજરાત, (ઈ) કાઠિયાવાડ અને (ઉ) કચ્છ, એમ પાંચ વિભાગો પૃ. ૨૮૪-૨૮૫માં સૂચવાયા છે.

શ્રીયુત **હરિશંકર નારૂશંકર શાસ્ત્રી**એ "મુંબઈ શહેરની ભૂગોળ"(પૃ. ૧૦૯)માં મુંબઈ ઈલાકાના (૧) સિંધ, (૨) કચ્છ, (૩) ગુજરાત. (૪) મહારાષ્ટ્ર અને (૫) કોકણ, એમ પાંચ વિભાગો દર્શાવ્યા છે. એવી રીતે તેમણે મુંબઈ ઇલાકાના (૧) મુંબઈ વિભાગ, (૨) સિંધ વિભાગ, (૩) ઉત્તર વિભાગ, (૪) મધ્ય વિભાગ અને (૫) દક્ષિણ વિભાગ, એમ પાંચ રાજકીય વિભાગો દર્શાવ્યા છે. આમાંના ઉત્તર વિભાગની સીમા તેમણે નીચે મુજબ ૮૫મા પૃષ્ઠમાં આલેખી છે:—

"ઉત્તરે—કચ્છનું રણ, આબુ અરવલ્લીના ડુંગરો, મારવાડ; પૂર્વે—માળવા ને ખાનદેશ; દક્ષિણે અરબી સમુદ્ર, કોકણ તથા મહારાષ્ટ્રનો ભાગ; અને પશ્ચિમે અરબી સમુદ્ર."

૭૧ આ પુસ્તકમાં પાંચ નકશાઓ આપવામાં આવ્યા છે: (૧) આધુનિક ગુજરાત, (૨) પ્રાકૃતિક (Physical) ગુજરાત, (૩) પશ્ચિમના આર્ય સંસ્થાનો, (૪) **સિદ્ધરાજ** અને **કુમારપાલ**ના વખતનું ગુજરાત, (૫) સુલતાનોની સત્તાના સમયનું ગુજરાત.

છે. ચાલુક્યના સમયમાં કેટલાક વખત સુધી એનો ગુર્જર ભૂમિમાં સમાવેશ કરાયો હતો. મોગલ સમ્રાટ્ **અકબરે** ઉત્તર ગુજરાત અને દક્ષિણ ગુજરાતની પેઠે એને પણ ગુજરાતનો એક ભાગ ગણાતો હતો.

૭૭કચ્છના નામમાં પરિવર્તન થયાનું જણાતું નથી. એ રાજકીય દૃષ્ટિએ ગુજરાતના બીજા વિભાગોથી અલગ હોવા છતાં એની ઉથલપાથલો ગુજરાત સાથે સંબદ્ધ છે.

લગભગ ઈ. સ. ૯૦૦ સુધી થાણા, સાલસેટ અને મુંબઇ તેમ જ લાટ એ બધા મળીને એક જ મુલક ગણાતો.

આ તો ગુજરાતની સીમા(territorial extent)નો એક દૃષ્ટિએ વિચાર થયો. હવે એનો વિચાર બીજી દૃષ્ટિએ પણ થઈ શકે છે, અને એ દૃષ્ટિ તે ગુજરાતી ભાષાની સીમાની દૃષ્ટિ. 'જ્યાં જ્યાં ગુજરાતી ભાષામાં બોલાતી હોય તે ગુજરાત' એવી પણ ગુજરાતની વાજબી થઈ શકે.[૭૮] આ દૃષ્ટિએ શ્રીયુત **કનૈયાલાલ મુનશી** એની સીમા નીચે મુજબ આલેખે છેઃ—

"ભાષાદૃષ્ટિએ ઉત્તર હદ શિરોહી અને મારવાડનાં રાજ્યો કે જ્યાં મારવાડી ભાષા બોલાય છે તેની સીમાને સ્પર્શે છે, તેમ જ એ હદમાં થર, પારકર અને કચ્છનો અંતર્ભાવ થાય છે.

"દક્ષિણ હદ દમણગંગા કરતાં પણ ઘણે દૂર વિસ્તરે છે અને એ હદમાં થાણા જીલ્લાના કેટલાક ભાગો અને સાલસેટ તેમજ મુંબઇ બેટ આવી જાય છે.

પૂર્વ હદ ધરમપુરના રાજ્યની હદને સ્પર્શે છે, પાલણપુરના પૂર્વ વિભાગને સંયોજે છે, અને અરવલ્લી સુધી વિસ્તરે છે. વળી એમાં જ્યાંની બોલી ઉપર ગુજરાતી ભાષાનો વિશેષ પ્રભાવ પડયો છે, એવાં ભીલ સંસ્થાનોનો પણ કેટલોક ભાગ આવી જાય છે. ભીલોના પ્રદેશથી દૂર પૂર્વમાં રજપૂતાનાના પૂર્વ અને દક્ષિણ ભાગો કે જ્યાં જયપુરી અને માલવી બોલી બોલાય છે. તે આવેલા છે."[૭૯]

"ગુજરાત એટલે શું" તેનો ખુલાસો આચાર્ય **આનંદશંકર ધ્રુવે** ભાવનગરમાં "ગુજરાત અને કેળવણી" નામનું જે મનનીય વ્યાખ્યાન[૮૦] આપ્યું હતું તેમાં કર્યો છે. એમાંનો પ્રસ્તુત ભાગ અત્ર આપવામાં આવે છે; કેમકે એથી ગુજરાતના માનવકુળનું ઘડતર સમજવું સહેલું થઈ પડે તેમ છે.

"ગુજરાત એટલે હિન્દુસ્તાનની મધ્યપશ્ચિમે આવેલી ભૂમિ નહિ, પણ એ ભૂમિમાં વસતી પ્રજા....ઉત્તર હિન્દુસ્તાનને એક ગાયરૂપે કલ્પો તો એના આંચળમાંથી ત્રણ સેરો દક્ષિણ તરફ પડતી જણાશે. એક તો સિન્ધુ નદીના મુખ તરફ અને એની દક્ષિણે પશ્ચિમ સમુદ્રતટના પ્રાંતોમાં વિસ્તરતી; બીજી એ જ પ્રમાણે હિન્દુસ્તાનને પૂર્વ કાંઠે ગંગાના મુખથી દક્ષિણ તરફ પ્રસરતી; અને ત્રીજી એ એની વચમાં, પ્રયાગથી માંડી દક્ષિણમાં જતી. આ

---

૭૭ "હિંદુસ્તાનના ઇતિહાસમાં એક અમુક કાળમાં કચ્છ એ કાઠિયાવાડનો ભાગ ગણાતો." આવો ઉલ્લેખ દિ. બ. **કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીએ** ૧૧મા,—લાઠીના ગુજરાતી સાહિત્યપરિષદ્-સંમેલનના પ્રમુખપદેથી આપેલા વ્યાખ્યાન (પૃ. ૫૪)માં કર્યો છે.

૭૮ જુઓ પૃ.

૭૯ પશ્ચિમ હદ વિષે ઉલ્લેખ નથી.

૮૦ આની એક નોંધ "લઘુ ભારત ગુજરાત" એ નામથી "કુમાર" શ્રાવણ ૧૯૯૧, પૃ. ૩૧૪-૩૧૫માં પ્રસિદ્ધ થયેલી છે.

ત્રણમાં પશ્ચિમ સેર ગુજરાતમાં આવેલી. તે પછી ગંગા–યમુનાની ખીણમાંથી એક આર્ય–દ્રાવિડ સેરે આનર્ત અને સૌરાષ્ટ્રમાં પ્રવેશ કર્યો, અને એ પછી અતિપુરાણા કાળમાં છેલ્લો પ્રવેશ કર્યો શ્રીકૃષ્ણે અને યાદવકુળે, જેમણે દ્વારકામાં રાજધાની સ્થાપી. યાદવો પછીના અંધાધુંધીના કાળમાં અનેક શસ્ત્રજીવી લોકો આ પ્રાંતમાં પેઠા. તે પછી મૌર્ય સમયમાં એ પ્રાચીનતર અને પ્રાચીનતમ લોક સાથે કાંઇક પરદેશી લોક શકયવનાદિક, અને કાંઇક પૂર્વ અને ઉત્તર હિન્દુસ્તાનની મૌર્ય સામ્રાજ્યની પ્રજા તથા બિહારબંગાળાના જૈનો, જેમણે વઢવાણ, પાવાગઢ અને ચાંપાનેર નગરનાં નામ પાડ્યાં છે–એ સહુ મળીને ગુજરાતની વસ્તી બંધાઇ; તેમાં આભીરો–જેમણે ઉત્તર મધ્ય અને પશ્ચિમ હિન્દુસ્તાનમાં મહારાજ્ય સ્થાપ્યું હતું એમનો પણ થોડો ભાગ નથી. આનર્ત અને સૌરાષ્ટ્ર તે નર્મદાની ઉત્તરનું ગુજરાત અને વર્તમાન કાઠિયાવાડ; પણ આપણું **હાલનું ગુજરાત આનર્ત, સૌરાષ્ટ્ર અને લાટ એ ત્રણ મળીને થએલું છે,**[૮૧] તેમાં નર્મદાની દક્ષિણનું ગુજરાત તે લાટ...વલભી રાજ્ય એ મધ્ય ગંગાપ્રદેશના ગુપ્ત મહારાજ્યનો ફાંટો હોઈ પંજાબ ઉપરાંત પૂર્વના ગંગાકાંઠાની વસ્તી પણ આપણા પ્રાંતમાં આવેલી છે અને એ દરમિયાન, તેમ તે પછીના સમયમાં પંજાબ અને રજપુતાનામાંથી **ગુર્જરલોક પણ અત્ર આવી વસ્યા, તેમના નામ ઉપરથી ગુજરાતનું અત્યારનું સુપ્રસિદ્ધ** નામ પડ્યું છે, એ સૌ જાણે છે. તે પછી અનેક રાજપૂત વંશો ચાલ્યા તેમાં ઉત્તરમાંથી દક્ષિણમાં ગએલા અને દક્ષિણમાંથી પાછા ઉત્તર તરફ રાષ્ટ્રકૂટ વંશજો મુખ્ય છે. આ રાજપૂત સમયમાં યજ્ઞાદિ કર્મ માટે નિમંત્રેલા ઉત્તર હિન્દુસ્તાનના બ્રાહ્મણો અત્રે આવી વસ્યા તેમજ દક્ષિણ રાષ્ટ્રકૂટની સાથે દક્ષિણી બ્રાહ્મણો પણ નર્મદાતટ સુધી આવી વસ્યા હશે એમ અનુમાન થાય છે. આ પ્રમાણે હિન્દુસ્તાનના અનેક પ્રાંતોની વસ્તીમાંથી—તે પછીના સમયમાં મૂળે મુસલમાન અને મુસલમાન થયેલા હિંદુઓ તથા તેજ પ્રકારના ખ્રિસ્તીઓ અને શુદ્ધ પારસીઓ મળીને આપણા વર્તમાન ગુજરાતની વસ્તી બને છે.

આ આપણી ગુજરાતની વસ્તી જેમ બહુ પ્રાંતમાંથી ગુજરાતમાં એકઠી થઈ છે, તેમ એ ગુજરાતમાંથી વેપાર અર્થે બહુ પ્રાંતમાં ફેલાઈ પણ છે. આ વિસ્તૃત ગુજરાતને જેમ 'બૃહદ્ ગુજરાત' કહેવાની પ્રથા પડી છે, તેજ પ્રમાણે બહુ પ્રાંતમાંથી અત્રે આવીને વસેલી વસ્તીનો મેં જે વૃત્તાન્ત આપ્યો એ ધ્યાનમાં લેતાં ગુજરાતને 'સંક્ષિપ્ત હિન્દુસ્તાન' વા 'લઘુ ભારત' કહીએ તો ખોટું નથી."[૮૨]

---

૮૧ સરખાવો—"આ અપરાન્ત દેશના મુખ્ય પ્રાંતીય વિભાગ **સૌરાષ્ટ્ર, આનર્ત** અને **લાટ.** એ વર્તમાન ગુજરાતનો સીમાડો હતો."

— **અગિયારમું ગુજરાતી સાહિત્યપરિષદ્‌સંમેલન** (પૃ. ૨૦૭)

૮૨ આ અવતરણ ઉપરથી ગુજરાતની ભૂમિ ઉપર બહારથી કયા કયા લોકો આવ્યા તેનો જે ખ્યાલ આવે છે એ સંબંધમાં "Wilson Philological Lectures on Gujarati Language and Literature" (પૃ. ૨૪-૪૪) પણ સારો પ્રકાશ પાડે છે, કેમકે એમાં ગુજરાતના ઇતિહાસનું વિહંગાવલોકન છે અને તે મુખ્યતયા "The Gazetter of the Bombay Presidency" (Vol. I, pt. I.) ને આધારે અપાયેલું છે.

આ પ્રમાણે ગુજરાત એટલે શું તેનો ઉત્તર મેં અત્ર મુખ્યતયા ત્રણ દૃષ્ટિએ વિચાર્યો છે: (૧) હિન્દુસ્તાનનો જુદા જુદા સમયે ગુજરાત તરીકે ગણાવાયેલો ભાગ, (૨) ગુજરાતી ભાષાનું ક્ષેત્ર અને (૩) અનેક માનવકુળનો સમાવેશ થઇને બનેલી ગુજરાતની પચરંગી પ્રજા.

ઉપર્યુક્ત લેખમાં સૂચવાયા મુજબ વિવિધ માનવકુળોનો ગુજરાતમાં સંચાર થયો છે એટલે એવાં કેટલાંક માનવકુળાદિના સત્તાસમયનો ગુજરાતને અનુલક્ષીને સ્થૂળ ઉલ્લેખ અત્ર આપવો પ્રસ્તુત સમજાય છે.

(૧) મૌર્યો—ઇ. સ. પૂ. ૩૧૯ થી ઇ. સ. પૂ. ૧૯૭[૮૩]
(૨) બૅક્ટ્રિયન ગ્રીક[૮૪] (Bactrian Greek)—ઇ. સ. પૂ. ૧૮૦થી ઇ. સ. પૂ. ૧૦૦
(૩) ક્ષત્રપો[૮૫]—ઇ. સ. પૂ. ૭૦ થી ઇ. ૩૯૮
(૪) ત્રૈકૂટકો[૮૬]—ઇ. સ. ૨૫૦ થી ઇ. સ. ૫૦૦
(૫) ગુપ્તો—ઇ. સ. ૪૧૦ થી ઇ. સ. ૪૭૦
(૬) વલભી—ઇ. સ. ૫૦૯ થી ઇ. સ. ૭૬૬
(૭) રાષ્ટ્રકૂટ[૮૭]—ઇ. સ. ૭૪૩ થી ઇ. સ. ૯૭૪
(૮) શ્વેત હૂન—ઇ. સ. ૪૭૦ થી ઇ. સ. ૯૦૦
(૯) ચાવડા[૮૮]—ઇ. સ. ૭૨૦ થી ઇ. સ. ૯૫૬
(૧૦) ચૌલુક્ય યાને સોલંકી[૮૯]—ઇ. સ. ૯૬૪ થી ઇ. સ. ૧૨૪૨
(૧૧) વાઘેલા—ઇ. સ. ૧૨૧૯ થી ઇ. સ. ૧૩૦૪
(૧૨) મુસલમાની રાજ્ય—ઇ. સ. ૧૨૯૭ થી ઇ. સ. ૧૭૬૦
(૧૩) મરાઠા રાજ્ય—ઇ. સ. ૧૬૬૪ થી ઇ. સ. ૧૮૦૧

(અપૂર્ણ)

—o—

૮૩ આ સમયમાં પાલી ભાષાનો ખૂબ પ્રચાર હતો.

૮૪ આ રાજાઓના સિક્કાઓ બૅકટ્રો-પાલી (Bactro—Pali) ભાષામાં હતા.

૮૫ ક્ષત્રપોના સિક્કાઓ પણ બૅકટ્રો-પાલી ભાષામાં હતા. ક્ષત્રપ **રુદ્રદામને** યૌધેયોને હાંકી કાઢયા હતા એમ ગિરનારની ખડક ઉપરના શિલાલેખ ઉપરથી જણાય છે.

૮૬ ગુપ્ત યુગ સુવર્ણ યુગ કહેવાય છે. એ યુગના અંત સમયથી આર્યાવર્તની અસ્મિતા નિસ્તેજ બનતી ગઈ એમ મનાય છે.

૮૭ એક ગુજરાત રાષ્ટ્રકૂટ દાનપત્ર (grant) શક ૬૬૯ અર્થાત્ ઇ. સ. ૭૪૭માંનું છે અને વલભી લિપિમાં એ પદ્ધતિ પ્રમાણે લખાયલું છે—It is in the Valabhi style of composition and form of letters.—"Gujarātī Language and Literature" p. 29.

૮૮ **પુલકેશી** જનાશ્રયના ઇ. સ. ૭૩૮-૭૩૯ના દાનપત્રમાં ચાવોટક (ચાવડા) અને ગુર્જરોનો ઉલ્લેખ છે. જુઓ એજન પૃ. ૩૧.

૮૯ મૌર્યોથી માંડીને તે સોલંકીઓની ગુજરાત પરની સત્તા વિષે કેટલોક પ્રકાશ શ્રીયુત **ગૌરીશંકર ઓઝાએ** એમના પૂર્વોક્ત ભાષણ (પૃ. ૯-૧૫)માં પાડયો છે તે વિચારવાં જેવો છે.

લાટ દેશ યાને દક્ષિણ ગુજરાતનું દિગ્દર્શન

(લેખક : રા. રા. ધનપ્રસાદ ચંદ્રાલાલ મુનશી)

જૂના કાળમાં વર્તમાન દક્ષિણ ગુજરાત લાટ દેશ કહેવાતો. મહાભારતમાં, પુરાણોમાં, અને સંસ્કૃત સાહિત્યમાં આ પ્રાચીન દેશનું નામ મળતું નથી. પણ અપરાન્ત—પશ્ચિમ ભારતવર્ષ—નું નામ મળે છે. ઈશુની પૂર્વેના અને ઈસવી સનની એક બે સદીના શિલા-લેખોમાં લાટ દેશનું નામ જડતું નથી. એથી ફલે છે કે અપરાન્ત[1] દેશના સીમાવિસ્તારમાં લાટ દેશનો સમાવેશ થયેલો હોય. કેટલાક વિદ્વાનો કહે છે કે લાટ એ સંસ્કૃત શબ્દ નથી. તેમ એ દેશનું નામ ક્યારે પ્રચારમાં આવ્યું, એ વિષે પણ મતભેદ છે. પણ આનર્ત (ઉત્તર ગુજરાત) અને સૌરાષ્ટ્ર (કાઠિયાવાડ), એ દેશોની જેમ લાટ એ પ્રાચીન દેશનું નામ છે.[૧અ] જૂના કાળમાં મહી નદી અને તાપી નદીનો મધ્ય પ્રદેશ અને શેઢી નદીનો ઉત્તર વિભાગ એ લાટ દેશની સીમા. ઈસવી સનના આઠમા નવમા સૈકામાં—ગુજરાતના રાષ્ટ્રકૂટ રાજાઓના સમયમાં—લાટમંડળની સીમા સાબરમતીથી દમણ સુધીની હતી.

અશોક રાજાના ગિરનાર[2] ધર્મશાસનમાં બીજા દેશોની જોડે 'रिस्टिक' શબ્દનો ઉલ્લેખ છે. "धंम युतसचयोण कंबोज गांधारान **रिस्टिक** पेतेणिकानं येवापि अंञे आपारातां(क) भत मये सुव।" 'रिस्टिक' શબ્દને બદલે 'रढिक' શાહબાઝગિરિ અને મનસેરા લેખમાં, અને 'लढिक' ધૌલી અને જૌગઢ લેખમાં છે. એ દેશ અપરાન્ત (પશ્ચિમ) દેશને અન્તે કે પશ્ચિમ છેડે આવેલા પ્રદેશમાંનો એક, એમ એ લેખનો ભાવાર્થ છે. પ્રો. હલ્શ[4] 'रिस्टिक' એ વાજબી રીતે જોતાં 'राष्ट्रिक' શબ્દ હોવો જોઇએ, એમ જણાવે છે; અને પાષાણ કોતરનાર સલાટની ભૂલ થયેલી હોય, એમ તેઓનો અભિપ્રાય છે. વિદ્વાન પ્રોફેસરનો એ અભિપ્રાય માન્ય રાખતાં લાટ એ રાષ્ટ્ર ઉપરથી થયેલો શબ્દ છે. સંસ્કૃત રાષ્ટ્રિક (लढिक—ધૌલી લેખ)અને ટોલેમીનો લારિક એ લાટ દેશ[5] સૂચવતો શબ્દ હોવાનો સંભવ છે.

મૌર્ય રાજા ચન્દ્રગુપ્તના સમયમાં (ઈ. સ. પૂર્વે) સૌરાષ્ટ્ર અને લાટમાં પ્રાંતિક સૂબો વૈશ્યગુપ્ત હતો. સમ્રાટ્ અશોકના સમયમાં યવન તુષાસ્ફ આ પ્રદેશનો સત્તાધીશ હતો ઈ. સ. પૂર્વે ૨૭૦–૨૩૨ :)[6]. અશોકનો પૌત્ર સંપ્રતિ લાટ દેશનો શારાક હતો,[7] એમ જૈન

---

(૧) અપરાન્તઃ—પશ્ચિમ ભારતનો પાડોશનો વિભાગ, અથવા પશ્ચિમ હિન્દને છેડે અથવા સીમાડાની સરહદનાં સંઘરાજ્યોનો ભાગ. ભોજ, રાષ્ટ્રિક અને ઘણું કરીને પેતનીક પ્રજાઓ નિવાસ કરતી હતી એ દેશ—અપરાન્ત—પશ્ચિમ ભારતવર્ષ: Hindu Polity para 131 by Jayswal: पश्चिमसमुद्रसमीपेऽपरान्तः देशः। વાત્સાયન કામસૂત્ર પૃ. ૧૦૩.

(૧ અ) મુંબઈ ગેઝીટિયર પુ. ૧ ભા. ૧ પૃ. ૭

(૨) ગુજરાતના ઐતિહાસિક ઉત્કીર્ણ લેખો. ધર્મશાસન પાંચમું નં. ૫. (૩) પ્રો. હલ્શ Corpus Inscriptions Indicarum Vol I Insciption of Asoka પૃ. ૫૫ અને ૧૦૫. (૪) એજન પૃ. ૧૦ નોંધ ૧. (૫) નવમી ગુજરાતી સાહિત્યપરિષદ—પ્રમુખ આચાર્ય આનંદશંકરભાઇનું ભાષણ પૃ. ૩૧. આચાર્યશ્રીએ પણ એવો અભિપ્રાય વ્યક્ત કર્યો છે: વિશેષ માટે જુઓ લેખકનો લેખ, 'પ્રસ્થાન' માગશર ૧૯૮૨ અંક ૨, પૃ. ૧૫૯. (૬) રૂદ્રદામનનો ગિરનાર લેખ: શ્રી ફા. ગુ. સભાના ગુજરાતના ઐતિહાસિક ઉત્કીર્ણ લેખ, ગ્રંથ ૧ લો, પૃ. ૮. (૭) પ્રભાવક ચરિત્ર.

ધર્મગ્રંથોથી જાણવા મળે છે. મૌર્ય સામ્રાજ્યના વિસ્તારમાં લાટ દેશ હતો. લાટના રેવાજીના કાંઠેથી અને સૌરાષ્ટ્રના સાગરતટેથી વિદેશનો વેપાર ધીકતો ચાલતો હતો.

મૌર્ય સત્તાના અસ્ત પછી દક્ષિણમાં આન્ધ્ર સાતવાહન વંશ અને મગધમાં સેનાપતિ પુષ્યમિત્ર શાસન કરતા હતા. શુંગ પુષ્યમિત્રનો સમકાલીન યવન રાજા મીનેન્ડર (મિલિન્દ) મહાન્ સિકંદર જેવી મહત્વકાંક્ષાવાળો અફઘાનિસ્તાન અને પંજાબમાં રાજ્ય કરતો હતો. મિલિન્દે સૌરાષ્ટ્ર (કાઠિયાવાડ), લાટ, રજપૂતાના, મથુરા અને અયોધ્યા સર કર્યાં અને એકચક્રે આ દેશોમાં રાજ્ય કરવા લાગ્યો. પુષ્યમિત્રે યવન રાજાનો પરાભવ કર્યો; જિતાયલા મુલકની સૂબાગિરી યુવરાજ અગ્નિમિત્રને આપી. 'પેરીપ્લસ ઓફ ધી યુરેથ્રીયન સી'નો ગ્રંથકર્તા (જેનું નામ અત્યાર સુધી અંધકાર સેવે છે ઈ. સ. ૮૦ માં) ભરૂકચ્છ આવ્યો ત્યારે મીનેન્ડરના સિક્કા ભરૂચના ચૌટામાં વહેવારમાં હતા, એવી ખબર આપે છે.[૭અ] એથી ફલે છે કે લાટમાં મીનેન્ડર(મિલિન્દ)ની સત્તા હતી; ઈ. સ. પૂર્વે ૧૫૫-૫૩. એ પછી શુંગ વંશની સત્તા લાટમાં હતી.

બૌદ્ધ સાહિત્ય—જાતક કથાઓમાં અથવા ત્રિપિટકમાં લાટ દેશનો ઉલ્લેખ નથી. સિલોન દેશની તવારીખના (લંકા દેશ) બૌદ્ધ ધર્મગ્રંથ દીપવંશમાં (પૃ. ૫૪) અને મહાવંશમાં (પૃ. ૬૦) લાલ (Lala)—લાટ દેશની હકીકત મળે છે. મનુ રાજવંશનો આદિપુરુષ વિજય હતો. એનો પિતા સિંહબાહુ સિંહપુરમાં શાસન કરતો હતો. પિતા પુત્રને બન્યું નહીં. વિજયને દેશવટો મળ્યો. પોતાના સાતસો ગોઠીયા જોડે એ અને એની પત્ની રાણીવાસ જોડે નગર છોડી નીકળ્યાં. વિજય વંગ દેશ છોડી લાલ રથ્થ-[૮] લાટ દેશ-માં આવ્યો. અહીંથી તે નાગદ્વીપમાં આવી ભરૂકચ્છ આવ્યો. ત્યાંથી સૂપારકના (સોપારા) સાગરકાંઠે આવી સિલોન પહોંચ્યો હતો. દીપવંશનો[૯] સમય ઈશુની બીજી ત્રીજી સદીનો અને મહાવંશનો સમય પાંચમી સદીનો કહેવાય છે. લંકા દ્વીપને સિંહલદ્વીપ નામ આપનાર, પ્રભાવશાળી વિજયનો સમય ઈ. સ. પૂર્વે ૫૪૩ નો મનાય છે.[૧૦]

જૈન સાહિત્ય—આચારાંગ સૂત્ર અને પ્રજ્ઞાપના સૂત્રમાં લાડ-લાટ દેશની હકીકત છે (પ્રજ્ઞા. ૧૫૬). ઈશુની પૂર્વેની કાલક કથામાં[૧૦] લાટ દેશના પાટનગર ભરૂચમાં પ્રતાપી બલમિત્ર અને ભાનુમિત્ર રાજ કરતા હતા, એમ ખબર પડે છે. એ કથામાં આ પ્રમાણે હકીકત છે:

"ઉજ્જયિની નગરીમાં ગર્દભિલ્લ નામનો રાજા રાજ કરતો હતો. એણે કાલકાચાર્યની સાધવી બહેન સરસ્વતીને અંતઃપુરમાં રાખી. કાલક એ દેશ છોડી, પારસકુળ જઈ રહ્યા. પારસકુળમાં શાહી અથવા શક રાજાઓ શાસન કરતા હતા. એ દેશમાંથી આચાર્ય શાહીઓને

(૭ અ) Periplus of the Eurathrean Sea by Scoff હપતો ૪૭. (૮) વિસ્તૃત હકીકત સારૂ જુઓ શ્રી ફાર્બસ ગુજરાતી સભાનું 'ત્રૈમાસિક' પુ. ૧ સં. ૧૯૯૨ અંક ૧ પૃ. ૫૨. ૫૪, (૯) એજન પૃ. ૫૦. (૧૦) કાલકાચાર્ય વિષે મુનિશ્રી કલ્યાણવિજયજીએ 'દ્વિવેદી અભિનંદન' ગ્રંથમાં (પૃ. ૯૪થી ૧૧૯) એક સવિસ્તર લેખ લખ્યો છે. એનો ગુજરાતી અનુવાદ મુંબઇના રા. રા. મોહનલાલ દલીચંદ દેશાઈએ જૈન સાપ્તાહિકમાં કર્યો છે. એમાંથી અહીં ટૂંકી હકીકત લીધી છે. 'કાલકાચાર્ય કથા' નામની સ્વતંત્ર રચનાઓ અનેક છે. પ્રાકૃત કાલક કથા જે ઘણું કરીને કલ્પસૂત્રનાં પુસ્તકોને અંતે લખેલી મળે છે તે અધિક પ્રાચીન મનાય છે. પાટણ ભંડારના તાડપત્રમાંના લેખમાં લાડ વિષય નામ છે. (ઇ. સ. ૧૨૭૯)

સમુદ્રમાર્ગે સૌરાષ્ટ્રમાં લાવ્યા. સૌરાષ્ટ્રના સાગરદરવાજે ઉતરી, સૌરાષ્ટ્રને જિત્યું. એ દેશમાં શક રાજાએ સત્તા જમાવી. એ પછી કાલકાચાર્યના ભાણેજ—લાટના બલમિત્ર અને ભાનુમિત્રને લઈને ઉજ્જન પ્રત્યે જવાનો ઉલ્લેખ નિશીથચૂર્ણિ તથા કથાવલીમાં છે.[૧૧] પ્રભાવક ચરિત્રમાં લાટ અને પાંચાલના રાજાઓને જિતીને માળવા જવાનું વર્ણન છે.[૧૨]

ઉજ્જન, સૌરાષ્ટ્ર અને લાટમાં ઇસિવી સન પૂર્વેની પહેલી શતાબ્દીના અંતકાલથી ઈશુની ત્રીજી સદી સુધી એ દેશોમાં શક લોકોનું રાજ્ય હતું, એમ ઉસવદત્તના નાસિક અને રૂદ્રદામનના ગિરનારના લેખથી અને સૌરાષ્ટ્રના ક્ષત્રપ રાજાઓના સિક્કાથી ફલિત થાય છે.

ક્ષહરાત વંશનો નબીરો નહપાન[૧૩] અજમેરથી દક્ષિણમાં ગોદાવરી સુધી રાજ્ય કરતો હતો (ઈ. સ. પૂર્વે ૭૮ ની આસપાસ). આવડા વિશાળ સામ્રાજ્યના સત્તાધીશનાં ત્રણ પાટનગર હતાં: ૧ ઉજ્જન અથવા દશપુર (મન્દસોર), ૨ લાટનું ભરૂકચ્છ અને ૩ નાસિક અથવા જુન્નર. નાસિકમાં નહપાનનો જમાઈ ઉસવદત્ત પ્રતિનિધિ તરીકે શાસન કરતો હતો. એના શિલાલેખ નાસિક અને કાર્લામાં છે. નાસિકના શિલાલેખમાં ભરૂચનું નામ છે, લાટ દેશનું નામ નથી. પ્રાચીન જૈન ગાથા આવાશ્યક સૂત્રમાં નહપાનનું રાજનગર લાટ દેશના ભરૂકચ્છ—ભરૂચ—માં હતું, એમ હકીકત મળે છે. એ કાલે દક્ષિણના આન્ધ્ર અથવા શાતકર્ણિ રાજાઓનું પ્રાબલ્ય વધારે હતું. ગૌતમીપુત્ર શાતકર્ણિએ મહાક્ષત્રપ નહપાનનો ક્ષય કર્યો (ઈ. સ. પૂર્વે ૫૮). નાસિક[૧૪]ના લેખ પ્રમાણે સૌરાષ્ટ્રથી નાસિક સુધીનો સત્તાધીશ મહારાજ શાતકર્ણિ થયો. નહપાન પછી લાટનો સ્વામી શાતકર્ણિ થયો.

નહપાન પૂર્વે મહાક્ષત્રપ ભૂમક[૧૫] સૌરાષ્ટ્ર અને લાટમાં રાજ્ય કરતો હતો, એમ આ ક્ષત્રપના સિક્કા આ પ્રદેશોમાંથી મળ્યા છે, એથી ખબર પડે છે.

મહાક્ષત્રપ ભૂમક અને નહપાન પછી, એટલે લગભગ એક સૈકા પછી, ઉજ્જનમાં શક—ક્ષત્રપ ચષ્ટન અને મથુરામાં કુશાન વંશી કનિષ્ક ઇતિહાસપટ ઉપર દેખા દે છે. બન્ને શક જાતિના હતા. ઇસિવી સન ૭૮ ની આસપાસ દક્ષિણના આન્ધનરેશની કીર્તિ ખંડિત કરી મહાક્ષત્રપ ચષ્ટને શક—ક્ષત્રપ રાજ્ય ઉજ્જન, સૌરાષ્ટ્ર અને લાટમાં સ્થિર કર્યું. પણ પુરાણમાંના મૃગેન્દ્ર સ્વાતિકર્ણ—મહેન્દ્ર શાતકર્ણિના પુત્ર કુંતલે[૧૬] ચષ્ટનને હરાવી, નર્મદાનો ઉત્તર પ્રદેશ સર કર્યો; ઈ. સ. ૭૫—૮૩. શાતકર્ણિ કુન્તલનો દોર લાટ દેશમાં થયો.

---

૧૧ નિશીથચૂર્ણિનો સમય વિક્રમની પાંચમી છઠ્ઠી શતાબ્દી મનાય છે. મુદ્રિતકાલક કથામાં—

ढक्का निनार्दन कृतप्रयाणा नृपाः प्रबेल गुरु **लाट** देशम्।
तद्देश **नाथौ बलमित्र-भानुमित्रौ** गृहीत्वाऽगुरवन्ति सीमाम् ॥

પદ ૩૩. પૃ. ૩.

(૧૨) પ્રભાવક ચરિત્ર :

इति श्रावस्ति पुरं **लाटललाट** तिलक प्रभन्।
भृगुकच्छनृपस्तत्र बलमित्रोऽभिधानतः ॥ ९४ ॥

(૧૩) નહપાન વિષે જુઓ 'બુદ્ધિપ્રકાશ' જુલાઈ—સપ્ટેમ્બર ૧૯૩૩ અંક ૩, આ લેખકનો લેખ પૃ. ૨૬૦—૨૭૦. (૧૪) એપીગ્રાફીયા ઈન્ડીકા પુસ્તક ૮, પૃ. ૬૧ (૧૫) 'બુદ્ધિપ્રકાશ' ૧૯૩૩ અંક ૩ પૃ. ૨૬૪ (૧૬—૧૭) વિસ્તૃત હકીકત સારૂ જુઓ 'બુદ્ધિપ્રકાશ' જાન્યુવારી—માર્ચ ૧૯૩૪ અંક ૧ "પશ્ચિમ ભારત-

આન્ધ્રનરેશ શાતકર્ણિનો મંત્રી શર્વવર્મા (શર્વવર્મન) લાટના પાટનગર ભૃગુકચ્છમાં શાસન કરતો હતો. શર્વવર્મન સાહિત્યવિલાસી હતો. એણે સંસ્કૃતમાં 'કાતન્ત્ર' નામનું વ્યાકરણ રચ્યું છે. એના દરબારમાં ગુણાઢ્ય કવિ હતો. શર્વવર્માએ પોતાના સ્વામીને ખુશ કરવા કવિ ગુણાઢ્યને પ્રતિષ્ઠાન (પૈથાણ) મોકલ્યો. કવિએ આશ્રયદાતાને અને તેની પટરાણી મલયવતીને રંજન કરવા પૈશાચીમાં 'બૃહત્કથા' રચી છે. અસલ ગ્રંથ અત્યારે ઉપલબ્ધ નથી, પણ આ ગ્રંથ ઉપરથી ક્ષેમન્દ્રે 'બૃહત્કથામંજરી' અને સોમદેવે કથાસરિત્સાગર રચ્યાની માહિતી મળે છે[૧૭] બન્ને ગ્રંથો સંસ્કૃતમાં છે. (કથાનો રચનાકાળ ઈ. સ. ૧૦૭૪ની આસપાસ.)

કથાસરિત્સાગરના પુસ્તક ૧૮ માં વિક્રમાદિત્ય કુન્તલના પરાક્રમની કથા છે. શૂરા શાતકર્ણિએ ભારતવર્ષના ગૌડ, કર્ણાટ, લાટ, કાશ્મીર, સિન્ધ, વિન્ધ્યાચલના ભીલરાજા અને પારશીકના રાજાઓને હરાવી નમાવ્યા હતા. કથામાં લાટનો સ્વામી વિજયવર્મન્ હતો એમ જણાવેલું છે. પંડિત જયસ્વાલ વિજયવર્મન તે ચષ્ટનનો પુત્ર જયદામા લાટનો ક્ષત્રપ હતો, એમ જણાવે છે.[૧૭]

ચષ્ટનનો રાજ્યકાળ લાંબો હતો.[૧૮] (ઈ. સ. ૭૮ થી ૧૪૫). એના રાજકાળમાં ઇજીપ્તના બરનીસ નગરનો શાહ સોદાગર સમુદ્રયાત્રાએ નીકળ્યો હતો. એણે 'પેરીપ્લસ ઓફ ધી યુરેથ્રીયન સી' (યુરેથ સમુદ્રની યાત્રા) નામનો ગ્રંથ લખ્યો છે. આ લેખકનું નામ ઇતિહાસને પાને અંધકાર સેવે છે, પણ એના પર્યટનનો સમય ઈ. સ. ૭૦ થી ૮૦ નો વિદ્વાનોએ માન્ય રાખ્યો છે. આ સોદાગર આફ્રિકા, અરેબીયા અને ઈરાની અખાતના કાંઠાનાં બંદરોએ થઈને સિન્ધના બરબેરીક બંદરે ઉતર્યો હતો. ત્યાંથી સૌરાષ્ટ્રમાં ઉતરી, એ દેશની હકીકત મેળવી, ભરૂકચ્છ બંદરે આવ્યો હતો. એ ગ્રંથના હપતા ૪૧ માં "બરેકનો (દ્વારકા આગળનો પ્રદેશ) અખાત વટાવીને બારૂગાઝાના અખાતમાં (ભરૂચનો અખાત–ખંભાતના અખાતથી ભરૂચ સુધીનો સાગર) અવાતું. અને અરીક (લારીક) દેશનો કિનારો–સમસ્ત હિન્દુસ્થાનની અને મેમ્બેરૂસ[૧૯]ના સામ્રાજ્યની સરહદ–અહીંઆંથી શરૂ થાય છે," એવો ઉલ્લેખ છે. એ પછીના હપતા ૪૩ થી ૪૭ સુધીમાં બારૂગાઝાના અખાતનું, નર્મદા નદીનાં ભરતીઓટનું, અને ભરૂચના ચૌટાનું વર્ણન, અને ચૌટામાં દેશપરદેશની વ્યાપારી આલમની સવિસ્તર અને એ કાળની ભરોંસાપાત્ર હકીકત મળે છે.

ઈશુની બીજી સદીના આરંભકાળમાં એલિમ પિયોડરિસ પ્રમાણે કેનોપામાં પ્રસિદ્ધ ભૂગોળવેત્તા ટોલેમી ભૌગોલિક જ્ઞાન સંપાદન કરીને ગ્રંથ લખતો હતો. આ વિદ્વાન ભૌગોલિકનો સમય ઈ. સ. ૧૦૪ થી ૧૪૪ અથવા ૧૫૦ નો છે.[૨૦] ઉજ્જનમાં ચષ્ટન (Tristens) અને પૈથાણમાં પુલોમાવી (Pulmais) શાસન કરતા હતા, તે એ જાણતો હતો. એના ભૌગોલિક ગ્રંથમાં આ પ્રમાણે હકીકત છે. હપતો ૪ થો :—

વર્ષના શક–ક્ષત્રપ–ક્ષત્રપ જયદામન"નો લેખકનો લેખ પૃ. ૪૮–૫૫ (૧૮) 'બુદ્ધિપ્રકાશ' ઓક્ટોબર–ડીસેમ્બર "સૌરાષ્ટ્રાધીશ મહાક્ષત્રપ ચષ્ટન" પૃ. ૩૮૫. (૧૯) કેટલાક લેખકોએ 'મ'ને બદલે 'ન' કરી, નહપાન રાજા જણાવ્યો છે, જ્યારે પંડિત **જયસ્વાલ** 'મેમ્બરૂસ'એ સાતવાહન મહેન્દ્રનું ગ્રીક રૂપાન્તર કહે છે. 'બુદ્ધિપ્રકાશ' જુલાઈ–સપ્ટેમ્બર ૧૯૩૩ પૃ. ૨૭૦. (૨૦) ડોબરેલકૃત પ્રાચીન દક્ષિણનો ઇતિહાસ પૃ. ૪૦.

(૧) લારીક પ્રદેશ : (૨) મોફીસ (મહી) નદીનું મુખ, (૩) પકીદર ગામડું અને (૪) મલાઉની ભૂશીર.

હપતા પાંચમામાં બારૂગાઝા ભરૂચ અને નેમદોશ-નર્મદા-નાં નામ છે. હપતા ૬૨માં : (નગરોની નામાવલીમાંથી) ઈન્ડોસ્કિથિયાની પૂર્વ દિશાએ અને કાંઠા જોડે સંધાયેલો **લારીક પ્રદેશ** છે. એની અંદર નેમડોશ (નર્મદા) નદી છે. આ નદીને કાંઠે વ્યાપારનું કેન્દ્ર બારીગાઝા નગર આવેલું છે.

લેસન મહાશય[૨૧] 'પેરીપ્લસ' ગ્રંથમાં અરીક (આર્ય) તે લારીક-લાટ દેશ ખંભાતના બન્ને કિનારાનો પ્રદેશ હોવાનું જણાવે છે.

પંડિત કાશીપ્રસાદ જયસ્વાલ[૨૨] **અરીક** અને **લારીક** શબ્દ ઉપર આ પ્રમાણે લખે છે:

"અરીક એ ટાલેમીનું લારીક-એ પ્રાચીન લાટ દેશ. ભૂગોળવેત્તાના સમયમાં **બીજો** એરીઅક નામનો દેશ હતો, અને તે દેશની સીમા દક્ષિણ તરફ વધી હતી. ટાલેમીના સમયમાં ગુજરાતમાં શક-ક્ષત્રપોનું શાસન હતું. અરીક એ આર્યોનો દેશ. 'પેરીપ્લસ' નો ગ્રંથકર્તા આવ્યો ત્યારે સિન્ધ દેશમાં ઈન્ડો પાર્થિયન રાજપૂતો શાસન કરતા હતા, એ ઉપરથી એને આર્યોનો દેશ અરીક જૂદો દેશ જણાવ્યો છે. અલબેરૂનીએ જે આર્યાવર્ત કહ્યો છે એ યૂરેથ સમુદ્રયાત્રામાંનો અરીક-ટાલેમીનો લારીક દેશ. સમસ્ત ભારતવર્ષની અને મેમ્બરૂમ-આન્ધનરેશ મહેન્દ્ર શાતકર્ણિના સામ્રાજ્યની સીમા અહીંઆંથી શરૂ થતી."

ચષ્ટનના પૌત્ર રૂદ્રદામનનો [૨૩] શક સંવત ૭૨, ઈ. સ. ૧૫૦ નો જૂનાગઢ પાસેના ગિરનાર ઉપર શિલાલેખ છે. એણે પોતાના બાહુબળે આકરાવન્તિ, અનુપદેશ, આનર્ત, સૌરાષ્ટ્ર શ્વભ્રમરૂ, કચ્છ, સિન્ધુ, સૌવીર, કુકુર, અપરાન્ત, નિષાદ અને બીજા દેશો જિત્યા હતા, એમ ઉલ્લેખ છે. આ દેશોની નામાવલીમાં લાટ દેશનું નામ નથી, પણ અપરાન્ત વિભાગમાં લાટ દેશનો સમાવેશ થયેલો લાગે છે; બીજી અથવા ત્રીજી શતાબ્દીમાં વાત્સાયન મુનિના કામશાસ્ત્રમાં અપરાન્ત અને લાટ દેશનો ઉલ્લેખ છે: चण्डवेगा मन्दसीत्कृता आपरान्तिकयो लाट्यश्च॥ २६ ॥ (કામસૂત્ર રજું અધિકરણ. અ. ૫. ૨૬) જોગેન્દ્ર ચંદ્ર ઘોસે માલવ જાતિ વિષે એક સુંદર લેખ લખ્યો છે, [૨૪] તેમાં માલવ જાતિ શરીરે કદાવર, ધનસંપત્તિવાળી વિગેરે હકીકત આપી છે. તેઓ (માલવો) પયાર્ય પર્વતોમાં રહેતા હતા, અને શાણા રાજાની માફક માલવમાં, ભૃગુકચ્છમાં, સુરાષ્ટ્રમાં. લાટમાં, અને સિન્ધમાં રાજ્ય કરતા હતા; અને તેઓની ઉમર સરેરાસ ૭૦ વર્ષની હતી. માલવજાતિ ઈસવી સન પૂર્વેથી આર્યાવર્તની વતની હતી, એ ઇતિહાસપ્રસિદ્ધ છે.

ભારતવર્ષમાં જે જંગલી અથવા અનાર્ય જાતિઓ નિવાસ કરતી હતી, તેમાંની એક પુલીન્દ[૨૫] જાતિ હતી. મહાભારત, ઐતરેય બ્રાહ્મણ અને પુરાણો ઉપરથી જણાય છે તેમ તેઓ નર્મદાની દક્ષિણે નિવાસ કરતી પ્રજા હતી. ઈશુની પૂર્વેનાં એક બે સૈકાંમાં પુલીન્દો લાટ દેશમાં

(૨૧) સ્કોફની નોંધ-આ હપતા ઉપર. (૨૨) જર્નલ બિહાર અને ઓરિસ્સા રીસર્ચ સોસાયટી વર્ષ ૧૯૩૨ પૃ. ૧૮. (૨૩) શ્રી ફા. ગુ. સભા-ગુજરાતના ઐતિહાસિક ઉત્કીર્ણ લેખો, ભા ૧ લો, પૃ. ૧૧. (૨૪) Indian Culture October 1935 'Notes on the Malvas' p. 352. (૨૫) 'ગુજરાત': એપ્રિલ ૧૯૩૯. આ લેખકનો લેખ 'પુલીન્દ જાતિ' પૃ. ૧૩૯-૧૪૦.

આવી વસ્યા. ટૉલેમીમાં આ જાતિનો ઉલ્લેખ છે. અને તેઓ લાટ દેશમાં અને ભરૂચના નિવાસી હતા, એમ જણાવે છે.

'પેરીપ્લસ'—ટૉલેમી અને મુનિ વાત્સાયન, એમને લાટ દેશ જાણીતો હતો. અશોકના ધર્મશાસનમાંનો "રાષ્ટ્રિક"–'લટ્ઠિક' એ ઇશુના આરંભકાળમાં વિદેશીઓના ગ્રંથનો "લારીક" અને સંસ્કૃત ગ્રંથનો 'લાટ' દેશ.

ઈશુની ત્રીજી શતાબ્દીના અન્તભાગે વિન્ધ્યા દેશમાં વાકટકોનું રાજ્ય ચમકારા મારતું હતું. પુરાણ અને ઇતિહાસમાં આ વંશની ખ્યાતિ મળે છે. આદિરાજા વિન્ધ્યાશક્તિના પુત્રે અશ્વમેધ કરી સમ્રાટ્પદ ધારણ કર્યું. સમ્રાટ્ પ્રવરસેન પ્રથમનો રાજ્યકાળ ઈ. સ. ૨૮૪ થી ૩૪૪ નો મનાય છે. સૌરાષ્ટ્રના ક્ષત્રપો પછી લાટમાં સત્તા વાકટકા પ્રવરસેનની હતી.[૨૬]

વાકટકા પ્રવરસેનના મૃત્યુ પછી ગુપ્ત વંશ ઇતિહાસને પાને જડે છે. પરાક્રમી સમુદ્રગુપ્તે દિગ્વિજય કરી, આર્યાવર્તના ઘણા રાજાઓને નમાવ્યા. એના પુત્ર ચંદ્રગુપ્ત–વિક્રમાદિત્યના સમયમાં લાટ દેશનો સમાવેશ ગુપ્ત સામ્રાજ્યમાં થયો. ચન્દ્રગુપ્ત–વિક્રમાદિત્ય–ના પુત્ર કુમારગુપ્ત-(ઈ. સ. ૪૧૩–૪૫૫)ના સમયના મન્દસોર લેખમાં લાટથી[૨૭] આવી વસેલા, રેશમના વણકર વ્યાપારીઓએ પોતાની શ્રેણી(Guild)માંથી મંદિર બંધાવ્યાનો ઉલ્લેખ છે, ગુ. સ. ૧૮૮ ઈ. સ. ૪૩૭–૮. આ મંદિરનો જીર્ણોદ્ધાર બન્ધુવર્માએ કર્યો; ઈ. સ, ૪૭૩. કુમારગુપ્તના પુત્ર સ્કન્દગુપ્તના સમયમાં અમાત્ય પર્ણદત્ત લાટ અને સૌરાષ્ટ્રનો શાસક હતો.[૨૮] ઈ. સ. ૪૫૫–૪૮૦. સ્કન્દગુપ્તના મૃત્યુ પછી સૌરાષ્ટ્રના વલભીપુરમાં મૈત્રક વંશના સેનાપતિ ભટ્ટારકે રાજ્ય સ્થાપ્યું.

ઈ. સ. ૪૮૦ પછી, સ્કન્દગુપ્તના મૃત્યુ પછી વાકટકા પૃથ્વીસેન બીજાએ પોતાના કુળની ગુમાવેલી કીર્તિ પાછી મેળવી, ઈ. સ. ૪૭૦–૪૮૫. એના પછી એનો ભત્રીજો હરિસેન ગાદીએ આવ્યો, ઈ. સ. ૪૯૦ થી ૫૨૦. એ ઘણો પરાક્રમી હતો. એની કીર્તિ, એના મંત્રી હસ્તિભોજે અજન્ટાની ગુફામાં ચૈત્ય બંધાવી શિલાલેખ કોતરાવ્યો છે તેમાંથી ખબર પડે છે. હરિસેને કુન્તલ, અવન્તી, કલિંગ, કોશલ, ત્રૈકુટ, લાટ અને આન્ધ્ર દેશોના રાજાને જિત્યા.[૨૯] લાટમાં ચેદી રાજા કૃષ્ણનો પુત્ર શંકરગણ હતો. વાકટકા હરિસેનનું છત્ર સ્વીકારી, માંડલિક તરીકે શંકરગણ શાસન કરવા લાગ્યો.

---

(૨૬) History of India 150 A. D. 350 A. D. by Jayswal p. 91/92.

(૨૭) कुसुमभरानततरुवर देवकुलसभा विहार रमणीयात् ।
लाट विषयान्नगावृत शैलाज्जगति प्रथितशिल्पाः ॥

દિસકલકર સંસ્કૃત લેખમાળા પૃ. ૧૩

(૨૮) શ્રી ફા. ગુ. સભા–ગુજરાતના ઐતિહાસિક ઉત્કીર્ણ લેખ, ભાગ ૧ લો, સ્કન્દગુપ્તનો લેખ. પૃ.

(૨૯) हरिराम हरस्मर एन्दुकान्तीर
हरिसेनो हरि विक्रम प्रतापः ॥ १७ ॥
स कुंतल, अवन्ति, कलिंग, कोशल
त्रैकूट–लाट, आन्ध्र,........॥१८॥ A. S. W. I IV 125

અજન્ટાની બીજી ગુફા નં. ૧૭ માં[૩૦] હરિસેનના માંડલિક રાજાએ વિહાર બંધાવ્યા વિષે હકીકત છે. આ માંડલિકના વંશની દશ પેઢીનાં નામો આપેલાં છે, તે જોતાં પંડિત જયસ્વાલ આ માંડલિકના પૂર્વજો લાટના–ગુજરાતના વતની હતા,[૩૧] એમ જણાવે છે. અજન્ટાની ગુફાનું સુંદર સ્થાપત્ય લાટના શિલ્પીઓએ કર્યું હતું.[૩૨] વાકટકા હરિસેને લાટ જિતી, સૌરાષ્ટ્ર અને લાટના આભિરોને હાંકી કહાડયા, અને ગુપ્ત સામ્રાજ્ય નિમૂર્લ કર્યું.

વાકટકા હરિસેનના મૃત્યુ પછી વલભીપુરમાં મૈત્રક, થાણેશ્વરમાં પ્રભાકરવર્ધન, લાટ અને ઉજ્જનમાં ચેદી શંકરગણ અને તેનો પુત્ર બુદ્ધ દેવ,[૩૩] અને દક્ષિણમાં પ્રથમ પુલુકેશી ચૌલુકય, એમનાં રાજ્યો પગભર થયાં. પ્રભાકરવર્ધને (હર્ષવર્ધનના પિતાએ) ગાંધાર, સિન્ધુદેશ, મરૂભૂમિ, ઉત્તર માલવા, અને લાટના રાજાઓને એક પછી એક હરાવ્યા.[૩૪] થાણેશ્વરની ન્હાની ઠકરાત મટી, મોટું રાજ્ય થયું. પ્રભાકરવર્ધને મહારાજાધિરાજની પદવી ધારણ કરી.

પ્રભાકરવર્ધન પછી ચક્રવર્તી હર્ષ ઈ. સ. ૬૧૨માં અને દક્ષિણમાં ચૌલુકય બીજો પુલકેશી ગાદીએ આવ્યો ઇ. સ. ૬૦૮માં. ચૌલુકય પુલકેશીએ લાટ, માલવ, અને ગુર્જરોને જિત્યાની હકીકત એના મંત્રી રવિકીર્તિના ઐહોલ લેખથી માલમ પડે છે.[૩૫]

ઈસવી સનની છઠ્ઠી સાતમી શતાબ્દીમાંના વલભીના મૈત્રક રાજાઓનાં તામ્રપત્રોમાં અને ભરૂચના ગુર્જર દદ્દનાં દાનપત્રોમાં લાટ દેશનું નામ નથી. પણ ઈ. સ. છઠ્ઠા શતકમાં વરાહમિહિર લાટ દેશનો ઉલ્લેખ કરે છે.[૩૬] બૃહસ્પતિના અર્થશાસ્ત્રમાં ઉત્તરલાટ અને પૂર્વલાટ ઉલ્લેખાયેલ છે. ચીની યાત્રાળુ હુ–સંધના સી. યૂ. કી. ગ્રંથમાં લોયનલો(લાટ)નો, અને તાંત્રિક સ્મૃતિકાર વિદ્યાધરાચાર્યના ગ્રંથમાં લાટ દેશનો ઉલ્લેખ મળે છે.[૩૭] સંવત ૮૩૫માં રચાયેલી કુવલયમાળામાં મુખ્ય દેશોનો ઉલ્લેખ મળે છે, એમાં લાટ વિષે આવો ઉલ્લેખ છે:

ણ્હાએલિત વિલિત્તે, કયસીયમંતે સોહિયંગત્ત,
' અમ્હં કાઉં તુમ્હં ' ભણિરે અહ પેચ્છઈ લાડે,

" પછી લાટના લોકને જોયા. એ લોકો (માથામાં) સેંથો પાડનારા, લેપન કરનારા, સુશોભિત શરીરવાળા અને ' અમ્હ કાઉં તુમ્હ ' એમ બોલનારા હોય છે. "

શક સંવત ૬૭૫–ઈ. સ. ૭૫૩માં દક્ષિણના રાષ્ટ્રકૂટ (રાઠોડ) રાજા દન્તિવર્મા—બીજો દન્તિદુર્ગ ગાદીએ આવ્યો. એ પરાક્રમી રાજા હતો. એના સમયના સામનગઢ લેખમાં **माहीमहा नदीरेवारोधोभित्तिविदारणं......॥**[૩૮] એના હાથી માહી, મહાનદી અને નર્મદા

---

(૩૦) A. S. W. I IV 130: (૩૧) History of India 150 A. D. 350 A. D. Jayswal p. 105. (૩૨) જર્નલ બિહાર, ઓરીસ્સા રીસર્ચ સોસાયટી એન. સી. મહેતાનો લેખ. પુસ્તક ૧૨. ભાગ ૪ પૃ. ૪૯૮. (૩૩) Journal of Indian History Vol. XIV part 2 p. 203/204. શંકરગણના માંડલિકનો લેખ સંખેડાથી મળ્યો છે તેમાં શંકરગણ લાટ અને ઉજ્જનનો સ્વામી હતો, એમ ખબર પડે છે. E. I. XX Inscriptions of Northern India p. 16 No 1205. શંકરગણના પુત્ર બુદ્ધદેવના લેખમાં ભૃગુકચ્છ વિષયના આનંદપુરમાંથી દાન કર્યાનો ઉલ્લેખ છે. E. I. VI p. 299. (૩૪) हूण हरिकेसरी सिन्धुराजज्वरो गुर्जरप्रजागरो गान्धाराधिपगन्धद्विप कूटपाकलो लाटपाटवपाटचरो मालव लक्ष्मीलतापरशुः प्रतापशील इति...હર્ષચરિત : (૩૫) प्रतापोपनता यस्य लाटमालवगुर्जराः । રવિકીર્તિકૃત ઐહોલ પ્રશસ્તિ શ્લોક ૨૨. (૩૬) બૃ. સં. અ. ૧૪. (૩૭) Indian Culture p. 553 April 1935. બીલકૃત અને Indian Historical Quaterly Vol. VX no, 3 sep. 1933. (૩૮) ઇન્ડીયન એન્ટીકવેરી પુ. ૧૧ પૃ. ૧૧૧.

સુધી પહોંચ્યા હતા. એથી ફલે છે કે એણે લાટ દેશ જિતી, પોતાની આણ વર્તાવી. એ સમયે નર્મદાના ઉત્તર લાટમાં ભરૂચમાં ગુર્જર જયભટ ત્રીજો રાજ્ય કરતો હતો. દક્ષિણ લાટમાં નવસારીમાં ચૌલુક્ય પુલુકેશી જનાશ્રય શાસન કરતો હતો. દન્તિદુર્ગે લાટ ઉપર વિજય મેળવી, પોતાના કુળના સેનાપતિ કર્કરાજને લાટ દેશનો અધિકાર સોંપ્યો. કર્કરાજનું દાનપત્ર શક સંવત ૬૭૯નું[૩૯] આંત્રોલી છારોલીથી મળ્યું છે. આ કર્કરાજના મૃત્યુ પછી ગુજરાતના રાષ્ટ્રકૂટની પ્રથમ શાખા સમાપ્ત થઈ.

રાષ્ટ્રકૂટ વંશનો દશમો પુરૂષ ગોવિન્દ ત્રીજો ગાદીએ આવ્યો. એના વાણી દિન્ડોરી અને રાધનપુર લેખથી ફલે છે કે એણે ગુજરાત–લાટ દેશ જિતી, પોતાના ન્હાના ભાઈ ઇન્દ્રને એ દેશનો શાસક બનાવ્યો. ઇન્દ્રના પુત્ર કકર્કરાજના શક સંવત્ ૭૩૪–ઈ. સ. ૮૧૨–૧૩ ના દાનપત્રમાં મહા સામંતોના અધિપતિ '**લાટેશ્વર સુવર્ણવર્ષ શ્રી કકર્કરાજદેવ**'[૪૦] ઉલ્લેખ મળે છે. લાટમંડળમાં ઇન્દ્ર પછી આઠ રાઠોડ રાજાઓએ શાસન કર્યું, એમ તેઓનાં તામ્રપત્રોથી ખબર પડે છે. એ કાલે ભિન્નમાલમાં ગુર્જ્જરત્રા દેશમાં પ્રતિહાર વંશના રાજાઓ રાજ્ય કરતા હતા. બન્ને પ્રભાવશાલી વંશો લાટમંડળના સ્વામિત્વ વાસ્તે પરસ્પર યુદ્ધ ખેલતા, એમ તેઓનાં દાનપત્રોથી ખબર પડે છે. રાષ્ટ્રકૂટોના શાસનકાળમાં લાટ દેશની સીમા સાબરમતીથી દમણ સુધીની હતી, એમ તેઓનાં દાનપત્રોથી ખબર પડે છે.

ગુર્જરાત્ર—ગુજરાતના (જોધપુરનો દક્ષિણ વિભાગ) કનોજના પાટનગરમાં પ્રતિહાર વંશનો રાજા મહેન્દ્રપાલ ગાદીએ હતો (સં. ૯૫૯ થી ૯૬૯ ઈ. સ. ૯૦૩ થી ૯૧૭). એના રાજકવિ રાજશેખરના બાલરામાયણ અને કાવ્યમીમાંસામાં લાટ અને લાટ ભાષા વિષે ઉલ્લેખ મળે છે.—"પ્રાકૃત વચન જેમનું છે, તે લાટના લોકને લલિત અંગોવાળી હે સુંદરી! દષ્ટિના નિમેષ વ્રતને દૂર કરતી (આંખોના પલકારા કર્યા વિના) તું જો."[૪૧] એ જ કવિ કાવ્ય-મીમાંસામાં કહે છે કે–" સંસ્કૃત તરફ દ્વેષ કરનારા લાટ દેશના લોકો લલિત ઉલ્લાપ કરવામાં પ્રાપ્ત કરેલી સૌન્દર્ય મુદ્રાવાળી જીવ્હા વડે લટભ (સુંદર) પ્રાકૃત બોલે છે."[૪૨] તે જ ગ્રંથમાં બીજે સ્થળે લાટ દેશના લોકોને કવિઓને પ્રાકૃતમાં પરિચિત રૂચિવાળા સૂચવ્યા છે.[૪૩]

આરબ સોદાગરો અને મુસાફરોના ગ્રંથમાં લાટ દેશ, લાટ સમુદ્ર અને લાટ ભાષા વિશે ઉલ્લેખો મળે છે. અલ મસુદી (ઈ. સ. ૯૪૩) લખે છે કે લારી સમુદ્રના કાંઠા ઉપર થાણા બંદર છે, જ્યાં લારી (Larwi) ભાષા બોલાય છે.[૪૪] **અલબીરૂનીમાં** (ઈ. સ. ૯૭૦–૧૦૩૧) "મરાઠાથી કોકણ જેનું રાજનગર થાણા દરિયાકાંઠે આવેલું છે તેની અને લારદેશ(Lar desh)ના પાટનગર ભરૂચ અને રાંદેર વચ્ચે (Bahruj & Rahanjur) ૨૫ ફરસાખ–૧૦૦ માઈલનું અંતર છે.[૪૫]...થાણાથી લાટ દેશની સીમા શરૂ થાય છે."

---

(૩૯) ગુજરાતના ઐતિહાસિક લેખ. રાષ્ટ્રકૂટ લેખ. પૃ. ૪. (૪૦) स च लाटेश्वरः समधिगता शेष महा शब्द महासामन्ताधिपति सुवर्णवर्ष श्री कर्कराज देवो...એજન પૃ. ૩૧. (૪૧) स्तौंल्लाटां ल्ललिताङ्गि । पश्यनृदती दृष्टेनिमेषव्रतम् ॥ બાલરામાયણ ૧–૧૧ પૃ. ૪૯.

(૪૨) पठन्ति लटभं **लाटाः** प्राकृतं संस्कृतद्विषः ।
जिह्वा ललितोल्लापलब्धसौन्दर्यमुद्रया ॥ કાવ્યમીમાંસા અ. ૭ પૃ. ૩૯

(૪૩) गौडाद्याः संस्कृतस्थाः परिचितरुचयः प्राकृते लाटदेश्याः ॥
(પ્રાકૃત ભાષાની ઉપયોગિતાના નિબંધમાંથી પૃ. ૩૦) એજન અ. ૧૦. પૃ. ૫૧

(૪૪–૪૫) મુંબઈ ગેઝીટિયર પુ. ૧ ભાગ ૧ પૃ. ૫૨૪.

સંવત ૮૦૨માં વનરાજ ચાવડાએ અણહિલ પાટણ વસાવ્યું. ચાવડાઓનો ઇતિહાસ અંધકારયુગ સેવે છે. સંવત ૯૯૮માં ચૌલુક્ય–સોલંકી મૂળરાજ પાટણની ગાદીએ આવ્યો. એ કાલે ગુજરાત દેશનું નામ પાટણ સુધી અને આસપાસનો પ્રદેશ ગુર્જરત્રા–ગુજરાત કહેવાતો હતો. લાટ પ્રાંતિય દેશ હતો.

મૂળરાજનો સમકાલીન દક્ષિણમાં ચૌલુક્ય તૈલપ શાસન કરતો હતો. તૈલપનો પ્રતિનિધિ લાટમાં બારપ સ્વતંત્ર સત્તાધીશ હતો.[૪૬] મૂળરાજે લાટાધીશ બારપને હરાવી, લાટ દેશ સર કર્યો. એ કાલથી લાટમાં સોલંકીઓની સત્તા થઈ. સોલંકી અને વાઘેલાના પ્રતિનિધિઓ-પ્રાંતિય સૂબાઓ લાટમાં શાસન કરતા હતા.

પરમાર ભોજદેવનું શાસન લાટમાં હતું; એમ સંગમ ખેટકમંડળના જસોરાજના પુત્ર સૂર્યાદિત્યના તિલકવાડા[૪૭] દાનપત્રથી ખબર પડે છે; સં. ૧૧૦૩—ઈ. સ. ૧૦૪૭. ઉદય સુંદરીકથા–ચંપુકાવ્યનો લેખક વલ્લભકાયસ્થ સોઢલ લાટ દેશનો નિવાસી હતો. (ઈ. સ. ૧૦૨૦—૧૦૫૦).

સોલંકી કુમારપાલ ગાદીએ આવ્યો ત્યારે તેણે પોતાને મદદ કરનારાઓને બક્ષીસ આપ્યાની હકીકત કુમારપાલચરિતમાં છે. પોતાના મુખ્ય સોબતી બોસરીને લાટ મંડળની સત્તા સોંપ્યાનો ઉલ્લેખ છે.[૪૮] કુમારપાલપ્રબન્ધમાં જિનમંડળગણિ સોલંકી રાજેન્દ્રના તાબામાં અઢાર મંડળો હતાં, એમ જણાવેલું છે; એમાં લાટ મંડળનું નામ મળે છે; સંવત ૧૧૯૯.

અલ્લટ અથવા અલ્લુ રાવળે આહાડ નજીક સારણેશ્વરમાં શિવાલય બંધાવી, શિલાલેખ[૪૯] કોતરાવ્યો છે; વિ. સં ૧૦૧૦. આ લેખમાં કર્ણાટ, મધ્યદેશ અને લાટના વ્યાપારીઓએ દાન કર્યાનો ઉલ્લેખ છે.

વાઘેલા વીરધવળના સમયમાં શંખ (સંગ્રામસિંહ) લાટમાં સૂબો હતો.[૫૦] વાઘેલા વીરધવળ અને મંત્રીશ્વરો વસ્તુપાલ અને તેજપાળનાં યશોગાન ગાનાર–હમીરમદમર્દન કાવ્ય રચનાર–જૈનકવિ જયસિંહસૂરિ લાટપ્રદેશના ભરૂચનો રહીશ હતો.

મૌર્ય સમ્રાટ્ અશોકના સમયનું ' રાષ્ટ્રિક ' વાત્સાયન અને ટોલેમીનું લાટ અને લારીક કર્ણદેવ વાઘેલા સુધી જૂદો પ્રાંતિય દેશ હતો. એ પછી લાટ દેશનું નામ, તેની સમાજિક અને સંસ્કૃતિ વિષયી એકતાનતા ગુજરાત નામમાં ભળી ગઇ.

ગુજરાતમાં અમદાવાદના સુલતાનોના રાજકાળ પૂર્વે લાટ દેશનું નામ અસ્તિત્વમાં હતું. જગજૂના કાળના સમોવડીયા પ્રાંતિય વિભાગ સૌરાષ્ટ્ર, આનર્ત અને લાટ દેશનાં નામ એ યુગથી ઇતિહાસના સ્મૃતિપટ ઉપરથી અલિપ્ત થયાં. ગુજરાતઓની સનાતન ભાવનાનું કેન્દ્ર **'ગુજરાત'** અનન્તકાલ માટે વ્યક્તિત્વ પામ્યું.

---

(૪૬) બારપના પૌત્ર કીર્તિવર્માના સં. ૯૪૦ના લેખથી ફલિત થાય છે. (૪૭) First Oriental Conference Tilakwada copper plate p.319. (૪૮) રાસમાલા ભાગ ૧ પૃ. ૨૩૯. (૪૯) રાજપૂતાના કા પ્રાચીન ઇતિહાસ ભાગ ૧ પૃ. ૪૨૬–૭. (૫૦) પ્રબન્ધચિન્તામણી, ગુજરાતી પ્રત પૃ. ૨૧૫નો ટી.

વીરસિંહકૃત

ઉષાહરણ

[સંપાદકઃ–રા. રા. ભોગીલાલ જયચંદભાઈ સાંડેસરા]

[અનુસંધાન ગતાંક પૃષ્ઠ ૨૬૩થી, ચાલૂ]

ઉપોદ્ઘાત

(૪)

ઉષાહરણ વિષેનાં ગૂજરાતી કાવ્યો

હરિવંશ અને ભાગવત એ બે પુરાણાન્તર્ગત ઉષાહરણનાં કથાનકો પરથી વીરસિંહે પોતાના કાવ્યની રચના કરી છે, એ તો સ્પષ્ટ છે; પરન્તુ તે એ બેમાંથી એકે કથાનકનો અનુવાદ કે ભાષાન્તર નથી, તેમાંથી કલ્પના અને કથાવસ્તુ લઈ લગભગ સ્વતંત્ર રીતે જ રચાયેલું એક જૂદું જ કાવ્ય છે; અને એક માત્ર પ્રેમાનન્દના ઉષાહરણને બાદ કરીએ તો કદાચ ગૂજરાતીમાં એ વિષય પર રચાયેલાં સર્વ કાવ્યોમાં શ્રેષ્ઠ છે.

ભાગવત અને હરિવંશ

હરિવંશ અને ભાગવત ઉપરથી લીધેલા કથાવસ્તુને પોતાના કાવ્યમાં વણી લેતાં વીરસિંહે પોતાની રચનામાં કેટલાક જાણવા જેવા ફેરફારો કર્યા છે. એ ફેરફારો અને તેના સંભવિત ઉદ્ગમસ્થાનની અને કારણોની નોંધ અત્રે આવશ્યક છે; પરન્તુ તે કરતાં પહેલાં ભાગવત અને હરિવંશાન્તર્ગત ઉષાહરણની કથાઓમાં પણ કેટલોક તફાવત માલુમ પડે છે તે જોઈ જવાની જરૂર છે.

(૧) યુદ્ધેપ્સુ બાણાસુરને શિવ કહે છે કે જ્યારે તારો ધ્વજભંગ થાય ત્યારે તારો સમોવડીયો યોદ્ધો પાકચો છે એમ જાણજે. તેથી પ્રસન્ન થઈ બાણાસુર પોતાના નગરમાં આવતાં મત્રી કુભાંડ આવા અનિષ્ટ વરદાનથી ખેદ પામે છે, નગરમાં શોણિતની વૃષ્ટિ થાય છે અને સર્વત્ર અશુભ ચિહ્નો દેખાવા લાગે છે; એ હકીકત હરિવંશમાં છે જ્યારે ભાગવતમાં નથી.

(૨) પાર્વતીની સાથે શંકર નદી–તીરે ક્રીડા કરતા હતા અને ચિત્રલેખા વગેરે અપ્સરાઓ તેમની સેવા કરતી હતી, એવામાં બાણાસુરની પુત્રી ઉષા ત્યાં આવીઃ પાર્વતીને જોઈને તેને પણ પતિ પામવાનો સંકલ્પ થયો. તેના મનની વાત જાણીને પાર્વતીએ તેને વરદાન આપ્યું

કે વૈશાખ સુદિ બારસની રાત્રિએ તને પતિનો સમાગમ થશે. ઘરે આવતાં ઉષાને મન્મથાગ્નિ પેદા થયો. સખીઓની સમજાવટ અને વૈદ્યોના ઉપાયો નિષ્ફળ ગયા. આ સર્વ **હરિવંશ**માં વિસ્તારપૂર્વક વર્ણવવામાં આવ્યું છે. **ભાગવત**માં તો આ સ્થળે, **બાણાસુર**ની પુત્રી ઉષાને સ્વપ્ન થયું, એટલું જ સૂચન માત્ર બે એક શ્લોકોમાં આપવામાં આવ્યું છે.

(૩) **અનિરુદ્ધ**ને લઈ આવવા **ચિત્રલેખા** દ્વારકાં જાય છે ત્યારે તેને **નારદ** મુનિ મળ્યા અને તેમણે વિદ્યા ધારણ કરીને નગર-પ્રવેશ કરવાની **ચિત્રલેખા**ને સૂચના કરી. **અનિરુદ્ધ**ને પણ સ્વપ્નામાં ઉષાનો સમાગમ થયો હતો એટલે આતુરતાપૂર્વક **ચિત્રલેખા**ની સાથે **શોણિતપુર** આવ્યો. આ સર્વ પ્રસંગોનું સૂચન સરખું પણ **ભાગવત**માં નથી. ઉષાના આગ્રહથી **ચિત્રલેખા** **અનિરુદ્ધ**ને લઈ આવે છે, એટલું જ માત્ર તેમાં છે.

(૪) બંધનમાં પડેલા **અનિરુદ્ધે** દેવીની સ્તુતિ કરી, એ પ્રસંગ માટે હરિવંશે આખો એક અધ્યાય રોકેલો છે, તે **ભાગ**વતમાં નથી.

(૫) **અનિરુદ્ધ** ગુમ થઈ જવા વિષે **દ્વારિકા**માં **યાદવો** વિવિધ અનુમાન કરે છે અને કૃષ્ણ તેમને અનિરુદ્ધની શોધ કરવાની સલાહ આપે છે. આ હરિવંશમાંનો પ્રસંગ **ભાગ**વતમાં નથી.

જે કથાનાક પાછળ હરિવંશે તેર અધ્યાયો રોકયા છે તે માટે **ભાગ**વતે માત્ર બે અધ્યાયો રોકયા છે; એટલે પ્રમાણમાં **ભાગ**વતમાંનું કથાનક સંક્ષિપ્ત હોય એ સ્વાભાવિક છે. આથી કરીને આના કરતાં વધારે ઝીણી વિગતો **ભાગ**વતમાં ન હોય; પરન્તુ આટલા ઉપરથી એમ તો લાગશે જ કે હરિવંશ અને **ભાગ**વતમાંની ઉષાહરણની કથાઓની પરંપરામાં કેટલીક સ્પષ્ટ તફાવત છે. ગૂજરાતી ઉષાહરણોની સમીક્ષા કરતાં આ તફાવતો પ્રત્યે ધ્યાન રાખવાની ખાસ જરૂર છે.

વીરસિંહના ઉમેરા ઘટાડા

માત્ર **વીર**સિંહનું જ નહીં, પરન્તુ તે પછીનાં આ વિષય પરનાં અનેક ગૂજરાતી કાવ્યો જોતાં એમ લાગશે કે ઉષાહરણની રચના પરત્વે તે તે કવિઓ પર મુકાબલે હરિવંશની અસર વિશેષ પ્રમાણમાં છે. હરિવંશમાંનું કથાનક વિશેષ વિસ્તૃત અને વિશેષ રસમય હોવાને કારણે ઘણાખરા કવિઓએ તેનું જ અનુસરણ કર્યું છે. **વીર**સિંહના કાવ્ય સંબંધી પણ આવું જ અનુમાન થાય છે. જોકે **વીર**સિંહે પણ **ભાગ**વતનું પઠન કર્યું હશે એ તો ચોક્કસ છે, કારણ કે **ભાગ**વતમાંના કથાનકનાં કેટલાક શ્લોકોનો લગભગ અનુવાદ **વીર**સિંહનાં કાવ્યોમાં કેટલેક સ્થળે જોઈ શકાય તેમ છે. સંસ્કૃત પરથી કવિ પોતે કહે છે તેમ **ચોપાઈ** બંધમાં પ્રાકૃત રચના કરતાં કથાવસ્તુમાં શા શા ફેરફારો વા ઉમેરા-ઘટાડાઓ થયા છે તે હવે જોઈએ.

(૧) **બાણાસુર** શિવની પૂજા પોતાના બે હાથથી બરાબર કરી શકતો નથી એટલે **શિવ** પાસે હજાર હાથની માગણી કરે છે, એ વિગત જેમ નવીન છે તેમ પ્રસંગ, ચૂસ્ત **શિવભક્ત** તરીકે તેનું ચિત્રણ કરવામાં આવ્યું છે તે જોતાં કથાવસ્તુને વધારે અનુરૂપ છે.

(૨) ભાગવત અને હરિવંશમાં ચિત્રલેખાને ઉષાની સખી એક અપ્સરા તરીકે જ વર્ણવી છે ત્યારે આમાં, જ્યારે સાત સરખી સખીઓ પતિયાચના માટે પાર્વતી પાસે જાય છે, ત્યારે પતિ મળવો નસીબને આધીન લેખીને ચિત્રલેખા સરસ્વતીને પ્રસન્ન કરીને સર્વ વિદ્યાઓ અને દિવ્ય સિદ્ધિઓ પ્રાપ્ત કરે છે. કથાનું ઔચિત્ય આમાં વધારે છે તે ભાગ્યે જ કહેવું પડે તેમ છે.

(૩) વર પ્રાપ્ત કરવા વિષેનો ઉષાનો સંકલ્પ જાણી લઈ તેને પાર્વતી વરદાન આપે છે, એવી હકીકત હરિવંશમાં છે; જ્યારે વીરસિંહના કાવ્યમાં તો, પાર્વતીની પૂજા કરવા ગયેલી સખીઓ શંકરના રૂપ ઉપર મોહ પામી જાય છે અને તેમની સાથે જ લગ્ન કરવાનો વર માગવાનો વિચાર કરે છે. પાર્વતી આથી ક્રોધે ભરાઈ 'તારું લગ્ન જ નહીં થાય' એવો ઉષાને શાપ આપે છે. પછી સર્વ સખીઓએ અનુગ્રહ માટે વિનંતી કરતાં, સ્વપ્નમાં લગ્ન થશે અને સર્વ પ્રકારનું સુખ મળશે, એવો અનુગ્રહ પાર્વતી કરે છે, એ પ્રસંગ ચીતરેલો છે.

(૪) ઉષા અને તેની સખીઓ પાર્વતીની પૂજા કરીને પાછી વળ્યા પછી પાર્વતી અને દીપક વચ્ચે કવિએ જે સંવાદ ગોઠવ્યો છે તે તેનો પોતાનો મૌલિક છે અને તેમાંનાં કલ્પના–ઉર્ફ્યનો કોઈ પણ સારા કવિની પ્રતિભાને જેબ આપે એવાં છે.

(૫) ચિત્રલેખાને શ્રીકૃષ્ણના ચક્રે દ્વારિકાપ્રવેશ કરવા દેવાનો નકાર કર્યો અને શુભ નિષ્ઠાથી થતા પ્રવેશની ખાત્રી માટે કોઈ મધ્યસ્થની માગણી કરી. ચિત્રલેખાએ શંકરને મધ્યસ્થ તરીકે રાખ્યા. આ ઉમેરો પણ વીરસિંહનો પોતાનો મૌલિક છે અને આખું કથાસૂત્ર શિવે બાણાસુરને આપેલા યુદ્ધના વરદાન પરથી રચાયું છે તે જોતાં, વધારે વાસ્તવિક છે.

(૬) અનિરુદ્ધ ઊંઘમાંથી જાગતાં જ ચમકીને ખડ્ગ ઉપાડે છે, ગુરુજનો અને મોસાળીયાંની અનુમતિ સિવાય લગ્ન કરવાની અનિરુદ્ધ ના પાડે છે અને ચિત્રલેખા તેને વિવિધ પ્રકારે સમજાવે છે–અનિરુદ્ધનાં પૂર્વજો સાચાં પરણેતરનાં હતાં જ નહીં વગેરે–તે વીરસિંહનો પ્રસંગ પુરાણોમાં નથી. નોંધવા જેવું એ છે કે આ પ્રસંગને ઉષાહરણના વિષય પર પાછળથી પોતાની કલમ ચલાવનાર બધા જ કવિઓએ અપનાવ્યો છે.

(૭) ઉષાનું કલ્પાન્ત, માતાની ઉષાને સમજાવટ, ઉષાનું અને અનિરુદ્ધનું રૂપવર્ણન, એ વીરસિંહનો ઉમેરો છે.

(૮) પોતાના એક જમાઈ નાગની સહાયથી બાણાસુર અનિરુદ્ધને બાંધે છે તે એક, નવીન વિગત છે.

(૯) શોણિતપુર પર ચઢાઈ કરવા જતા યાદવ સૈન્યનું વર્ણન એ વિષયનું, કવિનું ક્ષત્રિયસુલભ જ્ઞાન ખુલ્લું કરે છે.

(૧૦) વિષ્ટિ માટે કૃષ્ણે બાણાસુર પાસે દૂતો મોકલવા અને બાણાસુરે તેમનું અપમાન કરવું, એ વીરસિંહનો ઉમેરો છે.

મૂળમાં વીરસિંહે કરેલ મુખ્ય ઘટાડાઓની પણ ટુંકી નોંધ અહીં ઉપયોગી થઈ પડશેઃ–

(૧) જનમેજય અને વૈશંપાયનના સંવાદ વડે કથાનો ઉપક્રમ વીરસિંહે કર્યો નથી. શુક્રાચાર્યના સૂચનથી બાણાસુર તપ કરવા જાય છે, એ પણ બતાવ્યું નથી.

(૨) શિવે કાર્તિકેયની જેમ બાણાસુરને પણ પોતાનો પુત્ર કરીને રાખ્યો હોવાનો જે પ્રસંગ હરિવંશ વર્ણવે છે, તે વીરસિંહે કાઢી નાંખ્યો છે.

(૩) મન્ત્રી કુંભાંડે બાણાસુરને આપેલો ઠપકો અને શોણિતપુરમાં વરસેલા શોણિતનો વરસાદ અને અશુભ ચિહ્નોનું હરિવંશનું વર્ણન વીરસિંહે લીધું નથી.

(૪) ચિત્રલેખા એક અપ્સરા હોવાની હકીકત કાઢી નાંખી છે.

(૫) ઉષાનું દર્દ શાન્ત કરવા માટેના વૈદ્યોના નિષ્ફળ ઉપાયોનું વર્ણન વીરસિંહે લીધું નથી.

(૬) અનિરુદ્ધને પણ ઉષાનો સ્વપ્નમાં સમાગમ થવાની વાત વીરસિંહે નોંધી નથી.

(૭) અનિરુદ્ધની સાથે ઉષાએ ગાંધર્વવિધિથી લગ્ન કર્યું હોઈ તે મારવાને યોગ્ય નથી, એવી કુંભાંડની સમજાવટ વીરસિંહે આપી નથી.

(૮) બાણાસુર-અનિરુદ્ધનું યુદ્ધ જોવા આકાશમાં ઊભેલા નારદનું વર્ણન વીરસિંહે કર્યું નથી; તે તો માત્ર પાછળથી નારદ શોણિતપુરમાં આવ્યાનું વર્ણવે છે.

(૯) બંધનમાં પડેલા અનિરુદ્ધે કરેલી દેવીસ્તુતિ વીરસિંહે વર્ણવી નથી.

(૧૦) અનિરુદ્ધ ગુમ થયા પછી યાદવોમાં ચાલતી ચર્ચાનું વીરસિંહે કરેલું વર્ણન હરિવંશ કરતાં જૂદા પ્રકારનું છે.

(૧૧) રુદ્રના અનુચર અગ્નિઓ શોણિતપુરની ચારે બાજુ વીંટળાઈ નગરની રક્ષા કરતા, તેમને ગરુડે પોતાની ચાંચમાં પાણી લઈ બુઝાવી નાંખ્યા, એ વીરસિંહે વર્ણવ્યું નથી.

(૧૨) હરિવંશમાંના યુદ્ધવર્ણનમાં અને વીરસિંહે કરેલા યુદ્ધવર્ણનના ક્રમમાં કેટલોક તફાવત છે.

(૧૩) હરિ-હરના યુદ્ધથી પીડા પામી પૃથ્વી બ્રહ્મા પાસે ગઈ અને બ્રહ્માએ યુદ્ધભૂમિ પર આવી હરિ-હરની સ્તુતિ કરી, તે વીરસિંહમાં નથી.

(૧૪) બાણાસુરની માતા પોતાના પુત્રને બચાવવા નગ્ન બની રણભૂમિ પર આવે છે અને કૃષ્ણ લજ્જા પામે છે, તે પ્રસંગ વીરસિંહમાં નથી.

(૧૫) કુંભાંડે કરેલી કૃષ્ણસ્તુતિ વીરસિંહે બહુ ટુંકમાં પતાવી છે.

(૧૬) કુંભાંડની કન્યા સાંબને પરણાવવામાં આવી, એવી જ રીતે અસુર કન્યાઓનાં યાદવ કુમારો સાથે લગ્ન કરવામાં આવ્યાં અને અપ્સરા ચિત્રલેખા પોતાની સખીઓની આજ્ઞા માગી સ્વર્ગમાં ગઈ, તે પ્રસંગોનો ઉલ્લેખ વીરસિંહે કર્યો નથી.

જો કે કવિકલ્પનાને તદ્દન સ્વાભાવિક એવા ઝીણા ફેરફારો અહીં ટાંકવાની અગત્ય નથી; તોપણ ઉમેરા-ઘટાડાઓ વિવેકપુરઃસર છે. ઘટાડાઓ વડે જો કે કેટલાક પ્રસંગો ચાલ્યા જાય છે, પરન્તુ તેથી કંઈ રસક્ષતિ પેદા થતી નથી. જે ઉમેરણ કરવામાં આવ્યું છે તેથી કથાવસ્તુ વધારે રસિક બને છે અને કેટલીક પ્રાસંગિક બાબતો વડે રચના દીપી ઊઠે છે. વીરસિંહે જે ઉમેરા-ઘટાડાઓ કર્યા છે તેમાંના ઘણા થોડા તેના અનુગામી કવિઓએ અપનાવ્યા છે. તે ઉપરથી લાગે છે કે તે વખતે લોકોમાં પ્રચલિત ઉષાહરણની કથાને આ ફેરફારો અનુરૂપ નહીં હોય-એટલે ફેરફારોનું મૂળ જેમ બીજાં કેટલાંક કાવ્યોની બાબતોમાં બન્યું છે તેમ તત્કાલીન લોકકથાઓમાં અથવા લોકસાહિત્યમાં નહીં, પરન્તુ કવિની પોતાની જ ફળદ્રુપ કલ્પનામાં છે. કદાચ આ કારણને લીધે જ, વીરસિંહનું કાવ્ય મુકાબલે ઉચ્ચ કોટિનું હોવા છતાં તેનાં કરતાં ઘણી ઉતરતી પંક્તિનાં અન્ય કવિઓનાં કાવ્યો જેટલી પ્રસિદ્ધિને પણ પામી શક્યું નથી.

જનાર્દનકૃત ઉષાહરણ

વીરસિંહ પછી ઉષાહરણ વિષે ગૂજરાતી ભાષાનું સૌથી પ્રાચીન કાવ્ય જનાર્દનકૃત ઉષાહરણ છે. સં. ૧૫૪૮માં ૨૨૦ પદોમાં તે દેશીબદ્ધ રચાયું છે.[૧] રચના રસમય કહી શકાય એવી નથી અને કવિ કેમ જાણે માત્ર વિગતો વીણીવીણીને શ્રોતા સમક્ષ ધરતો ન હોય, એવો ભાસ થાય છે.

કથાવસ્તુમાં કેટલાક મહત્ત્વના ફેરફારો છે. બાણાસુરને ત્યાં પુત્રીનો પ્રસવ થાય છે ત્યારે કવિ વર્ણવે છે કે:

> આકાશ શબ્દ ઈમ ઉચ્ચરઈ એ, ઇચ્છાવર પરસિ કુમારિ.
> જનાર્દન ભણઈ, પ્રાણિ કાંઈ નુહઈ એ, હુઇ તિ ન ટલઈ સંસારિ.

પછી તો એ કન્યાને પરણાવવાનો વિચાર બાણાસુરે માંડી વાળ્યો, અને

> બોલઈ બાણ સૂત્રધાર તેડીઈ, મેડીઈ મંદિરિ મણિ જડુ એ.
> ચીત્રાક ધવલહર આલિયાં. જાલિયાં રચુ રતનમઈ એ.
> ચિત્રલેખા ઉષાની સહીઅર કીધી. દીધી સીખામણ રાખવા એ.
> સબલ સજાઈ એ કુંઅરિની રાખજે, દાખજે રાતિ નિતિ નવીએ.

ગૂજરાતની લોકબત્રીસીએ ચડેલું 'ઓખાબાઈનું માળીયું' જેનો ઉલ્લેખ ભાગવત કે હરિવંશમાં તો નથી જ તેમ વીરસિંહમાં પણ નથી તેની પહેલ પ્રથમ અહીં પ્રાપ્ત થાય છે.

પ્રેમાનંદના ઉષાહરણ પર પણ આની સ્પષ્ટ અસર છેઃ

> આકાશવાણી એમ હવી, સાંભળજો રાય નિરધાર;
> પુત્રી ઇચ્છાવરે પરણશે કારણ રૂપ કુમાર.
>
> × × ×
>
> નિયમ મારે એ વાતનો જે પરણાવવાનો હું નહીં.
> વિપ્ર પ્રેમાનંદ કહે ઓખાને, માળીએ ચઢાવીએ સહી.
> એમ કહીને માળીએ રાખી ઓખા બાઈ રે,
> રખવાળો બહુ મૂકીયા સુણો પરિક્ષિત રાય રે.
>
> (બૃ. કા. દો. ભાગ ૧ પૃ. ૪૪-૨૫)

હરિ-હરને લઢતા વારવા માટે બ્રહ્મા સ્તુતિ કરે છે તેનું વર્ણન જનાર્દન 'બ્રહ્માએ વઢતા વારીયા હર-ગોપાલા રે' એ પદમાં કરે છે. ઉષાની લગ્નની ઉત્સુકતાનું વર્ણન 'સખી સીખામણ આપુ અમ્હ વર જોએ બાપુ' એ પદમાં જડે છે. આમ આ કાવ્ય પ્રેમાનંદના ઉષાહરણની વધુ નિકટ માલુમ પડે છે. કેટલેક સ્થળે તો પ્રેમાનંદ અને જનાર્દનમાં ધ્યાન ખેંચે તેવું સામ્ય જોવામાં આવે છેઃ

> મહાદેવિ મનિ વિમાસિઉ રે, એહનિ હવાં કિમ કીજઈ?
> પાર્વતીનિ પૂછવા લાગા, જે માગિ તે દીજઈ?
> હરખ ધરીનઈ સ્વામી સંભાર્યા. ઉમયા ઉચ્ચરઈ વાણી.
> ભસ્માંગદઈ ઘણૂં વ્યગોયા, હુઈ વર આપ્યુ જાણી.

---

૧ દિ. બા. કેશવલાલ ધ્રુવ સંપાદિત 'પ્રાચીન ગૂર્જર કાવ્ય.'

રાવણનઈ આગઈ વર આપ્યુ, તેણઈ સુર સંતાપ્યા.
સ્વામી અનેરાંનિ શૂં સંભારૂં ? અનેકનિ વર આપ્યા.
વલી વલી વિષ્ણુ અવતાર ધરીનઈ, અસુરનઈ ઊથાપિ.
શ્રીરંગનઇ કાંઇ સન્તાપુ, દયાભવન, વર આપી ?

× × ×

સાંભલુ દેવ્યા એ હિમાચલની ધિયા એ, એહનઈ પુત્ર ભણી પરઠીઉ એ.

(પ્રા. ગૂ. કા. પૃ. ૭૬-૭૭)

આ સાથે સરખાવો પ્રેમાનંદની કડીઓ—

એવું તપ જોઈને બોલ્યા ત્રિપુરારિ, તમે સાંભળો પાર્વતી નારી,
તેને તપે ત્રૈલોક બાધું ડોલે, બાણાસુર તો બોલાવ્યો નવ બોલે.
તમે કહો તો એને વર આપું, ને હું સત્ય વચન કરી થાપું.
વળતાં બોલ્યાં પાર્વતી રાણી, એવા દુષ્ટને નાપો શૂલપાણી.

× × ×

તમે ભસ્માંગદ વરદાન દીધું, વરદાન પામ્યો કારજ એનું સીધું.
વરદાન રાવણાદિકને આપ્યાં, તેણે દુષ્ટે જાનકીનાથ સંતાપ્યા.

× × ×

અસ્તુ અસ્તુ કહીને શિવે વર આપ્યો, તેને તો પુત્ર કરીને થાપ્યો.

(બૃ. કા. દો. ભાગ ૧, પૃ. ૩૫)

પ્રેમાનંદ સાથેનાં આવાં બીજાં સામ્યો છે, પણ તે વિસ્તારભયથી આપ્યાં નથી.

જો કે જનાર્દને વીરસિંહનું કાવ્ય પણ જોયું હશે, એ ચોક્કસ છે. ચિત્રલેખાએ સરસ્વતીની આરાધનાથી વિદ્યા પ્રાપ્ત કર્યાનો, બાણાસુર પાસે દૂત મોકલવાનો અને બાણાસુરે તેમનું અપમાન કરવાનો પ્રસંગ જનાર્દનમાં પણ છે, અને અનેક સ્થળે પદ્યો પણ મળતાં આવે છે. થોડાંક ઉદાહરણો જોઈએ—

(૧) પહિલૂં દીસઈ આલપંપાલ, ચેત ઉપના પછઈ આલ;
વયણ મ બોલિ વછિ મહલિ છૂંઃ સુહણૂં સન્નિપાત સારિ છૂં.

× × ×

માઈ, તું મ બોલિસિ પાપ, બીજા પુરુષ તે બંધવ-બાપ.
સુહણઈ દીઠુ તે વર વરૂં કાં પચ્છઈ પાવકગમ કરૂં.

સરખાવો,

ઉષા કહઈ, મુઝ તે વરૂ રે, અવર પુરુષ પિતા ગુરુ રે.
વર વરસ્યૂં એ જોખિ રે, નહિ તુ પ્રાણ તજુ તન સોખિ રે.

× × ×

સહીયર કહે મન માણુ રે. એ વર ધરથી નથી જાણ્યુ રે.
સુહણઇ તે લાખ બંધાઈ રે, તે વિહાણઈ મિથ્યા થાઈ રે.

(પ્રા. ગૂ. કા. પૃ. ૮૧)

(૨) તનયા રાં ભીમકહ તણી આણી ઊદાલી રિખિમિણી
પૂછયા પખઈજ વસુ-દેવકી માનિની આણી મથુરા થિકી.
જાયા જામવંતીની હોઈ પરણી તાં નવિ પૂછ્યૂં કોઈ.

× × ×

વલી એક વર સંભલિ વાત, જિણિ પરિ પરણ્યો તાહરુ તાત.
ગુણ રાજાની પુત્રી રતિ વાહી રૂપ, વિભ્રમ્યુ ભ્રાંતિ.

સરખાવો,

પૂછિ નિ તારા પિતાનિ પિરિ, ઘરિ પાલુ રે શંબર તણુઈ,
કાંઈ ન પરણે રે અસુરકુંઆરી ?

× × ×

રુકિમણી પરણીયા, પૂછિ રે પિરિ, હરિ હેલામાંહિ હરી ગયા એ.
કાંઈ ન પરણે રે અસુરકુંઆરી ?

× × ×

આગિ તારા તાતનાં તાત જાતિ જાંબુવતી વર્યા એ
કાંઈ ન પરણે રે અસુરકુંઆરી ?

(પ્રા. ગૂ. કા. પૃ. ૮૩–૮૪)

(૩) મધુકર, ચીડુ નઈ તુલ, માંજાર નર નામિ ન દીઉં પઈસાર,
ઈમ રાખતાં રાઉ ન રખાઈ, ઉઠી આગ ચીભડચાં માહિ.

સરખાવો,

પુરુષ પંખીડઉં નવિ ચડતૂં. બાણનૂં માર્યૂં તે પડતૂં.
અપરાધી અમિ, સ્વામી ! ન જાણીઈ, કેહિ પરિ વર પામી ?

(પ્રા. ગૂ. કા. પૃ. ૮૫)

અનિરુદ્ધને પણ ઉષાનું સ્વપ્ન આવ્યાનો પ્રસંગ જનાર્દને વર્ણવ્યો છે; આમ છતાં પણ તે લગ્ન કરવાની ના પાડે છે તે વસ્તુ સહેજ અસંગત છે. જનાર્દને જે ફેરફારો કર્યા છે તે તત્કાલીન લોકપ્રચલિત કથાને અનુસરીને મોટે ભાગે કર્યા હોય એમ લાગે છે; કારણ કે રસની દૃષ્ટિએ તેનું કાવ્ય કંઈક ઉતરતું હોવા છતાં તે લોકપ્રિય થયું હતું અને તેની સંખ્યાબંધ હસ્તલિખિત પ્રતો મળી આવે છે.

નાકરકૃત ઉષાહરણ

જનાર્દનની પછી વડોદરાના વૈશ્ય કવિ નાકરનું ઉષાહરણ આવે છે. તેનો રચનાકાલ કેટલીક પ્રતો પ્રમાણે સં. ૧૬૦૦ અને બીજી કેટલીક પ્રમાણે સં. ૧૬૧૧ છે. નાકરે પોતાના કાવ્યમાં સામાન્યતઃ હરિવંશનું અનુસરણ કર્યું છે; પરન્તુ ઉચિત સ્થળે લોકરુચિને અનુસરીને યોગ્ય ઉમેરાઓ કરવાનું તે ચૂક્યો નથી. કાવ્યના આરંભે બીજા કડવામાં જ તે લખે છે—

શ્રી ભાગવતમાં દશમસ્કન્ધે કથા ઉત્તમ જેહ,
સાંભળતાં દુષ્કૃત હરે હરિવંશ કેરી તેહ.
હરિવંશ કેરી કથા સુણતાં તૃતીય જ્વર તાંહાં જાય
તે માટે એ કથા ઉત્તમ, ઉષાનો મહિમાય.

અનિરુદ્ધને પણ સ્વપ્ન આવ્યાની અને તેણે દેવીસ્તુતિ કર્યાની હકીકત હરિવંશ પ્રમાણે જ તેણે વિસ્તારપૂર્વક વર્ણવી છે. આમ મોટે ભાગે પુરાણકથાઓને અનુસરવા છતાં નાકરે કોટરાનો પ્રસંગ ત્યજી દીધો છે. આના કરતાં યે વધારે મહત્ત્વના ઉમેરાઓ તો બીજા છે. શંકર તપ કરવા ગયા પછી પાર્વતીએ પોતાના અંગના મેલથી પુત્રપુત્રી–ઉષા અને ગણપતિ

–ઉત્પન્ન કરવાની, કલહપ્રિય નારદે આ ખબર શંકરને આપતાં ક્રુદ્ધ શંકર પાછા આવવાની, ગણપતિનું મસ્તક કાપી નાંખ્યાની, ઉષાએ ભયથી નાસી જવાની અને પાર્વતીએ તેને શાપ આપ્યાની હકીકત નાકરે વિસ્તૃત રીતે વર્ણવી છે. આ પછી બાણાસુરના આંગણાંમાં સવારમાં વાસીદું વાળતી ચંડાલણીએ તેને વાંઝીઓ જાણી પોતાના મોં આડી સાવરણી ધરી, એટલે બાણાસુર શિવ પાસે સંતાન લેવા જાય છે અને શિવ બાણાસુરને ઉષા આપે છે, એ પ્રસંગ પણ નાકરે વર્ણવ્યો છે. અત્રે ધ્યાન આપવા જેવું છે કે આ પ્રસંગો પૂર્વના કવિઓ વીરસિંહ કે જનાર્દને વર્ણવ્યા નથી, તેમ જ ભાગવત કે હરિવંશમાં પણ એ વિષે કંઈ ઉલ્લેખ નથી. આ સર્વ પ્રસંગો પ્રેમાનંદે ખૂબ બહલાવીને વર્ણવ્યા છે તથા તે પુષ્કળ લોકપ્રિય પણ થયા છે. નાકર પોતે સંસ્કૃતથી અનભિજ્ઞ હતો એ વાત તો પ્રસિદ્ધ છે. અભિમન્યુ આખ્યાનના આરંભમાં તે કહે છે—

સંસ્કૃત મેં જાણ્યું નહીં, જાણી પ્રાકૃત વાણ.

પુરાણીઓ પાસેથી અથવા તે પોતે લખે છે તેમ પોતાના "ગુરુદેવ" પાસેથી પુરાણો સાંભળીને તેણે પરમાર્થ ખાતર કાવ્ય–આખ્યાનો રચેલાં. આ ઉપરથી સહજ અનુમાન થાય છે કે પુરાણીઓ અગર માણભટ્ટો તે સમયે ઉષાહરણનું આખ્યાન જે પ્રકારે કરતા હશે તે પ્રકારે નાકરે પણ રચના કરી હશે. એટલે નાકરે જે જે પ્રસંગો ઉમેર્યા છે તે તેના પોતાના મનઃકલ્પિત નહીં, પરન્તુ તે વખતે, ઉષાહરણનું કથાનક જે પ્રકારે લોકપ્રિય થયું હશે તે પ્રકારને અનુસરીને જ છે, એમ માનવાને વાંધો નથી.

બીજા કોઈ કવિમાં નથી મળતા એવા કેટલાક પ્રસંગો નાકરમાં મળે છે. ઉષા જ્યારે ગૌરીપૂજન કરવા માટે કૈલાસમાં જાય છે ત્યારે શિવ દૂરથી તેનું રૂપ જોઈ કામવ્યાકુળ થાય છે અને જેમ ગંગાને મસ્તક ઉપર અને પાર્વતીને અંકમાં તેમ ઉષાને પણ હૃદય પર રાખવાનો વિચાર કરે છે; પરન્તુ નજીક આવતાં પાર્વતીના કહેવાથી પોતાની પુત્રી જાણીને ખેદ પામે છે. ઉષાને પાર્વતી શાપ આપે છે, તેનું કારણ વીરસિંહ અને પ્રેમાનંદ કરતાં નાકર વળી જુદું જ આપે છેઃ

ત્રીજે તેઠી તેરસે આવી, તારે હશે ત્રણ ભરથાર.

અલૂણાં વ્રતનું મૂળ

નાકરના કાવ્યનું સૌથી મહત્ત્વનું અંગ એ તેણે કરેલા ઉમેરાઓ છે, કારણ એ ઉમેરાઓ પાછળના સાહિત્યમાં ચિરંજીવ થવા પામ્યા છે. ગૂજરાતની બાળાઓનાં ધાર્મિક–સામાજિક જીવનમાં જે અલૂણાં વ્રતની કથાએ એક મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કર્યું અને ચૈત્ર માસમાં જે કથાનું લગભગ ઘેરઘેર પઠન થવા લાગ્યું તે વ્રતનો ઉલ્લેખ ગૂજરાતી કાવ્યોમાં તો અહીં જ પહેલવહેલો પ્રાપ્ત થાય છે. એનું મૂળ ગણેશપુરાણમાં છે. ગણેશની ઉત્પત્તિની સાથે તેનું કથાનક સંકળાયેલું છે. જો કે અહીં સ્વાભાવિક રીતે જ એક કલ્પના થાય છેઃ વીરસિંહ કે જનાર્દને જેનો ઉલ્લેખ સરખો પણ નથી કર્યો તે પ્રસંગને નાકર આટલા વિસ્તારપૂર્વક શા માટે વર્ણવે છે? કદાચ એમ હોય કે સોળમી સદીની બીજી પચીશીના અંત સુધીમાં ગણેશપુરાણમાંનું એ કથાનક અને અલૂણાં વ્રત માહાત્મ્ય વગેરે કથાઓ ગૂજરાતમાં બહુ લોકપ્રિય થઈ નહીં હોય અને સત્તરમી–અરાઢમી સદીમાં એ કથાઓએ જે

બહુ માનભર્યું સ્થાન સામાન્ય લોકોમાં મેળવ્યું તે તે વખતે તેને મળ્યું નહીં હોય. નાકરે કરેલા ઉમેરાઓનું મૂળ પણ મુખ્યત્વે આ જ છે. સંસ્કૃતથી અનભિજ્ઞ નાકર ગણેશપુરાણના કથાનકમાંના ઉમેરાઓ ઉષાહરણમાં કરે છે તે બતાવી આપે છે કે ઉષાહરણની કથા તે વખતે આ રીતે જ લોકપ્રિય હોવી જોઈએ અને માણભટ્ટો વગેરે તે કથાને આ જ રીતે વર્ણવતા હોવા જોઈએ. આ કથાનક વડે પ્રાચીન ગૂજરાતી સાહિત્ય સમૃદ્ધ થયું છે, એટલું જ નહીં, તે વખતના લોકજીવનને પણ તેણે અમુક અંશે રસભર્યું અને જીવવા યોગ્ય બનાવ્યું છે એ ભાગ્યે જ કહેવું પડે તેમ છે.

નાકરનું અન્ય કવિઓ સાથે સામ્ય

વીરસિંહ અને પ્રેમાનંદની કવિતા સાથેનાં નાકરનાં ઝીણાં ઝીણાં સામ્યો તેના કાવ્યમાંથી મળી આવે છે જે ટાંકતાં અહીં ખૂબ વિસ્તાર થાય તેમ છે. અલૂણાં વ્રતનો ઉલ્લેખ, ગૂજરાતી કવિતામાં નાકરનો પ્રથમ જ છે, અને તેની અસર તેના પુરોગામીઓ પર જેવી તેવી નથી.[1]

વિષ્ણુદાસકૃત ઉષાહરણ

આ પછીના કાળમાં ખંભાતના નાગર કવિ વિષ્ણુદાસનું ઉષાહરણ આવે છે. વિષ્ણુદાસનો લેખનકાળ સં. ૧૬૩૪થી ૧૬૮૧ સુધી નિર્ણીત કરવામાં આવે છે એટલે ઉષાહરણનો રચના-સમય પણ તે અરસામાં સ્થિર કરી શકાય.

નાકર અને વિષ્ણુદાસનાં કાવ્યો ગૂજરાતમાં ઉષાહરણના કાવ્યની અને અલૂણાં વ્રતની કથાની ક્રમિક રીતે વધતી જતી લોકપ્રિયતા બતાવે છે. નાકરની જેમ વિષ્ણુદાસનાં કાવ્યોની હસ્તલિખિત પ્રતોમાં પણ લહીયાઓએ સારી પેઠે ધાલમેલ કરી હોય એમ લાગે છે, છતાં તેનું કાવ્ય બીજા કોઈ પણ પ્રાચીન ગૂજરાતી કવિના કાવ્ય કરતાં પ્રેમાનંદના ઉષાહરણની વધુ નિકટ છે. વીરસિંહના કાવ્યની કંઈ ખાસ અસર વિષ્ણુદાસ ઉપર થઈ હોય એમ લાગતું નથી, એટલું જ નહીં પણ તેણે ભાગવત કે હરિવંશ કરતાં વિશેષ આધાર લોકપ્રચલિત કથાનક અને ગણેશપુરાણમાંની વ્રતકથાનો જ લીધો છે. પ્રેમાનંદ અને વિષ્ણુદાસનાં કેટલાંક કડવાં આબેહુબ મળતાં આવે છે, પરન્તુ આધારભૂત થઈ પડે એવી જૂની પ્રતના અભાવે તે ઉપરથી કંઈ ચોક્કસ અનુમાન ખેંચવું મુશ્કેલ છે. પ્રેમાનંદ અને તેમાં કંઈ ખાસ ફેર

---

૧. નાકર અને તેની પછી કેટલાક સમયે થઈ ગયેલા વિષ્ણુદાસ અને કહાન કવિનાં ઉષાહરણોની સમીક્ષામાં સૌથી મોટી મુશ્કેલી એ છે કે તે તે કાવ્યોની જોઈએ તેટલી પ્રાચીન પ્રત હાથ લાગતી નથી અને મુકાબલે અર્વાચીન પ્રતોમાં, પ્રેમાનંદના ઉષાહરણમાંનાં લોકપ્રિય પદો અને વર્ણનો એટલા બધા પ્રમાણમાં ઘુસાડી દેવામાં આવ્યાં છે કે એ પદ મૂળ પ્રેમાનંદનાં હશે કે કહાન કે નાકરનાં એ પણ કલ્પવું કેટલીક વાર મુશ્કેલ થઈ પડે છે. કહાન કે નાકરનું કાવ્ય મૂળ કેટલાં કડવાંઓમાં રચાયું હશે, એ પણ કહી શકાતું નથી. પ્રાચીન ગૂજરાતના શ્રોતાઓ અને વાંચકોમાં અમુક કોઈ કવિને વફાદાર રહેવા કરતાં માત્ર રસિક રચનાઓ સાંભળવા કે વાંચવા તરફ જ વધારે વલણ હતું. આ વૃત્તિને પરિણામે લોકપ્રિય વિષયો પર લખાયેલાં બધાં કાવ્યોની આ સ્થિતિ થઈ છે; અને કહાન તથા નાકરનાં ઉષાહરણની તેમ જ બીજાં એવાં કાવ્યોની પ્રાચીન અને અર્વાચીન હસ્તલિખિત પ્રતોની તુલનાપૂર્વક તૈયાર થયેલી સારી રીતે સંશોધિત થયેલી આવૃત્તિઓ પ્રકટ થાય નહીં ત્યાંસુધી આ મુશ્કેલી કાયમ રહેવાની જ.

હોય તો તે એટલો કે પાર્વતીનું પૂજન કરવા જવા પહેલાં ઉષા ચિત્રલેખાના કહેવાથી પૂતળાં બનાવી ગોરમાનું વ્રત આરંભે છે, અને ઉષાને આવતી જોઈને શિવજી મોહ પામે છે.

કહાનકૃત ઉષાહરણ

આ જ અરસામાં એક કહાન નામે કવિનું રચેલું ઉષાહરણનું કાવ્ય મળી આવે છે. તેનો સમય બરાબર નિશ્ચિત થઇ શકે એમ નથી, પરન્તુ તેનાં કાવ્યની હસ્તલિખિત પ્રતો વિક્રમના અરાઢમા શતકના આરંભની મળી આવે છે, તે ઉપરથી આ કવિ પણ વિષ્ણુદાસનો સમકાલીન હશે એમ કલ્પવું વધારે પડતું નથી. વિષ્ણુદાસ અને કહાનનાં કથાનકોનું સ્વરૂપ લગભગ સરખું જ રહે છે, તે ઉપરથી આ અનુમાનને ટેકો મળે છે. જેવી અવ્યવસ્થિત સ્થિતિ વિષ્ણુદાસ અને નાકરનાં કડવાંઓની છે તેવી સ્થિતિ કહાનના કાવ્યનાં કડવાંઓની પણ છે. કથાનક પ્રેમાનંદને બરાબર મળતું આવે છે. કહાનના કાવ્યમાં ચિત્રલેખા શિવ પાસેથી ખેચરસિદ્ધિ પ્રાપ્ત કરે છે. ચિત્રલેખા ઉષાને કૈલાસમાં લઈ ગઈ ત્યારે તેનું રૂપ જોઈને શિવ વ્યાકુલ થાય છે, એ પ્રસંગો વધારે છે. વીરસિંહના કાવ્યમાં ચિત્રલેખા બ્રહ્મા પાસેથી ખેચરસિદ્ધિની પ્રાપ્તિ કરે છે તે સરખાવવા જેવું છે. અલૂણાં વ્રતનું માહાત્મ્ય વગેરે બધામાં લગભગ એકસરખું છે. પરન્તુ તેના માહાત્મ્યને બહલાવવામાં એક માત્ર પ્રેમાનંદને બાદ કરીએ તો વિષ્ણુદાસ પ્રથમ પંક્તિમાં આવે.

માધવદાસકૃત ઉષાહરણ

આ પછી માધવદાસકૃત ઉષાહરણ આવે છે. એનું કાવ્ય બૃહત્કાવ્યદોહનના ૮મા ગ્રન્થમાં છપાયું છે. આ કવિ સુરતનો વતની વાલ્મિક કાયસ્થ હતો અને તેના પિતાનું નામ સુન્દરદાસ હતું. ભાગવત દશમસ્કન્ધ તેણે સં. ૧૭૦૫માં રચેલો છે તે ઉપરથી તેના આ કાવ્યનો સમય પણ એ જ અરસામાં નિર્ણીત થઇ શકે. આ રીતે માધવદાસ એ પ્રેમાનંદનો સૌથી નજીકનો પુરોગામી છે, છતાં પ્રેમાનંદ પર તેની કંઇ પણ અસર પડી હોય એમ લાગતું નથી. કવિ પોતે એક સ્થળે જણાવે છે:

કડવાં અઠાવીશ હરિવંશની કથાય, સંક્ષેપે કર્યો સર્વ ઉપાય,
વિસ્તાર કરતાં થયો વિસ્તાર. સુણતાં પુણ્ય તણો નહીં પાર.
(૨૭-૧૬)

આ ઉપરથી માધવદાસે પોતાનું ઉષાહરણ હરિવંશમાંના કથાનકના લગભગ ભાષાન્તર રૂપે રચ્યું છે, એમ જણાય છે. કાવ્ય સાંગોપાંગ વાંચતાં પણ આ વસ્તુ બરાબર પ્રત્યક્ષ થાય છે. કાવ્ય એકંદરે, બહુ ઉંચી કોટીનું નહીં અને નિકૃષ્ટ નહીં એવું છે. હરિવંશાન્તર્ગત કથાનકમાં અને કાવ્યના વસ્તુમાં બીજું પહેલાના અનુવાદ રૂપે હોઇ કંઇજ ફેરફાર નથી; સિવાય કે કેટલેક સ્થળે કવિએ પોતાની ઇચ્છાનુસાર વર્ણનોમાં નજીવો ફેરફાર કર્યો છે. પ્રેમાનંદ ઉપર આ કાવ્યની કંઇજ અસર ન પડવાનું કરણ કાં તો એ હોઇ શકે કે કવિએ લોકપ્રિય કથાનકને પોતાના કાવ્યમાં સુયોગ્ય રીતે અપનાવ્યું નહોતું અથવા તો એ પણ હોઇ શકે કે પ્રેમાનંદથી તે બહુ નજીક હોવાને કારણે પ્રેમાનંદે ઉષાહરણનું કાવ્ય રચ્યું તે અરસા સુધીમાં આ કાવ્ય કદાચ ધ્યાન ખેંચે એવી પ્રસિદ્ધિને ન પામ્યું હોય.

[અપૂર્ણ]

श्रीकृष्णः ।

હારમાલા

(સમ્પાદક: રા. રા. કેશવરામ કાશીરામ શાસ્ત્રી)

[અનુસન્ધાન ગતાઙ્કે પૃષ્ઠ ૩૨૪થી; ચાલૂ]

૧. સંવ્વાદ :—

[મ્હેતો :-] પદ ૧ લું – રાગ ગોડી

બાઇ ! મુહુનિં હરિ જોવાની ટેવ પડી, માહરા નાથનિં ન મૂકૂં એક ઘડી.
વેધલૂં મન અલગૂં ન રિહિ : [એહવી] હરજીશૂં પ્રીત્ય જડી. બાઇ૦ ૧
આખા દાહાડાનો રલી ખપી આવ્યો; [માહરી] ભાભીઇં મૂકચૂં ન પાણી.
મિં જાણ્યૂં, ધ્રુવ તણી પિરિં કરૂં. ભાભી નહીં, ગોરાણી. બાઇ૦ ૨
નામાનૂં છાપરાં છાહિ આપ્યૂં; કબીરાની અવિચલ વાણી.
તે પાંઇ તાં હૂં હએસ ભલેરો; છબીલુજી મૂકશિ પાણી. બાઇ૦ ૩
ધન વૃન્દાવંન, ધન એ ભાભી; ધન યમુનાનૂં પાણી.
ધન નરસિંઆની જીભલડી; પછિ છબીલાજીની વાણી. બાઇ૦ ૪

નોંધ:—હારમાલાના સમ્પાદનમાં મૂળ પ્રતિ (critical apparatus) તરીકે **તત્રિ** રાખવામાં આવી છે. ઉચ્ચારણાનુકૂલ અનુસ્વારના પરસવર્ણ અને મૂર્ધન્યતર ડ–ઢ, એટલો સુધારો કરવામાં આવ્યો છે. પ્રતિમાં દેખાતો સ્વરિત હ અકારસહિત આપવામાં આવ્યો છે; જો કે પ્રતિમાં **વાહાલૂં–વાહલૂં, તેહેનૂં–તેહનૂં, અહ્યો,** આમ ત્રણ રીતે પ્રાપ્ત થાય છે. યોગ્ય તત્સમ શબ્દોની શુદ્ધિ એકધારી રાખવા પ્રયત્ન કર્યો છે; જ્યારે તદ્ભવ શબ્દોમાં એકધારાપણાનૂં તત્ત્વ સાંચવી પ્રાયઃ પ્રતિનીજ જોડણી સ્વીકાર્ય ગણી છે. આનો સમ્પાદનમાં ઉપયોગમાં લીધેલી પ્રતિયો આ છે:—

તત્રિ. સ્વ. તનસુખરામભાઈની સાં. ૧૭૩૩ ક. ગૂજ. વર્ના. સો. નં. ૧૮૮
હીપા. શ્રી. હીરાલાલ પારેખની ન. મ. આખ્યાન. ક. ,, ,, ,,
હીપા૧. ગૂજ. વર્ના. સો. નં. ૧૬૫ દે. શ્રી. નટવરલાલ ઈ. દેસાઇની
હીપા૪. ,, ,, ,, ,, ૧૬૬ (સં. ૧૭૮૦) ગી. ,, ,, ની સાં. ૧૭૪૫ની
અ. ,, ,, ,, ,, ૧૮૯ (સં. ૧૬૭૫) **ન.** નરસિંહ મેહેતા કૃત કા. સં. (ગૂ. પ્રે.)
બ. ,, ,, ,, ,, ૧૮૪ (સં. ૧૭૯૧)

→**તત્રિ**નો આરમ્ભ:—

श्रीगणेशाय नमः ॥ हारमाला मिता नरसिनी ॥ श्रीगणाधि । श्री कृष्णाय नमः ॥

પદ ૧ લું:—૧. a. ભાઇ **હીપા.** આ ચરણ પછી **હીપા**માં :–'અંતરે ગતિસું પ્રીત જડી.' b. °રા વાલાજીને ન મેલું. **બ.** ૨. a. મેહેલું. **હીપા૪–બ.** 'હવું એ વેરણિ માહારી. **હીપા.** ૩જી **બ**માં નથી. ૩. b. આપી કબીરને નિર્મળ. **હીપા.** ૩. c. 'એ કાંઇ હુ°. **હીપા૪.** c–d. "એહેવું જોતાં મુને શરણ પ્રભુ રાખશે સેવક જાણી" **હીપા.** ૩જી પછી **હીપા** સિવાયની પ્રતિયોમાં :—

"ઇસાં વચન સુણી નરસૈંનાં, ભાભીજીયાં બોલ્યાં વાણી:
'ઊઠો, દીઓરિઆ! હૂં હસતી હુતી.' તત્ક્ષણ "મેહલૂં પાણી." [× મૂકું. **હીપા૪.**]

૪. a–b. °ન, ધન યમુનાત્રટ, ધન્ય કૃષ્ણ રાધા રાણી. **હીપા.** c. °આ ! તારી. **બ.** c–d. "ભણે નરસૈંયો તે દીથી નાથ છબીલાશૂં પ્રીત બંધાણી." **હીપા.**

[ભીમઃ—] પદ ૨ જૂં-રાગ એજ (એકતાલી)

કોણ છબીલો નિ કોણ છિ નાથ ?
કોણિં દીધો તાહરિ માથિ હાથ ?
વિષયા શૃઙ્ગાર માંહિં ભીનો રહાં;
હરિ મલવાનો એ મારગ કયહાં ? ૧

લમ્પટપણૂં તૂં મૂકી દ્યિ.
અણબોલ્યો અધ્યાતમ ગ્રિહિ.
જ્ઞાન--વૈરાગ--પન્થ જો સ્યલ્યે,
ગ ર્ભ વા સ ત ણૂં દૂ ખ ટ લિ. ૨

આ સહૂ સન્યાસી કિહિ છિ તૂનિં.
પછિ કહીશ, વારયુ નહિ મુહનિં.
ભીમ ભણિઃ **નરસિંઆ** ! કાં ભમિ ?
ગુરુ વ્યના જ્ઞાન ન હોઇ કયમે. ૩

[મ્હેતોઃ—] પદ ૩ જૂં-રાગ આશાવરી (એકતાલી)

ભાઇ ભોજાઇઇં રીસજ કીધીઃ **નરસિંહાની** કેહી પિરિ ?
રીસાવ્યો ગ્યો વનમાં; ત્યહાં સેવા સાચી શિવની કરી. ૧

ચૈત્ર સુદિ સપ્તમી સોમવાર **નરસિંઇં** મન્ય કીધુ બ્યચાર;
તપ માંડ્યૂં મહા ઉગ્ર મોટૂં; હૂં રહ્યો [નિરન્તર] વન મોઝારિ. ૨

ગોપેશ્વરિં કહ્યૂં સ્વપ્ન માંહિઃ ‘માગાં તે આપૂં તૂંહનિં.’
મિં માગ્યૂંઃ‘(જ્યે) સ્વામી ! તમનિં વાહલૂં, તે ક્રિપા કરીનિં દીજિ મુનેં. ૩

પદ ૨ જૂં:—૧. b. મેલો. બ. મૂકયો. **હીપા.** કુણિ તારિ મસ્તકય દીધો હાથ. ગ. c. °યરસ માંહાં ભીનો રહે. **હીપા.** d. °ગ **નહીં.** બ. કહિ ગ. કેહ. **હીપા.** ૨. a. લટપટપણૂં તૂં મેહેલી દિ. અ. b. °મ લિ ગ. c. સીધો વૈ°. **હીપા.** °ગ જો પન્થિ. ગ. →ફ પ્રતિ °**થ જો સ્યલેથી** શરૂ. d. ° સ તણો ભે. બ °નો ફેરો. ફ-**હીપા.**

૩. a. સરવ. **હીપા૪**-બ-**હીપા.** હૂં ને. ફ. c. °આ ! ભૂલો કાં. બ. d. °ઇ તુનિ. ગ. °ન ન લહીએ. બ. °રૂ. મારગ ન લહે. **હીપા૪.**

પદ ૩ જૂં:—**રાગ ગોડ઼ી. હીપા.** ૧. a. કઠિણ કાર્ય મુને ભાભીએ કીધું.—આ ચરણ પછી ગમાં વધારેઃ-“ ઘણું રે પેચારણ માંડીનિ ઘિરચ, બારિ પોહોર બિશી રિહિ આંગણ્ય.” b. રીસાવી ગયો વન મુઝાર. **હીપા.**-આ ચરણ પછી ગમાં વધારેઃ—

“ કો વારે એને વાંકા કરતો, બૂધ્ય એહની બૂડી,
નાહિ ધોય નિ ઝાલિ જપમાલા; કચરણી માંડી કૂડી રે. ૨.
c. °વનમાં ગઓ રે કરતો મન્ય વિચાર રે.
સાચી સેવા શિવની માંડૂં; એ કીધો નિરધાર રે. ૩.

૧. c-થી ૩ સુધીને બદલે **હીપામાં**:—“તીવ્ર તપ મેં વનમાંહાં કીધો. પ્રસન્ન થયા મુને શ્રી ત્રિપુરાર.” ૨. b. રહ્યો નિરન્તર સારથ. અ. c. મા ઉગ્ર તપ માંડ્યો મોટો. ગ. ૩. d. °નિં થાપ્યૂં. ગ.

ભોલા ચક્રવર્ત્ય પ્રસન્ન હૂઆ નિ આવી મસ્તકય દીજિ હાથ;
સોલ સહસ્ર ગોપી-વૃન્દ રમતાં રાસ દેખાડ્યો વૈકુણ્ઠનાથ. ૪
હિત જાણી પોતાના માટિ મહાદેવ બોલ્યા વચન તે વારિઃ
'નરસિંઆ! તૂં લીલા ગાજે, યે કીધી કૃષ્ણ-અવતાર.' ૫

[ભીમઃ—] પદ ૪ થૂં-રાગ એજ

આગિ કલિયુગના લોક વિષયી, વલી તે વિષયા ગાઇ.
કૃષ્ણિ કીધૂં, તે જો આપણ કીજિ, લોક રહિશિ એ વાત સાહી. ૧
કૃષ્ણિ જોનાં ગોવર્ધન ધરિઓ, તે આપણે કયમ ધરયો જાય?
કૃષ્ણિ જોનાં કાલીનાગ નાથ્યો, તે આપણે નાથ્યો કયમ જાય? ૨
કૃષ્ણિ તેહવાં કીધાં વછ-બાલક, હરયાં હૂતાં જેહવાં બ્રહ્માય.
કૃષ્ણિ જોનાં દાવાનલ પીધો, તે આપણે કયમ પીધો જાય? ૩
થા સન્યાસી; જૈ રહિ કાશી; ભલુ હૂઆ તો નિર્ગુણ ગ્રિહિ.
ભીમ ભણિઃ કહ્યૂં કરિ માહરૂંઃ ગર્જના કરીનિં 'રામ' કહિ. ૪

[મ્હેતોઃ—] પદ ૫ મૂં-રાગ એજ

ગરઢા થૈશિ ત્યવારિં રામ કહીશિ;
હવડાં કહ્યાનો માહરિં ખપ નથી.
છેલ છબીલો નિ છોગાલો;
તેહનિં મેહલીનિં બીજો ભજવો નથી. ૧
થડ મૂકીનિં ડાલ કૂણ સાહિ?
મોદક મૂકીનિં ગિહિશ કૂણ ખાય?
રંગીલો છબીલો છાંડીનિં,
તાહરા મગવાણિઆનિં કૂણ ધાય? ૨
કૃષ્ણ માત ને કૃષ્ણ તાત માહરિ,
સગો સહોદર કૃષ્ણ સહી.
કો મુહુનિં નન્દો; કો મુહુનિં વન્દો;
મિં ગોબ્યન્દજી મૂકવો નહીં. ૩

---

૪. a. °લા શઙ્કર.હીપા. a-b. "ત્યારે પ્રભુજીયિ પ્રસન્ન થઈને મસ્તકય દીધો હાથ." ગ. c. °પી સું. હીપા. સઙ્ગ. બ. °માં. ગ. d. મિં તો દીઠા. ગ. ૫. a-b. "હેત કરીને મુને શિક્ષા દીધી, કૃપાનાથ ઉમયા ભરતાર." હીપા.

પદ ૪ થૂં :—રાગ ગોડી. હીપા. રાગ સારંગ. : ગ. ૧. b. તે માંહે તું વિ° હીપા. c. તે ચાલાં આ બ-હીપા૪. d. એવૂં લોક ધરિ મન માંહિ. ગ. ૨. b. કીધૂં જાય. ગ. ધરાય. હીપા૪-બ-હીપા. d. ન થાય. હીપા૪-બ-હીપા. કયમ તે સામૂં જોવાય? ગ. ૩. a. નવાં કરાં. બ. °ધાં નવાં વાછરૂ. ફ. a-b. "કીધાં ક્રિષ્ણ નવાં વાછરૂ; ભૂલવિઓ બ્રહ્માય." ગ.-ગમાં લીટી ઊ૦ પા૦ d. પીવાય. હીપા૪-બ-તત્રિ-ફ.—હીપામાં ૩જી કડી નથી. ૪. b. ભોલાં નિર્ગુણ નામ ગ્રહો. ગ. c. °ણિઃ નરસૈંઆ નાગર! ગ. d. °રી મુખિ. હીપા. નિરભિ નિર્મલ રામ કહો. ગ.

પદ ૫ મૂં :—રાગ ગોડી હીપા. રાગ રામગરી. ગ. ૧. a. રામ તો ગરઢા થાસુ ત્યારિં કેહિશું. ગ. c. રંગીલો. બ. d. મૂકીને. હીપા૪. ૨. b. હરષ ત્યજીનિ શોક કુંણ ગાયિ? ગ. કુર મૂકીને કુકસ કો ખાય? હીપા. c. છપનભોગી મારો છિલછબીલો, અ. d. મુગતવાંછણિઆનિં.-ફ. મગરસ રામ તારો કુંણ ખાયિ? અ. ૩. a. માતતાત મારો કૃષ્ણ કૃપાનિધિ.ગ. b. શ્યામ.ગ. c-d. "પૂરણાનંદ સકલ ઘટ પૂરણ, રામ વિના હુંનિ સૂઝિ નહિ." ગ.

સનક--સનન્દન--મુનિજન--વૃન્દન.
તે ઠાકુર માહરિ રુદિ રિહિ,
'વનમત્ત રહિ—ગિરિવરધારી;'
ગ્રહિવા બિરદ ગોવ્યન્દજી ગ્રિહિ. ૪

પૂરણ સદા પરમ હિતકારી;
દોહલૂં દાસ તણૂં મન સહિ.
રિહિ, રે ભીમડા! વાઉ તૂંહનિં;
ગર્જના કરીનિં [મુખિ] 'કૃષ્ણ' કહિ. ૫

[ભીમઃ—] પદ ૬ ઠ્ઠું-રાગ એજ

શ્રીરામ સ્વામી! એક રાવ સાંભલાંઃ હૂં દીન ઊપિરિં કરજ્યો દયા.
મદમચ્છર અહઙ્કાર માયા; સંસારસાગરતીર [તેહ] રહ્યા. ૧

કામ્યે ક્રોધિં કપટિં લોભિં તેણે લુશીનિં માહરૂં સર્વસ લીધૂં.
આણિં મારગિં આવતાં જાતાં, સઞ્ચિત સુકિત [સવિ] મિથ્યા કીધૂં. ૨

સમરથ સ્વામી તૂં, રઘુનન્દન! ભણિ ચૌદ ભુવનનુ ભૂપ.
તમ વણિ અવરિ કહૂં કૂણ આગિલિ? સાંભલો, સ્વામી અનન્ત સ્વરૂપ! ૩

દીનાનાથ અશરણ-શરણાગત! ન કરિ સાર, તો તમનિ કૂણ ગણિ?
ત્રાહિ, ત્રાહિ, ત્રિભુવન-પતિ નાયક! બિહૂ કર જોડીનિં ભીમ ભણિ. ૪

[મ્હેતોઃ—] પદ ૭ મૂં-રાગ એજ

અદેખા લોક તે અલગટ બોલિ; મરમ ન જાણિ કાંય રે.
જયેહનાં મન જયેહશૂં બન્ધાણાં, તે કયમ મૂકયાં જાય રે? ૧

---

૪. a. વસુદેવનન્દન-મુનિવર-ગ. c. મુનિવ્રત-આહારી હીપા૪-બ-ફ. કુંજબિહારી. હીપા. ઊ. પા. d. વેહે.ફ. ૫.a. °ણાનંદ ભક્તહિં°. ગ-ફ. °બ્રહ્મ સદા હિં° હીપા. b. નવ્ય સહિ. ફ-ગ-હીપા. c.°ડા! લવલવ કરતો. ગ. ભણે નરસૈહો, કહ્યૂં કર મારૂં. હીપા-હીપા૪. વારૂં છૂં ભીમડા. બ. d. છેલછબીલો શ્રી°. ગ. કરી મુખિ. હીપા.

પદ ૬ ઠ્ઠું:—હીપામાં આ પદ નથી. રાગ સારંગ. ગ. ૧.a. શ્રીકૃષ્ણ° હીપા૪-બ-તવિ-ફ. b. મુજ દીન. ગ. મુનિ દીન જાણીને.બ. a. મહાસાગર હીપા૪. °રતીરે. બ. રસ્ય નરસંઆનિ રસી રહ્યા. ગ. ૨.a. °ધે લંપટ. બ. કપટપટ માંડ્યો. ગ. b. શરણ્ય તમારે નાવિ. ગ. લિઊં હીપા૪-બ. c-d. "કલેશ કરિ દૂખ દિ અતી મુઝનિ, તમ કુણ સમઝાવિ." ગ. c. અર્પણ મારગ. ફ. d. °થ્યા નીગમિઊં. હીપા૪-બ. →b. °ભુવનનુ ભૂપથી ક પ્રતિ શરૂ. c-d. "તૂં વિના-એ દૂખ કુહુનિ કહીચિ, મારા સ્વામી અકલ સ્વરૂપ?" ગ. c. ભણીચિ. ફ. ૪.a. °થ! મારિ શરણ તમારો. ગ. b. જીતિ નરસંઓ એ કવણ ગણે. ગ. c.°પતિ ઠાકરા. બ. °રાઘવ. ગ.

પદ ૭ મૂં:—રાગ આશાવરી. ગ. હીપા. ૧.a. અટકલ- બ-ગ. અટકટ. ફ. અણઘટ (તૂં) ૫-હીપા. c. બાંધ્યાં. હીપા૪-બ-ક. જે જેહવા તે તેહવું દેખિ. ગ. d. મેહલ્યાં ક. જે વશીકે મન માંહિ રે. ગ. તે કેહી પેરે મુકાય રે. હીપા.

સાહમૂં જોતાં સહૂનિં દેખિ; પ્રીત્ય ભલી મન માંહ્ય રે,
સ્નેહચા કારણ કો નવ્ય જાણિ; (તેહનાં) નયણાં અલગ જણાય રે. ૨

વાહલાશૂં એકાન્તિ રમીઈ, કો આગિલિ નવ્ય કહીઇ રે.
મૂજનિં પ્રેમ ઘણેરો, બિહિની! જયે બોલિ તે સહીઇ રે. ૩

સુન્દરી બોલિઃ સુણો, સહેલી! હરિ વશ મન માંહે રે.
નરસિંઆચા સ્વામી! કહૂં તૂંનેઃ વૃન્દાવન લેઇ જાયે રે. ૪

[ભીમઃ—] પદ ૮ મૂં-રાગ ધન્યાશ્રી (તાલ ઝપટ)

એક અવનીધરા! દેવ દામોદરા!
કહૂં ગુણ તોરડા કવણ વાણી?
વાણી વિવિધ પિરિ, રૂપનિષ્ય ભૂપત્ય!
કોણે અવિગતિ તોરી ગત્ય ન જાણી. ૧

વિશ્વપાલક! સાર કરિ બાલક તણી;
ટાલિ ફેરા ગર્ભવાસ કેરા.
શરણ દ્યો, શ્રીહરિ! દીન જાણી કરી;
ઇસા સમરથ નહિ [કો] અનેરા. ૨

સગુણ સારિઙ્ગધર! સુન્દર શુભમતિ!
વીનતી, જગપતિ! સુણો, સ્વામી!
સંસાર-પાર ઊતારે, કરુણાનિધ્ય!
ગોવ્યન્દ! ગોપાલ! ગરુડગામી! ૩

૨થી ગ નીચે પ્રમાણે આપે છેઃ—

"તરૂઅર તાડ નિં તરૂઅર આંબો, રહિ રવ મધુકર-પૂર રે.
વાંક નથી ત્યહાં વસંત વીઠલો; ભીમ! વિચારે, ભૂર રે! ૨

સાહામુ જોતાં સહુજન દોષિ; નેહનુ કારણ જાણો રે.
રસ જોવા આવિ નિ રસીઓ, સોલસહસ્રનો રાણો રે. ૩

છેલછબીલો નિ સંગ્ય સુંદરી, એહવો હરી વશીઓ મનમાંહિ રે.
નરસંઆનો કિહિ તૂં રસીઓ, તુનિ વૃંદાવન્ય લેઇ જાઇશ રે. ૪

૨. a. સહૂજન. ક. જન પ્રીછે. ફ. બાહ્ય પદારથ સહુકો જાણે. હીપા. c. ણ ઐસા જાણે. ક. સ્નેહી પુરુષનું કારણ મોટું. હીપા. d. લોચન ફ. ૩જી કડી બ-ક-ફ-હીપામાં નથી. ૪. c. ભી ભલે મિલિઆ. હીપા૪.—હીપા ૪થી કડી આમ વાંચે છેઃ—

"સાંમળીઓ માહારે રૃદે સમાયો, તે જાુઠડા લોક નવ જાણે રે.
ભણે નરસૈંયો, સૂણ જોગીડા, ફોકટ શાહાને તાણે રે?"

પદ ૮ મૂંઃ—બધી પ્રતિયોમાં આ પદ છે. હીપા પ્રતિમાં આ પદ નરસિંહના મુખમાં મૂકાયેલૂં પ્રાપ્ત છે.—રાગ કેદારો. ગઃ સીંધૂડો, ન; રામગ્રી-હીપા. ૨.c. શંકર શારદા નિગમઆગમ હરિ! હીપા. પિરિં, ઉપનિષદ ઊપરિ. ગ. d. તોરી અવિં. ગ. ૩.a. સુઘડ સાં. હીપા૪. રા શ્રીપતિ!

રામ! તવ નામ ઊચરિ જે ભક્તજન,
મુક્ત્ય—સમ્પદા સદા તેહ તણિ.
દાસનો દાસ સેવક ચરણે રહ્યો;
બિહૂ કર જોડીનિં **ભીમ** ભણિ. ૪

[મ્હેતોઃ—] પદ ૯ મૂં-રાગ એજ (પડતાલ)

છાની વાત હૂતી તે (વાહલિં) પ્રગટ કીધી;
સહૂ જન દેખતાં (વાહલિં) બોલાવીનિં લીધી. ૧
અબલાચ્યા મારગ દોહલ્યા શિં ન જાણે,
જ્યે કહ્યૂં સમૃત્ય—વેદ—પુરાણ્યેં ? ૨
સકલ ધર્મ હરિશૂં સ્નેહ ઊપાય.
કૃષ્ણનાં ચરિત, [તે] કલ્યાં ન જાય. ૩
સાર વસ્તુ તે દીધુલાં [ફલ] કામી;
નરસિંઆચા સ્વામી ઊધરશિ નામિં. ૪

[ભીમ: —] પદ ૧૦ મૂં-રાગ એજ (તાલ ઝપટ)

જપ્યનિં જિહ્વાં વિમલ નામ રાઘવ તણૂં,
સુખકરણ સંસાર—દોષહરણં;
ભક્તજન સકલ મઙ્ગલનિધિ નામ જ્યે,
પઞ્ચ મહા પાતિકાં—નાશકરણં. ૧

હીપા. b. યદુપતિ, **હીપા.** ૪. a. ૨ ચાર જુગ, ભગત મુક્ત. **હીપા** ૪. c. ક શરણેજ, **બ–ક.** "તે તણા દાસનો ચરણ સેવક સદા." **ન.—હીપામાં** ચોથી કડી આ પ્રમાણે છે:—

"નન્દના નન્દ! મુકુન્દ! મુરલીધરા! ગોકુલચન્દ! ગોવિન્દ! ગોપાળ!
નરસિંઆચા પ્રભુ! સાહિ કરચ માહરી; શરણગત તણી લીજે સમ્ભાળ."

—૨જી કડીથી ગ આમ વાંચે છે:—

"વિશ્વપાલક ધણી! કરિ સાર બાલક તણી, અપરાધ છિ અમ તણા, નાથ! નેરા.
વાત કહુ છુ ઘણી, જાણ્ય, યાદવ ધણી! ટાલ્ય ફેરા ગ્રભવાસ કેરા. ૨
એક આ શરણ દિ, શ્રીહરિ! દીન જાણી કરી. સગુણ સારંગધરા! આવ્ય નેડો.
સાંભલો શુભમતિ! માહરી વીનતી, જગપતિ જાણીનિ આપ્ય છેહો. ૩
પાર ઊતારિ, તૂં પ્રગટ પુરુષોત્તમ! ગોવ્યન્દ! ગોકુલપતિ! ગરુડગામી!
ભીમનો નાથ રઘુનાથ ભજ્ય, નાગરા! સકલા છે લોકનો એક સ્વામી." ૪

પદ ૯ મૂં:—હીપામાં આ પદ નથી. ૩. a. હરિ સેહેજે. **હીપા૪.** ૪.a. સરવ તત્વફલ દીધુલાં કામી. **હીપા૪–બ–ક.** સર્વ તે ફલ દીધૂલાં કામી. **૫.—ગ.** આ પદ આમ વાંચે છે:—

"છાની હુતી તે છબીલા તિં પ્રગટ કરી.
દૂરીજન દેખતાં રે નરષુ તિ નજર ભરી.
અબલાચો મારગ છિ અતિ દોહલો; દોહલો લોકાચાર રે.
વેદ નિ પુરાણે ઞિણિ પિરિ ઓચરિ; સપ્રીત દિ તેની સાખ્ય રે. છબીલા વાહાલા૦
પ્રીતડી કરીનિ રે રષે તું પરહરાં. કૃષ્ણજી! તું કલ્યો રે ન જાય,
ભીમડો નિ ઘણું રે મુજનિ પરભવિ, જો એ રષે જીતીનિં જાય રે. છબી૦
જન આવી મ્યલા રે કરતા કપટ–વિચાર રે.
નરસંયાનો સ્વામી મ્યલ્યો રે, વાધ્યા રંગ અપાર રે. ૭૦"

પદ ૧૦ મૂં:—હીપામાં આ પદ નથી. **રાગ રામગરી.** ગ. ૧.a. નામ નિરમલ. **તમિ.** જીલ!

સમરિ સારિઙ્ગધર—ચરણજયુગ—અમ્બુજ°;
છાંડિ [નિં] વિષિ—મત્ય અવરચ કૂડી.
અખિલ યુગજીવન°, પાપ—ભવ—ટાલણ°,
કરિનિં ગોપાલશૂં પ્રીત્ય રૂડી. ૨
નિરખે નયણ્યેં ગદાધર—પદ પઙ્કજ°;
પૂજિ, પરણામ કરિ વારવાર°.
ભાવશૂં કૃષ્ણ—ગુણ સુણિનિં શ્રવણ્યેં સદા;
મોક્ષસાધન માંહિ એહ સાર°. ૩
કલિયુગે યાગ—વ્રત—દાન—જપ—દુર્લભ°.
કોએ નાવિ હરિ—રામ—તોલિ.
ભીમ [ભણિઃ] કૃષ્ણ શૂં કર જોડી વીનવિ ?
દેવ—મહાદેવ તૂં એહ બોલિ. ૪

[મ્હેતોઃ—] પદ ૧૧ મૂં-રાગ એજ (પડતાલો)

વિષયી તારચા રે, વિષયી તારચા; વિષયી તારતાં ન લાગી વારિ.
મહાપતિત હૂતા તે પાવન કીધા કૃષ્ણજીયાં ધરી અવતાર. ૧
કોયે કિહિશે, વિષયી કયહા તારચા ? જિણિ જનિં એ રસ ચાખ્યો;
મન—કર્મ—વચન ગોવ્યન્દજીનિં અરપ્યાં; [માહરો] નાથજી હૃદિમાંહિ રાખ્યો. ૨
ધ્રુવ તારચો છે અપરમાતા—મિષ્ય; નામદેવની બલિહારી.
ઇશાં વચન સુણી હરિ હશિઆ અન્તરિં દેવ મુરારિ. ૩
ભીમડા ! મિં દીઠો છે રઙ્ગીલો વિનોદી. તિં મગવાણિઓ ધ્યાયો.
ધનિ વૃન્દાવન, ધનિ **નરસિંઓ**, જ્યેહનિં નાથ હૃદિ સમાયો. ૪

[ભીમઃ—] પદ ૧૨ મૂં-રાગ એજ (તાલ જિત)

જો ગિરિ મોટો તો મન્દરાચલ રે,
તોહ્ય તે સાગર માંહિ ભીંજિ.
જો સાયર બહુ વિસ્તાર ઘણેરો,
તોહ્ય તે ધરણ્ય ઊપિરિ ધરીજિ. ૧

જપ્ય નામ તુ વિમલ શ°. ગ. b. (°તુ) શોક° બ-ફ-ગ. **તન્નિ.** c–d. ફ—ગમાં નથીજ. ૨. c. અખિલ-જનપાલણી તાપ-ભવ ટાલણી. ગ. ૩.b. પૂજ્ય કરચ. પ્રણામ. ક—ફ-ગ. કરો પર°. **તન્નિ.** c. કૃષ્ણને સેવે સદા. ફ. ભાવ શૂં સેવ્ય નિ કૃષ્ણગુણ સર્વદા. ગ. d. મુખ્ય સાધન- ક. °માહા સારસાર° ગ. ૪.a. જ્યાગજપ તપ ઘણાં કપટ કલિજુગ તણાં, ગ. c. ભીમ બહૂ કર જોડીનિ કૃષ્ણની વિનવિ, ગ—ફ—ક. **તન્નિ.** d. દેવનો દેવ તું વેદ બોલિ. ગ.

પદ ૧૧ મૂં :—હીપામાં આ પદ નથી. ૧. a. °રે વાહાલે મારે વિ°. ગ. ૨.a. કિહા. ક. કયમ. ગ. b. જેહેણે હરિરસ. **હીપા૪.** જેણે વિષિરસ. ગ.—ગમાં લીટી ઊ૦ પા૦ ૩.a. અપર માથી ધ્રુવજી તારચા. ગ. c. જેહનાં વ°. ગ. ૪. a. °ડો છબીલો. ગ. b. ગાયો. ગ. d. હરિ હૃદેમાંહિ. ક—ગ.

પદ ૧૨ મૂં :—હીપામાં આ પદ નથી. ૧. b. તો સાગરમાં ભીનો તેહ. **હીપા૪.** °**હરે;** **તોહ્ય તે**—ત્યાંથી એક પાનૂં ફ્નૂં તૂટે છે. c. ૨ અતિસે ધીર સાહેલડી. **હીપા૪**—બ—ક. તે

જો ધરા [અતિ] વિસ્તાર ભણીજિ;
તોહ્ય શેષમસ્તકચ (મણિ)કણાકાર કહીજિં.
જો શેષ સમરથ નાગ ભણીજિ,
તોહિ તે હર—ઉર—હાર સોહીજિ. ૨

જો મહાદેવ મોટા અતિ કહીઇ;
તેહ તાં અષ્ટમૂર્તિ શઙ્કર દેહ;
શૈલ—સાગર—ધરા—શેષ—શઙ્કર—સહિત
વસે સકલ હરિમુખિ તેહ: ૩

એહવા છે હરિ, વિશ્વ પોતે ધરઇ;
રિદે સમાય તે સન્ત તણિ.
કવણ સાધન થકી હરિ વશ્ય વરતે?
મૂકય હઠ, નાગરા! **ભીમ** ભણિ. ૪

[મ્હેતોઃ—] પદ ૧૩ મૂં-રાગ એજ (પટ તાલ)

તે કયમ મૂકીઇ રે? અવલક્ષણુ મૂકયો ન જાય.
તેહના યૌવનની બલીહારી, (જયેહનિ) કૃષ્ણજી રુદિ સમાય. ૧
અંહમ્યો છૂં વૈષ્ણવ છેલછબીલાના; તેહમાં તૂં ન જાણૂં કાંઇ.
લલિતા ભામા નિં ચન્દ્રભાગા, ચન્દ્રાવલીનિં દીધુ સાંઇ. ૨
નરસિંઓ ત્યહાં શૃઙ્ગાર ગાશેઃ **ભીમ**ડો રીશિં મરશિ.
આપણ બિહૂએ વિવાદ માંડયો; ન જાણીઇં કોણ તરશિ. ૩
એ રસનો સ્વાદ શઙ્કર જાણિ કિ જાણિ શુક જોગી;
કિ જાણિ છિ [સવિ] વ્રજની નારી, કિ **નરસિંઓ** ભોગી. ૪

[અપૂર્ણ]

સાગરનિ મોટો કહીજિ. ગ. ૨. a. જો પ્રથવી અતિ મોટી જાણો. ગ. b. શેષનાગ શિર ઠરીઅિજી. ગ. c-d. "શેષ નાગો મોટો સમરથ, કુરમ ઈંશ કંઠય હારીજિ." ગ. ૩. a-b. જો મોટા માહાદેવ કહીજિ, મૂરત્ય અષ્ટ અવતારજી.'' ગ. c-d. "ધરા શેષ સહિત શિવ સાગર, દ્રુમ પરવત હિવાઅજી." ગ.

પદ ૧૩ મૂં :—રાગ સામેરી. ગ. રામગ્રી. હીપા. ૧. a-b. "મેહેલીઅિ.....મેહેલ્યો," ગ. c-d. "સૂક્ષમરૂપ સામળો માહારો, માહારા રૃદે માંહે સમાય." **હીપા.** ૨. a. હું છું છેલછબીલાનો સેવક, ગ. b. તું શું સમઝાં ભેદ કાંઇ રે. **હીપા.** c-d. "ચન્દ્રભાગા ચન્દ્રાવલીભામા, હરિઅિ લલિતાનિ દીધુ સાંઅિ રે." ગ. "વૃન્દાવનમાંહાં કૃષ્ણ છબીલો તે ગોપીને દે સાંઇ રે." **હીપા.** ૩-૪ ગમાં ઉ૦ પા૦ ૩. a. સદા ગાશે. **હીપા.** b. બળીને મરશે. **હીપા.** c. મે વાદ મંડાણો. **હીપા.** d. સાચો હશે તે તરશે રે.—આ ૩જી બદલ ગમાં :—

"મિં ગાયો મારો નવરસભોગી. ભીમડા! તિં માંડી હાંશી રે.
છિ બલીઓ મારો છિલછબીલો. તારો નિર્ગુણ જાશિ કાશી રે."

૪. b. ગોપીએ શું લીધો માગી રે. **હીપા.** c-d. "ભલી પેરે પીધો સનકાદિક તેહેનો નરસૈં વિભાગી રે. **હીપા.**

નરસિંહ યુગના કવિઓ

સંપાદક :-**શ્રી. કનૈયાલાલ માણેકલાલ મુનશી**, એમ. એ.; એલએલ. બી.

[અનુસંધાન અંક ૩ જો. પાનુ ૮૩ મું]

૫

કીર્તિમેરૂ

(સં. ૧૪૯૭)

આ કવિએ સં. ૧૪૯૭ માં પોતાના હસ્તાક્ષર કર્યા છે, એવો એની નોંધપોથીનો ગ્રંથ[1] મળ્યો છે. એ ગ્રંથમાં એણે પોતાનાં રચેલાં કેટલાંક કાવ્ય લખ્યાં છે અને બીજાં કેટલાંક બીજાઓનાં બનાવેલાં પણ લખ્યાં છે. વિશેષ કરીને એમાં પોતાને ઉપયોગી થઈ પડે એવી વિવિધ હકીકતોનો સંગ્રહ છે. આ કવિ કયા ગચ્છનો અને એનો ગુરૂ કોણ તે કદાચ એ ગ્રંથ હાથ ઉપરથી જાણી શકાય, ખરૂં. એ ગ્રંથમાં સંવત્ ૧૫૧૩માં રત્નાકર સૂરિએ પોતાના હસ્તાક્ષરથી કંઈક નોંધ કરેલી છે. આ નોંધ કવિનો સમય નિર્ણય કરવામાં ઉપયોગી થઈ શકે. " વસંતવિલાસ " અને "ફાગ" એ કાવ્યોનો કર્તા નતર્ષિ અથવા નય ઋષિ આ કવિનો શિષ્ય હોવાનો સંભવ છે. આ કવિનાં કાવ્યોમાં "ત્રિભુવન ચૈત્ય પ્રવાડી " એ ખાસ ભણવા જેવું છે. એમાં કવિના કાળમાં ક્યાં ક્યાં સ્થળોએ જૈનતીર્થો હતાં તે વર્ણવ્યું છે. જુઓ :—

> સમેઈ સેત્રુજિ, સિરિ અઠાવઈ, સોપારિ સિરિ રેવઈ પાવઈ;
> જીરાઉલિ, ફલવૃદ્ધિ, રયણપુર નઈ સિરિ સાચુરિઈ;
> થંભણ, ઘોઘ, મહુય ડાડઈ, ઉનઈ દીવ પ્રસિદ્ધ. ૧૮
> ....જંપઈ કીરતિમેરૂ ૨૨

આ પ્રમાણે તીર્થનાં બધાં સ્થળ એમાં ગણાવાયલાં છે.

બીજું કાવ્ય " અંબિકા છંદ " છે, તે શબ્દાલંકારવાળું ટુંકું કાવ્ય છે.

> સુગુણ મંદિર અતિહિ સુંદર, સિર સિસહર ધારિણી;
> કાનિ કુંડલ, સૂર મંડલ, લીલ ગજગતિગામિણી.
> રૂપ રંભકિ, વયણ ચંદકિ, નયણ પંકજ હારિણી;
> નયણિ અંજન, જનહ રંજન, ભવહ ભંજણ ભામિણી. ૧
>
> × × ×
>
> કિરતિમેરૂ જંપતિ. પાપ લુંપતિ, જયઉ અંબિક સામિણી. ૪

નેમિનાથનાં કાવ્યો :—

> અવિકલ સકલ કમલદલ કોમલ, વદન નયન કર પાય;
> શ્રવણ યુગલ વર રવિ શશિ મંડલ કુંડલ કલિત સુકાય. ૧
> **કિર્તિમેરૂ** મુનિવર બોલઈ સામી સામલવન્ન. ૨

---

૧ આ ગ્રંથ શ્રી વિજયધર્મસૂરિના સમૂહમાં ઉપાધ્યાય શ્રી ઇંદ્રવિજયજી પાસે છે.

૨ આ પ્રવાડી છપાઈ ગઈ છે.

જગગુરૂ ગુરૂ જગરક્ખણુ, જગપહુ, જગબંધવ જગજાણુ;
હરિહર બંભ સુરાસુર ખેચર માનઈં નરપતિ આણ.
અવિગત, અવિચલ, અપર પરમપર અકલ અમલ અરિલંત;
અતુલ અંગ જિત અરિ જણુગંજણુ, ગજગનિ ગુણ ભગવંત. ૪

આમ કવિનાં કાવ્ય લલિત શબ્દાલંકારથી સજાવેલાં કર્ણપ્રિય છે :—

૬

વસંતવિલાસ

(સં. ૧૪૯૫ની આસપાસ)

આ કાવ્ય સન ૧૮૯૨માં સાક્ષર શ્રી કેશવલાલ ધ્રુવે 'ગુજરાત શાળાપત્ર'માં પ્રકટ કર્યું ત્યારથી રસિક વાચકોને એની મોહિની લાગી રહી છે.* કાવ્યનો વિષય, એનું નામ સૂચવે છે તેમ, વસંત ઋતુના વિલાસનું વર્ણન છે. વિષય જેમ મોહક છે તેમ કાવ્યની રચના પણ શબ્દાલંકારવાળી અને 'ફાગ' નામે ઓળખાતી પ્રાચીન શૈલીની છે; આથી એ કાવ્ય વાચકોને વધારે પ્રિય થઈ પડયું છે. એ કાવ્ય કોણે ને કયારે રચ્યું તેનો સ્પષ્ટ ખુલાસો મળી શકયો નથી: પરંતુ સં. ૧૫૦૮ માં લખાએલી પ્રત મળી આવવાથી એવું અનુમાન થઈ શકે છે કે એ કાવ્ય સં. ૧૫૦૦ ની લગભગમાં રચાયું હશે. આ કાવ્ય માત્ર એક જ પ્રત પરથી પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું, તેથી તેમાં અશુદ્ધિઓ રહી ગઈ હતી. અહિં એની બીજી પ્રત મેળવી ઘણીખરી અશુદ્ધિઓ સુધારી લીધી છે; કાવ્યનો નમુનો આ પ્રમાણે છે :—

પહિલઉ સરસતિ અરચિસુ, રચિસુ વસંતવિલાસ;
ફાગ પયડ પયબંધિ હિં, સંધિ યમક ભલ ભાસ. ૧.
પહુ તિય સમર વિસિ વરતિ, હિવ રતિ તણીય વસંત;
પસરઈ દહ દિસિ પરિમલ, નિરમલ થયા દિસિ અંત. ૨.
વસંત તણા ગુણ ગહગહ્યા, મહમહ્યા સવિ સહકાર;
ત્રિભુવનિ જય જયકાર, પિકા રવુ કરહિં અપાર. ૩

× × ×

જિમ જિમ વિહસઈ વણસઈ, વણસઈ માનિનિમાનુ;
યૌવનમદિ હિં તુ દંપતી, દંપતી થાહિં યુવાન. ૪.

× × ×

વનિ વિલસઈ સવિ કામુક, યા મુક હૃદય ચિરંગી;
કામ જિસ્યા અવલેસર, વેસ રચઈ વર અંગિ. ૯.

---

૧. સરસ્વતીને પ્રણામ કરીને જાણીતા 'ફાગ' પદબંધ વડે યમકસંધિવાળી સુંદર 'ભાસ' રચનાથી 'વસંતવિલાસ' રચીશું. ૨. પતિપત્ની સ્મર(કામદેવ)ને વશ વરતે એવી વસંત ઋતુ હવે આવી. દશે દિશાએ પરિમલ પ્રસરી રહી, અને દિશાઓ અંતપર્યંત નિર્મળ થઈ. ૩. વસંત ઋતુના ગુણ પ્રકટ થયા. આંબા મઘમઘાટ થઈ રહ્યા. ત્રિભુવનમાં જયજયકાર થઈ રહ્યો. કોયલો ટહુકા કરવા લાગી. ૫. જેમ જેમ વનસ્પતિ વિકાસ પામતી ગઈ તેમ તેમ માનિનીનાં માન મૂકાવા માંડ્યાં યૌવનમદ વધવા લાગ્યો ને દંપતી યુવાન થવા લાગ્યાં. ૯. જેમ મૂંગો પોતાના મનની વાત પોતે જ જાણે તેમ સર્વ કામીજનો વનમાં એકાંતે વિલાસ કરવા લાગ્યાં. સ્વભાવત: જ સુંદર એવા કામદેવ પણ નવનવા વેશ રચવા લાગ્યા.

* તે પછી દિ. બ. કે. હ. ધ્રુવે સને ૧૯૨૭માં ગુ. વ. સો. તરફથી પ્રસિદ્ધ થયલા "પંદરમા શતકમાં પ્રાચીન ગુર્જર કાવ્ય"માં પાને ૧૫ થી પાન ૨૩ માં સુધીમાં આ કાવ્ય સંપાદિત કરેલું છે, અને તેમાં અહીં ઉપયોગમાં લીધેલી આ પ્રતિનો ઉપયોગ કરેલો છે.

નવયૌવન અભિરામ તિ રામતી કરઈ સુરંગિ;
સ્વર્ગિ જિસ્યાં સુરબ્રા સુર, રાસુ રમઈ વર અંગિ. ૧૧.
મયણુ જિ વયણુ નિરોપઈ, લોપઈ કોઈ ન આણ;
કિસલય મિસિ અસિ તાકઈ, હાકઈ માણિણિ માણ. ૧૨.
કોઈલિ આંબુલા ડાલિહિં, આલિહિં કરઈ નિનાદ;
કામ તણઉ કરિ આયસુ, આઇસુ પાડઈ સાદ. ૧૩.
ઈણ્ણિ પરિ કોઈલિ કૂજઈ, પૂરઈ જુવતિ મણોરથ;
વિધુર વિયોગિની ધ્રૂજઈ કુ જઈ મયણ કિશોર. ૧૪.
ચાંપુલા તરુવરની કલી, નીકલી સોવનવાન;
મારગુ માર ઉદીપક, દીપક લિય સમાન. ૧૫.
કેસુ કલિ અતિ વાંકુડી, આંકુડી મયણચી જાણિ;
વિરહિણીનાં ઈણ્ણ કાલિ જ, કાલિજ કાઢઈ તાણિ. ૧૬.

× × ×

અમિય કલશ કુચ તાપણિ, થાપણિ તણીય અણંગ;
તિહજઉ રાખણહાર રે, હાર કિ ધવલ ભુયંગ. ૨૪.
નમણુ ન કરહિ પયોધર, યોધ રે સુરતિસંગ્રામિ;
કંચુકુ તિજહિ સંનાહુ રે, નાહુ મહાભડ પામિ. ૨૫.

× × ×

પાડલ છઈ અનિ કુંવલી, તું અલિ મ ધંધોલિ;
તું ગુણિ વિધુ તિ સાચઉ, કાચઉ મહી મ વિરોલી. ૫૨.

× × ×

બાલઈ વિલસિવા વિવરનિ, ભમર નિહાલઈ માગુ;
આવરિયા જિણિ નિયગુણ, નીગુણ સ્યણી તુય લાગુ ? ૫૬.

× × ×

ઈણિ પરિ નાહુ તિ રીઝવી, સીઝવી આણઇ કાંઈ;
ધનુ ધનુ તે ગુણવંત, વસંતવિલાસુ જિ ગાંઈ. ૫૮.

× × ×

૧૧. નવયૌવનના ઉત્સાહથી રંગભરી રમતો રમવા લાગ્યાં. સ્વર્ગમાં દેવદેવાંગનાની પેઠે સુંદરીઓ પતિ સાથે રાસ રમવા લાગી. ૧૨. કામની આણ કોઈ રોકી શકતું નથી. કામદેવ કમળતંતુઓ રૂપી તરવાર તાણી, માનિનીનાં માન ઉતારવા લાગ્યો. ૧૩. સખી ! કોયલ આંબાની ડાળ પરથી ટહુકો કરી, સાદ પાડી, કહે છે કે હવે કામદેવનો હુકમ માનજો. ૧૪. કોયલ એ રીતે ટહુકા કરે છે; યુવતીઓના મનોરથ પૂર્ણ થાય છે; વિધુરો અને વિયોગિનીઓ ધ્રૂજે છે; અને મદનકિશોર પૃથ્વી ઉપર જય મેળવે છે. ૧૫. કામદેવનો માર્ગ ઉજાળનાર દીપક જેવી સુવર્ણવર્ણી ચંપાની કલિ નીકળી છે. તે વટેમાર્ગુઓને કામોદ્દીપન કરે છે. ૧૬. જાણે કામદેવની આંકડી હોય તેમ કેસુડાની વાંકી કલિ વિરહિણીઓનાં કાળજાં ખેંચી કાઢે છે. ૨૪. અમૃત ભરેલા કુચ તે જાણે કામદેવની થાપણ હોય એવા દીસે છે. અને તેને જાળવવા આ ધોળો મૌક્તિકનો હાર છે? કે ભુજંગ છે? ૨૫. સંગ્રામમાં યોદ્ધાઓ નમન કરતા નથી, તે પ્રમાણે સુરતસંગ્રામમાં પણ પયોધર નમતા નથી. નાથ, મહાયોદ્ધો, મળતાં (દ્વંદ્વયુદ્ધમાં લડનાર બખતર ઉતારે છે તેમ) પયોધરે બખતરરૂપ કંચુકી તજી દીધી. ૫૨. હે ભમરા ! આ પાડલની કલિ હજુ બહુ કુમળી છે, માટે તું એને વીખેરતો નહીં. તું ગુણવેધુ-ગુણરસિક છે એ ખરું, પણ પૂરું જામ્યા વગરનું દહીં વલોવતો નહીં. ૫૬. જેનાં વર્ણ પૂર્ણતા પામ્યાં નથી એવી બાલકલિકા સાથે વિલાસ કરવા ભમરો માર્ગ શોધે છે. જેના ગુણ ઢંકાઈ રહેલા છે એનો તને નગુણાને શો મોહ લાગ્યો છે? ૫૮. એ રીતે નાથને રીઝવી બોધ દઈને ઠેકાણે લાવે છે, એવો વસંતવિલાસ ગાય તેને ધન્ય છે.

કંટક સંકટિ એવડઈ, કેવડઈ પઈસી ભૃંગુ;
છયલપણઈ ગુણુ માણઇ, જાણઈ પરિમલુ ચંગુ. ૭૨.

આ કાવ્ય મૂળ ત્રણ ભાષામાં છે. પહેલો સંસ્કૃત શ્લોક, તેની નીચે પ્રાકૃત ગાથા, અને તેની નીચે ગુજરાતી ટુંક, એ પ્રમાણે આખું કાવ્ય ત્રણ ભાષામાં છે. આપણુને માત્ર ગુજરાતી ઉપયોગી હોવાથી તે જ ભાગ અત્રે ઉતારી લીધો છે. ગુજરાતી ટુંકો ૮૬ છે. અમને આ કાવ્યની એક બીજી પ્રત મળી છે. તેમાં ત્રણે કાવ્યની ૫૮–૫૮ ટુંકો છે. એ પ્રત પચાશેક વર્ષ પછીથી લખાએલી છે. પહેલી પ્રતમાં અમર્યાદ શૃંગારની કેટલીક ટુંકો છે તે બીજી પ્રતમાં નથી; તેમ જ કેટલાંક ચરણો પણ ફેરબદલ કરેલાં જોવામાં આવે છે. એ ઉપરથી એમ લાગે છે કે કાવ્ય રચનાર કવિએ જ તેને પાછળથી ફેરવ્યું હશે. જૈન સાધુ આવો અમર્યાદ શૃંગાર વર્ણવે, એ અયુક્ત લાગે છે. તેથી તેણે પોતે જ પાછળથી ફેરફાર કર્યો હોય, એ સંભવિત છે. કાવ્ય રચનાર તરીકે કવિએ પોતાનું નામ આપ્યું નથી, તે પણ આવા કારણથી જ હોવું જોઈએ. આની પછીનું 'ફાગ' કાવ્ય જોયાથી આ વાતની ખાતરી થશે.

ગુજરાતી ભાષામાં શબ્દલંકારવાળાં કાવ્યો અતીવ વિરલ હોવાથી, તેમ જ આ કાવ્ય રસભર્યું હોવાથી વાંચનારને એ અસાધારણ લાગે, એ સ્વાભાવિક છે; પરંતુ પ્રાચીન કાવ્યોનું નિરીક્ષણ કરતાં એ કાવ્યમાં અપૂર્વતા જેવું બહુ ઓછું હોય એમ જણાઈ આવે છે. નેમિનાથને ઉદ્દેશીને રચાએલું એક કાવ્ય, બરાબર આને મળતું ત્રણે ભાષામાં છે. નેમિનાથ વિષે એક બીજું ગીત પણ છે. તેની થોડીએક લીટીઓ જોવાથી માલમ પડશે કે કાવ્યનું વસ્તુ નવું નથી. જુઓઃ—

મલયાગિરિ રલિયાવણઉ, દક્ખિણિ વાઈઉ વાઉ;
અહે કેમિણિ મનહ સુહાવણઉ, પહુતઉ રતિ તણઉ રાઉ. ૧.
અહે જિણ વિહસઈ, સયલ વણસઈ, અલિકુલ ચાલિ કરાઈ;
અહે કોઈલ લવઈ ટહૂકડે, મોરિય અંબ વણાઈ. ૨.

× × ×

અહે વાલઉ વેઉલ વઉલસિરિ, સોવન કેતકી જાઇ;
અહે પાડલ પડિમલુ મહમહઈ, વાઉ સુગંધહ વાઈ. ૪.
અહે પીણ પયોહર અપચ્છર, ગૂજરધર ચિય નારે;
અહે ફાગુ ખેલઈ તે ફિરિ ફિરિ, નેમિ જિણંદહ બારે. ૫.

૭

નતર્ષિ

(ફાગુ)

(સં. ૧૪૯૫ આસપાસ)

'ફાગુ' એટલે બરોબર 'વસંતવિલાસ'નો જોટો, એ જ રચના, એ જ વિષય, અને એ જ ચાતુરીવાળું બીજું વસંતવિલાસ. પ્રથમ કાવ્યમાં સામાન્ય સ્ત્રીપુરુષનાં વસંતવિહાર કે વિયોગનું વર્ણન છે; દ્વિતીયમાં કૃષ્ણ અને તેની પટરાણીઓનો વિલાસ વર્ણવાયો છે.

૭૨. કાંટાનું આવું મોટું સંકટ વેઠીને પણ ભમરો કેવડામાં પેસે છે, કારણ કે તે ઉત્તમ પરિમલનો જ્ઞાતા છે. તેથી સુજ્ઞપણે એકાન્તે પરિમલરૂપ ગુણ માણે છે.

પહેલાનો શૃંગાર ઉછળતો છે, બીજાનો પ્રૌઢ છે. પહેલાને ગાતાં કૈંક સંકોચ થાય; ત્યારે આ નિઃશંક ગાઈ શકાય. કેટલીએક પંકતિ એવી ને એવી એકમાંથી બીજામાં આવી છે, અને કેટલીએક પંક્તિમાં શબ્દો જુદા પણ ભાવ એક ને એક જ. બન્નેની થોડી લીટીઓ સરખાવી જોઈએ. એટલે તરત સમજાઈ જાય છે કે બંને કાવ્યોનો કર્તા એક જ છે.

વસંતવિલાસ	ફાગ
પહિલઉં સરસતિ અરચિસુ, રચિસુ વસંતવિલાસ.	પહિલઉં પણમિસુ સરસતિ, સરસ તિ કવિતવિલાસ.
પથિક ભયંકર કેતુ કિ, કંપઇ વિરહિણી સાથ.	પંથિય જણમણ કંપએ, વિરહિણી હિઈ હિવ ધ્રૂજએ
વિધુર વિયોગિની ધ્રૂજઈ, કૂજઈ મયણકિશોર.	કૂજએ મુજ પિય અંગ.
દહ દિસિ પસરઈ પરિમલ, નિર્મલ થ્યા નભઅંત.	દિસિ દિસિ ફૂલિ વણરાઈ, જાઈ બહુલ સુગંધિ.
કેસુકલી અતિ વાંકુડી. આંકુડી મયણંચી જાણિ.	કણયર ફુલી અતિ વાંકુડી, આંકુડી મયણચીં જાણિ.
વિરહિણીનાં ઈણ કાલિજ, કાલિજ કાઢઈ તાણિ.	યુવતિચેતન ચોરક. કોરક કમલ વખાણિ.

આમ બંને કાવ્યોને સરખાવી જોતાં બંનેનો કર્તા એક જ હોવો જોઇએ, એવું અનુમાન સહજ થાય છે. વસંતવિલાસ ગાતાં જૈન સાધુને શરમાવું પડે એમ હતું. એ કાવ્ય લોકપ્રિય થયા વગર નહીં રહ્યું હોય. એ લોકપ્રિય કાવ્યનો પોતે કર્તા છતાં એનું નામ લોકો જાણે નહીં, એ તેના કર્તાના મનમાં ખુંચ્યું હશે, એથી એણે આ બીજું કાવ્ય રચ્યું હોવું જોઇએ. આ કાવ્યમાં કૃષ્ણનો વિહાર વર્ણવ્યો, એટલે એ ગાવાને માટે કોઈથી વાંધો લઈ શકાય નહીં. આ કાવ્ય કયાં રચ્યું છે તે કવિએ સ્પષ્ટ રીતે જણાવ્યું છેઃ—

દાણિણિ સંપન્ન, નગઈ સોવન વન્નઃ
રચિઉ ફાગુ એ, સિવસુણ માગુ એ. ૬૩.

ધાનેજા-પાટણ પાસે આવેલા ગામમાં આ 'ફાગ' રચાયો છે. એનો કર્તા કોણ તે ગુજરાતી કાવ્યમાં જણાવ્યું નથી; પણ સંસ્કૃતમાં આ શ્લોક છેઃ—

भवे भवे भवे देव कुरुते कुरुते रतिम् ।
रमा रमा रमा राम तस्य येन **नयोनते** ॥ ६६ ॥

नयोनते એવો પાઠ લઇ રમાને તથા રમારમણને જે નમે છે તે ઉન્નત થાય છે, એમ અર્થ કરીએ તેના કરતાં રમારમણ તથા રમારામને **નય** નમે છે, એ અર્થ વધુ સંભવિત લાગે છે.

એ પછીનો શ્લોક આ પ્રમાણે છેઃ

पौराणैः कीर्तितो देव त्वामेव भुवनाधिपः ।
नतर्षिः श्री जगद्वंद्यो ज्ञानी ध्यानी गुणी कविः ॥

આમાં જગદ્વંદ્યને (नत+ऋषि) નમે છે ઋષિ; અર્થાત્ કૃષ્ણને ઋષિઓ નમે છે એવો અર્થ કરવામાં આવે, પણ મારા સમજવા પ્રમાણે વધારે સરળ અર્થ તો એ જ છે કે નતર્ષિ કવિ જગદ્વંદ્યને અને જ્ઞાની, ધ્યાની, મુનિ કવિ સર્વને નમે છે. આમ આ કાવ્યના કર્તાનું નામ નયર્ષિ અથવા નતર્ષિ સંભવે છે. નયનસાગર, નયઋષિ એવાં નામો જૈન સાધુઓમાં પ્રચલિત છે.

કાવ્યની ૪૯ મી પંકતિ આ પ્રમાણે છેઃ—

> કીરતિ મેરૂ સમાણ, કો નવિ લંઘઇ આણ;
> તઉ જગિ અતિ સુજાણ. સારંગધર૦—૪૯

એ લીટીઓનો અર્થ જેની કીર્તિ મેરુના જેવડી છે એમ કહી શકાય. પરંતુ હું ધારું છું કે આ રીતે કવિએ પોતાના ગુરુનું નામ કહ્યું છે. એમ માનવાનું કારણ એટલું જ કે કીર્તિમેરુ નામના વિદ્વાને પોતાના હાથે પોતાના ઉપયોગ માટે રાખેલી નોંધપોથી—જેમાં સંવત્ ૧૪૯૭ માં પોતે લખી છે એવો એણે ઉલ્લેખ કર્યો છે તે—માંથી આ કાવ્ય ઉતારી લીધું છે. બીજું કારણ એ છે કે આ કવિની પેઠે કીર્તિમેરુને પણ શબ્દાલંકાર બહુ પ્રિય છે. કીર્તિમેરુનાં મળી આવેલાં કેટલાંક કાવ્યો પરથી લાગે છે કે કીર્તિમેરુની એ શબ્દાલંકાર-પ્રિયતા એના શિષ્યમાં પણ આવી.

હવે આપણે 'ફાગ'નું સ્વરૂપ જોઈએ.

એમાં પ્રથમ સોરઠ અને પછી સારિકાનું વર્ણન છે. એ પછી કૃષ્ણનાં પરાક્રમ અને વૈભવનું યશોગાન છે. એક વખતે વનદેવે આવીને કૃષ્ણને કહ્યું કે "મહારાજ! દશે દિશાઓ નવી થઇ છે; વસંત ખીલી રહી છે; કામદેવ ભેટવા આવે છે; માટે આપ પધારો." કૃષ્ણ આનંદ પામ્યા. અને સહસ્ર પટરાણીઓ તથા પોતાના પરિવાર સાથે વનવિહાર કરવાને સંચર્યા. અહીંથી વન તથા સ્ત્રીઓના શૃંગારનું બ્યાન શરુ થાય છે. વનમાં કૃષ્ણે પટરાણીઓ સાથે રાસ ખેલવા માંડચો. એણે મોરલી વગાડવા માંડી, ને ગોપાંગનાઓએ તાલપૂર્વક નાચવા માંડયું. રાસ રમતાં રમતાં કૃષ્ણ વનમાં જતા રહ્યા ને સર્વ પટરાણીઓને ઘેર જવાનું કહ્યું. પરંતુ ગોપીઓએ આડી ફરીને એનો માર્ગ રોકી રાખ્યો, ને જુદી જુદી પટરાણીઓ સાથે કૃષ્ણે વનક્રીડા કીધી.

આ પ્રસ્તુત કાવ્યનું વસ્તુ છે. કૃષ્ણનો રાસ સૌને વિદિત જ છે. પરંતુ બધા કવિઓએ રાસભૂમિ તરીકે વૃન્દાવન જ પસંદ કર્યું છે; અને કૃષ્ણ સોળ સહસ્ર સ્ત્રીઓ પરણે, દ્વારિકાના રાજા થાય, પુત્રને ત્યાં પરિવાર થાય તે પછી ઘરડે ઘરડપણ વાંસળી વગાડીને રાસ રમવા નીકળે, તેના કરતાં યૌવનનો આરંભ પણ ન થયો હોય એવી કિશોરાવસ્થામાં રાસ રમે, એ વધારે ઉચિત અને વધારે શોભાસ્પદ લાગે છે. વળી કવિ કૃષ્ણની સ્ત્રીઓને ગોપી કહે છે તે પણ અયુક્ત લાગે છે; કારણ કે વ્રજના ગોવાળીઆઓની પત્નીઓ તે ગોપીઓ—દ્વારિકાની પટરાણીઓ નહીં.

હવે કાવ્યનો નમુનો જોઇએઃ—

> વન્નિસુ ફાગિ નરાયણ, રાયણમઈ જસુ પાઇ;
> તસ ગુણ અણુદિણુ ખેલત, હેલ તજાંઈ અપાઈ ૨
> જંબુય દીવિંઈ ભણિએ, સુણિય એ સોરઠ દેસ;
> પવરગઆગર ગરૂઉ, વરૂઉ નહિ સન્નિવેસ. ૩
>
> × × ×

---

૨. રાજાઓ જેને ચરણે નમે છે અને જેના ગુણને અનુસરતાં દુષ્કૃત્યો ક્ષણમાં દૂર થાય છે એવા નારાયણનું 'ફાગ' વડે વર્ણન કરીશ. ૩. જંબુદ્રીપમાં સોરઠને નામે ઓળખાતો મોટો દેશ છે; જ્યાં વાસસ્થાન વરવાં નથી અને જે 'પ' વર્ગનો મોટો આગર છે. (અર્થાત્ 'પ' વર્ગના અક્ષરો—પ, ફ, બ, ભ, મ, એનાથી શરુ થતા નામવાળા પદાર્થો-પાન, પુષ્પ, પદ્મિની, પરિમલ, પ્રવાળ, પર્વતઃ ફળ, ફુલ; બળ, બળદ; ભક્ત, ભોજ્ય પદાર્થો; મણિ, મોતી, મરાલ ઇત્યાદિ—જ્યાં ઉભરાય છે.)

રાજ કરઈ શ્રીરંગ, ઘરણી જસ શ્રી રંગ;
યાદવનાયકુ એ, વાંછિતદાયકુ એ. ૮.
જરાસિંધુબલ લોડિય, મોડિય નરપતિ લાખ,
સ્વભુરિ કુળંબ ઊગારિય, તારિય જાદવસાખ. ૯.

× × ×

અઢૈયુ

ઉત્તર દક્ષિણ દેસ, પૂરવ લિઈ સવિશેષ;
પશ્ચિમ રાજીઉ એ, નહિ પરાજી એ. ૧૫.
ગોપિય સહસ અઢાર, બિહુ ઊણૂ પરિવાર;
રૂવિહિં રતીવતીએ, ગૃહગુણ ગણવતી એ. ૧૬.

ફાગુ

આવિય માસ વસંતક, સંત કરઇ ઉત્સાહ;
મલયાનિલ મહિ વાયઉ, આયઉ કામગિદાહ. ૧૭.

× × ×

અઢૈયુ

સોહઇ ફલિ સહકાર, કોઇલિ કરઈ ટહકાર;
પંચમ રાગૂ એ, જણાસુહ ભાગૂ એ. ૨૧.

× × ×

નારિય તનના રંગ, અભિનવ કુલ નારંગ;
સિરિ ભરિ સુરતરુ એ, મોહઈ સુરનરુ એ. ૨૩.
ચંદન નંદન ગંધ, ભોગિય ભોગિ સંબંધ;
અભિકુલ રણઝણાઈ એં, કામી કુણકુણઈ. ૨૪.

× × ×

રાસક

વણવરિ આદિય પ્રભુ વીનવિઉ, નવિ દસદ્ધ દિસરિ રે;
માધવ માધવ ભેટણ આવિન દેવ મુરારિ રે. ૨૮.

---

૮. શ્રીરંગ–શ્રીકૃષ્ણ–ત્યાં રાજ્ય કરે છે. તેમની રંગવતી શ્રીલક્ષ્મી ગૃહિણી છે. એ યાદવોના નાયક, વાંછિત આપનારા છે. ૯. જરાસંઘનું બળ ભાંગીને અને લાખો નરપતિઓનાં માનનું મર્દન કરી, એણે પોતાના કુટુંબને યુદ્ધમાંથી ઉગારી લીધું અને યાદવકુળ તાર્યું. ૧૫. ઉત્તર, દક્ષિણ અને ખાસ કરીને પૂર્વના કોઈ પણ મનુષ્યથી જેનો પરાજય થયો નથી, એવા એ પશ્ચિમના રાજા છે. ૧૬. અઢારમાં બે ઓછા–અર્થાત્ સોળ સહસ્ર ગોપીઓનો એમને પરિવાર છે. રૂપમાં એ રતિના જેવી છે, અને ગૃહિણીના ગુણોના ભંડારરૂપ છે. વસંત માસ આવ્યો; સંતોએ ઉત્સાહ કરવા માંડયો; મલયાનિલ ગાવા માંડયો અને કામદેવની ગદા આવવા લાગી. ૨૧. આંબાઓ ફળ વડે શોભવા લાગ્યા; કોયલેએ ટહુકા કરી જનોને સુખકર એવો પંચમ રાગ ગાવા માંડયો, ૨૩. રમણીઓનાં શરીરનો વર્ણ જાણે નવીન જાતનો નારંગી રંગ હોય એવો જણાવા લાગ્યો. તેઓ માથે સુગંધિત વાનીઓ ઘાલવા લાગી અને તે જોઈને દેવો અને પુરુષો મોહ પામવા લાગ્યા. ૨૪. ઉત્સાહિત કરનારી ચંદનની ગંધનો ભોગીજનો ઉપભોગ કરવા લાગ્યા. ભમરાઓએ ગુંજારવ કરવા માંડયો અને વિયોગી કામી જનો કણકણવા લાગ્યા. ૨૮. વનદેવે આવીને પ્રભુને વિનંતી કરી કે 'દશે દિશાઓ નવું રૂપ પામી છે. કામદેવ માધવને ભેટવા આવે છે, માટે મુરારિ! આપ પધારો.'

વાત સુણી પ્રભુ મણિ અતિ હરખિય, નિરખિય ગૃહપરિવાર રે;
નિજ પરિવારિઇ જાદવ પહુતુ વનહ મઝારિ રે. ૨૯.

થણભરિ નમતી તરૂણી કરૂણી, વરૂણી ચરણ સંચારિ રે;
ચાલઇ ચમકત ઝમકત નેઉર, કેઉર કટક વિશાલ રે. ૩૦.

× × ×

વેણિય વયણિ મિષંતરિ, ભિંતરી રહિઉ સિરિ નાગ;
અધરરંગ પરવાલિય, આલિય નાવઈ ભાગ. ૩૩.

× × ×

અઢૈયુ

ગજવડિ પહિરઈ બાલ, સિરિવરિ મોતિય જાલ;
કરજિત કમલૂ એ, અતિ નખ વિમલૂ એ ૩૭.

× × ×

ફાગુ

કઠઇ ઉસરવરિ ધાટડી, વાટડી જાઈ રમંત;
કંઠિ મનોહર કિન્નરી પય પણમંત. ૪૦.

આંદોલા

નાચઈ ગોપિયવૃંદ, વાઇ મધુર મૃદંગ;
મોડઈ અંગસુરંગ, સારંગધર વાઈન મહુયરિ એ,
કુલવણુ મહુયર એ. ૪૧.

× × ×

ગાઈ અભિનવ ફાગ સાંચવઇ શ્રી રાગ;
નવગતિ મૂંકઈ પાગ, સારંગધર૦— ૪૩.
કર લિઇ પંકજ નાલ, સિરિવરિ ફેરઈ બાલ;
છંદિ હિ વાજઇ તાલ, સારંગધર૦— ૪૪.

× × ×

---

૨૯. આ વાત સાંભળીને પ્રભુ ઘણા હર્ષિત થયા, પોતાના ગૃહપરિવાર તરફ જોયું; ને પોતાના પરિવારને સાથે લઈને વનમાં પહોંચ્યા. ૩૦. સ્તનભારથી નમતી અને મદોન્મત્ત હાથણીઓની પેઠે ચાલતી તરુણીઓનાં નૂપુર ઝંકાર કરવા લાગ્યાં અને વિશાલ કેયૂરકટક ચમકાર કરવા લાગ્યાં. ૩૩. ગુંથેલો ચોટલો જાણે વેણીને મિષે અંદર નાગ રહ્યો હોય એવો દેખાય છે; અને પરવાળાનો રંગ તેમના હોઠના રંગની સરખામણીમાં હારી ગયો. ૩૭. બાલાઓએ ગજવડી પહેરી છે. માથા પર મોતીની જાળી પાડી છે. હાથ વડે કમળને જિત્યાં છે, અને તેમના નખ અતિ ઉજ્જવળ છે. ૪૦. સુંદરીઓ માથે ધાટડી ઓઢીને રસ્તામાં રમત રમતી જાય છે. એમનો કંઠ પોતાને પણ મુગ્ધ કરે એવો છે, એમ જાણી કિન્નરીઓ તેમને ચરણે નમે છે. ૪૧. યાદવકુલરૂપી વનના મધુકર સારંગધરે મોરલી વગાડવા માંડી, એટલે ગોપીઓ ટોળે મળીને નૃત્ય કરવા લાગી. કોઈએ મૃદંગ વગાડવા માંડયું; અને કોઈ પોતાનાં સુંદર અંગમરોડ વડે નૃત્યના અભિનય કરવા લાગી. ૪૩. શ્રીરાગનો આલાપ કરીને નવ નવા ફાગ ગાવા માંડયા. અવનવા છંદે તાલ આપીને પગ મૂકતી ગોપીઓએ નાચવા માંડયું ને સારંગધર મોરલી બજાવવા લાગ્યા. ૪૪. ગોપીઓ હાથમાં કમળનાળ લઈને માથા ઉપર ફેરવે છે; છંદે છંદે તાલ દે છે; સારંગધર વેણુ વગાડે છે અને ગોપીઓ નાચે છે.

તારા માહિ જિમ ચંદ, ગોપિય માહિ મુકુંદ;
પણમઈ સુરનર ઈંદ, સારંગધર૦— ૪૮.

× × ×

રાસ

ગોપિય લોપિય ઠાણુ નિરોપિય, વનિવનિ ભમઈ મુકુંદ રે;
અહ્મ વીચારી કિહિં સંચારી? ઓલિત કુલ નભ ચંદ રે. ૫૧.

વાટ ઘાટ સવિ બાંધઇ સહિયર, અહિયર તવ કુણ રંગ રે;
અહ્મ મૂકી તું કિમિ હિવ ચાલઈ? પાલઇ ગોપિય વૃંદ રે; ૫૨

× × ×

ફાગુ

ગોપિય ગોપતિ ક્રીડત, હીંડત વનહ મઝારિ;
મારૂતપ્રેરિત વનભર, વન ભર નમઈ મુરારિ. ૫૭.

× × ×

નિર્મલ જલભરિ ખેલત, હેલત હેલ અબાહ;
વાટઈ ચાલઇ છાંહડી, બાંહડી, પ્રિય ઉત્સાહ. ૬૦.

અઢૈયુ

ક્રીડા કરી ગોવિંદ, વિનમત સકલ નરિંદ;
પુહતા નિજ પુરીએ, સહિત અંતે ઉરીએ. ૬૧.

× × ×

દેવ તણુઉ એ ફાગ, પઢઈ ગુણઈ અણુરાગ;
નવનિધિ તે લહઈ એ, જે પણિ સંભલઈ એ. ૬૪.

---

૪૮. તારાઓમાં જેમ ચંદ્ર શોભે તેમ ગોપીઓમાં મુકુંદ દીપી ઉઠે છે. સુર, નર અને ઈંદ્ર જેમને પ્રણામ કરે છે એવા સારંગધર મોરલી વગાડે છે ને ગોપીઓ નાચે છે. ૫૧. ગોપીઓને ઘેર જવાનું કહીને મુકુંદ તેમનાથી છૂટા પડયા, અને વનમાં અહીંથી તહીં ફરવા લાગ્યા. ગોપીઓ શોચવા લાગી કે કુલનભના ચંદ્ર અમારી વચ્ચેથી કયાં ગયા? કહેતા કેમ નથી? ૫૨. સખીઓ બધા રસ્તા રોકીને ઉભી રહી. અભિસર! (કામવાસનાથી જનાર) આ તે તારી કેવી રીત? અમને છોડીને હવે તું કેમ ફરે છે? ગોપીઓનાં વૃંદ તારે શરણે છે. ૫૭. ગોપતિ—અર્થાત્ કૃષ્ણ અને ગોપીઓ ક્રીડા કરતાં વનમાં ફરે છે; અને આખું વન પવનથી પ્રેરાઇને મુરારિને નમે છે. ૬૦ નિર્મળ જળથી ભરેલા હોજમાં સુંદરીઓ સાથે મુરારિ ખેલે છે. અગાધ પ્રીતિની છાળો ઝીલે છે; વાટમાં પ્રિયનો હાથ ઝાલીને શરીરની છાયા જેમ સાથે ને સાથે જ હોય તેમ તેની સાથે ને સાથે જ ચાલે છે. ૬૧. જેને સર્વ નરેન્દ્રો નમન કરે છે એવા ગોવિંદ આ પ્રમાણે અનેક ક્રીડાઓ કરીને પોતાની પત્નીઓની સાથે પોતાની નગરીમાં પહોંચ્યા. ૬૪. દેવ વિષેનો આ ફાગ જે પ્રીતિપૂર્વક ભણશે કે પાઠ કરશે અથવા સાંભળશે તે સર્વ નવનિધિ પામશે.

૯

પંડિત દયાસિંહગણિ (ઉદયસિંહ)

(સં. ૧૪૯૭)

જૈન સિદ્ધાન્તના ગ્રંથો ગુજરાતીમાં ઉતારી લેવાની જરુર આ વખતે સર્વને સમજાઈ હતી, તેથી વિદ્વાન આચાર્યો આ કામ પાછળ લાગી ગયા હતા. પંડિત દયાસિંહગણિએ "સંગ્રહણી" ગ્રંથનો બાલાવબોધ રચ્યો છે. એ ગ્રંથની સં. ૧૬૪૨માં પંડિત આણંદલાભ ગણિએ લખેલી પ્રતિ અમદાવાદ ડેહલાના ભંડારમાં છે તે ખાસ જોવા જેવી છે. એમાં શબ્દો છૂટા પાડવાની નીશાની સાથે આખો ગ્રંથ લખ્યો છે. નમુના માટે તેમાંનો છેવટનો ભાગ લીધો છેઃ--

"એ સંઘયણિનુ વિચારમે બાલાવિબોધ પણુ ઇં કરતાં । કાંઇ અર્થ । ઉદુ કહવાણુ । હુઈ । કેતલુ અર્થ । ઘટતા ભણી અનેરૂ । અધિકાર । કહેવાણુ । હુઈ । તે મિછામિ દુક્કડ ॥ સંઘયણના વિચાર કેવલ । યંત્ર ડઇ । જાણીઈ । કેતલા વિચાર । આંકને વતરિ । વીર્તાિ । સમ્યગ । છીઇં । પુણુ । એ સંઘયણિની ગાથાંનુ । અર્થ । ગાઢઉ । દોહિલુ । છઇ । પુણુ 'જિસિઉ' અર્થ 'આવડતુ' હતુ । તિસિઉ 'આપણપાનઇ' સંભારવા ભણી લિખિઉ 'છઇ હિવિ સુજાણુ' દક્ષ મનુષ્યે । એ સંઘયણિનુ 'વિચાર આપણી બુદ્ધિઇં' વિચારી 'વિસ્તારવું । જે ભવ્ય જીવ છઇ' એ વિચાર કરતાં 'કર્મનુ ક્ષય' હુઇ । ચિત્તસ્થરીકરણ 'હુઇ' । તે ભવ્ય જીવનઈ 'ઋદ્ધિ' વૃદ્ધિ માંગલીક 'હુ' ॥ એ બાલાવિબોધ સામાન્ય સાધુ સાધ્વી 'શ્રાવક' શ્રાવિકાનઇં' । અર્થ જાણવા નઇં' ॥ સંવત્ ૧૪ સત્તાણુઇ 'દ્વિતીય શ્રાવણ શુદિ ૧૪ દિને' । તથા પક્ષિ ભટ્ટારક રત્નસિંહસૂરિ સાનિધ્યેઇ'।

પં. દયાસિંહ ગણિઇંને 'એ બાલાવિબોધ રચિઉ ॥ સંવત ૧૬૪૨ વર્ષે ભાદ્રવા વદિ ૨ દિને' લઘુશાલામાં' પં. આણંદલાભ ગણિ 'લિખિતં । તત્ર અહમન્નગરે"।

આમાં શબ્દો જેવા છૂટા પાડયા છે તેવા મૂલ પ્રતિમાં શબ્દો છૂટા પાડયા નથી. શબ્દો છૂટા પાડીને લખવાનો એ કાળે રીવાજ જ નહોતો. શબ્દો છૂટા પાડવા ઈચ્છતા લહીયા તે તે (શબ્દની પાછળ) ।। આ પ્રમાણે લીટી કરતા.

આ સમયે રચાએલા બાલાવબોધની જોડણી તદન શુદ્ધ છે. માત્ર જે પ્રતિઓ પાછળના કાળે લખાએલી હોય છે તેમાં જ પૂરેપૂરી શુદ્ધિ જળવાએલી હોતી નથી.

પાટણ ભંડારનો રીપોર્ટ સ્વ. ચીમનલાલ ડાહ્યાભાઈ દલાલે તા. ૨૮-૫-૧૫ને રોજ પ્રસિદ્ધ કર્યો છે. તેમાં આ બાલાવબોધના કર્તાનું નામ "ઉદયસિંહ" લખ્યું છે. એમણે જે પ્રતિ ઉપરથી નોંધ લીધી છે તે પ્રતિ સં. ૧૫૪૮ થી લખાયેલી છે. તેમાં ગ્રંથના અંતિમ ભાગનો ઉતારો આ પ્રમાણે કર્યો છેઃ

"સદ્ગુરુ કહલિ પૂછી વિશેઝ અર્થનું ગ્રહણુ કરિવઉં । જે ભવ્ય જીવ છઈ તેહ નઈ એ સંઘયણિનું વિચાર કહતાં કર્મક્ષય હોઇ તેહ તણુઇ ભવ્ય જીવઈ એ વિચાર જોઇયું જાણિવું જિમ તે ભવ્ય જીવનઈ ઋદ્ધિવૃદ્ધિ હોઇ । એ બાલાવબોધ સામન્ય સાધુ સુશ્રાવક શ્રાવિકાનઈ અર્થનઉં લવલેશ જાણિવાનઈ. સંવત્ ૧૪૯૭ વઉદ સત્તાણવઈ શ્રાવણસુદિ ચઉદસિ શુક્રવારિ તિણિદિન તપાગચ્છિ ભટ્ટારક શ્રીરત્નસિંહસૂરિ નઈ પંડિત ઉદયસિંહ એ બાલાવબોધ રચિઉ સમસ્ત માંગલિકનઇ અર્થ હોઉ ॥

ખરૂં નામ દયાસિંહ કે ઉદયસિંહ તે ઝાઝી પ્રતિઓ મેળવવાથી નક્કી થઇ શકે. એક જ પુરુષનાં બે નામ હોય, એ બહુ સંભવિત નથી.

ચર્ચાપત્ર

(૧)

વિશેષજ્ઞોને વિજ્ઞપ્તિ

વસ્તુપાલ-તેજપાલનાં માતા વિધવા હતાં ?

કોઈ પણ વ્યક્તિનું જીવનચરિત્ર યથાસ્થિત આલેખાય તે માટે વિશ્વસનીય સાધનો મળવાં જોઈએ. સમસમયી વ્યક્તિનું જીવન લખાતી વેળા પણ લેખકે કઈ કઈ બાબત ઉપર કેટલો આધાર રાખ્યો છે, લેખકનો એ વ્યક્તિ સાથે કેવો સંબંધ છે, ઇત્યાદિ અનેક હકીકતો તપાસ્યા પછી જ એ વ્યક્તિનું સમસમયી લેખકને હાથે લખાયેલ જીવનચરિત્ર પ્રામાણિક ગણી શકાય, તો પછી જે વ્યક્તિના જીવન દરમ્યાન તો શું, પણ અનેક વર્ષો વીત્યાં બાદ, અને તે પણ એ વ્યક્તિના જીવનની આસપાસ દંતકથા વગેરેના થર બાઝયા પછી, તેમ તે સત્યાસત્યથી મિશ્રિત બન્યા પછી, તેનો તાદૃશ ચિતાર આપવા કોઈ પ્રયત્ન કરે તો તેને પૂરેપૂરી સફળતા મળવી અશકય નહીં, તો દુઃશકય તો છે જ.

મૌર્ય ચન્દ્રગુપ્તનો વિચાર કરીશું તો જણાશે કે એની માતા મુરા શૂદ્ર હતી કે નહીં, એ કોયડો હજી સર્વસંમત થાય તેવી રીતે ઉકેલાયો નથી અને બલ્કે એ ન ઉકેલાય તો આશ્ચર્ય જેવું નથી, કેમકે એ વિષય પરત્વે પ્રકાશ પાડનારાં તમામ સાધનો આજે હજી યે પ્રાપ્ત થયાં છે ?

એવી જ રીતે કુમારપાલ ભૂપાલ એ ભીમદેવને [1]બકુલાદેવી નામની પણ્યાંગનાથી ઉત્પન્ન થયેલ હરિપાલના પુત્ર ત્રિભુવનપાલના પુત્ર ખરા કે નહીં, એ વિષે મતભેદ જોવાય છે.[2] વિ. સં. ૧૩૬૧ માં રચાયેલ પ્રબન્ધચિન્તામણિના ચોથા પ્રકાશમાં બકુલાદેવીને પણ્યાંગના તરીકે ઓળખાવાયેલી છે. આવી હકીકત પ્રબન્ધચિન્તામણિની પૂર્વેના

---

૧ આ જ નામ મહોપાધ્યાય શ્રીજિનમંડનગણિએ વિ. સં. ૧૪૯૨માં રચેલા કુમારપાલ પ્રબન્ધના ત્રીજા પત્રમાં છે. વળી શ્રીયુત જિનવિજયદ્વારા સંપાદિત અને "શ્રી સિંધી જૈન ગ્રન્થમાલા ગ્રન્થાંક ૧" તરીકે પ્રસિદ્ધ પ્રબન્ધચિન્તામણિના ૭૭ મા પત્રમાં પણ આ જ નામ છે. એ પત્રની પાદનોંધમાં ચઉલાદેવી એવું પાઠાન્તર નોંધાયેલું છે. અને તેને મુખ્ય પાઠ તરીકે શ્રી ફાર્બસ ગુજરાતી સભા દ્વારા પ્રકાશિત પ્રબન્ધચિન્તામણિના ૧૨૪ મા પૃષ્ઠમાં સ્થાન અપાયું છે. એના ટિપ્પણમાં ચઉલાદેવી, બકુલાદેવી, અને બઉલાદેવી, એમ ત્રણ પાઠભેદ નોંધાયેલા છે. વિશેષમાં ઉપર્યુક્ત સભા દ્વારા પ્રસિદ્ધ કરાયેલ પ્રબન્ધચિન્તામણિના ભાષાન્તર(પૃ. ૧૬૩)માં એક સ્થળે ચઉલાદેવી તો એક સ્થળે ચૌલાદેવી છપાયેલ છે.

૨ જેમ અત્ર કુમારપાલના દાદા હરિપાલની મા તે ભીમદેવ પહેલાની પણ્યાંગના હોવાનો નિર્દેશ છે, તેમ શ્રીચારિત્રસુન્દરગણિએ ભીમને જયન્તી નામની પત્ની હતી અને પછી તે કામલતા નામની વેશ્યામાં આસક્ત થયો, અને એ કામલતાનો પુત્ર તે ક્ષેમરાજ એવો ઉલ્લેખ કર્યો છે. જુઓ પ્રબન્ધચિન્તામણિનું ભાષાન્તર (પૃ. ૧૬૩, ટિ. ૩)

કોઇ ગ્રંથમાં હોય તો તે જાણવા તેમ જોવામાં નથી. જ્યાં સુધી મને ખ્યાલ છે ત્યાં સુધી કલિકાલસર્વજ્ઞ **શ્રીહેમચંદ્રસૂરિએ** આવો નિર્દેશ **દ્વ્યાશ્રય** મહાકાવ્યમાં કર્યો નથી. તો પછી **પ્રબન્ધચિન્તામણિ**માં આવો નિર્દેશ હોવાનું શું કારણ હશે, એ વિશેષજ્ઞો વિચારશે?

આવી એક હકીકત **વસ્તુપાલ** અને **તેજપાલ**ની માતાના સંબંધમાં પણ વિચારવા જેવી છે. એમની માતા **કુમારદેવી** વિધવા થયા બાદ તે **અશ્વરાજ** સાથે લગ્નસંબંધથી જોડાયાં અને તેના પુત્રો **વસ્તુપાલ** વગેરે છે, એમ કહેવામાં આવે છે. **શ્રીબાલચંદ્રસૂરિકૃત વસન્તવિલાસ** મહાકાવ્યની સ્વ૦ શ્રી **ચિમનલાલ દલાલે** લખેલી પ્રસ્તાવના(પૃ. ૮)માં તેઓ કથે છે કે—

" The story about Kumaradevi's being a window is mentioned in none of the Sanskrit works noted about and deserves no credit whatsoever."

અર્થાત્ **કુમારદેવી** વિધવા હોવાની વાત ઉપર નોંધેલા[1] કોઈ પણ સંસ્કૃત ગ્રંથમાં ઉપલબ્ધ થતી નથી, એટલે એના ઉપર કશું વજન આપવા જેવું નથી.

આ પ્રમાણે શ્રી. **ચીમનલાલ દલાલ, કુમારદેવી**એ વિધવા થયા બાદ લગ્ન કર્યાની હકીકતને અમાન્ય ગણે છે, પરંતુ શ્રીયુત **જિનવિજય** એથી વિપરીત મત ધરાવે છે. આના સમર્થનાર્થે ઈ. સ. ૧૯૩૩ ના જુલાઈની ૧૭ મી તારીખે "ગૂજરાત સાહિત્યસભાના માનદ સભ્યોની ભાષણમાલાનું પહેલું ભાષણ"[2] એ રૂપે તેમણે "પ્રાચીન ગૂજરાતના સાંસ્કૃતિક ઇતિહાસની સાધનસામગ્રી" નામના વ્યાખ્યાન (પૃ. ૩૨-૩૩)માં **શ્રીજિનહર્ષકૃત વસ્તુપાલચરિત્ર**ને અનુલક્ષીને જે ઉદ્ગારો કાઢયા છે તે હું અત્રે રજુ કરૂં છું:—

"આ જાતના બીજા બધા ગ્રંથો કરતાં આમાં અતિશયોક્તિ ઓછી નજરે પડે છે. પણ ગ્રંથકારે એક મહત્ત્વની વાતને જે રીતે ઓળવી નાંખી છે તે એમના કથનને જરા સત્યથી વેગળું મૂકે છે. વસ્તુપાલતેજપાલનાં માતા કુમારદેવી આશરાજ સાથે પુનર્લગ્નના સંબંધથી જોડાયાં હતાં, એ વાત મેરૂતુંગાચાર્યે પ્રબંધચિંતામણિમાં સ્પષ્ટ લખી છે અને તેનું સૂચન બીજા પણ તેવા પુરાતન પ્રબંધોમાં[3] તથા તે પછીના ગુજરાતી રાસાઓમાં સ્પષ્ટપણે કરવામાં આવ્યું છે, પરંતુ જિનહર્ષ પોતાના ગ્રંથમાં તે વિષેનો જરા પણ આભાસ થવા દેતા નથી, જો કે તેમની જાણમાં આ વાત અવશ્ય હોવી જ જોઇએ. પુનર્લગ્ન વિષે તે વખતે સમાજની કલ્પના હલકી હોવાથી પોતાના આવા લોકોત્તર ચરિત્રનાયકોને તેવા કહેવાતા સામાજિક કલંકથી અસ્પૃષ્ટ રાખવા માટે જ ગ્રંથકારે આ વાતને ઇરાદાપૂર્વક ટાળી દીધી હોય, એમ માનવાને કારણ છે."

અત્રે એ વાત સ્પષ્ટ કરવી જરૂરી જણાય છે કે **પ્રબન્ધચિન્તામણિ**માં વિધવાવિવાહની વાત છે ખરી, પરંતુ **કુમારદેવીનું અપહરણ** કરી, **અશ્વરાજે** તેને પોતાની **પ્રેયસી**

---

૧ આથી **કીર્તિકૌમુદી, સુકૃતસંકીર્તન** અને **વસન્તવિલાસ**નો તેઓ નિર્દેશ કરતા હોય એમ જણાય છે.

૨ આ ભાષણ છપાઈને પ્રસિદ્ધ થયેલું છે.

૩ આ પ્રબંધો કયા તે સૂચવાશે તો આનંદ થશે.

બનાવી હતી, એવો ત્યાં ઉલ્લેખ છે. વિશેષમાં એ પણ ઉમેરવું અનાવશ્યક નહીં ગણાય કે **ચતુર્વિંશતિપ્રબન્ધ**માં **કુમારદેવી**ના વિધવાવિવાહ વિષે કશો ઉલ્લેખ નથી.

શ્રીયુત **મોહનલાલ દલીચંદ દેશાઈ** પણ સ્વ. **દલાલ**ની પેઠે **કુમારદેવી**ના પુનર્લગ્નની વાતને સ્વીકારતા નથી. આ હકીકતના સમર્થન રૂપે "જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ" ના ૩૫૧-૩૫૨ મા પૃષ્ઠમાં તેમણે જે લખાણ આપ્યું છે તે અત્ર હું નીચે મુજબ રજુ કરૂં છું:-

"કુમારદેવી વિધવા હતી તે વાત ટિપ્પણ ૩૭૪ માં નોંધેલા ૧ થી ૧૧ પૈકી કોઈ પણ સંસ્કૃત પુસ્તકમાં નથી, તેથી તે વાત માનવા લાયક નથી."

સ્વ. **મણિલાલ બ. વ્યાસ** આથી વિરૂદ્ધ મત ધરાવે છે, એ હકીકત ઉપર્યુક્ત ઇતિહાસના ૩૭૮ મા ટિપ્પણમાં નીચે મુજબ નોંધવામાં આવી છે:—

"સ્વ. મણિભાઈ વ્યાસ જણાવે છે કે મેરૂતુંગ વસ્તુપાલ-તેજપાલથી લગભગ ૫૭ વર્ષ નજીક કાળમાં થયો તે વખતે બંને મંત્રીઓના વંશજો હયાત હોવા જોઈએ, લોકોને પણ ઘેર ઘેર એ વાત જાણીતી હોવી જોઈએ. એ વખતે કવિને વિશ્વસનીય માહિતી મેળવવાને પૂરેપૂરી અનુકૂળતા હતી. વસ્તુપાલ-તેજપાલ—यशसा वस्तुपालेन रुद्धमाकाशमंडलं જેમના યશથી આકાશ છવાઈ ગયું—તેમને માટે આવી નોંધ કરવી, એ જેવાતેવા જોખમનું કામ ન હતું. જો એ કાળના લોકોમાં સર્વત્ર આ વાત ચાલતી ના હોત તો વસ્તુપાલતેજપાલ જેવા યશસ્વી અને દાનવીર શ્રાવક માટે ગ્રંથકાર આવી નોંધ કદિ કરત નહીં. ગ્રંથકારને અનેક મહાપુરૂષોનાં ચરિત્રનો સંગ્રહ કરવો હતો એટલે પોતાની ફરજને અંગે તેણે આ હકીકત નોંધી છે."—શ્રી વાણીઆના જ્ઞાતિભેદ પૃ. ૧૬૪.

"આ રા. વ્યાસનો ઉલ્લેખ શ્રી જિનવિજયને વધારે વિચારશીલ અને પ્રમાણભૂત જણાય છે." જૈ. સા: સં. ૩-૧-૧૦૮.

શ્રીયુત **દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી પ્રબન્ધચિન્તામણિના** ભાષાન્તરના ૨૦૭ મા પૃષ્ઠગત ૬૫ મી ટિપ્પણીમાં નીચે મુજબ ઉલ્લેખ કરે છે:-

"પ્ર. ચિં. શિવાય કોઈ ગ્રંથમાં કુમારદેવી વિધવા હતી એમ કહેલું નથી. માત્ર એક વસ્તુપાલતેજપાળ રાસો પ્ર. ચિં. ને અનુસરે છે. છતાં વસ્તુપાલતેજપાલનાં છોકરાંનાં છોકરાં વાંચી સાંભળી શકે એવા સંભવવાળી સ્થિતિમાં મેરૂતુંગ જેવા જૈન આચાર્યે આવું લખ્યું છે, માટે એ તદ્દન ખોટું ન હોવું જોઇએ. સમકાલીનો આવી બાબતમાં મૌન રાખે, એ સમજાય એવું છે."

આ ઉલ્લેખ ઉપરથી જણાશે કે **પ્રબન્ધચિન્તામણિકાર**ની[૧] અનેક ભૂલો કાઢનાર શ્રીયુત **દુર્ગાશંકર** મુખ્યતયા **પ્રબન્ધચિન્તમણિ**ના જ આધારે વિધવાવિવાહનો મત સ્વીકારે છે.

---

૧ જુઓ **પ્રબન્ધચિન્તામણિ**ના ભાષાન્તરગત ઉલ્લેખો:—

પૃ. ૨, ટિ. ૫, પૃ. ૩૯, પૃ. ૫૩, ટિ. ૯૧, પૃ. ૭૩, ટિ. ૧૬, પૃ. ૯૬, ટિ. ૪૮, પૃ. ૯૯, ટિ. ૫૧, પૃ. ૧૪, ટિ. ૭૮, પૃ. ૧૬૮, ટિ. ૮, પૃ. ૧૯૮, ટિ. ૫૦ અને પૃ. ૨૧૪, ટિ. ૭૦, વિશેષમાં પૃ. ૫૪, ટિ. ૯૧, પૃ. ૮૦, ટિ. ૨૪ અને પૃ. ૧૨૪, ટિ. ૩૮ પણ વિચારવા જેવી છે.

આ સમસ્ત હકીકત ઉપરથી એ તારવણી નીકળે છે કે **મેરુતુંગ** સિવાય કોઈ જૈન પ્રસિદ્ધ સંસ્કૃત ગ્રંથકારે વિધવાવિવાહનો નિર્દેશ કર્યો જણાતો નથી. વળી વિવિધ રાસાઓમાં પણ શ્રી**લક્ષ્મીસાગરસૂરિ** (લગભગ સં. ૧૫૪૮), શ્રી**પાર્શ્વચન્દ્ર** (લગભગ સં. ૧૫૫૫) અને શ્રી**મેરૂવિજય** (લગભગ સં. ૧૭૨૧) એ ત્રણ સિવાયના કોઈએ રચેલ રાસામાં એનો નિર્દેશ જણાતો નથી; કેમકે શ્રી**હીરાનંદસૂરિ**એ સં. ૧૪૮૪ માં રચેલ રાસમાં તેમ જ શ્રી**સમયસુંદરે** સં. ૧૬૮૨ (૬)માં રચેલ રાસમાં વિધવાવિવાહ વિષે નિર્દેશ નથી. રા. **દલાલ** અને રા. દેશાઈ વિધવાવિવાહ વિરૂદ્ધ મત ઉચ્ચારે છે, જ્યારે શ્રી **વ્યાસ**, શ્રી **જિનવિજય** અને શ્રી **દુર્ગાશંકર** એની તરફેણમાં મત આપે છે.[1]

આવી પરિસ્થિતિમાં ઉપર્યુક્ત હકીકત વિષે શા અંતિમ નિર્ણય ઉપર આવવું ઉચિત ગણાય એ સંબંધમાં સપ્રમાણ વક્તવ્ય રજુ કરવા હું વિશેષજ્ઞોને સાદર વિનવતો વિરમું છું.

ભૂલેશ્વર, મુંબઈ
તા. ૨૪-૯-૩૬. } **હીરાલાલ રસિકદાસ કાપડિયા.**

***

(૨)

વસન્તવિલાસ

વિ. સં. ૧૫૦૮માં લખાએલું 'વસંતવિલાસ' નામનું એક શૃંગારિક સચિત્ર કાવ્ય મૂળે કોઈ જૈન ગ્રંથભંડારનું અગર કોઈ જૈન સાધુના સંગ્રહનું ખીજડાની પોળ અમદાવાદના એક શાસ્ત્રીની હસ્તલિખિત પોથીઓ વેચાતી હતી તેની સાથે ગુજરાતના વયોવૃદ્ધ સાક્ષરરત્ન, દીવાન બહાદુર શ્રીયુત કેશવલાલ હર્ષદરાય ધ્રુવને મળી આવ્યું હતું. આ કાવ્ય ખેળવાળા સૂંવાળા કાપડના ચીરા ઉપર આસરે ચોરશી તકતીમાં ઉતારેલું છે. પ્રત્યેક તકતીના આરંભે જૂની ગુજરાતી ભાષામાં એક તૂક (ટૂંક) તથા તે પછી કેટલાક સંસ્કૃતપ્રાકૃત શ્લોક આપેલા છે, અને તે ઉતારાની નીચે દરેક પ્રસંગને લગતું ગુજરાતની જૈનાશ્રિત કળાની ઢબનું ચિત્ર આલેખેલું છે. કાવ્યની નકલ, ધોળી ભોંય ઉપર સોનેરી (સોનાની) શાહીથી, પડિમાત્રાવાળી જૈન દેવનાગરી લિપિમાં ઉતારેલી છે. લાલ, કાળી અને ભૂરી શાહીનાં લખાણ વાંચી શકાય તેવાં છે, પરંતુ સોનેરી શાહીને ઘસારો લાગ્યો હોવાથી એનું લખાણ ઝાંખું પડી ગયું છે. શરુઆતનીં છએક તકતીઓ નાશ પામી છે. કાવ્યને છેડે આ પ્રમાણે પ્રશસ્તિ લખેલી છે.

शुभं भवतु लेखक-पाठकयोः ॥छ॥ छ॥ श्री गूर्जर श्रीमालवंसे(शे) साह श्रीदेपालसुत-साहश्रीचंद्रपाल—आत्मपठनार्थं ॥ श्रीमन्नृप-विक्रमार्क-समयातीत संवत् १५०८ वर्षे महामांगल्य-सभाद्रपद शुदी ५ गुरौ अद्येह श्रीगूर्जरधरित्र्यां महाराजाधिराजस्य पातशाह—श्रीअहमदशाह कुतुबदीनस्य विजय-राज्ये श्रीमद-हम्मदाबाद—वास्तुस्थाने आचार्यरत्नागरेण लिखितोऽयं वसंतविलासः ॥छ॥ छ॥

---

1 જુઓ જૈ. સા. સં. ઈ પૃ. ૩૫૧, ટિ. ૩૭૮.

આ કાવ્ય કપડાના લાંબા ટીપણારૂપે લખેલું છે. આજે પણ કેટલાક વૃદ્ધ જ્યોતિષીઓ ટીપણા રૂપે જન્મોત્રી તૈયાર કરે છે. આ પટની લંબાઈ ૩૬।। ફુટ અને પહોળાઈ ડાબા હાથ તરફ એક ઈંચ તથા જમણા તરફ પોણા ઇંચના હાંસીઆ સુદ્ધાં ૯. ૨ ઇંચ છે.

'વસંતવિલાસ' ચમક ચમક થતી ચાંદણીના જેવું કાવ્ય છે. એ નરસિંહ મહેતાના સમયની જૂની ગુજરાતીમાં રચાએલું છે. કવિની બાની (વાણી) અત્યંત મધુર અને ભાવભરી છે. શબ્દાલંકાર અને અર્થાલંકાર તેમા માધુર્યનું અને રસનું પોષણ કરે છે. શૈલી સંસ્કારી છે. રસિક કર્તાનું નામ નથી મળતું, એટલો મનને અસંતોષ રહે.' *

પ્રસ્તુત કાવ્ય અમદાવાદમાંથી મળી આવેલી એક પ્રતને આધારે સૌથી પ્રથમ 'ગુજરાત શાળાપત્ર' માસિકના ૩૧મા પુસ્તકમાં ઇ. સ. ૧૮૯૨માં; પા. ૮૯થી ૯૫, ૧૧૩ થી ૧૧૬, ૧૩૫ થી ૧૩૮, ૧૬૨ થી ૧૬૭ તથા ૧૯૩ થી ૧૯૬ ઉપર કકડે કકડે દી.બ. કેશવલાલ ધ્રુવે છપાવ્યું હતું. ત્યારપછી એક પ્રત ડેક્કન કૉલેજના સરકારી સંગ્રહમાંથી વસંતવિલાસના એકલા કાવ્યની તેઓએ પાછળથી મેળવી, અને તેના આધારે ઇ. સ. ૧૯૨૨માં 'હાજી મહમ્મદ-સ્મારક-ગ્રંથ'માં પાના ૧૮૭ થી ૧૮૮માં કેટલાક શ્લોકો અર્થ સાથે પ્રસિદ્ધ કર્યા. આ પટનાં ચિત્રોની 'ગુજરાતની કળા' તરીકે સૌથી પ્રથમ શ્રીયુત રવિશંકર રાવળે તેજ લેખની સંપાદકીય નોંધમાં ઓળખાણ કરાવી. વળી ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી તરફથી ઈ. સ. ૧૯૨૭માં પ્રસિદ્ધ કરવામાં આવેલા પ્રાચીન ગુર્જર કાવ્ય' નામના ગ્રંથમાં પાના ૧૫ થી ૨૩માં બીજી પ્રત મેળવીને શુદ્ધ કરી તૈયાર કરેલા ૮૬ શ્લોકો મૂળ પ્રાચીન ગુજરાતી ભાષામાં અને પ્રસ્તુત ગ્રંથના પરિશિષ્ટમાં વસંતવિલાસના ચિત્રપટમાં ઉતારેલા સસ્કૃત-પ્રાકૃત શ્લોકો પાના ૧૪૫ થી ૧૫૮માં તેઓએ પ્રસિદ્ધ કર્યા

શ્રી ધ્રુવ સાહેબનો આ ચિત્રપટ તથા તેઓનો પ્રસ્તુત લેખોનો મુખ્ય આધાર લઇને શ્રી. નાનાલાલ સી. મહેતાએ આ ટીપણાની ચિત્રકળા ઉપર એક લેખ પહેલવહેલો અંગ્રેજી ભાષામાં Rupam ત્રૈમાસિકના ઇ. સ. ૧૯૨૫ના અંક ૨૨ અને ૨૩ના પાના ૬૧ થી ૬૫ સુધીમાં પ્રસિદ્ધ કર્યો. ત્યારપછી બીજો લેખ The Studies in India painting નામના ગ્રંથના બીજા પ્રકરણમાં Seculor Painting in Gujarat XVth Century નામનો પાના ૧૫ થી ૨૮માં લખ્યો; અને ત્રીજો વિસ્તૃત લેખ Gujarati painting in the Fifteenth Century નામના India Society તરફથી ઈ. સ. ૧૯૩૧માં પ્રસિદ્ધ થએલા પુસ્તકમાં લખ્યો અને એ રીતે આ જૈન ચિત્રપટનાં ચિત્રોની ઓળખાણ જગતને કરાવી.

પ્રસ્તુત લેખોમાં આ બને વિદ્વાન મહાશયો તરફથી આ ચિત્રો ચીતરાવનારને તથા તેના કાવ્યના કર્તાને તે જૈન હોવા છતાં, જૈનેતર સાબિત કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે, જે નીચે પ્રમાણે છેઃ

૧ ' આ શૃંગારી કાવ્યનો કર્તા અંધાર પછેડો ઓઢી અગોચર રહ્યો છે, તેથી તેની જાતભાત વિષે કલ્પના કરવી જોખમભરેલી છે; તથાપિ વસંતવિલાસ કાવ્યમાં કડીએ કડીએ જે જીવનનો ઉલ્લાસ ઉભરાઈ જાય છે તે ઉપરની અટકળ થાય છે કે તે કવિ સંસારથી

*જુઓ 'વસંતવિલાસ' નામનો દી. બ. કે. હ. ધ્રુવનો હાજી મહમ્મદ-સ્મારક-ગ્રંથ'માંનો લેખ, પા. ૧૮૭—૧૮૮

કંટાળેલો વિરાગી નહીં, પણ વિશ્વના વૈભવમાં પરિપૂર્ણ રસ લેનારો રાગી પુરુષ હશે. વસંતના વર્ણનનું કાવ્ય હોવા છતાં તેણે તેને ફગ્ગુ સંજ્ઞા આપી નથી; ત્યમ વળી સમગ્ર કાવ્યમાં કોઈ પણ સ્થળે જૈનધર્મનો સુવાસ સ્ફુરતો નથી. તેથી એ જૈનેતર એટલે વૈદિક કવિ હોય. પ્રસ્તુત કાવ્યની ચોત્રીસમી કડીની છાયા પંડિત કવિ રત્નેશ્વરના દ્વાદશ માસમાં દૃષ્ટિ ખેંચે છે.'[૧]

૨. 'Men and Women decorated the ears with Karna–Phool (large circular ear–rings) and both put Vaishnavite symbols on the forhead.'[૨]

અર્થાત્–પુરુષો અને સ્ત્રીઓએ કર્ણફૂલથી કાનને શણગારેલા છે, અને બંનેના કપાળ ઉપર વૈષ્ણવતાનું ચિહ્ન (જોવામાં આવે) છે.

પ્રસ્તુત પહેલા ઉલ્લેખમાં માન્યવર ધ્રુવ સાહેબ આપણી સામે એક કલ્પના રજુ કરે છે કે 'વસંતવિલાસમાં કડીએ કડીએ જે જીવનનો ઉલ્લાસ ઉભરાઈ આવે છે તે ઉપરથી અટકળ થાય છે કે તે કવિ સંસારથી કંટાળેલો વિરાગી નહીં, પણ વિશ્વના વૈભવમાં પરિપૂર્ણ રસ લેનારો રાગી પુરુષ હશે.' તેઓશ્રીની આ કલ્પનાનો સ્વીકાર કરતાં પહેલાં આપણે ઉપલબ્ધ જૈન સાહિત્યકૃતિઓમાં જૈન ત્યાગીઓએ આવી જાતનાં શૃંગારિક કાવ્યોની રચના કરેલી મળી આવે છે કે નહીં તે તપાસી લઇએ.

૧ સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં રચાએલાં પ્રાચીન જૈન કથાનકોના ગ્રંથોમાં શૃંગાર-રસનું અદ્ભુત વર્ણન કરેલું મળી આવે છે, તે તો સુવિદિત છે.

૨. સોળમા સૈકામાં થએલા વાચક કુશલલાભે 'ઢોલા મારવણીની કથા' સંવત ૧૬૧૭ ના વૈશાખ સુદ ૩ ને ગુરુવારને રોજ અને માધવાનલ કામકુંડલા ચોપાઇ–રાસ'[૩]ની રચના રાવલ હરરાજજીના કુતૂહલ ખાતર રચી છે. આ બંને કૃતિઓમાં શૃંગારરસની જમાવટ કોઈ અદ્વિતીય પ્રકારની છે.

૩. સંવત્ ૧૬૧૪માં શ્રીજયવંતસૂરિએ સતી શીલવતીના ચરિત્રરૂપે (અભિનવ) શૃંગારમંજરી એ નામની છટાદાર શૃંગારિક કૃતિ રચી છે.

૪. સંવત્ ૧૬૩૯માં કવિ બિલ્હણની પંચાશિકા નામની પ્રેમકથા વર્ણવવા સારંગે ચોપાઈની રચના કરી છે.

૫. ઉપર્યુક્ત બધી યે કૃતિઓને ટપી જાય એવી કોકશાસ્ત્ર(કોક ચઉપઈ)ની રચના નર્ણુદાચાર્ય નામના જૈન યતિએ (સાધુપણામાંથી પતિત થયા પછી યતિપણામાં) કરી છે.

પ્રસ્તુત નોંધો ઉપરાંત આગળ કહેવામાં આવશે તે અનુસાર જૈનોમાં આ કાવ્યની ખ્યાતિ પણ વધારે હોવાથી તેનો કર્તા જૈન જ હોય તેમાં કશું અસંભવિત નથી; એટલે દી. બ. ધ્રુવ સાહેબ તથા શ્રીયુત મહેતાની કલ્પના અસ્થાને હોય, એવું સ્પષ્ટ ભાસે છે.

જેમ કુશલલાભ વાચકે રાવલ હરરાજજીના કુતૂહલ ખાતર 'માધવાનલ કામકુંડલા ચોપાઈ–રાસ' તથા 'ઢોલા મારવણીની કથા' રચી, તેમ જ, સંભવે છે કે 'વસંતવિલાસ'

૧ 'પ્રાચીન ગુર્જર કાવ્ય'ની પ્રસ્તાવના, પા. ૧૪–૧૫

૨ 'The studies in Indian Painting' P.20

૩ જુઓ 'આનંદ કાવ્યમહોદધિ' મૌક્તિક ૭ મું

કાવ્યના લેખક આચાર્ય રત્નાગરે પણ આ કૃતિની રચના ચંદ્રપાલની વિનતિથી સંસ્કૃત-પ્રાકૃત કાવ્યોનો આધાર લઇને પ્રાચીન ગુજરાતી ભાષામાં કરી હોય; કારણ કે 'આદિનાથજન્માભિષેક' નામની એક નાની કૃતિ કે જે તે જ સમયના વિદ્યમાન કવિ 'દેપાલ ભોજક'વિરચિત સ્નાત્રપૂજા સાથે મિશ્રિત થઈ ગએલી છે, તેના ઉપરથી આચાર્ય રત્નાગરમાં કવિત્વશક્તિ હતી તેમ પુરવાર થાય છે.

માન્યવર દી. બ. ધ્રુવ સાહેબની બીજી કલ્પના એ છે કે તેણે (તેના રચનારે) તેને પ્રાચીન જૈન કવિઓની માફક 'ફગ્ગુ' સંજ્ઞા આપી નથી.'

'ફગ્ગુ' સંજ્ઞા આપવાની આવશ્યક્તા જેવું અહીં તેને જણાયું નહીં હોય, કારણ કે આ કાવ્યમાં વસંત ઋતુની અંદર નાયક—નાયિકાના વિલાસનું વર્ણન મુખ્ય ભાગ ભજવે છે; અને કવિ બાલચંદ્રવિરચિત 'વસંતવિલાસ'[1] નામની કૃતિ તેની સન્મુખ હોવાથી 'ફગ્ગુ'ને બદલે 'વસંતવિલાસ' નામ જ તેના રચનારે રાખવાનું યોગ્ય ધાર્યું હશે, એમ સહેજ કલ્પના થઈ શકે તેમ છે.

તેઓશ્રીની ત્રીજી કલ્પના એ છે કે 'સમગ્ર કાવ્યમાં કોઈ પણ સ્થળે જૈનધર્મનો સુવાસ સ્ફૂરતો નથી, તેથી એ જૈનેતર એટલે વૈદિક કવિ હોય.'

આખા કાવ્યમાં જૈનધર્મનો કોઈ પણ સ્થળે સુવાસ સ્ફૂરતો નથી, એટલે એનો કર્તા જૈનેતર એટલે વૈદિક કવિ હોય તેમ માનવાની કાંઈ પણ જરૂર નથી, કારણ કે તેમાં જેમ જૈનધર્મનો સુવાસ સ્ફૂરતો નથી તેમ વૈદિક ધર્મનો નામનિર્દેશ પણ સમગ્ર કાવ્યમાં મળી આવતો નથી.

વળી તેઓશ્રી ઠેઠ સત્તરમા સૈકામાં થએલા જૈનેતર કવિકૃત દ્વાદશ માસ, ફાગણ, કડી ૩ માંની નીચે મુજબની છાયા માત્ર ઉપર આપણું ધ્યાન ખેંચીને આ શૃંગારિક કાવ્યના કર્તા જૈનેતર હોવાની ચોથી કલ્પના કરે છેઃ

'કેસુ કુસુમની પાંખડી (વાંકડી થઈ પેર)
જાણે મન્મથ આંકડી રાંકડીને કરે કેર.'

પરંતુ જૈન સાધુ રત્નમંદિરગણિકૃત 'ઉપદેશતરંગિણી' કે જેની એક પ્રત પૂનાના ડેક્કન કૉલેજના સરકારી સંગ્રહમાં સંવત્ ૧૫૧૯ ના ચૈત્ર સુદી ૨ના દિવસે લખાએલી * (એટલે કે આ 'વસંતવિલાસ' કાવ્ય લખાયા પછી અગિઆરમે વર્ષે જ લખાએલી) છે, તેમાં આ કાવ્યની ૭૮ મી ટૂંક-

'સખિ! અલિ ચરણ ન ચાંપાઈ ચાંપાઈ લિંઈ નવિ ગન્ધ,
રૂડઈ દોહગ લાગઈ આગઈ ઈસુ નિબન્ધુ.' ૭૮

થોડા નજીવા ફેરફાર તથા કાવ્યના નામ સાથે અવતરણ તરીકે પાના ૨૬૮ ઉપર લીધેલી છેઃ

वसन्तविलासेऽपि—

'અલિયુગ! ચરણ ન ચાંપાએ, ચાંપાએ અતિહિ સુગન્ધ
રૂડએ દોહગ લાગએ આગએ એહ નિબન્ધ. ॥૫॥

---

* 'ઉપદેશતરંગિણી,' પ્રસ્તાવના, પાનું. ૨.

૧ ગાયકવાડ ઓરીએન્ટલ સીરીઝ નં. ૭ મો.

પ્રસ્તુત સમકાલીન અવતરણ ઉપરથી તેઓશ્રીની આ કલ્પના પણ નિર્મૂળ ઠરે છે, અને આ શૃંગારિક કાવ્યના કર્તા જૈન જ હોવાની મારી દલીલોમાં એક વધારે દલીલ મળી આવે છે.

વળી તેઓશ્રી જાતેજ 'પ્રાચીન ગુર્જર કાવ્ય'ની પ્રસ્તાવનાના પાના ૧૩ ઉપર જણાવે છે કે "પ્રસ્તુત પ્રતમાં આરંભની છ તકતી નાશ પામી હોવાથી તથા બચેલી તક્તીમાંથી કેટલીક દુર્વાચ્ય નીવડવાથી 'વસંતવિલાસ'ની બીજી હાથપ્રત મેં પૂનાના સરકારી સંગ્રહમાંથી મેળવી હતી. તે પ્રત પોથીના આકારમાં હતી. એમાં કુલ પત્ર આઠ, પૃષ્ઠવાર લીટી અગિયાર અને દરેક લીટીમાં અક્ષર અડતાળીસ હતા. ગ્રંથમાન બસેં પચીસ શ્લોક આપ્યું હતું. પ્રત જૈન દેવનાગરી લિપિમાં ઉતારેલી હતી. તે સુવાચ્ય હતી, પણ બહુ શુદ્ધ ન હતી. ઓળીઆની અને પોથીની ગુજરાતી તૂકો લગભગ સમાન હતી......આ બે પ્રતો ઉપરાંત સુરતના સાહિત્યપ્રદર્શનમાં રજુ થએલી એક જૈન પોથીમાંની 'વસંતવિલાસ'ની કેટલીક ગુજરાતી કડીઓ જૂની ગુજરાતીના રસિયા સદ્દગત મણિલાલ બકોરભાઈ વ્યાસે મારા ઉપર ઉતારીને મોકલી હતી, તેનો પણ મેં સંશોધનમાં ઉપયોગ કર્યો છે."

તેઓશ્રીનું આ કથન પણ મારી માન્યતાને વધારે પુષ્ટિકર્તા છે, કારણ કે સંશોધન-કાર્યમાં જે બે પોથીઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તે બે પોથીઓ પણ જૈન પોથીઓ જ હતી અને તેથી આ કાવ્યનો કર્તા મૂળ જૈન અને તેનો પ્રચાર પણ જૈનોમાં વધારે પ્રમાણમાં હોવાની મારી અટકળ સાચી ઠરે છે.

વળી લખાણની તારીખ ભાદરવા સુદ ૫ ને મહામાંગલ્ય પંચમી તરીકે લેખક ઓળખાવી છે. ભાદરવા સુદ ૫ ને આજે પણ મહામાંગલ્ય પંચમી તરીકે જૈનોમાં ગણવામાં આવે છે; તેનું કારણ એ છે કે પહેલાં જૈન સંપ્રદાયના મહામંગલકારી પર્યુષણા પર્વની સમાપ્તિ ભાદરવા સુદ ૫ ના રોજ થતી હતી, પરંતુ કાલકાચાર્યના સમયથી પંચમીની ચતુર્થી કરવામાં આવી અને ત્યારથી તેની પૂર્ણાહુતિ ભાદરવા સુદ ૪ના રોજ થાય છે, જે પ્રથા આજે પણ ચાલુ છે. પરંતુ પ્રાચીન પ્રથાની યાદગીરી નિમિત્તે ભાદરવા સુદ ૫ ના દિવસને મહામાંગલ્ય પંચમી તરીકે જૈન સંપ્રદાયમાં સંબોધવામાં આવે છે, જ્યારે ઇતર સંપ્રદાયમાં તેને ઋષિપંચમી તરીકે ઓળખવામાં આવે છે.

કાવ્યના લેખક પણ એક જૈન આચાર્ય છે, સામાન્ય સાધુ નહીં. આચાર્યની પાસે ઘણા શિષ્ય સાધુઓ હોય છે. શિષ્ય વગરના એકલા સાધુને આચાર્ય જેવી જોખમદાર પદવી જૈન સંપ્રદાયમાં કદાપિ આપવામાં આવતી ન હતી. આ બધાં ઉપલબ્ધ સાધનો ઉપરથી મારી માન્યતા એવી છે કે આ કાવ્યના લેખક આચાર્ય રત્નાગર પોતે જ આ કાવ્યના બનાવનાર હોવા જોઈએ. વિદ્દ્વર્ય મુનિમહારાજ શ્રી પુણ્યવિજયજીએ મારા તરફથી તાજેતરમાં પ્રસિદ્ધ થએલ 'જૈન ચિત્રકલ્પદ્રુમ' નામના ગ્રન્થની અંદર 'ભારતીય જૈન શ્રમણસંસ્કૃતિ અને લેખનકળા' નામના લખેલા નિબંધની અંદર જણાવ્યું છે તે મુજબ આચાર્યો તથા વિદ્વાન સાધુઓ ઘણી વખત પોતાની ખાસ કૃતિઓ પોતાના હાથે જ લખતા. વળી 'ઉપદેશતરંગિણી' વગેરેના સમકાલીન અવતરણ ઉપરથી એમ પણ અનુમાન થઈ શકે છે કે આચાર્ય રત્નાગરની આ કૃતિ તે વખતે જૈન સમાજમાં બહુ પ્રચલિત હશે.

પ્રસ્તુત બીજા ઉલ્લેખમાં શ્રીયુત મહેતા આપણી સામે એક વધુ કલ્પના રજુ કરે છે કે 'ચિત્રની અંદરમાં ચીતરેલા પુરુષ અને સ્ત્રી બંનેના કપાળમાં વૈષ્ણવતાનું ચિહ્ન છે.' આ ચિહ્ન ઉપરથી આ કાવ્યના કર્તા અગર ચીતરાવનારને જૈનેતર માની લેવાની ભૂલ કરતાં પહેલાં મારા તરફથી તાજેતરમાં જ પ્રસિદ્ધ થયેલ 'જૈનચિત્રકલ્પદ્રુમ' નામના ગ્રન્થમાં 'ગુજરાતની જૈનાશ્રિત કળા અને તેનો ઇતિહાસ' એ નામના નિબંધના પાના ૩૭-૩૮ ઉપરનો ખુલાસો વાંચી જોવાથી ખાત્રી થશે કે શ્રીયુત મહેતાની કલ્પના પણ તદ્દન નિરર્થક છે.

વિદ્વાનોની દુનિયામાં વર્ષો થયાં પ્રસિદ્ધિમાં આવેલ આ જૈન ચિત્રપટના શૃંગારિક કાવ્યનો અક્ષરશઃ ઉતારો માગશર માસના "જૈન સત્ય પ્રકાશ"ના અંકમાં વાચકો સમક્ષ રજુ કરવાની ઇચ્છા રાખતો અને પોતે આ ઐતિહાસિક કૃતિ ગમે તે રીતે આજે વૉશિંગ્ટનના Freer Gallery of art માં જૈનોની બેદરકારીથી પહોંચી ગઈ છે, અને ત્યાં સુરક્ષિત છે તે વાતનો નિર્દેશ કરવાની રજા લઉ છું.

["જૈનસત્યપ્રકાશ" ક્રમાંક ૧૫, વર્ષ ૨, અંક ૩ પાનાં ૧૧૪ થી ૧૧૮]

સારાભાઈ મણિલાલ નવાબ
(આર્કીઓલોજીકલ ડીપાર્ટમેન્ટ, વડોદરા)

***

(૩)

બંગાળી સાહિત્યની એક છેતરપીંડી

ચૈતન્યશિષ્ય મનાતા ગોવિંદદાસનો "કડછો" એ તકલાદી બનાવટ છે

નરસિંહ મહેતાનો સમય ખસેડવાના અગત્યના એક મુદ્દાનો આધાર તૂટે છે

ગુજરાતી ભાષાનો આદિકવિ જૂનાગઢનો નરસિંહ મહેતો વિ. સં. ૧૪૭૦-૧૫૩૬માં થઈ ગયો, એવી અનેક વર્ષો થયાં એક માન્યતા ચાલી આવે છે. એના ઉપર ભક્તિની છાપ ક્યાંથી પડી એ વિષય ઉપર આપણા ગુજરાતી વિદ્વાનોએ ખૂબ ચર્ચા કરી છે; અને એમ મનાવવાનો એક પક્ષ તરફથી પ્રયત્ન થયો છે કે તેના ઉપર બંગાળના વિષ્ણુભક્ત ચૈતન્યની અસર છે. ચૈતન્યનો સમય વિક્રમ સંવત ૧૫૪૨-૧૫૮૨નો ગણાય છે. એટલે જો નરસિંહ મહેતો થયો હોય તો એ સદીની છેલ્લી પચીસીમાં અને ૧૭મી સદીની પહેલી પચીસીમાં જીવતો હોય. આના સમર્થનમાં જે કેટલાક પુરાવા શ્રી. કનૈયાલાલ મુનશી તરફથી "નરસૈંયો-ભક્ત હરિનો" એ પુસ્તકમાંના વિસ્તૃત નિબંધમાં રજુ કરવામાં આવ્યા છે; તેમાં સૌથી વધુ અગત્યના પુરાવા તરીકે શ્રી ચૈતન્ય મહા પ્રભુના શિષ્ય ગોવિન્દદાસે રચેલો કડછો રજુ કરવામાં આવ્યો છે. એ 'કડછા'માં શ્રી ચૈતન્ય સૌરાષ્ટ્રની યાત્રાનો અહેવાલ પણ આપવામાં આવ્યો છે. શ્રી ચૈતન્ય જૂનાગઢમાં આવેલા; ત્યાં જો એમના આવ્યા પૂર્વે, એટલે કે જૂની માન્યતા પ્રમાણે નરસિંહ મહેતા થઈ ગયાનો સમય સ્વીકારવામાં આવે તો તેમાં નરસિંહ જેવા પરમ વિષ્ણુભક્તની કાંઇ પણ હકીકત ચૈતન્યને મળવી જોઇએ અને ગોવિંદદાસે નોંધવી જોઇએ. એવો કોઈ પણ અહેવાલ એ 'કડછા'માં નથી મળતો, એટલે ચૈતન્યની જૂનાગઢની યાત્રાસમયે આ દુનિયામાં નરસિંહનું અસ્તિત્વ શકય નથી,

ચૈતન્યના પછી જ નરસિંહ મહેતો જનમ્યો હોવો જોઇએ. અને તેથી એ સં. ૧૫૬૭ કે તે અરસામાં જન્મ્યો–જીવતો હોય: શ્રી. મુનશીના આવા પ્રતિપાદનના ટેકામાં માત્ર 'ગોવિંદદાસેર કડચા' છે. આ 'કડચા'ની કેટલીક હકીકતોની અસંગતતા બતાવવાનો પ્રયત્ન જૂની માન્યતા ધરાવનારાઓ તરફથી કરવામાં આવેલો. હાલમાં ઢાકા યુનિવર્સિટીના પ્રોફેસર ડૉ. આ. સી. મજમૂદાર એક નવીન જ હકીકત રજુ કરે છે કે શ્રી ચૈતન્યને તેવો કોઇ ગોવિંદદાસ નામક શિષ્ય હતો કે નહીં, એ જ શંકાનું સ્થાન થઇ પડયું છે; અને અત્યારે પ્રાપ્ત થતો એ 'ગોવિંદદાસેર કડચા' તો કોઇ આધુનિક લેખકની ધર્મઘેલછાને અંગે રચવામાં આવેલી અર્વાચીન કૃતિ છે. આ રીતે શ્રી કનૈયાલાલ મુનશીએ પુરાવા તરીકે રજુ કરેલો 'કડછો' નરસિંહ મહેતાને સમયચ્યુત કરવાના કાર્યમાંથી પોતે જ ચ્યુત થઇ જાય છે. "ગોવિંદદાસેર કડચા"ની પહેલી પ્રસિદ્ધિ શ્રી જયગોપાલ નામના એક લેખકે જૂની હસ્તલિખિત પ્રતોને આધારે કરેલી એમ પોતે કહેતો. બીજાઓએ તેનું કથન સાચું માનીને વધાવી લીધેલું; પરંતુ આજે શ્રી મજમૂદાર એ કૃતિનો ભેદ ખુલ્લો પાડી બતાવે છે, તે ઉપરથી જણાય છે કે એ કૃતિમાં પણ આબાદ "બનાવટ"નોજ ખેલ ખેલવામાં આવ્યો હતો! એ છેતરપીંડી ખુલ્લી પાડી આપનાર ડૉ. આર. સી. મજમૂદારના એ લેખનો અનુવાદ અત્રે આપવામાં આવ્યો છે.

હાથપ્રતિઓ ખરા કે ખોટી ?

"ગોવિંદદાસેર કડચા" એ નામે પ્રસિદ્ધ થયેલા બંગાળી ગ્રંથની પ્રામાણિકતાના વિષયમાં તીવ્ર મતભેદની વાતો સંભળાઈ રહી છે. એ પુસ્તકમાં ચર્ચાયેલા વિષયમાં સાચી ખોટી અનેક વાતો છે, તેના વિષે આ સ્થળે કશું કહેવાનું નથી; અહીં તો ઐતિહાસિક દૃષ્ટિબિંદુથી એ જ ચર્ચા રજુ કરવામાં આવે છે કે એની હાથપ્રતિઓના વિષયમાં જે કાંઇ પણ પુરાવા મળે છે, તે ઉભય પક્ષની દલીલોમાંથી કોઇએક પક્ષનું સમર્થન કરે છે કે ખંડન કરે છે ?

આ ગ્રંથ સૌથી પ્રથમ શ્રી. જયગોપાલ ગોસ્વામીએ મેળવેલો અને પ્રથમ 'સંસ્કૃત પ્રેસ ડીપોઝિટરી' નામક એક સંસ્થાએ તેમની મારફત ૧૮૮૫ માં પ્રસિદ્ધ કરેલો. એની બીજી આવૃત્તિ રા. બ. દિનેશચન્દ્ર સેન અને સદ્ગત જયગોપાલ ગોસ્વામીના પુત્ર શ્રી. ભવાંરીલાલ ગોસ્વામીએ તૈયાર કરી છે, અને તે કલકત્તા યુનિવર્સિટી તરફથી થોડા સમય પૂર્વે જ પ્રસિદ્ધ કરવામાં આવી છે.

આ 'કડછો' કહેવાય છે કે શ્રી ચૈતન્ય મહાપ્રભુના કોઈ ગોવિંદદાસ નામક શિષ્યે રચેલો છે; પણ મોટી મુશ્કેલી એ ઉભી થાય છે કે ગઇ સદીના અંત સુધીમાં તે વિષેની એક પણ હાથપ્રતિનો કયાંય પણ ઉલ્લેખ પ્રાપ્ત થયો ન હતો.

એ ગ્રંથના ભૂતપૂર્વ પ્રથમ સંપાદક શ્રી. જયગોપાલ ગોસ્વામીએ એવું જણાવ્યું હતું કે–'આ કડચાનું સંપાદન **અ** અને **બ** એવી બે પ્રતિઓને અનુસરી કરવામાં આવ્યું છે.'

હાથપ્રતિના ગોટાળા

આ પ્રતિ ઉક્ત ગોસ્વામીને મળેલી, તેની તેના માલેકને પાછી આપવા પૂર્વે એમણે નકલ કરી લીધેલી. પ્રથમ મુદ્રિત થયેલી પ્રતનાં ૧૫ પૃષ્ઠ ધરાવતી પ્રથમ હાથપ્રતિની નકલ એક જજ્ઞેશ્વર ઘોષે 'અમૃતબઝાર પત્રિકા'વાળા સદ્ગત શિશિરકુમાર ઘોષને બતાવી હતી, અને તેથી સદ્ગત શિશિરકુમાર ઘોષે એક બંગાળી માસિક પત્રમાં એ વિષયમાં થોડાક

લેખો લખ્યા હતા. કમનસીબે એ પંદર પાનાની પ્રતિ ગુમ થઇ જવા પામી, એથી કરીને એ નકલનો બાકીનો ભાગ શ્રી. જયગોપાલ ગોસ્વામી શ્રી. શિશિરકુમાર ઘોષ પાસે લઇ ગયા હતા. આ નકલનો આગલો પંદર પાનાનો ભાગ ગુમ થવાના કારણે બંને દિલગીર થયા હતા અને પછી એવી જાતની સૂચના કરવામાં આવી કે બાકીનો ભાગ છપાવી કાઢવો. શ્રી જયગોપાલ ગોસ્વામીને પાછળથી ગુમ થયેલાં પાનાંઓની એક નકલ મળી આવી! બેશક, તે સાચી હતી કે ખોટી હતી, તે વાત તેઓની જાણમાં નહતી. ગુમ થઇ ગયેલા પ્રથમ ભાગની આ, બીજી શંકા પડતી, નકલને આધારે તેમણે આખો ગ્રંથ પ્રસિદ્ધ કર્યો.

આ 'કડચા'ના પ્રકાશન પછી શ્રી. શિશિરકુમાર ઘોષના નાનાભાઈ સદ્ગત મોતીલાલ ઘોષે (અમૃત બઝાર પત્રિકાવાળા) આ ગ્રંથનું અવલોકન કર્યું. તેમણે પોતાના અવલોકનમાં જણાવ્યું હતું કે-'ગુમ થઈ ગયેલાં પાનાંઓની નકલ આ પ્રતિની શૈલીથી તદ્દન જુદા પ્રકારની લાગે છે.' શ્રી જયગોપાલ ગોસ્વામીની હયાતીમાં જ ઉપરનું અવલોકન પ્રસિદ્ધ થયેલું; છતાં પણ ન તો શ્રી જયગોપાલ ગોસ્વામીએ કે ન તો તેમના તે વેળા ૪૦ વર્ષના પુત્ર શ્રી ભવાંરીલાલ ગોસ્વામીએ **અ** પ્રતિના સંબંધમાં કાંઈ ખુલાસો બહાર પાડયો. હવે રહી રહીને છેક હમણાં બીજી આવૃત્તિની પ્રસ્તાવનામાં શ્રી ભવાંરીલાલ ગોસ્વામીએ **અ** અને **બ**, એ બંને પ્રતિઓના સંબંધમાં પૂરેપૂરી હકીકત આપવાનો પ્રયત્ન કર્યો છે. **અ** પ્રતિને માટે એમ કહેવામાં આવે છે કે એ એક કાલિદાસ નાથ નામક વ્યક્તિ પાસેથી મેળવવામાં આવી હતી અને એ કાલીદાસ નાથે તેના મૂળ માલેકને તે હાથપ્રતિ સુપ્રત કરી દીધી હતી. **બ** પ્રતિ શાન્તિપુરના એક હરિનાથ ગોસ્વામી પાસેથી મેળવવામાં આવી હતી; બેશક આ પાછલી પ્રતિ અપૂર્ણ તેમજ અશુદ્ધિઓથી ભરપૂર હતી. આ પ્રતિ પણ તેના માલેકને સુપ્રત કરવામાં આવી હતી.

આ 'કડછા' પ્રસિદ્ધ થયો ત્યારથી તેની પ્રામાણિકતાના વિષયમાં ઊહાપોહ થવા માંડયો હતો, તેમ જ મૂળ હાથપ્રતિઓ ફરી હાજર કરવાની વારંવાર માગણી કરવામાં આવી હતી. તે પ્રતિઓ મળી શકે તેમ જ ન હતું, તેથી કદિયે રજુ કરવામાં આવી ન હતી!

શંકાસ્પદ (અ) પ્રત

આ વસ્તુ કેટલી સાચી છે, એ જરા અહીં તપાસી જોવાનો પ્રયત્ન કરવામાં આવે છે: **અ** પ્રતિના વિષયમાં શ્રી ભવાંરીલાલ જણાવે છે કે 'તે એક કાલીદાસ નાથ પાસેથી મારા પિતાજીને મળેલી.' પરંતુ એ જાતનો ખુલાસો એ કાલિદાસ નાથ હયાત હતો ત્યાં સુધી કદિયે કરવામાં આવેલો નહીં. આ વિષયમાં એક પ્રસંગ બન્યો હતો કે, જેનાથી ઉપરની વાતની પોકળતા જણાઇ આવે; એ કાલિદાસ નાથ 'અમૃતબઝાર પત્રિકા'ની ઓફીસમાં જ કામ કરતો હતો, એટલું જ નહીં પણ તે સદ્ગત શિશિર ઘોષ અને મોતીલાલ ઘોષનો જ માણસ હતો. શ્રી. શિશિરબાબુ અને શ્રી. જયગોપાલ ગોસ્વામી બંને જણા **અ** પ્રતિના ખોવાયેલા ભાગને માટે કકળાટ કરી રહ્યા હતા અને કોઈ રીતે મળી શકે તેમ ન હતું, તો તે જ ઓફિસમાં કામ કરતા તે કાલિદાસ નાથનું નામ શા માટે શ્રી. જયગોપાલ ગોસ્વામીએ સૂચવ્યું નહીં? વધુમાં કાલિદાસ નાથ ચુસ્ત વૈષ્ણવ હતો, અને વૈષ્ણવ સાહિત્યનો સારો જ્ઞાતા હતો; એટલુંજ નહીં પણ તે એક માસિક પણ કાઢતો

અને કેટલાક વૈષ્ણવી ગ્રંથો પણ તેણે પ્રસિદ્ધ કરેલા. 'અમૃતબઝાર પત્રિકા'નો એક વિભાગ તે કાલિદાસ નાથના કબજામાં હતો અને શ્રી. જયગોપાલ ગોસ્વામીએ જણાવેલું પણ ખરૂં કે મેં તે કાલિદાસ નાથને 'અ. બ. પત્રિકા'ની ઓફિસમાં જોયેલો હતો. કાલિદાસ નાથે શ્રી. શિશિરકુમાર ઘોષને કદિયે ઉક્ત પ્રતિની વાત કહેલી નહીં, કે ઉક્ત અસલ પ્રતિ મેળવવાનો પ્રયત્ન પણ કરેલો નહીં! શ્રી. જયગોપાલ ગોસ્વામીએ એ કાલિદાસ નાથ પાસેથી ઉક્ત અ પ્રતિ મેળવી હોય, તે વિષયમાં ઉપરની હકીકત સારી રીતે શંકા ઉપજાવે છે. વધુમાં શ્રી. જયગોપાલ ગોસ્વામીએ બે ભિન્ન ભિન્ન વ્યક્તિઓને એવી પણ હકીકત કહેલી કે–'અ પ્રતિ તો મને 'રાધા' નામક સ્થાનમાંથી મારા એક શિષ્ય પાસેથી મળેલી.' શંકા ઉપજવાનું આમ પાકે પાયે નિર્ધારિત થઇ શકે છે. શ્રી. જયગોપાલ ગોસ્વામીએ અ પ્રતિની પ્રાપ્તિના સંબંધમાં આમ તદ્દન જૂદી લાગતી હકીકતો રજુ કરેલી.

(બ) પ્રત પણ અવિશ્વસનીય

હવે જરા બ પ્રત તરફ નિહાળો: એના વિષયમાં ત્રણ શંકાઓ રજુ થાય છે: (૧) શ્રી. શિશિરબાબુને જ્યારે શ્રી. જયગોપાલ ગોસ્વામીએ ખોવાયેલા પાનાંની એ નકલ મળ્યાની વાત કહી ત્યારે એવું કોઈ પણ કારણ ન હતું કે એ માત્ર ગુમ થઈ ગયેલા ભાગની નકલ હતી, પરંતુ એ તો અશુદ્ધ સ્વરૂપમાં પણ બીજી પ્રતિ હતી. બેશક ગુમ થયેલા ભાગ માટે શ્રી શિશિરબાબુ અને શ્રી જયગોપાલ ગોસ્વામી, એ બંનેયને દિલગીરી થયેલી જ હતી અને તેથી બીજી પ્રતિ મળી આવવાની સત્ય હકીકતને છૂપાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હોય તે વાત તદ્દન છૂપી ન રાખી શકાય તેવી છે. (૨) શ્રી મોતીલાલ ઘોષે અ પ્રતિ અને બ પ્રતિના તે ભાગને લગતો જબ્બર વિરોધ તે ગ્રન્થના અવલોકન વખતે જણાવેલો, એ જ એની પ્રામાણિકતા શંકાભરેલી બતાવતું હતું, અને (૩) એ બ પ્રતિ શાંતિપુરની એક પ્રસિદ્ધ વ્યક્તિ પાસેથી મેળવવામાં આવેલી છતાં અદ્યપિ પર્યંત અસલ પ્રતિ રજુ કરવામાં આવી નથી.

કોઈ જૂની હાથપ્રત છે જ નહીં

શ્રી જયગોપાલ ગોસ્વામી સાથોસાથ મૂળ પ્રતિ જોનાર કોઈ ગણાતું હોય તો તે રા. બા. દિનેશચંદ્ર સેન. તેણે ૩ જી જુલાઇ ૧૯૨૪ના એક પત્રમાં લખેલું કે–"એક ૨૫૦ વર્ષની જૂની હાથપ્રતિ "અમૃતબઝાર પત્રિકા'ની ઑફિસમાં પડેલી છે અને તે ઘણાઓએ જોયેલી છે. પાછળથી તેમને પોતાની ભૂલ માલૂમ પડી હતી કે એ નકલ તો શ્રી જયગોપાલ ગોસ્વામીએ કરેલી પ્રેસકોપી હતી, પણ ૨૫૦ વર્ષની જૂની પ્રતિ નહોતી!

વધુમાં તાકીના પ્રખ્યાત જમીનદાર રાય જતીન્દ્રનાથ ચૌધરીએ ૨૮–૨–૧૯૨૫ના રોજ લખેલું કે 'રા. બ. દિનેશચંદ્ર પાસે 'ગોવિંદદાસેર કડચા'ની એક ૩૦૦ વર્ષની જૂની નકલ છે, તેવું તેમણે મને લખ્યું હતું!' આ હકીકત કેટલી વજૂદવાળી છે, તે ઉપર બતાવવામાં આવ્યું છે. વસ્તુસ્થિતિએ એવી કોઇ હાથપ્રતિ અસ્તિત્વ ધરાવતી જ નહોતી; કેમકે જો મળતી હોત તો રા. બ. દિનેશચંદ્ર મૂળ હાથપ્રતિ હાજર કરીને આક્ષેપકોના મુખનું મર્દન કર્યું હોત.

આ સર્વ વસ્તુપર વિચાર કરવામાં આવે તો કોઈ પણ નિષ્પક્ષપાત વિવેચકને માલમ પડશે કે 'કડછા'ની કોઇ પણ જૂની હાથપ્રતિ વસ્તુસ્થિતિએ અસ્તિત્વ ધરાવતી જ નહતી; બેશક તપાસને માટે એવી કોઇ પુરાણી હાથપ્રતિ મળે તો વાત જૂદી જ છે; આ વિષયમાં એ મત હોય એમ માની શકાય નહીં.

'કડછા' જગગોપાળે જ રચી કાઢેલો

'કડછા'ની સત્યતાના સંબંધમાં કોઇ પણ એક નિશ્ચિત નિર્ણય ઉપર આવવું મુશ્કેલીભરેલું છે. અલબત્ત સ્વાભાવિક રીતે એમ માનવામાં આવે છે કે 'કડછો' ખુદ શ્રી. જગગોપાલ ગોસ્વામીએ જ રચી કાઢેલો અને પછી જૂના તરીકે ચલાવી દીધો! એવી શક્યતા છે કે તેમણે કેટલાયે પ્રાચીન ગ્રંથો જોયેલા ખરા અને તેથી તે મેળવી તેમાં સુધારોવધારો કર્યો હોય. દિલગીરી સાથે સ્વીકારવું જોઈએ કે આવી જાતની માન્યતા ઉપર આવતાં એક માનનીય વૃદ્ધ વૈષ્ણવ ઉપર દગો કરવાનો આરોપ આવે છે અને તેથી તદ્દન સ્પષ્ટ પુરાવો ન મળે ત્યાં સુધી એ આરોપ એમના ઉપર ચઢાવવો, એ તદ્દન ગેરવ્યાજબી છે.

શ્રી. મૃણાલ કાન્તિ ઘોષ 'ભક્તિભૂષણે' હમણાં જ 'ગોવિંદદાસેર કડછા રહસ્ય' નામનું એક પુસ્તક પ્રસિદ્ધ કર્યું છે. તે પુસ્તકના ૧૪૩ મા પૃષ્ઠ ઉપર તેમણે રાય રસમય મિત્ર બહાદુર અને બાબૂ વિશ્વેશ્વરદાસના ખુલાસા પ્રસિદ્ધ કર્યા છે. આ બંને ગૃહસ્થો અને તેમાંના બાબૂ વિશ્વેશ્વર તો ચોક્કસ જ માનતા હતા કે-'એ ગ્રંથ શ્રી. જયગોપાલ ગોસ્વામીએ જ રચેલો છે.' બાબૂ વિશ્વેશ્વરે કરેલી તપાસને પરિણામે પણ તે બંનેનો શક વધુ અને વધુ દૃઢ થયેલો માલૂમ પડયો હતો. અહીં એ યાદ રાખવું જોઈએ કે બાબૂ વિશ્વેશ્વરદાસ શ્રી. જયગોપાલ ગોસ્વામીના શિષ્ય હતા અને તેમની સાથે લગભગ ૪૦ વર્ષ સુધી ગાઢ પરિચયમાં આવેલા હતા; અને તેથી તેમના અભિપ્રાયને જરાપણ હડસેલી દૂર કરી શકાય નહીં.

કોઈનો પણ જેમાં વિરોધ નથી, તેવી આ નાની બાબત એવું સિદ્ધ કરતી લાગે છે કે, આવી રમત રમવામાં શ્રી જયગોપાલ શક્તિહીન ન હતા; સંભવ છે કે કદાચ તેઓને આ વિષયની ગંભીરતાની સૂઝ કે સમઝ ન હોય! એ તો સ્પષ્ટ છે કે, પ્રથમનાં પંદર પાનાં જે પ્રતિ ઉપરથી તૈયાર કરવામાં આવેલાં તે પ્રતિની પ્રામાણિકતા માટે તો ખુદ શ્રી. જયગોપાળ ગોસ્વામીને પણ શંકા હતી; છતાં આ વિષે તેમણે પોતાની આવૃત્તિમાં જરાસરખો પણ ઈસારો કરેલો નહીં. આનો ખુલાસો તો એમ જ કરી શકાય કે કાં તો શ્રી જયગોપાલ ગોસ્વામીને સમ્પાદકીય જવાબદારીનો ખ્યાલ જ નહીં હોય અને કાં તો દગો શી વસ્તુ છે, એની જ સમઝ ન હોય! આ બધા ઉપરથી ફલિતાર્થ તો એ જ નીકળે છે કે એ સમગ્ર ગ્રંથ અથવા તો તે ગ્રંથનો પ્રથમ ભાગ શ્રી. જયગોપાલ ગોસ્વામીની જ કૃતિ હોય. બાબૂ વિશ્વેશ્વરદાસે જે સત્ય રજુ કર્યું છે તે પ્રમાણે તો શ્રી. જયગોપાલ ગોસ્વામી આનાથી કોઈ જાતનો ગુન્હો થાય છે તેમ જાણતા નહતા અને તેઓ તો પવિત્ર અને બાલસુલભ ધર્મભાવનાથી એ કાર્ય કરવા પ્રેરાયા હતા. આપણે કોઈ પણ એક નિશ્ચિત નિર્ણય ઉપર ન આવીએ છતાં એટલું તો સમઝી શકીએ કે ઉક્ત 'કડછા'નો રચનાર શ્રી. જયગોપાલ ગોસ્વામી હોય, તે માટે સજ્જડ પુરાવાઓ મળે છે. આટલી લંબાણ ચર્ચાનો સાર આ પ્રમાણે આપી શકાય કે:—

ચર્ચાનો સાર

૧. કોઈ પણ જૂની હાથપ્રતિ જ્યાં સુધી રજુ કરવામાં ન આવે અને તેની બરોબર પરીક્ષા કરવામાં ન આવે, ત્યાં સુધી આ 'ગોવિંદદાસેર કડચા'ને પ્રામાણિક જૂના ગ્રંથ તરીકે સ્વીકારી ન શકાય.

૨. એવા સજ્જડ પુરાવા સાંપડે છે કે ગ્રંથના રચનારા શ્રી. જયગોપાલ ગોસ્વામી હોય; પછી તેમણે સમગ્ર ગ્રંથ ન રચ્યો હોય તો થોડો ભાગ પણ.

આ તો માત્ર હાથપ્રતિની તપાસે જ કહેવામાં આવ્યું છે; ગ્રંથસ્થ વસ્તુઓની બારીક તપાસ કરવામાં આવે તો આથીયે વધુ સાબિતી હાથ કરી શકાય તેમ છે. ઉપર જે ચર્ચા કરવામાં આવી છે, તેના ઉપરથી જે કાંઈ નિર્ણય બાંધવામાં આવ્યો છે, તે ઉપરથી એમ નથી સમઝવાનું કે—'શ્રી. ચૈતન્ય મહા પ્રભુને કોઈ ગોવિંદદાસ નામનો શિષ્ય હતો અને તે શ્રી ચૈતન્યની દક્ષિણની મુસાફરીમાં સાથે હતો અને તેણે આ 'કડછો' લખ્યો હતો, આ વાતનો સ્વીકાર કરવામાં આવે છે અથવા તો નકારવામાં આવે છે.' આ વસ્તુ ઉપર નિર્ણય બાંધવાનું તો જુદી જ રીતનું નિરીક્ષણ માગે છે. માનો કે કદાચ તેવો કોઈ શ્રી ચૈતન્યનો શિષ્ય હતો અને તેણે તેવું કોઈ પુસ્તક રચ્યું હતું; પણ તેથી એ કાંઈ સમર્થિત થઈ શકે તેમ નથી કે છપાવી પ્રસિદ્ધ કરેલો આ 'કડછો' તે જ ગોવિંદદાસની કૃતિ છે.

(**પ્રજાબંધુ.** પાનાં ૧૦-૧૧ તા૦ ૧૮-૧૦-૧૯૩૬)

***

(૪)

'હાંકયે રાખવા'ની નીતિ ક્યાં સુધી ?

'ગૂજરાત' માસિકના છેલ્લા એટલે કે ઓકટોબર માસના અંકમાં સંશોધન-વિષયક બે લેખો છપાયા છે. એક, પ્રો. ગજેન્દ્રશંકર પંડ્યાના 'ભાલણ' વિષેના નિબંધનાં પ્રકરણો અને બીજો, શ્રી. ભાનુશંકર વ્યાસનું 'ગૂજરાતી સાહિત્ય' (ઈ. સ. ૧૨૯૭ થી ૧૬૦૦ સુધી) વિષેનું વ્યાખ્યાન. આ બન્ને લેખો વિષે જાહેર હિતની દૃષ્ટિએ કેટલુંક કહેવા જેવું હોવાથી તે અહીં રજુ કરવાની તક લઉં છું. આ બન્ને લેખોમાં, સાહિત્યસંશોધનનાં ક્ષેત્રમાં અક્ષમ્ય એવી કેટલીક અચોક્કસતા અને અશાસ્ત્રીયતા રહેલી છે તે પ્રત્યે ધ્યાન દોરવાની જરૂર છે.

'**ભાલણ**'વિષેના નિબંધનું 'ગુર્જર ભાષાના વિકાસમાં ભાલણનું સ્થાન' એ શીર્ષક પ્રકરણ આ બાબતનો નાદર નમૂનો છે. એમાં ભાષા અને વ્યાકરણ વિષે વિવેચન કરતાં જે સંખ્યાબંધ સ્ખલનાઓ થઇ છે તે સર્વનો ઉલ્લેખ આ ચર્ચાપત્રમાં કરી શકાય તેમ નથી, પરંતુ પ્રાકૃતને અપભ્રંશ ઠરાવવા સુધીની જે આશ્ચર્યજનક ગેરસમજ થઈ છે તે અત્યંત વિચિત્ર લાગે છે. હેમચંદ્રના ગુરૂ દેવચંદ્રકૃત 'શાન્તિનાથચરિત્ર'માંના અપભ્રંશ અને શ્રીધરકૃત 'રણમલ્લછંદ'ની ભાષા વચ્ચેનો ભેદ દર્શાવવા માટે લેખકે મૂળ 'શાન્તિનાથ ચરિત્ર'માંથી નહીં, પણ સ્વ. ચીમનલાલ દલાલના લેખમાંથી જે અવતરણ કર્યું છે તેનો કેટલોક ભાગ નીચે પ્રમાણે છે:—

कविराजचक्कवइं वन्दे सिरिइन्दभूइमुणिनाहम् ।
जस्स जलं तेलम्मि व वाणी सव्वत्थच्छविहरइ ॥
वन्दामि भद्दबाहुं जेण य अइरसिअबहुकहाकलिअम् ।
रइअं सव्वालक्खं चरिअं वसुदेवराअस्स ॥

વગેરે.

આ અવતરણની ભાષા સ્પષ્ટ રીતે મહારાષ્ટ્રી પ્રાકૃત છે, એ આ વિષય સાથે ઓછામાં ઓછો સંપર્ક ધરાવનાર કોઈ પણ કહી શકશે. આ ભાષાને અપભ્રંશ ઠરાવીને હેમચંદ્રના અપભ્રંશ અને 'રણમલછંદ'ની ભાષા સાથે સરખાવવાનો એક વિદ્વાન પ્રોફેસર પ્રયત્ન કરે તે માત્ર ' ગૂજરાત ' માસિકનું નહીં, પણ આખા ગૂજરાતની વિદ્વત્તાનું દુર્ભાગ્ય છે. આ અવતરણ પર વિવેચન કરતાં લખ્યું છેઃ " वन्दे, वन्दामि અને દ્વિતીયાનાં अम् અન્તવાળાં રૂપો ' શાન્તિનાથચરિત્ર 'માં છે તે ઉપેક્ષી જોઇએ તો હેમચંદ્ર આચાર્યે અપભ્રંશના અને પ્રાકૃતના નિયમો આપ્યા છે તે પ્રમાણે ફેરફારવાળાં એમાં રૂપો દેખાય છે." પણ वन्दे वन्दामिની ઉપેક્ષા શા માટે કરો છો ? મહારાષ્ટ્રી પ્રાકૃતને અપભ્રંશ ઠરાવવામાં વાંધો પડે તેથી ? 'શાન્તિનાથચરિત્ર'માંના આ અવતરણને આત્મવિશ્વાસપૂર્વક અપભ્રંશ માનતા હો તો એવાં અસામાન્ય રૂપોની 'ઉપેક્ષા' શા માટે કરો છો ? ભાષા અને સાહિત્યની શાસ્ત્રીય ચર્ચા શું આ છે ?

અપભ્રંશના સમય વિષે પ્રો. ગજેન્દ્રશંકરે લખ્યું છે, " અપભ્રંશ ભાષાનો આરંભકાળ સંવત આઠમા સૈકાથી માનીએ અને એ પણ વિકૃત થતાં સંવત ૧૩મા સૈકાથી તે ૧૬ મા સૈકાના મધ્યભાગ સુધીની અંતિમ અપભ્રંશ માનીએ..." ૧૬મા સૈકાના અંત સુધી અપભ્રંશ ચાલુ હતી એમ શા ઉપરથી ? શ્રી. ચીમનલાલ દલાલના નિબંધમાં સોળમી સદી સુધીનાં અપભ્રંશ કાવ્યો નોંધાયાં છે તેથી ? અપભ્રંશ તો સૈકાંઓ પહેલાં મૃતભાષા બની હતી તેટલું પણ લેખકના ખ્યાલમાં રહ્યું નથી !

' **ગૂજરાતી સાહિત્ય** 'વાળું વ્યાખ્યાન તેના ગુણદોષો સાથે સાહિત્યરસિકોના ધ્યાન પર આવે તો વધુ ઇષ્ટ છે. આ વ્યાખ્યાનોનો ઉપયોગ માત્ર સાહિત્યમાં રસ લેનારાઓ જ નહીં પણ કોલેજના વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ કરે એવો સંભવ હોવાથી તે વિષે છૂટથી ચર્ચા થવાની જરૂર છે.

ઈ. સ. ૧૨૯૭ થી ૧૬૦૦ સુધીના ગૂજરાતી સાહિત્યની ઉપરછલી ચર્ચા પણ એક નવ પાનાના વ્યાખ્યાનમાં થઈ શકે એમ માનવાની હું ના પાડું છું. વ્યાખ્યાનોની યોજના કરનારાઓએ પણ સૌથી મોટી ભૂલ આટલા લાંબા સમયને એક જ વ્યાખ્યાનમાં સમાવી લેવામાં કરી છે. ઈ. સ. ૧૪૫૦ થી ગૂજરાતી ભાષામાંથી અપભ્રંશની રહીસહી છાંટ નાશ પામે છે, જૂનાં રૂપો અદૃશ્ય થાય છે અને ભાષા નવું સ્વરૂપ ધારણ કરે છે. ઈ. સ. ૧૨૫૦ અગર ૧૩૦૦ થી ૧૪૫૦, ૧૪૫૦ થી ૧૬૦૦ અને ૧૬૦૦ થી દયારામ યુગ સુધી એ રીતે વ્યાખ્યાનોની યોજના કરવામાં આવી હોત તો તેની કંઇક ઉપયોગિતા લેખાત અને વ્યાખ્યાનો પાછળ ખર્ચવામાં આવતાં નાણાંની સાર્થકતા ગણાત. બાકી આવો ખીચડો કરીને ૪૦૦ વર્ષના યુગ માટે નવ પાનાંનું વ્યાખ્યાન—જેમાં ભાષા, વ્યાકરણ, સંસ્કૃતિ કે સાહિત્ય એમાંથી એક પણ વિષયની સન્તોષપ્રદ ચર્ચા થઈ શકી નથી, સંખ્યાબંધ જાણીતા

કવિઓનો અને અનિવાર્ય મહત્વના 'ત્રિભુવનદીપકપ્રબન્ધ' અને 'પૃથ્વીચંદ્રચરિત્ર' જેવા ગ્રંથોનો નામોલ્લેખ સરખો પણ થયો નથી.

ગેરસમજમાં વધારો કરનાર કેવી રીતે બને તેનાં એક-બે ઉદાહરણો આપું. દિ. બા. ધ્રુવસંશોધિત 'રણમલ્લછંદ' વિષે વ્યાખ્યાતા જણાવે છે, "એ 'રણમલ્લછંદ' સંશોધિત સ્વરૂપમાં છપાય તો અભ્યાસીઓને અનુકૂળ થાય એટલો માત્ર ઉલ્લેખ કરવાની અત્રે જરૂર રહે છે. એની ભાષા, પદલાલિત્ય, છંદો, **અસ્પષ્ટતા** બધાંનું કાંઈક નિરાકરણ તે વગર કેમ થઈ શકે?" પણ વ્યાખ્યાતા એ વાતથી બીલકુલ અજ્ઞાન છે કે 'રણમલ્લછંદ'ની ભાષા શુદ્ધ ગૂજરાતી નથી, પણ ચારણી 'અવહટ્ટ' છે અને 'અવહટ્ટ' ન સમજાય એટલા કારણથી તેના ઉપર 'અસ્પષ્ટતા'નો આરોપ મૂકી દેનાર અને કાવ્યના પુનઃસંશોધનની ભલામણ કરનાર હિંમતને ખરેખર ધન્ય છે! આગળ એક સ્થળે લખ્યું છે, 'એટલે માર્કંડેય "પ્રાકૃત સર્વસ્વ"માં ગૌર્જર અપભ્રંશ કહે છે એ જ આપણી ગુજરાતીનું પ્રાચીન સ્વરૂપ છે. અને આ સ્વરૂપ પામતાં પહેલાં વચગાળાનાં વરસોમાં જે સ્વરૂપ રહ્યું જેમાં સંયુક્ત વ્યંજનોનું અસ્તિત્વ હતું અને ન હતું એ અંતિમ અપભ્રંશ." વ્યાખ્યાતાએ માર્કંડેયનું 'પ્રાકૃતસર્વસ્વ' વાંચ્યું છે ખરૂં? માર્કંડેય લખે છેઃ

> नागरो व्राचडश्चोपनागरश्चेति ते त्रयः ।
>
> अपभ्रंशाः परे सूक्ष्मभेदत्वान्न पृथग्मताः ॥

માર્કંડેયના મત પ્રમાણે આ ત્રણ અપભ્રંશો સિવાય બીજા ભેદ સૂક્ષ્મ હોઈ જૂદું વિવેચન માગી લેતા નથી. અલબત્ત, ગૌર્જર અપભ્રંશનો ઉલ્લેખ તેણે કર્યો છે, પણ તે આ રીતેઃ

> कालिङ्ग्यप्राच्यकार्णाटाकांच्यद्राविडगौर्जराः ॥
>
> आभीरो मध्यदेशीयः सूक्ष्मभेदव्यवस्थिताः ।
>
> सप्तविंशत्यपभ्रंशाः वैतालादिप्रभेदतः ॥

માર્કંડેયની અતિ સંક્ષિપ્ત ચર્ચા ઉપરથી, જેને તે "ગૌર્જર અપભ્રંશ કહે છે એ જ આપણી ગૂજરાતીનું પ્રાચીન સ્વરૂપ છે" એમ નિશ્ચયાત્મક રીતે કહેવા જેટલો આધાર કોઈ રીતે મળે છે ખરો? વ્યાખ્યાતા પાસે બીજો આધાર હોય તો તે વિગતવાર રજુ થવો જોઈતો હતો.

ડૉ. ટેસીટોરી તેમ જ ટર્નરનાં વ્યાકરણોનો કોઈ આધાર તેમણે લીધો નથી. દલાલનાં 'પ્રાચીન ગૂર્જર કાવ્યસંગ્રહ', જિનવિજયજીનો 'ગદ્યસન્દર્ભ' અને ઈ. સ. ૧૨૯૭ જેટલા પ્રાચીન સાહિત્યયુગના અભ્યાસ માટે ઉપયોગી એવા ગૂજરાત બહાર પ્રકટ થયેલા અનેક ગ્રન્થોનો તેમણે ઉપયોગ કર્યો હોય, એમ જણાતું નથી. (પ્રજાબંધુ તા. ૧-૧૧-૩૬, પાનું ૨૬ મું)

અમદાવાદ, તા. ૨૯-૧૦-૩૬. **સંશોધનપ્રેમી**

નોંધઃ આ ચર્ચાપત્રમાંથી વ્યાખ્યાનમાળા વિષેની ટીકાનો ભાગ તેમ જ વ્યાખ્યાતાના કાર્ય સંબંધી ટીકાનો ભાગ ગાળી-ચાળી નાંખ્યો છે. સં. ત્રૈ.

* * *

(૫)

અમદાવાદના ગવૈયા

અમદાવાદમાં હમણાં જ ભરાયલા ગુજરાત સાહિત્યસંમેલન તરફથી પ્રકાશિત થયેલા "અમદાવાદનો પરિચય" (લેખક રા. રા. રત્નમણિરાવ ભીમરાવ) નામના લઘુ પુસ્તકમાં ૨૮ મા પાનાની બીજી લીટીમાં "કોઈ નામાંકિત સંગીતવિશારદ અમદાવાદમાં થયો નથી," એવું વિધાન છે. અમદાવાદમાં થઈ ગયેલા સંગીતવિશારદો માટે મ્હારી પાસે કેટલીક માહિતી છે જે સાહિત્ય અને સંગીતમાં રસ લેતા ગુજરાતીઓને ઉપયોગી થશે એમ માની આ લખાણ લખવા પ્રેરાઉં છું.

(૧) સોળમા સૈકામાં અમદાવાદની મુસ્લીમ પ્રજાની મુખ્ય વ્યક્તિઓમાં હઝરત શાહ વજીહ્-ઉદ્-દીન મુખ્ય હતા. એમના પિતાશ્રી મોહમ્મદ બેગડાના સમયમાં (સૈયદ શાહ નસર્-ઉલ્-લાહ) ચાંપાનેરમાં કાજી હતા. શાહ વજીહ્ ઉદ્-દીને જન્મથી તે મરણ સુધી (હી સં. ૯૧૦-૯૯૮) દસ બાદશાહનો અમલ જોયો હતો. એ વખતમાં સૈયદ શાહ વજીહ્-ઉદ્-દીનની વિદ્વત્તા અરબસ્તાન, આફ્રિકા ને સ્પેન સુધી જાહેર હતી. ૧૨ વર્ષની ઉમ્મરે તેઓ હાફીઝ હતા. ૨૦ વર્ષની ઉમ્મરે તે અબુલ-ફઝલ પાસેથી ઈલ્મે માઅકુલી ભણી રહ્યા હતા. તેમણે લગભગ ૩૦૦ જેટલાં પુસ્તકો લખ્યાં છે. ફક્ત ઈલ્મે હદીસ ઉપર જ ૩૨ પુસ્તકો લખ્યાં છે! શહેનશાહ અકબરે ત્હેમનું સંબોધન "ઉસ્ત ઝુલ ઉસાતીઝા, ઉસ્તાઝુલ ઉમ્મતે મોહમ્મદ કિદવતુલ વાસેલીન વજીહ્-ઉલ્-મિલ્લતે વદ્દીન હઝરત સૈયદ શાહ વજીહ્ ઉદ્-દીન અલવી અલહુસેની ગુજરાતી (અવ. સ) એમ કરેલું. શહેનશાહ હુમાયુ અમદાવાદમાં આવ્યો ત્યારે એમની ખાસ મુલાકાત લીધી હતી. શાહ વજીહ્ ઉદ્-દીન તાનસેનના ગુરૂ હઝરત શાહ મોહમ્મદ ગોસ ગ્વાલીઅરી (રહે. અ.)ના મુખ્ય શિષ્યમાંના એક હતા. તાનસેનના પુત્ર વિલાસખાન અને તાનસેનના જમાઈ નૌબતખાં (સમેરખાનસિંહ) બન્ને શહેનશાહ જહાંગીર, જ્યારે શાહજાદા હતા ત્યારે તેમની સાથે અમદાવાદમાં રહેતા હતા. ત્હેમની બન્નેની વિનંતીથી શાહ વજીહ્-ઉદ્-દીનની કબર ઉપર શહેનશાહ જહાંગીરે એક રોજો બંધાવ્યો હતો, જે હાલ પણ ખાનપુરમાં રીફોર્મ કલબની સામે મોજુદ છે.

શાહ વજીહ્-ઉદ્-દીનને મુસ્લીમ ગવૈયાઓ હજી પણ વલી માને છે. સેનીઆ ગવૈયાઓ શાહ વજીહ્-ઉદ્-દીનના નામના ધ્રુવપદ ધમારો હજી પણ ગાય છે. ગ્વાલીઅરમાં આવેલી તાનસેનની અને મોહમ્મદ ગોસ ગ્વાલીઅરી[રેહ-અ]ની કબર ઉપર શાહ વજીહ્-ઉદ્-દીન નામના કલમા હજી પણ પઢાય છે.

ત્હેમના વંશજો હાલ અમદાવાદમાં છે. શાહ વજીહ્-ઉદ્-દીનની તવારીખ ત્હેમની પાસેથી, રામપુરના સ્વ. નવાબ એચ. એચ. સર હામીદ અલ્લીખાંની ડાયરીમાંથી તેમ જ બીજી ઘણી ઉર્દૂ ને ફારસી તવારીખોમાંથી મળી શકશે.

(૨) અમદાવાદમાં શાહ મુઝફ્ફર શાહ ત્રીજાના સમયમાં રામદાસ, મહિપત, ને સુરદાસ નામના ત્રણ પ્રખ્યાત ગાયકો હતા. તેઓ અમદાવાદમાં ત્રીસ વર્ષથી ઉપર રાજ્ય ગાયકો

તરીકે રહ્યા હતા. આ ત્રણે ગાયકોને શહેનશાહ અકબર પોતાના દરબારમાં લઈ ગયો હતો. અકબરના ૨૦૦ કલાવંતોમાં ૩૬ પ્રખ્યાત હતા, તેમાં પણ રામદાસ, મહિપત ને સુરદાસ મુખ્ય હતા. આઇને અકબરીમાં આ વિષેની નોંધ છે. એમ લખેલું છે કે ગળાની મીઠાશ બાદ કરતાં રામદાસ ને મહિપત તાનસેનથી કોઈ રીતે ઉતરતા ન્હોતા ! રામદાસનો રામદાસી મલ્હાર, સુરદાસનો સુરદાસી મલ્હાર અને મહિપતના લંકેશ્રી લાખેશ્રી પ્રખ્યાત છે. રામપુરના સ્વ. નવાબ હામીદ અલ્લીખાનની ડાયરીમાં આ ગાયકો વિષે પુષ્કળ વખાણ છે. રામદાસની ગુર્જરી ટોડીનો પ્રબંધ, "સાગરેસા..." વિ. જેની સંચારીમાં "પંચમ કીનકે બીભાગ" એ વક્ર પંચમની ગુર્જરી અમદાવાદમાં જ બનાવેલી હતી. રામપુરના મુન્શી સાહેબની ડાયરીમાં આમ ઉલ્લેખ છે. સ્વ. ભાતખણ્ડેની ડાયરીમાં પણ આનો ઉતારો છે. જયપુરના પુસ્તકાલયમાં પણ આ વિષે માહિતી મળી શકશે. છેવટે પુનાના લક્ષ્મણ દત્તાત્રય જોષીના "કંલાવંતાચા ઇતિહાસ" નામના પુસ્તકમાં પણ આ વિષે કંઈક માહિતી મળશે.

(૩) અમદાવાદના જાણીતા શેઠ હઠીસીંગના કુટુમ્બમાં સ્વ. જેસીંગભાઈ શેઠ ઘણા જ નિષ્ણાત સંગીતવિશારદ થઈ ગયા. એમનાં વખાણ સ્વ. ભાતખંડે, રામપુરના નવાબ સ્વ. હામીદઅલ્લીખાં અને સ્વ. સુરેન્દ્રમોહન ટાગોરે મુક્તકંઠે કરેલાં છે. એમની વિદ્યા અને જ્ઞાનની ખ્યાતિ ગ્વાલીઅરના જયાજીરાવ સિંધીઆના દરબાર સુધી હતી. હાલ ઉસ્તાદો જેને બટ્ટાબીન, તંબુરબીન, વિચિત્રબીન વિ. કહે છે તે શેઠ જેસીંગભાઈએજ ઉપજાવેલું એ વાત ઉસ્તાદોમાં ને સંગીતજ્ઞોમાં સર્વમાન્ય છે. જયપુરના રામસિંગજીના સમય પછી હિંદુસ્તાનમાં પાંચ સંગીતના દરબાર હતા, એમ બુઝર્ગ ઉસ્તાદો હજી કહે છે: (૧) દિલ્હીનો, (૨) ગ્વાલીઅર (૩) લખનૌ વાજીદઅલીશાહનો (૪) નિઝામનો (૫) શેઠ જેસીંગભાઈનો. જયપુરના, બાદશાહ ઝફરના અને નિઝામના દરેક ગવૈયા શેઠ જેસીંગભાઈ પાસે થોડો ઘણો વખત પણ રહી ગયેલા.

(૪) રા. જયશંકર(સુંદરી)ના પિતામહ નાયક ત્રિભુવનદાસ જેસીંગભાઈ શેઠની સાથે જ રહેતા હતા. તાનરસખાં, ઝાકર્-ઉદ્દ-દીનખાં જેવા ગવૈયાઓ ત્રિભુવનદાસની ગાયકીથી મુગ્ધ બન્યા હતા. એમના જેવો ગાયક મુંબઈ ઇલાકાની હિન્દુ જનતામાં છેલ્લાં સો વર્ષમાં કોઈ થયો નથી.

આ ઉપરાંત ઘણા સંગીતતત્ત્વવિદોની તવારીખ મ્હારી પાસે છે. સ્થળસંકોચને લીધે વધારે લખી શકતો નથી.

ગાયકોની તવારીખ મેળવવી એ દુઃસાધ્ય વિષય નથી. ભાઈશ્રી રત્નમણિરાવ આ દિશામાં મહેનત કરશે તો જરૂર ઘણું મેળવશે. એમની ઇચ્છા હશે તો હું પણ મારા તરફથી બનતી સહાય આપીશ. (**પ્રજાબંધુ.** પા. ૨૯, તા. ૨૮-૧૨-૩૬)

નરેન્દ્ર નવલશંકર શુક્લ

ઈડર સંસ્થાનના પુરાતન સમયના અવશેષો અને તેનું મહત્વ*

(વ્યાખ્યાતા:--**શ્રી પંઢરીનાથ આત્મારામ ઇનામદાર**, વિદ્યાધિકારી, સં. ઈડર)

બીજા દેશોની અપેક્ષાએ આપણી પાસે સંસ્કૃતિના વધારે મોટા ભંડારો હોવા છતાં અને આપણા મહર્ષિ, વ્યાસ, બુદ્ધ, શંકરાચાર્ય આદિ જ્ઞાનાચાર્યો તથા જ્ઞાનેશ્વર, તુકારામ, નરસિંહ, મીરાં જેવા ભક્તોની વાણીમાંથી અવિરત પ્રેરણા મેળવવા છતાં, આપણા યુદ્ધ-વીરો બીજા દેશોની અપેક્ષાએ શૌર્ય અને સ્વાર્પણમાં અપ્રતિમ હોવા છતાં, આપણી સંસ્કૃતિ અને તત્ત્વજ્ઞાન અત્યંત ઉચ્ચ કોટિએ પહોંચેલ હોવા છતાં, નીતિ અને શાસ્ત્રોનો પરિણત વિકાસ થયેલ હોવા છતાં, વાઙ્મય, ચિત્ર, શિલ્પ, સંગીત તથા નાટ્ય અને લલિતકલાઓના અદ્વિતીય વિકાસ હોવા છતાં, સૃષ્ટિસૌંદર્યની દૃષ્ટિથી આપણા દેશમાં અત્યંત રમ્ય પ્રદેશો, સરોવરો. નદીઓ, સમુદ્રધારો, પર્વતો, જળધોધો, વગેરે નૈસર્ગિક દૃશ્યો તથા અજન્ટા, વેરૂળ વગેરે કળાનાં ધામો, મોટાં મોટાં પ્રેક્ષણીય ભવ્ય મંદિરો, તાજમહાલ, જુમામસીદ, ગોળઘુમટ જેવી જગપ્રસિદ્ધ ઈમારતો વગેરે મનુષ્યનિર્મીત કૃતિઓ હોવા છતાં, તેનો લાભ સામાન્ય જનસમાજને મળી શકતો નથી, તેનું મહત્વ પરખવાની તક મળતી નથી, ઉછરતા વર્ગને તેના સંસ્કારો ઝીલવાનો અવકાશ રહેતો નથી, તેના ઉદાત્ત ભાવોને સમજી આચારમાં ઉતારવાનું બની શકતું નથી, તેનું મૂલ્યાંકન કરવા જેટલી દૃષ્ટિ પણ ખીલી શકતી નથી તે દેશનું કેવું દુર્દૈવ છે.

× × × ×

આમ આપણે પરપ્રત્યયનેયબુદ્ધિ થઈ ગયા છીએ. જો આપણે એ આપણી પરપ્રત્યયનેય-બુદ્ધિને દૂર કરવી હોય તો આપણા સમાજને અને ખાસ કરીને ઊછરતા વર્ગોને ભૂતકાળના ઐતિહાસિક અવશેષોને તથા ઇતિહાસને નવી દૃષ્ટિથી સમજતાં શીખવવું જોઇએ; આપણા મહાપુરુષો, ધર્માચાર્યો, ગુરુઓ અને વીરોનાં ઉન્નત કાર્યોને સમજી તેનું મૂલ્યાંકન કરતાં શીખવું જોઈએ અને તેની ભાવનાઓને જનસમાજમાં ઉતારવી જોઈએ. આપણા જન-સમાજના મનમાં એમ લાગવું જોઇએ કે તેઓ એ જ શૂરવીર પ્રજાના વારસદારો છે, તેમની નસોમાં પણ એ જ લોહી વહે છે અને તેઓ પણ પુરાતન સમયથી વહેતી એ જ સંસ્કૃતિની નદીના અંશો છે અને તેથી એ જ પ્રકારનાં શૂરવીર કૃત્યો કરવાને માટે શક્તિમાન છે.

× × × ×

આવા ઐતિહાસિક અવશેષો ઉપરથી આપણે પુરાતન સમયના સમાજની સ્થિતિ, ગામ અને તેનું ગોધન રક્ષવા માટે લોકો કેવી રીતે પોતાનો પ્રાણ આપવા તત્પર થઈ જતા તે, રાજાઓનાં પુણ્યકાર્યો, જનસમાજમાં દ્રવ્યની યોગ્ય વહેંચણી હોવાના કારણે લોકોના બધા વર્ગો કેવા સુખી અને સંતોષી હતા અને પોતપોતાની ફરજો ઉત્સાહથી બજાવતા, એ વગેરે સમજી શકાએ. નદીની ખીણોના માર્ગોએ વેપારવણજ કેવી રીતે ચાલતો, આવી

---

* અમદાવાદમાં બારમું ગુજરાતી સાહિત્યપરિષદસંમેલન મળ્યું તે પ્રસંગે સંમેલન તરફથી અન્યત્ર અપાયલાં જાહેર વ્યાખ્યાનોમાં આ વ્યાખ્યાન મુનિશ્રી જિનવિજયજીના પ્રમુખપદે તા. ૧-૧૧-૩૬ ને રોજ રાત્રે મેજીકલેન્ટર્નની તખતીઓના દેખાડ સાથે અપાયું હતું. એમાંથી ખાસ મહત્વનો ભાગ અહીં ઉદ્ધૃત કરેલો છે. સં. અં. બુ. જાની.

ખીણોમાં આવજાવની સુગમતાને કારણે અને જમીનની ફળદ્રુપતાના કારણે, કેવી રીતે પ્રથમ જનસમાજનો વસવાટ થયો, વળી લોકોની સામાજીક સ્થિતિ, ઉદ્યોગો, તેમના ઉત્સવો, રમતગમતો, વાહનો, વસ્ત્રપરિધાન, આભૂષણો, કેશગુંફનની રીતિઓ, શસ્ત્રાસ્ત્રો, વાદ્યો, નૃત્યપદ્ધતિઓ, સ્થાપત્યકળા અને બીજી લલિતકળાઓમાં દક્ષતા વગેરે સમજી અને જાણી શકીએ છીએ. ઉદાહરણ તરીકે સ્થાપત્યમાં સંવિધાનકળા, સ્નાયુઓ અને શરીરરચના, વિવિધ ભાવોનું આલેખન, સુકોમળતા અને ખાસ કરીને સ્ત્રી મૂર્તિઓના ઘડતરમાં સર્વાંગ સુંદરતા, વસ્ત્રપરિધાનની છટા, આભૂષણો, કચ્છબંધન વગેરે ઉત્તમ રીતે બતાવેલા હોય છે. એ જ રીતે પુરુષશરીરમાં અંગોની સ્થિરતા અને શક્તિ, જીવનપ્રવાહનું જોમ અને તેજસ્વી ઉદાત્તવદનભાવ સુંદર રીતે આલેખેલ હોય છે. ઈડરમાં મળેલા અવશેષોમાં ઉપર્યુક્ત વિશેષતાઓનું સુંદર રીતે આલેખન છે એથી તે અગત્યના છે.

અત્યાર સુધી મળી આવેલી વિગતો ઉપરથી જણાય છે કે ઈડરનો પ્રદેશ ખૂબ પુરાતન કાળથી વસેલો હોવો જોઈએ. સાબરમતી આદિ છ સાત મોટી નદીઓ આ પ્રદેશમાં થઈને વહે છે. બધી નદીઓ સાબરમતીની શાખાઓ છે. અરવલ્લીની પર્વતમાળાનો દક્ષિણ ભાગ હોઈ આ પ્રદેશની ઉત્તરે ઉંચા નીચા ડુંગરો આવેલા છે. ડુંગરાળ પ્રદેશમાં આવજાવના અને વ્યવહારના માર્ગોની સગવડ ખાસ કરીને નદીની ખીણોમાં જ મળી શકે; એટલે કુદરતી રીતેજ આવી ખીણોમાં પ્રથમ માનવ વસવાટ થાય છે, કારણ કે ત્યાં પાણી પુષ્કળ પ્રમાણમાં મળે છે, નદીના કાંપની જમીન ખૂબ ફળદ્રુપ હોય છે અને ફળ, ફુલ, ઈન્ધન અને શિકારને માટે યોગ્ય વૃક્ષઘટાઓ અને અરણ્યો હોય છે. આથી માનવ વસવાટ આ સ્થાને સુગમ બને છે.

વળી રાજપૂતાનાનાં રેતીનાં રણોમાંથી આ નદીની ખીણોના માર્ગે આવવું સુગમ છે તેથી આ ભાગ ખૂબ પ્રાચીન સમયથી વસવાટવાળો હતો, અને સમય જતાં તેમાં ગામ, નગરો વગેરેનો વિકાસ થઈને રક્ષણાર્થે ડુંગરી કિલ્લાઓ બાંધવામાં આવેલા અને ગામો અને નગરોને આબાદી સાથે સંસ્કૃતિનો વિકાસ આ પ્રદેશમાં થયેલો હતો.

છેક પૌરાણિક કાળથી તે સત્તરમી સદી સુધી આ બાજુનો રાજ્ય પ્રદેશ ઓછેવત્તે અંશે સમૃદ્ધ હતો. હજી સુધી જે અવશેષો હાથ લાગ્યા છે તે છઠ્ઠીથી સત્તરમી સદી સુધીના છે. પણ મને લાગે છે કે જો કેટલેક સ્થળે ખોદકામ કરવામાં આવે તો વધારે જૂના સમયના અવશેષો હાથ લાગવાનો સંભવ છે.

નિસર્ગનિર્મીત અથવા મનુષ્યનિર્મીત સૌંદર્યની ખાસ ખુબી એ હોય છે કે તમે જેમ જેમ એનું વધુ નિરીક્ષણ કરો, તેમ તેમ તેમાં વધારે અને વધારે મગ્ન થતા જાઓ. સુંદર ખીણો, હિમાચ્છાદિત શિખરો, ગેરસોપાના જેવા જળધોધો, સુંદર નદીતટો, તાજમહાલ જેવી કળાકૃતિઓ, આપણને આશ્ચર્યચકિત કરી નાખી શરીરભાન ભૂલાવી દે છે. એ સ્થાપત્યકળાનાં સુંદર સ્મારકો છે.

આજે મારે પાંચ છ કેવળ અપ્રતિમ મૂર્તિઓ બતાવવાની છે: શ્રેષ્ઠ વીરભદ્ર, શિવ, ભીલડીના વેશમાં પાર્વતીજી, પાર્વતી અને બાળગણેશ, શિવ અને પાર્વતીએ તેડેલ બાળગણેશ, તથા માતૃકાઓની મૂર્તિઓ છે. માત્ર એકાદ અંગ અથવા ઉપાંગ ઉપરથી પણ આ મૂર્તિઓ સ્ત્રીની કે પુરુષની છે તે તમે સત્વર કહી શકો.

અનંગપદ્મા તરીકે ઓળખાતી એક બીજી મૂર્તિ પણ છે. પણ એ ખાસ કોની મૂર્તિ

છે તે માલમ પડતું નથી. હિન્દી સરકારનું પુરાતત્ત્વસંશોધન ખાતું પણ એ શું છે તે અમને કહી શકેલ નથી. તેને ચાર મસ્તક તથા આઠ ભુજાઓ છે, જે ખંડિત થયેલી છે તે એવી સ્થિતિમાં છે કે જાણે ખભા ઉપર મોટો બોજો લઇને ઉભા થવાની તૈયારી કરી રહેલ હોય, એમ જણાય છે. તેની ભુજાઓ ઉપર, મસ્તક ઉપર અને એક ઉપર બીજી એવી ચોવીસ આકૃતિઓ છે. તેમાં તુંબર, નૃસિંહ, ગદા સાથે વરાહ, વગેરે આકૃતિઓ છે. મૂર્તિઓ માટે આ એક કોયડા જેવી આકૃતિ છે.

બીજાં કેટલાંક સુંદર મંદિરોના અવશેષો છે. મેશ્વો, હાથમતી, અને હરણાવ નદીની ખીણમાં જૂનાં અવશેષો છે. સામળાજી, રોડા, અને ખેડબ્રહ્માના અવશેષો ખાસ આકર્ષક છે. આ કેંદ્રોમાંથી અમે કેટલીક મૂર્તિઓ સંગ્રહી છે અને જે પુરાતત્ત્વસંગ્રહાલયમાં લઈ જઈ શકાય તેવી મૂર્તિઓ નથી તેનો ફોટોગ્રાફ લઇ લઈએ છીએ. એટલે આ ત્રણ સ્થળોનું ટુંક વર્ણન અસ્થાને નહી ગણાય.

સામળાજીનાં મંદિરો મેશ્વો નદીના બન્ને કિનારા ઉપર આવેલાં છે. ત્રણ બાજુએ તે ડુંગરથી ઘેરાએલાં છે. સાત અથવા આઠ જૂનાં મંદિરો ત્યાં છે, જેમાંથી હાલનું સામળાજીનું મંદિર એ સૌથી પાછળનું અને બારમી સદીનું છે. ખંડિત થયેલું જૂનું સામળાજીનું મંદિર અને રઘુનાથજીનું મંદિર એ ઈંટોથી ચણાએલાં છે. સૂર્યમંદિર અને રણછોડજીનું મંદિર એ પત્થરનાં છે અને હરિશ્ચંદ્રનું મંદિર જે સૌથી જૂનું અને કદાચ છઠ્ઠી અથવા સાતમી સદીનું હોવાનો સંભવ છે તે પણ પત્થરની બનાવટનું છે. ખાસ અગત્યની વસ્તુ એ છે કે આ આખું સ્થાન જૂની ઈંટોથી ભરપૂર છે. આ ઇંટો મોટા કદની, આંગળીઓની છાપવાળી, અને જમીનના તળીઆથી નીચે વીસફુટ સુધી ઉંડાણમાં હાથ લાગે છે. લોકોને ઘર બાંધવાં હોય છે ત્યારે ઊંડા ખાડાઓ ગોડીને તેમાંથી ઇંટો લઈ જાય છે. અમુક સ્થળે ખોદકામ કરાવતાં કૂવાઓ અને ઘરના ભાગો મળી આવે છે. ખાકચોકની પાસે આવું એક ઘર હાથ લાગ્યું હતું, પણ દુર્ભાગ્યે એ બાબતમાં શોધખોળ થઈ શકે એ પહેલાં તો લોકોએ તેના દેખાવમાં ફેરફાર કરી નાંખ્યો હતો. એટલે અહીં કોઈ જૂની સંસ્કૃતિ હાથ લાગવાનો પૂરતો સંભવ છે. છઠ્ઠી અથવા સાતમી સદીની મૂર્તિઓ હાથ લાગી છે. સામળાજીના મંદિરની મૂર્તિઓ અને તેનું કોતરકામ ઉંચી કોટિનાં છે. એ નાના કદનું મંદિર હોવા છતાં લગભગ વેલુર અને હળેબીડના મંદિરના સરખું જ છે. સંભવ છે કે અહિં ઇસવીસન પૂર્વેથી શરુ કરીને ચૌદમી સદી સુધીના અવશેષો મળી આવે. આ જગોએ એક સુંદર તળાવ છે અને અહિં ધર્મશાળાઓમાં યાત્રાળુઓને માટે દરેક પ્રકારની સગવડ મળી શકે છે.

બીજું અગત્યનું કેન્દ્ર તે રોડા છે અને હિમ્મતનગરથી દસ માઇલ દૂર છે. ત્યાં ચાર મંદિરો સારી સ્થિતિમાં અને સાત આઠ મંદિરો લગભગ ભગ્ન દશામાં છે. એક ૮૦ ફુટ લાંબો, ૬૦ ફુટ પહોળો અને ૨૦ ફુટ ઊંડો મોટો કુંડ છે. આ કુંડની એક બાજુ તૂટેલી છે. ભગ્ન મંદિરોના અવશેષો અહિંથી મોટા પ્રમાણમાં મળી આવે છે અને આ અવશેષો ચાર માઇલ સુધી વેરાએલા છે. અહિં શિલાલેખ હજુ સુધી મળી આવેલ નથી; પણ લગભગ ચોક્કસ કહી શકાય કે ૬ ઠ્ઠી અથવા ૭ મી સદીથી ૧૩ મી સદી સુધી અહિં એક આબાદ નગર હશે, જે પાછળથી ૧૩ મી અથવા ૧૪ મી સદી પછીથી વિલુપ્ત થયેલ.

અહિં એક સૂર્યમંદિર, બે ત્રણ શિવમંદિરો, એક વિષ્ણુમંદિર અને એક શક્તિનું મંદિર છે. જોધપુરનું ઓસીયાનું સૂર્યમંદિર જે નવમી સદીનું મનાય છે તેની સાથે આ

મંદિરોનું ખૂબ સામ્ય છે. પંચાયતન વર્ગના એક મંદિરના ભગ્નાવશેષો અહિં છે. પ્રત્યેક મંદિર ઉપરનું કોતરકામ ખૂબ આકર્ષક છે. અને સૂર્યમંદિરમાં ૧૮ નૃત્ય કરતી મદનિકાઓની મૂર્તિઓ, ચાર સ્થંભો અને બે મંદિરના દ્વારની સામેના સ્થંભો ઉપર છે આ મૂર્તિઓ ઉપર એક જાતનું માટીનું પ્લાસ્ટર લગાડેલું હોવાથી તે સારી રીતે સચવાઈ રહેલ છે, જ્યારે આ પ્લાસ્ટર ઉખેડી લેવામાં આવે છે ત્યારે સુઘટિત મૂર્તિઓ જોવામાં આવે છે. આ સ્થળે મંદિરોનું રક્ષણ કરવાનું કામ શરૂ કરવામાં આવ્યું છે.

ત્રીજું કેન્દ્ર ખેડબ્રહ્મા છે. અહીં પણ ખૂબ પ્રાચીન સમયથી ૧૨મી અને ૧૩મી સદી સુધીના અવશેષો મળી આવવાનો સંભવ છે. ૬ઠ્ઠી અથવા સાતમી સદીની કેટલીક મૂર્તિઓ, તે સમયની ઈંટો, અને બીજી ૮મી અથવા ૯મી સદીની મૂર્તિઓ મળી આવેલ છે. પંખેશ્વર મહાદેવના પૃષ્ઠ ભાગમાંની શિવતાંડવની મનોહર મૂર્તિ અને બાજુના ખેતરમાંનું એકમુખી શિવલિંગ, એ ઘણા ભાગે સાતમી સદીનાં છે. આ સ્થળથી ૧૫ થી ૨૦ માઈલની ત્રિજ્યામાં હરણાવ ઉપરનું પંચાયતન મંદિર, પોળો સંસ્થાનના અભાપુરનું સારણેશ્વર મંદિર, અને લાંખેણાં દહેરાં, તથા બીજાં અવશેષો ઈડર સંસ્થાનની હદમાં પણ મળી આવે છે.

વડાલી, ઈડર, વડીઆવીર, ભાણપુર, કશનગઢ, ભીલોડા, ભવનાથ વિગેરે જગ્યાઓમાં પણ પુરાતન મંદિરો તથા અવશેષો છે. ભવનાથમાં એક સૂર્યમંદિર છે, જેમાં ૧૨મી સદીનો એક શિલાલેખ છે. ત્યાં ચ્યવન ઋષિનો આશ્રમ અને ભૃગુકુંડની માટી પતના રોગીઓ માટે ખાસ ગુણકારક છે.

આ અવશેષો સંબંધી ચોક્કસ નિર્ણય ઉપર આવતાં પહેલાં ખૂબ સંશોધનની જરૂર છે.

સાબરમતીની ખીણમાં પણ આવા કેટલાક અવશેષો છે, પણ તે આ બાજુથી થયેલાં લડાયક આક્રમણો દરમ્યાન વિલોપ પામ્યા હોય.

અત્યારે સૌથી વધારે મૂર્તિઓ અને કોતરકામના નમુનાઓ હિમ્મતનગરના પુરાતત્વ-સંગ્રહાલયમાં છે, અને વિશેષ સંગ્રહવામાં આવે છે.

આ ઉપરાંત લગભગ દરેક સારી વસ્તીવાળા એકાદ ગામમાં વાવ મળી આવે છે. કેટલાંક ગામોમાં તો બે ત્રણ કે તેથી પણ વધારે વાવો સામટી હોય છે. આ વાવોમાંના શિલાલેખો ૧૧મી થી ૧૭મી સદી સુધીના હોય છે. દાવડ, ટીંટોઈ, લીંબોઈ, ઈડર, રેંટોડા, રાયગઢ વગેરે સ્થળોએ અતિસુંદર વાવો છે. આમાંની ઘણીખરી વાવોમાં માતૃકાઓ, ગણેશ, શેષશાયી વિષ્ણુ વગેરેની મૂર્તિઓ હોય છે. આ બધી વાવોની કીંમત કદાચ એકાદ કરોડથી પણ વધુ હોય. આ ઉપરાંત આ વાવો જનસમાજના બધા વર્ગોએ બંધાવેલી છે, અને કેટલીક તો સ્ત્રીઓએ પણ બંધાવ્યાના ઉલ્લેખો છે. આમ સુતાર, લુહાર, બ્રાહ્મણ, નાગર-બ્રાહ્મણ, નાગરવાણીઆ વગેરે વિવિધ વર્ણના લોકોએ વાવો બંધાવી છે. આથી જણાય છે કે જનસમાજમાં સંપત્તિની વહેંચણી દરેક વર્ગમાં યોગ્યરીતે હતી અને તે વર્ગો સામાન્ય લોકોપયોગી કામોમાં પોતાના દ્રવ્યનો ઉપયોગ કરતા હતા. વળી કેટલેક સ્થળે સુંદર કારી-ગરીવાળાં કુંડો પણ જોવામાં આવે છે.

ઉપરાંત ઠેરઠેર ઘણાં તળાવો છે. લગભગ દરેક ગામ તળાવ વિનાનું ભાગ્યે જ હશે. પાંચ છ તળાવમાંથી તો નહેર કાઢી ખેતીને માટે પાણીનો ઉપયોગ કરવામાં આવે છે. આ ઉપરથી જણાય છે કે અહિંનો પ્રદેશ સારી રીતે વિકાસ પામેલો હતો અને ત્યાં જૂના કાળથી માણસોનો વસવાટ હોઈ તે સારો આબાદ હતો.

ઈડરનો પ્રદેશ વર્ષાઋતુમાં ખૂબ સુંદર હોય છે, અને વન તથા વનસ્પતિથી ખીચોખીચ ભરેલ છે. એ વિશે એક વ્યંગાત્મક શ્લોક પણ પ્રચલિત છે.

"ઈડરે પંચ રત્નાનિ પહાડ પાણી ચ પાંદડાં,
ચતુર્થં મધુપુષ્પં ચ પંચમં વસ્ત્રલોચનમ્"

મધુપુષ્પનો મહુડાનાં ઝાડ ઘણાં હોવાના કારણે અને વસ્ત્રલોચનનો ભીલ લોકોની ધાડોના કારણે ઉલ્લેખ છે. પણ એ વ્યંગાત્મક શ્લોકને ભૂલી જઈને આપણે એક બીજા શ્લોકને યાદ કરીએ.

ઈડરે પંચ રત્નાનિ ભૃગુ બ્રહ્મા ગદાધર,
ચતુર્થં કલનાથસ્ય પંચમં ભુવનેશ્વર.

પુરાતત્ત્વ સંશોધન સાથે ઉપરનો શ્લોક બરાબર બંધબેસતો છે. મને આશા છે કે મારી આ વાતચીત ઉપરથી આપની નજીકના આ સ્થળોને જોઈ અને તેના અવશેષો ઐતિહાસિક દ્રષ્ટિએ અભ્યાસ કરી પુરાતત્ત્વને ઉપયોગી સંશોધન કરવામાં સહાયરૂપ થશો.

મારે આ સ્થળે ઈડરના નામદાર મહારાજા સાહેબનો આભાર માનવો જોઈએ. પુરાતત્ત્વ અવશેષોનો સારોદ્ધાર કરી તેમને સંગ્રહવાની મેં તેઓશ્રીને અગત્ય જણાવ્યાથી જે ઉદારતાથી પુરાતત્ત્વ સંશોધન ખાતું ખોલવાની તેઓશ્રીએ અનુકૂળતા કરી આપી છે તે બદલ હું તેઓશ્રીનો આભારી છું.

ગૂજરાતની ઈતિહાસ સંશોધનપ્રવૃત્તિનું સિંહાવલોકન*

વ્યાખ્યાતા: **મુનિશ્રી જિનવિજયજી**

ગૂજરાતના પુરાતન ઇતિહાસનો વ્યવસ્થિત અને વિસ્તૃત પરિચય આપનારા, હજી સુધી, માત્ર એના એ જ બે જૂના ગ્રંથો, આપણી ઈતિહાસ-મુડીનું દિગ્દર્શન કરાવી રહ્યા છે. ૧. કિન્લૉક ફાર્બસ સાહેબની **રાસમાળા;** અને ૨ જેમ્સ કેમ્પબેલ સંપાદિત **મુંબઈ ગેઝેટિઅર પ્રથમ પુસ્તક.** રાસમાળાની મૂળ આવૃત્તિ સને ૧૮૫૬માં બહાર પડી; અને ત્યાર બાદ ૪૦ વર્ષ પછી, સને ૧૮૯૬માં ગેઝેટિઅરનું પુસ્તક પ્રસિદ્ધ થયું. એ બે ઇંગ્રેજી પુસ્તકોના આધારે લખાએલાં કેટલાંક નાનાં મોટાં પુસ્તકો આપણી ભાષામાં ઉપલબ્ધ થાય છે ખરાં, પણ તે બધાં, ઉક્ત મા-બાપોનાં નિર્બળ સંતાન જેવાં છે. એમાં કોઈનું પોતાનું ખાસ વ્યક્તિત્વ ક્યાંયે દેખાતું નથી. અધુરા, ભૂલભરેલા, ભ્રમ પેદા કરનારા અને ભાવાર્થ નહિ બતાવનારા આદિ દોષોથી, એ કૃતિઓ, કેટલેક અંશે ઉલટી વધારે ખોડખાંપણ ભરેલી છે.

એ બંને ગ્રંથોમાંથી પણ માત્ર **રાસમાળાનું** જ, સપ્રમાણ અને સટિપ્પણ, સુંદર ગૂજરાતી રુપાન્તર, સદ્ગત શ્રી રણછોડરામભાઈના હાથે થએલું, (શ્રી ફાર્બસ ગુજરાતી સભાએ બે ભાગમાં પ્રસિદ્ધ કરેલું) આપણને મળે છે; પણ ગેઝેટિઅરવાળું પુસ્તક તો હજીય સુધી, માત્ર ગૂજરાતી ભાષા જાણનારા ગૂર્જરપ્રજાજનો માટે, અગમ્ય અને અપાઠ્ય રહ્યું છે (અને હવે તો એ મૂળ ઈંગ્રેજી પુસ્તક પણ દુષ્પ્રાપ્ય થતું જાય છે). ખરી રીતે રાસમાળાની જેમ તેનું પણ, સપ્રમાણ અને સટિપ્પણ એવું શુદ્ધ ગૂજરાતી ભાષાન્તર, શ્રી રણછોડરામભાઈ જેવા જ કોઇ સુયોગ્ય સાક્ષરના હાથે તૈયાર થઇ, ગૂજરાત વર્નાક્યુલર સોસાઇટી, કે ગૂજરાત સાહિત્ય સભા જેવી સંસ્થાદ્વારા પ્રસિદ્ધ થવું જોઈતું હતું. હજી પણ, કોઇ સંસ્થા અને કોઇ વિદ્વાન્ એ કાર્ય હાથમાં લે, એવી મારી વિનંતિ છે.

ગૂજરાતી ભાષા અને પ્રજાની દૃષ્ટિએ એ ગ્રંથ, બે રીતે મહત્ત્વનો છે. એક તો, રાસમાળા કરતાં એમાં ગૂજરાતના ઇતિહાસનું આલેખન, ઘણી છાણવીણ, શોધખોળ અને વિશાળ દૃષ્ટિએ થયું છે; અને બીજું, એ આખાય પુસ્તકનું-એટલે કે પ્રાચીન વિભાગનું-મૂળ કલેવર, આપણા ગૂજરાતના જ સૌથી શ્રેષ્ઠ પુરાવિદ્ વિદ્વાન્, પંડિત ભગવાનલાલ ઈંદ્રજીના હાથે, અને તે પણ અસલ ગૂજરાતી ભાષામાં, તૈયાર થયું હતું. પંડિતજીના હાથનો એ અસલ ખરડો તો હવે મળવો સંભવિત નથી, પણ એ ખરડાના આધારે તૈયાર થએલા ઈંગ્રેજી લખાણનું પણ શુદ્ધ ગૂજરાતી ભાષાન્તર કરીને પ્રકટ કરવાથી, પંડિતજીના નામનું એક સ્થાયી સ્મારક ગૂજરાતી ભાષાને મળશે. પંડિતજીની સ્મૃતિ જાળવવાનો એ એક અગત્યનો વિચાર છે.

આ ઉપરથી, સમજી શકાય છે કે, આપણી પાસે, ખરી રીતે, ગૂજરાતના ઇતિહાસનું

---

* આ મનનીય અને અભ્યસનીય વ્યાખ્યાન ઇતિહાસ અને પુરાતત્ત્વ વિભાગના વિદ્વાન્ અધ્યક્ષ મુનિ શ્રી જિનવિજયજીએ અમદાવાદમાં મળેલા બારમા ગુજરાતી સાહિત્યપરિષદસંમેલનમાં આપ્યું હતું. તેમાંના સવિશેષ ઉપયુક્ત ભાગો અહીં ઉદ્ધૃત કર્યા છે. સં. અં. બુ. જાની

વ્યવસ્થિત અને પ્રમાણભૂત એવું માત્ર એ એક જ પુસ્તક વિદ્યમાન છે, એમ કહેવું જોઈએ, અને તે પણ, લગભગ ૫૦ વર્ષ પહેલાં ભેગી કરાએલી સામગ્રીના આધારે લખાએલું.

અલબત્ત, એ સાચું છે કે, ૫૦ વર્ષ પહેલાં ઉપલબ્ધ થએલી સામગ્રીમાં, પછીના, છેલ્લા ગત ૫૦ વર્ષમાં, તેવી કોઇ પ્રકારની અદ્ભુત, અજ્ઞાત કે વિશિષ્ટ સાધનસામગ્રી આપણને ઉપલબ્ધ થઇ નથી, કે જેથી ગૂજરાતના ઈતિહાસના અંધારા ગણાતા ઓરડાઓમાં અવનવો પ્રકાશ ફેલાવી શકાય ને તેમાંથી કોઇ ક્રાન્તિકારી વસ્તુ શોધી શકાય. ગૂજરાતના ઈતિહાસમાંના, કેટલાક ઘણા મહત્ત્વના પ્રશ્નો, હજી એવા ને એવા અણઉકેલાયા પડ્યા છે. એ ઇતિહાસનાં અનેક ખંડિત પ્રકરણોને, પૂર્ણ કરવા માટે લખાવા જેવી નવી પંક્તિઓની વસ્તુસામગ્રી, યોગ્ય પ્રકારમાં, હજી હસ્તગત થઈ નથી.

ગુજરાતના ઇતિહાસનાં ખંડિત પ્રકરણો

વિચારવા ખાતર એમાંનાં થોડાંક ઉદાહરણો લઈએ:—

(૧) સૌથી પ્રથમ તો, હજી આપણે એ જ પ્રશ્નનો સ્પષ્ટ ખુલાસો મેળવી નથી શક્યા કે જે પ્રજાના નામ ઉપરથી આપણી આ ભૂમિ ગૂર્જર નામથી અંકિત થઇ તે ગૂર્જરો કોણ હતા? આર્ય હતા કે અનાર્ય; ભારતીય હતા કે સિથિઅન્, સંસ્કારી હતા કે બર્બર–ઇત્યાદિ. વળી, તેઓ ક્યારે અને ક્યાંથી આવ્યા, ક્યાં રહ્યા, ક્યાં ગયા, તેમણે એવું શું કર્યું, ને શું દીધું–લીધું, જેથી તેમનું નામ આ દેશ સાથે સદાને માટે આવી રીતે જોડાયું. આ દેશમાં તો તેમની પહેલાં ગ્રીકો પણ આવ્યા હતા, યવનો પણ આવ્યા હતા, ક્ષત્રપો પણ આવ્યા હતા; પણ તે બધાની સ્મૃતિવિશેષ સૂચવતું આપણે ત્યાં એવું કોઈ જીવંત સ્મારક રહ્યું નથી જેવું આ ગૂર્જરોનું છે. ગૂજરાતના ઇતિહાસનો સૌથી મોટો અને પહેલો પ્રશ્ન આ છે. જો કે એના વિષે આજ સુધી અનેક તર્કવિતર્કો થયા છે અને અનેક મતો પ્રતિપાદવામાં આવ્યા છે. જેમ કે, કોઈ ઈતિહાસજ્ઞ કહે છે કે તેઓ આર્ય હતા તો કોઈ કહે છે તેઓ અનાર્ય હતા; કોઇ પંડિત કહે છે કે તે અસલ ભારતીય જ હતા તો કોઈ કહે છે કે તે મૂળ સિથિઅન્ હતા; કોઈના મતે તેઓ સંસ્કારી અને સુધરેલા હતા તો કોઈના મતે બર્બર ને જંગલી હતા. એમ જુદા જુદા વિદ્વાનો અને વિવેચકોએ ભારતીય અને તદિતર સાહિત્યમાંથી ઉલ્લેખો અને અવતરણો એકત્ર કરી તે પર પુષ્કળ ઊહાપોહ અને વાદવિવાદ કર્યો છે, પણ હજી સુધી સંપૂર્ણ સંતોષકારક ખુલાસો મળતો નથી.

(૨) એ પ્રશ્ન સાથે જ સંબંધ ધરાવતો અને એટલો જ મહત્ત્વનો બીજો પ્રશ્ન એ છે કે આપણા આ જગપ્રસિદ્ધ **ગુજરાત** શબ્દની ખરી વ્યુત્પત્તિ અને ઉપપત્તિ શી? આપણી ચાલુ લોકભાષામાં, આ શબ્દ **ગુજરાત** એ રૂપમાં બોલાય છે–(જેનો દક્ષિણી ઉચ્ચાર **ગુજરાથ** અને અને બંગાલી ઉચ્ચાર **ગુજરાટ** છે) સંસ્કૃતમાં તે **ગૂર્જરત્રા** અને પ્રાકૃતમાં **ગુજ્જરત્તા** એમ લખાય છે. આ પ્રા૦ ગુજ્જરત્તા, સં૦ ગૂર્જરત્રા અને દેશી ગૂજરાત–એ ત્રિમૂર્તિ શબ્દનો સાચો અર્થ શો? જૂના ગ્રંથોમાં એનો કશો અર્થ આપેલો જડતો નથી. સંશોધક વિદ્વાનોએ કેટલીક શોધખોળો કરી, પ્રાકૃત–સંસ્કૃત, અરબી–ફારસી અને દેશી–વિદેશી ભાષાઓના, શબ્દો ને પ્રત્યયોની જોડ–તોડ કરી, એનો ઉકેલ કરવા પ્રયત્ન કર્યો છે; અને તે ઉપરથી, કોઇની કલ્પનામાં **ગૂર્જરૈઃ**

त्रायते इति गूर्जरत्रा અથવા **गूर्जरेभ्यः त्राता इति गूर्जरत्रा** એ એની મૂળ વ્યુત્પત્તિ છે, અને એ સંસ્કૃત **ગૂર્જરત્રા** ભાષાનિયમાનુસારી વર્ણવિકાર પામી ક્રમથી પ્રાકૃત **ગુજ્જરત્તા** અને દેશી **ગૂજરાત**–એમ એ શબ્દ સિદ્ધ થાય છે. પણ બીજા વિદ્વાનોની કલ્પનામાં સંસ્કૃત ભાષાની દૃષ્ટિએ મૂળ ગૂર્જરત્રા એ શબ્દપ્રયોગ જ વિલક્ષણ લાગે છે. એ જાતની શબ્દરચના સંસ્કૃતમાં સુઘટિત લાગતી નથી. આવી જાતનાં દેશવાચક નામો, બીજાં ઉપલબ્ધ થતાં નથી. અને તેથી, એની વ્યુત્પત્તિ તેઓ બીજી રીતે શોધવા પ્રયત્ન કરે છે. કેટલાકને એમાં ગૂર્જરરાષ્ટ્ર એ મૂળ શબ્દનો અપભ્રંશ થએલો લાગે છે. **ગૂર્જરરાષ્ટ્ર** એવો મૂળ શબ્દ, અપભ્રંશ થતો, ગુજ્જરરાડ–ગૂજરરાટ–ગૂજરરાત–ગૂજરાત એવા ક્રમમાં, આપણી ભાષામાં ઉતરી આવ્યો છે. પણ એ વ્યુત્પત્તિમાં, પ્રથમ તો ભાષાશાસ્ત્રના નિયમનો જ બાધ આવે છે. એ નિયમ પ્રમાણે રાષ્ટ્ર=રાઠ એનું રૂપાન્તર **રાત** રૂપે થઈ શકતું નથી; ભાષાક્રમ પ્રમાણે ગૂર્જરરાષ્ટ્રનું પ્રા૦ ગૂજરરટ્ઠ અથવા ગૂજરરાડ થાય, જેમ સૌરાષ્ટ્રનું સોરઠ અને મહારાષ્ટ્રનું મરહઠ થયું તેમ, નહિં કે ગૂજરરાટ, અને તે પરથી ગૂજરાત. બીજું એ રૂપ કોઈ ગ્રંથ કે લેખમાં મળતું નથી; અને ત્રીજું જૂના ગ્રંથો અને લેખોમાં સં૦ ગૂર્જરત્રા કે પ્રા૦ ગુજ્જરત્તાનો જે પ્રયોગ, વિપુલ પ્રમાણમાં, થએલો મળી આવે છે તેનું શું? ત્યારે વળી, બીજા કેટલાક વિદ્વાનો **ગૂર્જર** અને **લાટ** એ બે દેશોના સંયુક્ત નામ વાચક **ગૂર્જર–લાટ** એ શબ્દમાં એની વ્યુત્પિત્તિ શોધવા પ્રયત્ન કરે છે. પણ એ વ્યુત્પત્તિ પણ 'ગૂર્જરરાષ્ટ્ર' જેવી જ અઘટિત લાગે છે. આમ આપણી ભાષાઓમાંથી એ શબ્દનો કોઈ ખરો અર્થ જડતો નથી અને તેથી, આપણા પ્રખર ભાષાશાસ્ત્રી શ્રી નરસિંહરાવ ભાઈએ, કોઈ વિદેશી શબ્દાર્થમાંથી એનું મૂળ શોધવાની કલ્પના કરી છે. તેમની કલ્પના પ્રમાણે, કાં તો 'ગૂર્જર' શબ્દને દેશવાચક દેશી પ્રત્યય **આત** જોડાઇને, ઠકરાતની જેમ આ ગૂજરાત શબ્દ બન્યો હોય, અથવા તો અરબ્બી ભાષાનો **અત** કે **આત** પ્રત્યય લાગીને, વકીલાત જેવા શબ્દોની જેમ, આ શબ્દ બન્યો હોય. પણ એ કલ્પનામાંયે જૂના લેખવાળા ગૂર્જરત્રા કે ગુજ્જરત્તા શબ્દનો અર્થ ઘટિત થતો નથી, તેમ વ્યુત્પત્તિનો કશો મેળ મળતો નથી.

આ રીતે ગૂજરાત શબ્દની મૂળ ઉત્પત્તિ શોધવાના વિવિધ પ્રયત્નો થયા છે; પણ મારે કહેવું જોઈએ કે હજી સુધી એમાંની એકેય વ્યુત્પત્તિ બરાબર બંધબેસતી લાગતી નથી અને તેથી એ પ્રશ્નનું સાચું સમાધાન થતું નથી.

(૩) વલભીરાજવંશના મૈત્રકો કોણ હતા? એતદ્દેશીય અસલ ક્ષત્રિયો હતા કે બહારથી આવેલા કોઈ સિથિયન્, શક કે હૂણ જેવા વિદેશીય હતા?—એ પ્રશ્ન પણ હજી વિવાદગ્રસ્ત જ છે. કોઈ તેમને અસલ ભારતીય માને છે, ત્યારે કોઈ ક્ષત્રપોના વંશજ, કોણ શકોના વંશજ, કોઈ ગૂર્જરોના વંશજ, કોઈ આભીરોના વંશજ અને કોઈ હૂણોના વંશ જ કલ્પે છે. એમ જાતજાતની અનેક કલ્પનાઓ કરવામાં આવે છે; એટલે આ પ્રશ્ન પણ હજી અણઉકેલાયો પડયો છે.

(૪) એ જ પ્રકારની વંશ વિષેની સંદિગ્ધતા, અસલ ગૂર્જરદેશના, પણ પાછળથી કનોજના, કહેવાતા પ્રતિહાર રાજકુલની ગણાય છે. ઇતિહાસના ઉલ્લેખોમાં સૌથી પ્રથમ **ગૂર્જર**-

નરેન્દ્ર તરીકેની ખ્યાતિ એ જ વંશના રાજાઓને મળેલી જોવામાં આવે છે. સમર્થ ઇતિહાસજ્ઞ વીન્સેન્ટ સ્મીથ અને તેમના અનુગામી પ્રખર પુરાવિદ્ અધ્યાપક દેવદત્ત રા. ભાંડારકરના મતે એ કુલ **ભિન્નમાળની ગૂર્જરજાતિ**નો સીધો વારસદાર રાજવંશ છે; ત્યારે મ૦ મ૦ પં૦ શ્રી ગૌરીશંકર હી૦ ઓઝા અને મહાભારતના મર્મજ્ઞ વિદ્વાન્ શ્રી ચિંતામણિ વિ૦ વૈદ્ય તેને રઘુવંશીય શુદ્ધ ક્ષાત્રકુળ માને છે. પ્રશ્ન હજી વિવાદગ્રસ્ત છે.

(૫) એ પછી, પાટણના ચાવડા વંશનો પ્રશ્ન આવે છે. જે શંકા પ્રતિહારવંશ માટે ઉપસ્થિત થએલી છે તે જ શંકા એ વંશ માટે પણ થએલી છે, અને તેનો ખુલાસો જોઇએ તેવો મળતો નથી.

(૬) અણહિલપુરના સસ્થાપક વનરાજના પિતા અને તેની પૂર્વાવસ્થા વિષે પણ વાદ-વિવાદ ચાલે છે. સમય અને સ્થાન જેના જણાયા નથી એવા કૃષ્ણકવિની રત્નમાળા નામે અપૂર્ણ હિન્દી કૃતિ અને તેના જેવા બીજા અર્વાચીન ભાટચારણોના ચોપડાઓમાંના ઉલ્લેખોના આધારે, વનરાજ એ પંચાસરના જયશિખરી નામના રાજા કે ઠાકોરનો પુત્ર મનાય છે. રાસમાળા અને ગેઝેટિઅર બંનેમાં આ વાત સ્વીકારવામાં આવી છે, અને તેના આધારે લખાએલાં આપણાં નાનાં મોટાં બધાં ઈતિહાસનાં પુસ્તકોમાં એ વસ્તુને અસંદિગ્ધરૂપે માની લીધેલી જોવામાં આવે છે. બીજી બાજુએ, ગૂજરાતના ઇતિહાસનાં મુખ્ય સાધનો જેવાં **પ્રબંધચિંતામણિ** અને **કુમારપાળપ્રબંધ** આદિ ગ્રંથોમાં, વનરાજના એ પિતાનું નામ કયાંયે લખેલું જોવામાં આવતું નથી, એ એક વાત; અને બીજી વાત એ છે કે, પ્રબંધચિંતામણિ જેટલા જ જૂના એક પ્રબંધમાં— જે હમણાં જ મારા તરફથી પ્રકાશિત થઈ બહાર પડે છે,—વનરાજના મૂળ વતન અને માતા-પિતા આદિ વિષે તદ્દન જુદી જ હકીકત આપેલી પ્રાપ્ત થાય છે. એ પ્રબંધમાં જણાવ્યા પ્રમાણે તો, વનરાજનો પિતા, ન તો કોઇ જયશિખરી હતો અને ન કોઈ પંચાસરનો રાજા હતો. એનું નામ ચામુંડ ચાવડો હતો અને તે આંબાસણનો વતની હતો. ચામુંડનો મોટો ભાઈ ચંડ હતો. તેને, જ્યારે ચામુંડની પત્ની સગર્ભા હતી ત્યારે કોઈ જોશીએ આવીને કહ્યું, કે તારૂં મૃત્યુ ચામુંડના પુત્રના હાથે, જે અત્યારે ગર્ભમાં છે, તેનાથી થવાનું છે. તેથી ચામુંડે પોતાની એ પત્નીને દુષ્ટગર્ભા માની ઘરમાંથી કાઢી મૂકી. તે ત્યાંથી રખડતી ભટકતી પંચાસરમાં આવીને રહી ને પોતાનું ગુજરાન કરવા લાગી. ત્યાં તેને પ્રસૂતિ થઈ અને પુત્ર અવતર્યો. એ જ અણહિલપુરનો સંસ્થાપક વનરાજ. તે પછીની હકીકત, એ પ્રબંધમાં પણ પ્રબંધચિંતામણિને મળતી જ છે. લોકપ્રસિદ્ધ વનરાજની જન્મકથા અને આ કથામાં, આમ ઘણું વૈષમ્ય મળી આવે છે. અને તે આખો પ્રશ્ન નવેસરથી વિચારણા માંગી લે છે.

(૭) ચાવડાઓ પછી, ગૂજરાતના ઈતિહાસમાં મુકુટમણિ જેવો ભાગ ભજવતો ચૌલુક્ય રાજવંશ આવે છે. પ્રો. બ્યુલ્હરે કહ્યું છે તેમ, વધારેમાં વધારે વિશ્વસ્ત અને વિગતવાળી ઐતિહાસિક હકીકતો પુરી પાડનારા પ્રબંધ લેખકો જેવા ગૂજરાતના ચૌલુકયોને મળ્યા છે તેવા ભારતના બીજા કોઈ રાજવંશને મળ્યા નથી; અને તેથી એ વંશના રાજ્યકાળનો ગૂજરાતનો ઇતિહાસ સૌથી વધારે પ્રમાણભૂત અને સુવિસ્તૃત રૂપમાં

આપણને મળી આવે છે. છતાં, એને લગતા પણ કેટલાક મૂળભૂત પ્રશ્નો આપણી આગળ ઉકેલાયા વગરના પડયા છે.

સને ૧૮૭૭ માં પ્રો. બ્યુલ્હરે, ચૌલુક્યોના સમયના ગૂજરાતના ઇતિહાસની પૂર્તિ કરતો, એક સારગ્રહી લેખ, ઇન્ડીઅન એન્ટીકવેરીમાં છપાવ્યો હતો. તેમાં તેમણે, એ ઇતિહાસમાંના કેટલાક એવા ખાસ વિચારણીય મુદ્દાઓ તારવી કાઢયા હતા, જે વધારે સ્પષ્ટીકરણની અપેક્ષા રાખતા હતા. એમાં પહેલો મુદ્દો એ હતો કે ચૌલુક્યોનું મૂળ વતન કયું? અને મૂળરાજ કેવી રીતે ગૂજરાતનો રાજા બન્યો? બીજો મુદ્દો, એ ચૌલુક્ય વંશમાં થએલા રાજાઓની જે સંખ્યા આપવામાં આવી છે તેને લગતો હતો. ત્રીજો મુદ્દો, એ કે, મહમૂદ ગજનવીની ગૂજરાત ઉપરની ચઢાઇની અને સોમનાથને લૂટયાની જે હકીકત મુસલમાન ઇતિહાસકારોએ આપી છે, તેનું સૂચન સરખુંયે ગૂજરાતના પ્રબંધોમાં મળતું નથી તેનું કારણ શું? અને છેલ્લો મુદ્દો વિચારવા જેવો છે તે એ કે છેલ્લા ભીમના રાજ્યની કારકીર્દીમાં કશી ગેડ બેસતી દેખાતી નથી. કઈ રીતે તેના રાજ્યનો અંત આવ્યો અને કઈ રીતે વાઘેલાવંશ ગૂજરાતની ગાદી ઉપર આરૂઢ થયો, એ વિષય બહુ અસ્પષ્ટ છે. પ્રો. બ્યુલ્હરે પોતાના એ નિબંધમાં, આ પ્રશ્નો વિષે ઊહાપોહ કરી કેટલોક ખુલાસો કરવા પ્રયત્ન કર્યો હતો, અને તેનો ઉપયોગ કરી ઉક્ત ગેઝેટીઅરમાં કેટલીક વિશેષ પૂર્તિ પણ કરવામાં આવી હતી. ડૉ. બ્યુલ્હરના એ મુદ્દાઓમાં સૌથી અગત્યનો મુદ્દો તે ચૌલુક્યોના મૂળ વતન વિષેનો છે, અને એ મુદ્દાનો જોઈએ તેવો નીકાલ હજી સુધી આપણે આણી શકયા નથી.

એ મુદ્દાનો મુખ્ય સાર એ છે કે- ચૌલુક્યોનું મૂળ વતન દક્ષિણમાં હતું કે ઉત્તરમાં? પ્રબંધલેખકો, ચૌલુક્યોના પૂર્વજોને કલ્યાણકટકમાં વસતા જણાવે છે. એ કલ્યાણકટક તે દક્ષિણના ચૌલુક્યોની રાજધાની તરીકે પ્રખ્યાતિમાં આવેલું દક્ષિણમાંનું કલ્યાણ છે કે ઉત્તરમાંનું કનોજ છે? એ વિષયમાં રસ લેનારા વિદ્વાનોએ જુદા જુદા તર્કો કર્યા છે અને કોઈએ તેને દક્ષિણમાં હોવાનો નિર્ણય આપ્યો છે, અને કોઇએ ઉત્તરમાં હોવાનો. પણ ખરી રીતે એ પ્રશ્ન ડૉ. બ્યુલ્હરના જમાનાથી જ અનિર્ણીત રહ્યો છે.

(૮) આની સાથે સંબંધ ધરાવતો એક બીજો અગત્યનો પ્રશ્ન, મૂળરાજની પૂર્વજ-વંશાવલી વિષેનો છે. મૂળરાજના જે બે તામ્રપત્રો મળ્યાં છે, તેમાં એના પિતાના નામ સિવાય બીજા કોઈ પૂર્વજનું નામ આપવામાં આવ્યું નથી. તામ્રપત્રોના આદિવચનમાં માત્ર **राजावली पूर्ववत्** આટલું લખેલું મળે છે. પણ એ પૂર્વવત્ રાજાવલી મેળવવી કયાંથી? પ્રબંધચિંતામણિમાં મૂળરાજના પિતાના પિતાનું નામ **મુંજાલ** આપેલું છે, અને તેને કાન્યકુબ્જ દેશના કલ્યાણકટક નામના નગરમાં પુરાતનકાળમાં રાજકર્તા ભૂયરાજનો વંશજ જણાવ્યો છે, ત્યારે કુમારપાલપ્રબંધમાં અને રત્નમાળામાં મૂળરાજના કેટલાક પૂર્વજોનાં જે નામો આપ્યાં છે, તે આ પ્રમાણે છે—ભૂયડ, તેનો પુત્ર કર્ણાદિત્ય, તેનો પુત્ર ચંદ્રાદિત્ય, તેનો પુત્ર સોમાદિત્ય, તેનો પુત્ર ભુવનાદિત્ય, તેનો રાજ અને તેનો મૂળરાજ. પણ જયસિંહસૂરિએ રચેલા કુમારપાલચરિત્રમાં-કે, જે કુમારપાલપ્રબંધ કરતાં પોણોસો વર્ષ અગાઉ રચાયું હતું તેમાં-એ ચૌલુક્ય વંશની વંશાવલી અને મૂળ રાજધાની વગેરેની હકીકત આના કરતાં તદ્દન જુદી જ રીતે લખેલી મળે છે. એમાં જણાવવામાં આવ્યું છે કે-પુરાકાળમાં **ચુલુક્ય** નામે એક **ક્ષત્રિયોત્તમ પુરૂષ થયો, જેણે મધૂપદ્મ** (?) નામના પત્તનમાં પોતાનું રાજ્ય સ્થાપન

કર્યું હતું. તેના વંશજો તે ચૌલુક્ય કહેવાયા. એ વંશમાં અનેક શૂરવીર રાજાઓ થયા, જેમનો પ્રતાપાગ્નિ શકવંશીઓથી પણ સહન થઈ શકયો નહતો. એ રાજાઓમાં એક સહજરામ નામે થયો, જેની પાસે ૩ લાખ ઘોડાનું હયદળ હતું અને જેણે યુદ્ધમાં શકપતિને હરાવ્યો હતો. તેનો પુત્ર દડક્ક કે દંડક્ક નામે થયો, જેણે **પીપાસાના** રાજા ઉપર જય મેળવ્યો હતો. તેનો પુત્ર ભૂપાલ **કાંચિવ્યાલ** થયો અને તેનો પુત્ર **રાજિ** થયો. એ રાજિએ સોમનાથની યાત્રા કરી અને એ જ દેવના આદેશથી, ગૂર્જર શાસક રાજા **સામંતસિંહ**ની ભગિની **લીલાદેવી** સાથે તેણે લગ્ન કર્યું. તેના ઉદરે મહારાજ મૂળરાજે જન્મ લીધો, ઇત્યાદિ. આવી રીતે, મૂળરાજના પ્રપિતાના જ નામ માટે ત્રણ પ્રકારનાં જુદા જુદા મતો મળે છે. એમાં સાચું કયું? ઘણાખરા વિદ્વાનોનું વલણ, કુમારપાલપ્રબંધમાં આપેલી વંશાવલી તરફ હોય તેમ લાગે છે. જયસિંહસૂરિએ આપેલી વંશાવલી માટે આપણા સુયોગ્ય ઇતિહાસજ્ઞ શાસ્ત્રી શ્રી. દુર્ગાશંકરભાઈનો અભિપ્રાય છે કે 'આ વંશાવલી તો દેખીતી રીતે કલ્પિત છે.' જો કે પ્રથમ દર્શને તો મને પણ એ વંશાવલીમાં કલ્પિતપણું જ દેખાયું. કારણ કે એને મળતો બીજો કોઈ ઉલ્લેખ કયાંય જોવામાં આવતો ન હતો. પરંતુ જયસિંહની લખવાની શૈલીનો વધારે ધ્યાનપૂર્વક વિચાર કરવાથી મને એમાં કાંઈક તથ્ય હોવાની શંકા થવા લાગી હતી. પ્રબંધચિંતામણિ જેવા વધારે પ્રચલિત અને પ્રસિદ્ધ પ્રબંધના કથન કરતાં, જયસિંહસૂરિને તદ્દન જુદા જ પ્રકારની વંશાવલી આપવાનું કાંઈક કારણ હોવું જોઈએ, એવી મને આશંકા થતી હતી. સાધારણ રીતે જૈન ગ્રંથકારો, કોઈ પ્રમાણ કે ઉલ્લેખના આધાર સિવાય આવી બિન સાંપ્રદાયિક ઐતિહાસિક બાબતોમાં તદ્દન નવી જ વાત, પોતાની સ્વકલ્પનાથી ઉભી કરીને લખી નાંખે, એમ ઓછું બનતું આવ્યું છે. અને એમ નહિં બનવામાં કારણ એક તો એ કે, તેમને અસત્ય કથનનો કાંઈક ભય હોય છે; અને બીજું, અન્ય વિદ્વાનોની ટીકાનો પણ ખ્યાલ રાખવો પડે છે. જૈન ધર્મગુરૂઓમાં, જૂના સમયમાં, એવી જાતની કેટલીય ઐતિહાસિક ચર્ચાઓ થતી, જેમાં કેટલીક વખતે, જેમ આપણે આજે કરીએ છીએ તેમ જૂના લેખો, પુરાવાઓ અને પ્રમાણોની ખૂબ કસોટી કરવામાં આવતી. આથી મને લાગ્યું કે, જયસિંહસૂરિની સામે સંભવ છે કે, કોઈ એવી બીજી પરમ્પરા હોય, જેના આધારે તેણે પોતાનું એ લખાણ કર્યું હોય. પણ એવી શંકા પણ ત્યારે જ વિચારણીય ગણી શકાય કે જ્યારે તેને પરોક્ષ રીતે પણ પુષ્ટિ મળે એવો કોઈ ઉલ્લેખ કે આધાર કયાંયેથી જડી આવ્યો હોય. ચૌલુક્ય વંશના જેટલા લેખો દક્ષિણમાંથી કે ઉત્તરમાંથી મળી આવ્યા છે તે બધાને ધીમે ધીમે હું એ દૃષ્ટિએ તપાસી ગયો; પણ તેમાં જયસિંહસૂરિએ આપેલી કે મેરુતુંગ અથવા જિનમંડને આપેલી વંશાવળી સાથે કયાંયે સામ્ય દેખાયું નહિં. અને મહિનાઓ સુધી કરેલી એ મહેનતનું કશું ય ફળ જણાયું નહિં. ઐતિહાસિક અને વૈજ્ઞાનિક શોધખોળ કરનારાઓનો ધંધો ધૂળ-ધોયાના ધંધા જેવો છે. એમાં કાંઇ રોજે રોજ સોનામહોરો કે હીરાની કણીઓ મળી આવતી નથી. મહિનાઓની મહેનત પછી કયારેક એકાદું રજકણ હાથ આવી જાય તો તે પણ એ ધંધાદારીઓને મન મોટો આનંદ ને ઉત્સાહનો વિષય રહે છે. એવો આનંદ, મને એ વિષયમાં ત્યારે મળ્યો, જ્યારે ચામુંડરાજના નવા મળેલા તામ્રપત્રમાં,

જયસિંહસૂરિએ આપેલું મૂળરાજના પ્રપિતાનું નામ મળી આવ્યું. શ્રોતાઓના મને એ હસવા જેવી બાબત હોઇ શકે: પણ અમારા મને તો જાણે મહાસાગરમાંથી એક મોતી જડી આવ્યું હોય તેટલી બધી પ્રસન્નતા આપનારી એ વાત ગણાય. એ તામ્રપત્રની ફોટો–નકલ મને આપણા વિદ્યામૂર્તિ સાક્ષરવર્ય શ્રી કેશવલાલભાઈ પાસેથી, તેનો પાઠોદ્ધાર કરવા મળેલી છે. [મારા પ્રમાદને લઈ ને હજી હું એ તામ્રલેખને, શ્રી કેશવલાલ ભાઇની આજ્ઞા પ્રમાણે પ્રસિદ્ધિમાં નથી મૂકી શકયો તે બદલ તેમની ક્ષમા માગી લઉં છું. હવે સત્વર જ એને પ્રકાશમાં મૂકવા પ્રયત્ન કરીશ.] એ તામ્રપત્ર, વિ. સં. ૧૦૩૩ની સાલમાં લખાએલું છે. અને મૂળરાજના પુત્ર યુવરાજ **ચામુંડરાજે, વરુણશર્મ**–વર્તમાન **વડસમા**–ગામના જૈનમંદિરને પૂજા–અર્ચા નિમિત્તે આપેલી ભૂમિના, દાનપત્રરૂપ છે. એ તામ્રલેખમાં, મૂળરાજને ચૌલિક્ક વંશના તિલકભૂત શ્રી **વ્યાલકાંચિ**ના સંતાનરૂપે વર્ણવામાં આવ્યો છે. તેની લેખપંક્તિ આ પ્રમાણે છે:—

श्लाध्यः चौलिक्कराजवंशतिलकश्रीव्यालकांचिप्रभोः
सन्ताने त्रिदशेन्द्रतुल्यमहिमा श्रीमूलराजो नृपः ॥

તામ્રલેખનો **વ્યાલકાંચિ** અને જયસિંહસૂરિના ઉલ્લેખમાંનો **કાંચિવ્યાલ** એ બંને એક જ છે, એ કહેવાની જરૂર નથી જ. આ રીતે જયસિંહસૂરિના ઉલ્લેખને, આટલા એક નામ પૂરતું તો અચુક સમર્થન મળી આવ્યું છે અને તેથી જયસિંહસૂરિએ આપેલી એ આખી ચૌલુકયવંશની કથાને ઐતિહાસિક પ્રમાણોના આધારે નવેસરથી તપાસવાની આવશ્યક્તા ઉભી થઈ છે. જયસિંહસૂરિએ જણાવેલું **મત્રૂપદ્મ(?)પત્તન** કયાં આવ્યું? **પિપાસા** એ શું છે? કાંચિવ્યાલના પ્રપિતા સહજરામે ૩ લાખ ઘોડાઓના લશ્કરના બળે જે શકનૃપતિને યુદ્ધમાં હરાવ્યો હતો તે શકનૃપતિ કોણ? આ બધા કથનમાં કાંઈ ઐતિહાસિક સત્ય છે, કે પછી બધું કિંવદન્તી માત્ર છે? વગેરે અનેક પ્રશ્નો શોધકો માટે નવા ઉપસ્થિત થાય છે.

(૯) એ ચૌલુકય વંશના સૌથી વધારે પ્રતાપી અને ગૂર્જર પ્રજાના સૌથી વધુ પ્રિય એવા ચક્રવર્તી સમ્રાટ્ સિદ્ધરાજ જયસિંહના જીવનની કેટલીક કથાઓ બહુ વિચિત્ર અને રહસ્યભરેલી છે. તેમનો ઐતિહાસિક ઉકેલ થવાની બહુ જરૂર છે. સિદ્ધરાજનું જીવન, કેટલાક અદ્ભુત ચમત્કારોથી ચિત્રિત થએલું છે અને તેનું સમર્થન ખુદ હેમચંદ્રાચાર્યના કથનથી થાય છે. દાખલા તરીકે–બર્બરક રાક્ષસ ઉપર વિજય મેળવવાની ઘટના, ઉજ્જયિનીની મહાકાલી આદિ યોગિનીઓએ વશ કરવાની કથા ઇત્યાદિ. આ બધી કથાઓની પાછળ કાંઇક ને કાંઇક ઐતિહાસિક રહસ્ય રહેલું હોય એમ માનવાને કારણ મળે છે. જયસિંહદેવે પોતાના નામ પાછળ **બર્બરકજિષ્ણુ; ત્રિભુવનગંડ સિદ્ધરાજ** આદિનાં જોડેલા વિશેષ બિરુદો એ જ કથાઓને અનુલક્ષીને છે. તેથી એમનો ઐતિહાસિક નિર્ણય વિચારવો જોઇએ.

સિદ્ધરાજના જીવનની સૌથી વધારે સંદિગ્ધ કથા તે સોરઠની **રાણક દેવડી**ની વાર્તાને લગતી છે. એ વાર્તા આપણા દેશમાં જૂના જમાનાથી આબાલગોપાળ જાણતા થએલા છે, અને હવે તો શ્રી મુન્શીજીની લોકપ્રિય નવલકથાઓના પ્રતાપે એ વાર્તાએ જાણે ઐતિહાસિક્તાનું અમરરૂપ ધારણ કર્યું હોય એવું લાગે છે. પણ એ વાર્તાનું ખરૂં ઐતિહાસિક મૂળ શું છે તેનો મને તો, હજી કશોય પતો લાગતો નથી.

હેમચંદ્રાચાર્યે સિદ્ધરાજે કરેલા **સોરઠવિજયની** હકીકતનું સૂચન તો અવશ્ય કર્યું છે, પણ વિગત કશી જ આપી નથી, વ્યાકરણશાસ્ત્રગત અમુક વિશિષ્ટાર્થક ક્રિયાપદનો ઉપયોગ કરી બતાવવા માટે **अजयत् सिद्धः सौराष्ट्रान्** એવા વાક્યપ્રયોગ દ્વારા **સિદ્ધહૈમવ્યાકરણમાં**, સિદ્ધરાજે સૌરાષ્ટ્ર દેશને જિત્યો–એવો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પણ દ્વ્યાશ્રયમાં તેની કશી સ્પષ્ટ નોંધ મળતી નથી. પાછળના ગ્રંથોમાંની, **કીર્તિકૌમુદી** અને **પ્રભાવકચરિત્રમાં** સિદ્ધરાજે સૌરાષ્ટ્રના રાજા **ખેંગારને** પોતાનો વશવર્તી બનાવ્યો હતો, એવાં વિધાનો મળે છે. પણ **રાણકદેવી** સંબંધી વિગતનું કશું સૂચન નથી મળતું. એનું સૂચન માત્ર **પ્રબંધચિંતામણિમાં** મળે છે અને સાથે તેમાં રાણકદેવીના મુખના કેટલાક જૂના **સોરઠા** પણ આપેલા છે, જેમાંના કેટલાક હજી પણ લોકવાણીમાં સંભળાય છે. આ સોરઠા જ રાણકદેવીના વાર્તાનાં મૂળભૂત સૂત્રો છે. પણ એમાં **ખેંગાર** અને **નવઘણ** એવાં બે નામો આવે છે. સોરઠાગત કથન ઉપરથી આ બંને નામો એક જ વ્યક્તિનાં હોય એમ લાગે છે, પણ પ્રબંધોમાં કોઈ ઠેકાણે ખેંગાર અને કોઈ ઠેકાણે નવઘણ એમ જુદા જુદા પ્રસંગે જુદાં જુદાં નામો આપેલાં મળી આવે છે; અને તેથી નવઘણ એ એક જ વ્યક્તિનાં બે નામો છે કે બંને જુદી જુદી વ્યક્તિઓ છે? અને તેમ હોય તો તેમનો પરસ્પર સંબંધ શો છે?–ઇત્યાદિ કેટલાંક શંકાસ્થળો એ બાબત વિષે રહેલાં છે જે વધારે સ્પષ્ટીકરણ માંગી રહ્યાં છે. વળી એ રાણકદેવીના નામ વિષે પણ શંકા ઉત્પન્ન થાય છે. પ્રબંધચિંતામણિની જે વિશિષ્ટ પ્રતિ મને મળી છે તેમાં તથા બીજા પ્રબંધોમાં એ સોરઠા સોનલદેવીના કહેલા લખ્યા છે, અને મૂળ સોરઠામાં પણ એક ઠેકાણે સોનલ નામ સૂચિત થયેલું મળે છે. તેથી એ સ્ત્રીનું અસલ નામ સોનલ એવું લાગે છે.

(૧૦) સિદ્ધરાજના જીવનને લગતી આવી જ એક બીજી કથા તે **જસમા ઓડણવાળી** વાત. એ મહાપ્રતાપી રાજાના જીવનની એ એક ખરેખરી કલંક કથા છે, જેનો કોઈ વાસ્તવિક ઐતિહાસિક આધાર ઉપલબ્ધ થયો નથી. છતાં એ લોકવાર્તા ગૂજરાતના ઘરે ઘરે અને ખેતરે ખેતરે ગવાય છે. એ લોકકથામાં કેટલું તથ્ય છે અને કેટલું અસત્ય છે એની સપ્રમાણ મીમાંસા થવી જોઈએ અને તેનો નિર્ણય થવો જોઈએ. આવી કથાઓની સાચી ખોટી અસર આપણા લોકજીવન ઉપર જાણે અજાણે થાય છે અને પરિણામે પ્રજાના નૈતિક આચરણ ઉપર તેની ઊંડી છાપ પડે છે.

આ રીતે આપણા ઇતિહાસના એવા અનેક અગત્યના પ્રશ્નો છે કે જેનો નિર્ણય હજી સુધી આપણે કરી શકયા નથી. ઉપર આપેલાં ઉદાહરણો તો માત્ર દિગ્દર્શન કરવા પૂરતાં છે. આ વસ્તુસ્થિતિ સૂચવે છે કે આપણે આપણી પેઢીમાં ઇતિહાસના ક્ષેત્રને જરાયે કાળજીપૂર્વક ખેડયું નથી. અને તેમાંથી કોઈ પ્રકારનો મૂલ્યવાન પાક લઈ શકયા નથી.

ગુજરાતનાં પુરાતત્ત્વનાં બીજાં અંગો

જે શૂન્યવત્ પરિસ્થિતિ ઇતિહાસના આલેખનના અંગમાં દેખાય છે તે જ પરિસ્થિતિ પુરાતત્ત્વનાં બીજા અંગોમાં પણ નજરે પડે છે. જૂના સ્થાપત્યની દૃષ્ટિએ જોઈએ તો ગૂજરાતમાં એવી કોઈ ખાસ શોધખોળ થઈ નથી, જેના પરિણામે આપણને શિલ્પકળાની વિશિષ્ટ પ્રકારની કોઈ નવી રચના મળી આવી હોય, કે તેવી કોઈ મૂર્તિ, કોઈ શિલાલિપિ કે કોઈ એકાદી મુદ્રા આપણે પ્રાપ્ત કરી હોય. ગુજરાત બહારના બીજા પ્રાંતોમાં આપણા

જમાના દરમ્યાન, પુરાતત્ત્વને લગતું ઘણું કામ થયું છે, ઘણી નવી નવી વસ્તુઓ શોધી કાઢવામાં આવી છે. કેટલીક શોધો તો એટલી મોટી થઇ છે કે જેના લીધે ઇતિહાસના ક્ષેત્રમાં મોટી ક્રાન્તિઓ થવા લાગી છે. આપણા દેશનો એમાં કશોય ફાળો નોંધાયો નથી.

એ વાત બરાબર છે કે—તક્ષશિલા, મથુરા, સારનાથ. પાટલીપુત્ર, નાલંદા કે મહેંજોદારો જેવાં પુરાણકાલીન સંસ્કૃતિનાં કોઈ મોટાં કેન્દ્રસ્થળો, આપણા દેશમાં નહિ હોય અને તેથી પુરાતત્ત્વની દ્રષ્ટિએ અદ્ભુત ગણાય એવી પ્રાચીન વસ્તુઓ આપણે ત્યાં મળવી શકય યે નહિં હોય, છતાં હું માનું છું કે આપણી ભૂમિમાં એવી અસંખ્ય વસ્તુઓ દટાએલી હોવી જોઈએ કે જે આપણા દેશના મધ્યકાલીન ઇતિહાસને તો ઘણી જ મહત્ત્વની અને સમૃદ્ધ કરનારી હશે. દ્વારિકા, ગિરિનગર, વડનગર, ભરુચ, સોપારક આદિ સ્થાનો ઘણાં જૂનાં—પુરાણકાળ જેટલાં પ્રાચીન—હોઈ આ દેશની સંસ્કૃતિનાં મૂળ કેન્દ્રભૂત સ્થળો છે; અને તે પછીના ઐતિહાસિક યુગનાં જેને કેન્દ્રો ગણી શકાય એવાં, વલભીપુર, અણહિલપુર, ખેટક, સ્તંભતીર્થ, નંદિપદ્ર (નાંદોદ) અને નવસારી આદિ અનેક સ્થળો છે જેમના ભૂગર્ભમાં પુરાતત્ત્વ વિષયક અગણિત સાધનસામગ્રી દટાએલી પડી છે. આપણા પૂર્વજોના જીવનની સાચી કથા જો હવે કોઈ કહી શકે તેમ હોય તો તે માત્ર એ જ સામગ્રી છે. ભલે એનાં અંગપ્રત્યંગો બધાં છિન્નભિન્ન થઈ ગયાં હોય, એની ઇન્દ્રિયો બધી નિષ્ક્રિય થઈ ગઈ હોય, છતાં એ પોતાની આવી ખંડિત આકૃતિ દ્વારાય એના જમાનાનો અજ્ઞાત ઇતિહાસ આપણને અદ્ભુત રીતે કહી બતાવશે. પણ એને ખોદી કાઢી બહાર લાવવા આપણે કયાં કુદાળી હાથમાં લેવા ઇચ્છીએ છીએ. એટલી બધી મહેનત લઈને ધરતી માતાના પેટમાંથી એ સામગ્રીનો ઉદ્ધાર કરવાની વાત તો જરા વધારે ભારે છે, એમાં ઘણા પરિશ્રમ અને દ્રવ્યની જરૂર છે; પણ જે સામગ્રી ભૂમિમાતાના ઉઘાડા ખોળામાં, મૂક એવા અનાથ બાળકની માફક, દેખીતી રીતે આમતેમ આળોટતી પડી છે, જેને રસ્તે ચાલતો પ્રાકૃત માણસ પણ સાવ સાદી આંખેય જોઈ શકે તેમ છે, અને કેટલીક વાર તો જે આપણા પોતાના પગોમાં પણ અથડાતી અનુભવાય છે, તેના તરફ પણ આપણે જરા જેવી નજર કયારેક નાંખી છે? અને એ શું છે?—એટલી પણ જિજ્ઞાસા આપણા મનમાં કયારેક ઉદ્ભવી છે?

ગૂજરાતમાં પુરાતત્ત્વની શી શી સામગ્રી છે અને તે કયાં કયાં આવેલી છે તેની કશી વિશેષ માહિતી આપણને નથી. સરકાર તરફથી આવી માહિતી આપનારી એક યાદી કરવાની શરુઆત સન ૧૮૭૫માં ડૉ૦ બર્જેસે કરી હતી અને 'લીસ્ટસ ઑફ ધી એન્ટીકવેરીઅન રીમૈન્સ ઈન ધી બોમ્બે પ્રેસીડેન્સી' નામના પોતાના રીપોર્ટમાં તેમણે એ યાદી પ્રકટ કરી હતી. ડૉ. બર્જેસની શોધખોળ બહુ જ અધુરી હતી, અને તેથી તેનું સુધારાવધારાવાળું એક નવું સંસ્કરણ, મુંબઈ ઇલાકાનાં આર્કિઑલૉજીકલ ખાતાના સુપ્રિન્ટેન્ડેન્ટ મી. હેનરી કાઉસેન્સના હાથે તૈયાર થઈ, સને ૧૮૯૭માં, એ 'રીવાઈજ્ડ' લીસ્ટસના નામે પ્રકટ થયું હતું. બર્જેસ સાહેબ કરતાં, કાઉસેન્સ સાહેબે મહેનત સારી લીધી હતી અને તેની તેમણે એ યાદીમાં આપણા ગૂજરાતનાં પુરાતત્ત્વોપયોગી સ્થળો અને અવશેષો વિષે ઠીક ઉપયોગી નોંધ આપી છે. એ નોંધમાં ગૂજરાતના જીલ્લા અને તાલુકાવાર, જૂનાં પુરાણાં સ્થાનો જેવાં કે મંદિરો, મસ્જીદો, વાવ—કૂવાઓ અને છત્રી—ચબુતરાઓ—ઇત્યાદિની ટુંકી નોંધ લેવામાં આવી છે; અને જ્યાં કોઈ જાતનો શિલાલેખ વગેરે જોવામાં આવ્યો છે તો તેનો પણ નામનિર્દેશ એમાં કરવામાં આવ્યો છે. આમ એ યાદી ગૂજરાતનાં પુરાતત્ત્વવિષયક સાધનોની કેટલીક

માહિતી પૂરી પાડે છે ખરી, પણ આપણી આજની દૃષ્ટિએ, તો તે પણ ઘણી જ અધુરી જણાય છે. વળી, એ યાદીને પણ પ્રકટ થયે ૪૦ વર્ષ થવા આવ્યાં, અને તે હવે સુલભ પણ નથી. આપણે આપણી ભાષામાં એવી એક સંપૂર્ણ યાદી તૈયાર કરાવવાની પરમાવશ્યકતા છે.

ઉક્ત યાદી ઉપરાંત, સરકાર તરફથી, આર્કિઓલોજીકલ સીરીઝમાં ગૂજરાતના પુરાતન-શિલ્પકામને લગતાં, વ્યવસ્થિત અને વિસ્તૃત વર્ણન આપતાં,

૧ રીપોર્ટ ઑફ ધી એન્ટીકવીટીઝ ઑફ કાઠિયાવાડ એન્ડ કચ્છ.

૨ ધી એન્ટીકવીટીઝ ઑફ ડભોઈ ઇન્ ગુજરાત.

૩ આર્કિટેકચર ઑફ ધી નોર્થન ગુજરાત, અને

૪ મહોમેડન આર્કિટેકચર ઑફ ધી ગુજરાત,

એટલાં પુસ્તકો ડૉ. બર્જેસના હાથે તૈયાર થઇ પ્રસિદ્ધ થયાં હતાં, અને હમણાં ૪-૫ વર્ષ પહેલાં કાઠિયાવાડના પ્રદેશમાં આવેલાં સ્થાપત્યનાં કામોનું સુંદર અને વિસ્તૃત વિવેચન કરતું 'સોમનાથ' નામનું એક મોટું પુસ્તક કાઉસેન્સ સાહેબે તૈયાર કરેલું પ્રસિદ્ધ થયું છે. એ સિવાય, મુંબઈ ઇલાકાના આર્કિઑલૉજીકલ ખાતાના વાર્ષિક રીપોર્ટોમાં દર વર્ષે થોડી ઘણી નવી માહિતી પ્રકટ થતી રહે છે. જે આપણા પુરાતત્ત્વની દૃષ્ટિએ કેટલીક ઉપયોગી ગણી શકાય.

સરકાર તરફથી આ દિશામાં જે કાંઈ કામ થયું છે કે થાય છે તે આપણી વિશાળ સાધનસંપત્તિની દૃષ્ટિએ ઘણું જ ઓછું છે. એ કરતાં આપણે ઘણું વધારે કરવાનું રહ્યું છે ને રહે છે, છતાં આપણે કશુંય નથી કરતા એ ઓછી દિલગીરીની વાત છે?

ગૂજરાતનાં અનેક ગામોમાં અને અનેક ખેતરોમાં ખંડિત-અખંડિત એવી અગણિત દેવમૂર્તિઓ રખડતી પડી છે. ઉત્તમોત્તમ કારીગરીના ઉદાહરણ જેવાં અનેક દેવમંદિરો ધરાશાયી થઈને પડયાં છે. કળાના નમૂના જેવા અનેક કૂવા-વાવો દિનપ્રતિદિન જમીન-દોસ્ત થઈ રહ્યા છે. વળી, એક બાજુએ અજ્ઞાન લોકોના હાથે ઇતિહાસ અને સાહિત્ય બંનેની દૃષ્ટિએ અમૂલ્ય ગણાતા જૂના શિલાલેખોની ભાંગતોડ થયાં કરે છે; તામ્રપત્રો, શીલ-શિક્કાઓ, અને તેવી બીજી ધાતુનિર્મિત અત્યુપયોગી ભવ્ય વસ્તુઓ કંસારા અને સોનીના હથોડાના એક જ ઘાએ ભુક્કો થઈને ભઠ્ઠીમાં પડે છે; ત્યારે બીજી બાજુએ, સંસ્કારવિહીન ધનલોભી સોદાગરોના ધૂર્ત આડતીઆઓ ચિત્ર-વિચિત્ર વસ્તુઓની ભાળમાં ગૂજરાતનાં ગામડેગામડે અને ઘેરઘેર ફરી, આપણી અમૂલ્ય પૂર્વજ સંપત્તિને પાણીના મૂલ્યે ઉપાડતા જાય છે અને પરદેશીઓના પટારાઓમાં મૂકતા જાય છે. અને આ રીતે કાળ અને કાપુરુષોની ક્રૂરતાનો ભોગ થતાં થતાં, ગૂજરાતની પ્રાચીન વિભૂતિના જે કાંઈ ઉચ્ચ પ્રતીકો બચી જવા પામ્યાં છે, તેમાંનો ઘણો મોટો-લગભગ બધો સારો-ભાગ, પરદેશોના કિલ્લેબંદી જેવા પ્રદર્શનાગારોમાં જઈને કેદ થયો છે અને દરરોજ થતો જાય છે. સોના-ચાંદી કે હીરા-મોતી જેવી આર્થિક સંપત્તિથી ખાલીખંખ થઈ જવા કરતાંયે, આ સંસ્કૃતિ સંપત્તિથી ખાલી થઈ જવાની પ્રવૃત્તિ, ભાવિ પ્રજા માટે વધારે ભયંકર અને હાનિકારક છે, એનો કોઈ વિચાર નથી કરતો. સોના-ચાંદી તો, કોક કાળે પણ, જ્યારે કોઈ સિદ્ધરાજ કે કોઈ શિવાજી જન્મશે ત્યારે, પાછા ભારતના ભંડારોમાં ઉભરાઈ જશે, પણ નષ્ટ થએલી આ સાંસ્કૃતિક સંપત્તિને કયો વિધાતા ફરી સર્જી શકશે!

ગુજરાત સંશોધનમંડળ

ગુજરાત હિન્દમાં અનેરૂં સ્થાન ભોગવે છે. એની સાંસ્કારિક પ્રતિષ્ઠા દ્વારકા, સુદામાપુરી, સોમનાથ, ભૃગુકચ્છ, સોપારા, વલ્લભીપુર, પાટણ, સિદ્ધપુર વગેરે અનેક પ્રાચીન શહેરોના ઇતિહાસ ઉપર બંધાયેલી છે. અર્વાચીન કાળમાં ગુજરાતી સંસ્કારોનો વિજયધ્વજ કોલંબો, કોચીન, કરાંચી, કાનપુર, કલકત્તા વગેરે શહેરોમાં ફરકતો જોવામાં આવે છે. મહાત્મા ગાંધી અને સ્વામી દયાનંદ સરસ્વતી એ વિશ્વવિખ્યાત જ્યોતિર્ધરો ગુજરાતી સંસ્કૃતિના ઉત્કૃષ્ટ ફલરૂપ છે. મુંબઈની જાહોજલાલી પણ ગુજરાતીઓના પરિશ્રમથી રચાયેલી છે. આ કીર્તિ અને પ્રતિષ્ઠા ગુજરાતી બોલતી હિન્દુ, જૈન, પારસી, મુસલમાન, ઈસાઈ એ સર્વે કોમોના પ્રયાસોથી બંધાયેલી છે; આખો દેશ કચ્છ, કાઠિઆવાડ અને તલ ગુજરાતનાં વિવિધ રાજ્યોમાં વિભક્ત થયેલો હોવા છતાં પણ તેની સાંસ્કારિક એકતા અને અસ્મિતા સર્વત્ર પ્રસિદ્ધ છે.

આવા ગૌરવવાળી પ્રજાની અભિલાષાઓ અને સંસ્કારો પોષવાને માટે, તેના ઇતિહાસ અને પ્રાચીન સંસ્કૃતિના અન્વેષણને માટે, અને અર્વાચીન કાળને યોગ્ય ભવિષ્યનાં વિધાનોની રચનાને માટે વિશાળ દૃષ્ટિવાળી એક સંસ્થાની જરૂર ઘણા વખતથી સ્પષ્ટ દેખાતી હતી. આવા ઉડતા વિચારોને મૂર્તિમંત સ્વરૂપ આપવાનું કામ કેટલાએક મિત્રોને સૂઝયું અને તેમને ન્યાયમૂર્તિ હરસિદ્ધભાઈ દીવેટીઆ તરફથી પ્રોત્સાહન મળ્યું. તેમના પ્રમુખપણા નીચે પચીસેક સંસ્કારવાંચ્છુ ગૃહસ્થોએ તા. ૩૦મી ઓગસ્ટે અને તા. ૩૦ સપ્ટેમ્બરે એમ બે વાર મળીને ઘણી ચર્ચા પછી મંડળનાં ધારાધોરણ નક્કી કર્યાં, અને મંડળ સ્થાપવાનો નિર્ણય કર્યો. આ મંડળે વ્યવસ્થાપક કાઉન્સીલ નીમી છે અને આગળ કામ શરૂ કર્યું છે. પહેલી કાઉન્સીલના સભ્યોના નામ નીચે પ્રમાણે છે: પ્રમુખ, ન્યાયમૂર્તિ હરસિદ્ધભાઈ દીવેટીઆ, ઉપપ્રમુખ આચાર્યશ્રી આનંદશંકર ધ્રુવ, શ્રીયુત કનૈયાલાલ મુનશી, રા. રૂસ્તમજી મસાણી, અને ડૉકટર જીવરાજ મહેતા. સભ્યો: રા. વિશ્વનાથ વૈદ્ય, શ્રીયુત ગિરિજાશંકર આચાર્ય, દીવાન બહાદુર હીરાલાલ કાજી, ડૉ. અરદેશર કાલાપેસી, ડૉ. કૃષ્ણલાલ ગર્જ્જર, શ્રીયુત જયસુખલાલ મહેતા, ડૉકટર દુર્લભજી વ્યાસ, પ્રોફેસર સુબોધચંદ્ર મહેતા. ખજાનચી: શ્રીયુત પોપટલાલ શાહ. સામાન્ય મંત્રી પ્રોફેસર ચંદુલાલ વકીલ.

મંડળની ઇચ્છા ગુજરાતનાં સર્વ દેશી રાજ્યોનો સહકાર મેળવવાની છે અને તેને માટે તૈયારી ચાલે છે. તે ઉપરાંત બ્રીટીશ હદમાં પણ સરકારી સંશોધન ખાતાંઓનો સહકાર યોજીને તેમને ગુજરાતના સંશોધનના પ્રશ્નોમાં વધારે રસ લેતા કરવાનું કામ પણ હાથમાં લેવાનું છે. ગુજરાતના ધનિકો અને કાર્યકરોનો સહકાર સાધવાનું કામ પણ શરૂ કરવામાં આવ્યું છે.

ગુજરાત, કાઠિયાવાડ અને કચ્છ એ બધા પ્રદેશોમાં મંડળની શાખાઓ ઉભી કરવાના પ્રયાસો ચાલુ છે. અમદાવાદમાં આ કાર્ય આચાર્યશ્રી આનંદશંકરભાઈની દેખરેખ નીચે શ્રીયુત હીરાલાલ પારેખે ઉપાડી લીધું છે. વડોદરામાં શ્રીયુત મણિલાલ નાણાવટી, ડૉકટર

કુંવરજી નાયક, અને પ્રોફેસર જ્યોતિ મહેતા આ કામ માટે તત્પર થયા છે. સમયની અનુકૂળતા પ્રમાણે રાજકોટ, ભાવનગર અને ભુજમાં પણ શાખાઓની યોજના કરવામાં આવશે.

સંશોધનનું કાર્ય ઘણું ધીમું જ હોઈ શકે. આ કાર્યમાં સતત કાર્ય, ધૈર્ય અને ખંત ઉપરાંત અઢળક નાણાંની જરૂર છે. કલકત્તા સુધી સંશોધનની શિષ્યવૃત્તિઓ સદ્ગત શ્રીમાન્ પ્રેમચંદ રાયચંદે આપેલી છે. સ્વ. જમશેદજી ટાટાની સંશોધન માટેની સખાવત જગજાહેર છે. આવા દેશમાં હિન્દુ મુસલમીન અને પારસી શ્રીમંતોના સહકારને માટે મંડળ વિજ્ઞપ્તિ કરે છે તો તે વ્યર્થ નહીં જાય.

સંશોધનના પ્રશ્નોની વિવિધતાને પહોંચી વળવા માટે મંડળ દરેક વિષયના નિષ્ણાત વિદ્વાનોની સમિતિઓ નીમી છે. આ સમિતિઓએ યોગ્ય વિચાર અને તુલના કર્યા પછી જ સંશોધનનાં કામ હાથમાં લેવામાં આવશે. અત્યાર સુધી નીચેની સમિતિઓ નીમવામાં આવી છેઃ-

(૧) પ્રાચીન સંસ્કૃતિ અને ઇતિહાસ (૨) વૈદક અને આરોગ્ય, (૩) અર્થશાસ્ત્ર, વાણિજ્ય અને સામાજિક શાસ્ત્રો, (૪) ભૌતિક શાસ્ત્રો, (૫) જીવવિદ્યાની શાખાઓ, (૬) શિક્ષણશાસ્ત્ર, (૭) કૃષિશાસ્ત્રસંશોધનથી પ્રાપ્ત થયેલી સામગ્રી મંડળના મુખપત્ર અને પુસ્તકો દ્વારા અંગ્રેજી તેમ જ ગુજરાતીમાં પ્રસિદ્ધ કરવામાં આવશે. આ સંબંધમાં કોઈ પણ દિશામાંથી સૂચના મળશે તો તેની ઉપર વિચાર કરવામાં આવશે.

પત્રવ્યવહારનું સ્થાનઃ—

માનાર્થ સામાન્ય મંત્રી, પ્રોફેસર ચંદુલાલ વકીલ,
યુનિવર્સિટી હોસ્ટલ, ૭૯, ક્વીન્સ રોડ—મુંબઈ ૨.

'ત્રૈમાસિક'ના વધારો પા. ૪૭૫-૫૧૮

શ્રી ફાર્બસ ગુજરાતી સભા—અન્તર્ગત

શ્રી બુદ્ધિવર્ધક વ્યાખ્યાનમાળા

આપણો આહાર

શ્રીયુત કાન્તિલાલ છગનલાલ પંડ્યા

એમ. એ., પીએચ. ડી., ડી. આઇ. સી.

પ્રોફેસર, સેન્ટ જૉન્સ કૉલેજ, આગ્રા.

સં. ૧૯૯૩ મુંબઈ સને ૧૯૩૭

અનુક્રમણિકા

આપણો આહાર

———o———

(તા. ૨૮ જૂન ૧૯૩૬ની સાંજે મુંબઈમાં શ્રી ફાર્બસ ગુજરાતી સભા મંદિરમાં દિ. બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીના પ્રમુખપદે શ્રી ફાર્બસ ગુજરાતી સભાના આશ્રયે આપેલ શ્રી બુદ્ધિવર્ધક વ્યાખ્યાનમાળાનું સને ૧૯૩૬નું જાહેર વ્યાખ્યાન: કાંઈક વિકસિત રૂપમાં.)

૧

આમુખ

આજથી ત્રણેક વર્ષ પૂર્વે શ્રી ફાર્બસ ગુજરાતી સભાની તરફથી એક વૈજ્ઞાનિક વ્યાખ્યાન આપવાનું મ્હને આમંત્રણ મળ્યું હતું ત્યારે મ્હેં આ જ વિષય પસંદ કર્યો હતો. તે પછીથી કોઈ કારણથી સભાના તંત્રવાહકોને આ વિષય અસ્વીકાર્ય થવાથી એ ભાષણની વાત ત્યાં જ અટકી હતી. આજે ફરીથી એ જ વિષય ઉપર આ વ્યાખ્યાન શરૂ કરતાં એટલી નોંધ અનિવાર્ય છે કે આજના વિષયના મહત્ત્વના સંબન્ધમાં, આ ત્રણ વર્ષના વચગાળામાં, કેવળ આ સભાના જ માનસમાં નહિ, બલ્કે આખા જગત્‌ના સમજણવાળા દેશેદેશમાં એક મૌલિક પરિવર્તન થઈ ગયું છે.

જીનીવાની "લીગ ઑવ નેશન્સ," જો કે રાજકીય ક્ષેત્રમાં તેમ જ જગતભરમાં શાન્તિ સ્થાપવાના ને જાળવવાના પોતાના સૌથી પહેલા ધ્યેયમાં, નિઃસન્દેહ દયાજનક નિષ્ફળતા વ્યક્ત કરી ચૂકી છે, તો પણ જે કેટલાંક અન્ય ક્ષેત્રોમાં એણે કાંઈક પણ કામ કરી બતાવવાની શરૂઆત કરી છે તેમાંનું એક ક્ષેત્ર માનવીઓનો આહાર ને પોષણ ઉભયની તપાસ એ છે. આ સંબન્ધમાં એણે સર્વ પ્રજાઓનું ધ્યાન ખેંચ્યું છે એટલું જ નહિ પરંતુ, આહાર તથા પોષણના પ્રશ્નોનો તથા મુશ્કેલીઓનો બરોબર ઉકેલ આવે તો તેમાં પ્રજાઓના આર્થિક, રાજકીય તેમ જ સશસ્ત્ર યુદ્ધોના ય અન્તનું મૂળ રહેલું છે, એ બહુ અગત્યનું સત્ય પણ એને બતાવ્યું છે. લીગની એસેમ્બ્લીએ વિદ્વાનોની એક સમિતિ નીમી છે, ને તેમાં આજના મ્હોટા મ્હોટા આહારશાસ્ત્રીઓને નીચેની વાતોનો વિચાર કરવા સોંપ્યું છે: "માનવ આહારને વિષે જે નવું વિજ્ઞાન હવે ઉત્પન્ન થયું છે તે દુનિયાના દરેક દેશમાં ફેલાવવામાં ને ઉપયોગમાં લેવામાં આવે તો, તેમાંથી, એક તો પ્રત્યેક પ્રજાની સામાન્ય તંદુરસ્તીમાં, શક્તિમાં ને સુખમાં બહુ સ્પષ્ટ વૃદ્ધિ થાય; બીજું, આજના દિવસમાં દરેક દેશમાં ખેતીની પેદાશોના વેચાણના સંબન્ધમાં જે સંકટ ઉભું થયું છે તે બહુધા શમી જાય, કારણ કે નવા આહારશાસ્ત્રના જ્ઞાનથી ખેતીની પેદાશોની માંગ તથા ખપત અચૂક બહુ વધી જવાની; અને ત્રીજું, આવી રીતે આન્તરરાષ્ટ્રીય વેપાર વધે તથા પ્રજાઓના સ્થૂળ દેહ વધારે સારૂં પોષણ પામે તો ત્હેની આર્થિક અસર તથા અન્ય પરિણામો પણ સારાં થાય."

આ સમિતિ સ્થપાઈ તે પછી એણે કેટલીક બેઠકો મેળવીને થોડાક, પરંતુ અત્યંત મહત્ત્વના, રીપૉર્ટો પ્રકટ કર્યા છે. તે રીપૉર્ટો વિષે સામાન્ય વર્તમાનપત્રો તથા સામયિકો પણ સમાચાર આપી ચૂક્યાં છે, ને તે દ્વારા આહાર વિષેના કેટલાક સિદ્ધાન્તોનો પ્રચાર હવે ધીમે ધીમે થવા માંડયા છે.

આની સાથે સાથે તથા આની ઉપરાંત, વિજ્ઞાનનાં સામયિક પત્રોએ તથા સંસ્થાઓએ પણ આ વિષયને સ્વતંત્ર રીતે છણવા માંડ્યો છે. ઈંગ્લન્ડની એક મ્હોટી વિજ્ઞાન-સંસ્થા, "બ્રિટિશ એસોસિએશન ફૉર ધી એડવાન્સમેન્ટ ઑવ સાયન્સ"એ સન ૧૯૩૫ના સપ્ટેમ્બરની પોતાની બેઠક દરમ્યાન, આ વિષયની ઉપર એક બહુ મહત્ત્વની ચર્ચા કરી, જેને પરિણામે બ્રિટનમાં તેમ જ અન્યત્ર આ વિષય તરફ ઘણાનું ખૂબ ધ્યાન ખેંચાયું. આપણી ભારત વિજ્ઞાનપરિષદ્—અથવા "ઈન્ડીઅન સાયન્સ કોંગ્રેસ" પણ આ વિષયમાં આ વર્ષના જાન્યુઆરીમાં, ઈન્દોરની છેલ્લી બેઠક દરમ્યાન, ચર્ચા ચલાવી ચૂકી છે. આપણા દેશમાં દર શિયાળે યુનિવર્સિટિઓનાં પદવી–દાનને પ્રસંગે જે સંખ્યાબંધ વ્યાખ્યાનો અપાય છે તેમાં ય પહેલી વાર, પોષણશાસ્ત્રીની સમજની જરૂરીઆત કેટલી છે તે વિષે સન ૧૯૩૫ના નવેમ્બરમાં, આન્ધ્ર યુનિવર્સિટિમાં, રાય બહાદુર પ્રોફેસર ટી. એસ. તિરુમૂર્તિએ[1] પડકાર કર્યો છે.

સંસ્થાઓની વાત છોડી વ્યક્તિઓની વાત ઉપાડીએ તો માલૂમ પડે છે કે દેશેદેશમાં વિજ્ઞાનશાસ્ત્રીઓ, પોતપોતાના ક્ષેત્રની દૃષ્ટિથી, પોતપોતાના દેશના આહારની તપાસ કરવા મંડી પડ્યા છે, અને તેમાંથી કેટલું પોષણ મળી શકે ત્હેની માપણી કરવા મંડ્યા છે. આપણા દેશમાં એ કામ ઘણાં વર્ષો પહેલેથી, નીલગિરિ ઉપરના કુનૂરની પોષણશાળામાં ત્હેના અધિષ્ઠાતા સર રૉબર્ટ મેકકેરિસને શરૂ કર્યું હતુંઃ એમણે સામાન્ય આહારશાસ્ત્રની ઉપરાંત હિન્દુસ્થાનના જુદા જુદા આહારોનો ય ખાસ અભ્યાસ કર્યો છે, અને એ અભ્યાસના તેમ જ સ્વહૃદયના ઉદાર ઉમળકાના એક સુન્દર ફળ તરીકે એમણે "આહાર" ઉપર એક સરસ ચોપડી લખી "હિન્દનાં બાળકોને" તે અર્પણ કરી છે.[2] પ્રત્યેક હિન્દવાસીએ એ પુસ્તક વાંચવા તથા વાપરવા જેવું છે. મૅકકેરિસન જો કે હવે નિવૃત્ત થઈ પોતાને દેશ ગયા છે, તો પણ એમની પાછળ ડૉ. આઇકરૉઈડે આ શાળામાં આ કામની વધુ જમાવટ કરી છે. હિન્દના અન્ય પ્રાન્તોમાં તથા અન્ય પ્રયોગશાળાઓમાં, કામ કરતા વિજ્ઞાનીઓના હૃદયમાં ય આ આન્દોલનોના પડઘા વાગ્યા છે, ને આપણા આહારનો વધુ અભ્યાસ તથા સંશોધનો દિનપ્રતિદિન વૃદ્ધિ પામતાં જાય છે.

મહાત્માજીએ આ વિષયને વળી જુદાં જ, પરંતુ એટલા જ મહત્ત્વનાં, દૃષ્ટિબિન્દુથી હાથમાં લીધો છે. ગાંધીજીએ પોતાના આહારના જે જે પ્રયોગો કર્યા છે તે તો હવે મશહૂર થઈ ગયા છે, પણ હમણાં લગીના એમના આહારપ્રયોગો મ્હોટે ભાગે "આત્મલક્ષી" હતાઃ હવે સદ્‌ભાગ્યે આહારનું "પરલક્ષી–સર્વલક્ષી" જ્ઞાન મેળવવા તેઓ દોરાયા છે. એમના પ્રયાસનાં પરિણામો હજી અપ્રકટ છે, ને એ પ્રયોગોની પદ્ધતિ તેમ જ પ્રમાણો પણ અજાણ્યાં છે. છતાં વૈજ્ઞાનિક પદ્ધતિના આશ્રયથી, ગામડાંમાં રહેનારી આપણી પ્રજાને તેમ જ શહેરમાં વસનારી ગરીબ તથા મધ્યવર્ગોની પ્રજાને ઉત્તમ પોષણ આપે એવો સસ્તો ને સુલભ આહાર નક્કી કરવામાં ગાંધીજી મદદ આપે તો આખા હિન્દની ઉપર એક અનેરો ઉપકાર થાય એ સ્પષ્ટ છે.

બીજી તરફથી, આપણા નવા વાઈસરૉય લૉર્ડ લિન્લિથગોએ ખેતીની બાબતમાં તેમ જ ખોરાકની બાબતમાં પોતાના જ્ઞાન, અનુભવ, ઉત્સાહ તથા સત્તાના વિરલ યોગનો લાભ, આ દેશમાં પગ મૂકતાની સાથે જ, આપવા માંડ્યો છે. એ ક્ષેત્રોમાં કામ કરનાર

---

૧. વિઝાગાપટ્ટનની વૈદ્યકીય કૉલેજના નિદાનશાસ્ત્ર ("પૅથૉલૉજી") ના પ્રોફેસર.

૨. "Food."—મેકમિલન એન્ડ કંપની, લિમિટેડ. મૂલ્ય આના આઠ.

અધિકારીઓને તથા સંસ્થાઓને એમના પડકારે જાગૃત કર્યાં છે: તથા પ્રજાનું લક્ષ આ વિસરાઈ ગયલા પ્રશ્નોની તરફ સચોટ રીતે ખેંચ્યું છે. આથી છાપાંવાળાઓને તેમ જ છાપાં-વાંચનારાઓને આહારના વિષયમાં નવો રસ ઉત્પન્ન થયો છે, ને આપણા દેશમાં "પોષણ-સમિતિ"-"ન્યુટ્રિશન બૉર્ડ"ની સ્થાપનાનાં પ્રથમ પગલાં પણ લેવાયાં છે.

૨

પોષણ, રાષ્ટ્રનો ને જગતનો મહાપ્રશ્ન

એક જાણીતી અંગ્રેજી કહેવત એવી છે કે "જીવવાને માટે ખાઓ, પણ ખાવાને માટે જીવો નહિ." "અન્નમય કોષ" સમજનારને આહારની આવશ્યકતા, જીવનને ટકાવવાને માટે, સ્વયંસિદ્ધ છે. પણ માણસ ગમે તેવા આહારથી પેટ ભરીને આરોગ્ય, જેમ ને જીવન ટકાવી શકે નહિ, એ સત્ય આપણે સમજતા નથી. માત્ર પાશેર અન્નથી પેટનો ખાડો પૂર્યો એટલે બસ: એ આપણા દરિદ્ર દેશમાં ઘણા લોકોને ફરજીઆત તથા સ્વાભાવિક થઈ પડયું હોય એ સમજી શકાય. લોકમાન્ય ટિળક મહારાજે એક વાર કહ્યું હતું કે "મ્હારા દેશમાં કરોડો માણસો માત્ર એકટંકી આહારની ઉપર જીવે છે." એ સત્ય હશે. પરંતુ એ પણ ચોક્કસ છે કે આવા અલ્પ કે અયુક્ત આહારનાં જે ફળ કુદરત આપે તેમાંથી આપણે બચી શકીએ નહિ; પ્રજા દેહમાં જે સુરતી, બિમારીઓનો સામનો કરવાની અશક્તિ, કૌવત સ્ફૂર્તિ તથા જેમનો અભાવ-લાંબા મંદવાડો તથા પુષ્કળ પ્રાણઘાતક રોગોની ઉપરાંત-સર્વ સ્થળે જોવામાં આવે છે તે માત્ર અ-પોષણનાં-અપૂર્ણ પોષણનાં જ ફળ છે. આજે આહારનું જે નવું વિજ્ઞાન ઉત્પન્ન થવા માંડયું છે તે અતિ સ્પષ્ટતાથી કહે છે કે યોગ્ય પોષણ આપવાને માટે આહાર જોઈએ તેટલા વજનવાળો હોય, પેટ ભરે એટલો હોય એટલું જ બસ નથી: યોગ્ય વજનની ઉપરાંત, આહારમાં વિવિધતા પણ હોવી જોઈએ-આહારના જે મુખ્ય પ્રકારો છે, પોષણનાં જે મુખ્ય અંગો છે તે સર્વેનો દૈનિક ભોજનમાં સમાવેશ થવો જોઈએ, નહિ તો અપોષણ, અશક્તિ તથા રોગ-તત્પરતા થવાનાં જ: અને બહુ લાંબો કાળ આવો અસમાન ને અપર્યાપ્ત આહાર લેવાયાં કરે તો ગંભીર મંદવાડ ને મરણ પણ થવાનાં.

દેશદેશમાં શાસ્ત્રીય અવલોકનોથી એ સાબિત થયું છે કે ખોરાકમાં અમુક અમુક તત્ત્વો બિલકુલ ન હોય, અથવા બહુ ઓછાં હોય તો ત્હેને લીધે વિવિધ રોગોનો સંચાર શરીરમાં થાય છે; એ રોગોને દવા કે હવા કશું મટાડી શકતું નથી. માત્ર તે ખૂટતાં તત્ત્વોને પૂરનાર ખોરાક યોગ્ય કાળે ને યોગ્ય રૂપમાં આપવામાં આવે તો જ તે પ્રાણી બચી શકે. આપણા દેશમાં દર વર્ષે લાખો માણસો જુદા જુદા અટકાવી શકાય એવા રોગોથી હેરાન થાય છે કે મરે છે; તેમાંના ઘણા રોગો, ચેપી રોગો પણ, મૂળ યોગ્ય આહાર ન હોવાથી જ ઉત્પન્ન થયેલ હોય છે; વળી તે ઉપરાંત કરોડો માણસો બેચેની, માંદલાપણું તથા કમતાકાતથી પીડાય છે, જેથી તેઓને પોતાને શરીર-પીડા થવા ઉપરાંત દેશને અઢળક ધનની હાનિ પણ થાય છે, તથા આખી પ્રજાની આરોગ્યની ભૂમિકા અત્યન્ત ઉતરતા પ્રકારની નીપજે છે.

તેથી કરીને હવે તો ખાસ આહાર તથા પોષણ એ આપણા દેશનો એક મ્હોટો રાષ્ટ્રીય પ્રશ્ન છે એ સત્યનો પ્રજાએ તથા પ્રજા-નાયકો એ સ્વીકાર કરવાની જરૂર છે,

આપણાં ચિત્ત અત્યારે અનેક પ્રકારના મહાપ્રશ્નોથી ડોળાયલાં છે ; દિવસે દિવસે પ્રશ્નોની સંખ્યા તેમ જ ગંભીરતા વૃદ્ધિ જ પામે છે, તે છતાં આપણે જો હજી ય ન સમજીએ કે આ સર્વ રાષ્ટ્રીય મહાપ્રશ્નોમાં, મ્હોટામાં મ્હોટા પ્રશ્નોમાં ય, પ્રજાનો આહાર તથા પોષણ એ અગ્ર સ્થાન લે છે, તો તે અણસમજ આત્મહત્યારૂપ છે. દેશના સર્વ નાયકો આ ક્ષેત્રમાં ભેગા મળી શકે છે : મહાત્માજી તથા વાઈસરોયના નાયકપણા નીચે અન્ય સર્વ લોકનાયકો આ ક્ષેત્રમાં સહકાર કરી શકે એમ છે : મૅકકેરિસને તો રસ્તો પણ તૈયાર કરી આપેલ છે.

ખરેખરૂં કહીએ તો આ કેવળ હિન્દનો જ મહાપ્રશ્ન છે એમ નથી : એ તો દેશે દેશનો, સારી ય માનવ જાતિનો પ્રશ્ન છે. ઇંગ્લાંડ જેવા આપણાથી લગભગ સર્વ વાતે વધુ સમૃદ્ધ, સમર્થ ને ડાહ્યા દેશનો પણ એ મહાપ્રશ્ન છે. બ્રિટિશ ઍસોસિએશનની નૉરિચની બેઠકમાં (સન ૧૯૩૫) સર જહૉન ઑરે[3] કહ્યું કે “ જે કુટુમ્બની આવક માથાદીઠ અઠવાડીએ એક પાઉંડથી ઓછી હોય છે, તેવાં સર્વ કુટુમ્બો યોગ્ય પોષણ વગર રહેતાં હોય છે. ગ્રેટબ્રિટન એકલામાં જ બે કરોડ જેટલાં માનવીઓ (એટલે વસ્તીના ચાળીસ ટકાથી ય વધારે મ્હોટા ભાગનાં) એવાં છે કે તેઓ, મુખ્યત્વે દરિદ્રતાને લીધે, યોગ્ય આહાર કે પોષણ મેળવી શકતાં નથી, અને પરિણામે વિવિધ રોગોથી ગ્રસ્ત રહે છે.” અંગ્રેજી વિજ્ઞાનશાસ્ત્રીઓના ગુરુજન સમાન પ્રોફેસર આર્મસ્ટ્રૉંગ બહુ જોરથી કહે છે કે “ પ્રજાને સૌથી પહેલી જરૂર યોગ્ય આહારની છે : ઘરબારની યોજનાઓ, શહેર સુધરાઇની યોજનાઓ, કેળવણીની યોજનાઓ પણ ભલે એની પાછળ રહી જાય. ”[4]

આ પ્રશ્નના ઉકેલમાં દાકતરો, વૈદ્યો, હકીમો વગેરે બહુ મદદ કરી શકે. પરંતુ દુર્ભાગ્યે તેઓ પોતે જ આહાર તથા પોષણનું બહુ જ થોડું જ્ઞાન ધરાવે છે; તેઓને જે તાલિમ મળે છે તેમાં આ વિષયને સ્વલ્પ સ્થાન મળે છે.[5] તેઓ ધંધાદારી થઈ પોતાનું મુખ્ય કર્તવ્ય ચૂકે છે. રોગની દવા કરવી એ જ તેઓનું ધ્યેય હોય છે. “ રોગને મટાડવાના કરતાં રોગને અટકાવવો એ વધારે સારૂં છે. ” એ ઊંડા ડહાપણના સૂત્રમાં તેઓ ભાગ્યે રસ લે છે. પણ જે દિવસે તેઓમાં આ દૃષ્ટિ બરોબર ઉતરશે, અને લોકોને દવાઓ ખવરાવવાના કરતાં વધારે તંદુરસ્ત ને પુષ્ટ ને બળવાન બનાવવાના ઉપાયો કરવામાં તેઓનું વધતું જતું દળ ઉતરશે ત્યારે જ કાંઈક સારી આશા રાખી શકાશે. આ ઉપાયો લેવાશે ત્યારે આપણા

---

૩. Sir John Orr, the Director of the Rowett Research Institute Aberdeen.

૪. “Far more important than either housing or education was the question of proper feeding, and we had not understood that matter at all. The bad condition of the masses and the low standard which was being attained was due to improper feeding. We wanted quality rather than quantity, and chemists were showing what quality in food was. ”—Prof. H. E. Armstrong, (“ Chemistry and Industry, ” 22 July 1932, 631.)

૫. ખાસ કરીને અંગ્રેજી વૈદકશાસ્ત્રની અહીં તાલિમ પામેલા આપણા દેશી દાક્તરોનું આપણા દેશી આહાર વિષેનું અજ્ઞાન બહુ હસવા જેવું કહેવાય, જો તે દયાજનક ને હાનિકારક ન હોત તો. વૈજ્ઞાનિક દૃષ્ટિને અભાવે તેઓ પોતાની તાલિમની ખામી પૂરવાને પણ ઈચ્છતા નથી. પ્રો. મૉટરેમ કહે છે કે “ The training of ordinary practitioners leaves them scientifically but half-baked. ” (“ Science Progress, ” 1935, October, 349.)

આહારના ખરા જ્ઞાનની અને એને બરોબર પોષક કેમ બનાવી શકાય, એ સમજણની ખરી જરૂર પડશે.

આ સત્ય બ્રિટનમાં તેમ જ અમેરિકામાં એટલું બધું સમજાયું છે કે ત્યાં પ્રજાને પોષણ આપે એવા આહારની વ્યવસ્થા કરવાના ગંભીર પ્રયાસો શરૂ થઈ ચૂકયા છે. હાઉસ ઑવ કૉમન્સમાં હમણાં ૧૭ મી ફેબ્રુઆરીએ આ વિષે મહત્વની ચર્ચા થઈ હતી, તે ઉપરથી માલૂમ પડે છે કે બ્રિટનની નિશાળોમાં દૂધ પીતાં છોકરાંઓ લગભગ ર૭ાા લાખ છે, તે સૌ છોકરાંઓને દૂધ સસ્તું મળે તે માટે સરકારે પાંચ લાખ પાઉંડ(લગભગ સીતેર લાખ રૂપીઆ)ની બક્ષીસ કરી છે ! તે છતાં આમ સભામાં બેસનારા સંખ્યાબંધ સભ્યોએ જાહેર કર્યું કે આ રકમ તો બહુ અસંતોષકારક છે. મિસ વિલ્કિન્સને કહ્યું કે લડાઈનાં વહાણોની ઉપર પૈસા ખર્ચવાના કરતાં દૂધની ઉપર એ પૈસા ખર્ચવા, એ વધારે સારૂં છે. મિ. વિલ્યમ્સ નામના અન્ય સભ્યે કહ્યું કે જેઓની દૂધ ખરીદવાની શક્તિ ન હોય તેઓને દૂધ પૂરું પાડવાને માટે સરકાર તિજોરીમાંથી ૭૦ લાખ પાઉન્ડ (= લગભગ ૧૦ કરોડ રૂપિયા) કાઢે તો ય એ એક નફાનો ધંધો થાય. મિ. હૉપ્કીન્સે એમ ભલામણ કરી કે પ્રાથમિક શાળામાં ભણતાં સર્વ બાળકોને સરકારે રોજ મફત દૂધ આપવાની ગોઠવણ કરવી જોઈએ. એક અન્ય સભ્યે સર જહૉન ઑરનો અભિપ્રાય ટાંકી કહ્યું કે " આખી પ્રજાને પૂરતું દૂધ મળી શકે તો આપણા શહેરીઓના કદમાં આપણે બે ત્રણ તસુનો ઉમેરો કરી શકીએ, દાંતના સડાને ૬૦ ટકા જેટલો કમ કરી શકીએ, રક્તક્ષય–" એનીમીઆ "ની બિમારીને લગભગ નાબૂદ કરી દઈએ અને સન્ધિવાને કમ કરીને તજ્જનિત હૃદયના રોગોને ય બહુ કમ કરી દઈએ. માટે દૂધની પાછળ સરકાર જેટલો પૈસો ખર્ચશે તેટલો ઓછો છે. "

આ પ્રમાણે દૂધને એક રાષ્ટ્રીય આહાર બનાવવાને માટે ત્યાં ખૂબ ચળવળ ચાલી રહી છે. આપણા દેશમાં તો એ ચળવળની એથી ય વધારે જરૂર છે. " દૂધ પીઓ, " " રોજ દૂધ પીઓ, " " ખૂબ દૂધ પીઓ "–એ સૂત્રો આપણે વધારે ને વધારે સાંભળીએ, ને વધારે ને વધારે પાળીએ, તો સર્વાંગ ઉન્નતિના માર્ગ ઉપર આપણે વ્હેલા ચઢીશું એ વિષે મ્હને જરા પણ સંશય નથી. સૌ આહારમાં દૂધ એક અનુપમ ને લગભગ સંપૂર્ણ આહાર છે એ હવે સિદ્ધ છે.

૩

માનવદેહ

માનવશરીર એ એક અત્યન્ત અટપટું યન્ત્ર છે, એ વાત સમજ્યા વિના આપણે પોષણશાસ્ત્રની કાંઈ પણ વાત સમજી ન શકીએ. એ યન્ત્ર અટપટું છે એટલું જ નહિ પરંતુ હજી બહુ અંશે રહસ્યભર્યું છે. આ યંત્રને સમારવાનો દાવો કરનારા દાક્તરો તો શું પણ એના ખાસ અભ્યાસી વિજ્ઞાનશાસ્ત્રીઓ પણ એની ઘણી વાતો હજી સમજી શકયા નથી. આ એક ન્હાનકડા મનુષ્યદેહ વિષેનું આપણું જ્ઞાન–એટલે કેવળ મ્હારા ત્હમારા જેવા પ્રાકૃત જનોનું જ નહિ પણ મ્હોટા મ્હોટા શરીરશાસ્ત્રીઓનું જ્ઞાન પણ એટલું તો અપૂર્ણ છે કે એ દેહના નિત્યવ્યાપારની ક્રિયાઓની તો કાંઈક સમજ હજી હમણાં જ પડવા માંડી છે. શરીરમાં

જીવન શું છે એ હજી ય ભેદભર્યો પ્રશ્ન છે: આજ લગી નિર્જીવ શરીરનો અભ્યાસ થયો છે, ને મનુષ્યેતર અન્ય જીવતા પ્રાણિદેહોનો ય અભ્યાસ થાય છે. તેમાંથી ઘણું જ્ઞાન મળ્યું છે, પરંતુ જીવનનું પૂરૂં જ્ઞાન એથી કદી મળી શકે નહિ. સજીવને વૈજ્ઞાનિક રીતે તપાસવા જતાં એને ઘણીવાર નિર્જીવ કરી નાંખવું પડે છે. અને મનુષ્યથી જુદા પ્રાણીદેહના અભ્યાસનાં પરિણામો મનુષ્યદેહને કેટલે અંશે લાગુ પડી શકે એ મ્હોટો પ્રશ્ન હમેશ ઉભો રહેશે. આપણા દેહની રોજની સાધારણ હકીકતો, નિત્ય ક્રિયાઓ પણ, આ કારણોને લીધે હજી વિજ્ઞાનને ઘણે અંશે અગમ્ય રહી છે–આટલી પ્રગતિ થઈ છે તે છતાં પણ. એનાં કાંઈક ઉદાહરણ બોધપ્રદ થશે.

આપણે ખાસ માંદા પડીએ તે સિવાય આપણને એ જાણવાની કે સંભાળવાની જરાય જરુર પડતી નથી કે આપણા શરીરની ગરમી અમુક જ માપની રહે: રોજની ભાષામાં કહીએ તો, આપણાં શરીરની ટેમ્પરેચર બરોબર ૯૮·૪° રહ્યાં કરે. આપણને પરવાહ નથી, કારણ કે એ જાણે એની મેળે જ એટલી રહે છે. આપણે ઘણીવાર ઉનાળામાં કલાકોના કલાકો લગી–મુંબાઈની ઑફિસોમાં, માળાઓમાં કે આગ્રા જેવાં શહેરોમાં–એવા ઓરડાઓમાં રહીએ છીએ કે જ્યાં ૧૦૦°ની ઉપર જ ટેમ્પરેચર પ્રવર્તતી હોય: તેમ શિયાળામાં–ફરીથી આગ્રા જેવા સ્થળમાં–ઓરડાઓમાં કે હિમગિરિઓની ઉપર, ૫૦°થી ય નીચે ઉતરેલી ટેમ્પરેચર હોય, ત્યાં કલાકો લગી રહીએ છીએ. આપણને ગરમી–શરદીનું ભાન બેશક થાય છે, ને આપણને ત્હેનું નિવારણ પણ જરૂર કરવું પડે છે. વળી કદિ બહુ ગરમ ખોરાક ખાધો હોય કે કદિ ઉપવાસ કર્યો હોય, કદિ બેસી કે સૂઈ જ રહ્યા હોઇએ કે કદિ ખૂબ કસરત કરતા હોઈએ પણ ટેમ્પરેચર તો એની એ જ રહેવાની. આ સર્વ વિષમ અવસ્થાઓની વચ્ચે ય આપણું શરીર બરોબર એક જ ટેમ્પરેચર સાચવી રહે છે, એ સમતોલપણું અતિ વિસ્મયકારક છે, અને એ જાળવનાર યંત્ર નો પૂરો મર્મ આપણે હજી જાણતા નથી.

બીજું, આપણા લોહીની અંદર "ગ્લુકોઝ" નામની ખાંડ[૬] હમેશાં હોય છે. એનું પ્રમાણ ૦·૦૮ થી ૦·૧૩ ટકા જેટલું છે: એટલે એક સો રૂપિયાભાર લોહીની અંદર બે આની ભારથી ય કાંઈક ઓછું. આટલી ન્હાની વાતની આપણને શી વિસાત છે? એની ખબર પણ કોને હોય છે? આ ખાંડ આપણા ખોરાકમાંથી જ ઉત્પન્ન થાય છે, ને શરીરની ઉષ્ણતા સાચવવામાં તથા જીવનક્રિયાઓ ચલાવી રાખવામાં તે નિરન્તર વપરાતી જાય છે. પળે પળે ત્હેનો આયવ્યય ચાલ્યાં કરે છે: પણ આરોગ્યમાં એનું પ્રમાણ ઉપરની મર્યાદાની બહાર જતું નથી. જો કોઈ પણ કારણથી એ ઓછું થઈ જાય, તો આપણે ઠંડા પડવા માંડીએ, ભૂખ્યા થઈ જઈએ, ને નિરુપાય હોઇએ તો અન્તે આપણા રામ પણ રમી જાય. જો ઉપરની મર્યાદાથી વધુ પડતી ખાંડ લોહીમાં આવી ગઈ તો ય વિપરીત થાય, આપણને ગરમી તથા બેચેની લાગે, "બળુંબળું" થઈ જઈએ, મધુપ્રમેહ થાય, ને આનો સંતોષકારક ઉપાય થાય નહિ તો આપણો દેહ જાણે પોતાની જ આગમાં બળી–ગળી જાય. ખાંડ એ શરીરનું એક સરસ બળતણ છે; એ ઉત્તમ બળતણનો અતિયોગ ને હીનયોગ ઉભય ભયંકર છે. તે

---

૬. ગ્લુકોઝ–glucose એ દ્રાક્ષ તથા મધ વગેરેની અંદર રહેલી ખાંડ છે. શેરડીની ખાંડ એનાથી જુદી છે; શેરડીની ખાંડમાંથી ગ્લુકોઝ ઉત્પન્ન થઇ શકે છે. શરીરમાં એ ઉત્પન્ન થાય ત્યારે જ ખાંડ શરીરને કામમાં આવે છે.

છતાં શરીરયંત્રનું સાધારણ સામર્થ્ય એવું છે કે આપણે દિવસો ને દિવસો લગી ખાંડ વર્જી શકીએ અથવા ઉપવાસ કરી શકીએ, અથવા અન્ય પક્ષે, કદિક એકસામટી પાંચ શેર મીઠાઈ પણ ઉડાવી દઈએ. શરીરયંત્રમાં એવી સ્થિતિસ્થાપક વ્યવસ્થા છે કે આવી વિષમતાઓમાં ય ગ્લુકોઝનું પ્રમાણ લોહીની અંદર ઉપર જણાવેલ હદમાં જ રહે છે; ખરૂં છે કે આ વાતના રહસ્યની ઉપર હવે ઘણો પ્રકાશ પડયો છે. શરીરમાં ગ્લુકોઝની થાપણોની ન્હાની ન્હાની બેંકો બની જાય છે; એમ માલુમ પડયું છે તેમાં ગ્લાઇકોજન નામી અન્ય પદાર્થમાં પરિવર્તન પામી ગ્લુકોઝ જમા થઇ રહે છે, ને શરીર પોતાની જરૂર પ્રમાણે એ થાપણનો ઉપયોગ કર્યે જાય છે. પણ એ આખી ક્રિયા જેટલી ચમત્કારિક જણાય છે તેટલી જ હજી આપણી પૂરી સમજની બહાર પણ છે.

શરીરરચનાનું જરા પણ જ્ઞાન થતાં આપણે જાણવા માંડીએ છીએ કે આ શરીર જેને આપણે એક ગણીએ છીએ, તેની અંદર વાસ્તવિક રીતે કેટલાં ય હાડકાંઓ, કેટલાં ય સ્નાયુઓ. નસો, નાડીઓ, જ્ઞાનતંન્તુઓ, કેટલાય પ્રવાહી ને ઘન પદાર્થો, તથા એ સર્વની અનેકવિધ નિરન્તર ચાલતી ક્રિયાઓ સમાયેલ છે. આરોગ્યમાં એ પ્રત્યેક પોતપોતાનું નિયત કર્મ કર્યે જાય છે. આપણને ખબર હો કે ન હો પણ જીવનની વિવિધ અવસ્થાઓમાં ય આ વ્યાપાર તો ચાલુ જ રહે છે. એ સર્વના સર્વ વ્યાપારો ચલાવવાને માટે આહાર આવશ્યક છે, ને તે માટે જ આહાર લેવો જોઈએ એટલું જ નહિ પણ તે આહાર ઉચિત તથા સપ્રમાણ હોવો જોઈએ. મિ. લેમ્પિટ[૭] કહે છે કે "આપણા દેહની સર્વ ક્રિયાઓને પોષવાને માટે તથા સર્વ ઘસારાઓને સમારી લેવાને માટે આપણા રોજના ખોરાકમાં ઓછામાં ઓછા ચાળીસ જુદા જુદા રસાયનિક પદાર્થો હોવા જોઈએ." કોઇ નિરોગી માણસ આ ચાળીસ પદાર્થોને ઓળખી–ગણી–તોળીને પોતાની થાળીમાં મૂકતો નથી, એ ખરૂં છે, કારણ કે તેવું કરવાની જરૂર પણ નથી. એ સર્વ પદાર્થો આવી જાય એવો નિત્યનો આહાર કરવામાં જરા ય મુશ્કેલી પડે એમ નથી. પરંતુ એવા આહારની ઉપેક્ષા કરીએ, અને કોઈ પણ કારણથી આમાંનો કોઈ એક પદાર્થ પણ આપણા આહારમાંથી ઘણા કાળ લગી ગેરહાજર રહે અને આપણા શરીરમાં ઓછો થઇ જાય તો ત્હેના પરિણામમાં અશક્તિ–વિક્રિયા–રોગ આદિના સંચાર અનિવાર્ય છે, એમ અનેક અવલોકનોથી તથા પ્રયોગોથી સિદ્ધ થયેલ છે.

આટલા બધા વિવિધ પદાર્થોની શરીરને રોજે જરૂર છે, એ વાત પણ શરીરના બંધારણનું અટપટાપણું બતાવવાને બસ છે. એ તો સ્પષ્ટ છે કે શરીરના બંધારણમાં જે જે પદાર્થો અથવા રાસાયનિક તત્ત્વો છે તેઓને સાચવી રાખવામાં જ શરીરનું શ્રેય છે; તે ખરૂં જાતાં શરીરના પદાર્થો વિવિધ માર્ગોએથી તથા અનેકવિધ રૂપમાં શરીરમાંથી નિરન્તર બહાર નીકળ્યાં કરે છે માટે તેઓની જગ્યા પૂરવાનું એક મ્હોટું કામ આપણે નિરન્તર કર્યા કરવું પડે છે. આ પ્રમાણે શરીર–જીવનમાં નિરન્તર રાસાયનિક વ્યાપારો–રસાયની ચાલ્યાં કરે છે. એ ક્રિયામાં બહારનાં સાધનોમાં હવા, પાણી, પ્રકાશ ને આહાર પ્રધાન ભાગ ભજવે છે.

રસાયનશાસ્ત્ર આજે કહે છે કે આપણી અસલની માન્યતા પ્રમાણે જગતના સર્વ પદાર્થો ને દેહો પંચમહાભૂતના બનેલા હોય એવું નથી, પણ લગભગ ૯૨ જેટલાં

૭. "Chemistry and Industry," May 3, 1935, 426–30.

મૂળતત્ત્વો પૃથ્વીના સઘળા પદાર્થોમાં વ્યાપી રહેલા છે. સ્થૂળ જગતને રચનાર આ ૯૨ તત્ત્વોમાંનાં ઘણાં, ૬૦ થી ય વધુ, આપણા પોતાના સ્થૂલ દેહમાં હાજર છે એમ રસાયન શાસ્ત્ર સ્પષ્ટ કરી ચૂકયું છે. પ્રો. વિનોગ્રાડૉફ[૯] નામના એક રશિયન પ્રોફેસરની કલ્પના વળી એવી છે કે પૃથ્વી ઉપરનાં આ સઘળાં મૂળતત્ત્વો પૃથ્વીથી ઘડાયલા ને પોષાતા માનવદેહમાં ય છે–હોવાં જોઇએ: પણ એટલાં બધા સ્વલ્પ પ્રમાણમાં કેટલાંક હોવાથી હજી લગી રસાયની પૃથક્કરણ એ સર્વને વર્તી શકયું નથી. તેથી તેઓ પોતે હજી શરીરમાં ન મળેલાં તત્ત્વોની અત્યન્ત સૂક્ષ્મ પદ્ધતિથી શોધ ચલાવે છે. આ ખ્યાલ સાચો ઠરે તો માનવદેહ એ પૃથ્વીની અગર સમસ્ત વિશ્વની એક લઘુ આવૃત્તિ જેવો–એક રાસાયનિક અંશાવતાર સમો લેખાય, એટલું જ નહિ પણ એના પોષણને માટે એનો આહાર પણ કેટલાં વિવિધ તત્ત્વોનો હોવો જોઇએ એ વધારે સ્પષ્ટ સમજાય.

૪

હિન્દમાં આહારનું નિયમન

મ્હેં આહારના નવા શાસ્ત્રનો ઉપર ઉલ્લેખ કર્યો છે. શાસ્ત્ર અથવા "સાયન્સ" ખરૂં જોતાં તો એક જ છે, પણ આહારના સંબંધમાં પશ્ચિમમાં શાસ્ત્ર તરીકે જે ઓગણીસમી સદીમાં ને વીસમીની લગભગ પહેલી વીશી લગી મનાતું હતું, તેમાં હવે બહુ જ ફેરફાર થઇ ગયા છે. શાસ્ત્રીય રીતે જોઇએ તો માણસ માત્રને માટે આહારશાસ્ત્ર એક જ હોય, ને આહારના નિયમો સૌને સાધારણ રીતે લાગુ પડે. પરંતુ આહાર એવા વિષયોમાંનો એક છે કે તેમાં શાસ્ત્રની લગામ માનવીઓ બહુ આનાકાનીથી ને લાચારીથી જ કબુલ રાખે છે. તેથી જેમ "દેશ તેવો વેશ" હોય છે તેમ જ "દેશ તેવો ખોરાક" પણ થાય છે. અને સર્વ દેશોમાં જે જે ખોરાક મુખ્ય રીતે માન્ય થયો હોય છે ત્હેનાં મુખ્ય કારણોમાં પરાપૂર્વની રીતિ, વંશપરંપરાની ટેવો, ભાવઅભાવ વગેરે ઉપરાંત આર્થિક તેમ જ ભૌગોલિક સંયોગો પણ હોય છે. વળી ધર્મની, અથવા ધર્મને નામે વપરાતી માન્યતાઓની પણ, આહારની ઉપર જેવી તેવી અસર નથી, એ તો આપણે બહુ સારી રીતે જાણીએ છીએ. હિન્દુ–મુસ્લીમની વચ્ચે, ખ્રિસ્તી–યહુદીની વચ્ચે, ખોરાકની ધાર્મિકતા–અધાર્મિકતાને અંગે જે ક્રૂર ઝઘડાઓ સૈકાઓથી ચાલ્યા આવે છે તે સૌના જાણવામાં છે. બીજી ન્હાની બાબતોમાં ય "ધર્મ"ના આદેશોએ આહારની પસંદગીની ઉપર બહુ પ્રબળ અસર કરી છે. ગાજર, ટમેટાં ને મસુરની દાળ જેવી પોષણદાયક ચીજો તેઓના રંગને લીધે ત્યજાઇ છે. કાંદા ને ડુંગળી જેવી ઉપયોગી ચીજનો બહિષ્કાર તો મશહૂર છે. અમારે ત્યાંની કૉલેજોનાં છાત્રાલયોમાં જે જુદા જુદા ભોજનપ્રબન્ધો થાય છે ત્હેનાં મૂળ નાત–જાતના તફાવતોમાં કે ગામ પરગામના રિવાજોના ભેદમાં નથી: પણ મુખ્ય ભેદ કરનાર ડુંગળીબાઇ જ છે. "onion-mess" હમેશાં જુદી પડી જવાની.

આ સર્વની માનવતા સમજીને પણ આહારની શાસ્ત્રીય દૃષ્ટિથી એ સૌને તપાસવાની જરૂર ઉભી રહે છે.

---

૯. "Geochemistry and Boichemistry," by Prof. A. P. Vinogradov of the Biochemical Laboratory of the Academy of sciences, U. S. S. R. ("**Current Science,**" October 1935, 216.)

જે અર્થમાં વૈજ્ઞાનિક કે શાસ્ત્રીય કે "સાયન્સ"ના નિર્ણયોની આપણે આજે વાત કરીએ છીએ, તે અર્થમાં આપણા દેશમાં આહારનું જ્ઞાન હતું એવું કોઈ કહી શકે નહિ. તે છતાં આ કહેવાનો કોઈ એમ અર્થ ન કરે કે એટલા માટે આપણો આહાર ખરાબ, અયોગ્ય કે ત્યાગ કરવા યોગ્ય છે. વર્તમાન વિજ્ઞાનથી આપણી ખાનપાનની ટેવોને કસી જોવાની જરૂર છે, ને તે કરવાનો આ એક અલ્પ-અલ્પ, ખાસ કરીને કાળ વગેરેની મર્યાદાને લીધે—પ્રયાસ છે. દેશકાળનો પ્રભાવ વસ્ત્રોની ઉપર પડે છે, એ આપણે છેલ્લાં પંદર વર્ષમાં કેટલું બધું જોયું? પહેલાંનાં કૉલર, ટાઈ, મોજાં, વેસ્ટકોટ, પાઘડી, વગેરેને બદલે વધારે ઉચિત, આછાં, ઢીલાં, થોડાં વસ્ત્રો હવે કેવાં સ્વીકારાયાં છે! એ આખું પરિવર્તન જેમ વિજ્ઞાનાનુકૂળ છે, તેમ આહારનુંય સમજપૂર્વક થઈ શકે.

આપણાં પુરાતન સંસ્કૃત પુસ્તકોમાં આહારની શાસ્ત્રીય ચર્ચાઓ, વિધાનો, નિષેધો ઇત્યાદિ કેટલું મળે છે તે ખોળી કાઢવાનું કામ આપણા પુરાતત્ત્વજ્ઞોને માથે હજી ઉભું છે. એની આધુનિક શાસ્ત્રીય દૃષ્ટિથી તપાસણી કરવી, એ આપણા વિજ્ઞાનશાસ્ત્રીઓનું કામ છે. મ્હને પોતાને એ વિષયમાં બે ત્રણ બાબતો જ જાણીતી છે, તે પ્રસ્તુત સમજી અત્યારે રજુ કરૂં છું.

એક તો ત્રિગુણાત્મક માનવીની સાથે ત્રિગુણાત્મક આહારની સમજણ: એ ત્રિગુણાત્મકતા બહુ અસ્પષ્ટ છે, સ્ફુટ વ્યાખ્યાથી સમજાવાઈ નથી, એનાં પ્રમાણો નિર્દેશાયાં નથી, તે છતાં આપણા હિન્દુઓના જીવનમાં તો ખાસ એ ઊંડી ઉતરી છે. ગીતામાં કહે છે કે*

आहारस्त्वपि सर्वस्व त्रिविधो भवति प्रियः ।
आयुःसत्वबलारोग्यसुखप्रीतिविवर्धनाः ।
रस्याः स्निग्धाः स्थिरा हृद्या आहाराः सात्त्विकप्रियाः ॥
कट्वम्ललवणात्युष्णतीक्ष्णरुक्षविदाहिनः ।
आहारा राजस्येष्टा दुःखशोकामयप्रदाः ॥
यातयामं गतरसं पूति पर्युषितं च यत् ।
उच्छिष्टमपि चामेध्यं भोजनं तामसप्रियम् ॥

સાત્વિક, રાજસિક ને તામસિક આહારોનું આ વર્ણન વ્યાખ્યાની દૃષ્ટિએ કામનું નથી, પરંતુ લોકગમ્ય તથા લોકોપયોગી છે. એની ઉપર આજે આપણા રાષ્ટ્રીય ખાનપાનની વ્યવસ્થા ચણવી અશકય છે, પણ એ ત્રિવિધતાનો ભાવ, જાણ્યે અજાણ્યે ય, આપણા માનસમાં ખૂબ ખૂંચી ગયેલો છે. અમેરિકામાં મ્હારો રોજનો નિરામિષ આહાર જોઈ, સાથે બેઠેલ અંગ્રેજ તથા અમેરિકન રસાયનીઓ વારંવાર એનું કારણ પૂછતા; વિજ્ઞાન, સભ્યતા, આતિથ્ય એ સૌના ખ્યાલની બહાર આવી, મ્હારાથી ટુંકામાં એકદમ ખુલાસો કરાય એવું ન હતું, એ મુંઝવણમાં સહસા આ ત્રૈવિધ્યની ભાવના મ્હને સ્ફુરી ને દર વખતે જુદા જુદા રૂપમાં કે રંગમાં હું એના આધાર ઉપર ઉભો રહી જવાબ દેતો; સાત્વિકનો મ્હારો ખુલાસો આજે કૃષ્ણ ભગવાન ત્યાં હોત તો તે સ્વીકારત કે નહિ એ હું કેમ કહી શકું? પણ વિદેશીની નવીનતાની તરફ જે હાસ્ય અથવા ઉપહાસ સુશિક્ષિતોને ય સ્વાભાવિક છે, તેમાંથી મ્હારા ઉત્તરે મ્હને બહુ બચાવી લીધો એ ચોક્કસ છે, એટલું જ નહિ પણ

* શ્રીમદ્ ભગવદ્ ગીતા, અધ્યાય ૧૭.

2

જુદે જુદે સ્થળે કેટલાક નિખાલસ સોબતીઓ એકદમ અણધાર્યો એકરાર કરી મ્હને ચકિત કરી દેતા કે "ત્હમારી વાત તદ્દન સાચી છે. હું પણ વચ્ચે વચ્ચે માંસ-મદિરા વગેરે કેટલાક દિવસ તદ્દન છોડી દઉં છું તે દિવસોમાં અપૂર્વ શાન્તિ ને સંયમ હું અનુભવું છું. અમારો રોજનો આહાર વિકારોને બહુ ઉત્તેજે છે એમાં કાંઈ યે સન્દેહ નથી. ત્હમારો આ આહાર બેશક શાન્તિ આપે એવો છે." આ દૃષ્ટિ મ્હને બહુ વિચારને યોગ્ય જણાય છે.

તેમ લંડનમાં જ્યારે દિવસે છાયામાં ૭૫° કે ૮૦° ટેમ્પરેચર થતી, ને રોજે ગરમ કપડાંમાં જ ફરનારા, ઠંડીમાં જ જીવવા ગોઠવાયલા એવા અંગ્રેજો ગરમીથી હેરાન થતા, ત્યારે રોજ છાપાંઓ શીખામણ આપતાં કે "માંસ છોડો; ઇંડાં મૂકી દ્યો; દૂધ પીધાં કરો; તાજાં ફળ, શાક, લીલી વનસ્પતિ જ ખાધાં કરો." તે વખતે મ્હને થતું કે ભલા માણસ, ત્યારે અમારે ત્યાં વર્ષમાં છ-આઠ કે નવ મહિના ૮૦° થી ૧૧૫° ટેમ્પરેચર હોવાની : ત્યાંના રહેનારા અમે નિરામિષ રહીએ છીએ તે, છેક ગાંડા તો નથી જ ને?

આ ઉપરાંત, આપણે ત્યાં ગાયનું દૂધ તથા તેમાંથી બનેલી ચીજો, કેટલાંક ફળો, લીંબુ, પરવળ વગેરે સાત્ત્વિક ગણાય છે: ભેંશનું દૂધ, બીજાં ફળ ને શાક, આમલી, ખટાઈ વગેર તેવાં ગણાતાં નથી. સૂંઠ, મરી-પીપરના કરતાં મરચાં ઉતરતાં ને કનિષ્ટ ગણાય છે. એ ખ્યાલની વાસ્તવિકતા સાર્થકતા તપાસવા જેવી છે.

આ ઉપરાંત બીજી એક ત્રિગુણાત્મકતા પણ આપણને પરિચિત છે. આપણાં આયુર્વેદાદિની માન્યતા પ્રમાણે માનવદેહ વાત-પિત્ત-કફ-ના સમતોલનની ઉપર રચાયલો છે. એમાંથી કોઈનોય ન્યૂનાતિરેક, એટલે રોગદર્શન. જેમ ઔષધિઓ, માત્રાઓ વગેરે એને ઉદ્દેશીને અપાય છે, તેમ ખોરાકની અસર પણ એ ત્રણમાંના કોઈ એક કે બે કે ત્રણેની ઉપર થાય છે, એમ મનાય છે. આપણા આખા ખાનપાનની રચનામાં, તેમ જ વિશેષ કરીને ખોરાકોને રાંધવા તથા મેળવવાની મહત્ત્વની વિધિઓમાં આ દૃષ્ટિ બહુ પ્રવર્તે છે એની મ્હને ખાતરી છે. જો કે વિજ્ઞાને હજી આ વાદની પરીક્ષા કરી નથી, તેથી તે ઉપર એ હમણાં કાંઈ પ્રકાશ નાંખી શકે એમ નથી, તો પણ આપણા અનુભવમાં પણ આ વાત એટલી ઊંડી ઉતરેલી છે, કે તેને હસીને ઉડાવી નંખાય નહિ, બલ્કે એને વિજ્ઞાનની શાસ્ત્રીય પદ્ધતિથી આપણા હિન્દી વિજ્ઞાનશાસ્ત્રીઓએ જ તપાસવાની રહી. મ્હને શ્રદ્ધા છે કે તેમ કર્યાથી આપણા આહારની ઉપર તેમ જ આપણી રાંધવાની અસલની પદ્ધતિના ડહાપણની ઉપર ઘણો પ્રકાશ પડશે તથા એની બહુ કદર થશે. ઘણા પોષણકારક કહેવાતા ખોરાકોમાંય વાત-પિત્ત-કફ-માંના કોઈને વધુ પડતા ઉત્તેજવાનો ગુણ હોય છે, ને તે રાંધવાની કોઈને કોઈ વિધિથી શમી જાય છે અથવા કોઈ વઘાર જેવી વિધિમાં કે કોઈ મશાલા આદિની મેળવણીમાં એનો ઉતાર આવી જાય છે: રસાયનની દૃષ્ટિએ પણ આવી કેટલીક વાતો સમજાય એવી હોય છે.

બન્ને ત્રિગુણાત્મક ખ્યાલો આપણા પ્રાકૃત ખાનપાનમાં રૂઢ છે. ન સમજાય એવી ત્રીજી એક કલ્પના છે, તે "ગરમ-ઠંડા"ની છે. હિન્દુઓ મુસલમાનો સૌમાં એ પ્રવર્તે છે. દહીં ઠંડું, છાશ ઠંડી, પણ દૂધ (ટાઢું હોય તો ય) ગરમ; શરબત ઠંડું, પણ બરફ ખાઈએ તો ગરમ પડે. આવા ખ્યાલોમાં વાસ્તવિકતાની શી ભૂમિકા છે, એ તપાસવાની જરૂર છે.

આ પ્રમાણે ખાનપાનને અંગે આપણામાં તેમ જ દુનિયાની ઘણીખરી પ્રજાઓમાં રૂઢિ, ટેવ, સમુદાય-બળ, "ધર્મ" ઇત્યાદિની અસર એટલી ઊંડી વ્યાપી છે કે આ પ્રદેશમાં

પાર વગરના સ્વચ્છન્દો, વહેમો, અને "fads" ઘુસી ગયા છે. મ્હને લાગે છે કે ધર્મના આચારોમાં જેટલા fads છે તે કરતાં ય આહારમાં વધુ હશે: ખોરાકમાં જેટલી ફેશનો આવે છે તેટલી કદાચિત્ કપડાંઓમાં ય નહિ આવતી હોય. કોઈને એકલા દૂધ ઉપર રહેવાનો તો કોઈને ફળ ઉપર જ રહેવાનો "નીમ" હોય છે; કોઈને મીઠું જ ન ખાવું, એવો, તો કોઈને રાંધેલા અન્નનો બાધ હોય છે; કોઈ ભાત ખાય જ નહિ તો કોઈ ઘઉંને અડકે નહિ; કોઈ તદ્દન નિરામિષી, તો કોઈ ભાત ને માછલાં ઉપર જ રહેનાર; કોઈ દૂધ ને દહીં બે એક ખોરાકમાં ભેગાં થવા જ દે નહિ, તો કોઈ ગળપણ ને મીઠું અલગ જ રાખે; કોઈ રાત્રે કદિ ખાય નહિ તો કોઈ રમજાનમાં માત્ર રાત્રે જ ખાઈ શકે, એમ જાતજાતના વા વાય છે. દાક્તરો ય તેમાં બહુ મદદ કરે છે. હું ન્હાનો હતો ત્યારે માંદાંને દૂધ ઉપર જ રખાતાં: પછીથી છાશનો મહિમા આવ્યો; હવે-ધન્ય છે વિટેમિનને કે મોસંબી-નારંગીના રસનો દિવસ આવ્યો.

આવા વાયરાઓ સત્યને લાવે ય છે ને ઉરાડી ય મૂકે છે. આહારમાં ય આપણે સ્થિતપ્રજ્ઞ થવાની બહુ જરૂર છે.

૫

જૂનું અને નવું આહારશાસ્ત્ર

આહારના શાસ્ત્રીય અભ્યાસનો આરંભ યુરોપ-અમેરિકામાં થયેલ છે. એ અભ્યાસનો ઇતિહાસ બોધદાયક ને મનોરંજક થાય: પણ આ સમયે આપણે એ ઇતિહાસનાં કેટલાંક મુખ્ય પગથીઆં જ અવલોકીશું.

આહારનું ખરૂં કામ શરીરને ગરમી આપવાનું છે, અને ગરમી એટલે શક્તિ, ગરમી એટલે જીવન, એ ખ્યાલની ભૂમિકા ઉપર આહારશાસ્ત્રનું ચણતર થયું. એ દેશો ઠંડા એટલે ત્યાં રહેનારાઓને એવું જ સૂઝે. જેમ કોઈ પણ એન્જીનને કામ કરતું ને ગતિવાળું રાખવું હોય તો ત્હેને બળતણ બરોબર આપ્યાં જ કરવું જોઈએ, તેમ આ શરીર-યંત્રને કામ કરતું-સમર્થ રાખવાને માટે પૂરતા ખોરાકની જરૂર છે, એમ સ્વાભાવિક માન્યતા થઈ. આહાર વિના ઠંડી-મન્દતા-અશક્તિ ને અન્તે અવસાન: એ પ્રત્યક્ષ ને સ્પષ્ટ હતું. પેટના અગ્નિને બળતો રાખવો, એ જીવનનો પરમ દેહધર્મ મનાયો.

આપણે ત્યાં ય પૂછશો તો એવાં ઘણાં માણસો મળી આવશે કે જેઓ એમ માનતાં હોય કે શરીરમાં સાચે જ અગ્નિ છે. હું ન્હાનો હતો ત્યારે હું પણ એમ જ સમજતો. એ વાત ક્યારે ભૂલાઈ તે યાદ નથી, પણ એક વાર ઘીનું પોષણ ને મહત્ત્વ મ્હારી ઉપર બરોબર ઠસાવવાને માટે એક વૃદ્ધ આહાર-વીર મુરબ્બીએ ઉપદેશ આપેલો તે યાદ છે: રસોઈઓ વધેલા ઘીની આહૂતિ રીત મુજબ ચૂલામાંના દેવતાને આપી ભડકો કરતો હતો, તે વેળા તે વડીલે કહ્યું: "આ જોયુંની, કાન્તિલાલ, જે બહારના દેવતાનો આવો ભડકો કરે છે તે શરીરની અંદર શું ન કરે?" રસાયનશાસ્ત્રનો હું તાજો અભ્યાસી હતો, તેથી નવા નિશાળીઆની માફક મ્હારાથી સહસા બોલાઈ જવાયું, "તદ્દન સાચું. પણ ત્યારે ઘીને બદલે ઘાસતેલ નાખીએ તો વધારે ભડકો થાય ને?"

છતાં ગીતાજીનો શ્લોક[૧૦] યાદ આવે છે કે

૧૦. શ્રીમદ્ ભગવદ્ગીતા, અધ્યાય ૧૫.

अहं वैश्वानरो भूत्वा प्राणिनां देहमाश्रितः ।
प्राणापानसमायुक्तः पचाम्यन्नं चतुर्विधम् ॥

અન્નના પચાવમાં વૈશ્વાનરે પ્રાણાપાનનો જે સહકાર બતાવ્યો તેમાં તો આજના પ્રાણિ-રસાયનશાસ્ત્રના પાચન, શ્વસન તથા જીવન સંબન્ધના એક મહત્ત્વના ને તદ્દન અર્વાચીન સિદ્ધાન્તનો જાણે ઘોષ કર્યો હોયને એમ લાગે છે.

પશ્ચિમે ખોરાકનું મુખ્ય કામ ગરમી આપવાનું માન્યું, તેમ એ કામનું માપ પણ એ જ ધોરણથી બાંધ્યું. બધા ખોરાકો એકસરખા વજનમાં લેવાય તો એકસરખી ગરમી ઉત્પન્ન કરતા નથી, એ સૌનો અનુભવ હોવાથી, થોડા વજનમાં વધારે ગરમી આપે એ ખોરાક વધુ ઉપયોગી ને અનુકૂળ મનાયો. એ દેશોમાં પ્રચાર પામેલા ખોરાકોની ગરમી આપવાની તાકાતની પછી માપણી થવા લાગી. એ માપણી ધોરણસર થાય ને સરખામણી કરી શકાય તે માટે ગરમીના માપનું જે એકમ–જે Unit–ભૌતિકશાસ્ત્ર વાપરે છે ત્હેનો સ્વીકાર થયો. તે એકમનું શાસ્ત્રીય નામ કેલોરી–Calory : અમુક અલ્પ વજનના પાણીની ટેમ્પરેચર એક ડીગ્રી ચઢાવવાને માટે જેટલી ગરમી એને આપવી પડે, તેટલી ગરમી એક કેલોરી ગણાય. પછી તો આપણે જેમ લંબાઇનાં માપને માટે વાર, ફુટ, તસુ વગેરે વાપરીએ છીએ, અથવા ભારના માપને માટે શેર, મણ વગેરે વાપરીએ છીએ, તેમ જ ખોરાકની ઉષ્ણુતાજનક શક્તિનાં માપ કેલોરીથી નીકળવા માંડ્યાં. ત્યાં લગી ખોટું ન હતું. પરંતુ ઉપર સૂચવેલી માન્યતાને પરિણામે કેલોરી એ પોષણનું પણ માપ થઇ બેઠો. જેટલા વધારે કેલોરી કોઈ ખોરાક આપે તેટલો વધારે એ પોષણદાયક એ માન્યતા વિજ્ઞાનીઓમાં જ નહિ પણ તેઓની મારફત ભણેલા તથા આમ વર્ગમાં ય ઉતરી : ને પછી એ કેલોરી તો એક ચોકસ મત, એક વૈજ્ઞાનિક સત્ય, એક પ્રમાણભૂત સિદ્ધાન્તનો વેશ લઇને આખા પોષણશાસ્ત્રની ઉપર રાજ્ય કરવા લાગ્યો. આ વાત ૧૯મી સદીની છેલ્લી વીશીઓમાં બની.

આ કેલોરી–વાદ એ પશ્ચિમનું જૂનું આહારશાસ્ત્ર. એ વાદનાં પરિણામો ઘણાં આવ્યાં: આપણા દેશ લગી પણ કેટલાંક પહોંચી ગયાં. ખોરાકના જે જે મુખ્ય પ્રકાર હતા તે સર્વની ઉષ્ણુતા ઉત્પન્ન કરવાની શક્તિનાં માપ થયાં, ને તેઓની કેલોરીની ઉત્પાદકતાના પ્રમાણમાં ખોરાક તરીકેની આંકણી થઈ; પ્રત્યેક મનુષ્યને રોજ સરેરાશ કેટલા કેલોરીની જરૂર છે તે પણ વિચારાયું, ને સર્વ મનુષ્યો તદ્દન એકસરખાં નથી હોતાં એ દૃષ્ટિએ થોડી છૂટ રાખીને રોજના ખોરાકના કેલોરીનાં સામાન્ય ધોરણો નક્કી થયાં. આ પ્રમાણે એમ ઠર્યું કે એક સામાન્ય વજનનો માણસ ચોવીસે કલાક આરામ કરતો હોય તો ત્હેના જીવનનિર્વાહને માટે ૨,૦૦૦ કેલોરી આપનાર ખોરાકની આવશ્યકતા છે : પછી જેવું કામ ને જેવો ધંધો તે પ્રમાણે એનું પ્રમાણ વધે. તે નીચેના કોષ્ટકથી[૧૧] સમજાશે. એમાં સરેરાશનો આદમી ૨૫–૫૦ વર્ષની ઉમરનો, ૧૪૫ા રતલ વજનનો, ૫ ફીટ ૭·૪ ઇંચ ઉંચો ને સારા આરોગ્યનો ગણ્યો છે:

---

૧૧. Figures from the War Committee of the Royal Society. "Every-day Chemistry" by Prof. Partington, p 546, MacMillan & Co. કઠિઆરાને સૌથી વધુ કેલોરી જોઇએ, એ હકીકત લાકડાં ચીરવાની કસરતની ઉપર પ્રકાશ નાખે છે. ગ્લેડસ્ટનની એ માનીતી કસરત હતી એ વાત મશહૂર છે.

ધંધો.	ખોરાક કેટલા કેલોરીનો જોઈએ.
દરજી	૨,૭૫૦
ચોપડીઓ બાંધનાર	૩,૧૦૦
સુતાર, લુવાર, ઈત્યાદિ	૩,૫૦૦
રંગનાર	૩,૬૦૦
પથ્થર ચણનાર કડીઓ	૪,૮૫૦
કઠીઆરો	૫,૫૦૦
મગજનું કામ કરનાર	૨,૨૦૦–૨,૬૦૦
કામ કરનારી બાઈ	૨,૬૫૦
ગર્ભવતી સ્ત્રી	૩,૦૦૦
૧૪–૧૭ વર્ષનો કુમાર.	૪,૦૦૦

સરેરાશે રોજે સામાન્ય માનવીને માટે ૩,૦૦૦–૩,૪૦૦ કેલોરી પૂરા પાડે એવો ખોરાક જોઈએ, એમ નક્કી થયું. આજે આહારશાસ્ત્રી આ આંકડાને બહુ વધારે પડતા માને છે, ને તેઓ ૨,૪૦૦નો શુમાર આંકે છે. મનુષ્યની જરૂરીઆત આમ નક્કી થઈ, પ્રત્યેક ખોરાકમાંથી કેટલા કેલોરી ગરમીના મળી શકે, એ નક્કી થયું, એટલે મનુષ્યાહારનો નિર્ણય પણ સરળ થઈ ગયો.

આ કેલોરીની આંકણીમાં માંસાહાર વનસ્પતિ–આદિના આહારના કરતાં ચઢીઆતો નીકળ્યો. જે દેશોમાં અનાજ, શાકપાન, ફળ ઈત્યાદિ બહુ થોડાં હોય ત્યાં તો સ્વાભાવિક રીતે આમિષાહારનો આશ્રય લેવો પડે. પણ આમિષાહારને આ વૈજ્ઞાનિક ભલામણ મળી તેથી બીજા દેશોના લોકોની ઉપર પણ ઘણી અસર થઈ. આપણા દેશના ઘણા માણસો એ કેલોરીના વામાં, સમજ્યે–ન સમજ્યે, આવી ગયા. વિલાયત જઈ આવેલા ઘણાઓ માંસાહારને ખરેખર વધારે પોષણકારક માનવા લાગ્યા. વળી હર્બર્ટ સ્પેન્સર જેવા પ્રભાવશાળી લેખકોએ આ આહારશાસ્ત્રનું અવલોકન કરી, માનવીને માટે માંસાહાર સૌથી વધુ અનુકૂળ, તથા થોડામાં થોડા વજનમાં વધારેમાં વધારે પુષ્ટિકારક છે એમ બતાવ્યું. એની અસર પણ, હર્બર્ટ સ્પેન્સરની તે કાળની લોકપ્રિયતાને લીધે, ઘણાના માનસ ઉપર થઈ. હજી પણ એ માન્યતા ચાલુ રહી છે એવાં ઊંડાં મૂળ એણે ઘાલ્યાં છે.

રસાયનશાસ્ત્રીઓએ આહારની તપાસ કરતાં એમાં રાસાયનિક વર્ગના મુખ્ય ત્રણ પદાર્થો બતાવ્યા : આ ત્રણે કેલોરી આપવામાં મુખ્ય હતા. તેઓ **પ્રોટીન**,[૧૨] **કાર્બોહાઇડ્રેટ**[૧૨] અને ફૅટ અથવા **ચરબી** એ નામે જાણીતા છે.

આ સર્વમાં પ્રોટીનને અગ્રપદ આપવામાં આવ્યું. શારીરિક રસાયનના સ્થાપક મહાન લીબીગે એને "First food" "આહારમાં પ્રથમ" હોવાનું પદ આપ્યું. અન્ય ખોરાક વિના પ્રાણીઓ ઘણો વખત રહી શકે, પણ પ્રોટીન બિલકુલ બંધ કરે તો મરણ જ થાય–

૧૨. આ બે અંગ્રેજી નામોના ઉપયોગને માટે ક્ષમા માગવાની જરૂર નથી. એ શબ્દો સર્વમાન્ય જેવા થયા છે. એ આપણે ત્યાં નવા છે: જે નવા પદાર્થોને માટે એ વપરાય છે તે પદાર્થો રાસાયનિક રૂપે ગુજરાતને નવા છે. વળી તેઓની વ્યુત્પત્તિ સાર્થક નથી. તેથી તેઓનું ભાષાન્તર, શક્ય હોય તોય નથી ઇષ્ટ કે નથી યોગ્ય.

"પ્રોટીન વિના જીવન ટકે નહિ" એ સિદ્ધાન્ત સ્થપાયો. ખરું જોતાં આ પ્રોટીન વનસ્પતિ-વર્ગમાં તેમ જ પ્રાણિવર્ગમાં ઉભયમાં રહેલ છે. પરંતુ વનસ્પતિમાં રહેલાં, શાકભાજી ફળ અનાજ ઇત્યાદિનાં રહેલાં, પ્રોટીનો કનિષ્ઠ મનાયાં. અને પ્રાણિશરીરનાં પ્રોટીનો માનવીદેહને માટે ખાસ આવશ્યક મનાયાં. વનસ્પતિ પોતાના દેહમાં જરૂર પડતાં પ્રોટીનો બનાવી લે છે: પ્રાણીઓ તેમ કરવા અશક્ત છે, એટલે પ્રાણીઓએ તો બનેલાં તૈયાર પ્રોટીનો લીધે જ છૂટકો. પ્રાણિદેહનાં પ્રોટીનો આપણા શરીરમાં રહેલા પ્રોટીનોને તથા આપણને ખાસ આવશ્યક એવાં પ્રોટીનોને વધુ મળતાં આવે છે એમ કહીને માંસાહારનું મહત્ત્વ દૃઢ કરવામાં આવ્યું. માંસમાં જળના ઉપરાંત જે અન્ય પદાર્થો છે, તે સર્વમાં પ્રોટીનો સૌથી વધુ છે: માંસમાં ૨૦ ટકા જેટલું પ્રોટીન હોય છે, એટલે એ ખોરાક ઉત્તમ ગણાયો.

માંસમાં ૧ાા ટકા જેટલી ચરબી પણ હોય છે: રાસાયનિક દૃષ્ટિએ આ પ્રાણિદેહની ચરબી, ઘી, તેમ જ વનસ્પતિનાં બીયાં આદિમાંથી કાઢેલ ચરબી-તેલ વગેરે સૌ એક જ પ્રકારના પદાર્થો છે. પરંતુ ઉપર જણાવ્યું તે ધોરણે પ્રાણિની ચરબીનું મૂલ્ય આહાર તરીકે વધારે અંકાયું, ને માંસાહાર તરફનો ઝોક વધુ મજબૂત થયો.

આહારનું ત્રીજું તત્ત્વ "કાર્બોહાઇડ્રેટ" નામનો રાસાયનિક પદાર્થોનો એક મ્હોટો વર્ગ છે. તેમાં જુદી જુદી ખાંડ તથા ખાંડ ઉત્પન્ન કરનાર વનસ્પતિપદાર્થો આવે છે. માંસમાં તે ૦ાા ટકા છે, દૂધમાં ત્રણથી ચાર ટકા છે, બાકી તે વનસ્પતિમાંથી જ મળી શકે છે. અનાજ, ફળ, શાક ઇત્યાદિદ્વારા આપણે ત્હેને આહારમાં લઈએ છીએ. ખાંડ એ સોએ સો ટકા કાર્બોહાઇડ્રેટ છે.

આહારનાં ગરમી દેનારાં આ ત્રણ તત્ત્વોની ઉપર એ જૂનું આહારશાસ્ત્ર રચાયું. પ્રત્યેકની ઉષ્ણતાજનક શક્તિનાં માપ થયાં. પ્રોટીનમાં ઉષ્ણતા દેવાના ઉપરાંત શરીરના ઘસારાઓ પૂરવાની શક્તિ પણ સ્વીકારાઈ.

આ કેલૉરીવાદ ખૂબ પ્રચાર પામ્યો: એનાં કેટલાંક અન્ય પરિણામો જાણવા જેવાં છે.

સન ૧૯૨૧ માં ન્યુ યૉર્કના એક ભોજનાલયમાં મ્હેં સાશ્ચર્ય જોયું કે ત્યાં જે જે ખાવાની ચીજો તે સમયે હાજર હતી ત્હેની છાપેલી યાદી—"મેનુ"માં તે ચીજોનાં નામ તથા કીમતની સાથે, તેટલા ખોરાકમાં કેટલા કેલૉરી ગરમી સમાયલી હતી તે પણ જણાવ્યું હતું. જેથી જમનારા આહારની પસંદગી કરવામાં સ્વાદ તથા કીમત ઉપરાંત કેલૉરીની ગણત્રી પણ કરી શકે, અને ખોરાક વધારે બુદ્ધિપૂર્વક પસંદ કરી શકે.[૧૩]

પોષણશાસ્ત્રના વિકાસમાં આજે આહારની પોષકતાનાં પુષ્કળ સરવૈયાં બહાર પડયાં છે. ઉદાહરણ તરીકે વડોદરાની સરકારે પોતાના છેલ્લા વસ્તીપત્રકમાં રાજ્યની કેટલીક નાતોના ખોરાકની તપાસણી તથા તેની પોષકતાની હમણાં માપણી કરાવી છે: તેનું એક માર્ગદર્શક કોષ્ટક મ્હારા જોવામાં આવ્યું. એનો બીજો આધાર ગમે તેવો હોય તોપણ તેમાં કેલૉરીની ગણત્રી ઉપરથી જ પોષકતાનું માપ કર્યું છે. એક તો એ કેલૉરીની ગણત્રી ગુજરાતી આહારને માટે કોઈ વિજ્ઞાનશાસ્ત્રીએ પ્રયોગદ્વારા નક્કી કરી નથી, એટલે એ આંકડા બહુ વિશ્વાસપાત્ર નથી, અને બીજું એ કેલૉરીની ગણત્રીથી જે જે ભ્રમો થયા છે

૧૩ જુઓ "સમાલોચક", "અમેરિકાના પ્રવાસપત્રો." ૧૯૨૩ જૂન.

તે આજે વિજ્ઞાનને સુવિદિત છે, ને તે આપણે હવે તપાસીશું, એટલે વસ્તુતઃ એવાં કોષ્ટકો બરોબર ઉપયોગી કે માર્ગદર્શક હોતાં નથી અને ઘણીવાર ભ્રમ ઉત્પન્ન કરે છે.

ઇંગ્લન્ડ જેવામાં ય આવી ભૂલો થઈ શકે છે. એક સત્તાધારી મંડળે પ્રજાની જાણને માટે દરરોજ ફરતો ફરતો થાય એવો છ અઠવાડીઆંનો ખોરાક, થોડે પૈસે પણ એક કુટુમ્બને જોઇતું પોષણ આપે એવો ખોરાક બહુ શ્રમથી પસંદ કરી, એક યાદીરૂપે પ્રકટ કર્યો છે. આ અત્યન્ત સ્તુત્ય પ્રયાસનો વૈજ્ઞાનિક આધાર જોઈએ તેવો પાકો નથી, કારણ કે એમાં ય કુટુમ્બના દરેક જણને રોજ કેટલા કેલોરી જોઈએ એ જ ગણતરી એની ભૂમિકા છે. સ્વાભાવિક રીતે એના શુભાશયની કદર કરી, વિજ્ઞાનશાસ્ત્રીઓએ આ ખામીની ટીકા કરી છે, અને પોષકતાનાં અન્ય તત્ત્વો એમાં વિસરાયલાં છે એમ કહી એના અનુપાલનની મર્યાદાઓ જાહેર કરી છે.

પ્રોટીન, ચરબી ને કાર્બોહાઇડેટનાં તત્ત્વોની ઉપર, તથા ઉષ્ણતાના કેલોરીની શક્તિ ઉપર રચાયેલ આ જૂનું આહારશાસ્ત્ર આજે વિજ્ઞાનની નવી શોધોથી સાવ ડડળી ગયું છે. હવે કેલોરીનું સામ્રાજ્ય ગયું છે, ને તે પોતાના વધુ યોગ્ય ને મર્યાદિત પદ ઉપર ઉતરી આવેલ છે.

આ જૂના શાસ્ત્રની ઉપર સૌથી પહેલો હલ્લો, કદાચિત, અજાણ્યે જ થયો. આહારની સમગ્ર સમાલોચના કરનારાઓને જળની અનિવાર્યતા સમજાઇ, ને શાસ્ત્રીય પુસ્તકોમાં ઉપરના ત્રણ ઉપરાંત પાણી એ ચોથા તત્ત્વને મૂકવું પડયું. પછી, મને કમને, મીઠું તથા અન્ય ક્ષારોની જરૂર જોવાઈ, તેથી પાંચમું તત્ત્વ, મુખ્ય અંગરૂપે નહિ પણ માત્ર અંશ રૂપમાં "ક્ષાર ને ખનિજ પદાર્થો" કરીને ગોઠવ્યું.[૧૪] પણ એ તો અણમાનીતીની દીકરી જેવું, "સિન્ડેરેલા" જેવું હતું. કારણ કે વસ્તુતઃ પાણી તથા ખનિજો કેલોરીની દષ્ટિએ તથા માપણીએ કાંઇ જ નથી, તે છતાં એમને સ્વીકારવાં પડયાં એ જૂના આહારશાસ્ત્રની મજબૂત ચણેલી દિવાલમાં જાણે પહેલું ગાબડું પડયું એમ કહીએ તો ખોટું નથી.

ધીરે ધીરે વીસમી સદીમાં વિજ્ઞાનની ભિન્ન ભિન્ન શાખાઓના વિકાસે આહારની આ જૂની ભૂમિકાની ઉપર પુષ્કળ પ્રકાશ નાંખ્યો. ખનિજોમાં એવા પુષ્કળ પદાર્થો મળી આવ્યા જેઓ આરોગ્યને માટે તદ્દન અનિવાર્ય છે એમ સિદ્ધ થયું. બહુ સ્વલ્પ અંશમાં પણ તેઓ શરીરમાં રોજે પ્રવેશ પામતા રહે એ રોગનિવારણને માટે તથા શરીરની ખીલવણી—આરોગ્ય વગેરેને માટે જરૂરનું છે, એમ પૂરવાર થયું. તેમાંના કેટલાક તો શરીરના બંધારણને માટે તદ્દન અનિવાર્ય જણાયા: કેટલાક બીજી શારીરિક ક્રિયાઓની ઉપર બહુ આરોગ્યદાયક ને મૌલિક અસર કરતા સાબીત થયા, દરમ્યાન સૂક્ષ્મ–અતિસૂક્ષ્મ પ્રમાણુમાં ય, એટલે "હોમિઓપેથિક ડોઝ"માંય કેટલાક લઘુ પદાર્થોની જરૂર મ્હોટી મ્હોટી રસાયન–ક્રિયાઓને માટે, કેટલી બધી હોય છે તે સાબિત કરનારાં ઘણાં દષ્ટાન્તો રસાયનશાસ્ત્રે રજુ કર્યા.[૧૫] તેથી કેવળ ગુરુપ્રમાણવાળા પદાર્થો જ આહારમાં, ને રસાયનક્રિયામાં, મહત્ત્વના છે એમ નથી, અને આહારનાં તત્ત્વોનું મૂલ્ય કેવળ ત્હેમના ગુરુ–લઘુ પ્રમાણની ઉપર જ આધાર રાખતું નથી, પરંતુ પોતપોતાના સમુચિત પ્રમાણની ઉપર આધાર રાખે છે એ મહાવ્યાપક સત્ય સમજાવા લાગ્યું.

આનું એક જ ઉદાહરણ અહીં બસ થશે. "આયોડિન" નામથી આજે આપણે સૌ પરિચિત

૧૪ Salts and minerals. ૧૫ Catalysts.

છીએ. એનું "ટિન્કચર" આપણને જરૂર કોઈને કોઈ વખત વાપરવું પડ્યું હશે. જગતની સઘળી ચીજોના મૂળ રૂપ જે બાણું તાત્ત્વિક પદાર્થો રસાયનશાસ્ત્રીઓએ આજે શોધી કાઢ્યા છે, તેમાંનું એક આ આયોડિન છે. આ તત્ત્વ દરિયાઈ વનસ્પતિમાંથી મેળવવામાં આવે છે. એનાં ઘણાં રૂપો તથા એમાંથી બનાવેલા આયોડોફૉર્મ જેવા પુષ્કળ પદાર્થો આજના પાશ્ચાત્ય વૈદ્યકમાં મશહૂર છે. પણ દવા તરીકે આટલું ઉપયોગી એવું આ તત્ત્વ આપણા શરીરમાં ય હોવું જોઇએ-નિત્ય હોવું જ જોઇએ, એ વાત તો હમણાં જ સમજાઈ છે. ૧/૨૦૦ મિલિગ્રામ જેટલું[૧૬] આપણા રોજના ખોરાકમાં એ હોવું જોઇએ. જો એટલું ય ન જતું હોય તો ધીરે ધીરે કેટલાક ખાસ રોગો ઉત્પન્ન થાય છે: ગળાની પાસે થાઈરૉઈડ ગ્લેન્ડ છે તે આયોડિનની જાણે બૅંક છે. ત્હેમાં આયોડિન ખૂટી પડે છે ત્યારે ગળગૂંડ અથવા "goitre" નો વ્યાધિ થાય છે, અને તે ઉપરાંત એક વધારે ગંભીર રોગ "cretinism" નો થાય છે, જેનું મુખ્ય ચિહ્ન માનસિક જડતા-મૂઢતા છે. પ્રો. આર્મસ્ટ્રૉંગ પોતાની લાક્ષણિક અસરકારક રીતે આ વાત જણાવતાં કહે છે કે "A trace of iodine may shift the balance from idiocy to sanity," અર્થાત્ આયોડિનની એક રજ મૂર્ખને ડાહ્યો બનાવી શકે છે; જેમ "રસિક ચતુર રમણી" "રજકણમાંથી રત્ન બનાવે" છે તેમ.

સદ્ભાગ્યે આ તત્ત્વ આપણા શરીરમાં દાખલ કરવાને માટે આપણે બહુ ભગીરથ પ્રયત્ન કરવો પડતો નથી, એનો ચોખ્ખો પૂરાવો એ છે કે આપણામાંથી મ્હોટો ભાગ આ રોગોથી મુક્ત છે. પણ આ રોગોની દવા આયોડિન સિવાય બીજી કોઈ નથી એ વાત બહુ અગત્યની છે. વળી વેળાસર અને યોગ્ય પ્રમાણમાં તે આપ્યાથી શરીરમાંથી રોગ નાબુદ થાય છે. આનું એક બહુ સરસ ઉદાહરણ જાણીતું છે. સ્વિટ્ઝરલેંડ જેવા કુદરતની આરોગ્યદાયક તેમ જ સૌન્દર્યની વિભૂતિઓથી અતિ સમૃદ્ધ એવા દેશમાં ય કેટલેક સ્થળે આ તત્ત્વની ખામી એટલી બધી હતી કે ત્યાં ૫૦,૦૦૦ જેટલા "cretins"-બુદ્ધિહીન ઠીંગુજીઓ (imbecile dwarfs) હતા. પરંતુ એ રોગનું કારણ હવે સમજાયું ને ત્યાંની સરકારે તરત ચાંપતા ઈલાજ લીધા એટલે આજે એ રોગ ત્યાંથી જડમૂળથી ગયો છે-આજે હવે એવો એક પણ રોગી ત્યાં નથી એમ કહેવાય છે.

આવાં અનેક તત્ત્વોની આપણા દેહને નિત્યની જરૂર છે, જેઓની કીંમત કેલોરીની દૃષ્ટિએ મીંડું હતી. તેઓ ક્ષારરૂપે, ભૂમિમાંથી, જળમાંથી, કે વનસ્પતિમાંથી શરીરને મળી જાય છે. તે અતિ સૂક્ષ્મ પ્રમાણમાં બસ થાય છે, પણ તેટલું ય ન હોય તો આરોગ્ય કથળે છે અને રોગ, નબળાઈ ને છેવટે મરણ પ્રાપ્ત થાય છે.

આ ખનિજ પદાર્થોએ જે નવો પ્રકાશ નાંખ્યો તે બહુ ધીમે ધીમે આપણને મળ્યો છે. પણ વિટેમિન નામના પદાર્થો—જે વિષે હવે થોડુંઘણું સૌ કોઇ જાણે છે-તેઓએ તો ગજબ જ કર્યો છે. આહારશાસ્ત્રના જૂના જ્ઞાનમાં ખરો બળવો જગાડનાર આ વિટેમિનો છે, તદ્દન નવા, નહિ ઓળખાયલા, ન મનાય એવા, શરૂઆતમાં તો રસાયનીઓના હાથમાંથી છટકી જઈ તદ્દન રહસ્યમય મનાયલા, એવા આ પદાર્થોનું આપણું જ્ઞાન તદ્દન નવું છે એટલું જ નહિ પણ એમણે આહારશાસ્ત્રના જ્ઞાનમાં નવી દિશા બતાવી છે, અને જૂના આહાર-

---

૧૬ એક "મિલિગ્રામ" એ એક "ગ્રામ"નો એક હજારમો ભાગ થાય; અને એક "ગ્રામ" એ એઆની ભારનો લગભગ પોણો ભાગ થાય.

શાસ્ત્રની ગંભીર ભૂલો સુધારી, આપણા હિન્દના ઘણા આચારવિચારની ઉપર અમૂલ્ય પ્રકાશ નાંખ્યો છે.

આજે વિટેમિનનું નામ ઘરગથુ થઈ ગયું છે; જગતની બત્રીસીએ ચઢી ચૂક્યું છે; એની મેળવણીની દવાઓ ને ખોરાકો બીજા કરતાં વધુ સફળ રીતે વેચાય છે; અને તેઓમાં લાખ્ખો રૂપિયાની લેવડદેવડ થઈ રહી છે; એટલું જ નહિ પણ એની શોધના અગ્રણીઓ આજે નોબેલપારિતોષિકો મેળવી જગતમાં ઉચ્ચતમ સન્માન પામ્યા છે, અને હજીય એના સંશોધનમાં વિજ્ઞાનીઓના સમર્થ ને તેજસ્વી આગેવાનો દેશે દેશમાં રોકાઈ રહ્યા છે.

ખરા મુદ્દાની વાત, મેકકેરિસન રજુ કરે છે તેમ, એ છે કે આ સર્વે તત્ત્વોના સમતોલ સમન્વયવાળો આહાર, પોષણ ઉપરાંત, બળ ને સહનશક્તિ આપે છે, એટલે કે આ ઉચિત તત્ત્વોમાંનાં કોઈ પણ ખોરાકમાં હોતાં નથી તો ત્હેને પરિણામે ઘણી જાતની નબળાઈઓ તથા ન્યૂનતા–જનિક રોગો (deficiency–diseases) ચોક્કસ ઉત્પન્ન થાય છે, અને વળી બીજા રોગોને તથા ચેપી દર્દોને શરીરમાં ઘર કરવાની વધુ સુગમતા થાય છે. મેકકેરિસનના અભિપ્રાય પ્રમાણે ઇંગ્લન્ડની વસ્તીનો મ્હોટો ભાગ ચૂનાનું તત્ત્વ કેલ્શિઅમ, ફૉસ્ફરસ અને વિટેમિન ડી–એ ત્રણેની ન્યૂનતાનો ભોગ છે. ઘણાં બાળકો, અને બાળકોનું વહન કે પોષણ કરતી માતાઓ, લોહની ન્યૂનતાથી પીડાય છે. ગુજરાતમાં જો આવાં અવલોકનો શાસ્ત્રીય રીતિએ કરી શકાય તો જ આપણા આહારની ખરી ખામીઓ સમજવામાં તથા સુધારવામાં આવે અને નિવારી શકાય એવાં ઘણાં દર્દો નાબુદ થઈ શકે.

૬

પોષક તત્ત્વો (સમગ્ર દૃષ્ટિએ)

ક્ષારો–ખનિજો આદિની ખરી કદર અને વિટેમિનની શોધ તથા સમજણ એ બેની ઉપર પોષણશાસ્ત્રની નવેસરથી રચના થઈ છે. એનાથી પોષણશાસ્ત્રીઓના વિચારોમાં જે ફેરફારો થયા છે તે જોવાથી, તથા એનાં જે વ્યાવહારિક પરિણામો આહારની પસંદગીની બાબતમાં આવ્યાં છે તે જાણ્યાથી એ શાસ્ત્રની વર્તમાન સ્થિતિનો ખરો ખ્યાલ આવશે.

પ્રોટીન–ચરબી–કાર્બોહાઇડ્રેટ એ ત્રિપુટી આહારના ખરા તત્ત્વરૂપે મનાતી, તેમાં ખનિજો ને વિટેમિનોનો ઉમેરો થવાથી બહુ મહત્ત્વનાં પરિણામો આવ્યાં. ખનિજો ને વિટેમિનો મ્હોટે ભાગે તાજાં શાક પાન ફૂળ આદિ વનસ્પતિમાં તથા દૂધમાં હોવાથી, આ ખોરાકો, જે આજ લગી પશ્ચિમમાં વિસ્મૃત અને તિરસ્કૃત હતા તે તદ્દન આવશ્યક ને અનિવાર્ય મનાવા લાગ્યા છે. આ સમજણનો જેમ વધુ પ્રસાર થશે તેમ આપણા દેશમાં અંગ્રેજી ભણેલાઓના આહારની ઉપર પણ સારી અસર થશે, યુરોપ–અમેરિકાના સામાન્ય આહારમાં ઘણું પરિવર્તન થશે—એ પરિવર્તનનો આરંભ તો થઈ ચૂક્યો છે— એટલું જ નહિ પણ આ તત્ત્વોવાળા ખોરાકની માંગ વધશે તેમ એની પેદાશ પણ વધારવી પડશે, એટલે ખેતી, શાકના બગીચાઓ, દૂધ દેનાર ગાય ભેંશોની માવજત, ઇત્યાદિ અનેક ક્ષેત્રોમાં વ્યાપક સુધારા થશે. આમ આર્થિક જીવનમાં ય ઊંડા ફેરફાર થશે; તેમ જ વધારે પોષણદાયક આહાર મળતો થશે એની સારી અસર માનવજીવનનાં બાકીનાં એકેએક ક્ષેત્રમાં સચોટ રીતે થશે.

પોષણશાસ્ત્રના એક અમેરિકન પિતા, પ્રોફેસર લુસ્ક છે (બિચારા હમણાં જ અવસાન પામ્યા છે) એમણે કહ્યું છે કે "આપણો દેહ એ જીવનનું કારખાનું છે ("Work-

shops of Life"). ત્હેને ચાલુ રાખવાને માટે નિરન્તર બળતણની જરૂર છે. ખોરાકનું એક આવશ્યક કર્તવ્ય એ છે કે આ બળતણ બરોબર સમર્થતાથી પૂરૂં પાડે જેથી જીવનની આવશ્યક ક્રિયાઓ તથા હીલચાલો યોગ્ય રીતે ચાલ્યાં કરે. આ શક્તિદાયક મુખ્ય કાર્યની સાથે આહારનું બીજું ય કર્તવ્ય રહે છે: જેમ દરેક કારખાનામાં કાંઇક ભાંગતોડ હમેશ ચાલ્યાં જ કરે છે, તેમ આપણા આ શરીરના કારખાનામાં ય નિરન્તર ભાંગતોડ થયાં જ કરે છે. આ ભાંગતોડ સુધારી, ભાગેલાં—તૂટેલાં તન્તુઓને-અવયવોને દુરસ્ત કરી અથવા જરૂર હોય તો તદ્દન ઘસાઈ ગયેલાની જગ્યાએ નવા જ ભાગ મૂકી, સમસ્ત યંત્રના સામર્થ્યમાં કાંઈ ક્ષતિ થવા દેવી નહિ, એ પણ પોષક આહારનું કર્તવ્ય છે. આ પ્રમાણે પોષણમાં બે મુખ્ય તત્ત્વો છે— એક શક્તિદાયક બળતણ આપ્યાં કરવાનું તથા બીજું જીર્ણના સમાર ને નવી રચના કરવાનું."[૧૭] આ બે કર્તવ્યો ઉપરાંત બાળકો તેમ જ બિમારીમાંથી ઊઠેલાં માણસોને માટે આહાર ત્રીજું પણ એક કામ કરે છે તે વિકાસનું છે: જેનાથી વજન, ઉંચાઈ ને આખું શરીર વધી શકે.

વળી અંગ્રેજ આહારશાસ્ત્રી લેમ્પિટ સરસ રીતે કહે છે કે "ખોરાક આટલા વજનમાં આટલી કૅલૉરી ગરમી આપે છે—એ જ આહારની મુખ્ય મતલબ ને મુખ્ય મૂલ્ય છે, એ હવે વધારે કાળ લગી માની શકાય એમ નથી. તેમ કોઈ આહારમાં જેટલી ચરબી, પ્રોટીન ને કાર્બોહાઇડ્રેટ હોય તેટલી જ ત્હેની પોષકતા—એ ધોરણ પણ હવે સ્વીકારી શકાતું નથી... કુદરતી ખનિજ તત્ત્વો તથા વિટેમિનો એ બન્નેની સાથે જુદા જુદા રોગોનો શો સંબન્ધ છે તે હવે સિદ્ધ થયું છે. તેથી આ રોગોના નિવારણને માટે આ સર્વ તત્ત્વો વિના શરીરને ચાલે જ નહિ. તેટલા માટે તાજાં ફળો ને લીલાં શાક, જેની ગરમી ઉત્પન્ન કરનારી શક્તિ "કૅલૉરી-કીમત" બહુ અલ્પ છે અને જેઓ, આજ લગીની કૅલૉરી-પ્રાધાન્યની દૃષ્ટિએ તદ્દન નકામાં, વ્યર્થ તથા મોજશોખ-વૈભવ-સ્વાદતૃપ્તિની જ ચીજો તરીકે ગણાતાં હતાં, તે સૌ હવે દરેક માણસના રોજના ખોરાકમાં હોવાં જ જોઈએ તથા આહારને સંપૂર્ણ બનાવવામાં એ અંગો અનિવાર્ય છે, એનું હવે બરોબર ભાન થયું છે."[૧૮]

આહારમાં જે જે પદાર્થો આ નવી ને વિજ્ઞાનસિદ્ધ દૃષ્ટિએ આવશ્યક છે તે સર્વનું સુન્દર દર્શન કરાવનાર એક રંગીન ચિત્ર મૅકકેરિસને પોતાના પુસ્તકમાં મૂક્યું છે. મૅકમિલન કંપનીએ એની નકલો અહીં રજૂ કરવા પૂરી પાડી છે, ત્હેની કદર કરવા યોગ્ય છે.

આ ચિત્રના મધ્ય ભાગમાં શરીરપોષણના કેન્દ્ર તરીકે પ્રોટીનને મૂક્યાં છે: ને તે બન્ને પ્રકારનાં, પ્રાણિજન્ય ને વનસ્પતિજન્ય, આવશ્યક ગણ્યાં છે. એની પછીનું બહારનું વર્તુળ ખનિજ ક્ષારોનું છે. તે પછી ચરબી, બન્ને પ્રકારની, પ્રાણી તેમ જ વનસ્પતિની; એની પછી કાર્બોહાઇડ્રેટ છે, ને ત્હેની પછી મ્હોટું વર્તુળ જળનું છે. એની આસપાસ અનેક શિખરોથી બાકીનાં તત્ત્વોનો નિર્દેશ થાય છે. પાંચ વિટેમિનો, **એ, બી, સી**, ડી, ને ઇ, પાંચ મ્હોટાં શિખરો છેઃ અને તેઓની વચ્ચે બે લઘુ શિખરોમાં હવા તથા સૂર્યપ્રકાશ છે; તે બન્નેને આપણે ખોરાકમા ન ગણીએ—નથી ગણતા, પરંતુ ખોરાકના પાચનમાં તેમ જ તેમાંથી મેળવાતા પોષણમાં એ બન્ને તત્ત્વો એવાં અનિવાર્ય છે કે જીવનનિર્વાહનાં સાધનોનાં આ ચિત્રમાં તેઓનું સ્થાન યોગ્ય છે. આમાં નથી એવાં બીજાં બે તત્ત્વો પણ હજી ઉમેરીં

૧૭. "Science," 12 Oct. 1933, 318.

૧૮. "Chemistry and Industry," 3 May 1935, 426—30.

શકાય એવાં છે તે નિદ્રા ને કસરત છે. પોષણ સાથે એ બન્નેનો સંબન્ધ પણ અનિવાર્ય છે. પરંતુ આહારની મુખ્ય ચર્ચાથી એ જરા વધુ દૂર જાય છે. એટલે સ્થળ-કાળની અવધિઓને માન આપી, એ બન્નેનું આટલું સૂચન કરીને જ વિરમીશું.

આહારનાં આ સર્વ આવશ્યક તત્ત્વોનું રાસાયનિક બંધારણ શું છે, તેઓ મુખ્ય કીયા કીયા ખોરાકમાંથી આપણને મળી શકે એમ છે, અને તેમાંનું પ્રત્યેક તત્ત્વ પાચન તથા પોષણમાં શો ભાગ ભજવે છે તે નીચે રજૂ કરવામાં આવ્યું છે.[૧૯]

પ્રોટીનઃ
- એલ્બુમિન, કેસીનોજન, માયોસિનોજન, ગ્લૂટેન, વગેરે.
- એમાં મુખ્યત્વે કાર્બન, હાઇડ્રોજન, ઑક્સિજન, નાઇટ્રોજન હોય છેઃ તે ઉપરાંત વારંવાર ફૉસ્ફરસ, ગંધક, લોહ, ઇત્યાદિ પણ હોય છે.
- તે શરીરને રચનાર, તેમ જ કેટલેક અંશે ગરમી તથા શક્તિ આપનારાં છે.

કાર્બોહાઇડ્રેટઃ
- ખાંડ, સાકર, આર (સ્ટાર્ચ), ડેક્સ્ટ્રીન, વગેરે.
- એમાં કેવળ કાર્બન, હાઇડ્રોજન ને ઑક્સિજન હોય છે.
- મુખ્યત્વે ગરમી ને શક્તિ દેનારઃ થોડે અંશે શરીર રચનાર.

ચરબી, તેલઃ
- માખણ, મલાઈ, ઘી, ચરબી, વનસ્પતિના બીયાંનાં તેલો.
- એમાં ય કેવળ કાર્બન, હાઇડ્રોજન, ને ઑક્સિજન (થોડો) હોય છે.
- પ્રધાનપણે ગરમી ને શક્તિ દેનારઃ ગૌણ અંશે શરીર રચનાર.

ખનિજ ક્ષારોઃ
- ક્લોરાઇડ, સલ્ફેઈટ, ફૉસ્ફેટ, સોડિઅમ, પોટેશિઅમ, કેલ્શિઅમ, મૅગનીશીઅમ, આયોડિન, લોહ, ત્રાંબુ, મેંગેનીઝ, ઇત્યાદિ.
- શરીરનાં તન્તુઓ (tissues) બનાવનારઃ જીવનક્રિયાઓનું નિયમન કરનાર, રોગનિવારક. એમની ક્રિયાઓ હજી હમણાં જ સમજાવા લાગી છે, એટલે એમાં સમજવાનું હજી બાકી છે.

પાણીઃ
- કેવળ હાઇડ્રોજન ને ઑક્સિજનઃ જો કે સાધારણ રીતે એમાં વાયુઓ અને ક્ષારો ઓગળેલાં હોય છે.
- પાચનની રાસાયનિક ક્રિયાઓનું વાહન. મળમૂત્રને શરીરમાંથી કાઢી નાંખવાનું સાધન. આંતરડામાં ખોરાકોને આગળ ને આગળ ખસેડવામાં સહાયક હીલચાલને પ્રેરક. શરીરની ઉષ્ણતાને નિયમમાં રાખવામાં મદદ કરનાર.

વિટેમિનોઃ
- એ, બી, સી, ડી, ઈઃ એ પાંચ મુખ્ય, ને બીજાં થોડાં ગૌણ.
- શરીરનાં ઘણાં વ્યાપારોના નિયામક ને ઘણા ઘણા રોગોનાં નિવારક.

સ્વાદવર્ધક ચીજોઃ
- રાંધવાથી ખોરાકમાં ઉત્પન થયેલ નવા સ્વાદુ પદાર્થો, તથા ઉપરથી ઉમેરેલા મશાલા, વઘાર ઇત્યાદિ.
- ખોરાકને સ્વાદિષ્ટ બનાવે છે, પાચન કરનાર રસોનો પ્રવાહ ઉત્તેજિત કરે છે. પાચન સુધારે છે.

---

૧૯. Joslin and Taylor's "Everyday Domestic Science and Hygiene." (1932), 363, એ સ્થળે આપેલ કોઠા ઉપરથી, કાંઇક ફેરફાર સાથે.

૭
પ્રોટીન

ખોરાકનાં આ તત્ત્વોમાંના પ્રત્યેકની ઉપર અલગ અલગ વ્યાખ્યાન આપી શકાય અને પુસ્તક પણ લખી શકાય. છતાં બને તેટલો સંક્ષેપ સાચવીને પ્રત્યેકના સ્વરૂપનું થોડુંક વિવરણ કરવું, એ સમજૂતીને માટે આવશ્યક છે. આમ કરવાથી કેટલીક વ્યાવહારિક સૂચના પણ મળી શકશે.

પ્રોટીન:—આ વિષે પહેલાં જે લખ્યું છે તેમાં કેટલુંક ઉમેરવું યોગ્ય છે. શરીરનાં સ્નાયુઓ, ચરબી વગરનું માંસ, અને અન્ય તન્તુઓ–tissues–એ સર્વ પ્રોટીનોનાં બનેલાં છે. તેઓ વિવિધ પ્રકારનાં છે, અને તેઓ જેમ આપણા દેહના બંધારણમાં છે તેમ અન્ય પ્રાણીઓના તેમ જ વનસ્પતિઓના દેહમાં પણ તેઓ વસે છે. ખરૂં જોતાં દેહ તથા ચેતનનું કેન્દ્ર જેને કોષ અથવા "cell" કહેવામાં આવે છે તેમાં પ્રોટીનો પરમ આવશ્યક છે, અને તેથી જ એમ કહ્યું છે કે "પ્રોટીન ન હોય તો જીવન પણ ન હોય."

રાસાયનિક દૃષ્ટિએ આ પદાર્થો અત્યન્ત અટપટા છે. લગભગ એકસો વર્ષના અભ્યાસ પછી પણ એમને વિષે વિજ્ઞાનશાસ્ત્રીઓ બહુ જાણી શકયા નથી. એમાં ઘણા પ્રકારો છે, ને કેટલાંક પ્રોટીનો તો એવાં આશ્ચર્યકારક છે કે એમનાં એક એક અણુ(molecule)નું વજન, કોઇનું ૩૫,૦૦૦, તો કોઈનું બે લાખ, ને કોઇનું પાંચ લાખ સુધીનું ગણવામાં આવ્યું છે. તેઓનું એક મ્હોટું લક્ષણ એ છે કે તેઓમાં નાઇટ્રોજન પણ છે. રસાયનશાસ્ત્ર આપણને કહે છે કે નાઇટ્રોજન જે હવામાંના સૌથી વિપુલ વાયુ તરીકે સુવિખ્યાત છે તે એકંદરે બહુ સુસ્ત છે. પરંતુ એ જ્યારે અન્ય મૂળતત્ત્વોના સંયોગમાં હોય છે ત્યારે અસાધારણ વેગ, ચંચળતા, ને અસરકારકતા પ્રકટ કરે છે. આપણા દેહમાંના ઘણા પ્રવાહી તેમ જ નક્કર પ્રાણદાયક પદાર્થો નાઇટ્રોજન વિના બની શકે જ નહિ. આપણે જે જે ખાઈએ છીએ તે સર્વમાંથી પ્રધાનપણે આ પ્રોટીનો જ નાઇટ્રોજન–દાયક પદાર્થોનાં હોય છે.

પચાસથી વધારે સંખ્યાનાં જુદાં જુદાં પ્રોટીનો રસાયનને હવે માલૂમ છે. એમ જણાય છે કે શરીરમાં દાખલ થયા પછી આ પ્રોટીનોના કણો ભાગી પડે છે ને તેઓમાંથી "એમિનો–એસિડ" નામના અન્ય લઘુ વજનના પદાર્થો ઉત્પન્ન થાય છે. આવા લગભગ વીસ બાવીસ તેજાબોનો પુષ્કળ અભ્યાસ થયો છે,[૨૦] અને એમ નિશ્ચિત થયું છે કે તેમાંના દરેકની શરીરને જરૂર છે: જરૂર છે એટલું જ નહિ બલ્કે એમાંનો એક પણ ન હોય તો આરોગ્ય–શક્તિ–વિકાસ વગેરેને ગંભીર ક્ષતિ પહોંચે છે. મુખ્ય મુખ્ય પ્રોટીનમાં આમાંનાં જુદાજુદા તેજાબો હોય છે: દરેક પ્રોટીનનું, દરેક એમિનો–એસિડનું શરીરમાં કંઇક ખાસ કર્તવ્ય હોય છે, ને તે પોતપોતાને સ્થળે પહોંચીને બરોબર બજાવે છે. આમ પ્રાણીઓ તેમ જ વનસ્પતિઓનાં અનેક પ્રોટીનો વિવિધ કાર્ય કરી શકે છે.

ઉપર જણાવવામાં આવ્યું છે કે આ સર્વમાં કેવળ પ્રાણિજ પ્રોટીનો પોષણની દૃષ્ટિએ મહત્ત્વનાં છે, એવો પહેલાં પ્રબળ મત હતો અને હજી ઘણાનો છે. હવે એ મતમાંની કેટલીક અત્યુક્તિ જતી રહી છે, વનસ્પતિજ પ્રોટીનોનું મૂલ્ય પણ સ્વીકારાવા લાગ્યું છે,

૨૦ આ એમિનો–એસિડમાંના કેટલાક થોડે ઘણે અંશે જાણીતા છે: ટ્રિપ્ટોફેન, ટાઇરોસિન/સિસ્ટિન, લાઇસિન, એલેનિન, ગ્લાઇસીન.

અને દૂધમાં રહેલ પ્રોટીનો સર્વ રીતે આપણને અનુકૂળ છે, ને તે હોય તો આમિષ-પ્રોટીનોની જરૂર નથી, એ પણ સ્વીકારાયું છે.

મેકકેરિસનના મત પ્રમાણે બહુ અનુકૂળ પ્રોટીનો જે ખોરાકમાંથી આપણને મળી શકે એમ છે તે ખોરાક દૂધ, દહીં, છાશ, ઈંડાં, કિડની, લિવર, માંસ, માછલી અને લીલાં પાંદડાવાળાં શાક–એ છે. એથી ઉતરતા વર્ગનું પ્રોટીન આપનાર ખોરાક આખા ઘઉંનો લોટ, જવ, બાજરી, ઓટ, ચોળા, ચોખા, વટાણા, લીલવા, દાળ, ચણા, બધી જાતના સૂકા બદામ–અખરોટ જેવા મેવા,[૨૧] બટાટા, ગાજર, બીટરૂટ, અને પ્રથમ વર્ગમાં ગણાવ્યાં તે સિવાયના બધાં શાક, અને ફળો છે.

આટલા ઉપરથી નિરામિષ આહાર કરનારાને દૂધ અને દૂધમાંથી બનતા પદાર્થો એ પ્રોટીનનાં ઉત્તમ સાધન છે, એ સ્પષ્ટ થાય છે. અનાજ, શાક વગેરે જે આપણો મુખ્ય આહાર છે તેમાંનાં પ્રોટીનો જરા ઉતરતા વર્ગનાં પણ ઉપયોગી છે.

સંભવ છે કે પ્રોટીનોનું ને વનસ્પતિ–પદાર્થોનું વૈજ્ઞાનિક અવલોકન જેમ વધતું જશે તેમ પ્રોટીનોનું મૂલ્ય વધારે વૈજ્ઞાનિક આધારની ઉપર સ્થાપિત થશે. એનાં ચિહ્નો પ્રકટ થઈ ચૂક્યાં છે. પ્રોટીનની વિવિધતા સમજાતાં એનાં ભિન્ન ભિન્ન કર્તવ્યો મુકરર થતાં, હવે એના નામમાત્રનો મોહ રહી શકે નહિ. વળી શરીરમાં એ કર્તવ્યો ભજનવાર ખરેખરાં સાધનો જો મૂળ પ્રોટીન ન હોય પણ તેઓની અન્તર્ગત ઍમિનો–ઍસિડ જ હોય તો પોષણના મહત્ત્વનું કેન્દ્ર પ્રોટીનને બદલે આ તદ્દજનિત ઍમિનો–ઍસિડ ગણાવા જોઈએ. ડૉ. સિકકેલ હિન્ડહેડે નામના એક વિખ્યાત જર્મન પોષણશાસ્ત્રીના પ્રયોગો ને અભિપ્રાયો આ દિશામાં બહુ સ્પષ્ટ તથા ઘણા આગળ ગયા છે.[૨૨] પોતાની જાતની ઉપર તથા પોતાના કુટુમ્બની ઉપર એમણે આહારના અનેક પ્રયોગો કર્યા છે. પ્રત્યેકને પ્રધાનપણે વનસ્પતિજ પ્રોટીનનો ખોરાક–એટલે આખા ઘઉંનો લોટ, બટાટા, શાક, ને ફળ એ મુખ્ય, ને કવચિત્ જ મત્સ્ય કે માંસ એમ આપી એમણે બતાવ્યું કે આ પ્રમાણે ખોરાક બહુ વધારે સસ્તો પડે છે એટલું જ નહિ પણ યૂરોપીય ધોરણ પ્રમાણે પ્રોટીનનું જેટલું વજન રોજ લેવું જોઇએ (૧૦૦ ગ્રામ) તે કરતાં ૨/૩ થી (૬૭ ગ્રામ)જ બસ થાય છે: અને આરોગ્ય, શક્તિ તથા વિકાસમાં ખૂબ ફાયદો થાય છે. દૂધની પોષક કીમત એ પણ બહુ આંકે છે.

જો પાશ્ચાત્ય આહારશાસ્ત્ર તથા એના પ્રયોગો–માન્યતાઓ વગેરે તરફથી દૃષ્ટિ વાળીને આપણે આપણા દેશનાં જ માણસોના આહાર તરફ નજર નાંખીશું તો આપણને, ખાસ કરીને, ગુજરાત જેવા નિરામિષ આહારી પ્રાન્તમાં, એમ જ થશે, કે "વાહ, એમાં શું? આપણે બધા એમ જ જીવીએ છીએ ને?" અને જો કે ગરીબ ને મધ્યવર્ગોના ખોરાકમાં ઘણી ખામીઓ છે, ને ત્હેની તપાસ એ આજનું આપણું એક મુખ્ય લક્ષ્ય છે, તો પણ આપણે ત્યાંય ઘણાં નિરોગી બળવાન સ્ત્રીપુરુષો છે જ, જેઓએ કદિ આમિષ ભોજન કર્યું નથી, જેઓ વનસ્પતિજ પ્રોટીનોની ઉપર જીવે છે અને જેઓ પ્રાણિજ પ્રોટીનો માત્ર દૂધ ને દહીં વગેરેમાંથી જ મેળવી લે છે. અને એથી ય વધુ અદ્ભૂત લાગે એવી વાત તો એ છે કે એવાં ય ઘણા ગરીબો છે જે દૂધ–દહીં પણ મેળવ્યા વિના સારી શક્તિ ને આરોગ્ય ભોગવતાં હોય છે. આવા આપણા વર્ગોના નિત્યના આહારનું વૈજ્ઞાનિક અવલોકન

૨૧. Nuts. ૨૨. "Nature." 22 June 1935, 1016.

પશ્ચિમના ઘણા આહારશાસ્ત્રીઓની આંખ ઉઘાડવા સમર્થ થાય. પણ એ કામ આપણા આહારશાસ્ત્રીઓએ ઉત્પન્ન થઇને કરવાનું છે.

આ દિશામાં હજી ઘણા વધારે સંશોધનની જરૂર છે, ને નવા પ્રકાશની આશા રાખી શકાય એમ છે.

ઇંગ્લન્ડની પ્રજા જોઇએ તેટલું, અથવા જોઇએ તેથી પણ વધારે, પ્રોટીન આહારમાં લે છે. સંભવ છે કે ગુજરાતમાં તેથી વિપરીત હોય. કમ પ્રોટીનનું પરિણામ કમ વિકાસ, કમતાકાત, સાહસ ને હિંમતની ખામી, ઇત્યાદિ થાય છે. બંગાળી બાળકોની બાબતમાં કેટલાંક તાજાં અવલોકનોએ સારા ને પૂરતા પ્રોટીનની ખામી પ્રકટ કરી છે.

૮
કાર્બોહાઇડ્રેટ

પ્રોટીનની સાથે કાર્બોહાઇડ્રેટ પૂરતા પ્રમાણમાં લેવાય નહિ તો પ્રોટીન વધારે બળી જાય, શરીરને વધારે ને વધારે પ્રોટીન લેવું પડે, અને પ્રોટીનમાંથી ઉપજેલા મળોને શરીરની બહાર કાઢવાને તે કામ કરનારાં અવયવોની ઉપર વધુ પડતો બોજ આવી પડે. આ ઉપરાંત, કાર્બોહાઇડ્રેટ-પદાર્થોનું ખરૂ કર્તવ્ય ઉષ્ણતા, શક્તિ તથા ઘસાયલાં અવયવોની જગ્યાએ નવાં પૂરાં પાડવાનું છે.

આ પદાર્થોમાં "સેલ્યુલોઝ" નામનો, ઘાસ-કાગળ-રૂ-લાકડાં ઇત્યાદિનો, એક કાર્બોહાઇડ્રેટ પદાર્થ છે. તે શાકાદિ દ્વારા આપણાં શરીરમાં દાખલ થાય છે; ત્હેનું પાચન કરનારી કોઇ પણ ગોઠવણ શરીરમાં નથી એમ અત્યારે માનવામાં આવે છે. પ્રયોગોથી સાબીત થયું છે કે સેલ્યુલોઝ **લગભગ** બધો મળદ્વારા એમ ને એમ બહાર નીકળી જાય છે: થોડા એક હિસ્સામાંથી વાયુ ઉત્પન્ન થાય છે. એનો ઉપયોગ માત્ર એક જ છે કે એની વડે ખોરાક વિશેષ વિપુલ થવાથી આંતરડામાં એનો પ્રવાસ વધારે ઝડપથી આગળ વધે છે.[૨૩] (આપણે ઘાસ કેમ ખાતા નથી એનો ખુલાસો આથી મળી શકે છે.)

આ સિવાય બીજો કાર્બોહાઇડ્રેટ-પદાર્થ જેને અંગ્રેજીમાં "સ્ટાર્ચ" કહે છે ને આપણે આર કહીએ છીએ તે છે. તે ધાન્ય તથા વનસ્પતિમાં પુષ્કળ હોય છે. તે મુખમાં પ્રવેશ પામતાં જ થુંક વગેરેમાં રહેલ અન્ય સૂક્ષ્મ પદાર્થોની[૨૪] ક્રિયાથી ગ્લુકોઝમાં રૂપાન્તર પામે છે; ખાસ કરીને રાંધેલ હોય તો. એમાંથી કોઈ ભાગ બચ્યો હોય તો આંતરડાંમાં એની ઉપર એવી જ ક્રિયા થાય છે. જો કોઇ ભાગનો ગ્લુકોઝ ન થાય તો તે નકામો જાય છે.

શેરડીની કે બીટની ખાંડ નથી મુખમાં વિકાર પામતી, કે નથી પેટમાં: એ તો છેક આંતરડાંમાં પહોંચે ત્યારે જ એમાંથી ગ્લુકોઝ, ફ્રુક્ટોઝ વગેરે લઘુતર અણુઓવાળા પદાર્થમાં તે રૂપાન્તર પામે છે.

આમ આખરે સર્વ કાર્બોહાઇડ્રેટ-પદાર્થોનું પાચન, વધુ હળવી જાતની ખાંડમાં રૂપાન્તર થયા પછી જ થાય છે. ગ્લુકોઝ, ફ્રુક્ટોઝ, ગેલેક્ટોઝ વગેરે જાતની આવી ખાંડની પાચનક્રિયા હવે વિજ્ઞાનના સમજવામાં ઠીક ઠીક આવેલ છે. એ ક્રિયાઓ અનેકવિધ છે અને એનું વિગતવાર વર્ણન અહીં ઉચિત નથી. પરંતુ એટલો મુખ્ય નિર્દેશ કરવો જોઈએ કે આ ખાંડનો અમુક ભાગ (આગળ સૂચવ્યા પ્રમાણે) હમેશ રક્તપ્રવાહમાં રહે છે; તે રક્તમાંથી કોષોમાં જાય છે; ને

---

૨૩. Ramsay Sibbald, "Chemistry and Industry," March 3, 1933, 175.

૨૪. Enzymes.

અમુક ભાગ લિવરમાં તેમ જ સ્નાયુઓમાં "ગ્લાઈકોજન" નામના એક વધુ ઘન કાર્બોહાઈડ્રેટના રૂપમાં પરિણામ પામી જમા થઈ જાય છેઃ આ જમા થયેલ ગ્લાઈકોજન, ભૂખને વખતે, જરૂર પ્રમાણે ગ્લુકોઝને રક્તમાં મોકલ્યાં કરે છે. આ પ્રમાણે રક્તમાં ગ્લુકોઝનું પ્રમાણ ચોક્કસ કાયમ રહે છે.

લોહીમાં, સ્નાયુમાં ને લિવરમાં આમ ગ્લુકોઝ હમેશ હોવા છતાં મળમૂત્રમાં કે પરસેવામાં સામાન્ય રીતે ગ્લુકોઝ નીકળતી નથીઃ પરંતુ આપણા નિશ્વાસમાં હમેશાં કાર્બન ડાયૉકસાઈડ નામનો વાયુ પુષ્કળ હોય છે, તે ઉપરથી એમ જણાય છે કે આપણે હવામાંથી જે ઑક્સિજન લઇએ છીએ તે ગ્લુકોઝની ઉપર અસર કરીને તેમાંથી કાર્બન ડાયૉકસાઈડ વાયુ, પાણી અને ઉષ્ણતા ઉત્પન્ન કરે છે. શરીર જ્યારે બહુ શ્રમ કરતું હોય ત્યારે અથવા ઠંડું હોય ત્યારે ગ્લુકોઝ તથા ગ્લાઈકોજન વ્હેલું વપરાઈ જાય છે, એ ઉપરથી એમ પણ અનુમાન થાય છે કે શરીરને ગરમી તથા શક્તિ આપવામાં કાર્બોહાઇડ્રેટ-પદાર્થોનો મુખ્ય હિસ્સો છે. એમ કહેવાય છે શરીરની અર્ધોઅર્ધ શક્તિ કાર્બોહાઇડ્રેટને આભારી છે.

આ કાર્બોહાઇડ્રેટ-પદાર્થો દૂધમાં (૪-૫ ટકા) તેમ જ બહુ અલ્પ અંશે લિવર, કિડની ઈત્યાદિમાં હોય છે. પણ તેઓનું મુખ્ય ધામ તો વનસ્પતિવર્ગ છે. તેમાં મુખ્ય ખાંડ, ગોળ ને મધ છે.[૨૫] સાબુચોખા, એરોરૂટ, ટેપિઓકામાં તે આર રૂપે ખૂબ છે. એથી ઉતરતે અંશે સઘળાં ધાન્ય, દાળ, ચોખા, બટાટા, સૂકાયલાં ફળ, સોયાબીન, વટાણા ઈત્યાદિમાં છે. એથી ઓછે અંશે લસણ, ડુંગળી ને અન્ય કન્દ મૂળોમાં છે. એથી ઓછે અંશે તાજાં ફળ ને લીલાં પાંદડાંવાળાં શાકોમાં હોય છે. (મેકકેરિસન)

આ પ્રમાણે આ મહત્ત્વનું આહાર-અંગ આપણને કુદરતમાં સુલભ છે. વસ્તુતઃ મુશ્કેલી આહારમાં એની ન્યૂનતાના કરતાં એની અતિશયતાની છે. ઉપર કહેલ સર્વ વર્ગોમાંથી, જુદા જુદા પદાર્થોના કાર્બોહાઇડ્રેટ મેળવવા એ ઉત્તમ છે. ચોખામાં એ અતિ પ્રમાણમાં છેઃ એને અતિશય લઇએ તો શરીરને આવશ્યક અન્ય તત્ત્વો ઓછાં જ લેવાં પડે. ભાતની સાથે દૂધ, દહીં, દાળ, ઘી વગેરેની મેળવણી એ કેવળ સ્વાદની દૃષ્ટિએ જ નહિ, પણ આહારશાસ્ત્રની દૃષ્ટિએ પણ પરમ આવશ્યક છે.

ખોરાકોમાં આ ખોરાક સૌથી વધારે સસ્તો, તેમ જ થોડામાં વધુ ગરમી આપનાર છેઃ એની હાજરી જેમ પ્રોટીનને આવશ્યક છે તેમ ચરબીને ય છે. ઘોડાએ વધારે સફર કરી હોય છે ત્યારે એને ખાસ ગોળ અપાય છેઃ સૈનિકોને અતિશ્રમની પછી ખાસ ચૉકોલેટ અપાય છેઃ અતિ નિર્બળ થયેલ તથા સામાન્ય અન્ન લેવા અશક્ત એવા દર્દીઓ ગ્લુકોઝના પાણીની ઉપર મહિનાઓ કાઢી શકે છે. એ સર્વ વ્યવહારો એની ઉપયોગિતાનાં વધુ દૃષ્ટાન્તો છે. તેમ એના અતિયોગથી વાયુ, ખટાશ, અપચો, ઝાડા, સ્થૂળતા ઇત્યાદિ પણ થાય છે, એના દાખલા પણ આપણે ત્યાં ઘણા મળી આવે છે. ગુજરાતમાં કેટલેક અંશે, અને બંગાળ-દક્ષિણમાં મુખ્ય અંશે, આહારમાં એનું વધુ પડતું પ્રમાણ હોય છે.

૨૫.—શેરડીની ખાંડના કરતાં દૂધની ખાંડ વધારે વહેલી પચે છે. આપણા દેહને વધુ માફક એવી આ દૂધની ખાંડ કોઈ વનસ્પતિ બનાવતું નથી પણ પ્રાણિ માતાનો દેહ જ બનાવી શકે છે, એ વળી એક અદ્‌ભૂત કથા છે. મધમાં ય મુખ્યત્વે ગ્લુકોઝ ને ફ્રુકટોઝ હોવાથી તે સાધારણ ખાંડના કરતાં વધુ સ્હેલાઇથી પચે છે.

૬

તેલ, ચરબી

ચરબી-તેલ વગેરેના પદાર્થો, પ્રોટીનોની પેઠે, પ્રાણિજ તથા વનસ્પતિજ ઉભય પ્રકારના હોય છે. એમની બાબતમાં ય એ જ કારણને અંગે એવો જ ઝગડો ચાલે છે. પ્રાણિ-દેહમાંથી મેળવેલ ચરબી આપણા શરીરને વધુ અનુકૂળ છે ને તે માટે વધારે પુષ્ટિ આપે છે એવો એક પ્રધાન મત છે. પરંતુ હાલમાં એક વિજ્ઞાનશાસ્ત્રી પોષકતાના પ્રમાણમાં આ વર્ગના ખોરાકોની આ પ્રમાણે ગોઠવણી કરે છેઃ--

સૌથી વધુ પોષક માખણ-ઘી, પછી અનુક્રમે, ઉતરતા ક્રમે, ઓલિવનું તથા કેટલાંક બીઆંનાં તેલ, લિવરની ચરબી, હેરિંગ-માછલીનું તેલ, કપાશીઆનું તેલ; ગૌમાંસ; વ્હેલ વગેરે માછલીનાં તેલ, વગેરે.

બળતણ તરીકે તેલ-ચરબીનો આહાર સૌથી શ્રેષ્ઠ છે. પ્રોટીન અથવા કાર્બોહાઇડ્રેટના કરતાં ય સરખા વજનમાં લગભગ બમણી ગરમી આ ખોરાક આપે છે. વળી એની એક ખૂબી એ છે કે એ જો વધારે પડતો લેવાય છે તો તે શરીરના જુદા જુદા ભાગોમાં જમા થાય છે, ને આપત્તિવખતે તથા માંદગીમાં પાછો કામ આપે છે. ઉપવાસમાં સૌથી પહેલો કાર્બોહાઇડ્રેટનો સંગ્રહ કામ લાગે છે: તે ખૂટે છે ત્યારે ચરબી કામમાં આવે છે. " આ પદાર્થો ચામડીની તળે એકઠા થાય છે: ત્યાં રહીને એક કામળીની પેઠે શરીરની ગરમીને જાળવી રાખે છે. કિડની જેવી નાજુક ઇન્દ્રિયોની આસપાસ જમા થઈ તેઓને રક્ષે છે. શરીરનાં તન્તુઓને મજબૂત કરીને શરીરના ખાડાખચીઆ પૂરી શરીરને ભરાઉ તથા સુરેખ કરે છે. "[२६]

" It is the most concentrated diet, and is often compared to the spare tin of petrol in the human motor car. "[२७]

ડૉ. લૉસને આપણા શરીરમાં ચરબી વગેરે પદાર્થો કેટલા છે ત્હેનું જરા રમુજી વર્ણન આપ્યું છે. તે કહે છે કે " સાધારણ માણસના શરીરમાં જે ને જેટલા પદાર્થો છે તે સૌને બજારની કીમતે પાંચ શીલિંગમાં ખરીદી શકાય, એમ કહીએ તો કોઈ માનવીને ખાસ ખુશી નહિ થાય. છતાં ૧૪૦ રતલ વજનવાળા કોઈ માણસનો દાખલો લઈએ તો તેના શરીરમાં એટલું પાણી હોય છે કે તેથી દશ ગેલનનું એક મ્હોટું પીપ બરોબર ભરાઈ જાય; એટલી ચરબી છે કે એમાંથી ધોવાના સાબુના સાત લાંબા બાર બને; એટલો કોયલો છે કે એમાંથી નવ હજાર પેન્સીલો થઈ શકે; એટલો ફૉસ્ફરસ છે કે તે ૨,૨૦૦ દીવાસળી બનાવવામાં વપરાઈ શકે; અને એટલો ચૂનો છે કે કોઈ કુકડીનાં બચ્ચાંનું રહેઠાણ ત્હેનાથી સારી રીતે ધોળાઈ શકે. "[२८]

ચરબીનું કે ઘી તેલનું પાચન પણ શરીરથી એમને એમ થતું નથી. એ પદાર્થોમાંથી ગ્લિસરિન ને ચરબીના તેજાબો છૂટા પડે તે પછી જ તેઓ કામમાં આવી શકે છે, ચૂનાનું તત્ત્વ કેલ્શિઅમ શરીરને અતિ આવશ્યક છે, પણ ત્હેનો ઉપયોગ બરોબર પ્રમાણમાં ચરબી હોય તો જ શરીર કરી શકે છે. વળી કાર્બોહાઇડ્રેટ અતિશય હોય તો જે ખટાશ

૨૬ મેકકેરિસન.

૨૭. આ રૂપક પ્રો. માર્ટિન્ટને આપ્યું છે. "Everyday Chemistry", 542.

૨૮. Dr. T. E. Lawson, "Discovery", January 1932, 2.

ઉત્પન્ન થાય છે ત્હેની ખરાબ અસરમાંથી શરીરની અંદરના કુંળા ભાગોને ચરબી બચાવી લે છે. આમ પ્રોટીન ને કાર્બોહાઇડ્રેટની સાથે મળીને ચરબી બહુ ઉત્તમ કામ કરી શકે છે. આપણી ભાષામાં "ત્રણ ગગ્ગાની ગોળી"નું જે મહત્ત્વ ગાયું છે તે પોષણશાસ્ત્રની દૃષ્ટિએ તદ્દન યથાર્થ છે. વળી અમુક સંયોગોમાં ચરબીમાંથી કાર્બોહાઇડ્રેટ બની શકે છે, કાર્બોહાઇડ્રેટમાંથી ચરબી બની શકે છે, અને પ્રોટીનમાંથી ય આ બન્ને પદાર્થો બને છે—એ સર્વ ક્રિયાઓ દેહની અંદર બને છે. આમ "અન્યોન્ય કેરી ન્યૂનતા પૂરી" સહકારથી આ ત્રણે શરીરયન્ત્રને સાચવી રાખે છે

કેવળ બળતણ તરીકે જ જોઈએ તો ચરબી ને તેલો સૌથી ઉત્તમ છે; પણ તે ઉપરાંત ઘીમાં, વનસ્પતિ-તેલોમાં ને પ્રાણીની ચરબીમાં બીજાં વિશેષ પોષક તત્ત્વો-વિટેમિન વગેરે છે. આજે બજારમાં " વેજીટેબલ ઘી " કરીને જે નવા પદાર્થો આવવા લાગ્યા છે તેઓ આ રીતે બળતણ તરીકે સારા હોય, ને બીજું નુકશાન પણ ન કરે એવા સારા હોઈ શકે, પરંતુ તેઓમાં વિટેમિનો હોતાં નથી તેથી તેઓની પોષકતા ઘણી ઉતરતી નિવડે. માટે જેઓ આ "વેજીટેબલ ઘી" શુદ્ધ છે, ભેગ વગરનું છે માટે વાપરવા જેવું છે વગેરે સમજી એની ઉપર રહેતા હોય તેઓએ વિટેમિનવાળા અન્ય ખોરાકો વધુ પ્રમાણમાં લેવા જ જોઈએ, નહિ તો વિટેમિનોની હાનિથી ઉપજતા રોગો તેઓને થવાના.

એસ્કિમોના હિમપ્રદેશમાં અનાજ ઉગે નહિ અને અતિશય ઠંડક હોય તેથી હૂંફ જાળવવા માટે તથા જીવવાને માટે તેઓને ૧૪ કલાકથી પણ ઓછા વખતમાં ૧૫ રતલ જેટલાં માંસ-ચરબી ખાવાં પડે છે.[૨૯] આમ તેઓ વૈવિધ્ય વિનાના અને લગભગ બિલકૂલ કાર્બોહાઇડ્રેટ વગરના આહારની ઉપર જીવી શકે છે, છતાં આહારનાં તાત્ત્વિક અંગો તેઓના આ ખોરાકની અંદર પણ સમાવેશ પામેલાં છે એ વાત તે આહારના રાસાયનિક જ્ઞાનથી સાબિત થાય છે. છતાં જુદા જુદા દેશની જુદી જુદી સ્થિતિમાં માનવીનું શરીર કેવી જુદી જુદી ટેવો પાડી શકે છે, અને વિષમતાને અનુકૂળ થવાની શક્તિને લીધે જ જીવી શકે છે, ત્હેનું આ એક ઉદાહરણ છે.

૧૦

ક્ષાર તથા ખનિજ પદાર્થો

ક્ષારો અને ખનિજોનું મહત્ત્વ એમની ક્રિયાઓનો જેમ વધુ અભ્યાસ થતો જાય છે તેમ વધુ સમજાતું જાય છે.

પોષણને અર્થે આશરે ચાળીસેક જુદાજુદા પદાર્થોનું ખાસ જરૂર છે એમ ઉપર જણાવ્યું છે, તેમાંથી આશરે વીસેક એમિનો-એસિડ છે, જે પ્રોટીનોમાંથી આપણે મેળવીએ છીએ તે પણ જણાવવામાં આવ્યું છે. બાકીના વીસ પદાર્થોમાં એક તો ગ્લુકોઝ છે, જે કાર્બોહાઈડ્રેટ વર્ગના ખોરાકમાંથી આપણે મેળવીએ છીએ; એક " લાઈનોલીઈક એસિડ " નામનો તેજાબ છે જે તેલ-ચરબી વર્ગના આહારમાંથી આપણે મેળવીએ છીએ, ને બીજાં પાંચ વિટેમિનો છે. આ ઉપરાંત આ સર્વ ખોરાકોમાં આવેલ કાર્બન, ને પાણીમાં રહેલ ઑકિસજન તથા હાઈડ્રોજન, એ ત્રણને બાદ કરીએ તો બાકીમાં અગીઆર-બાર

૨૯. પ્રોફેસર પાર્ટિન્ગ્ટન, "Everyday Chemistry," 541.

મૂળતત્ત્વો રહે છે જે કેવળ ક્ષાર અથવા ખનિજ છે. આ તત્ત્વો સોડિઅમ, પોટેશિઅમ, કેલ્શિઅમ, મેગ્નીશિઅમ, ફૉસ્ફરસ, લોહ, તાંબું, ગંધક, મેંગેનીઝ, ક્લોરિન અને આયોડિન છે.[૩૦]

જેમ આ ચાળીસે પદાર્થોની સ્વતંત્ર ક્રિયા બરોબર સમજાતી નથી, કારણ કે તેઓ એકબીજાની ઉપર બહુ અસર કરે છે, એકબીજાની હાજરીમાં જુદી ક્રિયા કરે છે અને સરવાળે બહુ અટપટાં પરિણામો ઉત્પન્ન કરે છે, તેમ આ ખનિજોનાં દઝનેક મૂળતત્ત્વો પણ એકબીજાથી જુદા પાડી ન શકાય એવા ગાઢ ને અટપટા સમ્બન્ધથી સંકલિત છે.[૩૧] જેમ વિટેમિનો આજે અનિવાર્ય માલૂમ પડયાં છે તેમજ આ ક્ષારો પણ હવે આહારનાં અનિવાર્ય તત્ત્વો તરીકે સ્વીકારાયા છે એ વાત સ્પષ્ટતાથી આગળ કહેવાઈ ચૂકી છે.

આ ક્ષારો આપણા શરીરમાં મુખ્યત્વે શાકપાન તથા ફળની દ્વારા પ્રવેશ કરે છે; કોઈક પાણીમાં હોય છે, ને બીજા કેટલાક કોઈ પ્રોટીનોવાળા તથા અન્ય ખોરાકોમાં હોય છે. શરીરમાંથી રોજ એમનો નિકાશ થતો હોવાથી રોજ એમને ફરી ફરી દાખલ કરવાની આવશ્યક્તા રહે છે; જો કે એમાંનાં કેટલાંક શરીરના વિવિધ ભાગમાં સંચિત પણ થાય છે.

દાખલા તરીકે પરસેવો વગેરે દ્વારા મીઠું-નિમક આપણા શરીરમાંથી હમેશ બહાર નીકળે છે. બહુ ગરમી હોય ત્યારે એટલું મીઠું નીકળી જાય કે તેટલું પાછું ઉમેરવાની સંભાળ ન લેવાય તો તેથી પીડા પણ થાય. અવલોકનોથી એ સિદ્ધ થયું છે કે ઊંડી ખાણોમાં કામ કરનારાઓ, એન્જિનોમાં કોયલા નાંખનારાઓ, તથા ભઠ્ઠીઓની પાસે કામ કરનારાઓ, એ સૌને વારંવાર ખૂબ પરસેવો છૂટે છે. તેઓને આંકડીનો રોગ બહુ સાધારણ છે, ને તરસ મટાડવા તેઓ જેમ વધારે પાણી પીએ છે તેમ આ પીડા પણ વધે છે! જ્યારે એ સમજાયું કે ઉપરના કારણને લીધે તેઓના શરીરમાં જોઈએ તેટલું મીઠું રહેતું નથી, ત્યારે તેઓના પીવાના પાણીમાં સ્હેજ મીઠું નાંખીને પાણી આપવાની ગોઠવણ થઈ, એટલે એમની તરસ વધારે બૂઝી, એમની આંકડી દૂર થઈ ગઈ, એટલું જ નહિ, પરંતુ એ ઉપચાર ચાલુ રાખવાથી આંકડી હમેશને માટે અટકી ગઈ![૩૨] આ પ્રયોગો તથા અનુભવો ઉપરથી આપણે પણ ઉનાળામાં પીવાના પાણીમાં સ્હેજ મીઠું નાંખી પાણી પીધાં કરીએ તો તેથી બરફ-સોડા-વગેરેના કરતાં વધારે શાન્તિ રહેશે ને તરસ ઠીક છીપશે, એમ હવે સલાહ અપાય છે. શરીરમાં મીઠું બહુ જ ઓછું હોય, ને લાંબો વખત ઓછું રહે તો તે ન્યૂનતા ભૂખને ઘટાડે છે, નિદ્રા તથા શક્તિને ઓછી કરે છે, પરસેવો વધારે છે, અને પછીથી બીજી ઘણી પીડાઓને તથા વ્યાધિઓને જન્મ દે છે.

---

૩૦. મેકકેરિસન, "Nutrition & National Health," Cantor Lectures, 1936, Royal Society of Arts, 3. કેટલાક ફ્લુઓરિનને પણ ઉમેરે છે.

૩૧. "They are intimately related to one another by complex chemical combinations & interactions...It is difficult to separate the functions of one from the other. In general these functions are to provide building materials for the fabric, and to regulate various functions, of the body. ...The more the mineral constituents of food are studied, the more important is their role in nutrition found to be.—ibid. p. 23-24.

૩૨. Cathcart, "Nutrition and Dietatics." 40-41.

ક્ષારોની ક્રિયાઓ વિષે હજી આપણને તદ્દન સ્પષ્ટ જ્ઞાન નથી અને આપણે અત્યારે તો ક્ષારની સામાન્ય કદર કરવાની શરૂઆત કરી છે, એ વાત ફરીથી કહીને તેઓના સંબંધી કાંઈક વધુ વિગતમાં ઉતરીએ.

માનવ દેહમાં મુખ્ય મૂળતત્ત્વો સરેરાશે નીચેના પ્રમાણમાં હાજર છે: પ્રમાણ સેંકડે ટકામાં આપેલ છે.[૩૩]

ઑક્સિજન	૬૫
કાર્બન	૧૮
હાઇડ્રોજન	૧૦
નાઇટ્રોજન	૩
કેલ્શિઅમ	૧.૫
ફૉસ્ફરસ	૧.૦
પોટેશિઅમ	૦.૩૫
ગંધક	૦.૨૫
સોડિઅમ	૦.૧૫
ક્લોરિન	૦.૧૫
શેષ	૧.૬

આ શેષ તત્ત્વોમાં મુખ્ય આયોડિન, લોહ, મૅગ્નીશિઅમ, મેંગેનીઝ, તામ્ર, વગેરે છે.

ક્ષાર તત્ત્વોમાં પ્રધાન તરીકે કહી શકાય એવાં ચાર છે: કેલ્શિઅમ, ફૉસ્ફરસ, લોહ અને આયોડિન. તેઓની ક્રિયાનું મહત્ત્વ ઘણું છે, તેમ આપણા સામાન્ય ખોરાકમાં તેઓ જોઈએ તેટલા પ્રમાણમાં હોતાં નથી તેથી તેઓની ન્યૂનતા પૂરવા ખાસ સંભાળ રાખવાની જરૂર છે.

સૌમાં **કેલ્શિઅમ** સૌથી વધુ પ્રમાણમાં શરીરમાં હાજર છે એટલું જ નહિ પણ એની જરૂર પણ સૌથી વિશેષ છે એમ કહી શકાય. ચૂનાનું આ તત્ત્વ આપણા આખા હાડપિંજરનો તથા દાંતનો મુખ્ય આધાર છે. સ્નાયુઓ, હૃદય, જ્ઞાનતંતુઓ, લોહી ઈત્યાદિની ઉપર એનો પ્રભાવ પુષ્કળ છે: ઘણા વ્યાધિઓ આ પ્રમાણે એની ન્યૂનતાની સાથે સંબન્ધ ધરાવે છે, ને ઓષધોપચારમાં, ક્ષારરૂપે–ભસ્મરૂપે કે "ઈન્જેકશન"રૂપે–સર્વ રીતે એ પ્રાચીન કાળથી બહુ આગળ પડતું સ્થાન લે છે. હાડકાંનો વિકાસ, દાંતનું આરોગ્ય, ઋતુસ્રાવ, ગર્ભધારણ અને ધાવણ આદિ સૌ એની વધુ માગણી ઉત્પન્ન કરે છે. શરીરના ઘણા પ્રવાહી પદાર્થોમાં, ખાસ કરીને લોહી, દૂધ ને કોષરસમાં, એના વિના ચાલે જ નહિ. કેલ્શિઅમ બહુ ઓછું થતાં જ્ઞાનતંતુઓ ઝટ ઉશ્કેરાય છે, ને ચીઢીઆ સ્વભાવનો આ ઈલાજ થઈ શકે છે કે કેમ એ તપાસવા જેવું છે.

આ તત્ત્વની ખામી એ આપણા રોજના ખોરાકનો એક મ્હોટો દોષ છે. એ તત્ત્વનું ઉત્તમ સાધન દૂધ છે: તે ઉપરાંત તે માટેના અન્ય યોગ્ય આહારોમાં ચીઝ, બદામ, ઈંડાં, લીલા વટાણા, દાળ, ફળો, લીલવા ને જુદી જુદી જાતનાં લીલાં પાંદડાવાળાં શાકો છે. પોપૈયામાં તે ખૂબ છે.

આપણી જીવનક્રિયામાં કેલ્શિઅમની સાથે બહુ નિકટનો સંબન્ધ ધરાવનાર તત્ત્વ તે દીવાસળીનું તત્ત્વ, **ફૉસ્ફરસ** છે. કોષ, હાડકાં અને દાંતમાં તે પણ અનિવાર્ય છે. વિવિધ

૩૩. Partington, "Everyday Chemistry," 548.

રૂપમાં દેહની પ્રત્યેક સૂક્ષ્મ નળીની બનાવટમાં એની જરૂર પડે છે. ફૉસ્ફૉરિક એસિડ તરીકે તે કૅલ્શિઅમ, પોટેશિઅમ ને ખાંડની સાથે મળી જાય છે, ને ખાસ પ્રોટીનો ઇત્યાદિમાં તેમજ લિપૅાઇડમાં ય તે હોય છે.

શરીરની પ્રત્યેક ક્રિયા વખતે, જરા પણ હાલચાલ થાય તે વેળાએ શરીરમાં ઘણી રાસાયનિક ક્રિયાઓ થાય છે, ને તે સર્વમાં ફૉસ્ફરસ અગત્યનો ભાગ લે છે એમ હવે સાબિત થયું છે. રોજના ખોરાકમાં એક ગ્રામ કૅલ્શિઅમ તથા દોઢ ગ્રામ ફૉસ્ફરસ હોવાં જોઈએ, એમ શાસ્ત્રજ્ઞોની સલાહ છે. નીચેના આહારમાંથી આપણે ફૉસ્ફરસ મેળવીએ છીએઃ ચીઝ, ઈંડાં, દૂધ, દહીં, માંસ, બદામ, ઘઉં, લિવર, તાજા લીલવા, ભાજી, કારેલાં, વંત્યાક, પોપૈયું, સોયા બીન, બાજરી, પાલખની ભાજી, કાકડી, ગાજર, કૉલીફ્લાવર (ફુલ) બટાટા, ઇત્યાદિ.

શરીરમાં **લોહનું** સ્થાન પણ અનુપમ છે. કોષે કોષમાં, **રક્તમાં**, તેમ જ અલ્પાંશે લિવર, મજ્જા, હાડકાં, ને સ્નાયુ વગેરેમાં લોહ રહેલું છે. એનું મુખ્ય સ્થાન લોહી છેઃ લોહીને લાક્ષણિક લાલ રંગ દેનાર પદાર્થ " હેમોગ્લિોબિન "માં લોહ છે. રક્તક્ષયથી પીડાતાં માણસો લોહના સેવનથી ઘણીવાર ફાયદો પામે છેઃ લોહનો પચાવ થાય છે તો રક્તવર્ણી હેમોગ્લિોબિન વધે છે, ને તેથી ફિક્કાં–એનીમિઆનાં દરદીઓ નવું લોહી પામી આરોગ્યવાળાં થાય છે. ઉપર પહેલાં બે તત્ત્વો ગણાવ્યાં તે બેના પ્રમાણમાં શરીરમાંથી લોહનો નિકાસ થોડો છે, ને તેથી એને રોજ થોડા પ્રમાણમાં લીધે ચાલે છે. પરંતુ શરીરમાં કૅલ્શિઅમ, ફૉસ્ફરસ, ચરબી, ગ્લુકોઝ વગેરેનો જમાવ થઈ શકે છે તેમ લોહનો બહુ થતો નથી, તેથી બહારથી મેળવાતા તથા પચાવાતા લોહની ઉપર આપણે વધારે આધાર રાખવો પડે છે, અને એને રોજ મેળવવું પડે છે.

દૂધમાં લોહ થોડું છે. એક રીતે એથી કરીને તરતનાં જન્મેલાં ને દૂધ ઉપર જ રહેનારાં ન્હાનાં બાળકોને લોહની ખોટ ઘણી પડવાનું તથા રક્તક્ષય થવાનું જોખમ બહુ રહે : પણ સદ્‌ભાગ્યે જન્મથી બાળકના લિવર વગેરેમાં લોહનો કાંઈક સંચય થયો હોય છે અને એનો નિકાશ બહુ થોડો હોય છે, તેથી સાધારણ રીતે આ ન્યૂનતા જીવનનાં પહેલાં વર્ષોમાં દાખવતી નથી. તે છતાં દૂધ પીનારાં બાળકોને પણ લોહવાળાં ફળો ને શાકો યોગ્ય પ્રમાણમાં અપાય એ ઈષ્ટ છે. ખાસ લોહ સારા પ્રમાણમાં આપી શકે એવા આહારમાં નીચેની ચીજો છેઃ દાળ, ઇંડાં, લિવર, લીલવા, અનાજ તથા ઓટમીલ, ભાજી, ખારેક, કિસમીસ, પાલખની ભાજી, ડુંગળી, સ્ટ્રોબેરી, કાકડી, ટમેટાં, ઇત્યાદિ.[૩૪]

આયોડિનને વિષે ઉપર થોડુંક કહેવાઇ ચૂક્યું છે. ગળા આગળનું થાઈરૉઈડ ગ્લૅંડ એ ગ્રન્થિ એનું કેન્દ્ર છેઃ એમાં ઘણું કરીને " થાઇરૉક્સિન " નામના પદાર્થના રૂપમાં એ એકઠું થાય છે. જોઈએ તેટલા પ્રમાણમાં થાઈરૉક્સિન ઉત્પન્ન થાય નહિ તો શરીરમાં વિવિધ વિકારો થાય છે, ગળે ને એ ગ્રન્થિમાં સોજા ચઢે છે, ને બુદ્ધિ પણ કુંઠિત થાય છે. આયોડિનને, અથવા આ ગ્રન્થિમાંના આયોડિનવાળા પદાર્થને, એક ઘમણનું રૂપક આપવામાં

---

૩૪. લોહના પચાવને માટે વિટેમિન **એ**, **બી**, **સી**, ઇ, તથા કૅલ્શિઅમ વગેરે કેટલાક પદાર્થ આવશ્યક છે. તેઓ ન હોય તો પછી ખાવામાં ગમે તેટલું લોહ હોય પણ તે પચે નહિ. (**મૅકકૅરિસન** ' Foods", 29.) બંગાળનાં ગાજર તથા શકરીઆમાંય ખૂબ લોહ માલૂમ પડયું છે. (" Science and Culture,' " Mar. 1936, 583.)

આવે છે: જેમ ધમણથી અગ્નિ ચેતે છે, તેમ આ પદાર્થથી શારીરિક સર્વ ક્રિયાઓ ચેતનવતી થાય છે. ધમણ તદ્દન ધીમી પડે કે બહુ વધારે પડતા જોરથી ચાલે–એ બન્ને જુદી જુદી રીતે હાનિકારક છે. સદ્ભાગ્યે આયોડિનની ખામી બહુ સ્હેલાઈથી પૂરી શકાય છે, ને લોહ, કેલ્શિઅમ, વગેરેની ન્યૂનતાના ઉપચારમાં જે નિષ્ફળતાઓ મશહૂર છે તે આયોડિનમાં નથી. સર્વ દરિયાઈ ખોરાકો, કૉડ લિવર ઑઇલ, ઇંડાં, હિન્દી બકરીનું દૂધ, બાજરી, તાજાં ફળો, અને લવિંગ–આદુ–કાળાં મરી જેવા મશાલાઓ એ સૌ આયોડિનને માટે કામનાં છે. એના ક્ષાર, પોટેશિયમ આયોડાઈડ તથા કેલ્શિઅમ આયોડાઇડ દવા તરીકે વાપરી શકાય છે. પરંતુ લીલાં શાક ને તાજાં ફળોમાંનું આયોડિન લેવું એ ઉત્તમ છે, ને એથી આપણી આ તત્ત્વની બધી જરૂર પૂરી પડી શકે છે.

સોડિઅમ ને **પોટેશિઅમ** નામની મહત્ત્વની ધાતુઓ (સોડિઅમ એ મીઠામાં રહેલ ધાતુ છે, ને પોટેશિઅમ એ સુરાખારની ધાતુ છે) પણ જુદા જુદા પ્રમાણમાં દરેક અવયવમાં તથા સર્વ નળીઓમાં હોય છે. દીવાળીમાં જે તારને સળગાવી અત્યન્ત ઉજ્જ્વળ રોશની બાળકો મેળવે છે તે તારની ધાતુ **મેગ્નીશિઅમ**નું મહત્ત્વ જીવનક્રિયામાં હમણાં જ કાંઈક સમજાવા માંડયું છે. હાડકામાં કેલ્શિઅમના પ્રમાણમાં નવમા ભાગ જેટલું જ આ મેગ્નીશિઅમ હોય છે, પણ ત્હેને બદલે સ્નાયુમાં તથા જ્ઞાનતન્તુમાં તે કેલ્શિઅમના કરતાં બમણું હોય છે. **તાંબું** હમેશ મગજમાં હાજર રહેવાનું, ને લોહીમાં લોહની સાથે તથા લોહના પાચનની સાથે એને ખાસ સંબન્ધ હોય છે એમ જણાય છે. **ક્લોરિન** મીઠાના બીજા મૂળતત્ત્વ તરીકે, અને પાચકરસોની અંદર મીઠાના તેજાબના રૂપમાં, બહુ ઉપયોગી છે.[૩૫] તે ઉપરાંત, એને મળતા ગુણવાળું **ફ્લુઓરિન** નામનું તત્ત્વ પણ હાડકાંઓમાં ને દાંતમાં સાધારણ રીતે રહે છે. ગંધક વિવિધ રૂપમાં હાજર છે, ખાસ કરીને સિસ્ટિન નામના એમિનો–એસિડમાં તે છે, જે તેજાબ વિકાસને માટે અનિવાર્ય છે, ને જે સાંધાઓના પોષણમાં ય કાંઈક ભાગ લે છે.

૧૧

વિટેમિનો

વિટેમિનોની શોધનો ઇતિહાસ એ માનવ પરાક્રમની એક અદ્ભુત કથા જેવો છે. કેટલી મુશ્કેલીથી, કેટલા લાંબા આગ્રહભર્યા–સફાઈદાર–ઝીણવટભર્યા પ્રયાસોને પરિણામે આજનું આપણું વિટેમિનનું જ્ઞાન ઉત્પન્ન થયું છે, એ ખરેખર એક સ્વતંત્ર રસદાયક કથા છે. તેમ દેશદેશના વૈજ્ઞાનિકોએ, વિજ્ઞાનના જુદા જુદા ક્ષેત્રના પર્યેષકોએ, આ શોધખોળમાં જે સહકાર પ્રકટ કર્યો છે તે પણ જગતના જ્ઞાનના ઇતિહાસમાં એક સુન્દર પ્રકરણ બની રહે. એ શોધકોના કેટલાક નેતાઓએ આ મૌલિક શોધ કરવાને માટે નોબેલ–પારિતોષિક મેળવ્યાં છે. થોડાં વર્ષો અગાઉ આ વિટેમિનો બહુ ભેદભર્યા પદાર્થો તરીકે જ, જો કે આહારમાં અનિવાર્ય જોઈએ જ એવા મહત્ત્વવાળા પદાર્થો તરીકે જાણીતા હતા. ભેદભર્યા એટલા માટે કે તે વેળાએ તેઓને અલગ કરી શકાયા ન હતા, રસાયનશાસ્ત્રીઓ પોતાની રાસાયનિક

૩૫. ક્લોરિન પાચક રસમાં રહેલ નિમકનો તેજાબ–"હાઇડ્રોક્લોરિક એસિડ" ઉત્પન્ન કરે છે. એનું મુખ્ય સાધન મીઠું છે, પણ તે ઉપરાંત કેળાં, ખારેક, પાલખ, ટમેટા, અનેનાસ, ભોંયશીંગ (મગફળી) ને લીલાં પાંદડાંવાળાં શાકોમાં પણ તે છે.

ને ભૌતિક રીતિઓથી તેઓને ઓળખી શકતા ન હતા, અને એમનું પ્રમાણ આહારના પદાર્થોમાં એટલું સૂક્ષ્માતિસૂક્ષ્મ હતું કે એમની ઓળખ ને પરીક્ષા કેવળ પ્રાણીઓને ખોરાક ખવરાવી ત્હેની જે અસર થાય તે અસરની તપાસ કરવાથી જ થઈ શકતી હતી. આ પદ્ધતિનો ઉપયોગ તો હજી પણ કરવો પડે છે, પરંતુ જે ભગીરથ ખંત ને મહેનત ને બુદ્ધિથી મેડમ ક્યૂરીએ "પિચબ્લેન્ડ"માંથી અદ્ભૂત રેડિઅમ જુદું પાડયું, એટલી જ ભગીરથ ખંત–મહેનત–બુદ્ધિથી હવે કોઈક કોઈક વિટેમન રસાયનશાસ્ત્રીઓના હાથમાં સેંકડો મણ ડાંગરનાં છોતરાંમાંથી, કે હુંગરી દેશનાં લાલમરચાંમાંથી કે કૉડલિવરના જેવા તેલોમાંથી, સ્પષ્ટ સ્ફટિકરૂપે કે પ્રવાહી તેલરૂપે આવવા લાગ્યાં છે, અને તેથી તેઓના રહસ્ય ઉપરનો પડદો ધીરે ધીરે ઉંચકાતો જાય છે.

વિટેમિનનો વિષય, આહારના ઉપર ગણુાવેલાં પ્રત્યેક અંગની માફક, સ્વતંત્ર વ્યાખ્યાનોને તથા લેખોને યોગ્ય છે, વળી તેઓ હવે તો જગતની બત્રીસીએ પણ ચઢી ચૂકયાં છે, એટલે એમનો અહીં જરા વધુ નિર્દેશ કરવો એમાં કાંઈ ખાસ હાનિ નથી.

ક્ષાર ને ખનિજોની માફક જ, પણ તેથી ય બહુ વધારે સ્વલ્પ પ્રમાણમાં, તેઓ આહારમાં હોવાં જ જોઇએઃ અર્થાત્ બન્નેની આવશ્યકતા અનિવાર્ય ને એકસરખી છે, ફેર એટલો જ માત્ર કે વિટેમિનોનું આવશ્યક પ્રમાણ રોજના ખોરાકમાં ક્ષારોથી ય બહુ ઓછું છે. જેમ ખનિજોમાં અનેક વિવિધ તત્ત્વો છે, તેમ વિટેમિનો ય ભિન્ન ભિન્ન છે. ખરૂં જોતાં તેઓની ગેરહાજરી જે રોગોને જન્મ આપે છે ને તેઓની હાજરી જ માત્ર જે રોગોને સુધારી શકે છે તે રોગોની સાથેના તેઓના વિલક્ષણ પણ સિદ્ધ થયેલા સંબન્ધની અનુસાર તેઓનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે. તેઓનાં રાસાયનિક લક્ષણનું જ્ઞાન ન હોવાથી, રાસાયનિક પદાર્થનામ કે વર્ગનામ પણ તેઓને માટે નકામાં હતાં, એટલે **અંગ્રેજી** મૂળાક્ષરોમાંથી **એ**, **બી**, **સી**, **ડી**, ઈ, એમ પાંચ નામ અપાયાં છે, પણ વિટેમિનો કુલ પાંચ જ છે એમ નથીઃ એ હવે સ્પષ્ટ છે કે જેને વિટેમિન **બી** કહીએ છીએ ત્હેની અંદર એથી પાંચ છ જેટલા સ્વતંત્ર પદાર્થો રહ્યા છે; ને ભવિષ્યની શોધખોળો વળી નવાં નવાં વિટેમિનો શોધી કાઢે એ પણ તદ્દન સંભવિત છે. [૩૬]

વિટેમિન એ વિષે કાંઈક રાસાયનિક માહિતી ભેગી થઈ છે, અને માખણ, ગાજર, પીળાં પાંદડાંઓ વગેરેમાં "કેરોટિન" નામનો જે પીળો પદાર્થ રહે છે ત્હેની સાથેનો એનો સંબન્ધ પણ કાંઈક સમજવામાં આવ્યો છે. વિટેમિન **બી**માંનું એક જેને **બી**$_1$ કહેવાય છે ત્હેનો પણ કાંઇક ખ્યાલ હવે રસાયનશાસ્ત્રને આવવા માંડયો છે, ને એમાં ખાસ કરીને ગંધક નાઇટ્રોજન ને કલોરિનની હાજરી ધ્યાન ખેંચે છે. વિટેમિન **સી** વિષે આપણું જ્ઞાન સૌથી વધારે છેઃ પહેલો સંત્રાં ને નારંગીમાંથી, ને પછીથી હુંગરી દેશનાં લાલ મરચામાંથી એને કેવી રીતે તારવી કાઢવામાં આવ્યું, અને ત્રણ દેશોની પ્રયોગશાળાઓના સાત્ત્વિક સહકારથી એની રાસાયણિક ઓળખ કેવી રીતે થઈ એ સર્વ અહેવાલ તાજો, એક નાટક જેવો રસિક અને વૈજ્ઞાનિકોને સુવિદિત છે.[૩૭] એના ગુણ ઉપરથી એનું રાસાયનિક નામ "એસ્કૉર્બિક

૩૬ ઉદાહરણ તરીકે વિટેમિન **પી**, જેનું નામકરણ હમણાં જ થયું છે. "Nature," July 4, 1936, 27.

૩૭. Professor Szent—Gyorgyl, "Nature," February 18, 1933, 225.

એસિડ" એવું રાખવામાં આવ્યું છે: અર્થાત્ એ એક પ્રકારનો તેજાબી પદાર્થ છે. આપણાં ઘણાં ફળોમાં તથા શાકોમાં એ હાજર છે એમ આપણા કેટલાક જીવન-રસાયનશાસ્ત્રીઓએ હમણાં જાહેર કર્યું છે. વિટેમિન **ડી** પણ શુદ્ધ પ્રવાહી રૂપે અલગ થયેલો છે એવા દાવા રજુ થયા છે, અને એવું નામ હાલ "કૅલ્સિફેરોલ" કરીને અપાયું છે. વિટેમિન **ઈ** વિષે આપણું જ્ઞાન હાલ સૌથી ઓછું છે.

આ વિટેમિનોની શારીરિક અસર તથા તેઓ કીયા ખોરાકોમાં સારા પ્રમાણમાં છે એ પણ ટુંકામાં જોઈએ.

વિટેમિન એ—પ્રોફેસર **શર્મન** કહે છે કે બધી ઉમરે પોષણની ક્રિયાઓ વ્યવસ્થિત નિયમસર ચાલતી રાખવાને માટે વિટેમિન **એ** આવશ્યક છે. બાળકોના આહારમાં એ પૂરતું નથી હોતું ત્યારે એવી રોગી અવસ્થાઓ શરીરમાં વાસ કરે છે કે શરીરનો વિકાસ અશક્ય થાય. જોમ તથા ટકાવ કરવાની શક્તિની એ વૃદ્ધિ કરે છે, ને જ્ઞાનતન્તુઓની ક્રિયામાં તથા રચનામાં તે ખાસ ભાગ લે છે. સન્તાનની ઉત્પત્તિના તેમ જ ઉછેરના કામ માટેના બધા ખોરાકોમાં એ સૌથી વધુ મહત્ત્વનું છે: તેથી સ્ત્રીઓને પ્રસવ પહેલાં તથા પછી એ પૂરતા પ્રમાણમાં પ્રાપ્ત થવું જોઇએ. ચેપોની સ્હામે શરીરને ટકાવી રાખવામાં એ સમર્થ શસ્ત્રરૂપ છે. એની અતિ ન્યૂનતાના પ્રસંગમાં શરીરનાં ઘણાં અવયવોમાં રોગ પ્રવેશ કરે છે: જેવાં કે આંખનાં બે દર્દો, Xerophthalmia અને રતાંધળાપણું, બધી જાતનાં સળેખમ, પેશાબનાં તથા ચામડીનાં કેટલાંક દર્દો, પથરી, વગેરે. એક મત પ્રમાણે કેટલાંક દર્દો એની ગેરહાજરીમાં લાગેલ ચેપોને લીધે જ થાય છે, જે ચેપનાં જન્તુઓ અથવા કણો એની હાજરીમાં શરીરની ઉપર કાંઈ અસર કરત નહિ અને શરીરમાંથી એમને એમ બહાર નીકળી ગયાં હોત! હિન્દમાં દર વર્ષે હજારો બાળકો આ કારણે આંધળાં થઈ જાય છે; અટકાવી શકાય એવા અંધાપાનું આ મૂળ કારણ બહુ સામાન્ય છે.

આ વિટેમિન **એ**ના મુખ્ય ભંડાર પ્રાણીઓની ચરબી, માછલીઓનાં તેલ ખાસ કરીને કૉડલિવર-તેલ, દૂધ, માખણ, ઘી, લિવર, ઈંડાં, ગાજર, શકરીઆં, ટમેટાં, બાજરી અને તાજાં લીલાં શાક છે. [૩૮]

વિટેમિન બી:—આ નામ નીચે છ સાત જાતની ક્રિયાઓના કર્તાઓ છૂપાયેલ જણાય છે: તેઓને અલગ કરવાની ક્રીડા કુદરત કરતી નથી તેમ માનવીને ય હજી આવડી નથી. તેમાંનાં બે મુખ્ય અંગો વધારે જાણીતાં છે, તેઓને **બી$_1$** ને **બી$_2$** (અથવા અમેરિકામાં **એફ** ને **જી**) કહેવામાં આવ્યાં છે. વિટેમિન **એ**ની પેઠે **બી$_1$** ગરમીથી નાશ પામે છે: પણ **બી$_2$** નથી પામતું.

વિટેમિન બી$_1$:—એની શારીરિક અસરો તથા એની ન્યૂનતાથી ઉપજતી વિક્રિયાઓ એટલી બધી છે કે ત્હેનું સંક્ષિપ્ત વર્ણન પણ અશક્ય છે. આખા શરીરનાં જ્ઞાનતન્તુઓને તથા સ્નાયુઓને સમર્થ હાલતમાં રાખવાનું ખાસ કામ એ કરે છે, તેથી એની ખોટ પડે ત્યારે

---

૩૮. મેંદો, વનસ્પતિનાં બીનાં તેમ જ નાળીએરનાં માખણ, "કોકોજેમ," તથા "વેજીટેબલ ઘી"માં બિલકુલ વિટેમિન **એ** નથી. મધ, ડાંગર, ડુંગળી, બટેટા, બીટરૂટ, કેળાં, nuts, મગફળીનું તેલ ઇત્યાદિમાં બહુ થોડું છે. એથી સ્હેજ વધારે પણ એકંદરે થોડું છે દાળો, ચણા, વટાણા, લીલવા, કોપરેલ, સોયાબીન તથા નારંગીના રસમાં.

સ્થળે સ્થળે વિકાર થાય છે: ખાસ કરીને પેટ, મ્હોટા આંતરડાનો અંત ભાગ કોલન તથા હૃદય–એ ત્રણમાં. એની ન્યૂનતામાં પાણી તથા ખોરાકની ઇચ્છા ઘટે છે, પાચક રસો ન્યૂન થાય છે, પેટની તથા આંતરડાંની હીલચાલ ઓછી થઈ જાય છે, પોષણનું કામ પહેલે પગથીએથી જ જાણે વિષમ થઈ પડે છે; બરોળની ગાંઠમાં ને જાતીય ગ્રન્થિમાં બગાડ શરૂ થાય છે, કાર્બોહાઇડ્રેટના પચાવમાં ભંગ પડે છે, શરીરમાં જામેલ ગ્લાઇકોજન કમ થઈ જાય છે, અને "લેક્ટિક એસિડ"ના અતિસંચયથી આંકડીઓ અથવા પક્ષાઘાત ઉત્પન્ન થાય છે. બેરી–બેરી નામના ઘાતક ચેપી રોગનો એની સાથે ઘણો સંબન્ધ છે: **બી$_1$**ની ન્યૂનતા એ એ રોગનું એક મ્હોટું કારણ છે. ગભરામણ, લોહીમાંથી પાણીનું ઘટી જવું, વજન તથા શક્તિનું ઓછું થવું અને ઝટ થાક લાગવો–એ પણ એની ખામીનાં પરિણામો છે.

આ વિટેમિન વિનાના ખોરાક, જેવા કે પૉલિશ કરેલા ચોખા, પરસૂદી અને ખાંડ બહુ ખવાયાથી પણ આ વિટેમિનની ન્યૂનતા ઉત્પન્ન થાય છે. ગર્ભવતી સ્ત્રીઓને આ વિટેમિનની પણ વિશેષ જરૂર છે ને ધાવણની ઉપર એની સ્પષ્ટ અસર છે. ખમીર–Brewer's Yeast–એનું ઉત્તમ સાધન છે. ચોખાની છોલ, ઘઉંનું ભૂસું તેમ જ સાબૂત અનાજમાં ય તે સારા પ્રમાણમાં છે. તે ઉપરાંત ઇંડાં, લિવર, કિડની, હૃદય, કુબી, ભાજી, ગાજર ને ટમેટાંમાં તે પુષ્કળ છે. દૂધમાં અને સ્નાયુવાળા માંસમાં, તેમ જ ફળોની અંદર એનું પ્રમાણ બહુ જૂજ છે. મેકકેરિસનના મત પ્રમાણે શાકને પાણીમાં બાફ્યા પછી પાણીને ફેંકી દેવામાં આવે છે ત્યારે શાકમાંનું અર્ધોઅર્ધ વિટેમિન **બી$_1$** પણ ફેંકી દેવાય છે.[૩૯]

વિટેમિન બી$_2$ ખાસ કરીને ત્વચાના આરોગ્યનું રક્ષણ કરે છે. શરીરની ઉપરની બહારની ચામડીને તેમ જ ખોરાક જવાના આખા માર્ગની અંદરની ખાલને mucous membrane of the alimentary tractને સંભાળે છે. જ્ઞાનતન્તુઓને સાચવે છે તથા રક્તક્ષયને રોકવામાં મદદ કરે છે. જેમ વધુ કાર્બોહાઇડ્રેટ ખોરાકમાં આવે તેમ વધુ વિટેમિન **બી$_1$** જોઈએ: અને ચરબીવાળો ખોરાક જેમ વધુ લેવાય તેમ વિટેમિન **બી$_2$** વધારે જોઈએ. **બી$_2$** ની ન્યૂનતામાંથી આંતરડાંના વિવિધ રોગો ઉત્પન્ન થાય છે, ચામડીની ઉપર કાપા પડે છે, ને અતિશય ન્યૂનતાના પ્રસંગમાં મગજ પણ ખસી જાય છે. "પેલાગ્રા" નામનું દર્દ એની સાથે બહુ સંબન્ધ રાખે છે. અમેરિકાના યૂનાઈટેડ સ્ટેટ્સમાં દર વરસે હજારો માણસો પેલાગ્રાથી મરણ પામે છે.

આ બન્ને કે એમાંથી એક પણ વિટેમિનની ગેરહાજરીમાં રોગના સૂક્ષ્મજન્તુઓ આંતરડાંની અંદરની ખાલમાંથી લોહીમાં પ્રવેશ કરે છે, એમ મેકકેરિસને બતાવ્યું છે. સાંધાઓના પોષણમાં ય આ વિટેમિનોનો હિસ્સો છે; સન્ધિવા મટાડવામાં વિટેમિન **બી** તથા **સી**ની જરૂર પડે છે એ હાલમાં કેટલાંક અન્વેષણોથી માલૂમ પડ્યું છે.

ખમીર, લિવર, કિડની, સ્નાયુનું માંસ, ઇંડાં, દૂધ અને લીલાં પાંદડાંવાળાં શાક: એ સૌ આ **બી$_2$** મેળવવાનાં ઉત્તમ સાધનો છે.

---

૩૯. બીજાં વિટેમિનો અમુક અમુક ખોરાકમાં બહુ જ પ્રમાણમાં હોય છે. પણ **બી$_1$** કોઇ કુદરતી ખોરાકમાં બહુ નથી. તેથી એને માટે ખોરાકમાં ઘણી ચીજોની મેળવણી કરવાની જરૂર રહે છે. કૉડલિવર ઑઈલનો એક ચમચો, અથવા હેલિબટના તેલનાં થોડાં ટીપાં, રોજને માટે પૂરતું વિટેમિન **ડી** આપે છે. તેમ રોજ એક નારંગી ખાઇએ તો રોજને માટે પૂરતું વિટેમિન **સી** મળે છે. પણ **બી$_1$**ને માટે એવો કોઈ પણ એક ખોરાક નથી.—Harris, "Vitamins in Theory & Practice," 61.

વિટેમિન સી:—એની ન્યૂનતા હોય છે ત્યારે જૂદાંજૂદાં અવયવોમાંથી તેમ જ શરીરમાં ઠેકઠેકાણે લોહી નીકળે છે, હાડકાં ઝટ ભાંગે એવાં નબળાં થાય છે, સાંધાઓની ઉપર સોજા આવે છે, દાંતમાં ખોડ રહે છે, દાઢમાં રોગ પ્રવેશ કરે છે, અને બીજી અન્ય ફરિયાદોની સાથે, "સ્કર્વી"નામનો એક મશહૂર પ્રાણઘાતક રોગ થાય છે.

આપણા દેશી ખોરાકની ઘણી ચીજોમાં આ વિટેમિન બહુ સારા પ્રમાણમાં મળી આવે છે, અને એની શોધ બીજા ખોરાકોમાં હજી ચાલુ છે. ફુદીનો, મરચાં, કુબી, નારંગીની છાલ ને રસ, લિંબુનો રસ, ટમેટાં, કૉલિફ્લાવર, તથા બીજાં લીલાં પાંદડાવાળાં શાકોમાં તે સારા પ્રમાણમાં છે. પાકેલી કેરીમાં તથા જામફળમાં ય તે સારા પ્રમાણમાં છે. દૂધને જેમ ઉકાળીએ તેમ આ વિટેમિન તેમાંથી ઉડી જાય છે. શાકમાં ખારો નાંખી શાકને બાફીએ, તો તે તરત નાશ પામે છે.

વિટેમિન ડી.—આંતરડામાં કેલ્શિઅમને પકડી, એને શરીરના ઉપયોગમાં લેવું અને લોહીમાં એનું પ્રમાણ જાળવી રાખવું, એ આ વિટેમિનનું મુખ્ય કાર્ય છે. કેલ્શિઅમ ને ફૉસ્ફરસના પાચનનુ એ નિયામક છે, ને હાડમાં તથા દાંતમાં કેલ્શિઅમને સ્થાપનાર પણ એ છે. એની ન્યૂનતાથી આ વ્યવહારો શિથિલ થાય છે ને પરિણામે બાળકોમાં "રિકેટ્સ" નામનો જાણીતો વ્યાધિ ઘર કરે છે. આપણા દેશમાં ને ચીનમાં, ખાસ કરીને સ્ત્રીઓની અંદર, આ રોગનો ફેલાવો, નબળાં તથા વળી ગયેલાં હાડકાંઓની વિકૃતિ સહિત, ઘણો છે. એકંદરે બાળકોની અંદર રિકેટ્સ્‌ના અંશો, વધતા ઓછા પ્રમાણમાં, બહુ નજરે પડે છે: કહે છે કે ૧૯૨૮માં લન્ડનની પ્રાથમિક શાળામાં જતાં બાળકોમાં માત્ર દશ ટકા જેટલાં જ બાળકો આ રોગથી મુક્ત હતાં! મ્હોટી ઉમરનાં સ્ત્રી પુરુષોમાં ય આ રોગ બીજા નામ તળે પ્રચલિત છે.

આ વિટેમિનની એક ખૂબી એ છે કે સૂર્યપ્રકાશમાંથી જો "અલ્ટ્રા—વાયોલેટ "કિરણો શરીર ઉપર પડે તો શરીર પોતે જ આ વિટેમિનને શરીરના અમુક પદાર્થમાંથી ઉપજાવી શકે છે. તેમ ખોરાકની કેટલીક ચીજોમાંથી પણ આવાં સૂર્યનાં કે કૃત્રિમ દીવાનાં કિરણો વડે ત્હેને બનાવી શકાય છે. આ પ્રમાણે "અર્ગોસ્ટેરોલ"માંથી એને બનાવીને એને બજારમાં મૂકાય છે. એ વિટેમિનને મેળવવાનાં અન્ય સાધનો બહુ નથી: કૉડ, હેલિબટ તથા બીજી માછલીઓનાં લિવરનાં તેલ, લિવર, કિડની, માખણ, દૂધ, ઇંડાં એ મુખ્ય છે. જે દેશમાં સૂર્યપ્રકાશ કમ હોય ત્યાં આ વિટેમિનની ખામી વધારે દાખવે છે, પણ આપણા દેશમાં, ને કાશ્મીર જેવા સ્વર્ગીય આરોગ્યપ્રદ પ્રદેશમાં ય રિકેટ્સ દેખાય છે તે ઓઝલ પડદાના રીવાજને આભારી છે. તુર્કી, પેલેસ્ટાઇન, મિસર વગેરે દેશોમાં ય પડદાથી સૂર્યપ્રકાશની થતી હાનિને લીધે આ રોગ બહુ થાય છે. વિટેમિન ડી પણ પણ એક કરતાં વધુ જૂદાં જૂદાં વિટેમિનોનું મિશ્રણ છે, એ માન્યતા હવે સિદ્ધ થઈ છે. કેલ્સિફેરૉલના ઉપરાંત એને મળતું બીજું, વિટેમિન ડી$_3$ ટ્યુના—માછલીના તેલમાંથી, તેમજ રાસાયનિક ક્રિયાથી હમણાં તૈયાર કરવામાં આવ્યું છે. (બ્રૉકમાન, વિનડાઉસ; **Nature**, Sept, 5, 1936, 387.)

વિટેમિન ઈ.—જનનેન્દ્રિયોની ક્રિયાઓને વ્યવસ્થિત સામર્થ્યમાં રાખવાનું કામ આ કરે છે: એમાં પ્રોટીનો તથા વિટેમિન એ ને બી એનો સાથ કરે છે. ઘઉંનું બીજ, ઇંડાં, દૂધ, માંસ, ભાજી, ટોપરાનું તેલ, કપાસીઆ વગેરેમાં તે રહે છે.[૪૦] માનવ વન્ધ્યત્વના ઇલાજ રૂપે એ ઉપયોગી થશે કે નહિ તે હજી જોવાનું છે.

૪૦. આ વિટેમિન વગરના ખોરાક ઉપર રાખવામાં આવેલ ઉંદરડીઓ ગર્ભ તો ધારણ કરે છે ને થોડો કાળ સારી હાલતમાં રહે છે, પણ પાછીથી એના શરીરની અંદર જ એ ગર્ભ પાછો લય પામી

આ સર્વ વિટેમિનો અમુક અમુક રોગોના નિવારક તરીકે ઓળખાયાં છે ને એ નામે પ્રખ્યાત થયાં છે, પરંતુ તેથી આપણું લક્ષ એ રોગોની ઉપર જેટલું જાય તે કરતાં વધારે એ વિટેમિનો શરીરને જે જે ક્રિયાઓ વડે જાળવે છે એ ક્રિયાઓની તરફ જવું જોઇએ. એ એક ખાસ સમજવા જેવી વાત છે કે વિટેમિનોની ન્યૂનતાથી થતા રોગોનાં વર્ણનો વાંચી, આપણને એવો કોઈ ગંભીર રોગ થયો નથી માટે આપણો આહાર આ સૌ વિટેમિનોની દૃષ્ટિએ ખામીવાળો નથી પણ સંપૂર્ણ છે, એવું સ્વાભાવિક અનુમાન આપણે કરવા બેસીએ તો તે સાચું જ હોય, એમ નથી. રોગોના સંચાર, ખાસ કરીને આહારની ખામીથી ઉદ્ભવતા રોગોના સંચાર, બહુ ધીમા હોય છે. તે હંમેશાં એકદમ પરખાઈ પણ જતા નથી. ક્ષારો તથા વિટેમિનોની ખામી રોજ થોડી થોડી વધતે વધતે પહેલ વહેલી તો પોષણ-શક્તિ-સર્વાંગ આરોગ્ય આદિના પાયાને ખોદવા માંડે છે. ઘણાં માણસોમાં જે કમજોરી, સ્ફૂર્તિ તથા ચંચળતાની ખામી દેખાય છે તે ઘણી વાર આહારનાં આવાં કોઈ અંગોની, ખાસ કરીને વિટેમિનોની, ન્યૂનતાનું પરિણામ હોય છે. "જે જે શરીરોમાં આરોગ્ય તથા શરીરનો વિકાસ જોઈએ તે કરતાં ઓછાં હોય ને બિમારીઓ ઝટ થઈ જતી હોય તે તે શરીરોમાં મુખ્યત્વે એક કે વધુ વિટેમિનોની થોડી કે ઘણી ન્યૂનતા જરૂર છે, એ વાત ચોક્કસ છે."[૪૧]

સાધારણ ખોરાકની ચીજોમાં કીયાં વિટેમિનો કેટલા પ્રમાણમાં છે ત્હેનો જે અંદાજ હાલ બંધાયો છે તે નીચે આપેલા કોઠાઓ ઉપરથી માલૂમ પડશે.[૪૨] એમાંના આંકડાઓ સરેરાશ રૂપે લેવાના છેઃ કારણ કે જેમ કેરીના એક નામ નીચે અગણિત ભિન્નતાવાળી મીઠાશ તથા અનેક પ્રકારના રસ સમાયલા છે, તેમ એક જ નામનો ખોરાક સર્વ દેશોમાં, સર્વ કાળે ને સર્વ સંયોગોમાં એક જ સરખો પોષણદાયક ન હોઈ શકે, એ સ્પષ્ટ છે.[૪૩]

વિટેમિન એ.

એક આઉંસ-અઢી તોલાભર-અધોળ ખોરાકમાં કેટલા ભાર વિટેમિન એ છે, તે પ્રોફેસર શર્મનના એકમની ગણત્રી પ્રમાણેઃ

પાલખની ભાજી	૧૪૦૦	કેરી (કયી ?)	૮૪૦
ગાજર	૯૪૦	લીલીછાલનાં કેળાં	૫૬૭
લાલમરચાં	૯૩૫·૫	પીળી ,,	૧૦૦
લીલવા	૧૫૦-૨૮૩·૫	ખારેક	૮૫
મરી	૧૭૫	દ્રાક્ષ	૨૦

જતો હોય એવું બને છે. અને વિટેમિન ઇ આપવામાં આવે કે એ સાધારણ માદાની માફક પ્રસવ કરી શકે છે. આ વિટેમિનને તેથી વન્ધ્યત્વ-રોકનાર anti-sterility વિટેમિન તરીકે ઓળખવામાં આવે છે. ઉંદરના શરીરમાં એનો ઘણો જ સંગ્રહ થઈ શકે છે એ અજાયબ જેવી લાક્ષણિક વાતનું અવલોકન થયાથી, એના સંશોધનમાં હમણાં બહુ સરળતા થઈ છે.

૪૧. "Medical Research Council's Report on Vitamins." 1932.

૪૨. Dr. Levine, "Vitamins." "Journal of chemical Education," vol. 12, August 1935, p. 357-362, and September, 1935, 429-435. પછીથી આ લેખો સ્વતંત્ર પુસ્તકરૂપે ય પ્રકટ થયા છે.

૪૩. એ પણ સત્યને ખાતર ઉમેરવું જોઇએ કે પ્રત્યેક વિટેમિનનું માપ કાઢવાની રાસાયણિક રીતિઓ હજુ જોઇએ તેટલી ઠરેલ ને વિશ્વાસપાત્ર નથી. તેથી ખોરાકમાં જ જે કુદરતી કારણોને લીધે વધઘટ થઈ હોય તે ઉપરાંત પૃથક્કરણની પદ્ધતિની ખામીને લીધે ય જૂદા જૂદા માણસોએ કાઢેલાં માપ જૂદાં જૂદાં થઈ જાય છે. એ બીજી મર્યાદા પણ યાદ રાખવાની છે.

ટમેટાં	૧૭૦	નારંગી	૨૦
શલગમ	૯૫	સક્કરજન	૧૫
મટર–વટાણા	૮૫	અંજીર	૧૦–૨૮
શકરીઆં	૮૫		
કૅાલિ–ફ્લાવર	૧૫	ક્રીસમીસ (બી વગરની)	૫૭
કુબી, કાકડી,બટાટા(દરેક)	૧૦	એપ્રિકોટ (ફળ)	૧૮૯૭

"Escarole" નામના શાકમાં ૬,૦૦૦, અને "annato" ના ઉકાળામાં ૨૮,૦૦૦ કહેવાય છે. એ વનસ્પતિઓ ગુજરાતમાં મળે છે કે નહિ તે કોઈ ખોળી કાઢશે?

દૂધની ચીજો		**માંસાદિ**	
માખણ	૧૪૦૦	લિવર	૨૮૦૦
ચીઝ	૧૪૦૦	કિડની	૨૩૦
મલાઈ	૧૪૦૦		
ઈંડાં	૫૫૦		
દૂધ	૬૫		

માછલીઓના તેલમાં એ સૌથી વધુ હોય છે. કૅાડલિવર ઑઇલના કરતાં ૩૫થી ૨૪૦ ગણું વધારે હેલિબટ માછલીના લિવરના તેલમાં છે. બંગાળાની માછલીઓની કેટલીક જાતો પણ આ દૃષ્ટિએ સારી છે. ઘીમાં ય તે લગભગ માખણના જેટલું જ છે.

વિટેમિન બી૧

નીચેના આંકડાનું ધોરણ સૂકા ખમીર (brewer's yeast)માં ૧૦૦ છે એમ માનીને બંધાયલું છે.

ઘઉંનું બીજ	૬૩	બી વગરની ક્રીસમીસ	૨૦–૨૫
વચલો ભાગ	૪૦	તાજાં અંજીર	૧૦
ભૂસું	૨૦		
કઠોળ	૧૩	બદામ કાજુ આદિ (Nuts)	૨૦–૪૦
કુબી	૫		
ટમેટાં	૫		
બટાટા	૫		
નારંગીનો રસ	૬		

વિટેમિન બી૨

પ્રોફેસર શર્મનના ધોરણ મુજબ, દર આઉંસેઃ

અનાજ–કઠોળમાં સ્વલ્પ.

બીટ, માથાનો ભાગ	૭૧	બટાટા	૬–૮
ગાજર, ,,	૫૭	ડુંગળી	૩–૪
મટર–સૂકા વટાણા	૨૮–૩૫	પાકાં કેળાં	૫૬·૭
પાલખની ભાજી	૨૮	નારંગી	૬–૧૮
કુબી	૧૪–૨૮	નાસપાતી	૧૪
ગાજર	૧૪–૨૧	સક્કરજન	૬–૭
ફુલ (કૅાલિફ્લાવર)	૧૪	તડબુચ	૩
		અંજીર	૮·૬—૧૪·૨

દૂધ	૧૧-૨૧ (દૂધમાં બી$_1$ નહિ જેટલું, પણ બી$_2$ સારું)
ઇંડાં	૨૮
બીફ-લિવર	૨૨૭-૨૮૪
ખમીર (યીસ્ટ, સૂકી)	૨૧૩-૪૨૫

વિટેમિનો **બી$_3$** ને **બી$_4$** હજી બહુ સ્પષ્ટ થયાં નથી. પણ તેઓ મુખ્યત્વે ઘઉંના બીજમાં, ખમીરમાં (**બી$_3$** અને **બી$_4$** બન્ને), અને પાલખ જેવી ભાજીઓમાં, દૂધ વગેરેમાં (**બી$_4$**) રહેલ છે.

વિટેમિન સી.

અનાજના કણમાં થોડુંક ; પણ પલાળી રાખ્યા પછી ફણગા ફૂટે ત્યારે વધે છે. કુબી વગેરેને ગરમ કર્યા પછી ય તેમાં તે વધે છે, એમ હમણાં માલૂમ પડયું છે.

મરચાં	૨૫	લિંબુ, નારંગી	૧૫
પાલખ	૨૫	સ્ટ્રૉબેરી	૧૦
કુબી	૨૦	કેળાં	૫
વટાણા-મટર	૧૫	પીચ	૫
ટમેટાં	૧૫	અનેનાસ	૬
ગાજર	૩	સફરજન	૫
ડુંગળી	૩	દ્રાક્ષ	૨
બટાટા, શકરીઆં	૩		

ઘોશ અને ગુહા(૧૯૩૫)ના અવલોકન મુજબ આ વિટેમિનના મુખ્ય ધારક ગણાયલાં લિંબુ-નારંગીના કરતાં લિચીમાં અઢીગણું વધારે વિટેમિન **સી** છે, લંગડા-કેરીમાં લગભગ ચારગણું વધારે છે, અને જામફળમાં લગભગ ૭ ગણું વધારે છે. દાક્તરો ગરીબોને ય મોસંબી-નારંગીના રસ ઉપર બિમારીમાં રાખવાનો હૂકમ કરે તે વખતે આ વાતની નોંધ લે. આપણાં ફળો તથા બીજા ખોરાકની આ દષ્ટિએ પરીક્ષા થવા લાગી છે એ સંતોષકારક છે, પણ હજી ઘણું કરવાનું બાકી છે.

વિટેમિન ડી.

પાંચ ઇંડાંમાં જેટલું વિટેમિન **ડી** છે લગભગ તેટલું કૉડ લિવર ઑઇલના એક ચમચામાં છે અને હેલિબટ ઑઇલનાં થોડાં ટીપાંમાં છે; અને ટ્યૂના લિવર ઑઇલમાં તો કૉડલિવર ઑઇલના કરતાં ય ૧૦૦થી ૭૦૦ ગણું વધારે છે.

બીજા ખોરાકોનું હજી નિશ્ચિત માપ થઇ શકયું નથી. અનાજ, ફળ ને શાકમાં તે લગભગ નહિ જેવું હોય છે. ઇંડાં, દૂધ વગેરેમાં વિશેષ હોય છે.

તે જ પ્રમાણે વિટેમિન ઈનું માપ તો હજી નહિ જેવું જ થયું છે.

૧૨

પાણી

સાધારણ ભાષામાં આપણે ખાન ને પાન બે જૂદાં ગણીએ છીએ, ને ખોરાકની અંદર પાણીને ગણતા નથી, છતાં ખરૂં જોતાં આહારના બધા તાત્ત્વિક અંશોમાં પાણી એ છેલ્લો ને સૌથી વધારે મહત્ત્વનો અંશ છે. ખોરાક વિના દિવસો, અઠવાડીઆં, ને મહિનાઓ લગી માણસો જીવ્યાં છે ને જીવે છે, પણ તદ્દન પાણી વિના થોડા દિવસોમાં જ તેઓનો કાળ થાય છે. અનુભવ તથા શાસ્ત્ર બન્ને એ વાત સ્વીકારે છે.

એનાં ઘણાં કારણો છે. એક તો એ છે કે શરીરની અંદર પાણીનું પ્રમાણ કેટલું છે: ૧૦૦ રતલ વજનવાળા માણસનો દેહ ૬૦થી ૭૦ રતલ પાણીથી જ બનેલો છે, એ વાત એ ભાઇને ચમકાવનારી લાગવાની જ. એ દૃષ્ટિએ શરીરરચનામાં જે સર્વ પદાર્થો છે તેમાં પાણી સાથી વધુ મહત્ત્વનું છે. જળની સાથે જીવનનો સંબંધ બહુ પુરાણો છે. જીવતા દેહના કોષમાંના સૌ પદાર્થોમાં પણ જળ જ સૌથી વધુ છે. આ બધું પાણી શરીરમાં કાંઈ એકસરખું વહેંચાઈ રહ્યું નથી. ચરબીમાં એક રીતે જળનું સૌથી ઓછું પ્રમાણ છે: તેથી વધુ મગજના શ્વેત પદાર્થમાં છે, તેથી વધુ બરોળ, કિડની, લોહી વગેરેમાં છે; તેથી વધુ હાડમાં, ને સ્નાયુમાં રહે છે. અલબત્ત, આ પાણી શુદ્ધ નર્યું પાણી જ નથી, કારણ કે ત્હેની અંદર ને તેની સાથે ઘણા ઘણા પદાર્થો મળેલા છે. શરીરના જે જે ભાગોમાં સૌથી વધુ ઝડપથી રાસાયનિક ફેરફાર ચાલતા હોય છે, તેમાં સૌથી વધુ પાણી હાજર હોય છે. આ ઉપરથી ધાવણાં ને ઉગતાં બાળકોને પાણીની વધુ જરૂર છે, એ પણ સ્પષ્ટ થાય છે, કેમકે એમના દેહમાં રાસાયનિક ફેરફારો ઘણા વધારે વેગથી ચાલે છે.

આપણા શરીરની અંદર પાણી જેવો સાદો પદાર્થ ખરેખર શી શી ક્રિયાઓ કરે છે, અથવા થવા દે છે, ત્હેનો પૂરો ખ્યાલ વિજ્ઞાનને હજી પણ નથી. પણ વિજ્ઞાન જેટલું જાણે છે તે, અપૂર્ણ હોવા છતાં, એના મહત્ત્વનો બહુ સરસ ખ્યાલ આપે છે: કોષોની અંદર તેમ જ અન્ય સ્થળોએ જે રાસાયનિક ક્રિયાઓ અન્નના પાચન, પોષણ તથા સમગ્ર જીવનને અંગે ચાલ્યાં કરે છે તે સર્વનું વાહન પાણી છે. પોષક તત્ત્વોને કોષમાં પહોંચાડવાં, મળોને બહાર કાઢવા, એ એનું જ કામ છે. ત્વચા તથા ફેફસાંમાંથી, પરસેવા તેમ જ શ્વાસની દ્વારા, જે જે પાણી બહાર નીકળે છે, તે પાણી શરીરની ઉષ્ણતાને નિયમમાં રાખનારૂં એક મુખ્ય સાધન છે.

ખોરાકમાં અન્ય પ્રવાહીઓના રૂપમાં તેમ જ સાદા પાણી તરીકે આપણે જેટલું પાણી લઇએ છીએ તે ઉપરાંત શરીરની અંદર, રાસાયાનક ક્રિયાઓને પરિણામે પણ બીજું ઘણું પાણી ઉત્પન્ન થાય છે. એવી ગણત્રી કરવામાં આવે છે કે પાચનમાર્ગની મુખ્ય નળીમાં કુલ ૬થી ૯ પાઈન્ટ જેટલું પાણી, પાચન દરમ્યાન, શરીરની જૂદી જૂદી ગ્રન્થિઓ વગેરેમાંથી આવી પડે છે: ને વળી પાછો આનો મ્હોટો ભાગ શરીરમાં જ ફરીથી ચૂસી લેવાય છે, જેથી મળ-મૂત્ર દ્વારા બહાર નીકળતું પાણી પ્રમાણમાં થોડું હોય છે.[૪૪]

શરીરના રક્ષણને અર્થે, સખ્ત કસરત કે શ્રમને વખતે, શરીર કેટલું પાણી ખુવે છે ત્હેનાં કેટલાંક અવલોકનો બોધપ્રદ છે. ૩ કલાકની મેરેથોનની દોડવાની શરત દરમ્યાન ૮॥ રતલ જેટલું વજન શરીરનું ઘટે છે; ૨૨-મિનીટની હોડી ચલાવવાની શરતમાં ૫॥ રતલ ઘટે છે, અને ૭૦ મિનીટની ફુટ-બોલની રમતમાં ૧૪ રતલ જેટલું ઘટી જાય છે, એવી વિશ્વાસપાત્ર નોંધ થયેલી છે. આપણે આવો શ્રમ ન કરતા હોઇએ ત્યારે આ ઘટાડો ઓછો હોય છે, પણ તે ચાલુ તો હોવાનો જ. તેથી જ આપણને રોજ પાણી પીવાની જરૂર પડે છે. "પુષ્કળ પાણી પીઓ" એ પોષણશાસ્ત્રનો પહેલો નિયમ—પહેલો આદેશ છે, એમ મેકકેરિસન કહે છે. સ્હવારમાં ઊઠતાવેંત જ એકલું પાણી પીવું, અથવા કશાની સાથે મળેલું પાણી પીવું—એ સૂત્રને ઘણા લોકોએ ટેવ જેવું જ કરી નાંખ્યું છે.

આપણા ખોરાકની ઘણી ચીજોમાં ય પુષ્કળ પાણી છે એનો ખ્યાલ આપણને ઘણી વાર નથી રહેતો. પ્રત્યેક વનસ્પતિ, શાક, ફળફૂલ વગેરેમાં પુષ્કળ પાણી રહેલું છે, ને રાંધ્યાથી

૪૪. Dr. Cathcart, "Nutrition & Dietetics," Benn's six penny Library, P. 31; MacCarrison, "Nutrition & National Health." P. 21-22.

ત્હેના પ્રમાણમાં થોડોક જ ફેરફાર થાય છે. માખણમાં ૮ ટકા, ને દૂધમાં—સારા દૂધમ ૮૫ ટકાથી વધુ હોય છે; ને ઘણીવાર દૂધવાળો ત્હમારી ઉપર મહેરબાની કરીને ૮૫ન ૯૦-૯૨ ટકા કે એની મોજમાં આવે તેટલા વધારે ટકા પણ કરી મૂકે છે!

આ બધું છતાં, જોકે આપણે ત્યાં કોઈ તરસથી મરી જતું નથી—અત્યન્ત ગંભીર માંદગી સિવાય–તો પણ શરીરને જોઈતું પાણી શરીરને ન અપાતું હોય એ બનાવ છેક અસાધારણ નથી. શરીરને પૂરતું પાણી ન મળે તો તેમાંથી માથાનો દુ:ખાવો, ભૂખનું મરી જવું, અપચો, આંતરડાની ક્રિયામાં ગડબડ, ગભરાટ (nervousness) તેમ જ કામ કરવાની શક્તિમાં હીનતા—એ સર્વ ચિહ્નો તથા પરિણામો ઉત્પન્ન થાય છે. બહુ ઝાડા થવાથી, બહુ ઉલટી કે ઉધરસ થવાથી ય શરીરના પાણીની અતિહાનિ થાય છે, ને ત્હેનાં માઠાં પરિણામો આવે છે. અતિ ખરાબ હાલતમાં તો પછી શરીર તથા ચામડી સૂકાઈ જાય, ને થાક–ઘેન–આંકડી વગેરે થાય.

૧૩
હવા, ઑક્સિજન ઈત્યાદિ

હવાને—ઑક્સિજન[૪૫] વાયુને તો કોઈ ખોરાકમાં ગણતું નથી. પરંતુ **મૅકકૅરિસનનું** કથન મ્હારા વિચારને અનુમોદે છે. પાણી વિના હજી ય થોડા દિવસ ખેંચી કઢાય, પણ હવા વિના તો થોડીક મિનીટમાં જ કાળ આવી જાય. એના વિના ન થાય આહારનું પાચન કે ન થાય પૂરી મળશુદ્ધિ. શરીરની ચાલુ પ્રવૃત્તિઓ સર્વ એને અધીન છે. સામાન્ય શ્વાસોચ્છ્વાસની ઉપરાંત પ્રત્યેક તન્તુને ઑક્સિજન પહોંચે, એ અત્યન્ત આવશ્યક છે. તે જ પ્રમાણે ખોરાકના તથા શરીરમાં ઉપજતા અન્ય પદાર્થોને "બાળી" નાંખવા, તેમાં રહેલી ગર્ભિત શક્તિ કાઢી શરીરની ક્રિયાઓને અર્થે તે વાપરવી, તથા નકામા તથા મળરૂપ પદાર્થોને બાળી ત્હેમને શ્વાસઆદિ દ્વારા બહાર કાઢવા—એ કામ પણ આ વાયુના વિના કદિ થાય નહિ. આપણી એકેએક શારીરિક ક્રિયાથી, સ્હેજ પણ હલનચલનની વખતે, સ્નાયુમાં હમેશાં "લેક્ટિક એસિડ", દહીંની ખટાશના તેજાબને મળતો તેજાબ, ઉત્પન્ન થાય છે; તે ત્યાં જમા થઈ રહે તો ત્હેની ઘણી પીડાકારક અસરો થાય છે, પણ ઑક્સિજન ત્હેને બાળી મૂકી, ત્હેની સઘળી શક્તિ હરી લઈ, તેમાંથી જળ અને કાર્બોનિક એસિડ ગૅસ નામનો વાયુ ઉત્પન્ન કરે છે, જેને આપણે સ્હેલથી આપણા નિ:શ્વાસની સાથે બહાર કાઢી નાખી શકીએ છીએ. જ્યારે જ્યારે શરીરને પૂરો પ્રાણવાયુ ન મળે ત્યારે ત્યારે શરીરની પ્રાણવંત ક્રિયાઓ સઘળી મંદ પડી જાય છે તથા શરીરમાં પ્રતિપળે ઉત્પન્ન થતા મળો ત્યાં ને ત્યાં જ સંચિત થાય છે; એને પરિણામે શરીરનું આખું ચેતન રૂંધાવા લાગે છે. તેથી જ ખોરાકનું પૂરેપૂરૂં પોષણ પામવાને માટે પણ જેટલી બને તેટલી ખુલ્લી સ્વચ્છ હવા તથા કસરત એ તદ્દન આવશ્યક છે.

આ ઉપરાંત આગળ કહ્યા પ્રમાણે સૂર્યપ્રકાશ તથા નિદ્રા બેઉ પણ પોષણને માટે, વિકાસ તથા આરોગ્યને માટે તત્ત્વત: આવશ્યક છે. પરંતુ તેઓને વિષે વધુ બોલવાને અહીં સમય કે સ્થળ નથી.

આહારનું પોષણદાયક એકેએક અંગ અનેક વ્યાખ્યાનો તથા લેખમાળાઓ માગી તથા ભરી શકે એમ છે. તેઓ સંબંધી ઉપર જે કાંઈ સંક્ષેપમાં કહ્યું તેમાં એક બીજી વાત

૪૫. એ સુવિદિત છે કે હવાનો મુખ્ય ભાગ ઑક્સિજનનો નથી, છતાં ખરો તાત્ત્વિક તો એ જ છે. એને ગુજરાતીમાં પ્રાણવાયુ કહીએ તો તદ્દન યોગ્ય છે. કારણ અંગ્રેજી નામમાં જે ભ્રમ છે કે તે અમ્લતાજનક છે, એ ભ્રમને નિવારી, આપણે એનું યથાર્થ નામ પ્રાણક્રિયાને સૂચવનારૂં દઇ શકીએ છીએ.

ઉમેરવાની બહુ જરૂર છે. તે એ કે આહારના અંગોનો કેવળ છૂટો છૂટો જ વિચાર કરવો એ સમજણ લેવાને માટે ઠીક છે, પરંતુ વસ્તુતઃ, આગળ અનેક વાર સૂચન કર્યું છે તેમ, પ્રત્યેક અંગ પોતાનું પૂરેપૂરૂં પોષણ ત્યારે જ આપી શકે છે જ્યારે બાકી રહેલાં સર્વ અંગો પણ ઉચિત પ્રમાણમાં હાજર હોય. ઉપર વર્ણવેલાં સર્વે અંગો યોગ્ય રૂપમાં ને પ્રમાણમાં ખોરાકમાં આવ્યાં કરે ત્યારે જ પ્રત્યેક પોતાનો ખરો ફાળો આપી શકે છે. આહારના આ સમગ્ર રૂપનો ખ્યાલ મહત્ત્વનો છેઃ વિજ્ઞાનશાસ્ત્રીઓ પણ કેટલીક વાર એને વિસરી ખોટા તર્ક કરી બેસે છે. પ્રોફેસર મિચલ આ જાતના સમતોલ ખોરાકનું વિવરણ બહુ સારી રીતે કરે છે.[૪૬]

ખોરાકની પસંદગીની બાબતમાં, ઉપરનાં પોષણદાયક તત્ત્વો ઉપરાંત બીજાં પણ ઘણાં તત્ત્વો રહેવાં જોઇએ. તેમાં સ્વાદ, આકર્ષક (મ્હોમાં પાણી લાવે એવો) દેખાવ કે સુવાસ તથા પરાપૂર્વની જૂની ટેવોને અનુકૂળતા, એ મુખ્ય છે. વૈદ્યકીય અભિપ્રાય તેમ જ આપણો અનુભવ એકસરખી સાક્ષી પૂરે છે કે આ માનવ અંગોની ઉપેક્ષા કે તિરસ્કાર કર્યાથી કેવળ પોષક અંગો એકલાં જ સંપૂર્ણ પોષણ આપી શકતાં નથી. માટે સારો ને પુષ્ટિકારક આહાર ભાવતો કેમ કરવો એ પોષણશાસ્ત્રીનો તેમજ રસોઈની ઉપરના અધિષ્ઠાતા–અધિષ્ઠાત્રીનો એક મ્હોટો કોયડો છે.

૧૪
ગુજરાતી આહાર

આગળ કહ્યું છે તેમાં ઘણું એવું છે જે સ્પષ્ટપણે ગુજરાતના આહારને સ્પર્શ કરે તથા ગુજરાતના આહારની ઉપર પ્રકાશ નાંખે.

અલબત્ત, ગુજરાતી આહાર કાંઈ એક જ કે એકસરખો જ નથી. કવિ **નર્મદની** વિશાળ ને વ્યાજબી વ્યાખ્યા પ્રમાણે ગુજરાતીઓની અંદર હિન્દુઓ ઉપરાંત મુસ્લીમ ભાઈઓ, પારસી ભાઈઓ તથા ઇસાઈ ભાઈઓ પણ આવી જાય છે. શબ્દ કે અર્થની ઉપર કે આભડછેટની લાગણીની ઉપર ગમે તેટલો બળાત્કાર કરીએ તો પણ એ સર્વ ગુજરાતીઓનો આહાર એક છત્રની તળે કદિ આવી શકશે નહિ. તેમાં વળી પશ્ચિમના સમાગમથી કેટલાકોના આહારમાં વિવિધ પાશ્ચાત્ય અંશો પણ દાખલ થયા છે. કોઈ સારા ને કોઈ ખોટા. વળી ગુજરાતીનો ને કાઠિયાવાડીનો ખોરાક જૂદો, ને ગુજરાતમાં ય જેમ સુરત–વડોદરા–અમદાવાદના સામાન્ય ખોરાકોમાં ભિન્નતા દેખાય, તેમ કાઠિયાવાડમાં ય ભાવનગર–જૂનાગઢ–જામનગરના ખોરાકો જૂદા પડી જાય. વળી શહેરોના ને ગામડાંઓના ખોરાક જૂદા, નાતનાતના જૂદા, ગરીબ–મધ્યમ–તવંગરના જૂદા, ઘર–વીશી–હોટલોના જૂદા જૂદા, ઋતુ-ઋતુના જૂદા, ને વય પ્રમાણે–ધંધા પ્રમાણે ય ખોરાકો કેટલેક અંશે જૂદા પડવાના. આ પ્રત્યેક પ્રકારના આહારની આંકણી જ્યાં લગી થાય નહિ, ખર્ચની નજરે તેમ જ પોષણની નજરે તે તપાસાય નહિ, ત્યાં લગી ગુજરાતના આહારની ઉપર જ્ઞાનપૂર્વક તથા ભવિષ્યને માટે માર્ગદર્શક થાય એવી રીતે કોઈ બોલી શકે નહિ.

---

૪૬. "Utilization of any food nutrient for any purpose in the animal body requires the simultaneous presence of all other nutrients required for that purpose. And for the most complete sustained utilization of any food nutrient, the proportions in the diet of it and of all other required nutrients must attain or exceed certain minimum values.......The completly balanced et w promote growth most effeciently."—Mitchell.

પરંતુ સામાન્યં રીતે જો આપણે એમ સ્વીકારીએ કે ઘઉં, બાજરી, દાળો, ચોખા આદિ અનાજ, શાકપાન ફળ ને દૂધ, તથા દૂધમાંથી બનતાં ઘી. દહીં, છાશ, માખણ ઈત્યાદિ સર્વ, સામાન્ય ગુજરાતી ખોરાકની અંદર સમાય તો આપણે આપણા ખોરાકને હિન્દના વિવિધ આહારોમાં મધ્યમ કહી શકીએ. એક છેડાના દક્ષિણવાસીઓની પેઠે કેવળ "ભાતખાઉ" આપણે બન્યા નથી, ને બીજા છેડાના ઉત્તરવાસીઓ–પંજાબીઓની પેઠે આપણે ભાતનો ત્યાગ પણ કર્યો નથી, તેમ જ ત્રીજા છેડાના પૂર્વવાસીઓની માફક આપણે માત્ર ડાંગર ને માછલી ઉપર પણ રહેતા નથી. ખરે હિન્દુ–ગુજરાતી આહારનાં બે લક્ષણો કદાચિત્ એ જ કહી શકાય કે માંસ–મત્સ્ય–ઇંડાં આદિનો ત્યાગ, ને તે સિવાયના નિરામિષ આહારમાંના સર્વનું ગ્રહણ. લગભગ સર્વ પ્રકારનાં અનાજ, કઠોળ, શાકપાન ને ફળ આપણને સુલભ છે; કાં તો આપણા કુશળ ખેડૂતની દ્વારા આપણી ગુર્જરભૂમિ તે આપે છે, નહિ તો આપણા એવા જ કે એથી ય વધુ કુશળ વેપારીઓની દ્વારા અન્ય ભૂમિઓ તે પૂરા પાડે છે. આ ઉપરાંત દૂધ ને દૂધના અન્ય ખોરાકો–મીઠાઈઓ સહિતના–પણ પુષ્કળ વપરાય છે, જો કે જોઈએ તેટલા તો નહિ જ.

આ સર્વ ચીજો ઉચિત પ્રમાણમાં મેળવાય તથા જોઈએ તેટલા વજનમાં વાપરી શકાય તો તે ખોરાકનું ધોરણ ઘણું સારૂં છે, અને ત્હેને છોડીને અન્યનું ગ્રહણ કરવાની જરૂર નથી, એમ આજનું આહારવિજ્ઞાન તથા પોષણશાસ્ત્ર આપણને કહી શકે. પણ સમસ્ત ગુજરાતને માટે બોલીએ ત્યારે આવા સમુચિત આહાર રોજે કેટલા ગુજરાતીઓને મળી શકે છે, એનું પ્રમાણ શોધવાની જરૂર છે. એથી ય વધુ જરૂર એની છે કે જે મ્હોટા ભાગને આવા યુક્તાહાર નથી મળી શકતા, તેઓને તે બને તેટલા મેળવી આપવામાં પગલાંનો વિચાર થાય. રશિયાની સંયુક્ત સોવિયેટની સરકાર જાહેર કરે છે કે "Needs, and not income, must determine nutrition" "હાજતોએ, નહિ કે આવકે, પોષણ નક્કી કરવું જોઈશે." એ વિચાર હજી આપણે ત્યાં સમજાયો નથી.

ગરીબ તથા મધ્યમ વર્ગને પોતાના પોષણમાં કીયાં તત્ત્વો ખૂટે છે ત્હેનું જ્ઞાન નથી, ને તે મેળવવાનાં સાધન પણ નથી; ત્યારે સ્વાભાવિક રીતે ધનાઢ્ય કુટુમ્બોમાં સ્વાદ, દેખાવ, ફેશન, મ્હોટાઈ વગેરેનો પ્રભાવ આહારની પસંદગીની ઉપર બહુ પડે છે: અથવા તો ખોરાકની પસંદગી તેઓને જ અધીન છે.

તો પણ કેટલાંક ગુજરાતનાં વર્તમાન વલનો સૌ જોનારાને પ્રત્યક્ષ છે. એક વલન ચ્હાના વધતા જતા ઉપયોગનું છે. વચ્ચે થોડા સમય પૂર્વે, મહાત્માજીના આદેશથી ચ્હાનો પ્રચાર ઘટી ગયો હતો. હજી કેટલાકોએ ચ્હા છોડેલી તે છોડી રાખેલી જ છે. હું પોતે ચ્હાનો એવો વિરોધી નથી. પરંતુ આપણે ત્યાં જ્યાં ને જ્યારે દૂધ તથા છાશ પીવાતાં ત્યાં ને ત્યારે હવે ચ્હા આવી, ને દૂધ–છાશ જેવા ઉત્તમ આહાર નીકળી ગયા એ બહુ જ હાનિકારક છે એ આખી પ્રજાને જાહેર કરવું જોઇએ. દૂધ એ સર્વ આહારોમાં અનુપમ છે. એ આ વ્યાખ્યાનના આગળના ભાગો ઉપરથી સ્પષ્ટ થયું હશે. એમાં લગભગ સર્વ પોષક તત્ત્વો, સહેલાઈથી પચી શકે તેવા રૂપમાં, ને જોઇએ તેટલા પ્રમાણમાં છે. દૂધ જે આપણામાંથી એકે એકનો પ્રથમ આહાર થયેલ ત્હેનામાં એટલા ગુણ છે કે તે અન્ત લગી પણ આપણને કામ આપે. દૂધ ને છાશની જગ્યા ચ્હા કદિ ય ન લઇ શકે. ચ્હાની મના કરવી એના કરતાં દૂધ તથા છાશનો પ્રચાર વધારવો, એ ખરૂં ક્રિયાત્મક તથા કલ્યાણકારક આન્દોલન થાય. મહાત્માજી

જોવાને માટે પણ એ જરા ય અણઘટતું નથી, બલ્કે હ્યાનો નિષેધ તદ્દન તાત્કાલિક તથા વ્યર્થ જેવો થઈ ગયો છે, ત્હેને બદલે દૂધ–છાશની સ્થાપના ફરીથી ચિરકાળને માટે એમને હાથે થઈ શકે.

એવો બીજો દાખલો ઘીને બદલે "વનસ્પતિનાં ઘી" વાપરવાનો છે. ઘીની જગ્યા બનાવટી 'ઘી' તળવામાં લઈ શકે પણ પોષણમાં નહિ લઈ શકે. વળી મોસમ મોસમનાં તાજાં શાક ને ફળ આપણે ત્યાં જેટલાં વપરાતાં તે હવે શહેરોમાં ઓછાં થયાં જણાય છે, એ પણ સારૂં વલન નથી. શાકપાન ફળ પ્રત્યેકના આહારમાં રોજે આવવાં જોઈએ.

કુદરતી સારા પાકથી નિપજેલ ખોરાકમાં જે પોષણ હોવું જોઇએ તેટલું ઘણી વાર ખાનારને મળે નહિ ત્હેનાં અન્ય કારણોમાં ખેતીની ખામીઓ તથા મુશ્કેલીઓ, વાહનોની તથા વહનની મુશ્કેલી તથા વિલમ્બ, કોઠારની ખામીઓ જેથી પદાર્થ વાસી થઈ જાય–કે સડી જાય; તેમ જ જમવાને માટે રાંધવાની અથવા તૈયાર કરવાની રીતિની ખામીઓ–ઇત્યાદિ પણ વિચારવા યોગ્ય છે. બીજી સર્વ કાળજી હોય છતાં આમાંની કોઇ એક વાતમાં પણ સંભાળ ન લેવાય તો પોષણના તત્ત્વોમાં બહુ ઘટાડો થાય કે પૂરો નાશ પણ થાય, ને વિપરીત તત્ત્વોની ઉત્પત્તિ પણ થાય. આમાં ઘણા વિષયના પ્રશ્નો ઉપસ્થિત થાય છે, ને તેમાંના કેટલાક આપણા રાષ્ટ્રીય જીવનની બીજી ઘણી બાજુઓને સ્પર્શ કરે છે. પરંતુ ખોરાક રાંધવાની બાબતમાં–રસોઈ કરવાની કળા તથા શાસ્ત્રના સંબન્ધમાં એ વધુ બોલ કહેવાની અહીં જરૂર છે.

આ વિષય અત્યારે બહુ વિસારે પડાયલો છે. અભ્યાસ, કળા, તથા શાસ્ત્ર એ ત્રણે અત્યારે રસોઇમાંથી જાણે છૂટાં પડી જતાં લાગે છે. પરંતુ ત્હેને શાળાઓના તથા ઘરના શિક્ષણમાં ફરીથી દાખલ કરવાની જરૂર છે. રસોઇ કરવાના–ખોરાકને રાંધવાના મુખ્ય ઉદ્દેશ ત્રણ છેઃ ૧. ન ભાવે એવું હોય તે ભાવતું થાય, ને રસ–રૂપ–ગન્ધ આદિ વડે ઇન્દ્રિયોને આકર્ષે ૨. ચાવવાનું સ્હેલું થાય અને પચાવ પણ સ્હેલો ને વ્હેલો થાય. ૩. ઝેરી પદાર્થો તથા અતિસૂક્ષ્મ જીવો હાજર હોય તો તેઓનો નાશ થાય.[૪૭]

આ દૃષ્ટિએ મ્હારા અવલોકન પ્રમાણે આપણા દેશમાં રસોઈની કળા બહુ જ સારી ખીલી છે. હિન્દના જૂદા જૂદા પ્રાન્તોમાં સ્થળે સ્થળે એનું મ્હને વારંવાર સરસ દર્શન થયેલું છે તો પણ મ્હારો અનુભવ–પક્ષપાત વિના–એવો છે કે ગુજરાતમાં આ કળા, (નિરામિષ આહારને માટે જ હું કહી શકું)[૪૮] ઘણે અંશે શ્રેષ્ઠતાને પામી છે. એમાં નવી વાનીઓ હજી દાખલ થઈ શકે, ને બીજા સુધારાઓ–કળા–સ્વાદ–આરોગ્ય–પોષણ આદિની દૃષ્ટિએ–ઘણા થઈ શકે, પરંતુ એમાં આજે પણ સદંશો, વિવિધતા તથા પોષકતા પુષ્કળ છે, એમ મ્હારી ખાતરી છે.

આપણે ત્યાં બિસ્કીટનો, તથા થોડે અંશે ચોકોલેટ વગેરેનો, પ્રચાર સારો ચાલવા માંડયો છે. મ્હને એમ લાગે છે કે આપણે ત્યાં અંગ્રેજી બ્રેડ–પાઉં અથવા ડબલ રોટી–નો પ્રચાર પણ થઇ શકે તો ઘણું સારૂં. એને સારી રીતે સારા ઘઉંમાંથી બનાવાય તો એ પોષણમાં તેમ જ સ્વાદમાં ઘણી સારી છે.[૪૯] તેમ એની સાથે માખણ લેવું પડે, એ વધુ ફાયદો છે; બીજી રીતે ખરાબ ઘીને બદલે રોજના તાજા, ફાવે તો ઘરના, માખણનો

૪૭. સરખાવો Dr. Cathcart "Nutrition & Dietetics," 77.

૪૮. જો કે આમિષાહારી મ્હારા મિત્રો પણ એકંદરે અંગ્રેજી કરતાં હિન્દની રસોઈની કળાને બહુ ચઢીઆતી માને છે. ૪૯. હિન્દુઓ ચાહે તો હિન્દુઓ પોતે "હિન્દુ–બ્રેડ" બનાવી શકે.

ઉપયોગ થાય એ પણ વધારે સારૂં છે. આઇસ્ક્રીમનો વધુ પ્રચાર આનન્દદાયક ગણાય, જો એમાં ભેળસેળ થતો ન હોય અને ગંદાપણું રહેતું ન હોય તો : સાધારણ ગુજરાતી 'હોટેલ'નું આઈસ્ક્રીમ આ બે દુર્ગુણોથી મુક્ત હોતું નથી. દૂધને જેમ વધુ ઉકાળીએ તેમ એમાંનું વિટેમિન સી ઉડી જાય છે, ને અન્ય રીતેય પોષકતા ઓછી થઇ જાય છે. બટાટા તથા સક્કરજન–એ બન્નેની છાલમાં પોષક તત્ત્વો વધારે છે, પણ આપણે એમને છાલ સહિત ખાઈએ તો જંગલી ગણાઈએ માટે તે કાઢી નાંખીને આપણે સફાઇને ખાતર પોષણ ખોઈએ છીએ. ખાંડના કરતાં ગોળ બહુ વધારે ગુણકારી છે, પણ સફેદ રંગનો મોહ આપણી ઉપર જેવો તેવો નથી, ને ગોળ હવે આપણાં ઘરોમાંથી લગભગ દેશનિકાલ થવા માંડયો છે. શાકને બાફીને એનું પાણી કાઢી નાંખવાની વિલાયતી રીત અનિષ્ટ છે, કારણ કે એ પાણીમાં ક્ષારો ને વિટેમિનો ચાલ્યાં જાય છે. તે જ રીતે ભાતના ઓસામણનું સમજવાનું. કલાઈવના હાથ નીચે દેશી સિપાઈઓ ભાત ગોરાઓને ખવરાવી ઓસામણ ઉપર જીવી આર્કોટને ટકાવી રાખવામાં સફળ થયા હતા, એ ઐતિહાસિક વાર્તા અનેક રીતે રસપ્રદ ને બોધક છે.

ખોરાકમાં સૌથી પહેલું ને છેલ્લું સૂત્ર રુચિ સંતોષકતાનું છે. ખોરાક ખાનારને ભાવતો હોવો જોઇએ. રાંધવાની પીરસવાની ઉપર પણ આ ભાવનો આધાર ઘણો રહે છે. જીંદગીમાં કેટલાક ખોરાકનો પ્રથમ સમાગમ જ એવો નિવડે છે કે તે હમેશાં ભાવતો થઈ જાય છે: કે તેથી વિપરીત હોય છે ત્યારે તે તરફ હમેશાં સૂગ ને અણગમો રહી જાય છે, જે ઘણીવાર જન્મારા લગી જતાં નથી.

ભાવતો ખોરાક જેમ વધુ ખવાય છે, તેમ તે વધારે પ્રમાણમાં પાચક રસોને ઉત્પન્ન કરતો હોવાથી વધારે સારી રીતે હજમ થાય છે. પૂરૂં ને સ્હેલું પાચન થાય તો એમાંથી પોષણ પણ વધારે મળે.

ભાવ–સ્વાદ–રુચિ ઉપરાંત મનની પ્રસન્નતા–શાન્તિ વગેરે પણ પોષણને સહાયક છે. ક્રોધ, ભય. ચિન્તા, ઈત્યાદિ મનોવિકારો પાચક રસોને રોકે છે, ન્યૂન કરે છે, ને તેથી પાચનક્રિયા વિલમ્બિત કે અપૂર્ણ થાય છે.

"रुचीनां वैचित्र्यं" એટલું સુવિદિત છે કે કવિએ કહ્યું છે કે,

दधि मधुरं मधु मधुरं द्राक्षा मधुराः सुधाऽपि मधुरैव।

तस्य तदेव हि मधुरं यस्य मनो यत्र संलग्नम् ॥

જેવું રુચિઓનું વૈચિત્ર્ય ને વૈવિધ્ય : તેટલું જ વૈચિત્ર્ય ને વૈવિધ્ય વ્યક્તિઓની પોતપોતાના પોષણ માટેની આવશ્યકતાનું છે. તેથી ઉપસંહારમાં ડૉ. કૅથકાર્ટની સાથે[૫૦] સંમત થઈશું કે

૧ આહાર એવો હોવો જોઇએ કે તે શરીરને જેટલી શક્તિ જોઇએ તેટલી આપી શકે એટલો પુષ્કળ હોય.

૨. આહાર એવો હોવો જોઈએ કે તેમાં પોષણનાં સર્વ અંગો ઉચિત પ્રમાણમાં સમાયાં હોય.

૩. આહાર જેમ બને તેમ ભૂખ લગાડે એવો રુચિકર હોવો જોઇએ.

૪. આહાર વંશ તથા જાતિની જે પુરાણી ટેવો હોય ત્હેને, બને ત્યાં લગી અનુકૂળ હોવો જોઈએ.

---

૫૦. Cathcart, ibid. p. 78.

શ્રી ફાર્બસ ગુજરાતી સભા

ત્રૈમાસિક

વ્યવસ્થાપક સમિતિ

સંપાદક:

અંબાલાલ બુલાખીરામ જાની, બી. એ.

Vol. 2

1937-38

સૂચના:—પરિવર્તન અર્થે માસિકો આદિના તેમ અભિપ્રાય અને ભેટ અર્થે પુસ્તકો મોકલનાર વ્યવસ્થાપકોએ તથા પત્રવ્યવહાર કરનારાઓએ નીચેને શરનામે પત્રવ્યવહાર કરવો.

અંબાલાલ બુલાખીરામ જાની, બી. એ.

૩૬૫, શ્રી ફાર્બસ ગુજરાતી સભામંદિર

વિઠ્ઠલભાઇ રોડ, કોંગ્રેસ લેઇન, મુંબઈ નં. ૪


અનુક્રમણિકા

પુ૦ ૨ એપ્રીલ-જુન : ૧૯૩૭ અંક ૧

ગ્રાહકનાં નામ નોંધાવવાનાં અને લવાજમ ભરવાનાં સ્થળ:

૧. અંબાલાલ બુલાખીરામ જાની ૩૬૫, શ્રી ફાર્બસ ગુજરાતી સભામંદિર વિઠ્ઠલભાઈ રોડ, કોંગ્રેસ લેઈન, મુંબઈ નં. ૪.

૨. મેનેજર: "આદિત્ય મુદ્રણાલય" રાયખડ : અમદાવાદ



નરસિંહરાવ ભોળાનાથ દીવેટીઆ

[ગુ. વ. સો. ના સૌજન્યથી.]

શ્રી ફાર્બસ ગુજરાતી સભા

ત્રૈમાસિક

प्रकृते परिकर्माणि कालसुप्तानि सर्वशः ।
बुद्धया प्रज्वलितः शुद्धो दीपोऽयं द्योतयिष्यति ॥

પુસ્તક ૨ જું] ઈ. સ. ૧૯૩૭ : એપ્રીલ–જુન : સંવત ૧૯૯૩ [અંક ૧

સત્સાક્ષર સ્વ. નરસિંહરાવભાઈને અંજલિ

કવિકુલગુરૂ કાલિદાસની मरणं प्रकृतिः शरीरिणां विकृतिर्जीवितमुच्यते बुधैः એ સદુક્તિ પ્રેરે છે તેમ, તેમ જ मृत्युरप्युत्सवायते એ સત્સિદ્ધાન્ત પ્રબોધે છે તેમ, કર્તવ્યસમુદ્રને સત્પ્રવૃત્તિઓ અને સત્કાર્યો રૂપી નૌકાથી તરી જનારા, 'મૃત્યુ મરી ગયું રે લોલ' એ સત્સંગીતને ગુંજનાર–ગુંજાવનાર સત્પુરૂષના મરણ માટે, અને તેય જીવનની લગભગ ચાર વીશીઓ વટાવનાર, સતત અને સંતત સદ્ભાવે સાહિત્યની સંશુદ્ધિ અને સંવૃદ્ધિ અર્થે ચિંતન અને મથન કરનાર, વિરોધી–તેજોદ્વેષી ટીકાઓ અને આક્ષેપોને લેખામાં નહીં લેતાં ૫૫–૫૭ વરસોના સુદીર્ઘ સમયાવધિ પર્યંત સાભિનિવેશ સાહિત્યસેવા આદરનાર, કૌટુમ્બિક ખેદભર્યા અને આનંદપ્રમોદને હણનારા તેમ જ લગભગ એકાકી જીવન ગાળવાના દુ:ખભર્યા શોકપ્રસંગો ઉપરાઉપરી બનવા છતાં અને શારીરિક અસ્વસ્થતાનાં કષ્ટભર્યાં આક્રમણો થવા છતાં, ટુંકમાં આધિ, વ્યાધિ અને ઉપાધિ–એ ત્રણેય બાધાઓ–નાં ઘેરાં આવરણો આવરાયાં હોવા છતાં, શાન્તિ અને સ્થૈર્યથી, સ્વકર્તવ્ય કરી ચૂકયાના આત્મસંતોષથી, મરણને સામે મ્હોંયે ભેટનાર, આપણા પૂજ્ય સમર્થ, સત્સાક્ષરશ્રી **નરસિંહરાવ ભોળાનાથ દીવેટીયા**ના અવસાન માટે અતીવ શોક કરવો, એ એક દૃષ્ટિએ–રીતિએ શોભતું તો ન લેખાય, પરંતુ બીજી લૌકિક દૃષ્ટિથી જોતાં આપણે જ્યાં સુધી વિવિધ સંસારસમાજવ્યવહારોમાં રચીપચી રહેલા છીએ, જ્યાં સુધી અનેક વ્યાપારો આપણી પુંઠે લાગેલા જ છે, અગર કહો કે જ્યાં સુધી આપણે એ વ્યવહારવ્યાપારોથી ગ્રસાયલા છીએ ત્યાં સુધી એવા સત્પુરૂષના મૃત્યુપ્રયાણથી, તેમના અવસાનથી, તેમની સત્પ્રવૃત્તિઓના અદર્શનથી આપણને, આપણા સાહિત્યને, આપણા સમાજને ગયલી દીસતી ભારે ખોટથી આપણને ગંભીર શોક અને ખેદ થાય, અને તેથી આપણે આપણી ઉત્કટ શોકલાગણીઓને પ્રકટ થવાનો અવકાશ આપીએ, એમાં કશુંયે ખોટું નથી, ઉલટું કુદરતી છે. અલબત્ત એ દ્વારા આપણે એ સત્પુરૂષનાં સલ્લક્ષણોનાં, સદ્ગુણોનાં, અને સત્કાર્યોનાં સંસ્મરણો પ્રસ્તુત કરી, તેમાંથી કર્તવ્યપ્રેરણા–વેગ મેળવતા આપણી શ્રાદ્ધાંજલિઓ તેમને સમર્પીએ છીએ, એ પણ સમુચિત જ છે, સત્કાર્ય જ છે.

ગુજરાતે, અતિવિરલ પ્રમાણમાં, યાવજ્જીવ સાહિત્યસેવામાં અભ્યાસ, ચિન્તન અને સંવર્ધનપ્રવૃત્તિથી સુદીર્ઘ જીવન સમર્પનાર, જે સ્વલ્પ સત્સાક્ષરો પ્રકટાવ્યા છે, તેમાંના એક સાક્ષર શ્રી. નરસિંહરાવભાઈ હતા; સન્નિષ્ઠ, ઉત્કૃષ્ટ સાહિત્યસેવી હતા. ગુજરાત તથા ગુજરાતી સાહિત્ય તેમના વડે પોતાને ગૌરવાન્વિત માનતાં હતાં. તેમણે ગુજરાતી સાહિત્યના એક જ અંગને પકડી તેને સંસિદ્ધિસહ વિકસાવવામાં સંતોષ માન્યો નથી. પણ તેનાં વિવિધ અંગોને વિકસાવતા–વિશુદ્ધ કરતા વિહર્યા–વિલસ્યા છે. તેમનો જમાનો જ અભ્યાસ અને પરિશીલનમાં એક કર્તવ્યનિષ્ઠ આત્માને નિમજ્જિત રહેવાનું બલ અને સ્થૈર્ય આપનાર હતો. સાહિત્ય–વાઙ્મય–નાં અનેક અંગોના ઊંડા અભ્યાસ–વિમર્શન પછી જ તે તે અંગને સંશુદ્ધ, સમૃદ્ધ અને સંવૃદ્ધ કરવાને તેમણે લેખિની પકડી હતી અને એ કર્તવ્ય યાત્સ્વચ્છકચ પાર ઉતાર્યા પછી તેને છોડી હતી. તેમણે તેમાં આરામ–વિરામની દરકાર કરી નથી; કદર–પ્રશંસાની વાંચ્છા સેવી નથી, ધનની લાલસા પોષી નથી. તેમણે વિશિષ્ટ અર્થમાં જેને સાહિત્ય કહેવામાં આવે છે તેના વિકાસ અર્થે સ્વશક્તિ રોકવા ઉપરાંત સંગીત, અભિનય આદિ વિદ્યા–કલાઓ પાછળ પણ શક્તિ યોજી હતી. તેઓ ભાષાશાસ્ત્ર, કાવ્ય, નાટક, તત્ત્વજ્ઞાન આદિ વિવિધ અંગોના નિષ્ણાત લેખક અને વિવેચક હતા, તદુપરાંત તેની સંશુદ્ધિ અર્થે કટ્ટરપણે ઝઝુમતા જાગતાજોધ ' ચર્ચાપત્રી ' પણ હતા.

વ્યાકરણ અને ભાષાશાસ્ત્રનું વિવેચન તો એક રીતે કહીએ તો તેમની સાહિત્યસેવાનું વિશિષ્ટ, આભિનિવેશિક લક્ષણ હતું. સને ૧૮૮૦થી અવસાન પર્યંત તેઓ વ્યાકરણ, વ્યુત્પત્તિ, જોડણી અને ભાષાશુદ્ધિના વિષયોનાં નિરૂપણોને ચિવ્વટપણે વળગી રહ્યા હતા. એ વિષયોમાં તેઓ ઘણાક જૂના–નવા વિદ્વાનો અને અભ્યાસીઓની અપ્રિયતા વહોરીને પણ પોતાને જે સત્ય લાગતું તે બેધડક કહેતા અને તે પળાવવા સચેત સાવચેતી પણ સેવતા.

તેઓ આ વિષયમાં જ નહીં. પણ અન્યાન્ય સાહિત્યપ્રવૃત્તિઓ સંબંધમાં પણ પોતાને જે કાંઈ અનુચિત કે વિકૃત લાગતું તે કહેતા ત્યારે જ જંપતા. તેઓ તેમાં કોઈની–કાં સુપ્રતિષ્ઠિત કે કાં સુતેજસ્વી વ્યક્તિની–શેહમાં તણાયા નથી, પણ ઉલટી શેહ આપી, કેટલાકોનાં મુખ બંધ કર્યાં છે. માસિકો અને સાપ્તાહિકોના આવા વિષયોના લેખકો સચિંત અને સચેત રહી, પોતાનાં ચિન્તનો નિરૂપતા અને શ્રી. નરસિંહરાવભાઈનું તે સંબંધી વિવેચન નથી આવ્યું કે નથી આવવાનું એમ જાણતા ત્યારે શાન્તિનો શ્વાસ લેતા.

તેમના ભાષાશાસ્ત્ર, વ્યાકરણ, વ્યુત્પત્તિ, જોડણી આદિ વિષયો સંબંધી લેખો, નિબંધો, વ્યાખ્યાનો અને ચર્ચાપત્રોનો સંગ્રહ એકત્રિત કરવામાં આવે તો તે અભ્યાસીઓને બહુ જ ઉપયોગી થવા ઉપરાંત તેઓના આ દિશાના મહાન કાર્યની વિપુલતા અને પ્રખર અભ્યાસશીલતાનો નવવિદ્યાવાનોને પ્રશંસાત્મક પરિચય કરાવનાર માર્ગદર્શક પણ નીવડે; ઉપરાંત હિન્દના અન્ય પ્રાંતોના પ્રવીણ ભાષાશાસ્ત્રીઓની પંક્તિમાં તેઓ ઉચ્ચ અને યશોજ્જ્વલ અગ્રપદ ધરાવી શકે એવા સમર્થ હતા તેની પણ પ્રતીતિ કરાવે. વરસોથી અપ્રાપ્ય થયલાં પુસ્તકો, પુસ્તિકાઓ, માસિકો અને સાપ્તાહિકોમાં સીંચાઈ રહેલું તેમનું એ વિપુલ સાહિત્ય અવશ્યે પ્રકાશનીય છે; અને એ એમનું સમુજ્જ્વલ સ્મારક થઇ પડે એમ છે.

કાવ્યસાહિત્યની ઘટનામાં તો તેઓ એક રીતે અજોડ અને પ્રતિભાશાળી હતા. આંગ્લ કાવ્યસાહિત્યના તેમ જ સંસ્કૃત અને ગુજરાતી સાહિત્યના પણ તેઓ ઊંડા અભ્યાસી હતા.

અને એ ભૂમિ ઉપર બંધાતી જતી ગુજરાતી નવકવિતાના સમર્થ સૃષ્ટા હતા. તેમનાં કાવ્યોનાં દેહ અને અંગો આપણાં આર્યહૃદયને પરિચિત વિચારો, ભાવનાઓ, અને લક્ષણોથી સુગઠિત હતાં. તેઓ શાસ્ત્રતંત્રતાના અભિમાની પ્રતિપાદક હતા. તેઓ કાવ્યોની ઘટનામાં અઘટિત છૂટ લેતા નહતા, તેમ બીજા કવિઓ લે તો તે સામે વિરોધ જરૂર કરતા. તેઓ પિંગળ અને સંગીતના અભ્યાસી હોઈ તેમનાં કાવ્યોએ માપ અને તાલનાં બંધનો ત્યાગ્યાં નથી. શબ્દોની પણ તોડફોડ કે અલંકારાદિની અસંગત વિરૂપતાને અપવાની જ નથી. રસ અને કલાના તેઓ જ્ઞાતા હતા, સૂક્ષ્મદર્શી હતા. આવાં લક્ષણોયુકત તેમનાં કાવ્યોના ત્રણ સંગ્રહો તેમજ બે કાવ્યગ્રંથો પ્રકટ થયા છે; છતાં હજી તેમનું કેટલુંક કાવ્યસાહિત્ય અપ્રકટ હોવાનું જાણ્યામાં છે અને તે સંગ્રહણીય અવશ્ય છે.

તેમણે કેટલાક પ્રતિષ્ઠા પ્રાપ્ત કરતા કવિઓની જેમ કેટલીએક ઉણપો માટે ખબર લેઈ નાંખી હતી તેમ તેમનાં સારાં કાવ્યોની ખુબીઓની કદર પણ મુક્તકંઠે કરી હતી. તેમનાં વિવેચનો મર્મસ્પર્શી અને ભેદક-વેધક હતાં.

તેમણે નવકવિતાના સર્જનમાં રોકાવા છતાં પ્રાચીન કવિતાને બિલકુલ વિસારી નથી. તેમનાં યુનીવર્સીટીનાં વ્યાખ્યાનો અને લેખો તથા વિવેચનો, પ્રાચીન કવિઓનાં કાવ્યો આખ્યાનો પ્રતિની તેમની સદભિરૂચિની પ્રતીતિ જરૂર કરાવે છે. નરસિંહ મહેતો, અખો, પ્રેમાનંદ આદિ સંમાન્ય કવિઓની કૃતિઓનાં તેમનાં અવલોકનો તેનાં સબળ દૃષ્ટાન્તો છે.

વળી તેઓ નવનવું સર્જાતું સાહિત્ય પણ સૂક્ષ્મપણે નિરખતા અને પ્રસંગ પરત્વે તેનું વિવેચન પણ સહૃદયતાથી તેમ કોક વાર જરૂર જણાતાં કઠોરતાથી પણ કરતા, છતાં તેમાં તેજોદ્વેષને લવલેશ અવકાશ મળતો નહીં. ઘણા નવા લેખકો અને કવિઓ તેમના મમત્વના પાત્ર થયા છે.

તેમણે સાહિત્યપ્રવૃત્તિમાં અતિનિમગ્ન હોવા છતાં ગુજરાતી સાહિત્યના નાટક અંગને પણ અગ્ર કરેલું હતું. નવયુગી નાટકોની સમીક્ષા તેમણે સુદીર્ઘતા અને વિપુલતાથી કરી છે અને પોતાના એ વિષયના ઊંડા અભ્યાસની પણ જ્વલંત પ્રતીતિ પણ કરાવી છે. ઉપરાંત મહાકવિ પ્રેમાનંદનાં નાટકો વિષેનો જે વાદ તેમણે સમર્થ અને સમર્પક રીતિએ ઉઠાવ્યો અને તેના પ્રતિપક્ષીઓનાં ચર્ચાબિન્દુઓના પ્રત્યુત્તરો આપ્યા હતા, તે એમનું સંસ્કૃત અંગ્રેજી અને ગુજરાતી તેમજ મરાઠી, હિન્દી આદિ નાટકસાહિત્યનું વિશાળ અને ઊંડું અવગાહન દર્શાવે છે, તેમજ તેમની સુરુચિવાન વિવેચકશક્તિનો પણ ખ્યાલ કરાવે છે. જો કે હજી એ વાદ શમ્યો નથી, સાંપ્રત અનભ્યાસની સ્થિતિમાં તેમજ પૂર્વગ્રહભર્યા માનસમાં તે શમે તેમ નથી, કારણ તેમાં बुद्धेः फलमनाग्रहः બુદ્ધિનું ફલ અનાગ્રહ એ સૂત્ર પળાયલું અનુભવાતું નથી, દુરાગ્રહ-કદાગ્રહે સ્થાન મેળવેલું છે; તેમ वादे वादे जायते तत्वबोधः એ સૂત્ર અનુસાર નિર્મળ તત્ત્વ-નવનીત તરી આવ્યું જણાતું નથી, પણ વિખવાદ અને વિતંડાએ અવકાશ મેળવેલો છે. પરંતુ એ સૌ અલગ રાખતાં અમારે એટલું તો કહેવું જ જોઈએ કે રા. નરસિંહરાવભાઈનો પ્રાચીન સંસ્કૃત, અને ગુજરાતી નાટકો તેમજ નવીન નાટકોનો ઊંડો અભ્યાસ તેમની સમર્થ વિવેચકશક્તિ સહ પ્રકટ થયા વિના રહ્યો નથી.

તેઓ સંગીતના પણ સૂક્ષ્મ અભ્યાસી હતા. વસંત આદિમાં તેમણે સંગીતવિષયી જે વિસ્તૃત અને ઊંડી ચર્ચાઓ કરી છે, તેમ પોતાનાં કાવ્યોમાં તેના નિયમોનું જે પરિપાલન કર્યું છે, તેનું અવલોકન કરનાર તેમની આ વિદ્યાશક્તિની મુક્તકંઠે પ્રશંસા કર્યા વિના નહીં જ રહે.

તેમનું આર્ય તત્ત્વજ્ઞાન, વેદાન્તદર્શન આદિનું વાંચન-વિચારણ પણ ઉંચી કક્ષાનું હતું. તેમની વિવર્તલીલા વગેરે વાંચનાર તેમની એ શક્તિની પ્રશંસા કર્યા વિના રહી શકે એમ નથી. તેઓ ઇતિહાસ અને પુરાતત્ત્વવિદ્યાથી પણ સુપરિચિત હતા.

તેમણે મુંબઈની એલ્ફીન્સ્ટન કોલેજમાં ગુજરાતીના અધ્યાપક તરીકે વયોવૃદ્ધતા હોવા છતાં, અભિનિવેશપૂર્વક વિદ્યાર્થીઓને ગુજરાતી ભાષા અને સાહિત્યનું ઊંડું અધ્યયન કરાવ્યું છે અને અનેક નવયુવાન વિદ્વાનો અને કવિઓ તેમની રસજ્ઞતા, વિદ્વત્તા, સૂક્ષ્મવિવેચકતા, સત્યપ્રિયતા અને તે સાથે આત્મીય સ્નેહશીલતાનાં મુક્તકંઠે વખાણ કરે છે.

તેઓ આ ઉપરાંત આગ્રહી વિચારમાં તેમજ આચારમાં અડગ સમાજસુધારક હતા. તેમણે એ પ્રવૃત્તિના પાલન અર્થે ઘણુંઘણું સહ્યું પણ છે. વળી તેઓ ઉચ્ચ ધર્મભાવનાવાન્, એકેશ્વરવાદી બ્રહ્મોસમાજી હતા. ટુંકમાં તેઓ ગુજરાતના એક સંમાન્ય તેજસ્વી સાહિત્યસર્જક વિચારક, વિવેચક, સુધારક અને ઉપદેશક હતા.

તેમના સુપુત્ર રા. પ્રસન્નકુમાર દિવેટીઆએ શ્રી ફાર્બસ ગુજરાતી સભાને તેમનો જે વિશાળ અને અમૂલ્ય પુસ્તકસંગ્રહ સમર્પ્યો છે, તે જોતાં તેમનું સાહિત્યનું જ નહીં, પણ અન્ય વિદ્યાઓનાં ક્ષેત્રોનું વાચન વિશાળ હોવાની ખાત્રી આપણને કરાવે છે. એ સંગ્રહનો અભ્યાસીઓને લાભ આપવાની યોજના શ્રી ફાર્બસ ગુજરાતી સભાના કાર્યવાહકો વિચારે છે.

આવા સત્સંસ્કારી, સત્સાક્ષર, સત્પુરૂષનું સ્મારક ગુજરાતે અવશ્યે કરવું ઘટે છે. આ બાબત શ્રી ફાર્બસ ગુજરાતી સભા તરફથી, ગુજરાતની પ્રતિષ્ઠિત સંસ્થાઓ અને મંડળો મળીને એક સ્મારકગ્રંથ, દ્વિવેદી અભિનંદન ગ્રથ, પં. માલવિયાઅભિનંદન ગ્રંથ જેવો તૈયાર કરાવે તો તે વિશેષ ઉપયુક્ત અને સમુચિત થશે, એવી સૂચના ચોક્કસ કાર્યવાહકોને થયલી છે. તેનું ફળ હવે કેવું આવે છે તે સમય આવ્યે જણાશે.

અંતમાં, પરમાત્મા ગુજરાત આવા સત્પુરૂષનાં સત્કાર્યો, સત્પ્રવૃત્તિઓ અને સલ્લક્ષણોમાંથી સત્પ્રેરણા મેળવે એવી અભિલાષા પ્રકટ કરવા સાથે સ્વ. સત્સાક્ષર નરસિંહરાવભાઈના સેવાભાવી કર્તવ્યનિષ્ઠ આત્માને પરમ શાન્તિ અનુભવાવો એટલી અભ્યર્થના છે. इतिशम् ।

મુંબઈ
શુક્રવાર, ફાલ્ગુન સુદ ૮; સં. ૧૯૯૩
તા. ૧૯-૩-૩૭

અંબાલાલ બુ. જાની.
સંપાદક : ત્રૈમાસિક

***

સ્વ: ભાઈ નરસિંહરાવ ભોળાનાથ દીવેટીઆ

વ્યવસ્થાપક મંડળના સભ્ય ૧૯૧૮, શ્રી ફોર્બસ ગુજરાતી સભા

શ્રીયુત નરસિંહરાવભાઈનું સીત્તોતેર વરસની મ્હોટી ઉમરે લાંબા મંદવાડ બાદ તા. ૧૪ મી જાનેવારી સને ૧૯૩૭ ગુરૂવારને રોજ અવસાન થયું. નરસિંહરાવભાઈ છેલ્લી અર્ધી સદીના ગુજરાતી સાહિત્યના એક સમર્થ સ્થંભ હતા. એ સ્થંભના પડવાથી સાહિત્યરૂપી મકાનને એવું નુકસાન થયું છે કે જે ભાગ્યે જ કોઈનાથી વાળી શકાય. સાહિત્યની કોઈ પણ દિશા, કોઈ પણ શાખા એવી ન હતી કે જે સ્વર્ગસ્થે શોધી ન હોય, જેને વધારે મૂલ્યવાન ન કરી હોય. ગદ્ય, પદ્ય, વિવેચન, તત્ત્વજ્ઞાન, ઈશ્વરસ્તવન, ઇતિહાસ, ભાષાશાસ્ત્ર, વગેરે અનેક વિષયોપરના એમના લેખ હંમેશાં કાંઈ ને કાંઈક નવું જ (original) આપણને કહેતા, બતાવતા અને પોતે એવી રીતે જે કહેતા, બતાવતા તે મનઃકલ્પિત નહીં, પરંતુ આધારભૂત, ઝીણીમાં ઝીણી યા નજીવીમાં નજીવી હકીકત પણ તેઓ આધાર વગરની બતાવતા નહીં, અને આધાર વિનાની કોઈની પાસથી મળે તો તે સ્વીકારતા નહીં. ચોકસાઈ એ એમના સાંસારિક જીવનનો એક મુખ્ય અંશ થઈ પડયો હતો, અને એ અંશ એમના સાહિત્યજીવનમાં તો ઓતપ્રોત થઈ ગયો હતો. ચોકસાઈ વગરના લેખ યા કથન જોતાં સાંભળતાં તેઓ એવા તો આવશમાં આવી જતા કે જ્યારે કોઈ તેનો રદીઓ આપે અને સામા પક્ષની ભૂલ બતાવે ત્યારે જ એમને શાન્તિ થતી.

એમના સાહિત્યજીવનની અનેક પ્રવૃત્તિઓ, એમણે કરેલી ગુજરાતી સાહિત્યની અનેક અને અમૂલ્ય સેવાઓ સંબંધે બીજી ઘણી જગાએ લેખો લખાશે અને વિવેચનો થશે. પરંતુ આ ત્રૈમાસિક શ્રી ફાર્બસ ગુજરાતી સભા તરફથી પ્રસિદ્ધ થતું હોવાથી તે સભા પ્રત્યે એમનો સમભાવ, એમણે સભાના કામકાજમાં લીધેલો અગત્યનો ભાગ, સભાને કઠિન પ્રસંગોએ કરેલું માર્ગદર્શન, વગેરે બદલ સભાને એમના અવસાનથી જે મોટી ખોટ ગઈ છે, તે ખોટની નોંધ આ લેખ મારફતે સભા લે છે. સભાની કોઈ એવી મીટીંગ નહીં થઇ હોય કે જેમાં આ છેલ્લા મંદવાડ સિવાય પોતે હાજર ન રહ્યા હોય. ઘણી વખતે અમુક કઠિન પ્રશ્નનો નિકાલ કરવાનો હોય તે વખતે પોતે ઉત્સાહથી ચર્ચામાં ભાગ લઈ દિશાસૂચન કરતા. અમુક લેખક તરફથી આવેલો લેખ સભાએ પ્રસિદ્ધ કરવાનું માથે લેવું કે કેમ, તે પ્રસિદ્ધ કરવા લાયક છે કે કેમ, તેનું મૂલ્યાંકન, વગેરે બાબતની ઘણા રસથી પોતે ચર્ચા કરતા, અને મજકૂર લેખ યા પુસ્તકની હસ્તલિખિત પ્રત અથથી ઇતિ વાંચી જવી, એ પોતાની ફરજ ગણતા. તેમ કરવા માટે કંટાળતા યા આનાકાની કરતા નહીં અને છેવટ નિષ્પક્ષપાત, નિખાલસપણે, નિડરતાથી પોતાનો અભિપ્રાય આપતા. આને લીધે સભાને પોતાનું કામ કરવામાં ઘણી સરળતા થઈ જતી.

એમની અનેકવિધ સેવાઓમાંથી ઉપરની થોડી સેવાઓ તો માત્ર દૃષ્ટાંત રૂપે આપી છે. એમની સેવા સભાને એટલી કીમતી અને ઉપયોગી જણાતી હતી કે જો એમની તબીયત ઠીક ન હોય યા એવી જ કાંઈ બીજી અગવડ હોય તો સભાના મેંબરો મુંબઇથી એમને બંગલે—સાંટાક્રૂઝ યા ખાર—જતા અને ત્યાં સભા ભરતા. ખરા અંતઃકરણથી સભાના કામકાજમાં ભાગ લેતા, સભાની ઉન્નતિ માટે હોંસ અને ઉત્સાહ ધરાવતા, એમ કહો કે છેલ્લાં પંદર

વીસ વરસથી સભાને વેગ આપતા એક સભ્ય સદાની વિદાય લઈને ગયા છે. અને તે ખોટ પૂરવી લગભગ અશક્ય છે, એમ દિલગીરી સાથે સભાને કબૂલ કરવું પડે છે.

એઓ સભાની મેનેજીંગ કમીટીના સભ્ય સને ૧૯૧૮માં નિમાયા અને ત્યારબાદ મરણ-પર્યંત સભ્ય તરીકે કાયમ રહ્યા એટલે એમણે સભાની ઓગણીસ વરસની સતત્ સેવા ઉઠાવી.

ઈશ્વર એમના આત્માને શાંતિ આપો.

પાલણપુર
તા. ૧૬-૨-૧૯૩૭

કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી
પ્રમુખ, શ્રી ફોર્બસ ગુજરાતી સભા

***

સ્વ. સાક્ષર શ્રી નરસિંહરાવ ભો. દિવેટીયા પુસ્તકાલયની

શ્રી ફાર્બસ ગુજરાતી સભાને ભેટ

જણાવતાં અમને આભાર સાથે અતિ આનંદ થાય છે કે, સ્વ. સાક્ષર શ્રી નરસિંહરાવ ભોળાનાથ દિવેટીયાનાં અમૂલ્ય તેમ જ અપ્રાપ્ય અને વિરલ, અંગ્રેજી, ગુજરાતી, સંસ્કૃત આદિ સાહિત્યનાં પુસ્તકોનો મોટો સંગ્રહ તેમના વીલના એક્ઝીક્યુટરો તરફથી તેમના સુપુત્ર રા. રા. પ્રસન્નકુમાર નરસિંહરાવ દિવેટીયાએ અત્રેની શ્રી ફાર્બસ ગુજરાતી સભાને તા. ૨-૨-૩૭ ને મંગળવારે ભેટ કર્યો છે. એ પુસ્તકોની સંખ્યા આશરે ૧૨૦૦-૧૫૦૦ છે. સ્વ. સા. નરસિંહરાવ દિવેટીયા એક સમર્થ ભાષાશાસ્ત્રી, પર્યેષક, વિવેચક, સાહિત્યસર્જક તેમજ પ્રતિભા-શાલી, નવકવિતાના પિતા કવિ હતા, તેમ જ અત્રેની એલ્ફીન્સ્ટન કોલેજના વર્ષો પર્યંત ગુજરાતીના અધ્યાપક હતા. એટલે તેમનાં પ્રિય પુસ્તકોનો સંગ્રહ સર્વથા ઉત્કૃષ્ટ અને વિવિધ કોટિઓનો હોય જ, અને છે.

મુંબઈના ગુજરાતી સાહિત્યના અભ્યાસીઓ અને સંશોધનશીલ વિદ્વાનોને આ, તેમજ પોતાના હસ્તક આવેલા અન્ય સંગ્રહોના જાહેર ઉપયોગ અર્થે થોડાક સમયમાં ખુલ્લા મૂકવાની અભિલાષા શ્રી ફાર્બસ ગુજરાતી સભાના વ્યવસ્થાપકો રાખે છે. સંદર્ભ વા આકર (reference) ગ્રંથોના આવા એક મધ્યસ્થ પુસ્તકાલયને સંગ્રહણીય પુસ્તકોની ખરીદી માટે, તેમજ તેના નિભાવ અર્થે નાણાંની પૂરતી સહાયતા આ સભાને આપવાને મુંબઈના ધીમંત, શ્રીમંત અને કર્મવંત સજ્જન-સન્નારીઓને નમ્ર વિનંતિ છે.

અંબાલાલ બુ. જાની
સહાયક મંત્રી, ફાર્બસ ગુજરાતી સભા.

મુંબઈ તા. ૩—૨—૩૭ બુધ, શ્રી ફાર્બસ ગુજરાતી સભામંદિર ૩૬૫, વિઠ્ઠલભાઈ પટેલ રોડ, કોંગ્રેસ લેઈન, મુંબઈ નં ૪.

***

સદ્ગત સાક્ષર શ્રી નરસિંહરાવ

સદ્ગત સાક્ષર શ્રી નરસિંહરાવના અવસાનથી ત્હેમનાં કુટુમ્બીજનો, મિત્રમંડળ, સાહિત્યજગત ઉપરાંત શ્રી ફાર્બસ ગુજરાતી સભાને મોટી ખોટ પડી છે. સાહિત્યસૃષ્ટિમાં તેમનું સ્થાન સ્હેલાઈથી પૂરાઇ શકે તેમ નથી. સાધારણ રીતે કવિ હોય તે વિવેચક હોઈ શકે નહીં, અને કદાચ બન્ને હોય તોપણ તે ઉપરાંત ભાષાશાસ્ત્રમાં નિપુણ હોઈ શકે નહીં, પરંતુ શ્રી નરસિંહરાવમાં પ્રથમ પંક્તિના કવિ, વિવેચક તેમ જ ભાષાશાસ્ત્રીનો અપૂર્વ સંયોગ જોવામાં આવતો. એ એમની અલૌકિક નૈસર્ગિક, માનસિક શક્તિ તેમ જ ઊંડા અભ્યાસનું પરિણામ હતું. ઉચ્ચતમ કલ્પનાશક્તિ સાથે બારીક ઝીણવટ અને ચોકસાઈના ગુણનો અદ્ભુત અને અનન્ય સંયોગ એ એમના મનોબળની વિશિષ્ટતા હતી. હૃદયવીણા અને સ્મરણસંહિતાનાં કાવ્યો, મનોમુકુર તથા અનેક માસિકોમાં ચર્ચાત્મક લેખો તથા વિવેચનો અને ગુજરાતી ભાષાશાસ્ત્રનાં વ્યાખ્યાનો, એ સર્વે એમના નામ સાથે પ્રસિદ્ધ ન થયાં હોત તો તેમની ઉત્પત્તિ એક જ મગજમાંથી થયેલી છે, એમ માનવામાં પણ ન આવતે. ન્યાયાત્મક તર્ક અને શુદ્ધિ, પછી તે વિચારમાં હોય કે ઉચ્ચારમાં હોય તે, માટે એમનો આગ્રહ એટલો હતો કે તેના ભંગ કરનાર તરફ એમની સહનશક્તિ અને સંયમ પણ ખૂટી જતાં. એમના માનસિક બંધારણમાં અનેક ગુણોનું અસાધારણ મિશ્રણ હતું. સ્વભાવની ઉગ્રતા સાથે લાગણીની મૃદુતા એમના નિકટ પરિચયમાં આવનારાંઓને સ્હેજે જણાઈ આવે એવી હતી. વ્યાવહારિક જીવનમાં એમની કુશળતા તથા ચોક્કસતા વિસ્મય ઉત્પન્ન કરાવે તેવી હતી. સત્ય અને સ્પષ્ટ વચનમાં તેમના નિકટનાં સંબંધીઓ, મિત્રો તથા અન્ય પુરુષો વચ્ચે તેઓ કંઈ પણ ભેદભાવ રાખતા નહીં. સત્યકથન એ તો તેમનું જીવનસૂત્ર હતું. ત્હેને અંગે અનેક વખત ચર્ચામાં ઉતરી વિદ્વાનોની સાથે પણ વૈમનસ્ય થવાના પ્રસંગો ઉભા થયેલા, તે ગુજરાતી સાહિત્યરસિકો સારી રીતે જાણે છે. પરંતુ એમનું હૃદય શુદ્ધ હતું અને આધ્યાત્મિક તથા ધાર્મિક ભાવના વડે જેટલું લાગણીમાં કોમળ હતું, તેટલું સહનશક્તિમાં દૃઢ હતું. અનેક દુઃખદ કૌટુમ્બિક પ્રસંગોની આફતો અનુભવ્યા છતાં સમુદ્રનાં મોજાઓની વચ્ચે અચલ ખડક જેવું એમનું મન સ્થિર અને દૃઢ હતું. આવા એક અને અસાધારણ વિદ્વાનને ગુજરાતે ગુમાવ્યો છે.

એમના જીવનકાર્યનાં સ્મરણો તાજાં રહે અને ભવિષ્યની પ્રજાને પ્રેરણા મળે એવું એમનું સ્મારક કરવાની ગુજરાતની ફરજ છે. ઈશ્વર એમના આત્માને શાન્તિ આપો.

મુંબઈ
તા. ૧૪-૩-૩૭

હરસિદ્ધભાઈ વ. દીવેટીયા
માનાર્થ મંત્રી, શ્રી ફાર્બસ ગુજરાતી સભા

* * *

ડોકટર આચાર્ય આનંદશંકર બાપુભાઈ ધ્રુવ

રા. આનંદશંકરભાઈને હમારા ધન્યવાદ; લાંબું જીવો, આવી ઉચ્ચ સંસ્કારી ઉપાધિઓ પ્રાપ્ત કરતા રહો અને ગુજરાતનું નામ અને માન પરપ્રાંતોમાં વધારતા રહો!

આચાર્ય આનંદશંકરભાઈની કાશી વિશ્વવિદ્યાલયની અણમૂલ સેવાઓની કદરમાં એ વિશ્વવિદ્યાલયના માર્ચ માસના મેળાવડામાં એમને ડૉકટર ઑફ લેટર્સ*ની માનદ§ પદવી× એનાયત કરવામાં આવી છે. એને લીધે પદવી મેળવનારને આનંદ થાય તે તો યોગ્ય છે. પરંતુ આ બનાવની વિશેષતા એ છે કે તેને અંગે આખા ગુજરાતને આનંદ થાય અને દરેક ગુજરાતીને ગર્વનું કારણ મળે. આચાર્ય તરીકે, સંસ્કૃતસાહિત્યના પંડિત તરીકે, તત્ત્વવેત્તા તરીકે, અંગ્રેજી ગદ્યપદ્ય અને સાહિત્યના રસજ્ઞ તરીકે એઓ આ માનભરેલી ઉપાધિ મેળવવાને તો ક્યારનાએ લાયક થઈ ચૂકયા હતા, પરંતુ જે વિશેષતાને લીધે આપણને ગર્વનું કારણ મળે છે તે તો પુણ્યભૂમિ વારાણસીના વિખ્યાત વિશ્વવિદ્યાલયને આજે જે ઉંચી કક્ષાએ આણવામાં આવ્યું છે તેમાં એમણે ભજવેલો મુખ્ય, ઉપયોગી અને બહુ કીમતી ભાગ. એક અમુક વખતે એ વિશ્વ વિદ્યાલયના તંત્રમાં અરાજકતા વ્યાપી રહી હતી અને તે પણ એટલે દરજ્જે કે જો ટૂંક વખતમાં યોગ્ય તંત્રી–સૂત્રધાર–ન મળે તો વિદ્યાલય સંકેલી લેવું પડે. એ કટોકટીને પ્રસંગે પંડિત માલવિયાજીએ મહાત્મા ગાંધીજી પાસે માગણી કરી કે મને કોઇ એવો માણસ આપો કે આ ડુબતી નૌકાને તરાવે. માણસ પારખવાની શક્તિ મહાત્માજીએ બહુ કેળવેલી છે. પોતે આનંદશંકરભાઈના સંસર્ગમાં આવેલા હોવાથી એમને લાગ્યું કે એઓ ત્યાં જાય તો આચાર્ય તેમજ તંત્રી તરીકે ધાર્યું કામ કરી શકશે. આનંદશંકરભાઈને માટે તે વખતે અત્રે એક જાણીતી કોલેજમાં સંસ્કૃતના અધ્યાપક તરીકે સારા પગારનો ઓદ્ધો તૈયાર હતો; વળી સ્વભાવાનુસાર પણ આવું સાહસ ખેડવા પોતે પશ્ચાત રહેવું પસંદ કરતા હતા, અને પરપ્રાંત જ્યાં આવી ભીષણ ખટપટ ચાલી રહેલી હોય ત્યાં નિવાસ કરવાનું બિલકુલ ઇચ્છતા ન હતા. છતાં ગાંધીજીના આદેશને માન આપી, વિદ્યાલયનું શ્રેય થતું હોય તો તેમ કરવું, એ અધ્યાપક તરીકે પોતાનો ધર્મ સમજી કાશી ગયા. ત્યાં રહી, સતત પ્રયાસ કરી, લાંબે વખતે અને વિદ્યાલયને સંગઠીત કરી, પછીજ નિવૃત્ત થઈ હમણાં જ પાછા ફર્યા છે. ગુજરાતીઓની વ્યવહારકુશળતા હિંન્દુસ્તાનમાં અજોડ છે, તેનું એક વધુ દ્દષ્ટાંત આનંદશંકરભાઈની કારકિર્દીમાંથી મળી આવે છે, એટલે શ્રી ગુજરાતી ફાર્બસ સભા પોતાના આવા એક વિદ્વાન અને વ્યવહારકુશળ સભ્યની ચઢતી જોઈ આનંદ અને ગર્વસહિત તેમને મુબારકબાદી ન આપે તો પોતાનો ધર્મ ચૂકી કહેવાય. એ મુબારકબાદી આ લેખદ્વારા રા. આનંદશંકરભાઈને આપીએ છીએ,


મુંબઈ
તા. ૧૪મી માર્ચ ૧૯૩૭

કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી
પ્રમુખ, શ્રી ફાર્બસ ગુજરાતી સભા

---

* Doctor of Letters. § Honoris Causa. × Degree.

ડૉક્ટર આચાર્ય શ્રીયુત આનંદશંકર બાપુભાઈ ધ્રુવ
એમ. એ., એલએલ. બી.



જેમને બનારસ હિન્દુ યુનિવર્સિટી તરફથી ડૉક્ટર ઑફ લેટર્સની માનવંત પદવી સુયોગ્ય રીતે મળી છે.

[ગુ. વ. સો. ના સૌજન્યથી.]

નરસિંહયુગના કવિઓ

સંપાદક: **રા. રા. કનૈયાલાલ માણેકલાલ મુનશી,** એમ. એ. એલએલ. બી.

[અનુસંધાન અંક ૪થાનું પાનું ૪૩૮મું]

૯

જયવલ્લભ

(સં. ૧૪૯૯ આસપાસ)

" શ્રી માણિકયસુંદર સૂરિ સીસહ ભણઈ જયવલ્લભ વરો "

" સ્થૂલિભદ્ર એકત્રીસો " એ કાવ્યને અંતે કવિ પોતાની ઓળખાણ ઉપર પ્રમાણે આપે છે. આ માણિક્યસુંદર સૂરિ કયા ? કયા ગચ્છના ? અંચળ ગચ્છી માણિક્ય સૂરિ છે તે, કે બીજા ? જયવલ્લભની બીજી કોઈ કૃતિ મળી નથી. એટલે એમના સંબંધી વિશેષ માહિતી મળી શકે એવું નથી. આ કાવ્યમાં રચ્યાનો સંવત નથી. " સં. ૧૪૯૯માં કૃષ્ણર્ષીય ગચ્છે વા જયવલ્લભ શિષ્ય વા દેવસુંદર મિશ્ર ", " વર્ધમાન વિદ્યાકલ્પ " લખ્યો છે તે જયવલ્લભ કયા ?

સ્થૂલિભદ્ર એ શ્વેતાંબર સંપ્રદાયના આદિકાળના પ્રભાવશાળી આચાર્ય મહાવીર પછી સાતમી પાટે આચાર્ય થયા. એમના જીવનનો જાણવા જેવો પ્રસંગ કોશ્યા વેશ્યાનો છે. શૃંગાર વર્ણવવા ઇચ્છતા વેદધર્મી કવિઓ જેમ રાધાકૃષ્ણનું આલંબન કરીને તેમના નામે પોતાના બધા ઉભરા ખાલી કરે છે તેમ શૃંગાર વર્ણવવા ઇચ્છતા જૈન કવિઓ "નેમીનાથ અને રાજુલ" અથવા "સ્થૂલિભદ્ર"નું આલંબન કરીને પોતાની એ ભાવના સિદ્ધ કરે છે. સ્થૂલિભદ્રની મૂળ કથા આવી છેઃ--

પાટલીપૂરના નંદ રાજાને ત્યાં શકડાલ નામનો પ્રધાન હતો. તેનો પુત્ર સ્થૂલિભદ્ર. નાનપણથી જ બહુ વિલાસી. કોશ્યા નામની વેશ્યા સાથે સ્નેહ કરીને યથેચ્છ ભોગ ભોગવતાં બાર વર્ષમાં બાર કરોડ રુપિઆ ખર્ચી નાંખ્યા. પિતાના મરણથી સ્થૂલિભદ્રને વૈરાગ્ય ઉપજ્યો ને તે સાધુ થયા.

એમનો વૈરાગ્ય પાકો હતો. છતાં ગુરૂએ તેમની કસોટી કરવા કહ્યું કે કોશ્યા વેશ્યાના ધરમાં ચોમાસું કરો, અને ચોમાસું પૂરૂં થયે અહીં આવો.

ગુરૂનો આદેશ માથે ચઢાવીને સ્થૂલિભદ્ર ચાલ્યા. આ તરફ કોશ્યાના અંતરમાં તો આષાઢા મેધના જેવું જ કામનું વાદળ ઝઝુમી રહ્યું હતું. વિયોગથી તે વ્યાકુળ થઈ ગઈ હતી. એટલામાં સ્થૂલિભદ્ર ત્યાં જઈ પહોંચ્યા. કોશ્યાએ બહુ હર્ષથી તેમને વધાવી લીધા. ચિત્રશાળામાં તેમને ઉતારો આપ્યો, અને પોતાની મનોવ્યથા દૂર કરવા તેમને વિનવવા લાગી. ભદ્રને લલચાવવા ચોમાસાના ચારે મહીના તેણે અપરંપાર પ્રયત્ન કર્યો. ઉત્તેજક

* વેશ્યા સાથે સ્નેહ કરવો, એ આપણા મનથી જેવું હલકું લાગે છે તેવું ઉત્તર હિન્દુસ્તાન અને બંગાળાના લોકો માનતા નથી. પ્રાચીન કાળથી ત્યાં લગ્નનાં બંધન વગર પ્રેમ અને ભોગની તૃપ્તિ માટે વેશ્યાસ્નેહની યોજના થઈ છે. મૃચ્છકટિકમાં ચારૂદત્ત જેવા સુશીલ બ્રાહ્મણને વેશ્યાનો સ્નેહી કર્યો છે, તે આ રુઢિને લીધે છે. અત્યારે પણ ત્યાં વેશ્યાસંબંધ વ્યાવહારિક વાત છે ને એમાં હલકાપણાની ગંધ પણ તેમને જણાતી નથી. ઉલટું એને રસિકતા અને ગૃહસ્થાઈનું લક્ષણ માનવામાં આવે છે.

ભોજન, હાવ, ભાવ, કટાક્ષ, સર્વ યુક્તિઓ નિષ્ફળ નીવડી. ઉલટો તેમણે સંયમ લેવાનો ઉપદેશ કર્યો.

આ પ્રમાણે ચોમાસું પૂરૂં કરીને સ્થૂલિભદ્ર ગુરુ પાસે ગયા. ગુરૂએ અને સંઘે તેમનો દૃઢ વૈરાગ્ય જોઇને અતિશય પ્રશંસા કરી.

આ કથા. એમાં સ્થૂલિભદ્રને છળવાના વેશ્યાના પ્રયત્ન, એ કાવ્યનું વસ્તુ. કોણ જાણે કેમ, ૩૧ ટુંકમાં આ કથા વર્ણવવા ઘણા કવિઓ પ્રેરાયા છે. લાવણ્યસમયે પણ સ્થૂલિભદ્ર ૩૧ સો કર્યો છે. જયવલ્લભના કાવ્યનો નમુનો જોઇએ:

મૃગનયણી રે સસિવયણી સારદ નમું;
દિઈ વાણી રે, વાણી તુમ્હચા પાય નમું.
વીનવીઇ રે, નમીઇ ગુરૂ ગોયમવલી;
મતિ માગૂં રે, લાગૂં સહગુરૂ પય લલી. ૧
ગુરૂ પાય લાગૂં, બુદ્ધિ માગૂં, ધ્યાન લાગૂં, મઝ નઈ,
થૂલભદ્ર મુણિંદઆણંદ, ગાઈસૂં એ કણ મનઇ.
સિગડાલનંદન, દુહનિકંદન, તાપચંદન, જન્નનઇ;
અવિરલ્લ વાણી આપિ આણી, દિઉ વાણી મુઝનિઈ. ૧
હિવ આવ્યો રે માસ આસાઢ ભલે રડઉ;
ગયણં ગણુ રે, ગાજ્યો ગુહીરો મેહડઉ;
તવ સાલ્યો રે, કોશ્યા નઇ મનિ નેહડઉ;
વિરહાનલ રે, દાઝઈ દવ જિમ દેહડઉ. ૪
ઈમ વિરહ ઝૂરી નયન પૂરી, નીર કોશ્યા કામની;
સ્તરંભ જયસી, ગોખ લઈસી, વાટ જોતી સામિની.
કહિ કોઇ કોશ્યા, પ્રિય અઈસ્યા, મનઅંદે આજવ કરઈ;
ગુરવર મુનિવર, તિણિ અવસર, કોસ મંદિર સાંચરઈ. ૪

૧૦

મુનિપતિ ચરિત્ર (ગદ્ય)

(સં. ૧૫૦૦ આસપાસ)

જૈનોના ગ્રંથભંડારોમાં સંગ્રહાએલા પ્રાચીન ગ્રંથો ઘણી ઘણી રીતે જોવા જેવા હોય છે. કોઈના ઉપર કારીગરી કરીને લખેલું હોય છે, અને ઘણાના અક્ષર છાપેલા અક્ષરોને પણ ભૂલાવી દે તેવા એકસરખા, મોતીના દાણા જેવા અને સુવાચ્ય મરોડદાર હોય છે. વડોદરાના સરકારી પુસ્તકાલયમાં "મુનિપતિચરિત્ર"નો ગદ્ય ગ્રંથ છે તે ઝીણા અક્ષરે લખાએલા ગ્રંથ તરીકે જોવા જેવો છે. ચસમાંની મદદ વગર ન વંચાય એટલા બધા ઝીણા નહીં, પણ વગર ચસમાંએ સારી રીતે વાંચી શકાય એવડા મોટા, છતાં બહુ જ સંકોચીને ઝીણા અક્ષર લખાયલા છે. દરેક પૃષ્ઠમાં ૨૧ લીટીઓ છે. એવાં ૨૧ પૃષ્ઠમાં આ ગ્રંથ લખાયો છે. "સં. ૧ ૧૭ વર્ષે શાકે ૧૪૮૩ પ્રવર્તમાને. શ્રી કુંભલમેર ગઢ મહાદુર્ગે પં. સધારણ લિખિતં" એ પ્રમાણે લખનારના નામની નોંધ છે, પણ તેમાં ગ્રંથકર્તાનું નામ નથી. ગ્રંથને છેડે કર્તાની નોંધ છે, તે આ પ્રમાણે છે:—

"એ મણિપતિચરિત્ર મહા વિસ્તરિ છઈ, પુણ સંક્ષેપઇ કહ વરાંણઉ, આપણી બુદ્ધઈ અજાણવઇ કરી કાંઇ અધિકઉં કાંઈ ઓછઉ બોલાણઉ હુઇ, આપણા ગરબ લગઇ બોલાણઉ હુઇ તે ખમિજ્યો."

ગ્રંથના આરંભે એક પ્રાકૃત શ્લોક છે, તેમાં "સુસાહુ ગુણરયણ પડહત્થં" એ પ્રમાણે ઉલ્લેખ કર્યો છે. પણ ગુણરત્ન કીયા, એ જાણી શકાય એવું નથી. ગદ્યરચના સોળમા શતકના પૂર્વાર્ધમાં થયેલી લાગે છે.

ગુજરાતી ભાષાની જોડણી પ્રાચીન કાળે નિયમબદ્ધ હતી કે નહીં એ જોવા ઈચ્છનારે આ કાળે લખાએલા ગ્રંથો જોવા જોઈએ.

નમિઊણ મહાવીરં, ચઉવિહાઇ સયસંજ્જ અંવરં,
ચરિત્રં વુચ્છં, સુસાહુ ગુણરય પડહત્થં[×] ॥ ૧ ॥

એહ ભરતક્ષેત્ર માંહિ, મણિપતિકા નગરી। તીણઇં નગરી મણિપતિ રાજા રાજ્ય કરઇં। પ્રજાપાલક। પૃથ્વી ભાર્યા। તેહનઉ બેટઉ મુણિચંદ્ર કુમાર। એકદા પલી દેખીનઈં વૈરાગ્ય ઉપનઉ। પુત્ર રાજ્ય થાપી। રાજદીક્ષા લીધી। શ્રી ધર્મ્મઘોષ સૂરિ કન્હઇ। ગ્રહણ શિક્ષા આસેવના શિક્ષા લીધી। છ જીવની રક્ષા કરઈ। યોગ્યતા ભણી એકલ વિહાર પડિમા પડિવજઇ। ગ્રામાનુગ્રામિ વિહાર કરઇ। સીતકાલને દીહાડે વિહાર કરતઉ ઉજેણી નગરી પહુતઉ। કાઉતસગિ રહિઉ મહાત્મા સાંઝઈ પીડારીએ એહ મહાત્મા દીઠઉ ભદ્રક પણઈ કરી સવિહું મહાત્મા ઉઢણે કરી ઢાંકિઉ। એતલઈ તે નગરી બાહિરિ તિલભટ્ટ બ્રાહ્મણ વસઇ। તેહ નઈ ભાર્યા ધણસરી પુણ મા સતી માહિ શિરોમણિ। તિલનઉં સંગ્રહતઉ। લોકે તિલભટ્ટ ઓવઉં નામ દીધઉં। મુગધપણઇં કરી સઘલા તિલ વીવરિઆ। પછઈ ચીંતવિવા લાગી રખે ભરતાર જાણઈ। તેતલઇં તત્કાલ બુદ્ધિ ઉપનઈ। તિમ કરું જિમ તિલની કણવાર ન કરઇ। સરીર મસિ ખરડિઉં। પીધાં સચરિ ચઉહટ્યાં। મહા ભય રવસ્તપ કીધઉં। હાથિબુંદા લીધાં। માથઈ સિગડી ચડાવી ફેતકાર મુંકતિ। અટ્ટહાસ્ય કરતી ક્ષેત્ર ભણી ચાલી। જિહાં તિલનઇ ખલઇ તિલભટ્ટ સૂતઉ છઇ। તિહાભણી। ચાલવા લાગી। સાક્ષાત્ જિસી રાક્ષસી હુઇ તિસી બોલવા લાગી। તિલખાઉં તિલભટ્ટ ખાઉં। એતલઈ તિલભટ્ટ જાગિઉ। ભયભીત બીહવા લાગઉ। સયરિ કંપ વિછુટઉ। તિલભટ્ટ બોલવા લાગઉ। પરમેશ્વરી તિલ સઘલા ખાએ। મૂંહરઇં કુસલ કરે। એતલઈ રાક્ષસી બોલવા લાગી। અરે તિલભટ્ટ હઉં તિલભક્ષ્યા દેવતા। તાહરી ઘરની ધણીયાણીં। તૂંહ રઈ ખાઉં। અથવા તિલ ખાઉં। તિલભટ્ટ બોલિઉ। સ્વામિનિ તિલ સઘલાઈ જિ ખાયે। મૂંહરઈં મૂંકિ। ઇસ્યઈ કહઇં પાપિણી બોલિવા લાગી। અરે ઇમ રછઈ તઉં તિલની કણવાર ન કરવી। ઈસ્યઉં કહી ઘરિ ગઈ। તિલભટ્ટ રહઇં જાય કરી દાહજ્વર ઉપજઉ। ઘરિ આવિઉ। સૂતઉ પ્રાણ ગ્યા। એતલઈ તેહની ભાર્યા વિટનટ પુરુષ બોલાવ્યા। વલાવિઉ। અગ્નિ વિસ્તરિઉ। મહાત્મા દાધઉ। પ્રભાતિ પિડારિઆ ઉઢણાં લેવા આવ્યા। મહાત્મા ન દેખઇ। જોઇ તઉં મહાત્મા દાધઉ। ખીલા સરીખઉ દીઠઉ। અહામહા કરવા લાગા। તેહ નગર માહિ કુંચિક સેઠિ આગલિ કહિઉ। કુંચિકા સેઠિ એહ ભણી કહીઇ।

શ્રી જિનપ્રસાદની કુંચી તેહનઈ ઘરિ એહ ભણી કુંચિક શ્રેષ્ઠિ કહીઈ. મહાત્મા આપણઇ ઘરિ આણિઉ. નાગર માહિલા મહાત્મા તેડયા. શ્રેષ્ઠિ બોલાવા લગઉ. માહરઇ ઘરિ લક્ષપાક તેલ નથી. તઉ અચ્ચંકારી ભટ્ટીનઈ ઘરિ છઈ તે તેલ આણઉ. ઉતાવલા મહાત્મા લેવા ગયા. અચ્ચંકારી નઈ ઘરિ જઈ ધર્મ્મલાભ દીધઉ. ભગવન્ કિસઈ હેતિ પધારિયા. મહાત્માએ કહીઉં; લક્ષપાક તેલનઇં કાજિ આવ્યા છઉં. તેતલઈ અચ્ચંકારી ભટ્ટા હરખી. એતલઈ સૌ ધર્મ્મદેવ લોકિઇં ઇદ્રપ્રસંસા કીધી. અચ્ચંકારી ભટ્ટાની ક્ષમા એ કહિમાહી નથી એક દેવ અણસહતઉ તિહાં આવિઉ પરીક્ષા કરવા લાગઉ. દાસીના હાથ થકઉ ઘડઉ પાડિઉ દેવતા. અનઈ વલી બીજઉ ઘડઉ દાસિના હાથથી પાડિઉ દેવતાઉં. અનઈ ત્રીજ ઉઘડ ઉદાસીના હાથથી પાડાઉ દેવતાઇં તોઈ મનિ રીસ ન ઉપની અચ્ચંકારી ભટ્ટાનઈ. પછઇ અચ્ચંકારી ભટ્ટાઈ ઘડઉ ઉપાડી તેલ આપિઉં. મહાત્મા કહિવા લાગા. હે ભદ્રે દાસી રહઈ રીસ મ કરિસ્યો. ઈસ્યઇ કહઈ હુંતઈ અચ્ચકારી ભટ્ટા બોલાવા લાગી, ભગવન મઇં ક્રોધના ફલ એણઈ જિ ભવિ ઘણાંઇ. દીઠાં. એહ ભણી ક્રોધ કરિવા નિયમસું રહઇં. મહાત્માઈ પૂછિઉં કિસ્યઉં ક્રોધનઉં ફલ દીઠઉં. એહ ભણી અચ્ચંકારી ભટ્ટા બોલવા લાગી. એહ જિ નગરિં ધનુશ્રેષ્ઠિ, કમલસિરી ભાર્યા, બેટા

× સુસાધુ ગુણરત્નને હાથ જોડીને મુનિપતિચરિત્ર કરું છું.

ઉપરિ પુત્રિકા હું અચ્ચંકારી ભટ્ટા જાઇ. માતાપિતા રહઇં. વંચ્છલ પિતાઇ ઇસિઉં કહિઉં. એ કન્યા રહઈ. ચુંકારઉન દેવઉ. એહ ભણી અચ્ચંકારી ભટ્ટા નામ પ્રસિદ્ધ હૂઉં. યૌવન વય પ્રાપ્તિ હૂઇ. અચ્ચંકારી ભટ્ટા વરવાનઈ માગીઈ. પુણશ્રેષ્ઠિ ઇસિઉં કહઇં. જિ કંણ હૂ એહનઉ કહિઉં કરઇ તે હરઇ એ પુત્રી દિઉં. મંત્રીસરિ પડિવજિઉં. પાણિગ્રહણ મહોત્સવ કીધઉ. સહૂઇં હરખિઉં. પછઈ સુબુદ્ધિ નઇ ઘરિ પહૂતી. દેવતાની પરિપૂજઈ છિઇં. સર્વ પરવારી. એકદા અચ્ચંકારી ભટ્ટા સુબુદ્ધિ રહઈ, ઇસિઉં કહિઉં. સ્વામી દીસઈ ઘરિ આવવઉં. તિમ કરતાં રાજાઈ જાણી વાત. એકદા મંત્રીશ્વર વડી વાર તાંઇ રાખિઉ. બિ પહર રાત્રિંઇ ઘરિ આવિઉ. ભાર્યા બાર ઉઘાઇઈ નહઇ. મંત્રીશ્વર રીસાવિઉ. કહવા લાગઉ. દૈવ મઈ કિસ્યઉં કીધઉં ? ઇસી કુહાડિકાઈ પરણી જાણ તઇ કરતઈ મઈ ? ઇસ્યઈ અવસરિઅ× અચ્ચંકારી ભટ્ટા રીસ લગઈ બાર ઉઘાડી બાહિર નીકલી. સર્વઆભરણ સહિત બિ પહર રાત્રિ અંધારઇં ચોર મિલિયા. ચોરે સાહી આભરણ સઘલાઇં લીધાં. આપણા સ્વામી પલ્લીપતિ રહઈ આપી. તે પલ્લીપતિ હરખિઉ. ભાર્યા ભણી મનાવવા લાગઉ. પુણ સતી તેહના વચન ન માનઇં. પલ્લીપતિં આપણી માનઇં આપી પુણ ન માનઇ. એતલઈ રીસ કરી પલ્લીપતિ મારવા લાગઉ. મા કહવા લાગી. વત્સ એહવી મહાસતી હુઈ તઉ ભસ્મ કરઇં. આપણ ઈ સીલ કરી. ઇહાં લાહિકાનઉ દૃષ્ટાંત--જિમ વન માંહિ એક તાપસ તપ કરઇં. તેહનઈ તપિ કરી તેજોલેશ્યા ઉપની. પણ જાણઈ નહી. એકદા વૃક્ષ હેઠિઈ બઇઠં. તેહનઈ માથઇં બલાહિ. કાવડી નીતિ કીધી. તાપસ ઇં રીસ લગઇં. હુંકારઉં કીધઉં. તેનલઇ બગલીના પ્રાણ ગ્યા. તાપસ મનમાહિ હરખ્યઉ.

૧૧

દેપાલ

(સં. ૧૫૦૦)

એહવઇ દિલ્લીનઇ :વિષઇ. વ્યવહારી ઉત્તંગ;
દીપક સમ દેસલહરા, સાહા સમરા સારિંગ. ૬૭
બોલાવઈ "ચચ્ચા" કહી, માંનઈ બહુ સુલતાંન;
સંઘધુરંધર દીપતા, અંગિ નહીં અભિમાન, ૬૮
નવલખ નિજ બુદ્ધિઇં કરી જિણિ મૂકાવ્યાં બાન;
વડ વખતી જગિ જાણિઈ, વસુધાં વાધ્યઉ વાન. ૭૦
યાચક તેહનાં ઘર તણઉ, વેધક નર વાચાલ;
જાણી તઉ જિનશાશની, કહીઈ કવિ દેપાલ. ૭૦
દિલ્લીથી તે આવીઉ, દિલ ભરિ ગુજ્જરે દેશિ.+

આ કવિ માગણ જાતિનો હતો, અને દીલ્લીનો રહેવાશી હતો. એક વખત યાત્રાર્થે એ દીલ્લીથી ફરતો ફરતો ગુજરાતમાં આવ્યો. ત્યાંથી તે ફરતાં ફરતાં સલખણપુર[૧] આવ્યો. અહિં તળાવ ઉપર ટોયા બેઠેલા તેણે જોયા. કોઈ ઠેકાણે નહીં તેવું આ ઠેકાણે જોઇને તેણે

× અહીં સુધીનો મજકુર એક પાનાની એક બાજુમાં લખ્યો છે.

+ દીલ્લીમાં સમરો અને સારિંગ એ બે ઓશવાળ ભાઇઓ પાદશાહનું મોટું માન ધરાવતા હતા. પાદશાહ એમને "ચચ્ચા" (કાકા) કહીને બોલાવતા હતા. તેમણે પોતાના બુદ્ધિબળ વડે નવલાખ બાન (જિતેલા દેશમાંથી પકડી લઇને બંધીવાન કરેલા લોકો) છોડાવ્યાં હતાં. એવા વડી વિખ્યાતિ પામેલા કુટુંબનો દેપાલ કવિ આશ્રિત હતો. તે જાતે ભોજક હતો. ભોજક જાતિ શ્રાવકોની આશ્રિત–માગણ જાતિ છે. કવિ દેપાલ યાત્રાને બાહાને દીલ્લીથી ગુજરાતમાં આવ્યો હતો.

૧ તેને લોકો શંખલપુર કહે છે. એનું ખરૂં નામ સલખણપુર છે. એક રાસમાં લખ્યું છે કે લખમણ નામના રાજાએ તે વસાવ્યું હતું. પણ પહેલાં સલખણ—સુલક્ષણ નામ પાડવામાં આવતું હતું, તેથી સલખણ નામના પુરૂષે તે વસાવ્યું હોય, એ વધારે સંભવિત છે.

કારણ પૂછ્યું. ટોયાઓએ કહ્યું. અહિં વીસા પોરવાડ જ્ઞાતિના કોચર નામના ફોજદાર છે. તે બાર ગામના અધિકારી છે. તેમના અમલમાં સર્વ સ્થળે અમારી :પળાય છે. અહિં તલાવમાં બગલાં વગેરે જનાવરો માછલાંને પકડે નહીં એટલા માટે અમે તેની ચોકી કરીએ છીએ. ઢોર માટે ગળેલું પાણી પાવાની વ્યવસ્થા કરી છે અને જે પાણીઆરી પાસે ગળણું ના હોય તેને નવું ગળણું આપ્યા પછી પાણી ભરવા દેવામાં આવે છે. આ પ્રમાણે જીવ-રક્ષાના કારણે અમને બેસાડયા છે. એ સાંભળી દેપાલ કવિ બહુ ખુશ થયો ને તેણે કોચરને ઘેર જઈને તેનાં યશોગાનનાં કવિત્ત કહી સંભળાવ્યાં. કોચર આનંદ પામ્યો ને આગ્રહ કરીને કવિને થોડા દહાડા પોતાને ઘેર રાખ્યા. પછી—

"દાતાર મુગલાં રે હાટ કરાવઇ, લેયો રે ઠાકુર જિ તુમ ભાવે"

બજાર વચ્ચે કવિને ઉભા રાખીને કોચરે કહ્યું કે આ બજારમાંથી જે જે તમારી નજરમાં આવે તે તે વસ્તુઓ લઈ લો.

આ પ્રમાણે કવિને દાનથી ભરપૂર નવાજીને કોચરે વદાયગીરી આપી. દેપાલ ફરતો ફરતો ખંભાત ગયો. ત્યાં સુમતિ સાધુ સૂરિ વ્યાખ્યાન કરતા હતા. એ સભામાં કવિને બોલવાનું કહેતાં તેમણે કોચરના યશનું કવિત્ત કહી સંભળાવ્યું. કોચરને ફોજદારી મળી હતી તે અહીંના રાજણસિંહ શાહ ઓશવાળે આપાવી હતી. કોચર ખંભાત આવ્યો હતો. મહારાજે વ્યાખ્યાન કરતાં જીવદયાનો વિષય વર્ણવ્યો. કોચરે કહ્યું કે અમારે ત્યાં બહુચરા માતા છે. ત્યાં લોકો ઘણા જીવોનો ઘાત કરે છે. આ સાંભળીને મહારાજે સાજણસિંહ શાહને કહ્યું કે તમે તમારી લક્ષ્મીનો લ્હાવો લઇને સામ દામ દંડ ભેદ હરકોઈ રીતે જીવરક્ષા કરો. સાજણસિંહે કોચરને ખંભાતના હાકેમ પાસે લઈ જઈ ને સલખણપુરના ફોજદારના દોષ બતાવ્યા. હાકેમે કહ્યું કે તમે કહો તેને ફોજદાર નીમીએ. સાજણસિંહના કહેવાથી કોચરને ફોજદાર નીમ્યો. પણ તેની આવી કીર્તિ કવિમુખે સાંભળી સાજણસિંહને થયું કે આ મગતરા જેવો કોચર, જેને મેં પોતે અધિકાર અપાવેલો તે આજે એટલો બધો ચઢી જાય કે પોતાના કરતાં પણ એની કીર્તિ વધે. ભરસભામાં એના જશ ગવાય અને પોતાને કશા લેખામાં ગણવામાં ના આવે એ માનહાનિથી તેને બહુ લાગી આવ્યું. તેણે તરત જ હાકેમને ભંભેરીને કોચરને પકડી મંગાવ્યો અને કેદમાં નંખાવ્યો.

કવિ ત્યાંથી શત્રુંજયની યાત્રાએ ચાલ્યા ગયા તે પછી કોચરના આ હાલ થયા. યાત્રા કરીને પાછા ફરતાં પાછા તે ખંભાત આવ્યા. અહીં તેમને ખબર પડી કે પોતે કોચરનાં યશગાન ગાયાં તેથી એને બહુ ભારી થઈ પડયું છે. કવિ બહુ દિલગીર થયા. તે દિવસની સભામાં કવિએ સાજણસિંહના પુષ્કળ યશ ગાયા અને છેવટે કહ્યું કે તમે કોચરને કેદ કરાવ્યો તે ઠીક જ કર્યું. તમારા પ્રતાપે હવે માછીઓને લીલાલહેર થઈ રહી છે. જે તળાવમાં બગલાં પણ ચાંચ બોળી શકતાં નહોતાં ત્યાં હવે જાળો નખાય છે. બગલાં પણ તમને ઘણો આશીર્વાદ આપે છે. અનેક પાડાઓનો ભોગ અપાતો થવાથી બહુચરાના પૂજારી પણ બહુ હરખાય છે. ધન્ય છે તમને કે તમારે પ્રતાપે બારે ગામમાં **અવળી મૂંડે** અમારી પળાય છે. આ વ્યંગ્યોક્તિથી સાજણસિંહ શરમાયો. કવિને પોતાને ઘેર તેડી જઇને તેમને સંતુષ્ટ કર્યા. કોચરને બંધીખાનામાંથી છોડાવીને તેને ફરી તેનો અધિકાર અપાવ્યો અને કવિને દીલ્લી ભણી વદાયગીરી આપી.

"કોચર વ્યવહારિ રાસ"માં કવિ દેપાલને લગતી આટલી હકીકત મળી આવે છે. દેપાલ કવિનો જન્મ કયારે થયો અને તેનું અવસાન કયારે થયું, એ સંબંધી કશી માહિતી

મળતી નથી. એનાં કાવ્યો એની કવિ તરીકેની યોગ્યતા પુરવાર કરે છે. એનાં કાવ્યોએ એની હયાતી પછી પણ એને અમર રાખ્યો છે. લગભગ દોઢસો વર્ષ પછી થયેલો ઋષભદાસ કવિ પોતાથી આગળ થયેલા ઉત્તમ જૈન કવિઓ ગણાવતાં દેપાલનું નામ ગણાવે છે. આજે પાંચસો વર્ષ વીતી ગયાં, ભાષાએ નવું સ્વરૂપ ધારણ કર્યું છતાં પણ દેપાલની પૂજાઓ હજુ ભોજકો ગાય છે. આ તેની યોગ્યતાનો સબળ પુરાવો છે.

દેપાલનાં કાવ્યો **સ્થૂલિભદ્રકક્કાવલિ.** એમાં કક્કાના અક્ષરો લઇને કાવ્યની રચના કરી છે. કાવ્ય બહુ મનોરંજક છે. **વજ્ર સ્વામીની** ચોપાઈમાં કવિએ રચ્યાસાલ લખી છે. એનો આરંભ આ પ્રમાણે છે:

ગોયમ ગણહર પય નમી, આરાહિસુ અરિહંત;
હૃદયકમલ અહિ નિસિ વસઇ, ભવભંજણ ભગવંત. ૧
ભવભંજણ ભગવંત તુઝ આણ અખંડ વહેસુ;
સીલસિરોમણિ ગુણનિલઉ, જંબૂકુમર વન્નેસુ. ૨

છેવટ

એહ ખમઉ અપરાધ સંઘ સહિત શ્રી જુગપવર;
હું તુમ્હ ચલણો સેવ, વાંછૂ નહિ છઇઉં અવર. ૭૦
હું મૂરખ મતિહીણ, ભારી કમ્મઉ છઉ સહીએ,
ઈમ પોખી વઈરાગ, પતિ બૂધઉ જઇહિ નહીએ. ૭૧
સંવત પંનર બાવીસઇ, રચઉ આસોઇએ મઇં;
એ ભણઇ ગુણઇ નરનારિ, તિહામનિ ઉપસમ રસિ રમઇએ. ૭૨
શ્રી જંબૂસ્વામી સિદ્ધિગામી, ભવહ પંચમ અણુવરી;
ઉપકારકારી બુદ્ધિસારી, રચઉ દેપઈ અપકરી;
જન ભાવિ ભણસઇં, અનઇં સુણસઇં રહસ્ય જાણી એહનાં,
જિણ આણ ધરસિઇં, ખિમ કરસિઇં, કાજ સરિસ્યઈ તેહનાં. ૭૩

આ સિવાય રોહણીયા ચોરનો રાસ, જાવડનો રાસ, ચંદનબાલ ચોપાઈ, સમકિત બાર વ્રત ચઉપઈ કુલક (શ્રાવકા ચાર). આ વગેરે નાનાં મોટાં કાવ્યો મળે છે. **સ્થૂલિભદ્ર ફાગ** એ નામનું ૨૭ ટુંકનું એક નાનું કાવ્ય ઊંચા પ્રકારનું કાવ્ય છે. તે સંવત ૧૫૩૪ માં રચાયું છે. તેમાં કર્તાનું નામ નથી. પણ જે સંગ્રહની વચ્ચે તે લખાયું છે તે જોતાં તે દેપાલની કૃતિ હોય એમ લાગે છે. દેપાલ દીલ્લીનો રહીશ હોવા છતાં એના કાવ્યમાં દીલ્લીની ભાષાની કશી અસર જણાતી નથી. તેથી લાગે છે કે એ મૂળ ગુજરાતનો વતની હોવો જોઇએ. જે માનવંત કુટુંબનો એ આશ્રિત હતો તે સાહ સમરા સારંગનું કુટુંબ ગુજરાતી હતું. એથી બીજે બધે ઠેકાણે ચાલે છે તેમ દીલ્લીમાં પણ એમના ઘરમાં ગુજરાતી ભાષા બોલાતી હોવી જોઇએ.[૧] આમ દેપાલ ગુજરાતી ભાષાનો સતત અભ્યાસી હોવાથી દીલ્લીમાં રહેવા છતાં પણ એની ભાષા દીલ્લીશાહી થઈ નથી.

---

૧ ગુજરાતીઓ તેમ બીજા બધા પરદેશમાં જઈ રહેનારાઓ પોતાના ઘરમાં તેમ જ પોતાના દેશના કે પોતાની જાતિના માણસ માટે તેમની સાથે પોતાની દેશભાષામાં જ વાત કરે છે, જેમ ગુજરાતમાં વસતા દક્ષિણીઓ લોકોની સાથે ગુજરાતી બોલે છે, પણ તેમના ઘરમાં અને બીજા કોઈ દક્ષિણી સાથે વાત કરતાં પોતાની માતૃભાષામાં જ બોલે છે. ગુજરાતના ઔદિચ્યો દિલ્લી, મથુરા વગેરે સ્થળે દશ દશ પેઢીથી રહે છે, છતાં હજુ પણ તેમના ઘરમાં ગુજરાતી બોલાય છે ને ચર્ચા પણ ગુજરાતીમાં જ થાય છે. માત્ર અંગ્રેજી ભણેલાએ આ સ્વત્વ ભૂલે છે. તેઓ પોતાના દેશમાં પણ સાધારણ વાત કરતાં અંગ્રેજી પઢપટારો કરવા મંડી જાય છે.

આળ ટાળવાના માર્ગે

કૃષ્ણસૂનુ પ્રેમાનંદ ભટ ગ્રથિત

રોષદર્શિકાસત્યભામાખ્યાન

અંક ૧, દૃશ્ય ૩-૪-૫

સંશોધક કે. હ. ધ્રુવ.

પુરોલેખ

એક વખતે કોઈ નાટકમંડળીએ ભજવવા રાખેલા નાટકમાં નટીએ કૃષ્ણલીલાનૂં ગાન ગાયૂં. તેના છેવટના ભાગમાં રુકિમણીહરણને અનુલક્ષીને 'યુવા મણિ ચોરે' એવા બોલ હતા. તે કૂળદેવીનું પૂજન કરી પાછાં વળતાં રુકિમણી રાણીને કાને પડ્યા. તેનો અર્થ 'યુવાવસ્થ કૃષ્ણ સ્યમંતક મણિ ચોરે છે' એવો સમજાયાથી રાણી રોષે ભરાયાં. તેમણે 'યુવા મણિ ચોરે' કહેનારને પકડી લાવવા સારૂ દાસીને દોડાવી; અને મણિચોરીના આળના સંબંધમાં વાત કરવા પોતે કૃષ્ણદેવના મ્હેલે પધાર્યાં. ત્યાં કૃષ્ણદેવ અને તેમના ઇષ્ટ મિત્ર શ્રીદામાની વચ્ચે એ જ આળ ટાળવા બાબત ચર્ચા ચાલતી હતી. દેવે બાળસ્નેહી ગોપને રુકિમણીવિવાહના ટાણે સકુટુંબ ગોકુળથી તેડાવ્યો હતો. સ્યમંતક મણિ ચોર્યાનૂં આળ સત્રાજિતે કૃષ્ણદેવને શિર મૂકયૂં ત્યારે શ્રીદામાએ, એ યાદવની દાસી જે નાગરિકા, તેને સાધીને મણિને લગતી હકીકત બાળમિત્રને મેળવી આપી હતી. એ પ્રકરણને અંગે સત્રાજિતની પુત્રી સુરૂપશાળી સત્યભામા ગોપની નજરે પડી હતી. રુકિમણીએ પ્રવેશ કર્યો ત્યારે ગોપ 'સત્યભામા સાથે વિવાહ મળે, તો આળ ટળે' એવો બોધ મિત્રને કરતો હતો. તેના શબ્દ કાને પડતાં રોષે ભરાઈ રાણીએ ગોપને સજડ ઝપાટામાં લીધો. એટલામાં દાસી મણિચોર કહેનારને પકડી લાવી. તેમને રાણીએ રોષના વળમાં છોડી મૂકવા દાસીને ફરમાવ્યૂં. રુકિમણીએ ઝાટકયાથી પોતાને જાણે બહુ માઠૂં લાગ્યૂં હોય એવા ડોળથી શ્રીદામો, કૃષ્ણદેવની ઇચ્છા અણસારાથી વરતી જઈ, મણિચોર કહેનારની તપાસ માટે ચાલતો થયો. એ ગયા પછી 'કોને શા માટે પકડ્યા હતા અને કેમ છોડી મૂકયા?' તે જાણવાને કૃષ્ણદેવે રુકિમણીને વળીવળીને પૂછ્યું; તે કાને ન ધરતાં રાણી પણ ધૂંઆપૂંઆ થતાં અંતઃપુરે પધારી ગયાં.

શ્રીદામો પગની પન્હોતી ઊતારી ચૂક્યો. પણ 'યુવા મણિ ચોરે' કહેનાર પાસેથી કંઇ પણ જાણવા જણાવવા જેવું મળ્યૂં નહિ. એણે જોયૂં કે આવી મિથ્યા માથાકૂટ કરતાં કૃષ્ણદેવ અને સત્યભામાના વિવાહનૂં ચોકઠું બંધ બેસી જાય તે જ ઠીક. એ કાર્યની ચિંતામાં તે ઘેર જઈ વહુને સાથે લેઈ સત્રાજિતના વાસમાં જાય છે. આહીરાણીને વેગળેથી સત્રાજિતનૂં ઘર બતાવી, ત્યાંથી નાગરિકાને તેડી લાવવાનૂં કહી તે ઘેર વળી જાય છે. થોડી વારે આહીરાણી નાગરિકાને લેઇને આવી પ્હોચે છે. પછી શૂં થાય છે તેની વિગત નીચેનાં દશ્યો પૂરી પાડે છે.

પાંચાલીપ્રસન્નાખ્યાન નાટકના ત્રીજા અંકમાં જેમ ઝાંપડાઝાંપડીની બોલીનો નાટકકારે પરિચય કરાવ્યો છે, તેમ સત્યભામાખ્યાનના પહેલા અંકના ત્રીજા તથા પાંચમા દશ્યમાં અને પાંચમા અંકના પહેલા દશ્યમાંના રાધિકાના પત્રમાં તેણે આહીરની બોલી પ્રેક્ષક કે શ્રોતા કે વાચક સમક્ષ રજુ કરી છે. તે બોલીનાં શુદ્ધ અને ભ્રષ્ટ રૂપો બારીકીથી તપાસવા જેવાં છે.

આળ ટાળવાના માર્ગે

દશ્ય ૩

કનકપ્રાસાદની દુરવસ્થા નિરખી શોચ કરતો શ્રીદામો પ્રવેશ કરે છે.

૧૦ શ્રીદામો—

દુહો

કઙ્વણુ સુવ્રણુ મંદર[1]; કઙ્વણુ આહીરવગ્ગ[2]!
૩વસ્સો માનસ સરવર; જત્તી લદ્ધી કગ્ગ[3]!

સચ્ચાઇ[4]—

[5]અપ્પિય સુવ્રણુ અભ્રણુ. મક્કડ મુલ્લ ન જાણઇ;
તિમ હિય મંદર સુવ્રણુ ન હીમતી મનિ આણઇ[5].

([6]હીમતીનઇ મુદ્દઇ બરકી નઇ) હીમતી ! હીમતી ! મંદર બિગાડી ગા ગોઠાય કરઇ. અહિરણ્ણી ! અવ્વિ, અવ્વિ. (વિચાર કરી નઇ) હીમતી કિમ ન અઙ્વઇ ? મઇ ઇહાં થઈ તિહાં અથડઙ્વી, તિ વાટ ભુલ્લી ? પણિ સત્તભામાની સયણ્ણી નથ ભુલ્લઇ[6].

[7]એહવઇ સત્તભામાની સયણ્ણી અનઇ હીમતી અઙ્વતી દરસઇ છઇ[7].

૧૧ હ્રીમતી—[8]આહ ! ભૂંડઇ મુનઇ અહિંતહિં ભટકાવી. વાટિ કિહિં અનઇ મુનઇ લેઈ ગ્યુ કિહિં[8] !

[9]ઇમ હીમતી કોપ કરઇ, તિહાં બાંહિ સાહી સીદામુ ખીંચઇ.[9]

૧૨ હ્રીમતી—[10]ઉંહ, ઉંહ ! લક્ખણુ કેહાં છઈ ?[10]

૧૩ શ્રીદામો—[11]જાહ કઇ જાહ, મંદરિ જાહ. ઓલી ગા છૂટી છઇ. (ઇમ કહી મંદરિ પઠાવઇ)[11]

તજી દીધેલા પાઠ

દશ્ય—૩

૧ મંદર અનઇ ૨ આહિરાં કેરો વસ્સ; ૩–૩ જિમ મિલઇ માનસરવર વસ્સ, અનઇ જત્તી લદ્ધઇ કગ્ગઇ. (ઈમ મુદ્દઇ થઇ ભણઈ) ૪ ૦ ૫–૫ મુક્કુટ અભ્રણુ અપ્પઇ, મુલ્લં નથ નથ જણ્ણઇ; મઇ'દઈ સુઙ્વણ સારઇ, તિમ મંદર મન અણ્ણઇ. ૬–૬ હીમતે હીમતે ! આહીરણ્ણી ! મંદર ગાઇ ગોઠા કરઈ, બિગડાઇ. (એરવઇ સુણ્ણઇ અઙ્વઇ). આહે ! હીમતે કિમ ન અઙ્વઇ ? મઇ ઇહાં થઈ તિહાં અથ્થડાવઈ તિ વાટઈ ભુલ્લઇ નથ નથ સત્તભમ્મઈ સયણ્ણઈ ભુલ્લઇ ૭–૭ એહવઇ સત્તભમ્મઈ સયણ્ણઈ અનઇ હીમતઈ આવઈ તિહિં દરશઇ છઇ ૮–૮ આહા ભુંડડઇ મઈ ઇહિં તિહિં ભટકાવઇ. વાટડી કિહિ અનઇ મઈ લઈ જઙ્વઇ કિહિ. ૯–૯ ઇમ કોપ કરઇ બાંયડું સાંઇ ખિંચઇ ૧૦–૧૦ ઉંહ ઉંહ લખ્ખણ કિહ છિ ! ૧૧–૧૧ જાહકી જાહ જાહ મંદરઇ જાહ. ઓલઈ ગહ છૂટઈ સઈ કહઈ મંદરઈ પઠાવઇ.

૯૪ નાગરિકા પ્રવેશ કરી—શ્રીદામા ! નારી તો નૌતમ મળી દેખું ! કૃષ્ણદેવને પણ આવી ને આવી જ ગોપકન્યાઓ મળી હશે ! તને પણ એવું બોલતાં આવડે છે એ મેં આજ જ જાણ્યું. કહે, મને કેમ બોલાવી ?

૯૫ શ્રીદામો—નાગરિકા, ખેતર ભલું ચોવાડ અને ભામની ભલી કોબાડ. કૃષ્ણદેવને જે ગોપકન્યાઓ મળી છે, તેમના આગળ તો તારી સત્યભામા દાસીપદને પણ ઘટિત નથી. દેશ તજિયે, પણ દેશોચ્ચાર[12] ન તજિયે. તને બરકવાનું કારણ એ, કે હવે તો [13]સ્યમંતકવિશે સમાધાન થયું કની ?[13]

૯૬ નાગરિકા—હા, મારી સખીના પિતાનું તો સમાધાન થયું. [14]વળી લગ્ન સંબંધી ઉત્સાહમાં લોકની વાતો સાંભળે પણ કોણ ?

૯૭ શ્રીદામો—નાગરિકા ! તારો અને મારો સંબંધ સ્યમંતકની [15]શોધને લીધે[15] ઘણો ઘાઢો થયેલો છે. તેણે કરીને જ હું તને ગુપ્ત વાત પૂછું છું. તે તું કહીશ ?[16]

૯૮ નાગરિકા—કરારે પૂછ્ય. જે હશે તે ખરેખરૂં કહીશ.

૯૯ શ્રીદામો—મેં સાંભળ્યું છે કે કૃતવર્મા, અક્રૂર આદિક જે સત્યભામા માટે સ્વામી તેના પિતાએ શોધી કાઢેલા છે, તે તેને ગમતા નથી. તે ખરૂં છે કે ખોટું ?

૧૦૦ નાગરિકા—અલ્યા, એ વાત પૂછવાથી તને શો લાભ છે ?

૧૦૧ શ્રીદામો—મારૂં અને તારૂં એ કારજ થાય તેવું છે; માટે પૂછું છું. કહી દે જે [17]હોય તે[17].

૧૦૨ નાગરિકા—હા, તે તેને નથી ગમતા. પણ પછી શું ? ગાયે અને કન્યાએ દોરે ત્યાં જવું પડે. તું કંઈ નવુંજુનું કરે છે ?

૧૦૩ શ્રીદામો—જો તારામાં હિંમત હોય, તો બેસાડી પાડીએ ચોકડું. પછે થાય સત્યભામા રાણી અને તું થઈ પડે રાણીની સખી. તેણે કરી વધે તારો અને મારો [18]ભાર.

૧૦૪ નાગરિકા—પણ એ વાત થાય કેમ ? ન માને સત્યભામા કે ન માને કૃષ્ણદેવ. અને વળી જો રુકિમણી દેવી કે સત્રાજિત જાણે, તો થાય તારી અને મારી વેતરણ !

૧૦૫ શ્રીદામો—દાવ આવવો એ તો કંઈ નક્કી [19]નથી; તથાપિ[19] પાસો નાખવામાં શું જાય તેવું છે ? જો વાગ્યો તો તીર; નીકર ટપ્પો. તું છું નાગરિકા અને હું છું શ્રીદામો. આપણો પાર કોણ પામે તેવું છે ? જો ને મેં તને

૧૨ દેશાચાલ ૧૩-૧૩ સ્યમંતકનોચોર કોણ સેં જાણ્યું કની ? ૧૪-૧૪ વળી સુખમાં દુઃખ રહે પણ ક્યાં ? અને ૧૫-૧૫ શોધ સંબંધેં ૧૬ કહીશ કે નહિ ૧૭-૧૭ હોય ખરૂં તે ૧૮ ભાવ ૧૯-૧૯ નથી કે આવવાનો પણ નથી, તથાપિ

બોલાવનાર જ કેવું મોકલ્યું'તું? તેને એટલું અથડાવીને લાવ્યો'તો કે ફરીથી તારૂં ઘર પણ જડે નહિ. હાથપગ જોડી બેશી રહેવાથી કંઇ રાણીની સખી કહેવાશો કે? અમે ય કંઇ હરણ કરી આણેલીના મુખનું પાન થવાના છીએ? માટે આપ્ય વચન; અને પછે બાંધિયે કેડ.

૧૦૬ નાગરિકા—લે, મેં તો આ વચન આપ્યું. [૨૦](વચન આપે છે.)[૨૦] પણ શી રીતે કારજ થશે તે મને સૂઝતું નથી. આખાની આશાએ અરધું ન ગુમાવિયે એવું થાય, તો જ હું તો ઊભી રહું; નહિતો નહિ. બોલ્ય, કેમ કરિયે તો ઘાટ બેસે?

૧૦૭ શ્રીદામો કાનમાં કંઈક કહી—[૨૧]તું એમ કરે ને હું એમ કરૂં[૨૧]. કહે, એમાં તારૂં કે મારૂં કંઇ જાય તેવું છે?

૧૦૮ નાગરિકા સહર્ષ—વાહ! ગોપબંધુ, જુગતિ તો ઠીક લડાવી! ત્યારે આજ જ હું કરીશ એમ અને તું કરજે તેમ. પણ, અલ્યા, ઊભો રહે. મારૂં જેમ વચન લીધું, તેમ તારૂં વચન આપ્ય.

૧૦૯ શ્રીદામો—લે ત્યારે મારૂં વચન. (એમ કહી વચન આપે છે.)

૧૧૦ નાગરિકા—જોજે, ભાઈ! શ્રીદામા! 'ભીખ ન આપવી ને પત્તર ફોડવું' એવું રખે કરતો. તારા પર, પાછલી ગોપિકાઓની વાતો સાંભળીને જ, હું વિશ્વાસવાળી થઈ રહું છું. સખા! તું મને કહેલા કામમાં પૂર્ણ સાવધ રહેજે. હવે હું જાઉં છું અને તારા કહેવા પ્રમાણે સર્વ યોજના કરૂં છું.(જાય છે.)

૧૧૧ શ્રીદામો હાથની ચપટી વગાડી—કામ તો, આહા, થયું! ગોવાળિયાથી જો ગાય વશ ન થાય, તો તે ગોવાળિયો શાનો? વારૂં, ચાલ્ય, દેવીએ જે ચોર પકડી મોર માર્યો છે, તે સર્વ કૃષ્ણદેવને, જણાવી દઉં; અને, મારા ઉઠ્યા પછે શું થયું, તે પણ જાણી લેઉં. (જાય છે.)

દશ્ય ૪

સિંહાસનારૂઢ કૃષ્ણદેવ પ્રવેશ કરે છે.

૧૧૨ કૃષ્ણદેવ વિચારમાં ગૂંચાએલા વેશે—પ્રિયા પૂઠે ગયા, અપમાન સહન કર્યું, તિરસ્કાર વેઠ્યા; કિન્તુ તે એકની બે ન જ થઈ. હવે તો, શ્રીદામે શું કર્યું, તે જોવાનું છે. કેમ હજી લગી ગોપબંધુ આવ્યો નહિ? શું, તેને દેવીએ ગોવાળિયો કહ્યો, તેથી માઠું તો નહિ લાગ્યું હોય? જો એમ હશે, તો થોડી વાર વાટ જોયા પછે તેને બોલાવવા મોકલીશ.

૨૦–૨૦ ૦ ૨૧–૨૧ જો તું એમ કરે તો હું આમ કરૂં.

એવે વિચિત્ર વેશે શ્રીદામો પ્રવેશ કરે છે.

૧૧૩ શ્રીદામો—દેવનો જયજયકાર થાવ! [1]કહાનજી! ચંદ્રિકા[1] હોય તો ચેતાવજો, એટલે રાહુરૂપધારી બનું.

૧૧૪ કૃષ્ણદેવ—રાહુનું રૂપ ધર્યામાં પણ [2]કીર્તિની [2]પ્રાપ્તિ છે[2].

૧૧૫ શ્રીદામો—મહારાજ, તે શી?

૧૧૬ કૃષ્ણદેવ—પર્વ થઈ [3]પૂજાવાની.

૧૧૭ શ્રીદામો—મહારાજ! આભડછેટ થઈ ટળાવાની[4] અપકીર્તિ કેમ નહિ?

૧૧૮ કૃષ્ણદેવ—વારૂં, બીજી કર્મકૂટ જવા દઈ કહે, કે દેવીએ મુક્ત કરેલો માણુસ કોણ હતો અને તેને શા કાજે પકડ્યો'તો?

૧૧૯ શ્રીદામો—વયસ્ય! ધૂળની બેન રાખોડી. (હસે છે.)

૧૨૦ કૃષ્ણદેવ—અલ્યા, એમ કેમ?

૧૨૧ શ્રીદામો—નાટકી લોક નાટક કરતા'તા. તેને દેવીની સખીએ પકડી [5]આણ્યા'તા એવું જણાયું, એટલે[5] મેં પણ તેમને જતા કર્યા.

૧૨૨ કૃષ્ણદેવ સરોષ—શું, અલ્યા? મેં મણિ ચોર્યો એનું નાટક કરતા'તા તેમને તેં જવા દીધા? કેટલા[6] ગજબની વાત! (સખેદ) ગોપબંધુ! મારે પણ [7]જુગતે જુગતું[7] ઠીક મળી આવ્યું છે!

શિખરિણી

[8]પળી માની પ્રિયા [9]મુજ વચન ના માનીં જ જદા,[9]
કળી [10]મિત્રે ક્રિયા અહિત હિત ચિત્તે નિજ તદા: [11]
[12]ટળી બાધા જાગી [13]સબળ. ગુણ ગાઠા ગરવદા[13].
રળી કીર્તિ [14]લાગી મૃગજળ .[15]સમાણી સરવદા.[15]

૧૨૩ શ્રીદામો—મહારાજ! એટલું બધું શા વાસ્તે? તમારા જ સગાવ્હાલા કે તમારાજ કહેવાતાને એવું બોલ્યા માટે પકડી આપું, તો તો પછી દેવના મનનું માન્યું કર્યું કહેવાય કે નહિ?

૧૨૪ કૃષ્ણદેવ મનમાં—હાં, અર્થ તો સિદ્ધ થયો. (પ્રકાશ) ના. એટલા વડે નહિ, કિન્તુ હું જ્યારે મારા કાનોકાન સાંભળું એવો તું કંઈક ઘાટ કરે, ત્યારે

દશ્ય—૪

૧-૧ કહાનજી કૃપા તો છેની? ચંદ્રિકા ૨-૨ કીર્તિ રૂપી અર્થની પ્રાપ્તિ તું સ્વીકારી બેઠો છે ૩ પૂજા ગ્રહણ કરવાની ૪-૪ આભડછેટ રૂપ થઈ ટળવાની ૫-૫ આણ્યા! જ્યાં એવું જણાયું એટલે ૬ એ કેટલા ૭-૭ જુગતે જોડું ૮ મળી ૯-૯ પતિ વચન માને નવ કદા ૧૦ મૈત્રી ૧૧-૧૧ જાણે મન સદા ૧૨ બળી ૧૩-૧૩ જગત જશ નાઠો સરવદા ૧૪ જાતે ૧૫-૧૫ સમી જાણવી તદા

તો હું વયસ્યની વાચા [૧૬]સત્ય ગણું. બાકી બીજું બધું તો [૧૭]ઝાંઝવાના જળ જેવું જ.

૧૨૫ શ્રીદામો—જો, કહાનજી, [૧૮]એવી જ ઇચ્છા[૧૮] હોય, તો કોઇ પણ ન જાણે એ પ્રકારે મારી સાથે આજે જ સુવર્ણસરોજિકા ભણી ચાલો. પણ જવા વિશેની વાત કોઇના પણ જાણવામાં આવવી જોઈએ નહિ. જો જાણવામાં આવશે, તો સર્વ ઘાટ કથળશે; અને માની પ્રિયા જેવો જ [૧૯]અજ્ઞાની મિત્ર પણ ગણાશે.

૧૨૬ કૃષ્ણદેવ—વયસ્ય! હું સમજું છું. એ વિશે તારે મને કહેવું પડશે નહિ. છ કાનની વાત સારરૂપ હોય, તથાપિ નિઃસાર થાય છે. બોલ્ય ત્યારે, તું જ તે સમય થયે મને બોલાવીશ, કે હું તને બોલાવું?

૧૨૭ શ્રીદામો—કહાનજી! તમે મને બોલાવવા આવ્યા, એટલે તો લોકે ન[૨૦] જાણવાનું તે જાણ્યું જ સમજવું. માટે હું અહીં આવીશ.

૧૨૮ કૃષ્ણદેવ—વારૂ, તેમ કરજે.

[૨૧]એટલામાં શબ્દ થતો સાંભળી બંને કાન દે છે.

૧૨૯ કૃષ્ણદેવ—અરે કોણ બોલે છે?[૨૧]

૧૩૦ [૨૨]નેપથ્યમાં વૈતાલિક[૨૨]—

ઉપેન્દ્રવજ્રા

નભે, જુઓ, સૂર્ય [૨૩]શિરે પ્રકાશ્યો.
પ્રતાપ [૨૪]લેખે પ્રભુ શો વિકાશ્યો!
પ્રભાકરે આપ પ્રભા ન દીઠી.
હરે! હરો કષ્ટ જ દૃષ્ટિ મીઠી.

૧૩૧ કૃષ્ણદેવ—[૨૫]શ્રીદામા! મધ્યાહ્નકાળ થયો; માટે હવે મારે મધ્યાહ્ન-સંધ્યાદિ કર્મ કરવા ઊઠવું જોઈએ. તું પણ જા, નિર્ણય કરેલે સમયે આવજે. જોજે ભૂલી જતો.

[૨૬]બંને જાય છે.[૨૬]

---

૧૬ સફળ ૧૭ ધૂમ્રના બાચકા જેવું કે ઝાકળના ૧૮–૧૮ એવું જ જોવાની ઇચ્છા ૧૯ ૦ ૨૦ ૦ ૨૧–૨૧ (એટલામાં શબ્દ થતો સાંભળી અરે કોણ બોલે છે એમ કહી [કૃષ્ણદેવ] કાન દે છે) ૨૨–૨૨ કંચુકી જવનિકાંતર્ગત શ્લોક બોલે છે ૨૩ ધણો ૨૪ પૂરો ૨૫–૨૫ આ બે બોલ વચ્ચે સંસ્કરણમાં 'જો કંચુકીના કહેવા પરથી સમજાય છે કે' એટલો ભાગ વધારે છે. ૨૬–૨૬ (એમ કહી ઊભય જણ ભિન્ન ભિન્ન માર્ગે ગમન કરે છે).

દૃશ્ય ૫

શોચ કરતી રુકિમણી કનકમાલિકા સહ પ્રવેશ કરે છે.

૧૩૨ રુકિમણી—હલા કનકમાલિકે! વાઘને વકારી, સાપને છંછેડી, વાંકા સાથે વેર આદરી[1] સુખની આશા ઓછી રખાય, તેવું મારાથી થઈ ગયું છે. અરે પ્રભુ! રીસમાં મને કંઇ પણ સૂઝયું નહિ. શિવશિવ! હવે હું શું કરૂં? ગમે તે થાય; પણ મારે શું એને પગે લાગવું? ના ના, એમ તો ક્યારે પણ ન જ કરાય. જે થવાનું હશે તે થશે. (એમ બોલી નિશ્વાસ નાખે છે.)

૧૩૩ કનકમાલિકા—દેવિ! એવું કયું કષ્ટ આવી પડ્યું છે જેથી સખીજન પણ [2]અણુમાહિત છે? ન કરાય એવું હોય તો દુઃખ દૂર ન કરાય; પણ તે સખીજનને કહેવાથી મનની શાંતિ તો થાય ખરી.

૧૩૪ રુકિમણી—હવે કહેવાથી શું? થયું તે કંઇ ના થયું થવાનું છે? તોપણ મનના ઉભરા ઓછા થવા હું તને કહું છું. જો, સાંભળ્ય. પેલાને તું પકડી લાવી, તે સમયે મારે અને આર્યપુત્રને વિખવાદ મચી રહ્યો'તો. શ્રીદામો – જે એમનો વાલેશરી છે અને જેને વ્રજમાંથી અહીં બોલાવ્યો છે – તે દેવને લાગેલું કલંક ભુંસવાને ખોટામાં ખોટી [3]શીખામણ આપતો'તો. મારાથી તે ખમાયું નહિ અને મેં દેવને તથા એને ઠઠકાર્યા. [4]એટલે એ ગોપબંધુ રીસાઈ તહીંથી ઊઠી ગયો![4]

૧૩૫ કનકમાલિકા—ઓહો, બાઈ, એમાં તે આવડું બધું શે લઈ બેઠાં છો? તમને પણ કાગનો વાઘ કરતાં આવડે દેખું. એના તે શા ભાર છે? દેવને એકલો શ્રીદામો મળ્યો છે, તો તમને બે–હું તથા પદ્મપ્રભા–કયાં નથી મળ્યાં? એ તે શું કરવાનો છે?

૧૩૬ રુકિમણી—હલા કનકમાલિકા! એ ખરેખાત સત્રાજિતની સુતા સાથે આર્યપુત્રનું ચોકઠું બેસાડી દેશે! એણે વ્રજમાં એનાં એ જ કામ કર્યાં છે.

૧૩૭ કનકમાલિકા—ઓહો, એમાં તે આટલાં બધાં બીઓ છો શાનાં? સત્રાજિતની સુતા તો કૃતવર્મા સાથે બે દિવસમાં જ પરણવાની છે.

૧૩૮ રુકિમણી—સખી! પણ બે દિવસમાં તો ગોપબંધુ આર્યપુત્રને બાર બાયડીઓ પરણાવી દે તેવો છે. મને લાગે છે કે તેણે કંઇનું કંઇ એટલામાં

દૃશ્ય—૫

૧ કરી ૨ અણુમાહીતીમાં ૩–૩ શીખવણી કરતો'તો ૪–૪ એ મુઓ ગોપ અહીંથી ઊઠી રીસાઈ ગયો

તો કર્યું હશે. કનકમાલિકે ! જેમ સાપના પગ સાપ જ જાણે '-બીજો જાણે નહિ[5], તેમ એની કંઈ વાત જાણવામાં આવનાર નથી.

૧૩૯ કનકમાલિકા—દેવિ ! એમ ડરો છો [6]શાને? મને કંઇ કામ સોંપી જુઓ.[7] પછે એ ગોવાળિયાને જેટલો વખાણવો હોય તેટલો [8]વખાણજો.

૧૪૦ રુક્મિણી—સખિ ! તારો તો મને પૂરેપૂરો ભરૂંસો છે. પણ એ દેવ પાસેથી ઊઠી ગયો ત્યારપછે એણે શું કર્યું, તે વિશે કંઈ જાણવામાં આવે એવું જો તું કરે, તો તેં મારાં સર્વ કારજ કર્યાં સમજું.

૧૪૧ કનકમાલિકા—દેવિ ! ત્યારે હું એને ઘેર જઈ ખબર કાઢી લાવું છું. એ કપટી છે, પણ એની બાયડી [9]ભોળી છે. [10]તેને પણ, કહેતાં હો તો, અહીં તેડતી આવું.

૧૪૨ રુક્મિણી—તેડતી આવજે. પણ જોજે હો, એ [11]વાત લણી જાય નહિ.

૧૪૩ કનકમાલિકા—ના રે ના. એના તે શા ભાર છે, કે મારી [12]વાતનો પાર પામી જાય[12] ? હું મગનું નામ મરી એ કહું એવી નથી. (જાય છે.)

૧૪૪ રુક્મિણી—ગોપબંધુએ જો કંઇ કર્યું હશે, તો તો કનકમાલિકા તેની ભાળ કાઢી લાવશે. મેં પણ ઘાટ તો ઠીક ગોઠવ્યો. કનકમાલિકા મને મદદ તો કરત; પણ આથી તો ગોબંધુ ઉપર બે દાણા વધવાને એ એકે પગે થઈ રહેશે. જો મેં સંતાઈ રહી આર્યપુત્ર અને ગોપબંધુની વાત ન સાંભળી હોત, તો તો ખરેખાત શ્રીદામો ચોકકું બેસાડી દેત. પણ હવે તો એ વાતનાં છેટાંસ્તો ! કેમ વારૂં કનકમાલિકાને બહુ વાર લાગી ? એ કંઇ બીજે કામે તો જાય તેવી નથી; તેમ વાર પણ કરે એવી નથી.

એવે કમકમાલિકા તથા હીમતી પ્રવેશ કરે છે.

૧૪૫ કનકમાલિકા હીમતી ન સાંભળે તેમ—દેવિ ! ગોપબંધુને અહીં રહેવા દેવો એ દૂધ પાઈને સાપ ઉછેરવા [13]જેવું છે. બાઈ ! તમે ભલું એનું મન વર્ત્યું ! આને પૂછતાં કંઇ શ્રીદામે ખટપટ કરી હોય એવું જણાય છે. પણ કંઇ સાર સમજાતો નથી. જ્યારે મને [14]એ માથાકૂટ કરતાં ન જ સમજાયો[15], ત્યારે હું સમારી કને એને તેડી લાવી.

---

૫ ૦ ૬ શેણે ૭ અને પછે ૮ વખાણો ૯ ભોળી અને ભલી ૧૦ ૦
૧૧ ભોળી વાત ૧૨-૧૨ વાતમાંથી કાંદા કાઢી જાય ૧૩ જેવું જ ૧૪ ૦ ૧૫ સમજાયું

૧૪૬ રુકિમણી—હલા [૧૬]હીમતી ! આવ્ય, અહીં બેશ.

૧૪૭ હીમતી—ઉં હ ઉં હ, ઇમ કિમ[૧૭] બા બોલઇ [૧૮]છઇ ? હલા [૧૯]હિરીમતી કિશૂં તિ ? બા એહવી ગોબરી ઠેક્કડી કરઇ[૧૯] ?

૧૪૮ રુકિમણી રીસ ચઢેલી સમજી—હીમતી ! હવે હું તને એવું કંઇ કહીશ નહિ. કેમ, તને વ્રજ સાંભરે છે કે ? હમણાં તારે કેટલી ગાયો છે ? હું જે પૂછું છું, તે તું સમજે છે ?

૧૪૯ હીમતી—[૨૦]હમજું હરવ ઇ, બોલી નથ જાણૂં[૨૦]. બા ! મુનઇ તું વરજ [૨૧]પઠાવિ. ગોપ [૨૨]નથ કહઇ.

૧૫૦ રુકિમણી—હા, હું તને વ્રજમાં [૨૩]મોકલાવીશ. [૨૪]ન ગમે, તો[૨૪] તું અહીં રોજ આવજે, હો.[૨૫]

૧૫૧ કનકમાલિકા—અલી હીમતી ! ગોપ તને કહીં લઈ ગયો’તો, સાથે કોને લાવ્યો’તો અને [૨૬]પછે કહીં ગયો છે[૨૬] તે બધું જેમ મને કહ્યું હતું તેમ જો બાને કહે, તો તને બા વ્રજમાં [૨૭]મોકલાવી દે. ત્યાં થોડા દહાડા રહી તું આવજે, હો.

૧૫૨ રુકિમણી—હા, જો તું મને કનકમાલિકા કહે છે એટલું કહે, તો હું તને વ્રજમાં [૨૮]મોકલાવું.

૧૫૩ હીમતી—હુંઅ, [૨૯]કનકમાલિકી કહી છઇ, ઇ કહું[૨૯]. મૂનઇ [૩૦]અહિંથી તિહિં અનઇ તિહિંથી અહિં[૩૦] ગોપ લઈ જવ્વઇ. [૩૧]મહ પછઇ મહ સત્થઇ પણુઇથી ઊલી અવ્વઇ. તેહિં ગોપ વાતલડી કરઇ, હસઇ અનઇ [૩૨]સુવ્રણુસરોજિકાઇ જવ્વઇ[૩૨].

૧૫૪ રુકિમણી સખેદ—બાઇ ! તે ઘડીએ કોઈ ચોથું માણુસ હતું ?

૧૫૫ હીમતી— [૩૩]નથ.

૧૫૬ રુકિમણી—તું જેની સાથે આવી’તી તેનું નામ જાણે છે ?

૧૫૭ હીમતી—[૩૪]નથ.

૧૫૮ રુકિમણી—વારૂ, ફરીથી કહે જોઈએ, તે અને ગોપ ક્યાં [૩૫]ગયાં છે ?

---

૧૬ હીમતે ૧૭ ૦ ૧૮ ૦ ૧૯-૧૯ અનઈ હીમતે હું તે ? બા એહવઈ ગોબરઈ ગોઠડઈ કરઈ ૨૦-૨૦ હમજું હુ તો સરવઈઃ મઈ બોલઈ નથ જણ્ણઈ ૨૧ પઠાવઈ ૨૨ નથ નથ ૨૩ મોકલીશ ૨૪-૨૪ ૦ ૨૫ અહીં ઉક્તિને છેડે સંસ્કરણમાં નીચલૂં વાક્ય વધારે છેઃ—હમણાં ગોપ ઘેર છે કે ? ૨૬-૨૬ પછે સાંજે કહીં જવાનો છે. ૨૭ મોકલી ૨૮ શ્રીદામાને કહી મોકલાવું ૨૯-૨૯ કનકમાલ-ઇકઇ કેહવઇ છઇ, ઇમઇ તઈ હું ? ૩૦-૩૦ ઈહથી તિંહ અનઈ તિંહ થઈ ઈંહ ૩૧-૩૧ મઇ પછઈ મઇ સથ્થઇ પણ હથઇ ઉલઇ અવઇ તિંહ ૩૨-૩૨ સુવ્વણ્સજઇ જવઈ ૩૩ નથ નથ ૩૪ નથ નથ ૩૫ મળવાનાં

૧૫૯ હીમતી—ઉંહ, [૩૬]સુવણુસરોજિકાઇ.

૧૬૦ રુક્મિણી—કનકમાલિકા! હવે આથી કંઇ વધારે સાર નીકળે એમ નથી.

૧૬૧ કનકમાલિકા—[૩૭]આહિરાણી! તને હીમતી[૩૭] કહીને હું તો બોલાવીશ.

૧૬૨ હીમતી—ઉંહુ ઉંહ, ઇમ [૩૮]કહઇ છઇ તઇં ઇહ નથ રહૂ[૩૮].

૧૬૩ કનકમાલિકા—[૩૯]હીમતિ! હીમતિ![૩૯]

૧૬૪ હીમતી—જાહુ કિ, છોરી, જાહે. [૪૦]મુ ઘરિ જ૦વૂ[૪૦]. (જાય છે.)

૧૬૫ રુક્મિણી—"[૪૧]ઉલી અ૦વઇ, તેહિં ગોપ વાતલડી કરઇ, હસઇ અનઇ સુવણુસરોજિકાઇ જ૦વઇ" એવું જે હીમતીએ કહ્યું, એનો વિચાર[૪૧] કરતાં તત્ત્વાર્થ એ સમજાય છે કે સુવર્ણસરોજિકામાં ગમે તેનો પણ મેળાપ થવાનો છે. વાહ, તેં પણ વાત ઠીક કઢાવી દેખું. હવે તો તું સુવર્ણસરોજિકામાં જા, અને જો [૪૨]જણાવવા જેવી વાત હોય, તો કોઇ પણ ન જાણે તેમ [૪૩]મને જણાવ્ય. એટલે પછે આગળ શું કરવું તે [૪૪]નક્કી કરિયે. તુ જા ત્યાં; અને હું દેવને મળી એમના મનનો જો કંઇ પાર પમાય, તો પામી લઉં.

[૪૫]બંને જાય છે.[૪૫]

---

૩૬ સુવ્વણસજઇ મઇ સુણ્ણઇ. ૩૭–૩૭ હીમતી! તને હે હીમતે ૩૮–૩૮ કરઇ તિંહિ મઇ ઇહઈ નવિ રહઈ ૩૯–૩૯ હીમતે! હીમતે! (એમ બે વાર કહે છે) ૪૦–૪૦ મિ ઘરઇ જ૦વઈ ૪૧–૪૧ 'સુવ્વણ સજઇ જવઇ' એવું જે હીમતીએ કહ્યું, તે પરથી એમ લાગે છે કે સુવર્ણસરોજિકામાં મળવાનો બેત હોય 'ઉલઈ અવઈ' એટલે ઓલી આવી, એ સર્વનો વિચાર ૪૨ જાણવા ૪૩ ૦ ૪૪ ૦ ૪૫–૪૫ (એવી ગોઠવણ કરી બંને જણ જાય છે)

સમજુતી

૯૦ શ્રીદામાની પ્રસ્તુત ઉક્તિમાં જે બે છંદનો પ્રયોગ કર્યો છે, તે દુહા સાથે સંબંધ ધરાવે છે. એ પૈકી પહેલા છંદના પ્રથમ તથા તૃતીય ખંડમાં બાર માત્રા અને બીજા તથા ચોથા ખંડમાં અગિયાર માત્રા છે. એકીમાં પદાંત લલ અને બેકીમાં ગાલ છે. બીજા છંદના ચારે ખંડોમાં બારબાર માત્રા અને પદાંત લલ જોવામાં આવે છે.

પહેલો છંદ સંસ્કરણમાં ગદ્ય રૂપે ઉપલબ્ધ છે, તે બાબત વિચારવા જેવી છે. નાટક વર્તમાન કાળની કૃતિ હોય અને નાટકકારના પ્રકટ કે પ્રચ્છન્ન સહકારથી મુદ્રાંકિત થયૂં હોય, તો એવું રૂપાંતર શી રીતે ઉત્પન્ન થયૂં હશે ? પ્રકાશકનૂં ધ્યાન તે તરફ ખેંચાયૂં જણાતૂં નથી.

એક જ કાળની શિક્ષિતની અને અશિક્ષિતની બોલીમાં ફેર રહે છે. તે ધોરણને અનુસરી શ્રીદામો પોતાની જાતિની બોલી બોલતો અહીં નિરૂપિત છે. એ બોલીમાં ઇસવી સોળમા સત્તરમા સૈકાની બોલીના પડઘા છે.

૯૨ કેહાં (સં कीदृश, મા. कीदिश, સૌ. कीदिस, મ. कीइस, અપ. केह)–કેવાં.

૯૫ ચોવાડ–ચારે બાજુએ વાડવાળું. કોબાડ–બાળકથી પણ બુદ્ધિમાં નપાટ; પુરોગ 'કો' કુત્સાર્થે સં कु ઉપરથી છે. (જુઓ કોઢ કોઢારૂં); અને 'બાડ' 'બાડુઊ' તેને સં. बाल સાથે સંબંધ છે; સરખાવો बालभाषा બોલ. દેશોચ્ચાર–દેશની બોલી.

૧૦૪ ન માને સત્યભામા કે૦–આપણે સમજાવિયે પણ સત્યભામા લાજ મૂકી પિતાને કહે નહિ કે મને કૃષ્ણ સાથે પરણાવો; અને કૃષ્ણ સત્રાજિતને કરગરે નહિ કે મને તમારી પુત્રી પરણાવો.

૧૦૫ તીર–તાકીને મારેલું બાણ. ટપ્પો (પ્રા. तुप्प પું. કૌતુક) કૌતુકથી રમતમાં છોડેલૂં બાણ; 'નાગરિકા' બોલના પ્રયોગમાં ચતુરાઇ(નાગરત્વ)નો ધ્વનિ છે. અને 'શ્રીદામા' બોલમાં યુક્તિઓની સમૃદ્ધિ (શ્રી)નો ધ્વનિ છે.

૧૦૮ જુક્તિ લડાવી–રડ, રડાવ અને લડાવ. મૂળ 'સં. लड्, ૧, ૧૦, પરસ્મૈ. ફેકવૂં. રડાવવૂં' ઉપરથી થયેલ છે.

૧૧૦ પત્તર–ભિક્ષાપાત્ર.

૧૧૩ ચંદ્રિકા હોય તો ચેતવજો૦–રાહુ જેમ પૂર્ણિમાનો સમય જોઈ આવે છે, તેવી રીતે હૂં પણ મારો સમય જોઈ આવૂં–છતો થાઉં, નહિ તો અણછતો રહૂં.

૧૧૮ કર્મફૂટ–કપાળફૂટ 'કર્મ'નો લક્ષણાથી કપાળ અર્થ થાય છે. પ્રારબ્ધ (વિધાતાના લેખ) કપાળે લખાવાની માન્યતા છે.

૧૧૯ ધૂળની બ્હેન રાખોડી–સરખાવો 'રાખ ધૂળ'નો પ્રયોગ.

૧૨૨ પળી–ચાલી ગઈ. કળી મિત્રે ક્રિયા૦–અહિતકારી કૃત્ય મિત્ર મનથી હિતકારી સમજ્યો. ટળી–ટળેલી. બાધા જાગી–મણિ ચોરીની આળરૂપ ટળેલી આપત્તિ. મણિચોરીનૂં નાટક ભજવવાથી જૂનૂં આળ ફરી તાજું થયૂં. ગુણ ગાઢા ગરવદા–મગરૂરી ઉપજાવનારા રાજકાર્યકુશળતા આદિ ગુણો ઘસાઈ ગયા. રળી કીર્તિ લાગી૦–જરાસંઘને અઢાર વાર હરાવી મેળવેલી કીર્તિ હમેંશાને માટે (સરવદા) ઝાંઝવાના જળ જેવી થતી અનુભવી.

૧૨૬ ૭ કાનની વાત૦–જુઓ, षट्कर्णो भिद्यते मन्त्रः ।

૧૩૦ પ્રતાપ લેખે પ્રભુ શો૦–સૂર્ય એમ સમજે છે કે પ્રભુના જેવો જ મારો પ્રભાવ વિકાસ્યો. પણ તેણે આપની પ્રભા દીઠી નથી. આપ જો અત્યારે બહાર પધારો, તો સૂર્ય ઝાંખો ઝબ દેખાય; એવા મહા પ્રતાપી પ્રભુ! આપ કીડીથી કુંજર પોષવાની મીઠી દૃષ્ટિ કરો; અર્થાત્ ભોજને પધારો.

૧૩૨ મારે શું એને પગે લાગવું ?–રીસાઈ ગયેલા શ્રીદામાને પગે પડી મનાવવો ?

૧૩૪ વિખવાદ–વિષ રૂપ વાદ, વાક્પારુષ્યવાળો વાદ. સરખાવો 'વાણીમાં અમૃત છે અને વાણીમાં વિષ છે' એ વચન.

૧૩૫ કાગનો વાઘ–કાગળનો વાઘ. કાગળના વાઘથી વણિક સિપાઈઓ ભડકી મર્યા હતા, તે વાત ઉપરથી આ ઉક્તિ પ્રચારમાં આવી છે જુઓ; એ લોકવાર્તા માટે બહુ જુનાં બુદ્ધિપ્રકાશ.

૧૪૪ બે દાણા વધવા–અહીં દાણા શબ્દે કરીને माष એટલે અડદના દાણા, અર્થાત્ માસા અભિપ્રેત છે. આઠ રતીનો માસો અને બાર માસાનો તોલો.

૧૪૭ ઉંહ ઉંહ, એમ કેમ બા બોલે છે? હલા હ્રીમતિ શું તે? બા એવી ગોબરી ઠેકડી કરે ?

૧૪૯ હમ્જૂ હરવે, બોલી ના જાણૂં. બા મને તૂં વર જ પઠાવ્ય. ગોપ ના કહે છે.

૧૫૩ હંઅ. કનકમાલિકા કહે છે, એ હૂં કહૂં. મને અહીંથી તહીં, અને તહીંથી અહીં ગોપ લેઈ જાય છે. મારા પાછળ મારા સંઘાતમાં પણેથી બોલી આવે છે તેની સાથે ગોપ વાત કરે છે, હસે છે અને સુવર્ણસરોજિકાએ જાય છે.

૧૫૫ ના.

૧૫૭ ના.

૧૫૯ ઉંહ સુવર્ણસરોજિકાએ.

૧૬૨ ઉંહ ઉંહ, એમ કહે તો હૂં અહિં નહિં રહૂં.

૧૬૪ જા કે, છોરી, જા, હૂં ઘેર જતી રહૂં છૂં.

પાઠચર્ચા

દૃશ્ય ૩-૪-૫

૯૦ મુદ્રિત પ્રતમાં શ્રીદામાની ઉક્તિના ચાર ભાગ પડે છે. પહેલો ભાગ 'કવ્વણ'થી શરૂ થઈ 'કગ્ગઇ'થી પૂરો થાય છે, તેની સાથે 'ઇમ મુદઇ થઈ ભણઇ' નાટચસૂચિ જોડી છે. બીજા ભાગમાં 'મુકકુટ' પ્રતીકનું પદ્ય છે. ત્રીજા ભાગમાં 'હીમતે......બિગાડઇ' વાકય છે, તેની સાથે 'એવ્વઈ સુણ્ણઈ અવ્વઇ' એ હીમતીના પ્રવેશની નાટયસૂચિ જોડે છે. ચોથા ભાગમાં 'આહે! હીમતે...... સયણઇ નય ભુલ્લઇ' એ વાકયો સમાયાં છે. એમાંના પહેલા ભાગમાં જેમ માન સરોવર સાથે સુવર્ણમંદિરની સરખામણી છે તેમ કાગ જાતિ સાથે આહીરવર્ગની સરખામણી છે:-નહિ કે આહિરવાસની સબબ 'વસ્સ' બદલ 'વગ્ગ' પાઠ ઉદ્ધાર્યો છે. વળી 'જત્તી લદ્ધી કગ્ગ' એ વ્યુત્ક્રમ, ગદ્યનો વિરોધી છે, તેની સાથે 'વગ્ગ' 'કગ્ગ'નો રણકાર પદ્યરચનાના તરફેણમાં સૂર પૂરે છે, એ કારણથી પદ્યરચના સ્વીકારી ગદ્યને માત્રાબદ્ધ પદ્યના સ્વરૂપમાં ગોઠવ્યું છે. પહેલા ભાગને જોડી દીધેલી નાટચસૂચિ હીમતી પ્રત્યેની હાકલ સંબંધી છે; તેથી તેને મેં ત્રીજા ભાગના આરંભે ખસેડી છે. પ્રસ્તુત ત્રીજા ભાગને છેડે વળગાડેલી નાટચસૂચિ હીમતીના પ્રવેશને લગતી છે, પણ હીમતી અને નાગરિકા તો ચોથા ભાગ પછી પ્રવેશ કરે છે; અને તેને લગતી સૂચિ તે સ્થળે આપેલી છે; એટલે અસ્થાને ગોઠવાયલી વધારે પડતી 'એહવઇ સુણ્ણઇ અવ્વઇ' સૂચિ તજી દીધી છે. ઉપરાંત પહેલા ભાગના અને બીજા ભાગના પદ્યનો સંબંધ જોડવાને 'સચ્ચઇ' બોલ ઉમેર્યો છે. ત્યમવળી બીજા ભાગમાં અપ્રસ્તુત 'મક્કડ' ખૂટે છે અને મધ્ય યમક ખૂટે છે; તે ત્રુટિઓ સૂધારી લીધી છે.

૯૧ આ અંકના છેલ્લા દૃશ્યમાં સર્વત્ર 'મને'ના ઠેકાણે 'મુનઇ' હીમતી વાપરે છે, તે ધ્યાનમાં લેઇ આ દૃશ્યમાં પણ તે તે સ્થળે મુનઇ પદ યોજ્યૂં છે.

૯૫ "દેશાચાલ" બોલમાં પ્રાંતિક કે જાતીય બોલીનો સમાવેશ નથી થતો. તેથી 'દેશોચ્ચાર' પાઠ લીધો છે.

૧૦૫ દાવ આવવો એ તો કંઇ નક્કી નથી-મુદ્રિત પ્રતમાં આ વાકય પછી "કે આવવાનો પણ નથી" એટલા બોલ વધારે છે, તે નાગરિકાનો ઉત્સાહ મંદ કરી નાખે એવા હોવાથી તજી દીધા છે.

૧૨૨ પૂર્વના ગદ્ય તરફ નજર ફેંકતાં પહેલા ચરણમાં 'મળી' પાઠ પુનરુક્તિગ્રસ્ત ઠરે છે: તે બદલીને 'ચાલી ગઈ' એ અર્થનો 'પળી' પાઠ મેં કલ્પ્યો છે, એ ચરણના ઉત્તરખંડને પૂર્વખંડ સાથે જોડી દેવા 'માને નવ' બદલ 'ના માની જ' પાઠ લીધો છે. બીજા ચરણમાં મત્રી બોલનો અર્થ બરાબર બંધબેસતો નથી. તે કારણથી ઔચિત્ય પુરઃસર મિત્રે પાઠ ગોઠવ્યો છે. 'પ્રિયા અને મિત્ર'નૂં જુગતે જુગતૂં જોડું જોડાયેલૂં રાખવા 'યદા' અને 'તદા'ની યોજના કરી છે. ત્રીજા

ચરણમાં 'બળી' બદલ 'દૂર થયેલી, મટેલી' એવા અર્થના 'ટળી' પદનો પ્રયોગ કરી તજી દીધેલા 'બળી'નો અર્થ 'સબળ' શબ્દ ઉમેરી સંગ્રહ્યો છે. 'જસ' બોલ ચોથા ચરણના 'કીર્તિ' પદથી ગતાર્થ હોવાને લીધે ગુણને નિર્દેશતો નવો પાઠ યોજ્યો છે. કાળની સંગતિ સાચવવા ચોથા ચરણમાં 'લાગી' પાઠ સ્વીકાર્યો છે. અને પ્રક્રમભંગ ઊપજાવી નડતો બોલ 'જાણુવી' તજી દીધો છે. બીજા ફેરફાર સ્હેજે ગળે ઊતરે એવા છે અને જૂજ છે.

૧૨૯ 'અરે, કોણ બોલે છે' એ કૃષ્ણદેવની ઉક્તિ નાટ્યસૂચિમાં ભેળવી દીધેલી મેં છૂટી પાડી છે.

૧૩૦ વ્યતિરેકાલંકારાત્મક સ્તુતિવાક્ય હોવાથી 'પૂરો' બદલ 'લેખે' પાઠ લીધો છે.

૧૪૭ રુક્મિણી હીમતીને ભાવથી 'સખી (હલા) હીમતિ!' એવા શબ્દે બોલાવે છે, પણ હીમતી તે સમજતી નથી, તે જાણે છે કે મહાદેવી મારી ઠેકડી કરે છે અને સ્હેજ નારાજ થાય છે આવી પ્રતીતિથી 'ગોઠડઈ' બદલ 'ઠેકડી' પાઠ યોજ્યો છે.

૧૫૩ હંઅ કનકમાલિકા કહઇ છઇ૦—વાક્ય બહુ ભ્રષ્ટ છે તે મેં સંબંધ અને વક્તવ્ય ધ્યાનમાં લેઈ સમજાય એવા રૂપમાં મૂક્યું છે. સુવણસરોજિકાઇ જવ્વઇ—આ કહેવામાં હીમતીએ ભૂલ કરી છે. નાગરિકાથી છૂટા પડ્યા પછી શ્રીદામો કૃષ્ણદેવ પાસે જાય છે, તે છેક સાંજ પડી ગયા પછી ઘેર જાય છે; તેની ખબર ન હોવાથી પરભાર્યાં બંને સરોજિકાએ ગયાં એમ હીમતી ધારે છે.

૧૬૫ 'હસી અવ્વઇ......સુવણસરોજિકા જવ્વઇ' એવો હીમતીની ઉક્તિ જોતાં ક્રમ ઇષ્ટ છે. સબબ તે પ્રમાણે રુક્મિણીની આ ઉક્તિનો પૂર્વ ભાગ સુધારી લીધો છે અને પુનરુક્તિ દૂર કરી છે.

ગુ જ રા ત

અને

લિપિકદમ્બક, લેખનસાહિત્ય તથા અક્ષરશિક્ષણ

(લેખક : પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ. એ.)

[અનુસંધાન : ગતાંક પૃષ્ઠ ૪૦૧થી ચાલુ]

(૨)

[**અનુલેખ**—'ગુર્જર' અને 'ગૂર્જર' સંબંધી ઉલ્લેખો, 'ગુજ્જર' શબ્દ સંબંધી અવતરણો; 'ગુર્જરત્રા' અને 'ગૂર્જરત્રા' સંબંધી ઉલ્લેખો, 'ગૂજરાત' વિષે ઉલ્લેખ, 'ગુજરાત' શબ્દની વ્યુત્પત્તિ અને ઉપપત્તિ, ગુજરાત વિષે પરદેશીઓએ કરેલી નોંધ, 'ગુજરાત' નામ ક્યારથી પડ્યું? ગુજરાતની સીમા, ગુજરાતનો પરિચય, લેખમાળામાં ગુજરાતને પસંદ કરવાનું કારણ; **ભૌગોલિક સૂચી**—ભૌગોલિક સ્થળોનો પૃષ્ઠના અને પંક્તિના અંકપૂર્વક નિર્દેશ].

અનુલેખ

ઉપર્યુક્ત વિચારો લિપિબદ્ધ કરી તે છપાવવા માટે તા. ૩-૧૦-૩૬ને રોજ રવાના કરાયા બાદ જે કેટલીક હકીકતો હું એકત્રિત કરી શક્યો છું તે હું અત્ર **અનુલેખ**રૂપે રજુ કરું છું.

'ગુર્જર' સંબંધી ઉલ્લેખો—

(૧) **પ્રાચીન જૈન લેખસંગ્રહ**(દ્વિતીય ભાગ)ના ૬૪મા લેખાંકમાં 'ગુર્જર', ૧૨મા અને ૩૯૮મા લેખાંકમાં 'ગુર્જરદેશ' અને ૩૮માથી ૪૩મા સુધીના લેખાંકમાં 'ગુર્જરમંડલ' શબ્દ ઉપલબ્ધ થાય છે.

(૨) શ્રીચારિત્રસિંહગણિકૃત **ગણધરસાર્ધશતકાન્તર્ગતપ્રકરણ**ના બીજા પત્રમાં નીચે મુજબના ઉલ્લેખમાં 'ગુર્જ્જરદેશ' શબ્દ છે:—

"श्रूयते च विस्तीर्णो गुर्ज्जरदेशः"

'ગૂર્જર' સંબંધી ઉલ્લેખો—

(અ) 'ગૂર્જર' શબ્દ, શ્રી**પ્રભાચન્દ્ર**સૂરિએ વિ. સં. ૧૩૩૪માં રચેલા **પ્રભાવકચરિત્ર**માંના 'શ્રીમહેન્દ્રસૂરિપ્રબન્ધ'ના નીચે મુજબના—

"अथासौ गूर्जराधीशकोविदेशशिरोमणिः ।
'वादिवेताल'विशदं श्रीशान्त्याचार्यमाहूवयत् ॥२०१॥"

—૨૦૧મા પદ્યમાં નજરે પડે છે.

(આ) પ્રબન્ધચિંતામણિગ્રન્થસમ્બદ્ધપુરાતનપ્રબન્ધસંગ્રહમાં અનેક સ્થળે[૯૦] 'ગૂર્જર' શબ્દ દૃષ્ટિગોચર થાય છે. એ સ્થળો નીચે મુજબ છે:—

(૧) શ્રીકુમારપાલ-પ્રબન્ધ(પૃ. ૧૨૬, પં. ૧૬–૧૭)ગત નિમ્નલિખિત પદ્ય:—

"नम्रं शिरः कुरु तुरुष्क कलिङ्ग लिङ्गं
त्यक्त्वा वनं व्रज गजव्रजमङ्ग यच्छ।
मुञ्चायुधं मगध मालव मालपोचै-
र्नन्वेष गूर्जरपतिः कुपितोऽभ्युपैति ॥"

(૨) વનરાજ-પ્રબન્ધ(પૃ. ૧૨૮, પં. ૬)ગત ઉલ્લેખ:—

"कन्य० एकदेशगूर्जर० वडीयारदे० पञ्चासरग्रामे चापोत्कटवंश्यं झोलिकास्थं बालं......"

(૩) ભોજદેવ-પ્રબન્ધ(પૃ. ૨૧, પં. ૨૯–૩૧)ગત ઉલ્લેખ:—

"ततो राजा निजपुत्रीस्वरूपं दृष्ट्वा प्रातराकार्य गूर्जरदेशोपरि सेनाधिपत्यं दत्तम्। तदा तेनोक्तम्। "देव दीपोत्सवे० ॥" ततो गूर्जरदेशो विनाशितः समग्रोऽपि। ... अद्यप्रभृति मालवदेशादण्डः श्रीगूर्जरं यास्यति।"

(૪) અજ્ઞાતનામક પ્રબન્ધ[૯૧](પૃ. ૧૧૬, પં. ૨૪)ગત ઉલ્લેખ:—

"अन्यदा गूर्जरदेशविद्वत्ताज्ञानाय श्रीभीमं प्रति गाथा—"

(૫) વનરાજવૃત્ત(પૃ. ૧૨, પં. ૨૯–૩૦)ગત ઉલ્લેખ:—

"अन्यदा श्रीकन्यकुब्जदेशीयमहणकराश्याः [पञ्चकुलं] गूर्जरधरोद्ग्राहणके गच्छति।"

(૬) વીસલદેવવૃત્ત[૯૨](પૃ. ૭૯, પં. ૨૨)ગત ઉલ્લેખ:—

"गाढाग्रहं पृष्टेन तेनोक्तम्—विवेकनारायण ! गूर्जरधराधिपतिरस्मत्स्वामी विवेकबृहस्पतिः।"

(૭) વસ્તુપાલ-તેજ:પાલ-પ્રબન્ધ(પૃ. ૬૯, પં. ૨૬–૨૯)ગત પદ્ય:—

"चौलुक्यः परमार्हतो नृपशतस्वामी जिनेन्द्राज्ञया
निर्ग्रन्थाय जनाय दानमनघं न प्राप जानन्नपि।
सम्प्राप्तस्त्रिदिवं स्वचारुचरितैः सत्पात्रदानेच्छया
त्वद्रूपोऽववतार गूर्जरभुवि श्रीवस्तुपालो ध्रुवम् ॥"

(૮) શ્રીજિનમંડનગણિકૃત કુમારપાલપ્રબન્ધના પ્રથમ પૃષ્ઠમાં 'ગૂર્જરધરિત્રી' એવો

૯૦ આ સ્થળો એના સંપાદક મહાશયે પૃ. ૧૪૭માં નોંધ્યાં છે, પરંતુ એમાંના પૃષ્ઠાંક ૨૭, ૨૯ અને ૫૦નો ત્યાં કરાયેલો નિર્દેશ ખોટો છે.

૯૧ આ પ્રબન્ધનું કંઈ નામ નહીં જણાવેલું હોવાથી આ પ્રમાણે મેં ઉલ્લેખ કર્યો છે.

૯૨ આ વીસલદેવવૃત્ત(પૃ. ૭૯, પં. ૩)માં 'ગૂર્જરી' શબ્દ નજરે પડે છે. આ રહ્યો એ ઉલ્લેખ:—

"कानडा कर्णः, धनासी चान्यं, नाटसारि पासकः, सोरठी पश्चिमा, गूर्जरी सिंहासनं"

આ ઉલ્લેખગત 'ગૂર્જરી' શબ્દ દેશવાચક નથી; એ રાગનું નામ છે. આવો અન્ય ઉલ્લેખ શ્રીયાકિનીમહત્તરાધર્મસૂનુ શ્રીહરિભદ્રસૂરિકૃત શાસ્ત્રવાર્તાસમુચ્ચય(સ્ત. ૪, શ્લો. ૬)ના ન્યાયવિશારદ ન્યાયાચાર્ય શ્રીયશોવિજયકૃત સ્યાદ્વાદકલ્પલતા નામના વિવરણ(પૃ. ૧૧૯)માં ઉપલબ્ધ થાય છે. આ રહ્યો એ ઉલ્લેખ:—

"सैवेयं गूर्जरी".

ઉલ્લેખ છે. પ્રસ્તુત પંક્તિ નીચે મુજબ છે:—

"तेन राज्ञा स्वपुत्र्या **मह्णल्लदेव्या** गूर्जरधरित्री कञ्चुकपदे दत्ता।"

(ઈ) વિ. સં. ૧૪૩૬માં ઉપદેશચિન્તામણિ[૯૩] અને વિ. સં. ૧૪૬૨માં **પ્રબોધચિન્તામણિ**[૯૪] તેમ જ **ધમ્મિલચરિત**[૯૫] રચનારા 'અંચલ'ગચ્છીય શ્રી**જયશેખરસૂરિએ** **ધમ્મિલચરિત**ની પ્રશસ્તિના પ્રાન્ત ભાગમાં 'ગૂર્જરમણ્ડલ'નો ઉલ્લેખ કર્યો છે. પ્રસ્તુત પદ્ય નીચે મુજબ છે:—

"द्वि-षड्-वारिधि–चन्द्राङ्कवर्षे **विक्रमभूपतेः**।
अकारि तन्मनोहारि पूर्णं गूर्जरमण्डले ॥१०॥"

(ઉ) શ્રી**સોમચારિત્ર**ગણિએ વિ. સં. ૧૫૪૧માં રચેલા **ગુરુગુણરત્નાકરકાવ્ય**(સ. ૧, શ્લો. ૫૧)માં 'गूर्जरोर्व्याम्' એવો ઉલ્લેખ છે. પ્રસ્તુત પંક્તિ નીચે મુજબ છે:—

"**गणधरपदमापुः** पत्तने गूर्जरोर्व्याम्"

(ઊ) શ્રી**દેવવિમલ**ગણિ[૯૬]કૃત **હીરસૌભાગ્ય**(સ. ૧)ના નિમ્નલિખિત પદ્યમાં 'ગૂર્જરદેશ'-નો ઉલ્લેખ છે:—

"श्रीस्तम्भतीर्थं पुटभेदनं च
यत्रोभयत्र स्फुरतः पुरे द्वे।
'अहम्मदाबाद'पुराननायाः
किं कुण्डले गूर्जरदेशलक्ष्म्याः? ॥ ६६ ॥"

(ઋ) **પ્રાચીન જૈન લેખસંગ્રહ**ના દ્વિતીય ભાગના ૩૫૨મા લેખાંકમાં 'ગૂર્જર' શબ્દ છે અને એના પહેલા લેખાંકમાં 'ગૂર્જરધરિત્રી' શબ્દ છે.

કાન્હડદેપ્રબન્ધની નીચેની કડીમાં 'ગૂજરધર' અને 'ગૂજરાતિ' શબ્દ ઉપલબ્ધ થાય છે. આ રહી એ કડીઓ:—

"तिणि अवसरि गूजरधर राय, **करणदेव** नामि बोलाय।
तिणि अवगणिउ **माधव** बंभ, तांहिं लगइ विग्रह आरंभ॥
रीसायु मूलगु परधान, करी प्रतिज्ञा नीम्यूं धान।
गूजरातिनूं भोजन करूं जु तरकाणूं आणूं अरूं॥"[૯૭]

૯૩ આ **હીરાલાલ હંસરાજ**(જામનગર) તરફથી પ્રસિદ્ધ થયેલ છે.

૯૪ "શ્રી જૈન ધર્મ પ્રસારક સભા", ભાવનગર તરફથી છપાયેલ છે.

૯૫ આ મહાકાવ્ય **હીરાલાલ હંસરાજ** તરફથી પ્રકાશિત થયેલ છે. એના અન્તિમ ભાગના આઠમા પદ્યમાં આ જ કર્તાના બનાવેલ **પ્રબોધ-ચિંતામણિ, ઉપદેશ-ચિંતામણિ** અને **જૈનકુમાર-સંભવ** વિષે ઉલ્લેખ છે.

૯૬ એઓ 'તક્ષશિલા'ને 'મક્કા' ગણે છે, એ એમની સ્ખલના છે.

૯૭ આ ઉતારો "ત્રીજી ગુજરાતી સાહિત્ય પરિષદનો અહેવાલ અને નિબંધસંગ્રહ"માં છપાએલ **સ્વ. રમણભાઈ મહીપતરામ નીલકંઠના** "ગુજરાતી ભાષાનો આરંભ" એ નિબંધ(પૃ. ૬૧૧)માંથી અત્ર આપ્યો છે.

'ગુજ્જર' શબ્દ સંબંધી અવતરણો—

(અ) કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચન્દ્રસૂરિકૃત **કુમારપાલચરિત**(પ્રાકૃત દ્વ્યાશ્રય)ના છટ્ઠા સર્ગનાં નિમ્નલિખિત ત્રણ પદ્યોમાં 'ગુજ્જર' શબ્દ ઉપલબ્ધ થાય છેઃ—

"उग्गहिअ-जय-पइन्नो, अवहिअ-वूहम्मि **गुज्जर-दलम्मि** ।
विडविड्डीअ पएसं तक्कालं रइअ-रोमञ्चो ॥५९॥"

"आरोलिअ-सर-माला-वमालणो **मल्लिअज्जुणो** राय ।
पुज्झिअ-पहु-लज्जिर-गुज्जरेहि जीहाविओ तेहि ॥६५॥"

"पहु-नामापुसणो धम्माहुलणो वेरि-नाम-मज्जणओ
तं मूरीअ गइन्दं गुज्जर-लोओ अवेमइओ ॥६८॥"

(આ) શ્રીચન્દ્રસૂરિએ વિ. સં. ૧૧૯૩(?)[૯૮]માં રચેલા **મુનિસુવ્રતસ્વામિચરિત**ના નિમ્નલિખિત પદ્યમાં 'ગુજ્જર' શબ્દ છેઃ—

"गुज्जरदेसम्मि समग्गगामनगराइवासिसड्ढजणो ।
जम्मु(? स्सु)त्तिमट्ठसवणे पाएण समागओ तत्थ ॥१७ (१०११७)॥"[૯૯]

(ઇ) શ્રી**સોમપ્રભ**સૂરિએ વિ. સં. ૧૨૪૧(ઇ. સ. ૧૧૯૫)માં રચેલા **કુમારપાલપ્રતિબોધ**[૧૦૦]ના ત્રીજા પૃષ્ઠમાં 'ગુજ્જરદેસ' વિષે ઉલ્લેખ છે. પ્રસ્તુત અવતરણ નીચે મુજબ છેઃ—

"गरुओ गुज्जर-देसो नगरागर-गाम-गोउलाइन्नो ।
सुर-लोय-रिद्धि-मय-विजय-पंडिओ मंडिओ जेण ॥"

(ઇ) 'ગુજ્જર' શબ્દ **પ્રાકૃત પિંગલ**માં છે કે જે "Asiatic Society of Bengal" દ્વારા ઈ. સ. ૧૯૨૦ માં પ્રસિદ્ધ થયેલ છે. આવી નોંધ **પાઇઅસદ્દમહણ્ણવો** (પૃ. ૩૭૨)માં છે.

'ગુર્જરત્રા' શબ્દ સંબંધી ઉલ્લેખ—

પ્રાચીન જૈન લેખસંગ્રહ(દ્વિતીય ભાગ)ના ૩૦૭મા અને ૩૭૯મા લેખાંકમાં 'ગુર્જરત્રા' શબ્દ છે.

'ગૂર્જરત્રા' શબ્દ સંબંધી ઉલ્લેખો—

(અ) ઉપર્યુક્ત **પુરાતનપ્રબન્ધસંગ્રહ**ગત નીચે મુજબના ઉલ્લેખોમાં 'ગૂર્જરત્રા' શબ્દ નજરે પડે છેઃ—

(૧) **નીલપટવધ-પ્રબન્ધ**(પૃ. ૧૯)ની છટ્ઠી પંક્તિગત ઉલ્લેખઃ—

"स कटकमादाय गूर्जरत्रोपरि गतः ।"

(૨) **ધારાધ્વંસ-પ્રબન્ધ**(પૃ. ૨૩)ની ૨૦મી પંક્તિગત ઉલ્લેખઃ—

"गूर्जरत्रानृपतिर्देवदर्शनार्थी प्राप्तोऽस्ति ।"

---

૯૮ આ સંબંધમાં, શ્રીલક્ષ્મણગણિકૃત **સુપાસનાહ-ચરિઅ**(તૃતીય ભાગ)ની પ્રસ્તાવના(પૃ. ૧૯)માં પં. હરગોવિન્દદાસે ઊહાપોહ કર્યો છે.

૯૯ જુઓ ઉપર્યુક્ત પ્રસ્તાવના(પૃ. ૧૪).

૧૦૦ આ ગ્રંથ "ગાયકવાડ પૌર્વાત્ય ગ્રન્થમાલા"માં ૧૪મા ગ્રન્થાઙ્ક તરીકે ઇ. સ. ૧૯૨૦માં પ્રસિદ્ધ થયેલ છે.

(૩) દેવાચાર્ય-પ્રબન્ધ[૧૦૧] (પૃ. ૨૫)ની પહેલી પંક્તિગત ઉલ્લેખઃ—

"एकदा गूर्जरत्राधिपतिर्जयसिंहदेवो दिग्विजयं विधाय व्यावृत्तः कान्तीपरिसरे प्राप्तः ।"

(૪) મન્ત્રિયશોવીર-પ્રબન્ધના ૫૦મા પૃષ્ઠમાંની ૨૯મી પંક્તિગત ઉલ્લેખઃ—

"अथ एकदा गूर्जरत्रां मङ्क्त्वा तुरुष्का व्यावृत्ताः सुन्दरिसरिज्जिलं पीत्वा सिराणाग्रामे आवासिताः ।"

(આ) શ્રીજિનમંડનગણિકૃત કુમારપાલ-પ્રબન્ધનું પ્રથમ પૃષ્ઠ 'ગૂર્જરત્રા' શબ્દ પૂરો પાડે છે. એને લગતો ઉલ્લેખ નીચે મુજબ છેઃ—

"इतश्च गूर्जरत्रैकदेशे वढियारदेशे पञ्चासरग्रामे वहिष्प्रदेशे श्रीशीलसूरयः शकुनावलोकनार्थं प्राप्ताः ।"

(ઇ) નાભિનન્દનજિનોદ્ધાર-પ્રબન્ધના બીજા પ્રસ્તાવના નિમ્નલિખિત ૩૭મા પદ્યમાં 'ગૂર્જરત્રા' શબ્દ છેઃ—

"अथान्यदा गूर्जरत्रादेशात् कोऽपि समाययौ ।
ससार्थः सार्थपोऽगण्यपण्यमादाय च(त)त्पुरम् ॥३७॥"

(ઈ) ગુરુગુણરત્નાકરકાવ્ય(સ. ૧, શ્લો. ૧૬)માં 'ગૂર્જરત્રા' શબ્દ છે. પ્રસ્તુત પંક્તિ નીચે મુજબ છેઃ—

"धत्ते मर्त्यसुखाकरं भवहरं श्रीगूर्जरत्राङ्गना"

'ગુજરાત' વિષે ઉલ્લેખ—

શ્રીજયશેખરસૂરિકૃત ત્રિભુવનદીપકપ્રબન્ધ યાને હંસવિચાર[૧૦૨] (પૃ. ૧૪)માં નીચે મુજબની કડીમાં 'ગૂજરાત' શબ્દ નજરે પડે છે.

"કર્મવસિં જીવ ચિહું ગતિ ફિરઈ,
પિતર તણુઉ તિહાં તર્પણ કરઈ;
ગંગાતડિ જલ ઉરેવીઈ,
ગૂજરાત તિહાં આંબા પીઈ. ૧૧૬"

'ગુજરાત' શબ્દની વ્યુત્પત્તિ અને ઉપપત્તિ—

આ સંબંધમાં મેં ગતાંકના પૃ. ૩૯૧–૩૯૨માં નિર્દેશ કર્યો છે. લગભગ એ જ હકીકતનો સારાંશ, શ્રીયુત જિનવિજયે 'બારમું ગુજરાતી સાહિત્યપરિષદસંમેલન – અમદાવાદ'ના ઇતિહાસ અને પુરાતત્ત્વ વિભાગના અધ્યક્ષ તરીકે 'ગૂજરાતની ઇતિહાસ સંશોધનપ્રવૃત્તિનું સિંહાવલોકન' એ નામનું જે વ્યાખ્યાન આપ્યું છે તેના(પૃ. ૬–૭)માં ઉપલબ્ધ થાય છે. અંતમાં તેમણે આ સંબંધમાં જે નીચે મુજબના ઉદ્ગારો કાઢ્યા છે તેની અત્ર નોંધ લેવી દુરસ્ત સમજાય છેઃ—

---

૧૦૧ આ પ્રબન્ધના ૨૭મા પૃષ્ઠની છઠ્ઠી પંક્તિમાં, ૨૮માની ૧૯મી પંક્તિમાં તેમજ ૨૯મા પૃષ્ઠની ૩૧મી પંક્તિમાં પણ 'ગૂર્જરત્રા' શબ્દ દૃષ્ટિગોચર થાય છે.

૧૦૨ જુઓ આઠમી કડી. આને બદલે 'પરમહંસપ્રબંધ' એવું નામ વધારે સમુચિત છે એમ આ પુસ્તકના સંપાદક પં. લાલચન્દ્ર ભગવાનદાસે એની પ્રસ્તાવના(પૃ. ૧૩)માં સૂચવ્યું છે.

"આ રીતે ગૂજરાત શબ્દની મૂળ ઉત્પત્તિ શોધવાના વિવિધ પ્રયત્નો થયા છે; પણ મારે કહેવું જોઈએ કે હજી સુધી એમાંની એકેય વ્યુત્પત્તિ બરાબર બંધબેસતી લાગતી નથી અને તેથી એ પ્રશ્નનું સાચું સમાધાન થતું નથી."

"બીજી ગુજરાતી સાહિત્યપરિષદ્‌નો રીપોર્ટ"માં છપાયેલ "ભાષાવતાર" નામના નિબંધ[૧૦૩]ના ૨૪૩મા પૃષ્ઠમાંની "ગુજરાતી શબ્દનું નિર્વચન શાસ્ત્રી વ્રજલાલ લખે છે કે –" એવા ઉલ્લેખપૂર્વકની નીચે મુજબની કંડિકા અત્ર ઉદ્ધૃત કરવી યોગ્ય થઈ પડશેઃ—

"गूर्यते रिपुं इति गूर्जरः (ચોથા ગણના गूर ધાતુ આગળ जर પ્રત્યય આપી गूर्जर શબ્દ હૈમ વ્યાકરણમાં સિદ્ધ કર્યો છે.) गूर्जर લોકો મુળ[૧૦૪] પંજાબમાં રહેતા ત્યાંથી આનર્ત(પૂર્વના સૌરાષ્ટ્રનો અર્દ્ધ ભાગ જે આબુની દક્ષિણે છે ત્યાં આવીને વસ્યા તેથી એ દેશ તેના(ગૂર્જરના)નામથી જૂદો પડ્યો. गूर्जरैः त्रायते इति गूर्जरत्रा (आतोऽनुपसर्गे कः)" એ गूर्जरत्रा ઉપરથી પ્રાકૃત ગુર્જરત્તા[૧૦૫] અને તે ઉપર ગુજરાત(સ્ત્રીલીંગ[૧૦૬]) થયું તેની તે ગુજરાતી."

ગુજરાત વિષે પરદેશીઓએ કરેલી નોંધ—

ગુજરાત અને તેમાં આવેલાં ખંભાત, અમદાવાદ, નવસારી, સુરત, રાંદેર વગેરે નાનાં મોટાં નગરો વિષે પરદેશી પ્રવાસીઓએ જે અન્યાન્ય ભાષામાં ઉલ્લેખો કર્યા છે તે હકીકત **રૂસ્તમજી કરકરીઆએ** નોંધી છે.[૧૦૭]

'ગુજરાત' નામ ક્યારથી પડ્યું ?—

શ્રીયુત **ચતુરભાઈ પુરુષોત્તમદાસ પટેલ** બી. એ. દ્વારા રચાયેલ અને 'શ્રીસયાજી સાહિત્યમાલા – પુષ્પ ૨૩૯મું (ભાષા – સાહિત્ય ગુચ્છ૭) **જૂની ગુજરાતી ભાષા**'તરીકે ઇ. સ. ૧૯૩૫માં પ્રસિદ્ધ થયેલ પુસ્તક(પૃ. ૯–૧૧[૧૦૮])માં ગુજરાતને 'ગુજરાત' એવું નામ ક્યારથી મળ્યું ને કેવી રીતે તે નામ આવ્યું એ સંબંધમાં પ્રો. **નરસિંહરાવે** કરેલી ચર્ચા ઉદ્ધૃત કરાયેલી છે.

ગુજરાતની સીમા—

શ્રીયુત **વિજયલાલ કનૈયાલાલ ધ્રુવે** 'ગૂજરાતમાં સ્થાપત્ય અને શિલ્પકલા' નામના નિબંધ(પૃ. ૭૨)[૧૦૯]માં આ સંબંધમાં નીચે મુજબ નિર્દેશ કર્યો છેઃ—

"ગૂજરાતના પ્રદેશમાં તેની પશ્ચિમે આવેલા દ્વીપકલ્પ સૌરાષ્ટ્ર(કાઠીયાવાડ)નો સમાવેશ કરવામાં આવ્યો છે. ગૂજરાતની દક્ષિણ મર્યાદા લગભગ દમણ સુધી ગણાય છે. વિંધ્યા ને અરવલ્લી પર્વતોની હારને જોડનારી ટેકરીઓ આ પ્રદેશની પૂર્વ સીમા છે. ઉત્તરમાં આબુ

---

૧૦૩ લેખકઃ શ્રીયુત **આચાર્ય વલ્લભજી હરિદત્ત.**

૧૦૪-૧૦૬ મૂળ, ગુર્જ્જરત્તા અને લિંગ એમ જોઈએ.

૧૦૭ જુઓ "બીજી ગુજરાતી સાહિત્યપરિષદનો રીપોર્ટ" ગત નિબંધ નામે "ગુજરાત વિષેના પરદેશી પ્રવાસીઓના અહેવાલો માંહેથી લીધેલી કેટલીક નોંધો" (પૃ. ૯૦–૧૦૭).

૧૦૮ આ તેમજ એના પછીના પૃષ્ઠમાં ગુજરાતી ભાષાનું 'ગુજરાતી' નામ ક્યારથી પડ્યું, એ વિષે ઊહાપોહ કરાયેલો છે.

૧૦૯ જુઓ "ત્રીજી ગુજરાતી સાહિત્યપરિષદ્‌નો અહેવાલ અને નિબંધસંગ્રહ."

પર્વત અને ઉત્તર-પશ્ચિમમાં કચ્છ અને કચ્છનું રણ આવેલું છે. અને પશ્ચિમમાં અરબી સમુદ્ર અને દક્ષિણ-પશ્ચિમમાં ખંભાતનો અખાત આ પ્રદેશ પર છોળો માર્યા કરે છે."

આચાર્ય **આનન્દશંકર ધ્રુવે** "ગુજરાતનું સંસ્કૃત સાહિત્ય" એ નિબંધ(પૃ. ૨૨)[૧૧૦]માં ગુજરાતની હદ વિષે નીચે મુજબ ઉલ્લેખ કર્યો છે:—

"ગુજરાતના રાજ્યની સીમા હાલની ભૂગોળમાં આપણા પ્રાન્તની જે સીમા બાંધી છે, તેટલી જ હમેશાં રહી નથી. આ પ્રાન્તના રાજાઓએ કેટલીક વાર રજપૂતાના અને માળવા ઉપર રાજ્ય વિસ્તાર્યું છે, અને ગુજરાતના રાજ્યનો કેટલોક ભાગ દક્ષિણના રાજાઓના તાબામાં ગયો છે. તેમજ 'સુરત'—નામ 'સૌવીર' ઉપરથી આવ્યું છે એ મત સ્વીકારીએ તો સૌવીર જે હાલનું રજપૂતાના મનાય છે તેનો વિસ્તાર પણ એક વખત દક્ષિણ ગુજરાત સુધી થયેલો હોવો જોઈએ; અને સૉલોમનનું 'ઓફીર' (Ophir) તે 'સો(સૌ)વીર' જ હોય, અને સૌવીરની રાજધાની તે હાલના ખારાઘોડાની સમીપે હતી અને તે વેપારનું મ્હોટું મથક હતું એમ જો માનીએ, તો ઉત્તર ગુજરાતનો ઘણો ખરો ભાગ દક્ષિણ સૌવીરમાં જાય; તે જ પ્રમાણે વળી હાલ આપણે જેને કાઠીયાવાડ કહીએ છીએ તે કેટલીક વાર બાકીના ગુજરાત સાથે ભળેલું છે, અને કેટલીક વાર અળગું રહ્યું છે."

ગુજરાતનો પરિચય—

ડૉ. એન. એ. થૂથી(N. A. Thoothi) પોતાની કૃતિ નામે "The Vaishnavas of Gujarat[૧૧૧]"ના પ્રથમ પ્રકરણના પ્રારંભમાં ગુજરાત વિષે નીચે મુજબ નિર્દેશ કરે છે:—

"Gujarat is the country lying approximately between 20° 9′ and 24° 43′N., and 71° 20′ and 74° 40′. It has an area of about 35,000 square miles, with over 60 large and small towns, and about 12,000 villages.[૧૧૨] It is bounded on the north by the desert of Marwar and by the sparsely cultivated region of Rajputana; on the east by the spurs of the wooded Vindhyas, Satpuras and the Western Ghats. On its south lie the more or less cultivated districts of Thana, and on the west, the dry and sandy plains of Cutch, Kathiawar and the Arabian sea."

તેઓ આગળ જતાં વીસમા પૃષ્ઠમાં જણાવે છે કે નવમા સૈકામાં ગુજરાતમાં અજમેર અને સંભર સરોવરની ઉત્તરનો પ્રદેશ આવી જતો હતો; દશમાથી તેરમા સૈકાના ગાળામાં ગુજરાતથી અણહિલવાડનું સોલંકી રાજ્ય સમજાતું હતું; અને મુસલમાન રાજ્ય(૧૨૯૭–૧૭૬૦)દરમ્યાન ગુજરાત એવું નામ, પ્રથમ અણહિલવાડથી અને પછી અમદાવાદથી શાસન કરાયેલ પ્રદેશને લાગુ પડાયું હતું.

---

૧૧૦ જુઓ "જુઓ ત્રીજી ગુજરાતી સાહિત્ય પરિષદ્‌નો અહેવાલ અને નિબંધસંગ્રહ".

૧૧૧ આ પુસ્તકની એક વિશિષ્ટતા એ છે કે એમાં અંતમાં પારદર્શક કાગળ ઉપર ગુજરાતના સાત નકશાઓ આપવામાં આવ્યા છે. તેમાં અનુક્રમે નીચે મુજબના વિષયોને-દૃષ્ટિબિન્દુઓને પ્રાધાન્ય અપાયું છે:

(અ) જમીનની ઉંચાઈ, (આ) ભૂસ્તરવિદ્યા, (ઇ) વનસ્પતિ, (ઈ), પર્જન્ય, (ઉ) નદીઓ, (ઊ) રેલ્વે અને (ઋ) વસ્તી.

૧૧૨ સરખાવો "Census of India", 1921, Vol. VIII, pt. 2, Tables pp, 2–3; "Imperial Gazetteer of India, Baroda" p. 19.

વિશેષમાં ઇ. સ. પૂર્વ ૩૧૯થી માંડીને ઇ. સ. ૧૩૦૦ સુધીમાં ગુજરાત ૧૩ વંશો(dynasties)દ્વારા જિતાયું, શાસિત થયું અને ગુમાવાયું. વળી ઇ. સ. ૧૩૦૦થી ૧૮૧૯ સુધીમાં ગુજરાત એકથી બીજાના હાથમાં ચાર વાર ગયું.

તેઓ ૨૪મા પૃષ્ઠમાં સૂચવે છે કે સીમાની દૃષ્ટિએ ગુજરાતનું આધુનિક સ્વરૂપ પેશ્વાઈ સત્તા નષ્ટ થતાં ઇ. સ. ૧૮૧૯માં ઘડાયું. અત્યારે એ મુખ્ય ત્રણ વિભાગોમાં વિભક્ત છે: (૧) અંગ્રેજી હકુમત તળેના અમદાવાદ, ભરૂચ, ખેડા, પંચમહાલ અને સુરત, (૨) વડોદરાનું સંસ્થાન અને (૩) નાનાં નાનાં દેશી રાજ્યો.

આ પ્રમાણે સાધન અને સમય અનુસાર જે હકીકતો હું એકત્રિત કરી શક્યો છું તેના નિર્દેશપૂર્વક હું આ લેખાંક ૧ પૂર્ણ કરું છું અને લેખાંક ૨ તરફ નજર માંડું છું, પરંતુ તેમ કરવા પૂર્વે મેં આ લેખમાળામાં ગુજરાતને કેમ પ્રાધાન્ય આપ્યું તેનો મારે ઉત્તર આપવો જોઈએ એમ લાગે છે.

આ સંબંધમાં મારે એ કહેવાનું છે કે ગતાંકના ૩૮૨મા પૃષ્ઠમાં 'ગુજરાત'ને પસંદ કરવાનું કારણ મેં સૂચવ્યું છે. પરંતુ તે ઉપરથી કોઈ એમ પ્રશ્ન કરે કે મેં અનેક પ્રાંતોમાંથી ગુજરાતને જ કેમ પ્રાધાન્ય આપ્યું તો આનો ઉત્તર એ છે કે એક તો ગુજરાત મારી માતૃભૂમિ છે. બીજું મારું લખાણ જે આ **ત્રૈમાસિક**માં લેખરૂપે પ્રસિદ્ધ થાય છે તેની રીતિનીતિ પણ બને ત્યાં સુધી ગુજરાતને જ લગતા લેખો પ્રકાશિત કરવાની છે. ત્રીજું કારણ એ છે કે ગુજરાત સંબંધી વિચાર કરવામાં અન્ય પ્રાંતોને લગતી હકીકત પણ ઓછેવત્તે અંશે વિચારવાની મળી રહે, એવી આ ગુજરાતની વિશિષ્ટતાઓ છે. આ વિશિષ્ટતાઓ વિષે એક સ્વતંત્ર લેખ લખી શકાય તેમ છે એટલે અહીં તો ઇસારારૂપે થોડાક જ નિર્દેશ કરીશ.

વિ. સં. ૧૬૦ની સાલમાં ગિરનારની ખડકો ઉપર લખાયેલા સમ્રાટ્ **અશોક**ના શિલાલેખોથી માંડીને વિ. સં. ૧૯૦૩[૧૧૩] સુધીના શિલાલેખો દ્વારા જે લગભગ એકવીસસો વર્ષોના સળંગ ઇતિહાસ માટે જે સામગ્રી ગુજરાત ધરાવે છે તેવી અન્યત્ર જણાતી નથી.

આ શિલાલેખો ઉપરાંતની બીજી સામગ્રી તે ગ્રંથગત સાહિત્ય છે. એને અનુલક્ષીને જો કોઇ સંશોધકને કામ કરવું હોય તો યુગોના યુગો સુધી તેને નૂતન, વિવિધ અને વિપુલ ખોરાક મળી રહે તેમ છે; કેમકે સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને જૂની ગુજરાતી ભાષામાં જેટલું સાહિત્ય ગુજરાતમાં જ રચાયેલું છે તેટલું ભારતવર્ષના અન્ય કોઈ પ્રાંત પાસે પોતાનું હોય એમ જણાતું નથી.

વળી ગુજરાતની સ્થાપત્યસંપત્તિ પણ અલૌકિક અને અદ્વિતીય હતી તે વાત આજે પણ જે અવશેષ રહેલ છે તે દ્વારા સિદ્ધ થઈ શકે તેમ છે, એટલું જ નહિ પણ અવશેષનો અભ્યાસ પણ અનેરો પ્રકાશ પાડી શકે તેમ છે.

ગુજરાતનું ચિત્રશિલ્પ પણ જેવું તેવું નથી. એની હરોળમાં બેસી શકે એવું અન્યત્ર મળે કે કેમ એ શંકાસ્પદ છે.

આ પ્રમાણેની વિવિધ અને વિલક્ષણ વિશિષ્ટતાઓવાળા ગુજરાતને કેન્દ્રસ્થાનમાં રાખી હું આ લેખમાળા આગળ લંબાવીશ એટલું નિવેદન કરતો, આ લેખાંકમાં કોઈ સ્ખલના ઉદ્ભવી હોય તો તે તરફ મારું સત્વર ધ્યાન ખેંચવા વિશેષજ્ઞોને વિનવતો અને અંતમાં **ભૌગોલિક સૂચી** આપી આ લેખાંક પૂર્ણ કરતો હું વિરમું છું.

૧૧૩ જુઓ અમદાવાદના દિલ્હી દરવાજા બહાર આવેલા શેઠ હઠીભાઈના જૈનમંદિરગત શિલાલેખ.

ભૌગોલિક સૂચી

પ્રસ્તુત લેખ લખતી વેળા ભૌગોલિક સૂચી આપવાનો વિચાર ઉદ્‌ભવ્યો અને મેં તદનુસાર સૂચી તૈયાર પણ કરી. એમાં મુદ્રિત પૃષ્ઠના અને પંક્તિના અંકનો નિર્દેશ કરવો બાકી હતો. એ કામ હાથમાં લીધું એવામાં **અનુલેખ** આપવાનું દુરસ્ત સમજાયું. એટલે મેં અનુલેખને આ સૂચીની પૂર્વે સ્થાન આપ્યું છે, જેથી 'અનુલેખ'ગત ભૌગોલિક સ્થળો પણ અત્ર નોંધી શકાય. આ પ્રમાણે જે ભૌગોલિક સૂચી તૈયાર થઈ છે તે હવે અત્ર **અકારાદિ** વર્ણાનુક્રમે નીચે મુજબ રજુ કરવામાં આવે છે:—

૧ પૃષ્ઠાંક ૨૯—૩૬ આ અંક (૧૯૩૭ એપ્રીલ જુન:) સાથે સંબંધ ધરાવે છે.

૨ પૃષ્ઠાંક ૩૮૧—૪૦૧ ગત અંક (૧૯૩૭ જાન્યુ-માર્ચ) સાથે સંબંધ ધરાવે છે.

૩ આ સંબંધમાં જુઓ "બંગીય મહાકોષ".

Alphabetical Index

પ્રાચીન યુગનું અપ્રસિદ્ધ સન્તસાહિત્ય*

સંપાદક અને સંશોધક: રા. રા. માણેકલાલ શંકરલાલ રાણા

(૧)

સંત સમર્થદાસ

સદ્‌ગુરૂ સમર્થદાસ વિક્રમની સોળમી શતાબ્દિમાં ગુજરાતના પ્રાચીન પાટનગર પાટણની પાડોશમાં આવેલા સિદ્ધપુરમાં થયા હતા. તેઓ જાતે વણિક હતા. તેમનું અસલ નામ બંકાજી હતું. શહેરના મુસલમાન હાકેમને ત્યાં તે નોકરી કરતા હતા. હાકેમ બંકાજીના કામ ઉપર અહોનિશ ફિદા થઈ રહેતો, અને વારંવાર બંકાજીને કાંઈ અવનવી સોગાતો બક્ષીસ કરી નવાજતો. "એક કાફિરને આટલું બધું માન મળે છે," તે જોઈ હાકેમના બીજા **મુસલમાન** સિપાહીઓને અદેખાઈ ઉત્પન્ન થઈ. એટલે તેઓ બંકાજીનો ઘાટ ઘડવાનો માર્ગ શોધવા લાગ્યા. બંકાજી, ખરેખર નામ પ્રમાણે રૂપ, ગુણ અને સાહસિકતામાં એક બંકો જ હતો. હાકેમને એક નવયુવાન પુત્રી હતી. તે બંકાજીની મનોહર મુખાકૃતિ જોઈ મોહવશ બની હતી. તેણે એક દિવસ બંકાજીને બોલાવી, પોતાની ઇચ્છા દર્શાવી; સાથે સાથે ચોખ્ખું કહી દીધું કે "હું ખરા દિલથી આપને ચાહું છું, માટે મ્હારી આટલી માગણી સ્વીકારો. નહીં તો હું આપઘાત કરીશ. અને સાથે તમારો પણ પ્રાણ લઈશ. બંકાજી ધર્મસંકટમાં સપડાયો. "એક તો પોતાના અન્નદાતાની પુત્રી અને વળી વિધર્મી; એ એનો સંજોગ કેમ બને?" બંકાજી વિચાર કરી, બીજે દિવસે તે માગણી પૂર્ણ કરવાનું કહી પોતાને ત્યાં આવ્યો. પોતે અત્યંત દિલગીરીના દરિયાવમાં ડુબી ગયો. "હવે શું કરવું?" હાકેમજાદીની માગણીનો અસ્વીકાર કરતાં શિર સલામત નથી, અને જો માગણી કબુલ કરૂં છું તો નિમકહરામ થાઉં છું, સાથે જાતિ અને ધર્મથી ભ્રષ્ટ થાઉં છું, આમ આ વાત બનવી મુશ્કેલ છે.

ઉદાસીનતાના આગાઢ વમળમાં ગોથાં ખાતા બંકાજી છેક મોડી રાત્રે નિદ્રામાં પડ્યા. ત્યાં તેમને એક સ્વપ્ન જોયું. તેમાં કોઈ અવધૂતે આવી બંકાજીને હાંક મારી: "બેટા! તું એ યવન સુંદરીના ફાંદામાં ફસાતો નહીં, કેમકે ત્હારે માથે જુલ્મનાં વાદળો ઝઝુમી રહ્યાં છે. તેમાંથી બચવું મહાન મુશીબતભર્યું છે. માટે હવે ત્હારાથી જેમ ન્હસાય તેમ આ અસાર સંસારનો ત્યાગ કરી અહીંથી ભાગી જઈ, તું મારી પાસે ચાલ્યો આવ."

બંકાજી નિદ્રામાંથી જાગ્યો. તુરત જ શરીર ઉપરનાં બહુમૂલી આભૂષણો ઉતારી નાંખી, સર્વાંગે ભસ્મ લગાવી, કોઈ ન જાણે તેમ આ સ્વાર્થમય સંસારને તિલાંજલિ આપી ક્યાંય અદૃશ્ય થઈ ગયા, પરમ દેવાધિ પરમાત્માનાં ચરણમાં ધ્યાન લગાવી બ્રહ્મતત્વમાં લયલીન થઈ ગયા.×

---

* પ્રસ્તુત લેખમાં આવેલું સાહિત્ય મ્હેં જુના હસ્તલિખિત ગ્રંથોમાંથી પ્રાપ્ત કર્યું છે, એમાં મ્હેં મારી ફરજ બજાવવા સિવાય કાંઈ વધારે કર્યું નથી. હિન્દી તથા ગુજરાતી ભાષાના ઘણાખરા સાહિત્ય-ગ્રંથોના સહવાસથી મ્હને આ સંતસાહિત્યની કદર, કિંવા સંશોધનની વૃત્તિ લાગી. એવા સાહિત્ય-ગ્રંથોમાં સાહિત્ય રત્નાકર(સાહિત્ય સંગ્રહ)નામક ગ્રંથના સંશોધક અને પ્રકાશક રાજકોટનિવાસી માન્યવર કવિરાજ કહાનજી ધર્મસિંહ છે, જેઓ હિન્દભરના સાહિત્યક્ષેત્રમાં મશહુર છે. પ્રસ્તુત લેખના સંશોધનનો પ્રભાવ એવા પ્રાચીન સાહિત્યસંશોધકનો જ છે. **સંશોધક**

× સંત સમર્થદાસનું જીવન ચમત્કારિક છે. તેમના સંતચરિત્રનો ઉલ્લેખ અન્ય લેખમાં વિસ્તાર-પૂર્વક આપવાનો મ્હારો મનોભાવ છે. **સંશોધક**

" જય હો એવા પરમ દિવ્યાત્મા સંત સમર્થદાસનો જય હો "

નશ્વર સંસારમાં અલમસ્ત થઈ મહાલતા ઇન્સાનોને સંતશ્રીએ અનુપમ ઉપદેશ આપ્યો છે. તેમનાં થોડાંક વચનામૃતો અત્રે આપવામાં આવ્યાં છેઃ

ઝુલણા

साचकी बात ताकु यार ना रुचती, जुठकी सदा मन भावती हे;
नींद दरियावमे जायके नीशदिन, औरका मेलकुं छावती हे.
समज रे सानवो सतगुरु पीर, सबही दुग्धा मीटी जावती हे;
अचल कीर्ति गुरु पीर दयालकी, सांई सम्रथ कहे रहावती हे.

तेरे उरमे यार बिचारके देख, आ कुप काचो केसी राहको हे;
दिन चार मीजमान फीर काही जावे, कहो छीनमे पंथए पाहको हे.
मुख साचका स्वांग सज्ज होई रहेना, बोही राज अदली नर शाहको हे;
सांई सम्रथ कहे सुन प्यारे, तेरो साथ स्नेही दीन चाहको हे.

कुछ परवाह रख पनाह आलम तणी, अंध ईन्सान अब देखनाजी;
काल जल्लादकी दर्द हेरी ताको, नैनमे नींदभर पेखनाजी.
सुलतान सेनापती साहिबा चलगये, जखदे काजी अरु शेखनाजी;
सांई सम्रथ कहे यार दीन पावको, कोनसा नर तूही लेखनाजी.

રેખતા

कौनसा प्रेम परवानसे बोलना, कौनसा हितसे होंस बांधे;
कौनसा नूरपे नैनवारी जते, कौनसा बदनपे आन सांधे.
कौनसा तख्तपे अदल मुझरा कीये, कोनसा हुस्नपे दीन वाघे;
सांई सम्रथ कहे हाय हझरत बिना, पीर जेहांनकी कौन लाधे.

बांध लेना शमशीर ताती, क्रूर कालकी फोज हटावनेकु;
ज्ञान बरछी कीरपान लेना, पीछु सूरसे जाय सतावनेकु
गुरु ग्यानकी सेज बंदुक लेके, मुठ क्रोध हंकार कतावनेकु;
सांई सम्रथ कहे सज्ज रहेना, महा सिंधुकी पीर पतावनेकु.

छत्रपति सब छांडके चल गये, मोज महालय मजावनेका;
लक्षापति लूंडी सब बन गये, बाज संसार लजावनेका;
रागी रणवासकी रंग सेजातजी, समरमे बेन बजावनेका;
सांई सम्रथ कहें वीर बंदा हवे, तसरी मेष भजावनेका.

આ દુનિયામાં આવી મોટા મોટા છત્રપતિઓ પણ પોતાનાં રાજ્યાસનોનો સદાને માટે ત્યાગ કરી ચાલતા થયા. મોટા લક્ષાધિપતિઓ પણ કાળના પ્રભાવ આગળ લૂંડી થઈ ગયા, અને રણવાસને ત્યાગી, રાજેશ્વરો ચાલતા થયા. માટે હે બંદા! તું પણ તત્કાળ તૈયાર થઈ, આ નશ્વર સંસારનો મોહ ત્યાગી, પ્રભુપરાયણ થઈ જા, એમ સંત સમર્થદાસ કહે છે.

*

(૨)
સંત માધવદાસ

સંત માધવદાસનો જન્મ વિક્રમ સંવત ૧૬૦૧ના કાર્તિક સુદ પૂર્ણિમાને દિવસે મુગલાઈની જાહોજલાલીમાં અગ્ર સ્થાન ભોગવતા સુરત(સૂર્યપુર)શહેરમાં સોદાગરગંજમાં થયો હતો. તેઓ જાતે સૂર્યવંશી સિસોદિયા રજપૂત હતા. તેઓ મૂળ વતની મેવાડમાં આવેલા કેલવાડા નામક પરગણાના હતા. તેમની માતાનું નામ હિરલ દેવી અને પિતાનું નામ કરવતસિંહ હતું. સંતની પાંચ વર્ષની ઉમ્મર થતાં પિતાનો સ્વર્ગવાસ થયો. માધવ બાળપણથી અત્યંત ઉદાર વૃત્તિના હતા. યુવાવસ્થામાં તેમનું દિલ એક વણિક સુંદરી સાથે પરવશ પડ્યું હતું. એ પ્રેમપ્રસંગ "બિલ્વમંગળ ઉર્ફે સુરદાસને પણ હઠાવે એવો હતો. આખરે માતા હિરલ દેવીના ઉપદેશથી નશ્વર સંસારની નરાધમતા ઉપર વૈરાગ્ય ઉત્પન્ન થતાં સર્વાંગે ભસ્મ લગાવી, સદ્ગુરૂની શોધમાં ચાલ્યા ગયા. ફરતાં ફરતાં "સંત સમર્થદાસ"ને પોતાના સદ્ગુરૂ તરીકે માની તેમના શિષ્ય થયા. ત્યારપછી તેમનાં સંતજીવનમાં અનેક ચમત્કાર ઉપસ્થિત થયા. તે સઘળા અહિં આપવા અસ્થાને છે. કેમકે તેનો સવિસ્તર ઉલ્લેખ કરતા એક ગ્રંથ + લખાય, માટે સારાંશ આપવો જ યોગ્ય છે.

સદ્ગુરૂ સમર્થદાસની કૃપાથી માધવને "મસ્ત માધવ"ની પદવી મળી. ત્યારપછી સિદ્ધાઈ પ્રાપ્ત થતાં માધવનું દિલ્હી તરફ પ્રયાણ થયું, દિલ્હીમાં વેશ્યા રોશનઆરાને વૈરાગ્ય ઉપજાવ્યો. બીરબલની મુલાકાત તથા કવિ ગંગની સાથે જ્ઞાનગોષ્ટિ કર્યા બાદ સંતે મુલતાન તરફ કૂચ કરી, મુલતાનના દરબારમાં પ્રત્યક્ષ ચમત્કારો બતાવ્યા. ત્યાં સૂબાની પૂત્રવધુ પરવશ થઈ. એટલે સંતને જંજીર નંખાઈ. પણ જંજીરના ટૂકડે ટૂકડા થઈ ગયા. પછી શિર વિનાના માધવદાસ, ફાંસીને માંચડે, તોપને ગોળે ચઢયા, કતલબાજી, અને બંદુકનો મારો સહ્યો, મહાન અજગરની ગુફામાં પેઠા. આવા આવા ચમત્કારો બતાવી પુનઃ સુરત તરફ આવ્યા. સંતના ચમત્કારો વિષે જેટલું કહીએ તેટલું થોડું જ છે. આખરે આ નશ્વર દુનિયાનો ત્યાગ કરી, વિક્રમ સંવત. ૧૬૫૨ના અષાઢ વદ અમાવાસ્યાને દિને તેઓ બ્રહ્મત્વ પ્રાપ્ત કરી, સમાધિસ્થ થયા.

"જય હો એવા પરમ ચમત્કારી સંત માધવદાસનો જય હો."

"સંત માધવદાસની વાણી[1]" બિલકુલ અપ્રસિદ્ધ અને કેવળ અદ્યાપિ પર્યંત અંધકારમાં જ રહી જવા પામી છે. ખરેખર એવા દિવ્યાત્માનાં વચનામૃતો અંધારે અથડાય એ કેવળ દિલગીર થવા જેવું છે. નહીં તો બીજું શું!" એવી પ્રાચીન સંત વાણીમાંથી થોડાંક બોધમય વચનામૃતો અત્રે રજુ કર્યાં છેઃ—

રેખતા

दुनियाके बीच कुछ दया रख दीलमे, छोड दे मस्ती तु ईश्क केरी;
सकल नर पंछीको पीसेगा छीनकमे, असेहि काल विकाल वेरी.
धनधाम जोबन सब मीलेगा खाखमे, गर्व गुमायगा हाथ तेरी;
मस्त **माधव** कहे तजी दे नींद, सतनाम तस्वीर लो हाथ फेरी.

+ સંત માધવદાસના ચરિત્રનો સંપૂર્ણ ઇતિહાસ એક સ્વતંત્ર ગ્રંથરૂપે લખીને તૈયાર કરવાનો મ્હારો ઈરાદો છે, તે પરમ દેવાધિ પરમાત્મા પૂર્ણ કરે, એવી અભિલાષા રાખી વિરમું છું. **સંશોધક**

૧ સંત માધવદાસના વાણીસાહિત્યનો મ્હારી પાસે પુષ્કળ જમાવ છે. તે અનુક્રમે છપાઈને પ્રસિદ્ધ થવા સંભવ છે. **સંશોધક**

सनम दरियाव बहीजात औगाह, चली उडके लहेर अस्मान बासी;
इसी हुस्नपे कहे कुरबान मुल्ला, कहे अवल्ल किताब कुरॉन हांसी.
ओही बीर बैठे खडे बिहीस्त महेबुबपे, दीखते कर्बला सेन काशी;
मस्त **माधव** कहे दील दीजे बिना, सदा शयतान शीर काल फांसी.

कयामत दीन हीसाब कदा देयंगे, सांईके सामने शख्स छोटा;
राव सुलतान रु रंक छांडी गया, मोज जेहांनकी सेज लोटा.
हाय ये गंज महलात किल्ला सभी, धारके गये नीज नैन रोटा,
मस्त **माधव** अभी चेत दाना, वृथा अमुलख अवशरा जात खोटा.

तु देख रे आंधला नींदको छांड दे, खोजकर अगमकी राह माहि;
मात ओर तात सब स्वार्थका संगहे, अंतकाले कीशी कोई नाहि.
आया हे संगमे नाहि कुछ रंग, ताहिका भंग मन ओर भाई!
मोहकी फांसको कतल बावरे, सुरतकी दोरपे आव भाई!
आवागवनका फंद छीनमे छूटे, अमरवर सेजमे आप देखा;
मस्त **माधव** जबी दिदारा पिवका, रोमही रोम नीज रूप पेखा.

काल्को मारके कतल कर बावरे, हंसको बेर नहि दुःख पावे;
जन्म और मरणकी फांस छूटे, नहि मृत्युका मुखमे बेर जावे.
नामसे पार भवसिंधुकी जावते, बेद पुरान और संत गावे;
मस्त **माधव** कहे संतजन सूरमां, नामका पटाको लीख लावे.

शब्दका घाव तेरे कलेजे नव लग्या, हाय रे अंध शयतान बागी;
प्रेम परतित तेरे हृदयमे ना हुई, न फस अघोरी तु देख जागी.
तस्बीर साहेबकी रखो नीज हाथ, हर घडी बोल मुख राम रागी;
मस्त **माधव** कहे दिवस रजनी विषे, आपके आप कोई संग लागी.

बेरही बेर पुकारताहुं प्यारे, ममता क्युं बोज शीर धारता हे;
धन धाम मोहे परिवार नारी, बडे गाम गराश मंन म्हारता हे.
जबे चोत जमकी भयो बावरे मूढ, मेरी दोलत लूटी कहां मारता हे;
मस्त **माधव** जख मार बंदा, देखो जीतकी बाजी तु हारता हे.

नरदेह अमुलक पाय प्यारे, ऐसो समो फीरके नहि आवता हे;
जाग्रत हुई कहां नींद सोवे, तेरे हाथसे रत्न गीर जावता हे.
ठगनीका संग तु छोड दे मूर्ख! यही इस्त सत संत समजावता हे;
मस्त **माधव** तजी सकल जंजाल, भज राम अनभे घर जावता हे.

कीट पतंग पशुयोनि मिटाय, नरदेही अमुलख दीजीयो हे;
जठरामांहि जीने जुक्तिसे जाळव्यो, कंचन जेसो तंन कीजीयो हे.
सब साज दीया अंन पेट भरी, ताहिके जीवाये सुख लीजीयो हे;
मस्त **माधव** फीतकार मुंडा, ताकु राम रशना नहि पीजीयो हे.

કુંડલીયા

नैया तूही नाविक तूहि, तूही औगाह दरियाव;
तूही तीराबन तूही तरे, तूही मध डुबनहार.
तूही मध डुबनहार, लीला हो साहेब तेरी;
एलीआ मालेक, तूही इसेला हेरी.
कहेत माधवदास, तूही बीन दूजे न सैंया;
तूही औगाह दरियाव, तूही नाविक तूही नैया.

बंदा कहा अंधो भयो, मिथ्या करे अभिमान;
काल ग्रहे गरदन जबी, रोई रहे नादान.
रोई रहे नादान, कोन तेरो है साथी;
राम नाम संभार, सत्य सुकृतभर गांथी.
कहेत माधवदास, अंत धरणीमे धळंदा;
मिथ्या करे अभिमान, अंध कहां भयो बंदा.

रोई रोई आयु बीती, मीला न राम रतन;
मनुषादेही मिथ्या गई, मुरखे कीया न जतन.
मुरखे कीया न जतन, ईश्क दरीयावमे सोयो;
पायो बहुमूली माल, वृथा जग बीच बिगोयो.
कहेत माधवदास, उन्मत्त ईन्द्री नहि जीती.
मीला न रामरतन, आयु रोई रोईके बीती.

आया एसा जायगा, कहा सुलताना शेख;
जली भस्म आलम बनी, नैना खोलीके देख.
नैना खोलीके देख, चलंता पाव पसारे;
चोपदार, छडीदार, द्वारपालो जख मारे.
कहेत माधवदास, मीट्टी जोबन मलेसा;
कहां सुलताना शेख, जायगा आया एसा.

સંત માધવદાસકૃત વચનામૃતોનું પાન કરાવ્યું. એવા સંતના અનુપમ ઉપદેશનું રહસ્ય જાણવાનો વ્હાલા વાંચકોના ભાવભીના હૃદયમાં પ્રભુ આત્મબળ સમર્પો !

*

(૩)

સંત મયૂખદાસ

મયૂખદાસ લગભગ સત્તરમી શતાબ્દિના અંતમાં બહરાનપુર શહેરની નજદિકમાં થઈ ગયા. તેઓ જાતે વણિક હતા. પૂર્વ જન્મના ઉચ્ચ સંસ્કારને લઈ તેમને એક પ્રભાવશાળી સંતપુરૂષનો સમાગમ થયો. તેમને સંતે ઉપદેશ આપી, અસાર સંસારનાં નશ્વર માયાનાં બંધનો તોડી નાંખ્યાં. દુનિયાનો મિથ્યા મોહ પરહરી, મયૂખદાસે વૈરાગ્ય ધારણ કર્યો અને ત્યારપછી

પોતાનું શેષજીવન પ્રભુભક્તિમાં વ્યતીત કર્યું. તેમણે ઘણાં ભજન, પદ, ઇત્યાદિક કાવ્યો રચ્યાં છે. પરંતુ હાલ તે ક્યાંય અદશ્ય થઈ ગયાં છે.

પદ

अब नर मत करना अभिमान, तेरी तूटी जायगी ताल; टेक.
उंधे मस्तक रह्यो गर्भमां, कोल कर्यों अपार;
बाहेर आवी भूल्यो मायामे, करे अति अहंकार. १
खोई जींदगी अभिमानमे, नहि जान्या रघुराई;
एक दिन काल पकड ले जाई, तोडी नांखसे ताल. २
महाविकाल जमदूत आयके, बांध पकड ले जाई;
धंन दोलत तेरा माल खजाना, संगमे कछु नहि भाई. ३
कुटुंब कबिला तेरा रोने लगे, स्वारथ स्नेह जणाई;
घरकी त्रीया घरमें रोवे, बाहेर रोवे तेरी माई. ४
आला लीला बांस मंगाके, काठकी दोर बीठाई
चार गजका कपडा मंगाया, उसमे देही बीताई. ५
चार जणां उचकीने चाल्यां, आगे आग चलवाई;
आवल बावलकी लकडी मंगाके, कंचन देही जलाई. ६
नेकी कर नर पार उतरवा, आ भवसिंधु मांई;
सद्गुरु चरणोमां गावे मयूखदास, राम भजन कर भाई. ७

સવૈયા

पाजी संसारको परहरी पलकमे, प्रभुके चर्णमे चीत पोया;
कर्म ओर मर्मको त्याग करके, नीज मंन विकारको आप धोया.
संतका संगमे बास कीया, सोही जीव सदा निर्भय सोया;
अहोनिश "मयूख" लुभायो प्रभु आपमें, नैना भरके दिन रैन रोया.

*

(૪)

દીન દર્વેશ

દીનદર્વેશ લગભગ આજથી દોઢસો વર્ષ ઉપર ગુજરાતની ઉત્તરે આવેલા પાલણપુર શહેરમાં થઈ ગયા. તેઓ જાતના લુહાર હતા. એક વખત તેમને ખબર પડી કે શહેર બહાર કોઈ "બાલ" નામના સંત પધાર્યા છે, એટલે તુરત જ તે પ્રેમઘેલો લુહાર સંતને મળવા દોડી ગયો. બસ, ત્યાં જઈ સત્સંગના દરિયાવમાં સ્નાન કરી, પોતાના જીવનનું સાર્થક માનવા લાગ્યો. આખરે લુહારને સંતની સાથે એવી અગાધ પ્રીતિ બંધાઈ કે, એક ઘડી પણ એમનાથી દૂર થવું મહા વસમું લાગ્યું. "જગત મિથ્યા છે, ફક્ત એક પરમ દેવાધિ જગતકર્તાનું નામ જ અમર અને અખંડાનંદ છે. દાવાનળ ભવસાગરમાં એ શિવાય બીજે ક્યાંય પણ મોક્ષનો આરો નથી," આવો વૈરાગ્ય તેમના દિલમાં જામ્યો. વળી પોતાની

મહેલાતો દોલત તથા પરિવાર ઈત્યાદિ સંસારની નાશવંત માયાને પરહરી પરમદર્શનીય પરમાત્માના નામ ઉપર અહોનિશ લેહ લગાવવી, એજ જીવનનું સાર્થક્ય છે, એમ તેને સમજાયું. એટલે તેઓ એક ધ્યાને અખંડાનંદને પ્રાપ્ત કરવા બડભાગી થયા. "જય હો એવા દારૂણ માયાની જંજીરના ટૂકડા કરનાર મહાબલી મહાત્મા દીન દર્વેશનો જય હો."

દીન દર્વેશકૃત*

કુંડલીયા

गुरु बीन ज्ञान न उपजे, गुरु बीन मीले नहि भेद;
गुरु बीन संशय ना मीटे, जय जय श्री गुरुदेव.
जय जय श्री गुरु देव, महा भव दुःखनिवारण;
पांच पचीसुं चोर, पकडके पलमे मारण.
कहते दीन दरवेश, समज रे चतुर सुजाना;
गुरु गरिब निवाज, गुरु बीन पावे नहि ज्ञाना.

साहेबके दरबारमे, सच्चेको सीरपाव;
जूठा तमाचा खायगा, कहां रंक कहां राव.
कहां रंक कहां राव, जोर न चाले झाचुं;
महा विकाल जमदूत, पकडी मांगसे दाचु.
कहेत दीन दरवेश, सांचेको अमर पटाय;
जूठा चले जख मार, साहेबके दरबार.

खोटा मणी चलके अती (ज्युं)खर शीर चंदन भार;
अंधा आगे आरसी, मर्कट कोटे हार.
मर्कट कोटे हार, हंस मुक्ताफल चुगे;
कैवा चुंगे कपूर, निशदिन विष्टा ढुढे.
कहेत दीन दरवेश, सूरा मन शेल अणी;
खरो न बोले बोल, चलके अती खोटो मणी.

सिंहगमन अरु सत्त बचन, अनल पक्षीकी छांय;
नारी रजस्वला लींब नर, कदली फल एक वार.
कदली फल एक वार, स्वांती बुंद छीपमे पडीया;
पारसमणीके संग, लोहा सोहागण बनीया.
कहेत दीन दरवेश, पुरे गुरु मीटे आवागवन;
त्रीया तेल एक वार, पीछे हठे नहि सिंहगमन.

* મહાત્મા દીનદર્વેશ કૃત કુંડલીયા ઘણાખરા હિન્દી તથા ગુજરાતી ગ્રંથોમાં મળી આવે છે. ગુજરાતીમાં સુપ્રસિદ્ધ ગ્રંથ "સાહિત્યસંગ્રહ" તથા હિન્દીમાં "સાહિત્યરત્નાકર"માં પણ દીન દર્વેશના કુંડલીયાનો સમાવેશ કરેલો છે. પરંતુ મને મળી આવેલા કુંડલીયા બીલકુલ અપ્રસિદ્ધ હોઇ કોઇ પણ સાહિત્ય ગ્રંથોમાં નજરે પડતા નથી. તેમ ક્યાંય પણ સાંભળવામાં આવતા નથી. આ કુંડલીયા મ્હેં પ્રાચીન હસ્તલિખિત ગ્રંથોમાંથી શોધીને પ્રાપ્ત કર્યા છે. સંશોધક

कच्चा कुप्पा काचका, पलमें फूटी जाय;
उसपर मस्ती क्या करे, समज समज नादान.
समज समज नादान, कहां करे गर्व गुमाना;
झडप पकडसे काल, गीरे तेरी कंचन काया.
कहेत दीन दरवेश, समझ समझ ले बच्चा;
मत करना अभिमान, काया कुप्पा हे कच्चा.

मुल्ला पटकी मुरगीया, कलामे अवल्ल फरमान;
बदनामी बिस्मिलसे, वामे बडी अहेसान.
वामे बडी अहेसान, समझ मनमे मुनसाना;
फीर कबहु नहि पाय, वोही साहिबका ताना.
कहते दीन दरवेश, द्वार दोजखका खुल्ला;
कलामे अवल्ल फरमान, मुरगीया पटकी मुल्ला.

बंदा बाजी गेबकी, आये सो ले जीत;
फीर कबहु नव पायगी, समझ पीयारे मीत्त.
समझ पीयारे मीत्त, हाथसे जावत वंथी;
लीन झुकाके शीर, सनमकी सायर कंथी.
कहेत दीन दरवेश, साहिबे अदल सलंदा;
आये सो ले जीत, गेबकी बाजी बंदा.

बंदा तेरी मूछडी, मरोड बंके समाल;
सांई परवरकी हांक बीन, बांका हुवे न बाल.
बांका हुवे न बाल, याद रखीओ ए कथनी;
आलम दधीया छांड, यारसे घृत लो मथनी.
कहेत दीन दरवेश, आखीरी रो मत रंदा;
मरोड बंके समाल, मूछडी तेरी बंदा.

अजब अवाशा छांडके, उठके जाना यार;
तु क्यों मस्तानो फीरे, दीन पावको यार;
दीन पावको यार, अरे अंधा अहेवानी;
समज कुछ परवाह, शीख सज्जनकी मानी.
कहेत दीन दरवेश, नबीका गया नवाशा;
उठके जाना यार, छांडके अजब अवाशा.

यार कीसीसे दोसती, कभी न कीजे यार;
जगमे बेहाली फीरा, आखीर जमका मार.
आखीर जमका मार, दुनिया दोरंग एसी;
आवत काटे दोर, जावते खेंचत रेंसी.
कहेत दीन दरवेश, संतकी सोच्चन गोष्टी;
कभी न कीजे यार, जगतमे कीसीसे दोस्ती.

કુંડલીયા

छांड गये छत्रापति, चक्रवर्ति पीस जाय;
हाय काल ओ बेबफा, जीव सबीको खाय.
जीव सबीको खाय, रंज नहि कीनसे कीनी;
एसो नीच जल्लाद, काल बेरी सो हीनी.
कहत दीनदरवेश, अवल्लसे भींडस मांडी;
चक्रवर्ति पीस जाय, गये छत्रापति छांडी.

बंदा काळी बादली, दीसत कलियुगमांय;
माता खावत पुत्रको, हिंदवा खावत गाय.
हिंदवा खावत गाय, हाय नैनांध संसारा;
सुनत सितम दुर्दांत, नितरत चश्मे धारा.
कहेत दीनदरवेश, सांईया खलक खलंदा.
दीसत कलियुग मांहि, बादली काळी बंदा.

आव कहे सो औलीया, बैठ कहेसो पीर;
जीस घर आदर भाव नहि, उसका काटो शीर.
उसका काटो शीर धडसे जुदा करी दो;
बेरहम की आंख फोडके धूळी भरी दो.
कहेत दीनदरवेश, बिरादर मांग चहेसो;
बैठ कहेसो पीर, औलीया, आव कहेसो.

જેને ત્યાં આદરસત્કાર નથી એવા ઇન્સાનને ત્યાં જવું નકામું જ છે. દીનદર્વેશ કહે છે કે, એવા બેશરમી માણસની નિર્દય આંખને ફોડી તેમાં ધૂળ ભરવી જોઈએ, કે જેથી તેની એવી ગતિ જોઈ, ભવિષ્યમાં બીજો કોઈ એવા બેરહમ બનતાં પહેલાં વિચાર કરે.

(૭)

કવિયા કહાન

કહાન નામના અત્યાર સુધીમાં ઘણાએ કવિઓ થઈ ગયા છે. પરંતુ આ "કવિયા કહાન" ગુજરાતની ઉત્તરે આવેલા રાધનપૂર શહેરના નિવાસી વાલ્યમ બ્રાહ્મણ હતા. સિદ્ધપુરના મેળામાં દીનદર્વેશ અને કવિયા કહાન પરસ્પર સ્વકૃત (પોતે રચેલા) કુંડલીયા બોલી, જ્ઞાનગોષ્ટી કરતા તે વખતે કાંઈ અનેરો રંગ ઝામી જતો. એટલે સિદ્ધ થાય છે કે દીનદર્વેશના સમયમાં કવિયા કહાન વિદ્યમાન હતા.

કુંડલીયા

वो खंजर हे प्रेमका, दाल गलनके बीच;
हे कोई ऐसा प्रेमीजन, बरन कमी होई नीच.
बरन कमी होय नीच, नहि वामे शरमाना;
मेरे मंन दिलजान, तूहीसे यारि दाना,

कथे सु **कविया कहान,** पाउमे दे दे पंजर;
दाल गलनके बीच, प्रेमका वो हे खंजर.

પ્રેમના કાતિલ ખંજરથી જે ઇન્સાન ઘાયલ થયો છે, જેના ગળામાં પ્રેમનો કારી જખ્મ લાગ્યો છે, એવા હે પ્રેમી જન ! તું મ્હારી પાસે આવ ? ભલે તું ચ્હાય તો ઉચ્ચ કિંવા નીચ હશે, પણ તેમાં કાંઈ શરમાવાનું નથી. મ્હારે કંઈ એ નાતજાતનો સબંધ નથી. હું તો સાચા પ્રેમથી હે દિલજાન ! તને ચ્હાઈ રહ્યો છું. જો તું મારી માગણી નહીં સ્વીકારે તો તારી માફક મને પણ બેહાલ કર, ત્હારા હસ્તે જ મારા પગમાં પ્રેમની જંજીર ઝડકી મને કેદ કર.

કુંડલીયા

कनक छुरीसी कामिनी, उनसे बसीयो दूर;
यार मेरा यह मान ले, जगमे बडे वो सूर.
जगमे बडे वो सूर, जीनको नैनासे त्यागी;
थांको सदा किरतार, नामकी लगनी लागी.
कथे सु कविया कहान, फना मीट्टी वो चामनी;
उनसे बसीयो दूर; कनक छुरीसी कामनी.

સોનું અને સુંદરી એ તીક્ષ્ણ છૂરીની ધાર કરતાં બૂરી છે. માટે હે યારો ! હે દોસ્તો !! મારૂં કહેવું જો તમે માન્ય કરો તો એનાથી અહોનિશ દૂર ભાગજો. જેણે એવી જાલિમ માયાને ત્યાગી દીધી, ખરેખર એના જેવો બીજો કોઈ શૂરવીર નથી. પોતાની આંખ આગળથી એવી નાશવંત ચીજોને તિલાંજલિ આપી પ્રભુના પવિત્ર નામની જેને લેહ લગાવી, આ સંસાર તથા ધન જોબનનો ઠાઠ ફાની સમજી, તે જ જિત્યો. આખરે તે એક દિવસ માટીમાં મળી જશે, એવું સમજી હે શાણા ! તું એવી દારૂણ માયાથી દૂર રહે.

કુંડલીયા

सैया थोडा जीवनमे, मत कर मान गुमान;
अंत मसाणे सोयगा, कहां रंक सुलतान.
कहां रंक सुलतान, सबी आलम जख मारे;
प्रभु भज्या सो न्याल, पापीका मुख हे काले.
कथे सु कविया कहान, रोई के दीन बितैया;
मत कर मान गुमान, थोडा जीवनमे सैया.

હે સૈયા ! થોડાસા જીવનમાં તું શા માટે આટલાં બધાં માનગુમાન કરે છે ? આખરે મસાણમાં જઈને રંક હોય કે ભલે સુલ્તાન હોય, પરંતુ સર્વેને એક દિવસ આ દુનિયામાંથી જખ મારીને ચાલ્યાં જવું પડશે. જેણે પ્રભુ ભજ્યા તે જ માણુસ આ જહાનમાં આવી ઘણું કમાયો, ન્યાલ થયો. બાકીના બીજા કૂડાં કર્મના કરનારા પાતકીઓને કાળા મુખે સાહેબના દરબારમાં હાજર થવું પડશે. હે ઇન્સાન ! તારે પાશેર અનાજનો ખપ છે, અને તું તો અહોનિશ રડી રડીને તારું અમૂલ્ય આયુષ્ય વૃથા ઘરધંધામાં જ ગુમાવી નાંખે છે. માટે હે સંસારમાં લૌલિન બનેલા બેહાલ જીવ ! તું જરા જાગીને નજર કર.

(૮)

કવિ ગંગ

"દિલ્હીશ્વરો વા જગદીશ્વરો" શહેનશાહ જલાલુદ્દીન અકબરનાં ભવ્ય દરબારનાં મુલ્કમશહુર નવરત્નોમાંના આ એક "ચમકતા સિતારા" કવીશ્વર ગંગથી હિન્દી સાહિત્ય-રસિકોમાં કોઈ ભાગ્યે જ અજાણ્યું હશે. કવિરાજ ગંગ ઇટાવા જીલ્લાના એકનૌર ગામના નિવાસી બ્રહ્મભાટ હતા. પોતાની અજબ કાવ્યકુશળતા અને કવિપ્રભાવથી દિલ્હીપતિ અકબરશાહને મુગ્ધ કરી, મોગલ દરબારના રોનકદાર રત્ન કવિરાજ ગંગ હિન્દ ભરમાં સુપ્રસિદ્ધ થયા. કવિરાજ ગંગની કુટકળ કવિતા સર્વત્ર પ્રચલિત છે, પરંતુ એમનો રચેલો કોઈ ગ્રંથ જોવામાં આવતો નથી.

કવિત

हिराका मोल कोई मौलवीसे जाय कीजे;
बहेरे के आगे जाके बेन कहां बजाईये.
सूराकी परीक्षा तो समर मे दीख ले;
अधुरीयासे भरमकी बात कहां सुनाईये.
सोबत तो कीजे कोई सज्जनका साथमे;
काफिरसे प्रीत कैसी कहां तक निभाईये.
कहेत कबि गंग सुनो मेरे दिल्हिपति;
हंसा तो मोती चुगे बग्गा मांस खाईये.

पायो जन देह नर भज्यो नहि राम मुख,
करम के कोट से काल, गीरावे गपाक दे.
अमीरस प्याला मूकी, विष घोरी पान कीधुं,
आयुष्यकी दोरी काल तोडेगो तपाक दे.
हिरो हाथ आयो तेरे जतन करी राख भैया!
तस्कर अति वाट मांहि लूटेगी लपाक दे.
कहेत कवि गंग, सुनो मेरे शाह नुरा;
कायाको कुप काचो फुटेगो फटाक दे.

ઝુલણા

कोई दिन प्यारे ताकु रंग लाडी, कोई दिन लुखा तुका खावना हे;
कोई दिन फुलकी सेज सोना, कोई दिन जंगल भर धावना हे.
कोई दिन प्यारे दीन याचना रंक, कोई दिन तख्ते बगी राव नहिं;
कवि गंग कहे सुन सज्जन, तेरे कर्मकी कमाई वहां पावना हे. ×

× આ સિવાય કવિ ગંગનાં થોડાંક જ્ઞાનકાવ્યો "ગુજરાતી"ના તા. ૫-૭-૩૯ ના અંકમાં "માધવગોષ્ઠી અથવા કવિ ગંગનો જ્ઞાનવિલાસ" નામક લેખમાં છપાયાં છે.

(૯)

કાજી દાના સાહેબ

દાના સાહેબ ચાંપાનેર શહેરના નિવાસી હતા. તેઓ જાતે ગરાશિયા રજપૂત હતા. નાનપણથી સંતસાધુના સહવાસમાં રહેવાનો શોખ લાગ્યો હોવાથી આખરે સંસારનો ત્યાગ કરી, વૈરાગ્ય ધારણ કર્યો, અને સાધુ, ફકીરો વિગેરેના સહવાસમાં આવ્યા. પછી તેમને કાજી દાના સાહેબના નામથી લોકો ઓળખવા લાગ્યા. તેમની વાણીમાં ઉર્દુ શબ્દ ઘણા છે, છતાં કાજી નામ ધારણ કરવાથી તે કાંઈ ઈસ્લામ નહોતા બન્યા. સંતપુરૂષની જાત હોઈ શકે ખરી કે ? તેઓ તો અજાત કહેવાય છે.

ઝુલણા

उड गयो अभिमान मदांध, गुरू, पीरका शब्द सुग आवता है;
गळ्यो गुमान गंदे गुरु गैबसे, शील, संतोष मंन भावता है.
अंतर मेही उदय अज हु भयो, ज्ञान आफताब नूर छावता है;
दानासाहेब कहे सुन बंदा, प्यारे लहेर बिहिस्त कभी पावता है.

आफताब आलमहींमे पुर प्रकाशते, तिमिर सवही उड जावता है;
उज्जवल ज्योति नूरे नभी दीसते, वृष्टि झील मीलज्या आवता है.
बैठे रंग सदनमे सोध आये, सबी अंग भींज्या रा'वता है;
दानासाहेब कहे सुन बंदा, कर जीकर अजलीया खावता है.

(૧૦)

શેખ શકુ

શેખશકુ બરહાનપુર નજીદીકમાં વસતા કોઈ ફકીર છે. તેમની વાણી અત્યંત બોધદાયક અને દુનિયામાં આવી જુલ્મ વર્તાવનારા ઈન્સાનોને અંતકાળની બૂરી દશાનું ભાન કરાવે છે.

મુસ્લીમ હોવા છતાં એમનાં વચનામૃતો હિંદી સન્તોને પણ આંટે એવાં છેઃ

ઝુલણા

दुनियामे आई दया दिनसे माहिकी, हरदंम रंकसे रोषना है;
मस्तान मद अंध अहेवान फीर्या; अरे नीच ना'नमकी जोषना है;
नीज नैनसे दीख ले मीत्त प्यारे, कुर काल जल्लादकी घोषना है;
शेखशकु कहे हाय दिलबर, ताकु एक दीन कबमें खोषना है.

(૧૧)

સંત બાલકદાસ

બાલકદાસ ગુજરાતની ઉત્તરે આવેલા ઈડર શહેરના નિવાસી હતા. તેઓ જાતે બ્રહ્મભાટ હતા પોતાના પિતાના ઉપદેશથી તેમણે સંસારને ત્યાગી, વૈરાગ્ય ધારણ કરી, પ્રભુભક્તિમાં પોતાનું શેષ જીવન વ્યતીત કર્યું. એમણે ઘણાં જ્ઞાનકાવ્યો રચેલાં છે. તેમાંનાં થોડાંક અહીં આપવા યોગ્ય છે.

કુંડલીયા

जख देके चल जावना, जगमे भई फजेतां
अरे मुसाफीर क्यां सूतो; चेत शके तो चेत.
चेत शके तो चेत हरि से हेत कुछ कर ले;
वृथा छांड अभिमान संत मीजमाना कर ले.
कहेत बालकदास बेर मनसाके ताना;
जगमे भई फजेत जख देके चल जाना.

जगमे भई ना कौनसी अम्मर ग्राम गरास;
छुटी सनमकी बंदुका बिखर उडा गई आस.
बिखर उडा गई आस पासमे रखा न दावा;
मनसा गुमायो लाल जर जोबन कीन कावा.
कहेत बालकदास नंग तु ऐसा रगमे;
अंमर ग्राम गरास कीसीकी ना भई जगमे.

(૧૫)

સંત ચાતકદાસ

સંત ચાતકદાસ સૌરાષ્ટ દેશ તરફના નિવાસી અને જાતે વણિક હતા. એક દિવસ તેઓ પ્રવાસે નીકળ્યા હતા. રસ્તામાં તૃષા લાગતાં ગામમાં જઈ પીવા માટે થોડું પાણી માગ્યું, છતાં કોઈએ તેમની દાદ સાંભળી નહીં; આથી તેમને વૈરાગ્ય ઉત્પન્ન થયો. એટલે આ નિષ્ઠુર સંસારનો ત્યાગ કરી, પ્રભુભક્તિમાં લેહ લગાવી.

કુંડલીયા

जगत बिचारी पावकी रोती दीन भर रेन;
आखीर बंका एबका ज्युं गुंगेकी सेन.
ज्युं गुंगेकी सेन आप भव जलके बांधे;
लीये काष्ट शीर भार कष्ट कुहाडा कांधे.
कहेत चातकदास झबुकत सनम सितारी;
रोती दिन भर रेन पावकी जगत बिचारी.

રાજપૂતાનાના ભિન્ન-ભિન્ન વિભાગોનાં પ્રાચીન નામ

મૂળ-લેખકઃ—રા. બ. ગૌરીશંકર હીરાચંદજી ઓઝા

અનુવાદકઃ—રા. રા. રતિકાન્ત કલાધર ભટ્ટ.

"**રાજપૂતાના**" આ નામ અંગ્રેજોએ પાડેલું છે. રાજપૂતાનાના સર્વ પ્રથમ સુપ્રસિદ્ધ ઇતિહાસ લેખક કર્નલ ટૉડે ઉકત દેશનું નામ "રાજસ્થાન" વા "રાયથાન" રાખ્યું હતું, જે શાસકોનાં અથવા તેમાંનાં રાજ્યોનાં સ્થાનનું સૂચક હતું. અંગ્રેજોનાં પ્હેલાં આ સમસ્ત પ્રદેશ ઉકત નામે સંબોધિત થયો હતો વા નહીં, એ સંબન્ધી કોઈ પણ ચોક્કસ પ્રમાણ વા ઉદાહરણ ઉપલબ્ધ થતું નથી. મારા દૃષ્ટિકોણે ઉકત નામ કલ્પિત જણાય છે. કારણ કે "રાજસ્થાન" વા "રાયથાન"નો પ્રયોગ સંગઠિત-કેન્દ્રીભૂત શાસિત પ્રદેશો માટે માનનીય થઈ શકે છે; પરન્તુ અવ્યવસ્થિત ભિન્ન-ભિન્ન અંગો પ્રાચીન કાલમાં સમયસમય પર ભિન્ન હોવાને લીધે અલગ-અલગ નામો ધરાવતાં, અને તેમાંના કેટલાક વિભાગો તો અન્ય બહારના પ્રદેશોના અન્તર્ગત પણ હતા, એટલે તે એક વિશાલતાસૂચક નામમાં સંબોધિત થયા હોવાનું ઉચિત નથી જણાતું.

जांगल देश[1]

વર્તમાન સમસ્ત બીકાનેર તથા મારવાડ(જોધપુર-રાજ્ય)નો ઉત્તરી વિભાગ, જેમાં નાગૌર આદિનો સમાવેશ થાય છે, તે પ્રાચીન સમયમાં જાંગલ દેશ કહેવાતો હતો. મહાભારતમાં કોઈ સ્થાને દેશસૂચક અથવા તેમના નિવાસિઓનું[2] સૂચક જાંગલ નામ એકલું મળે છે, તો ક્યાંક "कुरु" અને "मद्र" દેશો(નિવાસિઓ)ની સાથે જોડાયેલું ([3]कुरुजांगलाः;

---

૧ જે દેશમાં જલ અને ઘાસની ન્યૂનતા હોય, તથા વાયુ અને તાપની પ્રબળતા હોય, અન્નાદિ સારી રીતીમાં ઉત્પન્ન થતા હોય, તે જાંગલ દેશ કહેવાય છે.

स्वल्पोदकतृणो यस्तु प्रवातः प्रचुरातपः

स ज्ञेयो जांगलो देशो बहुधान्यादि संयुतः

(शब्दकल्पद्रुम, काण्ड २, पृ० ५२९)

ભાવપ્રકાશના કથનાનુસાર જ્યાં આકાશ સ્વચ્છ અને ઉન્નત હોય, જળ અને વૃક્ષોની ન્યૂનતા હોય, શમી, આક, કૈરાદિ વૃક્ષોની પ્રચૂરતા હોય, તે જાંગલ કહેવાય છે.

आकाशशुभ्र उच्चश्च स्वल्पपानीयपादपः

शमीकरीरबिल्वार्कपीतुकर्कंधुसंकुलः ॥ देशो वातालो जांगलः स्मृतः

૨ સંસ્કૃતમાં દેશોનાં નામોની સાથે "देश" અથવા તેનો કોઈ બીજો પર્યાય સૂચક શબ્દ ન હોવાને લીધે અધિકાંશમાં તેઓ બહુવચનમાં પ્રયુક્ત થયેલા મળી આવે છેઃ જેમ पांचालाः, जांगलाः, दशार्णाः આદિ. આનું કારણ દેશોનાં નામ પ્રાયઃ તેમના નિવાસીઓનાં નામ પર રખાયેલાં હોવાં જોઈએ.

३ तीर्थयात्रामनुक्रामन्प्राप्तोऽस्मि कुरुजांगलान् (महाभा० वन०, अ० १०, श्लो० ११) ततः कुरुश्रेष्ठमुपैत्य पौराः प्रदक्षिणं चक्रुरदीनसत्वाः । तं ब्राह्मणाश्चाभ्यवदन्प्रसन्नाः मुख्याश्च सर्वे कुरु जांगलानाम् । स चापि तानभ्यवदत्प्रसन्नः सहैव तैर्भ्रातृभिर्धर्मराजः । तस्थौ च तत्राधिपतिर्महात्मा दृष्ट्वा जनौघं कुरुजांगलानाम् (महा० वन०, अ० २३ श्लो० ५-६)

[1]माद्रेयजांगलाः) મળે છે. મહાભારતમાં પ્રાયઃ આવા દેશોનાં નામો સમાસયુક્ત જોવામાં આવે છે. જેમ "कुरुपांचालाः" આદિ. એતદર્થ "माद्रेयजांगलाः" અને "कुरुजांगलाः"નો આશય [2]'मद्र' અને "कुरु" દેશોની સાથે જોડાયેલો જાંગલ દેશ. મદ્ર અને કુરૂ એ બેઉ જાંગલના ઉત્તરમાં હતા. એટલે એમના દક્ષિણમાં જાંગલ દેશ હોવો જોઈએ.

બીકાનેરના રાજાઓ જાંગલ દેશના સ્વામી હોવાને લીધે એઓ પોતાને "જંગલધર"નો બાદશાહ કહે છે. એમના રાજ્યચિહ્નમાં પણ આવું જ લખાયેલું હોય છે.[3]

જાંગલ દેશની રાજધાની અહિછત્રપુર[4] હતી, જે અત્યારે નાગૌરને[5] નામે જોધપુરના ઉત્તરી વિભાગમાં આવેલ છે.

---

૧ तत्रेमे कुरुपांचालाः शाल्वा माद्रेय जांगलाः (તેજ ભીષ્મ૦ અ૦ ૯ શ્લો૦ ૩૯)

૨ પંજાબનો તે હિસ્સો, જે ચિનાબ અને સતલજ નદીઓની મધ્યમાં છે. (ઈંડિ૦ એંટિ૦, જી૦ ૪૦, પૃ૦ ૨૮)

અધુના બીકાનેર રાજ્ય(જાંગલ)નો ઉત્તરી વિભાગ મદ્ર દેશની સાથે જોડાયેલો નથી; પરન્તુ સંભવ છે કે પ્રાચીન સમયમાં મદ્રની સીમા દક્ષિણમાં અત્યધિક વિસ્તૃત હોવાને લીધે જાંગલની ઉત્તરી સીમા ઉત્તરમાં મદ્રની સાથે મળતી હોય.

૩ બીકાનેર રાજ્યના રાજચિહ્નમાં "જયજંગલધર બાદશાહ" લખાયેલું હોય છે.

૪ અહિછત્રપુર નામના ઘણા દેશો જોવામાં આવે છે. ઉત્તરી પાંચાલની રાજધાની અહિછત્રપુર હતી, જેનું વર્ણન ચીની-યાત્રી હુએન્સાગે પોતાના યાત્રાના પુસ્તક "सी. यु. की"માં કર્યું છે. (બીલ બુદ્ધિસ્ટ રેકર્ડસ્ ઑફ ધી વેસ્ટર્ન વર્લ્ડ, જી૦ ૧, પૃ૦ ૨૦૦). જૈન લેખકો જાંગલ દેશની રાજધાની અહિછત્રપુર લખે છે. (ઈંડિ૦ એંટિ૦, જી૦ ૪૦, પૃ૦ ૨૮) કર્નલ ટૉડના ગુરૂ યતિ જ્ઞાનચંદ્રના સંગ્રહમાં (માંડલ મેવાડમાં) મને ૨૫ દેશો તથા તેમની રાજધાનીઓનું સૂચીપત્ર મળ્યું છે. એમાં પણ જાંગલ દેશની રાજધાની અહિછત્રપુર લખી છે. ભૈરણમત્તિના શિલાલેખમાં સિંધુ દેશમાં અહિછત્રપુર નામના નગરનું હોવાનું લખાયેલું છે. (એપિ૦ ઈંડિ૦ જી૦ ૩, પૃ૦ ૨૩૫) આવી રીતે ઘણાંખરાં અહિછત્રપુરનો ઉલ્લેખ મળી આવે છે. (મુંબઇ ગેઝેટિયર જી૦ ૧, ભાગ ૨, પૃ૦ ૫૬૦, ટિપ્પણ ૧૧)

૫ જોધપુર રાજ્યના નાગૌર નગરને જાંગલ દેશની રાજધાની અહિછત્રપુર સ્વીકારી લેવાનું પ્રથમ કારણ તો આ કે નાગૌર "નાગપુર"નું પ્રાકૃત રૂપ છે. નાગપુરનો અર્થ "નાગનું નગર" અને અહિ-છત્રપુરનો અર્થ "નાગ છે છત્ર જે નગરનો" થાય છે. એતદર્થ નાગ અને અહિ, આ બેઉ એક જ આશયના સૂચક છે. સંસ્કૃત ભાષાના લેખકો નામોના ઉલ્લેખ કરતાં તેમના પર્યાય શબ્દોનો પ્રયોગ સામાન્ય રૂપે કરે છે. પુરાણોમાં "હસ્તિનાપુર" નામ મળે છે. ભાગવતમાં "ગજાહ્વયપુર" અથવા "ગજસાહ્વયપુર" (ભાગવત ૧-૯-૪૮; ૧-૧૫-૩૮; ૧-૮-૪૫; ૪-૩૧-૩૦; ૧૦-૫૭-૭) નામ પણ મળે છે. મહાભારતમાં હસ્તિનાપુર માટે નાગસાહ્વયપુર (૭-૧-૮; ૧૪-૬૫ ૨૦) અને નાગપુર (૫-૧૪૭-૫) નામોનો પ્રયોગ થયેલો પણ જોવામાં આવે છે. બીજું કારણ આ કે ચૌહાનનરેશ સોમેશ્વરના સમયનો વિ૦ સં૦ ૧૨૨૬ ફાલ્ગુણ વદ ૩ નો બીજોલ્યા(ઉદયપુર રાજ્યમાં)ના એક શિલાલેખમાં ચૌહાન રાજા સામંતે અહિછત્રપુરમાં રાજ્ય કર્યાનું લખાયેલું છે.

(विप्रश्रीवत्सगोत्रेभूदहिछत्रपुरे पुरा । सामतोनंत सामंतः पूर्णतल्ले नृपस्ततः (श्लो० १२).

પૃથ્વીરાજવિજયમહાકાવ્યના કથનાનુસાર "વાસુદેવ (સામંતના પૂર્વજ) શિકાર રમવા બહાર ગયો તે વખતે વિદ્યાધરની કૃપાથી તેને શાકંભરી-ઝીલનાં સહસા દર્શન થયાં હતાં." એતદર્થ સાંભર ચૌહાનોની મૂળ રાજધાની અહિછત્રપુરથી વધારે દૂર નહોતી.

सपादलक्ष

જાંગલ દેશની રાજધાની અહિચ્છત્રપુર(નાગૌર)ની આસપાસમાંના ન્હાનાશા પ્રદેશનું નામ સપાદલક્ષ[1] હતું. રાજપૂતાનામાં ચૌહાનોનો સહુથી પ્રથમ અધિકાર આ જ પ્રદેશ પર થયો હોવાને લીધે એઓ " સપાદલક્ષીય નૃપતિ " કહેવાયા. પાછળથી આમની રાજધાની " શાકંભરી " (સાંભર) થઈ હતી. આથી એઓ " શાંકભરીશ્વર " (સંભરીનરેશ) પણ કહેવાયા. એમની ત્રીજી અને છેલ્લી રાજધાની અજમેર થઈ હતી. સમયાનુસાર રાજ્યનો વિસ્તાર વધતો ગયો અને વિગ્રહરાજ (વિસલદેવ) ચતુર્થના સમયમાં તો રાજપૂતાનાના બ્હારનો કેટલોક પ્રદેશ (દિલ્લી, ઝંડસી આદિ) પણ તેમના તાબામાં આવી ગયેલો હતો. એટલે સામાન્ય રૂપમાં જેટલો પ્રદેશ તેમના અધિકારમાં આવ્યો તે સમસ્ત સપાદલક્ષના[2] નામે ઓળખાવા લાગ્યો હતો. ચૌહાનોના અધિકારાન્તર્ગત જાંગલ (જોધપુર રાજ્યનો ઉત્તરી ભાગ), [3]જયપુરરાજ્યમાં શેખાવાટીથી લઈ રણથંભોરના દક્ષિણ પર્યન્તનો પ્રદેશ છે, જેમાં કોટા રિયાસતના ઉત્તરી હિસ્સાનો પણ સમાવેશ થાય છે; તેમાં મેવાડના [4]માંડલગઢ–દુર્ગથી લઈ સમસ્ત પૂર્વીય [5]વિભાગ, બૂંદી રાજ્યનો પશ્ચિમી ભાગ, કિશનગઢનું રાજ્ય તથા અજમેરના

---

૧ નાગૌરના આસપાસના ઇલાકા(નાગૌરપટ્ટી)ને ત્યાંના લોકો હજુ પણ "શ્વાજક" વા "સવાજક" કહે છે, જે સપાદલક્ષનું જ લૌકિક રૂપ જણાય છે.

ત્રણ સપાદલક્ષોનો ઉલ્લેખ મળી આવે છે: તેમાંનું પ્રથમ તો ગઢવાલ, કમાઉ આદિ પ્રદેશોમાં, જેવું કે ગયામાંથી પ્રાપ્ત થયેલા રાજા અશોક અલ્લના નાના ભાઇ કુમાર દશરથના સમયના એક લેખમાં જોવામાં આવે છે. (ઇંડિ૦ એંટિ૦ જી૦ ૧૦, પૃ૦ ૩૪૬; એપિ૦ ઇંડિ૦, જી૦ ૧૨, પૃ૦ ૩૦). બીજું સાંભર અને અજમેરના ચૌહાનોના અધીન સમસ્ત પ્રદેશનું નામ, જે તેમના શિલાલેખો અને ઐતિહાસિક પુસ્તકોમાં મળે છે. ત્રીજું દક્ષિણમાં હતું, જેનો ઉલ્લેખ કનડી ભાષાના પ્રસિદ્ધ કવિ પંપે રચેલા "विक्रमार्जुनविजय" (પંપ ભારત) નામના કનાડી–કાવ્યમાં, જે શક–સંવત્ ૮૬૩=વિ૦ સં૦ ૯૯૮ના આસપાસમાં લખવામાં આવ્યો હતો, મળે છે. (શ્રીગૌરીશંકર હીરાચંદ ઓઝા: સોલંકિઓકા પ્રાચીન ઇતિહાસ, પ્રથમ ભાગ પૃ૦ ૨૦૬).

૨ देवं सोमेश्वरं द्रष्टुं राजश्रीरुदकंठत । आत्मजाभ्यामिव यशः प्रतापाभ्यामिवान्वितः । सपादलक्षमानिन्ये महामात्यैर्महीपतिः। (पृथ्वीराजविजय, सर्ग ८, श्लो ५७–५८), सपादलक्षमामर्घ नम्रीकृतभया(नृपा ?)नकः

(સોલંકી કુમારપાળનો ચિતૌડનો શિલાલેખ, એપિ૦ ઇંડિ૦ જી૦ ૨, પૃ૦ ૪૨૩)

૩ संवत् १२४४–श्रावणपूर्वे सपादलक्षे...(જયપુર રાજ્યના વિસલપુરનો શિલાલેખ, અજમેરના ચૌહાનરાજા પૃથ્વીરાજના સમયનો, કનિંગહામ, આર્કિયોલોજીકલ સર્વે રિપોર્ટ, જી૦ ૬ પ્લેટ ૨૧).

૪ श्रीमानस्ति सपादलक्षविषयः शाकंभरीभूषणस्तत्र श्रीरतिधाममण्डलकरं नामास्ति दुर्गं महत्।१। म्लेच्छेशेन सपादलक्षविषये व्याप्ते सुवृत्तक्षतित्रासाद्विन्ध्य नरेन्द्रदोः परिमलः स्फूर्जत्त्रिवर्गौजसि। प्राप्तो मालवमंडले बहुपरिवारः पुरीभावसयो धारामठज्जिनप्रमितिवाक्शास्त्रं महावीरतः ॥५॥ जैन विद्वान आशाधररचित "धर्मामृतशास्त्र".

૫ ओं सं० १२२५ ज्येष्ट वद १३ अद्येह श्रीसपादलक्षमंडले महाराजाधिराजपरमेश्वर " " " शाकंभरीभूपालश्रीप्रिथिम्विदेवविजयराज्ये मेवाड । (મેવાડના પૂર્વી હિસ્સાના ધૌંડ ગામમાં રીસાયેલી રાણીના મંદિરના સ્તંભ ઉપર કોતરાયેલા ચૌહાન રાજા પૃથ્વીરાજ દ્વિતીય[पृथ्वीदेव, पृथ्वीभट]–ના સમયનો શિલાલેખ).

સમસ્ત પ્રદેશનો પણ સમાવેશ થતો હતો. ગુજરાતના સોલંકી (ચાલુક્ય) રાજાઓના સમયના શિલાલેખોમાં તથા તેમ જ ઐતિહાસિક પુસ્તકોમાં અજમેરના ચૌહાનોને ક્યાંક [1]સપાદલક્ષ અને ક્યાંક [2]જાંગલ દેશના રાજા કહ્યા છે. એટલે પ્રાચીન જાંગલ દેશ ચૌહાનોના વિસ્તૃત રાજ્યના અન્તર્ગત થઈ જવાને લીધે પાછળથી તે સપાદલક્ષના અન્તર્ગત ગણાવા લાગ્યો હશે.

कुरु

મહાભારતમાં કુરૂ દેશનું નામ એકલું પણ મળે છે, તો કોઇક સ્થાને જાંગલ અને [3]પાંચાલ નામોની સાથે જોડાયેલું પણ મળી આવે છે. જાંગલ દક્ષિણમાં અને પાંચાલ પૂર્વમાં આની સાથે જોડાયેલા હતા. કોઈક વખતમાં આ બેઉ સમયાનુસાર કુરૂ રાજ્યના [4]અધિકારમાં પણ રહ્યા હતા. કુરૂ દેશમાં પટિયાલના પૂર્વી(અર્ધ) હિસ્સાથી લઇ યમુનાના પૂર્વ પર્યન્ત અને થાનેશ્વરથી કંઈક ઉત્તરમાં દિલ્લીના થોડાક દક્ષિણ સુધીના પ્રદેશનો સમાવેશ થતો[5] હતો. આની રાજધાની હસ્તિનાપુર ગંગાના તટપર મેરઠ જીલ્લામાં (મેરઠથી ૨૨ મૈલ ઉત્તરપૂર્વમાં) હતી. ગંગાના પ્રવાહથી હસ્તિનાપુરમાં નષ્ટ થઈ જવાથી પરીક્ષિતના

---

૧ सपादलक्षमामर्थ (જુઓ ઉપરની ટિપ્પણ). सपादलक्षा सहभूरिलक्षैरानाकभूपाय नतां-य दत्तः (प्रबन्धचिन्तामणि, पृ० १९०)

२ किमङ्ग ! जांगलपतेः सौप्तिकप्रस्तावोपश्लोकमनाकर्णितवान् भवान् (प्रल्हादनदेवविरचित "पार्थपराक्रमव्यायोग," पृ० ३), दव्डे मण्डपिका हैमी सहमत्तैर्मतंगजैः । दत्वा पादं गले येन जांगलेशादगृहयत । (कीर्तिकौमुदी, सर्ग २, श्लो० ५३) हृदि प्रविष्टयद्वाणक्लिष्टेनाधूर्णितं शिरः । जांगलक्षोणिपालेन व्याचक्षाणैः पैररपि, (तेज स० २, श्लोक ४६),

ગુર્જરેશ્વર પુરોહિત સોમેશ્વરે પોતાના "કીર્ત્તિકૌમુદી"માં ગુજરાતના સોલંકી રાજા કુમારપાળ અને અજમેરના ચૌહાનરાજા આના(અર્ણોરાજ, આનાક, આનલ્લદેવ)ની સાથે થયેલા યુદ્ધના વર્ણનમાં ચૌહાનરાજાને જાંગલક્ષોણિપાલ કહ્યો છે. (સર્ગ ૨ શ્લો૦ ૬). પાછળથી આ જ ગ્રન્થકારે પોતાના સુરથોત્સવ કાવ્યમાં ગુજરાતના ચાલુક્ય રાજા જયસિંહ સિદ્ધરાજ અને ચૌહાન રાજા આના સાથે થયેલા યુદ્ધપ્રસંગમાં આનાને સપાદલક્ષનો રાજા બતલાવ્યો છે.

दसः सोऽपि सपादलक्षनृपतिः पादानतिं शिक्षितः—सर्ग १५ श्लो० २२

મેરૂતુંગે અનેક સ્થાનોમાં સપાદલક્ષ જ નામ આપ્યું છે.

३ तत्रेमे कुरुपांचालाः शाल्वा माद्रेयजांगलाः (महाभा० भीष्म० अ० ९ श्लो० ३९)

૪ પાંચાલ અન્તર્વેદ(ગંગા અને યમુનાના મધ્યનો પ્રદેશ)ના એક મોટા હિસ્સાનું નામ હતું. (आर्य ! अदूरवर्त्तिनी भगवत्ययोध्या । इमे अंतर्वेदीभूषणं पांचालाः ॥ राजशेखरकृत बालरामायण, अंक १०), પાંચાલના બે ભાગ હતા, જેઓ ઉત્તરી અને દક્ષિણી પાંચાલ કહેવાતા હતા. ઉત્તરી પાંચાલની રાજધાની અહિછત્રપુર હતી, જેનાં ખંડિયર બરેલીથી ૨૦ મૈલ દૂર પશ્ચિમમાં મળી આવે છે. દક્ષિણ પાંચાલની રાજધાની કાંપિલ્ય નગર ગંગાના તટ પર વસેલું હતું, જે અત્યારે કંપિલના નામે ઓળખાય છે, અને લગભગ બદાઉંની સ્હામે છે.

(જુઓ ખંગવિલાસ પ્રેસમાં મુદ્રિત ટૉડ-રાજસ્થાન, પ્રથમ-ખંડ, પૃષ્ઠ ૪૫)

કોઈ કોઈ વિદ્વાન પાંચાલને પંજાબનું પ્રાચીન નામ કહે છે, જે ઠીક નથી. પંજાબ કોઈ પણ વખતે પાંચાલ કહેવાયું જ નથી. તેનું પ્રાચીન નામ પંચનદ તો જોવામાં આવે છે.

૫ તૈત્તિરીય આરણ્યકમાં કુરૂની સીમા દક્ષિણમાં ખાંડવ વન, ઉત્તરમાં તૂર્ઘ્ન, પશ્ચિમમાં પરિણહ બતલાવાય છે.

સાતમા વંશધર. નિચક્રુએ કૌશાંબીમાં પોતાની રાજધાની સ્થાપી[1] હતી. રાજપૂતાનાનો અલવર રાજ્યનો ઉત્તરી હિસ્સો પણ કુરૂદેશના અન્તર્ગત હતો.

કુરૂદેશ[2] કુરૂક્ષેત્ર પણ કહેવાય છે. કૌરવ-પાંડવોએ રણચંડીના તાંડવ માટે એ જ ક્ષેત્ર પસંદ કર્યું હતું.

मत्स्य

મત્સ્ય દેશ કુરૂક્ષેત્રની દક્ષિણમાં અને શૂરસેનની પશ્ચિમમાં હતો. આમાં અલવર રાજ્ય, રાજ્યગઢ, ટહલા આદિ ઉક્ત રાજ્યના પશ્ચિમી અને દક્ષિણી હિસ્સાનો તથા અલવર રાજ્યની સાથે સંયુક્ત થયેલો જયપુર રાજ્યના અધિકાંશ અંશનો સમાવેશ થતો હતો. મહાભારતના સમયમાં ઉક્ત દેશનો રાજા વિરાટ હતો. આ દેશની રાજધાની વિરાટ અથવા વિરાટનગરી હતી. વિરાટનગર અધુના જયપુર રાજ્યમાં વૈરાટ નામથી ઓળખાય છે. આ નગર રાજપૂતાનાનાં પ્રાચીન નગરોમાંનું એક હતું. અહિંથી મૌર્યવંશી રાજા અશોકના લેખો [3]મળ્યા છે.

शूरसेन

મત્સ્યદેશની પૂર્વમાં શૂરસેન દેશ હતો. એના અન્તર્ગત મથુરાની આસપાસનો પ્રદેશ (મથુરામંડળ, વ્રજ), અલવર રાજ્યનો પૂર્વી હિસ્સો, ભરતપુર અને ધૌલપુર રાજ્ય તથા કરોલી રાજ્યના અધિકાંશ અંશનો સમાવેશ થતો હતો. આની રાજધાની મથુરા (મધુપુરી) હતી.

राजन्य देश

મથુરાની આસપાસના પ્રદેશમાંથી થોડાક સિક્કાઓ મળ્યા છે, જેમાં ખરોષ્ઠી વા બ્રાહ્મી લિપિમાં "राजजजनपदस" (=राजन्यजनपदस्य=રાજ્યદેશનો સિક્કો) [4]લેખ છે. આ સિક્કાઓ મથુરાના ઉત્તરી ક્ષત્રપોના સિક્કાઓની શૈલીના છે. અને તેની ઉપર ખરોષ્ઠિ લિપિ જોતાં કદાચ એઓને વિદેશી રાજાઓએ પ્રચલિત કર્યા હોવા જોઈએ. સંભવ છે કે મથુરાની આસપાસના પ્રદેશ, અર્થાત્ શૂરસેન દેશપર ક્ષત્રિપોના અધિકાર થયો તે પૂર્વે ત્યાંના રાજન્ય અર્થાત્ ક્ષત્રિયોના અધિકારમાં હોવાને લીધે આ દેશનું નામ રાજન્ય પડ્યું હોય. રાજન્ય દેશ શૂરસેન અથવા તેના એક વિભાગનું નામ હોવું જોઈએ.

शिबि

ચિતોડના પ્રસિદ્ધ દુર્ગથી ૭ મૈલ ઉત્તરમાં "मध्यमिका" નામની એક પ્રાચીન નગરીનાં ખંડિયેરો છે. અત્યારે આ "નગરી"ના નામે ઓળખાય છે. અહિયાંથી પ્રાપ્ત થયેલા થોડાક ત્રાંબાના સિક્કાઓ પર ઈસ્વીસન પૂર્વની દ્વિતીય શતાબ્દીની આસપાસની બ્રાહ્મી-લિપિમાં "मिक्तिमिकाय शिबिजनपदस," (मध्यमिकायाः शिबिजनपदस्य=શિબિ દેશની મધ્યમિકાનો સિક્કો) [5]લેખ છે. એતદર્થે તે વખતમાં મેવાડ અથવા ચિતોડની આસપાસનો

૧ વિષ્ણુપુરાણ, અંશ ૪, અધ્યાય ૨૧.

૨ કુરૂક્ષેત્ર સમંતપંચક પણ કહેવાય છે; કારણ કે પરશુરામે ક્ષત્રિયોને ઠાર કરી, તેમના રક્ત વડે ત્યાં પાંચ ખાડા ભર્યા હતા.

૩ કનિંગહામ, કૉર્પસ્ ઇન્સ્ક્રિપનમ્ ઇંડિકેરમ્, જી૦ ૧, પૃ૦ ૯૬—૯૭.

૪ વી૦ એ૦ સ્મિથ, કૅટલૉગ્ ઓફ્ ધી કૉઇસ ઇન ધી ઇંડિઅન્ મ્યૂઝીઅમ્ કલકત્તા, પૃ૦ ૧૬૪—૬૫, ૧૭૯—૮૦.

૫ કનિંગહામ આર્કિઓલોજીકલ સર્વે રિપોર્ટ, જી૦ ૬, પૃ૦ ૨૦૩.

અંશ [1]" शिवि " નામે પ્રસિદ્ધ હોય, એવું અનુમાન થાય છે. પાછળથી આ દેશ મેવાડના (મેદપાટ) અન્તર્ગત થઈ જવાને લીધે ઉક્ત નામે ઓળખાયો હોય, અને તેનું મૂળ નામ વિસ્મૃત થઈ ગયું હોય, એ બનવા યોગ્ય છે.

मेदपाट

ઉદયપુર રાજ્યના શિલાલેખો તથા ઐતિહાસિક પુસ્તકોમાં આ દેશનું નામ [2]"मेदपाट" લખાયેલું મળે છે. અધુના આ દેશ મેવાડ નામે ઓળખાય છે. આ દેશ પર આરંભમાં મેદ (સંસ્કૃતમાં) અર્થાત્ મેવ વા મેર જાતિનો અધિકાર હોવાને લીધે આનું નામ મેદપાટ (મેવાડ) પડયું. મેવોના પૂર્વ રાજ્યનું સ્મરણ કરાવતો મેવાડનો એક હિસ્સો હજુ પણ મેવલ કહેવાય છે. મેવાડના દેવગઢની બાજુના ઇલાકામાં અને અજમેર-મેરવાડાના મેરવાડા પ્રદેશમાં, જેનો અધિકાંશ વિભાગ મેવાડમાંથી લઈ લેવામાં આવ્યો હતો, ત્યાં હજુ સુધી મેરોની સારી વસ્તી છે. ઘણાખરા વિદ્વાનો મેર(મેવ, મેદ) લોકોની ગણના હૂણોમાં કરે છે. પરન્તુ વાસ્તવમાં જોતાં મેર લોક શાકદ્વીપી બ્રાહ્મણ છે, અને તેઓ પોતાનું આદિમ સ્થાન ઇરાન બતલાવે છે. મેર(મિહિર) નામ પણ આવું જ સૂચિત કરે છે. એતદર્થ સંભવ છે કે એઓ પશ્ચિમી ક્ષત્રપોના અનુયાયી અથવા વંશજ હોય.

प्राग्वाट

કરનેબલ(જબલપુરની પાસે)ના એક શિલાલેખમાં પ્રસંગવશાત્ મેવાડના ગુહિલવંશી રાજા હંસપાલ, વૈરિસિંહ અને વિજયસિંહનું વર્ણન મળે છે, જેમાં એઓને [3]પ્રાગ્વાટના રાજાઓ બતલાવ્યા છે. અત એવ પ્રાગ્વાટ મેવાડ(મેદપાટ)નું જ બીજું નામ હોવું જોઇએ. સંસ્કૃત [4]શિલાલેખોમાં તથા [5]પુસ્તકોમાં " पोरवाड " મહાજનો માટે " प्राग्वाट " નામનો પ્રયોગ કરવામાં આવ્યો છે. આ લોકો પોતાનું સ્થાન મેવાડના " પુર " ગામમાંથી બતલાવે છે. એતદર્થ સંભવ છે કે પ્રાગ્વાટ દેશના નામ પરથી એઓ પોતાને પ્રાગ્વાટ વશી કહેતા રહ્યા હોય.

---

૧ ભારતમાં શિબિ નામના એકથી વધારે દેશો જોવામાં આવે છે. શિબિ નામનો એક દેશ લાહૌર અને મુલતાનની મધ્યમાં હતો. વરાહમિહિરે ભારતના દક્ષિણ વિભાગમાં શિબિક (શિબિ) નામનો એક બીજો દેશ બતલાવ્યો છે.

(कंकटंकणवनवासिशिविकफणिकारकौंकणाभीराः— बृहत्संहिता અ૦ ૧૪, कूर्मविभाग, श्लोक १२)

૨ નાગરિપ્રચારિણી પત્રિકા (નવીન-સંસ્કરણ), ભાગ ૧ પૃ૦ ૨૬૮, ટિપ્પણ પર.

૩ प्राग्वाटेवनिपालभालतिलकः श्रीहंसपालोभवत्तस्माद्भूतसूत सत्यसमितिः श्रीवैरिसिंहाभिधः ।
इंडि० ऐंटि०, जि० १८ पृ० २१७.

૪ प्राग्वाटान्वयमुकुटं कुटजप्रसूनविशदयशाः (એપિ૦ ઇંડિ૦ જી૦ ૮ પૃ૦ ૨૦૯),
श्रीमदणहिल्लपुरवास्तव्यश्रीप्राग्वाटज्ञातीय ठ० श्रीचंडपसुत (તેજ, પૃ૦ ૨૧૯).

૫ प्रांशुः प्राग्वाटवंशोभूत्पुरे गुर्जरभूभुजाम् (सोमेश्वररचित कीर्तिकौमुदी, सर्ग ३, श्लोक १).

वागड[1]

ડુંગરપુર અને વાંસવાડાનાં રાજ્યોમાંથી પ્રાપ્ત થનારા શિલાલેખોમાં ઉક્ત રાજ્યોનું સમ્મિલિત નામ [2]"વાગડ" મળે છે, અને ત્યાંના લોકોમાં આ બેઉ રાજ્ય હજુસુધી વાગડના નામે પ્રસિદ્ધ પણ છે. મેવાડનો છપ્પન જીલ્લો, જે ડુંગરપુર રાજ્યની સીમા સાથે સંયુક્ત થયેલો છે, તે પ્હેલાં વાગડના [3]અન્તર્ગત હતો. વાગડ નામની ઉત્પત્તિનો ચોક્કસ નિર્ણય થયો નથી. ડુંગરપુર અને વાંસવાડાના બ્રાહ્મણોના કહેવા પ્રમાણે વાગડ શબ્દ " વાક્-જડ " શબ્દનું રૂપાન્તર છે. કારણ કે વાગડની ભાષા જડ અને કઠોર હોય છે. પરન્તુ આ બધું કહેવું મૂર્ખતા-ભરેલું જ જણાય છે. વાગડની ભાષા ગુજરાતી છે, જે જડ હોઈ શકે ખરી ? ગુજરાતીમાં વાગડ સાથે મળતો શબ્દ વગડો છે, જે જંગલના અર્થમાં પ્રચલિત છે. એતદર્થ સંભવ છે કે " **वागड** " નામ " **वगडा** " (વગ્ગડ=જંગલ) શબ્દમાંથી ઉત્પન્ન થયો હોય. રાજપૂતાનાનો વાગડ દેશ પર્વત તથા જંગલોથી ભરપૂર છે. કચ્છ રાજ્યનો એક હિસ્સો તથા બીકાનેર રાજ્યનો એક અંશ પણ વાગડ કહેવાય છે. સંભવ છે કે ત્યાં પણ પ્રગાઢ જંગલ હોવાને લીધે વાગડ નામ પડયું હોય.

मरु

સંસ્કૃતમાં મરૂ અને ધન્વ(धन्वन्) બેઉ શબ્દો મરૂસ્થલી અર્થાત્ રેગિસ્તાન-સૂચક છે. સામાન્ય રૂપમાં મરૂ શબ્દ રાજપૂતાના તથા તેની સાથે સંયુક્ત સમસ્ત રેગિસ્તાન-સૂચક હોઈ શકે છે. આ રેગિસ્તાનના સ્થાનમાં પ્હેલાં [4]સાગર હતો. પરન્તુ ભૂકંપ આદિ પ્રાકૃતિક ઉત્પાતોને લીધે પૃથ્વીનું ઉંચાણ વધ્યું હતું. આથી સાગરનું પાણી દક્ષિણથી સરકી સમુદ્રમાં મળી ગયું હોવું જોઈએ અને તેથી રેતીનો પુંજમાત્ર શેષ રહી ગયો હોય, એ સ્વાભાવિક છે.

---

૧ વાગડના સ્થાનમાં વાગટ અને વાર્ગટ પાઠ પણ મળે છે. [जयति श्रीवागटसंघः-રાજપૂતાના મ્યૂઝીઅમ(અજમેર)માં સુરક્ષિત એક જૈન મૂર્તિના આસનપર કોતરાયેલો વિ. સં. ૧૦૫૧નો અપ્રકાશિત લેખ], वार्गटिकान्वयोद्भूतसद्विप्रकुलसंभवः (હર્ષનાથનો લેખ, એપિ૦ ઇંડિ૦ જીલ્દ ૨, પૃ૦ ૧૨૨) રાજપૂતાનામાં અધિકાંશ બ્રાહ્મણો બાગડિયા વા બાગડા કહેવાય છે.

૨ નાગરી પ્રચારિણી પત્રિકા, ભાગ ૧. પૃ૦ ૩૧, ટિપ્પણ ૩૦-૩૧.

૩ નાગરી પ્રચારિણી પત્રિકા, ભાગ ૧, પૃ૦ ૨૮-૨૯.

૪ રાજપૂતાનાના રેગિસ્તાનમાં શીપ, શંખાદિ પરિવર્તિત પાષાણ રૂપ(fossils)માં હજુ પણ મળી આવે છે. એતદર્થ ત્યાં પ્હેલાં સાગર હોવો જ જોઇએ. રેગિસ્તાનના રૂપમાં પરિવર્તિત થઈ જવા પછી પણ સિંધુની સહાયક નદી ઘાઘરાની એક ધારા ,જેને રાજપૂતાનામાં હાકડા કહે છે, તે બીકાનેર અને જોધપુર રાજ્યોમાં વ્હેતી સિંધમાં જઈ સિંધુ નદીને મળતી હતી. જોધપુર, માલાણી આદિ ગામોમાં સેલડીમાંથી રસ કાઢવાના પત્થરના કોલ્હુ હજુ સુધી પડેલા જોવામાં આવે છે. એનાં વિષયમાં આમ કહેવાય છે કે અહિંઆં પ્હેલાં હાકડા નદી વ્હેતી હોવાના લીધે સેલડીની ખેતી થતી હતી અને તેના રસમાંથી ગોળ તૈયાર કરવામાં આવતો હતો. પ્રાકૃતિક કારણોને લીધે જમીનનું ઉંચાણ વધ્યું અને હાકડાના વ્હેવાનો માર્ગ બંધ પડયો હતો. આટલુંજ નહીં પણ વસ્તુતઃ ઘાઘરા નદી જ રણમાં લોપ થઈ ગઈ. અધુના તેના પ્રાચીન વ્હેણનાં માર્ગચિહ્નો જ દૃષ્ટિગત થાય છે. અને તેનું થોડુંક પાણી બીકાનેર રાજ્યના હનુમાનગઢ સુધી જ પ્હોંચે છે, જેમાં ઘઉં આદિની ઉત્પત્તિ થાય છે. ત્યાંનાં માણસો એને ઘગ્ગર નદી કહે છે.

વ્યાવહારિક સંકેતમાં મરૂ નામ મારવાડ(જોધપુર-રાજ્ય)સૂચક મનાય છે. પરન્તુ જયસિંહસૂરિ પોતાના હમ્મીરમર્દન નાટકમાં આબૂના પરમાર રાજા ધારાવર્ષ અને જાલૌરના સોનગરા(ચૌહાન) ઉદયસિંહ આદિ ત્રણ રાજાઓને મરૂ દેશના રાજાઓ બતલાવ્યા[1] છે. અત એવ મરૂ દેશની સીમા આબૂના રાજ્ય (અર્બુદ-દેશ) પર્યન્ત હોવી જોઈએ. અત્યારે વિશેષે કરી મરૂ(મારવાડ)માં જોધપુર રાજ્યના શિવ, માલાણી અને પંચભદ્રાનો સમાવેશ થાય છે. મરૂના સ્થાનમાં [2]મરૂસ્થલ, મરૂસ્થલી, [3]મરૂમંડળ તથા [4]મારવાદિ શબ્દોનો ઉલ્લેખ કરાયેલો પણ જોવામાં આવે છે.

अर्बुद

પ્રાચીન મરૂ દેશનો ખંડ હતો. એમાં પરમારોના શાસનકાલમાં સિરોહી રાજ્ય, જોધપુર રાજ્યનો કેટલોક ભાગ, [5]દાંતાનું રાજ્ય તથા [6]પાલનપુર, એ સહુનો સમાવેશ થતો હતો. દેશની અર્બુદ રાજધાની ચંદ્રાવતી આબૂની નીચે હતી.

माड

રાજપૂતાનાના શિલાલખોમાં [7]માડ નામ જેસલમેર રાજ્યનું છે. ત્યાંનાં માણસો હજુ પણ પોતાના દેશને માડ જ કહે છે. ત્યાંની સ્ત્રીઓ વિશેષ રૂપે માડ રાગ પસંદ કરે છે. આ રાગનું નામ માડ દેશના નામપરથી પડ્યું હોય, એ સ્વાભાવિક છે.

वल्ल

માડના સંબંધમાં ઉદ્ધૃત કરેલા ઘટિયાલાના વિ. સં. ૯૧૮ના શિલાલેખમાં અવતરણમાં "वल्लमाडयोः" પદમાં વલ્લ અને માડ દેશોનાં નામ સમાસ રૂપમાં અપાયેલાં છે. એટલે આ બેઉ દેશો એક બીજાની સાથે સંયુક્ત થયેલા હોય, એવું અનુમાન થાય છે. જેસલમેર રાજ્યનું પ્રાચીન નામ માડ હતું. જેસલમેરના રાજાઓના પૂર્વજ ભટ્ટિક (ભાટી) દેવરાજનો

---

૧ श्रीसोमसिंहोदयसिंहधारावर्षैरमीभिर्मरुदेशनाथैः । दिशोऽष्ट जेतुं स्फुटलष्टबाहुस्त्रिभिः समेतै-रभवत्प्रभुर्नः (हमीर मदमर्दन. पृ० ११)

२ मरुस्थल्यां यथा वृष्टिः (महाभारत)

३ प्रबन्धचिन्तामणि पृ० २७५

૪ તેજ. પૃ૦ ૨૪૩.

૫ દાંતાનું રાજ્ય અત્યારે ગુજરાતમાં ગણાય છે, પરન્તુ તે પ્હેલાં અર્બુદ રાજ્યનો એક અંશ હતો. દાંતા આબૂની નીચે છે, તથા શિરોહી-રાજ્યની સીમા સાથે મળેલો છે. અહિંના રાણા આબૂના પરમાર રાજા ધારાવર્ષના વંશજ છે.

૬ પાલનપુરનું રાજ્ય પણ અત્યારે ગુજરાતમાં જ ગણાય છે; પરન્તુ પ્હેલાં આબૂના પરમારોના અધિકારમાં હતું. પાલનપુર આબૂના નરેશ ધારાવર્ષના ન્હાના ભાઈ પ્રલ્હાદનદેવે વસાવ્યું હતું. પાલનપુરનું પ્રાચીન નામ પ્રલ્હાદનપુર હતું.
प्रल्हादनक्षितिपतिर्युपतिर्महोभिः श्री अर्बुदाचलविभुः स बभूव पूर्वम् । तेन स्वनामविदितं दितपापतापं संस्थापितं पुरमिदं मुदितप्रजाढयं (हीरसौभाग्यकाव्य, १३)

७ येन प्राप्ता महाख्यातिस्त्रवण्यां वल्लमाडयोः
(પ્રતિહારવંશી રાજા કક્કુકનો ઘટિયાલાનો શિલાલેખ—એપિ૦ ઈંડિ૦; જી૦ ૯, પૃ૦ ૨૮૦)

પ્હેલાં આ દેશપર શાસનાધિકાર હતો, એમ ત્રિવેણી દેશના વૃત્તાન્તથી જણાઇ આવે છે. એતદર્થ વલ્લ દેશ જેસલમેર રાજ્ય સાથે સંયુક્ત થયેલ, તેના દક્ષિણી અથવા પૂર્વીય જોધપુર રાજ્યના કોઈ હિસ્સાનું નામ હોવું જોઇએ. હજુ સુધી સમુચિત સાધનોના અભાવે આ દેશના વાસ્તવિક સ્થાનનો સંતોષજનક નિર્ણય થઈ શકયો નથી.

त्रवणी

જોધપુરથી મળેલા મંડોરના પ્રતિહાર (પડિહાર, પરિહાર) રાજા બાઉકના વિ. સં. ૮૯૪ના એક શિલાલેખમાં " त्रवणीवल्लदेशयोः " સમાસાન્ત પદ છે. એટલે ત્રવણી અને વલ્લ દેશ પરસ્પરમાં સંયુક્ત થયેલા હતા. ઉક્ત લેખમાં ઉક્ત રાજાના પૂર્વજ શિલુકના વર્ણનમાં આમ લખાયેલું છે કે " તેણે ત્રવણી અને વલ્લ દેશોમાં પોતાની સીમા સ્થિર કરી (અર્થાત્ પોતાના રાજ્યમાં ભેળવી લીધા), અને વલ્લ મંડલ(દેશ)ના રાજા ભટ્ટિક દેવરાજને પૃથ્વી પર પછાડી, તેનું છત્ર ઝુંટવી [1]લીધું. કાવ્યમિમાંસા આદિ અનેક ગ્રન્થોના કર્તા પ્રસિદ્ધ કવિ રાજશેખર, જે વિ. સં. ૯૩૭ અને ૯૭૭ના મધ્યમાં વિદ્યમાન હતા, તે પોતાના કાવ્ય-મિમાંસામાં ત્રવણ દેશની ગણના ભારતના પશ્ચિમીય વિભાગોના દેશોમાં [2]કરે છે, અને ભિન્ન ભિન્ન દેશોમાં બોલી જનાર ભિન્નભિન્ન ભાષાઓનું વર્ણન કરતાં સુરાષ્ટ્ર અને ત્રવણ આદિના નિવાસિઓની સુંદરતાની સાથે અપભ્રંશ અને સંસ્કૃતનું બોલવું [3]બતલાવે છે. એટલે ત્રવણી વા ત્રવણ દેશ વલ્લની સાથે સંયુક્ત થયેલો,–જોધપુર રાજ્યના દક્ષિણ પશ્ચિમ હિસ્સામાં, જે સુરાષ્ટ્રથી ઉત્તરમાં છે,–હોવો જોઇએ. યદ્યપિ ત્રવણી દેશના સ્થાનનો નિશ્ચયાત્મક નિર્ણય થઈ શકતો નથી, છતાંય સંભવ છે કે તે જોધપુર રાજ્યના માલાણી જીલ્લા વા તેનાથી જોડાયેલા કોઈ વિભાગનું નામ હોય.

गुर्जर वा गुर्जरत्रा

અધુના રાજપૂતાનાનો દક્ષિણનો પ્રદેશ માત્ર, જ્યાં ગુજરાતી ભાષા બોલાય છે, જે ગુજરાત (ગુર્જર) કહેવાય છે, જે સંસ્કૃત ગુર્જરત્રા શબ્દ સાથે મળે છે. પ્રાચીન સમયમાં ગુર્જર વા ગુર્જરત્રા દેશમાં કેવલ વર્તમાન ગુજરાતનો જ નહીં વસ્તુતઃ જોધપુર રાજ્યના ઉત્તરમાંથી લઇ દક્ષિણ સુધીના સમસ્ત પૂર્વીય વિભાગનો સમાવેશ થતો હતો. ગુર્જરત્રા

---

१ ततः श्रीशिलुको जातः पुत्रो दुर्व्वारिविक्रमः ।
येन सीमा कृता नित्यास्त्र(त्र)वणीवल्लदेशयोः ॥ १८ ॥
भट्टिकं देवराजं यो वल्लमण्डलपालकं,
निपात्य तत्क्षणं भूमौ प्राप्तवान् छ(०त्रांश्छ)त्रचिह्नकं ॥ १९ ॥

રોયલ એશિઆટિક સોસાઈટી, જર્નલ, ઈ. સ. ૧૮૯૪, પૃ. ૬, ઉક્ત જર્નલમાં છપાયેલ સંવત્ અશુદ્ધ છે. ઉપર અપાયેલ સંવત રાજપૂતાના મ્યૂઝીઅમ(અજમેર)માં સુરક્ષિત મૂળ લેખમાંથી ઉદ્ધૃત કર્યો છે.

२ देवसभायाः परतः पश्चाद्देशः तत्र देवसमसुराष्ट्रदशेरक त्रवणभगुयच्छकच्छीयानर्वार्बुद-ब्राह्मणवाहयवनप्रभृतयो जानपदाः (काव्यमीमांसा पृ० ९४).

३ सुराष्ट्रत्रवणाद्या ये पठन्त्यर्पितसौष्ठवम् ।
अपभ्रंशावदंशानि ते संस्कृतवचांस्यपि ॥ (તેજ, પૃ० ૩૪)

નામનો અર્થ "ગુર્જરો (ગૂજરો) દ્વારા રક્ષિત" થાય છે. અત એવ આ નામ ઉક્ત દેશપર પ્હેલાં કોઈક સમયમાં ગુર્જર (ગૂજર) જાતિનું રાજ્ય હોવાને લીધે પડયું હોય, એ સંભવિત છે (જેમ મેદ વા મેવથી મેદપાટ વા મેવાડ.). પરન્તુ ત્યાં ગુર્જર જાતિનું રાજ્ય ક્યારથી સંસ્થાપિત થયું અને ક્યાં સુધી રહ્યું, એ સંબન્ધી હજુ સુધી કોઈ પણ ચોક્કસ સિદ્ધાન્ત પ્રતિપાદિત થયેલો નથી. પ્રાચીન શોધના અનેક વિદ્વાનોએ આ વિષય સંબંધી અનેક પ્રકારની કપોલકલ્પિત કલ્પનાઓ કરી લીધેલી છે. ચીની યાત્રી હુએન્સાંગે પોતાના યાત્રાના પુસ્તક "સી. યુ. કિ."માં માલવે(૨)ના પછી ક્રમશઃ ઓઅલી(૨), કચ્છ, વલભી, આનંદપુર, સુરાષ્ટ્ર અને દેશોનું વર્ણન કર્યું છે. ગુજરાતના વિષયમાં તે લખે છે કે—

"વલભી દેશથી ૧૮૦૦ લી(૩૦૦ મૈલ)ના લગભગ ઉત્તરમાં જતાં ગુર્જર રાજ્યમાં પ્હોંચાય છે. આ દેશ અનુમાનતઃ ૫૦૦૦ લી(૮૩૩ મૈલ)ના ઘેરામાં ઘેરાયેલો છે. આની રાજધાની ભીનમાલ ૩૦ લી(૫ મૈલ)ના ઘેરામાં ફેલાયેલી છે. અહિંયાંની પેદાવાર અને લોકોના રીતિરિવાજ સુરાષ્ટ્રનિવાસિઓના રીતરીવાજ સાથે મળતા જુળતા છે. જનસંખ્યા સારી છે. લોકો ધનાઢ્ય અને સંપન્ન છે. પરન્તુ અધિકાંશમાં એઓ નાસ્તિક (બૌદ્ધ ધર્મને ન સ્વીકાર કરનારા, વૈદિક મતાનુયાયી) છે. બૌદ્ધ ધર્મના અનુયાયી બહુ જ અલ્પ સંખ્યામાં જોવામાં આવે છે. અહિંયાં એક સંઘારામ (બૌદ્ધમઠ) છે, જેમાં અનુમાને ૧૦૦ શ્રમણો(બૌદ્ધ ભિક્ષુઓ) રહે છે, જેઓ હીનયાન[1] અને સર્વાસ્તિવાદ નિકાયને[2] માનનાર છે. અનેક દેવ-મંદિરો છે. મંદિરોમાં ભિન્નભિન્ન સંપ્રદાયના લોકો રહે છે. રાજા ક્ષત્રીય જાતિનો છે. રાજાની અવસ્થા ૨૦ વર્ષની છે. રાજા બુદ્ધિમાન અને સાહસિક છે. રાજાને બુદ્ધધર્મ પર સંપૂર્ણ વિશ્વાસ છે; બુદ્ધિમાનોનો આદર કરનાર[3] છે."

હુએન્સાંગે ગુર્જરની પરિધિ ૮૩૩ મૈલ બતલાવી છે. રાજધાની ભિન્નમાલ (ભિલ્લમાલ, શ્રીમાલ) જોધપુર રાજ્યના દક્ષિણ વિભાગમાં હતી. ગુજરાતનો રાજા ક્ષત્રીય હતો; પરન્તુ કઈ જાતિનો ક્ષત્રીય હતો, એ સંબન્ધી કાંઇય પરિચય તેણે આપ્યો નથી.

હુએન્સાંગ ઇસ્વી. સન્ ૬૪૧(વિ. સં. ૬૯૮)ની આસપાસમાં ભિન્નમાલમાં આવ્યો હતો. ભિન્નમાલના રહેવાસી[4] (ભિલ્લમાલકા આર્ય) જ્યોતિષિ બ્રહ્મગુપ્તે શક સંવત ૫૫૦ (વિ. સં. ૬૮૫)માં અર્થાત્ હુએન્સાંગના આવ્યાના ૧૩ વર્ષ પૂર્વે "બ્રાહ્મણસ્ફુટસિદ્ધાન્ત" નામના ગ્રન્થની રચના કરી હતી, જેમાં બ્રહ્મગુપ્તે ત્યાંના રાજાનું નામ વ્યાઘ્રમુખ અને

---

૧ જૈનોમાં જેમ દિગંબરી અને શ્વેતાંબરી બે વિભાગ છે, તેમ જ બૌદ્ધોમાં પણ મહાયાન, હીનયાન અને મધ્યમયાન નામના ત્રણ સંપ્રદાય છે. અધુના મધ્યમયાનના અનુયાયીઓ બહુ જ અલ્પ સંખ્યામાં આવે જોવામાં આવે છે.

૨ બૌદ્ધધર્મમાં કર્મકાંડના વિચારથી ચાર સંપ્રદાયના શાખાભેદો છે, જેને નિકાય કહે છે. આ સંપ્રદાય આર્યસાંઘિક, આર્યપ્રસ્થવિર, આર્યસંમતિ અને સર્વાસ્તિવાદ કહેવાય છે. એમના પ્રત્યેકના અનેક અવાન્તર ભેદો છે.

૩ સેમ્યુઅલ બીલ; "બુદ્ધિસ્ટ રેકર્ડ્જ ઑફ ધી વેસ્ટર્ન વર્લ્ડ" જી૦ ૨૦ પૃ. ૨૬૯-૭૦

૪ ઇંડિ૦ એંટિ૦, જી૦ ૧૭, પૃ૦ ૧૯૨. શંકર બાલકૃષ્ણ દીક્ષિતરચિત "भारतीय ज्योतिषा चा प्राचीन आणि अर्वाचीन इतिहास पृ० २१७

વંશ ચાપ[1] (ચાપોત્કટ, ચાવડા) બતલાવેલ છે. હુએન્સાંગના સમયમાં ભિન્નમાલનો રાજા વ્યાઘ્રમુખ અથવા તેનો પુત્ર હોવો જોઈએ. ચાવડાઓનું રાજ્ય ભિન્નમાલ પર ક્યાં સુધી રહ્યું, એ સંબન્ધી ઠીક ઠીક અનુસંધાન હજુ સુધી થયું નથી.

પરન્તુ વિ. સં. ૭૯૬ના[2] આસપાસ સુધી તો તે જ ત્યાંનો રાજા હતો. વિ. સં. ૭૯૬ અને ૮૬૫ના મધ્યમાં ચાવડાઓ કનેથી રઘુવંશી પ્રતિહારોએ ગુજરાતનું રાજ્ય ઝુંટવી લીધું હતું અને પાછળથી પોતાની બાહુબળશક્તિ દ્વારા કનૌજનું પ્રબળ રાજ્ય પણ પોતાના રાજ્યમાં ભેળવી લીધું. કનૌજ રાજનગરી થઇ હતી. ચાવડાઓના સમયમાં ગુર્જર દેશનો ઘેરાવો ક્યાં સુધી હતો (હુએન્સાગના ઉપર્યુક્ત કથનના અતિરિક્ત) એ સંબન્ધી ઉલ્લેખ ક્યાંય નથી મળતો. પ્રતિહાર રાજા ભોજદેવ(પ્રથમ)ના વિ. સં. ૯૦૦ના દાનપત્રમાં "તેણે ગુર્જરત્રા ભૂમિ(દેશ)ના ડેંડવાનક વિષય(જીલ્લો)નું સિવા[3] ગામ દાનમાં આપ્યું" લખાયેલું છે. આ દાનપત્ર જોધપુર રાજ્યના ડીંડવાના જીલ્લામાં સિવા ગામમાં જર્જરિત

---

૧ श्रीचापवंशतिलके श्रीव्याघ्रमुखे नृपे शकनृपाणां ।
पंचाशतंयुक्तैर्वर्षशतैः पंचभिरतीतैः (५५०) ॥ ७ ॥
ब्राह्मः स्फुटसिद्धान्तः सज्जनगणितगोलवित्प्रीत्यै ।
त्रिंशद्वर्षेण कृतो जिष्णु सुतब्रह्मगुप्तेन ॥ ८ ॥

(ब्राह्मणस्फुटसिद्धान्त, અ० २४)

૨ લાટના સોલંકી સામંત પુલકેશી(અવનિજનાશ્રય)ના કલચુરી સંવત્ ૪૯૦=વિ. સં० ૭૯૬ના એક દાનપત્રમાં (વિએના ઓરિએંટલ કોંગ્રેસનું કાર્યવિવરણ, આર્યન્ સેકશન્, પૃ૦ ૨૩૦) લખાયેલું છે કે—"તાજીકોએ તલવારના આધારે સૈંધવ (સિંધ), કચ્છેલ (કચ્છ), સૌરાષ્ટ્ર, ચાવોટક (ચાપોત્કટ, ચાવડા), મૌર્ય (મોરી), ગુર્જર આદિ રાજ્યોને નષ્ટ કરી, સમસ્ત નરેન્દ્ર મંડળ પર વિજય મેળવવાની ઇચ્છાથી નવસારિકા પર પ્રથમ આક્રમણ ઘોર કર્યું. ઘોર સંગ્રામ કરતાં પુલકેશીએ તાજીકો પર વિજય મેળવ્યો. પુલકેશીના શૌર્યને જોઈ શૌર્યાનુરાગી રાજા વલ્લભે (તેનો સ્વામી) પુલકેશીને ચાર બિરૂદ આપ્યાં." અદ્યાવધિના શોધાનુસાર ચાવડાઓનો ત્રણ જગ્યાએ અધિકાર હોવાનું જણાય છે. પ્રથમ ભિન્નમાલ પર, બીજો અણહિલવાડમાં અને ત્રીજો વઢવાણમાં. ભિન્નમાલ પરનો અધિકાર વિ. સં० ૬૮૫થી અથવા એનાથીય પૂર્વે ચાલ્યો આવતો હતો, જેવું કે બ્રહ્મગુપ્તના કથનથી જણાઇ આવે છે. અણહિલવાડ(પાટણ)નું રાજ્ય ચાવડા વનરાજે વિ. સં. ૮૨૧માં અણહિલવાડમાં સ્થાપ્યું હતું. વઢવાણના ચાપવંશી સામંત ધરણીવરાહના હડ્ડાલામાંથી પ્રાપ્ત થયેલા શક-સંવત્ ૮૩૬=વિ. સ૦ ૯૭૧ના એક દાનપત્રમાં ઉક્ત રાજાના પ્હેલાનાં ચાર નામો બીજાં પણ મળે છે. તેમાં સહુથી પ્રથમ (વિક્રમાર્ક)નું વિ. સં० ૮૯૧ના આસપાસમાં હોવાનું સિધ્ધ થાય છે. પુલકેશીના તામ્રપત્રમાં ઉલ્લિખિત કરાયેલા ચાવોટકોનો સંબન્ધ સૌરાષ્ટ્રના ચાવડાઓની સાથે નહોતો; કારણ કે તેમાં સૌરાષ્ટ્રના વિજય પછી ચાવડાઓનું રાજ્ય નષ્ટ પામ્યું હતું. મુસલમાનોની ઉક્ત ચઢાઇ વિ. સં० ૭૮૮-૭૯૬ના મધ્યમાં થઇ હતી; કારણ કે પુલકેશી પોતાના મોટા ભાઈ મંગળરાજના પછી ઉત્તરાધિકારી થયો હતો, અને મંગળરાજનું દાનપત્ર શક-સંવત્ ૬૫૩=વિ. સં. ૭૮૮ નું છે (ઇંડિ० એંટિ० જી० ૧૩, પૃ૦ ૭૫). આવી દશામાં મુસલમાનોની ઉક્ત ચઢાઈના સમયમાં ચાવડાઓનો અધિકાર ભિન્નમાલથી અતિરિક્ત ક્યાંય ન્હોતો.

૩ गुर्ज्जरत्राभूमौ डेण्ड्वानकविषयसम्ब(म्ब)द्धसिवाग्रामाग्रहारे०

(એપિ० ઇંડિ०, જી० ૫, પૃ૦ ૨૧૧) મૂળમાં સંવત અશુદ્ધ છે. એતદર્થ રાજપૂતાના મ્યુઝીઅમમાં સુરક્ષિત તામ્રપત્રમાંથી ઉપર્યુક્ત શુદ્ધ સંવત્ આપ્યો છે.

મંદિરમાંથી મળ્યું હતું. જોધપુર રાજ્યના ઉત્તર–પૂર્વી હિસ્સાનું નામ ડીંડવાના છે, અને સિવા ગામ ડીંડવાનાથી ૭ મૈલ દૂર આવેલું છે. કલિંજરમાંથી પ્રાપ્ત થયલા નવમી શતાબ્દીના આસ-પાસના સમયના શિલાલેખમાં ગુર્જરત્રા મંડળ(દેશ)ના મંગલાનક ગામમાંથી જતા રહેલા[1] જેંદુકના પુત્ર દેદ્દકની બનાવેલી મંડપિકાના પ્રસંગમાં તેની સ્ત્રી લક્ષ્મી દ્વારા ઉમામહેશ્વરના પટ્ટની પ્રતિષ્ઠા કર્યાનો ઉલ્લેખ છે. મંગલાનક ગામ જોધપુર રાજ્યના ઉત્તરી વિભાગમાં આવેલ મંગલાના ગામ છે, જે મારોઠથી ૧૯ મૈલ પશ્ચિમમાં ડીંડવાનાથી થોડેક છેટે આવેલ છે. એતદર્થ આ બેઉ લેખોને જોતાં ગુર્જરત્રા અથવા ગુર્જર દેશની ઉત્તરી સીમા જોધપુર રાજ્યની ઉત્તરી સીમાની નિકટવર્તી હતી.

જે વખતમાં પ્રતિહારોનું રાજ્ય ગુર્જર અને કન્નોજ પર હતું તે વખતમાં જ દક્ષિણ (કોંકણ) પર રાષ્ટ્રકૂટો(રાઠોડ)નું રાજ્ય હતું. રાઠોડોના રાજ્યની ઉત્તરી સીમા ગુર્જર દેશની દક્ષિણી સીમા સાથે મળેલી હતી. આ બેઉ પડોશી રાજ્યો પરસ્પરમાં બરાબર લઢતાં રહ્યાં[2] છે. રાઠોડોનું રાજ્ય લાટ દેશ પર્યન્ત જ હતું. એટલે ગુર્જર દેશના પ્રતિહારોના

---

૧ श्रीमद्गुर्ज्जरत्रामण्डलान्तःपातिमंगलानकविनिर्गत० (તેજ, પૃ૦ ૨૧૦)

૨ દક્ષિણના રાઠોડ રાજા ધ્રુવરાજના પુત્ર ગોવિંદરાજ(તૃતીય)ના વણી ગામમાં(નાસિક જીલ્લાના ડિંડોરી ગામમાં)થી મળેલા શક-સં. ૭૩૦ = વિ સં૦ ૮૫૬ના દાનપત્રમાં એના પિતા ધ્રુવરાજના સંબન્ધમાં લખાયેલું છે કે "ગૌડ રાજ્યની લક્ષ્મીને હસ્તગત કરી, પ્રમત્ત બનેલા વત્સરાજને ધ્રુવરાજે પોતાના અજેય સૈન્ય વડે મરૂ(મારવાડ)ના મધ્યમાં પરાજિત કરતાં વત્સરાજ પાસેથી, ગૌડના રાજાનાં લૂંટવી લીધેલાં બે શ્વેત છત્રો પણ પટકાયાં. આટલું જ નહીં, કિંતુ તેના દિગંતવ્યાપી યશનું પણ અપહરણ કર્યું—"

(हेलास्वीकृतगौडराज्यकमलामत्तं प्रवेश्याचिराद्दुर्मार्गं मरुमध्यमप्रतित(ब)लैर्योवत्सरो (रा)-जं व(ब)लैः । गौडीयं शरदिन्दुपादधवलं छत्रद्वयं को(के)वलं तस्मान्नाहृततद्यशोपि ककुभां प्रान्ते स्थितं तत्क्षणात् ॥ इंडि० ऍंटि०, जि० ११, पृ० १५७)

આવો જ શ્લોક ઉક્ત ગોવિંદરાજ તૃતીયના રાધનપુરમાંથી મળેલા શક–સં૦ ૭૩૦=વિ. સં. ૮૬૫ ના દાનપત્રમાં એના પિતા ધ્રુવરાજના સંબન્ધમાં લખાયેલો મળી આવે છે. (એપિ૦ ઈંડિ૦, જી૦ ૬, પૃ૦ ૨૪૩,) લાટ દેશ પર શાસન કરનાર રાઠોડ સામંત કર્કરાજના સંબન્ધમાં લખાયેલું છે કે "તેની ભુજાઓ માર ખાવેલા માલવ(માલવ-નરેશ)ની રક્ષા નિમિત્તે ગૌડ (બિહાર) અને બંગ(બંગાળા)ના રાજાઓ પર વિજય મેળવી, દુષ્ટ બનેલા ગુર્જરેશ્વરના માટે અર્ગલ (આડ) જેવો થયો." અર્થાત્ માલવ-નરેશનો ગુર્જરદેશના રાજાથી બચાવ થયો.

(गौडेन्द्रवंगपतिनिर्ज्जयदुर्व्विदग्धसद्गूर्ज्जरेश्वरदिगर्गलतां च यस्य ।
नीत्वा भुजं विहतमालवरक्षणार्थं स्वामी तथान्यमपि राज्यछ(फ)लानि भुंक्ते—
(ઇંડિ૦ એંટિ૦, જી૦ ૧૨, પૃ૦ ૧૬૦).

ઉપરનાં બેઉ તામ્રપત્રોમાં ગૌડ દેશની રાજ્યલક્ષ્મીનું અપહરણ કરનારનું નામ વત્સરાજ આપ્યું છે અને તેનું મારવાડમાંથી નાસી જવાનું લખ્યું છે. ત્રીજા તામ્રપત્રમાં તેને ગૌડ અને વંગના રાજાઓને પરાજિત કરી, દુષ્ટ બનેલ ગુર્જર દેશનો રાજા લખ્યો છે. એટલે વત્સરાજ પ્રતિહારવંશનો રાજા અને ગુર્જરદેશનો સ્વામી હતો, અને સંભવ છે કે એણે જ ચાવડાઓ કનેથી ભિન્નમાલનું રાજ્ય લૂંટવી લીધું હોય. ગ્વાલિયરમાંથી પ્રાપ્ત થયલા પ્રતિહાર રાજા ભોજના સમયના શિલાલેખમાં વત્સરાજનું બળ-પૂર્વક ભિંડી વંશનું સામ્રાજ્ય લૂંટવી લીધાનું લખાયેલું છે. (આર્કિઓલોજીકલ સર્વે ઑફ ઇંડિઆ, ઇ. સ. ૧૯૦૩–૪, પૃ૦ ૨૮૦–૧). ભિંડી ગુર્જરદેશના ચાવડાઓનો મૂળ પુરૂપ હોય, એવું અનુમાન થાય છે. આવી રીતે દક્ષિણના રાઠોડ તથા પ્રતિહારોમાં પરસ્પરમાં લડવાનાં બીજાં પણ ઉદાહરણો મળે છે.

રાજ્યની દક્ષિણી સીમા, અર્થાત્ લાટની[1] ઉત્તરી સીમા સેઢી નદી પર્યન્ત, હોવી જોઈએ. એટલે જોધપુર રાજ્યની ઉત્તરી સીમાથી લઈ દક્ષિણ સીમા સુધીનો સમસ્ત પૂર્વીય હિસ્સો તથા તેના દક્ષિણનો સેઢી નદી સુધીનો હિસ્સો ગુર્જર કહેવાતો હતો. પરન્તુ અધુના જોધપુર રાજ્યનો કોઈ પણ અંશ ગુજરાતના અન્તર્ગત ગણવામાં આવતો નથી.

માલવ

માલવ જાતિના લોકોએ પ્રાચીન [2]અવંતી અને આકર[3] દેશોપર પોતાનો અધિકાર સ્થાપ્યો હતો. ત્યારથી તેમના અધિનસ્થ ઉક્ત દેશોનું સમ્મિલિત નામ માલવ પડયું હોય, એ સંભવિત છે. રાજપૂતાનાના પરતાપગઢ, કોટા અને ઝાલાવાડ રાજ્ય તથા ટોંક[4] રાજ્યનાં છબડા, પિરાવા અને સિરોજ આદિ માલવ દેશના અન્તર્ગત હતાં. ત્યાંથી પ્રાપ્ત થતા શિલાલેખોમાં[5] પણ આમ જ જોવામાં આવે છે.

---

૧ લાટ દેશની ઉત્તરી સીમા મુંબઇના ખેડા જીલ્લામાં વ્હેતી સેઢી નદી સુધી અને દક્ષિણી સીમા તાપી નદીના થોડાક દક્ષિણ સુધીમાં હોવાનું તામ્રપત્રાદિમાં જોવાય છે. સામાન્ય રૂપમાં મહી અને તાપી નદીના મધ્યનો દેશ લાટ મનાતો હતો. દેશોની સીમા ઘટતી વધતી રહે છે.

૨ માલવનો પશ્ચિમિ હિસ્સો, જેની રાજધાની ઉજ્જૈન (ઉજ્જયિની) હતી.

૩ માલવનો પૂર્વી હિસ્સો. મહાક્ષત્રપ રૂદ્રદામનના શક-સંવત્ ૭૨=વિ. સં. ૨૦૭ના લગભગ જૂનાગઢના લેખમાં "पूर्वापराकरावंती" લેખ છે; કાલીદાસે પોતાના મેઘદૂતમાં અવંતીના પૂર્વના દેશોને દશાર્ણ કહે છે અને આની રાજધાની વિદિશા (ભેલસા, ગ્વાલિયર રાજ્યમાં) બતલાવાય છે. એટલે સંભવ છે કે આકરના અન્તર્ગત દશાર્ણ દેશ હોય.

૪ રાજપૂતાનામાં કેવલ ટોંકનું રાજ્ય જ આવું છે, જેના અલગ અલગ હિસ્સાઓ એક બીજાની સાથે મળેલા નથી. ટોંક (ખાસ) અને અલિગઢના જીલ્લા તો પ્રાચીન સમયમાં સપાદલક્ષના અન્તર્ગત હતા. નીંબાહેડા, મેદપાટ(મેવાડ)નો હિસ્સો હતો, અને છબડા, પિરાવા આદિ માલવના અન્તર્ગત હતા.

૫ પરતાપગઢ, કોટા અને ઝાલાવાડનાં રાજ્યોમાંથી જે શિલાલેખો મળ્યા છે તે આ શિલાલેખોથી આ રાજ્યોનું માલવના અન્તર્ગત હોવાનું જણાય છે. કોટાનો થોડાક ઉત્તરી હિસ્સો માલવાના પરમારોના પાડોસી ચૌહાનોના અધિકારમાં હતો, અને સપાદલક્ષના અન્તર્ગત ગણવામાં આવતો હતો.

ચર્ચાપત્ર

(૧)
વનરાજનો પિતા કોણ?

પ્રચલિત મંતવ્ય

ગુજરાતની ઐતિહાસિક તવારીખમાં વનરાજ એ પ્રતાપી પુરૂષ થઇ ગયો છે. અણહિલપુર પાટણના આદ્યસ્થાપક તરીકે તેમ જ ચાવડા વંશના પ્રથમ રાજવી તરીકે તેની ઉજ્જવળ કીર્તિ ઇતિહાસમાં ગવાઈ રહી છે. ગુજરાતના અન્ય રાજાઓ કરતાં તેણે લાંબું આયુષ્ય ભોગવ્યું હતું, એટલું જ નહીં પણ દીર્ઘકાળ સુધી રાજ્ય ચલાવ્યું હતું. તે વીર પુરૂષ હતો અને આત્મસત્તાના બળે તેણે પાટણની આજુબાજુના પ્રદેશ ઉપર રાજ્ય સ્થાપન કર્યું હતું. તે કોણ હતો? કયાંથી આવ્યો હતો? તેનાં માતાપિતા કોણ હતાં? વિ. તેનો પૂર્વ ઇતિહાસ રત્નમાળમાં કવિ કૃષ્ણાજીયે ઘણી જ છટાદાર ભાષામાં આપ્યો છે. એમાં તેનો પિતા પંચાસરનો રાજા જયશિખરિ હોવાનું જણાવ્યું છે. આ વાત બૉમ્બે ગેઝેટીયર અને રાસમાળામાં પણ સ્વીકારવામાં આવી છે.

રત્નમાળ સિવાય ગુજરાતના કોઈ પણ ઐતિહાસિક ગ્રંથોમાં વનરાજના પિતા જયશિખરિનો વૃત્તાન્ત આપ્યો નથી. એટલું જ નહીં પણ પ્રબંધચિંતામણી, દ્વયાશ્રય અને કુમારપાળચરિત્ર જેવા ગુર્જર ઇતિહાસના પ્રામાણિક ગ્રંથોમાંથી જયશિખરિનું નામ માત્ર પણ ઉપલબ્ધ થતું નથી. એટલે કૃષ્ણાજીયે લખેલી હકીકતમાં કેટલું તથ્ય હશે તે વિચારણીય છે. બીજી બાજુ તે વૃત્તાન્તની વિરૂદ્ધ હાલમાં એ ગ્રંથોમાંથી જૂદી જૂદી હકીકત મળી આવી છે, જેને લઈને રત્નમાળનું કથન શંકિત બન્યું છે.

પુરાતન પ્રબંધસંગ્રહનું કથન

પુરાતન પ્રબંધસંગ્રહ નામનો ગ્રંથ હાલમાં ઇતિહાસના મર્મજ્ઞ વિદ્વાન્ મુનિ જિનવિજયજીએ બહાર મૂક્યો છે, જેમાં પ્રબંધચિંતામણીને સંબંધ કરતા કેટલાયે નવીન પ્રબંધો રજુ કર્યા છે. આ બધા પ્રબંધો તેમણે પાટણ, પુના, ભાવનગર, અમદાવાદ, રાજકોટ વિ. સ્થાનોના ગ્રંથભંડારોમાંથી મેળવ્યા છે. તેમાં વનરાજપ્રબંધમાં તેનું ટુંક ઇતિવૃત્ત આપતાં જયશિખરિને બદલે તેના પિતાનું નામ ચામુંડ હોવાનું જણાવ્યું છે. તેની નોંધ નીચે પ્રમાણે છેઃ

ચામુંડ ચાવડો અંબાસણનો વતની હતો. ચામુંડના મોટા ભાઈનું નામ ચંડ હતું. એક વખત ચામુંડની સ્ત્રી સગર્ભા હતી, ત્યારે ચંડને કોઈ જ્યોતિષિએ કહ્યું કે, તારૂં મૃત્યુ ચામુંડનો પુત્ર જે ગર્ભમાં છે તેના હાથે થવાનું છે. આથી પોતાના ભાઈનું અનિષ્ટ કરનાર ગર્ભ હોવાનું જાણી, ચામુંડે પોતાની દુષ્ટગર્ભા સ્ત્રીને કાઢી મૂકી. તે ફરતી ફરતી પંચાસરમાં

આવી, શીલવૃત્તિથી પોતાનો નિર્વાહ કરવા લાગી. ત્યાં તેને પ્રસવ થઈ પુત્ર અવતર્યો, જે અણહિલપુરનો સંસ્થાપક વીર વનરાજ થયો.[1]

આમ આ પ્રબંધ ઉપરથી વનરાજનો પિતા અંબાસણનો વતની ચામુંડ ચાવડો હતો. બાકીની બીજી હકીકત લગભગ પ્રબંધચિંતામણીને અનુસરે છે. રત્નમાળમાં વનરાજનો જન્મ વનમાં થયાનું નોંધ્યું છે, જ્યારે આ પ્રબંધ તથા પ્રબંધચિંતામણી તેનો જન્મ પંચાસરમાં થયો હોવાનું સૂચવે છે.[2] પ્રબંધચિંતામણીમાં[3] તેનાં માતાપિતાનું નામ નથી. તેમાં વનરાજ પ્રબંધની શરૂઆત પંચાસર ગામમાં ઝાડની ડાળીએ વનરાજને શીલગુણસૂરિયે જોયો ત્યાંથી ચાલુ કરી છે. એટલે તે પહેલાંનો તેનો ઇતિહાસ પ્રબંધચિંતામણીકારે અગોચર જ રાખ્યો છે, જ્યારે આ પ્રબંધમાં તેની સ્પષ્ટતા કરી છે. પણ તેનો પિતા રાજા કે કોઈ દરબારી ઠાકોર હતો કે કેમ? તે માટે કંઈ પણ સૂચન તેમાં કરવામાં આવ્યું નથી. તેથી તે સાધારણ ક્ષત્રીય પુરૂષ હશે એમ અનુમાન થાય છે. આ પ્રબંધમાં જણાવેલ અંબાસણ ગામ ક્યાં આવ્યું તે માટે કાંઈ પુરાવો મળતો નથી, તેમ પંચાસરની આજુબાજુમાં કોઈ અંબાસણ ગામ હોવાનું જણાતું નથી

ધર્મારણ્યનું મંતવ્ય

વનરાજનાં માતાપિતા તથા તેના જન્મની આથી ભિન્ન હકીકત જણાવતાં મોઢ બ્રાહ્મણોના જ્ઞાતિપુરાણ ધર્મારણ્યમાં લખ્યું છે કેઃ—

સૂર્યવંશમાં સૈરંધ્રી(અંતઃપુરિકા)થી એક પુરૂષ ઉત્પન્ન થયો, જે વેદ અને સંધ્યાદિ કર્મથી વર્જિત હતો. તે શુદ્ધ કુલોત્પન્ન રાજા કોશલ વિગેરે દેશોમાંથી નીકળી ફરતો ફરતો પોતાની સ્ત્રી સાથે ધર્મારણ્યમાં આવ્યો. ત્યાં આગળ શિવસાન્નિધ્યમાં બ્રાહ્મણો વેદ પાઠ કરતા હતા તેઓને પ્રદક્ષિણા સાથે બંને દંપતિયે નમસ્કાર કર્યા, અને કહ્યું કે આજે મારૂં જીવન ધન્ય થયું છે, આપનાં દર્શનથી અમો કૃતકૃત્ય બન્યાં છીએ; કારણ પૂર્વે જે બ્રહ્મદેવોનું રામે અર્ચન કર્યું હતું તેવા બ્રાહ્મણોનાં મને આજે દર્શન થયાં છે. તેનાં આવાં વિવેકયુક્ત વચનો સાંભળી, બ્રાહ્મણોએ તેનો પરિચય માગ્યો અને પૂછ્યું: હે વીરશ્રેષ્ઠ! તમો કોણ છો? ક્યાંથી આવો છો? સાયુધ કવચ પહેરીને સ્ત્રી સાથે અહીં આપનું આવાગમન શા કારણથી થયું છે? જે કાંઈ કારણ હોય તે તે બધુ આ દ્વિજશ્રેષ્ઠોની આગળ સત્ય રીતે કહો. આથી તે મહાપુરૂષ જેનું નામ ક્ષત્તા હતું તે કહેવા લાગ્યો કે સૂર્યવંશમાં મહાબુદ્ધિમાન્ અગ્નિકેતુ રાજાથી સૈરંધ્રી(અંતઃપુરિકા)માં મારો જન્મ થયો છે. રાજ્ય કરવું તે અધમ કાર્ય છે. કારણ, તેમાં લોભબુદ્ધિથી કાંઈ હવ્યકવ્ય થાય નહીં. તેમ સત્પાત્રો મારૂં દાનભોજન ગ્રાહ્ય કરે નહીં, એમ સમજી બ્રાહ્મણોના સેવાકાર્યમાં મારૂં જીવન અર્પણ કરવા ઇચ્છું છું. તો આપ

---

१ अंबासणवास्तव्यचापोत्कटज्ञातीय चंडचामुडाभिधौ भ्रातरावभूताम्। ततः केनापि नैमित्तिकेनोक्तम् चामुंडपत्नीगर्भेण चंडो मरणमगमिष्यदिति सा गर्भा परिहता। ततः सा पंचासरग्रामं गता। औञ्छवृत्त्या जीवति।

२ अन्यदा श्री शिलगुणसुरिंभिर्बाह्यभूमौ गते वणच्छया मनन्ति वीक्ष्य सुलक्षणं बालकं दृष्ट्वा च सा निजचैत्ये स्थापिता। पुरातनप्रबंधसंग्रह पा. १२

३ प्रबंधचिंतामणी दु. के. शास्त्री. सं. पा. १८

સર્વે આપની સેવાનો અમૂલ્ય લાભ આપી, મને કૃતાર્થ કરો. બ્રાહ્મણોએ તેને કેવી સેવા સોંપવી તેનો યોગ્ય વિચાર કરી કહ્યું કે, હે વીરપુરૂષ! આ ઇન્દ્રસર નામનું તલાવ છે, જે ઇંદ્ર નિર્માણ કર્યું છે, તેમાં કોઈ અશુચિ મનુષ્ય મલક્ષાલન ન કરે તેની તારે તપાસ રાખવી, અને સરોવરનું રક્ષણ કરવું.

"બ્રાહ્મણોની આજ્ઞા શિરસાવંદ્ય માની, ક્ષત્તાયે તળાવની પાસે આવેલા શ્રીમાતાના મંદિરમાં પોતાનો નિવાસ કર્યો. તેના જીવનનિર્વાહ માટે બ્રાહ્મણોયે વસ્ત્ર, ધાન્ય, દ્રવ્ય વિગેરે નો પ્રબંધ કર્યો. આ પ્રમાણે ક્ષત્તા દ્વિજવરોની સેવા કરતો હતો અને તેની સ્ત્રી તેમની સ્ત્રીઓની સેવામાં તત્પર રહેતી. કેટલેક કાળે ક્ષત્તાની પત્નીને ગર્ભ રહ્યો અને શુભ નક્ષત્ર યોગમાં પુત્ર પ્રસવ્યો; જેનું નામ **વનરાજ** પાડયું. જ્યારે તે સાત માસ અને આઠ દિવસનો થયો ત્યારે, કોઈ ચોર લોકોએ બ્રાહ્મણોની ગાયોનું હરણ કર્યું. આ વાત ક્ષત્તાના જાણવામાં આવતાં તે તેઓની પાછળ પડયો. બન્ને વચ્ચે દારૂણ યુદ્ધ થયું, અને તેમાં ગોરક્ષાર્થે લડતાં ક્ષત્તા મરણ પામ્યો. તેના મરણના સમાચાર તેની પત્નીએ સાંભળ્યા કે તરત તે તેની સાથે સહગમન કરવા તૈયાર થઇ. બ્રાહ્મણો અને બ્રાહ્મણપત્નીઓએ તેને સહગમન નહીં કરતાં પુત્રનું પાલન કરવા ઘણુંયે સમજાવી, પણ તેઓનું કહ્યું માન્યું નહી અને પુત્રને બ્રાહ્મણોને સોંપી, તે પોતાના પતિ સાથે સતી થઇ. આ બાળકનું બ્રાહ્મણોએ પોષણ કર્યું. જ્યારે તે મોટો થયો ત્યારે નિરંકુશ વર્તન ચલાવવા લાગ્યો, તેથી બ્રાહ્મણોયે તેને ત્યાંથી કાઢી મૂકયો.[१]

---

१ धर्मारण्यः पु. अ. ६६ : श्लो. ३७ थी ७०

॥ सूतोवाच ॥ सूर्यवंशे समुद्भूतः सैरंध्रिसंगमेन तु ।
तस्मादजनी पुत्रश्च संध्यावेदविवर्जितः ॥ ३८ ॥
शुद्धकुलोद्भवो राजा कोशलेषु च सोऽवसत् ।
निकसन् आगतः क्षत्ता धर्मारण्ये स भार्यया ॥ ३९ ॥
वेदपाठान्पकुर्वतो ब्राह्मणाः शिवसंन्निधौ ।
दंपती पतितौ भूमौ प्रदक्षिणा नमस्कृतं ॥ ४० ॥
धन्योऽहं कृतकृत्योऽहं सफलं मम जीवितं ।
रामेण पूजिता पूर्वं तेषां वो दर्शनं कृतं । ॥ ४१ ॥
॥ ब्राह्मणोवाच ॥ को भवान् त्वं किमायातः कुत्र देशे स्थितिस्तव ।
सायुधो कवची वीरः प्रमदाजनसंगतः ॥ ४२ ॥
किंवात्र तीर्थयात्रायां किंवात्रस्थितिहेतवे ।
केन कार्येण आयातः सत्यं वद द्विजाग्रतः ॥ ४३ ॥
॥ क्षत्तोवाच ॥ राजा दिनकरे वंशे अग्निकेतुर्महामतिः ।
सैरंध्रिसंगमे जातः मम जन्म द्विजोत्तमा । ॥ ४४ ॥
मया विचारितं ब्रह्मन् राज्यं वै क्षत्रियाधमो ।
हव्यं कव्यं नैव देवा पितरश्च कदाचन ॥ ४५ ॥
द्विजसेवा महद्धर्मं सर्वशास्त्रेषु निर्णयः ।
वंशजा रामपात्राणि सेवां देहि सदा मम ॥ ४६ ॥

આમ ધર્મારણ્યના કથન અનુસાર વનરાજનો પિતા સૂર્યવંશી અગ્નિમિત્રનો પુત્ર ક્ષત્તા હોવાનું જણાય છે, જે અયોધ્યા બાજુથી આવ્યો હતો. તદુપરાંત વનરાજ મોઢેરામાં મોઢ બ્રાહ્મણોના આશ્રય નીચે ઉછર્યો હતો, એમ નોંધ્યું છે, જ્યારે જૈન ગ્રંથકારો શીલગુણસૂરિયે તેને ઉછેરી મોટો કર્યાનું જણાવે છે.

ઉપર્યુક્ત ગ્રંથોની પ્રાચીનતાઓ

આમ ત્રણેય ગ્રંથોમાંથી જૂદી જૂદી હકીકત વનરાજના પિતા અને તેના જન્મ વિષે મળી આવે છે. તે બધાંમાં કોનું કથન વ્યાજબી હશે તેનો નિર્ણય એકદમ આપી શકાય તેમ નથી. કારણ તે માટે પૂરતું સંશોધન અને તેમાં સાધકબાધક પ્રમાણોની સંપૂર્ણ આલોચના થવાની જરૂર છે. પણ તે અગાઉ આ ગ્રંથો કેટલા પ્રાચીન છે તે જણાવવું જરૂરી છે, જેથી તેઓના કથનમાં કેટલો વિશ્વાસ મૂકવો તે સહેજે જણાઈ આવે છે.

રત્નમાળ ગ્રંથ ક્યારે રચાયો તે માટે તેની કંઈ સાલસંવત મળતી નથી. કૃષ્ણાજી ક્યારે થઇ ગયો તે પણ ચોક્કસ જણાયું નથી. તે ગ્રંથની ભાષા વિચારતાં ઇતિહાસના પ્રખર અભ્યાસી મુનિ જિનવિજયજી તેને સત્તરમા કે અરાઢમા સૈકામાં રચાયાનું માને છે.[1]

॥ द्विजा उचुः ॥ तथ्यं विचारितं चाद्य देवलोकस्य कारणं ।
तस्मात् सर्वप्रयत्नेन सेवां कुरु सदानघ ॥ ४७ ॥
अयं इंद्रसरो नाम तडागं शक्रनिर्मितं ।
देवपितृद्विजातीभ्यः शुचिजलसदाश्रये ॥ ४८ ॥
अशुची नरनारि च मलक्षालनतत्पराः ।
तेषां निवारणार्थाय त्वं चात्र रक्षको भव ॥ ४९ ॥
जीवनार्थं च यत्किंचिद्दत्तं वस्त्रं तथा धनं ।
अहं तुभ्यं प्रदास्यापि कालनिर्वाहः करीष्यथ ॥ ५० ॥
यदुक्तं भवतां देव धारितं मे शिरोपरि ।
श्रीमाता गोपुरे रम्ये तडागस्य च संन्निधौ ॥ ५१ ॥
आश्रयं कल्पयामास वसतिस्म ह्यहर्निशं ।
क्षत्ता सेवयते विप्रान् नारि सेवयते स्त्रीयान् ॥ ५२ ॥
कियत्काले गते स्वामिन् क्षत्तानारि सगर्भिणी ।
शुभे नक्षत्रयोगे च सुशुवे पुत्रसंततिं ॥ ५३ ॥
शुक्लपक्षे यथा चंद्रे वर्धते नित्य बालकः ।
वनराजाभिधानं च दैवज्ञेन विचारितं ॥ ५४ ॥
सप्तमास दिनं षष्टः वयः प्राप्तं च बालकः ।
दस्युभिर्गृहिता गावः वने वै चरते सति ॥ ५५ ॥
क्षत्ता योधा वने गत्वा कृतं युद्धं सुदारुणं ।
गवार्थे जीवनं त्यक्त्वा सुरलोकस्यसाधनं ॥ ५६ ॥

धर्मारण्यपुराण अ. ६६ (अप्रकट)

[1] જુઓ ગુજરાત સાહિત્ય સભામાં આપેલું ભાષણ પ્રાચીન ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસની સાધનસામગ્રી પા. ૩૫.

વળી તે ગ્રંથમાંની કેટલીક હકીકતો દંતકથાના આધારે લખાઇ હોય તેમ જણાય છે, જેથી કૃષ્ણાજીયે આ હકીકત પણ કોઇ ભાટચારણના ચોપડામાંથી મેળવી, રત્નમાળામાં દાખલ કરી હશે, એમ માનવા કારણ છે. તે અનુમાન પ્રમાણે વનરાજના પિતા જયશિખરીના વર્ણનમાં ઐતિહાસિક તત્વો કરતાં કલ્પનાનું પ્રમાણ મોટે અંશે દાખલ થયું હોય એમ લાગે છે. પણ અત્યાર સુધી ગુજરાતના ઇતિહાસમાં વનરાજનો પિતા જયશિખરી પંચાસરનો રાજા હતો તે માન્યતા રૂઢ થઇ ગઈ છે.

પુરાતન પ્રબંધસંગ્રહમાં છપાયેલ "વનરાજપ્રબંધ" રાજકોટના શ્રી. ગોકુળભાઇ નાનજી ગાંધીનાં સંગ્રહમાંથી મળી આવેલ પ્રબંધસંગ્રહમાંનો છે. તે ગ્રંથ ક્યારે રચાયો તે માટે તેમાં કંઇ પણ સાધન નથી. પણ તેના અંત ભાગે પાદશાહિ નામાવલિ આપેલી છે, તેના ઉપરથી શ્રી. મુનિરાજ જિનવિજયજી તેને દિલ્હિના પાદશાહ ફીરોજશાહ(વિ. સં. ૧૪૦૭)નાં રાજ્યકાળમાં રચાયાનું માને છે.[૧] આ હિસાબે રત્નમાળ કરતાં આ પ્રબંધની પ્રાચીનતા અધિકતર છે. તેની ઘણીખરી હકીકત પ્રબંધચિંતામણીને અનુરૂપે છે, જેથી તેમાં કલ્પનાનું વધુ મિશ્રણ થયાનું સંભવતું નથી. અલબત્ત તેમાં ધાર્મિક પક્ષપાત છે, છતાં પ્રબંધકારે ઇતિહાસને સત્ય સ્વરૂપમાં સાચવ્યો છે. તેમાં ચામુંડ ચાવડાવંશી હતો એ વાત પ્રબંધકર્તાએં સ્પષ્ટરીતે નોંધેલી છે.

ધર્મારણ્ય ગ્રંથ મોઢ કોમનો ઇતિહાસ રજુ કરનારો પુરાણગ્રંથ છે. તેમાં મોઢ કોમની ઉત્પત્તિથી માંડી મોઢેરાનો અલફખાને ભંગ કર્યો ત્યાં સુધીનું વર્ણન વિસ્તારથી આપ્યું છે. તેમાં કેટલીક હકીકત ઘણી જ પ્રાચીન છે, જે બપ્પભટ્ટ સૂરિના સમકાલની છે. આ બપ્પભટ્ટ સૂરિ કનોજનો પ્રતિહારવંશીય આમ રાજા, જેનું બીજું નામ નાગભટ્ટ કે નાગાવલંક હતું તેનાં સમકાળમાં એટલે નવમા સૈકામાં થઈ ગયા છે. કેટલાક વિદ્વાનો તેને સોળમા સૈકામાં રચાયાનું માને છે. પણ તેમાંનો કેટલોક પ્રસિદ્ધ ભાગ બાદ કરતાં તે મૂળ ગ્રંથ તેથી પણ વહેલો રચાયો હોય એમ જણાય છે. તેમાં કેટલીક ઐતિહાસિક હકીકત ધાર્મિક પક્ષપાતની છાયા અનુભવે છે, પણ મોઢેરાભંગની હકીકત જાણે લેખકે નજરે જોઇ ન હોય તેમ ક્રમબદ્ધ અને સિલસિલાબંધ આપેલી છે. આથી તે ગ્રંથ મોડામાં મોડો પંદરમા સૈકામાં રચાયો હોય એમ લાગે છે. એટલે ઉપર્યુક્ત પુરાતન પ્રબંધસંગ્રહગત વનરાજપ્રબંધના સમકાળમાં રચાયો હશે, એમ જણાય છે. આશ્ચર્યની વાત એ છે કે એક જ કાળમાં લખાયેલા આ બે ગ્રંથોમાં આટલી સંદિગ્ધતા કેમ હશે? કદાચ બ્રાહ્મણ શ્રમણના ધાર્મિક પક્ષપાતોને લઇને વનરાજના પાલનપોષણની હકીકત જૂદી લખાય તેમ બની શકે છે, પણ તેનાં માતાપિતા માટે બંને ગ્રંથકારો ભિન્નભિન્ન હકીકતો સૂચવે છે, જેથી તેનો સાચો નિર્ણય શોધવાનું કાર્ય મુશ્કેલીભર્યું બન્યું છે.

તુલનાત્મક વિવેચન

આ ગ્રંથોની પ્રાચીનતા તપાસતાં પુરાતન પ્રબંધસંગ્રહની પ્રાચીનતા બીજા બધા કરતાં વધુ છે. ત્રણે ગ્રંથકારોયે ભિન્નભિન્ન હકીકતો નોંધી છે, તેમાંયે ધર્મારણ્યનું કથન તો આ બન્ને ગ્રંથો કરતાં વધુ અસંગત છે. કારણ પુરાતન પ્રબંધસંગ્રહ અને રત્નમાળમાં વનરાજને શિલગુણસૂરિયે ઉછેર્યો હતો એ વાત કબુલ કરવામાં આવી છે, જ્યારે ધર્મારણ્યમાં

૧ પુરાતન પ્રબંધસંગ્રહ પ્રસ્તાવિક વક્તવ્ય. પા. ૧૮

તેથી જૂદી જ હકીકત રજુ કરી છે. મેરૂતુંગના સમયમાં પણ વનરાજ માટે બ્રાહ્મણો અને જૈનોમાં આવો મતભેદ હતો, એમ પ્રબંધચિંતામણીથી સ્હમજાય છે. કારણ ગુજરાતનું રાજ્ય જૈનોની સહાયથી વનરાજે સ્થાપ્યું હતું તે વાત તેમના દ્વેષીઓ સ્વીકારતા ન હતા એમ મેરૂતુંગે નોંધ્યું છે.[1] એટલે આ મતભેદ ઘણા જ પ્રાચીન કાળથી ચાલ્યો આવે છે. આથી ધર્મારણ્યના કથનમાં ધાર્મિક પક્ષપાતવાળી હકીકત બાદ કરતાં કંઈ પણ ઐતિહાસિક સત્ય છૂપાયું હશે, એમ લાગે છે. આ બધી જૂદી જૂદી હકીકતોમાં કોનું કથન વ્યાજબી હશે તેનો નિર્ણય તો ગુજરાતના ઇતિહાસવિદો કરશે ત્યારે ખરૂં, પણ એટલું તો સ્પષ્ટ નિર્દિષ્ટ થાય છે કે વનરાજનો પિતા એક સાધારણ ક્ષત્રિય વીર પુરૂષ હતો. તે કોણ હતો અને ક્યાંથી આવ્યો હતો તે માટે હજુ વધૂ પૂરાવાની અપેક્ષા રહે છે. કારણ ચાવડાઓનું આદિ વતન કયાં હતું તેનો હજુ નિર્ણય થયો નથી. કેટલાક પુરાવિદો તેઓને મધ્ય એશિયાની હૂણ જાતિના ગણે છે, જ્યારે ગુર્જરોના પાટનગર ભિન્નમાલમાંથી ચાપોત્કટ રાજા વ્યાઘ્રમુખના સીક્કાઓ મળ્યા છે, તદુપરાંત ત્યાંના પ્રસિદ્ધ જ્યોતિષિ બ્રહ્મગુપ્તે વ્યાઘ્રમુખ ચાપોત્કટની નોંધ પોતાના ગ્રંથમાં લીધી છે. એટલે ચાવડાઓનું પહેલાં ત્યાં રાજ્ય હતું એમ જણાય છે. ધર્મારણ્ય વનરાજનો પિતા અયોધ્યા તરફથી આવ્યાનું નોંધે છે, જ્યારે સરસ્વતી પુરાણ ચાવડાઓ આબુ તરફથી આવ્યા હોવાનું માને છે.[2] આમ ચાવડાઓનું આદિ સ્થાન પણ જૂદાજૂદા ગ્રંથોમાં ભિન્નભિન્ન કહ્યું છે, જેને લઇને વનરાજનો ઇતિહાસ વધુ સંશોધન માગે છે. આનું કંઇક સૂચન તાજેતરમાં અમદાવાદમાં ભરાયેલા સાહિત્યસંમેલનમાં ઇતિહાસ વિભાગના પ્રમુખ મુનિ જિનવિજયજીએ પોતાના ભાષણમાં કર્યું હતું. તેનો સાચો નિર્ણય વધુ પ્રામાણિક સાધનો દ્વારા, ઇતિહાસવિદો અને સંશોધકો બહાર મૂકશે તો ગુજરાતના ઇતિહાસમાં એક નવીન તત્વ દાખલ થઈ વનરાજનો ઇતિહાસ જૂદી રીતે રચાશે.

કનૈયાલાલ ભાઇશંકર દવે

[**નોંધ**—અહીં અમે રા. રા. કનૈયાલાલ ભાઈશંકર દવેનું, રાસમાળા ભાગ ૧લાના ૨ જા પ્રકરણના, પાના ૩૪માનાં પાદનોંધ તરફ, એટલે કે શાસ્ત્રી વ્રજલાલ કાલિદાસના શોધ અને મંતવ્ય તેમ જ રા. રા. રણછોડભાઈ ઉ. દવેના તે સંબંધી સૂચન તરફ ધ્યાન ખેંચીએ છીએ. ઉપરાંત શ્રી ફા. ગુ. સભાના હ. લિ. પુ. સંગ્રહના ૪૮મા અંકમાંના ૮–૩ વિભાગ (જેનું તારણ હસ્તલિખિત પુસ્તક સવિસ્તર નામાવલિ ભાગ ૧, પાના ૩૪૩માં આપેલું છે) તે તરફ પણ તેમનું લક્ષ ખેંચીએ છીએ. ઉપરાંત સ્કંદપુરાણમાં પણ ધર્મારણ્ય ક્રમોઢપુરાણ હોવાનું સાંભળ્યું છે. એ જોવાની પણ જરૂર છે. **અં. બુ. જાની. સંપાદક. ત્રૈ.**]

---

૧ गूर्जराणामिदं राज्यं वनराजात्प्रभृत्यपि ।
जैनैस्तु स्थापितं मंत्रैस्तद्द्वेषी नैव नन्दति ॥ १ ॥

प्रबंधचिन्तामणि पा. २१

२ ये तु क्रोधरसा नाम विष्णुनाभिहताः पुरा ।
चापोत्कटा इति ख्याता संभूता धरणीतले ॥ ६८ ॥
संप्राप्यैतन्महारुथानमर्बुदारण्यसंस्थिताः ।
न्यवसन् रौद्रकर्माणो मद्यपा निरपत्रपाः ॥ ६९ ॥

सरस्वतीपुराण स. १५

(૨)

રામણદીવાની વ્યુત્પત્તિ અને ઉપપત્તિ

આપણું ગુજરાતી સાહિત્ય સમૃદ્ધ બને તે માટે આપણે હજી અનેક દિશામાં પ્રયાસ કરવાનો છે.[1] એમાંની એક દિશા તે વિવિધ કોશોના ઉદ્ભવ સાથે સંબંધ ધરાવે છે. આ કોશોમાં શબ્દોની વ્યુત્પત્તિ અને ઉપપત્તિ સપ્રમાણ પૂરી પાડનારા કોશની આવશ્યકતા વિષે બે મત નથી, અને તેમ છતાં એ ખોટ દૂર કરવાનો યથેષ્ટ પ્રયાસ થયેલો જણાતો નથી. એટલે એ પરિસ્થિતિમાં એ વિષયના જિજ્ઞાસુઓને એની ન્યૂનતા સાલે છે, એમ કહ્યા વિના નહીં ચાલે. આ દિશામાં છૂટાછવાયા પ્રયત્નો થયા છે, પરંતુ તે બધાને લક્ષ્યમાં રાખી સાંગોપાંગ અને વિશિષ્ટ પ્રયત્ન કરવો બાકી રહે છે.

જ્યાં હજી 'ગુજરાત' શબ્દની સાચી વ્યુત્પત્તિ અને ઉપપત્તિ શી તે વિષે યથાર્થ સમાધાન થયેલું મનાતું નથી, ત્યાં પછી એના ઉપરથી જે ભાષાનું 'ગુજરાતી' એવું નામ પડયું હોય એમ જણાય છે, તે ભાષાના કેટલાએ શબ્દોની ખરી વ્યુત્પત્તિ અને ઉપપત્તિ અંધારામાં, નહીં તો વિવાદાસ્પદ રહે, એમાં શી નવાઈ? આ લઘુ લેખ દ્વારા એવા એક શબ્દ વિષે વિચાર કરાય છે. એ શબ્દ તે 'રામણદીવો.' આની નોંધ મેં "ગુજરાતી" (તા. ૩–૧૨–૩૩) પત્રમાં પ્રસિદ્ધ થએલી **પ્રશ્નલહરીની** અગિયારમી તરંગિકામાં લીધી હતી. ત્યાર બાદ એ સંબંધમાં કેટલીક હકીકત વાંચવામાં આવી છે, તે એકત્રિત કરવાના ઈરાદાથી હું એ અત્ર રજુ કરૂં છું,

આપણા વયોવૃદ્ધ અને જ્ઞાનવૃદ્ધ પ્રો. **નરસિંહરાવ ભોળાનાથ દીવેટિયાએ** Wilson Philological Lectures on "Gujarātī Language and Literature" ના પ્રથમ વિભાગના ૩૬૯મા પૃષ્ઠમાં[2] 'રામણદીવો' કેવી રીતે ઉદ્ભવ્યો તે વિષે નીચે મુજબ નિર્દેશ કર્યો છેઃ—

अवलम्बमानदीपकः	अवलंबमाणदीवउ	आलामळण दीवो
		लामण दीवो
		रामण दीवो

અગીયારમા ઉત્સર્ગ વિષે ઊહાપોહ કરતી વેળા સંસ્કૃત પ્રાકૃત અથવા અપભ્રંશ અથવા દેશ્ય, અને ગુજરાતી એવા ત્રણ વર્ગ પાડી વિવિધ શબ્દો આપતી વખતે ઉપર મુજબ નિર્દેશ કરાયો છે. આ ઉપરથી એ સમજી શકાય છે કે પ્રો. **દીવેટિયાના** મત મુજબ મૂળ સંસ્કૃતમાંથી 'રામણ દીવો' શબ્દ ઉતરી આવ્યો છે.

---

૧ આ સંબંધમાં મેં "આગે કદમ" એ શીર્ષકવાળા બે લેખ દ્વારા થોડોક ઊહાપોહ કર્યો છે. એમાંનો પહેલો લેખ **શ્રી ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક** (પુ. અં. ૧, પૃ. ૩૩૩)માં અને એ ઉપરથી એનો એ લેખ **"ગુજરાતી"**માં છપાયેલ છે. બીજો લેખ પણ આ પ્રમાણે **ગુજરાત**માં તેમજ **"ગુજરાતી"**માં એમ બે સ્થળે પ્રસિદ્ધ થયો છે.

૨ શ્રી ફાર્બસ ગુજરાતી સભા ગ્રન્થમાળાના ૩૨મા અંક તરીકે હાલમાં પ્રસિદ્ધ થયેલ "ગુજરાતી ભાષા અને સાહિત્ય"(પૂર્વોક્ત ગ્રન્થના ભાષાન્તરરૂપ)ના ૩૭૧મા પૃષ્ઠમાં આ હકીકત ઉપલબ્ધ થાય છે.

"રાણીનો સાળો" એ લેખમાં[1] આડકથા રૂપે પ્રો. **અતિસુખશંકર કમળાશંકર ત્રિવેદીએ** રામણદીવાની ઉત્પત્તિ વિચારી છે. એનો પ્રસ્તુત ભાગ નીચે મુજબ છે:—

ઉપલા વિષય પર લખવા બેસતાં જ આજના "ગુજરાતી"માં પૃ. ૧૭૫૭ (તા. ૩-૧૨-૩૩) પર પત્ર વાંચ્યો. "રામણ દીવો" શા માટે? એ રામણ દીવાને કોઈ નામણ દીવો પણ કહે છે. "રામણ દીવો" શબ્દની એક ઉત્પત્તિ "**अवलम्ब-दीपक**"—"ઓળાવણ દીવો"—"લાવણ દીવો" એમ આપવામાં આવે છે. એટલે "રામણ દીવો" એટલે લટકતો દીવો, એમ થયું. વરની મા "રામણ દીવો" હાથમાં રાખીને ચાલે છે, એથી આ બંધબેસતું થયું. આવી રીતે "રામણ દીવા"નો અર્થ માત્ર લટકતો દીવો, એટલો જ થાય. વરની મા લટકતો દીવો શા માટે લે, તેનું રહસ્ય આ વ્યુત્પત્તિ સમજાવતી નથી. કદાચ "મારણદીપક" એટલે કે મારણમંત્રવાળો દીવો, અનિષ્ટ સત્ત્વોના મરણરૂપ, જાદુવાળો એ દીવો, એવો અર્થ વધારે સંભવિત હોઇ શકે. વર ઘોડે ચઢે છે ત્યારે, તેમ એ પૂજાય છે ત્યારે, પણ શુકનો સાધનાર ને અપશુકનો વારનારને માટે સાવચેતી રાખનારી રૂઢિક્રિયાઓ થાય છે. વરઘોડામાં વરની રક્ષા થાય તે તદ્દન જરૂરનું ગણાય. તે વરની માના જેટલી તેને વિષે બીજા કોને વધારે ચિન્તા હોય? જો મારણદીવો એ લે તો કોઈ પણ દુષ્ટ સત્ત્વ કે દુષ્ટ અસર એની પાછળથી થઈ શકે નહિ, ને એની રક્ષા થઈ શકે. આ સ્વાભાવિક લાગે છે. હવે વર્ણવ્યત્યયાર્થ-વર્ણવ્યુત્ક્રમથી "**मारण**"નું રામણ થઈ શકે ખરૂં. શ્મશ્રુનું મૂછ થાય છે, ફલાહારનું ફરાળ, બિડાલનું બિલાડી, શાણીનું નીશા, વાચાળનું ચાવળું, ચિકલનું કિચડ, તો **मारण**નું રામણ થવું અશકય નથી. એટલું જ નહીં, એક વાર **माळण**નું રામણ થયું તો તે દઢ રીતે ચાલ્યું પણ રહે; કારણ કે લગ્ન જેવા શુભ પ્રસંગે "મારણ" શબ્દ ઉચ્ચારવો અશુભ લાગે. તેથી જેને આપણે રામણ દીવો કહીએ છીએ તે **मारण दीप** હોઈ શકે કે કેમ તે વિચારવા જેવું લે.

ગુજરાત વર્નાક્યુલર સોસાયટી તરફથી પ્રસિદ્ધ થયેલી **અપભ્રંશપાઠાવલી**ના સંબંધમાં શ્રીયુત **ભોગીલાલ જ. સાંડેસરાનો** अपभ्रंशपाठावली એ નામથી જે લેખ **બુદ્ધિપ્રકાશ**(વ. ૮૩, અં. ૨, એપ્રિલ: જુન: સન ૧૯૩૬)ના પૃ. ૧૯૦-૧૯૪માં છપાયેલ છે, તેમાં ૧૯૨મા પૃષ્ઠમાં તેમણે **અપભ્રંશપાઠાવલી**ની શબ્દસૂચિમાંથી કેટલાકની નોંધ લેતાં નીચે મુજબ ઉલ્લેખ કર્યો છે:—

"**रवण्ण** (રમણીય, સરખાવો ગૂ. રામણદીવો)"

આ ઉપરથી 'રવણ્ણ' ઉપરથી 'રામણ' શબ્દ બન્યાનું તેઓ સૂચવતા હોય એમ લાગે છે.અને તેનો અર્થ 'રમણીય' જેવો કરતા હોય એમ જણાય છે.

આ પ્રમાણે રામણદીવાની વિવિધ ઉત્પત્તિ અને અર્થો સૂચવાયા છે. તેમાં ઉત્પત્તિનાં મૂળ નીચે મુજબ ઉલ્લેખાય છે:—

(૧) अवलंबनदीपकः, (૨) મારણદીવો અને (૩) **रवण्ण दीवउ.**

એવી રીતે રામણદીવા માટે નીચે મુજબના અર્થો નોંધાયા છે:—

(૧) લટકતો દીવો, (૨) મારણમંત્રવાળો દીવો, અને (૩) રમણીય દીવો.

---

૧ આ લેખ "અગિયારમું ગુજરાતી સાહિત્યપરિષદસંમેલન"(પૃ. ૩૮૧-૩૮૨)માં છપાયેલો છે, અને આ આડકથા પૃ. ૩૮૧માં છપાયેલી છે.

અભિધાન રાજેન્દ્રના વિભાગના પૃષ્ઠમાં 'ઓલંबन दीव' નોંધાયેલ છે. આ પ્રમાણેની વિવિધ નોંધ ઉપરથી પ્રાકૃતરૂપ ओलंबनदीव ઉપરથી અથવા તો સંસ્કૃત રૂપ अवलम्बनदीप ઉપરથી 'રામણદીવો' શબ્દ નિષ્પન્ન થયો હશે, એમ માનવું વિશેષ યુક્તિયુક્ત જણાય છે, એટલું જ નહીં, પરંતુ એનો અર્થ પણ લટકતો દીવો અને પ્રસંગાનુસાર વરની મા તરફથી લગ્નપ્રસંગે હાથમાં રખાતો લટકતો દીવો સમુચિત ભાસે છે, તેમ છતાં આ સંબંધમાં હજી કોઈ અન્ય તર્કવિતર્ક કરવાનું કે તેની નોંધ લેવાનું કાર્ય બાકી રહી જતું હોય તો તે તરફ મારું લક્ષ્ય ખેંચવા અને સાથે સાથે 'નામણ દીવો' અને 'લાવણ દીવો' એવા પણ એ સંબંધમાં થતા પ્રયોગોની કોઈ સ્થળે ચર્ચા થઈ હોય તો તે પણ સૂચવવા તજ્જ્ઞોને સાદર વિનવતો હું વિરમું છું.

ભૂલેશ્વર, મુંબઈ } હીરાલાલ ર. કાપડીયા

***

(૩)

"કનોજના પ્રતિહાર વંશીય રાજાઓનો ગુજરાત પર અમલ અને કનોજના પ્રતિહારો ગૂર્જરવંશી હતા, કે રઘુવંશી ક્ષત્રિય?"

કનોજને અધીન ગુજરાતના ચાવડા અને સોલંકી

પ્રાચીન જનશ્રુતિના આધાર પર લખેલ મહોપાધ્યાય જિનમંડનગણિરચિત કુમારપાળ પ્રબંધમાં લખ્યું છે, કે છત્રીસ રાજવંશોમાંના સોલંકી (ચાલુકય) વંશનો રાજા ભૂવડ કનોજ દેશના કલ્યાણ કટકપુરમાં રાજ્ય કરતો હતો. તેણે પોતાની પુત્રી મયણલ્લા દેવીને ગુજરાત દેશ પહેરામણીમાં આપ્યો હતો.[1]

શાસ્ત્રી વ્રજલાલજી લખે છે, કે કનોજના 'આમ' નામના રાજાએ પોતાની પુત્રી રત્નગંગાનો વિવાહ વલભીના સૂર્યવંશી રાજા ધ્રુવપટુ સાથે હતો કર્યો અને પોતાનો જિતેલો ગૂર્જરદેશ રત્નગંગાને પહેરામણીમાં આપ્યો હતો.[2] શાસ્ત્રીજીએ કનોજના રાજાને રાઠોડવંશનો માન્યો છે.

ઉપરનાં બંને કથનો ફક્ત જનશ્રુતિના આધારે જ છે, ખરાં નથી. પણ એટલું તો ખરું જ છે, કે કનોજના કોઈ રાજાએ ગુજરાત પર અધિકાર મેળવ્યો હતો.

હડાળાથી મળેલા વઢવાણના સામંતાધિપતિ ચાવડાવંશી ધરણીવરાહના, શક સંવત સંવત ૮૩૬ પોષ સુદી ૪(વિ. સં. ૯૯૧)ના દાનપત્રમાં રાજાધિરાજ મહિપાળદેવનો ઉલ્લેખ છે, કે જેનો ધરણીવરાહ સામંત હતો. એ મહિપાલદેવને પ્રો. બુલરે કાઠીઆવાડનો ચુડાસમા રાજા મહિપાલ માની લીધો છે,[3] કે જે ખરેખરો કનોજનો રાજા હતો.

કાનડી ભાષાના કવિ પંપનું બનાવેલું "વિક્રમાર્જુનવિજય" (પંપભારત) નામક કાવ્યમાં, ચોલ દેશનો સોલંકી રાજા અરિકેશરી બીજો અને તેના પૂર્વજોનો પરિચય આપ્યો છે. તેમાં પંપે લખ્યું છે, કે અરિકેશરી બીજાના પિતા નરસિંહ બીજાએ (જે રાઠોડોનો સામંત હતો) ગૂર્જરરાજ મહિપાલને હરાવ્યો હતો, અને તેનું રાજ્ય પડાવી લઈ તેનો

---

૧ કુમારપાળપ્રબંધ, પત્ર ૧

૨ રાસમાળાનો ગુજરાતી અનુવાદ ભા. ૧, આવૃત્તિ બીજી પૃ. ૩૭ ટિપ્પણ.

૩ ઇન્ડીઅન એંટિક્વેરી, આ. ૧૨, પૃ. ૧૯૨

પીછો પકડયો હતો. અને પોતાના ઘોડાને ગંગાના સંગમપર સ્નાન કરાવ્યું હતું.[1] પંપભારતની રચના પર એ કવિને અરિકેશરી બીજાએ એ ગામ ઈનામમાં આપ્યું હતું. વિ. સં. ૯૯૮.[2]

હડાળાના દાનપત્રમાં ફક્ત મહિપાળનોજ ઉલ્લેખ છે. પરંતુ પંપભારતથી તેના વિષયમાં વધારે પ્રકાશ પડે છે, કે તે ગુજરાત દેશનો રાજા હતો. અને તેની રાજધાની ગંગાનદીની પાસે હતી.

ઇ. સ. ૧૯૦૨ના દિલ્હી દરબાર વખતે ભરાયેલા પ્રદર્શનમાં, જુનાગઢ રાજ્યના ઊના ગામથી મળેલાં બે તામ્રપત્ર મૂકવામાં આવ્યાં હતાં. પહેલું તામ્રપત્ર વલભી સંવત ૫૭૪–(વિ. સં. ૯૫૦)નું સોલંકીરાજા બલવર્માના વખતનું હતું. એ બલવર્મા સોરઠ પર રાજ્ય કરનારા સોલંકીઓની શાખાનો પાંચમો વંશધર અને કનોજના પરમ ભટ્ટાર્ક મહારાજાધિરાજ પરમેશ્વર શ્રી મહેન્દ્રપાલ(શ્રીમહેન્દ્રાયુધદેવ)નો સામંત હતો.[3]

બીજું તામ્રપત્ર ઉપર કહેલા બલવર્માના પુત્ર મહાસામંત અવનિવર્મા(બીજો)નું હતું. એ અવનિવર્મા પરમભટ્ટાર્ક મહારાજાધિરાજ પરમેશ્વર ભોજદેવના પુત્ર મહેન્દ્રપાલનો સામંત હતો.[4] ઉપરનાં બંને તામ્રપત્રોથી નક્કી થાય છે, કે ઉપર કહેલા સંવતોમાં સોરઠ પર સોલંકીઓ રાજ્ય કરતા હતા, અને તેઓ કનોજના રાજા ભોજદેવના પુત્ર મહેન્દ્રપાલના સામંત હતા. એથી એ પણ નક્કી થાય છે, કે હડાળાના દાનપત્રવાળો મહિપાળ પણ કનોજનોજ રાજા હતો, અને કનોજના રાજાઓની આધિનતામાં ચાવડા તથા સોલંકી બંને વંશજો કાઠીઆવાડમાં રાજ્ય કરતા હતા.

કનોજના પ્રતિહારો ગુર્જરવંશી નહીં, પણ રઘુવંશી ક્ષત્રિય હતા.

પંપભારતમાં મહિપાળને 'ગૂર્જરરાજ' લખ્યો છે, તેથી મી. જેકસને એમ માની લીધું છે કે એ મહિપાલ ગૂર્જર અથવા ગૂર્જરવંશનો હતો. 'ગુર્જરરાજ'નો ખરો અર્થ ગુજરાત દેશનો રાજા થાય છે.

કનોજના રાજા ભોજદેવનો ગ્વાલિયરથી એક શિલાલેખ મળ્યો. તે લેખથી ભોજદેવ અને તેના પૂર્વપુરુષો કનોજના સ્વામિ, પ્રતિહારવંશી, અને રામચંદ્રજીના ભાઈ લક્ષ્મણજીના વંશજ હતા એવું જણાયું છે. એ શિલાલેખનો ભાવાર્થ અંગ્રેજીમાં કરીને ડૉ. કિલહોર્ને કનોજના પ્રતિહારવંશીઓના ઇતિહાસ પર ઘણો પ્રકાશ નાંખ્યો. કેમકે તે લેખમાં કનોજના રાજાઓને પ્રતિહાર લખ્યા છે. જ્યારે મી. જેકસને મહિપાળને ગૂર્જરવંશી ધાર્યો, ત્યારે તેના આધારે શ્રીયુત દેવદત્ત રામકૃષ્ણ ભાંડારકરે જુદા જુદા પ્રતિહારવંશીઓને ગૂર્જરવંશી માની લીધા, અને ત્યારપછી બીજા ઇતિહાસશોધકોએ પણ આ આધારે બધી વર્ણના પ્રતિહારોને ગૂર્જરવંશી માની લીધા છે. એ તદ્દન ખોટું છે. આગળ વાંચતાં જણાશે કે કનોજના પ્રતિહારો ગૂર્જર નહીં, પણ રઘુવંશી ક્ષત્રિય હતા.

અલ્વર રાજ્યના રાજોરગઢ નામના પ્રાચીન કિલ્લામાંથી મળેલો વિક્રમ સંવત ૧૦૧૬ માઘ સુદી ૧૩નો શિલાલેખ છે. તેથી જણાયું છે કે એ વખતે રાજોરગઢ(રાજ્યપુર)ને

---

૧ ગૌરીશંકર ઓઝાકૃત "સોલંકીઓકા ઇતિહાસ" પ્રથમ ભાગ પૃ. ૨૦૭

૨ સોલંકીઓકા ઇતિહાસ. પૃ. ૨૦૭

૩ એપિગ્રાફિયા ઈન્ડીકા આ. ૯ પૃ. ૪૦૬

૪ એજ આ. ૬ પૃ. ૬–૧૦

તેની આસપાસના પ્રદેશપર ગૂર્જરવંશી પ્રતિહાર મહારાજાધિરાજ સાવટનો પુત્ર મહારાજાધિરાજ પરમેશ્વર મથનદેવ રાજ્ય કરતો હતો, અને તે પરમભટ્ટાર્ક મહારાજાધિરાજ પરમેશ્વર ક્ષિતિપાલના પુત્ર વિજયપાલનો સામંત હતો.[૧]

એ વિજયપાલ કનોજનો રઘુવંશી પ્રતિહાર રાજા હતો. તે શિલાલેખમાં મથનદેવને મહારાજાધિરાજ પરમેશ્વર લખ્યો છે. તેથી અનુમાન થાય છે, કે તે કનોજના રાજા વિજયપાલના સામંતોમાં મોટો સામંત હશે. કનોજના રઘુવંશી પ્રતિહાર રાજાઓમાં જેણે જેણે ગુજરાત પર રાજ્ય કર્યું હતું તેની નામાવલી પાછળ આપી છે.

રાજોરગઢના શિલાલેખમાં ગૂર્જર પ્રતિહાર શબ્દ જોઇને શોધકોએ કનોજના રાજાઓને ગૂર્જર અથવા ગૂર્જરવંશના માની લીધા છે, તે ભ્રમયુક્ત છે. આ નીચે પ્રમાણોથી જણાશે કે કનોજ રાજાઓ ગૂર્જર નહીં, પણ રઘુવંશી ક્ષત્રિય હતા.

૧. ગ્વાલિયરથી મળેલી, કનોજના પ્રતિહાર રાજા પહેલા ભોજદેવના સમયની પ્રશસ્તિથી જણાય છે, કે સૂર્યવંશમાં મનુ, ઇક્ષ્વાકુ, કકુત્સ્થ વગેરે રાજાઓ થયા. તેમના વંશમાં રાવણને સંહારનાર રામચંદ્ર થયા, જેમના પ્રતિહાર (દ્વારપાલ) તેમના નાનાભાઈ લક્ષ્મણજી હતા, જેણે ઇન્દ્રનું માન ઉતારનાર મેઘનાદને હરાવ્યો હતો.[૨] તેમના વંશમાં નાગભટ વગેરે રાજાઓ થયા. જેનું વર્ણન તે પ્રશસ્તિમાં કર્યું છે. આગળ તે પ્રશસ્તિમાં વત્સરાજને ઇક્ષ્વાકુ વંશ ઉન્નત કરનાર કહ્યો છે.[૩] એથી નક્કી થાય છે કે કનોજના પ્રતિહારો રઘુવંશી હતા, નહીં કે ગૂર્જરવંશી.

૨. કાવ્યમીમાંસા વગેરે ઘણા ગ્રંથોના બનાવનાર સુપ્રસિદ્ધ કવિ રાજશેખર, કે જે કનોજના પ્રતિહાર રાજા ભોજ પહેલાના પુત્ર મહેન્દ્રપાલના ગુરુ હતા, અને મહેન્દ્રપાલના પુત્ર મહિપાલના વખતમાં કનોજમાં રહ્યા હતા, તે પોતાની "વિદ્ધશાલભંજિકા" નામક નાટિકામાં પોતાના શિષ્ય મહેન્દ્રપાલને "રઘુકુલતિલક" અને "બાલભારત"માં "રઘુગ્રામણી" (રઘુવંશીઓમાં શ્રેષ્ઠ) કહે છે.[૪] તે જ કવિએ 'બાલભારત' નાટકમાં મહેન્દ્રપાલના પુત્ર મહિપાલને "રઘુવંશમુક્તામણિ" અને આર્યાવર્તનો મહારાજાધિરાજ લખ્યો છે.[૫] કવિરાજશેખરનાં એ કથન ગ્વાલિયરના શિલાલેખની પ્રશસ્તમાં પુષ્ટિ કરે છે.

૩. શેખાવાટી(જયપુર રાજ્ય)ના પ્રસિદ્ધ હર્ષનાથના મંદિરની પ્રશસ્તિ—જે વિક્રમ સંવત ૧૦૩૦ અસાડ સુદી ૧૫ની સાંભરના ચૌહાણ રાજા વિગ્રહરાજના વખતની છે-તેમાં વિગ્રહરાજના પિતા સિંહરાજના વર્ણનમાં લખ્યું છે, કે "તે વિજયી રાજાએ તોમરના સેનાપતિ સલવણને માર્યો (અથવા હરાવ્યો. મૂળ લેખમાં 'હત્વા' અથવા 'જિત્વા'

---

૧ એજ આ. ૩ પૃ. ૨૬૬

૨ એન્યુઅલ રિપોર્ટ ઑફ ધી આર્કિયોલૉજિકલ સર્વે ઑફ ઇન્ડીઆ ઇ. સ. ૧૯૦૩-૪ પૃ. ૨૦૦

૩ એજ પૃ. ૨૮૦-+૧

૪ रघुकुलतिलको महेन्द्रपालः (વિદ્ધશાલભંજિકા, ૧, ૬)

देवो यस्य महेन्द्रपाल नृपति शिष्यो रघुग्रामणीः—(બાલભારત, ૧-૧૧)

૫ तेन(=महिपालदेवेन) च रघुवंशमुक्तामणिना आर्यावर्तमहाराजाधिराजेन श्रीनिर्भयनरेंद्रनंदनेनाधिकृताः सभासदः—(બાલભારત)

શબ્દ હશે તે ઉડી ગયો છે. ફક્ત 'આ' ની માત્રા જ રહી છે.) અને ચોતરફ યુદ્ધ કરી રાજાઓને હરાવીને ઘણા વખત સુધી કેદમાં રાખ્યા. જ્યારે તેમને છોડાવવા માટે પૃથ્વીપરના ચક્રવર્તી રઘુવંશી રાજા પોતે આવ્યો ત્યારે જ છોડયા.[1]

એથી સ્પષ્ટ થાય છે, કે સાંભરનો ચૌહાણ રાજા સિંહરાજ કોઈ ચક્રવર્તી અથવા મોટા રાજાનો સામંત હશે, અને એ વખતે ઉત્તર હિન્દુસ્તાનમાં બળવાન રાજ્ય કનોજના પ્રતિહારોનું જ હતું. કે જેમના તાબામાં રજપૂતસ્થાન, ગુજરાત, કાઠીઆવાડ, માળવા અને સતલજ નદીથી માંડી બિહાર સુધીના પ્રદેશો હતા.

ઉપર જણાવેલી હર્ષનાથવાળી પ્રશસ્તિમાં સિંહરાજના પૂર્વજ 'ગુવક' પહેલાના સંબંધમાં લખ્યું છે, કે તેણે કનોજના પ્રતિહાર રાજા નાગભટ બીજાની સભામાં વીરની નામના મેળવી હતી.[2] એટલે સિંહરાજના કેદખાનામાંથી રાજાઓને છોડવનાર કનોજનો પ્રતિહાર રાજા જ હોઈ શકે.

સિંહરાજનો સમકાલીન કનોજનો રાજા દેવપાલ અથવા તેનો ભાઈ વિજયપાલ હોવો જોઇએ. એ પ્રશસ્તિથી સ્પષ્ટ થાય છે, કે વિ. સં. ૧૦૩૦ સુધી સાંભરના ચોહાણો પણ કનોજના રાજાને રઘુવંશી ક્ષત્રિય માનતા.

ગુજરાતપર રાજ્ય કરનાર કનોજના પ્રતિહારો

રઘુવંશી પ્રતિહારોએ ગુજરાતનું રાજ્ય પહેલું ચાવડાઓ પાસેથી લીધું. (એ વખતે ગુર્જરદેશની રાજધાની ભિન્નમાળમાં હતી,[3] અને તે ભિન્નમાળનું રાજ્ય પણ કહેવાતું.) ત્યાર પછી તેમણે કનોજના રાઠોડોને હરાવી, ત્યાં પોતાની રાજધાની રાખી; જેથી તેમને કનોજના પ્રતિહારો કહે છે. અત્યાર સુધીની શોધ મુજબ તેમની નામાવલી નીચે પ્રમાણે નક્કી થાય છે:

૧. નાગભટ—કનોજનો પહેલો પ્રતિહાર રાજા. તેણે કનોજનું રાજ્ય રાઠોડ પાસેથી લીધું.
૨. કકુસ્થ—નાગભટનો ભત્રિજો.
૩. દેવરાજ—કકુસ્થનો ભાઈ, તે વૈષ્ણવ હતો, તેને દેવશક્તિ પણ કહેતા.
૪. વત્સરાજ—દેવરાજનો પુત્ર, તે શૈવ હતો અને તેને ઈક્ષ્વાકુવંશ ઉન્નત કરનાર ગણ્યો છે.
૫. નાગભટ બીજો-વત્સરાજનો પુત્ર, તેણે ઘણા દેશો જિત્યા હતા, અને તેણે પુષ્કરનો ઘાટ બંધાવ્યો કહેવાય છે. તેનો સ્વર્ગવાસ વિ. સં. ૮૯૦ ભાદ્રપદ સુદી ૫ ના રોજ થયો હતો.[4] (જૈન લેખકોએ તેની જગાએ 'આમ' નામ લખ્યું છે, પણ 'આમ' અને નાગભટ બંને એક જ વ્યક્તિ હતા.[5] તેને નાગવ લોક કહેતા.)
૬. રામચંદ્ર—નાગભટ બીજાનો પુત્ર, તેને રામદેવ પણ કહેતા. તેણે થોડો જ વખત રાજ્ય કર્યું હતું, તે સૂર્યનો ઉપાસક હતો. તેની રાણી આપ્પાદેવીથી ભોજનો જન્મ થયો.

---

૧ એપિગ્રાફિયા ઈન્ડીકા, આ. ૨, પૃ. ૧૨૧–૨૨

૨ એપિગ્રાફિયા ઇન્ડીકા, આ. ૨, પૃ. ૧૨૧

૩ બુધ્ધિસ્ટ રેકર્ડ્‌જ ઓફ ધી વેસ્ટર્ન વર્લ્ડ, આ. ૨, પૃ. ૨૬૯–૭૦

૪ 'પ્રભાવક ચરિત'માં બપ્પભટ્ટિપ્રબંધ, પૃ. ૧૭૭

૫ નિર્ણયસાગર પ્રેસમાં છપાયેલ 'પ્રભાવક ચરિત'માં બપ્પભટ્ટિપ્રબંધ શ્લોક ૭૯ તથા ૧૧૬માં 'આમ' નામ છે. અને શ્લોક ૧૮૮, ૭૨૨, ૭૨૫માં નાગાવલોક નામ મળે છે.

૭. ભોજદેવ—રામચંદ્રનો પુત્ર, તેને 'મિહિર' અને 'આદિવરાહ' પણ કહેતા.

૮. મહેન્દ્રપાલ—ભોજદેવનો પુત્ર, તે કવિ રાજશેખરનો શિષ્ય હતો.

૯. મહિપાળ—મહેન્દ્રપાળનો પુત્ર, તેને ક્ષિતિપાળ પણ કહેતા. કવિ રાજશેખર તેને આર્યાવર્તનો મહારાજાધિરાજ લખે છે. (બાલભારત)

૧૦. ભોજદેવ બીજો—મહિપાળનો ભાઈ.

૧૧. વિનાયકપાલ—ભોજદેવ બીજાનો નાનો ભાઈ.

૧૨ મહેન્દ્રપાલ બીજો–વિનાયકપાલનો પુત્ર, તેની હયાતી સુધી ગુજરાત પર કનોજના રાજાઓનો અધિકાર હતો. તે તેના મરણ પછી નષ્ટ થયો. ઈ. સ. ૧૦૧૭માં મૂળરાજ સોલંકી તેના મામા સામંતસિંહને મારી અણહીલવાડની ગાદીએ આવ્યો. તેણે ગુજરાતનો ઘણો ભાગ જિતી પોતાની સત્તા નીચે આણ્યો અને ત્યારથી ગુજરાત પરથી કનોજના રાજાઓનો અમલ સમૂળગો નાશ પામ્યો. ત્યારપછી કનોજની ગાદીએ આવનાર પ્રતિહારો ગુજરાતના સ્વામી નહોતા.

૧૩ દેવપાલ
૧૪ વિજયપાલ } બંને નિર્બળ હતા, તેથી રાજ્યનો ઘણો ભાગ પાડોશી રાજાઓએ લઈ લીધો.

૧૫. રાજ્યપાલ વિજયપાલનો પુત્ર, તેના વખતમાં મહમૂદ ગીઝનીએ કનોજ પર ચઢાઈ કરી હતી, અને તેમાં તેણે હારીને તેનું શરણુ સ્વીકાર્યું હતું, તેથી તેના સામંતોએ તેને મારી નાંખ્યો.

૧૬. ત્રિલોચનપાળ
૧૭. યશપાલ } તેમના વખતમાં કનોજનું રાજ્ય નાશ પામ્યું.

વિ. સંવત ૧૧૩૫ની આસપાસ ગઢવાલવંશી મહીચંદ્રના પુત્ર ચંદ્રદેવે પ્રતિહારો પાસેથી કનોજનું રાજ્ય લઈ લીધું અને તે કનોજનો રાજા થયો. એ પ્રમાણે કનોજના મહારાજ્યનો નાશ થઈ ગયો. ×

વેડા-વિજાપુર } **કચરાલાલ શવજીભાઇ સોની**

***

(૪)

" શ્રી હેમચન્દ્રાચાર્યની દીક્ષા ક્યાં અને ક્યારે થઈ? "

આચાર્ય હેમચન્દ્રસૂરિ વિક્રમની બારમી અને તેરમી સદીના એક ચમકતા સીતારા થઈ ગયા છે. તેમણે જૈનસમાજમાં જ ફક્ત નહીં પણ આખા ગુજરાતમાં એક નવો યુગ બેસાડ્યો હતો. સાહિત્યક્ષેત્રના તો તેઓ સમ્રાટ્ હતા. એક પણ એવો વિષય નહીં હોય કે જેમાં તેમણે ગંભીરતાપૂર્ણ પોતાની સિદ્ધહસ્ત કલમ ન ચલાવી હોય.

× હિન્દીના આધારે.

ચૌલુક્ય વંશના રાજા સિદ્ધરાજ* જયસિંહ અને કુમારપાલ જેવા પ્રતાપી રાજાઓના ઇતિહાસમાં હેમચન્દ્રાચાર્યે અગત્યનો ભાગ ભજવ્યો છે.

તેમને સંખ્યાબંધ પૂર્વ અને પશ્ચિમના વિદ્વાનોએ શ્રદ્ધાંજલિઓ અર્પણ કરી છે. તેમનો વિસ્તૃત પરિચય મેં 'आचार्य हेमचन्द्रसूरि और उनका साहित्य' નામના નિબંધમાં આપ્યો છે. આ નિબંધ **શ્રીહરવિલાસ શારદાના અભિનંદનગ્રંથ** માટે લખાયો છે.

પૂર્વાવસ્થામાં આચાર્ય હેમચન્દ્રજી "ધંધુકા"ના હતા. મોઢ જ્ઞાતિના "ચાચીંગ" શેઠના તેઓ પુત્ર હતા. તેઓનો જન્મ વિ. સંવત ૧૧૪૫ના કાર્તિક શુદિ પુનમનો થયો હતો. તેઓનું નામ 'ચાંગદેવ' આપવામાં આવ્યું હતું. તેઓએ નાની ઉમરમાં જ દેવચન્દ્રસૂરિની પાસે જૈન સાધુની દીક્ષા ગ્રહણ કરી હતી. તે દીક્ષા કયા વર્ષમાં અને કયા સ્થાનમાં થઈ? તે વિષયનો વિચાર કરવો, તે જ આ લેખનો ઉદ્દેશ્ય છે. કેમકે તેમના દીક્ષાના સ્થાન અને વર્ષના વિષયમાં જૂદાં જૂદાં પુસ્તકોમાં જૂદા જૂદા ઉલ્લેખો મળે છે. તેથી એનો વિચાર કરવો જરુરનો છે.

(૧) પ્રભાવકચરિત્રાન્તર્ગત હેમચન્દ્રસૂરિના ચરિત્રમાં તેમને **સ્તમ્ભનતીર્થ** (ખંભાત)માં વિ. સં. ૧૧૫૦× માર્ગશીર્ષ સુદિ ૧૪ ને શનિવારે દીક્ષા દેવાનું લખ્યું છે.

(૨) પ્રબંધચિંતામણીમાં લગભગ આઠ વર્ષની+ ઉમ્મરમાં 'ચંગદેવ'ને દેવચન્દ્રસૂરિ મળ્યા, એમ લખ્યું છે. અને ત્યાંથી **કર્ણાવતી** જઈને દીક્ષા દેવાનું લખ્યું છે.

(૩) કુમારપાળ-પ્રબંધમાં પાંચ વર્ષની ઉમ્મરમાં દેવચન્દ્રસૂરિએ ચંગદેવને દેખ્યા અને વિ. સં. ૧૧૫૪માં કર્ણાવતી*માં દીક્ષા દેવાનું લખ્યું છે.

(૪) કુમારપાલ-પ્રતિબોધમાં સોમપ્રભસૂરિએ **ખંભાત**+માં ચંગદેવ દીક્ષિત થયાનું લખ્યું છે.

---

* સિદ્ધરાજની બાબતમાં અમારો "સિદ્ધરાજ જયસિંહે શું કર્યું?" નામનો (શારદામાં) લેખ અને કુમારપાળની બાબતમાં મારો "મહારાજા કુમારપાલ ચૌલુક્ય" નિબંધ છે, જે "ભારતીય અનુશીલન ગ્રંથ"માં પ્રકાશિત થયો છે.

× "शरवेदेश्वरे वर्षे कार्तिके पूर्णिमानिशि।
जन्माभवत् प्रभोर्व्योमबाणशम्भौव्रतं तथा ॥८४८॥"

+ "सः अष्टवर्षदेश्यः × × ×"।

* કર્ણાવતીની બાબતમાં મારી 'आचार्य हेमचन्द्रसूरि और उनका साहित्य'ની નોટ જુઓ.

+ गुणगुरुणा सहगुरुणा संपत्ते खंभतित्थम्मि। तत्थ पयन्नोदिक्खं कुणमाणो सयल संघपरिओसं॥ કુમારપાલપ્રતિબોધ.

'ખંભાત'નું નામ પ્રાકૃતમાં '**खंभाइत्त**' અને '**थंभणपुर**' તથા સંસ્કૃતમાં '**स्तम्भनतीर्थ**' લખેલું છે. સંસ્કૃત 'ताम्रलिप्ति' નામ છે તે પણ **ખંભાતનું** નામ હોવું જોઈએ. કેમકે શ્રી અજિતપ્રભસૂરિવિરચિત શાન્તિનાથચરિત્રના છઠ્ઠા પ્રસ્તાવમાં '**તામ્રલિપ્તિ**' અને '**સ્તમ્ભનતીર્થ**' સમુદ્રના કિનારા પર છે, અને પર્યાયવાચક એમ લખેલું છે. સિદ્ધરાજના રાજ્યમાં 'ખંભાત' એક મોટો જીલ્લો હતો. આ અમદાવાદથી દક્ષિણ દિશામાં છે. '**તીર્થકલ્પ**'માં '**स्तम्भनककल्प**' પણ છે.

(૫) ડો: જિ: બુહલરે (G. Buhler) The life of jain monk Hemchander નામના જર્મન ભાષાના પુસ્તકમાં આચાર્યે વિ. સં. ૧૧૫૦માં સ્તમ્ભનતીર્થમાં દીક્ષા લેવાનું લખે છે. વીસમી સદીના ગ્રંથકારોએ આ મતના આધારે પોતાના ગ્રંથોમાં એ વર્ષ લખેલું છે.

આ પાંચે ઉલ્લેખોમાં ઉદયન મંત્રીએ હેમચન્દ્રસૂરિની દીક્ષામાં મુખ્ય ભાગ લીધો હતો, એમ જણાવાયલું છે.

આ પાંચ ગ્રંથોમાંથી બેમાં હેમચન્દ્રની દીક્ષાનું વર્ષ વિ. સં. ૧૧૫૦ અને બેમાં દીક્ષાનું સ્થાન કર્ણાવતી આપ્યું છે, તે ઠીક નથી લાગતું. એમાં કાળક્રમથી સૌ કરતાં પ્રાચીન ગ્રંથ× 'કુમારપાળપ્રતિબોધ' છે. તેના પછી 'પ્રભાવક ચરિત્ર,' તેના પછી 'પ્રબંધ-ચિન્તામણિ' તેના પછી 'પ્રબંધકોષ' અને તે પછી 'કુમારપાળ પ્રબંધ'('જિનમંડનનો' બનેલ છે.

હેમચન્દ્રાચાર્યની દીક્ષા વિ. સં. ૧૧૫૦માં પાંચ વર્ષની ઉમ્મરમાં થઈ છે, એ વાત **પ્રભાવકચરિત્ર**માંથી મળે છે. અને +જિ. બુહલર (G. Buhler) સાહેબ વગેરેએ પણ તેના ઉપરથી એવું માન્યું છે. પ્રભાવકચરિત્રના પહેલાંના ગ્રંથ(કુમારપાલ પ્રતિબોધ)માં પાંચ વર્ષ વિષે કંઈ પણ લખ્યું નથી. બીજી વાત એ પણ છે કે આવી નાની ઉમ્મરમાં જૈન સાધુને દીક્ષા આપવી તેમાં જૈનશાસ્ત્રોએ નિષેધ કર્યો છે. અને આ પર્વ પણ ઠીક નથી; કેમકે જૈનસાધુઓની ક્રિયા(આચાર) બહુ જ કઠિન હોય છે. તેથી વિ. સં. ૧૧૫૪માં નવ વર્ષની ઉમ્મરમાં કે તેની આસપાસ હેમચન્દ્રાચાર્યે દીક્ષા લીધી હોય, એવું મારું માનવું છે. અને તેથી જ કહેવું જોઈએ કે "**હેમચન્દ્રાચાર્યની દીક્ષા પાંચ વર્ષની ઉમ્મરમાં થઈ નથી.**"

હવે તેમની દીક્ષાના સ્થાન(ગ્રામ) વિષે વિચાર કરવો રહ્યો:—હેમચન્દ્રસૂરિએ દીક્ષા '**ખંભાત**'માં લીધી છે, એવું બે ગ્રંથો શીવાય બીજા સઘળા ગ્રંથોમાં લખેલું છે અને એ જ બરાબર છે. જો 'કર્ણાવતી'માં દીક્ષા લીધી છે, એમ માનીએ તો તે ઘટતું નથી. '**કર્ણાવતી**' કર્ણરાજાએ વસાવી હતી. ત્યાં કર્ણનો પૂરેપૂરો સ્વતંત્રતાથી અધિકાર હતો. **સિદ્ધરાજ જયસિંહ**નો ઉદયન '**મંત્રી**' હતો. અને તે સંવત્ ૧૧૫૦માં સિદ્ધરાજ રાજગાદી ઉપર આવ્યા પછી કેટલાંક વર્ષે 'ખંભાત'નો '**મંત્રી**' થયો હતો. પહેલાં તે કર્ણાવતીમાં જરૂર ગયો હશે, પણ મોટો અધિકારી(મંત્રી યા સરસુબો) તો '**ખંભાત**'માં જ થયો હતો, એવું મારું માનવું છે.§

× આ છએ ગ્રંથોની રચનાકાલ ક્રમશઃ—આ પ્રમાણે છે—વિ૦ સં૦ ૧૨૪૧, ૧૩૩૪, ૧૩૬૧, ૧૪૦૫, ૧૪૯૨ અને બુહલરના ગ્રંથનો ઇસ્વીસન્ ૧૮૮૯.

+ આગળ ડો. જિ. બુહલર સાહેબે પણ હેમચન્દ્રાચાર્યના ચરિત્રમાં કહેલું છે કેઃ—"તેમની (હેમચંદ્રની) દીક્ષાના સમયની બાબતમાં **મેરુતુંગ** (પ્રબંધચિંતામણિકાર) ઘણું કરીને સાચા છે. (**પ્ર૦ ચિંતામણિમાં દીક્ષાની ઉમ્મર આઠ વર્ષની લખેલી છે**). અને સ્થાનના વિષયમાં પ્રભાવકચરિત્ર ઘણું કરીને સાચા છે." આથી પણ મારા મતને પુષ્ટિ મળે છે. અને એ સિદ્ધ થાય છે કે હેમચંદ્રાચાર્યની દીક્ષા પાંચ વર્ષની ઉમ્મરમાં નથી થઈ, તથા દીક્ષાનું સ્થાન ખંભાત છે.

§ પૂર્વકાલમાં ભારતવર્ષમાં મોટા મોટા રાજ્યાધિકારી-કૌંસિલર, સૂબા, સરસૂબા વગેરે ઓફીસરો, '**મંત્રી**' યા '**અમાત્ય**' શબ્દથી ઓળખાતા હતા, અને મુખ્ય **દીવાન** તો '**મહામંત્રી**' સચીવ યા **મહામાત્ય**ના નામથી જ ઓળખાતા હતા. કોઈ કોઈ શિલાલેખોમાં દીવાન સિવાયના પણ મોટા અધિકારી માટે 'મહામંત્રી' યા 'મહામાત્ય' શબ્દ વાપરેલો મળે છે.


ઉદયન મંત્રીએ હેમચન્દ્રની દીક્ષામાં સારો ભાગ લીધો હતો÷ તેથી તેમની દીક્ષાનું સ્થાન ખંભાત માનવું ઠીક લાગે છે. બીજી વાત એ પણ છે કે કુમારપાળ રાજાએ હેમચન્દ્રસૂરીની દીક્ષાની યાદગીરીમાં '**ખંભાત**'માં મંદિર બનાવ્યું હતું. એવું પ્રાચીન ગ્રંથોમાં લખેલું છે. તેનાથી પણ સિદ્ધ થાય છે કે તેમણે દીક્ષા 'ખંભાત'માં જ લીધી હતી. જો કર્ણાવતીમાં હેમચન્દ્રાચાર્યે દીક્ષા લીધી હોત તો **કુમારપાલ** ત્યાં જ(કર્ણાવતીમાં) મંદિર બંધાવત. કેમકે તે વખતે 'કર્ણાવતી' પણ કુમારપાળ રાજાના સત્તા નીચે જ હતી.

આ ઉપરથી મારું ધારવું છે કે હેમચન્દ્રાચાર્યની, લગભગ **નવ વર્ષની ઉમ્મરમાં** '**ખંભાત**' મુકામે જ દીક્ષા(જૈન સાધુપણું) થઈ હતી. ગુજરાતના ઇતિહાસમાં આચાર્ય હેમચન્દ્રસૂરિ બહુ જ ઉંચું સ્થાન ભોગવે છે. એથી તેમના જીવન અને સાહિત્યની બાબતમાં વિદ્વાનો ખાસ કરીને ગુજરાતના સાક્ષરો બહુ ઝીણવટથી વિચાર કરે, એમ ઇચ્છી વિરમીશ.

મુનિ હિમાંશુવિજય
ન્યાયકાવ્યતીર્થ

÷ જુઓ પ્રભાવક-ચરિત્ર અને પ્રબન્ધ ચિન્તામણી.

। स्तम्भतीर्थे हेमाचार्यदीक्षास्थाने श्रीआलिंगारव्या वसतिः श्रीगुरुस्नेहेनराज्ञा श्रीवीरबिम्ब-सौवर्णगुरुपादुका विराजिताऽकारि । —कुमारपाल प्रबंध



FOOD-STAR.

→ પુ. ૧, અંક ૪, "આપણો આહાર"ની પત્રિકાના પાના ૨૦મા સામે: જુઓ પેરા ૩જો, લીટી ૨૫મી.

श्रीकृष्णः ।

હારમાલા

(સમ્પાદકઃ **રા. રા. કેશવરામ કાશીરામ શાસ્ત્રી**)

[અનુસન્ધાન ગતાઙ્કે પૃષ્ઠ ૪૨૮ થી, ચાલૂ]

[નરસિંહાશ્રમઃ—] પદ ૧૪ મૂં—રાગ આશાવરી (તાલ જિત)

નરસિંહાશ્રમ કિહિ સન્યાસી; માસ બાવન ખટ કીધા કાશી.
આતમવિદ્યા ત્યહાં અભ્યાશી, તોહિ મુહુનિં ન મલ્યા અવિનાશી. ૧

ઓહત્યર ખટ માસ હૂં પ્રાગ રહ્યો; મુશૂં કશૂં અજાણ્યૂં નથી.
સવાસો વરસ (હું) રહ્યો મથુરા માંહિ, તોહિ ગોવ્યન્દજી મિં દીઠા નથી. ૨

પઞ્ચ્યાશી વરસ હૂં રહ્યો નિમિષારણ્; તપમાં કાંઈ ઓછૂં નથી.
અમ શરખાનિ ઢૂકડો નાવિ, તૂનિં માલા આપવી નથી. ૩

આ ચ્યારિનિં સાસરિ વોલાવો. તાહરી પત્ય હવિં જાશિ ખરી.
નરસિંહાશ્રમ કિહિ સન્યાસીઃ બિઠો રિહિશિ તાહરો હરિ. ૪

[મ્હેતોઃ—] પદ ૧૫ મૂં—રાગ એજ

રિહિ, રે ભગવા ! લવલવ કરતો; ભલો હાંઆં તાં આંથો જા.
રલતાં તાહરૂં સેહર ન વહિ તો, ટાઢી ચોલી ભાખર ખા. ૧

પદ ૧૪ મૂંઃ—રાગ કાહાલેરો. હીપા. ૧. b. આતમવિદ્યા તણો અભ્યાશી. ગ. પાંચ ખટમાસ કીધા મેં કાશી. **હીપા.** c. આત્મ અભ્યાસી હું થયો રે. **હીપા.** ષટ માસ પ્રાગ મિં મરસો. **ગ.** →ફ પ્રતિ bના '**ખટમાસથી** પાછી ચાલૂ. d. મેં ન દીઠા. બ—**હીપા**—ગ. **૨-૩-૪** કડી બદલ **હીપા** માંઃ—

"ઓહોંતર ષટમાસ પ્રાગ માંહાં નાહ્યો, સવાસો મથુરાં સેવ્યું.
તોહે મેં સ્વપ્ને ન દીઠા હરિ, તો તુંને દરસન કેહેવું ? **નરસૈં**૦. ૨
સર્વ ઉપરિ સન્ન્યાસી થાશે. તાહારી પત જાનારી ખરી.
નરસૈંઆશ્રમ એણી પેરે બોલે, તુને હાર નહી આપે હરિ. **નરસૈં**૦ ૩"

૨. d. દીઠડા **હીપા૪—બ. ૨ જી ગ માંઃ—**

"બાર વરસ મથુરાં હું વશીઓ; મૂજથી અન્જાણ્યું કાંઈ નહિ.
નિમિષા-અરણ્ રહો વરસ પંચાણુ; તોહિ ગોવ્યન્દ હું પામ્યો નહિ."

૩. a. પંચાણૂં **બ-ક. a.** b ગમાં નથી. d. ઢાલવી. **હીપા૪—બ-ક.** તે તૂનિ માલા નાપિ હરિ. **ગ.**
૪. a. °ર **સ્ત્રીનિ** મોકલ્ય સાસરિ. ગ. b. °ત્ય નહી તો જાશિ ષરી. **ગ.** d. ને બદલે **ગમાં**:-

"... ... ...**નરસં**આ ! તિ અપત્ય કરી.
વાત કરંતાં વચણ્ વીચસિ; **બિશી રિહિસિ તારો હરિ.**"

પદ ૧૫ મૂંઃ—રાગ કાહાલેરો. હીપા. ગ.માં આ પદ નથીજ. ૧. a. લવરી. **ફ.** b. વારૂં આંહાંથો. **હીપા.** c. °રૂં રુદલ. **હીપા૨.** સોર. **બ-ફ.** d. °ઢી બાલી ભગરચ. **બ-ક-ફ.**

અદેખાઇ કરતો, ટીંટ ! [રિહિનિં]; આંહાંથો પહરો ઊડી જા.
ઓ પેલા છિ વડના ટેટા; ભાવિ તેટલા વીણી ખા. ૨
જો તૂં હિત વાંછાં પોતાનૂં, (તો તૂં) સુન્દરશામ છબીલો ગા.
ભણિ નરસિંઓઃ કહ્યૂં કરિ માહરૂંઃ માલ ધરીનિં વૈષ્ણવ થા. ૩

[મુકુન્દાશ્રમઃ—] પદ ૧૬ મૂં—રાગ એજ

મહારાંડનો માલ ધરાવિ; જોતાં સૂધો કપટી સહી.
ઊભાં તિલક નિ માલ ધરાવિ, તે બ્રાહ્મણનિ ધરવાં નહીં. ૧
મિતાક્ષરા કાઢી જોવરાવો, અને વલી અઢારિ પુરાણ;
અઢાર સમૃત્ય કાઢી જોવરાવો, વલી વેદ ચ્યારનાં જ્ઞાન. ૨
આદિં મધ્યિં અન્તે દેખાઢો; એહવૂં કહ્યૂં છિ કીહિઇ ઠામિ ?
પોતાનુ તૂં ધર્મ ત્યજીનિં, હત્યા ! લ્યાં છાં (રે) તૂં હરિનૂં નામ. ૩
ગિહિલો રાજા; તૂંઅજ ગિહિલો; બિહૂ માંહિ નથી એકિનિં કામ.
મુકુન્દાશ્રમ કિહિ સન્યાસીઃ રિહિવા દિ તાહરો સુન્દરશામ. ૪

[મ્હેતોઃ—] પદ ૧૭ મૂં—રાગ રામગ્રી (૫ટ તાલ)

રે ભગવા ! તે મિં મૂક્યો ન જાયે;
જેહનિં શિવ બ્રહ્માદિક ધાય, રે ભગવા ! ૦—ધ્રુવ.
વિષયી જનનિં ઊધરવા રે, (વાહલિં માહરિ) ભૂતલ્ય અવતાર લીધો.
છોગાલો નિં છિલછબીલો, (જિણિં) વિશ્વ કૃતારથ કીધો. રે ભગ૦ ૧
જિણિ જેહવો દીઠો, તિણિં તેહવો ધાયો. મિં મોગવાણિઓ ન ગાયો.
રાધાજીનિ સઙ્ગિં બીડી સિહિતો, તે મિં રુદિ માંહે સાહયો. રે ભગ૦ ૨
મધુરાં વચન કહી હરિ વીનવિઆ; નિરખ્યા કાહનડ કામી.
વિરહ—વીસારણ ભવદૂખભઞ્જન, મલ્યો નરસિંઆચો સ્વામી. રે ભગ૦ ૩

બાખરી. હીપા. ૨.a. ટીંટાને લેઇને. ક. વૈષ્ણવના ભોગ તો નથી દીઠા. હીપા. b. 'થકી કાંઈ લેઇ હીપા૪. લેઈ. બ. નાસી. ફ.–તેં દાઢા દુઃખના વેઠયા. હીપા. આહાંથી રહેને અલગો. હીપા૧. c. ઓ દીસે પે° બ. બમાં છે નથી. c–d. "ભાવે એટલા ખા વીણી વીણી, ઓ પેલા વડના ટેટા." હીપા૪. ૩. b. રંગીલો. હીપા૪–બ–ક. c. 'ઓ, સૂણ જોગીડા. હીપા.

પદ ૧૬ મૂં—રાગ ધન્યાશ્રી. ગ. કાહાલેરો. હીપા. ૧.a. જોનાં માલા. બ. મુનિ. ગ. b. જોતાં એ તો ક°. ગ. જોતાં કપટી, સુધો નહીં. હીપા. c. ચીર્યું તિલકને છાપા ચોઢ્યાં. હીપા. ઊભૂં...મુદ્રા. ક–ફ. d. ધરમ નહીં, હીપા૪. ગણવો.ગ. ૨. c. દેખાડો. તત્રિ. સહુ મ્યલીનિ સ્મૃત્ય, ગ. d. વેદ. અષાણ. ગ. c–d. "કીહા પુસ્તક માંહે લખ્યું છે જે માલા ધરે મળે પુરુષ પુરાણ," હીપા. ૩ જી હીપામાં નથી. b. એહવો કૃષ્ણ તે. ગ. c. 'ના સ્વામી રામ મૂકીને, બ. d. કીહા હરિનૂં લ્યાં છાં. ગ. ૪.a. ગિહિલી નારયનિ તૂં, ગ. c. નરસૈંયાશ્રમ કિહિ. ગ. મુકુ...હે, નરસૈંયા ! હીપા. d. મૂકી દિ. ગ.

પદ ૧૭ મૂં:—રાગ સામેરી–(હાંસિયામાં રામકલી) ગ. ધ્રુવ—a. કિમ જાય. હીપા૪–બ–ગ. b. ઉદ્ધાર કરેવા. ગ. ૨. b. તિં મગ...એ, ગાયો. ગ. d. માહરા...સમાયો. બ–ફ–ગ. ૩. a. °રે વચને વાહાલાજી, બ. c. °હ—વધારણ. ગ. (વધારેવૂં=નાશ કરવો.).

૨. પૂર્વકથાનુસન્ધાન—

[કવિઃ—] પદ ૧૮ મૂં—રાગ ગોડ઼ી (એકતાલી)

સતર સન્યાસીઇં કીધો સઞ્ચ; મૂલ થાનશૂં માંડો પરપઞ્ચ.
'એ કપટી તાં વારચો ન રહિ.' જઈ વાત રાજાનિં કહિ. ૧
તે ઊઠી રાજા પાસિ ગયુ, પ્રણામ કરીનિં ઊભો રહ્યો;
સમાચાર હૂતો તે કહ્યો; હાર બાંધવા પૂઠિં થયો. ૨
એ કપટીનો પ્રીછ્યો પાર; કન્ત્રાયણનો મગાવ્યો હાર.
લેઇ આગના સન્યાસી તણી, રાજસભા મ્યલી અત્ય ઘણી. ૩
રાજાનિં વીમાસણ થઇ; કહ્યૂં—'માતાનિં પૂછૂં જઈ.'
સમાચાર સમ્ભલાવ્યો એક; **નરસિંઆ**નો કહ્યો વિશેખઃ ૪
'નાશી જાવાનો (એણિં) સઞ્ચજ કહ્યો.' તે સાંભલી **નરસિં**ઓ રહ્યો.
સમાચાર **નરસિં**એ સાંભલી, ચ્યાર સ્ત્રી તેડ઼ાવી વલી. ૫

[મ્હેતોઃ—] પદ ૧૯ મૂં—રાગ સામેરી (પટ તાલ)

નરસિંઓ બોલ્યો જાણી, **સુરસેના** પ્રતિં કિહિ છિ વાણીઃ
'એણિં નાગરિં તો ખરી તાણી. તે તો સઘલી વાત મિં જાણી. ૧
પુત્રી! તમે સાસરિ જાયો, હવિં તમ્યો રલવા પૂઠિં થાયો.'
વલતાં **સુરસેના** કહિ વાતઃ 'તમે ગિહિલા કાં રે, તાત? ૨
હરજી અબલાનો છિ નાથ, આવી અન્તરિ દીધુ હાથ.
હવિં હૂં કીહિ સાસરિ જાંઊં? હૂં ગુણ ગોવ્યન્દના ગાંઊં. ૩
વલી બીજા કોહનિં ન આહરાંઊં. અહ્મે છબીલાજીનિં ધાંઊં.
જયે માહરિ સીમન્ત-છાબમાં બિઠો, તે તો નાગરે સઘલે દીઠો. ૪
તમે ગાયો ગુણ પ્રેમિં આલાપી; તમનિં સૂઝવશિ હાર આપી.
રીશિં મરશિ પેલા પાપી. એ વાત રાખો રુદિ થાપી. ૫
તમે ગિહિલા કાં રે, તાત? સાંભલો **સુરસેના**ની વાત.' ૫½

[મ્હેતોઃ—] પદ ૨૦ મૂં—રાગ ધન્યાશ્રી (પટ તાલ)

કુચ વિચ્ચિં હાર અનોપમ દીસિ,
નિરખતડ઼ાં રે માહરૂં મન હીંસિ. ૧

પદ ૧૮ મૂં—**૧.** c. °ટી વારચો નવિ રહે. **હીપા૪—બ-ગ.** ૩. a. તે તો રાજા, **ગ.** d. કેડ઼ે, **બ.** પૂંઠલ્ય. ગ. ૩. a. પ્રીછો. **ગ.** b. અણાવો. **ગ.** બંધાવ્યો. **હીપા૪.** d. મેલી સભા રાજાઇં. **ગ.** ૪. b. જઇ-'મા°. ગ. સહી. ગ. c. °વૂં **હીપા૪.** d. કહૂં. **હીપા૪.**

પદ ૧૯ મૂંઃ—રાગ ગોડ઼ી-ફ ૧. a. °લ્યો વાણી. **ફ.** c. સબલી તાણી. **હીપા૪-બ.** d. તે તો વાત સઘલે મેં **બ.** ૨. a. °મે. ઊઠીને સાં. **હીપા૪—બ-ક-ફ.** b. કેડ઼ે થાયો **ફ.** d. તમને ખોડ નહિ લાગે (લાગશે **ફ**) **ક-પ્ર.** ૩. b. તે તો અ°. **ક.** દેશે **હીપા૪—અ-ઠ-પ્ર.** ૪. a °નેં ધાઊં. **ફ.** b. °ના ગાઊં. **ફ.** ૫. b. અમનિ **પ્ર.** રીઝવશે. **હીપા૪.** c. જખ મારશે **હીપા૪.** d. એ તાં રાખો રુદે થિર થાપી. **ક-ફ.** e. તમને ખોડ઼ નહીં લાગે, **હીપા૪.**

અનઙ્ગં આહોડ઼ીઇં જાલ માંડીલા, પઙ્ગી કામી જન આવીલા.
જુગતિ કરી જુવતિ જન જોતાં, તતક્ષણુ પાશ પડ઼ીલા. ૨
ધ્યન ધ્યન રત્નહાર ભરીલા, કામી જન આપ વીસારીલા.
નરસિંઆચો સ્વામી તૂં મ વીસારીલા, શરણ તમારિ આવીલા. ૩

[કવિ:—] પદ ૨૧ મૂં—રાગ પરજ (પટ તાલ)

સમાચાર જૈ પ્રેમિં કહ્યો, 'સાંભલિ, સ્ત્રીજી ! તૂંહ રે.
ડાહી માટિ પૂછૂં તૂંનિં આતુર થૈનિ હૂંઅ રે.
ઇણી વિધિં શ્રીજી સાંભલોઃ—ધ્રુવ. ૧

એક ઊનાનો નાગર નરસિંઓ. તે તો લજાવિ મુંસાલ રે.
તે ઊપરિં સહૂઇં પિરિ માંડી, તે જોતાં શૂં જઞ્જાલ રે ? ૨
કન્ત્રાયણ દોરો અણાવ્યો; બાંધ્યો વિચ્યચ્ય પિરિ હાર રે.
કોહોનાં, કરવૂં શૂં ઘટિ ? તૂં છાં ડાહી નારિ રે.' ૩
વલતૂં વચન સ્ત્રીઇં કહ્યું: 'સાંભલો, રાયજી ! વાત રે.
એ તો દક્ષિણાવન્ત નિ દૂધિં ભરિઓ, વૈષ્ણવ માંહિં વિક્ષાત રે. ૪
એ ઊપિરિ કાંઇ કોપ કરશો તો આવ્યો ફીટણ કાલ રે.
જૂનાગઢની પ્રજા કેરાં બાંદ પડ઼શિ બાલ રે. ૫
એહવાનિં જે દૂવિજ્યે તો, તે તહ્મે સાંભલો નિરધાર રે.'
દશે ઠામ્યે રાજા વારચો, સ્ત્રીઇં તેણી વાર રે: ૬
'એક વારુણી–પાન કરતો હોય, બીજો જુહારી જાત્ય રે,
ત્રીજો રાજદ્વારિ મ્યલતો હોઇ, ચોથો ભવાઇઆ સાથિ રે; ૭
પાંચમો પરનારી–ગામી, છઠો કરિ સાધુની તાત્ય રે,
સાતમો જ્યે ચાડ઼િઉ હોઈ, તેહની ન માનવી વાત રે: ૮
આઠમો જ્યે વ્રત લોપિ, નોમો કૂડ઼ી પૂરિ સાક્ષ્ય રે,
દશમો જ્યે કન્યા વેચિ, તેહનિં તાહરા દેશ માંહિ મ રાક્ષ રે. ૯
એ દશ મહા પાપિઆ; એહનો ન કીજિ સઙ્ગ રે;
એ ચ્યારિ મહા સાધવી, જ્યેહનિં હરિશૂં રઙ્ગ રે.' ૧૦

[કવિ:—] પદ ૨૨ મૂં–રાગ અસાવરી (એકતાલી)

માતાનિં જૈ શીસ નામી રાયજી બોલિઆ વાણી રે:
'પરદેશ થકો એક નાગર આવ્યો, તિણે હાર આપ્યો આણી રે. ૧

પદ ૨૦ મૂં:—૨. d. માંડીલા હીપા૪.

પદ ૨૧ મૂં:—રાગ સામેરી. હીપા૪. પાનોલા ક–ફ. ૧. a. '૨ રાએ પ્રે°. બ–ક–ફ. ૨. a. એક તોલાજાનો, હીપા૪ બ–ક–ફ. b. તોલાજ તેહનૂં હીપા૪. ૩.a. મગાવ્યો. ફ. ૪.a. સ્ત્રી એણી પેરે બોલ્યાં, હીપા૪. ૫. d. બન્ધ જ, હીપા૪–બ. ૬.a. નવ દુ. ક–ફ. ૭. b. ભવાઇ હીપા૪. d. જુગારી, હીપા૪. ૮. a. પરસ્ત્રીગમ કરતો, ક. પરદારાગામી, હીપા૪–બ c. 'ઓ, રાજા ! બ. d, માનીએ; બ. ૯. a. નગરમાંહિ, હીપા૪.

માતા ! મૂંનિં રહ્યા પ્રેરિ છે, તે વાત જુઓનિં વિમાશી રે,
તેહવો મૂલ થાન નિં તેહવો સાલગ, તેહવા સતર સન્યાશી રે. ૨

તેહવો ભીમ નિં તેહવો જેઠી, માહરી મત્ય હરિ છે એહ રે.
તમનિં શૂં ઊપજિ છિ, માતા ? વાત ક્હોનિં તેહ રે.' ૩

વલતૂં વચન માતાઇં કહ્યુંઃ 'એ લણ્ડ માણસ તાહરિ પાશ રે;
નથી જાણતો, મૂરખ રાજા ! ગઢ તાં તાહરો જાશિ રે. ૪

બાલૂં તાહરાં દાન એ સઘલાં, [શી આપી તાહરી ગાય રે ?
બાલૂં તાહરાં વ્રત સઘલાં,] જ્યહાં હરિજન દૂહવાય રે. ૫

બાલૂં તાહરા હાથી—ઘોડા; બાલૂં સર્વ ભણ્ડાર રે;
ફિટિ, ભૂંડા ! તૂંનિં ઘિરિ ન રાખૂં, હૂં છૂં એવી નારિ રે.' ૬

[કવિઃ-] પદ ૨૩ મૂં–રાગ વિરાડ઼ી (માઠા તાલે)

'પોલ્યના પણ્ડિતનિં પૂછ્યનાં જૈ, એટલા ઊફરો કોય નહીં,'
તે હૂં મોકલૂં પણ્ડિતનિં સહી; શ્રીપત્ય પણ્ડિત આવ્યા વહી. ૧

શ્રીરાય પ્રણામ કીધુ જઈ; પણ્ડિત પ્રતિ વીનતી કહીઃ
'કોહો, પણ્ડિત ! કરવૂં શૂં ઘટિ ? હૂં દિગમૂઢ થયો શા મટિ ?' ૨

વલતા પણ્ડિત વાણી કહિઃ 'હૂં ન જાણૂં, અણબોલ્યો રિહિ.
તાહરી પોલ્યના બ્રાહ્મણ અહ્યો, રાજાજી ! સાંભલજ્યો તમ્યો. ૩

હઇયા નેલાડ઼ની ફૂટી સહી. તૂં સરખો કો પાપી નહીં.
તાહરી તાં ભૂંડી છિ બૂધ્ય. હઇયા તણી ટલી છિ સૂધ્ય. ૪

હૂં ઊના માંહિં ગયો એક વાર; ત્યહાં નાગરી નાત્ય મ્યલી નિરધાર;
ત્રણસિં બ્રાહ્મણનુ સઙ્કલ્પ કરી, ઉમા–મહેશ્વર આપાં હરી. ૫

તે વાત માંડીનિં કહૂં; સ્વચ્છપણિ સાંભલજ્યે તૂં;
એહની પુત્રીનિ સીમન્તનૂં કામ. ત્યહાં પણ્ડ્યો ખોખલો નાગર–નામ; ૬

તે બરડ઼ક–બોલો છિ નિરધાર. તેહનિં તેડ઼ી મોકલો વેવાહી–દ્વારિઃ
આવી ઊભો રહ્યો વિનિ વીનતી કહીઃ 'તાલકૂટિઆ–ઘિરિ જાઓ વહી'. ૭

પણ્ડ્યો ખોખલો ઉત્તર દિં સહીઃ 'હૂં નુતરૂં ચુકૂં નહીં નિશ્ચિ સહી;
અગિઆર ફૂદિઆં રોકડ઼ાં લ્યઊં, તો આંહાંથી એક ડગલૂં ઘઊં.' ૮

પદ ૨૨ મૂંઃ—૨. a. માતા ! કરવૂં શૂં ઘટે છે ? બ. ૩. a. 'વી જૂઠાં. હીપા૪. c. કોહોને કરવૂં શૂં ઘટે ? બ. d. °ને વિમાશી, બ. ૫. c. બધે સ્થળે બાલાં. બ: બાલો ફ. ૬. a. ઘોલાં, ક. b. ગરથ ભ°, હીપા૪.

પદ ૨૩ મૂં—રાગ એજ. ફ. ૧. b. °રો બીજો કો°, બ-પ્ર. ૨. b. વાણી; ફ. ૩. b ણૂં એમ ઉત્તર દે. હીપા૪. c. →પોલ્યના બ્રાહ્મણ અહમ્યોથી ક પ્રતિ શરૂ. ૪. b. તૂં ઊફરો. કો. બ. ૫. a. હૂં તાંહાં તે ગયો. પ્ર. d. પેરાવાં હરિ. બ. ૬.b. ચિત્તધરી સાં°, ક–ફ. d. કહ્યુઓ ખો°. ફ. ૭. a. બાટક°, હીપા૪-ક-પ્ર, બટક°. બ. છિ અપાર હીપા૪—બ-ક-ક-ફ.

'ખરચનિં ઢીંગલા લ્યુ દસવીસ'. પણ્ડચા ખોખલાનિં ચઢી છિ રીસ,
'લોહી પીતો માહરૂં રહિ, હૂં નહીં જાંણું,' ઇમ ઉત્તર કહિ. ૯
તેહનિં બ્યમણી ખેપ આપી ઘેરિ, પણ્ડો ખોખલો મોકલ્યો ઘિરિ;
તેહની પુત્રીનિં પૂછ્યૂં જઇ: 'તાહરા બાપ કહનિં જાંણીં છૂં સહી. ૧૦
વલી કાંઇ કિહિવરાવાં છાં તૂં?' એહવૂં કહ્યૂં, 'ચાલૂં છૂં હૂ.'
પણ્ડચો ખોખલો પોહતા વહી; નરસિં મિતો વીનવિઆ જઈ: ૧૧
'એઠો થાનાં તૂં તો, લણ્ડ! શૂં માંડી બિઠો પાખણ્ડ?
ગાઈ વાઈનિં પેટજ ભરો, (પણ) મામેરાની ત્રેવડ઼ કરો. ૧૨
રાત્ય દિવસ કૂટાં છાં તાલ; પડ્યો છાં સ્રીને જઞ્જાલ'.
પણ્ડચે ખોખલિં વિહિલ્ય જોતરી, નરસિં મિતે સમરિઆ હરિ. ૧૩
લક્ષ્મીનાથનૂં ભજનજ કરી, શ્રીગોપાલજી મન માંહિં ધરી,
સભા માંહિં બિઠા છે જઈ. સુરસેનાનિં વધામણી ગઇ: ૧૪
'મામિરાના આવ્યા અમ્બાર; સાંભલ્ય, બાઈ! તૂં નિરધાર.'
'કાં આવ્યો માહરો નિર્ધન બાપ? માહરૂં પોતિ પૂરણ પાપ.' ૧૫
ભેટ્યા વેવાઈ, જાણે વલગૂં ઝોડ઼; 'શૂં લ્યાવ્યા મામિરૂં મોડ઼?
જો તુહ્‌તી મામિરાની પિરિ, તો શૂં આવ્યા દીકરીનિ ઘિરિ?' ૧૬
'મામેરૂં કરશિ શ્રીગોપાલ; નરસિંઓ તો વાશે તાલ.
જે જોઈઈ તે લખી આપો હાથ્ય, અહ્મ્યો આરાધશૂં લક્ષ્મીનાથ.' ૧૭
હર્ષે ધરીનિં શ્રીપત્ય રહ્યો. સકલ સભા માંહિં ઠીઠિઓ થયો. ૧૭½

[શ્રીપત્ય;—] પદ ૨૪ મૂ—રાગ મલ્હાર (તાલ જિત)

કોણે કહ્યો કપટી, કોણે કહ્યો કામી, કોણે કહ્યો તાલકૂટિઓ રે આવ્યો.
આપવા મૂકવા નહિં કાંઇ એહને, કોહોરે મામિરૂં શૂં રે લાવ્યો?
ગોપાલજી! તમચી ભક્ત છિ દોહલી, પણ દાસનિં સદા સોહ્યલી. — ધ્રુવ. ૧
તિણિ સમિં પુત્રીઇં વચન એહવૂં કહ્યૂં: 'સભા માંહિ બિઠો શૂં તાલ વાયે?
સાસરા માહરાં માંહિ મિહિણૂં દિ. છે, તે વચન મિં ખમ્યાં ન જાયે.' ૨
'ચઙ્ગ નિ તાલ અહ્મ્યો દેહ સાથિં મૂકશૂં, ધરણી આકાશ યવારિં એક થાશિ;
લોકડ઼ા બોલશિ તે પણ સહીશિ, કૃષ્ણજીનૂં ભજન કયમ મેહલ્યૂં જાશિ?' ૩

---

b. °લો નિરધાર, હીપા૪-બ-ક-ડ-ફ. c. તેડ઼ાવીને વી°, હીપા૪-ક-ડ-ફ. ૮. b. °કૂં, જાઈશ નહી. ડ. માહરૂં નોહોતરૂં ચૂકવશો ભાઈ હીપા૪-ક. વહી. બ. ૯.a. આપાં. બ. ૧૦. a. તાહારે, હીપા૪. c. છો જઈ. ડ-ફ. d. °ને કાહાવાં છે કાંઈ? હીપા૪. ૧૧. a-b. હીપા૪ માં નથી. ૧૩. b. શૂં માંડી બેઠો જ. હીપા૪. પણ્યોં છો સ્રી°. ડ. ૧૪. c. d. ફમાં નથી. ૧૫. a. ભણ્ડાર. ડ. b. લ્ય; તૂંને કહૂં નિ°. હીપા૪ c. આંહાં નિં°. હીપા૪-ક. ૧૭. b. °તો વાંહાંસે તાલ, હીપા૪. આપણો પોતે ચંગ ને તાલ. બ. d. માહામેરૂં કરશે લ°. ડ.

પદ ૨૪ મૂંઃ—૧. a. કામીને સ્થળે લમ્પટી. હીપા૪. b. °ઓ ખોટો રે°. ડ. c. નથી કાંઇ એહને, હીપા૪—બ. d. તે મહીણાં. ડ. કેમ ખમાએ. બ. ૩. a તે સાથેથી જાય. બ. જાશે ફ.

તિણિ સમિં વેહવાઈઈ હાસ્ય એહવૂં કરચૂં, મેહલ્યૂ' ઉષ્ણોદક ત્યારિં પાણી;
'રાત્ય દિવસ જયેહની સેવા કરાં છાં, સમણુ આપશિ તે રે આણી.' ૪
ચૈત્ર સુદિ દ્વાદશી મેઘઘટા ચઢી, ગડ઼ગડ઼ીનિં કૂંડી માંહિ વૂંઠૂં,
સમણુ ઘાતી જયેહવો, નરસિંઓ સૂઝવ્યુ, તેહવો સમસ્ત વૈષ્ણવનિં ત્રૂઠો. ૫

[શ્રીપત્યઃ—] પદ ૨૫ મૂં—રાગ રામગ્રી (તાલ જિત)

ત્યવારિં નાગરે મ્યલીનિં ઢીગજ માંડીઃ 'કોહો તો એ કપટીનિં સાહીઇં,'
કેટલાએક માંહિંથી ઈણી પિરેં બોલ્યાઃ 'લ્યો તો એહનિં વાહીઇ.'
દેવા તોરડા સહજ એશા, જો મન માને તો કરિ આપ જિયસા. —ધ્રુવ. ૧
કેટલાએક મ્યલી વાત એહવી કરિ; દુષ્ટ બોલિ મુક્ય [અસત] વાણીઃ
'કામણુ મોહણુ છિ કાંઈ એહ કનિ, મન્ત્રનિ બિલિ આણાવ્યૂં પાણી.' ૨
'મન્ત્ર નિં યન્ત્રની વાત જાણૂં નહીં, કેવલ કૃષ્ણુ મોરિ વદન્ય ભાખ્યો,
પ્રહ્‌લાદ માટિ સ્થમ્ભ ફોડ઼ીનિં પ્રગટચા, બાલક ધ્રુવ જિણિં અવિચલ રાખ્યો. ૩
ચ્યારિ પદારથ સુદામાનિં આપ્યાં, તમઇ (? તીમો) ફેડ઼ી ત્રિલોચન કીધો.
અમરીષ રાજ ઊતારિઓ આપથી, ચક્રધરીનિં [હરિ] શરણુ લીધો.' ૪
તિણિં સમિ વેહેવાઈ વિચારજ કીધો; ટીપ આપી આણી ત્યહાં રે માંડીઃ
ત્રણ્યસિં સાડલા નિં ત્રણસિં કાપડ઼ાં, ત્ર્યણ્યસિં ચૂંદડ઼ીઆં ચીર સાડ઼ી. ૫
ત્રણ્યસિં ખીરોદક, ત્રણ્યસિં સાવટ્ટ, સાલૂ નિં શણિઆં લખ્યાં તેહ જાણી,
ત્રણ્યસિં દરૂડાલા, ત્રણ્યસિં ઢેસકી, કયહાં થકાં આપશિ એહ આણી? ૬
તિણિં સમિ જમાઈઇં વાત એહવી કહીઃ 'તાહરી દીકરીની સહૂઇ ઠીક માંડી.
સેહિસ બિ સેહિસ આપૂં અછીના તૂંનિં; રાત્ય માંહિં પહરો જાનાં છાંડી.' ૭
'દીકરીનૂં લ્યે તે કુમ્ભીપાકે જાઈ; ચાલતૂં હલાહલ કૂણુ ખાયે?
કૃષ્ણજી શરખો છે માહરે સખાઇઓઃ માહમિરૂં કીધા વિના નહિ રે જાયે.' ૮

[મ્હેતોઃ—] પદ ૨૬ મૂં-રાગ અસાવરી (તાલ જિત)

જનનીઇ મેહલ્યા નર જીવિ, સ્ત્રી વછોહ્યાં મરી જાયે, રે માય!
સમ્પત્ય-હીણુ તે શબવત દીસિ, મરે, ન જીવતા થાય, રે માય! ૧
વિશ્વજનેતા સાગર-તનયા, હરિ-અરધ્યાંગિં તૂં, કમલાય!
કૃપાકટાક્ષ જોઓ અમ ઊપિરિ, નરસિંયો કાં વીસારીલા, માય? ૨

d. મૂકિએ બ. ૪. a. વેહવાણાં, હીપા૪—ક. b. મૂકયૂં. ડ. c. °નૂં ભજન કરો છો. હીપા૪—બ-ક. ભજન જેહેનૂં ફ. ૫. b. °ડ઼ી ગાંજી કૂં°. બ. c. રીઝચ્યો. હીપા૪.

પદ ૨૫ મૂંઃ—રાગ વેરાડ઼ી ૪. c. કેટલાએક વચન બો°. બ-ક-ડ. d. એ લડીઆ° હીપા૪. લ°ડને. બ-ક. c. ગોપાલજી તો°.ક-૪. ૨. a. મન્ત્ર વડ઼ે એણે આલ્યૂં પાણી. બ-ડ-૪. યન્ત્રને ડ. ૩. b. ૨૬. હીપા૪. ૪થી હીપા૪માં નથી. c. ઊગારિઓ શાપથી. ડ-ફ. ૫. a. ચૂનડ઼ી, આવી શાડ઼ી ડ. ૬. a. સાવટા બ-ડ-ફ. °ટૂ. ડ. ૭. a. °એ વચન એહેવૂં કહ્યૂં. હીપા૪. c. °સ લગી આપૂં હૂં છાંનાં. હીપા૪. d. પડશે જાનાં. ડ. ૮. a °કે પડે. ડ-૪. d, મુશાલૂં. હીપા૪.

પદ ૨૬ મૂંઃ—રાગ વેરાડ઼ી હીપા૪. ૧.a. વછોઆ બ. નવ, હીપા૪. d. મરીને, હીપા૪. મરેને ક-ફ. ડ-બ.માં ૧ c-d. નથી.

[શ્રીપત્યઃ—] પદ ૨૭ મૂં-રાગ રામગ્રી (એકતાલ)

લક્ષ્મી ત્રૂઠાં કૃપા કરી, : છાબ છાહલ—સોનેયે—ભરી.
અનેક પરોલાં ખીરોદક સાર; કમખા—ભાત્ય ન લાભિ પાર. ૧
યેટલૂં લખિઊં કાગલ માંહિં, તે સર્વ પૂરૂં રણછોડરાય.
લક્ષ્મીયાં જો કીધો નિવાસ, સહૂ કોણે કીધુ વિશ્વાસ. ૨
વેવાઇ મન માંહિ કરિ વિચાર: 'એ કોએક કારણુ—અવતાર.
નરસિંઓ મિતો સેવક સાધ—અહ્મે અનેક કીધો અપરાધ.' ૩

[શ્રીપત્યઃ—] પદ ૨૮ મૂં-રામગ્રી (તાલ જિત)

ચૈત્ર સુદિ ત્રયોદશી દિવસ સીમન્ત તણો; છાબ માંહિં મહારાજ બિઠો.
નાગર સઘલા દ્વેષ કરતા હૂતા, તેણે પણ ચતુર્ભુજ-રૂપ દીઠો.
દેવા ! ભક્તવચ્છલ સદા બરદ છે સાચૂં, અવરિ કો દેવનિં હૂં ન જાચૂં-ધ્રુવ. ૧
સાડલાના ખૂકચા સહૂ લેઇ જાએ, તેહનિં ઊલટ અંગ્ન [કયમે] ન માયે.
એ તો કો એક અદ્ભુત હોયે અવતારિં; એહની વાત કોણિં ન થાઇ. ૨
તિણિં સમિં પુત્રીનિં વચન એહવૂં કહ્યું: 'રખે બાઈ! કાંઇ મનોરથ રખાયે.'
'નણન્દની નણદી. નામ નાહની બાઈ, કાપડૂં આપો તો વારૂ થાયે' ૩
'આપનારો હૂતો તે આપી મૂકી ચાલિઓ, હવિં ગિહિલી ! કાંઇ ન થાયે.
તુલસી ચરણોદક ઝાઝાં છિ માહરિ, તે લેવા તણી ખાંત્ય થાયે.' ૪
કીધૂં માહમિરૂં નિ આરત્ય ભાગી, સહૂ કોણે વિશ્વરૂપ દીઠો.
નરસિંઆનિં જ્યેહવૂં કીધૂં માહમિરૂં, તેહવો સમસ્ત વૈષ્ણવને ત્રૂઠો. ૫

[શ્રીપત્યઃ—] પદ ૨૯ મૂં-રાગ વિરાડી (એકતાલી)

રાજાઇં સમાચાર સાંભલી, સહિંઆસનથા પડ્યા હેઠા ઢલીઃ
'અસત્ય અપરાધી હૂં છૂં આજ; મુજ ભૂંડાનિં નથી લાજ.' ૧
ત્યવારિં શ્રીપત્ય કહિ, 'સુણો નિરધારઃ મિં તાં જપ જાગ્ય કીધા ત્રણવાર;
મહારુદ્ર કીધા વાર ત્રેવીસ; અતિરુદ્ર કીધા વાર એકવીસ; ૨
ભાગવત-ભારથ સુણ્યાં પુરાણ; જૂઠૂં બોલવા નારાયણની આણિ;
અનેક તીરથ હૂં તાં ભમ્યો; મિં માહરો ઘણૂંઇ દેહ દમ્યો; ૩

પદ ૨૭ મૂં:—૧. d. લાધે. બ. ૨. d. કોને આવ્યો. ડ-ધૃ. માને, હીપા૪. માનો, બ. ૩. a. સ્વામી માહરો અનેક અપ૦. હીપા૪. આપણ કીધા બહુ અપ૦. ડ-ધૃ.

પદ ૨૮ મૂ:—રાગ સામેરી હીપા૪. ૨.c. અવતરો. ડ. ૩.a. પુત્રીએ. બ. d. રાખો કાંઇ બ. c. દીકરી. બ. ૪. a. મૂકી ગયો. ધૃ. b. ગહિલી ! હવાં કાંઈ આપૂં ન જાએ. હીપા૪-બ-ક-ડ-ધૃ. d. લીધા. ક. ૫. c. મોશાળૂં. ક.

પદ ૨૯ મૂ:—૧. b. ૦ડિયો ઢલી. હીપા૪-બ. ૦થી બેઠો ઢલી. ધૃ. c. અધરમી અપ. બ. d. નહિ કાંઈ હીપા૪-બ-ક-ધૃ. ૨. b. વાજપે જાગ્ય. ડ. c. એકવીસ. ડ. d. ત્રેવીસ. ડ. ૩. b. તમારી આણ. બ. ૪.c. પછી—"રાજાને મનિ વિસ્મિ થઓ. હીપા૪-બ-ક-ડ-ધૃ.

પણ્ય નરસિંઆતી કથા સાંભલિ, બ્રહ્મહત્યાદિક પાતક ટલિ.'
એ સમાચાર પણ્ડિત કહી રહ્યો, સેવક વારવાનિં મોકલ્યો. ૪
કહી વચન તે પાછો વલ્યો; તેહનો બોલ કુણિ ચિત્ત ન ધરયો. ૪ક્

[ભીમ:—] પદ ૩૦ મૂં-રાગ રામગ્રી (પટ તાલ)

વૈરાગ્ય પાખિ નથી પામવો રે ભગતવછલ ભગવાન.
મિતાક્ષરા કહ્યાવિયે ને વલી સમ્રત પુરાણ. ૧
વૈરાગેં સનકાદિક છૂટા, ધ્રુવ અમરીષ પ્રહ્લાદ;
અન્તરિ આવી હાથ દીધો; ઊપનો ઉહલાદ. ૨
વૈરાગ્ય હૂતો વિદુરનિં રે; પ્રસન્ન થ્યા જગદાધાર.
તાહરી પિરિં આમ ઊત્રાડો, કૂણિં ન ગાયો શૃઙ્ગાર. ૩
શૃઙ્ગારે ગાતો તૂં વગૂતો, નાગર! [તૂં] નિરધાર.
વૈરાગ પાખિં જાણજયે તાં નથી ઢાલવો હાર. ૪

[ઊથલો]

નથી ઢાલવુ હાર, સ્વામી! ભીમ ભણીઃ કૃપા કરો.
નાગર સઘલા એહવા મ્યલ્યા છે; તમે આંથા નવયુગમ ગણો. ૫

[મ્હેતોઃ-] પદ ૩૧ મૂં-રાગ એજ (તાલ જિત)

દુરીજન લોક કહિ, 'નરસિંઓ લમ્પટી'; વાધતી વાત રાજાયે જાણી.
દુષ્ટને વચન મણ્ડલિક વિહ્વલ થયુ કહિઃ 'લ્યાવો નરસિંઆનિં આંહાં તાણી.' ૧
શીઘ્ર સેવક નરસિંઆનિં લ્યાવિઆ. કિહિ મહીપાલઃ 'તૂંનિં દાસ કરીઇં (? કહીઈં).'
તાહરિ પ્રીત્ય દામોદરશૂં બ્યહૂ, માગી લિ હાર જયમ અહમ્યો લહીઇં. ૨
તે માટિ કરૂં વીનતી, ત્રીકમા! પાલશો બરદ તો કાજ થાશિ.
ભણિ નરસિંઓ : તૂં ભક્તવચ્છલ સદા; હઠ કરશો તો [મુઝ] પ્રાણ જાશિ. ૩

---

c. કહૂં રાજાને મોકલો આંહાં. હીપા૪. કહ્યું રાજાને મોકલયો આંહાં. ડ-૫. ડ-ક-ફમાં ૧ ચરણ વધારેઃ—રાગ રામગ્રી કીધો ત્યહાં.ડ-ફ. તિહાં કર્યો. ક.

પદ ૩૦ મૂં:—રાગ આશાવરી, હીપા. ૧.a-b. ૦તું, અકળ સ્વરૂપ ભગ૦. હીપા. b. ભક્ત કિમ, હીપા૪-અ-ક. c. કાઢીએ. ડ. કાઢી જોવરાવો, હીપા૪-૫. c-d. "સમરે દરસન ક્યાંથી આપે, આતમજ્ઞાન." હીપા. ૨. a. ૦ક ભોગવે હીપા. a-b. "તે દિશા તુંને ક્યાંહાંથી નાગર? મિથ્યા કરવો વાદ." હીપા. ૩. a. ૦નીઆં જૈ જમ્યા. ડ-૫. a-b. ૦ગ્ય વિદુરને જો હુતાં, તો પામ્યા વિશ્વા૦. હીપા. ૪થી-પમી બદલ હીપામાંઃ—

"લંપટપણે તું હાર નહી પામાં, એ રાઢ મિથ્યા લાગી રે.
ભીમ ભણે, કહ્યું કર માહારૂં. નરસૈંયા થા વેરાગી રે."

પદ ૩૧ મૂં:—આ પદ હીપા૪-અ-કમાં નથી. ૧. a. હે હરિ. ૫. હીપા. c. લિક કોપિયો. ફ. વીહીલો થયો. હીપા. d. "લાવો વિગિ નરસૈંયાનિ તાણી." હીપા. ૨. a. "સેવક શીઘ્ર તાંહાં તેડી મુઅનિ ગયા." હીપા. c. તાહારિ. હીપા. d. "હાર મગાવ્ય જંમિ અમિ રે લહીયિ" હીપા. ૩.a. "તે માટિ તું નાથનિ વીનતી કરૂં." હીપા. ૦ટિ ત્રીકમા, હૂં વીનતી, તન્નિ. b. આપશો હાર તો, ક; ને, ૫. d. જીવ ડ-૫-હીપા.

[ભીમ:—] પદ ૩૨ મૂં-રાગ એજ (એકતાલી)

તૂનિં નિર્ભિ નિદ્રા આવિ કયમ્મ; ચેહનિ માથિ વિરી સરખો યમ્મ ?
પાંચે ભૂતેં બાંધ્યો દેહ; મૂરખ તેશૂં કરે સનેહ. ૧
દારુણ જરા દીસિ વિકરાલ; ઊપિરિ ભમિ સીંચાણો કાલ.
ભીમ ભણિ: આણો મન માંહિ; યમની વહી બોલો જલ માંહિ. ૨

૩. હારની વીનતી–

[મ્હેતો:—] પદ ૩૩ મૂં—રાગ એજ (તાલ જિત)

તૂં દયાશીલ; હૂં દીન, દામોદરા! ઇન્દિરાનાથ! એહવૂં વિચારી
ચરણનિ શરણ આવ્યો, ક્રિપાનાથ! હૂં; કરિનિં, ગોપાલ! સમ્ભાલ્ય માહરી. ૧
દેવના દેવ! સુણ્ય, દેવકીનન્દન! ['ભક્તપાલક,' એહવૂં બરદ તાહરૂં.]
એહ જાણી ઘટે ત્યમ કરો, ત્રીકમા! અવરચ અધિપત્ય કો નથી માહરે. ૨
માહરા કર્મનિં ભાલવેશ, ભૂધરા! 'પતિત પાવન,' તાહરૂં બરદ જાશિ.
છાંડતાં તોહિ કિમ છૂટશો, સામલા? છોડશો તો ઉપહાસ્ય થાશિ. ૩
દુષ્ટ ભાવિ ભરી તં હણી પૂતના; તેહ યમદૂત-પથ[થી] નિવારી.
મામકી નારિ કીર્તન કરી ઊધરી, એમ તો કોહનેં કો, મોરારિ! ૪

પદ ૩૨ મૂં:—હીપા૪-બ-કમાં ૩૧-૩૨માં પદ ઊ૦ પા૦. આ પદ હીપામાં નથી. ૧. d. તે શૂં કશો સનેહ? હીપા૪. બ-ક. ૨. c. મન આણો ચાહ. ૫. આણો મનશૂં ડ-ફ. d. યમની વાટ. બ.

પદ ૩૩ મૂં:—૧. a. સદા તૂં દયા° હીપા૪-બ-ડ. ૫-હીપા. હરિ! તું દયાળ. ન. "સદા તૂં દીનદયાલ, હૂં દીન, તૂં દામોદર, અમરના નાથ, તૂં જોયો વિચારી," તન્નિ. તૂં સદા દેવ. હીપા૧. d. °નાથ જોનાં વિ° ડ. જુઓ. હીપા૨-હીપા૪. 'જુઓ દીનાનાથ હૃદયે વિચારી,' ન. c. તોરા ચરણ°. હીપા૪-બ-ક. 'શરણાગતિ જાણીને હું શરણ આવિયો.' હીપા, d. કિરિ સંભાલ માહારી. તન્નિ. ૨. a. દેવકીબાલક! હીપા૪-બ-હીપા૨-ક- ડ-૫-હીપા. b. વિશ્વપાલક. ડ-હીપા-હીપા૧. c. °રો નાથજી! ક. વિઠુલા! ન. °ણી જિમે ઘટે તમ, નાથજી! હીપા૪-બ. પોણ પોતા તણું પાળીએ, નાથજી! હીપા. d. અવર અદાપ નહિ કાંઈ મારૂં. ન. 'રચ કો ઠાકોર નહીં અમારે. હીપા૪-બ-ક. ૩. a.જો ભા°. હીપા૪-ક-૫. ભાળીશ. હીપા. ભૂલીશ. ન. c. છોડતાં તો નહીં છૂટો, શરણાગત્ય! ડ: છાંડતાં. ફ-હીપા૨-તન્નિ. શામળા. ન. d. છાંડતાં. ડ-ન, (નમાં ૩-૪ કડી ઊ૦ પા૦.); છાંડશો તો, હીપા૧. ૪. a. °વે કરી પૂતના તેં હણી. ડ-ફ; તારી તેં. ન. 'ચકી તારી તેં પૂતના. હીપા. b. ઘોર નરક વિષેથી ઉગારી, હીપા. તેનો જમદૂતનો ભય નિવારી. ન. c. °કી નામ. હીપા૪-ડ-૫-ન; 'ન મિસે. હીપા૪-ક-ફ; શુક ભણાવતાં મામકી ઊ૦. હીપા. d. ત્યમ તૂં મુહને રાખ. મુ° ડ. તું વિના કોણ તારે મો' ન. શાપ મુકાવી ગૌતમ-નારી. હીપા. ૫. a. તાહરે નામ દ્રુપદી અમ્બર પામિઆં, હીપા૪-બ-ક-ડ-૫. નામ સમરતાં, હીપા૧. દ્રૌપદીને તે પટકુલ પૂરિયાં, ન. b. અવિચળ પદ ધ્રુ પામ્યો આગે, હીપા. થાપિઓ ધ્રુવ અવિચળ આગે. ન. c. એમ જાણી, હીપા૧. તેમ તાહારા નામનેં નરસૈંહો જપે. ફ. દાસ નરસૈંયો તુજને ભજે જપે, ન.

નામ જપતાં દ્રુપદી[નાં] પટ પૂરિઆં; ધ્રુવ ભગત પામિઓ અચલ(પદ) આગે.
ઇમ [તો] તાહરે નામ નરસિંઓ જપિ, રાક્ષ ચરણે; રખે લાજ લાગિ! ૫

[ભીમ:—] પદ ૩૪ મૂં-કેદારો (તાલ જિત)

ગર્વ ન કીજિ, ગિહિલડા! શૂં માન ગમાયુ?
નામ નારાયણ મૂકીનિં શૂં કામ કમાયુ? ગર્વ૦ ૧

શાહનિ કાજિયં આવિઓ? શૂં કારજ્ય કીધૂં?
અમૃત આલિં ઢોલિઊં, હલાહલ પીધૂં. ગર્વ૦ ૨

છતે નેત્રેં તૂં આંધલો. મન્ય જોનાં વિચારીઃ
જેહવી જનેતા આપણી, તેહવી પરનારી. ગર્વ૦ ૩

કૃષ્ણજી વ્યનાં જ્યે તૂં કહિ, તે કારજ્ય કાચૂં.
વિશ્વાસિં સિષ્ય પામીઇ; મન્ય જોનાં સાચૂં. ગર્વ૦ ૪

રઙ્ગું લાગ્યો રૂડા રામશૂં; તેહનૂં કારણ એહ.
ભીમ ભણિઃ ઇમ જાણજ્યો, જૂઠો છે દેહ. ગર્વ૦ ૫

[મ્હેતો:—] પદ ૩૫ મૂં-રાગ એજ (તાલ જિત)

ભકત્યચા ઇશિ તૂં, વિષ્ણુ! કાહવાં સદા; કાંગુઆ-દાન કિશા, માહરા વાહલા?
વિપ્ર સુદામાનિં નવનિધ્ય આપી તો, હું આગલિ તૂં શિં નાવાં? ૧

હવડાં ક્રિપણ થ્યો જાણતો શિં નથી? સદાય સેવકજન-પ્રતિપાલ!
નાશીનિં ખૂણિ જૈ બિઠો [તૂં, ભૂધરા!] કાલયવનનો આણ્યો કાલ. ૨

---

d. શરણે. ફ-ન; ૦ણે નહીં તો. ન; રખે મુને રખે ખોડ઼ લાગે! હીપા૪-અ-ક. c-d. "ભણે નરસૈં, હઠ આવી પડ઼્યો. હારને આપાં, તુજ પાએ લાગે." હીપા.

પદ ૩૪ મૂં:—રાગ રામગ્રી, હીપા. હીપા૪-બ-કમાં ૩૪-૩૫મૂં ઊ૦ પા૦ ૧ d. સાન. ડ-ર્પ. ભરમે ભમાયો? હીપા. c-d. "સુક્રીત લજા ખોઇ હઠે શું કામ કમાયો?" હીપા. ૨ જી કડી હીપામાં ૩ જી પછી. આ ૨ જી હીપામાં:—

"શાહાને આરથે આંહાં આવ્યો? આવી કાર્ય શું કીધું?
વિવેક—અમૃત મુકી કરીને હઠ હાલાહલ પીધું રે."

b. આણી. હીપા૪. ઢોલીને, બ-ક-ડ-ફ. ૩. a. ત્રે અંધવત થયો. હીપા. થયો આંધલો. બ; નેત્ર છતાં થયો આંધલો. ક-ડ-ફ. c-d. "છે મોટું ધારણ માયા તણું તેણે મુકયા રામ વિસારી." હીપા. ૪ થી ૫મી બદલ-હીપામાં:—

"અણચિંતવ્યુ બોલીએ નહી, શું રૂદે થયું શૂન્ય?
અચ્યુતાશ્રમ કહે, હઠ તજીને કરો મેહેતા મુન્ય."

૪. a. કરો. બ-ડ-ર્પ. d. જો મન હોએ. ડ-ર્પ. ૫. a. ૦ણે, તું તો. હીપા૪. d. છેટો. ડ.

પદ ૩૫ મૂં:—૧. a. દેવા ભ૦. હીપા૪-બ-ક-ફ-તન્નિ. a. b. હીપા૪-ડમાં ઊ૦ પા૦; કૃષ્ણ. હીપા; ભક્તના ઈશ તુને વિશ્વ સૌ કો કહે, ન; સદા હીપા૪-બ-કમાં નથી. b. કશાં રે વાહલા? હીપા૪-અ-ક; કાંગવા કેરાં તે દાન કરશાં? ન. c. ૦ધ મોકલી. ન. d. હૂં આડો શે. હીપા૪. ૦ને આડો, બ-ર્પ; ને આજે યાં ડ; વિદુરને મંદિર વાસો વશ્યા. ન. ૨. a. કૃષ્ણ કૃપાળ

શિશુપાલ, જરાસન્ધ, કંસ, નરકાસુર, તેહ તણાં બલ [અનિં] માન મોડ્યાં.
પૂતના, અઘાસુર, કેશી નિં બકાસુર; વૈરભાવિં તેહના બન્ધ છોડ્યા. ૩
ભાવ-કુભાવિં જિંણિ તૂંને ઉપાશિઓ, ગર્ભવાસ નાવિ તે રે વલતો.
ભણિ નરસિંહોઃ હૂં ભાવરહિત વર્ણવું, રંખે રાખાં મૂંનિં તૂં રે ટલતો! ૪

[મુકુન્દ સરસ્વતીઃ—]પદ ૩૬ મૂં-રાગ પરજિંઉ (એકતાલી)

કામી કપટી સૂધો લણ્ડ; શૂં માંડી બિઠો પાખણ્ડ?
તૂં રિહિતો, વશ વૈકુણ્ઠનાથ, તે અહ્મનિં દેખાડિનિં આજ. ૧
(હરિ) ભક્ત-વ્યહોણો ભૂલો ભમિ. શા માટિં તૂં સ્ત્રીનિં દમિ?
કૂડી ભક્ત; નહીં ફલ લહિઃ મુકુન્દ સરસ્વતી ઇણી પિરિં કિહિં. ૨

[મ્હેતોઃ—] પદ ૩૭ મૂં-રાગ રામગ્રી

શ્રીમદમાતો, શ્રીધરા! તુહને, વીઠલા! ભક્ત કાં વીસરા?—ધ્રુવ.

ભવતાપનિવારણ, ત્રીકમા! એહવૂં નામ તાહરૂં ત્રૈલોકમાં.
તૂં ભવદુઃખભઞ્જન, ભૂધરા! કે તૂં લમ્પટ થ્યો, લક્ષ્મીવરા? શ્રીમદ૦ ૧

સાર કરુ માહરી, સામલા! મુનિં હાર આપુ તુ કહૂં ભલા.
કિહિ નરસિંઓ કરગરીઃ એહવૂં નવૂં ન હોઈ, નરહરિ! શ્રીમદ૦ ૨

[ભીમઃ—] પદ ૩૮ મૂં—રાગ એજ (તાલ સુરફાગ)

પરમ ધામ પામેવા કેરૂં કંણિ કારણ કાંઈ ન વિચારૂં.
કણ્ડ કથન કોહનૂં નવ્ય માન્યૂં; હાર-મિશિ પણ હારયો. ૧

કાલાવાલા કશા કરિ છે, જો નવ્ય જાણૂં પિહિલૂં?
નરહરિ સાથે નેહ નહીં તો, ગર્વ કરિ શૂં ગહિલુ? ૨
સાન વ્યના મન માન ધરીનિં વિષિં મોકલિ માહલ્યો.
ભીમ ભણિઃ હવિં છૂટશો સાચિઃ સહિં સાંકડિ઼ ઘાલ્યો. ૩

કૃપણ થયા શ્રીહરિ. ન. b. ભક્તની ભીડ જાણો ગોપાળ. ન. ૦ક તણા પરતિ૦. હીપા૪-ડ. c. જે પેઠા છે. હીપા૪-મ-ડ. નાશી કરીને ગિરિ મધ્યે જઈ રહ્યા. ન. d. કાળયવન નોચે શિશુપાળ. ન. ૦ન તણો છેરે. હીપા૪. ૦તણો આણો. બ-ડ. ૩. a. જરાસંધ કંસ કેશી નર૦. ન. b. અહંકાર. ન. c. અઘાસુર બકાસુર વેરભાવે કરી, ન. d. તે તણા તનના બંધ છોડયા. ન. ૪. a. જે તુંને ઉપાસે. હીપા૪. જેણે આરાધિયો. ન. c. હૂં દીન થઈ વરણવૂં. ન. d. તેહ ટલતો. હીપા૪-ડ-પ. રાખ્ય રે રાખ્ય મુને બાપ બળતો. ન.—હીઆમાં આ ભાવનૂં જુદું જ પદ છે. તેની અહીં અનાવશ્યકતા જોવાથી આપવામાં નથી આવ્યૂં.

પદ ૩૬ મૂંઃ—આ ૩૬મૂં-૩૭મું હીપા૪-બ-કમાં ઊ૦ પા૦. આ બે પદ હીપામાં નથી. ૧. c. ૦તો હઇશ. હીપા૪. ૦ઠ રાજે. હીપા૪. d. મુજને. હીપા૪-ક. ૨.a. ૦આશ્રમ. હીપા૪-ક. એમ વાણી. ક.

પદ ૩૭ મૂંઃ—તશિમાં પદ લખવૂં રહી ગયૂં છે. ૧. a. ભય તાપ. ડ-ફ. ત્રહી તાપ. હીપા૪-બ ક. ૨. d. એહવાને. હીપા૪-બ-ક; હવાં. ડ.

પદ ૩૮ મૂં—આ પદ પ્હેલાં હીપા૪-બ-ક ૫૭મૂં પદ વાંચે છે. આ પદ હીપામાં નથી. ૧. c. વચન. ડ. d. હાર સમે. ડ-પ.

[મ્હેતોઃ—] પદ ૩૯ મૂં–રાગ એજ (તાલ જિત)

માહરિ તાહરા નામનો આશરો; તૂં વિના કૂણ કરિ સાર માહરી ?
દીનનો નાથ તૂં સદાય, દામોદરા! અવસરિ આવ્યનિં લિ ઊગારી. ૧

ભક્તની લાજ તૂં રાક્ષ્ય, લક્ષ્મીવરા! નામ 'દયાલ', તૂં; બરદ ભારી.
તારે કૂણ છે સેવક, સામલા? માહરિ કિહિવાનિં [એક] ઠામ તાહરી. ૨

મણ્ડલિક રાયનૂં નામ વાધ્યૂં ઘણૂં, તહ્નો ચીત ધરો, નાથ માહરા!
ભણિ નરસિંઓઃ ભૂતલિં અવતરી, અહર્નિશ હૂં ગુણ ગાંઉં તોરા. ૩

[રામાનન્દઃ—] પદ ૪૦ મૂં—રાગ આશાવરી (એકતાલી)

રામાનન્દ સન્નયાસી ઇણી પિરિ' બોલ્યોઃ ભીમડિ તાં વૈરાગ ગાયો.
નરસિંઇ તાં શણગાર ગાયો. બહૂ માંહિ એકિ જાયે ન વાહ્યો. ૧

નાહની મોટી સભા માંહિ એ તાં પદ ઊઘાડાં ગાયે.
ભાઇઓ ! નાગરો; એહનિં શૂં કહીઇ? નીલજ ઊઠી શેં ન જાયે? ૨

એતાં કોહનૂં કહ્યું ન કરિ, કલેવર કરતો કોણ રાખિ?
કો છે રે સન્યાસી આંહાંસરો, ગલિ સાહીનિં પહરો નાંખિ? ૩

ટીટોત્ર જાત શીદ તેડી આવ્યો? એવડો અનરથ કાં કીધો?
નરસિંઆનિં એક વાર વારીશિ, એહવો પરઠ તે કરી લીધો. ૪

[મ્હેતોઃ—] પદ ૪૧ મૂં–રાગ એજ (તાલ ઝપટ)

તૂં કિશા ઠાકુર? હૂં કશા સેવક? જો, કર્મચા લેખ ભૂંશા ન જાય.
મણ્ડલિક હારનિં (કાજિં) પિરિંપિરિં પ્રભવિ, છબીલા વ્યના દૂખ કહ્યું ન જાય. ૧

પદ ૩૯ મૂંઃ—આ પદ માત્ર. **હીપા૧–તત્રિ–ડ–ફ–ન**માંજ છે. ૧. b. **તૂં વિના સાહે કોણ કરે મારી? ન.** c. દીનબન્ધુ તમે. **ન.** ૨. b. °નૂં ડ-ફ. 'પતિતપાવન,' એવૂં. **હીપા૧**; °ધારી. **ન.** c. કોટિ છે. ડ–ફ. °લ ઊગારિયો. **હીપા૧.** d. મારે તો એક છે આશ તારી. **ન.** ૩.a. °ને માન વાધ્યૂં. ફ. d. °શ ગુણલા ગાશેં. **ન.**

પદ ૪૦ મૂંઃ—આ ૪૦મૂં **હીપા૪–બ–ક**માં ઊ૦ પા૦. આ પદ **હીપા**માં નથી. ૧. b. °ડા ગાયે. **હીપા૪–બ–ક–ડ–ફ.** c. °હો...ગાયે. ડ. d. કો. ડ. °વાહ્યો ન જાયે. **હીપા૪–તત્રિ–બ–ક–ડ–ફ.** ૨. a. નાગરડી બેઠી. **હીપા૪.** નાની ધરડી. બ; નાહની ગરઢી બેઠી સભા માંહે. ડ–ફ. ૩. a. એ કોહોનૂં વારૂં નવિ કરે. **હીપા૪–ડ–ફ**; છે કો ઊભો નાગરાને વારે? બ. b. લખલખ. **હીપા૪.** ઠલમલ. ક, ઠલ કરતાં. ડ. કલરવ. ફ. c. °હા ઊભો. બ. ૪.a. ઠીડીઓ તરજાત. **હીપા૪.** a–b. "એકવાર નરસૈંયાને એવો સઝ્ઝ કીધો." બ. c d. "રામાનન્દ સંન્યાસી એણે પેરે બોલ્યોઃ અમો અમૃતરસ પીધો." બ. d. પર તે. **તત્રિ.**

પદ ૪૧ મૂંઃ—૧. a. ભગત. **હીપા૪.** ચાકરા. **હીપા૧–ન.** b. મટયા. **હીપા૧–હીપા૪.** c. રાજા વિ°. **હીપા૪–ક**; °માટે મને બહુ દમે. **ન.** d. °ના હારદ કો ન કહેવાયે? **બ–હીપા૧–ન**; દુઃખ કુણ જાણે. **હીપા૪** ૨.a. મુનિ કુણે કહ્યો...કુણે કહ્યો. ક; °હે કપટી. **હીપા૪.** °લમ્પટી...કામી. **હીપા૪–બ–ફ–ડ–ફ**; કો કહે કામી...કપટી. **હીપા.** c °રિ, શ્રીહરિ. **બ–હીપા,**

કો કહિ લમ્પટ; કો કહિ લોભિઓ; કો કિહિ તાલકૂટિઓ રે ખોટો.
સાર કરિ માહરી દીન જાણી, હરિ! હાર આપાં તો કહૂં નાથ મોરો. ૨

બહુ પાસેં સૂંદરી; કણ્ઠ બાંહો ધરી. કેશવા! કીર્તન ઇમ હોયે.
અજ્ઞાન લોક તે અશુભ વાણી વદિ; પૂર્ણ ભકત, તે પ્રેમિં જોઈ. ૩

યહિંઈ મહાદેવજઇં પૂર્ણ ક્રીપા કરી, તહિંનો મિં લક્ષ્મીનાથ ગાયો.
માહમિરા-વેલા લાજ જાતી હૂતી. ગુરુડ મેહલીનિ ચરણે ધાયો. ૪

મૂહનિં વિહિવાઇઇં અતીશિ વિગોયો: ઉષ્ણુ જલ મૂકીનિં હાસ્ય કીધૂં.
દ્વાદશ મેઘ તિં મોકલ્યા, શ્રીહરિ! આપણા દાસનેં માન દીધૂં ૫

સોરઠ માંહિં મુનિં સહૂઇં સાચો કહ્યો. પુત્રીનિં માહમિરૂ વારૂ કીધૂં.
નાગરી નાત્ય માંહિં ઇંડૂં ચઢાવિઊં, નરસિંઆનિં અભિદાન દીધૂં. ૬

[ભીમઃ—] પદ ૪૨ મૂં—રાગ મારૂ (તાલ જિત)

હલ્યા! તૂંનિં હાર ન આપે રે. તૂંહનિં સહૂ સન્યાસી શાપિ રે–ધ્રુવ.

(હરિ)ભક્ત્ય વ્યહોણો ભૂલો ભમ્યો. તૂં મર્મ ન જાણ્યાં કાંઇ રે;
પરનારીશૂં પ્રેમ તાહરિ. તેહનિં દિનિં ગાઢૂં સાંઇરે. હલ્યા૦ ૧

પરિગ્રહશૂં પ્રીત્ય ન કીધી; જીવ જન્જાલિં વાહ્યો રે.
આટલા દ્યાઢા છૂટો રમ્યો. હવિં અહ્મો ગલિ સાહયો રે. હલ્યા૦ ૨

આદ્યિં [ન]. અન્તિ [ન], રૂપ ન રેખા, જે સઘલિ અવિનાશી રે,
તેશૂં તાહરિ પ્રીત્ય નહીં તો જાનિં પરો નાશી રે; હલ્યા૦ ૩

શ્રીપતિ, હીપા૪–ન–ક; નરહરિ. અ.→હીપા–ન અનુક્રમે ૧–૨–૫–૩–૪–૬ અને ૧–૨–૫–૪–૩–૬ એ ક્રમે કડીયો આપે છે. અમાં હીપા મુજબ ક્રમ. ૩. a. મારી પાસ સુંદરી હાથ કંઠે ધરી. b. એમ ન હોયે. ન. c. દુર્જિન. હીપા૧. અબુધ. અ–બ–હીપા. અબુદ્ધિયાં ન. અસત વાણી. અ—હીપા૨–હીપા–ન. d. પુણ્યવંત હીપા. °પુરુષ. ક; પ્રેમવંત...પ્રેમ....હીપા૧; તુંજ વિના માહરૂં નહીંરે કોયે. ન. ૪. c. લાં મહિમા જાતો હતો. બ. d. ચઢ઼ીને. ક–ન; ગોવ્યન્દ ધાયો. હીપા૪–બ–ક. °છાંડી પ્રભુ પાલો ધાયો. ક. ૫. a. વાણે. હીપા૪–બ–ક. વહૂચિ. તત્રિ. c. શ્રીવરે. હીપા૪–બ–ક. ૬. આ કડી પ્હેલાં નમાં:—

"હીરની દોરીએ હાર ગૂંથો, હરિ! દામોદરરાય! મારે કંઠ ઘાલો.
વાહણું વાશે ત્યારે દાસને મારશે. દયા કરીને મને હાર આલો."

૬. a. સાચું સરવે કહ્યું. હીપા. c. નામ વધારિયું. ન.

પદ ૪૨ મૂં:—૧. a. પૂરી ભક્તિ.હીપા. b. જીવજંજાળે વાહ્યો હીપા. ૧. c–dથી અન્ત સુધી બદલ હીપામાં:—

"ઘણા દિવસ છાનું ડંભ ચલાવ્યું આજે કંઠે સાહ્યો રે. મેહેતા. ૧
પરાત્પર બ્રહ્મ પરમેશ્વર તે રહ્યા વિશ્વ વાસીરે,
તે સાથે તાહારે મૈત્રી શાહાની? રખે તું જાતો નાહાશી રે. મેહેતા. ૨
તું રામની નિંદા કરાં ને ગેહેલા ગર્વ રાખે રે.
ભીમ ભણે, તો હાર જડે, મુખિ રામજી ભાખે રે. મેહેતા. ૩"

૨. d. સૂં ઘે એ ધાહ્ડાં સાહી રે. હીપા૪.

રામ–વ્યહૂણી રમત્ય કીધી; તિં જાણ્યૂં સાચૂં રે.
ભીમ ભણિઃ હરિ હઈઇં ન રાક્ષ્યો; તાહરૂં જીવિતવ્ય કાચૂં રે; હલ્યા૦ ૪

[મ્હેતો:–] પદ ૪૩ મૂં–રાગ સામેરી

હલ્યા ! હૂંનિં શાપ ન લાગિ રે. હલ્યા ! જોનાં દુર્વાસા આગિ રે–ધ્રુવ.
અમરીષનિ અવતાર દશનો શાપ જ દીધો માઠો રે;
ચક્ર સુદર્શન લેઈ ધાયા પૂંઠિ ઋષિ તે જાયે નાઠો રે; હલ્યા૦ ૧
શિવ–બ્રહ્માદિક દેવહરિ તિણેં કુણિં શરણ ન દીધો રે;
રાજાઈ ત્યહાં સ્તુત્ય કરીને ચક્ર તે વારી લીધો રે; હલ્યા૦ ૨
ભીમડા ! તૂં કાં ભરમે ભૂલો છાં ? તિં કિહિયો તાપસ જાણ્યો રે ?
ભણિ નરસિંઓઃ સાંભલિ સાચૂંઃ નહીં તે કો સમાણો રે; હલ્યા૦ ૩

[મુકુન્દ સરસ્વતીઃ—] પદ ૪૪ મૂં—રાગ એજ

રજની સઘલી વહીનેં ગઈ; હજિ હરિ તાહરો આવ્યો નહીં.
મુહુનિં આવડિ ચ્યાહરિ વેદ; માહરિ હઈઈ નહિ ભેદાભેદ. ૧
સાઢિ ત્રણ્ય કોડિ મિં કીધાં વર્ત; એહવો રુદયા માંહિ છૂં પવિત્ર.
સાઢિ ત્રણ્ય કોડિ તીરથ આવ્યો કરી; તોહિ મિં દીઠો નહીં હરિ. ૨
આગિ હવૂં એમ કોહનિં નથી. તે વારતા અહ્મો જાણૂં કથી.
મુકુન્દ સરસ્વતી ઇણી પિરિ [વદિ]: કઠણ છે કાંઇ માહરૂં રુદિ; ૩
એક વરસનૂં તપ મૂકીશ; તૂંનિ બાલીનિં ભસ્મ કરીશ. ૩ા

---

૧. a. °શૂં તાહરે પ્રીત્ય નહીં. હીપા૪. c. ભૂલો ભમ્યો, બ. ૩. a. આદે ને અંતે રૂપ, ફ. આદે નેં અરૂપ ન રેખા. ડ. c. `રે લક્ષ. ડ. d. જાને હવાં. બ. ૪.c. હઈયે આણ્યાં તો, હીપા૪. હઇડે રાખો તો. ડ.d. જીવન તારૂં રે, બ–ક–ડ–ફ.

પદ ૪૩ મૂંઃ—રાગ મારૂ. હીપા. ધ્રુવ. b. હાર્યો હું°.હીપા૨. b. માહા મોડો, બ–ક–ડ. c. °ન ધાઉ થૂકે. ફ. લેઈ થકી. બ. d. નાઠો જાએ રે. ડ.–ધ્રુવ સિવાયની કડીયો બદલ હીપામાંઃ—

"અંબરીષ સાથે હઠ કરી ગાડુઓ થૈ ગાડો રે.
ભક્તસહાય સુદર્શન ધાયું- કેહેથો યોગી નાઠો રે ? હલ્યા. ૧
ફરી સંન્યાસી શરણ આવ્યો. ભક્ત મોટા કીધા રે,
અંબરીષ કારણે કૃષ્ણજીએ દશ જનમ લીધા રે. હલ્યા. ૨
રાજા તો ગેહેલો થયો તે સીધ જોગીએ જાણ્યો રે,
નરસૈંયો કહે, નિષ્ફળ ન જાય, મેં કૃષ્ણ વીખાણ્યો રે, હલ્યા. ૩"

૨. a. `કદેવ હ°.બ–ફ. સરખા. હીપા૪. ૩.a. ભૂલાં ભમે છે? હીપા૪. ભમે ભૂમો. ડ–ફ. b. તપસી બ.

પદ ૪૪ મૂંઃ—આ પદ હીપામાં નથી. ૧. a. મોટા તન્નિ. b. હલા હરજી વાહારે. હીપા૪. d. નથી કાંઈ ભેદ. હીપા૪ ડ. ૨. b. દેહ માંહિ, ફ. d. તોહિ કહીં, બ. દીઠા નવ્ય હરિ, ડ. ૩. b. જાણૂં નહીં, બ. c. કહે, ડ–ફ.

[મ્હેતોઃ—] પદ ૪૫ મું—રાગ એજ (તાલ જિત)

દેવા! અમચી વાર કાં બધિર હોઇલા? આપૂલા ભકત કાં વીસરી ગૈલા?
ધ્રૂ, પ્રહ્લાદ, અમરીષ, વિભીષણ; નાંમિચે હાથ તિં દૂધ પીયુલા. ૧
મ્લેચ્છ માટિ તેં કબીરને ઊધરચો, નામાચાં છાપરાં આપ્યાં છાહીં,
જિદેવનિં પદમાવતી આપી; મુંહૂનિં નાગરા માટિ રખે મેહલાં વાહી! ૨
અહમો ખલભલતાં તમ્યો ખલભલશો; વૈકુણ્ઠ એકલા કચમ રિહિશો?
વૃન્દાવન માંહિં રાધિકા સઙ્ગિ, મૂંહૂનિં એકલો મૂકી કચમ વિનોદ કરશો? ૩
જો રાજા મણ્ડલિક મૂહૂંનિં મારશિ, ભીંજશિ ધૂલ; કેઈ હાણિ થાશિ?
ભકત્ય કરતાં, કિહિશિ, નરસિંઓ મારચો તો, 'ભકતવાચ્છલ' તાહરૂં બરદ જાશિ. ૪

[સભ્યોઃ—]પદ ૪૬ મું-રાગ મારૂ

હાર નથી ઢાલવો રે, તૂં તો વૈરાગ્યને ધા;
શેરીઈં શૃઙ્ગાર ગાતો હીડાં કિ નાશીનિં જા.—ધ્રુવ.

(ઊઢ-તાલ જિત)

જો તો નાગરા! શૃઙ્ગાર ગાશો, તો તાં, બાપડા ફજેત થાશો.
તૂંનિ વારિંવારિં શૂં રે કહીઈં તાહરિ સાન નહીં રે હઇઈં. ૧
તૂંનિં કહ્યૂં કાંઈ ન જાએ; તૂં વારતાં બમણો થાએ.
નીલજનિં બાવલિઓ ઊગ્યો, [તે તો] તેહના મનશૂં ન સૂગ્યો. ૨
અહ્રી સહસ્ર વિપ્ર ગણી લીધાઃ સન્યાસી તો સહસ્ર પ્રસીધા;
રાજાઈં સભા ઘણી પિરિ કીધિ; સહૂ મ્યલીનિં શીખામણ દીધી. ૩
નરસિંઈં કહ્યૂં નવ્ય કીધૂં, ત્યવારિં રાજાઈં ખડ્ગ કરિ લીધૂં.
સહૂ વાદ વદિ તે બેઠૂં. ત્યહાં ભીમડો જોઈ રહ્યો હેઠૂં. ૪

[અપૂર્ણ.

પદ ૪૫ મું:—૧. a. કાં બેદલ. હીપા–ન. c. ગજ પ્ર°. બ. d. °ચે હાથ લે દૂધ. હીપા. કેમ. અ. ૨. a. અસુર થકો. હીપા–ન(૧): અસુર નામે, બ, ભક્ત અ. d. નાગર જાણી, બ. ૩. હીપા૪–અ–બ–કમાં ૩ જી ૪ થી ઊ૦ પા૦. b. °ઠ નચિન્ત. હીપા૪–બ–ક; ગોકુલ માંહે કેમ સુખી રેહિશો? અ. c–d. "રાધિકાને સંગ ક્રીડા રસે, નાથજી! વૃન્દાવન માંહે કચમ વીસરશો?" હીપા૪–બ–ક; "નાગર સાથે કામ છે, નાથજી! પછે મુંને ભૂંડો રે કહેશો"? હીપા, "°ગે, અમો આનંદ કેમ કરશો?" ન(૧). ૪.c. °ને મારશે, નાથજી! હીપા–ન(૧). b. તો મૂકડીક ધૂલ ભીંજાઇ હીપા૪–ન(૧)-હીપા. તો આટલી એક ધૂલ ભીંજી જાશિ. અ–ક. c. હરિગુણ ગાતાં નરસિંયો મારશે. હીપા–૪ ક.

ચાર કડી પછી અ–બ–ક હીપા૧–હીપા૪ ૫૫મા પદની ૧લી કડી આપે છે:—

"સાર કર સામલા! મૂક મન આબલાં, ઊઠ ગોપાલજી અસુર થાએ.
આટલી એક માલાને નરસહીઓ કરગરે, તાહારા બાપનૂં શૂં રે જાએ?"

બ આ કડી અને ૩જી કડીનૂં એક સ્વતન્ત્ર પદ બનાવે છે. ન (૧)માં "સાર કર" એ કડીને બદલે:

"તમે વડી વડી વારના વાહવો છો, મંડળિક રાયે તો માંડચું ઢીગાણું.
જશ ઘો તો જદુનાથજી! જીતીએ, નરસૈંયાનું આ તો મંગળ ટાણું."

પદ ૪૬ મું:—આ પદ હીપામાં નથી. રામગ્રી બ. ૨. c. નફટ. બ–ક. d. તે તો તેહના મનથી, હીપા૪–બ. ૩. c–d. રાજા સભા તણી. ૫.

વીરસિંહકૃત

ઉષાહરણ

[સંપાદકઃ—રા. રા. ભોગીલાલ જયચંદભાઈ સાંડેસરા]

[અનુસંધાન ગતાંક પૃષ્ઠ ૪૨૦ થી ચાલુ]

પ્રેમાનંદકૃત ઉષાહરણ

મહાકવિ પ્રેમાનંદે સં. ૧૭૨૩માં શૃંગાર–વીરરસભરપૂર ૨૯ કડવાંનું ઉષાહરણ બાંધ્યું અને ૧૭૩૨માં તે ફરીથી લખ્યું. ઉષાહરણ વિષેનાં ગૂજરાતી કાવ્યોમાં તે ઉત્તમ છે અને ઉત્તમ હોવાને કારણે જ લહીયાઓ, અન્ય કવિઓ અને માણભટ્ટોએ તેમાં એટલા બધા ફેરફારો અને ઉમેરાઓ કર્યા છે કે પ્રેમાનંદે રચેલાં કડવાં કેટલાં હશે તે પરખવાનું કામ ઘણુંજ મુશ્કેલ છે. પ્રો. ગજેન્દ્રશંકર પંડ્યા પાસે સં. ૧૮૭૩માં લખાયેલી પ્રેમાનંદકૃત ઉષાહરણની એક હસ્તલિખિત પ્રત છે તેમાં તો કવિ માધવદાસના નામવાળી કેટલીક કડીઓ સુદ્ધાં મળી આવે છે।

પ્રેમાનંદકૃત ઉષાહરણના કાવ્યગુણો વિશે વિશેષ વિવેચન કરવા જેવું ભાગ્યે જ રહે તેમ છે. સમસ્ત ગુજરાતના હૃદયને એ સ્પર્શી શકયું; કોઈ પણ પુરોગામી કવિની રચના કરતાં વધારે લોકપ્રિયતાને તે પામ્યું; ચકલેચકલે અને ઘેરઘેર તે ગવાયું, એ જ એના કાવ્યગુણોનો અને લોકરંજકતાનો સચોટ પૂરાવો.

કાવ્યનું વસ્તુ

અલૂણાં વ્રતની કથા પ્રેમાનંદના સમયમાં તો ખૂબ જ લોકપ્રિય બની હશે એમ લાગે છે. કાવ્યના વસ્તુ માટે, ગણેશપુરાણના ઉપરોક્ત કથાનકનો આધાર લેવા ઉપરાંત તેણે હરિવંશનું પણ અનુસરણ કર્યું છે અને કાવ્યના આરંભે બીજા કડવામાં

વ્યાસનન્દન વદે વાણી, વર્ણવું પૂર્ણાનંદ;
રસિક કથા ભાગવત તણી તે મધ્યે દશમસ્કન્ધ.
શુકદેવ કહે પરીક્ષિતને સુણ બાસઠમો અધ્યાય;
આખ્યાન ઓખાહરણનું. અનિરુદ્ધહરણ કથાય.

એ પ્રમાણે કવિ પોતે જ ભાગવતનું ઋણ સ્વીકારે છે. ફેર એટલો કે અનિરુદ્ધને સ્વપ્ન આવ્યાનો પ્રસંગ જે હરિવંશ નોંધે છે તે આમાં નથી. પ્રસંગને અનુસરી બીજા પણ કેટલાક ઝીણાઝીણા ઘટાડાવધારાઓ કવિએ કર્યા છે.

વીરસિંહ–પ્રેમાનંદનાં નાયક–નાયિકા

પ્રેમાનંદનાં નાયક–નાયિકાનું આલેખન ખૂબ જ સુરેખ અને સૌન્દર્યયુક્ત છે એ તો તે કાવ્યના વાચન ઉપરથી જણાઈ આવે છે. વીરસિંહનું આલેખન આ કરતાં કંઈક ઝાંખું છે છતાં બન્નેનાં નાયક–નાયિકાનું અવલોકન રસભર્યું થઈ પડશે. પ્રેમાનંદ અને વીરસિંહ બન્નેનો નાયક અનિરુદ્ધ તો એક જ પ્રકારના ઉગ્ર, વીર અને વિલાસી સ્વભાવવાળો છે. બાણાસુરનું સૈન્ય જોતાં જ ઉષાને અળગી કરી તે એકલે હાથે યુદ્ધ કરવા તૈયાર થાય છે અને રાક્ષસોને આશ્ચર્યમાં મૂકી દે છે. પ્રેમાનંદની નાયિકા આ જોઈને વિચારમાં પડી જાય છે, ગભરાય છે અને

આ શો ઉજમ વઢવા તણો, સામું નથી કામધામ;
દાનવને માનવ જીતે નહીં, એ ન્હોય ઋતુસંગ્રામ

કહી અનિરુદ્ધને યુદ્ધમાં જતો વારે છે, પાછો વાળવા મથે છે અને છેવટે યુદ્ધના અંત એને નાગપાશથી બંધાયો જોઇ ને વિલાપ કરવા લાગે છે.

વીરસિંહની નાયિકા આથી સાવ જૂદા પ્રકારની છે અને ક્ષત્રિય કવિના કાવ્યની વીર નાયિકાના સ્થાનને બરાબર શોભાવે એવી છે. અનિરુદ્ધે બાણાસુરના ચાર યોદ્ધાને મારીને ભગાડી મૂકયા પછી બાણાસુર મોટું સૈન્ય લઈને ઉષાના આવાસ આગળ આવે છે. આષાઢી પૂર જેવા સૈન્યને આવતું જોઈને અનિરુદ્ધ ખડ્ગ માગે છે; એટલે

તવ ઉષા ઊઠી આકુલી, સાતું ખડ્ગ તે આણ્યું વલી,
સ્વામી, આ અસિ લુ તમ તણું, એ આવઇ હાકલણું ઘણું.

એ પ્રમાણે પતિને યુદ્ધમાં જવા માટે ઉષા ઉત્તેજે છે. એટલું જ નહીં, હાથમાં કટાર લઈને બાણાસુરની સામે ઉભી રહે છે અને કહે છે કે જો તમે અનિરુદ્ધને મારશો તો હું પણ મરી જઈશ. તે વખતે પિતા-પુત્રી વચ્ચે જે સંવાદ થાય છે તે ખરેખર વાંચવા જેવો છે:

બાણ ભણઇ: રે બેટડી, એ સ્યું કીધઉં કાજ ?
કલંક નહી કુલિ તમ્હ તણિ, લંછણ આયુ આજ.
બાણ તણી બેટી ભણઇ: નિશિચર તણા નરિંદ,
જાદવ જમાઈ કર્યા, ચૂંટી લીધઉ ચંદ.

ભાગવત, હરિવંશ અને સંખ્યાબંધ પ્રાચીન કવિઓનાં ઉષાહરણમાં એકમાત્ર વીરસિંહનું કાવ્ય જ એવું છે કે જેમાં નાયિકાના આલેખનની આ વિશિષ્ટતા છે. બીજા બધા જ કવિઓને ઉષા માત્ર એક વરઘેલી, વિલાસી અને ભીરૂ યુવતિ તરીકે જ દેખાઈ છે, એ સહેજ વિલક્ષણ તો ખરૂં જ.

વીરસિંહના પાત્રાલેખનમાં કેટલેક સ્થળે ગ્રામ્યતાની મોટામાં મોટી ખામી છે, જે પ્રેમાનંદમાં બીલકુલ નથી. ઉષાની માતાના ઉષા પ્રત્યેના ઉદ્ગારો

હવડાં હજી તું નાન્હડી, રાંડ, તે જીમણ માગ છ રડી.
× × ન જાણું યૌવન સું કરેસિ ?
સુહણિ વરસું સંગતિ મંડી, છોહરિ, તે પરતખિ કિમ છંડિ ?
લાધૂં મિં લક્ષણ તાહરું, માથું ટંકાવિસિ માહરું.

વગેરે કાવ્યના રસને ક્ષતિ પહોંચાડે તેવા છે. પ્રેમાનંદના કાવ્યની સૌથી મોટી વિશિષ્ટતા એ છે કે તેનો રસ એકસરખો વહ્યે જાય છે અને પહેલીવારના વાંચનારને તો એક જ બેઠકે કાવ્ય પૂરૂં કરવાને લલચાવે છે.

પ્રેમાનંદ અને વીરસિંહનું સામ્ય

પ્રેમાનંદ અને વીરસિંહ વચ્ચે કેટલેક સ્થળે વિચારોનું અને કોઈ સ્થળે તો શબ્દો સુદ્ધાંનું સામ્ય નજરે પડે છે. જો કે નાકર, કાન્હ અને વિષ્ણુદાસ તથા પ્રેમાનંદ એક-બીજાની જે અત્યંત નજદીક લાગે છે તેવું કંઈ આ બાબતમાં નથી. ગણેશપુરાણનું આસ્તે-આસ્તે લોકપ્રિય થયે જતું કથાનક આમાં કારણભૂત હોય એવું સાધાર અનુમાન આગળ બતાવાયું છે. વીરસિંહ-પ્રેમાનંદનાં જાણવા જેવાં સામ્યોની નોંધ અહીં કરૂં છું.

વીરસિંહ—

કોટઈ માલાવર સાહિઉ, છેહડા બંધી વિછોડી ગયુ.
કરી પડોચા કુંઅરી કહઇ: રંકહાથિ રતન કિમ ચડઇ ?
× × ×

મોટાં કે મિ સમચર્યાં પૂરવલિ ભવિ પાપ,
આણઇ ઉષાદે કહઈ તે સવિ થ્યાં કરિ સંતાપ

(પૃ.)

પ્રેમાનંદ—

મારો પીયુ પરદેશી થઇ રહ્યો, રીસાવ્યો ભરથાર;
રત્ન આવ્યું'તું હાથમાં રાખી ન શકી આણી વાર રે.

× × ×

પેલે ભવે કર્મ શાં કર્યાં, પાપી પતિવિયોગની જ્વાળ;
હુંશ રહી હઈડા વિષે, રંગમાં ડશીયો રે વ્યાળ.

(બૃ. કા. દો. ભાગ ૧, પૃ. ૫૨)

વીરસિંહ—

'રાતિ જે તઇં દીઠઉ રાઉ, કુંઅરિ, તિ જોવા કરિસ ઉપાઉ;
રડતી રહિ, સમરિ સરિકેશ, સરજ્યુ હસિ તુ સોધી લેશિ,'
સખી ભણઇ, 'સુણિ બાણાસરી, વર તું સુહણિ જેણિ વરી
કુણ વંશ, કેહ વિશ્રામ. ઠાકુર કુણ કેહું તસ નામ ?'
કુંઅરી કહિ, 'સખી સુણિ આમ, ઠાકુર તાસ ન જાણું નામ.
તાસ પ્રસૂતા ન લહું પખું, નામ નહી, દીઠુ ઊલખૂ.'

(પૃ.)

પ્રેમાનંદ—

ચિત્રલેખા કહે સુણ સતી, સાવધાન થા લાવું પતિ.

× × ×

વિધાત્રી કહે શું તેનું નામ ? સ્વપ્ને સ્વામીનું કોણ ગામ ?
કોણ જાત, પિતા ને માત, લઇ આવું, કહે માંડી વાત.

× × ×

ઓખા કહે હું ઘેલી થઇ, નામઠામ પૂછાયું નહી.
નાત જાતને માતપિતાય પ્રીછી નહીં, જે પ્રથમ પૂછાય.
રૂપકળા મને મન ગમી તે સ્વરૂપ રહ્યું ચિત્ત રમી.

× × ×

ઓખા બોલે આળપંપાળ, આવે તો ઓળખું તત્કાળ.

(બૃ. કા. દો. ભાગ ૧, પૃ. ૫૪)

નરસિંહ નવલકૃત ઉષાહરણ

ઉપર બતાવેલાં ઉષા વિષેનાં કાવ્યો ઉપરાંત બીજા બે ઓછા જાણીતા કવિઓની પણ એ જ વિષય પરની લાંબી રચનાઓ મળી આવે છે. ગૂજરાત વર્નાક્યુલર સોસાઇટીના સંગ્રહમાં સં. ૧૭૫૪માં લખાયેલો એક મોટો ગુટકો છે. તેમાં ભાઉકૃત ઉદ્યોગપર્વ, દેવીદાસકૃત રુક્મિણીહરણ, હરિદાસકૃત નરસિંહના પુત્રનો વિવાહ, વીરજીકૃત સુરેખાહરણ, વસ્તાકૃત

શુકદેવાખ્યાન, પ્રેમાનંદકૃત નળાખ્યાન, કાશીસુતકૃત વિરાટપર્વ તથા તાપીદાસકૃત અભિમન્યુ-આખ્યાન એ કાવ્યો સાથે નરસિંહ નવલકૃત ઉષાહરણ પણ મળી આવે છે. સદરહુ ગુટકો બહુ ખરાબ સ્થિતિમાં છે; કેટલોક ભાગ ઉધઈએ બગાડેલો છે અને કેટલાંક પાનાં મળતાં નથી. આ ઉષાહરણનાં કુલ ૬૭ કડવાં છે. તેમાંથી પ્રથમ ૧૧ કડવાં જેટલો ભાગ મળતો નથી એટલે કવિએ કાવ્યનો ઉપક્રમ કયા પ્રકારે કર્યો છે તે જાણી શકાતું નથી. કંઈ ચોક્કસ અનુમાન કરવાનું સાધન નથી તોપણ કાવ્ય બહુ પ્રાચીન હોય એમ લાગતું નથી. કાવ્યની રચના નિકૃષ્ટ પ્રકારની નથી. વાંચી શકાય છે તે ભાગ ઉપરથી કવિ મોટે ભાગે હરિવંશને જ અનુસરે છે અને કોઈ ખાસ વધારા-ઘટાડાઓ એણે કર્યા નથી. તે ઉપરથી એમ લાગે છે માધવદાસની જેમ આ કવિએ પણ કદાચ અલૂણાં વ્રતની કથા વડે ઉપક્રમ કર્યો નહીં હોય. પ્રેમાનંદનાં કડવાંઓની આમાં કંઈ ઘાલમેલ થઈ જણાતી નથી એ જોતાં આ અનુમાન વધારે વાસ્તવિક લાગે છે. પ્રતની સ્થિતિ એવી થયેલી છે કે જ્યાં સુધી બીજી વધારે સારી પ્રત પ્રાપ્ત ન થાય ત્યાં સુધી આખા કાવ્યની સંતોષકારક રીતે સમીક્ષા કરવાનું કામ મુશ્કેલ છે.

માનપુરીકૃત ઉષાહરણ

ઉષાહરણ વિષેનું બીજું એક કાવ્ય માનપુરી નામે કવિનું છે. તેની ઓગણીસ કડવાં સુધીની, આશરે અરાઢમા શતકમાં લખાયેલી તૂટક હસ્તલિખિત પ્રત ગૂજરાત વર્નાક્યુલર સોસાઇટીના સંગ્રહમાં છે. બાણાસુર શિવજી પાસેથી હજાર હાથ પામીને પોતાના નગરમાં આવે છે તેને જોઈને બાણમતી વિચારે છે કે આ કરતાં સંતાન પામવાનું વરદાન લાવ્યા હોત તો વધારે સારૂં થાત, ત્યાં સુધીની કથા પ્રસ્તુત પ્રતનાં ઉપલબ્ધ પાનાંઓમાંથી મળે છે એટલે કે કથાનો ઘણોખરો ભાગ તો ગયેલો જ છે. જેટલો ભાગ મળ્યો છે તેમાં સંખ્યાબંધ કડીઓ અને કડવાં પ્રેમાનંદના ઉષાહરણમાંથી જેવાને તેવા સ્વરૂપમાં ઉતારેલાં જોવામાં આવે છે. કથાનું વસ્તુ પ્રેમાનંદના સરખું જ છે. કાવ્ય ક્યારે રચાયું હશે એનો નિર્ણય ચોક્કસપણે થઈ શકે તેમ નથી તોપણ પ્રેમાનંદથી પ્રાચીન હોય એમ તો લાગતું નથી.

કાશીદાસકૃત સંક્ષિપ્ત ઉષાહરણ

આ ઉપરાંત કાશીદાસનું રચેલું ૧૪ કડીનું એક સંક્ષિપ્ત ઉષાહરણ-પદ મળી આવે છે. અભ્યાસની દૃષ્ટિએ તો એમાંથી કંઈ જ મળી આવે એમ નથી પરંતુ આવા લાંબા વિષય પરત્વે પણ સંક્ષિપ્ત પદો રચાયાં છે તે એની અસાધારણ લોકપ્રિયતા સૂચવે છે.[1]

---

૧ અત્રે નોંધેલાં કાવ્યો ઉપરાંત, શ્રીકૃષ્ણલીલાકાવ્ય ઈત્યાદિ રચનાર કાયસ્થ કેશવદાસે ઉષાહરણ રચેલું છે એમ પાંચમી ગૂજરાતી સાહિત્ય પરિષદના પ્રદર્શનમાં મૂકાયેલી હસ્તલિખિત પ્રતોની નોંધ ઉપરથી જણાય છે. આ ઉષાહરણ તે શ્રીકૃષ્ણલીલાકાવ્યાન્તર્ગત ઉષાહરણ નથી પરન્તુ એક સ્વતંત્ર કાવ્ય છે એમ સમજીએ તોપણ એ કાવ્યની હાથપ્રત ક્યાંય પ્રાપ્ત થતી નથી. આ ઉપરાંત જૈન કવિઓ પૈકી, ૧૫૨૦માં બ્રહ્મજિનદાસે હરિવંશ રાસ રચ્યો છે અને ૧૭૭૩રમાં ભટ્ટારક જયસાગરે અનિરુદ્ધહરણની રચના કરી છે પરન્તુ એ બેમાંથી એકેની હસ્તલિખિત પ્રત પ્રાપ્ત નહીં થવાને લીધે તેનો ઉપયોગ કરી શકાયો નથી. જો કે માત્ર વીરસિંહના કાવ્યનાજ અભ્યાસની દૃષ્ટિએ આ રચનાઓ ખાસ ઉપયોગની થઈ પડત નહીં. કોઇ ચારણ કવિકૃત ઉષાહરણની નોંધ પાંચમી સાહિત્ય પરિષદના પ્રદર્શનમાં મૂકાયેલ હાથપ્રતોની યાદીમાં છે, પણ એ વિષે બીજું કંઇ જ જાણવામાં નથી.

(૫)

ઉપસંહાર

વીરસિંહકૃત ઉષાહરણનું સંપાદન હું જે પ્રકારે કરી શક્યો છું તે પ્રકાર મેં સાહિત્યરસિકો સમક્ષ રજુ કર્યો છે. માત્ર એક જ હસ્તલિખિત પ્રત પ્રાપ્ત થવાને લીધે પાઠમાં જે અશુદ્ધિઓ રહી ગઈ છે તે સંબંધી વિદ્વાનો જો યોગ્ય ખુલાસા કરશે તો હું ખરેખર ઉપકૃત બનીશ.

ઉપોદ્ઘાતનું પ્રમાણ ધાર્યા કરતાં વધારે વિસ્તૃત બન્યું છે. જો કે અત્રે ચર્ચેલો વિષય એટલો વિવિધતાભર્યો અને વિસ્તારયુક્ત છે તેની વધારે વિગતવાર સમીક્ષા કરતાં આના કરતાંયે વધારે જગા રોકાય; એટલે અતિવિસ્તારના ભયથી કેટલાક વિષયો ઇરાદાપૂર્વક ટૂંકાવી દેવા પડ્યા છે.

વીરસિંહે રચેલું આ ઉષાહરણ કાવ્ય પ્રાચીન ગૂજરાતી સાહિત્યનું એક બહુમોલ રત્ન છે અને **માધવ**કૃત રૂપસુન્દરકથા જેવા એક અતિદુર્લભ પ્રાચીન કાવ્યના પ્રકાશન પછી તેવા જ એક કિમતી કાવ્યનું સંપાદન હું કરી શક્યો છું એ મારે માટે આનંદની વાત છે. એ વિષયમાં યોગ્ય તે સગવડ કરી આપવા માટે હું શ્રી ફાર્બસ ગૂજરાતીસભા મન્ત્રી અને ઉપમન્ત્રીનો આભારી છું.

પ્ર. શ્રી કાન્તિવિજયજી મહારાજ કે પ્રાચીન સાહિત્ય અને ઇતિહાસના વિષયપરત્વે જેમના અનેક ઉપકારો મારી ઉપર ચઢેલા છે તેમણે **વીર**સિંહકૃત ઉષાહરણની પ્રાચીન હસ્તલિખિત પ્રત માત્ર મને વાપરવા દઈને જ નહીં પણ મારી અનુકૂળતા પ્રમાણે લાંબા સમય સુધી મારી કને રહેવા દઈને મને ઋણી બનાવ્યો છે.

સિવાય આ સંપાદન વિષયમાં વખતોવખત જોઈતી માહિતી, પુસ્તકો, હસ્તલિખિત પ્રતો વગેરે મને પૂરાં પાડવા માટે શ્રી **હીરાલાલ ત્રિભુવનદાસ પારેખ**, શ્રી **ચુનીલાલ વર્ધમાન શાહ**, શ્રી **નટવરલાલ ઇચ્છારામ દેસાઈ**, પ્રો. **ગજેન્દ્રશંકર પંડ્યા**, શ્રી **મંજુલાલ રણછોડલાલ મજમુદાર**, શ્રી **મધુસૂદન મોદી**, શ્રી **કેશવરામ શાસ્ત્રી**. શ્રી **મણિલાલ મિસ્ત્રી**, શ્રી **યશવન્ત શુક્લ**, શ્રી **ચીમનલાલ ત્રિવેદી** વગેરે મુરબ્બીઓ અને મિત્રોનો હું આભારી છું. તેમની સહાનુભૂતિ અને સહાયતા સિવાય આ સંપાદનનું કાર્ય વિશેષ મુશ્કેલીભર્યું બન્યું હોત.

આ સંપાદન વડે મેં ઉષાહરણ અને તેના અનુષંગી પ્રાચીન ગૂજરાતી સાહિત્યના વિષયો પરત્વે સર્વ લખી દીધું હોવાની ધૃષ્ટતા હું કરી શકું તેમ નથી. જે વિષય આજે સૈકાઓ થયાં સમસ્ત ગૂજરાતનાં આબાલવૃદ્ધ નરનારીઓને આકર્ષતો આવ્યો છે તેના અભ્યાસમાં આ વડે યત્કિંચિત્ સહાયતા મળશે તો હું મારો શ્રમ સાર્થક થયો માનીશ.

અમદાવાદ
તા. ૧૦-૧૨-૩૫ } **ભોગીલાલ જ. સાંડેસરા**

પરિશિષ્ટ

હરિવંશ અને ભાગવત પરથી રચાયેલાં ગૂજરાતી કાવ્યો

(સં. ૧૯૦૦ સુધી)

[હરિવંશ અને ભાગવત પરથી રચાયેલાં પ્રાચીન ગૂજરાતી કાવ્યોની એક સંવતવાર સૂચિ અહીં આપી છે. ભાગવતમાં જે કથાનકો સંક્ષેપે મળે છે તે કેટલીક વાર બીજાં પુરાણોમાં વધારે વિસ્તારપૂર્વક મળે છે પરન્તુ ગૂજરાતમાં ભાગવત પુષ્કળ પ્રસિદ્ધ પામેલું હોઈ તે તે કથાનકો વિષે રચાયેલાં કાવ્યો પર એની પણ અસર છે એટલે તે કાવ્યો આ સૂચિમાં લેવાનું યોગ્ય ધાર્યું છે. બારમાસ, તિથિઓ, મહિના, પદો વગેરે નાનાં કાવ્યોની રચના પર કોઈ ને કોઈ રીતે ભાગવતની અસર છે પરન્તુ તેવાં કાવ્યોના રચનાસંવત મળતા નથી તેમ જ તેવાં બધાં નોંધતાં અતિવિસ્તાર થઈ જવા સાથે અભ્યાસની દૃષ્ટિએ તેમની ઉપયોગિતા ગૌણ છે એટલે તેવાં કાવ્યો માત્ર કેટલાક અપવાદ સિવાય અહીં નોંધ્યાં નથી. હરિવંશ પરથી રચાયેલાં કાવ્યો સંબંધમાં પણ એ જ પદ્ધતિ બનતાં સુધી રાખી છે.]

૧૩૨૫ *	વિનયચન્દ્રકૃત નેમિનાથ ચતુષ્પદિકા.
૧૪૦૫ *	મલધારી રાજશેખરસૂરિકૃત નેમિનાથ ફાગ.
૧૪૫૪ *	ઈડરના રાવ રણમલ્લના પુરોહિત શ્રીધરકૃત કવિત ભાગવત.
૧૪૬૦ *	સોમસુન્દરસૂરિકૃત નેમિનાથ નવરસ ફાગ
૧૫૦૨	ધનદેવગણિકૃત નેમિનાથફાગ.
૧૫૧૨ *	નરસિંહ મહેતાકૃત સુદામાચરિત્ર ઈત્યાદિ કાવ્યો.
૧૫૧૪ *	મતિશેખરકૃત નેમિનાથ વસંત ફૂલડાં
૧૫૨૦	બ્રહ્મજિનદાસકૃત જૈનહરિવંશ.
૧૫૨૦ *	વીરસિંહકૃત ઉષાહરણ.
૧૫૨૬ *	કર્મણમન્ત્રીકૃત દશમસ્કન્ધનાં પદો.
૧૫૨૯[1]	કાયસ્થ કેશવરામકૃત દશમસ્કન્ધ અથવા કૃષ્ણલીલામૃતકાવ્ય
૧૫૨૯[2]	કાયસ્થ કેશવરામકૃત ઉષાહરણ
૧૫૩૦ *	અજ્ઞાત કવિરચિત અમૃતકચોલાં
૧૫૪૧	વિષ્ણુદાસ ભીમકૃત હરિલીલા ષોડશકલા
૧૫૪૫[3]	ભાલણકૃત સત્યભામાનું રૂસણું, દશમસ્કન્ધ, ધ્રુવાખ્યાન વગેરે,
૧૫૪૮	જનાર્દકૃત ઉષાહરણ
૧૫૫૦ *	ગણદેવીના અનાવિલ ફીકા વસીકૃત બાલચરિત
૧૫૫૦ *	સોમકૃત સુદામાસાર
૧૫૫૭	હર્ષકલશકૃત વસુદેવ ચોપાઈ
૧૫૭૨	નાકરકૃત હરિશ્ચન્દ્રાખ્યાન
૧૫૭૬	ચતુર્ભુજકૃત ભ્રમરગીતા
૧૬૦૦[4]	નાકરકૃત ઉષાહરણ

* આ નિશાનીવાળાં કાવ્યોનો સંવત આશરે અથવા અનુમાનથી છે.

૧. રા. રામલાલ મોદીએ આ કાવ્યનો રચનકાળ સં. ૧૫૨૯ હોવા વિષે શંકા ઉઠાવી છે. તેઓના મતે કેશવરામ વધારે અર્વાચીન છે અને તેનું કાવ્ય સં. ૧૫૯૨ માં રચાયેલું છે.

૨. પાંચમી સાહિત્ય પરિષદ્‌ના પ્રદર્શનમાં મૂકાએલાં હસ્તલિખિત પુસ્તકોની સૂચિમાં આ કાવ્ય નોંધાયું છે. કેશવરામના દશમસ્કન્ધનો જ તે એક ભાગ હશે કે સ્વતન્ત્ર કાવ્ય તે જાણી શકાયું નથી.

૩. ભાલણના નળાખ્યાનમાં સં. ૧૫૪૫ની સાલ અપાઈ છે પરન્તુ રા. રામલાલ મોદી તે શંકા પડતી માને છે. જો કે સગવડને ખાતર અનુમાને આ સંવત આપવો યોગ્ય ધાર્યો છે.

૪. સં. ૧૬૧૧ની સાલ પણ મળે છે.

,,	પુણ્યરત્નકૃત નેમિરાસ–યાદવરસ
,,	સુન્દરસુતકૃત ભાગવત
,,	નારાયણદાસકૃત નવરસ
૧૬૦૫	દશમસ્કન્ધ (ગદ્યમાં)
૧૬૦૬ *	વસ્તાકૃત સુભદ્રાહરણ
૧૬૦૯	બ્રહ્મદેવકૃત ભ્રમરગીતા
૧૬૧૧	સુરદાસકૃત પ્રલ્હાદાખ્યાન
૧૬૧૪	જયવંતપંડિતકૃત નેમરાજુલ બારમાસ વેલપ્રબંધ
૧૬૧૭	લાવણ્યકીર્તિકૃત રામકૃષ્ણ ચોપાઈ
૧૬૨૦ *	જિનચન્દ્રસૂરિકૃત સાંબપ્રદ્યુમ્ન ચોપાઈ
૧૬૨૫ *	મહાવદાસકૃત રસસિન્ધુ
૧૬૨૬	કમળશેખરકૃત પ્રદ્યુમ્નચરિત
,,	ગુણરત્નસૂરિશિષ્ય સોમચન્દ્રકૃત કામદેવ કુંવરરાસ
૧૬૩૭	હરિદાસકૃત ભાગવતસાર
,,	હરિદાસકૃત ધ્રુવચરિત્ર
,,	મેગલકૃત ધ્રુવાખ્યાન
,,	વિષ્ણુદાસકૃત ધ્રુવાખ્યાન
૧૬૩૯	લક્ષ્મીદાસકૃત ગજેન્દ્રમોક્ષ
૧૬૩૯ *	લક્ષ્મીદાસકૃત દશમસ્કન્ધ
૧૬૪૫[૭]*	ભીમકૃત રસિકગીતા
૧૬૪૭	કાશીસુતકૃત રુકિમણીહરણ
૧૬૪૮	વાસણદાસકૃત રાધારાસ
૧૬૪૯	રામદાસસુત મન્યકૃત અંબરિષાખ્યાન
૧૬૫૨	કૂઢકૃત રુકિમણીવિવાહ
૧૬૫૫	જ્ઞાનસાગરકૃત નેમિજિનચન્દ્રાવળા
૧૬૫૭	સુખરામદાસકૃત હરિશ્ચન્દ્રકથા
,,	વિષ્ણુદાસકૃત હરિશ્ચન્દ્રપુરી
૧૬૫૯	સમયસુન્દરકૃત સાંબપ્રદ્યુમ્નપ્રબંધ
૧૬૬૦	દેવીદાસકૃત રુકિમણીહરણ
૧૬૬૦ *	દેવીદાસકૃત રાસપંચાધ્યાયી
૧૬૬૦ *	વિષ્ણુદાસકૃત સુદામાચરિત્ર,[૮] ઉષાહરણ, ધ્રુવાખ્યાન વગેરે
૧૬૬૧ *	હેમવિજયગણિકૃત નેમિજિનચન્દ્રાવળા
૧૬૬૭	શિવદાસકૃત બાલચરિત
૧૬૬૮	શિવદાસકૃત પરશુરામાખ્યાન
૧૬૭૩	કૃષ્ણદાસકૃત સુદામો
૧૬૭૫	ધર્મકીર્તિકૃત નેમિરાસ
૧૬૮૮	અવિચલદાસકૃત ભાગવત ષષ્ઠ સ્કન્ધ
૧૬૮૯	પરમાનંદકૃત હરિરસ
૧૬૯૨	કનકકીર્ત્તિકૃત નેમિનાથરાસ
૧૬૯૪[૬]	વૈકુંઠકૃત ધ્રુવાખ્યાન
૧૭૦૦ *	વૈકુંઠદાસકૃત રાસલીલા
,,	નારાયણભટ્ટકૃત એકાદશ સ્કન્ધ
,,	કહાનકૃત ગોવર્ધનરાસ, ઉષાહરણ
,,	ગંગદાસકૃત સુદામાખ્યાન
૧૭૦૫	કાયસ્થ માધવદાસકૃત ઉષાહરણ
૧૭૧૦	કુબેરકૃત લક્ષ્મણાહરણ
૧૭૨૦	પ્રેમાનંદકૃત લક્ષ્મણાહરણ
૧૭૨૨	ભટ્ટારક દેવેન્દ્રકીર્તિકૃત પ્રદ્યુમ્ન ચરિત્રરાસ
૧૭૨૩	પ્રેમાનંદકૃત ઉષાહરણ (૨૩ કડવાનું)
૧૭૨૫*	સંતમહારાજકૃત ભાગવત
૧૭૩૦	પ્રેમાનંદકૃત વામનકથા
,,	વીરજીકૃત બલિરાજાનું આખ્યાન

---

૬. કેટલીક હસ્તલિખિત પ્રતોમાં 'સંવત નાર્ય તણો શણગાર; અંક એક ને વેદવિચાર' એમ ઉલ્લેખ મળે છે તે ઉપરથી ૧૬૧૪ વર્ષ કેટલાક માને છે. કેટલેક સ્થળે મળતા 'સંવત નાર્ય તણો શણગાર, અંક અંત્યને વેદવિચાર' એવા ઉલ્લેખ ઉપરથી ૧૬૯૪ પણ થઈ શકે છે. વૈકુંઠનું ભીષ્મપર્વ સં. ૧૭૧૮ આસપાસ રચાયેલું હોવાથી આ બીજું અનુમાન વધુ વાસ્તવિક છે.

૭. હરિલીલા અને પ્રબોધપ્રકાશ રચનાર વિષ્ણુદાસ ભીમથી આ ભિન્ન છે.

૮. આ કાવ્યની નોંધ રા. ભાનુસુખરામ મહેતાએ કરી છે. તે વિના બીજું કંઇ એના અસ્તિત્વ વિષે જાણવામાં નથી.

૧૭૩૨ પ્રેમાનંદે ઉષાહરણ ફરી લખ્યું.
,, ભટ્ટારક જયસાગરકૃત અનિરુદ્ધહરણ
૧૭૪૦ રત્નેશ્વરકૃત ભાગવત પ્રથમ સ્કન્ધ
૧૭૪૨ વીરજીકૃત દશાવતારની કથા
૧૭૪૬ સુખાનંદકૃત વહાલા વિનોદ
૧૭૪૯ રત્નેશ્વરકૃત ભાગવત દ્વિતીય સ્કન્ધ
૧૭૫૦ પ્રેમાનંદકૃત હરિશ્ચન્દ્રાખ્યાન
૧૭૫૦ * રત્નેશ્વરકૃત દશમસ્કન્ધ
,, ખીમદાસકૃત બાર માસ
,, નરસિંહ નવલકૃત ઉષાહરણ
,, માનપુરીકૃત ઉષાહરણ
,, કાશીદાસકૃત ઉષાહરણ
,, જગન્નાથકૃત સુદામો
૧૭૫૮ પ્રેમાનંદકૃત સુભદ્રાહરણ
૧૭૬૨ વિશ્વનાથ જાનીકૃત રસિકરાજ
૧૭૬૨ * વિશ્વનાથ જાનીકૃત પ્રેમપચીસી
૧૭૬૩ વલ્લભભટ્ટકૃત ભાગવત તૃતીય સ્કન્ધ
૧૭૬૫ તુલજારામકૃત દશમસ્કન્ધ
૧૭૬૬ ભાણુદાસકૃત પ્રલ્હાદાખ્યાન
,, અજ્ઞાત કવિકૃત પ્રેમગીતા
૧૭૭૦ * વલ્લભભટ્ટનું ભાગવત સમાપ્ત થયું
૧૭૭૩ પ્રેમાનંદકૃત માન્ધાતાખ્યાન
૧૭૭૪ રત્નદાસકૃત હરિશ્ચન્દ્રાખ્યાન
૧૭૭૫ * પ્રેમાનંદકૃત ભ્રમરપચીસી, વ્રજવેલ, રુક્મિણીહરણ, પ્રલ્હાદાખ્યાન (સપ્તમસ્કન્ધ), રોષદર્શિકાસત્યભામાખ્યાન[9] વગેરે

૧૭૭૬ પ્રેમાનંદકૃત બાર માસ[10]
૧૭૭૯ વલ્લભકૃત પ્રેમગીતા
૧૭૮૯ અનુભવાનંદકૃત ચાતુરી
૧૭૯૫ રત્નદાસકૃત બાર માસ
૧૭૯૬ પ્રેમાનંદનો દશમસ્કન્ધ સુન્દર મેવાડાએ પૂરો કર્યો.
૧૮૦૦ * નારાયણ કવચ
,, મોતીરામકૃત સુદામાચરિત્ર
,, પ્રાગદાસકૃત ભાગવત સાર
,, અજ્ઞાતકૃત કહાનગોપીનું નાટક[11]
,, ચારણ કવિકૃત ઉષાહરણ[12]
,, રૂઘનાથકૃત ધ્રુવાખ્યાન
,, રાજેકૃત રુકિમણીહરણ
૧૮૧૨ ગદ્ય ભાગવત
૧૮૧૭ વસાવડવાસી કાલિદાસકૃત પ્રલ્હાદાખ્યાન
૧૮૩૬ રઘુનાથકૃત દશમનાં પદો, ઓધવજીનો સંદેશો વગેરે
૧૮૩૭ આમોદવાસી ઔદિચ્ય કવિ ગોવિન્દકૃત સત્યભામાનું રૂસણું
૧૮૪૩ રામકૃષ્ણકૃત ગજેન્દ્રમોક્ષ
૧૮૫૦ દયારામકૃત ભાગવતદ્વાદશસ્કંધ
૧૮૬૨ રઘુનાથકૃત પ્રલ્હાદચંદ્રાવળા
૧૮૭૫ * રેવાશંકરકૃત બાળલીલા
૧૮૭૯ દયારામકૃત ભાગવતાનુક્રમણિકા અને બીજાં કાવ્યો, પદો વગેરે
૧૮૮૦ મુક્તાનંદકૃત ઉદ્ધવગીતા

---

૯. કર્તૃત્વ શંકાસ્પદ.

૧૦. પ્રેમાનંદના આ બારમાસ પુષ્કળ લોકપ્રિય થયેલા હોઈ બ્રહ્માનંદ, સદાનંદ ઈત્યાદિએ તેમજ બીજા અનેક અજ્ઞાતોએ તેમાં પુષ્કળ વધારા–ઘટાડાઓ કર્યા છે અને તેથી સંશોધકોને ખૂબ ગૂંચવણ પણ થયેલી છે. બૃહત્કાવ્યદોહન ભાગ ૮માં તેની પ્રસિદ્ધિ થઇ છે અને ત્યારપછી દિ. બા. કેશવલાલ ધ્રુવે સારી પેઠે સંપાદિત કરીને તે બહાર પાડયા છે; એ ઉપરથી તેનું ચરોધન પ્રેમાનંદ ખાતે જવું ઘટે.

૧૧. પાંચમી સાહિત્ય પરિષદના પ્રદર્શનમાં મૂકાએલાં હ. લિ. પુસ્તકોની નોંધમાં આ નામ મળે છે. જો કે આ નાટક હોય એ તો સંભવિત નથી. પરન્તુ પ્રાચીન ગૂજરાતી સાહિત્યમાં અમુક નાટકી વિશિષ્ટતાવાળાં કાવ્યોને 'નાટક' નામ અપાતું એમ લાગે છે. પાટણમાં હાલાભાઇના ભંડારમાં એક 'ચન્દ્રસેન ચન્દ્રોદ્યોત નાટિકા' છે તે પણ નાટક નહોતાં એવા પ્રકારનું પ્રાસાદિક કાવ્યજ છે.

૧૨. આ નામ પણ પાંચમી સાહિત્ય પરિષદના પ્રદર્શનમાં મૂકાયેલ હાથપ્રતોની યાદીમાં છે.

આ યાદી તૈયાર થઈ ગયા બાદ બીજી કેટલીક કૃતિઓનાં નામ મળી આવ્યાં છે, જે નીચે આપ્યાં છે—

૧૭૦૦ * જ્ઞાનસાગરકૃત સાંબપ્રદ્યુમ્નરાસ

૧૭૦૫ * માધવદાસકૃત[૧૩] રુકિમણીહરણ, ભ્રમરગીતા, કંસવધ, નાગદમન, બલદેવ-તીર્થાટન, રાસ-પંચાધ્યાયી, ગોવર્ધનલીલા, જરાસંધવધ વગેરે

૧૭૩૮ આણુંદમુનિકૃત હરિવંશચરિત્ર

૧૭૯૯ ઉદયરત્નકૃત હરિવંશરાસ

૧૯મીસદી જગતપાવનદાસ શાસ્ત્રીકૃત ભાગવત અષ્ટમ સ્કન્ધ ટીકા

„ કવિ નથુકૃત ઉદ્ધવલીલા

„ નિત્યાનંદકૃત દશમપૂર્વાર્ધ, કપિલગીતા, અવતારચરિત્ર, નારાયણકવચ.

„ મુક્તાનંદકૃત દશમસ્કન્ધ, વાસુદેવાવતારચરિત્ર, કપિલગીતા, ઉદ્ધવગીતા, નારાયણકવચ, કૃષ્ણપ્રસાદ, નારાયણચરિત્ર, નારાયણગીતા, રુકિમણીવિવાહ.

„ યોગાનંદકૃત ઋષભદેવગીતા

„ શુકમુનિકૃત દશમઉત્તરાર્ધ

„ ભૂમાનંદકૃત વાસુદેવમાહાત્મ્ય

—o—

૧૩. સંવત ૧૭૦૫ માં 'ઉષાહરણ'—જે અગાઉ નોંધાયું છે—રચનાર માધવદાસ અને આ માધવદાસ એકજ વ્યક્તિ છે.

નરસિંહ મહેતાનાં કેટલાંક અપ્રસિદ્ધ પદો

(સંગ્રહકર્તાઃ—રા. રા. નટવરલાલ ઇચ્છારામ દેસાઈ, બી. એ.)

ભક્તરાજ નરસિંહ મહેતો એ ગુજરાતી ભાષાનો આદિકવિ વાજબી રીતે મનાય છે. એણે ઘણી કવિતાઓ રચી છે, પણ આપણું કમનસીબ છે કે આપણે તે સાંગોપાંગ પ્રાપ્ત કરી શક્યા નથી. એણે કવિતા લાંબા સર્ગોમાં લખી નથી, પણ નાનાં નાનાં પદોમાં રચી છે. તેમાં પણ મુખ્યત્વે કરીને શ્રીકૃષ્ણ ભગવાનના બાળપણની વિવિધ લીલાઓ ગાવી, એ તેનો નિયમ હતો, અને રોજ નવા નવા ભાવવાળાં કીર્તનો બનાવી, ઠાકોરજી આગળ ગાતો હતો. એણે જે રાગોમાં કવિતા રચી છે તે રાગો પ્રાયઃ જૂના અને આર્ય સંસ્કૃતિના છે. મુસલમાની રાજ્યકાળમાં જે ઇસ્લામી રાગો ઘડાયા છે, તેનાં સ્વરૂપો તેની કવિતામાં જણાતાં નથી. તેથી પણ એમ જણાય છે કે તે મુસલમાન સત્તાની ઝમાવટ સોરઠમાં થઈ તે પહેલાંનો આ કવિ છે. તેણે મુખ્ય મુખ્ય રાગો ખુબીબંધ વાપરેલા છે. તે ઉપરાંત તેણે શ્રીકૃષ્ણની જે જે લીલાઓનાં પદો રચ્યાં છે, તે સર્વ ભાગવતાનુસારી કે અન્ય પુરાણાનુસારી નથી. કેટલીક લીલાઓનાં વર્ણનો તો એવાં છે કે જેણે પ્રત્યક્ષ જોયું કે અગમ્ય રીતે અનુભવ્યું હોય નહીં તે એવું વર્ણન કરી શકે નહીં. તેથી કેટલાંક તેનાં કીર્તનો અત્યંત ગૂઢ રસવાળાં છે. આ ઉપરાંત તેણે કેટલાંક તત્ત્વજ્ઞાનવિષયક સુંદર પદો પણ રચ્યાં છે. તે ઉપરથી આપણને ઘણી વાર પ્રશ્ન થાય છે કે નરસિંહ મહેતો કયા પ્રકારના તત્વજ્ઞાનમાં માનતો ? તેની ફીલસુફી શી હતી ? તેની અનેક કવિતામાં જ્ઞાન–વૈરાગ્ય ઝળકે છે, તેમ દ્વૈતાદ્વૈતનો પણ ભાસ થાય છે. આપણા વિદ્વાનોએ વિચારવા જેવો અને ચર્ચવા જેવો એ પ્રશ્ન છે.

નરસિંહ મહેતાકૃત કાવ્યસંગ્રહ એકઠો કરવામાં મારા સ્વ. પૂજ્ય પિતાશ્રી ઇચ્છારામ દેશાઈની આજ્ઞાથી મેં પણ કેટલોક ભાગ લીધો છે. પ્રસ્તુત ગ્રંથ છપાઈ ગયા પછી પણ જૂદા જૂદા પ્રાચીન હસ્તલિખિત ગ્રંથોમાંથી મળી આવતાં કેટલાંક અપ્રસિદ્ધ પદોનો સારો જેવો એક સંગ્રહ મારી પાસે થયો છે. એમાંથી નરસિંહ મહેતાનું પોતાનું રચેલું મામેરૂં અને હુંડી–કાવ્યો તો ગુજરાતી પ્રેસનાં વાર્ષિક મોટાં પંચાંગોમાં મેં છપાવ્યાં છે. આ પદો અથવા કીર્તનો ઠાકોરજી આગળ બારે માસ ગાવાના નિત્ય અને નૈમિત્તિક ઉત્સવોનાં પદસંગ્રહોમાંથી ઉતારી લીધાં છે. આ ચોપડીઓ વૈષ્ણવોની નિત્યસેવાપાઠપૂજામાં રહેલી, તેથી મૂળ પુસ્તકો તો તેના માલીકોને પાછાં આપી દીધાં છે. એમાંથી થોડાંક અત્રે વાંચનારાની જિજ્ઞાસા તૃપ્ત કરવાને આપ્યાં છે.

નરસિંહ મહેતાના સમયની અને તેની પોતાની ગુજરાતી ભાષાનું સ્વરૂપ કેવું હશે તે જાણવાને આપણી પાસે જે સાધનો છે તે ઘણાંજ નિર્જીવ છે, કારણ કે નરસિંહ મહેતાની ગુજરાતી ભાષાશૈલી ઉંચા પ્રકારની જણાય છે. તેમાં સંસ્કૃત તત્સમ શબ્દો શુદ્ધ સ્વરૂપમાં જ લખાયલા છે; ભાવ અને રસ પણ ઉંચા પ્રકારના છે. અને સૌથી વિશેષ તો એ પદો કીર્તનો કંઠસ્થ રાખીને ગવાતાં અને ઉતારી લેવાતાં તથા ઘણા લોકપ્રિય થતાં, તેથી પણ ભાષાનું સ્વરૂપ બદલાતું પણ રહેલું હોય, એ સંભવિત છે. આ પદોની ભાષા જેવી હતી તેવી જ અહીં મેં ઉતારી લીધી છે. નરસિંહની શૃંગારભક્તિ અને તત્ત્વજ્ઞાનવાળી ભક્તિનું તત્ત્વતઃ સ્વરૂપ એક જ છે. તે આખું યે જગત શ્રીકૃષ્ણમય દેખતો, અને માયા તથા પુરૂષનો સર્વત્ર રાસ ખેલાતો જોતો. નીચે આપેલાં પદોમાં શૃંગારી ભક્તિ અને જ્ઞાનભક્તિનો સમન્વય નરસિંહે કરેલો સુજ્ઞ વાચકને જણાશે.

પદ ૧ લું, રાગ પ્રભાત

ભેદ જાણ્યા વિના ભ્રાંતિ ભાંગે નહિં, ભ્રાંતિ જ્યાં હોય ત્યાં શાંતિ ના'વે;
શાંતિ વિણ ચિત્તની સ્થિરતા હોય ના, ચિત્ત સ્થિરતા વિના જ્ઞાન ના'વે. ૧ ભેદ
ગુણ ને કર્મના ભેદ બ્રહ્માંડમાં, વિવિધ પ્રકારના ઇમ ભાસે;
આત્મસ્વરૂપને ઓળખે જે સમે, ભેદ સહિત અભેદ થાશે. ૨ ભેદ
વર્ણ કે લિંગનો ભેદ ભાસે નહિં, નિજ સ્વરૂપે લવલેશ કોયે;
કેવળ તદ્રુપે એક જ લાગતું, સર્વ આભૂષણ કનક હોયે. ૩ ભેદ
સદ્દ્‌ગુરૂ સંગથી કીટ ને ભ્રમરવત્, તેમ દીપક વડે દીપ થાયે;
ભણે નરસંઇયો, નિજરૂપે એકતા, ગીતામાં એજ ગોવિંદ ગાયે. ૪ ભેદ

(આના જોટાનું બીજું પદ તે, "વર્ણના ધર્મ તે કર્મ કરવા ટળ્યા, મર્મ જાણ્યો ત્યારે ભર્મ ભાગ્યો" એ છે. જૂઓ ન. કા. સં. પાનું. ૪૮૩).

પદ ૨ જું, રાગ પ્રભાત

હું નહિં, તું નહિં તે નહિં આત્મમાં, ભેદ ભ્રમણા બધે નાશ પામે;
દૃષ્ટિગોચર નથી, બુદ્ધિગોચર ખરો, જાણતાં વેંત અજ્ઞાન વામે. ૧ હું.
અંતર તેમ નિરંતર લેશના, રૂપ કે ગુણ લવલેશ નોયે;
વાણિ કે મન તણો વિષય તે થાય ના, તેજ છે, તેજ છે, તેજ સોયે. ૨ હું.
નહિ વિશેષે, નહિ ન્યૂન કહેવાય તે, લાવવું મૂકવું કેમ શાથી?
ધ્યાન ધરી જ્ઞાની અંતરે ઓળખે, તુરીયાસ્થિત થઈ તે દશાથી. ૩ હું.
ભણતા શાસ્ત્રીઓ, જ્ઞાનીઓ માણતા, માણનારો તદ્રૂપ જાણો;
ભણે નરસંઇયો એમ નિષેધરૂપ, કૃષ્ણ પરબ્રહ્મને તો પ્રમાણો. ૪ હું.

(આના જોટાનું પદ "આદ્ય તું, મદ્ય તું, અંત તું ત્રિકમા" છે. જૂઓ ન. કા. સં. પાનું ૪૮૭).

પદ ૩ જું, રાગ પ્રભાત

કૃષ્ણરૂપે સહુ જ્ઞાનના કાળમાં, અજ્ઞાન કાળમાં વિશ્વ ભાસે;
હું તું તે ભેદ ના જ્ઞાનીને લેશ છે, જ્ઞાન ભાનૂદયે તિમિર નાસે. ૧ કૃષ્ણ.
ભૂત પાંચે ને અદ્દ્‌ભુત તો સર્વ છે, કૃષ્ણથી ભિન્ન 'ના' વસ્તુ કોઈ;
જ્ઞાનમય નેત્રથી જ્ઞાનીઓ દેખતાં, વિષ્ણુમય દેખતાં વિશ્વ સોઈ. ૨ કૃષ્ણ.
જળ વિષે, સ્થળ વિષે, તેમ આકાશમાં, કૃષ્ણને દેખતાં યોગજ્ઞાને,
તેથી જ કૃષ્ણ વિણ **નેતિનેતિ** કહે, વેદવચન તો વળી સત્ય જાણે. ૩ કૃષ્ણ.
"કૃષ્ણથી ભિન્ન જે જ્ઞાન," અજ્ઞાન છે, જ્ઞાન તે સત્ય એવું જ જાણો;
ભણે નરસંઇયો કૃષ્ણમય વિશ્વ આ, સત્ય તે જ્ઞાન એવું પ્રમાણો. ૪ કૃષ્ણ.

(આને મળતું પદ ન. કા. સં.માં છે.)

પદ ૪ થું, રાગ પ્રભાત

કર્મ કર્તા અને કાર્ય કારણ બધું, ભક્ત ભગવાન રૂપે જ દેખે;
ધ્યાન ધ્યાતા અને ધ્યેય સરવે વળી, કૃષ્ણનું રૂપ લેખાય લેખે. ૧ કર્મ

દૃશ્ય દૃષ્ટા અને દર્શન–ભેદ ત્યાં, લેશ લવે નથી એમ જાણો;
તેજ છે કૃષ્ણ રૂપે બધું તેજ છે, પ્રેમથી અંતરે તે પ્રમાણો. ૨ કર્મ.
હું, તમે સર્વ સમાજ પણ કૃષ્ણમાં, એક રૂપે અભેદ જ જણાયે;
કેમ કરીને મળું, કેમ કરીને તજું, સર્વ પરિપૂર્ણ એવો ગણાયે. ૩ કર્મ.
કૃષ્ણના આપણે, આપણો કૃષ્ણ છે, ભાવના એવી જો નિત્ય ભાવો,
નરસંઈયાના નાથને ગોપીરૂપે સહુ, ભોગવી લાખેણો હ્યોને લાવો. ૪ કર્મ

(આના જોટાનું પદ "સારમાં સાર અવતાર અબળા તણો" અને "કોણ પુણ્યે કરી, નારય હું અવતરી" એ બે પદો છે.)

પદ ૫ મું, રાગ પ્રભાત

પ્રાણના નાથને બાથ ભરી જે પ્રિયા, કંઠ લાગી અધરચુંબન કરતી;
પ્રેમસુખ તેહનું કેમ કવિયો કવે, નેતિનેતિ એમ વાણી વદતી. ૧ પ્રાણ.
વદન શોહામણાં શામશામા તણાં, મંદ હસતા અને રાસ રમતાં;
થૈ તતા થૈ તતા તાલ તરુણી દીયે, મદભરી માનિની ગીત ગાતાં. ૨ પ્રાણ.
જાણે શશિ પ્રકટ શિરશોભા લટકને, વાજતાં નેપુરાં શબ્દતાને;
વિલસતી જામિની, ભુજ ભરી ભામિની, કામિની કંઠ રાખી જ કહાને. ૩ પ્રાણ.
વદન નિરખી રહ્યાં પ્રેમ આતુર થયાં, કંચુકીબંધ ત્યાં શિથિલ થાયે;
જાણે નરસંઇયો રંગરસસાગરે, શુદ્ધ પ્રેમી તરંગે તણાયે. ૪ પ્રાણ.

(નોંધ: ઉપનિષદોમાં પ્રાણતત્ત્વ અને આત્મતત્ત્વ એક માન્યું છે. પ્રાણને માટે આ ઇન્દ્રિયાદિ સર્વ વૈભવો છે. પ્રાણ તે શ્રીકૃષ્ણ અને ઇન્દ્રિયો તે ગોપીકાઓ સમજવી. એનો અખંડ રાસ રમાતો યોગીઓ જૂએ છે.)

પદ ૬ ઠું, રાગ પ્રભાત

શ્યામના સંગમાં રજનીભર રંગમાં, પૂર્ણ ઉમંગમાં આજ રમીજે;
ચોળી ચમકાવીયે, ઘુઘરી ઘમકાવીયે, નેપુર ઠમકાવીયે જેમ ગમીજે. ૧ શ્યામ.
અંગને મોડતાં, સંગમાં દોડતાં, દમકતી જોડતાં દૃષ્ટિ એવી;
ચમકતી દામિની, ભુજ ભરી ભામિની, કહાનને કામિની લલિત દેવી. ૨ શ્યામ.
લંક લચકાવતી, મુખડું મચકાવતી, વિનયભરી વિલસતી સેજ લેતી;
અધરરસપાનમાં માનિની માનમાં, શામળી સાનમાં માન દેતી. ૩ શ્યામ.
ઘુંઘટપટ ખોલતી, પ્રેમ ભરી બોલતી, રંગભર રોલતી સેજ શામા;
દેખતા સાથને કંઠ ગ્રહી હાથને, નરસંઇયાચા નાથને રસિક રામા. ૪ શ્યામ.

(જ્યારે પરબ્રહ્મે સ્વાભિન્ન માયા શક્તિ જગાવી, આ સૃષ્ટિરચના કરવાનું મન કર્યું ત્યારે માયાશકિત રંગમાં આવી જાય છે. શ્રીકૃષ્ણ તે પરબ્રહ્મ અને ગોપીઓ તે માયાની અનંત શકિતઓ સમજવી. રાસ તે સૃષ્ટિરચના, અથવા ચંદ્રવંશી શ્રીકૃષ્ણચંદ્ર વિશાખા અનુરાધા નક્ષત્રાદિ તારાગણમાં જે પરિભ્રમણ કરે છે તે ખગોળવિષયી સૃષ્ટિસૌન્દર્યનો અનંત રાસ સમજીએ, તો રાસલીલાની સ્થૂલ શૃંગારની ભાવના આમાં નહીં જણાય. ભાગવતમાં શુકદેવજી જણાવે છે કે જેમ દર્પણમાં નાનું બાળક પોતાનું પ્રતિબિંબ જોઈ રાજી થાય અને તેની સાથે રમે છે, તેમ શ્રીકૃષ્ણે આ ગોપીઓ સાથે રાસ ખેલ્યો છે. નરસિંહ મહેતાની પણ એ જ સમજ છે.)

કવિ અખાકૃત કવિતા

(સંપાદક: રા. રા. છગનલાલ વિદ્યારામ રાવળ)

પદ ૧ લું રાગ મલ્હાર

જ્ઞાન—ઘટા ચઢ આઈ,
અચાનક જ્ઞાન—ઘટા ચઢ આઈ — ટેક
અનુભવ—જળ બરખા બડી બુંદન,
કર્મકી કીચ રેલાઈ. અચાનક
દાદુર મોર શબ્દ સંતનકે,
તાકી શૂન્ય મિટાઈ. અચાનક
ચોદિશ ચિત્ત ચમકત અપનો,
દામનીશી દમકાઈ. અચાનક
ઘોર ઘોર ઘન ગર્જત ઘેહેરા,
સદ્ગુરૂ સાન બતાઈ અચાનક
ઉમગી ઉમગી આવત હે નિશદિન,
પૂર્વ દિશા જતાઇ અચાનક
ગયો ગ્રીષ્મ અંકુર ઉગીયા રે,
હરિ હરકી હરીઆઈ અચાનક
શુક સનકાદિક શેષ સહુ રાચે,
સોઇ અખા પદ આઇ. અચાનક

પદ ૨જુ રાગ ચાલતો

બ્રહ્મ મહેલ સુખ કીનો
અબ તો બ્રહ્મ મહેલ સુખ કીનો — ટેક
ચતુરા તીન ત્રિગુન પર પાવન
ઐસો નિજ પદ ચિન્યો અબ તો
જ્યાં નહિ ધ્યેય, જ્યાં નહિ ધ્યાતા,
ઘોકા લીજ સબ કિનો અબ તો
વિધિ નિષેધ દોઉ ભયે બરાબર
ના કોઇ અધિક અધીનો. અબ તો
જ્યું મોર સલાખા મધ્ય પરઠત,
પ્રતિબિંબ સો તનમેં કર લીનો. અબ તો
ભેદાભેદ જ્યાં નહિ વાચા,
આકાશ તેં અતિ ઝીનો અબ તો
જીવન મુક્ત સકલ ઘટ વાસી
સબરસા ભોગી ભીનો અબ તો
અજબ કળા અખા સોનાના,
ઐસો અનુભવ ચિન્યો અબ તો

પદ ૩જુ રાગ ચાલતો

આનંદ અનુભવ આયા,
અબ મોહે આનંદ અનુભવ આયા — ટેક
ક્રીયા કરાયો કુચ બી નાહી,
સહેજે પીયાજીકું પાયા. અબ
દેશ ન છોડયા વેશ ન છોડયા,
નહીં છોડયા સંસારા. અબ
સુતા નર નિદ્રાસે જાગ્યા,
મીટ ગયા સ્વપ્ન પસારા. અબ
કૃપા નાળ અંતરસેં છૂટી,
ગોળા જ્ઞાન મીલાયા. અબ
આળ અટક ફેલ સબ નીકલ્યા,
જડસેં અજ્ઞાન ઉડાયા. અબ
ભલા કહે કોઈ બૂરા કહે
કોઈ અપની કાતી અનુસારા. અબ
બરા ચોલ લોહ પારસ પરસે
સો ભયા અખા સોનારા અબ

પદ ૪થું રાગ ચાલતો

તુજ મરતે બની આવે
મનુવા તુજ મરતે બની આવે — ટેક
તેરે ચાહોએ ચીકના કોડા,
પંચ વિજય સંગ લીના. મનુવા
મીજલસ તેરી પંચકે સંગે,
ચાહીએ રાકા રંગીલા મનુવા
સુખકો સાજ કોટ લાવે,
કાં તું દુઃખ ચલે ડગ આધે મનુવા
જ્યું ગલતી ગલ મચ્છી સબરસ
તુરત તનકુ ત્યાગે. મનુવા
એક મન અરૂ દુજા પાડા,
મરે સો મૂલ અમૂલે. મનુવા
કચ્ચા અપના અર્થ બીગાડે,
પક્કા નર યું બોલે. મનુવા
યોગી હોકે : હો તું તપીયા,
જિત્યા જુગ સંસારા મનુવા
મૃતકકી ગત મૃત કહી જાને*
કહે ગયા અખા સોનારા મનુવા

---

* એક હસ્તલિખિત પુસ્તક ઉપરથી ઉતારો.

ગ્રંથપરિચય

(૧)

ગુજરાતના ઐતિહાસિક લેખો—(પ્રાચીન યુગથી વાઘેલા વંશની સમાપ્તિ પર્યંતના) **ભાગ ૧ લો.**

સંગ્રહ કરનાર: શ્રીયુત **આચાર્ય ગિરજાશંકર વલ્લભજી**, બી. એ., એમ. આર. એ. એસ., કયુરેટર આર્કીઓલોજીકલ સેકશન પ્રિન્સ ઓફ વેલ્સ મ્યુઝિયમ, મુંબઈ.

પ્રકાશક: **શ્રી ફાર્બસ ગુજરાતી સભા,** મુંબઈ (૪).

પૃષ્ઠસંખ્યા: ૬+૨+૮+૨+૨૦+૧૨ (સાતથી અઢાર)+૮+૧૦+૩૧૦+૧૮=૩૯૬. કદ: રોયલ ચારપેજી. પાકું પૂઠું. મૂલ્ય: રૂા. ૪–૮–૦. પ્રકાશનવર્ષ: વિ. સં. ૧૯૮૯, ઇ. સ. ૧૯૩૩.

"ગૂજરાતના ઇતિહાસનાં સમગ્ર સાધનો અને ઉપકરણોને એકત્ર કરવાનું સુપ્રભાત તો કોણ જાણે કયારે ઉગશે.[1] પણ એવાં સાધનોની અડધી–ઊણી યાદીઓ કે ટૂટી–ફૂટી રેખાઓનું આલેખન પણ આપણે કરી શકીએ તેવી મંદ પ્રવૃત્તિવાળી અસ્પષ્ટ ઉષાનો પણ હજી કયાંયે આભાસ દેખાતો નથી. બંગાલ, બીહાર, ઓડીસા, મદ્રાસ, કર્ણાટક, મહારાષ્ટ્ર આદિ દેશોના ઇતિહાસ અને પુરાતત્ત્વને પ્રકાશમાં લાવવા માટે, એ પ્રાંતોમાં

---

૧. આ પ્રમાણેની પૃથક્ પૃથક્ સંખ્યાઓ કેમ રખાઇ છે તે વિષે સંગ્રહકારે એમની પ્રસ્તાવના (પૃ. ૧)માં એવો ઉલ્લેખ કર્યો છે કે "પ્રત્યેક વંશના લેખોનાં પાનાંનો અનુક્રમ નંબર જૂદો રાખેલ છે, તેમ જ દરેક લેખ પણ નવા પાને શરૂ કરવામાં આવેલ છે; જેથી જે વ્યક્તિઓને પોતાનો સંગ્રહ હરહમ્મેશ સંપૂર્ણ રાખવાની ઇચ્છા હોય તેને નવા ઉપલબ્ધ લેખો યોગ્ય અનુક્રમમાં તથા સ્થળે ટાંકી દેવાય એવી સગવડ છે." આ સંબંધમાં મારે એટલું ઉમેરવું જોઇએ ક્ષત્રપ વંશના લેખો માટે પ્રારંભથી પૃષ્ઠાંક પૃથક્ અપાયેલ નથી. અર્થાત્ મૌર્યવંશી અશોકનાં ધર્મશાસનો ૧૪મે પાને પૂરાં થતાં પંદરમા પાનાથી ક્ષત્રપવંશના લેખો શરૂ કરાયા છે. વિશેષમાં વીસમા પાના પછી પણ તે ચાલુ રહે છે ત્યારે પૃષ્ઠસંખ્યા ૨૧થી ન અપાતાં સાતથી શરૂ કરી અઢાર પર્યંત આપવામાં આવી છે. આથી ઉપલક દૃષ્ટિએ એવો ભ્રમ થાય છે કે પ્રથમનાં છ પાનાં ખૂટતાં હશે. આ સંબંધમાં પ્રસ્તાવનામાં ખુલાસો કરાવો જોઈતો હતો, પણ તેમ કરાયું નથી. ઉપર્યુક્ત પરિસ્થિતિ ઉભી થવાનાં બે કારણો કલ્પી શકાય છે: (૧) ક્ષત્રપ વંશના લેખોનાં વીસ પાનાં છપાયાં બાદ પ્રત્યેક વંશના મેળ માટે પૃથક્ પૃષ્ઠાંક આપવાનો વિચાર સ્ફુર્યો હોય; અથવા (૨) પ્રથમથી જ એવો વિચાર હોવા છતાં શરતચૂકથી આવી સ્ખલના ઉદ્‌ભવી હોય અને તે દૂર કરવા માટે ક્ષત્રપવંશના લેખો ચાલુ હોવા છતાં પૃષ્ઠાંક ફેરવી લેવાયો હોય.

વિશેષમાં અત્ર એ પણ નોંધવું પડે છે કે મૌર્યવંશી રાજા અશોકનાં ધર્મશાસનો એમ જે મોટા અક્ષરે છપાવેલ છે તે બે પાનાંઓને માટે એક, બે એમ પૃષ્ઠાંક રાખી એ અનુશાસનો માટે ફરીથી એક, બે એમ ચાલુ સંખ્યા રખાઇ છે કે જે પદ્ધતિને આગળ ઉપર તિલાંજલિ અપાઈ છે. એટલે આ પ્રમાણે ક્ષત્રપવંશના લેખો સુધીનાં પાનાંના અંકમાં અને ત્યાર પછીના લેખનાં પાનામાં ભિન્નતા છે.

નાની મોટી રાજકીય અને પ્રજાકીય અનેક સંસ્થાઓ સ્થપાણી છે. અને વ્યક્તિકૃત અને વર્ગકૃત અનેક પ્રયત્નો થઈ રહ્યા છે, પરંતુ આપણે ત્યાં એમાંનું કશુંયે જણાતું નથી."

આ પ્રમાણેના ઉદ્‌ગારો શ્રીયુત **જિનવિજયે** "ગૂજરાત સાહિત્યસભા"ના માનદ સભ્યોની ભાષણમાલાના પહેલા ભાષણ તરીકે તા. ૧૭ જુલાઈ ૧૯૩૩ને દિન રજુ કર્યાં તેની પૂર્વે એક બે મહિના ઉપર અથવા તો તે અરસામાં ઉપર્યુક્ત ગ્રંથ પ્રસિદ્ધ થયો હોય એમ જણાય છે.[૧] આ ગ્રંથનો વિષય એના શીર્ષક ઉપરથી વ્યકત થાય છે ખરો, પરંતુ તે યથાર્થ પરિચય આપવા પૂરતો નથી. અને બલ્કે એથી જ શ્રી ફાર્બસ ગુજરાતી સભા તરફથી પુસ્તકોની યાદીમાં "ગુજરાતના ઐતિહાસિક ઉત્કીર્ણ લેખો (હિસ્ટોરીકલ ઇન્સ્ક્રીપ્શન્સ ઓફ ગુજરાત ભાગ ૧ લો). (અશોકથી ગુર્જર વંશ[૨] પર્યંત)" એવો ઉલ્લેખ થયેલો જોવાય છે. અંગ્રેજી શીર્ષકમાં 'ઇન્સ્ક્રિપ્શન્સ'થી જે અર્થ સ્ફુરે છે તે અર્થ 'ઉત્કીર્ણ' શબ્દના પ્રયોગ વિના 'ઐતિહાસિક લેખો'થી સ્ફુરતો નથી, એટલું આ શીર્ષક વિષે સૂચન કરવું દુરસ્ત જણાય છે.

ગુજરાતી કહો કે કોઈ પણ દેશની કહો ઐતિહાસિક સામગ્રી કે જે પુરાતન સંસ્કૃતિના જ્ઞાનની દિવ્ય જ્યોતિ રૂપ છે તેના સમુચિત અન્વેષણ, સંશોધન, સંપાદન અને પ્રકાશન પાછળ જેટલો સમય અને શકિતનો ઉપયોગ કરાય તેટલો ઓછો છે. આવી ઉપયોગી ઐતિહાસિક સામગ્રીમાં ગ્રન્થગત સામગ્રી[૩] ઉત્કીર્ણ લેખો, સિક્કાઓ અને મુદ્રાઓ સ્થાપત્ય અને ભાસ્કર્ય[૪]નો સામાન્ય રીતે નિર્દેશ કરાય છે. એ પૈકી ગ્રન્થગત સામગ્રીનો એક પ્રકાર તે પ્રબંધો, ચરિત્રો, રાસાઓ ઇત્યાદિ[૫] છે. એનો બીજો પ્રકાર તે ગ્રન્થપ્રશસ્તિઓ છે કે તેમાં ગ્રંથના રચનાર કે ગ્રંથની નકલ કરનાર-કરાવનાર કેટલોક પરિચય આપે છે, જેવા ઐતિહાસિક મૂલ્ય તરફ ગવેષકો જોઇએ તેવું ધ્યાન ખેંચાયું જણાતું નથી.

ઉત્કીર્ણ લેખોના એટલે પત્થર કે ધાતુ ઉપર લખાયેલા લેખોના મુખ્ય તથા (૧) શિલાલેખો અને (૨) તામ્રપત્રો, એમ બે વિભાગ સૂચવાયા છે. કોઈક એના (૧) દાનપત્રો (૨) પત્થર ઉપર કોતરાવેલા લેખો અને (૩) પ્રશસ્તિઓ, એમ 'જાદી રીતે' ત્રણ પ્રકાર પણ ગણાવે છે.[૬]

---

૧ સંગ્રહકારે સમય નિર્દેશ કર્યો નથી, પરંતુ "શ્રીફાર્બસ ગુજરાતી સભા"ના માનાર્થ મંત્રી શ્રીયુત (હાલમાં ન્યાયમૂર્તિ) **હરસિદ્ધભાઈ વજુભાઈ દીવેટીયાએ** અંગ્રેજીમાં લખેલ પ્રાક્કથનમાં જે તા. ૧-૫-૩૩નો ઉલ્લેખ કર્યો છે તે ઉપરથી આમ સમન્વય છે.

૨ 'ગુજરાત ચાલુક્યવંશ' એમ જોઇએ.

૩ "ભાટચારણોને મોઢે મળી આવતી "દંતકથાઓને" પણ કેટલાક ઐતિહાસિક સાધન તરીકે ઓળખાવે છે.

૪ 'ભાસ્કર્ય' શબ્દનો ઉપયોગ શ્રીયુત **જિનવિજયે** એમના પૂર્વોક્ત ભાષણ(પૃ. ૬૦)માં કર્યો છે, અને ત્યાં એ સંબંધમાં તેમણે નીચે મુજબ નિર્દેશ કર્યો છે:—"પત્થર, લાકડી, માટી વગેરે ઉપાદાનોમાંથી સ્થપતિ દ્વારા સર્જાએલી કોઇ પણ કૃતિ—વસ્તુ—નો સમાવેશ સ્થાપત્યમાં થાય છે; અને લોઢું, તાંબું, પિત્તળ, સોનું, ચાંદી આદિ ધાતુઓમાંથી ઘડેલી વસ્તુઓનો અંતર્ભાવ ભાસ્કર્યમાં થાય છે."

૫ વિદેશીઓએ કરેલી નોંધોનો હું આ સમાવેશ કરૂં છું.

૬ જુઓ "ગુજરાતના મધ્યકાલીન હિન્દુ—રજપૂત યુગનાં ઇતિહાસનાં પ્રબંધાત્મક સાધનો" (પૃ. ૯) આ પૃષ્ટમાં ચાવડા વંશના ઇતિહાસ માટે શી પરિસ્થિતિ છે તેનો ઉલ્લેખ કરાયો છે.

ઉપર જે શીર્ષકનો વિચાર કરાયો છે તે ઉપરથી એ વાત ધ્યાનમાં આવી જ હશે કે પ્રસ્તુત ગ્રંથને ઐતિહાસિક વિવિધ સામગ્રી પૈકી ઉત્કીર્ણ લેખ રૂપ સામગ્રી સાથે સંબંધ છે. આ ગ્રંથમાં એકંદર ૧૦૭ ઉત્કીર્ણ લેખોનો સમાવેશ કરાયો છે. સૌથી પ્રથમ મૌર્યવંશી અશોકનાં[૧] ચૌદ ધર્મશાસનો આપેલાં છે. એ પ્રમાણે મૌર્યવંશથી પ્રારંભ કરી, ત્યાર બાદ અનુક્રમે ક્ષત્રપ, ત્રૈકૂટક, ગુપ્ત, વલભી અને ગુજરાત ચાલુક્ય વંશના શિલાલેખો અપાયા છે. આમ કુલ છ વંશોને લગતી હકીકત અત્ર નોંધાઈ છે. તેમાં વલભી વંશને લગતી હકીકતથી ગ્રંથનો ૩૧૦ પૃષ્ઠ જેટલો મોટો ભાગ સમૃદ્ધ બન્યો છે, કેમકે મૌર્યવંશનો ૧, ક્ષત્રપવંશના ૧૧, ત્રૈકૂટકના ૨, ગુપ્તનો ૧, વલભીના ૮૬ અને ગુજરાત ચાલુક્ય વંશના ૬ ઉત્કીર્ણ લેખો છે.

અત્ર એ હકીકતનો ઉલ્લેખ કરવો અનાવશ્યક નહીં ગણાય કે વલભીના નાશ પછી જે ચાવડા વંશનો ઉદય થયો છે, તેના વંશ સાથે સંબંધ ધરાવનાર એક પણ ઉત્કીર્ણ લેખ મળતો જ નથી, એવી સંગ્રહકારની માન્યતા હોવાથી (જોકે વસ્તુસ્થિતિ તેમ નથી) અને એથી જ વલભીના ઉત્કીર્ણ લેખ પછી આ ગ્રંથમાં આપણને ગુજરાત ચાલુક્ય વંશના ઉત્કીર્ણ લેખોનાં દર્શન થાય છે.

ઉપર્યુક્ત ૧૦૭ ઉત્કીર્ણ લેખોમાં મોટો ભાગ તામ્રપત્રોનો છે, કેમકે ગિરનાર ગિરિના ખડક ઉપરનાં ચૌદ ધર્મશાસનો કે જેને લેખાંક એક તરીકે ગણાવાયેલ છે તે, લેખાંક ૨–૧૨, ૧૫ અને ૩૭ અને ગુહસેનના સમયના માટીના ઘડાના કટકા ઉપરનો લેખ(લેખાંક ૩૫) બાદ કરતાં તમામ ઉત્કીર્ણ લેખો તામ્રપત્રરૂપ છે, એટલે કે ૧૦૭ લેખોમાં ૯૨ તામ્રપત્રો છે. આ તામ્રપત્રોમાંનો ૧૪મો લેખાંક વ્યાઘ્રસેનનાં સુરતનાં તામ્રપત્રકમમાં છે. એવી રીતે ૧૩મો લેખાંક સુરત જીલ્લામાં આવેલ પારડીનો છે. એ બંને લેખો ત્રૈકૂટક વંશના છે. બાકી બીજા અન્યાન્ય વંશના અને સ્થળોના છે.

હવે આપણે ઉત્કીર્ણ લેખોનો ભાષા અને લિપિની દૃષ્ટિએ વિચાર કરીશું તો જણાશે કે એમાં ગીર્વાણ ગિરાને પ્રાધાન્ય મળેલું છે. અશોકનાં ધર્મશાસનોની ભાષા અમુક અંશે એથી જૂદી પડે છે. ગુજરાતી ભાષામાં એકે લેખ નથી અને તે પરિસ્થિતિ ગુજરાતી ભાષાની ઉત્પત્તિ વિચારતાં અનુરૂપ જણાય છે.

લિપિના સંબંધમાં તો જે લેખો અત્ર અક્ષરાન્તરરૂપે છપાયા છે તે ઉપરથી તો એ વિષે કશો ખ્યાલ આવે તેમ નથી; પરંતુ મૂળ ઉત્કીર્ણ લેખો કે એની આબેહુબ પ્રતિકૃતિ કે એને અંગેનું અવલોકન[૨] જોનારથી એ અજાણી રહે તેમ નથી. શ્રી ફાર્બસ ગુજરાતી સભાના સંચાલક મહાશયોએ મોટો ખર્ચ કરીને જ્યારે ઉત્કીર્ણ લેખો છપાવ્યા છે ત્યારે તેમણે જો મૂળની આબેહુબ પ્રતિકૃતિઓ આપી હોત તો ગુજરાતની આ એક અગ્રગણ્ય સભા દ્વારા જે ઐતિહાસિક સામગ્રીને રજુ કરવારૂપ વિવિધ પ્રકાશનો થયાં છે તે પ્રકાશનરૂપ મંદિરના ઉપર આ સુવર્ણકળશની ગરજ સારત. હજી પણ તેઓ તેમ કરે તેમ આપણે ઇચ્છીશું.

૧ કોઈક આ સંબંધમાં મતભેદ ધરાવે છે, પરંતુ તેની આલોચના માટે અત્ર અવકાશ નથી.

૨ લેખાંક ૩૭ અને ૩૯માં લિપિ 'વલભી' છે, એવો ઉલ્લેખ છે; એ પ્રમાણે ૬૨મા લેખાંકની લિપિની અન્ય દાનપત્રોની લિપિ સાથે તુલના કરાઇ છે. છેવટના ૧૭મા પૃષ્ઠમાં આ સંબંધમાં નિર્દેશ છે. આ પ્રમાણે જે ઉલ્લેખો થયા છે તે એકત્ર કરી લિપિને લગતી એક સૂચી અપાય તેવો ખાસ પ્રબંધ થવો ઘટે.

વિશેષમાં લેખાંક ૧૭[1] કે જે વલભી સંવત્ ૨૦૬નું દાનપત્ર છે તેનાં છઠ્ઠા પૃષ્ઠમાં પાદનોંધમાં ઓંકાર ચિહ્નરૂપે છે એમ જણાવાયું છે. હું સમજું છું ત્યાં સુધી જેને મેં મારા "જૈન હસ્તલિખિત પ્રતિઓના વર્ણનાત્મક સૂચીપત્ર[2]"ના બીજા વિભાગના બીજા પરિશિષ્ટ-(પૃ. ૧૨)માં 'ભલે' તરીકે ઓળખાવેલ છે તેનું આ એક યા બીજું રૂપ હોવું જોઈએ.[3]

જેમ જિહ્વામૂલીય અને ઉપધ્માનીય માટે ચિહ્નો અપાયાં છે,[4] તેમ 'ભલે' સૂચક બીબાં બનાવીને પણ એ ચિહ્નોની એક સૂચી રજુ થઈ હોત તો 'ભલે'ને લગતો વિદ્વજ્જનોમાં જે ઊહાપોહ કરાયો છે તે સંબંધમાં એ પ્રકાશ પાડી શકત.

ઉત્કીર્ણ લેખને અંગે કેટલીક માહિતી આપ્યા બાદ અક્ષરાન્તર અને ભાષાન્તર આપવામાં આવેલ છે. વિશેષમાં અક્ષરાન્તરમાં લેખના કોતરનાર, કોતરાવનાર, કે મૂળ લેખના યોજકને હાથે કોઈ અશુદ્ધિ દાખલ થઈ ગઈ હોય તો તે અશુદ્ધિનું પ્રમાર્જન અક્ષરાન્તરમાં 'વાંચો' શબ્દથી સૂચવાયું છે.[5] અત્ર 'વાંચો'ને બદલે 'શુદ્ધ' કે એવો કોઈ પ્રયોગ કરાયો હોત તો કેમ ?

પ્રારંભમાં અંગ્રેજીનાં મુખપૃષ્ઠ, ત્યારબાદ ગુજરાતીમાં મુખપૃષ્ઠ, શ્રી ફાર્બસ ગુજરાતી સભાની યોજના,[6] અંગ્રેજીમાં પ્રાક્કથન, સભાની માલિકીના પ્રસિદ્ધ ગ્રંથોની યાદી,[7] પ્રસ્તાવના સંગ્રહીત[8] લેખોની અનુક્રમણિકા,[9] સંક્ષિપ્ત શબ્દસૂચી,[10] સભાના છપાયેલા અને લખાતા ગ્રંથોની યાદી[11] અને ત્યારબાદ ગ્રન્થનો મુખ્ય વિભાગ, એ પ્રમાણેની સંકલનાવાળા આ પ્રસ્તુત ગ્રંથમાં 'શુદ્ધિપત્રક' નથી. અત્ર 'શુદ્ધિપત્રક' અપાયું નથી, એટલે અશુદ્ધિ છે જ નહીં, એમ માનવાનું કારણ નથી. મુદ્રણદોષ ઉપરાંત બીજી પણ સ્ખલનાઓ જોવાય છે. દાખલા તરીકે ચોથા ધર્માનુશાસનના ભાષાન્તરમાં કેટલીક જગ્યાએ 'પ્રિયદર્શી' શબ્દ જ છપાવો રહી ગયો છે. વળી વિમાનદર્સણા અને હસ્તિદસણાનો અર્થ સમુચિત જણાતો નથી. 'ધર્મ' શબ્દનો અર્થ ચૌદ શાસનોમાં 'નીતિ' કરાયો છે, જ્યારે એ જ શબ્દને અનુલક્ષીને શીર્ષકમાં 'ધર્મશાસન' શબ્દ યોજાયેલો જણાય છે. આશા છે કે હવે પછીના ભાગમાં વિશિષ્ટ સ્ખલનાઓને અંગે તો શુદ્ધિપત્રક આપી સંગ્રાહક મહાશય આપણને જરૂર આભારી કરશે.

પ્રસ્તુત ગ્રંથ જેવા ઐતિહાસિક સાધનનો અભ્યાસીઓ વિશેષ અને સુગમતાપૂર્વક ઉપયોગ કરી શકે તે માટે એમાં જે જે જાતની સૂચીઓ અપાવી જોઈએ તેમાંની એકે અત્ર અપાયેલી નથી. આનું કારણ કદાચ એમ હશે કે છેવટના ભાગમાં સંગ્રાહક મહાશય એ

---

૧ આ અંક ગ્રન્થમાં અપાયેલ નથી.

૨ આ સૂચીપત્રના અત્યાર સુધીમાં બે વિભાગો ભાંડારકર પ્રાચ્ય વિદ્યાસંશોધનમંદિર તરફથી પ્રસિદ્ધ થયા છે અને હાલમાં ત્રીજો વિભાગ છપાય છે.

૩ અહીંના પ્રિન્સ ઓફ વેલ્સ મ્યુઝીયમમાં આ તેમ જ પ્રસ્તુત ગ્રંથમાં નિર્દિષ્ટ કેટલાંક તામ્રપત્રો છે.

૪ ઉદાહરણો જુઓ પૃ. ૨૩૮ ૨૩૯.

૫ દાખલા તરીકે જુઓ પૃ. ૨૩૮.

૬ ૮ અને ૧૧ આ માટે પસંદ કરેલ સ્થળ વિચારણીય છે.

૮ શું આ શબ્દ બરાબર છે?

૯ આ અનુક્રમણિકામાં મૂળ લેખ કયાંનો છે અને હાલ કયાં છે તે દર્શાવાયું છે એ ઠીક થયું છે, પરંતુ આ સંબંધમાં સ્વતંત્ર નોંધ અકારાદિ ક્રમથી અપાવી જોઈતી હતી.

૧૦ આમાં ભાવનગર પ્રાકૃત અને સંસ્કૃત ઇન્સ્ક્રિપ્શન્સ માટે એક વેળા પ્રા. સં. ઈ અને બીજી વેળા ભા. પ્રા. સં. ઇ, એમ બે સંકેત સૂચવાયા છે તો તેમ કરવાનું શું કારણ?

સંબંધમાં પૂરતું ધ્યાન આપવા માંગતા હશે. ગમે તે હો. જો સંગ્રાહક મહાશયને હાથે તેવું કાર્ય થાય તો તે આનંદની વાત છે; અને જો કોઈ કારણસર તેમ ન થાય તો ઐતિહાસિક સાધન તરીકે ઉત્કીર્ણ લેખો પ્રકાશિત કરનારી સભા કોઈ અન્ય પાસે પણ આ કામ પૂરું કરાવી લે, પરંતુ એ સંબંધી ન્યૂનતા રહેવા નહીં દે, એમ એના સંચાલક મહાશયોને સાદર સૂચના કરાય તો કેમ?

વિશેષમાં એ પણ ઉમેરવા લલચાઉં છું કે પ્રસ્તુત ગ્રંથના ગૌરવને અનુરૂપ પ્રસ્તાવના પણ લખાવવી જોઈએ. શિલાલેખો અને તામ્રપત્રોના વિકાસ અને પરિવર્તનને લગતો ઇતિહાસ એમાં રજૂ થવો ઘટે, જે ઉપરથી ઉત્કીર્ણ લેખોનો સળંગ ઇતિહાસ ઉપજાવી શકાય.

મૂળ ઉત્કીર્ણ લેખો કે જેની પ્રતિકૃતિઓ સાથે અત્ર આપેલ અક્ષરાન્તર સરખાવી જવાની ઇચ્છા હતી અને છે,[1] પરંતુ તે તુરતમાં સફળ થાય એવા સંયોગો જણાતા નહીં હોવાને લીધે તેમ જ આ ગ્રંથનું અવલોકન હજી લખાયું નથી એવા, શ્રી ફાર્બસ સભાના સહાયક મંત્રીજીએ મને કહેલ યોગ્ય નિર્દેશને લક્ષ્યમાં રાખીને હાલ તુરત આટલું સ્થૂલ અવલોકનરૂપે લખાણ રજૂ કરી, અંશતઃ હું એને અંગેના ઋણમાંથી મુક્ત થાઉં છું.

અંતમાં એ વાતનો મારે નિર્દેશ કરવો જ જોઈએ કે સ્વ. રણજીતરામ વાવાભાઈ મહેતાનો ચાર દળદાર જેટલો પ્રશંસનીય સંગ્રહ ખરીદી લેવાનો ઠરાવ તા. ૨૭-૬-૨૧ને રોજ સભાએ ન કર્યો હોત અને પ્રસ્તુત કાર્ય જે તા. ૧૪-૧૨-૨૧ને રોજ સ્વ. ઉત્તમલાલ કેશવલાલ ત્રિવેદીને સોંપવા ઠરાવાયું હતું તે કાર્ય, એ વિષે 'કંઈ પણ ચોકસ પ્રગતિ થઈ' તે પૂર્વે તેઓ સ્વર્ગસ્થ થવાથી શ્રીયુત આચાર્યને તા. ૧૩-૧૧-૨૪ને રોજ સોંપાયા બાદ તેની પૂર્ણાહુતિ કરવા જેટલું આરોગ્ય એમને ન રહ્યું હોત તો ઐતિહાસિક ઉત્કીર્ણ લેખો જેવા એક ઉત્તમ સાધનથી ગુજરાતી જનતાને કદાચ હજી વધુ વખત વંચિત રહેવું પડચું હોત. પરંતુ ગુજરાતનું 'અહોભાગ્ય' છે. આથી તો આવું ઉત્તમ સાધન કે જેમાં કેટલીક ત્રુટિઓ જણાય છે અને જેને દૂર કરવા હવે પછી પ્રયાસ થશે તે તૈયાર કરી આપવા બદલ શ્રીયુત આચાર્ય ગિરજાશંકરના તેમજ શ્રી ફૉર્બસ ગુજરાતી સભાના આપણે ઋણી છીએ, એમ કહેવું વધારે પડતું નહીં ગણાય. ભવિષ્યમાં 'ગુજરાતનો ઇતિહાસ' સાંગોપાંગ અને સર્વાંગીય પ્રસિદ્ધ કરવાનો સભાનો જે મનોરથ છે તે સત્વર પાર પડો, એમ ઇચ્છતો અને એક વાર ફરીથી શ્રીયુત આચાર્યે અને સભાએ ગુજરાતી જનતાની પ્રસ્તુત ગ્રંથદ્વારા જે સેવા બજાવી છે તે બદલ એ બંનેને હાર્દિક અભિનન્દન આપતો અને પ્રસ્તુત વિષયના શોખીનોને એની યોગ્ય કદર કરવા વિનવતો હું વિરમું છું.

ભગતવાડી, ભૂલેશ્વર,
મુંબઈ : તા. ૨-૧૦-૩૬ } હીરાલાલ રસિકદાસ કાપડિઆ (એમ. એ.)

---

૧ આ ઉપરાંત સ્વ. જૈનાચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરિકૃત ધાતુપ્રતિમા લેખસંગ્રહ, શ્રીયુત જિનવિજયદ્વારા સંપાદિત પ્રાચીન જૈન લેખસંગ્રહ, સ્વ. બાબુ પૂરણચંદ નાહર દ્વારા પ્રકાશિત લેખસંગ્રહ, શ્રીયુત જયંતવિજયવાળો લેખસંગ્રહ, તેમજ એવા બીજા કેટલાક છૂટાછવાયા લેખો જોઈ જવા અને તે સાથે પ્રસ્તુત લેખોની સંતુલના કરી, આ અવલોકન લખવાનો મારો વિચાર હતો, પણ તે હાલ તુરત બને તેમ નથી, એ માટે હું દિલગીર છું. હા, એટલું કહી શકું ખરો કે શ્રીયુત જિનવિજયે પદ્યોને પદ્યરૂપે હવે છપાવ્યાં છે તેમ અત્ર થયું નથી. એમ કરવું ઉચિત ખરું કે નહીં તેના વિષે હવે પછી ઊહાપોહ કરવા વિચાર છે. બીજું એમના લેખસંગ્રહમાં જેટલું અવલોકન વ્યાપક જણાય છે તેટલું અત્ર જણાતું નથી.

(૨)

પદાર્થવિજ્ઞાન અને રસાયણ

કર્તા : રા. રા. યશવંત ગુલાબભાઈ નાયક, એમ. એસ. સી. અધ્યાપક રૉયલ ઇન્સ્ટીટ્યુટ ઑફ સાયન્સ, મુંબઈ સોલ સેલીંગ એજન્ટ્સ : જનરલ બુક ડીપો, મુંબઈ નં. ૨.

સને ૧૯૩૭ના જુનથી મુંબઈ યુનીવર્સીટીએ મેટ્રીક્યુલેશન પરીક્ષા માટે યોજેલા અભ્યાસક્રમમાંના ફીઝીક્સ અને કેમીસ્ટ્રી—પદાર્થવિજ્ઞાન અને રસાયણ શાસ્ત્ર—એ વિષયોના પ્રશ્નોના ઉત્તરો વિદ્યાર્થીઓ ઇચ્છે તો માતૃભાષા—ગુજરાતી–માં આપી શકશે, એવી યોજના થવાથી, મુંબઈ રૉયલ ઈન્સ્ટીટ્યુટના એક કુશળ, ખંતીલા અને ઉત્સાહી યુવાન અધ્યાપક રા. રા. યશવંત ગુલાબભાઇ નાયક, એમ. એસ. એમણે ગુજરાતી ભાષામાં એ બે વિજ્ઞાનના વિષયોને લગતું એક, પાનાં ૫૦૦નું પુસ્તક એ વિભાગમાં પ્રગટ કરેલું છે.

રા. રા. યશવંત ગુ. નાયક અત્યાર અગાઉ વિજ્ઞાનના અધ્યાપક તેમજ રૉયલ ઈન્સ્ટીટ્યુટ ઑફ સાયન્સ મેગેઝીનના વ્યવસ્થાપક તરીકે જાણીતા થયેલા છે, એટલું જ નહીં પણ શ્રી. ફાર્બસ ગુજરાતી સભા તરફથી વિજ્ઞાનને લગતા ઉપયોગી વિષયોનો સરસ અને સચોટ વ્યાખ્યાનો આપવા માટે પંકાયલા છે. ઉપરાંત "પૃથ્વીનો ઇતિહાસ" એ પુસ્તકના કર્તા તરીકે સુપ્રસિદ્ધ થયેલા છે. એટલે તેમણે પ્રસ્તુત પુસ્તક "પદાર્થવિજ્ઞાન અને રસાયણ" ગુજરાતીમાં લખવાની શકિત અને યોગ્યતા પ્રાપ્ત કરેલાં છે તે વિષે બે મત હોઇ જ ન શકે, અને નથી. તેમણે પૂરતી અને સુક્ષ્મ બુદ્ધિ અને ભારે પરિશ્રમથી આ વિષયો સુંદર અને સુઘડ ભાષામાં નિરૂપેલા છે. પ્રસ્તુત પુસ્તક તૈયાર કરીને ગુજરાતી દ્વારા એ વિષયોનો અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ ઉપર તેમણે ઉપકાર કર્યો છે, અને શિક્ષક બંધુઓને માર્ગદર્શક થયા છે, એ નિશ્ચિત છે. તેમની વિજ્ઞાનના વિવિધ અને અઘરા વિષયો સમજાવવાની લેખનશૈલી સ્પષ્ટ અને સુંદર હોઈ સરળ છે. આ પુસ્તક તેમની સંયોજન શકિત અને તીવ્ર બુદ્ધિનો સારો પરિચય કરાવે છે.

ગુજરાતીમાં વિજ્ઞાનના વિષયો સમજાવનારાં વિજ્ઞાનનાં પુસ્તકો પૂરતા પ્રમાણમાં ન હોવાથી હજી પરિભાષિક શબ્દો નિશ્ચિત સ્વરૂપ પામ્યા નથી, તેમ વૈજ્ઞાનિક કોશ પણ જોઈતા સ્વરૂપમાં તૈયાર થયેલ ન હોવાથી રા. રા. નાયકને કેટલાક પારિભાષિક શબ્દો નવા ઘડવા પડેલા છે, જોકે તેમની એ શબ્દઘટના કેટલેક અંશે વિચારણીય હોઈ વિજ્ઞાનના લેખકોમાં આદર પામશે કે કેમ ? એ તો અનુભવે જણાય ત્યારે ખરૂં. પરંતુ અત્યાર અગાઉ રૂઢ થયલા પારિભાષિક શબ્દોની ઉપલબ્ધ છુટી છુટી યાદીઓ તેમણે તપાસી હોત અને તેમાંના પ્રતિષ્ઠિત થયેલા શબ્દો ઉપયોગમાં લીધા હોત તો વિજ્ઞાનના વિષયોના શિખવનાર શિક્ષકોને તેમજ અભ્યાસીઓને વિશેષ સફળતા થાત, એમ મારૂં સમજવું છે.

એકંદરે રા. રા. યશવંત નાયકનો પ્રસ્તુત પ્રયાસ બેશક આવકારને પ્રાપ્ત છે. શિક્ષકો તેમજ શિક્ષિતો, કેળવણીકારો, આ પુસ્તકને અવશ્ય સત્કારશે, એવી આશા સાથે અમે તેમને આ પરિશ્રમને માટે અભિનંદન દેઈશું.

અં. બુ. જાની, સં. ત્રૈ.

ગુજરાતનું પ્રાચીન શિલ્પ-સ્થાપત્ય

શ્રી ફાર્બસ ગુજરાતી સભાના આશ્રયે શ્રી બુદ્ધિવર્ધક વ્યાખ્યાનમાળાનું જાહેર વ્યાખ્યાન સભાના પ્રમુખશ્રી દિ. બા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી, એમ. એ., એલ. એલ. બી. ના પ્રમુખપદે, ગઈ તા. ૧૭મી ફેબ્રુઆરી ૧૯૩૭ ને રવિવારે સાંજે ૫॥ વાગે શ્રી ફાર્બસ ગુજરાતી સભામંદિરમાં અત્રેના પ્રીન્સ ઑફ વેલ્સ મ્યુઝીયમના આર્કીઓલોજીકલ ખાતાના એસી. કયુરેટર શ્રી રણછોડલાલ ધ. જ્ઞાની, એમ. એ. એમણે "ગુજરાતનું પ્રાચીન શિલ્પ-સ્થાપત્ય" (હિન્દુકાલીન) એ વિષય ઉપર મેજીક લેન્ટર્નની તખતીઓના દેખાડ સાથે વિવરણવિવેચનપૂર્વક રસિક વ્યાખ્યાન આપ્યું હતું.

આ પ્રસંગે પ્રમુખશ્રી ઉપરાંત બે. શ્રી વિશ્વનાથ પ્રભુરામ વૈદ્ય, રા. સા. મગનલાલ દલપતરામ ખખ્ખર, શ્રી ધર્મસુખરામ તનસુખરામ ત્રિપાઠી, શ્રી દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી, ડૉ. પ્રો. અરદેશર સો. કાલાપેસી, શ્રી નટવરલાલ ઇચ્છારામ દેસાઈ, શ્રી અંબાલાલ બુલાખીરામ જાની, શ્રી ગોકુળભાઈ ભટ્ટ, અન્ય સન્નારીઓ અને ગૃહસ્થો તેમજ લેડી નોર્થકોટ ઑર્ફનેજના વિદ્યાર્થીઓએ સારી સંખ્યામાં હાજરી આપી હતી.

વ્યાખ્યાતાનો પરિચય

પ્રમુખશ્રી દિ. બા. કૃષ્ણલાલ ઝવેરીએ શરુઆતમાં વ્યાખ્યાતા શ્રી. રણછોડલાલ ધ. જ્ઞાનીનો પરિચય કરાવતાં જણાવ્યું કે:

શ્રી જ્ઞાનીએ અગાઉ પણ અમારી સભાને આશ્રયે ગુજરાતના પુરાતત્ત્વ સંબંધી ભાષણો આપેલાં છે અને તે લોકપ્રિય થઈ પડ્યાં છે. તેમનો આજનો વિષય પણ લોકપ્રિય થઈ પડશે. શિલ્પ અને સ્થાપત્યનો વિષય અમુક અંશે જાણીતો છતાં અતિ કિમ્મતી છે. અને વ્યાખ્યાતા જૂના સ્થાપત્યનું વર્ણન કરશે તેમ જ તેની ખૂબી અને સૌંદર્ય બતાવશે; પરંતુ તે તો નજરે જોવાથી જ સમજાય. દેલવાડાનાં મંદિરો, રૂદ્રમાળ, મુસલમાની સમયની મસ્જીદો અને મકબરાઓ નજરે જોવાથી જ તેમનાં સૌંદર્ય અને શિલ્પની કદર થઈ શકે, તેમ છતાં આજના વ્યાખ્યાતા મેજીકલેન્ટર્નની મદદથી સંખ્યાબંધ તખતીઓ-સ્લાઈડો-ચિત્રો બતાવી, તેનો કાંઈક ખ્યાલ આપવા પ્રયાસ કરશે. એ પ્રયત્નથી આપણે અમુક અંશે ગુજરાતના પ્રાચીન શિલ્પ-સ્થાપત્યની તુલના કરી શકીશું.

રા. જ્ઞાનીનું વ્યાખ્યાન

વ્યાખ્યાતા રા. રણછોડલાલ ધ. જ્ઞાનીએ પોતાનું વ્યાખ્યાન શરૂ કરતાં જણાવ્યું કે:

આ વિષય તૈયાર કરતાં મને લગભગ છ મહીના જેટલો સમય વીતી ગયો છે; અને તેમ છતાં શું લેવું અને શું ન લેવું તેની મુંઝવણ થઈ છે. ગુજરાતની પ્રાચ્ય અને ખાસ નોંધવાલાયક ઈમારતોની સંખ્યા પણ ૨૦૦ જેટલી થાય છે, એ બધાને વિષે વિશેષ બોલી

શકાય તેટલો સમય અત્યારે આપણને મળે તેમ નથી. ઉપરાંત ગુજરાતના મુસ્લીમકાલીન સ્થાપત્યની ચર્ચા પણ આજના ભાષણમાં થઈ શકે તેમ નથી; એ વિવેચન હવે પછી વર્ણવવા ધારણા છે.[1] આજે તો માત્ર હિન્દુ સ્થાપત્યનો જ વિચાર કરી શકાશે. મેં માત્ર ૬૪ તખતીઓ—સ્લાઇડો—જ આજને માટે પસંદ કરી છે.

આટલું બોલી વ્યાખ્યાતાએ જો કે લગભગ ૬૦ પાનાં જેટલું વ્યાખ્યાન લખીને લાવ્યા હતા; કિંતુ સમયને અભાવે તે ન વાંચતાં તેમાંનો સાર ભાગ મોંઢેથી કહ્યો હતો અને પછીથી ગુજરાતના પ્રાચીન શિલ્પ-સ્થાપત્યના નમુનારૂપ તખતીઓ બતાવી હતી અને તે સાથે તેમાં રહેલી ખૂબી તેમજ સ્થાપત્ય વિષે કેટલીક જરૂરી તેમ શાસ્ત્રીય માહિતી આપી હતી. આ પ્રમાણે શુષ્ક જેવો લાગતો હોવા છતાં વિષય ખરેખર રસિક બન્યો હતો અને તખતીઓ બતાવવાથી તો એ વિષયમાં વિશેષ જાણવાની સહુ કોઈને ઉત્કંઠા થઈ હતી, અને તે એટલે સુધી કે વ્યાખ્યાનનો સમય માત્ર ૧ કલાકનો હોવા છતાં બે કલાક થયા, તો પણ સાંભળનારાઓનો રસ એટલો જ જળવાઈ રહ્યો હતો.

પ્રાચીન હિન્દુ સ્થાપત્ય

વ્યાખ્યાતાએ પ્રસ્તુત વિષયનું વિવરણ કરતાં જણાવ્યું કે:

હિન્દના પશ્ચિમ કિનારા ઉપર પ્રાચીન સ્થાપત્યમાં ગુફાઓના અવશેષો મળી આવે છે. કાઠિયાવાડમાં ગિરનારમાં, અને તળાજામાં ગુફાઓ છે. ગુફાઓમાં સ્થાપત્ય અતિશય પ્રાચીન કાળનું છે. તે પછી બૌદ્ધ સ્થાપત્ય, જૈન સ્થાપત્ય અને મુસ્લીમ સ્થાપત્ય અસ્તિત્વમાં આવ્યું છે. વૈષ્ણવો અને શૈવોનાં મંદિરો કરતાં જૈનોનાં મંદિરો વિશેષ નજરે પડે છે, તેમ જ જૈન મંદિરોમાં મૂર્તિઓનું પણ બાહુલ્ય હોય છે. જૂનાગઢની ઉપરકોટની ગુફાઓ પ્રાચીનતમ કાળની છે. કાઠિયાવાડને દક્ષિણ કિનારે સુત્રાપાડા અને મીયાનીની વચ્ચે આવેલાં દહેરાંઓ વહેલામાં વહેલા કાળનાં છે.

તે પછી વ્યાખ્યાતાએ ગોપનું મંદિર, બીલેશ્વરનું મંદિર, વલ્લભીરાજાઓના સમયનાં મંદિરો, ચાવડાના સમયનાં અને છેવટે સોલંકી યુગનાં સ્થાપત્યનું દિગ્દર્શન કરાવ્યું હતું.

સોલંકી યુગમાં શિલ્પ-સ્થાપત્ય પરાકાષ્ટાએ પહોંચ્યું હતું, એમ દર્શાવતાં વ્યાખ્યાતાએ કહ્યું કે તે સમયનાં સહસ્રલિંગ સરોવર, રૂદ્રમાળ, દેલવાડાનાં મંદિરો, શત્રુંજયનાં મંદિરો, વગેરે વગેરેનાં સ્થાપત્ય ગ્રીણવટ, નકસી અને કારીગરીમાં એટલાં સુંદર અને અપ્રતિમ છે કે આગ્રાના શાહજહાનના અપ્રતીમ ગણાતા તાજનું સ્થાપત્ય પણ દેલવાડાનાં મંદિરોના સ્થાપત્યથી ચઢીયાતું કહી નહીં શકાય. આવા પ્રકારનું શિલ્પ-સ્થાપત્ય જગતના કોઈ પણ દેશમાં અગાઉ થયું નથી, તેમ વર્તમાન કાળમાં પણ થતું જોવામાં આવતું નથી.

મંદિરો અને મસ્જીદોનાં ચિત્રો

હિન્દુ, બૌદ્ધ અને જૈનયુગના સ્થાપત્યનું રેખાદર્શન કરાવ્યા પછી, વ્યાખ્યાતાએ તખતીઓ બતાવી એ સ્થાપત્યના નમુનાઓ પ્રત્યક્ષ કરી બતાવ્યા હતા. એમણે બતાવેલાં ચિત્રોમાં

૧ શ્રી ફા. ગુ. સભાએ એ વિષય—"મુસ્લીમકાલીન શિલ્પ—સ્થાપત્ય" વિષે વ્યાખ્યાન ઓકટોબરમાં આપવાનું રા. રા. રણછોડલાલ ધ. જ્ઞાનીને નિમંત્રણ આપેલું છે, અને તેમણે તે સ્વીકારેલું પણ છે.

સૂત્રાપાડાનું સૂર્યમંદિર, સણેદરાનું પ્રાચીન મંદિર, તારિંગાનું જૈનમંદિર, ધુમલીનું શિવાલય, વડનગરનો કીર્તિસ્તંભ, સિદ્ધપુરના રૂદ્રમાળાના અવશેષ, મોઢેરાનું સૂર્યમંદિર, આબુનાં જૈન-મંદિરો, આનંદપુર(કાઠિયાવાડ)નું અનંતેશ્વરનું મંદિર, દિલમાલનું લિંબોજી માતાજીનું મંદિર, સોમનાથ-ભાલકતીર્થ, સોમનાથનું મંદિર, સોમનાથની માઈપુરી મસ્જીદ, માંગરોલની જામી મસ્જીદ, અણુહિલવાડાનો શેખ ફરીદનો મકબરો, ખાનસરોવર, ગુમટા મસ્જીદ, સિદ્ધપુરની રૂદ્રમાળમાંની જુમા મસ્જીદ, વઢવાણનું રાણકદેવીનું મંદિર, માધા વાવ, શત્રુંજયનું આદિશ્વરનું દેહરૂં તથા મોતીશાહનું દેહરૂં, વગેરે મુખ્ય હતાં. માંગરોળ અને અણહીલવાડની કેટલીક મસ્જીદોનાં ચિત્રો બતાવી વ્યાખ્યાતાએ તે હિન્દુ મંદિરોમાંથી બનાવી હોવાનું જણાવ્યું હતું.

તે પછી અંતમાં વ્યાખ્યાતાનો ડૉ. પ્રો. અરદેસર સો. કાલાપેસીએ આભાર માનતાં કહ્યું કે ભાઈ જ્ઞાનીએ આ વિષયને સુશોભિત બનાવી આપણને ઘણું જ જ્ઞાન આપ્યું છે.

ઉપલી દરખાસ્તને શ્રી દુર્ગાશંકર શાસ્ત્રીએ ટેકો આપ્યા બાદ સભાનું વિસર્જન થયું હતું.

નોંધ—આ વ્યાખ્યાન ૧૮ તખતીઓ સાથે સવિસ્તર ત્રૈમાસિકના જુલાઈ-સપ્ટેમ્બર, અંક ૨જામાં એક પત્રિકારૂપે પ્રકટ કરવાની યોજના થયલી છે. **ત્રૈ. સંપાદક : અં. બુ. જાની**

———o———

કવિ નર્મદનું ગદ્ય

શ્રી. રામનારાયણ વિશ્વનાથ પાઠકનું વ્યાખ્યાન

રવિવાર તા. ૭-૩-૩૬ને દિને સાંજે શ્રી ફાર્બસ ગુજરાતી સભાનું વાર્ષિક વ્યાખ્યાન સભાના પ્રમુખશ્રી દિ. બા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી, એમ. એ. એલએલ. બી.ના પ્રમુખપદે શ્રી. રામનારાયણ વિશ્વનાથ પાઠકે 'કવિ નર્મદનું ગદ્ય' એ વિષય ઉપર શ્રી. ફા. ગુ. સભા મંદિરમાં આપ્યું હતું. આ પ્રસંગે સન્નારીઓ અને સજ્જનોની ઘણી મોટી સંખ્યા હાજર હતી. તેમાં પ્રમુખ તથા વ્યાખ્યાતા ઉપરાંત શ્રી. વિશ્વનાથ પ્રભુરામ વૈદ્ય, શ્રી. નટવરલાલ ઈ. દેશાઈ, શ્રી. મનુભાઈ ચંદ્રવિદ્યાનંદ પંડયા, ડૉ. પ્રો. અરદેશર સો. કાલાપેસી, શ્રી. ગોકુળભાઈ ભટ્ટ, શ્રી. બાબુભાઈ ઈ. દેશાઈ, શ્રી. ભાનુશંકર વ્યાસ વગેરે મુખ્ય હતા.

પ્રમુખના બે શબ્દો

શરૂઆતમાં સહાયક મંત્રી રા. અંબાલાલ જાનીએ સભા બોલાવવાનું પ્રયોજન વાંચ્યું હતું.

તે પછી પ્રમુખશ્રી **દિ. બા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીએ** વ્યાખ્યાતાનો પરિચય આપતાં જણાવ્યું કે:

રા. રામનારાયણ પાઠકે નર્મદજયંતીપ્રસંગે કવિ નર્મદાશંકરની, ગદ્ય તેમ જ પદ્યની કૃતિઓ અને પ્રવૃત્તિઓ સારો અભ્યાસ કર્યો છે. એટલે તેમની આ વ્યાખ્યાન માટે પૂરેપૂરી યોગ્યતા છે. આજનું તેમનું વ્યાખ્યાન એ અભ્યાસની પ્રસાદી રૂપ છે. આ વ્યાખ્યાનમાં એમની વિવેચકશક્તિ અને વિવેકબુદ્ધિનું દર્શન આપણને થશે. ઇ. સ. ૧૮૨૮થી હાલના ગદ્યની શરૂઆત થાય છે, પરંતુ તે નિશાળીયું ગદ્ય હતું અને નાનાં બાળકોને શીખવવા માટે યોજાયલું હતું. ઈસપનીતિ વગેરે વાતોથી તેની શરૂઆત થઈ. ગુજરાતી ગદ્યમાં કેટલી શક્તિ છે તેનું માપ તો નર્મદે કાઢયું. નર્મદનું ગદ્ય શરૂઆતનું ગદ્ય હોવાથી તેમાં સંસ્કારમયતા જોઈએ તેટલી નથી; તે Cultured નહીં, પણ rugged ખડબચડું છે; છતાં તેના ગદ્ય લેખોમાં જોમ અને ગંભીરતા છે, તેમ આવેશ પણ છે. નર્મદ કવિ કરતાં ગદ્યલેખક તરીકે વધુ પ્રસિદ્ધ છે. કવિનું ગદ્ય એકધારૂં નથી, જેવો વિષય તેવું તેને અનુસરતું ગદ્ય નર્મદ વાપરતો. એ ગદ્ય જો તારીખવાર તપાસીએ તો તેનો વિકાસ સમજાશે. નર્મકોષની પ્રસ્તાવના, રાજ્યરંગ, ધર્મવિચાર, અને ડાંડીયો, એમાં વાપરેલા ગદ્યની શૈલી જૂદી જૂદી છે અને તે તે વિષયને અનુરૂપ છે. કવિના ગદ્યમાં સ્વાભાવિક રીતે સુરતથી તળપદી છાંટ આવેલી છે.

રા. પાઠકનું વ્યાખ્યાન

પછી વ્યાખ્યાતા **રા. રા. રામનારાયણ પાઠકે** જણાવ્યું કે:

કવિ નર્મદની કવિતા વિષે મને સુરતમાં સ્વ. રા. બ. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદીની સ્મારકસભામાં ભાષણ કરવાની તક મળી હતી, અને હવે તેના ગદ્ય વિષે કવિ નર્મદે સ્થાપેલી બુદ્ધિવર્ધક સભા જેને હસ્તક ગયલી છે, એ સભામાં ભાષણ કરવાની મને મુંબઈમાં આ તક મને મળે છે, તે માટે શ્રી ફાર્બસ ગુજરાતી સભા અને તેના કાર્યવાહકોનો આભાર માનું છું.

કવિનો જન્મ ૧૮૩૩માં, એટલે તેમણે ૧૭મા (૧૮૫૦-૫૧) વર્ષથી જ ગદ્ય લખવાની શરૂઆત કરી. તે અધીરો અને વેગવાન હતો, એટલે પોતાનું લખાણ નિરાંતે સુધારે પણ નહીં, તેમ છતાં તેનું ગદ્ય તેણે સુધાર્યું છે. પહેલું ૧૮૬૫ છપાયલું જૂનું નર્મગદ્ય, તે પછી કવિએ પોતાના લેખોનો ૧૮૭૪માં એક સંગ્રહ છપાવ્યો તે બીજું નર્મગદ્ય, અને તે રદ કરી મહીપતરામ પાસે સુધરાવી સરકારે રચાવ્યું તે ત્રીજું જૂદી જૂદી નર્મગદ્યની આવૃત્તિઓથી આમ જણાય છે, પરંતુ તેમાંથી અત્યારે એક તો મળતી પણ નથી. એક સંગ્રહ સરકારે રદ કરી પાછળથી મહીપતરામ પાસે નવો સંગ્રહ તૈયાર કરાવ્યો તેમાં ઘણા ફેરફારો થયા છે. કેટલાંક લખાણો પડતાં મૂકાયાં. કેટલાંકમાં વધઘટ કરવામાં આવી છે, તો કેટલાંક એવી રીતે બદલાઇ ગયાં છે, કે તે ઉપરથી નર્મદનો સાચો અભિપ્રાય આપણે જાણી શકતા નથી. દાખલા તરીકે કવિ દયારામ વિષે નર્મદના અસલ વિચારો જે જૂના નર્મગદ્યમાં છે, તેવા સ્વરૂપમાં સરકારી નવા નર્મગદ્યમાં નથીઃ તેથી કવિ નર્મદાશંકરે દયારામના સંબંધમાં જે કહ્યું છે તે સંબંધમાં ઘણી ગેરસમજુતી થાય છે. જે તેણે કહ્યું નથી તે છપાયું છે અને જે ખરૂં કહ્યું છે તે પડતું મૂકાયું છે. આમાં નર્મદને તેમ દયારામ બન્નેને ભારે અન્યાય થયો છે. કવિના જૂના કવિઓ વિષેના સાચા વિચારો જાણવા માટે મૂળ સંગ્રહના લેખો પ્રકટ થવાની જરૂર છે. મહીપતરામે આવો ફેરફાર કરવામાં ત્રણ કારણો, જણાવ્યાં છે; વિદ્યાર્થીઓના હાથમાં ન મૂકી શકાય એવાં લખાણોની વિચારણા, રાજ્યપ્રકરણી દૃષ્ટિ અને મહીપતરામભાઇની પોતાની દૃષ્ટિ.

તે સમયની સમાજસ્થિતિનું વર્ણન કરતાં ગુ. વ. સો.માં દયારામની છબી ટાંગવા સામે વિરોધ થયો. હતો, એ પ્રસંગનો ઉલ્લેખ કરી કવિનાં ગદ્યનાં લક્ષણો વિષે બોલતાં વ્યાખ્યાતાએ કહ્યું કે,

એમનું ગદ્ય લખાણ ત્રણ વિભાગમાં વહેંચી શકાયઃ નિબંધો, ઐતિહાસિક લેખો અને ધર્મવિચારો. નર્મદનું લખાણ સીધું, અને વેગવાળું છે. કોઇ વ્યાખ્યાતા શ્રોતાઓને સંબોધીને વ્યાખ્યાન કરે એવી તેના લખાણની શૈલી છે. કવિને રૂપકનો ખાસ શોખ લાગે છે. સજીવારોપણ (personification) જેને તેઓ કહે છે તેવા પ્રસંગો તેમનાં લખાણમાં નજરે પડે છે. દયારામની અને બીજા કવિઓની કવિતાને તેણે નદીની ઉપમા આપી છે. નર્મકોષની પ્રસ્તાવનામાં ગુજરાતી ભાષાને પણ નદીની ઉપમા આપે છે. કવિએ ફારસી શબ્દોનો પણ ઉપયોગ કર્યો છે, જે આપણે અત્યારે ભૂલી ગયા છીએ. ડાંડીયાની ભાષા જૂદા જ પ્રકારની છે. પરંતુ ઉપર કહેલા ગુણો તેનાં બધાં લખાણોનાં છે. કવિનાં ત્રણ મુખ્ય લક્ષણોઃ સ્વદેશાભિમાન, લાગણી અને નિર્ભયતા. આ ત્રણ ગુણો તેમનાં લખાણોમાં પણ તરી આવે છે.

તે પછી વ્યાખ્યાતાએ કવિના જીવન તેમજ ચારિત્રને લગતા કેટલાક પ્રસંગો અને તેમનાં ધર્મપત્ની ડાહી ગવરીની પતિપરાયણતા આદિ ઉલ્લેખો કરી કવિના ધર્મપરિવર્તન વિષે બોલતાં કહ્યું હતું કે,

સુધારક નર્મદ પાછળથી ધાર્મિક અને જૂના મતનો સનાતની બન્યો હતો. તેનાં કેટલાંક કારણો મને દેખાય છે. એક તો એ મૂળે જન્મથી ધાર્મિક સંસ્કારમાં જ ઉછરેલો હતો. સુધારાના તેના સાથીઓમાં તેને આવેલો અવિશ્વાસ, સુધારામાંથીજ તેની ઘટી ગયેલી

શ્રદ્ધા, પ્રજાને ઉન્નત બનાવવાના તેણે લીધેલા માર્ગો વિષે શંકા અને એ કાર્ય કાંઈ અલ્પ સમયમાં નહીં સાધી શકાય એવા વિચારથી ઉદ્ભવેલી નિરાશા. આ સર્વ કારણોથી કવિને સુધારો વગેરે છોડી, ધર્મપરાયણ થવાનું મન થયું હોય એમ લાગે છે. નિરાશ થતાં ધર્મદ્વારા આશ્વાસન ઘણી વાર મળે છે. કવિએ દરેક વિષયનો તોડ કાઢી રાખ્યો છે. તેમણે ઘણાં નવાં ક્ષેત્રોમાં શરૂઆત કરી છે. ઇતિહાસનાં લખાણો નિબંધો, શબ્દકોષ, વ્યાકરણ, વગેરે વગેરે. આ સર્વના પાછળથી વિકાસ થયેલો આપણે જોઇએ છીએ. ગુજરાતે પોતાના આ કવિ અને ગદ્ય લેખક પ્રતિ સદ્ભાવ રાખ્યો છે અને હજી રાખ્યાં કરશે એમાં શંકા નથી.

આભાર દર્શન

પ્રમુખશ્રી દિ. બા. કૃષ્ણલાલ મો. ઝવેરીએ ઉપસંહારમાં વ્યાખ્યાતાના આભાર માનમાં કહ્યું કે,

વ્યાખ્યાતાએ ગદ્ય સાથે કવિના જીવનપ્રસંગોનાં દૃષ્ટાંતો આપવાથી આજનું ભાષણ રસિક બન્યું છે. ગુજરાતી ગદ્યમાં કેટલું બળ અને શક્તિ ગર્ભિત રહ્યાં છે, તેનું કવિએ આપણને ભાન જેવો વિષય તે પ્રમાણે ગદ્યની ભાષા, કવિએ લખી છે. કવિને રૂપકનો શોખ હતો, તેનાં દૃષ્ટાંત વ્યાખ્યાતા અત્રે આપ્યાં છે. પરંતુ ઉત્તમમાં ઉત્તમ દૃષ્ટાંત તો નર્મકોષની પ્રસ્તાવના છે. તેમાં કવિએ ગુજરાતી ભાષાના વિકાસને સ્ત્રીરૂપે વર્ણવેલ છે. નર્મકોષની પ્રસ્તાવનામાં ગુજરાતી ભાષાને કવિએ સ્ત્રીરૂપે વર્ણવી છે. હું અને રા. વિશ્વનાથભાઈ કવિના સમાગમમાં આવ્યા છીએ. ડાહીગવરી વિષે વાત સાચી છે. એમનામાં ઘણા ગુણો હતા. કવિના જીવનપ્રસંગોની દૃષ્ટિથી ગદ્ય લખાણનો અભ્યાસ કરવાની પદ્ધતિ આવકારલાયક છે.

શ્રી ગોકુલભાઇ ભટ્ટ અને પ્રો. કાલાપેસીના અનુમોદન પછી સભાનું વિસર્જન થયું હતું.

નોંધ:—આ સમગ્ર વ્યાખ્યાન ત્રૈમાસિકના ૨જા જુલાઈ સપ્ટેમ્બરના અંકમાં ખાસ પત્રિકા રૂપે પ્રકટ કરવાની ધારણા છે.

ત્રૈ. સંપાદક: **અં. બુ. જાની.**

——o——

પહોંચ—સાભાર સ્વીકાર

શ્રી ફાર્બસ ગુજરાતી સભાના ત્રૈમાસિકના બદલામાં આવેલાં સાપ્તાહિકો, પાક્ષિકો, માસિકો અને ત્રૈમાસિકોના તંત્રીઓ અને પ્રકાશકોનો, તેમજ પોતાના ગ્રંથો મોકલનાર ગૃહસ્થો અને સંસ્થાઓનો અહીં આભાર માનીએ છીએ.

પુસ્તકો

૧ આયુર્વેદિક કોન્ફરન્સ-૨૬મી કાશી: પ્રમુખ શ્રી વૈદ્યશાસ્ત્રી નારાયણશંકર દેવશંકર પ્રાણાચાર્યનું ભાષણ હિન્દી તેમજ અંગ્રેજી.

૨ જવાળાઓ: લે. રા. યુસુફ એ. માંડવીઆ: સહતંત્રી: મેમણબુલેટિન, કિ. ૦-૮-૦

૩ સંગીતલહરી: શબ્દકાર: રા. રા. ગોકુળદાસ દ્વા. રાયચુરા, તંત્રી શારદા અને સ્વરકાર શંકરલાલ રાઘવજી ઠાકર, રાજકોટ રાજ્યગાયક મૂ. ૦-૮-૦

૪ પદાર્થવિજ્ઞાન અને રસાયણ: કર્તા રા. રા યશવંત ગુલાબભાઇ નાયક, એમ. એસસી. અધ્યાપક, રોયલ ઇન્સ્ટીટ્યુટ ઑફ સાયન્સ, મુંબઈ: સોલ સેલીંગ એજન્ટ: જનરલ બુકડીપો, મુંબઇ નં. ૨. મૂ. ૨-૪-૦

૫ ગુજરાતના વેરની વસુલાત: નવલકથા: "ગુજરાતી" પત્રની ૫૪મી ભેટ: લે. રા. રા. નર્મદાશંકર વ. દ્વિવેદી: મૂ. રૂ. ૩-૦-૦

૬ ઇન્કિલાબે ઉસ્માની અથવા તુર્કખિલાફતની ઉથલપાથલ: અનુવાદક રા. રા. કે. એસ. પટેલ, પ્રકાશક અબ્દુલ્લાહ અહમદ જીવા: ૯૧ વિકટોરીઆ સ્ટ્રીટ, ડરબન ઠે. મુદ્રક મુસ્લીમ ગુજરાત પ્રેસ, ભાગાતલાલ રોડ, સુરત.

૭ એકજ પત્ની: રા. રા. છોટુભાઇ નારણજી જોશી, બી. એ.; એલએલ. બી. એડવોકેટ, મુંબઇ મૂ. રૂ. ૧-૮-૦

૮ જાપાનની કેળવણી: પુસ્તકાલય માસિક-જાન્યુઆરી ૧૯૩૭ વધારો: અનુવાદક રા. જગમોહનદાસ જગજીવનદાસ મોદી, બી. એ., પ્રકાશક પુસ્તકાલય સહાયક સહકારી મંડળ, વડોદરા.

૯-૧ વેદાન્ત સિદ્ધાન્ત સાર: અને ૯-૨ વૈદિક ધર્મ અને તત્ત્વજ્ઞાનનાં મૂળતત્ત્વો: પ્રકાશક રા. રા. મે. લા. પી. મૂ. ૦-૩-૦ (સરળ વેદાન્ત ગ્રંથમાળા ૧-૨) ઠે. રા. લાભશંકર પીતાંબરદાસ મહેતા, ભાવનગર.

૧૦ અધ્યાય સંગતીપુરસર ગીતાસિદ્ધાન્ત અને લે. તિલકકૃત ગીતારહસ્ય સિદ્ધાન્તનું સંક્ષિપ્ત નિરીક્ષણ: પ્રકાશક રા. રા. મે. લા. પી. મૂ. ૦-૮-૦ (સરળ વેદાન્ત ગ્રં. ૩)

૧૧ શ્રી ચારિત્રવિજય: સચિત્ર: સંપાદક રા. રા. બાલાભાઇ વીરચંદ દેસાઇ પ્રકાશક શ્રી ચારિત્ર સ્મારક ગ્રંથમાલા: વીરમગામ મૂ. ૧-૪-૦ ઠે. ગુર્જરગ્રન્થરત્ન કાર્યાલય, ગાંધીરોડ, અમદાવાદ

૧૨ ગુજરાતના વેપાર: ઉદ્યોગ-પ્રજાબંધુ ૪થો વિશેષાંક: જાન્યુઆરી ૧૯૩૭

સાપ્તાહિક

૧ કેસરી (પુના દર સાપ્તાહિક બે વાર) **૨ "ગુજરાતી"** મુંબઈ, **૩ "બેઘડીમોજ"** મુંબઈ, **૪ "ઈસ્માઇલી"** મુંબઇ, **૫ "પ્રજાબંધુ"** અમદાવાદ, **૬ ગુજરાતીપંચ,** અમદાવાદ, **૭ મુસ્લીમ ગુજરાત,** સુરત, **૮ પ્રતાપ,** સુરત, **૯ દાંડિયો;** સુરત.

પાક્ષિક

૧ "ગાંડિવ": ગુજરાતની આશાઓનું પાક્ષિક સુરત.

માસિક

૧ **નવચેતનઃ** કલકત્તાઃ વર્ષ ૧૫, પુ. ૩૦, અં. ૪, ૫, ૬, જાન્યુઆરી, ફેબ્રુઆરી, માર્ચ, વર્ષ ૧૬, પુ. ૩૧, અં. ૧ એપ્રીલ; વાર્તાઅંક.

૨ **કૌમુદીઃ** નવું પુસ્તક ૧૪. અં. ૧, ૨, ૩, ૪, ૫, ૬, જુલાઇ, ઑગષ્ટ, સપ્ટેમ્બર, ઑકટોબર, અને નવેમ્બર, અને ડીસેમ્બર ૧૯૩૬; પુ. ૧૫ અં. ૧, ૨ અને ૩ જાન્યુઆરી, ફેબ્રુઆરી, અને માર્ચ ૧૯૩૭

૩ **સમાજઃ** મુંબઈ: પુ. ૨, અં. ૭, ૮, ૯ ફેબ્રુઆરી, માર્ચ અને એપ્રીલ.

૪ **શારદાઃ** વડોદરાઃ વર્ષ ૧૩, પુ. ૨૬મું, અં. ૪, ૫, અને ૬ જાન્યુઆરી તંત્રી અંક, ફેબ્રુઆરી અને માર્ચ નવલિકા અંક.

૫ **ગુજરાતઃ** મુંબઈ: નવું પુસ્તક ૩, અં. ૬ ફેબ્રુઆરી પુ. ૪, અં. ૧ માર્ચ સ્વર્ગસ્થ નરસિંહરાવ સ્મારક અંક.

૬ **પ્રસ્થાનઃ** અમદાવાદઃ વર્ષ ૧૨, અં. ૨. ૩, (સં. ૧૯૯૩) માગશર અને પોષ.

૭ **ગુણસુંદરીઃ** મુંબઈ: પુ. ૨૭, અં. ૬, ફેબ્રુઆરી મહિલા પદિપદ અં. પુ. ૨૮, અં. ૧, માર્ચ બાળક અંક, ૨ એપ્રીલ.

૮ **પડકારઃ** ડભોઈ: પુ. ૧ અં. ૬ જાન્યુઆરી, પુ. ૨. અં. ૭ ફેબ્રુઆરી અં. ૮ માર્ચ, અં. ૯ એપ્રીલ.

૯ **શ્રી જૈન સત્યપ્રકાશઃ** અમદાવાદ: પુ. ૨, અં. ૬ પૌષ, અં. ૭ માઘ, અં. ૮ ફાગણ

૧૦ **પાટીદારઃ** આણંદઃ વર્ષ ૧૪ અં. ૩, ૪, ૫.

૧૧ **ખડાયતામિત્ર:** વર્ષ ૨૩, અં. ૩ પૌષ, અં. ૪, ૫ માહ ફાગણ (સં. ૧૯૯૩).

૧૨ **ભાગ્યોદય:** અમદાવાદઃ વર્ષ ૨૪ અં. ૧૧, ૧૨, પૌષ અને માહ (સં. ૧૯૯૩) વર્ષ ૨૫ અં. ૧ ફાલ્ગુન.

૧૩ **કુમારઃ** અમદાવાદઃ આવતી કાલનાં નાગરિકોનું માસિક સળંગ અંક ૧૫૬, ૧૫૭, ૧૫૮ અને ૧૫૯ માગશર, પોષ, માહ અને ફાગણ વર્ષ ૧૩. અં. ૧૨, (સં. ૧૯૯૩); વર્ષ ૧૪, અં. ૧, ૨ અને ૩.

૧૪ **પુસ્તકાલયઃ** વડોદરાઃ પુ. ૧૨, અં. ૧, ૨, અને ૩ જાન્યુઆરી ફેબ્રુઆરી અને માર્ચ (૧૯૩૭).

૧૫ **પ્રજાપતિ પ્રકાશઃ** મુંબઈ: વર્ષ ૨, અં. ૧૦, ૧૧, ૧૨, ફેબ્રુઆરી માર્ચ અને એપ્રીલ

૧૬ **કમરઃ** સુરતઃ વર્ષ ૭, અં. ૭૬, એપ્રીલ ૧૯૩૭.

૧૭ **दीपकः** (હિન્દી) વર્ષ ૨, અં. ૫, માર્ચ.

ત્રૈમાસિક

૧ **સ્થાનિક સ્વરાજ્યઃ** મુંબઈ: વર્ષ ૩, અં. ૨, ક્રમાંક ૧. જાન્યુઆરી.

૨ **બુદ્ધિપ્રકાશઃ** અમદાવાદઃ વર્ષ ૮૪, અં. ૨, જાન્યુઆરી માર્ચ (૧૯૩૭).

૩ **વસન્તઃ**અમદાવાદઃ વર્ષ ૩૫ અં. ૧૦–૧૨ કાર્તિક–પૌષ (સં. ૧૯૯૩)

૪ **માનસીઃ** ભાવનગર વર્ષ ૨, ગ્રન્થ પહેલો અને ત્રજો.

મેગેઝીનો

૧ **રોયલ ઇન્સ્ટીટયુટ ઑફ સાયન્સઃ** મુંબઈ ફેબ્રુઆરી ૧૯૩૭.

૨ **જર્નલ, વોચોબ્રાન્ચ રોયલ એશિયાટિક સોસાયટીઃ** વો. ૧૨, ૧૯૩૬.

૩ **એન્યુઅલ્સ, ભાંડારકર ઓરીએન્ટલ રીસર્ચ ઇન્સ્ટીટયુટઃ** વો. ૧૪, પાર્ટ ૧.

ફેવરીટઃ જાન્યુઆરીઃ આ અંકમાં રા. રા. ડૉ. સોરાબ હોરમસજી સંતોક. એમ. બી. બી. એસ. નો ‘કબીરનાં વચનામૃતો’’ એ લેખ વાચનીય તેમ વિચારણીય પણ છે. ડૉ. સંતોક કબીરજીના તત્ત્વજ્ઞાન અને વચનામૃતોના ઊંડા અભ્યાસી તેમ લેખક પણ છે.

શ્રી ફાર્બસ ગુજરાતી સભા

ત્રૈમાસિક

વ્યવસ્થાપક સમિતિ

સંપાદક:

અંબાલાલ બુલાખીરામ જાની, બી. એ.

સૂચના:—પરિવર્તન અર્થે માસિકો આદિ, તેમજ અભિપ્રાય અને ભેટ અર્થે પુસ્તકો મોકલનાર વ્યવસ્થાપકોએ, અને પત્રવ્યવહાર કરનારાઓએ નીચેને શરનામે પત્રવ્યવહાર કરવો.

અંબાલાલ બુલાખીરામ જાની, બી. એ.

૩૬૫, શ્રી ફાર્બસ ગુજરાતી સભામંદિર

વિઠ્ઠલભાઈ રોડ, કૉંગ્રેસ લેઇન, મુંબઈ નં. ૪

અનુક્રમણિકા

પુ૦ ૨ જુલાઈ–સપ્ટેમ્બર : ૧૯૩૭ અંક ૨

ગ્રાહકનાં નામ નોંધાવવાનાં અને લવાજમ ભરવાનાં સ્થળ:

૧. અંબાલાલ બુલાખીરામ જાની, ૩૬૫, શ્રી ફાર્બસ ગુજરાતી સભામંદિર
વિઠ્ઠલભાઈ રોડ, કોંગ્રેસ લેઈન, મુંબઈ નં. ૪.

૨. મેનેજર: "આદિત્ય મુદ્રણાલય" રાયખડ : અમદાવાદ

શ્રી ફાર્બસ ગુજરાતી સભા

卐 ત્રૈમાસિક 卐

प्रकृतेः परिकर्माणि कालसुप्तानि सर्वशः ।
बुद्ध्या प्रज्वलितः शुद्धो दीपोऽयं द्योतयिष्यति ॥

પુસ્તક ૨ જું] ઈ. સ. ૧૯૩૭: જુલાઈ-સપ્ટેમ્બર: સંવત ૧૯૯૩ [અંક ૨

ગુજરાત

અને

લિપિકદમ્બક, લેખનસાહિત્ય તથા અક્ષરશિક્ષણ

(લેખક: પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા, એમ. એ.)

[અનુસંધાન: ગતાંક પૃષ્ઠ ૪૨ થી ચાલુ]

લેખાંક ૨[114]

[(૫) **લિપિકદમ્બક**—સામાન્ય અને વિશેષનું સ્વરૂપ અને વૈવિધ્યની સકારણતા, બોલી અને ભાષાનો ઉદ્ભવ (બોલી અને ભાષામાં તફાવત), લિપિની વ્યાખ્યા, (અક્ષરની વ્યુત્પત્તિ, અને સંજ્ઞાક્ષર, વ્યંજનાક્ષર અને લબ્ધ્યક્ષર, એમ અક્ષરનું ત્રૈવિધ્ય), 'લિપિ' શબ્દનું ઉદ્ભવસ્થાન, 'લિપિ' શબ્દના અર્થો, 'લિપિ', 'લિવી' અને 'લિવિ' એ શબ્દોને લગતા જૈન અને બૌદ્ધ ઉલ્લેખો, લિપિ તેમ જ એના સમાનાર્થક અંગવાળા શબ્દોનો ભારતીય સાહિત્યમાં નિર્દેશ, લિપિના પર્યાયો, (અક્ષરના પર્યાયો), લિપિનો ઉદ્ભવ, (નેત્રપલ્લવી અને કરપલ્લવી વિષે અંગુલીનિર્દેશ), (લિપિની ઉત્પત્તિ વિષેના મતભેદ), (ભાષાની ઉત્પત્તિનો ક્રમ), લિપિની ઉત્પત્તિ વિષેની એક નોંધ, ભાષાના ઉદ્ભવ પછી લિપિનો ઉદ્ભવ, વિવિધ લિપિઓનાં નામોની નોંધો—(અ) પ્રાચીન ભારતીય ઉલ્લેખો: (૧) જૈન, (૨) બૌદ્ધ અને (૩) વૈદિક અને (આ) અર્વાચીન લિપિઓનો નામનિર્દેશ, સેમેટિક વંશોદ્ભવલિપિનું વંશવૃક્ષ, આકૃતિપટોની નોંધો, ભારતીય લિપિઓનો પરસ્પર સંબંધ દર્શાવનાર વંશવૃક્ષ; અને (૬) **લિપિઓની નામાવલી.**]

---

૧૧૪ "લેખાંક ૧" તરીકે **પ્રસ્તાવ, ગુજરાત વિષે ઊહાપોહ, અનુલેખ અને ભૌગોલિક સૂચી** આપવામાં આવેલ છે. એ લેખાંક બે કટકે છપાયેલ છે. જુઓ આ **ત્રૈમાસિક** (પુ. ૧, અં. ૪, પૃ. ૩૯૧-૪૦૧, અને પુ. ૨, અં. ૧, પૃ. ૨૯-૪૨).

સામાન્ય અને વિશેષનું સ્વરૂપ

આપણી દુનિયા અનેક દ્વન્દ્વોનો અદ્ભુત ભણ્ડાર છે. એ ભણ્ડારમાંના એક દ્વન્દ્વમાં સામાન્યતા અને વિશેષતાનો સમાવેશ થાય છે. આ સામાન્યતા અને વિશેષતા, એ બંને ખૂબ જુની ડોસીઓ છે. આ બે ડોસીઓને સહિયરો જેવી—ગોરવમાં જેમ કેટલીક કુમારિકાઓ એક બીજાના ગળામાં હાથ નાંખીને ચાલે છે તેના જેવી-આલેખી શકાય, અથવા તો આ બે ડોસીઓને એક બીજા સામે મોં મચકોડતી અને એક બીજાના વાળ પીંખતી સપત્ની જેવીયે આલેખી શકાય; કેમકે કેટલાક સામાન્ય અને વિશેષને સાપેક્ષ ગણે છે તો કેટલાક એને નિરપેક્ષ ગણે છે, એટલે કે કેટલાક આ જુગજૂના સામાન્ય અને વિશેષને વસ્તુથી સર્વથા ભિન્ન ગણે છે, તો કેટલાક એને સર્વથા અભિન્ન ગણે છે. વળી કેટલાક એને ભિન્નાભિન્ન પણ ગણે છે. આ પ્રમાણે સામાન્ય અને વિશેષના સ્વરૂપ પરત્વે મતાન્તરો પ્રવર્તે છે. પરન્તુ એ વાત નિર્વિવાદ છે કે સામાન્ય અને વિશેષના અસ્તિત્વ વિષે એકવાક્યતા છે.

સંયોગીકરણની–એકીકરણની દૃષ્ટિએ જગતનાં દ્રવ્યો અને એના પર્યાયોનો વિચાર કરતાં પરસ્પરની સમાનતા જણાય છે, અને પૃથક્કરણની દૃષ્ટિએ એનો પરામર્શ કરતાં એક બીજાની વિશેષતા જણાય છે. આ હકીકત મનુષ્યસ્વભાવને પણ લાગૂ પડે છે. આથી તો આપણે સભ્યતાને વરેલા દેશવિદેશના માનવીઓને પોતાના વિચારોને વ્યક્ત કરવા માટે અમુક [૧૧૫]બોલીનો કે [૧૧૬]ભાષાનો આશ્રય લેતા જોઇએ છીએ. માનવીઓ બોલી કે ભાષાનો આશ્રય લે છે, એ સમાન તત્ત્વની વાત થઈ. વિશેષ તત્ત્વની અપેક્ષાએ આપણે એ બોલીઓમાં અને ભાષાઓમાં વિશેષતા જોઇએ છીએ—અન્યાન્ય બોલીઓનો અને ભાષાઓનો આવિર્ભાવ થયેલો જોઇએ છીએ. આ હકીકત લિપિઓના ઉદ્ભવને પણ લાગૂ પડે છે, એટલે કે દુનિયાભરમાં જે અનેક લિપિઓ જોવાય છે તેનું શું કારણ હશે તે આ ઉપરથી સમજાય છે.

૧૧૫-૧૧૬ બોલી(dialect) અને ભાષા(language), એ બે વચ્ચે ભેદ છે. એ ભેદ પ્રો. **બલવંતરાય કલ્યાણરાય** ઠાકોરે 'લિંગ્વા ફ્રાંકા: સર્વસામાન્ય બોલી'નામક લેખ(પૃ. ૪૯)માં નીચે મુજબ વ્યક્ત કર્યો છે:—

"બોલી વપરાતાં વપરાતાં ખેડાય છે; શોધક અને વિવેચક માણસો વિદ્યાના જૂદા જૂદા દેશોનું જ્ઞાન વધારે છે તેમ તેમ નવી હકીકતો, નવી વસ્તુઓ અને તે વચ્ચેના નવા સંબંધો માટે નવા અને ઉચિત શબ્દો ઘડાય છે, યોજાય છે, અપનાવાય છે. સૂક્ષ્મ, ગંભીર, સંકુલ, અછડતા સંબંધો વર્ણવવા અને સમજાવવાની પદ્ધતિઓ રૂઢ થતી આવે છે, અને 'બોલી' સંસ્કાર પામી, સમૃદ્ધ બની, આપણી તમામ વિચારણા—કલ્પનાને યથાયોગ્ય પ્રકટ કરી શકે એવી સુઘડ વ્યક્તિત્વવાળી ભાષા બને છે. 'બોલી' અને 'ભાષા' એ બે શબ્દો વચ્ચેનો આ ભેદ મહત્વનો છે. સાહિત્ય અને કલા, વ્યવહાર અને પ્રવૃત્તિ, મનન અને કલ્પનની તમામ જરૂરતોને પ્હોંચી વળવાને સમર્થ તે **ભાષા**. અભણ, અણઘડ આમવર્ગના અસંખ્યાત માણસો પોતાના દૈનિક અને બજાર સામાન્ય કામકાજ પૂરતું જ બોલે, તે અતિસંકુચિત જરૂરતો(?) પૂરતો જ જે વાગ્વ્યાપાર તે **બોલી. બોલી** આખી પ્રજાના ઉપયોગમાં આવતો કુદરતી કાચો માલ છે, અને ડાંગર જેવો કાચો માલ જેમ જિલ્લે જિલ્લે જરા જૂદા પ્રકારનો હોય તેમ દશ દશ બાર બાર ગાઉએ જરા જરા જૂદી હોય છે, ત્યારે **ભાષા** પ્રજાના શિષ્ટ સંસ્કૃત બુદ્ધિવ્યાપારમાં આગળ વધેલા ઉચ્ચ વર્ગોની જ મૂડી અને મત્તા છે; આખા પ્રદેશમાં નિશ્ચિત મૂલ્ય અને બનાવટના ચલણી સિક્કાની જેમ ફેલાયેલી."

—"**જયભારત**" **દીપોત્સવી અંક**, વિ. સં. ૧૯૯૨.

'લિપિ'ની વ્યાખ્યા—

આપણે દરેક જાતના મનોભાવને અક્ષરમાં ઉતારી શકીએ તેમ નથી, એટલું જ નહીં પણ આપણે જે જે ઉચ્ચાર કરીએ કે સાંભળીએ તે બધાને પણ અક્ષર[૧૧૭]માં ઉતારી શકાય તેમ નથી,[૧૧૮] એટલે કે અમુક અમુક સ્પષ્ટ ઉચ્ચારોને જ આપણે અક્ષરમાં ઉતારીએ છીએ. આ પ્રમાણે જે વિશિષ્ટ ઉચ્ચારોને અક્ષર કે અંકરૂપે લખવામાં આવે તે 'લિપિ' કહેવાય છે. ટુંકમાં લિપિનો અર્થ 'અક્ષરવિન્યાસ' યાને 'અક્ષરન્યાસ,' એમ કરવામાં આવે છે.[૧૧૯]

'લિપિ' શબ્દની ઉત્પત્તિ—

'લિપિ' શબ્દ ભારતીય છે કે નહીં, એ પ્રશ્ન ડૉ. **બ્યૂહલરે** "The Indian Paleography" (પૃ. ૫)માં ઉઠાવ્યો છે. તેમણે ત્યાં એમ સૂચવ્યું છે કે એનું મૂળ ફારસી (Persian) સંભવે છે.[૧૨૦] આ વિચારને કસી જોવાનું આ સ્થળ નથી, એટલે અહીં તો આ સંબંધમાં સૌથી પ્રથમ **મોનિયર વિલ્યમ્સ**(Monier Williams)ના કથનની નોંધ લેવામાં આવે છે. તેમનું માનવું એ છે કે **ઋગ્વેદ**(૫. ૮૫. ૮)માં આવતા **रिप्** ધાતુ ઉપરથી આગળ જતાં ઉદ્ભવેલ **लिप्** ધાતુ ઉપરથી 'લિપિ' શબ્દ બનેલો છે.[૧૨૧] તેઓ 'લિપિ' શબ્દના નીચે મુજબ અર્થો નોંધે છે :—

---

૧૧૭ અક્ષરના અર્થ અને તેના ત્રણ પ્રકારો વિષે **આવસ્સયસુત્ત**(**આવશ્યકસૂત્ર**)ના શ્રી-**મલયગિરિ**સૂરિકૃત વિવરણના ૪૬ મા પત્રમાં નીચે મુજબ ઉલ્લેખ છે:--

"अक्षरमिति 'क्षर सञ्चलने' न क्षरतीत्यक्षरं, तच्च ज्ञानं चेतना, न खल्विदमनुपयोगेऽपि प्रच्यव्यते ततोऽक्षरमिति भावः, इत्थम्भूतभावाक्षरकारणत्वादकारादिकमप्यक्षरमभिधीयते, कारणे कार्योपचारात्; अथवा अर्थान् क्षरति न च क्षयमुपयातीत्यक्षरं, तच्च समासतस्त्रिविधं, तद्यथा संज्ञाक्षरं व्यञ्जनाक्षरं लब्ध्यक्षरं चेति, तच्च संज्ञाक्षरमक्षराकारविशेषः, यथा घटिकासंस्थानो घकारः कुण्टिमसंस्थान-**श्चकार** इत्यादि, तच्च ब्राह्म्यादिलिपिविधानादनेकविधं, तथा व्यञ्जनाक्षरं व्यज्यतेऽनेनार्थः प्रदीपेनेव **घट** इति व्यञ्जनं, व्यञ्जनं च तदक्षरं च व्यञ्जनाक्षरं, तच्चेह सर्वमेव भाष्यमाणमकारादि हकारान्तं, अर्थाभिव्यञ्जकत्वात्, तथा योऽक्षरोपलम्भस्तल्लब्ध्यक्षरं, तच्च इन्द्रियमनोनिमित्तं श्रुतग्रन्थानुसारि ज्ञानं तदावरणक्षयोपशमो वा, तत्र संज्ञाक्षरं व्यञ्जनाक्षरं च द्रव्याक्षरं, श्रुतज्ञानाख्यभावाक्षरकारणत्वात् लब्ध्यक्षरं तु भावाक्षरं विज्ञानात्मकत्वात्"

૧૧૮ આ સંબંધમાં જુઓ ૧૪૬મી નોંધનો અંતિમ ભાગ.

૧૧૯ **અમરકોશ**ના ૧૪૯૯મા શ્લોકાર્ધમાં કહ્યું છે કે—

"लिखिताक्षरविन्यासे लिपिर्लिबिरुभे स्त्रियौ । १४९९।"

કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચન્દ્રસૂરિકૃત **અભિધાનચિન્તામણિ નામમાલા**ના ત્રીજા કાણ્ડના ૧૪૮મા પદ્યમાં એવો ઉલ્લેખ છે કે:—

"वार्णिको लिपिकरश्चाक्षरन्यासे लिपिर्लिबिः।

मषिधानं मषिकूपी मलिनाम्बु मषी मसी॥ १४८॥"

વિશેષ માટે જુઓ ૧૩૩ મી નોંધ.

૧૨૦ "Dipi and lipi are probably derived from the old Persian dipi, which cannot have reached India before the conquest of the Punjab by Darius about B. C. 500, and which later became lipi."

૧૨૧ "√ lip is the later and classical form of √ rip which occurs in

"smearing, besmearing, anointing, plastering, spreading over, painting, drawing; the art of writing; written characters, the letters; a writing, written paper or book, manuscript, document and letter."

આ કથનની વાસ્તવિકતા, સ્વીકાર્યતા ઇત્યાદિનો નિર્ણય કરવાનું કામ પાઠકવર્ગને હું સોંપું છું; તેમ છતાં એ નિર્ણય કરવામાં સહાયક થઈ પડે તેવા **'લિપિ'ને લગતા ઉલ્લેખો** અત્ર નોંધું છું.

જૈન સાહિત્યમાં 'લિપિ' શબ્દ વાચકવર્ય શ્રી**ઉમાસ્વાતિ**કૃત **તત્ત્વાર્થાધિગમશાસ્ત્ર**(અ. ૩, સૂ. ૧૫)ના સ્વોપજ્ઞભાષ્ય(પૃ. ૨૬૫)[૧૨૨]માં નજરે પડે છે. એની પૂર્વેનો કોઈ જૈન સંસ્કૃત ગ્રંથ ઉપલબ્ધ હોય એમ જાણવામાં નથી. એ મોડામાં મોડો ઇ. સ.ના છઠ્ઠા સૈકાનો ગ્રંથ ગણાય છે.

શ્રમણ ભગવાન્ **મહાવીરસ્વામી**ના સમસમયી અને ખુદ એમના મુખ્ય શિષ્ય પંચમ ગણધર શ્રી**સુધર્મસ્વામી**એ સૂત્રરૂપે ગુંથેલ દ્વાદશાંગીરૂપ બાર અંગોમાંથી આજે ઉપલબ્ધ થતા ચોથા અંગરૂપ **સમવાય**(સ. ૪૬)માં અને પાંચમા અંગરૂપ **વિવાહપણ્ણત્તિ(વિવાહ-પ્રજ્ઞપ્તિ)**માં 'લિવી' શબ્દ છે.

આવસ્સયસુત્તની શ્રી**ભદ્રબાહુસ્વામી**એ[૧૨૩] રચેલી નિજ્જુત્તિ(નિર્યુક્તિ)માંની ઉપોદ્ઘાતનિર્યુક્તિમાં 'લિવી' શબ્દ છે.

ઇ. સ. પૂર્વે ૧૬૮ના અરસામાં થયેલા **શ્યામ**સૂરિએ રચેલા **પણ્ણવણા(પ્રજ્ઞાપના)**માં 'લિવી' શબ્દ છે.

બૌદ્ધ ગ્રંથો પૈકી **મહાવત્થુ(મહાવસ્તુ)**(૧, ૧૩૫, Senart)માં 'લિવિ' શબ્દ છે.

લલિતવિસ્તર(અ. ૧૦)ના ૧૪૩મા અને ૧૪૪મા પૃષ્ઠમાં 'લિપિ' શબ્દ છે.

અશોકના છઠ્ઠા(?)ધર્માનુશાસન(edict)માં લિપિ અને લિવિ એમ બંને શબ્દો છે.

આ પ્રમાણે કેવળ 'લિપિ' શબ્દ ઇ. સ.ની શરૂઆતના કે તે પૂર્વેના કોઈ વૈદિક દાર્શનિક ગ્રંથમાં વપરાયેલ હોય તો તે જાણવાજોવામાં નથી.

હવે લિપિ કે લિવિરૂપ અવયવવાળા જે શબ્દો ઉપલબ્ધ થાય છે તે તરફ આપણે નજર કરીશું, તો જણાશે કે જૈનોના છઠ્ઠા અંગ નામે **નાયધમ્મકહા(જ્ઞાતાધર્મકથા)**માં સ્ત્રીઓની ૬૪ કળા ગણાવતી વેળા લિવિપરિચ્છેયનો ઉલ્લેખ કરાયો છે.

Ṛg—Veda(V. 85. 8) and which means to smear, to cover over, to defile, to spoil; to deceive and to cheat."

—"A Sanskrit English Dictionary" (p. 867).

૧૨૨ આ પૃષ્ઠાંક મેં સંપાદિત કરેલી અને શ્રેષ્ઠિ દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર સંસ્થા તરફથી બહાર પાડેલી આવૃત્તિનો સમજવાનો છે.

૧૨૩ એમનો નિર્વાણસમય **વીર** સંવત્ ૧૭૦ છે એવો શ્રી**હેમચન્દ્રસૂરિ**કૃત **પરિશિષ્ટપર્વ**-(સ. ૯, શ્લો. ૭)માં ઉલ્લેખ છે.

બીજા ઉપાંગરૂપ ગણાતા **રાયપસેણીય(રાજપ્રશ્નીય)**માં लिप्यासण શબ્દ છે. **ઉવએસપય(ઉપદેશપદ)**ના ૩૬૦મા પત્રમાં लिविविहाण નો ઉલ્લેખ છે.

અજૈન સાહિત્ય પૈકી **પાણિનિ**[૧૨૪]કૃત **અષ્ટાધ્યાયી**(૩–૧–૨૧)[૧૨૫]માં लिपिकर અને लिविकर શબ્દ છે. પહેલો શબ્દ **અશોક**ના ચૌદમા[૧૨૬] ધર્માનુશાસનમાં પણ છે.[૧૨૭]

લલિતવિસ્તરના દશમા પ્રકરણમાં लिपिशाला શબ્દ છે.[૧૨૮] વિશેષમાં लिपिफलक અને लिपिशास्त्र એ બે શબ્દો પણ ત્યાં આપેલા છે.[૧૨૯]

આ ઉપરાંત લિપિરૂપ પ્રથમ અંગવાળા નીચે મુજબના શબ્દો સંસ્કૃત કોશમાં નજરે પડે છે:—

લિપિકાર, લિપિજ્ઞ, લિપિફલક, લિપિસંખ્યા, લિપિસજ્જા[૧૩૦] અને લિપ્યાસન[૧૩૧],

શ્રી**નરેન્દ્રપ્રભ**સૂરિકૃત **અલંકારમહોદધિ**ના પ્રથમ સર્ગ(?)માંના નિમ્નલિખિત પદ્યમાં 'લિપ્યક્ષર' વિષે નિર્દેશ છે:—

"तेषां निदेशादथ सद्गुरूणां
श्री**वस्तुपाल**स्य मुदे तदेतत् ।
चकार लिप्यक्षरसन्निविष्टं
सूरि**र्नरेन्द्रप्रभ**नामधेयः ॥२०॥"

લિપિના પર્યાયો—

અક્ષરોને [૧૩૨]અમુક રીતે લખવા એનું નામ જેમ 'લિપિ' છે,[૧૩૩] તેમ એ અક્ષરોને

---

૧૨૪ એમના સમય વિષે વિદ્વાનોમાં મતભેદ છે. ડૉ. **કીલહોર્ન**(Kielhorn) અને ડૉ. **બીહ્લર** એમના સમય તરીકે લગભગ ઇ. સ. પૂ. ૩૫૦ નો નિર્દેશ કરે છે. પ્રો. **કીથ**(Keith) એમને ઇ. સ. પૂર્વે ચોથી શતાબ્દીમાં થઇ ગયેલા માને છે, જ્યારે પ્રો. **વિન્ટર્નિન્સ**(Winternitz) એમને ઇ. સ. પૂર્વે પાંચમી શતાબ્દીમાં થઇ ગયેલા માને છે, અને ડૉ. **બેલ્વલ્કર** તો ઇ. સ. પૂર્વે સાતમી શતાબ્દીમાં એઓ થઇ ગયા એમ માને છે.

૧૨૫ આ રહ્યું એ સૂત્ર:—

૧૨૬ જુઓ "ગુજરાતના ઐતિહાસિક લેખો"(ભા. ૧, પૃ. ૧૪, પં. ૬).

૧૨૭ આમાં दिपि, दिपति અને दिपपति એમ બીજા પણ શબ્દો છે.

૧૨૮ "लिपिशालामुपनीयते स्म कुमारः । तत्र **विश्वामित्रो** नाम दारकाचार्यः ।"

—"Biblioltheca Indica" (પૃ. ૧૪૧). વળી જુઓ ૧૪૨મું, તેમ જ ૧૪૪મું પૃષ્ઠ.

૧૨૯ બંને શબ્દ માટે જુઓ **લલિતવિસ્તર**(પૃ. ૧૪૩).

૧૩૦ આનો અર્થ 'લેખનસાહિત્ય' યાને 'લેખનસાધન'(writing materials) થાય છે.

૧૩૧ આનો અર્થ 'મષીભાજન'(ink-stand) યાને 'ખડીઓ' થાય છે.

૧૩૨ આના સમર્થનાર્થે '**ગુજરાતી ભાષાનું મધ્ય વ્યાકરણ**'ની નિમ્ન લિખિત પંક્તિ વિચારવી ઘટે છે:—

"અમુક ભાષામાં અક્ષરો લખવાની રીતને – અક્ષરોને તે ભાષાની લિપિ કહે છે."

૧૩૩ સરખાવો "लिखितः लिपिकर्मकृतः"

—શ્રી**રત્નશેખર**સૂરિકૃત **ખેત્તસમાસ(લઘુક્ષેત્ર સમાસ)**ની સ્વોપજ્ઞવૃત્તિનો પ્રાન્તિમ ભાગ

વળી સરખાવો "लिखितः–अक्षरविन्यासीकृतः"

—શ્રી**દેવેન્દ્ર**સૂરિકૃત **કમ્મવિવાગ(કર્મવિપાક)**ની સ્વોપજ્ઞ ટીકાનો અંતિમ ભાગ (પૃ. ૬૫)

પણ 'લિપિ' કહેવામાં આવે છે.[૧૩૪] આ લિપિના વિવિધ પર્યાયો છે. જેમકે લિપી[૧૩૫], લિબિ[૧૩૬], લિબી[૧૩૭], લિવિ[૧૩૮], વર્ણમાળા, અક્ષરમાળા, મૂળાક્ષર[૧૩૯] ઇત્યાદિ.

લિપિનો ઉદ્ભવ—

આ સૃષ્ટિમાં અન્યાન્ય પ્રાણીઓનું જે જીવન દૃષ્ટિગોચર થાય છે તે બધામાં માનવ-જીવન વધારે વિકસિત દશાને વરેલું જણાય છે. એથી તો એમ કહી શકાય તેમ છે કે સામાન્ય રીતે મનુષ્યને વિચાર આવ્યા વિના રહે નહીં, અને સામાન્ય કોટિના મનુષ્યને તો તે વ્યક્ત કર્યા વિના ચાલે પણ નહીં. જંગલીમાં જંગલી મનુષ્ય પણ પોતાના વિચારો અને લાગણીઓને પ્રદર્શિત કરવા પ્રેરાય છે. આ માટે તે મુખ અને હાથનો મુખ્યતયા ઉપયોગ કરે છે. હા, એ વાત સાચી છે કે મૌનમાં વાણી કરતાં વધારે પાણી છે[૧૪૦]; પણ તે સર્વ પ્રસંગોમાં અને તે પણ હરકોઈ માણસ માટે નહીં.

---

૧૩૪ આને 'વર્ણ', 'માતૃકા' કે 'માતૃકાક્ષર' પણ કહેવામાં આવે છે. 'માતૃકા' શબ્દ **લલિત-વિસ્તર**(અ. ૧૦, પૃ. ૧૪૫–૧૪૬)માં છે. માતૃકાક્ષરના પ્રાકૃત રૂપાન્તરરૂપ 'માઉઅઅક્ખર' **સમવાય**-(સ. ૪૬, પૃ. ૬૯)માં છે.

૧૩૫–૧૩૭ જુઓ શ્રી. **લક્ષ્મણ રામચંદ્ર વૈદ્ય** એમ્. એ., એલ્એલ્. બી. કૃત "The Standard Sanskrit—English Dictionary"નું ૬૨૬મું પૃષ્ઠ.

રા. બ. **કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી**એ પોતે રચેલા "ગુજરાતી ભાષાનું મધ્ય વ્યાકરણ"-ના ત્રીજા પૃષ્ઠની નોંધમાં કહ્યું છે કે "'લિપિ,' 'લિબિ' એ એક અર્થના શબ્દો છે. લિપિ=લખેલા અક્ષરોની રચના.'

લિપિ અને લિબિની એકાર્થતા **અમરકોશ** પણ સૂચવે છે. જુઓ ૧૧૯મી નોંધ.

૧૩૮ જુઓ ૧૧૯મી નોંધ.

૧૩૯ ગોંડલનાં રાણીશ્રી ના. **નંદકુંવરબા**એ સત્કારસમિતિના પ્રમુખ તરીકેના વક્તવ્યમાં આ સંબંધમાં નીચે મુજબ ઉદ્ગારો કાઢ્યા છે—

"ત્રીજી માતા પોતાની ભાષા છે, કેમકે આખું બ્રહ્માંડ વાણીથી, અર્થાત્ ભાષાથી, ઉત્પન્ન થયું છે, ને એ જ કારણથી આપણા મૂળાક્ષરો 'માતૃકા'ના નામથી ઓળખાય છે. એની યથાર્થ સમજમાં પરમપદબોધનું બીજ છે. એમ વિશ્વતત્ત્વનો નિર્ણય કરનારા કહે છે."

—"ત્રીજી ગુજરાતી સાહિત્ય પરિષદ્નો અહેવાલ અને નિબંધસંગ્રહ" પૃ. ૨.

વિશેષમાં ઉપર્યુક્ત પ્રસંગે તેમણે પોતાનું વક્તવ્ય આગળ ચલાવતાં નીચે મુજબ શબ્દો ઉચ્ચાર્યા છે:—

"ભાષાનો આધાર વર્ણ છે. વર્ણનું મૂળ શું? વર્ણોના આકાર મનસ્વી છે કે કંઈ સકારણ છે? મૂળાક્ષરની હારમાં સંયુક્ત વર્ણ 'ક્ષ', 'જ્ઞ' ને બેસાડવાનો પ્રાચીન સંપ્રદાય કયા હેતુથી પડ્યો છે? એવી એવી બાબતોનો વિચાર પૂર્વકાળના પંડિતોએ કીધો હોય તો તેને પ્રકાશિત કરવાનાં સાહિત્ય તરફ આપણા ભાષાશાસ્ત્રીઓનું આકર્ષણ થવું જોઇએ."

—એજન પૃ. ૪.

આ ચોથા પૃષ્ઠમાં સૂચવેલા છેલ્લા પ્રશ્નનો ઉત્તર યથાસાધન મેં વિચાર્યો છે અને તે હવે પછી રજુ કરવા વિચાર છે. એ દરમ્યાન કોઇ વિદ્યાવ્યાસંગી તટસ્થ ભાવે એની ચર્ચા કરશે તો તે આનંદ-જનક થઈ પડશે, એટલો હું અત્ર ઇસારો કરું છું.

૧૪૦ આ સંબંધમાં જુઓ પ્રો. **દીવેટિયા**કૃત "Wilson Philological Lectures"–Gujarātī Language and Literature(Vol. II)નું પાંચમું પૃષ્ઠ.

આપણે ઉપર જોઈ ગયા તેમ મુખ અને હાથ વગેરે અવયવોના વિશિષ્ટ સંચાલનથી તેમ જ નેત્રપલ્લવી[૧૪૧] અને કરપલ્લવી[૧૪૨] ઇત્યાદિ વડે વિચાર વ્યક્ત કરી શકાય ખરા, પરંતુ બહુધા એ માટે વાણીનો આશ્રય લેવો પડે છે. લગભગ તદ્દન અવિકસિત માનવજીવન ગાળનારા અને વાણીનો ઉપયોગ કરનારા માણસો પોતાના પરાક્રમાદિને ચિરસ્થાયી સ્વરૂપ આપવા માટે ચિત્રની સ્થૂળ સંજ્ઞાનો આશ્રય લે છે, એમ સૂચવાય છે[૧૪૩]. આવા વળણમાંથી ધીરે ધીરે વિચારવ્યંજક અને વસ્તુવ્યંજક [૧૪૪]ચિત્રલિપિનો ઉદ્ભવ થાય છે, એમ મનાય છે. અક્ષરલિપિ કેવી રીતે ઉદ્ભવી, એ બાબત મતાન્તરો છે[૧૪૫]. એનો સર્વમાન્ય તોડ આવવો મુશ્કેલ છે, કેમકે આજે આપણને આપણા વિચારો કાગળ ઉપર ટપકાવવા એ રમત જેવું જણાય છે, પણ એ માટે આપણે જે અક્ષરોનો ઉપયોગ કરીએ છીએ તેની શોધ પાછળ ખૂબ પરિશ્રમ કરાયો છે, અને એની ઉત્પત્તિ વિષે વિવિધ અભિપ્રાયો દર્શાવાયા છે, એટલે કે ભાષા ક્યારે અને કેવી રીતે થઈ એ સંબંધમાં જેમ મતમતાન્તર[૧૪૬] પ્રવર્તે

---

૧૪૧ આંખના મીચકારા વગેરેથી ભાવ પ્રદર્શિત કરાય તેને 'નેત્રપલ્લવી' કહેવામાં આવે છે.

૧૪૨ હાથના પલ્લવ (પાંદડા) જેવા પંઝા વડે ભાવ પ્રદર્શિત કરાય તે 'કરપલ્લવી' યાને 'હસ્તપલ્લવી' કહેવાય છે.

નિમ્નલિખિત કડીમાં એક પ્રકારની કરપલ્લવીનું સૂચન છેઃ—

"અહિફેણુ કમળ ચંદ્ર ટંકાર, તરુવર પવન યૌવન શૃંગાર
રામ કહે **સીતાસે** બાત, અંગુલ અક્ષર ચપટી માત."

આનો અર્થ એ છે કે અ, ક, ચ, ટ, ત, પ, ય અને શ, એ આઠ વર્ગના અક્ષરો ઉપર્યુક્ત કડીના પૂર્વાર્ધમાં સૂચવેલ ચીજો દ્વારા દર્શાવવા અને આ આઠ વર્ગના બાકીના અક્ષરો જણાવવા આંગળી ઊંચી કરવી. જેટલી આંગળી બતાવાય તેટલામો અક્ષર સમજવો. માત્રા માટે ચપટી, કાના માટે સીધી લીટી અને ઇ અને ઈ તેમજ ઉ અને ઊ નાં સ્વરચિહ્નો માટે હાથ વડે તેવો અક્ષર બતાવવો.

૧૪૩ જુઓ ડૉ. **શ્રીધર વ્યંકટેશ કેતકર** એમ્. એ., પીએચ્. ડી. કૃત "મહારાષ્ટ્રીય જ્ઞાનકોશ" (પ્રસ્તાવના ખંડ, પાંચમો વિભાગ, પૃ. ૩૮).

૧૪૪ મિસરની ચિત્રલિપિ વિષે "કુમાર"(વિ. સં. ૧૯૮૯)માં એક લેખ છે.

૧૪૫ આ વિષયના જિજ્ઞાસુઓને નીચેનાં પુસ્તકાદિ જોવા ભલામણ છેઃ—

(૧) Sumerian Reading Book by Mr. C. J. Gadd.

એમનાથી વિરૂદ્ધનો વિચાર Sir Flinders Petrie તરફથી દર્શાવાયો છે.

(૨) "How the alphabet began" by Dr. Prananatha.

આ લેખ "Illustrated Weekly of the Times of India"માં ઇ. સ. ૧૯૩૫ના મે માસની આસપાસ કટકે કટકે છપાયેલો છે.

૧૪૬ ઇ. સ. ૧૯૦૯માં રાજકોટમાં મળેલી "ત્રીજી ગુજરાતી સાહિત્યપરિષદ્નો અહેવાલ અને નિબંધસંગ્રહ" પૃ. (ख ૪ થી ख ૮)માં શ્રીમતી **શારદાગારી મહેતા**, બી. એ. નો "ભાષાની ઉત્પત્તિ" નામનો જે નિબંધ છપાયો છે તેમાંની નિમ્નલિખિત પંક્તિ ઉદાહરણાર્થે રજુ કરાય છેઃ—



"મનુષ્યની પ્રથમ જ્યારે ઉત્પત્તિ થઈ હશે, ત્યારે ભાષાનું અસ્તિત્વ હોવાનો કાંઇ પણ પુરાવો નથી. જેમ જેમ મનુષ્યની જરૂરો વધતી ગઈ તેમ તેમ ભાષાનો ઉદય થતો ગયો.

"સૃષ્ટિની ઉત્પત્તિ જો ઉત્તરોત્તર ઉત્કર્ષથી થઇ હોય તો વાચા પણ તે જ પ્રમાણે ઉત્પન્ન થએલી હોવી જોઇએ એ કાંઈ ઈશ્વરી બક્ષિસ હોઈ શકે નહીં. મનુષ્યના મગજમાં ફોનોગ્રાફની માફક શબ્દનો સંચય ભવિષ્યના ઉપયોગ માટે કરી મૂક્યો હોય, એ કેવળ અસંભવિત વાત છે. એક એવો પણ કાળ હશે કે જે વખતે મનુષ્યથી એક શબ્દનો પણ ઉચ્ચાર નહીં કરી શકાતો હોય. પ્રથમ મૌન સંજ્ઞાથી

છે તેમ લિપિની ઉત્પત્તિ વિષે પણ મતમતાન્તર પ્રવર્તે છે. સ્પષ્ટ શબ્દોમાં કહું તો મુખમુદ્રા અને શરીરનાં બીજાં અવયવોના હાવભાવ અને સંચાલનથી ઉદ્ભવતી અનેક સંજ્ઞાઓ અને નિશાનીઓ એ ભાષાનું પ્રથમ પગથિયું છે અને અન્યાન્ય ધ્વનિઓ એ એનું બીજું પગથિયું છે, એમ માનનાર પણ દરેક શબ્દનાં મૂળ શોધવા અસમર્થતા જાહેર કરે છે, તેમ લિપિઓના આવિર્ભાવના મૂળ શોધવા માટે હજી પણ પુષ્કળ પરિશ્રમ કરાય તોપણ યથેષ્ટ સિદ્ધિ મળવી પ્રાયઃ અશક્ય છે.

કઈ લિપિ ક્યારે ઉત્પન્ન થઈ, કેમ ઉત્પન્ન થઈ, અને કેવી રીતે તેનું અંતિમ સ્વરૂપ ઘડાયું, એ સંબંધમાં સંપૂર્ણ મીમાંસા કરવાનું આ સ્થળ નથી, કેમકે ભિન્ન ભિન્ન દેશના અને ભિન્ન ભિન્ન કાળના ભિન્ન ભિન્ન વિદ્વાનોએ ભિન્ન ભિન્ન મતો પ્રરૂપ્યાં છે અને હજી પ્રરૂપે, એવો સંભવ છે. અહીં તો એ સંબંધમાં અંગુલીનિર્દેશ કરી શકાય તેમ છે.

Gertrude Hartman કૃત " The World we live in and How it came to be "ના આઠમા પ્રકરણ(પૃ. ૯૯-૧૦૧)માં મનુષ્ય લખતાં કેવી રીતે શીખ્યો, એ પ્રશ્ન ઊઠાવી, તેનો ઉત્તર નીચે પ્રમાણે સૂચવાયો છે :—

"અસલના વખતમાં ગુફામાં વસતા માનવો શિકાર તેમ જ બીજા ઉત્તેજક બનાવોનાં ચિત્રો ગુફાની ભીંત ઉપર આલેખતાં હતાં. અમુક રીતે વિચારતાં આ ચિત્રો તે એક જાતનું લખાણ હતું, કેમકે એ ચિત્રો ચિત્રકારના વિચારોને વ્યક્ત કરતાં હતાં, અને વળી એ જોનારને એનો ભાવ સમજાતો હતો. એમ મનાય છે કે જેમ જેમ વખત જતો ગયો તેમ તેમ આ ચિત્રાલેખનમાંથી ધીરે ધીરે વિચારવ્યંજક ચિહ્નાદિ ઉદ્ભવ્યાં. શરૂઆતમાં લખેલા શબ્દો તે ફક્ત નાનાં ચિત્રો હતાં. જેમકે સૂર્ય એમ લખવું હોય ત્યારે ⊙ આ પ્રમાણે ગોળ દોરાતું. એવી રીતે ચન્દ્ર માટે  આવો અંદરથી વર્તુલયુક્ત ચન્દ્રાકાર અને તારા માટે પાંચ અણીદાર ✱ આકાર કઢાતો. આકાશ માટે  આવો આકાર કઢાતો. ~~~~ આવી લીટી પાણી સૂચવતી. આગળ જતાં દરેક શબ્દ માટે આખું ચિત્ર ન કાઢતાં તેનું કોઈ વિશિષ્ટ અંગ આલેખાવા માંડયું. જેમકે સંપૂર્ણ ઘરના ચિત્રને બદલે એના છાપરાનો ટોચનો ભાગ અને સમગ્ર માનવની આકૃતિને ઉદ્દેશીને આંખને બદલે મીંડાંયુક્ત વર્તુલ, નાકને માટે ઊભી લીટી અને મોંઢાને માટે આડી લીટી કઢાવા લાગ્યાં. કેટલીક વાર વિચાર વ્યક્ત કરવા માટે બે કે તેથી વધારે ચિત્રોની સંયોજના થવા માંડી. જેમકે વરસાદ સૂચવવા માટે આકાશનું ચિત્ર દોરી, એની નીચે જલસૂચક ચિત્ર કાઢયું: ; એ પ્રમાણે 'રાત' લખવા માટે ચન્દ્રના ચિત્રમાં તારાનું ચિત્ર  બતાવાયું. કેટલીક વાર ચિત્ર દ્વારા વિચારો નહીં દર્શાવી શકાવાથી

હુંકારથી, ઇત્યાદિ પ્રયોગથી વ્યવહાર શરૂ થયો હશે, ને ધીમે ધીમે તેમાં ફેરફાર ને વૃદ્ધિ થતાં ભાષાનો ઉદ્ભવ થયો હશે, એમ સંભવિત છે.

"ભાષાની ઉત્પત્તિ સહસા આકાશવાણીથી થઇ, એ મત સાયન્સ આગળ ટકી શકે એમ નથી."
—પૃષ્ઠ ख ૪.

શ્રીયુત **ગણપતરામ અનુપરામ ત્રવાડીનો** "ભાષા અને વિચાર" એ નામનો નિબંધ પણ આ સંબંધમાં કેટલોક પ્રકાશ પાડે છે. એ નિબંધ ઉપર્યુક્ત લેખ પછી તરત જ ह ૧ થી ह ૯ પૃષ્ઠમાં છપાયેલો છે. ह ૮ માં લિપિ પરત્વે નીચે મુજબ ઉલ્લેખ છે:—

"બોલાતી ભાષા લખાતી થઈ અને લિપિ દ્વારા મોટું સાહિત્ય રચાયું, એ તો એક અકસ્માત્ યોગ જાણવો. પૃથ્વી ઉપરની ભાષાઓનો ઘણો ભાગ તો હજુ લેખનમાં ઉતર્યો જ નથી."

નાનાં નાનાં ચિહ્નો યોજાયાં, અને આ પ્રમાણે ચિત્ર દ્વારા લેખને ચિહ્નોનું સ્વરૂપ ધારણ કર્યું. કાલાન્તરે ચિહ્નો સમગ્ર શબ્દ માટે ન વપરાતાં શબ્દનાં અવયવો માટે વપરાવા લાગ્યાં, અને એ ચિત્રોની સંયોજના શબ્દસૂચક બની. આ પ્રમાણે મૂળાક્ષરની ઉત્પત્તિ થઈ."

આ તો વિદેશીય વર્ણમાળાની વાત થઈ. એવી રીતે આપણા દેશની બ્રાહ્મી લિપિનું મૂળ વિચારી શકાય તેમ છે કે નહીં, એ સંબંધમાં અનેક મતો જોવાય છે. એની નોંધ આગળ ઉપર લેવામાં આવી છે. હાલ તુરત તો એટલો જ નિર્દેશ હું કરીશ કે લિપિની ઉત્પત્તિ કેવી રીતે થઈ, એ વિષે મતભેદ જોવાય છે, છતાં એ વાત તો પ્રાયઃ નિર્વિવાદ જણાય છે કે ભાષાના આવિર્ભાવ પછી લિપિ ઉદ્‌ભવી, અને તે પણ સમાજ ઘણો આગળ વધ્યો ત્યાર પછી એ ઉદ્‌ભવી હોવી જોઇએ.[૧૪૭]

વિવિધ લિપિઓનાં નામોની નોંધો—

જેમ વૈદિક હિન્દુઓ **ભગવદ્‌ગીતા** તરફ, બૌદ્ધો **ધમ્મપદ**[૧૪૮] તરફ અને જૈનો **તત્ત્વાર્થાધિગમશાસ્ત્ર** તરફ પૂજ્યભાવ ધરાવતા હોવાથી તેના પ્રચાર માટે પરિશ્રમ સેવે છે તેમ તેના કરતાં ખ્રિસ્તીઓ પોતાના પવિત્ર પુસ્તક **બાઇબલ** (Bible) તરફ પૂજ્યભાવ રાખતા હોઈ તેના પ્રચાર માટે અનેક ગણો પ્રયત્ન કરી રહ્યા છે. આનું પરિણામ એ આવ્યું છે કે દુનિયાની લગભગ મુખ્ય મુખ્ય તમામ ભાષામાં[૧૪૯] —એકંદર ૯૬૦ જેટલી[૧૫૦] ભાષાઓમાં ખ્રિસ્તીઓના પવિત્ર શાસ્ત્રના અમુક ભાગનું ભાષાન્તર ઉપલબ્ધ થાય છે.

આ ઉપરથી જેવું પ્રચલિત ભાષાઓની સંખ્યા વિષે આપણે અનુમાન કરી શકીએ છીએ તેવું અનુમાન લિપિઓની સંખ્યા વિષે પણ આપણે કરી શકીએ તેમ જણાય છે.

---

૧૪૭ આ ઉપરથી ભાષા અને લિપિ એ બે જૂદાં હોવાનું સ્પષ્ટ થાય છે, તેમ છતાં ઘણા લોકો ભાષા અને લિપિ વિષે વાત કરતાં એ બેને સેળભેળ કરતા જોવાય છે. આવા એક પ્રસંગની નોંધ પ્રો. **નરસિંહરાવ ભોળાનાથે** 'ભરતખંડ માટે એક ભાષા' એ નિબંધમાં લીધી છે. ત્યાં તેમણે સૂચવ્યું છે કે "સં. ૧૯૬૫ના આષાઢના '**વસન્ત**'માં 'લિપિ' વિશેના લેખમાં મિ. કરીમ મહમદ આ પ્રકારનો ગૂંચવાડો કરી નાંખતા લાગે છે."

—"ત્રીજી ગુજરાતી સાહિત્યપરિષદનો અહેવાલ અને નિબંધસંગ્રહ"(પૃ. क ૩૨).

૧૪૮ **ખુદ્દકનિકાય**ના બીજા અંગરૂપ, ૨૬ પ્રકરણવાળા અને ૪૨૩ ગાથામાં યોજાયેલા આ પાલી ગ્રંથનું ભાષાન્તર યુરોપની લગભગ તમામ ભાષામાં અને ભારતવર્ષની પણ ઘણી ભાષામાં થયેલું છે. વિશેષમાં એ મૂળ ગ્રન્થ રોમન(Roman), સિલોનીઝ(Ceylonese), બર્મીઝ(Burmese), સિયામિઝ (Siamese) અને બંગાળી લિપિમાં પ્રસિદ્ધ થયેલ છે. એની વિશેષ માહિતી માટે જુઓ "The Indian Historical Quarterly"(Vol. XI, No. 4)ગત લેખ નામે **'The Dhammapada and the Udanavarga.'**

૧૪૯ દુનિયામાં કેટલી ભાષાઓ પ્રચલિત છે, ઇત્યાદિ હકીકત અંગ્રેજી ગ્રંથોમાં સારી રીતે આલેખાયેલી છે. થોડા વખત ઉપર શ્રીયુત **ધીરેન્દ્રવર્માએ** हिन्दी भाषा और लिपिમાં એ વિષે કેટલોક ઊહાપોહ કર્યો છે એમ જણાવી, એના આધારે શ્રીયુત **જયશંકર ઉ. પાઠકે** ભાષાઓનાં ૧૨ કુળો, તેનાં ઉપકુળો ઇત્યાદિનો સંક્ષિપ્ત પરિચય કરાવતો એક લેખ નામે "જગતની ભાષાઓમાં ગુજરાતીનું સ્થાન" લખ્યો છે અને અંતમાં તેમણે 'જગતની ભાષાઓનું વંશવૃક્ષ' રજુ કર્યું છે.

—જુઓ **બુદ્ધિપ્રકાશ** વ. ૮૩, અં. ૨, પૃ. ૨૦૬-૨૧૧(એપ્રિલ : જુન : સન ૧૯૩૬).

વિવિધ ભાષાઓ અને બોલીના ફેલાવા પરત્વે પ્રો. **ઠાકોરે** 'લિંગ્વા ફ્રાંકા'માં વિવેચન કર્યું છે, એ પણ ભાષાના ઇતિહાસની જિજ્ઞાસા રાખનારે જોવું ઘટે.

૧૫૦ અહીંની(મુંબઇની) "British and Foreign Bible Society"ને ૧૪-૧-૩૭ને રોજ પત્ર દ્વારા કઈ કઈ ભાષાઓમાં **બાઇબલ**નું ભાષાન્તર થયું છે, તેમ જ એ ભાષાન્તરો તેમ જ

એ માટેનું એક સાધન તે વિવિધ લિપિઓનાં નામોની નોંધો છે. સદ્ભાગ્યે પ્રાચીન ગ્રંથો પણ આ સંબંધમાં પ્રકાશ પાડે છે.

જૈન સાહિત્ય તરફ દૃષ્ટિ કરીશું તો જણાશે કે **સમવાય**ના ૧૮મા સમવાયમાં ૧૮ લિપિઓ[૧૫૧] સંબંધી નીચે મુજબ નિર્દેશ કરાયેલો છે:—

"बंभीए णं लिवीए अट्ठारसविहे लेखविहाणे पन्नत्ते, तंजहा—बंभी १ जवणा(णी ?)लिया २ दोसाऊरिया ३ खरोट्ठिया ४ खरसाविआ ५ पहराइया ६ उच्चतरिया ७ अक्खरपुट्ठिया ८ भोगवयता ९ वेणतिया १० णिण्हइया ११ अंकलिवी १२ गणियलिवी १३ गंधव्वलिवी १४ आदंसलिवी १५ माहेसरीलिवी १६ दामिलिवी १७ बोलिंदिलिवी १८" [१५२]

લિપિઓનાં આ પ્રાકૃત નામો ઉપરથી એનાં સંસ્કૃત નામો નીચે પ્રમાણે સૂચવી શકાય:—

(૧) બ્રાહ્મી, (૨) યવનાલિકા, (૩) દોષોરિકા, (૪) ખરોષ્ટ્રિકા, (૫) ખરશાવિકા, (૬) પ્રહરાતિકા, (૭) ઉચ્ચતરિકા, (૮) અક્ષરપૃષ્ઠિકા, (૯) ભોગવતિકા, (૧૦) વેનતિકા, (૧૧) નિહ્નવિકા, (૧૨) અંકલિપિ, (૧૩) ગણિતલિપિ, (૧૪) ગાંધર્વલિપિ, (૧૫) આદર્શલિપિ, (૧૬) માહેશ્વરી લિપિ, (૧૭) દામિલિપિ અને (૧૮) બોલિંદિલિપિ.

બાઇબલ કેટલી અને કઈ કઈ લિપિમાં છપાયેલ છે એ સંબંધમાં પૂછાવતાં, એ સંસ્થાના મંત્રીજીએ તા. ૧૮-૧-૩૭ના પત્રમાં નીચે મુજબ ઉત્તર જણાવવા કૃપા કરી છે:—

"...there is no complete list available showing the number of languages into which the Holy Bible has been translated. It is known, however, that some part at least of the scriptures has been rendered into 960 different languages, of which 705 have been issued by this Society alone. I also regret that it is impossible to give any complete list of the number of scripts used in these versions of the Bible, but the number amounts to several hundred."

૧૫૧ જેમ જૈન શાસ્ત્રોમાં ૧૮ લિપિઓનો નિર્દેશ છે, તેમ ૧૮ દેશી ભાષાઓનો પણ નિર્દેશ છે, અને એ ૧૮ દેશી ભાષાના સંમિશ્રણરૂપ 'અર્ધમાગધી' ભાષામાં જૈન આગમો રચાયાનું કહેવાય છે. જુઓ **નિસીહસુત્ત(નિશીથસૂત્ર)**ની **વિસેહચુણ્ણિ(વિશેષચૂર્ણિ)**.

૧૫૨ **જૈનચિત્રકલ્પદ્રુમ**માં પ્રસિદ્ધ થયેલા અને વિદ્વદ્વલ્લભ મુનિશ્રી **પુણ્યવિજયે** લખેલા "ભારતીય જૈન શ્રમણ સંસ્કૃતિ અને લેખનકળા" નામક વિસ્તૃત નિબંધમાં નીચે મુજબ પાઠાન્તર જોવાય છે:—

'જવણીલિયા'ને બદલે જવણાલિયા(જવણાણિયા), 'દોસાઊરિઆ' ને બદલે દોસાઉરિઆ, 'ખરસાવિઆ'ને બદલે પુક્ખરસારિયા, પહારાઇયા માટે કૌંસમાં પહરાઇયા, દામિલિવીને બદલે 'દામિલીલિવી' અને 'બોલિંદીલિવી'ને બદલે પોલિંદીલિવી.

વિશેષમાં ઉપર્યુક્ત નિબંધમાં જે **સમવાય**માંનો ઉલ્લેખ રજુ કરાયો છે તેમાં 'ગંધવ્વલિવી-ભૂયલિવી' એવો નિર્દેશ કરી, એ બેને એક લિપિ ગણાવાઈ છે, પરંતુ એમ કરવામાં કશો આધાર જણાવાયો નથી. ૧૮ની સંખ્યા કાયમ રાખવા ઉપરાંત બીજો કોઇ હેતુ હોય તો તે ખ્યાલમાં આવતો નથી. ઉપર્યુક્ત ઉલ્લેખ રજુ કર્યા બાદ ત્યાં નીચે મુજબ નિર્દેશ કરાયો છે:—

"पन्नवणासूत्रની જૂદી જૂદી પ્રતોમાં उच्चत्तरियाને બદલે अंतक्खरिया, उयअंत्तरिक्खिया અને उयंतरकरिया એવાં નામો પણ મળે છે, અને आदंसलिवीને બદલે आयासलिवी એવું નામ પણ મળે છે."

સમવાયમાંનો જે ઉલ્લેખ ઉપર આપ્યો છે તે ઉલ્લેખ **અભિધાનરાજેન્દ્ર**માંથી અત્ર આપવામાં આવ્યો છે. એ ઉલ્લેખ **સમવાય**ની આગમોદય સમિતિ દ્વારા પ્રકાશિત આવૃત્તિથી જૂદો પડે છે, એટલે એ આવૃત્તિગત ઉલ્લેખ પણ અત્ર નીચે મુજબ આપવામાં આવે છે:—

" बंभीए णं लिवीए अट्ठारसविहे लेखविहाणे प० तं०—बंभी[१] जवणी[२] लियादोसा[३] ऊरिआ[४] खरोट्ठिआ[५] खरसाविआ[६] पहाराइया[७] उच्चत्तरिआ[८] अक्खरपुट्ठिया[९] भोगवयता[१०] वेणतिया[११] णिण्हइया[१२] अंकलिवी[१३] गणियलिवी[१४] गंधव्वलिवी[१५] भूयलिवी[१६] आदंसलिवी[०] माहेसरीलिवी[१७] दामिलिवी[१८] बोलिंदिलिवी[१९]."

આ પ્રમાણે અહીં ૧૯ અંક અપાયેલા છે, પરંતુ ખરી રીતે એ વીસ છે,[૧૫૩] કેમકે ભૂયલિવી અને આદંસલિવી એ ભિન્ન હોય એમ જણાય છે. વળી મુદ્રણદોષ હોય એમ લાગે છે, એટલે કે જવણીલિયા અને દોસાઊરિયા એમ જોઇએ.

વિસેસાવસ્સયભાસ(વિશેષાવશ્યકભાષ્ય)ની ૪૬૪ મી ગાથાની ટીકામાં મલધારી શ્રી**હેમચન્દ્ર**સૂરિએ ૧૮ લિપિના સંબંધમાં નીચે મુજબ નિર્દેશ કર્યો છે:—

" हंसलिवी १ भूयलिवी २ जक्खी तहय रक्खसी ४ य बोधव्वा ।
उड्डी ५ जवणि ६ तुरुक्की ७ कीरी ८ दविडी ९ य सिंधविया १० ॥
मालविणी ११ नडि १२ नागरी १३ लाडलिवी २४ पारसी १५ य बोद्धव्वा ।
तह अनिमित्ती १६ य लिवी चाणक्की १७ मूलदेवी १८ य ॥ "

આ[૧૫૪] અવતરણ ઉપરથી આપણે ૧૮ લિપિઓનાં નામો નીચે મુજબ જાણી શકીએ છીએ:—

(૧) હંસલિપિ, (૨) ભૂતલિપિ, (૩) યક્ષી, (૪) રાક્ષસી, (૫) ઉડ્ડી, (૬) યવની, (૭) તુરુષ્કી, (૮) કીરી, (૯) દ્રાવિડી, (૧૦) સિંધવિકા, (૧૧) માલવિની, (૧૨) નટી, (૧૩) નાગરી, (૧૪) લાટલિપિ, (૧૫) પારસી, (૧૬) અનિમિત્તી, (૧૭) ચાણક્યી અને (૧૮) મૂલદેવી.

આ પૈકી ચાણક્યી લિપિ અને મૂલદેવી લિપિ એ **કામસૂત્ર**માં સૂચવેલ મ્લેચ્છિત લિપિના ભેદ છે, એમ **પુણ્યવિજયજી**એ **જૈનચિત્રકલ્પદ્રુમ**(પૃ. ૬)માં ઉલ્લેખ કર્યો છે. વિશેષમાં તેમણે ત્યાં ચાણક્યીને કૌટિલીયનો પર્યાય ગણ્યો છે.

---

૧૫૩ ગાયકવાડ પૌર્વાત્ય ગ્રન્થમાલાના ગ્રન્થાંક ૫૧ તરીકે પ્રસિદ્ધ થએલા " TriṢaṢṭis'ālakāṢ puruṢacaritra " Vol. I ના ૧૫૩મા પૃષ્ઠમાં એના અનુવાદક **હેલેન જોન્સન**(Helen Johnson) પીએચ. ડી. દ્વારા વીસ લિપિઓ હોવાની નોંધ કરાયેલી છે.

૧૫૪ આ અવતરણ શ્રી**દેવેન્દ્ર**સૂરિરચિત **કમ્મવિવાગ**ની સ્વોપજ્ઞવૃત્તિના ૧૪ મા પૃષ્ઠમાં ઉપલબ્ધ થાય છે. ત્યાં **नागरी** ને બદલે ' नागरि ' છે અને अनिमित्ती १६ य ને બદલે ' अनिमित्तीय १६ ' છે. વળી ત્યાં જે સંસ્કૃત છાયા આપેલી છે તેમાં ઉડ્ડી માટે ' ઔડ્રી ' અને ચાણક્યી માટે ચાણક્યા ' એમ છપાયેલ છે. વિશેષમાં ત્યાં તુરુક્કીને બદલે ' પુટુક્કી ' એમ પાઠાન્તર નોંધાયેલ છે.

મહોપાધ્યાય શ્રી**વિનયવિજય**ગણિકૃત **લોકપ્રકાશ**(સ. ૩)માં શ્લો. ૭૭૯ પછી ઉપર્યુક્ત અવતરણ કંઈક પાઠાન્તરપૂર્વક નજરે પડે છે જેમકે ' કીરી ' ને બદલે કીરા.

આના ભાષાન્તરમાં (પૃ. ૨–૬) માલવિણીનો અર્થ 'માલવી', લાટનો અર્થ ' લાડ ' અને અનિમિત્તાઅનો 'અનિયમિત ' એમ કરાયો છે. '

શ્રીલક્ષ્મીકીર્તિના શિષ્ય **શ્રીલક્ષ્મીવલ્લભ** ઉપાધ્યાયે રચેલી કલ્પદ્રુમકલિકાની[૧૫૫] મુદ્રિત આવૃત્તિના ૨૦૩ મા પત્રમાં સૂચવ્યા મુજબ **નંદીસુત્ત**[૧૫૬] (**નન્દીસૂત્ર**)માં ગણાવેલ ૧૮ લિપિઓના નિર્દેશ પછી, એ પત્રમાં નીચે મુજબ અન્ય પ્રકારે ૧૮ લિપિઓ ગણાવવામાં આવી છેઃ—

" लाटी १ चौडी २ डाहली ३ कानडी ४ गूर्जरी ५ सोरठी ६ मरहट्टी ७ कोंकणी ८ खुरासाणी ९ मागधी १० सिंहिली ११ हाडी १२ कीरी १३ हम्मीरी १४ परतीरी १५ मसी १६ मालवी १७ महायोधी १८ "

લલિતવિસ્તર(પૃ. ૧૪૩–૧૪૪)માં નીચે મુજબ ૬૪ લિપિઓને લગતો ઉલ્લેખ છેઃ–

" अयं बोधिसत्त्व उरगसारचन्दनमयं लिपिफलकमादाय दिव्यवर्णकं सुवर्णतिलकं समन्तान्मणिरत्नप्रत्युप्तं **विश्वामित्र**माचार्यमेवमाह। कतमां भो उपाध्याय लिपिं मे शिक्षयिष्यसि । ब्राह्मीं खरोष्टीं पुष्करसारीं अङ्गलिपिं वङ्गलिपिं मगधलिपिं माङ्गल्यलिपिं मनुष्यलिपिं अङ्गुलीयलिपिं शकारिलिपिं ब्रह्मवल्लीलिपिं द्राविडलिपिं किनारिलिपिं दक्षिणलिपिं उग्रलिपिं सङ्ख्यालिपिं अनुलोमलिपिं अर्द्धधनुर्लिपिं दरदलिपिं खास्यलिपिं चीनलिपिं हूणलिपिं मध्याक्षरविस्तरलिपिं पुष्पलिपिं देवलिपिं नागलिपिं यक्षलिपिं गन्धर्व्वलिपिं किन्नरलिपिं महोरगलिपिं असुरलिपिं गरुडलिपिं मृगचक्रलिपिं चक्रलिपिं वायुमरुल्लिपिं भौमदेवलिपिं अन्तरिक्षदेवलिपिं उत्तरकुरुद्वीपलिपिं अपरगौडादिलिपिं पूर्व्वविदेहलिपिं उत्क्षेपलिपिं निक्षेपलिपिं विक्षेपलिपिं प्रक्षेपलिपिं सागरलिपिं वज्रलिपिं लेखप्रतिलेखलिपिं अनुद्रुतलिपिं शास्त्रावर्त्तलिपिं गणनावर्त्तलिपिं उत्क्षेपावर्त्तलिपिं निक्षेपावर्त्तलिपिं पादलिखितलिपिं द्विरुत्तरपदसन्धिलिपिं यावद् दशोत्तरपदसन्धिलिपिं अध्याहारिणीलिपिं सर्व्वरुतसङ्ग्रहणिलिपिं विद्यानुलोमालिपिं विमिश्रितलिपिं ऋषितपस्तप्तां रोचमानां धरणीप्रेक्षणलिपिं सर्व्वौषधिनिष्यन्दां सर्व्वसारसङ्ग्रहणीं सर्व्वभूतरुतग्रहणीमासाम्भो उपाध्याय चतुःषष्टिलिपीनां कतमां लिपिं मां त्वं शिक्षयिष्यसि । "[૧૫૭]

ઉપર્યુક્ત લિપિઓની નોંધો ઉપરાંત ' લિપિ 'નાં કેટલાંક નામ છૂટાંછવાયાં મળે છે. દાખલા તરીકે **અષ્ટાધ્યાયી**(૪–૧–૪૯)માં[૧૫૮] જે ' યવન ' શબ્દ છે તેનો અર્થ વાર્તિકકાર **કાત્યાયન** અને મહાભાષ્યકાર **પતંજલિ** પણ ' યવનાની લિપિ ' કરે છે, જોકે શ્રીયુત **રાજવાડે** આ અર્થ સ્વીકારતા નથી.[૧૫૯]

---

૧૫૫ ચૌદ પૂર્વના ધારક **શ્રીભદ્રબાહુસ્વામી**ની કૃતિ તરીકે ઓળખાવાતા **પજ્જુસણકપ્પ** (**પર્યુષણાકલ્પ**) કે જેનું પ્રચલિત નામ **કલ્પસૂત્ર** છે તેની આ સંસ્કૃત અને ગુજરાતી ભાષામાં રચાયેલી ટીકા છે. આની પાંચ હસ્તલિખિત પ્રતિઓ " ભાંડારકર પ્રાચ્યવિદ્યાસંશોધનમંદિર "માં છે. તેમાંની એક વિ. સં. ૧૮૭૪માં લખાયેલી છે. જુઓ " જૈન હસ્તલિખિત પ્રતિઓનું વર્ણનાત્મક સૂચીપત્ર "નો દ્વિતીય વિભાગ, પૃ. ૧૬૪.

૧૫૬ **નંદીસુત્ત**માં ૧૮ લિપિનો નામોલ્લેખ જણાતો નથી, તેનું શું કારણ હશે ?

૧૫૭ **ભારતીય પ્રાચીન લિપિમાલા**(પૃ. ૧૭, ટિ. ૩)માં **લલિતવિસ્તર** ઉપરથી ૬૪ લિપિઓનાં નામો નોંધાયાં છે. એના આધારે **જૈનચિત્રકલ્પદ્રુમ**(પૃ. ૪)માં પણ એ નામો નોંધાયાં છે, પરંતુ એમાં અને અહીં આપેલ અવતરણમાંનાં નામોમાં ફેર છે. જેમકે ખરોષ્ટી, વંગ, કિનારી, અર્ધધનુસ્ અપરગૌડાદિ, ગણનાવર્ત, નિક્ષેપાવર્ત, દ્વિરુત્તરપદસંધિ, દશોત્તરપદસંધિ, સર્વરુતસંગ્રહણિ, વિદ્યાનુલોમા, ઋષિતપસ્તપ્તા, સર્વૌષધીનિષ્યંદા અને સર્વભૂત રુતસંગ્રહણિને બદલે અનુક્રમે ખરોષ્ઠી, બંગ, કનારિ, ઊર્ધ્વધનુસ્, અપરગૌડાદિ, ગણાવર્ત, વિક્ષેપાવત, દ્વિરુત્તરપદસંધિલિખિત, દશોત્તરપદસંધિલિખિત, સર્વરુતસંગ્રહણી, વિદ્યાનુલોમ, ઋષિતપસ્તપ્ત, સર્વૌષધિનિષ્યંદ અને સર્વભૂતરુદ્ગ્રહણીનો ઉલ્લેખ છે.

૧૫૮ " इन्द्रवरुणभवशर्वरुद्रमृडहिमारण्ययवयवनमातुलाचार्याणामनुक् । "

૧૫૯ જુઓ "ભારત ઇતિહાસસંશોધક મંડળનો શક ૧૮૩૨નો હેવાલ" તેમ જ "Encyclopedia Britanica "(Vol. XXVIII, p. 180).

વસન્તવિલાસના દ્વિતીય સર્ગના નિમ્નલિખિત—

"लिलेखिषुः सृष्टिलिपिं विधाता मूर्त्तिं निजां कुण्डलिनीं विधाय ।
यन्निर्ममे बिन्दुमिवेन्दुमौलि-दैत्यारिमूर्त्ती च तदस्तरेखा ॥ ४३ ॥"

પદ્યમાં 'સૃષ્ટિલિપિ'નો નિર્દેશ છે; પરંતુ આ જાતની કોઈ લિપિ નથી; એ તો આલંકારિક પ્રયોગ છે. એ પ્રમાણે ઉપર્યુક્ત મહાકાવ્યના દશમા સર્ગના નીચે મુજબના પદ્યમાં પણ 'લિપિ' વિષે એવો નિર્દેશ છે:—

"मन्त्रिणा निगदितं महीपतिस्तन्निशम्य मुदितस्तमूचिवान् ।
वस्तुपाल! मम भालसल्लिपिः काऽपि यस्य सचिवो भवादृशः ॥ १२ ॥"

લિપિવિષયક આધુનિક ગ્રંથો, લેખો ઇત્યાદિ તરફ નજર કરીશું તો જણાશે કે એમાંના કેટલાકમાં તો કેવળ ભારતીય જ લિપિઓ વિષે ઉલ્લેખ છે એમ નહીં, પરંતુ યુરોપ વગેરે ખંડોની લિપિઓ વિષે પણ નિર્દેશ છે. આવા મુખ્ય ગ્રંથાદિની અત્ર ટૂંકમાં નોંધ લેવામાં આવે છે:—

(અ) Encyclopedia Britannica.

(આ) એક સુંદર આકૃતિપટ F. Ballhorn કૃત **Alphabete Orientalistic und Occidentalistic Sprachen** (Leipzig, 1859) નામક જર્મન પુસ્તકમાં છે.

(ઇ) **મહારાષ્ટ્રીય જ્ઞાનકોશ**(પ્રસ્તાવના ખંડ, વિજ્ઞાનેતિહાસ)ના પાંચમા વિભાગમાં (પૃ. ૬૫–૭૦) સમસ્ત લિપિઓના પ્રાચીન અને અર્વાચીન એમ બે વિભાગો પાડવામાં આવ્યા છે. તેમાં પ્રાચીન લિપિઓ તરીકે નીચે મુજબ ૧૨ ગણાવાઈ છે:—

(૧) બ્રાહ્મી, (૨) ચિની, (૩) મિસરદેશીય ચિત્રલિપિ, (૪) હિઅરેટિક ઉર્ફે પુરોહિતી, (૫) ફિનીશિયન (૬) અરમઇક, (૭) હિબ્રૂ, (૮) એસ્ટ્રાંઘેલો, (૯) પ્રાચીન ગ્રીક, (૧૦) પ્રાચીન રોમન, (૧૧) એટ્રુસ્કન અને (૧૨) રુનિક.

અર્વાચીન લિપિઓ તરીકે નીચે મુજબ ૫૮ લિપિનો ઉલ્લેખ કરાયો છે:—

(૧) સિરિલિક, (૨) મરાઠી (નાગરી), (૩) મોડી, (૪) ગુજરાથી(તી), (૫) બંગાલી(ળી), (૬) કૈથી, (૭) મૈથિલ, (૮) ઉડિયા, (૯) અહોમી, (૧૦) બ્રહ્મી, (૧૧) કાશ્મિરી (શારદા), (૧૩) ગુરુમુખી, (૧૪) ટાકરી, (૧૫) ગ્રંથ, (૧૬) તેલગૂ–કાનડી, (૧૭) કાનડી, (૧૮) તામિળ, (૧૯) મલયાળમ્, (૨૦) તુળુ, (૨૧) કારશુની, (૨૨) સિંહલી (૨૩) યવદ્વીપી, (૨૪) સયામી, (૨૫) કોરિયન, (૨૬) ચિની, (૨૭) કાતાકાના, (૨૮) હિરાગાના, (૨૯) અનામી, (૩૦) માંગોલિયન, (૩૧) કાલમુક, (૩૨) માંચૂ, (૩૩) સિરો–ખાલ્ડી, (૩૪) અરબી, (૩૫) ટર્કિશ (તુર્કી), (૩૬) પર્શિયન, (૩૭) હિંદુસ્થાની [ઉર્દુ], (૩૮) અર્વાચીન સામારિટન, (૩૯) રૅબિનિક, (૪૦) આર્મિનિયન, (૪૧) જૉર્જિયન, (૪૨) ગ્રીક માયન્યૂસ્કૂલ. (૪૩) રોમન, (૪૪) ઈટાલિક, (૪૫) ઇંગ્લિશ, (૪૬) જર્મન, (૪૭) સર્વ્હિયન, (૪૮) વાલાશિયન, (૪૯) ગ્લૅગોલિટિક, (૫૦) રશિયન (૫૧) અલ્બેનિયન, (૫૨) રોમઇક, (૫૩) મધરેબી, (૫૪) પ્યુનિક ઉર્ફે કાર્થેજિયન, (૫૫) અમ્હરિક, (૫૬) અઝ્ટેક, (૫૭) મેકિસકન અને (૫૮) મય.

જેઓ સેમેટિક લિપિમાંથી અન્યાન્ય લિપિઓનો ઉદ્‌ભવ માને છે તેઓ વિવિધ લિપિઓ માટે જે કલ્પના કરે છે તેનો કંઇક ખ્યાલ **મહારાષ્ટ્રીય જ્ઞાનકોશ**(પ્રસ્તાવના-ખંડ, પૃ. ૭૨)માં નીચે મુજબ અપાયેલો છે:—

મૂળ — પ્રાચીન — ક્લાસિક (Classic) — મધ્યયુગીન — અર્વાચીન

સેમિટિકવંશોદ્ભવ લિપિ

મિસરદેશીય ચિત્રલિપિ — હિએરેટિક — સેમિટિક

- ફિનિશિયન
  - ક્યુમિયન
    - ઇટાલિક—
      - ઍટ્રુસ્કન
      - અમ્બ્રિયન
      - લૅટિન—અન્શલ લૅટિન—
        - ઇંગ્લિશ
        - જર્મન
        - રોમન ટાઇપ
        - ઈટાલિક
      - ફાલિસ્કન
      - ઓસ્કન
      - મેસાપિયન
    - હેલેનિક
      - રુનિક
      - ગ્રીક—
        - સિરિલિક—
          - સર્વ્હિયન
          - વાલાશિયન
          - રશિયન
        - લપેટીની ગ્રીક
        - મિસોગોથિક
        - કૉપ્ટિક
          - ગ્લૅગોલિટિક
          - અલ્બેનિયન
          - રોમઈ
          - ગ્રીક માયન્યૂસ્કૂલ
    - લિશિયન
    - કૅરિયન
  - ટાયરિયન—
    - (૧) મોઆબાઇટ
    - (૨) ઇસ્રાએલાઇટ—અસ્મોનિયન—પ્રાચીન સામારિટન—અર્વાચીન સામારિટન
  - સિડોનિયન—
    - પ્યુનિક
      - ઇબેરિયન
      - ન્યુમિડિયન
    - અરમઇક
      - હેરોડિયન – ચૌકાની હિબ્રૂ – રૅબિનિક
      - ઍસ્ટ્રાંઘેલો
        - મેલ્યાઇટ
        - નેસ્ટોરિયન
        - જૅકોબાઇટ
        - મૅંડાઇટ
          - ઉઇગુર
            - માંગોલિયન
            - કાલમુક
            - માંચૂ
          - સિરો-ખાલ્ડી
          - કારશુની
      - હૌરેનિટિક, નાબાથિયન
        - કૂફી
        - નેસ્ખી
          - અરબી
          - તુર્કી
          - પર્શિયન
          - હિંદુસ્થાની
      - ઇરાની—ઍક્ટ્રિયન
        - પેહલવી— પારસીક
        - મેસ્રોબિયન—આર્મિનિયન
          - જ્યૉર્જિયન
- દક્ષિણ સેમિટિક— હિમ્યરાઇટ
  - (૧) સેબિયન—હિમિઅરિટિક—ઇથિયોપિક—અમ્હરિક
  - (૨) થામુડાઇટ (સાફા)
  - (૩) ઓમાનાઇટ (યેમેન)—બ્રાહ્મી (ટેલરના મત પ્રમાણે)

સમાન ઉચ્ચારવાળા ખરોષ્ઠી અને બ્રાહ્મી અક્ષરો સહિત **સેમેટિક વર્ણમાળાઓના અક્ષરોનો નકશો ભારતીય લિપિમાલા**(પૃ. ૨૩)માં આપેલો છે.

જાગતિક મુખ્ય મુખ્ય પ્રાચીન લિપિઓનું તુલનાત્મક આકૃતિપટ **મહારાષ્ટ્રીય જ્ઞાનકોશ**(પ્રસ્તાવના ખંડ)ના ૫૪મા પૃષ્ઠની સામે આપેલું છે.

ભારતીય પ્રાચીન લિપિમાલાના પૃ. ૪૨–૪૪માં ભારતીય મુખ્ય મુખ્ય લિપિઓનો ઉલ્લેખ[૧૬૦] છે. એમાં ઇ. સ. પૂ. ૫૦૦ની આસપાસથી માંડીને ઇ. સ. ૩૫૦ની આસપાસના સમય સુધીની ભારતવર્ષની લિપિઓને માટે 'બ્રાહ્મી' એવી સંજ્ઞા રાખી છે. આ સમય બાદ એનો લેખનપ્રવાહ બે સ્રોતમાં વિભક્ત થયો, જેને શ્રીયુત **ઓઝા** ઉત્તરી અને દક્ષિણી શૈલી એવાં નામ આપે છે. ઉત્તરી શૈલીનો પ્રચાર વિંધ્ય પર્વતની ઉત્તરમાં અને દક્ષિણી શૈલીનો પ્રચાર દક્ષિણ દેશોમાં બહુધા રહ્યો.[૧૬૧] ઉત્તરી શૈલીની લિપિઓ નીચે મુજબ છેઃ—

(૧) ગુપ્ત લિપિ, (૨) કુટિલ લિપિ, (૩) નાગરી, (૪) શારદા અને (૫) બંગલા.

દક્ષિણી શૈલીની લિપિઓ વિષે નીચે મુજબનો નિર્દેશ કરાયો છેઃ

(૧) પશ્ચિમી, (૨) મધ્યપ્રદેશી, (૩) તેલુગુ–કાનડી, (૪) ગ્રંથલિપિ, (૫) કલિંગલિપિ, (૬) તામિલલિપિ.

વટ્ટેળુત્તુનો ઉલ્લેખ તામિલ લિપિના એક પ્રકારરૂપે કરાયો છે.

"The Gospel in many Tongues"[૧૬૧]માં વિવિધ લિપિઓમાં લખાણ છપાયેલું ઉપલબ્ધ થાય છે. એમાં ભારતીય તેમ જ અભારતીય એમ બંને પ્રકારની લિપિઓને સ્થાન અપાયેલું છે. ૬૯૨ ભાષાઓમાં જે લખાણ છપાયેલું છે એ ભાષાનાં નામોની નીચે કેટલીક વાર જે લિપિઓનો char એવી રીતે સંક્ષેપમાં નિર્દેશ કરાયો છે તેનાં નામ નીચે મુજબ છેઃ—

Arabic, Armerian, Banya, Batta, Bengali, Burmese, Chinese, Civil (Mkhedruli), Cyrillic, Devanāgarī, Ecclesiastical (Khutzuin), Estrangels, Gothic, Grantha, Greek, Gujarati, Gurumukhi, Hebrew, Italic, Jacobite, Javanese, Kanthi, Kanamajiri, Kanarese, Korean, Modi, Nestorian, Oriya, Persian, Phonetic, Rabbinic, Roman, Russian, Sarada, Sinhalese, Slavonic, Syllabic, Syriac, Tamil, Takri, Telugu, અને Tunisian.


આ લિપિઓનો કઈ કઈ ભાષા સાથે સંબંધ છે ઇત્યાદિ હકીકત ઉપર્યુક્ત પુસ્તકની બીજી સૂચી(Index)માં દર્શાવેલી છે.

ડૉ. **જેન્સેન**(Jensen)કૃત "Geschichte der Schrift" (લિપિઓનો ઇતિહાસ) અનેક લિપિઓનો ઇતિહાસ પૂરો પાડે છે એટલું જ નહીં, પરંતુ વિવિધ લિપિઓના નમૂના પણ પૂરા પાડે છે. એ જર્મન ભાષામાં લખાયેલા ૨૩૨ પૃષ્ઠના પુસ્તકમાં ભારતીય લિપિઓને લગતી હકીકત ૧૪૪થી ૧૫૪ સુધીનાં પૃષ્ઠમાં અપાયેલી છે. સાથે સાથે ત્યાં વિવિધ આકૃતિપટો પણ અપાયેલા છે. એ બધામાં **૧૪૮**મા પૃષ્ઠ ઉપર આપેલો

૧૬૧ આને લગતા વંશવૃક્ષ માટે જુઓ ૧૪૪ મું પૃષ્ઠ.

[૧૬૨]ભારતીય લિપિઓનો પરસ્પર સંબંધ દર્શાવનાર વંશવૃક્ષ

(કૌંસમાંના અંક એ લિપિ કેટલામાં ખ્રિસ્તી શતાબ્દી સુધી પ્રચલિત હતી તે દર્શાવે છે)



૧૬૨ "British and Foreign Bible Society", London તરફથી ઈ. સ. ૧૯૩૫માં આ પ્રકાશિત થયેલ છે, અને એ અહીં છ આનામાં મળે છે.

આકૃતિપટ આ લેખમાળાને અંગે ખાસ ઉપયોગી ગણી શકાય તેમ છે. તેમાં યે ટ્રિબેટ, પસ્સેપા (Passepa) અને સિંધ એ ત્રણને લગતી લિપિઓ પ્રાયઃ અન્યત્ર જોવામાં આવતી નથી તે પણ અત્ર આપેલી છે, એ એની વિશેષતા જણાય છે.

થોડાં વર્ષો થયાં 'મોહેન જેડરો '(Mohenjo daro)માંથી મળી આવેલ અવશેષોમાંના કેટલાક ઉપર જે લખાણ છે તેની લિપિને 'મોહેન જેડરો લિપિ' એ નામથી ઓળખાવાય છે. એનો અત્ર નિર્દેશ કરવો દુરસ્ત સમજાય છે. વળી શ્રીયુત **વિષ્ણુ. ર. કરંદિકરે** ભાંડારકર પ્રાચ્યવિદ્યાસંશોધનમંદિરમાં સર **રામકૃષ્ણ ભાંડારકર**ના નવમા નિર્વાણ–વર્ષની ૧૩મી સપ્ટેમ્બર **૧૯૩૪** (ઋષિપંચમી) ને રોજ (Anniversary day) " A New Ancient Script of India " એ વિષય ઉપર એક ભાષણ આપ્યું હતું. એ વખતે એમણે વ્યાખ્યાન કરેલી લિપિની પણ અત્ર નોંધ લેવામાં આવે છે.

આ ઉપરાંત "કુમાર"માં 'લઘુલિપિ' સંબંધી જે અવારનવાર લેખ પ્રસિદ્ધ થયા છે, એનો પણ લિપિકલ્પદ્રુમમાં સમાવેશ થઇ શકે.

પુણ્યવિજયજીએ જૈનચિત્રકલ્પદ્રુમગત પોતાના નિબંધ(પૃ. ૮)માં શૂન્યલિપિ, રેખાલિપિ, ઔષધલિપિ, દાતાસીલિપિ અને સહદેવીલિપિનો ઉલ્લેખ કર્યો છે, એટલે એ લિપિઓનો પણ અત્ર નિર્દેશ થઇ શકે તેમ છે.

આ પ્રમાણે **લિપિકલ્પદ્રુમ** વિષેનો ઊહાપોહ અત્ર સમય અને સાધન અનુસાર પૂર્ણ થાય છે. અંતમાં આ લેખગત **લિપિઓની નામાવલી** આપેલી છે. સાથે સાથે જે હકીકત અત્ર રજુ કરાયેલી છે તેમાં કંઈ ન્યૂનતા જણાય તો તે તરફ મારું ધ્યાન ખેંચવા સહૃદય સાક્ષરોને વિનવું છું. અન્તમાં 'લેખાંક ૩' તરીકે 'કેટલીક લિપિઓનો પરિચય' રજુ કરવાની ઉમેદ દર્શાવું છું.

ભૂલેશ્વર, મુંબઈ.
તા. ૧–૪–૩૭

હીરાલાલ રસિકદાસ કાપડિયા

લિપિઓની નામાવલી[૧૬૨]

નામ	પૃષ્ઠ	નામ	પૃષ્ઠ
	અ	અનિમિત્તિકા	
અક્ખરપુટ્ઠિયા	૧૩૮, ૧૩૯	અનિમિત્તિય	૧૩૯
અક્ષરપૃષ્ઠિકા	૧૩૮	અનિમિત્તી	૧૩૯
અંક	૧૩૮, ૧૩૯	અનિયમિત	૧૩૯
અંગ	૧૪૦	અનુદ્રુત	૧૪૦
અંગુલીય	૧૪૦	અનુલોમ	૧૪૦
અઝટેક	૧૪૧	અન્શન લૅટિન	૧૪૨
અધ્યાહારિણી	૧૪૦	અંતક્ખરિયા	૧૩૮
અનામી	૧૪૧	અંતરિક્ષદેવ	૧૪૦
અનિમિત્તિઅ	૧૩૯	અપરગૌડાનિ	૧૪૦

૧૬૨ અહીં આપેલાં તમામ નામો ભિન્ન નથી. એમાંનાં કેટલાંક ભાષાભેદને આભારી છે, તો કેટલાંક પાઠભેદને પણ આભારી છે.

૧૬૩ સૂચિત નામ દર્શાવવા કૌંસ આપેલ છે.

Alphabetical Index of Scripts[૧૬૫]

૧૬૪ સૃષ્ટિ લિપિ એ કોઇ લિપિ નથી; કિન્તુ આલંકારિક પ્રયોગ છે, એટલે એની અહીં નોંધ કરવામાં આવી નથી.

૧૬૫ અંગ્રેજી (રોમન) લિપિમાં જે લિપિઓનાં નામ આ 'લેખાંક ૨'માં નોંધાયાં છે તે જ અત્ર રજુ કરાયાં છે.

સત્તરમા સૈકાની અમદાવાદની એક સુંદર અને ભવ્ય મદ્રેસા

(લે. રા. રા. દિ. બ. **કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી**, એમ. એ. એલએલ. બી.; જે. પી.)

ભરૂચના હાલના કાજી સાહેબ નૂરૂદ્દીન હુસેન પોતે એક વિદ્યાભ્યાસંગી વ્યક્તિ છે. એમના વડવાઓ પણ ફારસી, અરબ્બી ભાષામાં પારંગત હોઈ, વિદ્વાન પુરૂષો થઈ ગયા.

લેખ ક્યાંથી મળ્યો?

એ કાજી સાહેબના ફારસી ભાષાના હસ્તલિખિત ગ્રંથોના સંગ્રહમાંથી એક ગુટકો હાલમાં શ્રી ફાર્બસ ગુજરાતી સભાએ મેળવ્યો છે. તે ગુટકામાંના ત્રણ લેખમાંથી એક અપ્રસિદ્ધ લેખનું નામ ' રિસાલયે નૂર ઉલ્ ઈરફાન '[1] છે. તેના લેખક શેખ મહમદ સાલેહ પીરબાબા સાહેબ ઇરફાન નામના હિ. સ. ના બારમા સૈકામાં થઈ ગયેલા એક મુસલમાન સંત છે.[2] એ સંતના પિતાનું નામ

લેખક: લેખકના પિતા

મૌલાના શેખ મહમદ નૂરૂદ્દીન હતું. તેઓ તે સમયના મ્હોટા આલિમ (પંડિત) ગણાતા, અને ફારસી, અરબ્બી સાહિત્યનો તેમનો અભ્યાસ અજોડ કહેવાતો. કોરાન વાંચવા તથા સમજાવવામાં તેઓ એક્કો ગણાતા, અને સૂફી સંપ્રદાયના સહરવર્દી વિભાગના મુખી કહેવાતા; તેમજ એ સંપ્રદાયના બીજા વિભાગોના મુરીદો બનાવી શકતા. એમની વિદ્વત્તાની ખ્યાતિ દેશેદેશ પસરી ગએલી હોવાથી પાસે અને આઘેનાં સેંકડો માણસો એમની પાસે ભણવા આવતાં. એ પંડિતનો એક શિષ્ય નામે મહમદ અકરમ-ઉદ્દ-દીન શેખ ઉલ્ ઈસલામખાન

મદ્રેસા બાંધી આપનાર

હતો. સૂફી સંપ્રદાયમાં પણ તે તેમનો મુરીદ (ચેલો) હતો, અને તે તે વખતના અમદાવાદ સૂબાના સદ્રનો[3] ઉંચો ઓદ્ધો ભોગવતો હતો. એ શેખ ઉલ ઈસ્લામખાનમાં ગુરૂસેવાપરાયણતાની ભાવના એટલી પ્રબળ હતી કે તેણે પોતાના ગુરૂના આવા સંખ્યાબંધ શિષ્યોને તથા ગુરૂને પોતાને રહેવા તથા અભ્યાસ કરવા માટે એક મ્હોટી મદ્રેસા બંધાવી આપી. એ મદ્રેસાનું નામ મદ્રેસયે હિદાયતબક્ષ[4]; અને તે બાંધવા પાછળ

મદ્રેસા બાંધવામાં થએલો ખરચ, ગુજરેલો વખત

લગભગ તેણે સવા લાખ રૂપીઆ ખર્ચ્યા. એ મકાન બાંધવાની શરૂઆત ઇ. સ. ૧૬૯૦ ની આસપાસમાં કરવામાં આવેલી, તથા ધીમે ધીમે આસપાસ તથા પાડોશમાં આવેલાં મકાનો તથા જમીન લઈ લઈ મદ્રેસાની ઈમારત બાંધતાં બાંધતાં સાત વરસ બાદ

---

૧ અલ ઈરફાનના નૂર(પ્રકાશ)નો લેખ.

૨ એમના મરણની તારીખ હિ. સ. ૧૧૪૭ ના પહેલા જમાદી માસની ૧૬મી તારીખ છે; એટલે ઈ. સ. ૧૭૩૩-૩૪ ના અરસામાં.

૩ સદ્રની કચેરીમાં દીવાની અને ફોજદારી કજીઆઓની તપાસ થતી. પરંતુ સદ્રનું મુખ્ય કામ ધર્માદામિલકતો (વકફ) સરકારની વીઘોટી ભરવામાંથી મુકત એવી જમીનો, ધર્માદાફંડો, ધર્માદા ખાતે અપાતાં નાણાં, એ સઘળાનો વહીવટ કરવાનું હતું.

૪ હિદાયત એટલે ધાર્મિક બાબતોમાં સાચે રસ્તે દોરવણી.

ઇ. સ. ૧૬૯૭ ની લગભગ તો તેમાંની મસ્જિદનું મકાન બંધાઈ રહ્યું; અને બીજી ઇમારતોનું બાંધકામ તો ત્યાર બાદ બે વરસે એટલે ઈ. સ. ૧૬૯૯ ના અરશામાં ખલાસ થયું; એટલે કે લગભગ નવદસ વરસ સુધી એ મદ્રેસાના બાંધકામમાં સુધારાવધારા થતા જ રહ્યા.

સદરહુ મદ્રેસામાં રહેનાર વિદ્યાર્થીઓને રહેવાખાવાની સગવડ ઉપરાંત શિષ્યવૃત્તિ પણ આપવામાં આવતી, અને તેનો લાભ લઈ મજકૂર જાણીતા સૂફી સંતના હાથ નીચે રહી, ધર્મની તાલીમ હજારો શિષ્યો લઈ રહ્યા હતા. મવલૂદે શરીફ એટલે હઝરત પેગંબર મહમદની જન્મતિથિના ઉત્સવના ખરચ માટે ચાંપાનેર સરકારના સાવલી પરગણામાં આવેલું મોજે લસૂંદરા એ મદ્રેસાને ભેટ આપવામાં આવેલું, અને વળી હાજતમંદ વિદ્યાર્થીઓના ભોજનખર્ચ માટે દરરોજના રૂા. બે રોકડા આપવા ઉપરાંત કડી પરગણામાં આવેલું. મેઠા ગામ તથા પાટણ પરગણાનું રણાસણ ગામ પણ મદ્રેસાને આપી દેવામાં આવેલું. મજકૂર સંત એ આગલા વખતના મુસલમાન સંતોના એક નમૂનારૂપે હતા, એટલું તો આના પરથી સમજાશે. ધાર્મિક વિષયોના જાણીતા શિક્ષક ઉપરાંત સારા લેખક હોઈ, લગભગ ૧૭૦ પુસ્તકો તેમની કલમની પ્રસાદી તરીકે લોકોને મળેલાં. પવિત્ર કોરાનના પુસ્તકના ઊંડા અભ્યાસી હોઇ, તેના પર તેમણે ટીકા લખેલી. ઈ. સ. ૧૭૩૦ માં મક્કાની હજ કરી પાછા ફર્યા બાદ બાર વરસે એકાણું વરસની ઉમરે તેઓ ગુજરી ગયા. એ બાર વરસનો સમય પણ તેમણે વિદ્યાર્થીઓને કેળવણી આપવામાં ગાળ્યો. એઓ નાણાંને કે સોનારૂપાને કદિ અડકતા નહીં.

વિદ્યાર્થીઓ માટે સગવડ

મદ્રેસાને મળેલી બક્ષિશો

લેખકના પિતાની કબર

મદ્રેસાને લગતા પોતાના મઠમાં એમની લાશને દાટવામાં આવી હતી.

આ મદ્રેસાનું વર્ણન અતિશય આડંબરયુક્ત અને રૂપકપ્રચૂર શૈલીમાં એમના પાંચ દીકરામાંના એક દીકરા શેખ મહમદ સાલેહ જે એમના પહેલાં આઠ વરસ પર ગુજરી ગયા હતા તેમણે આ ગ્રંથ–'રિસાલયે નૂર ઉલ્ ઇરિફાન'-માં લખ્યું છે. શેખ મહમદ સાલેહને રાજદરબારે ઘણું માન મળતું. ગુજરાતના સૂબા શાહઝાદા મહમદ આલમશાહે તેમ જ દિલ્લીના શહેનશાહ ફેરૂખસિઅરે તેમ જ તેના પછીના શહેનશાહ મહમદશાહે દિલ્લી દરબારમાં બોલાવી, એમનું સન્માન કરી, દરેક વખત વાટખરચના રૂા. ૨૦૦૦) તથા ખીલત, પોશાક હાથી વગેરે ભેટ આપેલાં, તેમ જ વીરમગામ પરગણાનું તાજપર ગામ પણ એમને બક્ષેશ મળેલું, અને પાછળથી હવેલી પરગણાનું મહીજ ગામ જાગીરમાં આપવામાં આવેલું. એમનું મૃત્યુ દિલ્લીમાં થતાં એમની લાશને અમદાવાદ લાવી, એમના દાદાની કબર પાસે જ દફનાવવામાં આવેલી.

લેખકને વિષે કાંઈક

'રિસાલયે નૂર ઉલ્ ઇરિફાન'ના ગ્રંથનાં ચોપન પાનાં છે. એ ગ્રંથની નકલ એકી કલમે થએલી છે અને લહીઆના અક્ષર ચોખ્ખા અને સુંદર છે. નકલકર્તાનું નામ મહમદ નૂરૂદીન હુસેન ઇબ્ને કાઝી અહમદ હુસેન રિઝવી અલ્ હુસની છે. તેઓ હાલના ભરૂચના કાજી સાહેબના વડવા (દાદા) થતા હોઈ, પોતે ફારસી ઉર્દૂમાં પ્રવીણ હોઈ, સાહિત્યના

શોખીન હતા અને 'મખઝને શોઅરા (કવિઓનો ખજાનો)' એ નામનો એક જાણીતો ગ્રંથ જેમાં ગુજરાતમાં થઈ ગએલા, ફારસી અને ઉર્દૂ કાવ્યો રચનારાઓની કવિતાનો સંગ્રહ છે તેના રચનાર છે. તેઓ વારંવાર અમદાવાદ જતા અને સાહિત્યમાં રસ લેતા હોવાથી એવી કોઈ અમદાવાદની મુલાકાતનો લાભ લઈ, આ રિસાલાની નકલ કરી. એ હિ. સ. ૧૨૬૩ ના પહેલા જમાદી માસની બારમી તારીખ ને રવિવારે પૂરી કરી, એમ અંતમાં જણાય છે.

લેખની નકલ કરનાર: લખ્યાસાલ

ગ્રંથની શૈલી એટલી બધી આડંબર અને અતિશયોક્તિથી ભરેલી છે કે તેમાંથી લેખકને શું કહેવું છે તે તારવી કાઢવું મુશ્કેલ થઈ પડે છે. પરંતુ મદ્રેસાનું મકાન કેવું હોવું જોઈએ, વિદ્યાર્થીઓને શી શી સગવડો જોઈએ, શિક્ષકો કેવા હોવા જોઈએ, તેનો તો ખ્યાલ આવી શકે છે. ગ્રંથનો શરૂઆતનો ભાગ તો ફારસી ગ્રંથો સંબંધી પ્રચલિત ધાટી મુજબ ઈશ્વર, હજરત પેગંબર સાહેબ વગેરેની સ્તુતિ કરવામાં લખાયો છે. પછી મજકૂર મદ્રેસાનું વર્ણન આપવામાં આવ્યું છે કે એ મદ્રેસાનું ચિહ્ન ઔદાર્ય છે, એનો પાયો દયાર્દ્રતા છે, એની ઉચ્ચતા આકાશ જેવી છે, પહોળાઈ પૃથ્વી જેવી છે, મકાન તરીકે અજોડ છે, ઉંચેના આકાશ જેવી હવા, ખુદાના તખ્ત રૂપી ખુરસી તે એનું ઘરેણું, સ્વર્ગના જેવી ઈમારત, જિન્નત (સ્વર્ગ) જેવી ચોખ્ખાઈ, ફિરસ્તાઓનું ધામ, સન્માનને લાયક, સફાઈ તે એનું બંધારણ, પ્રકાશ તે એનું ખમીર, નૂર(પ્રકાશ)નું ઉત્પત્તિસ્થાન, રહસ્યોનો ખજાનો, વાણીનું કેન્દ્ર, આશ્ચર્યકારક બનાવોનું સ્થળ, આત્માને અંગે ધર્મયુદ્ધ કરનાર શૂરવીર ઘોડેસ્વારોને ઘોડેસ્વારી ખેલવાનું મેદાન, એટલે કે હિદાયતબક્ષ નામની મદ્રેસા.

લેખની શૈલીનો નમૂનો

ઉપલા વર્ણનને તો સંક્ષિપ્ત વર્ણન ગણી, ઈરફાનને વિનંતી કરવામાં આવે છે કે સદરહુ વર્ણન તેણે વિસ્તારવું. એટલે પછી તેની માગણીને તાબે થઇ, લેખક મકાનના જૂદા જૂદા ભાગોનું વર્ણન આપે છે. શરૂઆત મસ્જિદ–જેને મસ્જિદે નૂરાની–પ્રકાશથી પૂર્ણ કહેવામાં આવે છે તેનાથી કરવામાં આવે છે. તેના મહેરાબ, તેનાં તાકાં, તેનું છાપરૂં, તેનો અંદરનો તેમ જ બહારનો ભાગ, તેની દીવાલો, તેનાં કંદીલ (ફાનસ)[1] વગેરે વર્ણવવામાં આવ્યાં છે. એ મસ્જિદને દરેક બાજૂએ ઉંચા મિનારા હતા. મસ્જિદમાં હોઝ (પાણીનો કુંડ) હોવો જ જોઈએ, તેથી આ મસ્જિદનો હોઝ કેવો હતો અને તેમાંનું પાણી, ત્યાં ઉડતો ફુવારો વગેરે કેવાં હતાં તે વર્ણવેલ છે. મસ્જિદનો 'ચોક, તે જાણે આનંદજનક ચમન(બાગ)નું પ્રતિબિંબ હોય તેવો લાગતો, અને મસ્જિદનો એ બાગ એવો તાજો લાગતો કે જાણે રંગીન હૃદયોનાં રહસ્યોનાં ફુલ તેમાંથી વેરાતાં હોય. એ સુંદર વાડીનાં ઝાડ, ફુલરોપા, ફળ વગેરેનાં વર્ણનનાં ચાર પાંચ પાનાં લખાયાં છે. પછી એ મકાનના ચોગાનનું એટલે વાડાનું વર્ણન છે, અને તેમાં ફરસબંદી કેવી હતી તે જણાવ્યું છે. એ મકાનના ઝરૂખો અથવા અગાસીની બાંધણી જોઈને ઈજનેરો હેરત પામતા. એના બંગલા, તાકાં, વગેરેનું વર્ણન

મદ્રેસાના મકાનનું વર્ણન

---

૧ મહેરાબ નીચેનાં તેનાં ફાનસો જોઈ, સુંદરીઓની આંખ ને ભ્રમર યાદ આવે છે, એમ અસલ ફારસીમાં છે.

આપી, એની ડહેલી અથવા અંદર જવાનો મારગ શીખવા આવનાર વિદ્યાર્થિઓના ગણ-ગણાટથી હંમેશાં ગાજી રહેતો, એમ કહ્યું છે.

મજલિસો એટલે વિદ્યાર્થિઓના જલસા–મેળાવડા–માં હાજર રહેનારા વિદ્યાર્થિઓ કેવા હતા અને કેવી રીતે દુઆ માગવા હાથ ઉંચા કરતા હતા તે જણાવવા બાદ, ત્યાંના ધૂપદાની-આમાંથી સુગંધી ધુમાડો સૌના મગજને કેવી રીતે ચેતના આપતો તેને વિષે લખ્યું છે.

છાત્રાલયઃ છાત્રોની પ્રવૃત્તિઓ

વિદ્યાર્થિઓને રહેવાના ઓરડા કેવા ચોખ્ખા તથા રોનકદાર રહેતા તે જણાવતાં શિયાળાની ઋતુમાં તે છાપરાની અમુક ગોઠવણથી ગરમ રાખવામાં આવતા અને ઉનાળામાં "બાદગીર"[1]ની વ્યવસ્થાથી કેવી રીતે હવાસીક અને ઠંડકવાળા રાખવામાં આવતાં તે લખ્યું છે. વિદ્યાર્થિઓને વાપરવા માટે અગાસી કેવી હતી તે વર્ણવી છે. દરેક ઓરડામાં બે વિદ્યાર્થિઓને રાખવામાં આવતા અને તેઓ બે આંખની માફક એક બીજા જોડે સંપીને રહેતા. એ વિદ્યાર્થિઓને શિક્ષણ આપનારા શિક્ષકોના ઉંચા સંસ્કાર ગણાવવામાં આવ્યા છે. જે વિવિધ વિષય શીખવવામાં આવતા તે પણ ગણાવ્યા છે. રાત્રે વિદ્યાર્થિઓ વાંચતા અને દિવસે જે વાંચ્યું હોય તેનું મનન કરતા. નાનાં છોકરાં કોરાન શીખતાં અને તેમને શીખવવા શિક્ષકો હાજર રહેતા.

ખૂશનવિસી, સારા ઠેરવેલા અક્ષર લખવાનો હુન્નર હુશીયાર લહીઆઓ શીખવતા.

હમામઃ હજામ

વિદ્યાર્થિઓને નહાવા માટે હમામ કેવાં હતાં તેનું રસીલું વર્ણન અપાયેલું છે. ચંપી, માલેશ તથા હજામત કરવા માટે કેવા હજામો રાખવામાં આવતા તે જણાવ્યા બાદ ખાનકાહ એટલે શેખજીના મઠનું વર્ણન આપેલું છે. તેમાં તેની ફરસબંધી, ત્યાં કામ કરનારા ફરાશ, ત્યાં બાંધવામાં આવતા ચંદરવા, વાપરવામાં આવતી બત્તીઓ, ધૂપીઆં, તથા સારા કંઠવાળા વાંચનારા, મઠના મકાનના દરવાજા, છાપરા, ઓરડા, વગેરે વર્ણવાયા છે.

નવાબ અકરમ ઉદ્દીનની સ્તુતિ પણ વચમાં પરોક્ષ રીતે કરવામાં આવી છે.

મવલૂદ

મવલૂદે શરીફનો ઉત્સવ કેવી ધામધૂમ ને રોશની સાથે એ મકાનમાં ઉજવાતો તેની ઝાંખી કરાવી છે.

શિક્ષણના વિષય

કોઈ ઈલમ, હુન્નર કે વિદ્યા એવી ન હતી કે જેનું શિક્ષણ આ મદ્રેસામાં અપાતું ન હોય. મોલાના મહમદ નૂરૂદ્દીનને ચરાગે ઈલ્મ અને નૂરે મિલ્લત વ દીનની ઉપાધિ આપી, આ દાસ્તાન લખનાર મહમદ સાલેહ ઈરિફાન, પોતે તેનો સેવક (ગુલામ) હોવાનું જણાવે છે.

છેવટ થોડી બેતમાં એવી ભાવના આલેખે છે કે આ આહ્લાદ આપનારી જગા હમેશાં વિદ્યાર્થીપ્રચૂર રહેશે, કે જેનું કારણ આ બે પ્રકાશથી ભરેલા તારાઓ છે.

---

૧ A Ventilator: મકાનમાં હવા ખેંચવા માટે બનાવેલું એક જાતનું ધૂમાડીઆ જેવું ભૂંગળું. ઉત્તર હિન્દુસ્તાનના દરેક ઘરમાં આવી રીતની ઉનાળામાં હવા મેળવવાની યોજના જોવામાં આવે છે. "બાદ" એટલે હવા, "ગીર" એટલે લેનાર.

લેખકના દાદા

શેખ મહમદ સાલેહના દાદા મૌલાના શેખ મહમૂદ સુહરવર્દી, સુહરવર્દી સંપ્રદાયના એક જાણીતા મુખી થઈ ગયા. તેઓ પંજાબમાં રહેતા. ત્યાં તેમણે અમદાવાદના પ્રખ્યાત મુસલમાન સાધુ હઝરત શાહ આલમના મોજેઝાની હકીકત સાંભળી પોતાના એક શિષ્ય જામ જૂવાને ગુજરાત મોકલ્યો. એ જામ જૂવાને બે દીકરીઓ હતીઃ બીબી મુગલી ને બીબી મુર્કી. બીબી મુર્કીને હઝરત શાહ આલમ જોડે પરણાવવામાં આવી. બીબી મુગલીએ વિધવા થયા બાદ હઝરત શાહ આલમ જોડે પુનર્લગ્ન કર્યું.

મદ્રેસાના સ્થળ સંબંધે અનુમાન

પાછળથી શેખ પોતે પંજાબમાંથી આવી, અમદાવાદ શાહ આલમ પાસે રહ્યા; અને જૂના અસાવલમાં સાબરમતીના આ કિનારે આવેલા કુતુબપૂરમાં પોતાનો વાસ રાખ્યો. જામ જૂવાએ ત્યાં એક કિલ્લો બાંધ્યો ને તેનું નામ લકડકોટ આપ્યું. આ જગાએ નદીકિનારા પાસે શેખ મહમૂદની કબર છે. આ રસાલાના લેખક શેખ મહમદ સાલેહને એના દાદા શેખ મહમૂદ સહરવર્દીની નજદીકમાં દાટવામાં આવ્યો છે, એટલે લકડકોટના કિલ્લામાં દાટવામાં આવેલો. જૂના અસાવલમાં કુતુબપૂરના પરામાં શેખ નૂરૂદ્દીન એમના બાપની પાસે રહેતા હોવા જોઈએ, અને તેથી આ મદ્રેસા પણ તેમના રહેઠાણની નજદીકમાં જ બંધાવવામાં આવી હશે, એમ અનુમાન કરી શકાય. એ સિવાય એ મદ્રેસાનું ઠેકાણું નક્કી કરવા માટે કાંઈ સાધન નથી. એ કુતુબપૂર મિરાતે અહમદી લખાઈ ત્યારે (એટલે કે ઈ. સ. ૧૭૫૦–૬૦ માંજ) તદ્દન વેરાન થઈ ગયું હતું, એટલે સદરહુ મદ્રેસાના અવશેષ હાલ તો મળી જ કયાંથી શકે? કુતુબપૂર નદીની આ તરફ એટલે નદીની દક્ષીણનાં પરાઓમાંનું એક હતું. મિરાતે અહમદીની પૂરવણી સિવાયના અમદાવાદની તે સમયની સ્થિતિ વર્ણવતા બીજા કોઈ લેખમાંથી આ મદ્રેસા તથા મદ્રેસાના સ્થળની વખતે વધારે હકીકત મળી શકે.

મુંબઈ
તા. ૧૬ મી માર્ચ ૧૯૩૭

પૌરસંઘની પરિભાષા

(લેખકઃ **રા. રા. ડોલરરાય રંગીલદાસ માંકડ**, એમ. એ.)

થોડા વખત પહેલાં વડોદરા રાજ્ય તરફથી મ્યુનિસિપલ કામને લગતા અંગ્રેજી શબ્દોના ગુજરાતી પર્યાયો માગવામાં આવ્યા હતા. તે વખતે મેં નીચેના શબ્દો સૂચવ્યા હતા. આ પર્યાયો સામાન્ય અભ્યાસકને પણ ઉપયોગી થાય એવા મને લાગે છે, તેથી અહીં પ્રસિદ્ધ કરું છું. એને પ્રસિદ્ધ કરવાનું બીજું કારણ એ પણ છે કે એમાં સૂચવેલા પર્યાયોની યોગ્ય ચર્ચા થતાં એની પરિભાષા નિર્ણીત થવામાં પૂરતી મદદ મળી રહે. આવા બે પ્રયત્નો મારા મુ. ભાઈ હરિલાલ રંગીલદાસ માંકડ તરફથી આગળ થઈ ગયા છે, તેની તરફ વાંચકોનું ધ્યાન ખેંચું છું. ‘ભૂગોળની પરિભાષા’ અને ‘વાયુશાસ્ત્રની પરિભાષા’[1] નામે એમના બે લેખો ‘ઊર્મિ’ માં આગળ છપાઈ ગયા છે.

પૌરસંઘને લગતા શબ્દો

1	Municipal Commissioner	પૌરાધ્યક્ષ
2	„ Engineer	પૌરવિશ્વકર્મા
3	„ Health officer	પૌર–આરોગ્યાધિકારી
4	Building Overseer	વાસ્તુકર્માવેક્ષક
5	Road Overseer	માર્ગ–અવેક્ષક
6	Mechanical Engineer	યન્ત્રકર્મા
7	Ward Officer	વિભાગાધિકારી
8	„ Accountant	વિભાગગણક (કારણિક અર્થશાસ્ત્ર)
9	Building Inspector	વાસ્તુકર્મનિરીક્ષક
10	Sanitary Inspector	સ્વાસ્થ્યનિરીક્ષક
11	Market Inspector	આપણનિરીક્ષક

---

૧ આ પરિભાષા એમણે એક પુસ્તક માટે તૈયાર કરી હતી. થોડા વખત પહેલાં શ્રી ફાર્બસ ગુજરાતી સભા તરફથી ‘ગુજરાતનું હવામાનશાસ્ત્ર’ બહાર પડયું છે, તે એના લેખકોએ મૂળ અંગ્રેજીમાં લખ્યું હતું, અને તેનું ભાષાન્તર કરવાનું કામ રા. હરિલાલે માથે લીધું હતું. તે વખતે એ પરિભાષા એમણે ઉપજાવી હતી. એ ભાષાન્તર લેખકોને અમે આપ્યું હતું, પણ પાછળથી એનું શું થયું અને એને બદલે હમણાં છપાયું છે (જેમાં ઘણો ભાગ અમારાં મૂળ ભાષાન્તરનો છે) તે ભાષાન્તર કેમ છપાયું, વગેરે વાતોમાં પડવાનું આ સ્થાન નથી. પણ શ્રી ફાર્બસ ગુજરાતી સભા જેવી જવાબદાર સભા પુસ્તકપ્રકાશનમાં વધુ ચોક્કસાઈ રાખે તો સારૂં.

નોંધ : રા. રા. ડોલરરાય માંકડ ઉપર જણાવે છે તેમ “ગુજરાતનું હવામાનશાસ્ત્ર” ગ્રંથ તૈયાર કરી, સભાને સોંપવામાં આવતાં એ ગ્રંથ રા. હરિલાલ માંકડે ભાષાન્તર કરેલો ગ્રંથ છે, એમ અમને તેના કર્તાઓએ જણાવ્યું નહોતું. પરંતુ એ ગ્રંથની શૈલી–લખાવટ ઉચિત ન લાગતાં સભાએ રા. શંકરપ્રસાદ છગનલાલ રાવળ પાસે પુનઃ સંયોજિત કરાવી સાફ લખાવી છપાવ્યો હતો. ટૂંકમાં સભાએ ફરીથી લખાવરાવી, એ ગ્રંથ છાપ્યો છે. **સં. અં. બુ. જાની.**

12	Drainage Inspector	પ્રણાલીનિરીક્ષક
13	Water Works Overseer	જલકર્મ અવેક્ષક
14	„ Sub Overseer	જલકર્મ ઉપાવેક્ષક
15	Municipal Accountant	પૌરગણક
16	Corporation Secretary	સંઘમંત્રી, સંસદ્મંત્રી, પૌરમંત્રી
17	Chief Pumping Operator	મુખ્ય ધમનકર્તા
18	„ „ Engine Driver	મુખ્ય ધમનયન્ત્રવાહક, ૦પ્રવર્તક
19	Foreman	અગ્રણી, મુખ
20	Fireman	અગ્નિકર્મા
21	Head clerk	મુખ્ય કાર્મિક (અર્થ), અવલ કારકૂન
22	Mustering clerk	નામાવલિ કાર્મિક, હાજરી કાર્મિક
23	Drainage clerk	પ્રણાલી કાર્મિક
24	Refund clerk	પ્રતિદાનકાર્મિક, પ્રત્યર્પણ૦
25	Maleria Inspector	મલેરિયાઅવેક્ષક
26	House Connection Overseer	ગૃહસંયોજન અવેક્ષક
27	Draftsman	આલેખક
28	Surveyor	આલોચક
59	Plumber	પ્રલંબક (સીસકાટ–આપ્ટે)
30	Treasurer	કોષાધિકારી
31	Road Watering & Light Overseer	માર્ગસેચનદીપ અવેક્ષક
32	Store-keeper	નિધિરક્ષક
33	Collection clerk	સમાહરણ કાર્મિક, ઉઘરાણી કાર્મિક, ઉદ્ગ્રહણ
34	Watch and Ward Officer	પ્રેક્ષારક્ષાધિકારી
35	Main Pumping Station	મુખ્ય ધમનસ્થાન
36	Drainage Maintainance	પ્રણાલીનિર્વાહ
37	Water Works Maintainance	જલકર્મનિર્વાહ
38	Meter Reading	માપવાચન
39	Voucher File	સાક્ષ્યલેખાવલિ, ક્રયપત્રાવલિ
40	Terminal Tax Rule	સ્થાનિક કરનિયમ
41	Account Branch	ગણનાવિભાગ
42	General Branch	પ્રકીર્ણવિભાગ
43	Engineering Branch	વિશ્વકર્મવિભાગ
44	Water Works Branch	જલકર્મવિભાગ
45	Health Branch	આરોગ્ય વિભાગ
46	Light Branch	દીપવિભાગ
47	Collection Branch	સમાહરણવિભાગ, ઉદ્ગ્રહણવિભાગ, ઉઘરાણીવિભાગ

48	Part Bill	ખંડાંક, ખંડપત્ર, પેટે આંકડો
49	Final Bill	પૂર્ણાંક, પૂર્ણપત્ર, ચૂકતે આંકડો
50	Audit Branch	અન્વેષણવિભાગ
51	Proceeding Book	કાર્યપોથી
52	Resolution	ઠરાવ
53	Payment	ભરણું
54	Estimate	ઉપગણના, અંદાજ
55	Measurement Book	માપપોથી
56	Casual Leave	આકસ્મિક રજા
57	Specification	વિશેષીકરણ, વિશિષ્ટીકરણ
58	Tenders	પ્રસ્તાવ, રજુવાત
59	Contract	સમય, કરાર
60	Contractor	સમયકર્તા, કરારકર્તા
61	Statement of Terminal Tax	સ્થાનિક કરપત્રક
62	House Connection	ગૃહસંયોજન
63	Treasury	કોષ
64	Abstract	સાર
62	Dead – stock – Register	સ્થાવર–ઉપસ્કરણ–નોંધ (૦ પત્રક)
86	Budget	ઉપગણનાપત્ર, અંદાજપત્ર
67	Road Roller	માર્ગસંલેપક (૦ પરિલેપક)
68	Circular	પરિપત્ર
69	Meter House	માપગૃહ
70	Asphalt Road	અસ્ફેલ્ટ માર્ગ, જતુમાર્ગ
71	Auditor	અન્વેષક
72	Hose Reel	નાલિકામાલા
73	Slaughten House	વિશસનગૃહ, શૂના
74	Watch & Ward Office	પ્રેક્ષારક્ષામન્દિર
75	Record Office	પ્રતિલેખમન્દિર (૦ગૃહ), પ્રલેખ૦ સંલેખ૦
76	Flushing Tank	પ્રપાતનાશય
77	., chamber	પ્રપાતનગૃહ
78	Mechanics	યાન્ત્રિકો
79	Sluse Valve	ઉત્ક્ષેપક વાટ
80	File	આવલિ
81	Quorum	અવરસંખ્યા, આવશ્યક હાજરી, આસંખ્યા
82	Contingency	આપાતિક, સાંભવિક
83	Form	પત્રક

84	Stationary	લેખનસામગ્રી, લેખન-ઉપસ્કરણ
85	Redort	નિવેદન, અહેવાલ
86	Staff	ગણ, વર્ગ
87	Repairing	સમુદ્ધાર, સમારકામ, પુનરુદ્ધાર
88	Cleaning	સંમાર્જન, સાફસુફી, નિર્મલીકરણ
89	Overhauling	આશોધન
90	Contribution	અંશ, ભાગ, અંશદાન
91	Sinking Fund	નિમજ્જનધન, પ્રતિનિધિભંડોળ
92	Pension gratuity	વૃત્તિઉપહાર
93	Reservoir	આશય
94	Filter Beds	નિર્ગલનતલો
95	Filteration	નિર્ગલન
96	Chemical Analyser	રાસાયણિક પૃથક્કર્તા
97	Pipe	નાલી, નળી
98	Filter	નિર્ગલનિકા, ગળણી
99	Transfer	સંક્રાન્તિ, બદલી
100	Promotion	પ્રવર્ધન, વધારો
101	Muster Roll	નામાવલિ, હાજરીપત્રક
102	Drawing	આલેખન
103	Correspondence	પત્રવ્યવહાર, સંવ્યવહાર
104	Revised Estimate	સંશોધિત ઉપગણના
105	Irrigation Works	જલપરિવાહકર્મ, પરિવાહકર્મ, નીકકર્મ, સેતુબંધકર્મ (અર્થ)
106	Completion certificate	સમાપ્તિપ્રમાણ
107	Grants	સાહાય્યો
108	General Savings	પ્રકીર્ણ અવશેષ (બચત)
109	Indent	નિદેશ, નિદેશવું
110	Detail Measurement	વિજ્ઞાપન, પૃથક્માપન, પૃથક્માપણી
111	Metal Road	પત્થરમાર્ગ, પાષાણમાર્ગ

વિદેહી નરસિંહરાવભાઈ.

ગુજરાતના આ પ્રખર અને પ્રતિભાશાળી જ્યોતિર્ધરને જેટલી અંજલિઓ × અપાય તેટલી ઓછી છે.

છેલ્લાં લગભગ વીસ વર્ષથી હું તેમની સાથે નિકટના સંબંધમાં આવેલો હોવા છતાં તેમના મૃત્યુના દિવસે હું તેમની પાસે નહોતો અને એમના સ્થૂલ દેહની અંતિમ ક્રિયા વખતે હાજર થઈ શકયો નહીં, એ મારે માટે અત્યંત ખેદનું કારણ હતું. તેમનો દેહ તા. ૧૪ મી જાનેવારી ૧૯૩૭ ના દિને પડયો તે વખતે હું દીલ્હીમાં હતો. હું ઘણાં કામમાં રોકાયેલો હોવાને લીધે છાપાં વાંચવાનો પણ સમય નહોતો, તેથી મને આ સમાચાર મોડા મળ્યા. મારા જૂના મિત્ર સરકારી પુરાતત્ત્વખાતાના વડા અધિકારી રા. બા. દીક્ષિતે આ સમાચાર છાપાંમાં વાંચીને કહ્યા. તેઓશ્રી દક્ષિણી હોવા છતાં ગુજરાતી ભાષાશાસ્ત્રી તરીકે નરસિંહરાવભાઇને સારી રીતે ઓળખતા, અને તેમની વિદ્વત્તાને માટે ઘણું માન હતું. નરસિંહરાવભાઈની માંદગીની ખબર ન હોવાથી તે વિષે તેમણે તપાસ કરી; જ્યારે મેં તેમને કહ્યું કે ભીષ્મપિતામહની પેઠે તે ઘણા વખતથી બાણશય્યામાં તપશ્ચર્યા કરતા હતા અને ઉત્તરાયણ–મકર સંક્રાન્તિની વાટ જોતા હતા, ત્યારે તેમને ઘણું આશ્ચર્ય થયું. આ વાત કહેવાનું એક જ પ્રયોજન કે નરસિંહરાવભાઈની ખ્યાતિ કેવળ ગુજરાતમાં જ નહીં, પણ અન્ય પ્રાન્તોના વિદ્વાનોમાંયે સારી રીતે પ્રસરેલી છે.

નરસિંહરાવભાઈની ખ્યાતિ વિષે બીજી એક હકીકત નોંધવા જેવી છે. એડવર્ડ થોમ્પસન નામનો એક પ્રખ્યાત અંગ્રેજ લેખક, નાટકકાર અને વિદ્વાન, ૧૯૩૨ માં હિન્દુસ્તાનની મુસાફરીએ આવેલો હતો. તેને હિન્દની પ્રાન્તિક ભાષાઓના વિકાસ સંબંધી ચર્ચા કરવાનો અને યોજનાઓ ઘડવાનો શોખ હતો. તેણે હિન્દની દેશી ભાષાઓના વિકાસ સંબંધી લાહોરમાં ભાષણ આપ્યું હતુંઃ તે વખતે હું એક શ્રોતા તરીકે હાજર હતો. પોતાની યોજનાના સમર્થનમાં સ્વીડનમાં અપાતા નોબલ પારિતોષિકની પદ્ધતિનું તેમણે પ્રતિપાદન કર્યુંઃ અને તેના જેટલી મોટી રકમનું ન બને તો, તેના જેટલી જ પ્રતિષ્ઠાવાળું પારિતોષિક સ્થાપવાની જરૂરીઆત દર્શાવી. તેમાં ભાષણકારે પોતાની બુદ્ધિ અને અનુભવ પ્રમાણે આ ઈનામને લાયક જૂદા જૂદા પ્રાંતોના વિદ્વાનોનાં નામ ગણાવ્યાં. તેમાં એમણે ગુજરાતના વિદ્વાનોમાં આવા પારિતોષિકને લાયક વ્યક્તિઓમાં નરસિંહરાવભાઈનું નામ પ્રથમ મૂકયું હતું. આ તેમની આંતરદેશીય કીર્તિનો બીજો દાખલો.

નરસિંહરાવભાઈની કવિ તરીકેની, ગુજરાતી ભાષાશાસ્ત્રોના અભ્યાસી તરીકેની, એક સમર્થ વિવેચક અને પ્રતિભાશાળી નિબંધકાર તરીકેની, સંગીત અને ચિત્રકલાના શોખીન સાક્ષર તરીકેની કીર્તિ પ્રસિદ્ધ છે અને તે વિષે ઘણું લખાયું છે. તેમાં ઉમેરો કરવાની મારી

× શ્રી ફાર્બસ ગુજરાતી સભાના આ "ત્રૈમાસિક"ના એપ્રીલ–જૂનના અંકમાં આ સભાના વ્યવસ્થાપક મંડળના સભ્યો તરફથી અપાયેલી અંજલિઓમાં આ રહી ગઇ હતી, તે પાછળથી અપાય છે.

સં. અં. બુ. જાની

ઇચ્છા નથી. તેમના સ્વભાવનાં બે જ લક્ષણો ઉપર ભાર દેવાની જરૂર સમજું છું. એક એમના હૃદયની કોમળતા—સૂક્ષ્મ પરામર્શશક્તિ અને બીજી એમની બુદ્ધિની તીક્ષ્ણતમ તીવ્રતા. એક રીતે એમનું માનસ વિરોધાભાસથી ભરપૂર ગણાય. એમનામાં કવિની અદ્ભુત કલ્પનાશક્તિની સાથે વૈજ્ઞાનિકની ચોક્કસાઈ કરવાની વૃત્તિ: પ્રભુ ઉપર અચલ શ્રદ્ધાની સાથે મનુષ્યજીવન તરફ અખંડ શંકાશીલવૃત્તિ; ફૂલની મૃદુતાની સાથે વજ્રની કઠોરતા; જીવનમાં ગંભીરતાની સાથે હાસ્યરસ * જોવાની શક્તિ; ગુજરાતી સંસ્કૃતિની વિશુદ્ધતાના દૃઢ ઉપાસક હોવા છતાં પાશ્ચાત્ય પહેરવેશ અને પદ્ધતિ તરફ તેમનો પક્ષપાત,—એ બધા વિરોધાભાસી ગુણોનો સમન્વય કેવી રીતે થવા પામ્યો, એ તેમના નિકટના સંબંધમાં આવ્યા શિવાય સમજી શકાય તેમ નથી.

એમના હૃદયની કોમળતા એટલે કેવળ નરમાશ કે ઢીલાશ કે શિથિલતા નહીં. જેવી રીતે એમની બુદ્ધિમાં વિચારગ્રહણ કરવાની તીવ્ર શક્તિ હતી, તેવી જ રીતે તેમનું હૃદય ઉચ્ચ અભિલાષાઓ, ઊર્મિઓ, સહૃદયતાનાં આંદોલનો જલદીથી ઝીલી શકતું, સ્વીકારી શકતું, અને પાછાં વાળી શકતું. આ સહૃદયતાનાં દૃષ્ટાંતો તેમની તબીઅત સારી હતી ત્યારે તો ખાસ કરીને અનુભવાતાં. વાંદરાના બ્લુ બંગલાથી સાન્તાક્રુઝ સુધી લગભગ રોજ સવારે આવવાનો એમનો નિયમ હતો તે અરસામાં એમના મુખ ઉપર હમ્મેશ પ્રસન્નતા વ્યાપી રહેતી અને તેઓ તેમના હાસ્યમિશ્રિત કટાક્ષથી બધાનાં મનનું આકર્ષણ કરતા. તે વખતે એમના એક પૌત્ર યુનીવર્સીટીની મેટ્રીકની પરીક્ષામાં બેઠા હતા તેમને રોજ બપોરની છૂટીના વખતમાં ચાહ પીવરાવવા જવાનું અને પરીક્ષાની ખબર પૂછીને ઉત્સાહ આપવાનું કાર્ય તેમણે સ્વેચ્છાથી માથે લીધું હતું. આવી સહૃદયતા કેટલા પિતાઓ અને પિતામહો દાખવી શકે એમ છે ?

એમના હૃદયની કોમળતાનો અનુભવ મને તો ઘણી વાર થયેલો. તેમાંથી વિદેહી લવંગિકા બ્હેનના અવસાનનો દિવસ તો મારા સ્મરણમુકુરમાંથી ખસી શકે એમ નથી. હું તે સમયમાં લાહોરમાં કામ કરતો હતો: ત્યાંથી દશેરાની રજામાં મુંબાઈ આવેલો હતો; તે જ દિવસે રાતરે પાછા જવાનું હોવાથી તેમને સવારે મળવા ગયો હતો. તેઓ મને લવંગિકા બ્હેનની સાથે બહારના વરંડા ઉપર "બુદ્ધચરિત"ના સંબંધમાં ચિત્રાવેલાં ચિત્રો બતાવતા હતા. તેમાં કિસા ગૌતમીની કથા તેમણે કહી સંભળાવી. કિસાનો પુત્ર મરી ગયેલો, તેને સજીવન કરાવવાને માટે તે બાઈ બુદ્ધ પાસે જાય છે તે વખતનું ચિત્ર છે. બુદ્ધ ભગવાન કહે છે કે કોઈના ઘરમાં મૃત્યુ થયું ન હોય તેને ત્યાંથી એક તોલા રાઈ લઈ આવે તો તારો પુત્ર સજીવન થાય, વગેરે વગેરે. આ બધી વાત કર્યા પછી હું ઘેર ગયો; ૧૨ વાગે લવંગિકા બ્હેનની તબીઅત બગડી અને સાંજ પહેલાં તો તેમણે દેહનો ત્યાગ કર્યો. તે સાંજના બે ત્રણ કલાક તેમની પાસે મેં ગાળ્યા હતા: અને રાત્રે જ મારે ટ્રેન પકડવાની હોવાથી મેં તેમની વિદાય માંગી તે વખતનું દૃશ્ય; વળી ત્યાર પછીનો પત્રવ્યવહાર—આ પત્રોને મારા પત્રસંગ્રહોમાં અમૂલ્ય ગણું છું—એ બન્નેથી એમના હૃદયની કોમળતા, પ્રભુપરની શ્રદ્ધા, એમની જીવનની ફીલસુફી, એ બધાની પ્રતીતિ મને થઈ હતી. તેમણે વિવર્તલીલાના અર્પણમાં આ પ્રસંગ વર્ણવ્યો છે:

---

* "મ્હોટામાં મ્હોટો હાસ્યરસનો કલાકાર પરમ ઈશ્વર જ છે." વિવર્તલીલા, પૃ. ૧૧૫.

પ્રભાતે મિત્રની પાસે ફિસા ગોતમીની કથા:
"તોલો રાઇ" તણી મ્હેં જો વર્ણવી, ન ધરી વ્યથા.
ન જાણ્યું એ ક્ષણે દૂત મૃત્યુનો દૂર દેશથી;
આવેલો માહરે દ્વાર ઠોકતો ગુપ્ત વેશથી.

નરસિંહરાવભાઈની ચોક્કસાઈ તે એમની જ. ચાલશે, ચલાવી લઈશું, નભાવી લઈશું, એ વૃત્તિ એમને જરાયે ગમે નહીં. અમુક અવતરણમાં જોડણી કે અનુસ્વારની ભૂલ રહી જાય, અથવા છાપખાનાની ભૂલ રહી જાય, એ એમની બાબતમાં અસંભવિત. એમનાં પુસ્તકો છાપનારા અને પ્રુફ વાંચનારા એમની આ ટેવથી હમ્મેશ ડરતા, એ જાણીતી વાત છે. એમની શંકાશીલ વૃત્તિ ભલભલા વૈજ્ઞાનિકને હંફાવે એટલી તીવ્ર. એક વખતે એમને કોઈ ડૉકટરે કહ્યું કે બળતા કોલસાની શગડીમાંથી નીકળતો કારબન મોનોકસાઈડ ગેસ ઘણો ઝેરી હોય છે અને તે આપણા ઉચ્છ્વાસમાંથી નીકળતા કારબન ડાયોકસાઈડના કરતાં વધારે કાતીલ હોય છે. આ વાત તેમના માનવામાં ન આવી: તે મારી પાસે આવ્યા અને મને પ્રશ્ન-પરંપરાથી તપાસવા માંડયો. જ્યારે મેં એમને સમજાવીને કહ્યું કે મોનોકસાઈડ ગેસથી લોહીનું બંધારણ ત્રુટી જાય છે અને ઓકસી હીમોગ્લોબીનને બદલે કારબોકસીલ હીમોગ્લોબીન નામનો નવો ઝેરી પદાર્થ બને છે, અને એવી બીજી ખાત્રી આપી, ત્યારે જ તેમની શંકાનું સમાધાન થયું. બીજી એક વખતે 'ટાઈમ્સ ઓફ ઈન્ડીઆ'માં એક ચર્ચાપત્રીએ લખ્યું કે રેપ ટ્રીક(આકાશમાં અદ્ધર દોરડું નાંખીને તેના ઉપર એક છોકરાને હવામાં અદ્ધર રાખવાના ખેલ)નું વર્ણન બુદ્ધ જાતકમાં પણ છે: આ વાતમાં તેમને શ્રદ્ધા ન પડવાથી મારી પાસે રોયલ એશીઆટીક સોસાયટીની લાયબ્રેરીમાંથી જાતકોનું પુસ્તક મંગાવી તે ખેલનો એહવાલ જાતે વાંચી જોયો, ત્યારે જ તેમને શાન્તિ થઇ: તેમાં પણ ખેલનું વાસ્તવિક વર્ણન નહોતું તે સ્પષ્ટ રીતે બતાવીને ચર્ચાપત્રીની ભૂલનું પ્રતિપાદન કર્યું ત્યારે.

આ શંકાશીલ વૃત્તિ કેવળ વહેમી માનસનું ચિહ્ન નહોતું, પરંતુ તેમની બુદ્ધિની તીવ્રતા હમ્મેશ નવા વિજયની શોધમાં રહેતી તેનું પરિણામ હતું, મ્હને તેમની સાથે શેતરંજ રમવાના પ્રસંગ મળ્યા હતા. તેમાં તેમની વૃત્તિ હમ્મેશાં આગળ ધસીને વિજય મેળવવાને રહેતી. તેમની દરેક ચાલ આગળ ચાર પાંચ ચાલની ગણત્રી ધ્યાનમાં રાખીને થતી, તેમાં પણ પ્રધાન વિચાર તો aggressive અને offensive-આગળ ધસતા રહેવાનો: પણ તે લક્ષ્ય-બિંદુ આગળ રાખીને જ.

તેમની કવિતા, તેમનાં વિવેચનો, તેમના નિબંધો તેમના જીવનના ધ્યેય તરફ વાંચનારને ઘસડી જાય છે. કવિ તરીકે કલ્પનાના ઘોડા ઉપર બેસીને સ્વચ્છંદ રીતે વિહરવું ઘણાને આવડે છે: પરંતુ ભાષાશુદ્ધિ અને પિંગળશાસ્ત્રના નિયમોને સાચવીને તેમ જ અમુક ઘટનાનું સૂક્ષ્મતાથી નિરીક્ષણ કરીને, ચોક્કસાઇ અને સુંદરતાનાં ધોરણોની અવગણના કર્યા વિના, તેનું સત્યમય વર્ણન કરવું, એ ઘણા થોડા જ કવિઓને સાધ્ય છે. વિજ્ઞાનની દષ્ટિએ આપણા કવિઓની કૃતિઓ તપાસવાનો મને ઘણો શોખ છે: આ દષ્ટિએ તપાસતાં સત્ય અને સુન્દરતાનો અનુપમ સમન્વય કરનારી, જ્વલંત પ્રતિભાશક્તિ મેં તો નરસિંહરાવભાઈ શિવાય બીજા કોઈમાં જોઈ નથી. આ સંબંધી મારા "વિજ્ઞાનવિચાર" પુસ્તકમાં વિજ્ઞાન અને રસવૃત્તિ એ પ્રકરણમાં ઉદાહરણ આપીને નિર્દેશ કર્યો છે, ત્હેમનું

"ચંદા" અને બીજા પ્રકૃતિ વર્ણનાત્મક કાવ્યો, તેમનો વિશ્વરચના અને બીજા તત્ત્વજ્ઞાન વિષયક નિબંધો એમની અનેક દેશીય વિદ્વત્તા ઉપરાંત ચોકસાઈ કરવાની વૃત્તિની સાક્ષી પૂરે છે.

જ્યારે એમની તબીઅત સારી હતી ત્યારે સંગીત સાથે કીર્તન કરવાનો એમને શોખ હતો. મારે બંગલે એક વાર તેમણે કીર્તન કર્યું, તે વખતે તેમની દરેકે દરેક વીગત સંબંધી ચોકસાઈથી વર્ણન કરવાની ટેવનો મને અનુભવ મળ્યો હતો. તેમનાં કીર્તનો ઘણાં-ખરાં અપ્રકટ છે તે પ્રસિદ્ધ કરવામાં આવે તો તેમની ઈશ્વર ઉપરની અચળ શ્રદ્ધા અને પ્રાર્થના ઉપરનો તેમનો દૃઢ વિશ્વાસ એ વિષે આપણને ઘણું જાણવાનું મળે.

પ્રભુએ નરસિંહરાવભાઈને પોતાની પાસે શાશ્વત શાન્તિમાં ખેંચી લીધા છે. એમની પાછળ આપણે આશા રાખીશું કે એમના સદ્ગુણોનું પૂજન અને એમની સંગીન વિદ્વત્તાની યોગ્ય કદર આપણા સમાજમાં થશે, અને એમની યાદગીરી કાયમની જળવાઈ રહે એવું સ્મારક યોજાશે.

લલિતકુંજ
ખાર

પોપટલાલ ગોવિંદલાલ શાહ

श्रीकृष्णः ।

હારમાલા

(સમ્પાદક: રા. રા. કેશવરામ કાશીરામ શાસ્ત્રી)

[અનુસન્ધાન ગતાઙ્કે પૃષ્ઠ ૧૦૦ થી, ચાલૂ]

[મ્હેતાઃ—] પદ ૪૭ મૂં-રાગ મલ્લાર (તાલ જિત)

ચ્યહો દિશિ જોઉં વાટડ઼ી, માહરો નાથ ન આવિ.
મણ્ડલિક ખઙ્ગ કાઢ઼ી રહ્યો, સમાચાર ન કાહવિ.—ધ્રુવ
હઠીલા હઠ મેહલી દિઉ; હાર આપોનિં મૂંનિં,
મારચાં પૂઠિં, મારા નાથજી ! ખોડ઼િ બિસશિ તૂંનિં. ચ્યહો० ૧
પ્રભુ ! વામનરૂપિં બલિ છલ્યો; ધરા ત્રણ્ય પદ કીધી;
ઇન્દ્રનિં ઇન્દ્રાસન આપિઉં; શીખ સહૂકોનિં દીધી. ચ્યહો० ૨
માહમિરૂં કીધૂં ભલૂં. ગર્થ પોતાનિ નુંતો.
લક્ષ્મી વેગાં મોકલી, મૂંનિં કીધો સમોતો. ચ્યહો० ૩
ભામ્યનીશૂં રઙ્ગિં રમિ; નરસિંઓ મેહલ્યો વીસારી.
વૈકુણ્ઠથી વેગિં કરી હાર આપ્ય, મોરારિ ! ચ્યહો० ૪

[મ્હેતાઃ—] પદ ૪૮ મૂં-રાગ એજ

વિવચારાં શી પ્રીતડ઼ી, જે સ્ત્રીરઙ્ગેં રાતો ?
મણ્ડલિક હારનિં પ્રભવિ. તૂં રે મદમાતો ! વિવ० ૧

પદ ૪૭ મૂંઃ—ધ્રુવ. a. દેશે. **તન્નિ**. તાહારી વાટડ઼ી, **હીપા–હીપા૪–ક–ડ–ફ.** d. °ચારજ કા° **હીપા૪.** તું વિના કુણ મુકાવે. **હીપા.** ૧. c. મારચા. **તન્નિ.** d. લાગશે. **હીપા૪–ખ–ક–ડ–ફ.** લાજ લા°. **હીપા.** ૨. b. કમ. ફ. કરમ. **હીપા૧.** ત્રુક. ખ. d. શુદ્ધ તેહની **હીપા૪–ડ–ફ.** સુરની. **હીપા.** ૨ જી પછી **હીપા**માં ૨ વધારેઃ—

"ગૌ ગોપીને કારણે ગોવર્ધન ધરીઓ;
પાવક પીધો સેહેજમાં, ભે વ્રજનો હરિયો. ૪
જમનાજળ નિર્વિષ કરયૂં. ક્રૂર કાળી દમિયો.
આશા પૂરી વ્રજભક્તની, રાસરંગે રમિયો." ૫

૩. b. પાસે. **હીપા;** પોતે ૪; ગાંઠ કાંયે. **હીપા૧.** c. પોતે. ડ–ફ. આ પછી **હીપા**માં—

"શા શા ગુણ સંભારીએ. કીધા બહુ ઉપકાર.
મંડળિક આજ હઠે ચઢ઼યો, વેગે આપીએ હાર." ૭

૪. a. માનિની°. ખ; રાધા. **હીપા.** b. મુંને મૂકયો. **હીપા.** c. નરસૈંનેં નિજ કંઠથી, **હીપા.** d. ઉતારી **હીપા.**

પદ ૪૮ મૂંઃ—અહીંથી નવે પદ **હીપા૪–ખ–ક**માં નથી. **રાગ રામગ્રી. અ.** ૧.a. હારે વિચારાં સુ, **હીપા.** વીભચારાં શૂં. **તન્નિ.** b. જોનાં સ્ત્રી°. ડ–ફ. જો શીર. **તન્નિ.** d. હું રમાં મદ°.

કામી થ્યો, રે કેશવા! મુનિં પ્રભવિ પાપી.
લાભી થ્યો, લક્ષ્મીવરા! પૂતના સન્તાપી. વિવ૦ ૨
વાહરિં ચઢે, રે વીઠલા! નહીં તો દેહ જાશિ.
નરસિંયાનિં મણ્ડલિક મારશિ, તે તિં કચમ ખમાશિ? વિવ૦ ૩

[મ્હેતો:—] પદ ૪૯ મૂં-રાગ રામગ્રી (તાલ જિત)

કૂણ આગિલ્ય જઈ વીનવૂં, વીઠલા? કન્થ કમલા તણા! શૂં વિચારો?
દ્રૂપદી-લાજનિ કાજ્ય આવ્યા, હરિ! દૂખ ન પામિ દાસ તાહરો? ૧
પ્રગટ થાઓ, પ્રભુ! ભૂતલ્યેં, ભૂધરચા! 'નરસિંયા-નાથ' એહવૂં બરદ કાહવો.
સેવક-સઙ્કટ ટાલિએં, ત્રીકમા! તો તમ્યે, કાનજી! ભલા રે ભાવો. ૨
લોક પેખે સહૂ; કૌતૂક મન બહુ; મણ્ડલિક મદિ ચઢ્યો મુખ જૂએ,
નરસિંઆચા સ્વામી! યમ ઘટિ ત્યમ કરો. તમ બ્યના માહરે નથી રે કોયે. ૩

પદ ૫૦ મૂં-રાગ એજ

દયા આણિ, દામોદરા! શીઘ્ર સેવક તણી; 'તૂં રે માહરો ધણી,' વિશ્વ જાણિ.
પ્રગટ થયૂં નામ તે તૂં થકી, સામલા! તૂં રે કાં વીનતી મન્ય નાણિ? ૧
મન્ત્ર તૂં, જ્યન્ત્ર તૂં, ધ્યાન, ધરણીધરા! મન્ત્ર મોહન બ્યના નહિ રે બીજો.
હાર આપ્યા વિના લાજ, કહો, કચમ રહિ? દીન દેખી, પ્રભુ! શિં રે ભીંજો? ૨
સાર કીધા વિના નેટ નથી છૂટવૂં, જો તાહરા ચરણની આસ આપી.
નરસિંઆચા સ્વામી! માન માગી કહૂં: આ દેહ, દામોદરા! તૂંનિં સૂંપી. ૩

પદ ૫૧ મૂં-રાગ એજ

પરણીનિં પારકિ હાથ્ય શૂં ભાલવાં? લાજ ન આવિ, રે કન્થ! તૂંનિં?
યદ્યપિ કોટચ અપરાધ હોઇ, સામલા! મેહલ્ય મન-આંબલાં; રાખ્ય મૂંહનિં. ૧

હીપા. તૂં તે મદનો. ફ. શ્રી-મદિ, અ. ૨. b. પરબ્રહ્મજ પાપી. અ. c. લોભી લિખેમી-નાથ, અ. d. તેણે ન સકયો હાર આપી, હીપા, ૩. b. હવાં દેહ પડશિ. હીપા. c- d. "ચો કહિ નાથજી! કુંઅરબાઇ રવડશે." હીપા.

પદ ૪૯ મૂં:—૧. a. કવણ ઠાકુરને વી°. હીપા-ન. b. કમળાના નાથ મન શૂં. હીપા. °લા તણા મન વિ°. ન. d. દુ:ખ પામે કચમ દા°. હીપા. તેમ દુ:ખ પામે ઘણૂં દાસ તાર. ન. ૨. a. પ્રભટ થયું નામ ભૂ°, હીપા. નામ ભૂતલ વિષે, ન. b. જો નર°. તત્રિ. c. સંકષ્ટ. હીપા-ન. d. નાથજી! હીપા. ૩. a. દેખે...°ક કરે બહુ. હીપા. કૌતુક થાએ બહુ. ન. b. મદભરચો કૂર જુએ. હીપા. કૂડ઼ બોલે. ન. c-d. "નરસૈંયાચા સ્વામી નિત્યદાતા સદા, શામળા સમોવડ નહિ કો તોલે." ન. d. જોગટાનાં બળ શાંત હુએ. હીપા.

પદ ૫૦ મૂં:—૨. c. °ટ થાતૂં નામ. ડ. ત્રીકમા. ડ-ફ. d. કાં તીકમા! ફ. ૨. b. મિત્ર. ફ-હીપા. મન્ત્રી. ન. d. શેં ન રીઝો? હીપા-ન. ૩. a. સાહિ, હીપા. d. હાર આપી નાખો દુ:ખ કાપી. ન.

પદ ૫૧ મૂં:—નમાં આ પદ નથી. ૧ લી પછી હીપા૧. માં ૧ વધારે:—

"કર ગ્રહો, કૃષ્ણજી! કોય મૂકે નહીં. મન, માહાવજી! મયા રે કીજે,
જમ જમ જામની જાય રે, જાદવા! તમ તમ મુને દૂખ કમ દીજે?"

સુન્દરી સહસ્ર ભરી, હરિ! તાહરિ. તે મંહિં હૂં એક દાસ્ય તાહરી.
નરસિંઆચા સ્વામી! કહૂં [હૂં] તહ્મનિંઃ સઙ્કંમ-સાર તૂં કિરિ માહરી. ૨

પદ પર મૂં—રાગ એજ

શ્રવણ-સૂનો થયો, સામલા શ્રીહરિ! લક્ષ્મીના નાથ! શૂં નિંદ્ર આવી ?
બરદ મોટૂં ધરૂં, 'પતિતપાવન' તણૂં. શરણ આવ્યા પૂઠિં બાંહિ સાહવી ? ૧
દુષ્ટની દષ્ટથી રાખ્ય, રાહીવરા! તૂં બ્યની માહરિ કો નથી રે સ્વામી.
દુર્જન લોક તે મન્ય આનન્દિયાં. અવાર કોહનિં કહૂં શીસ નામી ? ૨
ફૂલ[ની] માલ તે અધિક તૂંનિં વશી. વીસરચો, નાથ! હૂં મન્ય તાહરિ.
નરસિંઆચા સ્વામી! વિલમ્બ કીજિ નહીં. હાર આરોપ્યનિં કણ્ઠ માહરિ. ૩

પદ ૫૩ મૂં—રાગ એજ

મોગરે શૂં રે મોહી રયો, મોહના ? હાર [તૂં] આપ્યિ; યશ-ક્ષાત્ય વાધિ.
કિહિશિ, 'ગુણ ગાતાં નાગરનો ન હવો.' ત્રીકમ ! તૂંહિને કો નહિં આરાધે. ૧
સારી પાંતીનો થાશિ ધણી સર્વકો. દીપતૂં દેખશિ ત્યહાં મલશિ.
મૃત્યુ[ના] ભઇ નરસિંઓ બીહતો નથી; તાહરા દાસનાં ચિત્ત ચલશિ. ૨
માહરિ મન્ય વિશ્વાસ છિ, વીઠલા! આપશો હાર (નિં) આનન્દ થાશિ.
ભણિ નરસિંઓઃ [નિજ] ભક્ત ઊગારવા તુજ બ્યના વાહરિં કૂણ ધાશિ ? ૩

પદ ૫૪ મૂં—રાગ એજ

કેરિ કરુણા, ક્રિપાનિધિ! તૂં કેશવા! હૂં અનાથ; તૂં નાથ કહીઇં.
ભૂપત્ય ભૂલો ભ્રમ્મ મનમાં વસે. કૃષ્ણ બ્યના શરણ કોહને જૈયે ? ૧

---

૨. a. સુંદરીયૂથ સહસ્ર છે તાહરે. હીપા. સોલ સહસ્ર નારી ઘેર તાહરે. હીપા૧. સુન્દરી શ્રી-હરિ! સહસ્ર ઘેર તાહરે. ડ. °સ્ર ઘર, હરિ! તાહરે. ફ. c. °તી! તુઝને વીનવું. હીપા. d. હવે કરને મારી. હીપા૨.

પદ પર મૂં:—૧. a. કાનફૂટા થયા, શા°. ન. c. મોટું ઘણું. ન. d. આવ્યો તેની. ન. ૨. a. નિરદે નિદ્રા તજી તાર નિજ ભક્તને, ન. b. °ના નાથ કો, હીપા. c. °ને મન આનંદ વસે. ન. ૩. a. પુષ્પની માળશું મન અટકી રહ્યું. ન. b. વિદ્રુમ મણિએશું મન તારે ન. c. °ચા પ્રભુ, હીપા. °મી વિલમ્બ તેં બહુ કર્યો. ન. d. °પ્ય પ્રભુ. હીપા; હાર આપ્યો નહીં કંઠ મારે. ન.

પદ ૫૩ મૂં:—૧. a. એણે મોગરે. હીપા. મોગરે માળે. ન. શામળા, હીપા. b. હાર આપો. ન. આપ્યે. હીપા. c. કેહેશે નાગરો, કોહોનું નામ ગાતો હુતો. હીપા-ન. d. કૃષ્ણ. હીપા-ન. ૨. a. સારી પાંતી તણાં લોક સર્વે મળ્યાં. હીપા-ન. b. જીતશે તેહેની પાસ થાશે. હીપા. સહાય કરશો તેની°. ન. d. તાહારો જશ જગદીશ જાશે. હીપા-ન. ૩. a. °ન્ન આનંદ વિશ્વાસ છે. હીપા. b. °ર; દેવાધિદેવા, હીપા. c- d. °યો માળ મોગરા તણી, આપતાં દામ બેસે રે કેહેવા? હીપા. ૩ જી ન માં:—

"રજની તો વહી ગઈ, રાત થોડી રહી, જોત તો ઝાંખી થઇ ગઈ દીવાની.
કેશવા! કંઠથી માળ અળગી કરો. પ્રેમે આરાપો નરસૈંની કમાણી."

પદ ૫૪ મૂં:—૧. a. કરિ. તન્નિ. કૃષ્ણ કૃપાનિધિ કેશવ! કર કૃપા. હીપા. શ્રીહરિ. ન. b. હાર કાજે મને રાયજી પરભવે. ન. c. બંહ્મ. તન્નિ. d. શામળા શરણ. ન. ૨. b. તો પ્રભુ ક્યાં

હૂં શરણુ આવ્યો સંસારનિં પરહરી; તોહિ મતિં મન્દ પિરિંપિરિં પીડિ.
અન્તરગત્ય અવિલોકતાં, સામલા ! તુજ વ્યન્યા કોણુ રુદયાશૂં ભીડિ ? ૨
(હરિ !) માહરિ મન્ય [હાર] માગવો નોહતો. એહ અનેકશૂં પ્રાણુ માહરૂં.
ભણિ નરસિંઓઃ પરતીત કારણુ કહૂં: પાલ્ય, ગોપાલરાય ! બરદ તાહરૂં. ૩

પદ ૫૫ મું—રાગ એજ

સાર કરય, સામલા ! મેહલ્ય મન–આંબલાં; ઊઠ, ગોપાલરાય ! અસૂર થાય.
નરસિંઆનિં એક હાર [ડી] આપતાં તાહરા બાપનૂં શૂં રે જાયે ? ૧
હારનિં કાજિ [તૂં] મુન્ય ગ્રહી, માહવા ! બોલતો શૂં નથી માગ્યા માટિ ?
રાજા મણ્ડલિક–પરતીત–કારણિ, હલ્યા ! નહિંતો મલિ મૂનિં મૂલ સાટિ. ૨
પૂછવૂં હોય તો પૂછને ઓયને, મૂલ બિહૂં હોય યેહ તાહરિ.
પાય લૂં કે વલી કણ્ઠ આરોપિએ. શૂં કહૂં, સામલા ! વારિવારે ? ૩
(હરિ) કલિયુગ માંહિ પરતીત ગઈ લોકની. ઇ વલી ઇમ કરશો તો કૂણુ ધાશિ ?
કિહિશિ, 'નરસિંહિઆનેં એક હાર નાપી શકચો; ચઉદ લોક માંહાં ગુણુ કૂણુ ગાશિ ? ૪

પદ ૫૬ મું–રાગ એજ (જિત)

વિશ્વવ્યાપક ! કરૂં, વીઠલા ! વીનતી; તુજ વ્યના દાસ–દૂખ કૂણુ જાણિ ?
વિલવિલતાં મધ્ય વીતી રે જ્યામ્યની, ત્રીકમ ! નિદ્રા તજશો શૂં વ્યહાણિ ? ૧

---

૫૦. હીપા–ન. ૩. a. માહારા મન માંહાં હરખ ઘણો હુતો. હીપા. મંડળિક મુજ પર કોપ ઘણો કરે. ન. b. કાં ન જાણો પ્રભુ કષ્ટ માહારૂં ? હીપા. તે મારૂં દુઃખ તું શે ન જાણે ? ન. c. °ત છે મુઝને. હીપા. °યો પ્રભુ પ્રીતડી તોડતાં ન. d. લાજ જાશે અલ્યા તારી વાહાણે. ન.

પદ ૫૫ મું:—આ પદ ૨૭ કડીથી ગમાં તે પ્રતિના ક્રમમાં ૬૫ મું છે. ૨. a. °જે સું મુન્ય ગ્રહી રહ્યો ? હીપા–ન. b. ન બોલે કોણુ અભિમાન માટે ? હીપા. c. અહીંથી દોઢ કડી બદલ–

"આપીયિ હાર કિ પ્રગટ કરૂં હવડાં જે કૃત કીધું વૃંદાવનની વાટિ,
અણવરી નારિને ભોગવાં, ભૂધરા ! પરણતાં પલ્લુ શું બિહૂ તાહારે ?
હારની વારથી ભાર ભાગી જશે, શું કહીયિ નાથજી વારેવારે."હીપા.

૩. c. પાય લાગૂં વલી. ડ–ફ; પાયે લાગી કહૂં.ન. ૪.b. હવિ વૈષ્ણવની વીલે શીરે થાશે. હીપા. c. °આપી નવ શકચો. ડ–ફ–ન. d. ભક્તવછલ તેહવૂં બરદ જાશિ. ગ. c–d. "ભણિ નરસૈંયો હું હલવો પડે ગોવિંદ ગુણ તાહારા કોણ ગાશે." હીપા. ૪થી પછી નમાં ૧ વધારેઃ—

"વારે વારે કહું હાર હસી આપીએ, આપ્યા પાખી છેડો કયમ છુંટે;
ભણે નરસૈંયો, જો પ્રીત છે તાહરી, તો મંડળિક મારવા કયમ ઉઠે."

→આ પદ ન ના પરિશિષ્ટમાં પણ છે. ન ની મૂળ હારમાળામાં "હારને કાજે શું હઠ કરે માવજી, બોલતો શેં નથી મૂંગુ માટે," એ ૧૮૪ થૂં પદ જોવાથી માલૂમ પડશે કે તેમાં અહીંની ૨. c. d., ૩ અને ૪. a. b. + હીપા ની ઉપર આપેલી ૪. c. d. એ પાંચ લીટીયો (૩. a લોક સરવે સમું કંઠ શણગાર ને—એ પાઠથી) પ્રાપ્ત છે. ૨. c થી દોઢ કડી બદલ જે દોઢ કડી હીપાયે ઉપર આપી છે, તે ન ની મૂળ હારમાળામાંના "ઊઠને શામળા મૂકી મન આમળા," એ ૯૭ મા પદની ૧. c. d ને ૨ જી કડી છે.

પદ ૫૬ મું:—૧. a. °પાલક. ફ–ન.—આ પદ હીપામાં નથી. °ક વિશ્વંભર કરૂં વીનતી. ન. b. °ના દુઃખ બીજું. ન. c. વિલપતાં વિલપતાં વહી ગઈ. ન. d. નાથ નિદ્રા તું શૂં રે આણે ? ન.

(કિ શૂં) રોકી રહી રાધિકા; કહ્યૂં યેહ્નૂં કરાં; (કિ શૂં) પ્રાણ લેઈશ કરુણા ન આણ્યે?
હઠ કરિ, તેશૂં તો હઠ કરો, સામલા! ત્રૂટશિ સ્નેહ, ત્રીકમ્મ! તાણ્યે. ૨
(હલ્યા!) આવિ અવસરિ અવસર ન સાચવિ, તો પછિ આપ તે શૂં વ્યખાણિ?
કૂણ કારણ કાજ આવે? કિહિ નરસિંઓઃ રઢ લીધો મણ્ડલિક રાણિ. ૩

પદ ૫૭ મૂં—રાગ એજ (જિત)

(હલ્યા!) હારને કાજિં શૂં હઠ કરાં, સામલા? યાચવાને તોરિ પાશ આવ્યો.
રાધિકાનિ સઙ્ગ્ય બિઠો લીલા કરાં. કિહિ, રે વૈકુણ્ઠથી તૂં રે લ્યાવ્યો? ૧
તાહરૂં નામ વીશમ્ભર (ધરચૂં; તે) વિરાંશિઓ. (પેલા) નન્દનો છોકરો છાશ પીતો.
કાંબલી ઓઢતો, હાથમાં લાકડી; ગાવડ઼ી ચારતો; વન્ય રિહિતો. ૨
માહરિ માત તૂં, ભ્રાત તૂં, ભૂધરા! તૂં વ્યના દૂખ [એ] કોહનિં કહીઈ?
ભણિ નરસિંઓઃ ગુણ ગાઇનિં જીવીઇ. ભૂતલિં એકલા કયમ્મ રહીઈ? ૩

પદ ૫૮ મૂં—રાગ એજ

આપ્ય રે હાર, સુત નન્દ–વસુદેવના! અદ્યાપ્ય તૂજનિં લાજ થોડ઼ી.
કંસના ભય થકી નાશી ગોકુલ ગયો; આહીરશૂં રહ્યો પ્રીત્ય જોડ઼ી. ૧
(હલ્યા!)ગરજ માટિ માય બાપ તિં બિ કરાં, ભવ–ઇન્દ્ર–અમર–મુનિ–રુષિ જોતાં.
કંસનો વધ કરિ કાજ તાહરૂં સરૂં; (પછિ) બાપડાં મૂક્યાં તે વન્ય રોતાં. ૨
(હલ્યા!) તાન્દૂલ લેઇનિ વિપ્રનિં રય્ય મોકલી; તેહનૂં ભવન કીધૂં વૈકુણ્ઠ સરખૂં.
માહરિ દાન તાં ગાન છિ, ભૂધરા! નિત્ય પ્રતિં તાહરાં ચરણ નિરખૂં. ૩

---

૨. a. °કા, કહ્યૂં રે જેહેનૂં ડ. a. b. "રોકી રહી રાધિકા કે પુત્રી ભીમક તણી, અંગના સંગમાં શો રંગ માણે?" ન. c. હઠ થકી સુર અસુર સૌ હારીઆ. ન. d. અતિય તાણે. ન.
૩. આ કડ઼ી બદલ ન માં:—

"રાહીં ચંદ્રાવલી કે મળી લલિતા સખી, કામવશ થઇને શું રે સુતો;
ફુલના હારમાં એમ તું કાં કરે, પ્રાતઃ થયો ને રાયે વગૂતો. વિશ્વ૦
સાચ પાખે કોઇ રાચે ન શ્રીહરિ, જગતજીવનજી શે ન જાણો;
શીઘ્ર થઈ હાર નરસૈંયાને આપીએ, રાડે ચઢયો મંડલિક રાણો." વિશ્વ૦

પદ ૫૭ મૂંઃ—હીપા૪-બ-ક માં આ પદ "કામી કપટી સૂધો;" એ ૩૬ મા પદ પછી છે. ૧. c. જીવ મચેલ એટલાને, કાનજી! હીપા૧. °ઠો વાતો. અ–હીપા૪-ન. ૨. c. હાથમાંહાં લાકડી ધાબળી ઓઢતો. હીપા. ગાવડ઼ી ચારતો. બ. d. વાંસલી વાતો. બ.—આ ૨ જી કડ઼ી પછી અ માં ૧ વધારેઃ—

"પેલાં ઓડતો ધૂધડ઼ી ધાભલી; હવે પેરાં પીતાંબર ચીર,
કર માંહે કરભડ઼ો લેઈ જમતો, તે દન તુને વીસરા કમ વીર?"

૩. a. માત તું, **તાત તું**, ભ્રાત. હીપા–ન. બાપ તૂં. હીપા૪. d. ભૂતલે વાસો કયેં રહીયે? અ.

પદ ૫૮ મૂંઃ—અહીંથી ત્રણ પદ હીપા૪-બ-ક માં નથી. ગ માં તેના ક્રમે આ પદ ૬૪ મૂં છે. ૧ d. પુત્ર વસુદેવનંદના તન્નિ. આપ્યનાં હાર વસુદેવના પુત્ર. હીપા. વસુદેવ સુત નન્દના. ગ. °વ નન્દન. ન. ૨. a. આ લોક દેખે. હીપા. આદ્ય અનાદ્ય તુંને. ન. ૨. a. સ્વારથ...પરાં કર્યાં ન. b. સુર અસુર મુનિ સર્વ° ન; સુદામાનું દરિદ્ર ખોયું. હીપા. c. અર્થ તારો સરચો. ન. d. ગોપીજન

(હલ્યા!) ભગત્ય કીધિ આહીરનો નગ્ય હવો, તો તૂં હાર મૂંનિં કચમ્મ આપિ ?
ભણિ **નરસિંઓ**; સરવરી થોડી [રહી]; આપ્ય, તસ્કર! મૂંને શૂં સંતાપિ ? ૪

પદ ૫૯ મૂં—રાગ એજ (જિત)

નન્દના નન્દ! કાં વાર લાગિ ઘણી? દૂરિજન લોકનેં શૂં હસાવિ ?
કોટિ બ્રહ્માણ્ડ માંહિં ન્યૂન તાહરિ વલી, લાછચવર! હવિંઈ લાજ નાવિ ? ૧
પિરિં [પિરિં] પ્રણવૂં માન માગી કરી; કઠિણુ કાં થઈ રહ્યો, ક્રિષ્ણુ કામી!
કપટ ભાવિં ભયો તોહિ તૂંનિં, હરિ! સાર–સમ્ભાલ કરિ, જગતસ્વામી! ૨
કૂણ વેલા થૈ? હાર આપ્યો નહિં. સાંભલો; સ્વામી! વાત માહરી;
નરસિંઆચા સ્વામી! માહરૂં દૂખ નહિં; મારતાં લાજ તે જાશિ તાહરી. ૩

પદ ૬૦ મૂં—રાગ એજ (જિત)

પ્રથમ પ્રીત્ય માંડી હવેં શૂં રહ્યો સાંભલી? ન્યૂન તાહરિ, હરિ,! થૈ રે આજ?
કોટડીં કુસુમની માલ તૂં ગ્રહી રહ્યો; તે કહો, ક્રષ્ણજી! શાનિં કાજિં? ૧
લોક માંહિં સહૂઈ સાંભલ્યા, 'મિં ભજ્યો'; તો હવિં કાં ત્યજો? શૂણિ, રે કાહન!
નીઠુર કાં થૈ રહ્યો? મણ્ડલિક મધ્યિ ચઢો, તો હજી તૂંહનિં નાવિ સાન? ૨
મેહલ્ય માયા હવિં ફૂલના હારની; વાર લાગિ હવિં, વિશ્વનાથ!
નરસિંઆચા સ્વામી! (હવિં) આસ તાહરી ઘણી; મૂકચ માં, મૂકચ માં હિવિં ગ્રહ્યો રે હાથ. ૩

પદ ૬૧ મૂં—રાગ એજ (જિત)

(હલ્યા!) હારને કાજિં વિલમ્બ વામાં ઘણૂં, નોહિ વૈદૂર્યમણિ–કૌસ્તુભ–માલા.
ઊજલાં ફૂલ ને સૂત્રનો તાંતણો, તિણિ શૂં રે મોહી રહ્યો, કૃષ્ણ કાલા? ૧

મૂકીઆં વને રોતાં. **ન.** ૨. c. d. અને ૩. a. b. **હીપા.** માં નથી. ૩. b. સુદામાનું દરિદ્ર ખોયું. **હીપા.** c. નાથજી! **હીપા.** d. અંતરગતિ તાહરૂં રૂપ જોયું. **હીપા.** ૩.જી કડી **ન** માં નથી. ૪. a. જનમ મધ્યે ચૂકયો નથી, જાદવા, **હીપા.** b. તો મુને હાર તું કાં ન આપાં? **હીપા.** c.°.હવે રજની થોડી રહી. **ગ–ન**; રાત. **હીપા.** d. °ર હસી કાં **ન**; રંકને શામળા શું. **હીપા.**

પદ ૫૯ મૂં:—અહીંથી બે પદ **હીપા**માં નથી. ૧. c. d. "અપકીર્તિ થશે, મારી ને તાહરી, વાતચિત્તમાં તને શેં ન લાજ આવે" **ન.** ૨. a. °ગી કરી. **ન–તન્નિ.** c. °જો તો હોં તુહને. ડ; તોય તુજને હરિ. **ન.** d. શીઘ્ર ડ–૪; સાહે સંભારી. **ન.** ૩. c. d. °મી! મુજને તો દુઃખ નથી, લાજ જાશે જદુનાથ તારી. **ત.**

પદ ૬૦ મૂં— ૧. c. કોટે. ડ; કોટમાં. **ફ–ન.** ૨. a. સઘલે ડ.

પદ ૬૧ મૂં:—આ પદ **હીપા**માં નથી. બમાં આ પદ બદલ નીચેનૂં પદ છે:—

"હાંરે માહારૂં મન માનું સામલીઆ સાથે, વશ કીધા નહીં અણા નેસાને,
બોલું ન ગમે બીજા કોનું, કામણ કીધલાં કાંહાંને રે. ૧
વાલા ધાહર વાલે જમ વેધીએ, મરઘનાદ સાંભલે કાને રે.
તમ વેધારી રહું મન માહારૂં, સામલીઆને ધાને રે. ૨
હાંરે વાલા! જે જે રંગ જેહેને વલભ, તે રીઝે તેને તાને.
નરસહીઆ રીજ ભીજે મન માહારૂં, હરિરસ અમરિત–પાને. ૩"

(બાપ!) ઊંચને મૂકીનિં નીચનિં અણુસરચો; દ્વારકારાય! મન્ય જોજ્યો વિચારી.
રાજાની દીકરી રુકમણી પરહરી, કૂબરી-મન્દિર રહ્યો, મોરારિ! ૨

(તાહરી) રતન-ગૂંજા વિચિં ભેદ નહિં, ભૂધરા! સાયર-છીલર એક જાણ્યાં.
મણ્ડલિક હારનિં પિરિં પિરિં પ્રભવે, તે દોહલૂં દાસનૂં શિં ન જાણ્યાં? ૩

લોક કૌતુક જૂઇ; યામ્યની અલ્પ રહીઃ ક્ષીણ થૈ જ્યોતિ; તેહવા રે દીવા.
કેશવા! કણ્ઠથી માલ વડ઼ી કરો; પ્રેમ્યેં આરોપો નરસિંય-ગ્રીવા. ૪

---

૪ સ્ત્રીનાં પદો

[માનબાઇ:—] પદ ૬૨ મૂં—રાગ મેવાડ઼ો (પડ઼તાલ)

'આધાર હૂતો રે તાહરો, હવિં કાં ન કરાં રે સાર?
પ્રીત્ય હૂતી રે પેલા ભવ તણી, તો કયમ મેહલોજી વીસારય? ૧

પટકુલ પ્રેમદાનિં પૂરિઆં રે; સારયાં સેવકનાં કાજ.
દીન જાણીનિં દયા કરો, સભા માંહિં આવો(જી), મહારાજ! ૨

વચન વનિતાનાં, સ્વામી! સાંભલો. રે, સનેહી સામલવાન!'
કર જોડ઼ીનિં કિહિ કામ્યની રે, **માનબાઈ** માગે રે માન. ૩

---

૧. a. °બ કરવો ગણો. **ન**; પામે ઘણૂં. ડ. °માં હલ્યા. **ક**. b. નોહિ કૌસ્તુભ મણિ વૈદૂર્યમાલ. **ક–ડ–ૠ**. d. તેણિ કાં મોહીલા ન.° **અ**; નન્દલાલા ડ-ફ. **હીપા૧ માં ૧લી** કડ઼ી પછી ૧ વધારેઃ—

"હીરની દોરીનો હાર ગૂંથી કરી, દામોદરા! અનિ કંઠ ઘાલો.
વાણૂં વાસે, તારા ભગતને મારશે. વિલમ્બ બહુ કરે; ફરી સે ન આલો?"

૨. a. હલ્યા ઊંચ મેહિલી અનિ નીચશૂં આશ્રયો. **અ**. b. જોને **જાદવરાય** જાત દાસી. **હીપા૪–ક–ડ; જાદવા હીપા૧**. જોયો ન જાદવા! મનિ વિમાશી. **અ**. જોઈ નહીં જાદવા! જાતદાસી. **ૠ–ન**. c. °ણી-રમણ! (તૂં) **હીપા૪–ક-ૠ**. d. °હ્યો રે વાસી. **અ–હીપા૪–ક–ન**. ૩. a. °ચે તાહરે વેહિરો નથી. **અ**; ભેદ નહીં તાહરે. **હીપા૧–હીપા૪–ડ–ફ**. b. સમ વખાણો! **ન**. c. °ક રાજા. **હીપા૪–ક**: °ય તો પરભાવે મુજને. **હીપા૧.–ક**; °ને કાજ મને પરભવે. **ન**. d. એ દુઃખ માહરૂં શે ન જાણિ? **અ**. ૪. a. લોક **આતમ**. **હીપા૪**. આનન. **હીપા૧–ક**; અનન્ત જુએ, અનેક પરજા રહી. **હીપા૧**. °એ; લાજ તારી ખુએ. **ન**. ૪. b. યોતિ તે ક્ષીણ હોઇ રે દીવા. **અ**; દીપકજોત તે ખીણ થાયે. **હીપા૧–હીપા૪–ક**. સુખે શું સુતો દેવાધિદેવા? **ન**. c. કેશવા માળ કંઠેથી ઉતારિયે. **ન**. d. આપ્યનાં. ડ–ૠ. પદ નરસિંઓ તે પ્રેમે ગાયે. **હીપા૪–ક**. →**અ** અને **હીપા૧** માં પ્રભુયે હાર ઉતારી આપ્યો, તે વખતનૂં પદ હોય તેવી રીતે ૪. c. ના પાઠ મળે છેઃ—

"કેશવિ કણ્ઠિથી માલા વડ઼ી કરી; પ્રેમે આરોપી નારશૈય—ગ્રીવા" **અ**.
"કેશવે કણ્ઠથી હાર વડ઼ો કરો, પ્રેમે આરોપિઓ **નરસૈં**-ગ્રીવાયે" **હીપા૧**

તન્નિમાં આ પદને છેડ઼ે નીચેની લીટી છેઃ—
"સર્વ સભા તાં સુખનેં પામિ. પદ **નરસિંયો** પ્રેમ્યેં ગાય."

પદ ૬૨ મૂંઃ—૧ a. હરિ હૂં ને ક; અમને હીપા૪–ડ–ૠ. d. તે કયમ મૂકીજી વીસારી? હીપા૪; **મેલી ડ–ૠ**. ૩ a. °નાં વલી સાં° ફ.

[કાહ્નબાઈઃ—] પદ ૬૩ મૂં—રાગ એજ (પડ઼તાલ)

સામલિઆ સનેહી ! અમ ઘિરિ આવજ્યો રે, કહૂં માહરા મનની વાત.
લટકલટક દેખૂં આવતા રે, બલ ભરી લેઊં રે બાથ. ૧
કોડ઼ કામ્યનીના, પ્રભુ ! પૂરવા રે, સભા માંહિં આવો, મહારાજ !
મણ્ડલિક મિંતાજીનિં મારશિ રે, તો તમને લાગશિ રે લાજ. ૨
પ્રીત્યના બાંધ્યા રે ઘિરિ પધારીઇ રે, પ્રીતમ પ્રાણ-આધાર !
કાહ્નબાઈ કરિ, વાહલા ! વીનતી રે, માહવજી ! મ લાજ્યો રે વાર. ૩

[રતનાઃ—] પદ ૬૪ મૂં—રાગ માલવશ્રી (તાલ જિત)

માહરા રે જીવન યાદવા ! વીનતડ઼ી અવિધારિ રે.
બ્યનિતા જન તૂંહને વીનવિ, વાહલા ! એવડ઼ી શી લાગિ વાર રે ? ૧
દુરિજન દૂખ દેખિ ઘણૂં, મિંતાજીનિં આપો હાર રે,
બરદ તમારૂં સાંભલૂંઃ તહ્યો સેવક-જન-સાધાર રે. ૨
મામિરૂં કીધૂં ભલૂં, તો હવિં કાં મૂકો હાથ્ય રે ?
લાજ તમનિં લાગશિ રે, વાહલા ! ભગતવછલ વ્રજનાથ રે ! ૩
સાર કરોનાં, સામલિઆ રે ! તહ્યો કયહાં વલુધા છો રે આજ રે ?
લમ્પટિયા લાજો નહીં રે, તમને કિશિં, મહારાજ રે ! ૪
અહ્યો તો તમને અણુસરાં, તો પામૂં ફલ અવિનાશ રે.
કર જોડ઼ી વીનવિ કામ્યની, રતન તમારી દાસ રે. ૫

[સુરેસનાઃ—] પદ ૬૫ મૂં—રાગ મારૂ (એકતાલી)

અમારી વીનતી જી, તમ્યો સાંભલુ, સારિઙ્ગપાણિ !
સઙ્કટ હૂતે શૂં કહૂં ? વાહલા ! તમ્યો છો ચ્યતુરસુજાણ. ૧
દાસ તમારાં દોહલાં, તે કયમ સહો છાં, આધાર ?
વિલમ્બ ન કીજે, વીઠલા ! હવાં એવડ઼ી શી લાગે વાર ? ૨
સજ થાઓનાં, સામલિયા ! લક્ષ્મીવર ! લીલવિલાસ.
છબીલાજી ! છાના કયહાં રહ્યા ! માહરિ અવરિ કોહની આશ ? ૩
તમ્યો તો સદાએ, ત્રીકમજી ! શરણાગત્ય-સાધાર !
કિહિ સુરસેનાઃ કૃષ્ણજી ! આણિ અવસરિ આપો હાર. ૪

પદ ૬૩ મૂંઃ—૧ c. લટકે ને લટકે રે હીપા૪. દેખૂં હરિને આં બ. ૨. b. આવો એણે અવસરચ આજ ફ. ૩. a. °રે પ્રભુ ! ૫° ક. d. મ લો આંહાં વાર. હીપા૪. મ લાઓ ક. મ લાહો. ફ.

પદ ૬૪ મૂંઃ—૧ d. માહાવજી ! મ લોને વાર. હીપા૪. વાહલા આવડ઼લી બ. ૨. a. દાખે હીપા૪-ક-ડ-પ્ર. c. °લો. બ-ફ. ૩. b. મેહેલો ડ-ફ. ૪b. મહારાજ ! હીપા૪. c. લાજ આવે નહીં. હીપા૪. ૫.b. ફલ પામેવા અ° ક. c. °ડ઼ીને કહે કાં. ડ-પ્ર.

પદ ૬૫ મૂંઃ—૧.c. °ટ પડ઼ે. હીપા૪. તે હૂં ડ. ૨. b. મહારાજ ! હીપા૪. ૩. a. સજ્જન ડ. તમે સા° ફ. c→ છબીલાજી-ત્યાંથી ડ. ત્રૂટે છે. કયમ રહેશો. હીપા૪-પ્ર. d. અવરચ ન હીપા૪.

૫. કથાસન્ધાન—

[રામાનન્દ:—] પદ ૬૬ મૂં-રાગ સામેરી (એકતાલી)

કોએક ધર્મનન્દ્યા કહિ, રખે વારતા અધવચ્ય રહિ!
રામાનન્દ સન્યાસી કથા કહિ: જાઓ કથા અધવચ્ય નહિં રહિ. ૧
જો કો કોહની કૂડી પક્ષ કરિ, તો સન્યાસી નરક સાંચરિ,
કુમ્ભીનરક પડિ નર તેહ, વૈષ્ણવજન(ની) નન્દ્યા કરિ જેહ. ૨
પાણ્ડરપુર નગર છે એક; તેહ માંહિ **નામો** સોઇ વિશેખ.
નામદેવને હરિશૂં પ્રીત્ય: **રામાનન્દને** એહજ રીત્ય. ૩

[મ્હેતો:—] પદ ૬૭ મૂં-રાગ એજ

પછે સઘલા કાઢશો ખોડ્ય; મન માંહે રેહશે મનનુ કોડ;
તમ્યો જખ મારશો; હાર આપશે; વેચીશે તો વેચાયો જશે. ૧
ભણે **નરસિંઓ** : વલી સાંભલો; કહ્યાં કથન રખે પાછાં ગલો! ૧$\frac{1}{2}$

[મ્હેતો:—] પદ ૬૮ મૂં-રાગ રામગ્રી (તાલ જિત)

તુહને ભક્ત કિમ સાંભરે રે? સેવાનો સાધાર!
તુહને દાસ કિમ વીસરે રે? સકલ વિશ્વાધાર! – ધ્રુવ.
જેહને સોલ સહસ્ર શત નારી; સાઠિ લાખ સુતવન્ત;
તોહે તૂંને તૃપ્ત્ય ન હોઇ: વીનતી કરૂં છૂં ખન્ત. તુહને૦ ૧
આગે ભક્ત અનેક તેં ઊધરયા; તેહ વીમાસણ મૂંને.
ભણે નરસૈંઓ : થા સાવધાન; ખોડિ લાગશે તૂંહને. તુહને૦ ૨

[મ્હેતો:—] પદ ૬૯ મૂં—રાગ સામેરી (પડતાલો)

કો કેહશે, "મ્હારાંડનો, માબલતો કુજાત્ય રે,
ધૂતારો નિર્ધાર જાણો, તેહે તો તરજાત્ય રે; ૧
લણ્ઠ લમ્પટ ચાડિઓ, સઘલિ પાડતો સોર રે;
ગોકુલ માંહે ઘણૂં રિહિતો, નવનીત તણો ચોર રે. ૨

પદ ૬૬ મૂં:→ આ પદ હીપામાં નથી. **તંત્રિમાં** ૧. c. પ્હેલાં:—તમ્યો જખ **મારશો, હાર** આપશે. ૧. c. એણીપેર ક–ફ. d. વારતા ક. ૨. c. °પાક પડે. ક– ફ. d. દુહુવે જેહ. ફ.
→ આ પદ પૂરૂં થતાં ૬૬ નો આંક આપી **તત્રિ.** પ્રતિ તૂટે છે.

પદ ૬૭ મૂં:—હીપામાં અહીંથી ૪ પદ નથી. ૧. d. વિચાર સઘલો ખોટો થશે. **હીપા૪.**

પદ ૬૮ મૂં:—૧. a. તરણી તાહારે. **બ.** રાણી. ક–ફ. d.વાહાલાં વી° **બ.** હૂંતાં ફ.
૨. b. હવે કાંઇક કહૂં છૂં તૂંને **હીપા૪.** d. લાજ. **બ.**

પદ ૬૯ મૂં:—૧. d. તરિયાનો **બ.** ૨. a. ચંચલ **હીપા૪–અ.** ૨.c–d. **હીપા૪.** માં નથી.
૩. a.b. પછી **હીપા૪.** માં:—"ગાઉ ચારીને ઘેર જાતો, ઘનારી ગુજરને ઘેર જાતો."

(ઢાલ—જિત)

તૂં તાં ગોકુલ માંહેં રિહિતો; તિહાં નવનીત ચોરી લિહિતો;
ગૂજર ધનાઇને ઘેરચ જાતો; તિહાં ટાઢો ઢૂબર ખાતો. ૩
ધનાઇ બાંધતી ગાઢે તાણી; તિહાં મૂકાવતો, સારિઙ્ગંપાણિ!
તહ્મો તે વેલા સમ્ભારો. એહવૂં જાણીને ઊગારો. ૪
માંહોમાંહિ મોટાઇ મ આણો; મુનિ પોતાનો કરી જાણો.
માહરે ભૂંડે તાહરૂં ભૂંડું; માહરે રૂડે તાહરૂં રૂડું. ૫
માહરી પત્ય જાતે તુઝ જાએ; તાહરે વૈકુણ્ઠે ન રિહિવાએ.
અમશૂં વાદાઇ ના કીજે; હૂંને હાર–તાંતણો દીજે. ૬
નાગર બાટકબોલા કહીઇ; તે તો કોહની ન આણે હઈએ.
લોક વ્યરુઆં બોલે માહરાં. ઢાંકચ માહરાં; ઊઘાડિશ તાહરાં. ૭
તૂં કોહનાં હૃદયમાં બેઠો? વલતો માહરી મીંટિ ન દીઠો.
વૃષભાન–સુતા રહી રાખી; એહવૂં વેદ વદે છે સાખી. ૮
શુકદેવના હૃદે માંહિ જાઈ; પરીક્ષિતને શ્રવણે સમાઇ.
તાહરાં વરુઆં પૂરાં ન થાએ. પદ એક નરસિંઓ ગાએ. ૯

[મ્હેતો:—] પદ ૭૦ મૂં—રાગ એજ

સામલિઆ! ગોપિઆં માંહિ ફરતો; તૂં તો રિહિને ગિહિલાઇ કરતો.
તૂં તો આવ્ય, ચોરટા! ધાઈ. તાહરાં ચરણ રહ્યો છૂં સાહી. ૧
તૂંહને ઘણા દ્યાઢાનો વલગો; હૂં કચમે ન થાઊં અલગો.
તૂં કમજાત્ય કુજાત્ય કહાવાં. તૂં તો આહીરડાં–ઘિરિ આવાં. ૨
તૂંને કોણ નારચ મ્યલી માતી? તૂંશૂં હજી રમતી નથી ધ્રાતી?
હવે રજની થોડી થાએ; તાહરો નરસિંહો પીલાએ. ૩
એણે પરધાનેં પેરચ કહી; તેણે હાર બાંધ્યો છે સહી.
રાજાઇં દીધૂં છે તાલૂં; તેહનૂં મ્હોં કરવૂં છે કાલૂં. ૪
પણ્ડિત વારચો છે જહીંએ; એહને સાન નહીં કાંઈ હૈએ.
તિહ્નારેં લડતો બ્રહ્મ આવી બીઠો; તે તો સુરસેનાઇં દીઠો. ૫
પાંચિનિં અધકરડી બીડી આપી : 'ઝખ મારશે પેલા પાપી,
તેહની જિહ્વા નાખૂં કાપી, જે તહ્મને ઊઠે શાપી. ૬
તહ્મો હૂંને વેંચો તો વેંચાઊં; કાચે તાંતણે બાંધ્યો જાઊં.
બ્રહ્માદિકને વશ હૂં ન થાઊં; યજ્ઞવિદ્યા તહાં હૂં ન જાઊં. ૭
જેહને ભણ્યા તણૂં અભિમાન, ત્હાં નાવૂં;" કિહિ ભગવાન;

૪. a. ગાંઠી ક. ૬. b. કચમ હીપા૪. c. વેવાર હીપા૪. d. °ર–કરવા કીજે. હીપા૪ ૮.a. પેઠા હીપા૪. c. ગોકુલનાર હરિની માની હીપા૪. ૯ a. પેઠો. હીપા૪.

પદ ૭૦ મૂં— ૧. a. રમતો. હીપા૪. ૩. a. વાહાઓ? હીપા૪. b. રમતાં નથી ધરાઓ બ. d. પીડાએ હીપા૪-બ. ૫. b. ન હુઈ તાંહાં. હીપા૪. ન આવે. બ. c. લડસડતો હીપા૪-બ-ક.

'તુહ્મો ગોકુલ–નારચથી વાહલી; તુહ્મારી પ્રીત્યે આવ્યો ચાલી. ૮
તુહ્મે જે માગો તે આપૂં; એ સત્ય વચનથી થાપૂં'
રતનાંનિં (ગાઢં) આલિઙ્ગન દીધૂં; અઙ્ગોઅઙ્ગ મહા ટાઢં કીધૂં. ૯
કાહ્નબાઈનિ માંથિ મૂક્યો હાથ; કહ્યૂં: 'સાંભલજ્યો માહરી વાત;
તહ્મશ્યૂં રમત્ય કરૂં છૂં હૂંઅ; માનબાઇ! સાંભલિ તૂંઅ: ૧૦
આપણ રઙ્ગવિનોદ કીજે; એહવા ખેલ મ્યલી ખેલીજે.
મન્ય આરત્ય કશી મ કરસ્યો. માહરા નામ થકી તહ્મો તરસ્યો. ૧૧
એ પાપીનો ગઢ જાશ્યે; રામાનન્દ શાપી અલગો થાશ્યે.
હવાં એક પુહુર છે રાત્ય. તહ્મનિં હાર આપેશ પ્રભાત્ય. ૧૨
તહ્મો કેદારો ચિન્ત્ય ન આણ્યો; મેહતા ધરણીધરનેં અડાણો.
મેહતે લખી આપ્યો મહારાજ એક બ્રાહ્મણ કેરે કાજ્ય.' ૧૩
તેણે રાગ સામેરી કીધો; નરસૈંઆનેં સાહસ દીધો. ૧૩½

[મ્હેતોઃ—] પદ ૭૧ મૂં—રાગ એજ (તાલ જિત)

સખી માહરી! તૂં કિહિતી જે કાહ્ન પેલો પીંડારમાં રે.
એહવો સુન્દર રૂપનિધાન નહીં નર–નારચમાં રે. ૧
બાંધ્યો સામલિયાશૂં સ્નેહ, મેહ યમ ચાતુકી રે.
પેલાં લોકડાં બોલે આલ્ય; ગાલ્ય દિઈ પાતકી રે. ૨
હરિગુણ ગાતાં લાજ લાગે તો લાગજ્યો રે.
કપૂર ખાતાં દાંત ભાંગે તો ભાંગજ્યો રે. ૩
ખરચતાં ગરથ ભણ્ડાર ખૂટે તો ખૂટજ્યો રે.
સોનૂં પિહિરતાં કાન ત્રૂટે તો ત્રૂટજ્યો રે. ૪
રમતા રઙ્ગીલા સઙ્ગ્ય ખીજે તો ખીજજ્યો રે.
બિશી ગઙ્ગ ઊતરતાં નાવ છીબે તો છીબજ્યો રે. ૫
થડ મૂકી વલગે કડાલ્ય, કોય નવિ વિસમે રે.
નરસૈંઆ કેરૂં મન્ન, છબીલાશિયૂં રમે રે. ૬

---

૮. b. એવૂં વચન કેહે. ક. ૯. b. એવૂં વચન સ્થિર કરી થાપૂં. બ. ૧૦ b. તૂંનાં સાં° બ. c. છૂં એહ. ક. d. °જે તેહ પ. ૧૨ b. શાપીને. બ–પ. ૧૩ a. તે તાં......પાછે રાજ. બ. આપ્યો જે રાજ પ.

પદ ૭૧ મૂંઃ—બ. સિવાયની પ્રતિયોમાં મારૂ. ૧,c. ચતુર સુજાણ, નહીં. હીપા–બ. ૨. d. જ્યમ ધન હીપા. c. °ડાં દે છે ગાલ્ય હીપા. d. તે મહા પાં° ક. દુરીજન પા°. હીપા. ૪.a. પુણ્ય કરવાં ભંડાર, હીપા. ૫.a. છબીલા–સ°. બ. a.b."રમતાં શામળીઆશૂં સાથ રૂઠે તો રૂઠજો રે." હીપા. c. ગંગા ઉતરતાં પ્રાણ, હીપા. ૫.મી પછી હીપામાંઃ—

"કાશી જાતાં કાય પડે તો પડજો રે.
હરિ ભજતાં સંસાર નડે તો નડજો રે"

૬. a. °ગુંડાળ હીપા. d. કાળ વિષમ ભમે પ. મસ્તક. હીપા.

[કવિઃ—] પદ ૭૨ મૂં—રાગ કાહુલેરો (એકતાલી)

મેહતા ધરણીધરને ઘેરચ તુલાજે ચાલ્યા મહારાજ,
નરસૈંઆનૂં રૂપ ધરીનેં કેદારો મૂકાવા કાજ્ય. ૧

જૂનાગઢથા જૈને પુહુતા, ગરથ ગણીને આપ્યો નાથિ,
વ્યાજ સહિત વાલીને દીધૂં; પત્ર લીધૂં તે પાછૂં હાથ્ય. ૨

ધરણીધરનિં વહૂ ઇક લોઢી; તેહને વાહલૂં હરિનૂં નામ;
અકજ કરીનેં અલગી રાખી; ગિહિલી પરઠી સારે ગામ્ય. ૩

તે વહૂનિ ઘિરિ પ્રભુ પધારચા; રૂપ પ્રગટિઊં તેણે ઠામ્ય.
સહૂકો દેખતાં કીધી સપરાણી; એક પન્થ બે કીધાં કામ. ૪

ત્યાંહથા આવી અન્તરિ રહીનિં નાખી ચીઠી ખોલા માંહિ.
વાલ્યૂં ખત વાંચ્યૂં નરસૈંહે; રાગ કેદારો કીધો ત્યાંહિ. ૫

[મ્હેતોઃ—] પદ ૭૩ મૂં—રાગ કેદારો (તાલ જિત)

ભક્તિ વાહલી, નાથ! ભક્તિ વાહલી : વૈકુણ્ઠ લોકથો આવ્યુ ચાલી,
અખિલ-ઇન્દ્રાદિકા-દેવ-મુનિ-દુર્લભા! ગોપિઆંચે ગલે બાંહ્યા ઘાલી. ૧

ભક્તિ કારણ્ય યશોદા-ઘિરચે પ્રગટિઆ; કંસ વિધ્વંસ્યુ, નેં નાથ્યુ કાલી.
ભક્ત જાણીનિં અમ્બરિષ ઊગારિઓ : દસ વાર અવતરી વાચ પાલી. ૨

ભકત્ય-કારણુ નરસિંહ-વપુ તેં ધરચૂં; સમરચાં પ્રહ્લાદનેં સાદ દીધો.
નરસિંઆચા સ્વામી! ભક્તવચ્છલ હરિ! ભક્ત-ભાવે ધ્રુનેં અચલ કીધો. ૩

પદ ૭૨ મૂંઃ—આ પદ હીપામાં નથી. ૧.d. ગ્રથ લેઇ હીપા૨. ૨.a. જૂનેગઢ જૈ, ફ. c. ˚ર્યો હાથ. બ-હીપા૧-ફ. d. પોતાને હાથ્ય હીપા૧. ૩.d- સઘલે ગામ્ય ફ. કહે સહૂ. ગામ્ય. હીપા૧. ૪.d. પ્રગટાવ્યૂં હીપા૪-બ. પ્રગટ કીધૂં. ફ.

પદ ૭૩ મૂંઃ—૧ a. દેવા ભ˚ હીપા-ન; ˚લી તુંને હીપા. દેવા ન. b. વૈકુંઠથી ભૂમિ આવ્યો ચાલી. હીપા-ન. c. અખિલ સ્વરૂપ તું દેવને દુર્લભ. હીપા-ન. દેહાદિક. હીપા૪. ૧લી પછી હીપા-નમાં વધારેઃ—

"શ્રીમુખે કહો છો જે ભક્તને અધીન છું, દાસને પ્રાણની પેરે× રાખું.
સરવની સાહે કરાં+રે તું કૃષ્ણજી, †† માહારૂં કરમ દીસે રે વાંકું."

[* ˚ખે એમ કહ્યું ભક્ત-આ˚. ન. ×˚ર પાળો. ન.+˚રે છે તું શામળા. ન. ††આજ દુઃખ મહારૂં શે ન ટાળો. ન.]

૨. a. અવતર્યો. હીપા-ન-ફ. b, ˚વધ્યો ને. હીપા૪; વધ કીધો. ગ; ˚શી ને. ફ; માર્યો. ન. કંશકુલ નાશ કરી ના˚. હીપા. d. દસે અવતાર તે. ફ; અવતાર લીધા તેં વાળી. ન-હીપા. ૩. a-b. "સ્તંભ માંહાં વાસ પૂર્યો ભક્તિ કારણે, દાસ પ્રહ્લાદને અભેદાન દીધું." હીપા-ન. [સ્તંભ ફાડી આવ્યો ભક્તને કારણે, પ્ર˚. ન.] b. ˚ને શરણ્ય લીધો. ગ. c. ˚લ સદા હીપા. ˚હરિ. ગ. d. હારને કાજે કાં અસુર કીધું ? હીપા-ન.

પદ ૭૪ મૂં—રાગ એજ

ભકત્ય નાપે નાથ ભકત્ય નાપે; વલી કોટય બ્રહ્માણ્ડનૂં રાજિ આપે;
આપણા અઙ્ગની શ્રીય આપે, વલી આપ સરીખડો કરિઅ થાપે. ૧
મુકત્ય માગે તિનેં મુકત્ય આપે, વલી સુન્દરી સકલચા ભોગ આપે;
અખિલ ઇન્દ્રાદિકા–ભોગ આપે, વલી તે થકી અધિક તાં કરિઅ થાપે. ૨
ભૂર રસનાઇં કરિ નિન્દતા સાધુનેં; ભક્તની વારતા શૂં રિ જાણે?
તુલસી–તિલકના વેષ ખોટા ધરે; આપ સાધુ કહી મુખ્ય વખાણે. ૩
અવરિ યે બાપડા મુકત્યનેં યાચિ, તે મૂઢનેં કૃષ્ણ સેવા ન રાચે;
અજ્ઞાન નરસિંઓ કાંઈ યાચે નહીં; જનમ–જનમે તોરી ભકત્ય યાચે. ૪

[મ્હેતોઃ—] પદ ૭૫ મૂં–રાગ એજ (પડતાલો)

હૂં માગૂં તાં મુઝનિં મયા કરુ, ગાયના ચારણ ગોવાલિઆ!
પરદુઃખભઞ્જન પીંડારિઆ! ૧
જે જે માગે તેહનિં તે આપાં; તો હૂંનિ શેં નાપાં, નારાયણિઆ?
રાત્ય દિવસે સેવાં કરૂં તોરી; સારચ કરચ મોરી, સામલિઆ! ૨
ભણિ નરસૈંઃ હૂં અવરચ ન લેશ;
તાહરી ભક્તિ વિના અવતાર મ દેશ. ૩

પદ ૭૪ મૂંઃ— આ પદ હીપામાં નથી. ૧. c. સ્ત્રી ગ–ન. d. પણ ભૂધરો ભગત કેમે ન ન આવે. ન. c. d. પ્હેલાં ક્રમાંઃ–"સકલ સુન્દરીયાચા ભોગ આપે." ૨. c. °આદે દેઈ. ન–હીપા૧. ૨–૩ જી કડી હીપા૪–બ–ક–ગ માં નથી. ૩. a. પૂર. ફ. ૪. c. ન રાચે હીપા૪; ભગત નરસીંહો રીઝિ સાચે. અ. ન આ પદ નીચે મુજબ વાંચે છેઃ—

"કો હોય બ્રહ્માણ્ડનું રાજ આપે, આપણા અંગની સ્ત્રી ન આપે,
વળી આપ સરીખડો કરી થાપે, ભક્તિ નાપે નાથ ભક્તિ ન આપે.
ભક્તિ માગે તેને મુક્તિ આપે, વળી સકલ ભોગ સંજોગ આપે.
અખિલ ઈંદ્રાદિક ભોગ આદે દેઇ તે થકી અધિક કરીને થાપે.
જે કોઇ નિંદે ભક્ત વૈષ્ણવને, તે ભક્તિની વાતમાં શું રે જાણે.
તુલસી તિલક તણા ભેખ ખોટા કહે, આપ આપણી તે તો નાણે.
અવર જે બાપડા મુક્તિને માગે, મૂઢ તે કૃષ્ણ સેવા ન જાચે.
આંહાં નરસૈંયો કાંઈ ઈચ્છે નહીં. જનમ જનમ તારી ભક્તિ રાચે.

પદ ૭૫ મૂંઃ—અહીંથી ૪ પદ હીપામાં નથી. માત્ર ૭૭ મા પદની ૧–૨ કડી વચ્ચેની ફૂટનોટમાં આવતી કડીયોના જેવી કડીયો છે, જે અનુપયુક્ત હોવાથી અહીં કે ત્યાં ઊતારવામાં નથી આવેલ.

૬. હારપ્રાપ્તિ—

[કવિ:—] પદ ૭૬મૂં—રાગ એજ

દાતણ કરવાની વેલાંયે વાચ પોતાની પાલી રે.
આપુલા ભક્તનિં લાડ લડાવ્યાં; વિપત્ય સઘલી ટાલી રે. ૧

મુનિ જનનો તેડ્યો નવિ આવિ; બ્રહ્માદિકને વશ્ય ન થાયે રે.
એ **નરસૈંઓ**, એહજ ગોપી : એક સ્વરૂપ કિહિવાયે રે. ૨

[કવિ:—] પદ ૭૭ મૂં—રાગ આશાવરી (એકતાલી)

આફણીઈ જોનાં દ્વાર ઊઘડિઆં; **હાર ગોપાલજીઆં દીધો** રે.
રાજા હૂતો તે થરથર ધ્રૂજ્યોઃ 'મોટુ અપરાધ મિં કીધો રે. ૧

રામાનન્દનિં રીસ ચઢી નેં શાપ રાજાનેં દીધો રે:
'ત્રણ્ય મસવાડે મ્લેચ્છજ થાજ્યે;' એહવુ દણ્ડ તાં કીધો રે. ૨

સુરસેનાં આવી કર સાહ્યોઃ 'શાપ રાજાનિં ન દીજે રે.
આપણનેં જિણિં ભૂંડૂં કીધૂં, તેહનિં રૂડૂં કીજે રે.' ૩

તિહ્વારાં રાજા મન્ય પછતાણો; આવીનિં દણ્ડવત કીધો રે:
'મેં કુમતિઇં કહ્યૂં ન માન્યૂં; (માહરુ) એકિ મનોરથ ન સીધો રે. ૪

પદ ૭૬ મૂં:—**રાગ આશાવરી** ૫. **ધન્યાશ્રી** ગ. ૧-૩. ઁયે માહારે વાલે ફ. c. આપણા દાસને **બ → હીપા૪.** માં ૧ ૯. d. નથી.

પદ ૭૭ મૂં:—૧ લી કડી અને ૨ જી કડી વચ્ચે જુદી જુદી પ્રતિયોમાં જુદે જુદે ક્રમે સન્ન્યાસી વગેરેયે જે જે સ્વરૂપાત્મક પ્રભુનાં દર્શન કર્યાં, તેનો ઉલ્લેખ છે, તે આ પદ્ધતિયે— "**રામાનન્દે** રામરૂપ દીઠો, **મુકન્દાશ્રમે** મુકુન્દરૂપ દીઠો," વગેરે. તે બધાયને મતે મળી થતાં નામો આપી જાઊં છૂંઃ—**અદ્‌ભુતાશ્રમે અદ્‌ભુતરૂપ, અદ્વૈતાશ્રમે અદ્વૈતરૂપ; વાસુદેવાશ્રમે વાસુદેવરૂપ; માધવાશ્રમે માધવરૂપ;** કેશવાનન્દે કેશવરૂપ; **અનન્તાશ્રમે અનન્તરૂપ;** મુકુન્દસરસ્વતીયે મુક્તિરૂપ; **નારાયણે નારાયણરૂપ; શિવાનન્દે** શિવરૂપ; ગોવિન્દાશ્રમે ગોવિન્દરૂપ; બાલકાશ્રમે બાલકરૂપ; ચિદ્રૂપાશ્રમે ચિદ્રૂપ; **અચ્યુતાશ્રમે અચ્યુતરૂપ; બ્રહ્માનન્દે બ્રહ્મસ્વરૂપ; નરસૈંઆશ્રમે નરસિંહરૂપ; મુકુન્દાશ્રમે મુકુન્દરૂપ; ભામડે મગવાણિઉ દીઠો; વૈષ્ણવે વ્યાપકરૂપ; શ્રીપત્યે પણ્ડિતરૂપ (શ્રીપાતરૂપ);**

"**રાજાની માઈ** ચતુર્ભુજ દીઠો; **ચ્યારિ સ્રીઈ** ચતુરભુજ દીઠો.
આપ આપણે અધિકાર દીઠો; તિહ્વારેં **નરસૈં** રહ્ગીલો દીઠો. ૭

પરધાનિ પ્રલેરૂપ દીઠો. **રાજાઈ** કાલરૂપ દીઠો.
ચ્યારે સ્રીને ખોલિ બીઠો, **રામાનંદે** દીઠો ૮."

૩. ૬. હાથ. ગ. c. આપણૂં ભૂંડૂં કીધૂં હોયે જ્યેણિ, ગ.

આગિ સુવર્ણ બ્રહ્મપુરી આપી; તે કશ્યૂં ન આવ્યૂં કામ્ય રે.
કલિયુગમાં હરિભક્ત્ય મોટી, વલી નારાયણનૂં નામ રે. ૫

એહ વાંક તાં કોહનેં કહીઇં ? મ્યલ્યા ભીમ–સન્ન્યાસી રે.
નારાયણનો જન મેં દુહુવ્યો; હૈઇં ન જોયૂં વિમાશી રે. ૬

[મ્હેતોઃ—] પદ ૭૮ મૂં—રાગ એજ

માહરા ઠાકુર દામોદરા ! માહરી સારચ કીધી સવારી રે.
આગિં અનેક ભક્ત તેં ઊધરચા કૃપા કટાક્ષિ, મુરારિ રે ! ૧

શુકસનકાદિક, મુનિવર નારદ, નિગમ ચતુર્મુખ ગાઇ રે.
હનુમન્ત સરીખા તાલ ધરે; માહરી ગણના કવણ ગણાઈ રે ? ૨

જેહની સેવા સુરનર વાઞ્છે; સહસ્ર અઠ્યાશી ધાઇ રે;
ઇન્દ્રાદિક ગાન્ધર્વ અપછરા, નિતિનિતિ નૃત્ય કરાઇ રે. ૩

અઙ્ગવસ્ત્ર આભૂષણ આપ્યાં; સોંપ્યા સવિ શૃઙ્ગાર રે.
મણ્ડલિક દેખતાં મહારાજે ઘણી વિધિં આપ્યો **હાર** રે. ૪

રા દસ તોલા ઘાઢિ સુવર્ણ દેતો; નિતિ નાહતુ ગઙ્ગાનીરિ રે;
વૈષ્ણવ સાર્થ્યે દ્વેષ કરચો તો પામ્યો શાપ શરીરિં રે. ૫

---

૫. a. b. બદલઃ—

"વલતો **નરસૈહો** એણી પિરિ બોલ્યો, આગિ સોવણ બ્રહ્મપોર તિં વિપ્રનિ આપી રે.
ફોકટ માટે ભક્ત સન્તાપ્યા, તે સર્વિં ષોહોઉ પાપી રે.
તેં તો ભક્ત સન્તાપીનિ સર્વે ષોહોઉ: કાંઈ ન આવ્યૂં કામ્ય રે." ગ.

૫. a. °પોલ્ય. **અ.** °પોર. **બ. ૬. c. d.** "સહિતિ ત્યેં હરિના જન દૂભવ્યાં, હૂં દીન જોઉ વિમાશી રે." **ગ.**

આ પછી **બ** સિવાયની **ક્ષ-ગ** પ્રતિયો વધારો આપે છેઃ—

"વલતો **નરસૈંહો** એણી પેરે બોલ્યો, સાહી રાજાનો હાથ રે,
વાંક સઘલો છિ તાહારી માતાનો; જૈનેં પૂછ્યનિં વાત રે.
રાજા ઊઠી ગયો માતા કનિ; જૈનિં પાસિ રહ્યો રે. [બેઠો પાસે. **ક્ષ.**]
'કાં દીકરા ! તેં કહ્યૂં ન માન્યૂં ? તે તાહારો ગઢ એ ગયો રે.' [જાશે. **ક્ષ.**]
વલતો રાજા ઘણી પિરિં બોલ્યોઃ 'માતા ! તાહરો વાંક રે.
સાચૂં કહિનિ, માતા માહરી ! થૈ પૂછૂં હૂં શંક રે. [થાઈશ તાહરો ક્ર.]
વલતી માતા એણી પિરિ બોલીઃ 'સાચૂં કહૂં છૂં હૂંચ રે.
તાહરા ઘરમાં એક મ્લેચ્છ હૂતો, ચેહની દૃષ્ટિં ઊપનો તૂંચ રે."

આ ઉપરાંત **ગ** ૭૮ મા પદની છેલ્લી કડી અહીં આપી દિયે છે.

પદ ૭૮ મૂંઃ—૧. d. કૃપાકરણ. **ગ.** ૪. b. ધરિ ધ્યાન રે. **ગ.** d. કરિ તાન રે. **ગ.**

સારી સોરઠ જોવાનેં આવી. પુહુતો મનનો કોડ રે.
સકલ સભામાં ભલો ભવાડો; નરસૈંહો જીત્યો હોડ રે. ૬

કલિજુગ માંહે કઠણ માનવી; તે પામર કિમહિ ન પતીજે રે.
ભણિ નરસૈંઓ: સુણ, નારાયણ! ચરણ-શરણ રાખીજે રે. ૭

[કવિઃ—] પદ ૭૯ મું-રાગ એજ

દામોદરે કીધી દયા; નરસૈંયાનો રાખ્યો રઙ્ગ.
આપણા સેવકનિં સુખ કારણે, મણ્ડલિક કીધો માનભઙ્ગ-ધ્રુવ.

કો કિહિ કામી, કો કિહિ કપટી, સેવકને તાહરી આશ:
રાખી લાજ સભા માંહિ સાચી; દુરિજન માહરા થયા નિરાશ. દામો૦ ૧

એણિં જાર જાતિયેં કાંઈ ન જાણ્યૂં; વૈષ્ણવ સરસો કીધો વાદ.
અન્તરગતિ અન્તિજનો જાયો: અસુરાં કુલિ ઊપનુ વિખવાદ. દામો૦ ૨

કલિયુગમાં ૬ક પરતક્ષ દીઠૂં: નરસૈંયાની જીતી હોડિ:
આપ્યો મુગટ, કુણ્ડલનિં માલા; આપ્યાં પીતામ્બર કટિ છોડિ. દામો૦ ૩

જેજેકાર હવો રિ નગર માંહિ; હરખી આપ્યો હાર હરિં.
મણ્ડલિકની મામ નીગમી; નરસૈંનિં કૃપા કરી. દામો૦ ૪

[મ્હેતોઃ—] પદ ૮૦ મું-રાગ એજ

દામોદરેં કીધી દયા; મુગટ સહિત મુનિં આપ્યો હાર.
બાજૂબન્ધ બિહિરખા આપ્યા. ત્રિભુવન વરત્યો જેજેકાર-ધ્રુવ.

રાજા! તૂં ગિહિલો થયો છાં: ખઙ્ગ લેઇનિં આવ્યો સઙ્ગચ.
જે વાહલાશૂં રઙ્ગભરિ રમતાં, તે ગોપાલજીઆં રાખ્યો રઙ્ગ. દામો૦ ૧

એહ વાતનૂં સાચૂં જાણો. હ્રદય આણો દૃઢ વિશ્વાસ.
નરસૈંઆચો સ્વામ્ય ભલિં મિલિઓ; સફલ મનોરથ; પુહુતી આશ. દામો૦ ૨

---

૫. b. આપ્યા સોલ. ગ → બ માં ૧ લી કડી નથી. અને તે ઊપરના પદ સાથેજ આ પદને ગણે છે. ગ માં ૭ મી નથી.

પદ ૭૯ મું:—→અહીંથી ત્રણ પદો ગના ક્રમે આપ્યાં છે; અમાં બેય છે. **હીપા૪-બ-ક-ફ** એ પૂર્ણ પ્રતિયો ૮૧-૭૯-૮૦ એ ક્રમે પદ આપે છે. ૧.a. °ર દયાનિધિ સાચો, **હીપા૪-મ-પ્ર**. c. સુખ દીધૂં. ફ. ૨ જી કડી **હીપા૪-બ-ક-હીપામાં** નથી; ફ માં ૩ જી પછી. d. માહરા થ°. ફ. ૩. a. જો રાજા તેણે, બ. જા રાજા તેં કાંઈ, ફ. b. °સું કીધો વિવાદ પ્ર. c. અસુરજ જાયો. પ્ર. d. એહને કુલે. ક-પ્ર. ૫.a. પુર **હીપા**. જગત. પ્ર. c. એ શામલો સદા ઉપકારી, **હીપા૪-બ-ક-ગ**. સુખકારી. ફ.

પદ ૮૦ મું:—અહીંથી બન્ને પદો **હીપામાં** નથી. ૨. a. કાં થયો. **હીપા૪**- ૨. a. રસભરચ. બ. ૩. d. પૂરી આશ. હીપા૪-બ-ફ.

૭. ફલશ્રુતિ—

[મ્હેતાઃ—] પદ ૮૧ મૂં—રાગ એજ

સંવત પનર બારોતર, સપતમી અને સોમવાર રે;
માર્ગશીર્ષ-અજુઅલિ પખે [આ] નરસિંહિ આપ્યો હાર રે. ૧

પચાશ પદ નિર્મલ ગાયાં તે વૈષ્ણવ સુખે સુણાઇ રે,
અગમ અગોચર અધ્યાત્મ તેહનાં પાતિક સઘલાં જાઇ રે. ૨

જે જન ભાવ ધરીનિં સાંભલિ, તે નર નિર્મલ થાઇ રે;
ભણિ નરસૈંઓઃ હરિ-પદ પામે; નિશ્ચે વૈકુણ્ઠિ જાઇ રે. ૩

પદ ૮૧ મૂંઃ—→ઊથલાથી ૩૦ મે પદે એક કાવ્ય પૂરૂં થતૂં લાગે છે ૩૧ મેથી નવો પ્રસઙ્ગ શરૂ થાય છે; ત્યાંથી આ ૫૧ મૂં પદ છે. ૧. b. રવિવાર બ ક–ફ. c વૈશાખ. હીપા ૧. ←હરિણી નક્ષત્ર આથમવાનો ઉલ્લેખ હાર સમેનાં પદોમાં છે, એ ઊપરથી માર્ગશીર્ષ વધૂ યોગ્ય છે. c. d. "પાંસઠ પદની માલા ગાઇ, નરસૈંયો ઊતારો પાર." હીપા૪–બ–ક–ગ. "પદ અઠોતરની માલા ગાઈ." ફ.

→આ ૮૧ પદમાંથી હીપા૪–બ–કમાં નથી તે ૩૧, ૩૯, ૪૮ થી ૫૬ અને ૫૮ થી ૬૦ એમ ૧૪ બાદ જતાં બાકી ૬૭ આમ આનાં આ પદે ૬૫ પદ થાય, (૭૯–૮૦ એ કલશનાં તે તે ઊપર વધારાનાં).

કમાં આ પદ બાદ જતાં ૭૮ ગ પ્રતિમાં "બાઇ મુને હરિ," એ પદ ૭ મૂં છે કુલે તેમાં ૭૧ પદ છે. તેમાંથી ૭ જતાં ૬૫ રહે છે. વચ્ચે પાનાં તૂટતાં હોવાથી કિયાં પદો વધૂઘટૂ છે, તેનો મેળ નથી.

૨. a. વૈધૃતને વતિપાતે જે, હીપા૪-બ-ક; ગાઇએ. ફ.—b વૈષ્ણવ આગલ ગાએ રે. હીપા૪-બ. વૈષ્ણવ મુખ સોહાય રે. ક c. ०२ તેહનાં હીપા૪–બ–ક–ફ. ०२ પાતિક તેહનાં, ગ. d. હેલા માત્રમાં જાય રે. ગ. ૩.b. નર નારકી ન થાય. હીપા૪–બ–ક–ફ d. ગરુડ ચઢીને, ક–ફ–ગ. →ક નૂં એક વધારાનૂં પદ પરિશિષ્ટ ૩ જામાં છે; તે પ્રતિમાં વચ્ચે "સખી માહરી કે'તી'તી" એ પદ પછી કમમાં અને ફ માં ત્યાંજ વધારાનાં પદો તરીકે આવતાં ધરણીધર મ્હેતા-ની વહૂ–વિષયક પદો પરિશિષ્ટ ૨ જામાં છે, બ પ્રતિમાં આરમ્ભમાંજ ક્રમ બ્હાર રહેતાં બે પદ પરિશિષ્ટ ૧ લામાં છે, જ્યારે ફ પ્રતિનાં વધારાનાં પાંચ પદ પરિશિષ્ટ ૪ થામાં છે. એ ઉપરાંત ૮૦ મા પદ પછી આવતાં હીપા૪–ક ફનાં બે ઝૂલણાનાં પદો પરિશિષ્ટ ૫ મામાં મૂકયાં છે, છેલ્લાં; તે ઊમેરતાં બધાં મળી ૯૩ પદો થાય છે. તે બધાંય (બનાં પ્હેલાં ૨ સિવાયનાં) ફ યે સાંચવેલાં છે.

—સમ્પાદક

અની પુષ્પિકાઃ—

संवत १६७५ वर्षे अस्वन मासि कृष्णपक्षे त्रयोदश्यां तेथौ ॥ भूमवासरि। श्रीनर्बदातीरे। सीणोरवास्तव्ये श्रीभंडारिस्वरसांनिध्ये लिषितं नागरज्ञाती व्रधनगरा। भाउयासुत नंदराज लिखीतं॥ पठनार्थ। शुभं भवतुः ॥

ઢીપાઢની પુષ્પિકા:—

હારમાલા પદ સમપૂરણ । સ્વત ૧૭૮૦ ના વરખે । ભાદરવાં શુદ ૧૫ લખી રહા છું લ. ગીરધરદાસની પોથી છે ને એમો લખી છે......

બની પુષ્પિકા:—

પાદા. ૬૬ સ્વત ૧૭૯૧ ના વરખ શરાવણા સુદિ ૨ ના દાડ લી૦ પરસોતમ ત્રીકમ શ્રી ઠાકરજીની કીરપાથી લખુ છ અમારો આશરો નથી

ડ પ્રતિ અપૂર્ણ છે, પરન્તુ તે તૂટતા પાના ઉપર નીચે મુજબ હકીકત છે:—

(ઉપરની બાજૂએ—) उदराम रुपरया

(જમણી બાજૂ હાસિયામાં—) सवत १७६५ ना मघशर शु० ७ ।

ગની પુષ્પિકા:—

संवत १७४५ वर्षे असाड वदि ४ शनौ ल. सुखाख्येण कल्याणजेन ॥ हरी सदश पंढ्या हरीपार्श्वे लखीतं व्यास पुरु[षो]त्तम पठनार्थे ॥ किंचिदमरशंचेन लिखितं ॥

તનિ અપૂર્ણ છે, તથાપિ તેની પૂર્વે બે આખ્યાનો તેજ અક્ષરમાં લખાયેલાં પ્રાપ્ત છે. લખ્યા સાલની અટકળ માટે તે બન્નેની પુષ્પિકા અત્રે ઉતારી છે:-

(१) इति श्री चंद्रहासनी कथा संपूर्ण । समापत: । श्रीरस्तु ॥ सांवत १७३३ वर्षे मार्गशीर्ष वदि ११ गुरु पंडीत वशरामसुत गंगारामेण लिषीतमिदं पूस्तकं शुभं भवतु ॥

(२) इति सुधन्वानुं आक्षांन समाप्त: । शुभं भवतु कल्यांणमस्तु ॥ भवांनीनुं सत्य छिं । संवत १७३३ वर्षे पौष । शुदि २ भौमे पंडा० वसरामसुत गंगारामेण लिषीतमिदं पूस्तकं ॥श्रीः॥

(અપૂર્ણ)

"ત્રૈમાસિક"નો વધારો • પા. ૧૮૧ થી ૨૩૨

શ્રી ફાર્બસ ગુજરાતી સભા—અન્તર્ગત

શ્રી બુદ્ધિવર્ધક વ્યાખ્યાનમાળા—પુષ્પ ૫ મું

ગુજરાતનું શિલ્પ-સ્થાપત્ય

(હિન્દુ કાલ)

વ્યાખ્યાતા :

રા. રા. રણછોડલાલ ધ. જ્ઞાની,

એમ. એ., એમ. આર. એ. એસ.

પ્રકાશક :

રા. રા. અંબાલાલ બુ. જાની, બી. એ.

સહાયક મંત્રી, શ્રી ફાર્બસ ગુજરાતી સભા.

સંવત ૧૯૯૩ મુંબઈ સને ૧૯૩૭

અનુક્રમણિકા

ગુજરાતનું શિલ્પ-સ્થાપત્ય*

(હિન્દુ કાલ[x])

વ્યાખ્યાતા: રા. રા. રણછોડલાલ ઘનશ્યામ જ્ઞાની,
એમ. એ., એમ. આર. એ. એસ.

પ્રારંભિક નિવેદન

માન્યવર પ્રમુખ મહાશય, સજ્જનો અને સન્નારીઓ !

આજનું ભાષણ તૈયાર કરવાની સૂચના મને છ સાત માસ પૂર્વે મળી હતી, પરંતુ વિવિધ પ્રવૃત્તિઓને લીધે સમયાભાવ રહેતો હોવાથી આ વ્યાખ્યાન હું વહેલું તૈયાર ન કરી શક્યો. શ્રી ફાર્બસ ગુજરાતી સભાના સંચાલકોને તેની પ્રતીક્ષા કરવી પડી તે માટે ક્ષમા યાચું છું.

બુદ્ધિવર્ધક વ્યાખ્યાનમાળાના પહેલા(સને ૧૯૩૪)મારા વ્યાખ્યાન "ગુજરાતના ઇતિહાસને લગતા સિક્કાઓ "ના વિષય કરતાં આજના વ્યાખ્યાનના વિષયમાં કદાચ આપને વધુ રસ પડશે. ગુજરાતી સાહિત્યપરિષદનાં ત્રણેક અધિવેશનોમાં ગુજરાતના શિલ્પ અને સ્થાપત્યવિષયક વ્યાખ્યાનો અપાયાં છે. ઉપરાંત વર્તમાન પત્રો અને પત્રિકાઓમાં ગુજરાતના કેટલાક પ્રાચીન અવશેષો વિષે છૂટક છૂટક લેખો પણ પ્રકટ થયા છે. પરંતુ આખા ગુજરાતના શિલ્પ અને સ્થાપત્યનું એકધારૂં વિવેચન અને પ્રાચીન અવશેષોનું અપેક્ષિત અવલોકન હજી થયું નથી. અલબત્ત અંગ્રેજી સાહિત્યમાં આખા હિન્દના શિલ્પ-સ્થાપત્ય સંબંધમાં અંશત: ગુજરાત વિષે વિવેચન થયું છે, તેમ ગુજરાતના અમુક અમુક વિભાગો અને નિશ્ચિત કાળ પૂરતાં છૂટાં છૂટાં વિસ્તારપૂર્વકનાં વિવેચનો અને સ્થલવર્ણનો હોપ, ફાર્બસ, બર્જેસ, ફરગ્યૂસન, કઝિન્સ ઇ૦ વિદ્વાનોએ પોતાના ગ્રંથોમાં કર્યાં છે. તે જ પ્રમાણે શ્રી. રત્નમણિરાવ ભીમરાવ જોટેએ ખંભાતના અને અમદાવાદના ઇતિહાસમાં એ સ્થળોનાં શિલ્પ અને સ્થાપત્યની ચર્ચાને સ્થાન આપ્યું છે. પ્રાચીન, મધ્યકાલીન અને અર્વાચીન ગુજરાતના શિલ્પસ્થાપત્યનાં સશાસ્ત્ર ચર્ચાવાળાં પુસ્તકો ગુજરાતી ભાષામાં રચાય, એ ઇચ્છવાયોગ્ય છે.

---

* તા. ૧૭–૨–૩૭ ને વાર રવિએ બુદ્ધિવર્ધક વ્યાખ્યાનમાળાને અંગે જાહેર સભામાં અપાયેલું વ્યાખ્યાન આ પત્રિકામાં સવિસ્તર છાપેલું છે. **અં. બુ. જાની સં. ત્રૈ.**

× "મુસ્લીમકાલિન ગુજરાતનું શિલ્પ-સ્થાપત્ય" એ વિષય વિષે આ જ શ્રેણીનું વ્યાખ્યાન રા. રા. રણછોડલાલ ઘ. જ્ઞાનીએ આ વરસમાં ચલાવવાનો પ્રબંધ થયો છે.

અં. બુ. જાની સં. ત્રૈ.

ઉપલબ્ધ સામગ્રીઓની વિપુલતા

આજના આપણા વિષય પરત્વે ઉપલબ્ધ સામગ્રીઓનું અવલોકન કરતાં એટલી મોટી સંખ્યામાં પ્રાચીન અવશેષો આપણી સમક્ષ ઉપસ્થિત થયા છે અને થાય છે પણ ખરા કે જેનું બહુ સંક્ષેપમાં વર્ણન કરીએ તો પણ ચાર પાંચ કલાકનો સમય તો સહજ જાય. તેથી આજના વ્યાખ્યાન માટે મેં માત્ર હિન્દુકાલીન ગુજરાતના શિલ્પ-સ્થાપત્યના અવશેષોના નિરીક્ષણની મર્યાદા બાંધી છે. તેને માટે બહુ બહુ સંકોચથી ચિત્રો પસંદ કર્યા છતાં ૬૪ તખતીઓ તૈયાર થઈ છે. તે ટુંક વિવેચન સાથે આપને બતાવતાં લગભગ બે કલાક જેટલો સમય લાગે એમ છે. આશા છે કે આપ બધા ધૈર્ય રાખી, ગૂર્જરભૂમિની આ પ્રાચીન કળાકૃતિઓનું અવલોકન કરશો.

ગુજરાતનું વિશિષ્ટ વ્યક્તિત્વ

એ સ્થાપત્યાવશેષોનું નિરીક્ષણ કરતાં જણાશે કે પ્રાચીન કાળ(અર્થાત્ પ્રારંભિક કાળથી છઠ્ઠી સદીનાં અંત સુધીમાં)માં મૂકી શકાય તેવા અવશેષો બહુ ઓછા અને અસ્પષ્ટ છે. સાતમીથી દશમી સદીમાં મૂકી શકાય તેવા અવશેષો પણ અલ્પ જ છે અને તેયે મોટે ભાગે કાઠિયાવાડના જ છે. સશાસ્ત્ર ચર્ચી શકાય તેવા અવશેષોની શરૂઆત અગિઆરમી સદીથી થાય છે. ગુજરાતના શિલ્પ અને સ્થાપત્યને સોલંકીઓ અને વાઘેલાઓના રાજ્યકાળમાં જ ખૂબ વેગ મળ્યો અને તેરમી સદીના અંતમાં મુસલિમ રાજ્યની શરૂઆત થઈ ત્યાંસુધીમાં તો ગુજરાતનું સ્થાપત્ય ઉત્કૃષ્ટ કોટિએ પહોંચી ગયું હતું. ત્યારપછીની એક સદીમાં એ પ્રાચીન ઈમારતોનો નિર્દયતાપૂર્વક વિનાશ કરવામાં આવ્યો, છતાં કળાનો નાશ થઈ શક્યો નહીં. પંદરમી સદીમાં નવીન સત્તાની છત્રછાયા નીચે ગુજરાતના સ્થપતિઓ અને સલાટોને ફરીથી પોતાના સ્થાપત્ય અને શિલ્પકળાનાં પ્રદર્શનનો પ્રસંગ મળ્યો. એટલે તેમણે એટલી બધી દક્ષતાથી કામ કરી બતાવ્યું કે સમકાલીન કળાના ક્ષેત્રમાં પ્રથમ પંક્તિમાં મૂકી શકાય તેવું વ્યક્તિત્વ ગુજરાતનું જ હતું.

ક્રાન્તિ પછીની પ્રતિક્રિયાનું આ રસમય ચિત્ર આપણે આગળ ઉપર પ્રસંગ મળ્યે જોઈશું. આજે તો આપણે માત્ર હિન્દુકાલીન અવશેષો વિષે વિચાર કરવાનો છે.

હિન્દુ શબ્દના વ્યાપક અર્થમાં હિન્દમાં ઉદ્ભવેલા સમસ્ત ધર્મોનો સમાવેશ થાય છે. તેથી બાદ્ધ, જૈન, શિખ, આદિ જાતિ સમૂહોને હિન્દુ ધર્મમાં જ ગણી શકાય.

હિન્દુ સ્થાપત્ય વ્યાપક અર્થમાં

પ્રાચીન કાળથી જે પ્રકારનું સ્થાપત્ય ગુજરાતમાં પ્રચલિત હતું અને જેના નમુના રાજપૂતાના તથા ગુજરાતમાં વિપુલતાથી મળી આવે છે તેને કેટલાક યૂરોપિઅન વિદ્વાનોએ જૈન સ્થાપત્ય નામ આપ્યું છે, અને તેના પેટા વિભાગમાં હિન્દુ સ્થાપત્યને મૂક્યું છે. પણ એવા વિભાગ કરવા યોગ્ય નથી. વસ્તુતઃ "હિન્દુ સ્થાપત્ય" શબ્દ જ એટલો વ્યાપક છે કે તેમાં બૌદ્ધ, જૈન અને બ્રાહ્મણીય કે પૌરાણિક મતાવલંબીઓએ બંધાવેલી ઇમારતોનો સમાવેશ થઈ શકે છે. મારી અલ્પમતિ પ્રમાણે તો આવું વિભાગી નામાભિધાન જ અસંગત છે; કારણ કે એક કાળની બધી ઈમારતો પછી તે બૌદ્ધ સ્તૂપ હોય, જૈન દહેરાસર હોય, શિવાલય, વૈષ્ણવ મંદિર કે દેવીનું દહેરૂં હોય એ બધામાં સ્થાપત્યના એ જ નિયમોનું અવલંબન થએલું

જણાય છે. એ જ કળા, એ જ સંસ્કૃતિ અને એ જ સલાટો ભિન્નભિન્ન ઇમારતોમાં કામ કરે ત્યાં સ્વાભાવિક રીતે કોઈ પણ જાતિ કે ધર્મવિશેષનો ઇજારો હોય નહીં. સમકાલીન બધી ઇમારતોના સ્થાપત્યના નિયમો સમાન જ હોય છે. અલબત્ત શિલ્પકળામાં બંધાવનાર પોતાની શક્તિ પ્રમાણે ભક્તિ કરે. પ્રાચીન સ્થાપત્ય અને શિલ્પની દૃષ્ટિએ અવલોકવા યોગ્ય સ્થાનોમાં તો જૈનમંદિરો કરતાં પૌરાણિક દેવાલયોની સંખ્યા ગુજરાતમાં વિશેષ છે. તે છતાં સમકાલીન ઇમારતો પૈકી કેટલાંક જૈન મંદિરોમાં શિલ્પકળાનો પૂર્ણ વિકાસ થએલો જણાય છે, જે જૈન પ્રજાની અતુલ સંપત્તિ અને ધાર્મિક ભાવનાને આભારી છે.

જૈનોની મહત્વાકાંક્ષા

વૈષ્ણવ કે શૈવને માટે ગામમાં કે બહુ બહુ તો પોતાના લતામાં એક મોટું મંદિર હોય તો પર્યાપ્ત થઈ રહે. ધનિકો એ મંદિરના નિર્વાહ અર્થે કે આવશ્યકતા અનુસાર જીર્ણોદ્ધાર અર્થે ધન ખરચી સંતોષ માનતા, જ્યારે જૈનોમાં પોતાને ખરચે એકાદ નાનું કે મોટું નવું મંદિર બંધાવવાની મહત્વાકાંક્ષા રહેતી. કંઈ નહીં તો એકાદ પ્રાચીન મંદિરનો જીર્ણોદ્ધાર કરવામાં જૈન ધનિકો પોતાનું જીવનસાફલ્ય માનતા. તે પણ ન બને તો છેવટે પોતાના નામ સાથેની એકાદ મૂર્તિ કરાવી, મંદિરમાં ભેટ કરી, પોતાની ધાર્મિક પિપાસા દરેક પૈસાપાત્ર જૈન શાન્ત કરતો. એ જ કારણે તીર્થસ્થાનોમાં એક જ જાતના અનેક તીર્થંકરોની મૂર્તિઓવાળાં જૈન મંદિરો એકસામટાં અને દરેક મંદિરમાં ઢગલાબંધ મૂર્તિઓ જણાય છે. કેટલીક વાર જીર્ણોદ્ધારની પ્રવૃત્તિએ સ્થાપત્યની દૃષ્ટિએ મોટામાં મોટું નુકશાન કરેલું જણાય છે. જેનું પ્રાચીનત્વ નષ્ટ થયું એવી ઇમારતોમાં નવીન કલા અને ભાવનાઓ સ્થાન લે છે. તેથી શત્રુંજય અને ગિરનારનાં અસંખ્ય મંદિરોમાંથી એ પ્રાચીન શિલ્પ અને સ્થાપત્યનો અભ્યાસ મુશ્કેલ બને છે. ગુજરાતમાં જેમ ગિરનાર, શત્રુંજય અને આબુદેલવાડાનાં મંદિરોથી એ ડુંગરો છવાઈ રહ્યા છે, તેમ બંગાળમાં પાર્શ્વનાથ અને સમેતશિખર, મધ્યપ્રાંતના બૈતૂલ જિલ્લામાં મુક્તાગિરીનાં મંદિરો, મધ્ય હિન્દના દતિઆ રાજ્યમાં સોનગઢ કે સોનગીરનાં જૈન મંદિરો, મૈસૂર રાજ્યમાં શ્રાવણ બેલગોલનાં મંદિર જોવાથી જૈનોમાં મંદિરો બંધાવવાનો ઉત્સાહ કેટલે દરજ્જે હતો તે જણાઈ આવે છે. સાથે જ એમ પણ કહેવું જોઈએ કે ભારતની પ્રાચીન કળા એ મંદિરોમાં પોતાની ઉજ્જ્વલ કીર્તિ જાળવી રહી છે. દુનિઆના કોઈ પણ ભાગમાં એટલી વિપુલતાથી ઉત્કૃષ્ટ કલાના નમૂના વિદ્યમાન નથી. ગુજરાતમાં રુદ્રમાળ, મોઢેરાનું સૂર્યમંદિર, આબુ દેલવાડાનાં વિમલશાહ અને તેજપાલનાં મંદિરો, વડનગરનો કીર્તિસ્તંભ અને ડભોઇનો કિલ્લો ઇ૦ અનેક ઇમારતો પ્રાચીન શિલ્પ અને સ્થાપત્યના ઉત્તમ નમૂના રજુ કરે છે.

શિલ્પસ્થાપત્યના નિયમોના પ્રાચીન ગ્રંથો

આ પ્રકારની ઉત્તમ કારીગરીવાળી ઇમારતો બાંધનાર સ્થપતિઓ, શિલ્પકારો અને તેમના બંધાવનારાઓ સમક્ષ શિલ્પ અને સ્થાપત્યના કંઈ નિયમ હશે કે કેમ, તે વિષે વિચાર કરતાં પ્રાસાદમંડન, રાજવલ્લભ, ભૃગુસંહિતા ઇ૦ જેવા શિલ્પશાસ્ત્ર અને સ્થાપત્યકલાના અનેક ગ્રંથોની નામાવલિ આપણી સમક્ષ રજુ થાય છે. તેમાંના ઘણા ખરા ગ્રંથો જૈન ભંડારોમાં સુરક્ષિત છે. અસલ સ્થપતિઓ ઉપર્યુક્ત ગ્રંથોની વર્ણિત પદ્ધતિ અને નિયમ અનુસાર કામ કરતા, અલબત્ત વખતો વખત સમય અને સંજોગો પ્રમાણે તેમાં આવશ્યક ફેરફારો

કરવામાં તેમણે પોતાની સ્વતંત્ર બુદ્ધિ અને ચાતુર્યનો સારો પરિચય આપ્યો છે. હાલ પણ કેટલાક સોમપુરા સલાટો પાસે એ સંસ્કૃત ગ્રંથોના સાર રૂપ ગુજરાતી પુસ્તકો છે. તદુપરાંત વંશપરંપરાએ મળેલા નૈસર્ગિક સંસ્કારોએ તેઓ હજી પણ સુંદર કામ જૂની પદ્ધતિનું કરી શકે છે. આજના પદવીધારી એન્જીનીયરો કરતાં પણ ચઢી જાય તેવું તેમાંના કેટલાકને શિલ્પ અને સ્થાપત્યનું જ્ઞાન છે. પરંતુ હવે તેનો ઉપયોગ જ શો છે ? અલબત્ત બર્જીસ કે કઝિન્સ જેવા, પ્રાચીન મંદિરોના અવશેષોને આધારે એ ઇમારતોની મૂળ રચનાના નકશા બનાવતાં ગુંચવાતા ત્યારે એ સલાટો તેમની મુશ્કેલીઓના ઉકેલ કરી શકતા અને હજીયે સમય આવે ઉકેલ કરી શકે છે, એ તેમનાં પુસ્તકોમાં તેમણે સ્વીકાર્યું છે.

ગુજરાતી સ્થાપત્યકળા દક્ષિણ હિન્દના હેમાડપંતી કે ચાલુકય સ્થાપત્ય સાથે અમુક અંશોમાં મળતી આવે છે. તેમ જ રાજપૂતાના અને ઉત્તર હિન્દનાં મંદિરો સાથે ઉત્તર ગુજરાત અને કાઠિયાવાડનાં મંદિરોના શિલ્પસ્થાપત્યમાં સામ્ય છે. તે જોતાં એમ લાગે છે કે અન્ય બાબતોમાં છે તેમ કળા અને સંસ્કૃતિ કોઈ પણ જાતિ કે પ્રદેશ વિશેષના બંધનમાં રહેતી નથી. પારસ્પરિક સંસર્ગની સાથે સાથે કળા અને સંસ્કૃતિની અસર પણ એકથી બીજે સ્થળે નૈસર્ગિક રીતે ઉતરે છે. સંસારની સંસ્કૃતિનો ઇતિહાસ જોતાં જણાય છે કે ક્યાંયે અને કદિયે ઓચિંતું પરિવર્તન કે સચમૂચો અભાવ કળા અને સંસ્કૃતિના પ્રદેશમાં થયો નથી. તેની ઉત્પત્તિ, વિકાસ અને લય નૈસર્ગિક રીતે વાતાવરણ અને સંજોગો પ્રમાણે પારસ્પરિક પ્રભાવ અને પરિસ્થિતિનાં પરિવર્તનો દ્વારા થયાં કરે છે. ભૌગોલિક રચના અને ઐતિહાસિક ઘટનાઓના જ્ઞાનને આધારે જેમ કળા અને સંસ્કૃતિનો અભ્યાસ કરવાનું સુલભ થઈ પડે છે, તેમ જ કોઈ પણ દેશની પ્રાચીન સંસ્કૃતિનાં ચિહ્નો અને કળાકૃતિઓ ઉપરથી તે દેશનો ઇતિહાસ રચી શકાય છે.

ગુજરાતના પ્રાચીન અવશેષો પર દૃષ્ટિપાત કરતાં જણાય છે કે ત્યાંનું ૧૨ મી અને ૧૩ મી સદીનું સ્થાપત્ય અને શિલ્પ અત્યંત શાસ્ત્રસિદ્ધ અને આખા હિન્દમાં સર્વોત્કૃષ્ટ હતું. તાજમહેલના સફેદ આરસમાં રંગીન કકડાની કારીગરી કરતાં દેલવાડાનાં મંદિરોનું આરસનું કોતરકામ વધુ અઘરૂં અને કલાદૃષ્ટિવાળું છે, એ કબૂલ રાખ્યા વિના છૂટકો જ નથી. તાજમહેલનું કામ દુનિયાની અજાયબીઓમાં ગણાય તો દેલવાડાનાં મંદિર મહાન અજાયબીઓમાં મૂકાવાં જોઇએ. સૌભાગ્યવશાત્ એ કાળના સ્થપતિઓ અને શિલ્પકારોના માર્ગદર્શક નિયમો અને શિલ્પસ્થાપત્યના સિદ્ધાંતોનો સાહિત્યભંડાર અન્ય પ્રાંતો કરતાં ગુજરાતમાં વધુ જળવાઈ રહેલો હોવાથી અને એ પ્રાંતો કરતાં ગુજરાતે વધુ નજીકના ભૂતકાળ સુધી એ નિયમો પ્રમાણેનું સર્જન ચાલુ રાખેલું હોવાથી ત્યાંના દેશી પદ્ધતિના અર્વાચીન સ્થાપત્યમાં એ કળા કાયમ રહેલી જોવામાં આવે છે. જ્યારે ઉત્તર હિન્દ, તેમ જ દક્ષિણ હિન્દ અને કર્ણાટકાદિનાં ભવ્ય મંદિરોનાં ધામમાંથી એ પ્રાચીન સ્થાપત્યકળા વિસરાઈ ગઈ છે. હિન્દુ અને મુસલિમ કાળના સ્થાપત્યમિશ્રણમાં ત્યાંની પ્રાચીન કળાનો સદંતર નાશ થયો છે. ત્યાંના સ્થપતિઓ પત્થરના કામ કરતાં ઈંટચૂનાનું કામ હવે વધુ સરસ રીતે કરી શકે છે. હઠીસિંહના (અમદાવાદ) મંદિર જેવા પ્રાચીન સ્થાપત્યના શાસ્ત્રસિદ્ધ નમુના દક્ષિણની અર્વાચીન ઇમારતોમાં મળતા નથી.

વિદેશી વિદ્વાનોની સહૃદયાહિતા અને આપણી અસમર્થતા

વિદેશી વિદ્વાનો અને એન્જીનીયરો આપણા પ્રાચીન શિલ્પસ્થાપત્યનું અવલોકન કરવા આવે છે, અને તેનાં જૂદાં જૂદાં અંગોનો અભ્યાસ કરી, અર્વાચીન સ્થાપત્યમાં ઉત્કર્ષ સાધવા મથે છે, જ્યારે એ જ અવશેષોની મધ્યમાં બેઠેલા આપણે પોતાનાં મકાનોમાં પાશ્ચાત્ય સાદી ઈમારતોનું અનુકરણ કરવા પ્રેરાઈએ છીએ. આપણી પ્રાચીન કળાનું સુપ્રમાણત્વ, સુમેળ અને સાર્થકતા આદિ અનેક ગુણો વિસરી, આપણે પાશ્ચાત્ય દેશોની અર્વાચીન વિકૃત કળાના ઉપાસક બન્યા છીએ. આપણાં સમાચારપત્રોનાં પાનાંનાં અને અર્વાચીન કલાકારોની કૃતિઓનાં શીર્ષકને વિકૃત અક્ષરો શોભાવે છે, તેમાં જ આપણે ઉત્કર્ષ માની રાચીએ છીએ. સુડોળ અને સુંદર અક્ષરો કરતાં એવા જ અક્ષરો લખવાછાપવામાં આપણે ગૌરવ માનીએ છીએ. પ્રમાણસર, ગોળ, અર્ધગોળ, ચોરસ, લંબચોરસ, અષ્ટખૂણી કે અન્ય આકૃતિઓવાળી આકૃતિઓથી યુક્ત આપણા થાંભલા, ગોખ, બારી અને બારણાંને બદલે હવે આપણે સિમેન્ટ-કાંકરી–ની બેડોળ, આડીઅવળી ઢંગધડા વગરની વિકૃત આકૃતિઓવાળી કમાનો અને સાદા થાંભલા વધુ ગમે છે. એ પણ વિધિની વિચિત્રતા જ કહેવાય. આપણા જૂના સ્થાપત્યમાં માત્ર કળાના જ નહીં, પરંતુ કરકસર, ઉપયોગિતા અને દૃઢતા આદિના અંશો વધુ પ્રમાણમાં હતા, એ સદીઓ પછી જે સ્વરૂપમાં આપણી સમક્ષ એ પ્રાચીન અવશેષો ઉભા છે તે ઉપરથી જોઈ શકીએ છીએ. તેની સરખામણીમાં આપણી આધુનિક અગવડોથી યુક્ત શોભા માટે ઉપયોગિતાનાં બલિદાનવાળી અલ્પજીવી અને વધુ ખર્ચાળ ઈમારતોનો તો આપણે પ્રત્યક્ષ અનુભવ કરીએ છીએ. પરંતુ એ દૃષ્ટિએ જોવાની નથી આપણામાં વૃત્તિ, કે નથી એ અવશેષો નિહાળી સાર ગ્રહણ કરવાની આપણામાં શક્તિ. વિદેશીઓ આવી આપણી પ્રાચીન ઈમારતોની આપણને ખૂબીઓ બતાવે અને તેમાં રહેલી ઉત્કૃષ્ટ કલાના બોધપાઠ આપે તોયે આપણે તે સમજવા અસમર્થ નીવડીએ છીએ, અગર તે પ્રત્યે ઉદાસીનવૃત્તિ સેવીએ છીએ. વસ્તુતઃ આપણી પાસેના પ્રાચીન અવશેષોનું આપણા સાહિત્યના અધ્યયન સહ અવલોકન કરીએ અને એ સ્થાપત્યનાં જૂદાં જૂદાં અંગોપર વિવેચન કરીએ, તો તેમણે આજ સુધીમાં માત્ર સૂક્ષ્માવલોકન અને અનુભવને પરિણામે જે કહ્યું છે તે કરતાં વધુ પ્રમાણસર પ્રાચીન સ્થાપત્ય શાસ્ત્રાનુસાર કહી શકીએ.

છેલ્લી બે સાહિત્યપરિષદોમાં શ્રી વીરેન્દ્રરાય ચંદ્રશંકર મહેતાએ પોતાનાં ભાષણોમાં એ બાબત સિદ્ધ કરી બતાવી છે અને આપણી પ્રાચીન કળાની ઉત્કૃષ્ટતા તરફ ધ્યાન ખેંચ્યું છે, તે સ્તુત્ય પગલું છે. તેઓ પોતાનો અભ્યાસ એ દિશામાં ચાલુ રાખી, તેનો લાભ ગુજરાતને આપે અને ગુજરાતીઓ પોતાનું લગભગ ગુમાવેલું જ્ઞાન અને ગૌરવ પાછું મેળવે, એ વાંછનીય છે.

વિષયનું ત્રણ વિભાગોમાં વર્ગીકરણ

આજના ટુંક વિવેચનના ત્રણ ભાગ છે: (૧) ઐતિહાસિક અવલોકન, (૨) શિલ્પ-સ્થાપત્યવિવેચન, અને (૩) પ્રાચીનાવશેષનિરીક્ષણ. પહેલા ભાગમાં માત્ર ગુજરાતના ઇતિહાસની રૂપરેખાને આધારે આપણા અવશેષોના કાળનિર્ણય પૂરતું જ્ઞાન સંચિત કરવાનો પ્રયાસ છે. બીજા ભાગમાં આપણા સ્થાપત્યાવશેષોના શિલ્પ અને સ્થાપત્યને સશાસ્ત્ર અને પદ્ધતિ-સર અવલોકવાની શક્તિ કેળવવાનો અને તે પ્રત્યે અભિરુચિ ઉત્પન્ન કરવાનો પ્રયત્ન કરવામાં

આવ્યો છે. ત્રીજા અને છેલ્લા ભાગમાં એ પ્રાચીન અને મધ્યકાલીન હિન્દુ સ્થાપત્યના અવશેષો પૈકી થોડાકનું ઉપલા દૃષ્ટિબિંદુસહ અવલોકન કરવામાં આવ્યું છે. તેમાં વર્ણવેલા કે માત્ર નામનિર્દેશ કરેલા અવશેષો ઉપરાંત હજી એટલા બધા નમૂના આખા ગુજરાતમાં પ્રસરેલા છે કે તેમના સવિસ્તર અવલોકન અને વર્ણનમાં વર્ષો વીતે, અને વિશાલ ગ્રંથમાલા તૈયાર થાય.

આજના આ અલ્પ વિવેચન અને અવશેષોના વિહંગાવલોકનને પરિણામે ગુજરાતના થોડા ઘણા કળારસિકો અને વિદ્યાવ્યાસંગી યુવકોમાં પ્રેરણા થાય અને તે દિશામાં વધુ અભ્યાસ ચાલુ થાય, તો આજનો મારો પ્રયાસ સફળ થયો માનીશ. હવે આપણે પાછા આપણા વિષય ઉપર આવી ઐતિહાસિક અવલોકન કરીએ.

ઐતિહાસિક અવલોકન

હાલના મુંબઈ ઇલાકાનો ઉત્તર તથા પશ્ચિમાર્ધ પ્રદેશ તે ગુજરાત. અસલ તેની સીમા ઉત્તરે લૂણી નદી સુધી અર્થાત્ રાજપૂતાનાના જોધપુર અને સિરોહી રાજ્યાંતર્ગત પ્રદેશ સુધી હતી. પૂર્વે માળવા અને મેવાડથી વિભક્ત કરતી અરવલી ડુંગરની દક્ષિણ તરફની હારથી ઠેઠ નર્મદા, તાપી અને સહ્યાદ્રિ પર્વત(પશ્ચિમઘાટ)ના ગુજરાતને ખાનદેશ અને નાશિક જીલ્લાથી જૂદા પાડતા ડુંગરી પ્રદેશ સુધી તેમ જ દક્ષિણે દમણ સુધી તેની હદ હતી. પશ્ચિમે અરબી સમુદ્ર, ખંભાતનો અખાત, સૌરાષ્ટ્રના દ્વીપકલ્પ તથા કચ્છના કિનારાથી ઠેઠ વાયવ્યમાં લૂણી નદીના તીર સુધી ગુજરાતની સીમા ગણાતી. આ સમગ્ર પ્રદેશમાં સૈકાંઓ સુધી એક જ ભાષાવેષ અને સંસ્કૃતિનો પ્રચાર હોવાથી અત્યારની માફક રાજકીય વિભાગ અનુસાર વખતોવખત ભિન્નતા આવ્યા છતાં સંસ્કૃતિની દૃષ્ટિએ ઉપર્યુક્ત સીમાની અંદર આવેલી સમસ્ત ભૂમિને ગુજરાતમાં ગણી શકાય છે.

ઉપર જણાવ્યું છે તેમ આખું ગુજરાત પ્રાચીન કાળથી હંમેશને માટે જેમ એક જ રાજાની છત્રછાયા નીચે રહ્યું નથી, તેમ એ આખાયે પ્રદેશનું ભૌગોલિક વિભાગ અનુસાર પણ એક જ નામ ન હતું. ગુજરાત નામ તો ગુર્જર રાજ્ય પછી પ્રાપ્ત થયું અને ચાવડા તથા સોલંકી વંશના રાજત્વકાલમાં કચ્છ, કાઠિયાવાડ તથા મહીથી તાપી સુધીના પ્રદેશ માટે સામાન્યતઃ એક જ નામ વાપરવા માંડ્યું. પરંતુ તે પહેલા પ્રાચીન કાળથી આ પ્રદેશના મુખ્ય ત્રણ વિભાગ હતા: (૧) સુરાષ્ટ્ર કે સૌરાષ્ટ્ર (૨) લાટ અને (૩) આનર્ત દેશ.

સૌરાષ્ટ્ર.

પશ્ચિમ હિન્દનો કાઠિયાવાડ તરીકે જાણીતો દ્વીપકલ્પ અસલ સુરાષ્ટ્ર કે સૌરાષ્ટ્રને નામે જાણીતો હતો. પૌરાણિક કાલની દ્વારાવતી અગર દ્વારકા—શ્રી કૃષ્ણનું વિરામસ્થાન અને યાદવોની વિહારભૂમિ—ત્યાં જ હતી. ઘોઘા, હસ્તકવપ્ર (હાથબ) તથા પ્રભાસપાટણ અને સોમનાથ પટ્ટણાદિ મુખ્ય બંદરો દ્વારા આ દ્વીપકલ્પ તેમ જ ઉત્તર ગુજરાતનો વેપાર ધમધોકાર ચાલતો. તદુપરાંત સિંહપુર (સિહોર), વલભીપુર (વળા), જૂનાગઢ, ગિરીનગર (ગિરનાર), શત્રુંજય, તળાજા, અમરેલી, રાજુલા, મહુવા, ધોલેરા; વિગેરે અનેક સ્થળોમાં પ્રાચીન કાલીન જાહોજલાલીના અવશેષો છે.

લાટદેશ

મહીકાંઠાથી તાપીકિનારા સુધીનો અર્થાત્ લગભગ અમદાવાદથી નવસારી સુધીનો ભાગ લાટ દેશ તરીકે જાણીતો હતો. પૌરાણિક કાલના ભૃગુ, દુર્વાસા, શ્રૃંગી આદિ ઋષિઓના આશ્રમ આ ભાગમાં જ હતા, એવું મનાય છે. પ્રારંભિક કાળમાં અરબો આ પ્રદેશને 'લાર' નામે ઓળખતા. હ્યૂએનસંગ અને ટૉલેમી આદિ યાત્રીઓનાં વર્ણનોમાંથી આ પ્રદેશમાં આવેલાં કેટલાંક સ્થળોનાં મહત્વ અને વૈભવના ઉલ્લેખ મળી આવે છે.

એ પ્રાચીન સ્થળોમાં ભૃગુકચ્છ (ભરૂચ), સ્તંભતીર્થ (ખંભાત), અક્રૂરેશ્વર (અંકલેશ્વર), ભદ્રપલ્લિ, (બારડોલી), દધિપદ્ર (દાહોદ), વટપદ્ર (વડોદરા), નંદીપુર (નાંદોદ), કપિક (કાવી), દર્ભાવતી (ડભોઇ), જંબુશ્વર (જંબુસર) તથા પાવાગઢ, ચાંપાનેર, ધોળકા, અને ગાંધાર આદિ કેટલાંક નાનાં મોટાં શહેરો અને ગ્રામ હતાં. ઉપલાં સ્થળોમાંથી કેટલાંકમાં પ્રાચીન અવશેષો વિદ્યમાન છે અને કેટલાંક તદ્દન શૂન્ય છે.

આનર્ત દેશ

લાટ દેશની ઉત્તરે ઠેઠ લૂણી નદીની પેલી પાર રાજપૂતાનાની હદમાં આવેલા શ્રીમાળ સુધી અને પશ્ચિમે કચ્છ અને કાઠિયાવાડની હદ સુધીનો પ્રદેશ આનર્ત દેશ કહેવાતો. કહેવાય છે કે પંજાબ અને વાયવ્ય પ્રદેશથી આવી વસેલા ગુર્જરોએ પહેલવહેલી એ જ પ્રદેશમાં રાજ્યસ્થાપના કરી, આનંદપુર કે વૃદ્ધનગર(વડનગર)માં પોતાનું મુખ્ય મથક રાખ્યું હતું. પાછળથી અણહિલપુર પાટણ અને સિદ્ધપુર આદિ નવાં શહેરો આ પ્રદેશમાં વસ્યાં અને શણગરાયાં. આ પ્રદેશનાં પ્રાચીન સ્થળો ઝિંઝુવાડા (કચ્છમાં), પંચસર, શંખેશ્વર, વાઘેલ, મોઢેરા તથા અર્બુદાસ્થાન (આબુ), ચંદ્રાવતી, ઈડર, રૂહાવી, શૂણકાદિ હતાં.

આમાંથી કેટલાકમાં પ્રાચીન અગર મધ્યકાલીન શિલ્પ અને સ્થાપત્યના સુંદર નમુના હજીયે જળવાઈ રહ્યા છે. આ પ્રદેશના રાજ્યકર્તા ગુર્જરોએ ધીમેધીમે લાટ અને સૌરાષ્ટ્રના અમુક ભાગ ઉપર પોતાની સત્તા સ્થાપી, આખા રાજ્યને ગુર્જરરાષ્ટ્ર નામ આપ્યું હતું. તે ઉપરથી સાધિત થએલું પ્રાકૃત સ્વરૂપ ગુજરાત એના વિશાળ સ્વરૂપમાં હાલ આપણા ઇતિહાસ અને સંસ્કૃતિનું વિસ્તૃત ક્ષેત્ર છે.

પ્રાચીન કાળ

ઉપર્યુક્ત વિભાગોથી યુક્ત ગુજરાતની અત્યંત પ્રાચીન અવસ્થાસૂચક અવશેષો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ નથી. શ્રીકૃષ્ણ અને પાંડવોના કાળમાં અર્થાત્ લગભગ ૫,૦૦૦ વર્ષ પહેલાં આ પ્રદેશની ખ્યાતિ આખા સંસારમાં પ્રસરેલી હતી અને અન્ય દેશો સાથે ગુજરાતનો સંપર્ક સારો હતો, એમ આપણે પૌરાણિક ઇતિહાસ–મહાભારતાદિ ગ્રંથોને આધારે કહી શકીએ. પરંતુ એ પ્રમાણો પૂર્ણ વિશ્વસનીય નથી. અલબત્ત એ જ કાળના સિદ્ધ થએલા મોહેન્જોદડો, અને હડપ્પામાંથી મળી આવેલા મહાન ઉન્નતિ અને ઉત્કર્ષસૂચક અવશેષો જોતાં સહેજ અનુમાન કરી શકાય કે સિંધ અને પંજાબનાં ઉપલાં પ્રાચીન શહેરોમાં જ્યારે શિલ્પકલા અને સ્થાપત્ય તથા નગરવિધાન વીસમી સદીના શિલ્પસ્થાપત્ય અને નગરવિધાનથી કોઈ પણ રીતે ઉતરે તેવાં ન હતાં, ત્યારે તે જ કાળમાં સૌરાષ્ટ્ર, આનર્ત અને લાટદેશમાં સાવ જંગલી કે અનઘડ પ્રજા તો નહીં જ વસતી હોય. કદાચ યૂરોપિયન પ્રજાના ગ્રીક રોમન અને વીસમી સદીના ઈંગ્લાંડ કે ફ્રાંસાદિના શિલ્પ અને સ્થાપત્યની સરખામણીમાં ઉભા

રહી શકે તેવા સિંધુ પ્રદેશના મોહેન્જોદડો જેવો ઉત્કર્ષ ગુજરાતે કદાચ નહીં સાધ્યો હોય, તો પણ હાલમાં પાશ્ચાત્ય વિદ્વાનો ચિતરે છે તે કરતાં તો ઘણી જ સારી સ્થિતિ તે કાળના ગુજરાતીઓની હશે, એમ અવશ્ય કહી શકાય.

દુર્ભાગ્યવશાત્ ગુજરાતમાં પુરાતત્વાન્વેષણ એટલી હદે પહોંચ્યું નથી કે જેથી પ્રાચીન અવશેષોને આધારે આપણે સપ્રમાણ વાત કરી શકીએ. લીંબડી રાજ્યમાં રંગપુર અને વડોદરા રાજ્યનાં કેટલાંક સ્થળોમાથી ખનનકાર્ય દ્વારા જે થોડા ઘણા અવશેષો મળ્યા છે તેને આધારે આશા રાખી શકાય કે વધુ ઉમંગ અને ખંતથી રીતસર કાર્ય થાય તો "૫૦૦૦ વર્ષ પૂર્વના ગુજરાત" વિષે જેટલું લખાયું છે તે કરતાં વધુ પ્રમાણુસર ચર્ચા આપણે કરી શકીશું. મોટા પાયાપર પુરાતત્વાન્વેષણ થાય નહીં અને તે માટે જોઈતાં ધન, સમય અને શક્તિનો ભોગ ગુજરાતીઓ આપવા ઉદ્દત થાય નહીં ત્યાંસુધી સંતોષકારક પ્રમાણોનો અભાવ રહે, એ સ્વાભાવિક છે.

મૌર્યવંશ

ઐતિહાસિક કાળમાં પદાર્પણ કરતાં મૌર્યવંશી સામ્રાજ્યમાં ચંદ્રગુપ્ત પહેલાંની રાજ્યસત્તા ગુજરાતમાં સ્થપાયાનો ઉલ્લેખ ક્ષત્રપવંશી રુદ્રસેનના ગિરનારના શિલાલેખમાંથી આપણને મળે છે. ઈ. સ. પૂર્વે લગભગ ૩૧૯ માં તેનો ગુજરાતમાં અમલ શરૂ થયો હશે. તદુપરાંત એ જ સ્થળે કોતરાએલા લગભગ ઈ. સ. પૂ. ૨૪૦ ના શિલાલેખ ઉપરથી સમ્રાટ્ અશોકનું સામ્રાજ્ય પણ સૌરાષ્ટ્ર સુધી વિસ્તરેલું હોવાનું પ્રમાણ મળે છે. અશોકના સમયમાં આખા હિન્દમાં તેમ જ હિન્દ બહાર જાવા, સુમાત્રા, મલાયા, ચીન, જાપાનાદિમાં પણ બૌદ્ધ ધર્મનો પ્રચાર થયો હતો. તેના પ્રચારકોએ ઠેક ઠેકાણે સંઘ સ્થાપ્યા હતા અને અશોકે બૌદ્ધ પ્રજા માટે પોતાના આખા સામ્રાજ્યમાં ઠેર ઠેર સ્તૂપ, વિહાર તથા સરોવરો વિગેરે બંધાવ્યાં હતાં. એવા વિહારો, ચૈત્યો અને સરોવરો વિગેરેનાં સૌરાષ્ટ્રમાં અસ્તિત્વ હોવાનો ઉલ્લેખ તત્કાલીન લેખો અને યાત્રીઓનાં વર્ણનોમાંથી મળી આવે છે. પરંતુ તેમાંથી કોઈ પણ બાંધકામના અવશેષો હજી મળ્યા નથી. તેના કારણ રૂપે કેટલાક વિદ્વાનો કહે છે કે તે કાળમાં લાકડાની ઈમારતો બાંધવાનો રિવાજ હોવાથી એ નાશવંત પદાર્થના અવશેષો સ્વાભાવિક રીતે અત્યારે મળી શકે નહીં. તેમનું માનવું છે કે ઇંટ, ચૂના કે પત્થરનો ઉપયોગ તે વખતે ગુજરાતમાં થતો જ ન હતો. પરંતુ અશોકના બંધાવેલા સુંદર પૉલિશવાળા ચકચકાટ મારતા પત્થરના સ્તંભો, સ્તૂપો અને બીજી બૌદ્ધ ઇમારતો મધ્ય હિન્દ તથા સંયુક્ત પ્રાંત અને અન્ય પ્રાંતોમાંથી મળી આવી છે તે જોતાં ઉપર્યુક્ત માન્યતા વિષે શંકા રહે છે. સમકાલીન ઉત્કૃષ્ટ કલા અને સંસ્કૃતિવાળા હિન્દના અન્ય પ્રાંતોની અસરથી ગુજરાત અલિપ્ત કે અપ્રભાવિત તો નહીં જ રહ્યું હોય. પરંતુ પ્રમાણને અભાવે તે વિષે કંઈ ચોક્કસપણે કહી શકાય તેમ નથી.

ક્ષત્રપવંશ

મૌર્ય રાજ્ય પછી ગ્રીક સત્તા ગુજરાતમાં ઈ. પૂ. ૧૮૦ થી ૧૦૦ સુધી હતી. તત્કાલીન સિક્કા મળ્યા છે, પરંતુ સ્થાપત્યના અવશેષો કે તેનું સૂચન થાય તેવું કંઈ પણ ઉપલબ્ધ નથી. ગ્રીક સત્તા પછી સો વર્ષે ક્ષહરાત કે ક્ષત્રપ વંશી શક રાજાઓનો અમલ શરૂ થયો. તે ઈસવી સનની શરૂઆતથી લગભગ ૪૦૦ વર્ષ સુધી ચાલુ

રહ્યું હતું. તેમનું મથક કાઠિયાવાડના ગિરીનગર અર્થાત્ ગિરનારમાં હતું. મળી આવેલા સિક્કાઓને આધારે સૌરાષ્ટ્ર, આનર્ત, માલવા, અપરાન્તાદિ સુધી તેમની સત્તા વિસ્તરેલી હોવાનું મનાય છે. ગિરનાર તથા ઉપરકોટની કેટલી ગુફાઓ એ કાળની હશે એમ લાગે છે. તેમાંના સ્તંભો આદિ ઉપરથી તત્કાલીન શિલ્પની સાદાઇનો ખ્યાલ આવે છે.

બૌદ્ધ સ્તૂપો અને મંદિરોના અવશેષ મળ્યા નથી, છતાં તેમના સિક્કાઓ પર કોતરાવેલાં ચૈત્ય સમકાલીન શિખરોના નમુના તરીકે રજુ કરી શકાય. તે જ પ્રકારની કમાનોવાળાં શિખર (જેને કઝિન્સ સાહેબ કાશ્મીરી ઢબનાં શિખર કહે છે) આઠમી અને નવમી સદીના મનાતાં ગોપ, સૂત્રાપાડા અને બિલેશ્વરાદિનાં મંદિરોના છે. મૌર્ય ચંદ્રગુપ્તના બંધાવેલા સુદર્શન સરોવરનું આ કાળમાં સમારકામ થયું હતું. તદુપરાંત બીજી ઇમારતોના અવશેષ કે ઉલ્લેખ મળતા નથી.

ગુપ્ત રાજ્ય

ક્ષત્રપવંશની પડતી પછી કેન્દ્રસ્થ સત્તાને અભાવે ઉત્તર હિન્દનું ગુપ્ત સામ્રાજ્ય ગુજરાત ઉપર પણ ફેલાયું. એ વંશના રાજા ચંદ્રગુપ્ત વિક્રમાદિત્યના રાજત્વકાળ(૩૮૦થી ૪૧૪ ઇ૦)ના છેવટના ભાગમાં (લગભગ ૪૧૦ ઇ૦) ગુજરાતમાં ગુપ્ત સત્તા સ્થપાઇ. એ કાળ હિન્દના ઇતિહાસમાં સુવર્ણકાળ ગણાય છે. આ અરસામાં સાહિત્ય, શિલ્પ, સંગીત અને અન્ય કળાઓ ઉન્નત અવસ્થાએ પહોંચી ગઈ હતી. ઉત્તર હિન્દમાં ગુપ્તકાલીન ઇમારતોના અવશેષ મળી આવ્યા છે, તેવી એકે ઇમારતની શોધ ગુજરાતમાં થઈ શકી નથી. પરંતુ એ કાળની ઇંટો તથા અન્ય સ્થાપત્યાવશેષો કેટલીક આઠમી નવમી સદીની અવશિષ્ટ ઇમારતોના પાયામાંથી મળી આવે છે, તે ઉપરથી ગુજરાતમાં ગુપ્તકાલીન ઇમારતોનું અસ્તિત્વ સિદ્ધ થાય છે.

આવા જ અવશેષોના સામ્યને આધારે જૂનાગઢના દામોદરમંદિરને મૂળ ગુપ્તકાલીન ઠરાવવાનો પ્રાયાસ સ્વ. ડૉ. ભગવાનલાલ ઇંદ્રજીએ કર્યો છે. જૂનાગઢના સ્કંદગુપ્તના શિલાલેખમાં ગિરીનગરમાં વૈષ્ણવ મંદિર બંધાવ્યાના ઉલ્લેખથી એ પ્રયાસને પુષ્ટિ મળે છે. ગુપ્ત રાજાઓ વૈષ્ણવ હતા અને તે કાળમાં ગુજરાતમાં એ વૈષ્ણવ મંદિરો અવશ્ય બંધાયાં હશે, પરંતુ કાળક્રમે તેમનો નાશ થયાથી અગરતો તે સ્થળે અન્ય ઇમારતો બંધાયાથી આપણે ગુજરાતના ગુપ્તકાલીન સ્થાપત્ય વિષે વિવેચન કરી શકીએ તેવી સ્થિતિ નથી.

ત્રૈકૂટક અને કલચુરી રાજ્ય

આનર્તદેશ, કચ્છ અને સૌરાષ્ટ્ર જ્યારે ગુપ્ત સામ્રાજ્યની જાહોજલાલી ભોગવતાં હતાં ત્યાર લાટદેશ પર ત્રૈકૂટક વંશના અપરાન્ત દેશના રાજાઓનો અમલ હતો. તેમના સિક્કા અને લેખોને આધારે ગુજરાતના આ પ્રદેશ પર તેમની સત્તા ૪૫૬ ઇ. થી ૪૯૫ ઇ. સુધી ચાલુ રહ્યાનું પ્રમાણ મળે છે. કનેરી ગુફાઓના લેખ ઉપરથી અન્ય લોકોપયોગી ઇમારતો પણ બંધાવાઈ હશે એવું અનુમાન માત્ર કરી શકાય જો કે સ્થાપત્યના અવશેષો ઉપલબ્ધ નથી. ત્રૈકૂટકોના અસ્ત પછી લાટદેશ પર કલચુરી રાજાઓની સત્તા સ્થપાઈ. તેમના રાજ્યમાં હાલના ભરૂચ અને વડોદરા જીલ્લાઓના પ્રદેશનો પણ સમાવેશ થતો હતો. સાતમી સદીની શરૂઆતમાં તેમણે પોતાનું રાજ્ય દક્ષિણ લાટમાં પણ વિસ્તાર્યું હતું.

ગુર્જરવંશ

ઈ. સનની સાતમી સદીના છેવટના ભાગમાં તાપી નદીની ઉત્તરે ભરૂચ સુધીનો પ્રદેશ ગુર્જવંશીઓના તાબામાં ગયો હોય, એમ જણાય છે. આ વંશ વિષે કહેવાય છે કે તેઓ મૂળ

મધ્ય એશિઆથી પંજાબમાં આવી વસ્યા હતા અને ત્યાં ગુજરાત વસાવ્યું. પછી ત્યાંથી માળવા અને રાજપૂતાનામાં તેમના વંશજો પ્રસર્યા, અને રાજ્ય સ્થાપ્યું. ત્યાં તેમનું પાટનગર ભિન્નમાળ હતું. તેઓ પોતાને ગુર્જર પ્રતિહાર તરીકે આળખાવતા હતા. ત્યાંથી લગભગ સાતમી સદીના અંતમાં તેમણે આનર્તદેશમાં પ્રવેશી લાટ દેશાન્તર્ગત ભરૂચ પર કબજો કર્યો હશે. ગુર્જરોની આ શાખાએ પોતાના નામ ઉપરથી આ પ્રદેશને ગુર્જર રાષ્ટ્ર નામ આપ્યું, તે ઉપરથી "ગુજરાત" અપભ્રંશરૂપે હજી સુધી વપરાય છે, અને વધુ વિસ્તુત અર્થમાં તેનો ઉપયોગ થાય છે. આ ગુર્જરોના પૂર્વજો પૈકી દદ્ પહેલાનો ૫૯૫ ઈ. નો લેખ આ વંશનો વહેલામાં વહેલો લેખી પુરાવો છે. જો કે ગુજરાતમાં તેઓ ઠેઠ સાતમી સદીના અંતમાં આવ્યા હતા.

એમણે શ્રીમાળ કે ભિન્નમાળથી આણેલી સંસ્કૃતિનો લાટદેશમાં પ્રચાર કર્યો અને આ દેશને પોતાનો જ ગણી તેના ઉત્કર્ષ માટે અને પ્રજાના હિતાર્થે બનતું કર્યું. તેમના રાજ્યનો વિસ્તાર મહીથી નર્મદાની પેલી પાર ઠેઠ ખેડા જીલ્લા સુધી હતો. હાલમાં રાજપીપલા રાજ્યમાં આવેલા નાંદીપુર અર્થાત્ નાદોદમાંતેમનું પાટનગર હશે, એમ એ વંશનાં લખાણો ઉપરથી લાગે છે. પરંતુ સાધારણરીતે તેઓ ભરૂચના ગુર્જરો તરીકે જાણીતા છે. આ વંશનો છેલ્લો રાજા જયભટ્ટ ત્રીજો હતો. આ વંશની જાહોજલાલીના નમૂનારૂપ એકેય ઇમારત અવશેષ રહી નથી.

વલભીના મૈત્રક રાજાઓ.

જ્યારે લાટ દેશમાં ત્રૈકૂટક, કલચુરી અને ગુર્જરોનું રાજ્ય હતું, ત્યારે સૌરાષ્ટ્રમાં મૈત્રકવંશી વલભીરાજાઓનું સબળ રાજ્ય હતું. આ વંશનો પહેલો રાજા તે સેનાપતિ ભટ્ટારક હતો. હૂણ જાતિનાં આક્રમણોથી નબળી પડેલી ગુપ્ત રાજ્યની સત્તાનો લાભ લઈ ઉપર્યુક્ત પ્રાંત-પ્રતિનિધિએ લગભગ ઇ. સ. ૪૯૦માં સ્વતંત્રતાની ઘોષણા કરી, વલભીનું રાજ્ય સ્થાપ્યું. એ રાજ્યની જાહોજલાલી ઠેઠ ઇ. સ. ૭૭૦ ઇ. સુધી રહી હતી. વલભીપુર ઉર્ફે વલા તેમનું મુખ્ય શહેર હતું. તેઓ ગુજરાતમાં બહુ લોકપ્રિય હતા અને તેમણે પોતાના રાજત્વકાલમાં ઘણાં લોકહિતનાં કાર્યો કર્યાનો ઉલ્લેખ તત્કાલીન સાહિત્યમાંથી મળી આવે છે.

એ વંશના એકંદરે ૧૯ રાજાઓએ ૨૮૦ વર્ષ સુધી રાજ્ય કર્યું, તે પ્રમાણમાં બહુ લાંબું હતું. આ દીર્ઘ કાળના સ્થાયી રાજ્યમાં તેમણે વલભીપુરને અત્યંત સુંદર શહેર બનાવી દીધું હતું, એટલું જ નહીં પણ સૌરાષ્ટ્રમાં ઠેર ઠેર શિવાલયો બંધાવ્યાં હતાં અને જૈન અને બૌદ્ધોને પણ તેમના સમયમાં પૂરતી છૂટ હતી. તેથી આ કાળમાં સ્થાપત્યને પણ સારૂં ઉત્તેજન મળ્યું હોવું જોઇએ.

અમરૂ ઈબ્ને જુનેદના આક્રમણસમયે આ સુંદર શહેરનો અને તેની આસપાસની ધાર્મિક ઇમારતોનો જાણી જોઈને નાશ કરવામાં આવેલો હોવાથી આપણા સમય સુધી એના અવશેષો ઉપલબ્ધ નથી. છતાં વલાની આસપાસ ડટાઈ ગએલાં ખંડેરોમાં જો ખનન-કાર્ય થાય તો અવશ્ય કંઈક અવશેષો અવશ્ય મળી આવે.

થોડાક વખત ઉપર મુંબઈની સેંટ ઝેવીઅર કૉલેજના પ્રો. રેવરેન્ડ ફાધર હેરાસે વલામાં થોડુંક ખોદકામ કર્યું હતું અને તેને પરિણામે તેમને કેટલાંક માટીનાં વાસણ, સીલો તથા સિક્કા ઈ૦ મળી આવ્યાં હતાં, તે તેઓ મુંબઈ લઈ આવ્યા છે. માત્ર પ્રાચીન વસ્તુસંગ્રહના

દૃષ્ટિબિંદુથી નહીં, પણ તત્કાલીન શિલ્પ અને સ્થાપત્યના અવશેષો શોધી કાઢવાની દૃષ્ટિએ જો ખનનકાર્ય થાય તો વલાની આસપાસથી આશાજનક પરિણામ આવવાનો સંભવ છે. તળાજાની ગુફાઓ વલભીકાળની હોવાનું કહેવાય છે, જો તેમ હોય તો તત્કાલીન થાંભલા પટ્ટશિલાઓ અને પ્રવેશદ્વાર ઈત્યાદિને આધારે સ્થાપત્યની અટકળ થઈ શકે તેમ છે.

તેમના અવશેષોની શોધ માટે જાણી લેવું આવશ્યક છે કે ૪૯૦ થી ૬૧૪ ઈ૦ સુધી સૌરાષ્ટ્રમાં જ તેમનું રાજ્ય હતું, પરંતુ ધ્રુવસેન બીજો(૬૨૭થી ૬૪૨)ના સમયમાં પશ્ચિમ માળવા અને ઉત્તર ગુજરાતમાં પણ વલભી રાજાઓની સત્તા સ્થપાઈ હતી. તેના સમયમાં હર્ષનો હુમલો થયો ત્યારે તેણે ગુર્જરોનું રક્ષણ કરી પોતાનું શૌર્ય અને બળ દાખવ્યું હતું. તેને પરિણામે થોડાક સમય માટે એના પ્રદેશનો હર્ષે અમુક અંશે કબજો લીધો હતો, છતાં પાછો આપી દીધો એટલુંજ નહીં પણ તેને પોતાની દીકરી પરણાવી, સમ્માનિત કર્યો હતો. હર્ષના મૃત્યુ પછી એ જ વલભીનરેશો પોતાને ચક્રવર્તી તરીકે ઓળખાવવા માંડ્યા હતા. એમની જાહોજલાલી છેવટ સુધી કાયમ રહી હોવાથી એમના આખા રાજ્યવિસ્તારમાંથી તેમના સમયના અવશેષો શોધવાનો પ્રયાસ થાય તો મળવાનો સંભવ છે.

દક્ષિણના ચાલુક્યો

આનર્તદેશ અને લાટના ઉતરાર્ધમાં ગુર્જરવંશી રાજકર્તાઓ દ્વારા ઉત્તર હિન્દની સંસ્કૃતિનો પ્રચાર થતો હતો તે અરસામાં દક્ષિણ લાટમાં બદામીના ચાલુક્યવંશી નૃપત્તિઓની સત્તા દ્વારા દક્ષિણના ચાલુક્ય શિલ્પ અને સ્થાપત્યાદિની અસર થતી હતી. પુલકેશી બીજાના સમયથી આ પ્રમાણેના પ્રભાવની શરૂઆત થઈ હતી અને ત્યાર પછી તેના ત્રણે પુત્રોએ સ્વતંત્રરૂપે આ ભાગ પર સત્તા ભોગવી હતી તેથી લગભગ ઇ. સ. ૬૭૦થી ૭૪૦ સુધીનો કાળ ગુજરાતના દક્ષિણ ભાગ માટે ચાલુક્યસ્થાપત્યની અસર લાવનારો અવશ્ય થયો હોવો જોઈએ.

ઉત્તરમાં રાજકર્તા ગુર્જરો સાથે તેમનો સંબંધ કેવો હતો તે જાણવા માટે પૂરતું એટલું અવશ્ય કહી શકાય કે તેઓ વધુ શક્તિશાળી હતા. ખલીફા હાસમના રાજત્વકાળમાં જ્યારે જુનૈદની સરદારી હેઠળ ગુજરાત પર અરબોનું આક્રમણ થયું અને તેને પરિણામે સિંધ, કચ્છ, કાઠિયાવાડાદિ હિન્દુ રાજસત્તાઓનો નાશ થઈ ગયો હતો, ત્યારે એ ચાલુક્યવંશી પુલકેશી જનાશ્રયના સૈન્યે જ એ સબળ વિજેતાઓને દક્ષિણમાં પગપેસારો કરતા અટકાવ્યા હતા.

રાષ્ટ્રકૂટ વંશ

ચાલુક્યો પછી કલ્યાણકટક કન્નોજના રાજાઓની સત્તા લાટ દેશ પર સ્થપાઈ હતી. એ રાજાઓ પોતાને રાષ્ટ્રકૂટવંશી કહેતા. ચાલુક્યોએ મુસલિમ સત્તાને દક્ષિણમાં પ્રવેશતી અટકાવી, જ્યારે રાષ્ટ્રકૂટોએ ગુજરાતમાં પ્રવેશેલી એમની સત્તાને નાબૂદ કરી નાંખી હતી. એ વંશનું રાજ્ય લગભગ ૭૪૩થી શરૂ થયું હતું અને ઇ. સ. ૯૪૭ સુધી કાયમ રહ્યું હતું. એ અરસામાં શરૂઆતના સમયમાં સીદ્ધા રાષ્ટ્રકૂટ રાજવંશીઓ જ રાજ્ય ચલાવતા હતા, પરંતુ ગોવિંદ ત્રીજાના સમયથી લગભગ ૭૫ વર્ષ સુધી તેમણે સ્વતંત્રપણે રાજ ચલાવ્યું, પણ ફરી વાર તેમને મૂળ રાજ્યકર્તાઓને આધીન રહી રાજ ચલાવવું પડેલું.

આ પ્રમાણે લગભગ ૨૦૦ વર્ષ સુધીની ગુજરાત પર રહેલી રાષ્ટ્રકૂટ સત્તા દરમિયાન ભરૂચ તેમનું કેન્દ્રસ્થાન હતું. આ રાજાઓ હિન્દુ ધર્મ અને હિન્દી સંસ્કૃતિના પૂર્ણ અભિમાની હતા. અરબો સામે 'ઝઝૂમવા માટે તેમણે બૌદ્ધ સાધુ ભાદંત દ્વારા ઠેઠ ચીનથી સહાયતા

માગ્યાનું કહેવાય છે અને કાશ્મીરથી મુક્તપદ લલિતાદિત્યની સરદારી હેઠળ પ્રબળ સૈન્ય પણ એમને આ કાર્યમાં સહાય કરવા માટે આવ્યું હતું. તેથી તે સમયે રાષ્ટ્રકૂટ વંશીઓનો અન્ય પ્રાંતોનાં હિન્દુ રાજ્યો સાથે બહુ મિત્રાચારીવાળો સંબંધ હતો, એમ કહી શકાય.

અરબોએ પોતાનાં પુસ્તકોમાં રાષ્ટ્રકૂટ રાજાઓને બળવાન બલ્હર રાજાઓ તરીકે ઓળખાવ્યા છે. બલ્હર રાજ એ વલ્લભરાજ શબ્દનું અપભ્રંશ લાગે છે. રાષ્ટ્રકૂટ રાજાઓનાં તામ્રપત્રોમાં આ શબ્દનો ઉપયોગ થયેલો જણાય છે. ઇદ્રીસી અને મસૂદીનાં ઐતિહાસિક વિવેચનોને આધારે કહી શકાય કે તેમની સત્તા મહી અને સાબરમતીના પ્રદેશમાં ખેડા, કપડવંજ અને ભરૂચ જિલ્લાઓમાં હતી. એમનાં મળી આવેલાં દાનપત્રો દ્વારા એ કથનને પુષ્ટિ મળે છે. ઉપર્યુક્ત પ્રદેશોના એમના રાજ્યવિસ્તારમાંથી એમના સમયના પ્રાચીન ઈમારતના અવશેષો હજી શોધાયા નથી.

ચાવડા વંશ

આઠમી સદીની પહેલી વીશીમાં દીવપટ્ટણમાં પરમાર કે ચાવડા વંશના રાજ્યની સ્થાપના થઈ હતી. આ વંશના સંસ્થાપક વચ્છરાજ પછી તેના પુત્ર વેણીરાજનું સમુદ્રના પ્રકોપથી મરણ નીપજતાં, તેની ગર્ભવતી રાણી પંચાસરમાં આવી વસ્યા પછી વણોદ સ્થળે **વનરાજ** નામક પુત્રનો જન્મ થયાની વાત જાણીતી છે. રત્નમાળાના કર્તા કૃષ્ણજીના મતાનુસાર પંચાસરમાં જયશેખર કે જશરાજે ચાવડા વંશની સ્થાપના કરી હતી અને ત્યારપછી ભુવડના આક્રમણ પ્રસંગે ગર્ભવતી રાણીના નાસી છૂટયાનો ઉલ્લેખ છે. ઉપરના બન્ને મતાનુસાર વનરાજના જન્મવિષે મતભેદ નથી.

આ વનરાજે ઇ. સ. ૭૪૬માં અણહિલપુર પાટણ વસાવી ત્યાં પોતાનું રાજ્ય સ્થાપિત કર્યાની વાત જાણીતી છે. આ વખતે ગુજરાતમાં જૈન ધર્મનો વધુ પ્રચાર હતો. વનરાજના જન્મસમયે વનમાં તેનું રક્ષણ કરનાર જૈન સાધુ શીલગુણસૂરીને તેણે અણહિલપુરમા તેડાવી નિવાસ કરાવ્યો અને પંચાસર પાર્શ્વનાથનું મંદિર બંધાવી આપ્યું. પોતાને માટે ભવ્ય મહેલ અને તેની પાસે જ કંઠેશ્વરીનું સુંદર મંદિર બંધાવ્યું. તેજ પ્રમાણે બીજાં કેટલાંક હિન્દુ અને જૈન મંદિરો તેના કાળમાં બંધાયાં હશે, પરંતુ અત્યારે તેમાંથી એકે ઈમારત એના મૂળ સ્વરૂપમાં બચી શકી નથી.

વનરાજ પછી એ વંશના યોગરાજ, રત્નાદિત્ય, વૈરીસિંહ, ક્ષેમરાજ, ચામુંડ, આંકડાદેવ અને ભુભટ્ટ ઈત્યાદિ સાત આઠ રાજાઓએ અણહિલપુર પાટણમાં પાટનગર રાખી, ઇ. સ. ૯૪૨ સુધી ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં પોતાની આણ વર્તાવી હતી. તે દરમિયાન પણ યોગેશ્વરી, આંકડેશ્વરી ઈત્યાદિ રાજાઓના પોતાના નામ ઉપરથી દેવીનાં નામ રાખી બંધાવેલાં મંદિરો અને બીજી કેટલીક ઈમારતોનો ઉલ્લેખ જૈન ગ્રંથોમાંથી મળે છે. શ્રી મેરુતુંગ, પ્રબંધ ચિંતામણી, તથા રત્નસારાદિ એ કાળના ઇતિહાસના ગ્રંથોનું સૂક્ષ્માવલોકન કરી ચાવડાઓએ બંધાવેલાં મંદિરો, મહાલયો અને જલાશયો આદિની યાદી બનાવીએ અને તેમાં વર્ણિત સ્થલોની શોધ કરીએ તો કદાચ કંઈક અવશેષો મળી આવે. અણહિલપુર પાટણના ખાન-સરોવરને નામે ઓળખાતા પ્રાચીન તળાવની પાળમાં તેમ જ ઉપરની ઈમારતની ભીંતોમાં કેટલીક પ્રાચીન શિલ્પચિત્રોવાળી શિલાઓ ચણાએલી જણાય છે. તે ઉપરથી મિ. બર્જીસ માને છે કે આ તળાવની પ્રાચીન હિન્દુકાલીન સામગ્રીમાંથીજ ૧૬ મી સદીમાં આ તળાવનો જીર્ણોદ્ધાર થયો હશે.

આ રાજાઓની ઈમારતોનું સ્થાપત્ય શ્રીમાળ અને ભિન્નમાળની ઈમારતો (જેના અવશેષો આજે પણ જોઈ શકાય છે) જેવું હશે, એમ માનવાને સબળ કારણ છે. અણહિલપુરમાં આવી વસનાર અને ત્યાંથી આખા ગુજરાતમાં પ્રસરી ગએલી શ્રીમાળી, મેડતવાળ, ભટમેવાડા, ઝારોળા ઇ૦ અનેક મારવાડ અને મેવાડથી ઉતરી આવેલી બ્રાહ્મણ વાણીઆની જ્ઞાતિઓના પૂર્વજોએ રાજપૂતાના અને ગુજરાતને સંસ્કૃતિની દૃષ્ટિએ સાંધી દીધું હતું તેથી તત્કાલીન અરબ લેખકોએ શ્રીમાળ સુધીનો આખો પ્રદેશ ગુજરાતમાં જ ગણ્યો છે.

ગુર્જર પ્રતિહાર રાજાઓ

જ્યારે ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના અમુક ભાગમાં રાષ્ટ્રકૂટ અને ત્યારપછી ચાવડા વંશનું રાજ્ય હતું ત્યારે વલ્લભીવંશના વિનાશ પછી સબળ બનેલી ગુર્જર પ્રતિહારોની એક શાખાએ પશ્ચિમ કિનારાપર પોતાની સત્તા જમાવી હતી. ઈ. સ. ૭૮૩ માં એ વંશના વત્સરાજે સૌરાષ્ટ્રમાં પગપેસારો કર્યો હતો. ત્યારપછીના એ વંશના રાજાઓ વિષેની વિગત બહુ ઓછી મળે છે. ઈ. સ. ૯૨૦, મહિપાલ નામક રાજાનો પરાજય રાષ્ટ્રકૂટ વંશીય ઇન્દ્ર ત્રીજા દ્વારા થયાનો ઉલ્લેખ મળે છે. ત્યાર પછીથી ગુર્જર પ્રતિહારોની સત્તા નબળી પડી ગઈ અને કેટલાંક નાનાં રાજ્યો સ્થપાયાં તેનો ઉલ્લેખ ચાલુક્ય વંશના ઇતિહાસમાંથી મળે છે. મૂળરાજે ઈ. સ. ૯૭૦ ગ્રહરિપુને વંથલી (વામનસ્થલી) આગળ હરાવી, પ્રભાસ-પાટણ જતાં પોતાના માર્ગનો અંતરાય દૂર કર્યા પછીથી સોલંકી સત્તા આ પ્રદેશમાં વ્યાપવા માંડી હતી તે સિદ્ધરાજ જયસિંહના સમયમાં પૂર્ણતાએ પહોંચી ગઈ, અર્થાત્ ત્યાંસુધી ગુર્જર પ્રતિહારોની રાજસત્તાના અવશેષ સૌરાષ્ટ્રમાં બચી રહ્યાં હતાં.

સોલંકી રાજ્ય

દંતકથા અનુસાર ઇતિહાસકારોએ નોંધ્યું છે કે કનોજના નૃપતિ મંજુલદેવના ત્રણે પુત્ર રાજ, બીજ અને દંડક ભૂવડના રાજત્વકાલમાં સોમનાથની યાત્રાએ જતાં થોડોક વખત અણહિલ-પુરમાં રોકાયા. તે દરમિયાન મોટા કુંવર **રાજ**નો રાજકુંવરી લીલાદેવી સાથે પ્રેમ બંધાયો, અને લગ્ન થઈ ગયાં. પ્રસૂતિસમયે લીલાદેવીનો દેહાન્ત થયો અને જન્મેલો પુત્ર **મૂળરાજ** મોસાળમાં ઉછરી મોટો થયો. કહેવાય છે ૨૧ વર્ષની ઉમરે ઈ. સ. ૯૪૧માં મૂળરાજે પોતાના મામા સામંતદેવ સામે બંડ જગાવ્યું અને તેનો વધ કરી, પોતે ગાદીએ બેઠો. કેટલાક વિદ્વાનોનો અભિપ્રાય છે કે તેના મામાએજ પોતે મૂળરાજને પોતાનો ઉત્તરાધિકારી નીમ્યો હતો. ગમે તેમ ચાવડા વંશની શાખાનો આ સમયથી અંત આવ્યો અને ઉત્તરીય ચાલુક્ય વંશની ગુજરાતમાં સોલંકીના લોકપ્રિય નામથી સ્થાપના થઈ.

આ રાજાઓ શૈવ હતા, એમ એમનાં લખાણો અને બંધાવેલાં મંદિરોપરથી સિદ્ધ થાય છે. મૂળરાજે યજ્ઞ કરી, ઉત્તરના ઉદીચ્યોને તથા અન્ય બ્રાહ્મણોને ગુજરાતમાં વસાવ્યાની વાત જાણીતી છે. તેમને દાનમાં આપેલાં સિહોર, ખંભાત, માતર ઈત્યાદિ ગામોનાં નામ જોતાં તેના રાજ્યવિસ્તારનો પણ ખ્યાલ આવી શકે છે. આનર્ત અને સૌરાષ્ટ્ર આખું એના તાબામાં હતું. ઉપલાં સ્થળોમાં તેણે ઘણાં શિવાલયો બંધાવી આપ્યાં અને તેમના નિર્વાહાર્થે જમીન દાનમાં આપ્યાના ઉલ્લેખ કેટલાંક તામ્રપત્રોમાથી મળે છે. વીરમગામની વાયવ્યે **આવેલા મંડલગ્રામમાં બંધાવેલું ભૂલેશ્વરનું મંદિર અને સાથેનો મઠ ઉલ્લેખનીય છે. સૌથી**

છેલ્લું પણ મહત્વમાં સર્વશ્રેષ્ઠ એવું રુદ્રમાળનું એકાદશ રુદ્રનું ભવ્ય મંદિર પણ મૂળ તેણે જ બંધાવ્યું હતું. કેટલાકો એમ માને છે કે આ મંદિર પૂર્ણ થતાં પૂર્વે મૂળરાજનું મૃત્યુ થઈ ગએલું હોવાથી ૧૭૦ વર્ષ પછી સિદ્ધરાજે તેને પૂર્ણ કર્યું, પરંતુ તે સત્ય નથી. આ મંદિર બંધાવી તેમાં શિવની મૂર્તિ સ્થાપી, મૂળરાજે પોતે શુભ મુહૂર્તમાં પૂજા કર્યાનો ઉલ્લેખ પ્રત્યક્ષ પ્રમાણરૂપે છે. ૫૫ વર્ષની ઉમરે તેનું મૃત્યુ થયું.

ત્યારપછી તેના પુત્ર ચામુંડે ૧૩ વર્ષના ટુંકા રાજત્વકાલમાં પણ કેટલાંક મંદિરો બંધાવ્યાં હતાં. ચંડનાથ અને ચાચીનેશ્વરનાં મંદિરો તેણે અણહિલવાડામાં બંધાવ્યાં. તેના પુત્ર **દુર્લભે** બંધાવેલું મદનશંકરનું મંદિર અને દુર્લભ સરોવર પણ ઉલ્લેખનીય છે.

દુર્લભ પછી એના ભત્રીજા **ભીમદેવનું** રાજ્ય ઈ. સ. ૧૦૨૧થી શરૂ થયું. એના રાજત્વકાળમાં લગભગ એક સદીથી ઉત્તર હિન્દમાં લગભગ ઝઝુમી રહેલી મુસલિમ સત્તાએ ફરી વાર ગુજરાતમાં ડોકીયું કરવાનું સાહસ કર્યું અને મહમૂદ ગઝનવીની સરદારી હેઠળ તત્કાલીન ભારતનાં દ્વાદશજ્યોતિર્લિંગોમાંના એક સોમનાથ મહાદેવના મંદિર ઉપર મુસલિમ આક્રમણ થયું. યવનદળની ચઢી આવતી છોળને અટકાવવાનું ભીમદેવમાં બળ ન હતું. તે કચ્છમાં આવેલા કંઠકોટના કિલ્લામાં જતો રહ્યો અને આ તરફ સોમનાથ મંદિરની શી દશા થઈ, મહમૂદે શું શું કર્યું, કેટલી ધનસંપત્તિ એકત્રિત કરી તે ત્યાંથી પાછો વળ્યો અને રસ્તામાં કેટલાંએ હિન્દુ મંદિરો અને ભદ્ર પુરુષો ભ્રષ્ટ થયાં તેનો વિસ્તારપૂર્વક અત્રે ઉલેખ કરવાની આવશ્યકતા નથી. ઈતિહાસમાં બધાએ તે વાંચ્યું હશે. મહમદ ગઝનવીના પાછા ફર્યા પછી ભીમદેવે અણહિલપુર પાટણ, સોમનાથ પાટણ અને અન્ય સ્થળોએ મુસ્લિમોએ ભાંગી નાંખેલાં દેવમંદિરો સમરાવ્યાં અને નવી મૂર્તિઓ સ્થાપિત કરી. મુસ્લિમ પ્રતિનિધિ તરીકે સોમનાથમાં મથક બનાવી બેઠેલા દાબ સલીમને મારી નાંખી મુસ્લિમ સત્તા ધણુ નિર્મૂળ કરી દીધી.

ત્યાર પછીનાં લગભગ દોઢસો વર્ષના શાન્તિના કાળમાં ગુજરાતમાં સ્થાપત્ય અને શિલ્પને વધુ વેગ મળ્યો અને હિન્દમાં સર્વોત્કૃષ્ટ ગણી શકાય એવા શિલ્પ અને સ્થાપત્યના નમૂના એ જ અરસામાં પ્રાપ્ત કરવા ગુજરાત ભાગ્યશાળી બન્યું. એ જ રાજત્વકાળમાં આબુના દંડપતિ અર્થાત્ સૂબા વિમલશાહે પહેલા તીર્થંકર ઋષભદેવનું સુંદર આરસપહાણનું મંદિર દેલવાડામાં બંધાવ્યું. આ કઠણ પત્થરને માટીના ગોળાની માફક નરમ માની, સ્વેચ્છાનુસાર સૂક્ષ્માતિસૂક્ષ્મ કારીગરીવાળુ કામ ત્યાંના સ્થપતિએ કરી બતાવ્યું છે તે આખીએ દુનિયામાં અજોડ છે. કુંભારિયા અને આરાસુરના ડુંગર ઉપર અંબાભવાનીના મંદિર પાસે બંધાવેલાં મંદિરો એ જ પ્રકારનાં છે. ભીમદેવે પોતે ત્રિપુરુષપ્રાસાદ અને ભીમેશ્વરાદિનાં મંદિરો બંધાવ્યાં હતાં. તેની રાણી ઉદયવતીની બંધાવેલી રાણીવાવ પડી ભાગેલી સ્થિતિમાંયે પોતાની ભવ્યતા અને ઉત્કૃષ્ટ શિલ્પનો ખ્યાલ હજીયે આપે છે.

ભીમદેવ પછી તેનો પુત્ર **કર્ણ** ઉર્ફે ત્રિલોકમલ્લ ઈ સ. ૧૦૬૩ માં ગાદીએ આવ્યો. તેણે ગોવાની રાજકુંવરી મયણલ્લાદેવી સાથે લગ્ન કર્યાં હતાં. તેના રાજત્વકાળમાં ગુજરાતમાં સર્વત્ર શાન્તિ હોવાથી પ્રજાને સાહિત્ય, શિલ્પ અને સ્થાપત્ય તથા ધાર્મિક પ્રવૃત્તિઓમાં વધુ ઉત્કર્ષ સાધવાની તક મળી. દીર્ઘ કાળથી અણહિલપુરની આસપાસ બની રહેલા કેન્દ્રનો વિસ્તાર થયો. તેણે હાલના અમદાવાદ પાસે આવેલા અશાવલ કે આશાપલ્લિ ઉપર કબજો મેળવી,

કર્ણાવતી નગર વસાવ્યું. મુસ્લિમકાળમાં એ નગર અહમદશાહના નામ ઉપરથી અહમદાબાદ કે અમદાબાદમાં ફેરવાઈ ગયું. છતાં એ મુસ્લિમ સુલતાનોના પ્રારંભિક કામમાં બંધાયેલી મસ્જીદોના સ્થાપત્ય, તેમાં વપરાએલા પ્રાચીન મંદિરોના થાંભલા ચંદરવા આદિ સામગ્રી જોતાં કર્ણાવતીના શિલ્પસ્થાપત્યનો ખ્યાલ આવી શકે છે. પાટણમાં પણ તેણે કર્ણમેરુનામક મંદિર બંધાવ્યું. મોઢેરા પાસેની નદીના પાણીનું રોકાણ કરી, દશ માઇલ લાંબું કર્ણસાગર બાંધવામાં આવ્યું. ઠેઠ ૧૮૧૪ સુધી આ સરોવરમાં પાણી હતું, પરંતુ એ વર્ષમાં અતિવૃષ્ટિ થઈ ત્યારે પાળ ફૂટી જવાથી આખું સરોવર જલવિહીન થઈ ગયું.

કર્ણના મૃત્યુ પછી ઇ. સ. ૧૦૯૪માં તેનો બાળકપુત્ર ગાદીએ આવ્યો, તે **સિદ્ધરાજ** જયસિહ તરીકે ગુજરાતમાં ખ્યાતિ પામ્યો. પ્રારંભિક કાળમાં તેની માતા મયણલ્લાદેવીએ પોતાના શ્રીમાળી જ્ઞાતીય મંત્રી ઉદયન, સંતુ અને મુંજાલના સહકારથી રાજતંત્ર ચલાવ્યું હતું. સિદ્ધરાજે રુદ્રમહાલયના મંદિરનો જીર્ણોદ્ધાર કરી, તેમાં ઘણો જ સુધારોવધારો કર્યો. તેમાંની અસંખ્ય કીમતી મૂર્તિઓ અને વૈભવનું વર્ણન પ્રબંધચિંતામણીમાં સવિસ્તર આપવામાં આવ્યું છે. મોઢેરાનું સૂર્યમંદિર પણ એ જ કાળમાં બંધાયું હોય, એમ લાગે છે. તેણે બ્રાહ્મણીય મંદિરો બંધાવ્યાં, જ્યારે એના જૈન મંત્રીઓએ પાટણ, કર્ણાવતી, ગિરનાર અને શત્રુંજયાદિ સ્થળોમાં ઉદયવસાહી, મહારાજભુવન અને નેમીનાથનાં દેહરાં બંધાવ્યાં. એના જ રાજત્વકાલમાં મયણલ્લાદેવીના પિતાના ધર્મગુરુ દિગંબર જૈન સંપ્રદાયના પ્રચારાર્થે ગુજરાતમાં આવ્યા અને શ્વેતાંબર જૈન સંપ્રદાયના પંડિત શ્રી દેવસૂરિ સાથે શાસ્ત્રાર્થ કર્યો. આ શાસ્ત્રાર્થ સને ૧૧૨૪ માં સિદ્ધરાજની રાજસભામાં અતિ સમારંભથી થયો હતો. શાસ્ત્રાર્થમાં વિજય પ્રાપ્ત કરનાર પંડિત શ્રી દેવસૂરિનો પુરસ્કાર કરી કેટલાંક ગામ ઈનામમાં આપ્યાં અને પરાસ્ત થએલા પંડિતનો પણ સારો સત્કાર કર્યો. આ પ્રમાણે ૪૯ વર્ષના લાંબા રાજત્વકાલમાં સિદ્ધરાજ બહૂ જ લોક પ્રિય થઈ ગયો.

તે જ અરસામાં દક્ષિણમાં ભવ્ય ચાલુક્ય મંદિરો બંધાતાં હતાં. તેમના શિલ્પ અને સ્થાપત્યથી ચઢી જાય તેવું કામ કરવાની ગુજરાતના કારીગરોમાં સ્પર્ધા હતી. તેથી જ સોલંકી વંશના ઉત્કૃષ્ટ સ્થાપત્યમાં સિદ્ધરાજનો સમય શિલ્પસ્થાપત્યની પરાકાષ્ઠાએ પહોંચ્યો હતો. ધોળકાનું મીનલતળાવ, વીરમગામનું મીનલ સરોવર, પાટણનું સહસ્રલિંગ તળાવ અને મંદિરો તથા ઝિંઝુવાડાનાં દ્વાર અને કિલ્લો ઇત્યાદિ ઉત્તમ સ્થાપત્યના નમૂના એ જ કાળમાં સરજાયા. હેમચંદ્રાચાર્ય અને અન્ય જૈન સાધુઓ અને પંડિતોનાં શિલ્પ અને સ્થાપત્યવિષયક સાહિત્ય પણ આ કાળના પરિપાક રૂપ છે. સિદ્ધરાજ જયસિંહના સમયની ઈમારતોના બાહુલ્યને લીધે ત્યાર પછીની બંધાએલી ઈમારતો માટે પણ જેના બંધાવનારનું નામ ખબર ન હોય તેને સિદ્ધરાજની બંધાવેલી હશે એવી સાધારણ માન્યતાથઈ પડી છે.

સિદ્ધરાજના નિઃપુત્રમરણ પછી, પ્રજાની પસંદગીથી ૫૦ વર્ષની ઉમરે **કુમારપાળ** સોલંકી રાજ્યનો અધિકારી બન્યો. પ્રચલિત પ્રથા અનુસાર તેણે પણ કેટલીક ઈમારતો બંધાવી અને જનહિતનાં કાર્યો કર્યાં. સો વર્ષ પહેલાં સમરાવેલા સોમનાથના મંદિરનો તેણે ફરીથી જીર્ણોદ્ધાર કર્યો અને સોમનાથ પટ્ટણનો કોટ નવેસરથી બંધાવ્યો. કુમારપાળ ઉપર રાજગુરુ હેમચંદ્રાચાર્યનો સારો પ્રભાવ પડેલો હોવાથી છેવટના ભાગમાં તે જૈન ધર્મ તરફ વધુ પ્રવૃત્ત થયો હતો. એના આશ્રય હેઠળ જ ઉદયનના પુત્ર વાગ્ભટ્ટે સને ૧૧૬૪ માં શત્રુંજયની ટેકરી

પાસે વાગ્ભટ્ટપુર વસાવ્યું હતું અને તેમાં કેટલાંક જૈન દેહરાસરો બંધાવ્યાં હતાં અને તેના ભાઈ આમ્રભટ્ટે ભરૂચનું વિશાલ જૈન મંદિર બંધાવ્યું. રાજાએ પોતે પણ સોમનાથ તીર્થમાં કુમારવિહાર નામક જૈન મંદિર બંધાવ્યું. તે જ પ્રમાણે ગિરનાર, શત્રુંજય, ખંભાત, અણહિલવાડ પાટણ અને ધંધુકા વગેરે સ્થળોમાં પણ જૈન મંદિરો બંધાવ્યાં. આ પ્રમાણે ૩૦ વર્ષ સુધી સુખશાંન્તિપૂર્વક રાજ્ય કરી, ઇ. સ. ૧૧૭૩ માં તે મરણ પામ્યો.

કુમારપાળના મૃત્યુના થોડા જ સમય પહેલાં શૈવમતના મહાન ઉપદેશક શ્રીમદ્ જગદ્ગુરુ શંકરાચાર્ય ગુજરાતમાં પ્રચારાર્થે આવ્યા હતા. તેમના પ્રચારને પરિણામે કેટલાક જૈન ધર્માવલંબીઓ શૈવ થયા, એટલું જ નહી, પણ કુમારપાળના ઉત્તરાધિકારી તરીકે ગાદીપર આવેલા એના ભત્રીજા **અજયદેવ** પર તેમના ઉપદેશની એટલી અસર થઈ કે તેણે પણ જૈન ધર્મ વિરૂદ્ધ પ્રચાર ચાલુ રાખ્યો, એટલું જ નહીં પણ કેટલાક પ્રભાવશાલી જૈનોનો વધ પણ કરાવી દીધો. આથી પ્રજાની લાગણી બહુ ઉશ્કેરાઈ ગઈ હતી, તેથી માત્ર ત્રણ વર્ષના રાજ્ય પછી તેના પોતાના દ્વારપાળે જ તેનું ખૂન કર્યું. તે સમયમાં વધુ પ્રભાવશાલી અને ધનવાન પ્રજા જૈનધર્માવલંબી જ હતી તેથી રાજાની ક્રૂરતા સામે સજ્જડ વિરોધ જાગી ઉઠયો હતો અને પ્રજા ખળભળી ઉઠી હતી. તેથી સોલંકી વંશની પડતીનાં બી વવાઈ ગયાં અને શાંતિનો ભંગ થયો.

ઉપર્યુક્ત પરિસ્થિતિનો, તેમ જ **અજયદેવ**ના ઉત્તરાધિકારી તરીકે બાળક **મૂળદેવ** અને એની માતા નાયિકાદેવીનું બળ સ્વાભાવિક રીતે ઓછું હોવાથી તેનો લાભ લઈ મહમદ ઘોરીની સરદારી હેઠળ મુસલિમોએ ગુજરાત પર આક્રમણ કર્યું. પરંતુ સૌભાગ્યવશાત્ રાજમાતાના શૌર્ય અને કુનેહને પરિણામે આ વખતે હિન્દુદળે સારી બાથ ભીડી, દુશમનોને હાંકી કાઢયા.

માત્ર બે વર્ષ પછી જ બાળ મૂળદેવનું મૃત્યુ થયું, એટલે સને ૧૧૭૮ માં તેના ભાઈ **ભીમદેવ** બીજાને ગાદીએ બેસાડવામાં આવ્યો. તેનું રાજ્ય ૬૩ વર્ષ સુધી ચાલુ રહ્યું હતું. છતાં આ કાળમાં વારંવાર મુસલિમો સાથે લડવાનું હોવાથી અને વખતો-વખત મુસલિમ સૈનિકોનાં ઝનૂની ટોળાં દ્વારા લૂંટફાટ અને અત્યાચારની ભોગ થઈ પડતી હિન્દુ અને જૈન પ્રજાના ચિત્તમાં અશાન્તિ અને અસ્થિરતા હોવાથી શિલ્પ અને સ્થાપત્યનું કાર્ય શિથિલ થઈ ગયું હતું. ભીમદેવનો આખો વખત મુસલિમ આક્રમકોની સાથે લડવામાં જ ગયો. એના રાજત્વકાલના આરંભથી જ તેમની વક્રદષ્ટિ ગુજરાતપર પડી હતી અને હવે તેમણે વધુ જોશભેર આક્રમણો કરવા માંડયાં હતાં તેનો શૂરવીરતાથી મુકાબલો કરી, તેણે વારંવાર હાંકી કાઢયા હતા. સને ૧૧૯૭માં કુતબુદ્દીન ઐબક સ્વતઃ સૌરાષ્ટ્રપર ચઢી આવ્યો અને મહેરવંશીઓની નબળી સ્થિતિનો લાભ લઇ ત્યાં પોતાની સત્તા જમાવવાનો પ્રયાસ કર્યો. પરંતુ તે વખતે ભીમદેવની સહાયતાથી કુતબુદ્દીનને સખત હાર ખાઈ નાસવું પડયું. હિન્દુ સૈન્યે ઠેઠ અજમેર સુધી તેની પુંઠ પકડી, મુઇઝુદ્દીન ઉર્ફે મહમદ ઘોરી મદદે આવ્યો ત્યાં સુધી તેને અટકાવી રાખ્યો હતો. આ હારથી ઉશ્કેરાઈ મુસલિમોએ દૃઢ સંકલ્પ કરી પૂર્ણ શક્તિ સાથે બીજે જ વર્ષે આક્રમણ કરી ભીમદેવને હરાવ્યો અને અણહિલવાડા પાટણ સર કરી ત્યાં મન મૂકીને લૂંટ ચલાવી, હિન્દુ તથા જૈન મંદિરો અને અન્ય ઇમારતોનો નાશ કરી નાંખ્યો અને તેમાંથી પ્રાપ્ત થએલી સામગ્રીથી એ જ સ્થળે મસજિદો બંધાવી દીધી.

આમ છતાં થોડાક વખતની લૂંટફાટ પછી તેઓ પાછા ફર્યા, એટલે રાજકાજ **ભીમદેવના મંત્રી લવણપ્રસાદે** ચલાવવા માંડયું. પણ ભીમદેવની સત્તા હવે બહુ નબળી પડી ગઈ હતી અને રાજની લગામ મંત્રી લવણપ્રસાદના જ હાથમાં હતી. એટલે એના રાજત્વકાળમાં જ તેણે પોતાને રાજા ઠરાવી દીધો હતો. ભીમદેવ પછી તેનો પુત્ર **ત્રિભુવનપાલ** નામ માત્રનો રાજા બે વર્ષ રહ્યા પછી મરણ પામ્યો.

વાઘેલા વંશ

ઉપર જણાવ્યું તેમ ભીમદેવના રાજત્વકાળમાં જ **લવણપ્રસાદે** રાજસત્તાનું તંત્ર પોતાના હાથમાં લઈ લીધું હતું, અને કેટલાંક દાનપત્રોમાં પોતાને મહારાજાધિરાજ તરીકે ઓળખાવવા માંડયો. સને ૧૨૨૨થી જ તેણે તથા તેના પુત્ર **વીરધવલે** ધોળકામાં મથક રાખી, સ્વતંત્ર રાજકર્તા તરીકે વર્તવા માડયું હતું. આ પ્રમાણે લવણપ્રસાદે ગુજરાતમાં વાઘેલા વંશની રાજ્યસ્થાપના કરી દીધી. છતાં સોલંકી વંશના છેલ્લા રાજા ભીમદેવ અને તેના પુત્ર સાથે કોઈ પણ જાતનું યુદ્ધ કે મનોમાલિન્ય થવા પામ્યું નહતું. બહુ સરળતાથી જાણે સ્વેચ્છાએ રાજ્ય સોંપાતું હોય તેમ સોલંકી વંશના હાથમાંથી વાઘેલા વંશના હાથમાં રાજસત્તા આવી ગઈ.

વીરધવલે પોતાના મંત્રી તરીકે વસ્તુપાલ નામક ધનિક અને અત્યંત પ્રભાવશાળી જૈન વેપારીની નીમણુંક કરી હતી. તેણે તથા તેના ભાઈ તેજપાળે શિલ્પ અને સ્થાપત્યના ક્ષેત્રમાં ગુજરાતમાં બહુ ખ્યાતિ મેળવી. કહેવાય છે કે વાઘેલા રાજ્યમાં વસ્તુપાલતેજપાળ જ આખા ગુજરાતના આકર્ષણ કેન્દ્ર હતા. એ બન્ને ભાઈઓએ બધાં જૈન તીર્થોમાં મંદિરો અને વિહારો બંધાવ્યાં, જૈનોનાં જ નહી પણ બ્રાહ્મણીય મંદિરોના પણ જીર્ણોદ્ધાર તેણે કરાવ્યાનાં પ્રમાણ મળે છે. પ્રબંધચિંતામણી અને ગિરનારના શિલાલેખમાં તેમની બંધાવેલી ઇમારતોની યાદી એટલી મોટી છે કે બધીનો ઉલ્લેખ અત્રે થઈ શકે તેમ નથી. લગભગ ઇ. સ. ૧૨૨૬માં આબુ પર ચઢી આવેલા મુસ્લિમોને ચંદ્રાવતીવાળા ધારાવર્ષની સહાયથી પરાસ્ત કરી, વસ્તુપાળે અણહિલવાડમાં આવી, પંચાસર પાર્શ્વનાથના ખંડિત થએલા દહેરાને પૂર્વ સ્થિતિમાં બંધાવી આપ્યું. ખંભાત, ધોળકા, શેત્રુંજય, પાલીતાણા, ગિરનાર તથા ડભોઈમાં એ બંધુઓએ અનેક મદિરો, ધર્મશાળાઓ મઠ અને એવી જ સાર્વજનિક સંસ્થાઓની ઇમારતો બંધાવી આપી. સૌથી વધુ પ્રખ્યાત તેજપાલનું બંધાવેલું આબુ પર્વતની ટોચ પર દેલવાડાનું નેમીનાથનું મંદિર છે. તેના આરસપહાણનાં ભરપૂર કોતરકામવાળા થાંભલા તથા સુંદર કલામય ચંદરવા એટલા સુંદર છે કે આજના કારીગરોને તે જોઈ અવાક્ થઈ રહેવું પડે છે. દુનિયાની અજાયબી-ઓમાં તાજમહેલનું નામ છે, પરંતુ દેલવાડાના આ મંદિરનું શિલ્પ તાજમહેલ કરતાંએ ચઢી જાય તેવું છે. બંધાવનારની ઉદારતા અને શ્રદ્ધાની સાથે બાંધનાર સલાટો અને સ્થપતિઓના ભાવભીના હાથ તથા ચિત્તની તન્મયતા અને સહકારનું આ સુંદર પરિણામ છે. ત્યાંના કારીગરોએ કામ કરતી વખતે આખી દુનિયામાં સર્વોત્કૃષ્ટ કળાકૃતિ ઉપજાવવાના દઢ સંકલ્પથી જ જાણે કામ કર્યું હોય અને ઇશ્વરે તેમની માનસિક ઇચ્છાની પુર્તિમાં પૂર્ણ સહયોગ આપ્યો હોય તેમ નિર્જીવ પત્થરમાં જીવ પૂરી પ્રાકૃતિક સૌંદર્યની સાથે શિલ્પકળાને એકજીવ કરી દેવામાં આવી છે.

ત્રિભુવનપાલના બે વર્ષના રાજ્ય પછી વાઘેલા રાજા **વિશળદેવે** ઇ. સ. ૧૨૪૩થી આખા ગુજરાતની સત્તા પોતાના હાથમાં લઈ લીધી. તેણે માળવા, મેવાડ અને દેવગિરીના

રાજાઓ સાથે યુદ્ધમાં ઉતરી, ગુજરાતનું રક્ષણ કર્યું હતું. આવશ્યકતા અનુસાર વીસલનગર અને ડભોઈમાં મજબૂત કિલ્લા પણ તેણે બંધાવ્યા. આ કિલ્લા પણ શિલ્પકળા અને સ્થાપત્યની દૃષ્ટિએ ઉત્તમ કોટીના હતા. પડીભાગી સ્થિતિમાંએ અત્યારે ગુજરાતના ગૌરવશાળી સ્થપત્યાવશેષરૂપે ડભોઈનો કિલ્લો ઉચ્ચ સ્થાન ભોગવે છે.

ઇ. સ. ૧૨૬૧ માં વિશળદેવના મૃત્યુ પછી તેનો ભત્રીજો **અર્જુનદેવ** ગાદીએ આવ્યો. તેણે ૧૩ વર્ષ સુધી ગુજરાત પર રાજ્ય કર્યું. તેની સત્તા ઠેઠ ચંદ્રાવતી અને આબુ સુધી અને પશ્ચિમે કાઠિયાવાડના કિનારા સુધી હતી. તેના પુત્ર **સારંગદેવે** ૨૨ વર્ષ સુધી રાજસત્તા ભોગવી.

ઇ. સ. ૧૨૯૬માં સારંગદેવના મરણ પછી તેનો પુત્ર કર્ણ ગાદીએ આવ્યો. તે ગુજરાતમાં ઘેલાના નામ ઉપનામ સાથે જાણીતો છે. તે બહુ સાદો, ભોળો અને અસ્થિર વૃત્તિવાળો હતો. તેથી તેના સમયમાં સદીઓથી ગુજરાતને આંગણે પછડાતી મુસ્લિમ સત્તાને પગભર થવાનો પ્રસંગ મળ્યો. મુસ્લીમોના સદ્‌ભાગ્યે અલાઉદ્દીન ખિલજી જેવા શક્તિશાળી સુલતાનના હાથમાં દિલ્હીની રાજધાની સાથે હિન્દનું શહેનશાહપદ આવ્યું. તેણે પોતાના દિગ્વિજયક્ષેત્રમાં ગુજરાતને પણ ઉમેર્યું અને તેના ભાઈ ઉલુઘખાનની સરદારી હેઠળ સબળ સૈન્ય ચઢી આવ્યું. ગુજરાતના હિન્દુ રાજ્યનો સૂર્ય અસ્તાચળે પ્રયાણ કરી ગયો અને મુસ્લિમ સત્તાનો ભાગ્યોદય થયો. અણહિલવાડ, પાટણ, ખંભાત, ભરૂચ અને સોમનાથ આદિ મુખ્ય શહેરોનો કબજો લઈ, ત્યાંના હિન્દુઓનો વિધ્વંસ અને દેવસ્થાનોનો નાશ કરવામાં આવ્યો અને જ્યાં ત્યાં ખિલજી રાજ્યનો વિજયધ્વજ ફરફરવા માંડયો. આ વખતે મુસ્લિમ સત્તા સંપૂર્ણ શક્તિશાળી હતી. તેની સામે થવાની કોઈનામાં શક્તિ ન હતી. કર્ણ પણ દેવગિરીના રાજા રામદેવને શરણે જઈ વસ્યો, પણ ત્યાંએ એનો બચાવ થઈ શકયો નહીં. આખરે ત્યાંથી નાસી છૂટયો અને કોણ જાણે કયાં અને કયારે જંગલમાં રખડતાં રખડતાં ગુજરાતના છેલ્લા હિન્દુ રાજાએ પોતાના છેલ્લા શ્વાસ લીધા હશે! અસ્તુ

મુસ્લિમ રાજ્ય ગુજરાતમાં આ પ્રમાણે ૧૩મી સદીના અંતથી પ્રારંભ થયું. પ્રાથમિક અવસ્થામાં તો લગભગ સો વર્ષ સુધી દિલ્હીના બાદશાહના સૂબા તરીકે થોડો થોડો વખત મુસ્લિમ અધિકારીઓ આવતા અને પ્રજાના ભોગે મોજશોખ માણી, ધનદોલતથી પોતાનાં તથા પોતાના સુલતાનનાં ખીસાં તર કરી નિવૃત્ત થતા.

આ કાળમાં **હિન્દુ સ્થાપત્ય**ની અવદશા આવી લાગી હતી. પ્રાચીન તથા મધ્ય કાળનાં સારાં જૈન બ્રાહ્મણીય મંદિરો પડાવી નાંખવામાં અને તે જ સ્થળે અગર એ જ સામગ્રીમાંથી મસ્જિદો બંધાવવામાં તેઓ ઇતિકર્તવ્યતા માનતા હોવાથી સોમનાથ પાટણનું પ્રખ્યાત શિવાલય, ત્યાંનું ભવ્ય સૂર્યમંદિર, ભરૂચનું પ્રખ્યાત જૈન મંદિર, રુદ્રમાળની સુંદર ઇમારત ઈ. અનેક દેવસ્થાનો ઉજ્જડ બન્યાં અને તેમાં મસ્જિદો બંધાઇ. અલબત્ત પ્રભુપ્રાર્થનાનાં ધામ તે પ્રભુપ્રાર્થનાનાં જ રહ્યાં, માત્ર માન્યતાઓ અને પ્રકારનો ભેદ હતો. પણ એ ભેદની સાથે રહેલી વિઘાતક વૃત્તિએ દેશના પ્રાચીન શિલ્પ અને સ્થાપત્યના સુંદર નમુનાઓને અસ્તવ્યસ્ત કરી નાંખ્યા; છતાં ગુજરાતના સ્થપતિઓ અને કલાકારોએ પોતાના વિજેતાઓ પર વખત જતાં વિજય પ્રાપ્ત કરી બદલાએલા સ્વરૂપમાંએ પોતાના આત્માનો સંચાર કરી દીધેલો હોવાથી ગુજરાતની સ્વતંત્ર મુસ્લિમ સત્તા હેઠળ સ્થાપત્યકળા આખા સંસારમાં ઉત્કૃષ્ટ પદ પ્રાપ્ત કરવા યોગ્ય બની ગઈ હતી. એ વિષે વિચાર આજે આપણે નહીં કરી શકીએ. માત્ર એ સત્તાના પદાર્પણથી જ અટકીશું.

શિલ્પસ્થાપત્ય વિવેચન

કોઈ પણ દેશની સંસ્કૃતિનું માપ એ દેશના સાહિત્ય અને કલાની કોટિ અને પ્રમાણ ઉપરથી કાઢી શકાય. સાહિત્યમાં માત્ર હસ્તલિખિત કે પ્રકાશિત ગદ્ય અને કાવ્યના ગ્રંથોનો જ નહીં, પણ શિલાલેખો, સિક્કા, દંતકથાઓ, ભાટચારણોનાં કાવ્યો તથા લોકગીતો ઇત્યાદિનો સમાવેશ થાય છે. તે જ પ્રમાણે અને તે કરતાંએ વિશાલ ક્ષેત્ર કલાનું છે. જેમ જેમ દેશ ઉન્નતિના પંથમાં આગળ વધતો જાય તેમ તેમ એ દેશવાસીઓનાં જીવનમાં વધુ ને વધુ પ્રમાણમાં કલાનો સંચાર થતો જાય છે. ભારતવર્ષ એક વખતે ઉન્નતિના શિખરે પહોંચી ગએલો હોવાથી પ્રાચીન ભારતીઓના જીવનના દરેક અંશમાંથી ઉત્કૃષ્ટ કલાનાં દર્શન થાય છે. દુર્ભાગ્યવશાત્ વિધર્મીઓ અને વિદેશીઓનાં આક્રમણ અને દુર્વ્યવહારને કારણે આ દેશનાં વિપુલ સાહિત્યનો અને અસંખ્ય કલાકૃતિઓનો સદીઓ સુધી નાશ અને ધ્વંસ ચાલુ રહ્યા, છતાં હજીએ જે થોડું ઘણું સાહિત્ય અને કલાકૃતિઓનું પ્રમાણ જળવાઈ રહ્યું છે તે પ્રાચીન ભારતની ભવ્યતા અને સર્વોત્કૃષ્ટતા સિદ્ધ કરવા માટે પર્યાપ્ત છે.

વીસમી સદીના ઉન્નતિશીલ જમાનામાંએ કોઈ પણ જાતનું સાહિત્ય અને વિદ્યા કે કલા એવી નથી કે જેમાં પ્રાચીન ભારત જે આજના કરતાં નીચી કોટિમાં મૂકી શકાય. વસ્તુતઃ કેટલીક બાબતોમાં તો ભારતવર્ષે જે વિષયોમાં નિપુણતા પ્રાપ્ત કરી હતી તે વિષયમાં વીસમી સદી કક્કો ઘૂંટે છે. કળાનાં જૂદાં જૂદાં અંગોમાં એ ઉન્નતિ અને ભવ્યતાને બદલે વિકૃતિ અને દુર્બલતાનો સંચાર થતો જણાય છે, છતાં આપણા આજના કલાધરો એમાં જ ગૌરવ માનતા અને રાચતા લાગે છે. વિધિની વિચિત્રતા અને દેશનાં દુર્ભાગ્ય છે. તથાપિ કેટલાક તત્વદર્શી વિદ્વાનો અને સાચા કલાકારો(જેમાં માત્ર સ્વદેશાભિમાની હિન્દીઓ જ નહીં, પણ અનેક વિદેશી વિદ્વાનોનો પણ સમાવેશ થાય છે) કબૂલ કરે છે કે પ્રાચીન ભારત તેમ જ મધ્યકાલીન હિન્દના સાહિત્ય અને કલાના અવશેષોમાંથી નિર્ઝરતા, ભિન્ન ભિન્ન વિદ્યાઓ અને કલાના જ્ઞાનમય ફુવારા આજના નિષ્ણાતોને તરબોળ અને તૃપ્ત કરી દે છે. કેટલીક બાબતોમાં તો ચંચુપ્રવેશ કરવા જેટલીએ યોગ્યતાને અભાવે આપણે દિગ્મૂઢ થઈ અવાક્ રહેવું પડે એમ છે.

વસ્તુસ્થિતિ આમ હોવાથી વિદ્વાનોનું ધ્યાન આ તરફ આકર્ષાયું છે અને તેઓ નષ્ટભ્રષ્ટ અને લુપ્તપ્રાયઃ અવશેષોના અભ્યાસ અને અનુશીલન દ્વારા પ્રાચીન ભારતની સંસ્કૃતિ અને ઇતિહાસ પર છવાઈ ગએલાં આવરણો ખસેડી, તેનાં સત્ય સ્વરૂપમાં દર્શન કરાવવા મંડયા છે. આશા છે કે એ જ પ્રમાણે જો પ્રયાસ ચાલુ રહેશે તો હિન્દીઓ સંસારમાં ઉન્નત મસ્તકે ફરી શકશે અને ગુમાવેલું નૂર પાછું પ્રાપ્ત કરી, પોતાના પૂર્વજોની દટાઈ રહેલી અતુલ સંપત્તિના સ્વામી બની, પ્રગતિના પંથમાં પગલાં માંડશે.

પ્રાચીન કાળમાં આજના એંજીનિયરો પ્રમાણે શિલ્પશાસ્ત્રીઓ હતા, જેઓ પોતાના જ્ઞાનનો ઉપયોગ માત્ર દ્રવ્યોપાર્જન માટે જ નહીં, પણ લોકહિતાર્થે એવા સુંદર સ્વરૂપમાં કરતા કે જેને કારણે એમના જીવનકાલમાં તેમ જ ત્યારપછી એ સદીઓ સુધી સર્વસાધારણ મનુષ્યો યુનિવર્સિટીની ઉચ્ચ પદવીઓ પ્રાપ્ત કર્યા વિના આજના શિલ્પીઓ કરતાં વધુ સરસ રીતે અને સરલતાપૂર્વક તેનો ઉપયોગ કરી શકતા. વંશપરંપરાથી એક જ પ્રકારનો ધંધો કરવાની ચાલુ પ્રથાનો પણ એ દિશામાં મોટો ફાળો છે. સલાટ, ચિત્રકાર, કુંભાર, રંગારા,

સુતાર, કડીઆ, સોની, ઇત્યાદિ ધંધાદારીઓમાં પોતપોતાના ધંધાની વિશેષતાઓ અત્યન્ત ઉત્કૃષ્ટ સ્વરૂપે નૈસર્ગિક રીતે ઉતરી આવતી અને જન્મથી પોતાની કળાના સંસ્કારો અને અનુકૂળ વાતાવરણમાં જ ઉછરેલો હોવાથી એક સોળ વર્ષનો યુવક આજના વૃદ્ધ અને અનુભવી ઉપાધિધારી એંજીનિયરો કરતાં પણ પોતાની કળામાં ચઢી જાય તેવો થતો, એમ કહીએ તો તે અતિશયોક્તિ નહીં થાય.

ઉપર જણાવેલી જાહોજલાલી અને વૈભવમાં ગુજરાતનો ભાગ જેવો તેવો ન હતો. અન્ય પ્રાંતો કરતાં વધુ વખત સુધી પોતાનું પ્રાચીન ગૌરવ અને માન તેમ જ કલાકૌશલ્ય અને સાહિત્યના ખજાના સંભાળી રાખવાનું સૌભાગ્ય ગુજરાતને જ પ્રાપ્ત થયું હતું. અંતે તો આખા હિન્દ પર વિનાશ, વિધ્વંસ અને લૂંટના ઉપરાઉપરી આવતા વંટોળિઆ અને વાવાઝોડામાં ગુજરાતનેએ સપડાવવું પડયું, અને જે સ્થિતિમાં આપણે એને જોઈએ છીએ તે સ્થિતિમાં ન છૂટકે આવવું પડયું છે. તે છતાં કલાની બાબતમાં અને મધ્યકાલીન શિલ્પ અને સ્થાપત્યના અવશેષો પૂરતું પુષ્કળ સાહિત્ય ગુજરાત પુરાતત્ત્વાન્વેષકોને પૂરૂં પાડી શકે એમ છે. શિલ્પશાસ્ત્ર અને સ્થાપત્યકલાના અભ્યાસીઓ માટે મૂળ સંસ્કૃત ભાષાના હસ્તલિખિત ગ્રંથો હજીએ ગુજરાતનાં જૂનાં પુંસ્તકાલયો અને વિશેષતઃ જૈન ભંડારોમાંથી મળી શકે એમ છે.

આપણા દેશના પ્રાચીનતમ ગ્રંથ વેદમાં, બ્રાહ્મણગ્રંથોમાં, પુરાણોમાં અને સંહિતાઓમાં શિલ્પશાસ્ત્ર અને સ્થાપત્યના નિયમોનું વર્ણન આવે છે.* તેમાંથી પ્રાચીન શિલ્પશાસ્ત્રના આજના અભ્યાસીઓને એ કાલની કલાઓ અને સંસ્કૃતિનું યથોચિત જ્ઞાન પ્રાપ્ત થઈ શકે એમ છે. સ્થાપત્યની બાબતમાં જ જોવા બેસીએ તો કશ્યપસંહિતા, વિશ્વકર્માસંહિતા, ભૃગુસંહિતા અને વાસ્તુમંડનાદિ અનેક નાનાંમોટાં પુસ્તકો મળે છે. તેમાંથી આખુંએ શાસ્ત્ર જાણી, તેને આધારે પ્રાચીન મંદિરો, તળાવ, વાવ, કુંડ, પ્રાસાદ, મહેલ, સ્તૂપ આદિની રચનાનો અભ્યાસ કરીએ તો તત્કાલીન કલા અને ભાવનાઓનો ખરેખરો ખ્યાલ આવે. આખા હિન્દમાં મળી આવેલા અવશેષો ઉપર્યુક્ત શાસ્ત્ર અને સંહિતાઓમાં જણાવેલા નિયમોને અનુસરીને જ બંધાયાં હતાં. ગુજરાતના ભૃગુ ઋષિની સંહિતાના સિદ્ધાન્તોને આધારે ગુજરાતની ઇમારતો બંધાયાનું પ્રમાણ મળે છે. પાછળથી મંડનાદિ અનેક લેખકોએ તે વિષયના સ્પષ્ટીકરણ અને આવશ્યકતા અનુસાર પરિવર્તનની સૂચનાઓથી યુક્ત ગ્રંથો રચી, દેશને ચરણે ધર્યાં છે. તેને આધારે સદીઓથી ઇમારતો બંધાતી આવી છે.

ઉપરના ગ્રંથોના સંસ્કૃત ભાષાના મધુર, સુશ્રાવ્ય અને સ્મરણીય શ્લોકો હજીએ કેટલાક વિદ્વાનોને કંઠસ્થ છે. પ્રાચીન કાળથી શિલાશિલ્પના નિષ્ણાત સલાટોના વંશજો પાસે એ મૂળ ગ્રંથોનાં ગુજરાતી ભાષાન્તરો પણ છે, જેને આધારે તેઓ હજીએ ગૃહનિર્માણ કરે છે. ગુજરાતના સોમપુરા સલાટોમાં જૂની કારીગરી જાણનારા કેટલાક હજીએ મળી આવે છે અને છેક અઢારમી સદીમાં બંધાવેલું અમદાવાદનું હઠીસિંહનું મંદિર બતાવી આપે છે કે પ્રાચીન કળા અને સ્થાપત્યમાં હજી પ્રાણ છે, પરંતુ પ્રોત્સાહનને અભાવે તે ચેતનવિહીન અને ક્ષીણ થઈ ગયાં છે.

---

* લાઠીમાં ભરાએલી ગુજરાતી સાહિત્યપરિષદના ૧૧મા સંમેલનપ્રસંગે કલાપ્રદર્શનના પ્રમુખ સ્થાનેથી કરેલું શ્રી. વીરેન્દ્રરાય ચંદ્રશંકર મહેતાનું સારગર્ભિત ભાષણ મનનીય છે. તેમ જ તેની સાથેના પરિશિષ્ટમાં આપેલા શિલ્પના ઉલ્લેખવાળા ૩૫૮ ગ્રંથોની યાદી અગત્યની તેમ જ આપણી પ્રાચીન સાહિત્યસમૃદ્ધિની સૂચક છે.

પારિભાષિક શબ્દો અને નિયમો

ગુજરાતના સ્થાપત્યનો અભ્યાસ અને એના અવશિષ્ટ નમૂનાનું અવલોકન કરતાં પહેલાં આપણે ઉપર જણાવેલા સ્થાપત્યસાહિત્યમાંથી મળી આવતા પારિભાષિક શબ્દો અને નિયમોનું વિહંગાવલોકન કરવું આવશ્યક છે. નગર–વિધાન, ગ્રામ્યરચના, મહાલય, આગાર, ઉદ્યાન, દેવમંદિર, કુંડ, તડાગ, કૂપ આદિના નિર્માણ માટે સ્થલની પસંદગી, તેના સંસ્કાર આદિથી માંડીને ઠેઠ સમગ્ર ઈમારતનાં અંગેઅંગના ઝીણવટવાળાં વિવેચનો આ પુસ્તકોમાંથી મળી આવે છે. તે બધાનો ઉલ્લેખ અત્રે કરી શકાય તેમ નહીં હોવાથી માત્ર જે અવશેષોનું અવલોકન આપણે આજે કરવું છે તેની સમજણ પૂરતાં જ થોડાં ટીપાં એ મહાસાગરમાંથી આપણે લઈ તે પર વિચાર કરીશું.

સ્થાપત્યના નિયમોમાં **સુપ્રમાણત્વ** અગત્યનો ભાગ ભજવે છે. ગમે તે પ્રાસાદ અર્થાત્ નિયમાનુકૂલ ઈમારત બંધાવવામાં એના જૂદા જૂદા અંશોનું પ્રમાણ અને માપ નક્કી કરેલું હતું. તે જ પ્રમાણે અને આકારની વિવિધતાને આધારે એક એક વસ્તુના અનેક પ્રકાર હતા. દાખલા તરીકે ૩, ૪ કે ૧૦ ગજવાળા **પ્રાસાદો** અનુક્રમે ૬, ૮, ૧૬ કે ૨૦ ભદ્રોથી યુક્ત હોઈ, અષ્ટભદ્ર, ષોડશભદ્ર આદિના નામોથી ઓળખાતા. **થાંભલા** પણ ગોળ, ચોરસ ૭ પાસાવાળા કે અષ્ટકોણવાળા હોય તો તેને અનુક્રમે વૃત્ત, રૂચક, ષડાશ્રક કે સ્વસ્તિક સ્થંભ, એ નામ અપાતાં. એમ જ નંદા, ભદ્રા આદિ **વાવ**ના પ્રકાર, શ્રીમુખ, ચૂડામણી, દિગ્ભદ્રાદિ **કુવા**ની જાતો, ભદ્ર, સુભદ્ર, પરિધિ વિગેરે કુંડના પ્રકાર અને અર્ધચંદ્ર, ચતુઃકોણ, મહાસર આદિ **તળાવ**ના આકારોનું વર્ણન એ ગ્રંથોમાંથી મળે છે.

દેવમંદિરનું સ્થાપત્ય

હવે આપણે એકાદ **દેવમંદિર**ના સ્થાપત્યનો વિચાર કરીએ, એટલે તે ઉપરથી પ્રાચીન વિધાનનો કંઈક ખ્યાલ આવે. ત્રણ, ચાર કે દશ અગર તેના દ્વિગુણ, ત્રિગુણ પ્રમાણસર બંધાવેલા ચોરસ પ્રાસાદ **મંડપ** કહેવાય. આ મંડપની બહારની ભીંતો અને તેની નીચેની ખુરશી સાદી નહીં, પરંતુ અમુક અલંકારયુક્ત અને કલામય રચનાવાળી હોય છે. ભીંતનાં કલાયુક્ત પાસાં ભદ્ર કહેવાય છે. તે ઉપરથી જે મંડપનાં જેટલાં પાસાં હોય તેટલા ભદ્રનો તે મંડપ કહેવાય છે. એ ભદ્રની વચ્ચેના ખૂણાને **કોણ** કહેવો. મોટાં મંદિરોના મંડપનાં ભદ્રોની વચમાં એક કરતાં વધુ કોણ હોય ત્યારે વધારાના ખૂણા **ઉપરથ** તથા **પ્રતિરથ**ને નામે ઓળખાય છે. કોણ અને ઉપરથની ભુજાઓની વચમાં કેટલાક વધારાના ધનકોણ હોય છે તે **નંદી** કહેવાય. ભદ્રોની નીચેનો ભાગ **પીઠ** કહેવાય. આ પીઠ ઉપરની ખરશિલા તે મંદિરના અંદરના ભાગનું **ભૂતલ** હોય છે.

કોઈ પણ મંદિરમાં મુખ્ય દેવ કે દેવીની મૂર્તિ જે ઓરડામાં સ્થાપિત કરેલી હોય છે તેને **ગર્ભમંડપ** કહે છે. ગર્ભમંડપથી બીજે નંબરે જ્યાંથી બહાર રહીને દર્શકો દર્શન કરી શકે તે ઓરડાને **ગૂઢમંડપ** કહે છે. ગર્ભમંડપ અને ગૂઢમંડપ એ પ્રત્યેક મંદિરને માટે આવશ્યક હોય છે. મોટાં મંદિરોમાં આ બે મંડપો ઉપરાંત એક મોટું દીવાનખાનું કે ખુલ્લો મંડપ હોય છે તે **સભામંડપ, રંગમંડપ** કે **નાટ્યશાલા**ને નામે ઓળખાય છે. નામ ઉપરથી જ આ મંડપની ઉપયોગિતા અને પ્રયોજનનો ખ્યાલ આવી શકે એમ છે. ગૂઢમંડપ અને ગર્ભમંડપની આસપાસ આ બન્ને મંડપોથી સભામંડપને છૂટો પાડતી થોડીક જગ્યા હોય છે, જે પૂર્વોક્ત બન્ને મંડપોની આસપાસ ફરી વળે છે. આ ફરતા માર્ગને **ભમતી** કે પ્રદક્ષણા

પથ કહે છે. વિશેષ મોટાં અને પ્રખ્યાત મંદિરોમાં આ ત્રણે મંડપોની આસપાસ મોટી ભમતી અને ત્યારપછી **કોટ** અને મુખ્ય દ્વાર હોય છે.

તદુપરાંત આવી જાતનાં મંદિરોના અગ્ર ભાગમાં **કુંડ** પણ હોય છે, જેની ચારે બાજુ પગથીઆં અને તે પર નાની નાની દેહરીઓ હોય છે, જ્યાં આગળ યાત્રીઓ સ્નાન, સંધ્યા અને અર્ચના કરી, મંદિરમાં પૂજન માટે આવી શકે.

મંડપની ખુરશી કે પીઠની ઉંચાઈ મંદિરની ઉંચાઈના પ્રમાણમાં $\frac{૧}{૨}$ કે $\frac{૧}{૩}$ અગર $\frac{૧}{૪}$ જેટલી હોય છે. પીઠની છેક ઉપરની મંડપની સપાટીવાળી શિલા અને છેક નીચેની શિલા **ભિટ્ટ** કહેવાય છે. ભિટ્ટથી ખરશિલાની વચમાં સાધારણતઃ ઠાંસીને ભરેલી સીમેન્ટ કાંકરી અગર જૂના મંદિરોમાં ઈંટનું મજબૂત ચણતર હોય છે. પાયામાં મોટા મોટા પત્થર પણ કેટલીક ઠેકાણે ગોઠવેલા મળ્યા છે.

હવે બહારની **દર્શની** બાજુ અવલોકીએ. છેક નીચેની શિલા ભિટ્ટ કે ઉપાન લંબ-ચોરસ પટ્ટી જેવી હોય છે. મંદિરની ઉંચાઈના પ્રમાણમાં પીઠને ઊંચી કરવા માટે ભિટ્ટ બેવડી કે ત્રણગણી પણ વપરાય છે. સૂનકના મંદિરમાં પીઠમાં બે ભિટ્ટ છે, જ્યારે મોઢેરાના સૂર્યના મંદિરમાં માત્ર એક જ છે. ભિટ્ટની ઉપર ઢળતી પાદ્મકાર પટ્ટી હોય છે, તેને **જાદંબ** (જાડબો) અગર **પદ્મ** કહે છે. હ્યાંથી પીઠનું કોતરકામ શરૂ થાય છે અને પાંદડાં અને પાંખડીઓની હારથી જાદંબ શણગારવામાં આવે છે. જાદંબની ઉપર સહેજ જગ્યા મૂકી બિંબાકૃતિવાળી પટ્ટી હોય છે તેને **કણી** કહે છે. કણીની ઉપર તથા નીચે રહેલા ગાળાને **અંતરણી** કહે છે. એની ઉપરથી અમુક પ્રકારનાં પશુ, પક્ષી કે હાથી ઇ. ની કોતરણીવાળા **થર** કે **પટ્ટી**ઓ શરૂ થાય છે. પહેલો થર ઘણેભાગે **કીર્તિમુખ**નો હોય છે, તેને **ગ્રાસપટ્ટી** કહેવામાં આવે છે. ત્યાર પછી એક અંતરણી કે ગાળો મૂકી બીજી પટ્ટીમાં જૂદી જૂદી દિશામાં ઉભા કે ચાલતા હોય એવા દેખાવવાળા હાથીઓની હારમાળા આવે છે, તેને **ગજથર** કહે છે; તે જ પ્રમાણે થોડુંક અંતર રાખી, ગજથરની ઉપર ભિન્નભિન્ન આકૃતિયુક્ત ઘોડાની હાર બનાવવામાં આવેલી હોય તો તેને **અશ્વથર** કહેવો, અને મનુષ્યોની હાર હોય તો **નરથર** કહેવાય. કેટલીક વાર આ પટ્ટીઓના નરથરમાં રામાયણ, મહાભારત કે ભાગવત આદિ કથાઓના જૂદા જૂદા પ્રસંગો એક પછી એક કોતરી કાઢેલા હોય છે. છેવટે કંઈ નહીં તો આરાધ્ય દેવ અને ભક્તજનોનાં જ દૃશ્યો બતાવેલાં હોય છે. જેમ પીઠની ઉંચાઈ વધારે તેમ એક પછી એક જૂદા જૂદા પ્રકારની પટ્ટી ઉમેરાતી જાય છે. તેમાં અમુક જ જાતનાં દૃશ્યો કે પશુઓ કોતરવાનો નિયમ નથી. શિલ્પકાર પોતાને ઉચિત લાગે તેવાં દૃશ્યો કોતરી, પોતાની કળાનું પ્રદર્શન કરતો.

ગુજરાતનાં મંદિરના થરોમાં ગ્રાસપટ્ટી અને ગજથરનું પ્રમાણ વધારે જોવામાં આવે છે. આ બન્ને આકૃતિઓ ગુજરાતના શિલ્પીઓ બહુ સુંદર રીતે બનાવી શકતા એવું જણાય છે. અગર એમ પણ અનુમાન થાય કે નૂતન શિલ્પકાર કીર્તિમુખ અને હાથીના આકારથી જ પટ્ટીઓની કોતરણીની શરૂઆત કરતો.

જૂદા જૂદા થર અને ખરની વચમાં ઝીણી અણીદાર ધાર બનાવવામાં આવતી, તેને **છાજલી** કહેતા. આ પ્રમાણે પીઠના તળીયાથી મથાળા સુધીની આડી કોતરણી પ્રમાણેની રચના પ્રાચીન મંદિરોમાં જોવામાં આવે છે.

ખરશિલાની ઉપરથી ભીંતની ઉંચાઈ સુધીનો ભાગ **મંડાવર** કહેવાય છે. તેના શિલ્પ-કામને આધારે સ્થાપત્યવિદ્યાના નિયમ અનુસાર જૂદાજૂદા ભાગ પાડેલા છે. આ ભાગનો પ્રથમાંશ ઉભા ઘાટના પહોળા મોંઢાવાળા લોટા જેવો હોય છે, તેને **કુંભ** કહે છે. કુંભની ઉપર નાની લોટી હોય છે. તેને કળશ કહે છે. આ કુંભ અને તે પર ચઢાવેલા કળશની સાદી સપાટી પર કેટલીક વાર પટ્ટીઓ કે દાણાના અલંકાર સજવામાં આવતા. કેટલાંક મંદિરોમાં કુંભકળશને બદલે ઉભા શસ્ત્રાસ્ત્રથી સુસજ્જિત સિપાઈઓ કે લતાપત્રાદિનું કોતરકામ હોય છે, તે **રાજસેના** કહેવાય છે. આની ઉપર એકાદ અંતરણી કે અંતરાળનો ગાળો કરી, બીજો કંદોરો અગર ડમરૂના આકારની જૂદાજૂદા પ્રકારની સુડોળ કોતરણી હોય છે. તેના નીચલા અંશને **‘કેવાલ’** અને ઉપલા ભાગને **‘માંચી’** કહે છે. **માંચી**ની પાળ પછી ભીંતનો વધુ વિશાલ ભાગ આવે છે અને તેને **જંઘા** કહે છે. આ ભાગ પર આડી કે ઉભી હારમાં અગર ભદ્રેભદ્રમાં કરેલા ગોખ અગર બારીઓમાં આરાધ્ય દેવની તેમ જ અન્ય ઋષિ મુનિઓ અને દેવીદેવતાઓની મૂર્તિઓ બનાવવામાં આવેલી જોવામાં આવે છે. વૈષ્ણવ મંદિરમાં વિષ્ણુના જૂદાં જૂદાં સ્વરૂપ અને તેનાં સહચારી દેવદેવીએ જેમ કે લક્ષ્મી, શેષ, નારદ, તુમ્બર, કિન્નર તથા દશાવતારની મૂર્તિએ; તે જ પ્રમાણે શિવના મંદિરમાં મહાદેવનાં ભિન્નભિન્ન શિવપુરાણનાં વર્ણિત સ્વરૂપો તથા ભૈરવ, પાર્વતી, ગણપતિ, કાર્તિકેય કે નંદી, ભૃગુ આદિ ગણોની મૂર્તિએ; તે જ પ્રમાણે દેવીના મંદિરમાં સપ્ત માતૃકા અને અન્ય દેવી તથા દેવતાઓની મૂતિઓથી જંઘાનો ભાગ અલંકૃત કરવામાં આવેલો જણાય છે. તે છતાં શિવના મંદિરમાં વિષ્ણુ, બ્રહ્મા, કે દેવીની મૂર્તિઓ અને વિષ્ણુના દેવાલયમાં અન્ય દેવદેવીઓની મૂર્તિઓ ન બનાવવી, એવો કંઈ પ્રતિબંધ નથી. કેટલાંક મંદિરોમાં તો બને તેટલા દેવતાઓનું પ્રતિનિધિત્વ હોય છે.

આ પ્રમાણે નાની મોટી મૂર્તિઓથી યુક્ત આડી કે ઉભી કલામય રચનાથી ભદ્રની જંઘાઓ શણગારાય છે. આ ભાગની ઉપર એક નાની આગળ પડતી કાંગરી હોય છે તેને **છાજલી** કહે છે, જેની ઉપરનો ત્રિકોણકાર ભાગ **‘ઉદ્ગમ’** કહેવાય છે. આની ઉપર છાપરા પરનું પાણી વહી જવા માટેની નાળી કે ‘ઘોરિયા’ હોય છે, જે દર્શની ભાગમાં ન દેખાય તે માટે અને મંદોવાર વધુ સુશોભિત અને અલંકૃત લાગે તે હેતુએ બીજી “માલકેવાલ”ની પટી બનાવવામાં આવે છે અને છેક ઉપર **“છજ્જુ”** હોય છે.

આ છજ્જા આગળ મંદોવરનો ભાગ પૂરો થઈ **‘શિખર’** શરૂ થાય છે.

ગર્ભમંડપ અને ગૂઢમંડપની ભીંતો અને પીઠના કોતરકામને અનુસરતું જ કામ સભા મંડપના **મંડાવર** અને **પીઠ**નું પણ હોવું જોઈએ, પરંતુ ફેર એટલો જ હોય છે કે ઘણે ભાગે ગર્ભમંદિરની શિખર સમેત ઉંચાઈ વધારે હોય છે તે પ્રમાણે તેના પીઠની ઉંચાઈ પણ વધારે રાખવી પડે છે, જ્યારે સભામંડપની પીઠની ઉંચાઈ તે કરતાં ઓછી હોય તો જ સુપ્રમાણ જળવાય. આ ઉદ્દેશથી કલા અને શિલ્પ સમાન હોવા છતાં થરાદિના માપમાં થોડા થોડા ઘટાડો કરી, સભામંડપની પીઠ પણ ભિટ્ટથી ખરશિલા સુધીની મુખ્ય મંડપના શિલ્પ અનુસાર જ હોય છે. બીજો ફેર તે મંદોવરમાં હોય છે. ગર્ભગૃહ અને મંડપની આસપાસ ફરતી ભીંત હોય છે, જ્યારે સભામંડપના મંદોવરનો ઉપલો ભાગ તદ્દન ખુલ્લો હોય છે. તેથી માત્ર ફરતી પાળ જ સભામંડપની આસપાસ જોવામાં આવે છે. તથાપિ

તેટલા ભાગમાં એ મંડપની જંઘા પ્રમાણે મૂર્તિઓ કોતરેલી હોય છે. સભામંડપના આ ભાગને **'વેદી'** કહે છે. તેના ઉપરના ભાગમાં બીજી કાંગરી હોય છે; તેમાંએ નાનાં નાનાં દૃશ્યો કે મૂર્તિઓ કોતરવામાં આવે છે. છેક ઉપર **કક્ષાસન** હોય છે, તેની અંદરની બાજુમાં બેસી શકાય એવી પાળ કે 'આસન' હોય છે અને બહારની બાજુ ઢળતી રાખવામાં આવે છે. વેદિકા ઉપરના આ આસનની સપાટી પરથી છેક બહારના થાંભલા ઉભા કરેલા હોય છે. ગર્ભગૃહ કે મંડપ અગર સભામંડપની ભીંતોનો અંદરનો ભાગ પ્રમાણમાં ઓછા કોતરકામવાળો કે સાવ સાદો હોય છે; પરંતુ તેમાંના થાંભલા વધુ કલામય હોય છે. આપણે હવે થાંભલાનું અવલોકન કરીએ.

થાંભલાના સ્થાપત્યની બાબતમાં એ સંસારનો કોઈ પણ દેશ હિન્દની સરખામણીમાં ઉતરી શકે તેમ નથી. ગ્રીસ અને રોમના થાંભલા વિષે યુરોપ ગૌરવ લે છે, પરંતુ હિન્દના કલામય કોતરકામ અને ઉચ્ચ કોટિના આકાર વૈવિધ્યની સાથે સુમેળ અને સુપ્રમાણ જાળવતા ભવ્ય સ્થંભો આગળ આયોનિક, કોરિન્થિઅન, ડોરિક તથા ટસ્કના આદિ જાતના ગ્રીક અને રોમન થાંભલા, કીમતી વસ્ત્રાલંકારથી સુસજ્જિત સૌંદર્યમૂર્તિ રાજવી આગળ નગ્નપ્રાય ગરીબ ગામડિયા જેવા દેખાય છે. હિન્દની કેટલીક ગુફાઓમાં તેમ જ ગાંધાર, સાંચી, બહારુત આદિનાં શિલાચિત્રોમાં બનાવેલા સાદા થાંભલા ઉપલા ગ્રીક રોમન ઢબના સ્તંભો જેવા હોવાથી યૂરોપીયન વિદ્વાનો તેમાં હિન્દ ઉપર ગ્રીક અને રોમન પ્રભાવની અસર જુએ છે. પરંતુ ભારતનું પોતાનું સ્થંભસ્થાપત્ય એટલું ઉચ્ચ કોટિનું હતું કે તેને એ બાબત આ દેશો પાસેથી શીખવા રહેવું પડે તેમ ન હતું. એ વિચાર માત્ર હાસ્યાસ્પદ છે. વસ્તુતઃ આપણા સ્થંભસ્થાપત્ય વર્ણનમાં ઉપલી બધી જાતના થાંભલાઓનાં વર્ણનો અને તેમનાં વિશેષ નામો પણ આપેલાં છે. અન્ય દેશોને સ્વપ્ને પણ ખ્યાલ નહીં આવ્યો હોય, એવી ઝીણવટથી એ સ્થંભોનાં અંગપ્રત્યંગ અને કોતરકામ વિષે વિચાર કરવામાં આવ્યો છે. માત્ર સ્થંભસ્થાપત્ય ઉપર જ એક સ્વતંત્ર વ્યાખ્યાન તૈયાર કરી શકાય. હિન્દના સ્થાપત્યમાં પ્રાચીન કાળથી જ સ્થંભ બહુ અગત્યનો ભાગ ભજવે છે.

મંડપરચનામાં જ નહીં, પણ પ્રવેશદ્વારમાં રાજમાર્ગની વચમાં દીપસ્તંભ કે રૂપસ્તંભ તરીકે, મંદિર કે મહાલયના ચોગાનમાં કીર્તિસ્તંભ તરીકે, તળાવની વચમાં જલસ્તંભ તરીકે, હદ રાખવા માટે બંધાવેલા સીમાસ્તંભ કે ચિહ્ન સ્તંભ તરીકે અને તેમ જ ઉપયોગવૈવિધ્ય ગરુડસ્થંભ, બ્રહ્મસ્તંભ, દોલાસ્તંભ, વનસ્તંભ, છત્રસ્તંભ વગેરે અનેક જાતના થાંભલા જૂદા જૂદા ઉપયોગ માટે બાંધવામાં આવતા અને તે સ્તંભનું ભિન્ન ભિન્ન પ્રકારની રચનાં અને શિલ્પ કામ થતું. હિન્દની સ્થાપત્યકળામાં સ્તંભ માટે જેટલું વિશાળ સાહિત્ય છે તેટલું ભાગ્યે જ કોઇ બીજા અંગ માટે હશે. એક જ ઉપયોગમાં પાછા અનેક ઘાટ, જાત અને ઉપજાત થાંભલાઓની વર્ણવેલી છે અને દરેકનાં જૂદાં જૂદાં અંગ કુંભી, ભરણી, શિરા ઈ૦ના જાત-જાતના પ્રમાણભેદ અને માપ છે. એ બધી વિગતમાં ઉતરવાનો આપણે ક્યાં અવકાશ છે?

થાંભલાઓની સંખ્યા જેમ વધારે તેમ મંડપની શોભા વધે, એવી એક માન્યતા પ્રચલિત થઈ ગએલી હોવાથી જેમ બને તેમ વધારે વિશાલ સભામંડપ બનાવી, તેમાં ખૂબ થાંભલાના ટેકાથી છાપરાની શક્તિ વધારી, શિખર કે ઘુમટને પુષ્ટિ આપવામાં આવતી. ગુજરાતમાં લગભગ ૩૦૦ થાંભલા સુધીની રચના જોવામાં આવે છે અને દક્ષિણ હિન્દમાં તો હજાર થાંભલા

સુધી સંખ્યા પહોંચી ગઈ છે. પરંતુ તે બધામાં, સંખ્યા કરતાં રચના ઉપર ધ્યાન આપીએ, તો, જેમ બને તેમ ઓછા અંતરાય સાથે સુમેળ અને સુપ્રમાણ જાળવી, મંડપની સ્તંભરચના કરવામાં ગુજરાતે સર્વશ્રેષ્ઠ પદ પ્રાપ્ત કરી લીધું હતું. અમદાવાદની જુમા મસીદમાં ૨૮૬ થાંભલા હજીએ જોઈ શકાય છે. તે જ પ્રમાણે મોઢેરાના સૂર્યમંદિરમાં, દેલવાડાનાં જૈનમંદિરોમાં કે અન્યત્ર એ રચનાનો અભ્યાસ કરી શકાય છે. તેની આગળ ગ્રીક અને રોમન ઢબની એક બે ત્રણ કે છ થાંભલાની ગુંથણી કે લતાપત્રાદિવાળી રચના તદ્દન ફીકી પડી જાય છે.

થાંભલાના જૂદા જૂદા ભાગનાં નામાભિધાનનો વિચાર કરીએ. મંડપની ખુરસીની રચના આપણે જોઈ ગયા તે જ પ્રમાણે થાંભલાને ખુરસી કે બેમણી પણ હોય છે, જે થાંભલાના ઉપલા ભારનું વહન કરવા પૂરતી મજબૂત બનાવવાના હેતુસર મોટા આકારની હોય છે, તેને **કુંભી** કહે છે, અને તે મંદિરના પીઠના કુંભને સમાન્તરે અને મોટે ભાગે તદનુરૂપ જ હોય છે. કુંભીના કોણ અને ભદ્ર પણ પીઠના કોણ ઉપરથ અને ભદ્ર જેવા જ પ્રમાણુસર બનાવવામાં આવે છે, કુંભીની પહોળાઈ સાધારણ રીતે પ્રાસાદના એક ભદ્રના ૧/૧૦ જેટલી હોય છે. જેમ મંડપના અષ્ટભદ્ર, ષોડશ ભદ્ર આદિ પ્રકાર છે, તે જ પ્રમાણે કુંભીના પણ પાસાના પ્રમાણમાં પ્રકાર હોય છે. કુંભીના ભદ્ર કોઈ વાર કોતરેલા કે મિશ્ર હોય છે. કુંભીનું મથાળું સાંકડું અને તળ આવશ્યકતા અનુસાર પહોળું હોય છે. કુંભીના ગળા આગળની રચનાને **કેવાળ** કહે છે. છેક નીચેનો ભાગ **પાટલી** કહેવાય છે. એ બન્નેની વચમાં અંતરાળ **છાજલી**, ઇત્યાદિ પીઠાનુસાર વિભાગ પણ હોય છે.

કુંભીના કેવાળ ઉપરનો ભાગ **સ્તંભ** કહેવાય છે. સ્તંભની રચના અને શિલ્પ સાધારણ રીતે મંડપની જંઘાની રચના અને શિલ્પને અનુરૂપ હોવી જોઈએ. તેના જૂદા જૂદા પાસાપર દેવ, દેવી અને દિગપાલાદિની મૂર્તિઓ તથા ગજથર, નરથર આદિની પટ્ટીઓ પણ હોય છે. સ્તંભ ચોરસ હોય તો **રૂચક** કહેવાય છે. છ પાસાવાળો હોય તો **ષડાશ્રક**, આઠ પાસાવાળો હોય તો **સ્વસ્તિક**, ૧૨ પાસાવાળો (મંડપના ભદ્ર જેવી રચનાવાળો) હોય તો **ભદ્રની** સ્તંભ કહેવાય. તે કરતાંએ આગળ વધી મંડપના ભદ્ર તથા કોણ અને ઉપરથ તથા પ્રતિરથની રચનાનુસાર પાસાં અને ખૂણાવાળો સ્તંભ હોય તો તેને **વર્ધમાન** સ્તંભ કહે છે. સાવ ગોળાકાર સ્તંભ હોય તો **વૃત્ત** કહેવાય.

પરંતુ થાંભલો નીચેથી ઉપર સુધી એક જ આકારનો હોવો જરૂરનો નથી. એક જ થાંભલામાં થોડો ભાગ વૃત્ત, થોડો રૂચક, થોડો સ્વસ્તિક, થોડો ભદ્રજા ઇ૦ મિશ્રાકારનો પણ હોઈ શકે. આ પ્રમાણેના મિશ્રાકારના વૈવિધ્ય પ્રમાણે તેનાં જૂદાં જૂદાં નામ છે. જેમકે નીચેથી ચોરસ અને ઉપર અષ્ટકોણાકાર હોય તે સ્તંભ **શ્રીધર**સ્તંભ કહેવાય. વિસ્તારભયે બધા પ્રકાર અત્રે આપી શકાયા નથી. આકાર પ્રમાણે જેમ જૂદા જૂદા પ્રકાર છે તેમ તે પરના કોતરકામને આધારે પણ તેનાં ભિન્ન ભિન્ન નામ છે. જેમ કે પાણીના કળશ અને લતાપાંદડાં વિગેરેના કોતરકામવાળા **ઘટપલ્લવ**સ્તંભ કહેવાય. (પાટણના ખાન સરોવર ઉપરના મંડપમાં એવા થાંભલા છે) તે જ પ્રમાણે કુબેરની મૂર્તિઓવાળા થાંભલા **કુબેર** સ્તંભ કહેવાય,

આ પ્રમાણે થાંભલાઓની જાત અને ઉપજાતિઓ અનેક છે. થાંભલા પરની મૂર્તિઓ સાધારણતઃ મંદિરના આરાધ્ય દેવને આધારે તે જ પ્રકારની હોય છે.

જેમ કુંભી થાંભલાની ઠેઠ નીચેનો ભાગ, તેમ ઠેઠ ઉપરનો ભાગ **શિર** કહેવાય છે, આ શિર નીચેથી સાંકડાં અને ઉપરથી પહોળાં હોય છે. તેમાંએ અગણિત જાત આવે છે. શિર અને સ્તંભની વચમાં થાંભલાની ઉંચાઈ વધારવા અગર એ બન્ને વિભાગોને જૂદા પાડેલા બતાવવા માટે જે અલંકૃત શિલાઓ ગોઠવેલી હોય છે, તેને **ભરણી** કહે છે. ભરણીની ઉપર થાંભલે થાંભલાને સાંધતી અગર છાપરાને આધાર આપતી મોટી શિલાઓ હોય છે, તેને **પટ્ટ** કહે છે. થાંભલાના શિર અને પટ્ટની વચમાંના પહોળા ભાગને અલંકૃત કરવા માટે જાતજાતનાં કોતરકામનો અને વિશેષ પ્રકારની વામન મૂર્તિઓનો ઉપયોગ થાય છે. પટ્ટશિલા અને શિર વચ્ચેની આ દબાએલી મૂર્તિઓને **કીચક** પણ કહે છે, જે મહાભારતની કીચકવધની કથાનું સ્મરણ કરાવે છે. આ મૂર્તિઓમાં એ કેટલીક ઉપરના વજનથી દબાઈ જતાં કરુણાજનક મુખાકૃતિવાળી, તો કેટલીક એ ભાર ઉપાડવાના બળ માટે મગરૂર હોવાનો ભાવ પ્રદર્શિત કરતી, અગર પોતાની જવાબદારી સમજી કર્તવ્યપરાયણતાનાં દર્શન કરાવતી સૌમ્ય, ઉગ્ર કે અન્ય પ્રકારની હોય છે. કેટલીક મૂર્તિઓ શિવ, વિષ્ણુ કે દેવીનાં આયુધોથી યુક્ત ચાર હાથવાળી પણ બનાવવામાં આવેલી હોય છે. થાંભલાના શિર સુધીની ઉંચાઈ જો મંડપની ઉંચાઈ માટે પૂરતી ન હોય તો થાંભલાના કુંભી, સ્તંભ અને શિરાનું માપ મોટું કરી, સાવ ઉંચા આકારનો થાંભલો બનાવવાને બદલે એક થાંભલાપર બીજી નાની થાંભલી બનાવી, ઉંચાઈ વધારવાની રીત પ્રાચીન શિલ્પકારોને વધુ પસંદ પડતી. ગુજરાતનાં કેટલાંક મંદિરના સભામંડપના કે કીર્તિસ્તંભના અગર મુખ્ય પ્રવેશદ્વારના થાંભલા આવી જાતના બનાવેલા જોવામાં આવે છે.

આ પ્રકારે બનાવેલી થાંભલીમાંએ નીચેના સ્તંભ પ્રમાણે પ્રકાર હોય છે. આ વધારાના ઉપલા સ્તંભવિભાગને '**વીરકંઠ**' કે '**ઉચ્છલક**' કહે છે. જ્યારે થાંભલાને આધારે કમાન, તોરણ કે ઘુમટ બનાવવો હોય ત્યારે ભરણીને થાંભલાથી બહાર પડતી બનાવી, તે પર ઉપલા અલંકારો ટેકાવાય છે. આ આગળ પડતા ભરણીના ભાગને **હીરગૃહ** કહે છે. ભરણીના આકારવૈવિધ્ય અને હીરગૃહની જાતજાતની નકશીમાંએ હિન્દે અને વિશેષતઃ ગુજરાતે અત્યંત કૌશલ્ય દાખવ્યું છે. એ ભરણીને પ્રતાપે જ કેટલીક વાર તો એક જ થાંભલા ઉપર આખો મંડપ રચાઇ શકાતો. ફત્તેહપૂર સિક્રીનો એક સ્તંભવાળો બંગલો મુગલકાલીન હોવા છતાં હિન્દુ સ્થાપત્યના અવશેષ રૂપ પરીક્ષિતના તક્ષકની બીકે જળની મધ્યમાં બંધાવેલા છેલ્લા મંડપનું સ્મરણ કરાવે છે. સાધારણ રીતે ગુજરાતનાં મંદિરોમાં ભરણીનાં હીરગૃહો ઉપર પ્રવેશદ્વારનાં વચમાંનાં શોભાયમાન તોરણોના છેડા ગ્રાહમુખાકાર ટેકાઓ ઉપર ટેકવેલા હોય છે. કેટલીક વાર એ હીરગૃહો ઉપર જૂદા જૂદા પ્રકારની મૂર્તિઓ ઉભી કરી, ઘુમટના છતની આધારશિલાઓને ટેકો આપવામાં આવેલો જણાય છે. એ જ પ્રમાણે કેટલાંક બીજા આયોજનો ભાર વહન કરવા માટે ટેકા રૂપે કે શોભા અને અલંકારની યોજના માટે થએલાં જણાય છે.

થાંભલાની સંખ્યા મંડપના આકારની વિશાળતા કે રચનાની જાત ઉપર આધાર રાખે છે. નાનામાં નાના મંડપ માટે ચાર બાજુ ચાર સ્તંભ તો જોઈએ જ. પરંતુ આવા મંડપો માટે પટ્ટશિલાઓ બહુ મોટી હોય તો જ કામ ચાલે, નહિતર થાંભલાની સંખ્યા વધારી ૧૨ ની કરવી પડતી. ગુજરાતના મંડપોમાં મોટે ભાગે એ જ પ્રમાણેની રચના જણાય છે. આઠ

થાંભલા અષ્ટકોણાકારે ગોઠવી, એ થાંભલાઓની ઉપરથી ત્રાંસી શિલાઓ મૂકી, મંડપનું છાપરૂં સાધિત થાય છે. પરંતુ મંડપને ચોરસ બનાવવા માટે ચારે બાજુ બીજા ચાર થાંભલા વધારી, એકંદરે ૧૨ થાંભલાથી મંડપ અને ઘુમટ કે શિખર સાધિત થાય છે. એ જ પ્રમાણે ૧૬+૪, ૩૨+૪, કે ૬૪+૪ અગર તેના અનેક ગણા થાંભલાઓમાં એકવડી બેવડી કે ત્રેવડી સ્તંભરાશી ઉપર મંડપ બાંધી ઉપર જણાવ્યું તેમ સેંકડો થાભલાની સુંદર રચનાથી મંડપ શોભાયમાન બનતો. એ બધા સ્તંભરચનાના પ્રકારોનું સવિસ્તર વર્ણન કરવાનો અત્રે અવકાશ નથી.

મંદિરના પ્રવેશદ્વારનું હવે અવલોકન કરીએ. સાધારણતઃ એ દ્વારની પહોળાઈ ઉંચાઈ કરતાં અર્ધી રાખવામાં આવેલી જણાય છે. ઉપરની પટ્ટશિલાના મધ્ય ભાગે ગણપતિ અગર જેનું મંદિર હોય તે દેવ કે દેવીની મૂર્તિ અને તેની આસપાસ બીજી અનેક મૂર્તિઓ હોય છે, જેમાં વિદ્યાધરો, ગંધર્વો અને અપ્સરાઓ ઇત્યાદિનો પણ સમાવેશ થાય છે. બારણાની આસપાસના ચોકઠામાં ઉભી ફરતી નકશીવાળા કેટલાક વિભાગો હોય છે. તે દરેક ભાગને **શાખા** કહે છે. પહેલી શાખા મોટેભાગે **પત્રશાખા** હોય છે. તેમાં લતાપત્રાદિ અને ચોરસ કે ગોળાકાર અગર માળા મણકા જેવી આકૃતિઓની ગુથણી હોય છે. બીજી શાખામાં દ્વારપાલ કે અન્ય મૂર્તિઓ બનાવેલી હોય છે, તેને **રૂપશાખા** કહે છે. આ શાખામાં બનાવેલી મૂર્તિઓ ગોખ કે નાનાં મોટાં ચોકઠાંઓમાં બેસાડેલી હોય છે. તદુપરાંત નૃત્યગાયન કરતાં સ્ત્રીપુરુષો અર્થાત્ વાદ્યો સાથેના ગંધર્વો અને નૃત્ય કરતી અપ્સરાઓ બતાવેલી હોય તેવી પટીને **ગંધર્વશાખા** કહે છે. તેજ પ્રમાણે સિંહાદિ પશુઓથી યુક્ત **સિંહશાખા** અને **કલ્વશાખા** ઇ૦ની સમાન્તર ઉભી પટીઓ હોય છે. જેમ વધારે કલામય દ્વાર દાખવવું હોય તેમ વધારે શાખાઓથી યુક્ત કલામય દ્વાર અને ચોકઠાં બનાવવામાં આવે છે. પ્રત્યેક દ્વારની સાથે આ પ્રમાણે ૩, ૫, ૭ કે તે કરતાં વધુ શાખાઓ હોઈ શકે.

આ પ્રમાણે ગર્ભમંડપના પ્રવેશદ્વારમાં તેમ જ મુખ્ય દ્વારનાં ચોકઠાંઓમાં ઉત્કૃષ્ટ કોટિનું કોતરકામ ગુજરાતનાં દેવમંદિરોમાં જોવામાં આવે છે.

પ્રવેશદ્વારના ઉંબરા ને **'ઉદુંબર'** કહે છે. ઉદુંબરના બહારના ભાગમાં બન્ને બાજુએ કીર્તિમુખ અને વચમાં અર્ધ ગોળાકાર ઉંબરાની ઉંચાઈ જેટલું જ ઉંચું **મૃદંગ** હોય છે. તેના દર્શની ભાગમાં પણ કોઈ મૂર્તિ કે બીજી જાતનું કોતરકામ હોય છે. ઉંબરાના આ શ્રૃંગારને **મંદારક** કહે છે. 'મંદારક' આગળ એક ' અર્ધચંદ્ર ' નામક અર્ધગોળ પગથીયું હોય છે.

મંડપના થાંભલા, ભીંતો, ખુરસી અને બારણાં તપાસ્યા પછી **ઉપર છત** તરફ નજર નાંખતાં જણાય છે કે કેટલીકમાં છત સાવ સાદી, શિલાઓથી પાટી દીધેલી હોય છે. કેટલાકમાં થાંભલાઓ પરના ત્રાંસા અષ્ટકોણાકાર શિલાસમૂહ ઉપર બીજી શિલાઓની કલામય રચનાથી ઘુંમટ કે શિખરાકાર છાપરૂં બનાવેલું હોય છે. ઘણી વખતે અંદરની બાજુથી આ ઘુંમટો અને કેટલીક વાર શિખરોની નીચેનો ભાગ વધુ સુશોભિત અને કલામય બનાવવામાં આવે છે. અંદરની શિલાઓ કેવી રીતે ગોઠવેલી છે અને કયાં કયાં સાંધા છે, એ પણ દેખાય નહીં એવી કુશળતાથી શિલ્પકાર અને સ્થપતિઓએ કોતરકામ કરેલું જણાય છે. આ છતો એટલી બધી ભરગચ્છ કામવાળી હોય છે કે આખીએ છત એક મોટા ડુંગરમાંથી કોતરી કાઢેલા વિશાળ શિલ્પચિત્ર કે ચંદરવા જેવી દેખાય છે.

આ પ્રમાણેની કલાલંકૃત છતને, '**વિતાન**' કહેવાય છે. આ વિતાનોમાં કોઈ વખતે શિવતાંડવ નૃત્ય, તો કોઈ વાર ગંધર્વ અને અપ્સરાઓનો ગાયનવાદન અને નૃત્યનો જલસો, તો કોઈ વાર કમળનાં ફુલપાંદડાં આદિથી યુક્ત પલ્લવિકા, તો કોઈ વાર ચોરસવૃત્ત, અષ્ટકોણ અને પદ્માદિથી યુક્ત ભૂમિતિરેખાની કલામય ગોઠવણી, અગર સ્ત્રીપુરુષોના ચિત્રવિચિત્ર આનંદવિહારના દેખાવો, વગેરે કોતરી કાઢેલાં હોય છે. કેટલાંક વિતાનોમાંની ભાત એવી સુંદર હોય છે કે તેમાં ઉંચામાં ઉંચા ગાલીચા કે વાડીની સુંદર ક્યારીનો ભાસ થાય છે. ૧૨ મી સદીમાં પ્રચલિત થએલી અને ઠેઠ પંદરમી સદી સુધી ચાલુ રહેલી, કમળપુષ્પનાં ઝુમરે-વાળી છત દેલવાડાનાં મંદિરોમાં, ભરૂચની જુમામસજિદમાં તેમ જ અન્ય સુંદર ઈમારતોના ઘુમટોમાં જોવામાં આવે છે. આ પ્રમાણેનાં લટકતાં ઝુમખાં અને ઝુમરોનું કોતરકામ માત્ર હિન્દના જ નહીં, પણ આખી દુનિયાના કોઈ પણ દેશના કોતરકામ કરતાં ચઢી જાય તેવું છે. ગુજરાતની કલાસમૃદ્ધિમાં એની અલંકૃત '**વિતાનો**' પણ વિશિષ્ટ પદ ભોગવે છે.

બૌદ્ધ, હિન્દુ કે જૈન મંદિરનો મુખ્ય દેખાવનો અને અગત્યનો ભાગ તે **શિખર** કહેવાય. આ શિખરો જે જે પ્રાચીન મંદિરોમાં બચી રહ્યાં હોય છે, ત્યાં ત્યાં પુરાતત્ત્વાન્વેષકોને એ મંદિરનો કાળ અને એના સ્થાપત્યઢબ વિષેના નિર્ણયમાં બહુ સરલતા થઈ પડે છે. મંદિર ઉપર શિખરનું પ્રયોજન, અન્ય ગૃહો કરતાં દેવમંદિરની વિશેષતા સૂચવવા, દૂરથી વટેમાર્ગુને મંદિરની અસ્તિત્વની ભાળ આપી તે તરફ આકર્ષવા, તેમ જ કલશ અને ધર્મધ્વજને ઉન્નત સ્થાને રાખવા ઇત્યાદિ માટે હશે, એમ લાગે છે. મુસલમાનોની મસજિદ અને ક્રિશ્ચિયનોના ચર્ચમાં એ ઘુમટ અને ઉચ્ચ સ્થાને મિનારાના ક્રોસ, એ જ પ્રયોજનો માટે હશે.

ગુજરાતનાં સ્થાપત્યશાસ્ત્રોમાં **શિખરની ૨૪ જાતો** વર્ણવેલી છે. તેમાંથી કેટલાંક વચમાંથી પોલાં હોય છે, તો કેટલાંકની વચમાં ઈંટોનો ભરાવ આપી, ઘનત્વ આપવામાં આવતું. બહારની બાજુ દર્શનીય ભાગમાં શિખરોમાં ઘણી જાતો હોય છે. ગુજરાતનાં પ્રાચીન મંદિરોમાં ત્રણ કે ચાર જાતનાં શિખરોનો પ્રભાવ નજરે પડે છે. કાઠિયાવાડનાં પ્રાચીનતમ મંદિરો દાખલા તરીકે બિલ્લેશ્વર કે ગોપના મંદિરપરનાં શિખરો કાશમીરનાં શિખરો જેવાં નીચેથી ઉપર સુધી ચૈત્યની કમાનો જેવી કમાનોના સમૂહથી સુસજ્જિત છે. કેટલાંક શિખરો ઓરિસાના ભુવનેશ્વરાદિનાં પ્રાચીન મંદિરોના શિખરો જેવાં છે. કેટલાંક મંદિરો દક્ષિણના ચાલુક્ય મંદિરો જેવાં માળવાળાં છે. પરંતુ મોટો ભાગ રાજપૂતાના અને મધ્ય હિન્દનાં મંદિરનાં શિખરોને મળતાં શિખરપુંજની ઢબનાં છે. તેવાં શિખરો ગુજરાતમાં દશમી સદી પછીથી બંધાવવાની શરૂઆત થઈ હોય એમ લાગે છે; અને સોલંકીવંશના સ્થપતિઓએ તેને વધુ અલંકૃત અને કલામય બનાવ્યાં. તેની ઉપર પણ મંદિરના પીઠ, મંડોવર અને સ્તંભો પ્રમાણે જાતજાતનું ઝીણું કોતરકામ અને મૂર્તિઓની રચના કરવા માંડી. તે જ ઢબ, મુસલિમ કાલ સુધી ચાલુ રહી અને અર્વાચીન સમયમાં તેમાં વધુ સાદાઈ આવી ગઈ છે. તેના કારણરૂપે કેટલાકો સાદાઈનો શોખ જણાવે છે, પરંતુ ખરૂં કારણ તો કલા અને ભાવનાની હીન દશા જ ભાસે છે.

ગર્ભમંડપના છાપરાના મધ્ય ભાગે એક મોટું શિખર હોય છે. આ શિખર નીચેથી ગોળાકાર હોઈ જેમ ઉંચું જાય તેમ વધુ ને વધુ સાંકડું બનતું જાય છે. મિનારા કરતાં વધુ ભવ્ય દેખાવ આપવા માટે એમાં પાસા હોય છે, જેની '**રેખાઓ**' થોડી ઉંચાઈ સુધી સીધી

આવી ઉપલા ભાગમાં વધુ વાંકી વળી જાય છે. જ્યારે આ વાંક ક્રમે ક્રમે વળે છે ત્યારે શિખર વધુ ઉંચું અને અણીઆળું બને છે. ગુજરાતમાં પ્રથમ વર્ણિત જાતનાં શિખરો મોટા પ્રમાણમાં છે. માત્ર શત્રુંજય અને ગિરનારાદિનાં થોડાં જૈન મંદિરોનાં શિખર પાછલી જાતનાં અર્થાત્ વધુ ઉભી રેખાવાળાં ઉંચાં અને અણીવાળાં હોય છે. શિખરના છેક ઉપરના ભાગમાં કાંગરીવાળી ગોળ બેસણી કે ચકરડું હોય છે તેને '**અમલસાર**' કહે છે. આ અમલસાર ઉપર કળશ ચઢાવવામાં આવે છે. કેટલાંક મંદિરોમાં માત્ર એક કળશ નહીં રાખતાં ઉપરાઉપરી ત્રણ ચાર નાના મોટા કળશની ઉતરડ બનાવવામાં આવે છે. એ જ કલશ જરા મોટો બનાવ્યો હોય તો ઘુમટ જેવો દેખાય. મુસલિમ સ્થાપત્યમાં મિનારા અને ઘુમટો ઉપરાંત કેટલાક કળશો બનાવેલા જણાય છે તે શિખરના કળશો સાથે મળતા આવે છે. કળશના કંઠમાંથી ઉપર સુધી ધજા માટે એક કોણાકાર **સળી** ઉભી રાખવામાં આવે છે. હિન્દુ અને જૈન મંદિરોમાં શિખર ઉપર અમલસારની બાજુમાંથી ધ્વજારોપણ થાય છે.

મુખ્ય શિખર ઉપરાંત અર્ધા કે પા શિખર જેટલા આકારનાં શિખરો ઘણાંખરાં મંદિરો ઉપર જોવામાં આવે છે તે પ્રાસાદના ભદ્રની ગણત્રી પ્રમાણે જ હોય છે. જેટલા ભદ્ર હોય તેટલાં વધુ શિખર તે તે ભદ્રના અનુસંધાને બનાવવામાં આવે છે, તે '**ઉરુશ્રૃંગ**' કહેવાય છે. તદુપરાંત પ્રાસાદના કોણ અને ઉપરથ તથા પ્રતિરથ ઉપર પણ એક એક નાનો શ્રૃંગ હોય છે. આમ મંડપની ઉપર મુખ્ય શ્રૃંગની આસપાસ ઉરુશ્રૃંગો અને ઉપશ્રૃંગોની કલામય રચના કરી મંદિરનું છાપરૂં સુશોભિત આકર્ષક બનાવવામાં આવે છે.

શિખરોની અંદરના કોતરકામમાંએ સમયાનુકૂલ પરિવર્તનો થએલાં જણાય છે. પ્રારંભિક શિખરોમાં જૂનાં ચૈત્યાકાર ઉત્તરીય શિખરો પ્રમાણે નાની ગોખલીઓની હારમાળા બનાવવામાં આવતી, પરંતુ પાછળથી તેમાંએ કલાકૌશલ્ય આવવા માંડ્યું, અને મંદિરના મંડોવર પ્રમાણે ઝીણાંઝીણાં દશ્યો અને મોટાં ભદ્રોમાં ગોખ કે 'ગવાક્ષ' બનાવી, તેમાં જૂદાંજૂદાં દેવ, દેવી કે ઋષિઓની મૂર્તિઓ બેસાડવાનું શરૂ થયું. આ પ્રમાણે શિખરો પણ શ્રૃંગારિત થયાં.

પરિણામે મંદિરના તળથી મથાળા સુધી કોઈ પણ ભાગ કોતરકામ વગરનો ન રહ્યો. આ પરિસ્થિતિની પરાકાષ્ટા થતાં કલામાંથીએ વિકલા ઉત્પન્ન થઈ. ગુજરાતના સલાટોએ પત્થરને ભીંની માટીનો ગોળો માની, તેમાં ગમે તેવું કામ કરી બતાવ્યું. લાકડામાં જેટલું કોતરકામ સુતાર કરી શકે તેટલું અને તે કરતાંએ વધુ ગુજરાતનો સલાટ પત્થરમાં કરી શકતો.

મધ્યકાલીન ઈમારતો

ગુજરાતની પ્રાચીન ઈમારતો કરતાં મધ્યકાલીન ઈમારતો વધુ અલંકારયુક્ત છે. પ્રાચીન સ્થાપત્યમાં સાદાઈ વિશેષ હતી, શાસ્ત્રાનુસાર રચનાનું ધ્યાન પણ વધુ હતું, જ્યારે મધ્યકાલીન ઈમારતોમાં શિલ્પશાસ્ત્રની સાથે કલાનો સમન્વય કરી સ્થાપત્યને શ્રૃંગારિત બનાવવામાં આવ્યું. પ્રાચીન ઈમારતોમાંનું સ્થાપત્ય ગુફામંદિરોને મળતું આવે છે, જ્યારે મધ્યકાલીન સ્થપતિઓએ ગુફા કોતરી, મંદિર બનાવનાર કરતાં છૂટા છૂટા પત્થર ગોઠવી, ગમે તેવું સ્વરૂપ આપવાની સ્વતંત્રતાનો લાભ લઈ વિવિધ કલ્પનાઓને મૂર્ત સ્વરૂપ આપી, આંખનું રંજન મોટા પ્રમાણમાં થાય તેવો પ્રયાસ કર્યો છે.

બાંધકામની સામગ્રી

બાંધકામની સામગ્રી વિષે તપાસ કરતાં એમ જણાય છે કે પ્રાચીન ઈમારતો મોટો ભાગે ઈંટની બંધાવવામાં આવતી. ખાસ કરીને ઉત્તર ગુજરાતમાં પત્થર નહીં મળતો હોવાથી મધ્યકાલીન ઈમારતોમાં પણ દર્શનીય ભાગમાં પત્થરની શિલાઓ રાખી, વચલા ગાળા ઈંટથી પૂરાયલા છે. કેટલાંક મંદિરોની અંદરોની સાદી ભીંત ઉભી છે. બહારના ભાગમાં કોતરેલા પત્થર ખરી પડ્યા છે અને વચમાં ભરેલી ઈંટો ડોકિયાં કરતી જણાય છે. એનું કારણ પત્થરની અછત જ હશે, કારણ કે કાઠિયાવાડના ધ્રાંગધરા વિગેરેના ડુંગરોમાંથી કે અહમદનગર–ઈડરના ડુંગરોમાંથી અગર ઉત્તરે અરવલીના ડુંગરોમાંથી પત્થર આણવા પડતા. આ કારણથી રૂદ્રમાળ શિવાય બીજાં ઉત્તરગુજરાતનાં મંદિરોમાં બહુ મોટી શિલાઓનો પણ ઉપયોગ થયો જણાતો નથી. દક્ષિણનાં મંદિરોની માફક ગુજરાતનાં દેવાલયોમાં ભવ્ય અને અસાધારણ કદની મૂર્તિઓનો અભાવ પણ એ જ કારણને લીધે હશે.

વસ્તુસ્થિતિ આ પ્રમાણે હોવાથી ગુજરાતનાં મંદિરો મોટે ભાગે પત્થર કરતાં ઈંટનો ઉપયોગ વધુ થએલો જણાય છે. અલબત આબુનાં મંદિરોમાં ગિરનાર અને શત્રુંજયનાં દેહરાસરોમાં તેમ જ ઈડરનાં દેવસ્થાનોમાં સુલભતા અને સગવડને લીધે પત્થરનો છૂટથી ઉપયોગ થયો છે. પંચાસરની પ્રાચીન ઈમારતોમાં, ચંદ્રાવતીનાં જુનાં ખંડેરોમાં, મોઢેરાના સૂર્યમંદિરની આસપાસ અને શંખેશ્વરાદિનાં દેવાલયોની ભાંગેલી ભીંતોમાંથી મોટી મોટી પ્રાચીન ઈંટો મળી આવે છે. તે ઉપરથી ત્યાં આગળ ઇસ્વીસનની ચોથી કે પાંચમી સદીની ગુપ્તકાલીન ઇંટની ઇમારતોના અસ્તિત્વનું પ્રમાણ મળે છે. ઉત્તર હિન્દ, બિહાર અને સિંધ ઇત્યાદિની પ્રાચીન ઈમારતોમાં ખોદકામ કરવાથી એકની નીચે એક એમ સાત આઠ કે નવ તળ મળી આવ્યાં છે. તે ઉપરથી એક પછી એક જૂની ઇમારતો પર નવી ઈમારતો બંધાયાનું પ્રમાણ મળ્યું છે. તે રિવાજ પ્રમાણે ગુજરાતમાં થયું હોય તો નવાઇ નથી. જો રીતસર ખનનકાર્ય થાય તો મધ્યકાલીન ઈમારતોના પાયામાંથી પ્રાચીન ઈમારતોનાં તળ નીકળી આવવાનો સંભવ ખરો.

મધ્યકાલીન ઈમારતોમાંએ મુસ્લિમ કાળમાં રૂપાન્તર થયાં. જે મંદિરો મસજિદના રૂપમાં ફેરવાઈ ગઈ છે તેમાંથી એ કાળના સ્થાપત્ય અને શિલ્પનો અભ્યાસ કરી શકાય છે. નવીન આવશ્યકતા અનુસાર ગુજરાતના સ્થપતિઓએ પ્રાચીન સ્થાપત્યકલાના સિદ્ધાન્તોને સહજ ફેરફાર સાથે જે સરસ ઉપયોગ કર્યો છે તે અત્યંત પ્રશંસનીય છે. મુસલિમ કાળમાં ગુજરાતનું સ્થાપત્ય અને શિલ્પનું જે સ્વરૂપ હતું અને જેની ઉપર દુનિયાના કલાકારો મુગ્ધ હતા તેના અવશેષો તો હજીએ અમદાવાદ, ભરૂચ, ધોળકા, ચાંપાનેર ઈત્યાદિ સ્થળોમાં જોઈ શકાય છે. પરંતુ આજે તો આપણે માત્ર હિન્દુકાલીન સ્થાપત્યના અવલોકનથી અટકીશું.

પ્રાચીનાવશેષ નિરીક્ષણ

ગુજરાતના ઇતિહાસ અને સ્થાપત્યશાસ્ત્રનાં જ્ઞાનમાં સાધારણ ચંચુપ્રવેશ કર્યા પછી પ્રાચીન અવશેષોનું અવલોકન રસમય બને છે. શાબ્દિક વર્ણન કરતાં પ્રત્યક્ષ અવલોકનથી વધુ સરસ ખ્યાલ આવી શકે તે માટે મુખ્ય મુખ્ય પ્રાચીન અવશેષોનાં છાયાચિત્રોની તખ્તીઓ બતાવવાની યોજના આંજના વ્યાખ્યાન સાથે રાખી છે, પણ તેમાં માત્ર હિન્દુકાલીન

સ્થાપત્યના નમૂના બતાવી શકાશે. મુસલિમ કાલમાં ગુજરાતના શિલ્પ સ્થાપત્યમાં થએલા અત્યંત રસિક ફેરફારોનું વિવેચન અને નિરીક્ષણ ભવિષ્યમાં પ્રસંગ આવ્યે કરીશું.

આપણે ઐતિહાસિક અવલોકનમાં જોયું તેમ અત્યંત પ્રાચીન ઉલ્લેખ શ્રીકૃષ્ણકાલીન દ્વારકા અને પ્રભાસપાટણ તથા સુદામાપુરી (પોરબંદર) આદિના પુરાણોમાંથી મળે છે. પરંતુ એ કાળના અવશેષો આપણા કાળ સુધી બચી શકયા નથી. સૌરાષ્ટ્રના પશ્ચિમ અને દક્ષિણ કિનારાપર ખનન અને અન્વેષણ થાય તો કદાચ કંઈ માટી, પત્થર કે ધાતુના અવશેષો મળી આવે.

ઐતિહાસિક કાળમાં તો મૌર્ય રાજ્યનો વહેલામાં વહેલો ઉલ્લેખ છે અને તેમાં ચંદ્રગુપ્ત અને અશોકાદિના સમયમાં બનેલા અનેક બૌદ્ધ વિહાર, સ્તુપ આદિના ઉલ્લેખ પૈકી કોઈના પણ અવશેષ મળ્યા નથી. ગિરિનગર ઉર્ફે ગિરનારના શિલાલેખમાં વર્ણવેલા સુદર્શન સરોવર વિષે એવું અનુમાન છે કે ચંદ્રગુપ્તનું બંધાવેલું આ સરોવર (જેને અશોકે નહેરના સ્વરૂપમાં ફેરવી દીધું હતું અને ક્ષત્રપકાલમાં ફરીથી તેનો જીર્ણોદ્ધાર થયો હતો) જૂનાગઢના પ્રાચીન કિલ્લા ઉપરકોટની બાજુથી ગિરનારની તળેટી સુધીની વૃક્ષરાજિથી છવાએલી ખીણ છે તે જ સ્થળે હશે. કાળક્રમે પાળ તૂટી, પાણી સૂકાયું અને ખીણનું સ્વરૂપ એ સુદર્શન સરોવરને પ્રાપ્ત થયું હશે.

ક્ષત્રપકાલીન અવશેષોમાંએ ખાસ પ્રમાણસર કહી શકાય તેવું કંઈ નથી. છતાં જૂનાગઢ પાસેની ઉપરકોટની ગુફાઓ અને તળાજા, ઢાંક આદિ સ્થળોની કેટલીક ગુફાઓ એ કાળની હોવાનું અનુમાન માત્ર થઈ શકે છે. ઉપર્યુક્ત ગુફાઓમાં કેટલીક તો છેક ચોથી, છઠ્ઠી કે આઠમી સદી સુધીની પણ હોય એમ લાગે છે.

ગુફામંદિરો

પ્રાચીન ભારતમાં બૌદ્ધ કાળની તથા તે પછીની કેટલીક ગુફાઓ છે, જેમાં બૌદ્ધ, વિહારો, ચૈત્યો અને સ્તૂપોનો સમાવેશ થાય છે. તે ઘણે ભાગે તત્કાલીન રાજવીઓ કે ધનિક અને શ્રદ્ધાળુ ધાર્મિક પુરૂષોએ બૌદ્ધ સંઘની સત્સંગાદિની સગવડ તેમ જ ભિખ્ખુ, ભિખ્ખુણીઓ તથા વિરકત બૌદ્ધોના એકાન્તવાસ માટે ડુંગરમાંથી કોતરાવેલી હોવાના લેખ ઠેક ઠેકાણે મળી આવ્યા છે. ગુજરાત પણ એ સામયિક પ્રથાથી મુક્ત ન હતું. અહીંઆં પણ જ્યાં જ્યાં ડુંગરો છે ત્યાં ત્યાં કેટલીક સાદી કે શિલ્પકામવાળી ગુફાઓ નજરે પડે છે. આ ગુફાઓ પૈકી જૂનાગઢ પાસે આવેલી, ઉપરકોટની, તળાજાની તથા ઢાંકની ગુફાઓ ઉલ્લેખનીય છે.

જૂનાગઢની પૂર્વે બાવા પ્યારાના મઠને નામે જાણીતા મંદિરમાં ગુફાઓ છે. તેનું બર્જેસે સવિસ્તર વર્ણન કર્યું છે. આ ગુફાઓ બધી સાદી ચતુષ્કોણ કે લંબચોરસ આકારની ઓરડીઓ જેવી જ છે, માત્ર વચલી ગુફા સાદા છાપરાવાળા ઇસવીસનની શરૂઆતનાં ચૈત્યો જેવી છે. તેમાં માત્ર બે જ વસ્તુઓ સ્થાપત્યની દૃષ્ટિએ ધ્યાન ખેંચે તેવી છે. એક એની અર્ધચંદ્રાકાર ચૈત્યની કમાનો કે ગોખ અને બીજા દેગડા જેવી કુંભી તથા શિરાવાળા ગોળ થાંભલા, જે નાશિક, એલોરાની ગુફાઓ અને બ્હારૂતના સ્તૂપના થાંભલા સાથે મળતા આવે છે. બર્જેસે આ ગુફાઓને બૌદ્ધગુફાઓ હોવાનું ઠરાવ્યું છે, જ્યારે ત્યાર પછી કેટલાક વિદ્વાનોના નિરીક્ષણને પરિણામે આ ગુફાઓમાંથી મળી આવેલા લેખોમાંના પારિભાષિક શબ્દો તથા મથુરાના જૈન સ્તૂપ જેવા સ્વસ્તિક, ભદ્રાસન, નંદીપદ, મીનયુગલ

અને કલશાદિ ચિહ્નોને આધારે આ જૈનગુફાઓ હોવાનું પ્રમાણ મળે છે. મૂળ બૌદ્ધ ગુફામાં જૈનોએ પાછળથી પોતાના લેખ અને ચિહ્નાદિ કોતરી પોતાના ઉપયોગમાં લીધી હોય તો નવાઇ નથી. આમાંની કેટલીક તો મૂળ બૌદ્ધ જ હશે અને કેટલીક અસલથી જૈનોએ ખોદાવી પણ હશે, જ્યારે થોડી આવશ્યક ફેરફારો કરી ઉપયોગમાં લેવાઈ હોય એમ લાગે છે

ઉપરકોટની ગુફાઓ ઉપલી ગુફાઓ કરતાં મોડી હોય એમ લાગે છે. તેમાં કોતરી કાઢેલી બે માળની ઇમારત તથા તેની ચૈત્યાકાર સુંદર કમાનો અને કલામય થાંભલા ઉન્નતાવસ્થાસૂચક છે. તેની વચમાં ૧૧ ફુટનો ચોરસકુંડ છે, અને ફરતી પરસાળ પણ છે. એલોરા અને બાઘની સાતમી કે આઠમી સદીની ગુફાઓના સામ્યના કારણે આ ગુફાઓને પણ આપણે એ કાળની લેખી શકીએ. આ ગુફાઓના થાંભલાની કુંભી અન્ય ગુફાઓની સ્તંભકુંભીઓ કરતાં જૂદી જ જાતની છે. શિલાલેખને અભાવે આ ગુફાઓનો ચોક્કસ કાળનિર્ણય થયો મુશ્કેલ છે. સામાન્યતઃ ખાપરા-કોડીયાની ગુફાઓના નામથી આ ગુફાઓ જાણીતી છે.

સૌરાષ્ટ્રના પૂર્વ કિનારા પર સુવિખ્યાત જૈનતીર્થ શત્રુંજયની ટેકરીમાંથી નીકળેલી શત્રુંજી નદીને કિનારે તળાજા નામક ગામ છે. આ ગામ ઉપરથી અહીંયાંની ટેકરી પરની ગુફાઓ તળાજાની ગુફાઓને નામે જાણીતી છે. આ ટેકરીમાંની ત્રીસ ગુફાઓમાંથી બે ગુફાઓ મોટી થાંભલાને આધારે ઉભેલા ચોરસખંડની છે. તેમાંની એક એભલ મંડપને નામે ઓળખાય છે, તેમાં ૭૫ ફૂટ લાંબો, ૩૭½ ફૂટ પહોળો અને ૧૭½ ફૂટ ઉંચો એક ખંડ છે. તેમાં અષ્ટકોણાકાર થાંભલા છે, જે ભાંગી પડ્યા છે. અહીંયાંની ચૈત્યાકાર કમાનો બાવા પ્યારાના મઠની ગુફાઓની કમાનો કરતાં વધુ સરસ છે.

આ ટેકરીની ઉપલી બાજુએ સાનાની ગુફાઓ છે, તેમાંથી સૌમાં મોટી લગભગ એભલ મંડપ જેવડી છે. ભીમચોરીની ગુફાઓના થાંભલા અને કોતરકામની ઢબ નાશિકની નહપાનની ગુફાની ઢબ જેવી છે. સ્થાપત્ય તથા શિલ્પના સામ્યથી કાલાનુમાન કરી શકાય.

જૂનાગઢથી ૩૦ માઈલને અંતરે ઢાંક નામક ગામ પાસેની ટેકરીમાં પણ ગુફાઓ છે. તેમાંની મૂર્તિઓ વિગેરેને આધારે આ ગુફાઓ જૈનોની લાગે છે. તે લગભગ ઇસ્વી સનની બીજી સદીની હશે.

આ પ્રમાણે ગુજરાતમાં પ્રાચીન કાળથી લગભગ સાતમી કે આઠમી સદી સુધીની ઈમારતોને અભાવે તત્કાલીન ગુફાઓમાંથી સ્થાપત્ય અને શિલ્પનું અવલોકન થઈ શકે. લાકડાના કોતરકામ જેવું આ ગુફાઓની શિલાઓમાં કામ કરેલું છે તે ઉપરથી તે કાળમાં મોટે ભાગે લાકડાનો જ વધુ ઉપયોગ ઇમારતોમાં થતો હશે, એવું અનુમાન દૃઢ બને છે, અને તે જ કારણે કદાચ લાકડું લાંબો વખત ટકી શકે તેવી વસ્તુસ્થિતિ નહીં હોવાથી આરંભકાળના સ્થાપત્યાવશેષનો સ્વાભાવિક રીતે અભાવ છે.

સોલંકીકાળ પૂર્વનાં મંદિરો

ગુફાઓ પછી દેવમંદિરના અનુક્રમમાં ગુજરાતનાં મધ્યકાલીન મંદિરો મૂકી શકાય. આ મંદિરોની સંખ્યા બહુ ઓછી બચી રહી છે અને તે એ માત્ર કાઠિયાવાડના પશ્ચિમ કિનારા પર જ છે. આ મંદિરોમાં સૌથી જૂનું ગોપનું મંદિર છે. હેનરી કઝિન્સે તેને ઉત્તર હિન્દના કાશમીરી ઢબના શિખરના સામ્યને લીધે આઠમી સદીનું ઠરાવ્યું છે. ત્યાર પછીના

કાળમાં મંદિરોમાં વીસાવાડા, બિલેશ્વર, સુત્રાપાડા, થાન, કદવાર, કિન્દર ખેડા, સોન કંસારી, ઇત્યાદિનાં મંદિરો મૂકી શકાય.

આ બધાં મંદિરોની રચના જોતાં એમ લાગે છે કે મૂળ એક ચોરસ મંડપ બાંધી, તેને ફરતા બે ચોક રાખવામાં આવતા હશે. પહેલા ચોક અને મુખ્ય મંડપની વચમાંનો ભાગ તે સોલંકી કાળની ભમતીનો ભાગ, અને ગૂઢમંડપ; તેની આસપાસ ફરતી જગ્યા રાખી બીજો લંબ ચોરસ ચોક રાખવામાં આવતો, જે સોલંકી કાલમાં સભામંડપના સ્વરૂપમાં ફેરવાઈ ગયો. આ જૂના મંડપોની રચના જોતાં એમ લાગે છે કે સોલંકી કાલનાં મંદિરોના સ્થાપત્યના સિદ્ધાન્તો આ મંદિરના સ્થાપત્યમાંથી જ વિકાસ પામ્યા હશે. દુર્ભાગ્યે ગુજરાતમાં અન્યત્ર આઠમી, નવમી અને દશમી સદીમાં ચોક્કસપણે મૂકી શકાય તેવા સ્થાપત્યાવશેષોના અભાવને લીધે ઉત્તરોત્તર વિકાસનો અભ્યાસ પદ્ધતિસર થઈ શકે તેમ નથી.

આ મંદિરોની **ભીંતો** મૂળ સાવ સાદી રાખવામાં આવતી હશે, અને પાછળથી તેમાં મૂર્તિઓ વિગેરે બનાવી સુશોભિત કરવાનો રિવાજ ચાલુ થયો હોય એમ લાગે છે. વીસાવાડનાં મંદિરોની ભીંતો અદૃશ્ય થઈ ગઈ છે. પરંતુ બિલેશ્વર અને સુત્રાપાડાનાં મંદિરોની ભીંતો ઉભી છે તે સાવ સાદી છે. મંદિરની બેસણી કે પીઠનો ભાગ પણ સાફ છે.

થાનના મંદિરની ભીંતો સાદી છે, પણ પીઠમાં વિકાસ સધાએલો જણાય છે. ઠેઠ નીચે જાદંબ કે પદ્મ જેવી રચના છે. તેની ઉપર કુંભ અને કળશના આકાર બનાવેલા જણાય છે. ગર્ભમંદિરની ત્રણે ભીંતમાં એકેક્કો ગોખ છે, જેમાં દક્ષિણે સપત્નીક ગણેશ છે, ઉત્તરમાં મકરારૂઢ ગંગા છે અને પશ્ચિમે વરાહની મૂર્તિ છે. જંઘાથી ઉપલા ભાગમાં સુંદર બળદની હાર કે વૃષભથર છે.

આ મંદિરમાં તેમ જ કદવારના મંદિરમાં ગંગાની મૂર્તિ છે, તે પ્રાચીનતાની સૂચક છે. તે શિવાયનાં બીજાં મંદિરોમાં ગંગાની મૂર્તિ જોવામાં આવી નથી. કદવારનું મંદિર વરાહનું મંદિર કહેવાય છે. તેના દરવાજાની બન્ને બાજુએ ગંગા તથા યમુનાની મૂર્તિઓ છે, અને શિખર પણ ચૈત્યાકાર કમાનોવાળું છે. એટલે એને આઠમી સદીનું લેખી શકાય.

આ મંદિરોના થાંભલા જોતાં એમ લાગે છે કે તે વખતે માત્ર ચોરસ કે ગોળ જ થાંભલા રાખવાનો રિવાજ હશે. ગુફાઓમાં દેખાય છે તેવી કુંભી અને શિરાની યોજના પણ આ થાંભલાઓમાં દેખાતી નથી. ઘણાંખરાં મંદિરના થાંભલા અસ્તિત્વમાં જ નથી, એટલે તે વિષે વધુ ચર્ચા થઈ શકે તેમ નથી.

ભીંત અને થાંભલાના વિકાસ ઉપરાંત કાળનિર્ણય માટે માર્ગદર્શક થઈ શકે તેવો ભાગ **શિખરોનો** છે. પ્રાચીન શિખરો ટોડી પાટડાની રચના દ્વારા એક પર એક શિલાઓ ગોઠવી બનાવવામાં આવતાં, તેથી અંદરના ભાગમાં પોલાં અને ઉપરથી પગથીઆંવાળાં શિખરો બનતાં. એ પગથીઆંઓના દર્શની ભાગમાં ચૈત્યાકાર કમાનો કે ગોખ બનાવી શોભા આણવામાં આવતી. ક્ષત્રપના સિક્કાઓમાં એ જ પ્રમાણેની ચૈત્યાકાર કમાનોની ઉતરડ દેખાય છે.

ગોપના શિખરમાં ત્રણ પગથીઆં છે, જ્યારે **વિસાવાડ**માં ચાર છે, અને દરેક પગથિઆના દર્શની ભાગમાં ચૈત્યાકાર ગોખ છે. આ ગોખની સંખ્યા પહેલા પગથીઆમાં

સૌથી વધારે અને તે ઉપર ઓછી ઓછી રાખવામાં આવતી, જેથી ઉતરચઢ સંખ્યાને લીધે શિખર શોભાસ્પદ બનતું. ઠેઠ ઉપરના ગોખની ઉપર કદાચ આમલક અને તે પર કળશ રાખતા હશે. અત્યારે રહેલા અવશેષોમાં તે વસ્તુઓનો અભાવ છે.

બિલેશ્વરના મંદિરનું શિખર વધુ પગથીઆંવાળું અને અનુક્રમે વધુ ચૈત્યાકાર કમાનોવાળું જણાય છે. ઠેઠ ઉપર આમલક અને શિખર પણ છે. આ શિખર કદાચ પાછળથી ઉમેરાયું હશે, એવી મી. કઝિન્સને શંકા છે. આ શિખરમાં વિકાસચિહ્ન તરીકે પગથીઆના ખૂણાઓ ઉપર ચૈત્યાકાર ગોખનો વધારો જોવામાં આવે છે અને તેમની ઉપર આમલક અને કળશનો આકાર પણ છે.

ચાલુક્ય કાળમાં એ જ ગોખે ઉપશિખરોનું રૂપ લીધું છે. સુત્રાપાડાના શિખરમાં પગથીઆં વધારે નથી. ચૈત્યાકાર કમાનોમાં પણ ફેર છે, તેમ રચનામાં ભિન્ન પ્રકારની છે. આ શિખરની રચના ચાલુક્ય શિખરની રચના સાથે વધુ સામ્ય દાખવે છે. તે ઉપરથી એમ કહી શકાય કે સુત્રાપાડાનાં શિખર અને મંદિર મધ્યકાળ અને ચાલુક્ય કાળના સ્થાપત્યના વચલા ગાળાનાં છે. શિખરો શિવાયની બીજી બાબતો જેમ કે થાંભલાઓનું શિલ્પ મંડપના પીઠ અને મંડોવર તથા જંઘા આદિની રચના અને તે ઉપરનું કોતરકામ ઇત્યાદિનું અવલોકન પણ એ નિર્ણયનું સમર્થન કરે છે.


અણહિલપુર પાટણ

આ પ્રમાણે આઠમીથી દશમી સદીનાં મંદિરોનું વિહંગાવલોકન કરી, આપણે સોલંકી કાળનાં મંદિરોનું નિરીક્ષણ કરીશું. એ કાળમાં ડોકિયું કરતાં જ અણહિલવાડ પાટણ અને સિદ્ધપુર પાટણ પહેલાં નજરે ચઢે છે. એ કાળના સ્થાપત્યના અભ્યાસી માટે ચાવડા તથા સોલંકી વંશના લગભગ ૫૫૦ વર્ષના લાંબા વખત સુધી પાટનગર તરીકેના વૈભવને લીધે ભવ્ય રાજપ્રાસાદો, મોટાં બ્રાહ્મણીય તથા જૈન મંદિરો, દહેરાશ્રયો તથા વિહારો, ધર્મશાળાઓ, સરોવરો, વાવો, વાડીઓ અને સાર્વજનિક સંસ્થાઓ, એ સહુથી ભરપૂર રહેલા અણહિલવાડ પાટણના પ્રાચીન અવશેષોનું નિરીક્ષણ અને ત્યાંનાં ખંડેરોમાંથી ખનનાદિ દ્વારા પુરાતત્વાન્વેષણ કરવાની આવશ્યકતા રહે છે. એ જાહોજલાલીવાળા કાળમાં કયા સિક્કા વપરાતા તેનું ચોક્કસ પ્રમાણ હજી મળ્યું નથી. માત્ર અનુમાનને આધારે જ રહેવું પડયું છે. તે દશા પણ કદાચ આવા અન્વેષણથી દૂર થાય, અને કંઈક પ્રાચીન નહીં જડેલી વસ્તુઓ મળી પણ આવે. આપણા વિષયની અર્થાત્ સ્થાપત્યની દૃષ્ટિએ જોતાં પણ અણહિલવાડમાંથી એના મહત્વનાં પ્રમાણમાં અવશેષો નથી. પણ તેનું એક મુખ્ય કારણ એ છે કે તે પાટનગર હોવાથી પ્રત્યેક વખતે વિધર્મી વિજેતાઓનાં આક્રમણો આ જ શહેરમાં ઘણી વાર અને અતિ ઘણા વેગ અને આવેશથી થએલાં હોવાથી પ્રાચીન ઈમારતોનો જાણી જોઈ ને સદંતર નાશ કરવામાં આવ્યો. અને બાકીની ઈમારતોનું રૂપાન્તર કરી મસ્જિદો કે દરગાહો અગર મકબરાનાં સ્વરૂપ આપવામાં આવ્યાં. તે છતાં થોડીઘણી જે બચી હશે તે દુર્લક્ષ અને કાળક્રમને લીધે અદશ્ય થઈ ગઈ હશે, અને જેને મહત્વ આપી સુરક્ષિત રાખવામાં આવી તેવી ઈમારતોના વખતો વખત જીર્ણોદ્ધાર અને સુધારાવધારા થયાથી મૂળ સ્થાપત્યની દૃષ્ટિએ સોલંકીકાલીન કહી શકાય તેવું કંઈ દેખાતું નથી.





૯ વઢવાણનો કીર્તિસ્થંભ (પાનું ૫૧)
૧૦ દેલવાડા(આબુ)નું વિમળશાહનું આદિનાથનું મંદિર (પાનું ૪૦)





૧૧ દેલવાડા (આબુ) તેજપાળના નેમીનાથના મંદિરનો અંદરનો ભાગ (પાનું ૪૨)
૧૨ દેલવાડાના તેજપાળના મંદિરનો ગૂઢમંડપ (પાનું ૪૨)

સહસ્રલિંગ તળાવ

રાણીની વાવ પાસે એક મોટું તળાવ હતું. હાલ તેમાં પાણી નહીં હોવાથી તેમાં ખેતર ખેડાય છે, પરંતુ આસપાસના ઇંટના પાકા ચણતરના અવશેષ ઉપરથી એ તળાવની વિશાલતાનો ખ્યાલ આવી શકે એમ છે. મૂળ ચારે બાજુ પગથીઆં હશે અને તેમની ઉપર નાનાં મોટાં હજાર શિવાલયો હશે, એમ એના નામ ઉપરથી સૂચન થાય છે. આ સરોવર સિદ્ધરાજ જયસિંહે (૧૦૯૩–૧૧૪૩) બંધાવ્યું હતું. એ રાજાનાં બંધાવેલાં અન્ય તળાવો ઉપરથી અને ખાસ કરીને વીરમગામના મીનલ તળાવના અવલોકનથી આ તળાવની અસલ ઢબનો ખ્યાલ આવી શકે એમ છે. આ તળાવનાં પગથિઆંપર મૂળ ૫૦૦ દહેરીઓ હોવાનું કહેવાય છે. તેમાંથી લગભગ ૩૦૦ તો હજીયે જોઈ શકાય છે. જયસિંહ અને જસમા ઓડણના શાપની વાત ગુજરાતી સાહિત્યમાં જાણીતી છે. પણ તેણે આપેલો શાપ સોળમી સદી સુધી તો ફળ્યો ન હતો, એમ આઈને અકબરીના ઉલ્લેખ ઉપરથી લાગે છે. સને ૧૫૬૧માં અકબરના બાલ્યકાલના વાલી બૈરામખાનનું ખૂન આ સરોવરને કિનારે હોડીમાંથી ઉતરતાં થયું હતું. લગભગ ૧૭ મી કે ૧૮ મી સદીમાં સરસ્વતી નદીના વહેણની દિશા બદલાયાથી કે ગમે તે કારણે આ વિશાલ સરોવરનું પાણી સૂકાઈ ગયું હશે. પરંતુ આ સ્થળે કિનારાઓપર ખોદકામ થાય તો કંઈ પ્રાચીન કાળના કે સોલંકીવંશના દુર્મિલ સિક્કા કદાચ મળી આવે.

શેખફરીદનો મકબરો

શહેરની વાયવ્યે લગભગ ૧½ માઈલને અંતરે સહસ્રલિંગ તળાવથી થોડેક દૂર આ મકબરો આવેલો છે. બહારથી રૂપાન્તર થયું છે. પરંતુ અંદર જઈ એના થાંભલા અને છત તથા સ્થાપત્યનું અવલોકન કરવાથી તે ૧૧ મી સદીનું હિન્દુ મંદિર હશે, એવું અનુમાન થાય છે. આના ઘુમટની નીચેના ચંદરવા ગુજરાતના શિલ્પના સુંદર નમુના તરીકે રજુ કરી શકાય તેવા છે.

પંચાસર પાર્શ્વનાથનું મંદિર

વનરાજે પોતાના સંરક્ષક જૈન સાધુ શીલગુણસુરી માટે બંધાવી આપેલું મૂળ પંચાસર પાર્શ્વનાથનું મંદિર ત્યાં જ હશે, એમ આ મંદિરની કેટલાક જૂની મૂર્તિઓ ઉપરથી અનુમાન કરી શકાય છે. પરંતુ હાલની ઈમારત જોતાં તે લગભગ ૧૬ મી સદીની જણાય છે. મૂળ મંદિરમાં વખતોવખત થએલા જીર્ણોદ્ધાર કે પુનર્જીવનનું કદાચ એ પરિણામ હશે.

તે જ પ્રમાણે ૧૬ મી સદીના હિન્દુ સ્થાપત્યના નમુનારૂપ **વાડી પાર્શ્વનાથનું** મંદિર છે. આમાંના ચંદરવાનું શિલ્પ તથા અટારીનું કોતરકામ અવલોકનીય છે. ત્યાંના મુખ્ય ઘુમટની ભીંતમાં આરસપહાણની તકતીપર કોતરેલા લેખમાંથી પુષ્કળ ઐતિહાસિક સામગ્રી મળે છે.

તદુપરાંત કાલિકા માતાનું મંદિર, સિંધવાઈ માતાનું મંદિર અને બહાદુરસિંહની વાવ આદિની ઈમારતો મુસલિમ કાળના પ્રભાવ પછીના હિન્દુ સ્થાપત્યના નમુના રજુ કરે છે. ઉપલાં બે મંદિરોમાં જૂનાં મંદિરોની સામગ્રી અને પ્રાચીન મૂર્તિઓ અવલોકવા યોગ્ય છે.

સિદ્ધપુર પાટણ

અણહિલવાડથી ૧૭ માઈલ પૂર્વે સરસ્વતી નદીને કિનારે સિદ્ધપુર આવેલું છે,

માતૃ ગયા તરીકે પ્રખ્યાત થએલું આ શહેર એક પવિત્ર ધામ ગણાય છે. પ્રાચીન કાળમાં એનું નામ **શ્રીસ્થલ** હતું. ૧૨ મી સદીમાં થઈ ગએલા સોલંકીનરેશ સિદ્ધરાજ જયસિંહના સમયથી તેનું નામ સિદ્ધપુર પડ્યું. અહીંયાં પ્રાચીન કાળનાં અનેક શિવાલયો તથા નવાં જૂનાં અન્ય મંદિરો પુષ્કળ હોવાથી લગભગ ૧૧ મી સદીથી ૧૮ મી સદી સુધીના હિન્દુ દેવમંદિરના સ્થાપત્યના અવશેષો આ શહેરમાંથી મળી આવે છે.

રુદ્રમાળ

અહીંયાંનાં પ્રાચીન સ્થળો પૈકી મુખ્ય નોંધવાલાયક સ્થળ તે **રુદ્રમહાલય** કે રુદ્રમાળ છે. આ શિવાલય મૂળરાજ સોલંકીએ ઈ૦ સ. ૯૪૪માં બંધાવ્યું હતું અને ત્યાર પછી લગભગ ૧૭૦ વર્ષ પછી સિદ્ધરાજ જયસિંહે તેમાં સુધારાવધારા સાથે જીર્ણોદ્ધાર કર્યો. વિધર્મીઓનાં આક્રમણ અને વિઘાતક પ્રવૃત્તિને લીધે અત્યારે તો આ મંદિરનો મોટો ભાગ નષ્ટ થઈ ગયો છે. છતાં જે કંઈ અવશેષ છે તે ઉપરથી તેની મૂળ ભવ્યતા અને ઉત્કૃષ્ટ કળાનો ખ્યાલ આવી શકે છે. બર્જેસ અને કઝિન્સે પ્રયાસ કરી, સ્થાપત્યશાસ્ત્રના નિયમ અનુસાર અનુમાન કરી, તેનું પ્રમાણિત રેખાચિત્ર દોર્યું છે, તે ઉપરથી તેની મૂળ સ્થિતિનો સારો ખ્યાલ આવે છે. તેમના મત પ્રમાણે રુદ્રમહાલય મૂળ ૨૩૦×૩૦૦ ફીટના વિસ્તારવાળો હશે, જેના મધ્યમાં ઓછામાં ઓછા ત્રણ માળનો ઉંચો, ૫૦ ફીટ પહોળો અને એટલો જ લાંબો અર્થાત્ ચોરસ મંડપ અગર મુખ્ય શિવમંદિર હશે, જેની ચારે બાજુ દરવાજા હશે. ચોગાનમાંના અન્ય અવશેષોને આધારે એમ લાગે છે કે, બીજાં નાનાં શિવાલયો મળી એકંદરે ૧૧ દહેરાં એકાદશ રુદ્રનાં આ ઈમારતમાં હશે. ગર્ભમંડપની આસપાસ બે ભમતીઓ અને તેની આસપાસ પરસાળોમાં નાનાં નાનાં દેવસ્થાનની ઓરડીઓ હશે. ગર્ભમંડપની સામે ચોગાનની વચમાં એક ભવ્ય સભામંડપ હશે. આ મંદિરનું મુખ્ય દ્વાર પૂર્વ તરફ સરસ્વતી નદીના રમણીય કિનારા ઉપર આવેલું હશે.

આ ભવ્ય ઈમારતનો પહેલી વાર સને ૧૨૯૭–૯૮માં ઉલુધખાનની સરદારી હેઠળ અને બીજી વાર સને ૧૪૧૫ માં ગુજરાતના સુલતાનની આજ્ઞાથી મુસ્લિમોએ અત્યંત નિષ્ઠુરતાથી ધ્વંસ કર્યો. બની શકચો તેટલો, શિવાલય તરીકેના એના સ્વરૂપને નાબુદ કરવાનો પ્રયાસ કર્યો. છતાં બચી રહેલો એનો કીર્તિસ્થંભ પોતાના સુંદર કારીગરીવાળાં તોરણો સહિત મંડપના પૂર્વદ્વાર આગળ ભાંગી પડેલા કેટલાક થાંભલાઓ સાથે પોતાના ભવ્ય સ્વરૂપ અને ઉત્કૃષ્ટ શિલ્પની પૂર્વકથા મૂક મુખે કહેતો ઉભો છે. એ રુદ્રમહાલયનાં અગિયાર પેટા મંદિરોમાંનાં પાછલાં ત્રણ પોતાના મૂળ સ્થળે કાયમ રહી, સંયુક્તરૂપે લગભગ ૫૭ ફીટ લાંબી જુમા મસ્જિદના સ્વરૂપમાં ફેરવાઈ ગયાં છે. તેનાં પશ્ચિમ દ્વારો પૂરાઈ પ્રાર્થના માટેની મહેરાબો બન્યા છે, તથાપિ તેના ભદ્ર અને શિખર ઉન્નત મસ્તકે પોતાનું મૂળ શિલ્પ રજુ કરવા તત્પરતા દાખવે છે.

આ લગભગ ૨૩૦×૩૦૦ ફીટના વિશાળ વિસ્તારમાં આવેલા લગભગ ૧૨૦ ફીટ ઉંચા શિખરવાળા અને ત્રણ માળના મંદિરના અવશેષ રૂપે માત્ર કીર્તિસ્થંભ અને પશ્ચિમ તરફના પ્રવેશ દ્વારના થાંભલા તથા ચાર (અગિઆર પૈકી) નાનાં દહેરાં બાકી રહ્યાં છે. પશ્ચિમ તરફના પ્રવેશદ્વારના તથા કીર્તિસ્થંભના થાંભલા સુંદર કોતરકામથી ભરપૂર છે. થાંભલાની તથા તે ઉપરની પટ્ટશિલાઓ ગુજરાતનાં અન્ય મંદિરોની શિલાઓ કરતાં મોટી અર્થાત્

૧૨ ફીટની સળંગ છે. તેમાંથી કેટલીક લગભગ ૪ ફીટના વૃત્તવાળી જાડી છે. બધા થાંભલાની રચના અને વિભાગ લગભગ સમાન છે. દરેક થાંભલાની કુંભી અષ્ટકોણવાળી છે અને તેના દરેક ભદ્રમાં અકેકો ગોખ છે, જેમાં દેવદેવીની મૂર્તિઓ બેસાડેલી છે. કુંભી તથા સ્તંભની વચમાંની છાજલી બહુ સુંદર છે. સ્તંભનાં અષ્ટાંશ ભદ્રોમાં ઉભી મૂર્તિઓ છે, તેની ઉપર પાછી આડી હાર માતૃકાઓની છે. તેની ઉપર હીરગૃહની સુંદર રચના છે, જેમાં મુખ્યત્વે પલ્લવીનું કોતરકામ જોવામાં આવે છે. તેની ઉપર ભરણી અને શિર છે. બહિર પંક્તિના થાંભલાઓમાં પટ્ટશિલાના ટેકા માટે વધુ મોટાં અને મજબુત હીરગૃહો છે. મોખરાના થાંભલાઓ પર વિશેષતઃ તોરણની ગોઠવણ માટે પાટડીની શિલાઓ બહાર પડતી રાખવામાં આવી છે.

ઉત્તર તથા પૂર્વના થાંભલાઓ પરની પટ્ટશિલા અને ભીંત ઉપરથી તેની ઉપરના માળના અસ્તિત્વનું સૂચન થાય છે.

મંદિરના પ્રવેશદ્વારના સ્તંભયુગલનાં હીરગૃહો કે ટેકણો પરથી પટ્ટશિલાના મધ્યબિંદુ સુધી સુંદર કોતરકામવાળી ફુલહાર જેવી કમાન છે. તેને માટે પારિભાષિક શબ્દ "તોરણ" છે. હિન્દુ સ્થાપત્યના શૃંગારરૂપ આ તોરણોનું રૂપાન્તર મુસ્લિમ કાળમાં કમાનરૂપે થએલું જણાય છે. રુદ્રમાળના ચારે દરવાજાઓ પર આવાં તોરણો હશે. અત્યારે તો માત્ર પૂર્વ તરફના કીર્તિસ્તંભનું તોરણ બચી શકયું છે. આજથી ૮૦ વર્ષ પહેલાં મિ. બર્જિસે જોયું ત્યારે ઉત્તર તરફનું તોરણ પણ કાયમ હતું. આજે તે અદશ્ય છે.

બચી રહેલાં ચાર નાનાં મંદિરોના થાંભલા, તેના શિખરો અને ભદ્રાદિ ઉપરથી, મુખ્ય મંદિરના સ્તંભો, શિખર અને ગર્ભમંડપના વિમાનના શિલ્પનો ખ્યાલ આવી શકે એમ છે.

મોઢેરાનું સૂર્યમંદિર

પાટણની દક્ષિણે ૧૮ માઇલને અંતરે એક ડુંગરી પર પુષ્પમતીને કાંઠે મોઢેરાનું નાનું ગામડું છે. આ ગામમાં ઠેરઠેર વળી રહેલા જૂની ઇંટોના ઢગલા તથા સુંદર કોતરકામવાળી શિલાઓ તથા શિલ્પયુક્ત થાંભલા અગર અન્ય સ્થાપત્યાવશેષો ઉપરથી કહી શકાય એમ છે કે અસલ આ બહુ અગત્યનું અને સારી વસ્તીવાળું શહેર હશે. તેમાં એક જૂનું સૂર્યમંદિર છે, જેના અવલોકન માત્રથી આંખો કળાના ક્ષેત્રમાં વિહાર કરવા માંડે છે. આખા ગુજરાતમાં આ મંદિર જેવું બીજું નથી. અનેક કલામય થાંભલાઓને આધારે ઉભી રહેલી આ ઇમારત પોતાની ભીંતો તથા અન્ય ભાગ પર કોતરાએલી અનેક દેવીદેવતાઓ તથા સ્ત્રીપુરુષોની મૂર્તિઓ અનેક પ્રાણીઓની હારમાળા તથા ફુલપાનની શોભાયુક્ત રચના કોઈ પણ કલાકારને દિગ્મૂઢ બનાવી દે તેવી છે. આ મંદિરના શિખરનો ભાર કોઈ મુસ્લિમ સરદારની શૂરવીરતાને પરિણામે દારૂગોળાથી ઉડાવી ઓછો કરી દેવામાં આવ્યો છે. તેથી આવા સુંદર અને અનુપમ મંદિરનાં શિખરોની શોભા કેવી હશે તે આપણે ચોક્કસ રીતે કહી શકીએ તેમ નથી. પરંતુ એ શિખરના તલ અર્થાત્ ઉદ્ગમનું કોતરકામ જોતાં કલ્પી શકાય છે કે, અદશ્ય થએલાં શિખરો બહુ ઝીણા કોતરકામથી ભરપૂર હશે.

પત્થરની બાંધણીના આ મંદિરની રચનાનો વિચાર કરીએ. મુખ્ય દેવમંદિરનું વિમાન સુંદર અષ્ટ ભદ્રોથી યુક્ત અને શિલ્પકામથી ભરપૂર છે. તેની સાથે ગૂઢમંડપ અને વચમાં ફરતો પ્રદક્ષિણા પથ કે ભમતી છે. તેના આગલા ભાગમાં એક સભામંડપ કે રંગમંડપ છે,

જેને સ્થાનિક જનો **સીતાની ચાવડી** કહે છે. સભામંડપના પૂર્વદ્વાર આગળનાં પગથીઆં વટાવી આગળ જતાં એક ચોરસ કુંડ છે, જેને લોકો **રામકુંડ** કહે છે. આ કુંડની આસપાસ ફરતાં પગથીઆં અને પાળ હતી. પહોળાં પગથીઆં પર અનેક દહેરીઓનાં ચિહ્ન પણ છે. એકંદરે મંદિરનું સ્થાપત્ય ઉચ્ચ કોટિનું અને સશાસ્ત્ર છે. આખા મંદિરની પહોળાઈ ૨૫ ફીટ ૮ ઈંચ અને લંબાઈ તેની બમણી અર્થાત્ ૫૧ ફીટ ૮ ઈંચ છે.

ગર્ભમંડપ ૧૧ ફીટના ચોરસ વિમાનનો છે. અંદરનું તલ ધસી ગયું હતું, પરંતુ પુરાતત્ત્વ વિભાગના અધિકારીઓના અન્વેષણને પરિણામે લગભગ ૧૧ ફીટ નીચેથી એક સુંદર સૂર્યની મૂર્તિ અને શિલાઓ મળી આવી. તે ઉપરથી અનુમાન કરવામાં આવ્યું છે કે જ્યારે દારૂગોળાની ભરેલી કોથળીઓ ગર્ભમંડપમાં સળગાવી દેવામાં આવી હશે ત્યારે ઉપરથી શિખર ઉડી ગયું તેની સાથે નીચેની ફરસબંદી સાથે સૂર્યની મૂર્તિ પણ નીચેના ભોંયરામાં ધસી પડી હશે. ગર્ભ-મંડપનું પ્રવેશદ્વાર સુંદર કોતરકામવાળી શિખાઓથી યુક્ત છે. બહારના ભદ્રમાં પીઠની સશાસ્ત્ર રચના ભિટ્ટથી ખરશિલા સુધીની ગજથર તથા નરથર અને રાજસેનક આદિથી શોભાયમાન છે, અને ભદ્રની જંઘાઓ પણ અનેક દેવીદેવતાઓથી યુક્ત છે.

સભામંડપ પણ અનેક દ્વાદશ સ્તંભીય રચનાવાળા અષ્ટકોણ ઉપર સાધિત કરેલા નાના ઘૂમટો અને વચલા વિશાલ ઘૂમટની રચનાવાળો છે. થાંભલાઓ પર પણ કુંભીથી શિરા અને પટ્ટ સુધીનો આખોએ ભાગ શિલ્પકલાથી ભરપૂર છે, છતાં આંખને કંટાળો ન ઉપજે તે માટે અષ્ટકોણાકાર વૃત્ત કે અન્ય ઘાટ પર આડી તથા ઉભી હારની વિવિધ મૂર્તિઓ તથા કલાકૃતિઓની યોજના કરવામાં આવેલી છે.


શિલ્પસ્થાપત્યવિવેચનમાં નોંધેલા શિખર શિવાયના લગભગ બધા ભાગનો સશાસ્ત્ર અભ્યાસ આ મંદિરની રચનાના અવલોકન દ્વારા થઈ શકે એમ છે. તેનો વિસ્તારભયે ઉલ્લેખ અત્રે કર્યો નથી. છાયાચિત્રની તકતીઓ પર જૂદા જૂદા ભાગની રચના અને તેનાં પારિભાષિક નામોનો નિર્દેશ કરવામાં આવશે. આ મંદિર સર્વાંગસુંદર, સુપ્રમાણયુક્ત અને સ્થાપત્યના ઉત્કૃષ્ટ નમુનારૂપ છે.

દેલવાડાનાં મંદિરો

ઉત્તર ગુજરાતમાં આબુ પર્વતની રમણીય ટોંચ પર દેલવાડા અને અલીગઢનાં જૈન મંદિરો આવેલાં છે. તેમાનાં બે ઉલ્લેખ કરવા યોગ્ય છે. તે બહારથી એટલાં આકર્ષક નથી લાગતાં, પરંતુ અંદરનું શિલ્પ એટલું તો ઉત્કૃષ્ટ છે કે ભાગ્યે જ કોઈ બીજાં મંદિરો તેની સરખામણીમાં ટકી શકે. આ મંદિરો પૈકી એક અગિઆરમી સદીનું સોલંકીનરેશ ભીમદેવના મંત્રી વિમલશાહનું બંધાવેલું છે અને બીજું તેરમી સદીમાં વીરધવલ વાઘેલાના સમયમાં તેજપાલનું બંધાવેલું છે. સાધારણત: આ મંદિરો વસ્તુપાળતેજપાળનાં બંધાવેલાં હોવાનું મનાય છે, પરંતુ ત્યાંના શિલાલેખમાં માત્ર તેજપાળનું નામ આવે છે.

આદિનાથનું મંદિર


આ બન્ને પૈકી પહેલું મંદિર આદિનાથનું છે. તેને 'વિમલવાસહિ' નામથી અસલ ઓળખવામાં આવ્યું છે. તે આબુના દંડપતિ વિમળશાહે ઈ. સ. ૧૦૩૨માં બંધાવ્યું હતું. સોની આભૂષણને ઘડતાં જેવું ઝીણું કોતરકામ કરી શકે તેવું ઝીણું કામ અહીંયાંના સલાટોએ



૧ ગોપમંદિર (પાનાં ૩૫-૩૬)
૨ બિલ્વેશ્વરનું મંદિર (પાનું ૩૬)

૩ સૂત્રાપાડાનું સૂર્યમંદિર
(પાનું ૩૬)

૪ કસારાનું મંદિર
(પાનાં ૪૫-૪૬)









૫ મોઢેરાનું સૂર્યમંદિર (પાનું ૩૯)

૬ મોઢેરાના સૂર્યમંદિરનો સભામંડપ (બહારથી)
(પાનું ૪૦)

૭ મોઢેરાનો સૂર્યમંડપ (અંદરથી)
(પાનું ૪૦)

૮ રુદ્રમાળ(સિદ્ધપુર)નો કીર્તિસ્થંભ
(પાનું ૩૮)

આરસના કઠણ પત્થરમાં કરી બતાવ્યું છે. આરસની જાત બહુ ઉત્કૃષ્ટ છે અને ઠેઠ જયપુરથી આ પત્થર આણેલા હોય એમ લાગે છે. આટલા ઉંચા પર્વત પર સાધારણ રીતે ચઢવાની જ જ્યાં કઠિનતા હોય ત્યાં આટલે દૂરથી આખા મંદિર માટે જોઈતા મોટા જથ્થામાં પત્થર લાવવા એ ઘણા જ ખરચ અને મહેનતનું કામ છે.

મોઢેરાના મંદિરનું તેમ જ તાત્કાલીન અન્ય મંદિરોનું છે તેવું જ સ્થાપત્ય આ મંદિરનું પણ છે, અલબત્ત આવશ્યકતા અનુસાર ફરતી પરસાળના દેવકુલનાં દહેરાં વધારામાં ઉમેરાયાં છે. આની રચનામાં મુખ્ય ભાગ ભજવતો ગર્ભમંડપ છે. તે ઉંચા પીઠ ઉપર બાંધેલો છે. તેના મધ્ય ભાગે આદિનાથની ધ્યાનમુદ્રાની મૂર્તિ છે. ગર્ભદ્વારની શાખાઓ ઉત્કૃષ્ટ કોતરકામવાળી છે અને તેની ઉપર આરસનું જ સુંદર અણીદાર શિખર છે. અંદરના ભાગમાં ગર્ભદ્વાર ઉપર પણ ભિન્ન ભિન્ન પ્રાણીઓ અને મૂર્તિઓથી યુક્ત કોતરકામવાળો મંડપ બનાવેલો છે. તેની આસપાસ પ્રદક્ષિણાપથ છે અને આગળના ભાગમાં ગર્ભમંડપથી સહેજ નીચી સપાટી ઉપર સભામંડપ છે. તેમાં સુંદર શિલ્પવાળા ૪૮ થાંભલા છે. તે નીચેથી ચોરસ કુંભીવાળા અને ઉપર વૃત્તાકાર સ્તંભવાળા છે. વચલા આઠ થાંભલા પર ત્રાંસી પટ્ટશિલાઓ મૂકી, તેના ઉપર મોઢેરાના મંદિરમાં કલ્પી શકાય છે તેવો પ્રત્યક્ષ ગોળ ઘુમટ અહીંયાં જોઈ શકાય છે. તેની નીચેનો ચંદરવો ઝુલતા પત્થરનાં ઝુમરોથી યુક્ત છે અને થાંભલાનાં હીરગૃહોથી ઘુમટના ૧૬ ટેકામાં વિદ્યાદેવીઓની મૂર્તિઓ બનાવેલી છે. તેની આસપાસ બેવડા થાંભલાની રચના છે.

આ સભામંડપની આગળ મોટો ચોક છે, જેમાં પ્રવેશ કરવા માટેના દ્વાર આગળના થાંભલાઓ પર સુંદર ફુલહાર જેવાં તોરણો છે. તેની આસપાસ જે ફરતી ઓશરી છે, તેમાં જૈન મંદિરોના નિયમ અનુસાર દેવકુલિકા કે મૂર્તિઓનાં નાનાં નાનાં દહેરાં છે. આ દરેક દહેરાની અંદરની મૂર્તિ અને દ્વારના શિલ્પાદિમાં ઘણી સમાનતા છે. તેની સામે ચાર થાંભલાઓ પર ત્રાંસી પટ્ટશિલાઓ ગોઠવી, નાના નાના ઘુમટો બનાવેલા છે અને તેની અંદરના ચંદરવામાં કોતરેલા કમળ કે અન્ય પ્રકારનું કોતરકામ કરેલું છે. દરેક ઘુમટની નીચેનો ચંદરવો જૂદી જ ભાત રજુ કરે છે. આવાં ૪૫ દેવકુલ દહેરાંઓના ૪૫ ચંદરવાઓનું અવલોકન કરી, તે ઉપર જ વિવેચન કરીએ તો એક સ્વતંત્ર નિબંધ લખાય. તદુપરાંત તેના થાંભલાની અષ્ટાંશ કુંભીઓ તથા ચોરસ અને વૃત્તાકાર સ્તંભો પરની મૂર્તિઓ અને કોતરકામ તથા તે ઉપરના જુદા જુદા થર પણ અવલોકન કરવા યોગ્ય છે.

એકંદરે આ મંદિરના સ્થાપત્યના અવલોકન અને શિલ્પકામના નિરીક્ષણથી તત્કાલીન સ્થપતિઓની શાસ્ત્રસિદ્ધ કલાકૃતિ અને કારીગરોમાં નિર્જીવ વસ્તુમાં ભાવવહન કરવાની કળા તથા જૂદાં જૂદાં દશ્યોમાંથી સમકાલીન ગુજરાતની સંસ્કૃતિનો પણ અભ્યાસ થઈ શકે તેમ છે.

સભામંડપની બહાર પ્રવેશદ્વારની બાજુમાં એક હસ્તિશાલા છે, તેમાં મોટા મોટા સફેદ આરસના હાથી કુશળતાપૂર્વક બનાવેલા છે. કહે છે કે મૂળ આ હાથીઓ પર વિમળશાહ તથા તેના કુટુંબી જનોની મૂર્તિઓ બેસાડેલી હતી.

આ પ્રમાણે વિમળશાહનાં મંદિરનું અવલોકન કર્યા પછી આપણે લગભગ ૨૦૦ વર્ષ પછી બંધાયેલા બીજા એવા જ જૈન મંદિરનું અવલોકન કરીએ.

આ મંદિર બાવીસમા **તીર્થંકર નેમીનાથ**નું છે. તે તેજપાલે પોતાની ધર્મપત્નીના સ્મરણાર્થે ઈ. સ. ૧૨૩૦ બંધાવેલું છે. વિમળશાહના બંધાવેલા પ્રથમ તીર્થંકર આદિનાથના દહેરાની માફક આ મંદિર પણ બહારથી સાદું અને અંદરથી બહુ જ સુંદર શિલ્પવાળું છે. આ મંદિર પણ ઉપલા મંદિરની માફક જ ચળકતા આરસપહાણનું છે. તેની રચના પણ લગભગ તેવી જ છે. માત્ર સૂક્ષ્મ નિરીક્ષણ કરનારની દષ્ટિએ સમયમાં લગભગ બસો વર્ષના અંતરને લીધે થોડો ઘણો ફેરફાર છે.

દાખલા તરીકે આ મંદિરમાં વિમલશાહના મંદિર કરતાં જૂદી જાતના વૈવિધ્યપૂર્ણ શિલ્પવાળા થાંભલા છે. તેમાં ગર્ભમંદિર તથા સભામંડપ અને દેવકુલિકાના થાંભલાઓમાં પણ મહત્વ અનુસાર ઓછી વધતી કલાનું પ્રદર્શન કરવામાં આવ્યું છે. આગલા મંદિરના ઘુમટોની માફક અહીંયાં પણ ઘુમટોની અંદરના ચંદરવામાં લગભગ ૨ થી ૩ ફીટના લટકતાં ઝુમરો કોતરેલાં છે. તેમાં કમળના ફુલ અને પત્ર મોટે ભાગે છે. અને બાકીમાં કેટલીક જૂદી જૂદી ભાતનાં વેલબુટા તથા તીર્થંકરોનાં જીવનદશ્યો કોતરેલાં છે.

અહીંયાંનાં તોરણોમાં પણ ફેર છે. વિમળશાહના મંદિરનાં તોરણોમાં ગોળાકાર રચના છે, જ્યારે તેજપાલના મંદિરનાં તોરણોમાં વિશેષતઃ ત્રિકોણાકાર અને કમાન જેવી રચનાવાળાં તોરણો છે. તેમાં કોતરકામ પણ વધુ ઉત્કૃષ્ટ છે. મુખ્ય ઘુમટની અંદરના શિલ્પમાં પણ સમય પરિવર્તનસૂચક ફેરફાર જણાય છે. વિમળશાહના મંદિરની માફક આ મંદિરના પાછલા ભાગમાં હાથીખાનું છે, પરંતુ અહીંયાંના હાથીઓ પર વસ્તુપાલતેજપાલ અને તેમની સ્ત્રીઓની મૂર્તિઓ પણ બેસાડેલી દેખાય છે.

તેજપાલના મંદિરનું શિખર પણ સોલંકી સ્થાપત્યનાં તેરમી સદીનાં શિખર જેવું વધુ ઉન્નત છે. અને કોતરકામથી ભરપૂર ઉપશિખરોથી યુક્ત છે.

આમાં પણ મંદિરના સભામંડપ અને પ્રદક્ષિણાપથ પછીના ચોગાનમાં ફરતી દેવકુલિકા છે, જેમાં જૂદા જૂદા તીર્થંકરોની મૂર્તિઓવાળી નાની નાની ઓરડીઓ છે. આ નાનાં નાનાં મંદિરોનાં દ્વારથાંભલા અને તે ઉપરના ઘુમટોમાં પણ તેવા જ ઉત્કૃષ્ટ પ્રકારનું કોતરકામ જોવામાં આવે છે. પત્થર પણ એટલો સરસ છે કે સૂર્યના પ્રકાશમાં બિલ્લોરી કાચના ઝુમરની માફક ચળકતા અને પારદર્શક જેવા આ પત્થરનાં ઝુમરો પણ દેખાય છે.

વિસ્તારભયે સ્થાપત્યશાસ્ત્રની દષ્ટિએ એના વિમાનનાં જૂદાં જૂદાં ભદ્રોની રચના, શિખરોની જાત તથ થાંભાઓના પ્રકાર અને તેના જૂદા જૂદા ભાગમાં કોતરેલાં અપસરાઓનાં નૃત્ય ચાલુ દંતકથાઓ તથા મૂર્તિઓનાં દશ્યો ઇત્યાદિનું સવિસ્તર વર્ણન અત્રે થઈ શકયું નથી.

ઉપર જણાવેલાં મંદિરો ઉપરાંત દેલવાડાનાં બીજા ત્રણ જૈન મંદિરો છે. પરંતુ આ મંદિરોના શિલ્પસ્થાપત્યનું અવલોકન કર્યા પછી તેમાં કંઈ વિશેષ જોવા કે જાણવા જેવું રહેતું નથી.

તદુપરાંત **અચલેશ્વર મહાદેવ**નું મંદિર, અચલગઢનો કિલ્લો અને અને વશિષ્ઠાશ્રમાદિ પ્રાચીન સ્થળો પણ આબુની આ ટેકરી ઉપર છે. તે જોવા લાયક છે. સિરોહી રાજ્ય તરફથી આ અવશેષોમાં કેટલોક જીર્ણોદ્ધાર થએલો જણાય છે. વશિષ્ઠાશ્રમના લેખોને આધારે

તે ૧૨ સદીનો હોય એમ લાગે છે, પરન્તુ પ્રસ્તુત ઈમારતમાંથી અર્વાચીન સમારકામને પરિણામે પ્રાચીનત્વ મોટે ભાગે અદ્રશ્ય થયું છે.

સરોત્રનું જૈન મંદિર

આબુની તળેટીમાં આવેલા ચંદ્રાવતી નગરનાં પ્રાચીન ખંડેરોની પાસે પાલણપુરથી વાયવ્ય દિશામાં ૧૧ માઈલને અંતરે **સરોત્ર** નામક ગામ છે. ત્યાં એક જૈન મંદિરનાં ખંડેરો કોઈ પણ પુરાતત્વાન્વેષકનું ધ્યાન ખેંચે તેવાં છે. અત્યારની એની અસ્તવ્યસ્ત અવસ્થામાંથીએ એની પ્રાચીન ભવ્યતાનો ખ્યાલ આવી શકે તેમ છે. મુખ્ય મંદિર અને તેની આસપાસની દેવકુલિકાની દહેરીઓ પરના એકંદરે બાવનધ્વજસમૂહને કારણે કદાચ આ મંદિરને " **બાવનધ્વજના** " મંદિરનું નામ અપાયું હશે.

ભદ્રેશ્વર અને આબુનાં મંદિરોની માફક આ મંદિર પણ ઉત્તરાભિમુખ છે અને તે જ પ્રમાણેની ફરતી દેવકુલિકા પણ છે. તેના ગર્ભમંડપના વિમાનની રચના ચાલુક્ય ઢબની છે. થાંભલાનું શિલ્પ દેલવાડાના થાંભલાઓ જેવું છે. કેટલાક થાંભલાની કુંભી અષ્ટકોણાકાર અને સ્તંભ અઠાંશ, ષોડષાંશ અને વૃત્તાકારની સંયુક્ત રચનાવાળી છે. કેટલાકની કુંભીમાં પીઠની ભિટ્ટથી રાજસેનક સુધીની રચના છે, અને મૂર્તિઓ તથા ગ્રાસપટી આદિથી સ્તંભ શણગારેલા છે. મંડપના છાપરામાં આઠ થાંભલાની ઉપરની અષ્ટકોણાકાર પટ્ટશિલાઓથી સાધેલા ઘુમટની યોજના છે. ગર્ભમંદિરનું શિખર આબુના મંદિર કરતાં મોટું છે. દેવકુલિકાની દહેરીઓનાં શિખરો પણ પ્રમાણમાં વધુ મોટાં છે. તે ઇંટ અને ચૂનાનાં બનાવેલાં છે. મંદિરના મંડોવર તથા થાંભલા અને પીઠના ગોખોમાં તેમ જ દરવાજાની બાજુમાં બનાવેલી અસંખ્ય મૂર્તિઓના નિરીક્ષણથી જૈન મૂર્તિશાસ્ત્રનો સારો અભ્યાસ થઈ શકે એમ છે. પરંતુ દુર્ભાગ્યવશાત્ આમાંની ઘણી મૂર્તિઓ ચોરાઈ ગઈ છે અને હજીએ સંભાળ રાખવામાં નહીં આવે તો કદાચ આ મંદિરની સારી સારી મૂર્તિઓ દેશવિદેશનાં સાર્વજનિક સંગ્રહાલયોની કે પ્રાચીનવસ્તુવિક્રેતાઓના સંગ્રહોની શોભા વધાર્યાં જ કરશે.

વડનગર

સિદ્ધપુરથી અગ્નિદિશામાં ૧૯ માઇલને અંતરે પ્રાચીન શહેર વૃદ્ધનગર ઉર્ફે વડનગર આવેલું છે. એનું પ્રાચીનતર નામ આનંદપુર હતું. ગુજરાતના પ્રાચીન લેખો અને સાહિત્યમાં તેનો ઉલ્લેખ મળી આવે છે. વલભી રાજ્યના અંત સુધી આ શહેર બહુ મહત્વવાળું હશે, એમ લાગે છે. પરંતુ ત્યાં તે કાળના પ્રાચીન અવશેષ ઉપલબ્ધ નથી. પાછલા કાળમાં ઠેઠ મુગલ રાજ્ય સુધી પણ અહીંયાં દેવાલયોનું બાહુલ્ય હતું. અત્યારે તો સંવત ૧૨૦૮નો કુમારપાળનો અરજુનબારી આગળનો શિલાલેખ, તેની વાયવ્યે આવેલું તળાવ શર્મિષ્ટા સરોવર અને કેટલાંક મંદિરો છે. શર્મિષ્ટા સરોવર ગોળાકાર બંધાએલું છે. કિનારા ઝાડથી છવાએલા છે અને પાણી મગરોનું ક્રીડાસ્થાન છે. આસપાસ ફરતાં પગથિયાં અને તે ઉપરનાં પગથિયાંના અવશેષો પણ અમુક અંશે જોઈ શકાય છે.

પ્રાચીન મંદિરોમાં વડનગરા નાગર બ્રાહ્મણોના કુલદેવ હાટકેશ્વર મહાદેવનું મંદિર છે. તે વિશાળ છે, તેમ જ તેનું શિલ્પ પણ સરસ છે. શિખર પ્રમાણમાં મોટું છે. પીઠની રચના તેમ જ મંડોવરની મૂર્તિઓમાં અન્ય મંદિરો કરતાં જૂદા પ્રકારનું શિલ્પ નજરે પડે છે.

વડનગરમાં આ મંદિર કરતાંએ જૂનું ચાલુક્યકાલીન એક બીજું વિશાળ શિવાલય હતું.

પણ અત્યારે તો માત્ર એના બે કીર્તિસ્તંભો છે. આ થાંભલાઓની વચમાંનો ભાગ (જેમાં અત્યારે ઘરો બંધાઈ ગયાં છે) મંદિરની વિશાળતાનો ખ્યાલ આપે છે. તેમ જ એ થાંભલાઓની કુંભીની, પદ્મ, કણી, ગ્રાસપટી, ગજથર, નરથર, અને રાજસેનકાદિની રચનાથી ગર્ભમંડપના પીઠની રચના અને તેના આકારનો ખ્યાલ સ્થાપત્યશાસ્ત્રની ગણત્રી કરતાં આવી શકે એમ છે. થાંભલા ઉપરના હીરગ્રહોપરનાં તોરણ બહુ સુંદર છે. સોલંકી કાલીન કીર્તિસ્તંભનાં તોરણોનો સારામાં સારો ખ્યાલ વડનગરના તોરણમાંથી મળે છે. પૂર્વ તરફનું તોરણ વધુ સારી સ્થિતિમાં છે. મોઢેરાના શિલ્પ અને સ્થાપત્યની સાથે મળતું આ મંદિરનું શિલ્પ અને તેવી જ સ્થાપત્યરચના હશે, એવી અટકળ એના થાંભલાઓના શિલ્પ ઉપરથી થાય છે.

કપડવંજ

કપડવંજના બજારમાં આવેલા કુંડ આગળનાં થાંભલા અને તોરણ વડનગરના કરતાં નાનાં છે. પરંતુ તેમાંથી તોરણના શિલ્પના વિકાસનો ખ્યાલ આવી શકે છે. અહીંઆંના તોરણમાં પાંચ ત્રિકોણાકાર વળાંક છે અને તે નાનામોટા છે. વચમાંનો ત્રિકોણ સૌથી મોટો છે. વિકાસમાં બીજી નોંધવા યોગ્ય વસ્તુ એ છે કે આ ત્રિકોણાકાર કમાનોમાં મૂર્તિઓ બનાવેલી છે, જે અન્યત્ર નથી હોતી. વચલી કમાનમાં **નરેશ શિવ** છે અને બાજુની કમાનોમાં શિવગણ જૂદા જૂદા વાદ્યોસહ છે. થાંભલાની બાબતમાં મોઢેરા જેવું અને તોરણની કારીગરીમાં દેલવાડાના તેજપાલના મંદિર જેવું આ કીર્તિસ્તંભનું શિલ્પ છે.

શૂનકનું શિવાલય

ચાલુકચકાલીન મોટાં મંદિરોનું નિરીક્ષણ કર્યા પછી થોડાંક નાનાં મંદિરોના સ્થાપત્યનું પણ અવલોકન કરીએ. આવાં મંદિરોમાં ભિટ્ટથી શિખર સુધીની રચના જોઈ શકાય તેવું **શાનકનું નીલકંઠ** મહાદેવનું મંદિર છે. આ મંદિર લંબચોરસ આકારનું છે. ગર્ભમંડપમાં ઘણા ભદ્ર અને રથ, પ્રતિરથ તથા જલથર આદિવાળા પીઠ અને મંડોવરની રચના છે. તે સોલંકી કાળની વિશેષતાસૂચક છે. ત્યાર પછી પ્રદક્ષિણામાર્ગ અને ગૂઢમંડપ છે, જેમાં ચાર તરફ ચાર દરવાજા છે. મંડપમાં સોળ થાંભલા છે, તેમાંથી વચલા આઠ ઉપર અષ્ટકોણાકાર પટ્ટ શિલાઓને આધારે ઘુમટની રચના કરેલી છે. શિખર પણ ચાલુકચકાલીન શિખરો જેવાં મધ્ય શિખર અને અન્ય ઉપશિખરોથી યુક્ત છે. મધ્યકાલીન શિખરો, પગથિઆંની યોજના ઢાંકી, ચૈત્યાકાર ગોખ ભરી દઈ, ચાલુકચકાલીન ઉપશિખરો સાધિત થયેલાં છે. તેવાં જ શિખરો સંદેરા, **ધીણોજ**, રૂહાવી અને દેલમાલ ઈત્યાદિનાં મંદિરોમાં પણ છે.

રૂહાવી

રૂહાવીનું મંદિર પણ ઉપલી ઢબનું જ છે. પણ એમાંના ગૂઢમંડપ તથા સભામંડપ પડી ગયા છે. ગર્ભમંડપ કાયમ છે. પણ તેના ભદ્રોમાં ઘણાં શિલ્પચિત્રો નથી. ભીંતમાં ત્રણ તરફના ત્રણ મુખ્ય ગોખોમાં સપત્નીક બ્રહ્મા, વિષ્ણુ અને શિવની મૂર્તિઓ બેસાડેલી છે. શિખર ચાલુકચકાલ પછીની ઢબનું છે. તેમાં આમલક અને શિખરની વચમાં ચારે બાજુ અકેકી મુખાકૃતિ બનાવી છે. તે શિવાયની બીજી બાબતોમાં શૂનકના મંદિર જેવી જ આની રચના છે. આનું પ્રવેશદ્વાર નવું છે. શિખરનો પણ કદાચ જીર્ણોદ્ધાર થયો હશે.

ધીણોજ

અહીંયાંનું મંદિર જૂના સાહિત્યમાંથી ફરી બાંધવામાં આવ્યું હોય, એમ લાગે છે. કારણ

કે એના થાંભલાનું શિલ્પ તથા ગૂઢમંડપના ઘુમટની અંદરના ચંદરવાની ભાત ચાલુક્ય કાળની છે, પરંતુ સ્થાપત્યની દષ્ટિએ ત્યાર પછીની અસર સ્પષ્ટ જણાય છે. રૂહાવીના શિખરની માફક અહીંયાંના મંદિરના શિખરમાં પણ આમલક અને કળશની વચમાં મુખાકૃતિઓ બનાવેલી છે. આમલક પણ જૂદું બનાવેલું નથી; નીચેની શિલાના જ ઉપલા ભાગના આમલકનો આકાર બનાવી દીધેલો છે, તે ઉપરથી તે ચાલુક્યકાળ પછીનું છે, એમ ચોક્કસ કહી શકાય. આ મંદિર **વ્યાઘ્રેશ્વરી** માતાનું છે.

દેલમાલ

અહીંયાંનાં નાનાં મોટાં ભાગેલાં દહેરાં જોતાં **દેલમાલ** જૂનું અગત્યનું સ્થળ હશે, એવું અનુમાન થાય છે. અહીંનું મુખ્ય મંદિર **લિંબોજી** માતાનું છે. વચલું મંદિર તો પાછળથી બન્યું હોય એમ લાગે છે, પરંતુ તે એ જ સ્થળે કોઈ પ્રાચીન મંદિર હશે તે ઉપર અને એ જ ઢબનું બનાવવાનો પ્રયાસ થયો હોય એવું દેખાય છે. પરંતુ આસપાસનાં નાનાં દહેરાં મૂળ મંદિરના વખતનાં પ્રાચીન શિલ્પવાળાં જણાય છે. તેમનું સુંદર કોતરકામ હિન્દુ સ્થાપત્યની ઉત્કૃષ્ટ અવસ્થા રજુ કરે છે. મુખ્યના પીઠમાં ગજથર કે નરથર આદિની રચના નથી. ભીંતની જંઘાની મૂર્તિઓ પણ ચાલુક્યકાલીન મૂર્તિઓ જેવી સુંદર નથી. આખીએ નકલ લિંબોજી માતાના એક જૂના મંદિરની કરી લીધી હોય એમ લાગે છે. આ જૂનું મંદિર પડીભાગેલી સ્થિતિમાં ગામની પૂર્વે તળાવને કિનારે આવેલું છે.

વીરમગામ

વીરમગામમાં માનસર સરોવરને કિનારે આવેલું એક મંદિર છે. તે એક જૂદી જાતનું મંદિરસ્થાપત્ય રજુ કરે છે. તેમાં સાધારણ ગર્ભમંડપ પછી ગૂઢ મંડપ અને સભામંડપની રચના મોઢેરા, શૂનકાદિની રચના કરતાં બદલાઈ ગઈ છે. એમ લાગે છે કે શૈવ અને વૈષ્ણવોના ઐક્યની દષ્ટિએ આ મંદિર યોજાયું હશે. આમાં વચમાં સભામંડપ છે અને તેની બન્ને બાજુએ એકેકો ગર્ભમંડપ છે. મંડપ ચોરસ અને બાર થાંભલાની રચનાથી સંધાએલા ઘુમટવાળો છે. શિખર પગથીઆંવાળી યોજનાનું છે. મંદિરના પીઠ અને મંડોવરની રચના બહારથી જોતાં શૂનકના મંદિર જેવી જ અર્થાત્ ચાલુક્યકાળનાં નાનાં મંદિરોની રચના જેવી જ છે. તેમાંની મૂર્તિઓ અને અન્ય શિલ્પકાર્ય જોતાં લગભગ ૧૨ મી સદીનું આ મંદિર લાગે છે. તેમાં બન્ને બાજુનાં ગર્ભમંદિરોમાંથી એકમાં શિવલિંગ અને બીજામાં વિષ્ણુની મૂર્તિ છે.

સંદેરા

અહીંયાંનું શિવાલય ચાલુક્યકાળનું એક બીજી જાતનું સ્થાપત્ય રજુ કરે છે. તેમાં એક ચોરસ ગર્ભમંડપ છે અને ભાગેલો સભામંડપ છે. મંદિરના દ્વાર પર ગણપતિની અને પટ્ટશિલાપર નવગ્રહની મૂર્તિઓ છે. પીઠની રચના સાદી છે. શિખરનું શિલ્પ પણ જૂદું પડે છે. તે શિવાય ચાલુક્યકાલીન ઉપશિખરોની યોજનાનો અહીંયાં અભાવ જણાય છે. અલબત્ત ભીંતપરની મૂર્તિઓ ચાલુક્યકાળ જેવી છે. તે ઉપરથી આ મંદિરને ચાલુક્યકાળની શરૂઆતમાં મૂકી શકાય.

કસારા

જેમ વીરમગામમાં બે મંદિરની યોજના છે તેમ અહીંયાં ત્રણ ગર્ભમંદિરની યોજના રાખવામાં આવી છે. તે ઉપરથી એ સમયમાં ભિન્ન ભિન્ન મતાવલંબીઓના ઐક્યની

આવશ્યકતા સાધારણ જનતાને લાગી હશે, એવું અનુમાન થઈ શકે. આ મંદિર **ત્રિમૂર્તિનું** મંદિર કહેવાય છે, પણ એમાં એલીફેન્ટાની ત્રિમૂર્તિ પ્રમાણે ત્રણ મુખવાળી એકકેય મૂર્તિ નથી. પરંતુ તેમાં ત્રણ જૂદા જૂદા ગર્ભમંડપ છે, તેમાંથી એકમાં વિષ્ણુ, બીજામાં શિવ અને ત્રીજામાં બ્રહ્માની મૂર્તિ છે. વચમાં બાર થાંભલાથી સાધિત થતા ઘુમટવાળો એક સભામંડપ છે, અને તેની ઉત્તર, પશ્ચિમ તથા દક્ષિણ ત્રણ ગર્ભમંડપ છે. પૂર્વની બાજુ પ્રવેશદ્વાર છે. તેની રચના શૂનકના દ્વાર જેવી લાગે છે. ઘુમટની અંતરના ચંદરવામાં ટંગાતી કમળની કળીઓનું ઝુમર છે. થાંભલાનું શિલ્પ તથા આકાર પણ શૂનકના મંદિરના થાંભલા પ્રમાણે છે.

તારિંગા

જૈનતીર્થોમાં **તારિંગાની** ગણત્રી છે. અહીંયાં પણ અનેક જૈનમંદિરો છે, પરંતુ જૂના સ્થાપત્યના અવલોકન માટે ઉપયોગી થઈ પડે તેવાં મંદિર મળવાં મુશ્કેલ છે. કુમારપાળે પોતાના રાજ્યત્વકાલના છેવટના ભાગમાં બીજા તીર્થંકર **અજિતનાથનું** મંદિર અહીંયાં બંધાવ્યું હતું. તેમાં પણ ત્રણ મંદિરની યોજના છે. મુખ્ય વચલું મંદિર તો અજિતનાથનું છે, પણ આજુબાજુના બે મંડપોમાં મહાયક્ષ અને અજિતબાલા યક્ષીનીની મૂર્તિઓ છે. આ મંદિરમાં સોલંકીકાલીન જૈન મંદિરોની વિશેષતા, અર્થાત્ ફરતી દહેરીઓવાળી દેવકુલિકાની પરસાળો નથી. વચમાં એક ગર્ભમંડપ છે, તેની આસપાસ પ્રદક્ષિણાપથ છે, જેમાં ત્રણ બારીઓ હવાઉજાશ માટે રાખેલી છે. સામે મોટું પ્રવેશદ્વાર છે. તેના સભામંડપના ઘુમટ નીચેના થાંભલાઓની રચના પણ જૂદા પ્રકારની છે. સોલંકીકાળના થાંભલાઓ પ્રમાણે અષ્ટાંશ અને ષોડષાંશ ભદ્રવાળા થાંભલા છે, જેમાં કુંભી, ગ્રાસપટી અને રાજસેનકાદિ છે. પરંતુ તેનું શિખર બારમી સદીનું નથી, નવું બંધાવેલું લાગે છે.


આવા ફેરફારનું કારણ એ છે કે પાછળથી તેમાં અકબરના સમયમાં જ્યારે જીર્ણોદ્ધારનું કાર્ય થયું ત્યારે પડી ભાગેલા ભાગોને નવેસરથી બંધાવ્યા હશે, તેથી ૧૨ મી અને ૧૬ મી સદીના સંમિશ્રણવાળું સ્થાપત્ય આ જૈનમંદિરમાંથી મળે છે.

ગિરનાર અને શત્રુંજય

જૈન પ્રજા ધનવાન અને વધુ શ્રદ્ધાળુ હોવાથી જેમ ગુજરાતમાં જ્યારે સ્થાપત્ય ઉન્નતિને શિખરે પહોંચેલું હતું ત્યારે જૈનોએ પોતાનાં તીર્થસ્થાનોમાં નવાંનવાં ઉત્કૃષ્ટ કોટિનાં મંદિરો બંધાવ્યાં, તેમ જ એ કળાનું વિકૃત સ્વરૂપ થયું ત્યારે એ જ શ્રદ્ધા, અને ભક્તિભાવે પ્રેરાઈ, જીર્ણોદ્ધાર દ્વારા પ્રાચીન શિલ્પ ઉપર આવરણો ચઢાવતા આવ્યા. તેથી જે અંશમાં બ્રાહ્મણીય મંદિરોના અવશેષો મૂળ સ્વરૂપમાં મળે છે તે અંશમાં જૈનમંદિરોના મળતા નથી. કેટલાંક મંદિરોમાં સ્થાપત્ય કદાચ પહેલું રહ્યું હોય તો ત્યાં એ રંગરોગાનને લીધે મૂળ શિલ્પનું યથાવત્ નિરીક્ષણ અસંભવ બને છે. તેથી ગિરનાર અને શત્રુંજયનાં મંદિરગ્રામોમાંથી અનેક પ્રાચીન કાળનાં હોવા છતાં તેમનું હવે પ્રાચીનત્વ બહુ રહ્યું નથી. તેથી પ્રાચીન કે મધ્યકાલીન ગુજરાતના સ્થાપત્યના અભ્યાસી માટે એ બધાં મંદિરો નકામાં છે.

નેમીનાથનું મંદિર ગિરનારનાં મંદિરોમાં મોટું ગણાય છે. તે જૂનું છે. તેનો સં. ૧૨૭૮માં જીર્ણોદ્ધાર થયો હતો, પરંતુ તેમાંના રંગરોગાનને લીધે ભીંત કે થાંભલાની રચના અને શિલ્પચિત્રોનો અભ્યાસ થઈ શકે તેમ નથી. અલબત્ત સ્થાપત્યમાં બહુ ફેરફાર થયો નથી. ગર્ભમંડપ ચતુષ્કોણાકાર છે, અને તેને ત્રણ બારણાં છે. બીજું વસ્તુપાળે સં. ૧૨૩૧ માં બંધાવેલું








૧૩ તારિંગાનું જૈનમંદિર
(પાનું ૪૬)

૧૪ ઘુમલીનું નવલખીનું મંદિર
(પાનું ૪૮)

૧૫ સોમનાથ(પ્રભાસપાટણ)નું મંદિર
(પાનું ૪૭)



૧૬ ખાનસરોવર (સિદ્ધપુર)
(પાનું ૫૦)



૧૭ વઢવાણની માધાવાવ
(પાનું ૫૧)



૧૮ ધીણોજનું વ્યાઘ્રેશ્વરીનું મંદિર
(પાનાં ૪૪-૪૫)

મલ્લીનાથનું મંદિર છે. તેમાં કસારાની માફક ત્રણ દહેરાંની સંયુક્ત યોજના છે. વચમાં મલ્લીનાથનું અને આસપાસ સુમેરુ અને સુમેત શિખરનાં મંદિરો છે. આ ગર્ભમંડપોની મધ્યમાં બે ઘુમટવાળો સભામંડપ છે. આસપાસ દેવકુલિકાની જૂદાજૂદા તીર્થંકરોની નાની નાની દેહરીઓ વાળી પરસાળો છે.

શત્રુંજય

શત્રુંજયનાં મંદિરોમાં ઘણાખરાં મંદિરોની રચના અને દેખાવ સુધારાવધારાથી એટલા બધા બદલાઈ ગયા છે કે તેમાંથી પ્રાચીન તથા મધ્યકાળનાં મંદિરોના સ્થાપત્યનો અભ્યાસ થઈ શકે તેમ નથી. તેથી ત્યાંનાં મંદિરોમાંથી બે ચારની તકતીઓ માત્ર બતાવીશું કે જેથી તેમની અર્વાચીનતાનો ખ્યાલ આવશે.

સોમનાથ પાટણ

કાઠિયાવાડનાં પ્રાચીન સ્થળોમાં બંદર તરીકે તેમ જ દ્વાદશ જ્યોતિર્લિંગો પૈકી એક સોમનાથ મહાદેવના મંદિરના અસ્તિત્વને લીધે પવિત્ર ધામ તરીકે જાણીતું થએલું સોમનાથ પાટણ છે. અહીંયાંના સોમનાથના શિવાલય ઉપર મહમૂદ ગઝનવીનું થએલું આક્રમણ ઇતિહાસ-પ્રસિદ્ધ છે. એ મૂળ મંદિર અત્યારે અદશ્ય છે. હાલનું સોમનાથનું મંદિર સમકાલીન મુસલિમ ઇતિહાસકારોના વર્ણન સાથે મળતું નથી. ભીમદેવે મહમૂદના હુમલા પછી નવું મંદિર બંધાવી દીધું હશે, અગર જૂના અવશેષો ઉપર જ સુધારોવધારો કરી, મંદિર ઉભુ કર્યું હશે તે ચોક્કસ નથી, પરંતુ અત્યારે જે અવશેષો દેખાય છે તે તેરમી સદીના હોવાથી એમ અનુમાન થાય છે કે જેમ મૂળરાજના બંધાવેલા રુદ્રમાળને સિદ્ધરાજે નવજીવન આપ્યું તેમ ભીમદેવના સમરાવેલા મંદિરમાં મોટા પાયા પર સુધારાવધારા કરી સોમનાથનું મંદિર નવા જ સ્વરૂપનું બધાવાયલું હશે. છતાં સ્થાપત્યની દૃષ્ટિએ ૧૧ મી સદીની અમુક રચના છે, તે પર તેરમી સદીના શિલ્પનાં આવરણ છે અને ત્યાર પછી મુસલિમોના હાથમાં આવ્યા પછી તેમાં પંદરમી સદીનાં સ્થાપત્યબિંદુઓ ઉમેરાયાં છે.

તેની મૂળ રચના જોતાં એમ લાગે છે કે સોલંકી કાળનાં અન્ય મંદિરો પ્રમાણે આ મંદિરનું શિલ્પ પણ હશે. પરંતુ દુર્ભાગ્યવશાત્ વિજેતાઓના ધાર્મિક જોમને લીધે તેમ જ ખારી હવાને પ્રતાપે અહીંયાંની ભીંતો પરના તેમ જ પીઠનાં શિલ્પચિત્રો વિકૃત કિંવા અદશ્ય થઈ ગયાં છે અને પત્થરની સપાટી ખરબચડી થઈ ગઈ છે. સ્થાપત્યની દૃષ્ટિએ પણ અન્ય સમકાલીન મંદિરો પ્રમાણે મૂળ એક ગર્ભમંડપ, તેની આસપાસ ત્રણ તરફ બારીઓવાળો પ્રદક્ષિણાપથ અને પછી ગૂઢમંડપ હશે. આ ગૂઢમંડપનાં ત્રણ પ્રવેશદ્વાર હતાં, એમ જણાય છે. મૂળ શિખરો તૂટી ગયાં છે, તેને બદલે મુસલિમ ઢબનો ઘુમટ ચઢેલો છે. ગર્ભમંડપની પાછલી ભીંત પડી ગએલી છે અને અને દરવાજાનું ચોકઠું જ રહ્યું છે. અંદરની છતના ચંદરવા કાઢી લીધેલા હોય એમ લાગે છે. સામેના પ્રવેશદ્વારની અંદરના ચંદરવામાં કાલિયામર્દનનું દશ્ય છે. વચલા ભાગમાં મંડપની ઉંચાઈ વધારવા માટે થાંભલા પર ઉચ્છલક ઉમેરાએલા દેખાય છે. આગળના થાંભલાઓની વચમાં સુંદર તોરણો પણ છે, જેમાંથી કેટલાંક ત્રિકોણાકાર અને કેટલાંક અર્ધગોળાકાર છે. તેનું શિલ્પ મોઢેરાનાં તોરણો જેવું દેખાય છે. સાથના થાંભલા પણ સશાસ્ત્ર અષ્ટાંશ કુંભી અને ઘટપલ્લવીવાળા ષોડષાંશ થાંભલાઓવાળા છે. મંડપની અંદરના થાંભલાનું શિલ્પ જૂદી જાતનું છે. બહારની બાજુથી

ગર્ભમંડપનું પીઠ મોઢેરાના મંદિર કરતાં ઉંચું છે. અને ભદ્ર તથા રથપ્રતિરથોથી યુક્ત છે. તે ઉપરનું કોતરકામ ઘસાઈ ગયું છે, છતાં ભિટ્ટ, પદ્મ, ગ્રાસપટી, ગજથર, નરથર અને ઉંચા પીઠનાં લાક્ષણિક અશ્વથરનાં ચિહ્ન પણ દેખાય છે. તદુપરાંત સોમનાથના કોટનો દરવાજો જોવાથી જણાઈ આવે છે કે મૂળ ટોડીપાટડાની રચના હતી અને તેની અંદર સુધારો કરી, મુસલિમ કાળમાં કમાનનું સ્વરૂપ આપવામાં આવ્યું છે.

તે શિવાય **માઇપુરી** મસજિદના થાંભલા અને છત નીચેના સુંદર શિલ્પવાળા ચંદરવા સોલંકી કાળના હિન્દુ શિલ્પ અને સ્થાપત્યનો સારો ખ્યાલ આપે તેવા છે. તે જ પ્રમાણે અત્રેની જામી મસજિદમાં સોમનાથના પ્રખ્યાત સૂર્યમંદિરના અવશેષો જોઈ શકાય છે.

ધુમલીનું શિવાલય

કાઠિયાવાડમાં જેમ સોલંકી વંશ પહેલાંના અને તત્કાલીન સ્થાપત્યના નમુના રજુ કરતાં મંદિરો છે, તેમ તેમાં અન્યોએ કરેલા સુધારાવધારાવાળી ઈમારતો પણ છે. દાખલા તરીકે **ધુમલીનું મંદિર** લઈ શકાય. આ મંદિર જેઠવાઓના રાજત્વકાળમાં બંધાએલું કહેવાય છે. તેઓ સોલંકીઓના તાબાના રાજા હતા, પરંતુ સ્થાપત્યની બાબતમાં તેમના સમયમાં કાઠિયાવાડે કંઈક વિશેષતાઓ પણ મેળવી છે. તેના થાંભલા અને છતના ચંદરવા સોલંકીકાળના થાંભલા કરતાં જૂદી જાતના છે. તેની ખુરશી અથવા પીઠની રચના સોલંકીકાલીન મંદિરોનાં પીઠ જેવી હોવા છતાં તેના અંશોના પ્રમાણુ અને શિલ્પમાં તફાવત છે. સોમનાથના મંદિર કરતાંએ અહીંયાંનું પીઠ ઉંચું છે અને પદ્મ, ગ્રાસપટી, ગજથર આદિ છે, પરંતુ થાંભલાઓમાં રાજસેનક હોવા છતાં ઊંચાઈનાં બીજાં લક્ષણ અશ્વથરનો પીઠમાં અભાવ છે. બીજી વિશેષતા એ છે કે આનાં પ્રવેશદ્વારોની બન્ને બાજુએ હાથી ઉભા કરેલા છે. નીચેના પગથિયા પર સિંહ પણ પણ બેસાડેલા છે. તદુપરાંત સોમનાથના મંદિરની માફક આના પીઠની ઉપર પણ ચારે બાજુ ભીંત હશે. ગર્ભમંડપ, પ્રદક્ષિણાપથ અને સભામંડપની રચના સોલંકીકાલીન સ્થાપત્યના નિયમાનુસાર જ છે. પણ ભીંતજંઘામાં નિયમિત ઉંચાઈ કરતાં નીચે શિલ્પચિત્રો અને ગોખ છે, જેમાં મૂર્તિઓ બેસાડેલી છે તે બ્રહ્મા, સરસ્વતી, લક્ષ્મીનારાયણ અને ઉમા-મહેશ્વરની છે.

સભામંડપ બે માળાવાળો છે, તેમાં નીચલા તથા ઉપરના માળના થાંભલા જૂદી જૂદી જાતના છે. નીચેના થાંભલા બાવીસ છે, જેની કુંભીના ભદ્રમાં ગોખ છે અને તેમાં મૂર્તિઓ બેસાડેલા છે. સ્તંભનો ભાગ અઠ્ઠાંરાનો છે, જેમાં પલ્લવિકા અને ચક્રવાકની નવીન રચના છે. ઉપરના થાંભલા વધુ સારા છે. પરંતુ એનાં હીરગૃહો અને ટેકા ઉપર ચાલુ પ્રથાથી ભિન્ન પ્રકારના ટેકા છે, જેમાં હાથી, માછલાં, વાંદરા, બળદ અને હંસ વિગેરે પશુપક્ષીઓના ટેકા બનાવેલા છે. શિખર પડી ગયું છે, એટલે તેમાં કંઈ વિશેષતા રહી હોય તો કહી શકાય નહીં. પરંતુ જે ભાગ શેષ છે તે ઉપરથી તે **શુનક** જેવું લાગે છે. અંદરના ભાગમાં ઘુમટ છે. તેની ત્રાંસી શિલાઓ પર ચકલાચકલી બેસાડેલાં છે. આ બધું જોતાં એમ લાગે છે કે જેઠવાઓની સત્તા હેઠળ કાઠિયાવાડમાં સોલંકી શિલ્પ અને સ્થાપત્યમાં નવીનતાઓ આણવામાં આવતી હતી.

એ જ પ્રમાણેનું **સેજકપુરનું નવલખી** મંદિર પણ છે.

ડભોઈ

હિન્દુકાલીન શિલ્પ અને સ્થાપત્યના અભ્યાસો માટે ડભોઈના પ્રાચીન અવશેષો અગત્યનું સાધન પૂરૂં પાડે છે. આ શહેર પ્રાચીન કાળમાં **દર્ભાવતી** નામે પ્રખ્યાત હતું. ગુજરાતની સરહદ પર આવેલું હોવાને લીધે બહારનાં આક્રમણોથી રક્ષણ કરવા માટે સોલંકી કાળમાં કિલ્લો બંધાયો હશે, એમ વલ્લભરાજના માળવા પરની ચઢાઈના પ્રસંગવર્ણન ઉપરથી લાગે છે. કેટલાક એમ માને છે કે ઝિંઝુવાડાનો કિલ્લો સિદ્ધરાજે બંધાવ્યો તેના નમુના ઉપરથી ત્યાર પછીના કોઈ રાજાએ ડભોઈમાં પણ કિલ્લો બંધાવ્યો, પણ તે બરાબર નથી. અલબત્ત વિશળદેવના જન્મસ્થાન તરીકે આ સ્થળ માટે વધુ માન હોવાથી તેના તથા તેના પુત્ર વીરધવલના રાજત્વકાળમાં અહીંયાં ઘણી નવી ઇમારતો બંધાઈ અને જૂની ઇમારતોનો જીર્ણોદ્ધાર થયો. સિદ્ધરાજ જયસિંહના કાળનાં તેમ જ વિમળશાહ અને વસ્તુપાલનાં બંધાવેલાં અન્ય મંદિરોના શિલાલેખની પ્રશસ્તિઓમાં દર્ભાવતીમાં વખતોવખત બંધાવેલી ઈમારતોનાં નામ આવે છે. તે ઉપરથી અને અહીંયાં મળી આવતા અવશેષો ઉપરથી કહી શકાય કે ઘણા પ્રાચીન કાળથી ખ્યાતિ પામેલા આ પ્રાચીન અગત્યના શહેરમાં અનેક ઈમારતો બંધાતી આવી છે.

ડભોઈમાં અન્ય ઇમારતો કરતાં વધુ આકર્ષક અને લશ્કરી સ્થાપત્યના સુંદર અવશેષરૂપ અહીંયાંનો કિલ્લો છે. તેની ચાર તરફના દરવાજા અને ભીંત ઉપરનું શિલ્પ ઘણું નાશ પામ્યું છે. મુસલિમ કાળમાં તેમાં ઘણા ફેરફારો થયા છે, છતાં કેટલેક અંશે જળવાઈ રહેલા મૂળ સ્વરૂપમાંથી તત્કાલીન શિલ્પ અને સ્થાપત્યનો ખ્યાલ આવી શકે તેમ છે. આ કિલ્લાની દરેક બાજુએ બેવડા દરવાજા છે. તેની ઉપર પત્થરની શિલાઓનું આચ્છાદન છે, ટોડી પાટડાની રચના છે અને તેના પાટડાઓ ઉપરનું શિલ્પ બહુ ઉંચી જાતનું છે. સૌથી સુંદર કામ હીરાભાગોળ નામક પૂર્વ તરફના દરવાજાનું છે. આ દરવાજા પાસે આવેલાં **કાલિકા** માતાના મંદિરપર જાણે મૂર્તિશાસ્ત્રના અભ્યાસીના બોધપાઠ માટે બનાવી હોય તેમ અસંખ્ય દેવી, દેવતા, પશુ, પક્ષીઓ તથા પૌરાણિક કથાઓ કોતરી કાઢવામાં આવી છે. પશ્ચિમ તરફનો દરવાજો વડોદરા ભાગોળ કહેવાય છે તે વધુ સુરક્ષિત સ્થિતિમાં છે. તે ઉપરથી જોઈ શકાય છે કે ટોડીપાટડાની શિલાઓ પર તેમ જ દરવાજાના બહાર તેમ જ અંદરના ભાગમાં એકસરખું ઝીણું કોતરકામ કરવામાં આવ્યું છે. માત્ર દર્શની ભાગ શણગારી જોવામાં નહીં આવતા ભાગને એમ ને એમ રહેવા દેવાની વૃત્તિ ન દાખવતાં અહીંયાંના સ્થપતિઓએ અત્યંત કલારસિકતાનો પરિચય આપ્યો છે. આ પ્રમાણે ચાંપાનેર અને નાંદોદ ભાગોળના દરવાજામાં પણ સુંદર શિલ્પ દાખવવામાં આવ્યું છે.

દરવાજાઓ ઉપરાંત કોટમાં દરેક ખૂણા ઉપર ચણેલા બુરજો પણ છે; તે બધા મળી બાવન છે. દિવાલની અંદરના ભાગમાં દુશમનો ઉપર હુમલા કરવા છતાં પોતે સુરક્ષિત રહેવાનું બની શકે તેવી યોજના છે. થાંભલાઓની લાંબી હાર ઉપર શિલાઓ ઢાંકી અંદરના ભાગમાં આખી સેના સુરક્ષિત ઉભી રહી શકે તેવી યોજના છે. તે હવે સળંગ રહી નથી, પણ કેટલીક જગ્યાએ તેના અવશેષ જોઈ શકાય છે. પ્રત્યક્ષ જોવાથી આ કિલ્લાની ભવ્યતાએ મજબુતાઈની સાથે ઉત્કૃષ્ટ શિલ્પનો કેવો સુંદર સુમેળ સાધ્યો છે તેનો ખ્યાલ આવી શકે છે.

ઝિંઝુવાડા

ઝિંઝુવાડાનો કિલ્લો પણ લગભગ ડભોઇના કિલ્લા જેવો છે અને તેના સ્થાપત્ય ઉપરથી એ બન્નેના કાળ પણ એક જ લાગે છે. કહેવાય છે કે સોલંકીનરેશ સિદ્ધરાજ

જયસિંહે પોતાના રાજ્યના સંરક્ષણ માટે ઉત્તરમાં ઝિંઝુવાડાનો અને દક્ષિણમાં ડભોઈનો કિલ્લો બંધાવ્યો હતો.

જલાશયો

જેમ મંદિરો, મહાલયો અને કિલ્લાઓનું સ્થાપત્ય ખીલ્યું તેવું જ જળાશયોની બાંધણીનું પણ છે. ગુજરાતમાં સારાં સારાં મોટાં સરોવરો તથા નહેરો, તળાવ, કુંડ અને વાવ બંધાએલાં છે. તે રાજા કે પ્રજાનાં બંધાવેલાં છે. હિન્દુ ધર્મશાસ્ત્રમાં જલાશય બંધાવવાનું મહાન પુણ્ય છે. સ્થાપત્યશાસ્ત્રવિવેચનમાં જણાવ્યું છે તેમ સરોવર, કુંડ કે વાવની બાંધણી માટે એ સ્થાપત્યના નિયમોનું યથોચિત પાલન થતું, એટલું જ નહીં પણ શિલ્પકળા પણ ઉત્કૃષ્ટ કોટિની રજુ કરવામાં આવતી. જૂદી જૂદી જાતની રચના પ્રમાણે તેનાં જૂદાં જૂદાં નામ હતાં. ગુજરાતમાં બંધાએલાં આવાં જલાશયો હજીએ પોતાની પ્રાચીન રચનાનો ખ્યાલ આપે છે. સરોવર કે તળાવ ઘણે ભાગે કોઈ પણ નદીનાં ઝરણમાંથી લઈ નહેર રૂપે બંધાવવામાં આવતાં હતાં.

સહસ્ત્રલિંગ તળાવ

અણહિલવાડ પાટણમાં સરસ્વતી નદીમાંથી પાણીનાં વહેણ લઈ સહસ્ત્રલિંગ તળાવ બંધાવવામાં આવ્યું હતું. તેની મૂળ યોજના કેવી હતી તે કહી શકાય તેમ નથી, છતાં તેની આસપાસ ઈંટના ચણતર કામવાળા કિનારા ઉપરથી તેની વિશાલતાનો ખ્યાલ આવી શકે છે. સિદ્ધરાજના સમયમાં આ સરોવર બંધાયાનું કહેવાય છે. જસમા ઓડણની વાત ગુજરાતી સાહિત્યમાં જાણીતી છે. પરંતુ તેનો શાપ સોળમી સદી સુધીતો ફળ્યો નહતો એમ અબુલફઝલના ઉલ્લેખ ઉપરથી લાગે છે. અકબરના સંરક્ષક બૈરામખાનનું આ સરોવરને કિનારે જ હોડીમાંથી ઉતરતાં ખૂન થયું હતું. તેની ચારે બાજુનાં પગથિઆંઓ પર નાની નાની ૧૦૦૧ દેહરીઓ હતી, એમ કહેવાય છે, પણ અત્યારે લગભગ બધી નષ્ટ પામી છે. અને સરોવરના પાણી પણ સૂકાઈ ગયાથી ત્યાં ખેતરો ખેડાય છે.

મીનલ સરોવર

આ પ્રમાણેનું જ એક બીજું સરોવર વીરમગામમાં બંધાયું હતું. તે મીનલદેવીનું બંધાવેલું **મીનલ સરોવર** કે માન સરોવર કહેવાય છે, તેની આસપાસની ૫૨૦ દેહરીઓ પૈકી લગભગ ૩૫૦ના તો હજીએ અવશેષ નજરે પડે છે. આસપાસ પગથિઆનાં ચિહ્ન પણ છે.

ખાન સરોવર

એ જ પ્રમાણે સિદ્ધપુરનું **ખાનસરોવર** છે. તેમાં તો હજીએ પાણી વહે છે અને ઉપરના બંધ ઉપરથી તે વખતની પાણીની નહેર આણવાની યોજનાનો ખ્યાલ આવી શકે છે. તેની ચારે બાજુનાં પગથિયાંની યોજના બહુ સુંદર છે. નહાવા જનાર માનવો તથા પાણી પીવા જતાં ઢોરો માટે સરળતા રહે તેવાં પગથિઆં બનાવવામાં આવ્યાં છે. કેટલાંક ઉપર તો નાનાંમોટાં મંદિરો પણ છે. કેટલાંક જુના છે અને કેટલાક નવાં છે.

કુંડો

સરોવરો ઉપરાંત પ્રત્યેક મોટા મંદિરના ચોગાનમાં કુંડ બંધાવવાનો રિવાજ હતો. તે કુંડ પણ ચોરસ, અષ્ટકોણ કે ગોળ અગર બીજી જાતનો આકારોવાળા બંધાતા હતા. તેનાં પગથીઆં અને તે પરની દેહરીઓની યોજના પણ સરોવરો પ્રમાણેની યોજના જ કરવામાં આવતી હતી. મંદિરમાં દર્શન કરવા આવતાં પહેલાં સ્નાનસંધ્યા ઇત્યાદિથી

ચિત્તને સાત્ત્વિક બનાવવાના સાધનરૂપ આ કુંડોમાંથીએ હિન્દુઓના કુંડસ્થાપત્યનો ખ્યાલ આવી શકે છે.

મોઢેરાનો રામકુંડ કે સૂર્યકુંડ છે તેવા કુંડ ઝીંઝુવાડા, સાયલા, મુંજપુર અને એવાં જ બીજા મંદિરોમાં છે. આ જલાશયોના કિનારા ઉપરના સ્તંભો પણ સાદા શિલ્પવાળા તથા સર્વાંગસુંદર તોરણોવાળા હોય છે.

વાવો

સરોવરો અને કુંડો ઉપરાંત નાનીમોટી વાવો પણ બંધાવવામાં આવતી. તે નાની અને ઉપલા જળાશયો કરતાં ઓછા વિસ્તારમાં બની શકતી હોવાથી ગુજરાતમાં ઠેરઠેર નાની-મોટી, નવી જૂની વાવો નજરે પડે છે. આ વાવ અનેક મનુષ્યો, પશુપક્ષીઓની તૃષા શાન્ત કરી પુણ્ય પ્રાપ્ત કરવાના શુભ ઉદ્દેશથી બંધાવવામાં આવે છે. તેમાં પણ નીચેથી ઉપર સુધીનું પાકું ચણતર કરી, ઉપર શિલ્પશણગાર સજાએલા જણાય છે.

વાવના દેખાવમાં બહારથી તો માત્ર જમીનની સપાટી ઉપર સરખે અંતરે ચોરસ આકૃતિના ચાર પાંચ કે વધુ **મંડપ** દેખાય છે, જેની ઉપર ઘણે ભાગે હિન્દુઘાટના ઘુમટો હોય છે. પહેલા મંડપમાંથી વાવમાં પ્રવેશ કરાય છે અને પગથિઆં વાટે બીજા મંડપમાં પ્રવેશ કરી શકાય છે. ત્યાં **વિસામો** આવે છે. વિસામાની ઉપરનો ઘુમટ તથા તેના આધારરૂપ થાંભલા સ્થાપત્યના નિયમાનુસાર જ હોય છે અને આ થાંભલાઓમાં સુંદર દૃશ્યો તથા દેવદેવીની મૂર્તિઓ કોતરેલી હોય છે. તે ઉપરાંત સારી કારીગરીવાળા **ગોખ** પણ હોય છે, જેમાં દેવદેવીઆની મૂર્તિઓ બેસાડેલી હોય છે. આ પ્રમાણે પગથિઆં ઉતરી બીજા વિસામામાં જવાય છે, તેમ જ ત્રીજા ચોથા કે તે કરતાં વધુ ક્રમના મંડપોમાં જવાય છે. જેમ જેમ નીચે જઇએ તેમ તેમ એક એક માળ ઉપર વધતો જાય છે.

માળે માળે વિસામામાંથી વાવની ચારે બાજુએ ફરતો **રવેશ** હોય છે, જ્યાં બેસી વટેમાર્ગુઓ કે નગરજનો વિસામો લઈ શાન્તિ સેવતા સાત્વિક ભાવે બેસી અલ્પાહાર કે વિરામ લઈ શકે છે. પરોપકારની સાથે કલારસિકતા, ધર્મપરાયણતા અને સમકાલીન શિલ્પ અને પ્રોત્સાહન આદિનો સુમેળ આ વાવો દ્વારા સધાયેલો નજરે પડે છે.

અણહિલપુરની રાણીવાવ પડી ભાંગી છે, પરંતુ તેના થાંભલા અને ભીંતનું શિલ્પ સુંદર કલાના નમુનારૂપ હજીએ વિદ્યમાન છે. **વઢવાણના** રાણકદેવીના મંદિરથી થોડેક દૂર આવેલી **માધાવાવ**, અમદાવાદ પાસેની **અડાળજવાવ**, **વયાદની** વાવ, ઇત્યાદિ વાવોના થાંભલા તથા વિસામા અને ગોખ હિન્દુકાલીન વાવસ્થાપત્ય અને શિલ્પના નમુના રજુ કરે છે.

આ પ્રમાણે થોડાંઘણાં મંદિરો, તથા કિલ્લા અને જલાશયોના અવશેષો ઉપરથી ગુજરાતના સ્થાપત્યની સર્વાંગસુંદરતા સિદ્ધ થાય છે.

સન્નારીઓ અને સદ્ગૃહસ્થો !

મારા આજના વિવેચન માટે મેં જે પુસ્તકોનો આધાર લીધો છે તેમના કર્તાઓનો હું જાહેર આભાર માનું છું: સરકારી પુરાતત્ત્વવિભાગના વૃત્તાન્તો અને એ ખાતાના અધિકારીઓ જેમ્સ, બર્જેસ અને હેનરી કઝિન્સના ગુજરાત, કાઠિયાવાડના અને કચ્છના પ્રાચીન અવશેષોના નિરીક્ષણ અને સ્થાપત્યવિવેચનનાં પ્રકાશિત અને દુર્મિલ પુસ્તકોને આધારે સ્થલવર્ણનો અને એ પુસ્તકોની ચિત્રમાળા ઉપરથી મોટા ભાગની તકતીઓ તૈયાર કરી શક્યો છું, તેથી તેમનો વિશેષ ઋણી છું. કેટલાંક વર્ણનોમાં સ્વનિરીક્ષણને પરિણામે ફેરફાર કર્યો છે. પરંતુ જ્યાં પ્રત્યક્ષ જઈ શકાતું નથી ત્યાંના પ્રાચીન અવશેષોનાં વર્ણન અને તત્સંબંધી અભિપ્રાયમાં ત્રુટિઓ જણાય કે સ્થલસંકોચને લીધે રહેલી અપૂર્ણતાઓ દેખાય, તો તે માટે દરગુજર કરી ભૂલો હોય તે મારી જાણમાં લાવવા કૃપા કરશો, તો ઉપકૃત થઈશ.

અંતમાં શ્રી ફાર્બસ ગુજરાતી સભાના સંચાલકોનો મને ગુજરાતના સ્થાપત્યનો અભ્યાસ કરી, આપ સમક્ષ મારા અભિપ્રાય રજુ કરવાની તક આપ્યા બદલ અને આપ બધાનો શાન્તિ અને ધૈર્યથી બે કલાક સુધી દત્તચિત્તે આજના મારા ભાષણ પર ધ્યાન આપ્યા બદલ હું ઉપકાર માનું છું.

ચર્ચાપત્ર

(૧)

"શૈવ ધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ"—એમાં દેખાતી એક ઉણપ

મહાશય, શ્રી ફાર્બસ ગુજરાતી સભાએ ગુજરાતના જાણીતા વિદ્વાન્, સંશોધક અને ઇતિહાસવેત્તા શ્રી દુર્ગાશંકર કે. શાસ્ત્રી પાસે "શૈવધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ" ફરી શોધાવી, સુધારોવધારો કરાવી, પ્રકટ કર્યો છે, તેથી ઇતિહાસપ્રેમી જનતાને બેશક ઘણો લાભ થયો છે. સભાનો આ શ્રેણીના ગ્રંથો છપાવવાનો હેતુ સ્તુત્ય તેમ જ આવકાર-લાયક પણ છે: 'ગાગરમાં સાગર ભરવા' જેવો છે. આજના રાજકીય ધમાલના જમાનામાં લોકોની, સંક્ષેપમાં ધાર્મિક સિદ્ધાન્તો અને તેનો ઇતિહાસ જાણવાની આતુરતા આવા લઘુ ગ્રંથોથી તૃપ્ત થાય છે.

આવાં પુસ્તકો પ્રકટ કરાવવામાં સભાનો એક અને મુખ્ય હેતુ "ગુજરાતમાં ચાલતા ધર્મો, સંપ્રદાયો, તેના સિદ્ધાન્તો, ગુજરાતમાં પ્રચાર અને ગુજરાતી સાહિત્ય ઉપર તેની અસર" એ છે. પરંતુ સભાના એ હેતુનો, 'ગુજરાતી સાહિત્ય ઉપર શૈવ ધર્મની અસર' —એ ભાગ ઘણો જ ઉપલક રીતે લખાયલો પ્રસ્તુત પુસ્તકમાં જણાય છે. શા કારણથી એમ થવા પામ્યું છે, તે સમજાતું નથી. આ પુસ્તક જોતાં જણાય છે તેમ તેમાં માત્ર ગુજરાતી સાહિત્ય ઉપર શૈવધર્મની અસરવાળો ભાગ તો માત્ર ત્રણ ચાર પાનાંમાં જ સમાવી દેવામાં આવેલ છે. એ મને તો પ્રાચીન ગુજરાતી સાહિત્યને અન્યાયકર્તા લાગે છે. આમ હું શ્રી. શાસ્ત્રીજીનો દોષ કાઢવા માટે જણાવતો નથી જ; પણ એ દોષ પૂરવા માટે મારી જાણમાંની નીચેની કેટલીક હકિકત જણાવું છું.

રા. દુર્ગાશંકર શાસ્ત્રીએ બીજું કાંઈ નહિ તો પણ ગુજરાતી પ્રીન્ટીંગ પ્રેસનાં બૃહત્કાવ્યદોહનોના આઠ ભાગો જેવી ઉપલબ્ધ અને સુલભ સામગ્રીનો ઉપયોગ કર્યો હતે તો યે ઉક્ત "અસર" વાળું પ્રકરણ વિશેષ માહિતીભર્યું તેમજ સારૂં લખાત અને તેમના જેવા વિદ્વાન્ વિચારકને હાથે એ વિષયને સારો ન્યાય મળત. એ ઉપરાંત હવે તો ગુજરાત વર્નાક્યુલર સોસાઇટી, શ્રી ફાર્બસ ગુજરાતી સભા કે જેના શાસ્ત્રીજી પણ એક સભ્ય છે, અને વડોદરા સેન્ટ્રલ લાયબ્રેરીના હસ્તલિખિત ગ્રંથોની વિસ્તાર-પૂર્વક યાદીઓ પ્રકટ થઇ છે, તેનો પણ તેમના જેવા સંશોધક સારો લાભ લઇ શકતે, અને સહૃદયી વાચકોને તે આપી પણ શકત. એ શિવાય ગુજરાતના જૂદા જૂદા બુકસેલરોએ 'શિવ' સંબંધી ઘણાં નાનાં મોટાં પુસ્તકો, ભજનસંગ્રહો વગેરે બહાર પાડ્યાં છે, તેનો પણ ઉપયોગ કરી શકત. ગુજરાતમાં રુદ્રદેહા લેખાતી નર્મદા—રેવા જેવી મોટી નદી, તેના ઉભય તટે અનેક નવાં જૂનાં ભગ્ન શિવાલયો છે, તેનું વર્ણન સ્કંદ પુરાણના રેવાખંડ અથવા નર્મદા ખંડમાં પુષ્કળ છે, તેમ મહી અને તાપીનાં તટોએ પણ સુપ્રસિદ્ધ શિવાલયો છે, અને તે

ઉપરથી આખ્યાનો પ્રાચીન ગુર્જર કવિઓએ લખેલાં છે. **શામળ** જેવાએ તો ઠામ ઠામ પોતાની વાર્તાઓમાં તેનો ઉલ્લેખ સ્પષ્ટ કરેલો છે. તેને તો સાવ વિસારી દેવામાં આવ્યો છે. શ્રી. **શાસ્ત્રીજી**એ **શિવપુરાણ**ની નોંધ લીધી છે, પણ **સ્કંદપુરાણ**ના ગુજરાતમાં પ્રચલિત શિવમાહાત્મ્યનો ઇસારો કર્યો નથી, જે (બ્રહ્મોત્તરખંડગત) **શિવમાહાત્મ્ય**ના અધ્યાયોએ તો ગુજરાતની જનતા ઉપર મોટી અસર કરી છે, અને તેના આખ્યાનબદ્ધ અનુવાદો એ સમર્થ કવિઓએ જૂના કાળમાં કર્યા છે, જે લોકજાણીતા છે.

આટલું નિવેદન કરી હવે કેટલીક ખાસ ઉણપો દર્શાવું છું :

ગુજરાતી સાહિત્યમાં સૌથી પહેલા શિવભક્ત તો ભક્તરાજ **નરસિંહ મહેતા** મનાયા છે, તે વાસ્તવિક છે, અને તેને રા. દુર્ગાશંકરભાઈ સાવ ભૂલી ગયા છે. **નરસિંહ મહેતે** પોતે શિવજીની કૃપાથી કૃષ્ણભક્તિ પ્રાપ્ત થઈ, એવું સ્પષ્ટ લખ્યું છે. નાગરોની પ્રચલિત શિવભક્તિ મૂકી, **મહેતાજી** વિષ્ણુભક્તિ ગાવા લાગ્યા, એ નાગરો તેમ જ સંન્યાસી સાધુઓના તેમના પ્રતિના ઉગ્ર વિરોધનું કારણ છે. **મહેતાજી**એ હારમાળાનાં પદોમાં એક ઠેકાણે **ગંગાધર** અને **ગોકુલપતિ**માં જે વૈષ્ણવ ભેદ જૂએ છે તે અધમ જાતિનો છે અને નર્કનો અધિકારી છે એમ ચોખ્ખું કહેલું છે. એટલે **નરસિંહ** મહેતો પ્રથમ શિવભક્ત હતો તેમાં શંકાને સ્થાન નથી; જો કે શિવ સંબંધી તેણે કવિતા એકાદ બે પદ શિવાય, કરેલી મળી આવેલ નથી.

મહેતાજી જેવો બીજો પણ નામાંકિત પંક્તિનો વૈષ્ણવ કવિ દયારામ છે. દયારામે શિવજીની એક લાવણી રચેલી મળેલી છે, પણ પછીથી તે શિવનો જ ભક્ત રહ્યો ન હતો. દયારામ અને **નરસિંહ** મહેતાની ભક્તિમાં આસમાન જમીનનો ફેર છે. વૈષ્ણવ **નરસિંહ** શિવજીની કૃપાને કદિ ભૂલતો નથી, જ્યારે વૈષ્ણવ દયારામ કટ્ટર શિવનિંદક નીવડે છે, અને પોતાની કૃતિઓમાં એમ તે નોંધે પણ છે. એ વિષય અને તેની શિવવિષ્ણુની તુલના નોંધવા જેવાં છે.

બીજી મોટી ક્ષતિ મને ઉપલા ગ્રંથમાં કવિ **શામળ** ભટ્ટ જેવા શિવભક્તને ભૂલી જવામાં જણાઇ છે. એનો આશ્રયદાતા **સિંહુજ**નિવાસી પાટીદાર **રખીદાસ** મોટો **શિવભક્ત** એના સમયમાં હતો અને એની **શિવભક્તિ**નાં વખાણ **શામળે** છુટ્ટે મોંઢે કર્યાં છે. રેવાખંડ લખવા ઉપરાંત આ કવિ **શામળ** ભટ્ટે **સ્કંદપુરાણ**ાન્તરગત **બ્રહ્મોત્તરખંડ**માંથી **શિવ**-માહાત્મ્યનો કવિતામાં અનુવાદ કર્યો છે, જે શિવપુરાણ નામે પ્રચલિત છે અને તે લોકોમાં ઘણું જ માન્ય થયું છે. તે જ પ્રમાણે તેણે સોમવારની તેમ જ શિવરાત્રીની કથા પણ લખી છે.

આવી જ બીજી વિસ્મૃતિ લેખકે સુરતના નિવાસી, પણ ખંભાતમાં જન્મેલા, ઉદીચ્ય બ્રાહ્મણ કવિ **મહાદેવસુત** હરદેવરામની કરી છે. આ કવિએ પણ **સ્કંદપુરાણ**ાન્તર્ગત બ્રહ્મોત્તર ખંડમાંના **શિવમાહાત્મ્ય**નું **શિવપુરાણ**ને નામે સારૂં ભાષાન્તર કવિતામાં (સં. ૧૭૫૦) કર્યું છે. એનું રચેલું **સિમંતિની**નું આખ્યાન તો ઘણાં નરનારીઓને કંઠસ્થ હોય છે. આ કવિ વિષે શ્રી **ફાર્બસ** ગુજરાતી સભા હસ્તકની હાથ પ્રતોની સવિસ્તર યાદીમાં રા. **અંબાલાલ બુ. જાની**એ પણ લખેલું છે. રા. **શાસ્ત્રી**એ જો એ યાદીનો ઉપયોગ કર્યો હત તો ગુજરાતી સાહિત્ય ઉપર શૈવધર્મીઓની કેટલી અસર છે તે સારી રીતે તેઓ જાણી શકયા હત.

કવિશ્રી નર્મદાશંકરના એક નાગર કવિ શિવાનંદ પંડયાએ (સં. ૧૭૦૦–૧૦ પ્રેમાનંદનો પુરોગામી) શિવજી વિષે અનેક કાવ્યો, પદો, ભજનો વગેરે રચ્યાં છે, એવી નોંધ એના કવિચરિત્રમાંથી મળે છે. (જુઓ જૂનું નર્મગદ્ય પા.૪૬૦–૧) શિવાનંદની કવિતાઓની હાથપ્રતો જે તેના સુરતના વારસો કને છે, અને રા. અંબાલાલ જાનીએ જાતે તે જોઈ વાંચી છે તે મેળવી પ્રકટ કરવામાં આવે તો એક મોટો સારો ગ્રંથ થાય, એટલું તેનું કવિતા-સાહિત્ય અપ્રસિદ્ધ પડયું છે, બૃહત્કાવ્યદોહનના જૂદા જૂદા ભાગોમાં શિવાનંદની કેટલીએક કવિતાઓ છપાઇ છે. જેવાં કૃષ્ણનાં હિંડોલા, વસંત, આદિ પદો છે તેવાં શિવનાં પણ એવાં તેણે તેમજ અન્ય કવિઓએ રચેલાં પદો મળે છે. આ કવિ રસાલંકારાદિથી વ્યુત્પન્ન હતો અને શિવભક્તિ તેનાં પદોમાં ઝળકી–ધમકી ઉઠે છે. ઉપરાંત આવાં પ્રાચીન કવિઓનાં લખેલાં કાવ્ય પણ છે.

મહાકવિ પ્રેમાનંદે શિવજીના વિવાહનું એક કાવ્ય લખ્યું છે. એમાં પાર્વતિજીના બે જન્મની વાત લખી, સાથે સાથે કૃષ્ણની દશમ સ્કંધની કથા જોડી છે. કાલિદાસના કુમારસંભવનો તેને પરિચય હશે, એમ એમાંથી સમજાય છે. આ કાવ્ય પ્રસિદ્ધ થયું નથી, પણ એનો સાર મેં પ્રેમાનંદના દશમ સ્કંધની પ્રસ્તાવનામાં આપેલો છે. એ ભાગ કદાચ રા. શાસ્ત્રીના જોવામાં આવ્યો નહીં હોય એમ માની શકાય.

પ્રેમાનંદના પુરોગામી કવિ નાકરે વ્યાધમૃગલી સંવાદ લખેલો બૃહત્કાવ્યદોહનમાં પ્રકટ થયો છે. જેમ શિવરાત્રીની એ કથા તેણે લખી છે તેમ અન્ય કવિઓએ પણ લખેલી છે.

દક્ષિણમાં શૈવો અને વૈષ્ણવો વચ્ચે જેવી કડવી મારામારી સંપ્રદાય સંબંધમાં છે, તેવી આપણા ગુજરાતમાં નથી, જો કે કેટલોક મતભેદ છે. એક માત્ર વૈષ્ણવ કવિ દયારામે બ્રાહ્મણભક્તસંવાદમાં અને હરિહરાદિતારતમ્ય સ્વરૂપના નિબંધમાં, વલ્લભી વૈષ્ણવોની રીત પ્રમાણે શિવજીની નિંદા કરી છે, અને શૈવ મતને ધિક્કાર્યો છે. પણ સામાન્ય રીતે પ્રજા તો શિવજીને, વિષ્ણુને, કૃષ્ણને, દેવીને. રામને એક પરબ્રહ્મની વિવિધ વિભૂતિ અથવા અવતારો સમજીને ખરા ભક્તિભાવથી ભજે છે, એટલે અમુક માત્ર શિવભક્તિથી જ પ્રેરાઇને લખતો હતો એમ કહેવું વાજબી નથી; અને અમુક કેવળ કથા વાર્તા માટે લખતો એમ કહેવું પણ ઠીક નથી. શિવજીની અને દેવીની ભક્તિ એક જ સ્વરૂપે થાય છે. જ્યારે કવિ અમુક ઇષ્ટ દેવનું કાવ્ય રચવા માંડે છે, ત્યારે તેની સાથે તેના માહાત્મ્યજ્ઞાન સાથે થોડું ઘણું પણ તાદાત્મ્ય સાધ્યા વગર રહી શકતો નથી. એટલા પૂરતો એનામાં તે તે ઇષ્ટ દેવનો આવેશ થાય છે, એમ માનવું જોઇએ. ઘણાખરા શિવભક્તો દેવી–માતાના ભક્તો હોય છે. સ્માર્ત પ્રજા વૈષ્ણવ પ્રજા કરતાં બીજા ધર્મો પ્રત્યે વધારે ઉદાર દિલની અને સમભાવી હોય છે. વર્ણાશ્રમ ધર્મ પાળનારી પ્રજામાં બ્રાહ્મણો શિવને વિશેષ માનનારા છે. શ્રી આદ્ય શંકરાચાર્યે પંચાયતન દેવતાની જે પ્રણાલી બાંધી છે, તેમાં ગણપતિ (પુત્ર), પાર્વતી (માતા), અને શિવજી (પિતા) એમ એક જ ઘરના ત્રણ દેવ–દેવતાને પસંદ કર્યા છે. એટલે એ ત્રણે વચ્ચે વિરોધ ઝાઝો હોતો નથી, એટલે એ બધા એક જ પ્રકારે શિવભક્તો ગણાય તો હરકત નથી.

હવે બૃહત્કાવ્ય દોહનના જૂદા જૂદા ભાગોમાં શિવજી સંબંધી શું શું છે તેની યાદી આપીશ, કે જે સંબંધી રા. દુર્ગાશંકર શાસ્ત્રીએ કશો ઉલ્લેખ કર્યો નથી.

ભાગ	કવિનું નામ	કાવ્યનું નામ
૧.	દેવીદાસ	નાનો ઈશ્વરવિવાહ.
૨.	ગોવિંદરામ	ઉમિયા–શિવ સંવાદ.
૫.	જીવરાજ	કૈલાસવર્ણન, ઈશપ્રતાપ.
૬.	રઘુનાથદાસ	શિવસ્તુતિ.
૭.	શ્રીધર	ગૌરીચરિત્ર.
૭.	દામોદરાશ્રમ	પદસંગ્રહ, આખ્યાનો.
૮.	શામળભટ્ટ	શિવપુરાણ.

આ ઉપરાંત કવિ **અવિનાશાનંદે** એક **શિવગીતા**, **બ્રહ્મગીતા** રચેલી છે. આ ઉપરાંત શિવ સંબંધી પદો–કાવ્યો રચનારા બીજા કવિઓનાં નામો અને કૃતિઓ કોઈ જણાવશે તો ઉપકાર થશે. મારી જાણ પ્રમાણે એક કપડવણજ તરફના શૈવ **મયારામ** નામના વૈષ્ણવ દયારામના સમકાલીન કવિએ પણ **શંકરની** સ્તુતિ વગેરે રચેલાં છે. અદ્યાપિ આ કવિનાં થાળ, ઉત્થાન, શયનઆદિનાં પદો ગવાય છે. વૈષ્ણવોમાં જેમ દયારામ તેમ શૈવોમાં મયારામ જાણીતા છે. હજી મંદિરોમાં જ નહીં સ્માર્તોનાં ઘરોમાં તેવાં પદો ગવાતાં રહેલ છે. **મયારામનાં** પદોનો એક મોટો સંગ્રહ રા. રા. **અંબાલાલ બુ. જાનીએ** પોતાના કાકાને ત્યાં જોયેલો અને વાંચેલો પણ ખરો. સ્વ. રણછોડભાઇ ઉદયરામે તે મેળવી આપેલો હતો. પણ કાળવશતાથી હાલ તે અદશ્ય થયો છે.

છેવટે એ વિષય તરફ શ્રી દુર્ગાશંકર શાસ્ત્રીનું ધ્યાન ખેંચું છું. દક્ષિણ ભારતના શ્રી **અપય્ય દીક્ષિતે શિવતત્ત્વવિવેક** અને **શિવકર્ણામૃત** નામના બે નાના ગ્રંથો ખાસ લખ્યા છે; અને તેથી પણ આ ગ્રંથોના ખંડનોનો પ્રયત્ન થયો છે. આ બે ગ્રંથોમાં **અપય્ય દીક્ષિતનો શિવ** પ્રત્યેનો ભક્તિભાવ કેવો હતો તે જણાઇ આવે છે. **બ્રહ્મસૂત્ર** ઉપર વિશિષ્ટાદ્વૈત શૈવ મતની ટીકા ઉપર કરેલી ટીકા કરતાં પણ ઉપલુ **શિવતત્ત્વવિવેક** વિશેષ મહત્વનો છે. બ્રહ્મસૂત્રો તો આજે એવાં થઇ પડયાં છે કે એનો અર્થ કોઇ પણ બુદ્ધિશાળી વિદ્વાન યુક્તિ, અને તર્કથી કોઇ પણ દેવને લાગુ પાડી શકાય તેવો કરી શકે. જો કોઇ ખ્રિસ્ત કે ઇસ્લામ સંપ્રદાયી સંસ્કૃત ભાષા પંડિત ધારે તો બ્રહ્મસૂત્રમાંથી 'ગૉડ' અને અલ્લાહનું જ એકલું માહાત્મ્ય કાઢી બતાવી શકે (?) એવી **બ્રહ્મસૂત્રોની** દશા છે. એટલે **બ્રહ્મસૂત્રના અર્થ** શિવ પરત્વે કરવામાં આવ્યા છે તેમાં મહત્તા સામાન્ય રહેલી છે. એટલા માટે **શિવતત્ત્વવિવેકાદિ** ગ્રંથોને વિશેષ મહત્ત્વ આપવા જેવું છે. બ્રહ્મસૂત્રનો શિવ પરત્વે કરાયેલો અર્થ અને **અપય્ય દીક્ષિતની** ટીકા સુંદર અને અર્થ ગંભીરતાવાળી છે, અને એ તરફ શાસ્ત્રીજી **દુર્ગાશંકરે** વિશેષ લક્ષ આપ્યું છે તે ખોટું નથી; પણ **અપય્ય દીક્ષિતની શિવભક્તિનો** કસ કાઢવા માટે તેનો રચેલો **શિવતત્વવિવેક** ખાસ જોવો જોઈએ, એટલું જ મારૂં કથન છે. એ ગ્રંથનું ખંડન (?) વલ્લભીય **પુરૂષોત્તમજીએ** "પ્રહસ્તવાદ" નામે કરેલું છે. **રામાનુજ મતવાળાઓ** વગેરેએ પણ તેનાં ઉપર ખંડન લખેલા છે. માટે પ્રસ્તુત ગ્રંથ મહત્ત્વનો છે.

મુંબઈ તા. ૨૬–૫–૧૯૩૭ } **નટવરલાલ ઇચ્છારામ દેશાઈ**

**

(૨)

વનરાજનો પિતા કોણ ?

મુનિ શ્રી. જિનવિજયજીએ ગૂજરાતી સાહિત્ય પરિષદના અમદાવાદ ખાતે ભરાયેલા છેલ્લા સમ્મેલનના ઇતિહાસ-વિભાગના પ્રમુખ તરીકે જે વ્યાખ્યાન આપેલું, તેનાથી ગૂજરાતના જૂના ઇતિહાસની કેટલીક શંકાસ્પદ બાબતોમાં નવો પ્રકાશ સાંપડે છે. એમને પ્રાપ્ત થયેલા કેટલાએક પુરાતન પ્રબંધોએ એમની સમક્ષ જે નવી અને પ્રતિષ્ઠિત હકીકતો રજૂ કરી, તેનો લાભ તેમણે આપણને આપ્યો છે.

એમની આપેલી હકીકતો ઉપરથી ગૂજરાતના ઇતિહાસપ્રેમી વિદ્વાનોમાં પણ જાગૃતિ આવી જણાય છે. " શ્રી ફાર્બસ ગૂજરાતી સભા ત્રૈમાસિક "ના બીજા વર્ષના પહેલા અંકમાં એક મિત્રે " વનરાજનો પિતા કોણ ? " એ વિષય ચર્ચી, શ્રી. જિનવિજયજીએ રજૂ કરેલી હકીકતની આલોચના કરી પ્રચલિત જુદી જુદી માન્યતાઓ અન્યાન્ય ઇતિહાસગ્રંથોમાંથી આપી છે.

અત્યાર સૂધી એકજ વસ્તુ સિદ્ધવત્ મનાતી હતી કે વનરાજનો પિતા તે પંચાસરનો જયશિખરી ચાવડો; પરંતુ શ્રી. જિનવિજયજીએ સંપાદિત કરેલા "પુરાતન પ્રબંધ સંગ્રહ"માંના એક પ્રબંધમાં આંબાસણના એક ચામુંડ નામક ચાવડાનો તે પુત્ર હોવાની હકીકત સાંપડી છે. ધર્મારણ્યની હકીકત એટલી વિશ્વસ્ત નથી જણાતી કે જેટલી ઉકત પ્રબંધમાંની હકીકત જણાય છે. એ પ્રબંધ વિક્રમની પંદરમી સદીમાં રચાયેલો હોવાની શકયતા સ્વીકારાઈ છે. એનાં કથાનક પણ " પ્રબંધચિંતામણિ "નાં કથાનકોને અનુરૂપ છે. "પ્રબંધચિંતામણિ"માં વનરાજના બાલ્યકાળથી માંડીને ઇતિહાસ શરૂ થાય છે; તેના પિતાના વિષયમાં પ્રબંધચિંતામણિકાર કશો ઉલ્લેખ કરતા નથી. ઉકત પ્રબંધ વનરાજના પિતાની હકીકત નોંધે છે; એટલે એ પ્રબંધ અને ' પ્રબંધચિંતામણિ 'થી વનરાજના ઇતિહાસની સાંકળી ગૂંથાય છે, એ એક સદ્ભાગ્ય છે. આ પ્રબંધને અનુસરી એવી માન્યતાને સ્થાન મળે છે કે વનરાજનો પિતા ચામુંડ નામક ચાવડો હતો અને તે આંબાસણમાં રહેતો હતો !

ત્યારે મુશ્કેલી એ ઊભી થાય છે કે જયશિખરી ચાવડો કોણ ? પંચાસરને અને વનરાજને સંબંધ શો, અને પ્રબંધચિંતામણિકારના જણાવ્યા મુજબ વનરાજે સ્થાપેલા અણહિલ્લવાડ પાટણમાં વનરાજને હાથે પંચાસરા પાર્શ્વનાથ-મંદિરની સ્થાપનાનો ઉકેલ શો ?

પ્રબંધચિંતામણિકારે સૌથી પ્રથમ " વઢિયાર નામક દેશમાં પંચાસર ગામમાં ચાવડા વંશના એક બાલકને ' વણ ' નામના વૃક્ષમાં ઝોળીમાં સુવાડી તેની માતા ઈન્ધન એકઠાં કરતી હતી, ત્યાં શીલગુણસૂરિ નામના એક જૈનાચાર્ય ગયા અને બાળકનાં ચિહ્નો જોઇ તેની માની પાસેથી બદલો આપી લઇ ગયા"નો ઉલ્લેખ કર્યો છે. " પુરાતન પ્રબંધસંગ્રહ "માંના પ્રબંધથી આ કથાનકને હાનિ નથી, કેમકે ચામુંડની પત્ની પંચાસર નજીકના કોઈ વનમાં આવી હોય અને તેના બાળકને શીલગુણસૂરિએ જોયો હોય ! પરંતુ આ બંને પ્રબંધોની કથાથી પંચાસરના જયશિખરીના કથાનકને અનુસરી પંચાસરના થયેલા નાશનો મેળ મળતો નથી. પ્રબંધચિંતામણિકાર પણ પંચાસરના નાશ વિષે કશું કહેતા નથી; ઊલટું રાજ્યાભિષેક-સમયે વનરાજે શીલગુણસૂરિને પંચાસરમાંથી તેડાવ્યાની હકીકત આપે છે; એટલે પંચાસર આબાદ જણાય છે.

આપણા ઇતિહાસકારો એમ માનતા આવ્યા છે કે વલ્લભીના વિનાશ પછી પંચાસરના રાજ્યની સ્થાપના થઈ અને તેનો પાછળથી કલ્યાણીના ભૂવડ સોલંકીને હાથે નાશ થયો. એટલું ખરૂં કે ગુર્જર પ્રદેશ એ રાજાએ પોતાની પુત્રીને આપેલો તેવી હકીકત પ્રબંધચિંતામણિકાર આપે છે, અને વનરાજે તેનાં માણસોને લૂંટી લેવાની વાત પણ નોંધે છે.

વનરાજને ગાદીએ આવ્યાનો સમય પ્રબંધચિંતામણિકારને મતે વિ. સં. ૮૦૨ છે. આ સમયે વનરાજની ઉમર ૫૦ વર્ષની હતી; એટલે જૂની માન્યતા પ્રમાણે પંચાસરનો નાશ તેથી ૫૦ વર્ષ પૂર્વે એટલે વિ. સં. ૭૫૨ માં થયો હતો. વનરાજનો પિતા આંબાસણનો ચામુંડ હોય તો તો કશી મૂંઝવણ નથી રહેતી; પરંતુ જો જયશિખરી હોય અને તેનું રાજ્ય પંચાસરમાં હોય તેમજ ભૂવડે તેનો નાશ કર્યો હોય તો તેની શકયતા વલ્લભીના નાશ પછી કે પહેલાં એનો નિર્ણય આપવામાં ભારે મુશ્કેલી ઊભી થાય છે.

વલ્લભીનો નાશ કયારે થયો, એની સીમા મેળવવાની શકયતા પ્રાચીન તામ્રલેખોએ આપી છે. શીલાદિત્ય ૭ માના તામ્રલેખો વલ્લભી સંવત ૪૪૭ એટલે વિ. સં. ૮૨૨ સુધીના પ્રાપ્ત થાય છે. પ્રબંધચિંતામણિકારે આપેલી અણહિલવાડ પાટણની સ્થાપના પછી ૨૦ વર્ષ સુધી તો નિઃશંક રીતે વલ્લભી રાજ્યનું અસ્તિત્વ જણાય છે. વલ્લભી સંવત અને વિક્રમ સંવત વચ્ચે ૩૭૫ વર્ષનું અંતર વેરાવલના હર્ષદમાતાના મંદિરના શિલાલેખમાં આપેલા વિ. સં. ૧૩૨૦ અને વલ્લભી સં. ૯૪૫ ઉપરથી સમજાય છે. આ લક્ષ્યમાં લેતાં અણહિલવાડ પાટણની સ્થાપના વલ્લભી શાસનના આંતરકાળમાંજ આવી રહે છે. સં. ૮૨૧ ધારવામાં આવતા હોય તો પણ વલ્લભી શાસન હજી અખંડ હોય છે. આ જોતાં પંચાસરના વિનાશની કથા અને અણહિલવાડ પાટણની સ્થાપનાની કથા એ વલ્લભી શાસનકાળમાંજ આવી રહે છે. વલ્લભી શાસન હજી અખંડ હોય તો ગૂજરાતમાં અણહિલવાડ પાટણના ચાવડા રાજ્યનો ઉદ્ગમ શકય છે ખરો? અને વલ્લભી અખંડ હોય તો ગુર્જર પ્રદેશ ઉપર ભૂવડની પુત્રીનું આધિપત્ય શકય છે ખરૂં? સાથે પંચાસરનો નાશ થએલો ખરો?

* * *

પ્રબંધચિંતામણિકારે અણહિલ્લવાડ પાટણની સ્થાપનાનો ઉલ્લેખ પોતાના ગ્રંથમાં કર્યો છે. સ્થાપના સાથે રસ્તે ચાલ્યા જતા સાખડ–સુત અણહિલ્લ નામક ભરવાડનો સંબંધ તેણે આપ્યો છે. પ્રબંધચિંતામણિકારની સાલવારી જરાયે શંકા ઉપજાવે તેવી નથી; એટલે અણહિલ્લવાડની સ્થાપના સં. ૮૦૨ માં થયા વિશે જરાયે શંકાને સ્થાન નથી. પ્રબંધચિંતામણિકાર અણહિલ્લને એક સામાન્ય ભરવાડ માને છે; અને તેણે ઉલ્લેખ કર્યો છે, તે જોતાં વનરાજ ઉપર અણહિલ્લનો વિશેષ ઉપકાર જોવામાં આવતો નથી. યોગ્ય ભૂમિ અણહિલ્લ બતાવે તેટલા માત્રથી વનરાજ એ ભરવાડને નામે નગરનું નામ આપે, એ બહુજ ઓછું શકય લાગે છે. ખરૂં જોતાં અણહિલ્લ કોઈ અસાધારણ વ્યક્તિ હોવી જોઇએ અને તેનો વનરાજ ઉપર કાંઈ નાનોસૂનો ઉપકાર ન હોવો જોઇએ. વર્ષો સુધી વનરાજને કોઈ પણ રીતે આશ્રય આપનારી અસાધારણ વ્યક્તિના ઉપકાર નીચે દબાઈનેજ તેણે પોતાના નવા શહેરનું નામકરણ કર્યું હોય, તે કાંઈ ઓછું સંભવિત નથી.

વલ્લભી વંશના રાજા ધ્રુવસેન ત્રીજાનું દાનપત્ર (વલ્લભી સંવત ૩૩૪–વિ. સં. ૭૦૯, ખરગ્રહ બીજાનું દાનપત્ર (વ. સં. ૩૩૭—વિ. સં. ૭૧૨), શીલાદિત્ય ત્રીજાનાં

વ. સં. ૩૪૩–વિ. સં. ૭૧૮ થી વ. સં. ૩૬૫–વિ. સં. ૭૪૦ સુધીનાં દાનપત્રો, આ સુપ્રસિદ્ધ તામ્રપત્રોમાં સન્ધિવિગ્રહાધિકૃત સ્કન્દભટાત્મજ શ્રીમાન અણુહિલ નામની વ્યક્તિનો લેખકાર તરીકે ઉલ્લેખ આવે છે. એ પછીનાં દાનપત્રોમાં એનાં નામનો ઉલ્લેખ નથી. આ રીતે વિ. સં. ૭૦૯ થી ૭૪૦ સુધીના ગાળામાં વલ્લભી રાજાઓના સન્ધિવિગ્રહાધિકારી તરીકે અણુહિલ નામક વ્યક્તિ દેખા દે છે. વિ. સં. ૭૦૯ માં તેને ૨૦ વર્ષનો માનિયે તો વિ. સં. ૭૪૦ માં તેની ઉમર ૫૧ વર્ષ જેટલી થાય. આ વર્ષમાં તેણે નિવૃત્તિ સ્વીકારી હોય અને રાજા તરફથી નાની જાગીરનો માલીક થયો હોય તો તેણે પોતાનું શેષ જીવન તે જાગીરમાં શાંત રીત ગાળ્યું હોય.

વનરાજનો જન્મ ૭૫૨ માં છે. તેણે ૮૦૨ સુધીનો સમય રખડપટ્ટીમાં ગાળ્યો છે. વનરાજનો વિરોધ પ્રબંધચિંતામણિકારને મતે ભૂવડની પુત્રીના શાસન સામે છે. ભૂવડનું શાસન કાઠિયાવાડના કયા ભાગમાં હતું ? વનરાજ બચપણ પંચાસરમાં ગાળે છે અને જયારે બહારવટે ચઢે છે ત્યારે ગિરનાર અને ગિરના પ્રદેશનો આશ્રય કરે છે.

આ ઉપરથી એમ માની શકાય કે આ પ્રદેશમાં ભૂવડની સત્તા હોય. આજ સમયે વલ્ભીશાસન વલ્લભીપુરમાં છે જ એ ભૂલી ન શકાય; પરંતુ બીજાં મહાન રાજ્યોના સંબંધમાં બન્યું છે તેમ વલ્લભીનું શાસન પણ આસપાસના વિસ્તૃત પ્રદેશોમાંથી સંકોચાઇ વલ્લભીપુરના પ્રદેશમાં કેંદ્રિત થયું સંભવે; જો કે શીલાદિત્ય ૭ માનાં દાનપત્રોમાં ખેડા અને આણુંદ સુધીના પ્રદેશોમાં શીલાદિત્ય ૭ માની સત્તા જણાય છે ખરી; તે સાથે ગિરનાર અને ગિરના પ્રદેશોમાં બહારવટું ખેડનારો વનરાજ તે પ્રદેશમાં રાજ્યસ્થાપના કરવાને બદલે ગૂજરાતની ઉત્તર સીમાએ રાજ્યની સ્થાપના કરે છે, તે વસ્તુ ઓછા મહત્ત્વની ન ગણાય. અણુહિલ ગમે તેમ વલ્લભીનો આશ્રિત હતો. તે કાઠિયાવાડમાંના પ્રદેશમાં રાજ્યસ્થાપનાને અનુમતિ ન આપે. સાથે વનરાજ ઉપર તેનો ભાવ પણ હોય અને વનરાજને તેની મહેચ્છા પૂરી પાડવા નાના રાજ્યની સ્થાપના કરાવી આપવી હોય તો તે કાઠિયાવાડથી બહારનો અને લાટ પ્રદેશની ઉપરનો પ્રદેશજ પસંદ કરે. ઐતિહાસિક પરિસ્થિતિ ઉપર દૃષ્ટિ નાંખતાં વનરાજ કાઠિયાવાડથી બહારના અને લાટથી ઉત્તર તરફના પ્રદેશમાં રાજ્ય સ્થાપે છે, તે આ પ્રકારના તોડનું પરિણામ જણાય છે. માત્ર અણુહિલવાડ પાટણની આ સ્થાપના વખતે અણુહિલ જીવતો હોવો જોઇએ. આ વખતે સં. ૮૦૨ માં, શકય છે કે તે લગભગ ૧૧૩ વર્ષનો હોય. એના દીર્ઘાયુષના વિષયમાં શંકાને ખાસ સ્થાન ન હોય.

પાછળથી જયારે વલ્લભીવંશનો અંત આવ્યો ત્યારે વનરાજે આખા સૌરાષ્ટ્ર પ્રદેશનું તેમજ લાટ પ્રદેશનું સામ્રાજ્ય હસ્તગત કર્યું હોય, એ ઓછું સંભવિત નથી. વલ્લભીનો વિનાશ મહમદ કાસમે કર્યો, એ તો જરાએ શકય નથી; કેમકે મહમદ કાસમની સિંધ ઉપરની ચઢાઇનો સમય ઈ. સ. ૭૧૨ (વિ. સં. ૭૬૮) લગભગ છે; જે પછી (વિ. સં. ૮૨૨ સુધી તો વલ્લભીવંશનું અસ્તિત્વ દાનપત્રોથી પ્રતીત થાય છેજ.

આ આખો વિષય નવેસરથી સંશોધન માગી લે છે. ગૂજરાતના ઇતિહાસપ્રેમી વિદ્વાનોએ એ તરફ ધ્યાન આપવું શું આવશ્યક નથી ?

"સાહિત્ય મંદિરના સોપાને"–"ગુજરાતી" **"સાહિત્યવત્સલ"**

તા. ૨૩–૫–૩૭, પા. ૮૦૪

હિદાયત બક્ષ મદ્રેસાનું સ્થળ

માનવંત દિ. બા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી સાહેબે આ "ત્રૈમાસિક"ના ચાલુ અંકમાં પ્રકટ થયલા (પાને ૧૫૬ મે) સદરહુ મદ્રેસાના લેખમાં તેના સ્થળ વિષે અનુમાન કરી એનું સ્થળ જૂના અસાવલમાં હોવાનું જણાવેલું છે. પણ એમ અનુમાન કરવામાં તેઓ સાહેબની ભૂલ થએલી જણાય છે. સદરહુ મદ્રેસો અમદાવાદમાં આસ્તોડીઆ ચકલામાં—આસ્તોડીઆની સડકથી અંજુમને-ઇસ્લામ તરફ જવાની સડક પર આવેલો છે, જેમાં હાલમાં છીપા વગેરે ભાડુઆતો રહે છે. સદરહુ મદ્રેસો અસલી હાલતમાં (જો કે કેટલીક જગ્યાએથી હજરાઓ—વિદ્યાર્થીઓને રહેવાની જગ્યાઓ—ભાંગી ગએલ છે.) મોજુદ છે. એ મદ્રેસાના બનાવનાર હિદાયત બક્ષ નવાબ અકરમુદ્દીન ખાનના વખતની મસ્જિદે નૂરાની તથા હોઝ પણ મોજુદ છે, જો કે અસલી તેની શોભા રહેલી નથી. મદ્રેસાવાળા વિશાળ મેદાનમાં નવાબ અકરમુદ્દીન ખાનની કબર એક ઓરડીમાં મોજુદ છે. સદરહુ મદ્રેસો કાઝી સાહેબના મદ્રેસા તરીકે પણ ઓળખાય છે. તેનું કારણ એમ જણાય છે કે—હાલના કાઝી સરદાર મહમદ ગુલામ રઝા સાહેબ(કે જેમની માલિકીમાં છે)ના વડવાઓમાં કાઝી નિઝામુદ્દીન શહેર અહમદાબાદના કાઝી તરીકે ઘણા પ્રખ્યાત હતા, ને એમની પછી એ ખાનદાનમાં શહેરના કાઝી તરીકેનો ઓદ્ધો રહેલો હોવાથી તે એ નામથી ઓળખાય છે. મૌલાના નૂરૂદ્દીનની કબર એ મદ્રેસાની પાસે(મદ્રેસાની પૂર્વમાં)ની જગ્યાએ મોજુદ છે.

ભરૂચ, તા. ૧૫-૬-૩૭
જુમામસ્જિદ

કાઝી સૈયદ નુરૂદ્દીનહુસેન અહેમદહુસેન

તરતા પત્થરઃ લડતા પત્થરો

(લેખકઃ રા. રા. **કરીમ મહુમદ માસ્તર**, એમ. એ., એલએલ. બી.)

જૂનાગઢ રાજ્યના કુતિયાણા શહેરમાં હઝરત મિસ્કીન શાહ પીરની દરગાહમાં એક તરતો પત્થર છે, તેથી કથની નીચે મુજબ છેઃ

એ જ શહેરમાં એક બીજી દરગાહ હઝરત જમ્મન જલાલ શાહ નામના પીરની છે. એ પીર બે પત્થર લડાવતા હતા. એ બે પત્થર આજ પણ એ દરગાહમાં મોજુદ છે. તેમાંનો એક મંદિરોમાં હોય છે તેવો પોઠીયો છે. તે આશરે અઢીક ફીટ લાંબો અને દોઢેક ફીટ ઉંચો છે. તે હાલ ખંડિત સ્થિતિમાં છે. બીજો પત્થર ગોળ છે. તેનો વ્યાસ એક ફૂટથી વધારે છે.

હઝરત પીર જમ્મન જલાલ શાહ ફુરસદને વખતે ગમ્મત કરવા એ બે પત્થરોને લડાવતા હતા. એટલે દરગાહના ચોકને બે છેડે એ બે પત્થરો હોય ત્યાંથી પીરની આજ્ઞા થતાં તે સ્વયં એક બીજા સામે દોડતા હતા અને ચોકની મધ્યમાં આવતાં પરસ્પર અથડાતા હતા. પછી પીર સાહેબ તેમને છૂટા થવા અને પૂર્વ સ્થાને પાછા જવા ફરમાવતા હતા. પત્થરો તેમ કરતા હતા. પીરની ફરી આજ્ઞા થતાં તેઓ ફરીથી એ જ પ્રમાણે લડતા હતા. પીર સાહેબનો આ નિત્યક્રમ હતો.

એક વખતે હઝરત મિસ્કીન શાહનો એક બાળકો (શિષ્ય) બજારમાં કોઈ કામે ગયો હતો. હઝરત પીર જમ્મન જલાલ શાહની દરગાહ આગળથી જતાં તેણે એ પીર સાહેબને ઉપર કહેલા બે પત્થરો લડાવતાં દીઠા હતા. તેથી તે એ દૃશ્ય જોવા રોકાયો હતો, તેમ થવાથી તે તેના મુરશિદ (ગુરૂ) પાસે પાછો જવામાં મોડો પડ્યો હતો.

પીર સાહેબે તે માટે તેને ઠપકો આપતાં તેણે જોયેલું વર્ણવી બતાવ્યું હતું. તેથી પીર સાહેબને પણ થયું હતું કે તેઓ પણ પોતાનો ચમત્કાર દેખાડે, તેથી તેઓ પાસેના ડુંગરામાંથી એક પત્થર ઉપાડી આવ્યા હતા. અને તે પત્થર કયામત સુધી પાણીમાં તરતો રહેશે, એમ તેઓ ફરમાવી ગયા છે. એ જ ઉપર કહેલો પત્થર છે.

એ પત્થર લગભગ નાળિયેર જેવા આકારનો અને કદમાં પણ સાધારણ નાળિયેર જેટલો મોટો છે. છતાં તે પાણીમાં તરે છે. તે પાણીમાં તરતો મેં જોયો છે.

એ દરગાહમાં એક વાવ છે. તેના પાણીમાં એ પત્થર તરાવવામાં આવે છે. બીજા પાણીમાં એ પત્થર તરાવવા એ દરગાહના મુજાવર ના પાડે છે. તેમ એ પત્થર કોઈને હાથમાં લઈ જોવા કે તપાસવા આપવા પણ તે ના પાડે છે.

એવો જ એક બીજો પત્થર જૂનાગઢ રાજ્યના ધામલેજ ગામમાં ત્યાંના મઠમાં છે. તે યે ત્યાંની વાવના પાણીમાં તરે છે. તે પત્થર પણ ત્યાંના મહંત કોઈને હાથમાં જોવા માટે આપતા નથી. તેમ તે મઠમાંની વાવ સિવાયનાં બીજાં પાણીમાં તરાવતા નથી.

આ પત્થરો કયા પ્રકારના હશે, તે તો તેમની વૈજ્ઞાનિક પરીક્ષા થાય તો જ સમજાય. તે સાથે એ વાવોના પાણીની specific gravity પણ તપાસવી જોઈએ. આ જડવાદના

જમાનામાં વિજ્ઞાનની ખાત્રી વિના અંધશ્રદ્ધાથી આવી કોઈ પણ બાબત માની લેવા હરકોઈ જિજ્ઞાસુ અચકાય. પરંતુ આવી ધાર્મિક બાબતોમાં એ જીજ્ઞાસા અતૃપ્ત જ રહેવાની!

ઉપર કહેલો હઝરત પીર મિસ્કીન શાહની દરગાહની વાવના પાણીમાં એક વિશેષ ચમત્કાર છે.. એ પીર સાહેબના સંદલ અને ઉરસને દિવસે એ વાવનું પાણી તેમાં વાટ મૂકવાથી તેલ માફક દીવામાં બળી શકે છે, પરંતુ આડે દિવસે તેમ થતું નથી.

એવો જ ચમત્કાર ગુજરાતમાં આવેલા બાલાસીનોર સ્ટેટના વીરપુર ગામમાં હઝરત પીર મહમદ શાહ ઉર્ફે દરિયાઈ પીરની દરગાહ પાસે નાની નદી છે, તેના પાણીમાં છે. તે પાણીથી પણ એ પીર સાહેબના સંદલ અને ઉરસને દિવસે દીવા બળી શકે છે. ત્યાં પણ આડે દિવસે એ પાણીથી દીવા બળતા નથી.

ઉપર કહેલા હઝરત પીર જમ્મન જલાલ શાહના બે લડતા પત્થરમાંથી પોઠીયાની કથની તેટલી જ ચમત્કારી છે. એ પીર સાહેબ પોતાની હયાતીમાં ખળાં ભરવાની મોસમમાં બાજુબાજુનાં ગામડાંમાં પોતાને માટે અનાજ ઉઘરાવવા જતા હતા. એક વખતે તેમની પાસે ભેગું થયેલું અનાજ તેઓ ઊંચકી શકે તેથી વધારે થઈ ગયું હતું, તેથી તેમણે ત્યાંના એક ખેડૂતને તેની ગાડી જોડીને તે અનાજ પોતાના તકિયામાં પહોંચાડી જવા કહ્યું હતું. ખેડૂતે પીર સાહેબની મશ્કરી કરવા કહ્યું હતું કે પાસેના મંદિરમાં પોઠીયો છે, તે ઉપર નાંખીને અનાજ લઈ જાવ. પીર સાહેબે તેમ માની લીધું અને પોઠીયા પાસે જઈ, તેની પીઠ થાબડી, 'ચલ બેટા' કહ્યું હતું. તે પરથી પત્થરનો પોઠીયો જીવતો આગળ થયો હતો. તેની પીઠ પર નાંખીને તેઓ અનાજ પોતાના તકિયામાં લઇ આવ્યા હતા. ત્યાં પહોચતાં, તે પોઠીયો પૂર્વવત્ પત્થરનો હતો તેવો થઈ ગયો હતો. એ જ પોઠીયો આજ પણ એ દરગાહમાં મોજૂદ છે, અને ઉપર કહેલા બે લડતા પત્થરોમાંનો પોઠીયો તે એ જ પોઠીયો છે.

'શારદા, એપ્રીલ ૧૯૩૭, પા૦ ૧૯–૨૦'

વિદ્યાવાચસ્પતિ આચાર્યશ્રી આનંદશંકર બાપુભાઈ ધ્રુવને અભિનંદન

———o———

સુવિખ્યાત સાક્ષરશ્રી અને સુનિષ્ણાત તત્ત્વવિદ્દ, આચાર્ય શ્રી આનંદશંકર બાપુભાઈ ધ્રુવ, એમ. એ., એલએલ. બી, એમને બનારસ હિન્દુ યુનીવર્સિટીએ ડૉકટર ઑફ લેટર્સ–વિદ્યાવાચસ્પતિ–ની માનવંત પદવી સમર્પી, તે માટે તેઓશ્રીને અભિનંદન આપવાને એક જાહેર સભા દિ. બા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી, એમ. એ; એલએલ બી., ના પ્રમુખપદે રવિવાર તા. ૨૫–૪–૩૭ને રોજ સાંજે ૫–૩૦ વાગે શ્રી ફૉર્બસ ગુજરાતી સભાના આશ્રયે શ્રી બુદ્ધિવર્ધક સભા તરફથી શ્રી ફૉર્બસ ગુજરાતી સભામંદિરમાં મળી હતી. આ પ્રસંગે અનેક વિદ્વાનો તેમ જ જાણીતી વ્યક્તિઓ હાજર હતી. એકંદર સભાજનોમાં વિદ્વાનો, લોકજ્ઞો, અને સંસ્કારવાન વર્ગોનું સારા પ્રમાણમાં પ્રતિનિધિત્વ દૃષ્ટિએ પડતું હતું, જે આચાર્યશ્રી પ્રત્યેના જનતાના સર્વ વર્ગોનો અનુરાગ દાખવતું હતું. હાજર રહેલી વ્યક્તિઓમાં માનવંત ન્યાયમૂર્તિ શ્રી હરિસિદ્ધભાઈ દિવેટીયા અને તેમના પત્ની શ્રીમતી સૌ. જોલીબેન દિવેટિયા, શ્રીયુત કનૈયાલાલ મુનશી, ડૉ. શ્રી એરચ જહાંગીર તારાપોરવાળા, શ્રી જ્યોતીન્દ્ર લલ્લુભાઈ મહેતા, શ્રી. જ્યોતીન્દ્ર હ. દવે, રા. સા. મગનલાલ દલપતરામ ખખ્ખર, પ્રો. જી. સી. ઝાલા, ડૉ. અવારી, રા. ગોકુલભાઇ ભટ્ટ, રા. વિજયરાય વૈદ્ય, શ્રી નટવરલાલ દેશાઈ, વગેરે મુખ્ય હતા.

કામકાજનો આરંભ થતાં સહાયક મંત્રી રા. રા. અંબાલાલ બુ. જાનીએ સભા મળવાનું પ્રયોજન વાંચ્યું હતું.

પ્રમુખશ્રી દિ. બ. કૃષ્ણલાલ મો. ઝવેરીનું અભિનંદન

પ્રમુખશ્રીએ તે પછી સમારંભનું કાર્ય શરૂ કરતાં કહ્યું હતું કે,

આપણે આચાર્યશ્રીને શા માટે અભિનંદન આપીએ છીએ એવો એક સ્વાભાવિક પ્રશ્ન ઊઠે છે. આચાર્યશ્રી અમારામાંના એક છે તેથી. તેમણે પર પ્રાન્તમાં જઇને ઉચ્ચ પ્રકારની સવા અને વિદ્વત્તાથી જે ઊંચાં અને માનનીય સ્થાન અને માન મેળવ્યાં છે તેવાં સ્થાન અને માન બીજા કોઈ ગુજરાતીએ હજી સુધી મેળવ્યાં નથી. તેમણે પોતાનાં સ્થાન અને માન ઉંચાં કર્યા છે, તેમ જ ગુજરાતનાં ગૌરવ અને પ્રતિષ્ઠા પણ સાથે સાથે વધાર્યાં છે. આ માન એક પર પ્રાંતમાંથી એમને મળે છે, એટલે તેટલું ગૌરવ વધારે છે.

આચાર્ય શ્રી આનન્દશંકરભાઇની ગુજરાતી સાહિત્યની સેવાઓ સુવિદિત છે. જૂના અને નવા ગુજરાતના સંકલન રૂપે તેમના વિચારો બન્ને પક્ષ તરફ નજર નાંખનારા છે. તેમની વિદ્વત્તા સમસ્ત ભારતવર્ષમાં જાણીતી છે. ઓલ ઇન્ડિયા ફીલોસોફીકલ કોન્ફરન્સ, ઓલ ઇન્ડિયા ઓરીએન્ટલ કોન્ફરન્સ કે ઓલ ફેઇથ્સ કોન્ફરન્સ કે એવી એવી સમસ્ત હિન્દની અનેક સંસ્થાઓમાં તેઓ ઉચ્ચ પદે બિરાજ્યા છે.

આચાર્ય શ્રી આનંદશંકરભાઈનું વાંચન એટલું બધું વિશાળ છે કે આપણને તેનો સહજ

ખ્યાલ ન આવે. ગીતા, દર્શનશાસ્ત્ર, હિન્દુ ધર્મ જેવા કૂટ વિષયમાં તેઓ પારંગત છે. ગીતા ઉપરનાં તેમનાં વ્યાખ્યાનો જાણીતાં છે. આજે પણ તેઓ સ્વ. નરહર શાસ્ત્રી ગોડસેની માફક ગીતાપ્રવચન કરે છે. 'કૃષ્ણ કોણ?' એ નામનો તેમનો "કલ્યાણ કલ્પતરૂ"માં પ્રકટ થયેલો લેખ સુવિખ્યાત છે. તેમાં તેમણે મહાશય બંકીમ ચંદ્રની દૃષ્ટિ કબૂલ કરી છે, તે સાથે મહાશય બંકીમ ચંદ્ર કૃષ્ણજીવનનાં જે કેટલાંક ગૂઢ રહસ્યો સમજી શકયા નથી તે ઉચ્ચ રીતે સમજાવીને રજુ કર્યાં છે.

'વસંત' માસિક સમર્થ અને સુંદર રીતે ચલાવવું, એ જ તેમના વિદ્યાવિલાસીપણાની સાબિતી છે. એમાં છેલ્લે પાને આવતાં અંગ્રેજી સાહિત્યનાં અવતરણો તેમના વિશાળ વાચન અને વિદ્યારસિકતાની સાબિતી પૂરી પાડે છે.

'તેઓ લાંબું જીવો' એ અમારા આશીર્વાદ છે, અને તે દરમ્યાન નિવૃત્તિમાં ગુજરાતને તેમ જ પરપ્રાંતોને સેવાનો લાભ આપો અને વધુ માન મેળવતા રહો, એવું ઈશ્વર પાસે પ્રાર્થું છું.

આ પ્રસંગે હું વિલાયતના પ્રવાસે જતા ન્યાયમૂર્તિ શ્રી હરસિદ્ધભાઈ વજુભાઈ દિવેટીયા અને તેમનાં ધર્મપત્ની શ્રીમતી સૌ. જોલીબહેનને સફળ સફર, અમારી શ્રી ફાર્બસ ગુજરાતી સભા તરફથી તથા મારી તરફથી ઇચ્છું છું.

અન્ય વક્તાઓની પ્રશસ્તિ

ડૉ. એરેચ જહાંગીર તારાપોરવાળાએ તે પછી આચાર્યશ્રીને અભિનંદન આપતાં કહ્યું કે,

અમારો સંબંધ ગુરુ અને શિષ્ય જેવો છે. તેમણે બનારસની વિદ્યાપીઠને વ્યવસ્થિત કરવામાં ભજવેલો ભાગ ન ભૂલાય તેવો છે. તેમના વિશાળ જ્ઞાન અને આવડતને લીધે તેમણે હાથમાં લીધેલું સુકાન શોભાવ્યું છે અને ગુજરાતનું મોં ઉજળું કર્યું છે.

તે પછી **શ્રી કનૈયાલાલ મુનશી**એ આચાર્યશ્રીને અભિનંદન આપતાં કહ્યું હતું કે,

વડોદરામાં વિદ્યાપીઠની યોજના કરવા બાબત જે કમીશન નીમાયલું તેમાં અમે બંને હતા. આ પ્રસંગે મને આચાર્યશ્રીનો સારો લાભ મળેલો. જો કે અમારી બન્નેની ઉમ્મરમાં ઘણો તફાવત છે, છતાં અમે મિત્રો તરીકે રહી શકયા હતા, એ એમની રસિકતા બતાવે છે. તેમનો સ્વભાવ જોતાં મને એમ લાગે છે કે તેઓ દિવસે દિવસે વધુ નાના થતા જાય છે. તેઓ એક અગ્રગણ્ય સાક્ષર છે અને તેવા પ્રસંગોમાં તેઓ તટસ્થવૃત્તિ જાળવી શકે છે. સ્વભાવે વિદ્યાવ્યાસંગી અને રસિક છે. આવા માણસો મેં બહુ ઓછા જોયા છે. જૂના કાળના ઋષિમુનિઓની અનેક વાતો આપણે વાંચીએ છીએ. મેં આચાર્યશ્રીમાં બ્રાહ્મણત્વની પૂર્ણતા જોઈ છે. તેઓ સાચા ઋષિ છે. હું મારી નમ્ર અંજલિ તેમને આપું છું.

આચાર્ય શ્રી આનન્દશંકર ધ્રુવનો પ્રત્યુત્તર

આ પછી આચાર્યશ્રીએ પ્રત્યુત્તર વાળતાં કહ્યું કે,

મારા તરફના સદ્ભાવથી પ્રેરાઇને આપ સૌએ મારા માટે જે કહ્યું છે તેથી મને યાતના થાય છે. મને એમ થાય છે કે, મારામાં એવું શું છે? વિશ્વનાં સત્યો ઘણાં મહાન છે. આપણું અજ્ઞાન પણ વિશાળ છે. આપણી પાસે જે કાંઇ થોડુંઘણું જ્ઞાન છે તે વડે આપણે તે સત્યોને માપવા મથીએ છીએ, બનારસની યુનીવર્સિટીમાં મેં જે કાંઇ સુકૃત્ય કર્યું

છે તે કેવળ ઈશ્વરેચ્છાનું પરિણામ છે. ગાંધીજીની સૂચનાથી હા ના કરતાં હું ત્યાં ગયો અને શક્ય તે સેવા કરી. આ પદવી મને મળી છે, તેમાં હું મારૂં ગૌરવ સમજું છું. બ્રહ્મચર્યાશ્રમમાં જે જ્ઞાન મેળવેલું હોય છે તે ગૃહસ્થાશ્રમમાં ફળે છે. અધ્યાપક તરીકે મને જે સમય મળતો તે મેં સંસ્કૃતના વાચનમાં ગાળેલો. એ વર્ષો મારા પોતાને માટે કેળવણીરૂપ હતાં. બનારસ એ હિન્દુ સંસ્કૃતિનું કેન્દ્ર છે, એટલે દેશ-પરદેશના અનેક વિદ્વાનો ત્યાં આવતા અને તેમની જોડે મળેલા પ્રસંગોનો લાભ પણ મને ઉપકારક નીવડયો છે.

આ પછી થોડાક પ્રાસંગિક બોલ કહી આચાર્યશ્રીએ સૌનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો હતો.

તે પછી પ્રમુખશ્રીનો આભાર મનાયો અને મંદિરની અગાસીમાં સૌ ભાઈબ્હેનો અલ્પાહાર લેવા ગયાં. ત્યાંથી આનંદવાર્તા કરી સૌ છૂટાં પડયાં હતાં.

પહોંચ—સાભાર સ્વીકાર

શ્રી ફાર્બસ ગુજરાતી સભાના ત્રૈમાસિકના બદલામાં આવેલાં સાપ્તાહિકો, પાક્ષિકો, માસિકો અને ત્રૈમાસિકોના તંત્રીઓ અને પ્રકાશકોનો, તેમ જ પોતાના ગ્રંથો મોકલનાર ગૃહસ્થો અને સંસ્થાઓનો અમે અહીં આભાર માનીએ છીએ. તા. ૨૦-૬-૩૭

સં. ત્રૈ. અં. બુ. જાની

પુસ્તકો

૧૩ રૂપલેખા : રા. રા. ભગવાનલાલ લ. માંકડ. એમ. એ. બી, ટી. રાજકોટ મૂલ્ય રૂ. ૧-૦-૦

૧૪ મુસ્લીમ સમયનું સ્પેન અને બીજા નિબંધોઃ રા. રા. ઈમામુદ્દીન એસ. દરગાહ વાળા રૂ. ૦-૮-૦ નવસારી દરગાહ શરીફ.

૧૫ ભરૂચ: શ્રી કાઝીસૈયદ નુરૂદ્દીન હુસેન એહમદ હુસેન, શ્રીસયાજીબાલ જ્ઞાનમાળા પુ. ૧૪૬ મું, મૂલ્ય રૂ. ૦-૧૦-૦

૧૬ નુરૂન મોબીન, અથવા **અલ્લાહની પવિત્ર રસીઃ** લે. રા. રા. અલીમહમદ જાનમહમદ ચુનારા, (સચિત્ર) બૃહદ્ ગ્રંથ પાનાં ૮૨૪+૨૮ મુંબઈ નં. ૯, ડુંગરી ભીમપુરા, ખોજા સીંધી પ્રીં. પ્રેસ.

૧૭ માનસિક ભૂમિકા યાને બુદ્ધિનાં પ્રમાણો વિષેનો નિબંધઃ ડૉ. હેનરી હર્બર્ટ ગોડાર્ડનાં ભાષણોનો અનુવાદઃ અનુવાદક શ્રી ડૉ. પેસ્તનજી બેરામજી વેરડન, એમ. એસ., એમ. બી., દલાલ સ્ટ્રીટ, ફોર્ટ મુંબઈ.

૧૮ નવલ ગ્રંથાવલિ (સચિત્ર): તારણ કરનાર રા. રા. નરહરિ દ્વારકાદાસ પરીખ, ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાવલિ-૫; પ્રકાશક નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ.

સાપ્તાહિક

૧ **કેસરી** (પુના દર સાપ્તાહિક બે વાર) ૨ **"ગુજરાતી"** મુંબઈ, ૩ **"બેઘડીમોજ"** મુંબઈ, ૪ **"ઇસ્માઇલી"** મુંબઇ, ૫ **"પ્રજાબંધુ"** અમદાવાદ, ૬ **ગુજરાતીપંચ**, અમદાવાદ, ૭ **મુસ્લીમ ગુજરાત**. સુરત, ૮ **પ્રતાપ**, સુરત, ૯ **દાંડિયો**; સુરત, ૧૦ **મેમણ બુલેટીન**, રાજકોટ.

પાક્ષિક

૧ **"ગાંડિવ"**: ગુજરાતની આશાઓનું પાક્ષિક સુરત.

માસિક

૧ **નવચેતન:** કલકત્તા; વર્ષ ૧૬, પુ. ૩૧, અં. મે., અં. ૩, જુન (૧૯૩૭)
૨ **કૌમુદી:** નવું પુસ્તક પુ. ૧૫ અં. ૪ એપ્રીલ. અં. ૫ મે, અને અં. ૬ જુન (૧૯૩૭)
૩ **સમાજ:** મુંબઈ: પુ. ૨. અં. ૧૦, અને ૧૧. મે (લગ્નાંક) અને જુન.
૪ **શારદા:** વડોદરા: વર્ષ ૧૪. પુ. ૨૭ મું. અં. ૧ એપ્રીલ વાર્તા અં. ૨ મે, અં. ૩ જુન
૫ **ગુજરાત:** મુંબઇ: નવું પુસ્તક પુ. ૪, અં. ૨, ૩, ૪ એપ્રીલ, મે, ને જુન.
૬ **પ્રસ્થાન:** અમદાવાદ: વર્ષ ૧૨, અં. ૪, ૫, (સં. ૧૯૩૩) મહા અને ફાગણ.
૭ **ગુણસુંદરી:** મુંબઈ: પુ. ૨૮ અં. ૩ મે, અં. ૪ જુન.
૮ **પડકાર:** ડભોઇ પુ. ૨ અં. ૧૦, જુન.
૯ **શ્રી જૈન સત્યપ્રકાશ:** અમદાવાદ: પુ. ૨, અં. ૯ ચૈત્ર, અને અં. ૧૦ વૈશાખ.
૧૦ **પાટીદાર:** આણંદ: વર્ષ ૧૫ અં. ૬, ૭, ૮, ચૈત્ર, વૈશાખ અને જેઠ.
૧૧ **ખડાયતામિત્ર:** વર્ષ ૨૩, અં. ૭, ૮ (સં, ૧૯૯૩) વૈશાખ અને જેઠ.
૧૨ **ભાગ્યોદય:** અમદાવાદ: (સં ૧૯૯૩) વર્ષ ૨૫ અં. ૨, ચૈત્ર, અં. ૩ વૈશાખ.
૧૩ **કુમાર:** અમદાવાદ: આવતી કાલનાં નાગરિકોનું માસિક, સળગ અંક ૧૬૦, ૧૬૧, ને ૧૬૨ વર્ષ ૧૪ અં. ૪, ૫, અને ૬ (સં. ૧૯૯૩) ચૈત્ર, વૈશાખ, અને જેઠ.
૧૪ **પુસ્તકાલય:** વડોદરા: પુ. ૧૨, અં. ૫, ૬ અને ૭ એપ્રીલ, મે અને જુન.
૧૫ **પ્રજાપતિપ્રકાશ:** મુંબઈ: વર્ષ ૨. અં. ૧૧, ૧૨, મે, જુન.
૧૬ **કમર:** સુરત: વર્ષ ૦, અં. ૭ ૧૯૩૭

ત્રૈમાસિક

૧ **સ્થાનિક સ્વરાજ્ય:** મુંબઈ: વર્ષ ૩ ક્રમાંક ૧૧ એપ્રીલ.

શ્રી ફાર્બસ ગુજરાતી સભા

ત્રૈમાસિક

સંપાદક:
અંબાલાલ બુલાખીરામ જાની, બી. એ.

સૂચના:—પરિવર્તન અર્થે માસિકો આદિ, તેમજ અભિપ્રાય અને ભેટ અર્થે પુસ્તકો મોકલનાર વ્યવસ્થાપકોએ, અને પત્રવ્યવહાર કરનારાઓએ નીચેને શરનામે પત્રવ્યવહાર કરવો.

અંબાલાલ બુલાખીરામ જાની, બી. એ.
૩૬૫, શ્રી ફાર્બસ ગુજરાતી સભામંદિર
વિઠ્ઠલભાઇ રોડ, કોંગ્રેસ લેઇન, મુંબઈ નં. ૪

અનુક્રમણિકા

પુ૦ ૨ ઑક્ટોમ્બર-ડીસેમ્બર : ૧૯૩૭ અંક ૩

ગ્રાહકનાં નામ નોંધાવવાનાં અને લવાજમ ભરવાનાં સ્થળ:

૧. અંબાલાલ બુલાખીરામ જાની, ૩૬૫, શ્રી ફાર્બસ ગુજરાતી સભામંદિર
વિઠ્ઠલભાઈ રોડ, કૉંગ્રેસ લેઈન, મુંબઈ નં. ૪.

૨. મેનેજર: "આદિત્ય મુદ્રણાલય" રાયખડ : અમદાવાદ

શ્રી ફાર્બસ ગુજરાતી સભા

ત્રૈમાસિક

प्रकृतेः परिकर्माणि कालसुप्तानि सर्वशः ।
बुद्धया प्रज्वलितः शुद्धो दीपोऽयं द्योतयिष्यति ॥

પુસ્તક ૨ જું] ઈ. સ. ૧૯૩૭: ઑક્ટોમ્બર-ડીસેમ્બર: સંવત ૧૯૯૩ [અંક ૩

ગુજરાત
અને
લિપિકદમ્બક, લેખનસાહિત્ય તથા અક્ષરશિક્ષણ

(લેખક: પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા, એમ. એ.)

[અનુસંધાન: ગતાંક પૃષ્ઠ ૧૫૧ થી ચાલુ]

લેખાંક ૩[૧૬૬]

[(૭) **બ્રાહ્મી લિપિનો પરિચય**—ઉપક્રમ, **બ્રાહ્મી** લિપિની અક્ષરસંખ્યા (**નાગરી** લિપિની તેમ જ **ગુજરાતી** લિપિની અક્ષરસંખ્યા વિષે જુદા જુદા ઉલ્લેખો), **બ્રાહ્મી**ના અક્ષરોનો નિર્દેશ, વર્ણમાળામાં ઋ, ૠ, ૡ અને ૡ ના અસ્તિત્વ સંબંધી પ્રાચીન પ્રમાણો, વૈદિકકાલીન **બ્રાહ્મી** લિપિના સામાન્યતઃ ૬૪ અક્ષરોનો નિર્દેશ (ઋ અને ૡનાં ઉચ્ચારણ વિષે ઊહાપોહ, ૡ ના દીર્ઘ અને પ્લુત રૂપોને લગતી મીમાંસા, પ્લુત ઉચ્ચાર માટે ૧૩ અવસરો, એ અવસરોનો ક્રામિક હ્રાસ, પ્લુતનો આધુનિક સંકેત અને એના પૂર્વકાલીન સંકેતનો લોપ, સંધ્યક્ષરના પ્લુત, ર, શ, ષ અને હ પછી આવતા અનુસ્વારના ચિહ્નની વિવિધતા, વજ્રાકૃતિ અને ગજકુંભાકૃતિ સંબંધી ઉલ્લેખો અને એનાં ચિહ્નોમાં પરિવર્તન, ળ્હ ઉચ્ચારવાચક અક્ષર માટેના પ્રાચીન ચિહ્નનો લોપ, ષનો ખરૂપે ઉચ્ચાર અને ષનાં પ્રાકૃત રૂપો, યમનો અર્થ, તેના પ્રકારો અને તેનાં ઉદાહરણો), **બ્રાહ્મી** લિપિના વર્ણોની આકૃતિ સંબંધી **પ્રશ્નવ્યાકરણ**માંથી અવતરણો અને તેનો અર્થ (**પ્રશ્નવ્યાકરણ** પ્રમાણેના બાર સ્વરોનો નિર્દેશ), **બ્રાહ્મી** વર્ણમાળાની **અવેસ્તા** ભાષાની વર્ણમાળા સાથે

---

૧૬૬ "લેખાંક ૧" તરીકે **પ્રસ્તાવ, ગુજરાત વિષે ઊહાપોહ, અનુલેખ** અને **ભૌગોલિક સૂચી** આપવામાં આવેલ છે. એ લેખાંક આ **ત્રૈમાસિક**ના પુ. ૧, અં. ૪(પૃ. ૩૮૧-૪૦૧)માં અને પુ. ૨, અં. ૧(પૃ. ૨૯-૪૨)માં એમ બે કટકે છપાયેલો છે. એના પછી "લેખાંક ૨" તરીકે **લિપિકદમ્બક અને લિપિઓની નામાવલી** પુ. ૨, અં, ૨(પૃ. ૧૨૯-૧૫૧)માં છપાયેલ છે. અને આજે આ "લેખાંક ૩" પ્રસિદ્ધ કરાય છે.

તુલના (**અવેસ્તા**ની વર્ણમાળા અને એનું અક્ષરાન્તર), **બ્રાહ્મી** લિપિ લખવાની પદ્ધતિ, (**અશોક**ના લેખવાળા બે સ્તંભોની દિલ્હીમાં પધરામણી), **બ્રાહ્મી** લિપિની ઉત્પત્તિ સંબંધી આધુનિક તેમ જ પ્રાચીન મંતવ્યો, શું **બ્રાહ્મી** લિપિ **સેમિટિક** લિપિમાંથી નીકળી છે ? **બ્રાહ્મી** અને **સેમેટિક** લિપિ વચ્ચે મહત્ત્વના આઠ ભેદો, **બ્રાહ્મી** અક્ષરોની આકૃતિનું **ફારસી, રોમન, ગ્રીક** વગેરે લિપિઓની આકૃતિ સામે સામ્ય, લિપિઓના સંબંધનો નિર્ણય, **બ્રાહ્મી** લિપિનો ઉકેલ, **બ્રાહ્મી**માંથી **નાગરી** લિપિના ઉદ્ભવને લગતા આકૃતિપટો, (**શારદા**, વર્તમાન **બંગલા** અને **કાનડી**ની ઉત્પત્તિને લગતા આકૃતિપટોનો નિર્દેશ) અને **બ્રાહ્મી** લિપિના નમૂનાઓ (ઇ. સ. પૂ. ત્રીજા સૈકાથી માંડીને ઇ. સ. ૩૯૦ ની આસપાસના ગુજરાત સંબંધી ઉત્કીર્ણ લેખો); (૮) **ખરોષ્ઠી લિપિનો પરિચય**—એને લગતા ઉલ્લેખો, ખરોષ્ઠી લિપિ લખવાની પદ્ધતિ, ખરોષ્ઠી લિપિની ઉત્પત્તિ, ખરોષ્ઠી લિપિનું ભારતીય પ્રાચીન લિપિઓમાં સ્થાન, ખરોષ્ઠી લિપિનાં નામાન્તરો, ખરોષ્ઠી લિપિના નમૂનાઓ, ખરોષ્ઠી લિપિનું મૂળ, **આરમઇક** લિપિ સાથેની એની સમાનતા (આરમઇક લિપિનો સ્થૂળ પરિચય), ખરોષ્ઠી વર્ણમાળાનું સ્વરૂપ, ખરોષ્ઠી લિપિનો હિન્દમાં પ્રાદુર્ભાવ અને ખરોષ્ઠી લિપિનો ઉકેલ,* અને ચિન્ત્ય ઉલ્લેખો.]

ઉપક્રમ—

આ જગતમાં પ્રતિસમય ઉત્પત્તિ અને નાશ, એ બે ચક્રો ચાલ્યાં કરે છે અને એ ચક્રોની અસરથી આખી આલમની એકે ચીજ અલિપ્ત રહી નથી, રહેતી નથી કે રહેશે નહિ. આ પ્રમાણે પરિવર્તનશીલ સંસારમાં કેટલી યે વસ્તુઓ અત્યાર સુધીમાં ઉત્પન્ન થઈ હશે અને કેટલી યે નાશ પામી હશે, પરંતુ એમાંની બહુ જ થોડી વસ્તુઓની આપણને કંઇક ઝાંખી થઈ શકે તેમ છે. આ હકીકત લિપિઓને પણ લાગુ પડે છે. અત્યાર સુધીમાં અનેક લિપિઓ ઉદ્ભવી હશે અને એમાંની કેટલી યે નાશ પામી હશે, પરંતુ આપણી પાસે એવું એકે સાધન નથી, જે વડે આપણે એ દરેકનો નામનિર્દેશ પણ કરી શકીએ. આ પ્રમાણે જેનાં નામ પણ આપણે જાણી શકીએ તેમ નથી તેની વાત જવા દઇએ, તોપણ જેનાં નામો આપણને ઉપલબ્ધ થાય છે તે સર્વ લિપિઓનો પણ પરિચય કરી શકીએ તેવાં સાધનો જણાતાં નથી, એટલે કે એમાંથી પણ કેટલીક જ લિપિઓનો પરિચય આપી શકાય તેમ છે. વિશેષમાં " લેખાંક ૨ "(પૃ. ૧૪૫–૧૫૧)માં નોંધાયેલી તમામ લિપિનો પણ પરિચય આપવો અત્ર પ્રસ્તુત જણાતો નથી, એટલે એ પૈકી કેટલીકનો જ પરિચય મેં અત્ર આપવા ધાર્યો છે. એમાં ભારતીય લિપિનો મોટો અને મુખ્ય હિસ્સો છે, એથી ભારતીય લિપિઓનો અને તેમાં પણ એ તમામ લિપિઓની માતા ગણાતી **બ્રાહ્મી**[૧૬૭] લિપિ વિષે આપણે સૌથી પ્રથમ વિચાર કરીશું, અને ત્યાર બાદ **ખરોષ્ઠી** લિપિનો વિચાર કરી, આ લેખાંક પૂર્ણ કરીશું અને બાકીની લિપિઓ વિષે અને તેમાં ખાસ કરીને **નાગરી, ગુજરાતી** અને **રોમન** લિપિઓ વિષે તો " લેખાંક ૪ "માં વિચાર કરીશું.

બ્રાહ્મી લિપિના અક્ષરસંખ્યા—

જે બ્રાહ્મી લિપિ વિષે આપણે ગતાંક(પૃ. ૧૩૭, ૧૩૮, અને ૧૪૦–૧૪૪)માં ઉલ્લેખ

---

૧૬૭ જુઓ ગતાંકના ૧૪૪મા પૃષ્ઠ ઉપર આપેલ વંશવૃક્ષ.

કરી ગયા છીએ તે લિપિમાં શું નાગરી–દેવનાગરી લિપિની જેમ ૪૬[૧૬૮], ૪૭[૧૬૯], ૫૦[૧૭૦] કે ૫૨[૧૭૧] અક્ષરો છે કે ગુજરાતી લિપિની જેમ ૪૫[૧૭૨] કે ૪૮[૧૭૩] અક્ષરો છે કે એની સંખ્યા કંઇક જુદી જ છે? આનો ઉત્તર આપણે વિચારીશું.

પ્રાચીન ગ્રંથો તરફ નજર કરતાં **સમવાય** નામના જૈનોના આગમ(ગ્રંથ) સિવાય કોઇ અન્ય ગ્રંથ આ સંબંધમાં પ્રકાશ પાડતો હોય તો તે જાણવાજોવામાં નથી. **સમવાયના** ૪૬ મા સમવાય(પ્રકરણ)માં એવો સ્પષ્ટ ઉલ્લેખ છે કે **બ્રાહ્મી** લિપિમાં ૪૬ માતૃકાક્ષરો છે.[૧૭૪] આ રહ્યો એ ઉલ્લેખ:—

"बंभीए णं लिवीए छायालीसं माउयक्खरा"

આ ઉપરથી આપણે ફક્ત એટલું જ જાણી શકીએ છીએ કે બ્રાહ્મી લિપિમાં ૪૬ અક્ષરો છે, પરંતુ તે કયા કયા એ વિષે એ ગ્રંથ મૌન સેવે છે. એના ટીકાકાર શ્રી**અભય-દેવ**સૂરિ જેઓ **વિક્રમ**ની અગ્યારમી શતાબ્દીમાં થઇ ગયા છે તેઓ આ સંબંધમાં નીચે મુજબ નિર્દેશ કરે છે:—

"बंभीए णं लिवीए त्ति लेख्यविधौ षट्चत्वारिंशन्मातृकाक्षराणि, तानि चाकारादीनि हकारान्तानि सक्षकाराणि ऋ ॠ ऌ ॡ ळ इत्येवं तदक्षरपञ्चकवर्जितानि सम्भाव्यन्ते"

આ ઉપરથી સમજાય છે કે **ઋ, ૠ**, ૡ, ૡ અને **ળ** એ પાંચ સિવાયના બાકીના **અ** થી **હ** સુધીના અક્ષરો તેમ જ **ક્ષ** એમ ૪૬ અક્ષરો હોય એમ લાગે છે. આ ટીકાના સંપાદક મહાશય એ ઉલ્લેખને સ્પષ્ટ કરતાં નીચે મુજબ સૂચવે છે:

૧૬૮–૧૬૯ સ્વ. રાવબહાદુર **કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદીએ સંસ્કૃતશિક્ષિકા**(ઇ. સ. ૧૯૧૨ની દ્વિતીય આવૃત્તિ)ના પ્રથમ પૃષ્ઠ ઉપર સંસ્કૃત ભાષા આશ્રીને **અ, આ**, ઇ, ઈ, ઉ, ઊ, **ઋ, ૠ, ૡ, એ, ઐ, ઓ** અને **ઔ** એમ ૧૩ સ્વરો અને ક્ થી હ્ સુધીના ૩૩ વ્યંજનો, એમ કુલે ૪૬ ગણાવ્યા છે. વેદની ભાષામાં **ળ** છે, એવી ત્યાં તેમણે નોંધ કરી છે.

૧૭૦ **મહારાષ્ટ્રીય જ્ઞાનકોશ**(પ્રસ્તાવનાખંડ, વિભાગ ૫ મો)ના ૪૦ મા પૃષ્ઠમાં ૧૬ સ્વરો અને ૩૪ વ્યંજનો એમ ૫૦ ગણાવાયા છે. વળી તેમાં ૩૪ વ્યંજનથી ક્ થી હ્ સુધીના વ્યંજનો ઉપરાંત ળ્ ગણાવાયો છે. જુઓ ઉપર્યુક્ત **જ્ઞાનકોશ**નું ૩૯ મું પૃષ્ઠ.

૧૭૧–૧૭૩ શ્રીયુત **મૂળજીભાઈ હીરાલાલ ચોકસી** એમ્. એ. પોતાની કૃતિ નામે **નવીન વ્યાકરણ ભા. ૩જો**(બીજી આવૃત્તિ, ઇ. સ. ૧૯૩૫)ના ૧૧મા પૃષ્ઠ ઉપર સંસ્કૃતમાં ૫૨ અક્ષરો છે, એમ કહી એ ગણાવે છે, અને એના તેઓ નીચે મુજબ બે વર્ગ પાડે છે:—

(૧) **અ, આ**, ઇ, ઈ, ઉ, ઊ, **એ, ઐ, ઓ, ઔ**, અં, અઃ, **ઋ, ૠ, ૡ**, અને **ૡ**.

(૨) ક્ થી હ્ ઉપરાંત ળ્, ક્ષ્ અને જ્ઞ્.

ગુજરાતી લિપિમાં ઉપર્યુક્ત પ્રથમ વર્ગના છેલ્લા ચાર અક્ષરો તેઓ ગણાવતા નથી, એટલે એ દૃષ્ટિએ તેઓ ગુજરાતી લિપિમાં ૪૮ અક્ષરો ગણાવે છે. વિશેષમાં તેઓ આ જ પૃષ્ઠમાં ઉમેરે છે કે "ગુજરાતી ભાષામાં સંસ્કૃતનો **ઋ** વપરાય છે...પણ ૠ, ઌ અને ૡ એ ત્રણ અક્ષરનો ઉપયોગ થતો નથી તેમજ **અં** તથા **અઃ** ને જુદા સ્વર તરીકે ગણવામાં આવતા નથી ને ક્ષ તથા જ્ઞ એ બે જોડાક્ષર છે, તેથી બધા મળીને ગુજરાતીમાં ૪૫ અક્ષરો છે."

૧૭૪ જૈનોનું જે **દૃષ્ટિવાદ** નામનું બારમું અંગ લુપ્ત થઇ ગયું છે તેમાં બ્રાહ્મી અક્ષરોની સંખ્યા ૪૬ ની માની છે (Weber, Indische Studien XVI, 281) એવો ઉલ્લેખ શ્રીયુત **ઓઝાએ ભારતીય પ્રાચીન** લિપિમાળાના ૪૬ મા પૃષ્ઠમાં કર્યો છે.

" स्वरचतुष्टयवर्जनात् विसर्गान्तानि द्वादश पञ्चविंशतिः स्पर्शाः चतस्रोऽन्तःस्थाः ऊष्माणश्च चत्वारः क्षवर्णश्चेति षट्चत्वारिंशद् वर्णाः । "

અર્થાત્ ૧૨ સ્વરો, ૨૫ સ્પર્શવ્યંજનો, ૪ અંતઃસ્થ, ૪ ઊષ્મા અને ક્ષ એમ ૪૬ અક્ષરો છે.

આ સંબંધમાં શ્રીયુત **ઓઝાનું** કહેવું એ છે કે ઉપર્યુક્ત ૪૬ અક્ષરો નીચે મુજબ હોવા જોઇએઃ—

અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, એ, ઐ, ઓ, ઔ, અં, અઃ, ક, ખ, ગ, ઘ, ઙ, ચ, છ, જ, ઝ, ઞ, ટ, ઠ, ડ, ઢ, ણ, ત, થ, દ, ધ, ન, પ, ફ, બ, ભ, મ, ય, ર, લ, વ, શ, ષ, સ, હ અને **ળ** અથવા **ક્ષ**.[૧૭૫]

ચીની યાત્રી **હુએન્ત્સંગ** કે જેમણે આપણા દેશની ઇ. સ. ૬૨૯ થી ઇ. સ. ૬૪૫ સુધી યાત્રા કરી હતી, તેઓ અક્ષરોની સંખ્યા ૪૭ બતાવે છે, એટલે કે શ્રીયુત **ઓઝાએ** જણાવેલા **અ** થી **હ** સુધીના ૪૫ અક્ષરો અને એ ઉપરાંત **ક્ષ** અને **જ્ઞ** હોવા જોઇએ, એમ તેઓ માને છે. જુઓ **ભારતીય પ્રાચીન લિપિમાળા** (પૃ. ૪૬).

જૈનોના અર્ધમાગધીરૂપ અને બૌદ્ધોના પાલીરૂપ પ્રાકૃત સાહિત્યમાં **ઋ, ૠ, ઌ** અને **ૡ** માટે સ્થાન નથી. વળી સામાન્ય જનોના વ્યવહારમાં પણ એ ભાગ્યે જ આવે છે. આ ઉપરાંત અસલ એટલે કે ઇ. સ. પૂર્વેની ત્રીજી શતાબ્દીમાં બારાખડી (દ્વાદશાક્ષરી) શીખનારને પણ એ શીખવાતા નહિ, કેમકે **અશોક**ના સમયના બુદ્ધગયાના મંદિરની પાસે મહર્ષિ **બુદ્ધ**ના ચંક્રમ યાને ભ્રમણસ્થાનમાં બે બાજુએ જે અગ્યાર અગ્યાર સ્તંભોની બે પંક્તિ છે, તે સ્તંભોની કુંભી ઉપર એ સિવાયના **અ** થી **ટ** સુધીના અક્ષરો ખોદાયેલા છે, એટલે તેમાં **ઋ, ૠ, ઌ** અને **ૡ** નથી. આ પ્રમાણે શ્રીયુત **ઓઝાએ** પૃ. ૪૬ માં નિર્દેશ કર્યો છે. આ સંબંધમાં તેઓ ઉમેરે છે કે સામાન્ય લોકના વ્યવહારમાં આ ચાર અક્ષરો આવતા ન હતા, કિન્તુ એને વર્ણમાળામાં સ્થાન મળેલું હતું, કારણ કે જાપાનમાં આવેલા હોર્યુજી નામના સ્થાનમાંના બૌદ્ધ મઠમાં જે **ઉષ્ણીષવિજયધારિણી**નામક પુસ્તકની ઇ. સ. ના છઠ્ઠા સૈકાની તાડપત્રીય પ્રતિ છે તેના અંતમાં એ લેખકે જે વર્ણમાળા આપેલી છે, તેમાં એ ચારે અક્ષરો છે.[૧૭૬] વિશેષમાં હસ્રાકોલમાંથી મળેલા અને ઇ. સ. ની બારમી શતાબ્દીના ગણાતા બૌદ્ધ તાંત્રિક શિલાલેખમાં પ્રત્યેક વર્ણ ઉપર અનુસ્વાર લખીને પૂરી વર્ણમાળા અપાયેલી છે, જેમાં **ઋ, ૠ, ઌ** અને **ૡ** એ ચારે વર્ણો છે. વળી **ઉદયાદિત્ય**ના સમયના ઉજ્જૈનના શિલાલેખના અંતમાં જે પૂરી વર્ણમાળા આપેલી છે તેમાં પણ આ ચાર વર્ણો છે.[૧૭૭]

વૈદિકકાલીન બ્રાહ્મી લિપિના સામાન્તઃ ૬૪ અક્ષરો—

વૈદિક સાહિત્યમાં દીર્ઘ **ૡ** અને પ્લુત ઌને ન ગણતાં વધારેમાં વધારે ૬૪ ધ્વનિસૂચક સંકેત અર્થાત્ વર્ણ હતા, અને તદનુસાર વૈદિક કાળમાં બ્રાહ્મી લિપિના ધ્વનિસૂચક સંકેત

૧૭૫ જુઓ **ભારતીય પ્રાચીન લિપિમાળા** (પૃ. ૪૬.)

૧૭૬ એજન, પૃ. ૪૬.

૧૭૭ એજન, પૃ. ૪૭.

યા અક્ષર નીચે લખ્યા મુજબ મનાતા હતા, એમ શ્રીયુત **ઓઝા** ૪૪ મા પૃષ્ઠમાં સૂચવે છેઃ-

સ્વર	હ્રસ્વ	अ, इ, उ, ऋ[१७८], ऌ[१७९]
	દીર્ઘ	आ, ई, ऊ, ॠ [ॡ ?]
	પ્લુત[૧૮૦]	आ३[१८१], ई३, ऊ३, ॠ३ [ॡ३ ?]
	સંધ્યક્ષર	ए, ऐ, ओ, औ
	સંધ્યક્ષરના પ્લુત[૧૮૨]	ए३, ऐ३, ओ३, औ३

૧૭૮-૧૭૯ આ એના શુદ્ધ ઉચ્ચાર ઘણાં વર્ષોથી લુપ્ત થઈ ગયા છે. કેટલાક લોકો એના ઉચ્ચાર रि અને लि જેવા કરે છે, દક્ષિણના કેટલાક લોકો रु અને लु થી વિલક્ષણ ઉચ્ચાર કરે છે અને ઉત્તર ભારતના કેટલાક વૈદિક જનો र् અને ल् એવા ઉચ્ચાર કરે છે, પરંતુ આ ત્રણે અશુદ્ધ છે. એના વાસ્તવિક ઉચ્ચાર र અને लના સ્વરમય ઉચ્ચાર હતા, પણ તે આજે લુપ્ત થયા છે, અને હવે તો કેવળ એના અક્ષર-સંકેત રહી ગયા છે. આ પ્રમાણે શ્રીયુત **ઓઝા**એ ૪૪ મા પૃષ્ઠમાં સૂચવ્યું છે.

ऌ સ્વર વેદમાં કેવળ क्लृप् ધાતુમાં ઉપલબ્ધ થાય છે. એ સિવાય સંસ્કૃત સાહિત્યમાં તો એનો પ્રયોગ નથી. તોતડું બોલનારાં બાળકો ऋ નો જે અશુદ્ધ ઉચ્ચાર કરે છે તેના અનુકરણરૂપે ऌ ને વૈયાકરણોએ સ્વીકાર્યો છે, પરંતુ એના પ્લુતનો પ્રયોગ માનવા તેઓ તૈયાર નથી, કેમકે એનો વ્યવહાર જ નથી. **શુક્લ યજુર્વેદ**ના પ્રાતિશાખ્યમાં અન્ય સ્વરોની સાથે સમાનતા કરવા માટે ऌ-નાં દીર્ઘ અને પ્લુત રૂપો સ્વીકારાયાં છે, પરંતુ એનો પ્રયોગ કોઇ સ્થળે જણાતો નથી. હ્રસ્વ ऌવાળા શબ્દના કલ્પિત સંબોધનમાં પ્લુત ऌ હોવાનું વૈયાકરણ અને કેટલાક શિક્ષાકાર માને છે, તો પણ ખરી રીતે ऌ હ્રસ્વ જ છે. આ પ્રમાણે શ્રીયુત **ઓઝા** ૪૪ મા પૃષ્ઠમાં કહે છે.

૧૮૦ **પાણિનિ**કૃત **અષ્ટાધ્યાયી**(૮. ૨. ૮૨-૧૦૮) માં સૂચવાયું છે તેમ (૧) સંબોધન, (૨) વાક્યનો પ્રારંભ, (૩) યજ્ઞકર્મ, (૪) મંત્રોનો અંત, (૫) યજ્ઞની આજ્ઞા, (૬) પ્રત્યુત્તર, (૭) કોઇના વાક્યને દોહરાવું, (૮) વિચારણીય વિષય, (૯) પ્રશંસા, (૧૦) આશીર્વાદ, (૧૧) કોપ, (૧૨) ફિટકાર અને (૧૩) સદાચારનું ઉલ્લંઘન, એમ તેર અવસરોમાં પ્લુતનો પ્રયોગ વૈદિક સાહિત્ય અને પ્રાચીન સંસ્કૃત સાહિત્યમાં થતો; પરંતુ પાછળથી કેવળ સંબોધન અને પ્રણામના પ્રત્યુત્તર પૂરતો જ એનો વ્યવહાર થવા લાગ્યો. મહર્ષિ **પતંજલિ**એ વ્યાકરણ શીખનારને એક પ્રાચીન ગાથા દ્વારા કહ્યું છે કે જો તમને અભિવાદના ઉત્તરમાં પ્લુતનો પ્રયોગ કરતાં નહિ આવડશે તો તમને સ્ત્રીઓની પેઠે સાદા પ્રણામ કરાશે. આ ઉપરથી સમજાય છે કે સ્ત્રીઓની વાતચીતમાંથી તો પ્લુતનો પ્રયોગ જતો રહ્યો હતો, પરંતુ પાછળથી પુરુષોના વ્યવહારમાં પણ એ લુપ્ત થયો. કેવળ કોઇ કોઇ સ્થળે વેદોના પારાયણમાં, પ્રાતિશાખ્યોમાં તથા વ્યાકરણના નિયમોમાં એનાં દર્શન થાય છે.

—જુઓ **ભારતીય પ્રાચીન લિપિમાળા** (પૃ. ૪૫).

૧૮૧ આજકાલ પ્લુત યાને ત્રિમાત્રિક સ્વર દર્શાવવા દીર્ઘ સ્વરની પાસે ૩ નો અંક લખાય છે, પરંતુ એ પ્રાચીન રીતિ હોય એમ લાગતું નથી. દીર્ઘ સ્વરો માટે જેમ હ્રસ્વ સ્વરની આગળ ૨ નો અંક ન લગાડતાં બ્રાહ્મી તેમ જ વર્તમાન નાગરીમાં એને માટે સ્વતંત્ર સંકેત અને માત્રાઓ મળે છે, તેમ પ્રાચીન કાળમાં પ્લુત સ્વરો માટે પણ કોઈ ખાસ ચિહ્ન હશે, જેનો આજે પત્તો લાગતો નથી. જેમ વર્તમાન નાગરીમાં, ગુજરાતીમાં તેમજ મોડીમાં ए, ऐ, ओ અને औના મૂળ સંકેત નહિ રહેવાથી अ ઉપર માત્રા લગાવી કામ ચલાવી લેવાય છે, તેમ પ્લુતનાં પ્રાચીન ચિહ્નો નષ્ટ થતાં ૩ નો અંક ઉપજાવી કઢાયો હશે.—જુઓ એજન પૃ. ૪૫.

૧૮૨ **એ, ઐ, ઓ** અને **ઔ** એ ચાર સંધ્યક્ષરના પ્લુત કોઇક સ્થળે પૂરા સંધ્યક્ષરના

અયોગવાહ	અનુસ્વાર ०		ꣳ[૧૮૩] (ગ્વં અથવા ગું)
	વિસર્ગ :		
	જિહ્વામૂલીય[૧૮૪]	×क	× ख
	ઉપધ્માનીય[૧૮૫]	≍प	≍फ

વ્યંજન (અકારસહિત)

સ્પર્શ	क,	ख,	ग,	घ,	ङ
	च,	छ,	ज,	झ,	ञ
	ट,	ठ,	ड,	ढ,	ण
			ळ[૧૮૬]	ळ्ह[૧૮૭]	
	त,	थ,	द,	ध,	न
	प,	फ,	ब,	भ,	म

પ્લુત કરીને તો કોઈક સ્થળે ઇને અને ઉને છોડીને કેવળ અનો પ્લુત કરીને બતાવાય છે. જેમકે अग्नेऽ યાને अग्नाऽइ.

—એજન પૃ. ૪૫.

૧૮૩ વેદોમાં ર, શ, ષ કે હ ની પૂર્વે અનુસ્વાર આવે ત્યારે તેનો ઉચ્ચાર ગ્વં કે ગું જેવો કરાય છે; તે દર્શાવવા વેદોમાં આવું (ꣳ) ચિહ્ન છે. આ ચિહ્ન **યજુર્વેદ**માં પણ ઉપલબ્ધ થાય છે. **શુક્લ યજુર્વેદ**ના પ્રાતિશાખ્યમાં એના હ્રસ્વ, દીર્ઘ અને ગુરુ એમ ત્રણે પ્રકારોનો નિર્દેશ છે અને એ ત્રણેનાં પૃથક્ પૃથક્ ચિહ્નોની કલ્પના કરાયેલી છે. કોઇ કોઇ પ્રાચીન શિલાલેખ વગેરેમાં 'વંશ'ને બદલે 'વઙ્શ' અને 'સિંહ'ને બદલે 'સિઙ્હ' નજરે પડે છે. **શની પહેલાંના** અનુસ્વારનો ઉપર્યુક્ત ઉચ્ચાર આજે પણ કેટલાક કરતા જણાય છે અને કેટલાક બંગાળીઓ તો હિમાંશુ, સુધાંશુ વગેરે નામોને હિમાંગ્શુ, સુધાંગ્શુ ઇત્યાદિ રૂપે અંગ્રેજીમાં લખતા જોવાય છે. —એજન પૃ. ૪૫

૧૮૪-૧૮૫ **બોપદેવ** પોતાના વ્યાકરણમાં અનુસ્વાર અને વિસર્ગને જેમ બિંદુ અને દ્વિબિંદુ તરીકે ઓળખાવે છે તેમ તેઓ જિહ્વામૂલીય અને ઉપધ્માનીયને અનુક્રમે વજ્રાકૃતિ અને ગજકુંભાકૃતિ તરીકે ઓળખાવે છે. **સિદ્ધહૈમ** વ્યાકરણના "अं अः × क × पशषसा शिट्" (૧-૧-૧૬) ની સ્વોપજ્ઞલઘુવૃત્તિમાં "**वज्रगजकुम्भाकृती**" એવો ઉલ્લેખ છે, જે ઉપર સાથે મળતો આવે છે.

પ્રો. **વિલિયમ ડ્વાઇટ વ્હિટ્નિ** (William Dwight Whitney)એ પોતાના વ્યાકરણ નામે "A Sanskrit Grammar"(પૃ. ૨૨-૨૩)માં જિહ્વામૂલીય અને ઉપધ્માનીય સંબંધમાં જે લખાણ કર્યું છે તે અત્ર વિચારી લેવું. વિશેષમાં ડૉ. **એફ. કીલહૉર્ન**(F. Kielhorn)નો ઇ. સ. ૧૮૮૦-૮૧નો હેવાલ (Report) તેમજ "Annual Report of the Mysore Archaeological Department for the year 1926" (પૃ. ૨૭-૨૮) જોવા.

જિહ્વામૂલીય અને ઉપધ્માનીય માટે જુદાં જુદાં ચિહ્નો હતાં અને તેમાં પરિવર્તન થયેલ હોય એમ જણાય છે. **ભારતીય પ્રાચીન લિપિમાળાના** ૧૭મા, ૨૧મા, ૨૩મા, ૨૮મા અને ૨૯મા લિપિપત્રોમાં ઉપધ્માનીય માટે ≍, ≍, ×, ≍ અને ≍ એમ અનુક્રમે ચિહ્ન આપેલાં જોવાય છે, જ્યારે જિહ્વામૂલીય માટે તો × આ જ ચિહ્ન જોવાય છે.

૧૮૬ **ઋગ્વેદ**માં બે સ્વરોની વચ્ચમાં ડ આવતાં તેનો ઉચ્ચાર ળ થાય છે. ળનો પ્રચાર રજપુતાના, ગુજરાત, કાઠિયાવાડ તેમ જ સમસ્ત દક્ષિણમાં અત્યારે પણ છે, અને એનો સંકેત પૃથક્ છે અને તે પ્રાચીન ળ ઉપરથી ઉદ્ભવ્યો છે. આ પ્રમાણે શ્રીયુત **ઓઝા** ૪૫મા પૃષ્ઠમાં સૂચવે છે.

'ળ' માટે 'જૂની ગુજરાતી ભાષા"(પૃ. ૫) માં તેમ જ "બુદ્ધિપ્રકાશ"(વ. ૮૩, અં. ૨) માં કેટલોક ઊહાપોહ છે, તેની અત્ર હું નીચે મુજબ નોંધ લઉં છું.

અન્તસ્થ	य, र, ळ, व
ઊષ્મન્	श, ष[१८८], स, ह
યમ[૧૮૯]	कुं, खुं, गुं, घुं

શ્રીસયાજી સાહિત્યમાલાના પુષ્પ ૨૩૯મા તરીકે પ્રસિદ્ધ થયેલ અને શ્રીયુત **ચતુરભાઇ પુરુષોત્તમદાસ પટેલ**, બી. એ. દ્વારા રચાયેલ "જૂની ગુજરાતી ભાષા" ના પાંચમા પૃષ્ઠમાં 'ળ' સંબંધી નીચે મુજબ ઉલ્લેખ છેઃ—

"પાણિનિના સંસ્કૃતમાં ळ નથી, છતાં પૈશાચી પ્રાકૃતમાં તે આવ્યો છે અને ગુજરાતીમાં હાલ વપરાય છે. તે વૈદિક સંસ્કૃતમાં હતો. " अग्निमीळे पुरोहितं "

ઉપર્યુક્ત ગ્રન્થનું "એક અણમોલ અનુપૂર્તિ" એ શિરોલેખપૂર્વક અવલોકન જે શ્રીયુત **કેશવરામ કાશીરામ શાસ્ત્રી**એ લખ્યું છે અને જે "બુદ્ધિપ્રકાશ"(વ. ૮૩, અં. ૨)માં છપાયેલું છે, તેના ૧૩૨મા પૃષ્ઠમાં નીચે પ્રમાણે નિર્દેશ કરાયો છેઃ—

"કેટલાંક ઉચ્ચારણો સંસ્કૃત પ્રાકૃતમાં ન હતાં છતાં લોકભાષાના કોઇ એક ભાગમાં રહી જવા પામેલાં, તેનું સારામાં સારૂં ઉદાહરણ જિહ્વામૂલીય **ળ** છે. અર્ધતાલવ્ય ड़ અને જિહ્વામૂલીય ळनो ઉચ્ચારભેદ વૈદિકકાળ જેટલો જૂનો છે. બેશક બન્ને ઉચ્ચારણ માટે તે સઙ્કેત એક જ હતો, અને તેથી જ अग्निमीळेમાંનો ळ અર્વાચીન કાળમાં વપરાતો ळ છે, તેમ ક્વચિત્ વિદ્વાનો કહેતા જણાય છે. વસ્તુસ્થિતિયે ईड़े=ईळे અર્ધતાલવ્ય અને इला=इळा એ જિહ્વામૂલીય છે.

આમાંનું અર્ધતાલવ્ય ઉચ્ચારણ લેખનમાં વ્યક્ત થતું પ્રાકૃત ભાષાઓમાં તો નષ્ટ જ થઇ ગયેલું કેમકે એને માટે પૃથક્ સઙ્કેત અદ્યાપિ પર્યન્ત નથી જ મળતો. ळ જિહ્વામૂલીય માટે બ્રાહ્મીમાં સઙ્કેત પ્રાપ્ત થાય છે જ; પણ ઉચ્ચારણમાં તો તે પૈશાચી પ્રાકૃતમાં હતો જ. તે જિહ્વામૂલીય હતો તે ભૂલાવું ન જોઇએ. ईळेનો ळ અર્ધતાલવ્યે જ ड़ જ હતો, તે તરફ રા. ચતુરભાઈનું ધ્યાન ખેંચું છું."

૧૮૭ ઋગ્વેદમાં બે સ્વરોની વચ્ચે ઢ આવતાં તેનો ઉચ્ચાર ળ્હ કરાય છે. એ ઉચ્ચાર દર્શાવવા માટે આજકાલ ળ્ અને હ જોડીને લખાય છે, પરંતુ પ્રાચીન સમયમાં એને માટે કોઈ પૃથક્ ચિહ્ન હોવું જોઈએ. કેમકે પ્રાચીન તેલુગુ-કાનડી, ગ્રંથ અને તામિલ લિપિઓમાં લખાયેલા લેખોમાં **ળ થી** ભિન્ન **ળ઼** મળે છે. એવું જ કોઇ ચિહ્ન ઢ ના સ્થાનમાં વપરાતા ળ્હ માટે પ્રાચીન વૈદિક ગ્રંથોમાં હોવું જોઇએ. આ પ્રમાણે શ્રીયુત **ઓઝા**નું માનવું છે.

—જુઓ **ભારતીય પ્રાચીન લિપિમાળા** (પૃ. ૪૫.)

૧૮૮ **યાજ્ઞવલ્કય** અનુસાર ઉત્તર ભારતના યજુર્વેદીઓ સંહિતાપાઠમાં **ટ**વર્ગ સાથેના સંયોગને છોડીને અન્યત્ર **ષ** નો ઉચ્ચાર **ખ** કરે છે. એ ઉપરથી મિથિલા, બંગાળ, પંજાબ વગેરેના સંસ્કૃતજ્ઞો તેમ જ અન્ય જનો સંસ્કૃત ભાષા બોલતી વેળા તેમ જ પોતાની માતૃભાષા બોલતી વેળા **ષ**ને બદલે **ખ** બોલે છે. આ વૈદિક ઉચ્ચારણ ઉપરથી પ્રાકૃતમાં **ક્ષ**ના છ (ચ્છ) અને **ખ** (ક્ખ) એમ બે રૂપો થઈ ગયાં. આ પ્રમાણે શ્રીયુત **ઓઝા** કથે છે.

—એજન, પૃ. ૪૬

૧૮૯ પાંચ વર્ગો પૈકી કોઇ પણ વર્ગના પહેલા ચાર વર્ણોનો કોઇ પણ વર્ગના પાંચમા (અનુનાસિક) વર્ણ સાથે સંયોગ થાય ત્યારે એ અનુનાસિક વર્ગની પહેલાં, વૈદિક કાળમાં જે એક વિલક્ષણ ધ્વનિ થતો તેને 'યમ' કહેવામાં આવે છે. આ ઉપરથી યમની સંખ્યા ૨૦ ની થવા જાય છે, પરંતુ પ્રાતિશાખ્યોમાં તેમ જ શિક્ષાઓમાં ચાર જ યમનો નિર્દેશ છે. એ ચારનાં નામ યાને સંકેત कुं, खुं, गुं અને घुं રાખવામાં આવેલ છે. કહેવાની મતલબ એ છે કે **ક, ચ, ટ, ત** અને **પ** એના સંયોગથી ઉત્પન્ન થતો યમ તે 'ક્' કહેવાતો અને એને માટે એક નિયત ચિહ્ન હતું. એવી રીતે **ખ, છ, ઠ, થ** અને **ફ** ના સંયોગથી ઉદ્‌ભવતો યમ 'ખ્', ગ, જ, ડ, દ અને બના સંયોગથી

જો દીર્ઘ અને પ્લુત ૡ માટે એકેક ચિહ્ન તેમ જ વીસે યમ માટે પૃથક્ પૃથક્ ચિહ્ન પૂર્વે હતાં, એમ માનીએ તો ચિહ્નોની કુલ સંખ્યા ꣳને ન ગણતાં ૮૨ ની ગણાવી જોઇએ.

યજુર્વેદમાં ળ અને ળ્હ નો પ્રયોગ નથી, કિન્તુ ꣳનો પ્રયોગ છે, એ વાતને ધ્યાનમાં લેતાં એમાં ઋગ્વેદ કરતાં એક વર્ણ ઓછો હોવાનું પ્રતીત થાય છે. જો ꣳના ત્રણ પ્રકારો સ્વીકારીએ તો બે અક્ષરો અધિક ગણી શકાય.

બ્રાહ્મી લિપિના વર્ણોની આકૃતિ—

બ્રાહ્મી લિપિના તમામ વર્ણોની આકૃતિ વિષે કોઈ પણ શબ્દાત્મક ઉલ્લેખ મારા જોવા-જાણવામાં નથી. જૈનોના **પ્રશ્નવ્યાકરણ**ને નામે ઓળખાતા, પરંતુ એમના દશમા અંગરૂપ નહિ એવા **પ્રશ્નવ્યાકરણ**ની નિમ્નલિખિત ગાથાઓ બ્રાહ્મી લિપિના વર્ણ ઉપર પ્રકાશ પાડતી હોય એમ લાગે છે.—

" पढमो तइयो य सरो, सत्तम णवमो य तिरियमत्ताउ ।
मूलसर उड्ढमत्ता, पंचम छट्ठा य अहोमत्ता ॥ १६ ॥ "[૧૯૦]

અર્થાત્ પહેલા, ત્રીજા, સાતમા અને નવમા એ સ્વરો[૧૯૧] તિર્યક્‌માત્રાવાળા છે, [૧૯૨]મૂળ સ્વરો ઊર્ધ્વમાત્રાવાળા છે, તેમ જ [૧૯૩]પાંચમા અને છઠ્ઠા સ્વરો અધમાત્રાવાળા છે.

" दीहा वट्टा तंसा, चउरंसा आयया य संठाणा ।
कखमादिणो उ वग्गा, मिस्सा मिस्सेसु णायव्वा ॥ १४९ ॥ "[૧૯૪]

અર્થાત્ ક, ચ, ટ, ત, પ, ય અને શ એ સાત વર્ણો લાંબા આકારવાળા છે; ખ, છ, ઠ, થ, ફ, ર અને ષ, એ સાત વર્ણો ગોળ આકારના છે; ગ, જ, ડ, દ, બ, લ અને સ એ સાત વર્ણો ત્ર્યસ્ર (ત્રિકોણ) છે; ઘ, ઝ, ઢ, ધ, ભ, વ અને હ એ સાત વર્ણો ચતુરસ્ર (ચતુષ્કોણ) છે; અને ઙ, ઞ, ણ, ન અને મ એ પાંચ અનુનાસિકો આયત (લંબ આકારના) છે.

ઉદ્ભવતો યમ 'ગ્' અને ઘ, ઝ, ઢ, ધ અને ભના સંયોગથી ઉત્પન્ન થતો યમ 'ઘ્' કહેવાતો. એ પ્રત્યેક યમ માટે કોઈ નિયત ચિહ્ન હતું, પરંતુ હજી સુધી એ ચિહ્નોનો પત્તો લાગ્યો નથી. 'ક્' યમ, 'ખ્' યમ, 'ગ્' યમ અને 'ઘ્' યમ માટે વ્યાકરણમાં નીચે મુજબનાં ઉદાહરણો નોંધાયેલાં છે:—

પત્ની = પત્‌ક્‌ની; સક્થ્ના = સક્થ્‌ખ્‌ના; અગ્નિ = અગ્‌ગ્‌નિ અથવા યજ્ઞ = યજ્‌ગ્‌ગ્‌ન; અને ગૃભ્ણામિ = ગૃભ્‌ઘ્‌ણામિ. —જુઓ **ભારતીય પ્રાચીન લિપિમાળા** પૃ. ૪૬

૧૯૦ આનું પ્રતિસંસ્કૃત નીચે મુજબ છે:—

प्रथमस्तृतीयश्च स्वरः सप्तमो नवमश्च तिर्यग्मात्रिकः ।
मूलस्वरा ऊर्ध्वमात्राः पञ्चमषष्ठौ चाधोमात्रिकौ ॥

૧૯૧-૧૯૩ એકંદર બાર સ્વરો નીચે મુજબ છે, એમ હવે પછીના પૃષ્ઠ ઉપર આપેલી ૧૫૧ મી ગાથા ઉપરથી જણાય છે:—

અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, એ ઐ, ઓ, ઔ, અં ને અઃ.

આ ઉપરથી પ્રસ્તુત સ્વરો તરીકે અ, ઇ, એ અને ઓનો ઉલ્લેખ થઈ શકે તેમ છે. એવી રીતે ઈ, ઐ અને ઔને મૂળ સ્વરો અને ઉ અને ઊને પાંચમા અને છઠ્ઠા સ્વરો ગણી શકાય.

૧૯૪ આનું પ્રતિસંસ્કૃત નીચે પ્રમાણે છે:—

दीर्घा वक्रास्त्र्यस्राश्चतुरस्रा आयताश्च संस्थानाः ।
कखादयस्तु वर्गा मिश्रा मिश्रेषु ज्ञातव्याः ॥

" दो वट्टा दो दीहा, दो तंसा दो य होंति चउरंसा ।
दोन्नि य होंति तिकोणा, दो वंक सर त्ति णायव्वा ॥ १५० ॥ "[१९५]

અર્થાત્ બે સ્વરો વૃત્ત (ગોળ), બે દીર્ઘ, બે ત્ર્યસ્ર (ત્રાંસા), બે ચતુરસ્ર, બે ત્રિકોણ અને બે વક્ર જાણવા.

" अइ वट्टा आई दीहा, उए तंसा ऊऐ चउरंसा ।
ओअं तिकोणा औअः वंक सर त्ति णायव्वा ॥ १५१ ॥ "[१९६]

અર્થાત્ અ અને ઇ વૃત્ત, આ અને ઈ દીર્ઘ, ઉ અને એ ત્ર્યસ્ર, ઊ અને ઐ ચતુરસ્ર, ઓ અને અં ત્રિકોણ અને ઔ અને અઃ વક્ર સ્વરો જાણવા.

આ પ્રમાણે અત્ર જે વર્ણોનું સ્વરૂપ દર્શાવાયું છે તે બ્રાહ્મી લિપિના મળી આવેલા લેખો સાથે સરખાવી જવું જોઇએ, કેમકે ઉપલક દૃષ્ટિએ તેમ કરતાં તો એ વિલક્ષણ જણાય છે.

બ્રાહ્મી વર્ણમાળાની અવેસ્તા ભાષાની વર્ણમાળા સાથે તુલના—

અવેસ્તા ભાષામાં વર્ણાનુક્રમ બ્રાહ્મી વર્ણાનુક્રમ પ્રમાણે જ છે. અવેસ્તાની વર્ણમાળામાં હ્રસ્વ **એ** વધારે છે,જ્યારે **ઔ**, ૡ, ૠ, ઞ્, ટ્, ઠ્, ડ્, ઢ્, ળ્, ભ્, લ્ અને ળ્, એ અક્ષરો નથી, તેમ જ વિસર્ગ પણ નથી. આ પ્રમાણે **મહારાષ્ટ્રીય જ્ઞાનકોશ**(પ્રસ્તાવનાખંડ, પૃ. ૫૩)માં ઉલ્લેખ છે. આ ઉલ્લેખ " ब्राह्मीच्या वर्णमालेचा पर्शुभारतीय कालाशीं संबंध " એ શીર્ષક હેઠળ કરાયેલો છે.

અવેસ્તામાં ૪૭ વર્ણ છે અને તેમાં ૧૩ સ્વર અને ૩૪ વ્યંજનો છે અને એ બધા **પર્શિયન**ની પેઠે જમણી બાજુથી ડાબી બાજુ લખાય છે. આ પ્રમાણે મી. કે. ઇ. **કાંગા**એ ઇ. સ. ૧૮૯૧માં પ્રસિદ્ધ થયેલી પોતાની કૃતિ નામે " A Practical Grammar of the Avesta Language "માં કહ્યું છે. વિશેષમાં આ વર્ણો પૈકી ચાર સિવાયના તમામ વર્ણો પૂરા લખાય છે, એટલે કે **પર્શિયન** અને **પહેલવી**ની પેઠે એને જોડીને લખાતા નથી, એમ પણ તેમણે ત્યાં નિર્દેશ્યું છે.[૧૯૭]

---

૧૯૫ આનું પ્રતિસંસ્કૃત નીચે મુજબ છે:—

द्वौ वृत्तौ द्वौ दीर्घौ द्वौ त्र्यस्रौ द्वौ च भवतश्चतुरस्रौ ।
द्वौ च भवतस्त्रिकोणौ द्वौ वक्रौ स्वरौ इति ज्ञातव्याः ॥

૧૯૬ આનું પ્રતિસંસ્કૃત નીચે પ્રમાણે છે:—

अइ वृत्तौ **आई** दीर्घौ **उए** त्र्यस्रौ **ऊऐ** चतुरस्रौ ।
ओअं त्रिकोणौ **औअः** वक्रौ स्वराविति ज्ञातव्याः ॥

૧૯૭ "The Avesta alphabet consits of 47 letters: 13 vowels and 34 consonants. They are, like Persian, written from right to left.

VOWELS

a (short)	î (long)	e (short)	o (short)
â (long)	u (short)	ê (middle)	ô (long)
i (short)	û (long)	ē (long)	ã
ere (corresponding to ऋ)			

બ્રાહ્મી લિપિ લખવાની પદ્ધતિ—

અક્ષરો કયાં તો ઉપરથી નીચે ઊભી લીટીમાં, નીચેથી ઉપર ઊભી લીટીમાં, જમણી બાજુથી ડાબી બાજુ સીધી લીટીમાં, કે ડાબી બાજુથી જમણી બાજુ સીધી લીટીમાં લખાય, એ સ્વાભાવિક છે. એ મુજબ ચીની લિપિ ઉપરથી નીચે લખાય છે; સુમાત્રાની બત્ત (Batta) કે બતક (Batak) ભાષા બોલનારની લિપિ નીચેથી ઉપર અને ડાબી બાજુથી જમણી બાજુ લખાય છે; પર્શિયન, ફિનીશિયન, ખરોષ્ઠી વગેરે લિપિઓ જમણી બાજુથી ડાબી બાજુ સીધી horizontal લીટીમાં લખાય છે; અને નાગરી, ગુજરાતી વગેરે લિપિઓ ડાબી બાજુથી જમણી બાજુ સીધી લીટીમાં લખાય છે. આથી પ્રશ્ન એ ઊઠે છે કે બ્રાહ્મી લિપિ અસલ કેવી રીતે લખાતી? આ સંબંધમાં કોઈ અતિપ્રાચીન ઉલ્લેખ હોય એમ જણાતું નથી. તેમ છતાં જે બૌદ્ધ વિશ્વકોષ નામે "ફા યુઅન્ યુ લિન્" નો ઇ. સ. ૬૬૮ માં રચાયલો ગણાય છે તેમાં **લલિત-વિસ્તર**ની પેઠે ૬૪ લિપિઓનાં નામો ઉપરાંત ભિન્ન ભિન્ન લિપિઓનું વર્ણન છે. એ વર્ણન ઉપરથી આપણે જાણી શકીએ છીએ કે દિવ્ય શક્તિવાળા ત્રણ આચાર્યોએ લખવાની કળાની શોધ કરી હતી. એ બધામાં **બ્રહ્મા** સુપ્રસિદ્ધ છે. એમણે ડાબી બાજુથી જમણી બાજુ વાંચવાની બ્રાહ્મી લિપિ ઉત્પન્ન કરી. એમના પછી **કિઅ-લુ** (**કિઅ-લુ-સે-ટો=ખરોષ્ઠ**નું સંક્ષિપ્ત રૂપ) દ્વારા જમણી બાજુથી ડાબી બાજુ વાંચવાની લિપિ ઉત્પન્ન કરાઈ. આ પ્રમાણેની બે લિપિઓથી ઓછા મહત્ત્વની લિપિ ઉત્પન્ન કરનાર **ત્સં-કી** છે, જેમણે ઉપરથી નીચે લખવાની લિપિ ઉત્પન્ન કરી. **બ્રહ્મા** અને **ખરોષ્ઠે** પોતાની લિપિ દેવલોકમાંથી મેળવી, જ્યારે **ત્સં-કી**એ પોતાની લિપિ પક્ષી વગેરેના પગનાં ચિહ્નો ઉપરથી રચી. [૧૯૮]

આ પ્રમાણેના વર્ણનવાળા ઉપર્યુક્ત ચીની પુસ્તક પરથી સમજાય છે કે બ્રાહ્મી લિપિ ડાબી બાજુથી જમણી બાજુ લખાતી. ડૉ. **બ્યૂહ્લર**નું માનવું એ છે કે જેમ ગ્રીક લિપિની લેખનશૈલી આગળ ઉપર વિપરીત કરવામાં આવી તેમ બ્રાહ્મી લિપિની લેખનશૈલી પણ પણ વિપરીત કરાઈ, અર્થાત્ એ પહેલાં તો જમણી બાજુથી ડાબી બાજુ લખાતી, અને પછીથી

CONSONANTS

	t		
k	ṭ	b	s
kh	th	m	sh
q	d	y	z
g	dh	r	zh
gh	ṇ	v	h
ch	p	w	ṇ
j	ph	s (ss)	hm

It should be noted that the Avesta characters, unlike Sanskrit, Pehlvi, and Persian, are always written in their full forms without being joined with one another, except four which are optionally written conjointly.

—A Practical Grammar of the Avesta Language by K. E. Kanga (A. D. 1891).

૧૯૮ જુઓ "Indian Antiquary" (vol. XXXIV, p. 31) તેમજ **ભારતીય પ્રાચીન લિપિમાળા** (પૃ. ૧૮).

ડાબી બાજુથી જમણી બાજુ લખાવા માંડી. આ પ્રમાણે માનવાનાં તેમને બે કારણો મળ્યાં. એક તો ફિનીશિયન લિપિમાંથી બ્રાહ્મીની ઉત્પત્તિને લગતો તેમનો પૂર્વગ્રહ, અને બીજું **અશોક**ના [૧૯૯]જૌગડ અને [૨૦૦]ધૌલીના લેખમાંના **ઓ** અને જૌગડ અને દિલ્હીના [૨૦૧]સિવાલિક સ્તંભ ઉપરના લેખમાંનો ધ એમ બે અક્ષરો ઊંધા કોતરેલા તેમને જણાયા તે. વિશેષમાં ઇ. સ. ૧૮૯૧ માં **કનિંગહામે** "The Ancient Coins of India" નામનું જે એક પુસ્તક પ્રસિદ્ધ કર્યું છે તેમાં એક સિક્કા ઉપર **ધમપાલસ** એવા અક્ષરો ઉલટા કોતરાયેલા; એ નાણું ઇ. સ. પૂ. ૩૫૦ ના સમયનું માની, તેમણે એવો અંદાજ કર્યો કે તે સમયમાં બ્રાહ્મી લિપિ જમણી બાજુથી ડાબી બાજુ, તેમ જ ડાબી બાજુથી જમણી બાજુ એમ બંને રીતે લખવાનો રિવાજ હતો, પરંતુ આવો અંદાજ અબાધિત પ્રમાણરૂપ હોય એમ જણાતું નથી, અને ડૉ. **કેતકર** પણ એ જ વાત **મહારાષ્ટ્રીય જ્ઞાનકોશ** (પ્રસ્તાવનાખંડ, પૃ. ૫૭)માં ઉચ્ચારે છે.

બ્રાહ્મી લિપિની ઉત્પત્તિ સંબંધી [૨૦૨]આધુનિક મન્તવ્યો—

બ્રાહ્મી લિપિ શેમાંથી ઉત્પન્ન થઈ, કઈ લિપિમાંથી ઉત્પન્ન થઇ, તે સંબંધમાં ખાસ કરીને આધુનિક યુરોપીય વિદ્વાનોએ જે જુદા જુદા મતો જાહેર કર્યા છે, એની પ્રથમ અત્ર ટુંકમાં નોંધ લેવામાં આવે છેઃ—

(૧) ડૉ. **ઑલ્ફ્રેડ મૂલર** (Alfred Muller), **પ્રિન્સેપ** (Princep) અને **સેનાર્ટ**–(Senart)ના મત [૨૦૩]પ્રમાણે ઇ. સ. પૂ. ૩૨૫ ની લગભગમાં **શિકંદર** બાદશાહની સવારી પછી ગ્રીક લોકોનો પરિચય થતાં 'ગ્રીક' લિપિમાંથી બ્રાહ્મી લિપિ તૈયાર કરવામાં આવી.

(૨) **કસ્ટ** (Cust) નો મત એ છે કે જે કારણસર ગ્રીક, રોમન, અને બીજી બધી લિપિઓ 'ફિનીશિયન' લિપિમાંથી ઉદ્ભવી, તેમ જ જે કારણસર ઇ. સ. પૂર્વેના આઠમા સૈકામાં લેખનકળાથી માહિતગાર બનેલા ફિનીશિયન લોકોનો ભરતખંડવાસી જનો સાથે વાણિજ્યસંબંધ હતો તે કારણસર બ્રાહ્મી લિપિનો ઉદ્ભવ 'ફિનીશિયન' લિપિમાંથી થયો હોવો જોઈએ.[૨૦૪]

---

૧૯૯ આ મદ્રાસ ઇલાકાના ગંજામ જિલ્લામાં આવેલું છે.

૨૦૦ આ ઉડીઆ(ઓરિસ્સા)ના કટક જિલ્લામાં આવેલું છે.

૨૦૧ ઇ. સ. ૧૩૫૬ માં દિલ્હીના સુલ્તાન **ફિરોજશાહ** તઘલખે ખૂબ ઉત્સાહથી પંજાબના અંબાલા જીલ્લામાં આવેલ સિવાલિક (સવાલક)—ટોપરાથી તેમ જ મેરઠથી **અશોક**ના લેખવાળો એક એક સ્તંભ ઉપડાવી, અસાધારણ શ્રમપૂર્વક દિલ્હીમાં મંગાવ્યો અને એકને **ફિરોજશાહ**ના કટરામાં અને બીજાને કુશ–શિકાર (શિકારના મહેલ) પાસે ઊભો કરાવ્યો. એમાંનો આ પહેલો સ્તંભ છે.

ભારતીય પ્રાચીન લિપિમાળાના ૩૭ મા પૃષ્ઠમાં **સિવાલિક**ને બદલે 'સવાલક' શબ્દનો પ્રયોગ કરાયેલો છે, અને બીજા લિપિપત્ર(plate II)માં 'શિવાલિક' એવો પ્રયોગ કરાયો છે.

૨૦૨ આ લખાણ વિષે ગતાંક(પૃ. ૧૩૭)માં સૂચન કરાયું હતું, તદનુસાર એ અહીં રજુ કરાયું છે.

૨૦૩ જુઓ "Indian Antiquary" (Vol. XXXV, p. 253).

૨૦૪ જુઓ "Journal of the Royal Asiatic Society" (Vol. XVI, pp. 329 and 359).

(૩) રૅપ્સન (Rapson) નામના વિદ્વાને મોઆબના લેખ (?) ઉપરથી 'ફિની-શિયન' લિપિમાંથી બ્રાહ્મી લિપિની ઉત્પત્તિ માની.[૨૦૫]

(૪) વિલ્સન(Wilson)નું માનવું એ છે કે 'ગ્રીક' અગર 'ફિનીશિયન' લિપિમાંથી બ્રાહ્મી લિપિ ઉદ્ભવી.[૨૦૬]

(૫) સ્ટીવેન્સન(Stevenson)નું કથન એ છે કે ક્યાં તો બ્રાહ્મી લિપિ 'ફિનીશિયન' લિપિમાંથી નીકળી હોવી જોઇએ કે ક્યાં તો એ મિસર દેશની 'હિઅરેટિક' લિપિમાંથી નીકળી હોવી જોઇએ.[૨૦૭]

(૬) પૉલ ગોલ્ડસ્મિથ(Paul Goldsmith)નું મંતવ્ય એ છે કે 'ફિનીશિયન' લિપિમાંથી પ્રથમ સિલોન(Ceylon)ની લિપિ નીકળી અને એમાંથી બ્રાહ્મી લિપિ નીકળી.[૨૦૮] પરંતુ મૂલર Muller આ મતને સંમત નથી, કેમકે એમનું કહેવું એ છે કે ભરતખંડમાં જે વેળા લેખનકળા પ્રચલિત હતી તે વેળા એ કળાનું જ્ઞાન સિલોનના લોકને હતું નહિ.[૨૦૯]

(૭) બર્નેલ (Burnell) એમ તર્ક કરે છે કે 'ફિનીશિયન' લિપિમાંથી ઉદ્ભવેલા 'અરમઇક' અક્ષરોમાંથી બ્રાહ્મી અક્ષર તૈયાર થયા.[૨૧૦]

(૮) આઇઝેક ટેઇલર(Issac Taylor)નું કહેવું એ છે કે 'અરમઇક' અને બ્રાહ્મી લિપિમાં કશું સામ્ય નથી, એટલે બ્રાહ્મી લિપિ કોઈ 'દક્ષિણ સેમિટિક' લિપિમાંથી ઉદ્ભવેલી હશે, અને જોકે આવી કોઇ લિપિનો હજી આપણને પત્તો લાગ્યો નથી, તો પણ આગળ ઉપર ઑર્મઝ, ઓમાન કે હર્ડ્રામાંટમાંથી એ લિપિમાં લખાયેલા લેખ મળી આવવાનો સંભવ છે.[૨૧૧]

(૯) લેનૉર્માંટ[૨૧૨](Lernamaunt) અને એડવર્ડ ક્લોડ[૨૧૩] (Edward Clodd)-નું માનવું એ છે કે 'ફિનીશિયન'માંથી 'હિમિઅરિટિક' અને એ 'હિમિઅરિટિક'માંથી બ્રાહ્મીની ઉત્પત્તિ થઈ.

(૧૦) રાહ્‌ઇસ ડેવીડ્સ (Rhys Davids) કહે છે કે બ્રાહ્મી લિપિ 'ઉત્તર કે દક્ષિણ સેમિટિક' લિપિમાંથી નીકળી નથી, પરંતુ જે લિપિમાંથી 'ઉત્તર તેમ જ દક્ષિણ સેમિટિક' એમ બંને પ્રકારની લિપિ નીકળી એવા એક યુફ્રેટિસ(Uphratis)ની પાસેના ભાગમાં પ્રચલિત લિપિમાંથી બ્રાહ્મી ઉદ્ભવી હોવી જોઇએ.[૨૧૪]

---

૨૦૫ જુઓ Rapson, "Epigraphica Indica" (?) pp. 17–19.

૨૦૬ જુઓ "Indian Antiquary" (Vol. XXXV, p. 253).

૨૦૭ જુઓ "Journal of the Bombay Branch of the Royal Asiatic Society" (Vol. III, p. 75).

૨૦૮ જુઓ "Academy" (9th January 1877).

૨૦૯ જુઓ "Report on Ancient Inscriptions of Ceylon" (p. 24).

૨૧૦ જુઓ Burnell (p. 9).

૨૧૧ જુઓ Alphabet (Vol. II, p. 313).

૨૧૨ જુઓ "Essay on Phœnician Alphabet" (Vol. I, p. 150).

૨૧૩ જુઓ "Story of the Alphabet" (p. 207).

૨૧૪ જુઓ ડે. બુ. ઈ. (p. 114).

(૧૧) વેબર (Weber)[૨૧૫], વિલ્યમ જોન્સ (William Jones), મૅક્સમૂલર (Max Müler), વ્હિટનિ (Whitney)[૨૧૬] પ્રમુખ વિદ્વાનોનું કહેવું એ છે કે બ્રાહ્મી લિપિ 'સેમિટિક' લિપિમાંથી જ નીકળી છે.

(૧૨) હૅલવેલ ( )નું કહેવું એ છે કે બ્રાહ્મીના કેટલાક અક્ષરો 'ગ્રીક' લિપિમાંથી, કેટલાક 'ખરોષ્ઠી'માંથી અને કેટલાક 'અરમઇક'માંથી નીકળ્યા છે.[૨૧૭]

(૧૩) ડૉ. બીહ્‌લર એમ કહે છે કે બ્રાહ્મીના ૨૨ અક્ષરો 'ઉત્તર સેમિટિક' માંથી નીકળ્યા અને બાકીના અક્ષરો એ અક્ષરો ઉપરથી તૈયાર કરાયા.[૨૧૮] મેક્ડોનલ્ડ (Macdonald)[૨૧૯], ડૉ. બાર્નેટ (Barnett)[૨૨૦] પ્રમુખ વિદ્વાનો પણ આવો જ મત ધરાવે છે.

(૧૪) ડીકે( )નો મત એ છે કે 'કયુનિફૉર્મ' (Cuniform) યાને 'કીલાકૃતિ' લિપિમાંથી નીકળેલી એકાદ લિપિ ઉપરથી બ્રાહ્મી અક્ષરો ઘડાયા.

(૧૫) એડવર્ડ થૉમસ[૨૨૧] (Edward Thomas), પ્રો. ડાસન[૨૨૨](Deussen), જનરલ કનિંગહામ[૨૨૩] (General Cunningham) અને પ્રો. લેસન[૨૨૪] (Lassen)નું માનવું એ છે કે બ્રાહ્મી લિપિ કોઇ વિદેશીય લિપિમાંથી નીકળી જણાતી નથી.

આ પ્રમાણે યુરોપીય વિદ્વાનોના વિવિધ મતો છે. હવે આપણે આ સંબંધમાં આપણા દેશના વિદ્વાનોનું શું કહેવું છે તે નોંધી લઇએ.

(૧) શ્રીયુત ઓઝાનું કહેવું એ છે કે જો બ્રાહ્મી લિપિ 'હિઅરેટિક', 'કયુનિફૉર્મ', 'ફિનીશિયન', 'હિમિઅરિટિક', 'અરમઇક' અને 'ખરોષ્ઠી' લિપિ એમાંની કોઇમાંથી પણ નીકળી હોત તો બ્રાહ્મી લિપિનું તે લિપિ સાથે સામ્ય હોત, અને તેવી પરિસ્થિતિમાં ઉપર જણાવેલા ભિન્ન ભિન્ન મતો ન હોત. બ્રાહ્મી લિપિની ઉત્પત્તિ બાબત વિદ્વાનો એકમત નથી, એ જ બતાવી આપે છે કે ઉપર્યુક્ત કલ્પનાઓમાં સત્યાંશનો અભાવ છે, અને પ્રત્યેક જણ સત્યના અન્વેષણનો વિચાર બાજુ ઉપર રાખી પોતાના મતના પ્રતિપાદન માટે પોતપોતાની બુદ્ધિનો દુરુપયોગ કરે છે.[૨૨૫]

(૨) શ્રીયુત આર્ શામશાસ્ત્રી(R. Shamshastri)નું કહેવું એ છે કે[૨૨૬]

---

૨૧૫ જુઓ "Indische Studien (?)" (pp. 255–50).

૨૧૬ જુઓ "Indian Antiquary" (Vol. XXXV, p. 253).

૨૧૭ જુઓ "Journal Asiatique" (A. D. 1885, p. 268).

૨૧૮ જુઓ "On the Origin of the Indian Brahma Alphabet" (A. D. 1895).

૨૧૯ જુઓ હિ. સં. લિ.

૨૨૦ જુઓ "Activities of India" (p. 225).

૨૨૧ જુઓ "Numismatic Chronicle" (A. D. 1883, No. 3).

૨૨૨ જુઓ "Journal of the Royal Asiatic Society" *(A. D. 1881, p. 102)* તેમ જ "Indian Antiquary" *(Vol. XXXV, p. 553)*.

૨૨૩ જુઓ "Coins of Ancient *India" (Vol. I, p. 52)*.

૨૨૪ જુઓ "Indische Alter-tumskunde" (2nd. con.), p. 1006 (A. D. 1867).

૨૨૫ જુઓ **ભારતીય પ્રાચીન લિપિમાળા** (પૃ.).

૨૨૬ જુઓ "Indian Antiquary" (Vol. XXXV, pp. 253–267, 270–290 and 311 324).

દેવતાઓની મૂર્તિ બનાવાઈ તે પૂર્વે હિન્દુઓ સાંકેતિક ચિહ્‌ન દ્વારા તેની ઉપાસના કરતા હતા. આવાં ચિહ્‌નો જેવાં કે ત્રિકોણ, વર્તુલ ઇત્યાદિ 'દેવનગર' નામના યંત્રમાં કઢાતાં હતાં. આ પ્રમાણેનાં દેવનગરમાં લખાતાં સાંકેતિક ચિહ્‌નો વખત જતાં તે તે દેવતાના નામના આદ્ય અક્ષર હોવાનું મનાવા લાગ્યું, અને એ ચિહ્‌નો 'દેવનગર'માં કઢાયેલાં હોવાથી એનું નામ 'દેવનાગરી' પડ્યું. આ પ્રમાણે વિદ્વત્તાપૂર્ણ લખાણ એમણે કર્યું છે, પરંતુ જ્યાં સુધી તાંત્રિક પુસ્તકોમાંથી જે અવતરણો શ્રીયુત **શામશાસ્ત્રી**એ રજુ કર્યાં છે તે વૈદિક વાઙ્‌મયથી પૂર્વકાલીન સમયનાં સિદ્ધ ન થાય તો ભલે, પરંતુ મૌર્યકાલની પૂર્વેનાં યે સિદ્ધ થાય નહિ ત્યાં સુધી બ્રાહ્મી લિપિની ઉત્પત્તિ વિષેનો તેમનો મત સ્વીકારતાં અચકાવું પડે તેમ છે.

(૩) **બાબુ જગન્મોહન**નું કહેવું એ છે કે બ્રાહ્મી લિપિ વૈદિક ચિત્ર-લિપિમાંથી કે એમાંથી નીકળેલી કોઈ સાંકેતિક લિપિમાંથી ઉદ્‌ભવેલી છે.[૨૨૭] આ સંબંધમાં તેમણે વૈદિક ચિત્રલિપિ તરીકે જે ચિત્રો લીધાં છે તે સર્વ મનઃકલ્પિત છે, એટલે જ્યાં સુધી એ સંબંધમાં કોઇ લિખિત પ્રમાણ મળે નહિ ત્યાં સુધી એમણે સૂચવેલી બ્રાહ્મી લિપિની ઉત્પત્તિ રોચક હોવા છતાં પ્રમાણના અભાવે ગ્રાહ્ય ન બને તો તેમાં નવાઈ જેવું નથી.

(૪). મૉન્સેન્હોર **સેબાસ્ટિઓ રોડોલ્ફો ડાલ્ગાડો** (Monsignor Sebastião Rodolfo Dalgado)કૃત પુસ્તક નામે **Influencia do Vocabulario Portuguese em Linguas Asiaticas (abregendo cerca de cinguenta idiomas)** લિસ્બોનની "Academy of sciences" દ્વારા ઇ. સ. ૧૯૧૩માં પ્રસિદ્ધ થયું હતું તેનો હાલમાં અંગ્રેજી અનુવાદ ગાયકવાડ પૌર્વાત્ય ગ્રંથમાળામાં ગ્રંથાંક ૭૪ તરીકે પ્રસિદ્ધ થયો છે. એમાં ૧૦૧મા અને ૧૦૨મા પૃષ્ઠમાં 'બ્રાહ્મી'ની ઉત્પત્તિ વિષે નીચે મુજબ ઉલ્લેખ કરાયેલો છે:—

"......the art of writing was known iu India in the 8th century B. C. The characters are of Semitic origin and belong to the Phœnician type, similar to the Moabite, introduced by traders by way of Mesopotamia. The most ancient documents which we possess are the stone-inscriptions of the Emperor Aśoka (3rd centuary B. C.) which give variants of the different forms of letters.

The remodelling, the systematisation, and the adaptation of the Semitic characters to the Indo-European phonetics resulted in the alphabet which is called Brahmi and this in the 5th century. And it is from this that all the modern alphabets of India are derived, even the Dravidian, though these might appear so different at the present day."

---

૨૨૭ જુઓ "સરસ્વતી" નામનું માસિક (ઈ. સ. ૧૯૧૩ થી ૧૯૧૫).

(૫) ડો. કેતકરનું કહેવું એ છે કે બ્રાહ્મી લિપિની ઉત્પત્તિ કેવી રીતે થઇ, જે સ્વરૂપમાં એને આપણે જોઇએ છીએ તે સ્વરૂપ ઘડાતાં પૂર્વે એના કયા કયા અક્ષરમાં કયું કયું પરિવર્તન થયું, ઇત્યાદિ હકીકત સંબંધી નિશ્ચયપૂર્વક અત્યારે કંઇ કહી શકાય તેમ નથી. જો નિશ્ચયપૂર્વક કંઇ કહી શકાયું હોય તો તે એટલું જ કે લેખનકળાના અસ્તિત્વ પરત્વેના પૂરાવા જેટલા પ્રાચીન મળે છે તે પ્રાચીન સમયમાં પણ બ્રાહ્મી લિપિ પરિણત અવસ્થાવાળી અને પૂર્ણ વ્યવહારમાં આવેલી જોવાય છે. વિશેષમાં **હિન્દુસ્તાન**ની બહારથી આવેલી કોઈ પણ લિપિમાંથી એની ઉત્પત્તિ સિદ્ધ કરવી શક્ય નથી. [૨૨૮]

આ પ્રમાણે આધુનિક વિદ્વાનોએ બ્રાહ્મી લિપિ વિષે જે અભિપ્રાયો આપ્યા છે તે આપણે જોયા. હવે ઘણાં સૈકાંઓ પૂર્વે થઈ ગયેલા એવા કેટલાક વિદ્વાનોએ જે અભિપ્રાયો દર્શાવ્યા છે તેની નોંધ લઈએ.

બ્રાહ્મીની ઉત્પત્તિ સંબંધી પ્રાચીન મન્તવ્યો—

(૧) **ચીની બૌદ્ધ વિશ્વકોષ.** એના કર્તાનો અભિપ્રાય શો છે તે આપણે ૨૫૬મા પૃષ્ઠમાં જોઈ ગયા છીએ, એટલે એ વિષે ફરીથી અત્ર ઉલ્લેખ કરવાની આવશ્યકતા નથી.

(૨) **વૈદિક માન્યતા.** આ માન્યતા મુજબ **બ્રહ્મા**એ ભારતીય વર્ણમાળાના અક્ષર દર્શાવ્યા છે. આ સંબંધમાં નિમ્નલિખિત બે અવતરણ[૨૨૯] અત્ર રજુ કરાય છેઃ—

" षाण्मासिके तु समये भ्रान्तिः सञ्जायते यतः ।
धात्राऽक्षराणि सृष्टानि पत्रारूढाण्यतः पुरा ॥ "

—**આહ્નિક તત્ત્વ અને જ્યોતિસ્તત્ત્વ**

" नाकरिष्यद् यदि ब्रह्मा लिखितं चक्षुरुत्तमम् ।
तत्रेयमस्य लोकस्य नाभविष्यत् शुभा गतिः ॥ "[૨૩૦]

—**નારદસ્મૃતિ**

(૩) **હુએન્ત્સંગનું કથન.** તેઓ કહે છે કે ભારતવાસીઓની વર્ણમાળાના અક્ષર **બ્રહ્મા**એ બનાવ્યા હતા અને એનાં રૂપાન્તર પહેલેથી અત્યાર સુધી ચાલ્યાં આવે છે.[૨૩૧]

(૪) **જૈન મંતવ્ય.**

(અ) અવસર્પિણીમાં થઈ ગયેલા **જૈનો**ના પ્રથમ તીર્થંકર શ્રી**ઋષભદેવે** પોતાની પુત્રી **બ્રાહ્મી**ને જમણા હાથ વડે બ્રાહ્મી લિપિનું જ્ઞાન આપ્યું હતું. આ વાતની **આવસ્સય-નિજ્જુત્તિ(આવશ્યકનિર્યુક્તિ)**ના **ભાસ(ભાષ્ય)**ની નિમ્નલિખિત ૧૩ મી ગાથા સાક્ષી પૂરે છેઃ—

" लेहं लिवीविहाणं जिणेण बंभीइ दाहिणकरेणं "

(આ) **સમવાય** (સૂ.)ની ટીકા કરતાં શ્રી**અભયદેવસૂરિ** ૩૬મા પત્રમાં કથે છે કે—

---

૨૨૮ જુઓ **મહારાષ્ટ્રીય જ્ઞાનકોશ** (પ્રસ્તાવના ખંડ)નું પૃ. ૫૯.

૨૨૯ આ બંને અવતરણો **ભારતીય પ્રાચીન લિપિમાળા**(પૃ. ૧)ને આધારે મેં અહીં આપ્યાં છે.

૨૩૦ સરખાવો **બૃહસ્પતિ**રચિત **મનુનું વાર્તિક** ("Sacred Books of the East" Vol. XXX, p. 304).

૨૩૧ જુઓ "Buddhist Record of the Western World" by Samuel Bill જેની નોંધ **ભારતીય પ્રાચીન લિપિમાળા**(પૃ. ૧)માં લેવામાં આવી છે.

" तथा 'बंभि' त्ति **ब्राह्मी**—**आदिदेवस्य** भगवतो दुहिता **ब्राह्मी** वा—संस्कृतादि-**भेदा** वाणी [२३२]तामाश्रित्य तेनैव या दर्शिताऽक्षरलेखनप्रक्रिया सा ब्राह्मी लिपिः । "

(૪) "नमो बंभीए लिवीए" સૂત્રની **ભગવઇસુત્ત(ભગવતીસૂત્ર)**ગત વ્યાખ્યા કરતાં પાંચમા પત્રમાં શ્રી**અભયદેવસૂરિ** નીચે મુજબ ઉલ્લેખ કરે છે:—

" लिपिः-पुस्तकदावक्षरविन्यासः, सा चाष्टादशप्रकाराऽपि श्रीमन्**नाभेय**जिनेन स्वसुताया **ब्राह्मी**नामिकाया दर्शिता ततो ब्राह्मीत्यभिधीयते । आह च—' लेहं लिवीविहाणं जिणेणं बंभीइ दाहिणकरेणं " इति, अतो ब्राह्मीति स्वरूपविशेषणं[२३३] लिपेरिति । "[२३४]

(૫) કલિકાલસર્વજ્ઞ શ્રી**હેમચન્દ્રસૂરિ**એ પોતાની મહાકૃતિ **ત્રિષષ્ટિશલાકાપુરુષ-ચરિત્ર**(પ. ૧, સ. ૨, શ્લો. ૯૬૩)માં આ સંબંધમાં નીચે મુજબ ઉદ્ગારો કાઢ્યા છે:—

" अष्टादशलिपीर्**ब्राह्म्या** अपसव्येन पाणिना ।
दर्शयामास सव्येन **सुन्दर्या** गणितं पुनः ॥ ९६३ ॥ "

(૬) શ્રી**અમરચન્દ્રસૂરિ**એ પોતે રચેલા **પદ્માનંદ મહાકાવ્ય**(સ. ૧૦, શ્લો. ૭૯)માં આ જ હકીકત નીચે મુજબ દર્શાવી છે:—

ब्राह्मिकां प्रभुरसव्यपाणिना—
ऽष्टादशाप्यथ लिपीरपीपठत् ।
सुन्दरीमपि स वामहस्ततो
वामतोऽङ्कपटलीमलीलिखत् ॥ ७९ ॥ "

(૭) **પજ્જુસણાકપ્પ** જે **કલ્પસૂત્ર** તરીકે સુપ્રસિદ્ધ છે, તેની શ્રી**વિનયવિજય**ગણિકૃત **સુબોધિકા** નામની ટીકાના ૧૪૭ બ પત્રમાં નિમ્નલિખિત નિર્દેશ છે:—

" अत्र लिखितं हंसलिप्याद्यष्टादशलिपिविधानम्, तच्च भगवता दक्षिणकरेण **ब्राह्म्या** उपदिष्टं"

શું બ્રાહ્મી લિપિ સેમિટિક લિપિમાંથી નીકળી છે?—

ડૉ. **બીહ્લરે** 'ફિનીશીયન' લિપિગત અક્ષરોનું કલ્પના પ્રમાણે રૂપાન્તર કરી બ્રાહ્મી લિપિની જે ઉત્પત્તિ રજુ કરી છે તે એના આકૃતિપટ જોવાથી ઝટ સમજી શકાય તેમ છે. વિશેષમાં એ ઉપરથી એમ પણ જણાય છે કે ડૉ. **બીહ્લર** મારીમચડીને બ્રાહ્મી લિપિની ઉત્પત્તિ 'ફિનીશિયન' લિપિમાંથી માને છે. એમની કલ્પનાઓ ભ્રાન્તિમૂલક છે, એમ શ્રીયુત **ઓઝાએ** સ્પષ્ટપણે સાબીત કર્યું છે, એટલે એ સંબંધમાં વિશેષ ઊહાપોહની આવશ્યકતા રહેતી નથી, તેમ છતાં શું બ્રાહ્મી લિપિ 'ફિનીશિયન'માંથી નીકળી છે, એવો પ્રશ્ન ઉપસ્થિત

---

૨૩૨ સંસ્કૃત વગેરે ભાષાઓ લખવા માટે અનુકૂળ લિપિ તે 'બ્રાહ્મી' એમ અત્ર કહેવામાં આવ્યું છે.

૨૩૩ આ ઉપરથી ૧૮ લિપિનો બ્રાહ્મી લિપિમાં સમાવેશ સૂચવાય છે, પરંતુ વિદ્વદ્વલ્લભ મુનિરાજ શ્રી**પુણ્યવિજય** આથી જુદો મત ધરાવે છે. જુઓ **જૈનચિત્રકલ્પદ્રુમ** (પૃ. ૫)

૨૩૪ બ્રાહ્મીને ઉદ્દેશીને શ્રી**ધર્મસિંહસૂરિ**એ પોતે રચેલા **સરસ્વતી-ભક્તામર** (શ્લો. ૨)ના સ્વોપજ્ઞ વિવરણ (પૃ. ૨) માં નીચે મુજબ ઉલ્લેખ કર્યો છે:—

" बृंहते—शब्दायते अथवा बृहते-वर्धते मा ज्ञानं अनेनेति ब्रह्मः-वर्णात्मकः समुदायः, स च द्विपञ्चाशदक्षराणां न्यासः लिपिरूपेण "

—**શ્રીભક્તામરસ્તોત્રની પાદપૂર્તિરૂપ કાવ્યસંગ્રહનો દ્વિતીય વિભાગ**

કરી, અત્ર એનો ઉત્તર આપવો દુરસ્ત જણાય છે, કેમકે એ દ્વારા બ્રાહ્મી અને 'સેમિટિક' લિપિ વચ્ચેની નીચે મુજબની આઠ ભિન્નતાનો ખ્યાલ આવે તેમ છેઃ—

(૧) 'સેમિટિક' અને બ્રાહ્મી લિપિમાં મુખ્ય ફરક એ છે કે 'ફિનીશિયન' અક્ષરોનો ઉપરનો ભાગ પ્રાયઃ સ્થૂળ છે અને એના નીચલા ભાગમાં ઊભી કે તીરકસ લીટી નજરે પડે છે, જ્યારે બ્રાહ્મી લિપિમાંના ઘણાખરા અક્ષરોમાંના ઉપરના ભાગની શરૂઆત બારીક લીટીઓથી થાય છે અને નીચેનો ભાગ વધારે ને વધારે સ્થૂળ થતો જોવાય છે.

(૨) 'સેમિટિક' લિપિમાં ૨૨ અક્ષર છે; પરંતુ તે ભિન્ન ભિન્ન એવા ઉચ્ચાર તો ૧૮ જ દર્શાવે છે, જ્યારે બ્રાહ્મી લિપિમાં ૬૩ અગર ૬૪ મૂળ ઉચ્ચાર છે.

(૩) 'સેમિટિક' લિપિમાં તેમ જ એમાંથી ઉદ્ભવેલી કોઈ પણ લિપિમાં સ્વર અને વ્યંજનો જુદાં પાડેલાં નથી, જ્યારે બ્રાહ્મી લિપિમાં એ જુદાં છે.

(૪) 'સેમિટિક' લિપિમાં હ્રસ્વ અને દીર્ઘ સ્વર દર્શાવવા માટે સ્વતંત્ર અક્ષરો નથી, જ્યારે બ્રાહ્મી લિપિમાં તે છે.

(૫) 'સેમિટિક' લિપિમાં એક જ ઉચ્ચાર દર્શાવવા એક કરતાં વધારે અક્ષરો છે, જ્યારે બ્રાહ્મી લિપિમાં તેમ નથી. બ્રાહ્મી લિપિમાં તો ઉચ્ચારદીઠ ભિન્ન અક્ષરો છે અને અક્ષરદીઠ ભિન્ન ઉચ્ચાર છે.[૨૩૫]

(૬) 'સેમિટિક' લિપિના અક્ષરોનો ક્રમ અવ્યવસ્થિત છે, જ્યારે બ્રાહ્મી લિપિના અક્ષરોનો ક્રમ વૈજ્ઞાનિક અને અત એવ વ્યવસ્થિત છે.[૨૩૬]

(૭) બ્રાહ્મી લિપિમાં વ્યંજનોને સ્વર જોડવાની જે સુગમતા છે અને એ દ્વારા જે અક્ષરોનું નવીન રૂપ ઘડાય છે તે માટે 'સેમિટિક' લિપિમાં અવકાશ નથી—એ લિપિમાં એવા સંયોગ માટે સ્થાન નથી. એમાં તો વ્યંજન પછી આવતો સ્વર જુદો જ લખાય છે.

(૮) 'સેમિટિક' લિપિમાં જે સ્વરો આપેલા છે તે પૂરેપૂરા નથી, જ્યારે બ્રાહ્મીમાં તે પૂરેપૂરા છે.

આવી પરિસ્થિતિમાં એ જ અનુમાન કરવું દુરસ્ત સમજાય છે કે જે 'સેમિટિક'–'ફિનીશિયન' લિપિ ૧૮ જ ઉચ્ચારો સૂચવનારી હોઈ અપૂર્ણ, ક્રમરહિત ઇત્યાદિ દોષગ્રસ્ત છે, તેમાંથી બ્રાહ્મી લિપિની ઉત્પત્તિ માનનાર બહુમાં બહુ તો ૧૮ અક્ષરની ઉત્પત્તિ, લખવાની દિશા બદલીને અને અક્ષરોના સ્વરૂપમાં યથેષ્ટ પરિવર્તન કરીને જ માની શકે; પરંતુ એમ માનનારાને પણ નીચે મુજબના પ્રશ્નનો સંતોષકારક ઉત્તર આપવો તો ભારી પડે તેમ છેઃ

૪૫ અગર ૪૬ અક્ષરો માટે સ્વતંત્ર કલ્પના કરી તેનું નિર્માણ કરી શકનાર, વ્યંજન અને સ્વરના સંયોગ માટે સુંદર પદ્ધતિ યોજી શકનાર, અનુસ્વાર અને વિસર્ગ માટે યોગ્ય ચિહ્ન બનાવવાની વ્યવસ્થા કરી શકનાર, સ્વર અને વ્યંજનોના ભેદ પાડી શકનાર, ઉચ્ચારનાં સ્થાન અનુસાર સંગત અને સર્વાંગપૂર્ણ નવી લિપિ યોજનાર શું 'સેમિટિક'–'ફિનીશિયન' જેવી દરિદ્ર, અવૈજ્ઞાનિક અને આદર્શ લિપિ તરીકે નાલાયક એવી લિપિની ગરજ રાખ્યા વિના સંપૂર્ણ લિપિ યોજી ન શકે? શું ૧૮ અક્ષરો નવા ન જ બનાવી શકે?

---

૨૩૫ આ આદર્શ લિપિનું એક લક્ષણ પૂરું પાડે છે. બીજું લક્ષણ નીચેની છટ્ઠી બાબત રજૂ કરે છે.

૨૩૬ સરખાવો "Modern Review"(December 1918)ના ૫૬૭ અને તે પછીના પૃષ્ઠમાં જે. ડી. એન્ડરસન (J. D. Anderson) દ્વારા લખાયેલ લેખ "Transliteration vs. Indian Scripts" ગત ઉલ્લેખ.

બ્રાહ્મી અક્ષરોની આકૃતિનું અન્ય લિપિઓના અક્ષરની આકૃતિ સામે સામ્ય—

બ્રાહ્મી લિપિના ૨, જ અને લ એ અક્ષરોની આકૃતિ 'ફારસી' લિપિના અલિફ્, એન્ અને લામ્ એ અક્ષરોની આકૃતિ સાથે ઘણું સામ્ય ધરાવે છે.[૨૩૭]

બ્રાહ્મી લિપિના અ, ઉ, ઓ, ક, ગ, જ, ધ, ર અને ઠ એ અક્ષરોની આકૃતિ 'રોમન' લિપિના H, L, Z, X, A, E, D, I અને O એ અક્ષરોની આકૃતિ સાથે મળતી આવે છે.

બ્રાહ્મી લિપિના 'ગ' અક્ષરની આકૃતિ 'ફિનીશિયન', હિમિઅરિટિક' અને 'અરમઈક' લિપિના 'ગિમેલ'ની આકૃતિ સાથે મળતી આવે છે.[૨૩૮]

બ્રાહ્મી લિપિના ગ અને થ અક્ષરોનો આકાર 'પ્રાચીન ગ્રીક' લિપિના 'ગૅમા' અને 'થીટા' જેવો છે.[૨૩૯]

અશોકના લેખની બ્રાહ્મી લિપિનું ઉપરટપકે અવલોકન કરનારને એ ગ્રીક લિપિ હોવાની ભ્રાન્તિ કરાવે તેમ છે અને એવી ભ્રાન્તિ **ટૉમ કૅરિયટ**ના કથન ઉપરથી **એડવર્ડ ટેરી**ને થઈ હતી.[૨૪૦]

લિપિઓના સંબંધનો નિર્ણય—

કોઈ પણ બે લિપિઓ વચ્ચે વિશિષ્ટ સંબંધ છે કે નહિ તેનો નિર્ણય કરવો હોય તો સમાન ઉચ્ચારસૂચક અક્ષરોની આકૃતિ ક્યાં સુધી મળતી આવે છે તે તપાસવું જોઈએ. એક લિપિનો ગમે તે કોઇ અક્ષર અન્ય લિપિના અન્ય ઉચ્ચારસૂચક ગમે તે કોઈ એક અક્ષર સાથે આકારમાં મળતો જણાય તે ઉપરથી પરસ્પર સંબંધ સિદ્ધ કરવો તે ભૂલ-ભરેલું છે. આ ઉપરથી એમ કહેવાય છે કે બ્રાહ્મી લિપિની ઉત્પત્તિ 'ફારસી', 'રોમન', 'ફિનીશિશીયન' ઇત્યાદિ લિપિમાંથી માનવી તે યુક્તિયુક્ત નથી. એનું કારણ એ છે કે 'રોમન' લિપિના A, B, D, E, H, K, L, M, N, P, Q, R અને T એ ૧૩ અક્ષરો 'ફિનીશિયન' લિપિના સદૃશ ઉચ્ચારવાળા ૧૩ અક્ષરો સાથે આકારમાં જેટલા મળતા આવે છે તેના કરતાં 'રોમન' લિપિના H વગેરે નવ અક્ષરોની આકૃતિ બ્રાહ્મી લિપિના વિસદૃશ ઉચ્ચારવાળા અક્ષરો સાથે વિશેષ મળતી આવે છે, પરંતુ એ ઉપરથી કયો સુજ્ઞ 'રોમન' લિપિનો પ્રાદુર્ભાવ બ્રાહ્મીમાંથી થયો છે એમ માનશે ?

બ્રાહ્મી લિપિનો ઉકેલ—

સમવાયના ૧૮ મા સમવાયમાં ૧૮ લિપિઓનો ઉલ્લેખ છે. એ સમજાવતાં શ્રી-**અભયદેવસૂરિ**એ જે એમ કહ્યું છે કે "एतत्स्वरूपं न दृष्टमिति न दर्शितम्" અર્થાત્ 'એનું સ્વરૂપ જોવામાં આવ્યું નથી એટલે દર્શાવાયું નથી', એ ઉપરથી એમ અનુમાન થઈ શકે એ સૂરિના સમયથી એટલે કે **વિક્રમ**ની અગ્યારમી શતાબ્દી પૂર્વે પ્રાચીન લિપિઓના પઠનનું વિસ્મરણ થયું હશે. આ સંબંધમાં એ વાત તો નિશ્ચિત રૂપે કહી શકાય તેમ છે કે ટોપરા

---

૨૩૭ જુઓ **ભારતીય પ્રાચીન લિપિમાળા** (પૃ. ૨૦).

૨૩૮ એજન (પૃ. ૨૨) તથા **જ્ઞાનકોશ** (પ્રસ્તાવનાખંડ, પૃ. ૫૬).

૨૩૯ જુઓ **ભારતીય પ્રાચીન લિપિમાળા** (પૃ. ૨૧) તેમ જ ઉપર્યુક્ત **જ્ઞાનકોશ** (પૃ.૫૬).

૨૪૦ જુઓ "Archaeological Survey" by Cunningham (Vol. I, pp. 163-164) તેમજ **ભારતીય પ્રાચીન લિપિમાળા**(પૃ. ૩૯)ની ચોથી પાદનોંધ.

અને મેરઠના જે બે સ્તંભો ઇ. સ. ૧૩૫૬ માં દિલ્હીમાં લાવવામાં આવ્યા હતા અને જેના ઉપર **અશોક**ના લેખો હતા તે સ્તંભો ઉપરના એ લેખ ઉકેલાવવા માટે એ સમયના દિલ્હીના સુલતાન **ફિરોજશા તઘલખે** અનેક વિદ્વાનોને એકત્રિત કર્યા હતા, પરંતુ કોઈ એ લેખ ઉકેલી શક્યા હતા નહિ. કહેવાય છે કે ત્યાર બાદ **અકબર** બાદશાહે પણ એ લેખનો આશય જાણવા માટે એવો પ્રયત્ન કર્યો હતો, પણ તે નિષ્ફળ ગયો.

ઇ. સ. ૧૭૮૪ ના જૅન્યુઆરિની ૧૫ મી તારીખ એ આપણા દેશને માટે એક મંગળમય દિવસ છે, કેમકે એ દિવસે એશિયાની પુરાતન વસ્તુઓ અને વિદ્યાઓની શોધ-ખોળ માટે કલકત્તામાં **એશિયાટિક સોસાયટી**ની સ્થાપના સર **વિલ્યમ જૉન્સ**ની પ્રેરણાથી થઈ, અને ત્યારથી પ્રાચીન શિલાલેખ વગેરે એકત્રિત કરી, તે વાંચવાવિચારવાના ગણેશ મંડાયા.

ઇ. સ. ૧૭૮૫માં **ચાર્લ્સ વિલ્કિન્સને** બંગાળના રાજા **નારાયણપાલ**ના સમયનો એક લેખ[૨૪૧] વાંચ્યો અને એ જ વર્ષમાં પંડિત **રાધાકાન્ત શર્મા**એ ટોપરાથી દિલ્હીમાં લાવેલ **અશોક**ના લેખવાળા સ્તંભ ઉપર કોતરાયેલ [૨૪૨]**વીસલદેવ**ના [૨૪૩]ત્રણ લેખો વાંચ્યા, અને **જે. એમ. હૅરિંગ્ટને** એ જ વર્ષમાં આ બધા કરતાં પ્રાચીન એવા 'મૌખરી' વંશના રાજા **અનન્તવર્મા**ના ત્રણ[૨૪૪] લેખો જોયા કે જેની લિપિ ગુપ્તોના સમયના લેખોને મળતી આવતી હતી અને જે **ચાર્લ્સ વિલ્કિન્સને** ઇ. સ. ૧૭૮૫ થી ૧૭૮૬ સુધી પ્રયત્ન કરી વાંચ્યા અને એ પ્રમાણે 'ગુપ્ત' લિપિની લગભગ અડધી વર્ણમાળાનું જ્ઞાન પ્રાપ્ત કર્યું. ત્યાર બાદ ઇ. સ. ૧૮૩૪ માં કૅપ્ટન **ટ્રોયરે** અલાહાબાદ(પ્રયાગ)ના જે **અશોક**ના લેખવાળા સ્તંભ ઉપર ગુપ્તવંશી રાજા **સમુદ્રગુપ્ત**નો લેખ હતો તેનો એક ભાગ ઉકેલ્યો, અને એ જ વર્ષમાં ડૉ. **મિલે** એ પૂરો ઉકેલ્યો અને ત્રણ વર્ષ પછી એટલે કે ઇ. સ. ૧૮૩૭માં તેમણે ભિટારીના સ્તંભ ઉપરનો **સ્કંદગુપ્ત**નો લેખ ઉકેલ્યો. ઇ. સ. ૧૮૩૭–૩૮ માં **જેઇમ્સ પ્રિન્સેપે** દિલ્હી, કહાઉં અને એરણના સ્તંભો ઉપરના તેમ જ સાંચી અને અમરાવતીના સ્તૂપો ઉપરના તેમ જ ગિરનાર ઉપરના 'ગુપ્ત' લિપિના લેખો ઉકેલ્યા. આ પ્રમાણેના એમના, **ટ્રોયર**ના અને **મિલ**ના પ્રયાસથી ઇ. સ. ૧૭૮૫–૮૬ થી અધૂરું રહેલું ગુપ્ત લિપિની વર્ણમાળાનું જ્ઞાન પૂરું થયું. આ પ્રમાણે ગુપ્ત લિપિ ઉકલવામાં લગભગ પચાસ વર્ષો પસાર થયાં.

આ દરમ્યાન બ્રાહ્મી લિપિના ઉકેલ માટે પ્રયત્નો થયા હતા. ઇ. સ. ૧૭૯૫ માં સર **ચાર્લ્સ મેલેટે** ઇલોરાની ગુફાઓના કેટલાક નાના નાના લેખોની પ્રતિકૃતિઓ કરાવી સર **વિલ્યમ જૉન્સ**ને મોકલાવી હતી અને તે આગળ ઉપર **વિલ્ફર્ડ**ને મોકલાઈ. પરંતુ તેમનાથી એ વાંચી નહિ શકાઈ ત્યારે કોઇ એક પંડિતે ખોટી વર્ણમાળા ઊભી કરી તેમને છેતર્યા અને એ છેતરપિંડી પકડાતાં કેટલાંક વર્ષો નીકળી ગયાં. **વિલ્ફર્ડ**નો પરિશ્રમ નિષ્ફળ જવાથી

---

૨૪૧ આ લેખ દીનાજપુર જિલ્લામાં આવેલ બદાલની પાસેથી મળી આવેલા એક સ્તંભ ઉપરનો લેખ હતો. એ લેખ ફરીથી "Epigraphica Indica" (Vol. II, pp. 161–164) માં છપાયો છે.

૨૪૨ આ અજમેરના ચૌહાણ રાજા આનલ્લદેવ(આના) ના પુત્ર થાય છે.

૨૪૩ આમાંના એક લેખની સાલ સં. ૧૨૨૦ (વૈશાખ પૂર્ણિમા) છે.

૨૪૪ બુદ્ધગયાની પાસેની નાગાર્જુની તેમજ બરાબર એ ગુફામાંથી આ ત્રણ લેખ મળ્યા હતા.

બંગાળાની એશિયાટિક સોસાયટીના સંગ્રહમાં દિલ્હી અને અલાહાબાદના સ્તંભો ઉપરના તેમ જ ખંડગિરિ ઉપર ખોદેલા લેખોની જે પ્રતિકૃતિઓ હતી તે ઉકેલવા કોઈએ ઉદ્યમ કર્યો નહિ, પરંતુ એની જિજ્ઞાસાવાળા **જેઇમ્સ પ્રિન્સેપે** ઈ. સ. ૧૮૩૪-૩૫ માં અલાહાબાદ, [૨૪૫]રધિઆ અને [૨૪૬]મથિઆના સ્તંભો ઉપરના લેખોની પ્રતિકૃતિ મંગાવી, દિલ્હીના લેખ સાથે તે સરખાવી. એ ચારે લેખો તપાસતાં તે એક જ જણાયા. એ ઉપરથી પ્રોત્સાહિત થયેલા તેમણે અલાહાબાદના સ્તંભના લેખની ભિન્ન ભિન્ન આકૃતિના અક્ષરો અલગ કર્યા. આથી તેમને માલમ પડ્યું કે 'ગુપ્ત' અક્ષરોની પેઠે આમાં પણ કેટલાક અક્ષરોની સાથે સ્વરોની માત્રાઓનાં ભિન્ન ભિન્ન પાંચ ચિહ્ને છે. [૨૪૭]એ જાણ્યા પછી અક્ષરોનું જ્ઞાન મેળવવા તેમણે આ લેખના પ્રત્યેક અક્ષરને 'ગુપ્ત' લિપિ સાથે મેળવવા માંડ્યો અને જે જે અક્ષર મળતો જણાયો તે ઉપરથી ક્રમવાર વર્ણમાળા તૈયાર કરી. તેમ થતાં ઘણા અક્ષરોનો ઉકેલ થઈ શક્યો.

પાદરી **જેઇમ્સ સ્ટિવન્સને** પણ **પ્રિન્સેપ**ની પેઠે શોધ કરવા માંડી હતી અને એમણે **ક, જ, પ** અને **ળ** અક્ષરો ઓળખી કાઢ્યા, પરંતુ એ જ્ઞાન સચોટ ન હોવાથી તેમ જ એ અક્ષરોમાં લખાયેલા લેખને સંસ્કૃત ભાષાના ધારવાની ભૂલ કરી હોવાથી એમનો પ્રયાસ નિષ્ફળ ગયો.

ઈ. સ. ૧૮૩૬ માં **લૅસને** એક બૅક્ટ્રિયન ગ્રીક સિક્કા ઉપર એ જ અક્ષરોમાં લખાયેલા 'ઍગેથોક્લિસ' નામ વાંચ્યું.

ઈ. સ. ૧૮૩૭ માં **પ્રિન્સેપ દ** અને **ન** ઉકેલી શક્યા,[૨૪૮] અને તેમ થતાં બ્રાહ્મીની વર્ણમાળા સંપૂર્ણ બની.[૨૪૯]

બ્રાહ્મીમાંથી નાગરી લિપિનો ઉદ્‌ભવ—

આ વસ્તુને સ્પષ્ટ કરતાં નીચે મુજબના આકૃતિપટો ઉપલબ્ધ થાય છે:—

(૧) ભારતીય પ્રાચીન લિપિમાળાગત ૮૨મું લિપિપત્ર[૨૫૦] (plate LXXXII).

૨૪૫ આને 'લૌરિઆ અરરાજ' પણ કહેવામાં આવે છે. એ ઉત્તર બિહારના ચંપારણ્યમાં આવેલ છે.

૨૪૬ આને 'લૌરિઆ નવંદગઢ' પણ કહેવામાં આવે છે અને એ પણ રધિઆની પેઠે ઉત્તર બિહારના ચંપારણ્યમાં આવેલ છે.

૨૪૭ આ હકીકત પ્રસિદ્ધ થતાં એ અક્ષરો યુનાની હોવાનો જે કેટલાક વિદ્વાનોનો ભ્રમ હતો તે નાશ પામ્યો.

૨૪૮ આ માટે તેમણે સાંચીનાં રૂપો સાથે સંબંધ ધરાવનારા સ્તંભો ઉપર ખોદાયેલા નાના નાના લેખોની પ્રતિકૃતિઓ એકત્રિત કરી, તે તપાસી, તો તેમને માલમ પડ્યું કે એના અંતમાંના બે અક્ષરો સરખા છે, અને એની પહેલાં પ્રાયઃ **સ** છે. તમને અંતના બે અક્ષરોમાં આનું ચિહ્ન અને અનુસ્વાર જણાયાં અને પછી તેમણે એ બે અક્ષરોને **દા** અને **નં** તરીકે ઉકેલ્યા.

૨૪૯ આ પછી દિલ્હી, અલાહાબાદ, સાંચી, મથિઆ, રધિઆ, ગિરનાર, ધૌલી વગેરેના લેખોનું પઠન સુગમ બન્યું અને એવો પણ નિશ્ચય થયો કે એની ભાષા સંસ્કૃત નહિ, પણ તે તે સ્થાનની પ્રચલિત દેશી (પ્રાકૃત) ભાષા છે.

૨૫૦ આમાં 'શારદા' લિપિ બ્રાહ્મી લિપિમાંથી કેવી રીતે ઉત્પન્ન થઇ તેનું પણ કોષ્ઠક અપાયેલું છે. ૮૩ મા લિપિપત્રમાં એવી રીતે 'વર્તમાન બંગલા' અને 'કાનડી' લિપિ એ પ્રત્યેક માટે એકેક કોષ્ઠક છે.

(૨) મહારાષ્ટ્રીય જ્ઞાનકોશ(પ્રસ્તાવનાખંડ)ના ૫૫મા પૃષ્ઠની સામે "ब्राह्मीपासून नागरी लिपीचा विकास" એ શીર્ષક હેઠળ આપેલું આકૃતિપટ.

(૩) "ગુજરાતી"ના ઇ. સ. ૧૯૩૩ ના દીપોત્સવી અંક(પૃ. ૪૧)માં શ્રીયુત **કેશવરામ કાશીરામ શાસ્ત્રી**નું પ્રસિદ્ધ થયેલું "ગુજરાતી લિપિપરમ્પરાદર્શક કોષ્ટક."[૨૫૧]

બ્રાહ્મી લિપિના નમૂના--

બ્રાહ્મી લિપિમાં લખાયેલા શિલાલેખો, સિક્કાઓ[૨૫૨] વગેરે કયાં કયાં છે, કયા કયા છે અને એમાંના કયાં કયાં પ્રસિદ્ધ થયાં છે, એનો વિચાર કરવો આવશ્યક છે, પરંતુ એ માટે જોઇતાં તમામ સાધનો હસ્તગત થઇ શક્યાં નહિ હોવાથી એ દિશામાં અલ્પ નિર્દેશ કરી સંતોષ માનવો પડે છે. આ સંબંધમાં થોડાક ઉલ્લેખ પ્રસંગવશાત્ પૂર્વે થઈ ગયો છે, એટલે એ ઉપરાંતની હકીકત અત્ર નોંધવામાં આવે છે.

અશોકના સમયના કરતાં પ્રાચીન એવા તો બે જ નાના નાના શિલાલેખ અત્યાર સુધીમાં પ્રાપ્ત થયા છે. એમાંનો એક શિલાલેખ અજમેર જિલ્લામાં આવેલા બડલી (બર્લી) ગામમાંથી શ્રીયુત **ઓઝા**ને ઇ. સ. ૧૯૧૨ માં મળ્યો હતો અને એ રજપુતાનાના સંગ્રહ-સ્થાન(અજમેર)માં છે. એ સ્તંભ ઉપર ખોદાયેલા લેખનો એક ટુકડો છે અને એની પહેલી પંક્તિમાં वीर[ ] य भगव[त] અને બીજીમાં चतुरासितिव[स] એમ છે. આ **વીરનિર્વાણ**-સંવત્ ૮૪ હોવો જોઈએ એમ શ્રીયુત **ઓઝા**નું અને ડૉ. **સતીશચંદ્ર વિદ્યાભૂષણ**નું માનવું છે. આની લિપિ **અશોક**ની પહેલાંની હોય એમ જણાય છે, કેમકે 'વીરાય'માંના 'વી'ની 'ઇ'ની માત્રાનું ચિહ્ન ન તો **અશોક**ના લેખોમાં કે એની પછીના લેખોમાં ઉપલબ્ધ થાય છે.

બીજો લેખ પિપ્રાવાના એક સ્તૂપની અંદરથી મળી આવેલા પાત્ર ઉપરનો છે. એ પાત્રમાં મહર્ષિ **બુદ્ધ**નાં અસ્થિ રાખવામાં આવ્યાં હતાં. આ લેખને ડૉ. **બ્યૂહલર** **અશોક**ના સમયની પૂર્વેનો માને છે, જ્યારે શ્રીયુત **ઓઝા** એને **બુદ્ધ**ના નિર્વાણકાળ ઇ. સ. પૂ. ૪૮૭થી કંઇક પછીનો માને છે.

ભટ્ટિપ્રોલુના સ્તૂપના લેખની લિપિ ઉપર્યુક્ત બે લેખો તેમ જ **અશોક**ના લેખથી જુદી જણાય છે, એથી શ્રીયુત **ઓઝા** ૪૨મા પૃષ્ઠમાં ઉલ્લેખે છે કે એ લિપિ પ્રાચીન બ્રાહ્મી-માંથી નીકળેલી હોવી જોઇએ કે જેમાંથી પ્રિપાવા વગેરેના લેખોની લિપિ નીકળી હશે, અથવા તો એમ સંભવે છે કે ભટ્ટિપ્રોલુ સ્તૂપની લિપિ **લલિતવિસ્તર**માં નિર્દેશેલી '**દ્રાવિડ**' લિપિ હોય, કેમકે એ લેખ દ્રવિડ દેશના કૃષ્ણા જિલ્લામાંથી જ મળ્યો છે.

ઈ. સ. પૂ. ૫૦૦ ની આસપાસથી માંડીને તે ઇ. સ. ૩૫૦ ની આસપાસની[૨૫૩] તમામ

---

૨૫૧ ડૉ. **બ્યૂહલર**ના "The Indian Palaeography" ગ્રંથમાં પણ આવું એકાદેક આકૃતિપઠ છે, એમ સ્ફુરે છે, પરંતુ એ ગ્રંથ અત્યારે સામે નહિ હોવાથી નિશ્ચયાત્મક ઉલ્લેખ બની શકે તેમ નથી.

૨૫૨ જે સિક્કાઓ ઉપર બ્રાહ્મી લિપિમાં લખાણ છે તેની એક યાદી જો કોઇ સ્થળેથી હજી પ્રસિદ્ધ ન થઇ હોય તો તે કરવા જેવી છે. કોઈ સહૃદય સાક્ષર એ કામ કરશે તો આનંદ થશે.

૨૫૩ **અશોક**નાં સુપ્રસિદ્ધ ચૌદ ધર્મશાસનો(Edicts)ના સમયનો વિચાર તેમજ ક્ષત્રપવંશી **રુદ્રદામન**ના સમયથી માંડીને **સ્વામી** રુદ્રસિંહ બીજાના સમયનો વિચાર અત્ર કરી જોવો. આ સમય દરમ્યાનના અને ગુજરાત સાથે સંબંધ ધરાવતા લેખો વિષે થોડી ઘણી માહિતી કોઇને ગુજરાતીમાં

ભારતીય લિપિઓને માટે શ્રીયુત **ઓઝાએ** બ્રાહ્મી સંજ્ઞા યોજી છે, અને તેમણે એના એકંદર ૧૫ લિપિપત્રરૂપે ૧૫ નમૂનાઓ આપ્યા છે. એ બધામાં બીજા લિપિપત્રમાં જે સિવાલિક સ્તંભ ઉપરની લિપિનો નમૂનો છે તે નમૂનો ઘણા સુંદર અક્ષરોથી અલંકૃત છે.

પુદુકોટા શહેરની ઉત્તર–પશ્ચિમમાં લગભગ નવ માઇલ દૂર આવેલ અડદીઆ નામના પત્થરની જે એક મોટી ટેકરી 'સીતનવસલ' એ નામથી ઓળખાય છે તેની ગુફાની ખડકની બહાર પત્થરની સત્તર ગાદીઓ આવેલી છે અને એમાંની એક ઉપર બ્રાહ્મી લિપિમાં ઈ. સ. પૂર્વે ત્રીજી શતાબ્દીનો એક ટુંકો શિલાલેખ છે અને તે પુરાતન પહ્લ–ગ્રંથ ભાષામાં લખાયેલો છે એમ કહેવાય છે.[૨૫૪]

મોહેન જે ડરોમાંથી મળી આવેલ કેટલાક અવશેષોમાં બ્રાહ્મી લિપિમાં લખાયેલા શિલાલેખો પણ છે.[૨૫૫]

આ ઉપરાંત "The Indian Historical Quarterly"માં પણ કેટલીક વાર બ્રાહ્મી લિપિમાં લખાયેલા શિલાલેખોની પ્રતિકૃતિ તેમ જ તેનું વિવરણ આવે છે. એ તમામની નોંધ એના બધા અંકો સામે નહિ હોવાથી થઇ શકે તેમ નથી. અહીં તો ઉદાહરણાર્થે ઈ. સ. ૧૯૩૪ના માર્ચના અંક(Vol X, No 1)ના પૃષ્ઠ ૫૭ની સામે આપેલી પ્રતિકૃતિ અને પૃ. ૫૭–૬૬માં આપેલ વિવરણનો નિર્દેશ કરું છું. એમાં મહાસ્થાનના શિલાલેખ વિષે ઊહાપોહ છે.

"The Proceedings and Addresses of the first Indian Cultural Conference"ની "ભાંડારકર પ્રાચ્ય વિદ્યા સંશોધન મંદિરના ત્રૈમાસિક (vol.XVIII, pt. I, pp. 90–92)માં" જે સમાલોચના પ્રસિદ્ધ થઈ છે તે ઉપરથી એમાં **સી. સી. દાસગુપ્તનો** "Palaeographical Notes on mauryan Brahmi Inscriptions of Mahāsthāna" લેખ છપાયો છે એમ જણાય છે.

બ્રાહ્મી લિપિમાં લખનારને **પણ્ણવણાના** રચનારા **શ્રીશ્યામસૂરિ** ભાસારિય(ભાષાર્ય)તરીકે નિર્દેશે છે.[૨૫૬] એ ઉપરથી તેમ જ **ભગવઇસુત્તમાં** બ્રાહ્મી લિપિને કરાયેલા નમસ્કાર ઉપરથી આપણે જૈન દૃષ્ટિએ બ્રાહ્મી લિપિનું મહત્ત્વ સમજી શકીએ છીએ. વિશેષમાં મુનિરાજ **પુણ્યવિજયજી** કહે છે તેમ જૈન આગમો બ્રાહ્મી લિપિમાં લખાયા તેના સ્મરણ તરીકે **ભગવઇસુત્તમાં** "नमो बंभीए लिवीए" એવો ઉલ્લેખ કરાયો છે. તેમ છતાં બ્રાહ્મી લિપિમાં લખાયેલ એક પણ જૈન આગમ કે એનો અંશ આપણને હજુ સુધી ઉપલબ્ધ થયો નથી, એ નવાઇ જેવું લાગે છે. વળી જેમ **અશોકનાં** ધર્મશાસનો બ્રાહ્મી લિપિમાં ઉપલબ્ધ થાય છે તેમ એની પૂર્વેના કે પછીના કોઈ જૈન નૃપતિનાં પણ ધાર્મિક પરિસ્થિતિ

જોઈતી હોય તો તેમણે શ્રી ફાર્બસ ગુજરાતી સભાએ પ્રકટ કરેલા **ગુજરાતના ઐતિહાસિક લેખો** (ભા. ૧, પૃ. ૧–૧૭) જોવા.

૨૫૪–૨૫૫ જુઓ **જૈનયુગનો** તા. ૧૫–૬–૩૬નો અંક, જેમાં "સીતનવસલના બ્રાહ્મી લિપિના પુરાતન શિલાલેખો અને જૈન ચિત્રકળા" એ નામનો અને શ્રીયુત **નાથાલાલ છગનલાલ શાહ** (પાલનપુરવાળા) દ્વારા લખાયેલો લેખ છપાયેલો છે.

૨૫૬ આ રહ્યો એને લગતો ઉલ્લેખ:—

"से किं तं भासारिया? भासारिया जे णं अद्धमागहाए भासाए भासंति **जत्थ वि य णं बंभी लिवी पवत्तइ** ।"

તરફ લોકોની નજર ખેંચનારા કોઈ શિલાલેખાદિ બ્રાહ્મી લિપિમાં મળી આવેલા જણાતા નથી, એનું કારણ પણ વિચારવા જેવું છે.

ઇ. સ. પૂર્વે બીજા સૈકાનો, ઓરિસા યાને ઉડીસા (કલિંગ દેશ)માંના ખંડગિરિ પરની હાથીગુફામાં આવેલો અને કલિંગ ચક્રવર્તી મહારાજ **મેઘવાહન ખારવેલે** કોતરાવેલો શિલાલેખ[૨૫૭] મનનીય છે, કેમકે "ઐતિહાસિક ઘટના તેમજ જીવનચરિત્રનું વર્ણન પૂરું પાડનાર ભારતવર્ષનો આ સૌથી પહેલો શિલાલેખ છે"[૨૫૮] એમ કહેવાય છે.

આ પ્રમાણે બ્રાહ્મી લિપિ વિષે સાધન અનુસાર વિચાર કરી હું હવે ખરોષ્ઠી લિપિ વિષે થોડોક ઊહાપોહ કરીશ.

ખરોષ્ઠી લિપિ

સમવાયના ૪૬ મા સમવાયમાં [૨૫૯]ખરોટ્ટિયા કે [૨૬૦]ખરોટ્ટિઆ તરીકે ઉલ્લેખાયેલી અને **લલિતવિસ્તર**માં ખરોષ્ટી (ખરોષ્ઠી) તરીકે નિર્દેશાયેલી લિપિ તે 'ખરોષ્ઠી લિપિ' હોવી જોઈએ, એમ માની એ વિષે હું અત્ર કેટલોક વિચાર કરીશ.

આપણે ખરોષ્ઠી લિપિને લગતા ઉલ્લેખો[૨૬૧], એ લિપિ લખવાની પદ્ધતિ,[૨૬૨] અને બૌદ્ધ વિશ્વકોશ **ફા યુઅન્ ચુ લિન** અનુસાર એની ઉત્પત્તિ,[૨૬૩] એ સંબંધમાં તો નિર્દેશ કરી ગયા છીએ, એટલે હવે એ વિષે ફરી ઉલ્લેખ ન કરતાં આપણે આગળ વધીશું.

ભારતીય પ્રાચીન લિપિઓમાં ખરોષ્ઠી લિપિનું સ્થાન બ્રાહ્મી કરતાં પછીનું છે, એટલે એ અત્યારે તો ભારતીય પ્રાચીન લિપિઓમાં બીજું સ્થાન ભોગવે છે. પાશ્ચાત્ય વિદ્વાનોએ એને 'બૅક્ટ્રિયન પાલી', 'આરિયનો પાલી', 'નૉર્થ અશોક', 'કાબુલિયન' અને 'ગંધાર' તરીકે નિર્દેશેલી છે.[૨૬૪] આ ખરોષ્ઠી લિપિમાં લખાયેલો એવો એકે શિલાલેખ અત્યાર સુધીમાં મળ્યો જણાતો નથી, જેને આપણે **અશોક**ની પહેલાંનો ગણી શકીએ, પરંતુ પંજાબમાં એક વેળા પ્રચલિત એવા કેટલાક ઈરાની સિક્કાઓ[૨૬૫] ઉપર બ્રાહ્મી તેમ જ ખરોષ્ઠી લિપિના[૨૬૬]

---

૨૫૭ આના હિંદી વિવરણ માટે જુઓ સ્વ. **જાયસવાલ** (Jayaswal)નો લેખ "कलिंग चक्रवर्ती महाराज खारवेल के शिलालेखका विवरण" જે **નાગરી પ્રચારિણી પત્રિકા**(વ. ૮, અં. ૩, પૃ. ૩૦૧)માં પ્રસિદ્ધ થયેલ છે. આનું ગુજરાતી ભાષાંતર "જૈન સાહિત્યસંશોધક" (ખંડ ૩, અં. ૪, પૃ. ૩૬૬)માં પ્રસિદ્ધ થયું છે.

૨૫૮ જુઓ "જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ" (પૃ. ૯૮).

૨૫૯–૨૬૦ જુઓ આ ત્રૈમાસિકનો ગતાંક (પૃ. ૧૩૮, ૧૪૦ અને ૧૪૩).

૨૬૧ જુઓ પૃ. ૨૫૬

૨૬૨ જુઓ પૃ. ૨૫૬

૨૬૩ જુઓ પૃ. ૨૫૬

૨૬૪ જુઓ **મહારાષ્ટ્રીય જ્ઞાનકોશ** (પ્રસ્તાવનાખંડ, પૃ. ૫૯).

૨૬૫ આ સિક્કાઓ **સિકંદર**ની પૂર્વેના, એટલે ઈ. સ. પૂર્વે ચોથી શતાબ્દીના હોવા જોઇએ એમ શ્રીયુત **ઓઝા** પૃ. ૩૧ માં કહે છે.

૨૬૬ બ્રાહ્મી લિપિના **યો, વ, પ,** જ અને **ગો** એ અક્ષરો, તેમજ ખરોષ્ઠી લિપિના **મ, મે, મં, તિ, દ** અને હ એ અક્ષરો જે ઈરાની ચાંદીના સિક્કાઓ ઉપર છે તે માટે, તેમ જ એનાં પ્રો. **રૅપ્સન**કૃત વિવરણ માટે જુઓ "Journal of the Royal Asiatic Society" (ઇ. સ. ૧૮૯૫, પૃ. ૮૬૫–૮૭૭ અને પૃ. ૮૬૫ ની સામેની પ્રતિકૃતિ).

એક એક અક્ષરની છાપ છે.[૨૬૭] અશોકના [૨૬૮]શહબાજગઢી અને [૨૬૯]માન્સેરાના શિલાલેખ તેમજ શક, [૨૭૦]ક્ષત્રપ, પાર્થિયન, કુશન, ઔદુંબર ઇત્યાદિ રાજવંશોના કેટલાક સિક્કા ખરોષ્ઠી લિપિના નમૂના પૂરા પાડે છે. ભૂર્જપત્રો (ભોજપત્રો) ઉપર પણ ખરોષ્ઠી લિપિગત પ્રાકૃત લખાણ ઉપલબ્ધ થયું છે. જેમકે હિડ્ડાના સ્તૂપમાંથી મળી આવેલ માટીના પાત્રગત ભૂર્જપત્ર. ઈ. સ. ના ત્રીજા સૈકાની લગભગ ગણાતી એવી **ધમ્મપદ**ની એક પ્રતિ ખોતાનથી મળી છે અને તે ખરોષ્ઠી લિપિમાં છે. ડૉ. **ઑરલ સ્ટાઈનને** તુર્કસ્થાનમાંથી ખરોષ્ઠી લિપિમાં લખેલ પુસ્તક અને લાકડાની ફળીઓ મળી છે.[૨૭૧]

ખરોષ્ઠી લિપિનું મૂળ 'સેમિટિક' લિપિ—'અરમઈક' લિપિ હોય એમ લાગે છે, કેમકે 'અરમઇક' લિપિના [૨૭૨] ૧૮ વર્ણો પૈકી ૯ વર્ણોનું સમાન ઉચ્ચારવાળા 'ખરોષ્ઠી' વર્ણો સાથે અતિશય સાદૃશ્ય જણાય છે, અને થોડી ખેંચતાણની છૂટ લેવાય તો બીજા પણ ચાર અક્ષરો વચ્ચે સામ્ય જોવાય છે. પંડિત **ઓઝાએ** ક, **જ**, **દ**, **ન**, **બ**, **ય**, **ર**, **વ**, **ષ**, **સ** અને **હ** એમ અગીયાર અક્ષરોની સમાનતા સૂચવી છે. ડૉ. **કેતકરે જ**, **બ**, **દ**, **વ**, **ય**, **ન** અને **ર**ની જાઇન્, બેથ્, દાલેથ્, વાવ્, યોધ્, નૂન્ અને રેશ્ સાથે સમાનતા દર્શાવી છે. વિશેષમાં તેઓ ખરોષ્ઠી **ક**ને સકકારાના લેખગત 'કાફ' અને તક્ષશિલાના લેખગત 'કૉફ'ના મિશ્રણરૂપ ગણે છે અને **સ**ને એ બે લેખગત 'ત્સેધ'ની સમાન ગણે છે.

જેમ મુસલમાનોના રાજ્યસમય દરમ્યાન ઇરાનની 'ફારસી' લિપિ આપણા દેશમાં દાખલ થઈ અને એમાં કેટલાક અક્ષર ઉમેરીને હિંદી ભાષાના મામૂલી અભ્યાસીઓ માટે કામચલાઉ 'ઉર્દુ' લિપિ બનાવાઈ, તેમ ઇરાનીઓની પંજાબના અમુક ભાગ ઉપર રાજ્યસત્તા હતી તે અરસામાં અહીં 'અરમઇક' લિપિ દાખલ થઇ અને એમાં કેટલાક નવા અક્ષરો તેમજ હ્રસ્વ સ્વરોની માત્રાઓ યોજાઈ, મામૂલી અભ્યાસીઓ માટે આ કામચલાઉ ખરોષ્ઠી લિપિ બનાવાઇ. એમાં **આ**, **ઈ**, **ઊ**, **ઋ**, **એ** અને **ઐ** એ સ્વરોનો તેમજ એની માત્રાઓનો સર્વથા અભાવ છે. વળી વિસર્ગ માટે પણ કોઇ ચિહ્ન જણાતું નથી.[૨૭૩] સંયુક્ત વ્યંજનો બહુ થોડા મળે છે અને એમાંના[૨૭૪] કેટલાકના ઘટક વ્યંજનો સ્પષ્ટ જણાતા નથી, કેમકે એનાં વિલક્ષણ રૂપો મળે છે, અને એથી તો કેટલાકનો ઉકેલ સંદિગ્ધ મણાય

---

૨૬૭ જુઓ **ભારતીય પ્રાચીન લિપિમાળા** (પૃ. ૩૧).

૨૬૮ પંજાબના યૂસફજઇ જિલ્લામાં આવેલ છે.

૨૬૯ પંજાબના હજારા જિલ્લામાં આવેલ છે.

૨૭૦ આ શબ્દ સંસ્કૃત ભાષાનો હોય એમ મનાય છે, પરંતુ ડૉ. **કેતકર** ૬૦ મા પૃષ્ઠમાં સૂચવે છે તેમ એ પ્રાચીન ઇરાની ભાષાના 'ક્ષત્ર' એટલે 'જિલ્લા' શબ્દ ઉપરથી બનેલો છે, અને ક્ષત્રપનો અર્થ 'જિલ્લાનો અધિકારી' એવો થાય છે, એમ ઘણાનું માનવું છે. શ્રીયુત **રાજવાડે** એથી જૂદો મત ધરાવે છે.

૨૭૧ જુઓ **ભારતીય પ્રાચીન લિપિમાળા** (પૃ. ૩૭).

૨૭૨ આ લિપિમાં ૨૨ અક્ષરો છે, પરંતુ આર્ય ભાષાઓનાં કેવળ ૧૮ જ ઉચ્ચારણો એ વ્યક્ત કરે છે. વિશેષમાં એમાં સ્વરોના હ્રસ્વ અને દીર્ઘ એવા ભેદ નથી, તેમજ સ્વરોની માત્રાઓ પણ નથી. જુઓ **ભારતીય પ્રાચીન લિપિમાળા** (પૃ. ૩૭ તેમજ ૯૭).

૨૭૩ જુઓ **મહારાષ્ટ્રીય જ્ઞાનકોશ** (પ્રસ્તાવનાખંડ, પૃ. ૬૨).

૨૭૪ ઉદાહરણ તરીકે સ્ત્ર, ત્વ અને સ્વ ની ડૉ. **કેતકરે** ૬૩ મા પૃષ્ઠમાં નોંધ લીધી છે.

છે. આ ખરોષ્ઠી લિપિના વ, ત, ન અને રમાં ઉપલક દૃષ્ટિએ ભેદ જણાતો નથી. વળી હલન્ત વ્યંજન લખવાની પણ કોઈ વ્યવસ્થા આ લિપિમાં હોય એમ જણાતું નથી, એટલે કેટલાક એમ અનુમાન કરે છે કે એ લિપિમાં વ્યંજનાન્ત શબ્દ શુદ્ધ રીતે લખતાં કોઇને આવડતો નહિ.

આવી પરિસ્થિતિમાં ખરોષ્ઠી લિપિનો સંસ્કૃત ભાષા માટે તેમ જ વિશેષ ઉપયુક્ત પ્રસંગોમાં ઉપયોગ ન થયો હોય એમ જે લાગે છે તેમાં કંઇ નવાઈ જેવું નથી, અને એને લઇને કેટલી યે શતાબ્દી થયાં એ લિપિ આ દેશમાંથી જતી રહી છે અને એનું તાત્કાલિક સ્થાન બ્રાહ્મી લિપિએ લીધું હોય એમ લાગે છે.

ખરોષ્ઠી લિપિનો ઉકેલ—

કર્નલ **જેઇમ્સ ટૉડે** બૅક્ટ્રિયન, ગ્રીક, શક, પાર્થિયન અને કુશનવંશી રાજાઓના પ્રાચીન સિક્કાઓનો મોટો સંગ્રહ કર્યો હતો. એ સિક્કાઓમાં એક બાજુ 'ગ્રીક' લિપિમાં અને બીજી બાજુ 'ખરોષ્ઠી' લિપિમાં લખાણ હતું. એમની માફક સર **ઍલેકઝાન્ડર બર્ન્સ** વગેરે પ્રાચીન શોધકોએ પણ આવા સિક્કાઓનો સંગ્રહ કર્યો હતો.

ઇ. સ. ૧૮૨૪માં કર્નલ **જેઇમ્સ ટૉડે** 'કડ્ફિસેસ'ના સિક્કા પરના અક્ષરોને 'સસેનિયન' તરીકે ઓળખાવ્યા. ઈ. સ. ૧૮૩૩માં 'ઍપૉલૉડૉટસ'ના સિક્કા પરના એ અક્ષરોને **પ્રિન્સેપે** 'પહેલવી' માન્યા અને એક બીજા સિક્કા ઉપરની ખરોષ્ઠી લિપિને તેમ જ [૨૭૫]માનિકિઆલના લેખની ખરોષ્ઠી લિપિને પણ 'પાલી' (બ્રાહ્મી) માની, પરંતુ પાછળથી એમને એ બાબત સંદેહ ઉત્પન્ન થયો. ઈ. સ. ૧૮૩૪માં કૅપ્ટન **કોર્ટે**ને એક સ્તૂપમાંથી ખરોષ્ઠી લિપિનો એક લેખ મળ્યો. એ જોતાં **પ્રિન્સેપે** એને 'પહેલવી' માન્યો. મી. **મેસન**ને માલમ પડયું કે એક બાજુ જે નામ ગ્રીક લિપિમાં છે એ જ બીજી બાજુ બીજી લિપિમાં છે, એટલે એમણે 'મિનેન્ડર', 'ઍપૉલૉડૉટસ' વગેરે શબ્દોનાં ખરોષ્ઠી ચિહ્નો જાણી લીધાં અને એ હકીકત **પ્રિન્સેપ**ને જણાવી. આ ઉપરથી **પ્રિન્સેપે** ઘણા સિક્કાઓ વાંચ્યા અને ખરોષ્ઠી લિપિના પુષ્કળ અક્ષરોનો બોધ મેળવ્યો, પરંતુ એમણે એની ભાષા 'પહેલવી' માનવાની ભૂલ કરી એથી તેઓ તરતમાં આગળ વધી શકયા નહિ; પરંતુ જ્યારે ઇ. સ. ૧૮૩૮માં બે બૅક્ટ્રિયન સિક્કા ઉપર પાલી લેખ જોઈ, ખરોષ્ઠી લિપિના લેખની ભાષા પાલી હોવાનું માની, તેમણે શોધ ચાલુ કરી, ત્યારે તેમને ૧૭ અક્ષરનો બોધ થયો. આ અરસામાં મિ. **નૉરિસ** પણ ૭ અક્ષર ઉકેલી શકયા, અને જનરલ **કનિંગહામ** પણ બાકીના અક્ષરો—સંયુક્તાક્ષર સુદ્ધાં ઉકેલી શકયા.

ચિન્ત્ય ઉલ્લેખો—

ડૉ. **ત્રિભુવનદાસ લહેરચંદ શાહે પ્રાચીન ભારતવર્ષ**(ભા. ૩)ના પૃ. ૧૭૪, ૧૭૫, ૨૭૧ અને ૩૨૪માં ખરોષ્ઠી લિપિ વિષે ઉલ્લેખ કર્યો છે અને ૧૭૫મા પૃષ્ઠમાં તો આ લિપિ અને બ્રાહ્મી લિપિની પાંચ બાબતમાં નીચે મુજબ સંતુલના કરી છે:—

૨૭૫ ઇ. સ. ૧૮૩૦ માં માનિકિઆલના સ્તૂપને જનરલ **વેંટુરા**એ ખોદાવ્યો ત્યારે એમાંથી એક સિક્કો અને ખરોષ્ઠી લિપિમાં લખાયેલા બે લેખો મળી આવ્યા હતા.

" બ્રાહ્મી	ખરોષ્ઠી
૧ શુદ્ધ લિપિ છે.	૧ વિકૃત સ્વરૂપ હોવા સાથે બ્રાહ્મી અને પહ્લ્વીનું મિશ્રણ છે.
૨ સંસ્કૃતની માફક ડાબા હાથથી લખાય છે.	૨ પહ્લ્વીની–પર્શિઅન–ફારશીની માફક જમણા હાથથી લખાય છે.
૩ જેમ શુદ્ધ ગુજરાતી ભાષા, કેળવાયેલ અને સંસ્કારી પુરૂષો બોલે છે તેમ આ ભાષા પણ શિક્ષિત વર્ગ બોલે છે.	૩ જેમ ગામડાનાં માણસો ગુજરાતી ભાષા બોલતાં છતાં, ગ્રંથમાં લખાતી શુદ્ધ ગુજરાતી તેને કહી શકાતી નથી, તેમ આ ભાષાનું પણ સમજી લેવું.
૪ મૂળાક્ષર સંસ્કૃતની માફક છે.	૪ મૂળાક્ષર તેવા ખરા, પણ વળાંકમાં કે અન્ય ઠેકાણે કંઈક ફેરફારો.
૫ તેનો સ્વર, કાનને પ્રિય અને મધુર લાગે તેવો છે.	૫ તેનો ઉચ્ચાર કાનને બરસટ લાગે તેવો છે."

આ ઉપરથી જણાશે કે ડૉ. **શાહ** બ્રાહ્મી ભાષા અને બ્રાહ્મી લિપિ તેમજ ખરોષ્ઠી ભાષા અને ખરોષ્ઠી લિપિ એમ ચાર વસ્તુઓ સ્વીકારે છે. "ક્ષહરાટ પ્રજાની ભાષા જેને ખરોષ્ઠીના નામથી ઓળખવામાં આવે છે" અને સિથિઅન્સની ભાષા જે બ્રાહ્મી હોવા સંભવ છે એવો નિર્દેશ તેમણે પૃ. ૧૬૭ માં કર્યો છે.

તેઓ ૧૭૪મા પૃષ્ઠમાં કથે છે કે "તેમની (ક્ષહરાટની) લિપિને ખરોષ્ઠી તરીકે ઓળખવાય છે, પછી તે પ્રજાનાં નામ ઉપરથી લિપિનું નામ યોજાયું છે કે લિપિ ઉપરથી પ્રજાનું નામ ઘડી કઢાયું છે તે નિર્ણય કરવાનું કામ આપણું નથી; પણ તે લિપિના મૂળાક્ષરો જોતાં હિંદી લિપિને તે વધારે મળતી આવતી જણાય છે."

આ ઉલ્લેખો વિચારતાં મને એમ ભાસે છે કે ડૉ. **શાહ** લિપિ અને ભાષાને પર્યાયવાચક ગણે છે. આ તેમની ભ્રાન્ત માન્યતાનું એક ઉદાહરણ તેમણે ૨૩૦મા પૃષ્ઠમાં જે અંગ્રેજી અવતરણ અને તેનો અનુવાદ રજુ કર્યો છે તે જ અંગ્રેજી અવતરણ અને તેનો અનુવાદ જે ૨૫૭મા પૃષ્ઠમાં રજુ કર્યો છે તે ઉપરથી મળી શકે છે.

વિશેષમાં ઉપર જે હિંદી લિપિની વાત કરી છે તે પણ ભ્રાન્ત જણાય છે.

જેમ ખરોષ્ઠી ભાષા હોવાનું તેઓ કથે છે તેમ તેઓ બ્રાહ્મી ભાષા હોવાનું પણ કથે છે, પરંતુ ભાષાઓનાં નામોમાં બ્રાહ્મી અને ખરોષ્ઠી નામ કોઇ વિદ્વાને રજુ કર્યાં હોય એમ જાણવાજોવામાં નથી. એટલે જો એ અભ્રાન્ત ઉલ્લેખ હોય તો ડૉ. **શાહ** કે તેમના જેવી માન્યતા ધરાવનાર અન્ય કોઇ આ સંબંધમાં પ્રમાણો રજુ કરે એવી મારી તેમને વિજ્ઞપ્તિ છે.

આ પ્રમાણે ૨૪૮મા પૃષ્ઠમાં સૂચવ્યા મુજબ આ 'લેખાંક ૩'માં યથાસાધન બ્રાહ્મી અને ખરોષ્ઠી લિપિ વિષે ઊહાપોહ કરી હવે હું આ લેખ પૂર્ણ કરું છું અને સાથે સાથે કોઈ સ્ખલના ઉપસ્થિત થઈ હોય તો તે તરફ તેમજ જો કોઈ વિશિષ્ટ હકીકત આપવી રહી ગઈ હોય તો તે તરફ મારું સત્વર લક્ષ્ય ખેંચવા તજ્જ્ઞોને વિનવતો હું વિરમું છું.

ગોપીપુરા, **સુરત** તા. ૧૮–૭–૩૭.

નરસિંહ મહેતાનાં પદોનો મારવાડમાં પ્રચાર[1]

(લેખક: રા. રા. મંજુલાલ રણછોડલાલ મજમુદાર)

નરસિંહ મહેતાના જીવનકવન સંબંધી 'કોયડો' ગુજરાતી સાહિત્યની વર્તમાન ચર્ચામાં ઠીકઠીક ધ્યાન ખેંચી રહ્યો છે: તે પ્રસંગે નરસિંહ મહેતાનાં કેટલાંક પદોનું સ્વરૂપાન્તર વિચારવાનું રસિક થઈ પડશે.

સને ૧૯૨૮ ના સપ્ટેમ્બરમાં મુંબાઈ યુનિવર્સિટીની સાહાય્યથી મીરાંબાઈનાં જૂની પશ્ચિમ રાજસ્થાનીમાં રચાયલાં અને તે અસલી ભાષામાં સચવાયેલાં પદોની શોધખોળ કરવાના કામે હું મારવાડની રાજધાની જોધપુરમાં ગયો હતો.

જોધપુર પહોંચવાની સવારમાં, પ્હેરોડ થવાના અરસામાં, મારવાડ જંકશનથી ગાડી બદલાઈ. ગાડી ઉપડવાને વાર હતી. સ્હવારના ચાર વાગ્યા હતા. એટલામાં મ્હારે કાને નરસિંહ મહેતાનું પ્રભાતિયું 'જાગ્યને જાદવા! કૃષ્ણ ગોવાળિયા!'—કોઈ મીઠા સુંદરીકંઠથી ગવાતું સંભળાયું.

મારવાડ જેટલે દૂર, આવા પ્રદેશમાં કોઈ ગુજરાતી બ્હેન તો ક્યાંથી હોય! હું જાગ્રત થઈ ગયો. આમતેમ જોયું. બારીએથી બહાર નજર કરી, તો હું બેઠો હતો તે ડબાની જોડેના જ ખાનામાં બેઠેલી મારવાડી બહેન એ પ્રભાતિયું પ્રભાતના પહોરમાં જ ગાઈ રહી હતી.

મને ખૂબ રસ પડયો. એ બહેને બીજાં પણ ત્રણચાર પદ ગાયાં. સ્હવારનું મંગલ પ્રભુ-સ્મરણ થઈ ગયું. અને ગાડી ઉપડી.

હું વિચાર કરતો થઈ ગયો. છેક વીસમી સદીમાં, જૂનાગઢના નાગર ભક્તકવિ નરસિંહ મહેતા(મારવાડીમાં 'નરસી મેથા' અથવા 'નરસી મુથા')નાં પદોનો સાક્ષાત્કાર મારવાડની ભૂમિમાં મ્હને થશે, એનો સ્વપ્ને પણ ખ્યાલ નહીં; છતાં એ ખ્યાલ ખ્યાલ જ માત્ર નહોતો. એ સત્ય વસ્તુ હતી.

પગપાળા મુસાફરી કરવાનો રિવાજ જ્યારે સર્વસામાન્ય હતો ત્યારે ગામગામ અને પ્રાંતપ્રાંત વચ્ચેનાં અંતરના આપણા ખ્યાલ આજનાથી તદ્દન જુદા હતા. આજે આપણને પર-પ્રાન્ત લાગતો ઉત્તરમાં આવેલો રાજસ્થાનનો ભાગ, તથા દક્ષિણ અને પૂર્વમાં રહેલો ખાનદેશનો ભાગ સૈકાંઓ સુધી ગુજરાતના જ ભાગ ગણતા હતા. આ વસ્તુસ્થિતિનું સત્ય આજે પણ ત્યાં રહેલા ગુજરાતી સ્વભાવ, રીતભાત, સંસ્કાર વગેરેના રહ્યાસહ્યા અવશેષો ઉપરથી કહી શકાય છે.

તેનાં કારણોમાં, રાજકીય ઉથલપાથલોથી પર એવા ધાર્મિક યાત્રાસંઘોના સતત પ્રવાસો ગણાવવા જેવા છે. દ્વારકેશની તથા સોમનાથની યાત્રાએ હિંદભરમાંની યાત્રાળુઓની હારની હાર, બારે માસ આવજા કરતી. આ યાત્રાસંઘોમાંના સંતો અને સાધુઓ પોતાની સાથે આણેલાં ભજનો અને કીર્તનોનો ભંડાર ભાવિકો આગળ દરેક ખેપ વખતે ખુલ્લો મૂકી દેતા; અને તેના બદલામાં, ત્યાંથી પાછા વળતાં બીજાં ભજનોનું નવું સાહિત્ય સાથે

---

૧ અમદાવાદ બારમા સાહિત્યસંમેલને સ્વીકારેલો નિબંધ.

લેતા જતા. આપણા ભક્તિસાહિત્યનો પ્રચાર–ખાસ કરીને મધ્યકાલીન સમયમાં–આ પ્રમાણે જ થવા પામ્યો છે.

રામાનંદે ચૌદમા શતકથી દેશદેશની લોકભાષાઓને જ્ઞાનભક્તિનો ઉપદેશ આપવા માટે લાયક ઠરાવી. સ્ત્રી અને શૂદ્રો માટે શાસ્ત્રો અને પુરાણોનું જ્ઞાન, દેશી અનુવાદોદ્વારા પ્રાંતિક ભાષાના કવિઓએ ખુલ્લું મૂકવા માંડયું, અને આ પ્રવૃત્તિની નવ પ્રેરણાથી મધ્યકાળનું સાહિત્ય તરવરી રહ્યું.

નરસિંહ મહેતા અને મીરાંબાઈનાં પદોનો પ્રચાર પંજાબ, બંગાળા, મહારાષ્ટ્ર અને હિંદુસ્તાનમાં થયો, તે આવા જાગ્રતિયુગને પરિણામે જ.

નરસિંહ મહેતાની "છાપ"વાળાં કેટલાંક પદો–જેનો આજે પણ મારવાડ અને રજપૂતાનામાં પ્રચાર છે–તે પ્રત્યે હું ગુજરાતી ભાઈઓનું ધ્યાન ખેંચવા આ તક લઉં છું.

આ સાથે જોડેલાં બાર પદોમાંનાં ઘણાંનાં, વર્તમાન ગુજરાતી ભાષામાં થયેલાં રૂપાન્તરો, સ્વ. ઈચ્છારામ દેસાઈએ પ્રકટ કરેલા "નરસિંહ મહેતાકૃત કાવ્યસંગ્રહ"માં છે. તેને, અહીં આપેલાં મારવાડમાં સચવાઈ રહેલાં રૂપાન્તર સાથે, અભ્યાસીએ સરખાવવા જેવાં છે.

આ મારવાડી રૂપાન્તરો ક્યાંથી પ્રાપ્ત થયાં તે જણાવી દઉં; હિંદભરમાં પથરાઈ રહેલાં રામાનંદ સંપ્રદાયનાં મંદિરો–જેને "રામદ્વારા"ના નામથી લોકો ઓળખાવે છે–તેમાં વસતા સત્સંગી સાધુઓ પાસે નિત્ય–પાઠ કરવાનાં ભજનોના હસ્તલિખિત ગુટિકાઓ હોય છે. એવા અનેક ગુટિકાઓમાં વેરાયેલાં પડેલાં મીરાંબાઈના પદો ઊતરતાં ઊતરતાં થોડાંક 'નરસીમેતા'નાં પદો પણ મેં કુતૂહલ ખાતર ઉતારી લીધાં હતાં. આ ગુટકાઓમાંના ઘણા બસો–અઢીસો વર્ષથી જૂના નથી; છતાં એ ગુટકાઓ તેમના સમયમાં પ્રચલિત પ્રાચીન ગુટકાઓ ઉપરથી જ ઊતારવામાં આવ્યા હતા, એવી ઘણાને છેડે નોંધ જોવામાં આવતી હતી. એટલે આ પદો પરંપરાપ્રાપ્ત છે એટલું તો નક્કી, છતાં, અહીં આપેલાં બધાં પદો ખરેખર નરસિંહ મહેતાનાં જ હશે, એમ કહેવા માટે પણ છાપ સિવાય, નિશ્ચયાત્મક પુરાવો નથી.

સાહિત્યસંમેલનના આ પ્રસંગે એટલું જ ધ્યાન ખેંચવાની અગત્ય છે કે ગુજરાત સાથે સાંસ્કૃતિક સમ્બન્ધોથી જોડાયેલા મારવાડ પ્રાન્તનો આપણે નિકટ પરિચય સાધવાની જરૂર છે; કારણ કે ગુજરાતની ઘણીખરી જ્ઞાતિઓનું અસલ ઉત્પત્તિસ્થાન મારવાડ તથા મેવાડની ભૂમિ છે, 'ઝીણા મારુજી હો રાય !'–જેવાં ગીતોમાં જણાય છે તેમ, આપણાં લગ્નગીતોની જન્મભૂમિ મારવાડ અને રાજસ્થાન છે; આપણાં લોકગીતો, લોકકથાઓ પણ ત્યાં જ જન્મ પામેલાં છે; કારણ કે ઘણી કથાઓનાં મૂળ ત્યાં ખોળી શકાય છે.

વળી વલ્લભીપુર, ભિન્નમાળ, પંચાસર, પાટણ અને તે પછી અમદાવાદ–એ ક્રમે ગુજરાતની રાજધાનીઓ કાળે કાળે બદલાયાં કરી છે; અને ઉત્તર તરફથી ધીમે ધીમે દક્ષિણ તરફ તેમના પ્રસાદ સાથે મૂલગત સંબંધો અને જાતિસંસ્કારોને, બન્યું ત્યાં સુધી, સાચવી રાખવા તેમણે પ્રયત્ન કર્યો છે.

આ સંમેલન સમક્ષ એટલી જ સૂચના પેશ કરવા હું ઇચ્છું છું કે ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ લખવામાં ખૂબ ઉપયોગી થાય એવા સંસ્કારસંબંધોના અંકોડા ખોળી કાઢવા માટે, સંમેલન તરફથી સંશોધકોને એ ક્ષેત્રમાં કામ કરવા માટે, અનેક રીતે પ્રોત્સાહ-

–ન આપવાનો સત્વર પ્રબંધ થાય, બંગીય, હિંદી તથા મહારાષ્ટ્રીય સાહિત્યસંમેલનોએ સંશોધનના ક્ષેત્રમાં સક્રિય રસ લીધાનું જાણવામાં છે તેમનાથી આગળ ન જવાય તો નહીં, પરંતુ નિદાન તેમની સાથે રહી શકાય એ પ્રમાણે સંશોધનકાર્યમાં અભ્યાસીઓને પ્રેરવાનું આજથી સુમુહૂર્ત થાય, એમ સૌ ઇચ્છશે જ.

નીચે આપેલાં પદોને "ગુજરાતી પ્રીન્ટીંગ પ્રેસે" છાપેલા "નરસિંહ મહેતા કૃત-કાવ્ય સંગ્રહમાં"નાં ગુજરાતી સ્વરૂપનાં પદો સાથે સરખાવી જોવાથી ઉપરના કથનનું મહત્ત્વ ધ્યાનમાં આવ્યા વગર રહેશે નહીં:—

૧

પધાર્યા મારે કૂંકૂં-રા પગલે—ટેક
ડગમગ કરતા મોહનજી પધાર્યા, ડગ ભરતાં ડગલે: ૧
લટપટિ પાગ લીલાંબર સોહે, પીતાંબર બદલે: ૨
ભાલ તિલક ઝલઝલતાં મોતી, દેખત મન હરલે: ૩
સાકરડી આંગણુ-વિચ વૂઠી, ઢિગ વૂઠા ઢીગલે: ૪
દૂધાં મેહ વૂઠા **નરસી** ઘર, આંગણીયે સઘલે, ૫

૨

ભૂલા કાંઈ ફિરો છો રે? આયો રામભજન-રો ઠાણો—ટેક
જ્યૂં ત્યૂં કર લે રામ-સીવ લે, છૂં લાગે છે નાણો?
ઘડી પલક મૈં-છોડ ચલેગા, કાયા સોગ મ ઠાણો: ૧
આત એકલો, જાય અકેલો, થિર નાંહી છે થાણો:
લંકા-રો પતિ રાવણુ કહીયે, ઉન કીયો પયાણો: ૨
ભરે ભરે નૈ રીતો થાસી' માયા મોટો માણો:
લગીયે હૈ કિકર બૂઝસી, સિગડી માંયલો છાણો: ૩
માત પિતા તિરિયા સુત બંધુ ઝૂઠો ભરમ ભૂલાણો;
કહે **નરસી**નો રામ ન સિમર્યો, જાને નહી છૈ ઠિકાણો.

૩

છબિલા સાંવરીયા રે! વાલા! મોહિ દરસન દેતો જા—ટેક
દરસન દેતો જા, છબિલા! માન હમારી વાત:
હમ બુલાયા તમ નહી આયા, આયા છો પરભાત; ૧
કાલંદ્રી જમના-રે કાંઠે, હમ ઘડોલ્યા ભરસ્યાં:
ઠાઠો રહે નંદજી-રા લાલા, તનડા-રી વાતા કરસ્યાં ૨
વૃન્દાવનકી કુંજગલનમૈં, મધુરીસી વિન બજા જા:
નરસીનો સાંમી સાંવરીયો, હરખ નિરખ ગુન ગાજો. ૩

૪

મહીડો વિસર ગઈ, લે, કોઈ કાંન રે;
ધરનીધરજીસું લાગો મારો ધ્યાન રે—ટેક
વેચત ગુજરી ચલી સિંરે બજાર રે;
સાંમા મિલ ગયા કૃષ્ણુ મોરાર રે, ૧

લોક કહે ગુજરી બાવરી થઈ રે;
વેચન કાંન, વાકે માથે મહિ રે, ૨
સેસ સહસ મુખ પાર ન આવે;
સો કયું કહાનો મોલ વિકાય રે ? ૩
પાવ પાતાલ, સીસ અસમાન હે;
સો કયું આવે કાંનો મટકી–રે માંયે રે ? ૪
નરસી મુથા–રો સાંમી, સધીર રે;
આપ સરીસા વાલે કીધા છૈ આહીરે રે. ૫

૫

મિલે તો હરિજન મિલજ્યો રે, દુરજન દૂર ટલીજો રે—ટેક.
હરિજન મિલીયાં હરિ મીલે, રાખે રામ હજૂર;
દુરજન મિલીયાં દુઃખ ઉપજે, વાંરે એક કપટ દૂ જો દૂર ૧
હરિજન નૈડા રાખીયે રે, દોય નૈણાં આગે;
દુરજન દૂરી ટાલજ્યો, મ્હોંને કૌવચ જયૂં લાગે, ૨
હરિજન આવક દેખકે રે, હસી અમારી દેહ;
માથાકા ગ્રહ ઊતર્યા રે, મ્હોંરે નૈણાં ઇદક સનેહ, ૩
ધિન ગોકુલ ધિન મથુરાનગરી, ધિન જસોદા માય;
નરસી મુથા–રો સાંમી સાંવરીયો, રમ રહ્યો હિવડાં–રે માંય.

૬

મ્હાંને થે પાર ઊતારોજી, પ્રભુ ! થાંને નિજ ભક્તાં–રી–આણ—ટેક.
કામ ક્રોધ મદ લોભ મોહમૈં, ભૂલો પદ નિરવાણ;
વહ્યો જાત હું ભવસાગરમૈં, તમ મત દીજો જાણ, ૧
લખ ચોરાસીમે ભરમત ભરમત, મોડી પડી પીછાણ;
અબ તો સરણ ગ્રહી ચરનનકી, થારા શ્યામ સુજાણ, ૨
મૈં હૂં કુટિલ અધમ અપરાધી, ભજ્યો નહી ભગવાન;
નરસીનો સ્વામી પતિત–ઉદ્ધારણ, ગાવે વેદપુરાન.

૭

આજ મારો મનડો ઘણો છે રાજી,
સખી સહેલી સુણૌ માહારી હેલી;
ભક્તિ કરાં મૈં તાજી : ૧
સાંવરિયાસે પ્રીતિ કરતાં,
લોક વદ સેંન લાજી : ૨
નરસીનો સ્વામી સાંવરીયો,
મનડાની ભ્રમણા ભાજી: ૩

૮

થેં મ્હારે ઘર આજો, કરસાં ગોઠડી રે

ગિરધર સાંવરિયા—ટેક.

થાંરે નૈ સરીસા માંરે કોય નઈ રે, નર નારી સમ જોય;
માણસ–રો તોટો નહિ રે વાલા! મનમેલુ કોઈ હોય, ૧
મેં જાણ્યો હરિ લોડસાં રે, પ્રેમ તણી કર પોઠ;
આપણપો ભારી ભયો, તન ભયો લોટપોટ, ૨
પ્રેમીપીયારા સારા રામજી, મોમૈં સારા ખોટ,
નરસીલાને રાકજો રે, વાલા! ચરણકવલકી ઓટ. ૩

[પદ ૮ નું પાઠાન્તર]

મ્હાંરે ઘરે આજ્યો, કરસ્યાં ગોઠડી રે,

ગિરધર સાંવરિયા—ટેક.

થાં સમાન મ્હોંરે કોય નહી રે વાલા, નરનારી સમ જોય;
માણસરો તોટો નહી રે વાલા, મનમેલુ કોઈ હોય. ૧
મેં જાણ્યો હરિ લોડરયાં રે, પ્રેમ તણી કર પોટ;
આપણપૈ ભારી ભયો, તન ભયો લોટાલોટ. ૨
પ્રેમ પીયારા મ્હાંરા રામજી, મોંમે સારા ખોટ;
નરસીલાને રાખજ્યો રે વાલા! ચરણકંવલકી ઓટ. ૩

૯

(રાગ–ઘુમર)

સખી! આજ ઘરે ગુરાંને વધાવના હે;
મ્હારે આનંદ ભયો છે મન ભાવના હે—ટેક.
સખી! માંડવે બિછાઉં સાઉ ધોતીયા હેઃ
હું તો ચોક પૂરાઉ ગજમોતીયાં હે. ૧
સખી! સૌવન કલસ વધાવસ્યાં હે;
મે તો કર ચરનામૃત પાવસ્યાં હે. ૨
સખી! ભાવતાં ભોજન લાવસ્યાં હે;
મે તો સીત પ્રસાદી રૂચ પાવસ્યા હે. ૩
સખી! કર કિરપા ને પધારિયા હે;
મારે પગ ધર પાવડા ધારિયા હે. ૪
સખી! મીઠડાના સામી આવીયા હે;
મેતે નરસીલે શ્યામ વધાવીયા હે. ૫

૧૦

સખિ! આજની ઘડી રલીયામણી એ
મોરે હરજી આયાની વધાવણી એ—ટેક

સખિ ! પ્રભુજી પધાર્યા મારે આંગના એ;
મેં તો ભરીભરી લેઉં હરનાં ભાવણાં એ.
સખિ ! ઊઠો સવાસણ પુરો સાથીયા હે.
મારા હરજી આયા ઘર સાખીયા હે.
[ઘરહી] [હરિના સાખિયા હે]
સખિ ! તોડે તો તોરણ બાંધસ્યાં હે;
મારા પ્રભુજીને નાલેરાં વધાવસ્યાં હે.
સખિ ! કદલીના ખંભ રોપાવસ્યાં હે;
મારા પ્રભુને મોતીયાં વધાવસ્યાં હે.
સખિ ! મીઠા સાંઇસે અતિ મીઠડા હે;
મેથા **નરસીલો** સાંમી દીટડા હે
[મૂથા **નરસીનૈં** સ્યાંમને દીઠડા હે]

૧૧

બાસ નથી જ્યાં વૈષ્ણવ કેરો તહાં મ બસીયે બાસડીયાં:
મોહન મોહકી માયા વિલખ્યો, સો પડસી જમપાસડીયાં—ટેક
જિન કાનાં હરિ-કથા ન સુણહી, સૌ સરવનકી બાંબડીયાં:
જિન નૈનાં હરિ-રૂપ ન નિરખ્યા, સો મોરનકી પાંખડીયાં.
સાસ સાસ સિમરણ નહિ કીનો, ધમણ ધમૈ વકી સાસડીયાં:
જિણ રસના હરિનામ ન ગાયો, સો જિભ્યા હૈ કૌંસડીયાં.
જિણ પાયાં હરિપંથ ન ચાલ્યો, સો પગ કહીયે ઠાંવડીયાં
જિણ હાથા હરિપુન્ય ન કીનો, સો કર કહીયે ડાંડડીયાં ?
જનમ દીયો સો લેખો લેસી, કયૂં ન હોય હરિ-દાસડીયાં ?
કહે **નરસી** ઉન બૅાજ્યાં મારી, માવડલી દસ માસડીયાં.

૧૨

ગોવિંદો પ્રાણ હમારો રે, મ્હાંને જગ લાગે ખારો રે—ટેક
ખિણ આંગણ ખિણ ભીતરે રે, ખિણખિણ બહાર જાય.
કહા કરું કિત જાઉં સજની, હરિ વિણ રહ્યો ન જાય. ૧
બનબન ઢુંઢત મૈં ફીરુ, આપણા પીયાકે કાજ.
કિરપા કર મોહે દરસણ દીજ્યો, બાંહ ગહ્યાકી લાજ. ૨
પહેલે ભવ-રી પ્રીતડી, આપ લીજ્યો નિરભાયે.
કલિજુગ માંહી બાત સુણસુણ મતિ દીજ્યો છિટકાય. ૩
સરણે આયા જે સુખ પાયા આનંદમેં દિન જાય.
જડી સજીવન છાંડકે, ઝહર-જડી કુણ ખાય ? ૪
આતમરૂપ નિરંજણા, સકલ શિરોમણ રાય.
કહે **નરસીલો** રૂપ નિહરોં, ખુલ રહ્યો હિવડે માંય. ૫

વસઈના ઝઘડાનું લોકગીત[1]

(લેખક: રા. રા. વિનુ બળવંતરાય દેશાઈ)

લોકગીત અને ઇતિહાસ ઉભયનો પરસ્પર સંબંધ વિવાદગ્રસ્ત તેટલો જ સૃજનજુનો બનવા પામ્યો છે. કોઈને લોકગીતમાં ઇતિહાસનાં સાચાં સ્વરૂપ જડવાને કઠિન થઈ પડયાં છે; તો પણ જેમ સત્યશોધકની દૃષ્ટિમાં વિજ્ઞાન ને તત્ત્વજ્ઞાન જેટલાં દૂર તેટલાં જ સમીપ સમજાય, તેવી રીતે સાચા ઇતિહાસરસિકને લોકગીત ને ઇતિહાસમાં જૂદાં લક્ષણો સમજાતાં નથી.

એચ. જી. વેલ્સ જેવો સમર્થ વિચારક, વિજ્ઞાનવેત્તા, તથા ઇતિહાસકાર પણ પોતાના A Short History of the World નામક ગ્રંથમાં લોકગીતમાંથી મળતાં (Mental fossilisation) મનોવશેષોનાં ને અભણ પ્રજાનાં રીતિરિવાજોના વિચારપૂર્ણ અભ્યાસને ઐતિહાસિક સૂચના માટે ફળદાયક મૂળ લેખે છે; તે નોહાસ આર્ક(Noha's ark)ની દંતકથાનો દાખલો ટાંકીને એ વહાણવટાંનાં ઐતિહાસિક અન્વેષણનાં ઊંડાણ બતાવે છે.

અત્રેના ઇતિહાસની વિગત દેતાં [જો કે અમુક અંશે અસ્પષ્ટ રૂપમાં] કંઠસ્થ લોકગીતને ઘેરિયા–રાસમાં [જે સુરત જિલ્લામાં રમાય છે; એ વિષે મેં "જન્મભૂમિઃ કલમ કિતાબ"માં તા૦ ૨૬–૩–૩૬ માં લખ્યું છે.] "વસઇનો ઝઘડો" તરિકે વર્ણવામાં આવ્યો છે. ખાસ કરીને કાઠિયાવાડમાં પૂર્વની લડાઈ માટે 'ધિંગાણું' શબ્દ વપરાતો, તેમ સુરત જિલ્લાના શૌર્યગીતમાં લડાઇને માટે 'ઝઘડો' શબ્દ યોજાએલો છે.

એવા ઝઘડા તરિકે '**નારણજીભાઇનો ઝઘડો**,' '**કશન–વશનનો ઝઘડો**', '**પારનેરાનો ઝઘડો**' [હવે તો **પારનેરાની** લડાઇને '**પારનેરાની** લોલ' તરિકે પંકાવી છે.] વગેરે લોકવસ્તુચાહકોને જાણીતા છે.

આ લોકગીત ઉતારતાં પૂર્વ **વસઈના** કિલ્લાનો સંક્ષિપ્ત ઇતિહાસ ને **ચિમણાજી આપાની** થોડીક હકીકત દર્શાવવી યોગ્ય લાગે છે.

ચૌદમી સદીના ઉત્તરાર્ધમાં મુસલમાનોએ વસઇની આસપાસનો મુલ્ક પ્રાપ્ત કર્યો, ને એનું બહાદુરપુરા નામાભિધાન કર્યું. પોર્ટુગીઝો કે જેઓ ગોવામાં સ્થિર ઠામે ઠર્યા હતા, તેમણે જોયું કે, વસઈનું બંદર તેઓને વ્યાપાર તેમ જ કિલ્લા માટે ઘણું અનુકૂળ આવશે, ત્યારે તેઓએ ૧૫૩૧ની સાલમાં ચઢાઈ કરીને મુસ્લિમો પાસેથી જિતી લીધું.

તેઓએ ૧૬૩૬ના વર્ષમાં પાંચ દેવળો, આબાદ બજાર, ગૃહો, ને કિલ્લો બંધાવ્યાં, ને વસાવ્યાં. બચાવનું સાધન, થાણું, ને ધાર્મિક પ્રવૃત્તિ અર્થે કિલ્લાનો વપરાશ કરવા માંડયો. એ લોકોનું હિન્દુઓ માંહે વટાળપ્રવૃત્તિનું કાર્ય એટલું તો જોશીલું ને વિશાળ પાયા પર થવા માંડયું, કે મરાઠા બાદશાહોને વચમાં પડવા માટે સંદેશા જવા માંડયા.

બસો વરસ લગી, પોર્ટુગીઝોએ કિલ્લા ઉપર સાર્વભૌમ સત્તા જાળવી રાખીને સાલસેટી બેટમાં મુકામ નાંખ્યો.

---

[1] "**જન્મભૂમિ**" "કલમ અને કિતાબ": ગુજરાતનાં ઐતિહાસિક લોકગીતોઃ ૧૪–૭–૩૭ બુધવાર

ઈ. સ. ૧૭૩૭ થી મરાઠાએ લડત ઉપાડી, ને દરેક વખતે ચિમણાજી આપાને બાલાજી બાજીરાવ તરફથી મોકલવામાં આવ્યો. પોર્ટુગીઝો સાથે ચાલેલા ત્રણ વર્ષ લગણના યુદ્ધમાં ગુજરાતમાંથી 'ઝઘડા'માં વર્ણિત કરેલા રાજા સૂબેદારો સિવાયનાં ગણદેવીના ગોપાળ-વંશી, માંડવીના મહારાણા દુર્જનસિંહ, ઇત્યાદિએ પણ ભાગ લીધો હતો. પ્રસ્તુત લોકગીતમાં ૩ વર્ષના મિશ્રિત મળેલા એવા યુદ્ધનું વર્ણન સમજાય છે. અંતે ૧૭૩૯ ની સાલમાં ફેબ્રુઆરી માસે ચિમણાજી આપાએ એની ફરતે ઘેરો ઘાલ્યો; ને મરાઠાના દરિયાઈ લશ્કરે સમુદ્રબાજુ આંગરીઆની સરદારી હેઠળ ચારે કોરે ફરી વળીને, ગોવામાંથી સંભવતી મદદને અટકાવવાનું કર્યું. મે માસમાં જમીન તરફના કિલ્લાના ભાગને ઉડાવી મૂકયો, ને મરાઠા એની માંહે દાખલ થયા. કિલ્લાનો કબજો પોર્ટુગીઝો શાન્તિથી તેઓને સોંપી દઇને વાજતેગાજતે નેજા ફરકાવતા બહાર નીકળી ગયા.

મરાઠાઓએ પોતાના રહેઠાણ દરમ્યાન, બે મંદિરો બંધાવ્યાં: એક શિવનું ને બીજું મારૂતીનું.

ઘેરાના પાછલા સમયમાં એક અતિ અગત્યનો બનાવ બન્યો. જ્યારે પોર્ટુગીઝ સરદારની ઓરત બોટમાં બેસીને નાસી જવા પ્રયત્ન કરતી હતી, ત્યારે તેને મરાઠા સૈનિકો-એ પકડી પાડી, ને ચિમણાજીએ તેને પોતાની માજણી બહેન ગણી, વુર્તાવુર્ત ભલા મરાઠા સરદાર જોડે ગોવામાં મોકલી આપી. આ કૃત્યથી આપાને પોર્ટુગીઝોનાં સ્થળે સ્થળથી આભાર ને પ્રશંસાના સંદેશા મોકલાવાયા.

૧૮૦૨ના વર્ષમાં બાજીરાવ પેશ્વાએ બ્રિટિશ રક્ષણ હેઠળ પુનામાં રહેવાનો નિર્ધાર કરેલો હોવાથી એણે અંગ્રેજોને કિલ્લો આપી દેવાનું કબુલીને ઇસ્ટ ઇન્ડીઆ કંપનીને સમા-ધાનના કરાર ઉપર સહી કરી આપી.

કેટલાક સમય લગી કિલ્લામાં વસવાટ ન રહેવાને કારણે, એની કોઇએ મરામત કરાવી નહીં ને જેવી સ્થિતિમાં ખંડિયેર બનેલો તેજ હાલતમાં હાલમાં છે.

હમણાં એની અંદર પોર્ટુગીઝ મીશન વસે છે, ને દેવળો હતાં, તેવાં જ છે.

ઉપલા ઇતિહાસ સિવાય, બાકીની હકીકત પ્રસ્તુત કંઠસ્થ લોકગીત આપે છે, તે ઇતિહાસરસિક અભ્યાસીને અભ્યાસ યોગ્ય થશે.

શ્રી ગુરૂ ગણપતિ શારદાને પ્રેમે લાગુ પાયેજી
આ વસઇ તણો ઝઘડો કહુ માંડી, અંબે થાજો સાહે. ઝઘડો લાગોજી !
છત્રપતિ રે મોટા રાજા રે કહીએ, શાહુ રાજા જેનું નામજી,
નવખંડ ધરતી પ્રાજે કીધી, ને રહ્યો ફરંગીનો ઠામ. ઝઘડો લાગોજી !
એવું રે કહિ બીડું રે મુકયું ! સમર્થ કોણ ઉપાડેજી ?
આપાએ બીડું ઉઠાવીયું ને લઇને ઘેર ભણી જાય !– ઝઘડો લાગોજી !
આ શંકરાજી મુખ દિવાન કહીએ તે તો તેની પાસેજી.
બેહુ મળીને જે વિચાર કીધો જે ફરંગણ લઇએ હાથ. ઝઘડો લાગોજી !
પુને રે આવીને દળ બહુ મેળવ્યું, જ્યાં રે ત્યાંથી તેડાવેજી.
મહિના રે આપે અગાઉથી ને સમજાવી ને રાખે. ઝઘડો લાગોજી !
એંસી હજારની કિંમત કીધી, દળ મલ્યું બહુજી,
ઢોલ નગારાં બાંકાં કરણાં વાગે રણમાં તૂર ! ઝઘડો લાગોજી !
હાથી રે ઉપર ધજા અંબાડી, ભલા સુબા સુખપાલેજી
આ ઊંટ ઉપર નગારાં વાગે ! ભલા ઘોડા અસ્વાર. ઝઘડો લાગોજી !

પરથમ *પૂરી ઘાટ ઉતર્યો, જેમ તેમ જેણે લૂંટ્યોજી !
આ ઠામો રે ઠામનાં થાણાં રે ભાગ્યાં, લોક મરે વણખૂટે ! ઝઘડો લાગોજી !
આ પાપડી રે ગામમાં પડાવ કીધો, ને લુંટયું બલપુર ગામજી !
આ સોનું રે રૂપું હાથ જ આવ્યું, લોકને નવ મલે ઠામ ! ઝઘડો લાગોજી !
કીલ્લા પરથી નાળ જ ફૂટે, જેમ ફૂટે જેવી ધાણીજી.
બલેદાર પાસે સુરંગ ખોદાવી જ્યાં જાઈએ ત્યાં પાણીજી. ઝઘડો લાગોજી !

રોજ એણી પેરે લડાઈ કરતા આવે શૂરા સુરજી.
આ સાત દિવસમાં કીલ્લો કરીને લીધો થાણાનો કોટ. ઝઘડો લાગોજી !
આ પ્રથમ કીલ્લો હાથ જ આવ્યો ને ભોજન કરે સર્વ સાથજી.
સૂબા રે સર્વ એટલું જ માંગે વસઈ આવે હાથ, ઝઘડો લાગોજી !
દમણ દેશે દળ ચડાવ્યું, મારડીને લૂંટ્યોજી !
પરગણે પરગણે ફરી વળ્યા ને લોક મરે વણખૂટે. ઝઘડો લાગોજી !

હુમલા રે ઉપરથી હુમલા પડે ને લોક દમણ ભણી આવેજી
જ્યાં જોઈએ ત્યાં ઘોડા દેખી ને બાકી નવ શોભાય. ઝઘડો લાગોજી !
મરેઠા, બ્રાહ્મણ મળી કરીને મનમાં મોટી હામજી !
ચોવીસ ઘડીમાં લડાઈ કરીને લગાડયું બતલવડું ગામ. ઝઘડો લાગોજી !
આ મેડી જ ભાંગી ને માતા જ લૂંટી નવખંડમાં જેની હાકજી.
નાળી રે ગોલા હાથ જ આવ્યા, ગનીમ થયો હુશીયાર. ઝઘડો લાગોજી !

આ તેત્રીશ દહાડા તારાપોરમાં જુદ્ધ થયું અપારજી !
આ નાળી ગોળા પૃથ્વી ઉતાર્યા ફરંગીનો બહુ માર. ઝઘડો લાગોજી !
સાત સૂબા ભલા પડયા, ને એક પડયો ઉમરાવજી.
ઊંટ ઘોડા બહુ અટવાયા, આ દળ ચાર હજાર ઝઘડો લાગોજી !

ઉમરાવ સર્વે અતિ દુઃખ પામ્યા, કડવા લાગ્યા હોઠજી.
ચારે પાસેથી ટુટી રે પડયા, લીધો તારાપોરનો કોટ. ઝઘડો લાગોજી !
બીજા કીલ્લા જે જે હતા, તે આપોઆપ મુકી જાયેજી
આ દમણ આવી કોટમાં રે ! વસીઆ બાકી નવ શોભાય. ઝઘડો લાગોજી !

દેશો રે દેશમાં ઘોડા મૂકાવે, હણહણે જેના કાનજી.
પરગણે પરગણે ફરી વળ્યા ને વરતી પોતાની આણ. ઝઘડો લાગોજી !
અર્જુનગઢમાં કીલ્લો ઉઠાવ્યો ને ઉતાજી બળકૂદીઓજી
ઈન્દ્રગઢમાં મ'રાજ શોભાવે વિજય કર્યું કામ. ઝઘડો લાગોજી !
આ બાલદાપારડીનો હરિસિંહ રાજા, નિત નિત રમે શિકારજી.
રજપૂત રાણા અતિ અલબેલા, પ્રાક્રમનો નહિ પાર. ઝઘડો લાગોજી !

ઠામો રે ઠામથી રઇયત તેડાવે ને ગામો ગામ વસાવેજી
કેટલાક આવે, ને દિયે દિલાસા ને જેમ તેમ રે સમજાવે. ઝઘડો લાગોજી !
બગવાડાનો ઉતાજી બળકુદીઓ નવખંડમાં જેની હાંકજી
આંગળી દેખાડે તેનો હાથજ કાપે ભલો દેખાડે ત્રાસ. ઝઘડો લાગોજી !
આ વસઈમાં ચિમણાજી આપો, કરે દિન દિન લડાઇજી,
નાળ ગોળા અગાઉ નહિ ચાલે, કહો કેમ કરીએ ભાઈ. ઝઘડો લાગોજી !

* ઈગતપુરી

આપાએ નાળીએરી કપાવી, તેના માંડેછો બંધાવ્યાજી,
સિપાઈ પાસે વેલુ પુરાવે ગોળા આવે તે ભાગે. ઝઘડો લાગોજી !
ગટરો ઉપર નાળ ચડાવી, ગનીમે કીધો બહુ મારજી !
મેડી તો તોડી પાડી, વળતી હાહાકાર ! ઝઘડો લાગોજી !
કોટ ઉપરથી ફરંગીએ તો સઘળો દીધો મારજી,
નાળગોળા દારૂએ ઉરાડયાં ને ગનીમે કીધો પોકાર ! ઝઘડો લાગોજી !
વાગે ઢોલ શરણાઇઓ ને નિશાન ને રણતૂરજી
કિલ્લા સાથે જુદ્ધ કરે છે, દળ મળ્યું ભરપૂર ! ઝઘડો લાગોજી !
એક વાર પછી વાત જ કીધી કરો દમણ ભણી હાંકજી,
દરવાજા બેઉ ઉઘાડા મેલાવ્યા, અન્ન વેરાવ્યું ચોપાસ. ઝઘડો લાગોજી !
સૂબાએ રે સર્વે એમ નહિ જાણ્યું ફરંગી ગયો હારીજી,
ચાલો રે ! આપણે કિલ્લો લઈએ, સઉ થાઓ હુશિયાર. ઝઘડો લાગોજી !
આ દળ સઘળું આપાને રે દીધું, નાળ જ મેલા છૂટીજી
તેણે કરીને ગનીમ મુઆ, બહુ વહેલી થઇ લડાઇ. ઝઘડો લાગોજી !
આ સૂબા રે સર્વે ઉઠી કરીને, ચાલ્યા પોતાને દેશજી,
આપાએ લીધી પાઘડી ને બધાએ લીધો જોગીનો વેશ. ઝઘડો લાગોજી !
આ બત્રીસ હજાર બંગડી રે ભાંગી, ને પૂનામાં પોકારજી,
આ વસાઇએ તો વંશ ખુરાડયો, ને રડે ઘેર ઘેર નાર ! ઝઘડો લાગોજી !
આ તેણે સમયે બાજીરાવ રે પોતે હલકારા ચલાવેજી,
આ ચિમણારે આપો એણી પેરે બોલ્યો, કાયા મારી પાડું જી.
આ કિલ્લા ઉપર ધજા ચડાવું, તો હું મુખ દેખાડું ! ઝઘડો લાગોજી !
એવું સાંભળીને બાજીરાવ પોતે દળ પર દળ ચડાવેજી,
કહો તેને સઉ નાંનાં સાંડળાં ભલા સુબા સુખપાલો ! ઝઘડો લાગોજી !
આ ત્રણ વરસમાં લડાઇ કરતાં ગનીમ મુઆ બહુ કોટીજી,
આ ફરંગી બિચારા શું કરે, જેની કને સામગ્રી ખૂટી ! ઝઘડો લાગોજી !
આ આઠ દિવસની મુદ્દત આપીને કિલ્લો આપી જાએજી !
જો કિલ્લા ઉપર ધજા ચડાવું તો દેશ ગનીમનો થાય ! ઝઘડો લાગોજી !
આ સૂબા રે સર્વે સામટા મળીને ઈન્દ્રગઢ ભણી આવેજી !
આ સલાહ સૂત્ર કરવાને કાજે ફરંગીને તેડાવે, ઝઘડો લાગોજી !
સુખપાલે બેસી મોટા કપટા નાક પીયર લઈને જાયેજી
શેખ દાઉદ–નાનાભાઇ સાથે સુબેદાર કહેવાય, ઝઘડો લાગોજી !
આ સલાહ સૂત્ર કરીને રે ઉઠયા, માંડયા રણસંગામજી !
આ દ્રવીએરથી તે દમણ સુધીનાં થાપ્યાં એકવીશ ગામ, ઝઘડો લાગોજી !
આ ગરબો અતિ ઉલ્લાસે ગાશે તેનો માતા પૂરે કોડજી.

એક જૈન પ્રશસ્તિ

(સંપાદક : રા. રા. ભોગીલાલ જયચંદ સાંડેસરા)

ચંદ્રગચ્છના દેવભદ્રસૂરિએ વિક્રમના તેરમા શતકના આરંભમાં મહારાષ્ટ્રી પ્રાકૃતભાષામાં 'શ્રેયાંસનાથચરિત્ર'ની રચના કરી છે. તેના અંતભાગમાંથી આ પ્રશસ્તિ ઉતારવામાં આવી છે. એમાંથી ચંદ્રગચ્છની સૂરિપરંપરા સાથે બીજી કેટલીક જાણવા જેવી હકીકતો પણ મળી આવે છે. પ્રશસ્તિમાં કોઈ સમય આપેલો નથી. પરન્તુ વારંવાર અમુક ઇતિહાસપ્રસિદ્ધ વ્યક્તિઓ અથવા બનાવોના ઉલ્લેખો આવે છે તે ઉપરથી તેમજ અન્ય સાધનોદ્વારા ઉપલબ્ધ થતી ઐતિહાસિક માહિતી ઉપરથી જે તે આચાર્યનો સમય સહેલાઈથી અનુમાની શકાય છે.

પ્રશસ્તિમાંથી ઐતિહાસિક હકીકતો મળે છે. એમાંની કેટલીક અન્ય સ્થળોએથી પણ પ્રાપ્ત થાય છે, જે વિષે ટિપ્પણમાં સવિસ્તર ઉલ્લેખો કર્યા છે. પ્રસ્તુત પ્રશસ્તિમાંથી મળતી મુખ્ય હકીકતો નીચે મુજબ છે:—

૧. અભયદેવસૂરિએ 'વાદમહાર્ણવ' ગ્રન્થ રચ્યો.

૨. ધનેશ્વરસૂરિએ ભોજ રાજાની સભામાં વાદોમાં જયલક્ષ્મી પ્રાપ્ત કરી.

૩. ભદ્રેશ્વરસૂરિના ઉપદેશથી સજ્જન મંત્રીએ ગિરનાર તીર્થનો ઉદ્ધાર કરાવ્યો.

૪. ભદ્રેશ્વરસૂરિના આદેશથી સાન્તૂ તથા સજ્જન મંત્રીએ વડઉદયમાં મોટી રથયાત્રા રચી.

૫. દેવભદ્રસૂરિએ 'તત્ત્વબિન્દુ' પ્રમુખ વિવિધ પ્રકરણો તથા 'જનપ્રમાણપ્રકાશતર્ક' રચ્યાં.

આ પ્રશસ્તિ એકવીસ પ્રાકૃત આર્યાઓની બનેલી છે. પાટણના ભંડારમાંની સં. ૧૪૭૦ની હસ્તલિખિત પ્રત ઉપરથી ઉતારવામાં આવેલી તેની નકલ પૂ. મુનિશ્રી પુણ્યવિજયજીએ મને કૃપા કરીને આપી હતી તે બદલ તેમનો અત્યંત આભારી છું.

प्रशस्तिः ।

एत्थेऽत्थि चंदगच्छो चंदो व्व भवं अहो करेमाणो ।
उत्तमसत्तरिसीहिं सहिओ असवत्तपुण्णभरो ॥ १ ॥
तत्थ अ सूरीण परंपराए **सिरिअभयदेवसूरि** त्ति ।
विद्दलियवाइदप्पो उप्पण्णो गणहरो वाई ॥ २ ॥
जेणं चउरासीनायविजयसंपत्तजय[1]पडाएण ।
वायमहण्णवगंथो निम्मविओ कित्तिथंभो व्व ॥ ३ ॥

संस्कृत छाया

अत्राऽस्ति चन्द्रगच्छश्चन्द्र इव भवं अधः कुर्वाणः ।
उत्तमसत्त्वर्षिभिः [उत्तमसप्तर्षिभिः] सहितोऽसपत्नपुण्यभरः ॥१॥
तत्र च सूरीणां परंपरायां श्रीअभयदेवसूरिरिति ।
विदलितवादीदर्प उत्पन्नो गणधरो वादी ॥ २ ॥
येन चतुरशीतिन्यायविजयसप्राप्तजयपताकेन ।
वादमहार्णवग्रन्थो निर्मितः कीर्तिस्तम्भ इव ॥ ३ ॥

१ મૂળ પાઠઃ °विजिअ°

तयणु **धणेसरसूरि** जाओ जेणं निरीहपहुणा वि ।
भोअनरिंदसभाए गहिआ वायम्मि जयलच्छी ॥ ४ ॥

अह **अजियसिंहसूरि** अहेसि जेणं धरित्तु वयमुद्दं ।
घोरा[२] विसयपिवासापिसाइआ सुट्ठु निग्गहिआ ॥ ५ ॥

तो **वद्धमाणसूरि** सुदुद्धरखमावहणदक्खो ।
दिक्कुंजरो व्व गरुओ आसी दिसापावियपइट्ठो ॥ ६ ॥

ठविअं च तेण **सिरिदेवचंदचंदप्पहत्ति** सूरिजुगं ।
सप्पहपयासणे जे णं सूरचंदाइअं भुवणे ॥ ७ ॥

ताणं च मन्नणिज्जो मुणिवसहो सिस्सलद्धिसंपण्णो ।
आसी **कुलभूसणगणि** गच्छधुराधरणधोरेओ ॥ ८ ॥

जस्सित्थ पउमहत्थो कप्पदुमपल्लवो व्व जाण सिरे ।
जाओ सव्व वि आवलिअगीवाए लच्छीए ॥ ९ ॥

अह **सिरिभद्देसरसूरि** गणहरो आसी जस्स चरिएण ।
लोउत्तरेण अज्ज वि रोमंचिज्जंति अंगाइं ॥ १० ॥

जावज्जीवं एगन्तरोवासिस्स जस्स आणाए ।
सिरिउज्जयंततित्थं सज्जणसचिवेण उद्धरिअं ॥ ११ ॥

तदनु धनेश्वरसूरिर्जातो येन निरीहप्रभुणाऽपि ।
भोजनरेन्द्रसभायां गृहीता वादेषु जयलक्ष्मी ॥ ४ ॥

अथाजितसिंहसूरिरभवद्येन गृहीत्वा व्रतमुद्राम् ।
घोरा विषयपिपासापिशाचिका सुष्ठु निग्रहिता ॥ ५ ॥

तदा वर्धमानसूरिः सुदुर्धरक्षमावहनदक्षः ।
दिक्कुंजर इव गुरुक आसीत् दिशाप्राप्तप्रतिष्ठः ॥ ६ ॥

स्थापितं च तेन श्रीदेवचन्द्रचन्द्रप्रभेति सूरियुगम् ।
सत्पथप्रकाशने च सूर्यचन्द्रादिकमिव भुवने ॥ ७ ॥

तेषां च माननीयो मुनिवृषभः शिष्यलब्धिसंपन्नः ।
आसीत् कुलभूषणगणिर्गच्छधुराधरणधौरेयः ॥ ८ ॥

यस्यात्र पद्महस्तः कल्पद्रुमपल्लवमिव यस्य शिरसि ।
जातः सर्वमप्यावलितग्रीवया लक्ष्म्या ॥ ९ ॥

अथ श्रीभद्रेश्वरसूरिर्गणधर आसीद्यस्य चरितेन ।
लोकोत्तरेणाद्यापि रोमाञ्चीयन्तेऽङ्गानि ॥ १० ॥

यावज्जीवं एकान्तरोपवासिनो अस्याज्ञया ।
श्रीउज्जयन्ततीर्थं सज्जनसचिवेनोद्धृतम् ॥ ११ ॥

२ મૂળ પાઠ: घोर

जस्स अ आएसेणं संतुयसन्विवेण सज्जणेणं च ।
वडउदअम्मि विहिआ सवित्थरा गरुअ रहजत्ता ॥ १२ ॥
तत्तो पालियतिक्खखग्गधारासरिच्छवयचरिओ ।
सिरिअजिअसिंहसूरि जाओ सव्वाइसाइगुणो ॥ १३ ॥
अविसंगयागमत्थं जेणं[3] आगामिणं सुणंतेणं[4] ।
भुवणे ण कस्स चित्तं चमक्किअं दुक्कहस्सावि ॥ १४ ॥
तेसिं सिरिभद्देसरसूरिहिं पाविओ नियपयम्मि ।
सिरिअजियसिंहसूरिहिं पुण्णसमत्थाणं[5] अत्थाणं[6] ॥ १५ ॥
वागरणतक्कसाहित्तछंदसिद्धंतजोइसाईणं ।
पारं वच्छलवसेण लंभिओ कालमाणेण ॥ १६ ॥
सिरिदेव[भद्दसूरि] संजाओ तत्तबिंदुपमुहाइं ।
विहिआइं पगरणाइं जेण जणाणुग्गहट्ठाए ॥ १७ ॥
णिम्मविओ वित्तेहिं जणप्पमाणपआसतक्को अ ।
तेण च्छणचंदुज्जलमहप्पगुणमणिनिहाणस्स ॥ १८ ॥
अब्भत्थणाए सिरिसिद्धसेणसूरिस्स सिस्सरअणस्स ।
भत्तस्स सिरिजिणेसरसूरिस्स अ सव्वविज्जस्स ॥ १९ ॥

यस्य चादेशेन शान्तुकसन्विवेन सज्जनेन च ।
वटोदये विहिता सविस्तरा गुरुका रथयात्रा ॥ १२ ॥
ततः पालिततीक्ष्णखड्गधारासदृक्षव्रतचारित्र्यः ।
श्रीअजितसिंहसूरिर्जातः सर्वातिशायीगुणः ॥ १३ ॥
अविसंगतागमार्थं यस्यागमिकस्य श्रूयमाणस्य ।
भुवने न कस्य चित्तं चमत्कृतमसहिष्णोरपि ॥ १४ ॥
तैः श्रीभद्रेश्वरसूरिभिः प्राप्तो निजपदेषु ।
श्रीअजितसिंहसूरिभिः पूर्णसमस्तानामर्थानाम् ॥ १५ ॥
व्याकरणतर्कसाहित्यछन्दसिद्धान्तज्योतिषादीनाम् ।
पारं वात्सल्यवशेन लम्भितः कालमानेन ॥ १६ ॥
श्रीदेवभद्रसूरिः संजातस्तत्त्वबिन्दुप्रमुखानि ।
विहितानि प्रकरणान्येन जनानुग्रहार्थम् ॥ १७ ॥
निर्मितो वृत्तैर्जैनप्रमाणप्रकाशतर्कश्च ।
तेन क्षणचन्द्रोज्ज्वलमाहात्म्यगुणमणिनिधानस्य ॥ १८ ॥
अभ्यर्थनया श्रीसिद्धसेनसूरेः शिष्यरत्नस्य ।
भक्तस्य श्रीजिनेश्वरसूरेश्च सर्वविदः ॥ १९ ॥

३ મૂળ પાઠ. जेणं अविसंगायगमत्थं
४ મૂળ પાઠ: सुणंतेण
५ મૂળ પાઠ: पुणसमत्थाण
६ મૂળ પાઠ: अत्थाण

अणहिल्लवाडयपुरे रइअं सेज्जंससामिणो चरिअं ।
साहज्जेणं पंडियजिणचंदगणिस्स सीसस्स ॥ २० ॥
लिहिअं च पढममेअं गणिणा सिस्सेण विमलचंदेण ।
ईहंतेण असमाणमत्तणो पुण्णपब्भारं ॥ २१ ॥
सं. १४७० माघ वदि ९ बुधदिने पुस्तकं मं. भादाकेन लिलेख ॥ छ ॥

———o———

ભાષાન્તર

ચંદ્રની જેમ ભવ(પક્ષે મહાદેવ)ને નીચો કરનાર, ઉત્તમ સત્વવાળા ઋષિઓ (પક્ષે ઉત્તમ સપ્તર્ષિઓ)થી સહિત, અસપત્ન પુણ્યથી ભરેલો ચંદ્રગચ્છ અહીં છે. ૧

તેમાં સૂરિઓની પરંપરામાં વાદીના દર્પને દળી નાખનાર, વાદી ગણધર શ્રી**અભયદેવસૂરિ** ઉત્પન્ન થયા. ચોરાશી ન્યાયના વિજય વડે જયપતાકા પ્રાપ્ત કરી હતી એવા તેમણે કીર્તિસ્તંભ સમાન 'વાદમહાર્ણવ' ગ્રન્થ નિર્માણ કર્યો. ૨–૩

તેમની પછી **ધનેશ્વરસૂરિ** થયા, જેમણે (પોતે) નિઃસ્પૃહી એવા સાધુઓના પ્રભુ હોવા છતાં ભોજરાજાની સભામાં વાદોમાં જયલક્ષ્મીને ગ્રહણ કરી. ૪

હવે, જેમણે વ્રતમુદ્રા ધારણ કરીને વિષયપિપાસારૂપી ઘોર પિશાચિકાને સારી રીતે નિગ્રહમાં રાખી હતી એવા **અજિતસિંહસૂરિ** થયા. ૫

પછી, દુર્ધર એવી ક્ષમાને ધારણ કરવામાં દક્ષ, દિક્કુંજર જેવા ગુરુક અને દિશાઓમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત કરનાર **વર્ધમાનસૂરિ** થયા. તેમણે ભુવનમાં સત્પથનો પ્રકાશ કરવામાં સૂર્ય-ચન્દ્ર જેવા **દેવચન્દ્ર** અને **ચન્દ્રપ્રભ** એ બે સૂરિઓને (પોતાને સ્થાને) બેસાડ્યા. ૬–૭

તેમના માનનીય મુનિવૃષભ, શિષ્યલબ્ધિસંપન્ન, ગચ્છધુરા ધારણ કરવામાં વૃષભ જેવા **કુલભૂષણગણિ** થયા, જેમનો કલ્પદ્રુમના પલ્લવ જેવો પદ્મહસ્ત જેના માથા પર મૂકાતો તેને લક્ષ્મી વરતી.* ૮–૯

હવે **ભદ્રેશ્વરસૂરિ** થયા, જેમના લોકોત્તર ચરિત્રથી આજે પણ અંગો રોમાંચિત થાય છે, આખી જીંદગી સુધી એકાન્તર ઉપવાસ કરનાર જેમની આજ્ઞાથી સજ્જન સચિવે ઉજ્જયંત-તીર્થનો ઉદ્ધાર કર્યો હતો તથા જેમના આદેશથી શાન્તુક સચિવે તેમજ સજ્જને વડઉદયમાં વિસ્તારવાળી અને ગુરુક રથયાત્રા કરાવી હતી. ૧૦–૧૨

પછી, તીક્ષ્ણ ખડ્ગધારા સરખું વ્રતચારિત્ર્ય પાળનાર, સર્વથી શ્રેષ્ઠ ગુણોવાળા **અજિતસિંહસૂરિ** થયા; જે આગમિકનો (સંભળાવેલો) આગમનો અવિસંગત અર્થ સાંભળતાં ભુવનમાં કયા અસહિષ્ણુનું ચિત્ત પણ આશ્ચર્ય પામ્યું નથી? ૧૩–૧૪

अणहिल्लपाटकपुरे रचितं श्रेयांसस्वामिनश्चरितम् ।
साहाय्येन पण्डितजिनचन्द्रगणेः शिष्यस्स ॥ २० ॥
लिखितं च प्रथममेतद् गणिना शिष्येन विमलचन्द्रेण ।
ईहमाणेनासामान्यमात्मनः पुण्यप्राग्भारम् ॥ २१ ॥

* નવમી આર્યાના બીજા ચરણનો અર્થ સ્પષ્ટ સમજાતો નથી; અને તેથી જ છાયા પણ અસ્પષ્ટ રહેવા પામી છે.

તે ભદ્રેશ્વરસૂરિ વડે પોતાના પદ ઉપર (સૂરિપદ ઉપર) મૂકાયેલા અને અજિતસિંહસૂરિ વડે પૂર્ણસમસ્ત અર્થોનો તથા વ્યાકરણ, તર્ક, સાહિત્ય, છંદ, સિદ્ધાન્ત, જ્યોતિષાદિનો વાત્સલ્યવશતાથી કાલાનુસાર પાર પમાડાયેલા **દેવભદ્રસૂરિ** થયા, જેમણે મનુષ્યો ઉપર અનુગ્રહ કરવા માટે 'તત્ત્વબિન્દુ' પ્રમુખ પ્રકરણો રચ્યાં તથા 'જનપ્રમાણપ્રકાશતર્ક' છંદોમાં રચ્યો. તેમણે (દેવભદ્રસૂરિએ) પોતાના શિષ્યરત્ન, પૂર્ણિમાના ચંદ્ર જેવા ઉજ્જવલ માહાત્મ્ય-ગુણમણિનિધાન સિદ્ધસેનસૂરિની તથા (પોતાના) ભક્ત સર્વવિદ્ જિનેશ્વરસૂરિની અભ્યર્થનાથી અણહિલપાટકપુરમાં શ્રેયાંસસ્વામીનું ચરિત્ર (પોતાના) શિષ્ય પંડિત જિનચંદ્રગણિની સહાયથી રચ્યું. ૧૫–૨૦

આ ચરિત્ર, અસામાન્ય પુણ્યપ્રાગ્ભાર ઇચ્છતા શિષ્ય વિમલચંદ્રગણિએ પ્રથમવાર લખ્યું. ૨૧

ટિપ્પણ

૨–૩. આ અભયદેવસૂરિના ગુરુનું નામ પ્રદ્યુમ્નસૂરિ હતું. 'ન્યાયવનસિંહ' તથા 'તર્ક-પંચાનન' એવું તેમનું બિરુદ હતું. પ્રસિદ્ધ 'સન્મતિતર્ક' ઉપર તેમણે લખેલી પચીસ હજાર શ્લોકપ્રમાણ ટીકા 'તત્ત્વબોધવિધાયિની' અથવા 'વાદમહાર્ણવ' નામથી ઓળખાય છે. જૈન દાર્શનિક ગ્રન્થોમાં તે અદ્વિતીય છે. દશમી સદી સુધીના સર્વ ભારતીય દાર્શનિક વાદોની તેમાં અનેકાન્ત દૃષ્ટિએ સમર્થ પર્યાલોચના છે. આ પછી થયેલા આ વિષય પર કલમ ચલાવનાર લગભગ સર્વ જૈન ગ્રન્થકારો ઉપર્યુક્ત ટીકાગ્રન્થના ઋણિ છે.[1] 'શ્રેયાંસનાથચરિત્ર'ના કર્તા 'વાદમહાર્ણવ'ને અભયદેવસૂરિના कित्तिथंभ (કીર્તિસ્તંભ) તરીકે વર્ણવે છે, એમાં સહેજ પણ વધારે પડતું નથી.

૪. ધનેશ્વરસૂરિએ ભોજરાજાની સભામાં થયેલા વાદોમાં જયલક્ષ્મી ગ્રહણ કરી, એમ પ્રસ્તુત પ્રશસ્તિ નોંધે છે; પરન્તુ પ્રશસ્તિકાર દેવભદ્રસૂરિના જ શિષ્ય સિદ્ધસેનસૂરિએ રચેલ 'પ્રવચનસારોદ્ધારવૃત્તિ'માં

तदनु धनेश्वरसूरिर्जज्ञे यः प्राप पुण्डरीकाख्यः ।
निर्मथ्य वादजलधिं जयश्रियं **मुञ्जनृपपुरतः** ॥

એ પ્રમાણે મુંજની સભામાં ધનેશ્વરસૂરિએ વિજય મેળવ્યો હોવાનું લખ્યું છે. ચંદ્રગચ્છમાં જ થયેલા માણિક્યચન્દ્રે સં. ૧૨૭૬માં રચેલ 'પાર્શ્વનાથચરિત્ર'માં પણ ધનેશ્વરસૂરિએ મુંજની સભામાં વાદીઓનો પરાજય કર્યો હોવાનો ઉલ્લેખ છે.[2] આમ આ બે પછીના ગ્રન્થોના ઉલ્લેખ કુદરતી રીતે વધુ વિશ્વસનીય માનવા પડે તેમ છે. સંભવ છે કે मुंजनरिंदसभाए ને બદલે भोजनरिंदसभाए એવો પાઠ પાછળથી ભૂલથી 'શ્રેયાંસનાથચરિત્ર'માં પ્રવેશ પામ્યો હોય. આ ધનેશ્વરસૂરિની પછી અજિતસિંહસૂરિ થયા અને તેમની પછી વર્ધમાનસૂરિ થયા. વર્ધમાનસૂરિએ સં. ૧૦૫૫માં હરિભદ્રકૃત 'ઉપદેશપદ' ઉપર ટીકા લખેલી છે.[3] તેમનો એક ધાતુપ્રતિમાલેખ શક સં. ૯૧૦ (વિ. સં. ૧૦૪૫)નો પણ મળે છે. હવે, મુંજરાજા સં. ૧૦૫૦

૧. વધુ માટે જુઓ 'સન્મતિતર્ક'ના પહેલા ભાગમાં તેના સંપાદકો પં. બેચરદાસ અને પં. સુખલાલજીનું નિવેદન.

૨. જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, પૃ. ૧૯૭–૯૮

૩. એજન પૃ. ૨૦૭

અને ૧૦૫૪ની વચ્ચે અવસાન પામ્યો હતો એમ માનવાનાં સબળ ઐતિહાસિક કારણો છે. તેની પછી ગાદીએ આવેલા ભોજના દરબારમાં વિદ્વત્સભાઓ ભરાવા લાગી ત્યાં સુધી ધનેશ્વરસૂરિ જીવંત હોય એ અસંભવિત લાગે છે. એટલે કે ભોજના નહીં, પરન્તુ મુંજના દરબારમાં તેમણે વાદીઓનો પરાજય કર્યો હોવાની હકીકત વધારે વાસ્તવિક ઠરે છે. ધનેશ્વરસૂરિ પૂર્વાવસ્થામાં ત્રિભુવનગિરિના રાજા હતા. તેમણે પ્રદ્યુમ્નસૂરિના ઉપદેશથી જૈનધર્મ ગ્રહણ કર્યો હતો, એમ માણિક્યચન્દ્રે 'પાર્શ્વનાથચરિત્ર'માં નોંધ્યું છે. તેઓ આચાર્યપદે આવ્યા બાદ ચંદ્રગચ્છ 'રાજગચ્છ' એવા નામથી ઓળખાયો હોવાનું પ્રભાચન્દ્રસૂરિ 'પ્રભાવકચરિત્ર'માં જણાવે છે.

૬–૭. વર્ધમાનસૂરિએ સં. ૧૦૫૫માં હરિભદ્રસૂરિકૃત 'ઉપદેશપદ' ઉપર ટીકા લખી છે. વળી તેમણે 'ઉપમિતિભવપ્રપંચાનામસમુચ્ચય' તથા 'ઉપદેશમાલાબૃહદ્વૃત્તિ' નામની કૃતિઓ રચી હોવાનું જણાય છે. તેમનું અવસાન સં. ૧૦૮૮માં થયું હતું.[૪] ચંદ્રગચ્છના દેવેન્દ્રસૂરિના શિષ્ય શ્રીચંદ્રસૂરિએ સં. ૧૨૧૪માં પાટણમાં પ્રાકૃત 'સનત્કુમારચરિત્ર' આઠ હજાર શ્લોકપ્રમાણ લખ્યું છે, તેના આરંભે તેમણે દેવચન્દ્રની તથા દેવભદ્રની કૃતિઓનું સ્મરણ કર્યું છે.[૫] પ્રશસ્તિની સાતમી આર્યામાં જેમનો ઉલ્લેખ કરવામાં આવેલો છે તે દેવચન્દ્રસૂરિ અને શ્રીચન્દ્રસૂરિએ જેનું સ્મરણ કર્યું છે તે દેવચન્દ્રસૂરિ એક જ હશે કે કેમ એ પ્રશ્ન છે. જો એક હોય તો દેવચન્દ્રસૂરિએ અન્ય કોઈ ગ્રન્થો રચ્યા હશે, એવું અનુમાન થઈ શકે છે.

૧૧. સિદ્ધરાજના એક મંત્રી સજ્જનનું નામ ઈતિહાસમાં પ્રસિદ્ધ છે. વનરાજ ચાવડાના શ્રીમાળી મંત્રી જાંબ અથવા ચાંપાનો તે વંશજ હતો. સિદ્ધરાજે તેને સૌરાષ્ટ્રનો દંડનાયક નીમ્યો હતો. તેણે સૌરાષ્ટ્રની ઉપજ ખર્ચીને સં. ૧૧૮૫ માં ગિરિનાર ઉપરનાં જૈન મન્દિરોનો જીર્ણોદ્ધાર કર્યો હતો. સં. ૧૨૮૭ ની આસપાસ પ્રાચીન ગૂજરાતીમાં લખાયેલ 'રેવંતગિરિ રાસ' તથા પ્રાકૃત 'રેવતકલ્પ'માં આ જીર્ણોદ્ધારનું વર્ણન મળે છે.[૬] ભદ્રેશ્વરસૂરિની આજ્ઞાથી સજ્જને ગિરનાર તીર્થનો ઉદ્ધાર કરાવ્યો હતો, એવો પ્રશસ્તિનો ઉલ્લેખ નોંધપાત્ર છે.

૧૨. શાન્તુક, સંપત્કર અથવા સાન્તુ એ સિદ્ધરાજનો આમાત્ય હતો. સિદ્ધરાજના પિતા કર્ણના વખતમાં પણ તે મહામાત્ય હતો, એમ 'વિક્રમાંકદેવચરિત' તથા 'ચૌરપંચાશિકા'ના કર્તા તેમજ કર્ણના સમકાલીન પ્રસિદ્ધ કાશ્મીરી કવિ બિલ્હણે રચેલ 'કર્ણસુન્દરી' નાટિકામાં જણાવેલું છે. 'કર્ણસુન્દરી' નાટિકા મહામાત્ય સંપત્કરે પાટણમાં શ્રી-શાન્ત્યુત્સવગ્રહમાં પ્રવર્તાવેલા આદિનાથના યાત્રામહોત્સવ વખતે ભજવાઈ હોવાનો ઉલ્લેખ તેની પ્રસ્તાવનામાં કરવામાં આવેલો છે.[૭] ગિજની ઉપર ચઢાઈ કરીને ત્યાંના લશ્કરને ગુર્જરોએ હરાવ્યું હતું એવો ઉલ્લેખ તેમાં છે, પણ તે અતિશયોક્તિભર્યો લાગે છે. જો કે ગૂજરાતના લશ્કરે સિન્ધ સુધી વિજય મેળવેલો એમ શ્રી. જિનવિજયજી માને છે. બિલ્હણે

૪. એજન પૃ. ૨૦૭

૫. 'જૈન' સાપ્તાહિક, તા. ૨૦–૫–૨૮, પં. લાલચંદ્ર ગાંધીનો લેખ 'સિદ્ધરાજ અને જૈનો'.

૬. શ્રી દલાલસંપાદિત 'પ્રાચીન ગૂર્જર કાવ્યસંગ્રહ' (ગા. ઓ. સી.) માં આ બન્ને કૃતિઓ છપાયેલી છે.

૭. 'કર્ણસુન્દરી' નાટિકા, નિર્ણયસાગર પ્રેસની આવૃત્તિ

'કર્ણસુન્દરી'માં શાન્તુને વત્સરાજના મહામાત્ય યૌગંધરાયણ સાથે સરખાવ્યો છે. તેની ચતુરાઇ, ધર્મપ્રેમ અને શૌર્યની અનેક વાતો 'પ્રબન્ધચિન્તામણિ' એ નોંધી છે. બિલ્હણ બ્રાહ્મણ હોવા છતાં આ નાટિકાના મંગલાચરણમાં તેણે જિનેશ્વરની સ્તુતિ કરી છે તે શાન્તુ તરફના આશ્રયનું પરિણામ હોઈ શકે. અન્ય સંખ્યાબંધ ઐતિહાસિક તેમજ અર્ધ–ઐતિહાસિક પ્રબન્ધાત્મક ગ્રન્થોમાં શાન્તુ મંત્રી વિષેના ઉલ્લેખો અને હકીકતો મળી આવે છે અને તે ઉપરથી તેની મહત્તા અને પ્રાભાવિકતાની કલ્પના થઈ શકે છે. હર્ષપુરીયગચ્છીય અભયદેવસૂરિના આદેશથી શાન્તુએ ભરૂચમાં સમલિકાવિહારમાં સોનાના કળશો ચઢાવ્યા હતા, એવો ઉલ્લેખ શ્રીચંદ્રસૂરિકૃત પ્રાકૃત 'મુનિસુવ્રતચરિત્ર'માં મળી આવે છે.[૮] શાન્તૂ તેમજ સજ્જને વડઉદયમાં વિસ્તૃત રથયાત્રા કરાવી, એવો ઉલ્લેખ પ્રશસ્તિમાં છે. આ વડઉદય તે હાલનું વડોદરા હોય એ સંભવિત છે.

૧૭. સં. ૧૨૧૪ માં ચંદ્રગચ્છના શ્રીચંદ્રસૂરિએ પ્રાકૃતમાં 'સનત્કુમારચરિત્ર' રચ્યું છે. તેના આરંભે તેમણે દેવભદ્રસૂરિની કૃતિઓનું સ્મરણ કર્યું છે. આ દેવભદ્રસૂરિ તે પ્રસ્તુત પ્રશસ્તિમાં ઉલ્લિખિત 'શ્રેયાંસનાથચરિત્ર', 'પ્રમાણપ્રકાશતર્ક', 'તત્ત્વબિન્દુ' વગેરેના કર્તા દેવભદ્રસૂરિ હોય એમ જણાય છે.

૧૯. દેવભદ્રસૂરિના શિષ્ય સિદ્ધસેનસૂરિએ સં. ૧૨૪૮ માં (અથવા કદાચિત્ ૧૨૭૮)માં નેમિચન્દ્રકૃત 'પ્રવચનસારોદ્ધાર' ઉપર 'તત્ત્વજ્ઞાનવિકાસિની' નામે વૃત્તિ રચી છે અને તેમાં તેમણે પોતાના અન્ય ગ્રન્થો 'પદ્મપ્રભચરિત્ર', 'સામાચારી' વગેરેનો ઉલ્લેખ કર્યો છે.[૯]

અમદાવાદ તા. ૨૯–૬–૩૭

———o———

લાઠી: માઇસોર પુરાતત્ત્વ ખાતામાં કામ કરીને જાણીતા થયેલા લીલીયાવાસી શ્રી. ઓધવજી વજેરામના પુત્ર ભાઇ નાનાલાલની દેખરેખ નીચે જુની શોધખોળનું કામ કરાવતાં રૂદ્રસેનના ગ્રીક લિપિના અને કુમારગુપ્તના પાલી ભાષાના ચાંદીના સિક્કાઓ મળી આવ્યા છે. સંવત ૧૫૫૫ની સાલમાં સ્થાપવામાં આવેલી શ્રી વિષ્ણુ ભગવાનની ચતુર્ભુજ મૂર્તિ મળી છે.

૮. પીટર્સનનો હાથપ્રતોને લગતો અહેવાલ સને ૧૮૯૨–૯૫, પૃ. ૧૦

૯. પ્ર. સા. વૃત્તિ, પૃ. ૧૮૭, ૪૪૦, ૪૪૨

ઇબ્ને બતુતાની ગુજરાત વિષેની નોંધો

—— o ——

(લેખક : **રા. રા. ઇમામુદ્દીન એસ. દરગાહવાલા**)

પરદેશના મુસાફરોએ હિન્દમાં આવીને–ગુજરાતમાં આવીને જે કાંઈ જોયું અને પોતાનાં પ્રવાસ–ગ્રંથોમાં જે કાંઈ લખ્યું, અને જેનો સંબંધ મધ્યકાળ જોડે સંકલિત છે, તે વિષે લખનારા પ્રવાસીઓમાં **અલબિરૂની, મસુદી, ઈસ્તખરી, ઇબ્નેહોકલ** વગેરે મુખ્ય છે, પરંતુ દિલ્હીશ્વર **મુહમ્મદ તગલકના** સમયમાં હિજરી સન ૭૩૪(ઈ. સ. ૧૩૩૪)ના મુહર્રમ માસની પહેલી તારીખે જે મહાન ઈસ્લામી પ્રવાસી સિન્ધુ નદીના કિનારે પગ મૂકીને હિન્દમાં પ્રવેશ્યો, તેની **હિન્દ** વિષેની–**ગુજરાત** સંબંધીની નોંધો તેની પૂર્વે આવેલા મુસાફરો કરતાં દરેક દૃષ્ટિએ વધુ મૂલ્યવાન છે. એ મહાન મુસાફર સામાન્ય રીતે આજે સર્વત્ર **ઇબ્ને બતુતાના** નામે જાણીતો **છે.** ભારતમાં **મોલાના બદરૂદ્દીન** અને અન્ય પૂર્વીય દેશોમાં **શયખ શમ્શુદ્દીન** તરીકે ઓળખાનારા, ઇતિહાસપ્રસિદ્ધ યાત્રી "**ઇબ્ને બતુતા**"નું ખરૂં નામ **અબૂ અબ્દુલ્લાહ મુહમ્મદ** હતું. "**ઇબ્ને બતુતા**" તો એના કુળનું નામ હતું. **ટેન્જીયર** ખાતે **શયખ અબ્દુલ્લાહ બીન મુહમ્મદ બીન ઈબ્રાહીમને** ઘેરે ૨૪ મી ફેબ્રુવારી ઈ. સ. ૧૩૦૪ના દિને મુસ્લિમ–જગતના આ મહાન મુસાફરનો જન્મ થયો થયો હતો. બાવીશ વર્ષની યુવાન વયે હજ કરવાના અને અન્ય પવિત્ર સ્થળોનાં દર્શન કરવાના ઈરાદે એ ઘેરથી નીકળ્યો હતો, પરંતુ **એલેકઝાન્ડ્રીયામાં** પ્રખ્યાત સંત **બુરહાનુદ્દીન** તથા મહાત્મા **શયખુલ મુર્શિદીનાં** દર્શન કર્યા પછી અને તેમની જોડે વાતચીત કર્યા પછી **ઇબ્ને બતુતાનો** એ વિચાર બદલાઈ ગયો અને તેમનાથી વિદાય થઇને તે **કાહેરા** (Cairo) તરફ ચાલી નીકળ્યો. ત્યાંથી **દમિશ્ક**(Damascus)ના વેપારીઓ જોડે **સિરિયા** અને **પેલેસ્ટાઈનના** પ્રદેશની સફર કરતો કરતો હિ. સ. ૭૨૬ના રમઝાન (૯મી ઑગસ્ટ ઈ. સ. ૧૩૨૬) માસમાં **દમિશ્ક** આવી પહોંચ્યો. પછી ત્યાંથી યાત્રાળુઓના સંઘ જોડે **બસરા** થઈ **મદીના** ગયો. ત્યાંથી **મક્કા** ગયો. ત્યાંના એક પ્રસિદ્ધ મઠમાં તેના પિતાના મિત્ર એક વિદ્વાન ઉલ્મા જોડે **ઇબ્ને બતુતાની** મુલાકત થઈ. અહિંથી ઈરાકી યાત્રાળુઓ જોડે **બગદાદ** તરફ ગયો. **નજફ, કરબલા, ઈસ્ફહાન** અને **શિરાઝ** જોયાં અને ફરી પાછો **બગદાદ** આવ્યો. કેટલાક દિવસો સુધી આરામ લઈ પુનઃ **મક્કા** ગયો. **કુફા** નગરથી જ તેને અતિસાર થયો. **મક્કા** સુધી તેની સ્થિતિ સુધરી નહીં, છતાં આ વીર પુરૂષે હિમ્મત ન હારતાં રૂગ્ણાવસ્થામાં જ પવિત્ર **કા'બાની** પ્રદક્ષિણા કરી, અને ત્યાંથી ફરી **મદીનાની** પવિત્ર નગરીમાં પહોંચ્યો. પ્રકૃતિ સુધરતાં **મક્કા** આવ્યો અને ત્રણ વર્ષ સુધી **મક્કામાં** રહીને ઈસ્લામના ધુરંધર ઉલ્માઓકનેથી **દર્શન** અને **આધ્યાત્મવિદ્યાનું** શિક્ષણ સંપાદન કર્યું. ધર્મજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી ઘણા અનુયાયીઓ સહિત **ઇબ્ને બતુતાએ પૂર્વ આફ્રિકાની** મુસાફરી કરી. ત્યાંથી ફરી એક વાર **મક્કા** આવ્યો અને **હિન્દ** જવાના ઈરાદે **જીદ્દાહ** ગયો. પરંતુ **હિન્દ** જવા માટે તે વેળા તૈયાર વહાણ નહીં મળવાના કારણે **ઇબ્ને બતુતાએ** સ્થળમાર્ગ દ્વારા જ **હિન્દ** જવાનો નિશ્ચય કર્યો.

એશીયાઈ માઈનરના ધાર્મિક સંઘોની અભ્યર્થના અને કૃષ્ણસાગરના **મંગોલ** જાતીય **ખાનો**નું આતિથ્ય સ્વીકારતો **ઈસ્તમ્બુલ** (કોન્સ્ટેન્ટીનોપલ) જોઈ, **કાસ્પિયન સમુદ્ર, મધ્ય એશીયા** તથા **ખુરાસાન**ના રસ્તે **નેશાપુર** થઈ, **હિન્દુકુશ** અને **હીરાત** પાર કરીને **ઈબ્ને બતુતા કાબુલ** ગયો, અને ત્યાંથી **કરમાશ** થઇને **કુર્રમ ઘાટીની** ખીણો વટાવીને હિ. સ. ૭૩૪ ના મુહર્રમ મહીનાની પહેલી તારીખે **સિન્ધુ** નદીના કિનારે **ભારતની** સીમાપર આવી પહોંચ્યો. એણે **હિન્દમાં–ગુજરાતમાં** પ્રવાસ દરમિયાન જે જોયું તેનું વર્ણન ઘણી સુંદર રીતે પોતાના પ્રવાસપુસ્તકમાં નોંધેલું છે. ભારતીય ઇતિહાસ માં **ઈબ્ને બતુતા**નું પુસ્તક અત્યંત મહત્વનું માનવામાં આવે છે. ઈ. સ. ૧૮૦૯ થી— જ્યારે એના પ્રવાસગ્રંથનો જગતને સર્વ પ્રથમ પરિચય **ફ્રેન્ચ** વિદ્વાનો દ્વારા થવા પામ્યો હતો ત્યારથી આજ સુધી **જર્મન, અંગ્રેજી** વગેરે અન્ય વિદેશી ભાષાઓમાં **ઈબ્ને બતુતાના** પ્રવાસના સંપૂર્ણ અથવા સ્થળવિશેષોના ગ્રંથના ઘણાક અનુવાદો થયા છતાં, આપણા **હિન્દમાં ઉર્દૂ** અને **હિન્દીને** બાદ કરીને અન્ય કોઈ ભાષામાં એ કિંમતી ગ્રંથનો અનુવાદ અસ્તિત્વમાં નથી. ઉર્દૂ ભાષામાં તો ચારપાંચ સાહિત્યકારોએ એનું ભાષાન્તર ગ્રંથ આકારે પ્રસિદ્ધ કરેલ છે. **હિન્દી**માં માત્ર એક જ છે.

મુસ્લિમ–દુનિયા ઘૂમી વાળનાર આ ખડતલ પ્રવાસીએ **ભારતનું** જે માનચિત્ર દોરેલું છે, તેનો ખરો ખ્યાલ તો એનો પ્રવાસગ્રંથ વાંચ્યેથી જ આવવા પામે. એણે પોતાના ગ્રંથમાં ઘણી બારીક બારીક વિગતો પણ લખી છે, જે આજના ઇતિહાસકારો અને અભ્યાસીઓ માટે મૂલ્યવાન છે. આ ન્હાનકડો નિબંધ, મને સંપૂર્ણ આશા છે, કે આપણા સંશોધનપ્રેમીઓની, **ઈબ્ને બતુતાનો** પ્રવાસગ્રંથ વાંચવા માટે જીજ્ઞાસા ઉશ્કેરશે. જ્યારે એણે **ભારતની** ભૂમિપર કદમ મૂકયો ત્યારે **દિલ્હીની** ગાદી ઉપર **શાહેનશાહ મુહમ્મદ તગલક** બિરાજતો હતો. એ વેળાની **ટપાલવ્યવસ્થા** કેવી હતી, તે સંબંધી લખતાં **ઈબ્ને બતુતા** જણાવે છે, કેઃ—

"**સેવિસ્તાનથી મુલતાન**નો માર્ગ દશ દિવસનો છે અને **મુલતાનથી** રાજધાની **દિલ્હીનો** રસ્તો પચાસ દિવસનો છે. અખબારનવીસો(સમાચાર–લેખકો)ના પત્ર સમ્રાટની કને ડાક (ટપાલ) દ્વારા પાંચ જ દિવસમાં પહોંચી જાય છે. આ દેશમાં ટપાલને 'બરીદ' કહે છે. એ બે પ્રકારની હોય છે—એક તો ઘોડાની, બીજી પેદલની. ઘોડાની ટપાલને 'ઔલાક' કહે છે. પ્રત્યેક ચાર ગાઉ પશ્ચાત્ ઘોડો બદલવામાં આવે છે. ઘોડાઓનો પ્રબંધ સમ્રાટના તરફથી થાય છે. પેદલ ડાકની વ્યવસ્થા એવા પ્રકારે થાય છે, કે એક માઇલમાં –જેને આ દેશમાં 'કોહ' (અર્થાત્ કોસ) કહે છે–હરકારાઓના માટે ત્રણ ચોકીઓ બનેલી હોય છે. એને 'દાવહ' (બદાયૂનીએ આ શબ્દને "ધાવા" લખેલો છે.) કહે છે. પ્રત્યેક ૧/૩ માઇલના અંતરપર......હરકારાઓને માટે બુરજીઓ બનેલી હોય છે. પ્રત્યેક બુરજીમાં હરકારો કમર કસીને તૈયાર બેઠેલો રહે છે. પ્રત્યક હરકારાની પાસે બે ગજ લાંબી લાકડી હોય છે, જેના પર ત્રાંબાના ઘુઘરા બાંધેલા હોય છે. નગરથી ડાક મોકલતી વેળા હરકારાના એક હાથમાં પત્ર અને બીજા હાથમાં લાકડી હોય છે. તે પોતાની પૂરી શક્તિથી દોડે છે. બીજો હરકારો ઘુઘરાનો અવાજ સાંભળીને તૈયાર થઈ જાય છે અને (તે આવતાં વેંત જ) તેની પાસેથી પત્ર લઇને તુરત દોડવા લાગી જાય છે. આ પ્રકારે ઇચ્છાનુસાર સર્વત્ર પત્ર

મોકલી શકાય છે. આ ડાક, ઘોડાઓની ડાક કરતાં પણ જલ્દી પહોંચે છે. કદિ કદિ **ખુરાસાન** સુધીના તાઝા મેવા થાળોમાં મૂકીને બાદશાહની પાસે એ જ ડાકથી પહોંચાડવામાં આવે છે અને ભીષણ અપરાધીઓને પણ ખાટલા પર નાંખીને એક ચોકીથી બીજી ચોકી થઇને એ જ પ્રકારે પકડી લઈ જાય છે." ("ઇબ્ને બતુતાકી ભારતયાત્રા" પૃ. ૨થી ૪)

ઇબ્ને બતુતાએ તે વેળા **ગુજરાત**માં પણ એ જ પ્રકારની ટપાલયોજના અને વ્યવસ્થા હતી, એવું સ્પષ્ટ લખ્યું નથી, છતાં તેણે **ગુજરાત**નો પ્રવાસ કર્યો હતો અને ઉપલી નોંધમાં "આ દેશમાં" તથા "આ પ્રકારે ઇચ્છાનુસાર સર્વત્ર પત્ર મોકલી શકાય છે." એવું જણાવેલું હોવાની અનુમાન કરી શકાય છે, કે **મુહમ્મદ તગલક**ના રાજકાળમાં **ગુજરાત**માં પણ ઉપર દર્શાવ્યા અનુસારની જ ટપાલવ્યવસ્થા હોવી જોઇએ. **ઇબ્ને બતુતા**એ પોસ્ટમેનની લાકડી અને ઘુઘરાનું જે મનોહર વૃત્તાન્ત લખ્યું છે, તેનું દશ્ય હમણાં પણ ગ્રામ્ય પરગણાંઓમાંથી શહેરની મુખ્ય પોસ્ટઑફિસમાં ટપાલ લાવતી વેળા દષ્ટિગોચર થાય છે.

હિન્દની ભૂમિપર પગ મૂકતાં જ **ઇબ્ને બતુતા**નું બાદશાહી અમલદારો તરફથી સુંદર સ્વાગત કરવામાં આવ્યું હતું. **દિલ્હી** પહોંચતાં સમ્રાટ **મુહમ્મદ તગલકે** એનો ભાવભીનો સત્કાર કર્યો અને **દિલ્હી**ના કાઝીપદ ઉપર બારસો દિનારના વેતને નિયુક્ત કર્યો અને ધર્માદા ખાતાનું સૂકાન પણ એના હવાલે કર્યું. તે લાંબી મુદ્દત સુધી **દિલ્હી**માં રહ્યો, તે દરમિયાન આપણે તેને કદિ તો રાજકીય કાર્યોમાં ભાગ લેતો જોઇએ છીએ, અને કદિ તો બાદશાહની જોડે પ્રાન્તે પ્રાન્તમાં ફરતો જોઇએ છીએ.

મુહમ્મદ તગલકે હિ. સ. ૭૪૩ના સફર માસમાં **ઇબ્ને બતુતા**ને રાજદૂત બનાવી, જૂદી જૂદી કિંમતી વસ્તુઓ, રત્નો આદિ ઉપહારની સામગ્રી આપીને **ચીન** જવા વિદાય કર્યાનું એ પોતાના સફરનામામાં જણાવે છે. તે લખે છે, કે **અલીગઢ, કનોજ, ચંદેરી, દૌલતાબાદ** અને **ખંભાતની** સફર કરતો કરતો ત્યાંથી વહાણમાં બેસી, તટસ્થ નગરોની મુસાફરી કરતો **કાલીકટ** પહોંચ્યો. આ સફર દરમિયાન જ વહાણ નષ્ટ થવાથી એનો સઘળોયે સામાન દરિયામાં ગર્ક થઈ ગયાનું એ પોતે જણાવે છે. **મુહમ્મદ તગલક** સંબંધી એની નીચલી નોંધ ખાસ પઠનીય છે:—

"મેં એના સમાન ન્યાયપ્રિય અને આદરસત્કાર કરનાર કોઈ અન્ય પુરૂષ જોયો નથી. સમ્રાટ્ પોતે ઇસ્લામી શરીયતના નિયમોનું પાલન કરે છે અને વિશેષ જોર આપીને નમાઝપર લોકોનું ધ્યાન આકર્ષિત કરે છે અને નમાઝ નહીં પઢનારાઓને દંડ કરે છે. અત્યંત ઉદાર હૃદય અને શુભ સંકલ્પવાળા સમ્રાટોમાં એની ગણના થવી જોઇએ." (પૃષ્ટ ૧૦૨-૧૦૩)

મુહમ્મદ તગલકના સમયમાં **ગુજરાત**માં થયેલા **બળવા** વિષેનાં કેટલાંક સાધનો હજી લગી મને મળી આવ્યાં નથી તે કારણે તેનો આ નિબંધમાં કશો ઉલ્લેખ કરવાની મેં જાણી જોઇને એટલા માટે આવશ્યક્તા નથી જોઈ, કે **ઇબ્ને બતુતા**એ જે નોંધો પોતાના ગ્રંથમાં લીધેલી છે તે મારા મત મુજબ મને અપૂર્ણ લાગે છે. તેની કડી બેસાડવા માટે મારા પ્રયત્નો ચાલુ છે. જો તે નજીકમાં મળી આવ્યા તો **ગુજરાત**ના **બળવા** વિષેનો એક વિસ્તૃત નિબંધ લખવાની મેં ઇચ્છા રાખી છે ને તે કારણે જ **બતુતા**એ નોંધેલી કેટલીક હકીકત પ્રત્યે આ નિબંધમાં મેં 'આંખ આડા કાન' કર્યા છે. એના કારણ વિષે મહાન ઉર્દૂ ઇતિહાસકાર **મૌલાના અકબરશાહખાં નજીબાબાદી**ના શબ્દોમાં જણાવું તો "**ઇબ્ને**

બતુતા હિ. સ. ૭૩૪ માં **હિન્દુસ્તાન** આવ્યો અને હિ. સ. ૭૪૮ માં **હિન્દુસ્તાનથી** રૂખ્સત થઇ ગયો. લગભગ ચૌદ વર્ષ તેણે **હિન્દુસ્તાનમાં** ગુજાર્યાં. **મુલતાન, દિલ્હી, ગ્વાલિયર, દેવગીર,** કર્ણાટક, **મલબાર** વગેરે **હિન્દુસ્તાનના** સમસ્ત પ્રાન્તોમાં પહોંચ્યો. ન તેની કને કોઈ રોઝનીશી હતી, ન તે અહિંથી કોઈ નોંધપોથી લખીને લઈ ગયો હતો, કેમકે તેનો બધો સામાન અને અસ્બાબ **હિન્દુસ્તાનથી** રવાના થયા પછી કેટલીય વાર ગુપ્ત થઈ ગયો છે, અને તે કેવળ પોતાનો પ્રાણ જ સલામત બચાવી શકયો છે. હિ. સ. ૭૭૦ ના પછી, એટલે કે **હિન્દુસ્તાનથી** રવાના થયાના બાવીસ વર્ષ પછી તેણે પોતાનો પ્રવાસગ્રંથ લખ્યો છે. એ બાવીસ વર્ષ પણ તેના પ્રવાસમાં જ વ્યતીત થયા છે, તે કારણે ઐતિહાસિક બનાવોની વાસ્તવિક કડીઓ સ્થાપિત કરવામાં એનાથી ઘણી ઓછી સહાયતા મળી શકે છે...... દાખલા તરીકે તે પોતાના એક પ્રવાસમાં **દિલ્હીથી** ચાલીને **અલીગઢ** અને **અલીગઢથી** ચાલીને **ગ્વાલિયર** અને **ગ્વાલિયરથી** ચાલીને **બરન** પહોંચવાનું લખે છે. પરંતુ તે **દિલ્હીથી** નીકળીને પ્રથમ **બરન** અને તેના પછી **અલીગઢ** પહોંચ્યો હશે. આટલા દિવસોના પછી પ્રવાસગ્રંથ લખતી વેળા તે દરેક શહેરની જગ્યા અને બનેલા બનાવોની સાંકળની કડીઓને યાદ રાખી ન શકયો હોય. એવી જ રીતે લોકોનાં નામો, હોદ્દાઓ અને તેમની સાથે સંબંધ ધરાવતાં કામોના ક્રમાંકમાં પણ ઘણી ઉલટસુલટ થયેલી જોવામાં આવે છે" ("આઇનએ હકીકત નુમા" ભાગ ૨જો, પૃષ્ટ ૬૧–૬૨) આમ હોવાના કારણે **ઇબ્ને બતુતાએ** નોંધેલ **ગુજરાતના** વિદ્રોહ, ગાઝરૂનના વ્યાપારી **શહાબુદ્દીનને દાન,** સંત **શયખઅલી હયદરીનો** વધ આદિ ઘટનાઓ, જેનો સંબંધ ખાસ **ગુજરાત** જોડે સંકળાયેલો છે, તેને મેં આ નિબંધથી દૂર રાખી છે અને એ ઘટનાઓનો ચોક્કસ ઉકેલ ઇતિહાસની કસોટીએ થઈ જતાં તેને **મુહમ્મદ તગલકના** સમકમાં **ગુજરાતમાં** થયેલા બળવાના મારા નિબંધમાં ચર્ચવાનું યોગ્ય ધાર્યું છે.

ઇબ્ને બતુતા ઉપર જણાવ્યું છે તેમ **ચીન** જવા માટે **દિલ્હીથી** રવાના થઈ ફરતો ફરતો **નંદરબાર** આવી પહોંચ્યો હતો. **નંદરબારથી** નીકળીને એ **સાગર** પહોંચ્યાનું લખે છે. **ઇબ્ને બતુતાના** હિન્દી ભાષાન્તરકાર **સાગરને સોનગઢ** જણાવે છે. **સાગરથી** નીકળીને એ **ખંભાત** ગયો હતો, જેનું વર્ણન તેણે નીચલા શબ્દોમાં કર્યું છે:—

"**સાગરથી** નીકળીને અમે **ખંભાત** પહોંચ્યાં......બીજાં શહેરોની સ્પર્ધામાં આ નગર વધારે સુંદર અને દઢ બનેલું છે. અહિંનાં ઘરો અને મસ્જિદો બન્નેય અત્યંત સુંદર છે. અહિંના રહેનારાઓ પણ વધારે ભાગે પરદેશી જ છે. ભવ્ય પ્રાસાદ અને આલીશાન મસ્જિદો પણ એ જ વ્યક્તિઓએ બંધાવી છે...અને પ્રત્યેક વ્યક્તિ બીજાથી મોટી ઈમારત બનાવવાનો પ્રયત્ન કરે છે. અહિં સૌથી સુંદર ભવન તે કુલીન **સામરીનું** છે, જેણે બાદશાહ સમક્ષ મને હલવાના સંબંધમાં લજ્જિત કરવાનો પ્રયત્ન કર્યો હતો. આ પ્રાસાદમાં વપરાયેલાં લાકડાંથી વધારે મોટાં અને દઢ લાકડાં મારા જોવામાં આવ્યાં નથી. નથી. ભવનનો દરવાજો પણ નગરદ્વારની માફક વિશાળ અને ભવ્ય બનાવેલો છે. દરવાઝાની એક બાજુએ એક વિશાળ મસ્જિદ બનેલી છે, જે "**સામરીની મસ્જિદ**" કહેવાય છે. **મલિકુત્તુજ્જાર ગાઝરૂનીનું** ભવન પણ અત્યંત વિશાળ છે અને તેની બાજુમાં પણ એ જ પ્રકારે એક મસ્જિદ બનેલી છે...આ શહેરના ધનાઢ્ય અને સૌમ્યમૂર્તિ **નજમુદ્દીન જીલીની** નામક વ્યાપારીએ પણ વિસ્તૃત ગૃહ અને મસ્જિદ બનાવી હતી. એને બાદશાહે બોલાવીને **ખંભાતનો**

શાસક નિમ્યત કરી, નગારૂં અને ધ્વજનું પ્રદાન કર્યું હતું...દયારેબકરના નિવાસી ધર્માત્મા **કાઝી નાસિર** પણ આ શહેરની જામૈ મસ્જિદની એક ઓરડીમાં રહે છે. અમે પણ જઈને તેમનાં દર્શન કર્યાં અને તેમની જોડાજોડ ભોજન કર્યું....આ નગરમાં **ખ્વાજા ઈસ્હાક** નામક એક બીજા સંત છે. તેમના મઠમાં પ્રત્યેક યાત્રીને ભોજન, અને ફકીરો તથા દુઃખી પુરૂષોને દ્રવ્ય પણ મળે છે. પરંતુ તેમ હોવા છતાં પણ લોકો કહે છે, કે એમની ધનસંપત્તિમાં ઉત્તરોત્તર વૃદ્ધિ જ થતી જાય છે." (જુઓ પૃષ્ટ ૩૦૩થી ૩૦૬)

ખંભાત વિષેની **ઈબ્ને બતુતાની** ઉપર્યુક્ત નોંધ ઘણી નવી વાતો રજૂ કરે છે, એવું વાંચકોને પ્રતિત થવા પામશે. પહેલી વાત તો એ છે, કે **હિન્દુસ્તાનનાં** અન્ય શહેરોના મુકાબલામાં **ઈબ્ને બતુતા ખંભાતને** વધારે રમ્ય અને દઢ જણાવે છે અને અહિંનાં ઘરો અને મસ્જિદો બન્નેને બેહદ સુંદર બતાવે છે. વળી શહેરમાં રહેનારાઓનો મોટો ભાગ પરદેશી લોકોનો હતો અને **ખંભાતમાં** એ જ પરદેશી વ્યાપારીઓએ ભવ્ય મસ્જિદો અને આલીશાન મહેલો બંધાવ્યાનો ઉલ્લેખ કરે છે. એ બધા ઉપરથી આપણને ખાત્રી થઈ શકે છે, કે એના સમયમાં પણ **ખંભાત** વૈભવ અને વ્યાપારમાં મ્હાલતું હતું. એના જમાનામાં પણ મોટી મોટી દઢ, રમ્ય અને સુંદરતર ઇમારતો અને મસ્જિદો બાંધનારા કારીગરો **ખંભાતમાં** અગર તો **ગુજરાતમાં** વસતા હોવા જોઇએ, એ બીજી નોંધવા જેવી વાત છે. ત્રીજી વાત એ રોશન થાય છે, કે એ શહેરમાં **નજમુદ્દીન જીલાની** નામક એક મોટો ધનવાન સજ્જન પુરૂષ રહેતો હતો, જેને સમ્રાટ્ **મુહમ્મદ તગલકે ખંભાતના** શાસક તરીને નિયુક્ત કર્યો હતો. પણ મારા અલ્પ મત મુજબ **ઈબ્ને બતુતાએ** આ નામ લખવામાં ભૂલ કરી હોય એમ લાગે છે. એ વિષે અત્યારે ચોક્કસ અનુમાન પર આવવું મારા માટે મુશ્કિલ છે. ચોથી વાત એ છે, કે **કાઝી નાસિર** અને **ખ્વાજા ઈસ્હાક** નામના બે મહાન સંતો એ વેળા **ખંભાતમાં** રહેતા હતા. આ વાત પણ ચર્ચાસ્પદ છે. મારી પાસે ઈસ્લામી ઔલિયાઓનું—સંતોનું જે સાહિત્ય અત્યારે ઉપલબ્ધ છે તેમાં એ બન્ને મહાપુરૂષો વિષે ક્યાંય કશો ઉલ્લેખ નથી. પરંતુ **ઈબ્ને બતુતાના** કથનથી એ વાત સિદ્ધ થાય છે, કે તેના **ખંભાતના** આગમનવેળા કોઈ બે મહાસંતો **ખંભાતમાં** હતા. "**મશાયખે ગુજરાત**" અને "**મનાઝિલુલ ઔલિયા**"નામના બે ફાર્સી હસ્તલિખિત ગ્રંથોમાં **ગુજરાતના** ઈસ્લામી ઔલિયાઓ, સંતો અને સુફીઓ વિષે ઘણી અવનવી હકીકતો લખેલી છે, એમ ફાર્સીના બીજા ગ્રંથો ઉપરથી જણાય છે. પરંતુ એ બન્ને ગ્રંથો હાલ કયા પુસ્તકાલયમાં છે તેની મને જાણ નથી. પ્રખ્યાત ઇતિહાસકાર જનાબ મૌલાના **સૈયદ અબૂઝફર નદવી** સાહેબને પણ મેં "**મનાઝિલુલ ઔલિયા**" વિષે પૂછાવ્યું હતું, પરંતુ તેઓ સાહેબે મને ઉત્તરમાં લખ્યું હતું, કે "મને પોતાને એ ગ્રંથ જોવાની તીવ્ર ઇચ્છા હતી. **પાટણમાં** હતો ત્યારે ઘણી તપાસ કરી પણ ક્યાંય પત્તો લાગ્યો નહીં." "**મશાયખે ગુજરાત**" માટે **કામા જર્નલના** એક અંકમાં માત્ર આધાર ટાંકેલો હોવાનું મારા સાહિત્યપ્રિય મિત્ર ભાઈ **મુહમ્મદ ઉમર "કોકિલ"** મને જણાવ્યું છે. એ બન્ને ગ્રંથો હાલ કયાં છે તે વિષે કોઈ ફાર્સીના અભ્યાસી વિદ્વાન મને માહિતી પૂરી પાડશે તો મોટો ઉપકાર થશે. હું ધારૂં છું, કે **ખંભાતના** ઉપર્યુક્ત મુસ્લિમ મહાત્માઓ વિષે પણ તેમાંથી કશી માહિતી ઉપલબ્ધ થઈ આવે તો નવાઈ નહીં. "**ખંભાતના ઇતિહાસ**"માં તેના વિદ્વાન કર્તા શ્રી **રત્નમણિરાવે ઈબ્ને બતુતા**

વિષે **ગેઝેટિયર**ના આધારે અલ્પ નોંધ લીધેલી છે. તેઓશ્રીએ **ગુજરાત**ના બળવાની હકીકત પણ ટૂંકમાં જણાવી છે. એવા જબ્બર સંશોધનકારની દૃષ્ટિ **ઇબ્ને બતુતા**ના પ્રવાસગ્રંથપર પડતાં કેમ રહી ગઈ હશે, એ એક આશ્ચર્ય છે.

ઇબ્ને બતુતા ખંભાતથી નીકળી **ગાવી** (કાવી) અને **ગાંધાર** ગયો, જે **ભરૂચ** નજીકનાં બારાં હતાં. (જુઓ આઇન એ અકબરી). **ઇબ્ને બતુતા** પ્રથમ **કાવી** પહોંચ્યો અને **કાવીથી ગાંધાર** ગયો. એના શબ્દો આ પ્રમાણે છેઃ

" અહિંથી (એટલે ખંભાતથી) નીકળીને અમે ખાડીના તટસ્થ આવેલ **કાવી** નામક નગરમાં પહોંચ્યા, જ્યાં ભરતીઓટ પણ થાય છે. આ પ્રદેશ **જાલનસી**ના, એક **હિન્દુ** રાજાના તાબામાં છે. **કાવી**થી ચાલીને અને **ગાંધાર** પહોંચ્યા. સાગરને તીરે આવેલું આ વિસ્તૃત નગર **હિન્દુ**ઓનું છે. અહિંના રાજાનું નામ **જાલનસી** છે, પરંતુ તે પણ **મુસલમાન** શાસકોના આધીન છે, અને દર વર્ષે ખંડણી આપે છે." (પૃષ્ટ ૩૦૭)

ઇબ્ને બતુતાના હિન્દી ભાષાન્તરકાર રાજાનું નામ **જાલનસી** લખે છે. મશહુર ઇસ્લામી સંશોધક અને ઇતિહાસકાર અલ્લામા **સૈયદ સુલયમા નદવી** સાહેબે બૃહદ્ ગ્રંથ "**અરબ ઔર ભારતકા સંબંધ**"માં* એ રાજાનું નામ **જાલીની** લખ્યું છે.

ઇબ્ને બતુતાની આ નોંધ ઉપરથી એ સ્પષ્ટ જ્ઞાત થવા પામે છે, કે તે વેળાં **કાવી** અને **ગાંધાર** વિસ્તૃત શહેરો હતાં એ બન્ને દરિયા કાંઠાનાં શહેરો **જાલીની** નામના રાજાના તાબામાં હતાં, અને એ રાજા ઇસ્લામી બાદશાહના તાબામાં હતો. **ઇબ્ને બતુતા**ના કથન મુજબ અહિં મુસલમાનોની વસ્તી હતી. એ મુસલમાનોમાંનાં ઘણાં માણસો ઉક્ત **રાજાના** દરબારીઓ અને અમલદારો હતા. તેમનામાં **ખ્વાજા બહેરા** નામનો એક જણ અને બીજા **નાખુદા ઇબ્રાહીમ** અને **માલિક** હતા. **ઇબ્ને બતુતા ગાંધારથી નાખુદા ઇબ્રાહીમ** અને તેના ભાઇના વહાણમાં બેઠો. એ વહાણોનાં નામ "**જાગીર**" અને "**મનુરત**" હતાં. વહાણમાં પચાસ તીરંદાઝ અને પચાસ સીદી સેપાહો હતા. (જુઓ "**અરબ ઔર ભારતકા સંબંધ**") **બતુતા**ના શબ્દો આ પ્રમાણે છેઃ—

"એ જ નગરથી અમારી સમુદ્રયાત્રાનો પ્રારંભ થયો...એ દિવસ સુધી મુસાફરી કર્યા પછી અમે સ્થળથી ચાર માઇલ દૂર **વૈરમ** નામક એક જનહીન દ્વીપમાં પહોંચ્યા...કહે છે કે મુસલમાનોના આક્રમણના કારણે આ સ્થાન જનહીન થઈ ગયું અને હિન્દુ પુનઃ આ સ્થાનમાં આવીને વસ્યા નહીં...અહિંથી નીકળીને અમે બીજે દિવસે **કોકા** (હાલનું **ઘોઘા**) નામક મોટા નગરમાં પહોંચ્યા. અહિનાં બજાર ઘણાં વિસ્તૃત હતાં...મેં નગરના ભિતરમાં જઇને ખૂબ સ્હેલ કરી અને **હઝરત ખિઝ** અને **હઝરત ઇલિયાસ**ના નામથી પ્રસિદ્ધ એક મસ્જિદ પણ જોઇ અને તે જ સ્થળે મેં મગરિબ(સંધ્યા)ની નમાઝ પઢી. આ મસ્જિદમાં **હયદરી ફકીરો**નો એક સમુદાય પણ પોતાના શયખ સહિત રહે છે...નગરના રાજાનું નામ "**દંકોલ**" છે." (પૃષ્ટ ૩૦૮થી ૩૧૦)

---

* જનાબ **સુલયમાન નદવી** સાહેબનું આ પુસ્તક મૂળ ઉર્દૂ ભાષામાં લખાયેલું છે અને **હિન્દુસ્તાની એકેડેમી અલ્હાબાદ** તરફથી પ્રસિદ્ધ થયેલું છે. એકેડેમી તરફથી જ એનું હિન્દી સંસ્કરણ પણ પ્રકટ કરવામાં આવેલું છે. અભ્યાસીઓ અને સંશોધકોએ વસાવવા જેવો ગ્રંથ છે.—**લેખક**

અલ્લામા સુલયમાન નદવી સાહેબ પોતાના "**અરબ ઔર ભારતકા સંબંધ**" નામના ગ્રંથમાં ઉક્ત **વૈરમ**એટને **પીરમ** અથવા **બીરમ** તરીકે લખે છે. "**રાસમાલા**"ના વાંચનથી પ્રતીત થાય છે, કે **મુહમ્મદ તગલક** અને **પીરમ**ના રાજા **મોખરાજી ગોહિલ** વચ્ચે દારૂણ યુદ્ધ થયું હતું, જેમાં **પીરમ**નો રાજા સખ્ત પરાજય પામ્યો હતો. પરંતુ પુનઃ એક વાર અહિં એક ચર્ચાસ્પદ પ્રશ્ન ઉપસ્થિત થવા પામે છે. આપણે ઉપર વાંચી ગયા છીએ, કે **ઇબ્ને બતુતા** હિ. સ. ૭૪૮માં **હિન્દુસ્તાન**થી વિદાય થઈ ચુકયો હતો, એમ **મૌલાના અકબરશાહ નજીબાબાદી** જેવા ઇતિહાસપંડિત જણાવે છે, જ્યારે "**મિરાતે મુસ્તુફાબાદ**" નામના **જૂનાગઢ**ના બૃહદ્ ઇતિહાસપરથી એવું માલમ થાય છે, કે **સુલતાન મુહમ્મદ તગલકે** હિ. સ. ૭૫૦માં **મોખરાજી** પર ચઢાઈ કરી હતી. **ઇબ્ને બતુતા**થી સાબિત થાય છે, કે હિ. સ. ૭૪૩ના સફર માસની સત્તરમી તારીખે એણે **દિલ્હી**થી પ્રસ્થાન કર્યું હતું. એટલે એ સાલના પૂર્વના કોઈ સાલમાં **પીરમ** ઉપર મુસલમાનોનું આક્રમણ થયું હોવું જોઈએ અને તે જ્યારે એટલે કે મારા ધારવા મુજબ હિ. સ. ૭૪૩ના અરસામાં **પીરમ** આવ્યો ત્યારે એ દ્વીપ જનહીન હતો, અને જો તેમાં હિન્દુઓની વસ્તી હોય તો તે આંગળીને વેઢે ગણાય એટલી હોવી જોઇએ. પરંતુ "**મિરાતે મુસ્તુફાબાદ**" ના કર્તા પોતાના ગ્રંથના પૃષ્ટ ૫૬ની ફુટનોટ નં. ૧ માં ખુલાસો કરતાં જણાવે છે, કે "**મોખરા** સાથે લડાઈ થવાનું ફાર્સી ઇતિહાસોમાં નથી. **બોમ્બે ગેઝેટિર**થી સંકલિત છે." **ફાર્બસ** સાહેબે "**રાસમાલા**" માં આ યુદ્ધનું વર્ણન રોચક ભાષામાં લંબાણથી લખ્યું છે. **મૌલાના અકબરશાહખાં નજીબાબાદી**એ પોતાના "**આઇન એ હકીકત નુમા**" **ભાગ ૨જા** માં આ વિષે મુદ્દલ ઉલ્લેખ કર્યો નથી, તે ઉપરથી સ્પષ્ટ થાય છે, કે ફાર્સીના કોઇ પણ ઇતિહાસગ્રંથમાં **મોખરાજી** જોડેના યુદ્ધનું બ્યાન નથી. "**તારિખે ફિરોઝશાહી**" માં પણ ન જ હોવું જોઈએ. જો તે હોત તો **મૌલાના અકબરશાહખાં** જેવા જબ્બર સંશોધનકાર તેનો ઉલ્લેખ અવશ્ય જ કરત. એટલે "**રાસમાલા**" નું અને ગેઝેટિયરનું કથન બરાબર નથી. **પીરમ** પર આક્રમણ થયું હોય તો તે હિ. સ. ૭૨૫ની આગમચ થયું હોવું જોઇએ. એ વાત જણાવી દેવી અગત્યની થઈ પડશે, કે હિ. સ. ૭૪૩માં કે તેની આગમચ એટલે હિ. સ. ૭૨૫માં **સુલતાન મુહમ્મદ તગલકે ગુજરાત** કે **કાઠિયાવાડના** કોઈ પ્રદેશ ઉપર ચઢાઈ કરી નથી. એ સંબંધી કોઇ વિદ્વાન મહાનુભાવ વધુ પ્રકાશ પાડશે તો હું આભારી થઇશ, અને **મુહમ્મદ તગલક**ના સમયમાં **ગુજરાતમાં** જે **બળવો** થયો હતો તે વિષે હું જે વિસ્તૃત નિબંધ લખવાનો ઈરાદો રાખું છું તે કાર્યમાં મને કિંમતી સહાયતા મળવા પામશે. વળી **કાવી** અને **ગાંધાર**નો રાજા **જાલીની** તે કોણ ? અને તેના વિષે **ગુજરાતના** કયા ઇતિહાસગ્રંથોમાં વધુ હકીકત છે, એ પ્રશ્નોનો પણ નિર્ણય થવો આવશ્યક છે. **પીરમના મોખરાજી**એ કોની જોડે યુદ્ધ કર્યું હતું ? તે પણ ઇતિહાસની કસોટીએ કસવું જોઇએ.

ગોઘાના વર્ણનમાં ત્યાંના રાજાનું નામ "**દકોલ**" છે, એમ હિન્દી અનુવાદક જણાવે છે. **અલ્લામા સુલયમાન નદવી** સાહેબ રાજા "**દનકોર**" લખે છે. એ રાજાનું શુદ્ધ નામ શું હશે ? શું હોવું જોઇએ ? તે પણ ઇતિહાસના પ્રકાશમાં લાવવાની આવશ્યકતા છે. "**ગુજરાતસર્વ સંગ્રહ**" જોતાં એવો ઉલ્લેખ મળે છે, કે "એ સદીની શરૂઆતમાં (ઈ. સ. ૧૩૨૫) **મોખરજી ગોહિલે** મુસલમાન પાસેથી **ઘોઘા** લીધું અને **પીરમ**

ટાપુમાં તેણે રહેઠાણ કર્યું. **ખંભાત**ના અખાતમાં વહાણો પાસેથી તેણે કરો ઉઘરાવ્યા. **દિલ્હી**નો શહેનશાહ **મુહમ્મદ તગલક** આ વખતે **ગુજરાત**માં હતો, તેથી તેણે લશ્કર લઈ, **ઘોઘે** જઈ, **મોખરાજીને** હણ્યો." (પૃષ્ટ ૨૫૩) "**તારિખે મુબારકશાહી**" અને "**આઈનએ હકીકતનુમા**" (ભાગ ૨જો) જેવા પ્રાચીન અને અર્વાચીન ઇતિહાસોથી સિદ્ધ થાય છે, કે હિજરી સન ૭૨૫(ઈ. સ. ૧૩૨૫)ની સાલમાં **સુલતાન મુહમ્મદ તગલક દિલ્હીના** તખ્તપર આરૂઢ થયો હતો. અલબત્ત, તેણે ગાદીપર બેઠા પછી **ગુજરાત**નો મોટો ભાગ હિન્દુ રાયો અને રાજાઓમાં વ્હેંચી, **ગુજરાત**માં પોતાના તરફથી એક વ્યવસ્થાપક નિયુકત કર્યો હતો, જે મહેસુલ અને ખંડણી ઉઘરાવતો હતો અને **ગુજરાત**ના હિન્દુ રાજાઓપર દેખરેખ રાખતો હતો. એનું વિસ્તૃત વર્ણન આજના વિષય જોડે સંબંધ ધરાવતું નથી, તેથી એ વિષે અહીં વધુ નહીં લખતાં એટલું જ જણાવવું વાસ્તવિક થઇ પડશે, કે ઇ. સ. ૧૩૨૫ની સાલમાં **મુહમ્મદ તગલક ગુજરાત**માં હતો, એ હકીકત ફાર્સીના વિશ્વનીય ઇતિહાસોથી અસત્ય ઠરે છે. એ સાલમાં તો તે ગાદીનશીન થયો હતો, અને ત્રણ વર્ષ સુધી એટલે કે હિ. સ. ૭૨૭ની આખર સુધી પોતાના રાજ્યસુધારણાના જંગી કાર્યક્રમને અમલમાં મૂકવાના કાર્યમાં મસ્ત–તન્મય હતો. જો એણે એ સાલમાં એટલે ઇ. સ. ૧૩૨૫(હિ. સ. ૭૨૫)માં **મોખરાજી** જોડે તેણે યુદ્ધ કર્યું હોત તો "**તારિખે ફિરોઝશાહી**" અને "**તારિખે મુબારકશાહી**" વગેરે ગ્રંથોમાં એ વાતનો જરૂર ઉલ્લેખ હોત, કેમકે **સુલતાન મુહમ્મદ તગલક**ની ગાદીનશીનીનું એ વર્ષ છે અને બાદશાહની ગાદીનશીનીના પ્રથમ વર્ષમાં જ આવો મહત્વનો બનાવ બને તો **ઝીયાઉદ્દીન બરની** જેવો ઇતિહાસકાર જે **મુહમ્મદ તગલક**નો સમકાલીન હતો, તે આ વાતને પોતાના ગ્રંથમાં નોંધ્યા વગર કેમ રહેત ? એટલે જ એ સંબંધી વધુ સંશોધન કરવાની જરૂરત ઉપસ્થિત થાય છે.

હવે આપણે આપણા મૂળ વિષય ઉપર આવીએ. **ઘોઘાથી** નીકળીને **ઇબ્ને બતુતા સન્દાપુર** (હાલનું **ગોવા**) ગયો. ત્યાંથી **હનૌર** (હનુર) જે મુંબઈ ઈલાકાના ઉત્તર **કનારા**ના જીલ્લામાં અત્યારે પણ છે ત્યાં જતાં **હનૌર** અને **ફાકનૌર**ની મધ્યમાંજ ચાંચીયાઓએ બાર યુદ્ધનૌકાઓ લઇને **બતુતા**ના વહાણપર હુમલો કર્યો. ઘોર યુદ્ધ થયું. **બતુતા**વાળા હાર્યા. બધો માલ–અસબાબ ચાંચીયાઓએ લૂંટી લીધો. માત્ર એક જ પાયજામો **બતુતા**ના શરીરપર રહી જવા પામ્યો. એ ચાંચીયાઓ હિન્દુ હોવાનું **બતુતા** લખે છે અને ત્યારપછી એણે ફરી વાર પોતાની યાત્રા આરંભી, અને **માલદ્વિપ** ગયો; **બંગાળ** ગયો; **કામરૂદેશ** ગયો; **કાલીકટ** ગયો; **કોરોમંડલ** ધુમી વળ્યો; **લંકા** જોઇ વળ્યો; **આસામને** નીરખી લીધું અને **અરાકાન, સુમાત્રા, જાવા**ના માર્ગે **ચીન**ના **જૈલુમ** બંદરે પહોંચ્યો. સર્વત્ર એનો સત્કાર થયો. **પેકીંગ** ગયો, પણ **ચીન**નો **રાજા** ગેરહાજર હોવાના કારણે તેની જોડે મુલાકાત થઈ શકી નહીં. વહાણ દ્વારા **સુમાત્રા** આદિ થઈને પુનઃ **મલબાર** આવી પહોંચ્યો. **ફરી દિલ્હી** ગયો નહીં.

ઇ. સ. ૧૩૪૮માં આપણે **બતુતાને શિરાઝ, ઇસ્ફેહાન, બસરા, બગદાદ** અને **સિરિયા**માં ધુમતો જોઈએ છીએ. ત્યાર પછી અંતિમ વાર **મક્કાની** યાત્રા કરીને ત્યાંથી હિ. સ. ૭૫૦માં તેને **મોરોક્કોના** અત્યંત વૈભવશાળી સુલતાનની સેવામાં **ફયઝ** (ફાસ) નગરમાં

ઉપસ્થિત થયેલો જોઈએ છીએ. તે **સ્પેન** અને **નાઈજર** નદીપર વસેલો **નિગ્રો દેશ** જોવાની પોતાની લાલસા તૃપ્ત કરીને હીજરી સન ૭૫૫ના અરસામાં તે પોતાને ઘેર પાછો ફર્યો એની યાત્રામાં ત્રીસ વર્ષનો લાંબો કાળ વ્યતીત થયો, તેમાં સમસ્ત મુસ્લિમ જગતના એકે એક દેશને **ઈબ્ને બતુતા** ખુંધી વળ્યો હતો. લગભગ ઇ. સ. ૧૩૭૭-૭૮ના અરસામાં અત્યંત સુખથી ૭૩ વર્ષની વયે એણે એની જન્મભૂમિમાં જ પ્રાણ ત્યાગ્યા હતા.

તેનું યાત્રાવર્ણન તેણે પોતાની તીવ્ર યાદદાસ્ત ઉપરથી જ **ટેન્જીયર**ના સુલતાનની આજ્ઞાથી લિપિબદ્ધ કરાવ્યું હતું, જ્યાં તેને સુલતાને કાઝીના પદે નિયુક્ત કર્યો હતો. આપણે જોઈ ગયા, કે તે પોતાનો માલ-અસબાબ કેટલીય વાર એ ગુમાવી ચુક્યો હતો ને તેથી જ તેના વૃત્તાન્તમાં બનાવો અને નામોનો ક્રમાંક જળવાયો નથી, તે છતાં તેણે ભારતીય ઈતિહાસ પર જે કાંઈ લખ્યું છે તે અતિ મહત્વનું છે. આપણે **ઇબ્ને બતુતા**નો આભાર માન્યે જ છૂટકો, કે તેણે આપણા **ગુજરાત** વિષે ઘણી મહત્વની નોંધો કરેલી છે.

છેવટે આ નિબંધ તૈયાર કરવામાં મેં જે જે સાધનોનો ઉપયોગ કર્યો છે તે માટે હું તેના વિદ્વાન લેખકો, અનુવાદકો અને પ્રકાશકોનો આ તકે જાહેર આભાર માનું છું. ખાસ કરી "**ઈબ્ને બતુતાકી ભારતયાત્રા**" નામના **બતુતા**ના હિન્દી અનુવાદે આ લેખ માટે મને મોટી અને કિંમતી સહાયતા કરી છે, જેના મૂલ્યવાન ઉતારા મેં આ નિબંધમાં ઠેરઠેર રજૂ કર્યા છે.

———o———

વાર્ષિક વાઙ્‌મય સમીક્ષા

સને ૧૯૩૭ના ગુજરાતી વાઙ્‌મયની સમીક્ષાનું કામ અમદાવાદની ગુજરાત સાહિત્ય સભા તરફથી આ વખતે પ્રો. રાવળને સોંપાયું છે. તો સભા તરફથી દરેક પ્રકાશકને તેમ જ લેખકને વિનતી કરવાની કે તેઓએ પોતાનાં પુસ્તકો પ્રો. રાવળને નીચેને શીરનામે મોકલવાં:—

પ્રો. અનંતરામ મ. રાવળ.
બંગલો નં. ૧૦, હીરાબાગ, એલીસબ્રીજ, **અમદાવાદ.**

આપણા ઉજળીયાત તથા ઉતરતા વર્ણનાં લોકગીતો

અને

તેની સમીક્ષા[1]

---o---

વ્યાખ્યાતા: **રા. રા. ભગવાનલાલ લક્ષ્મીશંકર માંકડ, એમ. એ.; બી. ટી.**

આજે આપે મને 'આપણા ઉજળીયાત તથા ઉતરતા વર્ણનાં લોકગીતો અને તેની સમીક્ષા' એ વિષય ઉપર આપ સમક્ષ બોલવા માટે જે તક આપી છે તે માટે હું આપ સૌનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

આપણાં લોકગીતોનો સંગ્રહ થોડા ઘણા પ્રમાણમાં કેટલાક ભાઈઓએ કર્યો છે, પરંતુ તેનો ખાસ કરીને, સહુથી મોટો તથા વધારે સરસ સંગ્રહ આપણા સા. શ્રી. ઝવેરચંદ મેઘાણીએ કરેલ છે. ગીતો સાંભળવાં, એ સહુને ગમે છે. પણ તેની પાછળ ગાંડા થવાવાળા અને તે શીખી લેવાવાળા થોડા હોય છે, તેમ જ તે શીખી સંગ્રહી, જનસમાજમાં પ્રચલિત કરવાવાળા શ્રી. મેઘાણી અને શ્રી રાયચુરા જેવા તો બહુ જ થોડા હોય છે. લોકગીતો સાંભળવા માટે ઈશ્વરદત્ત શક્તિવાળા શ્રવણની, અને તેના રસની કદર કરવા માટે ઉચ્ચ પ્રકારની વિવેચકબુદ્ધિની જરૂર છે. ૧૯૩૦–૧૯૩૫માં મુંબઇ યુનિવર્સિટી તરફથી મને કાઠિયાવાડના રબારી લોકોનો સમાજશાસ્ત્રની દૃષ્ટિએ અભ્યાસ કરવાનું કામ સોંપવામાં આવ્યું અને ત્યાર પછી ૧૯૩૬–૩૭માં કાઠિયાવાડમાં કોળી લોકોએ સમાજશાસ્ત્રની દૃષ્ટિએ કામ કરવાનું સોંપવામાં આવ્યું. આ પહેલાં ય હું લોકગીતમાં ખૂબ રસ લેતો, પણ તેને ફરી ફરીને સાંભળવાના તથા તેને લખી લઈ સંગ્રહ કરવાનો પહેલો સંગ્રહ કરવાનો પહેલો વિચાર તો રબારી, કોળી, મેહ, ભરવાડ, કુંભાર વગેરે જ્ઞાતિઓમાં ફરવાનું શરૂ કરવા પછી રસ લાગ્યો. પછી તો બ્રાહ્મણ, વાણિયા, લુવાણા વગેરે જ્ઞાતિમાં પણ લોકગીત સાંભળવા તથા તે લાભ સંગ્રહી લેવાનું કામ મેં શરુ કર્યું.

ખાસ, દૃશ્ય કે વસ્તુઓ વિષે વાત કરી તેનો પરિચય કરાવવો તેના કરતાં તેને કદરદાન લોકો પાસે ધરી દેવાં, એ જ ઉત્તમ કામ છે. એટલે આ લોકગીતો વિષે હું વધારે બોલું તેનાં કરતાં તેને આપ સમક્ષ મૂકી જ દઉં, એ વધારે સારૂં થશે.

પહેલાં હું ઉજળીયાત વર્ણનાં ગીતો લઈશ, પછી ઉતરતા વર્ણના લઈ તેની સમીક્ષા કરવાનું કામ પછી કરશું.

સંગ્રહ કરેલ ગીતો જેમાંનાં કેટલાક હું આપ સમક્ષ રજુ કરૂં છું તે વિશેષે કરીને લગ્ન-પ્રસંગનાં છે તથા બીજા અજવાળી રાતે બે ચાર સ્ત્રીઓ ભેળી થઈને ગાય છે તેવાં છે.

આ એક ગીત છે કે જેમાં કન્યાનો બાપ પોતાની દીકરીને માટે યોગ્ય વરની

---

૧ તા. ૧૮-૭-૩૭ ને રોજના શ્રી. ફાર્બસ ગુજરાતી સભાના આશ્રયે શ્રી. ફાર્બસ ગુજરાતી સભા મંદિરમાં બુદ્ધિવર્ધક વ્યાખ્યાનમાળાને અંગે અપાયેલું વ્યાખ્યાન.

તપાસમાં છે, તેની નજરમાં એક યુવાન આવે કે જેને જોતાં જ તે તેને પસંદ કરે છે. એ વરનું આમાં આમ વર્ણન કરેલ છેઃ—

વરની પસંદગી

અવળી સવળી આંબલીયાની ડાળ,
ત્યાં **શામજીભાઈ** વર બેઠા દાતણ કરે રે.
દાતણ કરતાં **મોહનભાઇ** સસરાએ દીઠડા.
જોતાં ને વાર નીરખી રહ્યા રે.
પાસે જઈને ઝાલ્યો વરનો છેડલો,
ઉભા ઉભા રહો પૂછું એક વાતડી.
શામળભાઈ તો ચતુર સુજાણ
મનની મનમાં સમજી ગયા રે.
છેડલો તમે અમારો ન ઝાલો,
જઈ જઈ પૂછો અમ દાદાજીને રે.
દાદાજી છે ચતુર સુજાણ
મનગમતી કન્યા વોરશે રે.
આવી રીતે જ—નાવણ કરતાં **શામજીભાઈ**ને દીડા,
પછી ભોજન કરતાં **શામજીભાઇ**ને દીડા,
વાતડી કરતાં શામજીભાઈને દીડા.
જોતાં ના વાર નરખી રહ્યા,

એમ ગીત બદલાતું, આગળ વધતું જાય. આમ વરની પસંદગી થાય છે.
કન્યાવાળાં કન્યા માટે કેવો વર જોવો–શોધવો છે તેનું વર્ણન નીચે મુજબ કરે છેઃ–

વરશોધન—વરનાં રૂપ

ઉગ્યો ઉગ્યો ગોરો શરદ પુનમનો ચંદ
મારાં **કાશીબાઈ** ગોરાં એ થકી. ઉગ્યો૦
એને માટે તે વર કેવો ગોતશું રે?
જે દી નવરા બ્રહ્મા તે દી ઘડ્યાં રૂપ. ઉગ્યો૦
ગાલ ગોરો ને ભમર રીસામણી રે,
વરના નલવટ આંગળ ચાર.
એના હોઠ પ્રવાળાના સમા. ઉગ્યો૦
એની નાક દીવા કરી સળી,
એના દાંત હોય દાડમ કળી;
એની **જીભડી** અમૃત વેલ. ઉગ્યો૦
પોતે પોતે ઉંચો ને પાતળો,
એની સિંહ—કટિ જેવી હોળ. ઉગ્યો૦
એનો અંગૂઠો સોપારી રોઠડી,
વરનાં આંગળાં ચોળાની સીંગ. ઉગ્યો૦

એને દેખી સહુકો થંભી રહે,
થંભે ઉગતા શશી રવિ સાર. ઉગ્યો૦

આ ગીતમાં વરનું જે વર્ણન કરવામાં આવ્યું છે તેમાં વપરાયેલ ઉપમાઓ કોઈ સરસ કવિની કલ્પનાને જેબ આપે એવી છે. આ ગીત વાંચતાં દમયંતીનું કવીશ્વર પ્રેમાનંદે આપેલ વર્ણન યાદ આવે છે.

પીઠીનું ગીત

લગ્નમાં વરરાજાનો શરીરનો વાન ઉજળો થાય અને ઉજળો લાગે એટલા માટે તેને શરીરે પીઠી ચોળવાનો રિવાજ છે. આ પીઠી મગના લોટની બનાવવામાં આવે છે. મગને શેકી તેને દળી નાંખી, તેમાં હળદર મેળવી ફુલેલ તેલ નાંખી, પીઠી બનાવે છે. તે ચોળતાં ચોળતાં વરની સગી સ્ત્રીઓ નીચે મુજબનું ગીત ગાય છે.

વીરા! મગ રે મગાવો કે પીઠડી દળાવશૂં રે,
વીરા! જેમ મગ મીઠા મોટા હોય તેમ વાન ઉજળો રે.
વીરા! સાસરીયાં ઘેર જાશો તો મળશે ખારેકું રે,
ગોરાં વવારૂ તે દેખશે વર કે વળશે ઠારકું રે.
વીરા! સાસરીયાં ઘેર જાશો તો હાથે લેજો કળશલી રે,
ગોરાં વવારૂ તે દેખશે વર કે છીપશે તરસલી રે.
વીરા! સાસરીયા ઘેર જાશો તો જાજો જોઈ આરસી રે,
ગોરાં વરરાજાને જોઈ જોઇ સાસુ કરશે ધારસી રે.

સાચા દાગીના–કયા?

વિવાહ માથે આવે છે. ઘરની વહુવારૂને સસરો કહે છે કે વહુ જો ઘરેણાં તમારાં પાછાં આપો તો એ જો ત્રુટયાંફૂટયાં હોય તો સરખાં કરાવી આપું, અને સાજાં હોય તો ઓપાવી આપું. વહુ ઘરરખી વહુ જવાબ આપે છે. વ્યવહાર ચલાવવો તે તો ઘોલ મારી, મોં રાતૂં રાખવૂં એવૂં છે.

વહુનો સસરો વહુને વિનવેઃ
વવારૂ! તમારાં ઘરેણાં બતાવો;
સાહેલી વહુને વિનવે.
સસરા! ઘરેણાં ઘરેણાં શું કરો?
ઘરેણાં છે મારૂં બોહોળું કુટુંબ. સાહેલી૦
વહુનો સસરો સોનામોર સાંકળાં,
સાસુજી રે કાંઇ સાંકળડાંની જીભ. સાહેલી૦
વહુનો જેઠ સોનામોર ઝૂમણાં,
જેઠાણી રે ઝુમણલે અભરામી. સાહેલી૦
વહુનો દેર બાજુબંધ બેરખા,
દેરાણી રે કાંઇ એ બેરખડા જોડય. સાહેલી૦

વહુને પરણ્યો હાથીદાંત ચૂડલો,
છોરૂડાં રે એ ચૂડલે મજીઠ. સાહેલી૦
સસરા ! ઘરેણું એ મારૂં સોહામણું,
એથી સોહે રે સોહે સઘળું કુટુંબ. સાહેલી૦

આ ગીત સાથે મીરાંબાઇનૂં 'મુજ અબળાને મોટી મીરાંત બાઈ, શામળો ઘરેણું મારે સાચું' એ ગીત કેટલૂં બધૂં મળતૂં આવે છે ? ! યોગમાં ભક્તિ પ્રધાન છે. આ ગીતમાં કુટુંબની ભવ્ય ભાવના નીતરે છે. આપને વિચાર માટે સોંપું છું, આ બે ગીતોમાંથી કયૂં સુંદર છે.

રૂકિમણીજીનું રૂસણું

રૂકિમણીજીનું રૂસણાનું આ એક ગીત છે. સત્યભામાનું રૂસણું તો આપણે સારી રીતે જાણીએ છીએ. 'પારિજાતકનું ફુલ તે નારદ લાવીયાં'વાળું. આ ગીતમાં દંપતીમાં રહેલ શાળો તથા જગભૂલામણ સ્નેહ કેવો તરવરે છે અને તે સ્નેહ પાસે સ્વર્ગ કે ઇંદ્રના વૈભવો કેવા છે, તેનો આપણને ઠીક ખ્યાલ આવે છે.

ડુંગર ઉપર દેરડી, ત્યાં કાંઇ ઘાટ ઘડે છે સોનાર,
ઘડયા તે શ્રીકૃષ્ણજીના બેરખા, ઘડયા તે કાંઇ રૂકિમણીનો નવસર હાર,
જે રૂકિમણીજીને સોહી રહ્યો.

સાગ સીસમનો તે ઢોલીયો, અમરાં ભરાં કાંઇ વાણ,
અતલસનાં ઓસીકડાં રે, ત્યાં કાંઇ મસરૂની તળાઇ. રૂકિમણી૦
ગલપટ તે ગાલમસુરીયાં, ત્યાં કાંઈ ભેરવના ઓછાડ,
પોઢે ત્યાં કૃષ્ણજી પાતળા, રાણી રૂકિમણી ઢોળે વાય. રૂકિમણી૦
ઝીણી ખજુરીનો વિંઝણો, ને વળી દાંતની પાડી સાર,
હાથથી વછૂટો વિંઝણો, હરિને વાગ્યો હૈડા માંહ્ય. રૂકિમણી૦
હરિજીને ચટકી ચડીયલ રીસ, કે રૂકિમણીજીને દવળે,
રાણી રૂકિમણી જાય રીસાઈ, પીયરને મારગ પળે રે. રૂકિમણી૦
જાયે સુભદ્રા મનાવવા, ભાભી ! ચાલોને આપણે ઘેર,
ભાભીએ તોય ન દીધલા બોલ. એને હવે કોણ મનાવવા જાય ? રૂકિમણી૦
જાય રેવતીબાઈ મનાવવા, ભાભી ચાલોને આપણે ઘેર,
ભાભીયે તોય ન દીધલા બોલ, એને કોણ મનાવવા જાય ? રૂકિમણી૦
જાય શ્રીકૃષ્ણ પરણ્યા મનાવવા, ગોરી ચાલોને આપણે ઘેર,
ગોરીએ હસી હસી દીધલા બોલ, રાણી રૂકિમણી મનાઈ ગયાં. રૂકિમણી૦

આવુંજ એક બીજું ગીત માંગલિક પ્રસંગોએ ગવાય છે.

જાનકી–રઘુનાથનું લગ્નગીત

જાનકીને વર્યા રામચંદ્ર રઘુનાથ વિવાહ ગાઇશું રે.
દેશે તે દેશના નરપત મળ્યા રે, રામનું ત્રંબક ધર્યું રે ન જાય.
રાજા રાવણ હાથ ચંપાઇ ગયા, દેશે દેશના હાર્યા છે ભૂપ. રઘુનાથ૦

સીતાજી કહે શુદ્ધ કરો રે, તમે બેઠા થાઓ બળવંત,
પૂરવ પ્રીત સંભારજો, તમ ધરૂં છું હું નિત ધ્યાન. રૂધનાથ૦

વિશ્વામિત્ર ગોર તેડાવીયા, ગોરે મુસ્તક મેલ્યો હાથ,
સીતાની વિનતિ સુણો, તેવા બેઠા થયા બળવંત. રૂપનાથ૦

ત્રંબક ધરીને કેડે ધર્યું, ટંકાર વ્યાપ્યા ઠામોઠામ,
ચૌદ ભુવન ગાજી રહ્યા, જબકી ગયા ત્યાં તો પરશુરામ. રૂધનાથ૦

ત્રંબકના કટકા કર્યા સીતા પહેરાવે વરમાળ,
રાજરીતુએ વિવાહ કર્યા, વિદેહ નગરીમાં ઝાકઝમાળ. રૂધનાથ૦

આવાં હરિને રામ કે કૃષ્ણને અનુલક્ષીને કેટલાંય ગીતો રચાણાં છે. આપણા કવિઓએ જેમ રાધાકૃષ્ણના નામે પોતાના હૃદયના ઉભરાઓ તથા પોતાની પ્રેમકથાઓ ગાઈ છે (પડદા પાછળ) તેવી જ રીતે આપણી સમાજે પણ રાધાકૃષ્ણના, ઈશ્વરપાર્વતીના તથા રામસીતાના ગીતમાં પોતાની અનુભવકથાઓ ગાઇ છે. તખલ્લુસ મિમાંસા વિષે કાંઇ ન જાણતાં એવાં આપણાં કેટલાંય ભાઈબહેનોએ પોતાના હૃદયનુ પ્રચ્છન્ન ધન રામસીતાનાં, ઈશ્વરપાર્વતીનાં ઓઠાં પાછળ રહી લોકચરણે ધરી દીધું છે. આ આપણા ગીતોની એક વિશિષ્ટતા છે. મજા એક છે કે તખલ્લુસો તો ખોટા અને પારદર્શક બુરખાઓ છે, પણ આ તો સાચા અને અપારદર્શક બુરખાઓ છે—નીવડયા છે.

પરિણીત જીવનના ઉલ્લાસ

આ એક બીજું ગીત પરિણીત જીવનના ઉલ્લાસનું ગીત છે.

હું તો સૂતી મારા રંગમોલમાં, સૂતાં તે સમણાં લાધીયાંજી:
ઊંડાં તે જળહળ સમણામાં દીઠાં, માનસરોવર મેં તો દીઠાંજી.
મેરૂ પરવત મેં સપનામાં દીઠા, વહેતી ખળખળ ગંગા તો દીઠી રે.

પારસ પીપળો મેં સપનામાં દીઠો, તુલસી કયારા મેં તો ડોલે દીઠાજી.
વાજતાં વલોણાં મેં તો સપનામાં દીઠાં, ઘીની વાઢી મેં તો ફરતી દીઠી રે.

દીવા મેં મેડીએ જળહળ દીઠા, હસતાં રમતાં મેં તો બાળક દીઠાં રે.
સૂતા જાગો નાની નણદીના વીરા! સપનાંના અરથ ઉકેલીયે રે.

ઊંડાં જળહળ ગોરી સાસુ તમારાં, માનસરોવર પીયર મીઠડું રે.
મેરૂ પરવત ગોરી સસરો તમારો, વહેતાં ગંગા સાસુ તમ તણાં રે.

પારસ પીપળો ગોર તમારો, તુલસી ગોરાણી તમ તણાં રે.
વાજતાં વલોણાં ગોરી જેઠ તમારો, ઘીની વાઢી જેઠાણી તમ તણાં રે.

મેડીએ દીવા ગોરી કંથ તમારો, હસતાં રમતાં છોરૂ તમ તણાં રે.
ભલે જાગ્યા નાની નણદીના વીરા સપનાના અરથ ભલે કીધા રે.

"શીખે સંજોગે"

'શીખે સંજોગે'ના કવિત્તમાં ગાનાર ઊંડા ભેદ ઉકેલવા માગતા હોય એમ શરૂઆતમાં સમસ્યા કહેતો હોય તેમ લાગે છે.

શીખે રે સંજોગે મારે આંગણુ આંબો મોર્યો રે,
કાંઈ શીખે તે સંજોગે આંબે ફળ ઘણાં રે.
શીખે રે સંજોગે ઝીણા મેહુલીયા વરસે રે,
કાંઈ શીખે રે સંજોગે નદી રેલ દીપે રે.

શીખે રે સંજોગે મારે ઓરડીયે અજવાળાં રે,
કોઈ શીખે તે સંજોગે મારાં ઘેર વસે રે.
શીખે તે સંજોગે મારાં હૈડાં તે હરખે રે,
કાંઈ શીખે તે સંજોગે મારાં મન હસે રે.

શીખે તે સંજોગે મારી બાંહોલડી ફરકે રે,
કાંઈ શીખે રે સંજોગે નીલવટ ચાંદલો રે.
શીખે તે સંજોગે લીલાં તોરણુ લહેરે જાય રે,
કોઈ શીખે તે સંજોગે શેરી ધ્રમ ધ્રમે રે.

કોયલડીને કારણુ મારે આંગણુ આંબા મોર્યો રે,
કાંઈ પંખીડાની વખતે આંબે ફળ ઘણાં રે.
ગાવડીયુંની વખતે ઝીણા મેહુલીયા વરસે રે,
કોઈ પણીયારીની કાજે નદી રેલ દીપે રે.

દીકરા આવ્યે મારે ઓરડીયે અજવાળાં રે,
કોઈ વવારૂ આવ્યે મારાં ઘર વસે રે.
વીરોજી આવ્યે મારાં હૈડાં તે હરખે રે,
ભાભલડી આવ્યે તે મારાં મન હસે રે.

કુટુંબી આવ્યે તો આંખલડી ફરકે રે,
કોઈ પરણ્યોજી આવ્યે તે નીલવટ ચાંડલો રે.
દીકરીઓ આવ્યે લીલાં તોરણુ લ્હેરે જા'ય રે,
જમાઈ આવ્યે તે શેરી ધ્રમ ધ્રમે રે.

સંવાદ: કોણુ સારૂં ? સમૃદ્ધિ કે સૌભાગ્ય ?

સમૃદ્ધિ કે સૌભાગ્ય, એ બે વચ્ચે આ એક સુંદર સંવાદ છે:—

પેલડા પહોરનું સપનડું લાધ્યું,
તો હાર કાજળ બેઉ વાદ વદે રે.
હાર કહે હું તો સમુદ્ર માંહે રહેતો રે,
કાજળ કહે હું પરવતે નીપજ્યું રે.
હાર કહે હું તો થાળ માંહે પરોવ્યો,

કાજળ કહે તો રહું હું કુપલી રે.
હાર કહે હું તો રાણીકંઠ સોહતો,
કાજળ ભણે મારેથી જગ મોહતું.
હાર હાર્યો ને કાજળ જિત્યો,
હાર ઓશીયાળો ઉભો રહે રે.

લગ્ન વેળાનાં ગીત

આ ગીત વરની સગાઈ થાય ત્યારે કાઠિયાવાડમાં લુહાણા, સુતાર વગેરે જ્ઞાતિમાં ગવાય છે.

ક્યાંથી આવ્યાં બીડલાં? મોતીવાળા ભમીરજી!
ક્યાંનાં તે આવ્યાં નાળીયેર? માર્યા વાર્યા નહીં રહો ભમીરજી!
ગોંડળનાં આવ્યાં બીડલાં? મોતીવાળા ભમીરજી!
ગોંડળનાં આવ્યાં નાળીયેર, મારા વાર્યા૦
કેમ કરી લેશો બીડલાં? મોતીવાળા૦
કેમ કરી લેશો નાળીયેર? મારા વાર્યા૦
હસી હસી લેશું બીડલાં, મોતીવાળા૦
લળી લળી લેશું નાળીયેર. મારા વાર્યા૦
શાં શાં તે લગને પ્રણુશો? મોતીવાળા૦
કેદીય લાવશો જાન. મારા વાર્યા૦
સાતમને લગને પ્રણુશું. મોતીવાળા૦
પાંચમની લાવશું જાન. મારા વાર્યા૦

વરને પોંખવા વખતે ઉતરતા વર્ણમાં આ ગીત ગવાય છે, જેમાં મેણું–ફટાણું જેવું ગવાય છે,

લેજે લેજે વેવાણુ વાટકડો,
તારે તોરણ આવ્યો લાડકડો;
આવ્યો આવ્યો રે વાસુદેવનો નંદ. લેજે૦
લેજે લેજે વેવાણુ સોપારી,
તારે તોરણ આવ્યો વેપારી;
આવ્યો આવ્યો રે વાસુદેવનો નંદ. લેજે૦
વેવાણુ તેં તો ખાધા છે મરડાટ,
તારે દીકરીઓના ઢગલા રે. લેજે૦

આ ગીત ઉજળીયાત વર્ણોમાં પણ ગવાય છે. પરંતુ તેમાં તેઓ મર્યાદાનું ખૂબ પાલન કરે છે, અને જેથી વેવાણુ વગેરેનાં મન ન દુઃખાય તેવી કાળજી રાખે છે. પણુ ઉતરતાં વર્ણમાં ગમે તેટલી ફાવે ત્યાં સુધી છૂટ તેઓ લે છે અને કેટલીક વાર તે હદ ઉપરવટ સુધી લેવાય છે.

કોરે મોરે કાંકણુ વચ્ચે ચૂડો રે,
લાડા પાસે લાડી લાગે છે રૂડી રે.

લાડલીએ શીળાં શીળાં તપ કીધાં રે,
જેને કરી નારણભાઈ સસરો પામ્યાં રે.
બરડામાં બિલેશ્વર પૂજવા ગ્યાંતાં રે,
જેને પુને નારણભાઈ સસરો પામ્યાં રે.

એવી રીતે આ ગીત આગળ ચાલે છે.

'ગામને પાદર આવેલ નદીમાં નાવા ગ્યાં'તાં
જેને પૂન્યે નારણભાઈ સસરો પામ્યાં રે.' વગેરે ચાલે છે.

કુંવારી કન્યા વરને પરદેશમાં સંદેશો મોકલે છે કે વહેલા આવી મને પરણી જાઓ અને વર એના જવાબમાં ઉત્તર દે છે:

કન્યાનો વરને સંદેશો

કુંવારી કન્યાએ સંદેશો મોકલ્યો,
વહેલા આવો રે ચોરાશીના રાયવર!
હું કેમ આવું સકળની રે બેટડી!
ખાડા દરિયા ને સમદર છલીયા.
તમારા દાદાજીને સાથે સોંઢાડો,
નાવે ચડી વર વહેલા રે આવો.

ઉંમરલાયક વરને વરાવી, પરણાવી દેવાની વિનતિ પાડોસણ કરે છે અને આડકતરી રીતે તેના મુરબ્બીઓને સૂચન કરે છે.

મારે આંગણ ખેલખડીનાં ઝાડ, ફાલે તે ફૂલે મારી એલચી.
આલાભાઈ! તમારા કુંવરીયાને વારો, ઝંઝેડે મારી અલચી.
ઝંઝેડે તો ઝંઝેડવા દેજો. કુંવર મારો લાડકો.
લાડકો હોય તો લાડકડી પરણાવો; છો હોય ઈડરગઢનો રાજીયો.

ઉજળીયાત વર્ણનાં ગીતોમાં બે વાત ખાસ તરી આવે છે; મીઠી મજાક, નર્મ અને ઊંડો ગૃહસંતોષ. આ ગીતોમાં જે મીઠાશ છે અને ગાવાની લહેંક છે તે તો ખાસ અનેરી જ છે. અહિં ગીત, કાવ્યની સરખામણી કરવાનો પ્રસંગ નથી, પરંતુ એટલું તો કહેવું જ જોઇએ કે ગીતની એક લહેંકમાં કાવ્યની બધી સુંદરતા સમાઈ જાય છે. ઉતરતા વર્ણનાં ગીતોમાં પણ ઉજળીયાત વર્ણનાં ગીતોમાં જે કલ્પના, સરળતા તથા ગૃહજીવનની અનેરી મીઠાશ અને તે મીઠાશનું યથાસ્થિત ચિત્ર જે ઊભું કરવામાં આવે છે તે જોઈ—સાંભળી કવિવર ભર્તૃહરિનો '**धन्यो गृहस्थाश्रमः**' એ શ્લોક યાદ આવે છે. 'વ્રજ વહાલું રે વૈકુંઠ નથી જાવું રે'—એ કવિવર દયારામના ગીતમાં જે ભાવ જોવામાં આવે છે તે ભાવ આ ગીતોમાં અનુભવાય છે. આપણને સહજ થઈ આવે છે કે આ ચિત્રિત તથા વર્ણવાયેલ ગૃહસ્થાશ્રમ કેવો હશે. જેમ કલ્પનાપ્રદેશમાં વિહાર કરતી વાર્તાઓ વાંચી, આપણી દુનિયા સાથે એ પ્રદેશ સરખાવીએ

છીએ, ત્યારે જેમ અજાણ્યે નિઃશ્વાસ નંખાઈ જાય છે, એમ આ ગીતો સાંભળતાં એકદમ એક અવર્ણ્ય આનંદ અનુભવાય છે અને સાથે આજની સરખામણી કરતાં નિશ્વાસ મુકી જવાય છે.

આ ગીતના વીસરી જવાયેલ કવિઓ અને કવિશ્રીઓ વિષે શું? પ્રેમાનંદ કે મીરાંએ પોતાનો વારસો ભાષાને પોતપોતાની મહોરછાપ મારી આપ્યો અને આ જ પણ આપણે તેનાં ગુણગાન કરીએ છીએ, પણ આ ગીતના કવિઓ અને કવયિત્રીઓએ જે રીતે એ ગીતો આપ્યાં છે તેમાં બીલકુલ નિષ્કામભાવ કે નિસ્વાર્થભાવ જ ઝળકી રહે છે.

Let not a stone tell where it lies વાળા પોપ(Pope) કવિએ તો તે ઈચ્છયું. પણ આપણાં કવિકવયિત્રિઓએ તો તે વર્તી જીવી બતાવ્યું. આજ આપણને તેઓ ઉપર ભાવનો કે માનનો ઉમળકો આવે, તો આપણે તે કોના પગમાં જઈ ઠલવીયે! તેઓએ આપણને મોટા ઋણમાં મૂકયા છે અને તે ઋણનો બદલો વાળવા લાગીએ તો પણ કયાંય વાળી શકીએ એમ નથી. આપણી સાથે તેઓનો સંબંધ એક ધૂમકેતુ જેવો જ છે. આ ગીતોએ કેટકેટલાંનાં હૃદયમાં પ્રેમામૃત રેડયું હશે. કેટકેટલાં હૈયાંમાં નવા પ્રાણ જગવ્યા હશે! કેટકેટલાંને શાન્તિ આશ્વાસન આપ્યાં હશે! કેટકેટલામાનાં મનની નિરાશા કાઢી આશા સીંચી હશે! આપણા પ્રસિદ્ધ કવિઓ કરતાં આ અપ્રસિદ્ધ કવિઓએ આપણા ઉપર અનેક ગણો વધારે આભાર કર્યો છે. આપણે તેમના વધારે–ખૂબ વધારે ઋણી છઈએ. આ લોકગીતોના લેખકોએ કેટકેટલા નાના ઉગતા કવિઆને પ્રેરણા પાઈ હશે અને તેની કવિતા મસાલ ચેતાવી હશે. આમની અંદર હજી અનેક મેઘાણીઓ અને નાનાલાલો સર્જવાની શક્તિ છે. આપણે તે શક્તિનો લાભ ઉઠાવવો જોઈએ.

મેં આ ગીતો ભેગાં કરવાના અંગે પ્રવાસમાં કેટલીય બાઇઓને મળ્યો છું કે જેઓ પાસે ગીતોનો ભવ્ય જરૂરી ખજાનો છે. આપણે સાંભળતાં લખતાં થાકીએ, પણ તેઓ ગાતાં કે લખાવતાં ન થાકે. આ બાઇઓ સન્નારીઓ વૃદ્ધાવસ્થામાં પ્રવેશ કરી ચૂકી છે. જો આપણે તેના પગ પાસે બેસી તેઓનો ગીતપ્રસાદ નહીં ઝીલી લઈએ તો આપણે એટલું બધું ગુમાવીશું કે જેનો આપણને ભાગ્યે જ ખ્યાલ છે.

આપે મને ધ્યાનપૂર્વક તથા શાન્તિપૂર્વક સાંભળ્યો છે તે બદલ તમારો સહુનો આભાર માની બેસી જવા રજા લઉ છું.

ગુજરાત દેશ

(લે. રા. રા. કચરાલાલ શવજીભાઇ સોની)

પ્રાચીન કાળમાં ભારતવર્ષના જૂદા જૂદા પ્રદેશો અને ભાગોનાં નામ તે તે પ્રદેશના રાજકર્તાઓ–ક્ષત્રિયો–નાં નામ પરથી જાણીતાં થયાં છે. યદુરાજાના ભાઈ અનુના વંશના રાજા બલિના પાંચ પુત્રો–અંગ, બંગ, કલિંગ, પુંડ્ર અને સુહ્મ–ના નામ પરથી તેમના તાબાના દેશોનાં નામ અંગ, બંગ, કલિંગ, પુંડ્ર અને સુહ્મ પડ્યાં.[1] એવી જ રીતે યદુવંશી રાજા સૂરસેનના નામ પરથી તેના તાબાનો દેશ સૂરસેન, શિબિના નામ પરથી શિબિ દેશ, અને આનર્ત્તના નામ પરથી આનર્ત્ત દેશ કહેવાયો. એ પછી પણ એમ જ થતું આવ્યું છે. જયપુરના કછવાહોના વંશની શેખા નામની શાખા પરથી શેખાવાટી, ઝાલાના વંશ પરથી ઝાલાવાડ, (રજપુતસ્તાન), અને મેવાડના રાજા ગુહીલના વંશજોના તાબાનો પ્રદેશ ગોહિલવાડ કહેવાયો.

એવી જ રીતે જૂદા જૂદા દેશો પર રાજ્ય કરનાર રાજાઓ માટે પણ–ભલે તે ગમે તે વંશનો હોય–પછીથી સંસ્કૃત સાહિત્યમાં તે જ દેશી શબ્દો પ્રચલિત થયા,[2] અને તે તે દેશોના રહેવાસીઓ પણ તે જ નામથી ઓળખાવા લાગ્યા. સંસ્કૃતમાં જ્યારે દેશોનાં નામની સાથે દેશ અથવા તેના અર્થવાળો કોઈ શબ્દ નથી હોતો, ત્યારે તે ઘણું કરીને બહુવચનમાં વપરાય છે; જેમ કે—'पांचालाः'; 'जांगलाः', 'दशार्णाः' વગેરે. અત્યારે પણ જૂદા જૂદા દેશના રહેવાસીઓ તેમના દેશના નામ પરથી જ ઓળખાય છે. મારવાડથી મારવાડી, ગુજરાતથી ગુજરાતી, પંજાબથી પંજાબી વગેરે.

ગુજરાત નામ કેવી રીતે પડ્યું ?

પ્રાચીન કાળમાં ગુજરાતનાં જૂદાં જૂદાં નામ હતાં. કાઠીઆવાડનો ઉત્તર ભાગ આનર્ત્ત અને દક્ષિણ ભાગ સૌરાષ્ટ્ર કહેવાતો. તાપી અને નર્મદા નદીઓ વચ્ચેનો પ્રદેશ લાટ નામથી જાણીતો હતો. અને સાભ્રમતિ(સાબરમતિ)ની આજુબાજુનો પ્રદેશ શ્વભ્ર નામથી જાણીતો હતો. કોઈ કોઈ વખત તેની હદ ઉત્તરે આનંદપુર સુધી હશે, એમ જણાય છે. ગુજરાત એ નામ પછીથી પ્રસિદ્ધ થયું છે. પ્રાચીન કાળમાં ગુર્જર નામનો એક રાજવંશ હતો, જેના મૂળ પુરૂષના નામથી તેના વંશજો ગુર્જર કહેવાયા, અને ગુર્જરોના તાબાનો દેશ ગુર્જર દેશ અથવા ગુર્જરત્રા (ગુર્જરોથી રક્ષિત) એ નામથી પ્રસિદ્ધ થયો. પંજાબનો એક જિલ્લો હજુ પણ ગુજરાત કહેવાય છે. તે કોઇ વખતે ગુર્જર રાજાઓના અમલ તળે હશે, એમ જણાય છે.

---

૧ अगो बंगः कलिंगश्च पुंड्रः सुह्मश्च ते सुताः ।
तेषां देशाः समाख्याताः स्वनामकथिता भूवि ॥५३॥
अंगस्यांगो भवेद्देशो बंगो बंगस्य च स्मृतः ।
कलिंगविषयश्चैव कलिंगस्य च स स्मृतः ॥५४॥
पुंड्रस्य पुंड्राः प्रख्याताः सुह्माः सुह्मस्य च स्मृताः ।

મહાભારત, આદિપર્વ, અધ્યાય ૧૦૪.

૨ अपारपौरुषोद्गारं खंगारं गुरुमत्सरः ।
सौराष्ट्रं पिष्टवानाजौ करिणं केसरीव यः ॥२४॥

—કીર્ત્તિકૌમુદી, સર્ગ ૧

ગુર્જર વંશનું રાજ્ય ક્યારે થયું?

ગુર્જરોના તાબાના પ્રદેશનું નામ ગુર્જર દેશ (ગુજરાત) પડ્યું એ ખરૂં, પણ વિક્રમની ત્રીજી સદી સુધી તો એ વંશનું રાજ્ય હતું નહીં. તેમ કોઈ પણ પ્રદેશ ગુર્જર દેશ કે ગુજરાત નામથી ઓળખાતો નહોતો. મહાક્ષત્રપ રૂદ્રદામનના ગિરનાર પાસેના શિલાલેખમાં —જે વિક્રમ સંવત ૨૦૭ નો છે—ગુર્જર દેશનું નામ નથી. એ લેખમાં રૂદ્રદામનના તાબાના પ્રદેશોનાં નામ લખ્યાં છે, તેમાં શ્વભ્ર, મરુ (મારવાડ), સૌરાષ્ટ્ર, કચ્છ વિગેરે નામો મળી આવે છે.[૩] એ આધારે રૂદ્રદામન પછી કોઇ વખતે ગુર્જરોનું રાજ્ય થયેલું હોવું જોઈએ. વિક્રમ સંવત ૬૯૭(ઇ. સ. ૬૪૦) ની આસપાસમાં પ્રખ્યાત ચીની મુસાફર હુએન્ત્સંગ રજપૂતસ્તાનમાં આવ્યો હતો. તે લખે છે કે, ગુર્જરદેશની રાજધાની ભિન્નમાળ નામના નગરમાં છે.[૪] એટલે હુએન્ત્સંગના આવ્યા પહેલાં ઘણાં વર્ષોથી ગુર્જર દેશ એ નામ પ્રસિદ્ધ થઈ ગયેલું હોવું જોઇએ.

ગુર્જરોના અમલનો અંત

ગુર્જરો પછી ગુર્જર દેશપર ચાવડા વંશના રાજાઓનો અમલ શરૂ થયો. હુએન્ત્સંગ જે વખતે આવ્યો ત્યારે ગુર્જર દેશના રાજકર્તા ચાવડાઓ હતા, જે ગુર્જર વંશથી જૂદો જ વંશ હતો, તે લાટદેશના સોલંકી રાજા જયસિંહ વર્માના ત્રીજા પુત્ર પુલકેશીના વિક્રમ સંવત ૭૯૬ ના તામ્રપત્રથી જણાઈ આવે છે.[૫]

ભિન્નમાળનિવાસી જોતિષી બ્રહ્મગુપ્તના 'બ્રાહ્મસ્ફુટ-સિદ્ધાંત' નામથા ગ્રંથમાં—જે વિક્રમ સંવત ૬૮૪ માં લખાયો છે-જણાય છે કે, તે વખતે ગુર્જર દેશ અને તેની રાજધાની ભિન્નમાળ બંને ચાવડાવંશીઓના તાબામાં હતાં.[૬] આ ગ્રંથ હુએન્ત્સંગના આવ્યા પહેલાં ૧૩ વર્ષ અગાઉ લખાયો હતો. એ આધારે હુએન્ત્સંગના આવ્યા પહેલાં ગુર્જરોનું રાજ્ય નાશ પામ્યું હતું, પણ દેશનું નામ ગુર્જરદેશ રહી ગયું.

મરુભૂમિ(મારવાડ)માંથી ગુર્જર રાજ્ય શીઘ્ર નાશ પામ્યું, પરંતુ તે વંશની એક શાખા ભરૂચ અને તેની આજુબાજુના પ્રદેશ પર અમલ ચલાવતી હતી. તે શાખાનું રાજ્ય વિક્રમની આઠમી સદીના મધ્ય ભાગ સુધી રહ્યું.[૭] અને એ રીતે ગુર્જરોના તાબામાં રહેવાથી આ દેશનું નામ ગુર્જરદેશ (ગુજરાત) પડ્યું.

---

૩ पूर्वापराकरावन्त्यनूपनबिदानर्त्त–सुराष्ट्र–श्वभ्र–मरु–कच्छ–सिंधु–सौवीरकुकुरापरांतनिषादारीनां समग्राणां......

(રૂદ્રદામનનો ગિરનારનો શિલાલેખ. એપીગ્રાફીઆ ઇન્ડીકા આવૃત્તિ ૮ પૃષ્ઠ ૪૪).

૪ બુદ્ધિસ્ટ રૅકર્ડ્ઝ ઓફ ધી વેસ્ટર્ન વર્લ્ડ— આવૃત્તિ ૨ પૃષ્ઠ ૨૬૯-૭૦

૫ तरलतरतारतरवारिदारितोदितसैन्धवकच्छेल्लसौराष्ट्रचावोटक–मौर्य–गुर्जरादिराज्ये...

(नागरीप्रचारिणी पत्रिका–नवीन संस्करण, भाग २ पृष्ट २११)

६ श्रीचापवंशतिलके श्रीव्याघ्रमुखे नृपे शक नृपाणाम् ।
पंचाशत्संयुक्तैर्वर्षशतैः पंचभिरतीतैः (५५०) ॥७॥
ब्राह्मः स्फुटसिद्धांतः सज्जनगणितगोलवित्प्रीत्यै ।
त्रिंशद्वर्षेण कृतो जिष्णुसुतब्रह्मगुप्तेन ॥८॥

૭ બોમ્બે ગેઝેટીઅર, આવૃત્તિ ૧ ભાગ ૧ પૃ. ૧૧૩-૧૧૮ (જેમ્સ કેંપબેલ)

પ્રાચીન ગુજરાતની હદ

દરેક દેશની હદ તેના રાજાઓના રાજ્યની સાથે વધે ઘટે છે. એથી જ ગુજરાતની પ્રાચીન હદ નક્કી થઈ શકતી નથી. અત્યારે તો ગુજરાતી હદ–જે ભાગને હાલ ગુજરાત કહે છે તેની–ઉત્તરે પાલણપુરના રાજ્યથી માંડી દક્ષિણે થાણા જિલ્લા સુધીની છે. અને પશ્ચિમે કાઠીઆવાડ એની અંદર આવી જાય છે. અર્થ એજ છે કે, અત્યારે જે પ્રદેશના લોકો ગુજરાતી ભાષા બોલે છે તે પ્રદેશ જ ગુજરાત કહેવાય છે. પરંતુ પ્રાચીન કાળમાં ગુજરાતની હદ ઘણે સુધી હતી, અને હાલના જોધપુર રાજ્યનો ઉત્તરથી દક્ષિણ સુધીનો બધો પૂર્વભાગ ગુજરાતની અંદર સમાઈ જતો હતો.

નીચેના આધારો લઈ આપણે પ્રાચીન ગુજરાતની હદ તપાસીશું:

૧. વિક્રમ સંવત ૬૯૭(ઇ. સ. ૬૪૦)માં ચીની મુસાફર હુએન્ત્સંગ રજપૂતસ્તાનમાં આવ્યો. તે લખે છે કે ગુર્જર દેશની રાજધાની ભિન્નમાળ નગરમાં છે. એટલે એ ભિન્નમાળ નગર અત્યારે ગુજરાતમાં નહીં, પણ જોધપુર રાજ્યની દક્ષિણે છે.

૨. કનોજના રઘુવંશી પ્રતિહાર રાજા પહેલા ભોજદેવના વિક્રમ સંવત ૯૦૦ના દાન-પત્રમાં ગુર્જરત્રા (ગુજરાત દેશ) ભૂમિના ડેંડ્વાનક વિષય(જિલ્લો)ના સિવા ગ્રામનો ઉલ્લેખ છે.[૮] એમાં લખેલો ડેંડ્વાનક જિલ્લો હાલના જોધપુર રાજ્યનો ઉત્તર–પૂર્વભાગ જે ડિડવાણા પરગણું છે તે છે. અને સિવા ગ્રામ ડિડવાણાથી સાત માઈલ દૂર આવેલું સેવા નામનું ગામ છે, જ્યાંથી એ દાનપત્ર મળી આવ્યું છે.

૩. કલિંજરથી મળેલો નવમી સદીનો એક શિલાલેખ છે. જેમાં ગુર્જરત્રા મંડલ(દેશ)ના મંગલાનીક ગામનો ઉલ્લેખ છે.[૯] એ મંગલાનીક ગામ જોધપુર રાજ્યની ઉત્તરે આવેલું મંગલાના ગામ છે.

હુએન્ત્સંગના વર્ણન અને ઉપરના બંને લેખોથી જણાય છે, કે વિક્રમની સાતમી સદીથી નવમી સદી સુધી હાલના જોધપુર રાજ્યનો ઉત્તરથી દક્ષિણ સુધીનો બધો પૂર્વભાગ ગુજરાતની અંદર હતો. અને એ જ રીતે દક્ષિણ અને લાટના રાઠોડો તથા મારવાડ અને કનોજના પ્રતિહારો વચ્ચેનાં યુદ્ધોનાં વર્ણન ઉપરથી જણાય છે કે ગુજરાતની દક્ષિણ હદ લાટને મળતી હતી.

સારાંશ એ જ આવે છે કે હાલના જોધપુર રાજ્યનો પૂર્વભાગ અને ત્યાંથી માંડી દક્ષિણના લાટદેશ સુધીનો બધો ભાગ. (જેની અંદર હાલનું ગુજરાત પણ આવી જાય છે) તે વખતે ગુર્જર દેશ (ગુજરાત) કહેવાતો હતો.

વેડા, તા૦ વિજાપુર }

---

૮ गुर्जरत्रा भूमौ डेंड्वानकविषयसम्बद्धसिवाग्रामग्रहारे...

—એપીગ્રાફીઆ ઇન્ડીકા આવૃત્તિ ૫ પૃ. ૨૧૧

૯ श्रीमद्गुर्जरत्रमंडलांतःपातिमंगलानकविनिर्गत...

—એપીગ્રાફીઆ ઇન્ડીકા આવૃત્તિ ૫ પૃ. ૨૧૦ નું ટીપ્પણ ૩.

વીરસિંહકૃત

ઉષાહરણ

[સંપાદકઃ—રા. રા. ભોગીલાલ જયચંદભાઈ સાંડેસરા]

[અનુસંધાન પુ. ૨, અં. ૧, પૃષ્ઠ ૧૦૯ થી ચાલુ]

મંગલાચરણ

(ચૂપઇ*)

પ્રણમિસ સારદ વરદ વિસેસિ, વાણી વિમલ દિઉ મુઝ રેશિ,
નિધટસ નવરસ કથાસમંધ પ્રાકૃતિપઇં ચુપૈ પિઅબન્ધ.[1]
શામા શ્રોણિતપુરીય મઝારિ રા બાણાસુર તણીય કુમારિ
ચિંતિતિ વર વંછિત મનમાહિ, રચિસ કવિત હૂં તીણઇં ઠાહિ.
ઉષાહર્ણુ સુણિ[2] ફલ એહઃ શ્રવણિ હૃદય લિ નવરસભેદ,
સંચિત પાપ અંગનાં જાઇ, નીયડા જ્વર એકવીસ ન થાઈ.

શોણિતપુર–વર્ણન

શ્રોણિતપુરી સ્વર્ગમહિમાઉ, રાજકરઇં બાણાસર રાઉ,[3]
પિસુન કોઈ નવિ મંડઇ પ્રાણ, એકછત્ર વરતાવઇ આણ.
નગરી ધન જોઅણ બાર તેહ પાખલિ ફિરતુ પ્રાકાર,
વીસ પોલિ વિસ્તારી ઘણી, આગલિ ફેરિ ફારકી ચણી,
ભલ કમાડ ભોગલ સજ્જાઇ, પાખલિ ફિરતી સઇજલ ખાઇ,
એક રાજ સંખ્યા[4] એતલી, પગવટિ પંચવીસ ખડકલી,
કોઠા કોસીસાં અપાર, પાય ગિરિ પુહલી પગિ પગિ માર,
વેઢિ વિષિઈ સુવિસમુ, દૈવ[5] તણઇ મનિ દોઅંગમો.
स धनी यस्य भूभागो यस्य दुर्गः स दुर्जयः ।
विजयो यस्य मातङ्गा यस्याश्वास्तस्य मेदिनी ॥[6]
ઘોડાં હાથિયા તિહાં અતિ ઘણાં, પાયક પરઘુ–નથી મણા,
કરઇ સેવ છત્રીસઈ કુલી, ચઉરાસી મોટા મંડલી.
માહિ મહાધર મંત્રિ અનંત યે રોશિ ચડયા અરિ અણિ અંત,
અકલિતસુરવરગુણ મુનિવરા ઇસ્યુ બાણાસુર હૌઉ ધરા.
ગિરુઆ ધલ હરતણા ગડાર વ્યોમ લગિ મંડયા વિહાર,
માડ માડ ઊપરિ માલીયાં, જમલાં ગૂખ સરિસ જાલીયાં;
ભમતી ઊપરિ ભમતી ચડી, તેહ સરિ કાઠિમી કરહડી,
શિવે ત્રિકલસાં સોવનતણાં, પૂઠિ વાડા, આગલિ આંગણાં;

---

* છન્દનું નામ નથી. ૧ પિડબન્ધ. ૨ સણિ. ૩ રાચિ. ૪ સંક્ષ્યા. ૫ દૈવ. ૬ શ્લોક ॥ સામેરી ॥ स धनी जस्य भूभाग यस्य दुर्गस्य दुर्जय । विजयै यस्य मातंगा यस्याश्वा तस्य मेदिनी ।

ભલી છોહ શતપંક્તિ ભીતિ, ચિત્રસાલિ ચુરાસી રીતિ,
પગિ પાવઠી ઘરિ ઘરિ કૂઆ, દ્રાખવેલિ મંડપ જૂજૂઆ.
ટોડા દીસિ તોરણ સરેસિ, ઊપરિ કેકી કુંજર રેસિ[7]
સઘલિ સત્તખૂણા આવાસ, જાણે કરિ અભિનવુ કૈલાસ.

अर्थो नराणां पतिरङ्गनानां
वर्षा नदीनां ऋतुराट् तरूणाम् ।
सद्धर्मचारी नृपतिः प्रजानां
गतं गतं यौवनमाह्वयन्ति ॥[8]

બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્યહ શૌદ્ર વસઈ વાસિ કરિ વારિસમુદ્ર,
નારૂ કારૂ તે તલહટી, અધમાધમ અલગેરી થટી.
વિગતાવિગતી વર્ણ અઢાર ઊલંઘી ન સકઈ આચાર,
વાહિની ગંગા તલિ વહઈ, મજ્જન કરઈ તે મઈલપ દહઈ.[9]
ઠામિ ઠામિ હરદેઉલ હોય, શૈવધર્મ પાલિ સહૌ કોઈ,
ભાલિ આડિ ભસમની ત્રિણિ, શીશ જટા, સંઢીયા કન્નિ.
પંજરિ બાધ્યૂં લ્યંગપુરાણ, એકછત્ર વરતાવઈ આણ,
કૃષ્ણપક્ષના યે સવિ યોગ તે અપવાસ કરિ સવિ લોક.

उत्तमा मध्यमा चैवाधमा चैवाधमा धमा ।
देशकालस्वभावेन यथा राजा तथा प्रजा ॥[10]

વૃદ્ધ બાલ સહૌ બાણારસુ, લોકતણાઈ મનિ લાગઈ ઇસુ,
વિતું કરતાં વાહઈ હાથ, વચનિ એક જંપિ જગનાથ.
શબ્દ સુણિ[11] જવિ નમઃ શિવાય, લોક તે લોટિ લાગઈ પ્રાય,
આરાધિ એક જંગમ તણઈ, દરશન અન્ન મન્ય નવિ ગમઈ.

પૂજાનો પ્રારંભ

આરાધા મીઆણિ હકારિ પૂઠઈ પરિયાણા[12] શત ચ્યારિ,
ભૂયણિહિ હરનિ ઊગમિ ભાણિ બઇઠુ દેરાસરિ રા બાણ.

(દૂહો)

પૂજહ પતિ પરમેસરહ જેણિ યુગતિ મિલેહ
ઠાલિ ઠાલૂં ફૂલિ ફૂલ દર્પણ છાંહાં પરિ દેહ.

(ચૂપઈ[13])

દહી દૂધ મધ ખાંડ ધૃત પહિલાં આણ્યાં પંચામૃત,
શ્વેત બ્યંબ કેરાં સરસ્વરી, કાવડિ આવિં કુંપા ભરી.
કાકતુંડ કૃષ્ણકુંકોલ ધૂપશલાકા વર્ણવિશોલ
કછોટુ જ ગોટા નિર્મ, ઉઢણિ યાજિક ગઇમર ચર્મ

---

૭ ક્લેશ. ૮ अर्थो नराणां पतिरङ्गनानां । वर्षा नदीनां रितिराट् तरूणां । सधर्मचारीनृपतिः पजानां । गतं गतं यौवनमावयन्ति ॥ ૯ દહિઈ. ૧૦ उत्तमं मध्यमं चैव । अधमं चैव धमाधमं । बेषभाव सभावेन यथा राजा तथा प्रजा ॥ ૧૧ સણિ. ૧૨ પતીયાણા. ૧૩ છન્દનું નામ આપ્યું નથી.

શિસ રૂપિ સોવન્નહ વન્ન[૧૪] હીરે રાતે હુતાશંન,
નલવટિ એ ત્રિહ પૂજા નયણિ, સૂર્ય સોમ કાન્તિ બિ શ્રવણિ.
કસ્તૂરી ભોઅંગમ ભણી, મેખલિ મણિ વૈડૂર્યહ[૧૫] તણી,
ખગ ખટ્વંગહ ડમરૂ ડંડ, રચી નાલીયરિ માલા રૂંડ,
ઘંટા ઘટતિ ઘૂઘર ચર્ણ, અવયવ ઇશતણાં આભર્ણ,
શામ ધંતુરા, શ્વેત આકડા, બિલ્પત્ર તણા તે બાંધ્યા પડા.
દમણુ મરુઉ નિ મચકંદ વિકલ વેલિ દોઇવાલાં કંદ
પાડલ પુષ્પ સેવંત્રાં ઘણાં, ચુસર ગુંથ્યાં ચાંપા તણાં
જાયિ સોવન્નહ[૧૬] બાધા લોક, લેઇ આવિ આરામી લોક.
કરણાં કેલાં દાડિમ દ્રાખ નાલીયરી નારિંગા લાખ
ફોફલ ફણુશિ બીજોરાં બહુ અર્ઘ ભણી લેઇ આવિ સહુ.[૧૭]
ઇણિ પરિ એહ[૧૮] મનુલોક અરિઅંતરિના ટાલિ શોક.
ખીર ખાંડ ખાજા ખાજલી માડાં માઠી નઈ મરકલી
સુહાલાં સાંકચિ સાંકલી[૧૮] સાટીસિં સીંગલહુરી પચી,
દહીથરાં વેઢમી વડાં ઘી—તલયાં ધારી ધારડાં
લામણુ લાડૂ નિ લાપસી જે સાસઇસું જાઈ સસી,
કરંબા કસણ્યાં દહી નઈં કૂર, કાચી ફડસિં માહિ કપૂર,
સાલિ દાલિ સેવઇયા સેવ નૈવેદ્ય આવઈ ઈસ્વર દેવ.
નૂરતિ વિલિ તાલી નિ તાલ, ઝાલરિ કિંનર કિરડિ કંસાલ,
શરણાઇ શર મંડલ જંત્ર, વાજિ પંચશબ્દ વાજિત્ર,
ભરહછન્દિ ભુંગલ ભરહરિ, અબલા ઊભી ઊસર કરઈ,
છ વડ રાગ, ભાષ છત્રીસ, ગાઇ ગન્ધર્વ આગલિ ઇસ.
પૂજાના પંચે ઉપચાર વિચ્છેદે આપ્યા તિણિવાર,
દેખિત બોલ્યુ દાણવરાય 'જંન ભોગ લેઈ જિમલા થાઈ;
એક ડાવા, બીજા યમણા...થા ઘુઘરા દેખી ઘણાં
કે મૂકું કે કરિ આવરું, બિહુ બાંહિ પૂજા કિમ કરું?'
ભણઇ તાંઇં દાવણુ ભૂપ 'મિ પૂજેવૂં મોટૂં રૂપ;
હું હૂંતિ રિદ્ધિ થિઉ અણાહ, દિઉ માહેસ્વર બહુ[૧૯] મઝ બાહ.

શિવસ્તુતિ

(ધવલ ધન્યાસી[૨૦])

સીસીઇ શંકર તુહ નમિ રે; નમિ અ નહી દિન રાતિ
લેખૂં લાગૂં નાલીયરે, પડિઅ તિ ફણગર પત્તિ,
સાંભલિ શિવ દેવા, બાણુાસર બોલિ, દેવ નહી તસ તોલિ,—સાંભલિ૦
નયણે તું નિરખ્યુ નહી રે પરિ પરિ પંચવક્ત્ર,
કરિ જાણે કેકી તણિ રે પુંછડિ પડયાં ચિત્ર—સાંભલિ૦

૧૪ વન. ૧૫ વૈડૂર્ય. ૧૬ શોવ્રનહ. ૧૭ સહૌ. ૧૮ એક. ૧૮ સાંકચી. ૧૯ બહૌ.
૨૦ ગીત રાગ ધવલ ધન્યાસી.

શ્રવણિ જેણિ સુણ્યા નહી રે ગિરિજાપતિ ગુણગ્રામ,
કરિ જાણે ભમરિ કિયા રે વંશહ માહિ વિરામ—સાંભલિ૦
જિહ્વા જેણિ જપ્યુ નહી રે મનસિદ્ધિ શ્રીમહાદેવ,
વયણ વાઘ વેસહ તણાં રે સોય મઝ સારૂં તેહ—સાંભલિ૦'

હસ્તપ્રાપ્તિ

(ચૂપઇ)

નૃત્ય તે આગલિ લીલ વિલાસ, પાઇ તે પેરણીયા દંડવાસ,
ફરસુહર ન લાઈ પત્ત, સોઈ સારેવા થો હરિહથ.
ભગતી કરી નઇ ભણી તવન, પશુપતિ દેવ હોયા સુપ્રસન.
બાહ બાણાસર બિહુ દિસિ કરી નવસિ અઠાણૂ નીસરી.

(દૂહા રામગિરી)

જમલા આણી જોઇએ મંડી દોયદ પાણ
છાયાની પરિ પેખીઇં બાહ બહૂતહ બાણ.

બાણાસુરનો બળનો ગર્વ

(ચૂપઇ)

કર નીસર્યા, શત્રુ સાંભલ્યા, એક નાઠા એક આવી મલ્યા.
રાજા બાણ સુરીસુ લોઈ કડખુ કર તે નથી કોઇ.
માતુ મહિષ ભોમિસું ભીડિ, માતુ સંઘજ પાધરિ પડિ,
માતુ અતિ ઊલાલિ[21] સંડ, માતુ ગઈમર પાડઇ વૃંદ,
માતુ સૂઅર અસિ અભ્યાસ વાડી ભંજિ પઇસી વાસિ;
રાજન કંટક ભર્યું નિનાદિ વંછઈ બાણ કરેવૂં વાદ.
બાણ ઇશ પ્રતિ બોલ્યુ ઇસું: 'સરજ્યા કર તુ કીજઈ કિશ્યૂં,
સમ ચાહુ સારું એ હાથ દીઈ ન જાં કો દૂજણ બાથ?

પ્રતિદ્વન્દ્વી માટે પ્રાર્થના

(દૂહો વઈરાડી)

અશિમર આવ્યા હાં નહી ઊપરિ શત્રહ[22] સીસ,
કિશા ભણી કર સરજિયા અતિ અહ્મારા ઈશ?
પિશુન ભોમિ પાડયા નહી', બાણ ભણિ, 'ધરી બાથ,
આંણિ ભવિ રા એહની હામ ન પુહતી હાથ.
ખજૂરાના પગ ભલા ચાલિ થ્યા ચાલંતિ
આવ હથિઆરા બાણના કરિ સવિ અમયાકંથ.'

(ચૂપઇ)

'સેહલા સુણ[23] હિતની કહી, રાજ, મત્તિ માનુ તું સહી.
સુખ વાંછિ રે સરિ ભોઅલા, મ કરિસિ દોષ તણા ડોહલા.

૨૧ ઊપાધિ. ૨૨ શત્રવ. ૨૩ રાણ.

કહું, નહી કુસમને દડે, કીજઇ યુદ્ધ કિમ લોહડે?
લાગઈ તિહાં લોહી નીસરઈ, પાચિ થાઉ પીડિ પિંડ કરિ.' ૧૧૫

पुष्पैरपि न योद्धव्यं किं पुनः निशितैः शरैः ।
युद्धे विजयसन्देहः प्रधानपुरुषक्षयः ॥[२४]

તં ઓલૂ આણાસર રાય: 'યુદ્ધ પખિ જરિ અ ન ન જાય,
મુજ સમવડિ તું મંડિ ન હેવ, સરજિ ન કો સપરાણુ દેવ.
આછણુ પીધી જે ઊસમિ સા તે સઘલી મુહ નીગમી, ૧૨૦
શંકર ભણિ, 'તણુ સંગ્રામ હૈયા તાહરુ પૂરિસ હામ.

(દૂહા મલ્હાર)

રંગમંડપ તણુઉ થંભ જે ભાજી પડઈ તુરંત
તુ જાણે તે અવતરિઉ જે તું અ પાડઇ દંત.'
દિન ત્રીજઇ તે મડિપડુ સહિત પતાકા થંભ;
નાગર લોક અણોસરું, રાજામનિ આરંભ. ૧૨૫

ઉષાનો જન્મ

(ચૂપઈ)

મંડિઉ દૈવસૂત્ર માહેશિ આધુ અનરથ કરવા રેશિ;
દાણવનઈ ઘરિ તે અનુમાંન અંતેઉરિનઇ રહિઉં આધાન.

પાર્વતીની પૂજા માટે પ્રયાણ

પૂરા દસ માસ પુહતા, અસુરતણઈ ઘરિ આવી સુતા;
પંચ વર્ષ પરિપાલત ભર્યાં, અમયાતણા વ્રત આદર્યાં.
ચિત્રલેખિ, વિશાખા, શિખા, ઉષા, રેષા, પરિષા વિષા ૧૩૦
શિવપુરિ જાઈ સાતઈ જણી, ભગતિ કરઈ ભવાનીતણી;

ચિત્રલેખાની સરસ્વતી–પૂજા

ચિત્રા બુદ્ધિ વિમાસઈ ચિંતિઃ શિવા ત્યજી ધ્યાઉં સરસત્તિ;
સરશિ ભાવિ તિશઈ ભરથારિ, વિદ્યા એક દુર્લભ સંસારિ.

(ભુજંગ પ્રયાતિ[૨૫])

ચિત્ત જે તત્તવિદ્યા કહીજઈ, હોઈ પાસિ તે દાસિ થાઈ અ લીજઈ;
નિશિવાસરે તાસ અ ન્યાસ કીજઈ, અ વિન્યાસ વિમાસતે કાજ સીઝઈ. ૧૩૫
વિમાસી યસું ચિત્તસું સા કુમારી, ભણી ભારતી વાર તેણે પધારી;
થૈ લોટિસું પા પ્રખોડી[૨૬], કરી[૨૭] વીનતી દીન થૈ હાથ જોડી,
'સરીસુપણૂં મુખ જે દુઃખ હૈઈ, ચિકિચ્છા પરિ એ પરિતુ દહીઈ;
છતાં વૈદ તાં વેદના સું સહીઈ, એ વ્યાધિ તું સાધિ છઈ તુ કહીઈ.

---

૨૪ શ્લોક ॥ केदारुं ॥ पुष्पैरपि न योधव्यं किं पुनः निशतैः शरै । यध्ये विजयसंदेहो प्रधानपुरुषक्षयं ॥ ૨૫ ભુજંગપ્રિયાતિ ચુપૈ. ૨૬ અક્ષરો ખૂટતા લાગે છે. ૨૭ કરી.

હંસાસણિ મા, સુણિ મૂં વયણું[૨૮]; જડવ્યાધિ હૈયડિ જ પીડિ નયણું,[૨૯] ૧૪૦
દિઉ ઔષધિ સિદ્ધિ વિદ્યા રયણું[૩૦], હોઈ ચક્ષુ ઇશા જિશાં ભંગ ઇયણું.
તવી સારદા તારુદા તારુરાણી, કલારૂપની ઊપની કંઠિ વાણી;
લેઈ પંચવાના માથામાહિ પાણી, વિતું સીખવું ચિત્રિનું ચિત્રિરાણી.

ચિત્રલેખાની વિદ્યાપ્રાપ્તિ

(ચૂપઈ)

ઇશ્યૂં તૂઠી બ્રહ્માની સુતા, ચ્યારિ વેદ જે હિયડઈ હતા,
વિદ્યા ચૌદ, કલા સવિ બાર સૂંપિઉ ચિત્રાનઈ સહૂ સાર. ૧૪૫

(દૂહો મેવાડો)

ચિત્ર ભણઈ, 'સુણિ સારદા સદા કરું તુહ્મ સેવ
તે પરિ મઝનઇં સીખવું જે કન્હઈ પિતામહ દેવ.'
ચિત્રલેખિ તીણઇં અવસરિ તિહાં ઉપાશઉ તાત;
'કાયા માયાવી કરૂં તે વિદ્યા દિઉ માત.'

(ચૂપઈ)

પુત્રીવચન તે પ્રજાપત્તિ ચિત્રા સીખવી સઘલી ગત્તિ, ૧૫૦
જલચર થઈ પઈશઈ જલરાશિ, ઇંડજરૂપ ભમઈ આકાશિ.
સર્પવેશિ પઈસઈ પાતાલિ, બલીમુખિ થઈ બઇસઈ ડાલિ,
સીહિણી રૂપિ ભમઇં પરબત્તિ, સુર થઈ કરઈ સ્વર્ગની ગત્તિ.
વરતઇં જિ કે[૩૧] વસુધામાંહિ અનુભવ્યા તે સવે ઉપાય,
ગુરુગમ્ય વિદ્યા સઘલી કરી સજની સિઉં પુહતી શિવપુરી. ૧૫૫

(દૂહા)

અખાત્રિજ અમયાપુરિ રંભ કરઈ રામતિ,
તેડિઉં ત્રિપુરાંઈ મોકલિઉં શ્રી સાવિત્રી સક્તિ,

ઉષાની શિવ માટે અભિલાષા

(ચૂપઈ)

તે વાત વડી ત્રિદશાવાસમાહિ રંભ તિહાં ખેલઈ રાસ,
વિજયા–જયા બિ બહિની લેઈ રુદ્રાણી તિહાં રમવા ગઈ.
ઇશ વિમાસિઉ અવસરિ ઇશઇં, અબલા તે પૂજણિ આવસિ, ૧૬૦
દેવી ગવિરી ન દાખિનિ કરી, બોલિનિ સક્તી બાણાસરી.
દેખી ભામિની ભરડા સથ હસસિઇં તાલી દેઈ હથ;
તેડાવયુ ધનદ તિણિ વાર, કીધઉ સર્વ અંગ શણગાર.
પૂજા સજાઈ સવિ કરી કૂઅરી ધોતિ પોતિ કરી ધરી.
લેહા સજની સાથિ લેઈ ભવાનીનિ ભૂઅણિ ગઈ. ૧૬૫
વૈશ્વાનરનઇં વાનું પ્રાણ, રાજા મદ્ય લીઉં યૌવાન,
દીઠ અનોપમ ઇશ્વરવેષ, ઉષાનઈ મનિ થઈ અભિલેષ.

---

૨૮ વૈયણં. ૨૯ નૈયણાં. ૩૦ રમૈયણ. ૩૧ જકે.

રૂપિઈં રૂઅડુ સુરનુ રાય અજરામર આલતિનુ ભાય,
કુંઅરિ કહિ 'હર હુઈ ભરથાર, મનના માગ્યા ઢલઈ તિ વાર.
માહરઈ મનિ છઈ એહજ લોભ, દેશઈ સજની સઘલી શોભ,
ગંગા–ગવરી પાહિ ગુણવંતી, તુ આણી ઇશ્વર કરી ખંતિ.'

(દૂહા)

હવઈ કુંવરી પરિણેવૂં કરઈ ભૈરવનુ ભરથાર
ઇ મંડિઉ ધરિ કાઠી તણઈં લેવા લેઈ કાર.

(ચૂપઈ)

અંજન મોહણ વસીકરણ કામણ જામણ પરનરહરણ
શકતિ વેધઈ સંધઈ કામરૂ, માંચઇથુ ખીલઈ ગણસરૂ.
માઈ રાણીનઈ મંત્રિ ઉપાસિ, પરડાકિણી પ્રો આણિઉ પાસિ,
કૂડકપટકર જે કામિની તે ચેલી ચર્ચાદે તણી.
ત્રિભુવન તણૂં હેત જ સહી તે ત્રિપુરારિ[32] કિમ વાહીઈ?
આઠ વપુ ઉષા થઈ બૂડ[33] પર–ઇથી–કાંતે પ્રીછિઉં કૂડ.[34]
ઉષા વાત કહિ તસ ભણી; 'તું પુત્રી પરધાનહ તણી
આઠવિ મનિ કો કિશઉ ઉપાય પરણઈ મૂં જિમ[35] પાર્વતી નાહ.'
કહિઉં મંત્રિ મંત્રીસકુમારી; 'ત્રિપુરા થઈ છઈ તૂસણહારી;
ભણસિ, વછિ માગિ વરદાન; આપણ વર વરસિં ઇશાન.'
કહુ તેત્રી પૂજાનઈં ત્રિપુરારિ આવી દેવી દેઉલ બારિઃ
પાત્રી નાખી, પાણિ ધરી બાહિરિ કાઢી બાણાસરી.

પાર્વતીનો કોપ

'વછિ[36] જ તુંહનઈં રડતી રાહાવિ, કરિ સાહીનઈ કડઇ ચડાવી
તેહનાં કરડવા હીડઇ કાન;' શિવા ભણઇ, 'એ તાહરી શાન.
બીજૂ લક્ષણ સાંભલિ વછિ, પૂઠિ ખજૂઆલી પઈસઈ પૂચ્છિ,
કર ઉરિ ઘાલી કાઢજ અંત્ર, તાહરઇ તે મનિ મઇલઉ મંત્ર.

પાર્વતીનો શાપ

પરૂહણું થઈ ધરિ પઈશઈ,[37] હેરૂં કરી જ સર્વ સંહરઇ,
સરિ શત્રુ ચિંતઈ સીખિઉં તાજિ, ભોજન કરઇ તિહાં ભાણૂં ભાજિ.
કુંઅરી તુંઝનઈ સ્યો દિઉં શાપ, ઘટિ તુ ઘટિ લાગઇ સંતાપ;
તઈં મનસા કીધી મઝ વર તણી, જા પરણીસિ નહી પાપિણી.'

(દૂહા)

બાણ તણઇ બેટી ભણઇઃ 'મચ્છર ન કીજઇ માય,
ભરિયૌવન ભામિની તણઇ ચિંતિ[38] ચપલ ગતિ જાઈ.

घृतकुम्भोपमा नारी पुरुषमग्निवर्चसम् ।
दृष्ट्वा तु द्रवते तत्र तद्वत् पृच्छसि भामिनि ॥[39]

---

૩૨ ત્રિપુરાઈ. ૩૩ બૂટ. ૩૪ કૂડુ. ૩૫ મૂળમાં નથી. ૩૬ એછિ. ૩૭ પઇશરઈ. ૩૮ તણઇ ચિંતિ.
३९ स्वरूपं पुरुषं दृष्ट्वा घृतकुंभोपमा नारी पुरुषं वह्निवर्चसम् । संयोगाद्रवते तत्र तद्वत् पुससि भामिनी ॥

છરાગ હ છેહલો અપ્પ ભૂપાલી ગાનિ
પ્રીણી કરિસિ પારવતી નિગ્રહ શાપ[40] જહાણિ.

(દેશાખ)

માઈ, ગગનઈ ગિરિ ધણી હોઇ પાડત શરપૂંખિ કરી,
માઇ, વિઠૂલા રે ચરચલિ દેવિ મંદિરિના નવિ મારિઈ.
માઇ, હસ્તી એ હોઈ દૂઆડ, ધા તાહરુ તિહાં ઘટઇ,
માઈ, કીડી એ કંધિ કુહાડિ, દાક્ષાયણિ, દીજઈ નહી.
માઈ, ચીભડલા ચોરણહાર બાપડલા ખૂસટધણી,
તું યોગિની જો એ વિચાર, સૂલિ સો નવિ ઘાલીઇ.
માઇ, છોરૂ કછોરૂ થાઇ, પેઇ તુ પહિડઇ નહી,
માઈ, વિસડૂ એ ગાંઠિ બાંધી ખાધા વિણુ કહિ કો મરઇ?
તુંહ જ કો મારઇ કંધિ જુ કો વડઈ અપરાધીઇં,
જઉ મઇં એ મનસા કીધ, સ્વામિનિ, તુ તું સાંસહે.
માઇ, અનત્રી એ કેરાં આલ કિવારઇં કહિનઇ ચડઈ,
તે ઝગડઇ એ ઝાલઇં ઝાલ મનસા વાચા નવિ દહિ.
માઈ, પ્રાંશ્યા એ પાખઇ થાય, પારવતી, પાણીરસો,
હવઇ હુઇ જ[41] હીયડલા માહિ', દૈત્ય ભણઇ, 'દુહવણુ ઘણી.
માઇ, વૂઠા[42] વિણુ વસુધા એ કાત્યાયનિ, કાદવ કિહુ?
હવઈ પરણ્યા પાખઈ નાહ શાપી,' સુરશત્રુ વિભણઇ.

(દૂહા)

ઉષાદે આલિંતિ કરી દેવ સાખિ તીણઈ રાગિ
લાગી લેહા સજની અશ્યં[43] પારવતીનઇ પાગિ.

(ચૂપઇ)

બાલા બહુ વિનય બોલિઉ; નિગ્રહ શાપજ શાંતિ તુ કિઉં,
'કુંઅરી, મનિ માહિ મ દૂહવેસિ, સુહણા માહિ સહી પરણેસિ.'

શાપનો અનુગ્રહ

(દૂહા)

'તન ખાવૂં, તન પહિરવૂં, તન નૃત્યક, તન નાદ
પારવતી પરણ્યા તણોરે સુહણઇ કિશઉ સવાદ?
ખાવૂં, પીવૂં, પહિરવૂં, ઉપરિ હાસું હોઇ
સવિહિ સરીખૂં સિઉં દિનિ, કહિ તિણઇં દાયુ કોઈ?'
'કાંઇ ખાવૂં કાંઈ પહિરવ્ું, કાંઇ ભંડરૂઆં ભીડી
પરણ્યાનું ભૈરવ ભણઈ હોશઈ સુખ સરીરિ.'

પાર્વતીની પૂજા

અમૃત પંચ અણાવી અ ગાડૂડા ભરિયા ગંગ,
નમો અણુસરિ નામી કરી અ પછઈ પખાલિયાં અંગ.

---

૪૦ શ્યાપ. ૪૧ જકે. ૪૨ તૂઠા.

કાલી એ કમખઇં કાંચલી, ચોલી એ ચોલડિ રંગિ,
અગર ધૂપસું ધૂપી અ વારુ અ વસ્ત્ર દેવંગછ,

ઉષાની વિદાય

નયણડાં[૪૫] વિંચિ બિહુ નીલી અ ટીલી અ કરી અ કસ્તૂરિ,
આપું પાન સંયોગસું સૂડી અ ફોફલ ચૂંરિ;
નૈવેદ્ય આગલિ નવ કરી પુત્રી અ લાગી અ પાઇ;
અબલા આયસ માગિ અ, 'મયા મ છંડેસિ માઈ.'

પાર્વતી અને દીપકનો સંવાદ

(કેદારુ)

સર્વ શૃંગાર કરી પહિરીનઈ ચોલી ચલણભરિ થૈ ચંડી;
દીઠડી વેણિ સરિસડી વિસહર ઝલમિલી દીવડિ મંડી.
નિશિ મન્દિરિમાહિ સેજ સખી અવસરિ અંતરિ થૈ કવિમતિ જોઈ,
દાક્ષાયણી દેવી અનઈ દીવડા દોઈ જણાં સિઉ વાદ હોઈ—ધ્રૂપદ.
માથા ઊપરિ મણિ ઝલકંતી, કયાવંન ઇતિ કાલ
હેમરાખડી રતન બઈઠાં એ શામા સિરિ વાલ—નિશિ૰
દીશિ વયણ રાતડી રસના, ઊપરિ પંડુર નેત્ર,
સહિયિઈ સીંદૂર ભરીનિ હંસ મોતી લગ શેત્ર—નિશિ૰
વાંસઈ અહિ દીસતુ દીરઘ સાંહાતુ પૂછ સ રેહિ,
ખાંતિ કરી ગુંથુ ક્ષામોદરિ વેણિગોફણુ એહ—નિશિ૰
સાહી વીણિ સકતિ ઇમ બોલઈ, જુ હુઈ વલગતિ નાગ,
તુ યોગિની જાણ જાલવી નિતિ હરકંઠિ વિલાગ—નિશિ૰
છાંડી વીણિ વાલ કિયા મુક્તા; અમયા એ પરિ કીધી,
વરસંગ ભણઈ પ્રતીતિ ઊપની તુ દીવડિ શગ દીધી—નિશિ૰

સ્વપ્નમાં ઉષાનાં લગ્ન

(ચૂપઇ)

શર્વાણીનિ શાપિ કરી સુહણૂં લહિ કુંઅરી શર્વરિ,
સમાણ શ્રીનંદનહ[૪૬] સરિખ[૪૭] પરણી પાણિ ધરીનિ પુરુષ.
પરણિત હોઈ એ આચાર રયણિ, વિહાણિ લાગી વાર;
આસંગુ અરવરિ આઠવી જે સખી સૂતી જાગવી.

અનિરુદ્ધને ન જોતાં થયેલો શોક

સૂતી જવિ જાગી શશીવયણી દેવકુંઅરિ ન દેખૂ નયણિઃ
'કિહાં ગયુ કંથ માહરુ, મહિલિ ધાઇ પૂઠિ ધરઉ.'
કોપી કહિઉં કુંઅરિ દાનવિ, 'જેણે હૂં સૂતી જાગવી
વાહડ બિ વાઢૂં તેહના હાથ, કાંઈ નીગમિઉ માહરુ નાથ?'

૪૫ નૈચણડાં. ૪૬ શ્રીનંદન. ૪૭ સરિષ.

(દૂહા)

લહુઅપણઇ લેહા ભણઈ ઉલગનાં ફલ એહ,
વિતાગરુ જ વાંસીએ, સ્વામિ સાંસહ તેય.

शास्त्रं सुनिश्चलधिया परिचिन्तनीयमाराधितोऽपि नृपतिः परिशङ्कनीयः ।
अङ्के स्थिता युवतयः परिरक्षणीयाः शास्त्रे नृपे च युवतौ च कुतः स्थिरत्वम् ॥

(ચૂપઇ)

કોટઈ માલા વર સાહિઉ, છેહડા બંધી વિછોડી ગયુ;
કરી પડોચા કુંઅરી રડઇ: રંક હાથિ રતન કિમ ચડિ ?
રયણ બીજોરું ઘાલું રાયિ, વડી સાથ વેચાણૂં જાય;
પતિ ભેટિ શું કુંઅરી કહિ, રંક હાથિ રતન કિમ રહઇ ?
મૃગ મારી કસ્તૂરી લિઇ, વ્યાધિ થિકી વણિક ઘરિ ગઈ,
પતિ લિયુ પ્રાણિ કુંઅરી કહિ, રંક હાથિ રતન કિમ રહિ?
નારી એક છઈ મધ્યાગમ, તસ્કર કામિની સરિખું નામ,
તિમ કરિશિ કુંઅરીની દ્રેઠિ વલી વર્લકુ પડિસિ પેટિ.
ક્રિયાણૂં સૂત્રારહ તણૂં તાસ નામિ ઊઢણિ ઊઢણું,
તેમ કરિસિ કુંઅરીની દ્રેઠિ, વલી વર્લકુ પડિસિ પેટિ.
ગાંધી તણઈ હાટિ જે હોઇ, એકવાર બંધઈ સહુ કોઈ,
તિમ કરિસિ કુંઅરીની દ્રેઠિ, વલી વર્લકુ પડિસિ પેટિ.
જે નારી જીવંતિ નાથિ તરછોડી[48] તેહનઇ સાથિ,
તેમ કરિસિ કુંઅરીની દ્રેઠિ વલી વર્લકુ પડિસિ પેટિ.

(દૂહા)

મોટાં કે મિ સમચર્યાં પૂરવલિ ભવિ પાપ
આણઈ ઉષાદે કહઈ તે સરિ થ્યાં કરિ સંતાપ.
કરતાં કુંઆરા તણાં વાર્યાં વિવીસાલ,
સંગમ મું સ્વામી તણઈ તિણઇં દેવનું ટાલ.
લેઈ વિછોડયા લાકડી સુરહી રાતુ સંડ
વછોડાવી વર ગયુ, મં છેહ લાઈ મંડ.
સૂતા રાહાવી સાસરિ જાતી ભરિ યૌવાનિ,
તુ મૂં પ્રી મેલી ગયું અધપરણી ભવિ આણિ.
પુત્ર સરીસુ પારણિ સૂઆર્યાં નહી શેજિ
અહ્મસું પ્રી આવી કરી હિવ કિમ મંડઈ હેજ?

માતાએ ઉષાને ઠપકો આપ્યો.

ભણઇ આપણઈ ભામિની રડતી રહિ ન કેમ,
જિઇનિ જણણી જણાવીઈ બટકી બોલઈ ઇમ.

૪૮. છછોડી.

વેગિ વિછેદે નીસરી તરુણી એક તત્કાલ
કિશા તે હુંતું કુંઅરીનિ ચિંતિ થઇ ચક્ચાલ.

(ચૂપઈ)

આરીસુ તિણિ આણ્યા જણણી, ધર્યા ધૂઆનિ સામહિ વયણિ.[૪૯]
'અમ પ્રતિબિંબ ધરી દિ આંહ જિમ લેઈ આવૂં તાહરુ નાહ.
તારા બિન્દુ જિ કે તોય માહિ છાયા થાવર જંગમ જાઇં,
વલી હાથિ હડબાઈ વાઈ, સુહણા રૂપ સાચૂં[૫૦] નવિ થાઈ.
પહિલૂં દીસઈ આલપંપાલ, ચેત ઊપના પછઈ આલ;
વયણુ મ બોલિ વછિ ચહાવે છૂં : સુહણૂં સન્નિપાત સારિછૂં.
સુહણાં તણાં એક શર્વરી, પછઈ રા હરિચંદ પુરી,
મિષે એક તે મંડ્યાં હોઈ પછઇ પલ નવિ પેખઈ કોઈ.
મહિલીનિ સંઘાતિ મિલી તિણિ તાહરી લજ્જા ટલી;
કુંઅરી, તું તાં કર છ એહ બાપ બંધવ લજ્જાવિસ બેય.'

(દૂહા)

મા કહિ, 'ધૂ ધરીઈ નહી મહિલીની મતિ મંનિ,
કુંઆરી થૈ કુંતદે કર્ણ જિણાવ્યુ કન્નિ.

(ચૂપઇ)

હવડાં હજી તું નાન્હડી, રાંડ, તે જિમણુ માગ છ રડી,
નિસના જુ વરઇનઈ વરેસિ, ન જાણૂં યોવનિ સું કરેસિ ?
સુહણિ વરસું સંગતિ મંડિ, છોહોરી, તે પરતિખિ કિમ છંડિ ?
લાધૂં મિ લક્ષણ તાહરું, માથૂં ઢંકાવિસિ માહરું.
છોરૂ વારૂ માણસ તણાં નામિ પરણવા નાશિ ઘણાં.
જોયો આ અમ [ઘર][૫૧] આચાર,આ માગઈ આફણીય ભરતાર.
ભૂમી માહિ છઈ દાણવભૂપ તેહનઈ બેટા બહુ સ્વરૂપ.
તુંહનઈ ગમઈ તેહ તેડાવૂં, પંચ દિવસ માહિ પરણાવું.'

ઉષાનો જવાબ

'માઈ, તું મ બોલિસિ પાપ, બીજા પુરુષ તે બંધવ-બાપ,
સુહણઈ દીઠુ તે વર વરૂં, કાં પચ્છઈ પાવકગમ કરૂં.
गतयुगलकमेघो मत्तपुष्पोत्करस्य त्रिनयनतनसेवा वाडथवा भूमिप्राप्त: ।
विमलकुलभवानामङ्गनानां शरीरं पतिकरकरजिह्वा सेवते सप्तजिह्वम् ॥[५२]
ફૂલ ધંતૂરા ધરણિ ઢલઇં કાં માહેશ્વર મસ્તકિ ચડઈ;
કઈ સુહણિ વરસું સનેહ, કઈ હુતાશનિ હોમું દેહ

૪૯. વૈયાણ. ૫૦. સાહૂ. ૫૧. કલ્પિત મૂકયું છે.

(દૂહા)

પરણી તે કિમ પરણીઈ, જિનતા, જોઈ વિચાર,
રાંધું રધાઇ[53] નહી અંન તે અવરહ વાર.
બીજી બંધાઈ નહી કણુક અનઈ કુંઆરિ;
એકજ વારજ બંધીઈ વરસું તીણઈ વાર.
કેલિ કુંઆરી કાંઠિમી એ ત્રિહુ એક જ વાર;
એક ફલઈ, એક રાંધીઈ, એક દીજઈ ભરતાર.
હું રડતી રાહાવિસુ સખી, તું જા જનિતા સ્વસ્તાનિ;'
પછી પ્રધાન-ધૂ ભણઈ કાલું કાલા સાનિ.

સ્વપ્નના પુરુષ વિષે ચિત્રલેખાની પૃચ્છા

(ચૂપઇ)

'રાતિ જે તઇં દીઠઉ રાઉ, કુંઅરિ, તિ જોવા કરિસ ઉપાઉ;[54]
રડતી રહિ, સમરિ સરિકેશ, સરજ્યુ હસિ તું સોધી લેશિ.'
સખી ભણઈ, 'સુણિ બાણાસરી, વર તું સુહણિ જેણિ વરી
કુણ વંશ, કેહ વિશ્રામ, ઠાકુર કુણ, કેહું તસ નામ?
કુંઅરી કહિ સખી સુણિ[55] આમ, ઠાકુર તાસ ન જાણું નામ.
તાસ પ્રસૂતા ન લહું પખું, નામ નહી, દીઠુ ઊલખૂં.'
મંત્રિસુતા મંડચ પરપંચિ, કિયા કચોલે વાના પંચ,
ત્રિખૂણૂં ધલહર ધૂલિ કરી ચિત્રા તાં સરસતી સંભલી.

(વસ્તુ)

બંધ દૂધર બંધ દૂધર ચીર પહિરેય,
ભૂષણ રપિ રૂપાતણાં, પાહણીયા પ્રતિપાલ મોતી,
હંસા વાહન, વેણિ વાજિત્રિ, પાણિ પંકશુકપદ્મ પોથી,
ઉરિ માલા માલતી તણી, કેતકિ ખૂંપ ભરેય,
પયમહ ધૂ પરતિ થઈ દાનવિનિ વર દેહ.

ત્રણ ભુવનનું આલેખન

(ચૂપઇ)

ચિત્રલેખિ મંડી ચિત્રસાલિ, પહિલ્યાં લિખિયાં સપ્તપાતાલ,
વિચિલિ ખંડિ મંડિઉ મૃતલોક, ઊપરિ લિખિત ઊરધલોક.[56]
ભુવનિ ત્રિણિ[57] ભારતી પસાઈ, લેહા ભણઈ તે લેહાં માહિ,
અખા આણી મંદિરિમાહિ, ચિત્રિસાલિ પરિ પરિનિ ચાહિ.

(દૂહા)

'હૈયં તાહરું જિણ હરું, ચોર્યં ચિંતિ મઝારિ,
સોધી લિ,' સહીયર કહઈ, 'ઔલિખિ અસુરિકુમારિ.'

---

૫૨. મૂળમા શ્લોક અશુદ્ધ છે અને તે સુધારી શકાયો નથી. ૫૩. રૂંધાઇ. ૫૪. ઉપાય. ૫૫. સણિ. ૫૬. ઉર્ધ્વ. ૫૭. ત્રિણિં.

પાતાલ

(વસ્તુ)

પેખિ કુંઅર પેખિ કુંઅર ભુવન પાતાલ:
પાર ન નાહાનાં[૫૮] સાપલાં, પરડતરાં અનેક હાલઈ,
અહિ અલિંજર ઊડણા અનંતેય ઉરહભરિ વાહિ,
ત્રિણિ પંચ સત્તહ ફણા, માંથિ મણિહિ પદ્મમ,
શેષ આદિ અવલોકતાં કંથ ન દીઠુ[૫૯] કયંમ.

પૃથ્વી

ક્ષોણિમંડલિ[૬૦] ક્ષોણિમંડલિ ખેવિ આણી,
માયા મથુરા અવંત્યા ઊજ્જેણી કિષ્કંધ[૬૧] કાન્તિ
હસ્તાપુર પહિઠાણાપુર ત્રંબાવઈ પરભાસ પ્રાંતી
ફરી ઈડર અણહલ્લપુર ગય[૬૨] નાયગગઢ હેઠિ,
ધૂમિલી લગઈ ભમી વલી, પ્રિય ન પયડિ દ્રેઠિ.
દિશા પશ્ચિમ દિશા પશ્ચિમ ચિત્રિ ચાહિ;
તાં વણઓડાં ગામડાં, ઊવસ ધરાં પંભ દેસ,
ગોરડીઆં થોહર કુંઆરિ, ખારિ જલિ, ખીજડિહિ તુરુઅર,
આ દિશિ શું અવલોઇએ નહીં હુઈ નર તેય,
વિમાસી વામા વલી ચરડાહુંતી એઉ.

આકાશ

ગગનિ મંડલિ ગગનિ મંડલિ ગઈ ગજગત્તિ,
જોઈ ચોદિશ[૬૩] ગતિઈં કરી દ્રૂમંડલ તારુકામંડલ
અંદ્ર સરિસ અમરાપુરી,[૬૪] બ્રહ્મસદન,[૬૫] કૈલાસ,
વૈકુંઠ વર પામ્યો નહી, નારી હુઈ નિરાસ.

(દૂહો)

'વૈકુંઠપુરિ વિષ્ણુ નહી; અન પુર સવે જસ નાથ
દાખિ ન દેવી દાનવી, લેહા, લેઈ હાથિ.'
'સુણિ ન સખી,' લેહા ભણઈ મનમાહિ સતનીઠિ,
'સખિ એ જઈ નઈ રહુ તિહાં જગતિ જલહ ઉપકંઠિ.
સ્વર્ગ ત્યજી સ્વામી રહ્યા, સખી, તિ વયણ અણધારિ,
પૃથ્વીમાહિ પરતાણૂં એ વડસુ અધિકાર.'

દ્વારિકા–મહિમા

(વસ્તુ)

ભણઈ ચિત્રા ભણઈ ચિત્રા : 'વયણ સુણિ હેવ;[૬૫]
યુગાન્તર જહે હસિ, તરણિતાપ સવે જંત મરસિ,

૫૮. શાહાનાં. ૫૯. નીઠુ. ૬૦. ક્ષોહણિ મંડલિ. ૬૧. કુકંધ્યા. ૬૨. ચગ. ૬૩. ચોતિજ. ૬૪. અમચાપુરી, ૬૫. હેવ.

ઝડ ઝંઝાનિલ વાજિસિ, શિખરશૃંગ તૃટેવિ પડસિ,
મહિણુ મર્યાદા લોપશિ, દ્રૂમંડલિ જલ જાઈ
તેણિ સમઇ એહ પુરતણૂં ભૂંથલ નવિ ભેદાઈ.'

(દૂહા)

'ચિત્રિલેખિ, જહિઈ ચડિ વારિ લાગઈ બ્રહ્માંડ,'
કુંઅરિ તે પૂછઈ, 'કિણુ પરિઈ એ ઊગરિશિ ખંડ ?'
'પૃથ્વી સઘલી પહુડસિ જિહ્વારિ જલરાશિ,
શેષ સીસિ કરી ઊભસિ એ ખંડ લેઈ આકાસિ.
મજ્જન મહીના માનવી નવ નવાણૂ માહિ
ગુરવરશિ તિહાં ગોમતી નદી તે આવી નાહિ.
જે વિવેક વિજગતિ વલી જાત્રિઇં જાઈ જંન
યાગ–અશ્વ યજ્યા તણાં પગલિ પગલિ પુણ્ય.

एकैकस्मिन् पदे दत्ते पुरीं द्वारामतीं प्रति ।
कृतपुण्यसहस्राणि कलौ भवति देहीनाम् ॥

સ્વર્ગલોક જે સુર રહ્યા તેહનઈ હુસઈ અવતર્ણ,
જગતિ ભગતિ[૬૭] પામી રહ્યા તે ચર જમલા ચર્ણ.[૬૮]
તુ પાંચમી પરિ સાંભલિ સખી, એહ પુરુષનું પરિમાણુ,
હાડ ઊચિ, ટહટલ હસિ સાલિગ્રામ સમાન'.
કહ્યા લગઈ કુંઅરી કહિ; 'માહરઈ મનિ થૈ ખંતિ,
ચાલિ ચિત્રા, દેખાડિ મું હરપરતે હરકંતિ.'

ચિત્રમાં અનિરુદ્ધનું દર્શન

(ચૂપઈ)

ગગનાગ્રહ ગજગતિ છંડેહ, ક્ષોહણિનિ ક્ષણિ આવ્યાં બેય,
જંબૂદ્વિપ તે જોયું ફિરી પશ્ચિમ દિશિ સા દીઠી પુરી.
અસુર તણી કુંઅરી નીસરી તેણે સરિસા દીઠી પુરી,
ઊઢણૂં ઊઢયું આઘૂં કરી, આગમિચિ લજ્જા અવતરી.

(દૂહા)

દૂર થિકી બે દાણવી ચક્રપુરી જિમ ચાહિ
આગમિચિ જવ ઊપનો હરખ તે હૈયડા માહિ.

(ચૂપઇ)

જોઈ જાં બે જણીય જગતિ ઠાકુર હરથાનકિ થૈ ચિત્તિ,
સુહણાં માહિ જે પરણ્યો પુરુષ ચિત્રસાલિ સા દીઠ સરિષ.

૬૭. ભગતિ. 'મુક્તિ 'એવો પાઠ પણ કલ્પી શકાય છે. ૬૮. જમ રહ્યા.

(દૂહા)

'લાધૂં મિં,' લેહા ભણઈ, 'એ પુરુનું પરિમાણ,
માને તૂં મૂં મિત્ર જો [લેઇ][૬૯] આવૂં અ વિહાણ.'
એહા સજ્જણ લોડિ લહ, જેહા દૂધહ નીર[૭૦]
એહા સાજણ લોડિ જિહા થલે ભરઠ.
વછોડચા નવિ છૂટિઈ, હિયડા માહિ ચહટ.
એહા સાજણ લોડિ જે ફરી ન ફરંતિ,
કૂઆ કેરી છાંહડી એકિ ઈ રહણિ રહંતિ.
એહા સાજણ લોડિ જેહા ફોફલભંગ,
આપ કરાવઈ ખંડડા પરહ[૭૧] રખાવઈ રંગ.

(ગાથા)

જં બહુ અક્ષરલેહં ધનં ધાન્યં કંચણં કણયં
તે સવે સત્થિ લેઈ ધરિ પૂછેવિ આવઇ લચ્છી.

ચિત્રલેખાનું દ્વારિકાગમન

(ચૂપઇ)

અબલા મનિ ઊપાઈ પતી, મંડી પરધાનહ પતીઃ
અંડજરૂપ કરી ઉતપતિ, દ્રૌ મૂરતિ દ્વારિકાં પુહતી

દ્વારિકાવર્ણન

(ગીત કેદારુ[૭૨])

દીઠ દાણવિ ગઢ ગિરુઉ, બઇઠ બઇલાં પાટિ,
વિષમ ખાઈ છેહ વરડી ફારકી તલહટિ.
કોઠિ કોશીશાં નિ વિઝૂચારિ માંડઈ પોલિ પગાર
પગથીઆરાં, જાલીઆં, પાગેરિ પગિપગિ માર.
ગઢ ધાટી સમુદ્ર દ્વારકાં દીસિ સાવ સોવન્ન
દૈવ દેતમનિ દોચ્યંગમુ—ગઢ થાટી૦ ધ્રૂપદ.
પોલિ જ જાગિ પોલિયાં, પાગેહરી ઠામિ ઠામિ,
સબલ હીંડિ તલાર, વાયક સરિ સબલિ ગામિ;
એક નષ્ટચર્યા નર રહ્યા વલહણુ દુર્ગ દૂઆરિ,
દીવટિ દહદિસિ દીસિ ફિરઇ સૃષ્ટિ સિંગાર—ગઢ૦
'જાગિ જાગિ' જ શબ્દ સુણીઈ, બઇઠા તે પાડિ લુંબ,
તલહટી તલિ સૂડ વાજિ, અંબકિ તિહાં અંબ,
પ્રાણિ પડહા પીટિ અ નીસાણ કરિ અ નિનાદ,
હૈયા હકોહકિ નેષ પડછંદા પ્રાસાદિ—ગઢ૦

૬૯. કલ્પિત વધાર્યો છે. ૭૦. મૂળમાં આ સુભાષિત આ પ્રમાણે અધૂરું જ છે. ૭૧. પર. ૭૨. ગીત રાગ કેદારુ.

એક જંગમિ ગોમતી, બીજી અ જલરાસિ,
એત્રકું એતલિ ગ્રહિયું રખોપું આંકાસિ,
અત્રભજનાં ચક્ર ચાલઇ ફિરઈ રાતિ—દિવસિ,
સાધૂનિ પઇસાર આપઈ, દુષ્ટ કાપિ સીસ–ગઢ૮
માહિ મૂરતિવંત રહિઉ આઠિમિ અવતારિ,
સોલ સહસ્ર બલભદ્ર સહ તે દેવ મુરારિ,
છપ્પન્ન કોટી જંન જાદવ મુગટ ધરણ[73] રાણ
એકિ જ જીભિ કિમ કરું **વરસિંગ** કહઈ વખાણ–ગઢ૦

નગરપ્રવેશની યુક્તિ

(દૂહા)

પૂરિઈ પઇસેવા તણી ગમ જોઈ ગજગત્તિ,
દેખિતાં દેવિઇ કીધઉં રખોપું અતિરત્તિ.
'બીજા બંધા જાયસિ રાઉ કન્હઈ રખવાલ,
શીષ સુદરસન કાપિસિ' સ્ત્રી અ કહિ તતકાલ.
ચિત્રલેખ તીણઈ અવસરિ સમર્યા નારદ ઋષિ
સહસ્રનામ આપી ગયુ, ચક્ર હૌઉં પરતિષિ.

(ચૂપઈ)

ચિત્રા ભણઈ : 'ચક્ર રખવાલ, દુષ્ટ ગા ', તુ દીનને[74] પાલ;
કૂડી મનસા જો ગમ કરું માથુ છેદે તુ માહરું.'

(દૂહા)

ચક્ર ભણઈ : 'સુણિ કામિની, તું આવી કુણ કજ્જિ ?'
'વર લેઅસિ, વાસિ વસું બાણાસુરનિ રજ્જિ.[75]

(ચૂપઈ)

રતિસુત પરણેવા તણી રઢ લાગી ધૂ દાણવિધણી.
વર અણજાંતિ, હોસિ વિહાણ પાવકિ પઈસી ત્યજસિ પ્રાણ.'

(દૂહા)

'દસ્યો નિયમ અમ્હે લિઉ પાખલિ પુર રખવાલ,
પછિ ચ્યંતા પરહરિ ભવનહમાહિ ભૂપાલ.'

(ગાથા)

અધમં મંત્ર ઉપાસં ચોરી પરાખિત પરદારાગમનં,
કહિયે જાય કુકમ્મં તાસ વિ ગોવિ સવે રયણી.

(ચૂપઈ)

સુદર્શન જંપિ, 'સુણિ ચિત્રિ, દીન દુષ્ટ નવિ લહું ચરિત્ર
ગમ જો કીજઇ[76] મધ્યાગમ, ઠમકુ લાગિ તુ દિ ઠામ.'

[અપૂર્ણ]

---

૭૩. વર્દ્ધન. ૭૪. દીહને. ૭૫. રાજિ. ૭૬. કિધઇ.

श्रीकृष्णः ।

હારમાલા

(સમ્પાદક : રા. રા. કેશવરામ કા. શાસ્ત્રી)

પ્રસ્તાવના

ઉપયોગમાં લીધેલી પ્રતિયો

જ્યારથી સ્વ. હરગોવિન્દદાસ કાંટાવાલાયે સ્વસમ્પાદિત **પ્રાચીન** કાવ્યમાલામાં **હાર**માલાને પ્રસિદ્ધ કરી ત્યારથી અનેકાનેક વિદ્વાનો તરફથી **હાર**માલાના કર્તૃત્વ સમ્બન્ધમાં ભિન્ન ભિન્ન અભિપ્રાયો પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે. અભિપ્રાયો પોતપોતાને પ્રાપ્ય સાધન-સામગ્રી ઊપરથીજ નક્કી કરવામાં આવે છે. હારમાલાની જે જે પ્રતિયો ઉપલબ્ધ થયેલી, તે ઊપરથી ચર્ચાકારોયે પોતપોતાનાં સકારણ અનુમાનો જનતા સમક્ષ રજૂ કરેલાં. હૂં સ્પષ્ટ હૃદયથી સ્વીકારૂં છૂં કે તે તે ચર્ચાકારે પોતાનૂં આપેલૂં મન્તવ્ય પોતાના ક્ષેત્રમાં રૂહેતાં સાચૂંજ હતૂં. સ્વ. કાંટાવાલાને મહાકવિ પ્રેમાનન્દની છાપવાળાં પદો ધરાવતી પ્રતિયો મળી અને તેથી તેમણે હારમાલાનૂં કર્તૃત્વ પ્રેમાનન્દને અર્પ્યૂં. આ તો માત્ર દિશા સૂચવૂં છૂં. જૂનાગઢના જયસુખરાય જોશીપુરા, સ્વ. કવિ નર્મદાશઙ્કર વગેરેયે એક યા બીજો મત રજૂ કર્યો છે.

પ્રાયઃ હારમાલાની પ્રાપ્ય પ્રતિયોનો મોટો ભાગ પ્રેમાનન્દના સમયનો અને તે પછીનોજ છે, એટલે આ વિષય ગોટે ચઢે, એ અતિ સ્વાભાવિક છે. તેમાંય તે કેટલાંક પદોમાં પ્રેમાનન્દની છાપજ મળી, એટલે બીજાને કર્તા તરીકે શોધવા જવૂં પડે ખરૂં ?

આ સમ્બન્ધમાં વિસ્તૃત શાસ્ત્રાર્થો થઈ ચૂકયા છે; તેનૂં દિગ્દર્શન કરાવવૂં, એ પણ હવે નકામૂં છે આ વિષયમાં પરિશિષ્ટ તરીકે મારે જે કાંઈ કૂહેવાનૂં હતૂં તે પણ ઉપોદ્ઘાતમાં કહેવાઈ ચૂકયૂં છે.

હારમાલાના સમ્પાદનમાં શ્રી. કનૈયાલાલ મુનશીયે "**નરસૈયો—ભક્ત હરિનો**"ના ઉપોદ્ઘાતમાં ઉપયોગ લીધેલી પ્રતિયોમાંની મહત્ત્વની ચાર પ્રતિયોઃ **તત્રિ** (સ્વ. તનસુખરામ ભાઈવાળી સાં. ૧૭૩૩ આસપાસ નકલ કરાયેલી, ૬૬મે પદે તૂટતી), **હીપા** (શ્રી. **હી**રાલાલ પારેખની **નરસિંહ મહેતાનૂં** આખ્યાન–એ પ્રતિ), **હીપા૧** (ગૂજ. વર્ના. સો.ની નં. ૧૬૫ની —૫૦ પદના ઉલ્લેખવાળી—છૂટક ૧૧ પદોજ આપતી) અને **હીપા૪** (ગૂજ. વર્ના. સો. ની નં. ૧૬૬ની સાં. ૧૭૮૦માં નકલ થયેલી) એનો ઉપયોગ કરવામાં આવ્યો છે. એ ઉપરાંત બીજી **અ** અથવા **અ૧** (સં. ૧૬૭૫ જેટલી જૂની માત્ર છૂટક ૭ પદ આપતી),

ખ (સાં. ૧૭૯૧ની ૬૬ પદ આપતી), **ક** (૭૨ પદવાળી), **ડ** (સાં. ૧૭૬૫ની પદ ૬૫મે ત્રૂટતી—૭૮ પદના ક્રમવાળી, **ફ** (૮૯મે પદે ત્રૂટક), **ગ** (સાં. ૧૭૪૫ જેટલી જૂની ૬૫ પદના ઉલ્લેખવાળી), એ ઉપરાંત ગૂજરાતી પ્રેસ તરફથી પ્રસિદ્ધ 'નરસિંહ મહેતાકૃત કાવ્ય-સંગ્રહ,' આટલી પ્રતિયોનો ઉપયોગ સારી રીતે કરવામાં આવ્યો છે. આમાંની **હીપા૪, ખ, ક, ગ,** આ પ્રતિયો ૬૫ના ક્રમવાળી છે, જ્યારે ડ, **તત્રિ** અને **ફ** પ્રતિયો ૭૮ પદના ઉલ્લેખવાળી છે.

અન્યાન્ય પ્રતિયોમાં આવતો પદક્રમ

આ ઊપરની તાત્ત્વિક ચર્ચા ઉપોદ્ઘાતમાં આવી જાય છે. **હારમાલાનૂં** સમ્પૂર્ણ સમ્પાદન થઈ ચૂકયા પછી અને કાવ્ય છપાઈ ચૂકયા પછી બીજી બે પ્રતિયો હાથ લાગી છે. આ પ્રતિયોનો શ્રી. **મુનશીયે** ઉપયોગ કરેલો છે. તે પ્રતિયો તે તેમની **હીપા૨** (સાં. ૧૭૬૨માં લખેલી ૯૦ પદવાળી) અને **હીપા૩** (સાં. ૧૭૬૪માં લખેલી માત્ર ૬૭ પદ આપતી). આમાંની ૯૦ પદવાળી પ્રતિ કોઈ વિશિષ્ટતા ધરાવતી નથી અને **તત્રિને** અનુસરનારી છે અને ૭૮ પદવાળો ક્રમ રજૂ કરે છે; જ્યારે ૬૬ પદવાળી **હીપા૩** ૬૭ પદ આપે છે; તેનો ક્રમ આમ છતાં **હીપા૪–ખ–ક**ને મળતો નથી, તેમજ **ગ** ને પણ મળતો નથી. નીચેના કોઠામાં બતાવ્યા મુજબ "બાઈ મુને હરિ જોવાની ટેવ પડી" એ પદ તેમાં ૯મૂં છે અને પછીનાં પદોમાં મોટો વ્યુત્ક્રમ છે અને કેટલાંક પદો નથી, ત્યારે ૭ પદો ઉપોદ્ઘાતમાં આપેલા ચારે પ્રવાહ—(જુવો ૧૦મૂં પૃષ્ઠ)—માં ન આવતાં આપે છે, જે **પરિશિષ્ટ ૭મા**માં આપ્યાં છે.

અહીં ઉપયોગી થાય એ માટે સાં. ૧૭૩૩વાળી **તત્રિ** પ્રતિને પ્રધાન રાખી પદક્રમ, પદભેદ વગેરે આપૂં છૂં; આમાં પાછળથી મળેલી **હીપા૨** અને **હીપા૩** ને પણ સમાવી લેવામાં આવી છે, જે ઊપરથી કિયાં પદો કયાં ઊમેરાયેલાં છે, તે વગેરે જાણી શકાશે. અહીં એ બતાવવૂં આવશ્યક છે, કે **હારમાલાનાં** જે ૮૧ પદો સળઙ્ગ ક્રમમાં **ફ** પ્રતિમાં મળ્યાં છે, તેના ઊપર આધાર રાખી મૂળ કાવ્ય ૮૧ પદનૂં છપાવી, વધારાનાં પદો, જેમાંનાં **ખ** નાં આરમ્ભનાં ૨ પદો જે **પરિશિષ્ટ ૧લા**માં આપવામાં આવ્યાં છે, તે સિવાયનાં **પરિશિષ્ટ ૨, ૩, ૪, ૫** માં આપવામાં આવ્યાં છે, તે પણ **ફ** પ્રતિમાં તો પ્રાપ્તજ છે; પણ કાવ્યના સળઙ્ગ ક્રમથી બ્હારનાં છે. **હીપા૨**નો હૂં પ્રથમથી ઉપયોગ કરી શકયો નથી; છતાં એનોજ ક્રમ બરોબર સાચવી રાખતી **ફ** પ્રતિ મળી જવાથી કશી મુશ્કેલી નડી નથી અને ભગવત્કૃપાથી ચોથો પ્રવાહ ધરાવતી સમ્પૂર્ણ **હારમાલા** સાધી શકાઈ છે.

અહીં જે આ નીચે કોઠો આપવામાં આવ્યો છે, તેમાં પ્રથમ સમ્ભવિત **હારસમેનાં** સ્વતન્ત્ર પદો, પછી ૬૫ પદનો ઉલ્લેખ કરતી પાંચે પ્રતિયોનો ક્રમ, પછી ૭૮ પદોનો ઉલ્લેખ કરતી ચારે પ્રતોનો ક્રમ અને પછી ત્રણ સ્વતન્ત્ર પ્રતિયોનો ક્રમ આપી છેલ્લે આ સાથે પ્રસિદ્ધ થયેલો મુદ્રિત કાવ્યનો ક્રમ આપવામાં આવ્યો છે:—

હારસમેનાં સ્વતન્ત્ર પદ	હીપાર૩ સાં. ૧૭૬૪ (પદ ૯૭)	હીપાર૪ સાં. ૧૭૮૦ (પદ ૯૭)	ક સાં. ૧૭૯૮ (પદ ૬૬)	ખ (પદ ૭૯)	ગ સાં. ૧૭૪૫ (પદ ૭૯)	ઙ સાં. ૧૭૬૫ (પદ ૬૫ મેત્રૂટક) તત્રિ સાં. ૧૭૩૩ (પદ ૬૬ ,,) ફ (લગભગ પૂરી) હીપાર (સાં. ૧૭૬૨ ની ૯૦ પદ વાળી પૂર્ણ, (શરૂઆતનાં ૨૨ પદ નથી)	દીવા (ઠી. ચં. પારેખની) (પદ ૪૭)	ઞ સાં. ૧૭૬૨ હારસમેત ૭ પદ	હીપાર૧ ૫૦ પદના ઉતારાની	સમ્પાદિત ૮૧ પદની હારમાલામાં સ્વીકારાયેલો ક્રમ
	૯	૧	૧	૧	...	૧ બાઇ રે મુહુનિ હરિ જોવાની	૧	...	...	૧
	...	૨	૨	૨	૮	૨ કોણ છબીલો નિંકુણ્છિનાથ	૨	...	...	૨
	...	૩	૩	૩	૯	૩ ભાઇરે ભોજાઈ રીસજ કીધી	૩	...	...	૩
	...	૪	૪	૪	૧૦	૪ આગિ કલિયુગનાં લોક	૪	...	...	૪
	...	૫	૫	૫	૧૧	૫ ગરઢા થૈશિ ત્યવારિં	૪a	...	...	૫
	૮	૬	૬	૬	૧૨	૬ શ્રીકૃષ્ણસ્વામી, એક રાવ	નથી	...	...	૬
	૬૩	૭	૭	૭	૧૩	૭ અદેખા લોક તે અલગટ	૧૦	...	...	૭
❀	×૧૧	૮	૮	૮	૧૪	૮ એક અવનીધરા, દેવદ્દામોદરા	૨૬	...	...	૮
	૧૭	૯	૯	૯	૧૫	૯ છાની વાત હૂતી તે	નથી	...	...	૯
	૧૨	૧૦	૧૦	૧૦	૧૬	૧૦ જપનિં જિહ્વાં વિમલ	,,	...	...	૧૦
	૧૩	૧૧	૧૧	૧૧	૧૭	૧૧ વિષયી તાર્‌યા રે	,,	...	...	૧૧
	+૧૬	૧૨	૧૨	૧૨	૧૮	૧૨ જો ગિરિ મોટો તો	,,	...	...	૧૨
	*૧૮	૧૩	૧૩	૧૩	૧૯	૧૩ તે કચમ મૂકીઈ રે	૧૪	...	...	૧૩
	...	૧૪	૧૪	૧૪	૨૦	૧૪ નરસિંહાશ્રમ કિહિસન્યાસી	૭	...	...	૧૪
	...	૧૫	૧૫	૧૫	નથી	૧૫ રિહિ રે ભગવા લવલવ	૮	...	૧	૧૫
	...	૧૬	૧૬	૧૬	૨૧	૧૬ માહારાંડનો માલ ધરાવિ	૯	...	...	૧૬
	...	૧૭	૧૭	૧૭	૨૨	૧૭ રે ભગવા! તે મિં મૂક્યો	નથી	...	...	૧૭
	૧૯	૧૮	૧૮	૧૮	૨૩	૧૮ સત્તર સન્યાસી	,,	...	...	૧૮
	૨૦	૧૯	૧૯	૧૯	૨૪	૧૯ નરસૈંઓ બોલ્યો વાણી	,,	...	...	૧૯
	૧૧	૨૦	૨૦	૨૦	૨૫	૨૦ કુચ વિચિ હાર અનોપમ	,,	...	...	૨૦
	૨૨	૨૧	૨૧	૨૧	ત્રૂટક	૨૧ સમાચાર હૂતા તે રાજાએ	,,	...	...	૨૧
	૨૪	૨૨	૨૨	૨૨	...	૨૨ માતાને જઇને	,,	...	...	૨૨
	,,	૨૩	૨૩	૨૩	...	૨૩ પોલ્યના પણ્ડિત પૂછ્યનાં	,,	...	...	૨૩
	૨૫	૨૪	૨૪	૨૪	...	૨૪ કોણે કહ્યો કપટી	,,	...	...	૨૪
	...	૨૫	૨૫	૨૫	...	૨૫ ત્યવારે નાગરે મ્યલી	,,	...	...	૨૫
	૫૪	૨૬	૨૬	૨૬	...	૨૬ જનનીઇં	,,	...	...	૨૬
	...	૨૭	૨૭	૨૭	...	૨૭ લક્ષ્મી ત્રૂઠાં કૃપા કરી	,,	...	...	૨૭
	૨૬	૨૮	૨૮	૨૮	...	૨૮ ચૈત્ર સુદિ ત્રયોદશી	,,	...	...	૨૮
	૨૭	૨૯	૨૯	૨૯	...	૨૯ રાજાંઇ સમાચાર	,,	...	...	૨૯
	૨૮	૩૦	૩૦	૩૦	...	૩૦ વૈરાગ પાખે નથી	૧૫	...	૨	૩૦
❀	...	નથી	નથી	નથી	...	૩૧ દુરિજન લોક કિહિ	૧૭	...	...	૩૧
	૩૦	૩૨	૩૨	૩૨	...	૩૨ તૂંને નિર્લિ નિદ્રા	નથી	...	...	૩૨

× ૧૧ મો આંક બે પદ પર છે; જુવો ' કુચ વિચિ " પદ.

+ ૧૪—૧૫ આંકનાં કોઇ પદજ નથી.

* ૧૯ મા આંક પર બે પદ છે.

૨૯	૩૧	૩૧	૩૧	...	૩૩. સદા તૂં દીનદયાલ	૨૪	...	૮	૩૩
૩૭	૩૪	૩૪	૪૪	...	૩૪. ગર્વ ન કીજે ગિહિલડા	૨૫	...	...	૩૪
૪૦	૩૩	૩૩	૩૩	...	૩૫. દેવા ભક્તાચા ઈશ	૨૮	...	...	૩૫
૩૯	૩૬	૩૬	૩૬	...	૩૬. કામી કપટી સૂધો	નથી	...	...	૩૬
૩૮	૩૫	૩૫	૩૫	...	૩૭. શ્રીમદમાતો	,,	...	...	૩૭
...	૩૮	૩૮	૩૮	...	૩૮. પરમ ધામ પામેવા	,,	...	...	૩૮
...	નથી	નથી	નથી	...	૩૯. માહારિ તાહારા નામ	,,	...	૫	૩૯
૩૨	૪૦	૪૦	૪૦	...	૪૦. રામાનન્દ સંન્યાસી	,,	...	...	૪૦
૩૬	૩૯	૩૯	૩૯	...	૪૧. તૂં કિશા ઠાકુર?	૬૧	૩	૬	૪૧
૩૪	૪૨	૪૨	૪૨	...	૪૨. હલ્યા તૂંને હાર ન આપે	૧૯	...	...	૪૨
૩૫	૪૩	૪૩	૪૩	...	૪૩. હલ્યા હૂંનિ શાપ ન	૨૦	...	...	૪૩
૪૮	૪૪	૪૪	૪૪	...	૪૪. રજની સઘલી	નથી	...	...	૪૪
૩૧	૪૫	૪૫	૪૫	...	૪૫. દેવા! અમચી ધાર કાં	૪૨	૪	૯	૪૫
૪૬	૪૬	૪૬	૪૬	...	૪૬. હાર નથી ઢાલવો રે	નથી	...	...	૪૬
૪૭	૪૭	૪૭	૪૭	...	૪૭. ચોહોદસ જોઉં તાહારી	૬૦	...	૩	૪૭
...	નથી	નથી	નથી	...	૪૮. વિભિચારશૂં પ્રીતડી	૬૬	૧	...	૪૮
...	,,	,,	,,	...	૪૯. કૂણ આગલ્ય જઈ	નથી	...	...	૪૯
...	,,	,,	,,	...	૫૦. દયા આણ, દામોદરા!	૬૮	...	...	૫૦
...	,,	,,	,,	...	૫૧. પરણીનિં પારકે	૬૯	...	...	૫૧
...	,,	,,	,,	...	૫૨. હલ્યા, શ્રવણે સૂનો	૭૦	...	...	૫૨
...	,,	,,	,,	...	૫૩. મોગરેશૂં મોહી	૪૬	...	...	૫૩
...	,,	,,	,,	...	૫૪. કેરિ કરુણા ક્રિપા–	૬૫	...	...	૫૪
...	,,	,,	,,	૬૫	૫૫. સારથ કર, સામલા!	૬૪	...	...	૫૫
...	,,	,,	,,	...	૫૬. વિશ્વપાલક કરૂં,	નથી	...	...	૫૬
૩૩	૩૭	૩૭	૩૭	...	૫૭. હારનિં કાજિ શૂં હઠ	૬૨	૨	૭	૫૭
...	નથી	નથી	નથી	૬૪	૫૮. આપને હાર સુત	૪૮	...	...	૫૮
...	,,	,,	,,	...	૫૯. નન્દના નન્દ	નથી	...	...	૫૯
...	,,	,,	,,	...	૬૦. પ્રથમ પ્રીત્ય માંડી રે	,,	...	...	૬૦
૪૫	૪૧	૪૧	૪૧	...	૬૧. હલ્યા હારને કાજિ શૂં	,,	૫	૧૦	૬૧
૪૧	૪૮	૪૮	૪૮	...	૬૨. આધાર હૂતો રે હરિ.	૫૪	...	...	૬૨
૪૨	૪૯	૪૯	૪૯	...	૬૩. સામલિઆ સનેહી,	નથી	...	...	૬૩
૪૩	૫૦	૫૦	૫૦	...	૬૪. માહારા રે જીવન યાદવા	,,	...	...	૬૪
૪૪	૫૧	૫૧	૫૧	...	૬૫. અમારી વીનતી [ઇત્રૂટક]	,,	...	...	૬૫
...	૫૨	૫૨	૫૨	...	૬૬. કોએક ધર્મનિંદા [તત્રિ ,,]	,,	...	...	૬૬
...	૫૩	૫૩	૫૩	...	૬૭. પછે સઘલા કાઢશો ખોડ	,,	...	...	૬૭
...	૫૪	૫૪	૫૪	...	૬૮. તૂંને ભક્ત કયમ વીસરે ?	,,	...	...	૬૮
૨૧	૫૫	૫૫	૫૫	...	૬૯. કો કેહેશ માહા રાંડનો.	,,	...	...	૬૯
૫૧+૪૯	૫૬	૫૬	૫૬	...	૭૦. સામલિયા ગોપી માંહ ફરતો	,,	...	...	૭૦
૫૦	૫૭	૫૭	૫૭	...	૭૧. સખી માહારી તૂં.	૫૬	...	...	૭૧
...	નથી	નથી	૫૮	...	*—૧. નાનકડી વહૂઅ.	નથી	...	...	પરિ. ૨જૂં પદ ૧
...	,,	,,	૫૯	...	*—૨. અમે ઘેલાં રે અમે ઘેલાં	,,	...	...	,, ,, ,, ૨
૫૩	૫૮	૫૮	૬૦	...	૭૨. મેહેતા ધરણીધર.	,,	...	૪	૭૨
૫૫	૫૯	૫૯	૬૧	૬૧	૭૩. ભક્તિ વ્હાલી નાથ!	૩૪	...	...	૭૩
...	૬૦	૬૦	૬૨	૬૨	૭૪. ભક્તિ નાપે નાથ.	નથી	...	...	૭૪

* આ બન્ને પદો હીપાશ માં નથી.

૬૦–૬૧	૬૧	૬૧	૬૩	૬૩	૭૫. હૂં માગૂં તે મુહુનિં	,,	...	...	૭૫
...	૬૨	૬૨	૬૪	૬૬	૭૬. દાંતણ કરતી વેલાયે.	,,	...	...	૭૬
૫૬–૫૭	૬૩	૬૩	૬૫	૬૭	૭૭. આફ્ણીઇ જોને દ્વાર	૭૬	...	...	૭૭
૫૮	૬૪	,,	૬૬	૬૮	૭૮. માહરો ઠાકુર	નથી	...	...	૭૮
૬૭	૬૫	૬૪	૬૭	૭૧	૭૯. ×સંવ્વત પન્નર બારોતરો.	,,	...	૧૧	૮૧
...	૬૬	૬૫	૬૮	૬૯	૮૦. દામોદર દયાનિધિ.	,,	૬	...	૭૯
૬૨	૬૭	૬૬	૬૯	૭૦	૮૧. દામોદરે દયા કીધી	૮૧	૭	...	૮૦
...	નથી	નથી	નથી	નથી	૮૨. શ્રી દામોદરના ગુણ ગાતાં	નથી	...	...	પરિ. ૪થૂં. પદ ૧
...	,,	,,	,,	,,	૮૩. કર જોડીને દાસ વીનવે	,,	...	...	,, ૨
...	,,	,,	,,	,,	૮૪. નિરખી લોક નગરનાં	,,	...	...	,, ૩
...	,,	,,	,,	,,	૮૫. ઓલગ્યો અલગો અફલ	૭૭	...	...	,, ૪
...	,,	,,	૭૦	,,	૮૬. નરસૈંયાને કીધી દયા.	નથી	...	...	,, ૫
❋ ...	૬૮ }	,,	૭૧ }	,,	૮૭. સંસારચ્યા ભય નિપટ	,,	...	...	પરિ. ૫મૂં. પદ ૧
❋ ...	,, }	,,	,, }	,,	૮૮. અવતાર ચરિત્ર રખે	,,	...	...	,, ૨
૬૪	૬૯	,,	૭૨	,,	૮૯. તમારી કિરપાથી	,,	...	...	પરિ. ૩જૂં. પદ ૬
...	...	...	...	...	૯૦. ધંન તું ધંન તું;	...	...	...	પરિ. ૬ઠૂં.

———o———

માત્ર "હીપાક"માંજ પ્રાપ્ત

૧૦	...	...	...	...	૧. તે કચંમ મેહેલીએ બાઈ	...	...	...	પરિ. ૭મૂં. પદ ૧
૧૮અ	...	...	...	...	૨. અંબરીષ પ્રહલાદ	...	...	...	,, ૨
૫૨	...	...	...	...	૩. શ્રી હરિ કેહે મેહેતા નેમશું.	...	...	...	,, ૩
૫૭અ	...	...	...	...	૪. રાજાએ આવી ડંડવત	...	...	...	,, ૪
૫૯	...	...	...	...	૫. સહસ્ર અઠયાશી કોડ	...	...	...	,, ૫
૬૫	...	...	...	...	૬. રાષ રાષ ગોવંદ ગારૂડી	...	...	...	,, ૬
૬૬	...	...	...	...	૭. બોલ બોલ્ય વાહાલા	...	...	...	,, ૭

માત્ર 'ખ'માંજ પ્રાપ્ત : વધારાનાં તરીકે (ન માં છે.)

...	...	...	...	...	૧. શ્રી દામોદર–મન્દિર, સુન્દર	..	...	...	પરિ. ૧લૂં. પદ ૧
...	...	...	...	...	૨. તેડચા સત્તર સન્યાસી	...	...	...	,, ૨

આ પ્રમાણે આ સઙ્ગ્રહમાં બધાં મળી ૧૦૧ પદો રજૂ થાય છે. **હીપામાં** જુદાજ ક્રમમાં ઘણાં વધારાનાં પદો છે. એ અહીં **પરિશિષ્ટ**માં આપવામાં આવે તો ગ્રન્થનો ભાગ નકામો રોકાય; કેમકે એ હારમાલા સ્વતન્ત્ર છપાઇ ચૂકેલ છે; એજ રીતે **ન**માં ઝૂલણાનાં જે હારસમેનાં ૨૮ પદો વધારાનાં પ્રાપ્ત થાય છે (જુવો ઉપોદ્ઘાત પૃષ્ઠ ૧૭–૧૮) તે પણ છપાઇ ચૂકેલાં હોવાથી આપવામાં આવ્યાં નથી.

હારસમેનાં પદોના સ્વતન્ત્ર કાવ્યની શક્યતાને પુષ્ટિ

વિવાહ, હૂંડી, અને મામેરાની માફક હારસમેનાં પણ સ્વતન્ત્ર પદો હોવાની સમ્ભાવના મેં કરી છે (જુવો ઉપોદ્ઘાત પૃષ્ઠ ૧૬), એમાં પ્રથમ પદ તરીકે જે પદ સ્વીકારવામાં

× **હીપાર** માં બીજી કડી **પદની માલા ગાઈ** એમ છે. પદો કેટલાં તે લખેલૂં નથી; **નિશ્ચિત** ન હોય તેમ માની ખાડો રહ્યો હોય.

આવ્યું છે, તેજ પદથી શરૂ થતો સ્વતન્ત્ર ક્રમ સ્વતન્ત્ર કાવ્યના સ્વરૂપમાં હોવો જોઇયે, એવું હાલ એક હાથપ્રતિ પ્રાપ્ત થઈ છે, તે ઊપરથી માની શકાય તેવું છે. ગૂજ. વર્ના. સા. ના હસ્ત પુ. સઙ્ગ્રહમાંની નાં. ૭૮૦ જ પ્રતિમાં હારસમેની સ્તુતિનાં માત્ર નીચેનાં ૭ પદો (જેમાં છેલ્લું ૬ ઠ્ઠું પદ તૂટે છે અને આગળ પદો પાનાંઓ ફાટી જવાથી નષ્ટ થઇ ગયાં છે, તે) પ્રાપ્ત થાય છેઃ—

૧. પ્રણામ પ્રણામ શ્રી પરીબ્રહ્મજી;
૨. હરિ લોક કહે જે લંપટ નારસૈહીઓ;
૩. સદા તૂં દયાશીલ હૂં દીન દામોદરા;
૪. હે હરિ, માહરિ તો તાહરા નામનો આશરો;
૬. કોણ આગલે જઈ વીનવૂં વીઠલા;
૬. દયા આણ દામોદરા શીઘ્ર સેવક તણી (અપૂર્ણ)

મેં કલ્પેલા ક્રમમાં આ પદો અનુક્રમે ૧–૨–૫–૭–૩–૧૦ એ ક્રમે છે. મેં તો માત્ર અટકળે પદક્રમ યોજેલો છે, એ દૃષ્ટિયે કે એવો કોઈ ક્રમ હોઇ શકે; અને મોટા આશ્ચર્ય વચ્ચે એ પ્રાપ્ત થાય છે કે પ્રથમનાં બન્ને પદો બન્ને ક્રમમાં પ્રથમજ છે. આ અપૂર્ણ પ્રતિ જો પૂર્ણ સ્વરૂપમાં પ્રાપ્ત થઈ હોય તો અવશ્ય હારસમેનાં પદોનું સ્વતન્ત્ર કાવ્ય મેળવવાનું ભાગ્ય મળ્યું હોત. અત્યારે તો આ પ્રાપ્ત થયેલાં પદોથી, સ્વતન્ત્ર ક્રમવાળાં હારસમેનાં પદોના અસ્તિત્વની સમ્ભાવનાને પુષ્ટિ મળી છે; અને અવશ્ય એની બીજી પ્રતિયો ક્યાંક અને ક્યાંકથી મળી આવશે, તે વખતે વધારાનાં પદોનો ક્રમ પણ મેળવી શકાશે. ઊપરની પ્રતિ પણ **માહરિ** વગેરે જૂના શબ્દ પ્રયોગો જોતાં વિક્રમના સત્તરમા શતકની હોવી સમ્ભવિત છે.

હારમાલાનો ભીમ કિયો

હારમાલામાં **ભીમ**ની છાપવાળાં પદો પ્રાપ્ત થાય છે. આ **ભીમ** કિયો હોવો જોઇયે? ગૂજ. વર્ના. સો. ના સઙ્ગ્રહમાં નાં. ૫૫૨ ની. સાં. ૧૫૭૫ માં લખેલી **ભીમ**ના **પ્ર**બોધપ્રકાશ, **માંડણ**ના **રામાયણ** અને તેનીજ **રુકમાઙ્ગદ** કથાની હાથપ્રતિ છે. આ પ્રતિમાં **ભીમ**નાં છૂટક ૩ પદો છે, જે ત્રણેય સંસ્કૃતમિશ્રિત છે. તે પદોમાંના બે તેઃ—

૧. यं युगेजीवनं यदुकुलमंडनं,
૨. જપિ–ન રસને નામ વિમલ રાઘવ તણૂં

આમાંના હારમાલામાં આવતૂં '**જપનિ જિહ્વા વિમલ નામ રાઘવ તણૂં**' એ પદ અને ઊપરનૂં રજૂં પદ એકજ છે. આ બીજા પદને અન્તે **ભીમ**ની નીચે મુજબ છાપ પ્રાપ્ત થાય છેઃ—

"**ભીમ** કેશવદાસ કર જોડી વીનવિ
દેવ દેવેસ ઈમિ ઇસ બોલિ. ૪"

૩ જા પદની છેલ્લી કડીમાં **ભીમ** પુરુષોત્તમ નામનો ઉલ્લેખ કરે છેઃ—

"ભીમ ભણિ આપુ પરસોતમ તવ વરદ પંકજ–સેવણું."

સાં. ૧૫૭૫ જેટલા જૂના ચોપડામાં **ભીમ**નાજ પ્રબોધપ્રકાશની પ્હેલાં અને પછી લખાયેલાં આ પદો પ્રબોધપ્રકાશવાળા **ભીમ**નાંજ હશે, એમ માનીને લહિયાયે લીધાં હોવાં

સમ્ભવે છે. અને એ ખરૂંજ હોય તો **ભીમ** કેશવદાસે ઝૂલણામાં પદો રચ્યાં સમ્ભવે છે. આ જૂનાં પદો ઊપરથી બે વસ્તુ સૂચિત થાય છેઃ—

(૧) વિક્રમના ૧૬ મા શતકના પૂર્વાર્ધમાં થયેલા **ભીમે** ઝૂલણામાં પદો રચ્યાં છે; કૃષ્ણક્રીડાકાવ્ય (સાં. ૧૫૨૯)ના રચયિતા કાયસ્થ કેશવદાસે તો તે કાવ્યને અન્તે એક ઝૂલણાનું પદ રચ્યૂંજ છે; એટલે એ બન્નેયે **નરસિંહ**નું અનુકરણ કર્યૂં સમ્ભવે.

(૨) **હારમાલા**ના સંવ્વાદમાં આવતો **ભીમ** કદાચ સન્યાસી હોય; **હારમાલા**માંના સંવ્વાદમાં **ભીમ**ને સન્યાસી કહેવામાં આવ્યો તો છે. સાં. ૧૫૧૨ માં તે યુવાન હોય અને સન્નયાસી થઈ **માણ્ડલિક**ના સમ્પર્કમાં આવ્યો હોય અથવા તો **જૂનાગઢ**માંજ અડ્ડો જમાવી થોડા સમય માટે રહ્યો હોય, તો તે સમ્ભવે. **પ્રબોધપ્રકાશ** તેની છેલ્લી કૃતિ છે, અને તે સાં. ૧૫૪૬ની; એ એની પાછલી વયનો ગ્રન્થ હોય. હરિલીલા **સિદ્ધપુર**માં અને **પ્રબોધપ્રકાશ પ્રભાસ**માં રચે છે, તે પણ તે ફરતારામ હોવાની વાતને પુષ્ટ કરે ખરી. માત્ર તેનૂં નામ **ભીમ**જ છેવટ સૂધી છે, તે આપણને શઙ્કામાં નાખે. આ શઙ્કાનૂં સમાધાન તેને નૈષ્ઠિક બ્રહ્મચારી માનતાં આવે ખરૂં. આ અનુમાન ખરૂં હોય તો **નરસિંહ**ને તેના વૃદ્ધમાન્ય કાળથી ચતરાવવો નહીં પડે. **ભીમ** ઝૂલણામાં પદો રચે તે પણ થોડાંજ; કાયસ્થ કેશવદાસ ઝૂલણામાં પદ રચે અને તે તો માત્ર એકજ; એ ઊપર **એક**માં આપેલા વિધાનથી પણ **નરસિંહ**—ઝૂલણામાં અનેક પદો રચનારો **નરસિંહ** વૃદ્ધમાન્ય કાળમાંજ આવી રહે.

નરસિંહ વૃદ્ધમાન્ય કાળમાં હોવો શકય

હારમાલાના જુદા જુદા પ્રવાહોમાંનો ૫૦ પદો-વાળો પ્રવાહ જૂનો હોવાની શકયતા છે. એ ૫૦ પદના ભિન્ન ભિન્ન ક્રમની સમ્ભાવના ઉપોદ્‌ઘાતમાં આપી છે. આ બધી માળાઓ કોઈ અન્યે મૂળ **હારસમે**નાં પદોને ગૂંથી ઊપજાવી હોય તોયે તેમાંના મોટા ભાગનાં પદો **નરસિંહ**ની કૃતિ તરીકે સ્વીકારવામાં જરાયે હાનિ નથી. અને આ પછીની સઙ્કલનાઓ અન્યની માનિયે તો **હારસમે**નાં પદોની સ્વતન્ત્ર સમ્ભવિતતા આપોઆપજ પ્રાપ્ત થાય છે. જો આવી ધાલમેલ થઇ હોય તો તે થવાને પણ વચ્ચે લાંબો ગાળો જોઇયે, જે **નરસિંહ**ના જીવનકાળ પછીજ શકય. એથી પણ **નરસિંહ**ના જીવનકાળને વૃદ્ધમાન્યતાનુસારી કાળમાંથી ખસેડી શકાય નહીં.

માંડણ બન્ધારાનૂં પણ એક ઝૂલણાનૂં પદ એ સાં. ૧૫૭૫ના ચોપડામાં છે. આ બધાયે **નરસિંહ**નૂં અનુસરણ કર્યૂં કે **નરસિંહે** એ બધાનૂં અનુકરણ કર્યૂં ?

ખરૂં જોતાં **નરસિંહ**નો પદબન્ધપ્રકાર **ગીતગોવિન્દ**કાર **જયદેવ** જેટલો જૂનો છે; એણે અનુસરણ કર્યૂં છે, તે માત્ર **જયદેવ**નૂંજ અનુસરણ કર્યૂં છે. આ વસ્તુ મારા તરફથી **મહાભારત** ગ્રન્થ ૩ જાના ઉપોદ્‌ઘાત (પૃષ્ઠ ૨૬–૩૧)માં આપવામાં આવી છે, તે તરફ વિદ્વાનોતૂં ધ્યાન ખેંચવા રજા લઉં છૂં. આ કોઈ પણ પ્રમાણ **નરસિંહ**ને તેવા વૃદ્ધમાન્ય કાળથી ખસવા નહીં દિયે.

તેની ભાષા સઙ્કીર્ણ કાળની છે, તે તેનાં પદોની સાં. ૧૬૭૫ અને તેથી પણ પૂર્વે સાં. ૧૬૬૮ જેટલી જૂની પ્રતિયોની ભાષા જોવાથી જણાય છે. સાં. ૧૬૬૮ની પ્રતિમાં બીજાં કાવ્યોથી તેનાં પદોમાંના ભાષાભેદે ખાસ કરીને અર્વાચીન તત્ત્વ વધૂ જણાય છે, તે એવી જાતનાં અનુમાન તરફ દોરે છે કે તત્કાલીન કાવ્યો મધ્યકાલીન ગૂજરાતીની બીજી કે ત્રીજી ભૂમિ-

કામાં હોવા છતાં–લહિયા તે જૂની ભૂમિકામાં લખતા હતા છતાં તેજ લહિયાઓયે **નરસિંહ**-નાં પદો ચોથી ભૂમિકાની પણ છેલ્લી અવસ્થાનાં લખ્યાં છે, તેથી અર્વાચીન ભાષાની છાંટવાળી મધ્યકાલીન ગૂજરાતીની ચોથી ભૂમિકાનીયે પછીની અવસ્થાનો આરમ્ભ **નરસિંહ**નાં પદોમાં તો તત્કાલીન લેખનમાં પ્રચલિત ભાષાસ્વરૂપ કરતાંયે જૂના કાળમાં શરૂ થઈ ચૂકેલો.

ગૂજ. **વર્ના. સો.** માં નાં. ૬૯ની હાથપ્રતિમાં સાં. ૧૬૪૯માં રચાયેલા **રામદાસસુત મુન્યના અમ્બરિષ**–આખ્યાનની સાં. ૧૬૬૮માં થયેલી નકલ છે, એ આખા કાવ્યની ભાષા મધ્ય–ગૂજ. ની ત્રીજી ભૂમિકામાં છે; જ્યારે એજ લહિયાને હાથે **નરસિંહ**નાં ૧૪ પદો અર્વાચીનની ચોકખી છાંટવાળી ભાષામાં લખાયેલાં છે. એ પદોનો આરમ્ભ અહીં આપી જાઉં છૂં, તેના ઊપરથી વિજ્ઞો તરત ભાષાસ્વરૂપને પકડી શકશે:—

૧. કોણ પુન્યે કરી નારચ હું અવતરી
શ્રીહરિ દીન થઈ માંન માગે ॥
અમર અવિગતિ કહે અકલ કો **નવિ** લહે
તે કમલાવર કંઠ લાગે. ॥
૨. અફલ રજની **હુઈ** આજની અભિનવી
પલંગ બેસારી વાહાલે હાશ કીધુ ॥
૩. હજી ન દ્રાઓ રંગ રમતાં,
ચ્યાર પોહર નીશા **નિઠુર** નીગમતાં ॥
૪. વાહાલાજી તમો રે નાહાંનડીઆ અમોરે નાહાંનલડી
સરષે રે સરખી જોડ મલી ॥
૫. પાછલી રાત પાઓધરીઆ નાથજી
ઘુમતે લોચન અંગ ડોલે ॥
૬. પલંગ પાએ તને કુસુમમાલા વડે
બેહુ કર **બાંવાસ** લાજ લોપી ॥
૭. સાંભલો કાંમની ક્રીષ્ણ કાગ્યર કહે
તાહારા મંદીર થકો નહીં રે જાઉ ॥
૮. મેહેલ પીતાંબર અંબર માહારૂ
સુર ઉગ્યો સુઇ **કયમ** રહીએ ॥
૯. અમશું કપટ તણી વાતજ છાંડ ।
માહારે ઘેર **આવાં** તો કાંઈ ઉફાંડ મ માંડ ॥
૧૦. સમીરે સાંઝના સોડમા સૂતા, નણદૂલીએ સાદ કીધોરે ॥
૧૧. ટલતો ટલતો હીંડીસ માંરે, આલીઘન દીધા **વ્યના કયંમ** સરે ॥
૧૩. કેસર ભીના કાહાનજી કુસુભે ભીનો નાર ॥
૧૪. સુરત શોભાગી શામલા સહુ યશ ગાએ ॥
શામલે સ્નમુખ દષ્ટ કીધી ॥

આ ૧૪ પદની આરમ્ભની લીટીયોમાં સોગન ખાવા **નવિ, હુઈ, નિઠુર, બાંધોસ** એ જૂનાં રૂપ અને **વ્યના કયમ** નવાં છતાં સઙ્ક્રાન્તિકાળનાં રૂપ આવ્યાં છે; બાકીનૂં સ્વરૂપ તદ્દન અર્વાચીન છે.

ઇ, અઇ, અઉ, ઉ શબ્દમાં અન્તર્ગત આવી રહે, એટલાથીજ એ જૂની ભાષા છે, એમજ જેઓ સમઝી રહ્યા છે, તેઓને તો દૂરથીજ નમસ્કાર; એવી રીતનાં જૂનાં સ્વરૂપો

લહિયાઓયે લેખનમાં સાચવ્યાં હોય છે, એમ છતાં જાણ્યે-અજાણ્યે નવાં રૂપો જૂની પ્રતિયોમાં છૂપાઇ રહી ઝબકતાં હોય છે. પણ આ વસ્તુનું સત્ય દર્શન તો બ્હોળા પ્રમાણમાં હાથપ્રતિયો જોનારાઓજ કરી શકે. જૈન લહિયાઓ લેખનમાં ભાષાસ્વરૂપને જૂનવાણી સ્વરૂપમાં સાચવી રાખવાની ટેવવાળા હોય છે; આમ છતાં એજ લહિયાઓની જાણ બ્હાર એમનાજ હાથે લખાયેલી જૂના સ્વરૂપની ભાષાવાળી નકલોમાંજ નવાં સ્વરૂપવાળાં તે **અઇ, અઉ** ને સ્થાને **એ-ઓ** વાળાં રૂપો છેક વિક્રમના પન્દરમા શતકમાં પણ લખાઇ ગયેલાં મળે છે. મારા મિત્ર શ્રી. **મધુસૂદન મોદી** શ્રી. બળવન્તરાય ઠાકોરની સાથે "ગુર્જર રાસાવલી" થોડા સમયમાં પ્રસિદ્ધ કરવાના છે, તેમાં ચૂંટેલાં કાવ્યોમાં ક્યાંક ક્યાંક લખાઈ ગયેલાં તેવાં રૂપો તેમજ ભાઈશ્રી **ભોગીલાલ જ. સાંડેસરા** જેનું સમ્પાદન કરી રહેલા છે, તે **વીર**સિંહના ઉષાહરણમાં તેવાં આવતાં શબ્દ-સ્વરૂપોને જોશે, ત્યારે જૂની **પ્રતિયો** જોયા વિનાજ મારા કથનની સત્યતાનો અનુભવ કરી શકશે; પછી ભલેને શ્રી. **રામલાલ મોદી પ્રભાસ** પાટણના સાં. ૧૬૧૦ વાળા ખતને સાં. ૧૮૧૦ માં મૂકવાનો યત્ન કર્યા કરે. પાણીનો તાગ મેળવનારે કાંઠા ઊપરથી કલકલિયો કરી ઊંડી ડૂબકી મારવી જોઇયે, તોજ તાગ મળી શકે; કાંઠે બેઠાં બેઠાં કાંકરા ફેંકી પાણી કેટલું ઊછળે છે, તે જોયે પાણીના તાગનું જ્ઞાન ન મેળવી શકાય.

ઉપસંહાર

યાવચ્છક્ય પ્રયત્નથી આ કાવ્યનું સમ્પાદન કરવા અહીં ભાગ્યશાળી થયો છૂં. અહીં સાદર થતી હારમાલાની **વાચના** મારે કબૂલ કરવૂંજ જોઈયે કે સઙ્કીર્ણ છે; સાચી અને **પ્રથમ** વાચના તો-દૂર સુદૂર છે. તેના સ્વરૂપની કાંઈક ઝાંખી આપવા ઉપોદ્ઘાતમાં પ્રયત્ન કર્યો છે.

આ કાર્ય સોંપી **શ્રી** ફાર્બસ ગૂજરાતી **સભા-મુમ્બાઇયે** મારા ઊપર મહાન ઉપકાર કર્યો છે. આ રીતે આદિ કવિ-અર્વાચીન ભાષાસ્વરૂપના આદ્ય વિકાસક-ની મનાતી એક કૃતિને પ્રસિદ્ધિમાં લાવવાનો મોક્કો મને મળે છે.

આ કાર્યને વધૂ સરલ બનાવવામાં મારા મિત્રો **શ્રી**. હીરાલાલ **ત્રિ**. પારેખ અને શ્રી. નટવરલાલ ઈ. દેશાઈ, એ ઉભયનો ફાળો અપ્રતિમ છે. જોઈતી થોકબન્ધ પ્રતિયો એ બન્ને મિત્રોયે પૂરી પાડી છે; અને એ સમગ્ર કાર્યને બરોબર વિલોકી યોગ્ય સૂચનાઓ આપી મારા કાર્યને મારા સહૃદય મિત્ર **શ્રી**. અમ્બાલાલ **બુ. જાની**યે ઓર સરલ બનાવ્યૂં છે. એ ત્રણે મિત્રોનો ઉપકાર હૂં ભૂલૂં તો મારા જેવો નિર્હૃદય મનુષ્ય કોણ ગણાય ? એ એ ઉપરાંત જે જે વિદ્વાનોની કૃતિયોનો અહીં ઉપયોગ કર્યો છે, તે સર્વેનૂં ઋણ અહીં સાભાર સ્વીકારૂં છૂં. અને "**નરસૈયો-ભક્ત હરિનો**"ના ઉપોદ્ઘાતમાં **હાર**માળા-વિષયક સમર્થ ચર્ચા કરી આ કાર્યને વેગવન્તૂં બનાવવામાં **શ્રી**. કનૈયાલાલ **મા. મુનશી** તરફથી જે અપ્રતિમ ફાળો મળ્યો છે, તેને માટે તો માત્ર હૂંજ નહીં, પણ સારો ગૂજરાતી વિદ્વત્સમાજ ઋણી રહેશે.

સપ્રેમ એ સર્વેનો ઉપકાર માનવાની આ તક જતી નથી કરતો; બલ્કે હૂં આવી સંસ્થા, આવા સહૃદય મિત્રોનો સાથ મેળવવા ભાગ્યશાળી થયો હોવાથી મગરૂર બનૂં છૂં.

સહૃદય વિદ્વાનો મારા આ પ્રયત્નને હૃદયપૂર્વક વિલોકી, વિચારી. સ્પષ્ટ અભિપ્રાય આપવાની કૃપા કરે એમ ઇચ્છી અહીં વિરમૂં છૂં.

મીઠાખળી-**અમદાવાદ**
તા. ૩૧-૭-૩૭ } **કેશવરામ કા. શાસ્ત્રી**

પરિશિષ્ટ ૧ લું

[નીચેનાં બે પદો માત્ર **બ** પ્રતિમાંજ છે; **ન** માં ખરાં.]

પદ ૧લું—રાગ અસાવરી

શ્રીદામોદર—મન્દિર સુન્દર **જૂનાગઢ** જાણો જુગ આજ.
ધરમવન્ત શ્રુતિ શાસ્ત્ર સનાતન, વિન—વૈષ્ણવ **મણ્ડલિક**નું રાજ. ૧
એક સમે **મ્હેતો** મોસાલ આવ્યા **સાલગ**—મન્દિર સાર.
સુરસેના સખી સાથે લીધાં; કરે કીર્તન રઙ્ગ અપાર, ૨
નિત પરતે હરિ—મન્દિર બેશી : શૂં તે કલિકાલ કરેવા પાર !
સુપ્રસન્ન થૈ સેવક સહસા વૈષ્ણવકણ્ઠે આરોપો હાર. ૩
એ ચરચા ચાલી ચાચરમાં. સુણી **સાલગ** મન સોચે તેહ.
સેવક તેડી શીખજ દીધી : આજ પૂઠે તૂં મ કરીશ એહ. ૪
બીજે દન **મ્હેતો** મન સોચે : પાપી આણાં માનશે રીસ.
વેલા થયે વરુણિ માન થતાં આણી હાર આપ, જગદીશ ! ૫
સારી **સોરઠ** માંહેં સોર થયો : કલિમાં કોઉ કારણ એહ.
મણ્ડલિક મ્હાન મૂઢ થઇને **નરસહિઆને** પૂછ્યો તેહ. ૬

પદ ૨જૂં—રાગ એજ

તેડ્યા સતર સન્યાસી મુમુક્ષ, પત્ર—ફ્લ—જલ છે [જ્હેના] ભક્ષ;
સહસ્ર શત શિષ્ય છે સાથ, કરવા ધરમ [તણી ત્યાં વાત]. ૧
નગરલોક આવ્યાં સાંભલી, **ભીમ** ભગત તેડાવ્યો વલી.
સચિવ સહિત બેઠા રાજાન. સકલ સભાએ દીધૂં માન. ૨
ભીમ ભણે: મ્હેતાજી ! સુણો : વૈષ્ણવ ભગતનો મ્હેમા ઘણો.
જે નર ઈછે ઈશ્વર—ગાથ, તે કામિની કણ્ઠ ન મેલે હાથ. ૩
[તૂં નટવર થૈ નાચે—ગાય; એ ધર્મ તે શો કૃહેવાય ?]
એ વૈષ્ણવતા કૃહાંથી લહી ? એણી પેરચ **ભીમ** પૂછે સહી. ૪

———o———

પરિશિષ્ટ ૨ જૂં

[**ક** પ્રતિમાં ચાલૂ ક્રમમાંજ આ બે પદ "સખી માહરી કે'તી'તી" એ ૭૧ મા પદ પછી છે; **ફ**માં તેજ પદ પછી વધારાનાં ક્રમ બ્હારનાં પદ તરીકે ઊમેરાયેલાં છે. સમ્ભવ છે કે કદાચ **ગ** પ્રતિમાં પણ આ પદો હોય ક્રમમાંજ; કેમકે **હીપા૪** નૂં ૫૯ તે **ગ** માં ૬૧ મૂં છે. આશ્ચર્ય એ છે કે **ફ** નોજ ક્રમ **હીપાર** જાળવે છે, છતાં આ બન્ને પદો તેમાં નથી.

પદ ૧લૂં—રાગ કેદારો

નાનકડી વહૂ રામ ભણુવા લાગી રે, સાસૂ મેહૂણાં દેઈ દેઈ ભાગી રે.
પ્રેમ પ્રીતસૂં સનમુખ ઊભી, રામા નામ—લૈ લાગી રે. ૧

કાશી થકી બિ વૈષ્ણવ આવ્યા, તેણે દીખ્યા દીધી રે.
રામ—કૃષ્ણ બે મન્ત્ર સુણાવા, તેણે આપ સરીખડી કીધી રે. ૨
નિત ઊઠી વહૂઅર દેહરે જાતી, સીત ચરણામૃત લેતી રે.
સહસ્ર નામની માલા ફેરવતી, તેણે વહૂઅર જીતી રે. ૩
પાડાની પાડાસણ કૂહે છે, મૈતી, વહૂનેં વારો રે.
રાત દિવસ કથા કીર્તન જાએ, તેને અલગી કાઢો રે. ૪
સાસૂ બેઠી ટગમગ જુએ, વહૂ તે વૈકુણ્ઠ ચાલી રે.
નરસૈંઆનો સ્વામી ભલે મલિઓ, બલવન્ત બાહુડી ઝાલી રે. ૫

પદ ૨જૂં-રાગ સામેરી

અમો ઘેલાં રે અમો ઘેલાં રે, ઘેલાં થાઓ તે આવજો વેહ્‌લાં રે.
અમને ઘેલો નાથજી મલિઓ રે, ભવ સંસારનો ભૈ ટલિઓ રે. ૧
અમો ઘેલાની બાહુડી વલગાં રે. ભવ સંસારથી [રહો] અલગાં રે.
અમો ઘેલાના ગુણ ગાસૂ રે, અમો જમસર જાગી વાસૂં રે. ૨
ગોપીનો ઠાકુર ડાહ્યો રે, **ભીમ** ઘેલો કરીને ગાઓ રે. ૨½

———o———

પરિશિષ્ટ ૩ જૂં

[માત્ર **હીપા૪**-ક-ૠ + માંજ]

[ફે. ૮૯] ***પદ ૧લૂં-રાગ અસાઉરી** (એકતાલી)

તુહ્મારી કૃપાથી સ્યૂં નોહો,માહ્‌રા વાહ્‌લા ? હૂંને જે આપાં તે થોડૂં રે.
તન–મન–ધન તુંહુંને અર્પણ કીધૂં, દાસ્ય હોઈ કર જોડૂં રે. ૧
આગે કૃપા કીધી જયદેવનેં, તે સઘલે કલિયુગ જાણી રે.
સાઈ **નામા**નેં દેઓલ ફેરવ્યૂં, તે તહ્મારી કૃપા જણાણી રે. ૨
ધન **સોરઠ** ને ધન એ **માલા**, ધન **અસાઉરી** રાગ રે.
ધન **નરસૈંઓ** ભલેં અવતરિઓ, કૃષ્ણ કહેવાનો લાગ રે. ૩

———o———

પરિશિષ્ટ ૪ થૂં

×[માત્ર ફે પ્રતિમાંજ પ્રાપ્ત થતાં પદો '**દામોદર દયા કીધી**' એ પદ પછીઃ—

[ફે. ૮૨] **પદ ૧લૂં—રાગ અશાઉરી**

શ્રીદામોદરના ગુણ ગાતાં તે નર દૂખિયો ન હોય.
સદા સામલિયો સનમુખ રાખે, પ્રેમ—દષ્ટે જોય. ૧

+ ૠ માં છે તે ચોક્કસ **હીપાર** માં છેજ. નીચે પણ તેમજ સમઝવૂં.

* **પદ ૧ લૂં**-૧. c. સમરપૂં **અ.** → d. જોડૂં. ત્યાંથી ૫ ત્રૂટક. ૨. b. જાણીએ. **હીપા૪.** d. ગણીએ. **હીપા૪.**

× ક પ્રતિ '**અહ્મારી વિનતીજી,**' એ ૬૫ મા પદથી ત્રૂટક છે. જ્યારે **તત્રિ** પ્રતિ '**કોએક ધર્મ-નિન્દા કરે,**' એ નં. ૬૬ મે પદે ત્રૂટક છે. સમઝાય છે કે તેમાં પણ આ પદો હોયજ.

મૂરખ મૂઢ હીંડે જે લવતો, ન જાણે હરિનો મર્મ,
સમરતાં આવે ઓલવે પૂર્ણ તે પર બ્રહ્મ. ૨
છેલ છબીલો ને છોગાલો નિત નિત તેહને ભજિએ.
સુખકારણ સાધારણ મહા સન્તાપ તજિએ. ૩
× × ×
નરસૈંયાચા સ્વામી—મુખ દીઠે ભવ—ભે સઘલો ખોઇએ. ૪

[ફે. ૮૩] પદ ૨જૂં—રાગ દેસાખ

કર જોડીને દાસ વીનવે, હૂં સન્ત–કૃપાએ સુખ પામ્યો રે.
ભગતની ચરણારજે મેહ્તો અનેક વેદના વામ્યો રે. ૧
હૂં અજ્ઞાન, અલપબૂધ માહ્રી, દેખા વેષે ચાલો રે.
સાધ—સમતાલ અનુદિન કરતાં, હરજીએ હાથ ઝાલો રે. ૨
સર્વ વરણ નાગરને નમિઓ, નગર તણો જે વાસી રે.
ભણે નરસૈંહોઃ દામોદર સેવો, ટલે ભવ–દુઃખ–ફાંસી રે. ૩

[ફે. ૮૪] પદ ૩જૂં—રાગ એજ

નરખી લોક નગરના હરખ્યા: ધન નાગર—અવતાર રે.
મહીપત આવી ચરણે લાગો; કરે ઉછવ નર—નાર રે. ૧
હૂં અજ્ઞાન અલ્પબુદ્ધિક, વૈષ્ણવ જનની વાત રે.
સ્વામી સેવક એક, ભકત નહીં, સત સમૃત વેદ વિખ્યાત રે. ૨
વાસુદેવના વાહ્લા વૈષ્ણવ, તે સાથેં ન કરવો દ્વેષ રે.
સાચૂં પાસૂં સામલિયાનૂં, મીંડે લ્યખિઓ લેખ રે. ૩
દુરિજન મનમાં દુઃખ પામા : જે બહુ બાંધાં કર્મ રે.
ભણે નરસૈંહો : અનેક ઉપાય કરો, પણ હોય ધર્મનો ધર્મ રે. ૪

[ફે ૮૫] પદ ૪થૂં—રાગ રામગ્રી

ઓલગ્યો અલગો અફલ ન જાય,
એહ્વો હરિ રાખો મનડામાં.
મન સાહે મામકી તારી રે.
કુબ્જાનૂં કષ્ટ હરૂં ધરણીધર, અહલ્યા–સાપ નિવારી રે. ૧
× × × ×
સાદીપન સુકમે આપા, વેદ કહે તે સાચૂં રે. ૨
તારણ તરણ પામણ પુરુષોત્તમ, દીનાનાથ કહાવે રે;
નરસૈંહાચા સ્વામી અનુભવતાં, પુનરપિ વાલી ન આવે રે. ૩

[ફે ૮૬] પદ ૫ મૂં—રાગ અસાવરી

નરસૈંહાને કીધી દયા; વૈકુણ્ડનાથ તે સનમુખ થયા,
આપી માલાને રાખો રઙ્ગ; પ્રગટ હવા શ્રીપરમાનન્દ. ૧
પઞ્ચ સબ્દ વાજે નીસાન, રાજા કર જોડી માગે માનઃ
'રાખ મ્હેતાજી! જાણો મહિમાય.' નીચો થૈને લાગો પાય. ૨

દષ્ટ થકી દુષ્ટ અલગો જાય, થોડે દ્યાઢે અસુરજ થાય;
વૈષ્ણવ જનની જે નિન્દા કરે, રૌરવ નરકે તે સાંચરે. ૩
ભણે નરસૈંહોઃ જે સેવા કરે, પુનરપિ નર તે નવિ અવતરે. ૩½

પરિશિષ્ટ ૫ મું

[માત્ર હીપા૪-ક-ફ માં પ્રાપ્ત થતું પદ]

[ફ. ૮૭] પદ ૧ લું—રાગ કેદારો

સંસારચા ભય નિકટ નાવે, [મુખે] કૃષ્ણ ગોવિન્દ ગોપાલ ગાતાં.
અમૃત કથારસ શુકદેવ ઝીલતાં, ઊધરચો પરીક્ષિત શ્રવણ્ય પાતાં. ૧
નાથ દેવાધિદેવ કૃષ્ણ દેવા હરિ! નામ તુઝ સદા અભે-દાનદાતા,
નરસિંઆચા સ્વામી! હૂં કહૂં તૂંહનેઃ સારચ કરચ સર્વદા, વિશ્વનાથા! ૨

[ફ. ૮૮] પદ ૨ જૂં—રાગ એજ

[હીપા ૪ ક. આને જુદું ન ગણતાં ઊપરના સાથે જ ગણે છે.]
અવતાર-ચરિત રખિ કવણને આપતો! ભૂતલેં નરસિંઆ કાજ્ય રાખે.
વન્દરાવન્ય લીલા વિના જે રહે, તેહને મારગે અન્ય દાખે. ૧
વલી વલી એહ અવતાર લિહિસ્યૂં અહ્નો: કૃષ્ણ-ગોવિન્દ-ગોપાલ ગાશ્યૂં.
[દુર્મતિ-લોક-અવતાર એલે ગયો, તાહરા, પ્રભુ! અમ્યો દાસ થાશ્યૂં. ૨
સુન્દરી સોલ સહસ્ર ઘિરિ તાહરે, એકલો વેદ તે શૂં વ્યખાણે?
તાહરા પારનો કોઇ ગુણ નવિ લહે, જાણિ તૂં; તૂંહને તેહ જાણે. ૩
ગઢ્ઢ ગિરિનાર ને રાય દામોદરા; સદા સેવક જન શરણ્ય રિહિતા.
સૌભાગ્ય અવતાર, નરસિંઆ! તુજ ગણૂં; જન્મ ગાતાં રિ શ્રીકૃષ્ણ કિહિતાં. ૪
ભક્તિરસ દોહ્યલો; વિન-કૃપા નવિ જડે; જેહ પિહિ, તેહ રસિયા કહાવે.]
એહ રસ મૂકી જે અવરચ રસ જાણશો; ભણઇ નરસૈંઉઃ મુઝ ચિત્ત નાવે. ૫

પરિશિષ્ટ ૬ ઠ્ઠું

[માત્ર હીપાર માંજ પ્રાપ્ત થાય છે ૯૦ મા તરીકે. ફ માં ૮૯ મૂં પદ તૂટક છે, એટલે કદાચ સમ્ભવિત છે કે તેમાં પણ હોય.]

પદ ૧ લું:—૧. a. નિપટ. ફ્. c. કૃષ્ણ ફ્. d. સુણતાં. ફ.→ હીપા૪માં ૧લી કડી નથી. ૨. b. નામ જપતાં ફ્. અભેદાતા હીપા૪. c. એમ તાહરૂં નામ નરસૈં જપે, ફ. ૨.પછી ફમાં એક વધારેઃ—

"વિના વૈષ્ણવ રામ-ગુણ રાતો, જેણે રાખ્યો ધ્રુ અવિચલ થાપી.
અસુર પ્રહ્લાદને અમરપદ આપૂં; જન્મ-જરા તણી જાલ કાપી."

પદ ૨ જૂં:—આ પદ નમાં છે. ૧ c. રલે. ક-ફ. d. અભે હીપા૪. ૨c—d. થી અન્ત સુધી બદલ હીપા૪=ક ફ્.માં:—

"એ સૌ સૌભાગ્ય નરસૈંઓ કહાવે, અવર ભક્તિ કહોની ચિત્ય નાવે."

રાગ અશાવરી

શ્રીભગવાંનોવાચ—

'ધંન તું ધંન તું,' એમ કહે શ્રીહરી; નરસહો માહેરો ભગત સાચો.'
મેહેલી પૂરષારથ સખીરૂપે થયો; તાહેરે બોલડે હુ રે રાચો. ૧
તુજમાં મુજમાં ભેદ નહી નાગરા. સાંભલને માહારી વેદ વાંણી.
હજીયે પ્રતીત માહારી નહી તુજને, માગું તારે આપૂં ઢાઢું પાંણી. ૨
માંમેરૂં કીધું તે તુહુને વીસરૂં; હાર આપો પરતક્ષ ભૂપ.
ચૌદ લોકમાં તું સમો કો નહી. તાહેરૂં માહરૂં એક રૂપ. ૩
તાહરો અક્ષર સાંભલે ને ગાએ, તે તો કુલ સહીત પવીત્ર થાએ.
ભણે નરસહો : 'મીઠું બોલીને રીઝવે.' તાંહાં કર જોડી કૃષ્ણજી સમ થાએ. ૪

અતી શ્રી હાર પદ સંપૂરણ સવંત ૧૭૬૨ વરખે ભાદરવા વદ ૧૦ વાર રવેઊ સંપૂરણું શુભં ભવતુ કલાંણમસતુ.

———o———

પરિશિષ્ટ ૭ મું

[માત્ર હીપાઉ માંજ ચાલૂ ક્રમમાં પ્રાપ્ત થતાં પદો:—]

(૧). **પદ ૧૦ મૂં—રાગ દેસાખ**

તે કચંમ મેહેલીએ બાઈ તોરા ગોપાલો ?
એક મુરત મેહલો નવ્ય જાયે, બાઈ મુહુને આભ્યંતર વાહલો. ૧
જલથલ મહીઅલ ને ઘર ભીથર, બાહેર નીરંતર નીરખ્યો.
પાંને પોથે રાતો શ્રી હરી સદા નીરંતર શરષો. ૨
કો કેહે આહિરનો નંદનંદન, કો કેહે દેવકી તણો પુત્ર.
નરસેયો ભુર તે સું રે જાંણે તારા ઘરનું સૂત્ર ? ૩

(૨). **પદ ૧૮ મૂં (અ)—રાગ ધન્યાસી**

અંબરીષ પ્રહલાદ એ વૈષ્ણુવ ગરૂડ વૈરોચન ગંગાધારી
સુકદેવ ઊધવ ને રૂષમાંગદ હનુમંત અર્જુન એકધારી. ૧
હરીચંદ નારદ સનકાદિકવાસ બ્રહ્મા જેસા જાંહાં નિગમ માત્ર.
તાંહાં શા કેં કોટાદીક વૈષ્ણુવ, ભીમડો સોહે તાંહાં કવણુ માત્ર ? ૨

(૩). **પદ પર મૂં--રાગ કાહાલેરો**

શ્રી હરી કેહે મેહેતા નેમશૂં, વિનયે થયા વીસારો રાગ,
જે વાહાલો અવનિતલ અમને, જયોગ જ્યાગ તપ તિરથ ભાગ. ૧
સોલ્ય સહસ્ર ગોપ્યિ ક્રત મધ્યે, મુષે રાખ્યકા કિધો જેહ.
તું જાંણાં છાં જે અમ વલ્લભ રાગ કેદારો કિધો તેહ. ૨
શૂણી વચન મેહેતો એમ બોલ્યા, અંતરયામિ કાહાવો જેહ,
કહો ક્રીપાનિધિ ક્રીપા કરીને, કા નવ્ય કીધો પુછે તેહ ? ૩
જેય મમ ધન તે તમને વલ્લભ, તે સોપ્યું પર હાથે પ્રકાજ.
તે નાવે, નિશ્ચે એમ જાંણો, તો લ્યાવો જો લાગે લાજ. ૪

એમ કહિ હરી રૂપ પાલટ્યું. એહવાં કાંમ તો કરવું આજ.
ચિંતામણુ ચિંતવો ચોપ ધરીને, **નરસેહે** આનો કીધો સાજ. ૫

(૪). પદ ૫૭ મું (**બ**)—રાગ અસાઉરી

રાજાએ આવિ ડંડવત કિધો જે હું દાંન કરતો તે ષોટું રે.
એટલે બ્રંહ્મપોર જ્યે મેં આપિ, સોવર્ણ દાંન સર્વે હેટુ રે. ૧
અંન અવારિ મ્યેં તાં દીધાં, અનેક આપ્યાં મે ગાંમરે.
માહારે એકે તે કાંમ્ય નાવૂં, ધ્યંન નારાએણ નાંમ રે. ૨
એ વાંક કોહો કેહેનો કહિએ? શો અપરાધ મેં કિધો રે?
નારાયેણુના જન મેં દુભ્યા, તે તો ડંડ મુહને દીધો રે. ૩
વલ્યતો **નરસેહો** એણી પેરચે બોલ્યો, સાહિ રાજાનો હાથ રે
એ વાંક સધલ્યો તાહારી માતનો; જૈને પુછતાં વાત રે. ૪
રાજા હુતો તે માત કને આવ્યો; જૈને પાશે બેઠો રે.
કાં દીકચરા તે માહારૂં કહ્યું ન માંન્યું. તાહરો ગઢ કેહેવો પીટો રે. ૫
વલ્યતો રાજા એણી પેરચે બોલ્યો, સઘલ્યો માહારો વાંક રે.
સાચૂં કેહેજે, નાંમ નહિ લઉં; હું થાયોસ તાહારો રાંક રે. ૬
વલતિ માતા એણી પેરચે બોલિ: શત્ય કહું છું હુંય રે.
ધર માંહે એક મલેછ હુતો, તેહનો ઉપનો તુઅ રે. ૭

(૫). પદ ૫૮ મું—રાગ અસાઉરી

સહસ્ર અઠ્યાશિ કોડ તેત્રિશ. ગુણ ગંધર્વ જયસ ગાએ રે.
ઇંદ્ર તણા ધર કચેરી અપછરા, નિત્ય નિત્ય કીર્તન કરાએ રે. ૧
ધ્રુ અમરિષ પ્રહલાદ વભિષણ, નિગમ ચાતુરમુખિ ગાએ રે.
હનુમંત શરીષા તાલ ધરે, ત્યાંહાં ગણુના કશિ લેવરાએ રે? ૨

[૩ જી કડી તરીકે જે કડી છે, તે છપાયેલા ૭૮ મા પદની છેલ્લી કડી છે. ૭૮ મા પદમાં ૨ જી કડી તરીકે જે કડી છે, તેજ ભાવની અને ૨–૩–૪ ચરણ તો એજ એ આ ઊપરની ૨ જી કડી છે. એટલે ખરૂં જોતાં આ પદની ૧ લીજ નવી છે. ૭૮ મા પદની ૩ જી **હીપાર** ના એજ પદ (૫૮ મા)માં નથી; તેની મતલબ લેતૂં ઊપરનૂં પદ ૫૭ મૂં (**બ**) આખૂં વધારાનૂં મળે છે; આ પદ **હીપા** માં છે, એ ખાસ નોંધવા જેવૂં ગણાય.]

(૬). પદ ૬૫મૂં—રાગ રામગ્રી

રાષ રાષ ગોવિંદ ગારૂડી; મુને વિષમ સાપેણ્ય માયા આભડી
કાલ વ્યાલ ઘણૂં બોલે રે, વિષ નાથ વિના કોણ ટાલે રે. ૧
મુહને લીલા લહેરે ઘણૂં ધાંએરે. પીતાંબર પાંણી પાંયે રે.
હવાં **નરસ્હે**આચા સ્વાંમિ વાહાર રે, તહ્મો વેગ્યે ધાયો માહારાજ રે. ૨

(૭). પદ ૬૬ મૂં—રાગ એજ

બોલ બોલ્ય વાહાલા અમશૂં, નેહ લાગે નરહરી તમશું. ૧
મુહને પ્રેમચી લહેર ઘણૂં કરજે રે. પીડા ભાગ્યા વિના નવ્ય ભાજે રે. ૨
હું પૂર્વ પુન્યે પામી રે, મલ્યો **નરસે**આચો સ્વામિ રે. ૩

———o———

શ્રી

કવિયા કા'નના અપ્રસિદ્ધ કુંડળિયા

ત્રૈમાસિકના દ્વિતીય વર્ષના પ્રથમાંકમાં રા. માણેકલાલ શંકરલાલ રાણાએ સંપાદિત કવિયા કા'નના ત્રણ કુંડળિયા પ્રગટ થયા છે. તેજ કવિના બીજા ત્રણ અપ્રસિદ્ધ કુંડળિયા હાથ લાગેલા તે આ નીચે રજૂ કર્યાં છે:

(૧)

ચૂના પાની જીવકું, લબડ ધકે લઈ જાએ;
બેટા બાંધવ બાળકી, કારી ન ચલે કાએ.
કારી ન ચલે કાઅ, દેશ પરદેશે જાવે;
અનજળ વાંકા હોઈ, ઓઈ અનજળ જઈ ખાવે.
કથેશ કવિયા કા'ન, બાત તો લૈએ જાની;
લબડ ધકે લઈ જાઅ, જીવકું ચૂના પાની.

(૨)

લખ બાતન કી બાત હે, સમરણ કીજે રામ;
પહેલાં બિધ બિચારકે, પીછે કીજે કામ.
પીછે કીજે કામ, તીનુમે નાવે શંકા;
રાવણ ખોયો રાજ, ભભીક્ષણ પાઈ લંકા.
કથેશ કવિયા કા'ન, જાનત હે સબકા મનકી;
સમરણ કીજે રામ, બાત હે લખ બાતનકી.

(૩)

સરસ પોસાંગી દેખકે, નાંહાં ભરીજે પાઓ;
પીછે સોબત કીજીએ, પહેલાં દેખ શભાઓ.
પહેલાં દેખ શભાઓ, મિત્રસે ચીત મીલાઇએ;
નૈ કાં ખતા હજાર, ઘડી બીચમે ખાઈએ.
કથેશ કવિયા કા'ન, હીન–ગુન દીજે તાગી;
નાંહાં ભરીજે પાઓ, દેખકે સરસ પોસાંગી.

વેડા : તા૦ વિજાપુર } સંપાદક
કચરાલાલ શવજીભાઇ સોની

ચર્ચાપત્ર

(૧)

કર્ણદેવ બીજો

કર્ણદેવ બીજો અથવા લઘુકર્ણ ગુજરાતની ગાદી ઉપર સૌથી છેલ્લો રાજપુત રાજા હતો. એના રાજ્યકાળમાં સદીઓથી ગુજરાત ઉપર ચઢી આવતી મુસ્લીમ પ્રજાને પગભર થવાનો પ્રસંગ મળ્યો, અને ગુજરાત મુસ્લીમ સામ્રાજ્યના એક પ્રાન્તરૂપ બન્યું, એ વાત સૌ કોઇને પરિચિત હશે. અહીં એ ગુજરાતના છેલ્લા રાજપુત રાજા વિષે આ લેખદ્વારા કાંઇક દિશાસૂચન કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. એ સંપૂર્ણ છે એમ કહેવાનો આશય નથી.

તાજેતરમાં શ્રી. ફાર્બસ ગુજરાતી સભા અન્તર્ગત બુદ્ધિવર્ધક વ્યાખ્યાનમાળામાં શ્રી. રણછોડલાલ જ્ઞાનીએ "ગુજરાતનું શિલ્પ–સ્થાપત્ય" એ વિષે વ્યાખ્યાન આપતાં ગુજરાતના ઇતિહાસ વિષે ટુંક નોંધ કરી છે. તેમાં ઇ. સ. ૧૨૯૬[સં. ૧૩૫૩]માં સારંગદેવના મરણ પછી તેનો પુત્ર કર્ણ ગાદીએ આવ્યો"[૧] એમ સ્પષ્ટ કહી નાંખ્યું છે, તે બરાબર નથી. જો તેમણે ઊંડા ઉતરી ઉત્કીર્ણ ઐતિહાસિક સાહિત્યનો સૂક્ષ્મ અભ્યાસ કર્યો હોત તો આ વાકય તેઓશ્રી લખી શકત નહીં. જ્યારે ગુજરાતમાં ઐતિહાસિક ઉત્કીર્ણ સાહિત્ય પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ ન હતું, અને માત્ર ભાટોની દંતકથાંઓ પર કે અન્ય કિવદંતીઓ પર આધાર રાખી, ઇતિહાસ લખાતો ત્યારે આવી અસ્પષ્ટ વાતો નોંધાતી હતી. પણ હાલમાં તો ગુજરાતના ઇતિહાસ-વિષયક ઉપયોગી ઉત્કીર્ણ લેખો, પ્રાચીન પ્રબંધો ઇત્યાદિ વિપુલ સાહિત્ય ઉપલબ્ધ છે, એ સંજોગોમાં શ્રી. જ્ઞાનીનું ઉપલુ વાકય હરકોઈ ઇતિહાસકારને ખૂંચે તો એમાં આશ્ચર્ય જેવું કશું નથી.

શ્રી. જ્ઞાનીનું એટલું કહેવું સાચું છે કે સારંગદેવ પછી કર્ણ ગાદી ઉપર બેઠો હતો. પણ તે સારંગદેવનો પુત્ર હતો, એમ કહેવું, એ તો કર્ણદેવને અન્યાય આપ્યો કહેવાય. કદાચ એક રાજાના મરણ બાદ બીજો રાજા ગાદી પર આવે તો તે રાજાનો ઔરસ પુત્ર હોય એવી સર્વસાધારણ કલ્પના કરી, તેઓશ્રીએ ઉપરનું વાકય લખ્યું હોય તો તે કલ્પના વાસ્તવિક ગણી શકાય નહીં. ઇતિહાસ જોતાં એવી રીતે બન્યું હોય એવો કોઈ દાખલો મળી આવતો નથી. અસ્તુ.

શ્રી. જ્ઞાની કહે છે તેમ કર્ણ સારંગદેવનો પુત્ર ન હતો, પણ સારંગદેવના જ્યેષ્ઠ ભ્રાતા રામનો પુત્ર હતો.[૨] અને સારંગદેવના મૃત્યુબાદ તુર્ત જ તે પાટણની ગાદી પર બેઠો હતો.

---

૧ જુઓ શ્રી. ફાર્બસ ગુજરાતી સભા, ત્રૈમાસિક વર્ષ ૨ અંક ૨નો વધારો પૃ. ૨૦

૨ જુઓ ઈડર રાજ્યમાં આવેલા મોરલીધરના મંદિરનો વિ. સં. ૧૩૫૪નો કર્ણદેવ વાઘેલાનો લેખ, શ્લોક ૧૩: श्रीरामादौरसो जातः कर्णनामेति विश्रुतः । આ લેખ સ્વર્ગસ્થ રા. તનસુખરામ મનસુખરામ ત્રિપાઠી, બી. એ. એ ભાષાન્તર સાથે બુદ્ધિપ્રકાશ પુ. ૫૭ જાનેવારી ૧૯૧૦ પા. ૭૬ પર પ્રસિદ્ધ કર્યો છે.

ધર્મસાગરકૃત પ્રવચનપરીક્ષામાં કર્ણદેવના રાજ્યારંભની સાલ સં. ૧૩૫૩ની આપેલી છે, અને સારંગદેવનું રાજ્ય સં. ૧૩૫૩ સુધી ચાલ્યું, એવો ઉલ્લેખ ધોળકાના નાગર બ્રાહ્મણ પંડિત ચાણ્ડુએ શ્રી. નૈષધ કાવ્યની ટીકા 'દીપિકા' નામે રચી છે તેમાંથી મળે છે.[3] એ જોતાં કર્ણદેવ વિ. સં. ૧૩૫૩ની સાલના ઉત્તરાર્ધ ભાગમાં ગાદી ઉપર બેઠો હોવો જોઇએ, એમ નિર્વિવાદ રીતે કહી શકાય.

કર્ણદેવના પોતાના રાજ્યકાળના શિલાલેખો મળ્યા છે, જેમાંનો એક ખંડિત અને બીજો આખો લેખ છે. માંગરોળવાળા ખંડિત લેખમાં સંવત્ પૂરો વાંચી શકાતો નથી. માત્ર ૧૩૫× આટલા જ અક્ષરો વાંચી શકાય છે. આ લેખ શ્રીયુત ડીસકળકરના મતે સં. ૧૩૫૩ થી ૧૩૬૦ સુધીમાં ગમે તે કોઈ એક સાલનો હોવા સંભવ છે, અથવા ૧૩૫૫ કે ૧૩૫૬ પણ હોઈ શકે.[4] આમ માત્ર કલ્પના કરી તેઓ અટકે છે, પણ નિશ્ચયાત્મક રીતે તેઓ કાંઈ કહી શકતા નથી. જો કે સંવત્ વગરના લેખનો નિર્ણય કરવો અસંભવિત તો નહીં, પણ મુશ્કેલ તો ખરૂં. જો તે લેખ સંવત્ ૧૩૫૪નો માનવામાં આવે તો ઇડરમાં આવેલા મોરલીધરના મંદિરનો વિ. સં. ૧૩૫૪નો કર્ણદેવનો પોતાનો શિલાલેખ મળ્યો છે.[5] એટલે આ બીજો તે જ સાલનો લેખ હોય કે કેમ, એ વિષે શંકા રહે. જો કે એક જ રાજાના નામના એક જ સાલમાં બેત્રણ શિલાલેખો વા તામ્રપત્રો કોતરાવ્યાના દાખલા ગુજરાતના ઈતિહાસમાં સાક્ષીભૂત છે ખરા, તો પણ કર્ણદેવના વિષે એ કલ્પના કરવી, એ બંધબેસ્તું લાગતું નથી. ઘણું કરીને સારંગદેવના મૃત્યુબાદ કર્ણદેવે ગાદી પર બેઠા પછી તુર્ત જ પોતાના નામનો લેખ કોતરાવ્યો હોય એમ કલ્પીએ તો તે લેખ સં-૧૩૫×નો હોય. કે તે પછી કર્ણદેવનું રાજ્ય વિ. સં. ૧૩૬૦ સુધી ચાલ્યું એમ પ્રબંધોના કથનાનુસાર માનીએ તો તે સંવત્ ૧૩૫૫ થી ૧૩૫૬ સુધીમાં ગમે તે કોઈ એક સાલનો હોઈ શકે.

બીજો પાછળ જોઈ ગયા તે વિ. સં. ૧૩૫૩નો લેખ કર્ણદેવના જીવન ઉપર તથા એના રાજ્યકાળ ઉપર મહત્વનો પ્રકાશ પાડે છે. ભાટો કહે છે કે "કર્ણદેવ દુષ્ટચરિત હતો. એણે એના મહામાત્ય માધવની સ્ત્રીનું હરણ કર્યું હતું, અને એનું વેર વાળવા માટે માધવે દિલ્હી જઈ તે વખતના બાદશાહ અલાઉદ્દીનને ગુજરાત જિતવા ઉશ્કેર્યો હતો." એ રીતે ભાટોએ દંતકથામાં માધવને દેશદ્રોહી અને કર્ણને દુષ્ટચરિત કહ્યો છે. તેનો આ લેખ વિરોધ કરે છે. લેખાન્તરના તેરમા શ્લોકમાં કહ્યું છે કે श्रुतिशास्त्रविरोधेन सायं पालयति प्रजा : એટલે "શ્રુતિશાસ્ત્રાનુસાર યથાર્થ પ્રજાપાલન કરતો હતો," એવો સ્પષ્ટ ઉલ્લેખ છે. એ જોતાં ભાટોની દંતકથાનું ઉપલું કથન અસત્યાલાપજ માનવું પડશે. છતાં પણ કદાચ અહિં કોઇને શંકા રહેશે કે આ લેખ કર્ણદેવનો પોતાનો કોતરાવેલો છે, એટલે તેમાં તેને પોતાનો તે દુર્ગુણ

---

૩ श्री विक्रमार्कसमयाच्छरदामथ त्रिपंचाशता समधिकेषु शतेष्वितेषु । तेषु तयोदशसु भाद्रपदे च शुक्ले । पक्षे त्रयोदशतिथौ रविवासरे च ॥५॥ श्रीमत्सा(रं)ग नृपे श्रीमाधवसंज्ञे महामात्ये ॥ ६ ॥ આ શ્લોક શ્રી. રામલાલ મોદીના બુદ્ધિ પ્રકાશ પુ. ૭૬ ઑગસ્ટ ૧૯૨૯ના અંકમાં "ધર્મારણ્યમાં ઐ. તત્ત્વ" એ વિષેના લેખમાં ઉદ્ધૃત કર્યો છે.

× જુઓ પુરાતત્ત્વ પુસ્તક ૧ પા. ૬૩

૪ જુઓ. બુદ્ધિ પ્રકાશ પુ. ૭૩ પા. ૧૨૮

૫ આ લેખ માટે જુઓ બુદ્ધિ પ્રકાશ પુ. ૫૭ જાનેવારી ૧૯૧૦

છુપાવવાને જરૂર અવકાશ રહે. પ્રશસ્તિ કોતરનાર પણ એની અવજ્ઞા કરી શકે નહીં. આમ સમકાલીનો આશ્રયદાતાનું ખોટું બોલે નહીં. એવી સર્વમાન્ય કલ્પના થઈ શકે ખરી. તો પણ ભાટો કહે છે તેમ તો ન જ બન્યું હોવું જોઇએ.

ફાર્બસ સાહેબે રાસમાળામાં માધવ અને કર્ણદેવ વિષેનું કથન ઉતારતી વખતે સ્પષ્ટ કહ્યું છે કે "રાજ્ય મેળવવાના લોભ આગળ મુસલમાન હલ્લા કરનારાઓને પોતાનું ધ્યાન આપવાને એક કરતાં કંઈ બીજા કારણની જરૂર હોય નહીં, પણ હિન્દના ભાટો રાજ્ય સંબંધી મોટી વાતને ઘર વિષેનું ખાનગી કારણ લાગુ પાડી દેવાને આનંદ પામે છે."[૬] આમ શ્રી. ફાર્બસ સાહેબ ભાટોની એ કથાને શંકાશીલ માને છે, એટલે એ કથા દંતકથાના રૂપમાં ભલે વંચાણમાં લેવાય, બાકી ઇતિહાસની દૃષ્ટિએ તો એમાં જોવા જેવું કશું નથી.

હવે મુસ્લીમ ઇતિહાસકારોએ લખેલી ગુજરાત ઉપર જિત મેળવ્યાની સાલનો વિચાર કરીએ. તેઓ કહે છે કે ઇ. સ. ૧૨૯૭[સં. ૧૩૫૩–૫૪]માં[૭] અલાઉદ્દીનના ભાઈ કિંવા સેનાપતિ ઉલુઘખાને ગુજરાત જિતી લીધુ. પણ તે જ સાલમાં તો કર્ણદેવ ગુજરાતનો રાજા હોવાનું સિદ્ધ થાય છે. એટલે કદાચ મુસ્લીમ ઇતિહાસકારે આપેલી સાલમાં જો કાંઈ સત્ય હોય તો એટલું જ હોવાનો સંભવ છે કે અલાઉદ્દીનના કહેવાથી ઉલુઘખાને ગુજરાત પર હુમલો કર્યો હશે, અને હારવાથી થોડી ઘણી ખંડણી આપી, કર્ણદેવે એને પાછો કાઢયો હશે.

વિ. સં. ૧૩૬૦ સુધી કર્ણદેવ ગુજરાતની ગાદી પર હોવાનાં સૂચનો પ્રાચીન પ્રબંધોમાંથી પણ મળે છે. વિ. સં. ૧૩૬૦ની આસપાસ રચાયેલા પેથડ રાસમાં કહ્યું છે કે પોરવાડ જ્ઞાતિના જૈન વૈશ્ય વર્ધમાનના પુત્ર ચાંડસિંહના કુલમાં સિંહ જેવા પેથડ આદિ ૭ ભાઇઓ અવતર્યા. પેથડ બધા ભાઈઓમાં વિશેષ પ્રતાપી હતો. એણે શત્રુંજય–ગિરનાર વગેરે તીર્થોની યાત્રા કરી આવવાનો પોતાનો વિચાર બધા ભાઈઓને કહી જણાવ્યો. ભાઇઓ બધા સમ્મત થયા અને સંઘની મોટી તૈયારી કરી. પાટણમાં તે વખતે કર્ણદેવ રાજ્ય કરતો હતો. તેની પાસે જઈ યાત્રા કરવા માટેનો દેશપટ્ટો મેળવ્યો. શિયાળો ઉતર્યે ફાલ્ગુન સુદી પાંચમના દિવસે સંઘે પ્રયાણ કર્યું. તે વખતે રસ્તામાં ચોરચરટાઓનો ત્રાસ ન થાય તે માટે કર્ણરાયે બિલ્હણના વંશમાં જન્મેલો દેહ નામનો સુભટ તેની (સંઘ) સાથે મોકલ્યો."[૮] આમ તે વખતે કર્ણદેવ રાજ્ય કરતો હતો,' એવો સ્પષ્ટ ઉલ્લેખ રાસાકારે કરેલો હોવાથી, વિ. સં. ૧૩૬૦ના ફાલ્ગુન માસ સુધી કર્ણદેવ અથવા લઘુકર્ણ ગુજરાતના રાજા તરીકે રાજધાની પાટણમાં વિદ્યમાન હતો. અને તે કાળે ગુજરાત મુસલમાનોએ જિતી લીધું નહોતું.

કંબોઈ–તા. ચાણસમા
તા. ૯–૮–૩૭

માણેકલાલ ચકુલાલ દવે

***

---

૬ જુઓ શ્રી ફાર્બસ કૃત રાસ માળા ભા. ૧નું ગુજરાતી ભાષાન્તર તૃતીયા આવૃત્તિ પા. ૫૧૧

૭ જુઓ કર્ણદેવનો પોતાનો વિ. સં. ૧૩૫૪નો શિલાલેખ.

૮ જુઓ ગુજરાત સાહિત્યસભાના સભ્ય તરીકે મુનિશ્રી જિનવિજયજીનું પ્રાચીન ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસની "સાધનસામગ્રી" એ વિષે વ્યાખ્યાન પૃષ્ઠ ૨૭

(૨)

વનરાજનો પિતા કોણ?

ગુજરાતના ઇતિહાસમાં સર્વમાન્ય થઈ ગયેલી, પંચાસરના જયશિખરીની હકીકત સંબંધે શંકા ધરાવતાં જૂદાં જૂદાં મંતવ્યો હમણાં રજુ કરાયાં છે. જયશિખરીની અગાઉનો ઇતિહાસ એટલે તેનો પિતા, પિતામહ વિગેરે કોણ હતા, કયાંના વતની હતા, તે માટે ઐતિહાસિક ગ્રંથોમાં કોઈ પણ ઠેકાણે ઉલ્લેખો મળતા નથી, જેને લઈને વનરાજનો પિતા જયશિખરી હતો કે કેમ? પંચાસરમાં તેની રાજ્યગાદી હશે કે નહીં? એ માટે આજે મોટી શંકા ઊભી થઈ છે.

જયશિખરીનો રાજવૈભવ અને ભૂવડ સાથેનું યુદ્ધ રત્નમાળના કર્ત્તાએ કયાં પુસ્તકોના આધારે લખ્યું હતું તેના માટે પણ કાંઈ પ્રામાણિક કારણો મળ્યાં નથી. એટલે પંચાસરના જયશિખરીની હકીકત બાબત ઇતિહાસમાં ગુંચવાડો ઊભો થયો છે. તેનો ઉકેલ વનરાજની આખી હકીકત સપ્રમાણ પુરાવાસર મળી આવે તો થવા સંભવ છે. આજે તે માટે અનેક અનુમાનો અને કારણો ઉપલબ્ધ થાય છે, પણ તેટલા પ્રાચીન કોઈ લેખી પુરાવાની ખાસ અપેક્ષા રહે છે. ઇતિહાસના ઘડતરમાં અનુમાનોને સ્થાન છે, પણ ફક્ત આગળપાછળની હકીકતનો પ્રાસ મેળવવા તૂટતી કડીઓ ઉમેરવા પૂરતું જ. કેવળ અનુમાનો ઉપરથી ઇતિહાસનું ચણતર કરવું, એ કેવળ કલ્પનાનો સ્વૈરવિહાર છે.

ઇ. સ. ની શરૂઆતથી આઠમા સૈકા સુધીમાં ગુજરાતમાં કોઇ ઠેકાણે ચાવડાઓનું રાજ્ય હોવાનું જણાયું નથી, તેમ કોઈ શિલાલેખમાં તેમાંનો ઉલ્લેખ હોવાનું માલુમ પડયું નથી. ચાપોત્કટ એ ચાવડા શબ્દનું સંસ્કૃત રૂપ છે. વિદ્વાનોએ તેમની પ્રશંસા કરવા "ચાપને ઉત્કટ રીતે ધારણ કરનારા" એવું વિશેષણ બનાવ્યું છે. ચાવડાઓ ગુજરાતમાં કયારે આવ્યા અને કયાંથી આવ્યા તેની સીલસીલાબંધ તવારીખ મળતી નથી. ભિન્નમાલમાંથી વ્યાઘ્રમુખ ચાપોત્કટના સીક્કાઓ મળ્યા છે, જેથી ચાવડાઓનું ત્યાં રાજ્ય હતું, એમ માનવા કારણ છે. બીજું રઘુવંશી પ્રતિહારોએ ચાવડાઓ પાસેથી ગુજરાતનું રાજ્ય પડાવી લીધું હતું અને પોતાની રાજ્યધાની ભિન્નમાલમાં સ્થાપી હતી, એમ ઇતિહાસ કથે છે.[1] આથી ચાવડાઓ ભિન્નમાલથી ગુજરાતમાં ઉતરી આવ્યા હશે, અનુમાન જાય છે, જેને સરસ્વતી પુરાણથી પણ ટેકો મળે છે.

શ્રી. ફાર્બસ ગુજરાતી સભાનાં હસ્તલિખિત પુસ્તકોની સવિસ્તર નામાવલીમાં ચાવડાવંશની વંશાવળી આપતાં તેનો આદિપુરૂષ ચાહ રાજા બતાવ્યો છે. તે ચામુંડાનો ઉપાસક હોઈ તેની કૃપાવડે તેને ચાહટઘઢનું રાજ્ય મળ્યું હતું. ત્યાંથી તેના વંશજોએ ઉત્તરોત્તર ચાહટઘઢ છોડી, જયપુર, સેનગઢ, આબુ, ગાજણગઢ અને ભિન્નમાલમાં વાસ કર્યો. તેનો ૩૧મો વંશજ ભીમદેવ ભિન્નમાલમાં આવ્યો હતો.[2] આમ ચાવડાઓનું સ્થાન ગુજરાત બહાર હતું, એવાં અનેક પ્રમાણો મળ્યાં છે. આથી ચાવડાઓ ગુજરાતમાં રજપૂતાના તરફથી આવ્યા હોય તેમ લાગે છે.

શ્રી. ફાર્બસ સાહેબે રાસમાળામાં જયશિખરીને સોરઠકાંઠાનો રાજા હોવાનું, તેમ જ તે વલ્લભી

---

૧ બુદ્ધિસ્ટ રેકર્ડ ઑફ ધી વેસ્ટર્ન વર્લ્ડ આ. ૨ પૃ. ૨૬૯–૭૦

૨ શ્રી. ફાર્બસ ગુજરાતી સભાનાં હસ્તલિખિત પુસ્તકોની સવિસ્તર નામાવલિ ભાગ ૧, પા. ૩૪૩

રાજાઓનો સામંત હતો, એમ જણાવ્યું છે. પણ તે અનુમાનથી લખ્યું હોય તેમ જણાય છે. કારણ વલ્લભી સામ્રાજ્યમાં કોઈ ઠેકાણે ચાવડાઓને સંબંધ કરતી હકીકત મળી આવી નથી.

પૂ. મુનિશ્રી જિનવિજયજીએ સંપાદિત પુરાતન પ્રબંધસંગ્રહમાં ચામુંડ ચાવડો અંબાસણનો વતની હતો, એમ જણાવેલું છે, અંબાસણ ગામ વડોદરા રાજ્યના મહેસાણા પ્રાંતમાં લીંમ ગામની પાસે આવ્યું છે. આજે પણ ત્યાં ચાવડા રજપૂતોની સારી એવી વસ્તી છે. ગુજરાતમાં પ્રવેશ કર્યા પછી ચાવડાઓએ સૌથી પ્રથમ ક્યાં નિવાસ કર્યો હશે, એ જાણવા માટે આજે આપણી પાસે કાંઈ પણ સાધન નથી. વનરાજે જ્યારે પાટણની સ્થાપના કરી ત્યારે તે સમયમાં પાટણની આસપાસનો પ્રદેશ કનોજના ગુર્જર પ્રતિહારોના તાબામાં હતો, એમ લાગે છે. કારણ કનોજના રાજાએ તે પોતાની પુત્રી મહણીકાને કંચુકી(કાપડા)માં આપ્યો હોવાનું પ્રબંધચિંતામણિથી જ્ઞાત થાય છે.[3] મોઢ બ્રાહ્મણોના જ્ઞાતિપુરાણ ધર્મારણ્યમાં તે કન્યાનું નામ રત્નગંગા બતાવ્યું છે.[4] તે સમયે કનોજમાં પ્રતિહારવંશી નાગભટ્ટ કે નાગાવલોક રાજ્ય કરતો હતો. તેનું બીજું નામ આમ રાજા હતું. પ્રભાવકચરિત્ર અને ધર્મારણ્યમાં તેને આમ રાજાના નામથી પિછાન્યો છે.[5] આથી વનરાજના બાલ્યકાળે ગુજરાતનો કેટલોક ભાગ પ્રતિહારોના તાબામાં હતો, એ નિર્વિવાદ રીતે સિદ્ધ થાય છે (જેને માટે આગળ પણ કેટલુંક વર્ણન કર્યું છે.). જયશિખરી ઉપર ચડાઈ કરનાર ભૂવડ કે ભુવાનાદિત્ય નામનો કોઈ રાજા કનોજના પ્રતિહારોમાં થયો હોવાનું જણાયું નથી. સ્વ. શાસ્ત્રી વ્રજલાલ કાળીદાસના મત પ્રમાણે કનોજમાં કોઈ રાજાએ જયશિખરી ઉપર ચઢાઈ કરી હોય તો ભૂવડની હકીકત પણ બીન પાયાદાર ઠરે છે.

બીજી વાત વલ્લભી શાસનની છે. કારણ પાટણના સ્થાપત્યકાળે વલ્લભી શાસન અખંડ હતું, એમ તામ્રપત્રોથી જણાય છે. ત્યારે તેઓની સત્તા ગુજરાતમાં ક્યાં સુધી હતી? વલ્લભીના આથમતા રાજ્યકાળમાં તેઓની સત્તા નિર્બળતા અને અનેક બાજુનાં આક્રમણોને લઇ, વલ્લભીની આજુબાજુના પ્રદેશ ઉપર જ હતી. જોકે તામ્રપત્રોથી તેઓનો અધિકાર ગુજરાતમાં ખેડા અને આણંદ સુધી હોવાનું જણાયું છે, પણ તેઓના અંતિમ કાળે તો થોડો ઘણો મુલક જ તેમના તાબામાં રહ્યો હશે; કારણ તે સમયે ગુજરાતમાં રાષ્ટ્રકૂટો અને ગુર્જરોએ પોતાનો અધિકાર મજબૂત જમાવ્યો હતો. તે પ્રમાણે કનોજના પ્રતિહારોના તાબામાં પણ ગુજરાતનો કેટલોક ભાગ હોય તેમ ન માનવા કારણ નથી. પ્રબંધચિંતામણિ પણ કનોજથી સેવાભૃતો કર ઉઘરાવવા આવ્યા હોવાનું જણાવે છે. ધર્મારણ્યમાં આમ રાજાએ પોતાની પુત્રી રત્નગંગાને મોઢેરાસહ ધર્મારણ્ય પ્રદેશ કંચુકીમાં આપ્યો હોવાનું જણાવ્યું છે.[6] ધર્મારણ્યની

---

૩ પ્રબંધચિંતામણિ પા. ૨૦. દુ. કે. શાસ્ત્રીએ સંપાદિત.

૪ रत्नगंगेति विख्याता नाम्ना शातोदरी शुभा ।
राजा तयातिमुदितः पुत्र्या संतानसुप्रियः ॥ धर्मारण्य अ. ५२ श्लो. ७

५ (१) प्रभावचरित्र पा. १७७. (२) आमोनाम नृपः कश्चित् कान्यकुब्जे प्रतिष्ठितः ॥३॥ धर्मारण्यम् ।

६ सशुभे सा वरारोहे हेमरत्नविभूषणा ।
ब्रह्मावर्ताधिपतये दत्ता राज्ञा सुसंमता ॥८॥
मोहेरकं पुरं तस्मै पारिवर्हेददौ नृपः ।
विवाहे वितते तावद्धर्मारण्यं समंततः ॥९॥ धर्मारण्यम् अ. ५२

સીમા લગભગ સાબરમતીથી ઉત્તરમાં આબુ સુધી હોવાનું મનાય છે, એટલે આનર્તપ્રદેશ પ્રતિહારોના તાબામાં હતો, એમ માનવા કારણ છે. આ વાતનું સમર્થન રા. રા. વિનાયક વૈદ્યે પોતાના "મધ્યકાલીન હિંદુ રાજ્યનો" ઇતિહાસમાં કર્યું છે,[૭] જેથી વલ્લભીરાજ્ય વિદ્યમાન હોવા છતાં આમ રાજાની પુત્રીનો આ પ્રદેશ ઉપર અધિકાર હોવામાં બાધ આવતો નથી.

વનરાજની માતાનું નામ રૂપસુંદરી હતું, એમ કૃષ્ણાજીએ રત્નમાળામાં નોંધ્યું છે સ્વ. શાસ્ત્રી વ્રજલાલ કાળીદાસ તેનું અક્ષતા નામ હોવાનું જણાવે છે, જ્યારે પાટણના પંચાસર પાર્શ્વનાથના મંદિરની સુપ્રસિદ્ધ વનરાજની મૂર્તિ નીચેના શિલાલેખમાં તેની માતાનું નામ સીતાદેવી આપ્યું છે.[૮] એટલું જ નહી પણ તેની જન્મતિથિ આ શિલાલેખમાંથી ઉપલબ્ધ થાય છે. રત્નમાળ પ્રમાણે તેનો જન્મ સંવત્ ૭૫૨ના વૈશાખ સુદ ૧૫ના દિવસે થયો હોવાનું રાસમાળા જણાવે છે જ્યારે શિલાલેખમાં તેનો જન્મ સં. ૭૫૨ના કાર્તિક સુદ ૧૫ ને ગુરૂવારે થયો હોવાનું લખ્યું છે. તેની જન્મતિથિ માટે અત્યાર સુધી રત્નમાળ સીવાય બીજો પૂરાવો ન હતો, પણ આ શિલાલેખથી રત્નમાળના તે કથનમાં કેટલોક ફેર પડે છે. બન્નેમાં સંવત્ અને તિથિ એક આપવામાં આવી છે, ફક્ત માસમાં ભિન્નતા જોવામાં આવે છે.

વનરાજનો જન્મ પુરાતત પ્રબંધસંગ્રહના કથન અનુસાર પંચાસરમાં થયો હતો. રત્નમાળમાં તેનો જન્મ પંચાસરથી દૂર વનમાં થયો હોવાનું જણાવ્યું છે, જ્યારે ધર્મારણ્ય તેનો જન્મ મોઢેરામાં થયો હોવાનું કથે છે. આ પ્રમાણે તેની બાબતમાં પણ પ્રચલિત મંતવ્યોમાં ભિન્નતા જોવામાં આવે છે. પ્રબંધચિંતામણિ અને વનરાજની મૂર્તિ નીચેનો શિલાલેખ ઉક્ત પુરાતન પ્રબંધસંગ્રહને અનુસરે છે, જ્યારે રત્નમાળના કથનને શ્રી. ફા. ગુ. સભાના હસ્તલિખિત પુસ્તકોની નામાવલિમાં જણાવેલ ચાવડાવંશની વંશાવળીથી પુષ્ટિ મળે છે. તેમાં તેના પિતાનું નામ પરશરામ અને માતાનું નામ જશકુંવરબા હોવાનું લખ્યું છે. પરશરામને ખેડગઢથી આવી છાડા રાઠોડે માર્યો, તેથી તેની રાણી ગુજરાતના જંગલમાં નાશી આવી. ત્યાં તેણે વનરાજને જન્મ આપ્યો. ધર્મારણ્યના કથનને પુષ્ટિ આપે તેવું બીજું કોઈ પ્રમાણ મળ્યું નથી. સ્વ. શાસ્ત્રી વ્રજલાલ કાલિદાસ તેનો જન્મ મોઢેરા પાસે થયો હતો તેના સમર્થનમાં એવો અભિપ્રાય નોંધે છે કે "જૈન લોકોના ગ્રંથોમાં જૈન સાધુ શીલગુણસૂરીએ વનરાજની માતાને આશ્રય આપ્યો, એ વાત ખોટી છે; કેમકે જૈન સાધુઓનો એવો ધર્મ છે કે એમનાથી વનમાં રાણીને આશ્રય આપી શકાય નહી. વળી જૈન ગ્રંથકાર લખે છે કે " तद्‌द्वेषी नैव मन्यते અમે રાણીને આશ્રય આપ્યો છે તે દ્વેષી બ્રાહ્મણો માનતા નથી." આથી બ્રાહ્મણ અને જૈનો વચ્ચે વનરાજની માતાને રક્ષણ આપ્યાની ખેંચતાણ ખુલ્લીરીતે જણાઈ આવે છે. જયશિખરી યુદ્ધમાં પંચાસરમાં મરાયો હોય તો વનરાજનો જન્મ તે જ ગામમાં થયો હોવાનું સંભવિત છે? પુરાતન પ્રબંધસંગ્રહના કથન અનુસાર તે હકીકત કેટલેક અંશે માનવી પડે. આ પ્રમાણે જૂદા જૂદા ગ્રંથોથી વનરાજની પૂર્વ હકીકત ગુંચવાયેલી છે. એકંદરે જૈન ગ્રંથકારોની હકીકત એક બીજા સાથે

૭ History of the Mediaeval Hindu India Page 104

૮ संवत् ७५२ वर्षे कार्तिक सुदि १५ गुरौ प्रहरेकसमये पंचासरग्रामे चाउडान्वये राज्ञीश्री सीतादेवी कुक्षी प्रसरतस्य वनराजस्य जन्म बभूव । तदुपरि वृक्षच्छाया स्थिरा जाता वृक्षस्यशाखाक्षोलिका बद्धा ......વિ. વનરાજની મૂર્તિ નીચેનો લેખ.

નજીકનું સામ્યત્વ ધરાવે છે જ્યારે ધર્મારણ્ય, રત્નમાળા, અને પુરાતન પ્રબંધસંગ્રહનાં કથનો એક બીજાથી વધૂ દૂર છે.

ધર્મારણ્યમાં કોશલના અગ્નિકેતુથી સૈરંધ્રી ઉત્પન્ન થયેલ ક્ષતા મોઢેરામાં આવ્યો, અને તેનાથી વનરાજની ઉત્પત્તિ બતાવી છે. પણ તેમાં ઐતિહાસિક સત્ય કરતાં પૌરાણિક તથ્ય વિશેષ હોવાનું લાગે છે. કોશલ અયોધ્યાની આસપાસના પ્રદેશને કહેવામાં આવે છે. ઇ. સ. ના ૭ મા કે ૮ મા સૈકામાં ત્યાં કોઈ અગ્નિકેતુ નામનો રાજા થયો હોવાનું જણાતું નથી. એટલે ધર્મારણ્યનું કથન ઐતિહાસિક તરીકે બંધબેસતું નથી, પછી પુરાણના રચયિતાએ પુરાણની મહત્તા દર્શાવવા તેનું સાચું નામ બદલી નાંખ્યું હોય તો કાંઈ કહી શકાય નહીં, કારણ ઘણાં પુરાણોમાં તેવા પ્રયોગો બન્યા છે. ધર્મારણ્યની કેટલીક હકીકત ઐતિહાસિક તો છે જ, જેને લઇને તેનું કથન ઐતિહાસિક ઠરાવવા બીજાં વધુ પ્રમાણોની અપેક્ષા રહે છે. ચાવડાઓએ ગુજરાતમાં પ્રવેશ કર્યા પછી તે સમયમાં શક્તિશાળી મનાતાં મોઢેરા, વડનગર, વિગેરે શહેરોમાં પોતાના નિર્વાહ અને રક્ષણ માટે કેમ નિવાસ ન કર્યો હોય?

બીજી બાજુ વનરાજનો પંચાસર પ્રાર્શ્વનાથ ઉપર વધુ પ્રેમ હતો, તે પૂર્ણભક્તિથી તેમનું ધ્યાન ધરતો એમ સૂરિસિંહે સુકૃત સંકીર્તનમાં જણાવ્યું છે.[૯] અણહીલપુરમાં પંચાસર પાર્શ્વનાથનું મંદિર વનરાજે બંધાવ્યું હતું, એમ મેરૂતુંગે પ્રબંધચિંતામણિમાં નોંધ્યું છે.[૧૦] આથી એમ માની શકાય કે વનરાજે પોતાના જન્મસ્થાનાધીશ પ્રભુ પ્રત્યેનો ભક્તિભાવ દર્શાવવા અણહીલપુરમાં પંચાસર પાર્શ્વનાથની સ્થાપના કેમ કરી ન હોય?

રા. ભાઇશ્રી "સાહિત્યવત્સલે" ("ગુજરાતી"માં)આ વિષયમાં એક નવીજ અંતરંગ ચર્ચા ઉપાડી છે જેથી વનરાજના ઇતિહાસમાં કાંઇક નવીન પ્રકાશ પડેલાં પણ એકમાં વલ્લભીતામ્રપત્રોમાં નિર્દેશ કરાયેલ અણહીલ નામ ઉપરથી તેવી કલ્પના બીજા વધુ પુરાવાના અભાવે પ્રામાણિક તો નજ ગણાય. અણહીલ ભરવાડના નામ ઉપરથી અણહીલપુરનું નામ પડયું હોવાની માન્યતા પ્રબંધચિંતામણિથી પણ પૂર્વકાળમાં પ્રચલિત હતી એમ મુનિરાજ હેમચંદ્રના કુમારપાળ ચરિત્ર(પ્રાકૃત દ્વયાશ્રય)ની પૂર્ણકળશગણીની ટીકા ઉપરથી જણાય છે.[૧૧] એટલે પાટણ વસ્યાં બાદ ૩૦૦-૪૦૦ વર્ષો પછી જનસમાજ આ હકીકત જાણતો હશે જ. તેથી જ મુનિરાજ હેમચંદ્રના શિષ્ય પૂર્ણકળશે તે હકીકત કુમારપાળચરિત્રમાં મૂકી હશે. હવે વલ્લભીતામ્રપત્રોના

अंतर्वैराद्वनजनाद्धृतभारजोभूः ।
माभ्रश्यतादितिमृशं वनराजदेवः ॥
पंचासराह्वनवपार्श्व जिनेश वेश्म ।
व्याजादिह क्षितिधरं नवमाततान ॥१०॥ सुकृत संकीर्तन अ. १

१० प्रबंधचिंतामणि પા. ૨૦ દ. કે. શાસ્ત્રીએ સંપાદિત.

११ ततः पुनः कथम् अणहिल्लनगरम् इत्यभिधियते । पूर्वं किल वनराजराजेन नूतननगरविहितचित्तेन प्रधानभूमिखण्डगवेषणार्थं विचरतः एकदा अरण्यमध्ये गवादिंश्चारयन् अणहिल्लो नाम गोपालो दृष्टः । तदग्रेचित्ताभिप्रायो निवेदितः तेनापितत्कार्यकरणार्थं शाकुनमवेषणं कुर्वता एकप्रदेशे श्रुगालो बलिष्टकर्कुरं निर्धारयन्नवलोकितः तत्रैव अणहिल्लेन वनराजे नगरनिवेशं स्वनाम्ना कारितः इति अणहिलनगरम् ॥ कुमारपालचरित्र–पूर्णक्लेशगणीनी व्याख्या.

આધારે પ્રચલિત માન્યતા ફેરવવા માટે બીજાં નક્કર પ્રમાણો ન મળે ત્યાં સુધી એ માન્યતાને અપનાવવી જ પડશે. કારણ ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ લખનારા આગળ થઈ ગયેલા પ્રખર વિદ્વાનોએ પણ તેને માન્ય રાખી છે. એટલે તે વિષય પણ વધુ સંશોધન માગી લે છે. ગુજરાતના ઇતિહાસપ્રેમી વિદ્વાનો આ વિષયને વધુ ચર્ચો, યોગ્ય નિર્ણય લાવશે તો ગુજરાતનો ઇતિહાસ જૂદી રીતે રચાશે.

સાળવીવાડો, પાટણ — કનૈયાલાલ ભાઈશંકર દવે.

***

(૩)

વનરાજનો પિતા જયશેખર કિંવા જસરાજ

વનરાજ એ પંચાસરપતિ જયશેખર કિંવા જસરાજ ચાવડાનો પુત્ર અને રતનદેવનો પૌત્ર હોઇ ૫૦ વર્ષની ઉંમરે વિ. સં. ૮૦૨માં અણહિલ ભરવાડની મદદથી અણહિલપુર નગર વસાવી, રાજા થયો હતો. તેમ જ 'રત્નમાળ'નું પ્રચલિત મંતવ્ય વધુ પ્રાચીન અને સત્ય છે. પૂજ્ય મુનિજી શ્રી જિનવિજયજી ભલે તેનો રચનાકાળ સત્તર યા અઢારમા સૈકાનો માની, દંતકથા આધારે ઉપસ્થિત થયાનું સ્વીકારે !

રા. ગોકુલદાસ ન્હાનજી ગાંધીની સંગ્રહીત હસ્તલિખિત 'વનરાજવૃત્તમ્' નામે પ્રતિનો રચનાકાળ વિ. સં. ૧૪૦૭ની આસપાસનો મનાયો છે. તે સમયે અંબાસણ(તા. મહેસાણા)માં મહેસાણા વસાવનાર મહેશજી ચાવડાની સત્તા હતી. મહેશજી અને દિલ્હીનો પાદશાહ ફીરોજશાહ સમકાલીન હતા. વનરાજના વંશજોમાં અદ્યાપિ પર્યંત કિંવા વિ. સં. ૧૩૫૩થી ૧૪૬ વર્ષ દરમિયાન અંબાસણના પાંચ× ચાવડા શાસનકારો પૈકી કોઇનું નામ ચામુંડ કે ચંડ ન હતું.

પૂર્વે ભિન્ન ભિન્ન સમયાન્તરે ચાવડાસત્તા ચાહટગઢ,[1] સેણુગઢ,[2] આબુની આસપાસનો પ્રદેશ, ગાજણગઢ,[3] ભિન્નમાલ[4] તેમ જ કાઠીઆવાડમાં દેવપટ્ટણ, વર્ધમાન, વંથલી, વેરાવળ, ઘુમલી ઇ. સ્થળો હોવાનાં ઐતિહાસિક પ્રમાણો અત્ર-તત્ર વિદ્યમાન છે.

ચાવડાઓના પરિયાગતિ બારોટના પ્રાચીન અને વિરાટ સ્વરૂપ ચોપડાઓના આધારે પણ ફલિત થાય છે કે, 'વનરાજવૃત્તમ્'ની હકીકત ગમે તેટલી પ્રાચીન મનાય તો પણ તેમાંનાં ચામુંડ અને ચંડ નામો તેમ જ તેમનો અંબાસણ સાથેનો મેળ તદ્દન અસંબંધક હોઈ વિશ્વસનીય તો નથીજ.

બીલોદરા
તા. ૧-૮-૩૭ } નથુસિંહ હ. ચાવડા

***

× છેલ્લા રાજા સુરસિંહજી ચાવડાએ વિ. સં. ૧૬૬૫માં પોતાની રાજ્યગાદી અંબાસણથી ઊઠાવી માણસા (સાબરકાંઠા) કરી. માણસા સંસ્થાન પર આજે પણ નવાગત રાજાને રાજતિલક જ્યારેત્યારે અંબાસણના વતની અમુક કુટુંબના હાથે કરાવવાની પ્રણાલિકા પ્રચલિત છે.

૧ માનભૂમ જિલ્લાન્તર્ગત હાલનું ચાહટા.

૨ જયપુર રાજ્યાન્તર્ગત આ ગ્રામ હતું.

૩ માલપુર (મારવાડ) પાસેનું હાલનું ગાજણા.

૪ જોધપુર પાસેનું જુગજુનું ભિન્નમાલ.

(૪)

નાકર અને નરહરિનો સમય

કલકત્તા યુનિવર્સિટી તરફથી આપણા જાણીતા વિદ્વાન ડો. એરચ. જહાંગીર સોરાબજી તારાપોરવાળાએ Selections from Classical Gujarati Literatureનો ત્રીજો ગ્રંથ પ્રસિદ્ધ કર્યો છે. આ ગ્રંથમાં એમણે ઇસ્વીની સત્તરમી, અઢારમી અને ઓગણીસમી સદીના કવિઓની કૃતિઓમાંથી વાનગીઓ આપી છે. પ્રથમના બે ગ્રંથોની માફક આ ગ્રંથમાં પણ ઘણી સારી વરણી કરવામાં આવી છે. એમની સામાન્ય પદ્ધતિ પ્રમાણે ડો. તારાપોરવાળાએ તે તે કવિનો ટૂંકો પરિચય આપવાનો પ્રયત્ન કર્યો છે, જે સામાન્ય રીતે કવિનો સમય અને કૃતિઓનાં નામમાં પરિમિત છે. બીજા કવિઓના વિષયમાં તો યોગ્યજ વિધાનો રજૂ થયાં છે અને યોગ્યજ રીતે કવિ દયારામને તે યુગના છેલ્લા એકલા અને અજોડ પ્રતિનિધિ તરીકે રજૂ કરવામાં આવ્યો છે; પણ શામળ પછીના કવિઓમાં નાકરને ગણવામાં આવ્યો છે, એ જ્યારે જોવામાં આવે છે, ત્યારે ખરેખર આશ્ચર્ય ઉત્પન્ન થાય છે. તેજ સ્થિતિ નરહરિની છે. આ બંને કવિઓ ઈસ્વીની સત્તરમી સદીના નહીં, પણ ૧૬ મી સદીના છે. નાકર સોળમી સદીની વચ્ચેની બે પચીશીઓ રોકે છે, જ્યારે નરહરિ એજ સદીની છેલ્લી પચીશી અને સત્તરમી સદીની પહેલી પચીશીનો અમુક ભાગ રોકે છે. નરહરિએ સં. ૧૬૭૭માં ગીતા રચેલી એ વસ્તુનો તો ખુદ ડો. તારાપોરવાળાએ સ્વીકાર કર્યો છે, છતાં તે બંને કવિઓને શામળ પછી કેમ જણાવવામાં આવ્યા છે, તે સમજી શકાતું નથી. અમદાવાદની ગૂજરાત વર્નાક્યુલર સોસાઇટી અને મુંબઈની ફાર્બસ ગૂજરાતી સભા તરફથી પોતપોતાના હસ્તલિખિત પુસ્તકોના સંગ્રહોની જે સૂચીઓ પ્રસિદ્ધ થઈ છે, તે ઉપરથી અત્યારે ઘણાખરા કવિઓના સમયનો નિરધાર થઈ જાય છે. આ સૂચીઓ ડો. તારાપોરવાળાના જોવામાં આવી જણાતી નથી.

સાહિત્યમંદિરના સોપાને : ગુજરાતી : ૧૮-૭-૩૭, પાનું ૧૧૨૦] **સાહિત્યવત્સલ**

***

(૫)

વલ્લભી રાજાઓ મૈત્રક વંશના હતા ?

આ જાતનો પ્રશ્ન મુંબઇના પ્રિન્સ ઓફ વેલ્સ મ્યુઝિઅમના સહાયક પુરાતત્ત્વશાસ્ત્રી શ્રી રણછોડલાલ ધ. જ્ઞાનીના શ્રી ફાર્બસ ગૂજરાતી સભાના મુખપત્ર "ત્રૈમાસિક"માં વર્ષ ૨ અં. ૧ પ્રકટ થયેલા 'ગુજરાતનું શિલ્પ-સ્થાપત્ય' એ લેખમાં આવેલું 'વલ્લભીનો મૈત્રક રાજાઓ'એ મથાળું જોતાં સહસા ઉત્પન્ન થાય છે. આ લેખ શ્રી ફાર્બસ ગૂજરાતી સભાના "ત્રૈમાસિક"ના આ વર્ષના જુલાઈ-સપ્ટેમ્બરના અંકમાં છપાયેલો છે. અત્યાર સુધીમાં વલ્લભી વંશના શાસકોનાં જેટલાં તામ્રપત્રો હાથ લાગ્યાં છે, તેમાં મૈત્રકોને 'અમિત્ર' તરીકે અને વલ્લભીવંશના સંસ્થાપક ભટ્ટાર્કે તેને 'પ્રસભ-પ્રણત' કર્યા તેવો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. સૌરાષ્ટ્રમાંના બલિષ્ઠ મૈત્રકોનો પરાભવ કરીને ભટ્ટાર્કે વલ્લભીપુર હસ્તગત કર્યું હતું, એ વસ્તુ સારી રીતે સ્વીકૃત થઈ મનાય છે, અને તેથીજ રા. ગોવિંદભાઈ હાથીભાઈ દેશાઇએ ગૂજરાત વર્નાક્યુલર

સોસાઇટી તરફથી પ્રસિદ્ધ થયેલા 'ગૂજરાતનો પ્રાચીન ઇતિહાસમાં'માં મૈત્રકો અને મિહિરો એક હોવાનું વિધાન સ્વીકાર્યું છે. તોરમાણ અને તેના પછી તેના પુત્ર મિહિરકુલના લાટ અને સૌરાષ્ટ્ર પરના હુમલાઓ થયા તેની સાથે એ મૈત્રકો કિંવા મહિરો સૌરાષ્ટ્રમાં આવી વસ્યા અને જોતજોતામાં જોર પર આવી ગયા. જોકે ગુપ્ત અને વલ્લભી સંવત્સરને એક માનતાં બુધગુપ્તના સમયમાંજ ભટ્ટાર્કનો પુત્ર દ્રોણસિંહ વલ્લભીપુરનો શાસક હતો–મનાતો હોવાથી વચ્ચેના ગાળામાં ભટ્ટાર્કે પરાસ્ત કરેલા કોઈ મૈત્રકોની સ્થિતિજ શંકાશીલ બને છે; આમ છતાં ફ્લીટની તે થીયરીને કદી અસ્તિત્વમાં આવેલી ન માનીએ અને ગુપ્ત સંવત્સરની વલ્લભી સંવત્સરને બદલે વિક્રમ સંવત્સરની સાથે અનન્યતા માનીએ તો બુધગુપ્ત અને વલ્લભી મહારાજા દ્રોણસિંહ વચ્ચે લગભગ ૩૭૫ વર્ષ જેટલો ગાળો રહે; તોજ સૌરાષ્ટ્રમાં બલિષ્ઠ મૈત્રકોનું રાજ્ય સંભવે અને તેઓનો પરાજય કરી ભટ્ટાર્કે લબ્ધપ્રતાપ બની રાજ્યશ્રી પ્રાપ્ત કરી સંભવે. વલ્લભીનાં તામ્રપત્રો ભટ્ટાર્કાદિને મૈત્રકવંશી નથી આપતાં લાગતાં, પણ મૈત્રકોના દુશ્મન ગણતાં લાગે છે; રા. દેશાઈ વગેરે માને છે તે પ્રમાણે આવી પરિસ્થિતિમાં વલ્લભી રાજાઓ મૈત્રક વંશના કેવી રીતે હોઈ શકે? હિંદુસ્તાનનો પ્રાચીન ઇતિહાસ ડખોળાયેલો છે, તેના કરતાં પણ લાટ અને સૌરાષ્ટ્રનો ઇતિહાસ વધૂ ડખોળાઈ ગયેલો છે; પણ આપણા વિદ્વાનોની સ્વતંત્ર રીતે આ વિષયમાં ઊંડા ઊતરવાની વૃત્તિ બહુજ સ્વલ્પ પ્રમાણમાં અનુભવાય છે. આપણા વિદ્વાનો આ આપણાજ વિષયમાં કયારે ઊંડા રસ લેતા થશે?

સાહિત્યમંદિરના સોપાને : ગુજરાતી : ૧૮-૭-૩૭ પા. ૧૧૨૦-૧૧૨૧] **સાહિત્યવત્સલ**

***

(૬)

કુમારપાળ અને કુમારવિહાર

શ્રી ફાર્બસ સભા "ત્રૈમાસિક"ના છેલ્લા અંકમાં શ્રી. જ્ઞાનીના 'ગુજરાતનું શિલ્પ-સ્થાપત્ય' એ નિબંધમાં કુમારપાલે એક 'કુમારવિહાર' બંધાવ્યાનો ઉલ્લેખ વાંચવામાં આવ્યો. મેરુતુંગ તે પ્રભાસપાટણમાં જણાવે છે; ત્યાં અનેકવાર ગયા છતાં અને ત્યાંનાં ઘણાંખરાં સ્થાનો જાતે વિલોકયાં હોવા છતાં આવાં કોઈ સ્થાનના વિષયમાં કશી ભાળ મળેલી નહીં. જૈન રાજા=મહારાજાઓ અને ધનિકો તરફથી આવા વિહારો બંધાવવાનો રિવાજ જૂના કાળથી ચાલ્યો આવ્યો છે. અન્યાન્ય જૈન પ્રબંધોમાં આવા વિહારો ઉલ્લિખિત છે. ભરૂચના શકુનિકા-વિહાર અને પાટણના મૂષકવિહારથી ઇતિહાસજ્ઞો સારી રીતે વાકેફ છે. આવા વિહારોમાં જૈન સાધુઓ આવી રહેતા અને ચાતુર્માસ પૂર્ણ થયે અન્યત્ર વિહાર કરી જતા. "કુમાર-વિહાર' પણ પ્રભાસમાં કુમારપાળ તરફથી બંધાવવામાં આવ્યો હોય તો તેમાં જૈન સાધુઓ અવશ્ય ઊતરતા હોવા જોઇએ. "પ્રબંધચિંતામણિ"માં "કુમારવિહાર–પ્રાસાદ"નો ઉલ્લેખ છે. "પ્રબંધચિંતામણિકારના જણાવ્યા મુજબ "કુમારવિહાર–પ્રાસાદ"માં બૃહસ્પતિ નામનો ગંડ રહેતો હતો. તેના ઉપર શ્રીહેમચંદ્રાચાર્યજીની અકૃપા થવાથી તે 'ભ્રષ્ટપ્રતિષ્ઠ' થયો હતો અને પાછળથી અણહિલ્લપુરમાં ગયા બાદ આચાર્યને નમ્યો અને તે પછી આચાર્યશ્રીની કૃપા થયે રાજાએ તેના અસલ સ્થાને તેની નિયોજના કરી હતી. પ્રભાસપાટણમાંના ભદ્રકાલી મંદિરના દ્વાર પરના વ. સાં ૮૫૦ (વિ. સાં. ૧૨૨૫)ના

શિલાલેખમાં જે સુપ્રસિદ્ધ ભાવ બૃહસ્પતિનું નામ આવે છે, તે આજ વ્યક્તિ છે; કેમકે તે શિલાલેખમાં પણ તેને "ગંડ શ્રીભાવ બૃહસ્પતિ" કહ્યો છે. મેરુતુંગના જણાવ્યા પ્રમાણે ગંડ બૃહસ્પતિ કુમારવિહાર–પ્રાસાદમાં રહેતો હતો. ઉપરિનિર્દિષ્ટ શિલાલેખમાં જણાવ્યા પ્રમાણે ભાવ બૃહસ્પતિ ચુસ્ત શૈવ હતો; તેના કહેવાથી કુમારપાળે સોમનાથના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો; એટલુંજ નહીં પણ તેજ સમયે નવા વસેલા એ સોમનાથપાટણ— તે વખતમાં દેવપત્તન તરીકે પ્રસિદ્ધ–ને ફરતો કિલ્લો પણ કરાવી આપ્યો હતો. મેરુતુંગ તો સ્પષ્ટ કહે છે કે ભાવ બૃહસ્પતિ કુમારવિહાર–પ્રાસાદમાં રહેતો હતો; એટલે એમ માનવામાં જરાયે વાંધો નથી કે પ્રભાસપાટણમાં જો કુમારવિહાર હોય તો તેમાં માત્ર જૈનસાધુઓજ રહેતા એવું નહીં. ત્યારે શું એ વિહાર કોઈ જાહેર મુસાફરખાનું હશે ? પણ મુસાફરખાનું હોય તો ત્યાં નિત્યવાસ કોઈનો સંભવે નહીં; જ્યારે ભાવ બૃહસ્પતિ તો ત્યાંજ રહેતો હતો, એટલુંજ નહીં એ સ્થાનનો કોઈ પદાધિકૃત હતો; અને તે ઉપરથી પદભ્રષ્ટ થયા બાદ પાછો મૂલપદાધિકૃત થયો હતો. તેના શિલાલેખમાં શ્રીસોમનાથનો "સુગૃહતપ્રાસાદ" તૈયાર કરનારા એ ભાવ બ્રહસ્પતિની "સર્વેશગંડેશ્વર" તરીકે વરણી કુમારપાલ તરફથી કરવામાં આવી હતી. એ ઉપરથી એમ તો ન હોઈ શકે કે કુમારવિહાર–પ્રાસાદ અને શ્રીસોમનાથ મંદિર પ્રાસાદ અનન્ય હતા ? ભૂપતિ કુમારપાલે કૈલાસ શૈલોપમ એવો શિવ–પ્રાસાદ કરાવ્યો હતો;વસ્તુસ્થિતિએ ભીમદેવે જે શિવાલયનો "રુચિરતર" મોટી પારોથી પૂર્વે જીર્ણોદ્ધાર કરાવ્યો હતો તે ફરી જીર્ણ થતાં (અથવા માની લઈએ કે ખડભડી જતાં) કુમારપાલે ભાવના કહેવાથી તેનો જીર્ણોદ્ધાર કરાવ્યો. આમ સ્વતંત્ર કોઈ કુમારવિહારની ત્યાં રચના સંભવતી નથી. પ્રભાસપાટણનાં જૈન દેરાસરો પુરાણાં છે અને તેમાં છેક વિક્રમની ૧૪ મી શતાબ્દીના લેખો જળવાઈ રહેલા છે; તેમાં કોઈ કુમારવિહાર–વિષયક ઉલ્લેખ પ્રાપ્ત નથી. આમ સ્વતંત્ર કુમારવિહારના અસ્તિત્વની માન્યતા શંકાશીલ બને છે. ખરૂં જોતાં શ્રીસોમેશ્વર–પ્રાસાદની કુમારપાળ તરફથી થયેલી ઐતિહાસિક રચનાની પ્રતિસ્પર્ધામાં ત્યાં કુમારપાળે કુમારવિહાર રચ્યો હોવાની માન્યતા જૈન પ્રબંધોમાં અનુસરાઈ લાગે; ખરૂં શું હશે ?

* * *

જોકે જૈન પ્રબંધોને અનુસરી અત્યાર સુધી એમજ મનાતું આવ્યું છે કે શ્રીહેમચંદ્રાચાર્યજીના આશીર્વાદથી કુમારપાળને રાજ્યગાદી મળી હતી, છતાં કુમારપાળના સમયના સુપ્રસિદ્ધ શિલાલેખો જોવામાં આવે છે ત્યારે તે માન્યતાને જરા પણ ટેકો મળતો નથી. શિલાલેખો–કે જે તેના સમયમાંજ કોતરાઈ અન્યાન્ય સ્થળોમાં ચોઢવામાં આવ્યા હતા તેઓ–તો જુદીજ હકીકત રજૂ કરે છે. માંગરોલની સોઢડીવાવનો સાં. ૧૨૦૨ નો અને પ્રભાસપાટણ-ભદ્રકાળી મંદિરનો સાં. ૧૨૨૫ નો, બંને શિલાલેખો **राज्यसिंहासनम् आचक्राम झटिति** એવું કહે છે; જ્યારે બીજા કેટલાક શિલાલેખોમાં **उमापतिवरलब्धप्रसाद०** એવું વિશેષણ કુમારપાલ માટે આપવામાં આવ્યું હોય છે. શ્રીધરની સાં. ૧૨૩૩ ની દેવપત્તન પ્રશસ્તિમાં તો સિદ્ધરાજના શોભ નામક નાગર મંત્રીના પુત્ર વલ્લે કુમારપાળને સામ્રાજ્યાધિકૃત કર્યાનો ઉલ્લેખ છે. (સ્વ. વલ્લભજી હ. આચાર્યે પૂર્વે "નાગર ત્રૈમાસિક"માં આ વસ્તુ સૂચવેલી પણ છે.) અજયપાલ અને ભીમદેવના વખતના શિલાલેખોમાં અને તામ્રપત્રોમાં **उमापतिवरलब्धप्रसाद०** વિશેષણ વ્યાપક છે; અને ત્યાંના એ વિશેષણને તો અજયપાલ વગેરે જૈનદ્વેષી

હતા એટલે કદાચ આપણે એકપક્ષી માનીએ; પણ ખુદ કુમારપાળના સમયનાજ શિલાલેખોનું શું ? આ વિશેષણ કુમારપાલ પૂર્વેના રાજાઓને માટે (એક અપવાદ સિવાય) નથી વપરાયું એ ખાસ સૂચક છે. મને આશ્ચર્ય તો ત્યારેજ થયું કે નદ્રલપુરના પ્રાગ્વાટવંશીય શુભંકર નામના શ્રાવક અને તેના બે પુત્રોની વિજ્ઞપ્તિથી સાં. ૧૨૦૯ ની સાલમાં આઠમ—અગિયારશ—ચૌદશના દિવસોમાં નામ નહીં જણાયેલાં ત્રણ નગરોમાં અમારી–ઘોષણા પ્રવર્તાવતું એક શાસન આલ્હણદેવ નામનો કુમારપાળનો એક અમલદાર કરી આપે છે, તેમાં उमापतिवरलब्धप्रसाद० આ વિશેષણ કુમારપાળ માટે મળે છે, અને જયકીર્તિના દિગંબર ગણેશી રામકીર્તિએ રચેલી ચિત્તોડ નજીકના પહાડ પર આવેલા સમિદ્ધેશ્વર મહાદેવના મંદિરને કુમારપાળે કરેલાં દાનોનો ઉલ્લેખ આપતી સાં. ૧૨૦૭ વાળી ચિત્તોડગઢની પ્રશસ્તિમાં જોકે એવું કોઈ વિશેષણ નથી, છતાં તેમાં આરંભમાં ગણેશ અને સમિદ્ધેશ્વરની સ્તુતિ મળે છે, નહીં કે જિનેશ્વરની. કુમારપાળ જૈનજ હોય તો આવી સ્તુતિ, અને તે પણ પ્રશસ્તિકાર જૈન હતો એટલે કદાપિ મળે નહીં. ભદ્રકાળીના શિલાલેખની સાલ સાં. ૧૨૨૫ સુધીયે કુમારપાળે સ્વતંત્ર રીતે જૈનધર્મ સ્વીકાર્યો હોય તેવી એક પણ સાબિતી શિલાલેખાદિથી મળતી નથી. સૌથી પ્રથમ તેણે જૈનદીક્ષા લીધાનો સ્પષ્ટ ઉલ્લેખ યશઃપાલના "મોહરાજ પરાજય"માં આવે છે; જ્યાં તેણે સાં. ૧૨૧૬માં જૈનધર્મની રીતસરની દીક્ષા લીધાનું મનાય છે. આ નાટક સાં. ૧૨૩૨માં એટલે કુમારપાળના મૃત્યુ પછી ત્રણ વર્ષે રચાયલું છે. એને પ્રમાણ માનવું કે ૧૨૨૫ સુધીના શિલાલેખોને પ્રમાણ ગણવા ? પ્રબોધચિંતામણિકાર મેરુતુંગે સોમનાથના કાષ્ઠપ્રાસાદનો શ્રીહેમચંદ્રાચાર્યના ઉપદેશથી જીર્ણોદ્ધાર કર્યાનો અને ત્યાં કોઈ પૂજારીની ચઢામણીથી કુમારપાળે શ્રીહેમચંદ્રાચાર્યને શિવસ્તુતિની પ્રેરણા કર્યા વગેરેની ચમત્કારિક હકીકતો નોંધી છે; પણ ભદ્રકાળીના શિલાલેખથી એવી કોઈ હકીકતની સંભાવાનાને પુષ્ટિ મળતી નથી. મુદ્દે કુમારપાળે જીર્ણપ્રાસાદનો જીર્ણોદ્ધાર કર્યો તે કાષ્ઠપ્રાસાદ નહીં, પણ ભીમદેવે "રુચિરતર શિલાઓ"નો જીર્ણોદ્ધૃત કરેલો શિલા–પ્રાસાદ હતો. મોટી મુશ્કેલી તો એ છે કે કુમારપાળે બંધાવેલા એક પણ જૈન મંદિરનો અદ્યાપિપર્યંત પત્તો લાગ્યો નથી. ત્યારે સમઝવું શું ? કુમારપાળના જેટલા શિલેલેખો છે, તેમાં પ્રાયઃ શિવસ્તુતિજ આવતી હોવાથી તે શૈવ હતો એમ જૈન પ્રબંધોની વિરુદ્ધ જઈ સ્વીકારવું ? કુમારપાળની વડનગરની પ્રશસ્તિવાળો શ્રીધર અને પ્રભાસપાટણ ભદ્રકાળીના શિલાલેખમાંનો ભાવ બૃહસ્પતિ એ બંનેનો સિદ્ધરાજ જયસિંહે બંધુ તરીકે સ્વીકાર કર્યાનો એ બંને શિલાલેખો ઉલ્લેખ કરે છે. કુમારપાળના સમયમાં પણ એ બંને જીવતા છે અને સારૂં માન પામેલા છે. આ શિલાલેખો અને જૈન પ્રબંધોનો મેળ સાધવો હોય તો કુમારપાળને સર્વધર્મસહિષ્ણુ સ્વીકારવો જોઇએ. તેથી કદાચ તેણે જૈનધર્મની દીક્ષા ન લીધાનું પ્રાપ્ત થાય તો તે એકવાર સદ્ધર નિષ્પક્ષપાત પુરાવાને અભાવે સ્વીકારવું પડે.

* * *

"ઉમાપતિવરલબ્ધપ્રસાદ૦" પરમમાહેશ્વર કુમારપાળને રાજ્યાધિકાર–પ્રાપ્તિમાં શ્રીહેમચંદ્રાચાર્યજીના શુભાશીર્વાદની અને તેને અંગે લેવામાં આવેલી યુક્તિઓની કબૂલાત આપવામાં શી હાનિ ? પણ શક્ય છે ત્યાંસુધી એટલો બધો પ્રભાવ કુમારપાળ ઉપર શ્રીહેમચંદ્રાચાર્યજીનો હોવા સંભવ તો નથી; કેમકે જો એમ હોય તો મેરુતુંગ જણાવે છે તે પ્રમાણે

કુમારપાળે શ્રીહેમચંદ્રાચાર્યજીને શિવસ્તુતિ કરવા પ્રેરણા કરી તે નજ કરી હોત. "અમારી" પ્રવર્તાવવા માત્રથી જૈનત્વ આવતું હોય તો સાં ૧૫૦૭ માં જૂનાગઢમાં અમુક દિવસો માટે "અમારી" પ્રવર્તાવનારા મંડલિકને પણ જૈનત્વ પ્રાપ્ત થાય; તેથી ઊલટું આબુગિરિ-પરનાં જૈન મંદિરોની રચના કરનારા વસ્તુપાલ તેજપાલના સાં. ૧૨૮૭ ના શિલાલેખમાં સરસ્વતી અને ગણેશની સ્તુતિ પ્રાપ્ત થતી હોવાથી તે ભાઇઓનું જૈનત્વ ન સંભવે. ખરૂં જોતાં આમાં સર્વધર્મસહિષ્ણુતા અને રૂઢિનું અસ્તિત્વ સંભવે છે; કેમકે એમ ન હોય તો પ્રભાસપાટણમાં શ્રીકાનજી ભટ્ટને ત્યાં, તેજપાલના સાં. ૧૨૯૧ ની છાપવાળા ગણેશના અસ્તિત્વની સંભાવનાજ નહોય. એ ગણેશની મૂર્તિની પડઘીમાં તેજપાલના નામનો ઉલ્લેખ મને તો ભારે મહત્ત્વનો જણાય છે. તે ઉપરથી તે કાળમાં સર્વધર્મસહિષ્ણુતા કેટલી વ્યાપક હતી, તે સમઝવામાં આવે છે; અને તેથીજ વડનગરની પ્રશસ્તિમાં શ્રીપાલ કુમારપાળને **श्रीसोमेश्वरदत्तराज्यविभव** એવું જે વિશેષણ કુમારપાળના સમયમાંજ લખી શિલાકૃષ્ટ કરે છે, તેની પ્રામાણિકતા સર્વાન્યપ્રમાણમૂર્ધન્ય રહે છે. આજ વિધાનને, કુમારપાળના સમય-માંજ લખાયેલાં કોઈ બીજાં સાધનથી ખોટું પાડવામાં ન આવે, ત્યાંસુધી તો તટસ્થ દૃષ્ટિએ સ્વીકારવામાં બાધ ન હોય. ઇતિહાસમાં નિષ્પક્ષપાત પુરાવાઓજ સ્વીકાર્ય હોય છે; સાંપ્રદાયિક ગ્રંથોમાં અતિશયોક્તિનો સંભવ રહે છેજ, એ કાંઈ થોડું અજાણ્યું છે? આવાં વિરુદ્ધાવિરુદ્ધ વિધાનો તરફ ગૂજરાતના જાણીતા પુરાતત્ત્વશાસ્ત્રીઓ મુનિશ્રી જિનવિજયજી, આચાર્ય ગિરિજાશંકર વલ્લભજી, શ્રી રણછોડદાસ જ્ઞાની, શાસ્ત્રીજી દુર્ગાશંકર, જાણીતા નવલકથાકાર શ્રી ચૂનીલાલ વ. શાહ. અને પ્રભાસપાટણવાળા શ્રી. હરિશંકર શાસ્ત્રી વગેરેનું ધ્યાન ખેંચું છું. તેઓના સમૃદ્ધ જ્ઞાનમાંથી આ કોયડો ઊકલવાની આશા કોણ ન સેવે?

સાહિત્યમંદિરના સોપાનેઃ "ગુજરાતી" તા. ૨૯–૭–૩૭, પાનાં ૧૩૭૫–૭૬] **સાહિત્યવત્સલ**

***

(૭)

કુમારપાળે જૈનધર્મની દીક્ષા ક્યારે લીધી?

શ્રી ફાર્બસ સભા "ત્રૈમાસિક"ના છેલ્લા અંકમાં શ્રી જ્ઞાનીએ જે કુમારવિહારનો ઉલ્લેખ કર્યો છે, તે કુમારવિહારના વિષયમાં તપાસ કરતાં તે વખતે (એટલે કે છેલ્લાના આગલા અંકમાં) મેરુતુંગનો "પ્રબંધચિંતામણિ" જોવામાં આવેલો અને તેથી તે પ્રભાસ-પાટણનો કુમારવિહાર હોવો જોઇએ, તેમ મેં માનેલું. શ્રી જ્ઞાનીએ પ્રભાસપાટણમાં કુમાર-વિહાર હોવાનું જણાવ્યું નથી, પણ સામાન્ય ઉલ્લેખ માત્ર કર્યો છે. આ કુમારવિહારના વિષયમાં વધૂ તપાસ કરતાં શ્રીહેમચંદ્રાચાર્યજીના જણાવ્યા મુજબ તે અણહિલ્લપાટણમાંજ હોવાનું સમઝાય છે. "પ્રાકૃત દ્વયાશ્રય કાવ્ય"ના બીજા સર્ગના ૩૯મા શ્લોકમાં कुमरविहारનો ઉલ્લેખ છે અને કુમારપાળ પોતાના નામ ઉપરથી બંધાવેલા એ વિહારમાં ચૈત્યવન્દનાદિક માટે જતો એ વગેરે ત્યાં જણાવવામાં આવ્યું છે. શ્રીહેમચંદ્રાચાર્ય કુમારપાલના મૃત્યુ પહેલાં ૭ માસ ઉપર દેવ થયેલા હતા, અને તેથી તેમનું વિધાન વ્યાજબી ઠરે છે. આવી સ્થિતિમાં મેરુતુંગ સોમનાથપાટણના કુમારવિહાર–પ્રાસાદની જે વાત કરે છે, તે બંધબેસતી થઈ શકતી નથી. પ્રભાસપાટણમાં કુમારવિહાર હોય અને ત્યાં મેરુતુંગના જણાવ્યા મુજબ

ભાવ બૃહસ્પતિ ગંડ રહેતોજ હતો એટલે તે સામાન્ય મુસાફરખાનાથી કદાચ વિશેષ નહોય. અણહિલ્લપાટણમાં કુમારવિહાર હોવાનો બીજો પુરાવો સોમપ્રભના 'કુમારપાલપ્રતિબોધ'માંથી પ્રાપ્ત થાય છે. ગાયકવાડ ઓરિએન્ટલ સીરીઝમાં છપાયેલા તે ગ્રંથના પૃ. ૧૪૪મા ઉપર તેનો ઉલ્લેખ મળે છે. સોમપ્રભાચાર્ય પણ કુમારપાલના સમકાલીન હતા; જોકે કુમારપાલ-પ્રતિબોધ તેમણે સાં. ૧૨૪૦ આસપાસ પૂરો કર્યો હોવાનું મનાય છે. કુમારવિહાર અણહિલ્લપાટણમાં હોવાનો ત્રીજો પૂરાવો અજયપાળના મંત્રી ધનદેવના પુત્ર યશઃપાલના રચેલા "મોહપરાજય" નાટકના ૩જા અંકના ૫૭મા શ્લોકમાં મળે છે. વનરાજે સંસ્થાપતિ કરેલા અણહિલ્લપાટણમાં તે હોવાનું કવિ ત્યાં જણાવે છેજ; પરંતુ એજ નાટકના આરંભમાં સૂત્રધારના કથન મુજબ એ કુમારવિહાર "मरुमण्डलकमलामुखमण्डनकर्पूरपत्राङ्कुरथारापद्र"માં પરિષ્કૃત થયેલો મળે છે, અને એ નાટક ત્યાંના એ કુમારવિહારમાં ભજવાયું જણાવાય છે. "મોહપરાજય" નાટકની રચના સાં. ૧૨૨૯થી ૩૨ સુધીમાં થયેલી છે. એજ કાળ અજયપાળનો છે. મેરુતુંગની હકીકત લક્ષ્યમાં લેતાં સોમનાથપાટણનો પણ કુમારવિહાર ગણાય; એટલે સોમનાથપાટણ, અણહિલ્લપાટણ અને થરાદ (પાલણપુર એજન્સી) એમ ત્રણ સ્થળે જુદા જુદા ત્રણ કુમારવિહાર સમજાય છે. શ્રીહેમચંદ્રાચાર્ય અને સોમપ્રભાચાર્ય તો એકજ કુમારવિહાર જણાવે છે. એ કેમ બન્યું હશે ?

* * *

સિદ્ધરાજ જૈનધર્મની સરાહના કરનારો હતો અને તેણે બે વિહારો—સિદ્ધપુરમાં સિદ્ધવિહાર અને અણહિલ્લપાટણમાં રાજવિહાર—બંધાવ્યા હતા. શ્રીહેમચંદ્રાચાર્યને માટે તેને અસાધારણ માન હતું; તેમજ શ્રીહેમચંદ્રાચાર્યને સિદ્ધરાજ ઉપર પણ અસાધારણ પ્રેમ હતો, તે તેમના વ્યાકરણ સાથે "સિદ્ધહેમ" એમ સિદ્ધરાજનું નામ જોડ્યું છે, તેના ઉપરથી સમજાય છે. શિલાલેખોમાં જણાવ્યા પ્રમાણે ઉમાપતિના વરદાને કુમારપાળને રાજ્ય મળ્યું અને તેણે પણ સિદ્ધરાજની જેમ—બલ્કે તેથી વધૂ પ્રમાણમાં શ્રીહેમચંદ્રાચાર્ય તરફ માન ચાલૂ રાખ્યું. દ્વ્યાશ્રય, કુમારપાલપ્રતિબોધ અને મોહપરાજય જોતાં તો લગભગ આરંભથીજ કુમારપાળ જૈનદીક્ષાવાળો પ્રાપ્ત થાય છે. એ ત્રણે ગ્રંથમાં વ્યક્ત થતા વિધાનને આપણે સત્યજ માનવાં કે એકદેશી? અમારી—ઘોષણાને લગતા જે બે શિલાલેખો મોહપરાજયના પરિશિષ્ટમાં પ્રસિદ્ધ થયા છે (જેમાંનો બીજો ગૂજરાતના ઐતિહાસિક લેખોના ભાગ ૨ જામાં છે અને જેનો ગયાના આગલા અંકમાં ઉલ્લેખ થયેલોજ છે) તેમાં કુમારપાલને पार्वतीपतिवरलब्धप्रौढप्रताप અને उमापतिवरलब्धप्रसादप्रौढप्रताप જણાવવામાં આવ્યો છે. એ બંને શાસન કરાવનારા નદ્રૂલપુરવાસી પ્રાગ્વાટવંશીય શ્રાવક શુભંકર અને તેના પૂતિગ—સાલિગ એ બે પુત્રો છે. આમાંના પ્રથમના શિલાલેખમાં પિનાકી—શિવજીની સ્તુતિ છે. તે શાસન કોઈ પૂનપાક્ષદેવની મહારાજ્ઞી ગિરિજાદેવી કરી આપે છે, જ્યારે બીજું શાસન આલ્હણદેવનું છે. કુમારપાલે સા. ૧૨૦૭ માં ચિત્તોડના અર્ણોરાજ પર ચઢાઈ કરી ત્રિભુવનનારાયણાખ્ય શિવજીનાં દર્શન કરી ગામ ભેટ કર્યું, તે વીગત ધરાવતા શિલાલેખ પરથી શ્રી મોહનદાસ દ. દેસાઈએ "ગુજરાતી સાહિત્યના મધ્યકાલીન પ્રવાહ"માંના પોતાના લેખમાં કુમારપાળ "૧૨૦૦ સુધી અવશ્ય શૈવપક્ષી હતો એ સિદ્ધ થાય છે" એમ જણાવ્યું છે. જિનપ્રભસૂરિના જણાવ્યા મુજબ કુમારપાલે સાં. ૧૨૧૬ ના માગસર સુદિ ૨ ને દિવસે

દીક્ષા લીધેલી. આ દીક્ષા લીધા પછી તે જૈનજ હોવો જોઇએ; પણ ૧૨૨૫ માં સોમનાથ-પાટણમાં સોમનાથજીના મંદિરનો એ જીર્ણોદ્ધાર કરાવતો હોવાથી ૧૨૦૭ વાળી દલીલ મૂકતાં તે જૈન ન ઠરે. જૈનત્વ પછી તેનું उमापतिवरलब्धप्रसादत्व જૈન લેખો પૂરતું તો નજ હોવું જોઈએ. આમ છતાં સાં. ૧૨૨૫ ની જૈન હાથપ્રતિ સુધી પણ તે વિશેષણ ચાલૂ રહે છે, તે આપણને આશ્ચર્યમાં નાખી દે છે. જેસલમેર ભંડારમાંનાં. ૧૪૬ ની શાંતિસૂરિના "પૃથ્વીચંદ્રચરિત્ર" ની તાડપત્ર પર લખાયેલી નકલની પુષ્પિકામાં નીચેની હકીકત મળે છેઃ—संवत् १२२५ वर्षे पौष सुदि ५ शनौ अद्येह श्रीमदणहिलपाटके समस्तराजावलीविराजित-महाराजाधिराज परमेश्वरभट्टारकउमापतिवरलब्धप्रसादप्रौढप्रताप—निजभुजविक्रमरणांगणविजि-तशाकंभरीभूपालश्रीमत्कुमारपालदेवकल्याणविजयराज्ये तत्पादपद्मोपजीविनि महामात्यश्रीकुमरसीहे श्रीकरणादिके (પૃ. ૧૭) વગેરે આ પૂર્વેની સાં. ૧૨૧૫ માં લખાયેલી મમ્મટના કાવ્ય–પ્રકાશની પ્રતિ (નં. ૧૬૩ ની)માં પણ ઉપરનીને મળતી પુષ્પિકા છે, (થોડો પાઠ-ભેદ છે). જૈન હાથપ્રતિમાં આવો ઉલ્લેખ કેમ હોઇ શકે? સાં. ૧૨૨૫ સુધી તે પૂરો જૈન નહીં થયો હોય? એ પછીના ગાળામાં આ જૈન બન્યો? ચતુર્વિંશતિપ્રબંધમાં જણાવ્યા પ્રમાણે તો શાકંભરીના રાજા પર વિજય મેળવ્યો ત્યારે પણ ચઢાઇમાં શ્રીહેમ-ચંદ્રાચાર્યજી સાથે હતા, અને દેશનાદિક ચાલૂ હતાં, તો તે જૈન બન્યો ક્યારે? પ્રથમનાં વર્ષોમાં કે આખરનાં વર્ષોમાં? અને ત્યારે પ્રાકૃત દ્વયાશ્રયમાંનું ચૈત્યવંદનાદિ વગેરે વિધાન આખરનાં વર્ષોનું કે કુમારપાળના સમગ્ર રાજ્યકાળનું?

* * *

મહાવીરચરિતના ૧૨ મા અધ્યાયમાં શ્રીહેમચંદ્રાચાર્યે ભવિષ્યના બનાવ–રૂપે કુમાર-પાળના જિનધર્મપ્રવેશનો ઉલ્લેખ કર્યો છે, તેમજ પુરે–પુરે અને ગ્રામે–ગ્રામે જિનમંદિરો રચશે તેમ જણાવ્યું છે. આશ્ચર્ય એ છે કે જૈન વિદ્વાનોએ કુમારપાળને ચુસ્ત જૈન કહેલો છતાં તે ભાવ બૃહસ્પતિની ઇચ્છાને માન આપી સોમનાથપાટણમાં સાં. ૧૨૨૫ માં સોમ-નાથના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવે છે. સોમનાથ–મંદિરના જીર્ણોદ્ધારની હકીકત શ્રીહેમ-ચંદ્રાચાર્ય, સોમપ્રભાચાર્ય અને યશઃપાલ જણાવતા નથી; બીજા કોઈ જૈનેતર મંદિરના જીર્ણોદ્ધાર કે ગ્રામપ્રદાનાદિકનો પણ ઉલ્લેખ કરતા નથી; જ્યારે તે કાળના શિલાલેખો તેવી હકીકત જણાવેજ છે. મેરુતુંગ સોમનાથ–મંદિરના જીર્ણોદ્ધારની કથા લખે છે, એટલે સાં. ૧૨૨૫ વાળા શિલાલેખને પુષ્ટિ તો મળે છેજ. સામી બાજૂએ કુમારપાલે અનેક જૈનમંદિરો બંધાવ્યાં છતાં એકમાંથી પણ તેનો કોઈ શિલાલેખ પ્રસિદ્ધિમાં આવ્યો જાણવામાં નથી, એ ભારે નવાઇની વાત છે. એટલું તો અવશ્ય સ્વીકારવું જોઇએ કે કુમારપાલ જૈન મંદિરોમાં જઈ જૈનાચાર્યોનાં વ્યાખ્યાનો સદ્ભાવપૂર્વક શ્રવણ કરતો હતો અને ધાર્મિક ચર્ચાઓ કરતો, તેટલાજ માનથી કે જેટલા માનથી સોમનાથના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવવામાં, સમિદ્ધેશ્વરના મંદિરનો પુનરુદ્ધાર કરાવવામાં, ત્રિભુવનનારાયણાખ્ય શિવનાં દર્શન કરી ગ્રામપ્રદાન કરવામાં અને ભાવ બૃહસ્પતિનો શિષ્ય બનવામાં તે તત્પર હતો. તેણે પોતાના શાસનકાળમાં બધા ધર્મો તરફ સહિષ્ણુવૃત્તિ જાળવેલી તે પણ ચોક્કસ. એનું આડકતરૂં એક વિધાન "મોહપરાજય" નાટકના ચોથા અંકમાં મળે છે પણ ખરૂં. યશઃપાલ

એક પાત્રના મુખમાં કુમારપાલદેવના રાજ્યમાં ૧૨ વર્ષને માટે દુર્ગુણોને દેશનિકાલ કર્યાની હકીકત મૂકે છે. એનો અર્થ એ કે યશ:પાલના સમયમાં દુર્ગુણો ફરી દેશમાં દાખલ થઈ ચૂકયા હતા. કુમારપાલ કૃપાસુંદરીને પરણ્યો. પછી ૧૨ વર્ષ દેશમાં પૂર્ણ શાંતિ રહેલી જણાય છે, તેનું આમાં ગર્ભિત સૂચન મને તો જણાય છે; જોકે યશ:પાલ એમ કહેવા માગે છે કે કુમારપાલ ચુસ્ત જૈન હતો, એટલે ૧૨ વર્ષ (તેની દીક્ષા)ના કાળમાં દુર્ગુણો દેશમાંથી દેશનિકાલ થયેલા; અને અજયપાલના શાસનારંભ સાથેજ દુર્ગુણો પાછા દેશમાં પ્રવિષ્ટ થયા. આમ કુમારપાલને સર્વધર્મસહિષ્ણુ સ્વીકારતાં પ્રાકૃત દ્વયાશ્રય, કુમારપાલપ્રતિબોધ અને મોહપરાજયમાં કુમારપાલના જૈનત્વ વિશેનાં વિધાનો એકદેશી માનવાં ખરાં કે નહીં ?

* * *

શ્રીધરની દેવપાટણ–પ્રશસ્તિની નકલ "ગૂજરાતના ઐતિહાસિક લેખો–ભાગ ૨ જા" માં છપાયેલી છે, તેમાં શોભનના પુત્ર વલ્લે स[म्मान]यां सुचिरमास कुमारपालं ॥ २५ ॥ એમ "લાંબા કાળ સૂધી કુમારપાલને માન આપ્યું" તેવું મળે છે. મોટા કૌંસમાં આપેલા અક્ષરો જોતાં મને એમ થયું કે ત્યાંના એ બે અક્ષરો શિલાલેખમાં લુપ્ત હશે, એ જાણવા પ્રભાસપાટણની રેવન્યૂ ઓફિસની ઓસરીમાં દીવાલ ઉપર ચોઢેલા એ લેખની પાટ જોવા ગયો; ત્યાં મારા આશ્ચર્ય વચ્ચે મને માલૂમ પડયું કે ત્યાં કોઈ અક્ષર ખંડિત થયેલો નથી. એ ચરણ सम्राजयां मास कुमारपालं ॥ २५ એમ છે અને મૂળ વૃત્ત "વસન્તતિલકા" હોવાથી અને આ ચરણ "ઇંદ્રવજ્રા"નું હોવાથી મૂળ શિલાલેખમાંજ या પર મીંડું કરી ઉપર ઘોડી કરી શિલાલેખ પૂરો થાય છે ત્યાં "सुचिर" શબ્દ ઉમેર્યો છે, એમ એ વાકય सम्राजयां सुचिरमास कुमारपालं ॥ २५ ॥ વાંચવાનું છે. પ્રથમના શબ્દમાં स અને जयां માટે જરાયે શંકા નથી. વચ્ચેનો જોડાક્ષર म्मा તો નથીજ, કેમકે પછી જ સ્પષ્ટ છે. એ અક્ષરમાં ઉપર म અર્ધો અને એ અર્ધા म ના જમણી બાજૂના નીચેના છેડાથી र વાળી લીધો છે; એમ म्रा આવો અક્ષર બન્યો છે એનો અર્થ સ્પષ્ટ છે કે વલ્લે કુમારપાળને સમ્રાટ થવામાં લાંબા કાળ સૂધી સાહાય્ય આપ્યું. વલ્લ કુમારપાળનો સચિવ હતો, તે ઉપરના ચરણનું આગલું ચરણ કહે છે:—यस्यात्मजः सचिवतामधिगम्य वल्लः । સાં. ૧૨૨૫ વાળી "પૃથ્વીચંદ્રચરિત્ર" ની પુષ્પિકામાં કુમરસિંહ નામના અમાત્યનો ઉલ્લેખ છે. એ શ્રાવક કદાચ હોઈ પણ શકે. અને એ તો સ્વીકાર્યજ છે કે સિદ્ધરાજથી જૈન સચિવો પણ હતાજ. જૈન અને જૈનેતર પ્રધાનોની મદદથી કુમારપાલ વિજયી બન્યો હતો, એ પણ એટલુંજ સ્વીકાર્ય છે; પણ તેથી એ માત્ર જૈન ધર્મીજ હોય એમ તટસ્થ પુરાવાને અભાવે કેમ સ્વીકારવું ? આ આખી ચર્ચાને અંતે નિષ્કર્ષરૂપે એ નીકળે છે કે (૧) કુમારપાલને રાજ્યપ્રાપ્તિ ઉમાપતિવરલબ્ધપ્રસાદે થઇ; (૨) નાગર સચિવ વલ્લે તેને સમ્રાટ્ થવામાં સાહાય્ય આપ્યું; (૩) કુપારપાલે પોતાના છેલ્લા દાયકામાં સર્વધર્મસહિષ્ણુતા પ્રસરાવી અને જૈન અને જૈનેતર ધર્મોને એક સરખું સન્માન આપ્યું; અને (૩) સ્વતંત્ર તટસ્થ પુરાવાને અભાવે તેણે કદાચ જૈન ધર્મની દીક્ષા ન લીધી હોય તો તે જરાયે અસંભવિત ન હોય.

સાહિત્યમંદિર સોપાને: 'ગુજરાતી" તા. ૧૨–૮–૩૭, પાનાં ૧૪૭૧–૭૨.] સાહિત્યવત્સલ

———o———

આપણા ઉજળિયાત તથા ઉતરતા વર્ણનાં લોકગીતો અને તેની સમીક્ષા

શ્રી ફાર્બસ ગુજરાતી સભાના આશ્રયે શ્રી બુદ્ધિવર્ધક વ્યાખ્યાનમાળાની જાહેર સભા તા. ૧૮–૭–૩૭ ને રવિવારે સાંજે પાા વાગે શ્રી ફાર્બસ ગુજરાતી સભામંદિરમાં મળી હતી. આ પ્રસંગે સભાના પ્રમુખ શ્રી. દિ. બા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી, એમ. એ. એલએલ. બી. પ્રમુખસ્થાને હતા. રાજકોટની આલ્ફ્રેડ હાઈસ્કુલના શિક્ષક, જેઓ મુંબઇ યુનીવર્સીટીના સોશ્યોલોજીના રીચર્સ સ્કોલર છે, અને કાઠિયાવાડના રબારીઓ તથા કોળીઓનાં લોકસાહિત્ય, લોકગીતો, સમાજબંધારણ, રીતરીવાજો, વગેરેનો અભ્યાસ કરે છે, અને એ સંબંધી કેટલીક માહિતીઓ એકઠી કરે છે, તે રા. ભગવાનલાલ લક્ષ્મીશંકર માંકડ, એમ. એ., બી. ટી., જેમને રાજકોટથી સભાએ નિમંત્રણ આપી ખાસ બોલાવ્યા હતા, તેમણે "આપણા ઉજળિયાત તથા ઉતરતા વર્ણનાં લોકગીતો અને તેની સમીક્ષા," એ વિષય પર ભાષણ આપ્યું હતું. આ પ્રસંગે ૭૦–૭૫ શ્રોતાઓ હાજર હતા. તેમાં રા. સા. મગનલાલ દલપતરામ ખખ્ખર, રા. મોરારજી મ. કામદાર એડવોકેટ, ડો. સી. જે. અવારી, રા. ગોકુળભાઈ દોલતરામ ભટ્ટ, રા. હર્ષદરાય ઝ. દેશાઈ, શ્રી ધર્મસુખરામ ત. ત્રિપાઠી, શ્રી ભાનુશંકર બા. વ્યાસ, શ્રી નટવરલાલ ઇચ્છારામ દેશાઇ, શ્રી બાબુભાઈ ઇચ્છારામ દેશાઈ, રા. રા. શંકરપ્રસાદ છગનલાલ રાવળ વગેરે જાણીતી વ્યક્તિઓ હાજર હતી.

આરંભમાં સહાયક મંત્રી રા. રા. **અંબાલાલ બુલાખીરામ જાની**, બી. એ. એ સભાનું પ્રયોજનપત્ર વાંચ્યું હતું.

વ્યાખ્યાતાનો પરિચય

પ્રમુખ શ્રી દિ. બા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીએ વ્યાખ્યાતાનો પરિચય આપતાં કહ્યું હતું કે,

રા. ભગવાનલાલ માંકડ રાજકોટની આલ્ફ્રેડ હાઈસ્કુલમાં શિક્ષક તરીકે કામ કરે છે. તેમને લોકસાહિત્યનો શોખ છે. મુંબઈની વિદ્યાપીઠે તેમને આ દિશામાં સંશોધન કરવાનું કામ સોંપ્યું છે. તેમને કાઠિયાવાડના રબારીઓ તથા કોળીઓનાં જીવનનો, તેમનાં સમાજશાસ્ત્રનો અને તેમનાં ગીતોનો જાતિઅનુભવ છે.

લોકગીતો એ લોકસાહિત્યનું એક અંગ છે. લોકસાહિત્ય ઘણું વિશાળ છે. આખું હિન્દુસ્થાન લોકસાહિત્યથી લચી ગયું છે. વેદકાળમાં લોકસાહિત્ય હતું. સંસ્કૃતસાહિત્યમાં લોકકથાઓનો ભંડાર છે. પ્રાકૃતમાં પણ તેમ છે. બુદ્ધના વખતનાં જાતકો પણ એ જ સાહિત્યનું અંગ છે. આપણા પ્રાંતમાં પણ ઘણું લોકસાહિત્ય મળી આવે છે. લગ્નગીતો, મરણ વખતે ગાવાના રાજીયા, અને બીજા સાંસારિક પ્રસંગોના રીતરિવાજમાંથી આપણી રહેણીકરણી સંબંધે ઘણું જાણવાનું મળે છે.

લોકસાહિત્યમાં ઇતિહાસ અને લોકમાન્યતાનું મિશ્રણ હોય છે. સાથે સાથે લોકગીતો, દૂહાઓ વગેરે આપણી ભાષાના ઇતિહાસ પર પણ પ્રકાશ નાંખે છે. દાખલા તરીકે ઈ. સ. ૧૨૦૦ થી ૧૫૦૦ સુધીમાં મધ્યમ રાજસ્થાનીમાં લખાએલા "ઢોલામારૂના દૂહા" લો.

આ પુસ્તક કાશીની નાગરીપ્રચારિણી સભા તરફથી હાલમાં શાસ્ત્રી સુરજમલ અને નરોત્તમદાસ નામના બે વિદ્વાનોએ પ્રકટ કર્યું છે. એ ઢોલામારૂના દૂહા કોણે લખ્યા, કયારે લખ્યા, તે નક્કી થઈ શકતું નથી. પરંતુ ભાષાશાસ્ત્રીઓ એજ ભાષા પરથી એને ઇ. સ. ૧૨૦૦ ૧૫૦૦ના અરસામાં રચાએલા ગણે છે. ઢોલામારૂના દૂહા જૈન કવિ વાચક કુશળલાભે વિ. સં. ૧૬૭૭માં ગુજરાતમાં પ્રચલિત દેશી ભાષામાં "ઢોલામારૂણી (મારવણીની) કથા ચોપાઈ" એ નામે જેસલમેરમાં લખી. મતલબ કે મધ્ય રાજ્યસ્થાનીમાં લખાતાં પુસ્તકોની માહિતી ગુજરાતીઓને હતી. ખરી રીતે તો તે વખતે ભાષા અને સાહિત્ય રાજસ્થાન અને ગુજરાતમાં લગભગ સરખાં હતાં એમ અનુમાન કરી શકાય, અને ખરી હકીકત તેમજ હશે. કારણ રાજકીય દૃષ્ટિએ તો તે સમયે ગુજરાત ને રાજપૂતાનાને ઘણો ગાઢ સંબંધ હતો, એમ કહી શકાય. વાચક કુશળલાભે તે વખતે રાજ્યસ્થાનમાં પ્રચલિત દૂહાઓની મદદ પોતાની 'ચોપાઇ'માં લીધેલી હોવી જોઇએ.

જેમ કાઠીઆવાડ, સિંધ અને પંજાબનો કેટલોક ભાગ લોકસાહિત્ય સંબંધે એકબીજા જોડે સંકળાએલા હતા તેમ જ ગુજરાત ને રાજ્યસ્થાન સંકળાયેલા હતા. લોકગીતની મૂળ ભાષામાં બંને પ્રાંતમાં વખતના વહેવા સાથે ફેર પડતો ગયો ને ભાષા ઘસાતી ગઈ, ગુજરાતી થતી ગઇ અને તેથી જાણે રાજ્યસ્થાની જૂદી હોય એમ લાગવા માંડયું. સ્વરૂપ પણ જૂદું ઘડાયું, પણ અસલ એક.

શ્રી ભગવાનલાલ લ. માંકડનું વ્યાખ્યાન

(આ આખુંયે વ્યાખ્યાન આ જ અંકમાં વિસ્તૃત છપાયું છે; જુઓ પા. ૨૯૯-૩૦૮)

શ્રી. ભગવાનલાલ લક્ષ્મીશંકર માંકડે તે પછી લગભગ પોણો કલાક પર્યંત ભાષણ કરતાં કહ્યું હતું કે,

૧૯૩૦-૩૫માં મુંબઈ યુનિવર્સીટી તરફથી મને કાઠીયાવાડના રબારી લોકોના રીતરિવાજનો સમાજશાસ્ત્રની દૃષ્ટિએ અભ્યાસ કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. ત્યાર પછી ૧૯૩૬-૩૭માં કાઠિયાવાડમાં કોળી લોકોના રીતરીવાજનો અભ્યાસ કરવાનું સમાજશાસ્ત્રની દૃષ્ટિએ કામ સોંપવામાં આવ્યું છે. રબારી, કોળી, મેર, ભરવાડ, કુંભાર વગેરે જ્ઞાતિઓમાં ફરવાનું શરૂ કરતાં મને તેમના સંબંધી માહિતી મેળવવામાં અને તેમનું લોકસાહિત્ય સમજવામાં વિશેષ રસ પડયો. આ પછી બ્રાહ્મણ, વાણીયા, લુવાણા વગેરે જ્ઞાતિઓનાં પણ લોકગીતો સાંભળવાનું તથા તેનો સંગ્રહ કરવાનું કામ શરૂ કર્યું.

આજે હું પહેલાં ઉજળિયાત વર્ણનાં ગીતો લઇશ. સંગ્રહ કરેલાં ગીતો જેમાંનાં કેટલાંક હું આપ સમક્ષ રજુ કરૂં છું, તે વિશેષે કરીને લગ્નપ્રસંગનાં છે.

આ પછી તેમણે ત્રણ ચાર ગીતો ગાતાં લોકહૃદયનું પ્રચ્છન્નધન અને તેની ખૂબી સમજાવતાં કહ્યું હતું કેઃ

આપણા કવિઓએ રાધાકૃષ્ણને નામે પોતાના હૃદયના ઉભરાઓ તથા પોતાની પ્રેમકથાઓ ગાયાં છે. એજ રીતે આપણા સમાજે રાધાકૃષ્ણ, ઈશ્વરપાર્વતી, રામસીતાનાં ગીતોમાં પોતાની અનુભવકથાઓ ગાઈ છે. આપણાં કેટલાંય ભાઈબ્હેનોએ પોતાના હૃદયનું પ્રચ્છન્ન ધન રામસીતા, ઈશ્વરપાર્વતી અને રાધાકૃષ્ણના ઓઠા પાછળ લોકચરણે ધરી દીધું છે. ઉજળિયાત વર્ણનાં ગીતોમાં મીઠી મજાક, નર્મ અને ઊંડો ગૃહસંતોષ ખાસ તરી આવે છે, આ ગીતોમાં મીઠાશ છે. અને તે ગાવાની લહેકમાં છે તે ખાસ અનેરી છે.

અપ્રસિદ્ધ કવિઓનું ઋણ

કલ્પનાપ્રદેશમાં વિહાર કરતી વાર્તાઓ વાંચી, આપણી દુનિયા સાથે એ પ્રદેશ સરખાવીએ છીએ, ત્યારે જેમ આપણાથી નિઃશ્વાસ નંખાઈ જાય છે, એમ આ ગીતો સાંભળતાં એકદમ એક અવર્ણ્ય આનંદ અનુભવાય છે; અને આજની સરખામણી કરતાં નિઃશ્વાસ મૂકી જવાય છે. પ્રેમાનંદ કે મીરાંએ પોતાનો વારસો ભાષાને પોતપોતાની મહોર—છાપ મારી આપ્યો છે. આજે પણ આપણે તેનાં ગુણગાન કરીએ છીએ; પણ આ ગીતના કવિઓ અને કવયિત્રીઓએ જે રીતે એ ગીતો આપણને અર્પ્યાં છે, તેમાં બિલકુલ નિષ્કામભાવ કે નિઃસ્વાર્થભાવ જ ઝળકી રહે છે. તેઓએ આપણને મોટા ઋણમાં મૂક્યાં છે, અને તે ઋણનો બદલો વાળવા જઇએ તો પણ વાળી શકીએ તેમ નથી. આપણી સાથે તેઓનો સંબંધ એક ધૂમકેતુ જેવો જ છે. આ ગીતોએ કેટકેટલાંનાં હૃદયમાં પ્રેમામૃત રેડ્યું હશે, કેટકેટલાંનાં હૈયાંમાં નવા પ્રાણ જગવ્યા હશે, કેટકેટલાંને શાંત આશ્વાસન આપ્યું હશે! આપણા પ્રસિદ્ધ કવિઓ કરતાં આ અપ્રસિદ્ધ કવિઓએ આપણા ઉપર અનેકગણો વધારે આભાર કર્યો છે. આપણે તેના વધારે ઋણી છીએ.

આવાં ગીતોનો ભંડાર વૃદ્ધ સ્ત્રીઓ પાસે છે અને તે તેમને ચરણે બેસીને એકઠો કરી લેવાની ખાસ જરૂર છે.

વક્તાનો આભાર

તેમનું ભાષણ પૂરૂં થયા પછી પ્રમુખશ્રીએ ઉપસંહાર કરતાં વ્યાખ્યાતાનાં કેટલાંક લોકગીતો ઉપરથી મળતી લોકરીવાજની માહિતી વિષે થોડુંક પ્રાસંગિક વિવેચન કર્યું હતું.

શ્રી. અંબાલાલ જાનીએ તે પછી એ વક્તાનો આભાર માનતાં કહ્યું હતું કેઃ

આપણાં લોકગીતોની બેઉ બાજૂઓ છે; ઉજળી તેમ કાળી. અત્યાર સુધી સુધારકોએ જૂના હિન્દુ સમાજને વગોવવાને તેના સંસાર, સમાજની કાળી બાજુ બહુધા બતાવી છે, જ્યારે આજના વક્તાએ આપણને ઉજળી બાજુનું દર્શન કરાવ્યું છે અને તે યોગ્ય છે. લોકગીતોમાં તે વેળાના સમાજના જીવનના ઉત્સાહ–ઉલ્લાસનાં પ્રતિબિંબો જળવાઈ રહેલાં છે. કહેવામાં આવે છે તેમ એ કાળે કવિમુખો કેવળ મૃત્યુના ભયના જ ભણકારાથી ભરેલાં ન હતાં. આજના વક્તા ભાઈ ભગવાનલાલ હવે પછી પોતાના સંશોધનનો વિશેષ લાભ આપણને આપશે એવી આશા છે.

લગ્નનાં લોકગીતો અને પૌરાણિક લગ્નવિધિ

શ્રી. નટવરલાલ ઇચ્છારામ દેસાઇએ વક્તાનો આભાર માનવાની દરખાસ્તને ટેકો આપતાં જણાવ્યું કે આપણાં લોકગીતોનો અભ્યાસ કરતાં એમ જણાય છે કે તેમાં ઉજળિયાત કોમના જે લગ્નાદિ પ્રસંગનાં ગીતો છે, તેનો સંબંધ પ્રાચીન વૈદિક અને પૌરાણિક લગ્નવિધિ અને પ્રથા સાથે છે. આવાં લોકગીતોનો સૌથી પ્રથમ સંગ્રહ કરનાર આપણા નાગર અર્વાચીન કવિ સ્વ. નર્મદાશંકર છે. તેમણે કરેલા સ્ત્રીગીતસંગ્રહનું નામ "નાગર સ્ત્રીઓમાં ગવાતાં ગીતો" છે. તે પછી ઘણી નાગર બહેનોએ એવા નાના મોટા સંગ્રહો કરેલા છે. વાંચતાં જણાય છે કે આ ગીતોનો સંબંધ વૈદિક—પૌરાણિક વિધિ, વ્રતોત્સવ, જન્મોત્સવ, ઉપનયન, વગેરે સાથે છે. દા. ત. આપણામાં કન્યા—રન્ના દેવનાં ગીતો છે. તે

સૌથી પ્રથમ લગ્નવિધિ કરનાર સૂર્યનારાયણ અને સંજ્ઞા-દેવીના વૈદિક પ્રસંગનું સ્મરણ કરાવે છે. તે પછી પુરાણકાળમાં આવતાં ઈશ્વર—સતીનો વિવાહ, ઈશ્વરપાર્વતીનો વિવાહ-પ્રસંગ ધ્યાન ખેંચે છે. આ વિવાહ કથામાં સાચી પ્રીતિવાળી પતિવ્રતા સ્ત્રીઓના તેના પતિ સાથેનો સંબંધ જન્મજન્માંતરમાં એકનો એક હોય છે. દક્ષકન્યા સતીનો મહાદેવ—ઈશ્વર સાથે લગ્નસંબંધ જોડાયો હતો. તે પછી સતી દક્ષયજ્ઞમાં બળી મુઆં, પણ પૂર્વભવની વાસનાના બળે પર્વતરાજ હિમાલયકુમારી તરીકે જન્મી, ફરી પાછાં મહાદેવને જ પરણ્યાં હતાં. આ પ્રસંગનાં ઘણાં લગ્નગીતો છે તે સ્ત્રીઓના પતિપરાયણવ્રતનાં માહાત્મ્યનાં સૂચક છે. ભીલ્લરાજ કુંવરી તરીકે પાર્વતી મહાદેવ સાથે પરિણય કરે છે તે ગુજરાતમાં આષાઢ માસમાં ઉજવાતા વ્રતની યાદ આપે છે. તે પ્રમાણે રામસીતાના, અને કૃષ્ણરૂક્મિણિના લગ્ન-પ્રસંગોનાં ગીતો ચાલે છે. સર્વ ગીતો કેવળ મનસ્વી હોતાં નથી, પણ પૃથક્ પૃથક્ શાખાના ગૃહ્યસૂત્રોની વિધિના પૂરક હોય છે. આ દૃષ્ટિબિંદુથી આપણા લગ્નાદિ સોહલાનાં ગીતોનો અભ્યાસ થવાની અગત્ય છે.

વક્તા ભાઈ ભગવાનલાલે લોકગીતોનો જે સંગ્રહ કર્યો છે, અને તે પાછળ શોધખોળ ચલાવી છે તે સ્તુત્ય છે, પણ તેમણે વ્યાખ્યાનદ્વારા જે એક પતિવ્રતા સ્ત્રીના સોણલાની વાત જણાવી છે, તે સંબંધમાં મારી માહિતિ આ પ્રમાણે છે:

એક ગરીબ પણ સંતોષી દંપતિ છે. સ્ત્રીને ભાગવતાદિ ગ્રંથ વાંચીને બદરીકાશ્રમથી માંડીને વૃંદાવન સુધીની યાત્રાનું મન થાય છે, અને તેને તેના સ્વપ્નાં લાધે છે. આ સ્વપ્નાં લાધવાની કથા પ્રાચીનકાળથી ચાલી આવે છે. બુદ્ધદેવની માતાને, અને જૈનોના ૨૪મા તીર્થંકર મહાવીર સ્વામીની માતા ત્રિશલા દેવીને ૧૪ દિવ્ય વસ્તુઓનાં સ્વપ્નાં લાધે છે, તેના જેવાં જ ઉક્ત દંપતિની કથામાં સ્ત્રીને તીર્થસ્થળોનાં સોણલાં લાધે છે. સ્ત્રી પોતાના પતિને તે તે સ્થાનોની યાત્રા કરવા વિનતિ કરે છે. ત્યારે પતિ તેને સમજાવે છે કે આપણી સ્થિતિ જોતાં તો તીર્થયાત્રા આપણે માટે હાલમાં શક્ય નથી, પરંતુ એ સર્વ તીર્થસ્થળો આપણા ઘરમાં જ બિરાજે છે; અને તેમની સેવામાં હાલ તું કૃતાર્થ થા. મને તો આ પ્રમાણે લાગે છે, કે તારા સસરાજી મેરૂ (કૈલાસ) પર્વત સ્થાને છે, અને સાસુજી માનસરોવર સ્થાને છે: ઇત્યાદિ; સારાંશ કે આપણે માટે તો 'મન ચંગા તો કથરોટમેં ગંગા' છે. આપણી આર્થિક સ્થિતિ સુધરતાં આપણે યાત્રાએ જઈશું. ત્યાં સુધી તું ધીરજ રાખજે.

આ પ્રમાણે પતિ પત્નીને તીર્થોનું આધિદૈવિક સ્વરૂપ સમજાવી, સ્ત્રીને સંતોષ પમાડે છે. વક્તાએ કરેલો ખુલાસો ખોટો છે, એમ આ ઉપરથી સમજવાનું નથી. આવી રીતે ઘણા ભાવોનું દર્શન આપણને એ લોકગીતોમાં થાય છે, અને એ લોકગીતો આપણી પ્રજાનો મહાન ખજાનો છે, અને એનો નાશ થતો અટકાવવાની જરૂર છે. ભાઇ ભગવાનલાલ તેવા એક રક્ષણકર્તા છે, અને તેટલા માટે તેમના પ્રયાસને મારી અનુમતી છે, અને શ્રી ફાર્બસ ગુજરાતી સભાના નિમંત્રણને માન આપી, તેઓએ અત્રે પધારી, આપણને જે લાભ આપ્યો છે માટે હું સભા તરફથી અને ઉપસ્થિત શ્રોતાવર્ગ તરફથી તેમનો આભાર માનું છું.

પછી સભાનું વિસર્જન થયું હતું.

સ્વ. કરશનદાસ મૂળજીની પુણ્યતિથિ

સાંપ્રત સ્ત્રીકેળવણી

શ્રી ફાર્બસ ગુજરાતી સભાના આશ્રયે સ્વ. કરશનદાસ મૂળજી સ્મારકની એક જાહેર સભા તા. ૨૫–૭–૩૭ ને રવિવારે સાંજે ૫–૩૦ વાગે દિ. બા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીના પ્રમુખપદે શ્રી ફાર્બસ ગુજરાતી સભામંદિરમાં મળી હતી. આ પ્રસંગે, અગાઉથી જાહેરખબર દ્વારા કૉલેજના વિદ્યાર્થીઓ કનેથી તેમજ વિદ્યાર્થીનીઓ કનેથી મંગાવાયલા નિબંધોમાંથી એક "સાંપ્રત સ્ત્રીકેળવણી"નો ઇનામી નિબંધ વંચાયો હતો. તે પછી આજે જેમની પુણ્યતિથિ ઉજવાઇ હતી તે વીર કરશનદાસ વિશે પ્રવચનો થયાં હતાં. આ પ્રસંગે સન્નારીઓ સાથે ૪૦–૫૦ શ્રોતાઓ હાજર હતા. તેમાં શ્રી પ્રભુદાસ લાધાભાઇ મોદી, શંકરપ્રસાદ છ. રાવળ, શ્રી ગોકુળદાસ નાનજીભાઇ ગાંધી, રા. સા. મગનલાલ દ. ખખ્ખર, શ્રી ધર્મસુખરામ ત્રિપાઠી, શ્રી મોહનલાલ મગનલાલ દેસાઇ, શ્રી ગોકુળભાઇ ભટ્ટ, રા. નટવરલાલ દેસાઇ, ડૉ૦ સી. જે. અવારી, રા. જમનાદાસ દાણી, કવિ કોકિલ, રા. નિસીમ વગેરે જાણીતી વ્યક્તિઓ હાજર હતી.

સભાના સહાયક મંત્રી **રા. રા. અંબાલાલ બુલાખીરામ જાની બી. એ.** એ સભાનું કામકાજ ચાલતાં સ્વ. કરશનદાસ મૂળજી સ્મારક ફંડના વહીવટ તથા ૧૯૩૬ના હિસાબ સંબંધી વિગત નીચે પ્રમાણે જણાવી હતીઃ

સ્વ. કરશનદાસ મૂળજી સ્મારક ફંડ : હેવાલ–૧૯૩૬

૧૯૩૬ના એપ્રીલમાં વૃત્તપત્રોમાં જાહેરખબર આપી, કૉલેજોના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ એમ બન્ને કને આ પૃથક્ પૃથક્ ઉત્તમ નિબંધ લખનારને રૂ. ૫૦–૫૦ નું અક્કેકું એમ બે પારિતોષિકો આપવાનું જણાવી, "સહશિક્ષણ" વિષે નિબંધો મંગાવાયા હતા. ૮ નિબંધો વિદ્યાર્થીઓના અને ૨ નિબંધો વિદ્યાર્થિનીઓના આવ્યા હતા. કમીટીએ તે તપાસી રા. રા. સુશીલ બ. મુનશીનો અને કુ. બેન જયાકુમારી જયશંકર દેશાઇનો, એમ બે નિબંધો ઇનામલાયક અને રા. રા. સુશીલ બ. મુનશીનો બંનેમાંથી વાંચવાલાયક ઠરાવેલ હતો; બંનેને રૂ. ૫૦–૫૦ના પારિતોષિક અપાયાં હતાં.

વાંચવા લાયક નિબંધ, તા. ૨૨–૭–૩૬ને રોજ, સ્વ. કરશનદાસ સ્મારક જાહેર સભામાં દિ. બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીના પ્રમુખપદે વંચાયો હતો.

એ જાહેર સભામાં સ્વ. કરશનદાસ મૂળજી શતાબ્દિસ્મારકફંડના મંત્રી શે. રા. પ્રભુદાસ લાધાભાઇ મોદીએ ગયા વરસના ખૂટતા રૂ. ૫૮–૭–૩ મજરે આપવાનું જાહેર કર્યું હતું અને તે એમણે મજરે આપેલા છે. તે માટે સભા તેમનો આભાર માને છે.

૧૯૩૫ માં રૂ. ૫૮–૭–૩ સભાના લ્હેણા નીકળતા હતા, તે ઉપર જણાવ્યા પ્રમાણે કરશનદાસ શતાબ્દી કમીટી તરફથી મજરે મળતાં તેમજ ૧૯૩૬ના વ્યાજના રૂ. ૧૮૮–૮–૦

ઉમેરતાં કુલ આવક રૂ. ૨૪૬–૧૫–૩ થયા; તેમાંથી ખર્ચના રૂ. ૧૭૦–૧૨–૬ તથા રૂ. ૫૮–૭–૩ મળી, રૂ. ૨૨૯–૩–૯ જતાં ૧૯૩૬ ના ડીસેમ્બરની આખરીએ રૂ. ૧૭–૧૧–૬ શિલક રહ્યા છે.

આ વરસે એપ્રીલમાં વૃત્તપત્રોમાં જાહેર ખબર આપી, કૉલેજોનાં ગુજરાતી વિદ્યાર્થિઓ તેમજ વિદ્યાર્થિનીઓ કનેથી પૃથક્ પૃથક્ ઉત્તમ નિબંધ લખનારને રૂ. ૫૦–૫૦ સુધીનું અક્કેકું એમ કુલ બે ઇનામો આપવાનું જણાવી, "સાંપ્રત સ્ત્રીકેળવણી" વિષે નિબંધો મંગાવાયા હતા. પરંતુ અમારી સભા તરફથી મારે ઘણી જ દિલગીરી સાથે કહેવું જોઇએ છે કે, કૉલેજ વિદ્યાર્થિઓના બે જ અને કૉલેજ વિદ્યાર્થિનીઓમાંથી એક જ, એમ માત્ર ત્રણ જ નિબંધ આવ્યા છે!! સભાએ નીમેલા ત્રણ પરિક્ષકોની કમીટીએ તે તપાસ્યા છે. કૉલેજવિદ્યાર્થિઓના નિબંધોમાં રા. રા. સુશીલ બ. મુનશી(સુરત)નો નિબંધ પહેલે નંબરે આવ્યો છે અને તેમને રૂા. ૫૦નું ઇનામ મળે છે. એક કૉલેજવિદ્યાર્થિની બેન સરલાદેવી વીરજી બગડીયા(વડોદરા)ને અડધી રકમ રૂ. ૨૫નું ઇનામ મળે છે. રા. સુશીલ બ. મુનશીનો નિબંધ આજે અહીં વંચાવાનો છે અને તે સભાના મુખપત્ર "ત્રૈમાસિક"માં (વર્ષ ૨, અં. ૪) છપાવાનો છે.

પ્રમુખશ્રીની વીર કરશનદાસને અંજલિ

પ્રમુખશ્રી દિ. બા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીએ આ પછી કરસનદાસ સંબંધે બોલતાં કહ્યું હતું કે,

આજે કરસનદાસ મૂળજી જીવતા હોત તો એમની ઉંમર ૧૦૫ વરસની હોત. એઓશ્રી જીવતા નથી. એમના સ્વર્ગવાસને આજે ૬૬ વર્ષ થઈ ગયાં છે. છતાં એમનું નામ અને એમનાં કામ જીવતાં છે. એઓ જે મહાન કાર્ય કરી ગયા છે તે એવું છે કે તેનું દૃષ્ટાંત લઈ આપણને તેવાં જ કામ કરવા માટે ઉમંગ છૂટે. એમના જીવનના આ એક લક્ષણને લીધે એમનું નામ અમર થઈ ગયું છે.

ભડવીરતા અને સુધારાપ્રવૃત્તિ

તે સમયના વૈષ્ણવ મહારાજોનું અનીતિમય જીવન અને તેમના દુરાચારો ઉઘાડા પાડવામાં પોતાના જીવને જોખમે પણ કરસનદાસે અસામાન્ય હિંમત બતાવી હતી. તેથી એમને વીર કરસનદાસની ઉપમા આપીએ તો તે ખોટું નહીં. કારણ એ ખરેખર ભડવીર હતા. એમણે રણક્ષેત્રમાં લડતા એક મહારથી જેવી હિંમત બતાવી હતી. પરંતુ તેમની આ મહત્ત્વની પ્રવૃત્તિ, એમની બીજી એટલી જ કીમતી સંસારસુધારાની પ્રવૃત્તિને ઢાંકી દે છે. તે વખતના આપણા ગુજરાતીઓના સંસારને સુધારવો, એ વીર કરસનદાસના જીવનનો એક મહામંત્ર હતો. ધર્મને નામે દુરાચારી મહારાજોની વાસનાઓ સંતોષવી, એ અનિષ્ટ રિવાજ આપણા સંસારનું એક એવું અંગ હતું કે જે તાકીદથી સુધારો માગતું હતું અને તે સુધારો કરવા વીર કરસનદાસે કમ્મર કસી હતી.

સ્ત્રીકેળવણીનું પ્રચંડ મથન

પરંતુ કેળવણી અને મુખ્યત્વે સ્ત્રીકેળવણી એ સંસારસુધારાનું સાચું સાધન છે, એમ એ પૂરેપૂરું સમજતા હતા. "કોઈ એક અમુક દેશની સમાજમાં તે સમાજની સ્ત્રીઓ જે

દરજ્જો ભોગવતી હોય છે, તે દરજ્જાને ધોરણે તે દેશની સંસ્કૃતિનું માપ થાય છે. જે દેશમાં સ્ત્રીને યોગ્ય સન્માન ન મળે તે દેશને સુધારા એટલે સંસ્કૃતિના ત્રાજવામાં ખરી રીતે તુલના કરવાનું સ્થાન મળે નહીં. જે દેશમાં સ્ત્રી સન્માનિત ન હોય તે દેશને આ દુનિયામાં ઉચ્ચતાની કોટિમાં મૂકાય નહીં." આ ધોરણ શ્રી. કરસનદાસને માન્ય હતું, અને તેથી અજ્ઞાનમાં ડુબેલી, જૂની શૃંખલાઓથી બદ્ધ થયેલી પોતાની બ્હેનોની સ્થિતિ સુધારવા એમનાથી બન્યું તેટલું એમણે કર્યું.

સ્ત્રીસુધારણાના એમના આ આદર્શના એક અતિ ઘણા આવશ્યક અંગને ધ્યાનમાં રાખી, આજના ઇનામી નિબંધનો વિષય શ્રી ફા. ગુ. સભા તરફથી પસંદ કરવામાં આવ્યો છે. એ નિબંધ લખવાને નિમિત્તે કોલેજના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને એ વિષય સંબંધે વાંચવા, વિચારવા, શિખવા અને લખવાની તક મળે તેવા ઇરાદાથી એ વિષય જાહેરમાં મૂકવામાં આવ્યો હતો. પરંતુ જોઇએ તેટલા વેગથી એ પ્રશ્ન ઉપાડી લેવાયો નથી, એટલી દિલગીરી: કારણ બધા મળી માત્ર ત્રણ જ નિબંધ આવ્યા છે. એક વિદ્યાર્થીનીનો, અને બીજા બે વિદ્યાર્થીઓના.

સાંપ્રત સ્ત્રીકેળવણીનો નિબંધ

આ પછી ઇનામ મેળવનાર શ્રી સુશીલ બ. મુનશીએ પોતાનો નિબંધ વાંચ્યો હતો. સભાના "ત્રૈમાસિક"માંથી આખોએ નિબંધ પ્રકટ કરવાની વ્યવસ્થા થઇ છે. તેમના નિબંધના મુખ્ય વિચારો આ પ્રમાણે છે:—

માનવકલ્યાણ માટે સમર્થ વિચારકોએ શિક્ષણ પર ખાસ ભાર મૂકયો છે. શિક્ષણનો પ્રશ્ન આ રીતે જગતના કલ્યાણ માટે, સંસ્કૃતિના સંરક્ષણ કાજે અને જગતના નવસર્જન માટે અતિ મહત્વનો છે. સ્ત્રીઓને સમાન કક્ષાએ લાવવાનો, તેઓને ગુલામીની શૃંખલામાંથી મુક્ત કરવાનો, આપણી સંસ્કૃતિને અધોગતિમાંથી તારવાનો એક ઉપાય સ્ત્રીશિક્ષણ છે. જ્યાંસુધી સ્ત્રીસમુદાયનો મોટો ભાગ નિરક્ષરતા,વ્હેમ અને ગુલામીમાં સડી રહ્યો છે, ત્યાંસુધી સમાજની ઉન્નતિ તેમજ માનવ સંસ્કૃતિની સુરક્ષિતતા માટે આશા રાખવી વ્યર્થ છે. પ્રાચીન કાળથી સ્ત્રીઓ રાજકીય, આર્થિક વગેરે ક્ષેત્રોમાં દરેક રીતે પરતંત્ર હતી. સમયના પરિવર્તન સાથે સમાજમાં પરિવર્તન થતું ગયું; અને નવીન યુગનો ઉષ:કાળ જગતે દીઠો. ભૂતકાળની ભૂલ સુધારવા માટે પશ્ચિમના દેશોનાં આજે ભારે પરિશ્રમ કરાઇ રહ્યો છે અને કેળવણીના પ્રશ્ન પર ખાસ ભાર મૂકાય છે, ત્યારે આપણા ગુલામો સેવતા દેશમાં શિક્ષાનું પ્રમાણ શરમજનક છે. સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે ભારતવર્ષે સ્થાન પ્રાપ્ત કરવું હોય તો શિક્ષણના પ્રશ્નનો ઉકેલજ લાવવો રહ્યો. કારણ કે અન્ય રાષ્ટ્રો સંપૂર્ણ અને આદર્શ શિક્ષણપ્રથા શોધવા પ્રયાસ કરી રહ્યાં છે. રાષ્ટ્રોત્થાન માટે રાષ્ટ્રનું પ્રત્યેક અંગ વિકસાવવું આવશ્યક છે. સ્ત્રીપુરૂષ ઉભયને તે માટે કાર્ય કરવું પડશે અને તેમાંજ સ્ત્રીશિક્ષણનો પ્રશ્ન વધુ મહત્વનો બની રહે છે. જે રાષ્ટ્રને જગતમાં ગૌરવભર્યું સ્થાન પ્રાપ્ત કરવું હોય, સમાન કક્ષામાં વિરાજવું હોય તે રાષ્ટ્ર સ્ત્રીશિક્ષણનું વિરોધી ન બની શકે. સ્ત્રીશિક્ષણથી જ ભવ્ય સંભાવનાથી ભરપૂર ભાવિ આપણી સમક્ષ પ્રત્યક્ષ થશે.

શ્રી પ્રભુદાસ લાધાભાઈ મોદીનો ઉદ્દ્ઘોષ

આ પછી શ્રી. પ્રભુદાસ લાધાભાઈ મોદીએ સ્વ. કરસનદાસ, તેમનાં સુધારાનાં મથનો, અને તેમાં આપેલા મહાન્ ભોગો વિશે લગભગ અડધો કલાક જોરશોરથી બોલ્યા હતા. તેમણે કહ્યું હતું કેઃ—

વીર કરસનદાસે પોતાના કાળમાં, પોતાની ૩૯ વરસ જેટલી નાની ઉંમરમાં જે કાંઈ સમાજસુધારાનું કાર્ય કર્યું છે તે નવાઇ પમાડે તેવું છે. દેશાટન વિશેના તેના પ્રાગતિક વિચારોને લીધે તેઓ બે વાર વિલાયત જઈ આવ્યા હતા. તેમણે દેશાટન–વિલાયતગમન કરવું તે શાસ્ત્રવિરોધી નથી એમ પૂરવાર કર્યું હતું. પરિણામે હિન્દુઓની ખરી ખરી જ્ઞાતિઓના દરવાજા વિલાયતગમન માટે ખુલ્લા થયા છે. વીર કરશનદાસે બીજી પ્રવૃત્તિ પુનર્લગ્ન, તે સંબંધમાં પણ ઝુંબેશ જબ્બર ચલાવી હતી. કપોળ જ્ઞાતિએ ના પાડવાં છતાં પણ તેમણે બાઇ ધનકુંવર નામની બાળવિધવાનાં પુનર્લગ્ન કરાવ્યાં હતાં. 'સત્ય પ્રકાશ'માં સમાજસુધારાને માટે લેખો લખીને હિન્દુઓને ચમકાવી મૂકયા હતા. પરંતુ તેમનું સૌથી મોટું કામ તો ધર્મગુરૂઓની પાખંડી લીલા બહાર પાડી, અને તે સામે કાયદેસર લડત ચલાવી, તે છે. એમની પાસે ધન, કે લાગવગ ન હતી, તો પણ તે કાર્ય પાર પાડયું અને હિન્દુસમાજની મહાન સેવા કરી હતી. આજે તેમણે કરેલાં અનેક કામો અધુરાં પડયાં છે તે આજના યુવકોએ આગળ વધારવાં જોઇએ. તેમણે સાહિત્ય પણ ઘણું લખ્યું છે.

આ પછી શ્રી મોહનલાલ મગનલાલ દેશાઇએ તથા શ્રી શંકરપ્રસાદ છ. રાવળે એ વીરનરનાં સુકૃત્યોની યાદ આપી હતી.

પછી પ્રમુખશ્રીએ ઉપસંહાર કરતાં નિબંધલેખકને ઉત્તેજનના બે બોલ કહી, ભાઇ પ્રભુદાસ મોદીના વકતવ્યને ટેકવ્યું હતું.

અંતમાં શ્રી ગોકુળભાઈ ભટ્ટે પ્રમુખશ્રીનો આભાર માનતાં સૂચવ્યું હતું કે સ્વ. કરસનદાસના સુધારાની અસરથી તે જમાનામાં અને આ જમાનામાં કેટલો ફેર પડયો છે તેની તપાસ કોઈ મોટા માણસોને હાથે થવી જરૂરી છે.

શ્રી નટવરલાલ દેશાઈએ ઉપલા ઠરાવને ટેકો આપ્યો હતો.

બાદ સભા વિસર્જિત થઈ હતી.

———o———

અવલોકન

વડનગરા નાગર ગરબાવલી

સંગ્રહકર્તા: સ્વ. અ. સૌ. પ્રસન્નવિદ્યાગવરી ચન્દ્રવિદ્યાનંદ પંડયા, પ્રકાશક: રા. બા. ચન્દ્રવિદ્યાનંદ શ્રીકૃષ્ણાનંદ પંડયા બી. એ. આવૃત્તિ ત્રીજી, પાનાં ૨૮૭+૩૩ : મૂલ્ય રૂા. ૨-૮-૦ ઠે. નાગરફળીઆ, સુરત.

આજથી અડધી, પોણી સદી ઉપર ગુજરાતનાં ઉચ્ચ જ્ઞાતિઓનાં સંસ્કારી કુટુંબોમાં દાદીમાઓ, માતાઓ વગેરે વડીલ સ્ત્રીજનો જીવનના ઉલ્લાસો, શુભ અવસરો, તેમજ પ્રસંગોના ઉત્સાહ-ઉમંગો, વળી પર્વ તેમ વ્રત, વાર આદિના આનંદો-ના ઉભરાઓ કેવાં રસઝરતાં, આનંદ-હૃદયોર્મિઓને સરલ મર્મગામી, ભાવો તેમજ આશયોને વ્યક્ત કરતાં ગીતો, ગરબા, ગરબીઓ, ભજનો-કીર્તનો, પદો વગેરે ગાન દ્વારા વ્યકત કરતાં હતાં, અને ઉછરતી પ્રજાના હૃદયમાં તેના સંસ્કાર આહ્લાદક રીતે રેડતાં-ભરતાં હતાં, તેનો ખ્યાલ, પ્રસ્તુત ગરબાવળી-કહો કે પ્રાચીન રસભર કાવ્યસાહિત્યસામગ્રી સુંદર રીતે આપે છે. જો કે વિશેષે કરીને પ્રસ્તુત સંગ્રહમાં વડનગરા નાગર જ્ઞાતિનાં સંસ્કારી સન્નારીઓનાં હૃદયમાં ભરેલું અને કંઠે ગવાતું સંગીતક સાહિત્ય એકત્ર કરાયલું હોઈને તેના પ્રકાશકે એને 'વડનગરા નાગર ગરબાવલી' એવું સાદું અને મર્યાદિત નામ આપેલું છે એ ખરૂં, પરંતુ વાસ્તવિક રીતે તો એ સારીયે સંસ્કારી, સહૃદયી ગુજરી સન્નારીઓનું મુખ્યત્વે વંશપરંપરા પેઢી દર પેઢી ઉતરી આવેલું સાહિત્ય હોઈને સમસ્ત ગુજરાતી સાહિત્યરસિક જનસમૂહોને બેશક ઉપયોગી, માર્ગદર્શક થાય તેવો પ્રસ્તુત સંગ્રહ છે, અને તેથી તેને સહુએ જ્ઞાતિઓના સન્નારી વર્ગે કોઈપણ સંકુચિત ભેદભાવ વગર અવશ્ય સત્કારવો અને સંગ્રહવો ઘટે છે. પ્રકાશક રા. બા. ચન્દ્રવિદ્યાનંદ પંડયાએ મુંબઈ ઇલાકાની પ્રાથમિક શાળાઓની કન્યાઓ, ટ્રેનીંગ કોલેજની સ્ત્રીઓ આદિ માટે સરકારી કેળવણી ખાતા તરફથી આ સંગ્રહને મંજુર કરાવેલો છે, એ સર્વથા સુયોગ્ય થયેલું છે. ગુજરાત-બૃહત્ગુજરાતની અન્ય કેળવણી સંસ્થાઓ પણ તેને પોતાને માટે તેને મંજુર કરવા નહીં ચૂકે, એવી આશા ઘટતી રીતે રાખી શકાશે. આ, એ સંગ્રહની સુધારેલી-વધારેલા ત્રીજી આવૃત્તિ છે, એ પણ તેની લોકપ્રિયતા દર્શાવે છે.

પ્રસ્તુત સંગ્રહનાં પહેલાં ૧૬૨ પાનાંમાં સમયસમયે ગાવા યોગ્ય ગરબાઓ, વિવિધ રાગરાગણીવાળાં ગીતો, મળી કુલ ૨૭૮ ગીતો સંગ્રહાયલાં છે; અને તે ૬ ભાગમાં વહેંચાયલાં છે. બાકીનાં ૧૨૫ પાનાંમાં, ગણપતિ, માતા, મહાદેવ, વિષ્ણુ, રણછોડજી, ત્રિકમજી, રામસીતા આદિનાં ભજનો, કીર્તનો, ઉપરાંત પ્રહ્લાદની નિશાળ, દક્ષમલીલા, સીમંતિનીની કથા, સત્યભામાનું રૂસણું, દ્રૌપદી વસ્ત્રહરણ, મહેતા નરસિંહના બાપનું શ્રાદ્ધ આદિ નાનાં નાનાં, સુંદર ભાવ અને ઊર્મિઓ ભર્યા ૨૫ આખ્યાનો સંગ્રહાયલાં છે. એકંદર આ સંગ્રહ વિસ્તૃત અને વિવિધ હોઈ જૂદી જૂદી રૂચિવાળાં સન્નારીઓને સંતોષ આપે એવો છે.

આ સંગ્રહમાં મહેતા નરસિંહ, મીરાં, ભાલણ, શિવાનંદ, પ્રેમાનંદ, એ સહુ પ્રાચીન કવિવરોથી માંડી વર્તમાન સમયના સંસ્કારી કવિ ડાહ્યાભાઈ ધોળશાજી પર્યંતના સત્કવિઓ,

લોકમાન્ય કવિઓની કૃતિઓને વત્તો ઓછો સારો અવકાશ મળ્યો છે. વિના અતિશયોક્તિએ એમ કહી શકાશે કે આ સંગ્રહ આજની પેઢી પૂર્વેની પેઢીની સંસ્કારી, સુઘડ, ઘરરખુ સન્નારીઓનાં હૃદયમાં રમી રહેલી ઊંડી ધર્મભાવના, નીતિભાવના, ઉન્નત સંસાર વ્યવહારની ભાવના એ સૌ સદ્ભાવનાઓનાં પ્રતિબિંબો રજુ કરે છે, અને વર્તમાન પેઢીને રૂચે તેવી સાહિત્ય સામગ્રીને પણ ચોક્કસ અંશે સમાવે છે.

પ્રકાશક રા. બ. ચન્દ્રવિદ્યાનંદ પંડયાએ આ નવી આવૃત્તિ પ્રકટ કરતાં તેમનાં સદ્ગત ધર્મપત્નીની નોંધપોથીઓમાંથી કેટલુંક, વધારાનું આવશ્યક અને ઉપયોગી સાહિત્ય પણ સંગ્રહ્યું છે.

અંતમાં એટલું જ કહેવું બસ થશે કે નવા સંસ્કારી જમાનાને અનુકૂળ અને શોભે તેવું, પોતાનાં સદ્ગત સંસ્કારી ધર્મપત્નીનું સ્મારક આ સંગ્રહ, ઉપરાંત અન્ય સદ્ગ્રંથો દ્વારા પ્રકાશવન્તું કરવા માટે, સંસ્કારી સન્નારીઓની રસોર્મિઓને સતેજ કરવા માટે રા. બ. ચન્દ્રવિદ્યાનંદ પંડયા સાહિત્યરસિક ગુર્જર જનતાના ધન્યવાદને પાત્ર છે.

તંબૂરાનો તાર

છેડનાર શ્રી મોરારજી મથુરાદાસ કામદાર, એડવોકેટ–હાઇકોર્ટ : આચાર્યશ્રી આનન્દશંકર બાપુભાઈ ધ્રુવના પ્રાસ્તાવિક બે બોલ સહિત. પ્રકાશિકા સૌ. રમીબાઈ મોરારજી કામદાર, મુંબઈ. પાનાં ૨૧૮+૨૪ : ૭ સુંદર ભાવવાહી ચિત્રો. મૂ. રૂ. ૨–૮–૦ ઠે. સારંગ તરંગ, નેપીઅન્સી રોડ, મુંબઈ.

આ, એક ૧૦૪ નાનાં મોટાં–ગુજરાતી (૭૪), ગુજરાતી–હિન્દી (૨), કચ્છી (૧૭), હિન્દુસ્તાની (૧૦), અને હિન્દી (૧)–કાવ્યોનો સુંદર, ભાવવાહી, હૃદયના રણકારના પડછંદા પાડતો પદ્યોનો સંગ્રહ છે. 'તંબૂરાનો તાર' છેડનાર રા. રા. મોરારજીભાઈ કામદાર આ પદ્યોમાં ગુંજી ઉઠતાં ઊર્મિઓ, ભાવો, સ્વપ્નાં, કલ્પનાઓ, ચિન્તનો, વિચારતરંગો વગેરેનાં મુખ્ય લક્ષણ વિષે યોગ્ય રીતે પોતાના જ એક સુંદર પદ્ય 'તંબૂરાના તાર'કને ઉચ્ચારાવે છે કે

ખણાણો હું, તણાણો હું, ધવાયો હું, તવાયો હું,
સહ્યાં સહુ સંકટો તોયે, દરદ દિલનાં નહીં બોલું,
ઉરે એક આશ અણમોલી, હૃદય તારે રહેવાની,
સૂણાવી સ્નેહનાં ગીતો, હૃદયના રંગ લેવાની.

જો કે તંબૂરાના તારના છેડનાર આ પદ્યમાં કહે છે તેમ તેમનો, આ રણકાર કાઢવાનો હેતુ સંકટો સહુયે સહેલાં છતાં તેનો પ્રતિધ્વનિ નહીં કાઢવાનો, પોતાના આર્દ્ર અને આર્ત દિલનાં દરદ નહીં બોલવાનો, પણ સ્નેહનાં ગાનો સૂણાવી હૃદયના રંગ પ્રકટ કરવાનો છે, છતાં કુદરતી છે તેમ દિલનાં દરદ, સંકટોનો અનુભવ, આપોઆપ કેટલાંક પદ્યોમાં રણરણી ઉઠે છે. અને તેના વાચકની સહાનુભૂતિ ખેંચે છે. અમે એટલું કહીશું કે કવિનો આત્મા જેમાં પોતે ગુંજી ન ઉઠે તે ઉદ્ગાર વાસ્તવિક રીતે કાવ્યકોટિમાં આવી ન શકે. અલબત્ત આથી, રા. રા. મોરારજીભાઈ કામદાર ક્રાન્તદર્શી કવિના સંમાન્ય પદને પૂરા પાત્ર આ 'તંબૂરાના તાર'થી થયા છે એમ કહેવાનો આશય નથી, પરંતુ તેઓ ઉદાત્ત કવિહૃદય ચોક્કસ અંશે ધરાવે છે અને તેમનો આત્મા એક કવિને શોભે તેવાં સરસ, સહૃદયી, ઊર્મિભર્યાં ગુંજનો

ગુંજી શકે છે, તેની પ્રતીતિ પ્રસ્તુત 'તંબૂરાનો તાર' અવશ્યે કરાવે છે. તેમનાં પદ્યો વાંચતાં વિચારતાં તેમણે જે જે વસ્તુઓ પ્રસંગો, અને વિષયો તે માટે પસંદ કરેલ છે, તે સહુ એક કવિનું હૃદય તેઓ ધરાવે છે અને ખુલ્લું કરે છે, એમ નિર્વિવાદ કહી શકાશે. તેમની નિર્મળ છતાં અમલી, હૃદય સોંસરની નીકળી જતી વાણી, સરસ અને મધુર શબ્દપ્રવાહ, સુંદર ભાવાલેખન અને હૃદયંગમ વસ્તુચિત્રણ, એ સૌ કાવ્યાંશો તેમની કવિશક્તિના વિકાસની અચૂક ખાત્રી આપે છે.

રા. રા. મોરારજીભાઈ કામદાર ફારસી ભાષા અને સાહિત્યના અભ્યાસી હોઈ તેની પ્રસાદીનો સારો પરિચય તેમનાં પદ્યો દ્વારા કરાવી શકયા છે. તેમની ગઝલો, કેટલાક, સાંપ્રત ગુજરાતી પદ્યકારો કરતાં, મુખ્યત્વે માપબન્ધમાં લગભગ નિર્દોષ છે, એમ કહી શકાશે. તેમણે તેમાં એ સાહિત્યના અભ્યાસબળે ઉતારેલા વિચારો અને ભાવોનો તેમજ એ ભાષાના પરિચયથી વાપરેલા શબ્દોનો પ્રવાહ સહજ જેવો લાગે છે, અને કર્ણને વિના થડકે–ખચકે આનંદ આપે છે એટલું જ નથી. તેઓ પુરાણો, મહાભારત, રામાયણ આદિથી પણ, અલબત્ત ભાષાંતર દ્વારા સુપરિચિત છે. શુદ્ધ નીતિ-વ્યવહારનું પ્રતિપાદન એ તેમનો સિદ્ધાંત છે. અને સન ૧૮૯૬થી ૧૯૩૭ના, ૪૨ વર્ષના અવધિમાં તેમની કાવ્યશક્તિનો થયલા વિકાસના મૂળમાં આ સહુનું સુંદર સિંચન થયલું છે.

અહીં તેમનાં પદ્યોનું સમગ્ર સિંહાવલોકન અનેક કારણે શકય નથી. પરંતુ અંગુલિનિર્દેશ તરીકે ૨૦, ૨૬, ૫૨, ૫૩, ૫૬, ૫૯, ૬૪, ૭૦, ૮૧, ૮૨, ૮૬ એ પદ્યો રજુ કરી ટીકાકારો, કે જે તેના વાચકોના દિલને આનંદ આપે એવાં છે, એમ ચોક્કસ કહી શકાય છે. ઉપરાંત પ્રાસ્તાવિક બે બોલમાં આપણા ગુજરાતના એક વિવેકશીલ, રસવિદ્ આચાર્યશ્રી વિદ્યાવાચસ્પતિ આનંદશંકર બાપુભાઈ ધ્રુવે રા. રા. મોરારજીભાઈના પ્રસ્તુત કાવ્યસંગ્રહની આ જે ત્રણ વિશિષ્ટતાઓ નોંધી છે તે તરફ સહૃદયી વાચકોનું લક્ષ ખેંચવું, એ અમને યોગ્ય લાગે છે. ૧ કચ્છી ભાષા; એ ભાષાને જાડી કહેનારાઓની આંખ ભાઈ કામદારનાં કાવ્યો ઉઘાડશે અને ભૂલ મનાવશે. ૨ ફારસી ભાષામાંથી જન્મેલાં કાવ્યો; ફારસી ભાષામાં કેવા સુંદર પ્રસંગો પડેલા છે, એનું દિગ્દર્શન કરાવે છે અને જીજ્ઞાસા જગાડે છે. હિન્દ બહારના મુસ્લીમ ઇતિહાસનું ભાઈશ્રી કામદારને સારૂં જ્ઞાન છે અને તેનો તેમણે તે તે કાવ્યોમાં ઉપયોગ કર્યો છે. હિન્દુ–મુસ્લીમ સંસ્કૃતિમાં આપણને પોતાપણાનો ભાવ કરાવે છે. ૩ દલપતશાહી શૈલીમાં બોધ આપવાની રીતિ.

વળી આ સંગ્રહ સાથે રા. મોરારજીભાઇએ ૫૩ પાનાનું ટિપ્પણ જોડી, તેમનાં વિશેષ પ્રકાશ અને માર્ગદર્શન માગી લેતાં પદ્યોના ચોક્કસ અંશોનો સ્ફોટ કર્યો છે.

અન્તમાં એટલું જ અમે કહીશું કે ભાઈશ્રી કામદારનાં પ્રસ્તુત કાવ્ય સંગ્રહ વિશિષ્ટ કાવ્યસામગ્રીઓ સારા પ્રમાણમાં ધરાવે છે અને સહૃદય વિચારશીલ વાચકોએ તેનો યથા યોગ્ય સત્કાર કરવો ઘટે છે. તેમ એ આશા અસ્થાને નહીં જ લેખાય કે રા. મોરારજી પોતાની કાવ્યશક્તિને વિના થંભાવ્યે પ્રગતિમંત રહેતી કરશે જ અને બીજો આવો સંગ્રહ રસિક જનતાને ભવિષ્યમાં આપશે.

અરૂણ

વાર્ષિક અંક ૧, સપ્ટેમ્બર ૧૯૩૭, પ્રકાશક ગુજરાતી સાહિત્યોત્તેજક મંડળ, નાઇરોબી, પૂર્વઆફ્રિકા, કિ. શી. ૨.

પૂર્વઆફ્રિકામાં હિન્દીઓ સૈકાંઓથી વાસહત કરી રહ્યા છે અને ધીરે ધીરે ત્યાંના વેપાર ધંધાની ખીલવણીમાં ઘણો અગત્યનો હિસ્સો આપી પોતાની ઉત્કૃષ્ટ બુદ્ધિ શકિત અને વિત્તસામર્થ્યની ઉજ્જવળ પ્રતીતિ જગતને કરાવી રહ્યા છે. તેમાંના આપણા ગુજરાતી ભાઈઓ અને બેનોએ ગુજરાતી સાહિત્ય પ્રતિની પોતાની સ્વાભાવિક અભિરૂચિને પ્રકટ કરવાના તેમજ ગુજરાતી સાહિત્યનાં સર્વાંગોને ખીલવવાના પોતાના કર્તવ્યને બજાવવા એક સાહિત્ય સંસ્થા નામે "ગુજરાતી સાહિત્યોત્તેજક મંડળ" થોડાક વખતથી સ્થાપ્યું છે; ઉપરાંત ગુજરાતી સાહિત્યપરિષદ સાથે તેને સાંકળેલું છે, તેમ એ પરિષદના કાર્યનિર્વાહણમાં ભાગ લેવાને રા. રા. અંબાલાલ બુલાખીરામ જાની, બી. એ. ને પોતાના પ્રતિનિધિ નીમ્યા છે. આમ સાહિત્યોત્તેજક મંડળનો ઉત્સાહ ધીરે ધીરે વધતો જાય છે. એ મંડળે ઉત્સાહી ભાઈબેનોના સહકારથી હાલમાં એક વાર્ષિક અંક **અરૂણ** પ્રકટ કર્યો છે. યથાનામા તથા ગુણા, એ ઉકિત અનુસાર આ અરૂણ અંક ત્યાંના આપણા સાહિત્યરસિક ભાઈઓની ખીલતી જતી સાહિત્ય-સર્જક શકિતનો કૈંક ખ્યાલ આપે છે.

પ્રસ્તુત અંકમાં નાના મોટા ૫૫-૬૦ વિષયો-કવિતાઓ, દશ્યચિત્રો, લોકગીતો, વિચારદર્શનો, વાર્તાઓ, આદરણીય લોકપ્રવૃત્તિઓ વગેરે-સમાવાયેલાં છે. કુલ ૮૪ પાનાં જેટલી સુંદર અને વિવિધ દષ્ટિબિન્દુઓથી લખાયલી, વાચનસામગ્રી પ્રસ્તુત અંક પૂરી પાડે છે. સાક્ષરશ્રી ઉચ્છરંગરાય કે. ઓઝા, રા. મનસુખરામ વૈજનાથ દવે, રા. રવિશંકર ભવાનીશંકર પંડયા, રા ઊર્મિલ, વગેરે સંખ્યાબંધ લેખકો અને લેખિકાઓની વિચારસૃષ્ટિ વિચારણીય છે. તેમના બહદ્ ગુજરાતના-પૂર્વ આફ્રિકાના સ્થાનિક સૌંદર્ય, સાહિત્ય અને કલાનાં નિરૂપણ કરવાની તમન્ના પ્રશંસનીય અને સત્કારને પાત્ર છે. અલબત્ત આમાંના કેટલાકના પ્રયાસ હજી પરિપકવતાવાળા નથી, છતાં છે તે સારા ભાવિના સૂચક તો અવશ્યે છેજ. કેટલાક લેખો વાચકને ત્યાંની, સાહિત્યક સામાજિક, આર્થિક આદિ વિષય પરિસ્થિતિઓનો ઊંડો અને સારો ખ્યાલ આપે છે. આ મંડળે આપણા ગુર્જર મહાકવિ શ્રી નાનાલાલ દલપતરામનાં મણિમહોત્સવ સુંદર રીતે ઉજવી ગુજરાતી સાહિત્ય પ્રત્યેનાં પોતાનાં મમત્વ અને આદર દાખવ્યાં છે.

સાહિત્યરસિક ગુર્જર જનતાને આ મંડળના કાર્યમાં ઊંડો રસ લેવા અને તેમની પ્રત્યે પૂરતી સહાનુભૂતિ દાખવવા અમારી વિજય છે. અમે તેમની આવી સત્પ્રવૃત્તિઓને સત્કારીએ છીએ અને તેની અભિવૃદ્ધિ વાંછીએ છીએ.

મુંબઈ તા. ૩૦-૯-૩૭ **અં. બુ. જાની** : સંપાદક ત્રૈમાસિક

પહોંચ—સાભાર સ્વીકાર

શ્રી ફાર્બસ ગુજરાતી સભાના "ત્રૈમાસિક"ના બદલામાં આવેલાં સાપ્તાહિકો, પાક્ષિકો, માસિકો અને ત્રૈમાસિકોના તંત્રીઓ અને પ્રકાશકોનો, તેમ જ પોતાના ગ્રંથો મોકલનાર ગૃહસ્થો અને સંસ્થાઓનો અમે અહીં આભાર માનીએ છીએ. તા. ૩૦-૯-૩૭

અં. બુ. જાની સં. ત્રૈ.

પુસ્તકો

૧૯ જૈનાચાર્ય શ્રી આત્માનંદજન્મશતાબ્દિ સ્મારક ગ્રંથ: તંત્રી રા. મોહનલાલ દલીચંદ દેશાઈ, પ્રકાશક શ્રી આ. જ. સમિતિ.

૨૦ લલિતકલા અને બીજા સાહિત્યલેખો: લે. સ્વ. સૌ. ચૈતન્યબાળા **મં. મજમુદાર** પ્રકાશક રા. રા. મંજુલાલ મજમુદાર વડોદરા.

૨૧ પ્લાઈવુડ: રા. રા. રવિશંકર હરિશંકર પંડયા, હાજી કેમ્પરોડ, કરાંચી.

૨૨ જૈનતત્ત્વાદર્શ: પૂર્વાર્ધ શ્રીઆત્માનંદ જૈન મહાસભા, પંજાબ.

૨૩ „ ઉત્તરાર્ધ „ „ „

૨૪ જૈન પર્યુષણ ખાસ અંક: "જૈન" ભાવનગર

૨૫ શ્રી અંબાષ્ટક: શ્રી શંકરાચાર્યવિરચિત (અશ્વધાટી છંદ) સમશ્લોકી **અનુવાદક** રા. રા. મૂળશંકર માધવજી ભટ્ટ, કુણબીવાડ, ભાવનગર.

૨૬ ગીતાશાસ્ત્રોપદેશ: અને વિશ્વસેવા, વિશ્વશાન્તિઃ (સરલ વેદાન્ત ગ્રંથમાળા **અં. ૪**) સંપાદક અ. મે. લા. પી. ભાવનગર.

૨૭ આપણો દેશ: સ્ટડીસર્કલ પ્રકાશન સમિતિ, સૂરત.

૨૮ શ્રી બહુચરાજી માતાનું પ્રાકટ્ય અને સાહિત્યમાં તેનો ઉલ્લેખ : લે. રા. રા. મોહનરાય જ. દેસાઈ, પ્રકાશક મંત્રી શ્રી દેવી ઉપાસક મંડળ, અમદાવાદ.

૨૯ શ્રી જગન્નાથજ્યોતિ: (સચિત્ર) પ્રકાશક શ્રી દેવનાયક, રા. મણિલાલ જાદવરાય ત્રિવેદી, કપડવણજ

૩૦ હિન્દુઓનું સમાજરચનાશાસ્ત્ર : મૂળ લેખક શ્રી. ગો. મ. જોશી, અનુવાદક રા. રા. લીલાધર જીવરામ યાદવ, પુના : મૂલ્ય રૂ. ૫

સાપ્તાહિક

૧ કેસરી (પુના દર સાપ્તાહિક બે વાર); ૨ **"ગુજરાતી"** મુંબઈ; **૩ "બેઘડીમોજ"** મુંબઈ; **૪ "ઈસ્માઈલી"** મુંબઈ; **૫ "પ્રજાબંધુ"** અમદાવાદ; **૬ ગુજરાતીપંચ**, અમદાવાદ; **૭ મુસ્લીમ ગુજરાત**, સુરત; **૮ પ્રતાપ**, સુરત; **૯ દાંડિયો**, સુરત; **૧૦ મેમણ બુલેટીન**, રાજકોટ; **૧૧ ઇન્કિલાબ**, રાજકોટ; **૧૨ મહાગુજરાત**, કરાંચી; **૧૩ નવપ્રકાશ**, મુંબઈ; અને **૧૪ જૈન**, ભાવનગર

પાક્ષિક

૧ "ગાંડિવ" : ગુજરાતની આશાઓનું પાક્ષિક સુરત.

૨ જ્યોતિર્ધર : અમદાવાદ.

માસિક

૧ **નવચેતન:** કલકત્તા; વર્ષ ૧૬; પુ. ૩૧, અં. ૪ જુલાઈ. અં. ૫ ઑગષ્ટ, અં. ૬ સપ્ટેમ્બર; પુ. ૩૨ અં. ૧ ઓકટોબર (૧૯૩૭)

૨ **સમાજ:** મુંબઈ: પુ. ૨. અં. ૧ જુલાઈ અને પુ. ૩, અંક ૧, ૨, ઓગષ્ટ અને સપ્ટેબર

૩ **શારદા:** વડોદરા: વર્ષ ૧૪. પુ. ૨૭ મું. અં. ૪ લોકસાહિત્ય અંક જુલાઈ, ૫ ઑગષ્ટ, ૬ સપ્ટેમ્બર

૪ **ગુજરાત:** મુંબઈ: નવું પુસ્તક પુ. ૪, અં. ૫, ૬, જુલાઇ, ઑગષ્ટ (હવે પછીથી બંધ)

૫ **પ્રસ્થાન:** અમદાવાદ: વર્ષ ૧૨, અં. ૬, ૭, ૮, (સં. ૧૯૯૩) ચૈત્ર, વૈશાખ અને જેઠ

૬ **ગુણસુંદરી:** મુંબઈ: પુ. ૨૮ અં. ૫ જુલાઈ, અને અં. ૬ ઑગષ્ટ

૭ **પડકાર:** ડભોઈ પુ. ૨ અં. ૧૧, ૧૨ જુલાઈ, ઑગષ્ટ

૮ **શ્રી જૈન સત્યપ્રકાશ:** અમદાવાદ પુ. ૨, અં. ૧૧, ૧૨, જેઠ, અષાઢ, અને પુ. ૩. અં. ૧ શ્રાવણ

૯ **પાટીદાર:** આણંદ: વર્ષ ૧૪ અં. ૯, ૧૦, ૧૧, આષાઢ, શ્રાવણ, ભાદરવો.

૧૦ **ખડાયતામિત્ર:** વર્ષ ૨૩, અં. ૯, ૧૦, ૧૧ (સં. ૧૯૯૩)

૧૧ **ભાગ્યોદય:** અમદાવાદ: (સં. ૧૯૯૩) વર્ષ ૨૫ અં. ૪, જેઠ, અં. ૫ આષાઢ.

૧૨ **કુમાર:** અમદાવાદ: આવતી કાલનાં નાગરિકોનું માસિક, સળંગ અંક ૧૬૩, ૧૬૪, ને ૧૬૫ વર્ષ ૧૪ અં. ૭, ૮, અને ૯ (સં. ૧૯૯૩) આષાઢ, શ્રાવણ, ભાદરવો,

૧૩ **પુસ્તકાલય:** વડોદરા: પુ. ૧૨, અં. ૭, ૮, ૯, જુલાઈ, ઑગષ્ટ, સપ્ટેમ્બર

૧૪ **કૌમુદી:** નવું પુસ્તક ૧૬, અં. ૧ જુલાઈ અને અં. ૨ ઑગસ્ટ

૧૫ **પ્રજાપતિપ્રકાશ:** મુંબઈ: વર્ષ ૩. અં. ૧ જુલાઈ

૧૬ **કમર:** સુરત: વર્ષ ૭, અં. ૭ જુલાઈ, અં. ૮ ઑગસ્ટ, અં. ૯ સપ્ટેમ્બર ૧૯૩૭

૧૭ **પૂર્ણા:** નવરાત્રિ પુ. ૧, અં. ૧, ઑગષ્ટ

૧૮ **ઊર્મિ:** કરાંચી, વર્ષ ૬, અં. ૫, ૭, ૮, મે, જુલાઇ, ઑગષ્ટ

૧૯ **આયુર્વેદ વિજ્ઞાન:** મુંબઈ: પુ. ૨૦ અં. ૬, ૭, ૮, ૯ ચૈત્ર, વૈશાખ, જેઠ અને અષાઢ

૨૦ **કિશોર;** વર્ષ ૩ અં. ૧, ૨, ૩, ૪, ૫, અને ૬, મહા, ફાગણ, ચૈત્ર, વૈશાખ, જેઠ અને આષાઢ

ત્રૈમાસિક

૧ **સ્થાનિકસ્વરાજ્ય:** મુંબઈ: વર્ષ ૩, અં. ૪ ક્રમાંક ૧૨ જુલાઇ ૧૯૩૭

૨ **બુદ્ધિપ્રકાશ:** અમદાવાદ: વર્ષ ૮૪ અં. ૨, ૩, એપ્રીલ–જુન; જુલાઇ સપ્ટેમ્બર ૧૯૩૭

૩ **ગુરૂકુલસુદર્શન:** સુરત: શ્રીવિઠ્ઠલદાસ ઠાકોરદાસ હિન્દુ ગુરૂકુલ; વર્ષ ૧, અં. ૪, શ્રાવણ, સં. ૧૯૯૩

૪ **વસન્ત:** અમદાવાદ, વર્ષ ૩ અં. ૧, માઘ, ચૈત્ર, ૧૯૯૩

૫ **દેશીરાજ્ય:** પુ. ૧૦, અં. ૧–૩ પુ. એપ્રીલ, મે, જુન, ૧૯૩૭

વાર્ષિક

૧ **અરૂણ:** અં. ૧લો, સપ્ટેમ્બર ૧૯૩૭; ગુજરાત સાહિત્ય ઉત્તેજક મંડળ, નાઇરોબી, પૂર્વ આફ્રિકા.

શ્રી ફાર્બસ ગુજરાતી સભા

ત્રૈમાસિક

વ્યવસ્થાપક સમિતિ

સંપાદક:

રા. રા. અંબાલાલ બુલાખીરામ જાની, બી. એ.

સૂચના:—પરિવર્તન અર્થે માસિકો આદિ, તેમજ અભિપ્રાય અને ભેટ અર્થે પુસ્તકો મોકલનાર વ્યવસ્થાપકોએ, અને પત્રવ્યવહાર કરનારાઓએ નીચેને શરનામે પત્રવ્યવહાર કરવો.

અંબાલાલ બુલાખીરામ જાની, બી. એ.
૩૬૫, શ્રી ફાર્બસ ગુજરાતી સભામંદિર
વિઠ્ઠલભાઇ રોડ, કોંગ્રેસ લેઇન, મુંબઈ નં. ૪.

અનુક્રમણિકા

પુ૦ ૨ જાન્યુઆરી-માર્ચ : ૧૯૩૮ અંક ૪

ગ્રાહકનાં નામ નોંધાવવાનાં અને લવાજમ ભરવાનાં સ્થળ:

૧. અંબાલાલ બુલાખીરામ જાની, ૩૬૫, શ્રી ફાર્બસ ગુજરાતી સભામંદિર
વિઠ્ઠલભાઈ રોડ, કોંગ્રેસ લેઈન, મુંબઈ નં. ૪.

૨. મેનેજર: "આદિત્ય મુદ્રણાલય" રાયખડ : અમદાવાદ

વિષયાનુક્રમણિકા—૧૯૩૭–૩૮

શ્રી ફાર્બસ ગુજરાતી સભા

ત્રૈમાસિક

प्रकृतेः परिकर्माणि कालसुप्तानि सर्वशः ।
बुद्धया प्रज्वलितः शुद्धो दीपोऽयं द्योतयिष्यति ॥

પુસ્તક ૨ જું] ઈ. સ. ૧૯૩૮ : જાન્યુઆરી-માર્ચ: સંવત ૧૯૯૪ [અંક ૪

વડોદરા રાજ્યમાં પુરાતન શોધખોળ

[લે૦ : રા. રા. અમૃતપ્રસાદ મોતીલાલ વ્યાસ, બી. એ. ઓનર્સ.
પુરાતનસંશોધનખાતું, વડોદરા.]

વડોદરા રાજ્ય અને સારાયે ગુજરાતમાં પ્રાચીન શિલ્પકળાની દૃષ્ટિએ ઘણાં ઉપયોગી અને મહત્વનાં પુરાતન ચૈત્યો હજી મોજુદ છે. તેમાંનાં કેટલાંકનું વર્ણન અને ઐતિહાસિક મહત્તા શ્રીમંત મહારાજા સયાજીરાવ ગાયકવાડ એઓશ્રીના ઉદાર આશ્રયથી ઈ. સ. ૧૮૮૮ અને ૧૯૦૨ 'માં પ્રસિદ્ધ થયેલ 'The Antiqities of Dabhoi' અને 'The Architectural Antiquities of Northern Gujarat' એ નામના ગ્રન્થોમાં દર્શાવાયેલ છે. તદુપરાંત એલેક્ઝાન્ડર કિન્લોક ફાર્બસ, ટૉડ, ભગવાનલાલ ઇન્દ્રજી, વલ્લભજી આચાર્ય, વિગેરે અનેક નિષ્ણાતોએ તેમનાં ભિન્ન ભિન્ન સમયે વિસ્તારપૂર્વક વિવેચનો અને સ્થલવર્ણનો કર્યાં છે, અને હજી પણ ઘણા વિદ્વાનો કરી રહ્યા છે. પરંતુ હિન્દુ સ્થાપત્યકળાના ઇતિહાસ અને ખાસ કરી હિન્દુ મંદિરોની શિલ્પકળાના ઇતિહાસ પર નવીન ભાત પાડે એવાં કેટલાંક ચૈત્યો હજી પ્રકાશમાં લાવવાનાં છે.

એમાંના બે ત્રણનું સામાન્ય વર્ણન આપવું અત્રે યથાર્થ જણાશેઃ (૧) મહેસાણા પ્રાન્તમાં પીલુદ્રા ગામે આવેલા સૂર્યમંદિરનું તોરણ, અને (૨) સીતલા માતાનું મંદિર, (૩) દ્વારકાથી ચારએક માઇલના અન્તરે બરડીયા ગામમાં આવેલું રામમંદિર.

આ ત્રણે ચૈત્યો પ્રાચીન શિલ્પશાસ્ત્રોના ગ્રન્થોમાં વર્ણિત પદ્ધતિ અને સિદ્ધાન્તો અનુસાર રચાયેલાં હોય એમ લાગે છે, અને હિન્દુ સ્થાપત્યકલાના અભ્યાસીઓ માટે ઘણી ઉપયોગી કલાકૃતિઓ છે, એમ કહેવું કોઈ પણ રીતે અતિશયોક્તિભરેલું નથી. તેઓ મધ્યકાલીન હિન્દુ સ્થાપત્યકલાના નમુના હોઇ, પુરાતન શિલ્પશાસ્ત્રના ગ્રન્થોના અધ્યયન માટે ઘણા ઉપયોગી નીવડે એમ છે. નંદી, ભદ્ર, ઉપરથ, પ્રતિરથ, ભૂતલ, ભમતી વિગેરે શિલ્પશાસ્ત્રના ગ્રન્થોમાં માલુમ પડતા કેટલાક રૂઢ શબ્દોના અર્થ આવાં ચૈત્યોના નિરીક્ષણથી સહેજે સમજાય છે. આ સાથેનાં છાયાચિત્રોથી તેમની કારીગરીનો સામાન્ય ખ્યાલ આવશે.

ઉપર્યુક્ત સૂર્યમંદિરનું તોરણ ઘણી જીર્ણ અવસ્થામાં છે. ગુજરાતનાં કેટલાંક જૂનાં બાંધકામો ઉપરથી અને ખાસ કરીને ડભોઈ કીલ્લાના દરવાજાઓ તથા પાટણની રાણીકી વાવ જોતાં તથા મોઢેરાનું સૂર્યમંદિર જોતાં એટલું તો સ્પષ્ટ માલમ પડે છે કે ગુજરાતના મધ્યકાલીન સ્થપતિઓ અને સલાટો મોટે ભાગે લુમ્બીનો ઉપયોગ કરતા અને તે લુમ્બીઓને સુંદર રીતે કોતરેલી અનેક જુદા જુદા પ્રકારનાં દેવદેવીઓની તથા શૂરવીર પુરુષોની મૂર્તિઓ અને અનેક પ્રાણીઓની હારમાળાથી કે પુષ્પાકૃતિઓથી શણગારતા. આથી એમ માનવાનું નથી કે કમાનોનો ઉપયોગ મુસ્લીમ કારીગરોએ દાખલ કર્યો હોય. કારણ મધ્યકાલીન ચૈત્યોમાં કમાનોનો પણ ઉપયોગ થયેલો માલમ પડે છે, બલકે જ્યાં જ્યાં બની શકે ત્યાં ત્યાં બન્નેનો ઉપયોગ થયેલો નજરે પડે છે. ગુજરાતના સ્થાપતિઓ અને સલાટોને સોલંકી અને વાઘેલાઓના રાજકાજમાં ઘણું ઉત્તેજન મળ્યું હતું. મુસ્લીમ આક્રમણો પહેલાં સારાય ગુજરાતમાં શિલ્પકળા ઘણી ઉચ્ચ કોટીએ પહોંચી હતી. કેટલાક વિદ્વાનોના માનવા પ્રમાણે તો હિન્દી મકાનોની બાંધણી પર આરબ લોકોની અસર થતાં પહેલાં પણ કમાનોનો ઉપયોગ થતો હોવો જોઇએ. પ્રસ્તુત તોરણની લુમ્બી અદશ્ય થયેલ છે, પરંતુ તે જગ્યાએ ગોઠવવામાં આવેલ ગોખ Socket હજી નજરે પડે છે. આવો એક ગોખ મધ્યમાં હોવાથી એમ સંભવિત લાગે છે કે તોરણની કમાન પણ નષ્ટ થયેલી છે. વડનગરના તોરણ માફક પ્રસ્તુત તોરણમાં પણ એકજ ગોખના આધારે બન્ને બાજુના પત્થરો ગોઠવી, સુંદર કમાન બનાવવામાં આવી હોય અને તે ઉપર પણ સ્થંભના જેવું સુંદર કોતરકામ હોય, એ વાસ્તવિક છે. સ્થંભ ઉપરનું કોતરકામ આજે પણ આપણને દિગ્મૂઢ બનાવે એવું છે.

બીજાં બે હિન્દુ મંન્દિર છે. જો કે નિષ્કાળજીથી બન્નેમાં અનહદ નુકશાન થયેલું છે, પરંતુ મંદિરોની શિલ્પકલાના આ બન્ને રમુજી અને મહત્વના નમુના છે; અને જ્યારે તે ઉપરની આકૃતિઓની રચના થઇ હશે ત્યારે સ્વચ્છ, નકશીદાર અને મનોરંજક હોવી જોઇએ. બહારના ભાગ ઉપરનું કોતરકામ હજી પણ ઘણું ચિત્તાકર્ષક છે. સીતલા માતાના મંદિરના ઘુમટનો કેટલોક ભાગ પડી ગયેલો છે, અને સભામંડપના અવશેષો હજી નજરે પડ્યા નથી, પરંતુ દિવાલોપરનું શિલ્પ તથા જાળીઓ અને અટારીઓનું કોતરકામ અવલોકનીય છે, ડીઝાઈન કોતરવામાં મધ્યકાલીન સલાટોએ બતાવેલા કાર્યદક્ષતાનો ખ્યાલ આપે છે. સ્થંભ તથા સ્થાપત્યના અવલોકનથી તે ૧૨ મી સદીનું મંદિર હોય એમ લાગે છે.

બીજું મંદિર દ્વારકા નજીક બરડીયા ગામે આવેલું છે, અને રામમદિરના નામથી ઓળખાય છે. તેની નજીકમાં આવેલું બીજું મંદિર લક્ષ્મણ મંદિર તરીકે જાણીતું છે. આક્રમણ અને નિષ્કાળજીથી આ મંદિરને લક્ષ્મણમંદિર કરતાં પણ વધુ નુકશાન થયેલું છે. ઉગી નીકળેલાં ઝાડવાંઓ તથા તેના ઉપર ઠરેલી અનહદ ધૂળ દૂર કરી, સમારકામ કરવામાં આવ્યું છે, અને હવે તેની અંદરનું શિલ્પ ઘણું ઉત્કૃષ્ટ દેખાઈ આવે છે. દિવાલો, જાળીઓ અને અટારીઓ શિલ્પકામથી ભરપૂર છે. અત્યાર સુધી આ મંદિરો વિદ્વાનોની નજરે ન પડયાં એ ખરેખર શોચનીય છે.


ગુજરાત તેમજ કાઠીયાવાડમાં પાળીયા પત્થરો ઘણા નજરે પડે છે. આ પત્થરો ઉમદા કર્તવ્યો માટે જ જીવનનો ભોગ આપનાર અગર રણક્ષેત્રમાં જાન ગુમાવનાર વીર નરોના સ્મરણાર્થે ઉભા કરવામાં આવેલા હોય છે. આવા પત્થરો હિન્દુસ્થાનમાં ઘણે ઠેકાણે માલમ



૧ મહેસાણા પ્રાન્તમાં પીલુદ્રા ગામે આવેલા સૂર્યમંદિરનું તોરણ



૨ પીલુદ્રા ગામે આવેલું શીતલા માતાનું મંદિર



૩ દ્વારકાં નજીક બરડીયા ગામે આવેલું રામમંદિર

પડે છે, અને પ્રાચીન કાલમાં પ્રચલિત વીરપૂજા(Hero-worship)નો ખ્યાલ આપે છે. ગુજરાત અને કાઠીયાવાડમાં આવો જૂનામાં જૂનો પત્થર ઓખામંડળ વિભાગમાં આવેલા મુલવાસર નામના ગામેથી જડી આવેલો છે. તેના ઉપર મહાક્ષત્રપ સ્વામી રૂદ્રસેનના વખતનો (આશરે ઈ. સ. ૧૯૯. ૨૨૨) સંસ્કૃતમાં કોતરાયલો એક લેખ છે. તેમાં એક વીર નરે પોતાના મિત્ર માટે પ્રાણ અર્પણ કર્યાનો ઉલ્લેખ છે. આવાં સ્થળો પર લખાયેલા લેખો તે તે સ્થળોના સ્થાનિક ઇતિહાસ માટે ઘણા અગત્યના છે, અને તેમનું કાળજીપૂર્વક નિરીક્ષણ અને અભ્યાસ કરવો પષ્ટ જણાયાથી છાયા ચિત્રો અને પ્રતો તૈયાર કરાવવામાં આવી છે, જે યથાસમય પ્રસિદ્ધ કરવામાં આવશે.

ખોદકામ

અમરેલીમાં થયેલા ખોદકામમાંથી પણ ઘણી રમુજી અને મહત્વની વસ્તુઓ મળી આવી છે. તેમાં ખાસ કરીને ક્ષત્રપ રાજાઓના વખતના સિક્કાઓ અને કુમારગુપ્તના સમયના ચાંદીના એક જથ્થેથી ૨,૦૦૦ બે હજાર જેટલા સિક્કા જડી આવ્યા છે. તે ઉપરાંત ખંડિત તેમ જ અખંડિત નકસીદાર બંગડીઓ તથા બે દાઢીવાળા પુરૂષોનું દ્વન્દ્વયુદ્ધસૂચક એક પૂતળું પણ નીકળી આવેલું છે. જો કે તે ઉપર દર્શાવેલ વિષય હજી જોઇએ તેટલો સ્પષ્ટ થયેલ નથી, પણ આ પૂતળું શક અગર સેસાનીયન ઉત્પત્તિનું છે, એમ માનવા હરકત નથી, જો તે સેસાનીયન હોય તો તે વખતે આ સ્થળ ઉપર સ્વામીત્વ ધરાવતી પ્રજાના જાતીય સ્વભાવ માટે એ ઘણું ઉપયોગી નિવડે એમ છે.

નેક નામદાર દિવાન સર વી. ટી. કૃષ્ણામાચારી સાહેબની અનુમતિથી પાટણ મુકામે પણ ખોદકામ શરૂ થયેલું; અને ટુંક સમયમાં આ ગુજરાતના મધ્યકાલીન પાટનગરમાંથી સારી સામગ્રી પ્રાપ્ત થયેલી છે. એક સ્થળેથી નીકળી આવેલ બાંધકામ મહારાજ સિદ્ધરાજના વખતમાં ખોદાયેલ નહેરનો ભાગ હોય એમ માલમ પડે છે. પાટણ શહેરના એક મંદિરમાં ચણાયેલ શિલાલેખમાંની પ્રશસ્તિના અવશેષો પરથી માલમ પડે છે કે ૧૧ મા સૈકામાં મહારાજ સિદ્ધરાજે પોતાના રાજત્વકાલમાં એક મોટી નહેર ખોદાવેલી, અને તે મારફતે સરસ્વતી નદીનું પાણી સહસ્રલિંગ તલાવમાં વાળ્યું હોય, અને તેથી જૂના અણહીલવાડની આબાદીમાં ઘણો વધારો થયો હોય, એમ માનવા પ્રેરણા થાય છે. કારણ આ નહેર ખોદાવ્યા બદલ પ્રસ્તુત પ્રશસ્તિમાં, મહારાજ સિદ્ધરાજની ગંગાના પ્રવાહને નીચે લાવનાર મહર્ષિ ભગિરથ સાથે સંતુલના કરવામાં આવી છે. તદુપરાંત સુંદર નકસીદાર કોતરકામવાળા, બે સમાન્તર લાઇનોમાં ગોઠવાયેલા ૪૮ સ્થંભો તથા કોઈ ઇમારતના પાયાનો ભાગ (?) તથા અત્યંત વિપુલ પત્થરો નીકળી આવ્યા છે. હાલમાં આ મોટા મોટા સુંદર પત્થરો જે સ્થિતિમાં પડ્યા છે તે જોતાં અહિંયાંના આ સુંદર બાંધકામનો કંઈક ભૂકંપ જેવા બનાવથી નાશ થયો હશે, એમ માની શકાય. વળી બીજે સ્થળેથી એક શિવમંદિરના કોતરેલ સ્થંભો તથા બીજા સફેદ આરસના કોતરેલા તેમજ સાદા પત્થરોના ટુકડાઓ પણ ખોદકામમાંથી જડી આવ્યા છે: બન્ને સ્થળોએ ખોદકામ હજી ચાલુ હોઈ પૂરૂં થયેથી સવિસ્તર હેવાલ પ્રસિદ્ધ થશે.

———o———

યુદ્ધદાન

જેસલમેરના ઇતિહાસમાંથી મળી આવેલી એક ઉપકથા ઉપરથી રજપૂત લોકોની વીરશ્રી તથા રજપૂતને છાજતી હાથમાં તલવાર સાથે દુશ્મનોનાં માથાં કાપતાં મરવાની ઇચ્છા જણાઈ આવે છે.

ભટ્ટી વીર રાવળ ચચીકે ઘણાં યુદ્ધો કરી, ઘણા વિજયો મેળવી, ઘણા મુલક જિતી લીધા, ને છેક પંજાબના મધ્ય વિભાગ સુધીનો પ્રદેશ પોતાના કબજામાં લીધો. પણ આવાં લાંબી મુદ્દત સુધીનાં યુદ્ધોથી તે ઘણા થાકી જઈ બીછાને પડયા ને મંદવાડ લાંબા દિવસ સુધી ચાલ્યો.

પોતાની આવી દશામાં પણ પોતે અત્યાર સુધી જેવી રીતે જીવન ગાળ્યું હતું, તેવી જ રીતે એટલે હાથમાં તલવાર સાથે લડતા મરવું, એવી તેમને તીવ્ર ઇચ્છા થઇ આવી! પણ પોતે જેની સાથે લઢી શકે, એવો એક પણ શત્રુ નજીકના ભાગમાં રહ્યો નહતો. તેથી મુલતાનના સુબા લંગા શાહ પાસે પોતાના દૂતો મોકલ્યા, અને પોતાની છેલ્લી ઇચ્છા લાંબા મંદવાડનો ભોગ થઈ, મૃત્યુને આધિન થવા કરતાં શત્રુ સાથે લઢતાં મરવું એવી મરજી દેખાડી, અને પોતાની છેવટની માગણી તરીકે તેમણે "યુદ્ધદાન" આપવા માટે કહેવડાવ્યું. આથી લંગા શાહને દગાનો વહેમ આવ્યો. પણ ભટ્ટી દૂતે આડમાં પોતાનો શબ્દ મૂકયો, અને એક ખરા ક્ષત્રિય તરીકે વચન આપ્યું કે, તેનો સ્વામી માત્ર એક વીર પુરુષને યોગ્ય મૃત્યુ માગતો હતો. અને યુદ્ધમાં માત્ર પાંચસોથી સાતસો યોદ્ધાઓને સાથે લાવશે. અંતે લંગા શાહે તેની આ માગણી સ્વીકારી.

આથી રાવળે ઘણા હર્ષમાં આવી, પોતાની શાખાના ભાઈઓને–યોદ્ધાઓને એકઠા કર્યા અને તેની સાથે બીજા વિજયમાં સાથ આપે એવા સાતસો યોદ્ધાઓ પોતાના મુખી સરદાર સાથે પોતાની જીંદગી આપવાનો દઢ સંકલ્પ કરી, છેવટના રણક્ષેત્રમાં જવા તૈયાર થયા!!

ધુન્યાપુર ગામ પાસે તેઓ આવી પહોંચ્યા, ત્યારે મુલતાનનો લગો શાહ અહિંથી બે કોશ ઉપર પોતાના લશ્કર સાથે આવી પડયો આ ખબર જાણી, વીર રાવળને ઘણોજ આનંદ થયો ને પ્રાતઃકાળમાં વહેલા ઉઠી, સ્નાનસંધ્યાદિપૂજા પરવારી, પોતાના ઇષ્ટદેવનું આરાધન કર્યું; તેની સાથે ઘણું દાનપુણ્ય કરી, આ અસાર ને ક્ષણભંગુર સંસારના વિચારોમાંથી પોતાનું મન ઉઠાવી લીધું!!

તેના વીર સૈનિકો પણ છેવટના એકમેકને ભેટી રણમાં અતિ આનંદ અને ઉત્સાહથી લઢવા ચાલ્યા.

બે કલાક સુધી આ તુમુલ યુદ્ધ ચાલ્યું, ને એક બીજા સાથે હાથોહાથની લઢાઇ ઉપર આવી ગયા. તેમાં બંને પક્ષના ઘણા શૂરવીરો કામ આવી ગયા!

આ પ્રમાણે પોતાની શાખાના આ વીર ભાઇઓ સાથે અતુલ પરાક્રમ દાખવી, આપણી આ વાર્તાનો મુખ્ય નાયક વૃદ્ધ યાદવ–ભટ્ટી વીર રણક્ષેત્રમાં પડયો. અને તેની અને તેના ક્ષત્રિય યોદ્ધાઓની તલવારોના ભોગ થઇ બે હજાર ખાનો ધરણીએ ઢળ્યા! તેની સાથે કેટલાક વીર ભટ્ટીઓ પણ અમર ધામ સીધાવ્યા.

જોયું? ખરો ક્ષત્રિય બચ્ચો તે આનું નામ! ડોસાં ડગરાં પેઠે એક તૂટેલા ખાટલા કે ગંધાતી મેલી પથારીમાં ડૂસકાં ખાતાં ખાતાં મરવું, એ તેને ઘણું શરમભરેલું લાગ્યું!

લૂણાવાડા
તા. ૧૨–૮–૩૭

છગનલાલ વિ. રાવળ

પારિજાતકસમારોપણ

કૃષ્ણસુત પ્રેમાનંદ ભટ્ટ રચિત

સત્યભામારોષદર્શિકાખ્યાનનું એક દૃશ્ય

(અંક ૭, દૃશ્ય ૨, ૩, ૪.)

સંશોધક : દિ. બા. કેશવલાલ હ. ધ્રુવ

પુરોવચન

ત્રૈલોક્યશત્રુ ભૌમાસુરને કૃષ્ણદેવે ભોંયભેગો કરી, એના હાથમાં સપડાયલા કચને પ્રાગ્‌જ્યોતિષના કારાગૃહથી મુક્ત કર્યો અને અદિતિનાં કુંડળ, અમૃત, ઐરાવત, વજ્ર તથા રંભા સ્વર્ગે લેઈ જવા બૃહસ્પતિના તે સુપુત્રને સોંપ્યાં. તે જ ક્ષણે કચ પ્રતિ મહેન્દ્રનો મનોમય સંદેશો આવ્યો; તે અનુસાર કચે કૃષ્ણદેવને અમરાવતી પધારી, ત્રૈલોક્યપતિના હાથનો સત્કાર સ્વીકારવા વિજ્ઞપ્તિ કરી. તેમણે મહેન્દ્રના નિમંત્રણને માન આપી, વિશેષમાં કહ્યું, "તમે સિધાવો. હું તરતમાં આવ્યો જાણો." કચ પ્રાગ્‌જ્યોતિષથી મનોવેગે ઊપડી અમરાવતી પ્હોંચી જાય છે, તો ત્યાં તો કૃષ્ણદેવના સ્વાગતની સર્વ તૈયારી થઈ ચૂકી છે અને પવન, વહ્નિ, સૂર્ય, ચંદ્ર આદિ દેવ કૃષ્ણદેવ પધારવાની વાટ જોતા પોતપોતાને નીમેલે સ્થાને ઊભા છે.

કથાસૂત્રની આંટી ઊકેલી ઊકેલી હૂં તો થાકી ગયો છું. નાટકકાર વાચકને સ્વર્ગે લેઇ જશે અને ત્યાંથી નંદનવનમાં થઈ, કૃષ્ણદેવની દ્વારિકામાં મૂકશે. વારૂ ત્યારે, જય શ્રી કૃષ્ણ, જય જય.

પારિજાતકસમારોપણ

(કૃષ્ણદેવનો સત્કાર)

દૃશ્ય—૨

પાવક અને પવન પ્રવેશ કરે છે.

૨૫ પવન—વિભાવસુ ! વસુંધરેશને પધારતાં કેમ વાર લાગી હશે ? તાર્ક્ષ્યના વેગને પહોંચી વળે એવું કોઈ પણ પ્રાણી અદ્યાપિ શ્રવણ કરવામાં આવ્યું નથી.

૨૬ પાવક—સમીર ! રંભાએ શબ્દશ્રવણમાં ભૂલ તો નહિ કરી હોય ? જો એમ[1] થયું હશે, તો આ સુખ્મ માર્ગમાં આપણે ઊભા છિયે તે અને અસુરારિસદ્મ નિકટ કુમુદારિ તથા કંજારિ ઊભા રહ્યા છે તે, સકલનો શ્રમ મિથ્યા થશે.

એવે ગરુડની પાંખ વાગે છે અને અલ્પકાળમાં કૃષ્ણદેવ સત્યભામા સહ જોવામાં આવે છે.

૨૭ પવન—વહ્નિ ! જુઓ, તાર્ક્ષ્યને કહો કે [2]અહીં જ સ્થિર થાય.

૨૮ પાવક—અહો ખગેશ ! [3]અહીં જ સ્થિર થાવ, સ્થિર થાવ.

ગરુડ સ્થિર થાય છે અને કૃષ્ણદેવ સત્યભામા સહ નીચે ઊતરે છે.

૨૯ કૃષ્ણદેવ શિરસા નમન કરી—પાકારિ પ્રભુ અધુના કયાં વિરાજે છે ?

૩૦ પાવક—[4]વસુંધરેશ ! અધુના શક્ર સ્વામી તમારા આગમનની [5]પ્રતીક્ષા કરતા સુરસભામાં વિરાજે છે. [6]એમણે અમો ઉભયને તમોને તહીં લઇ જવા [7]મોકલ્યા છે.

૩૧ કૃષ્ણદેવ શિરસા નમન કરી—પુરંદર પ્રભુની મારા પર અત્યંત કૃપા છે. કિંતુ ભગવંત ! મારે કાજે ઉભય દેવે આટલો બધો શ્રમ લેવો ઘટિત નથી.

૩૨ પવન—આપની અનુકંપાથી જ [8]અમો આ વનથી પેલે વન ભમતા મટી સુખી થયા છિયે.

[9]અસુરારિસદ્મના નિકટ આવતાં કુમુદારિ તથા કંજારિને ત્યાં ઊભા જોઇ કૃષ્ણદેવ નમન કરે છે.

૩૩ કુમુદારિ—વાસુદેવ ! શક્ર સ્વામીના નિકટ જવાનો આ માર્ગ છે. આમ આવો, આમ આવો.

૩૪ કંજારિ—દેવકીનંદન ! જુઓ, વૃત્રારિ આસનથી ઊઠી તમને [10]લેવા આવે છે.

એવે બૃહસ્પતિ સહવર્તમાન ઇંદ્ર, શચી, યમ, અષ્ટવસુ, કુબેર આદિ તેત્રીસ કોટિ દેવ પ્રવેશ કરે છે.

૩૫ કૃષ્ણદેવ સત્યભામા સહ સર્વ સુરને શિરસા નમન કરી—પ્રભુ અમરેશ ! હું આટલા [11]બધા માનને યોગ્ય નથી.

દૃશ્ય ૧

૧ એમ કાંઇ ૨ હવે અહીં ૩ હવે અહીં ૪ વસુંધરેશ વાસુદેવ ૫ નિરીક્ષા ૬ અને ૭ અહીં મોકલ્યા ૮ ૦ ૯ સદ્મના ૧૦ તેડવા ૧૧ વધુ

૩૬ ઇંદ્ર—જો યદુનંદન અમને આ સર્વના અર્પનાર છે, તો તે આથી પણ અધિક માનને યોગ્ય છે.

૩૭ બૃહસ્પતિ—**सत्यम्**, યાદવેંદુને ઘટિત માન અર્પી શકાતું જ નથી.

૩૮ શચી સત્યભામાને માથે હાથ ફેરવી—સત્રાજિત્સુતા ! તમારી સહાયતા વડે જ અમે આ વૈભવનાં [૧૨]ભોગવનારાં થયાં છિયે.

૩૯ ઇંદ્ર અર્ધા ઇંદ્રાસન પર કૃષ્ણદેવને સત્યભામા સહ બેસારી, અર્ધા પર પોતે શચી સહ બેસી—વાસુદેવ ! વસુંધરાનું અને સ્વર્ગાદિ સર્વ લોકનું સંકષ્ટ તમારા વિના કોઇ ટાળનાર ન હતો.

૪૦ કૃષ્ણદેવ—એમાં મેં શું અધિક કર્યું છે ?

૪૧ પાવક—અહો શક્ર સ્વામી ! તાર્ક્ષ્યપક્ષનો સુસવાટ શ્રવણ કરી સ્વર્ગવાસીઓએ નાસાનાસ કરી મૂકી હતી; તેમને અમે સમજાવ્યું કે [૧૩]એ તો[૧૩] ગરુડારૂઢ ગોવિંદ ભોમાસુરનો વધ કરી આવે છે; ત્યારે જ એમનાં મન શાન્ત થયાં. એવું દુઃખ ટાળનાર આ નરનું જે સનમાન કરિયે તે સ્વલ્પ જ ગણાય.

૪૨ બૃહસ્પતિ—અહો વહ્નિ ! યાદવેંદુના દર્શનમાં ભયનો લેશ પણ ન હોય. તથાપિ **तक्रं पिबति फूत्कृत्य दग्धो दुग्धेन द्वारकः** । એ ન્યાયે વર્તે છે.[૧૪]

એવે વીણા વગાડતા નારદ પ્રવેશ કરે છે.

૪૩ નારદ—

[૧૫]નારાયણ ! નારાયણ ! નાથ ! હરે !
નારદ કાર્ય સરે
પ્રભુએ ચિત્ત ધર્યે.[૧૫]

૪૪ ઇંદ્ર શિરસા નમન કરી—બ્રહ્મકુમાર ! પધારો,[૧૬] પધારો.

સભાપાલિકાએ આણેલા પૂજનના સાહિત્યથી શક્ર, શચી પ્રથમ નારદ મુનિનું અને પછી કૃષ્ણ-સત્યભામાનું પૂજન કરે છે.

૪૫ કૃષ્ણદેવ સંકોચ પામી—તમે અમારા પૂજ્ય છો અને અમે તમારા પૂજક છિયે.

૪૬ બૃહસ્પતિ—[૧૭]સ્વમંદિરે પધારેલા અતિથિને શક્ર પૂજે છે તે યથાઘટિત જ કરે છે.[૧૭]

---

૧૨ ભોગદારી ૧૩-૧૩ ૦ ૧૪-૧૪ दुग्धतो दग्धो बालो । दधि पुनः फूत्कृत्य पिबति । ૧૫-૧૫ નારાયણ હરે નારદ કાર્ય કરે જો ચિત્ત વિચ ધરે.: નારાયણ નારાયણ નામી નાથ હરે. ૧૬ અહીં ઉક્તિને છેડે સંસ્કરણમાં નીચેનું વાક્ય વધારે છેઃ—'આ સર્વ સુખ અમો સકલ સુરને તમારાથી જ પ્રાપ્ત થયું છે.' ત્યારપછી નીચે મુજબ નવી ઉક્તિ પણ છેઃ—નારદ—यस्य अन्नं तस्य पुण्यम् रन्धकारस्य धूमकः । ૧૭-૧૭ સ્વમંદિર પધારેલા અતિથિને જોઇ પૂજ્યપૂજકભાવ અધમોત્તમ કોઇ પણ પ્રાણીએ મનમાં ન આણવો એવી શાસ્ત્રાજ્ઞા છે. માટે જે શક્ર કરે તે યથાઘટિત જ કરે છે. અને તેમાં ય તમારૂં પૂજન પ્રાપ્ત થવું, એ તો શક્રનાં ધનભાગ્ય સમજવાં

૪૭ નારદ—[૧૮]અહો !

સ્રગ્ધરા

[૧૮]શોભે છે મેઘ મધ્યે ગગન સઘન આ; એહ[૧૯] ના વારિ લાવે !
વિદ્યુતો આ ઝબુકે, સ્થિર [૨૦]નિરખું ન એ[૨૦] ! ચંદ્ર તારા સુહાવે !
[૨૧]રાતા પીળા ય રંગો વળી વિધવિધ છે; તેહ ના વ્યર્થ થાવે ![૨૧]
હે દેવાચાર્ય ! દેખો.[૨૨] અવનવું અતિશે દષ્ટિએ એહ[૨૩] આવે.

૪૮ બૃહસ્પતિ—બ્રહ્મકુમાર ![૨૪]

અનુષ્ટુભ્

પૃથ્વીની દૃષ્ટિ છે મેઘે; મેઘ ચંદ્ર જુએ અહીં;
[૨૫]ચંદ્ર વીજ ભણી ભાળે. એ અપૂર્વ લહું સહી ![૨૫]

[૨૬]ઇંદ્રના દૃષ્ટિપાતથી ઉર્વશી નૃત્ત કરવા ઊભી થાય છે; અને તુંબરૂ મૃદંગ સંભાળે છે.[૨૬]

૪૯ [૨૭]એક સુરસભાસદ—અહા ! આજ તો ઉવર્શીનું નૃત્ય નિરખવામાં આવશે !

૫૦ બીજો સુરસભાસદ—અને એનું ગાન શ્રવણ કરવામાં આવશે !

૫૧ ત્રીજો સુરસભાસદ—શક્ર સ્વામીએ કૃષ્ણદેવને રીઝાવવા રાખ્યું તે ઠીક કર્યું.

૫૨ ચોથો સુરસભાસદ—સર્વસ્વ પાછું મેળવી આપનારને કાજે જે કરે તે ઓછું.[૨૭]

૫૩ પાંચમો સુરસભાસદ—**बाढम्** ![૨૮]

૫૪ ઉવર્શી અભિનય સાથે—

ગુર્જરી

નિર્ભર નિર્જર દુઃખ શોચનમોચન ! [૨૯]નલિન નયન ! સુર[૨૯]સુખકારી !
યદુનંદન ! વંદન ચંદન ચર્ચિત ! સ્યંદન--પારથ--રથસારી !
મન્મથ [૩૦]મદખંડી ! શિખંડકમંડિત ![૩૦] મદકલ--કર કંદુકધારી !
મંજુલ–કચ–સારક ! [૩૧]ધારક વંજુલ ગુહ[૩૧] રતિપતિ–પીડ વિદારી !
[૩૨]દધિવંચક ! મંચકમધ્ય વિરાજિત ![૩૨] આભૂષણ ભૂષણ ભારી !
[૩૩]ઇશ્વર ! અખિલેશ્વર ! અનુપ મધુપ મધુવન–પુષ્કર–પુંજવિહારી ![૩૩]

---

૧૮ દેવાચાર્ય ! આ શી અનુપમ શોભા દર્શી રહી છે ! ૧૯–૧૯ શી શોભા મેઘ મધ્યે સજળ સઘન આ અભ્ર ૨૦–૨૦ તવ નિરખું ૨૧–૨૧ રંગો રાતા તથા આ પીત વિધવિધના વ્યર્થ થાયે ન ભાવે. ૨૨ દાખો ૨૩ કેમ ૨૪ આ શબ્દ પછી સંસ્કરણમાં નીચેનો ભાગ વધારે છે:–એ આશંકા આવવા જેવું છે તથાપિ ૨૫–૨૫ વિદ્યુતો રોહિણી ભાળે, આવું સર્વ લહો તહીં ૨૬–૨૬ એવે તુંબરૂ ઉર્વશ્યાદિક મૃદંગાદિ નૃત્યસાહિત્ય લઇ પ્રવેશ કરે છે. ૨૭–૨૭ સંસ્કરણમાં સુરસભાસદોની એકત્ર ઉક્તિ મેં નાટકની અનુકૂળતા સાચવવા ચાર સુરસભાસદમાં વહેંચી નાખી છે. ૨૮–૨૮ આ આ ઉક્તિ મેં ઉમેરી છે. ૨૯ વરનયન અયન ૩૦ ખંડિત માધવ ૩૧–૩૧ વંજુલ વચ ધારક ૩૨–૩૨ વંચક દધિમંચક રાજિત સાતિ ૩૩–૩૩ અનુપ મધુપ અખિલેશ્વર ઈશ્વર મધુવન પુષ્કર બિકલ વિહારી

ચંચલ-દૃગ-ખંજન [૩૪]અંજન-મંજન ! ભવભયભંજન નરનારી ![૩૪]
મુખકમલ અમલ પરિમલ પરિમલ પરિપૂરિત[૩૫]ચુંબન[૩૫]દઇ[૩૬] કુબ્જા તારી !

[૩૭]નૃત્ય પૂરૂં થતાં ઉર્વશી વંદન કરી, તુંબરુ સાથે નિવૃત્ત થાય છે.[૩૭]

૫૫ [૩૮]એક સુરસભાસદ—અહાહા ! ઉવર્શી તે ઉવર્શી જ !

૫૬ બીજો સુરસભાસદ—શા એના અભિનય !

૫૭ ત્રીજો સુરસભાસદ—એના દૃષ્ટિના ભેદની વાત તો કોણ જ કહી શકે ?

૫૮ ચોથો સુરસભાસદ—તાલનો તાલ તો એ જ જમાવી જાણે છે.

૫૯ પાંચમો સુરસભાસદ—શો એની કિંકિણીનો રણુત્કાર !

૬૦ છઠ્ઠો સુરસભાસદ—શો એના પદનો ઠણુત્કાર !

૬૧ સાતમો સુરસભાસદ—એની ઝલેનો ઝણુત્કાર તો વિદ્યુતને હરાવી નાંખે છે !

૬૨ આઠમો સુરસભાસદ—તંબુરા જેવો બજવૈયો પણ એને પહોંચી શકતો નથી !

૬૩ નવમો સુરસભાસદ—માનવ લોક જો સ્વર્ગમાં સુખ માનતા હોય, તો આ ઉર્વશી નૃત્ય રૂપી જ છે.[૩૮]

૬૪ અનેક સુરસભાસદ—**एवम्** ।[૩૯]

એવે નન્દનવનપાલિકા પ્રવેશ કરે છે.

૬૫ નંદનવનપાલિકા નમન કરી—[૪૦]દેવાધિદેવનો જયજયકાર હો. પ્રભુની આજ્ઞા અનુસાર નંદનવનમાં સર્વ પ્રકારની [૪૧]સજાઈ સજાઇ છે.[૪૧] સ્થળનાં અને જળનાં વિહારસ્થાન પ્રભુના આગમનનું અવલોકન કરી રહ્યાં છે.

૬૬ ઈંદ્ર—નંદનવનપાલિકે ! કલ્પદ્રુમ પારિજાતક અલૌકિક વૃક્ષ નીચે વિશ્રામસ્થાન સજ્જ છે ને ?[૪૨]

૬૭ નંદનવનપાલિકા—પ્રભુ ! [૪૩]સર્વ સજ્જ છે.[૪૩] યામદેવે [૪૪]કહાવ્યું છે[૪૪] કે વાર, આવેલા અતિથિને લઈ શકે સ્વામી પધારે, એની[૪૫]જ છે.

૬૮ ઈંદ્ર—એમ ! [૪૬]સર્વ સજ્જ છે ?[૪૬] જા, તું જઈ કહે કે વાસુદેવાદિ સહવર્ત્તમાન અમે ત્યાં સત્વર આવિયે છિયે.

૬૯ નંદનવનપાલિકા—વારૂં, દેવાધિદેવ ! (નમન કરી જાય છે.)

૭૦ ઈંદ્ર—વાસુદેવ ! ચાલો પ્રિયા સહ; અને સ્વર્ગનું નંદનવન નિહાળો.

૭૧ કૃષ્ણદેવ નમન કરી—શક્ર સ્વામી અમારા પર અપાર [૪૭]અનુગ્રહ કરે છે.

૩૪–૨૪ મંજન અંજન ભયભંજનસ્વાશ્રય નારી ૩૫–૩૫ પરિમલ અમલ કમલ મુખ સુખકર ચુંબન ૩૬ ચતુરા ૩૭–૩૭ ૦ ૩૮–૩૮ સંસ્કરણમાં સુરસભાસદોની એકલ ઉક્તિ છે, તે મેં નાટકની અનૂકુળતા સાચવવા નવ સુરસભાસદમાં વહેંચી નાખી છે. ૩૯–૩૯ આ ઉક્તિ મેં ઉમેરી છે ૪૦ દેવાધિદેવ સુરશિરમણિનો ૪૧–૪૧ સજાઇ રહી છે ૪૨–૪૨ થઈ ચૂકયાં છે ને ૪૩–૪૩ ૦ ૪૪–૪૪ કહ્યું છે ૪૫ એટલી ૪૬–૪૬ સર્વ સાજ સજાઇ રહ્યો છે ૪૭ ઉપકાર

૭૨ સત્યભામા બીજું કોઈ ન સાંભળે તેમ—આર્યપુત્ર! મારે તો પેલા ફૂલનું ઝાડ જોઇએ છે. તે સાથે ન લેતાં મને આવું તેવું દેખાડી ઠગશો નહિ, હો.

૭૩ કૃષ્ણદેવ—પ્રિયા! તે દ્રુમ નીચે જ આપણે વિશ્રામ[૪૮] લેવાનો છે.[૪૮]

૭૪ સત્યભામા—જો ને! આડી આડી વાતો કરે છે; પણ એમ કહેતા નથી કે એ સાથે લેવાનું છે.

૭૫ કૃષ્ણદેવ—પ્રિયા! તું ઊતાવળી થઇશ મા. તે દ્રુમ નિહાળ્ય. પછે હું તારા મનના મનોરથ પૂર્ણ થાય તેમ કરીશ.

૭૬ શચી—કયમ સત્રાજિત્સુતા! તમારા તહીંના જેવું અહીં કંઈ છે કે નહિ? અહીં રહેવાનું હોય, તો તમને ગમે કે નહિ? ચાલો, ઊઠો, [૪૯]નંદનવનમાં વિહાર કરિયે.

૭૭ સત્યભામા નમન કરી—ભગવતી! અહીં ન ગમે, તો કયાં ગમે? અમારે [૫૦]ત્યાં[૫૦]આવું કયાંથી? તમે તો દેવ અને અમે તો માનવ.[૫૧]

૭૮ ઇંદ્ર ઊભા થઇ—[૫૨]કેમ, વાસુદેવ! ચાલીશું ને?[૫૨]

૭૯ [૫૩]કૃષ્ણદેવ ઊઠી—જેવી શક્ર સ્વામીની ઇચ્છા.[૫૩]

શક્ર ચક્રપાણિનો અને શચી સત્યભામાનો હાથ ઝાલી ચાલ્યાં જાય છે. સુરસભા વિસર્જન થાય છે. માત્ર બૃહસ્પતિ અને કુબેર પાછળ રહે છે.

૮૦ બૃહસ્પતિ—કેમ, ધનદ! કંઈ પશ્ચાત્ [૫૪]રહી ગયા?[૫૪]

૮૧ કુબેર—જેમ તમે, તેમ અમે.

૮૨ બૃહસ્પતિ—અમારે તો વાસુદેવને અર્પવા કાજે દિવ્ય વસનાદિક લઇ નંદનવદન જવાનું છે; માટે વાર થઇ છે. [૫૫]તમે કેમ રોકાયા છો?[૫૫]

૮૩ કુબેર—મને કંઇ આશંકા થઈ આવી તે ભગવંતને કહેવા માટે [૫૭]થોભ્યો છું.[૫૭]

૮૪ બૃહસ્પતિ—કહો, શી[૫૮] આશંકા થઇ આવી છે?[૫૮] તમને સકળ આશંકાવાળા જોઈને જ ધૂર્જટિએ કોશાધ્યક્ષ નીમ્યા છે.

૮૫ કુબેર—ના ના, ભગવંત! એવું તો કંઇ નથી. મારા જીવને એમ થયું કે શક્ર સ્વામીએ કલ્પદ્રુમ તથા પારિજાતક માટે જે 'અલૌકિક' પદની યોજના કરી તે સુખાવહ નથી.

૪૮-૪૮ વિહાર કરવાનો છે. ૪૯ હવે નંદનવનમાં ૫૦-૫૦ ત્યાં તો આવું સુખ ૫૧ અહીં ઉક્તિને છેડે સંસ્કરણમાં નીચલું વાક્ય વધારે છેઃ-તમારી વાત, તે તો તમારીસ્તો ૫૨-૫૨ વાસુદેવ! કેમ હવે ચાલીશું ને ૫૩ આ ઉક્તિ સંસ્કરણમાં છે નહિ ૫૪-૫૪ પડી ગયા ૫૫-૫૫ તમે ય કાંઈ તેવા જ કાર્યને માટે રોકાયા છો કે શું? ૫૬ કલ્પના ૫૭-૫૭ હું ઊભો રહ્યો છું ૫૮ તમને શી કલ્પના થઈ આવી છે. ૫૯ કલ્પનાવાળા ૬૦-૬૦ તથાપિ મારા મનમાં એક એવી આશંકા થઈ આવી

૮૬ બૃહસ્પતિ—[૬૧]સત્યમ્ । મને પણ એ પ્રદ ઘટિત લાગ્યું ન હતું.

એવે પુરજનનો મોટો પોકાર થાય છે.

૮૭ કુબેર ચકિત થઇ—આ શું, ભગવંત! [૬૨]અકસ્માત્ ભયનો [૬૩]કોલાહલ ક્યાંથી?

એવે કંજારિ ભયભીત વેશે અભેદ્ય સુરસભાનો આશ્રય લેવા પ્રવેશ કરે છે.

૮૮ બૃહસ્પતિ—અભય. અભય. આમ સભય કેમ દર્શો છે?

૮૯ કુબેર કંજારિને હૃદય સાથે ચાંપી—ભ્રાત! આ [૬૪]શું? આ[૬૪] ભય શો?

૯૦ કંજારિ ધ્રૂજતો—[૬૫]તાર્ક્ષ્ય, ખગેશ[૬૫]

૯૧ બૃહસ્પતિ—[૬૬]ગરુડ તો ગોવિંદની સાથે આવ્યો છે. તેનાથી[૬૭] ભયભીત થવાનું શું પ્રયોજન છે?

૯૨ કંજારિ—[૬૮]પારિજાતક દ્રુમ લઇને [૬૯]જતો [૬૯]રહ્યો!

૯૩ કુબેર—કિંતુ તમારે તેમાં ભયગ્રસ્ત થવાનું શું પ્રયોજન છે? શાન્તપણે વીતી વાત કરો. દેવાચાર્ય નિકટ સતે તમારે શો[૭૦] ભય છે?

૯૪ કંજારિ આમતેમ જોઈ—[૭૧]શ્રવણ કરો. નંદનવન જઈ પારિજાતક દ્રુમ નીચે સર્વેએ વિશ્રામ કર્યો. તે દ્રુમ જોઇ સત્રાજિત્સુતાએ કહ્યું કે 'આર્યપુત્ર! આ સાથે લ્યો.' તે શ્રવણ કરી શક્ર સ્વામીએ કહ્યું કે 'આ તો સુરદ્રુમ છે, એ પૃથ્વીમાં લેઇ જવાય નહિ. તમારે એનાં પુષ્પ જેટલાં જોઇતાં હોય, તેટલાં લ્યો.' [૭૨]એટલામાં તો (સકંપ) [૭૩]તાર્ક્ષ્ય આવી,[૭૩] પારિજાતકને ચંચુમાં ગ્રહણ કરી કૃષ્ણ તથા સત્યભામાને [૭૪]પૃષ્ઠ પર લઇ ઊડયો.[૭૪]

૯૫ બૃહસ્પતિ—શું, તે પારિજાતક દ્રુમ લેઈ ચાલ્યો અને શક્રે કંઇ[૭૫] ન કર્યું?

૯૬ કંજારિ—ભગવંત! આવો અવિનય જોઇ શક્ર સ્વામીએ [૭૬]ક્રોધાવેશમાં તાર્ક્ષ્ય પર સત્વર વજ્ર ફેંકયું. કિંતુ કૃષ્ણના [૭૭]પ્રભાવથી વા [૭૮]ગરુડની ગતિથી[૭૮] તે કંઈ પણ કરી શકયું નહિ.

૯૭ બૃહસ્પતિ—શું? વજ્રનું પડવું નિષ્ફળ ગયું?

૯૮ કંજારિ—નિષ્ફળ નહિ, તો બીજું[૭૯] શું? માત્ર તાર્ક્ષ્યના એક પીછાનો તેણે નાશ કર્યો! તે પીછું અમરાવતીમાં આવીને પડયું. તેણે કરી અમરના

૬૧ સત્યં સત્યં ૬૨ અચાનક ૬૩ પોકાર ૬૪–૬૪ આ બે શબ્દ વચ્ચે સંસ્કરણમાં 'આ શું? શો ભય?' એટલા બોલ વધારે છે. ૬૫–૬૫ તાર્ક્ષ્ય તાર્ક્ષ્ય ખગેશ ખગેશ ૬૬ અરે ગરુડ ૬૭ તો પછી તેનાથી ૬૮–૬૮ પારિજાતક પારિજાતક દ્રુમ દ્રુમ ૬૯–૬૯ જતો રહ્યો જતો રહ્યો ૭૦ હવે શો ૭૧ ભગવંત શ્રવણ ૭૨ પ્રભુ એટલામાં ૭૩–૭૩ તાર્ક્ષ્ય વજ્રથી સહસ્ર ઘણી ગર્જના કરતો આવી પહોંચ્યો અને ૭૪–૭૪ પાંખ પર ચડાવી લઈ ઊડવા મંડયો ૭૫ કંઇ પણ ૭૬ કોપાવેશમાં આવી ૭૭ પ્રતાપબળે ૭૮–૭૮ ગરુડના ગતિપ્રભાવે ૭૯ ?

[૮૦]આવાસ કચ્ચરઘાણ થયા[૮૦] અને આખા પુરમાં નાસાનાસ વર્તી રહી.[૮૧]

૯૯ બૃહસ્પતિ—વત્સ કંજારિ! ગરુડ તો [૮૨]ગયો કની?

૧૦૦ કુબેર—કયમ, ભ્રાત! એ યુદ્ધ કરવા તો પાછો આવ્યો નહિ![૮૩]

૧૦૧ કંજારિ—[૮૪]અમે તો જોતા[૮૫] રહ્યા અને એ તો કાંચનપુર પહોંચ્યો. [૮૬]ત્યાંથી તે દ્રુમ મૂકી [૮૭]યુદ્ધ કરવા પાછો[૮૭] આવશે એમ માની સર્વનાં હૃદય ધડકી રહ્યાં છે.[૮૮]

૧૦૨ બૃહસ્પતિ—ચાલો [૮૯]ચાલો. જઈ પુરજનોનો કોલાહલ[૯૦] શાન્ત કરિયે; અને શક્રને મળી ખગેશનું સામર્થ્ય તેને વિદિત કરિયે.

[૯૧]ત્રણે જાય છે.[૯૧]

(દેવસભા)

દૃશ્ય—૩

[૧]ઉદાસીમાં ડૂબેલો[૧] શ્રીદામો પ્રવેશ કરે છે.

૧૦૩ શ્રીદામો—આપણી બુદ્ધિનો ગર્વ ગોવિંદજી આગળ ઝાકળના જળ જેવો છે. એક સત્યભામાનો સંબંધ જોડતાં મને મહા મહા [૨]પરિશ્રમ પડયો;[૨] અને કહાનજીએ સોળ સહસ્ર સુંદરીઓ આંખ્યના મિચકારામાં આણી આખું સુવર્ણપુર શ્યામાઓના રાજ્ય જેવું કરી મૂકયું! અરે, વળી એમ સાંભળવામાં આવ્યું છે કે પ્રાગ્જ્યોતિષપુરથી પ્રભુ પ્રિયા સહ અમરાવતી ગયા છે. એ ત્યાંથી દેવાંગનાઓ, ગંધર્વ કન્યાઓ, કિંનરીઓ, અપ્સરાઓ, ઇત્યાદિ લેતા આવશે, તો તેમને વસવાનો ઠામ પણ કયાં અપાશે? અને મને ગોવાળિયાને તે ગણશે ય શેનીઓ? હશે, જે થવાનું હશે તે થશે. પણ હવે તો પ્રભુ વહેલા[૩] દર્શન દે, તો આ હૃદય રૂપી પદ્મ પ્રભાકરને જોતાં જ પ્રફુલ્લિત થાય.

એવે અંતઃપુરપાલિકા પ્રવેશ કરે છે.

૧૦૪ અંતઃપુરપાલિકા—ગોપબંધુ! ચાલ્ય ચાલ્ય, વેહેલો આવ્ય. સાંભળતો ય નથી કે શું? આવે છે કે નહિ?

૧૦૫ શ્રીદામો—શું છે? અલી! કોણ બોલાવે છે? દેવની અંતઃપુરપાલિકાને

---

૮૦ અવાસાદિકનો કચ્ચરઘાણ નીકળી ગયો ૮૧ ઉક્તિ ૯૮ અને ૯૯ ની વચ્ચે સંસ્કરણમાં નીચેની ઉક્તિ વધારે છેઃ–"ધનદ–ભગવંત! કયમ શ્રવણ કર્યું કની? કિંતુ કૃપાળુ! ચાલો સત્વર જઇ પુરજનને શાંતવન દઇ શક્ર સ્વામિને મળિયે." ૮૨ ઊડી ગયો ૮૩ નહોતો ૮૪ અહિં ઉક્તિના આરંભે સંસ્કરણમાં નીચે આપેલા બોલ વધારે છેઃ–ભગવંત દેવાચાર્ય! એની કેટલી ત્વરિત ગતિ કે ૮૫ જોતા જ ૮૬ તથાપિ ૮૭–૯૭ પાછો યુદ્ધ કરવા ૮૮–૮૮ અહીં ઉક્તિને છેડે સંસ્કરણમાં નીચેનું વાક્ય વધારે છેઃ–અને મોટા મોટા વીર પુરૂષો નાસાનાસ કરી રહ્યા છે ૮૯ ધનદ! ચાલો ૯૦ પોકાર ૯૧–૯૧ એમ કહી બે જણ એક માર્ગે અને કંજારિ બીજે માર્ગે ચાલ્યા જાય છે.

દૃશ્ય–૩

૧–૧ ૦ ૨–૨ મહેનત પડી ૩ વહેલા વહેલા આવી

બીજાનાં ટાંપાં[4] કરવાનાં કરમે લખ્યાં કે? ધણી વિના ધરાળ બેઠું. જા, અમે તો, બીજા ભૂપજીએ બોલાવ્યા હશે, તોય આવનાર નથી.

૧૦૬ અંતઃપુરપાલિકા—અરે જા જા, ગોપબંધુ! અમે તે બીજાનું [5]ટાંપું કરતાં હઇશું?

૧૦૭ શ્રીદામો હરખાતો—શું, ત્યારે કહાનજી [6]આવ્યા? તો તો [6]ચાલ્ય, હું તારી સાથે જ આવું છું.

૧૦૮ અંતઃપુરપાલિકા—કહાનજી કિયા? એ તો કંઇએ આવ્યા નથી; અને હું તેમની મોકલી બોલાવવા આવી ય નથી.

૧૦૯ શ્રીદામો નિશ્વાસ નાંખી—જા, ભેંશ [7]પાણીમાં. [7]કહેતી હોય તો કહી નાંખ્ય ને,[8] મને ત્યારે કોણ [9]કેમ બોલાવે છે?[10]

૧૧૦ અંતઃપુરપાલિકા—મહારાજ કૃષ્ણદેવ. [11]એઓ સ્વર્ગમાંથી પારિજાતક દ્રુમ લેઇ આવ્યા છે, જે દેવી[12] સત્યભામાના ચોકમાં રોપ્યું છે. તે જોવા તનેં બોલાવે છે.

૧૧૧ શ્રીદામો હરખમાં આવી—[13]હેં હેં?[13] ત્યારે તેં કહાનજી [14]આવ્યાની ના કેમ કહી?[15]

૧૧૨ અંતઃપુરપાલિકા—હું તો હજીએ કહું છું કે કહાનજી આવ્યા નથી.[16] પણ અમારા આર્યપુત્ર આવ્યા છે, તે[16] તને બોલાવે છે.

૧૧૩ શ્રીદામો—અરેરે! ચરણારવિંદ અને ટાંટિયા, એ બે એક જ. એટલું ય તું નથી જાણુતી કે? વારૂ ચાલ્ય ચાલ્ય.[17]

બંને જાય છે.

(પારિજાતકનું સમારોપણ)

દૃશ્ય—૪

પારિજાતક દ્રુમનાં કુસુમ જોતાં સત્યભામા અને નાગરિકા પ્રવેશ કરે છે.

૧૧૪ નાગરિકા—વયસ્ય! કેવું અવનવું કે આવડા મોટા ઝાડને એક સ્થળેથી ઊખેડી લાવી બીજે સ્થળે રોપ્યું, તોય જરા એ કરમાયું નથી! અહા! શી એની શોભા છે! આવું ઝાડ ત્યાં એક જ હશે? અરેરે, એ [1]સ્થળ તો આના વિના ખાવા [2]ધાતૂં હશે.

---

૪ વૈતરાં ૫ વૈતરૂં ૬–૬ આવ્યા કહાનજી? ચાલ્ય ત્યારે ૭–૭ આ બે શબ્દ વચ્ચે સંસ્કરણમાં નીચેનું વાક્ય વધારે છેઃ–મને આશા આપી નિરાશ કરનારનું કિયે ભવ સારૂં થવાનું છે? ૮૦ ૯૦ ૧૦ અહીં ઉક્તિને છેડે સંસ્કરણમાં નીચેનું વાક્ય વધારે છેઃ–લોકનાં વૈતરાં કરવાં અને ડહાપણમાંથી તો હાથ કાઢવો નહિ ૧૧ ૦ ૧૨ ૦ ૧૩ હેં હેં! ખરી વાત ૧૪ આવ્યાનું ૧૫ કહ્યું ૧૬–૧૬ આ બે શબ્દ વચ્ચે સંસ્કરણમાં નીચેનું વાક્ય વધારે છેઃ–અને તે તને બોલાવતા ય નથી, ૧૭ અને તે ૧૮ અહીં ઉક્તિને છેડે સંસ્કરણમાં નીચેનું વાક્ય વધારે છેઃ–પછી તારી વાત છે.

દૃશ્ય-૪

૧ જગા ૨ ધાતી

૧૧૫ સત્યભામા—સખી ! [3]એક તો શું, પણ, જ્યાં દેવનું નંદનવન છે, ત્યાં [4]અનેક છે. વનમાં અનેક હરણાંમાંથી [5]વખૂટું પડેલું એક હરણુ દીપે નહિ, [6]તેના જેવી[6] આ ઝાડની દશા જોઈ મને બહુ લાગે છે. પણ મારો હાથ ઉપર રહેવા મેં એ બિચારાને દુઃખી કર્યું છે. અરેરે ! એ પાપમાંથી હું ક્યારે છૂટીશ ?

૧૧૬ નાગરિકા—એમાં તે શાનું પાપ ? પણ જ્યારે ત્યાં આવાં ઘણાં ઝાડ હતાં, ત્યારે એક બે વધારે કેમ ન આણ્યાં ? [7]બહેન ! તું ત્યાં જે જે જોઈ આવી, તે કહે તો ખરી.

૧૧૭ સત્યભામા—પાપ તો ખરૂંસ્તો. [8]આવું તો ત્યાં એક જ ઝાડ હતું. પણ બીજાં એનાથી એ સારાં ઝાડ ઘણાં હતાં.[9] સખી ! તહીં ઘરડું તો મળે જ નહિ. જેનાં તેનાં [10]વસ્ત્ર સૂરજ જેવાં ચળકતાં. અલી ! હું તો આર્યપુત્ર સાથે ઇંદ્રાસન પર બેઠી'તી. એવું આસન મેં તો શમણામાં ય દીઠું નથી. કોઈની આંખ્યો મચમચતી જણાય નહિ. જ્યાં ત્યાં સુગંધીનો તો પાર જ નહિ. [11]બાપા કને જે એક મણિ હતો, [12]એવા તો ત્યાં ભોંય ઉપર પાથરેલા. એવું એવું તો હું તને કેટલું કહું ? પણ મને તો તહીં [13]એક બીજું જ થઈ આવ્યું.

૧૧૮ નાગરિકા—સખી ! તે કહે કહે.[14]

૧૧૯ સત્યભામા ખભે હાથ મૂકી—[15]સખી ![15]તહીંની અપ્સરાઓ જોઈ મને તો એમ થયું કે હું આર્યપુત્રને અહીં શું કરવા લાવી ? પણ [16]હું ક્યાં કાચી છું ? [17]મેં તરત જ આ ઝાડ કાજે આર્યપુત્ર સાથે ઝઘડો કરવા માંડયો. (એવે કંઇક સાંભરી આવ્યાથી) સખી ! તું જા.[18] ગમે તેમ કરી[19] અહીં રુકિમણીને બોલાવી લાવ્ય.

૧૨૦ નાગરિકા—વાહ રે, [20]સખી ! વાત કરતાં વળી એ [21]કહીં સાંભરી આવ્યું ? હું તો કંઈ એ જતી નથી. મને જોયું હોય તે જરે જર કહે, તો હું હવડાં જતીક[22] બોલાવી લાવું.

૧૨૧ સત્યભામા સરોષ—અલી ! વાહ રે ! નથી જતી [23]એટલે ? મારે કહેવું હશે તો કહીશ. હું તે કંઈ તારા બાપની વેચાણ છું ? બોલાવી [24]લાવે છે

---

૩ આવું એક ૪ આવાં આવાં અનેક ૫ જેમ વખૂટું ૬-૬ તેમ ૭ બહ્યું બેન ૮ આના જેવું ૯ હતાં ખરાં ૧૦ લૂગડાં ૧૧ આપણા બાપા ૧૨ એવા મણિ ૧૩ વળી એક ૧૪ અહીં ઉક્તિને છેડે સંસ્કરણમાં નીચેનું વાક્ય વધારે છેઃ–વારૂ બેન તું જોઈ આવી અને અમે સાંભળિયે તો ખરાં ૧૫-૧૫ આ બે બોલ વચ્ચે સંસ્કરણમાં નીચેનું વાક્ય વધારે છેઃ–એમાં શું કહેવાનું છે ૧૬ હું ય ૧૭ મેં ય પણ ૧૮ જા જા જઇ ૧૯ કરી ૨૦ સખિ વાહ ૨૧ કંઈ ૨૨ જતીક ગમે તેમ કરી એટલે શું ૨૪ આવે

કે નહિ? જતી હોય તો જા. નીકર તું નહિ ને તારો કાકો.[૨૫] મારૂં કામ કંઈ અડચું રહેવાનું છે? એક [૨૬]કહેતાં અનેક. હું જ્યારે વાત કહું, ત્યારે તું બોલાવા જવાની, ખરૂં કની?

૧૨૨ નાગરિકા ખિન્ન પડી જવા જેવે મ્હોંએ—વયસ્યા! તું નવું જોઈ આવી અને તે અમે પૂછયું, તેમાં તે તું[૨૭] છેલ્લે પાટલે જઈ શું બેસે છે? તું કહીશ તો અમારે સાંભળવાનું છે. લે, બાઈ! હું તો મારે આ જઈ અહીંનો સંદેશો તહીં કહી આવું છું. (એટલું કહી આંસું ટપકાવે છે.)

૧૨૩ સત્યભામા—[૨૮]પાંપણે પાણી આવતાં ય કયાં વાર છે?[૨૯] (હૃદય સરસી ચાંપી છાની રાખી) સખી! [૩૦]જા. હું તને પછી કહીશ. પણ, જોજે, બોલાવીને આવજે હો.

૧૨૪ નાગરિકા—એ તો અમે જાણિયે જ છિયે કે[૩૧] જ્યાં સુધી ગાયું ગવાશે ત્યાં સુધી નભાશે. બાકી તારે તો બીજી [૩૨]ઘણીએ[૩૨] છે. (એમ કહેતી કહેતી જાય છે.)

૧૨૫ સત્યભામા—જો એને ધધડાવીને કાઢી ન હોત, તો એ [૩૩]જનારી ન હતી.[૩૪]વારૂં, પણ[૩૪]એ આવશે,[૩૫]ત્યારે મારે એને શું કહેવું? (વિચાર કરી) હાં, હાં, પ્રથમ તો હું, એની સાથે જાણે લઢી જ નથી એમ[૩૬] બોલાવી, પછે આ ઝાડ બતાવીશ, એટલું ય કર્યો છતાં જો નહિ સમજે, તો કહીશ કે હવે તમારે જેટલાં આનાં ફૂલ જોઈતાં હોય તેટલાં કરારે લઈ જજો: આ ઝાડ તમારૂં જ છે. એમ કહ્યા છતાં ય જ્યારે નહિ સમજે, ત્યારે હું તો મ્હોડામ્હોડ કહી નાંખીશ કે તમને આર્યપુત્રે એક ફૂલ આપ્યૂં અને મારે કાજે આખું ઝાડ આણ્યું![૩૭]

(એવે આગળ નાગરિકા અને પાછળ રુક્મિણી, કનકમાલિકા અને પદ્મપ્રભાને આવતાં જોઇ હરખાઇ ઠીકઠાક થઇ બેસે છે.)

૧૨૬ રુક્મિણી—કેમ, બહેન! સ્વર્ગના વૈભવ [૩૮]એકલાં જ માણી આવ્યાં કે?

૧૨૭ સત્યભામા—'આર્યપુત્ર સાથે હતા,' એટલે એકલાં શાનાં? બહેન! આ...

૧૨૮ રુક્મિણી મર્મ સમજી જઇ અધવચ બીજો પ્રશ્ન ઊઠાવી—પણ અમને તો સાથે તેડી જવાને મ્હોનિયુંએ[૩૯] કર્યું નહિ ને. [૪૦]અને આર્યપુત્ર સાથે હતા તેમાં તે એકલાં શાનાં?

૧૨૯ સત્યભામા—'[૪૧]તારૂં મારૂં[૪૧] સહિયારૂં અને મારૂં મારૂં[૪૨]આગવૂં'[૪૨] એવું કરવાનું મોટાંએ જ શીખવ્યું છે. પણ બહેન! આ ઝાડ–

---

૨૫ કાકો બીજો ૨૬ કરતાં ૨૭ આટલી બધી ૨૮ પીટયું ૨૯ અહીં નાટયસૂચિની પૂર્વે સંસ્કરણમાં નીચેનો ભાગ વધારે છે:-મેકુ' હું તને પછે જરેજર કહીશ, ત્યારે કે' હવડાં ને હવડાં જ કહે ૩૦ જા જા ૩૧ તો કે ૩૨-૩૨ ધણીઓ ૩૩ કદીએ જનારી ૩૪-૩૪ પણ વારૂં જો ૩૫ તો ૩૬ એમ બતાવી ૩૭ લાવ્યા ૩૮ એકલાં એકલાં ૩૯ ૦ ૪૦ ૦ ૪૧-૪૧ મારૂં મારૂં ૪૨-૪૨ મારા બાપનું

૧૩૦ રુકિમણી વચ્ચે બોલી ઊઠી—મોટાં તે તો ખોટાં મનાયાં છે. પછે તે કરે, તેમ કરતાં કોનાથી ન્હાના બાપનાં ન થવાય? મોટાંનું એવું કંઈએ કરેલું કોણ બતાવનારૂં છે?

૧૩૧ સત્યભામા—બહેન! મેં તમને એટલા [૪૩]માટે બોલાવ્યાં નથી. (આંગળી વડે બતાવી) આ ઝાડ હું સ્વર્ગમાંથી લેતી આવી છું તે જોવા માટે બોલાવ્યાં છે.

૧૩૨ રુકિમણી ચારે તરફ નજર કરી—[૪૪]બહેન સત્યભામા! આ ઝાડમાં[૪૫]કંઈ મણા[૪૫] નથી. [૪૬]એને આ ફૂલ આવ્યાં છે તે સોળે[૪૭]સોળ હજાર છે, હો.[૪૮] અલી બહેન! જો જો. પેલો ભમરો 'આ ફૂલ ખોટું છે' કરી પેલે ફૂલે બેસે છે અને પેલું ખોટું કરી ઓલ્યા ભણી ઊડી જાય છે. હું તો[૪૯] ઊભી ઊભી જોયાં કરૂં છું. [૫૦]જૂનાં થઈ ગયેલાં ફૂલ[૫૧] ભણી ભમરો જરાકે [૫૨]જોતો નથી.

૧૩૩ સત્યભામા—[૫૩]ભમરો જૂનાં ફૂલ ભણી જોવાનો હોય તો જુએ; અને ન જોવાનો હોય તો ન જુએ. પણ કોકને એક ફૂલ, તો મારે[૫૪]આખું ઝાડ![૫૫]

૧૩૪ રુકિમણી—હા હા, બહેન! નાક કપાય તો કપાય, પણ અપશુકન તો[૫૬] કરાય! એમ[૫૭]કરતાં તને બરાબર આવડે છે.

૧૩૫ સત્યભામા—પેટનાં બળ્યાંને કંઇ બોલવાનું તો જોઈએ ને. બહેન! મેં તમને લડવા બોલાવ્યાં નથી.

૧૩૬ રુકિમણી—મારા ય ગ્રહ ગામ ગયા નથી કે એક વાર [૫૮]લડી સોળ સહસ્ર સાલ [૫૯]વહોર્યાં અને બીજી વાર [૬૦]લડી કંઈનું કંઈ કરાવું. આ તો તું જ્યારે ઝાડ દેખાડવાને એકે પગે થઈ રહી'તી, ત્યારે જે બે ખરા બોલ હતા તે કહેવા પડયા. (એવે સાથે ઘણી સ્ત્રીઓને આવતી જોઇ) લે, બહેન! આ [૬૧]ફૂલીબાઇની ફૂલ![૬૧]

એવે કૃષ્ણદેવે નવીન આણેલી સોળ સહસ્ર સ્ત્રીઓ પારિજાતક દ્રુમ જોવા આવે છે.

૧૩૭ સત્યભામા તે સ્ત્રીઓને આવતી જોઈ—આવો બહેનો! આવો. બેસો, અહીં બેસો. આ અહીં જગા છે. અલી નાગરિકા! [૬૨]પણે ઠીક કર્યું? આવો આવો.

---

૪૩ તમને ૪૪ અલિ બેન ૪૫-૪૫ તો કંઈ વીણામણ ૪૬ પણ એને ૪૭ બરાબર ૪૮ ૦ ૪૯ તો ક્યારનીએ ૫૦ તો જૂનાં ૫૧ ફૂલાં ૫૨ જતો ૫૩ વક્તાના નામ પછી ઉક્તિના આરંભ પહેલાં સંસ્કરણમાં 'ખિન્ન થઇ જઇ' એવી નાટયસૂચિ છે. ૫૪ મારે કાજે ૫૫ ઝાડ તો આવ્યું ૫૬ તો જેને કરવા હોય તેને ૫૭ વર મરો કે કન્યા મરો પણ ગોરનું તરભાણું ભરો એમ ૫૮ વઢવા આવી ૫૯ વ્હો'રાવ્યાં ૬૦ લડવા આવી ૬૧-૬૧ તારાં આણેલાં ફૂલાં ફાલ્યાં; હવે સુંઘાય સેટલાં સુંઘ્ય ૬૨ જા જઈ પણે

૧૩૮ રુકિમણી—બહેન! તારો ઘાંટો બેસી જશે. તું બેસ; આ કનકમાલિકા, પદ્મપ્રભા અને નાગરિકા એમને સહુને બેસાડશે.

૧૩૯ સત્યભામા ભમર ચઢાવી, રુકિમણી સ્હામું જોઈ, બીજું કોઈ ન સાંભળે તેમ—તમે મને અતિશે કરશો, તો બધાં વચ્ચે તમારી અને મારી ફજેતી થશે.

૧૪૦ રુકિમણી—ફજેતીના ફાળકા તો આ ચારે પાસ [૬૩]ફરકી રહ્યા છે. જે [૬૪]બોલવાનું બાકી હોય, તે કરારે બોલો,

એવે કૃષ્ણદેવ અને શ્રીદામો સ્વર્ગની વાતો કરતા પ્રવેશ કરે છે.

૧૪૧ કૃષ્ણદેવ રુકિમણીને સત્યભામાના ચોકમાં જોઈ—વયસ્ય! આજ તો કંઈ અવનવું જોવામાં આવે છે! જો. જો.

ગીતિ

[૬૫]માધવી માધી[૬૫] યોગે વનરાજિ આ પ્રફુલ્લ પેખાયે
મદકલ [૬૬]થિર થોભે ન[૬૬] લોભે શુક[૬૭]ચિત્ર તીન[૬૭]લેખાયે

૧૪૨ શ્રીદામો—[૬૮]વયસ્ય! મદકલના મદ [૬૮]માટે ભૃંગીઓ ભણભણ કરી ઊડશે, તો કેમ કરશો?

૧૪૩ કૃષ્ણદેવ—જા રે જા. ભૃંગીઓના ભણભણાટથી મદકલ [૬૯]મહત્તાનો ત્યાગ કરશે કે?

ગીતિ

સાગરની ગંભીરતા [૭૦]તજાવવા ઊર્મિ મત્ત અફળાયે
અબ્ધિ ન લેખવતો કંઇ મર્યાદામાં[૭૧]સદૈવ જ સુહાયે.[૭૧]

એવે કૃષ્ણદેવને આવતા જોઈ રુકિમણી આદિક સર્વે સ્ત્રીઓ ઊભી થાય છે.

૧૪૪ શ્રીદામો—[૭૨]વયસ્ય! કાનનમાં કાળિયારને હરણીઓ જુએ એમ ઊંચાં ડોકાં કરી આ જુએ એ શું તે?[૭૨]

૧૪૫ કૃષ્ણદેવ—જે તને જોવા આણ્યો છે તે એ સ્વર્ગદ્રુમ છે.[૭૩]

૧૪૬ શ્રીદામો—સ્વર્ગનું ઝાડ એવું હોય કે?

૧૪૭ રુકિમણી કૃષ્ણદેવને નિકટ નિહાળી—આર્યપુત્રનાં દર્શન સ્વર્ગદ્રુમ નીચે [૭૪]થતાં હૃદયકુમુદ[૭૪] ખીલી ખરી પડવાનું કરે છે.

---

૬૩ ફરી ૬૪ ૦ ૬૫-૬૫ માધવ રતિધવ ૬૬-૬૬ વિણ નવ શોભે ૬૭-૬૭ શા કદાપિ ૬૮-૬૮ પણ વયસ્ય! મદકલનું મદ જોઈ ૬૯ મદનો ૭૦-૭૦ તજાવવાનો તરંગ ૭૧-૭૧ સદાય સુહાયે ૭૨-૭૨ કહાનજી! જેમ કાળિયારને જોઇ કાનનની હરણીઓ ઉંચાં ડોકાં કરી કરી જુએ એવું પણે શું જણાય છે? ૭૩ અહીં ઉક્તિને છેડે સંસ્કરણમાં નીચેનૂં વાકય વધારે છે:—એટલૂં ય જાણતો નથી કે પૂછે છે? ૭૪-૭૪ થયેલાં જોઇ હૃદયકમળ

૧૪૮ શ્રીદામો કેડે બાંધેલો પટકો છોડવાનું કરતો—દેવી ! હું આનાથી ચપશીને બાંધી લઉં ![૭૫]

૧૪૯ કૃષ્ણદેવ—[૭૬]પ્રિયા ! કરમાતા કુમુદને વિકસાવવા આ ઊભો હું. વિકસતાં વાર નથી.[૭૬]

માલિની

શરદ [૭૭]શરદ ચંદ્રી ! સુખનો[૭૭] આપનારો
[૭૮]દર-દ દરદકેરા [૭૮]દુઃખનો કાપનારો
[૭૯]ગરદ ગર-દ તારી [૭૯]જાપનો જાપનારો
હરદ [૮૦]હરદના છું થાપનો થાપનારો.[૮૦]

૧૫૦ રુક્મિણી—આર્યપુત્ર [૮૧]આટલું ય અંતરમાં રાખે એ કંઈ ઓછી વાત છે ?

૧૫૧ સત્યભામા—કોઇના પર ન રાખે, તો કંઇ કહેવાય તેવું છે ?

૧૫૨ રુક્મિણી—બહેન ! તારે એમ બોલવાનું આર્યપુત્રે કયાં[૮૨] બાકી રાખ્યું છે ?

એવે [૮૩]વીણા વગાડતા નારદ પ્રવેશ કરે છે,

૧૫૩ નારદ—

દ્વિપદી[૮૪]

વ્રજની [૮૫]લીલા કાંચનપુરમાં કરે[૮૫] દેવ.
[૮૬]સુર સરવ નમે જ સ્વયમેવ.[૮૬]

૧૫૪ કૃષ્ણદેવ શિરસા નમન કરી—અહો ! ભગવંત મારા પર પ્રભુની પૂર્ણ કૃપા છે, કે[૮૭] દર્શન દઇ પાવન કરો છો.

એવે, રુક્મિણી, સત્યભામા અને સોળ સહસ્ર રાજકુમારીઓ પૂજાસાહિત્ય લઈ નારદ મુનિનું પૂજન કરવા કને આવે છે.

૧૫૫ નારદ—અહો, આજ મારા[૮૮] ધન્ય ભાગ્ય ![૮૮]

ઈંદ્રવિજય

[૮૯]મંતર તંતર આ ફળવા થકી [૯૦]અંતરવૃત્તિ જ[૯૦] બહાર આવિ ![૯૧]
મુખ્ય પ્રમુખ્ય, અસુખ લહી [૯૨]ઉર દુઃખ ધરી દ્રય સાથ[૯૩] સુહાવિ[૯૩]

---

૭૫ લઉં છું; પછે કયાં ખરી પડવાનું છે ૭૬–૭૬ પ્રિયાએ આ સમય એવો આણ્યો છે કે જો કમળ ખરી પડશે; તો કુમુદને વિકસતાં વાર થવાની નથી. ૭૭–૭૭ વરદ ચંદ્રી, સુખ આ ૭૮–૭૮ મરદ દરદ પીડા યોગ આ ૭૯ જાય ના ૮૦–૮૦ હરદ હંસિ, વેણીમાં વ્યાપનારો ૮૧ આવી વેળાએ આટલું ય ૮૨ બાકી કયાં ૮૩–૮૩ ગાન કરતા અને નૃત્ય કરતા ૮૪ ૦ ૮૫–૮૫ રાસલીલા કાંચનપુરમાં કરો કરો દેવ ૮૬–૮૬ કરે સુરીનર સેવ ૮૭ કે આવા મહોત્સવમાં ૮૮–૮૮ મારાં ય ધન્ય ભાગ્ય છે કે. ૮૯ યંતરમંતર ૯૦–૯૦ અંતર ઈંદ્રિય ૯૧ આવી ૯૨ વળી ૯૩–૯૩ બા'ર સુહાવી

આત્મ અખંડિત મંડિત માધવ સંમુખ[૯૪] આવી પૂજે તનુ ભાવિ!
[૯૫]નારદ ધન્ય હું! શારદ આ શુચિ પારદ પૂરણયોગિન ફાવિ.[૯૫]

૧૫૬ કૃષ્ણદેવ અર્ઘપાદ્યાદિ અર્પી નમન કરી—ભગવંત! મહાન પુરુષ એમ જ માને છે.

નિર્મળ જળ અર્પીને [૯૬]કરવડો અબ્દને[૯૬] જુઓ અબ્ધિ.
ક્ષારપણું ધારીને મિષ્ટપણું દે ઉદારતા લબ્ધિ

૧૫૭ નારદ—કૃષ્ણદેવે એમ કહેવું, એ ભૂષણ છે. [૯૭]કિંતુ આ તો કંઈ અદ્ભુત જ છે.[૯૭]

મંદાક્રાંતા

[૯૮]ગોપીઓ આ[૯૮] નયનથકી હું દ્વારિકા મધ્ય દેખું!
[૯૯]રાધા આદિ વ્રજયુવતિ કો ગોકુલાદિ ઉવેખ્યું![૯૯] ગણાય ગણાતાં
સંખ્યા એની સમ થઈ રહી! આ [૧૦૦]કદંબદ્રુ પેખું.
[૧૦૧]શ્રીદામો એ મંહીં અહીં જ છે પ્રેષ્ઠ! ના શક્ય લેખું.[૧૦૧]

કૃષ્ણદેવ—જેના પર નારદ મહર્ષિની કૃપાદષ્ટિ હોય. [૧૦૨]તેને શું શક્ય ન્હોય?[૧૦૨]

નારદ—વાસુદેવ! [૧૦૩]તમને એવૂં બીજૂં શૂં વિશેષ પ્રિય છે? એ મારે કર્તવ્ય છે.[૧૦૩]

કૃષ્ણદેવ—[૧૦૪]આથી વિશેષ પ્રિય હો ય?—[૧૦૪]

શાર્દૂલવિક્રીડિત

[૧૦૫]અંગોપાંગ સુરંગ વ્યંગ્ય અતિશે ધારો ગિરા ગુર્જરી!
[૧૦૬]પદ્યાપદ્ય રસાદિ ભૂષિતવતી રહો સૌ[૧૦૬] સખી ઉપરિ]
[૧૦૭]જે ગીર્વાણ તણું ગણાય ગણમાં,[૧૦૭]તે સ્થાન એ લ્યો વરી!
[૧૦૮]થાઓ શ્રેષ્ઠ સઉ સખીજન વિશે! એ આશ પૂરે, હરિ!

[૧૦૯]નારદ—अस्तु।[૧૦૯]

પડદો આડો છવાય છે.

---

૯૪ બહાર ૯૫–૯૫ નારદ ધન્ય તું પારદ પૂરણ, શારદ આ શૂચિ મધ્ય ન ફાવી ૯૬–૯૬ મેઘ સુશોભિત કરે ૯૭–૯૭ કિંતુ આ શું? ૯૮–૯૮ આ ગોપિકા ૯૯–૯૯ રાધા ચંદ્રી તરુણી ચંદ્રભાગા ઉવેખું ૧૦૦ કદંબાર્ક ૧૦૧–૧૦૧ આ શ્રીદામો મન મુદ કરે. શ્રેષ્ઠ ના શક લેખું ૧૦૨–૧૦૨ તેને શું પ્રાપ્ત ન થાય? ૧૦૩–૧૦૩ કહો શું તમારૂં એથી અધિક પ્રિય કરૂં? ૧૦૪–૧૦૪ હવે આથી અધિક શું પ્રિય કરવાનું છે? તથાપિ ભકતવાક્ય સપ્રમાણ થવા આટલું થાવ ૧૦૫ સાંગોપાંગ ૧૦૬–૧૦૬ માટે રસાળ ભૂષણવતી થાઓ ૧૦૭–૧૦૭ જે ગિર્વાણ ગિરા ૧૦૮ થાયે ૧૦૯–૧૦૯ આ ઉક્તિ સંસ્કરણમાં છે નહિં.

સમજુતી

૨૫-૩૫ વિભાવસુ–અગ્નિ.વસુંધરેશ–પૃથ્વીપતિ કૃષ્ણદેવ.તાર્ક્ષ્ય–ગરુડ. ૨૬ અસુરારિસદ્મ–ઇંદ્રભવન. કુમુદારિ–સૂર્ય. કંજારિ–ચંદ્ર. સૂર્ય ઊગતાં કુમુદ અને ચંદ્ર ઊગતાં કમળ (કંજ) બીડાય છે. એ રીતે કુમુદ અને કમળ સૂર્ય અને ચંદ્રનાં દ્વેષી (અરિ) છે. દિવસવિકાસી કમળમાં સૂર્ય પ્રતિ અને રાત્રિવિકાસી કુમુદમાં ચંદ્ર પ્રતિ મિત્રતાની સંભાવના કવિઓ કરે છે. એથી કરીને નાટકકારે કુમુદારિ અને કંજારિ બોલ તત્પુરુષ સમાસ તરિકે નહિ, પણ બહુવ્રીહિ તરીકે યોજ્યા જણાય છે; સરખાવો इन्द्रशत्रु. ૨૯ શિરસા નમન કરી–માથું નમાવી. પાકારિ–ઇંદ્ર. ૩૦ પ્રતીક્ષા–વાટ જોવી તે. સુરસભા–દેવોનો દરબાર જ્યાં ભરાય છે તે મકાન. ૩૪ વૃત્રારિ–ઇંદ્ર. ૩૫ અમરેશ–ઇંદ્ર.

૩૬-૪૨ સંબોધ્ય પ્રતિ આ આડકતરી ઉક્તિ અત્યંત આદર સૂચવે છે. ૩૦ सत्यम्–સાચે જ. ૪૦ અર્થાત્ ભૂલોકવાસીએ ત્રિલોકપતિની સેવા ઉઠાવવી જોઇએ અને તે મેં ઊઠાવી છે. ૪૧ તાર્ક્ષ્યપક્ષ–ગરુડની પાંખ. સ્વલ્પ–અતિ અલ્પ; બહુ ઓછું. ૪૨ तक्रं पिबति०–દૂધનું દાઝેલું બાળક છાશ ફૂંકીને પીએ, એ કથનીનું સંસ્કૃત રૂપ.

૪૩ નારાયણ–જીવ(નર)ના સમૂહ(નાર)ના શરણસ્થાન (અયન), શરણ્ય. નાથ–સર્વના શિરછત્રભૂત. હરિ–સંકટ હરનાર. નારાયણ–પરમાત્મા, વિષ્ણુ ભગવાન. નારદકાર્ય–દેવોએ નારદને સોંપેલું કાર્ય, ભૌમાસુરનો કૃષ્ણદેવને હાથે વધ. સરે–સિદ્ધ થાય છે; સધાય છે. ચિત્ર ધર્યે–મન પર લીધાથી.

કૃષ્ણદેવને સંબોધીને આ ઉક્તિમાં નારદ પરમ આભાર પ્રદર્શિત કરે છે. પ્રસ્તુત ત્રિપદીનું પહેલું ચરણ અઢાર માત્રાનું અને તે પછીનાં બે દસ દસ માત્રાનાં છે. એમાં દાદા સંધિની આવૃત્તિ છે.

૪૬-૪૭ યથાઘટિત–જેમ ઘટે તેમ. ૪૭ મધ્યે ગગન–આકાશમાં. સઘન–જળપૂર્ણ. વિદ્યુતો વીજળીએ. ના વ્યર્થ થાવે–ફટકી જતા નથી, ઉડી જતા નથી.

આ શ્લોકમાં રૂપકાતિશયોક્તિદ્વારા સુરસભાનું વર્ણન છે. ઊંચા ઇંદ્રાસનને ગગન કહ્યું છે. ત્યાં બિરાજતા કૃષ્ણદેવ તે જળપૂર્ણ મેઘ છે; પણ તેનું ફોરૂં સરખુંએ પડતું નથી ! ત્યાં એક બાજુએ સત્યભામા અને બીજી એ શચી છે તે ઝબક ઝબક થતી વીજળી છે; પણ તે સ્થિર પ્રકાશની છે ! સભામાં ઇંદ્ર અને અન્ય દેવ છે તે ચંદ્ર અને તારા છે; તે મેઘ છતાં એ પ્રકાશ્યાં કરે છે ! દેવાંગનાઓનાં વસ્ત્રોના ચિત્રવિચિત્ર રંગ તે વાદળના રંગ છે: પણ તે બદલાતા નથી ! નારદ બૃહસ્પતિ પ્રત્યે કહે છે, કે ' જુઓ, જુઓ. આ કોઈ અવનવું અદ્ભુત દૃશ્ય છે.'

૪૮ નારદે ગયા શ્લોકમાં સુરભામાનું વર્ણન કર્યું, ત્યારે પ્રસ્તુત શ્લોકમાં બૃહસ્પતિ પ્રધાન વ્યક્તિઓની ચેષ્ટા તરફ લક્ષ ખેંચે છે. પૃથ્વી એટલે સત્યભામા અધીરી દૃષ્ટિએ કૃષ્ણદેવ સામૂં જુએ છે, એવા ભાવથી કે પારિજાતક ક્યારે સાથે લેવાશે ? કૃષ્ણદેવ કૌતુકથી ઇંદ્ર સામૂં જુએ છે, એવા ભાવથી કે આગળ કાર્યક્રમ શો છે ? ઇંદ્ર ચેતવણી આપતા આંખ્યના ચમકારાથી ઉર્વશી સામૂં જુએ છે. બૃહસ્પતિ તે તે વ્યક્તિની અપૂર્વ ભાવસૂચકતા પ્રતિ વિસ્મય પ્રગટ કરે છે. અહીં સત્યભામાનો પૃથ્વી પદથી, કૃષ્ણદેવનો મેઘ પદથી, ઇંદ્રનો ચંદ્ર પદથી અને ઉર્વશીનો વીજ પદથી નિર્દેશ છે. વિવિધ દૃષ્ટિના સંબંધમાં જિજ્ઞાસુએ भरतनाट्यशास्त्रनो આઠમો અધ્યાય જોવો ઘટે છે.

૫૪ નિર્ભર નિર્જર૦—દેવો(નિર્જર)ને અત્યંત (નિર્ભર) દુઃખ અને શાચ(શોચન)-માંથી મુક્ત કરનાર (મોચન). નયનનલિન—કમળ જેવા નેત્રવાળા, પુંડરીકાક્ષ. વંદન-નમસ્કાર. સ્યંદન પારથ૦—અર્જુન(પારથ)ના રથ(સ્યંદન)ના સારથી (રથસારી). મન્મથમદખંડી—કામદેવનો રૂપમદ ખંડનારા. શિખંડકમંડિત—મોરપિચ્છ(શિખંડક)થી શોભતા. મદકલ કર૦—હાથીની સૂંઢ(કર)ના જેવા હાથ(કર)થી દડો (દંદુક) ખેલનારા. મંજુલ કચસાર—કેશ-(કચ)ની સુંદર વેણી ગૂંથનારા. ધારક વંજુલ૦--કામદેવની પીડા ટાળનાર (વિદારી), જે વંજુલનો મંડપ, તેના ધણી (ધારક), વન વંજૂલનૂં લતાગૃહ જેના નામથી ઓળખાતૂં તે. દધિવંચક—દહીની ચોરી કરનારા, મંચક—સુખાસન; અહીં ઇંદ્રાસન. આભૂષણભૂષણ—શણગારના પણ શણગારરૂપ. ઇશ્વિર—પૃથ્વીપતિ, રાજા. અખિલેશ્વર—વિશ્વપતિ પરમેશ્વર. અનુપમમધુપ મધુવન૦—મધુવન રૂપી કમળ(પુષ્કર)ના સમૂહ(પુંજ)માં વિહાર કરનારા અજોડ ભમરા (મધુપ)રૂપ. ચંચલ દગ૦—કાજળ આંજેલી ખંજન પક્ષીના જેવી ચંચળ આંખવાળા. ભવભય-ભંજન નરનારી—ફરી ફરી જનમવાનો સ્ત્રીપુરુષનો ભય ટાળનારા. પરિપૂરિત—ભરેલૂં, સુવાસિત, બક્ષેલું. મુખ દઇ ચુંબન—મુખથી ચૂમીને.

મદકલ કર કંદુકધારી, પદથી કાલિયદમનનો, મંજુલ કચસારક પદથી રાધિકાની વેણી ગૂંથ્યાનો તથા મધુવન પુષ્કરપુંજ વિહારી મધુપ, પદથી મધુવનવિહારનો પ્રસંગ અને રતિ-પતિપીડા વિદારી મંજુલ ગૃહધારક, પદથી જયદેવના गीतगोविन्दનો પરિચય સૂચિત છે.

પ્રસ્તુત ગુર્જરી રાગની અષ્ટપદી એ માત્રામેળ બનેલી છે. પ્રેમાનંદકૃત અષ્ટાવ-ક્રાખ્યાનના કડવા ૧૧ માં એ છંદનો પ્રયોગ છે. ત્યાં ગોડી રાગની યોજના કરી છે.

૬૫–૬૭ દેવાધિદેવ—ઇંદ્ર. આગમનનું અવલોકન કરી રહ્યાં છે.—આવવાની વાટ જોયાં કરે છે. ૬૭ યામદેવ (સં. यामन् n. an offerina)—યજ્ઞ અને દક્ષિણના પુત્ર તે યામદેવ, જુઓ પ્રેમાનંદકૃત માર્કંડેય પુરાણ, કડવૂં ૧૯૫, કડી ૨૫–૨૮. યજ્ઞ અને દક્ષિણાના જોડા સાથે સરખાવો પ્રાચીન વર ક્રતુ અને ક્રિયાનું જોડૂં.

૭૪–૮૫ પોતાને જીવને સંબોધીને આ ઉક્તિ છે ૮૦ ધનદ—કુબેર. પશ્ચાત્—પાછળ. ૮૨ રોકાયા છો—થોભ્યા છો. ૮૪ સફલ આશંકા—જેમાં કાંઈ મુદ્દો રહ્યો હોય એવી શંકા. ધૂર્જટિ—મહાદેવ, શંકર. ૮૬ એવું—સફલ આશંકા જેવું. સુખાવહ—સુખાકારી, શુભકારી

૯૬ ગતિ—ઊડતાં દિશા અને વેગમાં વિવિધ ફેરફાર.

૧૦૫ સ્યામાનું રાજ્ય—સ્ત્રીરાજ્ય, ત્રિયારાજ. સુવર્ણપુર—દ્વારિકા.

૧૨૪–૧૪૦ તારે તે બીજી ધણીએ છે—જુઓ ઉક્તિ ૧૨૨, એક કહેતાં અનેક. ૧૨૮ મ્હોનિયું—મ્હોનૂં, ઉપર ઉપરનૂં, અંતરનૂં નહિ, એવૂં (તેડૂં). વિશેષ્ય અધ્યાહાર છે. મ્હોનિયૂં બોલ 'મ્હોનૂં' માં સ્વાર્થતા ઊમેરાયાથી થયો છે. આર્યપુત્ર સાથે હતા તેમાં તે એકલાં શાનાં?—પત્ની અને પતિ તે તો એક જ અંગ. બીજું કોઈ સાથમાં હોય, તો એકલાં કહેવાય, એમ કહેવાનો મર્મ છે. ૧૨૯ આગવું (સં. आत्मन् પોતે)—પોતાની માલીકીનૂં; સરખાવો કચ્છી આવગૂં. ૧૩૨ મણા—ઊણપ, ઓછપ. આ ઉક્તિમાં નવી રાજકન્યાઓ પ્રતિ કૃષ્ણદેવનો પ્રેમ ઢાળવાનૂં વ્યંગ્ય છે. ૧૩૬ કંઈનું કંઈ કરાવું—ભારે સોસવૂં પડે એવૂં કૃત્ય કરવા તેને પ્રેરૂં ? એવા કૃત્યનૂં હૂં નિમિત્ત કારણ થાઊં. આ તો તું ઝાડ દેખાડવાને ૦—તું ઝાડ લાવતાં સોળ હજાર શોકયનાં સાલ પણ લાવી છું; એ

તારા સમજવામાં નથી તે હું બે બોલ કહી સમજાવું છું. ફૂલીબાઈ--ફૂલાઈ જતી સત્યભામા. ફૂલ—ફૂલાશના પરિણામ રૂપ સોળ હજાર શોકયો. ફૂલાશામાં મોટાં ખરચ કરાવી સ્ત્રીઓ કુટુંબની દુર્દશા કરે છે તેને લગતી કહેવત 'ફૂલીબાઈની ફૂલ* અને છૈયાં ખાય ધૂળ' એ કહેવતનો અહીં વ્યંગ્યોક્તિમાંથી કરાવવો પૂરતો અંશતઃ ઉપયોગ છે. ૧૪૦ ફાળકા (જૂ. ગૂ. ફાલી--સાડી. સરખાવો ફાળિયું)—પાટલીવાળી વચ્ચેથી ધ્વજાદંડ સાથે બાંધી સાડીનો બનાવેલો ન્હાનકડો કીર્તિધ્વજ ગુડી. અત્યારે પણ ગુડી પડવેને દિવસે દક્ષિણમાં ઘેર ઘેર ગુડી ફરકાવવાની પ્રથા છે. ફજેતીના ફાળકા--અકીર્તિની ગુડી.

૧૪૧ માધવી મોતિયા મોગરાલી વેલ; અહીં સત્યભામામાં એનો ઉપચાર છે. માદી-કુંદ પુષ્પની વેલ; રુકિમણીમાં એનો ઉપચાર છે. યોગ—(૧) સમકાલિકતા; (૨) મેળાપ. વનરાજિ--રુકિમણી અને સત્યભામામાં માદી અને માધવીના ઉપચારને લીધે અંતઃપુરમાં વનરાજિનો ઉપચાર પ્રાપ્ત થાય છે. પ્રફુલ્લ--(૧) ફૂલવાળી, ફૂલેલી, પુષ્પિત; (૨) આનંદમય. મદકલ—મેગળ, હાથી; વકતાએ પોતાનામાં મેગળનો ઉપચાર કર્યો છે. થિર થોભે—સ્થિર ઊભા ઊભા નિહાળે છે. શુકચિત્ત—પોપટોના ચિત્ત; (૨) જન્મયોગી શુકદેવજીના જેવા ચિત્તવાળા (પરમયોગી કૃષ્ણદેવ). લોભે લીન--(૧) વાસનાલોભી; (૨) લુબ્ધ, આસકત.

પાછલા અંકનો ઝગડો ભૂલી, રુકિમણીને સત્યભામાને ત્યાં પધારેલાં જોઇ, કૃષ્ણદેવના આનંદનું અહીં નિરૂપણ છે- પૂર્વાર્ધમાં અંતઃપુરનો દેખાવ આનંદમય કલ્પ્યાનો નિર્દેશ છે. કૃષ્ણદેવ તેથી ચકિત થાય છે અને તેમનો આંતર પ્રેમ ઊભરાય છે તેનું નિરૂપણ છે.

૧૪૨-૧૪૬ ભૃંગીઓ ભણભણ કરી ઊઠશે--શોકયોની લડાઈ જાગવાનું અહીં સૂચન છે. ૧૪૩ મહત્તા-પ્રૌઢતા અબ્ધિ-સમુદ્ર. પારિજાતકના ઘેર નીચે એક તરફથી શ્રીકૃષ્ણદેવ શ્રીદામા સાથે પ્રવેશ કરે છે. તેમના સામેની બાજુના ઘટાના વિસ્તારમાં ઓછે વધતે અંતરે રુકિમણી, સત્યભામા, સોળ સહસ્ર રાજકન્યાઓ વગેરે પથરાયેલ છે. કૃષ્ણદેવ પધારતાં સમસ્ત સ્ત્રીમંડળી ઊભી થાય છે. તે સર્વની દૃષ્ટિ પારિજાતક નીચે ઊભેલા કૃષ્ણદેવ તરફ છે. શ્રીદામો જાણતો છતાં અજાણ્યો થઇ કૃષ્ણદેવને પૂછે છે કે ડોકાં ઊંચાં કરી કરી પેલાં શું જુએ છે વારુ? કૃષ્ણદેવ માથા ઉપરના પારિજાતકના ઘેર તરફ આંગળી કરી કહે છે કે આ સ્વર્ગનું વૃક્ષ જ તો. કૃષ્ણદેવે વાત ઉડાવી, તે સમજી જઇ શ્રીદામો વાત ઉથલાવી ટોળમાં પૂછે છે કે સર્ગનાં વૃક્ષ આવાં (માણસ જેવાં) હશે કે? મતલબ કે એ તમને કૃષ્ણદેવને જુએ છે તે તમે શા માટે પારિજાતકને આગળ કરી છૂપાવો છો? એ રમુજી સંવાદ રુકિમણીના સંભાષણથી અટકી પડે છે; અને નાટકકાર આપણું લક્ષ બીજી દિશામાં દોરે છે.

૧૪૭-૧૪૮ હૃદયકુમુદ ખીલી ખરી પડવાનું કરે છે-ઇંદ્ર ઉપર મેળવેલા વિજયના ચિહ્નરૂપ પારિજાતકથી મારું હૃદય પ્રફુલ્લિત થાય છે અને સોળ સહસ્ર શોકયોના સાલથી સંકોચાઈ જાય છે. હૃદયમાં કુમુદનો આરોપ કર્યો હોવાથી ખીલવા અને ખરી પડવાનો નિર્દેશ છે. ૧૪૮ ખેદને વશ થતી રુકિમણીને ટોળ કરી હસાવા શ્રીદામો એની બુદ્ધિ પ્રમાણે પ્રયાસ કરે છે.

૧૪૯ શરદ (ફા. શર્દ ઠંડું)--શીતળ. શરદચંદ્રી—શરદ ઋતુની ચંદ્રિકા, ચાંદની.

* રૂઢ સ્વરૂપમાં 'ફૂલીબાઇનાં ફૂલ' બોલાય છે. પણ કહેવતમાં પુષ્પના અર્થનો નહિ, પરંતુ ફૂલાશના અર્થનો ફૂલ બોલ યુક્ત જણાય છે. એ સમજથી સ્હેજ રૂપ બદલ્યું છે.

સૌમ્ય સ્વભાવની રુકિમણીમાં શરદ ઋતુની શીતળ ચંદ્રિકાનો આરોપ છે. સુખ--દાંપત્ય-સુખ, ગૃહસ્થાશ્રમનું સુખ. દરદ (સં. दर ભય; दा આપવું)--ભય ઉપજાવનાર, ભયંકર. દરદ (ફા. दर्द દુઃખ)—સાપત્ન્ય રૂપી રોગ. દુઃખ--શોક્યોનાં વૈરથી નીપજતા દુઃખદાયી, પ્રસંગ. ગરદ (ફા. गर्द)--ધૂળ. ગરદ--ઝેર (गर) ભેળવનાર. જાપ--વચન, કથન. જાપનારો (સં. झल्प બોલવું)--ઉચ્ચારનારો. હરદ (સં. हृद्)—હૃદય. હરદ (સં. हार्द)—પ્રેમ. થાપ—મંડન, પ્રતિપાદનનૂં વાક્ય. થાપનારો—સાચાપણું સ્થાપિત કરનારો, સાબીત કરનારો

રુકિમણી કૃષ્ણચંદ્રની ચંદ્રિકા છે તે હૃદયકમળને સ્વયમેવ વિકસાવશે. અહીં कामसूत्रना मार्याधिकारिणे અધિકરણના દ્વિપદ તરફ કૃષ્ણદેવ રુકિમણીનૂં લક્ષ દોરતા જણાય છે. ઉત્તર શ્લોકમાં કૃષ્ણદેવ રુકિમણી પ્રતિના પ્રેમનો સ્વીકાર કરે છે તેમાં સાપત્ન્યનાં દુઃખ શમાવી, દાંપત્યનાં સુખ આપવાનો પોતાનો ઉદ્દેશ ઉચ્ચારે છે. અને ખરા અંતઃકરણના પ્રેમનો સિદ્ધાન્ત સ્થાપિત કરે છે. તેની સાથે નવી તારલીરૂપ રાજકન્યા પ્રતિ અને રુકિમણી પ્રતિના પ્રેમનો સ્પષ્ટ શબ્દમાં આગળ ધરે છે. એ રીતે એના રુકિમણીના મનનૂં સમાધાન સાધે છે, અને રુકિમણી તેમનો ઉપહાર આભાર બુદ્ધિથી સ્વીકારે છે. (જુઓ ઉકિત ૧૫૨)

૧૫૧ કૃષ્ણદેવે એકલી રુકિમણી પ્રત્યે પ્રેમનો આવિષ્કાર કર્યો તેથી સત્યભામાને માઠૂ લાગે છે તે આ ઉકિતથી જણાઈ આવે છે- એના મનનૂં સમાધાન રૂકિમણી ઉકિત ૧૫૪ માં કરે છે. એનો ભાવાર્થ એ છે કે સ્વર્ગમાંથી પારિજાતક ફૂલનૂં ઝાડ આણી આપી મન મનવનારે મનમાં ઓછૂં આણવા જેવું એ આર્યપુત્રે રાખ્યૂં જ નથી. આ કડવાશ આટલેથી જ દાબી દેવા નાટકકાર રસાન્તરના પ્રયોગ તરિકે નારદનો પ્રવેશ કરાવે છે.

૧૫૨ કૃષ્ણદેવનાં લોકોત્તર કર્મ અને અગમ્ય લીલાનૂં ગાન ગાતા નારદ પ્રવેશ કરે છે. બ્રહ્મકુમાર ભૌમાસુરના વધ માટે ઇંદ્રિના થઈ સત્યભામાના લગનમાં શ્રીદામાના તેડ્યા બ્રહ્માસન લેવા આવી, છેવટે નારદવેડાએ કરી મરી મથ્યા; અને વાસુદેવે તો તેમાંથી જુદો જ ઘાટ ઊતાર્યો. એમણે તો ગોપીઓના આત્માનૂં યોગબળે આવાહન કરી ગોકુળ દ્વારિકામાં વસાવ્યું. વૃંદાવનની લીલા કાંચનપુરમાં જમાવી, એમની એ અકળ ગતિને સરવે દેવોએ પણ શિર નમાવ્યાં. દ્વિપદીમાં આવો ભાવ સૂત્રરૂપે છે, જેનો વિસ્તાર ઉકિત ૧૫૯ માં આવે છે.

૧૫૯ મંતરતંતર (સં. मन्त्र નિગમ વેદ; तन्त्र પુરાણાદિ આગમ)-નિગમ અને આગમનૂં રટન. અંતરવૃત્તિ (સં. अन्तर्वृत्ति)—ચિત્તની વૃત્તિઓ. મુખ્ય—મુખ્ય વૃત્તિ, અકામ કર્મની વૃત્તિ, પ્રમુખ્ય—સર્વોપરિ વૃત્તિ, નિષ્કામ ભકિતની વૃત્તિ. અસુખ—ભકતના મનનો ભગવાનના દર્શનને માટે તલસાટ. દુઃખ—વિયોગજન્ય વ્યાકુળતા, પીડા. ઉર ધરી-મનમાં આણી, પ્રીછી. સાથ સુહવિ-સાથે, સોબતમાં આવે છે. આતમ અખંડિત મંડિત--ઘટઘટમાં સર્વત્ર વ્યાપી રહેલા આત્મસ્વરૂપી (ભગવાન). સંમુખ—પ્રત્યક્ષ, સનમુખ. તનુ--શરીર (તારૂં નારદનૂં). ભાવિ--અંતરના ભાવ સાથે. શારદ--શારદા, સરસ્વતી. શુચિ--પવિત્ર, પાવનકારી. પૂરણ પારદ--પરિપૂર્ણ રીતે સંસારસાગરનો પાર પમાડનાર, પરમ નાયક. યોગિ--સંજોગમાં. આવિ, સુહાવિ, અને ફાવિ—એ જૂના વર્તમાન કાળનાં તથા ભાવિ અને યોગીકરણ અધિકારનાં રૂપ છે.

અહીં રુકિમણીમાં પ્રમુખ્ય વૃત્તિનો અને સત્યભામામાં મુખ્ય વૃત્તિનો ઉપચાર અભિપ્રેત છે. કૃષ્ણદેવ તો સ્વયં પરમ બ્રહ્મ જ છે; તેમાં નારદના આવ્યાનો ઉપચાર છે.

૧૫૬ સમૃદ્ધ—ઢાલો નહિ તે, જળવાળો. ઉદારતા લબ્ધિ—ઉદારપણાની પ્રસાદી (લબ્ધિ) ભૂત, એ પદનો સંબંધ મિષ્ટપણું બોલ સાથે છે.

૧૫૯ આ ગોપીઓ દેખું–આ રાણીઓ છે તે મને ગોપીઓ રૂપે દેખાય છે. આ સંખ્યા–આ રાણીઓની સંખ્યા. એ સમ–એ ગોપીઓની સંખ્યા જેટલી. ગોકુલાદિ ઉવેખ્યું –એ ગોપીઓએ વ્રજમંડળની ઉપેક્ષા કરી તે તજી દીધું છે. આ રાધા–આ રુકિમણી, તે રાધા દેખાય છે. આ અમદ પ્રમદા–આ સત્યભામા તે રાસ દરમિયાન અદશ્ય થતાં ભગવાને સાથે લીધેલી રૂપનો ગર્વ વિકાસ્યે ઝાડને ડાળે લટકતી મૂકેલી ગોપી ભાસે છે. આ કદંબદ્રુ આ પારિજાતક છે, તે હું કદંબવૃક્ષ(દ્રુ)ના સ્વરૂપમાં જોઉં છૂં. હેઠ શકે હું લેખું–દ્વારિકામાં ગોકુળ આણ્યાની આ મહામાયા નિરાળી હૂં દૈવીમાયા ધરાવનાર મહેંદ્રને પણ તમારાથી નિકૃષ્ટ લેખૂં છૂં.

નારદને સત્યભામા અને રુકિમણીમાં રાસ દરમિયાન કૃષ્ણે અદશ્ય થતાં જેને સાથે લીધી હતી તેનૂં અને રાધિકાનૂં દર્શન થાય છે. 'આ' સર્વનામથી નિર્દિષ્ટ બીજી રાણીઓમાં નારદ બીજી ગોપીઓને જુએ છે. ત્યમ વળી બીજી વારના 'આ' બોલથી નિર્દિષ્ટ પારિજાતક વૃક્ષમાં મુનિને કદંબ વૃક્ષના પ્રતીતિ થાય છે.

નાટકના ઉપસંહારની રચના અદ્ભુતમય જોઈયે, એ વિધાન ધ્યાનમાં રાખી, નાટકકારે નારદદ્વારા આ અપૂર્વ પ્રસ્તાવની ઘટના સાધી છે. રાધિકાની પ્રેમપત્રિકાનો પ્રસંગ અંતરિયાળ લટકતો રહ્યો હતો, તેનો નિઃશબ્દ ક્રિયાસિદ્ધ ઉત્તર પણ વાંચક સહૃદય દૃષ્ટિએ વાંચી લેશે.

૧૬૦ અસ્તુ થાઓ, સિદ્ધ થાઓ. સુરંગ–ઉચ્ચ કોટિના આનંદવાળું, રુચિકારક વ્યંગ્યવ્યંજનાવૃત્તિવાળૂં ગ્રથન. ગુર્જરી ગિરા વ્યંગ્ય ધારો–ગૂજરાતી સાહિત્યમાં વ્યંગ્યતાવાળી રચના ખીલવા પામો. પદ્યાપદ્ય–પદ્ય તેમજ ગદ્ય (અપદ્ય). 'પદ્યાપદ્ય' શબ્દથી નાટક જેવા પ્રયોગબંધ અભિપ્રેત છે. રસાદિ–રસ, ગુણ અને અલંકાર. ભૂષિત–શણગારેલું (પદ્ય અને ગદ્ય); વતી–વડે, લીધે. રાખી–ગૂજરાતી ભાષાની સહીપણીઓ, જેવી કે હિન્દી, મરાઠી. ગીર્વાણુ (સં. गीर्वाण वाणी)–દેવવાણી, સંસ્કૃત જુઓ ગીર્વાણી (પ્રેમાનંદ કૃત સામળશાહનો વિવાહ, કડવૂં ૪૫ કડી ૨૦) ગિરાગણ–ભાષાઓનો સમૂહ, ભરતખંડની વર્તમાન દેશભાષાઓ.

તાત્પર્ય નીચે પ્રમાણે "ગૂજરાતી ભાષામાં નાટક સાહિત્ય ખીલો. અભિધા, લક્ષણ અને વ્યંજના વૃત્તિના સર્વત્ર સફળ પ્રયોગ થાઓ. પદ્ય તેમ જ ગદ્ય રસાદિથી સમૃદ્ધ રચાઓ. એ પ્રકારના પ્રસ્તુત સાહિત્યથી ગૂજરાતી ભાષા બીજી દેશભાષા કરતાં ચઢિયાતી નીવડો; એ સંસ્કૃતની ભૂમિકાએ પહોચો. અમારી એ આશા ભગવાન પૂર્ણ કરો."

ભાષાભક્ત નાટકકાર સ્વભાષામાં નાટકની ખીલવણી ઈચ્છે છે. ગદ્યના ઉત્કર્ષ માટે તલસે છે; એનો આદર્શ સંસ્કૃત છે; અને એનૂં ધ્યેય ગુર્જરગિરાની ઉન્નતિ છે.

અંક ૭

દૃશ્ય	પાનાં	વસ્તુ
૧		ભૌમાસુરવધ અને અદિતિકુંડલસમાહરણ
૨	૩૭૮–૩૮૪	કૃષ્ણદેવનો પુરસ્કાર
૩	૩૮૪–૩૮૫	દેવસભા
૪	૩૮૫–૩૯૧	પારિજાતસમારોપણ

પાઠચર્ચા

દૃશ્ય ૨

૫ નકલ કરનારે ભૂલથી નિરખતાના અર્થનો નિરીક્ષા બોલ વાપર્યો છે. અહીં વાટ જોવાના અર્થનો પ્રતીક્ષા બોલ જ અપેક્ષિત છે. ૯ 'અસુરારિસદ્મ' બોલના પહેલા ચાર અક્ષર પડયા છે. ૧૪ ગુજરાતી કહેવતના સંસ્કૃત અનુવાદમાં છાશના અર્થના तक्र બોલ બદલ કોઇ दधि મૂકયો છે તે ભૂલ છે. દૂધ છાશ પ્રવાહી હોય છે; અને દહીં જામે છે, એટલે પ્રવાહી મટી એનું ખડબૂં લાગે છે, એથી દહીંમાં દૂધની ભ્રાન્તિનો સંભવ નથી. પાઠ મેં સુધારી લેઇ અનુષ્ટુભ્‌ના રૂપમાં મૂકયો છે. ૧૫ પાઠ સંદિગ્ધ હતો, તે મેં સ્પષ્ટ કર્યો છે; અને આન માપમાં આણ્યું છે.

૧૬ પ્રસંગ કૃષ્ણદેવના સત્કારનો છે. દેવ સમસ્ત તે માટે જ સુરસભામાં મળ્યા છે. નારદ પણ તેમાં કૃષ્ણદેવના ગુણાનુવાદ ગાતા પ્રવેશ કરે છે, એ રીતે નારદ પ્રતિ ઉપકારપ્રદર્શનનું પ્રસ્તુત વાકય અસ્થાને માની મેં તજી દીધું છે. તેની સાથે એના જવાબમાં ઊમેરેલી નારદની ઉક્તિનો પણ ત્યાગ કર્યો છે. એ અનુષ્ટુભ્‌માં અર્ધિયાનું ભ્રષ્ટ સંસ્કૃત દેવના મુખમાં શોભતું નથી. ૧૭ કોઇકે પાછળથી કરેલા ઊમેરાને લીધે બૃહસ્પતિની ઉક્તિમાં સૌમ્યતા અને સુરુચિની ખામી આવી છે. એ ઊમેરેલો ભાગ મેં દૂર કર્યો છે. ૧૮ ઉત્તર શ્લોકથી આ ગદ્ય ભાગ ગતાર્થ હોવાથી મેં ગાળી નાંખ્યો છે. ૧૯ મેઘ મધ્યે અભ્ર અને તે સજળ સઘન આ કઢંગા પ્રયોગ અરુચિ ઉપજાવે છે.

૨૪–૨૬ આ ઉક્તિના પદ્યભાગમાં ઉતારનારે વિચિત્ર ફેરફાર કર્યા છે. કોણ કોને જુએ છે તે સ્પષ્ટ નથી; અને જોવાની ઉત્પત્તિ કલ્પી શકાતી નથી, જેને લીધે ઉક્તિનો અને તેના પછીની નાટયસૂચિનો સંબંધ નષ્ટ થાય છે. કૃષ્ણદેવ અને સત્યભામાના પૂજન પછી તેમના વિનોદ અર્થે ઉર્વશીનું નૃત્ય શરૂ થવું ઘટે છે. સહસ્રાક્ષ જુએ છે કે સત્યભામા અધીરી બની છે અને કૃષ્ણદેવ કૌતુકમય થયા છે. એટલે દેવાધિદેવે આંખની ઇસારતથી ઉર્વશીને નૃત્ય આરંભવાની આજ્ઞા કરવી ઉચિત છે, અર્થાત્ પ્રસ્તુત અનુષ્ટુભ્‌ના ઉત્તર ભાગમાં ઈંદ્રે ઉર્વશીને દૃષ્ટિપાતથી આજ્ઞા કર્યાનો ઉલ્લેખ ઇષ્ટ છે.* એ ઉદ્દેશ 'ચંદ્ર વીજ ભણી ભાળે' એવો પાઠ યોજી મેં સાધ્યો છે. ઉક્તિ ૯૧માં ઉર્વશી અને વિદ્યુત તો યુગલતા છે તેથી દોરાઈ વીજનો મેં પ્રયોગ કર્યો છે. સત્યભામા કૃષ્ણદેવ ભણી અધીરાઇથી, કૃષ્ણદેવ ઈંદ્ર ભણી કૌતુકથી અને ઇંદ્ર ઉર્વશી ભણી આદેશના ભાવથી જુએ છે, એ શ્રેણી એ રીતે એકએકથી સંકળાઇ રહે છે. વળી બીજી બાબત વિચાર બહાર રહેવી ન જોઇયે તે એ છે કે ઉર્વશી અને તુંબરુ કૃષ્ણદેવના પ્રવેશ પહેલાંથી સુરસભામાં હાજર જ હતાં. તેઓ જો પાછળથી આવ્યાં હોય, તો પ્રતીહારના મુખે તેનો નિર્દેશ હોવો ઘટે છે, તે છે નહિ. એમના નિર્ગમનો પણ ઉલ્લેખ નથી. આ વસ્તુસ્થિતિ ન સમજાયાથી અંક ૨૪ વાળો ગદ્યભાગ ઉમેરાયો છે, ઉત્તર પદ્યભાગના પાઠ પલટાયા છે અને અંક ૨૬ વાળી ભ્રમ ઉપજાવનારી નાટયસૂચિ ઉદ્‌ભવી છે.

૨૭ ઉક્તિ ૪૯ થી ૫૨ વાળો ભાગ સંસ્કરણમાં સુરસભાસદોની સંયુક્ત ઉક્તિ તરીકે આપ્યો છે, પણ જો બધાએ સાથે બોલે, તો કોઇનુંએ બોલવું સમજાય નહિ. આ કારણથી મેં તે ચાર સુરસભાસદોમાં વ્હેંચી નાંખી છે. ૨૮ અનેક સરસભાસદોની આ બે અક્ષરની સંયુક્ત ઉક્તિ મેં અનુપૂર્તિ રૂપે ઊમેરી છે.

૨૯–૩૬ આ ગેય વસ્તુનું વાહન માત્રામેળ દૂમિલા છંદ માની, તેને અનુકૂળ કેટલાક ફેરફાર કર્યા

---

* મુદ્રારાક્ષસના સાતમા અંકના છેવટના ભાગમાં બંદીવાન મલયકેતુને છૂટો કરી રાજગાદીએ પુનઃ સ્થાપિત કર એ વડે રાજા ચંદ્રગુપ્ત હુકમ આપે છે તે ચાણકય પ્રતિ આંખની ઇસારતથી જ આપે છે. જુઓ એ સ્થળે મૂકેલી નાટયસૂચિ राखा

છે. બીજા અર્થની સ્પષ્ટતા સારૂં છે. ૩૭ નૃત્યની સમાપ્તિના નિર્દેશ માટે જરૂરની ધારી આ નાટચ-સૂચિ મેં ઉમેરી છે.

૩૮ ઉક્તિ ૫૫ થી ૬૩ વાળો આ ભાગ સુરસભાસદોની સંયુક્ત ઉક્તિ તરીકે સંસ્કરણમાં આપ્યો છે. પણ જો બધાએ સાથે બોલે, તો કશું એ સમન્વય નહિ, એ ભયથી મેં એને નવ સુરસભાસદો વચ્ચે વ્હેંચી નાખ્યો છે. ૩૯ અનેક સુરસભાસદોની આ બે અક્ષરની સંયુક્ત ઉક્તિ મેં અનુપૂર્તિ રૂપે ઉમેરી છે. ૪૮ પારિજાતકનો ઉક્તિ ૬૬માં વિશ્રામસ્થાન તરીકે નિર્દેશ છે. તેને અનુસરીને 'વિહાર' બદલ 'વિશ્રામ' પાઠ મેં યોજ્યો છે. ૫૩ ઇંદ્રના પ્રશ્નનો કૃષ્ણદેવના મુખનો ઉત્તર અપેક્ષિત છે. ઉતારનારની શરતચૂક થઈ છે. મેં ખૂટતો ભાગ ઉમેર્યો છે. ૫૭–૫૮–૫૯ આશંકા કે 'શંકા'ના બદલે 'કલ્પના' બોલનો પ્રયોગ ભૂલભરેલો છે. અંક ૬૦ની પાઠટિપ્પણીને આધારે મેં આશંકા પાઠ યોજ્યો છે ૬૦ પુનરુક્તિ ટાળવા પૂરતો ફેરફાર કર્યો છે. ૬૨–૬૩ નાટકકારની પોતાની પ્રથાને અનુસરી સાધારણ 'અચાનક' અને 'પોકાર' બદલ ભારે 'અકસ્માત્' અને 'કોલાહલ' બોલ મેં મૂકયા છે. ૬૫–૬૮–૬૯ દ્વિરુક્તિ ઉદ્વેગજનક હોવાથી મેં તેનો ત્યાગ કર્યો છે. ૭૪ છટ્ઠા અંકના અને ગરુડ ઉપર સવાર થઈ કૃષ્ણદેવ સત્યભામાને અંકમાં બેસારે છે, એ નાટચસૂચિને અનુસરીને 'પાંખ' બદલ 'પૃષ્ઠ' પાઠ મેં ગોઠવ્યો છે. પાંખો ઊડતાં હાલ્યાં કરતી હોવાના કારણથી પાંખ ઉપર બેસવૂં બહુ અગવડ ભરેલૂં થઇ પડે. ૮૧ આ પંકતિ ઉકિત ૧૦૩થી ગતાર્થ છે. ભયનું કારણ ગરુડ નિવૃત્ત થયાનૂં જાણ્યા પહેલાં પોચો કંજારિ ડગલૂંએ ભરવાની હિંમત કરે નહિ. ૮૪ ઉકિત ૧૦૦ અને ૧૦૧ ના અનુસંધાનમાં વાંચતાં પાઠટિપ્પણીમાં નોંધેલા બોલ વધારે પડતા દેખાઈ આવે છે. ૮૮ નાસાનાસનો ઉલ્લેખ આવી ગયો છે. પુનરુકિત કરવા કંઇ કારણ નથી.

દૃશ્ય ૩

૬ 'કહાનજી' બોલની પુનરુક્તિ નિરર્થક છે. અધમ વચનરૂપ હોવાથી પાઠટિપ્પણીમાં નોંધેલો વધારો મેં તજી દીધો છે.

દૃશ્ય ૪

૬ વાકચ યોજના દૂષિત છે; તે સુધારી લીધી છે. ૭ અશિષ્ટ પ્રયોગ તરીકે 'બર્જ્યું' બોલ તજી દીધો છે. ૧૪ 'કહે' પદની પુનરુક્તિ અતિ અધિરાપણૂં સૂચવે છે. અહીં આગ્રહ અભિપ્રેત નથી. સત્યભામા પોતે જ કહેવા તત્પર હતી. આંથી પાઠટિપ્પણીમાં નોંધેલો વધારો અસ્થાને હોવાને લીધે મેં તે તજી દીધો છે. ૧૫ 'એમાં શું કહેવાનું છે' એ બોલ સત્યભામાની તત્પરતા વિચારતાં બાધિત છે. ૨૮ 'પીટચું' પ્રયોગ અશિષ્ટ હોઈ ત્યાજ્ય છે. ૨૯ પુનરુકત થતું હોવાથી પ્રસ્તુત વાકચ તજી દીધૂં છે. ૩૫ 'તો' અવ્યય અનિશ્ચયવાચક છે. રુકિમણી આવે કે ન એ આવે. સત્યભામાના મનમાં અનિશ્ચય છે જ નહિ. એને ખાતરી છે કે નાગરિકા રુકિમણીને તેડી લાવશે. અહીં સમયવાચક સંયોજકની જરૂર હોવાથી તે બદલ મેં ત્યારે બોલ યોજ્યો છે. ૪૨ 'મઝિયારૂં દાદા પરદાદાથી ઊતરી આવેલૂં'–નો પ્રતિશબ્દ બાપીકૂં તથા સહિયારૂં–નો આગવૂં એવી સમજથી પાઠ બદલ્યો છે. ૫૨ ઉત્તર ઉક્તિમાં 'જો' ક્રિયાપદનો પ્રયોગ છે તેને લેઇને અહીં પણ 'જોતો' બોલ 'જતો' ને ઠેકાણે મૂકયો છે. ૫૭ કહેવત વધારા પડતી અને અનુચિત હોવાથી મેં ગાળી નાંખી છે. ૬૧ ફૂલારા ઉપર કટાક્ષ સમજીને મેં સ્ત્રીલિંગે ફૂલ પદ સ્વીકાર્યૂં છે અને એની સાથે હળતા 'ફૂલીબાઇની' પદનો પ્રયોગ 'તારાં આણેલાં' બદલ કર્યો છે. તેમ જ નપુંસક 'ફૂલાં' સાથે હળતા 'હવે સુંઘાય તેટલાં સૂંઘ્ય' વગેરે બોલ તજી દીધા છે. ૬૩ 'ફરકી' બદલ 'ફરી' અક્ષર યોજકે ભૂલથી યોજેલ જણાય છે. ૬૪ પ્રત તૈયાર કરનારે 'બોલવાનું' શબ્દ સરતચૂકથી મૂકી દીધો લાગે છે. ૬૫–૬૬–૬૭ અંક છના ઉત્તર ભાગમાં સત્યભામા સાથે બોલાબોલ થયા, પછી રોષભરી ચાલી ગયેલી રુકિમણીને સત્ય-ભામાના ચોકમાં જોઇ કૃષ્ણદેવ આનંદાશ્ચર્ય નિહાળી રહે છે, એમ એમની ઉક્તિ પૂર્વેની નાટચસૂચિથી નાટકકાર સૂચવે છે; એ સૂચનને અનુસરી મેં 'માધવી માધી,' 'થિર થોભે' અને 'ચિત્ત (લોભે) લીન' પાઠ યોજ્યા છે. સંસ્કરણમાં આપેલો માધવ રતિધવ પાઠ સ્વીકારી એમાં રુકિમણી ને સત્ય-

ભામાનો સંકેત લેઇયે છિયે, તો ચિત્રદોષ નાટકકારને માથે લાગે છે. વનરાજિ પદ કરીને રાજકન્યાઓ અભિપ્રેત માનીએ છીએ, તો અધિકારની દૃષ્ટિએ માધવ અને રતિધવ પદથી સંકોચિત બનેલી રુક્મિણી અને સત્યભામા અમુખ્ય ઠરે છે, જ્યારે નારદ એ બે રાણીઓને પ્રમુખ્ય અને મુખ્ય કહે છે. વળી કૃષ્ણદેવ જેમને ગરદ (ધૂળ) કહી વર્ણવે છે તે રાજકન્યાઓની મહત્તા એકદમ વધી જાય છે. એ રાજકન્યા રૂપી વનરાજિ મદકલ વણ ઝાંખી જણાય અને પ્રફુલ્લે પણ જણાય પ્રષ્ટવ્ય રહે છે. ત્યમ વળી 'શુકશા' વિવાહિત સોળ હજાર તરુણીઓ જોઈ લોભાય, એ કથન અતિશયોક્તિની પણ અતિશયોક્તિ સરખૂં લાગે છે. આ કારણથી સંસ્કરણના પાઠ અને તેની અર્થ યોજના બંનેમાં ઘણો ફેરફાર કરવો પડયો છે. ૬૯ ઉત્તર શ્લોકમાં ઊર્મિ બહુ એ અફળાય છે તો પણ સાગર ગાંભીર્ય તજતો નથી, એવી અપ્રસ્તુત પ્રશંસા છે તેને અનુસરી પ્રસ્તુત ગદ્યભાગમાં મેં 'મદ' બદલ 'મહત્તા' પદનો પ્રયોગ કર્યો છે. ૭૦ લિંગદોષ નિવારવા જ મેં 'તરંગ' બદલ ઊર્મિ પાઠ યોજ્યો છે. ૭૨ ઉક્તિ ૧૪૬–૧૪૮ ઉપરની સમજુતી જોવાથી સંસ્કરણના પાઠમાં કરેલા ફેરફારનો હેતુ સ્પષ્ટ થશે. ૭૪ કૃષ્ણચંદ્રના દર્શનથી પ્રફુલ્લિત થનારા હૃદયમાં કુમુદત્વ આપોઆપ પ્રાપ્ત થાય છે. એ કરમાય છે પારિજાતક વૃક્ષ નીચે સોળ સહસ્ર સપત્નીના દર્શનથી તે પાછું કૃષ્ણચંદ્ર વિકસાવે છે. હાર્દિક પ્રેમના ઉદ્‌ગારથી (જુઓ ઊક્તિ ૧૫૧). આવી સમજથી રુક્મિણીના હૃદયમાં કમળ અને કુમુદના બેવડા આરોપને બદલે મેં એકલો કુમુદનો આરોપ સ્વીકાર્યો છે. ૭૫ ઉદ્વિગ્ન રુક્મિણીને હસાવવાને શ્રીદામો ખાલી ચેષ્ટા કરે છે. એ કેડ છોડવાનું કરે છે, છોડતો નથી; તો પછી પટકાથી ખરેખરૂં બાંધી લેવાનૂં તો કયાં રહ્યું? આમ હોવાથી ઉક્તિમાં અને નાટ્યસૂચિમાં ઘટિત ફેરફાર કરવો પડયો છે. ૭૯–૮૦ ઉક્તિનો પદ્યાત્મક ભાગ યમકને લીધે ન સમજાયાથી ભળતા જ રૂપમાં લખ્યો છે, એને લીધે ગદ્યાત્મક ભાગ ભ્રષ્ટ બન્યો છે, કૃષ્ણદેવનો આશય રુક્મિણી પ્રત્યે પોતાના હાર્દિક પ્રેમનું ઉદ્‌ઘાટન કરી, રાણીનું હૃદય પ્રફુલ્લિત કરવાનો છે; તેઓ રુક્મિણીનો દોષ કાઢવા માગતા નથી. આવા મર્મમાં ઊતરી ગદ્યભાગમાં ફેરફાર કરી લીધો છે- એ મર્મ યમકનો ઉદ્‌ગાર કરતાં પણ ધ્યાનમાં રાખ્યૂં છે. ૮૨ જેણે પૂર્વની ઉક્તિમાં 'આ અવસર' વગેરે ફેરફાર કર્યા તેણે જ આ ઉક્તિમાં 'આવી વેળાએ' બોલ ઊમેર્યા જણાય છે. મેં તે તજી દીધા છે. ૮૪ પદ્યના સ્વરૂપ ઉપરથી મેં તેની સત્તા યોજી ઉમેરી છે. ૮૫–૮૬ આ બે પાઠટિપ્પણીના સંશોધનની ગડ બેસવા સારૂ સ્વર્ગ ભણી નજર નાંખવાની જરૂર છે. દૃશ્ય બીજામાં આપણે જોઇયે છિયે કે ગરુડનૂં પડતાં કરી અમરાવતીમાં કચ્ચરઘાણ વાળે છે અને પુરવાસીઓ નાસાનાસ કરે છે. તેમને બૃહસ્પતિ કુબેર (ધનદ) અને ચંદ્ર (કંજારિ) આવી શાન્ત પાડે છે. બૃહસ્પતિ તેમને કહે છે કે 'ગરુડ તો એને સ્થાનકે ચાલ્યો ગયો છે. જુઓ, દ્વારિકા ભણી અંતરિક્ષ શાંત, સ્વચ્છ અને સુવાસિત છે. આ રહ્યું પારિજાતક સત્રાજિત્‌સુતાના ચોકમાં. એની છાયામાં એ ઊભા વાસુદેવ સોળ સહસ્ર રાજકન્યાએ ચોક ચિહકાર ભર્યો છે.' પુરવાસીઓ ધીરજ પકડી चक्षुषापि सत्यम् કરવા તે તરફ દૃષ્ટિ વાળે છે, અને સેંકડોના મુખમાંથી આનંદના શબ્દ નીકળે છે કે 'આ દેખાય પારિજાતક શાખા હલાવતું! એ અહીં આવે છે કે શું?' ત્યાં તો સેંકડો બોલી ઊઠે છે કે 'અરે! એ પારિજાતક તો કદંબ બની ગયું!' બીજા ઊમેરે કરે છે કે 'જુઓ, જુઓ એ કદંબ નીચે હજારો ગોપિકાઓ છે!' વિસ્મય પામતા દેવોને દેવાચાર્ય પ્રતિબોધે છે કે 'અહો ત્રિદશો! તમારૂં દર્શન સત્ય છે. વાસુદેવના પડખે રાધિકા પણ વિરાજે છે. ભગવાને યોગબળે દ્વારિકામાં ગોપીઓના આત્માનૂં આવાહન કર્યૂં છે. नमो भगवते वासुदेवाय।!' કરોડો દેવો બૃહસ્પતિના બોલ ઝીલી લેઇ સ્વર્ગ ગજાવી મૂકે છે અને ભૂતળ ભણી મસ્તક નમાવે છે, ત્યાં તો દેવર્ષિ નારદ વીણા વાતા અને હરિલીલાના દર્શને પૃથ્વી પર ઊતરી પડે છે.

પ્રસ્તુત ચમત્કાર સત્યભામાના ચોકમાં કૃષ્ણદેવ પધાર્યા પછીની પળે દેખાવા માંડે છે; તેનો નિર્દેશ ઉક્તિ ૧૫૭માં આવે છે; અને તેનૂં સમર્થન ઉક્તિ ૧૫૮માં છે. એ પ્રસંગ કેવી રીતે ઉદ્‌ભવે છે તે સમજવૂં મુશ્કેલ નથી. વશલા આહીરને રાધાની પ્રેમપત્રિકાનો લૈખિક કે મૌખિક ઉત્તર આપ્યા વગર ઠાલોમાલો પાછો વળ્યો હતો; જુઓ અંક ૬, ઉક્તિ ૧. એ દિવસ સત્યભામાના રૂસણામાં વીત્યો.

બીજે સવારે કૃષ્ણદેવ પારિજાતક વૃક્ષ માટે સત્યભામાને સાથે લેઈ સ્વર્ગ ભણી પ્રયાણ કરે છે. માર્ગમાં ત્રૈલોક્યને ત્રાસ આપનારા ભૌમાસુરને હણી, એઓ અમરાવતી જાય છે. ત્યાંથી પારિજાતકને લેઇ આકાશ-માર્ગે વૃંદાવન પસાર કરતાં રાધિકાની પ્રેમપત્રિકા સાંભરી આવે છે. એ સ્મરણ થતાં જ ભગવાન દ્વારિકા પહોંચી જાય છે; અને વશલો હજુ વૃંદાવન ભેગો થવા પામ્યો નથી, તેટલામાં તો રાધિકા સાથે સોળે સહસ્ર ગોપીઓના વિરહાતુર આત્માઓનૂં દ્વારિકામાં આવાહન કરે છે. એ રીતે પરમ પ્રેમ પ્રદર્શિત કરતી ક્રિયાથી ઉક્ત પત્રિકાનો આ અંકમાં કૃષ્ણદેવ ઉત્તર વાળે છે. આવાહનનો ઈષ્ટ પરિણામ શોક્યોની પરસ્પર ઇર્ષ્યાને સ્થાને ગોપીઓની નિર્મળ ભક્તિની સ્થાપના એ કાર્યથી સધાય છે, જેનો નિર્દેશ ઉક્તિ ૧૯૦માં માર્મિક વાણીએ કરેલો છે.

સ્વર્ગમાં દેવોને થયેલા અયોક્ત ચમત્કારક દર્શનનૂં નાટકકારે માત્ર ગણ્યાગાંઠ્યા શબ્દથી **સૂચન** કરીને સંતોષ માન્યો ન હોય. એ એટલૂં આછૂં અને ધ્યાન ન ખેંચનારૂં છે કે સાધારણ મનુષ્યને તો પ્રસ્તુત દૈવી માયાનો ભણકારો પણ ભાગ્યે જ થાય. અર્થાત્ કુશળ નાટકકારે એને ગ્રાહ્ય, દર્શનગ્રાહ્ય કે વાંચનગ્રાહ્ય કરેલ હશે, એવૂં મારા મનમાં આવે છે. એનૂં સ્થાન બીજા અને ત્રીજા દૃશ્યની વચ્ચે સંભવે છે. એ આખૂંએ દૃશ્ય ઉતારનારની ગફલતથી ખોવાયૂં લાગે છે. એ જો ઉતરી આવ્યૂં હોત, તો આ લાંબા વિવેચનની જરૂર જ ન રહેત. સરખાવો લહિયાના પ્રમાદથી ભાસ કવિના प्रतिमादशरथ કિંવા प्रतिमा નાટકના ચોથા અને પાંચમા અંકની વચ્ચેના પ્રવેશકનો નાશ.*

૮૭-૯૩ દ્વારિકાગમોત્સવના જેવા મહોત્સવની જાહેરાત થયેલી આ પ્રસંગે જોવામાં આવતી નથી, કે જેને 'આવા મહોત્સવમાં' બોલ લાગુ પાડી શકાય. તેથી એ બે બોલને મેં વર્ જ્ય ગણ્યા છે. ૮૮ ચ અવ્યય નિરર્થક છે; માટે મેં ગાળી નાંખ્યો છે. ૮૯ જાદુ કે મેલી વિદ્યાનો પ્રસંગ છે નહિ, તે કારણથી ધંતરમંતર બદલ મંતર તંતર પાઠ કલ્પ્યો છે. ૯૦ ઉપાસના અને ભક્તિ એ ઇંદ્રિયો નથી, પણ વૃત્તિ છે. તેથી ઇંદ્રિય પાઠ બદલી વૃત્તિ પાઠ ગોઠવ્યો છે. ૯૧-૯૩ વર્તમાન કાળના 'પૂજે' રૂપ સાથે ભૂતકાળનાં 'આવી' અને 'સુહાવી' રૂપ હળતાં નથી. મૂળમાં નાટકકારે વર્તમાનકાળનાં જૂનાં રૂપ 'આવિ' અને 'સુહાવિ' વાપર્યા હશે તે વાત ભૂલાયાથી ઊતારનારે ભૂતકાળનાં રૂપ લખી કાઢેલાં લાગે છે. ચોથા ચરણને છેડે સંસ્કરણમાં ભૂલભરેલો ફાવી પ્રયોગ છે તે બદલ 'ફાવિ'રૂપ આજ ધોરણે મેં યોજ્યૂં છે.

૯૭ ઉત્તર શ્લોકમાં ગોકુળ વૃંદાવન દ્વારિકામાં વસાવ્યાનૂં વર્ણવ્યું છે. તેની લોકોત્તરતા સ્પષ્ટ થવા સારૂં મેં 'અદ્ભુત' બોલ ઉમેર્યો છે. સું—કેવૂં, કેટલૂં. ૧૦૦ સંસ્કરણમાં 'ચંદ્રભાગા ઉવેખું' એવો પાઠ છે. પરંતુ પ્રશ્ન થાય છે પૂરી સોળ હજાર ગોપીઓ ગણી કાઢ્યા પછી ચંદ્રભાગાની ગેરહાજરીનો પ્રસંગ કેવો? એ હાજર હોય તો એને ઉવેખવાનું કારણ શૂં? આ કારણથી પાઠ બદલવો પડયો છે. ૧૦૧ અવ્યાહિતનો ઉલ્લેખ નામથી અને આવાહનના અધિકરણનો ઉલ્લેખ દર્શક સર્વનામથી પહેલા બીજા અને ચોથા ચરણમાં કર્યો છે. તે પદ્ધતિને અનુસરી ત્રીજા ચરણમાં નવા પાઠ યોજ્યા છે. સંસ્કરણમાં આપેલો પાઠ પ્રક્રમભંગથી અને ભ્રષ્ટતાથી દુષિત છે. 'તરુણી' શબ્દથી કઈ ગોરી સમજવી?

૧૦૫ **રઘુવંશ** આદિ પદ્યાત્મક કૃતિઓ પદ્યબદ્ધ હોવાથી તેના સંબંધમાં 'પાદેપાદ રસાળ' પ્રયોગ બંધબેસતો ગણાય, એમાં રસનૂં વાહન પદ્ય જ છે. નાટકમાં તો પદ્યે આવે છે અને ગદ્યે આવે છે. અને પદ્યની પેઠે ગદ્ય પણ રસાળ હોવૂં ઇષ્ટ છે. એને 'પાદેપાદ રસાળ' પ્રયોગ લાગુ પડી શકતો નથી; શાથી જે ગદ્યના ચરણ પડતાં જ નથી. નાટ્યકારે જ ગદ્ય અને પદ્ય બંનેનો બલકે વિશેષે કરીને ગદ્યનો પ્રયોગ કરવાનો રહ્યો. પદ્યમાં અને ગદ્યમાં સર્વત્ર એનૂં પરમ ધ્યેય રસની જમાવટ જ છે. એ ગદ્ય રસાળ કરવા પ્રતિ દુર્લક્ષ ન જ ધરાવે, ન જ પ્રતિબોધે. આ બાબતને ધ્યાનમાં લેઇ 'પદ્યાપદ્ય રસાદિ ભૂષિત૦' વગેરે પાઠનો ઉદ્ધાર કર્યો છે.

——o——

* જુઓ 'પ્રતિમાનૂં લુપ્તઅંગ' એ મથાળાનો મારો લેખ.

કબીરસંપ્રદાય અને ગુજરાતમાં તેનો પ્રચાર*

(લે. રા. રા. **બળવંતરાય કલ્યાણરાય ઠાકોર** બી. એ.)

ઇતિહાસ માત્ર નોંધ નથી, ઇતિહાસ છે નોંધ અને મીમાંસા, બોધ અને કલા, એમ ચાર પાંખડીનું ગુલ, ચાર પહેલોવાળું રત્ન, ચાર સ્રોતના સંગમથી થતો મહાનદ, જુદા જુદા બુદ્ધિવ્યાપારોનું ચૌટું. પરંતુ ઇતિહાસવિદ્યા અને ઐતિહાસિક પદ્ધતિની વિચારણાનું આ ગૌરવ હિન્દી માનસ હજી હવે ધીરે ધીરે જ શીખતું આવે છે. ભાવનામૂર્તિઓને સર્વસ્વ સમર્પનાર આપણી સંસ્કૃતિ તેમને ઐતિહાસિક વ્યક્તિઓ જેવી સજીવનં અને વાસ્તવિક પણ માનવા–મનવવાને શતાબ્દીઓ અને સહસ્રાબ્દીઓથી મથતી આવેલી છે, અને આર્ય બુદ્ધિની આ એક નબળાઈનું એક અતિવિચિત્ર પરિણામ આ પણ આવેલું છે, કે પાર્શ્વ અને મહાવીર, બુદ્ધ અને અશોક, પૃથ્વીરાજ અને જગદેવ જેવી ઐતિહાસિક વ્યક્તિઓની આસપાસ આપણે દંતકથાઓ અને ચમત્કારો ગૂંથીગૂંથીને એ રાફડાઓના ડુંગરાતળે આપણે તે તે જીવનને લગતી વાસ્તવિક હકીકતોને દાટી દઈને અને વિકૃત કરી નાખીને લગભગ અલભ્ય બનાવી દીધી છે.

રામ ઝરૂખે બૈઠકે
સબકા મુજરા લેત
જૈસી જિનકી ચાકરી
વૈસા ઉનકા દેત."

"મન લગ્ગો મેરો યાર ફકીરીમેં
જો સુખ પાયો રામભજનમેં સો સુખ નાહિ અમીરીમેં—મન લગ્ગો૦
ભલા બૂરા સબકો સુનિ લીજૈ કર ગુજરાન ગરીબીમેં—મન લગ્ગો૦
હાથમેં કૂંડિ બગલમેં સોટા ચારો દિસિ જાગીરીમેં—મન લગ્ગો૦
આખિર યહ તન ખાક મિલૈગા કહા ફિરત મગરૂરીમેં—મન લગ્ગો૦
કહત કબીરા સુન ભાઇ સાધો! સાહિબ મીલૈ સબૂરીમેં—મન લગ્ગો૦"

વગેરે હિન્દ જેવા મહાખંડમાંય ઠેર ઠેર જાણીતાં પદોના કવિ કબીર સાહેબના ખંડિત ઇતિહાસની પણ આપણી જનતાની ચમત્કારગંડુતાએ એ જ વલે કરી નાખેલી છે. એમના વિષે ચોક્કસ માહિતી એટલી તો ઓછી ઉતરી આવી છે કે તે બધી સીધે સીધી નોંધવામાં દશ વાકય પણ ન જોઇએ.

કબીર સાહેબ મુસ્લિમ જુલાહા **નીરૂ**ના પુત્ર હતા. તેને ત્યાં જ ઉછર્યા હતા. આજીવિકા માટે પોતે પણ એ જ ધંધો કરતા હતા અને કાશીમાં ઘણો સમય રહ્યા હતા. મુસ્લિમો પોતાનો અમલ જેમ જેમ વિસ્તારતા ગયા તેમ તેમ મારી ઠોકીને હજારો હિન્દુઓને વટલાવતા પણ ગયેલા. તે વખતના હિન્દુ આચારમાં ખાનપાનશુદ્ધિનો મહિમા પણ

* શ્રી ફાર્બસ ગુજરાતી સભા તરફથી પ્રકટ થનાર "કબીરસંપ્રદાય : તેના સિદ્ધાન્તો, ગુજરાતમાં પ્રચાર અને ગુજરાતી સાહિત્ય ઉપર તેની અસર" એ ગ્રંથનો પ્રવેશક: સં. **અં. બુ. જાની.**

એટલો બધો વધી પડેલો હતો, કે મુસ્લિમ સરદાર ચડાઈ કરતાં જે ગામ આગળ પડાવ કરે, ત્યાંનાં જલાશયોને "અભડાવે," એટલે તે ગામની આખી વસતી પોતાને વટલાયલી માને, એમ પણ હતું.

શ્રી રામાનંદના જીવનમાં તે વખતના હિન્દુઓની શૌચાશૌચ-ભાવનાનું આથી યે ઉત્કટ દૃષ્ટાન્ત જોવામાં આવે છે. શ્રી. રામાનુજની પરંપરામાં એમનાથી (એમને ન ગણતાં) ત્રીજા પાટે આવેલા આચાર્ય રાઘવાનંદ કાશી આવીને વસ્યા હતા, અને કિશોર-વયથી એમના શિષ્ય થયેલા રામાનંદ પોતાની અપૂર્વ વિદ્યા અને શક્તિએ થોડા વખતમાં જ એમના મુખ્ય અને માનીતા શિષ્ય બની રહ્યા હતા. ભરજુવાનીમાં શ્રી. રામાનંદ યાત્રાએ નીકળ્યા, અને ન્હાનાં મોટાં તમામ તીર્થોમાં ઘૂમતા ઘૂમતા તથા સ્થળે સ્થળે જુદા જુદા પંથો અને આચાર્યોનાં મંતવ્યો વિષે જ્ઞાન મેળવતા મેળવતા તેમ ચર્ચામાં તે સર્વ આગળ પોતાનો પ્રભાવ પાડતા પાડતા, વર્ષો પછી જ્યારે તે પાછા કાશી આવ્યા, ત્યારે એમની દિગ્વિજયના જેવી યશસ્વી મહાયાત્રાથી અદેખાઈએ ધૂંધવાતા એમના એક બે ગુરુબંધુઓએ ગુરુજી આગળ સવાલ મૂક્યો: "ગુરુજી! આટઆટલા લાંબા પર્યટનમાં એમનાથી જાણ્યે અજાણ્યે કંઇ કંઈ અશુદ્ધિઓ થઈ ગયેલી હોવી જ જોઈએ, તો એમણે પ્રાયશ્ચિત્ત કરી દેહશુદ્ધિ કરવી ઘટે ખરૂં ને?" રાઘવાનંદજીના અનુયાયીઓમાંથી ઘણી મોટી સંખ્યાને પણ આ સૂચના અવશ્ય અમલમાં મૂકવા જેવી લાગી, પરંતુ રામાનંદને પોતાને એ ન રુચી; અને એ તો દૃઢ રહેશે, જરાય મચક નહીં આપે, એમ રાઘવાનંદજીએ જ્યારે જોયું, ત્યારે એમની પોતાની સ્થિતિ સૂડી વચ્ચે સોપારીના જેવી કફોડી થઈ ગઈ. એક બાજુ એમનો પોતાનો પટ્ટશિષ્ય માટે અનહદ અંગત પ્રેમ અને સકારણ પક્ષપાત, અને બીજી બીજુ અનુયાયીઓની અંધ હઠને લીધે તેમનો મોટો ભાગ બંડ કરે એવો સંભવ, એટલે એમણે પોતે જ ખુશીથી રામાનંદજીને રજા આપી,–"ભલે તો ત્હમે ત્હમારી જુદી ગાદી સ્થાપો, મ્હારા આશીર્વાદ છે." રામાનંદી અને રામાવતને નામે જાણીતા સંપ્રદાયના આરંભનો ઇતિહાસ આ પ્રકારનો છે.

કબીરનાં માતાપિતા અને એમની આસપાસના કાશી પ્રગણામાંનાં વણકરો એક બે ઝમાના કે થોડા સમયથી જ મુસલમાન થયેલ. એટલે ખાનપાન, નમાજપદ્ધતિ, સાધુસંતોને બદલે ફકીર દરવેશોને પૂજવા, ઊંડી ધર્મજિજ્ઞાસા હોય તેટલે દરજ્જે બ્રહ્મજ્ઞાનને ઠેકાણે સૂફીઓ અને ઓલિયાઓનું જ્ઞાનામૃત મેળવવું, વગેરે બાબતોમાં તેઓ આસપાસની હિન્દુ વસતીથી જુદા પડી ગયેલા. તથાપિ તેમના પૂર્વજોની તેમને વારસે મળેલી હિન્દુ સંસ્કૃતિ તરફનો એમનો સમભાવ છેક ઉડી ગયેલો હોવો જોઇએ, એમ માની લેવું તે અનૈતિહાસિક અને તેમને અન્યાય કરવા જેવું છે. કબીર ઉછરતો હતો તે સમયમાં તે પ્રદેશના જાણીતા સૂફી શેખ તકી નામે હતા. કબીર સાહેબમાં ધર્મજિજ્ઞાસા જાગતાં પ્રથમ તેઓ આ સૂફીના શિષ્ય થયા.

શ્રી. રામાનંદે કાશીમાં પોતાનો નવો સંપ્રદાય માંડતાની સાથે હિન્દુ સંપ્રદાયોની પરંપરાપ્રાપ્ત પ્રવૃત્તિઓમાં મૌલિક અને ક્રાન્તિકારક ફેરફારો દાખલ કર્યા. "वर्णानाम् ब्राह्मणो गुरुः" એ સૂત્ર કરતાં "ब्रह्म वेत्ति स ब्राह्मण:" એ સૂત્રને તેમણે આગળ કર્યું; શૌચાશૌચ અને બાહ્યાચારશુદ્ધિ કરતાં તેમણે સાચી ભક્તિની તન્મયતાને કિંમતી ગણી અને આમ

" જાતિ પાંતિ પૂછે નહિ કોઈ, હરિકો ભજૈ સો હરિકા હોઈ, " એ માનવ માત્રની સમાનતાનું મહાસૂત્ર, મુસ્લિમ અત્યાચારોએ ચોતરફથી ક્ષુબ્ધ થઈ ગયેલા મધ્યકાલીન હિન્દુ સમાજમાં પ્રથમ પહેલું સક્રિય વ્યવહારમાં મૂકાય છે, આ શ્રી. રામાનંદને હાથે. શંકરાચાર્યથી માંડીને તે વખત લગીના આચાર્યોના મુખ્ય શિષ્યો લેખે બ્રાહ્મણો જ લેવાતા. શ્રી રામાનંદે એ પ્રણાલિકા તોડી. એમના બાર મુખ્ય શિષ્યોમાં બે સ્ત્રીઓ છે; પીપા ઠાકોર લડાયક હિંસક કોમના છે; ધનો ભગત જાટ કણબી છે; સેણો ભગત વાળંદ છે; કબીર સાહેબ મુસ્લિમ વણકર છે; રઈદાસ અંત્યજ ચમાર જાતિનો છે; અને વળી પોતે પર્યટણના અમૂલ્ય ફાયદા જાતે અનુભવેલા, એટલે પોતાના શિષ્યોનાં ન્હાનાં મોટાં ટોળાંઓને તેઓ પરિભ્રમણમાં મોકલતા જ રહેતા, તેમ રોજ ને રોજ કાશી ક્ષેત્રમાં આવતા યાત્રાળુઓમાંથી સંન્યાસીઓ, જ્ઞાનીઓ, સાધુઓ, ભગતો આદિને માટે પોતાનો અખાડો સદાય ખુલ્લો રાખતા. જ્યાં ને ત્યાં આચારાદિના ન્હાના ન્હાના વાડાઓ અને પ્રત્યેકની બીજા બધા સામે અમાનુષી સૂગ, એવું એમના આ અખાડામાં મુદ્દલ નહીં, તેથી પણ ઘણા ત્યાં આકર્ષાતા અને બાહ્યભેદો વિષે ઉદાર સહનશીલતા, તથા અંતરની એકતા હોય ત્યાં ઉમકાભર્યાં આલિંગનના પ્રત્યક્ષ પાઠ શીખતા.

હિન્દુ–મુસ્લિમ ભાંડાભાંડી અને કાપાકાપીના સૈકાઓ પછી આમ રામ–રહીમની એકતાના સનાતન પાયા ઉપર બંનેના ભાઈચારાના નવા યુગનો અરુણોદય ઇતિહાસ શ્રી રામાનંદથી ગણે છે; અને શ્રી, રામાનંદની જ પરંપરામાં કબીર અને નાનક આવે છે. થોડી વાર પછી ગોસાંઈ તુલસીદાસજીયે શ્રી. રામાનંદની પરંપરામાં જ પ્રકટ થાય છે, અને નિર્ગુણ ઉપાસનાનો તેમ ' સબી ભોમ ગોપાલકી ' એ બંધુભાવનો ફેલાવ વધતો જાય છે.

કબીર સાહેબ શ્રી. રામાનંદના શિષ્ય થયા તેમાં પાછલી રાતનું અંધારૂં, ઘાટનાં પગથિયાં ઉતરતાં શ્રી. રામાનંદનો પગ અજાણ્યા મુસ્લિમ પર પડવાનો અકસ્માત, એમના મુખથી રામ! રામ! એ સહજ ઉદ્ગાર, અને તે જ પોતાનો ગુરુમંત્ર માની લઈ કબીર સાહેબનું બળજબરીએ શ્રી. રામાનંદના શિષ્ય થવું,–એ કશીયે બાલિશતાની જરૂર જ નથી. કબીરને ભગતલેખે અને શક્તિએ શ્રી. રામાનંદે લાયક દીઠા, અને પોતાના નવા સંપ્રદાયની પ્રતિજ્ઞા પ્રમાણે જ તેમણે એમને સ્વીકારી લીધા. વળી કબીર પોતાની અસાધારણ પ્રતિભા અને પાત્રતાએ જ બધા શિષ્યોમાં મોખરે પણ આવ્યા.

રામાનુજ, રામાનંદ અને કબીર ત્રણેએ અસાધારણ લાંબાં આયુષ્ય ભોગવ્યાં. વળી ભૂલવું નહીં કે મુસ્લિમ ગણનાનાં ૧૦૦ વર્ષ = ૩૫,૫૦૦ દિવસ વર્ષના ૩૬૫¼ દિવસને હિસાબે લગભગ ત્રણ વર્ષ ઘટી જાય. અને કબીર સાહેબ સિકંદર લોદી ગાદીએ આવ્યો ત્યારે હયાત હતા, તેમ રામાનંદ અને રામાનુજની પણ જન્મસાલના કરતાં નોંધાયલી મૃત્યુસાલ વધારે માનવા લાયક જણાય છે.

રામાનંદીઓ દેશભરમાં ઘૂમતા જ રહ્યા, ચર્ચાઓ કરતા જ રહ્યા, તેની સાથે સાથે ભજનો અને પદો, સાખીઓ, છપ્પા, પ્રભાતિયાં સંભળાવતા જ રહ્યા. કબીર સાહેબની કૃતિઓના અતિ ત્વરિત અને અતિ બ્હોળા ફેલાવનો ખુલાસો પણ એ જ છે. રામાનંદી સંપ્રદાયની પર્યટણવિશિષ્ટતા જ એની સાચી અને પૂરી બંધબેસતી ચાવી છે. વળી હિન્દુ-મુસ્લિમ ધર્મવિરોધ, સંસ્કૃતિવિરોધ, આચારવિરોધ, અને સ્વાર્થવિરોધે હાલહવાલ થતા દેશને

ઊંડામાં ઊંડા એટલે ધર્મના પાયા ઉપર ઐક્ય અને બંધુભાવના નવા સર્જનની પરમ આવશ્યકતા હતી, ચોતરફ ચાલી રહેલ સત્યાનાશીમાંથી ઉગરવાનો એક માત્ર ઉપાય આવો નવો કે ફરી પ્રકટાવાતો પ્રકાશ હતો, તો અસ્તવ્યસ્ત થતી અને મહાભ્રમણે ચડેલી પ્રજામાં જૂની સંસ્કૃત વિદ્યા, તેની પરંપરા, તેનાં સાધનો, તેની શાલાઓ, આદિ તમામ લૂલાં પડયાં હતાં, કયાંક મહા પ્રયત્ને અને મરવા વાંકે જ જીવતાં 'તાં, બોલીનાં ઝરણો જ સર્વત્ર કુદરતી વહને વહી રહ્યાં હતાં, તેમાં જરાતરા મુશ્કેલીએ ઘણા મોટા પ્રદેશમાં એકસરખી સમઝાય એવી આ ચોટ ચટકદાર, વાસ્તવ જીવનાનુભવના રંગે રંગેલી, ગેય અને ઝટ યાદ રહી જાય એવી ટૂંકી તથાપિ અર્થઘન કૃતિઓ, મનભર સુભાષિતો અને સાહિત્યના નવા અને વળી સુગમ અવતાર લેખે પણ—ધર્મ અને પંથના ઝઘડાનો જેને સ્થાયી અણગમો એવા દુનિયાદારીના રસિકોને પણ કાને આવતાં જ જિતી લે એવી હતી. (કથાનો, કાવ્યનો, કે નાટકનો ઇતિહાસવિકાસ જોતાંય જણાશે કે ન્હાની ન્હાની કૃતિઓ, બોલેડો, સંવાદો, પ્રવેશોનાં છોટાં રૂપમાં કલાબીજ ફૂટી નીકળે છે, પછી તેનો બીજો ત્રીજો એમ એક પછી એક ફાલ લેવાય તેમ તેમ કૃતિઓ મોટી સંકુલ આખા વિષયની સમગ્રતાને ન્યાય આપવા મથતી જોવામાં આવે છે; અને અંતે સિદ્ધ થાય છે નવલકથા, મહાકાવ્ય, પંચાંકી નાટક આદિના સુસંસ્કૃત સુપરિષ્કૃત ઘાટ.) આ દૃષ્ટિએ ગોસાંઈ તુળસીદાસજી અને જાયસીની મહા કૃતિઓનાં મૂલ. પણ કબીરનાં આ છોટાં છોટાં કુદરતી અને કોઇ પ્રશ્ન કરે, ટીકા કરે, દાખલો આપે, વાંધો ઉઠાવે, મુશ્કેલી રજુ કરે અને તત્કાલ વહેતાં નિખાલસ અને નિર્મલ પારદર્શક સુંદર અને મધુર ઝરણાં છે.

રામાનંદ–જ્યોતિશિખા ગુલ થઇ તે પ્હેલાં તેમાં કબીર–જ્યોતિ શિખા ભળી. સોક્રેટીસ–જ્યોતિશિખા ગુલ થઈ તે પ્હેલાં તેમાં પ્લેટો–જ્યોતિશિખા ભળી. જીસસ–જ્યોતિશિખા ગુલ થઇ તે પછી કેટલેક સમયે પોલ–જ્યોતિશિખા પ્રકટી. તેણે પોતાનું સ્નેહ–સર્વસ્વ જીસસમય થવામાં હોમી દીધું, તે એટલે સુધી કે એ પ્રવૃત્તિઓના ફળ રૂપ ક્રિશ્ચિયાનિટીમાં જીસસવાદ અને પોલવાદ બેમાલુમ રીતે અભેદ પામી એકાકાર થઇ ગયા છે, અને ક્રિશ્ચિયાનિટીનું દીર્ઘાયુ જીસસના ભાવનાવાદને કેટલું આભારી છે, તથા પોલના વિચારમિનાર પ્રમાણેની વ્યવસ્થાને કેટલું આભારી છે, તેનું તારતમ્ય માનવબુદ્ધિની શક્તિમર્યાદાથી પર રહી જાય એવો ગહન કોયડો છે. કબીર સાહેબ મુસલમાન છતાં તેમને બેશક તેમની લાયકાત ઉપરથી જ પોતાના મુખ્ય શિષ્યોમાંના એક લેખે સ્થાપવા જેટલી ઉદારતાવાળો એક આચાર્ય હિન્દુ સંસ્કૃતિ પોતાની પ્રતિષ્ઠિત સર્વવંદ્ય આચાર્યપીઠોમાંની એક ઉપર સ્થાપી શકી, તો તે સુફી બંદો પ્રહ્લાદના જેવી ભક્તિભાવનાને ય અપનાવી શકયો, મુસ્લિમ કલેવરમાં હિન્દુ–મુસ્લિમ એકતાના બંધુભાવને ખીલવી રહ્યો, પ્રકાશી રહ્યો, અને હિન્દુ ભગતો અને સંતોની અમર પ્રણાલિમાં સ્થાન પામ્યો. ધર્મદૃષ્ટાઓની આકાશગંગામાં તારા જેવો અસ્થિર જ્યોત સ્વયંપ્રકાશ દીપી રહ્યો.

રા. રા. ભાઈશ્રી કિસનસિંહ આ પુસ્તકનાં "કબીરનો ગુજરાતમાં પ્રભાવ," અને "કબીર સંપ્રદાયની ગુજરાતી સાહિત્ય ઉપર અસર" એ છેલ્લાં પ્રકરણોમાં મીરાંથી માંડીને એમના પોતાના વડીલના ગુરુ નિરાંત ભગત લગીની ગુજરાતી કવિતામાં ખાસ અસરો કઇ કઇ અને કેટલી જોવામાં આવે છે, એ મોટો પ્રશ્ન તપાસે છે. ગો. મા. ત્રિ.,

કૃષ્ણલાલ ઝવેરી, કનૈયાલાલ મુનશી, આનંદશંકર ધ્રુવ, આદિએ કરેલી એકદેશી ચર્ચાઓ-માંથી ઉપયોગી અવતરણો ટાંકે છે, અને અંગત માહિતીની તેમ સંશોધને પ્રાપ્ત કરેલી કેટલીક મુદ્દાની હકીકતોને પણ પોતાની ચર્ચામાં ગૂંથી લઇ, આખો વિષય સમગ્રપણે વિશદતાથી અને ગુજરાતી સાહિત્યવાટિકામાં જાણે એક ખૂણો (સફાઈ કાળજી કે સંભાળ દેખરેખ વિનાનો પડી રહેલો તેને) સંસ્કારતા હોય એવી સેવાબુદ્ધિએ રજૂ કરે છે. પુસ્તકનો આ ખંડ તેના બીજા કોઈ પણ ખંડ કરતાં, ગુજરાતી વાચકની દૃષ્ટિએ, ઉતરતા ગૌરવનો નથી જ. અખાની કૃતિઓમાં કબીરવાણીની અસર સામસામાં અવતરણો સાથે વધારે વિગતથી એમણે દર્શાવી હોત તો આ ખંડનું મૂલ્ય તેઓ સારી પેઠે વધારી શક્યા હોત. વળી કબીરવાણી એવું બળ નથી કે તેને રામાનંદી સંપ્રદાય કે કબીર પછીના ભગતો અને સંતોની ઉત્તર, દક્ષિણ, પૂર્વમાંથી ગુજરાતમાં વહ્યાં જ કરતી વાણીથી અલગ રાખીને–આ અસર તો કબીરવાણીની જ બીજા કશાની નહીં, એ પ્રમાણેનું એકે વિધાન શાસ્ત્રીય ચોકૂખાઈથી થઈ શકે.

આપણા સાહિત્યનો ઇતિહાસ તપાસનારા અને તેમાં બહારથી આવેલા બીજા સંસ્કારો આદિનાં બલાબલ વિષે મીમાંસા કરનારા આપણે સુશિક્ષિત બ્રાહ્મણવાણિયા, ઉપનિષદો, વેદાન્ત, ગીતા, રામાયણ, મહાભારત, ભાગવત, પુરાણો, કાલિદાસાદિ કવિઓનાં કાવ્યો, ભર્તૃહરિ આદિનાં શતકો, પંચતંત્ર, સિંહાસનદ્વાત્રિંશતિ, અરેબિયન નાઈટસ, શેખ સાદી, હાફીઝ આદિ એક બે મોટાં વર્તુલોમાં જ ભમ્યાં કરિયે અને ગોંધાઇ રહિયે, તે તો શહેરો અને દરબારો બજારો અને ધોરી રસ્તા, વાડીઓ અને ઉપવનોમાં જ આખી પ્રજા આવી જાય, એવી અપર્યાપ્ત માન્યતાનું પરિણામ છે. ગામડાં અને ખેતરો, જંગલો અને ડુંગરા, રણો અને કચ્છો અને છૂટાછવાયાં વિકટ સ્થળોમાંય આપણી નિરક્ષર પ્રજા કુદરતને ખોળે વસે છે. મંદિરો અને મેળા, ગુજરી અને ઉત્સવો, તીર્થો, ભગતો અને ભટકતા સાધુ, સંન્યાસી, વૈરાગી, ભીખારીઓ કનેથી પણ સંસ્કારો મેળવે છે, અને એ પ્રસંગો અને જીવનાનુભવોય તેમનામાં બીજકો નાંખે છે, વિચારણા પ્રેરે છે, સૌંદર્ય અને કલાભાવના આસ્થા, બલ અને ટેક વિકસાવે છે, અને તેમને પશુવૃત્તિમાંથી ઉંચે લઈ માણસાઈમાં આણે છે તથા દિવ્યાંશોનો પણ પ્રસાદ ખાટવાનાં સાહસ, ઉત્સાહ અને ટેક તેમનામાં પ્રેરે છે.

નિરક્ષર ગ્રામ્ય આરણ્યક જનતામાં પણ સુસંસ્કાર અને શિષ્ટતા અને ભાવનાના ઉદય સાધતી આ સાધનસામગ્રી કંઠસ્થ જ હોય છે, ગુરુ, શિષ્ય, યુગલ કે સહકારી સાથી ન્હાનાં મોટાં મંડળોમાં જ પ્રકટ થાય છે, કર્ણોપકર્ણ જ ફેલાય છે, અને ત્રુટી ત્રુટી ફરી સંધાતી પરંપરામાં બાહ્યાકાર વેશ આદિમાં પલટતી પલટતી પણ ગર્ભસ્થ હીર અસલ સ્વરૂપે અતિવિસ્તીર્ણ પ્રદેશોમાં સજીવન રાખી રહે છે. ઉત્તમોત્તમ સાધનસામગ્રી ગુટકાસંગ્રહ આદિ રૂપે ગ્રંથાકૃતિ પામતી આવે છે, ત્યાં તેનાથી દશ ગુણ શતગુણ કંઠસ્થ સાધનસામગ્રી પેદા થતી જાય છે. પ્રજાના ઐક્યને સક્રિય સદાપ્રવૃત્તિમય બનાવવાને સારૂ વસતીના ઘણા મોટા પ્રમાણને વાંચતું લખતું બનાવી શકિયે નહીં, ત્યાં લગી આ કંઠસ્થ જ રહેતાં અને અને કર્ણોપકર્ણ જ ફેલાતાં બલો આપણા સાહિત્યના સમગ્ર ઉત્પાદનમાં મહત્ત્વનો ફાળો આપ્યાં જ કરશે. અને આપણે આપણો ઇતિહાસ ઉકેલવા માટે જેમ જેમ પાછળના અને વધુ પાછળના સૈકાઓમાં દૃષ્ટિ લંબાવી શકીશું, તેમ તેમ સુશિક્ષિતો જ લાભ લઇ શકે

એવાં ગ્રંથસ્થ બલો કરતાં આ ભિન્ન પ્રકારનાં બલોનો પ્રજામાનસ અને પ્રજાસંસ્કૃતિના ઘડતરમાં હિસ્સો વધારે અગત્યનો માલુમ પડશે.

આ ચોપડીનો વચલો ભાગ કર્તા પોતાના વિષયના એક ત્રીજા પાસાને સમર્પે છે. આમાં પણ એમનું લખાણ ઉપલબ્ધ સાધનોનો પૂરતો લાભ લઇને જવાબદારીથી કરેલું માલુમ પડશે. 'કબીરના નિર્ગુણ રામ,' 'જીવશિવલગ્નસંબંધ,' 'કબીર અને આનંદ,' 'કબીર અને ગુરુ,' 'કબીર અને સૂફીવાદ,' 'કબીર અને રહસ્યવાદ, ('mysticism,') 'કબીર અને સાંકેતિક પરિભાષા, 'કબીર અને માયાવાદ,' 'કબીર અને હઠયોગ,' વગેરે મથાળાં પણ આ વિભાગનાં ગહનતા, ગૌરવ અને ગાંભીર્ય જણાવવાને પૂરતાં છે. પરંતુ આવા વિષયો વિષે એક વિદ્વાન સૂક્ષ્મ અને અધિકારી અભ્યાસી શું કહે છે તથા તે પોતાનાં વિધાનોની સાધારતા દર્શાવવાને કેવી કેવી રીતે મથે છે, તે જોવામાં સારી પેઠે રસ પડે એવા શ્રેષ્ઠ વાંચકોને પણ કઇંક ચેતવવા પ્રાપ્ત થાય છે. સોક્રેટીસ પછી પ્લેટો અને એરિસ્ટોટલ ઉપરાંત જે જે એપિક્યૂરિયન, સ્ટોઇક, સિનિક ચિંતકો થયા તે દરેકે દરેક પોતાને સોક્રેટીસ દાદાના ચેલા અને પોતરા અને હક્કદાર વારસ માનતા ગણાવતા હતા; જો કે આપસ-આપસમાં ખંડનમંડનના ઝઘડાઝઘડીમાંથી પરવારતા જ ન્હોતા ! અને આ એમની વાદાવાદી, અખાડાબંધુઓના રોજિંદા દાવપેચ કે "બોલકણા હોઇ બાંધવા તોય આપણી બાંહ્ય," એ પ્રકારની ય નહોતી. અને આ દાખલો ફિલસૂફોનો, જ્યારે કબીર સાહેબ તો હતા કવિ અને વળી અગમનિગમના જાણભેદુ. સુવ્યવસ્થિત વિચારમાલાઓની એકલમિનારા શી કે અનેકકોણી પ્રમાણમેળી ઘટનાઓ વિવિધ સુંદર અને કાવ્યમતાએ તેજોમય પણ હોઈ શકે. તથાપિ શ્રેષ્ઠ કવિતાની અજબ સુંદરતા કોઇ પણ પ્રમાણસર સુરેખતા કે સૌ શ્રોતા એક રીતે જ નિર્દેશ એવી સુવ્યવસ્થાથી પર હોવામાં જ એની વિશિષ્ટ અનન્ય મોહકતા રહી છે. અને વળી અગમનિગમનું ત્રીજૂં નેત્ર તો ઠારે ત્યાં જ સૌથી વધારે પ્રજાળે અને બાળે ત્યાંજ સુધાશીતલતા અનુભવાવે એવું સર્જન વડે સંહાર, સંહારદ્વારા સર્જન કરનારૂં હોય છે. માથાં કાપીકાપીને અપૂર્વ સંજીવન બક્ષતી જાય એવી મહામાયા એ એક જ છે.

અન્યા અનન્ય પરચાભરિ એ પદાવલિ
એ મંત્રસિદ્ધ ગુટિકા ભવતાપહારિ;
આત્માતણી તરસ ભૂખ નિવારતી એ
હન્તા હણી અમરતા સરજંત એ સુધા !

મુંબાઇ, સપ્ટેંબર ૧૯૩૭.

ગુજરાતની ભૂરચનાની ઉત્પત્તિ*

———o———

(લે૦ : ડૉ. પ્રો. અરદેસર સોરાબજી કાલાપેસી)

ગુજરાતી ભાષામાં ભાષણ કરવાનો અથવા લખવાનો મને બહુ અનુભવ નથી, એટલે ભાષાની ભૂલચૂક થાય તો દરગુજર કરશો, એમ આશા રાખું છું. શ્રી ફાર્બસ ગુજરાતી સભાએ મને આ સ્થળે ગુજરાતીમાં ભાષણ કરવાની તક આપી છે, એ માટે વ્યવસ્થાપકોનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે.

ગુજરાતની ભૂરચનાની ઉત્પત્તિ વિષે વિવેચન કરીએ તે પહેલાં સાધારણ પૃથ્વીની રચના કેવી રીતે થઈ અને તેમાંથી હિન્દુસ્તાનનો પ્રદેશ કેવી રીતે અસ્તિત્વમાં આવ્યો તે જાણવાની જરૂર છે.

સાધારણ પૃથ્વીની રચના કેવી રીતે થઈ?

૨. અબજો વર્ષો પહેલાં પૃથ્વી કે સૂર્ય પણ અસ્તિત્વમાં નહોતાં ત્યારે આખી સૃષ્ટિ એક વાયુ (ગૅસ) રૂપે નિહારિકા(નેબ્યુલા)ની સ્થિતિમાં હતી. આ નિહારિકામાંથી પ્રથમ સૂર્ય પેદા થયો છે એમ માનવામાં આવે છે. આ વાયુ કેટલેક ઠેકાણે વધુ પ્રમાણમાં ભેગો થવા લાગ્યો અને એમાંથી સૂર્ય અને બીજા એવા અનેક ઉષ્ણ તારા છૂટા પડી ગયા અને અવકાશમાં દૂર દૂરના પ્રદેશમાં પ્રસરેલા છે. સૂર્ય એના ગોળ સ્વરૂપમાં આવી ધરી ઉપર ચક્રગતિમાં ફરવા લાગ્યો અને કાળક્રમે એમાંથી ગરમી ઓછી થતી ગઈ, અને તેનું કદ નાનું થતું ગયું. કદ સંકોચાતું ગયું તેમ સૂર્યની ગતિ વધુ થતી ગઈ અને અંતે એ ગતિને લીધે સૂર્યમાંથી કેટલાક ભાગો કાળક્રમે છૂટા પડી ગયા. બીજા મત પ્રમાણે એક કાળે સૂર્ય એક બીજા તારાની સમીપ પહોંચી ગયો અને બન્ને વચ્ચેના આકર્ષણને લીધે સૂર્યમાંથી થોડા ભાગો છૂટા પડી ગયા. આ છૂટા પડેલા ભાગો તે સૂર્યમંડળમાંના ગ્રહો. અને એમાંનો એક તે પૃથ્વી. આ ઉપરથી એમ સમજાય છે કે પૃથ્વી એ ઘણા જૂના કાળમાં સૂર્યમાંથી છૂટો પડેલો એક ટુકડો જ છે.

સૂર્યમાંથી પૃથ્વી છૂટી પડી ત્યારે વાયુરૂપ જ હતી, પરંતુ કદમાં નાની અને સૂર્યથી દૂર હોવાથી જલદી ઠંડી પડતી ગઈ. પૃથ્વીના ઉપલા પડમાં વરાળરૂપે પાણી અને બીજા હલકા વાયુ હતા. પૃથ્વીનું પડ વધુ ઠંડું પડયું ત્યારે વરાળ ઠંડી પડી, ને તેમાંથી ભૂમિના પડ ઉપર પાણી ઉતર્યું. પાણી નીચે ઉતરીને સપાટી ઉપર રહ્યું ત્યારે પૃથ્વીનું ઉપલું પડ પણ ઘન થઈ ગયું હતું. હાલમાં પૃથ્વીનું ઉપરનું પડ ઘન અને ઠંડું છે, છતાં ભિતરમાં ઉષ્ણ લાવારૂપ દ્રવ્ય રહેલું છે. એ દ્રવ્ય ઘણે ભાગે પ્રવાહી જ છે, પરંતુ ઉપરના પડતા ભારને લીધે સંકોચાઇને જાણે એક ઘન વસ્તુ હોય તેમ વર્તે છે. પૃથ્વીનું કદ ઘણું મોટું છે, એ વસ્તુ આપણે જાણીએ છીએ. પૃથ્વીના મધ્યમાંથી સપાટી સુધીનું અંતર માપીએ તો તે લગભગ ૪,૦૦૦ માઇલ જેટલું થાય છે. એવડા મોટા ગોળાના કદનો મુખ્ય ભાગ પ્રવાહી અને ઉષ્ણ દ્રવ્યનો જ છે અને માત્ર ઉપલી સપાટીનું પડ ૬૦ માઇલ જાડાઇનું છે. પૃથ્વીને નારંગીના ફળ સાથે સરખાવીએ

* શ્રી બુદ્ધિવર્ધક વ્યાખ્યાનમાળાને અંગે તા. ૩૦-૯-૩૬ ને રોજ દિ. બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીના પ્રમુખપદે અપાયલું વિસ્તૃત અને સચિત્ર વ્યાખ્યાન.

તો નારંગીની છાલને પૃથ્વીના ઘન પોપડા સાથે સરખાવી શકાશે અને અંદરના રસવાળા ભાગને પૃથ્વીના પેટાળના ઉષ્ણ અને પ્રવાહી દ્રવ્ય સાથે સરખાવી શકાશે. જ્વાળામુખી પર્વતો દ્વારા બહાર પડતો લાવા રસ પૃથ્વીના ભીતરમાં રહેલાં ગરમ પ્રવાહી દ્રવ્યની ખાત્રી આપે છે.

૩ પૃથ્વીનું ઉપલું પડ જ્યારે અર્ધપ્રવાહી સ્થિતિમાં હશે ત્યારે પૃથ્વીની ચક્રગતિને લીધે એક ટુકડો છૂટો પડી ગયો અને તેમાંથી ચંદ્ર ઉત્પન્ન થયો. અને લાંબા કાળની ચક્રગતિથી પૃથ્વીના દ્રવ્યમાંના હલકા વાયુ અને એના પદાર્થો છેક ઉપલા પડમાં આવી ગયા અને મધ્યમાં ભારી દ્રવ્ય રહી ગયું. પ્રથમ જ્યારે પૃથ્વીનું પડ બંધાયું હશે અને તેના ઉપર પાણીના સમુદ્ર ઉત્પન્ન થયા હશે ત્યારે પાણી ઘણું જ ગરમ હોવું જોઇએ. કાળ જતાં એ પાણી ઠંડું પડયું અને ઉષ્ણ વાતાવરણ પણ ઠંડું પડી ગયું અને હાલની પરિસ્થિતિમાં આવ્યું. જે ભાગમાંથી ચંદ્ર છૂટો પડી ગયો ત્યાં મોટા જથ્થામાં પાણી ભરાયું. અને એ રીતે આજનો પાસીફીક મહાસાગર ઉત્પન્ન થયો છે, એમ ધારવામાં આવે છે.

પૃથ્વીપર શરૂઆતમાં ચેતનદ્રવ્યનો અભાવ

શરૂઆતના સમયમાં પૃથ્વી ઉપર કોઈ પણ ચેતન દ્રવ્ય હતું નહી. માત્ર પાણી અને હવામાનની ઉથલપાથલ સિવાય બીજી કશી પ્રવૃત્તિ હશે નહિ. લાંબા કાળે પાણી ઠંડું પડતાં તેમાં નાના જીવો ઉત્પન્ન થયા અને જુદા જુદા પ્રકારની વનસ્પતિ અને જંતુ પેદા થવા લાગ્યાં. પૃથ્વીના ઘન પોપડાના જે ભાગો ઉંચા રહી ગયા હશે તે કાળક્રમે વરસાદના પાણીથી ધોવાઈને અગર પૃથ્વીના પેટાળની ઉથલપાથલથી નીચે આવી ગયા. આવી રીતે સમુદ્રમાં ધોવાઈને આવતું દ્રવ્ય સમુદ્રના તળમાં આવીને ઠરવા લાગ્યું. એ થરોમાં તે શરૂઆતના સમયની વનસ્પતિ અને પ્રાણી પણ દબાઇ ગયાં હતાં. આ વનસ્પતિ અને પ્રાણીના અવશેષો 'ફોસીલ' રૂપે અત્યારે જોવા મળે છે અને તે ભૂતકાળનો ઇતિહાસ શોધવામાં સહાયભૂત થઇ પડે છે.

ગુજરાતના બંધારણનો ઇતિહાસ


આ રીતથી ગુજરાતના બંધારણનો ઇતિહાસ પણ ભૂમિના પડ ઉપરથી જાણવાને મળે છે, પ્રથમ તો આપણને માલમ પડે છે કે આજે ગિરનાર, ચાંપાનેર અને સહ્યાદ્રિના પર્વતો જે કાળા પત્થરના ખડકોથી બંધાયેલા છે તે એક જ સમયે જ્વાળામુખી દ્વારા નીકળેલા લાવા રસના થરોથી ઉત્પન્ન થયેલા છે. એ જ પ્રમાણે નર્મદા નદીના ખીણના ભાગોમાંથી મળી આવતા ચુનાના પત્થરો—લાઇમ સ્ટોન—અને આરસ પહાણોમાં બારીક પ્રાણીના અવશેષો પુષ્કળ જથ્થામાં ભરેલા હોવાથી એ પ્રદેશની ઉત્પત્તિ વિષે માહીતી મળી શકે છે. કાઠિયાવાડ, ખંભાત વગેરે પ્રદેશના કિનારે મળી આવતા ચુનાના પત્થરોનો સમય પણ એવી રીતે જાણી શકાય છે.

હિન્દની ઉત્પત્તિ

૪. ગુજરાતની ભૂરચના સમજતાં પહેલાં, હિન્દુસ્તાન ખંડનો ઇતિહાસ અને ખાસ કરીને હિમાલયની ઉત્પત્તિ વિષે કંઇક વિચાર કરવો ઘટે છે. હિમાલય પ્રમાણમાં ઘણો અર્વાચીન ગણી શકાય. પુરાતન કાળમાં હિમાલય પ્રદેશ સમુદ્રતળમાં ડૂબેલો હતો, એમ સ્પષ્ટ માહીતી મળે છે, અને તે વખતે હિન્દુસ્તાનમાં ઉચાંમાં ઉચા પર્વતો વિધ્યાચળ અને અરવલ્લી હતા. હાલમાં એ પર્વતોનાં શિખરો ઘણે નીચે આવી ગયેલાં છે, અને એમના

ઉપર બરફ ભાગ્યે જ જોવાનો મળે છે; છતાં પુરાતન કાળમાં વિંધ્યાચળ અને અરવલ્લી પર્વતો એક મોટી અતૂટ હારરૂપે હતા અને એનાં ગગનચુંબી શિખરો ઉપર હિમાલયની પેઠે સદાને માટે બરફ છવાઇ રહેતું હતું. એ પર્વતો ઉપરથી વહેતી હિમનદી–(glaciers)ના પ્રવાહોની અત્યારે પણ નિશાની મળે છે. આ રીતે વિંધ્યાચળ એક પ્રાચીન પર્વત છે અને અરવલ્લી તેથી પણ વધારે પ્રાચીન છે.

હિમાલયના પ્રદેશમાં એક મહાન સમુદ્ર વિસ્તરી રહેલો હતો. આ સમુદ્ર ભૂમધ્ય સમુદ્રથી શરૂ થઈ ઉત્તર આફ્રિકા, ઈરાન, અરબસ્તાન, ઉત્તર હિન્દુસ્તાન, ટીબેટ અને ચીનના મોટા વિસ્તાર ઉપર પ્રસરેલો હતો. "ટેથીસ" (Tethys) નામનો આ સમુદ્રનો દક્ષિણ કિનારો દક્ષિણ પ્રદેશ (Deccan plasean) નામે ઓળખાતો હિન્દનો ભાગ શરૂ થતો હતો. (ચિત્ર ૧લું) આ દક્ષિણખંડ ઘણો પ્રાચીન છે અને એને ગોન્ડવાના ભૂમિ નામથી



આકૃતિ ૧ લી : અતિ પ્રાચીન સમયમાં ગોન્ડવાના લૅન્ડ નામના અતિ વિસ્તૃત ખંડમાં દક્ષિણ હિન્દ અને ગુજરાતનું સ્થાન.

ઓળખવામાં આવે છે, કારણ કે એ પ્રદેશમાં ગોન્ડ નામની પ્રાચીન અને જંગલી પ્રજા વસતી હતી. આ પ્રદેશનો વિસ્તાર પ્રાચીન કાળમાં ઘણો મોટો હતો અને એમાં દક્ષિણ અમેરિકા, આસ્ટ્રેલીયા, દક્ષિણ હિન્દુસ્તાન તથા હિન્દી મહાસાગરનું તળ અને દક્ષિણ આફ્રિકા સમાઇ જતા હતા. (ચિત્ર ૧). આ વખતે ગુજરાતનો કેટલોક ભાગ સમુદ્રની બહાર હશે ખરો, પરંતુ મોટા ભાગનો પ્રદેશ સમુદ્રની નીચે હતો. કાઠિયાવાડનો પ્રદેશ તો અસ્તિત્વમાં નહોતો અને બીજો થોડો ભાગ સમુદ્ર બહાર હતો. તે પણ વિભક્ત સ્વરૂપમાં હતો (ચિત્ર ૨જું).

૫. ગોન્ડવાના ભૂમિનું પ્રાણીના અવશેષો વડે બારીકાઇથી તપાસ કરવાનું કાર્ય હજી કંઈક અંશે અધુરૂં છે. ચિત્ર(૧, ૨ અને ૪)માં બતાવ્યા મુજબની હાલના ગુજરાતના

પ્રદેશની જે ભૂમિ ગોન્ડવાના કાળથી બહાર છે એ સ્થળના અવશેષો એક જ પ્રકારના માલમ પડી આવ્યા છે. આ ગોન્ડવાના ભૂમિના સંશોધનનું કાર્ય હજી ચાલુ છે. ૧૯૩૩માં કર્નલ સેવલના હાથ નીચે એક મંડળીએ એ દિશામાં ઘણી શોધખોળ કરી હતી અને એક મોટો વૃત્તાન્ત હાલમાં જ બહાર પડયો છે. આ તપાસને પરિણામે એવું સિદ્ધ કરવામાં આવ્યું છે કે ગોન્ડવાના ભૂમિ પરમીયનની પૂર્વેના યુગમાં બંધાઈ હતી. જ્યારે એ ભૂમિની રચના થઈ ત્યારે મનુષ્યનું અસ્તિત્વ પણ નહોતું. આ સમયનાં પ્રાણીઓ જલ અને જમીન બંને ઉપર જીવી શકતાં હતાં, અને એમનામાં દેડકાંના જેવા ગુણો હતા. એ સમયના અવશેષ રૂપે મળી આવતાં પ્રાણીના દાંતો ગમે તેવી સ્થિતિમાં ગોઠવાયલા હતા અને તેથી તેમને લેબીરીન્થોડોન્ટ (ભૂલામણી આપે તેવું) નામ આપવામાં આવ્યું છે. એમાંનાં કેટલાંક પ્રાણીને ત્રણ આંખો હતી. આ સમય પૃથ્વીના ઇતિહાસમાં ઘણો અગત્યનો ગણાય છે, કારણ કે એ વખતે હાલના પીરીનીઝ, આલ્પ્સ, કોકેસસ અને હિમાલય જેવા મહાન્ અને ઉંચામાં ઉંચા પર્વતો તે કાળે સમુદ્રને તળીયે હતા. તે સમયે બંધાયેલાં જમીનનાં પડોમાં ઘણા અવશેષો ગુંથાઇ ગયા હતા અને તે આજે એ પર્વતોના શિખર ઉપરથી ઘણીયે વાર મળી આવે છે. ગોન્ડવાના ભૂમિનો મહાન વિસ્તાર ત્યાર પછી ધીમે ધીમે ઓછો થવા લાગ્યો અને એક વખતે ભીતરના કે એવા બીજા કોઈ કારણથી એક મોટો વિભાગ સમુદ્રની તળે ચાલી ગયો.



આકૃતિ ૨ જી : હાલનાં ગુજરાત, કાઠીઆવાડ, અને કચ્છ ટેથીસ સમુદ્રના અખાત નીચે જલશાયન કરતાં હતાં તે સમયની સ્થિતિ દર્શાવે છે.

૬. ઉપરનો કાળ વીત્યા પછી કાર્બોનીફેરસ યુગના (Primary or Paleozoic) પ્રથમ ભાગમાં જમીનના ભીતરમાં એક એવી પ્રચંડ હિલચાલ થઈ હશે કે જેથી તે વખતના ભૂકવચમાં સમસ્ત પ્રદેશમાં ઉથલ પાથલ થઈ. એ વખતે દક્ષિણ પ્લેટોનું સમસ્ત ભૂમિતળ ફાટી ગયું અને ભીતરમાંથી લાવા રસના પ્રચંડ પ્રવાહોએ નીકળી ગુજરાત, મધ્યહિન્દ, અને દક્ષિણ પ્રદેશોને આચ્છાદિત કરી દીધા. એ પ્રવાહ ઉત્તરમાં વડોદરા સુધી, પશ્ચિમે કાઠિયાવાડ સુધી, દક્ષિણે નિલગીરી સુધી અને પૂર્વે મધ્યપ્રાંત સુધી પહોંચ્યો હતો. એ વખતે ગોન્ડવાના

ભૂમિનો વિસ્તાર કેટલેક ઠેકાણે વધ્યો અને કેટલેક ઠેકાણે ઘટ્યો પણ હશે. ચિત્ર (૩ જું) ઉપરથી એ સમયની ભૂમિરચનાનો ખ્યાલ આવશે. આ જ્વાળાફૂટનો બનાવ બન્યો તે પહેલાં હિન્દનો આફ્રિકા અને ઑસ્ટ્રેલીયા સાથેનો સંબંધ તરત તો તૂટી ગયો હતો. આ રીતે લાવા રસથી ઉત્પન્ન થયેલી ભૂમિને ડક્કન ટ્રેપ (Deccan Trap) કહેવામાં આવે છે. એ ટ્રેપની શિલાના પત્થરો કાળા છે. એ લાવાના પટ જ્યાં વધુ ઉંચા હતા તેની આસપાસની પોચી ભૂમિ કાળક્રમે ધોવાઇને નીચે આવી ગઈ અને તેમાંથી સહ્યાદ્રિ ઘાટોની રચના થઈ છે. આ પ્રદેશ ત્યાર પછી સમુદ્રની નીચે ગયો નથી, તેમજ એ પટ પથરાયેલા પ્રદેશમાં ખાસ મહત્ત્વની ઉથલપાથલ પણ થઈ નથી.



આકૃતિ ૩ જી : દક્ષિણ ગુજરાતનો ભાગ બંધાતો જોવામાં આવે છે. તેની ઉત્તરમાં સમુદ્ર દેખાય છે, અને હિમાલયના બંધારણનાં ચિહ્નો જોવામાં આવે છે.

૭. ત્યાર પછી ઘણે કાળે એટલે કે ત્રીજા યુગ(Tertiary period)ની શરૂઆતમાં ઉત્તર હિન્દુસ્તાનના 'ટેથીસ' સમુદ્રના તળના મોટા વિસ્તારની ભૂમિ ઉંચે આવવા લાગી (ચિત્ર ૩) કાળક્રમે "ટેથીસ" સમુદ્ર પૂરાઇ ગયો. જમીનનો ધસારો આટલાથી અટક્યો નહિ, પરંતુ ટીબેટના પ્લેટોનો દક્ષિણના પ્રદેશ તરફ ધસારો થવા લાગ્યો. એ ધસારાને લીધે 'ટેથીસ' સમુદ્રના ઉપર આવેલા પડમાં કરચલી પડીને જમીન ઉપસી આવવા લાગી. દક્ષિણની પથરાળી ભૂમિની ઉપર આ દબાણની ખાસ અસર ન થઇ અને તેને લીધે ટીબેટ અને દક્ષિણ પ્લેટો વચ્ચેનો પ્રદેશ વધુ અને વધુ ઉંચે આવતો ગયો. આ પ્રકારનું જમીનનું આક્રમણ આવા ત્રીજા યુગમાં ચાલુ રહ્યું અને પરિણામે હિમાલયના પહાડની રચના થઈ. આ ફેરફારથી હિન્દુસ્તાનની ભૌગોલિક રચના બદલાઈ ગઈ (ચિત્ર ૪) અને "ટેથીસ" સમુદ્ર અદૃશ્ય થઈ ગયો. ટીબેટ અને દક્ષિણનો ટ્રેપવાળો પ્રદેશ એક બન્યો. ગોન્ડવાના પ્રદેશનો દક્ષિણનો કેટલોક ભાગ તૂટીને સમુદ્ર નીચે ચાલ્યો ગયો. આ ફેરફારની અસર ગુજરાતની ભૂમિરચના ઉપર પણ મુખ્યત્વે કરીને થઈ હતી.



આકૃતિ ૪ થી : હજુ કચ્છ અને કાઠીઆવાડનો કેટલોક ભાગ પાણીની નીચે છે. હિમાલય એ મોટા ભૂકંપ પછી હાલની ઉંચાઈએ પહોંચે છે.

ગુજરાતની ઉત્પત્તિ અને ભૂરચના


૮. હિમાલયનું આક્રમણ આખા ત્રીજા યુગ(Tertiary period)માંથી એટલે કે સાત કરોડ વર્ષથી આજ સુધી ચાલુ રહ્યું છે. એ દરમ્યાન છેલ્લાં ચાર કરોડ વર્ષો પહેલાં ગુજરાતની મોટા વિસ્તારની ભૂમિ અસ્તિત્વમાં આવી છે. એ પહેલાં આગળ કહ્યું તેમ ગુજરાતના પ્રદેશનો કેટલોક ભાગ અસ્તિત્વમાં હતો એમ માનવાને કારણ મળે છે, કારણ કે સુરત જીલ્લાના કેટલાક પ્રદેશોમાં તેમજ વડોદરાની પૂર્વે ડક્કન ટ્રેપનું પડ વિસ્તરેલું માલમ પડે છે. એ સિવાયની બાકીની ગુજરાતની ઉત્તરની ભૂમિ તપાસતાં માલમ પડે છે કે ખંભાત અને કાઠિયાવાડનાં કેટલાંક ભૂપડોમાંથી મળી આવતાં અવશેષો (fossils) ઉત્તર હિન્દના હિમાલય પ્રદેશના અવશેષો સાથે મળતાં આવે છે.



આકૃતિ ૫ મી : આજથી પંદર હજાર વર્ષ પહેલાં રચાયલી હાલમાં દેખાતી ભૂરચના.

કચ્છ

૯. આ વેળા કચ્છનો પ્રદેશ ઘણું કરીને સમુદ્રમાં ડૂબેલો હતો (ચિત્ર ૪) અને કચ્છના સમુદ્ર(ટેથીસ)નો ફાંટો છેક રજપૂતાનામાં અને બીજો ફાંટો નર્મદાની ખીણમાં વિસ્તરેલો હતો. આ વસ્તુની કચ્છ અને રજપૂતાનાનાં રણ ખાત્રી આપે છે. આ સમયે કાઠિયાવાડ માત્ર એક બેટ તરીકે ઉપસી આવેલો હશે. એમ ધારવામાં આવે છે. (ચિત્ર ૬) ખંભાતના અખાતનાં પાણી અને કચ્છના રણના સમુદ્રનાં પાણી તે વખતે એક જ હશે. એ રણનો પ્રદેશ ત્યાર પછી સમુદ્રતળમાંથી ધીમે ધીમે ઉંચે આવવા લાગ્યો અને સમુદ્ર દૂર હઠી ગયો. હજી પણ એ રણ એટલું નીચું છે કે મોટા ભાગના રણ ઉપર ચોમાસાના વરસાદ વખતે પાણી ફરી વળે છે અને ત્રણેક માસ સુધી રણ સમુદ્રનો દેખાવ આપે છે. આખી દુનિયામાં સમુદ્રની સમતળ (લેવલમાં) આવેલું રણ આ એક જ છે. એમ માની



આકૃતિ ૬ ઠ્ઠી : ગુજરાતથી છૂટા પડેલા કાઠીઆવાડ અને કચ્છના દ્વીપો ૧૫૦૦ વર્ષ પહેલાં. ("મોડર્ન રીવ્યુ" ના જાનેવારી ૧૯૩૧ ના અંકમાં રા. હરિલાલ રંગીલદાસ માંકડના લેખ ઉપરથી).

શકાય છે કે કચ્છનો પ્રદેશ અને રણનો મોટો ભાગ અત્યારની જમીનની ચાલુ રહેલી હિલચાલને લીધે જ ઉંચે આવેલો છે. એ હિલચાલ હજી સુધી ચાલુ રહેલા ભીતરના ફેરફારને લીધે જ છે. ૧૮૧૯નો કચ્છનો ધરતીકંપ આવી જ જાતનો બનાવ એ વાતની સાક્ષી પૂરે છે. એ વખતે કચ્છનો એક બાજુનો પ્રદેશ ઘણે ઉંચે આવી ગયો હતો અને બીજી બાજુનો પ્રદેશ એકદમ નીચે બેસી ગયો હતો. કેટલીક ફળદ્રુપ જમીન ઉપર પણ પાણી ફરી વળ્યાં હતાં. ઇતિહાસની જાણીતી વાત છે કે કચ્છનું માંડવી શહેર એક વખતે મોટું બંદર હતું. જુઓ(ચિત્ર ૯મું) પરંતુ ધીમેધીમે દરિયાકિનારાની જમીન ઉંચકાવાથી આજે માંડવીના બંદરથી સમુદ્રકિનારો ત્રણેક માઇલ દૂર જતો રહ્યો છે. સિંદરીનો કિલ્લો જે એક વેળા જમીન ઉપર હતો તેની દિવાલો આજે સમુદ્રના પાણીની છોળોથી ધોવાઈ રહી છે. આ રીતે જમીનના તળના ઉંચેનીચે થવાના પ્રકારો લાંબા કાળથી ચાલુ રહ્યા છે. અને તેણે ગુજરાતના સમુદ્રકિનારાની સીમાના ઘડતરમાં મહત્ત્વનો ફાળો ભજવ્યો છે, એ ફેરફારો હજી પણ કેટલેક ઠેકાણે દૃષ્ટિગોચર થાય છે.

મુંબઈનો બેટ


મુંબઈના ટાપુના પૂર્વ કિનારાના સમુદ્રમાં એક જંગલ દટાઈ ગએલું છે તેનાં સ્પષ્ટ ચિહ્નો મળી આવે છે. એ જંગલના અવશેષો કેટલીક વાર ઓટને વખતે નજરે પડે છે. ઓટના પાણીથી બાર ફૂટ નીચે એ જંગલનો વિશાળ પટ દટાયેલો છે. આ રીતે મુંબઈના બેટની આસપાસના પ્રદેશમાં પણ મહત્વનો ફેરફાર અર્વાચીન કાળમાં ચાલુ રહ્યો છે. એ જ પ્રમાણે ગુજરાતના કેટલાક કિનારા ઉપર અર્વાચીન કાળના ભૂમિના ફેરફારો માલમ પડે છે. સચીનના નવાબનું ડુમ્મસ આગળ સમુદ્રમાં ચાલી ગયેલું એન્ડરસ્ટેન્ડ આની સાક્ષી પૂરે છે. ભાવનગરના કિનારેથી મળતા કેટલાક પ્રાણીના અવશેષો પણ અર્વાચીન કાળનાં પ્રાણીને મળતા આવે છે.

પોરબંદરના ચુનાના પત્થરો પણ નજીકના સમયમાં સમુદ્રના તળમાંથી બહાર આવેલા હોવાની પ્રતીતિ થાય છે. આ રીતે આપણને ખાત્રી થાય છે કે ગુજરાતની ભૂમિનું પૃષ્ઠ હજુ પણ સ્થાયી નથી અને તેથી જમીન ઉંચીનીચી થતી રહી છે, અને ખાસ કરીને દરિયાકિનારે આ જલ અને સ્થલનો કલહ પ્રત્યક્ષ જોઈ અને માપી શકાય છે. એક વખતે તાપી અને નર્મદાના ઉંડા તળને લીધે સુરત અને ભરૂચ શહેરો મોટાં બંદર હતાં. તે નદીનાં તળ અને આસપાસનો સમુદ્રકિનારો ઉંચે આવતાં જાય છે.

ગુજરાતની નદીઓ

૧૨. ગુજરાતની નદીઓની ઉત્પત્તિ અને તેમના વય વિષે પણ કંઇક તપાસ કરવી યોગ્ય જ ગણાય. કારણ કે નદીનાં વહેણ, ઉંડાઈ, પહોળાઈ અને લંબાઈ ઉપરથી એ પટના ભૂસ્તરઇતિહાસનો કંઇક ખ્યાલ આવે છે. હિન્દુસ્તાનના દ્વીપકલ્પ ભાગની નદીઓ મોટે ભાગે પશ્ચિમ ઘાટોના પર્વતોમાંથી નીકળી પૂર્વ દિશામાં ગતિ કરે છે અને બંગાળાના અખાતને મળે છે. એ પર્વતો ગોન્ડવાના સમયના છેલ્લા સમયમાં દ્વીપકલ્પની બરાબર મધ્યે ઉભેલો હોવાનું મનાય છે. એ પર્વતોની મલબાર કાંઠા તરફની ભૂમિનો મોટો વિસ્તાર અરબી સમુદ્રના તળમાં જતો રહ્યો છે, અને પશ્ચિમઘાટોએ હિન્દુસ્તાનની પશ્ચિમ કિનારાની હદ બાંધી રાખી છે. એ જમીન સમુદ્રમાં ડૂબી તે પહેલાં ઘણી ખરી નદીઓ પશ્ચિમ દિશામાં વહેતી હતી. જ્યારે હિમાલયનું આક્રમણ શરૂ થયું ત્યારે પશ્ચિમ ઘાટના પ્રદેશોએ પૂર્વ દિશા તરફ ઢોળાવ ખાધો અને તેથી પશ્ચિમ તરફ વહેતી નદીઓ પૂર્વ તરફ વહેતી થઈ ગઈ.

આવા જ કારણથી ગુજરાતના પ્રદેશમાં અસલ વહેતી નદીઓમાં પણ કંઇક ફેરફાર થયો છે. સિંધુ નદીનું વહેણ તે વખતે કચ્છના રણના પ્રદેશોમાં થઇને સમુદ્રમાં પડતું હતું અને આજનું રણની આજુબાજુનો પ્રદેશ એક વાર ફળદ્રુપ જમીન હતી (ચિત્ર ૭ અને ૮). એ નદીનું



આકૃતિ ૭ મી : નદીઓનો પ્રવાહ ૧૨૦૦ વર્ષમાં કેટલો બદલાયો છે, અને તેથી કચ્છનો કિનારો કેટલો બદલાયો છ તે દર્શાવે છે.




આકૃતિ ૮ મી : સિન્ધુ નદીનો જૂનો પ્રવાહ હાલના કરતાં પૂર્વ તરફ હતો.

વહેણ આજે બદલાઇને સિંધમાં ચાલી ગયું છે. કેટલેક ઠેકાણે સિંધુ નદીના કચ્છમાંના માર્ગનાં ચિહ્નો હજીયે મળી આવે છે. દંતકથામાં કચ્છના રણમાં થઇને વહેતી સરસ્વતી નદીની વાત મળી આવે છે. તેમાં એક કાળે જમના નદીનાં પાણી વહેતાં હતાં, પરંતુ જેમ જેમ રજપૂતાનાનો પ્રદેશ ઉંચે આવતો ગયો તેમ એ નદીનાં વહેણ બદલાયાં. ગુજરાતની સૌથી પુરાણી નદીમાં હાલ નર્મદા અને તાપી છે. એ બન્ને નદીની ઉત્પત્તિ પણ હિમાલયના આક્રમણકાળે અસ્તિત્વમાં આવી હતી. એ આક્રમણ વખતે જમીન બેવડ વળવાને લીધે જે કરચલી પડી, તેમાંની બે કરચલીના ખાડા(fault)માં થઇને નર્મદા અને તાપીના પાણીએ વહેવા માંડ્યું. એ નદીનો આસપાસનો ઉંચો પ્રદેશ ત્યાર પછી વરસાદ અને નદીના પાણીથી ધોવાતો રહ્યો છે. (ચિત્ર ૯).

ગુજરાતનો ઉત્પત્તિકાળ

૧૩. ગુજરાતની હાલની જમીનનું પડ ચોક્કસ કેટલા સમય ઉપર અસ્તિત્વમાં આવ્યું હશે, એ કહેવું મુશ્કેલ છે. ખાસ કરીને કેટલાક ગુજરાતના પર્વતોનો ઉઘાડા પડ ઉપરથી થોડી એક કલ્પના થઇ શકે છે. ચાંપાનેરના આગ્નેય ખડકો ઉપરથી એમ લાગે છે કે એ પ્રદેશનું ભૂમિપડ તૃતીય યુગ (Tertiary Era) પહેલાં રચાયું હશે. ચાંપાનેર આગળ પણ દક્ષણ ટ્રેપ આપણને મળેલ છે. જામનગરના રેતીના પત્થરના ખડકો પણ તૃતીય યુગમાં ઉત્પન્ન થયેલા માનવામાં આવે છે. અરવલ્લી અને આબુ પર્વતો સૌથી જૂનામાં જૂના ગણાય છે, અને કુડાપ્પા નામના (પુરાણ) યુગમાં તેમની ઉત્પત્તિ થયેલી માનવામાં આવે છે. હિન્દના



આકૃતિ ૯ મી : કચ્છ અને કાઠીઆવાડની દક્ષિણે નવી જમીન ઉપર આવવાથી બંદરો પૂરાઈ ગયાં છે તે ઝાંખી લીટીઓથી બતાવવામાં આવ્યું છે.

દ્વિપકલ્પ ઉપરના ઘણા ખરા પર્વતોને ખરૂં જોતાં પર્વતો તરીકે ગણી શકાય નહિ. એટલે એ સઘળા પર્વતોની રચનાનો ઇતિહાસ પણ ગુજરાતની ભૂરચના ઉપર કંઇક પ્રકાશ પાડી શકશે.

પશ્ચિમઘાટના પર્વતો માત્ર પૂર્વકાળના લાવાના અવશેષ રૂપે જ છે. પાણીના ઘસારાની આસપાસની પોચી જમીન ધોવાઈ જતાં પથરાળા ઘાટો ઉંચા રહી ગયા અને પર્વતોનો ખ્યાલ આપતા થઈ ગયા. એ પર્વતોના પાષાણ અને ગુજરાતની પૂર્વ અને દક્ષિણ પ્રદેશના પાષાણો એક જ પ્રકારના હોઇને એટલા પટનો ઇતિહાસ બતાવે છે. ગુજરાતની સીમાએ આવેલા બીજા પર્વતોમાં વિંધ્યાચળ પર્વત લગભગ ૨૫૦૦ થી ૪૦૦૦ ફૂટ ઉંચાઇનો ગણવામાં આવે છે. એ પર્વત ખરા પર્વતના દ્રષ્ટાન્તરૂપ છે, એ ભીતરમાંથી ઉંચકાઈ આવેલા ભૂમિના પડનો બનેલો છે. એની દક્ષિણે સાતપૂડા પર્વતની હાર છે અને તે હાર જમીનના સાતવળો(fold)ને લીધે ઉદ્ભવેલી છે. એ પર્વતો રેવા સ્ટેટમાંથી શરૂ થઈ નર્મદા નદીની દક્ષિણે અને તાપી, એ નદીની ઉત્તરે સમાન્તર દિશામાં આગળ વધી, રાજપીપળાની ટેકરીઓમાંથી પસાર થઇ, પશ્ચિમ ઘાટને મળે છે. સાતપૂડાના બંધારણમાં મુખ્યત્વે ગ્રેનીટોઇડ અને મેટામોર્ફીક ખડકો છે. એ પડની ઉપર મેસોઝોઇક સેન્ડસ્ટોન(રેતીના પત્થર)નાં પડ આવેલાં છે. એ પડની ઉપર ક્રેટેશીયશ યુગની શરૂઆતમાં લાવાનાં પડ બંધાયેલાં છે. એ ઉપરથી એમ મનાય છે કે સાતપૂડા પર્વત અરવલ્લી પર્વતની પેઠે કુદરતી(Tectoric) પર્વત હોય.

આ ઉપરથી પણ એમ લાગે છે કે ગુજરાતની પૂર્વ દિશાની સીમાનો મોટો ભાગ સાતપૂડા પર્વતની હસ્તીના કાળમાં પણ હોવો જોઇએ. એ જ પ્રમાણે અરવલ્લી પર્વતનો અસલનો વિસ્તાર છેક ગુજરાતની સીમાથી માંડીને ટેથીસ સમુદ્રના કિનારે ઘણે લાંબે સુધી વિસ્તરી રહેલો હતો. એટલે ગુજરાતની ભૂમિનું પૃષ્ટ અરવલ્લી અને વિંધ્યાચળના પર્વતોના ઘસારાથી આવેલા કાંપમાંથી ઉત્પન્ન થયું હશે, એમ ચોક્કસ માની શકાય છે. કાળ જતાં તાપી, નર્મદા, મહી, સાબરમતી, બનાસ અને સરસ્વતી નદીઓનાં ધોવાણની માટોડીનો પ્રદેશ ફળદ્રુપ બન્યો. ગુજરાતના પશ્ચિમ કિનારાની ભૂમિ મુખ્યત્વે આવા માટોડીના થરોથી બનેલી છે અને માટીના થરોમાંથી મળી આવતાં અવશેષોમાં સ્તનવાળાં પ્રાણીઓ, વાનરને મળતા માણસો વગેરેને મળી આવે છે.

અતૂટ ઇતિહાસની સાંકળની અપૂર્ણતા

ઉપરના સર્વ વૃત્તાન્તથી આપણને ગુજરાતની ભૂમિનો કંઇક તુટક ઇતિહાસ મળતો રહ્યો છે. પુરાતન કાળથી આજ સુધીનો અતૂટ ઇતિહાસ મેળવી તેની સંકલના કરવાનું કાર્ય હજી અપૂર્ણ છે. અને જે હકીકત આપણને મળે છે તે ઉપરથી ગુજરાતની ઉત્પત્તિ-કાળ વિષે કંઇક ચોક્કસ અનુમાનો થઈ શકે છે. હજી પણ એ ભૂમિમાં ઘણી ધીમી ઉત્ક્રાન્તિ ચાલી રહી છે અને બીજાં હજારેક વર્ષ પછી ગુજરાતની સીમા કેવી બનશે, એ અત્યારે કલ્પવું મુશ્કેલ છે. વરસાદ અને ભૂમિના ઉત્પાતથી ખંભાતનો અખાત અળગો થતો જાય છે. ઇતિહાસની હકીકતથી જાણીતું થયેલું ખંભાતનું બંદર આજે નષ્ટ થયું છે, અને કાળ જતાં એમ લાગે છે કે કાઠિયાવાડ સુરત અને ભરૂચ જીલ્લાનો પટ એક થઈ જાય. એમ થવાને સાબરમતી, મહી, નર્મદા અને તાપી નદી પણ કારણભૂત છે. એ નદી દ્વારા આવતો કાંપ બહુ જ ધીમે પણ ચોક્કસ રીતે ખંભાતના અખાતના તળને પૂરી રહ્યો છે. એ ક્રમ બહુ ધીમો હોય તોપણ ભૂમિના ભીતરના દબાણથી પણ એ અખાત અળગો આવે, એવાં સ્પષ્ટ ચિહ્નો લાગે છે. દક્ષિણની ભૂમિમાં ઘણા પ્રાચીન કાળથી કોઈ પણ જાતનો મહત્વનો ફેરફાર થયો નથી, પરંતુ ગુજરાત કાઠિયાવાડ અને કચ્છની ભૂમિની ઉત્પત્તિ અને ઉત્ક્રાન્તિમાં અનેક જાતનાં ભૂસ્તરબળોએ ફાળો આપ્યો છે. આ જ કારણથી ગુજરાતના પૃષ્ટની માટી, ખડકો અને પાષાણોમાં વિવિધતા છે. વિવિધતાની પૂર્ણ હકીકત શોધવી હજી બાકી છે અને કેટલીયે ભૂમિનાં પડ નીચે ગુજરાતનો ભૂતકાળનો ઇતિહાસ છૂપાયો છે તે ઉકેલવાનો બાકી છે. પરંતુ કાળ જતાં એ પણ ઉકેલાશે અને ગુજરાતની ભૂમિના બંધારણમાં કયાં બળોએ કેવો ફેરફાર કર્યો અને તે ઉપરથી ભવિષ્યમાં કેવો ફેરફાર થશે એ કલ્પી શકાશે.

મારા ભાષણ વખતે દેખાડેલાં બધાં ચિત્રો છપાવી શકાય તેમ નથી. પરંતુ આ સાથે છાપેલાં ચિત્રો વાંચનારને ઉપયોગી થઇ પડશે એમ ધારૂં છું. આ સ્થળે મારે કહેવું જોઈએ કે આકૃતિ ત્રણ ચાર અને પાંચ એચ. જી. વેલ્સના પ્રસિદ્ધ પુસ્તક આઉટલાઇન ઑફ હીસ્ટીરીમાંથી લીધેલી છે અને આકૃત્તિ ૬, ૭, અને ૮ શ્રીયુત હરિલાલ રંગીલદાસ માંકડના ચેન્જીસ ઇન ધ કલાઈમેટ ઑફ કાઠીઆવાડ, એ નામના એમના "મોડર્ન રિવ્યુ"ના આવેલા લેખ ઉપરથી લીધેલી છે. એથી એમનો ઉપકાર માનવાની આ તક હું લઉં છું.

આ સંબંધમાં મને પ્રોફેસર યશવંત ગુ.નાયક તરફથી મદદ મળી છે માટે પણ હું તેમનો ઋણી છું.

સેન્ટ ઝેવીયર કોલેજ
મુંબઈ, તા. ૨૫-૯-૧૯૩૭.

સાંપ્રત સ્ત્રીકેળવણી*

(લેખક : રા. રા. સુશીલકુમાર બ. મુનશી, બી. એ.)

[૧]

આધુનિક યુગ એટલે પરિવર્તનનો યુગ. જગતમાં આજે અનેક આંદોલનો ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે. સામાજિક, રાજકીય, અને ધાર્મિક ક્ષેત્રોમાં આજે ભારે પરિવર્તન થઈ રહ્યું છે; અને અનેક વાદો અસ્તિત્વમાં આવે છે. પ્રત્યેક વસ્તુનું નૂતન દૃષ્ટિએ મૂલ્યાંકન થઈ રહ્યું છે; અને આને લીધે વિચારોનું ઘર્ષણ પણ અનિવાર્ય બન્યું છે. આ ઘર્ષણના પરિણામ માટે સમર્થ વિચારકો ચિંતાતુર બન્યા છે. દરેક ક્ષેત્રમાં મૂલ્યપરિવર્તન થતાં જૂના અને નવીન, સ્થિતિરક્ષક અને ઉદ્દામ વિચારકો વચ્ચે ભારે મતભેદ ઉપસ્થિત થયો છે. આના ઉકેલ માટે વિચારકો રાતદિવસ પરિશ્રમ લઈ રહ્યા છે. આ ઘર્ષણ ક્યાં તો માનવને ભૂતકાલીન જંગલમાં રખડતા પૂર્વજો જેવા બનાવશે. અથવા તો આખી માનવ સંસ્કૃતિને ઉન્નતિના શિખરે લઈ જશે. આજે આપણી સંસ્કૃતિમાં કોઈ એવું તત્ત્વ ભેળાયું છે કે એને લીધે મૂળમાં જ સડો પેઠો છે, અને તે કોઈ અદીઠ ભાવિ તરફ સંસ્કૃતિ ઘસડાતી, પ્રતિક્ષણ વિનાશને પંથે ધસતી લાગે છે. આ વિનાશનું કારણ દર્શાવતાં વર્ષો પૂર્વે મહાન ફિલસૂફ પ્લેટો કહી ગયો હતો તેમ સર્વ પ્રશ્નોનો ઉકેલ શિક્ષણના પ્રશ્નમાં છે. આ કથન વર્ષોના મનોમંથનના પરિપાકરૂપ હતું. આજે પ્રત્યેક રાષ્ટ્ર શિક્ષણના પ્રશ્નનું મહત્વ સમજી, એના ઉકેલ માટે પ્રયાસ કરી રહ્યું છે, પણ કમનસીબને લીધે પરાધીન હિન્દ એ પ્રશ્નમાં અને ખાસ કરીને સ્ત્રીશિક્ષણના પ્રશ્નમાં સૌથી પછાત રહ્યું છે.

સ્ત્રીશિક્ષણના પ્રશ્નના ઉકેલ માટે સ્ત્રીશિક્ષણ કેવું હોવું જોઈએ તેનો તલસ્પર્શી અભ્યાસ કરવા માટે પ્રથમ શિક્ષણ એટલે શું, એનો વિચાર કરવો જોઇએ. આદર્શ શિક્ષણ વિષે સમર્થ વિચારકો ભિન્નભિન્ન વ્યાખ્યાઓ આપે છે; કોઈ રાષ્ટ્રીય ઉપયોગિતા, તો કોઈ આંતરિક શક્તિને પ્રકટ કરવાની ચાવી તરીકે શિક્ષણને સ્વીકારે છે. પ્રાચીન હિન્દમાં શિક્ષણ એટલે સા વિદ્યા યા વિમુક્તયે લેખાતું હતું. સ્વામી વિવેકાનંદ વિદ્યાને આન્તરિક શક્તિને મૂર્ત કરવાના સાધન તરીકે ગણતા હતા. યુરોપના વિદ્વાન કવીલર કૂચ[૧] "શિક્ષણ એટલે કાંઈ બહારથી લાદવાની વસ્તુ નહીં, પરંતુ માનવમાં રહેલી ગૂઢ આન્તરિક શક્તિઓને વ્યક્ત કરતી વસ્તુ" લેખે છે. પૂ. ગાંધીજી શિક્ષણને માટે કહે છેઃ[૨] "જે મુક્તિને માટે લાયક કરે તે વિદ્યા, બાકીની બધી

---

* શ્રી ફાર્બસ ગુજરાતી સભાના આશ્રયે સ્વ. કરસનદાસ મૂળજીની પુણ્યતિથિ તા. ૨૫–૭–૩૭ ને વાર રવિએ દિ. બા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી, એમ. એ. એલએલ. બી. ના પ્રમુખપદે શ્રી ફાર્બસ ગુજરાતી સભામંદિરમાં ઉજવાયો તે વેળા વંચાયેલો નિબંધ. સં. અં. ણુ. જાની.

૧ 'Art of Reading' By Quiller Couch Page 36.

૨ ગાંધીવિચારદોહન: લેખક શ્રી. કિશોરલાલ મશરૂવાળા પાનું ૧૧૪.

અવિદ્યા......આથી નિર્ભયતા અને સ્વાશ્રયિત્વ પેદા ન કરે...ગુલામીમાંથી છૂટવાની અને છૂટા રહેવાની ધગશ અને શક્તિ ન ઉપજાવે–તે કેળવણીમાં ગમે તેટલો માહિતીનો ખજાનો, ભાષાપાંડિત્ય રહ્યાં હોય છતાં એ કેળવણી નથી, અથવા તો અધુરી કેળવણી છે." કવિવર ટાગોર શિક્ષણ પર ભાષણ આપતાં કહે છે:[1] "આત્માના પૂર્ણ વિકાસ અને સ્વાતંત્ર્ય સિવાય શિક્ષણનો પરમ આદર્શ અન્ય કોઈ નથી."

માનવ કલ્યાણ માટે સમર્થ વિચારકો શિક્ષણ પર ભાર મૂકે છે. શિક્ષણનો પ્રશ્ન આ રીતે જગતના કલ્યાણ માટે સંસ્કૃતિના સંરક્ષણ કાજે અને જગતના નવસર્જન માટે અતિ-મહત્વનો છે. શિક્ષણના પ્રશ્નમાંયે ખાસ કરીને સ્ત્રીશિક્ષણનો પ્રશ્ન વધુ વિચાર અને મનન માગી લે છે. સ્ત્રીશિક્ષણની અગત્ય નહીં સમજનાર આજે ભાગ્યે જ કોઈ વ્યક્તિ હિન્દમાં હશે! સ્ત્રીઓને સમાન કક્ષાએ લાવવા, તેઓને ગુલામીની શ્રૃંખલામાંથી મુક્ત કરવા આપણી સંસ્કૃતિને અધોગતિમાંથી તારવાનો એક ઉપાય તે સ્ત્રીશિક્ષણ છે. કોઈ પણ રાષ્ટ્ર સ્ત્રી-કેળવણી પ્રત્યે દુર્લક્ષ તો ન જ કેળવી શકે. જ્યાં સુધી સ્ત્રીસમુદાયનો મોટો ભાગ નિરક્ષરતા, વ્હેમ અને ગુલામીમાં સડી રહ્યો છે ત્યાં સુધી સમાજની ઉન્નતિ, માનવ સંસ્કૃતિની સુરક્ષિતતા માટે આશા રાખવી વ્યર્થ છે. સ્ત્રીઓની ઉન્નતિ વિના રાષ્ટ્રનું ભાવિ અંધકારમય છે. સ્ત્રી-શિક્ષણની આટલી અગત્ય જાણ્યા છતાં આપણા પરાધીન દેશમાં કેટલું અજ્ઞાન પ્રસરી રહ્યું છે!!

[૨]

પ્રાચીન હિન્દમાં મોટે ભાગે સ્ત્રીને સમાજમાં પુરુષ જેટલું સ્થાન ન હતું. જંગલી અવસ્થાથી માંડીને ઘણાં વર્ષો સુધી સ્ત્રી એક ભોગ્ય વસ્તુ લેખાતી હતી તેથી, અને ઉભયનાં કાર્યક્ષેત્રો ભિન્નભિન્ન છે એવી માન્યતાને લીધે સ્ત્રીનું સ્થાન અસમાન રહ્યું. સ્ત્રીઓ રાજકીય, આર્થિક, વગેરે દરેક રીતે પરતંત્ર મોટે ભાગે હતી. આ અસમાનતાના સમર્થન માટે આપણા દેશમાં અનેક સૂત્રો પ્રચલિત છે, ઉપલબ્ધ ઐતિહાસિક સામગ્રી એટલી અપૂર્ણ છે કે અતિ-પ્રાચીન ઇતિહાસ આ કથનની સાક્ષી પૂરતો નથી. પણ ઉપનિષદો, બ્રાહ્મણો અને ભાષ્યોમાં અનેક સૂત્રો મળી આવે છે. ઐતરેય બ્રાહ્મણમાં જ પુત્રજન્મનાં યશોગાન ગાતાં જાણ્યેઅજાણ્યે પુત્રીજન્મનું મૂલ્ય અંકાયલું જણાય છે. પુત્રપુત્રી વચ્ચે અસમાનતાની દિવાલો જન્મથી જ ખડકાતી તે એ પંક્તિ સ્પષ્ટ કરે છે.—

[2]यावन्त पृथिव्यां भोगा यावन्तो जातवेधसि ।
यावन्तो अप्सु प्राणिनां भूयान् पुत्रे पितुस्ततः ॥
आत्मा हि जज्ञ आत्मनः स(पुत्रः) इरावत्यतारिणी ॥

વળી

सखा ह जाया कृपणं ह दुहित ज्योतिर्ह पुत्रः परमे व्योमन् ।

સ્ત્રીને જન્મથી જ દુઃખ હતું, એટલું જ નહીં પણ કૌમાર્યાવસ્થામાં પગલાં માંડતી કન્યાનાં દુઃખો 'પ્રભુતામાં પગલાં માંડવા' છતાં એનો અન્ત ન આવતો. સ્ત્રીની પરિસ્થિતિનું તાદૃશ્ય ચિત્ર ખડું કરતો શ્લોક શાબર ભાષ્યમાં મળી આવે છે. સ્ત્રી પોતાની પાસે મિલકત ન હોવાથી યજ્ઞ ન કરી શકે એના સમર્થનમાં કહે છે કે—

---

१ 'Twentieth Century Addresses' Ed. by. Prof. Dickinson & Pro Sharma
२ ऐतरेय ब्राह्मणम् ७–१३

[૧]अद्रव्यत्वं स्त्रीणां क्रयविक्रयाभ्याम् । क्रयविक्रय संयुक्ता हि स्त्रीयः पित्रा विक्रयन्ते भर्त्रा क्रयन्ते विक्रीयत्वात् । पितृधनानामनीशिन्यः क्रीयत्वाच्च भर्तुर्धनानाम् ॥

વળી

भार्या दासश्च पुत्रश्च निर्धना एव ते ।
यत्ते समधिगच्छन्ति यस्य ते तस्य तद्धनम् ॥

આ અવતરણો ઉપલા કથનની સત્યતા પૂરવાર કરવા બસ છે. વળી આપણા સમાજમાં પુત્રી એટલે 'પથરો' અને 'બુધે જાર બાજરી અને બુધે નાર પાધરી' વગેરે કહેવતો પ્રચલિત હતી. આમાં કદાચ અતિશયોક્તિ હશે, પણ તે સમાજમાં સ્ત્રીને સમાન દરજ્જો ન હતો એટલું તો જરૂર પૂરવાર કરે છે. આ અસમાનતા એકલા હિન્દમાંજ ન હતી, પરંતુ અન્ય રાષ્ટ્રોમાં પણ હતી. જર્મનીમાં[૨] "ગધેડાનું, સ્ત્રીનું, અને સોપારીના ઝાડનું જીવન ઝૂડવા માટે જ છે" એ કહેવત અતિ પ્રચલિત હતી.

જર્મનીના સ્ત્રીશિક્ષણ વિષે લખતાં લેખક લખે છે-[૩] "૧૮મી સદી સુધી જર્મન સમાજ ફક્ત પુરુષોનો જ સમાજ હતો." આજે સંસ્કૃતિના શિખરે વિરાજતું રશિયા પણ આ દોષથી મુક્ત ન હતું. એ રાષ્ટ્રમાં પણ સ્ત્રીની દુર્દશા દર્શાવતી અનેક કહેવતો પ્રચલિત હતી.[૪] "મરઘીને પાંખો છે, છતાં તે પક્ષી નથી, તેમ સ્ત્રી એ મનુષ્ય નથી".[૫] "જેમ તમારાં ફરને (Fur) ઝૂડીને ગરમ બનાવો, તેમ સ્ત્રીને ઝૂડીને વધુ શાણી બનાવો." વળી[૬] "સ્ત્રીને જીંદગીમાં બે વખતે ચાહો છો: એક તો જ્યારે પ્રથમ ઘરમાં પ્રવેશે ત્યારે, અને બીજી વાર જ્યારે ઘરની બહાર કાઢી મૂકો ત્યારે" આ પ્રમાણે પ્રાચીન સમયમાં સ્ત્રીનું સ્થાન સમાજમાં ગૌણ હતું. આને લીધે સ્ત્રીશિક્ષણ વધુ વ્યાપક ન બની શક્યું. ગાર્ગી અને મૈત્રેયી જેવી વિદ્વાન સ્ત્રીનાં દૃષ્ટાન્તો મળી આવશે, પણ સમસ્ત સ્ત્રીસમાજ આગળ તે અપવાદરૂપ જ લેખી શકાય, અને એ લોકોને કેવી રીતે શિક્ષણ મળેલું તેનો વિગતવાર અહેવાલ મળતો નથી. વળી તેમના સમયમાં કેટલાં વિદ્યાલયો હતાં વગેરે માહિતીઓ મળતી નથી. એટલે એ વિષે ચોક્કસ મત બાંધી ન શકાય.

સમયપરિવર્તન સાથે સમાજમાં પરિવર્તન થતું ગયું, અને નવીન યુગનો ઉષઃકાળ જગતે દીઠો. પ્રગતિયુગના ઉષઃકાળમાં સ્ત્રીનું સ્થાન માત્ર રસોડામાં જ છે, માત્ર વિષયોપભોગનું સાધન જ છે, એમ ન ગણતાં એને પણ આત્મા છે, ઉલ્લાસ છે, જીવનનાં સ્વપ્નો રચી શકે છે, આદર્શો સેવી શકે છે, એની પ્રતીતિ પ્રાયશઃ થતી ગઈ. ભૂતકાળની ભૂલ સુધારવા આજે સહુ ભારે પરિશ્રમ સેવી રહ્યાં છે, અને કેળવણીના પ્રશ્નપર ખાસ ભાર મૂકે છે ત્યારે આપણા ગુલામ દેશમાં શિક્ષણનું પ્રમાણ શરમજનક છે. આ કથનની સ્પષ્ટતા માટે અન્ય રાષ્ટ્રો સાથે શિક્ષણનું પ્રમાણ સરખાવવું આવશ્યક છે—

---

૧. शाबरभाष्यम् ध १४-१५
૨ 'Women in Russia' By Halle
૩ "દક્ષિણામૂર્તિ" ફેબ્રુઆરી ૧૯૩૨—પૃષ્ઠ ૩૩૮.
૪, ૫, ૬, 'Women in Russia' By Fannina Halle Pg. 16.

ઈ. સ. ૧૯૨૫-૨૬[1]

રાષ્ટ્રનું નામ	દર લાખે	ટકા
હિન્દ	૧૦·૬૬	૭·૬
અમેરિકા	૨૧·૬૭	૧૯·૫

વળી,

૧. રાષ્ટ્રનું નામ	પુરુષ	સ્ત્રી
ઇંગ્લંડ	૯૩·૪	૯૧·૫
અમેરિકા	૯૫·૫	૯૩·૦
જાપાન	૯૮·૦	૯૬·૦
હિન્દ	૫·૨	૧·૫

ઉપરના આંકડા જ આપણી દુર્દશા બતાવવા સાક્ષી રૂપ છે. એના પર વિશેષ વિવેચનની કાંઈ અગત્ય છે?

આર્થિક સ્વાતંત્ર્યમાં સ્ત્રીની સમાનતાની ચાવી રહેલી છે. આને અભાવે આજે અનેક સ્ત્રીઓ હિન્દમાં પરતંત્રતામાં સડે છે. જગતને કમનસીબે આજે બે સરમુખત્યારો નારી-જગતને ધ્રુજાવી રહ્યા છે. હિટલર માને છે કે "સ્ત્રીનું બળ બાળકોની સંખ્યાથી અને પુરુષોનું બળ યુદ્ધભૂમિ પર માલમ પડે છે".[2] એના જ પંથનો મુસોલિની કહે છે: "સ્ત્રીઓ બાળકોને જન્મ આપવાને અને પુરુષો યુદ્ધ કરવાને માટે જ છે." તે આ માન્યતાને વ્યવહારમાં મૂકતાં પાછાં રસોડામાં(Go back to kitchen)ની નીતિ સ્વીકારે છે! આટલું છતાં ત્યાં શિક્ષણનો અભાવ નથી અને નિરક્ષતાનું પ્રમાણ ઝાઝું નથી. ત્યાં ગમે તેટલી પરતંત્રતા હશે, પરંતુ તે વ્યક્તિના વિકાસ માટે, સમાજના સંરક્ષણ માટે શિક્ષણની અગત્ય સ્વીકારે છે! પરન્તુ પરાધીન હિન્દમાં જ શિક્ષણની અવગણના થાય છે! આ પ્રશ્નપર બોલતાં ૧૧મા અખિલ હિન્દી સ્ત્રીપરિષદને પ્રમુખસ્થાનેથી વ્યાખ્યાન કરતાં મીસીસ કઝીન્સ કહ્યું હતું,[3] કે "છેલ્લાં ૨૦ વર્ષથી શિક્ષણનું પ્રમાણ ૨થી ૩ ટકા જેટલું પણ વધ્યું નથી......જ્યારે બ્રિટન ૪૦ લાખ વસ્તીને માટે ૮૬ કરોડ ખર્ચે છે, યુ. એસ. એ. (U. S. A.) ૧૩૦ લાખ વસ્તીને માટે ૩૪૭ કરોડ ખર્ચે છે, ત્યારે હિન્દમાં (સરકાર) ૩૫૦ લાખ વસ્તીને માટે ૮ કરોડ પ્રાથમિક શિક્ષણ પાછળ ખર્ચે છે......છોકરીના કરતાં ૧૪ ગણા વધારે પૈસા છોકરાઓના શિક્ષણ પાછળ ખર્ચાય છે......દર સેંકડે એક છોકરી પ્રાથમિક શિક્ષણ લઈ શકે છે. અને દર હજારે એક છોકરી માધ્યમિક શિક્ષણ લઈ શકે છે." હિન્દમાં યુવક અને યુવતીની સંખ્યાની સરખામણી કરવાથી સ્ત્રીશિક્ષણનું પ્રમાણ કેટલું અલ્પ છે, તેનો ખ્યાલ આવશે. નીચે આપેલા આંકડાઓ ૧૯૨૭-૩૪ સુધીના છે:

---

૧. કેળવણીનો ખર્ચ 'રાજકીય આવકવેરો અને આપણી દરિદ્રતા' લેખક. ડી. જે કુમારપ્પા પૃ. ૧૯.

૨ 'શિક્ષણનું પ્રમાણ: "તારા બાપનો દેશ", લેખક મધુકર,

૩ '11th Session of All India Women's Conference.' The Presidential Address by Mrs. Cousins.

[1]વસ્તી	૧૯૨૭-૨૮	૧૯૨૮-૨૯	૧૯૨૯-૩૦	૧૯૩૦-૩૧	૧૯૩૧-૩૨	૧૯૩૨-૩૩	૧૯૩૩-૩૪
પુરુષ	૧૨,૭૦,૪૨,૯૬૩	૧,૨૭,૦૪,૨૪,૯૬૩	૧૨,૭૦,૪૩,૦૩૪	૧૪,૦૦,૭૭,૭૫૦	૧૪,૦૦,૭૫,૨૫૮	૧૪,૦૦,૨૨,૬૪૩	૧૪,૦૦,૨૨,૬૪૩
સ્ત્રી	૧૨,૦૨,૮૫,૪૮૩	૧૨,૦૨,૮૬,૪૮૩	૧૨,૦૨,૮૭,૩૦૪	૧૩,૧૭,૧૦,૬૩૨	૧૩,૧૭,૦૪,૮૯૩	૧૩,૧૬,૬૯,૨૬૧	૧૩,૧૬,૯૯,૨૬૧
આખી વસ્તી પ્રમાણે ભણનારના ટકા							
પુરુષ	૭·૭૦	૭·૮૯	૮·૦૭	૭·૩૬	૭·૩૩	૭·૩૨	૭·૪૪
સ્ત્રી	૧·૦૬	૧·૭૮	૧·૮૮	૧·૮૦	૧·૮૯	૧·૯૮	૨·૦૯

૧ Year Book 1933-34 & 34-35.

[૬]

સ્ત્રીશિક્ષણનો પ્રશ્ન સ્ત્રી–ઉન્નતિ માટે અગત્યનો છે. આધુનિક સ્ત્રીશિક્ષણ ખામીઓથી ભરપૂર છે અને એ પ્રગતિના માર્ગમાં અવરોધ કરે છે. સ્ત્રીશિક્ષણ કેવું છે, અને કેવું હોવું જોઈએ અને તેમાં સુધારાને કેટલો અવકાશ છે તેનું નિરીક્ષણ કરવા પ્રથમ હિન્દમાં પ્રચલિત શિક્ષણ પ્રથાઓનું વિહંગાવલોકન કરવું અતિઆવશ્યક છે. સમસ્ત હિન્દમાં સ્ત્રીશિક્ષણનું પ્રમાણ કેટલું છે તેના આંકડા મળી શકે છે પણ પ્રત્યેક પ્રાંતવાર સ્ત્રીકેળવણીને લગતા આંકડાઓ મળવા સુલભ નથી, તેમ જ શાળાઓ વગેરેની શાસ્ત્રીય માહિતીઓ મળી શકતી નથી. આને અભાવે સમસ્ત ભારતવર્ષની કૉલેજો, શાળાઓ વગેરેના આંકડાઓ ઉપયોગી થઈ પડશે. આપણે સ્ત્રીશિક્ષણના પ્રશ્નમાં કેટલી ધીમી પ્રગતિ કરી રહ્યા છીએ, તેનો ખ્યાલ નીચેના આંકડાઓથી આવશે:

૧૯૨૭—૧૯૩૪નું શિક્ષણપ્રમાણ

[1]સ્ત્રીઓ માટે મંજૂર થએલી સંસ્થાની સંખ્યા	૧૯૨૭–૨૮	૧૯૨૮–૨૯	૧૯૨૯–૩૦	૧૯૩૦–૩૧	૧૯૩૧–૩૨	૧૯૩૨–૩૩	૧૯૩૩–૩૪
આર્ટ્સ કૉલેજો	૧૯	૧૯	૧૯	૨૦	૨૦	૨૪	૨૪
હાઇસ્કૂલો	૨૬૨	૨૭૮	૩૦૨	૩૧૨	૩૨૪	૩૩૮	૩૫૮
મિડલ હાઈસ્કૂલો							
અંગ્રેજી	૨૯૫	૩૧૪	૩૧૮	૩૩૯	૩૫૭	૩૬૦	૩૭૯
વર્નાક્યુલર	૪૧૭	૪૨૬	૪૬૧	૪૮૧	૪૯૦	૪૯૫	૫૧૨
પ્રાથમિક શાળા	૨૮,૬૫૧	૩૦,૩૦૨	૩૧,૪૦૮	૩૨,૧૫૪	૩૨,૬૩૫	૩૩,૧૭૦	૩૪,૦૫૪
ધંધાદારી કૉલેજો						૮	૯
ખાસ કૉલેજો						૩૮૧	૩૮૬

હવે આપણે પ્રચલિત સંસ્થાઓના શિક્ષણક્રમની તપાસ કરીશું. પ્રથમ ખાસ સ્ત્રીઓને માટે જ પ્રો. કર્વે સ્થાપિત શિક્ષણપ્રથા આજે પ્રખ્યાત છે. આ વિશ્વવિદ્યાલયમાં ખાસ કરીને સ્ત્રી–ઉપયોગી વિષયો શિખવવામાં આવે છે. લલિત કળા વગેરે ઐચ્છિક વિષયો તરીકે લઇને વિદ્યાર્થીનીઓ પરીક્ષા પસાર કરી શકે છે. ભરત, ગૂંથણ, ગૃહવિજ્ઞાન, સંગીત, વગેરે કળા અને સ્ત્રી–ઉપયોગી વિષયોનો એમાં સમાવેશ થઈ જાય છે. ફકત આ જ સ્ત્રીઓ માટેનું પ્રખ્યાત વિદ્યાલય છે. આ ઉપરાંત ગુરૂકુળમાં પણ સ્ત્રીઓને કેળવણી અપાય છે, પણ આમાં ખાસ કરીને વ્યાયામ પર વધુ ધ્યાન અપાય છે, જો કે સ્ત્રી–ઉપયોગી વિષયોનો પણ અભ્યાસક્રમમાં સમાવેશ તો થએલો જ છે. વળી એમાં ધાર્મિક શિક્ષણ પણ અપાય છે. આની મર્યાદા ગણીએ તો આ હિન્દુ માટેની જ સંસ્થા છે. એમાં પરધર્મની સ્ત્રી દાખલ થઈ શકે. વળી વ્યાયામ સાથે

[1] Year Book 1935–36

સાથે અન્ય વિષયો પર ભાર મૂકવો જોઇએ, પરન્તુ તે આમાં મૂકાયલો નથી. આને લીધે એ સંકુચિત લાગે છે. આના સિવાય મુંબઇ વિશ્વવિદ્યાલય છે. આમાં સ્ત્રીપુરુષ ઉભય સાથે અભ્યાસ કરી શકે છે. એમાં જેમ આ સહશિક્ષણની છૂટ છે તેમ એ જ એની મર્યાદા નક્કી કરે છે. કારણ કે સ્ત્રી-ઉપયોગી વિષયો પર જ એકલું ધ્યાન આમાં ન આપી શકાય. આ ઉપરાંત હાલમાં બાળકો માટે મોન્ટેસરી, પ્રાથમિક અને માધ્યમિક માટે કેટલીક જગ્યાએ ડોલ્ટન યોજનાનો અને વધુ ઉચ્ચ અભ્યાસ માટે વિશ્વવિદ્યાલયોનો પ્રબંધ છે.

આ રીતે હિન્દમાં મુખ્ય મુખ્ય સંસ્થાઓ કર્વે, ગુરૂકૂળ ને મુંબઇનું વિદ્યાલય છે. આ દરેક વિદ્યાલય પોતપોતાના ક્ષેત્રમાં સુંદર કાર્ય કરી રહેલ છે, પરંતુ આમાં કેટલીક ખામીઓ પણ છે. સ્ત્રી-ઉપયોગી વિષયો દાખલ કરતાં આપણે જાણ્યે અજાણ્યે સ્ત્રીશિક્ષણમાં મર્યાદા બાંધીએ છીએ. આનું મૂળ તે સ્ત્રી ને પુરુષ ઉભયમાં ભેદભાવ છે, એ માન્યતા છે. આને લીધે કેટલાંક અનિષ્ટો પ્રવેશે છે. સ્ત્રીઓ માટે લલિત કળાઓ ભલે શિખવાય, પરંતુ માત્ર લલિત કળા જ સ્ત્રીઓનો ઉદ્ધાર કરવા અશકિતમાન છે. જીવનમાં અન્ય વિષયોની પણ જરૂર પડે છે, એ વિસરાવવું જ ન જોઇએ. જીવનકલહ આજે એટલો વ્યાપક બન્યો છે કે માત્ર લલિત કળા કે વ્યાયામ સ્ત્રીની ઉન્નતિ કરવા અશકિતમાન છે. જીવનનિર્વાહ માટે ઉપયોગી થઇ શકે એવું શિક્ષણ પણ મળવું જોઇએ. અને તે ન મળતાં વિદ્યાર્થીઓની સ્થિતિ વધુ ખરાબ બને છે.

સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે ભારતવર્ષે સ્થાન પ્રાપ્ત કરવું હોય તો શિક્ષણના પ્રશ્નનો ઉકેલ જ લાવવો રહ્યો, કારણ કે અન્ય રાષ્ટ્રો સંપૂર્ણ અને આદર્શ શિક્ષણપ્રથા શોધવા પ્રયાસ કરી રહ્યાં છે. આપણે ત્યાં કઇ પદ્ધતિ દાખલ કરવી, કયા પાયા ઉપર શિક્ષણપ્રથા રચાવવી જોઇએ, તેનો નિર્ણય કરતાં પ્હેલાં અન્ય રાષ્ટ્રોમાં સ્ત્રીશિક્ષણ માટે શી વ્યવસ્થા છે, તેનું નિરીક્ષણ કરવું આવશ્યક છે. પ્રત્યેક રાષ્ટ્રની શિક્ષણપ્રણાલિનું સૂક્ષ્મ નિરીક્ષણ કરી, તેનું હૃદયસ્પર્શી વિવેચન, દીર્ઘ અભ્યાસ, અને મનન કરી આલેખવું, એ વધુ જગ્યા માગી લે છે, માટે આપણે જગતમાં સ્ત્રીશિક્ષણમાં આગળ વધેલા, જાપાનની સ્ત્રી-કેળવણીની પ્રથાનો અભ્યાસ કરીશું.

જાપાન એક સમયે વધુ પછાત દેશ હતો, પણ પાછળથી મહાપ્રયાસે આજે સમૃદ્ધ દેશ બની શકયો છે. માટે હિન્દને ખાસ કરીને આજની પરિસ્થિતિમાં જાપાનની પાસેથી જાણવાનું ઘણું મળશે. આ વિષે[1] "જાપાનીઓ પોતે પણ માને છે કે તેમને પ્રાથમિક શાળાઓમાં જે પ્રકારનું શિક્ષણ અપાય છે તેથી જ તેમની હાલની સ્થિતિ પ્રાપ્ત થયેલી છે." જાપાનમાં બાળકો માટે પણ કેળવણીનો પ્રબંધ છે અને શાળામાં જતાં બાળકોની સંખ્યા નીચે મુજબ છે:

[2]વર્ષ	છોકરાઓ	છોકરીઓ
૧૯૨૯	૯૯·૪૮ ટકા	૯૯·૪૨ ટકા
૧૯૩૦	૯૯·૫૧ ,,	૯૯·૪૬ ,,
૧૯૩૧	૯૯·૫૨ ,,	૯૯·૫૦ ,,
૧૯૩૨	૯૯·૫૫ ,,	૯૯·૫૩ ,,
૧૯૩૩	૯૯·૫૮ ,,	૯૯·૫૬ ,,

૧, ૨ : જાપાનની કેળવણી-"પુસ્તકાલય" માસિક જાન્યુઆરી ૧૯૩૭ નો વધારો પૃ. ૩, ૧૫

સામાન્ય પ્રાથમિક શાળાઓમાં નીતિશિક્ષણ, રાષ્ટ્રીય ભાષા, ગણિત, ચિત્રકળા, જાપાનનો ઇતિહાસ, ભૂગોળ વિજ્ઞાન, સંગીત અને વ્યાયામ શીખવવામાં આવે છે. કન્યાઓને શિવણકામ વધારામાં શીખવું પડે છે. માધ્યમિક કેળવણીમાં સ્ત્રી માટે ઉચ્ચ શિક્ષણ આપતી શાળાનો પ્રબંધ છે, અને તેનો અભ્યાસક્રમ સાધારણ રીતે ચાર કે પાંચ વર્ષનો હોય છે. ગૃહશાસ્ત્ર શીખવાનો પણ પ્રબંધ થયલો છે. આનાથી પણ વધુ અભ્યાસ કોઈ કન્યાને કરવો હોય તો એ ત્રણ વર્ષના અભ્યાસક્રમની યોજના પણ રખાયલી છે. કન્યા માટેની માધ્યમિક શાળામાં નીતિશિક્ષણ, નાગરિકના ધર્મો, રાષ્ટ્રભાષા, પરદેશી ભાષા, ઇતિહાસ, ભૂગોળ, ગણિતશાસ્ત્ર, વિજ્ઞાન, ચિત્રકળા, ગૃહવિજ્ઞાન, શિવણકામ, સંગીત ને વ્યાયામ શીખવાય છે. અમુક સંજોગોમાં લલિતકળાઓ બંધ કરીને હુન્નરઉદ્યોગનું શિક્ષણ કે અન્ય ઉપયોગી વિષયો શીખવી શકાય છે. ૧૯૩૩માં આવી શાળાઓની સંખ્યા નીચે પ્રમાણે હતી:

૧વર્ષ	શાળાની સંખ્યા	વિદ્યાર્થીઓની સંખ્યા
૧૯૨૯	૯૪૦	૩,૫૯,૨૬૯
૧૯૩૦	૯૭૦	૩,૬૭,૭૨૬
૧૯૩૧	૯૭૫	૩,૬૮,૯૯૯
૧૯૩૨	૯૮૦	૩,૬૨,૬૨૫
૧૯૩૩	૯૬૩	૩,૬૧,૭૩૯

કન્યાઓ હુન્નરશાળામાં પણ દાખલ થઈ શકે છે. અને છોકરાઓ સાથે અભ્યાસ કરી શકે છે. આવી શાળાની સંખ્યા નીચે મુજબ છે:

૨ વર્ષ	શાળાની સંખ્યા	વિદ્યાર્થીઓની સંખ્યા
૧૯૨૯	૯૧૧	૨,૬૭,૦૪૧
૧૯૩૦	૮૫૭	૨,૮૦,૯૦૪
૧૯૩૧	૯૭૫	૨,૮૮૬૮૧
૧૯૩૨	૧૦૦૩	૨,૯૨,૩૧૫
૧૯૩૩	૧૦૮૨૪	૨,૯૮,૮૯૩

આ મુજબ સ્ત્રીઓને જાપાન સર્વ સગવડ પૂરી પાડે છે. તેણે તેમના શિક્ષણ માટે સારો પ્રબંધ કર્યો છે.

[૪]

અર્વાચીન શિક્ષણપ્રણાલિનું નિરીક્ષણ કર્યા પછી આદર્શ શિક્ષણપ્રણાલી કેવી હોવી જોઈએ, એ પ્રશ્ન સર્વને મૂંઝવે છે. સ્વતંત્ર રાષ્ટ્રોમાં આજે અનેક પ્રયોગો શિક્ષણના ક્ષેત્રમાં થઈ રહ્યા છે. એક સ્વતંત્ર રાષ્ટ્ર ભિન્નભિન્ન સમિતિઓ નીમીને ખાસ તપાસ કરી શકે છે, શાળામાં ભણતા વિદ્યાર્થીઓની તપાસ કરી શકે છે, અને તેમાં પ્રયોગોને કેટલો અવકાશ છે તે નક્કી કરે છે. તેથી પરતંત્રતાની શૃંખલા જ્યાં સુધી આપણે તોડી નહીં નાંખીએ ત્યાંસુધી મનમાન્યા પ્રયોગો કદાચ આપણે નહીં કરી શકીએ. છતાંયે આજે જે પરિસ્થિતિમાં છીએ તેમાં પણ સ્ત્રી-શિક્ષણમાં સુધારાને કેટલો અવકાશ છે તે શોધી કાઢવાની પ્રત્યેક હિન્દીની ફરજ છે.

સ્ત્રીશિક્ષણના પ્રશ્ન સંબંધી વિચારતાં પ્રથમ તો સ્ત્રીપુરૂષનાં કાર્યોમાં ભેદ છે? સ્ત્રીને પુરુષ જેટલી સમાનતા હોવી જોઇએ? વગેરે અનેક પ્રશ્નો આપણી સમક્ષ ખડા થાય

૧, ૨, 'જાપાનની કેળવણી' : "પુસ્તકાલય" જાન્યુઆરી ૧૯૩૭ પૃ. ૧૫,

છે. નૈસર્ગિક સ્ત્રીપુરુષના ભેદો સ્વીકાર્યા છતાં એમનાં કાર્યોમાં પણ ભેદ પડે છે, એ વાત આજે ભાગ્યે જ કોઈ સ્વીકારવા તત્પર હશે! પૂ. ગાંધીજી કહે છેઃ[1] "યોગ્ય ઉંમરે પહોંચેલો પુરુષ જેટલો સ્વતંત્રતાનો અધિકારી છે તેટલી જ સ્ત્રી પણ છે." આપણા કમનસીબે આજે વર્ષો થયાં સ્ત્રીનું સ્થાન સમાજમાં ગૌણ રહ્યું છે. આજે સંસ્કૃતિને મોખરે વિરાજતું રશિયા પ્રયોગોમાં કેટલું સફળ થયું છે તે તો ભાવિનો ઇતિહાસ સાક્ષી પૂરશે. પરંતુ અત્યારે એણે જે ઉકેલ સૂચવ્યો છે તે જાણવો અગત્યનો છે. સ્ત્રીની સમાનતા પર એ ખાસ ભાર મૂકે છે. આને માટે મોરીસ હિન્ડસ લખે છેઃ[2] "ક્રાન્તિ દ્વારા રશિઅન નારીને પુરુષ જેટલા જ અને જેવા જ હક્કો (રાજકીય) મળ્યા હોઈ, રાજકારણમાં બંને પૂરેપૂરાં સમાન છે...... "સ્ત્રી કે પુરુષ એક બીજા પર રાજ્ય કરે છે એવી રીતે લોકો અહીં વિચારતા જ નથી. સ્ત્રીઓ પુરુષોની હરિફ નથી, પણ જીવનનાં સર્વ ક્ષેત્રોમાં સહચારિણી છે, એ ભાવના ક્રાન્તિએ આપી છે...સ્ત્રીને મતાધિકાર મળ્યો છે...અમેરિકામાં હજી માત્ર બે સ્ત્રી ગવર્નરો બની શકી અને નવ સ્ત્રીઓ વડીધારાસભા (Congress) સુધી જઈ શકી છે. (પણ) રશિઆમાં એટલી બધી સ્ત્રીઓ આવા ઉંચા હોદ્દા પર આવી ગઈ છે કે કોઈનું ધ્યાન પણ દોરાતું નથી... ૧૯૨૬માં ૧૪૩ સ્ત્રીઓ ન્યાયાધિશ હતી." રશિયાએ આજે જે પ્રગતિ સાધી છે તેમાં સ્ત્રીનો ફાળો મોટો છે.

હિન્દ સ્વતંત્ર બની અન્ય રાષ્ટ્રો સાથે સમાન ભાવે વિરાજે તે માટે સ્ત્રીપુરુષ ઉભયને આદર્શ શિક્ષણ મળવું જોઈએ. અત્યારે સ્ત્રીશિક્ષણના પ્રશ્નની ચર્ચા કરતાં સ્ત્રીપુરુષનાં કાર્યક્ષેત્રો ભિન્ન ભિન્ન નથી અને બંનેના સમાન હક્કો છે, એ આપણે સ્વીકારીએ છીએ. આ માન્યતા સાથે સહશિક્ષણ પણ અનિવાર્ય બની રહે છે. પણ સહશિક્ષણના પ્રશ્નની ચર્ચા એક જૂદો લેખ જ માગી લે છે. એટલે અત્યારે સહશિક્ષણ આવકારદાયક છે, એમ માની લઇશું.

હાલમાં બાળકોને માટે મોન્ટેસરીની શિક્ષણપ્રણાલિ ખૂબ પ્રખ્યાત છે, એટલે એની લંબાણ વિગતમાં નહીં ઉતરીએ. મોન્ટેસરી પદ્ધતિનાં પરિણામો જ એની સંગીનતાની નિશાનીની સાક્ષી પૂરે છે. આ પદ્ધતિમાં બાળકોને પ્રયોગો કરવાની છૂટનો સંપૂર્ણ અવકાશ છે. બાળકોનું વ્યક્તિત્વ છૂંદાઇ ન જાય, એમની આંતરિક ગૂઢ શક્તિનો સંપૂર્ણ વિકાસ થઇ શકે અને ખીલતું પુષ્પસમ બાળક અકાળે કચરાઈ ન જાય તે માટે મોન્ટેસરી પદ્ધતિ અદ્વિતીય છે.

બાળકોની કેળવણીના ઉકેલ પછી પણ પ્રાથમિક ને માધ્યમિક કેળવણીનો પ્રશ્ન ખૂબ ગૂંચવે છે. આ કક્ષાને માટે ડૉલ્ટન યોજના સુંદર છે. એ પદ્ધતિની વિગતવાર ચર્ચા લંબાણ માગી લે છે, એટલે એના મુખ્ય સિદ્ધાન્તોની જ વાતો કરીશું.[3] "ડૉલ્ટન લૅબોરેટરી પ્લૅનનો પહેલો મુખ્ય સિદ્ધાન્ત તે સ્વાતંત્ર્ય છે." સ્વાતંત્ર્ય એટલે પોતાના પ્રિય વિષય પાછળ વિદ્યાર્થી ગમે તેટલો સમય ગાળી શકે છે, અને તેને મદદ કરવા શિક્ષક સદા તૈયાર રહે છે. ડૉલ્ટન યોજના કૃત્રિમ સમયપત્રકની શૃંખલામાંથી વિદ્યાર્થીઓને મુકત કરે છે. આ યોજનામાં સ્વાધ્યાયને માટે ચોક્કસ દિવસો નિયત કરેલા હોય છે. પરંતુ

---

૧ ૩ 'ગાંધીવિચારદોહન' : લેખક શ્રી. મશરૂવાળા. પૃ. ૨૪.

૨ 'પલટાતું રશિયા' લેખક શ્રી. દિનકર મહેતા. પૃ. ૧૪૮.

૩ આખી ડૉલ્ટન યોજનાની ચર્ચા શ્રી. હરભાઈ ત્રિવેદીના, "ડૉલ્ટન યોજના," પુસ્તકના આધારે કરી છે.

પોતાનો પ્રિય વિષય નિયત કરેલા સમય પહેલાં પૂરો કરી શકે છે, છતાં પણ જ્યાં સુધી અપ્રિય વિષય પૂરો ન કરી શકે ત્યાં સુધી નવો અભ્યાસક્રમ નક્કી નથી કરવામાં આવતો. આ રીતે સ્વાતંત્ર્ય એક રીતે મર્યાદિત છે.

આ ઉપરાંત સામાજિક સહકાર એ બીજો સિદ્ધાન્ત છે. અંગ્રેજીમાં એને Inter-action of group-life કહે છે. બાહ્ય જગતથી તદ્દન ભિન્ન વાતાવરણ ન પ્રવર્તે અને ભવિષ્યમાં વિદ્યાર્થી સામાજિક જીવન ગાળી શકે તે માટે એમાં એક ખાસ યોજના કરી છે. આ શાળામાં ભણતો વિદ્યાર્થી શાળાને કુટુંબ જેવું ગણતો થાય છે અને પોતાને એના એક અંગ જેવું ગણે છે, અને તે રીતે જ કાર્ય કરવાનું છે એનું સંપૂર્ણ ભાન એને થાય છે. વળી આમાં શિક્ષક તો માત્ર અંગુલિનિર્દેશ કરીને જ ખસી જાય છે, અને બધું કાર્ય વિદ્યાર્થી જ કરે છે.

આ ઉપરાંત આ યોજનામાં સ્વાનુભવ, સમય અને શક્તિની કરકસર, વગેરેનો સમાવેશ થયો છે. એમાં વિષયને બે વિભાગમાં વહેંચી નાંખવામાં આવે છેઃ મુખ્ય અને ગૌણ. વળી આમાં ગ્રાફ્પદ્ધતિ પણ છે. આને લીધે દરેક વિદ્યાર્થીએ કેટલી પ્રગતિ કરી તેનું માપ તરત કાઢી શકાય છે. ઉચ્ચ અભ્યાસ માટે કૉલેજો છે, પણ તેમાંયે સુધારાને સંપૂર્ણ અવકાશ છે. આની વિગતવાર ચર્ચાઓ જાહેરમાં એટલી બધી વાર થઈ છે અને થાય છે કે તેની વિગત આપતાં પુનરોક્તિ દોષ થવા સંભવ છે!

આપણે ત્યાં આજે ઔદ્યોગિક વિકાસ માટે ક્ષેત્ર વિશાળ છે અને તે માટે સરકાર તરફથી સ્ત્રીપુરુષ ઉભયને માટે ઔદ્યોગિક શાળાઓ વધુ કાઢવી જોઇએ. આ શાળાનું પ્રમાણ કેટલું અલ્પ છે તેના આંકડા આગળ આપ્યા છે.

આર્થિક સ્વતંત્રતા એ સ્ત્રીસમાનતાનું પ્રથમ પગથિયું છે. આર્થિક સ્વતંત્રતા મળતાં આશ્ચર્યકારક પરિણામો આવે છે. પરતંત્રતાની શૃંખલામાં જકડાયલી નારી પુરુષનું રમકડું બની જાય છે. નારી જાતિને જ નહીં, પરંતુ આખા સમાજને કલંક રૂપ વેશ્યાના પ્રશ્નનો ઉકેલ મોટે ભાગે આર્થિક સ્વતંત્રતામાં રહેલો છે. આર્થિક પરતંત્રતાને લીધે કેટલીક સ્ત્રીને વેશ્યા બનવું પડે છે, એના આંકડા નીચે પ્રમાણે છે.

[૧] ૩૮·૫ ટકા	ઓછી રોજીને લીધે
૨૧·૦ ,,	મોજમઝાહ કરવા.
૧૪·૦ ,,	ઘરબહાર વગર
૦·૫ ,,	દારૂ પીવાની ટેવને લીધે

નોંધઃ—રશિઆની વેશ્યાઓએ જ વેશ્યાનો ધંધો સ્વીકારવાનાં કારણો ઉપર પ્રમાણે કહ્યાં હતાં.

સ્ત્રીશિક્ષણમાં બીજો મહત્વનો પ્રશ્ન તે જાતિય જ્ઞાનનો (Sex education) છે. રાષ્ટ્રની ઉન્નતિમાં ફાળો આપી શકે અને જાતિય દૂષણોમાં ફસાઈ ન પડે અને વિકૃત મનોદશા સેવતી ન થાય તે માટે દરેક યુવતીને માટે આ જ્ઞાન અતિ આવશ્યક છે. જ્યારે શાળાની બહાર સ્ત્રીપુરુષ ઉભય એક બીજાના સંપર્કમાં આવે ત્યારે આ પ્રશ્નનું મહત્વ વધી જાય છે. આ પ્રશ્નની સુંદર ચર્ચા આ શાસ્ત્રના નિષ્ણાત હેવેલૉક એલિસે એના પુસ્તકમાં

૧ 'Sex in Relation to Society' By Hevelock Ellis Pg. 259.

કરી છે. એ માને છે કે પ્રથમ જાતિય શિક્ષણ આપનાર મા હોવી જોઈએ. નિર્દોષ બાળક મા પર વિશ્વાસ મૂકી જાતિય પ્રશ્નો પૂછે છે ત્યારે માતાએ કાંઈ પણ સંકોચ વગર બાળક પૂછે ત્યારે જ પ્રશ્નનો જવાબ આપવો જોઇએ. આમ પ્રાથમિક જ્ઞાન મળવાને લીધે જ્યારે શાળા ને કૉલેજોમાં યુવતીઓ સાથે જાતિય જ્ઞાનની ચર્ચા કરે છે અને શાસ્ત્રીય શિક્ષણ લે છે ત્યારે તે વિકૃત મનોદશા નહીં અનુભવે. શાળામાં ને કૉલેજોમાં પ્રથમથી જંતુશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર ને શરીરશાસ્ત્ર વિશે જ્ઞાન આપવું જોઇએ.

પ્રત્યેક યુવતીને માટે લગ્ન એ મહત્વનો પ્રશ્ન છે. આદર્શ ગૃહિણી બનવા માટે યુવતીને સંપૂર્ણ જાતિય જ્ઞાન આવશ્યક છે. લગ્નજીવનની કેટલીક મુશ્કેલીઓનો આ શિક્ષણ મળતાં અંત આવે છે અને અશાસ્ત્રીય જ્ઞાનથી તે બચી શકે છે. આ જ્ઞાનના અભાવે લગ્નજીવન કેટલું દુઃખકારક થઇ પડે છે તે દર્શાવવા નીચેના આંકડા બસ છે.

૧૬૨ સેંકડે—

"૧૭ યુવતીએ લગ્નજીવન પ્રત્યે પ્રથમ ગભરાટ અનુભવ્યો તેમાંથી—૧૨ અથવા ૭૧% હવે લગ્નસુખની પરાકાષ્ઠા (climax) માણી શકે છે. ૨૪ લગ્નજીવન પ્રત્યે પ્રથમ ભય ને જુગુપ્સા અનુભવી, તેમાંથી, ૧૬ અથવા ૬૭% આજે climax અનુભવી શકે છે. ૧૪ યુવતીને લગ્નજીવન પ્રત્યે પ્રથમ આશ્ચર્ય થયું ને એમાંથી ૮ અથવા ૬૭% હવે લગ્નજીવનની પરાકાષ્ઠા માણી શકે છે" આ આંકડાઓ જો યુવતીને પ્રથમ જાતિય જ્ઞાન અપાયું હોય તો વધુ સુખી હોત એ દર્શાવે છે.

રાષ્ટ્રોત્થાન માટે રાષ્ટ્રનું પ્રત્યેક અંગ વિકસાવવું આવશ્યક છે. સ્ત્રીપુરુષ ઉભયને તે માટે કાર્ય કરવું પડશે અને તેમાં જ સ્ત્રીશિક્ષણનો પ્રશ્ન વધુ મહત્વનો બની રહે છે. જો રાષ્ટ્રને જગતભરમાં ગૌરવભર્યું સ્થાન પ્રાપ્ત કરવું હોય, સમાન કક્ષામાં વિરાજવું હોય તે રાષ્ટ્ર સ્ત્રીશિક્ષણનું વિરોધી ન બની શકે. સ્ત્રીશિક્ષણથી જ ભવ્ય સંભાવનાથી ભરપૂર ભાવિ આપણી સમક્ષ પ્રત્યક્ષ થશે, અને સંસારમાં સાચે જ 'સુવર્ણ યુગનાં સર્જન થશે.' મનુ ભગવાન ભાખે છે; यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः। સ્ત્રીશક્તિનાં પૂજન તેની સાચી પિછાન વગર શકય નથી અને સ્ત્રીશિક્ષણ દ્વારા જ સ્ત્રી–પ્રકૃતિની વધુ સમીપ જઈ તેના વિરાટ સ્વરૂપનાં આપણે સહજ દર્શન કરી શકીશું.

સાંપ્રત સ્ત્રીકેળવણી*

(૨)

[લે. શ્રીમતી સરલાદેવી વીરજી બંગડીયા, Jr. B. A.]

" Education is the most radical thing in the world. To teach the alphabet, is to inaugurate a revolution. To build a school-house is to construct a fort "

કેળવણી એટલે માણસને અજ્ઞાનતાના ઘોર અંધકારમાંથી મુક્ત કરી, જ્ઞાનના પ્રચંડ સૂર્યના પ્રકાશમાં દોરનાર સરળ માર્ગ.

કેળવણી એ જીવનના હેતુઓ ઘડવા તથા વ્યક્તિ અને સમસ્ત પ્રજાનું ભવિષ્ય નક્કી કરવા ઘણાં જ શક્તિવાળાં સાધનો માંહેનું એક અત્યંત ઉપયોગી સાધન.

માણસ, માણસપણું પ્રાપ્ત કરી, પૂરી પૂર્ણતા મેળવી, પૂર્ણપણે સંસાર ચલાવવાને શક્તિવાન થાય, તૈયાર થાય, અને જીંદગીભરમાં ઉત્પન્ન થતા અવનવા સુલભ અને વિકટ પ્રશ્નોનો વિચારપૂર્વક દીર્ઘદ્રષ્ટિથી તોડ લાવી, આદર્શ જીવન વ્યતીત કરી શકે, એ કેળવણીનો મુખ્ય ઉદ્દેશ છે.

ખરી કેળવણી લેવાથી પ્રથમ તો મનુષ્યમાં મનુષ્યપણાને સાર્થક કરવા જેટલી લાયકાત આવે છે. વિશેષે કરીને સર્વ પ્રકારના, આચાર, વિચાર, સભ્યતા, નીતિમય રહેણીકરણી, વિવેક, ક્ષમા, દયા, અને સદ્‌ગુણોની આવડત આવે છે.

ખરી કેળવણીથી ભૂમંડળ ઉપર સારી કીર્તિ સંપાદન કરી શકાય છે, સ્વાર્થબુદ્ધિનો ત્યાગ કરી, ભવિષ્યનું હિત જોઈ શકાય છે, સારૂં નરસું પારખી શકાય છે, વિકટ રસ્તાઓ અને દુઃખના ડુંગરથી મુક્ત થઇ શકાય છે. ખરી કેળવણી લીધેલ મનુષ્ય " પેટ બળ્યો ગામ બાળે " તેવું કરવાનું સાહસ નથી કરતો.

કેળવણી ન હોય તો આત્મા સિવાય દેહની જે સ્થિતિ થાય તેવી સ્થિતિ પ્રજાની થાય છે, એટલે કે દેહ શબરૂપ ગણાય તે સ્થિતિ કેળવણી વિનાની પ્રજાની થાય.

કેળવણી કહે છેઃ " હું સત્તાની દાસી નથી, કાયદાની કિંકરી નથી, વિજ્ઞાનની સખી નથી, કળાની પ્રતિહારી નથી, અર્થશાસ્ત્રની બાંદી નથી. હું તો ધર્મનું પુનરાગમન છું. મનુષ્યનાં હૃદય, બુદ્ધિ તેમ જ તમામ ઇંદ્રિયોની સ્વામિની છું. માનસશાસ્ત્ર ને સમાજશાસ્ત્ર એ બે મારા પગો, કળા અને હુન્નર મારા હાથ છે. વિજ્ઞાન મારૂં મસ્તિષ્ક છે. ધર્મ મારૂં હૃદય છે. નિરીક્ષણ અને તર્ક મારી બે આંખો છે. ઇતિહાસ મારા કાન છે. સ્વાતંત્ર્ય મારા શ્વાસ અને ઉદ્યોગ મારાં ફેફસાં છે. ધીરજ મારૂં વ્રત છે. શ્રદ્ધા મારૂં ચૈતન્ય છે. આવી હું જગદંબા છું, જગદ્ધાત્રી છું. મારી ઉપાસના કરનાર બીજા કોઈનો ઓશીયાળો નહીં રહે. એની સર્વ કામના મારી મારફતે તૃપ્ત થઇ શકે તેમ છે."

---

* સ્વ. કરશનદાસ મૂળજી સ્મારકફંડ તરફથી કોલેજની વિદ્યાર્થીનીઓ કને હરીફાઇથી મંગાવાયલા નિબંધમાં પહેલે નંબરે આવેલી આ બેનનો નિબંધ અત્રે પ્રકટ કર્યો છે. સં. અં. બુ. જાની

પ્રાચીન કાળમાં સ્ત્રીઓને કેવા પ્રકારની કેળવણી આપવામાં આવતી હતી ? તે કાળમાં અમુક પુસ્તક વાંચી, તેમાં ઉત્તીર્ણ થવામાં અગર તો એકાદ હુન્નર શીખી, ધન પ્રાપ્ત કરવામાં શિક્ષણ શબ્દનો સમાવેશ થઈ જતો ન હતો. સત્ય અને ખરૂં શિક્ષણ એ જ મનાતું કે જેનાથી સ્ત્રીઓને પશુસ્થિતિમાંથી કાઢી, દેવકોટીનું મનુષ્ય બનાવી શકાતું. પ્રાચીન કાળમાં કેવું શિક્ષણ અપાતું તે આપણે વેદ, ઉપનિષદ વગેરે શાસ્ત્રોમાંથી જાણી શકીએ છીએ. તે સમયે માત્ર સ્ત્રીઓ તત્ત્વજ્ઞાની કે વિદ્વાન નહોતી, પરંતુ સારી ગણિતશાસ્ત્ર, શિલ્પશાસ્ત્ર, જ્યોતિશાસ્ત્ર, આદિમાં વખણાતી, ગાયનવાદનના નિપુણ ઉપાસકો, કવિઓ, વૈદ્યો અને શૂરવીરોમાં નામાંકિત અને વ્યાવહારિક પુરૂષોમાં ખ્યાતિ પામેલી સન્નારીઓ હતી. સ્ત્રીઓની કેળવણીમાં શારીરિક, માનસિક, નૈતિક અને ધાર્મિક કેળવણીનો સમાવેશ થઈ જાય છે. વેદોનો અભ્યાસ તો અનાદિ કાળથી જ ચાલ્યો આવે છે, અને ખાસ કરીને ઋગ્વેદનાં ગ્રંથનો અભ્યાસ સર્વોત્તમ હતો, એમ કહી શકાય છે. આપણું પ્રાચીન સાહિત્ય વેદ, સંહિતા, ન્યાય, મીમાંસા, શ્રુતિ, સ્મૃતિ અને પુરાણો છે. આટલા સાહિત્યનો અભ્યાસ કરનાર સંપૂર્ણ થઈ શકતા, એમાં શંકા જેવું નથી.

આધુનિક જમાનામાં સ્કૂલમાં અભ્યાસ કરવા જવું પડે છે ને માસ્તરો ગોતવા પડે છે, તેવું પ્રાચીન કાળમાં નહોતું. અભ્યાસ કરવા ગુરૂને ઘેર જવું પડતું. લીલાવતી, સરસ્વતી, અનસૂયા, સીતા, વગેરેએ ગુરૂ પાસેથી જ જ્ઞાન સંપાદન કરેલું.

વખત જતાં ભારતવર્ષના ઝળકતા સૂર્યને રાહુની છાયા લાગવી શરૂ થઈ. મુસલમાનોએ ભારતપ્રજાની કીર્તિરૂપ જે કંઈ ઇતિહાસનાં વૃત્તાન્તો સચવાઇ રહેલાં હતાં, તે અગ્નિદેવને સ્વાધીન કીધાં. સિથીયન, હુણ, અને મુસલમાન હુમલો કરનારાઓએ મોટી મોટી લાયબ્રેરીઓ બાળી દીધી. એલેકઝાન્ડરના સમયમાં ઉત્તર હિન્દુસ્તાન સુધારાના સંપૂર્ણ શિખરે પહોંચેલું હતું. ત્યાર પછી ચંદ્રગુપ્ત, બિન્દુસાર અને અશોકના સમયમાં કેળવણીની તથા રાજાપ્રજાની આબાદીની સ્થિતિ સંતોષકારક હતી.

પાંચમા સૈકામાં હિન્દુસ્તાન વિદ્યા અને બીજી સર્વ બાબતોમાં સુખી હતો. તે વખતે ઈજીપ્ત, ગ્રીસ, રોમ વગેરે દેશો સિવાય જગતના અન્ય દેશોમાં વિદ્યાનો બિલકુલ પ્રકાશ ન હતો, એમ જગતના ઇતિહાસમાંથી કહી શકાય છે.

સ્ત્રીકેળવણીના વિષયમાં પણ ભારતવર્ષની સ્થિતિ જગતના કોઇ પણ દેશ કરતાં ઉતરતે દરજ્જે નહોતી, એમ જણાય છે. વિશ્વાવસુ જેવી સ્ત્રી ઋગ્વેદના મંત્રો રચતી, લીલાવતીએ ગણિતશાસ્ત્ર બનાવ્યું, ગાર્ગી યાજ્ઞવલ્ક્ય જેવા ઋષિને શાસ્ત્રાર્થમાં હરાવે, સરસ્વતી જેવી સ્ત્રીઓ વિદ્યાવાદમાં ભાગ લે, અને કેળવણીના શુદ્ધ સંસ્કારવાળી સ્ત્રીઓ મહાન દેવીઓ તરીકે પૂજાય, ત્યારે જ મનુ મહારાજ જેવા ધારાશાસ્ત્રીની "यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः" એ ઉપમા ખરી નીવડે. ગુણોથી પૂજાતી સતીઓની અદ્યાપિ વિશ્વમાં અમર નામાવલિ છે અને રહેશે, એમાં કંઈ શક જેવું નથી. કવિ ભવભૂતીએ કહ્યું છે. "गुणाः पूजास्थानं गुणिषु न च लिङ्गं न च वयः"

ગુણોવાળી સ્ત્રીઓને ઘણું જ માન મળતું, એમ બતાવનારાં અસંખ્ય પ્રમાણો બ્રાહ્મણ ગ્રંથોમાં છે, તેમ જ રઘુવંશમાંથી પણ પ્રમાણ નીકળે છે. યાજ્ઞવલ્કયે વાનપ્રસ્થાશ્રમ ગ્રહણ કર્યો તે સાંજે તેનો અને તેની વિદ્વાન પત્ની મૈત્રીયી વચ્ચેનો સંવાદ, તેમ જ તે જ ઉપનિષદ્-

માંથી વિદેહ રાજા જનકની સભામાં વિદ્વાનોના મહાન મંડળનો હેવાલ, એ બે પ્રમાણો પૂરતાં છે. સ્ત્રીઓની ગતિ અને કાર્ય, ઉપરના અયોગ્ય બંધનમાંથી મુક્ત હોઈને તેઓ જે મંડળમાં હોય તેમાં સ્વાતંત્ર્યતાથી ફરતી, જાહેર ઉત્સવમાં જતી, ધર્મયજ્ઞો કરતી, અને મિત્રોમાં પરસ્પર મળવા જઈ શકતી. આથી વધારે તેઓને મિલકત અને વારસાનો હક્ક પણ મળતો. ત્રણ હજાર વર્ષ અગાઉ હિન્દુસ્તાનમાં જે માન સ્ત્રીઓને મળતું તેના કરતાં વિશેષ માન ગ્રીસ અને રોમ જેવા દેશોમાં તેના અતિ સુધરેલા દિવસોમાં પણ તેમની સ્ત્રીઓ મળ્યું નથી.

મધ્યકાળમાં પરદેશી રાજ્યોના હુમલાને લઈને અશાન્તિ પેદા થઇ હતી, અને તેથી તેના પરિણામે સાંપ્રત સમયે સ્ત્રી કેળવણીની સ્થિતિ ઘણી જ શોચનીય છે.

સ્ત્રીકેળવણીની ખરાબ સ્થિતિ થઈ. સ્ત્રીઓનું પરદેશી રાજવીઓ હરણ કરતા. તેથી તેઓને ઓજલ પડદામાં રાખવામાં આવતી. જે દેશની સ્ત્રીઓ ધર્મશાસ્ત્રોના વાદવિવાદની જાહેર સભાઓમાં ભાગ લેતી અને ધર્મક્રિયાઓમાં સાથે રહેતી, તેમને આમ ગોંધાઈ રહેવા વિદેશી રાજ્યોએ ફરજ પાડી, અને શાસ્ત્રાર્થ કરનારી, પવિત્ર આર્ય ભગિનીઓએ પરપુરૂષ સાથે વાત કરવામાં પણ પાપમાં પડવાની ધર્મશાસ્ત્રોની આજ્ઞા ગ્રહણ કરી. ૧૮૪૫ સુધી તો સ્ત્રી-કેળવણીની સ્થિતિ ઘણી જ ખરાબ હતી. સ્વ. દાદાભાઈના પ્રયત્નથી સ્ત્રીકેળવણીનું દ્વાર ખુલ્યું હતું. તો પણ બાળાઓને સ્કૂલમાં મોકલવી એ ચિત્તોડનો ગઢ જિત્યા બરાબર હતું. સદ્‌ભાગ્યે લોકોની લાગણી કેળવણી તરફ હોવાથી ભવિષ્યમાં સ્ત્રીઓ પ્રગતિ કરશે.

સને ૧૯૧૧ના મુંબઈના સેન્સસ રીપોર્ટમાંથી જણાય છે કે મુંબઈ શહેરમાં દરહજારે ૧૨૩ સ્ત્રીઓને લખતાંવાંચતાં આવડે છે. તેનાથી બીજે નંબરે ગુજરાત આવે છે. દરહજારે ૨૬ સ્ત્રીઓ ભણેલીના વર્ગમાં આવે છે, અને કર્ણાટક, દક્ષિણ, તથા સિંધનું પ્રમાણ ઘણું ઓછું છે.

સ્ત્રીઓને કેળવણી આપવાથી તેઓની અંદર જે વહેમ જડ ઘાલીને બેઠા છે તે જડ-મૂળથી ઉખડી જશે. આધુનિક કેળવણીએ હજારો વર્ષથી જડ ઘાલી બેઠેલી રૂઢિયો સામે બળવો જગાવ્યો છે.

સાંપ્રત કેળવણીમાં ખામીઓ નથી તેમ તો આપણે ન જ કહી શકીએ. હાલના શિક્ષણમાં નીતિ તથા ધર્મના શિક્ષણ માટે કોઈ પણ પ્રકારની ખાસ વ્યવસ્થા નથી. હાલની કેળવણી સાહિત્યાત્મક (literary) છે, પણ આધ્યાત્મિક (spiritual) નથી.

હિન્દમાં સ્ત્રીકેળવણીનું પ્રમાણ અન્ય દેશો કરતાં ઘણું ઓછું છે. હિન્દની વસ્તિનો અર્ધ ઉપરાંત ભાગ સ્ત્રીઓનો છે. ત્યારે તેમાં બે જ ટકા સ્ત્રીઓ ભણે છે. બાકીની ૯૮ ટકા કેળવણીવિહીન છે, જ્યાંસુધી સમાજનું અર્ધું અંગ કેળવણી વગરનું છે, ત્યાંસુધી આપણાં ગૃહમન્દિરો એ જ શોકજનક સ્થિતિમાં રહેવાનાં. બાળકોની ખરી કેળવણીનો પાયો માતાથી નંખાતો હોવાથી સ્ત્રીકેળવણીની અત્યંત આવશ્યકતા છે.

સામાન્ય રીતે દરેક સ્ત્રી જેને ઘરસંસાર ચલાવવાનો છે તેને વાસ્તે કેળવણી ઘણી જ જરૂરની છે. દરેક સ્ત્રીએ ઓછામાં ઓછું એટલું તો જાણવું જોઈએ કે જેથી કરીને તે પોતાની માતૃભાષામાં લખેલાં પુસ્તકો સહેલાઇથી વાંચીને સમજી શકે, તેમ જ તે ભાષા દ્વારા પોતાના વિચારો દર્શાવી શકે. તેઓને દરેક વિષયનું જ્ઞાન આપવું જોઈએ, અને તે બાબત ધર્મના જ્ઞાન સંબંધી છે. જે સ્ત્રીમાં ધર્મભાવના નથી, તે સ્ત્રીના નામને જ લાયક નથી. ધર્મ

એટલે અમુક ધર્મગુરૂએ સ્થાપેલ તેનું નામ ધર્મ નહીં, પરંતુ જેનાથી મનુષ્ય મનુષ્ય વચ્ચેનો સંબંધ ન્યાયથી જળવાઈ રહે તેનું નામ ધર્મ.

સ્ત્રીઓને અંગ્રેજી કેળવણી આપવી કે નહીં, એ વાદગ્રસ્ત પ્રશ્ન છે. ઘણાનો મત એવો છે કે સ્ત્રીઓને માત્ર ગીતાનું અધ્યાયન કરી શકે તેટલા પ્રમાણમાં સંસ્કૃત કેળવણી આપવી અને અંગ્રેજીની આપવી નહીં. પણ આવો ભેદ શા માટે? શું એકલો પુરૂષ જ અંગ્રેજી કેળવણી તથા બીજું બધું જ્ઞાન સંપાદન કરી શકે? સ્ત્રી તથા પુરૂષ બન્ને સમાજનાં અંગો છે. જો એકને અંગ્રેજી કેળવણીની જરૂર હોય તો બીજાને શા માટે નહીં? ધર્મ માત્ર સ્ત્રીઓને જ શા માટે? ધર્મ એ એક પ્રકારનું ઝેર છે. એ ઝેર એકલી સ્ત્રીઓને ખવડાવી, અજ્ઞાનમાં તેમને ધકેલવી છે? પરંતુ એ જમાનો ગયો છે. હવે સ્ત્રીઓએ માથુ ઉંચક્યું છે. હાલની સમાજ-રચના અસમાનતાના પાયા ઉપર છે તેને સમાનતાના પાયા ઉપર મૂક્યા સિવાય ઉન્નતિની આશા રાખવી, તે આકાશકુસુમવત્ છે. સમાજરચનાને મૂળમાંથી ઉથલાવી પાડી સમાન-તાના પાયા પર નવી સમાજ રચવી પડશે. કેટલાક કહે છે કે સ્ત્રીઓને કમાવા જવું નથી, એટલે શા માટે તેને અંગ્રેજી કેળવણી આપવી જોઈએ? પરંતુ જ્યાંસુધી સ્ત્રીઓને આર્થિક સ્વતંત્રતા નહીં મળે ત્યાં સુધી તે દુ:ખમાં જ રઝળવાની, ત્યાંસુધી તે પુરૂષની ખાનગી મિલકત બની રહે છે. પરંતુ જો તે આર્થિક સ્વતંત્રતા મેળવી શકી હોય તો તે પુરૂષની મિત્ર તરીકે ઉભી રહેશે.

આધુનિક કેળવણી પામેલી સ્ત્રી ગૃહમાં અને સમાજમાં શાન્તિ ફેલાવશે. તે, દશ ઉપાધ્યાય કરતાં એક આચાર્ય, સો આચાર્ય કરતાં એક પિતા અને હજાર પિતા કરતાં એક માતા, બાળકના શિક્ષક તરીકે વધારે માનને અને આદર્શને પાત્ર છે, એવું મનુનું મહાવાક્ય સિદ્ધ કરી બતાવશે.

હાલનું શિક્ષણ પામેલી સ્ત્રી, જીવન સાદું અને મનન ઉંચું રાખશે, શરીર સુદૃઢ અને હૃદય કોમળ રાખશે; અંતર શાન્ત અને બુદ્ધિ ચપલ રાખશે, વાસનાઓમાં વૃદ્ધ અને ક્ષમામાં બાલક બનશે. ઉદારતામાં પુરૂષથી ચઢીયાતી, સ્વાર્થમાં પુરૂષથી ઉતરતી અને સંસ્કૃતિમાં પુરૂષની સમોવડી બનશે. સહનશીલતામાં સીતા જેવી, સ્નેહમાં સાવિત્રી જેવી, બુદ્ધિમાં ગાર્ગી જેવી, અને બહાદુરીમાં જોન ઓફ્ આર્ક જેવી પ્રકાશશે. ગૃહમાં મંત્રી અને સમાજમાં સહાયકનું કાર્ય કરશે, કેળવણીમાં મોખરે ઉતરશે અને રાજશાસનમાં સલાહકાર તરીકે આદર પામશે. નિરક્ષરતા અને અજ્ઞાનને દેશવટો આપશે. સર્વત્ર જ્ઞાન, જ્ઞાનનો દીપક પ્રકટાવશે. ગૃહરાજ્યમાં અપૂર્વ રસ લેશે, પણ દેશના રાજ્યથી છૂટી પડીને નહીં. વસ્તીપત્રકમાં માત્ર બાળકોને જન્મ આપનારી અભણ માતા તરીકે જ નહીં, પણ સમસ્ત સમાજના અતિ ઉપયોગી અંગ તરીકે પોતાના નાના સંસારના લ્હાવાઓ ભોગવશે, પણ સમાજરૂપી મોટા સંસારના લ્હાવાઓને તિલાંજલિ આપીને નહીં.

આધુનિક શિક્ષણ પામેલી સ્ત્રી સ્વતંત્રતાને પૂજશે, પણ રૂઢિને નહીં; અમાવાસ્યાને નહીં, પણ પૂર્ણિમાને; ગ્રહણને નહીં, પણ સૂર્યને; મૂર્તિને નહીં પણ આત્માને; પુરૂષને નહીં, પણ પુરૂષના હૃદયને.

સાંપ્રત કેળવણી પામેલી સ્ત્રી પોતાની કે પોતાના કુટુંબની ઉન્નતિથીજ સંતોષ નહીં માને, પરંતુ ઘેરઘેર અને શહેરશહેર પોતાની માતૃભૂમિના ઉન્નતિનો ધૂની જગવશે. સ્ત્રી પોતાના

અને પુરૂષનાં પરસ્પર કલહ અને ક્લેશમાં પોતાનું કીમતી આયુષ્ય નહીં વીતાવે, પરંતુ ઉભયના કલ્યાણ માટે પોતાની સર્વ વાસનાઓનું અને મમતાઓનું બલિદાન આપશે અને પુરૂષને આપતાં શીખવશે; પોતે દેશનું હિત કરવા અસમર્થ હશે તો પુરૂષને તેની કલ્યાણપ્રવૃત્તિમાંથી અટકાવશે નહીં. પુરૂષમાં કાંઈ પણ જવાહીર નહી હોય તેથી પોતે તેની છાયાની પેઠે નિશ્ચેતન પડી નહીં રહે. ભવિષ્યની પ્રજાનું રક્ષણ પુરૂષથી નહીં થાય તેથી પોતે પણ પુરૂષની સામે હાથ જોડીને બેસી નહીં રહે. પુરૂષજાતિનો ફાલ દિનપ્રતિદિન રસકસ વિનાનો નીકળશે, તેથી પોતાની જાતિનો ફાલ પણ પુરૂષજાતિનું અનુકરણ કરી બગાડવા તત્પર નહીં થાય. નિરાશાભરેલ સંકુચિત, મલીન અને જડ વિચારોનો કચરો ગમે ત્યાં પ્રિય સ્નેહીજનની માલિકીનો હશે, તો પણ તેને આશાભર્યા, વિશાળ, નિર્મળ, ઉછળતા, વિચારોના ધોધથી ધોઈ નાંખતાં અચકાશે નહીં, અને આખા દેશ ઉપર સાત્વિક આનંદ અને ચેતનનો સાગર છલકાવવાને પોતાની વહાલામાં વહાલી વસ્તુનો ભોગ આનંદભેર આપશે.

આધુનિક કેળવણી પામેલ સ્ત્રી જૂના જમાનાના ધર્મ કરતાં નવા યુગના ધર્મમાં વધારે તલ્લીન રહેશે, આત્મિક ઉન્નતિની વાતો કરવા પહેલાં શરીરના અને મનના મળ ધોવાનું કાર્ય પ્રથમ પાર ઉતારશે, મંદિરો શણગારવા પહેલાં મંદિરો તરફ દોરી જતા રસ્તાને પ્રથમ ઝાડીઝુડીને સાફ કરશે, વેદોનો માત્ર મુખપાઠ કરવા પહેલાં શરીરને તંદુરસ્ત, મનને સ્વસ્થ, હૃદયને ઉદાર, અને આસપાસના વાતાવરણને ચેતનમય બનાવવાને પ્રથમ પગલાં ભરશે; ભાષણો આપવા પહેલાં તીવ્ર બુદ્ધિ, ઉદાર, પ્રામાણિક ઉદ્યમ સંગીન અભ્યાસ, વિશાળ અનુભવ, નિર્દોષ વર્તન, અને ભીના જીગરની સામગ્રી પ્રથમ તૈયાર કરી રાખશે, ઉપદેશ આપવા પહેલાં ઉપદેશ આપવાનો અધિકાર પ્રથમ પ્રાપ્ત કરશે. હક્કો માગવા પહેલાં હક્કોનો ઉપયોગ કરવાની કલા પ્રથમ હાથ કરશે. મોટા મનોરથો બાંધવા પહેલાં ન્હાના ધર્મો બજાવશે, મોક્ષનું શાસ્ત્ર શરૂ કરવા પહેલાં સંસારશાસ્ત્રમાં પારંગતતા મેળવશે. સીતાના આદર્શનાં ગુણગાન ગાવા પહેલાં મીસ ફ્લોરેન્સ નાઈટીંગલના આદર્શ સુધી પહોંચવા પ્રથમ પ્રયત્ન કરશે, ધર્મગ્રંથોનો જ્ઞાનનો ફેલાવો લોકોમાં કરવાને બહાર પડવા પહેલાં સ્વચ્છતા અને આરોગ્યશાસ્ત્રનો એકડો તેમની પાસે પ્રથમ ઘુંટાવશે. ઋષિમુનિઓનાં દષ્ટાંતોનું અનુકરણ કરવાની સભાઓમાં અપીલ કરવા પહેલાં સાદા શહેરીના આદર્શ જીવનનો મર્મ પ્રથમ ન્હાનાં ઝુંપડાંઓમાં સમજાવશે. સમસ્ત વિશ્વના આધ્યાત્મિક કલ્યાણ કરવાની પ્રતિજ્ઞા લેવા પહેલાં પોતાના દેશની આર્થિક અને સાંસારિક ઉન્નતિ કરવાનું કાર્ય પ્રથમ સિદ્ધ કરશે.

સાંપ્રત કેળવણી પામેલી સ્ત્રી બોલશે વિશેષ, પણ બકશે ઓછું; ચાલશે વિશેષ પણ ઉંઘશે ઓછું; વાંચશે વિશેષ પણ નિંદશે ઓછું; વિચારશે વિશેષ પણ શણગારશે ઓછું; ભાગશે વિશેષ પણ પજવશે ઓછું; પડદા કરતાં પ્લેટફોર્મ શોધશે, મંદિરો કરતાં મેદાનોમાં વિશેષ મહાલશે, કપડાં કરતાં પુસ્તકો વિશેષ સંભાળશે, ફર્નીચર કરતાં સ્વચ્છતા વિશેષ સાચવશે, જીભ કરતાં મગજ વધારે વાપરશે, વાર્તાઓ કરતાં વિજ્ઞાન વિશેષ વાંચશે, ઈર્ષ્યા કરતાં સ્પર્ધા વિશેષ બનાવશે.

મામાની પોળ
વડોદરા

વીરસિંહકૃત

ઉષાહરણ

[સંપાદકઃ—રા. રા. ભોગીલાલ જયચંદભાઈ સાંડેસરા]

[અનુસંધાન પુ. ૨, અંક ૩, પૃષ્ઠ ૩૨૯થી ચાલુ]

શિવને મધ્યસ્થ બનાવ્યા

(દૂહા)

'ઉલખિ અચ્છિ માહરિ સર માહેસર ઈશ,
ચાલિ તિહાં,' ચિત્રા ભણઈ, 'જિમ સખાવૂં સદરિસ.'
કર્ણુવાર તેહ જ કરી જિણિ ચક્ર મનમાહિ,
લેહા તષિ લેઈ ગઈ શિવહ તણઈ સ્વસ્થાનિ.
ઉલખિ અંતર, બાંહ દિ; પરભુ, પંચવક્ત્ર,
સદરિસ નવિ વિસાદ થાં, ચાડ સારિ, કહિ ચિત્રિ.
પહિલું બોલ્યૂં કૂટરૂં હર કહિ હોઈ ન વાદ,
સદરસ નં વિંચી સી વિધિ, દાનવિ, દિ તું સાદ.

(ચૂપઈ)

'કુંઅર પરણાવિસુ કામિની, આરાધિસુ પરિ ઈશ્વરતણી,
ઢીલિ કરૂં જો પ્રમાદ, સિદ્ધનાથ[77] તિહિ [વહિરિ સાદ.
વરનું બોલ્યું બહુ એ અભ્યસ, વર જિમાડી તુ હું જિમસુ,
શિવસાનિધિ સગ્ગ હૂં કરૂં એણિ વર મરતિ સું મરું.'

(દૂહા)

સત્ય વચન સારી કરી, હોય સિદ્ધ[78] તવિ સાદ
લાજિ વચન લોપ્યું નહી પણિ એ આવ્યુ વાદ.
ગયા ચક્ર ગઢપાખલિ મંડિ પૂરિ માહેશ.
ચિત્રા મનમાહિ ચિંતવિ પુરી અ તણ્ પ્રવેશ.

અનિરુદ્ધહરણ

(ચૂપઈ)

પુરી અ પ્રવેશ કિય પરપંચિ, ચિત્રા વેલૂ ભરી કરી ચંચિ.
મૂરછમંત્ર ઉપાસન કરી કારણ લંઘી ધરિ ધરિ ફરિ.
અલોપ દષ્ટિવા અંજન જાય અંજી અંખિ ફિરિ પુરમાહિ,
દેવી શ્રીના દહુર હેઠિ પુઢિઉ પુરુ ખત્રી પડ્યુ દ્રેઠિ.
પઈઠી મંદિરિ પાટ છકુ પાટ, વેગિ વિછોડી હીંડોલાટ
એહી[79] ગૃધિ ઊડી આકાસિ, બુહુ મહુરતિ[80] પુહતી આવાસિ.
હરિ અનિ હલધર રાયહ તણૂં [81]દહદિસિ માણુસ દીસિ ઘણૂં.
એક જાઈ એક આવી રહિ, કો કહિની સાર નવિ લહઈ.

---

૭૭ રાધનાથ. ૭૮ રાધ. ૭૯ એઈ. ૮૦ મહોરતિ. ૮૧ હરહલરાય હરહલહ તણૂં.

(દૂહા)

દેવઈ સરજી સુખિની ઈ ઇસી અદેખી જાતિ.
દેવીમનિ દૂહવણ થઈ, સોલ સહસ્ર રलીયાતિ.

રૂક્ષ્મણીની ચિન્તા

(ચૂપઈ)

દેવી શ્રી મનિ દૂહવણ ધરઈ, આગલિ રાવ રાઉ જે કરિ,
'હીંડોલાટ પુત્ર પુઢિઉ, લાગૂ કો બંધી લેઈ ગઇઉ.' ૪૭૫
નારાયણ જંપઇ: 'સુણિ નારી, દુષ્ટ પઇસિ નહી પુરી અ મઝારિ.
અભ્યાગત સંત આવયુ, પ્રીતિ કરી પુત્ર લેઈ ગયુ;
કેવિ ગય કુંઅર મુહસાલિ, કેવિ પચ્યો રામતિનિ ઠામિ,
કેવિ ગયુ સમોવડ[૮૨] સાથિ, કઈ ચડુ આરતિ અબલા હાથિ.
દેવી શ્રી[૮૩], મન દુહવણ નાંણિ, માહારિ મુહિછિ લંબા પાણિ; ૪૮૦
જિહાં કિહાં થિકુ જાણિસુ તિહાં થિકુ સોધી આણિસુ.'

(દૂહા)

પુત્ર જો આવ્યો પ્રી કહી જલધૂ મંદિરિ જાએ,
ચાલી ચક્રપુરી થિકી; કિસી ગઈ કથા.

અનિરુદ્ધનો નિદ્રાત્યાગ

(ચૂપઈ)

માંડી ખાટ માંહિ આવાસિ, ઉષા રહી પગનિ પાસિ,
ઉત્તમાંગિ દિશ ઉભી ચિત્રિ, નિશિભરિ પોઢચો શ્રી હરિપુત્ર. ૪૮૫
'જગતિ હૂં તો આણ્યુ આંહ, ઉષાકુંઇરિ, મઇ તાહરુ નાહ,
જૂઠુ ઇ તિસી આણ્યુ અચ્છિ, ખડ્ગ સાંતિ જગાવૈ પચ્છિ.[૮૪]
સાંતિ ખડગ ઉષા તિણિ વાર મોટણ લાગુ દેવકુમાર;
મૂરછ મંત્ર નિશિને અંતિ, તેણિ અવસરિ સા બઇઠુ ચંતિ.
મંડલિ ભગતિ તણો ઉપાય, વેણિ સરિસુ ઢાલિ વાઉ, ૪૯૦
કર નહલાઈ ભણી કઠિન તલાં તલાંસિ સરિસાં તંન.
શામા ગઈ સમિ થયુ પ્રભાત, વાજિત્ર તુ વાગાં અનહાત.
જાગ્યો નર સાંભલી નિનાદ: કારણ...શંખ નહી નાદ?
ઊઠિઉ અશિમર ઝાલિ[૮૫]જાંહિ, બિહું કામિનિં ત્યાં સાહ્યો બાંહિ:
શૂરવૃત્તિ શી તાહરી રાય, અબલા ઊપરિ ધાલિશ ઘાઉં! ૪૯૫

ચિત્રલેખા અને અનિરુદ્ધનો સંવાદ

(દૂહા)

અનઈ કોઈ કરતુ હઈ વામા કેરુ વધ
તઈં વારેવૂં તે ઘટિ આડુ થૈ અનિરુધ.

---

૮૨ સમોવડ. ૮૩ મણ. ૮૪ પચ્છિ. ૮૫ ધાલિ.

રાજપુત્રની રીતિ જ એહ, ગોબ્રાહ્મણસ્ત્રીબાલ,
કરિ કુંભ કુંઅરી કહિઈ, એહવો નહી પ્રતિપાલ ?
જગતિ હૂતુ આણિઉ હરી મઈ તું પુરી અ મહેશ.
પગ પખાલી તાહરા સહીયર માહારી દેશિ.
ભગતિ કરૂં ભામિની દ્વિયું, કાઢિસિ મ ખંડૂ કોપિ,
કુંભતણી કુંઅરી કહિ નીરંતા મ મ ઠેપિ.'

(ચૂપઈ)

અનિરુદ્ધ ભણઈ: 'અપત્તિ હું બાલ, પખિ ગુરુ ગોત્રજ મુહુંસાલ
આપ જ પરણૂં હૂં આફણી, આવિ કલિ તુ હામણ ઘણી.'
તુ બોલી કુંભાંડકુમારી : 'વર તું કૃત્ય મ કથનિ મ વારિ,
કિયાં પિતામહ તાહરા તણાં સાંભલિ પારણેત્ર સાચણાં ?
મહિણ મથીનિ લક્ષ્મી ધરી કલત્ર કણ્ણા સુર પાખિ કરી,
કહીઇ જાઇ જનકકુંઅરી દશરથ પખઇ દેવસી વરી,
તનયા રા ભીમકહ તણી આણી ઊદાલી રિખિમિણી,
પૂછ્યા પખઈ જ વસુ-દેવકી માનિની આણી મથુરા થિકી,
જાયા જામવંતીની હોઈ, પરણી તાં નવિ પૂછૂં કોઇ,
નંદ ગોપનું કેવિ ગોપાલ કરિ કરિ આવી વિવીસાલ;
વલી એક વર સંભલિ વાતઃ જિણિ પરિ પરણ્યો તાહરુ તાત,
ગુણ રાજાની પુત્રી રીતિ, વાહી રૂપ વિભ્રમ્યુ ચીંતિ,
ઝંગે જાસ તણિ ઘરિ જાઇં, ચિંતા કરુંતુ વિહાણામાહિ.
કણ્બ સવે વિમાસણ કરી દયા કરી દીધી દીકરી.
વલી થયુ બે વામામણી, સાસરિ સેવા કીધી ઘણી,
ઘરજમાઇ પણ પતગરી, કાલતણી તે કુંઅરી વરી.
સુણિ ન સામુદ્રિક યાદવવીર, માહરી સખીનું પરખિ સરીરિ.
ઉત્તમ લક્ષણ તુ આ વરે, પાડૂઈ હુઈ તુ પરહરે.'

(દૂહા)

વારિ તિણઇં વરશિંગ કહિ, કંદર્પ તણઇ કુંઆરિ
જોઈ અખિ ચુહુડી કરી કેસ પગ લગઈ નારી.

ઉષારૂપવર્ણન

(છંદ પાધડી)

મતંગણી[૮૬] પરિ ચાલંતિ ચરણિ, લાગંતિ ફણા ધ્રૂઅ પણિ ધરણિ,
કટિ કડીએ વછિ ત્રિવલિ વલિ જત રોમરાય સર્વંગિ અ વલિ,
નાભિનંદક દક્ષિણાવર્ત્તિ ખડોખડી ય કરતલિ રત્તિપત્તિ,
ઉરથલિ સાથલ બહલ અંગિ, કુચ કઠિન ફલિત લઘુ માતુલંગિ,

૮૬ મકંગણિ.

મધુરવર્ણિ વલસરહ પાણિ, અંગુલીય કચુલા ફ્લીય જાણિ,
રત્તોમણિ પદ્મ નિ પુહવિ પંક, વનિ વસંત અંગહ[૮૭]એવ નખ,
પિાખ બિંબીફલ કરિ અહિરત્ત વયરાગર હીરા દંત યુત્ત,
મરકલ્લિ ગલ્લિ દેઈ હસતિ મંદ, મુખ દીપતિ માણિકઠારિ ચંદ,
અણીઆલ ધાર ધૃણાલ નાસ, કરિ કાઢિ કંડાલિણિ થૈ અણાસ,
મૃગલોઅણી જોઅણી રૂપ ધત્તિ આદિત્ય કરૂ રુવ [૮૮]સૌમ્ય અત્તિ,
ભૃવંક[૮૯]તિ પુષ્પ અંકુડિય અકાર, કૃશ બાલ કાલ અણીયાલ સાર,
સવિ ઝમિ રોમ દવીસરીરિ, નિર્મલ પણિ કુંપી કેવિ નીરિ,
લહલહવડાટિ શ્રવંગિ અવડિ અવયડ કણુયર કંબ જેવડિ,
તિહાં તનવંન સોવન્ન સોલ, અખિ અંજિ અંજનિ, મુખિ તંબોલ,
સરિ વેણી કડિ લગઇં ઢલહલંતિ, રાખડીય કિ ફણિમણિ[૮૯] ઝલહલંતિ,
વિચિ સહિથઈ ભરી સીંદૂર રેખ, વરતરુણિ[૯૦]કિરણિ પ્રત્યક્ષિ[૯૧]પેખિ[૯૨],
નલાટિ આડિ[૯૩]પીયલિ કિમચ્છ, તલિ મયંક ટીલીય સરિચ્છ,
કનિ ઝાલિ ગલિ લગી વીજજોતિ : ખીંટલી હંસલી પ્રાશિ[૯૪] મોતી,
નગોદર દોરા કંઠિ હાર, કંચલીય કમખિ કસણુ બાર,
કરિ કંકણુ કંબલિ કણુયચૂડિ, અંગુલીએ ખટ મુદ્રડીય રૂડી,
મણિમેખલિ કડીઆલિ ખલહલંતિ, પાએ નેઉર રણુઝણંતિ,
પંગણિ પટુલી લિખિત રૂપ, માલતી માઉલ ઉરિ, શીશ ખૂંપ,
મણિહાર મયંકહ ગલિ રાજેહ, આભરણિ તે ઉપિ અંગિ એહ,
શશિબિંબ તે દીસિ એવ નિર્મલિ ઈમિ ઉષા વડી ચિત્રલેહ જમલિ.

(દૂહા)

અંતરપટ ટાલ્યાં પછી જિમ વર કન્યા જોઈ,
વર સાંહાસ્ વાલી કરી કન્યા કિં નવિ જોઈ ?

અનિરુદ્ધરૂપવર્ણન

(ચૂપઈ)

સરલો સર્વ શરીરહ ડાલિ, પલંબ વેણી પુનહી ભાલિ,
ઊચિ નાકિ, અનોપમ નયણિ, અર્દ્ધુ બાર કિ ઊગ્યા વયણિ,
રાતા નખ, અહર[૯૫], નર સણિ, હીરા બઈઠ બત્રીસિ ડસણિ,
કંઠ થોર, હલહૌયાં કંન, પુંઠિ ડંડ પરનાલ સમંન,
ત્રિગ પગ પંચાયણ પઈ લંક, અવલોઈ ન સકિ તેહ અંક,
સુલલિત પીઈ કરતલ્યાં ચારિ, લક્ષણ લિખયાં રાજમઝારિ,
ધ્વજ પ્રાસાદ પદમ પ્રાકાર ઊર્ધ્વ સંક સરેષ અકાર,
ટોડા[૯૬] સાથી તોરણ ધર્યા, ભમર્યા શ્રેષ્ઠિ ફેરુ એક ફર્યા,

૮૭ અગ્ગહ. ૮૮ ફફ. ૮૯ ભૂઅંગ. ૮૯ ફણિમિણિ. ૯૦ વરતુરણિ. ૯૧ પ્રત્યેષિ. ૯૨ પોષિ. ૯૩ તાડિ. ૯૪ પ્રોધિ. ૯૫ આહિર. ૯૬ ટોટા.

રાતી રેખ હથેલી તણી, જસ જીવી ધન રેષા ઘણી.
વરશિંગ ભણઈ વપુછવિ ગમી,[૯૭] વર દેખી વામા વિભ્રમી.

(દૂહા)

ભણીય ચલાવૂં ભેટણૂં મીઠૂં લેઈ મહિરાણ,
અનિરુદ્ધનું તે કિમ કરું વરશં કહિ વખાણ: ૫૬૦
પનરપંચ પ્રાક્રમ તણાં, સોલહ બિમણિ શરીરિ
એ લક્ષણ અંગિ હૂઆં, બહિનિ, તે બાવનવીર.
પૂજિ પંચ વરસ પછૂં અમયા મિસિ વિશેષિ,
અમ્હે આરાધી ઉદરિ થ્યાં, વરતું વર વારેસિ: ૫૬૫

ઉષાનાં પૂર્વપુણ્યોની કલ્પના

(ચૂપઈ)

આણી છાણી હોલી રાખ ગંગા માટી મેલી નાખ,
મિલી તે સ્વામિનિ પિંડુ કીયુ, બીલિ તણુઉ નાજુટ માંડિઉ.
ઘટયુગ થચિહુ પોલિ સરીસિ, સોલ ગુરિ સત્તરમુ ઈશ,
પૂજા કીધી પ્રતિદિન સોલ, પછઈ હીંડોલી હીંડોલિ,
નવનૈવેદ્ય આરતી કરી, ધૂપ દીપ તિહિ આગલિ ધરી, ૫૭૦
પ્રભાવી ચૈત્રહ પરવેશિ વર તું અનિરુધ વર વરેસિ.
બ્રહ્મ વહિ પૂરવ પ્રવાહિ, ગુરિ ગલાસમી મંડી માંહિ,
સા પૂજી જે સોરઠ દેશ, વર તું અનિરુધ વર વરેસિ.
ભાદ્રવડઈ જાઈ ભરુઅચિ, નાહી રેવા નિસિહરિ વચ્ચિ,
સોલે સરિ ભરતીસિર સેસિ, વર તું અનિરુધ વર વરેસિ. ૫૭૫
તિલવટ માટી મેલી કરી, પાણી પલ્હાલી સરસરી,
અબલા મલી ઊટડી ઘડી, ગુરી ગૂઝણા ઉપરિ ચડી;
મંડી લેઈ માહિ આવાસિ, પૂજી દૈવકિ માગશરિ માસિ,
પછઈ કીધઉ જલહર પ્રવેશ, વર તું અનિરુધ વરેસિ.
મજ્જન કીધુ માઘ પ્રયાગ, ઉન્હાલઈ સાધી પંચાંગિ, ૫૮૦
વરિષા રિતિ પડવા મુખ દેશિ, વર તું અનિરુદ્ધ વર વરેસિ.
હેમવર્ત હેમાલિ કડણિ સા પૂજી સૂરિજ ઊગમણિ,
નિત પૂજીનિ ગલતે કેશિ વર તું અનિરુધ વર વરેસિ.
લગઈ જેઠ લુ પ્રાણિ ચડી, ગુરિ સરિ કીધી ગલતડી,
માસત પૂજી સહિત મહેશ વર તું અનિરુધ વરેસિ. ૫૮૫

(દૂહા)

સુ સુ વરસુ સાત જનમ મઇ ભોગવ્યાં વનવાસ
કારણ હૂં કાશી વસી વર તાહરા ઘરવાસ.

---

૯૭ ગમઈ.

ઉષા–અનિરુદ્ધનું લગ્ન

(ચૂપઈ)

મંડ વિવાહ ગન્ધર્વિ ગમનિ, લેહા પરણાવઈ શુદ્ધિ લગ્નિ;
અર્ધબિમ્બ ગ્યુ નિશીથનાથ કિય મેલાવો હાથોહાથિ.
હૂયવહ થાનકિ કીઠુ કિઉ, પરણીનુ થંદિલ માંડિઉ,
તિલ જવ થાહરિ તે લિ ભરી, સાહી વાહાડી શિરૂઅ કરી,
વયણુ મંત્ર નિ વેદોચ્ચાર, સખી સાચવિ સવિ આચાર,
મણિ મીડહલ હાર વરમાલ, બંધ્યા છેહ બહિનિ તિણિવાર.
લાડૂ મોરી કિયા કંસાર, સખી સાચવઈ સવિ આચાર૯૮;
બે સમાણાં બે લૌહડાં, રાજકુંઅરિ નિ બેઊ અડા,
દિસિ થૈ નમાવ્યાં ગોત્રજ, પ્રીછઈ સાર્યું ઊપરિ સેજ;
બેલ જમલિ બઈસારી સહી આપિ લેહા અલગી રહી.

(દૂહા)

આઠ પુહર અંગહ તણી શામા કરિ જ સેવ;
ઊગિઉ અનિ આથમ્યુ દીસ ન જાણુઇ દેવ.
ચતુરપણૂં અતિ ચાહવા નારી જંપિઈઃ 'નાહ,
એક વાર અહ્મનઇ કહુ અર્થ હૈયાલી આંહ.

પરસ્પર સમશ્યા

(હૈયાલી)

'પાણિ વસિ પણિ નહી અ જ જલચર, બિહુ પરિ ધારા નહી પણ અશિમર,
અણી અગ્ગલુ નહી પુણ કુન્તહ, કહૂં નહીં, લહિ કિમ ધીમંતહ?'
અનિરુદ્ધ ઉષા પ્રતિ કહિ, 'અરથ હૈયાલી એહ
કહિતાં લાધૂં કામિની સુરતકલહરસ તેહ.'
'દીસઈ ધવલુ બેઉ ધાર, આપિ રાજ કરી સંથાર,
ક્ષત્રીનું દેહરાસર દીસિ, શંકર નહી તે કિસ્યં કહીશિ?'
અનિરુદ્ધ ઉષા પ્રતિ કહિ, 'અરથ હૈયાલી એહ
કહિતાં લાધૂં કામિની મૂં કરમંડણ તેહ.'
'પાખલિ પાલિ ભરી છિ નીરિ, કમલ મઝારિ, અછિ વૃષ તીરિ,
માહિ માનવી ઝીલત દીસિ, સરોવર નહી તે કિસ્યં કહીસિ?'
અનિરુદ્ધ ઉષા પ્રતિ કહિ, 'અરથ હૈયાલી એહ
કહિતાં લાધૂં કામિની એણિ ઓપમ તહ્મ દેહ.૯૯'
'પુરુષ સજીવ નહી પણ માધવ વિણ પ્રતિપાલે નહી પ્રતિ માધવ,
પય હરહરિ નહી પણ માધવ, લંછન હરિ નહી પણ માધવ.'

૯૮ આ ચરણ પહેલાંની કડીમાં એક વાર આવી ગયા પછી ફરી આવે છે, તે નકલ કરનારી ભૂલ જણાય છે. ૯૯ તેહ.

અનિરુદ્ધ ઉષા પ્રતિ કહિ, 'અરથ હૈયાલી એહ,
કહિતાં લાધૂં કામિની, તહ્ન મુખ ઉપમ તેહ.'
હૈઈ હૈયાલી ગોપવી કંથસ્યૂં[૧૦૦] કહી ન જાઇ,
ઉત્તર સ્વજની આપયુ, તત્ક્ષણ તવિ તાઈં
સખી બિ કરતી હતી કંથકેલિની વાત,
વેહિગિ વિછેદિ કરી જૈય જણાવી માય.

માતાનું ઉષા કને આગમન અને ઠપકો

આવી જિણુણી ઉતાવલી ઉષાનિ આવાસિ;
આપિ આલોચી રહી દૂરિ[૧૦૧] મૂકી દાસી.
ઉષાનિ અલગી કરી મન સિદ્ધિ પૂછઈ માત,
'તમ્હે કિસી કરતાં હતાં કંથકેલિની વાત?

(સદ્દૂતરા)

જાં યૌવન તાં સંગતિ મંડિ, યૌવન ગયુ તુ છટકિ છંડિ,[૧૦૨]
પછિ કાજિ ન આવિ કુડુ, વછિ, મિત્રના એ અકુડુ.
સધન ભણી હું લોભિ વાહી, કંઠિ વિલાય દો કરિ સાહી,
ખાવૂં નહી કિસું પુણ ગોરુ, વછિ, મિત્ર નામા એ દોર.
આપ અરથિ મઇં હૈયડિ લીધુ, પરશીનિ તુ પાછુ કીધઉ,
ગલિ બાંહ ઘાલી ચાંપઈ અંચલ, વછિ, મિત્ર નામા એ કંચલ.
ઊપરવાડિ બહિકિઉ શૉડ, મઈ તેડાવ્યો તીણઈ કોડિ,
ખાવૂં નહી પુણ એ કાલુ, વછિ, મિત્રનામા[૧૦૩] એ વાલો.
ઊપરિવાડિ આવ્યો શૉડ, લઈ તેડાવ્યો તીણઇ કોડિ,
પરઊપકાર[૧૦૪] અહ્મસું એ ચડુ, વછિ, મિત્રનામ કેવડુ.
અબલિ ભણી માહરુ કર ગ્રહિઉ, સબલ ભણી તે મઇ સાંસહિઉ,
લાખ દિઉં તુ રાતુ રુડુ, વછિ મિત્રનામા એ ચૂડુ.'[૧૦૫]

(દૂહા)

ઘરમાહિ નર ઘાલી કરી અબલા સીખું એહ,
માનું મન મનાવિઉં સદ્દૂતરાં કરેય.

ઉષાનાં લગ્નની રખવાલને માહિતી

(ચૂપઈ)

ગજગતિ જૈનિ ગૂખિ બઈઠી,[૧૦૬] રાઉતણે રખિવાલે દીઠી.[૧૦૭]
મુખ કમલિ થૈ ચડતી કલા, પુષ્ટિ ઘટિ, વન્નિ પિંગલા,
મીટ થઇ ચખિ મનમથતણી, કંચૂઅંતરિ થાં કુચ અણી,

૧૦૦ કુંથસ્યૂં. ૧૦૧ દૂરી. ૧૦૨ છંડી. ૧૦૩ મિત્રના. ૧૦૪ પરઅપકાર. ૧૦૫ કુડુ.
૧૦૬ બઇઠો. ૧૦૭ દીઠો.

દીઠા બિ અહરિ[108] ડસણા, પુહચિ ચખકા નખજ તણા,
બાલિ ભર્યા કુંકુમ કસ્તૂરી, ખાસા[109] વાલ ખરડયા સીન્દૂરિ,
આંખિ રૈષિ મિશિ ગહિરી[110]ઘણી,રાતડિ ગાલિ તંબોલહ તણી,
ચલચલાટિ ચાહી ચિંતિ ઠવી, કુઈ પુરુષ કુંઅરી ભોગવિ.
વડ રખિવાલો જાણિ બુદ્ધિ, પહિલૂં સાથી સોધૂં સદ્ધિ.

(દૂહા)

વડ રખવાલો વીનવઈ; 'સૌ હોય સુણિયો વત્ત,
એ સઘલાંનિ આવયુ જાણે સોખાભત્તં. (?)

(ચૂપઈ)

આવઇ છઇ જિ એણિ આવાસિ, સહી તે નર જાસઇ નાસી,
છોહોરીની સનથી છૂટસિ, વાર એક કાંબિ કૂટસિ.
પહિલૂં, મન પૂછઉં આપણાં, આપણુ છૂં રખવાલા ઘણાં,
વૃદ્ધ બાલ સહૂ[111] તેહનાં બાણુ ઘાણિ ઘાલી તિજશઇ પ્રાણ.

(દૂહા)

આપણ ઊપહિવાતણો અછિ એક ઉપાય,
આગમિચિ ઊતાવલા જૈમ જણાવો રાઉ.'

(ચૂપઈ)

રાખણ ભણઈ: 'રાઉ, અવધારિ, મારિશિ પછઇ તે પહિલું મારિ,
અમ્હે જે આરોહણિ મેલ્હહ્યા, રાતિ દિવસ તે રાખિ રહ્યા.
પુહરા પાડૂં, પાખલિ ફિરૂં, આઠ પુહર નિદ્રા નવિ કરૂં,
મહિલિ માલણિ નિ છૂટુ આલિ, પઇસતિ પરખું પાણીહારી;
મધુકર, ચિડુ નઈ નુલ માંજાર નર નામિ ન દિઉં પઇસાર,
ઇમ રાખતાં રાઉ ન રખાઇ, ઊઠી આગિ ચીભડયાં માંહિ,
વલી એક પરિ સંભલિ સ્વામી, વાત પડી છિ વડઇ વિરાંમિ,
પૃથ્વીતલિ કો પાડઇ શૃંગિ, વાહનિ કો પરઠવિ વિહંગ,
કેવિ દેહ દેવાતન હોય, મહીયલિ મનિષ ન દીસઇ કોઈ;
કેવિ લિખ્યો ચિત્રસાલિમાહિ જડીઇ છાંડયુ જીવિત થાય;
કિન્નર સિદ્ધ[112] મંત્ર મનિ ધરી કિ આકાશ થિકુ અવતરઇ,
કઈ કરિ ટીલુ અદષ્ટીકર્ણ કઈ વૈતાલ વીર અવતર્ણ.'
ભૂમિપતિ કહિ એ અનહાત, માહરું મન ન માંનિ વાત,
માતુ મેગલ સુંઢિ ધરિ, એકલ કાલ કાંન કાપરિ,
સીહ તણઇ સંચારઇ નાથ, મણિધરનઈ મહિ ઘાલિ હાથ;
ચ્યારિ પદારથ જે નર કરઇ, મઝમંદિરિ પઇ સંચરિ.[113]'

૧૦૮ અહિર. ૧૦૯ ખસા. ૧૧૦ ગણિલી. ૧૧૧ સહૌ. ૧૧૨ શંધ. ૧૧૩ સંહારિ.

બાણાસુરે ચાર યોદ્ધા મોકલવા

(દૂહા)

વડ રખવાલો વીનવઈ: 'અસુરરાઉ, અવધારિ,
વીસ વિસા નર કુંઅરિનિ અછિ મજૂસ મઝારિ.

(ચૂપઈ)

જુ ન માનિ તુ ઊઠી જોઈ, હવણું નર ઘરમાહિ ન હોઈ
કણબ સહિત[૧૧૪] ઘાલે કૂઈ, કઈ જિહ્વા કાઢે તાલૂઈ.'

(દૂહા)

કોપ્યુ બાણ ધણિ પરિ,* ભણઈ: 'રે ઊઠુ જણ ચ્યારિ,
નિગડબંધ બાંધી કરી છાંનુ તે નર મારિ.'

અનિરુદ્ધે યોદ્ધાઓનો વધ કર્યો

(ચૂપઈ)

સૂઅર કંધ, મૂછ અણીયાલ ચ્યારિ યોધ ઊઠયા પુહચાલ,
રાતિ અક્ષિ રીસ ઘણ ભર્યા કન્યાગાર ભણી સંચર્યા.
જાં જૈ જોયું એકઈ ગમઈ તાં ઉષાકુંઅરિ-નર સારે રમિ,
તવ મરડી પઇઠા મઝારિ, એક રખવાલો રાખ્યુ[૧૧૫] બારિ;
ત્રિણિ જણ વિલગા તસ બથ, એકૂ નિગ્રહિ નાવ્યુ હથ,
યાદવ માલવિદ્યા અભ્યાસ, ધૂબિ મારી કાઢયુ સાસ;
એક લેઈ વલગાડી કડિ, કંધિ માથઈ તે ફડફડઈ,
બીજુ પાટુ આહણ્યુ પેટિ, તે તાં પડતુ પડયુ હેઠિ;
ત્રીજુ હણ્યુ અવહથભઈ ઘાય, જીવ તેહતુ તતક્ષણિ જાઈ,
રાઉત રુંઆછ્યુ અપાર, મરડી માર્યા તે તિણિ વાર.
બાહરિ રહ્યુ તિણિ કીધઉ નાસ, જે રા' આગલિ ખાધઉ સાસ.
બાણ ભણઈ: 'કા સાંસભર્ય, કહિનિ વત્ત કેણી પરિ ધર્ય.'
'સામી, તાં સુણિ તેહની વાત, તિણિ નરિ માર્યા વિસમા ઘાત;
અમ્હે જૈ જોયું એકઈ ગમઈ, ઉષાકુમરી-નર સારે રમઈ.
તવ મરડી પઇઠા મઝારિ, હૂં રખવાલો રાખ્યો બારિ;
ત્રિણિ જણ વિલગા તસ બથ, એકૂ નિગ્રહ નાવ્યુ હાથ.
માર્યા છઈ સવિ વિસમિ મર્મિ, હું આવિઉ છોરૂનિ કર્મિ;'
મંડલીક મનિ મચ્છર ભર્યું તદપદનું પરહુ તેડયુ.

બાણાસુરની ચડાઈ

'વહી વેગિ વીંટુ ઉતારુ[૧૧૬],
ગઢની ભોગલ લાધી હાથિ, આપણપૂં ચાલ્યુ ભારાથી
જિ કે યુદ્ધના જાણઈ મર્મ તે આગલિ થ્યા માંડઈ શ્રમ.

૧૧૪ સહત. ૧૧૫ રાક્ષુ. ૧૧૬ ઉતાર્ય. * આ એક ચરણ મૂળ પ્રતમાં નથી.

કાહાલી કલરવ, વાજઈ ઢોલ, વડઉ રાઉત બોલઈ બોલ,
સર સરણાઈ રાગ ધન્યાસિ, આવ્યૂં હાકલણૂં[૧૧૭] આવાસિ.
વાજઈ રણકાહલ રણતૂર, જાણે સેન આસાઢી પૂર.
દેખી દૂસહ રાય બાણસેન; 'હૈ હૈ ખડગ લયું મઝ કેણિ?'
ઉષા તમ ઉઠી આકુલી, સાતું ખડ્ગ તે આણૂં વલી :
'સ્વામી, આ અસિ લુ તમતણૂં, ઓ આવઈ હાકલણૂં ઘણૂં.'
સુણી હાંક હીંસલણા વાજી, કરી સાદૂલ સીહગલિ ગાજિ;
અસિ લેઈ આરોહણ છાંડું, પદ્મિનીસુતિ જે પાધરિ માંડું.
દાદરિ દુહિતા ઢાલી રહી, કટારી કાઢી કરિ ગ્રહી :
'આમ તાત, મ આણેસિ આહિ, વર્ચસ કરિ સવિયનઈ નાહ.'

(દૂહા)

બાણ ભણઈ : 'રે બેટડી, એ સું કીધું કાજ ?
કલંક નહી કુલિ[૧૧૮] તમ્હતણઈ,લંછણ લાયુ આજ'.
બાણ તણી બેટી ભણઈ: 'નશિહર તણા નરિંદ,
જાદવ જમાઈ કર્યો,[૧૧૯] ચુંટી લિઉ ચંદ.'

(ચૂપઈ)

નરવર વીનવઉ[૧૨૦] નૃકુષા, મારિસિ તુ મરશઈ ઉષા;
પિંડિત કો પરપંચ જ કરુ, જિમ નરવર જીવંતુ ધરુ.

(દૂહા)

વિસહર જમાઈ વડુ બોલાવ્યો રા બાણિ :
'રાઉત રાખુ ઝૂઝતુ નાગપાશનઈ બાણિ.'

અનિરુદ્ધને નાગપાશબન્ધન.

(ચૂપઈ)

સસરા તણાં વયણ સુણી વીર લાલણિ પુંખુ ધનહ તીરિ
નાગપાશિ પાડચ અનિરુદ્ધ, કરિ કણમૂડી કૂડી બદ્ધ.

(દૂહા)

અનુરુદ્ધ ગોતિ ઘલાવયુ બુદ્ધિ કરી બૂઢે જંનિ,
ઉષાનઈ કરિઉ સમઈ રીસક રાયહ મંનિ.

(ચૂપઇ)

જેવિ દ્વિજન ઉષા વારી, વાડિ ઘાલિ વચ્ચિ કટારી;
વર વધ કરતુ રાખ્યો રાઈ, વુલી ધાંચ જોણાસુ જાય.

નારદનું શોણિતપુરમાં આગમન

(વસ્તુ)

બાણ નયરિ અ બાણ નયરિ અ ગયુ નારદ,
પખવાડઈ પિતરહ તણઈ સરસરી પ્રવાહિ સારવા રહ્યુ,

૧૧૭ હાંકલણૂ. ૧૧૮ કલિ. ૧૧૯ કર્ય. ૧૨૦ વીનવયુ.

રાઉલિ રા મિલિવા રહ્યા દેવકુંઅર તિહાં દીઠ ગ્રહ્યુ,
કૃષ્ણતણી પ્રીતિઈ કરી અંગિ થયુ ઉચાટ,
પાણી અણપીધઈ પલુ ચક્રપુરીનિ[121] વાટ

દ્વારિકામાં અનિરુદ્ધનો વૃત્તાન્ત કહેવા જવું

(ચૂપઇ)

ચાલી ચક્રપુરિ[122]અવિ ગયુ, સામલવન્ન સાહામુ આવયુ;
પાઈ અર્ઘ્ય કરી પ્રણામ, આવિઉ વિપ્રરાય વિશ્રામ.
ગોપી સવિ જઈ ગુરુનઈ મિલઈ, સરિ શણગાર વયણ વિલકલિ.
નારદ ભણઈ : 'નરિંદના રાઉ, અણોસરી અંબુદજા કાંઈ?'
ભણિ નારાયણ : 'નારદ, સુણઉ; પોત્રા હુ પદ્માજી તણુ
હર્ય તે સૂતો હીંડોલાટ, ભણઈ અંગિ ધરઈ ઉચાટ.'
વાલી કહિઉં બંભકુમાર : 'સુત છિ શોણિતપુરિય મઝારિ.
પગિ હાથિ છઈ વિસમા પાસ, દુખિ પડ્યાં હોયા દો માસ.
શ્રોણિતપુરનુ રાક્ષસ રાઉ, બીજૂ બલ જે ઝાઝી બાંહિ.
સેન સનાહુ લેઈ જાસિ મેલહાવિસ જુ માંટી થાસિ.'
કન્દર્પનું કુંઅર[123] ગ્રહ્યુ, મુઝનઈ નારિદિ ઋષિ કહ્યુ.
બહુશબ્દિ વાત બોલાણી,...સવિ સરસવ જાણી.
સાદવ દલાનુ (?) ભું પઇઠઉ, ઘર છંડી વિમાસણ બઇઠઉ.
શિવ ભણઈ : 'વિણટૂં વર સૂત્ર, જગતિ રહૂં જુ આણુ પુત્ર.'

(વસ્તુ)

કહિ કૃષ્ણ કહિ કૃષ્ણ : 'સુણિ ન ચક્ર,
મિં પુરરખવાલુ મેલયુ, રાતિ-દિવસ કરિ રખવાલ,
નિગ્રહવા દુષ્ટહ તણઇં સાધુજન કરે પ્રતિપાલ;
કન્દર્પ તણા કુંઅરનિ બંધી લેઈ ગ્યુ બાણ
તું જણ વીસાસહ તણૂં વલી કાંઈ ન કીધઉં જાણ.'
ભણઈ ચક્ર ભણઈ ચક્ર, 'સુણિ ન સ્વામી,
અબલા નિસિ કોઈ એકલી પુરિય માહિ પ્રવેસ માગઈ,
કહઈ: પરણાવિસ કામિની, વર લેઅસ, મઝ વાર લાગઈ:
રાજકાજ કીધઉં ખરું, ન કીધઉં પરમાદ,
માંહિ તુ મેલ્હો માનિની જુ શવિ[124] લીધુ સાદ.'

(ચૂપઈ)

કરી રીસ રાજા અતિ ઘણી જણ મોકલ્યા માહેશ્વર ભણી;
જા ઊતારિ ગ્યુ સદરિસ તાં ઉતારિ નથી ઈશ.

૧૨૧ ચક્રપરી. ૧૨૨ ચક્રપરી ૧૨૩ કુંઅ. ૧૨૪ સવિ.

(દૂહા)

રુદ્ર તે રાતિ નાસી ગયુ તંતી તુંબડિ લેય;
ઊચાલુ વીછી પરિ અલિ ઊફરિય કરેય.
કિસું હૂંઠું સંકર સુલ્યુ, ઈમ જંપઈ ભૂપાલ,
જાઈ કેતકી ફલ લગઈ શિ સિંહ થિકે સીઆલિ.

રુકિમણીની કૃષ્ણ પ્રત્યે વિનંતી

(ધુલ–રાગ દેશાખ)

ઇમ બોલઈ રષિમિણી જોડી એ હાથ એ
નાથ ન ચેતુ એ અહ્મતણોઈ, દૂરિ દાવાનલ દેખું એ દેવ એ,
જલતું એ પાઇતલિ પેખું નહી એ, પેખું નહી પરન્યાતિ.
સખિ પડચા ધર અનુધ્યાન, સુણિ વીનતિ અમ્હ હેવ તું બ્રહ્મમંડણ દેવ એ.
તું સૃષ્ટિ સવિ[125]આધાર, જાનન જાણ આસાર,
પહિરિયાં પીલાં ચીર, નવિ લાજ આણિ આહીર.
સણિ સમુક૰ યાદવ, પછિ સુત સાહૂં લષ,
વર ચાહતાં ખટમાસ વલી આજ પુહતી આસ.
વલી આજ પુહતી આસ સ્વામી, પ્રી પરભવ્યાં પ્રિથિવીણી;
સાર કરિ ન સ્વામી શ્રીરંગધર, ઇમ બોલઈ રાણી રિષિમિણીઃ

(દૂહા)

કન્દર્પ તણા કુંઅર તણી દેદિ લાધી દેવિ,
પ્રત્યન્યા પરિપરિ તણી ક્ષત્રહ વટની એવિ[126]
લાગૂં હરતલ જીજતિ જે નર છંડી નાઈ
પુત્ર દેહિ પરિ પઈ પીયું, પંડિત પાતિક તાઈ.
વાલી ગાઇ વાહાવણા થઈઈ વાહર વિલંબિ જોય,
પુત્ર દેહિ પરિ પઈ પીયું૰*
જૂ જન મુહિ દીનું ચવિ,આશ[127]દેઈ આપ ઊવાહિ
પુત્ર દેહિ પરિ પઈ પીયું૰
સબલ ભણી સરણાગતિ આવ્યા જે ન ઊવાહિ,
પુત્ર દેહિ પરિ પઈ પીયું૰
આધિ છતાં ઈહગતિ, પ્રારથિયાં પહિડાય
પુત્ર દેહિ પરિ પઈ પીયું૰

૧૨૫ શવ. ૧૨૬ ખેહિ. * ૭૭૪-૭૬-૭૮-૮૦ પંક્તિઓ મૂળ પ્રતમાં આ પ્રમાણે અધૂરી જ લખેલી છે. ૧૨૭ અશ.

શોણિતપુર ઉપર ચડાઈની તૈયારીઓ

(ચૂપઈ)

નારદનિં ઇમ કહુ નરેસિ, મહૂર્ત્ત આપિ ભલું મઝ રેસિ;
છપન્ન કોડિ યાદવ સરેસ શ્રોણિતપુરભણી કટક[૧૨૮] કરેસિ.
માસ માર્ગશર, ત્રીજ અંધારિ, પુષ્ય[૧૨૯]નક્ષત્ર નિંઇ આદિતવાર,
વિણ્જ કિરણ યોગ વિશ્વંભ; આપું મહૂર્ત્ત[૧૩૦]એટિ બંભ.
શીસિ સેસ સોભદ્રા ભરી ટોડર ઘાલું, ટીલું કરી
દિધ આસીસ હઇણઈ ભાવિઃ 'અરિ જીપીનિ વહિલો આવિ.'
માર્ત્તંડ માથઈ આવયુ, ચક્રવર્ત્તી[૧૩૧] તિણિ મુહૂર્ત્તિ ચાલયુ;
સાંહાંમી ફલ ફોફલ ભરી હાથિ ઇણી પરિ આવિ આધરણીયાતિ.
કર્મ કેવિ આધુ ગ્યુ ગચ્છ, સાહ્મી આવઈ ગાય સવચ્છ,
કંધિ કનાથુ ધુ કરિ ગ્રહિઉ તાણઇ એક આગલિ થયુ.
ડાવા ખર નઈ ડાવી દેવિ વાંમ નીસઇ રેનાહ રાખેવિ.
ઊલટ મનિ, અંગિ આણંદ, ગોપીશરિ પુરતા ગોબ્યંદ.
મેલ તણી થૈ માહ વર્ષતિ, હકારું કીધઉં હરકંતિ,
જે ઘડિયાજોણા સાંઢી ઘણી તે પલ્હાણી ભૂમિપતિ ભણી.
રબારિયાનઇ દિઈ બહુમાન, ઊંટિ ચડાવી આપઇ પાન;
દેશ દેશિ દૂઆઇતિ ફિરઈ, ઝાપઇં રહી એમ ઊચરઈ;
'વેગિ વેગિ મ લાઉ વાર, હરકાંતિ મેલુ અસવાર,
આવો જિ કો કરઇ જે આસ, દૈવઈ દીધાં બાહરિ વાસ.'

છત્રીસ કુલવર્ણન

(છંદ)

વાઘેલા વાલા વાજાવણુ વાઢેલા[૧૩૨] વિસરાલ
ડોડ ડોડીયા ઝરહર દેવડા પહિરઇ સવિ સન્નાહ,
દહિથલીઆ દહીયા દલિ દાહિમા ડાભી ટાક સરીસ
હરિચક્રવર્ત્તીની ચાડિઇ ચાલઇ રાજકુલી છત્રીસ.
ગુલગલ ચચ્છર ગુજર ગિરનારા[૧૩૩]ગુહિલનઇ ગહિલુત્ર
જિઠૂઆ જલિ ઊપના જાડેચા જામોત્ર
હરિયણુ લીઓલા ભોજિગ ભેડા અશિમર જેવડ ઇશ
હરિચક્રવર્ત્તીની ચાડિઇ ચાલઈ રાજકુલી છત્રીસ.
કરદેઆ કાઠી નઇ કાંબલીઆ કાલમુહાં કીસોર
સુમરાલા સમા સોલંકી સોઢા સત્રહરિ પાડઈ સોર,
રોહેલા રઇવર રઈ રોહુડા જે રણિ ભરયા રીસ
હરિચક્રવર્ત્તીની ચાડિઇ ચાલઇ રાજકુલી છત્રીસ.

૧૨૮ કટકે. ૧૨૯ પુક્ષ. ૧૩૦ મહોર્ત્ત. ૧૩૧ ચક્રવૃત્તી. ૧૩૨ રાવા વાઢેલા. ૧૩૩ ગઢ ગિરનારા

અશ્વવર્ણન

૧૩૪અતિ ચંચલ ચપલા, ગાત્રિ ચુફલા, ક્ષણિ ક્ષણિ ખુરસું૧૩૫ ક્ષોણિ ખણઈ,
ધરી કન્ન હયંડિ અરિનઈ છંડિ, વલી વલી ચાલઈ પુંછ છણઈ,
આહર નહો તુ ઘર, વાલ તિ કંધહ, ઊભા નિશ્ચલ ન રહંતા
કાંઈ જઈ ધાલ્યા, પાંડવિ ઝાલ્યા દીસઇ તુરી તે આવંતા.
આરેણિ ઊખાણા, પુંઠિ પલાણા, ધાઉ પડિ૧૩૬ તિહાં ઘટ ચાલિ,
પાખર પરવરિયા સનાહ ભરિયા, તેલ ખ્યાલીહ ઊપરિ વાલિ.
ચાબક દેઈ ચંપઈ, ઝંપતિ ઝંપઈ, નાદિ નર નર નાચંતા
કાંઇ જઈ ધાલ્યા, પાંડવિ ઝાલ્યા દીસઈ તુરી તે આવંતા.
સરલી મુહનાલિ, ઝીણા વાલિ, સમા મૃગ ટુંકા શ્રવણું,
નીલા ચિહુ નખિ, કરડી અંખિ, જાડા પિંડા ઊઅરિ ઘણું,
પાંણીહડ સરિસા દૂ એક વીસા, કન્ન પૂછ વિચિ નવહથ્થા
કાંઈ જઇ ધાલ્યા, પાંડવિ ઝાલ્યા દીસઇ તુરી તે આવંતા.

સૈન્યસંખ્યા

(વસ્તુ)

લઇ ન લેહણિ લઈ ન લેહણિ દેવ દલ સંખિ,
દસ છત્રહ થસુ સીકરિ, સહસ્ર ધજધર, ગજ અયુત,
લાખ પવંગહ પાખર્યા, રાઉત્તર રથરૂઢ,
એક પ્રયુત માનવ પાલા છત્રીસ લાખ વહેલાંભાર
એકેકી ક્ષોહણિ ઇશી મલીય તે ક્ષોહણિ બાર.

સ્વારીવર્ણન

(છંદ સારસી)

પાલખી ડંડી કેવિ કન્ધિ, કેવિ કાવડિ કસમસઇ,
સવિ જંન ચાકી અદ્ધ ચાલિ, પાલ પાયક ધસમસઇ,
તિહાં આગવણ તેઉ કરી નિવાયણ તે નવલક્ષજણં
શ્રોણિતપુર ભણી સેન ચાલું જગતિ રા યાદવતણં.૧૩૭
લંગડે ભાર જ લક્ષ ભરયા ગુહરે પે ગુરુહરિ
કણમૂડ કેડિહિ ખૂડ ખુંગણ સકટ બંધ સ ત્રહિ ત્રહિ,
ઊંઢ જ વેસર ભાર ભરયા, ભોમિ છંડિ ક્ષણિ ક્ષણં,
શ્રોણિતપુર ભણી સેન ચાલું જગતિ રા યાદવતણં.

---

૧૩૪ આ પહેલાં અશ્વવર્ણનની એક તદ્દન અશુદ્ધ કડી છે, તે નીચે પ્રમાણે છે: ' કેચી કલહથીહાં. દહિ મોતિહર મંજી સહીવાણી લાંમાલ સાહી, મુગલે સારી સાખની ખરસાણ ભાલા ભલા કિં કાછેલા પારકરા પાણીપંથા, કાંઇ જાઇ ધાલ્યા પાંડવિ ઝાલ્યા દીસઇ તુરી તે આવંતા. ૧૩૫ ખરસું. ૧૩૬ પડ. ૧૩૭ યાદવતણું.

પય પ્રાણિ દ્રમકઈ,[138] ધરણિ ધૂજઇ, અંબ અંબુદ છલછલ્યાં;
સરિ સેસ રહણુ રાખી ન સકઇ, નાગ નવકુલ ટલટલ્યાં,
રજરેણિ રવિ સવિ કિરણ મંજિ, હીંકહીંકારવ ઘણું
શ્રોણિતપુર ભણી સેન ચાલુ જગતિ રા યાદવતણું.
ઘોડલે ઘૂઘર[138] ઘાલિ વાજઇ, વયણુ હણુહણુહણુ[139] કરિ,
પાઊત કરહાં કોડિ રણકઇ, ગુરુડગુરુડિહિ ગંગરે,
સારસી મત્તા કરઈ મેગલ, ઘંટઘંટારવિ ઘણું
શ્રોણિતપુર ભણી સેન ચાલું જગતિ રા જાદવતણું.
મુંડયણુ રોસ વિરાલ કરી રા યાદવ દાણુવતૃણુ ઊપરિ ચાલિઉ દવ;
છપ્પન કોડિ સાથિ જન યાદવ, પાણી આગલ્યાં પછઈ કાદવ.
પાંચ માંસનુ પાંઇ ભંડારી, સવિહુ ગ્રાસ અપાવો સારિ,
સંબલ છાગલ જાકી જડયાં, કરી ટમંક કટક ઊપડયાં.
ઊભઉ દેશિ ધીરજ દિઈ, લાકડ ખડ વેચાતીં લિઈ;
દસ દસ ગાઊ કિયાં પ્રિયાણુ, માનસ, સરોવરિ હૌઆં મેલાણુ.

બાણાસુર પ્રત્યે દૂતપ્રેષણ

(દૂહા)

કામપાલ કહિ કૃષ્ણનિઃ 'પહિલું મેલિ પ્રધાન,
વત્સ-વહૂ સંસંપસિ જે પણ દેશઇ માણુ.'

(ચૂપઈ)

વારુ વિષ્ટિ ભલા જણુ ચ્યારિ તે હકાર્યા[140] દેવ મુરારિ.
એમ કહિયાઃ શ્રોણિતપુરરાય, આવી મલિ કાં માંટી થાઇ.
તે કરી પ્રણમ દેવનિ પાઈ તે પુહુતા શ્રોણિતપુરમાહિ.
રા'મન્દિરિ જે ઊભા રહિ, નામઇ કાંધ ન કારણુ કરઈ.
ભણઇ, 'દેવગુણ સંભલિ બાણ, એ આદિપુરુષ તાં તું નવિ જાણ.
ઇણઈ સાયરિમાહિ સંખૂ સંઘર્ય, અણઈ આ ધરાભારઉ ધર્યં,
મહિણારંભ મધ્ય ચક્રવઈ, ઇણઇ અમર કિયા સુર[141] સવિ,
એ કહિઇ લક્ષ્મીનુ નાહ, ઇણઇ સરિ છેદ રણિ રાહ,
એણઇ સાયર બાધ્યુ પાષાણિ, કુંભકરણુ ભડ જીતુ પ્રાણિ,
ઉષયકુંઅર નઈ મેઘહનાદ ઇન્દ્રજીતઇં ઉતાર્યો નાદ,
ત્રિગઢ સરીસુ લીધઉ ઠાહ, લંકા કીધ વિભીષણુ રાઉ,
રાવણનાં સુત[142] રોલ્યા જેણિ, વૈદેહી વાલી તાં તેણિ,
જમલાર્જુન જીણઇ ઊધરુ, ઇણઇ ગોવર્ધન અંગલ ધર્યું,[143]
મેન સકટ હણ્યા વયેસ, માર્યા મુષ્ટિક કેસી કેસ,
બાણાસુર, મુઝ બોલ્યુ માનિ, ઇણઈ પોતન્ર શોકી પયઃપાનિ.

---

૧૩૮ ઘાઘર. ૧૩૯ હણહણ. ૧૪૦ હકાયા. ૧૪૧ સર. ૧૪૨ સુર. ૧૪૩ ધર્ય.

એહ પવાડિ નહી કો મણા, રસના એક તાસ[૧૪૪] ગુણ ઘણા,
ઇણિઇ સુરહ સરીસુ કિયુ, પારિજાત પ્રાણિ આણિયુ,
હજી એતલી અનરથ સારિ, અનિરુદ્ધ સુંપી જીવ ઊગારિ.'
બાણ ભણઈ: 'કારણ દિઉં માન, મારું નહી ભણી પરધાન.
શ્રોણિતપુર પતિ ઉપમાનયા વલ્યા વિસિષ્ટ તે પાછા ગયા.'

દૂતનું અપમાન

(દૂહા)

વિસિષ્ટ દેવનઈ જઈ કહિઉં: 'દુહિલ્યો દાણવરાઉ;
અનિરુદ્ધ તુ મેહેલાવિસું જો લેસુ ચુપટ ઘાઉ.'
સવિ દેસુત રાઈ તેડાવયા: 'આપણિ કલહ રેસિ આવયા,
ગઢ પાખલિ પડી રયું રહિયે, નિબલકંથ નારી સું રહિયે,'

(ચૂપઇ)

ભોજન સવિ હોઇ ભુંજાઇ, કટક માહિ હુઇ સજ્જાઇ,
ગયમર ગુડિ ઘાલી આણ્યા, કરી ટમંક પવંગ પલ્હાણ્યા.

કિલ્લા ઉપર હુમલો

(દાબટ ચૂપઈ)

તરૂઆરી તલ પક્ષ કટારાં, અસિમર તણાં અગાર
દિણયર કિરણ લગઇ તે દીસઇ કરિ વીજલિ ઝબકાર.
ઘણે લોહ સેરાજ નીપાયા, સાહીણિ ચડાવાં શેત્રિ
પાઇદલ પાઇ[૧૪૫] કરીનિ ચાલ્યું, જાણે ડાંડર ખેત્ર.
પહિલું ટલહટી પરજાલી, ટોલેહણનાં ખંડ હર ટાલી,
ચિહુ પાશે ગઢ પાધર કીધઉ, દહ દિસિ ઢોસ પરાણઉ દીધઉ.
માણસ એક માંડી નીસરણી, કાલિજહીણાં તેહનાં કિરણી,
દાંતિ લોહ વાંસેઇ લેખેડા, ચડવડ ચડયા છોકર્યા છેડા.
સૂરીંતણૂં ઝૂઝ સપરાણૂં, એક કહઇ: અહ્ન છોઇ જાણૂં,
માંહિ પઇસીનઇ પાહણ કાપું, નવી પોલિ નીપાઇ આપું.

બાણાસુરના હાથનું છેદન

પઇ પાઉ પૂઠિ નીસરણી પઇં દંતૂસલ નામ,
ગડિ ઘાલિ ઊપરિ વીર માંડવી, પાખર આલું ચાંબ.
ગમાણિત ગઢ શ્રોણિત તણો દાણવ દલ માહિ ચારિ,
જમ જમ ગઢ ધટ ચાલીય પ્રભજન સુંઢિ ઊભારિ.
સર્વ અંગ બાણાસુર રા'ના છેદ્યા સઘલા હાથ;
હરિ હાસું કરી હારિ મનાવ્યું; ભલું કરું ભારાતિ.

૧૪૪ વાસ ૧૪૫ પાંણિ.

શિવે કૃષ્ણના સૈન્ય પર જ્વર મૂકયા.

દેતું બૂંબ રા' બાણાસર ગ્યુ આગલિ ત્રિપુરારિ;
'ગલા ઊપહિરાં પાણી ચડિયાં બૂડઉં છૂં, હવ તારિ.'
છેદી બાહુ બાણની દેખી ચડી રુદ્રમનિ રીસ,
નિલ્લવટિથી પ્રશેની ત્રાઠી નીપાયા જ્વર એકવીસ;
નિત્ય જ્વર અંકતર એઈયિ ત્રેઈયિ તન સંતાપ
શીતજ્વર સંધાનજ્વર જૂ જીર્ણજ્વર પ્રલાપ,
વાતજ્વર નિ પિત્તજ્વર શ્લેષ્મતણુ અધિકાર,
ક્રમ રુધિર કોપ શુક્ર[146] મલ અન્નતણો આહાર;
બરા તે બપૂકારી મેલ્હા માન દેઈ માહેશિ:
'જઈનિ કટકિ કાન્હનિ લાગુ સાતે મહેસ રેસિ.'
એકનિ અંગિ પ્રલાપ ઊપનુ, એકનિ ધૂજિ[147] વછૂટિ,
મુહડઈ સાસ ન માઈ, હાંફિ, સીસક માથૂં ત્રૂટિ.
એકનિ ધસમટ, એકનિ સલવલ, એક તણઈ શરિ ભાર;
એકનિ ઉધ્રસ, એકનિ ઊબક, એકનઈ અતિસાર,
એક ઘણી સસ પાણી માગઈ, એક થયા અચેત;
એક કહિ: અહ્મ દીય ધૂણવા, વલગા વ્યંતર પ્રેત,
છપન કોડિ યાદવનુ રા હરિ નઇ બાણાસુર રાય,
ભઈસા બેઉ ભડઈ સપરાણા, ધરણિ ન સહિ નિહાય,
દેવિ ચેષ્ટા દીઠી વિરુઈ, તેડૂં કરી તિહ્વાર;
સ્વર્ગ થિકા સ્વરૂપ જોઈવા આવ્યા અશ્વકુમાર.
અશ્વિકુમારિ આવીનિ જોયુ સેનહ[148] તણું સ્વરૂપ;
ડાઢી કર ઘાલીનિ કહુ: ભણી દેખાડૂં ભૂપ.

(દૂહા)[149]

પસુપતિ પહિલું જ્વર તણું લહિણૂં લાયું જોય,
વલતું તે વાલી કરી, દેવિઈ દીધઉં તેહ.

કૃષ્ણે કાલજ્વર પેદા કર્યો.

કાલજ્વર કૃષ્ણ નીપાય કાલો[150] કાજલવન્ન;
માથઇ ઝલકઈ ઝાંટિ બાબરી, કુંજરના બિ કન્ન,
આંખિ રાતડી, નાક ઠેબરૂં, મુહ[151] માહિ પંડર[152] ડાઢ:
ગાલિ બિ ખાડા, કોટ ઊંટની, તૃણિ વલી વચિ વાટ,
ભઈસુ વાહનિ કરિ ભોપાલુ, બોલઇ ભખલી ભાખ;
પેટ કરંકિ જઈનિ લાગુ, ઘટિ નહી પલમાસ,

---

૧૪૬ શુક. ૧૪૭ ધ્રૂજિ. ૧૪૮ સિવહ. ૧૪૯ દૂપદૂ. ૧૫૦ કાલા. ૧૫૧ મહિ. ૧૫૨ પંડાર.

મુંહમાહિ પંડર[૧૫૩] ટાઢ ખડખડઇ, જીભ લબરકા વાહિ;
'ભૂખ્ય ભૂખ્ય' ઈણી પરિ બોલઇ, તુ[૧૫૪] દેખી દલ ભાજઈ.
બે કર જોડી આગલિ ઊભુ શ્રીકૃષ્ણુનિ સર નામી,
'ચાડ કરું હું ચેલુ તાહરુ[૧૫૫] આયસ દિ મઝ સ્વામિ.'
દેવ ભણઇઃ 'દૂહિલું થૂં મુહનઈ અરિ સરિસુ આંકડઉ;
ત્રિનયન તાવ હકારી મેલ્હં, દલ સહુ[૧૫૬] પાસઇ પડિયું.
અણઉલંધ્યા આપણ રહિયા તું અ ભૃત્ય, હું ભૂપ.
શ્રોણિતપુર જે સઘલું ખાએ કાલજ્વરાનાં રૂપ.'

શોણિતપુરમાં જ્વરનો ત્રાસ.

સ્વામી નઇ શરિ નામી ચાલઈ, પઇઠુ પુરી અ મઝારિ;
રૂપ આપોપા સરસાં કીધાં જિમલાં સહસ તિ ચ્યારિ.
અંત્રિક તંત્રિક નઇ ત્સગદાહ (?) ચિત્તવિભ્રમ શીતાંશુ
કંઠકુજ્વક કર્ણક કહીએ ભગ્નનેત્ર વિભ્રંશ
રક્તપ્રલાપક નિ પ્રવાહક જિહ્વક નઇ અભિન્યાસ;
સન્નિપાત ચૌદમહ લિદ્રક કાલજ્વરનાં દાસ.
પાણી તણા પંપોટા ફૂટઈ તેહનઈ લાગઈ વાર;
મરગી થઈ મરઈ સવિ દાણવ, બાંધાં હરિ જવ[૧૫૭] બાણ,
કીધી રાવ મહાધર મહિતે જેનિ આગલિ ઈશ.
'પુરી અ માહિ કો કાલ પુહતો, કિંકર કોડિ સરીર.'

(દૂહા)

વૈદ વાય તેડાવયુ, કહઈ, 'એ કિશા રોગ?'
વૈદ ભણઈ: 'ભલૂં નહી, સવિહુ[૧૫૮] કરાવઈ શોક'.

બાણાસુરનું શરણ આવવું.

(ચૂપઈ)

કુંભ મહિતુ, દેવ મહેશ્વર કાલજ્વર ભય ભાગા,
નગર ત્યજીનિ નાસી આવ્યા શ્રીકૃષ્ણુનિ પાય લાગાઃ
અનિઆઉ અહ્મે સવિ કીધા સાંસહિ દેવ મુરારિ,
જે માગિસિ તે અમ્હે દેશઉ, કાલજ્વર તું વારિ;
સ્વામી સુદરશન મોકલી અ કાલજ્વર તેડાવો,
આયસ લાધી કાચઈ તાંતણિ તતક્ષણિ બાંધ્યુ આવ્યુ;
દેવ ભણઇ, 'ભણુતાં આગર, તઇં સાર્યા સઘલાં કાજ.
બીડૂં આપી અનમત દીધૂં: જૈ રહિ જિહાં જમરાજ.'
આયસ દીધું, ઈશ આપણ્યા તેડાવ્યા સવિ તાવઃ
'અઠોત્તરસુ વ્યાધિ વિસિષ્ઠિ તાણઇં થાનકિ તહ્મે જાઉ.

૧૫૩ પંડર. ૧૫૪ મૂ. ૧૫૫ તાહાર. ૧૫૬ સહ. ૧૫૭ જ. ૧૫૮ શવહ.

યાદવોનું સોરઠ પ્રત્યે પ્રયાણ.

ઈસી એક શિખામણ કરજ્યો જિમ રહઈ માહરી મામ,
ઉષાહરણ કથા જિ ગાઈ તિહાં દેજ્યો ઉપશામ.'
પહિલું હરકાંતિ કરીનઈ આણુઈ ભૂપતિ ભણી જ ભેટિ
કટકે તણી લાગિ જે લાગી સોવન સત્તરિ કોડિ;
ત્રીજુ પુત્ર સરીશિ પારણી આણુઇ અહ્મ આવાસિ,
ચુથુ પંજી દંડ દેશનુ, વર સુહ્રિનુ વિમાસિઃ
બાણાસર પગિ આ પાડુ, વલી વહાવુ વેલિ.
દેવ ભણુઈઃ 'દાણવના મહિતા તું આપણુ પામેલ.'
મન્ત્રિ ભણિ[૧૫૯] 'હુ ભેટણાં એક અયુત માતંગ,
કટકે તણી લાગી જે લાગી તેહ ભણી પ્રયુત પ્લવંગ.'[૧૬૦]
વચ્છ વહૂસું[૧૬૧] આણી આપ્યુ સાસરવાસા સાથિ,
પુંજી દંડ મયા કરી મેલ્હઇ, તેહ ભણી જોડું હાથ.
આગઈ દેવ ભગત સંભલો, અરિસું મંડઈ આલિ,
હિરણ્યથાનકિ પલ્હાદ થાપીય, બલિ ચાંપુ પૈયાલિ;
મુહુ વર્ઈર, હુઈ વહિરોડી, ઉષા અનિરુદ્ધ રેશિ,
ટમક કરી કટક ઊપડ્યાં આવ્યાં સોરઠ દેશ.

ઉષાની વિદાય.

(રાગ દેશાખ)

વહિલી અ કરી[૧૬૨] અ સજાઈ અ માઈ અ ધૂ સણગારિ,
વેણિ સખી સરિ ગુંથઉ સહિથુ ભરી અ સીન્દૂરિ;
પાન દીય કરિ બીડી અ સૂડીય ફોફલ ચૂરિ,
ગોત્રજ લાગી જુહારી અ બાર આવાસિહિ આવિ;
છેહડા બાંધી અ બે જણાં હાથલા દિઈ અ બારિ,
હરિષ ભરી સું સહીયર વેઇય ચડી અ વધાવઈઃ
'વાટઈ લાગસિ ભૂખડી સૂખડી થોલ એ ધાલિ.
ચાલિસિ જાન બિ જોજન ભોજન જિમસું એ કાલિ,
મોરી એ ખાજલાં લાડૂઆ, ગાડૂઆ રથિ બે નહેય;
કુરનુ કરુંબુ દહીયસું સહીયર સાથિ કરેય,
એકલી ભણી અ અણોસરી ઓસરી[૧૬૩] તુ અમ્હ થાસિ,
નણંદ કરાવિસિ રામતિ, વિતું અ કરેસિ દાસી.'
બાણ ભણુઈ, 'રે બેટડી, જોએ અહ્મ બોલય સાચ,
આણૂં કરિસ સવારી અ તિણિ વિહરઈ માહારી વાચ.'

૧૫૯ ભણભણી. ૧૬૦ પવંગ. ૧૬૧ વહોસું. ૧૬૨ કરું. ૧૬૩ આસરી.

કૃષ્ણે સેવકોને માન-પાન આપ્યાં.

દલ નીસર્યા દેશિ સામહિ, કો કહિનિ પડખિ નવિ રહિ,
ચ્યારિ ચ્યારિ જોઅણ ચાલયા, દિવસ પંચાસમઈ પુરીયઇં ગયા. ૯૮૫
કહિનઇ દીઈ પથક નઈ ખંડ, કહિનઈ મુગતિપુરિ દિ મંડ,
કહિનિ કાપડ અંગહ તણાં, કહિનિ ધન દીઈ અતિઘણાં:
કુહિનઇં મયા કરી દિ માન, આપઈ વલી હાથનાં પાન,
'ઊભા ઈ રહિ' ઈમ કહું કાંહાંનિ, 'સહૂ[164]કટક જાઉ સ્વસ્થાનિ.' ૯૯૦

દ્વારિકામાં આનન્દોત્સવ

(બોલી)[165]

બુહારી અ છંડી અ વાટ, બાંધીઈ પરિયટ પાટ, મંડપિ ઊભી અ શણગારિઈ હાટ, અબલા શરિ ઊઢયા થાટ, હાથિદંતના ત્રાટ, વિપ્ર વેદ ભણઈ, કલ્યાણ ઉચરઈ[166] ભાટ; કાન્હજી બાણ મોડી, આવયા[167] અનિરુદ્ધ છોડી, આવય ઉચ્છાહિ ઘણઇં દ્વારકાંપુરિ, એક આવાસ છોહિ, પંચવાનાં નીર ડોહિ, ચિત્રામ લિખીઈ ત્રિભોવન મોહિ, દેવદીપક બોહિ, ઘીઈસું ઊંબર ઢોહિ[168], તોરણ તણાં સહકાર સોહિ;[169] એક કરિ ભરી કુંભ, માહિ વાસત અંભ,[170] ભણી અ ભૂષણ[171] દીઈ હરિ વાલિભ, કેલિ આગલિ થંભ, આગલિ ઊભી અ રંભ, ઉછંગિ કરી એ લીધઉ આપણ ડંભ; આઠમિઇં અવતારિ, કંસ માલાખાડિ મારી, બલિતણ બાણ[172] મનાવય હારિ, યાદવવંશ[173] વધારિ, સોલ સહસ્ર નારી, **વરસિંગ** ભણઈ દ્વાપરયુગ મઝારિ.

[શબ્દકોશ આવતા અંકમાં છપાશે]

---

૧૬૪ સહૌ. ૧૬૫ ગીત રાગ ધુલ ધન્યાશી. ૧૬૬ ઉચઇ. ૧૬૭ આવયો. ૧૬૮ ઢોઇ. ૧૬૯ સોચિ. ૧૭૦ અંબ. ૧૭૧ ભોષણ. ૧૭૨ બાણાસર. ૧૭૩ યાદવવિંશ.

શ્રી ફા. ગુ. સભા ત્રૈમાસિક વર્ષ ૨, અં. ૪ નો વધારો પૃ. ૪૫૩-૫૪૨

શ્રી ફાર્બસ ગુજરાતી સભા—અન્તર્ગત

શ્રી બુદ્ધિવર્ધક ગ્રંથમાળા—પુષ્પ ૬ઠ્ઠું

વૈજ્ઞાનિક શબ્દસંગ્રહ

સંયોજકો

રા. રા. પોપટલાલ ગોવિંદલાલ શાહ,
એમ. એ.; બી. એસસી.

રા. રા. ભોગીલાલ કેશવલાલ પટવા,
બી. એ.; એસ. ટી. સી. ડી.

ગુજરાતી સાહિત્યપરિષદ્ના બારમા સંમેલનના
વિજ્ઞાનવિભાગના અને વિજ્ઞાનસમિતિના પ્રમુખ અને મંત્રી

પ્રકાશક

રા. રા. અંબાલાલ બુ. જાની, બી. એ.
સહાયક મંત્રી, શ્રી ફાર્બસ ગુજરાતી સભા.

સંવત ૧૯૯૪ મુંબઈ સને ૧૯૩૭

અનુક્રમણિકા

વૈજ્ઞાનિક શબ્દસંગ્રહ

અક્ટોબર ૧૯૩૬માં ભરાયેલા ગુજરાતી સાહિત્ય પરિષદના ૧૨મા સંમેલન વખતે વિજ્ઞાનવિષયક કાર્યો સાધવાને માટે નીચેના સભ્યોની સમિતિ નીમવામાં આવી હતીઃ— પ્રમુખ : પોપટલાલ ગોવિંદલાલ શાહ; મંત્રી : ભોગીલાલ કેશવલાલ પટવા; સભ્યો : પ્રો. સાંકળચંદ શાહ; ડૉ. કાન્તિલાલ પંડ્યા, ડૉ. કુંવરજી નાયક, પ્રો. વીરમિત્ર દીવેટીઆ, શ્રી. પ્રીતમરાય દેસાઈ, શ્રી. યશવંત નાયક, શ્રી. ઠાકોરલાલ ઠાકોર, શ્રી. દુર્ગાશંકર શાસ્ત્રી, શ્રી. રવિશંકર આચાર્ય, શ્રી. સુરેશ દીક્ષિત, શ્રી. હરિહર ભટ્ટ, પ્રો. પ્રાણજીવન પાઠક, રા. વિજયલાલ ધ્રુવ. આ સમિતિએ ઉઠાવેલાં કામોમાં પહેલું કાર્ય એક આધારભૂત વૈજ્ઞાનિક કોષ તૈયાર કરવાનું છે. આ કાર્ય સમિતિના સભ્યોમાં વહેંચી લેવાનું હતું. પરંતુ તેમાં મુશ્કેલી નડવાથી, અને આગામી પરિષદના સંમેલન પહેલાં થોડુંએક કાર્ય પણ બતાવવું એ ઉદ્દેશથી આ કાર્ય મારે માથે લેવું પડ્યું છે. તેમાં શ્રીયુત ભોગીલાલ પટવા, શ્રી. યશવંત નાયક, શ્રી. દુર્ગાશંકર શાસ્ત્રી અને શ્રી. ઠાકોરલાલ શ્રીપતરાય ઠાકોર એમણે આપેલી મદદને માટે ઉપકાર માનું તેટલો ઓછો છે. હાલમાં તો આ શબ્દસંગ્રહ કાચા રૂપમાં છપાય છે, પણ સમિતિના સભ્યોના અને અન્ય વિદ્વાનોના અભિપ્રાય લીધા પછી આ શબ્દસંગ્રહને પાકા રૂપમાં વૈજ્ઞાનિક પારિભાષિક કોશ એ પૂરા નામથી પ્રસિદ્ધ કરવામાં આવશે.

વિજ્ઞાન વિભાગના અધ્યક્ષ તરીકેના મારા ભાષણમાં પરિભાષા સંબંધી મેં કેટલાએક પ્રાથમિક નિયમો સૂચવેલા. તે વિષે બીજા મિત્રો અને ખાસ કરીને મારા જૂના સહાધ્યાયી શ્રીયુત કિશોરલાલ મશરૂવાળાની સાથે વિવેચન કર્યા પછી તેમાં ફેરફાર કર્યા છે. નીચેના નિયમો વાંચવાથી આ કોશની રચના વિષે સારી સમજૂતી મળશેઃ—

૧. પારિભાષિક શબ્દો જેમ બને તેમ સરળ રાખવા. ભાષાશાસ્ત્ર, વ્યુત્પત્તિશાસ્ત્ર, અને ભાષાશુદ્ધિના કરતાં સુગમતા, અને સરળતા ઉપર વધારે ભાર મૂકવો આવશ્યક છે. દા. ત. કારીગર વર્ગમાં હથિયારો, ઓજારો અને સાંચાકામ માટે પ્રચલિત થઈ ગયેલા શબ્દો અશિષ્ટ ગણાતા હોવા છતાં પણ વધારે સફળ અને ઉપયોગી હોય છે.

૨. વિદેશી ભાષાના શબ્દો પ્રચલિત થયા હોય તેને ફેરવવાનો પ્રયત્ન ન કરવો. દા. ત. સ્ટેશન, ઇસ્પીતાલ, દૂરબીન, માસ્તર, સીગ્નલ, મોટર, પંપ વગેરે.

૩. વિદેશી ભાષાના શબ્દો પ્રચલિત ન થયા હોય તો પણ પ્રચલિત થવા દેવામાં ખાસ વાંધો ન હોય, બીજા કોઈ નિયમનો વાંધો ન આવતો હોય તેને પ્રચલિત થવા દેવા. દા. ત. એશપીટ, કંપાસ, કોલર, પાઈપ, ગેજ, પ્લેન, પંચ, લાઈન વગેરે. પરંતુ વધારે સરળ અને સૂચક દેશી શબ્દો બની શકે તો તે બનાવવા માટે સંકોચ ન હોવો જોઈએ. દા. ત. આગગાડી, વિમાન, ઉંટડો.

૪. વિદેશી શબ્દોનાં તદ્ભવ અને તત્સમ એમ બે રૂપો હોય અને બીજા નિયમોને બાધ ન આવે તેમ હોય તો તેમાંથી વધારે સરળ રૂપને પસંદગી આપવી. દા. ત. હૉસ્પીટલ–ઈસ્પીતાલ; બૉઈલર–બાઈલર; વૉશર–વાઈસર; એંજીન–ઈંજીન; એંજીનીયર–ઈજનેર.

૫. વસ્તુવાચક કે નામવાચક શબ્દોનો તરજૂમો કરવો નહિ, પરંતુ અંગ્રેજીમાંથી લેવા. દા. ત. હાઈડ્રોજનને માટે આર્દ્રવાયુ કે નાઈટ્રોજન માટે નેત્રિલ એવા પ્રયોગો ન કરવા.

૬. ક્રિયાપદ કે ક્રિયાવાચક નામોને માટે નવા શબ્દો સંસ્કૃત, ફારસી કે ઉર્દુમાંથી યોજવા. દા. ત. ઍટ્રેક્શન–આકર્ષણ; રીપલ્શન–અપાકર્ષણ; રીફ્લેકશન–પરાવર્તન.

૭. હિંદના બીજા પ્રાંતોની ભાષા સાથે સામ્ય સાધવાનો બનતો પ્રયત્ન કરવો, પરંતુ ગુજરાતી ભાષાની સ્વતંત્ર વૃદ્ધિમાં બાધ આવવા ન દેવો.

૮. રાસાયનિક તત્ત્વો અને સંજ્ઞાઓનાં નામ આન્તરરાષ્ટ્રીય સમિતિએ અંગ્રેજીમાં નક્કી કરેલાં રૂપમાંથી જરાયે ફેરફાર કર્યા વિના વાપરવાં. દા. ત. હાઈડ્રોજન H; ઑક્સીજન O; પાણી H_2O; મોરથુથુનું વૈજ્ઞાનિક નામ કૉપર સલ્ફેટ અને તેની સંજ્ઞા $CuSO_4$.

૯. તેવી જ રીતે વનસ્પતિઓનાં, પ્રાણીઓનાં અને શરીરના અવયવો વગેરેનાં નામ લૅટીન કે અંગ્રેજી ભાષાના જે શબ્દો અંગ્રેજીમાં રૂઢ હોય તે જ લેવા. દા. ત. સિંહનું નામ ફેલીસ લીઓ, બિલાડીનું વૈજ્ઞાનિક નામ ફેલીસ ડોમેસ્ટીકા; તુલસીનું વૈજ્ઞાનિક નામ ઓસાઈમમ સેન્કટમ્.

૧૦. નવા શબ્દો યોજવામાં શબ્દનો મૂળ અને હાલનો અર્થ બંને સમજવા જોઈએ. દા. ત. ઑર્ગેનિક કેમિસ્ટ્રીને માટે સેન્દ્રિય રસાયન એ શબ્દો હાસ્યાસ્પદ છે. કાર્બન રસાયન વધારે સુવાચ્ય અને યોગ્ય છે.

૧૧. હાલમાં થોડાં વર્ષ સુધી એક કરતાં વધારે પર્યાય શબ્દો યોજવા; અનુભવ પછી અમુક શબ્દો રૂઢ થશે, અને બાકીનાનો ત્યાગ કરવામાં આવશે.

ઉપરના દરેક નિયમ વિષે ઘણું લખી શકાય, ઘણી ચર્ચા થઈ શકે, પરંતુ તેનો અંત આવે તેમ નથી તેથી મુખ્યત્વે આ નિયમો ઉપર રચાયેલો શબ્દસંગ્રહ પ્રસિદ્ધ કરવાનું વધારે યોગ્ય લાગ્યું છે. આ સંગ્રહનો મુખ્ય ઉપયોગ તો અંગ્રેજી પુસ્તકોના અભ્યાસીઓને પારિભાષિક શબ્દોનો ગુજરાતીમાં અર્થ સમજવાને અને સમજાવવાને માટે યોગ્ય શબ્દો સહેલાઈથી મળી શકે એ છે. વર્ષો સુધી અંગ્રેજી ભાષા દ્વારા વૈજ્ઞાનિક શિક્ષણ લીધા પછી, અને તે જ ભાષામાં વિચાર અને અન્વેષણ કરવાની ટેવ પડ્યા પછી ઘણા વિદ્વાનો ને ઘણા ગ્રેજ્યુએટોને વૈજ્ઞાનિક વિચારો ગુજરાતી ભાષામાં દર્શાવતાં ઘણી અડચણ પડે છે એ મેં અનુભવ્યું છે અને જોયું છે. બીજો ઉપયોગ યુનિવર્સિટીની પરીક્ષાઓમાં ગુજરાતી ભાષામાં ઉત્તર આપનાર વિદ્યાર્થીઓના હાથે થશે એમ ધારૂં છું. પરંતુ મુખ્ય ઉદ્દેશ ભાષાની સમૃદ્ધિ અને સ્પષ્ટતા સાધવાનો છે. તેથી આ પ્રયત્નની જરૂરીઆત વિશે તો બે મત છે જ નહિ.

અત્યાર સુધી આ દિશામાં થયેલા પ્રયત્નોમાં સર્વેથી ઉત્તમ તો સાહિત્ય પરિષદના છઠ્ઠા સંમેલન વખતે નિમાયેલી સમિતિના રીપોર્ટમાં ૧૯૨૪માં છપાયેલો શબ્દસંગ્રહ છે. પરંતુ

આ રીપોર્ટની નકલો મળી શકતી નથી. અને ત્યાર પછીના ૧૩–૧૪ વર્ષના ગાળામાં ઘણાં પરિવર્તનો થવાથી નવેસર પ્રયત્ન કરવાની જરૂર જણાઈ છે. આ સમયમાં વિજ્ઞાનવિષયક અનેક પુસ્તકો પ્રસિદ્ધ થયાં છે અને અનેક વિદ્વાનોએ પોતાની સર્જકશક્તિ નવીન પારિભાષિક શબ્દોના સર્જનમાં પણ વાપરી છે. જૂદા જૂદા વિષયનાં પુસ્તકોમાં આ શબ્દો છૂટાછવાયા મળી આવે છે, અને કેટલીએક વાર તો એક જ શબ્દ જૂદા જૂદા અર્થમાં વપરાએલો જોવામાં આવે છે.

આ શબ્દસંગ્રહની તૈયારીમાં બે મુખ્ય વાતો નજર બહાર જવા દીધી નથી. એક તો ભાષાસમૃદ્ધિ અને વિચારવિપુલતાની દૃષ્ટિએ નવા શબ્દો રચવામાં આળસ કરી નથી. ખાસ કરીને ક્રિયાપદો, ક્રિયાત્મક કે ક્રિયાદર્શક શબ્દો નવા રચવાની અગત્ય સ્વીકારવામાં આવી છે. પરંતુ નામવાચક શબ્દો અને ખાસ કરીને પાશ્ચાત્ય પ્રજામાં પ્રચલિત થયેલા શબ્દો ફેરવવાનો આગ્રહ કરવામાં આવ્યો નથી. અત્યાર સુધી વૈજ્ઞાનિક શબ્દસંગ્રહો માટે જે કાંઈ પ્રયત્નો થયા છે તે આ વાતનો અને ખાસ કરીને ઉપર બતાવેલા આઠમા અને નવમા નિયમનું ઉલ્લંઘન કરવાથી નિષ્ફળ થયા છે એવી મારી માન્યતા છે. રાસાયનિક તત્ત્વો, સમાસો, કે વનસ્પતિનાં વૈજ્ઞાનિક નામોનો તરજુમો કરવાના પ્રયાસોમાં જ સઘળી શક્તિનો વ્યય થઈ ગયો છે. દા. ત. oxide, dioxide, sulphate, sulphite, chloride, chlorate, nitrate, nitrite વગેરે રાસાયનિક સમાસોના નામોની પાછળ જે કાંઈ ચાતુર્યનો વ્યય કરવામાં આવ્યો છે તે બીજી દિશામાં વાપરવામાં આવે તો તે વધારે ફલદાયી થાય. આ ઉપયોગ બતાવવાને માટે આ પ્રકારના શબ્દો પહેલાં ત્રણ પરિશિષ્ટમાં આપવામાં આવ્યા છે. એ વાંચી ગયા પછી શબ્દકોશના મુખ્ય ભાગને સમજવાનું કામ સરળ થશે. પહેલા પરિશિષ્ટ ઉપરથી દેખાશે કે પ્રાચીન હિન્દુ ખગોળવિદ્યાનું જ્ઞાન સંસ્કૃત ભાષામાં અત્યંત સારી રીતે ખેડાએલું હતું; તેથી લગભગ બધા જ શબ્દો જૂના છે. અને તેમને નવાની સાથેનો સંબંધ દર્શાવવા સિવાય નવું કાર્ય કાંઈ રહેતું નથી. પરંતુ બીજા પરિશિષ્ટમાં અપાયેલી રાસાયનિક સંજ્ઞાઓ અને નામ વિશે હાલની આંતરરાષ્ટ્રીય પદ્ધતિનો સ્વીકાર કર્યો છે, કારણ કે આ દિશામાં અર્વાચીન વિજ્ઞાનની પ્રગતિ અને વિકાસ એટલાં બધાં વિશાળ છે કે તેમને માટે સંસ્કૃત ભાષાનો આડંબર અનુચિત છે, અને નવા અભ્યાસીઓને અંતરાય રૂપ થઈ પડે તેમ છે. અંગ્રેજી નામને દેશી નામ અને ચિહ્ન આપવાનો પ્રથમ પ્રયત્ન વિદેહી પ્રોફેસર ગજ્જરે વડોદરાના કલાભવનમાં કર્યો હતો અને હજુ પણ કેટલેએક અંશે તેમનો વપરાશ ચાલુ છે. હિન્દી ભાષામાં પણ ત્યાંની વિજ્ઞાન પરિષદ તરફથી આ બાબતમાં દુરાગ્રહ છે; આ પ્રણાલિકા પ્રમાણે વપરાતી ગુજરાતી સંજ્ઞાઓ તો તેમના કરતાં વધી જાય એમ છે, કારણકે નામ તો ગુજરાતી લિપિમાં લખાય અને સંજ્ઞાઓ તો દેવનાગરીમાં લખાય. તેના કરતાં અંગ્રેજી સંજ્ઞાઓ અને નામ વાપરવાથી સરળતા અને એકરૂપતા સાધી શકાશે. આ વિષયમાં કવિવર રવીન્દ્રનાથ ટાગોર પણ રસ લે છે તેમની સાથે અને બીજા વિદ્વાનો, શિક્ષકો અને આચાર્યોની સાથે વિચાર વિનિમય કર્યા પછી જ આ સંજ્ઞાઓ અંગ્રેજીમાં રાખવી એવા નિર્ણય ઉપર હું આવ્યો છું. તેની પૂર્તિમાં ત્રીજું પરિશિષ્ટ વાંચવાની ભલામણ કરૂં છું. અર્વાચીન વનસ્પતિવિદ્યા અને પ્રાણી-વિદ્યાના અભ્યાસીઓને આંતરરાષ્ટ્રીય નામસંજ્ઞા વાપર્યા વિના ચાલે તેમ નથી: યૂરોપ અને અમેરીકામાં વનસ્પતિ અને પ્રાણીઓના નામો લેટીનમાં જ અપાય છે અને આપણે પણ

તેજ રસ્તે ચાલવું પડશે. તેમ કરવામાં હું વાંધો જોતો નથી કારણકે નામવાચક શબ્દો ઉપરાંત ક્રિયાવાચક શબ્દો ઉપર ધ્યાન રાખવાથી આપણી ભાષાનું ગૌરવ અને શુદ્ધિ જળવાઈ શકાશે. તે છતાં એટલું તો ભાર દઈને કહેવું પડશે કે જે જે વિષયમાં પ્રાચીન હિન્દુ વિજ્ઞાનશાસ્ત્રીઓએ પોતાના અનુભવ અને અન્વેષણથી ઘણી વસ્તુઓ અને ઘટનાઓના નામ નિર્માણ કર્યાં છે તેમના ઉપર જરાયે ઉદાસીનતા બતાવવી ન જોઈએ. આ દૃષ્ટિએ પહેલા પરિશિષ્ટમાં અપાયેલા ખગોળવિદ્યાના શબ્દોમાં લગભગ બધા જ શબ્દો પ્રાચીન હિન્દુ ખગોળ સાહિત્યમાંથી જ શ્રી. ભોગીલાલ પટવાએ શોધી કાઢ્યા છે; તેવી જ રીતે પ્રાચીન વૈદ્યવિદ્યામાં પણ જે કાંઈ જ્ઞાન પ્રાપ્ત થયેલું તેના આધાર ઉપરથી શરીરરચનાશાસ્ત્ર અને શરીરવ્યાપારશાસ્ત્રના શબ્દો સારી સંખ્યામાં યોજી શકાય તેમ છે. આ બધી સામગ્રીનો યોગ્ય રીતે ઉપયોગ કરવાની આ તક ગુમાવવી ન જોઈએ. પરંતુ તેની સાથે તાતસ્ય કૂપોઽયં એમ કહીને પ્રાચીનતા કે રૂઢિબદ્ધતાના પંકમાં ડૂબવું પણ ન જોઈએ.

આ પ્રયત્નના સંબંધમાં ટીકા કે સૂચના નીચેના સરનામે મોકલવામાં આવશે તો તેની ઉપર તરત જ ધ્યાન આપવામાં આવશે.

લલિતકુંજ, ખાર
મુંબાઇ-૨૧
તા. ૧-૧૦-૩૭

પોપટલાલ ગોવિંદલાલ શાહ

A

Abbreviation સંકેત, સંજ્ઞા, ટુંકુંનામ, સંક્ષેપાક્ષર
Abdomen ઉદર, પેટ, પેટની પાસેનો ભાગ
Abdominal ઉદરસ્થ, ઉદરીય, પેટાળ
Abductor muscle બહિર્નયિની પેશી
Aberration પથભ્રષ્ટતા, વિપથગમન, ભ્રંશ, વિભ્રમણ, અપેરણ, પથચ્યુતિ, વિભ્રમ
Abiogenesis અજીવાતજીવવાદ
Abnormal વિકૃત, અસાધારણ, વિશેષ ધારણ
Aboriginal અસલ વતની સંબંધી
Abortion કસુવાવડ, ગર્ભપાત, નિષ્ફળ પ્રયત્ન
Abreaction અનનુભૂત ઊર્મિમોક્ષ
Abscess ગડ, ગુમડું, પરૂથી ભરેલો ફોલ્લો
Abscessa ભુજ, કોટિ
Absenteeim અનિવાસિત્વ
Absent-minded શૂન્યમનસ્ક, અન્યમનસ્ક
Absolute નિરપેક્ષ, નિર્વિકલ્પ, શુદ્ધ, કેવલ, અનન્ય, સ્વતંત્ર, નિરવય, અમર્યાદિત, અપ્રતિબદ્ધ, નિઃસંશય, નિરંકુશ
Absolutism પરમાર્થસત્તાવાદ, અદ્વૈતવાદ
Absorbent શોષક, ચૂસી શકે તેવી શક્તિવાળું
Absorbing મનોવ્યાપી
Absorption ચોષણ, શોષણ, અવશોષણ
Absorption of light પ્રકાશશોષણ
Abstract ભાવાત્મક, ભાવવાચક, અમૂર્ત, અગોચર, તાર્કિક, કેવલ, નિર્વિશેષ
Abstraction ભાવનાધિગમ
Absurd અયુક્ત
Acacia એકેશીઆ, બાવળ-ખેર જાતિની વનસ્પતિ
Acceleration ગતિવૃદ્ધિ, વેગવર્ધન, ત્વરાવર્ધન
Accelerator પ્રવેગકાર
Accent સ્વરોચ્ચાર, સ્વરભાર
Accessory સહકારી, ઉપકરણી
Accident અણધાર્યું, આગન્તુક ઉપાધિ, આકસ્મિક ધર્મ, અનાવશ્યક ગુણ, નિમિત્ત
Academic વિદ્યાવિષયક, સિદ્ધાન્તલક્ષી
Accentuation દૃઢીભવન
Accumulate સંગ્રહ કરવો, સંચય કરવો
Accumulation સંગ્રહ, સંચય
Accumulator સંગ્રાહક, સંચાયક, વિજળીની બેટરી
Accurate યથાર્થ, સૂક્ષ્મ, ચોક્કસ, શુદ્ધ, ખરેખરૂં, સુનિશ્ચિત, બીનચૂક, અચૂક, સુરેખ
Acetic Acid એસેટિક એસીડ, સરકાનો તેજાબ
Acetylene એસીટીલીન
Achlamydeous વજ્ર કે ફુલમણી વગરનું
Achromatic એકરંગી, નિરંગી, તથ્યરંગી, એકવર્ણી, રંગદોષરહિત, નીરંગ, વિવર્ણ
Acid તેજાબ, એસીડ, અમ્લ
Accoustics નાદશાસ્ત્ર, ધ્વનિશાસ્ત્ર, શ્રવણશાસ્ત્ર
Acquired પ્રાપ્ત, સંપાદિત
Acute કટાણું, કટુ (સ્વાદ), અતિ તીક્ષ્ણ (ગંધ)
Actinic rays તેજોદીપક-પ્રકાશમાન કિરણો, ક્રિયાશીલ કિરણો, તેજોમય-પ્રકાશમય-કિરણો
Action ક્રિયા, કૃતિ, કામ, કર્મ, કાર્ય, આઘાત
Active ચંચલ, જલદ, ઉત્તેજિત, પ્રાણવાન, કાર્યસાધક, વિધાયક, તત્પર, સક્રિય, ક્રિયામય, ક્રિયાત્મક
Activity ક્રિયાશક્તિ, ઉદ્યોગિતકારકતા, ચપળતા, ક્રિયા
Actuary તથ્યમાપનવેત્તા, સંખ્યાશાસ્ત્રી, વીમાશાસ્ત્રી
Adaptation અનુવર્તન, અનુવિધાન, પ્રતિકૃતિ, અનુવાદ, અનુકૃતિ
Adapter સંયોજક, એડેપ્ટર
Adducter muscle અંતર્નાયની-અન્તર્વાહિની પેશી
Adiabatic અતાવિક
Adsorption અધિશોષણ
Adjacent પાર્શ્વસ્થ, લગોલગ, પાસેનું, સંલગ્ન, સંસ્થિત, આસન્ન

Adventitious આગન્તુક, અનિયમિત, આકસ્મિક
Aerodrome વિમાનગૃહ, વિમાન સ્થળ
Aerial વાયવીય, આકાશી, હવાઇ, નભસ્થ
Aerology વાતવિદ્યા, વાયુવિદ્યા, હવામાનવિદ્યા
Aeroplane એરોપ્લેન, વિમાન, વાયુયાન
Aerated waters વાયુ મિશ્રિત પેય-પીણું
Aerodynamics પવનગતિ વિદ્યા, વાયુગતિ વિદ્યા
Aeronaut વૈમાનિક
Aeronautics ઉડ્ડયનશાસ્ત્ર
Aerostatics વાયુસ્થિતિશાસ્ત્ર
Aesthetic કલોપકારક, રસલક્ષી,—ideal રસલક્ષિણી ભાવના,—reason કલાદષ્ટિ —sentiment સૌન્દર્ય અભિરૂચિ-વૃત્તિ
Aesthetics સૌન્દર્યશાસ્ત્ર, રસશાસ્ત્ર, સુરૂચિશાસ્ત્ર, સૌન્દર્યવિજ્ઞાન, કલાશાસ્ત્ર
Aether-Ether ઇથર, અવકાશમાં પ્રચલિત સૈદ્ધાન્તિક દ્રવ્ય, અવકાશમાં પ્રસરેલું અદૃશ્યતત્વ
Afferent અંતર્વાહક, કેન્દ્રગામી,—nerves જ્ઞાનતંતુ
Affinity સંબંધ, પ્રીતિ, સપિંડત્વ, સંલગ્નતા, રચનાસામ્ય, આકર્ષણ, સામ્ય, સાદૃશ્ય
Affluent સહાયક પ્રવાહ-નદી, ઉપનદી
Affect ઊર્મિ, અનુભૂતિ
Affiliated માન્ય, સ્વીકારેલ, સબદ્ધ, સંયોજિત
Affirmation વિધિ, વિધાન, પ્રતિજ્ઞા, વિધિવાકય
After Image પશ્ચાત પ્રતિબિંબ
Agate એગેટનો પત્થર, અકીક
Agent કાર્યકર, કારણ, નિમિત્ત, કર્તા
Aggregate સમૂહ, જથ્થો, રાશિ, ઢગલો, સરવાળો, રાશિકૃત, એકત્રિત, સમુચ્ચિત
Aggressiveness અભિયોગ
Agitate હલાવવું, ઉત્તેજિત કરવું, ડહોળવું
Agitation વિક્ષોભ, પ્રક્ષોભણ, સંચલન, ચળવળ, ઉત્તેજન
Agonic lines અકોણિક રેખા
Agnosticism અજ્ઞેયવાદ, અજ્ઞેયતાવાદ
Air compressor હવા સંકોચક યંત્ર
Aim લક્ષ્ય, ઉદ્દેશ, નેમ, ધારણા, નિશાન
Air હવા, વાયુ, વાત;—lock હવાપેટી,—pump વાતપુરક પંપ,—tight વાતાગમ્ય, હવા ચુસ્ત,—engine વાતયંત્ર, —ship વિમાન, હવાઈ જહાજ
Alabaster સંગેમરમર
Album ચિત્રપોથી, ચિત્રસંગ્રહ
Albumen સફેદી, ઈંડાનો સફેદ પદાર્થ, અંડશ્વેત, એલબ્યુમન
Alchemy કીમિયો, કીમિયાગીરી, પારો, લોખંડ કે ચાંદીમાંથી સોનું બનાવવાનો હુન્નર
Alcohol મદ્યસત્વ, મદ્યસાર, આલ્કોહોલ, મદ્યાર્ક
Alembic રસાયન શાળામાં વપરાતું એક ઉપકરણ
Alimentary canal અન્નમાર્ગ,—system પોષણ સંસ્થાન
Alkali અલ્કલી, ક્ષાર, ખાર, જવખાર-ચણાનો ખાર વગેરે ખારવાળાં દ્રવ્યો
Alkaline ક્ષારીય
Alkaloid અલ્કલોઇડ, કેટલાએક ઝેરી દ્રવ્યોનું સત્વ, દા. વછનાગનું એકોનાઇટ, ઝેરકચોળું
Allegory દૃષ્ટાંત રૂપક, રૂપકમય દૃષ્ટાંત, અન્યોક્તિ
Allotrope વિવિધરૂપી-બહુરૂપી-અનેકરૂપી દ્રવ્યોમાંથી એક
Allotropic વિવિધરૂપ, બહુરૂપી
Allotropism } Allotropy } એકજ પદાર્થના બહુરૂપ બની શકે તે ઘટના, બહુરૂપતા
Alloy મિશ્રધાતુ
Alluminium એલ્યુમિનિયમ

Alluvial soil પુલિનમય જમીન, જલની ક્રિયાથી બંધાએલી જમીન
Alpaca એ નામના ઘેટાના ઉનમાંથી બનતું કાપડ
Alpha Rays આલ્ફા કિરણો
Alternate વિપર્યયક, વિપર્યય વિશિષ્ઠ, વૈકલ્પિક, વ્યુત્ક્રમ, એકાન્તરક્રમ, પર્યાયક્રમ, -Current વિપર્યાત્મક પ્રવાહ, ઉલટ સુલટ પ્રવાહ
Alternative વિકલ્પ, વિકલ્પે
Altimeter ઉચ્ચતામાપક
Altitude ઉચ્ચત્વ, ઉંચાઇ
Altizimuth ઉચ્ચતાવૃત્ત
Altruism સર્વભાવ, પરોપકારવૃત્તિ પરાર્થભાવ
Alum ફટકડી
Alumina એલ્યુમીના
Amalgam પારદમિશ્ર ધાતુ, પારદ મિશ્રણ
Amalgamation પારદ મિલન-મિશ્રણ
Amateur શોખીન, હોંશી, જીજ્ઞાસુ, કલાપ્રેમી, જ્ઞાનકૌતુકી, શોખપ્રેરિત, રસિક,
Amber એંબર, કેરબો, તૃણમણિ
Ambiguous અનેકાર્થી, સંશયાર્થી, અસ્પષ્ટ
Ambivalence વિરૂદ્ધોર્મિમયતા, દ્વિભાવ
Ambrosia અમૃત
Ammeter એમીટર, વિજળીનો પ્રવાહ માપક, એમ્પમાપક
Ammonia એમોનિયા
Ammonium chloride નવસાર
Amnesia સ્મૃતિભ્રંશ
Amoeba અમીબા નામનું અતિસૂક્ષ્મ પ્રાણી —જીવાણુ
Amorphous અસ્ફાટિક, લોટરૂપ, આકાર વિનાનું
Ampere એમ્પેર, એમ્પ
Amphoetric દ્વયરૂપી
Amplifier વર્ધક, વિપુલ કરનાર, વિપુલક, નાદ વર્ધક, ધ્વનિ વર્ધક, ધ્વનિ વિપૂલક
Amplitude વિસ્તાર, માત્રા, તરંગ, ઉંચાઈ, કમ્પવિસ્તાર
Amplitude magnetic ચુંબકવિસ્તાર
Amphitheatre મહા નાટકશાળા
Anaemia પાંડુ રોગ, રક્તહીનતા
Anachronism કાળવ્યુત્ક્રમ, કાળદોષ, કાળ-વિરોધ, ઇતિહાસવિરોધ કાલવિપર્યાસ
Anaesthetic જ્ઞાનતંતુને જડ બનાવનાર
Anaesthesia સંવેદનાભાવ, સંવેદનશક્તિ
Analogy સાદૃશ્ય, ઉપમાન, અનુધર્મતા
Analogical સાદૃશ્યાત્મક, સાદૃશ્ય સંપન્ન
Analyser વિભાજનકાર, પૃથક્કાર
Analysis પૃથક્કરણ, વિશ્લેષણ, harmonic —સંવાદિત૦, qualitative—ગુણ૦, quantitative-પરિમાણ૦, ultimate—અંતિમ, volumetric—આયતન૦
Analytic Function બૈજિક ફલ
Analytical Geometry બીજ જયામિતિ, બૈજિક ભૂમિતિ
Anastagmatism દૃષ્ટિવક્રતા
Anatomy શરીરવિદ્યા, શરીરરચનાશાસ્ત્ર
Anchor લંગર
Androccium પુંગૃહ, પુષ્પેન્દ્રિય, પુલિંગ ચક્ર
Andromedae ઉત્તર ભાદ્રપદ
Anemometer પવનદર્શક, વાયુવેગમાપક
Angiosperm આચ્છાદિત, ગર્ભાશયવાળું
Angle કોણ acute,-ન્યૂન૦, concave-નતોદર૦, convex-ઉન્નતોદર૦, critical-ક્રાન્તિકોણ૦,-of dip નમન કોણ,-of emergence નિર્ગમ-વિસર્જન૦,-of incidence પતન૦, supplementary-સંપૂરક૦, virtual-, આભાસ કોણ, obtuse-અધિક૦, right-, કાટખુણો,-of refraction વક્રકોણ, વક્રીભવન કોણ,-of reflection પરાવર્તન કોણ
Angular distance કોણાન્તર,-momentum કોણીય સંસ્કાર,-velocity કોણીય વેગ
Anhydrous જલ રહિત

Aniline એનીલીન
Animal charcoal પ્રાણીજ કોલસો, —kingdom પ્રાણીવર્ગ,—protein પ્રાણીજ પ્રોટીન
Anion ધનાયન
Anisometric વિષમ પ્રમાણ
Anisotrope ભિન્ન ગુણાત્મક
Annual વાર્ષિક, વર્ષાયુ
Annuity વાર્ષિક વૃત્તિ
Annular કંકણાકાર
Anode ધ્રુવ, ધનાગ્ર, ધનધ્રુવ
Anode Rays ધનાગ્ર કિરણ
Anomalous નિયત વિરૂદ્ધ, વિસંગત, અપવાદરૂપ, અયોજિત
Anomaly નિયમ વિરૂદ્ધ, યોજના વિરૂદ્ધ
Antarctic દક્ષિણ વૃત્ત
Antecedent પૂર્વગામી, પૂર્વચર, પૂર્વાત્રી
Antelope સાબર
Antenna વાયુનાર, અગ્રપુચ્છા
Anterior fontanalle બ્રહ્મરંધ્ર, બ્રહ્મ વિવર, પૂર્વ વિવર
Anther પરાગ કોષ, રેત કોષ
Anthropology માનુષ શાસ્ત્ર, મનુષ્ય વિદ્યા, મનુષ્યવંશ વિદ્યા
Anthropometry માનવાંગ પરિમિતિ, મનુષ્ય માપન વિદ્યા
Anthropomorphism મનુષ્ય ગુણારોપણ
Anticlockwise અપસવ્ય, પ્રતિદક્ષિણા
Anticyclone પ્રતિ વંટોળ
Antidote વારણ, વિષનાશક, પ્રતિવિષ
Antipathy વિરોધ, વિરૂદ્ધભાવ
Antisceptic એન્ટિસેપ્ટિક,વિક્રિયા અટકાવનાર
Antiquities પુરાતત્વ, પુરાતનશાસ્ત્ર, પ્રાચીન વસ્તુ વિદ્યા
Antitoxin ઉન્માદહારક, મદહારક, વિષનાશક
Antithesis વિરોધ, વિરોધ સંવિધાન
Anus ગુદા, મલદ્વાર
Aorta મહાધમની
Apathy ઉદાસીનતા, તાટસ્થ્ય
Aperture નાકું, ડોકાબારી, છેદ, છિદ્ર
Aperture of a Lens તાલ વ્યાસ
Apex શિખા, ટોચ, શિખર
Apihelion સૂર્યોચ્ચ
Aplanatic surface સમતળી પૃષ્ટ
Apogee મંદોચ્ચ
Apparatus ઉપકરણ, પ્રયોગસાધન
Apparent વ્યક્ત, અવાસ્તવ, દષ્ટ, સ્ફુટ, દેખીતું —time સ્પષ્ટકાળ
Appearance દશ્ય, આભાસ
Appendage પુચ્છ, ઉપગ્રહ
Appendicitis એપેન્ડેસાઈટીસ, આંતરડાના એક પુચ્છમયભાગનો રોગ
Apperception સંવેદન, દર્શન, ઇંદ્રિયજ્ઞાન
Application આવિષ્કરણ, ઉપનયન, વિનિયોગ, ઉપયોગ
Apprehension જ્ઞાન; ગ્રહણ
A priori સહજ, તાર્કિક, કેવળ અનુમાન
Aptitude યોગ્યતા, ખાસિયત
Approximate આશરે
Aqueous humour તરલરસ (આંખમાંનો)
Arbitrary અનિયમિત, નિયમ રહિત
Arc કલા, વિકલા, ચાપ, પરિધિનો ભાગ —lamp આર્કલેમ્પ
Arch કમાન
Archaic પ્રાચીન, અરૂઢ
Archeology પ્રાચીન વસ્તુશોધન, પુરાતત્ત્વવિદ્યા
Archipelago દ્વિપ સમૂહ
Architecture શિલ્પશાસ્ત્ર, સ્થપત્ય, સ્થાપત્ય, વાસ્તુવિદ્યા
Arctic circle ઉત્તર ધ્રુવવૃત્ત
Area ફલ, ક્ષેત્રફળ

Arenaceous rock રેતીવાળો પત્થર, ખડક, શિલા
Argument કારણ, પ્રમાણ, દલીલ, સાબિતી, પ્રત્યુત્તર
Argillaceous rock માટીથી બંધાયેલો પત્થર, મૃત્તિકાબદ્ધ શિલા
Aris મેષ
Arithmetical mean સમશ્રેણી મધ્યમ
Arithmetical progression or series ગણિતશ્રેણી, સમશ્રેણી
Arm ભુજ, બાહુ, હાથ
Armature આર્મેચર
Arrest પકડવું, અવરોધ કરવું, ગૃહીત
Arsenic સોમલ
Art કલા, સાહિત્યકલા, લલિતકલા, રસિકકલા
Artery ધમની
Articulation સંધિ, શબ્દોચ્ચારણ
Artesian well પાતાલ કૂવો
Artificial બનાવટી, કૃત્રિમ
Asbestos એસ્બેસ્ટોસ
Ascend ઉદ્ગમન, ઉંચે ચઢવું, ઊર્ધ્વગમન
Ascending axis ઉદક્ષ
Ascension આરોહણ,—right વિષુવાંશ, —oblique ક્રાન્ત્યાંશ,–at difference ચર
Ascetism વૈરાગ્ય, સંયમવૃત્તિ, ત્યાગ પરાયણતા, તપસ્વિતા
Asexual અલિંગી, અમૈથુનજાત
Ashes રાખ
Aspect દષ્ટિ
Aspirator વાયુશોષક
Assay કસ કાઢવો, ચોકખું કરવું
Assimilation પાચન, સમન્વય, એકીકરણ
Association સાહચર્ય, સંયોજન, સંબંધ, સંસ્કાર, વળગણ, વિચારસંગતિ
Assume ધારી લેવું, માની લેવું, ગ્રહણ કરવું, પ્રમાણ વિના માનવું
Asset પૂંજી, ધન, લેણું, liquid—હાજર ધન
Astatic સ્વતંત્ર
Asterism તારાપુંજ
Astigmatism વક્રદષ્ટિ, અસમદષ્ટિ; દષ્ટિ-વૈષમ્ય
Astrology જ્યોતિઃશાસ્ત્ર, જ્યોતિર્વિદ્યા
Astronomy ખગોળવિદ્યા
physical—ભૌતિક ખગોળ,
mathematical—ખગોળગણિત
Asymptote ઉપગા
Asymmetric અસમ
Asymptotic ઉપગીય
Atlas નકશાસમૂહ ઍટલાસ, નકશાપોથી
Atmosphere હવામાન, વાતાવરણ
Atmospheric electricity અંતરીક્ષવિદ્યુત
Atoll કંકણદ્વીપ
Atom પરમાણુ
Atomic weight પરમાણુભાર,
—number પરમાણુસંખ્યા
—structure પરમાણુરચના
Atomize વિચ્છિન્ન કરવું
Atomizer વિચ્છેદક
Attention ધ્યાન, અવધાન, સમાધિ, લક્ષ
Attraction આકર્ષણ
capillary—કેશીય આકર્ષણ
chemical—રાસાયનિક આકર્ષણ
Atrophy નાશ, ગાત્રશોષણ, ગાત્રભંગ
Audibility શ્રવણતા
Audition શ્રવણ
Auditory centre શ્રવણકેન્દ્ર,
—nerve ૦ તંતુ
Aurora borealis અરૂણપ્રકાશ, સુમેરૂ-જ્યોતિ
Auricle કર્ણિકા, કર્ણશષ્કુલી, ઉપકર્ણ
Axilla બગલ, કક્ષ, કક્ષતલ, axillary artery કક્ષીયા ધમની,—nerve કક્ષીયા તંતુ—bud પાર્શ્વસ્થ કુલિકા

Axis of refraction વક્રીભવનાક્ષ
Axle કીલક, ધરી
Azimuth વૃત્ત, દિગાંશ
Azoic અજીવ
Azure આસમાની, બ્લુ, વાદળી
Authority શબ્દ, શબ્દપ્રમાણ, પ્રમાણ, ગુરૂમત
Automatic આત્મવેગી, સ્વયંચલિત, આત્મચાલક, સ્વયંપ્રેરિત, યંત્રવત્
Auto-erotisim સ્વદેહકામુકતા
Automobile સ્વયંગામી
Auto-suggestion સ્વયંસૂચન
Autocracy અધિરાજત્વ, જોહુકમી, આપ-અખત્યાર, એકચક્રસત્તા
Autumn શરદ
Avalanche શિલાપાત
Average સર્વસાધારણ, સરેરાશ, સામાન્ય, સરાસરી
Aversion કંટાળો, અપ્રીતિ, તિરસ્કાર
Axial line અક્ષરેખા
Axiom પ્રત્યક્ષપ્રમાણ, સ્વીકૃત પક્ષ, સ્વતઃ સિદ્ધ સત્ય, મંત્ર, સ્વયંસિદ્ધ વસ્તુ
Axis અક્ષ, ધુરી, ધરી

B

Bacillus સૂક્ષ્મજંતુ
Background પશ્ચાદ્, પશ્ચાદ્ભૂમિ
Bacteria અતિસૂક્ષ્મ ઉદ્ભિજ્જંતુ
Bacteriology સૂક્ષ્મજંતુવિદ્યા
Badger ઘોરખોદીઓ, (પક્ષીનું નામ)
Bald અનલંકૃત, સાદું, વાળ વગરનું, તાલવાળું
Ball ગોળો, બોલ
Balance ત્રાજવું, કાંટો, બેલેન્સ,— hydrostatic જલકાંટો, spring— કમાન કાંટો, wheel—ક્રમસાધક કાંટો, —power ગળતુલા, પક્ષસામ્ય
Ballast બેલાસ્ટ, પત્થર, વહાણમાં વજનને માટે રખાતો માલ, રેલ્વેના રસ્તા ઉપર નંખાતા પત્થરના ટુકડા
Balloon વિમાન, બલુન, ફુક્કો
Baluster ગરાદ
Banana કેળાં
Band છત્રીવાળું, વૃંદ, કુતમ, યુથ
Bar દંડ, શળીઓ, ગજીઓ
Bare નગ્ન, ઉઘાડું
Barge મછવો
Barium બેરીયમ
Bark છાલ
Barley યવ, જવ
Barograph વાયુભારલેખક
Barometer હવાભારમાપક યંત્ર, પારદયંત્ર, વાતસ્થિતિમાપક યંત્ર, વાયુભારમાપક
Baroscope વાયુભારદર્શક યંત્ર
Barrel ભુંગળી, નળી, પીપ, બૅરલ
Barren ઉજ્જડ, વેરાન
Basalt કાળો પત્થર, મુંબઈ તથા ચાંપાનેર વગેરે સ્થળોમાંથી મળી આવતો કાળો પત્થર, ટ્રેપ. કાળમીંઢ, અગ્નિજ પ્રસ્તર, આગ્નેય કાળી શિલા
Base અલ્કલી, બેઈઝ, પાયો, તલ, અધોભાગ
Base line ભૂમિરેખા, અધોરેખા, આધારરેખા
Basic ભાસ્મિક, ક્ષારમય
Basin ભાંડ, કુંડી
Basin, catchment જલસંગ્રહપ્રદેશ, નદી કે તળાવમાં પાણી આવવાનો પ્રદેશ
Basin, drainage પરિવાહક્ષેત્ર, પાણી બહાર નીકળવાનો પ્રદેશ
Bat બેટ, ચામાચેણ, ચામાચીડીઉં
Bath સ્નાન, સ્નાનકુંડ, જલકુંડ
Bath, sand રેતીતાપક
Battery બૅટરી, કોષ (બરણી) પુટાવલી, કોષાવલી
Battery voltic વોલ્ટેઈક કોષાણી

Bauxite બોકસાઈટ, એલ્યુમીનીયમ જેમાંથી બને છે તે ખનિજ
Bay અખાત, ઉપસાગર
Bead દાણા, મણકા
Beaker જામ, પ્યાલો, કાચનું ગરમ કરવાનું વાસણ, બીકર
Beam દાંડી, દંડ–યષ્ટિ, પટી
—balance તરાજુ, દાંડી તુલા,-of light કિરણશલાકા
Beamless દંડ રહિત
Beans દાણો (અનાજનો), ફણસી, શિંગ, કઠોળ
Beat સ્વરસ્પંદન, સ્વરકંપ, તાલ
Bee માખી, મધમાખ
Behaviour ચેષ્ટા, વર્તન
Bell metal કાંસું
Bellows ધમણ
Bellows hydrostatic જલધમણ
Belt of calms નિર્વાતમંડલ, નિર્વાત-કટિબંધ
Belt of Jupiter બૃહસ્પતિ- કટિબન્ધ
Bending (of bean) વળાંક
Bent tube વક્રનળી
Benzene બેન્ઝીન
Berrylium બેરીલિયમ
Beta rays બીટા કિરણો
Bevelled કાપેલું, પાસા પાડેલું
Beverage પીણું
Bias પક્ષપાત
Biaxal દ્વિઅક્ષિ, દ્વિધરી
Bibliography સંદર્ભગ્રંથ, ગ્રંથસૂચી
Biennial દ્વિવાર્ષિક
Biconcave ઉભયાન્તર ગોલ
Biconvex ઉભય બાહ્ય ગોલ
Bifiliar દ્વિરેષી
Bifoliate દ્વિપત્રી
Bifurcation દ્વિભાજન, બે ભાગ પાડવા તે, બે ફાંટા પાડવા તે, દ્વિમાર્ગીકરણ, દ્વિભાગીકરણ
Binocular movement નેત્રની સંભૂય-જોડીયા ગતિ
Binomial દ્વિપદ
Biodynamics જીવગતિવિદ્યા
Biogenesis જીવ-ઉત્પત્તિ, જીવાત જીવવાદ
Biology જીવનશાસ્ત્ર
Bile પિત્ત
Billion દસ પર્વ
Bimetallism દ્વિધાતુવાદ, દ્વિધાતુમત
Bimetal strips દ્વિધાતુપટ્ટી
Binary દ્વૈધ
Biopolar દ્વિધ્રુવીય
Bioplasm જીવનરસ
Biped દ્વિપદી
Biplane દ્વિપાંખીવિમાન
Biprism દ્વિપાર્શ્વ
Biquadratic equation દ્વિવર્ગાત્મક સમીકરણ
Birds eye view વિહંગાવલોકન, ખેચરદષ્ટિ
Birth control ગર્ભનિરોધ, સંતતિનિયમન
Bisect સમભાજન, સમદ્વિભાજન
Bisexual દ્વિજાતીય
Bitter કડવું
Bitumen શિલાજીત, બીટુમન
Bivalency દ્વિગ્રાહક શક્તિ
Black body તેજોહીન, કાળું
Bladder મૂત્રાશય
Blade ધાર, ફલ
Blast furnace વાતભઠ્ઠી
Bleaching વિરંજન, નિખારવું
Blind spot અતેજબિંદુ
Block કકડો, ઘન, ટુકડો
Blood રક્ત, લોહી, રૂધિર, શોણિત,

—corpuscles ૦અણુ, —vessel રક્તવાહિની
Blow ફુંકવું
Blow pipe ફુંકણી
Blue આસમાની, નીલ
Body પદાર્થ, વસ્તુશરીર
Bog કાદવવાળી નરમ જમીન
Boil ઉકાળવું, ઉત્કલન
Boiler બંબો, બોઈલર
Boiling point ક્વથનાંક, ઉત્કલનબિંદુ
Bolshevism બૉલ્શેવિઝમ, મજૂરશાહી, રંકવાદ
Bolt અર્ગલાબંધ, ઉલાળો, આગળો
Bonafide ખરેખરૂં, પ્રતિજ્ઞાપૂર્વક
Bond બંધન, હસ્તલેખ
Borax રસશોધન, ટંકણખાર
Bore નાકું, કાણું, વેધ, ગાળો
Boreal ઉત્તર દિશાનું
Botany વનસ્પતિશાસ્ત્ર, વનસ્પતિવિદ્યા
Bottle શીશી, શીશીમાં ભરવું
Bounty અનુગ્રહ
Bow ધનુષ, કમાન, ડાળી
Bowels પેટ, આંતરડાં
Bowl પાત્ર, પ્યાલો
Box ડબો
Box of weights વજનની પેટી
Brachycephalic લઘુશીર્ષક
Brachysterous લઘુપત્રી
Bracket અર્ધચંદ્ર, દ્વયકૌંસ
Brain મગજ, બુદ્ધિ
Brake બ્રેક, નિરોધ સાધન, સંયમ કાળ, [અવરોધક
Branch શાખા
Branchispoda પત્રપદી
Brand ડામ, જાત
Brassage ટંકણમૂલ્ય
Breadth પહોળાઈ
Breaker તરંગોર્મિ
Breeze land જમીનલહરી
Breeze sea સમુદ્રલહરી
Brewery દારૂ બનાવવાની ભઠ્ઠી–કારખાનું
Brilliancy ચમક, તેજસ્વિતા
Brilliant તેજોમય
Brim stone ગંધક
Brittle બરડ, ભંગુર, કાચું
Broadcast ધ્વનિવિક્ષેપ, બ્રોડકાસ્ટ
Bronze age કાંસાનો યુગ
Brook નાળું
Brown તપખીરીઉં, કથ્થાઈ
Brownian movement બ્રાઉનિયન ગતિ—હલનચલન
Bucket સેચની, ડોલ, બકડીઉં
Bud અંકુર, ફણગો, કળી
Buffer બફર
Bulk જથ્થો, આયતન, ઘનફળ
Bundle ગુચ્છ, ગ્રંથી, ભારી, ભારો
Buoy પ્લવતાયાર, બોયું
Buoyancy તારક શક્તિ, લાઘવ, તરણ–શીલતા, તરણતા
Burette દ્રવ માપિકા, બ્યુરેટ
Burn બળવું, જળવું, burner દીપક, જ્વાલક, burning glass or mirror આતશી કાચ, આયનો
Buzzer ગુંજનયંત્ર

C

Cable વિદ્યુત્સંદેશ રજ્જુ, તારનું દોરડું, તારથી મળેલો સંદેશો, કેબલ
Cacodyl કેકોડીલ, સોમલનું એક રાસાયણિક સંયોજન
Cactus થોર
Cadence સ્વરાવરોહ
Caecum અંધાંત્ર, અંધાંત્રી, અંધાંત્રાકાર
Caffeine કેફીન, કોફીનું સત્ત્વ, ઉત્તેજક દ્રવ્ય
Calcarious ચૂનાવાળો

Calcination ભસ્મીકરણ, ભસ્મીભવન
Calx ભસ્મ, ખાખ
Calculation ગણતરી
Calculus કલનશાસ્ત્ર, અતિસૂક્ષ્મ સંખ્યા શાસ્ત્ર, પથરી, અશ્મરી
Calculus differental ચલનકલન
Calculus infinitesimal ચલરાશિકલન
Calibre ગાળો, વ્યાસશક્તિ
Calibration પરિમાણુમાપન, આંકન
Callipers કેલીપર
Calms of cancer કર્કમંડળ
Calomel રસકર્પુર, મરકયુરસ કલોરાઇડ $HgCl$
Calorie ઉષ્માંક, કેલરી, ઉષ્માનો એકમ
Calorimeter ઉષ્ણુતામાપક
Calotropist અર્ક, આકડો
Calyx પુટ, ટોપી, વજ્ર, બાહ્યકોષ
Camera કેમેરા
Cancer કેન્સર નામનો રોગ, કર્ક, tropic of—કર્કવૃત્ત
Capacity ધારણુશક્તિ, ગ્રહણુશક્તિ, ક્ષમતા, સામર્થ્ય, સંગ્રાહકતા, શક્તિ
Capitalism મૂડીવાદ, ધનિક તંત્ર
Capillary કેશીય, કેશનાલિકા, —attraction કેશાકર્ષણ
Caramel કેરેમેલ, દગ્ધ શર્કરા
Carbohydrate કાર્બોહાઇડ્રેટ
Carbolic acid કાર્બોલિક એસિડ
Carbon કારબન, કોલસો, અંગાર
Carbonate કાર્બોનેટ, કાર્બોનિક એસિડનો ક્ષાર
Carbonic acid કાર્બોનિક એસિડ
Carbon dioxide કાર્બન ડાયોકસાઇડ
Carburettor કાર્બુરેટર
Cardamon એલચી
Cardiacal } હૃદય સંબંધી
Cardiac }
Cardinal મુખ્ય, મૂળભૂત, આધારભૂત, સ્વાભાવિક, પ્રધાન
Caricature, Cartoon ઠઠ્ઠાચિત્ર, રમૂજચિત્ર, ઉપહાસચિત્ર, અતિકથા, અતિચિત્ર
Carnivora માંસાહારી, ક્રવ્યાદ
Casein પનીર, દૂધનું સત્ત્વ, કેસીન
Cast iron ભરતરનું લોખંડ, બીડ
Casting vote વધારાનો વોટ, ભેદક મત
Casuistry મિથ્યાવાદ
Catalysis ઉદ્દીપ્ત ક્રિયા, યોગવાહી ક્રિયા, ઉત્પ્રેરણ
Catalytic agent યોગવાહક, ઉદ્દીપક પદાર્થ, ઉત્પ્રેરક
Cataract જલપ્રપાત, આંખનો મોતિયો.
Category સમાન વર્ગ, કોટિ, નામરૂપ
Cathode ઋણધ્રુવ, ઋણાગ્ર
Cation ઋણાયન
Cause કારણ, —material ઉત્પાદક૦, —primary મૂલ૦, effecient નિમિત્ત
Caustic દાહક
Celestial આકાશગામી, ખગોલીય, દીવ્ય, ગગનગામી, —distance આકાશીય અન્તર,—equator ખગોલીય વિષુવવૃત્ત —globe ખગોલ, —latitude ખગોલીય અક્ષાંશ, —light ખપ્રકાશ, —longitude ખગોલીય ભુજાંશ, રેખાન્તર, —meridian ખગોલીય વૃત્ત
Cell કોષ, બેટરી, પિંડ, સેલ, —division કોષ વિભાજન, —membrane કોષાવરણ, —plate કોષપત્ર, —sap કોષરસ, —tissue કોશતંતુ, —wall કોષકવચ
Cellulose કાષ્ટતંતુ, કાષ્ઠક
Cement સીમેન્ટ, બંધનલેપ

Central કેન્દ્રિત, મધ્યવર્તિ
Centre કેન્દ્ર, નાભિ, મધ્યબિન્દુ
—of curvature વર્તુલ મધ્ય, વક્રતા કેન્દ્ર, --of gravity ગુરૂત્વ મધ્યબિંદુ —of inertia જડત્વકેન્દ્ર, —of oscillation દોલનકેન્દ્ર —of pressure ભારકેન્દ્ર
Centrifugal કેન્દ્રોપગામી, કેન્દ્રોપસારી, કેન્દ્ર ત્યાગી, મધ્યોત્સારી, કેન્દ્રોત્સારી, કેન્દ્રાતિદૂરસારી
Centripetal કેન્દ્રગામી, કેન્દ્રાભિસારી, મધ્યાકર્ષી, કેન્દ્રોન્મુખ, કેન્દ્રાભિમુખ
Cephalic કાપાલિક
Cephalopod કપાલપદી
Ceramic પોર્સલેન સંબંધી, કુંભારકામ, ચીનાઈ માટીનાં વાસણોનો ઉદ્યોગ
Cerebro-spinal મસ્તક-મેરૂદંડીય
Cerebrum મસ્તુલંગ, મસ્તક, મોટું મગજ, ઉત્તમાંશ, શીર્ષણ્ય
Cerebellum અનુમસ્તુલંગ, નાનું મગજ, અધરાંશ
Chalk ચાક (ખડી=clay)
Change વિકાર, વિકૃતિ, ફેરફાર, ભેદ
Channel પ્રણાલી, ખાડી
Chaos અવ્યવસ્થા, વ્યસ્તતા
Character લક્ષણ, ગુણ, ચિહ્ન, સ્વભાવ, વિશિષ્ટતા
Caracteristic વિશિષ્ટ, લાક્ષણિક, સ્વાભાવિક
Charge વિદ્યુતપરિમાણ, ભાર
Chemical રાસાયનિક, રસાયણી, રસાયણિક, —forumla રાસાયનિક સંકેત-સૂત્ર, —principles રાસાયનિક સિદ્ધાન્ત
Chemist રસાયનજ્ઞ, રસાયનવિદ્દ, રસાયનશાસ્ત્રી
Chemistry રસાયનશાસ્ત્ર, રસાયનવિદ્યા, —analytical વૈશ્લેષિક રસાયન, —applied વ્યાવહારિક રસાયન, ઔપપત્તિક૦ —inorganic અકાર્બન રસાયન, —organic કાર્બન રસાયન, —physical ભૌતિક૦, —practical ક્રિયાત્મક૦
China clay ચીનાઈ માટી
Chlorine ક્લોરીન Cl
Chloride ક્લોરાઇડ
Chloroform ક્લોરોફોર્મ
Cholera કોલેરા, કોગળીયું
Chord જ્યા, ચાપકર્ણ, સ્વરમેળ, પૂર્ણજ્યા
Chromatic રંગ સંબંધી, રંગવિષયક, વર્ણવિષયક,—aberration રંગચ્યુતિ, વર્ણચ્યુતિ, —scale સમશ્રુતિસપ્તક
Chromosome રંગસૂત્ર
Chromosphere વર્ણમંડલ, રંગમંડલ (સૂર્યનો)
Chronometer કાલમાપક
Chrysalis કોશેટો
Chyle આમ, આમરસ, પાચનરસ
Cinchona કરિયાતુ
Cinder ચિનગારી, અંગારો
Cinema ચિત્રપટ, સીનેમા
Cinnabar રસસિન્દુર, શિંગરફ
Cipher શૂન્ય, સંજ્ઞા, ગૂઢાક્ષર
Circle વૃત્ત, ગોળ, વર્તુલ, —concentric એકકેન્દ્રવૃત્ત, --of altitude ઉન્નતાંશવૃત્ત
Circuit માર્ગ, પથ, પ્રવાહ, કુંડલ, પરિધ, સરકીટ, --closed યુક્ત૦,—open મુક્ત૦
Circle ગોળ, વર્તુલ
Circular ચક્રાકાર, ચક્રાકૃતિ, વૃત્તાકાર, —motion ચક્રગતિ, ચક્રાકારગતિ, વૃત્તાકારગતિ

Circumference પરિધ, ઘેરાવો, ચકાવો
Circumscribed પરિગત
Cistern ટાંકી, જલાગાર
Citric acid લિંબુનો આમ્લ, સાઈટ્રિક એસિડ
Civics પૌરશાસ્ત્ર
Clairvoyance વિશ્વદષ્ટિ, દૂરદષ્ટિ
Classification વર્ગીકરણ
Clavicle અક્ષક
Clause પદ, વાક્ય, કલમ
Climate હવાપાણી, આબોહવા
Climax અવધિ, પરાકાષ્ટા
Clock ઘડી, —astronomical વેધઘડી, electric વિજળીથી ચાલતી ઘડી, વિદ્યુત્ ઘડી, sidereal તારાઘડી
Clockwise સવ્ય, દક્ષિણવર્તી
Cloud મેઘ, વાદળું, cirro-cumulus cloud, ક્યુમ્યુલસ cirro-stralus—મછરીલ મેઘ, cirrhus-કુંતલ, cunulus-કુંજ, stralus-પરતીલ
Clove લવિંગ
Cluster of stars તારાપુંજ
Cobra તક્ષકનાગ
Coefficient ગુણક, અંક, સૂક્ષ્મમાન, બીજાવયવ, —of friction ઘર્ષણાંક, —of linear expansion રૈખિક પ્રસરણાંક,—superficial expansion પૃષ્ઠપ્રસરણાંક, -of volume expansion કદપ્રસરણાંક, અયતાનપ્રસરણાંક
Coercion દંડશક્તિ
Coercivity નિયામક બલ
Coeval સમકાલીન
Cogwheel દાંતાવાળું ચક્કર
Coherence સંશ્લેષ, સ્નિગ્ધતા, સંબંધ
Coherer સંવાદસૂચક
Cohesion સંસક્તિ
Coil ગુંચળું, કૉઈલ, induction ઉપપાદન—ગુંચળું
Coincidence સંધિ, એકકાલીયતા, અનુરૂપતા
Coitus મૈથુન
Coke કોક,પથ્થરના કોલસામાંથી બનતો પદાર્થ
Colic શૂળ, સુંક
Collar કંઠપાશ
Collateral આનુષંગિક, પાર્શ્વાપાર્શ્વી
Collectivism સમુદાયહિત, સંયુક્તતંત્રવાદ
Collinear એકરૈખિક
Collision પ્રતિઘાત, અથડાવું, સંઘર્ષણ
Colloid કોલોઈડ
Collyrium અંજન
Colon બૃહદંત્ર
Colour રંગ, વર્ણ
Combustible દહનશીલ, દાહ્ય, જ્વલનશીલ
Combustion જ્વલન, દહનક્રિયા
Comet કેતુ, ધૂમકેતુ, પુચ્છલ તારો, પૂછડીઓ તારો
Coma કૉમા, આવરણ
Commensurate માપનશીલ, અનુરૂપ
Commutator અવિચ્છિન્નકારી, પરિવર્તન સાધક, વિપર્યયસાધક
Compass કમ્પાસ, દિગ્દર્શક, ધ્રુવ, મત્સ્ય-યંત્ર, હોકાયંત્ર, દિગ્નિર્ણયયંત્ર
Compensation પૂર્તિ, બદલો
Complementary પૂરક, પ્રતિયોગી, સમ્પૂર્તિ રૂપ
Complex વિષમ, સંકીર્ણ, સંકુલ, ગુંચવણ ભરેલું, જટિલ, ગૂઢ, ગુંફિત, ગહન, ગ્રંથિ, ગંડ, inferiority—, ન્યૂન૦, superiority—અહં૦
Component ભાગ, અવયવ, ઘટકાવયવ, ઘટક
Composition સંયોજન, ચિત્રનિર્માણ, શુદ્ધલેખન, સુલેખન
Compound સંયુક્ત પદાર્થ, સમાસ, સંમેલન, સંકીર્ણ પદાર્થ, સંયુક્ત દ્રવ્ય, —interest ચક્રવૃદ્ધિ વ્યાજ, —division મિશ્ર ભાગાકાર

Compressible સંકુચ્ય
Compression સંકોચ, સંપીડન
Concave નતોદર, —lens ન્તાલ, —mirror ન્દર્પણ
Concavo-Convex નતોદર, ઉન્નતોદર
Concentrated એકાગ્ર, સંકેન્દ્રિત, જલદ
Concentration યોગ, એકીકરણ
Concomitance સાહચર્ય
Concentric એકકેન્દ્રિત, એકકેન્દ્રી, સમકેન્દ્રક, એક કેન્દ્રક, કેન્દ્રાનુસારી
Concept સંવેદન, બોધના, સંજ્ઞા, બોધ
Concrete સ્થૂલમૂલક, વ્યક્તિગત
Condensation ઘનીભવન, ઘનીકરણ, બાષ્પઘનીભવન
Condensor ઘનીકારક, એકીકારક, (ch.) ઘનીકરણસાધન, કન્ડેન્સર, વિદ્યુત્ગ્રાહક (ele)
Conduction વહન
Concrete મૂર્ત, પ્રત્યક્ષ, મૂર્તિમન્ત, વાસ્તવ, વાસ્તવિક
Condensation ઘનીકરણ
Conductvity વાહકતા
Conductor વાહક, bad—મંદવાહક, good—સુવાહક, તેજવાહક
Cone શંકુ, સૂચી
Configuration આકાર, આકૃતિ
Confluence સંગમ
Conic projection શંકુપ્રક્ષેપ
Conics શંકુશાસ્ત્ર, શંકુસિદ્ધાન્ત
Coniferous શંકુકુમ
Conjugate સંબદ્ધ, બદ્ધ, પ્રતિબદ્ધ
Conjunction યોગ, યુતિયોગ
Conservation સંરક્ષણ,-of energy શક્તિસંરક્ષણ સિદ્ધાન્ત, શક્તિનિત્યતા
Conscience અંતર્દીપ, અંતઃકરણ, આત્મા, સારાસારબુદ્ધિ
Conscious પરિદૃષ્ટ, ચેતન, જાગ્રત, બોધ-સ્વભાવ, સચેત; સંપ્રજ્ઞાત
Consonancy સ્વરસંવાદિત્વ
Constant દૃઢ સંખ્યા, નિશ્ચલ, અચળ, નિયત, એક મૂલ્ય, સ્થાયી એકમ
Constellation નક્ષત્ર, તારામંડળ
Consciousness પ્રતીતિ, ચેતન, ભાન, તપ્તિ, આંતર પ્રતીતિ, આંતર ચેતન, સંવેદન, અસ્મિતા
Conservative સ્થિતિ રક્ષક, પ્રાચીનપંથી, અગતિમાન, સ્થિતિચુસ્ત, રૂઢિરક્ષક
Constriction આકુચન, ખાંચો
Construction રચના
Constructive રચનાત્મક, કૃતિપ્રેરક, સાધક, મંડનાત્મક
Contact સ્પર્શ, સંયોગ, સંસર્ગ, સંનિકર્ષ
Contiguous સમીપસ્થ
Continent ખંડ —'al climate ખંડીય આબોહવા, —shelf ખંડીય છાજલી
Continuous અતૂટ, અવિરામ, સતત
Continuity સાતત્ય
Contour આકાર, —lines આકારરેખા
Contraception સંતતિનિરોધ
Contraceptive સંતતિનિરોધકસાધન
Contraction આકુંચન, સંકોચન, સંકોચ
Convalescence મંદવાડમાંથી સુધરતી હાલત
Convection વહન, પરિવહન, ઉત્સરણ
Convergence કેન્દ્રાભિસાર, કેન્દ્રાભિનિપાત
Converse પ્રતિલોમ, વિલોમ, વ્યતિક્રાન્ત
Conversion પરિવર્ત, પરિવૃત્તિ, વ્યતિક્રમ
Convex ઉન્નતોદર, બહિર્ગોળ, double—યુગલોન્નતોદર
Coordinates અક્ષાંશ, રેખાંશ, ભુજયુગ્મ
Copernican system કોપરનીકસનો સમ્પ્રદાય

Copper તાંબુ, તામ્ર,—sulphate મોરથુથુ, કૉપર સલ્ફેટ
Coral પ્રવાળ
Core અન્તર્ભાગ
Cornea અક્ષપટ, આંખની ઉપરનો પારદર્શક પડદો
Corollary ઉપસિદ્ધાન્ત
Corona મુગટ, સૂર્યજ્વાલામુગુટ
Corpuscle અણુ, કણુ
Corpuscular theory of light પ્રકાશકણુવાદ
Correction સુધારણા, શુદ્ધિ, વધઘટ, ક્ષતિપૂરણુ
Correspond સદશ થવું, આયોજન થવું
Corrosive નાશકારી, ક્ષયકારી
Cosecant કોટિચ્છેદનરેખા
Cosine કોટિજ્યા
Cosmic rays વિશ્વકિરણુ
Cosmos બ્રહ્માંડ, વિશ્વ, સૃષ્ટિ
Cosmology સર્ગમીમાંસા, સૃષ્ટિરચન વિદ્યા
Cotangent કોટિ સ્પર્શરેખા
Cotyledon બીજપત્ર, દળ
Couple of forces બલયુગ્મ, જોડબલ
Crane બગલું, ઊંટડો
Cranium ખોપરી, મસ્તિષ્ક
Crank shaft ક્રૅન્ક શેફ્ટ
Crator જ્વાલામુખ, અગ્નિમુખ
Crescent બીજચંદ્ર, શૃંગાકાર ચંદ્ર
Crest શિખર, ટોચ, તુંગ —of wave તરંગ શિખર, તરંગતુંગ
Criterion લક્ષણુ, ધોરણુ, આદર્શ, પ્રમાણુ, કસોટી, પ્રતિમાન
Critical સીમાન્ત, વિશિષ્ટ, ગુણુદોષ વિવેચક, ક્રાન્તિસ્થ
Cross સંકર કરવો
—breed વર્ણુસંકર
—section મધ્યચ્છેદ, આડછેદ
—wire આડો ચોરસ તાર
Crucible મૂષા, વાડકી
Crude અશુદ્ધ, જડભરત, કાચું, અસ્વચ્છ, અસંસ્કૃત, જડ
Crust ભૂપટલ, ભૂપૃષ્ઠ, જમીનનો પોપડો
Crustacea કવચી
Cryptagomia ગુપ્તબીજ, છન્નબીજ
Crystal સ્ફટિક, રવો, ક્રીસ્ટલ, કેલાસ
axis of —સ્ફટિકઅક્ષ
biaxial —દ્વિધરીઅક્ષ
hexagonal —ષડ્ભૂજ
left handed —પ્રતિદક્ષિણીય
right handed —દક્ષિણીય
Crystallisation સ્ફટિકીકરણુ, સ્ફટિકીભવન, સ્ફટિકપાતન
Cube ઘન, —root ઘનમૂલ
Cubic ઘનીય, ઘનસંબંધી,
--equation ઘનીય સમીકરણુ, ઘનમૂલક સમીકરણુ
—measure ઘનીય માન
Current પ્રવાહ,
—detector વિદ્યુતપ્રવાહશોધક
—reverser ૦પરિવર્તક
Curvature વક્રતા, આનતિ
centre of —વક્રતાકેન્દ્ર, વર્તુલમધ્ય,
radius of —વક્રતાત્રિજ્યા, વર્તુલત્રિજ્યા
Curve વક્ર, વક્રરેખા
Curvilinear વક્રીય
—motion વક્રરેખાગતિ
Cusp સ્પન્ધ
Cuticle રક્ષક ચર્મ
Cycle ચક્ર, ચક્રી, કાળચક્ર, યુગ, સાઇકલ
Cyclic ચક્રીય
Cycloid ચક્રભાસ
Cyclone ચક્રવાત, વાયુવમલ, વંટોળચક્રી

Cylinder નલાકાર પાત્ર, ભુંગળાકાર પાત્ર, સિલીંડર
Cytology કોષવિદ્યા

D

Damp આર્દ્ર, ભીનું, ભીનાશ, ભેજ
Damping સ્તંભન, દોલન પ્રતિરોધ, દોલન નિરોધ
Dairy ગોરસશાલા, દૂધશાલા
Data } તથ્ય, સામગ્રી,
Datum } સ્વીકારાયેલી બાબત, હકીકત
Debar નિષેધ કરવો
Decadence અવગતિ, ક્ષય
Decagon દશભૂજ
—regular નિયમિત દશભૂજ
Decantation નિતારવું, નિતાર, નિતારણ
Deceptive ભ્રાન્તિજનક, ભ્રાન્તિમૂલક
Decimal દશાંશ, દાશમિક
Declension અવરોહણ, પતન
Deciduous ખરાઉ
Decrement ન્યૂનતા, અભાવ, ઘટ
Declination વિચલન, ક્રાન્તિ, વાંક, પતન, ઝુકાવ, સ્ખલન, દિગ્ક્ષતિ
circle of —ધ્રુવ્યાવૃત્ત
Decomposition વિઘટન, સડી જવું, ત્રુટિજવું
Definite નિયત, નિર્ણીત, નિર્દિષ્ટ, સ્પષ્ટ
Definition વ્યાખ્યા, પરિચ્છેદ, સ્પષ્ટતા
Deduction પરામર્શ, અનુમાન,
Defect નિગમન, ન્યૂનતા, અભાવ, ઘટ, વિકાર
Deflection વિચલન, વિક્ષેપ, સ્ખલન, ચ્યુતિ, વિમાર્ગગમન, અપવર્તન
Deformation વિકૃતિ
Degree અંશ, સ્થિતિ, કોટિ, પદ્દી, પેઢી, પ્રમાણ, કોણ —of latitude અક્ષાંશ
—of longitude રેખાંશ
Dehydrator ભેજહારક, જલવિમોચક, જલહારક, નિર્જલકારક
Delay વિલંબ
Delete લોપ થવો-કરવો
Deltoid ત્રિકોણી સ્નાયુ
Deliquesence પ્રસ્વેદન, ભેજદ્રવન
Delineation આલેખન, વર્ણન
Delta નદીનું મુખ, નદીમુખ પ્રદેશ, દોઆબ
Delusion મોહ, આભાસ, ભ્રાન્તિ
Demagnatise વિચુંબીત કરવું
Democracy લોકસત્તા
Demography વસતીશાસ્ત્ર
Demonstration પ્રયોગ, સિદ્ધિ, પ્રતિપાદન
Dendriform વૃક્ષાકાર [છેદ
Denominator છેદક, ભાજક, છેદની સંખ્યા,
Density ઘનત્વ, ઘનતા, ઘટ્ટતા, ગુરૂત્વ, સાંદ્રતા
Dentistry દંતવિદ્યા
Dependence અવલંબન, સમન્વય, સંબંધ
Depolarisation ધ્રુવાભિપતન
Deposit ભરાણ, littoral—તીરસ્થ૦
Depression ખાડો, પોલાણ, ઉતાર, મંદત્વ
Derive ઉત્પાદન કરવું -d ઉદ્ભૂત, સાધિત
Dermatology ત્વચાવિદ્યા
Desiccation જલશોષણ
Descending scale સ્વર, અવરોહ,
Design યોજના, ઘટના, રચના
Detonate તડતડવું, કડકડવું
Deviation ભ્રંશ, પથભ્રંશ, વિચલન
Develope વિકસાવવું, વિકાસ કરવો
Devolution અપક્રાન્તિ
Determination સ્થાપન, પ્રમાણનિર્ણય, માપસિદ્ધિ
Dew ઝાકળ, તુષાર, ઓસ
Dextrorotatary દક્ષિણ વર્તક
Diabetes મીઠી પીસાબનો રોગ

Diagonal કર્ણ, કોણીરેખા
Diagram આકૃતિ, ચિત્ર
Dialise દ્વિવેશ્લેષણ
Dialectics વિવાદશાસ્ત્ર
Diamagnetic દ્વિચુંબકીય
Diameter વ્યાસ
Diaphragm પટલ, પડદો, પડદી
Diathermal ઉષ્ણતાભેદ્ય
Diatomic દ્વિપરમાણુક
Dichotomy દ્વિભાગ
Dicotyledon દ્વિદલ
Dictum નિયમ, આપ્તવચન, કથન
Di-electric વિદ્યુદ્ગ્રાહક
Diet આહાર
Difference ભેદ, વિસાદશ્ય, વૈધર્મ્ય
Differential ક્રમિક, ચલનાત્મક
—calculus ચલનકલનવિદ્યા
—gear ક્રમિક દાંતાચક્ર
Differentiation વિભક્તીકરણ, વિભાગીકરણ
Diffraction વિકિરણ, તિર્યગ્ગમન
Diffused light પ્રસરિત પ્રકાશ
Diffusion પ્રસરણ, વિવર્તન, વિશરણ, વિસ્તરણ, વ્યાપન, પ્રસાર
Digit અંક, કલા, લેખા, સ્થાનાંક
Dilatation સ્ફારણ, વિસ્તારણ, વિતતન
Dilute મંદ કરવું, પાતળું કરવું, મિશ્ર કરવું
Dimension પરિમાણ, વિસ્તાર, આયતન, પ્રમાણ
Dioxide ડાયોક્સાઇડ
Dip આનતિ
Direct adj. સાક્ષાત્, પ્રત્યક્ષ v. નિયમવું
Disc ચક્ર, ચકતી, બિંબ
Discordance સ્વરવિરોધ, અપસ્વર, અસંવાદ
Discovery શોધ, પ્રકાશન, ઉપલબ્ધિ
Discharge વિસર્જન, વિભાર
Discrimination વિવેકશક્તિ, વૈધર્મ્યપરીક્ષા
Disinfectant ચેપનાશક, જંતુનાશક

Discipline નિયમન, શાસન, નિયંત્રણા, શિસ્ત, સંયમ, સંયમન
Disintegration ચૂર્ણક્રિયા, વિભાજનક્રિયા
Disparity વિષમતા, અસમાનતા, અસંગતિ
Dispersion વિકિરણ, વિભાજન, વિક્ષેપન
Displacement સ્થાનાન્તર, સ્થાનભ્રંશ
Dissipation અપવ્યય
Dissociation વિચ્છેદ, સંકલનક્ષય, વિઘટન
Disprove ખંડ કરવું
Distillation નિષ્કર્ષસાધન, તિર્યક્રૂપરિવર્તન, આસવ, સ્રવક્રિયા, નિસ્યંદન
Distilled water બાષ્પીકૃત જલ
Distillery ભટ્ઠી
Distinction પૃથક્ત્વ, ભિન્નતા, વિશિષ્ટ લક્ષણ, ભેદ, વિલક્ષણતા, વ્યક્તિરેખા
Distinguish લક્ષિત કરવું, ભેદ બતાવવો
Diurnal દૈનિક
Divalent દ્વૈધા, દ્વિગ્રાહકશક્તિ
Divergent કેન્દ્રાપસારી, વિભિન્ન
Diversity વૈવિધ્ય
Diving જલનિમજ્જન, ડૂબકી
Dodecagon દ્વાદશભૂજ
Doedrum વિષુવવૃત્તીય નિર્વાત પ્રદેશ
Dogma દૃઢમત, મતાગ્રહ
Dominant પ્રબળ
Dormant પ્રચ્છન્ન, ગુપ્ત, ગૂઢ
Doubt શંકા, સંદેહ, સંશય
Double બેવડું, દ્વિગુણ
Doctrine મત, વાદ, સંપ્રદાય
Dorsal પૃષ્ઠ્ય, પીઠની બાજુ
Drawing રેખાનિરૂપણ, આલેખન, રેખાચિત્રણ, ચિત્રકામ, Freehand —હસ્તાલેખન, Machine —યંત્રાલેખન, Memory —સ્મૃતિચિત્ર, અનુસ્મરણાલેખન, સ્મરણાલેખન
Drum ચર્મપટલ, ઢોલ, કર્ણપટલ

Dry cell નિષ્પ્રવાહી સેલ, સુકી બેટરી
Ductility તાન્તવતા, નમ્યતા
Dune ઢુવો
Duplicate નકલ, પ્રતિરૂપ, ડુપ્લીકેટ, બમણું કરવું
Duration મર્યાદા, સમય
Dyad બે, જોડ, દ્વય, દ્વિઅણુક
Dynamic ગતિવિષયક, ગતિમાન, ગતિમૂલક
Dynamics ગતિવિદ્યા, ચલનશાસ્ત્ર
Dynamite ડાયનામાઇટ, દારૂ
Dynamo ડાયનેમો, વિદ્યુજ્જનક યંત્ર
Dynamometer વિદ્યુત્બલમાપક
Dyne બલાંક

E

Ear કર્ણ, શ્રવણેંદ્રિય
Earth પૃથ્વી, ભૂમિ, માટી, મૃતિકા
—quake ભૂકમ્પ, ધરતીકંપ, ભૂચાલ,
—worm મૃત્તિકા કીટક, અર્થવર્મ, અળસીયું
Ebb ઓટ, પડતી
Ebony સીસમ, અબનૂસ
Ebonite કઠણ રબર, એબોનાઇટ
Ebullition ઉત્કલન ક્રિયા, જોસ, ઉભરો, ઉત્સેક, અન્તઃક્ષોભ
Eccentric ઉત્કેન્દ્રીય, અપકેન્દ્રી, ભિન્નકેન્દ્રી, એકસેન્ટ્રિક
Echo પડઘો, પ્રતિધ્વનિ
Eclectic સર્વસાર ગ્રાહક, સારસંદોહનવાદ
Eclipse ગ્રહણ, ગ્રાસ
annular —વલયાકાર, કંકણાકાર, partial—ખંડગ્રહણ, total—ખગ્રાસ૦ duration of—પર્વકાળ phase of—ગ્રાસ, greater phase of —પરમ ગ્રાસ first contact સ્પર્શ, last contact મોક્ષ, beginning સંમીલન, end ઉન્મીલન, shadow ભૂભા

Ecliptic ક્રાન્તિવૃત્ત, સૂર્યમાર્ગ
Economy વ્યયનીતિ, કરકસર
Economics અર્થશાસ્ત્ર
Ectoderm બાહ્યચર્મ
Eddy આવર્ત, વમળ
Edge ધાર, કોરણ, કોર
Edible ખાદ્ય
Effect કાર્યસિદ્ધિ, ફળ, પરિણામ, અસર
Effectually અસરકારક રીતે, સચોટ,બરાબર
Efferent nerves ક્રિયાતંતુ, બહિર્વાહીતંતુ
Effervescence ઉભરો, ફીણ, વાયુ ઉદ્ગમન
Efficient કાર્યસાધક, કાર્યક્ષમ, નિપુણ, વિચક્ષણ
Efflorescence પુષ્પોદ્ભવ, પુષ્પશ્રેણી, પ્રસ્ફોટન, જલનિર્ગમન, નિઃસ્રાવ
Efflux પ્રવાહ, સરણ, નિસ્રાવ
Effort પ્રયત્ન, જોર, બળ
Fffulgence પ્રભા, તેજ, વૈભવ
Effusion સ્રાવ, અવપાતન
Egg ઇંડું, અંડ, —plant વેંગણ, રીંગણ,
— shell અંડકવચ
Ego અહં, અહંભાવ, આત્મા, અન્તર્ગત
Egoistic અહંભાવાત્મક, આત્મીય
Egress નિર્ગમ, નિઃસરણ
Elaborate અતિશ્રમસિદ્ધ
Elastic સ્થિતિસ્થાપક
Electric વિદ્યુદ્વિષયક
—current પ્રવાહ, —fluid દ્રવ્ય,
—charge ભાર,–induction ઉપપાદન
—insulator રોધક, —light પ્રકાશ
—machines યંત્ર, —waves લહરી, તરંગ
Electrical વૈદ્યુતિક, ઇલેક્ટ્રિકલ
Electricity વિદ્યુત્, વિજળી, તડિત,
—positive ધન; —negative ઋણ,
—organic પ્રાણીજ

Electrode વિદ્યુતકીલ
Electrometer વિદ્યુતમાપક
Electromorpic વિદ્યુતચાલક, –force બળ
Electrophorus વિદ્યુતફલક, સ્ફુરક, ઇલેક્ટ્રોફોરસ
Electroscope વિદ્યુતદર્શક
Electrolyte વિદ્યુત વિભાજનશીલ દ્રવ્ય
Electro-magnet વિદ્યુતચુંબક
Electro-magnetic waves વિદ્યુતચુંબક તરંગો
Electron વિદ્યુદણુ–વિદ્યુતકણ
Electroplate ઇલેક્ટ્રોપ્લેટ, વિજળીથી ઢોળ ચઢાવવો
Electrotherapeutics વિદ્યુતચિકિત્સા
Electrostatic સ્થિર વિદ્યુત
Element તત્ત્વ, મૂલપદાર્થ, મૂલતત્ત્વ, —ary પ્રાથમિક
Elevation ઉંચાઈ, ચઢાઈ, ઉન્નતસ્થાન
Ellipse દીર્ઘવૃત્ત, લંબગોળ, લંબ વર્તુલ,
Elongation પ્રતાન, વિતાન, વિતતિ, લંબન
Elucidation સ્પષ્ટીકરણ, વિવરણ
Elusive અસ્થિર, છટકી જાય તેવું, પરિહારી
Emanation ઉદ્ભવ, પ્રભાવ, નિ:સરણ, અણુસ્રાવ
Embargo નિષેધ, અવરોધ
Embeaded નિહિત, ન્યસ્ત, દબાયેલું
Embodiment મૂર્તિમત્તા
Embrace સમાવેશ કરવો, પરિગ્રહવું
Embryo ગર્ભ, બીજગર્ભ
Emergent બહાર નિકળવું, નિર્ગમ
Emergency આપત્તિ, સંકટ, કટોકટીનો સમય, અકસ્માત્
Emersion ઉન્મજ્જન, આવિર્ભાવ
Emery એમરી, રેખમાલ
Eminence ઉન્નતભૂમિ, ઉચ્ચસ્થાન
Emission ઉત્સર્ગ, વિમોચન

Emotion ઊર્મિ, આવેશ, ભાવના
Emphatic નિશ્ચિત, ભારપૂર્વક
Empirical અનુભવસિદ્ધ, પ્રયોગસિદ્ધ, કાર્ય કારણ સાબિતી વિનાનું, અનુભવમૂલક
Empty શૂન્ય, ખાલી
Emulation સ્પર્ધા
Emulsion સાંદ્રપ્રવાહી, અવલેહ, સુમિશ્રિત પ્રવાહી, ઇમલ્શન, પાયસ
Enamel મીના, મીનાકામ
Enable શક્ય કરવું, શકવું
Enact કાયદો કરવો, નિયમ રચવો
Encroachment આક્રમણ
Encumbrance ભારરૂપ, અન્તરાય
End અંત, છેડો, આશય, હેતુ, ઉદ્દેશ, તાત્પર્ય, કાર્ય
Endless અનન્ત, સતત, નિર્મર્યાદ
Endogamy સપિંડ વિવાહ
Endurance સહનશક્તિ
Endoblast ગભાન્તર પટ
Endocarp ફળનું અંદરનું પડ, અન્તર્પટ
Endocardium અંતર્હૃદય, હૃદયાંતરપટ
Endosperm ગર, મગજ
Endoderm અન્તર્ત્વચા
Endothermic ઉષ્માસંગ્રાહક (exothermic ઉષ્માવિમોચક)
Energy શક્તિ, કાર્યશક્તિ, ઉદ્ભવશક્તિ, બલશક્તિ, ચૈતન્ય, બલ kinetic — ચલનશીલ ગતિમય૦, conservation of —સંરક્ષણ, dissipation of — વિક્ષેપ, potential —સંભાવ્ય૦, અવસ્થા૦, સ્થાનાપન્ન૦
Engender ઉત્પાદન કરવું, ઉદ્ભવવું
Engineering ઇજનેરકલા, રચનાશાસ્ત્ર
Engine યંત્ર, સાધન
Enteric આંત્ર, આંત્રિક
Entity તત્ત્વ, સત્વભાવ, વ્યક્તિ, વસ્તુ

Entropy શક્તિહીનાવસ્થા
Enunciate વ્યાખ્યા કરવી, પ્રતિપાદન કરવું
Epigram મર્મવાક્ય
Epigraph કોતરલેખ, ઉત્નિલેખન
Epigraphy પ્રાચીન લેખવિદ્યા
Envelope કવર, આવરણ, આચ્છાદન
Ephemeris ગ્રહસ્થિતિપત્રક
Ephemeral ક્ષણભંગુર, ક્ષણિક, નાશવંત
Epicarp બાહ્યપટ, ફળનું છોડું
Epithelium ઉપસ્તર
Epidermis બાહ્યત્વચા
Equable સમાન
Equal સમાન, તૂલ્ય
Equation સમીકરણ, binomial દ્વિપદ, quadratic — વર્ગ, differntial— ચલન૦ cubic – ઘન૦, polar અક્ષીય reciprocal વ્યતિહારી, simple એક વર્ણી, simultaneous સમકાલિક
Equator ભૂમધ્ય રેષા, વિષુવવૃત્ત, ભૂકક્ષા, નાડી મંડલ, celestial —વ્યોમકક્ષા
Equidistant સમાન્તર
Equilateral સમભુજ, સમબાજુ
Equilibrium સમતા, સમતોલન, સમતોલ
Equinotical circle સાયનવૃત્ત, —line ૦રેખા
Equinox અયન વિષુવસંપાત, vernal — મેષવિષુવ, મહાવિષુવ, વસન્તસંપાત, autumnal —જલવિષુવ, તુલાવિષુવ, હેમન્તવિષુવ, શરદસંપાત
Equipment સાધનમયતા, સામગ્રી, સમાયોજન
Equipotential સમશક્તિશીલ, સમાવસ્થી, સમસંભાવ્ય
Equivalent સમ, તુલ્ય, પર્યાય
Equivocal સંદિગ્ધાર્થ, અસ્પષ્ટાર્થ, દ્વિઅર્થી
Era કાલ, સમય, યુગ
Erect ઉન્નત, ઊર્ધ્વસ્થિત
Erg અર્ગ, શક્તિનો એકમ
Erosion ક્ષય, ઘસારો
Erotism કામુકતા
Escapement wheel વિમોચક ચક્ર
Essence સત્ત્વ
Essential સારભૂત, આવશ્યક, વિશિષ્ટ
Eruption સ્ફોટન, ઉત્ક્ષેપ, ઉત્પાત, પ્રસ્ફુટન
Estuary ઉપનદી
Eternity અનંતતા, નિત્યતા, સનાતનતા
Ether ઇથર, આકાશ
Ethylene એથીલીન નામનો વાયુ
Ethnology નૃકુલવિદ્યા, મનુષ્યજાતિશાસ્ત્ર
Evaluate પ્રમાણ કાઢવું, રાશ કાઢવી, ગણવું
Eugenics સુપ્રજનનવિદ્યા, સુસંતતિશાસ્ત્ર
Evaporation બાષ્પીભવન, બાષ્પીકરણ
Even સમતલ, સમ, એકી
Evenness સમતલતા, એકસરખાઇ
Event ઘટના, વૃત્તાન્ત, બનાવ
Evolute અવલૂત
Evolution ઉત્ક્રાન્તિ, ઉત્ક્રમણ, ઉદ્ભેદ, વિવરણ, સંવૃદ્ધિ
Exact યથાર્થ, સૂક્ષ્મ, ચોક્કસ, બરાબર
Examination પરીક્ષા, તપાસણી, નિરૂપણ, અન્વેષણ, નિરીક્ષણ
Example ઉદાહરણ,દષ્ટાન્ત, દાખલો, આદર્શ
Excess આધિક્ય, વધારો, શેષ, ઉપચય
Excentric બાહ્યકેન્દ્રક
Excellence ઉત્તમતા, શ્રેષ્ઠતા, વિશિષ્ટતા
Exchange પ્રતિદાન, વિનિમય, અદલાબદલી, એક્સચેંજ
Excite ઉત્તેજવું. ઉદ્ભવવું
Exhibitionism પ્રદર્શનવૃત્તિ, મયુરવૃત્તિ
Exhaust ખાલી કરવું, શૂન્ય કરવું, નિ:શેષ કરવું a. નિર્ગમ
Exogamy વિગોત્રવિવાહ

Exotic વિદેશી
Expand વિસ્તરવું, કદ વધવું, લાંબું થવું
Expansion વિસ્તરણ, વિતતિ, પ્રસરણ, ફેલાવ, --cubical ઘન પ્રસરણ, —linear રેખીય પ્રસરણ -superficial પૃષ્ઠ પ્રસરણ, ક્ષેત્ર પ્રસરણ
Expectation અપેક્ષા, આશા, આકાંક્ષા, ધારણા
Expedient ઉચિત, ઉપયુક્ત, કાર્યક્ષેમ, ઉપાય, સાધન, ઉપકરણ
Experience અનુભવ, પ્રતીતિ, જ્ઞાન
Experiment પ્રયોગ, પરીક્ષા, પ્રત્યક્ષ અનુભવ, --al પ્રયોગાત્મક, પ્રયોગસિદ્ધ
Expert પ્રવીણ, નિપુણ, કુશલ, નિષ્ણાત
Expiration નિઃશ્વાસ, નિર્ગમન, અંત
Explanation વિવરણ, નિરૂપણ, સમજૂતી, ખુલાસો, સ્પષ્ટીકરણ
Explicit સ્પષ્ટ, સ્ફુટ
Exploded (theory) ત્યજાયેલો - ખોટો ઠરેલો–નિરૂપયોગીવાદ - સિદ્ધાન્ત–કલ્પના
Exploration નિરીક્ષા, અન્વેષણ, તપાસણી
Explosive દારૂગોળો, વિદારણશીલ
Exposition વ્યાખ્યાન, વિવરણ, સ્પષ્ટીકરણ
Exponental ઘાતીય
Exposure ઉઘાડું પાડવું, પ્રકાશિત કરવું, પ્રકાશન, પ્રકાશ ઝીલવો, આવિષ્કાર
Expression ઉક્તિ, વાકય, શબ્દરચના, વચન, પ્રમાણ, અનુભવ, આવિષ્કરણ, ઉચ્ચારણ
Expressive સૂચક, દર્શક, દ્યોતક, વ્યંજક, અર્થપ્રદર્શક, અર્થવાહક
Extant વિદ્યમાન, વર્તમાન, પ્રચલિત
Extensibility પરિમયતા, વિસ્તૃત્ત્વ
Extension વિસ્તાર, વિસ્તીર્ણતા, વધારો
Extensive વિશાળ, વિસ્તૃત, વિસ્તીર્ણ
Extensor પ્રસારક સ્નાયુ
External બાહ્ય
Extinction ઉચ્છેદ, લોપ, નાશ
Extrapolation અતિક્ષેપ, પ્રક્ષેપ
Extract સત્ત્વ, ખેંચી કાઢવું
Extraneous વિદેશીય, અસંબદ્ધ
Extreme limit પરમાવધિ, સીમાન્ત
Extrovert બહિર્મુખ
Extremity અંત, છેડો
Exudation પસીજન
Eye નેત્ર --glass અક્ષુકાચ, ચરમાં
Eyepiecc ઉપનેત્ર, નિરીક્ષણ કાચ, દૂરબીનનો આંખ નજીકનો કાચ

F

Fabric કાપડ, વણતર, રચના, નિર્માણ
Face મુખ, તલ, પૃષ્ઠ, of a crystal સ્ફટિકનો પાસો, પેહેલ
Facet પાસો, પેહેલ, પાસુ કણ, મુખ
Facility સુકરતા, અનુકૂળતા, સરળતા, સગવડ
Facsimile પ્રતિરૂપ, નકલ
Fact તથ્ય, હકીકત, ખરી બીના, બાબત, દષ્ટાન્ત, તત્ત્વ, પ્રમેય, ભૂતાર્થ, વસ્તુ, વાત, ઘટના
Faction પક્ષ, ભેદ
Factor ભાગ, કારણ, ભાજ્ય, રકમ, અવયવ
Factory કારખાનું, કાર્યાલય, શિલ્પકળા, કલાભવન
Faculty શક્તિ, સામર્થ્ય, સહજશક્તિ
Fade કરમાવું, ઝાંખુ પડવું, વિલુપ્ત થવું
Failure નિષ્ફળતા, અભાવ, હાનિ, અનિષ્પત્તિ
Faint ઝાંખો, આછો, અસ્પષ્ટ, આભાસ
Faith શ્રદ્ધા, વિશ્વાસ, નિષ્ઠા
Fall પતન, અધઃપતન, ઘટ, ઘટાડો, water–ધોધ, જલધારા
Fallacy હેત્વાભાસ, પક્ષાભાસ, ખોટો તર્ક, [ભ્રાન્તિ
Fallible સ્ખલનશીલ, મોહશીલ

Fallopian tubes અંડવાહિની, ફેલોપીઅન નલિકા
Family જાતિ, કોટી, વર્ગ, કુટુમ્બ
Fancy તરંગ, તરંગવૃત્તિ, કલ્પનાલાલિત્ય, કલ્પનાતરંગ
Fang વિષદંત. દંષ્ટ્રા, ઝેરી દાંત
Fast પાકો, દઢ, મજબૂત, ત્વરિત, વેગમાન
Fat ચરબી
Fatal પ્રાણહર, નાશકારક
Father complex પિતૃગ્રંથિ
Fate નસીબ, કર્મવાદ
Fathom જલના ઉંડાણનો એકમ, v. ઉંડાણ માપવું, પરીક્ષા કરવી
Fauna પ્રાણી કુલ
Feature લક્ષણ, ચિહ્ન
Febrifuge જ્વરારિ, જ્વરનાશક
Felt કામળી, થાપેલું ઉન
Fecundity પ્રજનનશક્તિ
Ferment આથો આવવો, ફીણ ચઢવું, ઉત્સેચક, ખમીર yeast
Fermention આથો, ઉત્સેચક વિધિ, સુરામંડવિધિ
Fern હંસરાજ, ફર્ન
Fertile બહુફલપ્રદ
Femur જંઘાસ્થિ
Fibre તંતુ, તાંતણો
Fictitious કૃત્રિમ, કલ્પિત
Ficus વટ જાતિ, —Bengalensis વડ –Carica અંજીર, Glomerata અંબર,–Indicus પીપરડી, --religiosa પીપળો
Field ક્ષેત્ર, ભૂમિ, સ્થાન, વિષય, electric – વિદ્યુતબલ ક્ષેત્ર, magnetic --ચુંબક બલ ક્ષેત્ર, --glass દૂરબીન
Figure આકાર, આકૃતિ, અંક, (logic) ગણ
Figurative લાક્ષણિક, ઉપલક્ષિત, આલાંકારિક
Filament તંતુ, તાંતણો, કેસર
File પંક્તિ, ફાઇલ–કાગળોની, કાનસ
Filings ચૂર્ણ, ભૂકો, વ્હેર, ચૂરો
Film ફીલ્મ, પટ, પટલ, ચિત્રપટ, —of water જલપટ
Filteration ગાળણ, ગાળવું. ગલનવિધિ, નિસ્યંદનવિધિ
Fin પક્ષ, પાંખો
Final અંતિમ, સુનિર્ણીય
Finite પરિમિત, સમર્યાદ
Fire–fly આગીયણ માંખ --worm આગીયો કીડો
Firm દઢ, સ્થિર, અવિચલિત, પેઢી
Firmament નભમંડળ, વ્યોમ, ગગન, ખગોળ
Fissiparous ભેદજન્ય, ભેદમૂલક
Fistula વ્રણ, ક્ષત, ભગંદર
Fixation સ્થાયીભવન, વ્યાસંગ (psych.)
Flexible મૃદુ, નરમ, વળી શકે એવું, અનુનેય
Flint ચકમક, અરણિ
Fligellum કેતુ; પ્રતોદ, પ્રતંતુ
Flash point પ્રભાંક, જ્વલનાંક
Float તરાપો, બોયું
Flocculant વાદળા જેવું
Floor ભૂમિ, માળ, જમીન
Flora વનસ્પતિકુલ, floral પુષ્પમય
Flow વહેણ, પ્રવાહ, સ્પન્દન; વહન
Fluorescent વિવિધરંગી, દ્વિરંગી, અનેકરંગી, ધૂપછાંવ
Fluid પ્રવાહી, આપ્ય, દ્રવ પદાર્થ, વહનશીલ પદાર્થ, દ્રવ, તરલ
Focal length કેન્દ્ર અંતર, નાભિઅંતર, --plane કેન્દ્ર તળ
Focus કેન્દ્ર, દહન બિંદુ, કિરણકેન્દ્ર, નાભિ, v. એકત્ર કરવું, virtual focus આભાસ કેન્દ્ર, conjugate --સંયોગી કેન્દ્ર
Flush સમપટ્ટ, પાણીથી ધોવું
Flywheel ગતિચક્ર, ફ્લાય વ્હીલ

Foetus ગર્ભ, ભ્રૂણ
Foil પાતળું પતરું, વરખ, પત્ર
Foliate પત્રાકાર, પર્ણાવૃત્ત, foliation પલ્લવીભવન, સદલતા
Force બળ, શક્તિ, parallelogram of — બળનો સમાન્તર ચતુષ્કોણ, —pump દાબ પમ્પ
Forceps ચીપીઓ, પકડ, સાંડસી
Fore અગ્ર, -arm, અગ્રબાહુ, —finger તર્જની, પ્રદેશિની
Forge ઘડવું, એરણ
Fork કાંટો, શૂલ, દ્વિશિખ
Form રૂપ, આકૃતિ, આકાર, પ્રકાર
Formal નિયમનિષ્ઠ, નિયમાનુસાર, ઔપચારિક
Formation ઘટના, રચના, ઉદ્ભવ
Formless નિરાકાર, અરૂપ
Formula સૂત્ર, સંકેત, ફૉર્મ્યુલા, રૂપસંકેત, રચનાસંકેત, સંજ્ઞા
Fossil અવશેષ, ફૉસીલ, જીવશેષ, જીવાવશેષ
Fourth power ચતુર્ઘાત
Fraction અપૂર્ણાંક, અંશ, fractional crystallisation અંશીય સ્ફટીકીકરણ, —distillation અંશીય નિષ્કર્ષણ, ક્રમિક નિસ્યંદન
Fragility ભંગુરતા
Fragment ખંડ, અંશ
Frame રચના, સ્થિતિ, ચોકઠું
Free સ્વતંત્ર, અમર્યાદ, અવશ, મુક્ત, અબદ્ધ
Freeze ઠરવું, Freezing point ઠારબિંદુ
Frequency પૌન, સંખ્યા
Frequently પુનઃપુનઃ, ફરીફરી, વારંવાર
Friction ઘર્ષણ
Frigid ઠંડુ, શીત, નિરુત્સાહ
Fringe બાજુ, કોર, છેડો, અંચલ
Front અગ્રભાગ, મુખ
Frontier સરહદ, સીમ, સીમાડો, ઉપાંત
Frost હિમ, તુષાર, ઠાર
Fructification ફલન
Fructose ફ્રુકટોઝ, ફલશર્કરા
Frugiferous ફળવાન, ફળ આપતું
Frugvorous ફલાહારી
Fulcrum આધારબિંદુ, ફલક, ફલક્રમ
Fume ધૂપ
Function કર્તવ્ય, વ્યાપાર, કાર્ય, પરાયત્ત સંખ્યા, ફલ
Fundamental મૂલાત્મક, પ્રધાન
Fungus ફંગસ, ફુગ, છત્રકજાતિ
Funiculus નાભિનાળ
Funnel ગળણી, ગરણી, ધૂમાડીયું
Fusing point ગલનાંક
Fusion ઓગળવું, જોડવું, જોડાણ, એક થવું, દ્રવણ, દ્રાવણ, ગાલન, ગલન
Fuse પલીતો (સુરંગના કામમાં), વીજળીનો એક જાતનો તાર (ફ્યુઝ)

G

Galactic circle મન્દાકિનીવૃત્ત —pole ધ્રુવ
Galaxy મન્દાકિની, આકાશગંગા, સ્વર્ગંગા
Galena ગેલીના, સુરમો બનાવવામાં વપરાતી એક ખનીજ
Gall-bladder પીત્તથેલી, ગૉલબ્લૅડર
Galvanic battery વિદ્યુત્ બેટરી, ગેલ્વેનિક બેટરી
Galvanised iron જસત ચઢાવેલું લોખંડ
Galvanometer વિદ્યુતપ્રવાહશોધક, વિદ્યુતશક્તિ માપક, ગેલ્વેનોમીટર, deadbeat — શૂન્યાવર્તી ०, coil — ગુચ્છ ०, moving coil — ચલમાન ગુચ્છ ०, moving ચલમાન શલાકા ०
Gamboge રેવંચીનો શિરો
Gamma ગામા કિરણો

Gamopetalous સંયુક્તપત્રી, જોડાએલી પાંખડીવાળુ
Gamut સ્વરસપ્તક, ગ્રામ, સ્વરસંકલન
Ganglion તંતુગ્રંથિ, તંતુચક્ર, જ્ઞાનતંતુસંસ્થાન
Gap કાણું, બાકું, છિદ્ર
Gas ગેસ, વાયુ, Air —, હવા ગેસ, એર ગેસ, હવા અને બળતા અંગારાના સંયોજનથી બનતો ગેસ, water gas જલ ગેસ, પાણી અને બળતા અંગારાના સંયોજનથી બનતો ગેસ, — laws વાયુ નિયમો, — works, ગેસ બનાવવાનું કારખાનું
Gaseous વાયવ્ય, વાયુરૂપ
Gasteropod જઠરપદી
Castric જાઠરીય
Gauge માપક, પરિમાપક, ગેજ, – glass ગેજ ગ્લાસ, rain– વૃષ્ટિમાપક, water – જલમાપક
Gear દાંતાચક્ર, ગીયર
Gelatin સરેસ, જીલેટીન
Gene જનિ
General સાધારણ, સામાન્ય, સાર્વત્રિક
Generating ઉત્પાદક, —axis ૦ અક્ષ, —curve ૦ વક્ર, —line ૦ રેખા
Generic જાતિગત, સામાન્ય
Generator ઉત્પાદક, જનક
Generation જનન, પ્રજાસંતતિ, પેઢી
Genesis ઉત્પત્તિ, જનન, સૃષ્ટિમંડાણ
Genius પ્રતિભા
Genus કુટુમ્બ, વર્ગ, જાતિ
Geocentric ભૂકેન્દ્રીય, ભૂકેન્દ્રક
Geogony ભૂગર્ભવિદ્યા
Geography ભૂગોલવિદ્યા, Physical – પ્રાકૃતિક ૦, Political – રાજકીય ૦, Commercial – વ્યાપારી ૦
Geology ભૂવિદ્યા (ભૂસ્તરવિદ્યા Statigraphy)
Geometry ભૂમિતિ, રેખાગણિત, solid – ઘન ભૂમિતિ, synthetic – સંશ્લેષિક ૦
Geosuperficial ભૂપૃષ્ઠક
Germ અંકુર, જંતુ, બીજાંકુર, બીજમૂલ, બીજકારણ —cell ગર્ભજંતુકોષ, બીજકોષ —plasm બીજરસ, મૂલાંકુર
Germicide જંતુનાશક
Germinal ઉત્પાદકશક્તિવાળુ
Germination જનન, અંકુરીભવન
Gild સોનાનો ઢોળ ચઢાવવો, ગીલીટ કરવો
Gill ચૂંઇ, માછલાની શ્વસનેન્દ્રિય, શ્વાસેન્દ્રિય
Glacial હૈમ, હિમરૂપ, હિમવત, હિમાની, —period હૈમકાળ
Glacier હિમપ્રવાહ, હિમસંહતિ, હિમનદી
Gland ગ્રંથિ
Glaze ગ્લેઝ, ઓપ ચડાવવો, ચળકાટ આપવો
Glider સરતું વિમાન, ગ્લાઇડર
Globicephala ગોલકપાલી
Globule બિંદુ, દાણા, ગોળી
Glottis શ્વાસમાર્ગ
Glow તેજ, પ્રકાશ, anode — ધનધ્રુવ પ્રકાશ, cathode — ઋણધ્રુવપ્રકાશ
Glue ચામરસ, ગ્લ્યુ
Glucose દ્રાક્ષશર્કરા, ગ્લુકોઝ
Gluten ગ્લુટન, ઘઉંનો ચિકાશવાળો પદાર્થ
Glutens નિતંબસ્નાયુ
Glycerine ગ્લીસરીન
Goal ઉદ્દેશ, હેતુ, આશા, અંતસ્થાન, આશાવધિ
Goiter–Goitre ગલગંડ
Gold સુવર્ણ, સોનું, ઑરમ
Gomometer કોણુમાપક
Goodwill ગ્રાહક સંબંધ
Governor ગતિનિયામક, નિયામક, ગવર્નર
Grade પ્રકાર, કોટિ
Gradient ઢોળાવ, ઢાળાંશ, ઢાળક્રમ
Graduated અંકિત, આંક પાડેલા
Gram ગ્રામ

Gramophone ગ્રામોફોન, સ્વરલેખક
Granite ગ્રેનાઇટ પત્થર, અડદિયો
Granular કણુવાળો, દાણાદાર, રવાદાર, કણુદાર
Grant in aid સહાયક ગ્રાંટ, મદદ
Graph ગ્રાફ, લીટી, આલેખ, રેખાલેખન, રેખાંકન, Graphic ચિત્રિત, રેખાંકિત
Grating જાળી, રેખાપટ્ટી, ગ્રેટીંગ, વર્તન પટ, diffraction -- વિકિરણ
Gratuitous નિષ્કારણ, નિઃપ્રયોજન, અહેતુક, સ્વયંપ્રેરિત
Gravitation ગુરૂત્વાકર્ષણ
Gravity ગુરૂતા, ગુરૂત્વાકર્ષણ centre of -- ગુરૂત્વમધ્યબિંદુ
Gray ભૂખરો, રાખોડીઓ
Gregarious સંઘચર, યૂથવૃત્તિ, યૂથસ્વભાવ
Green vitriol હીરાકસી
Grid ગ્રીડ
Group સમૂહ, વર્ગ
Groove ચીલો, પરિખા, ખાંચ, પ્રણાલી, ખોભણ
Ground glass ઘસેલો કાચ, આંધળો કાચ
Gross સ્થૂલ, ગ્રામ્ય, અશિષ્ટ
Growth વૃદ્ધિ, ઉપચય, વર્ધન, વધારો, વિકાસ
Guide ભોમિયો, માર્ગદર્શક
Gulf અખાત -- stream ગલ્ફ સ્ટ્રીમ
Gum અવાળું, ગુંદ, ગુંદર
Gun-metal પીતળ, તોપ બનાવવાની ધાતુ
Gun powder તોપચૂર્ણ, બંધુક કે તોપમાં વપરાતો દારૂ, આગ્નેય ચૂર્ણ
Gut અંત્ર, આંતરડું
Gymnocarpus નગ્નફલ
Gymnosperm નગ્નગર્ભ
Gynaecium સ્ત્રીકેસર
Gypsum જીપસમ, ચિરોડી
Gyration ભ્રમણગતિ, ભ્રામ્યભ્રમણ ભ્રમરકગતિ, ચક્રાવર્તન, ચક્રાવર્ત, ચક્રગતિ
Gyrocope ગાયરોસ્કોપ, ભ્રામ્યભ્રમણદર્શક
Gyrostate ભ્રમણગતિ સ્થાપક, ચક્રગતિ-સ્થાપક

H

Habit ટેવ, વર્તન, શીલ, પ્રકૃતિ
Habitat જન્મસ્થાન, નિવાસ, રહેઠાણ
Haemacyte રક્તકણ
Haemal રક્તવિષયક, રક્તાશયવિષયક
Haematin હીમેટીન, રક્ત દ્રવ્ય
Haematite હીમાટાઈટ, લોહાશ્મ, લોખંડવાળો પથ્થર
Haematozoa રક્તજીવક
Hæmoglobin રક્તકણુક, રકણરંજક, હીમોગ્લોબીન
Hæmourage રક્તસ્રાવ
Hail કરા, બરફનો વર્ષાદ
Hallucination વિભ્રમ, ભ્રમ, ભ્રમણા, વિપર્યય જ્ઞાન, મરૂમરીચિકા
Halo તેજોમંડલ, પ્રભાચક્ર, હિમમંડલ, જળકુંડું, પરિવેષ, પ્રભા, પ્રભામંડળ
Halogen હેલોજન, કલોરીન બ્રોમીન અને આયોડીનનો વર્ગ
Haloid લવણમય, લાવણિક; તેજોમય
Hard કઠણ, સખત —water ભારે પાણી, કઠણ પાણી, ક્ષારવાળું પાણી, જલદીથી ફીણ ન થાય તેવું પાણી, —ness કાઠિન્ય, સખ્તાઇ, કઠણાશ, —palate કઠિન તાલુ
Hair વાળ, લોમ, રોમ
Hairy વાળવાળું, લોમમય, લોમશ, રોમશ
Hand હાથ, હસ્ત, પાણિ
Handicraft હાથકામ, ધંધો, હસ્તકળા, હસ્તઉદ્યોગ
Harmonic સમસ્વર, સમતરંગી, હરાત્મક, સંવાદિત, —function • ફલ,

—motion સંવાદિત ગતિ, સાદશી ગતિ આવર્તિક ગતિ, —ratio સંવાદિત નિષ્પત્તિ, ૦ગુણોત્તર —series ૦શ્રેણી
Harmonics સ્વરશાસ્ત્ર
Harmony સમતા, સમવાદ, સમતોલન, સંવાદિતા, સ્વરૈકય, મેળ, સ્વરસંગ
Hatchway વહાણનો ફાળકો, દાદર
Head શિર, શિખા, ટોચ
—of a comet ધૂમકેતુશિખા,
—of water પાણીની સપાટીની ઉંચાઇ
Heart હૃદય, રક્તાશય; રહસ્ય, —beat હૃદયનાદ, ૦ધ્વનિ, ૦ નોથડકારો —shaped હૃદયાકાર, બદામાકાર
Heat ઉષ્મા, ગરમી, ઉષ્ણતા, તાપ, દાહ, —energy ઉષ્માશક્તિ, —engine ઉષ્માયંત્ર, —unit ઉષ્માંક, latent — ગુપ્ત ઉષ્મા, specific — વિશિષ્ટ ઉષ્મા
Hedgehog શેળો
Hedonism કામસુખવાદ, સુખપ્રયોજનવાદ
Height ઉંચાઇ, ઉચ્ચતા
Heirography ચિત્રલિપિ
Heliac, Heliacal સૂર્યવિષયક, સૌર
Heliocentric સૂર્ય કેન્દ્રી
Heliograph સૂર્યસંજ્ઞાપક યંત્ર, સૂર્યસંજ્ઞા, સૂર્યતેજસંજ્ઞાયંત્ર, પ્રકાશસંકેતયંત્ર
Helioscope સૂર્યદર્શક
Heliostat સૂર્યદર્પણ, સૂર્યદિગ્સ્થાપક હીલીઓસ્ટાટ
Heliolatry સૂર્યપૂજા
Helix પેચ, આવર્તી; બાહ્યકર્ણ, સર્પિલ
Helm નૌકાકર્ણ, સુકાન
Hemicycle અર્ધવર્તુલ, ચક્રાર્ધ
Hemiptera અર્ધપત્રી
Hemisphere ગોલાર્ધ, અર્ધગોલ
Hemlock કિર્દમાન
Hemp શણ
Henna મેંદી
Hepatic યકૃત્ સંબંધી, યાકૃતિક
Heptagon સપ્તકોણ
Heptavalent સપ્તશક્તિક
Herb વનસ્પતિ, તૃણાદિ, ઓષધિ
Herbivora શાકાહારી
Herd ટોળું, સમૂહ
Heriditary અન્વિત. અન્વયાગત, વંશપરંપરાગત, ક્રમાગત, અનુવૃત્ત, પેઢીઉતાર.
Heridity અન્વય, અનુવંશિક સંસ્કાર, અનુવૃત્તિ, પરંપરાપ્રાપ્તિ, પરંપરા, વંશપરંપરા, જાતિપરંપરા, સમાજપરંપરા, મીરાસ, દાય
Hermaphrodite ઉભયલિંગી, દ્વિલિંગી અર્ધનારીનર
Hermatically સુદૃઢ
Hernia અંતર્ગલ, સારણગાંઠ, અંત્રવૃદ્ધિ
Heron ક્રૌંચ, બગલું
Herpes દદ્રુ, વિસર્પિકા
Heterodont વિષમદંતી
Heterodox વૈધર્મી, નવીનતાપૂજક, ઇતિરપથાવલમ્બી
Heterogeneous વિષમસમૂહ, વિજાતીય, અનેકજાતીય, મિશ્રજાતીય, વિષમજાતીય, પરજાતીય, વિષમ
Hexagon ષટ્કોણ
Hexahedron ષટ્ભૂજ, ષટ્ફલક
Hibernation સ્વાપ, નિષ્ક્રિય સ્થિતિ, નિષ્ક્રિય જીવન
High frequency અતિકમ્પ,
—current અતિકમ્પપ્રવાહ,
high tension battery અતિદાબ બેટરી, ઉદ્દામ બેટરી high water જુવાળ
Hilum આંખ, મધ્યબિંદુ, કેન્દ્ર
Hip નિતમ્બ, કુલા
Histogeny પેશિરચના

Histology રચનાશાસ્ત્ર, પેશીવિજ્ઞાન
Homœopathy હોમીયોપથી, સમોપચારવિદ્યા
Homocentric એકકેન્દ્રીય
Homodermic સમચર્મી
Homogeneous સમસમૂહ, સમજાતીય, સજાતીય, એક જાતીય, સમાન જાતીય, સવર્ણ, એકવર્ગી, એકવર્ણી, સમ, એકરસ
Homologous તુલ્યજાતીય, સમપરિમાણ, સમસૂત્રી
Homo-sexuality સજાતિ કામના
Horizon ક્ષિતિજ, દિગંત, દષ્ટિમર્યાદા
Horizontal અનુપ્રસ્થ, સમસૂત્ર, સમક્ષિતિજ, સમસ્થ, આડી
Horse power હૉર્સપાવર, અશ્વશક્તિ, અશ્વબલ
Horticulture ઉદ્યાનકલા, બાગબાની
Honour માન, સન્માન ઈમાન, આદર, સ્વમાન ઇજ્જત, પ્રતિષ્ઠા,
Host પાલક
Hospital હૉસ્પીટલ, ઇસ્પીતાલ, રુગ્ણાલય રોગ નિવારણ શાળા
Hour cycle હોરાચક્ર
Hull વહાણનું ખોખું, તળીયું
Humanity માનવતા, ભૂતદયા, માનવભક્તિ, જનતાપ્રેમ, માનવભાવના વાદ
Humerus હ્યુમેરસ, ભૂજાસ્થિ, પ્રગંડાસ્થિ, બાહુનલક
Humidity આર્દ્રતા, ભેજ, ભીનાશ
Humour હાસ્યરસ, મર્મવાક્ય, વિનોદ, હાસ્યપ્રકૃતિ
Hyena ઝરખ, તરસ
Hybrid સંકર
Hybridisation સંકરીભવન, સંકરીકરણ, સંકરણ
Hydraulic જલવાહક, જલગામી, જલાત્મક
Hydrated ઉદિત, જલાન્વિત
Hydrodynamics જલગતિશાસ્ત્ર
Hydro-electric જલવિદ્યુત, હાઈડ્રોઇલેક્ટ્રિક
Hydrogen હાયડ્રોજન
Hydrolysis જલવિશ્લેષણ, ઉદવિશ્લેષણ
Hydrometer જલગુરૂત્વમાપક
Hydrophobia હડકવા, જલદ્વેષ
Hydroscope જલઘટિકા, ઘડી
Hydrosphere જલાવરણ
Hydrostatics જલસ્થિતિ વિદ્યા
Hydrozoa જલજીવક
Hygene, Hygienics આરોગ્યવિદ્યા
Hygrometer આર્દ્રતામાપક, ભેજમાપક, ક્લેદમાપક
Hygroscopic આર્દ્રતાચોષક, ભેજશોષક, આર્દ્રતાગ્રાહી
Hyoid કંઠિકાસ્થિ, કંઠાસ્થિ
Hyherbola પરવલય, અતિપરવલય, બાણાકાર રેખા
Hypnosis સંમોહાવસ્થા, સમાધિ, બેહોશી
Hypnotism પ્રાણવિનિમય. સંમોહન
Hypochondria પિત્તોન્માદ
Hypochondrium યકૃતપ્રદેશ
Hypogastrium ઉદરપ્રદેશ
Hypodermic ત્વચભેદી
Hypotenuse કર્ણ
Hypothesis સિદ્ધાન્ત, સંકેત, સુસિદ્ધ કલ્પના, વાદ, અભ્યુપગમ
Hysteria હીસ્ટીરીઆ, મૂર્છા ઉન્માદ, ક્ષોભોન્માદ, ભૂતવાયુ

I

Ice બરફ, હિમ —age હિમયુગ, —berg હિમરાશિ, હિમશિલા
Ichthiology મત્સ્યવિદ્યા

Icicle હિમકલા
Iconography મૂર્તિવિદ્યા
Idea ભાવ, વિચાર, ભાવના, ખ્યાલ, પ્રત્યય, માન્યતા, મનોભાવ, પ્રતિભાસ
Ideal ભાવના, ભાવનામય, ભાવનાત્મક
Igneous આગ્નેય, અગ્નિજ
Ignition જ્વલન, પ્રદીપન
Iguana પાટલા ઘો
Identity સામ્ય, સારૂપ્ય, એકતા, અભિન્નરૂપ, સમાનતા, તાદાત્મ્ય, અભિન્નતા, તદ્દેવતા, અનન્યતા
Ileum ઇલીઅમ, અત્યાંત્ર
Iliac bone જઘનાસ્થિ
Illogical ન્યાયવિરૂદ્ધ, અપ્રમાણ, અપસિદ્ધાન્ત
Illumination પ્રકાશન, રોશની, દીપાવલિ, દીપ્તિ
Illusion ભ્રમ, માયા, આભાસ, અધ્યાસ, વિપર્યય, મરીચિકા, ભ્રમદર્શન
Image પ્રતિરૂપ, પ્રતિબિમ્બ, પ્રતિમા, ચિત્ર, આકૃતિ, બિંબ, મૂર્તિ, છાયા
Imagery કલ્પિત ચિત્ર
Imagniation કલ્પના, ભાવના, પ્રતિભાદૃષ્ટિ; તર્કશક્તિ
Immanent અન્તર્ગત, અન્તરસ્થ, અન્તર્યામિ, આત્મગત
Immensity અમિતતા, મહત્ત્વ, અતિપ્રમાણ બૃહત્વ
Immersion નિમજ્જન, ડૂબન
Immigration આવક, ભરતી, અન્તર્ગમન
Immunity નિર્ભયત્વ, મુક્તિ, મારી, રોગ-ક્ષમતા
Immutability અવિકારિતા, અવિક્રિયત્વ
Impact સંઘાત, આઘાત, વ્યાઘાત
Imparity વૈષમ્ય, ભેદ
Impenetrable નિર્ભેદ્ય, અભેદ્ય

Imperceptible અસંવેદ્ય, અગોચર, અપ્રત્યક્ષ, અતીન્દ્રિય
Imperfection ન્યૂનતા, દૂષણ, અપૂર્ણતા
Impermeable અપ્રવેશ્ય અભેદ્ય, અગમ્ય
Impersonal ભાવવાચક, અકર્તૃક
Impervious અપ્રવેશ્ય, દુષ્પ્રવેશ, નિરંધ્ર
Impetus પ્રેરકબળ, સંવેગ, આવેગ
Imponderable નિર્ભારક
Import આયાત, અર્થ —duty આયાતકર
Impression સંસ્કાર, પ્રત્યય, છાપ, પ્રતીતિ
Impurity મેલ, અશુદ્ધિ
Impulse પ્રોત્સાહન, સંવેગ, આવેગ, પ્રવર્તન બળ, ઉર્મિ, મનસ્વીપણું, ધક્કો, પરિવર્તક બળ, વેગ, મનોવેગ
Inactive શિથિલ, નિશ્ચેતન
Inadequate અપર્યાપ્ત, અપૂર્ણ, અનુચિત
Incandescent તાપોજ્જ્વલ, ઉષ્માધવલ
Inanimate નિર્જીવ, અચેતન, જડ, બેભાન
Inception પ્રારંભ, બીજારોપણ
Incidence આપતન, પતન,
—of taxation કરસંપાત
Incineration ભસ્મીકરણ
Incision છેદન, છેદ, કાપ, નસ્તર
Incisive છેદક, તીવ્ર, તીક્ષ્ણ
Incisor teeth છેદક દંત
Inclination વલણ, ઝુકાવ, ઢાળ, વલણ, વૃત્તિ, નતિ
Inclined plane ઢાળ, નતફલક, નિર્યકૃતલ
Incombustible અદાહ્ય
Incommensurable અતુલ્ય, અસમાન, દુર્મેય, અપર્યાપ્ત, અપરિમાણશીલ
Incomprehensible અજ્ઞેય, ગૂઢ
Incompressible અસંકોચનીય
Incongruous અસંગત
Incumbent અવલંબી

Indefinite અનિયત, અનિશ્ચિત
Indeterminacy અનિશ્ચિતતા
Indeterminism સ્વાતંત્ર્યવાદ, અનિયતિવાદ
Indestructible અવિનાશી, અનશ્ય
Index અંક, નિર્દેશક, દર્શક, સૂચક, સંખ્યા, કાંટો, નિશાન, અનુક્રમણિકા alphabetical — કક્કાવરી ૦ —finger તર્જની
Indication પ્રદર્શક, સૂચક, દ્યોતક, જ્ઞાપક
Indirect પરોક્ષ, ગૌણ
Indissoluble અદ્રાવ્ય
Indivisible અવિભાજ્ય
Indistinct અવ્યક્ત, અસ્ફુટ
Individualism વ્યક્તિવાદ, વ્યક્તિસ્વાતંત્ર્યવાદ, વ્યક્તિદષ્ટિ
Induced પ્રોત્સાહિત, અનુનીત, ઉપપાદિત, —current ઉપપાદિતપ્રવાહ
Inductance ઉપપાદન, પ્રોત્સાહન, અનુનય, અપવાહ, અપવાહન
Induction આગમ, અનુમાન, અનુગમ, વ્યાપ્તિ, આગમન, વ્યાપ્તિ વિચાર, વ્યાપ્તિ વ્યાપાર, વિગમન, ઉપપાદન
Inductible અતન્ય, ખેંચી ન શકાય તેવું
Inequality વિષમતા, અતુલ્યતા
Inert જડ, નિષ્ક્રિય
Inertia જડતા, નિષ્ક્રિયતા, આળસ્ય, તમોગુણ, અકર્મત્વ, moment of – અકર્મત્વભ્રામક, અકર્મત્વપલ
Inevitable અનિવાર્ય
Infallibility અચ્યુતતા
Infection રોગસંચાર
Inference અનુમિતિ, અનુમાન, અનુલબ્ધિ
Inferior અધઃસ્થ, અપર, નિમ્ન, અધોવર્તી
Infinite અનંત, અસીમ
Infinitesmal અતિસૂક્ષ્મ
Inflammation દાહ, દહન, પ્રજ્વલન, અંતર્દાહ, પ્રદાહ, સોજો
Inflation વાતપુરણુ
Inflorescence પુષ્પરચના, પુષ્પવ્યૂહ, પુષ્પાધાન, પુષ્પવિન્યાસ
Influx આગમ, વૃદ્ધિ, અંતઃપ્રવાહ
Influence પ્રભાવ, ગુણ, અસર, બલ
Infra-red અધોરક્ત, અપરક્ત, રક્તાગ્રગામી રક્તનિમ્ન
Ingredient અંગ, સાધન
Inhalation શ્વસન, શ્વાસ
Innate સહજ, નૈસર્ગિક, સ્વાભાવિક
Inherent સહવર્તી, નૈસર્ગિક, સ્વાભાવિક
Inherited આનુવંશિક, વારસે ઉતરેલું, પરંપ્રાપ્ત, વંશપરંપરિત, સહજ
Inhibition નિરોધ, સ્તંભન રોકાણ,
Inorganic જડ, અચેતન, નિર્જીવ, ખનિજ, અકાર્બનિક
Inquisitive જીજ્ઞાસુ, કુતુહલપૂર્વક
Inscrutable અનકર્મ, અજ્ઞેય, અગમ્ય
Insoluble અદ્રાવ્ય
Inspiration શ્વસન દૈવી પ્રેરણા
Instinct સહજબુદ્ધિ, પ્રેરણા, પ્રેરકબુદ્ધિ, નૈસર્ગિકબુદ્ધિ
Instrument ઉપકરણ, સાધન, યંત્ર, સામગ્રી જંતર
Insufficency ઉનતા
Insulation રોધન, અવાહક, અન્યવિશ્લેષ
Integral calculus ચલરાશિકલન
Intensity પ્રચંડતા, તીવ્રતા, પ્રાબલ્ય, તીક્ષ્ણતા, પ્રખરતા, વિપુલતા, વૈપુલ્ય
Intention ઉદ્દેશ, હેતુ, આકાંક્ષા
Intercostal પાંશુ મધ્યસ્થ
Integration સંઘાત, સંપૂર્તિ
Interest વ્યાજ, રસ, continuity of– રસનિર્વાહ
Interference વ્યતિકરણ, સમાઘાત
Intermitant સવિચ્છેદ, આંતરિયો

International આંતરરાષ્ટ્રીય
Internal આભ્યન્તર, આન્તરિક, અન્તરીય, અન્તસ્થ
Internode પર્વ
Interpolation પ્રક્ષેપ, નિક્ષેપણ, નિવેશન
Interrelated અંતરસંબદ્ધ, સમન્વિત
Interruptor ભંજક
Intersection અંતર છેદનબિંદુ
Intercept ગાળો
Interastellar તારામધ્યવર્તી, આકાશસ્થ
Interval અંતરિત, અંતઃસ્થ ગાળો, કાલાન્તર અવકાશાન્તર, અરસો
Intestine અંત્ર, આંતરડાં
Intrinsic નિજી, આત્મીય
Introspection અન્તરદર્શન, અન્તર્દષ્ટિ, અન્તરાવલોકન, અન્તર્જ્ઞાન
Introvert અન્તર્મુખ
Intuition સહજજ્ઞાન, અન્તર્જ્ઞાન, ઉપલબ્ધિ, અન્તઃપ્રજ્ઞા, અન્તઃસ્ફૂર્તિ, સ્ફુરણ, સ્ફૂર્તિ
Invariable નિર્વિકાર, સ્થિર, સ્થિત, દૃઢ
Inventive શોધક, સર્જક, વિધાયક, યોજક
Inverse વિપરીત, ઉત્ક્રમ, વ્યસ્ત, ઉલટું, —ratio માન
Invertibrate પૃષ્ઠવંશવિહીન
Invisible અદૃશ્ય, દર્શનાતીત
Invoice ભરતીયું, આવાહપત્ર
Involuntary અનૈચ્છિક
Involute વક્રકૈન્દ્રિક
Involution સંવર્ગીકરણ, ઘાતક્રિયા
Iodine આયોડીન
Ion આયન
Iridiscent ધનુષ્યરંગી
Iris કનીનિકા, આંખની કીકીમાંનો પડદો, ઉપતારક
Iron લોઢું, લોખંડ, cast – બીડ, ભરતરનું લોખંડ, wrought – ઘડતરનું ૦ pig – કાચું – બરડ લોઢું

Irradiation ઉદ્દીપન
Irregular વિરૂપ, અનિયમિત
Irreversible અપરિવર્તીય
Irrigation સિંચાઈ, નહેરકામ, આબપાશી, જલસેચન
Irritation ઉદ્વેગ, સંતાપ, કોપ
Isobar સમભાર રેખા
Isoceles સમદ્વિભૂજ, સમદ્વિબાજુ
Isochronism તુલ્યકાલત્વ, સમકાલત્વ
Isohyet સમવર્ષારેખા
Isolation વિચ્છિન્ન દશા, વિવક્તતા, જૂદા પાડવું, અલગ કરવું
Isomeric સમાવયવિક, સમરૂપિક, સમરૂપી
Isometric સમપરિમાણિત
Isomorphism સમરૂપતા. સમાકૃતિત્વ
Isotherm સમઉષ્માંરેખા, સમોષ્ણરેખા, સમતાપક્રમરેખા
Isotonic સમશાક્તિક
Isotope સમસ્થાનિક
Isotrope સમગુણી
Isthmus સંયોગભૂમિ

J

Jack નાનો ઉંટડો, મોટર ઉચકવાનું નાનું યંત્ર, જેક
Jackal શિયાળ, શૃગાળ
Jackdaw દ્રોણકાક
Jacket કવર, જેકેટ, કવચ
Jar કુંભ, પાત્ર, બરણી, કર્કશ
Jaundice કમળો
Jaw જડબું, હનુ
Jelly સરેસ, જેલી, સાન્દ્ર દ્રવ્ય, મુરબ્બો
Jet ધાર
Joint સાંધો, સંધિ, જોડ, સંયુક્ત જોઈંટ
Jolly-boat વિહાર નૌકા, વિહાર તરણી
Judgment નિર્ણય, ન્યાય વાક્ય, વિધાન, જ્ઞાન, નિર્દેશ, વિવેક શક્તિ

Junction સંગમ, સંધિસ્થાન, જંકશન
Juncture વેળા, સમય, ટાંકણું, અણીપ્રસંગ
Jupiter ગુરૂ, બૃહસ્પતિ
Jurisprudence ધારાશાસ્ત્ર, ન્યાયવિજ્ઞાન, કાનૂનવિજ્ઞાન, ન્યાય્યતત્ત્વ
Jurisdiction અધિકારસીમા, આજ્ઞાવિષય, વિષય
Justification સમર્થન, ઔચિત્યસાધન
Juxtaposition સન્નિધાન, પાસપાસ રહેવું, સમીપતા, સંસર્ગ, ઉશ્લેષ

K

Kaleidoscope બહુરૂપદર્શક, બહુરંગદર્શક
Kaolin સફેદ માટી, કેઓલીન
Kapok કેપોક નામના ઝાડનું રૂ, કૅપૉક, સીમળીનું રૂ, સીમળો
Katabolism અપક્રિયા
Kathode ઋણોદ, ઋણધ્રુવ —rays ઋણાત્મક કિરણો
Kation ઋણાયન
Keel વહાણનું તળીયું, વહાણ તળેનું ખોખું, નૌતલ, બરડો, ધરણ
Keeper રક્ષક, સંરક્ષક, પાલનહાર, પાલનકર્તા
Kelp દરિયાઈ વનસ્પતિની ખાખ-ભસ્મ-જેમાંથી આયોડીન નામનું ઉપયોગી તત્ત્વ મળી આવે છે
Ken v. જાણવું, ઓળખવું. n. નિધાન ખબર, દૃષ્ટિવિસ્તાર, દૃષ્ટિમર્યાદા
Kernel બીજ, મીજ, ગર્ભ, સારભૂતતત્વ, તત્ત્વ, હાર્દ, મુદ્દો, માવો, ઠળીઓ
Key કુંચી, કળ, ચાવી, સમજૂતી, ખુલાસો, —board કળપટ, કુંચીનું પાટીયું, discharging ० મુક્તક, reversing ० પરિવર્તક, ० tapping સ્પર્શક
Key note મુખ્ય વિષય, મુખ્ય સૂર, વાદી સ્વર
Kidney મૂત્રપિંડ, ગુર્દો, વૃક્ક, સ્વભાવ, પ્રકૃતિ
Killing of metals ધાતુમારણ, ભસ્મીકરણ
Kilo સહસ્ર હજાર ० dyne સહસ્ર ડાઈન, સહસ્ર શક્તિઅંક, —erg સહસ્ર અર્ગ, —cycle કિલો સાઈકલ, હજાર વર્તુલ, સહસ્રાવર્તન —meter સહસ્ર મીટર, કીલોમીટર —volt કીલોવૉલ્ટ, —watt કીલોવૉટ
Kin સગાઈ, સગપણ, સગું
Kind જાત, જાતિ, પ્રકાર, રીતિ, માયાળુ, કૃપાળુ
Kindred સમજાતીય, સજાતીય, સગોત્ર, સમાન
Kine વેગાંક
Kinematics ગતિવિજ્ઞાન, વેગવિજ્ઞાન, ગતિશાસ્ત્ર
Kinetic ગતિસંબંધી—energy, ગતિશક્તિ, ગત્યાત્મક શક્તિ
King રાજા, નૃપ, —dom રાજ્ય, સૃષ્ટિ, કોટિ, યોનિ, માત્ર —fisher કલકલિયો, —rail રાજસારસ, ચિત્રસારસ, —tody માખીમાર, —vulture ગૃધરાજ, ગીધ
Kite સમળી, સમડી, પતંગ
Knee ઢીંચણ, જાનુ
Knob ગંડ, ગઠ્ઠો, ખુટી, દટ્ટો, મોગરો, માથું
Knot ગાંઠ, બંધ, ગુચ્છો, જટા, ગુંચ
Knotty ગુંચવણવાળું, કઠિન, વિષમ
Know જાણવું. જ્ઞાન થવું, ઓળખવું
Knowledge જ્ઞાન, માહિતી
Knowable જાણી શકાય તેવું, બુદ્ધિગમ્ય

L

Lable ચિઠ્ઠી, ચકતી, લેપપત્ર, ટિકીટ
Labial ઓષ્ઠસ્થાની (અક્ષર), ઓષ્ઠ્ય
Labiate ઓષ્ઠાકાર, લંબોષ્ઠ

Labile સંસર્પક,
Labour મહેનત, શ્રમ, મજુરી, વૈતરૂં, પરિશ્રમ
division of —કાર્યવિભાગ,
skilled — કુશલ મજુર,
unproductive — વ્યર્થ, અનુત્પાદક મહેનત,
unskilled — અકુશલ મજુરી, વૈતરૂં,
Lac લાખ, રાળ
Lacerate ફાડવું, ચીરવું, ઉઝડવું, વિદારવું
Lachrymal આંસુ પડાવે તેવું, અશ્રુ ઉત્પાદક, અશ્રુજનક, અશ્રુસ્રાવક, અશ્રુસંબંધી
—duct આંસુ નીકળવાનો માર્ગ, અશ્રુનલિકા, અશ્રુવાહિની
—artery આશ્રવીધમની
Lacquer રોગાન, વારનીશ,
Lactation દૂધપાન, દૂધદાન, દુગ્ધઉત્પાદન,
Lacteal દૂધ સંબંધી, દૂધનું, અન્નરસ
—tubes અન્નરસવાહિની, દુગ્ધવાહિની દૂધવાહિની
Lactic acid લેકટિક-એસિડ
Lactometer દૂધમાપક, દુગ્ધમાપક, દૂધપ્રમાણમાપક
Lacuna ખાલી જગ્યા, શૂન્ય સ્થાન,
Ladle કડછી, પળી, પળો, ડોઈઓ,
Lag v. પાછળ પડવું, મંદ પડવું, n. વિલંબ, મંદતા,
Lagoon ખાડી, છીછરૂં તળાવ, લેગુન
Lamella પટ, થર, પતરી
Lamina પડ, વરખ, પાનનું પડ
Lamp દીવો, દીપ, દીપક, લેમ્પ
arc —આર્ક લેમ્પ, —black કાજળ,
flameless — જ્યોતિર્હીન ૦,
incandescent — તાપોજ્જ્વલ દીપ, ઇન્કેન્ડીસેન્ટ લેમ્પ, કીટસન લેમ્પ;
safety — નિર્ભય ૦
Lancecolate ભાલાકાર, શલ્યાકૃતિ,
Lancet નસ્તર, શસ્ત્રાસ્ત્ર, અસ્ત્ર,
Land જમીન, ક્ષેત્ર, ભૂમિ,
—lord જમીનદાર, ભૂસ્વામી, માલેક
—mark સીમાચિહ્ન,
—scape દૃષ્ટિચિત્ર,દશ્યચિત્ર,દશ્યચિત્રણા
—breeze કિનારા તરફથી ફુંકાતો પવન, જમીનવાયુ
—slip ભૂપાત, ભેખડ પડવી
Lantern દીવો, ફાનસ;
magic — જાદુઈ ફાનસ, ચિત્રદર્શક યંત્ર
Laparotomy ઉદરછેદન
Lapidary મણિકાર, હીરાજ, પેલ પાડનાર
Lap wing ટિટોડી
Lar-board નૌવામ ભાગ
Lark ચંડોળ પક્ષી
Larva વર્વર, ઇયળ, લાર્વા
Larynx કંઠનાલી-નળી, કંઠસ્થાન, કૂક, સ્વરનળ
Late ભૂતપૂર્વ
Latent અન્તર્હિત, ગુપ્ત, અપ્રકટ, અનુદ્ભૂત, સુપ્ત—energy ૦ શક્તિ,-heat ૦ ઉષ્મા,
—image ૦ પ્રતિબિંબ
Lateral પાર્શ્વ, પાર્શ્વિક, બાજુ ઉપરનું,
—section પાર્શ્વિક છેદન, બાજુનું છેદન,
—surface બાજુની સપાટી, પાર્શ્વતલ
Latex દૂધ, ક્ષીર, શ્વેતરસ
Lath ચીપ, પકવાસુ, છાપરે જડવાનો પકવાસો
Lathe સંઘાડો, ચરખ, સંઘાડ, ભ્રમિ, ખરાદ
Latitude પહોળાઇ, છૂટ, સ્વતંત્રતા, અક્ષાંશ, વિષુવવૃત્તથી અંતરનો અંશ, અક્ષાંક, પતન, અક્ષઃશર
Lava લાવા
Layer થર, સ્તર
Law કાયદો, કાનુન, નિયમ, ઠરાવ, સંકેત, [સિદ્ધાન્ત
Law of conservation of mass જડસંરક્ષણનો નિયમ,

— of energy શક્તિસંરક્ષણનો નિયમ
— of constant proportion સ્થાયી પ્રમાણનો નિયમ
Lead સીસું, સીસક, લેડ
black —ગ્રેફાઇટ, કાળું સીસું,
white — સફેદો
League ત્રણ માઇલનું અંતર, લીગ, સંઘ
Leaf પર્ણ, પાંદડું
— insect પર્ણકીટ;
— footed પર્ણપદી
Leaven ખમીર, ઉદાત્તશીલ
Leap year જે વર્ષમાં ફેબ્રુઆરી માસના ૨૯ દીવસ આવે તે વર્ષ ચોથવર્ષ, વૃદ્ધિવર્ષ
Leech જળો
Leeward વાતવિમુખ
Legislation નયશાસ્ત્ર, ધારા બાંધવા
Legend દંતકથા, કહાણી, લોકવાર્તા,
Legume શીંગ, શિલિકા
Lens તાલ, કાચ, લેન્સ
Lenticular તાલીય
Leucocyte શ્વેતકણ
Leucocytosis શ્વેતકણવૃદ્ધિ
Leucorrhea શ્વેતસ્રાવ, પ્રદર
Level સમ, સમતા, સમપટ, ભૂમિકા, સમપટદર્શકયંત્ર, સમભૂમિ
Lever લીવર, ઉચ્ચાલક, તુલાદંડ
Leveller સમચ્છેદક
Liberate છૂટા થવું, મુક્ત થવું
Libido તન્હા, જીવનપ્રવાહ, જીજીવિષા
Lichen લીલ, સૂકરી, છડીલો
Licorice જેઠીમધ
Lid આવરણ, અક્ષિપુટ, પોપચું
Life જીવ, જીવન, જીંદગી, જન્મારો, ચૈતન્ય, પ્રાણ
Lift લીફ્ટ, ઉપર ચઢવાનું યંત્ર, ઉદ્દગમનયંત્ર
Ligament અસ્થિબંધન
Ligature પાટો, બંધન
Light હલકું, વિલાસી, અલ્પભાર, લઘુ, પ્રકાશ
Lighthouse દીવાદાંડી, દીપકગૃહ
Lightning વિદ્યુત, વિજળી, તડિત;
— conductor વિદ્યુત્‌વાહક તાર;
falling of — તડિતપાત, વિજળી પડવી
Like v. ગમવું, પસંદ કરવું ad. સમાન, સમ, સમગુણ, સજાતીય, સદશ,
Lignum કાષ્ઠ
Ligniferous કાષ્ઠજનક
Ligule પટ્ટક
Ligulate પટ્ટકાકાર
Limb અંગ, અવયવ
Lime ચૂનો
Limit મર્યાદા, હદ; સીમા, મુદત, સીમાન્ત
Limited ટુંક, નિયમિત, સાવધિક, સમર્યાદ, મર્યાદિત, પરિમિત, લીમીટેડ કંપની, નિયત
Limiting value અન્તિમ માન;
--ratio અન્તિમ પ્રમાણ
Limitless અનન્ત, નિરવધિ, બેહદ, બેસુમાર, અપાર
Line લીટી, દોરી, હાર, પંક્તિ, પાદ, ચરણ (કવિતા), ધોરણ, પ્રકૃતિ, માર્ગ, ક્રમ, હદ, સીમા, મર્યાદા, રેખા, ઓલાદ, વંશ, પેઢી,
-- of action કાર્યરેખા
-- of combination અક્ષરેખા, સંધાનરેખા
-- of force બલરેખા, ચુંબકબલરેખા
curved -- વક્રરેખા
Lineage વંશ, કુળ, ઓલાદ,
Linear સીધું, રૈખિક, રેખારૂપ, રેખાકાર,
-- magnitude રેખાપરિમાણ
— perception રેખાદર્શન
—motion સીધી ગતિ
Lineal વંશપરંપરાનું
Lingual જીભ સંબંધી, મૂર્ધન્યસ્થાની વ્યંજન
Link અંકોડા, સંબંધ, સંધિ, કડી, શૃંખલા

Linotype લીનોટાઇપ, રેખામુદ્રણ
Liquify દ્રવણ થવું, દ્રવવું, પીગળવું, દ્રવણ કરવું
Liquification દ્રવીકરણ, દ્રવીભવન, તરલીકરણ
Liquid પ્રવાહી પદાર્થ, દ્રવવસ્તુ, દ્રવપદાર્થ, રસ, દ્રવ, તરલ
Liquidate ફડચો કરવો
Lithosphere શિલાગોળ, શિલાવરણ
Lithotomy અશ્મરીછેદન
Littoral તીરસ્થ
Litmus લીટમસ
Litre લીટર
Liver પિત્તાશય, યકૃત, કાળજું, જીગર
Lizard ગરોળી, ગિલોડી
Loadstone લોહચુંબક પત્થર, અયસ્કાન્ત, લોહકાન્ત
Lobe કર્ણપાલી, કાનની બુટ, કોથળી
Lobster કરચલો
Locomotion સ્થાનાન્તરગમન, ચલન, વ્યવહાર
Locomotive લોકોમોટીવ, એન્જીન
Loevo-rotatory વામાવર્તક [ગુણબીજક
Logarithm લઘુગણક, લાગર્તમ, લાઘવાંક,
Loganthmic લાઘવીય
Log.sine લાજ્યા
Log. tangent લાસ્પર્શક
Logic ન્યાયશાસ્ત્ર, તર્કશાસ્ત્ર, પ્રમાણશાસ્ત્ર, બુદ્ધિવ્યાપારશાસ્ત્ર
Longitude રેખાંશ, રેખાંશવૃત્ત
Locus નિધાન, બિન્દુપથ, લોકસ
Loop ગાળો, પાશ, ફાંસો, ચલપ્રદેશ, ચક્રાવૃત્તિ, –hole છિદ્ર, છિંડું, છટકવાનું બારૂં
Loss હાનિ, ઘટાડો, ઘટ, નુકશાન, ક્ષતિ, — of tune કાલક્ષેપ, વિલંબ
Lower નીચેનું, અધઃસ્થ, નિમ્ન
— jaw નિમ્નહનુ
Lotion દ્રવણ, લોશન
Lubrication તેલ પુરવું, તૈલીકરણ, તેલપૂરણ, ઘર્ષણ નિરોધ, સ્નેહાંજન
Luciferous પ્રકાશમાન, દીપ્તિકર, પ્રકાશદ
Lumbar કટિદેશ, કુખ, કટિ
Luminary પ્રકાશમાન ગ્રહ કે તારા, તેજસ્વી પુરૂષ, તેજપુંજ
Luminosity દીપ્તિ, પ્રકાશમયતા, પ્રકાશિતતા
Lullaby હાલરડું
Lumbago કમ્મરમાં થતી વેદના, કમરનો વા, કટિવેદના
Lump રાશિ, ગઠ્ઠો, પિંડ
Luna ચંદ્ર
Lunar ચાંદ્ર, ચંદ્રમસી, સૌમ્ય — month ચાંદ્રમાસ, — eclipse ચંદ્રગ્રહણ, — year ચાંદ્રવર્ષ
Lung ફુપ્ફુસ, ફેફસાં, તિલક
Lustre ચળકાટ, દીપ્તિ, તેજ, કાન્તિ, ઝળકાટ
Lye ક્ષારજલ, ક્ષારોદક, રાસાયનિક ક્રિયાઓ પછી બાકી રહેતો ક્ષારપ્રધાન પ્રવાહી પદાર્થ. સાબુ બનાવ્યા પછી રહેતો પદાર્થ
Lymph શરીરમાં વહેતું જલમય દ્રવ્ય, શ્લેષ્મા, લસિકા રસ, લીમ્ફ
Lymphates લસિકાનલિ
Lymphatic gland લસિકાગ્રંથિ
Lynx શીહાઘોટા, વનમાંજાર
Lyrate વીણાકાર

M

Macerate કાતરી બનાવવી, છૂંદવું
Machinary યંત્રસાહિત્ય, સાંચાકામ
Machine યંત્ર
Macrocephalous બૃહત્કપાલી
Macrocosm વિશ્વ, બૃહદ્રચના, સ્થૂલરચના, વિરાટ સ્વરૂપ, સમષ્ટિ, સૃષ્ટિ સમષ્ટિ, બ્રહ્માંડ
Mechanical યાંત્રિક

Mechanics યંત્રવિદ્યા, યંત્રગતિવિદ્યા
Mechanism યંત્રરચના, વસ્તુરચના
Macula લાંછન, કલંક
Madder મજીઠ
Magic જાદુ --lantern ચિત્રદર્શક યંત્ર
Magma ભૂરસ
Magnet લોહચુંબક, લોહકાન્ત, ચુંબક, આકર્ષક, મૅગ્નેટ
Magnetic આકર્ષક, લોહચુંબકશીલ, આકર્ષકીય, ચુંબકીય, --amplitide ૰ વિસ્તાર, --attraction ૰ આકર્ષણ, —field ૰ [ક્ષેત્ર
Magnetism લોહચુંબકશાસ્ત્ર, વિદ્યુદા-કર્ષણ વિદ્યા, મેગ્નેટીઝમ animal — આકર્ષણશક્તિ, terrestrial — ભૂચુંબકત્વ
Magnetised ચુંબકઉદ્દીપ્ત, ઉદ્દીપ્ત આકર્ષણ
Magnification પરિમાણવર્ધન, પરિવર્ધન, મૅગ્નીફીકેશન
Magnificent અતિશોભિત દેદીપ્યમાન, તેજસ્વી
Magnify મોટું બતાવવું, મહદ્દર્શક યંત્ર, બૃહદ્દર્શક
Magnitude પરિમાણ માન, મહત્તા, વિસ્તાર, કદ, મહત્વ, ગુરુત્વ
Main મુખ્ય, પ્રધાન, મૂળ, મુખ્ય તાર, મુખ્ય વાહક
Maintain પ્રતિપાદન કરવું, આગ્રહપૂર્વક સ્થાપન કરવું, નિભાવવું, પાળવું, પોષવું
Major મુખ્ય, પ્રધાન, --arc દીર્ઘચાપ, --axis દીર્ઘઅક્ષ,--chord દીર્ઘજ્યા, પૂર્ણજ્યા, --premises પૂર્વપક્ષ, વ્યાપ્તિ વાક્ય, --term સાધ્યપદ, ઉત્તમપદ, વ્યાપક
Majority લાયક ઉમર, બહુમતિ, અધિક સંખ્યા, મેજોરિટી
Malady વિકાર, વ્યાધિ, રોગ [મેલેરીઆ
Malaria બદહવા, ટાઢીઓ તાવ, શીત જ્વર,
Malleable મૃદુ, સ્હેલાઇથી ટીપાઇ શકે તેવું, ધાતસહ
Maleability મૃદુતા
Mal-nutrition પોષણવિકાર
Malt જવના ખીરા-આથવણમાંથી બનતો પદાર્થ, મૉલ્ટ, --sugar, maltose યવશર્કરા, માલ્ટોઝ
Mammal ધવડાવનારાં,-સસ્તન,-સ્તનધારી-આંચળવાળાં,-થાનવાળાં પ્રાણી
Man મનુષ્ય, માણસ, આદમી, ઇન્સાન, મનુષ્યજાતિ
Mardible જંભાસ્થિ, હન્વસ્થિ, જડબાનું હાડકું
Mane યાળ, કેશવાળી
Manes પિતૃલોક, પિતૃઓ, વડવાઓ
Manifest વ્યક્ત થવું, પ્રત્યક્ષ થવું, પ્રકાશમાં લાવવું, પ્રસિદ્ધ કરવું
Manifestation વ્યકતભવન, આવિષ્કરણ, આવિર્ભાવ, પ્રત્યક્ષતા, સ્પષ્ટીકરણ, પ્રાદુર્ભાવ
Manifesto જાહેરનામું, પ્રવચન
Manifold અનેક, બહુરૂપ, નાનાવિધ
Manipulate બનાવવું હાથચાલાકીથી જિતવું, મેળ લાવી મૂકવો
Mantessa અપૂર્ણભાગ, અપૂર્ણાંક
Mantle વેષ્ટન, આવરણ, બત્તી, મેન્ટલ
Manual લઘુગ્રંથ, સારસંગ્રહ --skill હાથકસબ--labour હસ્તકાર્ય, શારીરિક શ્રમ, હાથકામ --dexterity હસ્તકૌશલ્ય, હસ્તલાઘવ --training હસ્તકલાશિક્ષણ
Manometer વાયુદબાણમાપક, મેનોમીટર
Manufacture બનાવવું બનાવટ or કારીગર, બનાવનાર, શિલ્પકાર, શિલ્પી --ory કારખાનું, કાર્યાલય
Marble આરસપહાણ, સંગેમરમર, લખોટો
Margin ધાર, કિનાર, કોર, કિનારો, હાંસિયો, ગાળો, ઉપપ્રદેશ

Marginal પ્રતિસ્થ, --productivity પ્રતિસ્થ-ઉત્પાદકતા
Maritime સમુદ્ર સંબંધી, દરીઆઇ, સમુદ્રવિષયક
Mark લક્ષણ, ચિહ્ન, લક્ષ્ય, વેધ્ય, આંકવું, ચિહ્ન મૂકવાં
Market બજાર, ચૌટું, પીઠું, ખપત, વેચાણ, વકરો, બજારપીઠ
Marrow ગર, મજ્જા, ચરબી
Mars મંગળ, ભૌમ, રણદેવતા, કાર્તિકસ્વામી
Marvel કૌતુક, ચમત્કાર, ચમત્કૃતિ, અદ્ભુત દૃશ્ય, આશ્ચર્યજનક
Masked પ્રચ્છન્ન, ગુપ્ત, છદ્મવેશી
Mass વજન, ભાર, પરિમાણ, પિંડ, રાશિ, સ્થૂલપરિમાણ, પિંડમાત્રા, ઢગલો, સમૂહ, જનસમૂહ, લોકસમુદાય, પ્રજાજન, આમલોક, આમવર્ગ, --psychology સંઘમાનસ
Mast વહાણનો ડોલ, વહાણનો કૂવો, કૂપદંડ, ડોલકાઠી
Materia Medica ઔષધિગુણશાસ્ત્ર
Material adj. પ્રાકૃતિક, દ્રવ્યવિષયક, ભૌતિક, સ્થૂલ, મુખ્ય, n. સાધન, સામગ્રી, સંભાર
Material world ભૌતિક સૃષ્ટિ, સ્થૂલ જગત
Materialism જડવાદ, અનાત્મવાદ, સ્થૂલવાદ
Mathematics ગણિતશાસ્ત્ર
Materially તત્ત્વતઃ, સારતઃ, વસ્તુતઃ
Matter દ્રવ્ય, વસ્તુ, સાર
Mature પ્રૌઢ, પક્વ
Maxium વ્યવહારસૂત્ર [અનન્ય
Maximum પરમ (સંખ્યા) મહત્તમ, ગુરૂતમ,
Maze કુટિલમાર્ગ, ભૂલભૂલામણી
Meagre સ્વલ્પ, જૂજ, નહીં જેવો
Mechanic યાંત્રિક, શિલ્પી, કારીગર, adj. કેવળ યાંત્રિક, બુદ્ધિની જરૂર ન પડે તેવું

Mechanics યંત્રવિદ્યા, ગતિવિદ્યા
Mechanism યંત્રરચના, ઘટના, ક્રિયાવિધિ
Mean મધ્ય પરિમાણ, સરેરાશ, સરાસરી, મધ્યમ, સાધારણ, મધ્યમાન
Means સાધન, ઉપકરણ
Measure માપ, માપવું, માપન, માન, પરિમાણ, --glass અંકિતપાત્ર
Medial મધ્યસ્થિત, મધ્યસ્થ
Median મધ્યગા, મધ્યગત
Medieval મધ્યકાલીન
Meditation ધ્યાન, ચિન્તન
Medium આધાર, સાધન, આશ્રય, મધ્યમ, મધ્યગત, મધ્યસ્થ, વાહન, બોધભાષા, માર્ગ, નિમિત્ત
Medulla મજ્જાગ્રંથિ
Melody સ્વર માધુર્ય, માધુર્ય
Melt ગાળવું, ઓગાળવું, પીગળવું
Melting પીગળવું, ગલન, --point ગલનબિંદુ, --pot મૂષા, મૂસ, ગલનપાત્ર
Membrane આવરણત્વચા, અનુત્વચા, પડદો, flexible --નમનીય પડદો, semipermeable --અર્ધ ભેદ્ય પડદો
Memory સ્મૃતિ, યાદદાસ્ત, યાદશક્તિ, સ્મરણશક્તિ
Meniscus અર્ધવર્તુલાકાર, બીજચંદ્રાકાર, નવચંદ્રાકાર, નાની ટ્યુબમાં પાણીની સપાટીનો આકાર
Meninges મસ્તિષ્ક આવરણ
Meningitis મેનીન્જાઇટીસ, મસ્તિષ્ક આવરણદાહ
Menopause રજોનિવૃત્તિ, ઋતુનિવૃત્તિ
Menorrhagia ઋતુસ્રાવ, અત્યાર્તવ
Menostasis આર્તવાવરોધ, આર્ત રોકાણ
Menses રજોદર્શન
Mensuration મિતિશાસ્ત્ર, માપકરણ, માપણી, ક્ષેત્રમિતિ, માપનશાસ્ત્ર, ક્ષેત્રવિદ્યા, પરિમિતિ

Menstrual માસિક, દસ્તાન-ઋતુ-રજસ્વલા-અટકાવ-ઓપટી- સંબંધી
Mental માનસિક, મનસંબંધી, મનઃસ્થ, મગજ સંબંધી, બુદ્ધિ સંબંધી
Mercurial ચપળ, ચંચળ, જલદ, પારદમય, પારદાત્મક, પારાવાળું
Mercury પારો, પારદ, બુધ
Merge લય પામવું, વિલોપન પામવું
Meridian યામ્યોત્તર-ધ્રુવસંયોગી રેખા, મધ્યાન્ રેષા પૂર્ણકળા, શિખર, ટોચ, પરાકોટિ
Mermaid મત્સ્યકન્યા, જલકન્યા
Mesenteric મધ્યાંત્ર સંબંધી
Mesh છિદ્ર, તલ
Mesoblast મધ્યપુટ
Mesocarp મધ્યાવરણ, મધ્યાચ્છાદન
Mesoderm મધ્યત્વચ, મધ્યચર્મ
Mesogastric મધ્ય જઠરીય
Mesopodium મધ્યપત્ર, મધ્યપદી
Mesozoic મધ્યજીવનકાળ
Metabolism જીવનક્રિયા, રસપાક
Metal ધાતુ --metallic ધાતુજ, ધાત્વિક ધાતુ સંબંધી, ધાતુ જેવું
Metallurgy ધાતુ સંશોધનશાસ્ત્ર, ધાતુવિદ્યા
Metamorphic પરિવર્તનશીલ, રૂપાન્તર સંબંધી, પરિવર્તિત, રૂપાન્તર પામેલું
Metamorphosis પરિવર્તન, રૂપાન્તર
Metaphysics પરમાર્થશાસ્ત્ર, તત્ત્વશાસ્ત્ર, અધ્યાત્મશાસ્ત્ર
Metaphysical અધ્યાત્મિક, અતિભૌતિક, તાત્ત્વિક, દાર્શનિક
Metempsychosis જન્માન્તર, દેહાન્તર, પુનર્જન્મ
Meteor ખરતો તારો, ઉલ્કા
Meteorite ઉલ્કાલોહ, ઉલ્કાશ્મ, ઉલ્કાપાષાણ
Meteorology હવામાનવિદ્યા, વાયુમંડલ-વિદ્યા
Meter માપક, માપ, માન, માત્ર, માત્રા, મીટર
Method વિધિ, પદ્ધતિ, રીતિ, પ્રકાર, પ્રક્રિયા
Methodically પદ્ધતિસર, યથાનિયમ, વિધિસર
Methodology પદ્ધતિશાસ્ત્ર, પદ્ધતિવિદ્યા, વિધિવિદ્યા
Methylated spirit મેથીલેટેડ સ્પીરિટ
Metre મીટર, અન્તરનો એકમ
Metric system મીટરપદ્ધતિ, મેટ્રિકપદ્ધતિ
Metronome તાલમાપક, તાલમાપિની, મેટ્રોનોમ
Mica અભરખ, અભ્રખ, અભ્ર
Microb સૂક્ષ્મજીવ, સૂક્ષ્મજંતુ
Microcephalus સૂક્ષ્મ કપાલિ
Microcosm વ્યષ્ટિ, પિંડ, સૂક્ષ્મપિંડ, સૂક્ષ્મસૃષ્ટિ, સૂક્ષ્મજગત
Microphone સૂક્ષ્મશબ્દ ગ્રાહક, માઇક્રોફોન, લાઉડ સ્પીકર, બૃહદ્ધ્વનિઉત્પાદક
Microscope સૂક્ષ્મદર્શક, માઇક્રોસ્કોપ
Micro-spectroscope સૂક્ષ્મ રંગપટ વિભાજક, સૂક્ષ્મરશ્મિવિભાજક
Mid મધ્ય, --day મધ્યાહ્ન,
--declination મધ્યક્રાન્તિ
--heaven મધ્યાકાશ
Migration ભ્રમણ, સ્થાનાન્તરગમન, વિદેશગમન, નિર્ગમન
Mill ઘંટી, ચક્કી, કારખાનું
Millenium સહસ્રક
Milleped સહસ્રપદી
Millepere સહસ્રરંધ્રી (પ્રવાલ)
Millet બાજરી, બાવટો
Millimiter મીટરસહસ્રાંશ, મીલીમીટર
Mligram ગ્રામસહસ્રાંશ, મીલીગ્રામ
Mimosaલજ્જાવેલી, લજ્જાળુ, લજામણી, રીસામણી
Mind મન, બુદ્ધિ, મનોભાવ, conscious--
બાહ્યમન, ચેતનમન, unconscious—
અંતરમન, ચેતનાતીત મન, સૂક્ષ્મ મન, ઉપમન

Mine ખાણ, સુરંગ
Mineral ખનિજ, ભૂગર્ભોત્પન્ન, --water ક્ષારીય જલ (સોડા લેમન વગેરે)
--kingdom ખનિજસૃષ્ટિ, વર્ગ
—oil ખનિજ તેલ
Mineralogy ખનિજ વિદ્યા. ખનિજ શાસ્ત્ર
Miniature લઘુ પ્રતિમા
Minimum અલ્પતમ, અલ્પતમાંશ, ન્યૂનતમ, લઘુતમ
Mining ખનનવિદ્યા
Minor લઘુ, અપ્રધાન, ગૌણ
Minority લઘુમત, લઘુપક્ષ, ન્યૂનપક્ષ
Minute મિનિટ, પળ (time) કલા (angle)
Miocene મધ્ય સાંપ્રત કાળ
Mirage મૃગજલ, મૃગતૃષ્ણિકા, મરિચિકા
Mirror દર્પણ, કાચ, ચાટલું, અરીસો, આયનો
concave—અન્તર્ગોળ-અવનત દર્પણ
convex—ઉન્નત-બાહ્યગોળ દર્પણ
plane—સમતલદર્પણ
spherical—ગોલીય દર્પણ
Misanthrope માનવદ્વેષી
Miscibility મિશ્રનીયતા
Miscible મિશ્રનીય
Misleading ભ્રાન્તિજનક
Mission ધર્મપ્રચારક સંસ્થા, વિશિષ્ટ કર્તવ્ય, ધર્મકાર્ય, આદેશ, જીવનકાર્ય
Mist ધૂમસ
Mixture મિશ્રણ
Mobile જંગમ, ગતિશીલ, ચંચળ, ચપલ, ગતિગમ
Monocotyledon એકદળી, એકપત્રક
Mode પ્રકાર, વિધિ, રીતિ
Model આદર્શ, પ્રતિમા. નમુનો, આકાર, આકૃતિ
Modicum અલ્પાંશ, લવ, લેશમાત્ર
Modification વિકૃતિ, વિકાર, રૂપાન્તર, ફેરફાર, પરિવર્તન,
Modulation સ્વરભેદ, સ્વરલય, સૂરનિયંત્રણ, સૂર બદલવો, સ્વરયોજન, ધ્વનિસંયમન
Modulus મધ્યગુણક, નિત્યગુણક
Moisture આર્દ્રતા, ભીનાશ, ભેજ
Molar દાઢ
Mole તલ, મસો
Molecular અણુસંબંધી, અણુવિષયક, અણુક, આણુવિક
-- arrangement અણુરચના-વ્યૂહ,
-- attraction અણુજન્ય આકર્ષણ,
— force અણુબલ,
-- constitution અણુરચના-બંધારણ,
-- weight અણુભારાંક
Molecule અણુ
Molluse મૃદુકાય
Moment ક્ષણ, નિમિષ, માત્રા.
Momentary ક્ષણભંગુર, ક્ષણિક, અસ્થાયી, અસ્થિર
Momentum વેગમાન, વેગસ્થ સંસ્કાર, આવેગ, પ્રભાવ
-- of force બલપ્રભાવ
-- of inertia જડત્વપ્રભાવ
statical -- સ્થિતિબલપ્રભાવ
Monad એકાણુ, એક બંધન, એક યોજી
Mongoose નોળીઓ
Monism અદ્વૈત પ્રકૃતિવાદ, અદ્વૈતવાદ
Monogamy એકસ્ત્રી રિવાજ
Monogony એકોત્પત્તિ
Monosyllable એકાંગી શબ્દ
Monophyllous એકપર્ણી
Monoplane મોનોપ્લેન, એકાંકી વિમાન
Monotheism એકેશ્વરવાદ
Monopod એકપદી, એકપાદ
Monopoly એકહસ્તાધિકાર; એકહથ્થુ સત્તા
Monotonous એકજાતીય, અવિવિધ, એકસ્વરી; એકશ્રુત, નિરસ, કંટાળા ભરેલું,

Monotony ઐકવિધ્ય, એકતાનતા, એકરૂપતા, એકવિધતા, વૈચિત્ર્યશૂન્યતા
Monotype એકમુદ્રા, મોનો ટાઈપ
Monovalent એકયોજ, એકશક્તિક
Monsoon ચોમાસુ, મોસમી પવન, વર્ષાવાહી પવન, નૈઋત્યવાયુ,
Mood વૃત્તિ, મનોદશા
Moon ચંદ્ર, full -- પૂર્ણિમા, new -- અમાવાસ્યા, phasis of the -- ચંદ્રકલા, ચંદ્રલેખા, -- stone ચંદ્રકાન્ત
Moraine અશ્માવલિ, પથ્થરવાળો પ્રદેશ
Moral નીતિ, નૈતિક, — courage નીતિધૈર્ય, નૈતિક ધૈર્ય, આધ્યાત્મિક શૌર્ય, લોકનિર્ભિરતા, -- force નીતિબળ, — sentiment નીતિભાવના
Moratorium ઋણપ્રતિબંધ
Morbid વિકારી, ભાવનાહત, આત્મસંતોષી
Mordant રંગબંધક, રંગસ્થાપક, રંગ પાકો કરનાર દ્રવ્ય
Morphia અફીણ સત્ત્વ, પૃથુસાર
Morphology આકાર વર્ણન, આકારવિદ્યા, બાહ્યરૂપ વિદ્યા
Mortality મર્ત્યતા, મરણપ્રમાણ, - table મરણપ્રમાણના કોઠા
Mortar ચૂનો-રેતી, ચૂનાનો કોલ, મૉર્ટર
Mortar and pestle ખલડ્ડો, ખલબત્તો, ખાયણી-પરાળ, ખાયણો-મુસલી.
Moss સેવાળ, લીલ
Mote કણ, કણુ, રજકણ, રજ, રેણુ, અણુરેણુ
Mother માતા, માતૃ, -- complex માતૃગ્રંથિ, માતૃવૃત્તિ -liquor જનન દ્રાવણ,મૂળ દ્રાવણ, માતૃદ્રવ, -- of pearl સીપ; છીપ
Motion ગતિ, ચલન, ગમન, ચાલ, accelerated -- વર્ધિત-વર્ધમાન-ગતિ, capillary -- કેશીય ગતિ, circular -- ચક્રાકાર, ગતિ
oscillatory -- ડોલનગતિ, perpetual - અવિરત ગતિ,શાશ્વત ગતિ, relative -- સાપેક્ષ ગતિ, retrograde -- વિલોમ ગતિ, rotatory - પરિભ્રમણગતિ, vertical - ઉર્ધ્વગતિ.
Motive હેતુ, પ્રવર્તક હેતુ, પ્રેરક હેતુ, હેતુ બલ, ચાલક, -- force બલ, શક્તિ
Motor મોટર, -- car મોટર ગાડી, air -- વાયુયંત્ર, -- nerve ઉદ્વાહક તંતુ, પ્રાણવાહક તંતુ, ક્રિયા તંતુ, -- organ ઉદ્વાહક અવયવ
Moulting પીછાં ખરવાં, ચામડી ઉતારવી, ખાળ ઉતારવી, કાંચળી ઉતારવી
Mountain પર્વત, -- group પર્વતસમૂહ, -- range પર્વતશ્રેણી, -- system પર્વત સંસ્થાન
Mouth મુખ, મોં, મોઢું, -- piece મુખભાગ, મુખપત્ર
Movable જંગમ
Movement ચલન, હલનચલન, ગમન
Mucilage ગુંદર, શ્લેષ્મા, મેદ, ક્લેદ, સ્નેહ, ચિકાસ, લહી
Mucous ક્લેદમય, શ્લેષ્મલ
Mucus ક્લેદ, કફ, શ્લેષ્મ
Mulberry શેતુર, મલબેરી
Multicapsular બહુપુટી
Multicellular બહુકોષી
Multifarous નાનાવિધ, વિવિધ, નાનારૂપ
Multinomial બહુપદી, બહુરાશિ, -- equation બહુપદી સમીકરણ -- theorem બહુપદી સિદ્ધાન્ત
Multiparous બહુપ્રસવા
Multiple બહુગુણિત, ગુણાકાર, ગુણોત્તર, ભાજ્ય, અવયવી
Multitude સંઘ, ટોળુ, સમૂહ, ગણ

Multivalence બહુમુલ્યત્વ, બહુયોજનત્વ; બહુયોજનશક્તિ
Mummy શુષ્કશબ, મમી
Mundane લૌકિક, પાર્થિવ, સાંસારિક, ઐહિક
Mural ભીંત ઉપરનું, દિવાલ ઉપરનું,
-- painting ભીંત ચિત્ર ભિત્ત ચિત્ર, ભિત્તિ ચિત્ર
Muriatic acid લવણામ્લ, મીઠાનો તેજાબ, હાઇડ્રોકલોરિક એસિડ
Muriform ઈંટાકાર, ઇષ્ટકાકાર, ઈંટના આકારનું
Murmur મંદ ધ્વનિ, મર્મ ધ્વનિ, ગુંજન, ઝીણો સુર
Muscle સ્નાયુ, પેશી
Muscology શૈવલવિદ્યા, લીલવિદ્યા
Muscular સ્નાયુ સંબંધી, પ્રબલ
-- force સ્નાયુબળ
Museum સંગ્રહસ્થાન
Mushroom છત્રક, બિલાડીનો ટોપ
Musical સંગીતમય, મીઠો સુશ્રાવ્ય, સુસ્વર,
—instrument સંગીત ઉપકર, વાજીંત્ર, વાદ્ય, -- scale સ્વરગ્રામ
Musk કસ્તૂરી, -- bag કસ્તૂરીકોષ,
—cat કસ્તૂર માર્જાર, -dear કસ્તૂરમૃગ
Mutability વિકારશીલતા, અસ્થૈર્ય
Mutable વિકાસશીલ, વિકારશીલ, અસ્થિર,
Mulation ફેરફાર, ગુણવિકૃતિ, ગુણવિકાસ, વિકાર અવસ્થા,
Mutual અન્યોન્ય, અરસપરસ,
-- induction ઉપપાદન
Muzzle બંદુક નળી,
-- velocity મુખ અભિવેગ
Mycology સૂક્ષ્મજીવવિદ્યા
Myoblast સ્નાયુપુટ
Myoid સ્નાયુક
Myology સ્નાયુવિદ્યા
Myopia અલ્પદૃષ્ટિ, શૉર્ટસાઇડ, ટૂંકી નજર, નિકટ દૃષ્ટિ
Myosin સ્નાયુદ્રવ્ય, સ્નાયુકિન, માયોસીન
Myroid યયુત, સહસ્રવિધ, હજારો
Myriapoda બહુસંધિપદી વર્ગ,
Myrobolan હરડે
Myrrh હીરાબોળ, બોળ
Myrtle મેદી
Mystery રહસ્ય, ગુહ્યભેદ, ગુપ્તવસ્તુ
Mysticism ગૂઢ તત્ત્વવાદ, અગમ્યવાદ, રહસ્યવાદ, અતીન્દ્રિયવાદ, સાક્ષાત્કારવાદ
Mystic યોગી, રહસ્યવાદી, અગમ્યવાદી
Myth દંતકથા, કલ્પિત કથા,પુરાણ,પુરાણ વાર્તા
Mythology દંતકથાશાસ્ત્ર, પુરાણશાસ્ત્ર, તુલનાત્મક દેવકથા

N

Nadir અધોબિંદુ, પાતાલબિંદુ, અધઃસ્વસ્તિક
Nail ખીલો, નખ
Naked નગ્ન, વ્યક્ત, સ્પષ્ટ,
-- eye નરી આંખ, સાદી આંખ
Narcissus નરગેસ
Narcotic સ્વાપક, નિદ્રા લાવનાર
Naphtha નાફથા
Naphthalene નાફથેલીન
Narcissism સ્વપૂજા, નર્ગીસભાવ, આત્મપ્રેમ
Narrow સાંકડો, સંકુચિત
Nasal નસ્ય, અનુનાસિક, નાક સંબંધી
Nascent નવજાત, જાયમાન, અદ્યજાત, અનુદ્ભૂત, નવીન, તાજું,
--state નવજાત અવસ્થા
Nationalism પ્રજાભાવ, રાષ્ટ્રીયતા, પ્રજાસ્મિતા, રાષ્ટ્રવાદ, રાષ્ટ્રીયવાદ, પ્રજાભિમાન
Native નૈસર્ગિક, દેશી, ખનિજ, સહજ, પ્રાકૃતિક, સ્વાભાવિક
Nativity જન્મ, જન્મકાળ, ઉત્પત્તિ

Natural નૈસર્ગિક, પ્રાકૃતિક, કુદરતી, સ્વાભાવિક, યોગ્ય, ઉચિત
—cosine પ્રાકૃતિક કોટિજ્યા
—history પ્રકૃતિ વૃત્તાંત, સૃષ્ટિ વૃત્તાંત,
—number પ્રાકૃત સંખ્યા,
—order પ્રાકૃતિક વર્ગ,
—science પ્રકૃતિ વિજ્ઞાન, અભૌતિક વિજ્ઞાન, સૃષ્ટિ વિજ્ઞાન,
—selection નૈસર્ગિક પસંદગી, પ્રકૃતિજન્ય પસંદગી, નૈસર્ગિક વરણી,
—sine પ્રાકૃતિકજ્યા, પ્રાકૃત જ્યા
Nature પ્રકૃતિ, સૃષ્ટિ, સ્વભાવ, સ્વરૂપ, ગુણ, ધર્મ, શીલ, પ્રકાર
Nausea વમન, ઉલટી, વમનેચ્છા
Nautical નૌકા સંબંધી, નૌકા વિષયક, નાવિક સંબંધી, સામુદ્રિક, દરિયાઈ,
—almanac નૌપંચાંગ
Nautilus એ નામનો પ્રાચીન પ્રાણીનો વર્ગ
Naval નાવિક, દરિયાઇ, સામુદ્રિક
Navel નાભિ, ડુંટી —string નાભિનાલ
Navigation નૌયાન, નૌગમન, નૌવિદ્યા, નૌકાશાસ્ત્ર
Navy નૌસમૂહ, નૌકાસમૂહ, વહાણનો કાફલો, યુદ્ધનૌકાસમૂહ, નૌકાનિયમન ખાતું
Neap tide અલ્પતમ ભરતી
Nebula નિહારિકા, જ્યોતિઃપુંજ, ધૂમસમૂહ,
spiral — કુંડલાકાર નિહારિકા
Neck ગળુ, ગ્રીવા, ગરદન, ; નાળચું
Necrosis અસ્થિરોગ, અસ્થિવિકૃતિ
Negation અભાવ, નિષેધ, નિર્ભાવ, પ્રત્યાખ્યાન
Negative ઋણ, ઋણાત્મક, નિષેધક, નિષેધાત્મક, નિષેધદર્શક, અભાવરૂપ, નકારયુક્ત, નઆત્મક, ઋણદર્શી, અભાવાત્મક
—angle ઋણાત્મક ખુણો-કોણ
—index ઋણાત્મક ચિહ્ન, ઘાતાંક
—photo ઉલટું ચિત્ર, નેગેટીવ
—pole ઋણધ્રુવ,
—quantity ઋણસંખ્યા, ઋણરાશિ
Neglect n. બેદરકારી, પ્રમાદ, ઉપેક્ષા, અનાદર, બેપરવાઇ, અસાવધાનતા
Neighbourhood સામીપ્ય
Neolithic age નવપાષાણયુગ, નવશૈલયુગ
Neolyte નવાશ્મ
Neon નીયોન નામનો ગેસ,
— light નીયોન દીવા
Neophyte નવશિષ્ય, શિખાઉ
Neozoic પ્રથમ પ્રાણી યુગ, નવજીવ યુગ
Nephritis ગુર્દદાહ, કીડનીનો સોજો, વૃક્કદાહ
Neptune સમુદ્ર દેવ, નેપ્ચ્યુન ગ્રહ, વરુણ
Nerve મજ્જાતંતુ, જ્ઞાનતંતુ, તંતુ, તંતુરેખા, નાડી, ધૈર્ય, ધૃતિ, મનઃસ્થૈર્ય,
auditory — શ્રુતિતંતુ,
motor —પ્રેરકતંતુ, ઉદ્વાહકતંતુ
sensitive —સંવાહકતંતુ,
sensory —જ્ઞાનતંતુ,
— cell નાડીકોષ, જ્ઞાનતંતુકોષ, તંતુકોષ,
—centre નાડીકેન્દ્ર, —ganglion તંતુગંડ, –plexus નાડીચક્ર
—substance તંતુરસ,
Nervous નાડી સંબંધી, જ્ઞાનતંતુ વિષયક, ચિન્મય, નરવસ, નબળામનનું
— apparatus ચિત્તંત્ર, જ્ઞાનતંતુ સાધન
—energy ચિત્કરણ બળ, જ્ઞાનતંતુ બળ,
—system તંતુચક્ર, નાડીતંત્ર, નાડી તંત્રસંસ્થાન, —flow તંતુ પ્રવાહ,
—connection તંતુ માર્ગ
Nervousness માનસિક દૌર્બલ્ય,
Nescience અવિદ્યા, અભાવવાદ
Net જાળ, પાશ, શુદ્ધ, અશેષ
Nettle કૌવચ
Neural નાડી સંબંધી, જ્ઞાનતંતુ વિષયક
Neuralgia નાડીદાહ, જ્ઞાનતંતુ શૂલ નજળો

Neurosis ચિત્તદાહ, ચિત્તરોગ, જ્ઞાનતંતુ રોગ ચિત્તક્ષોભ
Neuter નપુંસક, અપુંસક, અલિંગી, નાન્યતર
Neutral તટસ્થ, શિથિલ, ઉદાસીન, સમભાવાત્મક અકર્મક, નિષ્પક્ષ
Neutralisation નિષ્ક્રિયભવન, આમ્લ અને ક્ષારને નિષ્ક્રિય કરીને તેમાંથી લવણ બનાવવાની ક્રિયા
Next પાસેનું, પાર્શ્વસ્થ, સંનિહિત
Nicotine નીકોટીન, તમાકુનું સત્ત્વ
Night નિશા, રાત્રિ,
—mare રાત્રિ અશ્વિકા, રાત્રિ સંતાપક, અનિષ્ટ સ્વપ્ન, --shade ભોંયરીંગણી, કંટકારિકા
Nihilism શૂન્યવાદ, નાસ્તિવાદ, નાશવાદ
Nimbus વર્ષાઋતુદર્શક અમુક આકારનું વાદળું
Nipple ટોટી, દીંટડી, ધાવણી, સ્તનાગ્ર, ચુચુક, નિપલ
Nitre સુરોખાર
Nitrate નાઇટ્રેટ
Nitrification નાઇટ્રોજન યુક્ત કરવું
Nitric acid નાઇટ્રિક એસિડ
Nitrogen નાઇટ્રોજન
Nodal પાતવિષયક, ગ્રંથિવિષયક
Node ગ્રંથિ, ગાંઠ, ગંડ, ગઠ્ઠો, પાત, અચલ બિન્દુ, સ્થિરબિન્દુ, સ્થિરપ્રદેશ,
ascending --રાહુ,
descending --કેતુ
Nodule ગંડક, પિંડક, પર્વક, ગોળી, ગઠ્ઠો, ગાંગડો, ગાંઠિઓ
Noise અવાજ, નિનાદ, શોર, ઘોષ, ઘોંઘાટ, ઘોષણા
Nomadic ભ્રમણશીલ, જંગમ
Nomenclature પરિભાષા, નામપદ્ધતિ
Nominal નામ માત્ર, નામ વિષયક, શાબ્દિક
Non-conductor અવાહક
Non-convergent અસંસૃત
Non-crystalline અસ્ફટિક
Non-electric અવૈદ્યુત
Non-existent અવિદ્યમાન
Non-harmonic અસરલાવર્ત ગતિ
Non-homogenous equation વિષમઘાતીય સમીકરણ
Non-metallic અધાતવ
Nonproductive ઉત્પત્તિ વિહીન, નિર્લાભ
Nonreactive પ્રતિક્રિયાહીન
Non-sexual અલિંગ, અલિંગી, અજાતીય, અજાતિનેય
Nonvariant સ્થિર
Normal સાધારણ, હમેશનું, યોગ્ય, સપ્રમાણ, સ્વધર્મી, યોગ્ય પ્રમાણ, ધોરણસર, આદર્શ, પ્રમાણસર, પ્રમાણમય, સમધારણ, લંબ, લંબરૂપ લીટી, મુખ્યલંબ, અવલંબ,
--acceleration સપ્રમાણ વેગમાન,
--reaction સ્વધર્મી, પ્રતિક્રિયા,
--solution પ્રમાણસર દ્રાવણ,
--pressure આદર્શ દબાણ,
--temperature આદર્શ ઉષ્ણતા,
sub. -- અલ્પધારણ, અલ્પપ્રમાણી,
ab. -- વિપ્રમાણી, વિષમ ધારણ
North ઉત્તર, --east ઇશાન, -light ઉત્તરીય પ્રકાશ, સુમેરૂ જ્યોતિ, --pole ઉત્તર ધ્રુવ, --star ધ્રુવ, ધ્રુવનો તારો, --west વાયવ્ય
Nose નાસિકા, નાક, ઘ્રાણ —leaf નાસપત્ર, bridge of — નાસિકા સેતુ
Nosrtil નસકોરૂં, નાસિકારંધ્ર
Notation લેખન, અંક, અંકન, સંકેતક્રમ, અંકન્યાસ, સરણી, સારીગમ
Notch ખાંચ, ફાટ, છેદ, કાપ
Note નોંધ, નોટ, સૂર, સ્વર, deep -મંદ્ર સ્વર, fundamental --મૂળ સ્વર, મુખ્ય સૂર,

high --તારસ્વર, ઉચ્ચસ્વર, key -- પ્રધાન સ્વર, વાદીસ્વર, low -- હલકો સ્વર, simple — શુદ્ધ સ્વર
Notion વિચાર, કલ્પના, ભાવના, ભાસ તર્ક
Nozzle નાસાગ્ર, મુખ, અગ્રભાગ
Nuclear કેન્દ્રકીય, — arrangement કેન્દ્રકીય સંયોજન
Nucleus કેન્દ્ર, કેન્દ્રક, કોષેશ, બીજ; ધૂમકેતુનું માથું, કેતુનાભિ; ગર્ભ, ગર્ભકણ
Nuclein નુકલીઇન, કોષેશિન
Nudiflorous નગ્નપુષ્પી
Nugget લગડી, પાટ
Null-point શૂન્ય બિન્દુ, અવિક્ષેપ બિન્દુ, સમતાબિન્દુ
Nullify વિનાશ કરવો, નિર્મૂલ કરવું, છેદન કરવું
Number અંક, સંખ્યા, રાશિ,
abstract–અમૂર્ત સંખ્યા,નિરપેક્ષ સંખ્યા, composite — વિભાજ્ય સંખ્યા, compound –મિશ્ર સંખ્યા, યુક્ત સંખ્યા, concrete -- વિશિષ્ટ સંખ્યા, સાપેક્ષ સંખ્યા, વિશેષ સંખ્યા, even --એકી, યુગ્મ, natural —પ્રાકૃતિક સંખ્યા, નૈસર્ગિક ક્રમાંક, એક બે ત્રણ એ ક્રમ સંખ્યા, prime -- મૌલિક સંખ્યા, અવિભાજ્ય સંખ્યા
Numeral સંખ્યાંક, આંક, સંખ્યાદર્શક
Numerical સંખ્યા સૂચક, સંખ્યા વિષયક, સંખ્યાત્મક, --coefficient સંખ્યાત્મક ગુણાંક, -- equation સંખ્યાત્મક સમીકરણ, — tables આંક, — value સંખ્યામાન
Numerator ગુણક, ભાજ્ય, અંશ
Numeration સંખ્યા પરિમાણ, ગણના
Numismatics મુદ્રાશાસ્ત્ર, સિક્કાશાસ્ત્ર, મુદ્રાપરીક્ષણશાસ્ત્ર, નિષ્કશાસ્ત્ર, નિષ્કવિદ્યા
Nummulite ટંકાશ્મ, ઝીણા ઝીણા અંક વાળો પત્થર
Nurse નર્સ, પરિચારિકા, સેવિકા, wet --ધાત્રી, માતૃકા
Nurture પોષણ, શિક્ષણ
Nut ગુટી, ગોટી, શીંગ, દાણા, સુક્કું ફળ, ground - ભોંયશીંગ, મગફળી, wal.- અખરોટ, chest -ચેસ્ટનટ, --cracker સૂડી, gall--માયફળ, --meg જાયફળ, --shell બીજકવચ, કાચલું
Nutation નમન, અભિનમન, અક્ષસ્પંદ, અક્ષસ્પંદન, વિચલન, solar --સૂર્યાભિનમન, lunar -- ચન્દ્રાભિનમન
Nutrition પોષણ, સંવર્ધન, ખોરાક
Nutritious પોષક, સંવર્ધક
Nuxvomica ઝેર કચુક, ઝેર કચુરો, ઝેરકચોળું
Nyclalopia રતાંધતા, નકતાંધતા
Nymph પરિ, જળદેવી, વનદેવી, અપ્સરા

O

Oak ઓક, મારૂ .
Oar હલ્લેસુ, ચાટવો
Oasis મરુબાગ, મરૂદ્યાન
Oat જવ
Obdurate દુરાગ્રહી
Obedient આજ્ઞાનુવર્તી, અનુવર્તી, આજ્ઞાંકિત
Object n. વસ્તુ, અર્થ, વિષય, નિમિત્ત, દષ્ટિવિષય, દશ્ય, જ્ઞાનવિષય, જ્ઞેય, આશય, ઉદ્દેશ, તાત્પર્ય, હેતુ, કારણ, v. વિરોધવું, નિષેધવું, વાંધો ઉઠાવવો, adj. -glass વસ્તુકાચ, દૂરબીનનો પ્રેક્ષ્ય વસ્તુ નજીકનો કાચ, પ્રેક્ષ્યતાલ, -- lesson પદાર્થ પાઠ
Objective adj. પરલક્ષી, વિષયગત, વિષયાત્મક, વસ્તુલક્ષી, બાહ્ય, બાહ્યનિષ્ઠ, બાહ્યસ્થિત, સર્વાનુભવી, પરવિષયક, પદાર્થલક્ષી, પદાર્થનિષ્ઠ, અવલોકનપૂર્વક, વાસ્તવિક, વૈષયિક, વસ્તુગત, —contact ઇંદ્રિય સંનિકર્ષ, -method બાહ્યાવલોકન પદ્ધતિ, -- view પરાગ્ દષ્ટિ
Objection બાધ, વિરોધ, આક્ષેપ, પ્રતિબંધ, વાંધો, તકરાર

Objectionable બાધિત, દોષિત, દોષમય, વર્જ્ય, સદોષ.
Oblate ચપટ ગોળ, ઉપરથી ચપટુ અને બાજુથી ગોળ
Oblique વક્ર, તિર્યક્, વિષમ, ત્રાંસુ
Oblong દીર્ઘાકાર, લંબચોરસ
Obovate વ્યસ્ત અંડાકાર
Obscure દુર્ગમ, અસ્પષ્ટ, ક્લિષ્ટ, ગૂઢ, અપ્રસિદ્ધ
Observation અવલોકન, નિરીક્ષણ, નિરીક્ષા, [દૃષ્ટિ
Observatory વેધશાળા,
astronomical – ખગોલ વેધશાળા, ખગોળ નિરીક્ષણ શાળા,
magnetic – ચુંબક વેધશાળા,
meteorological –- હવામાન વેધશાળા
Obsidian ઓબ્સીડીઅન, આગ્નેય ખનિજ કાચ
Obsolete અપ્રચલિત, લુપ્ત પ્રયોગ, લુપ્તપ્રાય, જુનું, પુરાણું, રદ, રૂઢિબાહ્ય, ચલનશૂન્ય કાલગ્રસ્ત
Obstacle અંતરાય, વિઘ્ન, અડચણ
Obstetrics પ્રસૂતિશાસ્ત્ર
Obstruction અવરોધ, નડતર, અડચણ, પ્રતિબંધ
Obtuse જડ, પહોળો, અનગ્ર, બુઠ્ઠું, બૃહત
--angle બૃહત્ કોણ
Obverse અગ્રભાગ, અગ્રતલ
—of a coin સિક્કાની મુખમુદ્રાવાળી બાજુ
Obversion વિપરીતકરણ
Obvious સ્પષ્ટ, પ્રત્યક્ષ, ખુલ્લું, ઉઘાડું
Occasion પ્રસંગ, અવસર, વેળા, ઉપયોગ, કારણ
Occidental પાશ્ચાત્ય
Occiput શિરપૃષ્ઠ, શીર્ષ પૃષ્ઠ
Occult ગુહ્ય, ગુપ્ત, ગૂઢ, આચ્છાદિત
Occupation ધંધો, રોજગાર, વૃત્તિ; વ્યાપન, અવકાશ સ્થિતિ
Occurrence બનાવ, હકીકત; ઉપસ્થિતિ
Ocean સાગર, મહાસાગર
Oceanography સમુદ્રવિદ્યા
Ochre ગેરૂ
Octagon અષ્ટકોણ, અષ્ટભુજ
Octave અષ્ટક, સ્વરાષ્ટક
Octopod અષ્ટપદી
Octopus અષ્ટભુજ, દઢપાશ
Ocular આંખ સંબંધી, ચાક્ષુષ, નેત્રવિષયક, પ્રત્યક્ષ
Oculist નેત્રવૈદ્ય
Odontologist દંતવૈદ્ય, દાંતના ડાક્ટર
Odd વિચિત્ર, -- number એકી, સંખ્યા વિષમ સંખ્યા
Odor ગંધ, odoriferous ગંધમય, odorless ગંધહીન
Oedema સોજો
Oedepus complex માતૃ કામના
Oesophagus અન્નનલ, અન્નનલિકા
Oil તેલ, તૈલ, સ્નેહ, --cake ખોળ,
--engine તૈલયંત્ર, ઑઇલએન્જીન
--gas તૈલવાયુ --mill ઘાણી
Ointment મલમ, અંજન, અભ્યંજન
Olein તૈલસત્ત્વ, ઓલીન
Olfactory ગંધવાહી, ગંધવહ, ગંધગ્રાહક, ઘ્રાણેન્દ્રિય સંબંધી
Olive oil ઑલીવ ઓઇલ, ખાવાનું તેલ
Omega અંતાક્ષર, અંત, ઇતિ
Omission ઉપેક્ષા, વર્જન, અતિક્રમ
Onometopore ઉચ્ચારાનુસારી
Ooze v. સ્રવવું, ઝળવું, નિતરવું, n. સ્રાવ, સ્રવણ, ગાળણ
Opaque અપારદર્શક, પ્રકાશાભેદ્ય, કિરણાભેદ્ય
--glass આંધળો કાચ, ઝાંખો કાચ
Opal ઓપાલ, ઉપલ
Opening છિદ્ર, બાકું; પ્રસ્તાવ

Operation ઓપરેશન, શસ્ત્રક્રિયા, કાપકૂપ, વહાઢકાપ, નસ્તર, ક્રિયા, કાર્ય, પ્રવૃત્તિ, વ્યાપાર
Ophthalmic ચાક્ષુષ
Ophthalmology નૈત્રવિદ્યા, નૈત્રચિકિત્સા
Opinion મત, અભિપ્રાય, વિચાર, નિર્ણય
Opium અફીણ, પૃથુ
Opponent પ્રતિપક્ષી, પ્રતિરોધી, વિરોધી
Opportunity તક, પ્રસંગ, યોગ, અવસર
Opposition વિરોધ, વિપક્ષતા, પ્રતિક્રિયા, પ્રતિયોગ, ઉપવિરોધ
Optics દષ્ટિશાસ્ત્ર, પ્રકાશવિદ્યા, દર્શનવિદ્યા, દષ્ટિવિદ્યા
Optimism આશાવાદ,આશાદષ્ટિ,પ્રવૃત્તિમાર્ગ
Optimist આશાવાદી
Optimum સુયોગ્ય
Optional મરજીયાત, વૈકલ્પિક
Orb ગોળો, બિંબ, મંડળ, વૃત્ત, ચક્ર
Orbit કક્ષા; ગ્રહપથ, ગ્રહમાર્ગ
Order વર્ગ, કોટી, જાતિ, ક્રમ, પરિપાટી, વ્યવસ્થા, natural – નૈસર્ગિક વર્ગીકરણ, અનુલોમ, reverse – પ્રતિલોમ
Ordinate ભુજ માપનરેખા, લંબાક્ષ
Ore કાચી ધાતુ, ખનિજ, અશોધિત ધાતુ
Organ અવયવ, ગાત્ર, અંગ, ઇંદ્રિય, મહાવાદ્ય, વાજીંત્ર, મુખપત્ર
Organic ઇંદ્રિય સંબંધી, સેન્દ્રિય, સાવયવ, સજીવ, જીવનસંબંધી,—disease અંગભુત રોગ, —chemistry કાર્બન રસાયન, —process શરીરાંતર્ગત વ્યાપાર, —relationઅંગાંગી ભાવ,—remains જીવશેષ, પ્રાણી અવશેષ, —sensation જીવન વ્યાપારની લાગણી
Oriental પૌર્વાત્ય, પૂર્વદેશીય, પ્રાચ્ય
Orifice છિદ્ર, મ્હોં, મુખદ્વાર
Organisation વ્યવસ્થા, સંગઠન, સંવ્યવસ્થા, સંયોજન, આયોજન
Origin મૂલ, આરંભ, ઉત્પત્તિ, જાતિ, બીજ, હેતુ
Original અસલ, આદ્ય, મૂલ, મૌલિક, નવીન, સ્વતંત્ર, અપૂર્વ, પ્રથમ શોધિત, સર્જનાત્મક, સ્વકલ્પિત, સ્વતઃકલ્પિત
Originality અપૂર્વ બુદ્ધિ, અપૂર્વતા, મૌલિકતા, સર્ગશક્તિ, નિસર્ગશક્તિ, રચનાશક્તિ, ઉત્પાદક શક્તિ
Originator પ્રવર્તક, પ્રારંભક, ઉત્પાદક, યોજક
Ornithology પક્ષીવિદ્યા
Orology પર્વતવિદ્યા
Orpiment red મનસીલ, yellow હરિતાલ, હડતાલ
Orthocephalic ઉર્ધ્વ કપાલી
Orthodox રૂઢિપ્રધાન, પ્રાચીન મતાવલંબી, પુરાણપંથી
Oscillation આંદોલન, આસ્પંદન, આસ્પંદ, કંપન, ડોલન, ઝુંલણું, ગતાગત સ્થિતિ
Oscillator આંદોલક કંપક
Osmosis પ્રણોદન
Osseous અસ્થિમય
Ossification અસ્થિભવન
Osteography અસ્થિવર્ણન
Osteology અસ્થિવિદ્યા
Osteopathy અસ્થિરોગ નિવારણવિદ્યા
Otalgia કર્ણશૂલ, કાનદુઃખ
Otic કર્ણસંબંધી
Otter જલબિલાડી, જલમાર્જાર
Ounce ઔંસ, અધોળ
Outline બાહ્યરેખા, રૂપરેખા, આકાર માત્ર
Outlook અવેક્ષણ, અવેક્ષા, દષ્ટિ, વિચાર દષ્ટિ
Oval અંડાકાર, દીર્ઘવર્તુલાકાર, અંડાકૃતિ
Ovary અંડાશય, બીજાશય
Oviduct અંડમાર્ગ

Ovule અંડક
Ovum અંડકોષ, રજ, આર્તવ, ડિમ્બ
Overflow અતિપ્રવાહ
Overhaul ઓવરહોલ, પરીક્ષણ, સંપૂર્ણ નિરીક્ષણ, પૂનર્રચના
Overlap અતિવ્યાપવું, ઢંકાઈ જવું, ઢાંકી દેવું
Overlook ઉપેક્ષા કરવી, અવગણવું, ઉપેક્ષવું,
Oversight પ્રમાદ, દોષ, નજર દોષ
Oversoul અતિજીવ, પરમાત્મા
Overstep અતિક્રમણ કરવું
Overtone અનુરણ, ચઢતી શ્રુતિ
Oxalic acid ઓકસેલિક એસિડ
Oxide ઓકસાઈડ
Oxidation ભસ્મીભવન, ભસ્મીકરણ; મારણ
Oxygen ઓકસીજન
Oyster કાલુમાછલી
Ozone ઓઝોન

P

Pabulum આહાર, ઉત્તમ ખાદ્ય વસ્તુ, ખોરાક
Pace વેગ, ચાલ, પાન, ગતિ,
Pachyderm સ્થૂલચર્મી, જાડી ચામડી
Pacification સાંત્વન, શાંતિ, પ્રશમન
Paddle પગટેકણું, પૅડલ
Paddock ઘોડાર
Paddy ડાંગર, ભાત,
Pædogogy શિક્ષણશાસ્ત્ર
Pair જોડી, યુગ્મ, યુગલ, જોડકું, બેલ,બેલડી
Pale ફીકું, નિસ્તેજ, ઝાંખું, આછું
Palisade કઠેરો, સ્તંભપંક્તિ
Palm કરતલ, હસ્તતલ, હથેલી; તાડ, નારિયેળી, ખજુરી, એ વર્ગનાં વૃક્ષ
Palæobotany પ્રાચીન વનસ્પતિ વિદ્યા
Palæolithic પૂર્વપાષણ યુગ સંબંધી
Palæology પ્રાચીન વસ્તુવિદ્યા
Palæontology પ્રાચીન જીવવિદ્યા, પ્રાચીન જીવન અવશેષ વિદ્યા, પુરાકલ્પજીવવિદ્યા
Palaezoic આદિજીવ યુગ,, પ્રથમ જીવયુગ
Palate તાલુ, તાળવું
Palpable સ્પર્શ્ય, સ્પષ્ટ, સ્પર્શજ્ઞેય, સ્ફુટ
Palpitation હૃદયકંપન, સ્ફુરન, સ્ફાલન, પાલ્પીટેશન, હાંફ,
Panorama દૃશ્યવિસ્તાર, સર્વદર્શન, વિશાળદર્શન
Pancreas પૅનક્રીઅસ, ક્લોમ
Pangenesis સર્વસંસ્કૃતિ
Pantheism સર્વદેવવાદ, વૈશ્વદેવવાદ, વિશ્વ દેવતાવાદી, સર્વાત્મવાદ, બ્રહ્મવાદ
Parabola પરવલય, અનુવૃત્ત, પેરેબોલા
Parachute છત્રવાહન, વિમાનછત્રી
Paradox અસત્યાભાસ, અયુક્તિ, અયુક્તાભાસ, વિરોધાભાસ, વિપરીતાભાસ
Paragraph પેરેગ્રાફ, પરિચ્છેદ, કંડિકા, વાક્યસમૂહ, ખંડક,
Parallel સમાંતર, --line સમાંતર, રેખા — of latitude સમાંતર વૃત્ત
Parallax લબન, સ્થાનભેદ, દૃષ્ટસ્થાનભેદ, વસ્તુ અને તેની પ્રતિકૃતિ વચ્ચેનું અંતર
Parallel સમાંતર, સમાન, —altitude ઉન્નતાંશ વૃત્ત, --latitude અક્ષાંશવૃત્ત, અક્ષવૃત્ત
Parallelogram સમાન્તર ચતુર્ભુજ, સમાન્તર બાજુ ચતુષ્કોણ, સમચતુર્ભુજ
Paralysis પક્ષાઘાત, લકવો, સ્તંભ, પેરેલીસીસ
Paramaunt સર્વોત્તમ, સર્વોપરી
Paranthelion પરપ્રતિસૂર્યાભાસ
Parasite પરોપજીવી, વંદાક
Parchment ચર્મપટ, સૂક્ષ્મચર્મ
Parotid gland ઉપકર્ણી ગ્રંથિ
Partial આંશિક, એકદેશીય, અપૂર્ણ

Particle કણ, અણુ, રજ, રજકણ
Partition વિભાગ, વિચ્છેદ, પરિચ્છેદ, આડો પડદો, આડ, વ્હેંચણી
Particular અમુક, વિશિષ્ટ, ઉદ્દિષ્ટ, અસાધારણ, એકદેશી
Partridge તીતર
Pass પાસ, ઘાટ; રજાચિઠ્ઠી
Passive અકર્મણ્ય, નિશ્ચેષ્ટ, સહનશીલ, ઉદાસીન, અચેષ્ટ, અક્રિય, સ્થિર, ગ્રહણશીલ
Passion મનોવિકાર, મનોભાવ, આવેગ, હૃદયભાવ, અનુરાગ, રાગ
Path માર્ગ, રસ્તો, —of a planet કક્ષા
Pathology રોગનિદાન, રોગોત્પત્તિવિદ્યા, ચિકિત્સાવિદ્યા, નિદાનવિદ્યા
Pattern પૅટર્ન, નમુનો, પ્રતિરૂપ, પ્રતિમાન
Paucity ન્યૂનતા, વિરલતા, અભાવ, અલ્પતા
Pause વિરામ, અટકવું, વિરમવું
Pea વટાણા
Peach પીચ
Pear નાસપાતી, અમૃતફળ
Pearl મોતી, મુક્તા
Pectin પેકટીન, વનસ્પતિમાં મળી આવતું એક દ્રવ્ય
Peculiarity વિશેષગુણ, વિશેષધર્મ
Pedagogy શિક્ષણશાસ્ત્ર
Pedicle પદક, ઉપવૃન્ત
Pedigree વંશાવલી, વંશવૃક્ષ, પેઢીઉતાર
Pedometer પાદમાપક, કેટલું ચાલ્યા તે માપવાનું યંત્ર
Peel છોતરું, છાલ
Pelvis બસ્તિદેશના હાડકાં, પેલ્વીસ, કટીર, બસ્તિપ્રદેશ
Pencil પીંછી, પેન્સિલ, કલમ
Pendulum લોલક, દોલક
Penetration પ્રવેશ, ભેદન
Pentachord પાંચતારો
Pentagon પંચકોણ, પંચભુજ
Penumbra ખંડછાયા, અપૂર્ણછાયા, ઉપછાયા
Pepper, red—મરચાં, black—મરી, long—પીપર
Pepsin પેપ્સીન, પાચક દ્રવ્ય
Perception ઉપલબ્ધિ, જ્ઞાન, બોધ, વિવેક, અનુભૂતિ, દર્શન, વેદન, પ્રમા, સવિકલ્પક જ્ઞાન
Percolation પ્રસ્રવણ, ટપકવું, ગળવું
Percussion સમાઘાત, આઘાત
Pereunial વર્ષસ્થાયી, બારમાસી, નિત્ય, અક્ષય્ય, અવિરત, નિરંતર
Perfection સિદ્ધિ, સંપૂર્ણતા, ઉત્કૃષ્ટતા, પરાકાષ્ઠા
Perforation વેધ, છિદ્ર, વ્હેં, કાણું, વેધન
Perfunctory નિરૂત્સાહી, ઉપરચોટીયું
Perianth પરિકોશ
Pericardium પરિહૃદ્, હૃદાશય
Pericarp પરિફલ, છાલ, છિલકું
Perigon પૂર્ણ કોણ
Perihelion રવિ નીચ, નીમ્ન રવિબિન્દુ
Perimeter પરિમાપક, સીમાસૂત્ર, પરિમાપન, આકૃતિના પરિઘનું માપન
Periphery પરિધિ, પરિઘ, ઘેરાવો, નેમિ
Periscope પરિદર્શક
Peritonium અંત્ર વેષ્ટન
Permanganate પરમેન્ગેનેટ
Permanancy સ્થિરતા, નિત્યતા, અચલતા, અક્ષયતા, સાતત્ય
Permian પ્રાચીન જીવાન્ત યુગ, પર્મીઅન યુગ
Permiability પ્રવેશનશીલતા
Permutation અંકપાશ
Perioxide પરૉકસાઈડ

Perpendicular લંબ, લંબક, સિધું, ઉભું
Perpetual સતત, અખંડ, અવિરત, નિત્ય, અનંત, શાશ્વત
Persistant સ્થાયી, હમેશ રહેનારૂ, હઠીલું
Personal અંગત, વ્યક્તિગત
Personality વ્યક્તિ, વ્યક્તિસ્વરૂપ, અસ્મિતા
Perspicacity સ્પષ્ટતા, સૂક્ષ્મદષ્ટિ
Perspective યથાદર્શ, યથાદર્શન, યથાર્થ દર્શન, પરિવીક્ષણ, દષ્ટિફલક, પરસ્પેકટીવ, દિગ્દર્શન ચિત્ર
Perspiration પ્રસ્વેદ, સ્વેદ, પરસેવો, ઘામ
Pertinent પ્રાસ્તાવિક, યોગ્ય, પ્રાસંગિક
Pessimism નિરાશાવાદ, દુ:ખવાદ
Pest માર, મારક
Pestle દસ્તો, મુસળી, બત્તો, ડટ્ટો
Petal પટલ
Petiole કાંડ, વૃન્ત
Petitio principii સાધ્ય સ્વીકાર, અન્યોન્યાશ્રય, સિદ્ધ સાધન
Petrification પ્રસ્તરીભવન, અશ્મીભવન, પ્રાણી અવશેષનું પાષાણમય થવું
Petroleum માટીતેલ, ઘાસતેલ, પેટ્રોલ
Petrology પાષાણવિદ્યા, શિલાવિદ્યા
Pewter સીસુ, કથીર
Phagocyte હિંસ્રકણ, શ્વેતકણ
Phalange વ્યૂહ, વેઢો
Pharmacopia ઔષધિવિજ્ઞાન, ફારમાકોપિયા
Pharynx ફેરીંક્સ, ઘસોદર
Phase કલા, કાલકલા, કળા
Phenomenon ઘટના, દશ્ય, દૃગવિષય, બનાવ, પ્રતીતિ, લક્ષણ
Philosophy તત્ત્વજ્ઞાન, તત્ત્વવિદ્યા, તત્ત્વ-શાસ્ત્ર, ફિલસુફી, તત્ત્વચિંતન, દર્શન
Philosophical દાર્શનિક, તાત્ત્વિક
Phlebites શિરાદાહ, શિરા સુજવાનો રોગ
Phlegm શ્લેષ્મ, કફ
Phonetics સ્વરશાસ્ત્ર, ઉચ્ચારણશાસ્ત્ર, વાગ્વ્યાપાર
Phonograph સ્વર લેખક, ફોનોગ્રાફ
Phonometer સ્વરમાપક
Phosphorus ફોસ્ફરસ
Photograph પ્રકાશલેખન, ચિત્રલેખન, ફોટોગ્રાફ, છબી, ફોટો
Photometer પ્રકાશમાપક, દિપ્તિમાપક
Phrenology મસ્તકવિદ્યા, શિરસામુદ્રિક
Phthisis યક્ષ્મા, કફક્ષય, ક્ષયરોગ, ખઇરોગ
Phyllotaxis પર્ણરચના, પર્ણક્રમ
Physic ઓષધિશાસ્ત્ર
Physician વૈદ્ય, ઉપચારક, ચિકિત્સક
Physics ભૌતિકશાસ્ત્ર, પદાર્થવિજ્ઞાન
Physical સૃષ્ટિવિષયક, ભૌતિક, પ્રાકૃતિક, દશ્ય, પાર્થિવ,
—geography ભૂતલવિદ્યા, પ્રાકૃતિક ભૂગોળ વર્ણન
Physiognomy મુખાકૃતિ, મુખસામુદ્રિક
Physiography પ્રકૃતિ વર્ણન, પૃથ્વી વર્ણન, ભૂતલ વર્ણન
Physiology દેહધર્મ વિદ્યા, શરીરવ્યાપારશાસ્ત્ર
Physique બાંધો, કાઠુ
Picture ચિત્ર, ચિત્રાલેખન,
pen—કલમચિત્ર;
—gallery ચિત્રાલય, ચિત્રશાળા, [ચિત્રસંગ્રહ
Pierce વિંધવું
Pigeon કબૂતર, કપોત
Pigmentation રંગ, વર્ણ, રંજક, રંગન
Pile રાશિ, ઢગલો, ગંજ
Piles અર્શ, હરસ, મસા
Pilot કર્ણધાર, નેતા, નિયામક. સુકાની
Pine પાઇન વૃક્ષ વર્ગ, સરૂ, દેવદાર
—apple અનનાસ
Pinnate પક્ષાકાર, પક્ષવાળુ, પક્ષાકૃતિ, પિચ્છાકૃતિ

Pinnacle શિખર, ટોચ
Pioneer માર્ગદર્શક, નેતા, પહેલ કાઢનાર, અગ્રેસર
Pipe પાઇપ, નળી; વાંસળી
Pisciculture મીનવૃદ્ધિ વિદ્યા, મીન પોષણ વિદ્યા, મીન સંરક્ષણ વિદ્યા, માછલીની ખેતી
Pistile સ્ત્રીકેસર, ગર્ભકેસર
Piston પીસ્ટન, દટ્ટો, લાટ
Pitch સુર, સ્વરમાન, સ્વર, સ્વરકોટિ, અંતર, વચગાળો, સ્ક્રુના પેચની વચ્ચેનું અંતર, high—ઉચ્ચ સ્વર, તાર સ્વર, low—નીચો સ્વર, મંદ્ર સ્વર
Pith ગર્ભ, ગર, ગરભ, ગાભ, સાર, સત્ત્વ, મગજ
Pivot ધરી, થાંભલો, ખીલો, ખુંટો, કીલ
Placenta અપરા, ઓર, જરાયુ,
Plague મરકી, પ્લેગ, મહામારી, ગાંઠીઓ તાવ, ગ્રન્થિજ્વર, ચેપીરોગ
Plain સાદુ, સ્પષ્ટ, સમપ્રદેશ, સપાટ પ્રદેશ
Plan યુક્તિ, ચિત્રલેખન, નકશો, પ્લૅન
Plane સમ, સમક્ષેત્ર, તલ, સમતલ, રંદો, વિમાન, sea—સમુદ્ર વિમાન, જલવિમાન, સી પ્લેન, —geometry સરલ ભૂમિતિ, —trigonometry સરલ ત્રિકોણમિતિ, —angle સરલકોણ
Planet ગ્રહ, Planetarim ગ્રહગતિદર્શક
Plant વનસ્પતિ, છોડ
Plasma રસ, પ્રાણરસ
Plastic સ્થિતિસ્થાપક, સુનમ્ય, વાળી શકાય તેવું, નમ્ય, મૃદુ, —mind સંસ્કાર યોગ્ય મન
Plaster પ્લાસ્ટર, ચુનો મારવો, લેપ, છોવું —of paris ચિરોડી, જીપ્સમ, પ્લાસ્ટર ઓફ પેરીસ
Plausible સત્યાભાસી, ખરું લાગે તેવું
Pleura ફુપ્ફુસાવરણ, ફેફસાની બહારનો અસ્તર જેવો પડદો
Plexus ચક્ર, નાડીચક્ર, જાલ
Pliable મૃદુ, નરમ, વાળી શકાય તેવું, વલનશીલ
Plot પ્લૉટ, દોરવું, આલેખવું, ક્યારો
Plumbline ઓળંભો, લંબ
Plumbago પ્લંબેગો, કાળો
Plus વત્તા, સહિત, ધનચિહ્ન
Plutonic rock આગ્નેય શિલા
Pneumatic વાયવ, વાયુમય, વાયુપૂર્ણ, વાયુ વિષયક
Pod શિંગ, શમી
Podium પાદ, પદક
Point બિન્દુ, અણી, અંક, અંશ, અગ્ર
Polar ધ્રુવ સંબંધી, ધ્રુવીય, ધ્રુવસ્થિત, ધ્રુવપ્રદેશીય, —circle ધ્રુવ વૃત્ત
Polarisation ધ્રુવીભવન, —of light પ્રકાશ સમભેદન, પ્રકાશનું એકતલ કરવું, પ્રકાશનાં કિરણોને એક દિગ્‌વર્તી કરવાં, દિગ્‌પ્રધાનતા, electric—વિદ્યુત્ બલ વિરોધ
Polarity ધ્રુવતા, ધ્રુવાભિમુખતા
Pole ધરી, અક્ષ, ધ્રુવ, —star ધ્રુવનો તારો
Polished પૉલીશ કરેલું, ચકચકિત, ચળકતું
Pollan પરાગ, —tube પરાગ નલિકા, પરાગ નલિ
Polyandrous બહુ પુંકેસરી, બહુ પતિનો રિવાજ
Polychromatic બહુરંગી
Polycotyledon બહુદલી
Polygamous બહુલિંગી, બહુ સ્ત્રીનો રીવાજ, બહુ પત્નીવાદી
Polygon બહુ કોણ
Polymorphism બહુરૂપતા
Polypetalous બહુપટલી

Polytechnic બહુકલા વિષયક, કલાભવન, હુન્નરશાળા
Ponderous ભારે, ભારયુક્ત
Poppy અફીણનો છોડ, —head પોસનો ડોડો, —seeds ખસખસ
Porcelain પોર્સલેન, ચીનાઇ માટી
Porcupine સાહુડી, શેઢાઇ
Porosity છિદ્રમયતા, સચ્છિદ્રતા, રંધ્રમયતા
Portal લીવર, યકૃત સંબંધી, —circulation યાકૃત રસસંવહન, લીવરના પ્રદેશનું અભિસરણ, દ્વિકેશી અભિસરણ, —system યાકૃતીય રક્તવાહન સંસ્થાન, —vein યાકૃત શિરા
Positive ધન, પ્રત્યક્ષ, નિશ્ચિત, નિઃસંદેહ, સુદૃઢ, સંસ્થાપક
Positivism નિરીશ્વરવાદ, વ્યક્તવાદ
Possibility શક્યતા, સંભાવ્યતા, સંભવ,
Posterior પ્રાશ્ચાત કાલીય, પાછળનું, અનુગામી, અનુસ્થિત
Posterity અનુજ
Postulate સ્વતઃસિદ્ધ સૂત્ર, સ્વીકૃત પક્ષ, સ્વીકૃત કૃત્ય, સ્વીકૃત્ય
Potash યવ ક્ષાર, જવ ખાર
Potential સામર્થ્ય, કાર્યશક્તિ, કાર્યસંભાવ્યતા, ગૂઢ, સંભાવ્ય, અવ્યક્ત, નિષ્ક્રિય, —difference શક્તિ ભેદ, સામર્થ્ય ભેદ, —energy સંભાવ્યશક્તિ, સ્થાનોદ્ભૂત શક્તિ, સ્થિતિ શક્તિ, સ્થાનાપન્ન શક્તિ
Power સામર્થ્ય, શક્તિ, બલ, ક્ષમતા, ઘાત (ગણિત), horse—અશ્વબલ
Practical પ્રયોગસિદ્ધ, વાસ્તવિક, વ્યવહારિક, પ્રયોજક
Practice અભ્યાસ, માવરો, ટેવ, વિધાન, પ્રયોગ, પ્રેક્ટિસ
Pragmatism ક્રિયાવાદ, કૃત્યવાદ, વ્યાવહારિકતાવાદ, વ્યવહાર દૃષ્ટિવાદ
Precedent પૂર્વગામી, પૂર્વપ્રમાણ, પૂર્વ દૃષ્ટાંત, દાખલો
Precession અગ્રગતિ, અયનગતિ, —equinoses વિષુવાયન, સંપાતાગ્રગતિ, અયનચલન
Precision ચોકસાઇ, સૂક્ષ્મતા, સુનિશ્ચિતતા, સ્પષ્ટતા, યથાર્થતા
Precipitate અગ્રપાત, પ્રેસીપીટેટ, કદન, ગાળ
Preconceive પૂર્વ ઘટવું, કલ્પવું
Predicate ઉદ્દેશ્ય
Predominant પ્રધાન, વિશિષ્ટ
Preference અભિરૂચિ, પસંદગી
Prehistoric પ્રાગૈતિહાસિક
Prejudice પૂર્વ ગ્રહ, પૂર્વનિપાત, વહેમ
Premise-Premiss હેતુ, આધારભૂત વાક્ય, પ્રતિજ્ઞા, વિધાન, સાધન
Presence સાનિધ્ય, હાજરી, સમક્ષતા
Pressure દબાણ, નોદન, પીડન, દાબ, પ્રેશ્યર, -guage દબાણ માપક, પ્રેશ્યર ગેજ
Presumption અનુમાન, કલ્પના, સંભવ
Presupposition પૂર્વ કલ્પના
Prevention અટકાવ, રોકાણ, પ્રતિરોધ, નિવારણ
Primary મુખ્ય, મૂલ, પ્રાથમિક, મૌલિક, —colour મૂલ વર્ણ, —planets મૂલ ગ્રહ
Prime મુખ્ય, દૃઢ, શુદ્ધ, અવિભાજ્ય
Primeval પ્રાથમિક કાળનું, અસલનું, આરંભ કાળનું, પૂર્વ કાલીન
Premises અવયવ, મકાન, પાયા, રજુઆત
Primitive મૂળ, જૂનું, પુરાણું, અસલી, પ્રાથમિક, જંગલી, આદ્ય, જીવનના ઉષા કાળના
Primordial આદ્ય, અગ્રજ
Principal મુખ્ય, પ્રધાન, મૂળ, મુખ્યાચાર્ય
Principle તત્ત્વ, મૂળતત્ત્વ, નિયમ, સૂત્ર

Priority અગ્રપદ, પ્રથમ સ્થાન
Prism ત્રિપાર્શ્વ, ત્રણ ખુણીઓ કાચ, પહેલવાળો કાચ, પ્રીઝમ
Prismatic colours રંગ સમક
Problem પ્રશ્ન, દાખલો, હિસાબ, કૃત્ય, વિવાદ વિષય, વિષય, પ્રમેય
Problematic સંદિગ્ધ, અનિશ્ચિત, વિવાદશીલ, વિવાદાસ્પદ
Proboscis સૂંઢ, અગ્રનાસિકા
Procedure } વિધિ, ક્રિયા, પદ્ધતિ,
Process } પ્રક્રિયા, રીતિ, વિધાન
Procreation પ્રજનન, જનન
Product ગુણાકાર, ફળ, નિપજ
Production ઉપજ, ઉત્પન્ન, ઉત્પાદન, ફળ, પ્રવૃદ્ધિ
Profile બાજુનું દશ્ય, એક પાર્શ્વ
Progenitor પ્રજનક, પુંપૂર્વજ
Progeny પ્રજા
Prognosis પૂર્વજ્ઞાન, નિદાન
Progress વૃદ્ધિ, ઉત્કર્ષ, ઉન્નતિ, સંવૃદ્ધિ, પ્રવૃદ્ધિ, વિકાસ, પ્રગતિ
Progression પ્રગતિ, શ્રેઢી, શ્રેણિ,
arithmetical—ગણિત શ્રેણિ,
geometrical—ભૂમિતિ શ્રેણિ,
harmonic—અંશ શ્રેણિ,
musical—આરોહ અવરોહ
Projectile પતનમાર્ગ, પતનક્ષેત્ર, પ્રક્ષેપક, દૂરવેધી
Projection પ્રક્ષેપ, પ્રત્યાલેખ, આલેખન, આરોપણ
Prolific બહુ પ્રજા ઉત્પાદક
Prominence પ્રાધાન્ય, અગત્ય, શ્રેષ્ટતા
Proof પ્રમાણ, સાબિતી, ઉપપત્તિ, કસોટી, તાળો, પરીક્ષા, દારૂનો અમુક અંશ, પ્રુફ, છાપેલી કાચી નકલ, કાચું ચિત્ર
Propagation પ્રસર્જન, પ્રસ્તરણ, પ્રસ્તાર, પ્રસાર, પ્રવર્તન, પ્રસરણ, વિસ્તરણ

Propeller ગતિપ્રેરક, પ્રણોદક,
Propensity વળણુ, અભિરાગ, પ્રવણતા
Prophylactic રોગનિવારક, રોગનિષેધક
Proportion પ્રમાણ, પરિમાણ, ધોરણ
Proposal દરખાસ્ત, પ્રસ્તાવ, ઉપન્યાસ, યોજના
Proposition પ્રતિજ્ઞા, સિદ્ધાન્ત, મુખ્ય ઠરાવ
Prospect દશ્ય, આલોક દર્શન, ચક્ષુર્વિષય, અપેક્ષા Prospective ભવિષ્યનું, ઉત્તર કાલીન Prospectus યોજનાપત્ર, ઉદ્દેશપત્ર
Prostate પ્રસ્થા, પ્રોસ્ટેટ
Proteid, Protein, પ્રોટીડ, પ્રોટીન, પેશીદ, માંસદ, શરીરમાં માંસ અને પેશી બનાવનાર મુખ્ય પદાર્થ
Protoplasm જીવનરસ, જીવનમૂલ, પ્રોટોપ્લાઝમ
Prototype પૂર્વ પ્રતિમા, પૂર્વાદર્શ, એકજ પ્રકારની વસ્તુ
Provisional કામચલાઉ, અલ્પકાળ માટે, હંગામી, ટેકા પુરતું
Prow નૌકા અગ્રભાગ
Proximity સાન્નિધ્ય, પાસે રહેવાપણું, પાર્શ્વસ્થ
Pseudo કૃત્રિમ, ખોટું, નામધારી, આભાસી
Psychiatry } માનસ રોગ ચિકિત્સા,
Psychotherapy } મનોરોગ નિદાન, વિકૃત માનસ વિદ્યા
Psychaonalysis માનસ વિશ્લેષણ, માનસ પૃથક્કરણ, ચિત્ત પૃથક્કરણ
Psychology માનસશાસ્ત્ર, મનોવિદ્યા, મનોવિજ્ઞાન, ચિત્તશાસ્ત્ર, ચેતનશાસ્ત્ર
Psychic અધ્યાત્મિક, આત્મીય, માનસિક,
—force અધ્યાત્મિક બળ
Psychosis ચિત્તભ્રમ, ચિત્તક્ષોભ
Ptyalin ટાયલીન, અમીનું સત્વ
Pulley ગરેડી, ગરેડી, પૂલી

Pulmonary ફુપ્ફુસીય, ફેફસાં સંબંધી,
—artery, ધમની, —vein—શિરા

Pulp માવો, દળ, ગર, ગરભ, માંસ

Pulsation નાડ, કંપ, સ્પંદ, ધબકારો, સ્પંદન, થડકારો

Pulse કંપ, નાડ, સ્પંદ, કઠોળ,
—rate નાડના ધબકારા,
—wave નાડના તરંગ, સ્પંદ તરંગ

Pump પમ્પ, બંબો, પાણી ખેંચનારૂં યંત્ર

Puncture કાણું, વેધ, કાણું પાડવું

Pupil તારક, કીકી, આંખની પૂતળી, આંખનો તારો, શિષ્ય

Purpose હેતુ, કારણ

Purposive હેતુપૂર્વક, સહેતુક, હેતુપૂર્ણ

Pus પરૂ, પૂય

Putrid પૂત, સડેલું

Pyemia પૂયવિકાર, પરૂવિકાર

Pylorus જઠરાધોમુખ

Pyorrhea દંત પૂયવિકાર, પાયોરીઆ

Pyrite માક્ષિક, iron —લોહ માક્ષિક, lead —સીસક માક્ષિક

Pyrometer ઉષ્મામાપક

Pyrotechnics આતશબાજી

Q

Quadrangle ચોકઠું, ચોક, ચતુષ્કોણ

Quadrant ચતુર્થભાગ, વર્તુલપાદ, પદ, તુરીય યંત્ર, સૂર્ય યંત્ર

Quadratic વર્ગ, વર્ગ સંબંધી
—equation વર્ગ સમીકરણ

Quadrilateral ચતુર્ભૂજ, ચતુષ્કોણ

Quadruped ચતુષ્પાદ, ચોપગાં

Quadruple ચતુર્ગુણ, ચોગણું

Quail લાવરી

Quality ગુણ, ધર્મભાવ, પાત્રતા, સ્વભાવ, સ્વરૂપ, લક્ષણ

Qualitative ગુણવિષયક, ગુણનિર્ણયક, ગુણસંબંધી, ગુણદર્શક, ગુણાત્મક, ગુણવિશિષ્ટ, જાતિવિશિષ્ટ, —analysis ગુણનિર્ણયક વિશ્લેષણ, ગુણ પૃથક્કરણ

Quantitative પરિમાણવાચક,પ્રમાણવાચક, —પરિમાણસર વિશ્લેષણ

Quantity રકમ, રાશિ, સંખ્યા, પરિમાણ, જથ્થો, પ્રમાણ, ભાગ, માત્રા, પરિમિતિ,
known—વ્યક્ત રાશિ,
unknown—અવ્યક્ત રાશિ,
negative—ઋણ રાશિ,
arbetrary—અવિહિત રાશિ

Quantum પ્રમાણ, ભાગ, અંશ, કણ, પુંજ,
—of energy શક્તિ પુંજ,
—of time કાલ પુંજ

Quarternary અનુક્રમિક, ચતુર્થ યુગનું, ચતુર્મૂલક, ચતુષ્પરમાણુક

Quartz ચકમક

Quest અન્વેષણ, શોધ, તપાસ

Quicklime કળિચૂનો

Quicksilver પારો, પારદ

Quiescent અવ્યક્ત, સુપ્ત, અજાગૃત

Quinnate પંચદલ

Quinine કિવનીન, કોઇદન, કોઇનન

Quota હિસ્સો, પ્રમાણ, ભાગ

Quotient ભાગાકાર, ભાગ, લબ્ધિ, ફલ

R

Rabbit સસલું, શશક, શશ

Rabid હડકાયો, ગાંડો

Race વંશ, જાતિ, કુળ, ઓલાદ, પ્રજા, વર્ગ, સંતતિ, ઓઘ, વંશપરંપરા, શરતદોડ

Radial અરિભૂત, પરિવર્ધિત, હસ્તાસ્થિ સંબંધી
—artery હસ્ત ધમની,
—muscle હસ્ત સ્નાયુ

Radiant ઉજ્વલ, દેદીપ્યમાન, તેજસ્વી, તેજ,
—heat પ્રસરિત ઉષ્મા,
—energy પ્રસરણ શક્તિ,
—light ઉદ્દિત પ્રકાશ

Radiation વિકિરણ, કિરણ પ્રસરણ, કિરણનો પ્રસાર, કિરણનો ફેલાવો, અંશુ પ્રસરણ, આક્ષેપણ, પ્રસર્પણ

Radiator પ્રસર્પક, આક્ષેપક, મોટરનો કે વિજળીનો રેડીએટર

Radical મૌલિક, સ્વાભાવિક, મૂલસ્પર્શી, મૂલગત, ઉદ્દામપક્ષી, ઉચ્છેદક

Radicle મૂળાંકુર

Radioactivity રેડીઅમ ક્રિયા, રેડીઓ એકટીવિટી

Radio રેડીઓ, દૂરશ્રુતિયંત્ર

Radium રેડીઅમ

Radius ત્રિજ્યા, અર, આરા, વ્યાસાર્ધ, બાહ્યાસ્થિ, હાથનું એક હાડકું

Railway રેલ્વે, રેલગાડી

Rain વર્ષાદ, વરસાદ, —bow મેઘ ધનુષ્ય, ઇંદ્ર ધનુષ્ય, ઇંદ્ર ચાપ, —cloud મેઘ, —fall વૃષ્ટિપાત, વર્ષાદ, —gauge વૃષ્ટિમાપક

Range મર્યાદા, હદ, લંબાણ, છેટું, —Range of mountains પર્વતની હાર, ગિરિમાળા —of temperature ઉષ્મા, ઉષ્ણતામાનનો ગાળો

Rapidity ઝડપ, ઉતાવળ, શીઘ્રતા

Rarification તન્વીકરણ, પાતળી કરવી, હલકી કરવી, વિરલીકરણ

Ratio પ્રમાણ, અંશ, ગુણોત્તર

Rational કારણસિદ્ધ, વિચારાત્મક, બુદ્ધિસિદ્ધ

Rationalisation કાર્યકારણ પ્રતીતિ, કારણ પ્રકાશન

Rationalism હેતુવાદ, કારણવાદ, બુદ્ધિ સ્વાતંત્ર્યવાદ, બુદ્ધિવાદ, કાર્યકારણવાદ

Ray કિરણ, રશ્મિ; cosmic—વિશ્વ રશ્મિ, convergent — કેન્દ્રગામી કિરણો, divergent—કેન્દ્રાપગામી, reflected —પરાવૃત્ત કિરણ, X–એકસરે, ક્ષ–કિરણો

Reaction પ્રતિક્રિયા, પ્રત્યાઘાત

Real ખરૂં, તથ્ય, સત્ય, વાસ્તવ, વસ્તુગત, યથાર્થ

Realisation અનુભવ, સિદ્ધિ, પ્રાપ્તિ, પ્રત્યક્ષીકરણ

Realism પ્રત્યક્ષવાદ, વસ્તુવાદ, અકલ્પિત વાદ, યથાર્થ દર્શન, બાહ્યાર્થ સત્યત્વ

Reality વાસ્તવિકતા, વસ્તુ, વસ્તુતા, વસ્તુત્વ, વસ્તુસ્થિતિ, સત્યતા, તત્ત્વ, તાથ્ય, ખરાપણું

Reason કારણ, વિચાર, તર્ક, બુદ્ધિ, પ્રજ્ઞા

Reasoning તર્કવ્યાપાર, અનુમાન બુદ્ધિ-વ્યાપાર, વિચાર

Rebate વળતર, વટાવ, રીબેટ

Rebound પ્રતિઘાત, ઉત્પતન, ઉછાળો

Receptacle પાત્ર, આધાર, આશય, આધાન

Receptive ગ્રાહ્યશક્તિ, ગ્રહણશક્તિ, ગ્રાહક શક્તિ, ધારણાશક્તિ

Recess ગુપ્તસ્થાન, આરામસ્થાન, છૂટી

Reciprocal અન્યોન્ય, વ્યુત્ક્રમ, પરસ્પર, વિનિમિત, —term વ્યુત્ક્રમપદ,ઉલટ રકમ

Recognition અભિજ્ઞાન, ઓળખ, પ્રત્ય-ભિજ્ઞાન, અંગીકાર, સ્વીકાર, પ્રતિપત્તિ

Recoil પ્રત્યાઘાત, આંચકો, સંકોચન, પરાપતન, પ્રત્યાવર્તન

Recollection સંભારણ, યાદ કરવું, સંસ્મરણ, સ્મૃતિ કાર્ય

Record નોંધ, કાર્યનોંધ, સ્વરનોંધ, સ્વરલેખન, રેકર્ડ (ફોનોગ્રાફની), કાટખુણ, ચોખુણ, લંબચોરસ

Recorder નોંધક, લેખક, સ્વરાલેખન યંત્ર

Rectangle સમકોણ, સમચતુષ્કોણ

Rectified શુદ્ધ, ગાળેલો, શોધિત

Rectilinear સીધી લીટીની, સમરેખાત્મક,

Rectum મલાશય, ગુદકાંડ, ગુદામાર્ગ

Recurrence પુનવર્તન,પ્રત્યાવૃત્તિ, પુનર્ઘટના, ફરીથી બનવું, અવર્તન

Red લાલ, રક્તમય, –corpuscle રક્તાણું રક્તકણ,–earth–ochre લાલ માટી, ગેરૂ

Reduction અપકર્ષ, લઘુકરણ, ઘટાડો, અપચય, વિકર્ષણ, વિદોહન, ન્યૂનીકરણ, સારણ ક્રિયા

Reed પતરી, સોટી, પાતળી લાકડી, જવાઈ, બરૂ, સરકટ, સ્વરપટ્ટી

Reef ખરાબો, ખડક, coral—પરવાળાંનો ખડક

Reference નિર્દેશ, સંબંધ, સૂચન, નિવેદન, ઇશારો, ઉદાહરણ

Reflection પરાવર્તન, પ્રતિબિંબ, વિચાર ચિંતન

Reflector પ્રતિબિંબક, પરાવર્તક, રીફ્લેક્ટર, દર્પણ

Reflex પરાવર્તી, પ્રત્યાઘાતી, પરાવર્તિત, —action પ્રતિક્રિયા, ઉત્તર, પરાવૃત્ત વ્યાપાર, —movement પ્રતિચર્યા

Reflux પરાવર્ત ઓટ, પાણીનો ઉતાર

Refraction વક્રીભવન, વક્રીકરણ, આવર્જન

Refractive index વક્રભાવી અંક

Refractometer વક્રતામાપક યંત્ર

Refractory વક્રગતિમાન, હઠીલું, દુઃસાધ્ય, અસાધ્ય, દુર્દ્રાવ્ય, અદ્રાવ્ય

Refrigerator રેફ્રીજરેટર, ઠારક, ઠંડુ રાખનાર યંત્ર

Refutation ખંડન, પ્રત્યાદેશ

Regard અપેક્ષા, સંબંધ

Regeneration પુનરુત્પાદન, સંજીવન, પુનર્જનન, પુનર્વૃદ્ધિ, પુનરુત્પત્તિ, નવજીવન

Region પ્રદેશ, વિષય

Regional પ્રાંતીય, પ્રદેશવાર, વિષયવાર

Register રજીસ્ટર, નોંધ, દફતર, ટીપ, યાદી

Requisite માંગેલી, જોઇતી, આવશ્યક, અપેક્ષિત

Research સંશોધન, પર્યેષણ, અન્વેષણ

Resemblance સાદશ્ય, સામ્ય, મળતાપણું, સરખાપણું

Reservation નિગ્રહ, અપવાદ, ઇયત્તા, મર્યાદા, શરત, રોકી રાખવું રીઝર્વેશન

Reserve n. સંગ્રહ, v. સંગ્રહ કરવું, એક હાથ કરવું, નક્કી કરવું, રોકાણ કરવું, રીઝર્વ

Residual અવશિષ્ટ, બાકી રહેલી, શેષ

Resin રાળ, રાજન

Resistance પ્રતિરોધ વિરોધ, પ્રત્યાઘાત, રોધન, અવરોધ

Resolution ઠરાવ, નિશ્ચય, વિશ્લેષણ, --of forces બળ પૃથક્કરણ

Resonance અનુનાદ, પ્રતિનાદ, અનુવાદ, નાદવૃદ્ધિ, પડઘો

Resource ઉપાય, પ્રયુક્તિ, આવક સાધન

Respective અન્યોન્ય, સાપેક્ષ, પોતપોતાનું, ક્રમાનુસાર, વારાફરતી

Respiration શ્વાસોચ્છ્વાસ, શ્વસનક્રિયા

Responsive ઉત્તર–જવાબ આપે તેવું, સંવાદી

Regression પરાવર્તન, પ્રતીપગમન

Regularity નિયમિતતા, નિયમ, ક્રમિકતા, ક્રમ, વ્યવસ્થા

Regulation નિયમ, કાયદો

Regulator નિયામક, નિયંત્રક

Relative સાપેક્ષ, સંબંધી, વિષયક,

Relativity સાપેક્ષતા, સાપેક્ષત્વ

Relaxation વિસરણ, પ્રસરણ શિથિલીકરણ

Relay રીલે, લઇને ફરી આપવું, વિજળી વેગવર્ધક, વિદ્યુત્ પ્રવાહ વર્ધક

Remainder શેષ, બાકી, અવશિષ્ટ, બાકી રહેલું

Remedy ઉપાય, ચિકિત્સા, પ્રતિકાર, ઉપચાર ઔષધ

Remote દૂરવતી, દૂરનું

Renal ગુર્દસંબંધી, વૃક્કીય, કિડની સંબંધી

Repellant પ્રતિક્ષેપક, પ્રતિસારક

Repercussion પ્રત્યાઘાત, અનુનાદ, પ્રતિસંવર્ષ

Repression નિરોધ, દમન, નિયંત્રણ

Reproductive ઉત્પાદક, જનક, પુનરૂત્પાદક,
--function ૦ ક્રિયા, ગુણ, ધર્મ,
—organ જનનેંદ્રિય, ઉત્પાદક અવયવો
Reptile ઉર ગામી, ઉરગ, સર્પવર્ગી, પેટે ચાલનાર પ્રાણી,
Repulsion પ્રત્યાઘાત, પ્રતિઘાત, પ્રતિસારણ, અપસરણ, અપાકર્ષણ, વિકર્ષણ, પ્રતિકર્ષણ
Resuscitation પુનર્સ્થાપના, પુનર્જીવન, ઉજ્જીવન
Restitition પુનસ્થાપના, પ્રત્યાનયન
Restriction મર્યાદા, નિયંત્રણ, નિગ્રહ, ઇયત્તા
Resultant ફલિત, કાર્ય, કાર્યસિદ્ધિ
Retardation વેગક્ષતિ, વેગક્ષીણતા, નિરોધ, મંદગતિ, ગતિરોધ, પાછળ હઠવું
Retention ધારણા, ગ્રહણ
Retentive memory તીવ્ર યાદશક્તિ
Reticular જાલમય, જાલાકાર
Retina અક્ષિપટ, નેત્રજાલ
Retort બકયંત્ર, રીટૉર્ટ, બકપાત્ર
Retrospective પશ્ચાદ્દર્શી, પ્રત્યવલોકી
Reversible વિપર્યય
Retrograde અપગામી, અધોગામી, પ્રતિક્રમણ, પ્રતિગતિ
Reverse વિપરિત, વ્યતિક્રાંત, રીવર્સ, પૃષ્ટભાગ, પ્રતિલોમ, પરાવર્તવું
Revelation પ્રકાશન, દર્શન, અવિષ્કાર, દર્શન, અંતઃસ્ફૂરણ, સ્વયંદર્શન, આત્મદર્શન
Reverberate પ્રતિઘોષવું, પડઘો પાડવો
Revival પુનર્જીવન, ઉત્તેજન, પુનર્ગમન, સંજીવન, —of memories સ્મરણ સંજીવન
Revolution ભ્રમણ, પરિભ્રમણ, પરિક્રમણ, આવર્ત, ચક્ર, ચક્કર, પરિવર્તન, વિપ્લવ, ક્રાન્તિ રાજ્યક્રાન્તિ, ઉથલપાથલ
Rheostat વિદ્યુત્ નિયામક, પ્રવાહ રોધક
Rheum શ્લેષ્મ
Rheumatic શ્લેષ્મમય, સંધીવા
Rhinal નાકનું
Rhinoceros નાસશૃંગી, ગેંડો
Rhizome ગાંઠામૂળી, વિષમબાજુ
Rhombus સમચતુર્ભુજ, સમબાજુ ચતુષ્કોણ
Rhomboid વિષમચતુર્ભુજ, વિષમબાજુ ચતુષ્કોણ
Rhythmical તાલબદ્ધ સંવાદી, વીચિરૂપ, લયબંધ, દોલનમય
Rib પાંસળી, પર્શુકા, પાર્શ્વિકા; નસ, રેખાં (પાંદડાની)
Rigidity કઠિનતા, દઢતા, અમૃદુતા, સ્થૂલતા; નિયમબદ્ધતા, કઠણાશ
Rim કોર, કિનાર, ધાર, ઘેરાવો
Rind છાલ, ચામડી, ત્વચા
Ring વીંટી, વલય, કડી; રણકાર, રણકો,
--worm દાદર, દરાજ, દદ્રુ
Rivet ખીલી, જડ, કીલક, રીવેટ
Rock શિલા, પાષાણ, પ્રસ્તર, ખડક,
arenaceous —રેતીવાળો ૦,
argillaceous —માટીવાળો ૦,
calcareous —ચૂનાવાળો ૦,
igneous —આગ્નેય, અગ્નિકૃત ૦,
metamorphic —વિકૃત ૦,
sedimentary —જલકૃત ૦,
--crystal શિલાસ્ફટિક, --oil ઘાસતેલ, --salt સીંધવ, ખનિજ મીઠું
Rocket અગ્નિબાણ, હવાઇ
Root મૂળ, મૂળાડીઆં
Rotation ભ્રમણ, પરિવૃત્તિ, ચક્રગતિ, ચક્રાવર્તન, અનુક્રમ, પરિભ્રમણ, પરિવર્તન, ધરી પરની ગતિ
Rotatory ગતિવિશિષ્ટ, ચક્રાવર્તી
Rudder સુકાન, નૌકર્ણ, કર્ણ
Rust કાટ, મેલ, વનસ્પતિનો રોગ
Rut ચીલો, ધરડ

S

Sac કોથળી, થેલી, પુટ
Saccharin સેકેરીન, શર્કરીન
Saccharose શર્કરા, શર્કરાતત્ત્વ
Sacrum પૃષ્ઠવંશ અસ્થિ, ત્રિકાસ્થિ
Sadism પરપીડનપ્રીતિ, પરપરિતાપ, પ્રિયતા
Safety સલામતી, રક્ષિતતા —lamp, અભય દીપક, રક્ષિત દીવો
Salt લવણ, નીમક, મીઠું
Saline ખારૂં, નીમકીન, લવણ
Salient મુખ્ય, પ્રધાન, વિશિષ્ટ
Sal amononiac (sal volatile) નવસાર
Saliva લાળ
Saltpetre શોરા, સુરોખાર, સૂર્યખાર
Salvage ખણખોદ, ડુબેલી વસ્તુ બહાર કાઢવાનું કામ
Salve મલમ, શામક, ઉપશામક
Same એકજ
Sameness એકતા, અભેદ
Sample નમુનો
Sanction હુકમ, અનુમતિ, આજ્ઞા, પરવાનગી
Sand રેતી
Sandy રેતાળ
Sandstone રેતીલો પત્થર, રેત–પત્થર
Sand-paper સેન્ડ પેપર, રેતીઓ કાગળ
Sand bath રેતીનો તાપયંત્ર
Sandal wood ચંદન
Sanitary આરોગ્ય સંબંધી, આરોગ્ય મૂલક —science આરોગ્ય વિજ્ઞાન
Sap રસ, સત્ત્વ, સાર
Sapphire નીલમણિ, નીલમ
Saponification સાબુ કરણ
Sarcology માંસવિદ્યા
Sarcoma માંસદાહ
Sarcosis માંસવૃદ્ધિ
Satellite ઉપગ્રહ, અનુચર, અનુષંગી
Saturated solution સંપૃક્ત દ્રાવણ, સંતૃપ્ત દ્રાવણ, પરિપૂર્ણ દ્રાવણ
Saturation point સંતર્પણ બિંદુ, પરિપૂર્ણ સ્થિતિ
Saturn શનિ
Saturnian શનિ સંબંધી
Saturn's ring શનિ વલય
Scale પરિમાણ, માપ, યોજીત માપ, પ્રમાણ, ધોરણ, માપપટ્ટી; શ્રેણી, સ્વરમંડળ, સ્વરમાળા, સ્વરારોહ; શલ્ક, વલ્ક, કવચ; તુલા રાશિ, તુલા, ત્રાજવું, કાંટો
large —સ્થૂળ પરિમાણ
small —સૂક્ષ્મ પરિમાણ,
—beam તુલાદંડ
—drawing સપ્રમાણ નકશો
—wing શલ્કપત્રી
Scalene triangle વિષમ ત્રિભુજ, વિષમ ત્રિકોણ
Scan સૂક્ષ્મ નિરૂપણ કરવું, વિશ્લેષણ કરવું
Scanty જુજ, સ્વલ્પ
Scapula સ્કંધાસ્થિ, ખભાનું હાડકું, અંસફલક
Scatter વિકિરણ થવું, પ્રસરવું, પરિક્ષેપવું
Scattering પરિક્ષેપણ, —of light પ્રકાશ પરિક્ષેપણ, —of sound શબ્દવિતરણ
Sceptic સંદેહાત્મા, સંશયાત્મા, સંશયવાદી, શંકાવાદી, સર્વશંકી
Scepticism સંશયવાદ, સંશયશીલતા
Schematic ઘટનાયુક્ત
Scheme યુક્તિ, યોજના
Scholasticism પાંડિત્ય વાદ
School શાળા, સંપ્રદાય, પક્ષ, મત, પદ્ધતિ
Sciagraph છાયાચિત્ર, છાયાલેખન
Science વિજ્ઞાન, શાસ્ત્ર, સૃષ્ટિજ્ઞાન, સૃષ્ટિવિજ્ઞાન
Scientific વૈજ્ઞાનિક, શાસ્ત્રીય
Scientist વૈજ્ઞાનિક, વૈજ્ઞાની, વિજ્ઞાનવેત્તા
Scintillate ત્રુટક રીતે પ્રકાશ પ્રસરવો, ચમકારવું

Scintillation સ્ફૂલિંગ ક્રિયા, ચીનગારી ઉડવી તે
Scope વિસ્તાર
Scorpio વૃશ્ચિક રાશિ
Scrofula કંઠમાળા, ગંડમાળ, ગલગંડ
Scrotum વૃષણ, અંડકોષ
Sculpture શિલ્પ, મૂર્તિવિધાન, મૂર્તિકલા, તક્ષણ, કોતરકામ, નકશી કળા
Scum તરતો કચરો
Search અન્વેષણ, શોધન
re— સંશોધન —ing સૂક્ષ્મ
Season ઋતુ
Sebaceous gland મેદુર ગ્રંથિ, મેદસ્વીગ્રંથિ
Secant છેદન રેખા
Second બીજું, સેકન્ડ, વિપળ, વિકલા
Secondary ગૌણ, અપ્રધાન
Secretion સ્રાવ, સ્રવણ, સ્રાવણ
Section ખંડ, ભાગ, કાપ, છેદન
Sector વૃત્તખંડ
Sedimentary જળકૃત, પંકમય
Segment અવધા, ખંડ, વિભાગ
Seismology ભૂકંપ વિદ્યા
Selection પસંદગી natural — નૈસર્ગિક ૦
Selective absorption વિશિષ્ટ શોષણ
Selenite ચંદ્રાશ્મ
Selenology ચંદ્રવિદ્યા
Self પોતે; આત્મા; સ્વ-; સ્વયં;
—centred આત્મવ્યાપી, આત્મપર્યાપ્ત;
—conscious આત્મજ્ઞાની; આત્મભાની;
—control સંયમ, આત્મસંયમ, સ્વસંવેદ્ય,
—determination આત્મનિર્ણય
—expression આત્મપ્રકાશન
—help સ્વાશ્રય
—realisation આત્મસિદ્ધિ, આત્મસાક્ષાત્કાર, આત્માનુભૂતિ, સાક્ષાત્કાર,

Semi circle અર્ધવૃત્ત; વૃત્તાર્ધ
Sensation લાગણી; સંવેદન, વેદન, સ્ફુરણ; સંસ્કારવેદન, બોધના, સંસ્કાર, સનસનાટી
Sense જ્ઞાન, જ્ઞાનેન્દ્રિય; મતલબ, અભિપ્રાય; બુદ્ધિ, ઉપલબ્ધિ
Senseless બુદ્ધિહીન
Sensible ડાહ્યો, ઇંદ્રિયજ્ઞેય; સંવેદનશીલ
Sensibility જ્ઞાનગ્રહણશક્તિ; સંવેદનશક્તિ, સંવેદનશીલતા
Sensitive સચેતન; સંચેત્ય; અર્થગ્રાહી, વિષયગ્રાહી, સંવેદનિક
Sensitivity પરામર્શ બુદ્ધિ; સંચેતન શક્તિ; પરામર્શ શક્તિ; અર્થગ્રાહિતા
Sensory મનોવહા, ચેતનવહા, ઐન્દ્રિય; ઇન્દ્રિય પ્રેરિત; —nerve ૦ જ્ઞાનતંતુ, સંવેદન તંતુ —area સંવેદન ક્ષેત્ર
Sensual ઈંદ્રિય સંબંધી; વિષયાસક્ત
Sentiment વાસના, ભાવના; રુચિગ્રાહ, વૃત્તિ; રસ, મનોભાવ, આવેશ
Sentimental વાસનાપ્રધાન, વાસનાયુક્ત, રોતલ, ઊર્મિલ, તરંગી, વેવલું, હૃદયદુર્બલ, ઊર્મિ પ્રધાન
Sepal પુટપત્ર, કપલ
Septum વિટપ
Sequence પૌર્વાપર્ય
Series શ્રેણી, શ્રેઢી, માળા, હાર
Serrate દાંતાવાળું; દંતુરિત, દંતુર
Serum સાર; જલ, રસ, રક્તરસ
Settlement (eco) આકારણી-જમીનના મહેસુલની
Sex જાતિ, લિંગ; કામવૃત્તિ, કામના
Sextant ષષ્ઠાંશ યંત્ર
Sexual જાતિનેય, જાતિગત, લિંગી, કામ પ્રધાન, મૈથુની
Sexuality જાતિનેયતા, કામુકતા
Shade છાયા
Shadow પડછાયો

Sheath, Shell કવચ
Shingle નાના ગોળ પથરા
Shooting star ઉલ્કા
Short ટુંકું, હ્રસ્વ
Side ભુજ, બાજુ
Siderial નક્ષત્ર સંબંધી; નાક્ષત્ર, નાક્ષત્રિક
Sign સહી; સંજ્ઞા; ચિહ્ન, રાશિ, zodiacal—, —of zodiac રાશિ ચક્ર, ચિહ્ન; રાશિ
Silt કાંપ, કાદવ, પંક
Similar સજાતીય-સરખી, તુલ્ય, સમ, સમાન, સદૃશ, સરૂપ
Simulation નકલ કરવી
Simultaneous યોગપદિક, સમકાલીન —equation અનેક પદી સમીકરણ
Sine જ્યા
Sinking fund (eco) બચત ફંડ-સિંકિંગ-[ફુંમત ફંડ
Situation વસ્તુસ્થિતિ, પરિસ્થિતિ
Size કદ, પરિમાણ
Socialism સમાજવાદ, સમાનભાવ, મતાભાવ, સમાનસત્તાવાદ, સમષ્ટિવાદ
Society સમાજ, જનતા, જનમંડળ, જનસમૂહ, શિષ્ટસમાજ
Sociology સમાજશાસ્ત્ર, સમાજવિદ્યા, જનસમૂહવિદ્યા, સમાજવિધાનવિદ્યા, સમાજવ્યવસ્થાવિદ્યા
Socket ઉલુખલ, સોકેટ
Solar સૌર,—eclipse સૂર્યગ્રહણ—spectrum સૂર્ય રંગપટ, સ્પેક્ટ્રમ —system સૂર્યમંડળ, સૂર્યમાળા —year સૌરવર્ષ
Solid ઘન, નક્કર
Solidification ઘનીકરણ, ઘનીભવન
Solstice અયન, summer - દક્ષિણાયન, winter - ઉત્તરાયણ
Soluble દ્રવણશીલ
Solute દ્રાવ્ય
Solution દ્રાવણ, દ્રવણ; વિવરણ, વ્યાખ્યા
Solvent દ્રાવક
Somatic શારીરિક
Somnambulism નિદ્રાચાર, નિદ્રાચાર વ્યાધિ
Space અવકાશ, આકાશ, દિગ્
Span બિલ્લસ, વિતસ્તિ, વિસ્તાર
Spatial દૈશિક, દિગ્ સંબંધી, દિગ્ વિષયક, —extension દિગ્ વ્યાપકત્વ
Specialised એક દિશીય, પ્રવીણ
Specie સોના-ચાંદી સિક્કા
Specific વિશિષ્ટ, રામબાણ, —gravity વિશિષ્ટ ગુરૂત્વ, વિશિષ્ટ [ઘનતા, —heat વિશિષ્ટ ઉષ્મા-ઉષ્ણતા —weight વિશિષ્ટ ભાર-વજન
Spectroscope રંગપટ દર્શક, સ્પેક્ટ્રમયંત્ર
Spectrum રંગપટ, વર્ણપટ, સ્પેક્ટ્રમ, કિરણચિત્ર
Spectrum analysis રંગપટથી વિશ્લેષણની પદ્ધતિ, કિરણચિત્ર વિશ્લેષણ
Speed ગતિ
Sperm નરકોષ, રેત્ર; —cell રેત્રકોષ
Spermatozoon શુક્ર જંતુ, રેત જંતુ
Sphere ગોલ, ગોળો
Spheroid ગોલપ્રાય, ગોલાકાર
Spirit સત્ત્વ, તત્વ, ભાવ, તેજવૃત્તિ, જુસ્સો, અર્ક, મદ્યાર્ક —lamp સ્પીરીટ લેમ્પ
Spiritualism અધ્યાત્મવાદ
Sphincter muscle સંકોચિની પેશી
Spleen પ્લીહા, બરોળ, તલ્લી
Spinal પૃષ્ઠાસ્થિ, —column પૃષ્ઠવંશ, —chord પૃષ્ઠદંડ, મજ્જા રજ્જુ
Spindle ત્રાક, સ્પીન્ડલ
Spine કરોડ, કશેરૂ
Spontaneous સ્વતઃપ્રેરિત; આત્મોદ્ભૂત; પોતાની મેળે, સહજ
Spring વસન્ત, ઝરો, કમાન, સ્પ્રિંગ, —balance સ્પ્રિંગ તુલા,

—tide પૂર્ણ ભરતી, ગુરૂ ભરતી
Stable સ્થિર
Stability સ્થિરતા, સમતા
Stagnant અવદ્ધ, બંધીયાર
Stalactite અધોગામી સ્તંભ, ઉંધો લટકતો સ્તંભાકાર, ટપકતાં ચુનાવાળાં પાણીથી બંધાતો ઉંધો સ્તંભાકાર
Stalagmite ઉર્ધ્વગામી સ્તંભ; ટપકતાં પાણીથી બંધાતો સ્તંભ
Stamen પુંકેસર [ધારણ
Standard પ્રમાણ, ધોરણ; રહેણી, નિર્વાહનું
Standardise પ્રમાણભૂત કરવું
Starvation ભૂખમરો
Starch સ્ટાર્ચ, મેદાનું શુદ્ધ રૂપ, ખેળ, આર, કાંજી
Stasis રૂધિરરોધ, રક્તરોધ
Stationary સ્થિર, અચલ
Static સ્થિતિક
Statics સ્થિતિવિદ્યા, સ્થિતિશાસ્ત્ર
Statistics આંકડા, આંકડાશાસ્ત્ર, ગણનાશાસ્ત્ર
Steam બાષ્પ, વરાળ —bath સ્વેદન યંત્ર
Stellar નાક્ષત્રિક, તારાવિષયક, તારાસંબંધી, તારક
Stem દાંડી, દીંડું
Sterochemistry ઘન રસાયન
Stereoscope ઘનચિત્રદર્શક
Sternum ઉરોસ્થિ, છાતી પરનું હાડકું
Stigma લાંછન, કલંક
Stimulus ઉત્તેજન, પ્રોત્સાહક, ઉદ્દીપન
Stipule પુંખપત્ર, વૃત્તાનુબંધ
Stomata પત્રરન્ધ્ર
Strain પ્રવહન, વિકાર, વિકૃતિ, તનાવ
Stress ભાર
Structure બંધારણ, રચના, વ્યૂહ, વ્યૂહ રચના
Struggle for existence જીવનકલહ, જીવનયુદ્ધ, જીવનસંગ્રામ, જીવનવિગ્રહ, જીવનપ્રયાસ
Style યોનિસૂત્ર
Subconscious ઉપમાનસ, ઉપમાનસિક, અચેતન વ્યાપાર, અવ્યક્તમાનસ, અપરમાનસ, અવચેતન, અર્ધચેતન,—self સૂક્ષ્મમન, ઉપમન, આંતરમન
Subject વિષય, દ્રષ્ટા
Subjective અંતઃસ્થિત, અંતર્ભૂત, આંતર, આત્મલક્ષી, આત્મનિષ્ઠ, આત્મગત, આત્મસ્થિત, સ્વાનુભવી, સ્વાનુભવરસિક, સ્વવિષયક, સ્વાવલંબી, સ્વવૃત્તિજન્ય, સ્વાનુભાવ્ય --consciousness પ્રત્યગ્ ચેતન —method આત્મનિરિક્ષણ, અંતરવલોકન પદ્ધતિ,—view પ્રત્યગ્ દૃષ્ટિ
Sublimate ઉર્ધ્વપતન અવશેષ, ઉર્ધ્વારોહણ
Sublimation ઉત્પતન, બાષ્પીભવન, વિશોધન, સંશુદ્ધિ, ઉર્ધ્વીકરણ, ઉર્ધ્વગતિ, ઉર્ધ્વપાતન, આરોહણ
Sublime (chem) ઉર્ધ્વપાતન કરવું (philo) અતિ ઉત્તમ
Submerge નિમજ્જન
Subnormal અપસાધારણ--intelligence મંદધી, મંદ બુદ્ધિ
Subsidy સહાય, મદદ
Substitition અદલાબદલી, બદલા
Substration અધિકરણ, અધિષ્ઠાન, અધિભૂમિ, અધિસ્તર
Subtract બાદબાકી, વ્યયકલન
Succession આનુપુર્વી
Suggestion સૂચન, સૂચના, સંસૂચન, જ્ઞાપન, વ્યંજન, અવગમન
Sum યોગ, સરવાળો
Summation સંકલન
Summit શિખર

Superficial ઉપરચોટીયું, ઉપરછલ્લું, બાહ્ય; બહિસ્થ, --contents પૃષ્ઠફલ
Superfluous પુનરૂકત, નકામું, વધારે પડતું
Superhuman અતિમાનુષ, અપૌરૂષ
Superior ઉચ્ચતર
Superiority શ્રેષ્ઠતા, વિશિષ્ઠતા, --complex ઉત્કર્ષગ્રંથિ, શ્રેષ્ઠતાગ્રંથિ
Supernatural અલૌકિક, પ્રકૃતિપર
Supersaturated અતિસંપૃકત
Superstition વહેમ, અતિવિશ્વાસ, મૂઢ માન્યતા, અતિધર્મ, અતિશ્રદ્ધા
Superstructure ચણતર, ઇમારત, ભવ્યરચના
Symmetry સુપ્રમાણતા, સુઘટના, સૌષ્ઠવ, સુષ્ઠુતા
Symmetrical સુપ્રમાણ; સુઘટિત, સમપક્ષી, સુરચિત, સુષ્ઠુ
Sympathy સહાનુભૂતિ, સહાનુભાવ, સમભાવ, ભાવ, અનુભૂતિ, અનુકંપા
Sympathetic સહાનુભવી, સહાનુભૂત, અનુગુણ
Symptom લક્ષણ, નિશાની, ચિહ્ન
Symptomatic લક્ષણપૂર્વક, સૂચક, બોધક
Supplementary પૂરક, ન્યુનતાપૂરક
Supply આવક, પૂર્તિ
Law of demand and supply આવક-જાવક-માંગણી પ્રમાણે ઉત્પાદનનો નિયમ
Surface તલ, સપાટી, પૃષ્ઠતલ --energy પૃષ્ઠશકિત, પૃષ્ઠસામર્થ્ય, --tension પૃષ્ઠ તનાવ
Surplus વધારો
Survival of the fittest ઉત્કૃષ્ટ જીવનની સર્વોપરિતા; યોગ્યતમની ચિરંજીવતા; શ્રેષ્ઠની પ્રતિષ્ઠા; લાયકનો બચાવ; પ્રાકૃતિક નિર્વહન

Survey માપન, વિહંગાવલોકન, અવલોકન, માપણી, મોજણી, નિહાળવું, નિરખવું
Susceptible ગ્રાહક, ગ્રાહી, ભાવગ્રાહી, ચંચલ, અનુભવ ક્ષેત્ર
Susceptibility અનુભવશીલતા
Suspended અવલંબિત, લટકેલું, છુટું
Suspension અવલંબન, ઉદ્બંધન, લટકવાની ક્રિયા
Suspense account (eco) અલેલ-ઉપલક [હિસાબ
Swell ક્ષોભ, વધારો
Severve માર્ગભ્રષ્ટ થવું, ચલિત થવું
Swing દોલન
Switch સ્વીચ, કળ [શ્રુતિખંડ
Syllable શબ્દાંગ, અક્ષર, વર્ણો, માતૃકા,
Symbol ચિહ્ન, પ્રતીક, સંજ્ઞા, લક્ષણ, નિશાની, સંકેત, ઉપલક્ષણ, વ્યંજક
Synchronous સમકાલીય, સમકાલીક
Synchronise સમકાલી બનાવવું
Synthesis એકીકરણ, સમન્વય, સાંકર્ય, સંયોગીકરણ સંકલન, સંશ્લેષણ, પિંડીકરણ
Synthetic કૃત્રિમ, બનાવટી, સંયોગમય, સમન્વિત, સમરત, અવ્યાકૃત
Syren સ્વરમાપક
Syringe સીરીંજ, પીચકારી
System વ્યવસ્થા, ક્રમ, પદ્ધતિ, તંત્ર, સંપ્રદાય, રીતિ, પ્રણાલિ, --of philosophy દર્શન
Systematic વ્યવસ્થાપૂર્વક, પદ્ધતિસર, નિયમસર, ક્રમાનુગત, વ્યવસ્થિત
Systematise વ્યવસ્થાપૂર્વક રચવું
Systole સંકોચન

T

Table કોષ્ટક, કોઠા, આંકના ઘડીઆ, ટેબલ, મેજ
Taboo નિષિદ્ધ

Tail પૂચ્છ, પૂછડી, of a comet કેતુ પુચ્છ
Tangent સ્પર્શ રેખા, સ્પર્શ લીટી, સ્પર્શક
Tariff જકાતનું ધોરણ, મહેસુલ, કર સૂચી
Taurus વૃષભ રાશિ
Tax કર
Taxation કરનિર્ધારણ
Talent મેધા
Tan ચામડાને કેળવવું
Tangibility સ્પર્શજ્ઞેયતા, સ્પષ્ટતા
Tangible સુસ્પષ્ટ, સ્પષ્ટ, સ્પર્શનીય
Tannery ચર્મશાળા
Tape પટ્ટી, માપ પટી, ટેપ
Tapestry વણાટચિત્ર
Tare બારદાન
Taste રસજ્ઞતા, રસાભિજ્ઞતા, રસવૃત્તિ, રસશક્તિ, સહૃદયતા, સુરૂચિ, અભિરૂચી
Technical સાંકેતિક, વિશિષ્ટ, તદ્‌ગત
Technique જંત્ર, હાથોટી
Technology કલાવિજ્ઞાન, હુન્નરવિજ્ઞાન
Telegraph દૂરલેખક, ટેલીગ્રાફ
Telemeter અંતરમાપક
Teleology ઉદ્દેશવાદ, હેતુવિદ્યા, સાધ્યલક્ષી પ્રયોજનવાદ
Telepathy દૂરસંદેશ પરિવાહન
Telephone દૂરવાદક, ટેલીફોન
Telescope દૂરબીન, દૂરદર્શક [પાવું
Temper (૧) મીજાજ, (૨) પાણી, પાણી
Temperate સમશીતોષ્ણ—zone ૦કટિબંધ
Temperature ઉષ્મામાન-ટેમ્પરેચર, ઉષ્ણતા, ઉષ્ણતામાન
Temperance મિતપાન, મિતાચાર, પ્રમિતતા
Temporal ઐહિક, લૌકિક
Temporary હંગામી, અશાશ્વત, અનિત્ય, અસ્થાયી
Tenacity દઢતા
Tendency વલણ, સંસ્કાર, ઝોક
Tendon કંડરા
Tendril પ્રતાન
Tenor મધ્યમ સૂર
Tensile તણાવાની શકિત
Term (૧) શબ્દ, (૨) સત્ર, (૩) પદ
Termmology પરિભાષા, સાંકેતિક ભાષા
Terrestrial પાર્થિવ, સાંસારિક, Phy. ભૌમિક
Tertiary તૃતીય, તૃતીયક
Test પરીક્ષા, કસોટી, ચોકસી, નાણી જોવું, નિકર્ષ, --tube ટેસ્ટ ટયુબ, કશનળી crucial -- નિર્ણાયક પ્રયોગ
Testes શુક્રગ્રંથિ
Testify સાક્ષી પૂરવી
Testimony સાક્ષી, સાબિતી, પુરાવો, પ્રમાણ
Theism ઈશ્વરવાદ
Theocracy ધર્મિષ્ઠ શાસન
Theodolite થીઓડોલાઇટ, લેવલ માપવાનું યંત્ર
Theology ઈશ્વરવિદ્યા, બ્રહ્મવિદ્યા, અધ્યાત્મવિદ્યા
Theorem ઉપપાદ્ય, સાધ્ય, પ્રમેય
Theoretical સિદ્ધાંતાત્મક, સૂત્રાત્મક, સૈદ્ધાન્તિક, કાલ્પનિક
Theory સિદ્ધાંત, વાદ, કલ્પના, તર્ક, કલ્પ, ઉપપત્તિ
Theosophy થીઓસોફી, ઈશ્વરજ્ઞાન
Therm ઉષ્માંક, થર્મ
Thermal ઉષ્માવિષયક, ઉષ્ણ
Thermal unit ઉષ્મા પરિમાણ
Thermometer ઉષ્મામાપક, ઉષ્ણતામાપક, થર્મોમીટર
Thermochemistry ઉષ્મા રસાયન, તાપ રસાયન
Thermodynamics ઊષ્મા ગતિવિદ્યા
Thermostat ઉષ્માક્રમ નિયામક, નિર્ધારક યંત્ર

Thermograph ઉષ્ણતાલેખક
Thorax વક્ષઃસ્થલ, ઉરસ્, ઉરઃસ્થલ, છાતી, ઉરોદેશ
Throb સ્પંદન, થડકારો, કંપ
Tibia નલાસ્થિ [ભરતી
Tide ભરતી neap--લઘુ જુવાળ, લઘુતમ spring--મોટો જુવાળ, ગુરૂતમ ભરતી
Tight મજબુત, દૃઢબદ્ધ, અભેદ્ય, બંધબેસતું, water-જલ અભેદ્ય, જલચુસ્ત, [ચુસ્ત, air--વાયુ અભેદ્ય, હવાચુસ્ત
Time કાળ, સમય, (સંગીત) તાલ, લય, --belt સમકાલીય વૃત્ત sidereal --નક્ષત્ર કાળ
Tin ટીન, કલાઇ
Tincture આસવ, દારૂ, દ્રાવણ, ટીંક્ચર
Tissue તંતુ, તંતુજાલ —paper પાતળો પારદર્શક કાગળ muscle -- માંસતંતુ nervous -- મજ્જાતંતુ
Titration દ્રવણમાપન, અંશમાપન
Token સંકેત, ચિહ્ન, લક્ષણ
Toleration મતાંતરક્ષમા, મતભેદ સહિષ્ણુતા, હશેદષ્ટિ
Tone સ્વર, સૂર, શ્રુતિ, સ્વરૂપ, સ્વરછાયા, સ્વરમાત્રા
Tonnage ટનેજ,
Tonometer સ્વરમાપક [સ્થાનનિર્દેશ
Topography સ્થળવિદ્યા, પ્રદેશવર્ણન,
Torpid મંદ, સુસ્ત, જડ, સુપ્ત, નિશ્ચેષ્ટ
Torrent વોકળો
Torsion વળ, આંટી, એંઠન
Tortuicity કુટિલતા
Touch stone કસોટીનો પત્થર
Toxin વિષ
Trade વ્યાપાર, ધંધો, —wind વ્યાપાર વાયુ
Tradition દંતકથા, લોકકથા, સંપ્રદાય, આખ્યાયિકા
Train ટ્રેન, પરંપરા, શ્રેણી, માલા
Training શિક્ષા, શિક્ષણ, વિનયન
Trait લક્ષણ
Trance સમાધિ, ભાનહીનતા
Transcendent ઈંદ્રિયાતીત, અતીત, દશ્યાતીત
Transcendental અતિરિક્ત, સર્વાતીત, પરમ
Transcendentalism સર્વાતીત વાદ, અનુભવાતીતવાદ
Transmission સંચારણ, પારગમન (of light)
Transportation વ્યવહાર સાધન, વહન, વાહન, સ્થાનાંતર
Transit સંક્રમણ, સંક્રાંતિ, ક્રાંતિ, વ્યામોત્તર ગમન —duties જગાત, જકાત
Transition સંક્રાંતિ, રૂપાંતર
Translation અનુવાદ, સ્થાનાન્તર
Translucent અર્ધપારદર્શક, અપૂર્ણ પારદર્શક
Transmission સંચાર, સંચારણ
Transmitter પ્રેરક [પ્રાપ્તિ
Transmigation પુનર્જન્મવાદ, શરીરાન્તર
Transmutation of metals હલકી ધાતુમાંથી ઉંચી ધાતુની બનાવટ, કીમિયો
Transparent પારદર્શક, વિશદ, સ્વચ્છ
Transformation રૂપાન્તર, રૂપાપરિવર્તન
Transpiration વાયુ વિનિમય, બાષ્પીભવન
Transverse ઉભુ, વિરૂદ્ધ દશા
Transgression નિયમભંગ
Transference સંચાર, સ્થાન પરિવૃત્તિ, સંક્રાંતિ, નિર્ગમ
Triangle ત્રિકોણ [કાળ
Triasic ત્રિતસ્તર યુગ, ઉરગસ્તરયુગ, ટ્રાયસીક
Trident ત્રિશૂલ

Tool હથિયાર, ઓજાર, સાધન, ઉપકરણ
Transverse તિર્યક્, ત્રાંસુ, વાંકુ, વક્ર, આડુ, —waves વક્ર વીચિ, ⲟતરંગ
Trapezium તુલ્ય લંબક, સમ લંબક, સમાંતર દ્વિબાજુ ચતુષ્કોણ
Trapezoid અસમ લંબક
Trigonometry ત્રિકોણમિતિ; plane — તલ૦, spherical — ગોલીય ૦
Triple ત્રિવિધ, ત્રિગુણ, ત્રિક
Tropic અયનરેખા, અયનવૃત્ત,
—of the cancer કર્કરેખા, કર્કવૃત્ત,
—of the capricorn મકરરેખા, મકરવૃત્ત
Trough દ્રોણી, કુંડી, ખાડાનો ભાગ
—of a wave મોજાનું મૂળ, અનુપાસ, અધોપાસ
True યથાર્થ, સત્ય, સાચું, ખરૂં [તત્ત્વ
Truth યથાર્થતા, સત્યતા, પરમાર્થ, સત્ય,
Tube નળી, નલિકા
Tuber ગાંઠ, ગાંઠીઓ, મૂળીયું, ગ્રંથિલ, [કંદમૂળ
Tuberculosis ક્ષયરોગ
Tubular ભુંગળીના આકારની, નલાકાર
Tumour ગુમડુ, ગંડ, અર્બુદ
Tune n. રાગ, v. સૂર મેળવવો
in — સંવાદી, યુક્તસ્વર, out of —બેસૂરૂ, વિસ્વર, વિસંવાદી
Tuned તાલબદ્ધ, સંવાદી, એકરાગ, એકતાન
Twilight સંધ્યા પ્રકાશ, ઉષા, ગોરજ સમય, ગોધૂલી સમય
Tweezers ચીપીઓ, સાંડશી
Twist આમળો, મરોડ, મોડ, વળ, આમળવું
Tympanum પટલ, પડદો (કાનનો)
Type લક્ષણ, જાતિ, આકાર, નમુનો, પ્રકાર, સામાન્ય રૂપ, બીબું, મુદ્રાક્ષર, પ્રતિરૂપ, જાતિરૂપ
Typical લાક્ષણિક, સૂચક, વ્યંજક, પ્રતિરૂપક, આદર્શભૂત
Tyro નવશિષ્ય

U

Ulcer વ્રણ, ગુમડું
Ulterior નીચેનું, અપર
Ulna હસ્તાસ્થિ, અરત્નિક
Ultimate અંતિમ, છેવટનું, છેલ્લું
Ultra અતિ, અતીત, —atomic અતિપરમાણુક; —microscope સૂક્ષ્માતીત દર્શક યંત્ર, —violet જાંબુલાતીત, અલ્ટ્રા વાયોલેટ, —zodiacal રાશિ બહિર્ગત
Umbilicus ડુંટી, નાભિ, નાલ
Umbra પૂર્ણછાયા, પ્રચ્છાયા
Unabated અવિરોધિત, નિર્મંદ
Unalloyed શુદ્ધ, નિર્ભેળ, નિર્મલ
Unambiguous સ્પષ્ટ, અસંદિગ્ધ
Unanimity ઐક્ય, એકમતતા, એકતા
Unbleached કોરૂં, ધોયા વગરનું
Unburnt અદગ્ધ
Unconscious mind અજ્ઞાત મન, ઉપમન, અવિજ્ઞાત મન, ચેતનાતીત મન
Uncontrolled બેલગામ
Undeterminate અનિશ્ચિત
Undissolved અદ્રવિત; નિર્દ્રાવ્ય
Undulated તરંગાકાર, તરંગિત
Undulation તરંગ, વીચિ, આંદોલન
Undulatory theory તરંગવાદ
Unelastic જડ, સ્થિતિસ્થાપકતા વિહિન
Uneven અસમતળ, ખરબચડું
Uniaxial એક ધરીવાળું
Unicellular એકકોષી
Unicentral એકકેન્દ્રી
Unifilar એકસૂત્રી
Uniform એક સરખું, એકવિધ, એકધારૂં; સમાનવિદ, સમાન —motion એક સરખી ગતિ, નિયત ગતિ, સમવર્ગી ગતિ
Uniformity એકરૂપતા, સામ્ય, સમાનતા, સમરૂપતા, સારૂપ્ય, —of nature પ્રકૃતિની એકરૂપતાનો સિદ્ધાન્ત

Unilateral એકભુજી, એકપક્ષી, એકતલી
Union સંયોગ, સમાગમ, યોગ, સંબંધ
Uniplanar એકતલી
Unipolar એકધ્રુવીય
Unique અપૂર્વ, વિરલ, અજોડ, અનેરૂં, [અપ્રતિમ
Unision એક તાન, એક રાગ, સ્વરસંગતિ, સંગ, સમાગમ, સંયોગ, યોગ
Unit અંક, એક, એકમ, એકાંક, --of heat ઉષ્મા એકમ,—of resistance અવરોધનો એકમ.-of stress દબાણનો૦
Unitary એકતંત્રી, એકકેન્દ્રી, એકસ્થાની
Unity એકતા, ઐકય, સંગતિ,--of action ક્રિયા સંકલના
Universal સાર્વત્રિક, સર્વગત, સર્વદેશીય, સાર્વલૌકિક, સર્વદેશી, સર્વવ્યાપી, સર્વતંત્ર; --proposition સર્વદેશી નિર્દેશ, સર્વદેશી વ્યાપ્તિ, સર્વમાન્ય વાકય, સર્વગ્રાહી નિર્દેશ, -causeસામાન્ય કારણ
Universe વિશ્વ, સૃષ્ટિ, જગત્; expanding – વૃદ્ધિમય વિશ્વ
University યુનીવર્સીટી, વિદ્યાપીઠ, શારદાપીઠ
Unknown અજ્ઞાત, અવ્યક્ત
Unlike વિષમ, વિરોધભાવી
Unsanitary સ્વાસ્થ્ય વિરોધી, રોગકારી, અસુખાકારી
Unstable અસ્થાયી
Unsaturated અસપૃક્ત
Unsymmetrical અસમાન, વિરૂપ, દુર્ઘટિત
Upheaval ઉત્ક્ષેપ, જમીનનું ઉંચે આવવું
Urea યૂરીયા, મૂત્રિલ
Urethra મૂત્રમાર્ગ
Urge દબાણ કરવું, પ્રોત્સાહન કરવું
Urgency અગત્ય, આવશ્યકતા
Urgent જરૂરી
Uric acid મૂત્રિલામ્લ, યૂરીક એસીડ
Uterine ગર્ભાશય સંબંધી;-brother સહોદર
Utilise ઉપયોગમાં લેવું, કામે લગાડવું, ઉપયોગ કરવો
Utilitarianism હિતવાદ, જનસુખવાદ, જનહિતવાદ, ઉપયુક્તતાવાદ, અર્થવાદ, લાભવાદ, ઉપયોગવાદ, ઉપયોગિતાવાદ
Utility ઉપયોગ, ઉપયોગીતા; હિતવાદ
Utmost અત્યંત, પરાકાષ્ઠા, છેવટ
Utopion આદર્શ, કલ્પિત, ભાવના સૃષ્ટિ
Utter કેવલ, માત્ર, બોલવું
U-tube યુ-ટયુબ
Uvula શુંડિકા, ગલશુંડિકા, કાકલક

V

Vacant શૂન્ય, ખાલી, રિક્ત
Vaccination રસી મુકાવવી; શિતલા ટાંકવા; બળીઆ કઢાવવા; વેકસીનેશન
Vacuum શૂન્ય, શૂન્યાવકાશ, વેકયુમ
Vaginal યોનિ–યોનિમાર્ગ–સંબંધી
Vague મોઘમ, પાયા વગરનું, અનિશ્ચિત, [સંદિગ્ધ, અનિર્ણીત
Valence બલ્ય
Valency બલ્યાંક, સંયોજન શક્તિ.
Valid સુવર્ગિત, સપ્રમાણ, સબળ, સિદ્ધ, સુસિદ્ધ, યથાર્થ, સુસંગિત, અદુષ્ટ
Valley ખીણ; Rift ૦ ચીરા ખીણ, તરડખીણ
Valuation મૂલ્યાંકન, મૂલ્ય, વેલ્યુએશન, આંકણી, આકારણી
Valve પડદો, ઢાંકણ, સાધન, પ્રવાહનિરોધ
Vane વાયુગતિદર્શક, વાયુધ્વજ, ચક્રી
Vanishing લોપમાન, —fraction લોપમાન અંશ; --line લોપમાન રેખા; --point લોપનબિન્દુ
Vapour વરાળ, બાષ્પ, —bath બાષ્પયંત્ર, --pressure બાષ્પ દબાણ, બાષ્પ બલ, --tension બાષ્પતાન, બાષ્પતતિ
Vaporific બાષ્પકારી

Vaporiform બાષ્પરૂપ
Variable અસ્થિર, ચલ, વિષમ, વિકારી, અસમ, પરિવૃત્તિશીલ, સમવિષમ,
 --motion ચલિત ગતિ,
 —velocity વિષમ વેગ
Variation ફેર, તફાવત, ભેદ, ભિન્નતા, વિકાર, વધઘટ, બદલ
Varnish વાર્નિશ
Vasa વાહિની, સ્રોત;
 —deferentia શુક્રવાહિની;
 —efferentia બહિર્વાહિની
Vascular વાહિનીમય, વાહિની સંબંધી, શિરા સંબંધી, શિરાળુ
Vector વાહ, વેક્ટર,
 —addition વાહવૃદ્ધિ
 --function વાહકાર્ય, વાહકર્મ
Vegetable શાક, વનસ્પતિ
Vegetarian નિરામિષાહારી, શાકાહારી, વનસ્પતિ ભક્ષક, અન્નાહારી
Vegetate વનસ્પતિની માફક વધવું, નિષ્ક્રિય રહેવું; નિષ્ક્રિય જીવન
Vehicle વાહન, મેળવણ, સાધન, પાત્ર
Vein શિરા, નસ, રગ, રેખા
Velocity વેગ, ગતિ,
 initial – પ્રાથમિક વેગ
Veneration માન, માનબુદ્ધિ, આદરશક્તિ
Venereal ઉત્પાદક અવયવો સંબંધી, જનનેન્દ્રિય સંબંધી
Ventral ઉદરસ્થ, ઉદરીય, ઉદરક, પેટની તરફનું, ઉદરપક્ષી
Ventricular રંધ્ર સંબંધી
Venus શુક્ર
Veracity સત્ય, સત્યમયતા
Verification ખાતરી કરવી, નિરીક્ષા, પરીક્ષા, નિર્ણય, પરીક્ષા સંવેદન
Vernal વાસંતિક, વસંત ઋતુનું; વાસંતીય, વસંતોદ્ભવ, --equinox વસંતસંપાત, વસંતવિષુવ, --signs સાયન રાશિ
Vernier સૂક્ષ્મ માપક યંત્ર, વર્નીયર
Vertebra કરોડનુ હાડકું, પૃષ્ઠાસ્થિ, કશેરૂકા
Vertebrata પૃષ્ઠવંશી પ્રાણી
Vertex શિખર, ટોચ, અણી, શિરોબિંદુ, ઉર્ધ્વસ્થ, અમધ્યબિન્દુ
Vertical ઉર્ધ્વ, લંબ, શિરોલંબ, કાટખુણે,
 —circle લંબવૃત્ત, સમવૃત્ત
 —line ઉર્ધ્વરેખા, લંબરેષા
Vesicle વિવર, ફાટ, પુટક
Vesicular વિવરવાળું
Vessel વહાણ, ફાસણ, પાત્ર, નાલ, નાડો
Vestibule મધ્યોદર
Vestige અવશેષ, શેષ
Veternary પશુરોગ સંબંધી, ઢોર સંબંધી, પશુરોગ વિષયક, પશુવૈદ્યકીય
Vibration કંપન, કંપ, સ્પંદન, આંદોલન, ઉત્કંપન
Vicinity સમીપતા, પડોશ, નિકટતા
Vigor બળ, ઉત્સાહ, જોર, જુસ્સો
Villi આહકાંકુર
Villous રોમાવૃત્ત, વાળવાળું
Vinegar સરકો
Violent પ્રચંડ, ઉગ્ર
Virtual વાસ્તવિક, સંભાવ્ય, શકય, ખરેખર, સમ, —velocity વાસ્તવિક વેગ, ખરો વેગ, —image ભ્રામકપ્રતિબિંબ, આભાસ પ્રતિબિંબ, —focus આભાસ કેન્દ્ર
Virus વિષ, ચેપ, રોગબીજ
Viscera અંતરંગ; અંદરના અંગ; અંદરના અવયવો
Viscosity સ્નિગ્ધતા, ચિકાશ, સાંદ્રતા
Visual દૃષ્ટિ સંબંધી, પ્રત્યક્ષ, ચાક્ષુસ, દૃશ્ય
 —angle દૃષ્ટિકોણ; —instruction પ્રત્યક્ષ શિક્ષણ, ચિત્ર શિક્ષણ; —field દૃષ્ટિમર્યાદા —ray દૃષ્ટિ કિરણ, દૃશ્ય કિરણ
Visuality દૃશ્યતા

Vital પ્રાણમય, પ્રાણવિષયક, પ્રાણાત્મક; ચેતન, ચેતનાત્મક; જીવમય, સજીવ, જીવનાવશ્યક —air પ્રાણવાયુ, —force પ્રાણબલ, - function જીવનાવશ્યક ક્રિયા, —principles મુખ્ય તત્ત્વો, મૌલિક નિયમો, —statistics જીવનસંખ્યાશાસ્ત્ર, આરોગ્યસંખ્યાશાસ્ત્ર

Vitalism ચેતનવાદ, જીવવાદ

Vitality જીજીવિષા, જીવનશક્તિ, ચૈતન્ય, પ્રાણશક્તિ

Vitreous કાચસમ, કાચમય; કાચવત્, કાચસદૃશ, પારદર્શક —electricity કાચમાંથી ઉપજતી વિદ્યુત્, -humour પારદર્શક દ્રવ્ય, કાચસાર, સાન્દ્રરસ

Vivisection જીવત્ છેદન, સચેતન છેદન,

Vocal વાચિક, અવાજ સંબંધી, સ્વર સંબંધી —chords વાચિક તંતુ, ધ્વનિવાહક તંતુ, કંઠ તંતુ, સ્વર તંતુ,

Volatile ચપલ, ચંચલ, વાયવી, ઉડી જાય તેવું, વાયુ પરિણામી

Volcano જ્વાલામુખી

Volition ઇચ્છા, સંકલ્પ, ઇચ્છાવ્યાપાર, એષણાવ્યાપાર

Volt વોલ્ટ

Voltage વોલ્ટેજ, વિજળીનું બળ

Voltameter વોલ્ટામીટર

Volume ઘનફળ, કદ, વિસ્તાર, પરિમાણ, આયતન, પુસ્તક

Voluntary ઐચ્છિક, ઇચ્છાધીન, ઇચ્છા શક્તિ નિયમિત, સ્વાધીન

Vortex ચક્રગતિ, આવર્ત, વમળ, ભ્રમિ, ભમરી —theory ચક્રવાદ

Vulcanisation વલ્કનાઇઝેશન, રબરનું ઘનીકરણ, તુટેલું રબર સાંધવાની ક્રિયા

Vulcanite વલ્કનાઇટ

W

Waist કટિ, કેડ

Walnut અખરોટ, અખોડ

Warp તાણો, વાંટ, મરડાટ

Wart મસો, કિણ

Washer વાઇસર, ચામડા રબર કે ધાતુની [ચકતી

Water જલ, પાણી, ઉદક, —clock જલ ઘટિકા, —mill જલ ચક્કી —of crystalisation સ્ફટિક જલ, —tight જલાભેદ્ય, વૉટર ટાઇટ hard — કઠણ પાણી, કડક પાણી, ચુનાવાળું પાણી soft — નરમ પાણી, ચુના વગરનું પાણી

Wave તરંગ, વીચિ, મોજાં, આંદોલન, લહેર —length તરંગ વિસ્તાર, વેવલેન્ગ્થ; —line તરંગરેખા —motion તરંગ-ગતિ, crest of – ઉપાસ longitudiual - સમવર્તી, સમગામી, transverse - વિષમવર્તી૦, વિષમગામી૦, trough of - મોજાનું મૂળ, અનુપાસ, અધોપાસ

Weather હવા, હવામાન, હવાપાણી —cock વાયુકુકડો, વાયુ દિશાસૂચક, —glass વાયુ માપક

Weathering ખવાણ, ખરી પડવું

Wedge ફાચર, છીણી, કીલ

Weight વજન, તોલ, ભાર, ગુરૂતા

Wharf ઘાટ, ડક્કો, ઓવારો

Wharfage ડક્કાનું ભાડું, વ્હારફેજ

Wheel ચક્ર, વિવર્તુલ, ઘૂર્ણ

Whirl pool પાણીની ભમરી, જલચક્રી

Whirl wind વાયુની ભમરી, ચક્રવાત, વંટોળીઓ

Will ઇચ્છા, નિશ્ચય, ઇહા, સંકલ્પ, વજ્રવૃત્તિ

Will power આત્મબળ, આત્મશક્તિ, ઇચ્છાશક્તિ

Wind v. લપેટવું, વીંટાળવું, વીંટવું, ઉકેલવું n. પવન, વાયુ, —lass દુમકલાસ, -guaze પવનમાપક, -mill પવનચક્કી, —pipe શ્વાસનળી

Wind-ward પવનની બાજુનું, વાતાભિમુખ
Wire તાર, તંત્ર, તંત્રી, વાયર
Wreless તાર વગરનું, રેડીઓ, વાયરલેસ, બીન તાર, અતંત્રી, નિષ્તંત્રી
Wonder આશ્ચર્ય [ઉદ્યોગશાળા
Workshop વર્કશૉપ, શિલ્પશાળા, કારખાનું,
Worm આમળેલ નળી, કીડો, કૃમિ
Wrist કાંડુ, મણિબંધ
Wrought iron ટીપેલું લોઢું, નરમ લોખંડ, ધડતરનું લોખંડ

X

X-ray એક્સ રે, ક્ષ-કિરણ
Xylem કાષ્ટપેશી

Y

Yak યાકનામનું પ્રાણી
Yard વાર, યાર્ડ, વાડો, કમ્પાઉન્ડ
Yarn સૂતર
Year વર્ષ, સાલ, astronomical – ખગોલવર્ષ; equinoctial – સંપાતવર્ષ siderial તારકવર્ષ, નક્ષત્ર૦, solar – સૌરવર્ષ lunar – ચાંદ્રવર્ષ
Yeast આથો, ખમીર, ઉહન, કિણ્વ
Yield ઉત્પન્ન, ઉપજ, પરિણામ
Yielding અનુવર્તી, નરમ
Yoke ધૂંસરી, ધૂરી, બંધન, યોગસાધન
Yolk અંડપિત્ત, અંડદાળ

Z

Zebra જીબ્રા, પટાવાળું ઘોડા જેવું પ્રાણી
Zenith શિરોબિંદુ, ખમધ્ય, ખસ્વસ્તિક, મધ્યાંશ, ઉચ્ચાંશ, —distance નતાંશ
Zephyr પશ્ચિમવાયુ, સમીર
Zero શૂન્ય, શૂન્યાંશ
Zinc ઝીંક, જસત
Zigzag વાંકુચુકુ, સર્પાકાર
Zodiac રાશિચક્ર
Zodiacal light રાશિચક્રપ્રકાશ, સંધ્યા
Zone કટિબંધ, વલય, કટિબંધ પ્રદેશ, સૂચિત પ્રદેશ, ઝોન; Frigid – શીત કટિબંધ; temperate – સમશીતોષ્ણ કટિબંધ, torrid – ઉષ્ણકટિબંધ
Zoo પ્રાણીગ્રહ, જનાવર સંગ્રહ
Zoology પ્રાણીવિદ્યા
Zygmotic bone કપોલાસ્થિ
Zygomorphic સામ્યરચનાવાળું

પરિશિષ્ટ ૧.

ખગોળ શાસ્ત્રમાં વપરાતાં નામવાચક શબ્દો

Achernar	વેદીમુખ	તારો (યમુનામાં)
Alcor	અરૂંધતી	,, (વસિષ્ઠ પાસે)
Aldebaran	રોહિણી	નક્ષત્ર
Algol	યયાતિ નં. ૨	તારો
Alioth	અંગિરસ	તારો (સાતર્ષિમાં)
Alpharat	ઉત્તરાભાદ્રપદ	નક્ષત્ર
Altair	શ્રવણ	,,
Andromeda	દેવયાની	તારામંડળ
Antares	પારિજાત–જ્યેષ્ઠા	નક્ષત્ર
Aquarius	કુંભ	રાશિ
Aquila	ગરૂડ	તારામંડળ
Alwaid (Draco)	સ્પર્શમણી	તારો (કાલીયમાં)
Arcturus	સ્વાતિ	નક્ષત્ર
Ara	પીઠ–પાટ	તારામંડળ
Argo	નૌકા	,,
Arided	બક પુચ્છ	તારો (હંસમાં)
Aries	મેષ	રાશિ
Astrope	અંબા	તારો (કૃત્તિકામાં)
Auriga	બ્રહ્મમંડળ, સારથી	તારામંડળ
,, delta	પ્રજાપતિ	તારો
Bear great	સપ્તર્ષિ	તારામંડળ
Bear little	શિશુમાર–ધ્રુવમત્સ્ય	તારામંડળ
Betelgeus	આર્દ્રા	નક્ષત્ર
Benatnasch	મરીચિ	તારો (સપ્તર્ષિમાં)
Bootes	ભૂતપ	તારામંડળ
Camelopardales	કરભ	તારામંડળ
Cancer	કર્ક	રાશિ
Cannis	લુબ્ધક	તારામંડળ
Canopus	અગસ્ત્ય	તારો (નૌકામાં)
Capricornus	મકર	રાશિ
Capella	બ્રહ્મ હૃદય	તારો(બ્રહ્મમંડલમાં)
Cassiopia	શર્મિષ્ઠા	તારામંડળ
Calaeno	તિતસ્ત્રી	તારો (કૃત્તિકામાં)
Centurus	નરતુરંગ	તારામંડળ
,, alpha (Proxima)	વિજય	તારો
,, beta	જય	તારો
Cepheus	વૃષપ્રવા	તારામંડળ
Cetus	તિમિંગિલ	,,
Columba	પરાવત	તારામંડળ
Comet	ધૂમકેતુ	
Coronna	મુકુટ	તારામંડળ
Corvus	હસ્ત	નક્ષત્ર

Crater	ચશક, ચરૂ	તારામંડળ
Cygnus	હંસમંડળ	તારામંડળ
Delphinus	ધનિષ્ઠા	નક્ષત્ર
Deneb	બકપુચ્છ	તારો (હંસમાં)
Denebola	ઉત્તરા ફાલ્ગુની	નક્ષત્ર
Draco	કાલીય	તારામંડળ
Dubhe	ક્રતુ	તારો (સપ્તર્ષિમાં)
Earth	પૃથ્વી	ગ્રહ
Electro	દુલા	તારો (કૃત્તિકામાં)
Eridenus	યમુના	તારામંડળ
Equaleus	અશ્વમુખ	,,
Formalhaut	યામમત્સ્ય	તારો
Gemini	મિથુન	રાશિ
Grus	બક	તારામંડળ
Hamal	અશ્વિની	નક્ષત્ર
Herculeus	શૌરિ	તારામંડળ
Hydra	વાસુકી	,,
,, (head)	અશ્લેષા	નક્ષત્ર
Jupiter	બૃહસ્પતિ, ગુરુ	ગ્રહ
Leo	સિંહ	રાશિ
,, thita	પૂર્વાફાલ્ગુની	નક્ષત્ર
Lepus	શશક	તારામંડળ
Libra	તુલા	રાશિ
Luben	વિશાખા	નક્ષત્ર
Lupus	વૃક	તારામંડળ
Lyra	સ્વરમંડળ	,,
Maia	ચુપૂણિકા	તારો (કૃત્તિકામાં)
Mars	મંગળ	ગ્રહ
Megrez	અત્રિ	તારો (સપ્તર્ષિમાં)
Mercury	બુધ	ગ્રહ
Merope	મેધ્રયંતિ	તારો (કૃત્તિકામાં)
Meteor	ખરતો તારો	
Mira	તિમિંગીલ-૧	તારો (સપ્તર્ષિમાં)
Mirak	પુલહ	,,
Mizar	વસિષ્ઠ	(સપ્તર્ષિમાં ૬)
Monoceros	શૃંગાશ્વ	તારામંડળ
Moon	ચંદ્ર	ઉપગ્રહ
Murkab	પૂર્વાભાદ્રપદ	નક્ષત્ર
Musca	ભરણી	,,
Nath	અગ્નિ	તારો (વૃષભમાં)
Neptune	નેપચ્યુન, વરુણ	ગ્રહ
Ophiuchus	ભુજંગધારી	તારામંડળ
Orion	ભરત, મૃગ (હરણી)	નક્ષત્ર
Pavo	મયુર	તારામંડળ
Pegasus	ભાદ્રપદ	નક્ષત્ર
Perseus	યયાતિ	તારામંડળ

Phekda	પુલસ્ત્ય	તારો (સપ્તર્ષિમાં)	Scorpio clipers	અનુરાધા	નક્ષત્ર
Pisces	મીન	રાશિ	,, eye	જ્યેષ્ઠા પારિજાત	,,
Piscium zeta	રેવતી	નક્ષત્ર	,, sting	મૂલ	,,
Planet	ગ્રહ	,,	Southern cross	સ્વસ્તિક	તારામંડળ
Pleides	કૃત્તિકા	નક્ષત્ર	,, alpha	ત્રિશંકુ	તારો
Pluto	પ્લુટો	ગ્રહ	Spica	ચિત્રા	નક્ષત્ર
Polaris	ધ્રુવ	તારો	Star	તારો	
Pollox	પુનર્વસુ	નક્ષત્ર	Syrius	વ્યાધ	તારો (બૃહદ્ લુબ્ધકમાં)
Proceyon	પ્રભાસ	તારો (લઘુ લુબ્ધકમાં)	Taurus	વૃષભ	રાશિ
Regulus	મઘા	નક્ષત્ર	Taegata	અભ્રયંતિ	તારો (કૃત્તિકામાં)
Rigel	બાણરજ	તારો (હરણીમાં)	Toucan	અટૂલો	તારો
Sagitarius	ધન	રાશિ	Vega	અભિજિત્, દશરથ	નક્ષત્ર
,, delta	પૂર્વાષાઢા	નક્ષત્ર	Venus	શુક્ર	ગ્રહ
,, sigma	ઉત્તરાષાઢા	,,	Virgo	કન્યા	રાશિ
Sagitta	શર	તારામંડળ	,, gama	આપસ	તારો
Saturn	શનિ	ગ્રહ	,, thita	અપાંવત્સ	,,
Scheat	ગોપદ, વિભીષણ	તારો (ભાદ્રપદમાં)	Vulpecula	જંબૂક	તારામંડળ
Schedar	જમદગ્નિ	તારો	Uranus (Herschel)	યુરેનસ, હરશલ, પ્રજાપતિ	ગ્રહ
Scorpio	વૃશ્ચિક	રાશિ			

આ શબ્દોની યાદી શ્રીયુત ભોગીલાલ પટવાએ તૈયાર કરી છે. તેમના નાના પુસ્તક "આકાશ દર્શન"માં પણ આ વિષયની સારી યાદી છે. અર્વાચીન કાળમાં પણ આ પ્રાચીન નામો ઘણાં ઉપયોગી અને સુયોગ્ય છે.

પરિશિષ્ટ ૨

તત્ત્વનાં નામ, સંજ્ઞા, પરમાણુ અંક તથા ભારાંકની સૂચી

સંજ્ઞા Symbol	પરમાણુ અંક Atomic number	તત્ત્વનું નામ Name of the element	પરમાણુ ભારાંક Atomic weight	તત્ત્વનું ગુજરાતી નામ
A	૧૮	Argon	૩૯.૯૪	આર્ગન
Ac	૮૯	Actinium	?	એકટીનિયમ
Ag	૪૭	Silver	૧૦૭.૮૮	સીલ્વર, રૂપું, રજત
Al	૧૩	Aluminium	૨૬.૯૭	ઍલ્યુમિનિયમ
As	૩૩	Arsenic	૭૪.૯૬	આર્સેનિક (સોમલનીધાતુ)
Au	૭૯	Gold	૧૯૭.૨૦	ગોલ્ડ, સોનું, સુવર્ણ
B	૫	Boron	૧૦.૮૨	બોરૉન
Ba	૫૬	Barium	૧૩૬.૩૬	બેરીયમ
Be	૪	Beryllium	૯.૦૨	બેરીલિયમ
Bi	૮૩	Bismuth	૨૦૯.૦૦	બિસ્મથ
Br	૩૫	Bromine	૭૯.૯૨	બ્રોમિન્
C	૬	Carbon	૧૨.૦૦	કાર્બન, કોલસો
Ca	૨૦	Calcium	૪૦.૦૭	કૅલ્શિયમ
Cd	૪૮	Cadmium	૧૧૨.૪૧	કૅડમિયમ
Ce	૫૮	Cerium	૧૪૦.૧૩	સીરિયમ
Cl	૧૭	Chlorine	૩૫.૪૬	ક્લોરિન
Co	૨૭	Cobalt	૫૮.૯૭	કોબાલ્ટ
Cp	૭૧	Cassiopeium	૧૭૫.૦૦	કૅસીઓપીયમ
Cr	૨૪	Chromium	૫૨.૦૧	ક્રોમિયમ
Cs	૫૫	Cesium	૧૩૨.૮૧	સીઝિયમ
Ct	૭૨	Celtium	?	સેલ્ટિયમ
Cu	૨૯	Copper	૬૩.૫૭	તાંબુ
Dy	૬૬	Drysprosium	૧૬૨.૪૬	ડ્રાઈસ્પ્રોસિયમ
Em	૮૬	Ra-emanation (Radon) (Niton)	૨૨૨.૦૦	રેડૉન
Er	૬૮	Erbium	૧૬૭.૬૪	એર્બિયમ
Eu	૬૩	Europium	૧૫૨.૦૦	યુરોપિયમ
F	૯	Fluorine	૧૯.૦૦	ફ્લોરિન્
Fe	૨૬	Iron	૫૫.૮૪	લોખંડ

સંજ્ઞા Symbol	પરમાણુ અંક Atomic number	તત્ત્વનું નામ Name of the element	પરમાણુ ભારાંક Atomic weight	તત્ત્વનું ગુજરાતી નામ
Ga	૩૧	Gallium	૬૯·૭૨	ગૅલિયમ
Gd	૬૪	Gadolinium	૧૫૭·૩૦	ગૅડોલિનિયમ
Ge	૩૨	Germanium	૭૨·૬૦	જર્મેનિયમ
H	૧	Hydrogen	૧·૦૧	હાઇડ્રોજન
He	૨	Helium	૪·૦૦	હેલિયમ
Hf	૭૨	Hafnium	૧૭૮·૬૦	હાફ્નિયમ
Hg	૮૦	Mercury	૨૦૦·૬૧	પારો
Ho	૬૭	Holmium	૧૬૩·૫૦	હોલમિયમ
I	૫૩	Iodine	૧૨૬·૯૨	આયોડીન
In	૪૯	Indium	૧૧૪·૮૦	ઇન્ડિયમ
Ir	૭૭	Iridium	૧૯૩·૧૦	ઇરિડિયમ
K	૧૯	Potassium	૩૯·૧૦	પોટાશિયમ
Kr	૩૬	Krypton	૮૩·૭૦	ક્રિપ્ટન
La	૫૭	Lanthanum	૧૩૮·૯૨	લૅન્થેનમ
Li	૩	Lithium	૬·૯૪૦	લીથિયમ
Lu	૭૧	Lutecium	૧૭૫·૦૦	લ્યુટેશિયમ
Ma	૪૩	Masurium	?	મસુરિયમ
Mg	૧૨	Magnesium	૨૪·૩૨	મૅગ્નેશિયમ
Mn	૨૫	Manganese	૫૪·૯૩	મૅન્ગેનીઝ
Mo	૪૨	Molybdenum	૯૬·૦૦	મોલિબ્ડેનમ
N	૭	Nitrogen	૧૪·૦૧	નાઇટ્રોજન
Na	૧૧	Sodium	૨૩·૦૦	સોડિયમ
Nb	૪૧	Niobium (Columbium)	૯૩·૩૦	નાયોબિયમ. (કોલમ્બિયમ)
Nd	૬૦	Neodymium	૪૪·૨૭	નિયોડીમિયમ
Ne	૧૦	Neon	૨૦·૧૮	નિયોન
Ni	૨૮	Nickel	૫૮·૬૯	નિકલ
O	૮	Oxygen	૧૬·૦૦	ઑક્સિજન
Os	૭૬	Osmium	૧૯૦·૮૦	ઓસ્મિયમ
P	૧૫	Phosphorus	૩૧·૦૨	ફૉસ્ફરસ
Pb	૮૨	Lead	૨૦૭·૨૨	સિસું
Pd	૪૬	Palladium	૧૦૬·૭૦	પેલેડિયમ
Po	૮૪	Pollonium	૨૧૦·૦૦	પોલોનિયમ

સંજ્ઞા Symbol	પરમાણુ અંક Atomic number	તત્ત્વનું નામ Name of the element	પરમાણુ ભારાંક Atomic weight	તત્ત્વનું ગુજરાતી નામ
Pr	૫૯	Praseodymium	૧૪૦.૯૨	પ્રેઝીયોડીમિયમ
Pt	૭૮	Platinum	૧૯૫.૨૩	પ્લેટિનમ
Ra	૮૮	Radium	૨૨૫.૯૭	રેડિયમ
Rb	૩૭	Rubidium	૮૫.૪૪	રૂબિડિયમ
Re	૭૫	Rhenium	૧૮૬.૩૧	ર્હેનિયમ
Rh	૪૫	Rhodium	૧૦૨.૯૧	ર્હોડિયમ
Ru	૪૪	Ruthenium	૧૦૧.૭૦	રૂથેનિયમ
S	૧૬	Sulphur	૩૨.૦૬	ગંધક, સલ્ફર
Sb	૫૧	Antimony	૧૨૧.૭૬	ઍન્ટિમની
Sc	૨૧	Scandium	૪૫.૧૦	સ્કેન્ડિયમ
Se	૩૪	Selenium	૭૯.૨૦	સેલેનિયમ
Si	૧૪	Silicon	૨૮.૦૬	સિલિકન
Sm	૬૨	Samarium	૧૫૦.૪૩	સમેરિયમ
Sn	૫૦	Tin	૧૧૮.૭૦	કલાઈ
Sr	૩૮	Strontium	૮૭.૬૩	સ્ટ્રોન્શિયમ
Ta	૭૩	Tantalum	૧૮૧.૪૦	ટેન્ટેલમ
Tb	૬૫	Terbium	૧૫૯.૨૦	ટર્બિયમ
Te	૫૨	Tellurium	૧૨૭.૫૦	ટેલુરિયમ
Th	૯૦	Thorium	૨૩૨.૧૨	થોરિયમ
Ti	૨૨	Titanium	૪૬.૯૦	ટાઇટેનિયમ
Tl	૮૧	Thallium	૨૦૪.૩૯	થેલિયમ
Tu, Tm	૬૯	Thulium	૧૬૯.૪૦	થુલિયમ
U	૯૨	Uranium	૨૩૮.૧૪	યુરેનિયમ
V	૨૩	Vanadium	૫૦.૯૫	વેનેડિયમ
W	૭૪	Tungsten	૧૮૪.૦૦	ટંગસ્ટન
X	૫૪	Xenon	૧૩૧.૩૦	ઝિનોન
Y	૩૯	Yttrium	૮૯.૯૨	ઇટ્રિયમ
Yb	૭૦	Ytterbium	૧૭૩.૫૦	ઇટરબિયમ
Zn	૩૦	Zinc	૬૫.૩૮	ઝિંક, જસત
Zr	૪૦	Zirconium	૯૧.૨૨	ઝિરકોનિયમ

ઉપરની યાદિ શ્રીયુત યશવંત નાયકે તૈયાર કરી આપી છેઃ તે માટે તેમનો ઉપકાર માનવાની આ તક ગુમાવવી ન જોઇએ.

રાસાયાનિક તત્ત્વોનાં નામો અને સંજ્ઞા નક્કી કર્યા પછી રાસાયાનિક સમાસો તેમની સંજ્ઞાઓ અને રાસાયનિક ક્રિયા દર્શાવનારા સમીકરણો દર્શાવવાનું કામ ઉભું થાય છે. તેમાં પણ કેવળ અંગ્રેજી શબ્દોને લઈ લેવામાં કાંઇ પણ દોષ ન સમજવો એવી મારી દૃઢ માન્યતા છે. મીઠું કે લવણ શબ્દ સાધારણ ભાષામાં વપરાતાં હોવા છતાં, તેનું વૈજ્ઞાનિક નામ તો નેટ્રમ ક્લોરાઇડ રહેવાનું અને તેની સંજ્ઞા NaCl રહેવાની. મોરથુથુ માટે કૉપર સલફેટ અને સુરાખારને માટે પોટાસીઅમ નાઇટ્રેટ એ શબ્દો વાપરવા પડે છે. રસાયન વિદ્યાના અભ્યાસીને વહેલું મોડું અંગ્રેજી શીખ્યા વિના ચાલે તેમ નથી તેથી અંગ્રેજી સંજ્ઞાઓ લખતા વાપરતાં શરૂઆતથીજ શીખવું જોઈએ. તેવીજ રીતે નાઈટ્રિક એસિડની બનાવટનું એક દૃષ્ટાંત નીચેના સમીકરણથી દર્શાવી શકાયઃ—$2KNO_3 + H_2SO_4 = K_2SO_4 + 2HNO_3$

આ પ્રમાણેજ કાર્બન રસાયનના શબ્દોનો તરજૂમો અનાવશ્યક છે. અલ્કોહોલ, એસેટોન, મેથાન, ઇથિલીન, બેનઝીન, અલ્ડેહાઇડ, ઇથર, ઇસ્ટર, વગેરે અંગ્રેજી શબ્દોનો તરજૂમો કરવામાં જરાયે લાભ નથી, કાર્બન રસાયન જેવો વિષય સમજવા પુરતું અંગ્રેજી ભાષાનું જ્ઞાન ન હોય તો તેમાં ખરી પ્રગતિ કરવી અશક્ય છે. આ શબ્દોની સાથે અંગ્રેજી સંજ્ઞાઓનો સ્વીકાર કરવાથી મારા ધારવા પ્રમાણે શીખનાર અને શીખવાડનાર બંનેનું કામ સરળ થઈ જાય છે. આ વિચાર પ્રમાણે Methane એટલે મીથાન CH_4, Ethane એટલે ઇથાન અને તેની સંજ્ઞા C_2H_6, અને Aniline એટલે એનિલીન $C_6H_5NH_2$.

———o———

પરિશિષ્ટ ત્રીજું

સામાન્ય વનસ્પતિ અને પ્રાણીઓનાં વૈજ્ઞાનિક નામ. ગુજરાતી, અંગ્રેજી

આ પરિશિષ્ટ શ્રીયુત યશવં ગુ. નાયકે ઘણો રસ લઇને તૈયાર કર્યું છે.

અંગ્રેજી શબ્દોનો ગુજરાતી અર્થ આપવાને બદલે આ પરિશિષ્ટમાં તેથી ઉલટો રસ્તો લેવો પડયો છે. સાધારણ વનસ્પતિઓનાં ગુજરાતી નામ તો જાણીતાં છે પરંતુ તેમના વૈજ્ઞાનિક નામ શોધતાં ઘણી હરકત પડે છે તેથી આ પરિશિષ્ટ યોજવામાં આવ્યું છે.

વનસ્પતિઓના વૈજ્ઞાનિક અભ્યાસને માટે સુવ્યવસ્થિત વર્ગીકરણની જરૂર છે. આ વર્ગીકરણના સિદ્ધાન્તો સમજાવવા માટે આ સ્થળ કે પ્રસંગ યોગ્ય ન ગણાય. પરંતુ એટલું તો જણાવવું આવશ્યક છે કે વનસ્પતિના રાજ્યક્ષેત્રમાં વિભાગ પાડવામાં આવ્યા છે અને આ વિભાગના મહાવર્ગો નિશ્ચિત કરવામાં આવ્યા છે. દરેક મહાવર્ગમાં વર્ગો હોય છે અને દરેક વર્ગમાં ગોત્ર, કુળ કે કુટુંબ હોય છે અને તે કુટુમ્બમાં જાતિ (જીનસ) અને ઉપજાતિ (સ્પિશીસ) જૂદી પાડવામાં આવે છે.

ગુજરાતની વનસ્પતિઓને વર્ગ, જાતિ, અને ઉપજાતિવાર ગોઠવવાનું કામ કઠિન છે. તેથી પહેલી યાદીમાં વર્ગનાં નામો અને તેમના અંગ્રેજી પર્યાયો આપવામાં આવ્યા છે, બીજી યાદીમાં જાતિ અને ઉપજાતિ સાથેનો તેમનો સંબંધ વર્ગની સંખ્યા બતાવીને દર્શાવવામાં આવ્યો છે. આ ગોઠવણ દોષરહિત તો ન જ ગણાય પણ હાલમાં વધારે સારી યોજનાને અભાવે સ્વીકારવી પડી છે.

આ નામોની યાદી તૈયાર કરવામાં શ્રીયુત યશવંત નાયકે પ્રોફેસર સુરેશ દીક્ષિતની "ગુજરાતની વનસ્પતિ" અને શ્રીયુત બાપાલાલ વૈદ્યની "ગુજરાતની વનસ્પતિઓ" એ બે પુસ્તિકાઓનો ઉપયોગ કર્યો છે.

ગુજરાતમાં મળી આવતી વનસ્પતિના મુખ્ય વર્ગો.

૧ મોરવેલ (નૈસર્ગિક વર્ગ)	Ranunculaceæ	૮ ક્ષેત્રપર્પટાદિ વર્ગ (પિત્તપાપડાનો)	Fumariaceæ
૨ કરંબલાદિ વર્ગ	Dilleniaceæ	૯ રાજિકાદિ વર્ગ (રાઈ મૂળાનો)	Cruciferceæ
૩ પીત ચંપાદિ વર્ગ	Magnoliaceæ	૧૦ કરીરાદિ વર્ગ (કેરનો)	Capparidaceæ
૪ સીતાફલાદિ વર્ગ	Anonaceæ	૧૧ બનફસાદિ વર્ગ	Violaceæ
૫ ગુડૂચ્યાદિ વર્ગ (ગળોનો)	Menispermaceæ	૧૨ તુવરૈકાદિ વર્ગ (લોદ્રીનો)	Bixineæ
૬ કમલાદિ વર્ગ	Nymphœaceæ	૧૩ વજ્રદંતિ વર્ગ (ઓખરાડનો)	Caryphyllaceæ
૭ અહિફેનાદિ વર્ગ (અફીણનો)	Papaveraceæ	૧૪ લોણિકાદિ વર્ગ	Portulaceæ
		૧૫ પ્રાંસ વર્ગ (ઝાંઉનો)	Tamariscineæ

૧૬ નાગપુષ્પાદિ વર્ગ	Guttiferæ	૩૬ ગુલાબ વર્ગ	Rosaceæ
૧૭ શાલ્મલ્યાદિ વર્ગ (કપાસનો)	Malvaceæ	૩૭ જખ્મેહયાત વર્ગ	Crassulaceæ
૧૮ મુચુકુંદાદિ વર્ગ (મરડા શીંગનો)	Stereuliaceæ	૩૮ હરિતકયાદિ વર્ગ (હરડાં બેડાંનો)	Combretaceæ
૧૯ પરુષકાદિ વર્ગ (જ્યુટ–છુંછનો)	Tiliaceæ	૩૯ જંબ્વાદિ વર્ગ (જાંબુનો)	Myrtaceæ
૨૦ અતસ્યાદિ વર્ગ (અળશીનો)	Linaceæ:(Lineæ)	૪૦ દાડિમાદિ વર્ગ (મેંદી–દાડમનો)	Lythraceæ
૨૧ માધવીલતાદિ વર્ગ	Malphigiaceæ	૪૧ શૃંગાટકાદિ વર્ગ (શીંગોડાનો)	Onagraceæ
૨૨ ગોક્ષુરાદિ વર્ગ (ગોખરૂનો)	Zygophyllaceæ	૪૨ પપૈયાદિ વર્ગ	Passifloreæ
૨૩ ચાંગેર્યાદિ વર્ગ (ગુલમેંદીનો)	Geraniaceæ	૪૩ કુષ્માણ્ડાદિ વર્ગ (કાકડીનો)	Cucurbitaceæ
૨૪ બીજપૂરાદિ વર્ગ (લીંબુ–બીલીનો)	Rutaceæ	૪૪ નાગફણાદિ વર્ગ	Cacteæ
૨૫ ઇંગુંદ્યાદિ વર્ગ (અરડુસાનો)	Simarubeceæ	૪૫ ભિસ્સટાદિ વર્ગ	Ficoideæ
૨૬ ગુગ્ગુલાદિ વર્ગ (ગુગળનો)	Burseraceæ	૪૬ જીરકાદિ વર્ગ (વરીઆળીનો)	Umbellifercæ
૨૭ નિંબાદિ વર્ગ (લીંબડાનો)	Meliaceæ	૪૭ અંકોલાદિ વર્ગ	Cornaceæ
૨૮ સુડીયા વર્ગ	Olacaceæ or Olacinleæ	૪૮ કદંબાદિ વર્ગ (કૉફીનો)	Rubiaceæ
		૪૯ સહદેવાદિ વર્ગ (સૂર્યમુખીનો)	Compositæ
૨૯ જ્યોતિષ્મત્સ્યાદિ વર્ગ (માલકાંકણીનો)	Celastrinleæ or Celastraceæ	૫૦ ચિત્રકાદિ વર્ગ	Plumbaginaceæ
		૫૧ કાળી ફુલડીનો વર્ગ	Primulaceæ
૩૦ બદર્યાદિ વર્ગ	Rhamnaceæ or Rhamnleæ	૫૨ મધુકાદિ વર્ગ (રાયણનો)	Sapotaceæ
૩૧ દ્રાક્ષાદિ વર્ગ	Ampelideæ or Viotaceæ	૫૩ તિન્દુકાદિ વર્ગ (ટીંબરૂનો)	Ebanaceæ
		૫૪ જાત્યાદિ વર્ગ (ચમેલીનો)	Oleaceæ
૩૨ ફેનિલાદિ વર્ગ (અરિઠાનો)	Sapindacæ	૫૫ પીલુ વર્ગ	Salvadoraceæ
૩૩ આમ્રાદિ વર્ગ (આંબાનો)	Anacardiaceæ	૫૬ ઇન્દ્રયવાદિ વર્ગ (કરમદાંનો)	Apocynaceæ
૩૪ શિગ્રુઆદિ વર્ગ (સરગવાનો)	Moringaceæ	૫૭ અર્કાદિ વર્ગ (આકડાનો)	Asclepiadaceæ
૩૫ શિંબી વર્ગ (શીંગનો)	Leguminoceæ	૫૮ કિરતાદિ વર્ગ (કરીયાતાનો)	Gentianaceæ

૫૯ શ્લેષ્માતકાદિ વર્ગ	Boraginaceæ
૬૦ વૃદ્ધદાર્વાદિ વર્ગ (અમરવેલનો)	Convolvulaceæ
૬૧ કંટકાર્યાદિ વર્ગ (ધતુરાનો)	Solanaceæ
૬૨ બ્રાહ્મી વર્ગ	Scrophulariaceæ
૬૩ પરમૂલોપજીવી વર્ગ	Orobanchaceæ
૬૪ પાટલા વર્ગ (રગતરોહીડાનો)	Bignoniaceæ
૬૫ તિક્તગોક્ષુરાદિ વર્ગ	Pedaliaceæ
૬૬ વાસાદિ વર્ગ (કાંટાશળીયાનો)	Acanthaceæ
૬૭ નિર્ગુંડયાદિ વર્ગ (નગોડનો)	Verbenaceæ
૬૮ તુલસીનો વર્ગ	Labiatæ
૬૯ પુનર્નવાદિ વર્ગ (ગુલબાસનો)	Nyctaginaceæ
૭૦ અપામાર્ગાદિ વર્ગ	Amarantaceæ
૭૧ વાસ્તુકાદિ વર્ગ (લુણીનો)	Chenopodiaceæ
૭૨ ચુક્રિકાદિ વર્ગ	Polygonaceæ
૭૩ કીટમાર્યાદિ વર્ગ (કીડામારીનો)	Aristolochiaceæ
૭૪ પિપ્પલ્યાદિ વર્ગ (નાગરવેલનો)	Piperaceæ
૭૫ તમાલપત્રાદિ વર્ગ	Laurineæ
૭૬ વૃક્ષરૂહાદિ વર્ગ (વાંદાનો)	Loranthaceæ
૭૭ આલક્યાદિ વર્ગ (થોર દીવેલી)	Euphorbiaceæ
૭૮ વટાદિ વર્ગ (વડ– પીપળાનો)	Urticaceæ
૭૯ જલ સરપોલીયાં વર્ગ	Hydrocharideæ
૮૦ સાલમાદિ વર્ગ (મુશળીનો)	Orchideæ
૮૧ હરિદ્રાદિ વર્ગ (આદુકેળનો વર્ગ)	Scitamineæ
૮૨ મુસલીકંદાદિ	Amaryllideæ
૮૩ ધણસપાત વર્ગ	Hœmodoraceæ
૮૪ વારાહિકંદાદિ વર્ગ	Dioscoriaceæ
૮૫ પલાંડુ વર્ગ (ડુંગળી–વગેરે)	Liliaceæ
૮૬ શીશ મૂળીયાંનો વર્ગ (કોષપુષ્પી)	Comelinaceæ
૮૭ તાડાદિ વર્ગ	Palmeæ
૮૮ કેતકી વર્ગ (કેવડાનો)	Pandenaceæ
૮૯ રામબાણ વર્ગ (ધા બાજરીયું)	Typhaceæ
૯૦ સુરણાદિ વર્ગ	Araceæ or Aroideæ
૯૧ મુસ્તાદિ વર્ગ (મોથનો)	Cyperaceæ
૯૨ તૃણાદિ વર્ગ	Gramineæ
૯૩ હંસપાદ્યાદિ વર્ગ	Filicæ

વનસ્પતિનું ગુજરાતી નામ	વર્ગનું નામ દર્શાવનારી સંખ્યા	વૈજ્ઞાનિક નામ	સાધારણ અંગ્રેજી નામ
અક્કલગરો	૪૯	Tenesetum Umbellicum	(Peletory root)
અગથીઓ	૩૫	Ogti grandiflora	(Large flowered Ogti)
અંકોલ	૪૭	Alangium Lamarckii	
અજમો (દ)	૪૬	Apium Graveolens (દિ) ? ટાઇકોટીસ અજવાન (વૈ)	(Salary seed)
અડદ	૩૫	Phaseolus radiata	(Kidny bean)
અમરવેલ	૬૦	Cuscuta Hylena	
અનનસ	૮૨	Ananus sativa	(Pine apple)
અંજીર	૭૮	Ficus carica	(Fig)
અણીયાર	૩૫	Acacia lueofila	
અગથીયો	૩૫	Sesbenia grandiflora	
અરડુસી	૬૬	Adhatoda vasica	
અરડુસો	૨૫	Ailanthus excelsa	
અરણી	૬૭	Clerodendron phlomoides	
અળુ	૯૦	Colocasia Antiquorum	
અરિઠી	૩૨	Sapindus trifoliates	(Soap-beri)
અશેળીયો (અસાળીયો)	૯	Lepidium sativum	(Common crash)
અળશી	૨૦	Linum Usitatissimum	(Linseed)
અશોક	૩૫	Cereka india	
આકડો	૫૭	Calotropis procera	(Gigantic Soolovent)
આદુ	૮૧	Zingiber officinale	(Ginger)
આગીઓ	૬૨	Striga lutica	
આમલી	૩૫	Tamerinal Indicus	(Tamerind Tree)
આમળાં (આબળાં)	૭૭	Phyllanthus embilica	(Eblic Mirobelan)
આવળ	૩૫	Cacia fistula	
આલુ	?	Pruncis bokheriansis	(Cherryplum)
આસોપાલવ	૪	Polyalthæa longifolia	
આંબા હળદર	૮૧	Curcuma amada	(Mango Ginger)
આંબો	૩૩	Mangifera Indica	
ઇંદ્રજવ	?	Raitia antidisenterica	(oval-leaved; Rosebay)
ઇંદ્રવરણા	૪૫	Citrullus colocynthis	(Bitter apple)
ઉટકંટી	૪૯	Echinops echinatus	(Thistle)
ઉદ-સોબાન	?		

વનસ્પતિનું ગુજરાતી નામ	વર્ગનું નામ દર્શાવનારી સંખ્યા	વૈજ્ઞાનિક નામ	સાધારણ અંગ્રેજી નામ
ઉમરો કાળો	૭૮	Ficus hispada	(Fig Tree)
લાલ		Ficus glomerata	
એરંડો	૭૭	Ricinus communis	(Castor oil plant
એલચી	૮૧	Elettaria cardamomum	(Cardemum)
કચૂરો	?	Curcum zerumbet	(Long zedoari)
કંબોઈ	૭૭	Breniya patens	
કડુ	?	(પેકોર્હીઝા કુરોઆ)	(Black halo borlis)
કદંબ	૪૮	Anthocephalus indicus	
કરંજ	૩૫	Pongamia glabra	(Smoth leafed pongamia)
કપાસ	૧૭	Gossypium herbaceum	(Cotton plant)
કપૂર	?	Camphora Oficirenum	(Camphor)
કપૂરવેલ			
કંબોઇ	૭૭	Breynia patens	
કમળ	૬	Nelumbium speciosum	(Lotus)
કમરખ	૨૩	Averrhoa carambola	
કરમલ	૨	Dillenia pentagyna	
કરમદી	૫૬	Carissa carandas	(Jasamine flowered carissa)
કરીયાતુ કડવું	૫૮	Exaeum pedunculatum	(Chiretta)
રાતું	,,	Canscora perfoliata	
કાળું	૬૬	Andrographis echioides	
કરેણ પીળી	૫૬	Charbera Thevetia	(Oliander)
લાલ	,,	Narium Thevetia	
કસુંબો	૪૯	Carthemus tictoria	
કંકોડી (કંટોલી)	૪૩	Momordica dioica	
કાકડી	૪૩	Cuenmis sativus	(Cucumber)
કાજૂ	૩૩	Anacardium occidentale	(Cashew nut)
કૉફી	?	Caffia averica	(Coffee)
કાનફૂટી	૩૫	Flemingia lineata	
કારેલી	૪૩	Momordica charantia	(Hairy mordica)
કાળીજીરી	૪૯	Vernonia anthelmintica	
કાચકા	૩૫	Caesalpinia Bonducella	(Bonduc nut)
કાંદા (ડુંગળી)	૮૫	Allium cepa	
કાંસકી			

વનસ્પતિનું ગુજરાતી નામ	વર્ગનું નામ દર્શાવનારી સંખ્યા	વૈજ્ઞાનિક નામ	સાધારણ અંગ્રેજી નામ
કુબી	૧		(Cabbage)
કુંવાડીયો	૩૫	Cassia Tora	(Oval leafed Cassia)
કુંવાર	૮૫	Aloe vera	(Aloe)
કેવડો	૮૮	Pandanus tectorius	
કેસર	?	Crosus sativus	(Saffron)
કેળ	૮૧	Musa sapientum	(Plantain)
કોકમ	?	Garcinia perpuria	(Cocum, Buttertree)
કોદરો	૯૨	Paspalum scrobiculatum	(Puctuard puspalum)
કોઠી	૨૪	Feronia Elephantum	(Wood apple)
કોથમીર (see ધાણા)	?	Coriandum Sativum	(Coriander seed)
કોહળું } લાલ	૪૩	Cucarbita papo	(Pumpkin)
કોહળું } ભુરૂં	,,	Benikesa cerifera	
કોકો	૨૦	Irithrockzilone coco	(Coco)
કવચ (કુવચ)	૩૫	Mucuna prurieus	(Cohage)
ખજુરી	૮૭	Phœnix sylvestris	(Date palm)
ખડબુચું ખરસાણી	૪૧	Cucumis Melo	(Melon)
ખસખસ (અફીણ)	૭	Papaver Somniferum	(Poppy)
ખાખરો	૩૫	Butia frondosa	(Downy branch butia)
ખેર	૩૫	Acacia ketechu	
ગરમાળો	૩૫	Cassia fistula	(Pudding pipe tree)
ગલકું	?	Lufa Petendra	
ગલગોટા	૪૯	Calendula Oficinelis	
ગરમર (ગરબેલ)	૬૮	Coleus barbatus	
ગરણી	૩૫	Cletoria ternetia	(Indian mesbrian)
ગળી	૩૫	Indigofera linifolia	(Indigo)
ગુવાર	૩૫	Dolicos psoralioides	(Cyamopsis)
ગાળો	૫	Tinospora cordifolia	(Hard leafed Munseed)
ગાજર	૪૬	Daucus carota	(Carrot root)
ગાંજો	?		(Indian hemp)
ગુગળ } કડવો	૨૬	Balsemodedron Mukul	(Indian Dalium)
ગુગળ } મીઠો	,,	,, Roxburghii	

વનસ્પતિનું ગુજરાતી નામ	વર્ગનું નામ દર્શાવનારી સંખ્યા	વૈજ્ઞાનિક નામ	સાધારણ અંગ્રેજી નામ
ગુલબાશી	૬૯	Mirabilis jalapa	
ગુલાબ	૩૬	Rosie sentifolia	
ગુંદી	૫૯	Cordia obliqua	
ગોકર્ણ	૩૫	Clitoria ternatea	
ગોખરૂં	૨૨	Tribulus terrestris	
ઘાબાજરીઉં	૮૯	Typha augustata	
ઘઉં	૯૨	Triticum sativum	(Wheat)
ઘીલોડી (ટીંડોળું)	૪૩	Coccinia indica	
ચણા	૩૫	Syrus sativus	(Gram)
ચંપો (ખેર)	૫૬		
ચંપો (પીળો)	૩	Michelia champaca	
ચમેલી	૫૪	Jasaminum grandiflorum	(Spanish Jasmine)
ચણોઠી	૩૫	Abrus precatorius	(Weed tree)
ચંબેલી (જાઈ)	૫૪	(see જાઇ)	
ચંદ્રકમળ	૬	Nymphea lotus	
ચારોળી	૩૩	Buchenenia letifolia	
ચિકુ	૫૨	Achrus sapota	
ચિકાકાઇ	૩૫	Acacia consina	
ચિત્રો	૫૦	Plumbago zeylanica	
ચિભડું	૪૩	Mucia scrabela	(Pabisent cucumber)
ચોખા (જુઓ ડાંગર)			
ચોપચિની	?	Smilocks china	(China root)
ચોર આમલો	૧૭	Adansonia digitata	
ચોળા	?	Dolicos Synesis	(Chinese dolicos)
છુછ (જુઓ ન્યુટ)			
જવ	૯૨	Trictum valgare	(Bitter barley)
જામફળ (જમરૂખ)	૩૯	Psidium guava	(Pear Guava)
જાયફળ	?	Oficinelis mosketo	(Nut meg)
જાઇ	૫૪	Jasaminum oriculum	
જાંબુ	૩૯	Eugenia Jambolana	(Jambul tree)
જુઈ	૫૪	Jasamine Oriculent	
જીરૂં	૪૬	Cuminum cyminum	(Cumin seed)
જુવાર	૯૨	Holins sorgham or Androjopen sorgham	(Great millet)

વનસ્પતિનું ગુજરાતી નામ	વર્ગનું નામ દર્શાવનારી સંખ્યા	વૈજ્ઞાનિક નામ	સાધારણ અંગ્રેજી નામ
જ્યુટ (જુઓ છુંછ)		Corchorus capsularis	
જેઠીમધ	૩૫	Taverniera nummularia	(Liquoris root)
ઝેરકચોળું	?	Stricnos nuxvomica	(Poison nut)
ટીંડોરાં (see ઘીલોડાં)			
ટામેટાં	૬૧	Lycopersicum esculentum	(Tomatto)
ટીંબરૂ	૫૩	Diospyros melanoxylon	(Abani)
ડમરો	૬૮	Ocimum Casilicum	(Worm wood)
ડાંગર (ભાત)	૯૨	Orajza sativa	(Rice)
ડીકામારી—લી	૪૮	Gardenia lucida	
ડુંગળી (see કાંદા)		Allium Copa	(Onion)
તગર (ચાંદની)	?	Gardenia floribunda	
તજ			
તણુછ	૩૫	(યુજીનીયા ડાલ્બર્જીયાઇડીસ)	
તંબાકુ	૬૧	Nicotina tabacum	(Tobacco)
તરબુચ	૪૧	Cueumis melon var. agrestis	(Water melon)
તાંદળજો	૭૦	Amyranthus tenufolius	(Humphrodite amaranth)
તલ	૬૫	Sesamum indicum	(Seasum)
તવરીયાં	૬૭	Avicennia officinalis	
તાડ	૮૭	Borassus fabellifer	(Palmyra)
,, (રાવણુ)	૮૭	Hypheni thabeica	
તુંબડી (કડવી)	૪૩	Lagineria vulgeris	
તુરીયાં (કડવાં)	૪૩	Luffa aegyptiaca	(Bitter lufa)
,, (મીઠાં)	?	,, actangula	(acutangle cucumber)
તુવેર	૩૫	Cagenus indicus	
તુલસી	૬૮	Ocimum sanctum	(White basil)
થોર — ફાફડા	૪૪		
થોર — સાદો કાંટાળો	૭૭	Euphorbia neriifolia	(Milkus hedge)
થોર — દુધીયો	૭૭	,, rothiana	
દાડમ	૪૦	Punica granatum	(Pomegrenate)
દારૂડી	૭	Argemone mexicana	(Thistle)
દુધી (કડવી)	?	Lagineria vulgaris	(Bottle Gourd)
દાભ	૯૨	Eragrostis cynosuroides	
દેવદાર			

વનસ્પતિનું ગુજરાતી નામ	વર્ગનું નામ દર્શાવનારી સંખ્યા	વૈજ્ઞાનિક નામ	સાધારણ અંગ્રેજી નામ
દ્રાક્ષ } મીઠી	૩૧	Vitis vinifera	(Grape)
દ્રાક્ષ } જંગલી	,,	,, letifolia	
ધામણ	૧૯	Grivia tilipholia	
ધરો (દરોઈ)	૯૨	Cynodon dactylon	(Creeping cynodon)
ધમાસો	૨૨	Fagonia arabica	
ધંતુરો } સફેદ	૬૧	Datura alba	(Thorn apple)
ધંતુરો } કાળો	,,	Datura fastuosa	
ધાવડો	૩૮	Anogeissus letifolia (see કોથમીર)	
ધાણા	૪૬	Coriandrum sativum	(Coriander)
ધાવડી	૪૦	Woodfordia floribunda	
નગોડ	૬૭	Vitex (negundo) trifolia	(Five leafed chest tree)
નઈ કડવી	૪૧	Corallocarpus epigœa	
નાગચંપો	૬૭	Melina asiatica	(Masnafiria)
નાગરવેલ	૭૪	Piper betle	(Betel leaf)
નાગલી	૯૨	Eleusine indica	(Alucin)
નારંગી	૨૪	Citrus acida (oriantum)	(Orange)
નાળીયેરી	૮૭	Cocos nucifera	(Palm)
નેપાળો	૭૭	Jatropha curcas	(Crotan seeds)
નેતર	?	Calamus rotug	(Cane)
નીમ (લીંબડો)	?	Malia Azadirachta	
પપનસ (લીંબુ)	૨૪	Citrus dacumina	
પારિજાતક	૫૪	Nyctanthes Arbor-tristis	
પીલુ { (મીઠી જાર)	૫૫	Salvadora persica	(Mustard tree of scripture)
પીલુ { (ખારી જાર)	,,	,, oleoides	
પીલુડી	૬૧	Solanum nigrum	
પીંપર	૭૪	Piper longum	
પીંપરમીંટ	૬૮	Mentha piperita	
પીંપળો	૭૮	Ficus riligiosa	(Pimpal)
પિસ્તાં	?	Pistesia vera	(Pistesia nut)
પોપટી	૬૩	Hydrolea zeylanica	
પપૈયા	૪૧	Caria papya	(Papya)
પોયણા	૬	Nymphœa stellata	
ફણસ	૭૮	Artocarpus integrifolia	(ટાડરેડ ફ્રિંટ)

વનસ્પતિનું ગુજરાતી નામ	વર્ગનું નામ દર્શાવનારી સંખ્યા	વૈજ્ઞાનિક નામ	સાધારણ અંગ્રેજી નામ
ફુદિનો	૬૮	Mentha (viridis) silvestris	
બકુલ (બોરસલી)	૫૨	Mimusops elengi	
બટાટા	૬૧	Solenum tuberosum	(Potatto)
બદામ	?	Amigdalus cumuni amer	(Almond)
બરૂ	?		
બહેડાં (બેહેડાં)	૩૮	Terminalia bellerica	
બામ (બાભ્રી)	૬૨	Moniera cuneifolia.	
બારમાસી	૫૬	Lochnera pusilla	
બાવચી	૩૫	Psoralea corylifolia	
બાજરી	૯૨	Panicilaria spycota	(Millet)
બાવળ	૩૫	Acacia arabica	(Acacia)
બીજોરી	૨૪.	Citrus medica	(Cytrus)
બીલી	૨૪	Aegle Marmelos	(Bell tree)
બીટરૂટ	૭૧	Beta vulgaris	(Beet root)
બોરડી	૩૦	Liziphus Jujuba	(Jujub)
બોરસલી	૫૨	(જુઓ બકુલ)	(Surinum Madler)
બ્રાહ્મી	૪૬	Hydrocotyle asiaticum	(Indian penivert)
ભાંગ	૭૮	Cannabis sativa	
ભાંગરો	૪૯	Eclipta erecta	
ભીંડી	૧૭	Hibiscus sabdariffa	
ભીંડા	૧૭	,, Asculantus	(Ladies finger)
ભીલામો	૩૩	Semecarpus Anacardium	(Marking nut)
ભોંયરીંગણી	૬૧	Solenum zenthocarpum	
ભોંયશીંગ (see મગફળી)			
ભોંપાત્રી	૪૯	Launaea nudicaulis	
મકાઈ	૯૨	Lia maise	(Maise)
મગ { જંગલી	૩૫	Phaseolus mangu	(Grane)
મગ { સાદા	,,	,, trilobus	
મગફળી	૩૫		
મજીઠ	?	Rubia Curdiafolia	
મરચાં	૬૧	Capsicum annum	(Chili)
મરી-કાળાં	૭૪	Piper nigrum	(Black peper)
મઠ	૩૫	Phaseolus aconityfolium	
મસુર	?	Irvalence	(Lentil)

વનસ્પતિનું ગુજરાતી નામ	વર્ગનું નામ દર્શાવનારી સંખ્યા	વૈજ્ઞાનિક નામ	સાધારણ અંગ્રેજી નામ
મહુડો	૫૨	Bassila latifolia	(Ilupatra)
માયફળ	?	Careus infectoria	(Gal nut)
માલતી	૫૭	Dregia volubilis	
માલકાંકણી	૨૯	Celestrus paniculata	(Staff tree)
મૂળા	૯	Rafenus sativus	(Raddis)
મુસળી (કાળી)	૮૨	Curculigo Orchiodis	
" (ધોળી)			
મેથી	૩૫	Trigonella Fœnugrœcum	
મેંદી } વીલાયતી	૩૯	Meters comunis inermis	(Hena)
દેશી	૪૦	Lawsonia alba	
મોગરો	૫૪	Jasminum sambac	(Jasmine)
મોરવેલ	૧	Clematis gouriana	(Bostring hemp)
યુકેલીપ્ટસ	૩૯	Eucaliptus	
રતાંજલી	૩૫	Adenanthera pavonina	
રતનજ્યોત	૭૭	Jatropha glandulifora	
રતાળુ	૧	Batatas asculatus	(Sweet potato)
રાઈ	૯	Brasica nigra	(Mustard seed)
રાજગરો	૭૦	Amarantus paniculatus	
રામફળ	૪	Anona raticulata	(Netted custard apple)
રાયણુ	૫૨	Bassia hexandra	
રીંગણુ (વેગણુ)	૬૧	Solenum Melonjina	
રીસામણી (લજામણી)	૩૫	Mimosa pudica	
લવંગ	૧	Careyafilus aromatis	(Cloves)
લસણુ	૮૫	Allium Sativum	(Garlic)
લાંગ	૩૫	Lathyrus Sativus	
લીંબુ	૨૪	Citrus acida	
લીમડો } કડવો	૨૬	Murraya Kœnigii	
મીઠો	૨૪		
લીલી ચા	૯૨	Andropogon cytrates	
વટાણા	૩૫	Pisum sativus	(Pea)
વડ	૭૮	Ficus bengalensis	(Bunyan tree)
વરણો	૧૦	Cratæra religiosa	
વરીયાળી	૪૬	Fœniculum vulgare	(Fenal seed)
વાંસ	૯૨	Dendrocalamus strictus	(Bamboo cane)

વનસ્પતિનું ગુજરાતી નામ	વર્ગનું નામ દર્શાવનારી સંખ્યા	વૈજ્ઞાનિક નામ	સાધારણ અંગ્રેજી નામ
વાલોળ (વાલ)	૩૫	Dolicos lablab	
વાંદો	૭૬	Lorangus longiflorus	(Parasite)
વિલાયતી આંબલી	૩૫	Pithacolobium dulce	
શિમળો	૧૭	Bombax malbaricum	(Silk cotton tree)
શેતુર	૭૮	Morus (alba) indica	(Mulberry)
શેરડી	૯૨	Saccarum officinalis	(Sugar cane)
શમી	૩૫	Prosopis spicigera	
શેવાળ (લીલ)			
શણ	૩૫	ક્રોટેલેરીયા જન્સીયા	(Hemp)
સક્કરીયાં	૬૦	Ipomoea (batata) calycina	
સક્કરજન			
સક્કરટેટી	૪૩	Cucumis melo	
સંત્રા			
સરસવ	૯	Brasica campestrice	
સાગ	૬૭	Tectona grandis	(Teak tree)
સાટોડી	૪૫	Trianthema monogyna	
સાબુદાણા	?		
સિસમ	૩૫	Dalbergia latifolia	(Black wood tree)
સેકટો (સરગવો) (મીઠો)	૩૪	Moringa pterigosperma	
સેકટો (સરગવો) (કડવો)	,,	,, coneanensis	
શિંગોડા	૪૧	Trapa bispinosa	(Water caltrop)
સુવા	૪૬	Pencedanum graveoleus	(Deal seed)
સુખડ	?	Santalum album	(Sandal wood)
સુરણ	૯૦	Amorphophalus campanulatus	
સુરણ (જંગલી)	,,	,, silveticus	
સુરજમુખી	૪૯	Halianthum anus	(Sun flower)
સીતાફળ	૪	Anona squamosa	
સોપારી	૮૭	Areca catechu	(Betel nut)
સોયાબીન	૩૫	Glecine soja	
હરડે	૩૮	Terminalia chebula	(Myrobalance)
હળદર	૮૧	Curcuma longa	(Turmeric)
હંસરાજ	૯૩	Adiantum lunulantum	(Fern)
હીંગ	૪૬	Ferula	
હીંગોરીઓ	૨૫	Balanites roxburghii	(Delil)

ગીતામાં જ્યોતિષ

(વ્યાખ્યાતાઃ જ્યોતિર્મલ્લ શ્રી. જગજીવન નરભેરામ બધેકા)

શ્રી ફાર્બસ ગુજરાતી સભાના આશ્રયે શ્રી. બુદ્ધિવર્ધક વ્યાખ્યાનમાળાની એક સભા તા૦ ૭-૧૧-૩૭ ને રવિવારે સાંજે સાડા પાંચ વાગે શ્રી. ફાર્બસ ગુજરાતી સભામંદિરમાં મળી હતી. દિ. બા. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી, એમ. એ. એલ. એલ. બી. પ્રમુખસ્થાને હતાં. આ પ્રસંગે જ્યોતિર્મલ્લ શ્રી. જગજીવન નરભેરામ બધેકાએ 'ગીતામાં જ્યોતિષ' એ વિષય ઉપર વિદ્વત્તાભર્યું વ્યાખ્યાન અસ્ખલિત વાક્પ્રવાહથી દોઢ એક કલાક પર્યંત મહાભારત અને જ્યોતિષ્‌ના ગ્રંથોનાં પ્રમાણો સાથે આપ્યું હતું. આ પ્રસંગે શ્રી. કૃષ્ણરામ વ્હાલજી માધવપુરકર, શાસ્ત્રી રેવાશંકર મેઘજી દેલવાડાકર, શ્રી. ધર્મસુખરામ ત્રિપાઠી, શ્રી. વિશ્વનાથ વૈદ્ય બેરીસ્ટર, રા. બા. મગનલાલ દલપતરામ, ખખ્ખર, શ્રી. પદમ ગોદરેજ, શ્રી. નટવરલાલ ઇચ્છારામ દેશાઈ, શ્રી. બાબુભાઈ ઇચ્છારામ દેશાઇ, રા. રા. મણિલાલ ઇચ્છારામ દેશાઇ, રા. રા. રમણિકરાય મોદી સોલીસીટર, રા. રા. પ્રાગજી દયાળજી હરિયાણી, વગેરે ૫૦-૬૦ વિદ્યારસિક સજ્જનો હાજર હતા.

કાર્ય શરૂ થતાં શ્રી ફાર્બસ ગુજરાતી સભાના સહાયક મંત્રી **શ્રી. અંબાલાલ બુ. જાનીએ** પ્રાથમિક નિવેદન વાંચ્યું હતું.

પ્રમુખશ્રી દિ. બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીનું પ્રાક્કથન

તે પછી પ્રમુખશ્રીએ પ્રાસ્તવિક કથન કરતાં કહ્યું. હતું કે:—

જ્યોતિર્મલ્લ શ્રી. જગજીવન નરભેરામ બધેકાની ઓળખાણ તમો સૌને કરાવવાની જરૂર નથી. અગાઉ તેઓ મુંબઈમાં લોકસાહિત્યસંબંધી તેમજ જ્યોતિષવિષયી ભાષણો આપી ગયેલા છે. તેઓ પોતાના વિષયમાં નિષ્ણાત છે. ગણિત અને જ્યોતિષ એ તેમના હસ્તગત વિષય છે, અને તેમાં તેઓ પારંગત છે. ગીતાના ગ્રંથમાંથી અનેક આચાર્યોએ અને વિદ્વાનોએ પોતાનાં મંતવ્યો શોધી પ્રકટ કર્યાં છે. એ ગ્રંથમાંથી બધું જ મળી શકે છે. 'માસોમાં માર્ગશીર્ષ હું છું,' એ ઉક્તિનું રહસ્ય ગણિતની અને જ્યોતિષની નજરે શું છે તે વિષે આજના વક્તા કાંઈક કહી સંભળાવી આપણા જ્ઞાનમાં મહત્ત્વનો ઉમેરો કરશે.

ગીતામાં જ્યોતિષ

શ્રી. જગજીવન નરભેરામ બધેકાએ તે પછી ભાષણ કરતાં કહ્યું હતું કેઃ—

ગીતાનો અને જ્યોતિષનો મેળ

આજનો વિષય, તમે બધા જાણો છો. તમને સ્વભાવિક રીતે પ્રશ્ન થશે કે ગીતાનો અને જ્યોતિષનો મેળ કેવી રીતે થયો? એમ થવામાં શાં કારણો છે? ગીતાની અંદર ગણિત અને જ્યોતિષને લગતાં વાક્યો આવે છે. ગીતાજીનો ૮ મો અધ્યાય જે અક્ષરબ્રહ્મયોગને નામે ઓળખાય છે, તેને તારકબ્રહ્મયોગ પણ કહે છે, અને તે નામ વધુ સાચું લાગે છે.

અંતરીક્ષમાં જળ છે, તેમાં તારાઓ તરે છે. ક્રાન્તિવૃત્તના ૨૭ ભાગ પાડેલા છે અને તે દરેક ભાગને નક્ષત્ર સંજ્ઞા આપેલી છે. ક્રાન્તિવૃત્ત એટલે સૂરજ ફરતો દેખાય છે તે માર્ગ.

વસંતસંપાતથી કલ્પેલાં ચાર બિન્દુઓ ૯૦-૯૦ અંશ દૂર છે. એ પરીઘમાં ૨૭ ભાગો કલ્પાયલા છે; તેને નક્ષત્રસ્થાન કહે છે. ગણત્રી બે પ્રકારની છે. એક નિરયનવાદીઓની અને બીજી સાયનવાદીઓની. પહેલી ગણત્રી અશ્વિની નક્ષત્રના આરંભથી થાય છે. નિરયનવાદીઓ પોતાની ગણના તે સ્થળેથી કરીને નક્ષત્ર ચક્રને ઓળખે છે. બીજી ગણત્રી સાયનવાદીઓની છે. આ બંને પદ્ધતિની સ્થૂળતા ભાસ્કરાચાર્યે સ્વીકારેલી છે. એ બંને ગણત્રીઓમાંથી સરખો વ્હેવાર ચાલે તે માટે યોજના થઈ છે. ત્યારે મુનિઓએ વેધશાસ્ત્ર પ્રમાણે સૂક્ષ્મતાની જરૂર જોઇ હતી. ૭ નક્ષત્રો એ પ્રકારનાં છે કે જેમાં ચંદ્ર ૯૦ ઘડી ભોગવે છે. એ નક્ષત્રોમાં સૂર્યની સંક્રાન્તિ થાય તો તેને ૪૫ મૂર્તિવાળી ગણે છે. બીજાં ૭ નક્ષત્રોમાં ચંદ્ર ૩૦ ઘડી રહે છે, અશ્લેષા, આર્દ્રા, સ્વાતિ, ભરણી, જ્યેષ્ઠા, ધનિષ્ઠા, એમાં ચંદ્ર ૩૦ ઘડી ભોગવે છે. આની મૂર્તિ ૧૫ ગણાય છે.

ગીતાજીના અધ્યાય ૮ માના ૧૭ મા શ્લોકમાં કલ્પ એટલે બ્રાહ્મદિવસ એવું કહેલું છે. એક વખતે મીનાન્ત અને મીનાદિ સીધી રેખામાં નવે ગ્રહો હારબંધ હતા. એ ગ્રહો એ જગ્યાએ ફરી ક્યારે આવશે, એ પ્રશ્ન છે. કલ્પ કોને કહેવો, એ માટે તેનું લક્ષણ યોજેલું છે. ૪ અબજ ૩૨ કરોડ વરસે એ શક્ય બને છે. એને બ્રાહ્મ દિવસ પણ કહે છે. એક હજાર ચોકડીના ચાર યુગો કલ્પેલા છે; સત્યયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ અને કળીયુગ, એ ચાર યુગ; એવી ૭૧ ચોકડીનું બ્રહ્માનું એક વરસ. બ્રહ્માના ૫૧મા વરસનો આ પ્રથમ માસ છે. આના ચૌદ વિભાગ પાડીને દરેકને મન્વંતર સંજ્ઞા આપેલી છે. હાલમાં ૭મો વૈવસ્વત મનુ ચાલે છે અને ૨૮ મી ચોકડીનું પહેલું ચરણ ચાલે છે.

જનોઈનું રહસ્ય

ક્રાન્તિવૃત્ત એટલે જનોઇ. યજ્ઞોપવીત સિવાય કોઈ ધર્મકામો થઇ શકતાં નથી. એમ શા માટે ? યજ્ઞોપવીતને બ્રહ્મસૂત્ર પણ કહે છે. એ નામ વધુ બંધબેસતું લાગે છે. જનોઈના ત્રણ તાંતણામાં દરેકમાં ૯ તંતુ હોય છે. એકંદરે ૨૭ તંતુવાળી માળા ૨૭ નક્ષત્રની સૂચક છે, અને તે ડાબે ખભે રાખવાની હોય છે. વિષવવૃત્ત પર ઉભેલો માણસ ક્રાન્તિવૃત્ત ઉપર ૨૩ અંશ વાંકું જોઇ શકે તે બતાવવા માટે તે યોજના થઇ છે. જ્યારે સૂરજ ઉત્તર ગોળમાં હોય છે ત્યારે તેને દેવદિન ગણે છે. તે સમય તે સવ્ય કહેવાય. દેવલોકમાં સૂર્ય ન હોય ત્યારે અપસવ્ય કહેવાય છે. દેવકાર્યો કરવામાં જનોઈને સવ્ય રાખવામાં આવે છે. પિતૃકાર્યો કરવામાં જનોઈ ને અપસવ્ય રાખવામાં આવે છે. તેનું કારણ આ રીતે જ્યોતિષ સાથે સંકળાયેલું છે. બ્રાહ્મણો આકાશનું જ્યોતિષજ્ઞાન ન ભૂલે, એ માટે આ યોજના થઈ હશે.

ગીતાની અંદર વેદનાં તત્ત્વો ભરેલાં છે. ક્રાન્તિવૃત્તમાં ભમતો સૂર્ય ત્રણ પ્રકારનાં વરસો ઉત્પન્ન કરે છે. સાંપાતિક નાક્ષત્ર અને ઉચ્ચ ગ્રહોના ભ્રમણમાર્ગ લંબગોળ આકૃતિના છે. પૃથ્વી સૂર્યથી દૂર હોય છે, તે વખતે તેની ગતિ મંદ થાય છે, અને નજીક હોય છે તે વખતે ગતિ ઉતાવળી બને છે. ઉપલા ત્રણ પ્રકારનાં વર્ષોમાંથી બે ચળ છે અને એક અચળ છે.

સૂર્યને પોતાની જગ્યા ઉપર આવતાં ૩૬૦ દિવસ લાગે છે. અનાદિકાળથી મહર્ષિઓ પોતાનો સંબંધ અયન સાથે રાખતા આવ્યા છે. અયન સાથે સંબંધ રાખ્યા પછી જ નિરયનની ગણત્રી ઉદ્ભવી છે. સંપાત ચલનનું ભાન પૂર્વે હતું કે નહીં એ, પ્રશ્ન છે.

પ્રાચીન કાળમાં વસંત ઋતુ

પ્રાચીન સમયમાં ઉત્તરાયણ ક્યારે થતું, એ વિષે મતભેદ છે. ઉત્તરાયણનું લક્ષણ શું હોઈ શકે ? અગ્નિ, જ્યોતિ અને શુકલ, એટલે ઉત્તરાયણ. તે ઋતુઓ આપે છે. અગાઉ માર્ગશીર્ષ માસમાં વસંત ઋતુ આવતી. આજે તે ફાગણમાં આવે છે. ભાગવતના ૧૨મા સ્કંધના ૧૧ મા અધ્યાયમાં વ્યૂહ ગણાવેલા છે. તેમાં અંશુમાન નામનો રવિ ગણાવેલો છે. અંશુમાન નામનો સૂર્ય માર્ગશીર્ષ માસમાં હોય છે. તેથી જ્યોતિષમાં હું અંશુમાન છું, એમ ભગવાને ગીતામાં પણ કહેલું છે. નક્ષત્રોમાં ચંદ્ર હું છું, એમ પણ ગણાવેલું છે. પરંતુ ચંદ્ર એ નક્ષત્ર નથી. પણ સોમ એટલે ચંદ્ર, એ મૃગશીર્ષનો દેવ છે. અગ્નિની ગતિ ઉપર છે, સોમની ગતિ નીચે છે. મૃગશીર્ષનું બીજું નામ ભારત. એ ઉપરથી તેને ભારત માસ પણ કહે છે.

પૂર્વે વ્રતનિયમાદિનો પ્રારંભ માર્ગશીર્ષ માસમાં થતો. અને વસંતની શરૂઆત પણ તે જ માસમાં થતી. કર્કાચાર્યના સમયમાં વસંત ઋતુ આશ્વિન માસમાં હતી. તે સમયથી સૂર્ય આજે ૧૪ નક્ષત્ર પાછળ પડી ગયો હોય એમ લાગે છે. કર્કાચાર્યનો સમય ૧૪ હજાર વર્ષ પૂર્વેનો છે. એટલે તે સમયે આપણા પૂર્વજો વેધસિદ્ધિ મેળવી શકયા હતા, એમ લાગે છે. શ્રી. પણશીકરે નિર્ણયસિંધુ ગ્રંથમાં ગાલવસંહિતાનો શ્લોક છે તેમાં મકર રાશિમાં સૂર્ય આવે ત્યારે દક્ષિણાયન અને કર્ક રાશિમાં આવે તે સમયે ઉત્તરાયણ થાય છે, એમ જણાવેલ છે. મંદોચ્ચ, સંપાત, ક્રાન્તિ, સૂર્ય, ચંદ્ર વગેરે કાંટાઓ આપણને કાળનિર્ણયમાં મદદ કરે છે.

મહાભારતના અનુશાસન પર્વમાં ભીષ્મ પિતામહે કહેલું છે કે, શરદ ઋતુમાં જેઠ માસમાં કપિલા ગાયનું દાન કરવાનું જણાવેલ છે. પોષ માસના શુકલ પક્ષમાં રોહિણી આવે છે, ત્યારે અગાશીમાં એક વસ્ત્ર પહેરીને સૂવું, તેમ જ સોમનાં કિરણોનું પાન કરવું, એમ કહેલુ છે, જ્યારે આજે તો આ સમયે કડકડતી ટાઢ પડતી હોય છે. આ ઉપરથી એમ સમજાય છે કે તે કાળે એ સમયમાં ગ્રીષ્મ ઋતુ હોવી જોઇએ.

મહાભારતમાં યુધિષ્ઠિરની જન્મતિથિ આપેલી છે, તે પરથી એમ સમજાય છે કે મહાભારત આજથી ૧૮ હજાર વર્ષ ઉપર થયું હશે. આ રીતે ઋતુઓમાં વસંત મુખ્ય હતી, એમ સમજી શકાય છે. આના નિર્ણય માટે વિદ્વાનોની પરિષદની જરૂર છે.

પ્રમુખનો ઉપસંહાર

દિ. બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરીએ વકતાનો આભાર માનતાં કહ્યું હતું કે,

આજના વકતાએ આજના ગહન વિષયને ઘણો રસિક બનાવ્યો છે. આમાંની કેટલીયે વાતો આપણે જાણતા ન હતા. ઉપવીતની વાત પણ ખાસ સમજવા જેવી લાગે છે. સવ્ય અને અપસવ્યનું રહસ્ય મને પણ આજેજ સમજાયું છે. શ્રી. બધેકાજીએ જે સચોટતાથી આપણી સમક્ષ વિષયને રજૂ કર્યો તે આપણા જેવા સાધારણ જ્ઞાનથી માપ લેતાં સાચો લાગે છે. આવું સરસ વ્યાખ્યાન આપવા માટે હું બધેકાજીનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

શ્રી નટવરલાલ ઈ. દેશાઇએ ઉપલી દરખાસ્તને ટેકો આપતાં કહ્યું કે, શ્રી. બધેકાજીનું વ્યાખ્યાન મેં ખૂબ રસથી સાંભળ્યું છે. તેમનું જ્ઞાન ઘણું ઊંડું છે. તેમના જ્ઞાનનો લાભ આપણને મળી શકયો તે માટે તેમનો, શ્રી ફાર્બસ ગુજરાતી સભાનો તેમજ પ્રમુખશ્રીનો આભાર માનું છું;

નોંધ : રાઃ રા. બધેકાજીનું આ આખુંએ વિસ્તૃત વ્યાખ્યાન હવે પછીના અંકમાં (વર્ષ ૩; અં. ૧) ખાસ પત્રિકા દ્વારા પ્રકટ કરવાની યોજના થયલી છે. **સં: અં. બુ. જાની**

અવલોકન

૧. વૈદ્યોનું વાર્ષિક—ગ્રંથ ૧ લો

આયુર્વેદના રસજ્ઞો અને વૈદ્યવિદ્યાના વિચારકોનું વાર્ષિક: ગ્રંથ ૧ લો: વિ. સં. ૧૯૯૪: તંત્રી: રા. રા. પ્રતાપકુમાર પોપટભાઇ વૈદ્ય, ઠે. વૈદ્યભુવન, ભૂલેશ્વર, મુંબઇ નં. ૨. પાનાં ૩૭૬ મૂલ્ય રૂા. ૩-૦-૦.

આ એક વૈદ્યવિદ્યાવિષયી ખાસ આવકારલાયક અને સત્કારને યોગ્ય વાર્ષિક ગ્રંથપ્રવૃત્તિ આદરવા માટે તેના તંત્રી રા. રા. પ્રતાપકુમાર પોપટભાઈ વૈદ્ય બેશક ગુજરાતની સામાન્ય અને વિશેષે કરીને સ્વદેશી વૈદ્યવિદ્યારસિક જનતાનાં અભિનંદનને પાત્ર છે. અમે પણ તેમને એ માટે અભિનંદન દઈએ છીએ અને ઇચ્છીએ છીએ કે તેમની આ ગ્રંથપ્રવૃત્તિ પ્રતિવર્ષે વિશેષ જોમ અને જોશ મેળવતી પગભર થાય. પ્રસ્તુત વાર્ષિક ગ્રંથ એક મહત્ત્વની આવશ્યક પ્રવૃત્તિ છે. તેમાં અભ્યાસ અને મનન યોગ્ય, સારા આયુર્વેદના અભ્યાસી અને વૈદ્યવિદ્યાનિપુણ વ્યવહારવિદ્ લેખકોએ લખેલા સંખ્યાબંધ લેખો સમાવાયેલા છે. ઉપરાંત વૈદ્યવિદ્યા સાથે સંબંધ ધરાવતા લેખો પણ આમાં અપાયલા છે.

ભાઈ પ્રતાપકુમારની પ્રસ્તુત પ્રવૃત્તિ આદરવાની અભિલાષા આ છે: "ગુજરાતી વૈદ્ય સમાજ જેને માટે ગૌરવાન્વિત બને, જે કોઇ વાડા ન સ્વીકારે, બન્ને બાજુઓની ચર્ચા જેમની તેમ રજુ કરે, જે શાસ્ત્રીય લેખકોનું વિહારસ્થળ બની રહે અને આયુર્વેદનો ઉત્કર્ષ સાધવા માટે કટિબદ્ધ થયલાં નરનારને પુનિત ગંગા સમ નિર્મળ વારિનું પાન કરાવતું રહે, એવું પ્રકાશન આપવું."

પ્રભુ, તેમની આ અભિલાષા પ્રસ્તુત ગ્રંથપ્રવૃત્તિના સાતત્યદ્વારા સફળ કરો અને ગુજરાતી જનતાના આયુર્વેદપ્રેમને, સ્વદેશી વૈદ્યવિદ્યા પ્રતિની અભિરૂચિને તૃપ્ત કરો, એવી અમારી તેને નમ્ર અભ્યર્થના છે.

આ ૩૭૬ પાનાંના, વિવિધ અને જ્ઞાનરસિક વાચનસામગ્રીઓથી, ઉપરાંત વ્યવહારૂ માર્ગદર્શન—સૂચનાઓથી ભરપૂર ગ્રંથનું વિગતવાર અવલોકન અત્રે સ્થળાભાવે થઈ શકે એમ નથી. બાકી વૈદ્યવિદ્યા પ્રણાલિના શિક્ષણના, વિવિધ રોગોની ચિકિત્સાઓના, વિવિધ વનસ્પતિઓ અને ઔષધોના, હિન્દમાં આયુર્વેદ વિદ્યાએ કરેલી પ્રગતિ-પ્રવૃત્તિઓના, તે સંબંધી ઉદ્યોગના વગેરે વગેરે પ્રકારના લેખો વાચનીય અને વિચારણીય છે, એટલું જ નહીં પણ તેમાં થયલાં માર્ગદર્શનો રોગનિવારણ માટે વ્યવહારૂ, અનુભવાયલાં પણ છે. આયુર્વેદપ્રેમીઓની રોજનીશી, જાણકારોને માટે, વિચારપ્રવાહો, લેખકપરિચય આદિ અન્ય અંગો પણ તે તે વિષયો ઉપર ઉજ્જવલ પ્રકાશ પાડનારાં છે. વૈદ્યવિદ્યામાં રસ લેનારાઓએ આ ગ્રંથ સંગ્રહવા અને વિચારવા યોગ્ય છે.

૨. ગોલોકવાસી શ્રીમગ્નલાલ શાસ્ત્રી-સ્મારકાંક

"શુદ્ધાદ્વૈત ભક્તિમાર્તણ્ડ" માસિકનો ખાસ અંક: વર્ષ ૧૨, અં. ૭. સંપાદક: પ્રો. શ્રી જેઠાલાલ ગોવર્ધનદાસ શાહ, એમ. એ., અને શ્રી નાગરદાસ કાશીરામ બાંભણીયા, એમ. એ., એલએલ. બી. તંત્રી: શ્રી વસંતરામ હ. શાસ્ત્રી, અમદાવાદ.

ભગવચ્છાસ્ત્રનિષ્ણાત; શુદ્ધ પુષ્ટિમાર્ગીય, ભક્તપ્રવર, વિદ્વદ્વર, ગોલોકવાસી શાસ્ત્રીજી મગ્નલાલ નિઃશંક ગુજરાતના અણમોલા, નિર્દંભી છતાં ઉજ્જવલ પ્રકાશવન્તા વિદ્વદ્રત્ન હતા.

તેઓ સંસ્કૃત ભાષા અને સાહિત્યના નિષ્ણાત પંડિત હતા. તેઓ સારા વ્યાખ્યાતા પણ હતા. ઉપરાંત તેઓ ગુજરાતી ભાષા અને સાહિત્યનો ઉત્કર્ષ સાધનારા સાહિત્યસર્જક પણ હતાઃ તેમણે મુખ્યત્વે શુદ્ધાદ્વૈત પુષ્ટિમાર્ગીય ધાર્મિક સાહિત્યને સંશોધી તેમ જ તેના શુદ્ધ ગુજરાતી અનુવાદો લખી, પ્રકટ કરવામાં અથાગ શ્રમ લીધેલો છે. અને અન્ય લેખકો, સંશોધકો તથા પ્રકાશકોને પણ ઉત્તેજન અને સહાનુભૂતિથી સારી સહાયતા આપેલી છે. ઉપરાંત તેઓ સંસ્કૃત સાહિત્યના આચાર્ય હતા, એટલે પઠન--પાઠનદ્વારા પણ અનેક વિદ્યાર્થીઓ તેમ જ અભ્યાસીઓ ઉપર તેમણે અનેક ઉપકારો કરેલા છે.

પ્રસ્તુત સ્મારકાંકમાં સ્વ. ગો. શાસ્ત્રીજીની જીવનકલાનાં વિવિધ અંગો ઉપર પ્રકાશ પાડનારા, તેમના સદ્ગુણો અને સલ્લક્ષણોને, ધાર્મિક પ્રવૃત્તિઓને, તેમને ઉદાત્ત અને ઉદાર પ્રકૃતિને, ધાર્મિક અને નિર્લોભી છતાં ઉપકારક ગાર્હસ્થ્ય જીવનવ્યવહારને સુયોગ્ય અને સત્ય સ્વરૂપમાં આલેખનારા, સંમાન્ય વિદ્વાનોના સંસ્કૃત, અંગ્રેજી અને ગુજરાતી લેખો આપવામાં આવેલા છે. ગો. શાસ્ત્રીજીના જીવનચરિતમાં ઉપયોગી અને માર્ગદર્શક થાય તેવી અનેક સામગ્રીઓ સરસ અને મનનીય છે. તેમને આટલી જ શ્રદ્ધાંજલિઓ આપી-અપાવીને શુદ્ધાદ્વૈતી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો નહીં અટકે, પણ તેમની અપ્રકટ રહેલી ગ્રંથસામગ્રીઓ, તેમનું જીવનચરિત, તથા તેમને અંતરથી પ્રિય એવી પુષ્ટિમાર્ગીય ધાર્મિક ગ્રંથપ્રવૃત્તિને પણ પ્રાણદાયી, પ્રેરક રીતિએ પ્રકટ કરી, સવિસ્તૃત પ્રચાર-પ્રસારવતી કરી, એમની પ્રત્યેનું ઊંડું ઋણ સત્વેળા અદા કરશે, એવી અમારી તેમને આગ્રહી વિનતિ છે.

અન્તમાં "શુદ્ધાદ્વૈત ભક્તિમાર્તણ્ડ"ના પ્રસ્તુત સ્મારકાંકના વિદ્વાન સંપાદકો અને તંત્રીના આ આદરણીય પ્રયાસને અમે સત્કારીએ છીએ અને હજી આથી, જે કોઇ વિશેષ જાણવા -વિચારવા યોગ્ય સામગ્રીઓ ગો. શાસ્ત્રીજીની સત્સાહિત્યપ્રવૃત્તિઓ સંબંધમાં સુપ્રાપ્ય હોય તે પ્રકટ કરવા વિનવીએ છીએ.

૩. સારભૂત શ્લોકીગીતા

સારભૂત સિદ્ધાંતો સહિત : સરલ વેદાન્ત ગ્રંથમાળા નં. ૫, સંપાદક શ્રી. મે. લા. પી. ભાવનગર કે. કીં. ૦-૬-૦

આ નાની પુસ્તિકામાં ગીતાપ્રેમી, વિચારશીલ ગુજરાતી જનતા માટે ઘણો વિચારવા યોગ્ય, માર્ગદર્શક જ્ઞાનસંભાર પૃથક્કરણપુરઃસર ભરાયલો છે. અમારી જાણ પ્રમાણે આ પુસ્તિકાનો સંભાર તારવનાર ગીતાના ઊંડા અભ્યાસી, તેનાં વિવિધ તત્ત્વો-અંગોના મર્મજ્ઞ-રસજ્ઞ, વિચારક, ગીતા ઉપર લખાયલાં અનેક ભાષ્ય અને ટીકાઓ, તેમજ સ્વ. લોકમાન્ય બાલગંગાધર તિલકનું ગીતાતાત્પર્ય આદિ ગ્રન્થોનું મનન કરનાર, રા. રા. લાભશંકર પીતાંબરદાસ મહેતા છે. તેમણે અત્યારસુધીમાં આ શ્રેણીના ચાર સારા અને સરલ ગ્રન્થો લખી પ્રકટ કરાવેલા છે. એ ચારે ગ્રન્થોની જેમ તેમનો પ્રસ્તુત પાંચમો ગ્રન્થ સારો આવકારલાયક છે,

પ્રસિદ્ધ ગ્રંથમાં તેમણે ગીતાજીના પ્રત્યેક અધ્યાયમાંના, ગીતાજીના સિદ્ધાન્ત સારભૂત શ્લોકોનો પૂર્વાપર સંબંધપૂર્વક નવી વ્યવસ્થાસર સંગ્રહ કરેલો છે. દા. ત. અધ્યાય બીજો જુઓઃ જ્ઞાનયોગના શ્લોકોથી તેની ગોઠવણી થાય છેઃ (૧) મનુષ્ય અને મૃત્યુઃ ૨-૧૧, ૨-૧૨, ૨-૧૩, ૨-૨૨, ૨-૧૪, ૨-૧૫,...૨-૨૭, ૨-૨૮, ૨-૨૫. એવી જ રીતે સ્વધર્માચરણમાં પાપ

લાગતું નથી, યોગબુદ્ધિ વગેરે ઉપયુક્ત વિભાગો પાડી તે તે વિભાગને ઉચિત શ્લોકો તેમણે ગોઠવ્યા છે. આમ અઢારે અધ્યાયોની શ્લોકવ્યવસ્થા તેમણે સુંદર રીતે કરી છે. ઉપરાંત પ્રત્યેક શ્લોક સમૂહના તાત્પર્યાદિનું દિગ્દર્શન બાજુમાં ગુજરાતીમાં તારવી ગોઠવેલું છે.

રા. રા. લાભશંકર મહેતાનો આ નવીન પ્રયાસ અવશ્ય વિચારણીય છે. ગીતાના વિચારકો અને અભ્યાસીઓને તે માર્ગદર્શક થશે, અને ગીતાનો વિષય સમગ્રરૂપે ગ્રહણ કરવામાં તેમની આ લઘુ પુસ્તિકા સહાયભૂત થશે, એમ એવી આશા છે.

૪. હેમચન્દ્ર વચનામૃત

સંગ્રાહક અને અનુવાદક શાન્તમૂર્તિ મુનિરાજ શ્રી જયન્તવિજયજી: પ્રકાશક શ્રી દીપચંદ બાંઠિયા, મંત્રી શ્રી વિજયધર્મસૂરિજી જૈન ગ્રંથમાળા પુ. ૩૬, છોટાસરાફા–ઉજ્જૈન, મૂ. રૂ1. ૦–૮–૦

જૈનસંમાન્ય, કલિકાળસર્વજ્ઞ, શ્રી હેમચન્દ્રાચાર્યજીના સુપ્રસિદ્ધ ત્રિષષ્ટિશલાકા પુરૂષ-ચરિત્રનાં દશ પર્વોમાંથી વાચનમનનને અંતે ચુંટાયલાં, મુનિઓ અને જનતાને સાહિત્યાભ્યાસમાં સવિશેષ ઉપયોગી થાય તેવાં અને જાણવાલાયક, સુંદર શ્લોકો અને સુભાષિતોનો આ સારો સંગ્રહણીય સંગ્રહ છે. તે વચનામૃતોના સન્નામને હરેક રીતે સુયોગ્ય છે. સાથે સાથે પ્રત્યેક વચનનો સરળ, અને સરસ ગુજરાતી અનુવાદ પણ મુનિશ્રી જયંતવિજયજીએ આપેલો છે. વચનામૃતોની કુલ સંખ્યા ૯૧૫ છે. મુનિશ્રીએ તેના દેવકાંડ, માનવકાંડ, તિર્યક્કાંડ, જીવકાંડ એવા ચાર વિભાગ પાડી તત્તદ્ગત વિષયોમાં વહેંચી વિષયાનુક્રમણિકા પણ તારવેલી છે. દેવકાંડના ચાર વિભાગમાં વહેંચણી કરાયલી છે: ૧ પરમાત્મા, ૨ દેવ, ૩ સૂર્ય–ચન્દ્ર અને ૪ રાક્ષસ. માનવકાંડના, માનનીયવર્ગ, કુટુંબવર્ગ વગેરે પેટાવિભાગો પાડી, ઋષિમુનિ, મહાત્મા, સંતસજ્જન, મોટા મનુષ્યો, ગુરૂ–વડિલ, શિષ્ય, અતિથિ, સાધર્મિક, વગેરેમાં વહેંચી નાંખી ૧૮ વિષયો તારવ્યા છે અને તેને લગતાં, પર્વવાર શ્લોકો અને સુભાષિતોના આંકડા પણ આપેલા છે, જેથી શ્રીહેમચન્દ્રાચાર્યજીના મૂળ પુસ્તકમાંથી તે સરળ રીતે શોધી શકાય એમ છે.

આ એક ધાર્મિક અને સાહિત્યકરસિક જનતાને ઉપકારક ગ્રંથ છે અને તે તારવી સાનુવાદ લખવા માટે મુનિશ્રીને અમારાં અભિનન્દન છે.

૫. સુભાષિત–પદ્ય–રત્નાકર : ભાગ ૩જો

શ્રી વિજયધર્મસૂરિ જૈન ગ્રંથમાળા પુ. ૩૪: સંગ્રાહક અને અનુવાદક મુનિરાજ શ્રી વિશાળવિજયજી, મૂલ્ય રૂ. ૧–૪–૦ પ્રકાશક, પ્રાપ્તિસ્થાન વગેરે ઉપર પ્રમાણે.

આ ગ્રંથના પ્રકાશક કહે છે તેમ ઉપદેશકો, અને સામાન્ય ગૃહસ્થોને બે ઘડી આત્માની શાન્તિ માટે સ્વાધ્યાયનું સાધન બની શકે એવી ગ્રંથશ્રેણીનો આ ત્રીજો (સંગ્રહ) ગ્રંથ છે. મુનિરાજ શ્રી વિશાળવિજયજીએ સંસ્કૃત કાવ્યગ્રંથો અને ચરિત્રગ્રંથોના પોતાના અભ્યાસ અને વાચનના પરિપાકરૂપે ઉપદેશને યોગ્ય સુભાષિત શ્લોકો આ સંગ્રહમાં જૈન તેમ જૈનેતર વિદ્વાનોના સદ્ગ્રંથોમાંથી પરિશ્રમપૂર્વક તારવેલા છે. તેને ક્ષત્રિય, રાજા, રાજનીતિ, બ્રાહ્મણ, ભિક્ષા, આશિર્વાદ, વૈશ્ય, વ્યાપાર, દેશાટન, શૂદ્ર, સેવા, સેવક, સ્વામી, સુપાત્ર, આદિ ૧૦૦ પેટા વિભાગોમાં વહેંચેલા છે. ઉપદેશકોને તેમજ સાંસારિક જનોને પણ આ શ્લોકો સારા બોધદાયક અને રસપ્રદ છે. સાથે એ દરેક શ્લોક નીચે તે કયા ગ્રંથનો કેટલામો છે તે પણ નોંધી

તેની ઉપયોગિતામાં ઉમેરો કરેલો છે. ઉપરાંત દરેક શ્લોક નીચે તેનો અનુવાદ પણ સરળ તેમજ સરસ અપાયેલો છે.

મુનિમહારાજનો આ ત્રીજો સંગ્રહ તેના પુરોગામી બે સંગ્રહોના જેટલો જ ઉપયુક્ત અને ઉપકારક છે. તેમનો હવે પછીનો આ શ્રેણીનો ચોથો સંગ્રહ પણ પ્રસ્તુત ત્રીજા સંગ્રહની જેમ શિષ્ટ ગુજરાતી-જૈન તેમ જ જૈનેતર જનતા વંધાવી લે એવો થશે, એમ સમજાય છે. પુસ્તકાલયો અને ઉદ્ધારકોએ અવશ્ય સંગ્રહણીય આ ગ્રંથ છે.

૬. સ્ત્રીશક્તિ ગ્રંથમાળા: પુષ્પો ૨૭થી ૩૬

નવમતવાદી સાહિત્યરસિક જનતા-યુવાનો, યુવતીઓ અને બાલકોને સ્ત્રીશક્તિગ્રંથમાળાના પ્રયોજક ભાઈશ્રી ઈશ્વરલાલ વીમાવાળા રસપ્રદ અને વિચારોત્તેજક સ્ત્રીસાહિત્ય મુખ્યત્વે નાની નાની ભાવવાહી સંસાર-સમાજલક્ષી વાર્તાઓ દ્વારા પૂરૂં પાડવા અથાગ શ્રમ વેઠી રહ્યા છે. તેઓ સાથે સાથે "સ્ત્રીશક્તિ" સાપ્તાહિક પણ સમર્થ રીતે સંપાદિત કરે છે. પ્રસ્તુત પુષ્પો ૨૭થી ૩૬ની વિગત પહોંચ-સ્વીકાર વિભાગમાં આપેલી છે, એટલે તેની પુનરૂક્તિ અહીં કરવી ઉચિત નથી. ભરતગુંથણ (૨૯મું પુષ્પ) સિવાયનાં અન્ય પુસ્તકો ઉપર જણાવ્યું તેમ વાર્તા-નવલિકાનાં છે. અંગ્રેજી કેળવણી અને સંસ્કાર પામેલા હિન્દુ સ્ત્રીજગતને કેવાં કેવાં સાંસારિક, સામાજિક અને વ્યાવહારિક સંકટો, આપત્તિઓ, વિટંબનાઓ સહેવાં પડે છે અને તે સહેતાં તેમને જીવનમાં બલિદાન કેવા વિકટ સંજોગોમાં દેવાં પડે છે, એ સહુનો ચિતાર રસોત્તેજક વિચારશૈલી અને ઉછળતી પ્રેરક વાણીમાં નિરૂપાયલો છે. અલબત્ત સાંપ્રત સંક્રાન્તિકાલમાં અભિનવા પાશ્ચાત્ય-પૌરસ્ત્ય સંસ્કારોમાં ઉછરતાં અને ઉછરેલાં સ્ત્રીજનોને સંસાર માંડતાં તેમના મનોરથ-વાંચ્છના-વાસનાને યોગ્ય, તેમના જેવી સંસ્કૃત કોટિના સહચર ન મળતાં, ઉપરાંત પોતે તેમજ તેમનાં જૂની ઘરેડનાં સાસરિયાં સુમેળથી પડ્યું પાનું નિભાવી લેવાના મોટા મનનાં નહીં હોવાથી તેમની સાથે વ્યવહારમાં રહેતાં ગંભીર મનોવ્યથા અને મનઃદુખ વેઠવાં પડે એવી વિષમ સ્થિતિમાં આવી પડે છે, એ હકીકત છે; અને તે સ્થિતિમાં તેઓ કાંતો બંડખોર બને છે કે આત્મબલિદાન દે છે, એ પણ તેટલી જ જલવંત હકીકત છે. આનો કોઈ સંવાદી ઉકેલ સમાજશાસ્ત્રીઓ અને લોકજ્ઞ વિચારશીલ લોકનેતાઓએ મોડોવ્હેલો કર્યા વિના છૂટકો નથી. દરમ્યાન જે કોઈ કરૂણ કિસ્સાઓ બને અને તેનાં રોમાંચક વર્ણનો જનહૃદયને ઉત્તાપે-સંતાપે, તો સુજ્ઞ સમાજે મોટા મનથી તે સહી લેવું રહ્યું.

રા. રા. ઈશ્વરલાલ વીમાવાળા નવમતવાદી સ્ત્રીજગતને અનુકૂળ સાહિત્યસેવા ભારે જહેમત ઉઠાવી બજાવી રહેલ છે, તે માટે બે મત નથી. વાર્તાઓ વિચારોત્તેજક અને રસપ્રદ છે, તેમ વાર્તાલેખકો પણ તેમની સંસ્કાર ભાવના પ્રમાણે તેમાં સારો હિસ્સો આપી રહેલ છે. માત્ર એટલું કે આ પુષ્પોની વાર્તાઓમાં આલેખાયલાં રસદર્શનો સ્વાભાવિક છે તેમ એકાંગી-એકપક્ષી પણ કેટલેક અંશે છે.

પુસ્તિકાઓ નાની અને સમધારણ કિમ્મતની હોવાથી સારો ઉઠાવ અને લોકાદરને પાત્ર છે.

પહોંચ—સાભાર સ્વીકાર

શ્રી ફાર્બસ ગુજરાતી સભાના "ત્રૈમાસિક"ના બદલામાં આવેલાં સાપ્તાહિકો, પાક્ષિકો, માસિકો, ત્રૈમાસિકો, વાર્ષિકો, સાપ્તાહિકો, દિવાળીના અંકો, એ સહુના તંત્રીઓ અને પ્રકાશકોનો, તેમજ પોતાના ગ્રંથો મોકલનાર ગૃહસ્થો અને સંસ્થાઓનો અમે અહીં આભાર માનીએ છીએ.

તા. ૧૦-૧૨-૩૭ મુંબઈ

સં. ત્રૈ. અં. બુ. જાની

પુસ્તકો

ગુજરાતવર્નાક્યુલરસોસાઇટી, અમદાવાદ તરફથી નીચેનો (૩૧થી ૪૨ અંકનો) સટ મળ્યો છેઃ

૩૧ **ગુજરાતીઓએ હિન્દી સાહિત્યમાં આપેલો ફાળો** : લેખક : શ્રી ડાહ્યાભાઈ પીતાંબરદાસ દેરાસરી. કીંમત ચાર આના.

૩૨ **નીતિશાસ્ત્ર** : ભાષાન્તરકર્તા–શ્રી પ્રહલાદભાઈ આનંદશંકર ધ્રુવ, કીંમત બાર આના.

૩૩ **મનોમુકુર** (ગ્રંથ ત્રીજો) કર્તા–સ્વ. નરસિંહરાવ ભોળાનાથ દીવેટીઆ. કીં. રૂ. ૧.

૩૪ **પ્રજાજીવનની દૃષ્ટિએ દુધ અને ઘી** : વ્યાખ્યાતા : ડૉ. હરિપ્રસાદ વ્રજરાય દેસાઇ. કીંમત બે આના.

૩૫ **ટસ્કેજી અને તેનાં માણસો** : લેખક : શ્રી અમૃતલાલ ચુનીલાલ મોદી. કીંમત ૧૦ આના.

૩૬ **ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઈતિહાસ** : (ભાગ ૧ લો), શ્રી દુર્ગાશંકર કેવલરામ શાસ્ત્રી. કીંમત રૂા. ૧.

૩૭ **પ્લેટોનું આદર્શ નગર** (પુસ્તક ૧લું) અનુવાદક : શ્રી પ્રાણજીવન વિશ્વનાથ પાઠક. કીંમત રૂ. ૧

૩૮ **અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન** : ખંડ ૩—લેખક : શ્રી. હીરાલાલ ત્રિ. પારેખ. કીંમત રૂ. ૧.

૩૯ **દાર્શનિક કોષ** (પ્રથમ ખંડ) સંપાદક : શ્રી. છોટાલાલ નરભેરામ ભટ્ટ કીં. રૂ. ૧.

૪૦ **ગ્રંથ અને ગ્રંથકાર** (વર્ષ ૮–૧૯૩૭) તૈયાર કરનાર : શ્રી. હીરાલાલ ત્રિ. પારેખ. કિંમત રૂ. ૧

૪૧ **લીંબુ અને મેવાની જાતનાં ફળો** : લેખક—શ્રી. મગનલાલ ત્રિ. કિં. ૦–૪–૦

૪૨ **ગુજરાત વર્નાક્યુલર સોસાઈટીનો સન ૧૯૩૬ની સાલનો રીપોર્ટ.**

૪૩ **રઘુવંશ** (સચિત્ર) સમશ્લોકી અનુવાદકઃ રા. રા. નાગરદાસ અમરજી પંડયા, બી. એ. ખાંડીપોળ, વઢવાણ. મૂલ્ય રૂ. ૨–૦–૦

૪૪ **સારભૂતશ્લોકી ગીતા** સરળ વેદાન્તગ્રંથમાળા નં. ૫ઃ સં. રા. રા. મે. લા. પી. ઠે. રા. રા. લાભશંકર પી. મહેતા, ભગાનું તળાવ ભાવનગર.

૪૫ મરાઠી વ્યાકરણાચી કુલકથા (ગંગાધર શાસ્ત્રી ફડકે, દાદોબા પાંડુરંગ વગેરે મરાઠી પ્રવીણ વ્યાકરણશાસ્ત્રીઓના ગ્રંથોની પ્રસ્તાવના આદિ સાથે કથા.) લે. રા. રા. સ. કા. પ્રિયોલકર, બી. એ., મુંબઈ નં. ૭

૪૬ હેમેન્દ્રવચનામૃતઃ સંપાદક અને અનુવાદક મુનિશ્રી જયંતવિજયજીઃ ઠે. દીપચંદ બાંઠિયા, મંત્રી, શ્રી વિજયસૂરિ જૈનગ્રંથમાળા ૩૬, છોટા સરાફા, ઉજ્જૈન મૂલ્ય રૂ. ૦–૮–૦

૪૭ સુભાષિતપદ્યરત્નાકરઃ (ભાગ ૩જો) સંગ્રાહક અને અનુવાદક મુનિશ્રી વિશાલવિજયજીઃ શ્રીવિજયસૂરિ જૈનગ્રંથમાળા ૩૪, ઠે. પ્રકાશક વગેરે ઉપર (૪૬) પ્રમાણે મૂલ્ય રૂ. ૧–૪–૦.

સ્ત્રીસાહિત્યમંદિર સુરતથી મળેલાં પુસ્તકો (૪૮થી૫૭) (ઠે. ૧૮૦ કેળાંપીઠ–સુરત)

૪૮ જીવનપલટો (૨૭) મૂ. ૦–૪–૦; **૪૯ સુખી ઘર** (૨૮) મૂ. ૦–૩–૦; **૫૦ ભરતગુંથણ** (૨૯) ૦–૧૦–૦; **૫૧ ચોર્યાસીનું ચક્કર** (૩૦) ૦–૫–૦; **૫૨ રઝીયાબેગમ** (૩૧) ૦–૩–૦; **૫૩ ગ્રહવિવેક** અને બીજી વાતો (૩૨) ૦–૬–૦; **૫૪ સખીના પત્રો** અથવા સંસારનાં દર્દો (૩૩) ૦–૮–૦; **૫૫ સ્ટવનું શાસ્ત્ર** (૩૪) ૦–૩–૦; **૫૬ સ્ત્રીહૃદય** (૩૫) ૦–૬–૦ અને **૫૭ માતૃપ્રેમ** અને બીજી વાતો (૩૬) ૦–૪–૦.

સાપ્તાહિક

૧ કેસરી (પુના દર સાપ્તાહિકમાં બે વાર); **૨ "ગુજરાતી"** મુંબઈ; **૩ "બેંધડીઓજ"** મુંબઈ; **૪ "હમાઈલી"** મુંબઈ; **૫ "પ્રજાબંધુ"** અમદાવાદ; **૬ "ગુજરાતીપંચ"** અમદાવાદ; **૭ "મુસ્લીમ ગુજરાત"**, સુરત; **૮ પ્રતાપ**, સુરત; **૯ દાંડિયો**, સુરત; **૧૦ "લોકવાણી"**, સુરત; **૧૧ મેમણ બુલેટીન**, રાજકોટ; **૧૨ ઈન્કિલાબ**, રાજકોટ; **૧૩ મહાગુજરાત**, કરાંચી; **૧૪ નવપ્રકાશ**, મુંબઈ; **૧૫ જૈન**, ભાવનગર; **૧૬ સ્ત્રીશકિત**, સુરત

પાક્ષિક

૧ ગાંડિવ : ગુજરાતની આશાઓનું પાક્ષિક સુરત.

૨ જ્યોતિર્ધર : અમદાવાદ

માસિક

૧ નવચેતનઃ કલકત્તા; વર્ષ ૧૬; પુ. ૩૨, અં. ૨ નવેમ્બર (દિવાળી અંક), અં. ૩ ડીસેમ્બર (૧૯૩૭).

૨ સમાજ : મુંબઈ : પુ. ૩. અં. ૩. ઑકટોબર, અંક ૪, નવેમ્બર દિવાળી અંક, અં. ૫ ડીસેમ્બર ૧૯૩૭.

૩ શારદા : વડોદરા : વર્ષ ૧૪. પુ. ૨૮ મું. અં. ૧. ઑકટોબર (દીપોત્સવી અંક), અંક ૨ નવેમ્બર : પ્રવાસ અંક.

૪ પ્રસ્થાન : અમદાવાદ : વર્ષ ૧૨, અં. ૯, ૧૦, ૧૧ (સં. ૧૯૯૩) આષાઢ, શ્રાવણ, ભાદ્રપદ.

૫ ગુણસુંદરી : મુંબઈ : પુ. ૨૯ અં. ૩, નવેમ્બર (દીપોત્સવી અંક), અં. ૪ ડીસેમ્બર ૧૯૩૭.

૬ પડકાર : ડભોઈ : પુ. ૩ અં. ૧, સપ્ટેમ્બર (૧૯૩૭). (બાદ મુલતવી.)

૭ **શ્રી જૈન સત્યપ્રકાશ :** અમદાવાદ પુ. ૩, અં. ૨–૩–૪ ક્રમાંક ૨૬–૨૭, ભાદરવો, આસો, ૨૮, કાર્તિક.

૮ **પાટીદાર :** આણંદ : વર્ષ ૧૪ અં. ૧૨, આસો (સં. ૧૯૯૩); વર્ષ ૧૫ અંક ૧ કાર્તિક, અં. ૨ માગશર.

૯ **ખડાયતામિત્ર :** વર્ષ ૨૩, અં. ૧૨, આસો, (સં. ૧૯૯૩), વર્ષ ૨૪, અં. ૧. કાર્તિક. અં. ૨ માગશર.

૧૦ **ભાગ્યોદય :** અમદાવાદ : (સં. ૧૯૯૩) વર્ષ ૨૫ અં. ૬, શ્રાવણ, અં. ૭, ભાદરવો.

૧૧ **કુમાર :** અમદાવાદ : આવતી કાલનાં નાગરિકોનું માસિક, સળંગ અંક ૧૬૬, ૧૬૭ આસો અને કારતક, વર્ષ ૧૪, અં. ૧૦, ૧૧ (સં. ૧૯૯૩).

૧૨ **પુસ્તકાલય :** વડોદરા : પુ. ૧૨, અં. ૧૦, ઑક્ટોબર : ૧૧, નવેમ્બર.

૧૩ **કૌમુદી :** નવું પુસ્તક ૧૬, અં. ૩ સપ્ટેમ્બર, અં. ૪ ઑક્ટોબર (દીવાળી અંક).

૧૪ **કમર :** સુરત : વર્ષ ૭, અં. ૧૦, ઑક્ટોબર, અં. ૧૧, નવેમ્બર, અં. ૧૨, ડીસેમ્બર ૧૯૩૭.

૧૫ **ઊર્મિ :** કરાંચી, વર્ષ ૬, અં. ૯–૧૧ નવેમ્બર (સપ્ટેમ્બર-ઑક્ટોબર મુલતવી).

૧૬ **આયુર્વેદવિજ્ઞાન :** મુંબઈ : પુ. ૨૦ અં. ૧૦, ૧૧, ૧૨ શ્રાવણ, ભાદરવો, આસો.

૧૭ **કિશોર :** વર્ષ ૩ અં. શ્રાવણ.

૧૮ **તોરણ :** નડીઆદ : પુ. ૧. અં. ૧ કાર્તિક.

૧૯ **ચીરાગ :** રાંદેર : વર્ષ ૧. અં. ૭-૮.

૨૦ **પ્રજાપતિપ્રકાશ** વર્ષ ૩ અં. ૨–૩–૪, ૫ ઑગષ્ટથી નવેમ્બર.

ત્રૈમાસિક

૧ **વસન્ત :** અમદાવાદ, વર્ષ ૩ અં. ૨ વૈશાખ, આષાઢ, ૧૯૯૩

૨ **દેશી રાજ્ય :** પુ. ૧૦, અં. ૨, જુલાઈ-સપ્ટેમ્બર, ૧૯૩૭

૩ **માનસી :** ભાવનગર : પુ. ૨, અં. ૩

દિવાળી અંક

૧ એ ઘડી મોજ : ૨ ગુજરાતી : ૩ ગુજરાતી પંચ : ૪ પ્રતાપ : ૫ લોકવાણી : ૬ દાંડીયો : ૭ નવપ્રકાશ.

મેગેઝીન

૧ **રોયલ ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સ મેગેઝીન :** વૉ. ૭, અં. ૧. સપ્ટેમ્બર ૧૯૩૭.

૨ **જર્નલ ઓફ ધી બૉમ્બે બ્રેન્ચ રોયલ એશિયાટિક સોસાયટી :** વૉ. ૧૨, ૧૯૩૬, વૉ. ૧૩, ૧૯૩૭.

વૃત્તાન્ત : ૧ બુદ્ધગયા સોસાઈટી, મુંબઈ, ૧૯૩૬–૧૯૩૭, ૨ શ્રીસયાજી વૈભવ પુસ્તકાલય ૧૯૩૬–૩૭નો.

વાર્ષિક અને સ્મારકાંક

૧ **વૈદ્યોનું વાર્ષિક :** ગ્રંથ ૧લો : મુંબઈ, સંપાદક : રા. રા. પ્રતાપકુમાર પોપટભાઈ વૈદ્ય.

૨ **ગોલોકવાસી શ્રી મગ્નલાલ શાસ્ત્રી,** એમ. એ., સ્મારક અંક : શુદ્ધાદ્વૈત—ભક્તિમાર્તણ્ડ, વર્ષ ૧૨, અં. ૭, આશ્વિન સં. ૧૯૩૭.

શ્રી ફાર્બસ ગુજરાતી સભા–મુંબઈ–નાં પુસ્તકો

શાળા–પાઠશાળાઓ–ને ઈનામ માટે તેમ જ પુસ્તકાલયોના સંગ્રહ માટે અડધી કિમ્મતની ગોઠવણ

શ્રી ફાર્બસ ગુજરાતી સભાએ સરકારી, દેશી રાજ્યોનાં તેમ જ મ્યુનિસિપલ અને લોકલ બોર્ડોનાં કેળવણી ખાતાં, અભ્યાસ તથા વાચનદ્વારા અને ઇનામો દ્વારા, તેમ જ તેમનાં નિશાળો તથા સાર્વજનિક લાઇબ્રેરીઓ દ્વારા ગુજરાતી સાહિત્યનો પ્રચાર બહોળા પ્રમાણમાં સહેલાઇ અને સસ્તાઇથી કરી શકે તે માટે એ સહુ સંસ્થાઓને પોતાનાં નીચે જણાવેલાં પુસ્તકો માત્ર અર્ધી કિમ્મતે વેચાતાં આપવાની અનુકૂલતા કરી છે. પરંતુ રાસમાળા ભાગ ૧–૨, એ બે ગ્રંથો. તો ૧૫ ટકાના કમીશનથી મળશે. બુક પોસ્ટ કે પાર્સલનો ખર્ચ જૂદો આપવો પડશે.

આ બાબત **પત્રવ્યવહાર** કરવાનું ઠે. **અંબાલાલ બુ. જાની**, બી. એ. સહાયક મંત્રી, શ્રી. ફા. ગુ. સભા, **૩૬૫, શ્રી ફાર્બસ ગુજરાતી સભામંદિર**, કૉંગ્રેસ હાઉસ નજીક, વિઠ્ઠલભાઇ પટેલ રોડ, **મુંબઇ નં. ૪.**

સૂચના: સભાનો પડતર કિમ્મતે પુસ્તકો વેચવાનો નિયમ હોવાથી મૂળ કિમ્મત વાજબી કરતાંયે ઓછી રાખેલી છે.

મુંબઇ, સરકારી કેળવણી ખાતાની મંજુરી મળેલાં ૨૮ પુસ્તકો

ઉત્તર વિભાગના કેળવણી ખાતાના ઈન્સ્પેકટર સાહેબ તરફથી અમદાવાદથી તા. ૨–૨–૩૭ ના પત્ર નં ૧૭૭૨૩ થી, તથા તા. ૮–૧૨–૩૭ના પત્ર નં. ૧૦૯૬૯થી જણાવવામાં આવે છે કે, "સાથેની (નીચેની) યાદીમાં જણાવેલાં પુસ્તકો, વિભાગી (ગુજરાતી) સ્કુલ બુક કમીટીની ભલામણ ઉપરથી યાદીમાં જણાવાયલા હેતુસર આ ઈલાકામાં મંજુર કરવામાં આવ્યાં છે; અને એ મંજુરી "ગુજરાત શાળાપત્ર"માં સમયસર જાહેર કરવામાં આવશે."

(૧) **મહાભારત**: (ગુજરાતી પદબંધ) **ભાગ ૧ લો:** હરિદાસનું આદિપર્વ અને વિષ્ણુદાસનું સભાપર્વ, ઉપોદ્ઘાત અને ટીકા સાથે, સં. રા. રા. કેશવરામ કા. શાસ્ત્રી. મૂ. રૂ. ૧–૪–૦.

(૨) **મહાભારત**: (ગુજરાતી પદબંધ) **ભાગ ૨ જો**: (આરણ્યક પર્વ નાકરકૃત, ટીકા–ઉપોદ્ઘાત સાથે), સં. રા. રા. કેશવરામ કાશીરામ શાસ્ત્રી, મૂ. રૂ. ૧–૦–૦.

(૩) **મહાભારત ભાગ ૩જો**, વિરાટ્પર્વ અને ઉદ્યોગપર્વ ટીકા અને ઉપોદ્ઘાત સાથે સં. રા. રા. કેશવરામ કાશીરામ શાસ્ત્રી. મૂ. રૂ. ૧.

(૪) **ગુજરાતના ઐતિહાસિક ઉત્કીર્ણ લેખો**, ("હિસ્ટોરીકલ ઇન્સ્ક્રીપ્શન્સ ઓફ ગુજરાત" ભાગ ૧લો) (પ્રાચીન યુગથી અશોકથી ગુર્જર વંશ પર્યન્ત) સં. રા. રા. ગિરજાશંકર વ. આચાર્ય, એમ. એ. પાકું પૂઠું; રોયલ ૪પેજી ૪૦૦ થી વધુ પાનાં, સરસ ટકાઉ કાગળો. મૂ. રૂ. ૪–૮–૦.

(૫) **ગુજરાતના ઐતિહાસિક ઉત્કીર્ણ લેખો ભાગ ૨ જો** (શિલાલેખો અને તામ્રપત્રો ગુર્જર વંશથી ચાલુક્ય વંશ સુધી ૪થા નંબરના અનુસંધાનમાં): સં. રા. રા. ગિરજાશંકર વ. આચાર્ય, એમ. એ. રોયલ ૪ પેજી ૪૦૦ પાનાં, સરસ કાગળ પાકું પૂઠું **મૂ. રૂ. ૪-૮-૦.**

(૬-૭) **રાસમાળા, ભાગ ૧-૨,** શ્રી એલેક્ઝાન્ડર કિન્લૉક ફાર્બસ, ભાષાન્તરકાર દિ. બ. રણછોડભાઈ ઉદયરામ દવે. તૃતીય સચિત્ર આવૃત્તિ. ચિત્ર અને સોનેરી અક્ષરોવાળું સુંદર રંગીન પૂઠું, દરેકનું **મૂ. રૂ. ૫-૮-૦.**

(૮) **શ્રીકૃષ્ણલીલા કાવ્ય** (સચિત્ર) દશમસ્કંધ ભાગવત, (પદબંધ, આખ્યાન) કાયસ્થ કવિ કેશવ હૃદેરામ (રચનસંવત ૧૫૨૯). સં. અંબાલાલ બુ. જાની. રા. નટવરલાલ ઇ. દેશાઈ, બી. એ. નો ઉપોદ્ઘાત, શ્રીધરીકારિકા આદિ સાથે **મૂ. રૂ. ૧-૦-૦.**

(૯) **બાદશાહ માર્કસ ઓરેલિયસ એન્ટોનીનસના** સુવિચારો-સમાન સંસ્કૃત સુભાષિતો સાથે. ભાષાન્તરકાર: ઈડરના સ્વ. મહારાજા શ્રી કેસરીસિંહજી. **મૂ. રૂ. ૨.**

૧૦) **માંડણ બંધારાકૃત "પ્રબોધબત્રીશી"**—ઉખાણાસંગ્રહ, બત્રીશ વીશીઓ અને **શ્રીધરકૃત "રાવણમંદોદરીસંવાદ"** ઉપોદ્ઘાત અને ગુજરાતી ટીકા. સં. રા. મણિલાલ બ. વ્યાસ અને રા. રા. શંકરપ્રસાદ છ. રાવળ. **મૂ. રૂ. ૦-૧૨-૦.**

(૧૧) **શૈવધર્મ**: સિદ્ધાન્તો, સંક્ષિપ્ત ઇતિહાસ, ગુજરાતમાં પ્રચાર, ગુજરાતી સાહિત્ય ઉપર અસર, શોધિતવર્ધિત (બીજી આવૃત્તિ) રા. રા. દુર્ગાશંકર કે. શાસ્ત્રી. **મૂ. રૂ. ૧.**

(૧૨) **ગુજરાતના કેટલાએક ઐતિહાસિક પ્રસંગો, તથા વાર્તાઓ** વા ગુજરાતી રાસમાળા: સંગ્રહ કરનાર સ્વ. કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઈ. **મૂ. રૂ. ૦-૧૨-૦.**

(૧૩) **શાક્તસંપ્રદાય,** તેના સિદ્ધાંતો, ગુજરાતમાં પ્રચાર અને ગુજરાતી સાહિત્ય ઉપર તેની અસર. ('કાદિ' અને 'હાદિ'નાં મતનાં બે શ્રીચક્રો,) લેખક દિ. બ નર્મદાશંકર મહેતા. **મૂ. રૂ. ૧-૮-૦.**

(૧૪) **ગુજરાતી ભાષા અને સાહિત્ય: ભાગ ૧ લો** સાક્ષરશ્રી નરસિંહરાવ ભોળાનાથ દિવેટીયાનાં ભાષણ: ભાષાન્તરકાર રા. રા. રામપ્રસાદ પ્રેમશંકર બક્ષી, બી. એ. પાનાં ૪૦૦ ડેમી આઠ પેજી, છતાં **મૂ. રૂ. ૩-૦-૦.**

(૧૫) **ચતુર્વિંશતિપ્રબંધ** (માલધારી શ્રી રાજશેખર સૂરિરચિત સંસ્કૃત ગ્રંથનો સરળ ગુજરાતી અનુવાદ), ટીકા અને ઉપોદ્ઘાત, શ્રી હીરાલાલ ર. કાપડીયા, એમ. એ. **મૂ. રૂ. ૧.**

(૧૬) **"અહુનવર,** "સર્જનજૂનો મંત્ર", પારસી ધર્મતત્ત્વનું વૈદિક દૃષ્ટિએ અવલોકન: રા. રા. માનશંકર પીતાંબરદાસ મહેતા. **મૂ. ૦-૮-૦.**

(૧૭) **પ્રબંધચિન્તામણિ:** (શ્રી મેરૂતુંગાચાર્ય રચિત સંસ્કૃત પુસ્તકનો ગુજરાતી અનુવાદ) ટીકા અને ઉપોદ્ઘાત: શ્રી દુર્ગાશંકર કે. શાસ્ત્રી. **મૂ. રૂ. ૧.**

નોંધ: આ ૧ થી ૧૭ પુસ્તકો પ્રાથમિક, અને માધ્યમિક નિશાળો તથા ટ્રેઈનીંગ સંસ્થાઓના **શિક્ષકોની લાઇબ્રેરીઓ** માટે મંજુર થયલાં છે.

(૧૮) **પ્રાચીનકાવ્યવિનોદ, ભાગ ૧ લો** કવિ નાકર આદિનાં આખ્યાન. સં. રા. રા. છગનલાલ વિ. રાવળ **મૂ. રૂ. ૧.**

(૧૯) **ગુજરાતનું પ્રાકૃતિક અને વ્યાપારી ભૂગોળવિજ્ઞાન:** રા. રા. ભોગીલાલ ગિ. મહેતા, એમ એમ નકશાઓ સાથે. **મૂલ્ય રૂ. ૦-૧૨-૦**

(૨૦) **જીવન અને ઉત્ક્રાન્તિ :** લે. રા. રા. ભીમભાઈ લા. દેસાઈ, એમ. એસસી; વિજ્ઞાનવિષયી સચિત્ર ૧૨ બ્લૉક **મૂ. ૦-૧૨-૦.**

(૨૧) **બુદ્ધિવર્ધક વ્યાખ્યાનમાળા** (બુદ્ધિવર્ધક સભાની તવારીખ, અને ૧૯૩૪નાં બે વ્યાખ્યાનો, ૧ ગુજરાતના સિક્કા, વિષે અને ૨ વિજ્ઞાન વિષે ડારવિનમત) વગેરે-(સચિત્ર) **મૂ. રૂ. ૦-૬-૦.**

(૨૨) **ગુજરાતનાં ઐતિહાસિક સાધનો,** ૧-૨ ગુજરાતના પ્રાચીન ગઢો, વંશાવલીઓ, શહેરો, વગેરેની મૂળ સાધનસામગ્રીઓમાંથી એકઠી કરેલી હકીકતઃ સં. રા. રા. નર્મદાશંકર વ. દ્વિવેદી **મૂ. રૂ. ૧.**

નોંધ : આ પુસ્તક (૧૭થી ૨૨) માધ્યમિક શાળાઓ અને ટ્રેઇનીંગ ઇન્સ્ટીટયુશનોના **શિક્ષકોની લાઇબ્રેરીઓ** માટે મંજુર થયલું છે.

(૨૩) **રસકલ્લોલ**-ગુજરાતના સ્ત્રીજીવનનાં પ્રાચીન ગીતો. સં. રા. રા. છગનલાલ વિ. રાવળ. **મૂ. રૂ. ૦-૧૦-૦.**

(૨૪) **હંસાવતી : વિક્રમચરિત્રની વાત** (કવિ મધુસૂદનની રચેલી, વિક્રમપુત્રના વિવાહની) ટીકા, ઉપોદ્ઘાત સાથે, સં. રા. રા. શંકરપ્રસાદ છ. રાવળ. **મૂ. ૦-૧૨-૦.**

(૨૫) **પંચદંડ** (નરપતિકૃત સં. ૧૫૪૦) ટીકા અને ઉપોદ્ઘાત સાથે. સં. રા. રા. શંકરપ્રસાદ છ. રાવળ. **મૂ. રૂ. ૦-૧૨-૦.**

(૨૬) **રૂપસુન્દરકથા** (કવિ માધવકૃત પ્રાચીન છંદોબદ્ધ શૃંગારકાવ્ય) ટીકા અને ઉપોદ્ઘાત સાથે. સં. રા. રા. ભોગીલાલ મ. સાંડેસરા. **મૂ. રૂ. ૦-૮-૦.**

નોંધ : આ ૧૮ થી ૨૬ પુસ્તકો પ્રાથમિક, અને માધ્યમિક શાળાઓના તથા ટ્રેઇનીંગ ઇન્સ્ટીટયુશનોના **વિદ્યાર્થીઓની લાઇબ્રેરીઓ** માટે મંજુર થયલાં છે.

(૨૭) **હવામાન :** ગુજરાતની વિજ્ઞાનદૃષ્ટિએ હવામાન વિષેની સ્થિતિ, ૨૦ ચિત્રો અને નકશાઓ ઉપરાંત વિવિધ પરિશિષ્ટો. લે. (૧) રા. સા. મુકુન્દ ઉનાકર બી. એ. અને (૨) રા. રા. ભીમભાઇ એન દેસાઈ, એમ. એસસી. **મૂ. ૦-૧૨-૦.**

(૨૮) **પૃથ્વીનો ઇતિહાસ :** લે. રા. રા. યશવંત ગુલાબભાઈ નાયક, એમ. એસસી. સચિત્રઃ **મૂ. ૦-૧૨-૦.**

નોંધ : આ ૨૭ અને ૨૮ એ બે પુસ્તકો માધ્યમિક શાળાઓ અને ટ્રેઇનીંગ ઇન્સ્ટીટયુશનોના **વિદ્યાર્થીઓની લાઇબ્રેરીઓ** માટે મંજુર થયલાં છે.

અન્ય વાંચવા-વિચારવા યોગ્ય ગ્રંથો

(૧) **ફાર્બસ જીવનચરિત્ર :** રા. રા. મનઃસુખરામ સૂર્યરામ ત્રિપાઠી **મૂ. રૂ. ૦-૪-૦.**

(૨-૩) **શ્રી ફા. ગુ. સભાનાં હસ્તલિખિત પુસ્તકોની સવિસ્તર નામાવલિ ભાગ ૧ લો તથા ૨ જો**-દરેકનું મૂ. રૂ ૨.

(૩-૧) **શ્રી. ફા. ગુ. સભાનાં હસ્તલિખિત પુસ્તકોની વિગતવાર યાદી**-મૂ. રૂ. ૦-૪-૦.

(૪) **चतुर्विंशतिप्रबंधः** श्रीराजशेखरसूरिसन्दृब्धः प्रबन्धकोशेति अपराह्वयः परिशिष्टेन समलङ्कृतः संशोधितश्च एम. ए. इत्युपदधारिणा प्रो. हीरालालेन (૨૪ રાજાઓ, કવિઓ, મહાપુરુષો વગેરેનાં વૃત્તાંતો). मूल्यम् रु. २-८-०.

(૫) **प्रबन्धचिन्तामणिः** श्रीमेरुतुंगाचार्यकृतः (नवीनसंस्करणम्) संशोधितः पुनर्मुद्रितश्च शास्त्रीदुर्गाशङ्करेण मू. रु. १-८-०.

(૬) **રાજ્યરંગ ભાગ ૨ જો**-જગતનો ઇતિહાસ, નિરૂપક કવિ નર્મદાશંકર લાલશંકર દવે, નર્મગદ્ય પછીનો કવિના અભ્યાસના પરિપાકરૂપ ગ્રંથ **મૂ. રૂ. ૦-૧૨-૦.**

થોડા સમયમાં પ્રસિદ્ધ થનારાં પુસ્તકો

૧ **વૈષ્ણવ ધર્મ** : ઇતિહાસ, સિદ્ધાન્તો, ગુજરાતમાં પ્રચાર અને ગુજરાતી સાહિત્ય ઉપર તેની અસરઃ શોધિતવર્ધિત દ્વિતીય આવૃત્તિ. લે. રા. રા. દુર્ગાશંકર કે. શાસ્ત્રી. મૂ. રૂ. ૧-૦-૦.

૨ **કબીરસંપ્રદાય** : સિદ્ધાન્તો, તેનો ગુજરાતમાં પ્રચાર, અને ગુજરાતી સાહિત્ય ઉપર અસરઃ લે. રા. રા. કિશનસિંહ ગો. ચાવડા. **મૂ. રૂ. ૧-૦-૦.**

૩ **મહાભારત ભાગ ૪થો;** ભીષ્મ પર્વ અને કર્ણપર્વઃ સં. ઉપોદ્ઘાત અને ટીકા સાથે સં. રા. રા. કેશવરામ કાશીરામ શાસ્ત્રી, **મૂલ્ય રૂ. ૧-૦-૦**

૪ **ગુજરાતના ઐતિહાસિક ઉત્કીર્ણ લેખો : ભાગ ૩ જો** વાઘેલા વંશ, અને અગાઉ આપેલા વંશોના બીજા વધારે લેખો. સં. આચાર્ય ગિરજાશંકર વ. આચાર્ય, એમ. એ. **મૂલ્ય : રૂ. ૪-૮-૦**

ત્રૈમાસિક

શ્રી ફા. ગુ. સભાના આ મુખપત્રનું લવાજમ **રૂ. ૩-૦-૦ છે.** તેનું કદ રૉયલ આઠ પેજી પાનાં **૧૨૪નું છે. તે** સચિત્ર **છે.** સંશોધન અને વિવેચન પુરઃસર લખાયલા લેખ સળંગ પત્રિકારૂપે અપાય છે. વરસ એપ્રીલ તા. ૧લી થી ગણાય છે. પત્રવ્યવહાર નં. ૧લાને ઠેકાણે કરો.

મળવાનું ઠેકાણું:—

૧ રા. અંબાલાલ બુ. જાની, બી. એ.
૩૬૫, શ્રી ફાર્બસ ગુજરાતી સભા મંદિર
વિઠ્ઠલભાઈ રોડ, કૉન્ગ્રેસ લેઈન, **મુંબઈ નં. ૪.**

૨ મેસર્સ આર. આર. શેઠ
પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઈ નં. ૨

૩ મેસર્સ એન. એમ. ત્રિપાઠીની કું.
બુકસેલર્સ અને પબ્લીશર્સ.
પ્રિન્સેસ સ્ટ્રીટ, **મુંબઈ નં. ૨.**

૪ ગુર્જર ગ્રંથરત્નકાર્યાલય
ગાંધીરોડ, **અમદાવાદ**

બુકસેલરોને જથ્થાબંધ ખરીદતાં ૨૫ ટકા કમીશન મળશે. પરંતુ બુક પોસ્ટ કે પાર્સલ ખર્ચ નિરાળો આપવો પડશે.